॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૮

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૯ માં છે...

૦ "ભગવતી" અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૧

—૦— શતક-૨

—૦— શતક-૩

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૯ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ૠચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૯ :-

# (૫) ભગવતી-અંગસૂત્ર/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

### ● ભૂમિકા :-

‘‘ભગવતી’’ સૂત્રનો ક્રમ પાંચમો છે. અંગસૂત્રોમાં ‘‘ભગવતી’’ એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે भगवई નામે પ્રસિદ્ધ છે, તે ‘‘विवाह पन्नत्ति’’ કે विवाह નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર भगवती કે व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે, તેના પેટા ઉદ્દેશાઓ પણ છે.

‘‘ભગવતી’’ સૂત્રનો મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે. ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકા આદિ અનેકના પૂછેલા પ્રશ્નો અને તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્‌ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષા આદિ અનેક વિષયો અહીં સમાવિષ્ટ છે.

આ આગમના મૂળ સૂત્રનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે. વિવેચનમાં ‘‘ટીકાનુસારી વિવેચન’’ શબ્દ અમે પસંદ કર્યો છે, પરંતુ તેમાં વૃત્તિની સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશ, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે તે સ્થાને આ નિશાની - x - x - કરેલ છે.

અનેક આધુનિક વિદ્વાનોએ ભૂમિકામાં વિદ્વતાપૂર્ણ ઉલ્લેખ અભિનવ કાળે નોંધ્યા છે, અમે આ વિષયમાં મૌન રહેવું ઉચિત માનીએ છીએ – ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં છે.





## 卐 ભગવતી-અંગસૂત્ર-ટીકાસહિત અનુવાદ 卐

— x — x — x — x — x — x — x —

### ● ભૂમિકા :-

સર્વજ્ઞ, ઈશ્વર, અનંત, અસંગ *[રાગ, ધનાદિ રહિત]*, અગ્ર્ય *[પ્રધાન]* સર્વને હિતકર, વેદોદય રહિત, અનીશ *[સ્વયંબુદ્ધત્વથી ઈશ રહિત]* અનીહ *[સ્પૃહા કે વિકલ્પરહિત]* તેજસ્વી, સિદ્ધ, શિવ, શિવકર, નિરુપયોગત્વને કારણે ઈન્દ્રિયો રહિત, જિતરિપુ, શ્રીમાન્ જિનને પ્રયત્નથી પ્રણમું છું.

શ્રી વર્ધમાન સ્વામીને, શ્રી સુધર્મ ગણધરને, સર્વાનુયોગ વૃદ્ધોને, સર્વજ્ઞની વાણીને નમીને, આ ટીકા – ચૂર્ણિ અને જીવાભિગમાદિ વૃત્તિના અંશોને સંયોજી કંઈક વિશેષથી પંચમ અંગસૂત્રને હું વિવરું છું.

‘‘સમવાય’’ નામે ચોથા અંગની વ્યાખ્યા કરી, હવે અવસરથી આવેલ ‘‘વિવાહપન્નતિ’’ *[વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કે ભગવતી]* નામના પાંચમાં અંગનું વિવરણ કરીશ. આ પંચમ અંગ ઉત્તમ જયકુંજર નામક [હાથીની] જેમ છે. તે લલિત ચરણોની પધ્ધતિથી પ્રબુદ્ધ લોકોનું મનરંજન કરનાર છે. તે ઉપસર્ગ *[શત્રુકૃત્ કે દેવાદિ અથવા વિઘ્નો]*, નો નિપાત *[આગમન]* થવા છતાં અવ્યવ *[અનશ્વર]* સ્વરૂપ છે. *[સ્વરૂપથી અવિચલિત છે.]*

જેના શબ્દો ઘન અને ઉદાર છે *[હાથીનો સ્વર મેઘવત્ ગંભીર છે.]* જે લિંગ અને વિભક્તિથી યુક્ત છે. *[હાથી પક્ષે પુરુષ ચિહ્ન રચનાથી યુક્ત]* સદાખ્યાત, સત્‌લક્ષણ યુક્ત, દેવતાધિષ્ઠિત છે. સુવર્ણ મંડિત ઉદ્દેશકો છે *[હાથી પક્ષે તેના અવયવો સુવર્ણ આભરણ યુક્ત છે.]* જેનું ચારિત્ર વિવિધ પ્રકારનું, અદ્‌ભુત, શ્રેષ્ઠ છે. ૩૬,૦૦૦ પ્રશ્નાત્મક સૂત્ર દેહ સહિત છે. *[હાથીના પક્ષે સૂત્રોક્ત લક્ષણ દેહ છે.]* ચાર અનુયોગ રૂપ ચાર ચરણ છે, જ્ઞાન અને ચારિત્ર રૂપ નયનયુગલ છે, દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નામે બે નયરૂપ બે દંતશૂળ છે, નિશ્ચય-વ્યવહારરૂપ બે સમુન્નત કુંભસ્થળ છે.

જેને પ્રસ્તાવનાની વચનરચનારૂપ પ્રચંડ શુંઢ છે, નિગમન વચનરૂપ અતુચ્છ પુચ્છ છે, કાળ આદિ આઠ પ્રકારે પ્રવચન-ઉપચારરૂપ મનોહર પરિકર છે. ઉત્સર્ગ-અપવાદરૂપ ઉછળતા બે અતુચ્છ ઘંટના ઘોષયુક્ત છે. યશરૂપ પટહ અન્ય સ્ફૂટ પ્રતિધ્વનિથી દિગ્ મંડળને પૂરેલ છે, સ્યાદ્વાદરૂપ વિશદ્ અંકુશથી વશીકૃત્ છે, વિવિધ હેતુરૂપ શસ્ત્ર સમૂહથી યુક્ત છે, શ્રીમન્ મહાવીર મહારાજે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરમણરૂપ શત્રુ સૈન્યને નાશ કરવાને નિયોજેલ છે, સૈન્યનિયુક્ત કલ્પ ગણનાયકની મતિથી પ્રકલ્પિત છે. તેના સ્વરૂપને મુનિરૂપ યોદ્ધા સુગમતાથી જાણી શકે એ માટે પૂર્વના મુનિરૂપ શિલ્પીઓએ વૃત્તિ અને ચૂર્ણિરૂપ નાડિકા રચેલી છે. બહુશ્રેષ્ઠ ગુણયુક્ત છતાં સંક્ષિપ્ત છે અને તેથી મતિમાનના વાંછિત અર્થને સાધી આપવામાં સમર્થ છે માટે જીવાભિગમાદિ વિવિધ વિવરણ સૂત્રાંશોના સંઘટ્ટનથી બૃહતર, માટે જ અલ્પજ્ઞોને પણ ઉપકારી નાડિકા જેવી આ વૃત્તિ, પૂર્વ મુનિરૂપ શિલ્પિના કૂળમાં જન્મેલા અમો હસ્તિનાયકના આદેશતુલ્ય ગુરુજનના વચનથી આરંભીએ છીએ, એ રીતે શાસ્ત્ર

પ્રસ્તાવના થઈ.

૦ હવે વિઆહપન્નત્તિ નો શબ્દાર્થ કહે છે — વિવિધ - જીવ, અજીવાદિ પ્રચુરતર પદાર્થ વિષયક, आ - અભિવિધિથી, કથંચિત્ સર્વ જ્ઞેય વ્યાપ્તિથી મર્યાદા વડે અથવા પરસ્પર અસંકીર્ણ લક્ષણ કથનરૂપ, ख्यानानि - ભગવંત મહાવીરને ગૌતમાદિ શિષ્યોએ પૂછેલા પદાર્થોના પ્રતિપાદન કરેલી વ્યાખ્યાઓ, જે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને પ્રરૂપી છે તે.

અથવા - વિવિધતાથી વિશેષ પ્રકારે કહેવાયેલ તે વ્યાખ્યા. એટલે કહેવા યોગ્ય પદાર્થોની વૃત્તિ અને તેનું પ્રજ્ઞાપન તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

અથવા - અર્થ પ્રતિપાદનાઓનાં પ્રકૃષ્ટ જ્ઞાનો જેમાં છે તે.

અથવા - વ્યાખ્યા એટલે અર્થકથન, પ્રજ્ઞા-અર્થકથનના હેતુરૂપ બોધ. તે ઉભયની જેનાથી પ્રાપ્તિ તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

અથવા-વ્યાખ્યાઓમાં પ્રજ્ઞાની પ્રાપ્તિ જે પરથી મળી આવે તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કે आत्ति - જેથી ગ્રહણ થઈ શકે તે વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ.

અથવા વ્યાખ્યાપ્રજ્ઞ - ભગવન્ પાસેથી ગણધરોને જેનું ગ્રહણ થયેલું તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કે વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ. - અથવા - વિવાહ એટલે વિવિધ કે વિશિષ્ટ અર્થ પ્રવાહ કે નયપ્રવાહ તેનું પ્રરૂપણ કે પ્રબોધન જેમાં છે તે અથવા વિવાહ એટલે વિશિષ્ટ વિસ્તારવાળી કે અબાધિત પ્રજ્ઞાઓ જેમાંથી મળી આવે છે તે વિવાહ પ્રજ્ઞપ્તિ કે વિબાધ પ્રજ્ઞપ્તિ.

આ એના પૂજ્યપણાને લીધે 'ભગવતી' એમ કહેવાય છે.

૦ વ્યાખ્યાનકર્તાઓ શાસ્ત્ર વ્યાખ્યાનના આરંભે ફળ, યોગ, મંગલ, સમુદાયાર્થ આદિ દ્વારોનું વર્ણન કરે છે. તે અહીં વ્યાખ્યામાં વિશેષ આવશ્યક આદિ સૂત્રોથી નિર્ણીત કરી લેવા. શાસ્ત્રકારો વિઘ્નવિનાયકના ઉપશમન નિમિત્તે, શિષ્યોના પ્રવર્તન માટે અથવા શિષ્ટ જનોના સિદ્ધાંતના પાલન માટે મંગલ, અભિધેય, પ્રયોજન અને સંબંધ કહે છે.

— તેમાં સકલ કલ્યાણનું કારણ હોવાથી પ્રસ્તુત શાસ્ત્ર શ્રેયરૂપ હોવાથી વિઘ્ન સંભવે છે. માટે તેના ઉપશમનાર્થે બીજા મંગલો ન લેતાં ભાવમંગલનું ગ્રહણ કરવું જોઈએ કેમકે બીજા મંગલો અનૈકાંતિક અને અનાત્યંતિક છે. ભાવમંગલ તો તેનાથી વિપરીતપણે હોઈ ઈચ્છિત અર્થ સાધવામાં સમર્થ હોવાથી પૂજ્ય છે. વળી વિશિષ્ટ શું છે ? - જેથી અભિધાનાદિ અનૈકાંતિક અને અનાત્યંતિક છે, ભાવમંગલ તેથી વિપરીત હોવાથી તે વિશેષે પૂજ્ય છે. ભાવમંગલ તપાદિભેદે અનેકધા છે.

## ❁ શતક-૧ ❁

ભાવમંગલમાં પંચ પરમેષ્ઠિ નમસ્કારરૂપ ભાવમંગલ વિશેષથી ઉપાદેય છે. પરમેષ્ઠિમાં મંગલત્વ, લોકોત્તમત્વ, શરણ્યત્વ રહેલું છે કહ્યું છે — ''મંગલ ચાર છે'' આદિ. તેનો નમસ્કાર સર્વ પાપનો નાશક હોવાથી સર્વ વિઘ્ન ઉપશમનો હેતુ છે. કહ્યું છે કે — ''એ પંચ નમસ્કાર સર્વ પાપનો નાશક છે, સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.



''તેથી સર્વ શ્રુતસ્કંધની આદિમાં તેનું ગ્રહણ થાય છે, તેથી સર્વશ્રુતસ્કંધાભ્યંતર કહે છે. તેથી શાસ્ત્રની આદિમાં પરમેષ્ઠીપંચક નમસ્કારને દર્શાવે છે.

## ❁ શતક-૧, ઉદ્દેશો-૧ - ''ચલણ'' ❁

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧ :-**

***અરહંતોને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ, સર્વ સાધુને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૧ :-**

અહીં નમઃ એ નૈપાતિક પદ દ્રવ્ય-ભાવના સંકોચ અર્થે છે. - x - x - નમઃ એટલે હાથ, પગ, મસ્તક વડે સુપ્રણિધાનરૂપ નમસ્કાર. કોને ? તે કહે છે — અરહંતોને. ઈન્દ્ર નિર્મિત અશોકાદિ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે તે અર્હન્ત. કહ્યું છે કે — વંદન, નમસ્કારને જે યોગ્ય છે, પૂજા સત્કારને જે યોગ્ય છે, સિદ્ધિ ગમનને જે યોગ્ય છે, તેથી તે અર્હત્ કહેવાય છે અથવા જેને સર્વજ્ઞતાને લીધે સર્વ વસ્તુ સમૂહગત પ્રચ્છન્નતાનો અભાવ હોઈ રહસ્ એટલે એકાંતરૂપ દેશ નથી, ગિરિગુહાદિનો મધ્ય ભાગ નથી તેમને નમસ્કાર થાઓ. અથવા સર્વ પરિગ્રહોપલક્ષણરૂપ રથ નથી અને વૃદ્ધાવસ્થાદિ ઉપલક્ષણ ભૂત અંત નથી તે ''અરથાંત''. અથવા ''અરહંતાણં'' એટલે ક્ષીણરાગતાને લીધે જે થોડી પણ આસક્તિ રાખતા નથી તેને. અથવા अरहयद्‌भ्यः - પ્રકૃષ્ટ રાગના કારણભૂત મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયના સંપર્ક છતાં પણ વીતરાગતારૂપ સ્વભાવને ત્યાગતા નથી તેમને [નમસ્કાર હો.]

अरिहंताणं એમ પાઠાંતર છે. તેથી કર્મ શત્રુને હણનાર. કહ્યું છે — સર્વે જીવોને આઠ પ્રકારે કર્મ શત્રુરૂપ છે, તે કર્મશત્રુને હણનાર તે અરિહંત કહેવાય છે. - - - अरुहंताणं એવો પણ પાઠ છે. એટલે કર્મબીજ ક્ષીણ થવાથી જેને ફરી ઉત્પત્તિ નથી, કહ્યું છે — બીજ અતિ બળી ગયા પછી જેમ સર્વથા અંકુર ફૂટતો નથી, તેમ કર્મબીજ બળી જતાં ભવાંકુર ઉગતો નથી. ભયંકર ભવારણ્યનાં ભ્રમણથી ભયભીત પ્રાણીને અનુપમ આનંદરૂપ પરમપદ નગરના માર્ગ દર્શાવવારૂપ તેઓના પરમ ઉપકારીપણાને લીધે તેઓની નમસ્કરણીયતા છે.

*[આ રીતે 'अरहंत' શબ્દના સાત રૂપાંતર છે - અર્હન્ત, અરહોન્તર, અરથાન્ત, અરહન્ત, અરહયત્, અરિહન્ત, અરુહન્ત. આ અને આવા વિશિષ્ટ અર્થો ચઉસરણ પયન્ના, આવશ્યકમાં પણ જોવા.]*

૦ नमो सिद्धाणं - આઠ પ્રકારના કર્મરૂપ ઈંધનને શુક્લ ધ્યાન અગ્નિથી જેણે બાળી નાંખ્યા છે, તે નિરુક્તવિધિથી સિદ્ધ છે. અથવા ગત્યર્થક ષિધ્ ધાતુ ઉપરથી ''સિદ્ધ'' એટલે અપુનરાવૃત્તિથી જેઓ નિવૃત્તિપુરીમાં પહોંચ્યા તે સિદ્ધ. અથવા નિષ્પત્ત્યર્થક સિધ્ ધાતુથી સિદ્ધ - જેમના અર્થ નિષ્પન્ન થયા છે તે અથવા શાસ્ત્ર અને માંગલ્યાર્થ સિધ્ ધાતુથી, જેઓ શાસનકર્તા થયા અથવા જેઓ મંગલત્વના સ્વરૂપને અનુભવે છે, તે સિદ્ધ. અથવા સિદ્ધ એટલે નિત્ય, કેમકે તેમની સ્થિતિ અવિનાશી છે. અથવા ભવ્ય જીવોને જેમનો ગુણસમૂહ ઉપલબ્ધ હોવાથી જે પ્રસિદ્ધ છે, તે સિદ્ધ.

કહ્યું છે — જેણે બાંધેલુ પ્રાચીન કર્મ દગ્ધ કર્યુ છે, જે નિર્વૃત્તિરૂપ મહેલના શિખરે પહોંચ્યા છે, જે ખ્યાતા છે, અનુશાસ્તા છે અને કૃતાર્થ છે, તે સિદ્ધ મારે કૃતમંગલ થાઓ. આથી તેમને નમસ્કાર કર્યો છે, તેઓ અવિનાશી જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ ગુણયુક્તતાથી સ્વવિષય આનંદોત્કર્ષના ઉત્પાદનથી ભવ્ય જીવોના અપ્રતિમ ઉપકારીપણાને લીધે તેમની નમસ્કરણીયતા છે.

૦ नमो आयरियाणं - આ - મર્યાદાપૂર્વક, તે વિષય-વિનયરૂપતાથી સેવાય અર્થાત્ જિનશાસનના અર્થના ઉપદેશક હોવાથી તેની આકાંક્ષા રાખનારાઓ વડે જેઓ સેવાય તે 'આચાર્ય'. કહ્યું છે —

સૂત્રાર્થને જાણનાર, લક્ષણયુક્ત, ગચ્છના નાયક, ગણના તાપથી વિમુક્ત, અર્થના વાચક તે આચાર્ય છે. અથવા જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચાર અથવા आ - મર્યાદાથી, चार - વિહાર, તે આચાર, તેમાં સ્વયં કરવાથી, કહેવાથી, દર્શાવવાથી જે શ્રેષ્ઠ છે, તે આચાર્ય. કહ્યું છે —

પંચવિધ આચારને આચરતા, કહેતા, દર્શાવતા તે આચાર્યો કહેવાય. અથવા आ - કંઈક અપૂર્ણ, चार - દૂત, તે આચાર અર્થાત્ દૂત જેવા, યુક્તાયુક્ત વિભાગનું નિરૂપણ કરવામાં જે ચતુર શિષ્યો, તે શિષ્યોમાં યથાર્થ શાસ્ત્રાર્થના ઉપદેશથી જેઓ નિપુણ છે તે આચાર્ય. માટે તે આચાર્યોને નમસ્કાર થાઓ. તેઓ આચારોપદેશક હોવાથી ઉપકારીત્વથી નમસ્કરણીય છે.

૦ नमो उवज्झायां - उप - જેઓની સમીપ આવીને ભણાય તે ઉપાધ્યાય. અથવા ગત્યર્થક इण् ધાતુ પરથી अधि - અધિકતાથી - જિનપ્રવચન જેમનાથી જણાય તે ઉપાધ્યાય અથવા સ્મરણાર્થ 'इक्' ધાતુથી અધિકપણે જેમનાથી સૂત્ર વડે જિનપ્રવચન સ્મરાય તે ઉપાધ્યાય. કહ્યું છે — જિનકથિત દ્વાદશાંગરૂપ સ્વાધ્યાય પંડિતોએ કહ્યો છે, તેનો ઉપદેશ કરે તેઓ ઉપાધ્યાય છે. અથવા उपाधान એટલે ઉપાધિ, અર્થાત્ સંનિધિ, તે સંનિધિથી કે સંનિધિમાં શ્રુતજ્ઞાનને લાભ થાય તે ઉપાધ્યાય અથવા ઉપાધિનો એટલે શોભન વિશેષણોનો લાભ જેમની પાસેથી મળે તે ઉપાધ્યાય અથવા उपाधि - સામીપ્ય, आय - દૈવજનિતતાથી ઈષ્ટ ફળ રૂપ હોવાથી લાભરૂપ છે અથવા જેમનું સામીપ્ય, आय - ઈષ્ટ ફળના સમૂહનો મુખ્ય હેતુ છે, તે 'ઉપાધ્યાય' અથવા आधि - મનની પીડાનો લાભ તે आध्याय અથવા अधी શબ્દમાં નકારવાચી 'अ' તે કુત્સિત અર્થમાં છે, તેથી કુબુદ્ધિનો લાભ તે अध्याय અથવા अध्याय એટલે अ + ध्यै અર્થાત્ દુર્ધ્યાન, જેનાથી आध्याय કે अध्याय નાશ પામ્યો તે ઉપાધ્યાય. તેને નમસ્કાર થાઓ. સુસંપ્રદાયથી આવેલા જિનવચનોનું અધ્યાપન કરાવી ભવ્ય જીવોને વિનયમાં પ્રવર્તાવે છે, તે ઉપકારીપણાથી તેમની નમસ્કરણીયતા છે.

૦ नमो सव्वसाहूणं - જ્ઞાનાદિ શક્તિ વડે મોક્ષને સાધે તે સાધુ અથવા સર્વ પ્રાણીમાં સમત્વને ધારે તે નિરુક્તિથી સાધુ છે. કહ્યું છે — નિર્વાણ સાધક યોગને જેઓ સાધે અને સર્વ પ્રાણીમાં જે સમ હોય તે 'ભાવસાધુ' છે. અથવા સંયમ કરનારને સહાય આપે તે નિરુક્તિથી 'સાધુ' છે. सव्व - એટલે સામાયિકાદિ વિશેષણ



યુક્ત, પ્રમત્ત આદિ, પુલાક આદિ, જિનકલ્પિક - પ્રતિમાકલ્પિક - યથાલંદકલ્પિક, પરિહારવિશુદ્ધિકલ્પિક, સ્થવિરકલ્પિક, સ્થિતકલ્પિક, સ્થિતાસ્થિતકલ્પિક, કલ્પાતીત ભેદવાળા, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિતાદિ ભેદવાળા તથા ભરત આદિ ક્ષેત્ર ભેદવાળા, અથવા સુષમ-દુઃષમાદિ કાળ ભેદવાળા સાધુ.

સર્વ સાધુ, અહીં 'સર્વ'નું ગ્રહણ સર્વ ગુણવાનોની અવિશેષે નમનીયતા પ્રતિપાદનાર્થે છે. આ 'સર્વ' પદ અર્હદાદિ પદોમાં પણ જાણી લેવું. કેમકે ન્યાય સમાન છે અથવા સર્વ જીવોના હિતકર તે સાર્વ તેવા સાર્વ સાધુને અથવા सार्व એટલે બુદ્ધાદિના નહીં પણ અર્હન્તના જ સાધુ તે સાર્વ સાધુ અથવા સર્વે શુભયોગોને સાધે તે, અથવા सार्व - અર્હન્તો, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને આરાધે અથવા દુર્નય નો નાશ કરીને અર્હતોને પ્રતિષ્ઠાપે તે સાર્વ સાધુ.

અથવા શ્રવ્ય એટલે શ્રવણ યોગ્ય વાક્યોમાં અથવા સવ્ય એટલે અનુકૂળ એવા કાર્યોમાં નિપુણ તે શ્રવ્યસાધુ કે સવ્ય સાધુ.

ક્યાંક नमो लोए सव्वसाहूणं એવો પાઠ છે. તેમાં સર્વ શબ્દ દેશસર્વતાનો વાચક હોવાથી અપરિશેષ સર્વતા દર્શાવવાને लोए શબ્દ લીધો છે. 'લોકમાં' એટલે મનુષ્ય લોકમાં, ગચ્છાદિમાં નહીં એવા સર્વે સાધુઓને નમસ્કાર. તેઓ મોક્ષમાર્ગમાં સહાયકર્તા હોવાથી તે ઉપકારીપણાને લીધે નમસ્કરણીય છે. કહ્યું છે કે — સંયમ કરનાર મને અસહાયને સહાયકર્તા હોવાથી સર્વ સાધુઓને હું નમસ્કાર કરું છું.

[શંકા] જો નમસ્કાર સંક્ષેપથી હોય તો સિદ્ધ અને સાધુઓને જ યુક્ત છે. કેમકે સિદ્ધ, સાધુના ગ્રહણથી અર્હત્ આદિનું ગ્રહણ થઈ જશે - x - અને વિસ્તારથી નમસ્કાર કરવો 'ઋષભ' આદિનો નામોચ્ચારણથી કરવો જોઈએ.

[સમાધાન] એમ નથી, તેથી સાધુ માત્રના નમસ્કારથી અર્હત્ આદિ નમસ્કારનું ફળ ન મળે. જેમ મનુષ્ય માત્રના નમસ્કારથી રાજાદિના નમસ્કારનું ફળ ન મળે. તેથી અહીં વિશેષથી કરવો. પણ પત્યેક વ્યક્તિને નામોચ્ચારણપૂર્વક શક્ય નથી.

[શંકા] યથાપ્રધાન ન્યાયને અંગીકાર કરીને સિદ્ધ આદિ ક્રમ યોગ્ય છે. કેમકે સિદ્ધો સર્વથા કૃતકૃત્ય હોવાથી તેઓ સર્વમાં પ્રધાન છે.

[સમાધાન] એવું નથી. અર્હત્‌ના ઉપદેશથી સિદ્ધો ઓળખાય છે. તથા તીર્થ પ્રવર્તક હોવાથી અર્હતો જ પરમ ઉપકારક છે. માટે આ ક્રમ યોગ્ય છે.

શંકા - જો એમ હોય તો આચાર્યને જ પ્રથમ મૂકવા જોઈએ, કેમકે કોઈ વખતે આચાર્ય દ્વારા અર્હત્ આદિનું ઓળખાવવાપણું છે. માટે તેઓ અતિ ઉપકારી છે...

સમાધાન-એવું નથી. અર્હત્‌ના ઉપદેશથી જ આચાર્યનું ઉપદેશદાન સામર્થ્ય છે. આચાર્યોને સ્વતંત્રપણે ઉપદેશથી અર્થ જ્ઞાપકતા નથી. પરમાર્થથી અર્હન્તો જ સર્વ અર્થના જ્ઞાપક છે. વળી અર્હત્‌ની સભારૂપ જ આચાર્યો છે, તેથી આચાર્યોને નમસ્કાર કરી અર્હતોને નમસ્કાર કરવો અયુક્ત છે. કહ્યું છે — કોઈપણ વ્યક્તિ પર્ષદાને નમસ્કાર કરી રાજાને ન નમે.

એ રીતે પરમેષ્ઠીને નમસ્કાર કરી હાલના મનુષ્યોને શ્રુતજ્ઞાન અત્યંત ઉપકારી

હોવાથી તેના દ્રવ્ય-ભાવ શ્રુતરૂપત્વથી અને દ્રવ્યશ્રુત, ભાવશ્રુતનું કારણ હોવાથી સંજ્ઞાક્ષર રૂપ દ્રવ્યશ્રુતને નમસ્કારાર્થે કહે છે –

[૦ આવશ્યક નિર્યુક્તિ આદિ, વિશેષાવશ્યકમાં આ અર્થો જોવા.]

● **સૂત્ર-૨ :-**

***બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૨ :-**

લિપિ-પુસ્તિકાદિમાં અક્ષરની રચના, તે ૧૮-ભેદે છે, તે ઋષભજિને પોતાની પુત્રી બ્રાહ્મીને બતાવી. તેથી ''બ્રાહ્મી'' કહેવાય છે. કહ્યું છે - જિનેશ્વરે જમણે હાથે લેખરૂપ લિપિવિધાન બ્રાહ્મીને દર્શાવ્યું.

શંકા - આ શાસ્ત્ર જ મંગલરૂપ છે, તો અન્ય મંગલ શા માટે ? તેથી તો અનવસ્થાદિ દોષ પ્રાપ્ત થાય.. [સમાધાન] સત્ય છે, પણ શિષ્યોની મતિના મંગલના ગ્રહણ માટે, મંગલના સ્વીકાર માટે અથવા શિષ્ટપુરુષોના આચારના પરિપાલન માટે છે, તેથી યુક્ત જ છે. આ આગળ પણ કહેલ છે.

વળી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એવા નામથી જ અભિધેયાદિ સામાન્યથી કહેવાઈ ગયા છે, તેથી ફરીથી કહેતા નથી. તેથી જ શ્રોતાની પ્રવૃત્તિ આદિ ઈષ્ટ ફળની સિદ્ધિ થશે. તેથી કહે છે – ભગવંતે અર્થ વ્યાખ્યા અભિધેયતાથી કહી છે. તેનું પ્રજ્ઞાપન કે બોધ અનંતર ફળ છે, પરંપર ફળ તો મોક્ષ છે. આ શાસ્ત્ર આપ્તવચનરૂપ હોવાથી ફળપણે સિદ્ધ છે, કેમકે આપ્તપુરુષો જે સાક્ષાત્ કે પરંપરાથી મોક્ષાંગ ન હોય, તેને કહેવામાં ઉત્સાહિત ન હોય. કેમકે તેમ કરવાથી અનાપ્તત્વનો પ્રસંગ આવે. આ જ શાસ્ત્રપ્રયોજન છે.

આ શાસ્ત્ર એક શ્રુતસ્કંધરૂપ છે, તેમાં સાધિક ૧૦૦ અધ્યયનો [શતકો] છે, ૧૦,૦૦૦ ઉદ્દેશકો છે, ૩૬,૦૦૦ પ્રશ્ન પ્રમાણ છે, ૨,૮૮,૦૦૦ પદ સમૂહવાળા આ શાસ્ત્રના મંગલાદિ કહ્યા. હવે પહેલું 'શતક' જે ગ્રંથાંતર પરિભાષા મુજબ 'અધ્યયન' કહેવાય છે, તેના ૧૦-ઉદ્દેશા છે.

ઉદ્દેશક એટલે અધ્યયન [શતક]ના અર્થને કહેનારા વિભાગો. ''તું અધ્યયનના આટલા વિભાગને ભણ.'' એમ ઉપધાનવિધિથી આચાર્ય વડે શિષ્યને ઉદ્દેશાય તે ઉદ્દેશક. તે ઉદ્દેશકોનું સુખે ધારણ કરવા, સ્મરણાદિ નિમિત્તે આવતાં પ્રથમ નામોના કથન દ્વારે આ સંગ્રહ ગાથા કહે છે –

● **સૂત્ર-૩ :-**

***રાજગૃહીમાં – ચલન, દુઃખ, કાંક્ષાપ્રદોષ, પ્રકૃતિ, પૃથ્વી, યાવત્ નૈરયિક, બાલ, ગુરુક અને ચલણા [આ દશ ઉદ્દેશકો કહ્યા.]***

● **વિવેચન-૩ :-**

આ ગાથાનો અર્થ હવે કહેવાનાર દશ ઉદ્દેશકના જ્ઞાન પછી સ્વયં જ જણાય છે, તો પણ બાળજીવોના સુખાવબોધ માટે કહીએ છીએ –

તેમાં रायगिहे - x - ''રાજગૃહ નગરમાં વક્ષ્યમાણ દશ ઉદ્દેશકના અર્થો ભગવંત મહાવીરે દર્શાવ્યા'' - એ પ્રમાણે વ્યાખ્યા કરવી. - x -



(૧) ચલણ - ચલન વિષયક પહેલો ઉદ્દેશો, 'ચાલતું એ ચાલ્યું' ઈત્યાદિ અર્થ નિર્ણયને માટે છે.. (૨) दुःक्खे - દુઃખવિષયક બીજો ઉદ્દેશો, સ્વયંકૃત્ દુઃખને જીવો વેદે છે ? ઈત્યાદિ પ્રશ્નના નિર્ણય માટે.. (૩) कंखपओसे - મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ઉત્પન્ન અને અન્ય દર્શનના ગ્રહણ કરવારૂપ જીવ પરિણામ તે કાંક્ષા, તે જ મોટું દુષણ તે કાંક્ષા પ્રદોષ, તેના વિષયવાળો ત્રીજો ઉદ્દેશો. હે ભગવન્ ! ''જીવે કાંક્ષા મોહનીય કર્મ કર્યુ છે ?'' ઈત્યાદિ અર્થના નિર્ણય માટે છે.. (૪) પ્રકૃતિ-કર્મના ભેદો, ચોથો ઉદ્દેશો છે. હે ભગવન્ ! કર્મની પ્રકૃતિઓ કેટલી છે ?'' ઈત્યાદિ.

(૫) પૃથ્વીઓ - રત્નપ્રભાદિ પૃથ્વીનો પાંચમો, હે ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ઈત્યાદિ સૂત્રો.. (૬) યાવંત - યાવત્ શબ્દથી ઉપલક્ષિત છટ્ઠો. હે ભગવન્ ! જેટલા અવકાશાંતરથી સૂર્ય ઈત્યાદિ એ સૂત્રો છે.. (૭) નૈરયિક - શબ્દ ઉપલક્ષિત સાતમો. હે ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થતો, ઈત્યાદિ સૂત્ર છે.. (૮) બાલ-શબ્દથી ઉપલક્ષિતને આઠમો. હે ભગવન્ ! એકાંતબાલ મનુષ્ય, ઈત્યાદિ સૂત્ર છે.. (૯) ગુરુક વિષયક નવમો, હે ભગવન્ ! જીવો ભારેપણું કેમ પામે છે ? ઈત્યાદિ સૂત્ર.. (૧૦) ચલણા બહુવચન નિર્દેશથી ''ચલન'' આદિ દશમાં ઉદ્દેશાના અર્થો છે. તેનું સૂત્ર - હે ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે - ચાલતું ચાલ્યુ નથી, ઈત્યાદિ.

એ રીતે શાસ્ત્રના ઉદ્દેશમાં મંગલાદિ કાર્યો કર્યા, તો પણ પહેલા શતકની આદિમાં વિશેષથી 'મંગલ'ને કહે છે –

● **સૂત્ર-૪ :-**

***શ્રુતને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૪ :-**

દ્વાદશાંગીરૂપ અર્હત્ પ્રવચનને નમસ્કાર થાઓ. [શંકા] ઈષ્ટ દેવતાને કરેલો નમસ્કાર મંગલાર્થે થાય છે, પણ 'શ્રુત' ઈષ્ટ દેવતા નથી, તો તે કેવી રીતે મંગલાર્થે હોઈ શકે ? કહે છે – 'શ્રુત' એ ઈષ્ટ દેવતા જ છે. કેમકે તે અર્હતોને નમસ્કરણીય છે. ''તીર્થને નમસ્કાર હો'' એમ કહીને અર્હતો શ્રુતને નમસ્કાર કરે છે. સંસારસાગરને તરવામાં મુખ્ય કારણ હોવાથી શ્રુત એ તીર્થ છે, તીર્થરૂપ શ્રુતનો આધાર હોવાથી સંઘ, તીર્થ વડે વાચ્ય છે તથા મંગલ માટે અર્હતો સિદ્ધોને પણ નમસ્કાર કરે છે. કેમકે - અભિગ્રહ તો તે સિદ્ધોને નમસ્કાર કરીને તે અર્હત્ ગ્રહણ કરે - એ વચન છે.

આ પ્રમાણે પહેલા શતકના ઉદ્દેશકનો થોડો અર્થ પહેલાં દર્શાવ્યો. પછી ''જેવો ઉદ્દેશ તેવો નિર્દેશ'' એ ન્યાયથી પહેલા ઉદ્દેશાનો વિસ્તાર કહેવો જોઈએ. તેનો ગુરુ પર્વક્રમ લક્ષણ સંબંધ દર્શાવતાં સુધર્માસ્વામી જંબૂસ્વામીને આશ્રીને આમ કહે છે –

● **સૂત્ર-૫ :-**

***તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. [વર્ણન] તે રાજગૃહની બહાર નગરના ઈશાન ખૂણામાં ગુણશીલ નામે ચૈત્ય હતું. શ્રેણિક રાજા, ચેલ્લણા***

***રાણી હતાં.***

● વિવેચન-૫ :-

હવે આ કઈ રીતે નિશ્ચિત્ત થઈ શકે કે સુધર્માસ્વામીએ જંબૂસ્વામી પ્રતિ આ સંબંધગ્રંથ કહ્યો છે ? સુધર્માસ્વામીની વાચના જ અનુવર્તેલી છે. કહે છે – “સુધર્માસ્વામીથી તીર્થ પ્રવર્ત્યુ, બાકીના ગણધરો શિષ્યરહિત હતા. વળી જંબૂસ્વામી, સુધર્માસ્વામીના મુખ્ય શિષ્ય હતા. તેથી તેને આશ્રીને વાચના પ્રવર્તેલી છે. તથા છટ્ઠા અંગમાં ઉપોદ્‌ઘાત આ પ્રમાણે દેખાય છે. - જેમકે - જંબૂ, સુધર્માસ્વામીને કહે છે - હે ભગવન્ જો ભગવતી નામક પાંચમાં અંગનો આ અર્થ ભગવંત મહાવીરે કહ્યો, તો છટ્ઠા અંગનો શો અર્થ છે ? તેથી જંબૂ પ્રત્યે સુધર્માસ્વામીએ જરૂર ઉપોદ્‌ઘાત કહેલો હોવો જોઈએ. મૂલની ટીકા કરનારે આ ઉપોદ્‌ઘાત ગ્રંથ વ્યાખ્યાન આખા શાસ્ત્રને ઉદ્દેશીને કરેલ છે, અમે તે માત્ર આ ઉદ્દેશા પરત્વે કર્યુ છે, કેમકે શાસ્ત્રમાં અનેક પ્રકારે ઉપોદ્‌ઘાત થયેલો છે. અહીં પૂર્વે કહેલ નમસ્કારાદિ ગ્રંથની કોઈ પણ કારણે વૃત્તિકારે વ્યાખ્યા કરી નથી.

તે નગર હતું - x - x - કાળ - આ અવસર્પિણીના ચોથા ભાગ રૂપ, તેમાં જ્યાં આ ભગવન્ ધર્મકથા કરતા હતા. સમય-કાળનો વિશિષ્ટ વિભાગ. - x - તે કાળે, તે સમયે કે હેતુભૂત તે કાળે - તે સમયે. રાજગૃહ નગર હતું. - x - [શંકા] હમણાં પણ તે નગર છે, છતાં હતું કેમ કહ્યું ? [સમાધાન] નગરના વર્ણન ગ્રંથમાં યુક્ત વિભૂતિ ત્યારે જ હતી, સુધર્માસ્વામી વાચના દેતા હતા તે કાળે નહીં. કેમકે અવસર્પિણીપણાને લીધે, કાળના અશુભભાવથી સારા પદાર્થોની હાનિ થવાથી, તેમ કહ્યું.

વણ્ણઓ - અહીં નગરનું વર્ણન કહેવું. ગ્રંથ ગૌરવભયથી અહીં તે લખેલ નથી. તે આ રીતે - પુરના ભવનાદિ વડે મોટું, સ્વ ચક્રાદિ ભયરહિત હોવાથી સ્થિર, ધન ધાન્યાદિથી સમૃદ્ધ. - x - પ્રમોદ કારણ વસ્તુના સદ્‌ભાવથી આનંદિત નગરજનો ઇત્યાદિ ઉવવાઈથી જાણવું.

તે રાજગૃહનગરની બહાર ઈશાન ખૂણામાં - દિશા ભાગમાં કે ગગનમંડલના દિગ્‌રૂપ ભાગમાં ગુણશિલક ચૈત્ય હતું. લેપ્યાદિ વસ્તુના ચયનને ‘ચિતિ’ કહે છે, તેનું ચિતિપણું કે ચિતિનું કર્મ તે ચૈત્ય. તે સંજ્ઞા શબ્દ હોવાથી ચૈત્ય એટલે દેવપ્રતિમા કે તેના આશ્રયત્વથી દેવગૃહ. અહીં વ્યંતરાયન અર્થ લેવો પણ અર્હત્ ચૈત્ય-આયતન નહીં.

અહીં ન કહેવાયેલ શબ્દો પ્રાયઃ સુગમ હોવાથી કહ્યા નથી.

● સૂત્ર-૬ :-

***તે કાળે, તે સમયે આદિકર, તિર્થકર, સહસંબદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિ, લોકોત્તમ, લોકનાથ, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, ધર્મદેશક, ધર્મસારથી, ધર્મવરચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત વર જ્ઞાનદર્શનધર, છદ્મતારહિત, જિન-જ્ઞાપક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચક, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-અચલ-મરુત્-અનંત-***



***અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્તક સિદ્ધિ-ગતિ નામક સ્થાનની પ્રાપ્તિની ઈચ્છાવાળા યાવત્ સમોસરણ, એવા શ્રમણ ભગવંત મહાવીર હતા.***

● વિવેચન-૬ :-

શ્રમ અને ખેદ અર્થવાળા ‘શ્રમ્’ ધાતુથી જે તપ કરે તે શ્રમણ. અથવા શોભન મનથી વર્તે તે समन. સ્તવ ના પ્રસ્તાવથી મનનું શોભનપણું કહેવું. અથવા મનોમાત્ર સત્ત્વનું અસ્તવપણાથી, સંગત એટલે જેવું હોય તેવું બોલે, અથવા સર્વ પ્રાણીમાં તુલ્ય પ્રવર્તે તે, શ્રમણ છે.

भगवन् - ઐશ્વર્યાદિયુક્ત, પૂજ્ય.. महावीर - શૂર અને વીર ધાતુ ઉપરથી શત્રુનું નિરાકરણ કરવામાં વિક્રાંત. તે તો ચક્રવર્તી આદિ પણ હોય, તેથી વિશેષથી કહે છે - મહાન્ એવા દુર્જય એવા અંતર્‌શત્રુના નિરાકરણથી વીર એટલે મહાવીર. આ ગુણનિષ્પન્ન નામ દેવે કરેલું છે કહ્યું છે – ભય, ભૈરવમાં અચલ અને પરિષહ, ઉપસર્ગોમાં ક્ષાંતિક્ષમ હોવાથી દેવોએ આ નામ કર્યુ – “શ્રમણ ભગવંત મહાવીર.”

आदिकर - પ્રથમથી આચારાદિ ગ્રંથરૂપ શ્રુત ધર્મના અર્થના પ્રણયનશીલ હોવાથી ‘આદિકર’ છે. આદિકર હોવાથી તીર્થકર - જે વડે સંસાર સમુદ્ર તરાય તે તીર્થ અર્થાત્ પ્રવચન, તેનાથી અભિન્ન હોવાથી ‘સંઘ’ તીર્થ કહેવાય. તેને કરનાર હોવાથી તીર્થકર કહ્યા. તેમનું તીર્થકરત્વ અન્યના ઉપદેશપૂર્વક નથી, માટે કહે છે – सहसंबुद्ध - અન્યના ઉપદેશ વિના આત્માની જ સાથે હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય વસ્તુ તત્ત્વને યથાવત્ જાણે તે સહસંબુદ્ધ, તેમનું સહસંબુદ્ધત્વ પુરુષોત્તમત્વથી છે–

पुरुषोत्तम - પુરુષો મધ્યે તે તે રૂપાદિ અતિશયોથી ઉચ્ચ હોવાથી ઉત્તમ હોય તે પુરુષોત્તમ કહેવાય. તેમનું પુરુષોત્તમત્વ સિંહ આદિ ત્રણ ઉપમાઓ વડે સમર્થન કરતા કહે છે – સિંહ સમાન પુરુષરૂપ જે સિંહ તે પુરુષસિંહ અર્થાત્ શૌર્યાદિ ગુણો વડે સિંહસમાન. શૌર્યને લીધે સિંહની ઉપમા આપી. બાલ્યપણામાં શત્રુ દેવે બીવડાવ્યા છતાં ડર્યા નહીં, દેવના મોટા થતાં જતાં શરીરને વજ્ર સમાન મુષ્ટિ પ્રહારથી કુબ્જ કરી દીધું હતું. वरपुण्डरीक - પ્રધાન ધવલ સહસ્રપત્ર. પુરુષ સમાન વરપુંડરીક તે પુરુષવર પુંડરીક, ભગવંતનું ધવલત્વ સર્વ અશુભ મલરહિત હોવાથી અને સર્વ શુભાનુભાવથી શુદ્ધ હોવાથી અથવા પુરુષ એટલે પોતાના સેવકરૂપ જીવો, તેના સંતાપરૂપ તાપને નિવારવામાં સમર્થ હોવાથી તથા શોભાનું કારણ હોવાથી પુરુષવર-પુંડરીક, તથા પુરુષ માફક વરગંધહસ્તી તે પુરુષવર ગંધહસ્તી જેમ ગંધહસ્તીની ગંધ વડે બીજા બધાં હાથી નાશી જાય છે, તેમ ભગવંતના તે દેશોના વિહાર વડે ઈતિ, પરચક્ર, દુર્ભિક્ષ, ડમર, મરકી આદિ દુરિતો નષ્ટ થાય છે, માટે ભગવંત પણ પુરુષવર ગંધહસ્તિ કહેવાય.

તે માત્ર પુરુષોત્તમ જ નથી. પરંતુ લોકના નાથ હોવાથી લોકમાં પણ ઉત્તમ છે, માટે કહે છે – સંજ્ઞી ભવ્ય પ્રાણીઓના સ્વામી, “યોગ અને ક્ષેમ કરનાર તે નાથ” એ વચનથી લોકનાથ. અપ્રાપ્ત જે સમ્યગ્ દર્શનાદિ, તેની પ્રાપ્તિ તથા તેના પરિપાલનથી લોકનાથત્વ છે. તે લોકનાથત્વ યથાવસ્થિત વસ્તુ સમૂહને પ્રદીપના કરવાથી જ છે

- લોકપ્રદીપ, તિર્યંચ-નર-દેવરૂપ વિશિષ્ટ લોકના અંતર અંધકારને દૂર કરનાર હોવાથી પ્રકૃષ્ટ પ્રકાશકારીત્વથી પ્રદીપ સમાન. આ વિશેષણ દેખાતા લોકને આશ્રીને કહ્યું, હવે દૃશ્ય લોકને આશ્રીને કહે છે – દેખાય તે લોક, આ વ્યુત્પત્તિથી સકલવસ્તુ સમૂહરૂપ લોકાલોક સ્વરૂપને અખંડ, સૂર્યમંડલની પેઠે બધાં પદાર્થોના સ્વભાવનો પ્રકાશ કરવામાં સમર્થ કેવલજ્ઞાનરૂપ આલોકપૂર્વક પ્રવચનપ્રભા સમૂહને પ્રવર્તાવવાથી પ્રકાશને કરવાના સ્વભાવવાળા હોવાથી લોક પ્રદ્યોતકર.

ઉક્ત વિશેષણયુક્ત તો સૂર્ય, હરિ, હર, બ્રહ્માદિ પણ, તે-તે તીર્થિકના મતે છે, તો ભગવંતની શી વિશેષતા ? તેથી વિશેષે કહે છે –

अभयदय - પ્રાણનો નાશ કરવામાં રસિક તથા ઉપસર્ગોને કરનારા પ્રાણીને ભય દેનાર ન હોવાથી અભયદાતા અથવા સર્વ પ્રાણીના ભયને હરનાર દયા જેને છે તે. આ વિશેષતા હરિ, હરાદિમાં નથી. ભગવંત અપકારી તથા અન્ય પ્રાણીના અનર્થનો માત્ર પરિહાર જ કરે છે, એટલું જ નહીં, પણ તેઓને પદાર્થની પ્રાપ્તિ પણ કરે છે, માટે કહ્યું चक्षुर्दय - શુભાશુભ પદાર્થના વિભાગને દર્શાવનાર હોવાથી શ્રુતજ્ઞાન ચક્ષુ સમાન છે. કહ્યું છે – શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે હેયોપાદેયને જાણે તે જ ચક્ષુવાળા છે. તેને દેનારા હોવાથી ચક્ષુદય છે. અટવીમાં ગયેલા, ચોર વડે લુંટાયેલા ધનવાળા, પાટા વડે જેમની આંખો બાંધેલી છે, એવા મનુષ્યોને ચક્ષુ ઉઘાડી ઈષ્ટમાર્ગમાં બતાવનાર જેમ ઉપકારી છે, તેમ ભગવંત પણ સંસાર-અરણ્યવર્તી, રાગાદિ ચોર વડે જેઓનું ધર્મધન લુંટાઈ ગયું છે, સદ્જ્ઞાન લોચનો કુવાસનાચ્છાદિત છે તેને ખસેડી શ્રુતચક્ષુ આપીને નિર્વાણમાર્ગને બતાવતા ઉપકારી છે –

માર્ગદાતા, मार्ग - સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રાત્મક મોક્ષરૂપ નગરના માર્ગને આપનાર હોવાથી માર્ગદય છે. જેમ લોકમાં ચક્ષુ ઉઘાડી, માર્ગ બતાવી, ચૌરાદિથી લુંટાયેલને નિરુપદ્રવ સ્થાને પહોંચાડનાર પરમ ઉપકારી થાય, તેમ ભગવંત પણ છે, તે દર્શાવે છે - શરણદાતા, शरण - વિવિધ ઉપદ્રવોથી દુઃખી જીવને શરણ-એટલે પરમાર્થથી નિર્વાણને આપે તે શરણદય છે. ભગવંતનું શરણદાયકપણું ધર્મદેશના વડે છે તેથી કહે છે – શ્રુતચારિત્રરૂપ ધર્મને કહે છે માટે ધર્મદેશક છે. પાઠાંતરથી - ચારિત્રધર્મના દાતા હોવાથી ભગવંત ધર્મદય છે. ધર્મદેશક તો માત્ર ધર્મની દેશનાથી કહેવાય છે, માટે કહે છે - ધર્મરૂપ રથના પ્રવર્તક ભગવંત સારથિ સમાન છે. જેમ રથના સારથી રથમાં બેસનાર અને રથને લઈ જનાર ઘોડાઓનું રક્ષણ કરે છે. તેમ ભગવંત પણ ચારિત્ર ધર્મના સંયમ, આત્મા અને પ્રવચનરૂપ અંગોના રક્ષણના ઉપદેશાત્મપણાથી ધર્મસારથી છે. અન્યતીર્થિકો પણ તેમના ભગવંતને ધર્મસારથી કહે છે, તેથી વિશેષથી કહે છે – ધર્મવરચાતુરંતચક્રવર્તી.

ત્રણ સમુદ્રો અને ચોથો હિમવંત, એ ચાર પૃથ્વીના અંત છે, તે ચારે છેડાનો સ્વામી તે ચાતુરંત છે, તે રૂપ ચક્રવર્તી, वर - શ્રેષ્ઠ, તે વર ચાતુરંત ચક્રવર્તી - અતિશયવાળો રાજા, ભગવંત ધર્મને વિશે ચાતુરંત ચક્રવર્તી સમાન છે. જેમ પૃથ્વીમાં બીજા રાજા કરતાં અતિશયવંત હોય છે. તેમ ભગવંત પણ ધર્મપ્રણેતાઓમાં અતિશયવંત



છે તેથી અથવા ધર્મરૂપ બીજા ચક્ર કરતા અથવા કપિલ આદિના ધર્મચક્ર કરતાં શ્રેષ્ઠ, ચાતુરંતદાનાદિ ભેદથી ચાર પ્રકારનું અથવા નારકાદિ ચારગતિના નાશ કરનારું, અંતર શત્રુનું ઉચ્છેદક હોવાથી જે ચક્ર, તે ચક્ર વડે વર્તવાના સ્વભાવવાળા હોવાથી તે ધર્મવર ચાતુરંત ચક્રવર્તી.

આ ધર્મદેશકાદિ વિશેષણો પ્રકૃષ્ટ જ્ઞાનાદિ યોગથી ઘટે છે –

अप्रतिहत - કટ, કુટી આદિ વડે અસ્ખલિત અથવા અવિસંવાદક અથવા ક્ષાયિક હોવાથી શ્રેષ્ઠ વિશેષ-સામાન્ય બોધાત્મક કેવલજ્ઞાનદર્શનને ધારણકર્તા હોવાથી અથવા કોઈ અન્યમતિ, છદ્મસ્થોને પણ ઉપર્યુક્ત સંપત્તિયુક્ત માને છે, પણ તે મિથ્યોપદેશક હોવાથી ઉપકારી ન થાય, માટે ભગવંતના છદ્મરહિતત્વને બતાવવા કહે છે –

व्यावृत्तछद्म - વ્યાવૃત્ત એટલે ગયેલું છે, છદ્મ-શઠત્વ કે આવરણ જેનું તે. છદ્મનો અભાવ રાગાદિના જયથી છે, તેથી जिन - રાગ, દ્વેષ આદિ રૂપ શત્રુને જિતે તે. રાગાદિનો જય અને રાગાદિ સ્વરૂપ અને તેના જયના ઉપાયોનું જ્ઞાન દર્શાવતા કહે છે - जाणए - છાદ્મસ્થિક ચાર જ્ઞાન વડે જાણે છે, તે જ્ઞાયક. એ રીતે સ્વાર્થ સંપત્તિ કહી, હવે ભગવંતની પરાર્થ સંપત્તિ ચાર વિશેષણોથી કહે છે - बुद्ध - જીવાદિ તત્ત્વોને જાણનારા बोहए - બીજાને જીવાદિ તત્ત્વોનો બોધ પમાડનાર. मुत्त - બાહ્યાભ્યંતર ગ્રંથિ બંધનથી મુક્ત, मोयए - બીજાને કર્મ બંધનથી મૂકાવનાર.

હવે મુક્તાવસ્થાને આશ્રીને વિશેષણો કહે છે – સર્વજ્ઞ એટલે સર્વ વસ્તુના સમૂહને વિશેષરૂપે જાણવું હોવાથી સર્વજ્ઞ. તેનું સામાન્ય રૂપે જાણપણું હોવાથી સર્વદર્શી અર્થાત્ મુક્તાવસ્થામાં પણ સર્વજ્ઞ, સર્વદર્શી. પણ અન્યદર્શનીના મત મુજબ મુક્તપણામાં સ્થિત પુરુષવત્ ભાવિમાં જડ થનાર નહીં. આ બે પદ ક્યાંક નથી દેખાતા.

સર્વ અબાધારહિતત્વથી શિવ, સ્વાભાવિક-પ્રાયોગિક ચલન હેતુ અભાવથી અચલ, રોગનાં કારણ શરીર અને મનને અભાવે રોગરહિત, અનંતાર્થ વિષય જ્ઞાનસ્વરૂપત્વથી અનન્ત, સાદિ-અનંત સ્થિતિત્વથી અક્ષય, અથવા પરિપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રમંડલવત્ અક્ષત, બીજાને અપીડાકારી હોવાથી અવ્યાબાધ, જેમાં જવાથી નિષ્ઠિતાર્થ થવાય તે સિદ્ધિ, તે તરફની ગતિ હોવાથી સિદ્ધિગતિ, તે જ પ્રશસ્ત નામ છે તે તથા, અનવસ્થાનના કારણરૂપ કર્મના અભાવે સ્થિર થવાય તે સ્થાન એટલે ક્ષીણકર્મ જીવનું સ્વરૂપ કે લોકાગ્ર. - x - x - આવા સ્થાને જવાની ઈચ્છાવાળા, પણ તેને પ્રાપ્ત ન કરેલ. કેમકે તે પ્રાપ્ત થતાં વિવક્ષિત પ્રરૂપણા અસંભવ છે. જો કે આ વિશેષણ તો ઉપચારથી છે કેમકે કેવલિ ભગવંતો તો ઈચ્છા વિનાના જ હોય છે.

जाव समोसरणं - સમવસરણનો વર્ણક આવે ત્યાં સુધી ભગવંતનું વર્ણન વાંચવું. તે ભગવંત વર્ણન આ પ્રમાણે - ભુજમોચક રત્ન, કાળો કીડો કે અંગારો, ગળીનો વિકાર, મષી, હર્ષિત ભ્રમરાનો સમૂહ, સ્નિગ્ધ, કાળી કાંતિવાળો, એવા નિબિડ, કુંડલીભૂત, પ્રદક્ષિણાવર્ત જેના મસ્તકના વાળ છે. એ રીતે કેશવર્ણનથી પગના તળીયાં સુધી શરીરનું વર્ણન કહેવું. *[ઉવવાઈ સૂત્રમાં આ વર્ણન વિસ્તારથી છે.]*

અહીં पादतल નું વર્ણન છે. - x - ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણના ધારક, આકાશગત એવા - ચક્ર, છત્ર, ચામર, સીંહાસનથી યુક્ત. आकाश - અતિ સ્વચ્છ સ્ફટિક વિશેષમય, દેવોએ આગળ ખેંચતા ધર્મધ્વજ વડે અને ૧૪,૦૦૦ સાધુ તથા ૩૬,૦૦૦ સાધ્વીથી પરિવરીને વિચરે છે.

ભગવંત પૂર્વાનુપૂર્વીથી વિચરતા - x - ગ્રામાનુગ્રામ જતાં, સુખે સુખે વિચરતા રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યે આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને સંયમથી આત્માને ભાવતા વિચરે છે.

સમવસરણ વર્ણનમાં ઘણાં શ્રમણ ભગવંતોનું વર્ણન અને ભવનપતિ આદિ દેવોનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું.

● સૂત્ર-૭ :-

***પર્ષદા નીકળી, ધર્મોપદેશ દીધો, પર્ષદા પાછી ગઈ.***

● વિવેચન-૭ :-

રાજગૃહથી રાજાદિ લોક ભગવંતને વંદનાર્થે નીકળ્યા. - x - ત્યારે રાજગૃહ નગરમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથમાં ઘણાં લોકો પરસ્પર આ રીતે કહે છે — હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવન્ મહાવીર અહીં ગુણશિલક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે, તથારૂપ અરહંત ભગવંતનું નામ-ગોત્રનું શ્રવણ પણ શ્રેય છે, તો વંદન-નમનનું શું કહેવું ? એમ કહી ઘણા ઉગ્રો, ઉગ્રપુત્રો આદિ ભગવંતને નમે છે, પર્યુપાસે છે. એ પ્રમાણે રાજનિર્ગમ આદિ પર્યુપાસના ઉવવાઈ સૂત્ર માફક કહેવી.

અહીં ભગવંતની ધર્મકથા કહેવી. તે આ - શ્રમણ ભગવંત મહાવીર શ્રેણિક રાજાને, ચેલ્લણાદિ રાણીઓને, મોટી સભાને સર્વભાષા અનુગામી વાણી વડે ધર્મ કહ્યો. જેમકે - લોક છે, અલોક છે - x - આદિ. - x -

લોકો સ્વસ્થાને ગયા, તેનું વર્ણન આ રીતે - તે મોટી અર્ચાવાળી, પ્રશસ્તતા પ્રધાન પર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ થઈ, શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી વંદે છે, નમે છે, વંદીને, નમીને એમ બોલી. હે ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારું કહ્યું, આવો ધર્મ કહેવા બીજા કોઈ શ્રમણ, બ્રાહ્મણ સમર્થ નથી. એમ કહી જ્યાંથી આવેલ, ત્યાં પાછા ગયા.

● સૂત્ર-૮ :-

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે ઉભડક રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ, તેમના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર, ગૌતમગોત્રીય, સાત હાથ ઉંચા, સમચોરસ સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી, સુવર્ણ કટક રેખા સમાન, પદ્મગૌર, ઉગ્રતપસી, દીપ્તતપસી, તપ્તતપસી, મહાતપસી, ઉદાર, ઘોર, ઘોરગુણી, ઘોરતપસી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર સંસ્કાર ત્યાગી, સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળા, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનોપગત, સર્વાક્ષર***



***સંનિપાતી હતા.***

● વિવેચન-૮ :-

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના પ્રથમ, શિષ્ય, એ બે પદ વડે તેમનું સકલ સંઘનાયકત્વ કહ્યું. ઈન્દ્રભૂતિએ માતા-પિતા કૃત્ નામ હતું. - x - વિવક્ષાથી શ્રાવક પણ શિષ્ય હોય, માટે કહે છે — જેને ઘર ન હોય તે અનગાર. કોઈ અણગાર નિંદિતગોત્રવાળા હોય માટે કહે છે — ગૌતમગૌત્ર સહિત. દેહ ન્યૂનાધિક પણ હોય, માટે કહ્યું — સાત હાથ ઉંચા, આવો લક્ષણહીન પણ હોઈ શકે, માટે કહ્યું — સમચતુરસ્ર અર્થાત્ નાભિની ઉપર અને નીચે લક્ષણથી તુલ્ય, એવા સંસ્થાને રહેલ અથવા सम - અન્યૂનાધિક ચાર અસ્રિ યુક્ત તે સમચતુરસ્ર. અસ્રિ એટલે પર્યંકાસને બેસેલા પુરુષના બંને જાનુનું અંતર, આસન અને લલાટના ઉપરના ભાગનું અંતર, જમણો ખભો-ડાબો જાનુંનું ડાબો ખભો-જમણો જાનુંનું અંતર. અન્ય કહે છે — વિસ્તાર અને ઉંચાઈથી સમાન તે સમચતુરસ્ર.

આવા સંસ્થાન છતાં હીન સંહનનવાળા હોય. તેથી કહે છે — વજ્ર ઋષભ નારાચ સંઘયણ, સંહનન એટલે હાડકાંનો સમૂહ. વજ્રાદિનું લક્ષણ - પાટો તે ઋષભ, વજ્ર તે ખીલી, મર્કટબંધ તે નારાચ. આ સંહનન ખીલા વડે બદ્ધ, કાષ્ટ સંપુટ સદૅશ સામર્થ્યયુક્ત હોવાથી વજ્ર, લોહાદિમય પટ્ટ વડે બદ્ધ હોવાથી ઋષભ, વજ્રરૂપ ઋષભ તે વજર્ષભ ઇત્યાદિ - x - ઇન્દ્રભૂતિ અતિઉત્કૃષ્ટ સામર્થ્યવાળા હોવાથી આવા વિશેષ અસ્થિસમૂહ રૂપ સંહનનવાળા છે. માટે વજર્ષભનારાચ સંહનન વિશેષણ મૂક્યું.

- x - આવા નિંદ્ય વર્ણવાળા પણ હોય તેથી કહે છે — સોનાની પુલક પર કસોટીએ કષેલી રેખા તથા કમલના કેસરસમ ગૌર વર્ણયુક્ત. વૃદ્ધ વ્યાખ્યા આ રીતે — સુવર્ણનો પણ લોઢાનો નહીં, પુલક એટલે સાર, તત્પ્રધાન જે રેખા, તેનું બહુંપણું, તેના જેવા ગૌર અથવા સુવર્ણનું જે બિંદુ, જે તેની સમાન વર્ણથી છે, તે તથા કેશરા સદૅશ ગૌર. આ રીતે સુંદર વર્ણવાળા હોવા છતાં વિશિષ્ટ ચારિત્રરહિત પણ હોય. તેથી કહે છે —

ઉગ્રતપ - અનશનાદિ જેને છે તે. અર્થાત્ સામાન્ય જન જેનું ચિંતવન કરવાને પણ અશક્ત હોય તેવા તપથી યુક્ત. दीप्त - કર્મરૂપી ગહન વનને ભસ્મસાત્ કરવાને સમર્થ હોવાથી જાજ્વલ્યમાન અગ્નિ સમ દીપ્ત-જ્વલિત, ધર્મધ્યાનાદિ તપયુક્ત, तप्ततपा - જેણે તપ તપ્યું છે તે, એવું તપ તપીને કર્મોને સંતપાવી, તપરૂપ આત્માને પણ સંતપાવ્યો. સાધારણ પુરુષથી ન થાય તેવો તપ કર્યો.

महातप - આશંસા દોષ રહિતત્વથી પ્રશસ્ત તપસી, ओराल - ભીમ, ઉગ્રાદિ વિશેષણયુક્ત તપ કરવાથી, અલ્પ સત્વવાળા પાસત્થાને ભયાનક. અન્ય કહે છે - ओराल - ઉદાર, પ્રધાન. घोर - અતિ નિર્ઘૃણ, પરિષહ, ઈન્દ્રિયાદિ શત્રુસમૂહના વિનાશને આશ્રીને નિર્દય, બીજા કહે છે - ઘોર એટલે આત્મનિરપેક્ષ, घोरगुण - અન્ય પુરુષો વડે આચરી ન શકાય એવા મૂલગુણાદિ ગુણયુક્ત, घोरतवस्सि - ઘોર તપ કરનાર. घोरबंभचेरवासी - અલ્પસત્વી પ્રાણિગણથી દુરનુચર હોવાથી દારુણ,

એવું જે બ્રહ્મચર્ય તેમાં વસનારા. उज्झितशरीर - શરીર સંસ્કાર ત્યાગી. संखितविउल-तेउलेस्स - શરીરમાં લીન હોવાથી સંક્ષિપ્ત, યોજન પ્રમાણ ક્ષેત્રમાં વસ્તુના દહનમાં સમર્થ હોવાથી વિપુલ. તેજોલેશ્યા એટલે તપોજન્ય લબ્ધિ વિશેષથી ઉત્પન્ન તેજોજ્વાલા. - x - x -

ચૌદપૂર્વી - ચૌદ પૂર્વ જેને વિદ્યમાન છે તે, કેમકે તેઓએ જ રચેલા છે, આમ કહી તેમનું શ્રુતકેવલિપણું બતાવ્યું. તે અવધિજ્ઞાન આદિ રહિતને પણ હોય તેથી કહે છે કેવલજ્ઞાન સિવાયના ચાર જ્ઞાનવાળા, ઉક્ત બંને વિશેષણ છતાં કોઈક સમગ્ર શ્રુત વિષય વ્યાપી જ્ઞાની ન પણ હોય, કેમકે ચૌદ પૂર્વી અનંત જ્ઞાનાદિ છ સ્થાન પતિત પણ હોય, તેથી કહે છે — સર્વાક્ષર સંનિપાતી - સર્વ અક્ષરના સંયોગ જેને જ્ઞેયપણે હોય તે અથવા શ્રવ્યને સંગતિપણે નિત્ય બોલવાના સ્વભાવવાળા, તે શ્રવ્યાક્ષરસન્નિવાદી, આવા અનેકગુણવાળા, વિનયની રાશિ સમાન તથા શિષ્યાચારને પાળતા ભગવન્ ઈન્દ્રભૂતિ વિચરે છે - x -

अदूरसामन्त - દૂર એટલે છેટે, સામંત એટલે નીકટ, તેના નિષેધથી અદૂર સામંત, કઈ રીતે વિચરે છે ? જેના ઘૂંટણ ઉંચા છે, શુદ્ધ પૃથ્વીના આસનના વર્જનથી ઔપગ્રહિક નિષધાના અભાવે, ઉત્કુટુક આસને. નીચું મુખ રાખીને - ઉંચે કે તિર્છું ન જોતા, નિયતભૂમિમાં દૃષ્ટિ રાખીને. ધર્મ કે શુક્લ ધ્યાનરૂપ કોઠાને પ્રાપ્ત, જેમ કોઠામાં નાંખેલ ધાન્ય ન વેરાય, તેમ તે ભગવન્‌ના ઈન્દ્રિયાદિ અસ્થિર થતાં નથી, તેવા ઈન્દ્રભૂતિ સંવર અને તપ વડે આત્માને વાસિત કરીને રહ્યા છે. સંયમ અને તપનું ગ્રહણ મોક્ષના પ્રધાન અંગરૂપે છે. કેમકે સંવરથી કર્મો રોકાય છે અને તપથી જૂના કર્મ નિર્જરે છે.

● સૂત્ર-૯ :-

*ત્યારપછી જાત શ્રદ્ધ, જાત સંશય, જાત કુતૂહલ, ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ, સંજાત શ્રદ્ધ, સંજાત સંશય, સંજાત, કુતૂહલ, સમુત્પન્ન શ્રદ્ધ, સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ ઉત્થાન વડે ઉભા થાય છે, ઉત્થાન વડે ઉભા થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી વંદે છે, નમે છે, નમીને ન અતિ નજીક, ન અતિ દૂર એ રીતે સન્મુખ, વિનય વડે અંજલિ જોડી, ભગવંતના વચનને શ્રવણ કરવાને, નમતા અને પર્યુપાસતા આમ બોલ્યા —*

*(૧) ચાલતું તે ચાલ્યું ? (૨) ઉદીરાતું તે ઉદીરાયું ? (૩) વેદાતુ તે વેદાયુ ? (૪) પડતું તે પડ્યું ? (૫) છેદાતું તે છેદાયું ? (૬) ભેદાતું તે ભેદાયું ? (૭) બળતું તે બળ્યું ? (૮) મરતું તે મર્યું ? (૯) નિર્જરાતુ તે નિર્જરાયુ ? [એમ કહેવાય ?]*

● વિવેચન-૯ :-

ધ્યાનરૂપ કોષ્ઠને પામીને વિહરણ કર્યા પછી, - x - સામાન્ય થકી કહીને, તે ભગવન્ ગૌતમ કેવા છે ? તે કહે છે — ઉત્પન્ન શ્રદ્ધાદિ વિશેષણ યુક્ત - ઉઠે



છે, તે યોગ. જાત-પ્રવૃત્ત, શ્રદ્ધા - વક્ષ્યમાણ અર્થતત્ત્વના જ્ઞાનની ઈચ્છા જેને છે તે जातश्रद्ध. जातसंशय - તેમાં સંશય - અનવધારિત અર્થજ્ઞાન, તે જેને છે તે. તે ભગવન્ ગૌતમને આ પ્રમાણે થયો - ભગવંત મહાવીરે चलमाणे० આદિ સૂત્રમાં ચાલતા પદાર્થને ચાલ્યો કહ્યો, તેમાં 'જે ચાલતો-તે ચાલ્યો' એમ કહ્યું. તેથી બંને એક વિષયવાળા બતાવ્યા. તેમાં 'ચાલતો' એ વર્તમાનકાળ બતાવે છે, 'ચાલ્યો' એ ભૂતકાળવિષયક છે —

— અહીં સંશય થયો કે જે પદાર્થ વર્તમાન વિષયક છે તે ભૂતકાળ વિષયક કેમ થાય ? કેમકે બંને કાળ વિરુદ્ધ છે. આમ સંશય થયો તેથી जातसंशय કહ્યા. ઉત્પન્ન થયેલ કુતૂહલવાળા, ભગવન્ આ પદાર્થોને કઈ રીતે જણાવશે ? તથા ઉત્પન્ન શ્રદ્ધ-જેને પૂર્વે ન થયેલ, પણ હવે થઈ તેવી શ્રદ્ધાવાળા. जातश्रद्ध પણ તેમજ છે, તો उत्पन्नश्रद्ध એવું બીજું વિશેષણ કેમ ? - x - x -

શ્રદ્ધાની ઉત્પત્તિ અને પ્રવૃત્તિનો અન્યોન્ય કાર્ય કારણ ભાવ દર્શાવવાને - હેતુત્વ પ્રદર્શનાર્થે. - x - x - x - x -

ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ બંને પૂર્વવત્. संजातश्रद्ध ઇત્યાદિ છ પદ પૂર્વવત્ જાણવા. વિશેષ એ કે અહીં सं શબ્દ પ્રકર્ષ આદિ અર્થવાળો છે - x - x - બીજા जातश्रद्धादि ૧૨ વિશેષણોની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે — (૧) જેઓ પૂછવાને શ્રદ્ધાવાળા થાય તે જાતશ્રદ્ધ, જાતશ્રદ્ધ શા માટે થયા ? જાત સંશય છે માટે. - ''આ પદાર્થ આવો હોય કે આવો ? જાત સંશય કેમ થયા ? જાત કુતૂહલ છે માટે. ''આ અર્થને'' હું કેવી રીતે જાણીશ ?'' એવા અભિપ્રાયવાળા છે માટે.

આ ત્રણ વિશેષણો અવગ્રહની અપેક્ષાએ જાણવા. એ રીતે ઉત્પન્ન શ્રદ્ધ આદિ ત્રણ ઈહાપેક્ષાએ, संजातश्रद्ध આદિ ત્રણ અપાયાપેક્ષા, समुत्पन्नश्रद्ध આદિ ત્રણ ધારણાની અપેક્ષાએ સમજવા.

બીજાઓ એમ કહે છે - जातश्रद्धत्वादि અપેક્ષાએ ઉત્પન્ન શ્રદ્ધાદિ સામાનાર્થા છે, તો પણ વિવક્ષિત અર્થનો પ્રકર્ષ પ્રતિપાદિત કરવા સ્તુતિ પરાયણ ગ્રંથકારે કહ્યા છે. તેમાં પુનરુક્તિ દોષ નથી. કહ્યું છે — હર્ષ, ભયાદિથી આક્ષિપ્ત મનવાળો વક્તા, સ્તુતિ કે નિંદા કરતા જે પદોને અનેકવાર બોલે, તો તે પુનરુક્તિ દોષને પાત્ર નથી.

उट्ठाए उट्ठेइ - ઉંચા વર્તતા ઉઠે છે. એકલું उट्ठेइ પદ મૂકે તો ક્રિયાનો આરંભ માત્ર પ્રતીત થશે. જેમકે બોલવાનો આરંભ કરે છે, તેનો વ્યવચ્છેદ થાય તે માટે उट्ठाए વિશેષણ उट्ठेइ સાથે મૂક્યું અહીં उपागच्छति એ ઉત્તરક્રિયાની અપેક્ષાએ ઉત્થાન ક્રિયાનું પૂર્વકાળપણું કહેવાને उट्ठाए उट्ठेइ કહ્યું. - x - ભ૦ મહાવીર પાસે આવ્યા. - x - આવીને શ્રમણ ભગવંત મહાવીરને જમણા હાથથી આરંભીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી - x - वंदेइ - વચન વડે સ્તુતિ કરી અને કાયા દ્વારા નમસ્કાર કરે છે. પછી અવગ્રહના પરિહારથી અતિ સમીપ નહીં કે અતિ દૂર નહીં તેમ ઉચિતપણાને સ્વીકારીને. ભગવદ્‌વચનને સાંભળવાને ઈચ્છતા, ભગવંત સન્મુખ રહી, વિનય વડે અંજલિ કરીને - x - x - પર્યુપાસના - સેવના કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા.

से એટલે તે પૂજ્યો એ ‘‘ચાલતું તે ચાલ્યું’’ ઈત્યાદિ કહ્યું છે. નૂનં - નિશ્ચયાર્થે છે. - x - અથવા से શબ્દ અથ શબ્દના અર્થમાં પ્રસિદ્ધ છે. અથ શબ્દ વાક્યના આરંભે કે પ્રશ્નને માટે સમજવો. કહ્યું છે — અથ શબ્દ પ્રકરણ, પ્રશ્ન, અનંતરપણું, મંગલ, પ્રારંભ, ઉત્તર તથા સમુચ્ચય બતાવે છે. ‘भंते’ શબ્દ ગુરુને આમંત્રણ રૂપે છે. તેથી હે ભદંત ! હે કલ્યાણ સ્વરૂપ અથવા સુખ સ્વરૂપ ! અથવા —

ભવ એટલે સંસારના અંતકર હોવાથી ભવાન્ત, ભયના અંતકર હોવાથી ભયાંત અથવા ભાન્ - જ્ઞાનાદિ વડે દીપ્યમાન અથવા ભ્રાજમાન્ - દીપ્યમાન્ ! કેમકે ભ્રાજ્ ધાતુ દીપ્તિ અર્થમાં છે.

આદિથી આરંભીને भंते પર્યન્ત ગ્રંથ ભગવન્ સુધર્માસ્વામીએ પાંચમાં અંગના પહેલા શતકના પહેલા ઉદ્દેશાના સંબંધાર્થે કહ્યો. આ સંબંધે આવેલ પાંચમાં અંગના પહેલા શતકનું આદિ સૂત્ર —

૦ ૧/૧/૧ - चलमाणे चलिए આદિ [શંકા] સુધર્માસ્વામીએ પહેલા શતકના પહેલા ઉદ્દેશામાં પહેલું જ સૂત્ર બીજા કોઈ અર્થવાળું ન મૂકીને ‘‘ચાલતું તે ચાલ્યું’’ એ અર્થવાચક સૂત્ર કેમ મૂક્યું ?

સમાધાન - ચાર પુરુષાર્થોમાં મોક્ષ નામક પુરુષાર્થ સર્વાતિશાયી હોવાથી મુખ્ય છે. સાધ્ય એવા મોક્ષના સમ્યગ્દર્શનાદિ અવ્યભિચારી સાધનો છે. સજ્જનો ઉભયના નિશ્ચયનું શિક્ષણ આપનાર શાસ્ત્રને ઈચ્છે છે, ઉભયનિયમ - સમ્યગ્દર્શનાદિ મોક્ષરૂપ સાધ્યના જ સાધનો છે, અન્ય કોઈ નહીં. તે મોક્ષના વિપક્ષના ક્ષયથી થાય છે. તે વિપક્ષ એ બંધ છે. કર્મનો આત્મા સાથે સંબંધ તે બંધ. તે કર્મોના પ્રક્ષય નિમિત્તે આ અનુક્રમ કહ્યો. - ‘‘ચાલતું તે ચાલ્યું’’ ઇત્યાદિ.

(૧) તેમાં चलत् - સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવતું, વિપાકને અભિમુખ થતું જે કર્મ, તે चलित - ઉદયમાં આવ્યું, એમ કહેવાય છે. કર્મોનો જે ચલનકાળ તે જ ઉદયાવલિકા છે, તે ચલનકાળ અસંખ્ય સમયવાળો હોવાથી આદિ-મધ્ય-અંતથી યુક્ત છે.

કર્મપુદ્ગલોના પણ અનંતા સ્કંધો છે, અનંતા પ્રદેશો છે, તેથી તે ક્રમથી પ્રતિસમય ચાલે છે, તેમાં જે આદ્ય ચલન સમય છે, તેમાં ચાલતા કર્મને ચાલ્યુ કહેવાય. [શંકા] ‘ચાલતું’ વર્તમાન છે છતાં ‘ચાલ્યુ’ એમ ભૂતકાળ કેમ ? જેમ વસ્ત્રના ઉત્પત્તિ કાળે પ્રથમ તંતુના પ્રવેશ સમયે ઉત્પદ્યમાન જ પટ ઉત્પન્ન થાય છે. ઉત્પદ્યમાનત્વ પટની ઉત્પન્નતા સિદ્ધ કરવા કહે છે — પ્રથમ તંતુનો પ્રવેશકાળ શરૂ થયો તેટલામાં માત્ર એક ત્રાગ જ વણાયો હોય ત્યારે પણ વસ્ત્ર પેદા થાય છે. એમ વ્યવહારમાં જોવાથી વસ્ત્રનું ઉત્પદ્યમાનત્વ પ્રસિદ્ધ જ છે.

પ્રથમ તંતુ પ્રવેશ સમયે ઉત્પત્તિ ક્રિયાકાળમાં જ વસ્ત્ર ઉત્પન્ન થયો છે એમ સ્વીકારવું, જો પ્રથમ ક્રિયાક્ષણે વસ્ત્ર ઉત્પન્ન થયું નથી તેમ માનો તો ઉત્તરક્ષણે પણ તે અનુત્પન્ન જ ગણાશે, કેમકે ઉત્તરક્ષણ ક્રિયામાં શું વિશેષતા છે કે, જેથી પ્રથમ સમયે અનુત્પન્ન પટ ઉત્તરસમયની ક્રિયાથી ઉત્પન્ન થાય ? તેથી સર્વદા જ અનુત્પત્તિ





પ્રસંગ આવશે. અંત્ય તંતુ પ્રવેશે પટના દેખાવાથી, પ્રથમ તંતુના પ્રવેશ સમયે પટ કંઈક ઉત્પન્ન થયો તેમ માનવું જ પડે. જો તેને ઉત્તરક્રિયા જ ઉત્પન્ન કરતી હોય તો, એક જ પટાંશને ઉપજાવવામાં પટ ઉત્પન્ન કરનાર સર્વે ક્રિયા અને કાળનો ક્ષય થાય. વળી જો ઉત્પન્ન પટના પ્રથમાંશના ઉત્પાદનની અપેક્ષારહિત પાશ્ચાત્ય ક્રિયા હોય તો જ પટના પાછલા અંશોનો અનુક્રમ થાય, અન્યથા ન થાય. આ પ્રમાણે ઉત્પન્ન થતો પટ ઉત્પન્ન થયો કહેવાય, તેમ કર્મોની અસંખ્યાત પરિમાણવાળી ઉદયાવલિકા હોવાથી, આદિ સમયથી આરંભી ચાલતું કર્મ ચાલ્યુ કહેવાય.

કેમ ? જો તે કર્મ ચલન અભિમુખ થઈ ઉદયાવલિકામાં આદિ સમયે ચાલ્યું ન હોય તો તે કર્મનો આદિ સમય ચલનરહિત હોવાથી વ્યર્થ છે. જો તે પ્રથમ સમયે ન ચાલ્યું, તો દ્વિતિયાદિ સમયે પણ ચાલ્યું નથી. કેમકે દ્વિતીયાદિમાં એવી શું વિશેષતા છે કે જે પ્રથમ સમયે ન ચાલ્યુ તો બીજા સમયે ચાલે ? તેથી સર્વદા અચલિત જ રહેશે. સ્થિતિની પરિમિતતા અને કર્માભાવના અભ્યુપગમને લઈને અંત્ય સમયે કર્મોનું ચલન થતું અનુભવાય છે. માટે પ્રથમ અને પછીના સર્વે ચલન સમયોમાં કર્મના અંશો કંઈક ચલિત થયા તેમ માનવું. જે આદિ સમયમાં ચાલ્યું તે ઉત્તર સમયમાં ચાલતું નથી. આદિ - x -

(૨) ઉદીરાતું તે ઉદીરાયું - ઉદયને પ્રાપ્ત ન થયેલ એવા આગામી લાંબા કાળે વેદવાના કર્મદલિકને વિશિષ્ટ અધ્યવસાયરૂપ કરણ વડે ખેંચીને ઉદયમાં લાવવું તે ઉદીરણા. તે અસંખ્યેય સમયવર્તી છે. ઉદીરણા વડે પ્રથમસમયમાં જ ઉદીરાતાં કર્મને પૂર્વોક્ત દૃષ્ટાંતે ઉદીરાયું કહેવાય... (૩) વેદાતું તે વેદાયું. વેદન અર્થાત્ કર્મનો ભોગ-અનુભવ. સ્થિત ક્ષયથી ઉદય પ્રાપ્ત કે ઉદીરણાથી ઉદય પ્રાપ્ત કર્મનું વેદન થાય છે. તે અસંખ્ય સમય હોવાથી આદ્યસમયમાં વેદાતાં કર્મને ‘વેદાયું’ એવો વ્યવહાર જાણવો.

(૪) પડતું તે પડ્યું. જીવ પ્રદેશ સાથે સંબદ્ધ કર્મનું જીવપ્રદેશથી પડવું તે પ્રહાણ. તેનું પરિમાણ અસંખ્યેય સમય છે. તેથી પ્રહાણના આદિ સમયથી પડતું તે પડ્યું કહ્યું..

(૫) છેદાતું તે છેદાયું - કર્મના દીર્ઘકાળની સ્થિતિની લઘુતા કરવી. તે છેદન અપવર્તન નામક કરણ વિશેષથી કરે છે, તેની સ્થિતિ અસંખ્યાત સમય છે.

(૬) ભેદાતુ તે ભેદાયુ - શુભ કે અશુભ કર્મના તીવ્રરસનું અપવર્તના કરણ વડે મંદ કરવું અને મંદને ઉદ્વર્તના કરણથી તીવ્ર કરવું તેને ભેદ કહે છે. આ ભેદ અસંખ્યેય સમય સ્થિતિવાળો છે, આદિ પૂર્વવત્.

(૭) બળતું તે બળ્યું — કર્મદલિકરૂપ કાષ્ઠનો ધ્યાનાગ્નિથી નાશ કરવો - કર્મરહિતપણું કરવું, તેને દાહ કહે છે. જેમ અગ્નિ વડે કાષ્ઠ બળીને કરવો - કર્મરહિતપણું કરવું, તેને દાહ કહે છે. જેમ અગ્નિ વડે કાષ્ઠ બળીને ભસ્મસ્વરૂપ થાય, તેમ કર્મ પણ ધ્યાનાગ્નિ વડે દાહ પામે છે. અંતર્મુહૂર્તવર્તી હોવાથી અસંખ્યેય સમય સ્થિતિક છે, ઇત્યાદિ પૂર્વવત્.

(૮) મરતું તે મર્યુ - મરતા એવા આયુઃકર્મને મર્યુ કહેવાય છે. આયુઃકર્મના પુદ્‌ગલોનો ક્ષય એ જ મરણ છે. તે અસંખ્યેય સમયવર્તી છે. જન્મના પ્રથમ સમયથી આરંભીને આવીચિકમરણથી પ્રતિક્ષણ મરણનો સદ્‌ભાવ હોવાથી 'મરતું તે મર્યુ' કહેવાય છે.. (૯) નિર્જરાતું તે નિર્જરાયુ - નિરંતર અપુનર્ભાવથી ક્ષય પામતું કર્મ નિર્જીણ થયું કહેવાય. નિર્જરા અસંખ્યેય સમયભાવી હોવાથી તેના પ્રથમ સમયમાં જ નિર્જરતા કર્મને પટની ઉત્પત્તિના દૃષ્ટાંત વડે નિર્જર્યુ. એમ યુક્તિયુક્ત સમજવું. - x - x -

આ રીતે નવ પ્રશ્નો ગૌતમસ્વામીએ ભગવન્ મહાવીરને પૂછ્યા, ત્યારે ભગવંતે કહ્યું, તેમજ છે. [શંકા] ગૌતમ ભગવંતને શા માટે પૂછે છે ? તેઓ દ્વાદશાંગીના રચયિતા હોવાથી સકલ શ્રુતના વિષયના જ્ઞાતા છે, નિખીલ સંશયાતીત હોવાથી તેઓ સર્વજ્ઞ સદૃશ છે. - x - [સમાધાન] એમ નથી. ઉક્ત ગુણત્વ છતાં, તેઓને (૧) છદ્મસ્થતાને લઈને અનાભોગનો સંભવ છે. - x - કેમકે જ્ઞાનને આવરક જ્ઞાનાવરણીય કર્મ છે. અથવા (૨) જાણવા છતાં પોતાના જ્ઞાનના સંવાદને માટે, (૩) અજ્ઞ લોકના બોધને માટે, (૪) પોતાના વચનમાં શિષ્યોની પ્રતીતિ ઉત્પન્ન કરવાને માટે, (૫) સૂત્ર રચનાના આચાર સંપાદન માટે પ્રશ્ન કરવા સંભવે છે. *[આ પાંચ કારણે ગૌતમસ્વામીના પ્રશ્નો સંભવે છે.]*

તેમાં હા, ગૌતમ ! એ કોમળ આમંત્રણ છે. - x - चलमाणे આદિના પ્રત્યુચ્ચારણમાં ચલત આદિથી સ્વ-અનુમતિ દર્શાવે છે. વૃદ્ધો કહે છે - 'हंता' એ સ્વીકાર વચન છે, જે અનુમત છે, તે દેખાડવાને 'ચાલતું-ચાલ્યુ' આદિ પ્રત્યુચ્ચારિત છે. - x - એ પ્રમાણે કર્મને આશ્રીને આ નવે પદો વર્તમાન અને ભૂતકાળના સમાનાધિકરણને જાણવાની ઈચ્છા વડે પૂછ્યા અને નિર્ણય કર્યો. આ જ ચલન આદિ પરસ્પરથી તુલ્યાર્થ છે કે ભિન્નાર્થ એવો પ્રશ્નો અને નિર્ણય બતાવવા કહે છે –

**● સૂત્ર-૧૦ :-**

***આ નવ પદો, હે ભગવન્ ! એકાર્થક, વિવિધ ઘોષ અને વિવિધ વ્યંજનવાળા છે ? કે વિવિધ અર્થ-વિવિધ ઘોષ - વિવિધ વ્યંજનવાળા છે ? હે ગૌતમ ! ચાલતું ચાલ્યુ, ઉદીરાતું ઉદીરાયું, વેદાતું વેદાયું, પડતું પડ્યું આ ચારે પદો ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એકાર્થક, વિવિધ ઘોષ, વિવિધ વ્યંજનવાળા છે. છેદાતું-છેદાયુ આદિ પૂર્વોક્ત પાંચ પદ વિગતપક્ષની અપેક્ષાએ વિવિધ અર્થ-ઘોષ-વ્યંજનવાળા છે.***

**● વિવેચન-૧૦ :-**

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ એ કે - एकार्थानि - અનન્ય વિષયવાળા કે એક પ્રયોજનવાળા, વિવિધ ઉદાત્તાદિ ઘોષવાળા, વિવિધ અક્ષરવાળા, ભિન્નભિન્ન અર્થવાળા છે, અહીં ચતુર્ભંગી છે. (૧) કેટલાક પદો એકાર્થક અને એક વ્યંજનવાળા છે - ક્ષીરં ક્ષીરમ્. (૨) બીજા એકાર્થક પણ વિવિધ વ્યંજનવાળા છે. ક્ષીરમ્-पयस् (૩) કટેલાંક અનેક અર્થ અને એક વ્યંજનવાળા છે - આંકડાનું દૂધ, ગાયનું દૂધ. (૪) બીજા



વિવિધ અર્થ અને વિવિધ વ્યંજનવાળા છે - ઘટ, પટ, લકુટ. પ્રશ્નસૂત્રમાં બીજા અને ચોથા ભંગનું ગ્રહણ કરેલ છે. કેમકે નવે પદો વિવિધ વ્યંજન અને અર્થવાળા છે. ઉત્તર સૂત્રમાં તો ચલનાદિ ચારે પદોને આશ્રીને બીજો ભંગ અને છિદ્યમાન આદિ પાંચે પદોમાં ચોથો ભંગ છે.

શંકા - 'ચલન' આદિમાં અર્થોનો સ્પષ્ટ ભેદ છે, તો આદિ ચાર પદો સમાનાર્થ કેમ કહ્યા ? ઉત્પન્ન-ઉત્પાદનો જે પક્ષ-પરિગ્રહ - x - તે વડે ઉત્પત્તિ પક્ષના અંગીકારથી એકાર્થક છે. અર્થાત્ ઉત્પાદ પર્યાયને પરિગ્રહીને એ ચારે પદો એકાર્થક કહ્યા. અથવા ઉત્પન્નપક્ષ-ઉત્પાદ નામક વસ્તુ વિકલ્પને કહેનારા એ ચારે પદો છે. આ ચારે પદો - x - નો અન્તર્મુહૂર્ત કાળ હોવાથી તે પણ તુલ્ય છે. તે ઉત્પાદ નામક પર્યાય વિશિષ્ટ કેવલજ્ઞાનોત્પાદરૂપ છે. કેમકે કર્મવિચારણામાં કર્મના નાશથી બે ફળ થાય - કેવલજ્ઞાન અને મોક્ષ. આ ચારે પદો કેવલજ્ઞાનના ઉત્પાદવિષયક હોવાથી એકાર્થક કહ્યા. કેમકે જીવે પૂર્વે ક્યારેય કેવલજ્ઞાન પર્યાય પ્રાપ્ત કર્યો નથી, વળી તેને માટે જ પુરુષનો પ્રયાસ હોવાથી તે જ કેવલજ્ઞાનનો ઉત્પાદરૂપ પર્યાય અહીં સ્વીકાર્યો છે. આ ચારે પદો એકાર્થક હોવા છતાં તેઓનો આ અર્થ સામર્થ્ય પ્રાપિત ક્રમ યુક્ત છે. અર્થાત્ પહેલા કર્મ ચાલે છે - સ્થિતિક્ષયથી કે ઉદીરણા બળથી બંને રીતે ઉદયમાં આવેલ કર્મ વેદાય છે. - x - તે કર્મ વેદાયા પછી જીવથી જુદું પડે છે. - x - આ વૃત્તિકારની વ્યાખ્યા છે.

બીજા આ રીતે વ્યાખ્યા કરે છે - આ ચારે પદો સ્થિતિબંધાદિ વિશેષરહિત - સામાન્ય કર્માશ્રિત હોવાથી એકાર્થક છે, કેવલજ્ઞાનના ઉત્પાદ પક્ષના સાધક છે, ચલનાદિ ચાર પદો એકાર્થક છે, એમ કહેવાથી શેષ પાંચે પદો અનેકાર્થક થશે. છતાં સાક્ષાત્ પ્રતિપાદનાર્થે કહે છે –

છિદ્યમાન્ આદિ સ્પષ્ટ છે. વિશેષ નાનાર્થક આ પ્રમાણે - છેદાતું તે છેદાયું. આ વાક્ય સ્થિતિબંધ સાપેક્ષ છે. કેમકે અંતકાળમાં યોગનિરોધ કરનાર સયોગીકેવલી દીર્ઘકાળ સ્થિતિક વેદનીય, નામ, ગોત્ર એ ત્રણે પ્રકૃતિના સર્વ અપવર્તનાકરણથી અન્તર્મુહૂર્ત સ્થિતિ પરિમાણવાળું કરે છે. ''ભેદાતું તે ભેદાયું'' અનુભાગબંધ આશ્રિત છે. જે કાળે સ્થિતિઘાત કરે તે જ કાળે રસઘાત કરે છે. - x - આ પદ રસઘાત કરવાના અર્થવાળું હોવાથી સ્થિતિઘાતાર્થ પદથી ભિન્ન અર્થવાળું છે.

''બળતું તે બળ્યું'' એ પદ પ્રદેશબંધ આશ્રિત છે. અનંત પ્રદેશાત્મક અનંત સ્કંધોને કર્મ ઉત્પાદન કરવું તે પ્રદેશબંધ છે. પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારકાળ જેટલા પરિમાણવાળી અને અસંખ્યાતસમયયુક્ત ગુણશ્રેણિની રચનાથી પૂર્વરચિત અને અંતિમ સમય સુધી પ્રતિસમયે ક્રમથી અસંખ્યાતગુણ વૃદ્ધ કર્મ પુદ્‌ગલોના દહનને દાહ કહે છે. તે શૈલેશી અવસ્થામાં શુક્લ ધ્યાનના ચોથા પાદરૂપ ધ્યાનાગ્નિથી થાય છે. એ રીતે આ પદ દહનાર્થક હોવાથી પૂર્વ પદોથી ભિન્નાર્થક છે. - x - અહીં મોક્ષાધિકારમાં મોક્ષ સાધક ઉક્તલક્ષણ કર્મવિષયક દાહ ગ્રહણ કરવો.

''મરતું તે મર્યુ'' આ પદ આયુઃકર્મ વિષયક છે. કેમકે આયુ સંબંધી પુદ્‌ગલોનો

પ્રતિસમય ક્ષય એ જ મરણ છે. આ રીતે તે ભિન્નાર્થ છે. 'મરતું તે મર્યુ' પદથી આયુકર્મ કહેવાયું. - x - જીવથી આયુકર્મ દૂર થતાં તે મરે છે. અહીં - x - મરણ વિશિષ્ટ જ સ્વીકારવું. કેમકે સંસારમાં વર્તતાં દુઃખરૂપી મરણો અનેક વખત અનુભવ્યા તે ન લેવા. અહીં મરણ પદથી સર્વકર્મ ક્ષયનું સહચારી તથા મોક્ષના કારણભૂત મરણ વિવક્ષિત છે.

'નિર્જરાતું નિર્જરાયુ' સકલ કર્મોના અભાવ વિષયક છે જીવે પૂર્વે તે અનુભવ્યું નથી. સર્વ કર્મના અભાવરૂપ નિર્જરાર્થ હોવાથી તે ભિન્ન છે. આ પદો વિશેષે કરી નાનાર્થક છે. પણ તે - x - વિગત-અવસ્થાંતર અપેક્ષાએ વસ્તુનો વિનાશ, તે જ પક્ષ એટલે વસ્તુધર્મ અથવા પક્ષ એટલે પરિગ્રહ, તે વિગત પક્ષને આ પાંચ પદો કહેનારા છે. અહીં વિગત એટલે અશેષ કર્મનો અભાવ ઈષ્ટ છે. કેમકે જીવે તેને પૂર્વે પ્રાપ્ત કરેલ નથી. તેથી તે અત્યંત ઉપાદેય છે. વળી તેને માટે જ પુરુષનો પ્રયાસ છે. આ પાંચ પદો આ રીતે વિગમાર્થક છે –

(૧) છિદ્યમાન પદમાં સ્થિતિખંડન વિગમ કહ્યો. (૨) ભિદ્યમાન પદમાં અનુભાવભેદ વિગમ કહ્યો. (૩) દહ્યમાન પદમાં કર્મદાહ વિગમ છે. (૪) મ્રિયમાણમાં આયુઃકર્મ વિગમ છે. (૫) નિર્જિયમાણમાં અશેષકર્માભાવ વિગમ છે. આ કારણે આ પાંચ પદો વિગતપક્ષને કહેનારા છે.

- x - આ સૂત્ર ક્યાં અભિપ્રાયથી રચેલ છે ? કેવલજ્ઞાનોત્પાદ અને સર્વ કર્મનો નાશ કહેવારૂપ સૂત્રના અભિપ્રાયથી વ્યાખ્યા વડે નિર્ણય કર્યો. સિદ્ધસેનાચાર્ય પણ કહે છે – ઉત્પદ્યમાન કાલિક દ્રવ્યને ઉત્પન્ન કાલિક પ્રરૂપનાર, વિગચ્છત્‌કાલિક દ્રવ્યને વિગત કાલિક પ્રરૂપનાર ભગવન્ દ્રવ્યને ત્રિકાલ વિષયક વિશેષિત કરે છે. - x - ઉત્પન્ન પદથી અતીતકાલ વિષયક દ્રવ્ય કહ્યું, વિગચ્છત્ પદથી પણ એમ જ કહ્યું. એ પ્રમાણે ઉત્પદ્યમાનાદિનું પ્રરૂપણકર્તા તેને ત્રિકાલ વિષયક કહે છે.

કેટલાંક - સૂત્રમાં કર્મપદ કહ્યું નથી માટે 'ચલન' આદિ પદોની વ્યાખ્યા સામાન્યથી કરે છે, કમપિક્ષાએ નહીં. જેમકે - (૧) ચલન એટલે અસ્થિરત્વ પર્યાયથી વસ્તુનો ઉત્પાદ (૨) વ્યેજમાન એટલે કંપતું વ્યેજિત એટલે કંપ્યું. કંપવું એ સ્વસ્વરૂપ અપેક્ષાએ ઉત્પાદ જ છે. (૩) ઉદીરવું એટલે સ્થિર હોય તેને પ્રેરવું, તે પ્રેરણ એ જ ચલન છે (૪) પ્રભ્રષ્ટ થતું તે પ્રભ્રષ્ટ થયું, પ્રહીયમાણ એટલે પડતું, પ્રહીણ તે પડ્યું. અહીં પ્રહાણ-ભ્રષ્ટ થવું એ પણ ચલન જ છે. ચલન આદિ ચાર પદ ગત્યર્થક હોવાથી સમાનાર્થક છે. ચલત્વાદિ પર્યાયથી ચાર પદો ઉત્પાદ લક્ષણ પક્ષને કહેનારા છે. તથા છેદ, ભેદ, દાહ, મરણ, નિર્જરા એ પાંચને પૂર્વોક્ત કર્મ વિષયથી અન્ય વિષયમાં પણ વ્યાખ્યાત કરવા.

તેઓની વ્યાખ્યા પ્રતીત છે. આ પાંચનું ભિન્નાર્થપણું આ રીતે છે – કુહાડાથી લતાનો કાપવું તે છેદ, ભાલાથી શરીર કાપવું તે ભેદ, અગ્નિથી બાળવું તે દાહ, પ્રાણ ત્યાગ તે મરણ, અતિ પુરાણું થવું તે નિર્જરા. આ બધાં પદો ભિન્નાર્થક છે તો પણ સામાન્યથી વિનાશને કહેનારા છે. આ સામાન્ય પ્રકારે 'ચાલતું તે ચાલ્યું' વગેરે



અતત્ત્વરૂપ હોવાથી તેનું નિરૂપણ શા માટે કર્યુ ? - x - અહીં નિશ્ચયનયમતથી વસ્તુ સ્વરૂપને જણાવવાનું આરંભેલ હોવાથી ચલનાદિ પદનું નિરુપણ તાત્ત્વિક છે. તેમાં અતત્ત્વરૂપ જ અસિદ્ધ છે. વિશેષથી જાણવા વિશેષાવશ્યક અને જમાલિચરિત્ર જોવા.

અહીં પ્રશ્નોત્તર સૂત્રમાં મોક્ષતત્ત્વ વિચાર્યુ, મોક્ષ જીવોને હોય, જીવોના નૈરયિકાદિ ૨૪-ભેદ છે - નૈરયિક, ૧૦ અસુરકુમારો, પાંચ પૃથ્વીકાયાદિ, ૩-બેઈન્દ્રિયાદિ, પંચેન્દ્રિય તિર્યંચ અને નર તથા વ્યંતરાદિ-૩.

● **સૂત્ર-૧૧,૧૨ :-**

***[૧૧] (૧) ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ.. (૨) નૈરયિકો કેટલા કાળે શ્વાસ લે છે ? - મૂકે છે ? ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ કરે છે ? ગૌતમ ! 'ઉચ્છ્‌વાસ પદ' મુજબ જાણવું.. (૩) હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? પન્નવણના આહાર ઉદ્દેશકમાં કહ્યા મુજબ જાણવું.***

***[૧૨] નૈરયિકોની સ્થિતિ, ઉચ્છ્‌વાસ, આહાર, શું તેઓ આહાર કરે ? સર્વાત્મપ્રદેશે કરે ? કેટલો ભાગ ? સર્વાહાર કરે ? કેમ પરિણમાવે ?***

● **વિવેચન-૧૧,૧૨ :-**

[૧૧] જેઓની પાસેથી ઈષ્ટ ફળરૂપ કર્મ ચાલ્યુ ગયું છે તેઓ નિરય, નિરયમાં થાય તે નૈરયિક. હે ભગવન્ ! નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ - આયુકર્મવશ નરકમાં રહેવાનું પ્રરૂપેલ છે ?

હે ગૌતમ ! આદિ સ્પષ્ટ છે. વિશેષ એ કે – પહેલી નરકના પહેલા પ્રસ્તટની અપેક્ષાએ ૧૦,૦૦૦ વર્ષ અને સાતમી નરકાપેક્ષાએ ૩૩-સાગરોપમ, મધ્યસ્થિતિ, જઘન્યસ્થિતિથી સમયાદિ વડે અધિક હોય છે. તેઓ ઉચ્છ્‌વાસાદિવાળા હોય છે. તે સંબંધે - x - કહે છે-કેટલા કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? વિશેષ સ્પષ્ટ કરવા ઉચ્છ્‌વસન્તિ અને નિઃશ્વસન્તિ કહ્યું. આન એટલે ઉચ્છ્‌વાસ, પ્રાણ એટલે નિઃશ્વાસ. - x - x -

બીજા કહે છે – आनन्ति, प्राणन्ति થી અધ્યાત્મક્રિયા પરિગ્રહ થાય છે અને उच्छ्वसन्ति, निःश्वसन्तिथी બાહ્યનો. આ પ્રશ્નનો ઉત્તર પન્નવણાસૂત્રના ઉચ્છ્‌વાસપદ મુજબ જાણવો. તે આ છે – તેઓ સતત શ્વાસ લે છે અને મૂકે છે. નિરંતર ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસ હોય કેમકે અતિ દુઃખિત છે. અતિ દુઃખ વ્યાપ્તત્વથી નિરંતર ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ દેખાય છે. સતતપણું કદાચિત્‌પણે પણ હોય, માટે કહે છે એક સમય પણ તેનો વિરહ નથી.

શિષ્યના વચનમાં આદર બતાવવા અહીં आणमन्ति આદિનું પુનઃ ઉચ્ચાર કર્યુ, ગુરુ આદર કરે તો શિષ્યો સંતુષ્ટ થાય છે. અને પુનઃ પુનઃ પ્રશ્ન શ્રવણ અને અર્થ નિર્ણય કાર્યમાં જોડાય છે, તેથી જ લોકોમાં ગ્રાહ્ય વચન થાય છે, ભવ્યોનો ઉપકાર અને તીર્થવૃદ્ધિ થાય.

હવે નૈરયિકોના આહારનો પ્રશ્ન - સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - આહારની

પ્રાર્થના કરવાના સ્વભાવવાળા કે પ્રયોજનવાળા તે અર્થી કહેવાય. આહાર - ભોજન, તે વડે કે તેના જેઓ અર્થી હોય તેઓ આહારાર્થી કહેવાય. ચોથા ઉપાંગ પ્રજ્ઞાપનાના ૨૮માં આહાર પદના પહેલા ઉદ્દેશામાં છે, તેમ અહીં કહેવું. ત્યાં નારકોની આહાર વક્તવ્યતામાં ઘણાં દ્વારો કહ્યા છે. તેના સંગ્રહાર્થે પૂર્વોક્ત સ્થિતિ, ઉચ્છ્વાસ બંને દ્વારોને બતાવવાપૂર્વક ગાથા કહે છે –

[૧૨] નારકોની સ્થિતિ અને ઉચ્છ્વાસ - x - કહ્યા. આહાર વિષયક વિધિ આ પ્રમાણે – હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? હા, ગૌતમ ! છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલે કાળે આહારેચ્છા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોને બે ભેદે આહાર કહ્યો છે – આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. આભોગ - અભિપ્રાય, નિર્વર્તિત - કરાયેલ. હું આહાર કરું છું એમ ઈચ્છાપૂર્વક આહાર તે આભોગ નિર્વર્તિત આહાર. ઈચ્છારહિત તે અનાભોગનિર્વર્તિત.

વર્ષાકાળમાં પ્રચુર મૂત્રાદિ થાય, તેથી અભિવ્યક્ત થાય છે કે શરીરમાં શીત પુદ્‌ગલો અધિક ગયા હોય. તે જેમ અનાભોગ નિર્વર્તિત છે, તેમ નૈરયિકોનો આહાર અનાભોગ નિર્વર્તિત છે. તેમાં આહારની ઈચ્છા અનુસમયે - નિરંતર ઉત્પન્ન થાય છે. અતિ તીવ્ર ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી ઓજાહારાદિ પ્રકારે પ્રતિસમય અવિરહિત ઉત્પન્ન થાય છે અથવા દીર્ઘકાળે ઉપભોજ્ય આહારને એક વખત ગ્રહણ કરે માટે અહીં ગ્રહણના સાતત્યને પ્રતિપાદિત કરવા અવિરહિત કહ્યું.

તેમાં જે આભોગ નિર્વર્તિત આહાર છે, તેની ઈચ્છા અસંખ્યાત સમયે થાય છે. અસંખ્યાત સમય કાળ પલયોપમાદિ પરિમાણવાળો હોય તેથી અહીં 'અંતર્મોહૂર્તિક' એમ કહ્યું છે. અર્થાત્ પૂર્વગૃહિત આહારના પરિણામ વડે અતિ દુઃખ ઉત્પન્ન થતાં અંતર્મુહૂર્તમાં આહારની ઈચ્છા થાય છે. - - નારકો કેવા સ્વરૂપની વસ્તુ આહારે છે ?

હે ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશવાળા પુદ્‌ગલો આહારે છે, કેમકે અન્ય પુદ્‌ગલો અયોગ્ય છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્‌ગલો, કેમકે તેથી ન્યૂન ગ્રહણ યોગ્ય નથી, અનંત પ્રદેશાવગાઢ હોતા નથી. કેમકે સમસ્તલોક અસંખ્ય પ્રદેશ પરિણામવાળો છે. કાળથી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટમાંથી કોઈપણ સ્થિતિક પુદ્‌ગલોનો આહાર કરે છે. સ્થિતિ-પુદ્‌ગલોનું આહાર યોગ્ય સ્કંધનું પરિણામરૂપે અવસ્થાન.. ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા પુદ્‌ગલો આહારે છે.

હે ભગવન્ ! તે એકવર્ણીય પુદ્‌ગલો આહારે છે કે યાવત્ પંચવર્ણીય પુદ્‌ગલોને ? હે ગૌતમ ! સ્થાન માર્ગણાને આશ્રીને એકવર્ણીય યાવત્ પંચવર્ણીય પુદ્‌ગલોને આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણીય પુદ્‌ગલોને આહારે છે. જેમાં સ્થિત રહે તે સ્થાન-સામાન્યથી એક વર્ણ, બે વર્ણ આદિ. વિધાન-વિશેષ, કાળો વગેરે. વર્ણથી કાળા વર્ણવાળા જે પુદ્‌ગલો આહારે, તે શું એકગુણ કાળા યાવત્ - x - અનંતગુણ કાળા પુદ્‌ગલોને આહારે છે ? હે ગૌતમ ! એક ગુણ કાળાનો યાવત્ અનંતગુણ કાળા પુદ્‌ગલોનો પણ આહારે છે. એ પ્રમાણે યાવત્ શુક્લ પુદ્‌ગલો, ગંધ, રસ આદિ સમજી લેવા.



ભાવથી-જેઓ સ્પર્શવાળા પુદ્‌ગલો છે. તેઓ સ્થાનમાર્ગણાને આશ્રીને એક સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે. એકથી ત્રણ સ્પર્શવાળાનો નહીં, કેમકે એક સ્પર્શવાળાનો સંભવ નથી, બે-ત્રણ સ્પર્શવાળા અલ્પ પ્રદેશી અને સૂક્ષ્મ પરિમાણવાળા હોવાથી ગ્રહણ અયોગ્ય છે. તેથી ચારથી આઠ સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે. કેમકે તે બહુપ્રદેશી અને બાદર પરિણામી હોય છે. વિશેષ માર્ગણાને આશ્રીને કઠોર સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે યાવત્ રૂક્ષસ્પર્શ પુદ્‌ગલોને પણ.

સ્પર્શથી કર્કશ સ્પર્શવાળામાં એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે કે યાવત્ અનંતગુણ કર્કશને ? હે ગૌતમ ! એકગુણ યાવત્ અનંતગુણ કર્કશ સ્પર્શવાળાને આહારે છે. એમ આઠે સ્પર્શ કહેવા. અનંતગુણ રુક્ષ પુદ્‌ગલોને આહારે છે તો સ્પૃષ્ટને આહારે છે કે અસ્પૃષ્ટ પુદ્‌ગલોને ? હે ગૌતમ ! સ્પૃષ્ટને આહારે છે, અસ્પૃષ્ટને નહીં. સ્પૃષ્ટ - આત્મપ્રદેશને સ્પર્શેલા... હે ભગવન્ ! જે સ્પૃષ્ટ પુદ્‌ગલોને આહારે છે તે અવગાઢ કે અનાવગાઢ ? હે ગૌતમ ! અવગાઢને પણ અનાવગાઢને નહીં.. અવગાઢ - આત્મપ્રદેશ સાથે એક ક્ષેત્રમાં મળેલા.

હે ભગવન્ ! અવગાઢ પુદ્‌ગલોને આહારે તે અનંતરાવગાઢ કે પરંપરાવગાઢ. હે ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે. પરંપર અવગાઢને નહીં. જે પ્રદેશમાં આત્મા અવગાઢ હોય, તે જ પ્રદેશોમાં પુદ્‌ગલો અવગાઢ હોય તે અનંતરાવગાઢ કહેવાય. - x - x -

હે ભગવન્ ! જે અનંતરાવગાઢ પુદ્‌ગલોનો આહાર કરે છે તે સૂક્ષ્મ છે કે બાદર ? હે ગૌતમ ! સૂક્ષ્મ અને બાદર બંને આહારે છે. તેને વિશે અણુ [સૂક્ષ્મ]પણું અને બાદરપણું આપેક્ષિક છે. આ સૂક્ષ્મત્વ આદિ પ્રદેશવૃદ્ધિથી વધેલા આહાર યોગ્ય સ્કંધોનું સમજવું. ભગવન્ ! જો અણુ કે બાદર પુદ્‌ગલ આહારે, તો તે ઉર્ધ્વ-અધો-તીર્છા પુદ્‌ગલો સમજવા ? હે ગૌતમ ! ઉર્ધ્વાદિ ત્રણે પુદ્‌ગલોને આહારે છે.

ભગવન્ ! જો ઉર્ધ્વ-અધો-તિર્છા પુદ્‌ગલોને આહારે તો આદિ-મધ્ય કે અંત સમયમાં આહારે ? હે ગૌતમ ! ત્રણે રીતે કરે. અર્થાત્ અંતર્મુહૂર્ત સમય પ્રમાણ આભોગ નિર્વર્તિત આહારને કોઈ પણ સમયે આહારે છે. ભગવન્ ! પુદ્‌ગલોને ત્રણે સમયે આહારે તો તેઓને સ્વવિષયમાં આહારે કે અસ્વ વિષયમાં ? ગૌતમ ! સ્વ વિષયમાં આહારે છે, અસ્વવિષયમાં નહીં. સ્વ એટલે સ્પૃષ્ટાવગાઢ અને અનંતરાવગાઢ નામે સ્વવિષયક. તેમાં આહાર કરે છે.

હે ભગવન્ ! સ્વવિષયમાં જે પુદ્‌ગલોને આહારે છે, તે આનુપૂર્વી આહાર કરે છે કે અનાનુપૂર્વી ? ગૌતમ ! આનુપૂર્વી આહારે છે, અનાનુપૂર્વી નહીં. આનુપૂર્વી - પાસેના પુદ્‌ગલોનો આહાર કરવો. ભગવન્ ! આનુપૂર્વી આહારે તો ત્રણ દિશામાં રહેલ યાવત્ છ દિશામાં રહેલ પુદ્‌ગલો આહારે છે ? હે ગૌતમ ! નિયમથી છ દિશામાં રહેલ પુદ્‌ગલો આહારે છે. કેમકે નૈરયિક લોકમધ્યવર્તી હોવાથી ઉર્ધ્વાદિ છ એ દિશા અલોકથી ઢંકાયેલ ન હોવાથી કહ્યું કે નિયમથી છ દિશામાં આહાર કરે છે - x -

ત્રણ દિશાદિનો વિકલ્પ લોકાંતવર્તી પૃથ્વીકાયાદિમાં હોય.

જો કે વર્ણથી પાંચ વર્ણો કહ્યા, તો પણ બહુલતાથી જે વર્ણ, ગંધાદિ યુક્ત દ્રવ્ય આહારે છે, તે બતાવે છે – બહુલતાએ અશુભ અનુભાવરૂપ કારણને આશ્રીને વર્ણથી કાળા-લીલા, ગંધથી દુર્ગંધી, રસથી કડવા-તીખાં, સ્પર્શથી કર્કશ-ભારે-ઠંડા-લુખા દ્રવ્યો સમજવાં. આવા દ્રવ્યો પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ આહારે છે, ભાવિ તીર્થંકરાદિ નહીં.

નૈરયિકો યથાસ્વરૂપ દ્રવ્યોને આહારે કે અન્યથાદ્રવ્યોને ? તેઓના પ્રાચીન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણોને વિપરિણામ કરી, પરિપીડન-પરિશાટન-પરિવિધ્વંસ કરીને અન્ય અપૂર્વ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણોને ઉત્પન્ન કરી આત્મશરીરાવગાઢ પુદ્‌ગલો આહારે છે.

આ રીતે સૂત્રમાં કહેલ સંગ્રહગાથાના "શું આહાર કરે છે ?" પદની વ્યાખ્યા કરી. હવે सव्वाओ પદની વ્યાખ્યા - નૈરયિકો સર્વ આત્મ પ્રદેશથી આહાર કરે છે ? वाऽपि - પુનઃ પુનઃ આહાર કરે છે ? આ રીતે ભગવન્ ! નૈરયિકો સર્વ પ્રદેશે આહાર કરે - પરિણમાવે - ઉચ્છ્વાસ લે - નિઃશ્વાસ મૂકે, વારંવાર આહારે-પરિણમાવે - ઉચ્છ્વાસ લે - નિઃશ્વાસ મૂકે, કદાચિત્ આહાર કરે ઇત્યાદિ.

હા, ગૌતમ ! નૈરયિકો સર્વ પ્રદેશે આહાર કરે આદિ-૧૨.

सव्वओ - આહાર માટે ગૃહિત પુદ્‌ગલાનો કેટલામો ભાગ આહાર કરે છે ? હે ભગવન્ ! નૈરયિકોએ આહારપણે ગૃહિત પુદ્‌ગલોનો કેટલામો ભાગ પછીના કાળમાં આહારે છે ? કેટલો ભાગ આસ્વાદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભાગ આહારે, અનંત ભાગ આસ્વાદે છે. કેટલાંક કહે છે - ગાય આદિ પશુના પહેલા મોટા ગ્રાસ ગ્રહણની જેમ ગૃહિત પુદ્‌ગલનો અસંખ્યાત ભાગ માત્ર આહારે છે બાકીના પડી જાય છે... બીજા કહે છે - ઋજુસૂત્રનયાનુસાર સ્વ શરીરપણે પરિણત પુદ્‌ગલોનો અસંખ્યાત ભાગ આહારે છે. - x - કેટલાંક કહે છે - અસંખ્યાતમો ભાગ આહારે અને બાકીના પુદ્‌ગલો કિટોડા થઈને મનુષ્યે કરેલ આહારની જેમ મળ થઈ જાય તથા અનંત ભાગનું આસ્વાદન કરે - રસાદિને જીભથી મેળવે.

सव्वाणि व० દ્વાર - સર્વ આહારદ્રવ્યનો આહાર કરે ? તે આ રીતે - ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલોને આહારપણે પરિણમાવે છે, તે સર્વે પુદ્‌ગલોનો આહાર કરે છે કે નથી કરતા ? ગૌતમ ! પરિશેષ રહિત સર્વે પુદ્‌ગલો આહારે છે. અહીં વિશિષ્ટ ગ્રહણ ગૃહિત આહાર પરિણામ યોગ્ય જ ગ્રહણ કરવા - x - અન્યથા પૂર્વાપર સૂત્રનો વિરોધ થાય. - x - કહ્યું છે - સૂત્રમાં જે રીતે જે કહ્યું છે, તે જો તેમજ હોય અને વિચારણા ન હોય, તો કાલિક અનુયોગનો કેમ ઉપદેશ કરે ? - - - "कीस व भुज्जो" પદ.

તેમાં कीस - કેવા પ્રકારે, भुज्जो - વારંવાર આહાર દ્રવ્ય પરિણમે. કહે છે કે – હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્‌ગલોને આહારપણે ગ્રહણ કરે, તે પુદ્‌ગલો પુનઃપુનઃ કેવા સ્વરૂપે પરિણમે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિય સ્વરૂપે. અનિષ્ટ-અકાંત-અપ્રિય-અમનોજ્ઞ-અમણામ-અનીપ્સિત-અભિધ્યેય-અધઃ-ઉર્ધ્વપણે નહીં, દુઃખપણે - સુખપણે નહીં. એ રીતે નૈરયિકોને પુનઃ પુનઃ પુદ્‌ગલ પરિણમે છે.



अनिष्ट - સદા નૈરયિકોને અવલ્લભપણે, अकांत - અનિષ્ટ હોવાથી અકમનીય, अप्रिय - સર્વને દ્વેષપણે, अमनोज्ञ - જેની વાત મનોહર ન લાગે, अमनोम्य - વિચારથી પણ મનને અરુચિકર, अनीप्सित - મેળવવા ઈચ્છા ન થાય. આ શબ્દો એકાર્થક છે.

अभिध्येयता - તૃપ્તિના ઉત્પાદક ન હોવાથી ફરીથી અભિલાષનું કારણ અથવા અભિધ્યેય એટલે અશુભ. અધઃપણું તે ગુરુપરિણામ, ઉર્ધ્વપણે - લઘુ પરિણામપણે. સંગ્રહ ગાથાર્થ કહ્યો.

હવે નૈરયિકોનો આહાર અધિકાર હોવાથી તેનો વિષય –

**● સૂત્ર-૧૩ થી ૧૫ :-**

***[૧૩] હે ભગવન્ ! નૈરયિકોને (૧) પૂર્વાહારિત પુદ્‌ગલો પરિણામ પામ્યા ? (૨) આહારેલ તથા આહારાતા પુદ્‌ગલો પરિણામ પામ્યા ? (૩) અનાહારિત તથા જે આહારાશે તે પુદ્‌ગલો પરિણામ પામ્યા ? (૪) અનાહારિત તથા આહારાશે નહીં તે પુદ્‌ગલો પરિણામ પામ્યા ? હે ગૌતમ ! નૈરયિકોને (૧) પૂર્વાહારિત પુદ્‌ગલો પરિણામને પામ્યા. (૨) આહારેલા પુદ્‌ગલો પરિણામ પામ્યા તથા આહરાતા પુદ્‌ગલો પરિણામ પામે છે. (૩) નહીં આહારેલા પુદ્‌ગલો પરિણામને પામ્યાં નથી તથા જે પુદ્‌ગલો આહારાશે તે પરિણામને પામશે. (૪) નહીં આહારેલાપુદ્‌ગલો પામ્યા નથી તથા નહીં આહારાશે તે પુદ્‌ગલો પરિણામ પામશે નહીં.***

***[૧૪] હે ભગવન્ ! નૈરયિકોને પૂર્વાહારિત પુદ્‌ગલો ચય પામ્યા ? - - જે રીતે પરિણામ પામ્યા, તે રીતે ચયને પામ્યા. એ રીતે ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરાને પામ્યા.***

***[૧૫] ગાથા - પરિણત, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ એ એક એક પદમાં ચાર પ્રકારના પુદ્‌ગલો થાય છે.***

**● વિવેચન-૧૩ થી ૧૫ :-**

पुव्वाहारिय - પૂર્વે જે સંગૃહિત કરેલા અથવા આહાર કરેલા પુદ્‌ગલો પરિણમ્યા ? એટલે પૂર્વકાલે શરીર સાથે પરિણામને પામ્યા ? એ પહેલો પ્રશ્ન છે - x - તથા आहारिय - પૂર્વકાલે સંગ્રહ કરેલા કે આહાર કરાયેલા અને વર્તમાનકાળમાં સંગ્રહ કરાતા કે આહાર કરાતા પુદ્‌ગલો પરિણમ્યા, એ બીજો પ્રશ્ન. જેનો ભૂતકાલે આહાર કર્યો નથી અને ભાવિકાળમાં આહાર કરાશે તે પુદ્‌ગલો પરિણમ્યા ? એ ત્રીજો પ્રશ્ન. જે પુદ્‌ગલોનો આહાર કર્યો નથી અને જેનો આહાર કરાશે નહીં, તે પુદ્‌ગલો પરિણમ્યા તે ચોથો પ્રશ્ન.

અહીં જો કે ચાર પ્રશ્નો કહ્યા, તો પણ તે ૬૩ પ્રશ્નો સંભવે છે. કેમકે પૂર્વમાં આહાર કરેલા, આહાર કરાતા, આહાર કરવાના, આહાર નહીં કરેલા - નહીં કરાતા - નહીં કરવાના એ પ્રમાણે છ પદો સૂચવ્યા છે. એ છ પદમાં એક-એક પદના આશ્રયથી છ, દ્વિકયોગે-૧૫, ત્રિકયોગે-૨૦, ચતુષ્ક યોગે-૧૫, પંચકયોગે-૬, ષડ્‌યોગે-૧ એમ સર્વે મળી ૬૩ પ્રશ્નો સંભવે છે.

તેનો ઉત્તર - હે ગૌતમ ! આદિ. વિશેષ આ — (૧) પૂર્વે આહારેલ તે પૂર્વકાળે પરિણમ્યા, કેમકે ગ્રહણ કર્યા પછી જ પરિણમે. (૨) જેનો આહાર કર્યો અને જેનો આહાર કરાય છે, તેઓ પરિણમ્યા અને પરિણમે છે કેમકે આહાર કરેલાનો પરિણામ થાય અને આહાર કરાતાનો પરિણામ ચાલુ છે.

વૃત્તિકારે તો બીજા પ્રશ્નનો ઉત્તર આ રીતે જોયો છે, આહાર કરેલા અને આહાર કરવાના પુદ્ગલો પરિણમ્યા અને પરિણમશે. તેની તેઓ વ્યાખ્યા કરે છે — આહાર કરેલા અને કરાશે, તેમાં કેટલાંક પરિણમ્યા. પરિણત તે જ જાણવા જે શરીર સાથે સંબદ્ધ થયા. જે સંબદ્ધ થશે તે પરિણમશે.

(૩) જેનો આહાર થયો નથી અને થશે, તે પરિણમ્યા નથી કેમકે અનાહતના સંબંધાભાવે પરિણામ-અભાવ છે. આહરશે તે પરિણમશે - x - (૪) ચોથામાં ભૂત કે ભાવિ આહરણ ક્રિયા અભાવે પરિણામનો અભાવ છે. આ જ પ્રમાણે પૂર્વે દર્શાવેલા ૬૩-વિકલ્પોના ઉત્તર સૂત્રો કહેવા.

શરીર સંબદ્ધ લક્ષણ પરિણામથી પુદ્ગલોનો 'ચય' આદિ થાય. તે માટે પ્રશ્નો છે. પરિણામ સૂત્ર સમાન જ ચયાદિ સૂત્રો છે. જેમકે જે રીતે પરિણમ્યા તે જ રીતે એકઠા થયા. - x - x - x - ચય પામ્યા એટલે શરીરમાં સમૂહને પામ્યા, उपचिता - વારંવાર શરીરમાં પ્રદેશના સમીપપણે એકઠા થયા. સ્વભાવથી અનુદિત પુદ્ગલો, ઉદયે આવેલા કર્મદલિકોમાં કરણ વિશેષથી નાંખીને વેદાય તે उदीरित ઉદીરણાનું લક્ષણ આ છે - ''કરણ વડે ખેંચીને ઉદયમાં લેવાય તે.'' वेदित - સ્વકીય રસવિપાકથી દરેક સમયે અનુભવાતા અને નહીં સમાપ્ત થયેલા સમગ્ર રસવાળા પુદ્ગલો. निर्जिर्णा - પ્રતિસમય સંપૂર્ણપણે અશેષ વિપાક હાનિયુક્ત કર્મપુદ્ગલો.

ગાથા-પરિણતાદિ સંગ્રહ સૂત્ર ગાથા. વ્યાખ્યા ઉપર મુજબ. વિશેષ આ — પરિણત, ચિત, ઉપચિતાદિ દરેક પદમાં આહાર કરેલા, આહાર કરેલ અને કરાતા, આહાર ન કરેલ અને કરાનારા, આહાર ન કરેલ અને ન કરાનાર એ પ્રમાણે ચાર ભેદે પુદ્ગલો પ્રશ્ન અને ઉત્તર વિષયક છે.

પુદ્ગલ અધિકારથી જ હવે ૧૮-સૂત્રો કહે છે —

**● સૂત્ર-૧૬,૧૭ :-**

***[૧૬] ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્ગલો ભેદે છે ? ગૌતમ ! કર્મદ્રવ્ય વર્ગણાને આશ્રીને બે પ્રકારે પુદ્ગલો ભેદે છે — સૂક્ષ્મ, બાદર.***

***ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્ગલોનો ચય કરે છે ? ગૌતમ ! આહાર દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના પુદ્ગલોનો ચય કરે છે, તે આ - સૂક્ષ્મ અને બાદર. એ પ્રમાણે ઉપચયમાં જાણવું.***

***કેટલા પુદ્ગલો ઉદીરે છે ? — કર્મ દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના - સૂક્ષ્મ અને બાદર. બાકી પદો પણ આ રીતે કહેવા — વેદે છે, નિર્જરે છે, અપવર્તન પામ્યા, અપવર્તન પામે છે, અપવર્તન પામશે, સંક્રમાવ્યા, સંક્રમાવે છે, સંક્રમાવશે, નિધત્ત થયા, નિધત્ત થાય છે, નિધત્ત થશે, નિકાચિત થયા, નિકાચિત***



***થાય છે, નિકાચિત થશે. આ સર્વે પદમાં કર્મદ્રવ્ય વર્ગણાનો અધિકાર કરીને આ ગાથા મૂકેલ છે—***

***[૧૭] ભેદાયા, ચય પામ્યા, ઉપચય પામ્યા, ઉદીરાયા, વેદાયા, નિર્જરાયા, અપવર્તન-સંક્રમણ-નિધત્તન-નિકાચન ત્રણે કાળમાં કહેવું.***

**● વિવેચન-૧૬,૧૭ :-**

ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્ગલ ભેદે ? આદિ વ્યક્ત છે. વિશેષ આ — તીવ્ર, મંદ, મધ્યપણે રસના ભેદ વડે ભેદવાળા થાય, અર્થાત્ ઉદ્વર્તનાકરણ વડે મંદ રસવાળા કર્મપુદ્ગલો તીવ્ર રસવાળા થાય અને અપવર્તનાકરણથી તીવ્રરસા મંદરસા થાય ? કર્મદ્રવ્ય વર્ગણો આશ્રીને સમાનજાતિવાળા દ્રવ્યસમૂહને દ્રવ્યવર્ગણા કહે છે. તે ઔદારિક દ્રવ્યોની પણ હોય, માટે કહે છે — કર્મરૂપ દ્રવ્ય વર્ગણા કે કર્મદ્રવ્યોની વર્ગણાને આશ્રીને - x - મંદ તથા ઈતર રસની વિચારણા કર્મદ્રવ્યો સંબંધે જ હોઈ શકે, અન્ય દ્રવ્યો સંબંધે નહીં. अणु-सूक्ष्म, बादर - સ્થૂળ. આ સ્થૂલત્વ, સૂક્ષ્મત્વ કર્મદ્રવ્યોની અપેક્ષાએ જ જાણવું, અન્ય અપેક્ષાએ નહીં. કેમકે ઔદારિકાદિમાં કર્મદ્રવ્યો જ સૂક્ષ્મ છે.

આ જ રીતે ચય, ઉપચય ઉદીરણા, વેદન, નિર્જરાને શબ્દ અને અર્થ ભેદે કહેવા. પણ ચય, ઉપચયસૂત્રમાં આહાર દ્રવ્ય વર્ગણા આશ્રીને કહ્યું ત્યાં આ અભિપ્રાય છે — શરીરને આશ્રીને ચય, ઉપચયની પૂર્વે વ્યાખ્યા કરી. તે બંને આહાર દ્રવ્યોથી જ થાય, અન્ય દ્રવ્યોથી નહીં. તેથી આહાર દ્રવ્ય વર્ગણાને આશ્રીને આ પ્રમાણે કહ્યું. ઉદીરણાદિ તો કર્મદ્રવ્યના જ થાય, તેથી ત્યાં તેમ કહ્યું. अपवर्तन - કર્મોની સ્થિતિ આદિ અધ્યવસાયથી હીન કરવી. અપવર્તનના ઉપલક્ષણથી ઉદ્વર્તનસ્થિતિ આદિના વૃદ્ધિ કરણ સ્વરૂપ પણ નહીં સમજવું.

संक्रमण - મૂલપ્રકૃતિથી અભિન્ન ઉત્તરપ્રકૃતિને અધ્યવસાય વિશેષ વડે પરસ્પર સંચાર કરવો. કહ્યું છે — ગુણથી મૂળ પ્રકૃતિથી અભિન્ન ઉત્તર પ્રકૃતિને અધ્યવસાય પ્રયોગથી સંક્રમાવે, આત્મા અમૂર્ત હોવાથી સંક્રમે નહીં. બીજા કહે છે — આયુષ્ય અને મોહનીયને છોડીને શેષ પ્રકૃતિનો ઉત્તર પ્રકૃતિ સાથે સંચાર તે સંક્રમણ. જેમ કોઈ શાતા વેદનીય અનુભવતા અશુભ કર્મ પરિણતિથી તે જ શાતાવેદનીય અશાતા રૂપે સંક્રમે. આ પ્રમાણે અન્યત્ર પણ યોજવું.

निधत - પરસ્પર ભિન્ન પુદ્ગલોને એકઠાં કરીને ધારણ કરવાં તે. ઉદ્વર્તના-અપવર્તના કરણથી ભિન્ન કરણના અવિષયપણે કર્મોનું રહેવું. निकाचित - અત્યંત બંધાયેલા. પરસ્પર ભિન્ન પુદ્ગલો એકમેક કરવા અર્થાત્ અન્યોન્ય પુદ્ગલોનું એકબીજામાં રહેવું. - x -

भिज्जंति - આદિ પદ સંગ્રહ ગાથાર્થ કહ્યો. વિશેષ આ - અપવર્તન, સંક્રમણ, નિધત્ત, નિકાચન એ ચાર પદમાં ત્રણ પ્રકારનો કાળ બતાવવો. આ અપવર્તનાદિની જેમ ભેદાદિમાં ત્રિકાળતા કહેવી યુક્ત છે, પણ માત્ર વિવક્ષિત ન હોવાથી કહ્યા નથી — હવે પુદ્ગલાધિકારથી ચાર સૂત્ર—

● સૂત્ર-૧૮ :-

*હે ભગવન્ ! જે પુદ્ગલોને તૈજસ-કાર્મણપણે ગ્રહણ કરે છે તેને અતીતકાલે કે વર્તમાનકાળે કે ભાવિકાલે ગ્રહણ કરે છે ? ગૌતમ ! અતીત કે ભાવિ કાળે ગ્રહણ કરતા નથી, વર્તમાનકાળે ગ્રહણ કરે છે.*

*નૈરયિકો તૈજસ-કાર્મણપણાથી ગૃહિત પુદ્ગલો ઉદીરે તે શું અતીતકાળના કે વર્તમાનના કે આગામી કાળના પુદ્ગલોની ઉદીરણા કરે ? ગૌતમ ! અતીતકાળમાં ગૃહિત પુદ્ગલોને ઉદીરે છે પણ વર્તમાન અને ભાવિ કાળનાની નહીં. એ રીતે વેદે છે, નિર્જરે છે.*

● વિવેચન-૧૮ :-

સૂત્ર- સ્પષ્ટ છે. વિશેષ આ - તૈજસ શરીર, કાર્મણ શરીરપણે. સમય કાળરૂપ લેવો, સમાચાર રૂપ નહીં. કાળ પણ સમયરૂપ લેવો વર્ણાદિ સ્વરૂપ નહીં. એ રીતે બંને પરસ્પર વિશેષણ થઈ કાલ-સમય શબ્દ બન્યો. અતીત એવો જે કાળ-સમય તે અતીત કાળ સમય અથવા અતીતકાળ એટલે ઉત્સર્પિણી આદિ. સમય - પરમ નિકૃષ્ટ અંશ તે અતીતકાળ સમય તેમાં. પ્રત્યુત્પન્ન - વર્તમાનકાળ. ભૂત અને ભાવિ કાળ વિષયરહિત હોવાથી. અતીત અને અનાગતકાળ વિષયક પુદ્ગલ ગ્રહણનો પ્રતિષેધ કર્યો છે, કેમકે ભૂતકાળ વિનષ્ટ છે અને ભાવિકાળ અનુત્પન્ન છે. તેઓ બંને અસત્ છે. તેથી વિષયાતીત છે. વળી વર્તમાન પણ અભિમુખ પુદ્ગલોને જ ગ્રહે છે, બીજાને નહીં.

(૧) જેઓનો ગ્રહણ સમય વર્તમાન સમયની પુરોવર્તી છે અર્થાત્ જેઓને ગ્રહણ કરવાના છે. (૨) ઉદીરણા પૂર્વ કાળે ગૃહિતની જ થાય. - x - x - (૩) વેદના અને (૪) નિર્જરા સૂત્રની પણ આ રીતે ઉપપત્તિ કરવી.

હવે કર્માધિકારથી જ આ આઠ સૂત્રોને કહે છે —

● સૂત્ર-૧૯ થી ૨૧ :-

*[૧૯] ભગવન્ ! (૧) નૈરયિકો જીવપ્રદેશથી ચલિત કર્મ બાંધે કે અચલિત કર્મને બાંધે ? ગૌતમ ! અચલિત કર્મ બાંધે, ચલિત નહીં.*

*(૨) ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને ઉદીરે કે અચલિત કર્મને ઉદીરે ? ગૌતમ ! અચલિત કર્મ ઉદીરે, ચલિત નહીં. એ પ્રમાણે — (૩) વેદન કરે, (૪) અપવર્તન કરે, (૫) સંક્રમણ કરે, (૬) નિધત્ત કરે છે, (૭) નિકાચિત કરે છે. એ સર્વ પદોમાં અચલિત કર્મ યોજવું. ચલિત નહીં. (૮) ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને નિર્જરે કે અચલિત કર્મને ? ગૌતમ ! ચલિત કર્મ નિર્જરે, અચલિત નહીં.*

*[૨૦] ગાથા — બંધ, ઉદય, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત, નિકાચનને વિશે અચલિત કર્મ હોય, નિર્જરામાં ચલિત કર્મ હોય.*

*[૨૧] એ રીતે સ્થિતિ અને આહાર કહેવા. સ્થિતિ, સ્થિતિ પદ મુજબ કહેવી. સર્વે જીવોનો આહાર, પન્નવણાના આહારોદ્દેશક મુજબ કહેવો. ભગવન્ ! નૈરયિક આહારાર્થી છે ? યાવત્ વારંવાર દુઃખપણે પરિણમે છે ? ગૌતમ ! - - - ત્યાં સુધી આ સૂત્ર કહેવા.*



*ભગવન્ ! અસુરકુમારોની સ્થિતિ કેટલો કાળ છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ કાળ... ભગવન્ ! અસુરકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકરૂપ અને ઉત્કૃષ્ટથી સાધિક એક પક્ષે શ્વાસ લે છે - મૂકે છે.*

*ભગવન્ ! અસુરકુમારો આહારાર્થી છે ? - હા, આહારાર્થી છે. અસુરકુમારને કેટલા કાળે ? આહારેચ્છા થાય છે ? - ગૌતમ ! અસુરકુમારને આહાર બે ભેદે છે - આભોગનિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા અવિરહિતપણે નિરંતર થાય છે. આભોગિનિર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચતુર્થભક્તે અને ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ વર્ષ પછી થાય છે.*

*ભગવન્ ! અસુરકુમાર શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી અનંતપ્રદેશિક દ્રવ્યોનો, ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધે પ્રજ્ઞાપનાના ગમ વડે પૂર્વવત્ જાણવું. બાકી બધું નૈરયિકો માફક જાણવું. યાવત્ - ભગવન્ ! અસુરકુમારોએ આહારેલ પુદ્ગલ કેવા રૂપે વારંવાર પરિણમે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય-સુરૂપ-સુવર્ણાદિ-૪-ઈષ્ટ-ઈચ્છિત અને મનોહરપણે તથા ઉર્ધ્વપણે-અધોપણે નહીં, સુખપણે-દુઃખપણે નહીં તેમ પરિણમે.*

*અસુરકુમારને પૂર્વાહારિત પુદ્ગલો પરિણમ્યા ? - અસુરકુમાર અભિલાપથી બધું નૈરયિકોની જેમ કહેવું યાવત્ અચલિત કર્મ ન નિર્જરે.*

*નાગકુમારોને કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન બે પલ્યોપમ... નાગકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકે, ઉત્કૃષ્ટ થકી મુહૂર્ત પૃથકત્વે... નાગકુમારો આહારાર્થી છે ? હા, આહારાર્થી છે.*

*નાગકુમારોને કેટલા કાળે આહારેચ્છા થાય ? ગૌતમ ! તેઓને બે પ્રકારનો આહાર કહ્યો છે. આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા નિરંતર થાય છે. આભોગ નિર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચોથભક્તે, ઉત્કૃષ્ટથી દિવસ પૃથકત્વે થાય છે. શેષ સર્વે અસુરકુમાર મુજબ યાવત્ અચલિતકર્મને નિર્જરતા નથી. એ રીતે સુવર્ણકુમારોને યાવત્ સ્તનિતકુમારોને પણ જાણવા.*

*હે ભગવન્ પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલો કાળ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષની છે.. પૃથ્વીકાયિકો કેટલે કાળે શ્વાસ લે છે ? તેઓ વિવિધ કાળે શ્વાસ લે છે. પૃથ્વીકાયિકો આહારાર્થી છે ? હા, આહારાર્થી છે. પૃથ્વીકાયિકોને કેટલે કાળે આહારેચ્છા થાય છે ? તેઓને નિરંતર આહારેચ્છા રહે છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકો શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી*

નૈરયિકની માફક યાવત્ વ્યાઘાત ન હોય તો છ એ દિશામાંથી આહાર કરે છે. વ્યાઘાત હોય તો ત્રણ-ચાર કે પાંચ દિશામાંથી કરે. વર્ણથી કાળા-નીલા-પીળા-લાલ-હળદર જેવા અને શુક્લ દ્રવ્યનો આહાર કરે છે. ગંધથી સુગંધી-દુર્ગંધી, રસથી બધા રસ, સ્પર્શથી આઠે સ્પર્શવાળાનો આહાર કરે છે. બાકી બધું પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! તેઓ કેટલો ભાગ આહારે છે ? કેટલો ભાગ આસ્વાદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભાગ આહારે, અનંતભાગ ચાખે યાવત્ તે પુદ્ગલો કેવે રૂપે વારંવાર પરિણમે ? ગૌતમ ! સ્પર્શેન્દ્રિય વિવિધ પ્રકારે પરિણમે, બાકી નૈરયિક માફક જાણવું. યાવત્ અચલિત કર્મને નિર્જરતા નથી. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક જાણવું. વિશેષ એ કે જેની જેવી સ્થિતિ હોય તે કહેવી. ઉચ્છ્વાસ વિમાત્રાએ છે.

બેઈન્દ્રિયોની સ્થિતિ કહી, ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. બેઈન્દ્રિયોના આહાર વિષયક પ્રશ્ન - ગૌતમ ! અનાભોગ નિર્વર્તિત આહાર પૂર્વવત્ જાણવો. આભોગ નિર્વર્તિત આહારની ઈચ્છા વિમાત્રાએ અસંખ્યેય સામયિક અંતર્મુહૂર્તે થાય છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ અનંત ભાગને આસ્વાદે છે. - - - હે ભગવન્ ! બેઈન્દ્રિય આહારપણે જે પુદ્ગલો ગ્રહણ કરે તે શું સર્વેને આહારે કે સર્વને ન આહારે ? હે ગૌતમ ! બેઈન્દ્રિયોનો આહાર બે રીતે - લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરેછે, તે બધાં સંપૂર્ણપણે ખાય છે. જે પ્રક્ષેપાહારપણે પુદ્ગલો લેવાય છે તેમાંનો અસંખ્યાત ભાગ ખાવામાં આવે છે, બીજા અનેક હજાર ભાગો ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.

હે ભગવન્ ! તે ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્ગલોમાં કયા કયા પુદ્ગલો અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? ગૌતમ ! ન ચખાયેલા પુદ્ગલો થોડા છે અને ન સ્પર્શાયેલા અનંતગુણ છે. ભગવન્ ! બેઈન્દ્રિયો જે પુદ્ગલોને આહારપણે લે છે, તે પુદ્ગલો કેવે રૂપે વારંવાર પરિણમે છે ? ગૌતમ ! તે પુદ્ગલો વિવિધ પ્રકારે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વારંવાર પરિણમે છે. હે ભગવન્ ! બેઈન્દ્રિયજીવોને પૂર્વે આહારેલા પુદ્ગલો પરિણમ્યા ? હે ગૌતમ ! એ બધું પૂર્વવત્ કહેવું યાવત્ ચલિતકર્મને નિર્જરે છે.

ત્રણ અને ચાર ઈન્દ્રિયવાળાની સ્થિતિમાં ભેદ છે યાવત્ અનેક હજાર ભાગો સુંઘાયા, ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.

ભગવન્ ! એ ન સુંઘાયેલા, ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્ગલોમાં કયા કોનાથી થોડા, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ન સુંઘાયેલા પુદ્ગલો છે, તેથી અનંતગુણ ન આસ્વાદેલા, તેથી અનંતગુણ ન સ્પર્શાયેલા પુદ્ગલો છે.

ત્રણ ઈન્દ્રિયવાળાએ ખાધેલ આહાર ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયપણે વારંવાર



પરિણમે છે. ચઉરિન્દ્રિયોએ ખાધેલો આહાર ઘ્રાણ-જીભ-સ્પર્શ-ચક્ષુ ઈન્દ્રિયપણે વારંવાર પરિણમે છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કહીને તેનો ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. અનાભોગ નિર્વર્તિત આહાર તેમને પ્રતિસમય અવિરહિત હોય છે. આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી છઠ્ઠ ભક્તે હોય છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ ચલિત કર્મને નિર્જરે છે. એ રીતે મનુષ્યો સંબંધે વિશે જાણવું. વિશેષ આ –

તેઓને આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતમુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ ભક્તે હોય છે. તે આહાર શ્રોત્રેન્દ્રિયાદિપણે વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ નિર્જરે છે.

વાણવ્યંતરોની સ્થિતિમાં ભેદ છે. બાકી બધું નાગકુમારોની જેમ જાણવું. એ રીતે જ્યોતિષ્કોને જાણવા. વિશેષ આ – ઉચ્છ્વાસ જઘન્યથી મુહૂર્ત્ત પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી પણ મુહૂર્ત્ત પૃથક્ત્વ છે. આહાર જઘન્યથી દિવસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી પણ દિવસ પૃથકત્વ. બાકી પૂર્વવત્.

વૈમાનિકોની સ્થિતિ ઔધિક કહેવી. ઉચ્છ્વાસ જઘન્યે મુહૂર્ત્તપૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૩૩-પક્ષે. આહાર આભોગ નિર્વર્તિત જઘન્યથી દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે. બાકી બધું પૂર્વવત્ યાવત્ નિર્જરાવે છે.

● **વિવેચન-૧૯ થી ૨૧ :-**

[૧૯] નૈરયિકાદિ સ્પષ્ટ છે. વિશેષ આ - જીવ પ્રદેશથી ચલિત - તેમાં ન રહેનારું તે ચલિત અને તેથી અન્ય કર્મ તે અચલિત, તે કર્મને નૈરયિક બાંધે છે. કહ્યું છે - ચીકણા દ્રવ્યથી મર્દિત પ્રાણી મળવાળો થાય, તેમ રાગાદિ પરિણત આત્મા સમગ્ર પ્રદેશો વડે યોગ હેતુથી સ્વકીય દેશે કર્મ બાંધે છે.

આ રીતે ઉદીરણા, વેદન, અપવર્તના, સંક્રમણ, નિધત્ત, નિકાચના ભાવવી. રસ રહિત કરેલ પુદ્ગલો આત્મપ્રદેશથી નષ્ટ કરવા તે નિર્જરા છે. નિર્જરા નિયમથી ચલિત કર્મની થાય છે, અચલિત કર્મની નહીં.

[૨૦] સંગ્રહણી ગાથાર્થ પૂર્વે કહ્યો. કેવલ ઉદય શબ્દથી ઉદીરણા લેવી. આ રીતે નૈરયિક વક્તવ્યતા કહી. હવે ૨૪ દંડક ક્રમે અસુરકુમાર–

[૨૧] અસુરકુમાર વક્તવ્યતા નૈરયિક માફક જાણવી. કેમકે 'સ્થિતિ, ઉચ્છ્વાસ, આહાર' આદિ ગાથામાં કહેલ ૪૦ સૂત્રો, 'પરિણય ચિય' ગાથામાં કહેલ ૬ સૂત્રો, 'ભેદિય ચિયા'માં કહેલ-૧૮ સૂત્રો, 'બંધોદય'માં કહેલ-૮ સૂત્રો, એ રીતે નારક પ્રકરણમાં કહેલ-૭૨ સૂત્રો, અસુરાદિ ૨૩-પ્રકરણમાં સમાન છે. વિશેષ એ કે – અસુરકુમારોનું આયુ સાગરોપમથી અધિક કહ્યું તે બલીન્દ્રને આશ્રીને જાણવું. કહ્યું છે બલીન્દ્રનું આયુ સાધિક સાગર છે.

- x - સ્તોકનું લક્ષણ આ છે – હૃષ્ટ, અગ્લાન, નિરુપકૃષ્ટ પ્રાણીના એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસને પ્રાણ કહે છે. સાત પ્રાણનો ૧-સ્તોક, ૭-સ્તોકનો ૧-લવ, ૭૭-

લવનું ૧-મુહૂર્ત છે. અહીં જઘન્ય સ્થિતિવાળાને જઘન્ય ઉચ્છ્વાસાદિનું અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને ઉત્કૃષ્ટ ઉચ્છ્વાસાદિનું માન સમજવું... ચોથ ભક્ત એ એક ઉપવાસની સંજ્ઞા છે.

નાગકુમારની વક્તવ્યતામાં કહેલ દેશોન બે પલ્યોપમ સ્થિતિ કહી તે ઉત્તર શ્રેણીને આશ્રીને છે - x - મુહૂર્ત ઉક્ત લક્ષણ લેવું. પૃથક્ત્વ-બે થી નવ પર્યન્ત સંખ્યા વિશેષ.. નાગકુમારોની જેમ સુવર્ણકુમારોની સ્થિતિ આદિ કહેવા. ક્યાં સુધી ? સ્તનિતકુમારો સુધી. યાવત્ શબ્દથી – અસુરક, નાગ, સુવર્ણ, વિધુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિક્, વાયુ અને સ્તનિતકુમાર, આ પ્રમાણે ભવનવાસી દેવોના દશ ભેદ છે.

હવે ભવનપતિની વક્તવ્યતા પછી, દંડકના અનુક્રમથી પૃથ્વી આદિની સ્થિતિ આદિનું નિરૂપણ કરે છે - વનસ્પતિ સૂત્ર સુધી સ્પષ્ટ છે. વિશેષ આ – અંતર્મુહૂર્ત એટલે મુહૂર્તની અંદર. ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિ ખરપૃથ્વીને આશ્રીને જાણવી. - x - x - વિમાત્રા એટલે વિષમ કે વિવિધ માત્રા, કાળ વિભાગ. પૃથ્વીકાયની ઉચ્છ્વાસાદિ ક્રિયા વિષમકાળયુક્ત છે, માટે 'આટલા કાળે થાય' એમ નિરુપણ ન કરી શકાય. જેમ નૈરયિક એવા અતિદેશથી "ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશો સાથે અવગાઢ પુદ્ગલોનો આહાર કરે છે, કાળથી કોઈપણ સ્થિતિવાળા પુદ્ગલો આહારે છે, આદિ.

વ્યાઘાત ન હોય તો છ દિશાઓમાં આહારનો વ્યાઘાત લોકાંતના નિષ્કૂટોમાં સંભવે છે. અન્ય સ્થળે અન્યત્ર આહારનો વ્યાઘાત ન સંભવે માટે વ્યાઘાત રહિત સ્થળે છ દિશામાંથી આહાર કરે છે. કેવી રીતે ? પૂર્વાદિ ચારે દિશામાં રહેલા, ઉર્ધ્વ અને અધો ભાગે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે. - x - વ્યાઘાતને આશ્રીને ખૂણાઓમાં વ્યાઘાત સંભવે છે. તેથી કદાચ ત્રણ દિશામાં રહેલા પુદ્ગલોને આહારાર્થે ગ્રહણ કરે છે. કઈ રીતે ? જ્યારે પૃથ્વીકાયિક નીચે કે ઉપરના ખૂણામાં રહેલા હોય ત્યારે નીચે અલોક હોય છે. તેમજ પૂર્વ અને દક્ષિણમાં અલોક હોય છે. આ રીતે ત્રણે દિશા અલોકથી આવૃત્ત હોવાથી અન્ય ત્રણ દિશામાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે. એ રીતે ઉપરના ખૂણા વિશે પણ કહેવું. વળી જ્યારે ઉપર-નીચે અલોક હોય ત્યારે ચારે દિશાઓમાં રહેલ અને કોઈ એક દિશાઓમાં અલોક હોય તો પાંચ દિશાઓમાં રહેલા પુદ્ગલોનો આહાર કરે છે. અહીં કર્કશથી રુક્ષ સુધીના આઠે સ્પર્શો લેવા. બાકીનું પૂર્વવત્ અર્થાત્ જે રીતે નૈરયિકોને કહ્યું, તે રીતે પૃથ્વીકાયિકોને પણ કહેવું. તે આ રીતે –

હે ભગવન્ ! રુક્ષ પુદ્ગલોને આહારે તે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ ? જો સ્પૃષ્ટ હોય તો અવગાઢ કે અનવગાઢ છે ? આદિ. नानात्व - ભેદ.

નૈરયિકોની અપેક્ષાએ પૃથ્વીકાયિકના આહાર સંબંધે ભેદ આ પ્રમાણે – કેટલા ભાગને સ્પર્શે છે ? અર્થાત્ સ્પર્શન્દ્રિય વડે આહારના કેટલા ભાગને સ્પર્શે છે ? ગ્રહણ કરે છે ? અહીં કહે છે કે – જેમ રસનેન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત, રસનેન્દ્રિય દ્વારથી આહારનો ઉપભોગ કરતા આસ્વાદન કરે છે. - x - તેમ પૃથ્વીકાયિકો સ્પર્શનેન્દ્રિયથી આહારનો ઉપભોગ કરતા સ્પર્શ કરે છે. બાકીનું નૈરયિકોની જેમ





જાણવું. - x - ઇત્યાદિ પૂર્વવત્. આ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકોનું કહેવું. આ કથનથી અપ્કાયાદિ ચારે સૂત્રો પૃથ્વીકાયિકના સૂત્ર સમાન કહ્યા. તેમની સ્થિતિમાં વિશેષતા છે – તેથી કહ્યું કે – જે જેની સ્થિતિ હોય તે કહેવી. તે સર્વેની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટથી અપ્કાયની ૭૦૦૦ વર્ષ, તેઉકાયની ૩-અહોરાત્ર, વાયુકાયની ૩૦૦૦ વર્ષ, વનસ્પતિકાયની ૧૦,૦૦૦ વર્ષ છે. - x - x -

બેઈન્દ્રિયોની સ્થિતિ કહી ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો તે શેષ. બેઇન્દ્રિય જીવોની સ્થિતિ ૧૨-વર્ષ છે. બેઈન્દ્રિય જીવોના આહાર સૂત્રમાં કહ્યું છે – આભોગ નિર્વર્તિત આહારની ઈચ્છા વિમાત્રાએ અસંખ્યેય સમયવાળા અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન થાય છે, અર્થાત્ બેઈન્દ્રિયનો આહાર કાળ અસંખ્યાત સમય છે. અવસર્પિણીકાળ પણ આટલા સમયનો હોય, તેથી કહ્યું કે આંતર્મુહૂર્તિક. તેના પણ અનેક ભેદ હોવાથી કહે છે વિમાત્રાએ અસંખ્ય સમયવાળો.. બેઈન્દ્રિયનો આહાર બે રૂપે, તેમાં (૧) લોમાહાર – લોમ દ્વારા ગૃહિત આહારના પુદ્ગલો, સામાન્યથી વર્ષા ઋતુમાં તેનો પ્રવેશ થાય, તે લોમાહાર કહેવાય. તે મૂત્રથી જણાય છે. (૨) પ્રક્ષેપાહાર - તે કોળીયાથી થાય. તેમાં સ્થૂળ અને સૂક્ષ્મ ઘણાં પુદ્ગલો સ્પર્શાયા વિના જ શરીરની અંદર અને બહાર નાશ પામે છે. - x - x - જીભથી ન ચખાયેલા અને સ્પર્શનેન્દ્રિયથી ન સ્પર્શાયેલા.

कयरे - કયા કોનાથી અલ્પ-બહુ-તુલ્ય અને વિશેષાધિક છે ? જેનું આસ્વાદન નથી કરાયું, પણ રસનેન્દ્રિય વિષય છે તે થોડા અર્થાત્ ન સ્પર્શાયેલા પુદ્ગલોના અનંતભાગે વર્તે છે, વળી જે ન સ્પર્શાયેલા સ્પર્શનેન્દ્રિયગમ્ય છે તે રસનેન્દ્રિયવિષયક પુદ્ગલો કરતા અનેકગણાં અધિક છે.

ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિયવાળાની સ્થિતિ - અનુક્રમે ૪૯ રાત્રિદિવસ અને છ માસ છે. આહારમાં પણ ભેદ છે, તેમાં ભગવન્ ! તેઈન્દ્રિય જીવો આહારપણે જે પુદ્ગલો ગ્રહણ કરે છે, ત્યાંથી આરંભી અનેક હજાર ભાગ નહીં સુંઘાતા આદિ સુધી કહેવું. અહીં બેઈન્દ્રિયોની અપેક્ષાએ 'નહીં સુંઘાતા' તે અધિક છે. આ રીતે અલ્પબહુત્વ તથા પરિણામ સૂત્રમાં ભેદ કહેવો. ચઉરિન્દ્રિયમાં પરિણામ સૂત્રમાં ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયપણે એમ અધિક હોવાથી ભેદ છે.

પંચેન્દ્રિય તિર્યંચ સૂત્રમાં સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમરૂપ સ્થિતિ કહીને ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. તથા તિર્યંચ પંચેન્દ્રિયની આહોરેચ્છા માટે "ઉત્કૃષ્ટથી છટ્ઠ ભક્તે" કહ્યું, તે કથન દેવકુરુ-ઉત્તરકુરુના તિર્યંચમાં મળે. મનુષ્યમાં પણ "અટ્ઠમ ભક્તે" કહ્યું - તે દેવકુરુ આદિના યુગલને આશ્રીને જાણવું.

વાણવ્યંતરની સ્થિતિમાં નાનાત્વ છે. આયુષ્ય સિવાયના આહારાદિ પૂર્વે કહ્યા, તે નાગકુમારો મુજબ જાણવાં કેમકે પ્રાયઃ નાગ અને વ્યંતરમાં તેમનું સમાન ધર્મત્વ છે. તેમાં વ્યંતરની સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમની છે... જ્યોતિષ્કની સ્થિતિ સિવાય નાગકુમારોની માફક જ જાણવું. જ્યોતિષ્કની જઘન્ય

સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટથી લાખ વર્ષ અધિક પલ્યોપમ છે. વિશેષ આ - તેઓનો ઉચ્છ્વાસ નાગકુમાર સમાન નથી, પણ તે - x - જઘન્યથી મુહૂર્ત્ત પૃથક્ત્વ છે. જે બે કે ત્રણ મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ છે તે આઠ કે નવ મુહૂર્ત્ત છે. આહાર પણ વિશેષિત છે - x -

વૈમાનિક સ્થિતિ ઔધિક - પલ્યોપમાદિથી ૩૩-સાગરોપમ સુધી છે. તેમાં જઘન્ય સૌધર્મને આશ્રીને છે, ઉત્કૃષ્ટ અનુત્તર વિમાનને આશ્રીને છે. ઉચ્છ્વાસ પ્રમાણ પણ જઘન્ય છે તે જઘન્ય સ્થિતિક દેવોને આશ્રીને છે, ઉત્કૃષ્ટ છે તે ઉત્કૃષ્ટ સ્થિતિ આશ્રિત છે. કહ્યું છે — જેની જેટલા સાગરોપમની સ્થિતિ, તેને તેટલા પક્ષે ઉચ્છ્વાસ અને તેટલા ૧૦૦૦ વર્ષે આહાર જાણવો. - x - x -

નારકાદિ ધર્મ વક્તવ્યતા કહી, તે આરંભપૂર્વક છે માટે —

● સૂત્ર-૨૨ :-

*હે ભગવન્ ! જીવો શું આત્મારંભી છે, પરારંભી છે કે તદુભયારંભી છે કે અનારંભી છે ? ગૌતમ ! કેટલાક જીવો આત્મ પર અને ઉભયારંભી છે, પણ અનારંભી નથી. કેટલાંક જીવો આત્મ-પર કે ઉભયારંભી નથી, પણ અનારંભી છે. હે ભગવન્ ! એમ કેમ કહો છો કે કેટલાક જીવો આત્મારંભી છે ઇત્યાદિ —*

*ગૌતમ ! જીવો બે ભેદે કહ્યા — સંસારી અને સિદ્ધ. તેમાં આ અસંસાર સમાપન્નક-સિદ્ધ છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે અને જે સંસારી છે તે બે ભેદે છે — સંયત, અસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે - પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત. તેમાં જે અપ્રમત્ત સંયત છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે. જે પ્રમત્ત સંયત છે, તે શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી યાવત્ અનારંભી છે, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. જેઓ અસંયત છે, તે અવિરતિ અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિકો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી કે અનારંભી છે ? ગૌતમ ! નૈરયિકો આત્મારંભી છે યાવત્ અનારંભી નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિ અપેક્ષાએ - x - એ રીતે અસુરકુમાર પર્યન્ત - યાવત્ - પંચેન્દ્રિય તિર્યંચયોનિક પર્યન્ત, મનુષ્યોને સામાન્ય જીવો માફક જાણવા, માત્ર સિદ્ધોનું કથન છોડી દેવું. વાણવ્યંતરથી વૈમાનિક પર્યન્ત નૈરયિકની જેમ જાણવા.*

*લેશ્યાવાળાને ઔધિકવત્ જાણવા. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાવાળાને ઔધિકવત્ જાણવા, વિશેષ એ - પ્રમત્ત, અપ્રમત્તનું અહીં કથન ન કરવું. તેઉ-પદ્મ-શુક્લ લેશ્યાવાળાને ઔધિક જીવોની જેવા જાણવા. વિશેષ એ કે — તેમાં સિદ્ધોનું કથન ન કરવું.*

● વિવેચન-૨૨ :-

આરંભ એટલે જીવ ઉપઘાત, ઉપદ્રવ, સામાન્યથી આશ્રવ દ્વારે પ્રવૃત્તિ. તેમાં આત્માને જે આરંભે કે આત્મા વડે સ્વયં આરંભ કરે તે આત્મારંભી. પરને કે પર



વડે આરંભ કરે તે પરારંભી. તે બંનેને કે તે બંને વડે આરંભ કરે તે ઉભયારંભી. આત્મા-પર-ઉભયસંબંધી આરંભથી રહિત તે અનારંભી. એ પ્રશ્ન છે. તેનો ઉત્તર સ્પષ્ટ છે. વિશેષ આ - अस्ति એ અવ્યય છે. - x - अस्ति નો सन्ति અર્થ કર્યો છે અથવા अस्ति શબ્દ પક્ષાંતર સૂચક લેતા 'શું આ પ્રશ્ન છે ?' અને एगइय એટલે કેટલાંક. જીવો આત્મારંભી પણ છે. ઇત્યાદિમાં अपि શબ્દ પૂર્વપદ અને ઉત્તરપદના સંબંધનો સૂચક છે. अपि શબ્દ આત્મારંભીપણું ઇત્યાદિ ધર્મોના એકાશ્રય કે ભિન્નાશ્રયને માટે છે.

એકાશ્રયપણું કાળના ભેદે જાણવું. જેમકે - કોઈ સમયે આત્મારંભી, કોઈસયમ પરારંભી, કોઈ સમયે ઉભયારંભી છે, તેથી અનારંભી નથી.. ભિન્નાશ્રયથી આ રીતે — કેટલાક જીવો અસંયત છે. તે આત્મારંભી કે પરારંભી હોય છે. વગેરે. જીવોમાં ભિન્ન સ્વભાવના કેમ હોઈ શકે ? એવો પ્રશ્ન કરવા કહ્યું — ભગવન્ ! તેનું શું કારણ ?

મેં તથા અન્ય કેવલીએ જીવોના બે ભેદ કહ્યા છે. આ વાક્યથી સર્વજ્ઞોનો મત અભેદ કહ્યો. જો મતભેદ થાય તો - x - તેઓમાં અસત્ય વક્તૃત્વ આવે. પ્રમત્ત સંયતને સંયત હોવાથી શુભ અને પ્રમાદી હોવાથી અશુભ યોગ હોય છે. શુભયોગ-ઉપયોગપૂર્વક પડિલેહણાદિ કરવાં તે. અશુભયોગ - ઉપયોગરહિત પડિલેહણાદિ કરવા તે. કહ્યું છે - પ્રતિલેખનમાં પ્રમાદી છ કાયનો વિરાધક થાય.

શ્રમણનો સર્વ પ્રમત્ત યોગ - આરંભરૂપ હોય છે. આથી શુભાશુભ યોગો આત્મારંભાદિના કારણ થાય છે. અવિરતિ આશ્રીને અહીં આવો આશય છે - જો કે અસંયત સૂક્ષ્મ એકેન્દ્રિયાદિને સાક્ષાત્ આત્મારંભાદિ નથી, તો પણ અવિરતિને આશ્રીને તેઓને આત્મારંભાદિ છે, કેમકે તે જીવો અવિરતિથી નિવૃત્ત થયા નથી. માટે અસંયતોને આત્મારંભાદિમાં અવિરતિ કારણ છે. વિરતિવાળાને કથંચિત્ આત્મારંભાદિ હોવા છતાં આરંભપણું નથી. કેમકે સૂત્રોક્ત વિધિવાળા, યતના સહિતને થતી વિરાધના નિર્જરા ફળવાળી છે. તે કારણથી એ પ્રમાણે અર્થ કહ્યો છે.

હવે આત્મારંભકપણાદિનું જ નૈરયિકાદિ ૨૪-દંડક દ્વારા નિરૂપણ કરે છે. 'નૈરયિકાદિ' સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - મનુષ્યોમાં સંયત, અસંયત, પ્રમત્ત, અપ્રમત્ત ભેદો કહ્યા છે. તેથી મનુષ્યોને જીવો માફક કહેવા. કેવલ સંસારી અને મુક્ત એ બે ભેદ ન કહેવા. કેમકે આ ચારે સંસારવર્તી જ છે. તેથી સૂત્રમાં ''સિદ્ધ વિરહિત'' એમ કહ્યું. વ્યંતરાદિ અસંયત હોવાથી તેઓને નૈરયિકોની જેમ જ કહેવા.

આત્મારંભાદિ ભેદે જીવો નિરુપ્યા. તેઓ લેશ્યાસહિત, લેશ્યારહિત હોય છે. સલેશ્યકને આત્મારંભાદિ ધર્મો દ્વારા જ નિરૂપે છે. લેશ્યા - કૃષ્ણાદિ દ્રવ્ય સાંનિધ્યજનિત જીવ પરિણામ. કહ્યું છે — કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી સ્ફટિક માફક આત્મામાં થતા પરિણામમાં લેશ્યા શબ્દ પ્રયોજાય છે. જે રીતે નારકાદિ વિશેષણ રહિત જીવો કહ્યા, જેમકે — ''ભગવન્ ! જીવો આત્મારંભી છે ?, પરારંભી છે ? આદિ'' એ રીતે સલેશ્યક જીવો કહેવા. લેશ્યાવાળા જીવોને સિદ્ધત્વનો અસંભવ છે. તેથી સંસાર

સમાપન્નત્વાદિ વિશેષણો રહિત, તેઓને સંયતાદિ વિશેષણો જોડવા.

તેમાં સૂત્રક્રમ આ રીતે – હે ભગવન્ ! સલેશ્યક જીવો શું આત્મારંભી છે ? ઇત્યાદિ. વિશેષ એ કે – જીવને સ્થાને 'લેશ્યાવાળા' એમ કહેવું. અને કૃષ્ણાદિ ભેદે બીજા છ દંડક મળીને કુલ ૭-દંડક થશે. સામાન્ય જીવ દંડક માફક કૃષ્ણાદિ ત્રણ જીવસમૂહનો દંડક પ્રમત્ત, અપ્રમત્ત વિશેષણ વર્જિત કહેવો. કૃષ્ણાદિ ત્રણ અપ્રશસ્ત ભાવ લેશ્યામાં સંયતત્વ હોતું નથી. ''પૂર્વે સાધુપણાને પ્રાપ્ત જીવ કોઈપણ લેશ્યામાં હોય છે.'' એમ જે કહ્યું, તે દ્રવ્ય લેશ્યાને આશ્રીને માનવું. તેથી ભાવકૃષ્ણલેશ્યા આદિમાં પ્રમત્તાદિ વિશેષણોનો અભાવ કહ્યો. તેનું સૂત્ર ઉચ્ચારણ છે તે સ્પષ્ટ હોવાથી અહીં અનુવાદ કર્યો નથી. - x - x - વિશેષ એ કે – તેજોલેશ્યાદિ દંડકોમાં સામાન્ય જીવનું સરખાપણું લેતાં સિદ્ધો ન કહેવા. કેમકે સિદ્ધો લેશ્યારહિત હોય છે. [પ્રશ્ન-વૃત્તિ મુજબ જાણવો.]

ભવ હેતુરૂપ આરંભ કહ્યો. હવે ભવ અભાવરૂપ ધર્મ કહે છે –

**● સૂત્ર-૨૩ :-**

***ભગવન્ ! જ્ઞાન ઈહભવિક છે, પરભવિક છે, કે તદુભયભવિક છે ? ગૌતમ ! ઇહભવિક પણ છે. પરભવિક પણ છે, તદુભયભવિક પણ છે.. દર્શન પણ એમ જ જાણવું. ભગવન્ ! ચારિત્ર ઇહભવિક છે, પરભવિક છે કે તદુભયભવિક ? ગૌતમ ! તે ઇહભવિક છે. પરભવિક કે તદુભયભવિક નહીં. એ રીતે તપ, સંયમ જાણવા.***

**● વિવેચન-૨૩ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - જે આ જન્મમાં વર્તતું હોય, પણ ભવાંતરમાં નહીં તે ઇહભવિક. - x - શું આ ભવમાં વર્તવાવાળું જ્ઞાન છે ? પારભવિક - ચાલુભવ પછી અનંતર ભવે અનુગામીપણે જે વર્તે તે પારભવિક. તે જ્ઞાન છે ? અથવા આ ભવ-પરભવ લક્ષણવાળું તદુભયભવિક જ્ઞાન છે ? અહીં પારભવિકના અર્થમાં પછીના, પછીના બીજા, ત્રીજા આદિ ભવમાં વર્તનારું જ્ઞાન ''તદુભય''માં ગ્રહણ કરવું. આ રીતે પ્રશ્નસૂત્ર-ઉત્તરસૂત્ર સુગમ છે. વિશેષ આ કે – આ ભવે શીખેલ જ્ઞાન આવતા ભવે ન જાય તે ઈહભવિક, બીજા ભવમાં જાય તે પરભવિક અને પરભવ તથા પરતરભવમાં જાય તે તદુભયભવિક.

દર્શન પણ આ રીતે સમજવું. મોક્ષમાર્ગના અધિકારથી દર્શન એટલે સમ્યક્ત્વ. કહ્યું છે – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. જ્યાં જ્ઞાન, દર્શનનું જ ગ્રહણ કર્યુ હોય ત્યાં દર્શન એટલે સામાન્ય બોધરૂપ જ્ઞાન સમજવું. પ્રશ્ન અને ઉત્તર વડે દર્શન પણ જ્ઞાનની જેમ સમજવું.

ચારિત્ર સૂત્રમાં ઉત્તરમાં વિશેષ છે, તે આ – ચારિત્ર ઈહભવવર્તી જ છે. જીવ આ ભવમાં ચારિત્રવાળો થઈ, બીજા ભવમાં ચારિત્રવાન્ થતો નથી. કેમકે ગૃહિત ચારિત્ર જીવતાં સુધી જ હોય. સર્વવિરત, દેશવિરત ચારિત્રવાન્‌ની ઉત્પત્તિ દેવલોકે હોય છે. દેવલોકે વિરતિનો અભાવ હોવાથી ત્યાં ચારિત્રનો અસંભવ છે. મોક્ષગતિ



થઈ હોય તો ત્યાં ચારિત્રનો અસંભવ છે. કેમકે ચારિત્ર કર્મક્ષયાર્થે છે, મોક્ષમાં તેનું પ્રયોજન નથી. વળી તેની પ્રતિજ્ઞાની આ ભવમાં જ સમાપ્તિ હોવાથી, અન્ય ભવસંબંધી પ્રતિજ્ઞા ન ગ્રહણ કરી હોવાથી ચારિત્ર અન્ય ભવમાં જતું નથી. ચારિત્ર ક્રિયારૂપ હોવાથી શરીરમાં સંભવે, મોક્ષમાં શરીરના અભાવથી ચારિત્રનો યોગ સંભવતો નથી. તેથી જ કહે છે – સિદ્ધો ચારિત્રી નથી, અચારિત્રી નથી તેમ ચારિત્રાચારિત્રી પણ નથી. ચારિત્રના તપ અને સંયમ બે ભેદ છે. તેથી તપ, સંયમ પણ એ પ્રમાણે છે તેમ કહ્યું. તપ અને સંયમ ચારિત્રરૂપ જ હોવાથી તે બંને પ્રશ્નોત્તર વડે ચારિત્રની જેમ કહેવા.

''જો કે જ્ઞાનાદિમાં મોક્ષનું હેતુપણું છે, તો પણ દર્શનમાં જ યત્ન કરવો જોઈએ. કેમકે દર્શન જ મોક્ષનો હેતુ છે. કહ્યું છે – ચારિત્રથી ભ્રષ્ટનું દર્શનગ્રહણ જ સુંદર છે, કેમકે ચારિત્ર રહિત જીવ સિદ્ધ થાય છે. પણ દર્શનરહિત સિદ્ધ થતો નથી. આ પ્રમાણે માનનારને ''બોધાર્થે પ્રશ્ન–

**● સૂત્ર-૨૪ :-**

***ભગવન્ ! શું અસંવૃત્ત અણગાર સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિવૃત્ત, સર્વ દુઃખાંતકર થાય છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી... ભગવન્ ! કયા કારણથી આમ કહ્યું ? ગૌતમ ! અસંવૃત્ત અનગાર આયુને છોડીને શિથિલ બંધ બદ્ધ સાત કર્મપ્રકૃત્તિઓને ઘન બંધન બદ્ધ કરે છે. હ્રસ્વ કાલ સ્થિતિકને દીર્ઘકાલ સ્થિતિક કરે છે, મંદાનુભાવવાળીને તીવ્ર અનુભાવવાળી કરે છે. અલ્પપ્રદેશીકને બહુ પ્રદેશીક કરે છે. આયુઃકર્મને કદાચિત્ બાંધે છે અને કદાચિત્ બાંધતો નથી. અશાતા વેદનીય કર્મને વારંવાર એકઠું કરે છે તથા અનાદિ, અનંત, દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારમાં પર્યટન કરે છે. ગૌતમ ! તે કારણથી અસંવૃત્તાણગાર સિદ્ધ થતો નથી યાવત્ - સર્વ દુઃખોનો અંત કરતો નથી.***

***ભગવન્ ! સંવૃત્ત અણગાર સિદ્ધ થાય ? હા, સિદ્ધ થઈને યાવત્ અંત કરે છે.. એવું કેમ કહ્યું ? ગૌતમ ! સંવૃત્ત અણગાર આયુ વર્જીને ઘન બંધન બદ્ધ સાત કર્મની પ્રકૃત્તિને શિથિલ બંધનબદ્ધ કરે છે. દીર્ઘકાલ સ્થિતિકને હ્રસ્વકાલ સ્થિતિક કરે છે, તિવ્રાનુભાવને મંદ અનુભાવવાળી કરે છે. બહુ પ્રદેશીકને અલ્પ પ્રદેશીક કરે છે. આયુ કર્મને બાંધતો નથી. અશાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય ન કરે, અનાદિ અનંત દીર્ઘ માર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારને ઉલ્લંઘતો નથી. હે ગૌતમ ! તે કારણથી સંવૃત્ત અણગાર સિદ્ધ થાય છે. આદિ - x -***

**● વિવેચન-૨૪ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - અસંવૃત્ત - આશ્રવદ્વારને ન રોકનાર. અણગાર - જેને ઘર નથી તે, સાધુ. सिज्झइ - છેલ્લો ભવ મળવાથી સિદ્ધગમન યોગ્ય થાય છે. बुज्झइ - જ્યારે ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનથી સ્વપર પર્યાયસહિત સર્વે જીવાદિ પદાર્થને જાણે છે ત્યારે બોધ પામે છે, એમ કહેવાય. मुच्चइ - ઉત્પન્ન કેવલજ્ઞાનવાળો

જીવ પ્રતિસમય ભવોપગ્રાહી કર્મો વડે મૂકાતો "મુક્ત થાય છે." તેમ કહેવાય છે. દરેક સમયે જેમ જેમ કર્મપુદ્‌ગલોનો ક્ષય કરે છે તેમ તેમ શીતલ થતો પરિનિર્વાણ પામે છે. ચરમ ભવના અંત સમયે સમસ્ત કર્માંશોનો ક્ષય કરનારો તે સર્વ દુઃખોનો અંત કરે છે. એ પ્રશ્ન.

ઉત્તર સૂત્ર સરળ છે. વિશેષ આ - હમણાં કહેલ અર્થભાવ સમર્થ - બલવાન્ નથી. કેમકે હવે કહેવાનાર દૂષણરૂપ મુદ્‌ગર પ્રહારથી તે જર્જરિત છે. એક ભવમાં એક જ વખત અન્તર્મુહૂર્ત કાળમાં જ આયુષ્યનો બંધ થાય છે, તેથી આયુવર્જિત એમ કહ્યું.

શિથિલબંધન - સ્પૃષ્ટતા, બદ્ધતા કે નિધત્તતા. તેનાથી બદ્ધ-આત્મપ્રદેશોમાં સંબંધિત. કેમકે પૂર્વાવસ્થામાં અશુભત્તર પરિણામનો કથંચિત્ અભાવ છે. આ શિથિલ બંધન બદ્ધને અશુભ જ જાણવી. કેમકે અસંવૃત્ત ભાવનો નિંદા પ્રસ્તાવ છે. તેને ગાઢતર બંધનથી બદ્ધ કે નિધત્ત કે નિકાચિત કરે છે. - x - કેમકે અસંવૃત્તત્વ અશુભ યોગરૂપ હોવાથી અતિ ગાઢ પ્રકૃતિ બંધનો હેતુ છે. કહ્યું છે —

યોગથી પ્રકૃત્તિબંધ અને પ્રદેશબંધને કરે છે. વારંવાર અસંવૃત્તત્વથી તે પ્રકૃત્તિને તેવી કરે છે. હ્રસ્વકાલ સ્થિતિકને દીર્ઘ કાળ સ્થિતિક કરે છે. સ્થિતિ - એકઠા કરેલા કર્મોનું રહેવું. - x - કેમકે અસંવૃત્તત્વ એ કષાયરૂપ હોવાથી સ્થિતિબંધનું કારણ છે. કહ્યું છે કે — કષાય વડે સ્થિતિબંધ અને રસબંધ કરે છે. - x - अनुभाव - વિપાક, રસ વિશેષ. મંદાનુભાવ-હીનરસા-દુર્બલરસાને ગાઢ રસવાળી કરે છે, કેમકે અસંવૃત્તત્વ કષાયરૂપ છે, જે અનુભાગબંધ હેતુ છે.

अल्प - થોડાં, प्रदेशाग्र - કર્મ દલિક પરિણામ, જેના છે તેના તથા તેને બહુપ્રદેશાગ્ર કરે છે. કેમકે યોગ પ્રદેશબંધનું કારણ છે અને અસંવૃત્તપણું એ યોગ છે. આયુષ્યકર્મને કદાચિત્ બાંધે અને કદાચિત્ ન બાંધે, કેમકે જીવો આયુના ત્રીજા ભાગાદિ બાકી રહેતાં પરભવનું આયુ બાંધે છે. - x - બીજા સમયે બાંધતો નથી... અસાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય કરે છે. [શંકા] અસાતા વેદનીય કર્મ સાત કર્મોમાં અંતર્ગત્ છે તો પછી તેનું પૃથક્ ગ્રહણ શા માટે ? [સમાધાન] અસંવૃત્ત અત્યંત દુઃખી થાય છે. આ પ્રમાણે પ્રતિપાદન વડે ભય ઉત્પન્ન થવાથી અસંવૃત્તપણાનો પરિહારાર્થે અશાતા વેદનીયને જુદું ગ્રહણ કરવામાં દોષ નથી.

अणाइ - અનાદિ અથવા अज्ञाति - જેમાં જ્ઞાતિ નથી અથવા ऋणातीतम् - કરજજન્ય દુઃખ કરતાં પણ અધિક દુઃખવાળું અથવા अण - પાપ, અતિશય પાપ. अवयग्ग - અણવદગ્ર, જેનો અંત નથી તે. અથવા अवनत - નજીક, જેનો અંત નજીક છે તે, તેનો નિષેધ કરવાથી अनवनत - જેનો અંત નજીક નથી તે. અથવા જેનું પરિણામ જ્ઞાત નથી, આવા પ્રકારનું સંસાર અરણ્ય હોવાથી - દીર્ઘકાળવાળું કે દીર્ઘ માર્ગવાળું. चातुरंत - દેવગતિ આદિ ભેદથી, અથવા પૂર્વાદિ દિશાના ભેદથી ચાર વિભાગવાળું. આવા સંસારમાં અસંવૃત્ત જીવ વારંવાર ભમે છે.

પૂર્વે અસંવૃત્તનું ફળ કહ્યું, હવે સંવૃત્તનું ફળ કહે છે. સંવૃત્ત અનગાર પ્રમત્ત



અને અપ્રમત્ત સંયતાદિ, તે ચરમશરીરી કે અચરમશરીરી હોય છે. તેમાં જે સંવૃત્ત અનગાર ચરમશરીરી હોય તેની અપેક્ષાએ આ સૂત્ર જાણવું. [શંકા] પરંપરાએ તો સૂત્રોક્ત અર્થ અસંવૃત્તને પણ ઘટે, કેમકે શુક્લપાક્ષિકનો પણ મોક્ષ જરૂર થવાનો છે. એ રીતે સંવૃત્ત અને અસંવૃત્ત પરંપરાએ ફળથી અભેદ જ થાય. [સમાધાન] સત્ય છે, પણ સંવૃત્તનું પારંપાર્ય ઉત્કૃષ્ટથી સાત, આઠ ભવ પ્રમાણ સમજવું, કેમકે કહ્યું છે કે — "જઘન્યથી ચારિત્રની આરાધનાને આરાધી સાત, આઠ ભવથી સિદ્ધ થાય છે." અસંવૃત્તની પરંપરા ઉત્કૃષ્ટે અપાર્ધ પુદ્‌ગલ પરાવર્ત છે. કેમકે અસંવૃત્તનું પારંપર્ય વિરાધનાના ફળરૂપ છે. वीईवयइ - ઉલ્લંઘન કરે છે. - - - "સંવૃત્ત હોવાથી અનગાર સિદ્ધ થાય છે." એમ કહ્યું. હવે અસંવૃત્ત હોય તે વિશિષ્ટ ગુણરહિત થવાથી દેવ થાય કે નહીં ? તે પ્રશ્ન—

● **સૂત્ર-૨૫ :-**

***હે ભગવન્ ! અસંયત, અવિરત, જેણે પાપકર્મનું હનન અને પચ્ચક્ખાણ કર્યા નથી એવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે ? ગૌતમ ! કેટલાક દેવ થાય છે અને કેટલાંક દેવ થતાં નથી. એવું કેમ કહ્યું કે — કેટલાંક દેવ થાય અને કેટલાંક દેવ ન થાય ?***

***ગૌતમ ! જે આ જીવો ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણ મુખ, પટ્ટણ, આશ્રમ, સંનિવેશમાં અકામ તૃષ્ણા વડે, અકામ ક્ષુધા વડે, અકામ બ્રહ્મચર્યવાસથી, અકામ શીત-આતપ-ડાંસ-મચ્છર-અસ્નાન-કાદવ-જલ્લ-મલ્લ-પંક-પરિદાહ વડે, થોડો કે વધુ કાળ આત્માને કલેશિત કરે, કલેશિત કરીને મૃત્યુ કાળે મૃત્યુ પામી કોઈ વાણવ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.***

***ભગવન્ ! વાણવ્યંતર દેવોના દેવલોકો કેવા પ્રકારે કહ્યા છે ? ગૌતમ ! જેમ અહીં મનુષ્યલોકમાં સદા કુસુમિત, મયૂરિત, લવકિત, સ્તવકિત, ગુલયિત, ગુચ્છિત, યમલીય, યુવલિય, વિનમિત, પ્રણમિત, સુવિભક્ત, વિભિન્ન મંજરીઓ રૂપ મુગટ ધર અશોકવન, સપ્તવર્ણવન, ચંપકવન, ચૂતવન, તિલકવન, અલાબુવન, ન્યગ્રોધવન, છત્રૌઘવન, અશનવન, શણવન, અતસિવન, કુસુંભવન, સિદ્ધાર્થવન, બંધુજીવક વન, અતી-અતી શોભા વડે શોભતુ હોય છે. એ પ્રમાણે તે વાણવ્યંતર દેવોના દેવલોક જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિક અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ સ્થિતિક, ઘણાં વ્યંતર દેવો અને દેવીથી વ્યાપ્ત, વિશેષ વ્યાપ્ત, ઉપસ્તીર્ણ, સંસ્તૃત, સ્પૃષ્ટ, અતિ અવગાઢ થયેલા, અત્યંત ઉપશોભીત થઈ રહેલા છે. ગૌતમ ! તે વ્યંતર દેવાના સ્થાન આવા પ્રકારે કહ્યા છે. તે કારણથી કહ્યું કે યાવત્ દેવ થાય છે.***

***હે ભગવન્ ! એમ જ છે, એમ જ છે. એમ કહી શ્રમણ ભગવન્ મહાવીર વંદે છે, નમે છે, વાંદીને-નમીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.***

● **વિવેચન-૨૫ :-**

'જીવ' આદિ સ્પષ્ટ છે, વિશેષ આ - असंयत - સંયમરહિત કે અસાધુ. अविरत - પ્રાણાતિપાતાદિ વિરતિરહિત અથવા વિશેષે જે તપમાં રત ન હોય તે અવિરત. જે અનીતકાળે કરેલ કર્મને નિંદાદિ વડે દૂર ન કરનારો અને આગામી કાળે થનાર પ્રાણ-અતિપાતાદિ પાપકર્મને વર્જનાર ન હોય તે "અપ્રતિહત-પ્રત્યાખ્યાત પાપકર્મા" કહ્યો. આ વિશેષથી ભૂત-ભાવિ પાપકર્મનો અનિષેધ કહ્યો અને અસંયત, અવિરત વિશેષણથી વર્તમાન પાપનું સંવરણ કહ્યું. અથવા જેણે તપ વડે મરણ કાળ પૂર્વેનું પાપકર્મ ખપાવેલ નથી અને આશ્રવ નિરોધ વડે મરણકાળમાં પાપકર્મ વર્જેલ નથી તે.

અથવા - સમ્યગ્દર્શન સ્વીકારી પાપકર્મ દૂર કર્યુ નથી અને સર્વવિરતિ અંગીકાર કરી અશુભ કર્મ વર્જેલ નથી તે. - - અહીંથી એટલે બોલનારને પ્રત્યક્ષ તિર્યંચ કે મનુષ્ય ભવથી ચ્યવેલ જીવ જન્માંતરમાં દેવ થાય ? એ પ્રશ્ન. - - આ પ્રત્યક્ષ દેખાતા પંચેન્દ્રિય તિર્યંચો કે મનુષ્યો ગામ આદિમાં, તેમાં ग्राम - જન આશ્રિત સ્થાન વિશેષ, आकर - લોઢું આદિનું ઉત્પત્તિ સ્થાન, नगर - કરરહિત, निगम - વણિકજન પ્રધાન, राजधानी - રાજા સ્વયં રહે. खेट - ધૂળના કિલ્લાવાળું, कर्बट - કુનગર, मडंब - ઘણું દૂર સ્થાન, द्रोणमुख - જળ અને સ્થળમાર્ગી, पत्तन - વિવિધ દેશોથી કરિયાણા આવે તે. તે બે છે - જલપત્તન, સ્થલપત્તન, आश्रम - તાપસાદિનું સ્થાન - x -

अकाम - નિર્જરાદિની ઈચ્છા સિવાય. તૃષ્ણા, ક્ષુધા વડે. તથા ब्रह्मचर्य - સ્ત્રી આદિ પરિભોગ અભાવમાત્ર લક્ષણથી, वास - રાત્રિમાં શયન તે અકામ બ્રહ્મચર્યવાસ. અકામ આદિ વડે પરિદાહ તેમાં स्वेद - પરસેવો, जल्ल - માત્ર રજ, मल - કઠણ ધૂળ, पंक - ભીનો મેલ. તે અલ્પકાળ કે બહુકાળ - x - वा શબ્દથી દેવત્વ પ્રતિ બંને કાળની તુલ્યતા બતાવે છે. સામાન્યથી બંનેનું દેવપણું છતાં અકામનિર્જરાવાળાનું દેવપણું અલ્પકાલિક તથા અવિશિષ્ટ હોય તથા સકામ-નિર્જરાવાળાનું બહુકાલિક અને વિશિષ્ટ હોય છે.

परिकिलेस - દુઃખી કરે છે. काल - મરણ, मास - અવસર, તેમાં મરીને, વન વિશેષમાં થયેલા તે વાનમંતર. બીજા કહે છે - વનોમાં થયેલા તે વાન એવા જે વ્યંતરો તે વાનવ્યંતરો અથવા વાણમંતર, તેમના દેવલોકો એટલે દેવાશ્રયોમાં તેઓ દેવપણે ઉત્પન્ન થાય છે, એમ જોવું. જેઓ દેવલોકમાં અકામ નિર્જરાવાળા ઉત્પન્ન થયા છે તેઓના. - x - જે રીતે મૃત્યુલોકમાં અશોકવન - x - x - અશોકાદિ વૃક્ષો પ્રસિદ્ધ જ છે. વિશેષ આ —

सप्तवर्ण - સપ્તચ્છદ, कुसुमित - પુષ્પોવાળું, माइय - મયૂરિત, ઉત્પન્ન પુષ્પોવાળું, लवइय - પલ્લવ કે અંકુરાવાળું, थवइय - પુષ્પના ગુચ્છાવાળું, गुलइय - લતાસમૂહવાળું, गुच्छिय - સંજાત ગુચ્છાવાળું, પુષ્પપત્રથી વિશેષિત. जमलिय - વનના વૃક્ષો પંક્તિ વડે ગોઠવાયેલ હોય, जुवलिय - જોડલાપણે ઉત્પન્ન વૃક્ષોવાળું, विणमिय - વિશેષ પ્રકારે પુષ્પ અને ફળના ભારથી નમેલું, पणमिय - નમવાને શરૂ થયેલ, सुविमक्त - અતિ



વિભક્ત. पिण्ड - લુમ અને મંજરીઓ, अवतंसक - મુગટ, તેને ધારણ કરનારા.

सिरि - વનલક્ષ્મી, તેનાથી અત્યંત શોભતાં, પોતાના આવાસની મર્યાદાને ન અતિક્રમીને દેવ-દેવીના સમૂહ વડે કોઈ એક પ્રદેશમાં વ્યાપ્ત, તથા પોતાના આવાસની મર્યાદાને ઉલ્લંઘીને કોઈ પ્રદેશમાં વ્યાપ્ત થયેલા. - x - उपस्तीर्ण - ઉંચે-નીચે જતાં દેવ-દેવીના સમૂહ વડે ઉપરાઉપર આચ્છાદિત, નિરંતર ક્રીડાસક્ત. संस्तीर्ण - કોઈ પ્રદેશમાં પરસ્પર સ્પર્ધા વડે ક્રીડા કરતા અને ચારે તરફથી ચાલતા દેવ-દેવીથી આચ્છાદિત, स्पृष्ट - આસન, શયન, રમણ, પરિભોગ વડે પરિભૂક્ત, स्फुट - વ્યંતર દેવ-દેવીના સમૂહના કિરણના વિસ્તાર વડે અંધકારને દૂર કરેલ હોવાથી પ્રકાશવાળા. गाढ - અત્યંત, अवगाढ - સકલ ક્રીડા સ્થાનના પરિભોગમાં સ્થાપેલા મનવાળા દેવ-દેવીના સમૂહથી વ્યાપ્ત.

અહીં દેવપણાને યોગ્ય જીવોના સામર્થ્ય કથનથી કેટલાંક જીવો દેવ થતાં નથી. પછી નિગમનાર્થે કહે છે — મેં જે પૂછ્યું, તેનું આપે જે પ્રતિપાદન કર્યું, તે હે ભગવન્ ! એમ જ છે, અન્યથા નથી. આમ કહીને ભગવદ્વચનનું બહુમાન દર્શાવ્યું. અહીં બે વખત ઉચ્ચારણ કર્યુ તે ભક્તિના સંભ્રમથી કર્યુ છે.

**શતક-૧, ઉદ્દેશા-૧નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૨-દુઃખ ❀

— x — x — x —

૦ પ્રથમ ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે, આનો સંબંધ આ છે — ઉદ્દેશા-૧ માં ચલનાદિ ધર્મવાળું કર્મ કહ્યું, તેનું જ અહીં નિરુપણ કરે છે. ઉદ્દેશકાર્થ સંગ્રહણી મુજબ 'દુઃખ' કહ્યું તે અહીં કહે છે - x -

● **સૂત્ર-૨૬ :-**

***રાજગૃહ નગરમાં સમોસરણ થયું, પર્ષદા નીકળી યાવત્ આ રીતે બોલ્યા - જીવ સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલુંક વેદે છે, કેટલુંક નથી વેદતા. ભગવન્ ! આ પ્રમાણે કેમ કહો છો ?***

***ગૌતમ ! ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને વેદતા નથી. માટે એ પ્રમાણે કહ્યું — કેટલાંક વેદે છે અને કેટલાક વેદતા નથી. એ પ્રમાણે ૨૪-દંડકમાં વૈમાનિક સુધી જાણવું.***

***ભગવન્ ! જીવો સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલાક વેદે છે, કેટલાક વેદતા નથી. એમ કેમ ? ગૌતમ ! ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને વેદતા નથી. માટે તેમ કહ્યું. વૈમાનિક સુધી કહેવું.***

***ભગવન્ ! જીવ સ્વયંકૃત્ આયુને વેદે છે ? ગૌતમ ! કેટલાંક વેદે છે, કેટલાક વેદતા નથી. જેમ દુઃખમાં બે દંડક કહ્યા. તેમ આયુના પણ બે દંડક એકવચન અને બહુવચનથી વૈમાનિક સુધી કહેવા.***

**● વિવેચન-૨૬ :-**

रायगिहे આદિ પૂર્વવત્. તેમાં 'સ્વયંકૃત્' બીજાએ કરેલ કર્મ તે વેદતો નથી, તે પ્રસિદ્ધ જ છે. 'સ્વયંકૃત્' સંબંધી પ્રશ્ન છે. સાંસારિક સુખ વસ્તુતઃ દુઃખરૂપ જ છે, કર્મ દુઃખપ્રાપ્તિમાં કારણ છે, માટે અહીં દુઃખ એટલે કર્મ. ઉદયમાં આવેલ કર્મને વેદે છે, અનુદીર્ણ કર્મનું વેદન થઈ ન શકે. તેથી કહ્યું કે ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને નહીં. કર્મને બાંધ્યા પછી તે તુરંત જ ઉદયમાં આવતું નથી માટે જે કર્મો ચોક્કસ વેદવાનાં છે, તેમાંનું કોઈ કર્મ વેદે છે અને કોઈ વેદતો નથી. કહ્યું છે કે કરેલ કર્મોનો [વેધા વિના] મોક્ષ નથી. તેમ ૨૪-દંડકમાં છે.

બહુવચનમાં બીજો દંડક છે, તે આ - ભગવન્ ! નૈરયિકો સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ઇત્યાદિ. [શંકા] એકવચન જે અર્થ છે, તે જ બહુવચનમાં છે, તો બહુવચન પ્રશ્નની શી જરૂર ? કોઈ વસ્તુમાં એકત્વ-બહુત્વમાં અર્થ વિશેષ જોવાય છે. જેમકે - સમ્યક્ત્વ સ્થિતિ એક જીવને આશ્રીને સાધિક ૬૬-સાગરોપમ છે, બહુ જીવોને આશ્રીને સદાકાળ છે. અહીં આવો પ્રશ્ન સંભવી શકે, માટે બહુત્વપ્રશ્ને દોષ નથી. અથવા અવ્યુત્પન્ન મતિવાળા શિષ્ય માટે આ પ્રશ્ન છે.

નરકાદિની વ્યાખ્યામાં આયુષ્યની મુખ્યતા હોવાથી આયુને આશ્રીને બે દંડક છે, તેની વૃદ્ધોક્ત ભાવના આ છે - વાસુદેવે સાતમી નરક યોગ્ય આયુ બાંધેલું, કાળાંતરે પરિણામ વિશેષથી ત્રીજી નરક યોગ્ય કર્યુ. તો તેવા આયુની અપેક્ષાએ કહેવાય છે કે પૂર્વે બાંધેલ આયુ અનુદીર્ણ હોવાથી વેદાયું નહીં, ઉત્પન્ન થયા ત્યાં ઉદીર્ણાયુ વેદ્યુ.

હવે આહારાદિ વડે ૨૪-દંડકની નિરૂપણા —

**● સૂત્ર-૨૭,૨૮ :-**

*[૨૭] ભગવન્ ! નૈરયિકો બધાં, સમાન આહારી, સમાન શરીરી, સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! એવું શા હેતુથી કહો છો ? - x - ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે છે. મહાશરીરી, અલ્પશરીરી. તેમાં મહાશરીરી ઘણાં પુદ્ગલોને આહારે છે, ઘણાં પુદ્ગલોને પરિણમાવે છે, ઘણાં પુદ્ગલોનો ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે. વારંવાર આહારે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. જે અલ્પશરીરી છે તે થોડો પુદ્ગલો આહારે છે, થોડા પરિણમાવે છે, થોડા પુદ્ગલોનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. કદાચિત્ આહારે છે - પરિણમાવે છે - ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે. માટે હે ગૌતમ ! એમ કહ્યું કે બધાં નૈરયિકો સમાહાર, સમશરીરાદિ નથી.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન કર્મવાળા છે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી.. એમ કેમ કહ્યું ? ગૌતમ નૈરયિકો બે ભેદે - પૂર્વોપપન્નક, પશ્ચાદુપપન્નક. પૂર્વોપપન્નક અલ્પકર્મતરક છે, પશ્ચાદુપપન્નક મહાકર્મતરક છે, તેથી એમ કહ્યું. - - નૈરયિકો બધાં સમવર્ણી છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. એવું કેમ કહ્યું ? ગૌતમ ! જે પૂર્વોપપન્નક છે તે વિશુદ્ધ વર્ણતર છે, જે પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધતરવર્ણક છે.*



*ભગવન્ ! નૈરયિકો બધાં સમલેશ્યી છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - એવું કેમ કહો છો ? ગૌતમ ! તેમાં જે પૂર્વોપપન્નક છે, તે વિશુદ્ધતર લેશ્યક છે, પશ્ચાદુપપન્નક અવિશુદ્ધતરલેશ્યક છે.*

*ભગવન્ ! નૈરયિકો સર્વે સમવેદનાવાળા છે. ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - - એવું કેમ કહો છો ? - ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે - સંજ્ઞિભૂત, અસંજ્ઞિભૂત. તેમાં સંજ્ઞિભૂત મહાવેદનાવાળા છે, અસંજ્ઞિભૂત અલ્પ વેદનાવાળા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! એ કથન યોગ્ય નથી. - - એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારે છે - સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેમને ચાર ક્રિયાઓ હોય છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન ક્રિયા. જે મિથ્યાદૃષ્ટિ છે, તેઓને પાંચ ક્રિયાઓ હોય છે - ઉક્ત ચાર અને મિથ્યાદૃષ્ટિ પ્રત્યયા. એ રીતે મિશ્રદૃષ્ટિને પણ જાણવા. - તેથી હે ગૌતમ ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન આયુ અને સમાન કાળે ઉત્પન્ન થયેલા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો ચાર ભેદે - કેટલાક સમઆયુ-સમકાલોત્પન્ન, કેટલાક સમ આયુ-વિષમકાલોત્પન્ન, કેટલાંક વિષમઆયુ-સમકાલઉત્પન્ન અને કેટલાક વિષમઆયુ-વિષમકાલોત્પન્ન. તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! અસુરકુમારો સર્વે સમ આહારી, સમ શરીરી છે ? નૈરયિકો માફક બધું જાણવું. વિશેષ એ કે — કર્મ, વર્ણ, લેશ્યાનું વર્ણન કરવું જોઈએ. તેમાં જે પૂર્વોપપન્નક છે તે મહાકર્મતર, અવિશુદ્ધ વર્ણતર, અવિશુદ્ધ લેશ્યતરક છે. પશ્ચાદુપપન્નક પ્રશસ્ત છે. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત કહેવું.*

પૃથ્વીકાયિકોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા નૈરયિકવત્ છે. ભગવન્ ! પૃથ્વીકાયિકો બધાં સમવેદનાવાળા છે ? હા, છે. - - એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિકો સર્વે અસંજ્ઞી છે, અસંજ્ઞીભૂત વેદનાને અનિર્ધારિતરૂપે વેદે છે. તેથી એમ કહ્યું.

ભગવન્ ! સર્વે પૃથ્વીકાયિકો સમાન ક્રિયાવાળા છે ? હા, છે. - એવું કેમ કહ્યું ? ગૌતમ ! માયી મિથ્યાદૃષ્ટિ છે, નિયમથી પાંચ ક્રિયાઓ કરે છે - આરંભિકા યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા. નૈરયિકોની જેમ પૃથ્વીકાયિકો સમ-આયુ, સમોપપન્નક છે.

જેમ પૃથ્વીકાયિકો છે, તેમ યાવત્ ચઉરિન્દ્રિયો છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પણ નૈરયિક માફક જાણવા. માત્ર ક્રિયામાં ભેદ છે.

ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બધાં સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ !

*આ કથન યોગ્ય નથી. - એમ કેમ કહો છો ? ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે છે - સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યક્દૃષ્ટિ છે તે બે ભેદે છે - અસંયત, સંયતાસંયત. તેમાં સંયતાસંયતો ત્રણ ક્રિયાઓ કરે છે - આરંભિકા, પરિગ્રહિકા, માયાપ્રત્યયા. અસંયતોને ચાર, મિથ્યાદૃષ્ટિને પાંચ અને મિશ્રદૃષ્ટિને પાંચ ક્રિયાઓ હોય છે.*

*મનુષ્યોને નૈરયિકવત્ જાણવા. વિશેષ એ - મોટા શરીરવાળા ઘણાં પુદ્‌ગલોને આહારે છે, કદાચિત્ આહારે છે. જેઓ નાના શરીરવાળા છે, તેઓ થોડા પુદ્‌ગલોને આહારે છે અને વારંવાર આહારે છે. બાકી નૈરયિકો માફક ‘‘વેદના’’ સુધી જાણવું.*

*હે ભગવન્ ! બધાં મનુષ્યો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - - શા માટે ? ગૌતમ ! મનુષ્યો ત્રણ પ્રકારે છે. - સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ ભેદે છે — સંયત, અસંયત, સંયતાસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે છે — સરાગ સંયત, વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ અક્રિય છે. જે સરાગ સંયત છે, તેઓ બે ભેદે છે - પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત.*

*જેઓ અપ્રમત્ત સંયત છે, તેઓ એક માયાપ્રત્યયા ક્રિયા કરે છે જેઓ પ્રમત્ત સંયત છે તેઓ બે ક્રિયાઓ કેર છે - આરંભિકા અને માયા પ્રત્યયા. જે સંયતાસંયત છે તેમને ત્રણ ક્રિયાઓ છે - આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયા. અસંયતો ચાર ક્રિયાઓ કરે છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા અને અપ્રત્યાખ્યાનક્રિયા. મિથ્યાદૃષ્ટિને પાંચે ક્રિયાઓ છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન, મિથ્યાદર્શનપ્રત્યયા. મિશ્રદૃષ્ટિઓને પણ પાંચે ક્રિયાઓ છે.*

*વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને અસુરકુમારની જેમ જાણવા. વિશેષ એ કે વેદનામાં ભેદ છે. જ્યોતિષ્ક, વૈમાનિકમાં માયિ મિથ્યાદૃષ્ટિ ઉપપન્નકને અલ્પવેદના છે અને અમાયિ સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલાને મહાવેદનતરક જાણવા.*

*ભગવન્ ! સલેશ્યક નૈરયિકો બધા સમાન આહારવાળા છે ? ગૌતમ ! સામાન્ય, સલેશ્ય અને શુક્લ લેશ્યાવાળાનો ત્રણેનો એક ગમ કહેવો. કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાવાળાનો એક ગમ કહેવો. વિશેષ આ - વેદનાથી માયિ મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયિ સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નકનો ભેદ જાણવો.*

*મનુષ્યોને ક્રિયામાં સરાગ-વીતરાગ-પ્રમત્ત-અપ્રમત્ત ન કહેવા. કૃષ્ણલેશ્યામાં પણ આ જ ગમ છે. વિશેષ એ કે નૈરયિકોને ઔઘિક દંડકની જેમ કહેવા. જેઓને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા હોય તેમને ઔઘિક દંડકની જેમ કહેવા. વિશેષ એ કે તેમાં સરાગ, વીતરાગ ન કહેવા.*

*[૨૮] કર્મ અને આયુ જો ઉદીર્ણ હોય તો વેદે છે. આહાર, કર્મ, વર્ણ, લેશ્યામાં સમપણું પૂર્વે કહ્યા મુજબ જાણવું.*



**● વિવેચન-૨૭,૨૮ :-**

સૂત્ર સ્પષ્ટ છે. અલ્પત્વ કે મહત્‌પણું તે આપેક્ષિક છે. તેમાં જઘન્ય અલ્પત્વ અંગુલનું અસંખ્યેય ભાગ માત્ર છે, ઉત્કૃષ્ટ મોટાપણું ૫૦૦ ધનુષ્ છે. આ ભવધારણીય શરીરાપેક્ષાએ કહ્યું. ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ મોટાપણું ઉત્કૃષ્ટ ૧૦૦૦ ધનુષ્ હોય છે. આ રીતે ‘સમશરીર’ સંબંધી પ્રશ્નનો ઉત્તર કહ્યો. શરીરની વિષમતા જણાવવામાં આહાર અને ઉચ્છ્‌વાસ વૈષમ્ય સુખે કહી શકાય છે, શરીર પ્રશ્નનો ઉત્તર પહેલા આપે છે.

હવે આહાર-ઉચ્છ્‌વાસ પ્રશ્નનો ઉત્તર કહે છે — જે મહાશરીરી છે, તેઓ અપેક્ષાએ ઘણાં પુદ્‌ગલોને આહારે છે - x - લોકમાં પણ જણાય છે કે મોટા શરીરવાળા વધારે અને નાના શરીરવાળા ઓછું ભોજન લે છે. જેમ હાથી અને સસલો. બહુલતાથી આમ કહ્યું અન્યથા કોઈ મોટો શરીર ઓછુ ખાય અને અલ્પશરીરી વધુ ખાય તેમ પણ જોવાય છે. - x - ઉપપાત આદિ સદ્‌વેદ્ય અનુભાવથી અન્યત્ર નૈરયિકોને તદ્દન અસદ્‌વેદ્યનું ઉદયવર્તીત્વ હોવાથી મહાશરીરવાળા વધુ દુઃખી અને આહારના તીવ્ર અભિલાષવાળા હોય છે.

પરિણામ આહારના પુદ્‌ગલો અનુસાર હોવાથી ‘‘ઘણાં’’ એમ કહ્યું. ‘પરિણામ’ ન પૂછવા છતાં આહારના કાર્યરૂપ હોવાથી કહેલ છે. ઘણાં પુદ્‌ગલો ઉચ્છ્‌વાસરૂપે ગ્રહણ કરે છે - મૂકે છે. કેમકે તેઓ મહાશરીરી છે. લોકમાં પણ આ જોવા મળે છે - x - દુઃખી જીવ પણ તેવા પ્રકારે જ હોય છે. નારકો પણ દુઃખી હોવાથી ઘણાં પુદ્‌ગલોને ઉચ્છ્‌વાસરૂપે ગ્રહણ કરે છે.

આહારનું કાલકૃત્ વૈષમ્ય - અપેક્ષાએ મહાશરીરી શીઘ્ર, શીઘ્રતર આહારને ગ્રહણ કરે છે, મોટા શરીરત્વથી વધુ દુઃખી હોવાના કારણે નિરંતર ઉચ્છ્‌વાસાદિ કરે છે. - x - અપેક્ષાએ અલ્પ શરીરી અલ્પતર પુદ્‌ગલોનો આહાર કરે છે. કેમકે તેઓ અલ્પ શરીરી છે. કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ નથી કરતા. અર્થાત્ મહાશરીરીના આહાર ગ્રહણના અંતરાલની અપેક્ષાએ ઘણાં કાળના અંતરાલે આહારનું ગ્રહણ કરતાં નથી. તેઓ નાના શરીરવાળા હોવાથી મોટા શરીરવાળાની અપેક્ષાએ અલ્પદુઃખી હોવાથી કદાચિત્ સાંતરે ઉચ્છ્‌વાસાદિ કરે છે. નારકો તો ‘‘નિરંતર જ શ્વાસાદિ કરે છે.’’ એવું જે પૂર્વે કહ્યું તે મહાશરીરી નારકોની અપેક્ષાએ જાણવું. - અથવા - અપર્યાપ્ત કાળે નૈરયિકો અલ્પ શરીરી હોવાથી લોમાહાર અપેક્ષાએ આહાર કરતા નથી, ઉચ્છ્‌વાસ લેતા નથી. બીજે સમયે આહાર અને ઉચ્છ્‌વાસ લે છે. તેથી કદાચિત્ આહાર કરે અને શ્વાસ લે તેમ કહ્યું. માટે હે ગૌતમ ! બધાં સમાન આહારવાળા નથી તેમ નિગમન છે.

સમકર્મ - સૂત્ર - જેઓ પહેલા ઉત્પન્ન થયા તે પૂર્વોત્પન્ન અને પછી ઉત્પન્ન થયા તે પશ્ચાદુત્પન્ન. પૂર્વોત્પન્ન નૈરયિકોએ આયુ આદિ કર્મ વધારે વેદ્યા હોવાથી ઓછા કર્મવાળા છે, પશ્ચાદુત્પન્ન નૈરયિકોએ આયુ આદિ કર્મ ઓછા વેદ્યા છે માટે મહાકર્મી છે. આ સૂત્ર સમાન સ્થિતિવાળાં નૈરયિકોની અપેક્ષાએ કહ્યું. અન્યથા

રત્નપ્રભામાં કોઈ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકે ઘણું આયુ ભોગવ્યા છતાં તેને પલ્યોપમાયુ બાકી હોય અને ૧૦,૦૦૦ વર્ષાયુવાળો નૈરયિક પછી ઉત્પન્ન થાય તો પણ પશ્ચાદુત્પન્નક થયો. તો શું પલ્યોપમાયુવાળા પૂર્વોત્પન્ન કરતાં ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા પશ્ચાદુત્પન્ન નૈરયિકને મહાકર્મી કહેવો ? [ના, તેમ નથી.]

એ રીતે વર્ણસૂત્રમાં પૂર્વોત્પન્નને અલ્પકર્મથી વિશુદ્ધ વર્ણ અને પશ્ચાદુત્પન્નને બહુકર્મત્વથી અવિશુદ્ધ વર્ણમાં જાણવું.

એ રીતે 'લેશ્યા' સૂત્રમાં પણ જાણવું. અહીં લેશ્યા શબ્દથી ભાવલેશ્યા લેવી. કેમકે દ્રવ્યલેશ્યા તો વર્ણસૂત્રમાં કહેવાઈ છે.

સમવેદના - સમાન પીડા. સંજ્ઞા - સમ્યગ્દર્શનવાળા તે સંજ્ઞી. સંજ્ઞીપણું પામ્યા તે સંજ્ઞીભૂત અથવા અસંજ્ઞી પછીથી સંજ્ઞી થાય, તે સંજ્ઞીભૂત કહેવાય - મિથ્યાદર્શન છોડીને જન્મથી સમ્યગ્દર્શનયુક્ત ઉત્પન્ન થાય તે સંજ્ઞીભૂત છે. તેઓ પોતાના પૂર્વકૃત્ કર્મને સ્મરીને કહે છે — અહો ! અમને મહા દુઃખ આવ્યું છે અમે પૂર્વે અરહંત પ્રણીત સર્વ દુઃખક્ષયકર ધર્મ ન આચર્યો. અમારું ચિત્ત વિષય સુખમાં લલચાયું, તેથી આ કષ્ટ સહેવું પડે છે. તેથી તેમને મોટું માનસિક દુઃખ થાય છે, માટે તેઓ મહાવેદના-વાળા છે.

અસંજ્ઞીભૂત છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેઓ સ્વકૃત્કર્મનું આ ફળ છે તેમ ન જાણતા હોવાથી ઓછી પીડાવાળા છે.

બીજા કહે છે — સંજ્ઞી એટલે પંચેન્દ્રિયવાળા સંજ્ઞીજીવો જે નારકપણું પામે, તેવા સંજ્ઞીભૂતો મહાવેદનાવાળા હોય, કેમકે તેઓ તીવ્ર અશુભ અધ્યવસાયથી અશુભતર કર્મબંધનથી મહાનરકમાં ઉત્પન્ન થાય છે. પૂર્વે અસંજ્ઞી હોય અને પછી નારકપણું પામે. તેઓ પૂર્વે અતિ અશુભ અધ્યવસાયના અભાવે તીવ્ર વેદનારહિત નરકમાં ઉત્પાદથી અલ્પવેદનાવાળા થાય છે - અથવા - સંજ્ઞી એટલે પર્યાપ્તિ પૂર્ણ થયેલા. અસંજ્ઞી એટલે અપર્યાપ્તા. - x - x -

સમક્રિરિય - કર્મબંધનના કારણભૂત ક્રિયા, જેની તુલ્ય છે તે. (૧) આરંભ - પૃથ્વી આદિનું ઉપમર્દન, જેમાં છે તે આરંભિકી, (૨) ધર્મના ઉપકરણ સિવાયની વસ્તુ લેવી કે ધર્મોપકરણમાં મમત્વ જે ક્રિયામાં છે તે પારિગ્રહીકી. (૩) વક્રતા તથા ઉપલક્ષણથી ક્રોધ આદિ જેમાં છે તે માયા પ્રત્યયા. (૪) નિવૃત્તિ અભાવ, કર્મ બંધાદિ કરણ તે અપ્રત્યાખ્યાન. (૫) મિથ્યાદર્શનને કારણે થતી મિથ્યાત્વ ક્રિયા. [શંકા] મિથ્યાત્વાદિ ચાર કર્મબંધ હેતુરૂપે પ્રસિદ્ધ છે. અહીં કર્મબંધનના કારણરૂપે આરંભાદિ કહ્યા, તેમાં વિરોધ કેમ ન આવે ? [સમાધાન] આરંભ, પરિગ્રહ શબ્દથી યોગનું ગ્રહણ કરવું. બાકીના પદોથી બાકીના બંધ હેતુ ગ્રહણ કરવા. તેમાં સમ્યગ્ દૃષ્ટિને મિથ્યાત્વ ન હોવાથી ચાર ક્રિયા હોય છે. બાકીનાને પાંચ ક્રિયા હોય છે. અહીં મિશ્ર દૃષ્ટિને મિથ્યાત્વરૂપે જ ગણેલ છે.

સવ્વે સમાઉયા આદિ પ્રશ્નનનું નિર્વચન ચતુર્ભંગી વડે થાય છે - સમાન આયુવાળા અને સાથે ઉત્પન્ન, સમાનાયુ પણ સાથે ઉત્પન્ન નહીં, વિભિન્નાયુવાળા પણ



સહોત્પન્ન અને વિષમાયુ તથા વિષમોત્પન્ન. અહીં સંગ્રહ ગાથા કહે છે.

આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયામાં સમાન તથા આયુ અને ઉત્પત્તિમાં ચાર ભાંગા છે.

૦ આહારાદિ નવપદ યુક્ત અસુરકુમાર પ્રકરણ સૂચિત થયું. તે નારક પ્રકરણવત્ જાણવું. છતાં વિશેષથી કંઈક કહીએ છીએ - અસુરકુમારોનું અલ્પ શરીરત્વ ભવધારણીય શરીરની અપેક્ષાએ જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ અને મોટાપણું સાત હાથ ઉત્કૃષ્ટથી છે. ઉત્તર વૈક્રિયમાં મોટાપણું લાખ યોજન છે. તેમાં આ મહાશરીરી ઘણાં પુદ્ગલોને આહારે છે. મનોભક્ષણરૂપ આહાર અપેક્ષાએ દેવોનો એ આહાર છે અને તે પ્રધાન પણ છે. શાસ્ત્રમાં પણ પ્રધાન પદાર્થ અપેક્ષાએ વસ્તુના નિર્દેશો હોય છે. માટે તેઓ અલ્પશરીર વડે લેવાતા આહારના પુદ્ગલોથી ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે. ઇત્યાદિ બધું પૂર્વવત્ છે. વારંવાર આહારે છે કે શ્વાસ લે છે. તે ચતુર્થાદિથી ઉપર આહાર કરે છે, તે અપેક્ષાએ જાણવું અને સાત સ્તોકાદિ પહેલાં ઉચ્છ્વાસ લે તે અભિક્ષણ ઉચ્છ્વાસ. કેમકે અસુરકુમારો ઉત્કૃષ્ટથી ૧૦૦૦ વર્ષ કરતા અધિક કાલે આહાર કરે છે અને એક પક્ષ કરતા અધિક કાળે ઉચ્છ્વાસ લે છે, તેની અપેક્ષાએ અલ્પકાલીન આહારાદિને ''વારંવાર'' કહેવાય.

અલ્પશરીરી અસુરકુમારો અલ્પતર આહાર કરે અને અલ્પતર પુદ્ગલોને ઉચ્છ્વાસમાં લે, કેમકે તેઓ નાના શરીરવાળા છે. વળી તેમનું કદાચિત્ આહાર-ઉચ્છ્વાસપણું કહ્યું તે મહા શરીરવાળાના આહારાદિ અંતરાલની અપેક્ષાએ જાણવું. - x - x - મહાશરીરી અસુરકુમારોને આહાર, ઉચ્છ્વાસનું અલ્પ અંતર છે અને અલ્પ શરીરીને મોટું અંતર છે. જેમ - સાત હાથ શરીરી સૌધર્મ દેવોને આહારનું અંતર ૨૦૦૦ વર્ષ અને ઉચ્છ્વાસનું અંતર બે પખવાડીયા છે. અલ્પ શરીર અનુત્તર દેવો એક હાથ ઉંચા છે, તેમનું આહારનું અંતર ૩૩,૦૦૦ વર્ષ, ઉચ્છ્વાસાંતર ૩૩-પક્ષ છે. એ મહાશરીરી અસુરકુમારોને વારંવાર આહારાદિ કહ્યા. તેથી તેમની અલ્પ સ્થિતિ જણાય છે, બીજાઓને તે વૈમાનિકવત્ છે.

અથવા પર્યાપ્તાવસ્થામાં મહાશરીરી અસુરકુમારો લોમાહાર અપેક્ષાએ વારંવાર આહાર કરે છે - x - અપર્યાપ્તાવસ્થામાં તો અલ્પશરીરી લોમાહારથી નહીં પણ ઓજાહારથી આહાર કરે છે. માટે કદાચિત્ આહાર કરે છે, તેમ કહ્યું. અપર્યાપ્તા વસ્થામાં ઉચ્છ્વાસ લેતા નથી. ઉચ્છ્વાસપર્યાપ્તા વસ્થામાં લે છે, માટે 'કદાચિત્' કહ્યું.

કર્માદિ નારકોની અપેક્ષાએ ઉલટા કહેવા. તે જ કહે છે — જે પૂર્વોત્પન્ન નારક છે, તે ઓછા કર્મવાળા, શુદ્ધ વર્ણવાળા, શુભતર લેશ્યાવાળા છે, એમ કહ્યું. પૂર્વોત્પન્ન અસુરો મહાકર્મી આદિ છે. કેમકે પૂર્વોત્પન્ન અસુરો અતિકંદર્પ અને દર્પયુક્ત હોવાથી અનેક પ્રકારની યાતના વડે નારકોને પીડતા અતિ અશુભકર્મ એકઠું કરે છે. માટે મહાકર્મી છે. અથવા ભાવિ ગતિમાં તિર્યંચાદિને યોગ્ય કર્મ બાંધેલ હોવાથી મહાકર્મી છે. તથા પૂર્વોત્પન્નના શુભકર્મ ક્ષીણ થવાથી શુભવર્ણ, શુભ લેશ્યા ઘટે છે માટે

અશુદ્ધ વર્ણાદિ છે. પશ્ચાદુત્પન્ન અસુરો અબદ્ધાયુ હોવાથી અલ્પકર્મી છે. તેમનું શુભ કર્મ ક્ષીણ ન હોવાથી શુભ વર્ણ અને શુભ લેશ્યાવાળા છે.

જો કે અસુરોનું વેદના સૂત્ર નારકોની માફક છે, તો પણ વિશેષ એ છે કે - સંજ્ઞીભૂત છે તેઓને ચારિત્ર વિરાધનાજન્ય ચિત્ત સંતાપથી મહાવેદના છે. અથવા સંજ્ઞીભૂત એટલે પૂર્વે સંજ્ઞીરૂપ હતા તે કે પર્યાપ્તા, તેઓ શુભ વેદના અપેક્ષાએ મહાવેદનાવાળા છે, અસંજ્ઞીભૂત અસુરો અલ્પવેદના વાળા છે. એ રીતે નાગકુમારાદિ પણ કહેવા.

પૃથ્વીકાયિકોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા ચારે નારક સૂત્રવત્ કહેવા. માત્ર આહાર સૂત્રમાં પૃથ્વીકાયિકો અંગુલના અસંખ્યાત ભાગ માત્ર શરીરત્વથી અલ્પશરીરી, મહાશરીરી છે. આગમવચન છે — પૃથ્વીકાયિકો અવગાહનાર્થથી ચાર સ્થાનવાળા છે મહાશરીરી તેઓ લોમાહારથી ઘણાં પુદ્ગલોને આહારે છે, વારંવાર ઉચ્છ્વાસ લે છે. અલ્પશરીરી અલ્પ આહાર અને થોડો ઉચ્છ્વાસ લે છે. તે બંનેનું કદાચિત્પણું પર્યાપ્ત અને અપર્યાપ્ત અવસ્થાને આશ્રીને જાણવું. કર્માદિ સૂત્રોમાં પૂર્વોત્પન્ન અને પશ્ચાદુત્પન્ન પૃથ્વીકાયિકોમાં કર્મ, વર્ણ, લેશ્યા વિભાગ નારકવત્ છે. વેદના અને ક્રિયામાં વિશેષતા છે, તે કહે છે —

असंज्ञी - મિથ્યાદૃષ્ટિ કે અમનસ્ક. અસંજ્ઞીભૂત કે અસંજ્ઞીને જે વેદના થાય છે - અનિર્ધારણતાથી વેદનાને અનુભવે છે, અર્થાત્ વેદનાને અનુભવવા છતાં નથી જાણતાં કે આ પૂર્વોપાત્ત અશુભ કર્મની પરિણતિ છે. કેમકે મિથ્યાદૃષ્ટિ કે વિમનસ્ક હોય છે. પ્રાયઃ માયાવીઓ તેમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે — ઉન્માર્ગદેશક, માર્ગનાશક, ગૂઢહૃદય, માયાવી, શઠ સ્વભાવી, શલ્યવાન્ જીવ તિર્યંચાયુ બાંધે છે. તેથી તેઓ માયાવી કહેવાય. અથવા માયાવી અનંતાનુબંધી કષાયવાળા છે. મિથ્યાદૃષ્ટિ તેઓને પાંચે ક્રિયાઓ હોય છે. પણ ત્રણ કે ચાર ક્રિયા ન હોય.

जाव चउरिन्द्रिय० અહીં મહાશરીર-લઘુશરીરત્વ સ્વસ્વ અવગાહનાથી જાણવું. બેઈન્દ્રિયાદિનો આહાર કવલરૂપ જાણવો.

પંચેન્દ્રિયતિર્યંચ યોનિકને નૈરયિકવત્ જાણવા, તે સ્પષ્ટ છે. વિશેષ આ — ‘‘મહાશરીરી વારંવાર આહાર અને ઉચ્છ્વાસ લે છે.’’ એવું જે કહ્યું તે સંખ્યાતવર્ષાયુ-વાળા માટે જાણવું, અસંખ્યાત વર્ષઆયુવાળા માટે નહીં કેમકે તેમનો પ્રક્ષેપાહાર બે દિવસ પછી કહ્યો છે. લોમાહાર અપેક્ષાએ તો બધાંને પણ વારંવાર આહાર ઘટે જ છે. અલ્પ શરીરીને કદાચિત્પણું અપર્યાપ્તપણામાં લોમાહાર અને ઉચ્છ્વાસ ન થવાથી અને પર્યાપ્તપણામાં તે બંને થવાથી કહ્યું છે.

કર્મસૂત્રમાં પૂર્વોત્પન્નનું અલ્પ કર્મત્વ, પશ્ચાદુત્પન્નનું મહાકર્મત્વ કહ્યું, તે તેના આયુના તદ્ભવવેદ્ય કમપિક્ષાએ કહ્યું છે.

વર્ણ અને લેશ્યા સૂત્રમાં પૂર્વોત્પન્નનું શુભ વર્ણાદિ કહ્યું તે તારુણ્ય અપેક્ષાએ અને પશ્ચાદુત્પન્નનું અશુભ વર્ણાદિ બાલ્યત્વથી છે.

સંયતાસંયત - દેશવિરત, સ્થૂળ પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત હોવાથી સંયત અને





બીજાથી નિવૃત્ત ન હોવાથી અસંયત છે.

મનુષ્યોને નૈરયિક માફક કહેવા એ ગમ્ય છે. તેમાં ભેદ આ છે. - x - મનુષ્યો બે ભેદે - મહાશરીરી, અલ્પશરીરી. તેમાં મહાશરીરી છે તે ઘણાં પુદ્ગલો આહારે છે, તેમજ પરિણમાવે છે, શ્વાસોચ્છ્વાસ કરે છે. આ સ્થાને નારકસૂત્રમાં વારંવાર આહાર કરે છે કહ્યું અહીં કદાચિત્ કરે છે તેમ કહેવું. મહાશરીરી યુગલિકો કદાચિત્ જ કવલથી આહારે છે.

અલ્પશરીરી અલ્પ પણ વારંવાર ખાય છે. બાળકોમાં તેવું જોવાય છે. અલ્પશરીરી સંમૂર્છિમ મનુષ્યોને નિરંતરાહાર સંભવે છે. પૂર્વોત્પન્નોનું શુભવર્ણાદિ તારુણ્ય કે સંમૂર્છિમ અપેક્ષાએ જાણવું.

सरागसंयत - જેઓના કષાય ક્ષીણ કે ઉપશાંત થયા નથી તે. वीतरागसंयत - જેઓના કષાય ક્ષીણ કે ક્ષીણ થયા છે. તે अक्रिय - ક્રિયારહિત, અપ્રમત્ત સંયતોને એક જ માયાપ્રત્યયા ક્રિયા હોય કેમકે તેઓ અક્ષીણ કષાય છે. પ્રમત્ત સંયતોને આરંભિકી અને કષાય ક્ષીણ ન થયા હોવાથી ‘માયાપ્રત્યયા’ ક્રિયા છે.

વાણમંતર, જ્યોતિષ્કોનું શરીરનું નાના-મોટાપણું તેમની અવગાહનાનુસાર જાણવું. અસુરકુમારોની વેદના સંજ્ઞીને મહા અને અસંજ્ઞીને અલ્પ છે. વ્યંતરોને પણ તેમજ જાણવા. કેમકે અસુરથી વ્યંતરમાં અસંજ્ઞીઓ ઉત્પન્ન થાય છે. કેમકે અહીં જ આગળ કહેશે કે — અસંજ્ઞીઓ જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી વ્યંતરમાં ઉપજે. તેઓ અલ્પવેદનાવાળા છે તેમ જાણવું. संज्ञी - સમ્યગ્દૃષ્ટિ, असंज्ञी - મિથ્યાદૃષ્ટિ, જ્યોતિષ્કો, વૈમાનિકો અસંજ્ઞીમાં ઉત્પન્ન ન થાય. તે માટે વેદનાપદમાં કહે છે કે — માયી મિથ્યાદૃષ્ટિ અલ્પ વેદનાવાળા છે.

હવે લેશ્યાદિ ભેદ વિશેષથી ૨૪ દંડકને આહારાદિ પદોથી નિરૂપતા પહેલા સાત દંડક કહે છે. सलेस्सा સૂત્રથી આહાર, શરીર, ઉચ્છ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, ઉપપાત નામે પૂર્વોક્ત નવ પદથી નારકાદિ ૨૪ પદનો દંડક લેશ્યા પદથી સૂચવ્યો. - x - x - એ રીતે સાત દંડક સંબંધી સૂત્રના સંક્ષેપ માટે જે દંડક કહેવાનો છે, તેને દર્શાવતા કહે છે કે —

ઔધિક - નિર્વિશેષણ નારકાદિનો, અધિકૃત્ સલેશ્યકોનો અને સપ્તમ દંડકથી શુક્લ લેશ્યાવાળાનો, એ ત્રણેનો સરખો પાઠ છે. માત્ર લેશ્યાવાળા અને શુક્લ લેશ્યાવાળા એવો જ વિશેષણ ભેદ છે. - x - તેથી અહીં પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્યો, વૈમાનિક કહેવા, પણ નારકો ન કહેવા કેમકે તેમને શુક્લ લેશ્યાનો અભાવ છે. કૃષ્ણ અને નીલ લેશ્યાવાળાનો એક જ - ઔધિક પાઠ છે. વિશેષ એ - કૃષ્ણ અને નીલ લેશ્યા દંડકમાં વેદના સૂત્રમાં સંજ્ઞી, અસંજ્ઞી નૈરયિકો ઔધિક દંડકમાં કહ્યા છે તે ન કહેવું. કેમકે અસંજ્ઞીની ઉત્પત્તિ પહેલી પૃથ્વીમાં જ થાય છે. - x - પહેલીમાં કૃષ્ણ, નીલ લેશ્યાનો અભાવ છે. તો તેને બદલે શું કહેવું ? માયિ મિથ્યાદૃષ્ટિ મહાવેદનાવાળા છે. કેમકે તેઓ સર્વથી વિશેષ અશુભ સ્થિતિને ઉત્પન્ન કરે છે. બીજાને તો ઓછી વેદના હોય છે. - - મનુષ્યપદમાં ક્રિયા સૂત્રમાં ઔધિક દંડકમાં મનુષ્યો ત્રણ પ્રકારે

કહ્યા - તેમાં સંયત બે ભેદે - સરાગ અને વીતરાગ. સરાગસંયત બે ભેદે - પ્રમત્ત, અપ્રમત્ત.

— તો પણ અહીં કૃષ્ણ, નીલ લેશ્યા દંડકમાં તે ન કહેવું કેમકે કૃષ્ણ, નીલલેશ્યા ઉદયે સંયમનો અસંભવ છે. કેમકે કૃષ્ણાદિ દ્રવ્યની સમીપતાથી ઉત્પન્ન ભાવલેશ્યામાં સંયમ હોતો નથી. વળી કહે છે — કાપોતલેશ્યા દંડક નીલાદિ લેશ્યા દંડકવત્ જાણવો. વિશેષ એ કે — નારકપદના વેદના સૂત્રમાં નારકો ઔધિક દંડ માફક કહેવા. તે આ રીતે - નારકો બે ભેદે - સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત. અસંજ્ઞી પ્રથમ પૃથ્વીમાં ઉત્પન્ન થતા હોવાથી તેમને કાપોતલેશ્યાનો સંભવ છે.

ઔધિક દંડ માફક તેજો, પદ્મલેશ્યાવાળાને બે દંડક કહેવા. જીવોને લેશ્યા આ પ્રમાણે છે — નારક, વિકલેન્દ્રિય, વાયુને પ્રથમની ત્રણ લેશ્યા જ છે. ભવનપતિ, પૃથ્વી, પાણી, વનસ્પતિ, વ્યંતરોને પહેલી ચાર લેશ્યા છે. પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યોને છ લેશ્યા છે. જ્યોતિષ્કોને તેજોલેશ્યા અને વૈમાનિકોને ત્રણ પ્રશસ્ત લેશ્યા છે.

કહ્યું છે — ભવનપતિ, વ્યંતરોને કૃષ્ણાદિ ચાર લેશ્યા છે, જ્યોતિષ્ક, પહેલા-બીજા કલ્પે તેજોલેશ્યા જાણવી. ત્રીજાથી પાંચમાં કલ્પે પદ્મલેશ્યા અને પછીનાને શુક્લ લેશ્યા જાણવી. - તથા -

પૃથ્વી, પાણી, બાદર તથા પ્રત્યેક વનસ્પતિમાં ચાર લેશ્યા અને ગર્ભજ તિર્યંચ તથા મનુષ્યને છ, બીજાને ત્રણ લેશ્યા હોય. માત્ર ઔધિક દંડકમાં ક્રિયાસૂત્રમાં સરાગ, વીતરાગ મનુષ્યો કહ્યા તે અહીં ન કહેવા. કેમકે તેજો અને પદ્મમાં વીતરાગત્વ ન સંભવે. પ્રમત્ત અને અપ્રમત્ત મનુષ્યો તો કહેવાના છે, તે માટે સંગ્રહગાથા કહી છે તેનો અર્થ કહેવાયો છે છતાં સુખ બોધાર્થે કહે છે —

[૨૮] દુઃખ અને આયુ ઉદીર્ણ વેદાય છે, તે એકવચન બહુવચનથી ચાર દંડક તથા નૈરયિકો શું સમાહારા છે આદિ પ્રશ્નો.

અહીં નારકો સલેશ્ય કહ્યા, હવે લેશ્યાનું નિરૂપણ કરે છે —

**● સૂત્ર-૨૯ :-**

***ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? ગૌતમ ! લેશ્યા છ કહી છે, તે પન્નવણા સૂત્ર ઉદ્દેશો-૨, લેશ્યાપદનો 'ઋદ્ધિ' સુધી કહેવો.***

**● વિવેચન-૨૯ :-**

આત્મા સાથે કર્મ પુદ્ગલોને ચોંટાડે તે લેશ્યા. તે યોગના પરિણામરૂપ છે. યોગનિરોધથી લેશ્યાનો અભાવ છે. યોગ એ શરીર નામકર્મની પરિણતિ વિશેષ છે. પન્નવણાના લેશ્યાપદના ચાર ઉદ્દેશામાં અહીં બીજો ઉદ્દેશો લેવો. - x - લેશ્યાનું સ્વરૂપ ઋદ્ધિની વક્તવ્યતા સુધી જાણવું. સંક્ષેપથી આ પ્રમાણે - લેશ્યા કેટલી કહી છે ? લેશ્યા છ કહી છે - કૃષ્ણલેશ્યાદિ. એમ સર્વત્ર પ્રશ્નોત્તર કહેવા. નૈરયિકોને કૃષ્ણાદિ ત્રણ, તિર્યંચોને-૬, એકેન્દ્રિયોને-૪, તેઉવાયુ, બે, ત્રણ, ચાર ઈન્દ્રિયોવાળાને-૩, પંચેન્દ્રિયતિર્યંચોને-૬ લેશ્યા ઇત્યાદિ કહેવું. - યાવત્ - ભગવન્ ! આ કૃષ્ણ યાવત્



શુક્લ લેશ્યાવાળામાં કોણ કોનાથી ઓછી કે વધુ ઋદ્ધિવાળા છે ? - x -

**● સૂત્ર-૩૦ :-**

***ભગવન્ ! અતીતકાળમાં આદિષ્ઠ જીવને સંસાર સંસ્થાનનો કાળ કેટલા ભેદે કહ્યો ? ગૌતમ ! ચાર પ્રકારે કહ્યો. નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-સંસાર સંસ્થાનકાળ. - - ભગવન્ ! નૈરયિક સંસાર સંસ્થાનકાળ કેટલા પ્રકારે કહ્યો ? ગૌતમ ! ત્રણ પ્રકારે - શૂન્ય, અશુન્ય, મિશ્ર-કાળ. - - તિર્યંચયોનિક સંસારનો પ્રશ્ન-ગૌતમ ! બે પ્રકારે છે - અશૂન્યકાળ, મિશ્રકાળ. મનુષ્ય અને દેવો નૈરયિકવત્ જાણવા.***

***નૈરયિક સંસારસંસ્થાનકાળમાં શૂન્ય, અશૂન્ય, મિશ્રમાં કોણ કોનાથી ઓછો, વધુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડો અશૂન્યકાળ, તેનાથી મિશ્રકાળ અનંતગુણ, તેનાથી શૂન્યકાળ અનંતગુણ છે. તથા તિર્યંચયોનિક સંસાર સંસ્થાનકાળમાં અશૂન્યકાળ થોડો, મિશ્રકાળ તેનાથી અનંતગુણ છે. મનુષ્યો અને દેવોના સંસાર-સંસ્થાનકાળની ન્યૂનાધિકતા નૈરયિકવત્ જાણવી.***

***ભગવન્ ! નૈરયિકથી દેવ પર્યન્ત સંસાર સંસ્થાનકાળમાં યાવત્ કોણ વિશેષ છે ? ગૌતમ ! સૌથી ઓછો મનુષ્ય સંસાર સંસ્થાનકાળ છે, નૈરયિક તેનાથી અસંખ્યાતગુણ, તેનાથી દેવનો અસંખ્યાત ગુણ, તિર્યંચયોનિકોનો તેનાથી અનંતગુણ છે.***

**● વિવેચન-૩૦ :-**

''પશુઓ પશુપણું પામે છે'' એવા વચનથી જે એવું માને છે કે અનાદિ સંસારમાં જીવની સ્થિતિ એક પ્રકારે છે, તેના બોધ માટે આ સૂત્ર છે. વિશેષ એ - નારકાદિથી વિશેષણયુક્ત જીવ લેવો. અનાદિ અતીતકાળમાં, ઉપાધિ ભેદથી કેટલા પ્રકારે સંસારસંસ્થાન કાળ છે ? એકથી બીજા ભવમાં સંચરણ તે સંસાર. સંસ્થાન એટલે રહેવું. काल - અવસર. આ જીવ ભૂતકાળમાં કઈ-કઈ ગતિમાં હતો ? ઉપાધિ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં નારકભવ સંબંધી સંસાર-અવસ્થાનકાળ ત્રણ ભેદે - ઇત્યાદિ સૂત્રાર્થ પ્રમાણે જાણવું. - x -

તેમાં અશૂન્યકાળનું સ્વરૂપ કહે છે — કેમકે અશૂન્યકાળ સ્વરૂપ જ્ઞાન પછી બીજા બે કાળ સુખે સમજાય છે. વર્તમાનકાળમાં સાતે પૃથ્વીમાં જે નારકો વર્તે છે, તેમાંથી જ્યાં સુધી કોઈ ઉદ્વર્તે નહીં અને બીજો કોઈ ઉત્પન્ન ન થાય, પણ જેટલા છે તેટલા જ રહે, તે કાળ નારકોને આશ્રીને અશૂન્યકાળ કહેવાય. - x -

મિશ્રકાળનું સ્વરૂપ - તે જ નારકોમાંથી એક, બે, ત્રણ એમ કરીને બધાં ઉદ્વૃત્ત થાય અને જ્યાં સુધી તેમાં છેવટે એક નારક બાકી છે ત્યાં સુધી મિશ્રકાળ, એ કે બાકી ન રહે અને વર્તમાન સમયના બધાં નારકો ઉદ્વૃત્ત થાય તે શૂન્યકાળ. - x - x -

આ મિશ્રનારક સંસાર અવસ્થાનકાળનું વિચારણા સૂત્ર વાર્તમાનિક નારક ભવને આશ્રીને પ્રવર્તેલ નથી, પરંતુ વર્તમાન નારક જીવોની બીજી ગતિના ગમન વડે

ત્યાં જ ઉત્પત્તિ આશ્રીને પ્રવર્ત્યુ છે, જો તે જ નારકભવને આશ્રીને આ સૂત્ર પ્રવર્તે તો સૂત્રોક્ત શૂન્યકાળ અપેક્ષાએ મિશ્રકાળની અનંતગુણતા થઈ ન શકે, - x - કેમકે વાર્તમાનિક નારકો સ્વ આયુકાળના છેલ્લા ભાગે ઉદ્વર્તે છે, તેઓનું આયુ તો અસંખ્યાત જ છે માટે ઉત્કર્ષથી બાર મુહૂર્તના અશૂન્યકાળની અપેક્ષાએ મિશ્રકાળનું અનંતગુણત્વ બને તે અપ્રસંગ છે. કેમકે વર્તમાન નૈરયિકો તેમના સ્થિતિકાળને અંતે બધાં ખપી જવાના છે, નારકોનો ઉત્પાદ, ઉદ્વર્તના, વિરહકાળ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત છે. માટે અશૂન્યકાળ સૌથી થોડો છે. મિશ્ર નામક વિવક્ષિત નારક જીવોનો નિર્લેપનાકાળ અશૂન્યકાળની અપેક્ષાએ અનંતગુણ છે. કેમકે એ નારકોમાં અને બીજાઓમાં ગમનાગમન કાળ છે અને તે ત્રસ અને વનસ્પતિ આદિના સ્થિતિકાળથી મિશ્રિત થતો અનંતગુણ છે. કેમકે ત્રસ અને વનસ્પત્યાદિના ગમનાગમનો અનંત છે અને નારકોનો નિર્લેપનકાળ વનસ્પતિકાયની સ્થિતિનો અનંત ભાગ છે. - x - શૂન્યકાળ અનંત ગુણ છે કેમકે વિવક્ષિત નારકોનું ઘણું કરીને વનસ્પતિમાં અનંતકાળ સુધી અવસ્થાન છે અને એ જ જીવોનો નારકભવાંતરકાળ ઉત્કૃષ્ટથી સિદ્ધાંતમાં કહ્યો છે.

તિર્યંચોનો અશૂન્યકાળ સૌથી થોડો છે અને અંતર્મુહૂર્ત જેટલો છે. જો કે આ કાળ સાધારણ દરેક તિર્યંચો માટે કહ્યો છે તો પણ વિકલેન્દ્રિય અને સંમૂર્છિમોમાં જ જાણવો. એકેન્દ્રિયોને તો ઉદ્વર્તના અને ઉપપાતના વિરહનો અભાવ છે, માટે અશૂન્યકાળ નથી. કહ્યું છે કે – એક નિગોદમાં હંમેશા એક અસંખ્યાત ભાગ ઉદ્વર્તના અને ઉપપાતમાં વર્તે છે. એ પ્રમાણે બાકીનામાં પણ જાણવું. વળી "પ્રતિ સમયે અસંખ્ય" વચનથી પૃથ્વી આદિમાં વિરહનો અભાવ કહ્યો છે. "મિશ્રકાલે અનંતગુણ" એ નારકવત્ છે. શૂન્યકાળ તિર્યંચોને છે જ નહીં - x - મનુષ્ય અને દેવોને નૈરયિકોની માફક જાણવું. કેમકે અશૂન્યકાળ પણ બાર મુહૂર્ત છે.

શું જીવનું અવસ્થાન સંસાર જ છે કે તેનો મોક્ષ પણ છે ?

**● સૂત્ર-૩૧ :-**

***ભગવન્ ! જીવ અંતક્રિયા કરે ? ગૌતમ ! કોઈ કરે છે, કોઈ નથી કરતા, તે માટે પ્રજ્ઞાપનાનું 'અંતક્રિયા' પદ જાણવું.***

**● વિવેચન-૩૧ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - છેવટે થનારી જે ક્રિયા તે અંતક્રિયા. અથવા કર્મના અંતની જે ક્રિયા, તે અંતક્રિયા, અર્થાત્ સકલકર્મના ક્ષયરૂપ મોક્ષ પ્રાપ્તિ. પ્રજ્ઞાપનામાં આ વીસમું પદ છે. તે આ રીતે - ભગવન્ ! જીવ અંતક્રિયા કરે ? ગૌતમ ! કોઈ એક જીવ કરે અને કોઈ જીવ ન કરે. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવું. ભવ્ય જીવો કરે અને અભવ્ય ન કરે. - x - યાવત્ મનુષ્ય અંતને કરે.

કર્મનો અંશ બાકી હોય અંતક્રિયા અભાવે કોઈ દેવ થાય –

**● સૂત્ર-૩૨ :-**

***હે ભગવન્ ! અસંયત ભવ્યદ્રવ્યદેવ, અવિરાધિત સંયત, વિરાધિત સંયત, અવિરાધિત સંયતાસંયત, વિરાધિત સંયતાસંયત, અસંજ્ઞી, તાપસ, કાંદર્પિક, ચરકપરિવ્રાજક, કિલ્બિષિક, તિર્યંચો, આજીવિકો, આભિયોગિકો, શ્રદ્ધાભ્રષ્ટ વેશધારકો, આ ચૌદ જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો કોનો ક્યાં ઉપપાદ કહ્યો છે ?***

***ગૌતમ ! અસંયત ભવ્યદ્રવ્યદેવ જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી ઉપરિમ ગ્રૈવેયકમાં ઉપજે.. અવિરાહિત સંયમી જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાને ઉપજે. વિરાધિત સંયમી જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પે ઉપજે.. અવિરાધિત દેશવિરત જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે ઉપજે. વિરાધિત સંયમી જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી જ્યોતિષ્કમાં ઉપજે. અસંજ્ઞી જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી વાણવ્યંતરમાં ઉપજે. બાકીના સર્વે જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી આ પ્રમાણે – તાપસો જ્યોતિષ્કોમાં, કાંદર્પિકો સૌધર્મમાં, ચરક પરિવ્રાજકો બ્રહ્મલોક કલ્પમાં, કિલ્બિષિકો લાંતક કલ્પે, તિર્યંચો સહસ્રાર કલ્પે, આજીવિકો અચ્યુત કલ્પે, આભિયોગિકો અચ્યુત કલ્પે, દર્શનભ્રષ્ટ વેષધારીઓ ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય.***



**● વિવેચન-૩૨ :-**

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - 'अथ' શબ્દ પરિપ્રશ્નાર્થે છે અહીં પ્રજ્ઞાપના ટીકા લખીએ છીએ - असंयत - ચારિત્ર પરિણામરહિત. भव्य - દેવપણાને યોગ્ય, તે દ્રવ્યદેવ. અસંયત એવા તે ભવ્યદ્રવ્યદેવ. આ અસંયત સમ્યગ્દૃષ્ટિ. કહ્યું છે – સમ્યગ્દૃષ્ટિ જીવ અણુવ્રત, મહાવ્રત, બાલતપ અને અકામનિર્જરાથી દેવાયુ બાંધે. આ કથન અયુક્ત છે, કેમકે તેઓનો ઉત્કૃષ્ટ ઉપપાત ઉપરી ગ્રૈવેયક સુધી છે. દેશવિરત શ્રાવકોને અચ્યુતથી આગળ ઉપપાદ નથી. અસંયતભવ્ય દ્રવ્ય દેવો નિહ્નવ પણ નથી. તેથી તેઓ શ્રમણગુણધારી, સમસ્ત સામાચારી અને અનુષ્ઠાનયુક્ત તથા દ્રવ્યલિંગધારી ભવ્ય કે અભવ્ય મિથ્યાદૃષ્ટિ જ જાણવા. તેઓ સંપૂર્ણ ક્રિયા પ્રભાવથી જ ઉપલા ગ્રૈવેયકે ઉત્પન્ન થાય પણ ચારિત્ર પરિણામહીન છે.

શંકા-ભવ્ય કે અભવ્ય તેઓ શ્રમણગુણધારી કેમ કહેવાય ? તેઓને મિથ્યાદર્શન મોહના પ્રાબલ્ય છતાં સાધુઓને સારી રીતે પૂજા, સત્કાર, સન્માન પામતા જોઈને તે પૂજાદિ પોતાને મળે તે માટે તેઓની શ્રદ્ધા પ્રવ્રજ્યા અને ક્રિયા સમૂહના અનુષ્ઠાન પરત્વે રહે છે. તેથી તેઓ પૂર્વોક્ત ક્રિયા કરે છે. પ્રવ્રજ્યાકાળથી તેમના ચારિત્ર પરિણામ અભગ્ન છે. સંજ્વલન કષાય સામર્થ્યથી કે પ્રમત્ત ગુણસ્થાનકના બળથી થોડો માયાદિ દોષ તેઓને સંભવે છે, તો પણ ચારિત્રોપઘાત આચરતા નથી.

ઉક્તથી વિપરીત તે વિરાધિત સંયમી... સ્વીકાર કર્યાથી જેમના દેશવિરતિ પરિણામ અખંડિત છે એવા શ્રાવકો... તેનાથી વિપરીત તે વિરાધિત દેશવિરત.. મનરહિત અકામ નિર્જરાવાળા તે અસંજ્ઞી... પડેલ પાંદડાદિનો ઉપભોગ કરનાર અજ્ઞાની તે તાપસ.

જેઓ પરિહાસવાળા છે તે કાંદર્પિક અથવા કંદર્પ વડે ચરે તે કાંદર્પિક. કંદર્પ અને કૌકુચ્યાદિ કરનાર વ્યવહાર ચારિત્રીને કાંદર્પિક. કહે છે – 'કહ કહ'થી હસવું. कंदर्प - અનિભૃત ઉલ્લાપ. કંદર્પની કથા કહેવી, કંદર્પ ઉપદેશ તથા પ્રશંસા. ભવાં,

નેત્ર, મુખાદિ વડે ચેષ્ટા કરી પોતે ન હસે - પણ બીજા હસે - x - અનેક પ્રકારના જીવોના શબ્દો કરે - x - જે સંયત પણ એ અપ્રશસ્ત ભાવના વિશે વિચારી, ચારિત્ર વિનાનો તથા પ્રકારના દેવોમાં ભજનાએ જાય, માટે કાંદર્પિકો કહેવાય.

ચરક પરિવ્રાજકો એટલે ધાડની ભિક્ષાથી જીવતા ત્રિદંડીઓ અથવા ચરક તે કુચ્છોટકાદિ અને પરિવ્રાજક તે કપિલમુનિના શિષ્યો.

જે પાપવાળા છે તે કિલ્બિષિકો, તેઓ વ્યવહાર ચારિત્રી હોવા છતાં જ્ઞાનાદિનો અવર્ણવાદ કહેનાર હોય. કહ્યું છે — જ્ઞાન, કેવલી, ધર્માચાર્ય અને સર્વ સાધુનો અવર્ણવાદ બોલનારા કિલ્બિષિકો છે.

દેશવિરતિને ધારણકર્તા તિર્યંચો — ગાય, ઘોડો, આદિ. આજીવિક એટલે એક પ્રકારના પાખંડી. કોઈ કહે છે — નગ્નતા ધારી ગોશાલકના શિષ્યો અથવા અવિવેકી લોકથી પ્રાપ્ત થતી લબ્ધિ, પૂજા, ખ્યાતિ આદિ વડે તપ અને ચારિત્રાદિને ધારણ કરે અથવા આજીવિકાવાળા હોવાથી આજીવિક છે.

વિદ્યા, મંત્રાદિ વડે બીજાને વશ કરવા તે અભિયોગ. તેના બે ભેદ - દ્રવ્યાભિયોગ, ભાવાભિયોગ, વિદ્યા-મંત્રાદિ દ્રવ્યાભિયોગ છે, આ દ્રવ્યાભિયોગવાળા કે દ્રવ્યાભિયોગ વડે ચરે તે આભિયોગિક. અર્થાત્ મંત્રાદિ પ્રયોગ કર્તા અને વ્યવહાર ચારિત્રી તે આભિયોગિકો છે. કહ્યું છે — કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્તથી જીવનારો તથા ઋદ્ધિ, રસ, શાતાથી ગુરુક જીવ અભિયોગની ભાવના કરે છે.

कौतुक - સૌભાગ્યાદિ માટે ન્હવણ, भूतिकर्म - તાવવાળા આદિને ભૂતિ દેવી. प्रश्नप्रश्न - સ્વપ્નવિદ્યાદિ. सलिंगीणं - રજોહરણાદિ લિંગવાળા કે જેઓનું સમ્યક્ત્વ ભ્રષ્ટ થયું છે તેઓ અર્થાત્ નિહ્નવો, દેવલોકમાં ઉત્પન્ન થતાં એ બધાંઓનો. આ સૂત્રથી સૂચવે છે કે કોઈ દેવ સિવાય અન્ય ગતિમાં પણ ઉત્પન્ન થાય છે.

સંયમ વિરાધનાર જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પે ઉપજે છે. [શંકા] સુકુમાલિકાના ભવમાં વિરાધિત સંયમી દ્રૌપદી ઈશાન કલ્પે ઉત્પન્ન થઈ તે કઈ રીતે ? [સમાધાન] તેણીની સંયમ વિરાધના ઉત્તરગુણ વિષયક હતી, તે બકુશ કારિણી હતી, પણ મૂલગુણ વિરાધક નહીં. વિશિષ્ટતર સંયમ વિરાધનામાં સૌધર્મ ઉત્પાદ થાય, જો વિરાધના માત્રથી સૌધર્મ ઉત્પત્તિ હોય તો ઉત્તરગુણાદિની પ્રતિસેવાવાળાની અચ્યુતાદિમાં ઉત્પત્તિ કેમ થાય ? કથંચિત્ વિરાધનાથી.

અસંજ્ઞી જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી વાણવ્યંતરમાં ઉપજે. ચમર અને બલિનું સાગરોપમ કે સાધિક આયુ છે. માટે તેઓ મહર્દ્ધિક છે અને વ્યંતરોનું ઉત્કૃષ્ટથી પલ્યોપમાયુ છે માટે અલ્પર્દ્ધિક છે, તો પણ આ સૂત્રથી જણાય છે કે કોઈ ભવનપતિ એવા છે કે જે વ્યંતરોથી અલ્પર્દ્ધિક છે. અસંજ્ઞીના દેવોત્પાત્ આયુથી થાય માટે આયુ —

● સૂત્ર-૩૩ :-

*ભગવન્ ! અસંજ્ઞીનું આયુ કેટલા ભેદે છે ? ગૌતમ ! અસંજ્ઞીનું આયુ ચાર ભેદે છે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-અસંજ્ઞીઆયુ.*



*ભગવન્ ! અસંજ્ઞી જીવ નૈરયિકનું આયુ કરે કે તિર્યંચ, મનુષ્ય, દેવનું આયુ કરે ? હા, ગૌતમ ! નૈરયિકાદિ ચારેનું આયુ પણ કરે. નૈરયિક આયુ કરતો અસંજ્ઞી જીવ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યેય ભાગ આયુ કરે. તિર્યંચોનું આયુ કરતો જઘન્યે અંતર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યાત ભાગ આયુ કરે. મનુષ્યાયુ પણ એ જ પ્રમાણે છે. દેવાયુ નૈરયિકવત્ જાણવું.*

*ભગવન્ ! નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-અસંજ્ઞી આયુમાં કયુ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! દેવ અસંજ્ઞી આયુ સૌથી થોડું છે, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુ અસંખ્યેય ગુણ છે, તેનાથી તિર્યંચ૦નું અસંખ્યાતગુણ, તેનાથી નૈરયિક૦ અસંખ્યેયગુણ છે. હે ભગવન્ ! એમ જ છે, એમ જ છે. યાવત્ વિહરે છે.*

● વિવેચન-૩૩ :-

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - અસંજ્ઞી એવો તે જે પરભવનું આયુ બાંધે તે અસંજ્ઞી આયુ. નૈરયિકને યોગ્ય તે નૈરયિકાસંજ્ઞ્યાયુ. આ અસંજ્ઞી આયુ સંબંધ માત્રથી પણ થાય. જેમકે ભિક્ષાનું પાત્ર. ''તેણે કરેલું'' એ રૂપ સંબંધ વિશેષ નિરૂપવા કહે છે. पकरेइ - બાંધે છે. રત્નપ્રભાના પહેલા પ્રતરને આશ્રીને ૧૦,૦૦૦ વર્ષ, રત્નપ્રભાના ચોથા પ્રતરે મધ્યમસ્થિતિને આશ્રીને પલ્યોપમનું અસંખ્યાત ભાગ. કેમકે પહેલા પ્રતરે જઘન્યે ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટે ૯૦,૦૦૦ વર્ષ. બીજામાં જઘન્યથી ૧૦-લાખ, ઉત્કૃષ્ટથી ૯૦-લાખ. ત્રીજામાં જઘન્યથી ૯૦ લાખ, ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ - x - યાવત્ આ રીતે ચોથા પ્રતરે પલ્યોપમનો અસંખ્યાત ભાગ મધ્યમ સ્થિતિ થાય.. તિર્યંચ સૂત્રમાં જે કહ્યું તે યુગલિક તિર્યંચને આશ્રીને છે. મનુષ્યાયુ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે, તેમાં પલ્યોપમનો અસંખ્યભાગ યુગલીકને આશ્રીને છે. અસંજ્ઞી દેવનું આયુ અસંજ્ઞી નૈરયિકવત્ જાણવું. વિશેષ એ કે - ભવનપતિ અને વ્યંતરને આશ્રીને જાણવું.. સૂત્રમાં અસંજ્ઞી આયુની જે અલ્પબહુતા કહી, તે તેની હ્રસ્વતા અને દીર્ઘતાની અપેક્ષાએ છે.

**શતક-૧-ઉદ્દેશક ૨-નો સટીક અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશક-૩ ''કાંક્ષા પ્રદોષ'' ❀

— x — x — x — x — x —

૦ બીજા ઉદ્દેશામાં અંતિમ સૂત્રમાં આયુનું નિરુપણ કર્યુ, તે મોહરૂપ દોષની હયાતી હોય ત્યારે જ જીવને તે આયુ સંભવે. તે કાંક્ષાપ્રદોષ —

● સૂત્ર-૩૪ :-

*ભગવન્ ! શું જીવો સંબંધી કાંક્ષા મોહનીય કર્મકૃત્ છે ? હા, છે. ભગવન્ ! શું તે દેશથી દેશકૃત્ છે ? દેશથી સર્વકૃત્ છે ? સર્વથી દેશકૃત્ છે ? કે સર્વથી*

*સર્વકૃત્ છે ? ગૌતમ ! તે દેશથી દેશકૃત, દેશથી સર્વકૃત્ કે સર્વથી દેશકૃત નથી, પણ સર્વથી સર્વકૃત્ છે.*

*ભગવન્ ! નૈરયિકો સંબંધી કાંક્ષા મોહનીય કર્મકૃત છે ? હા, છે. યાવત્ સર્વથી સર્વકૃત છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

● વિવેચન-૩૪ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - જીવો સંબંધી જે કાંક્ષા મોહનીય — મોહ પમાડે તે મોહનીય કર્મ, તે ચારિત્ર મોહનીય પણ હોય, તેથી ક્રાંક્ષા - બીજા બીજા દર્શનનું ગ્રહણ, એ વિશેષણ મૂક્યું. ઉપલક્ષણથી શંકાદિનું ગ્રહણ કરવું. કાંક્ષારૂપ મોહનીય તે કાંક્ષા મોહનીય અર્થાત્ મિથ્યાત્વ મોહનીય. કૃત - ‘‘ક્રિયા નિષ્પાદ્ય’’ પ્રશ્ન છે. ઉત્તર છે - ‘હા’.

અહીં વસ્તુના કરણમાં ચતુર્ભંગી છે. જેમકે — (૧) દેશથી-હસ્ત આદિથી વસ્તુના દેશનું આચ્છાદન કરવું. (૨) હસ્તાદિ દેશથી સર્વ વસ્તુને ઢાંકવી. (૩) સર્વાત્મથી વસ્તુના દેશને ઢાંકે, (૪) સર્વાત્મથી સર્વ વસ્તુને ઢાંકે. આ પદ્ધતિથી ચાર પ્રશ્નો આ રીતે છે —

ભગવન્ ! શું જીવ પોતાના કોઈ ભાગથી કાંક્ષા મોહનીય કર્મનો ભાગ કરે ? શું જીવ પોતાના કોઈ ભાગથી સર્વ કાંક્ષા મોહનીય કરે ? શું જીવ પોતે આખો કાંક્ષા મોહનીયના કોઈ એક ભાગને કરે ? શું જીવ પોતે આખો જ આખું કાંક્ષા મોહનીય કર્મ કરે ? [ઉત્તર] જીવ આખો પોતે જ સર્વ કાંક્ષા મોહનીય કર્મને કરે છે. જ્યાં જીવના બધા પ્રદેશો અવગાઢ છે, તે સ્થળે રહેલા, એક સમયે બાંધવા યોગ્ય કર્મ પુદ્‌ગલો હોય, તે બધાને બાંધવા જીવના બધાં પ્રદેશો ક્રિયા કરે છે. અર્થાત્ જીવે પોતે એક કાળે બાંધી જીવના બધાં પ્રદેશો ક્રિયા કરે છે. અર્થાત્ જીવે પોતે એક કાળે બાંધી શકાય તેવું સર્વ કાંક્ષા મોહનીય બાંધ્યુ છે. તેથી ત્રણ ભંગનો પ્રતિષેધ કર્યો છે. - x - x - x -

જીવોને સામાન્યથી કહ્યા તેથી વિશેષરૂપે સમજી ન શકાય. તેથી વિશેષ બોધ માટે નારકાદિ દંડકથી પ્રશ્ન કરતા કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. - - ક્રિયા નિષ્પાદ્ય કર્મ કહ્યું, તે ક્રિયાને દર્શાવે છે —

● સૂત્ર-૩૫,૩૬ :-

*[૩૫] ભગવન્ ! જીવોએ કાંક્ષા મોહનીય કર્મ કર્યુ ? હા, કર્યું. ભગવન્ ! તે શું દેશથી દેશે કર્યુ ? ઇત્યાદિ પૂર્વોક્ત અભિલાપથી વૈમાનિક પર્યન્ત કહેવું. - - એ પ્રમાણે ‘‘કરે છે’’ આ દંડક વૈમાનિક સુધી કહેવો. - - એ પ્રમાણે ‘‘કરશે’’ દંડક વૈમાનિક સુધી કહેવો.*

*એ જ પ્રમાણે ‘‘ચય’’ - ચય કર્યો - કરે છે - કરશે. ‘‘ઉપચય’’ ઉપચય કર્યો - કરે છે - કરશે. ઉદીર્યુ - ઉદીરે છે - ઉદીરશે. વેદ્યુ - વેદે છે - વેદેશે. નિર્જર્યુ - નિર્જરે છે - નિર્જરશે. આ બધા અભિલાપ કહેવા.*

*[૩૬] કૃત્, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત, નિર્જરિત - તેમાં આદિ*



*ત્રણના પ્રત્યેકના ચાર-ચાર ભેદ, પાછલા ત્રણના ત્રણ-ત્રણ ભેદ છે.*

● વિવેચન-૩૫,૩૬ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — ભૂતકાળે કર્યુ ? હા. કર્યા છે. જો નથી કર્યા કહો તો અનાદિ સંસારનો અભાવ થાય. એ રીતે હાલ કરે છે, ભવિષ્યકાળમાં કરશે. કરેલ કર્મનો ચયાદિ થાય, તે કહે છે —

‘ચય’ આદિ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - પ્રદેશ અને અનુભાગનું વધવું તે ચય. તેનું પુનઃ પુનઃ વધવું તે ઉપચય. બીજા કહે છે. માત્ર કર્મ પુદ્‌ગલોનું ગ્રહણ તે ચય. અબાધાકાળ સિવાયના કાળે ગ્રહેલ કર્મોને વેદવા માટેનું નિષેચન તે ઉપચય. નિષેક આ રીતે —

પ્રથમ સ્થિતિમાં બહુતર કર્મદલિકને નિષેચે છે. પછી બીજી સ્થિતિમાં વિશેષહીન, એ પ્રમાણે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષ હીન નિષેચે છે. - x - ‘ઉદીરણ’ - અનુદિતને કરણ વિશેષથી ઉદયમાં લાવવું.. વેદન - અનુભવવું. નિર્જરણ - જીવ પ્રદેશોથી કર્મ પ્રદેશોનું ખરી જવું... અહીં સૂત્ર સંબંધી સંગ્રહ ગાથા છે —

ગાથાર્થ સ્પષ્ટ છે. વિશેષ આ - કૃત્, ચિત, ઉપચિત એ ત્રણેમાં ચાર જાતનો કાળ કહેવો. તેમાં સામાન્ય ક્રિયા કાળ અને ત્રણે ક્રિયાનો કાળ જુદો જુદો કહ્યો છે. ઉદિરિત, વેદિત, નિર્જીર્ણ એ ત્રણેમાં સામાન્ય ક્રિયા કાળ રહિત ત્રણ ભેદવાળો કાળ કહ્યો છે.

[શંકા] આદ્યના ત્રણ સૂત્રોમાં ક્રિયાસૂચક કૃત્, ચિત અને ઉપચિત ત્રણ પદો કહ્યા. પાછળના સૂત્રોમાં સામાન્ય ક્રિયા દર્શક ઉદીરિત, વેદિત, નિર્જીર્ણ એ ત્રણ પદો કેમ ન કહ્યા ? [સમાધાન] કૃત, ચિત, ઉપચિત ત્રણે કર્મ, લાંબો કાળ રહે છે, માટે સામાન્ય ક્રિયા કાળનો પણ સમાવેશ કર્યો છે. ઉદિરણાદિનું અવસ્થાન લાંબો કાળ નથી માટે ત્યાં સામાન્ય કાળ ન દર્શાવતા ત્રણ કાળની ક્રિયા કહી.

જીવો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે તેમ કહ્યું, તેના કારણો —

● સૂત્ર-૩૭ :-

*ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે. ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? ગૌતમ ! તે તે કારણો વડે શંકા-કાંક્ષા-વિચિકિત્સાવાળા અને ભેદ સમાપન્ન, કલુષ સમાપન્ન થઈને એ રીતે જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે.*

● વિવેચન-૩૭ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — જીવો કાંક્ષા મોહનીય વેદે છે, તે પૂર્વે નિર્ણીત થયુ છે, તો પુનઃ પ્રશ્ન કેમ ? વેદનાના કારણો પ્રતિપાદિત કરવા માટે. કહ્યું છે — પૂર્વે કહેવાયા છતાં ફરી જો કહેવાય, તો તેનું કારણ હોય તેમ સમજવું, પ્રતિષેધ, અનુજ્ઞા, હેતુ વિશેષ જણાવવા છે.

બીજા દર્શનનું શ્રવણ, કુતિર્થિકનો સંસર્ગ આદિ વિદ્વત્ પ્રસિદ્ધ કારણો વડે — શંકાદિ હેતુ વડે. તે હેતુ શું ? શંકિત - જિનોક્ત પદાર્થ પ્રતિ સર્વથી કે દેશથી

સંશય પામેલ.. कांक्षित - અન્યાન્ય દર્શનના ગ્રહણથી તેની ઈચ્છાવાળા થયેલ.. वितिगिच्छिय - ફળના વિષયમાં શંકિત.. भेदसमापन्न - શું આ જિનશાસન છે કે આ જિનશાસન છે, એ રીતે જિનશાસનના સ્વરૂપમાં મતિભેદને પામેલ. અથવા અનિશ્ચયરૂપ મતિભંગને પામેલા. અથવા શંકિત આદિ વિશેષણવાળા છે માટે જે જેઓની બુદ્ધિ દ્વિધાભાવને પામી છે તે. कलुषसमापन्न - ‘‘એ એમ નથી’’ એવી વિપરીત બુદ્ધિ પામેલા.

એ પ્રકારે જ જીવો કાંક્ષા મોહનીયને વેદે છે એમ જાણવું. કેમકે આ રીતે જિનવરે કહ્યું છે અને તે સત્ય છે. તેની સત્યતા —

● **સૂત્ર-૩૮ :-**

***ભગવન્ ! તે જ નિઃશંક, સત્ય છે જે જિનવરે કહ્યું છે ? હા, ગૌતમ ! તે જ નિઃશંક, સત્ય છે, જે જિનવરે કહ્યું છે.***

● **વિવેચન-૩૮ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — જિન સિવાયનાએ કહેલું રાગાદિથી ઉપહત હોવાથી સત્ય નથી, તેમાં અસત્યપણું સંભવે છે. સત્ય વ્યવહારથી પણ હોય, તેથી કહ્યું નિઃશંક - સંદેહ રહિત.

હવે જિન પ્રવેદિત સત્યને માનનારો કેવો હોય તે કહે છે —

● **સૂત્ર-૩૯ :-**

***ભગવન્ ! ઉપર મુજબ મનમાં ધારતો, પ્રકરતો, રહેતો, સંવરતો આજ્ઞાનો આરાધક થાય ? હા, ગૌતમ ! - x - થાય.***

● **વિવેચન-૩૯ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - નિશ્ચિતપણે. ‘‘તે જ નિઃશંક સત્ય છે, જે જિનવરે કહ્યું છે’’ એમ માનીને મનને સ્થિર કરતો, ઉક્તરૂપે મન ન હોય તો પણ તેમ કરતો, ઉક્તરૂપે મનની ચેષ્ટા કરતો, ‘‘બીજા મતો સત્ય નથી’’ ઇત્યાદિ ચિંતામાં મનથી પ્રવૃત્ત, અથવા તપ, ધ્યાનાદિમાં મનની ચેષ્ટા કરતો, એ રીતે મનને રોકતો-બીજા મતોથી મનને પાછું વાળતો અથવા હિંસાદિથી મનને અટકાવ તો જીવ, જિન ઉપદિષ્ટ જ્ઞાનાદિ આસેવારૂપ આજ્ઞાનો આરાધક થાય છે.

‘‘તે સત્ય છે, જે જિનવરે કહ્યું છે’’ તેનું શું કારણ ? જેવી વસ્તુસ્થિતિ છે, તેવી જ જિનવરે કહી છે, માટે સત્ય છે તે દર્શાવે છે.

● **સૂત્ર-૪૦ :-**

***ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? હા, ગૌતમ ! યાવત્ પરિણમે છે.***

***ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, તે શું પ્રયોગથી કે વિસ્રસાથી ? ગૌતમ ! બંનેથી.***

***ભગવન્ ! જેમ તમારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, તેમજ નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? અને જેમ તમારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં***



***પરિણમે છે, તેમજ તમારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે ? હા ગૌતમ ! જેમ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે તેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. જેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તેમજ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે.***

***ભગવન્ ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે ? ગૌતમ ! જેમ પરિણમે છે ના બે આલાપક છે, તેમ ગમનીયના પણ બે આલાપક કહેવા. યાવત્ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વે ગમનીય છે.***

● **વિવેચન-૪૦ :-**

અંગુલિ આદિનું અંગુલિ આદિ ભાવથી હોવું તે અસ્તિત્વ. કહ્યું છે — સર્વ વસ્તુ સ્વરૂપે છે અને પર રૂપે નથી અન્યથા સર્વે ભાવોના એકત્વનો પ્રસંગ આવે. તે અહીં ઋજુત્વ આદિ પર્યાયરૂપે જાણવું. કેમકે અંગુલિ આદિ દ્રવ્યનું અસ્તિત્વ ઋજુત્વાદિ પર્યાય થકી અભિન્ન છે. અંગુલિ આદિનું અંગુલિ આદિ ભાવથી સત્ત્વ એટલે વક્રત્વાદિ પર્યાયપણે પરિણમે છે. અર્થાત્ દ્રવ્યની બીજા પ્રકારે સત્તા પ્રકારાંતર સત્તામાં વર્તે છે. જેમ માટી રૂપ દ્રવ્યની સત્તા પિંડ પ્રકારમાંથી ઘડા રૂપે વર્તે છે. - - नास्तित्व०

અંગુલિની અપેક્ષાએ અંગુષ્ઠપણું તે નાસ્તિત્વ, પછી તે અંગુલિ આદિનું નાસ્તિત્વ અંગુષ્ઠાદિ અસ્તિત્વરૂપે અને અંગુલિઆદિનું નાસ્તિત્વ અંગુષ્ઠાદિના પર્યાયાંતરથી અસ્તિત્વરૂપે પરિણમે છે. જેમકે માટીનું નાસ્તિત્વ તંતુ આદિ રૂપે છે અને તે માટીના નાસ્તિત્વરૂપ પટમાં હોય છે - x - અથવા -

સત્ વસ્તુ સત્ રૂપે પરિણમે છે, તે સત્ જ હોય છે. પણ સત્ વસ્તુ સર્વથા નાશ પામતી નથી. કેમકે વિનાશ એટલે માત્ર પર્યાયાન્તરપણું. જેમ દીવાનો નાશ થતા અંધકારાદિ રૂપથી તે પરિણમે છે. અત્યંત અભાવરૂપ નાસ્તિત્વ તે ‘ગધેડાની શીંગ’ આદિની જેમ છે. તેમાં નાસ્તિત્વ એટલે અત્યંત અભાવ થાય. - x - x - અથવા ધર્મી સાથે અભેદ છે માટે अस्तित्व - સત્, જે સત્ છે તે સત્ રૂપ ધર્મમાં હોય છે. જેમ પટ પટત્વમાં જ છે. नास्तित्व એટલે અસત્. જેમ અપટ અપટત્વમાં છે.

હવે પરિણામ હેતુ દર્શાવવાને માટે કહે છે — પર્યાય પર્યાયાંતરતાને પામે છે, બીજા પદાર્થનો પર્યાય ઈતર પર્યાયને પામે છે. प्रयोग - જીવના વ્યાપારથી, विश्रसा - ઘડપણના પર્યાયરૂપે રૂઢ છે પણ અહીં તેનો અર્થ સ્વભાવ કરવો. તે અસ્તિત્વ આદિ પરિણામ પ્રયોગ વડે પણ થાય છે. જેમ - કુંભારની ક્રિયાથી માટીનો પિંડ ઘડારૂપે પરિણમે છે. આંગળી સીધીમાંથી વાંકી થાય છે અને विस्त्रसा - ધોળું વાદળ અન્યરૂપે પરિણમે છે.

નાસ્તિત્વ પરિણામમાં પણ પ્રયોગ અને વિસ્રસાના ઉદાહરણો કહેવા. પણ તે બીજી વસ્તુની અપેક્ષાએ સમજવા. - x - ‘સત્’ સત્‌રૂપ જ હોય છે, વ્યાખ્યાંતરમાં પણ આ જ ઉદાહરણો સમજવા. કેમકે પૂર્વ અને ઉત્તર અવસ્થા સદ્રૂપ છે. વળી જે ‘‘અભાવરૂપ હોય તે અભાવરૂપ જ રહે છે’’ એમ જે કહ્યું, તે પક્ષમાં પ્રયોગ અને

વિસ્રસાથી અભાવ અભાવ જ રહે. પણ પ્રયોગાદિનું સાફલ્ય ન કહેવું. ઉક્ત બંને હેતુ બંને સ્થાને સમાન અને ભગવંતને સ્વીકાર્ય છે, તે દર્શાવતા કહે છે –

યથા - પ્રયોગ, વિસ્રસાથી તમારા મતમાં અથવા સામાન્ય થકી અસ્તિત્વ નાસ્તિત્વ પરિણામ પ્રયોગ-વિસ્રસાજન્ય કહ્યા. પણ સામાન્યનો વિધિ બધે સ્થાને સરખો હોય તેવો નિયમ નથી. ઉલટો પણ હોય. અતિશયવાન્ ભગવંતને આશ્રીને તે પરિણામ અન્યથાત્વ હોય તેવી આશંકાથી સૂત્રમાં પ્રશ્ન કર્યો છે. - x -

હવે ઉક્ત સ્વરૂપના અર્થની સત્યત્વથી પ્રજ્ઞાપનીયતા દર્શાવવા કહે છે – સત્ વસ્તુ સત્તપણે જ કહેવી જોઈએ. તેના બે આલાપક જાણવા. પરિણામ ભેદ અભિધાનથી પ્રયોગથી અને વિસ્રસાથી. તે એક આલાવો અને બીજો અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય. - x - આ રીતે વસ્તુ પ્રજ્ઞાપના વિષયમાં સમભાવતા કહીને હવે શિષ્યના વિષયમાં તે દર્શાવતા કહે છે.

● **સૂત્ર-૪૧ :-**

***ભગવન્ ! જેમ તમારું અહીં ગમનીય છે, તેમ તમારું ઈહ ગમનીય છે ? જેમ તમારું ઈહ ગમનીય છે, તેમ તમારું અહીં ગમનીય છે ? ગૌતમ ! હા જેમ મારું અહીં ગમનીય છે તેમ - x -.***

● **વિવેચન-૪૧ :-**

પોતાની અને બીજાની અપેક્ષા રાખ્યા વિના સમત્વથી કર્યુ એવી પ્રવૃત્તિ વડે કે ઉપકાર બુદ્ધિથી, ભગવન્ ! મારી પાસે રહેલા સ્વ શિષ્યમાં ગમનીય છે, તે જ સમતા લક્ષણ પ્રકારથી કે ઉપકાર બુદ્ધિથી इह - આ સંસારી કે પાખંડી આદિ લોકોમાં ગમનીય છે ? - અથવા - एत्थ સ્વાત્મામાં સુખપ્રિયત્વાદિ ધર્મો ગમનીય છે, તેમ પરાત્મમાં છે ? અથવા પ્રત્યક્ષ અધિકરણાર્થપણે एत्थ - શબ્દરૂપ ગમનીય છે તેમ इह - શબ્દરૂપ ગમનીય છે ?

સપ્રસંગ કાંક્ષામોહનીય કર્મ વેદન કહ્યું, હવે તેનું બંધન–

● **સૂત્ર-૪૨ :-**

***ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ બાંધે ? હા, બાંધે. ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રમાદરૂપ હેતુ અને યોગરૂપ નિમિત્તથી બાંધે. ભગવન્ ! તે પ્રમાદ શાથી થાય છે ? ગૌતમ ! યોગથી. ભગવન્ ! યોગ શાથી થાય છે ? ગૌતમ ! વીર્યથી. ભગવન્ ! વીર્ય, શાથી પેદા થાય ? ગૌતમ ! શરીરથી. ભગવન્ ! શરીર શાથી પેદા થાય ? ગૌતમ ! જીવથી.***

***એ રીતે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે.***

● **વિવેચન-૪૨ :-**

પ્રમાદરૂપ લક્ષણ હેતુથી, પ્રમાદ - મદ્ય આદિ. અથવા પ્રમાદ ગ્રહણથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય લક્ષણ બંધના ત્રણ હેતુ કહ્યા. એ પ્રમાણે ઈષ્ટ છે અને પ્રમાદમાં તેનો અંતર્ભાવ છે. કહ્યું છે કે – મુનીન્દ્રોએ આઠ ભેદે પ્રમાદ કહ્યો છે – અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મમાં અનાદર, યોગમાં દુષ્પ્રણિધાન આઠે



છોડવા.

યોગ - મન વગેરેનો વ્યાપાર, તે જ્યાં હેતુ છે, તે તે રીતે બાંધે છે. આ રીતે યોગને કર્મબંધનો ચોથો હેતુ કહ્યો.

હવે પ્રમાદાદિનો હેતુફલ ભાવ દર્શાવતા કહે છે – આ પ્રમાદ ક્યાંથી થાય છે ? "ક્યાંથી ઉદ્ભવે છે ?" એમ પાઠાંતર છે.

યોગ - મન વગેરેનો વ્યાપાર. પ્રમાદનો ઉત્પાદક યોગ છે ? કેમકે મદ્યાદિનું સેવન અને મિથ્યાત્વાદિ ત્રણ રૂપ પ્રમાદ, મન વગેરેના વ્યાપારથી જ સંભવે... વીર્ય - વીર્યાન્તરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન જીવ પરિણામ વિશેષ... વીર્યના બે ભેદ - સકરણ અને અકરણ. તેમાં અલેશ્ય કેવલીને સમસ્ત જ્ઞેય તથા દૃશ્ય પદાર્થમાં કેવલજ્ઞાન-દર્શન ઉપયોગવાળાનો ચેષ્ટા રહિત અસ્ખલિત પરિણામ તે અકરણવીર્ય. અહીં તે અધિકાર નથી.

પરંતુ સલેશ્ય જીવનો મન-વચન-કાયરૂપ સાધનવાળો આત્મપ્રદેશના પરિસ્પંદરૂપ જે વ્યાપાર તે સકરણવીર્ય, તેનું ઉત્પાદક શરીર છે. કેમકે શરીર વિના વીર્ય ન થાય. જો કે શરીરનું કારણ એકલો જીવ નથી, કર્મ પણ છે તો પણ કર્મનું કારણ જીવ છે માટે જીવના પ્રાધાન્યથી શરીરનું કારણ જીવ કહ્યો છે.

હવે પ્રસંગવશાત્ ગોશાલકના મતને નિષેધતા કહે છે – એ રીતે ઉક્ત ન્યાયથી કાંક્ષા મોહનીય કર્મ બંધક જીવ સિદ્ધ થાય છે તો પુરુષાર્થ સાધક ઉત્થાનાદિ હોવું જોઈએ. પણ ગોશાલકના મત માફક ન હોવું જોઈએ એમ નહીં, તે નિયતિથી જ પુરુષાર્થની સિદ્ધિ માને છે. કહ્યું છે – નિયતિથી જે પ્રાપ્ત થવાનું તે અવશ્ય થાય છે. - x - જીવો ગમે તેટલે પ્રયત્ન કરે તો પણ ન થવાનું થતું નથી અને થવાનો નાસ નથી. આ રીતે અપ્રમાણિક નિયતિ સ્વીકારાય તો પ્રત્યક્ષ સિદ્ધ પુરુષાર્થનો અપલાપ થાય છે.

उत्थान - ઉઠવું - x - कर्म्म - ઉંચું ફેંકવું, નીચું ફેંકવું આદિ બલ - શારીરિક પ્રાણ, वीर्य - જીવનો ઉત્સાહ, पुरुषकार - પુરુષત્વ અભિમાન, ઈષ્ટ ફળને સાધનાર પુરુષકાર તે પરાક્રમ અથવા પુરુષની ક્રિયા, તે પ્રાયઃ સ્ત્રી ક્રિયાથી પ્રકર્ષવાળી થાય છે, માટે વિશેષતાપૂર્વક તે પુરુષકારનું અહીં ગ્રહણ કરવું. पराक्रम - શત્રુનું નિરાકરણ... કાંક્ષા મોહનીય કર્મનું વેદન અને બંધ હેતુસહિત કહ્યો, હવે તે જ કર્મની ઉદીરણા અને બીજું દર્શાવવા કહે છે –

● **સૂત્ર-૪૩ :-**

***ભગવન્ ! શું જીવ પોતાની મેળે જ ઉદીરે છે ? આપમેળે જ ગર્હે છે ? આપમેળે જ સંવરે છે ? હા, ગૌતમ ! તેમજ છે.***

***ભગવન્ ! જે તે આપમેળે જ ઉદીરે છે - ગર્હે છે. સંવરે છે, તો શું ઉદીર્ણ ઉદીરે છે ? અનુદીર્ણને ઉદીરે છે ? અનુદીર્ણ અને ઉદીરણા યોગ્યને ઉદીરે છે ? કે ઉદયાનંતર પશ્ચાત્ કર્મને ઉદીરે છે ? ગૌતમ ! તે ઉદીર્ણ, અનુદીર્ણ કે ઉદયાનંતર પશ્ચાત્ કર્મને નથી ઉદીરતો પણ અનુદીર્ણ અને ઉદીરણા યોગ્ય***

***કર્મને ઉદીરે છે.***

***ભગવન્ ! જો તે અનુદીર્ણ-ઉદીરણાયોગ્ય કર્મને ઉદીરે છે, તો તે શું ઉત્થાનથી, કર્મથી, બલથી, વીર્યથી, પુરુષકારપરાક્રમથી ઉદીરે છે ? કે અનુત્થાનથી, અકર્મથી, અબલથી, અવીર્યથી અને અપુરુષકાર પરાક્રમથી ઉદીરે છે ? ગૌતમ ! તે ઉત્થાનથી, કર્મ-બલ-પુરુષકાર પરાક્રમથી અનુદીર્ણ-ઉદીરણા યોગ્ય કર્મને ઉદીરે છે. અનુત્થાન, અકર્મ, અબલ, અવીર્યાદિથી નહીં. જો એમ છે, તો ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે, પુરુષકાર પરાક્રમ છે.***

***ભગવન્ ! તે આપમેળે જ ઉપશમાવે, આપમેળે જ ગર્હે, આપમેળે જ સંવરે ? હા, ગૌતમ ! અહીં પણ તેમજ કહેવું. પણ વિશેષ આ - અનુદીર્ણને ઉપશમાવે, બાકી ત્રણેનો નિષેધ કરવો.***

***ભગવન્ ! જો તે અનુદીર્ણને ઉપશમાવે તે શું ઉત્થાનથી યાવત્ પુરુષકાર પરાક્રમથી ? કે અનુત્થાન આદિથી ઉપશમાવે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું.... ભગવન્ ! પોતાની જ મેળે વેદે અને ગર્હે ? ગૌતમ ! પૂર્વોક્ત પરિપાટી જાણવી, વિશેષ આ - ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને નહીં. એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી વેદે છે.***

***ભગવન્ ! તે આપમેળે જ નિર્જરે અને ગર્હે ? અહીં પણ પૂર્વોક્ત પરિપાટી જાણવી. વિશેષ એ કે — ઉદયાનંતર પશ્ચાતકૃત્ કર્મને નિર્જરે છે અને એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી નિર્જરે.***

**● વિવેચન-૪૩ :-**

સ્વયં જ જીવ, આ સૂત્રથી કર્મના બંધાદિમાં મુખ્યતાએ જીવનો જ અધિકાર છે, બીજાનો નહીં. “બીજા પદાર્થ નિમિત્તે જીવને જરાપણ કર્મબંધ કહ્યો નથી.” ઉદીરે છે એટલે ભાવિકાળે વેદવાના કર્મને તેનો નાશ કરવા કરણ વિશેષથી ખેંચી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો... गरहइ - કર્મના સ્વરૂપને જાણવાથી કે તેના કારણની ગર્હા દ્વારા બોધ પામીને કર્મને આત્મા વડે જ ગર્હે છે અર્થાત્ ભૂતકાળમાં કરેલ કર્મને નિંદે છે... संवरइ - સ્વરૂપથી કે તેના હેતુને અટકાવવાથી વર્તમાનકાળના કર્મને અટકાવે છે - કરતો નથી. જો કે ગર્હા આદિમાં ગુરુ આદિ પણ સહકારિરૂપે હોય છે. તો પણ તેની પ્રધાનતા નથી. કેમકે તેમાં જીવનું વીર્યત્વ મુખ્ય છે.

હવે ઉદીરણાને આશ્રીને કહે છે — સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ કે — સૂત્રકારે उदीर्ण સાથે उदीरेइ જોડ્યું તેમ गरहेइ, संवरेइ પદ કેમ ન જોડ્યા ? ઉદીરણાદિમાં કર્મવિશેષણ ચતુષ્ટ્યમાં ઉદીરણાને આશ્રીને વિશેષણોનો સદ્ભાવ છે, પણ બીજા પદો સાથે નથી માટે.

જો એમ છે તો ઉદ્દેશ સૂત્રમાં गर्हिते, संवृणोति એ બે પદ કેમ લીધાં ? ગર્હણ અને સંવરણ બંને ઉદીરણાના સાધન છે એમ જણાવવા માટે. આ પ્રમાણે આગળ પણ સમજવું.

- x - ઉદીર્ણને ઉદીરતો નથી, કેમકે (૧) ઉદીર્ણનું ફરીથી ઉદીરણ કરવાથી



ઉદીરણાનો પાર આવશે નહીં. (૨) જે કર્મની ઉદીરણા ઘણી મોડી થવાની છે અથવા નથી થવાની તે અનુદીર્ણ કર્મ સંબંધી ઉદીરણા વર્તમાન કે ભાવિકાલે થતી નથી માટે. (૩) જે સ્વરૂપથી અનુદીર્ણ છે, તો પણ તુરંતમાં જ ઉદીરણા યોગ્ય છે તે ઉદીરણાભાવિ કહેવાય, તેને ઉદીરે છે કેમકે તે વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત છે. જેની ઉદીરણા થવાની હોય તે ઉદીરણાભવિક કહેવાય. જે કર્મ ઉદીરણા યોગ્ય હોય તે ઉદીરણાભવ્ય કહેવાય. (૪) જે કર્મ ઉદયમાં આવી ગયેલ હોય તેને પણ ઉદીરતો નથી કેમકે તે અતીતરૂપ છે.

જો કે અહીં ઉદીરણાદિમાં કાળ, સ્વભાવાદિ કારણત્વ છે તો પણ પ્રધાનપણે તો જીવનું વીર્ય જ કારણ છે, તે દર્શાવે છે - સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - ઉત્થાનાદિ વડે ઉદીરે છે એમ કહ્યું. તેનો સાર એ કે — ઉદીરણ ઉત્થાનાદિથી સાધ્ય છે, બાકી બધું તેમજ છે.

કાંક્ષા મોહનીયની ઉદીરણા કહી, હવે તેનું ઉપશમન કહે છે — ઉપશમન તો મોહનીયનું જ હોય. - x - x - उपशम - ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણનું વિપાક અને પ્રદેશથી ન અનુભવવું. ઉદીર્ણનું અવશ્ય વેદન હોવાથી તેના ઉપશમનનો અભાવ છે. ઉદીર્ણ કર્મ વેદાય છે. તેથી વેદન સૂત્ર કહે છે — ઉદીર્ણ વેદાય છે. તેથી અનુદીર્ણના વેદનનો અભાવ છે. જો અનુદીર્ણ પણ વેદાય તો ઉદીર્ણ-અનુદીર્ણમાં શો ભેદ રહે ? વેદાતુ કર્મ નિર્જરે છે, માટે નિર્જરા સૂત્ર કહે છે —

ઉદયમાં આવેલ કર્મ જીવ પ્રદેશથી ખરી પડે છે, બીજું નહીં. કેમકે બીજા કર્મનો રસ વેદાયો નથી. ઉદીરણ-ઉપશમન-વેદન-નિર્જરણ સૂત્રોક્ત અર્થ સંગ્રહ ગાથા — “ત્રીજામાં ઉદીરે છે, બીજામાં ઉપશમાવે છે, પહેલા અને ચોથામાં સર્વ જીવો વેદે છે અને નિર્જરે છે.” હવે કાંક્ષા મોહનીયના વેદનાદિ સૂત્રો ૨૪-દંડકોમાં યોજે છે —

**● સૂત્ર-૪૪ :-**

***ભગવન્ ! નૈરયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? જેમ સામાન્ય જીવો કહ્યા, તેમ નૈરયિક યાવત્ સ્તનિતકુમારો કહેવા.***

***ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? હા, વેદે છે. ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીયકર્મ કઈ રીતે વેદે છે ? ગૌતમ ! તે જીવોને એવો તર્ક-સંજ્ઞા-પ્રજ્ઞા-મન-વચન હોતા નથી કે અમે કાંક્ષા મોહનીય કર્મ વેદીએ છીએ, પણ તે વેદે તો છે.***

***ભગવન્ ! તે જ નિઃશંક, સત્ય છે, જે જિનોએ કહ્યું છે ? હા. બાકી પૂર્વવત્ યાવત્ પુરુષકાર પરાક્રમ વડે નિર્જરે છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો યાવત્ વૈમાનિકોને સામાન્ય જીવોની માફક કહેવા.***

**● વિવેચન-૪૪ :-**

અહીં — “નૈરયિકો કઈ રીતે કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? ગૌતમ ! તે - તે કારણોથી “ઇત્યાદિ નિર્જરાંત સુધીના સૂત્રો સ્તનિત કુમાર પ્રકરણના અંતના

પ્રકરણોમાં જોવાનું સૂચવે છે. તેમાં જ્યાં જ્યાં પૂર્વે 'જીવ' પદ કહ્યું, ત્યાં ત્યાં 'નારકાદિ' પદ કહેવા. પંચેન્દ્રિયોમાં જ કાંક્ષા મોહનીયના શંકિતત્વ આદિ પ્રકારો ઘટે છે, એકેન્દ્રિયોમાં નહીં. તેથી તેઓના વેદન પ્રકારને વિશેષથી દર્શાવે છે –

પૃથ્વીકાયિકાદિનું સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ – આમ થશે એવા સ્વરૂપવાળો તર્ક. संज्ञा - અર્થાવગ્રહ રૂપ જ્ઞાન. प्रज्ञा - બધાં વિશેષ વિષયક જ્ઞાન. मनः - સ્મૃતિ આદિ શેષ મતિ ભેદ રૂપ. वइ - વચન, બાકીનું બધું ઔઘિક પ્રકરણમાં કહ્યા મુજબ જાણવું. તે આ પ્રમાણે - तमेव सच्चं नीसंकं० સૂત્ર કહેવું. - x - x -

પૃથ્વીકાય પ્રકરણ માફક અપ્કાયાદિ પ્રકરણો ચતુરિન્દ્રિય પ્રકરણ સુધી કહેવા. તિર્યંચ પંચેન્દ્રિયથી વૈમાનિક સુધીના પ્રકરણ ઔઘિક જીવ પ્રકરણ માફક કહેવા. - x - કાંક્ષા મોહનીયનું વેદન નિર્ગ્રન્થ સિવાયના બધાં જીવોને ભળે હોય, પણ તેનું વેદન નિર્ગ્રન્થોને ન સંભવે. કેમકે તેમની બુદ્ધિ જિનઆગમથી પવિત્ર થયેલ હોય છે. તે વિશે પ્રશ્ન પૂછતાં કહે છે –

● **સૂત્ર-૪૫ :-**

***હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે. શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને કઈ રીતે વેદે છે ? ગૌતમ ! તે તે જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાતર, પ્રવચનાંતર, પ્રાવચનિકાંતર, કલ્પાંતર, માર્ગાતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર, પ્રમાણાંતર વડે શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થઈને, એ રીતે શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે. - - - ભગવન્ ! તે જ નિઃશંક સત્ય છે, જે જિનોએ જણાવેલ છે ? હા, ગૌતમ ! તેમજ છે. યાવત્ પુરુષકાર પરાક્રમ કરે છે - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૪૫ :-**

अस्ति - વિધમાન છે, श्रमण - વ્રતવાળા. अपि શબ્દ શ્રમણોના કાંક્ષા મોહનીયના અવેદન સંભાવનાર્થે છે. તેઓ શાક્યાદિ પણ હોઈ શકે તેથી કહે છે – निर्ग्रन्थ - એટલે બાહ્ય અને અભ્યંતર ગ્રંથિરહિત અર્થાત્ સાધુ. એક જ્ઞાનથી બીજું જ્ઞાન તે જ્ઞાનાંતર, તે જ્ઞાન વિશેષથી કે જ્ઞાન વિશેષમાં શંકાદિને પામેલા, ઇત્યાદિ સાથે સંબંધ જોડવો.

તેમાં શંકાદિ આ પ્રમાણે – પરમાણુથી લઈને બધાં રૂપી દ્રવ્યો સુધીના વિષયોને ગ્રહણ કરનાર અવધિજ્ઞાન છે તો મનઃપર્યવજ્ઞાનની શું જરૂર છે ? તે મનોદ્રવ્યો અવધિજ્ઞાન વડે પણ જોઈ શકાય છે. [કહે છે –] આ જ્ઞાનાંતર શંકા છે. જો કે અવધિજ્ઞાન વડે મનોદ્રવ્યો ઉપલબ્ધ થઈ શકે છે, તો પણ મનઃપર્યવજ્ઞાન અવધિના ભેદોમાં સમાઈ શકતું નથી. કેમકે બંનેનો ભિન્ન સ્વભાવ છે. મનઃપર્યવજ્ઞાન માત્ર મનોદ્રવ્યનું જ ગ્રાહક છે અને તે જ્ઞાનમાં પ્રથમ દર્શન હોતું નથી. કેટલુંક અવધિજ્ઞાન મન સિવાયના દ્રવ્યોનું ગ્રાહક છે તથા કેટલુંક મન અને બીજા દ્રવ્યોનું પણ ગ્રાહક છે. તે દર્શન પૂર્વક હોય છે. પણ માત્ર મનોદ્રવ્ય ગ્રાહક ન હોય. ઇત્યાદિ





ઘણી વક્તવ્યતા છે, માત્ર મનઃપર્યવજ્ઞાન જુદું જ હોય છે.

दर्शन - સામાન્ય બોધ, તે ઈન્દ્રિય અને મન નિમિત્તે હોય છે - x - એક ચક્ષુર્દર્શન અને બીજું અચક્ષુર્દર્શન એવો ભેદ કેમ ? અને જો ચક્ષુ આદિ ઈન્દ્રિયો લઈએ તો છ ભેદ થાય, તો અહીં બે જ ભેદ કેમ ? સમાધાન-વસ્તુના સામાન્ય અને વિશેષ બે ભેદ છે. અહીં ચક્ષુર્દર્શન વિશેષથી છે અને અચક્ષુર્દર્શન સામાન્યથી છે. તેના પણ પ્રાપ્યકારી, અપ્રાપ્યકારી એવા બે વિભાગ પ્રકારાંતરે છે મન અપ્રાપ્યકારી છે, તો પણ મનને અનુસરનારી પ્રાપ્યકારી ઈન્દ્રિયો ઘણી છે, માટે મનોદર્શન અને બીજી દરેક ઈન્દ્રિયોનું દર્શન અચક્ષુર્દર્શનથી લીધું છે. - x - - અથવા -

दर्शन - સમ્યક્ત્વ - તેમાં શંકા - ક્ષાયોપશમિકનું લક્ષણ આ છે - ઉદીર્ણ થયેલ મિથ્યાત્વ ક્ષીણ થયું હોય, અનુદીર્ણ ઉપશાંત હોય. ઔપશમિકનું સ્વરૂપ - ઉદીર્ણ મિથ્યાત્વ ક્ષીણ થયું હોય અને બાકીનું અનુદીર્ણ હોય ત્યારે અંતર્મુહૂર્ત્ત પર્યન્ત ઔપશમિક સમ્યક્ત્વ પામે. આ રીતે બંનેમાં કોઈ તફાવત દેખાતો નથી, તો બંને જુદા કેમ ?

ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણનો વિપાકાનુભવ અપેક્ષાએ ઉપશમ હોય પણ પ્રદેશાનુભવની અપેક્ષાએ ઉદય જ હોય તે ક્ષયોપશમ જ્યારે ઉપશમમાં તો પ્રદેશાનુભવ જ નથી, તેથી બંનેમાં તફાવત છે. કહ્યું છે – ક્ષાયોપશમિક ભાવમાં વિધમાન કર્મ વેદાય છે, ઉપશાંત કષાયવાળો તો સત્ કર્મને પણ વેદતો નથી.

चारित्र - સામાયિક, સર્વ સાવધવિરતિરૂપ છે, છેદોપસ્થાપનીય પણ મહાવ્રતરૂપ હોવાથી અવધવિરતિરૂપ જ છે તો ભેદ શો ? [સમાધાન] પહેલા જિનના સાધુ ઋજુ-જડ અને છેલ્લા જિનના વક્ર-જડ છે, તેથી તેમના આશ્વાસન માટે આ બે ભેદ કહ્યા છે. માત્ર સામાયિક ચારિત્ર હોય, તેમાં કોઈ દોષ આવે તો તેમને થાય કે અમે ભગ્ન ચારિત્રી છીએ પણ જો છેદોપસ્થાપનીયમાં વ્રતારોપણ થતાં પૂર્વે સામાયિકમાં કંઈક અશુદ્ધિ હોય તો નિવારણ થઈ જતાં તેને એમ ન થાય કે તે અશુદ્ધ છે - x -

लिङ्ग - સાધુવેષ, મધ્યમ જિનોના સાધુને યથાલબ્ધ વસ્ત્ર માટે અનુજ્ઞા આપી, તો પહેલા-છેલ્લા જિનના સાધુને સપ્રમાણ શ્વેત વસ્ત્રો કેમ કહ્યા ? કેમકે સર્વજ્ઞોનું વચન પરસ્પર વિરુદ્ધ ન હોય. [સમાધાન] અહીં પણ ઋજુ-જડ, વક્ર-જડ, ઋજુ-પ્રાજ્ઞ શિષ્યાશ્રિત ઉપદેશ છે.

प्रवचन - આગમ, મધ્યમ જિનના પ્રવચનમાં ચતુર્યામ ધર્મ કહ્યો છે, તો પહેલા-છેલ્લા જિનોના પ્રવચનમાં પંચયામ ધર્મ કેમ કહ્યો ? અહીં પણ સમાધાન એ છે કે – ચતુર્યામ ધર્મ પણ તત્ત્વથી પંચયામ જ છે. કેમકે ચોથા વ્રતનો પરિગ્રહમાં સમાવેશ છે. કેમકે સ્ત્રી અપરિગૃહિત ન ભોગવાય.

प्रावचनिक - પ્રવચનને ભણે કે જાણે તે. કાળ અપેક્ષાએ બહુશ્રુત પુરુષ. એક પ્રાવચનિક આમ કરે છે, બીજા આમ ? તેમાં તત્ત્વ શું ? સમાધાન-ચારિત્રમોહનીય ક્ષયોપશમ વિશેષથી ઉત્સર્ગ-અપવાદને લીધે પ્રાવચનિકોની પ્રવૃત્તિ વિચિત્ર જણાય છે, તે સર્વથા પ્રમાણરૂપ નથી. આગમથી અવિરુદ્ધ પ્રવૃત્તિ એ જ પ્રમાણ છે.

કલ્પ - જિનકલ્પિકાદિનો આચાર. જિનકલ્પીને નગ્નતા આદિ મહાકષ્ટવાળો કલ્પ કર્મક્ષયનું કારણ છે, તો સ્થવિરકલ્પીને વસ્ત્રાદિ પરિભોગરૂપ યથાશક્તિ કરણરૂપ અકષ્ટ સ્વભાવ કેમ કર્મક્ષય માટે થાય ? [સમાધાન] બંને કલ્પો અવસ્થાભેદથી કર્મક્ષયનું કારણ છે. પણ કષ્ટ કે અકષ્ટ એ વિશિષ્ટ કર્મક્ષય પ્રતિ કારણ નથી.

માર્ગ - પૂર્વપુરુષ ક્રમાગત સામાચારી, કોઈમાં બે ચૈત્યવંદન, અનેકવિધ કાયોત્સર્ગ કરણાદિ રૂપ છે, બીજાની સામાચારી તેવી નથી. તો તેમાં તત્ત્વ શું ? [સમાધાન] તેના પ્રવર્તક અશઠ ગીતાર્થ છે. તે સામાચારી આચરિતલક્ષણ યુક્ત છે, માટે તે બધી વિરુદ્ધ નથી. અહીં આચરિત એટલે - અશઠ પુરુષે આચરેલ, અસાવધ, કોઈ સ્થળે કોઈથી પણ નિવારિત ન હોય તથા બહુમત અનુમત હોય તે આચરિત.

મત - સમાન શાસ્ત્રમાં આચાર્યોનો જુદો અભિપ્રાય. જેમકે - સિદ્ધસેન દિવાકરના મતે - કેવલીને યુગપદ્ જ્ઞાન, દર્શન હોય અન્યથા તદાવરક કર્મક્ષય નિરર્થક થાય. જ્યારે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના મતે કેવલીને ભિન્ન સમયે જ્ઞાન-દર્શન હોય કેમકે જીવનું સ્વરૂપ એવું છે. તથા મતિ-શ્રુતાવરણનો ક્ષયોપશમ સમાન છે છતાં બંને જ્ઞાન ક્રમપૂર્વક જ થાય છે, પણ એક જ્ઞાનના ઉપયોગમાં બીજાના ક્ષયોપશમનો અભાવ હોતો નથી. કેમકે તેમનો ક્ષયોપશમ કાળ ઉત્કૃષ્ટથી ૬૬-સાગરોપમ છે. તો આ બંનેમાં તત્ત્વ શું ? [સમાધાન] જે મત આગમને અનુસરે તે સત્ય અને બીજાની ઉપેક્ષા કરવી. તે તો બહુશ્રુત જ જાણે. અબહુશ્રુત હોય તે આ ન જાણી શકે. આચાર્યના સંપ્રદાયથી આ મતભેદ છે જિનોનો મત તો એક છે અને અવિરુદ્ધ છે. કેમકે તેમને રાગાદિ દોષ નથી. - x - x -

ભઙ્ગ - બે વગેરે સંયોગ ભંગ. જેમકે દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં, તે એક ભંગ. એવી ચતુર્ભંગી. અહીં પહેલો પણ ભંગ યુક્ત નથી. કેમકે દ્રવ્યહિંસા - ઈર્યા સમિતિથી જતાં કીડી વગેરેની હિંસા, તેમાં હિંસા લક્ષણ ઘટતું નથી માટે હિંસા નથી. કહ્યું છે – પ્રમત્ત પુરુષની ક્રિયાથી જો જીવ હણાય, તો નક્કી તે પુરુષ હિંસક છે. પ્રથમ ભંગમાં તેમ નથી તો હિંસા કેમ ?

આ શંકા યુક્ત નથી. કેમકે આ ગાથામાં કહેલ લક્ષણ દ્રવ્ય-ભાવ હિંસાને આશ્રીને છે. દ્રવ્યહિંસા તો મરણ માત્રપણે રૂઢ છે.

નય - દ્રવ્યાસ્તિકાદિ દ્રવ્યાસ્તિક મતે નિત્ય વસ્તુ પર્યાયાસ્તિક મતે અનિત્ય કઈ રીતે હોય ? તે વિરુદ્ધ છે. - - આશંકા અયુક્ત છે. દ્રવ્ય અપેક્ષાએ તેનું નિત્યપણું છે. પર્યાય અપેક્ષાએ અનિત્યત્વ છે. એક કાળે એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ વિરુદ્ધ ધર્મો હોઈ શકે. જેમ પિતાની અપેક્ષાએ જે પુત્ર છે, તે પુત્ર અપેક્ષાએ પિતા છે.

નિયમ - અભિગ્રહ. એક સર્વવિરતિ સામાયિક નિયમ કર્યો પછી પૌરુષિ આદિ નિયમ શા માટે ? સામાયિકથી જ બધાં ગુણો પ્રાપ્ત થાય છે - - આ શંકા અયુક્ત છે. સામાયિક હોય છતાં પૌરુષિ આદિ નિયમો યુક્ત છે. કેમકે તેથી અપ્રમાદ વૃદ્ધિનો હેતુ છે - કહ્યું છે - સર્વ સાવધ ત્યાગરૂપ સામાયિક હોય તો પણ આ નિયમો ગુણકર



કહ્યા છે.

પ્રમાણ - પ્રત્યક્ષાદિ. તેમાં આગમ પ્રમાણ - ભૂમિથી ઉંચે ૮૦૦ યોજને સૂર્ય સંચરે છે. જ્યારે આપણે નજરથી તો સૂર્યને હંમેશા પૃથ્વીથી નીકળતો જોઈએ છીએ. તો અહીં સત્ય શું ? સમાધાન-સૂર્યને આપણે નીકળતો જોઈએ છીએ તે પ્રત્યક્ષ સત્ય નથી. કેમકે સૂર્ય ઘણો દૂર હોવાથી તે સંબંધે આપણને ભ્રમ થવો સંભવે છે.

**શતક-૧, ઉદ્દેશો-૩-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧-ઉદ્દેશો-૪-કર્મપ્રકૃત્તિ ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩-માં કર્મનું ઉદીરણ, વેદન આદિ કહ્યું. તેના જ ભેદાદિને દર્શાવવા, તથા દ્વાર ગાથામાં કહેલ 'પ્રકૃતિ'ને દર્શાવવા કહે છે.

● **સૂત્ર-૪૬,૪૭ :-**

***[૪૬] ભગવન્ ! કર્મપ્રકૃત્તિઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કર્મ પ્રકૃતિઓ કહી છે. પન્નવણા સૂત્રનો 'કર્મપ્રકૃતિ' પદનો પહેલો ઉદ્દેશો અનુભાગ સમાપ્ત થાય ત્યાં સુધી કહેવો.***

***[૪૭] કેટલી પ્રકૃતિ, કઈ રીતે બાંધે, કેટલા સ્થાને પ્રકૃતિ બાંધે ? કેટલી પ્રકૃતિ વેદે ? કોનો કેટલો અનુભાગ [રસ] છે ?***

● **વિવેચન-૪૬,૪૭ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ – કર્મ પ્રકૃતિ એ પન્નવણાસૂત્રનું ૨૩મું પદ છે. તેનો પહેલો ઉદ્દેશો જાણવો. તેની સંગ્રહગાથા આ છે – તેમાં कइ पगडी નામે દ્વાર છે, તે આ - ભગવન્ ! કર્મપ્રકૃત્તિઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ, જ્ઞાનાવરણીય આદિ. 'कह बंधई' એ દ્વાર છે, તે આ - ભગવન્ ! જીવ આઠ કર્મ પ્રકૃતિ કેવી રીતે બાંધે છે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જીવ દર્શનાવરણીય કર્મને પામે. દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન મોહનીય કર્મને વિપાકાવસ્થ કરે છે. દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વને પામે. મિથ્યાત્વથી આઠે બાંધે. કર્મબંધ પ્રવાહના અનાદિત્વથી, ઉક્ત રીતે કર્મબંધમાં ઈત્તરેત્તર આશ્રય દોષ થતો નથી. - - ''कइहिं च ठाणेहिं'' દ્વાર છે, તે આ રીતે –

– જીવ કેટલા સ્થાનો વડે જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? ગૌતમ ! બે સ્થાનો વડે - રાગથી, દ્વેષથી. - - 'कइ वेएइ' એ દ્વાર આ રીતે છે. ભગવન્ ! જીવ કેટલી કર્મપ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! કેટલીકને વેદે છે, કેટલીકને નથી વેદતો. જેને વેદે છે તે આઠ છે. ઇત્યાદિ - x - x -

અનુભાગો कइविहो कस्स એ દ્વાર છે. તે આ - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો રસ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! દશ પ્રકારે છે - શ્રોતવિજ્ઞાનાવરણ ઇત્યાદિ. અર્થાત્ દ્રવ્યેન્દ્રિયાવરણ, ભાવેન્દ્રિય-આવરણ. - કર્મ વિચારણા અધિકારથી મોહનીય સંબંધે કહે છે –

● **સૂત્ર-૪૮ :-**

***ભગવન્ ! કૃત્ મોહનીયકર્મ ઉદયમાં આવેલ હોય ત્યારે જીવ ઉપસ્થાપન કરે ? ગૌતમ ! હા, કરે. ભગવન્ ! તે ઉપસ્થાપન વીર્યતાથી થાય કે અવીર્યતાથી ? ગૌતમ ! વીર્યતાથી ઉપસ્થાપન થાય, અવીર્યતાથી નહીં. જો વીર્યતાથી થાય તો તે ઉપસ્થાપન બાલવીર્યતાથી થાય, પંડિત વીર્યતાથી થાય કે બાલપંડિત વીર્યતાથી ? ગૌતમ ! તે બાલવીર્યતાથી થાય, પંડિત કે બાલપંડિત વીર્યતાથી ન થાય.***

***ભગવન્ કૃત્ મોહનીયકર્મ ઉદયમાં આવે ત્યારે જીવ અપક્રમણ કરે ? હા, કરે. ભગવન્ ! યાવત્ તે બાલપંડિતવીર્યથી કરે ? ગૌતમ ! બાલવીર્યતાથી અપક્રમણ કરે, કદાચ બાલપંડિત વીર્યતાથી કરે, પણ પંડિતવીર્યતાથી ન કરે. - - જે રીતે 'ઉદીર્ણ'ના બે આલાવા કહ્યા, તેમ 'ઉપશાંત' સાથે પણ બે આલાવા કહેવા. વિશેષ એ કે — ત્યાં પંડિત વીર્યતાથી ઉપસ્થાપન અને બાલપંડિતવીર્યતાથી અપક્રમણ થાય.***

***ભગવન્ ! તે અપક્રમણ આત્માથી થાય કે અનાત્માથી ? ગૌતમ ! અપક્રમણ આત્માથી થાય, અનાત્માથી નહીં. ભગવન્ ! મોહનીય કર્મને વેદતો તે એ એ પ્રમાણે કેમ હોય ? ગૌતમ ! પહેલા તેને એ પ્રમાણે રુચતું હતું, હવે તેને એ એમ રુચતું નથી માટે એ એમ છે.***

● **વિવેચન-૪૮ :-**

મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં ઉપસ્થાન-પરલોકની ક્રિયાનો સ્વીકાર કરે ? વીર્યના યોગથી વીર્ય એટલે પ્રાણી, તેનો ભાવ તે વીર્યતા. વીર્યનો ભાવ તે વીર્યતા. તેના વડે. વીર્યના અભાવ વડે. કેમકે ઉપસ્થાનમાં વીર્યની જરૂર પડે. જેને સમ્યગ્ અર્થનો બોધ ન હોય અને સદ્‌બોધકારક વિરતિ ન હોય તે જીવ 'બાલ' કહેવાય. મિથ્યાદૃષ્ટ જીવ તે બાલ. તેની વીર્યતા-પરિણતિ વડે. पण्डित - સર્વ પાપનો ત્યાગી, તેનાથી અન્ય જ્ઞાનહીન હોવાથી અપંડિત છે. કહ્યું છે કે — તે જ્ઞાન જ નથી, જેના ઉદયમાં રાગાદિની પરિણતિ આત્મામાં દેખાય. જે સર્વવિરત છે તે પંડિત છે. बालपण्डित - દેશથી વિરતિનો અભાવ તે બાલ અને દેશથી વિરતિનો સદ્‌ભાવ, બાલપંડિત એટલે દેશવિરત. અહીં મિથ્યાત્વના ઉદયમાં મિથ્યાદૃષ્ટિત્વથી જીવનું બાલવીર્યથી જ ઉપસ્થાન છે, બીજા બે વડે નહીં. - - એ જ વાતને કહે છે.

ઉપસ્થાનનું વિપક્ષ અપક્રમણ છે, તેને આશ્રીને કહે છે — જીવ ઉત્તમ ગુણ સ્થાનેથી હીનતર ગુણસ્થાનને પામે. बालवीर्यता - મિથ્યાત્વ મોહના ઉદયે સમ્યક્ત્વથી, સંયમથી, દેશસંયમથી પાછો વળી મિથ્યાદૃષ્ટિ થાય. પંડિતતાથી પ્રધાનતર ગુણ સ્થાનકે હોવાથી પંડિતવીર્ય વડે પાછો વળે નહીં. કદાચિત્ ચારિત્ર મોહનીયનો ઉદય હોય તો સંયમથી પતિત થઈને બાલપંડિતવીર્યથી દેશવિરત થાય. વાચનાંતરમાં તો બાલપંડિત વીર્ય વડે પણ અપક્રમણ ન પામે તેમ કહેલું છે.

ઉદીર્ણનો વિપક્ષ ઉપશાંત છે. હવે ઉપશાંત સંબંધે બે સૂત્ર કહે છે — અર્થ પૂર્વવત્, વિશેષ એ - પ્રથમ આલાપકમાં જ્યારે મોહનીય કર્મ તદ્દન ઉપશાંત થાય છે



ત્યારે પંડિતવીર્યથી ક્રિયામાં ઉપસ્થાન કરે કેમકે ઉપશાંત મોહાવસ્થામાં પંડિત વીર્ય જ હોય. બીજા બે ન હોય. વૃદ્ધોએ કોઈ વ્યાખ્યાનને આશ્રીને આમ કહ્યું છે — મોહનીય ઉપશાંત થતા મિથ્યાદૃષ્ટિ ન થાય, પણ સાધુ કે શ્રાવક થાય.

બીજા આલાપકમાં - મોહનીય ઉપશાંત થતા બાલપંડિતવીર્ય વડે સંયતતાથી પાછો ખસી દેશ સંયત થાય છે. કેમકે તેનો મોહોપશમ અમુક ભાગે છે. પણ મિથ્યાદૃષ્ટિ ન થાય. કેમકે મોહના ઉદયે જ મિથ્યાદૃષ્ટિત્વ છે અને અહીં મોહોપશમ સંબંધી અધિકાર છે.

'અપક્રમે છે' એમ જે કહ્યું, તે સંબંધે સામાન્યથી પ્રશ્ન કરે છે - એ જીવ આત્મા વડે છે કે અનાત્મા વડે અર્થાત્ પર વડે અપક્રમે અર્થાત્ પહેલા પંડિતત્વરુચિ થઈને પછી મિશ્રરુચિ કે મિથ્યારુચિ થાય તે આત્માથી કે પરથી ? તે કયો જીવ ? મિથ્યાત્વ કે ચારિત્ર મોહનીયને વેદતો અર્થાત્ મોહનો ઉદયવર્તી. મોહનીયને વેદતા જીવનું અપક્રમણ કયા પ્રકારે થાય ? અપક્રમણ પૂર્વે આ અપક્રમણકારી જીવ જિનોના કહ્યા પ્રમાણે જીવાદિ કે અહિંસાદિ વસ્તુ પ્રત્યે રુચિ-શ્રદ્ધા રાખે છે - કરે છે. મોહનીય ઉદયકાળે એ જ જીવ જીવાદિ કે અહિંસાદિમાં રુચિ-શ્રદ્ધા રાખતો નથી, તેમ કરતો નથી. એ કારણે મોહનીયના વેદનમાં અપક્રમણ થાય.

મોહનીય કર્માધિકારથી હવે સામાન્ય કર્મને વિચારે છે —

● **સૂત્ર-૪૯ :-**

***ભગવન્ ! નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવે જે પાપકર્મ કર્યુ છે, તેને વેદ્યા વિના શું મોક્ષ નથી ? હા, ગૌતમ ! કરેલ પાપકર્મ વેદ્યા વિના નૈરયિકાદિનો મોક્ષ નથી. ભગવન્ ! એવું કેમ કહો છો કે - યાવત્ મોક્ષ નથી ? ગૌતમ ! નિશ્ચિતપણે મેં કર્મના બે પ્રકાર કહ્યા છે - પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. તેમાં જે પ્રદેશ કર્મ છે, તે નિયમા વેદવું પડે, જે અનુભાગકર્મ છે તેમાં કેટલુંક વેદાય છે, કેટલુંક નથી વેદાતુ. અરહંત દ્વારા એ જ્ઞાત છે, સ્મૃત છે, વિજ્ઞાત છે કે આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદના વડે વેદશે. આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદનાથી વેદશે. તે કર્મને અનુસારે, નિકરણોને અનુસારે જે-જે રીતે ભગવંત જોયેલ છે, તે - તે રીતે તે વિપરિણમશે. માટે હે ગૌતમ ! એમ કહ્યું કે - યાવત્ કૃતકર્મ વેદ્યા વિના નૈરયિકાદિને મોક્ષ નથી.***

● **વિવેચન-૪૯ :-**

નૈરયિક આદિનો મોક્ષ નથી. તેઓએ જે અશુભ-નરકાગતિ આદિ પાપકર્મ બાંધ્યું છે, તે સર્વે મોક્ષ વ્યાઘાત હેતુત્વથી પાપ છે, તે પાપકર્મને ભોગવ્યા વિના [મોક્ષ નથી ?] હવે કહેવાશે એ પ્રકારે. મેં કહ્યું છે. આ સૂત્ર વડે પોતાના સર્વજ્ઞપણાથી વસ્તુ પ્રતિપાદનમાં પોતાની સ્વતંત્રતા દર્શાવી છે. જીવના પ્રદેશોમાં જે કર્મપુદ્‌ગલો તદ્રુપ છે, તે પ્રદેશકર્મ. અનુભાગ એટલે તે જ કર્મપ્રદેશોનો અનુભવાતો રસ, તદ્રુપ જે કર્મ તે અનુભાગ કર્મ. તેમાં પ્રદેશ કર્મ નિયમા વેદાય છે. તેનો વિપાક અનુભવાતો નથી, તો પણ કર્મપ્રદેશનો ક્ષય અવશ્ય થાય છે.

અનુભાગકર્મ તથાભાવે વેદે છે અને નથી વેદતો. જેમકે - મિથ્યાત્વના ક્ષયોપશમ કાલે તેને અનુભાગકર્મપણે નથી વેદતો પણ પ્રદેશ કર્મપણે તો વેદે જ છે. અહીં પૂર્વોક્ત વેદવા યોગ્ય કર્મને વેદવાના બે પ્રકાર છે, તેને અર્હતોએ જ જાણ્યા છે, તે દર્શાવે છે —

વેદનાના બંને પ્રકારને અરહંતે સામાન્યથી જાણ્યા છે, સ્મર્યા-પ્રતિપાદિત કર્યા છે, અનુચિંતિત કર્યા છે. જિનવર કેવલી હોવાથી તેને સર્વ વસ્તુ પ્રત્યક્ષ જ હોય છે, છતાં જે 'સ્મર્યા' એ પદ મૂક્યું, તે જિનના જ્ઞાન સાથે સ્મરણનું અવ્યભિચારી સાદૃશ્ય બતાવે છે.

विण्णायं - દેશ, કાળ આદિ વિભાગરૂપે વિવિધ પ્રકારે જ્ઞાત તે વિજ્ઞાત. તે જ કહે છે — આ સૂત્રથી કર્મ અને જીવ. જિનને પ્રત્યક્ષ જણાય છે એમ સૂચવ્યું છે, કેમકે અરહંત કેવલિ છે. અભ્યુપગમ - પ્રવ્રજ્યા લીધાં પછી બ્રહ્મચર્ય, ભૂમિશય્યા, કેશલોચાદિનો સ્વીકાર, તેનાથી નિર્વૃત્ત ક્રિયા તે આભ્યુપગમિકી વડે વેદશે. ભાવિકાળ વિષયક જ્ઞાન વિશિષ્ટ જ્ઞાનીને જ હોય, ભૂત અને વર્તમાનકાળ સંબંધી જ્ઞાન તો અનુભવ દ્વારા બીજાને પણ હોય, તે જણાવવા અહીં 'વેદશે' કહ્યું.

જેનાથી ઉપક્રમાય તે ઉપક્રમ-કર્મને વેદવાનો ઉપાય, તેમાં થયેલ તે ઔપક્રમિકી - સ્વયં ઉદીર્ણ કે ઉદીરણાકરણથી ઉદયમાં આણેલ કર્મનો અનુભવ, તેના વડે - ઔપક્રમિકી વેદનાથી વેદશે.

જેવી રીતે કર્મ બાંધ્યુ તે પ્રકારે અને વિપરિણામના કારણરૂપ નિયત દેશ, કાલાદિક કરણની મર્યાદાને ઓળંગ્યા વિના, જે - જે રીતે કર્મ ભગવંતે જોયું હશે તે - તે પ્રકારે વિપરિણામ પામશે.

આ રીતે કર્મ વિચારણા કરી, કર્મ પુદ્‌ગલાત્મક છે, તેથી પરમાણુ આદિ પુદ્‌ગલ વિચારણા અથવા પરિણામાધિકારથી પુદ્‌ગલ પરિણામ કહે છે—

● **સૂત્ર-૫૦ :-**

***[૫૦] ભગવન્‌ ! પુદ્‌ગલ અતીત, અનંત અને શાશ્વતકાળે હતું તેમ કહેવાય ? હા, ગૌતમ ! આ પુદ્‌ગલ અતીત, અનંત, શાશ્વત કાળે હતું એમ કહેવાય. - - ભગવન્‌ ! પુદ્‌ગલ વર્તમાન શાશ્વત કાળે છે, એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય. - - ભગવન્‌ ! એ પુદ્‌ગલ અનાગત અનંત શાશ્વત કાળે રહેશે એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય. એ રીતે સ્કંધ સાથે અને જીવ સાથે પણ ત્રણ-ત્રણ આલાવા કહેવા.***

***[૫૧] ભગવન્‌ ! અતીત અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમ-સંવર-બ્રહ્મચર્ય કે પ્રવચનમાતાથી સિદ્ધ થયો, બુદ્ધ થયો - યાવત્‌ - સર્વ દુઃખોનો નાશ કરનાર થયો ?***

***ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્‌ ! એક કેમ કહો છો કે યાવત્‌ અંતકર થયો નથી ? - ગૌતમ ! જે કોઈ અંત કરે કે અંતિમ શરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો, કરે છે કે કરશે તે બધાં ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરિહંત જિન કેવલી થઈને પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને સર્વે દુઃખોનો નાશ કર્યો છે - કરે છે - કરશે. માટે હે ગૌતમ ! ઉપર મુજબ કહ્યું છે. વર્તમાનકાળમાં પણ એમ જ કહેવું વિશેષ એ કે — 'સિદ્ધ થાય છે.' કહેવું. ભાવિમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે — 'સિદ્ધ થશે' એમ કહેવું. - - છદ્મસ્થ માફક આધોવધિક અને પરમાધોવધિક જાણવા. તેમના પણ ત્રણ-ત્રણ આલાપકો કહેવા.***

***ભગવન્‌ ! અતીત અનંત શાશ્વતકાળમાં કેવલીએ યાવત્‌ સર્વે દુઃખોનો નાશ કર્યો ? હા, સિદ્ધ થયા યાવત્‌ સર્વે દુઃખોનો અંત કર્યો. અહીં છદ્મસ્થ માફક ત્રણ આલાપકો કહેવાય. સિદ્ધ થયા-થાય છે-થશે.***

***ભગવન્‌ ! અતીત અનંત શાશ્વતકાળમાં, વર્તમાન શાશ્વત સમયમાં, અનાગત અનંત શાશ્વતકાળમાં જે કોઈ અંતકરે, અંતિમશરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો - કરે છે - કરશે તેઓ ઉત્પન્ન જ્ઞાન-દર્શન-ધર અરહંત, જિન, કેવલી થઈને સિદ્ધ થાય છે. યાવત્‌ સર્વ દુઃખોનો નાશ કરશે ? હા, ગૌતમ ! યાવત્‌ તેઓ અંત કરશે.***

***ભગવન્‌ ! ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત જિન કેવલિ અલમસ્તુ-પૂર્ણ કહેવાય ? હા, ગૌતમ ! હા તે ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત જિન કેવલી પૂર્ણ કહેવાય. ભગવન્‌ ! તે એમ જ છે, એમ જ છે.***



● **વિવેચન-૫૦,૫૧ :-**

પુદ્‌ગલ એટલે પરમાણું. કેમકે આગળના સૂત્રમાં સ્કંધ લીધો છે. 'અતીત' આદિ સર્વે અધ્વ-ભાવ-કાળ છે. - x - અનાદિ હોવાથી માપ વિનાનો, અનંત. શાશ્વત - હંમેશાં રહેનારો, હજી સુધી એવું થયું નથી કે લોક કોઈ વખત ભૂતકાળરહિત હોય, સમય - કાળ હતો એમ કહેવાય ? વર્તમાનકાળ પણ સદા રહેતો હોવાથી શાશ્વત છે પ્રત્યુત્પન્ન - વર્તમાનકાળ. એ રીતે અનાગત-ભાવિકાળ શાશ્વત છે.

અનંતર સ્કંધ કહ્યો. સ્કંધ સ્વપ્રદેશ અપેક્ષાએ જીવરૂપ પણ હોય માટે હવે જીવ સૂત્ર કહે છે - જીવના અધિકારથી હવે પ્રાયઃ આખા ઉદ્દેશા સુધી યથોત્તર પ્રધાન જીવ વિશે જ વક્તવ્યતા છે —

છદ્મસ્થનો અર્થ અહીં અવધિજ્ઞાનરહિત જાણવો. માત્ર કેવલિ નહીં તે છદ્મસ્થ અર્થ ન લેવો. કેમકે આગળના જ સૂત્રમાં અવધિજ્ઞાની કહેવાશે. केवल - કોઈની સહાય વિના, શુદ્ધ, પરિપૂર્ણ કે અસાધારણ. કહ્યું છે — કેવલ એટલે એક, શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત એવા પૃથ્વી આદિ રક્ષણરૂપ સંયમ વડે, ઈન્દ્રિયકષાય નિરોધરૂપ સંવર વડે, સિદ્ધ થાય ? અહીં ગૌતમનો અભિપ્રાય આ છે — જ્યારે ઉપશાંત મોહાદિ અવસ્થા હોય, ત્યારે સંયમાદિ સર્વ વિશુદ્ધ હોય અને વિશુદ્ધ સંયમાદિથી જ સિદ્ધિ સાધ્ય છે, તે છદ્મસ્થને હોય છે. અંતકર - ભવનો અંત કરનારા, તે લાંબાકાળે ભવનો નાશ કરનારા હોય છે. તેથી કહે છે — અંતીમ શરીરી અર્થાત્‌ વર્તમાન શરીર તેનું છેલ્લું શરીર છે એટલે કે ચરમદેહી છે.

સિદ્ધિ મેળવ્યા વિના સર્વ દુઃખનો નાશ સંભવતો નથી. અનાદિથી સંસિદ્ધ

જ્ઞાનવાળા નહીં પણ ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, તેથી જ પૂજાને યોગ્ય જિન - રાગાદિનો જય કરનાર, તેવા તો છદ્મસ્થો પણ હોય, માટે કહે છે — કેવલી - સર્વજ્ઞ. સિજ્ઝંતિ આદિમાં વર્તમાનકાળનો નિર્દેશ ઉપલક્ષણથી ભૂત અને ભાવિ બંને કાળ જાણી લેવા. માટે જ પાંચમાં પદ - સવ્વદુક્ખાણ માં જણાવ્યું.

जहा छउमत्थो - અહીં ત્રણ આલાવા કહેવા. આધોવધિક એટલે પરમાવધિથી ઓછું જે અવધિ. જે જીવ તેના વડે વ્યવહાર કરે તે આધોવધિક — પરિમિત ક્ષેત્ર વિષયક અવધિ. પરમાધોવધિ એટલે આધોવધિક કરતાં જે પરમ હોય તે. પાઠાંતરથી પરમાવધિ-તે સમસ્ત રૂપી દ્રવ્યો, લોકપ્રમાણ અસંખ્યાત ખંડો, અસંખ્ય અવસર્પિણીઓ વિષયક અવધિજ્ઞાન હોય છે.

ત્રણ કાળના ભેદે ત્રણ આલાવા કહેવાય, એ ત્રણે આલાવા કેવલજ્ઞાનીને વિશે પણ કહેવા. વિશેષ, સૂત્રમાં કહ્યું જ છે. से नूनं આદિમાં ત્રણ કાળનો નિર્દેશ કહેવો જોઈએ. अलमत्थु - જીવ પૂર્ણ જ્ઞાની છે અને તેને હવે બીજું કોઈ જ્ઞાન મેળવવાનું નથી. જેટલું જ્ઞાન જીવે મેળવેલું છે, તેટલું જ પૂરતું છે કારણ કે એ જ્ઞાન સત્ય છે.

**શતક-૧, ઉદ્દેશો-૪-ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧-ઉદ્દેશો-૫ ‘‘પૃથ્વી’’ ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૪-માં અંતિમ સૂત્રમાં અર્હત્ આદિ કહ્યા. તેઓ પણ ક્યારેક પૃથ્વી જીવ હોય અથવા પૃથ્વીકાયથી નીકળી મનુષ્યત્વ પામીને અર્હતાદિ થાય. સંગ્રહણી ગાથામાં પણ પૃથ્વી કહ્યું છે, તેથી—

● **સૂત્ર-૫૨ થી ૬૦ :-**

*[૫૨] પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! સાત પૃથ્વીઓ છે. તે આ — રત્નપ્રભા યાવત્ તમસ્તમા. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે ? ગૌતમ ! ૩૦ લાખ નરકાવાસ.*

*[૫૩] ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫, લાખ, ૧૦ લાખ, ૩ લાખ, એક લાખમાં પાંચ ઓછા, ૫-અનુત્તર નિરયાવાસ અનુક્રમે ૭-નરકમાં છે.*

*[૫૪] ભગવન્ ! અસુરકુમારોના આવાસ કેટલા લાખ છે ?*

*[૫૫] અસુરના ૬૪ લાખ, નાગના ૮૪ લાખ, સુવર્ણના ૭૨-લાખ, વાયુના ૯૬ લાખ, - - [૫૬] દ્વીપ-દિશા-ઉદધિ-વિદ્યુત્-સ્તનિત-વાયુ એ છ એ કુમારોના યુગલના ૭૬ લાખ આવાસો છે.*

*[૫૭] ભગવન્ ! પૃથ્વીકાયિકોના કેટલા લાખ આવાસો છે ? ગૌતમ ! પૃથ્વીકાયિકોના અસંખ્યેય લાખ આવાસો કહ્યા છે. એ પ્રમાણે હે ગૌતમ ! યાવત્ જ્યોતિષ્કના અસંખ્યાત લાખ આવાસો છે.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસો છે ? ગૌતમ ! ૩૨-લાખ વિમાનાવાસ છે. એ રીતે ક્રમશઃ વિમાનાવાસો —*



*[૫૮] ૩૨-લાખ, ૨૮-લાખ, ૧૨-લાખ, ૮-લાખ, ૪-લાખ, ૬૦૦૦ વિમાનાવાસો છે. - - [૫૯] આનત-પ્રાણત કલ્પે ૪૦૦, આરણઅચ્યુત કલ્પે-૩૦૦, એમ કુલ ૭૦૦ છે. - - [૬૦] નીચલી ગ્રૈવેયકે ૧૧૧, મધ્યમે ૧૦૭ અને ઉપલીમાં ૧૦૦ તથા અનુત્તરમાં ૫-વિમાનાવાસો છે.*

● **વિવેચન-૫૨ થી ૬૦ :-**

રત્નપ્રભા એટલે પ્રાયઃ નરક વર્જીને પહેલા કાંડમાં ઈન્દ્રનીલ આદિ ઘણાં રત્નો હોય છે. જ્યાં રત્નોની પ્રભા છે, તે રત્નપ્રભા. અહીં યાવત્ શબ્દથી શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા લેવું, શબ્દાર્થ રત્નપ્રભાવત્ લેવો. તમસ્તમ પ્રભાવાળી તે સાતમી પૃથ્વી.

આ સાતેમાં નરકાવાસો હોય છે. તે આવાસ અધિકારથી બાકીના જીવોના આવાસને પરિમાણથી દર્શાવતા કહે છે —

પૂછનારને પ્રત્યક્ષીભૂત આ પૃથ્વીમાં, જીવો જેમાં રહે તે આવાસ. નારકોનો આવાસ તે નરકાવાસ. તેવા લાખો નરકવાસ. બાકીના પૃથ્વી સૂત્રો ગાથાનુસાર જાણવા. જે ૩૦, ૨૫ ઇત્યાદિ છે. સૂત્ર અભિલાપ આ રીતે - શર્કરાપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરક-આવાસો કહ્યા છે ? ગૌતમ ! ૨૫ લાખ નરકાવાસ કહ્યા છે. ઇત્યાદિ.

છ યુગલ - અસુરાદિ નિકાય દક્ષિણ અને ઉત્તર બે ભેદે છે, માટે યુગલ કહ્યું. તેમાં છ યુગલોના પ્રત્યેકના ૭૬-લાખ ૭૬-લાખ ભવનો છે. અસુરાદિ નિકાયના યુગલોના દક્ષિણ-ઉત્તરના વિભાગ આ પ્રમાણે છે — ૩૪, ૪૪, ૩૮, ૫૦, ૪૦ લાખ ભવનો દક્ષિણ દિશામાં છે. દ્વીપકુમારાદિ પ્રત્યેકને ૪૦ લાખ-૪૦લાખ ભવનો છે. તથા ૩૦, ૪૦, ૩૪, ૪૬, ૩૬ લાખ ભવનો ઉત્તરના અને દ્વીપાદિ કુમારને ૩૬-૩૬ લાખ.

હવે ચાલુ ઉદ્દેશકના અર્થ સંગ્રહને માટેની ગાથા કહે છે —

● **સૂત્ર-૬૧,૬૨ :-**

*[૬૧] પૃથ્વી આદિમાં — સ્થિતિ, અવગાહના, શરીર, સંઘયણ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ એ દશ સ્થાનો છે.*

*[૬૨] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસમાં નૈરયિકોના કેટલાં સ્થિતિ સ્થાન છે ? ગૌતમ ! અસંખ્ય સ્થિતિ સ્થાનો છે. તે આ - જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે, તે એક સમયાધિક, બે સમયાધિક યાવત્ અસંખ્યેય સમયાધિક તથા તેને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એ પ્રમાણે છે.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકવાસમાં વસનાર જઘન્યસ્થિતિક નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? કે માન-માયા-લોભ ઉપયુક્ત છે ? ગૌતમ ! (૧) તે બધાં ક્રોધોપયુક્ત છે, અથવા (૨) ઘણાં ક્રોધી અને એક માની, અથવા (૩) ઘણાં ક્રોધી અને માની છે, અથવા (૪) ઘણાં ક્રોધી અને એક માયી છે, અથવા (૬) ઘણાં ક્રોધી અને એક લોભી છે અથવા*

*(૭) ઘણાં ક્રોધી અને લોભી છે અથવા (૧) ઘણાં ક્રોધી, એક માની, એક માયી છે. અથવા (૨) ઘણાં ક્રોધી, એક માની, ઘણાં માયી છે. અથવા (૩) ઘણાં ક્રોધી, ઘણાં માની, એક માયી છે. અથવા (૪) ઘણાં ક્રોધી, ઘણાં માની, ઘણાં માયી છે. - - આ પ્રમાણે ક્રોધ-માન-લોભ વડે ચાર ભેદ, - - આ પ્રમાણે ક્રોધ-માયા-લોભ વડે ચાર ભેદ. પછી માન, માયા, લોભની સાથે ક્રોધ વડે ભંગ કરવા તે ચતુષ્ક સંયોગી આઠ ભંગ થશે. આ રીતે ક્રોધને મૂક્યા સિવાય ૨૭-ભંગ કહેવા.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસોમાં એક સમયાધિક જઘન્યસ્થિતિ વર્તીત નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? કે માન-માયા-લોભોપયુક્ત છે ? ગૌતમ ! એકાદ ક્રોધી, માની, માયી, લોભી હોય છે અથવા ઘણાં ક્રોધી, માની, માયી, લોભી હોય છે અથવા કોઈ એક ક્રોધી અને માની હોય અથવા કોઈ એક ક્રોધી અને ઘણાં માની હોય એ રીતે ૮૦ ભેદ થયા.*

*એ પ્રમાણે યાવત્ સંખ્યેય સમયાધિક સ્થિતિવાળા નૈરયિક માટે જાણવું. અસંખ્યેય સમયાધિક સ્થિતિને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૨૭-ભાંગા કહેવા.*

● વિવેચન-૬૧,૬૨ :-

પૃથ્વી - x - x - ઉપલક્ષણત્વથી પૃથ્વી આદિ જીવાવાસોમાં કહેવું... સ્થિતિ એટલે સ્થિતિ સ્થાનો કહેવા. એ રીતે અવગાહના સ્થાનો. શરીરાદિ પદો સ્પષ્ટ છે. - x - એ રીતે સ્થિતિ સ્થાનાદિ દશ વસ્તુ સંબંધે આ ઉદ્દેશામાં વિચારવાનું છે. ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો, હવે ગાથાનો વિસ્તારાર્થ સૂત્રકાર સ્વયં કહે છે —

રત્નપ્રભા પૃથ્વીમાં સ્થિતિ સ્થાનોને નિરૂપવા કહે છે — સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - પ્રતિ નરકાવાસે સ્થિતિ - આયુષ્ય, સ્થાન - વિભાગ. આ સ્થિતિ સ્થાન અસંખ્યેય છે. કેવી રીતે ? પહેલી પૃથ્વીની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટિ તે સાગરોપમ. જઘન્ય સ્થિતિમાં એક-એક સમય વૃદ્ધિથી અસંખ્યેય સ્થિતિ સ્થાન થાય કેમકે સાગરોપમના સમય અસંખ્યેય છે. નરકાવાસોની અપેક્ષાએ પણ તે અસંખ્યેય છે. માત્ર તેની જઘન્ય અને ઉત્કૃષ્ટતાથી અન્યથી જાણવી.

જેમકે — પહેલા પ્રસ્તટે નરકમાં જઘન્યસ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૯૦,૦૦૦ વર્ષ. જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ તે એક સ્થિતિ સ્થાન, તે પ્રત્યેક નરકે ભિન્ન ભિન્ન છે. તેમાં એક સમય વધારો તો બીજું સ્થિતિ સ્થાન, તે પણ વિચિત્ર છે. એ રીતે યાવત્ અસંખ્યેય સમય વધારવા. હવે સૌથી છેલ્લું સ્થિતિ સ્થાન દેખાડવા કહે છે —

વિવક્ષિત નરકાવાસ પ્રાયોગ્ય એવી ઉત્કૃષ્ટ સ્થિતિ. આ સ્થિતિ સ્થાન પણ વિચિત્ર છે, કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ વિચિત્ર હોય છે.

એ પ્રમાણે સ્થિતિ સ્થાન પ્રરૂપી, તેમાં જ ક્રોધાદિ ઉપયોગવાળા નારકોના વિભાગને દેખાડવા આ સૂત્ર કહે છે — જે નરકાવાસમાં જઘન્ય જેટલી સ્થિતિ હોય



તેમાં વર્તતા નારકો શું ક્રોધોપયુક્ત છે ? ઇત્યાદિ પ્રશ્ન. તેનો ઉત્તર આ છે — પ્રત્યેક નરકે જઘન્ય સ્થિતિક નૈરયિકો હંમેશા હોય છે. તેમાં પણ ક્રોધીના બહુપણાથી ૨૭-ભંગો. એકાદિથી સંખ્યાત સમયાધિક જઘન્ય સ્થિતિક નૈરયિકોને કદાચિત્ હોવાથી તેમાં ક્રોધાદિયુક્તની સંખ્યા એક અને અનેકે ૮૦ ભંગો છે.

એકેન્દ્રિયોમાં સર્વ કષાય ઉપયુક્ત જીવો પ્રત્યેક ગતિમાં ઘણાં છે, માટે અભંગ સમજવું. કહ્યું છે — જ્યાં વિરહનો સંભવ ન હોય ત્યાં ૮૦ ભંગો કરવા, વિરહ ન હોય ત્યાં અભંગ કે ૨૭ ભંગ. આ વિરહ સત્તાની અપેક્ષાએ જાણવો, ઉત્પાદની અપેક્ષાએ નહીં. કેમકે રત્નપ્રભામાં ૨૪-મુહૂર્તનો ઉત્પાદ વિરહકાળ કહ્યો છે. - x - x -

દરેક નરકે સ્વ-સ્વ સ્થિતિ અપેક્ષાએ જઘન્યસ્થિતિક નૈરયિક હંમેશાં ઘણાં હોય છે. નારકભવ ક્રોધોદયથી અતિ વ્યાપ્ત છે. માટે બધાં નૈરયિકો ક્રોધોપયુક્ત છે, તે એક ભંગ અથવા બે-ત્રણ-ચાર સંયોગ સંબંધી ભાંગા દર્શાવ્યા છે. તેમાં દ્વિક સંયોગમાં બહુવચનાંત ક્રોધની સાથે છ ભંગો કરવા. તે આ રીતે — ક્રોધી અને માની, ઘણાં ક્રોધી-ઘણાં માની. એ રીતે માયા અને લોભ સાથે એક અને બહુવચનથી બબ્બે એટલે ચાર. એમ કુલ છ ભંગ થયા. - - ત્રિક સંયોગે ૧૨ ભેદ. ક્રોધમાં બહુવચન અને માન-માયામાં એકવચન. મનમાં એકત્વ અને માયામાં બહુત્વ તે બીજો ભંગ, માનમાં બહુત્વ અને માયામાં એકત્વ તે ત્રીજો, માન અને માયા બંનેમાં બહુત્વ તે ચોથો ઇત્યાદિ - x -

— ચતુષ્ક સંયોગમાં આઠ ભંગો - ક્રોધમાં બહુવચન અને માન-માયા-લોભમાં એકવચન તે એક ભંગ, એ રીતે લોભ-માયા-માનને ક્રમશઃ બહુવચનાંત કરવા ઇત્યાદિ રૂપે આઠ ભંગ થાય.

આ પ્રમાણે જઘન્ય સ્થિતિક નૈરયિકોમાં ૧-૬-૧૨-૮ એ બધાં મળીને ૨૭ ભંગ થાય, એ બધામાં ક્રોધ બહુવચનાંત જ રહે.

૦ સમયાધિક જઘન્ય સ્થિતિમાં વર્તમાન નૈરયિકનો પ્રશ્ન-ઉત્તરમાં ૮૦ ભંગ કહ્યા. એક સમયથી યાવત્ સંખ્યેય સમયાધિક જઘન્ય સ્થિતિમાં નારકો હોતા નથી. જો હોય તો એક કે અનેક હોય. તેથી ક્રોધાદિમાં એક સંખ્યાથી ચાર વિકલ્પ, બહુત્વથી બીજા ચાર ભંગ. દ્વિકસંયોગે ૨૪ ભંગ થાય. તે આ રીતે — ક્રોધ અને માનમાં એકત્વ-બહુત્વથી ચાર ભંગ, એ રીતે ક્રોધ-માયાના ૪, ક્રોધ-લોભના ૪, માન-લોભના ૪, માયા-લોભના-૪, એ બધાં મળીને ૨૪ ભંગ.

ત્રિકસંયોગે ૩૨ ભંગ — ક્રોધ-માન-માયામાં એકત્વથી એક ભંગ, એમાં જ માયામાં બહુત્વથી બીજો, એ બંનેમાં માનના બહુત્વથી બીજા બે, એ રીતે ચાર ભંગ. ક્રોધના બહુત્વથી બીજા ચાર, એ રીતે આઠ ભંગ. - - એ રીતે ક્રોધ-માન-લોભ સંબંધે આઠ ભંગ. — ક્રોધ, માયા, લોભ સંબંધે આઠ ભંગ. માન-માયા-લોભથી આઠ ભંગ. એમ બધાં મળીને ૩૨-ભંગ થાય. - - ચતુષ્કસંયોગે ૧૬ ભંગ છે, તે આ રીતે — ક્રોધ, માન, માયા, લોભ બધામાં એકવચનથી એક ભંગ, તેમાં જ લોભને

બહુવચનાંતથી બીજો ભંગ, તે બંનેમાં માયાને બહુવચનાંતથી બીજા બે ભંગ, એમ કુલ ચાર ભંગ થયા. એ રીતે માનના બહુત્વથી-૪. આઠેને ક્રોધના બહુત્વથી-આઠ, એમ કુલ ૧૬ ભંગ થતાં ૪-૪-૨૪-૩૨-૧૬=૮૦ થાય.

એકાદિ સમયથી સંખ્યાત સમય સુધીના વધારાવાળી જઘન્યસ્થિતિમાં પૂર્વોક્ત ૮૦ ભંગ આદિ પૂર્વવત્ જાણવું.

હવે અવગાહના દ્વાર કહે છે —

● **સૂત્ર-૬૩ :-**

*૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસમાં નૈરયિકોના અવગાહના સ્થાન કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત અવગાહના સ્થાનો છે. તે આ — જઘન્ય અવગાહના, પ્રદેશાધિક જઘન્ય અવગાહના, દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના યાવત્ અસંખ્યાત પ્રદેશાધિક જઘન્યાવગાહના, તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના.. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં જઘન્યાવગાહનામાં વર્તતો નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૮૦ ભંગ જાણવા એ પ્રમાણે યાવત્ સંખ્યેયપ્રદેશાધિક જઘન્ય અવગાહના, અસંખ્યેય પ્રદેશાધિક જઘન્ય અવગાહનાએ વર્તતા તદુચિત ઉત્કૃષ્ટ અવગાહના વડે વર્તતા નૈરયિકોના અર્થાત્ તે બંનેના ૨૭ ભંગ જાણવા.*

*૦ ભગવન્ ! આ રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં વસતા નૈરયિકોને કેટલાં શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીર કહ્યા છે — વૈક્રિય, તૈજસ, કાર્મણ.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકવાસમાં વસતા અને વૈક્રિયશરીર નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭-ભંગ કહેવા. આ જ ગમ વડે ત્રણ શરીરો કહેવા. - - ૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ વસતા નૈરયિકોના શરીરનું કયું સંઘયણ છે ? ગૌતમ ! તેઓને છ માંથી એક પણ સંઘયણ નથી, તેમને શિરો અને સ્નાયુ નથી. તથા જે પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોમ છે, તે પુદ્ગલો તેમના શરીર સંઘાતપણે પરિણમે છે.*

*ભગવન્ ! રત્નપ્રભામાં વસતા અને અસંઘયણી એવા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! શરીર બે ભેદે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. જે ભવધારણીય છે. તે હુંડક સંસ્થાનવાળા છે અને જે ઉત્તરવૈક્રિય પણ હુંડક સંસ્થાન છે - - ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ હુંડક સંસ્થાનવાળા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭ ભંગ કહેવા.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! એક કાપોતલેશ્યા... ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ કાપોતલેશ્યાવાળા ક્રોધોપયુક્ત છે ? - ૨૭ ભંગ.*



● **વિવેચન-૬૩ :-**

જેમાં જીવ રહે તે - અવગાહના એટલે શરીર કે શરીરનું આધારભૂત ક્ષેત્ર. તેના જે સ્થાનો - પ્રદેશ વૃદ્ધિ વડે વિભાગો તે અવગાહના સ્થાનો. તેમાં બધાં નારકોમાં જઘન્ય શરીર અંગુલના અસંખ્યેય ભાગ માત્ર છે. તે વિવક્ષિત નરક યોગ્ય જે ઉત્કર્ષાવગાહના તે તત્પ્રાયોગ્યોત્કર્ષિકા અવગાહના. જેમ કે તેરમાં પ્રસ્તટમાં શરીર ૭ ધનુષ્, ત્રણ હાથ, ૬ આંગળ છે... એકથી સંખ્યાત પ્રદેશ અધિક જઘન્ય અવગાહનામાં વર્તતા નૈરયિકો અલ્પ હોવાથી ક્રોધાદિમાં ઉપયુક્ત એક જીવ પણ હોઈ શકે, માટે ૮૦-ભંગ પૂર્વવત્ જાણવા.

અસંખ્ય પ્રદેશાધિકવાળી અને તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઘણાં નૈરયિકો હોય છે - x - તેથી ક્રોધમાં બહુવચન અને માનાદિમાં એકવચન, બહુવચન રહે છે તેથી ૨૭-ભંગ થાય.

શંકા - જે જઘન્ય સ્થિતિ, જઘન્યાવગાહનાવાળા છે, તેમને જઘન્ય સ્થિતિકત્વથી ૨૭ ભંગ, જઘન્યાવગાહનામાં ૮૦ કેમ ?

સમાધાન - જઘન્યસ્થિતિવાળાની જઘન્યાવગાહના કાળે તો ૮૦ ભંગ જ હોય. કેમકે જઘન્ય અવગાહના ઉત્પત્તિ કાળે જ હોય, જઘન્યાવગાહનાને ઓળંગી ગયેલ જઘન્ય સ્થિતિક નૈરયિકોને આશ્રીને ૨૭-ભંગ કહ્યા છે.

શરીરદ્વાર - જો કે આ સૂત્રથી વૈક્રિયશરીરમાં ૨૭-ભંગ કહ્યા છે, તો પણ સ્થિતિ અને અવગાહના આશ્રીને જે ભંગો પ્રરૂપ્યા છે, તે તેમજ જાણવા. - x - x - આ રીતે અન્યત્ર પણ જાણવું.

આ ગમ વડે ત્રણે શરીર કહેવા. - વૈક્રિય, તૈજસ, કાર્મણ. ત્રણેમાં ૨૭ ભંગ કહેવા. [શંકા] વિગ્રહગતિમાં માત્ર તૈજસ, કાર્મણ બે શરીર જ હોય. તેવા જીવો અલ્પ હોવાથી તેમના ૮૦ ભંગો પણ સંભવે, તે કેમ ન કહ્યા ? ૨૭-જ કેમ કહ્યા ? [સમાધાન] સાચું, પણ અહીં વૈક્રિયશરીર સાથે આ બે શરીર લેવાના છે, માટે ૨૭ ભંગ કહ્યા. વળી ત્રણે શરીર એવો અતિદેશ કર્યો, કેમકે ત્રણે શરીરના ગમનું અતિ સાદૃશ્ય દેખાડવાનું છે. - - હવે સંહનનદ્વાર જણાવે છે —

વજ્રર્ષભનારાચ આદિ છ માંથી એક પણ સંઘયણ નથી માટે અસંઘયણી છે. કેમકે - નૈરયિકોને હાડકાં આદિ હોતા નથી અને હાડકાંનો સંચય જ સંહનન કહેવાય. - - ઈચ્છાય નહીં તેવું તે અનિષ્ટ, અનિષ્ટ પણ ક્યારેક સુંદર હોય, માટે કહ્યું અકાંત, અકાંત વસ્તુ પરત્વે પણ કારણે પ્રીતિ થાય, માટે કહ્યું અપ્રિય. તેને અપ્રિય કેમ કહ્યું ? અશુભ સ્વભાવવાળા છે, અશુભત્વ સામાન્ય પણ હોય, તેથી કહે છે — મન દ્વારા શુભપણે ન જણાય તેવું અમનોજ્ઞ અમનોજ્ઞ પણ કદાચ હોય માટે કહે છે અમનોમ - વારંવાર સ્મરણમાં આવવા છતાં પણ મનને ગ્લાનિ આપે. અથવા આ શબ્દો એકાર્થક છે. અત્યંત અનિષ્ટતા દર્શાવવા પ્રયોજ્યા છે. અથવા તેવા જ પુદ્ગલો છે.

હવે સંસ્થાન - જેઓનું કેવું સંસ્થાન છે તે. - ભવધારણીય - જેનું પ્રયોજન

પોતાના જન્મને વીતાવવાનું છે તે અથવા આજીવન સાથે રહે છે તે. उत्तरवैक्रिय - પૂર્વ વૈક્રિયની અપેક્ષાએ ઉત્તરકાળ ભાવિ વૈક્રિય, સર્વત્ર અવ્યવસ્થિત તે હુંડ સંસ્થિત.

● **સૂત્ર-૬૪,૬૫ :-**

***રત્નપ્રભાના આ નૈરયિકો યાવત્ શું સમ્યગ્દૃષ્ટિ મિથ્યા દૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ છે ? - ત્રણે છે. - - તેમાં સમ્યગ્દૃષ્ટિમાં વર્તતા નૈરયિકના [પૂર્વોક્ત રીતે] ૨૭ ભંગ અને મિથ્યાદૃષ્ટિ તથા મિશ્રદૃષ્ટિમાં ૮૦-૮૦ ભાંગા કહેવા. - - - ભગવન્ ! આ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બંને છે. જ્ઞાનીને નિયમા ત્રણ જ્ઞાન હોય છે, અજ્ઞાનીને ત્રણ અજ્ઞાનની ભજના છે. આ નૈરયિકોને યાવત્ આભિનિબોધિકમાં વર્તતા [પૂર્વોક્ત રીતે] ૨૭-ભંગ જાણવા. એ પ્રમાણે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન પણ કહેવા.***

***ભગવન્ ! રત્નપ્રભાના આ નૈરયિકો શું મનયોગી છે, વચનયોગી છે કે કાયયોગી છે ? - ત્રણે છે. - - મનોયોગમાં વર્તતા તેઓ શું ક્રોધોપયુક્ત હોય ? - ૨૭ ભંગ જાણવા. એ પ્રમાણે વચનયોગ અને કાયયોગમાં પણ કહેવું. - - - આ નૈરયિકો શું સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત છે ? ગૌતમ ! બંને છે. તેઓ સાકારોપયોગમાં વર્તતા શું ક્રોધોપયુક્ત છે ? - ૨૭ ભંગો જાણવા. એ રીતે અનાકારોપયોગના પણ ૨૭-ભંગ જાણવા. - - એ પ્રમાણે સાતે પૃથ્વીઓને જાણવી. માત્ર લેશ્યામાં વિશેષતા છે —***

***[૬૫] પહેલી બે માં કાપોત, ત્રીજામાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મિશ્ર, છટ્ઠીમાં કૃષ્ણ, સાતમીમાં પરમકૃષ્ણ.***

● **વિવેચન૬૪,૬૫ :-**

દૃષ્ટિદ્વાર - મિશ્રદૃષ્ટિ જીવો અલ્પ છે, કાળથી તેમની હયાતી થોડી છે, તે એક પણ હોય માટે ૮૦ ભંગો કહ્યા.

જ્ઞાનદ્વાર - સમ્યક્ત્વ સહિત નરકમાં ઉત્પન્ન થનારને પહેલા સમયથી ભવપ્રાત્યય અવધિજ્ઞાન હોય, તેથી ત્રણ જ્ઞાનવાળા કહ્યા. મિથ્યાદૃષ્ટિ નારકી સંજ્ઞી કે અસંજ્ઞીથી ઉત્પન્ન થાય. તેમાં જે સંજ્ઞીથી ઉત્પન્ન હોય તેમને ભવપ્રત્યય વિભંગ હોવાથી ત્રણ અજ્ઞાન છે. અસંજ્ઞીને ઉત્પન્ન થયાના અંતર્મુહૂર્ત્ત પછી વિભંગ જ્ઞાન થાય છે તેથી તેમને પૂર્વે બે અજ્ઞાન અને પછી ત્રણ અજ્ઞાન હોય છે, માટે કહ્યું છે કે ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય. ક્યારેક બે અને ક્યારેક ત્રણ.

ગાથા - ઔદારિક શરીર છોડ્યા પછી અનંતર સમયે નરકે ઉત્પન્ન થનાર વિગ્રહ કે અવિગ્રહ ગતિમાં અવધિ કે વિભંગ પામે.

અસંજ્ઞીને નરકમાં ઉત્પત્તિ પછી પર્યાપ્તાવસ્થામાં વિભંગ જ્ઞાન થાય છે. તેથી નરકમાં ત્રણ જ્ઞાન અને બે કે ત્રણ અજ્ઞાન છે.

આભિનિબોધિક જ્ઞાન પેઠે આ જ્ઞાન, અજ્ઞાનના ૨૭ ભંગ છે.

વિભંગજ્ઞાનના કાલ પૂર્વેના મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન લેતા ૮૦ ભંગ થાય. કેમકે તેવા અજ્ઞાની જીવો થોડા છે. પણ આ જીવોની જઘન્ય અવગાહના આશ્રીને



૮૦ ભંગો સમજવા.

યોગ દ્વાર - એકલા કાર્મણ કાયયોગમાં ૮૦ ભંગો સંભવે છે, તો પણ અહીં તેની વિવક્ષા ન કરી સામાન્ય કાયયોગથી ૨૭-ભંગ કહ્યા.

ઉપયોગદ્વાર - आकार - વિશેષરૂપ અંશને ગ્રહણ કરવાની શક્તિ, તેના સહિત તે સાકાર. તેથી રહિત તે અનાકાર-સામાન્યગ્રાહી.

રત્નપ્રભા પૃથ્વી માફક શેષ પૃથ્વી પ્રકરણ કહેવા. માત્ર લેશ્યામાં ભેદ છે, તે દર્શાવવા ગાથા છે *[જેનો અર્થ મૂલમાં કહ્યો છે.]* વિશેષ આ - વાલુકાપ્રભામાં ઉપરના ભાગે કાપોત, નીચેના ભાગે નીલ લેશ્યા હોય છે. નરકાવાસ સંખ્યા ભેદ પૂર્વે કહ્યો છે. તેનો સૂત્રાભિલાપ વૃત્તિ અનુસાર જાણવો. યાવત્ ૨૭ ભંગ થાય - x -.

● **સૂત્ર-૬૬ :-**

***ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના એક એક અસુરકુમારાવાસમાં વસતા અસુરકુમારોના કેટલાં સ્થિતિ સ્થાન છે ? ગૌતમ ! અસંખ્ય. જઘન્યાસ્થિતિ નૈરયિક મુજબ જાણવી. વિશેષ એ — ભાંગા ઉલટા કહેવા. [લોભ પહેલા કહેવો] તેઓ બધાં લોભોપયુક્ત હોય અથવા ઘણાં લોભી, એક માયી હોય અથવા ઘણાં લોભી, ઘણાં માયી હોય. આ આલાવાથી જાણવું યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું વિશેષ એ — ભિન્નત્વ [પણ] જાણવું.***

● **વિવેચન-૬૬ :-**

નારક પ્રકરણમાં ક્રોધ, માનાદિ ક્રમે ભંગ કહ્યો, અસુરકુમાર પ્રકરણમાં લોભ, માયાદિ ક્રમ લેવો. તેથી - x - બધાં અસુરકુમારો લોભી જાણવા. દ્વિકસંયોગમાં લોભમાં બહુવચન, માયામાં એકત્વ, બહુત્વ લેવું એ રીતે ૨૭ ભંગ કરવા. વિશેષ એ કે પ્રશ્ન-ઉત્તર સૂત્રો નારક અને અસુરકુમારાદિના ભેદ જાણીને કહેવા. જેમકે સંહનન, સંસ્થાન લેશ્યા.

ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસમાં પ્રત્યેકમાં વર્તતા અસુરકુમારોના શરીર કયા સંઘયણવાળા છે ? ગૌતમ ! તે અસંઘયણી છે. તેમના શરીર સંઘાતરૂપે ઈષ્ટ અને કાંત પુદ્ગલો પરિણમે છે. આ પ્રમાણે સંસ્થાન વિશે પણ જાણવું. વિશેષ આ - ભવધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થિત છે, ઉત્તર વૈક્રિય શરીર અનેકરૂપે છે. એ પ્રમાણે લેશ્યામાં પણ જાણવું. તેઓને ચાર લેશ્યાઓ કહી છે — કૃષ્ણ, નીલ, કાપોત, તેજો... ૬૪ લાખ અસુરકુમારાવાસમાં યાવત્ કૃષ્ણલેશ્યામાં વર્તતા અસુરકુમાર શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! બધાં લોભોપયુક્ત હોય છે, ઇત્યાદિ. એ રીતે નીલાદિ લેશ્યામાં જાણવું.

નાગકુમારાદિના આવાસ-ભવનની ભેદ સંખ્યા જાણીને સૂત્રનો અભિલાપ કરવો. જેમકે નાગકુમારોના ૮૪ લાખ ભવનો છે.

● **સૂત્ર-૬૭ :-**

***ભગવન્ ! પૃથ્વીકાયિકોના અસંખ્ય લાખ આવાસોમાં એક એક આવાસમાં પૃથ્વીકાયિકોના સ્થિતિ સ્થાનો કેટલાં છે ? હે ગૌતમ ! અસંખ્ય. તે આ રીતે***

*- જઘન્યા સ્થિતિ યાવત્ તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ... ભગવન્ ! પૃથ્વીકાયિકોના અસંખ્ય લાખ આવાસોમાં એક એક આવાસમાં વર્તતા પૃથ્વીકાયિકો શું ક્રોધોપયુક્ત યાવત્ લોભોપયુક્ત છે ? ગૌતમ ! તેઓ ક્રોધાદિ ચારેથી યુક્ત છે.*

*આ પ્રમાણે પૃથ્વીકાયિકોના બધાં સ્થાનો અભંગક છે. વિશેષ આ — તેજોલેશ્યામાં ૮૦ ભંગ છે. આ પ્રમાણે અપ્-તેઉ-વાયુ કાયના સર્વસ્થાનો પણ અભંગક છે. વનસ્પતિકાય પૃથ્વીકાયવત્ છે.*

● વિવેચન-૬૭ :-

એકૈક કષાયમાં ઉપયુક્ત પૃથ્વીકાયિકો ઘણાં છે, માટે દશ સ્થાનમાં અભંગક છે. વિશેષ આ — પૃથ્વીકાયમાં લેશ્યાદ્વારે તેજોલેશ્યા કહેવી. જ્યારે કોઈ દેવ દેવલોકથી ચ્યવી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય ત્યારે પૃથ્વીકાયિકમાં તેજોલેશ્યા હોય. તેથી ત્યાં ૮૦ ભંગ થાય.

અહીં પૃથ્વીકાયમાં સ્થિતિસ્થાનદ્વાર સાક્ષાત્ લખ્યુ છે. બાકીના નારકવત્ કહેવા. વિવિધતા પ્રશ્ન અને ઉત્તર સૂત્રથી જાણવી. તે ભેદ શરીરાદિ સાતે દ્વારોમાં આ રીતે છે — ભગવન્ ! અસંખ્યેય લાખ પૃથ્વીકાયિકોમાં વસતા યાવત્ પૃથ્વીકાયિકોના કેટલા શરીર છે ? ગૌતમ ! ત્રણ શરીર-ઔદારિક, તૈજસ, કાર્મણ. - x - x -

અસંખ્ય લાખ પૃથ્વીકાયિકોમાં યાવત્ શરીરોનું સંઘયણ કયું છે ? પૂર્વવત્. વિશેષ આ — મનોજ્ઞ અમનોજ્ઞ પુદ્ગલો શરીર સંઘાતરૂપે પરિણમે છે. - - સંસ્થાનદ્વારમાં પણ એમ જ કહેવું. પણ ઉત્તરસૂત્રમાં "હુંડ સંસ્થાન સંસ્થિત" એમ કહેવું. પણ બે ભેદે શરીર છે એમ ન કહેવું, કેમકે પૃથ્વીકાયિકમાં તેનો અભાવ હોય છે.

લેશ્યાદ્વાર - ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલી લેશ્યા કહી છે ? ગૌતમ ! ચાર. કૃષ્ણ થી તેજો. તેમાં ત્રણ લેશ્યા અભંગક સમજવી. તેજોલેશ્યામાં ૮૦ ભંગો જાણવા. જે પૂર્વે કહેલ છે.

દૃષ્ટિદ્વાર - અસંખ્યાત યાવત્ પૃથ્વીકાયિક શું સમ્યગ્દૃષ્ટિ છે ? મિથ્યાદૃષ્ટિ છે ?, મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનદ્વારમાં તેમજ જાણવું. વિશેષ આ - ભગવન્ ! પૃથ્વીકાયિકો મનોયોગી, વચનયોગી કે કાયયોગી છે ? ગૌતમ ! મન કે વચનયોગી નથી પણ કાયયોગી છે. એ રીતે અપ્કાયિક પણ જાણવા. તેઓ દશ સ્થાને અભંગક છે, તેજોલેશ્યામાં ૮૦ ભંગ કેમકે દેવો ઉપજે છે.

તેઉકાય સ્થિતિસ્થાનાદિ દશે સ્થાનમાં અભંગક છે, કેમકે તેમાં ક્રોધાદિમાં ઉપયુક્ત જીવો એક જ કાળે ઘણાં હોય. અહીં દેવો ન ઉપજે માટે તેને તેજોલેશ્યા નથી. માટે બધાં સ્થાને અભંગક કહ્યા. આ સૂત્રો પૃથ્વીકાયિક સમાન કહેવા. કેવળ વાયુકાય સૂત્રોમાં શરીરદ્વારમાં આ પ્રમાણે જાણવું - ભગવન્ ! અસંખ્યેય લાખ વાયુકાયને કેટલાં શરીર કહ્યા ? ગૌતમ ! ચાર — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ.

વનસ્પતિકાયિકો પૃથ્વીકાયવત્ જાણવા. દશે સ્થાનોમાં અભંગક છે. તેજોલેશ્યામાં તે જ રીતે ૮૦ ભંગ થાય છે. [શંકા] દૃષ્ટિદ્વારે પૃથ્વી-અપ્-વનસ્પતિમાં સાસ્વાદન





સમ્યક્ત્વ કર્મગ્રંથોમાં સ્વીકારેલ છે, તેથી જ્ઞાનદ્વારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કહેવા જોઈએ આદિ, કેમ નથી કહ્યું ? [સમાધાન] એમ નથી. પૃથ્વી આદિમાં સાસ્વાદનભાવ ઘણો થોડો છે, માટે અહીં ગણેલ નથી. માટે કહ્યું છે — પૃથ્વી આદિમાં ઉભયનો અભાવ છે અને વિકલેન્દ્રિયમાં પૂર્વોપપન્નક હોય છે.

● સૂત્ર-૬૮ :-

*જે સ્થાનો વડે નૈરયિકના ૮૦ ભંગો છે, તે સ્થાનો વડે બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોને પણ ૮૦ ભંગો છે. વિશેષ એ - સમ્યક્ત્વ, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાનમાં પણ ૮૦ ભંગો છે. તથા જે સ્થાનમાં નૈરયિકોને ૨૭ ભંગો છે, તે સ્થાનોમાં બેઈન્દ્રિયાદિને અભંગક છે.*

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકો નૈરયિકવત્ જાણવા. વિશેષ એ - નૈરયિકોને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવું અને તેમને જ્યાં ૮૦ ભંગો કહ્યા, ત્યાં અહીં પણ ૮૦ ભંગો કહેવા.*

*જે સ્થાને નૈરયિકોને ૮૦ ભંગ કહ્યા, ત્યાં મનુષ્યોને પણ ૮૦ ભંગો કહેવા. તેમને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવા. વિશેષ આ - મનુષ્યોને જઘન્ય સ્થિતિ અને આહારકમાં ૮૦ ભંગો છે.*

*વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને ભવનવાસી માફક જાણવા. વિશેષમાં તેમનું જે જુદાપણું છે તે જાણવું. યાવત્ અનુત્તરવાસી. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે —*

● વિવેચન-૬૮ :-

અક્ષરઘટના - નૈરયિકમાં એકથી સંખ્યાત સમય વૃદ્ધિની જઘન્ય સ્થિતિમાં, જઘન્ય અવગાહનામાં સંખ્યાત પ્રદેશવૃદ્ધિમાં, મિથ્યાદૃષ્ટિ નારકોના ૮૦ ભંગ કહ્યા. મિશ્રદૃષ્ટિ સિવાયના વિકલેન્દ્રિય જીવોમાં પણ એ જ સ્થાને ૮૦ ભંગ જાણવા. કેમકે તેઓ અલ્પ હોવાથી ક્રોધાદિ ઉપયુક્ત એક-એક જીવનો પણ સંભવ છે. મિશ્રદૃષ્ટિ જીવો વિકલેન્દ્રિય કે એકેન્દ્રિયમાં હોતા નથી, માટે ૮૦ ભંગો સંભવતા નથી. વૃદ્ધોએ તો કોઈક વાચના વિશેષથી જ્યાં ૮૦ ભંગ છે ત્યાં પણ અભંગક છે. એમ વ્યાખ્યા કરી છે. હવે અહીં જ વિશેષ બતાવવા કહે છે —

દૃષ્ટિદ્વાર અને જ્ઞાનદ્વારમાં નારકોને ૨૭ ભંગો કહ્યા છે. અહીં વિકલેન્દ્રિયોને ૮૦ ભંગ કહેવા - ક્યાં ? - સમ્યક્ત્વમાં - થોડાં જ વિકલેન્દ્રિયોને સાસ્વાદન સમ્યક્ત્વ હોય. થોડા હોવાથી એકત્વને લીધે તેમના ૮૦ ભંગ થાય. એ રીતે મતિ, શ્રુતમાં ૮૦ ભંગ જાણવા.

જે સ્થાને નૈરયિકોના ૨૭ ભંગ છે, ત્યાં વિકલેન્દ્રિયને અભંગક જાણવા. પૂર્વોક્ત ૮૦ ભંગ સિવાયના સ્થાનો અભંગક જાણવા. ક્રોધાદિ ઉપયુક્ત આ ઘણાં જીવો એક કાળે હોવાથી તેમને અભંગક કહ્યા.

વિકલેન્દ્રિય સૂત્રો પૃથ્વીકાયિક સૂત્રો માફક જાણવા. વિશેષ આ — અહીં લેશ્યાદ્વારે તેજોલેશ્યા ન કહેવી. દૃષ્ટિદ્વારે - બેઈન્દ્રિય જીવો સમ્યગ્દૃષ્ટિ પણ છે,

મિથ્યાદૃષ્ટિ પણ છે. મિશ્રદૃષ્ટિ નથી. સમ્યક્‌દર્શને વર્તતા બેઈન્દ્રિયો ક્રોધોપયુક્ત છે ? આદિ પ્રશ્નોત્તરે ૮૦ ભંગો. જ્ઞાનદ્વારે - x - તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. જ્ઞાની હોય તો મતિ અને શ્રુત બે જ્ઞાની છે બાકી પૂર્વવત્ ૮૦ ભંગો છે - યોગદ્વારે - x - તેઓ મનોયોગી નથી પણ વચન અને કાયયોગી છે. બાકી પૂર્વવત્.

એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના સૂત્રો જાણવા.

પંચેન્દ્રિયતિર્યંચ - જ્યાં નારકોના ૨૭ ભંગ છે, ત્યાં આ જીવ અભંગક જાણવા. તે જઘન્ય સ્થિતિ આદિ પૂર્વે દર્શાવેલા છે. ક્રોધાદિ ઉપયુક્ત એક સમયે ઘણાં હોવાથી અભંગક કહ્યા. આ સંબંધી સૂત્રો નારકસૂત્ર માફક જાણવા. શરીરદ્વારે આ વિશેષ છે - x - અસંખ્યેય તિર્યંચ પંચેન્દ્રિય યોનિમાં વસતા તિર્યંચ પંચેન્દ્રિયના - x - ચાર શરીરો છે — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. બધા અભંગક જાણવા.

સંહનનદ્વારે - x - પંચેન્દ્રિયતિર્યંચના - x - છ સંઘયણો કહ્યા છે — વજ્રઋષભનારાચ યાવત્ સેવાર્ત્ત. - - એ રીતે સંસ્થાન દ્વારે પણ છ સંસ્થાન કહ્યા - સમચતુરસ્ર આદિ. એ રીતે લેશ્યાદ્વારે - x - છ લેશ્યાઓ કહી - કૃષ્ણલેશ્યાદિ છ.

મનુષ્ય - જેમ દશ દ્વારમાં નૈરયિકો કહ્યા તેમ મનુષ્યો પણ કહેવા. - x - તેમાં નારકોની જઘન્યસ્થિતિ એક આદિથી સંખ્યાત સમય અધિકમાં, જઘન્ય અવગાહનામાં, સંખ્યાત પ્રદેશ અધિક તથા મિશ્રદૃષ્ટિમાં ૮૦ ભંગો કહ્યા. મનુષ્યોમાં પણ અહીં ૮૦ ભંગો કહેવા. તેનું કારણ તેઓનું અલ્પત્વ છે. નારક અને મનુષ્યનું સર્વથા સામ્ય નથી તે જણાવવા કહે છે — જઘન્ય સ્થિતિ, અસંખ્યાત સમયાધિક જઘન્ય સ્થિતિ આદિમાં નારકોના ૨૭ ભંગ કહ્યા, તો વિશેષતાયુક્ત જઘન્ય સ્થિતિ સિવાયના સ્થાનકોમાં મનુષ્યો અભંગક જાણવા. કેમકે નારકોને બહુલતાએ ક્રોધોદય હોય છે, તેથી તેનાં ૨૭ ભંગ છે, મનુષ્યોમાં પ્રત્યેક ક્રોધાદિ ઉપયોગવાળા ઘણાં મનુષ્યો હોવાથી, તેમને અભંગક કહ્યા.

આ સંબંધે વિશેષતા કહે છે — જે સ્થાને નારકોના ૮૦ ભંગો છે, ત્યાં મનુષ્યોના પણ ૮૦ ભંગો કહેવા. નારકોના ૨૭ ભંગો છે, ત્યાં મનુષ્યો અભંગક છે, આ કથનમાં મનુષ્યોમાં આટલો ભેદ છે કે — મનુષ્યોને જઘન્ય સ્થિતિમાં ૮૦ ભંગો કહેવા. નારકોમાં તેમ કહ્યું નથી. તથા આહારક શરીરમાં મનુષ્યોને ૮૦ ભંગો કહેવા. કેમકે તેવા મનુષ્યો થોડાં છે. નારકોને આહારક શરીર જ નથી. શરીરાદિ ચાર અને જ્ઞાનદ્વાર સંબંધે ભેદ છે. તે આ - x - મનુષ્યોને - x - પાંચ શરીર કહ્યા છે. તે આ — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. - - ભગવન્ ! અસંખ્યેય મનુષ્યાવાસોમાં વસતા યાવત્ ઔદારિક શરીરમાં વર્તતા મનુષ્ય શું ક્રોધોપયુક્ત આદિ છે ? હા, ગૌતમ ! છે. એ પ્રમાણે બધાં શરીરોમાં કહેવું. વિશેષ એ — આહારક શરીરમાં ૮૦ ભંગો કહેવા.

એ પ્રમાણે સંહનનદ્વારમાં પણ કહેવું. વિશેષ એ - મનુષ્યોને - x - છ સંઘયણ કહ્યા છે - - સંસ્થાનદ્વારે છ સંસ્થાન કહ્યા છે. - લેશ્યાદ્વારે છ લેશ્યાઓ



કહી છે. - - જ્ઞાન દ્વારે મનુષ્યોને પાંચ જ્ઞાન કહ્યા - આભિનિબોધિક યાવત્ કેવલજ્ઞાન. કેવલજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અભંગક જાણવા. કેવલજ્ઞાનમાં તો કષાયનો ઉદય જ નથી.

ભવનવાસી માફક વ્યંતરાદિ દશે સ્થાનોમાં કહેવા. જ્યાં અસુરાદિને ૮૦ ભંગ અને જ્યાં ૨૭ ભંગ હોય, ત્યાં વ્યંતરોને પણ તેમજ કહેવા. માત્ર ભંગોમાં લોભ આદિમાં મૂકવો. ભવનવાસી સાથે વ્યંતરનું સામ્ય છે, તેમ જ્યોતિષ્કાદિનું નથી. તે સૂચવવા કહે છે — જ્યોતિષ્ક આદિનું લેશ્યાદિ ભિન્નત્વ બીજાની અપેક્ષાએ હોય તે જાણવું. અહીં પરસ્પર વિશેષ જાણીને તેનાં સૂત્રો કહેવા. તેમાં લેશ્યા દ્વારે જ્યોતિષ્કોને એક જ તેજોલેશ્યા કહેવી. જ્ઞાન દ્વારે જ્ઞાન અને અજ્ઞાન ત્રણ-ત્રણ કહેવા. કેમકે ત્યાં અસંજ્ઞીજીવોનો ઉત્પાદ થતો નથી માટે અપર્યાપ્તાવસ્થામાં પણ વિભંગ જ્ઞાન હોય છે. - - વૈમાનિકોમાં તેજોલેશ્યાદિ ત્રણ લેશ્યા કહેવી. જ્ઞાન દ્વારે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન કહેવા. પ્રશ્ન વૃત્તિ મુજબ...

**શતક-૧, ઉદ્દેશા-૫-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❁ શતક-૧, ઉદ્દેશો-૬-“યાવંત” ❁

— x — x — x — x —

૦ હવે છટ્ઠો ઉદ્દેશો કહે છે, તેનો આ સંબંધ છે. ઉદ્દેશા-૬-ના છેલ્લા સૂત્રમાં જ્યોતિષ્ક અને વૈમાનિકના આવાસો સંબંધે જણાવ્યું, તેના અંદરના દેખાવને આશ્રીને તથા જાવંત ગાથા પદથી —

● **સૂત્ર-૬૯ :-**

***ભગવન્ ! જેટલા અવકાશાંતરથી ઉગતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે, તેટલા જ અવકાશાંતરથી આથમતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે ? હા, ગૌતમ ! - x - યાવત્ - x - જોવાય છે.***

***ભગવન્ ! ઉગતો સૂર્ય પોતાના તાપથી જેટલા ક્ષેત્રને ચારે બાજુથી પ્રકાશિત-ઉદ્યોતિત-તાપિત-પ્રભાસિત કરે છે, તેટલાં જ ક્ષેત્રને ચારે બાજુથી આથમતો સૂર્ય પોતાના તાપ દ્વારા પ્રકાશિત - ઉદ્યોતિત - તાપિત-પ્રભાસિત કરે છે ? હા, ગૌતમ ! યાવત્ કરે છે.***

***ભગવન્ ! સૂર્ય સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને ? સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે યાવત્ છ એ દિશામાં પ્રકાશિત કરે છે. એ રીતે તેને ઉદ્યોતિત-તાપિત-પ્રભાસિત કરે છે.***

***ભગવન્ ! સ્પર્શ કરવાના કાળ સમયે સૂર્ય સાથે સંબંધવાળા જેટલા ક્ષેત્રને સર્વ દિશાઓમાં સૂર્ય સ્પર્શે તેટલું સ્પર્શાતુ તે ક્ષેત્ર સ્પર્શાએલું એમ કહેવાય ? હા, ગૌતમ ! - x - યાવત્ કહેવાય.***

***ભગવન્ ! સ્પર્શાએલ ક્ષેત્રને સ્પર્શે કે અસ્પર્શાએલ ક્ષેત્રને સ્પર્શે ? [સ્પર્શાએલ ક્ષેત્રને.] યાવત્ નિયમા છ દિશાને.***

● **વિવેચન-૬૯ :-**

જે પરિમાણથી. કોઈ જાતના અવકાશથી કે રૂપ અંતરાલ થકી, જેટલા અવકાશાંતરે સૂર્ય રહેલો છે. ઉદય પામતો નજરે શીઘ્ર આવે છે. અહીં સ્પર્શ શબ્દનો અર્થ "અડકવા જેવું" કરવો. કેમકે આંખ અપ્રાપ્તકારી છે. - x - તે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સાધિક ૪૭,૨૬૩ યોજન વર્તતો ઉદયમાં દેખાય છે. અસ્ત સમયે પણ એમ જ છે. એ રીતે પ્રતિમંડલે જોવામાં વિશેષ છે. જે ગ્રંથાંતરથી જાણવું. સર્વે દિશામાં અને સર્વે વિદિશામાં, અથવા આ એકાર્થક છે. થોડું પ્રકાશે છે, જેમકે - સ્થૂલતર વસ્તુ જ દેખાય છે. ખૂબ પ્રકાશે છે, જેમકે સ્થૂલ વસ્તુ જ દેખાય છે. ઠંડકને દૂર કરે છે અથવા સૂક્ષ્મ કીડી આદિ દેખાય છે. ખૂબ તપે છે. ઠંડકને ઘણી દૂર કરે છે અથવા સૂક્ષ્મતર વસ્તુ દેખાય છે.

હવે ક્ષેત્રને આશ્રીને કહે છે — જે ક્ષેત્રને અવભાસે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે, પ્રભાસે છે તેને સ્પર્શીને અવભાસે છે કે સ્પર્શ્યા વિના. યાવત્ શબ્દથી - સ્પૃષ્ટને અવભાસે છે અસ્પૃષ્ટને નહીં. - x - અવગાઢને અવભાસે છે, અનવગાઢને નહીં, અનંતર અવગાઢને અવભાસે છે, પરંપરાવગાઢને નહીં - x - અણુને અને બાદરને પણ અવભાસે છે - x - ઉર્ધ્વ, અધો, તિર્છાને પણ અવભાસે છે - x - આદિ-મધ્ય-અંતને અવભાસે છે - x - સવિષયને અવભાસે છે - x - આનુપૂર્વીને અવભાસે છે - x - નિયમા છ એ દિશાને અવભાસે છે. આ બધાંની વ્યાખ્યા ઉદ્દેશા-૧-ના નારકના આહાર સૂત્રવત્ કહેવી. તે જેમ અવભાસે છે, તે સૂત્ર પ્રપંચ કહ્યો. તે જ ઉદ્યોતીત આદિ ત્રણ પદથી કહેવું, તે દર્શાવવા એ રીતે ઉદ્યોતિતાદિ કહ્યું.

સ્પર્શાયેલ ક્ષેત્રને પ્રભાસે છે એમ કહ્યું. માટે હવે સ્પર્શનાને જ દર્શાવતા કહે છે. બધી દિશાઓમાં, સર્વ આત્મ વડે અથવા જે ક્ષેત્ર ખૂબ તાપથી વ્યાપ્ત છે તે અથવા વિષયભૂત બધું ક્ષેત્ર, પણ જેટલું ક્ષેત્ર છે તે બધાયનો સૂચક નથી. સર્વાપ - જે ક્ષેત્ર ખૂબ તાપથી વ્યાપ્ત હોય તે - x - અથવા સવ્યાપ - તાપથી વ્યાપ્ત ક્ષેત્ર. જ્યારે સ્પર્શ કરાય છે તે વખતે અથવા સ્પર્શ કરતા સૂર્યનો કાળ તે સ્પૃશત્કાલ. અહીં 'આતપ વડે' એ અર્થ અધ્યાહાર છે. તે સ્પૃશ્યમાન ક્ષેત્ર સ્પૃષ્ટ કહેવાય ? એ પ્રશ્ન. સ્પૃશ્યમાન અને સ્પૃષ્ટનું એકત્વ પ્રથમ સૂત્રવત્ જાણવું. - - -

સ્પર્શમાનને આશ્રીને જ કહે છે —

● **સૂત્ર-૭૦ :-**

***ભગવન્ ! લોકાંત અલોકાંતને સ્પર્શે અને અલોકાંત લોકાંતને સ્પર્શે ? હા, ગૌતમ ! લોકાંત અલોકાંત પરસ્પર સ્પર્શે.***

***ભગવન્ ! જે સ્પર્શાય તે સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ? યાવત્ નિયમા છ દિશાને સ્પર્શે છે. - - ભગવન્ ! દ્વીપાંત સાગરાંતને સ્પર્શે અને સાગરાંત દ્વીપાંતને સ્પર્શે ? હા, યાવત્ નિયમા છ એ દિશાને સ્પર્શે. - - એ રીતે આ અભિલાપથી પાણીનો છેડો વહાણના છેડાને સ્પર્શે, છિદ્રાંત વસ્ત્રાંતને, છાયાંત આતપાંતને છ દિશાથી સ્પર્શે.***



● **વિવેચન-૭૦ :-**

લોકાંત એટલે ચારે બાજુથી લોકનો અંત, અલોકાંત એટલે લોકાંત પછીનો ભાગ. અહીં પણ સ્પર્શાદિ સૂત્ર પ્રપંચ કહેવો. તેથી જ કહ્યું છે — નિયમા છ દિશિ. એની ભાવના આ રીતે — સ્પર્શેલ અલોકાંતને લોકાંતને સ્પર્શે છે. દૂર રહેલો પદાર્થ પણ વ્યવહારથી સ્પૃષ્ટ કહેવાય જેમ ચક્ષુઃસ્પર્શ કહેવાય છે. અવગાઢ - નજીક. અવગાઢપણું માત્ર નિકટતા રૂપ જ હોય, માટે કહે છે — અનંતરાવગાઢ એટલે આંતરારહિત સંબદ્ધ, પણ પરંપરાવગાઢ નહીં, જેમ સાંકળની કડી જોડાયેલ હોય. તે અણુને સ્પર્શે છે. કેમકે વિવક્ષાથી ક્યાંક અલોકાંત પણ પ્રદેશ માત્રથી સૂક્ષ્મ છે બાદરને પણ સ્પર્શે છે, કેમકે ક્યાંક અલોકાંત બાદરરૂપ છે. તેને ઉપર, નીચે, તીર્છુ સ્પર્શે છે. કેમકે ઉર્ધ્વાદિમાં લોકાંત અને અલોકાંત છે. આદિ-મધ્યે-અંતે પણ સ્પર્શે છે. - x - તે પ્રમાણેની કલ્પનાથી. તેને પોતાના વિષયમાં સ્પર્શે છે. પણ અવિષયમાં નહીં.

તે આનુપૂર્વીથી સ્પર્શે છે, અહીં પ્રથમ સ્થાને લોકાંત પછી બીજા સ્થાને અલોકાંત, એ રીતે અવસ્થાનપણે સ્પર્શે છે અન્યથા સ્પર્શના જ ન થાય. તેને છ એ દિશામાં સ્પર્શે છે. લોકાંતને પડખે ચારે બાજુએ અલોકાંત છે. આ સ્થાને ખૂણાઓની સ્પર્શના નથી. કેમકે વિદિશાઓ લોકના પરિહારપૂર્વક રહે છે.

એ રીતે દ્વીપનો છેડો અને સાગરનો છેડાના સૂત્રોમાં સ્પૃષ્ટાદિ પદોની ભાવના કરવી. તેમાં ઉપરના અને નીચેના દ્વીપસમુદ્રના પ્રદેશને આશ્રીને ઉર્ધ્વ-અધો બંને દિશાની સ્પર્શના જાણવી.

નદી આદિના પાણીનો છેડો અને નૌકાનો છેડો, અહીં પણ ઉંચાઈની અપેક્ષા એ કે જલ નિમજ્જનથી ઉર્ધ્વ દિશાની સ્પર્શના જાણવી.

છિદ્રનો છેડો વસ્ત્રના છેડાને સ્પર્શે છે. અહીં પણ છ દિશાની સ્પર્શના ભાવવી. તે વસ્ત્રની ઉંચાઈની અપેક્ષાએ અથવા કંબલરૂપ વસ્ત્રની પોટલીમાં વચ્ચે ઉત્પન્ન થયેલ જીવે ખાવાથી પડેલ મધ્ય છિદ્રની અપેક્ષાએ લોકાંત સૂત્રવત્ છ દિશાની સ્પર્શના છે.

છાયાના ભેદથી છ દિશાની ભાવના આ પ્રમાણે - આતપમાં આકાશમાં ઉડતા પક્ષી વગેરેની જે છાયા તેનો અંત તે આતપાંત ચારે દિશામાં સ્પર્શે છે, તથા તે છાયાની ઉંચાઈ જમીનથી તે દ્રવ્ય સુધીની હોય છે - x - ઇત્યાદિ - x - સ્પર્શનાધિકારથી ક્રિયા વિચાર —

● **સૂત્ર-૭૧ :-**

***ભગવન્ ! જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? હા, કરાય છે ભગવન્ ! તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ ? - યાવત્ વ્યાઘાત રહિત વડે છ એ દિશામાં અને વ્યાઘાત આશ્રિને કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ દિશાને સ્પર્શે છે. - - ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે કૃત કરાય કે અકૃત ? ગૌતમ ! કૃત કરાય, અકૃત ન કરાય.***

***ભગવન્ ! તે ક્રિયા આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ? ગૌતમ !***

*આત્મકૃત છે, પરકૃત કે ઉભયકૃત નથી. - - તે ક્રિયા આનુપૂર્વીકૃત છે કે અનાનુપૂર્વી કૃત ? ગૌતમ ! આનુપૂર્વીકૃત છે, અનાનુપૂર્વીકૃત નથી. જે ક્રિયા કૃત છે - કરાય છે - કરાશે તે આનુપૂર્વી કૃત છે, પણ અનાનુપૂર્વી કૃત નથી.*

*ભગવન્ ! નૈરયિકો પ્રાણાતિપાત ક્રિયા કરે ? હા, કરે. જે ક્રિયા કરાય તે શું સ્પષ્ટ છે કે અસ્પૃષ્ટ ? - યાવત્ - નિયમા છ એ દિશામાં કરાય છે - ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે કૃત છે કે અકૃત છે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ અનાનુપૂર્વી કૃત્ નથી.*

*નૈરયિકો માફક એકેન્દ્રિય સિવાયના યાવત્ વૈમાનિક સુધીના જીવો કહેવા અને એકેન્દ્રિયો જીવોની માફક કહેવા.*

*પ્રાણાતિપાત માફક મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્ય. આ અઢારે સ્થાન વિશે ૨૪-દંડક કહેવા. - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, કહી ગૌતમ શ્રમણ વિચરે છે.*

● **વિવેચન-૭૧ :-**

આ પક્ષ છે - કરાય તે ક્રિયા અને ક્રિયા એટલે કર્મ, તે થાય છે. ઇત્યાદિ વ્યાખ્યા પૂર્વવત્. કૃત હોય તે થાય, કેમકે અકૃત્ કર્મનો અભાવ છે કર્મ આત્મકૃત હોય, પરકૃત નહીં. જ્યાં આગળ-પાછળનો વિભાગ ન હોય તે અનાનુપૂર્વી શબ્દથી વ્યવહરાય છે.

એકેન્દ્રિયોને વર્જીને નારકવત્ અસુરાદિ બધા કહેવા. એકેન્દ્રિયો જુદી રીતે કહેવા, કેમકે તેઓને દિશાપદમાં નિર્વ્યાઘાતે છ એ દિશામાં અને વ્યાઘાતે ત્રણ-ચાર-પાંચ દિશામાં એ વિશેષ છે અને આ વિશેષ જીવપદમાં કહેલ છે, માટે જ કહે છે — जहाजीवा.

યાવત્ શબ્દથી માન, માયા, લોભાદિ જાણવા. 'પ્રેમ' એટલે જે આસક્તિમાં માયા અને લોભનો સ્વભાવ અપ્રગટ છે, તે 'દ્વેષ' એટલે અપ્રગટ ક્રોધ અને માનરૂપ જે માત્ર અપ્રીતિ. कलह - કજીયો, अभ्याख्यान - અછતાં દોષો જાહેર કરવા. पेसुन्न - અછતાં દોષોને ગુપ્તપણે જાહેર કરવા. परपरिवाद - વિપ્રકીર્ણ બીજાના ગુણદોષ કહેવા. अरति - મોહનીયના ઉદયથી ચિત્તનો ઉદ્વેગરૂપ ફળ. મોહનીયના ઉદયથી વિષયોમાં ચિત્તની અભિરતિ તે इति. मायामृषावाद - ત્રીજા કષાય અને બીજા આશ્રવનો સંયોગ. આના વડે બધાં સંયોગો ઉપલક્ષિત કર્યા છે અથવા વેશાંતર-ભાષાંતર કરીને જે બીજાને છેતરવા, અનેક પ્રકારના જીવોને પીડાનું કારણ હોવાથી તે મિથ્યાદર્શન શલ્ય છે.

એ રીતે કર્મ પ્રરૂપ્યું. તે પ્રવાહથી શાશ્વત છે, શાશ્વતા એવા લોકાદિ ભાવોને રોહક નામક મુનિ દ્વારથી પ્રરૂપવા કહે છે —

● **સૂત્ર-૭૨ થી ૭૬ :-**

*[૭૨] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય 'રોહ' નામક અણગાર, જેઓ સ્વભાવથી ભદ્રક, મૃદુ, વિનીત, શાંત, પાતળા ક્રોધ-માન-*



*માયા-લોભવાળા, નિરહંકારતા સંપન્ન, ગુરુઆશ્રિત, કોઈને ન સંતાપનાર, વિનયી હતા. તેઓ ભગવંત મહાવીરની દૂર નહીં-સમીપ નહીં એ રીતે ઉભડક બેસી, મસ્તક ઝુકાવી, ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશી, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.*

*ત્યારે તે રોહ અણગાર જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા - ભગવન્ ! પહેલા લોક અને પછી અલોક કે પહેલા અલોક અને પછી લોક ? રોહ ! લોક અને અલોક પહેલાં પણ છે, પછી પણ છે. આ બંને શાશ્વત ભાવો છે. તેમાં પહેલો કે પછી ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા જીવ પછી અજીવ કે પહેલા અજીવ પછી જીવ ? જેમ લોક-અલોકમાં કહ્યું, તેમ જીવ-અજીવમાં જાણવું. એ પ્રમાણે ભવસિદ્ધિક-અભવસિદ્ધિક, સિદ્ધિ-અસિદ્ધિ, સિદ્ધ-અસિદ્ધ જાણવા.*

*ભગવન્ ! પહેલા ઇંડુ પછી કુકડી કે પહેલા કુકડી પછી ઇંડુ ? રોહ ! તે ઇંડુ ક્યાંથી થયું ? ભગવન્ ! કુકડીથી. કુકડી ક્યાંથી થઈ ? ભગવન્ ! ઇંડાથી. એ રીતે હે રોહ ! ઇંડુ અને કુકડી પહેલા પણ છે, પછી પણ છે. એ શાશ્વત ભાવ છે. તે બેમાં કોઈ જાતનો ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા લોકાંત, પછી અલોકાંત કે પહેલા અલોકાંત, પછી લોકાંત ? રોહ ! લોકાંત અને અલોકાંત, યાવત્ કોઈ જ ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા લોકાંત, પછી સાતમું અવકાશાંતરનો પ્રશ્ન. રોહ ! લોકાંત અને સાતમું અવકાશાંતર બંને છે, યાવત્ કોઈ ક્રમ નથી. એ પ્રમાણે લોકાંત અને સાતમો તનુવાત, એ રીતે ઘનવાત, ઘનોદધિ અને સાતમી પૃથ્વી. એ પ્રમાણે એક એકની સાથે આ સ્થાનો જોડવા.*

*[૭૩] અવકાશાંતર, વાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, વર્ષક્ષેત્ર, નૈરયિકાદિ જીવ, અસ્તિકાય, સમય, કર્મ અને લેશ્યા... [૭૪] દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્યપ્રદેશ, પર્યવો, કાળ - - -*

*[૭૫] ભગવન્ ! શું પહેલા લોકાંત, પછી સર્વકાળ છે ? જેમ લોકાંત સાથે એ બધાં સ્થાનો જોડ્યા, તેમ અલોકાંત સાથે પણ જોડવા.*

*ભગવન્ ! પહેલા સાતમું અવકાશાંતર, પછી સાતમો તનુવાત છે ? એ રીતે સાતમું અવકાશાંતર બધાં સાથે જોડવું યાવત્ સર્વકાળ.*

*ભગવન્ ! પહેલા સાતમો તનુવાત, પછી સાતમો ઘનવાત ? આ પણ તેમજ જાણવું. યાવત્ સર્વકાળ. આ રીતે ઉપરના એકૈકને સંયોજતા અને નીચે-નીચેનાને છોડતા પૂર્વવત્ જાણવું. યાવત્ અતીત, અનાગતકાળ પછી સર્વકાળનો યાવત્ કોઈ ક્રમ નથી.*

*હે ભગવન્ ! એમ કેમ કહો છો ? - x - ગૌતમ ! જેમ કોઈ પુરુષ ચામડાની મસકને પવનથી ફૂલાવે, ફૂલાવીને તેનું મુખ બાંધે, મધ્યમાં ગાંઠ બાંધે, મુખ ખોલી દે, ઉપરના ભાગે પાણી ભરે, ભરીને મુખ બાંધી દે, વચ્ચેની*

*ગાંઠ છોડી નાંખે, તો ભરેલું પાણી વાયુના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. તે કારણે યાવત્ જીવો કર્મ સંગૃહિત છે.*

*અથવા હે ગૌતમ ! કોઈ પુરુષ મસકને ફૂલાવીને પોતાની કેડે બાંધે, બાંધીને અથાગ, તરી ન શકાય તેવા, માથોડાથી વધુ ઉંડા જળમાં પ્રવેશે, તો તે પુરુષ પાણીના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. એ રીતે આઠ ભેદે લોક સ્થિતિ યાવત્ જીવ કર્મસંગૃહિત કહ્યા.*

**● વિવેચન-૭૨ થી ૭૬ :-**

સ્વભાવથી—પરોપકાર કરનારો, ભાવ મૃદુ, તેથી જ વિનયી, તથા ક્રોધોદયના અભાવવાળો, કષાયોદય હોવા છતાં તે પ્રવૃત્તિના અભાવથી પાતળા ક્રોધાદિભાવવાળો, ગુરુના ઉપદેશથી અહંકાર ઉપર અત્યંત જય મેળવનાર, ગુરુને આશ્રયે રહેલ કે સંલીન, ગુરુ શિક્ષાના ગુણથી કોઈને ન સંતાપનાર, ગુરુ સેવા ગુણથી વિનયી, જેની સિદ્ધિ થનારી છે તે અર્થાત્ ભવ્ય. સાતમી પૃથ્વી નીચેનું આકાશ.

સૂત્ર ગાથા - સાત અવકાશાંતરો, તનુવાત - ઘનવાત, ઘન પાણી, સાતે નરક પૃથ્વી, જંબૂદ્વીપાદિ અસંખ્યાત દ્વીપો, લવણાદિ અસંખ્ય સમુદ્રો, ભરતાદિ સાત ક્ષેત્રો, નૈરયિકાદિ ૨૪-દંડક, પાંચ અસ્તિકાય, કાળવિભાગ, આઠ કર્મો, છ લેશ્યા, મિથ્યાદિ ત્રણ દૃષ્ટિ, ચાર દર્શન, પાંચ જ્ઞાન, ચાર સંજ્ઞા, પાંચ શરીર, ત્રણ યોગ, બે ઉપયોગ, છ દ્રવ્યો, અનંતા પ્રદેશો, અનંત પર્યાયો, અતીતાદિ કાળ.

અહીં સૂત્રાભિલાપનો નિર્દેશ કર્યો છે. તે રીતે છેલ્લા સૂત્રના અભિલાપને દર્શાવતા કહે છે — પહેલા લોક, પછી સર્વકાળ ? આદિ. આ સૂત્રો શૂન્યવાદ, જ્ઞાનવાદાદિના નિરાસથી વિચિત્ર બાહ્ય અને આધ્યાત્મિક વસ્તુની સત્તાના અને અનાદિપણાના સૂચક છે.

લોકાંતાદિ લોક પદાર્થનો પ્રસ્તાવથી ગૌતમના મુખથી લોક સ્થિતિ જણાવવા કહે છે — (૧) તનુવાત, ઘનવાતરૂપ વાયુ આકાશને આધારે રહેલો છે. કેમકે તે અવકાશાંતર ઉપર સ્થિત છે, આકાશ તો સ્વપ્રતિષ્ઠિત જ છે, તેની પ્રતિષ્ઠાની વિચારણા કરી નથી. (૨) ઘનોદધિ તનુવાત, ઘનવાત ઉપર રહેલો છે, (૩) રત્નપ્રભાદિ પૃથ્વી ઘનોદધિ ઉપર રહેલી છે. આ કથન બહુલતાની અપેક્ષાએ છે, અન્યથા ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આકાશને આધારે રહેલ છે. (૪) ત્રસ સ્થાવર પ્રાણી પૃથ્વીને આધારે છે તે પણ પ્રાયિક વચન છે. તે આકાશ-પર્વત-વિમાન આધારે પણ છે.

(૫) શરીરાદિ પુદ્‌ગલરૂપ અજીવો જીવને આધારે રહેલા છે. કેમકે જીવોમાં તેની સ્થિતિ છે. (૬) અનુદય અવસ્થામાં રહેલ કર્મ પુદ્‌ગલ સમુદાય રૂપે સંસારી જીવો કર્મ પ્રતિષ્ઠિત છે. બીજા કહે છે — જીવો નારકાદિ ભાવે કર્મ વડે રહેલા છે. (૭) મન-ભાષાદિ પુદ્‌ગલો જીવોએ સંગ્રહેલા છે. [શંકા] અજીવો જીવ પ્રતિષ્ઠિત છે અને અજીવો જીવ સંગૃહિત છે. તેમાં શો ભેદ છે? પૂર્વે આધાર-આધેય ભાવ કહ્યો, અહીં સંગ્રાહ્ય-સંગ્રાહક ભાવ કહ્યો, તે ભેદ છે. - x - [૮] સંસારી જીવો ઉદય પ્રાપ્ત કર્મવશવર્તી હોવાથી જીવ કર્મ સંગૃહીત છે. જે જેને વશ હોય તે તેમાં રહેલ હોય - x -



કોઈ એક દેવદત્તાદિ નામવાળો પુરુષ - x - x - મસકને વાયુ વડે ફૂલાવે - x - x - ઉપર ગાંઠ બાંધે અથવા વાયુની ઉપર અપ્‌કાય વ્યવહારથી પણ હોય - x - જેમ પાણીનો આધાર વાયુ છે, તેમ આકાશ અને ઘનવાતાદિનો પરસ્પર આધાર-આધેય ભાવ પહેલા કહ્યો છે. અગાધ-તળ વિનાનું-ઘણું ઉંડુ, તેથી જ તરવું અશક્ય. પાઠાંતરથી પાર વિનાનું. પુરુષ પ્રમાણથી વધારે તે અપૌરુષેય. - x - પાણીમાં.

લોક સ્થિતિ અધિકારથી જ કહે છે — अत्थिणं० બીજા કહે છે — ‘‘અજીવો જીવ પ્રતિષ્ઠિત છે, ઇત્યાદિ ચાર પદની ભાવના માટે સૂત્ર —

**● સૂત્ર-૭૭ :-**

*ભગવન્ ! જીવો અને પુદ્‌ગલો પરસ્પર બદ્ધ - સ્પૃષ્ટ - અવગાઢ - સ્નેહ પ્રતિબદ્ધ - ઘટ્ટ થઈને રહે છે ? હા, રહે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ એક દ્રહ છે, તે પાણીથી ભરેલો છે, છલોછલ ભરેલો, છલકાતો, પાણીથી વધતો, ભરેલા ઘડા માફક રહે છે. કોઈ પુરુષ તે દ્રહમાં એક મોટી ૧૦૦ નાના અને ૧૦૦ મોટા કાણાવાળી નાવને નાંખે, તો હે ગૌતમ ! તે નાવ તે છિદ્રોથી ભરાતી, વધારે ભરાતી, છલકાતી, પાણીથી વધતી અને ભરેલા ઘડા માફક રહે ? હા, રહે. તેથી જ હે ગૌતમ ! યાવત્ જીવો તે પ્રમાણે રહે છે.*

**● વિવેચન-૭૭ :-**

કર્મ શરીરાદિ પુદ્‌ગલો, જીવો પુદ્‌ગલ સાથે અને પુદ્‌ગલો જીવો સાથે અન્યોન્ય બદ્ધ છે. કેવી રીતે ? પૂર્વે માત્ર અન્યોન્ય સ્પૃષ્ટ હતા, પછી અન્યોન્ય બદ્ધ થયા - ગાઢતર બદ્ધ થયા. પરસ્પર એકમેક થયા, સ્નેહ પ્રતિબદ્ધ થયા. સ્નેહ - રાગ આદિ. કહ્યું છે — સ્નેહ તેલથી લેપેલ શરીરે રજ ચોંટે છે, તેમ રાગદ્વેષથી ક્લિન્ન આત્માને કર્મ ચોંટે છે.

જેમનો અન્યોન્ય સમુદાય છે, તે અન્યોન્ય ઘટ્ટ, તેનો ભાવ તે અન્યોન્યઘટ્ટતા. દ્રહ કે નદી, જળથી ભરેલ હોય, તે કંઈક અધૂરો હોય તો પણ વ્યવહારથી પૂર્ણ કહેવાય. જેનું પ્રમાણ પાણીથી પૂરું છે, ઘણું પાણી ભરાવાથી છલકતો, પાણીની પ્રચૂરતાથી વધતો, - x - જ્યાં પાણીનો સમુદાય વિષમ નહીં પણ સમ છે, તે સમભર અથવા સર્વથા ભરેલો, સમ શબ્દનો સર્વ અર્થ હોવાથી સમભર, એવા સમભર ઘટ માફક અર્થાત્ સર્વથા ભરેલા ઘટના આકારપણે. - x - x - સો નાના કાણાવાળી કે નિત્ય કાણાવાળી, સો મોટા કાણાવાળી નાવનો પ્રવેશ કરાવે. તે છિદ્ર રૂપ દ્વારો વડે પાણીથી ભરાતી ઇત્યાદિ પૂર્વવત્. વિશેષ આ - ભરાયા પછી ત્યાં જ ડૂબે. તે દ્રહમાં ફેંકેલ અને પાણીથી પૂર્ણ ભરેલ ઘડાની માફક દ્રહના નીચેના ભાગમાં પાણીની સાથે રહે છે. જેમ નાવ અને દ્રહનું જળ અન્યોન્યાવગાઢ રહે છે, તેમ જીવ અને પુદ્‌ગલ રહે છે. - - લોક સ્થિતિ વિશે કહે છે —

**● સૂત્ર-૭૮ :-**

*ભગવન્ ! સદા સૂક્ષ્મ સ્નેહકાય [પાણી] માપથી પડે છે ? હા, પડે છે.*

*ભગવન્ ! તે ઉર્ધ્વ પડે, નીચે પડે કે તિર્છું પડે ? ગૌતમ ! ઉર્ધ્વ-અધો-તિર્છું ત્રણે પડે. - - ભગવન્ ! તે સૂક્ષ્મ અપ્કાય આ સ્થૂળ અપ્કાય માફક પરસ્પર સમાયુક્ત થઈને લાંબો કાળ રહે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે સૂક્ષ્મ અપ્કાય શીઘ્ર જ નાશ પામે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૯ :-

હંમેશા, સપરિમાણ પણ બાદર અપ્કાય માફક અપરિમિત નહીં અથવા સદા - સર્વ ઋતુઓમાં, રાત્રિ અને દિવસના પહેલા અને છેલ્લા પ્રહરમાં, તેમાં પણ સ્નિગ્ધ અને રૂક્ષભાવ અપેક્ષાએ કાળનું બહુત્વ-અલ્પત્વ સમજવું. કહ્યું છે — શિશિર ઋતુમાં પહેલા-છેલ્લા પ્રહરને વર્જીને તથા ગ્રીષ્મમાં પહેલા-છેલ્લા પ્રહરનો અર્ધભાગ વર્જીને બીજા સમયે સ્નેહ આદિના રક્ષણ માટે લેપવાળું પાત્ર બહાર ન મૂકે. સ્નેહકાય એટલે અપ્કાય વિશેષ. - - ઉર્ધ્વલોકમાં વૃત્તવૈતાઢ્યાદિમાં, અધોલોક ગ્રામમાં, તિર્છાલોકમાં તળાવ આદિ ભરાતા તે થોડા હોવાથી વિનાશ પામે છે.

શતક-૧, ઉદ્દેશો-૬-ટીકા સહિત અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૧, ઉદ્દેશો-૭-નૈરયિક ❀

— x — x — x — x —

૦ હવે સાતમો ઉદ્દેશો કહે છે, તેનો આ સંબંધ છે — નાશ પામે છે, તેમ કહ્યું. અહીં તેથી વિપરીત ‘ઉત્પાદ’ કહે છે. અથવા પૂર્વે લોક સ્થિતિ કહી, અહીં પણ કહે છે — અવસરથી નૈરયિક કહે છે —

● સૂત્ર-૭૯ :-

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પધમાન શું એક ભાગથી એક ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, એક ભાગથી સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, સર્વથી દેશ ભાગે ઉપજે કે સર્વથી સર્વ ભાગે ઉપજે ? ગૌતમ ! દેશથી દેશ, દેશથી સર્વ કે સર્વથી દેશ ભાગે ઉત્પન્ન ન થાય, પણ સર્વથી સર્વ ભાગે ઉપજે.*

*નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવું.*

● વિવેચન-૭૯ :-

જે જીવ નૈરયિકમાં ઉત્પન્ન થયો નથી, પણ હવે ઉપજવાનો છે, તે નૈરયિક કેમ કહેવાય ? - x - ઉત્પન્ન થતો ઉત્પન્ન જ જાણવો. કેમકે તેના આયુષ્યનો ઉદય છે. અન્યથા તિર્યચાદિ આયુના અભાવે નારકના આયુના ઉદયે પણ જો તે નારક નથી તો બીજો કોણ છે ?

અંશે અંશે જે ઉત્પાદન પ્રવર્તે તે ‘દેશોનદેશ’. એ રીતે આગળ પણ જાણવું. તેમાં જીવ શું પોતાના અવયવથી નારક અવયવીના અંશપણે ઉપજે અથવા દેશથી સર્વાત્મપણે ઉપજે ? ઇત્યાદિ પ્રશ્ન. - x - તેનો ઉત્તર આપે છે. (૧) પોતાના અવયવથી નારકીના અવયવ પણે ઉત્પન્ન ન થાય, કેમકે પારિણામિક કારણ અવયવથી કાર્ય અવયવ ન નીપજે. - x - જેમ પટના દેશભૂત તંતુથી અપૂર્ણ પટદેશ નીપજતો નથી. - x - (૨) દેશથી સર્વપણે પણ ન ઉપજે. કેમકે અપરિપૂર્ણ કારણપણું છે. જેમ એક તંતુથી પટ ન બની શકે. (૩) સર્વથી દેશપણે ન ઉપજે કેમકે સંપૂર્ણ પરિણામી કારણથી સંપૂર્ણ ઘડો ઉત્પન્ન થાય, ઠીકરું નહીં. (૪) સર્વથી સર્વ ઉપજે, કેમકે પૂર્ણ કારણનો સમવાય છે. જેમકે - ઘટ. *[આ ચૂર્ણિકારનો મત છે.]*



*[વૃત્તિકાર કહે છે —]* શું એક સ્થાને રહેલો જીવ — (૧) પોતાના એક ભાગને દૂર કરીને જ્યાં ઉત્પન્ન થવાનું છે, ત્યાં એક ભાગ વડે ઉત્પન્ન થાય ? એક ભાગથી સર્વતઃ ઉત્પન્ન થાય ?, સર્વ આત્મા વડે જ્યાં ઉત્પન્ન થવાનું છે ત્યાં દેશથી ઉત્પન્ન થાય ? અથવા સર્વ આત્મા વડે સર્વત્ર ઉત્પન્ન થાય ? અહીં છેલ્લા બે ભંગ લેવા. ઇલિકાગતિથી જાય તો ત્યાં દેશથી ઉત્પન્ન થાય, કંદુકગતિથી જાય તો સર્વથી ઉત્પન્ન થાય. - આ વ્યાખ્યા વાચનાંતર વિષયમાં છે. *[આ સૂત્ર મુજબ નથી.]* ઉત્પત્તિ પછી આહાર જોઈએ માટે આહારસૂત્ર—

● સૂત્ર-૮૦ :-

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પધમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ?, દેશથી સર્વનો આહાર કરે ? સર્વથી દેશનો આહાર કરે ? કે સર્વથી સર્વનો આહાર કરે ? ગૌતમ ! દેશથી દેશનો કે દેશથી સર્વનો આહાર ન કરે. સર્વથી દેશનો કે સર્વથી સર્વનો આહાર કરે. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! નૈરયિકોથી ઉદ્વર્તતો નૈરયિક શું દેશથી દેશે ઉદ્વર્તે ? આદિ પ્રશ્ન. ઉત્પધમાનની જેમ ઉદ્વર્તમાનનો દંડક કહેવો.*

*ભગવન્ ! નૈરયિકથી ઉદ્વર્તમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ? આદિ પ્રશ્ન. ગૌતમ ! તે સર્વથી દેશને આશ્રીને આહાર કરે અને સર્વથી સર્વનો આહાર કરે. એમ વૈમાનિક સુધી છે.*

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન નૈરયિક શું દેશથી દેશે ઉત્પન્ન થાય ? આદિ પ્રશ્ન. ગૌતમ ! સર્વથી સર્વ ભાગે ઉત્પન્ન થાય. ઉત્પધમાન અને ઉદ્વર્તમાનના ચાર દંડક માફક ઉપપન્ન અને ઉદ્વર્તનના પણ ચાર દંડક જાણવા. - - સર્વથી સર્વ ઉપપન્ન, સર્વથી દેશનો આહાર, સર્વથી સર્વનો આહાર. આ અભિલાપ વડે ઉપપન્ન અને ઉદ્વર્તન જાણવું. - - - ભગવન્ ! નૈરયિકોમાં ઉપજતો શું અર્ધભાગ વડે અર્ધને આશ્રીને ઉત્પન્ન થાય ? અર્ધથી સર્વ ઉપજે ? સર્વથી અર્ધ ઉપજે ? કે સર્વથી સર્વ ઉપજે. ગૌતમ ! જેમ પ્રથમ સાથે આઠ દંડક કહ્યા તેમ અર્ધ સાથે આઠ દંડક કહેવા. વિશેષ આ - દેશ ને સ્થાને અદ્ધ શબ્દ કહેવો.*

*કુલ ૧૬ દંડક થયા.*

● વિવેચન-૮૦ :-

આત્માના એક દેશ વડે ખાવાના પદાર્થનો એક ભાગ ખાય ? એમ જાણવું [ઉત્તર] સર્વથી દેશનો આહાર કરે. કેમકે ઉત્પત્તિ પછી અનંતર સમયમાં સર્વ પ્રદેશો વડે આત્મા આહાર પુદ્ગલ લઈ કેટલાંક ખાય છે, કેટલાંક મૂકે છે - x - x - માટે કહ્યું દેશથી ખાય. ઉત્પત્તિ સમયે સર્વાત્મ પ્રદેશથી આહાર પુદ્ગલો ગ્રહીને - x -

સર્વને આહારે છે. - - આહાર સાથે ઉત્પાદના બે દંડક પૂર્વે કહ્યા. હવે ઉત્પાદનો પ્રતિપક્ષ હોવાથી - x - ઉદ્વર્તના દંડક આહાર દંડક સાથે કહ્યો છે. અનુત્પન્ન જીવની ઉદ્વર્તના હોતી નથી, માટે હવે પછી આહાર સાથે ઉત્પન્ન જીવ સંબંધે બે દંડક કહ્યા છે. ઉત્પન્નનો પ્રતિપક્ષ હોવાથી આહાર સાથે ઉદ્વર્તનાના બે દંડક કહ્યા છે. ઇત્યાદિ - x -

એ પ્રમાણે આઠ દંડકો વડે દેશ અને સર્વથી ઉત્પાદાદિ વિચાર કર્યો. બીજા આઠ દંડકથી અર્ધ અને સર્વ વડે ઉત્પાદાદિ વિશે વિચારણા છે. - x - ઉત્પત્તિ, ઉદ્વર્તના ગતિપૂર્વક થાય માટે ગતિ —

● સૂત્ર-૮૧ :-

*ભગવન્ ! શું જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! થોડો વિગ્રહ ગતિને અને થોડો અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. - - ભગવન્ ! જીવો વિગ્રહ ગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! બંને.*

*ભગવન્ ! નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! તે બધાં અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે અથવા ઘણાં અવિગ્રહગતિને પ્રાપ્ત છે અને એક વિગ્રહગતિને પ્રાપ્ત છે અથવા ઘણાં અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે, ઘણાં વિગ્રહગતિને. એ પ્રમાણે સર્વત્ર ત્રણ ભંગ છે માત્ર જીવ અને એકેન્દ્રિયમાં નહીં.*

● વિવેચન-૮૧ :-

વિગ્રહ - વક્ર, તેની મુખ્યતાવાળી ગતિ તે વિગ્રહગતિ. બીજી ગતિમાં વાંકો ચાલે ત્યારે તે વિગ્રહગતિ પ્રાપ્ત કહેવાય. અવિગ્રહગતિ પ્રાપ્ત તે ઋજુગતિમાં રહેલો, તેમાં ગતિવાળો કે ગતિ વિનાનો તે અવિગ્રહ ગતિ પ્રાપ્ત કહેવાય. હવે જો "ઋજુ ગતિવાળો" એ જ અર્થ કરાય તો સૂત્રમાં કહેલ અવિગ્રહ ગતિ સમાપન્નનો અર્થ કરતા નારકીમાં ઋજુ ગતિવાળા જીવો ઘણાં હશે તેમ અર્થ થશે. તેમ નથી. શાસ્ત્રમાં એક-બે જીવનો ઉત્પાદ સંભળાય છે. ટીકાકારે કોઈપણ અભિપ્રાયથી ઋજુગતિક અર્થ કર્યો છે.

"जीवा णं भंते" આદિ પ્રશ્ન - જીવો અનંત હોવાથી પ્રતિ સમયે વિગ્રહગતિવાળાનો નિષેધ કરીને બહુત્વના ભાવથી કહે છે - જીવો કરતાં નારકોનું અલ્પત્વ હોવાથી વિગ્રહગતિવાળાનો કદાચ અસંભવ હોય અને સંભવે તો એકાદિ હોય, તેથી વિગ્રહગતિવાળાનો નિષેધ કરીને કહે છે — અહીં ત્રણ વિકલ્પ છે - "सव्वे वि ताव० અસુરાદિમાં એ વાત અતિદેશ થકી કહે છે — જીવો અને એકેન્દ્રિયો ઉક્ત યુક્તિ વડે વિગ્રહગતિવાળા અને વિનાના ઘણાં હોય છે, માટે અહીં ત્રણ ભંગ કહ્યા નથી. પણ એ સિવાય તો ત્રણ ભાંગા જ જાણવા. - ગતિ અધિકારથી ચ્યવનસૂત્ર—

● સૂત્ર-૮૨ :-

*ભગવન્ ! મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભાવ, મરણકાળે ચ્યવતો મહેશ દેવ લજ્જા-દુગંછા-પરીષહને કારણે થોડો સમય આહાર કરતો નથી, પછી આહાર કરે છે અને લેવાતો આહાર પરિણમે પણ છે, છેવટે તેનું આયુ સર્વથા નષ્ટ થાય છે, તેથી તે દેવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાંનુ આયુ અનુભવે. તે તિર્યંચયોનિકનું કે મનુષ્યનું આયુ જાણવું ? હે ગૌતમ ! તે મહર્દ્ધિક દેવનું યાવત્ મનુષ્યનું આયુ પણ જાણવું.*



● વિવેચન-૮૨ :-

વિમાન, પરિવારાદિથી મહર્દ્ધિક, શરીરાભરણાદિથી મહદ્યુતિક, શરીરપ્રાણથી મહાબલ, યશકીર્તિથી મહાયશ, મહેશ નામનો અથવા મહાસુખવાળો, વિશિષ્ટ વૈક્રિયાદિ અચિંત્ય સામર્થ્યથી મહાનુભાવ, - x - ઉત્પત્તિ - x - કે - x - મરણ સમયે અર્થાત્ જીવતો જ મરવાની તૈયારીવાળો કે શરીરને છોડતો કેટલોક કાળ ખાય પણ નહીં. કેમ ? લજ્જા નિમિત્તે, કેમકે જ્યાં ઉત્પન્ન થવાનો છે, તે સ્થાન જોઈને શરમાય છે, કેમકે તે સ્થાન દેવભવ કરતાં વિસદૃશ છે, પુરુષ દ્વારા ભોગવાતી સ્ત્રીનો ગર્ભાશય છે તેથી શરમથી ન ખાય. વળી ઘૃણા નિમિત્ત-ઉત્પત્તિ ગંદકીરૂપ વીર્યાદિથી છે તથા અરતિ પરીષહને લીધે ચેન ન પડવાથી ખાતો નથી. દેવાહાર-તથાવિધ પુદ્ગલો મનથી ગ્રહણ કરવા.

હવે પછીના સમયે આહાર કરે છે, કેમકે ભૂખની પીડા લાંબો કાળ સહેવાતી નથી - x - આ સૂત્રથી ક્રિયાકાળ-નિષ્ઠાકાળના અભેદ અભિધાનથી આહાર કાળની અલ્પતા કહી છે. આહાર કર્યા પછી તેનું આયુ ક્ષીણ થતાં જ્યાં મનુષ્યાદિમાં ઉત્પન્ન થવાનું છે, તેનું આયુ અનુભવે છે અથવા તિર્યંચ યોનિકાયુ અનુભવ છે. દેવ-નરક ગતિમાં ઉત્પન્ન ન થાય માટે તેનો નિષેધ છે. ઉત્પત્તિ અધિકારથી કહે છે —

● સૂત્ર-૮૩ :-

*ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સેન્દ્રિય ઉત્પન્ન થાય કે અનિન્દ્રિય ? ગૌતમ ! ઈન્દ્રિયવાળો પણ ઉત્પન્ન થાય, ઈન્દ્રિય વિનાનો પણ. એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયોની અપેક્ષાએ અનિન્દ્રિય અને ભાવેન્દ્રિય અપેક્ષાએ ઈન્દ્રિયવાળો ઉત્પન્ન થાય, તેથી.*

*ભગવન્ ! ગર્ભમાં ઉપજતો જીવ સશરીરી ઉત્પન્ન થાય કે અશરીરી ? ગૌતમ ! શરીરવાળો અને વિનાનો બંને ઉત્પન્ન થાય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઔદારિક, વૈક્રિય, આહારક અપેક્ષાએ શરીર રહિત અને તૈજસ, કાર્મણની અપેક્ષાએ શરીર સહિત ઉત્પન્ન થાય.*

*ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતાં જ જીવ પહેલા શું ખાય ? ગૌતમ ! માતાનું આર્તવ અને પિતાનું વીર્ય, તદુભય સંસૃષ્ટ કલુષ અને કિલ્વિષનો સૌ પહેલાં આહાર કરે છે.*

*ભગવન્ ! ગર્ભમાં ગયેલ જીવ શું ખાય ? ગૌતમ ! માતાએ ખાધેલ અનેકવિધ રસ વિગઈનો એક દેશ અને માતાનું આર્તવ ખાય.*

*ભગવન્ ! ગર્ભગત જીવ મુખેથી કવલાહાર લઈ શકે ? ગૌતમ ! ન લઈ શકે. કેમકે - તે સર્વાત્મ વડે - ખાય, પરિણમાવે, શ્વાસોચ્છ્વાસ લે, કદાચિત્-*

*ખાય, પરિણમાવે, શ્વાસોચ્છ્વાસ લે. બાળકના જીવને રસ પહોંચાડવા અને માતાને રસ લેવામાં કારણભૂત નાડી માતાના જીવ સાથે પ્રતિબદ્ધ અને પુત્ર જીવ સાથે સ્પૃષ્ટ છે, તેનાથી આહાર લે, પરિણમાવે છે. બીજી પણ એક નાડી પુત્રજીવ સાથે સંબદ્ધ, માતાના જીવને સ્પર્શેલ છે, તેનાથી આહારનો ચય, ઉપચય કરે છે, હે ગૌતમ ! તે કારણથી ગર્ભગત જીવ મુખેથી કવલાહાર ન કરે.*

*ભગવન્ ! માતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ-માંસ, લોહી, માથાનું ભેજું. - - ભગવન્ ! પિતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ — હાડકાં, મજ્જા, કેશ-દાઢી-રોમ-નખ. - - ભગવન્ ! તે માતાપિતાના અંગો સંતાનના શરીરમાં કેટલો કાળ રહે ? ગૌતમ ! જેટલો કાળ ભવધારણીય શરીર રહે તેટલો કાળ તે અંગો રહે. સમયે સમયે હીન થતાં છેવટે તે શરીર નષ્ટ થતાં તે અંગો પણ નષ્ટ થાય.*

● વિવેચન-૮૩ :-

ગર્ભમાં ઉત્પન્ન થતો, નિવૃત્તિ-ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિયો. તે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થતાં થાય, માટે અનિન્દ્રિય ઉત્પન્ન થાય તેમ કહ્યું. લબ્ધિ-ઉપયોગ લક્ષણ ભાવેન્દ્રિય. તે સંસારીને સર્વાવસ્થામાં હોય. શરીરવાળો તે શરીરી, તેના નિષેધથી અશરીરી ઉત્પન્ન થાય છે.

ગર્ભમાં ઉપજતા જ સૌ પ્રથમ માતાનું આર્તવ-લોહી અને પિતાનું શુક્ર તદ્રૂપ આહાર ખાય છે તે બંનેથી સંશ્લિષ્ટ કે સંસૃષ્ટ જે તે ગર્ભના જીવની માતા દૂધ આદિ રસ વિગઈ, તેનો એક દેશ, તેની સાથે ઓજનો આહાર કરે છે. उच्चार - વિષ્ઠા, निष्ठीवन् - ખળ થૂંકવું, सिंघाण - નાકનો મેલ, श्मश्रु - દાઢીના વાળ, रोम - કાંખના વાળ, સવ્વઓ - સર્વાત્મ વડે વારંવાર કે કદાચિત ખાય કે ન ખાય.

ગર્ભગત બાળક આખા શરીર વડે આહાર કરે છે, માટે મુખ વડે કવલાહાર કરતો નથી. [શંકા] આખા શરીર વડે કઈ રીતે ખાય ? જેનાથી રસ લેવાય તે નાભિની નાળ, માતાના જીવનની રસહરણી તે માતૃરસહરણી, પુત્રને રસના ઉપાદાનમાં કારણભૂત તે પુત્રજીવરસહરણી. માતૃજીવ પ્રતિબદ્ધ અને પુત્ર જીવને સ્પર્શતી. અહીં પ્રતિબદ્ધતા તે ગાઢ સંબંધ અને સ્પૃષ્ટતા તે સંબંધ માત્ર. અથવા આવી બે નાડી છે. - x - માતૃજીવ પ્રતિબદ્ધ રસહરણીથી પુત્ર જીવ સ્પર્શથી આહાર કરે છે.

બીજી પુત્રજીવ રસહરણી પણ પુત્ર જીવને બદ્ધ અને માતૃ જીવને સ્પર્શતી છે, તેનાથી શરીરનો ચય કરે છે. બીજા તંત્રોમાં એમ કહ્યું છે - પુત્રની નાભિમાં અને માતાના હૃદયે નાડીનો સંબંધ છે.

ગર્ભાધિકારથી જ કહે છે — માતાના આર્તવનો ભાગ વધુ હોય તે માતૃઅંગ. मत्थुलुंग - માથાનું ભેજું અથવા ચરબી, ફેફસા વગેરે પિતાના વીર્યનો ભાગ જેમાં વધુ હોય તે પિતૃઅંગો - હાડકાનો મધ્ય ભાગ, કેશ આદિ સમાનરૂપ હોવાથી એક સમાન છે. આ સિવાયના જે અંગો છે, તે માતા-પિતાના સાધારણ અંગો કહેવાય. કેમકે તે અંગોમાં પિતાના શુક્રનો અને માતાનો આર્તવ સમભાગે હોય છે.



શરીરના અવયવો શરીરના ઉપચારથી ઉક્ત લક્ષણવાળાં માતા-પિતાના અંગો. જીવનું ભવધારણીય શરીર રહે ત્યાં સુધી - મનુષ્યાદિ ભવોપગ્રાહક શરીર રહે ત્યાં સુધી રહે, પછી નાશ પામે. ઉપચયના અંતિમ સમય પછી નષ્ટ થાય. - ગર્ભાધિકારથી બીજું સૂત્ર.

● સૂત્ર-૮૪ :-

*ભગવન્! ગર્ભગત જીવ નૈરયિકમાં ઉત્પન્ન થાય? ગૌતમ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે. એમ કેમ? ગૌતમ! તે સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, વીર્યલબ્ધિ અને વૈક્રિયલબ્ધિ વડે શત્રુસૈન્ય આવેલ સાંભળીને, અવધારીને આત્મપ્રદેશોને બહાર ફેંકે છે, ફેંકીને વૈક્રિયસમુદ્ઘાત વડે ચાતુરંગિણી સેના વિકુર્વે, વિકુર્વીને ચાતુરંગિણી સેના વડે શત્રુસૈન્ય સાથે સંગ્રામ કરે. તે જીવ અર્થ-રાજ્ય-ભોગ-કામની કામનાથી તથા અર્થ-રાજ્ય-ભોગ-કામની કાંક્ષાથી, અર્થાદિની તૃષ્ણાથી તચ્ચિત્ત, તમ્મન, તલ્લેશ્યા, તેના અર્પિત અધ્યવસાય, તીવ્રઅધ્યવસાય, તેમાં પ્રયત્નવાળો, તેમાં અર્પિત કરવા અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો નૈરયિકમાં ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે કોઈ ઉપજે, કોઈ ન ઉપજે.*

*ભગવન્ ! ગર્ભગત જીવ દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે સંજ્ઞીપંચેન્દ્રિય જીવ સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત થયેલો તથારૂપ શ્રમણ કે માહણ પાસે એક પણ આર્ય અને ધાર્મિક સુવચન સાંભળી, અવધારીને તુરંત સંવેગથી શ્રદ્ધાળુ બની તીવ્ર ધર્માનુરાગરક્ત થઈ, તે જીવ ધર્મ-પુય-સ્વર્ગ-મોક્ષની કામના કરતો-કાંક્ષા કરતો-તૃષિત થઈ તેમાં જ ચિત્ત-મન-લેશ્યા-અધ્યવસાય-તીવ્ર અધ્યવસાયવાળો થઈ તેમાં પ્રયત્નવાળો થઈ, સાવધાનતાથી ક્રિયાનો ભોગ આપતો અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો દેવલોક ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે, કોઈ જીવ દેવ થાય અને કોઈ જીવ ન થાય.*

*ભગવન્ ! ગર્ભગત જીવ ચત્તો-પડખાભેર-કેરી જેવો કુબ્જ-ઉભેલો-બેઠેલો કે સુતેલો પડખાં ફેરવતો હોય ? તથા માતા સુતી હોય ત્યારે સુતો, જાગતી હોય તો જાગતો, માતાના સુખે સુખી, દુઃખે દુઃખી હોય ? હા, ગૌતમ ! ગર્ભગત જીવ યાવત્ માતાના દુઃખે દુઃખી હોય.*

*જો પ્રસવકાળ સમયે માથા કે પગ દ્વારા આવે તો સરખી રીતે આવે, તિર્છો આવે તો મરણ પામે. જીવના કર્મો જો અશુભ રીતે બદ્ધ-સ્પૃષ્ટ-નિધત્ત-કૃત-પ્રસ્થાપિત-અભિનિવિષ્ટ-અભિસમન્વાગત હોય, ઉદીર્ણ હોય પણ ઉપશાંત ન હોય, તો તે જીવ દુરૂપ, દુર્વર્ણ, દુર્ગન્ધ, દુરસ, દુસ્પર્શ, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાંતસ્વર, અપ્રિયસ્વર, અશુભસ્વર, અમનોજ્ઞસ્વર, અમણામસ્વર, અનાદેય વચનવાળો થાય અને જો તે જીવના કર્મો અશુભ રીતે બદ્ધ ન હોય તો બધું પ્રશસ્ત જાણવું યાવત્ તે જીવ આદેય વચન થાય છે.*

*હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. - x - x -*

● **વિવેચન-૮૪ :-**

ગર્ભમાં ગયેલ જીવ મરીને. કોઈ એક અહંકારી રાજાદિ રૂપ ગર્ભ. સંજ્ઞિત્વાદિ વિશેષણ છે. ગર્ભમાં રહીને નારકયોગ્ય કર્મો બાંધે. વીર્ય અને વૈક્રિય લબ્ધિથી સંગ્રામ કરે અથવા આ લબ્ધિવાળો થઈને, શત્રુનું લશ્કર આવેલું સાંભળી, અવધારી, ગર્ભની બહાર આત્મ પ્રદેશોને ફેંકે તથાવિધ પુદ્ગલ ગ્રહણાર્થે સમવહત થાય, યુદ્ધ કરે. દ્રવ્યની વાંછા કરે ઇત્યાદિ. વિશેષ આ-નૃપત્વ, ગંધ-રસ-સ્પર્શરૂપ ભોગ, શબ્દરૂપ કામ, કાંક્ષા - આસક્તિ, તેવો અર્થ કાંક્ષિત. પ્રાપ્તિ માટે અતૃપ્ત, અર્ધાદિમાં સામાન્ય ઉપયોગ રૂપ ચિત્ત, વિશેષ ઉપયોગ રૂપ મન, આત્મ પરિણામ, અધ્યવસાય આદિ ભાવયુક્ત થઈ, પરિભોગ ક્રિયા સંપાદન, તેમાં જ અધ્યવસિત, આરંભથી જ તે અર્થાદિમાં તીવ્ર પ્રયત્નવાળો, અર્થાદિને માટે જ સાવધાન, જેની ઇન્દ્રિયો કરવું-કરાવવું-અનુમોદવું રૂપ ક્રિયા તે અર્થાદિ માટે જ અર્પિત અનાદિ સંસારમાં અનેકવાર તે અર્ધાદિના સંસ્કારો લાગ્યા છે તે ભાવનાથી ભાવિત થઈ યુદ્ધ કાળે મરણ પામે.

ઉચિત સાધુ કે શબ્દો દેવલોકના ઉત્પાદ હેતુરૂપ છે, તે આ [શ્રમણ, માહણના વચનનું તુલ્યત્વ બતાવ્યું.] - माहण - પોતે સ્થૂલ હિંસાદિથી નિવૃત્ત હોવાથી 'હણો નહીં' કહેનાર અથવા બ્રાહ્મણ એટલે બ્રહ્મચર્યના દેશથી સદ્ભાવને લીધે દેશવિરત. તેમની પાસે વધારે નહીં તો એક જ, પાપકર્મથી દૂર ગયેલ. માટે જ ધાર્મિક. પછી તુરંત જ સંસારના ભયથી ધર્માદિમાં શ્રદ્ધા જન્મી છે તે તથા તીવ્ર ધર્માનુરાગ વડે રક્ત. શ્રુત-ચારિત્રરૂપ ધર્મના ફળભૂત શુભકર્મ.

આમ્ર ફળવત્ કુબ્જ સામાન્યપણે હોય. તેને વિશેષથી કહે છે — ઉભવા વડે, બેસવા વડે, સુવા વડે, અવિષમ, સારી રીતે આવે છે - માતાના ઉદરથી યોનિ વડે નીકળે છે. આડો થઈને જઠરથી નીકળવા જાય તો મરણ પામે, કેમકે નીકળી ન શકે. જો ગર્ભથી જીવતો નીકળે તો - જેની શ્લાઘા હણાયેલી છે અથવા જે વર્ણ બાહ્ય છે તે વર્ણવધ્ય અર્થાત્ અશુભ. ગર્ભથી નીકળેલ તેનાં —

સામાન્યથી બદ્ધ, ગાઢ બંધનથી પુષ્ટ ઉદ્વર્તના અપ્વર્તના કરણ સિવાયના બીજા કરણોની અયોગ્યતાથી કંઈ ન કરી શખે તેવાં અથવા બાંધેલા - કોઈ કરણ તે કર્મમાં કંઈ ન કરી શકે તેમ કરેલાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસાદિનામકર્માદિની સાથે ઉદયપણે વ્યવસ્થાપિત, તીવાનુભાવથી નિવિષ્ટ, ઉદયાભિમુખ થયેલા અને પોતે ઉદીરણાકરણથી ઉદિત એવા. - - હવે વ્યતિરેક કહે છે —

ન ઉપશમેલા, અનિષ્ટ આદિનો અર્થ કહ્યો છે અથવા તે પર્યાયવાચી છે. અલ્પસ્વર, દુઃખિત સ્વર, અનાદેયવચન આદિ.

**શતક-૧, ઉદ્દેશો-૭, ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૮ "બાલ" ❀

— x — x — x — x —

૦ સાતમાં ઉદ્દેશામાં ગર્ભવક્તવ્યતા કહી, ગર્ભવાસ આયુના ઉદયે હોય, તેથી





આયુનું નિરુપણ કરે છે. ગાથાનુસાર બાલ ને કહે છે —

● **સૂત્ર-૮૫ :-**

*રાજગૃહમાં સમોસરણ થયું યાવત્ એ પ્રમાણે બોલ્યા કે — ભગવન્ ! એકાંતબાલ-મનુષ્ય શું નૈરયિકનું આયુ બાંધે કે તિર્યંચ, મનુષ્ય અથવા દેવાયુ બાંધે ? નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચઆયુ બાંધી તિર્યંચમાં ઉપજે, મનુષ્યાયુ બાંધી મનુષ્યમાં ઉપજે કે દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! એકાંતબાલ મનુષ્ય નૈરયિકાદિ ચારે આયુ બાંધે. નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચ-મનુષ્ય-દેવનું આયુ બાંધી [ક્રમશઃ] તિર્યંચ-મનુષ્ય-દેવલોકમાં ઉપજે.*

● **વિવેચન-૮૫ :-**

એકાંતબાલ એટલે મિથ્યાદૃષ્ટિ કે અવિરત. 'એકાંત' શબ્દના ગ્રહણથી મિશ્રદૃષ્ટિનો વિચ્છેદ કર્યો છે. એકાંત બાલત્વ સમાન હોય છતાં વિવિધ આયુ બાંધે. તે મહારંભાદિ કરે, ઉન્માર્ગદેશના દે, પાતળા કષાયો હોય, અકામનિર્જરા કરે તે હેતુ વિશેષથી વિભિન્ન આયુ બાંધે. તેથી બાલત્વ સમાન હોવા છતાં અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય દેવાયુ જ બાંધે. પ્રતિપક્ષે એકાંત પંડિત સૂત્ર છે, તેમાં —

● **સૂત્ર-૮૬ :-**

*ભગવન્ ! એકાંત પંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યઆયુ બાંધે અથવા ન બાંધે. જો બાંધે તો નૈરયિક-તિર્યંચ-મનુષ્યાયુ ન બાંધે, દેવાયુ જ બાંધે. નૈરયિક-તિર્યંચ કે મનુષ્યમાં ન ઉપજે, દેવાયુ બાંધીને દેવોમાં જ ઉપજે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યની માત્ર બે ગતિઓ જ કહી છે, અંતક્રિયા અને કલ્પોપપત્તિકા. માટે આમ કહ્યું છે.*

*ભગવન્ ! બાલપંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવોમાં ઉપજે ? ગૌતમ ! તે નૈરયિકાયુ ન બાંધે અને યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે. - એમ કેમ કહ્યું ? ગૌતમ ! બાલપંડિત મનુષ્ય તથારૂપ શ્રમણ કે માહણ પાસે એકાદ ધાર્મિક આર્ય સુવચન સાંભળી, અવધારી દેશથી વિરમે છે અને દેશથી નથી વિરમતો, દેશ પચ્ચક્ખાણ કરે અને દેશ પચ્ચક્ખાણ ન કરે. તેથી તે દેશવિરતિ, દેશપચ્ચક્ખાણથી નૈરયિકાયુ ન બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે. માટે આમ કહ્યું.*

● **વિવેચન-૮૬ :-**

એકાંતપંડિત એટલે સાધુ, મનુષ્ય વિશેષણ સ્વરૂપ જણાવે છે. મનુષ્ય સિવાય કોઈ એકાંતપંડિત ન હોય. બીજો કોઈ સર્વવિરત ન થાય. સમ્યક્ત્વ સપ્તકનો ક્ષય થયો હોય તો આયુ ન બાંધે, તે ખપ્યા પહેલા બાંધે છે. તેથી કહે છે — કદાચ બાંધે કેવલ - સકલ. સર્વથી બે જ ગતિ કેવલીએ કહી છે - x - अंतकिरिय - નિર્વાણ. कप्पोववत्तिय - અનુત્તર વિમાન પર્યન્તની દેવલોકમાં ઉત્પત્તિ. 'કલ્પ' શબ્દ સામાન્યથી વૈમાનિક દેવાવાસનો સૂચક છે. એકાંત પંડિત પછી બાલ પંડિત—

બાલપંડિત એટલે શ્રાવક. દેશવિરત હોય છે. દેશ-સ્થૂળ પ્રાણાતિપાતાદિનું પચ્ચક્ખાણ કરે - ન કરવાની પ્રતિજ્ઞા કરે.

આયુને બાંધવામાં ક્રિયા કારણ છે, માટે ક્રિયા સૂત્રો કહે છે —

● સૂત્ર-૮૭ થી ૯૧ :-

*[૮૭] ભગવન્ ! મૃગવૃત્તિક, મૃગોનો શિકારી, મૃગોના શિકારમાં તલ્લીન એવો કોઈ પુરુષ હરણને મારવા માટે કચ્છમાં, દ્રહમાં, ઉદકમાં, ઘાસાદિના સમૂહમાં, વલયમાં, અંધકારયુક્ત પ્રદેશમાં, ગહનમાં, ગહન-વિદુર્ગમાં, પર્વતમાં, પર્વત વિદુર્ગમાં, વનમાં, વનવિદુર્ગમાં, 'એ મૃગ છે' એમ કરી કોઈ એક મૃગના વધ માટે ખાડા અને જાળ રચે, તો ભગવન્ ! તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! યાવત્ તે પુરુષ ત્રણ-ચાર કે કદાચ પાંચ ક્રિયાવાળો થાય. - ભગવન્ ! એમ કેમ કહો છો ?*

*ગૌતમ ! જ્યાં સુધી તે જાળને ધારણ કરે, પણ મૃગોને બાંધે કે મારે નહીં, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી એ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ છે. જે જાળને ધારણ કરી, મૃગોને બાંધે છે પણ મારતો નથી, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી ચાર ક્રિયાને સ્પર્શે. જે પુરુષ જાળને ધારણ કરે, મૃગોને બાંધે અને મારે તે પુરુષ કાયિકી આદિ પાંચે ક્રિયાને સ્પર્શે છે માટે.*

*[૮૮] ભગવન્ ! કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં કોઈ પુરુષ તૃણને ભેગું કરીને તેમાં આગ મૂકે તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો થાય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તરણાં ભેગા કરે ત્યાં સુધી ત્રણ ક્રિયા, ભેગા કરીને અગ્નિ મૂકે પણ બાળે નહીં ત્યાં સુધી ચાર, તૃણ ભેગું કરી - અગ્નિ મૂકી - બાળે ત્યારે તે પુરુષને યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે છે.....*

*[૮૯] ભગવન્ ! મૃગવૃત્તિક, મૃગસંકલ્પ, મૃગપ્રણિધાન, મૃગવધને માટે કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં જઈ 'એ મૃગ છે' એમ વિચારી કોઈ હરણને મારવા બાણ ફેંકે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જ્યાં સુધી તે બાણ ફેંકે પણ મૃગને વિંધતો કે મારતો નથી ત્યાં સુધી ત્રણ, બાણ ફેંકે અને વિંધે પણ મારે નહીં ત્યાં સુધી ચાર, બાણ ફેંકે-વિંધે-મારે એટલે પાંચ ક્રિયાઓ લાગે...*

*[૯૦] ભગવન્ ! કચ્છમાં યાવત્ કોઈ એક મૃગના વધને માટે પૂર્વોક્ત કોઈ પુરુષ, કાન સુધી લાંબા કરેલા બાણને પ્રયત્ન પૂર્વક ખેંચીને ઉભો રહે, બીજો પુરુષ પાછળથી આવીને પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથું કાપી નાંખે, પણ તે બાણ પૂર્વના ખેંચાણ થકી ઉછળીને તે મૃગને વિંધે, તો હે ભગવન્ ! તે પુરુષ મૃગના વૈરથી સ્પૃષ્ટ છે કે પુરુષના વૈરથી ? ગૌતમ ! જે મૃગને મારે છે, તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે છે, તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે નિશ્ચિત છે - કરાતું કરાયું, સંધાતુ સંધાયુ, વળાતુ વળાયુ, ફેંકાતું ફેંકાયુ કહેવાય ? હા, ભગવન્ ! તેમ કહેવાય. માટે હે ગૌતમ ! જે મૃગને મારે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે.*



*મરનાર જો છ માસમાં મરે તો મારનાર કાયિકી આદિ પાંચે ક્રિયાઓમાંથી સ્પૃષ્ટ કહેવાય. જો છ માસ પછી મરે તો મારનાર કાયિકી યાવત્ પારિતાપનિકી એ ચાર ક્રિયાથી સ્પૃષ્ટ કહેવાય.*

*[૯૧] ભગવન્ ! કોઈ પુરુષ બીજા પુરુષને બરછીથી મારે, અથવા પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથું કાપી નાખે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! જ્યાં સુધીમાં તે પુરુષ બીજા પુરુષને બરછી મારે કે તલવારથી છેદે ત્યાં સુધીમાં તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાત એ પાંચ ક્રિયાને સ્પર્શે. આસન્નવધક તથા અનવકાંક્ષ પ્રત્યયિક પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય છે.*

● વિવેચન-૮૭ થી ૯૧ :-

कच्छ - નદીના જળથી ઘેરાયેલ વૃક્ષાદિવાળો પ્રદેશ, દ્રહ, જળાશય, दविय - તૃણાદિ દ્રવ્ય સમુદાય, વલય - ગોળાકાર, નદિ આદિના પાણીનો કુટિલગતિવાળો પ્રદેશ, નૂમ - અંધારાવાળો પ્રદેશ. गहन - વૃક્ષ, વેલડી, લતા, વિશાળ વેલ સમુદાય. गहनविदुर्ग - પર્વતના એક ભાગમાં રહેલ વૃક્ષ-વેલડી સમૂહ, પર્વત સમુદાય, એક જાતિય વૃક્ષ સમૂહ તે વન વિવિધ વૃક્ષસમૂહ. તે વનવિદુર્ગ.

હરણ વડે જેની આજીવિકા છે તે, તે મૃગરક્ષક પણ હોય તેથી કહે છે — હરણના હણવા કે છેદવાના સંકલ્પવાળો. તે ચલિત ચિત્ત પણ હોય, તેથી કહે છે — મૃગના વધમાં એકાગ્ર ચિત્ત, મૃગને મારવા કચ્છ આદિમાં જઈને. મૃગને પકડવાના ખાડા, તેને બાંધવાની જાળ, તેને મૃગને મારવા બનાવે છે. તે કૂટપાશથી કેટલી ક્રિયાવાળો થાય ? क्रिया - કાયિકી આદિ, જે કરનાર છે. જેટલા કાળ સુધી. શેનો કર્તા ? કૂટ પાશને ધારણ કરવાની ક્રિયાનો. તેટલો કાળ —

कायिकी - ગમનાદિ કાયચેષ્ટારૂપ, अधिकरणिकी - કૂટપાશ રૂપ અધિકરણથી થયેલી. प्राद्वेषिकी - મૃગ સંબંધી દુષ્ટ ભાવથી થયેલ, તેના વડે કરાય તે क्रिया - ચેષ્ટા વિશેષ. पारितापनिकी - જેનો હેતુ પરિતાપ છે તે. મૃગને બાંધ્યા પછી આ ક્રિયા લાગે. प्राणातिपात - ઘાત.

કાન સુધી ઉંચુ કરીને પ્રયત્નપૂર્વક બાણને ખેંચીને ફેંકે છે. પાછળથી પોતાના હાથ વડે, પૂર્વના ખેંચાણથી, તે માથું કાપનાર પુરુષ, વૈરનું કારણ હોવાથી વધ પણ વૈર કહેવાય અથવા પાપ પણ વૈર કહેવાય. [શંકા] બાણ છુટવામાં નિમિત્ત માથું કાપનાર છે, તો ધનુર્ધર મૃગવધથી કેમ સ્પૃષ્ટ થાય ? [ઉત્તર] ''ક્રિયમાણ ધનુષ્ય અને કાંડ વગેરે કૃત છે'' એમ વ્યવહાર છે ? યુક્તિ પૂર્વવત્ લેવી.

દોરી પર ચડાવાતું ધનુષ્ કે કાંડ સાંધેલું જાણવું. દોરી ખેંચવાથી ગોળાકાર કરાતું તે ગોળાકાર થયેલ જાણવું, ફેંકાતું ફેંકેલુ જાણવું. ફેંકવાની તૈયારી ધનુર્ધરે

કરેલી માટે તેણે જ ફેંક્યુ જાણવું. કાંડના ફેંકવાથી તે ધનુર્ધારીએ મૃગને માર્યુ ગણાય. - x -

અહીં ક્રિયાઓની હકીકત કહી. તે હમણાં કહેલ મૃગાદિ વધમાં જેમાં જેટલો કાલ વિભાગ છે, તેટલો ત્યાં દર્શાવતા કહે છે – છ માસમાં પ્રહાર હેતુથી મરણ થાય તો, પણ જો પછી મરણ થાય તો બીજું કારણ જાણવું. તેથી છ માસ પછી પ્રાણાતિપાત ક્રિયા ન લાગે અને વ્યવહાર નય અપેક્ષાએ પ્રાણાતિપાત ક્રિયા માત્ર દેખાડવા માટે કહી છે અન્યથા જ્યારે ક્યારે અધિકૃત પ્રહાર કારણે મરણ થાય તે હિંસાક્રિયા.

શક્તિ - એક શસ્ત્રથી હણે. પોતાના હાથે. તેને શરીર સ્પંદન રૂપ કાયિકી, ખડ્ગ વ્યાપારરૂપ આધિકરણિકી, મનના દુષ્પ્રણિધાનથી પ્રાદ્વેષિકી, પરિતાપન રૂપ પારિતાપનિકી, મારણરૂપ પ્રાણાતિપાત ક્રિયા વડે. ખડ્ગથી હણે કે તલવારથી માથુ છેદે તે પાંચે ક્રિયાને સ્પર્શે છે. પુરુષ વૈરથી સ્પૃષ્ટ થાય ઇત્યાદિ - x -

વધક અને વધ પામતાને વધથી પરસ્પર વૈર વધે છે જે આ જન્મ કે જન્માંતરે પણ રહે છે - x - अनवकांक्ष - પર પ્રાણ નિરપેક્ષ. - x - ક્રિયા અધિકારથી જ આગળ કહે છે –

● સૂત્ર-૯૨ :-

*ભગવન્ ! સરખા, સરખી ત્વચાવાળા, સમાન ઉંમરવાળા, સરખા દ્રવ્ય તથા ઉપકરણવાળા કોઈ બે પુરુષ, પરસ્પર લડાઈ કરે તેમાં એક પુરુષ હારે અને એક પુરુષ જીતે. ભગવન્ ! આવું કઈ રીતે થાય ? ગૌતમ ! જેણે વીર્યરહિત કર્મો બાંધ્યા નથી, સ્પર્શ્યા નથી યાવત્ પ્રાપ્ત કર્યા નથી, તેના કર્મો ઉદીર્ણ નથી, પણ ઉપશાંત છે, તે પુરુષ જીતે છે અને જે પુરુષે વીર્યરહિત કર્મો બાંધ્યા છે યાવત્ ઉદીર્ણ છે અને ઉપશાંત નથી, તે પુરુષ પરાજય પામે છે માટે એમ કહ્યુ છે.*

● વિવેચન-૯૨ :-

કૌશલ્ય અને પ્રમાણાદિથી સરખા, સદેશ ત્વચા, સદેશ શરીર, સદેશ વય, સદેશ યૌવનાદિ અવસ્થા, માટી આદિના વાસણો, ઉપધિકાંસાના વાસણાદિ ભોજન ભંડિકા અથવા ગણિમ આદિ દ્રવ્ય રૂપ ભાંડમાત્ર, અનેક પ્રકારે વસ્ત્રો-શસ્ત્રાદિ ઉપકરણો. તે બંનેના ભાંડ-માત્ર-ઉપકરણો સરખા છે, આ રીતે બંનેનું સમાન વિભૂતિપણું છે. જેનાથી વીર્ય હણાય છે તે વીર્ય વિનાના. - - વીર્યના પ્રસ્તાવથી કહે છે –

● સૂત્ર-૯૩ :-

*ભગવન્ ! જીવો વીર્યવાળા છે કે વીર્ય વિનાના ? ગૌતમ ! વીર્યવાળા પણ છે અને વીર્ય વિનાના પણ છે – એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવો બે પ્રકારે - સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. તેમાં જે અસંસાર સમાપન્નક છે, તે સિદ્ધ છે. સિદ્ધો અવીર્ય છે. સંસારસમાપન્ન છે તે બે પ્રકારે - શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. જે શૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધિવીર્ય વડે સવીર્ય છે, કરણવીર્ય વડે અવીર્ય છે. જે અશૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધીવીર્યથી સવીર્ય*



*હોય પણ કરણવીર્ય વડે સવીર્ય પણ હોય અને અવીર્ય પણ હોય. માટે ગૌતમ ! એમ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિકો સવીર્ય છે કે અવીર્ય છે ? ગૌતમ ! લબ્ધિવીર્યથી નૈરયિકો સવીર્ય છે. કરણવીર્યથી સવીર્ય પણ છે, અવીર્ય પણ છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે નૈરયિકોને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ છે, તેઓ લબ્ધી અને કરણ બંને વીર્યથી સવીર્ય છે. જે નૈરયિકોને ઉત્થાન યાવત્ પરાક્રમ નથી તે નૈરયિકો લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય છે. માટે એમ કહ્યું.*

*એ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધીના જીવો નૈરયિકવત્ જાણવા. મનુષ્યોને ઔધિક જીવ પેઠે જાણવા. તેમાં સિદ્ધોને ગણવા નહીં વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

*હે ભગવન્ ! તે એમ જ છે એમ જ છે યાવત્ વિચરે છે.*

● વિવેચન-૯૩ :-

સકરણ વીર્યના અભાવે સિદ્ધો અવીર્ય છે. શીલેશ - સર્વસંવર રૂપ ચારિત્રવાળો જીવ, તેની જે અવસ્થા તે શૈલેશી અથવા શૈલેશ - મેરુ તેના જેવી સ્થિરતાવાળી સ્થિતિ તે શૈલેશી. તે સર્વથા યોગ નિરોધમાં પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ જેટલો કાળ હોય. વીર્યાન્તરાયનો ક્ષયોપશમ કે ક્ષયથી જે વીર્ય તે લબ્ધિ, તે જ તેનો હેતુ હોવાથી લબ્ધિવીર્ય, તેના વડે સવીર્ય, તેઓનું વીર્ય ક્ષાયિક છે. લબ્ધિવીર્યની કાર્યભૂત જે ક્રિયા તે કરણ, તદ્રુપવીર્ય તે કરણવીર્ય. સવીર્ય એટલે ઉત્થાનાદિ ક્રિયાવાળા, અવીર્ય એટલે ઉત્થાનાદિ ક્રિયા વિનાના. તેઓ અપર્યાપ્તાદિ કાળે જાણવા. ઔધિક જીવમાં સિદ્ધો હોય, મનુષ્યોમાં તે ન હોય.

શતક-૧, ઉદ્દેશો-૮, ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૧, ઉદ્દેશો-૯ - "ગુરુત્વ" ❀

-- x -- x -- x -- x --

૦ આઠમા ઉદ્દેશોને અંતે વીર્ય કહ્યું. વીર્યથી જીવો ગુરુત્વ આદિ પામે છે તે ગુરુત્વ પ્રતિપાદન કરવા તથા ગાથા મુજબ ગુરુત્વ કહે છે.

● સૂત્ર-૯૪ :-

*ભગવન્ ! જીવો ગુરુપણું કઈ રીતે શીઘ્ર પામે છે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શન શલ્યથી. એ રીતે ગૌતમ ! જીવો ગુરુત્વને શીઘ્ર પામે છે. - - ભગવન્ ! જીવો લઘુપણું કેવી રીતે શીઘ્ર પામે છે ? ગૌતમ ! પ્રાણાતિપાતથી વિરમવાથી યાવત્ મિથ્યાદર્શનશલ્યથી અટકવાથી, એ રીતે ગૌતમ ! લઘુપણું પામે. એ રીતે સંસારને ઘટાડે છે, ટૂંકો કરે છે, સંસારને ઓળંગી જાય છે પ્રાણાતિપાતાદિના સેવનથી સંસારને લાંબો કરે છે, વધારે છે અને વારંવાર ભ્રમણ કરે છે. અહીં ચાર પ્રશસ્ત છે, ચાર અપ્રશસ્ત છે.*

● **વિવેચન-૯૪ :-**

ગુરુત્વ - નીચે જવાના કારણભૂત અશુભ કર્મોનો ઉપચય. લઘુત્વ-ગુરુત્વથી વિપરીત. एवं શબ્દ પૂર્વોક્ત પાઠના સૂચનાર્થે છે. જેમકે - જીવો કઈ રીતે સંસારને કર્મ પ્રચૂર કરે છે ? ગૌતમ ! પ્રાણાતિપાત વડે. એ રીતે આગળ પણ જાણવું. કર્મભારથી ઓછો કરે છે, दीर्घ - લાંબા કાળ વાળો કરે છે. ह्रस्व - અલ્પકાલીન કરે છે. પુનઃ પુનઃ ભમે છે, આદિ–

ચાર પ્રશસ્ત - લઘુત્વ, પરીતત્વ, હ્રસ્વત્વ, વ્યતિવ્રજન. તે મોક્ષના હેતુભૂત છે અને ચાર અપ્રશસ્ત છે કેમકે તે મોક્ષના હેતુભૂત નથી. – ગુરુત્વ, આકુલત્વ, દીર્ઘત્વ, અનુપરિવર્તન. ગુરુત્વ-લઘુત્વ અધિકારથી આ સૂત્ર કહે છે –

● **સૂત્ર-૯૫ :-**

***ભગવન્ ! શું સાતમો અવકાશાંતર ભારે છે, હલકો છે, ભારે-હલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! તે ભારે-હલકો કે ભારેહલકો નથી, પણ અગુરુલઘુ છે. - - ભગવન્ ! સાતમો તનુવાત શું ભારે છે, હલકો છે, ભારેહલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! ભારે, હલકો કે અગુરુલઘુ નથી, પણ ભારે હલકો છે... એ પ્રમાણે સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ, સાતમી પૃથ્વી, વિશે જાણવું. સાતમા અવકાશાંતરમાં કહ્યું તેમ બધાં અવકાશાંતરો વિશે સમજવું. તનુવાતના વિષયમાં જેમ કહ્યું, તેમજ બધાં ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર અને ક્ષેત્રોના વિષયમાં પણ જાણવું.***

***ભગવન્ ! નૈરયિકો શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી, પણ ગુરુલઘુ અને અગુરુલઘુ છે એમ કેમ કહ્યું ? ગૌતમ ! વૈક્રિય અને તૈજસ શરીર અપેક્ષાએ ગુરુ કે લઘુ નથી અને અગુરુલઘુ નથી, પણ ગુરુલઘુ છે. જીવ અને કર્મની અપેક્ષાએ ગુરુ, લઘુ કે ગુરુલઘુ નથી, પણ અગુરુલઘુ છે. તેથી એમ કહ્યું છે. આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું. વિશેષ એ - શરીરનો ભેદ જાણવો. તથા ધર્માસ્તિકાય યાવત્ જીવાસ્તિકાય અગુરુલઘુ જાણવા.***

***ભગવન્ ! શું પુદ્ગલાસ્તિકાય ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી. પણ ગુરુ લઘુ અને અગુરુ લઘુ છે. તેનું શું કારણ ? ગૌતમ ! ગુરુલઘુ દ્રવ્યોને આશ્રીને ગુરુ કે લઘુ નથી, ગુરુ લઘુ છે, અગુરુલઘુ નથી. અગુરુલઘુ દવ્યોને આશ્રીને લઘુ, ગુરુ કે લઘુગુરુ નથી પણ અગુરુલઘુ છે સમય, કર્મો અગુરુલઘુ છે.***

***ભગવન્ ! કૃષ્ણલેશ્યા શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી પણ ગુરુલઘુ કે અગુરુલઘુ છે એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ગુરુલઘુ, ભાવલેશ્યાથી અગુરુલઘુ. એ રીતે શુક્લલેશ્યા સુધી જાણવું. - - તથા દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞાને અગુરુલઘુ જાણવા. નીચેના ચાર શરીર ગુરુલઘુ જાણવા. કાર્મણ શરીરને અગુરુલઘુ જાણવું... મનયોગ, વચનયોગ અગુરુલઘુ છે, કાયયોગ ગુરુલઘુ છે. સાકાર અને અનાકાર ઉપયોગ અગુરુલઘુ છે. સર્વ પ્રદેશો, સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો પુદ્ગલાસ્તિકાય માફક જાણવા. અતીત, અનાગત, સર્વકાળ અગુરુલઘુ જાણવો.***



● **વિવેચન-૯૫ :-**

ગુરુ લઘુ વ્યવસ્થા આ છે - નિશ્ચયથી સર્વ ગુરુ સર્વ લઘુ કોઈ દ્રવ્ય નથી. વ્યવહારથી બાદર સ્કંધોમાં ગુરુત્વ-લઘુત્વ રહે છે. પણ તે બીજામાં નથી. ચાર સ્પર્શવાળા અને અરૂપી દ્રવ્યો બધાં અગુરુલઘુ છે. બાકીનાં આઠ સ્પર્શવાળા દ્રવ્યો બધાં ગુરુ લઘુ છે એમ નિશ્ચયનય કહે છે. चउफास - સૂક્ષ્મ પરિણામવાળા, अट्ठफास - બાદર. ગુરુલઘુ દ્રવ્ય રૂપી છે, અગુરુલઘુ દ્રવ્ય અરૂપી અને રૂપી છે. વ્યવહારથી તો ગુરુ આદિ ચારે ભેદે દ્રવ્યો હોય છે. તે સંબંધે દૃષ્ટાંતો આ છે –

ઢેફું એ ગુરુ છે, તેનો નીચે જવાનો સ્વભાવ છે. ધૂમ્રનો ઉંચે જવાનો સ્વભાવ હોવાથી લઘુ છે. વાયુ, તીર્છો જાય માટે ગુરુલઘુ છે અને આકાશ અગુરુલઘુ છે. અવકાશાંતરાદિ સૂત્રો આ ગાથાનુસાર જાણવા. જેમકે – અવકાશ, વાયુ, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, ક્ષેત્રો, નૈરયિકાદિ, અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્ય, પ્રદેશ, પર્યવ, અતીત-અનાગત-સર્વકાળ.

વૈક્રિય, તૈજસ શરીર આશ્રીને નારકો ગુરુ-લઘુ છે. કેમકે આ શરીર વૈક્રિય-તૈજસ વર્ગણાના બનેલા છે, તે ગુરુલઘુ જ છે. કહ્યું છે – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ એ બધી વર્ગણા ગુરુલઘુ છે. જીવ અને કાર્મણશરીર અપેક્ષાએ નારકો અગુરુલઘુ છે. કેમકે જીવ અરૂપી ત્વથી અગુરુલઘુ છે. કાર્મણવર્ગણા અગુરુલઘુ હોવાથી કાર્મણશરીર અગુરુલઘુ છે. કહ્યું છે – કાર્મણ, મન, ભાષાવર્ગણા અગુરુલઘુ.

જેને જેટલા શરીર હોય, તેને તેટલાં જાણીને અસુરાદિ સંબંધે સૂત્રો કહેવા. તેમાં અસુરાદિ દેવા નારકવત્ કહેવા. પૃથ્વી આદિ જીવો ઔદારિક, તૈજસ શરીર અપેક્ષાએ ગુરુલઘુ જાણવા. જીવ, કાર્મણ શરીરની અપેક્ષાએ અગુરુલઘુ છે. વાયુના જીવો ઔદારિક, વૈક્રિય, તૈજસને આશ્રીને ગુરુલઘુ છે. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ પણ જાણવા. મનુષ્યો ઔદારિક, વૈક્રિય, તૈજસ, આહારક શરીરથી ગુરુલઘુ જાણવા. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયને અગુરુલઘુ કહેવા. બાકીના પદો વડે તેને ન કહેવા, કેમકે અરૂપી હોવાથી અગુરુલઘુ છે.

પુદ્ગલાસ્તિકાય સૂત્રમાં દીધેલ ઉત્તર નિશ્ચયનયાશ્રિત છે. કેમકે નિશ્ચયનય મતે કોઈ વસ્તુ સૌથી હળવી કે સૌથી ભારે નથી. ઔદારિકાદિ ચાર દ્રવ્યો, કાર્મણાદિ અગુરુલઘુ છે. સમયઅમૂર્ત છે માટે અગુરુલઘુ છે. કર્મો કાર્મણવર્ગણાત્મક હોવાથી અગુરુલઘુ છે. કૃષ્ણલેશ્યા ઔદારિકાદિ શરીરનો વર્ણ અને ઔદારિકાદિ ગુરુલઘુ છે. દૃષ્ટિ વગેરે જીવના પર્યાયરૂપ છે માટે અગુરુલઘુ છે. જ્ઞાનથી વિપરીત હોવાથી અજ્ઞાનપદ કહ્યું છે, નહીં તો દ્વારમાં જ્ઞાનપદ જ દેખાય છે. हेट्ठिल्ल એટલે ઔદારિક આદિ ગુરુલઘુ વર્ગણાના બનેલા હોવાથી ગુરુલઘુ કહેવા. કાર્મણશરીર અગુરુલઘુ વર્ગણાના બનાવેલ હોવાથી અગુરુલઘુ છે એ રીતે મનોયોગ અને વાગ્યોગ પણ જાણવો. કાર્મણ

સિવાયનો કાયયોગ ગુરુલઘુ દ્રવ્યોનો બનેલ હોવાથી ગુરુલઘુ છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો, તેના નિર્વિભાગ અંશરૂપ પ્રદેશો, વર્ણ-ઉપયોગાદિ પર્યાયો ગુરુલઘુ, અગુરુલઘુ કહેવા. કેમકે સૂક્ષ્મ અને અમૂર્ત છે તે અગુરુલઘુ છે, બાદર છે તે ગુરુલઘુ છે. પ્રદેશ અને પર્યવો દ્રવ્યના સંબંધી હોવાથી તે તે દ્રવ્ય સ્વભાવના છે.

● સૂત્ર-૯૬ :-

*ભગવન્ ! લાઘવ, અલ્પેચ્છા, અમૂર્છા, અગૃદ્ધિ, અપ્રતિબદ્ધતા, એ બધું શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ? હા, ગૌતમ ! છે.. ભગવન્ ! અક્રોધત્વ, અમાનત્વ, અમાયાત્વ, અલોભત્વ શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ? હા, ગૌતમ ! છે.. ભગવન્ ! કાંક્ષાપ્રદોષ ક્ષીણ થતાં શ્રમણ નિર્ગ્રન્થ અંતઃકર અને અંતિમ શરીરી થાય ? અથવા પૂર્વમાં બહુ મોહી થઈ વિહાર કરે પછી સંવૃત્ત થઈ કાળ કરે, તો પછી સિદ્ધ થાય યાવત્ સર્વ દુઃખનો અંત કરે ? હા, ગૌતમ ! કરે.*

● વિવેચન-૯૬ :-

લાઘવ-ઓછી ઉપધિપણું. આહારાદિની ઓછી અભિલાષા, ઉપધિના સંરક્ષણ માટે અનુબંધાભાવ, ભોજનાદિમાં પરિભોગકાળે અનાસક્તિ સ્વજનાદિમાં સ્નેહાભાવ, એ પાંચ શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે. અથવા લાઘવપણું પ્રશસ્ત છે, તે લાઘવપણું એટલે અલ્પેચ્છા આદિ.

લાઘવિકનું પ્રશસ્તપણું કહ્યું. તે ક્રોધાદિ અભાવે જ હોય છે. માટે ક્રોધાદિ દોષોના અભાવને પ્રશંસવા અને ક્રોધાદિ દોષોના અભાવ વિના ન બની શકે તેવું કાંક્ષાપ્રદોષના ક્ષયનું કાર્ય છે, તે કહેવા માટે ક્રમથી બે સૂત્ર કહ્યા. તેમાં વિશેષ આ — કાંક્ષા એટલે બીજા મતની આસક્તિ, તે જ પ્રકૃષ્ટ દોષ અથવા કાંક્ષા એટલે રાગ. પ્રદોષ એટલે દ્વેષ.

કાંક્ષા-બીજા મતનો આગ્રહ. આ બીજા મતની વિપરીતતા કહે છે.

● સૂત્ર-૯૭ :-

*ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે — ભાષે છે - જણાવે છે - પ્રરૂપે છે કે — એક જીવ એક સમયે બે આયુ કરે છે, તે આ - આ ભવનું આયુ, પરભવનું આયુ. જે સમયે આ ભવનું આયુ કરે છે, તે સમયે પરભવનું આયુ કરે છે, જે સમયે પરભવનું આયુ કરે છે તે સમયે આ ભવનું આયુ કરે છે. આ ભવનું આયુ કરવાથી પરભવનું આયુ કરે છે, પરભવનું આયુ કરવાથી આ ભવનું આયુ કરે છે એ રીતે એક જીવ એક સમયે બે આયુ કરે છે - x - x - તે કેવી રીતે ?*

*ગૌતમ ! અન્યતીર્થિકો, જે એ પ્રમાણે કહે છે યાવત્ પરભવનું આયુ. જે આમ કહે છે, તે મિથ્યા કહે છે. ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે જીવ એક સમયે એક આયુ કરે છે અને તે આ ભવનું આયુ અથવા પરભવનું આયુ. જે સમયે પરભવનું આયુ કરે છે, તે સમયે આ ભવનું આયુ નથી કરતો, આ ભવનું આયુ કરે છે, તે સમયે પરભવનું આયુ કરતો નથી. આ ભવનું આયુ*



*કરવાથી પરભવનું આયુ નથી કરતો પરભવનું આયુ કરવાથી આ ભવનું આયુ નથી કરતો. એ પ્રમાણે એક જીવ એક સમયે એક આયુ કરે છે - x - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● વિવેચન-૯૭ :-

અન્ય યૂથિક-વિવક્ષિત સંઘથી જુદા સંઘમાં રહેનાર એટલે કે અન્યતીર્થિક. જે આગળ કહેવાશે. સામાન્યથી કહે છે, વિશેષથી કહે છે, યુક્તિપૂર્વક કહે છે, ભેદ કથનથી કહે છે. બે જીવો બે આયુને કરે અથવા એક જીવ જુદે જુદે સમયે બે આયુ કરે, તેમાં વિરોધ નથી. જીવ જે છે, તે પોતાના પર્યાયોના સમૂહરૂપ છે, તે જ્યારે એક આયુના પર્યાયને કરે, ત્યારે બીજાને પણ કરે છે, કેમકે જ્ઞાન અને સમ્યક્ત્વ માફક આયુ સ્વપર્યાયરૂપ છે. વળી જીવ સ્વપર્યાય કર્તા છે, તેમ સ્વીકારવું જોઈએ. અન્યથા સિદ્ધાદિ પર્યાયોની ઉત્પત્તિ સંભવશે નહીં. [તેઓ કહે છે—] જે સમયે ઇહભવિક આયુ કરે છે, ત્યારે પરભવિકાયુ કરે છે. ઈહભવિક એટલે જે આયુના ફળ રૂપ આ ચાલુભવ છે તે આયુ એ પ્રમાણે પરભવિકાયુ પણ જાણવું. એ રીતે ઈહભવિકાયુ કરવાના સમયે પરભવિકાયુ કરવું એ નિર્ણિત કર્યુ. એ જ રીતે પરભવિકાયુ કરવાના સમયે ઈહભવિકાયુ નિર્ણીત કર્યુ. એ રીતે બંને આયુ એક જ સમયે કરવાનું કહીને બંને આયુ એક ક્રિયાથી કરવાનું જણાવ્યું. એટલું જ નહીં "જે તેઓ કહે છે, તે ખોટું છે" તેમ કહ્યું.- x -

અન્યતીર્થિક મતની અસત્યતા - એક પ્રકારના આત્મ પરિણામ વડે વિરુદ્ધ બે આયુ બાંધી શકાતા નથી. વળી જે પૂર્વે કહ્યું કે સ્વ પર્યાય હોવાથી એક પર્યાયને કરતા બીજો પર્યાય કરે છે. તે અનિશ્ચિત છે. જેમ આત્મા સિદ્ધત્વ પર્યાયને કરતાં સંસારી પર્યાયને કરતો નથી. ટીકાકારનું વ્યાખ્યાન આ પ્રમાણે છે - આ ભવનું આયુ જ્યારે કરે છે - અર્થાત્ વેદે છે ત્યારે પરભવાયુ કરે છે - બાંધે છે. એટલે કે આ ભવનું આયુ ભોગવવાથી પરભવાયુ કરે છે - બાંધે છે. આ પરમત મિથ્યા છે. કેમકે તાજો જન્મેલો બાળક આ ભવનું આયુ વેદે છે, જો તે ત્યારે જ પરભવાયુ બાંધે, તો દાન, અધ્યયનાદિ વ્યર્થ થશે. આ આયુબંધ કાળ બીજો હોય તેમ જાણવું. અન્યથા ઉક્ત માન્યતા ખોટી સાબિત ન થઈ શકે.

અન્યતીર્થિકના પ્રસ્તાવથી આ કહે છે —

● સૂત્ર-૯૮ :-

*તે કાળે તે સમયે પાર્શ્વાપત્યીય કાલાશ્યવેષિપુત્ર નામક અણગાર જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં જાય છે, જઈને સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહે છે — હે સ્થવિરો ! તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી, પચ્ચક્ખાણ જાણતા નથી, પચ્ચક્ખાણનો અર્થ જાણતા નથી. સંયમ જાણતા નથી, સંયમનો અર્થ જાણતા નથી. સંવર જાણતા નથી, સંવરનો અર્થ જાણતા નથી, વિવેક જાણતા નથી, વિવેકનો અર્થ જાણતા નથી, વ્યુત્સર્ગ જાણતા નથી, વ્યુત્સર્ગનો અર્થ જાણતા નથી.*

*ત્યારે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું — હે આર્ય ! અમે સામાયિકને જાણીએ છીએ, સામાયિકના અર્થને જાણીએ છીએ. યાવત્ અમે વ્યુત્સર્ગના અર્થને જાણીએ છીએ.*

*ત્યારે તે કાલાશ્યવેષિ અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું — હે આર્યો ! જો તમે સામાયિકને અને સામાયિકના અર્થને જાણો છો યાવત્ વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો હે આર્યો ! તમારું સામાયિક શું છે ? તમારા સામાયિકનો - x - યાવત્ વ્યુત્સર્ગનો અર્થ શો છે ?*

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું — અમારો આત્મા સામાયિક છે, આત્મા અમારા સામાયિકનો અર્થ છે યાવત્ વ્યુત્સર્ગનો અર્થ છે. - - ત્યારે કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું — હે આર્યો ! જો આત્મા એ સામાયિક છે, આત્મા એ સામાયિકનો અર્થ છે અને યાવત્ આત્મા એ વ્યુત્સર્ગનો અર્થ છે, તો તમે ક્રોધાદિ ચારનો ત્યાગ કરી તેને કેમ નિંદો છો ? હે કાલાશ્યવેષિ પુત્ર ! સંયમને માટે અમે ક્રોધને નિંદીએ છીએ.*

*હે ભગવંતો ! શું ગર્હા એ સંયમ છે કે અગર્હા સંયમ છે ? હે કાલાશ્યવેષિ પુત્ર ! ગર્હા સંયમ છે, અગર્હા નહીં. ગર્હા બધાં દોષોનો નાશ કરે છે. સર્વ મિથ્યાત્વને જાણીને અમારો આત્મા સંયમે સ્થાપિત છે. એ રીતે અમારો આત્મા સંયમમાં પુષ્ટ છે. એ રીતે સંયમે ઉપસ્થિત છે.*

*આમ સાંભળી કાલાશ્યવેષિ પુત્ર અણગાર બોધ પામીને, સ્થવિર ભગવંતોને વાંદી, નમસ્કાર કરીને આમ કહ્યું — હે ભગવંતો ! પૂર્વે આ પદોને ન જાણવાથી, ન સાંભળવાથી, બોધ ન હોવાથી, અભિગમ ન હોવાથી, દૈષ્ટિ-વિચારિત કે સાંભળેલ ન હોવાથી, વિશેષરૂપે ન જાણેલ હોવાથી, કહેલ નહીં હોવાથી, અનિર્ણિત-ઉદ્‌ધૃત - અવધારિત ન હોવાથી, આ અર્થની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરેલ ન હતી, પણ હવે આ પદોને જાણવા-સાંભળવા-બોધ થવા-અભિગમ-દૈષ્ટ-શ્રુત-ચિંતિત-વિજ્ઞાન થવાથી, આપે કહેવાથી, નિર્ણીત-ઉદ્‌ધૃત થવાથી આ અર્થોની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરું છું. હે ભગવન્ ! તમે જે કહો છો તે યથાર્થ છે.*

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્રને કહ્યું — હે આર્ય ! અમે જે કહ્યું તેની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરો. ત્યારે કાલાશ્યવેષિ પુત્રે તે સ્થવિરોને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું — હું તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પણ વિલંબ ન કરો. પછી કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિરોને વંદના, નમસ્કાર કર્યા, કરીને ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરે છે - ત્યાર પછી —*

*તે કાલાસ્યવેષિપુત્ર અણગારે ઘણાં વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, જે પ્રયોજનથી નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનત્વ, અદંતધાવન, અછત્રત્વ, જોડાનો*



*ત્યાગ, ભૂમિશય્યા, ફલક શય્યા, કાષ્ઠ શય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરઘરપ્રવેશ, મળે-ન મળે-ઓછું મળે, ગ્રામ કંટક બાવીશ પરિગ્રહ-ઉપસર્ગો સહેવા [એ બધું કર્યુ તે પ્રયોજનને તેણે આરાધ્યું. છેલ્લા ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત અને સર્વ દુઃખથી ક્ષીણ થયા.*

● **વિવેચન-૯૮ :-**

પાર્શ્વજિનના શિષ્યોમાંના કોઈ એક તે પાર્શ્વાપત્યીય. સ્થવિર - શ્રી મહાવીર જિનના શિષ્ય-શ્રુતવૃદ્ધ, સમભાવરૂપ સામાયિક. તેનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી જાણતા નથી. સામાયિકનું પ્રયોજન-કર્મો ન બાંધવા અને જૂના નિર્જરવારૂપ. પૌરુષી આદિ નિયમ, આશ્રવ દ્વાર નિરોધ. પૃથ્વી આદિ સંરક્ષણ લક્ષણ સંયમ, તેનો હેતુ-અનાશ્રવત્વ. ઈન્દ્રિય, મનને અટકાવવા અનાશ્રવત્વ. છોડવા લાયકને છોડવાના વિશેષબોધરૂપ વિવેક, કાયા આદિના વ્યુત્સર્ગ માટે અસંગપણાને.

હે આર્ય ! તમારા મતે શું છે ? અમારા મતે આત્મા સામાયિક છે. કહ્યું છે - દ્રવ્યાર્થિક નયના મતે ગુણપ્રતિપન્ન જીવ એ સામાયિક છે. સામાયિક એટલે જીવ જ. કર્મ ન બાંધવાદિ જીવના ગુણો છે અને જીવ તેના ગુણોથી જુદો નથી. એ રીતે પ્રત્યાખ્યાનાદિ પણ જાણવું.

હે સ્થવિરો ! સામાયિક આત્મા છે, તો ક્રોધાદિ છોડીને તેની ગર્હા કેમ કરો છો ? કેમકે ‘‘નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ’’ એ વચનોથી ક્રોધાદિની નિંદા જણાવે છે. - x - x - નિંદા દ્વેષથી થાય.

ઉત્તર-સંયમને માટે. પાપની નિંદાથી સંયમ થાય, પાપની અનુમતિનો વ્યવચ્છેદ થાય. સંયમનો હેતુ હોવાથી ગર્હા સંયમ છે. કર્મબંધનું કારણ ન હોવાથી ગર્હા સંયમ છે. ગર્હા જ બધાં રાગાદિ દોષ કે પૂર્વકૃત્ પાપનો નાશ કરે છે. बाल्य - મિથ્યાત્વ અને અવિરતિને જ્ઞપરિજ્ઞાથી જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડીને. એ રીતે અમારો આત્મા સંયમમાં સ્થાપિત થાય છે અથવા આત્મરૂપ સંયમ પ્રાપ્ત થાય છે સંયમમાં આત્મા પુષ્ટ થાય છે અથવા આત્મરૂપ સંયમ પુષ્ટ થાય છે. ઉપસ્થિત એટલે અત્યંત સ્થિર રહેનાર.

આ પદો - ‘નહીં જોયેલા’ શા માટે ? અજ્ઞાનતાથી સ્વરૂપ વડે પ્રાપ્ત ન હોવાથી. શા માટે ? શ્રુતિ રહિતપણું હોવાથી, अबोधि - જિનધર્મની અપ્રાપ્તિ. અહીં પ્રકરણવશ શ્રી મહાવીર જિનનો ધર્મ લેવો અથવા ઔત્પાત્તિકી આદિ બુદ્ધિ ન હોવાથી, વિસ્તૃત બોધના અભાવે, સાક્ષાત્ પોતાને અનુપલબ્ધ હોવાથી, બીજા પાસેથી સાંભળેલ ન હોવાથી, જોયેલ અને સાંભળેલ ન હોવાથી અણચિંતવેલ, તેથી જ વિશિષ્ટ બોધનો વિષય ન થવાથી, વિશેષથી ગુરુએ ન કહેલ હોવાથી, વિપક્ષથી અવ્યવચ્છેદિત હોવાથી, સુખે બોધ થાય તે માટે મોટા ગ્રંથથી સંક્ષેપ કરી ગુરુએ ઉદ્ધરેલ ન હોવાથી, તેથી જ અમે અવધારેલ ન હોવાથી આ પ્રકારના કે આ અર્થની અમે શ્રદ્ધા ન કરી, પ્રીતિ વિષયક ન કર્યો અથવા હેતુથી ન જાણ્યો, ઈચ્છ્‌યો નહીં. હવે તમે કહો છો તેમ છે.

ચાર મહાવ્રતવાળો, પાર્શ્વજિનમાં ચાર મહાવ્રત છે, કેમકે અપરિગૃહીત સ્ત્રી ભોગવાતી નથી, એમ મૈથુનનો પરિગ્રહમાં સમાવેશ છે. પાર્શ્વનાથનો ધર્મ અપ્રતિક્રમણ છે, કેમકે કારણે જ પ્રતિક્રમણ કરે છે, અન્યથા નથી કરતા. મહાવીર જિનમાં સપ્રતિક્રમણ ધર્મ છે, કારણ વિના પણ પ્રતિક્રમણ કરવાનું છે. દેવાનુપ્રિય - પ્રિયને આમંત્રણ. પડિબંધ - વ્યાઘાત, ન કરવો. મુંડભાવ - દીક્ષિતત્વ, ફલગશય્યા - પાતળી લાંબી પહોળી લાકડાની શય્યા. કટ્ઠશય્યા - ખરાબ લાકડાની શય્યા, કષ્ટશય્યા કે અમનોજ્ઞ વસતિ લાભ અને અલાભ કે અપરિપૂર્ણ લાભ. ઉચ્ચાવચ્ચા - અનુકૂળ-પ્રતિકૂળ કે અસમંજસ, ગ્રામ - ઈન્દ્રિયસમૂહ, કણ્ટક - બાધક, શત્રુરૂપ. એવું કોણ છે ? બાવીશ પરીષહ-ભુખ આદિ, ઉપસર્ગ-ધર્મથી ભ્રષ્ટ કરનાર, દેવાદિ કૃત્.

કાલાશ્યવેષિપુત્ર પ્રત્યાખ્યાનથી સિદ્ધ થયા. હવે અપ્રત્યાખ્યાન—

● સૂત્ર-૯૯ :-

*ભગવન્ ! એમ કહી ગૌતમ, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કરે છે. કરીને આમ કહ્યું — ભગવન્ ! શેઠ, દરિદ્ર, લોભી, ક્ષત્રિય એ બધાં એક સાથે પ્રત્યાખ્યાન ક્રિયા કરે ? હા, ગૌતમ - x - કરે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિને આશ્રીને એમ કહ્યું - x -*

● વિવેચન-૯૯ :-

ભગવન્ ! એ આમંત્રણ વચન છે. અથવા 'ગુરુ' એમ કરીને. શ્રેષ્ઠી-જેનું મસ્તક લક્ષ્મીદેવીની છાપવાળા સુવર્ણ પટ્ટથી શોભે છે, તે ગામનો નગરનાયક. તણુય - દરિદ્ર, ક્વિણ - રાંક, ખત્તિય - રાજા, પ્રત્યાખ્યાન ક્રિયાના અભાવે કે અપ્રત્યાખ્યાન જન્ય કર્મબંધ કરે અવિરતિ - ઈચ્છાની અનિવૃત્તિ. તે દરેક જીવોને સરખી હોય. આગળ કહે છે —

● સૂત્ર-૧૦૦ :-

*આધાકર્મી ખાતો શ્રમણ નિર્ગ્રન્થ શું બાંધે છે, શું કરે છે ? શું ચય કરે છે ? શું ઉપચય કરે છે ? ગૌતમ ! આધાકર્મી ખાતો શ્રમણ આયુકર્મ સિવાયની શિથિલ બંધન બદ્ધ સાતે કર્મપ્રકૃતિઓને દૃઢ બંધન બદ્ધ કરે છે યાવત્ સંસારમાં ભમે છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! આધાકર્મી ખાતો શ્રમણ આત્મધર્મને ઓળંગે છે, આત્મધર્મ ઓળંગતો તે પૃથ્વીકાય યાવત્ ત્રસકાયના જીવની દરકાર નથી કરતો. તથા જે જીવોના શરીર તે ખાય છે, તે જીવોની પણ દરકાર નથી કરતો. તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! પ્રાસુક અને એષણીય આહારને ખાતો શું બાંધે છે યાવત્ ઉપચય કરે છે. ગૌતમ ! પ્રાસુક, એષણીયને ખાતો આયુકર્મ સિવાયની સાત કર્મપ્રકૃતિ જે દૃઢ બંધનબદ્ધ છે, તેને શિથિલ બંધનબદ્ધ કરે છે તેને સંવૃત જેવો જાણવો. વિશેષ એ - આયુકર્મને કદાચિત બાંધે, કદાચિત ન બાંધે. યાવત્ સંસારને ઓળંગી જાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પ્રાસુક, એષણીયને ખાનાર શ્રમણ નિર્ગ્રન્થ આત્મધર્મને ઓળંગતો નથી. આત્મધર્મ ન ઓળંગીને*



*પૃથ્વીકાય યાવત્ ત્રસકાયની તથા જે જીવોના શરીરોને તે ખાય છે તેની દરકાર કરે છે તેથી એમ કહ્યું કે યાવત્ સંસારને ઓળંગી જાય છે.*

● વિવેચન-૧૦૦ :-

સાધુને માટે જે જીવવાળું નિર્જીવ કરાય કે નિર્જીવને જે પકાવાય અથવા ઘર આદિ ચણાવાય, વસ્ત્રાદિ વણાવાય તે આધાકર્મ. બંધ - પ્રકૃતિબંધ કે સ્પૃષ્ટાવસ્થાને આશ્રીને પકર - સ્થિતિબંધ કે બદ્ધ અવસ્થાને આશ્રીને, ચિણ - અનુભાગ બંધ કે નિધત્તાવસ્થાની અપેક્ષાએ. ઉવચિણ - પ્રદેશ બંધ કે નિકાચના અપેક્ષાએ. આત્મા વડે ચારિત્ર કે શ્રુત ધર્મને. પૃથ્વીકાયાદિની અનુકંપા રાખતો નથી.

આધાકર્મનો વિપક્ષ પ્રાસુક અને એષણીય છે. તેથી તેનું સૂત્ર કહ્યું. અહીં સંસાર ઓળંગવાનું કહ્યું. તે કર્મના અસ્થિરપણાથી તેનો નાશ થવાથી થાય છે. માટે અસ્થિર પદાર્થનું સૂત્ર કહે છે —

● સૂત્ર-૧૦૧ :-.

*ભગવન્! અસ્થિર પદાર્થ બદલાય છે? સ્થિર નથી બદલાતો? અસ્થિર પદાર્થ ભાંગે છે? સ્થિર નથી ભાંગતો? બાળક શાશ્વત છે? બાળકપણું અશાશ્વત છે? પંડિત શાશ્વત છે? પંડિતપણું અશાશ્વત છે? હા, ગૌતમ! અસ્થિર પદાર્થ બદલાય છે. યાવત્ પંડિતત્વ અશાશ્વત છે. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૧૦૧ :-

ઢેફું આદિ અસ્થિર દ્રવ્ય બદલાય છે. અધ્યાત્મ પક્ષમાં કર્મ અસ્થિર છે, કેમકે તે જીવ પ્રદેશોથી પ્રતિ સમય ચલિત થાય છે. બંધ-ઉદય-નિર્જરાદિ પરિણામોથી બદલાય છે. શિલા આદિ બદલાતા નથી. અધ્યાત્મ પક્ષે જીવ સ્થિર છે. કેમકે કર્મ ક્ષય થતાં પણ તે રહે છે. તે ઉપયોગ લક્ષણ સ્વભાવથી બદલાતો નથી. ભંગુર સ્વભાવવાળા શલાકાદિ ભાંગી જાય છે. તેમ અધ્યાત્મ પક્ષે સ્થિર કર્મ ભાંગી જાય છે. તથા જેમ લોઢાની શળી આદિ સ્થિર પદાર્થ ભાંગતા નથી તેમ સ્થિર જીવ ભાંગતો નથી, કેમકે તે શાશ્વત છે. જીવ પ્રકરણ હોવાથી કહે છે —

વ્યવહારથી બાળ એટલે બાળક, નિશ્ચયથી બાળ એટલે અસંયત જીવ, તે દ્રવ્યત્વથી શાશ્વત છે. બાલત્વ એટલે વ્યવહારથી બાળપણું, નિશ્ચયથી અસંયતપણું તે પર્યાત્વથી અશાશ્વત છે. એ રીતે પંડિત સૂત્ર પણ જાણવું. વ્યવહારથી પંડિત એટલે શાસ્ત્રજ્ઞ.

**શતક-૧, ઉદ્દેશો-૯, ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૧૦ - "ચલન" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૯માં કર્મ અસ્થિર છે, તેમ કહ્યું. કર્માદિમાં અન્ય તીર્થિકો વિવાદ કરે છે. તેથી તેનો નિરાસ કરવા આ ઉદ્દેશો કહ્યો.

● સૂત્ર-૧૦૨ :-

*ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે (૧)*

*ચાલતું એ ચાલ્યુ યાવત્ નિર્જરાતુ એ નિર્જરાયુ ન કહેવાય. (૨) બે પરમાણુ પુદ્ગલો એકમેકને ચોંટતા નથી - x - કેમ ચોંટતા નથી ? બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ નથી, માટે એકમેકને ચોંટતા નથી. (૩) ત્રણ પરમાણુ પુદ્ગલ પરસ્પર ચોંટે છે. - x - શા માટે ચોંટે છે ? ત્રણ પરમાણુ પુદ્ગલોમાં ચિકાશ હોય છે, માટે પરસ્પર ચોંટી જાય છે. વળી જો તેના ભાગ કરવામાં આવે તો તેના બે ભાગ કે ત્રણ ભાગ પણ થઈ શકે છે. જો તેના બે ભાગ કરવામાં આવે તો એક તરફ દોઢ પરમાણુ પુદ્ગલ અને બીજી તરફ દોઢ પરમાણુ પુદ્ગલ આવે છે. જો તેના ત્રણ ભાગ કરવામાં આવે તો ત્રણે પરમાણુ પુદ્ગલ જુદા જુદા થઈ જાય છે. એ પ્રમાણે ચાર પરમાણુ પુદ્ગલોમાં જાણવું. પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે. ચોંટીને કર્મપણે થાય છે. કર્મ શાશ્વત છે, હંમેશાં સારી રીતે ઉપચય અને અપચય પામે છે.*

*(૪) બોલવાના સમયની પૂર્વે જે ભાષા, તે ભાષા છે. બોલતા સમયની ભાષા, તે અભાષા છે. બોલાયા પછીની ભાષા તે ભાષા છે. હવે જો પૂર્વની ભાષા ભાષા છે, બોલાતી ભાષા અભાષા છે, બોલાયેલી ભાષા ભાષા છે, તો શું તે બોલનારની ભાષા છે કે ન બોલનારની ભાષા છે ? - - ન બોલનારની તે ભાષા છે પણ બોલનારની ભાષા નથી.*

*(૫) પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી. કરાયા પછીની ક્રિયા તે દુઃખહેતુ છે. હવે જો પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી અને કરવાના સમય પછીની ક્રિયા દુઃખહેતુ છે, તો શું તે કરણથી દુઃખહેતુ છે કે અકરણથી દુઃખ હેતુ છે ? - - તે અકરણથી દુઃખહેતુ છે, પણ કરણથી દુઃખહેતુ નથી.*

*(૬) અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે, અક્રિયમાણકૃત દુઃખ છે, તેને ન કરીને પ્રાણ-ભૂત-જીવ-સત્વો વેદના વેદે છે.*

*ભગવન્ ! આવું [તેમનું મંતવ્ય] કઈ રીતે માનવું ?*

*ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ વેદના વેદે છે એવું વક્તવ્ય છે, તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું એમ કહું છું કે – ચાલતું ચાલ્યુ યાવત્ નિર્જરાતુ નિર્જરાયુ કહેવાય.*

*બે પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. - x - કેમકે - x - બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ છે. - x - તેનો ભેદ કરવાથી બે ભાગ થાય છે. તે ભાગ કરાતા એક તરફ એક અને બીજી તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે... ત્રણ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. કેમકે - x - ત્રણ પરમાણુ પુદ્ગલમાં ચીકાશ છે. તેનો ભેદ કરતા બે અથવા ત્રણ ભાગ થઈ શકે છે. જો બે ભાગ કરાય તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે, બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ આવે છે. જો ત્રણ ભાગ કરાય તો ત્રણ પરમાણુ પુદ્ગલ થાય છે. એ રીતે ચાર પરમાણુ પણ જાણવા.*



*પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે, ચોંટીને એક સ્કંધરૂપ થાય છે. તે સ્કંધ અશાશ્વત છે, હંમેશા ઉપચય-અપચય પામે છે.*

*પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે. જે તે પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે - x - તે બોલતા પુરુષની ભાષા છે, ન બોલતા પુરુષની ભાષા તો તે ભાષા નથી જ.*

*પૂર્વની ક્રિયા દુઃખ હેતુ નથી ઇત્યાદિ ભાષા પેઠે જાણવી. યાવત્ કરણથી તે દુઃખહેતુ છે, અકરણથી દુઃખહેતુ નથી એમ કહેવું.*

*કૃત્ય દુઃખ છે, સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયમાણ કૃત દુઃખ છે, તેને કરીને પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વ વેદના વેદે છે, એમ કહેવાય.*

**● વિવેચન-૧૦૨ :-**

(૧) ચાલતું કર્મ અચલિત છે, કેમકે ચાલતું કર્મ, ચાલેલ કર્મ માફક કાર્ય ન કરી શકે. વર્તમાનનો વ્યવહાર અતીતની પેઠે થવો અશક્ય છે. આ પ્રમાણે બીજે પણ જાણવું. (૨) એક સ્કંધપણે જોડાતા નથી - મળતા નથી. બંને સૂક્ષ્મ હોવાથી તેમાં ચીકાશગુણ નથી, પણ ત્રણ વગેરેના યોગે સ્થૂલત્વથી ચિકાશ હોય છે. (૩) પાંચ પુદ્ગલો એકઠા થઈ કર્મપણે થાય છે, તે અનાદિ હોવાથી શાશ્વત છે, હંમેશાં સારી રીતે સપરિમાણ વૃદ્ધિ અને નાશ પામે છે.

પૂર્વ્વં - બોલ્યા પહેલાંની, ભાસ - વાણીના દ્રવ્યોનો સમૂહ, ભાસ - સત્ય આદિ ભાષા. કેમકે શબ્દના દ્રવ્યો ભાષાના કારણરૂપ છે. અથવા વિભંગ જ્ઞાનીત્વથી અન્યતીર્થિકોનો યુક્તિ વિનાનો આ મત છે. જે ઉન્મત્ત થયેલના વચન જેવું છે. આ પ્રમાણે સર્વત્ર જાણવું. તથા મુખેથી નીકળતા વાક્ દ્રવ્યો અભાષા છે. કેમકે વર્તમાન સમય અતિ સૂક્ષ્મ હોવાથી વ્યવહારનું અંગ નથી. - x - ભાષાનો સમય વીત્યા પછી - બોલાયેલી ભાષા તે ભાષા કહેવાય કારણ કે ભાષાથી સાંભળનારને અર્થનું જ્ઞાન થાય છે. બોલ્યા પૂર્વે કે પછી ભાષા સ્વીકારવાથી તે ન બોલનારની ભાષા છે. બોલાતી ભાષા, ભાષારૂપે અસ્વીકૃત હોવાથી બોલનારની ભાષા, ભાષા ન કહેવાય.

કાયિકી આદિ ક્રિયા, ન કરાય ત્યાં સુધી દુઃખહેતુ છે. કરાતી ક્રિયા દુઃખહેતુ નથી. ક્રિયા સમય વીતે પછી ક્રિયા કરાય છે. એ વ્યવહાર મટીને ક્રિયા કરાયેલી છે એવો વ્યવહાર થતાં તે દુઃખહેતુ છે. આ પણ યુક્તિરહિત મત છે. અથવા અભ્યાસ ન હોવાથી પૂર્વ ક્રિયા દુઃખરૂપ લાગે છે. અભ્યાસ પછી દુઃખરૂપ લાગતી નથી. ક્રિયા કર્યા પછી શ્રમ લાગે છે, માટે કરેલ ક્રિયા દુઃખરૂપ છે. કરણને આશ્રીને – કરતી વખતે. અકરણને આશ્રીને - ન કરતી વખતે. કેમકે અક્રિયમાણ સ્થિતિમાં તેને દુઃખરૂપે સ્વીકારેલી છે.

એ પ્રમાણે પૂર્વોક્ત વસ્તુ વક્તવ્ય છે. એ યુક્તિયુક્ત છે. હવે બીજા કોઈ અન્યતીર્થિકનો મત કહે છે - અકૃત્ય એટલે ભાવિ કાળની અપેક્ષાએ જીવો વડે ન ઉપજે તેવું. દુઃખ એટલે અશાતા અથવા તેનું કારણરૂપ કર્મ. અકૃત્ય હોવાથી ન

બંધાય તેવું છે. ક્રિયમાણ એટલે વર્તમાનકાળે કરાતું, કૃત એટલે ભૂતકાળે કરેલું. તે બંનેના નિષેધથી અક્રિયમાણકૃત. અર્થાત્ ત્રણે કાળે કર્મબંધન નિષેધથી દુઃખને ન કરીને. - x - પ્રાણ-ભૂત-જીવ-સત્વો. અહીં —

પ્રાણ - બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા. ભૂત - વનસ્પતિ, જીવ - પંચેન્દ્રિય, સત્વ - બાકીના પૃથ્વી આદિ. શુભાશુભ કર્મને કે પીડાને અનુભવે છે. એમ વક્તવ્ય છે. કેમકે એ રીતે એ યુક્તિયુક્ત છે. લોકમાં દેખાતા સુખદુઃખ સર્વે યાદચ્છિક છે. કહ્યું છે - લોકોને જે કંઈ વિચિત્ર સુખદુઃખ થાય છે, તે વિચાર્યા વિના થાય છે. જેમ કાગને બેસવું અને ડાળનું પડવું, તે કંઈ બુદ્ધિપૂર્વક થતું નથી.

૦ ભગવન્ ! અન્યતીર્થિકે કહેલ ન્યાયે એ કેમ હોય ?

ઉત્તર - એ બધું મિથ્યા છે. જે ચાલતું કર્મ પ્રથમ સમયે ચલિત ન હોય, તો દ્વિતીયાદિ સમયે પણ અચલિત જ છે. કદાપી ચલિત ન થાય. માટે વર્તમાનને પણ વિવક્ષા વડે અતીતત્વ એ વિરુદ્ધ નથી. એ વિશે પૂર્વે કહ્યું છે, માટે ફરી કહેતા નથી. જે કહ્યું છે કે — ચલિત કર્મ જે કાર્ય કરે છે, તે ચાલતું કર્મ કરતું નથી એ કથન અયુક્ત છે. કેમકે પ્રતિક્ષણે ઉત્પન્ન સ્થાસ, કોશ આદિ ઉત્પન્ન થયા પછી છેલ્લી ક્ષણે ઉત્પન્ન થનાર ઘટરૂપ કાર્ય આધ ક્ષણે સ્વ કાર્ય ન કરે એ યુક્તિયુક્ત જ છે. - x - x - ચલિત કર્મની પેઠે કાર્ય ન કરવાથી ચાલતું કર્મ ચલિત કહેવાતું નથી. કેમકે દરેક કારણો પોત પોતાનાં કાર્યો કરે છે. બીજું કારણ બીજા કારણના કાર્યને નથી કરતું તેમ છતાં એમાં દોષ દેવો તે કંઈ જ નહીં એમ ગણવું યુક્ત છે.

વળી જે કહ્યું — બે પરમાણું સૂક્ષ્મ હોવાથી ચીકાશના અભાવે ચોંટતા નથી, તે પણ અયુક્ત છે કેમકે એક પરમાણુમાં પણ ચીકાશ હોય છે. તેઓએ પણ સ્વીકાર્યુ છે કે - દોઢ-દોઢ પરમાણું પરસ્પર ચોંટી જાય છે તેથી તેમના મતે અર્ધ પરમાણુમાં પણ ચીકાશ સંભવે છે તો બે પરમાણુ ચિકાશ રહિત હોવાથી ચોંટતા નથી, તે કેમ ઘટી શકે ? વળી જે દોઢ-દોઢ કહ્યું તે પણ ઠીક નથી કેમકે પરમાણુના બે ભાગ થાય તો તેમાં પરમાણુત્વ જ ન કહેવાય. વળી જે કહ્યું કે — પાંચ પુદ્‌ગલો ચોંટતા કર્મપણે થાય, તે પણ ખોટું છે. કેમકે કર્મ અનંત પરમાણુતાથી અનંત સ્કંધરૂપ છે. પાંચ પરમાણુ માત્ર સ્કંધરૂપ છે. કર્મ એ જીવને આવરણ કરવાના સ્વભાવવાળું છે. તેથી જો એ પાંચ પરમાણુ રૂપ જ હોય તો અસંખ્યાત પ્રદેશીજીવને કઈ રીતે ઢાંકી શકે. વળી કર્મને શાશ્વત કહ્યા તે પણ અયોગ્ય છે. કર્મના શાશ્વતત્વથી ક્ષયોપશમાદિ અભાવે જ્ઞાનાદિની હાનિ-વૃદ્ધિ ન થાય. પણ લોકમાં જ્ઞાનાદિનું ઓછું-અધિકપણું દેખાય જ છે. કર્મને શાશ્વત માનતાં તેઓનું કર્મનું ચય-નાશપણું પણ નહીં થાય.

ભાષામાં હેતુ હોવાથી બોલ્યા પહેલાંની ભાષા કહેવાય તે અયુક્ત છે. કેમકે તે કથન ઔપચારિક છે. ઉપચાર તત્ત્વથી વસ્તુરૂપ નથી. વસ્તુ સત્ય હોય તો ઉપચાર થઈ શકે, માટે ભાષા એ તાત્ત્વિક વસ્તુ છે એમ સિદ્ધ થયું. વળી બોલાતી ભાષાને ભાષા ન કહેવી. તે પણ અયુક્ત છે. કેમકે વિધમાનતાથી વર્તમાનકાળ જ વ્યવહારનું





અંગ છે. ભૂત-ભાવિ એ અવિધમાન-અસત્‌રૂપ હોવાથી વ્યવહારનું અંગ નથી. भाषासमय० આદિ કહ્યું તે પણ યોગ્ય નથી ભાષ્યમાણ ભાષાના અભાવે સૂત્રના અભિલાપનો અભાવ પ્રસંગ થાય. અર્થાત્ વર્તમાનકાળની ભાષા ન હોય તો ભૂતકાળની ભાષા ન જ હોય. - x - હાથ અને આંખની ચેષ્ટાથી સાંભળનારને અર્થનું ભાન થઈ શકે છે, તો પણ તે ચેષ્ટા ભાષા કહેવાતી નથી. અભાષકની ભાષા કહી, તે તો વધુ ખોટું છે કેમકે તો સિદ્ધ અને જડને ભાષાની પ્રાપ્તિ થવી જોઈએ. એ રીતે ક્રિયા પણ વર્તમાનકાળે જ યુક્ત છે. - x - અભ્યાસ વિના પણ કોઈ ક્રિયા સુખરૂપ લાગે. ઇત્યાદિ - x -

- x - કર્યા સિવાય જ કર્મ દુઃખ કે સુખરૂપ થતું હોય તો અનેક પ્રકારે ઐહિક-પારલૌકિક અનુષ્ઠાનોનો અભાવ થાય. પણ તે અન્યતીર્થિકોએ પારલૌકિક અનુષ્ઠાન તો સ્વીકારેલ જ છે. એ રીતે આ બધું અજ્ઞાનના ચાળા રૂપ છે.

વૃદ્ધોએ કહ્યું છે - પરતીર્થિકની વક્તવ્યતા વિભંગજ્ઞાનીના મતિભેદના પ્રકારરૂપ છે. સદ્‌ભુત, અસદ્‌ભૂત ભેદ વડે વિભંગમાં ચાર ભાંગા થાય છે. - x - તે ચાર ભંગ આ છે — (૧) सद्‌भूत - પરમાણુમાં, असद्‌भूत - અડધું આદિ. (૨) વ્યાપક આત્મામાં ચૈતન્ય, (૩) પરમાણુમાં અપ્રદેશત્વ, (૪) વ્યાપક આત્મામાં અકર્તૃત્વ.

“ગૌતમ ! હું એમ કહું છું.” એ બધું સ્પષ્ટાર્થ છે. વિશેષ એ કે — શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ એ ચાર સ્પર્શમાંના કોઈપણ બે અવિરુદ્ધ સ્પર્શ એક પરમાણુમાં એક જ કાળે હોય છે. તેથી તેમાં ચિકાશ હોવાથી સ્નેહકાય હોય જ છે. તે વિષમ સ્નેહથી ચોંટે જ છે. આ વાત પરમત અનુવૃત્તિથી કહી છે. અન્યથા રૂક્ષ પણ વિષમ રૂક્ષત્વમાં ચોંટે જ છે. સમાન રૂક્ષ કે સમાન સ્નિગ્ધતા વાળા ન ચોંટે પણ વિષમ સ્નિગ્ધ કે વિષમ રૂક્ષ પરસ્પર ચોંટે. ઇત્યાદિ - x -

બોલાય છે માટે ભાષા કહેવાય. બોલાયા પહેલાં બોલાતી નથી માટે ભાષા ન કહેવાય. બોલાતી ભાષામાં શબ્દ અને અર્થની ઉપપત્તિ છે માટે ભાષા કહેવાય. બોલાયેલી ભાષામાં તેમ નથી માટે અભાષા છે. કર્યા પૂર્વે ક્રિયા જ નથી, તેથી તે દુઃખ કે સુખરૂપ પણ નથી - x - કરાતી ક્રિયા દુઃખરૂપ છે, તે પરમતને આશ્રીને જ કહ્યું છે. અન્યથા કરાતી ક્રિયા સુખરૂપ પણ હોય. - x -

આ સૂત્રથી કર્મની સત્તા જણાવી છે. કેમકે તે પ્રમાણથી સિદ્ધ છે. તે આ રીતે — કોઈ બે પુરુષ હોય, તે બંનેને ઇષ્ટ શબ્દાદિ વિષયસુખના સાધનો પ્રાપ્ત હોય, તો પણ બેમાંથી એકને દુઃખરૂપ ફળ મળે, બીજાને સુખરૂપ ફળ મળે, વિશિષ્ટ હેતુ વિના આવું ન સંભવે. ઘડા માફક કારણ વિના કાર્ય ન નીપજે. તેમ અહીં વિશિષ્ટ હેતુ એ કર્મ છે. - x - x - ફરી પણ અન્યતીર્થિકનો મત દર્શાવતા કહે છે —

**● સૂત્ર-૧૦૩ :-**

***ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે કે — યાવત્ એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે — ઐર્યાપથિકી, સાંપરાયિકી. જે સમયે ઐર્યાપથિકી કરે છે તે સમયે સાંપરાયિકી કરે છે, જે સમયે સાંપરાયિક કરે છે, તે સમયે ઐર્યાપથિકી***

***કરે છે. ઐર્યાપથિકી ક્રિયા કરવાથી સાંપરાયિકી કરે છે, સાંપરાયિકી ક્રિયા કરવાથી ઐર્યાપથિકી કરે છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે – ઐર્યાપથિકી અને સાંપરાયિકી. ભગવન્ ! આ કેવી રીતે થાય ? ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે યાવત્ જે તેઓએ એમ કહ્યું છે, તે મિથ્યા છે. ગૌતમ ! હું એમ કહું છું - - -કે નિશ્ચે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. અહીં પરતીર્થિક તથા સ્વસિદ્ધાંતની વક્તવ્યતા જાણવી. યાવત્ ઐર્યાપથિકી અથવા સાંપરાયિક ક્રિયા કરે છે.***

**● વિવેચન-૧૦૩ :-**

ઈર્યા એટલે જવું, પથ એટલે માર્ગ. જવાના માર્ગમાં થયેલ ક્રિયા તે ઐર્યાપથિકી - માત્ર કાયયોગ નિમિત્તનો કર્મબંધ. સંપરાય એટલા જેના વડે પ્રાણી સંસારમાં ભમે તે. કષાય નિમિત્ત થતી ક્રિયા તે સાંપરાયિકી - કષાયથી થતો કર્મબંધ. આ સૂત્રમાં પરતીર્થિકનો મત સ્વયં કહેવો. ગ્રંથ ગૌરવ ભયે લખ્યો નથી. [સૂત્રપાઠ જોવો] સૂત્રોક્ત કથન પૂર્વે કહ્યા મુજબ જાણવું. તેની અસત્યતા આ રીતે છે. ઐર્યાપથિકી ક્રિયાનું કારણ અકષાય છે. સાંપરાયિકી કષાયોદયથી થાય છે. માટે તે બંને ક્રિયા એક સમયે કઈ રીતે સંભવે ? કેમકે તે પરસ્પર વિરુદ્ધ છે. - - અહીં ક્રિયા કહી, ક્રિયાવાન્‌ને ઉત્પાદ હોય, તેથી ઉત્પાદ વિરહને જણાવે છે –

**● સૂત્ર-૧૦૪ :-**

***ભગવન્ ! નરકગતિ કેટલો કાળ ઉપપાત વિનાની કહી છે ? જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત. એ રીતે [પન્નવણા સૂત્રનું] આખું વ્યુત્ક્રાંતિ પદ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. યાવત્ [ગૌતમ સ્વામી] વિચરે છે.***

**● વિવેચન-૧૦૪ :-**

વ્યુત્ક્રાંતિ એટલે જીવોનો ઉત્પાદ, તે સંબંધી પદ, તે વ્યુત્ક્રાંતિ પદ. તે પ્રજ્ઞાપના સૂત્રમાં છટ્ઠું છે. તેનો અર્થ ટૂંકમાં દેખાડે છે - પંચેન્દ્રિય તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિમાં ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત, જઘન્યથી એક સમય ઉત્પાદ વિરહ છે. કહ્યું છે – રત્નપ્રભાદિ બધી નરકોમાં ઉત્કૃષ્ટ ઉત્પાદ વિરહ કાળ ૧-ચોવીશ મુહૂર્ત, ૨-સાત અહોરાત્ર, ૩-પંદર અહોરાત્ર, ૪-એક માસ, ૫-બે માસ, ૬-ચાર માસ, ૭-છ માસ. જઘન્યથી એક સમય. એ રીતે ઉદ્વર્તના વિરહ જાણવો. નૈરયિક સંખ્યા દેવો સમાન છે. તે આ – એક, બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાત જીવો એક સમયે ઉપજે છે, ચ્યવે છે, ઉદ્વર્તે છે. તિર્યંચમાં વિરહકાળ આ રીતે –

વિકેલેન્દ્રિય અને સંમૂર્છિમોનો ભિન્ન મુહૂર્ત, ગર્ભજ નો ૧૨-મુહૂર્ત, ઉત્કૃષ્ટ વિરહકાળ છે. જઘન્ય વિરહકાળ એક સમય છે. એકેન્દ્રિયોનો વિરહકાળ જ નથી. મનુષ્ય ગતિમાં ગર્ભજનો ૧૨-મુહૂર્ત, સંમૂર્છિમનો ૨૪-મુહૂર્ત ઉત્કૃષ્ટ વિરહકાળ છે. બંનેનો જઘન્યથી એક સમય છે. દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાનનો ઉત્કૃષ્ટ વિરહકાળ ૨૪-મુહૂર્ત, જઘન્ય એક સમય. [૩] નવ દિવસ વીશ



મુહૂર્ત, [૪] બાર દિવસ દશ મુહૂર્ત, [૫] સાડા બાવીશ દિવસ, [૬] ૪૫ દિવસ, [૭] ૮૦ દિવસ, [૮] ૧૦૦ દિવસ, [૯,૧૦] સંખ્યેય માસ, [૧૧,૧૨] સંખ્યેય વર્ષ. નીચેનીત્રિક-સંખ્યેય ૧૦૦ વર્ષ, મધ્યમત્રિક-સંખ્યેય ૧૦૦૦ વર્ષ. ઉપલીત્રિક-સંખ્યેય લાખ વર્ષ. વિજયાદિમાં પલ્યોપમનો અસંખ્ય ભાગ ઉત્કૃષ્ટ વિરહકાળ છે. જઘન્યથી બધે એક સમય.

આ રીતે દેવોનો ઉપપાત વિરહકાળ જાણવો. એ જ રીતે ઉદ્વર્તના જાણવી. સિદ્ધિ ગતિમાં ઉત્કૃષ્ટથી ઉપપાતવિરહ કાળ છ માસ અને જઘન્યથી એક સમય છે. ઉદ્વર્તના ન હોય.

**શતક-૧, ઉદ્દેશો-૧૦નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

**શતક-૧-નો મુનિદીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ॐ શતક-૨ ॐ
-- x -- x --

૦ પહેલા શતકની વ્યાખ્યા કરી, હવે બીજાની કરીએ છીએ. તેમાં પણ પહેલો ઉદ્દેશો, તેનો આ સંબંધ છે - શતક-૧-ના ૧૦માં ઉદ્દેશામાં છેલ્લે જીવોનો ઉત્પાદવિરહ કહ્યો. અહીં તેના ઉચ્છ્વાસાદિની વિચારણા છે. એ સંબંધ છે.

### ❀ શતક-૨, ઉદ્દેશો-૧-ઉચ્છ્વાસ, સ્કંદક ❀
-- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦૫,૧૦૬ :-

*[૧૦૫] (શતક-૨-માં દશ ઉદ્દેશા છે.) — ૧-ઉચ્છ્વાસ અને સ્કંદક, ૨-સમુદ્ઘાત, ૩-પૃથ્વી, ૪-ઈન્દ્રિય, ૫-અન્યતીર્થિક, ૬-ભાષા, ૭-દેવ, ૮-ચમરચંચા, ૯-સમયક્ષેત્ર, ૧૦-અસ્તિકાય.*

*[૧૦૬] તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. વર્ણન, સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. પર્ષદા પાછી ફરી.*

*તે કાળે તે સમયે જ્યેષ્ઠ શિષ્ય યાવત્ પર્યુપાસતા આમ બોલ્યા — ભગવન્! જે આ બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા જીવો છે, તેઓના અંદરના-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસને જાણીએ છીએ, જોઈએ છીએ, પણ જે આ પૃથ્વીકાયિક, વનસ્પતિકાયિક એકેન્દ્રિય જીવો છે, તેઓના અંદર-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસને જાણતા નથી, દેખતા નથી. ભગવન્! આ જીવો અંદર-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે? હા, ગૌતમ! આ જીવો પણ શ્વાસોચ્છ્વાસ લે છે.*

● વિવેચન-૧૦૫,૧૦૬ :-

જો કે એકેન્દ્રિયવાળા જીવોને આગમ પ્રમાણથી જીવત્વ છે, તો પણ તેઓના ઉચ્છ્વાસાદિ સાક્ષાત્ જણાતા ન હોવાથી અને જીવશરીરના નિરુચ્છ્વાસાદિ કદાચિત્ દેખાતા હોવાથી પૃથ્વી આદિમાં ઉચ્છ્વાસાદિ વિષયક શંકા થાય છે. તેનો નિરાસ કરવા તેઓને ઉચ્છ્વાસાદિ છે, તે આગમ પ્રમાણ પ્રસિદ્ધના પ્રદર્શન માટે આ સૂત્ર જાણવું. - ઉચ્છ્વાસાદિ અધિકારથી જીવાદિમાં પચીશ પદોમાં ઉચ્છ્વાસાદિ દ્રવ્યોના સ્વરૂપના નિર્ણય માટે કહે છે —

● સૂત્ર-૧૦૭ :-

*ભગવન્ ! જીવો કેવા પ્રકારના દ્રવ્યોને શ્વાસમાં લે છે અને મૂકે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યો, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ, કાળથી કોઈ પણ સ્થિતિક, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા દ્રવ્યોને અંદર-બહારના શ્વાસોચ્છ્વાસમાં લે છે - મૂકે છે - - ભગવન્ ! તેઓ શું એક વર્ણવાળા દ્રવ્યોને શ્વાસ-ઉચ્છ્વાસમાં લે છે - મૂકે છે. ગૌતમ ! અહીં આહારગમ જાણવો યાવત્ ત્રણ-ચાર-પાંચ દિશાથી [શ્વાસના અણુ લે છે.]*

*ભગવન્ ! નૈરયિક કેવા દ્રવ્યોને શ્વાસમાં લે છે૦ ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ છ એ દિશામાંથી લે છે૦.*



*જીવો અને એકેન્દ્રિયોને વ્યાઘાત, નિર્વ્યાઘાત મુજબ કહેવા. બાકીના નિયમા છ દિશામાંથી શ્વાસના૦ અણુ લે છે.*

*ભગવન્ ! વાયુકાય, વાયુકાયોને જ અંદર-બહારના શ્વાસમાં લે છે - મૂકે છે ? હા, ગૌતમ વાયુકાયને જ યાવત્ લે છે૦*

● વિવેચન-૧૦૭ :-

किण्णं - કેવા પ્રકારના દ્રવ્યો ? આહારગમ - પ્રજ્ઞાપનાના ૨૮માં આહાર પદમાં કહેલ છે, તે સૂત્રો — બે વર્ણવાળા, ત્રણવર્ણી યાવત્ પંચવર્ણી યાવત્ જે વર્ણથી કાળા છે, તે શું એકગુણ કાળા છે યાવત્ અનંતગુણ કાળા છે, ઇત્યાદિ. જીવો અને એકેન્દ્રિયો-વ્યાઘાતવાળા, નિર્વ્યાઘાતવાળા કહેવા - x - x -

એકેન્દ્રિયો આ પ્રમાણે - પૃથ્વીકાય કેટલી દિશામાંથી શ્વાસ૦ લે છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતમાં છ દિશામાંથી, વ્યાઘાતમાં ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી. એ રીતે અપ્કાયાદિમાં જાણવું. - x - તેઓ લોકના છેડે પણ હોય છે, માટે ત્રણ વગેરે દિશામાંથી શ્વાસના પુદ્ગલ લેવામાં વ્યાઘાત સંભવે છે. બાકીના નૈરયિકાદિ છ એ દિશાથી શ્વાસના અણુ લે છે. કેમકે તેઓ ત્રસ નાડી અંતર્ભૂત હોય છે.

હવે એકેન્દ્રિયોને ઉચ્છ્વાસાદિ વાયુરૂપ હોય છે. તો શું વાયુકાયને પણ વાયુકાય જ ઉચ્છ્વાસાદિમાં હોય? કે પૃથ્વી આદિના ઉચ્છ્વાસાદિ માફક વાયુથી વિલક્ષણ છે? તે શંકાથી પ્રશ્ન કરેલ છે. વાયુ પોતે વાયુરૂપ છે, તો પણ તેને બીજા વાયુરૂપ શ્વાસ-નિઃશ્વાસની જરૂર રહે છે. કેમકે ચૈતન્યવાળા-જીવને તે જરૂરી છે. તે વાયુ, વાયુરૂપ છે પણ વાયુકાયના ઔદારિક, વૈક્રિય શરીરરૂપ નથી. કેમકે આન-પ્રાણ સંજ્ઞાવાળા આ શ્વાસના પુદ્ગલો ઔદારિક અને વૈક્રિય શરીરના પુદ્ગલો કરતાં અનંતગુણ પ્રદેશવાળા હોવાથી સૂક્ષ્મ છે. તેથી શ્વાસરૂપ વાયુ ચૈતન્ય વાયુના શરીરરૂપ નથી.

● સૂત્ર-૧૦૮ થી ૧૧૧ :-

*[૧૦૮] ભગવન્ ! વાયુકાય વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને ફરી ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય. ભગવન્ ! વાયુકાય સ્પૃષ્ટથી મરણ પામે કે અસ્પૃષ્ટથી ? ગૌતમ ! સ્પૃષ્ટ મરણ પામે, અસ્પૃષ્ટ નહીં. - ભગવન્ ! તે શું સશરીરી બીજી ગતિમાં જાય કે અશરીરી ? ગૌતમ ! કથંચિત્ સશરીરી જાય અને કથંચિત્ અશરીરી જાય. - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! વાયુકાયને ચાર શરીરો છે — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. તેમાં ઔદારિક, વૈક્રિયને છોડીને અને તૈજસ-કાર્મણની સાથે બીજી ગતિમાં જાય છે, માટે કહ્યું કે કથંચિત્ સશરીરી, કથંચિત્ અશરીરી.*

*[૧૦૯] ભગવન્ ! જેણે સંસાર અને સંસારના પ્રપંચોનો નિરોધ કર્યો નથી, જેનો સંસાર અને સંસાર-વેદનીય કર્મ ક્ષીણ થયેલ નથી, જેનો સંસાર અને સંસાર-વેદનીય કર્મનો વિચ્છેદ થયો નથી, જે નિષ્ઠિતાર્થ નથી, જેનું કાર્ય પૂર્ણ થયું નથી, તેવો મૃતાદિ [પ્રાસુકભોજી] નિર્ગ્રન્થ, ફરીને મનુષ્યાદિ ભવોમાં શીઘ્ર આવે ? હા, ગૌતમ ! - x - આવે.*

*[૧૧૦] ભગવન્ ! તેને કયા શબ્દોથી બોલાવાય ? ગૌતમ ! તેને કદાચ પ્રાણ, કદાચ ભૂત, કદાચ જીવ, કદાચ સત્વ, કદાચ વિજ્ઞ, કદાચ વેદ તથા કદાચ પ્રાણ-ભૂત-જીવ-સત્વ-વિજ્ઞ-વેદ કહેવાય. ભગવન્ ! તે પ્રાણ યાવત્ વેદ કેમ કહેવાય ? ગૌતમ ! તે અંદર-બહાર શ્વાસ-નિઃશ્વાસ લે છે, માટે પ્રાણ કહેવાય. તે થયો છે - થાય છે - થશે માટે ભૂત કહેવાય. તે જીવ હોવાથી જીવે છે, જીવત્વ અને આયુકર્મ અનુભવે છે માટે જીવ કહેવાય. શુભ-અશુભ કર્મોથી બદ્ધ છે, માટે સત્વ કહેવાય. તે કડવા, કષાયેલા, ખાટા, મીઠા રસોને જાણે છે માટે વિજ્ઞ કહેવાય. સુખ-દુઃખને વેદે છે માટે વેદ કહેવાય. તેથી તેને યાવત્ પ્રાણ યાવત્ વેદ કહેવાય છે.*

*[૧૧૧] ભગવન્ ! જેણે સંસારને રોક્યો છે - x - યાવત્ જેના કાર્યો પૂર્ણ થયા છે, તે ફરીને મનુષ્યત્વાદિ પામતો નથી ? હા, ગૌતમ ! - x - તે પામતો નથી. ભગવન્ ! તેને કયા શબ્દોથી બોલાવાય ? ગૌતમ ! તે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પારગત-પરંપરગત કહેવાય તથા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત, અંતકૃત્, સર્વદુઃખપ્રક્ષીણ કહેવાય. - - ભગવન્ ! તે "એમ જ છે, એમ જ છે" એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૧૦૮ થી ૧૧૧ :-**

[૧૦૮] આ પ્રશ્ન વાયુકાયના પ્રસ્તાવથી વાયુસંબંધે છે, અન્યથા પૃથ્વીકાયાદિમાં પણ લાગુ પડે છે. કેમકે તેઓ પણ સ્વ કાયસ્થિતિમાં મરણ પામીને અસંખ્ય, અનંતવાર ત્યાં ઉપજે છે. કહ્યું છે — એકેન્દ્રિયોમાંના ચારની અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાયસ્થિતિ છે અને વનસ્પતિની અનંત ઉત્સર્પિણી અવસર્પિણી છે. તેમાં વાયુકાય, વાયુકાયમાં અનેક લાખવાર મરીને વાયુકાયમાં જ ઉત્પન્ન થાય છે. તે સ્વકાય કે પરકાયશસ્ત્રથી મરણ પામે છે. આ સૂત્ર સોપક્રમ અપેક્ષાએ છે. સ્વ શરીરથી નીકળે છે. ઔદારિક, વૈક્રિય શરીર અપેક્ષાએ અશરીરી, તૈજસ-કાર્મણ શરીરાપેક્ષાએ સશરીરી છે.

કોઈ મુનિની સંસાર ચક્ર અપેક્ષાએ પુનઃપુનઃ ઉત્પત્તિ થાય, જેમ વાયુકાયની પુનઃ પુનઃ ઉત્પત્તિ કહી તેમ. તે દર્શાવે છે.

[૧૦૯ થી ૧૧૧] मृतादि - પ્રાસુક ભોજી, ઉપલક્ષણથી એષણીયાદિ. निर्ग्रन्थ - સાધુ. જલ્દી આવે છે. કેવો થયેલો ? તે કહે છે — આવનાર જન્મને રોક્યો નથી એવો ચરમભવને અપ્રાપ્ત. આવો સાધુ બે ભવે પણ મોક્ષ પામનાર હોય, માટે કહે છે — દેવ, મનુષ્યના અનેક ભવ પામનાર હોય, માટે કહે છે — ચતુર્ગતિગમન ક્ષીણ નથી થયું તેવો. એમ છે માટે જ સંસાર વેદનીય કર્મ ક્ષીણ થયું નથી એવો. આવો સાધુ એક જ વાર ચારે ગતિમાં જનાર પણ હોય માટે કહે છે — ચતુર્ગતિગમન અનુબંધ જેનું તુટ્યું નથી એવો. તેથી જ ચતુર્ગતિગમન વેદ્ય કર્મ જેનું તુટ્યું નથી તેવો. તેથી જ તેનું પ્રયોજન અસમાપ્ત છે, તેથી જ જેના કાર્યો પૂર્ણ થયા નથી.

આવા પ્રકારના મુનિએ પૂર્વે અનાદિ સંસારમાં અનેક વખત મનુષ્યત્વાદિ પ્રાપ્ત



કરેલ, હમણાં પણ શુદ્ધ ચારિત્ર પ્રાપ્તિ તેને સંભવતી નથી. તે અનેકવાર તિર્યંચાદિ ગતિને શીઘ્ર પામે છે. પાઠાંતરથી મનુષ્યત્વાદિ ભાવ શીઘ્ર પામે છે. કષાયોદયથી ચારિત્રથી પતિત થઈને સંસારસાગરમાં ભમવું પડે છે. કહ્યું છે — "જેના ક્રોધાદિ કષાયો ઉપશાંત થયા છે, એવા પણ ફરીથી અનંત પ્રતિપાત પામે છે." તે સંસાર ચક્રગત મુનિના જીવને પ્રાણ આદિ છ નામો વડે જુદા જુદા સમયે કે એક સમયે બોલાવી શકાય તે સંબંધે પ્રશ્ન સૂત્રકારે મૂકેલ છે. - x - તે અન્વર્થ યુક્ત છે. - x - x - તે મુનિને ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળો કલ્પીએ ત્યારે 'પ્રાણ' કહેવાય. ઇત્યાદિ - x -

આ પાંચે શબ્દો જુદે જુદે કાળે વાપરી શકાય અને જ્યારે એક જ કાળે તે મુનિમાં ઉચ્છ્વાસાદિ ધર્મો કલ્પીએ ત્યારે પ્રાણ આદિ પાંચે સાથે પણ વપરાય અથવા આ ઉપસંહાર વાક્ય જ છે, માટે તેની યુગપત્ વ્યાખ્યા ન કરવી. તે મુનિ જીવે છે - પ્રાણોને ધારણ કરે છે, તથા ઉપયોગરૂપ જીવપણાને અને આયુષ્યકર્મને અનુભવે છે માટે તે જીવ કહેવાય. તે મુનિ સારી-નરસી ચેષ્ટામાં આસક્ત છે કે સમર્થ છે માટે અથવા શુભાશુભ કર્મથી સંબદ્ધ છે માટે સત્વ કહેવાય.

હવે ઉક્ત વાતને વિપરીત દર્શાવતા કહે છે - पारगत - સંસાર સમુદ્રને પાર પામેલ, परंपरगत - મિથ્યાદષ્ટિ આદિ ગુણઠાણાની કે મનુષ્યાદિની સુગતિની પરંપરાથી-સંસાર સમુદ્રને પાર પામેલ.

અહીં સંયતની સંસાર વૃદ્ધિ-હાનિ અને સિદ્ધત્વ કહ્યું. હવે તે તથા બીજા અર્થોના વ્યુત્પાદનાર્થે સ્કંદક ચરિત્ર કહે છે —

● **સૂત્ર-૧૧૨ [અધુરુ]**

*તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહીનગર પાસે આવેલ ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. નીકળીને બહાર જનપદમાં વિહાર કર્યો. તે કાળે તે સમયે કૃતંગલા નામે નગરી હતી. [વર્ણન] તે કૃતંગલા નગરીની બહાર ઈશાન ખૂણામાં છત્રપલાશક નામે ચૈત્ય હતું [વર્ણન]. ત્યારે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા યાવત્ સમોસરણ થયું. પર્ષદા નીકળી.*

*તે કૃતંગલા નગરી નજીક શ્રાવસ્તી નામે નગરી હતી. [વર્ણન] તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલીનો શિષ્ય સ્કંદક નામનો કાત્યાયન ગોત્રનો પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણવેદ, પાંચમો ઇતિહાસ, છટ્ઠો નિઘંટુ એ છ એનો સાંગોપાંગ, રહસ્યસહિત, સારક-વારક-ધારક-પારક અને છ અંગનો જ્ઞાતા હતો. ષષ્ઠીતંત્ર વિશારદ, સંખ્યા-શિક્ષાકલ્પ-વ્યાકરણ-છંદ-નિરુક્ત-જ્યોતિષ્ અને બ્રાહ્મણ તથા પરિવ્રાજક સંબંધી બીજા ઘણાં શાસ્ત્ર અને નયોમાં સુપરિનિષ્ઠિત હતો.*

*તે શ્રાવસ્તીનગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલ નામે નિર્ગ્રન્થ વસતો હતો. ત્યારે તે વૈશાલિક શ્રાવક પિંગલ સાધુ અન્ય કોઈ દિવસે જ્યાં કાત્યાયનગોત્રીય સ્કંદક હતો ત્યાં આવ્યો. આવીને સ્કંદકને આ પ્રમાણે પૂછ્યું — હે માગધ ! શું લોક સાંત છે કે અનંત છે ?, જીવ સાંત છે કે અનંત ?, સિદ્ધિ સાંત છે*

કે અનંત ?, સિદ્ધો સાંત છે કે અનંત ? કયા મરણ વડે મરતો જીવ વધે કે ઘટે છે ? આટલા પ્રશ્નોનો ઉત્તર કહે.

વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રન્થે તે સ્કંદકને આ પ્રમાણે પૂછયું ત્યારે તે સ્કંદક શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક, ભેદપ્રાપ્ત, કલેશપ્રાપ્ત થયો. વૈશાલિક શ્રાવક પિંગલ સાધુને તે કંઈ ઉત્તર ન આપી શકતા મૌન થઈને બેઠો. ત્યારે પિંગલ સાધુએ સ્કંદકને બે-ત્રણવાર આક્ષેપપૂર્વક પૂછયું – હે માગધ ! લોક સાંત છે યાવત્ કયા મરણે મરવાથી જીવનો સંસાર વધે કે ઘટે ? તે કહે. ત્યારે તે સ્કંદક, પિંગલ સાધુના બે-ત્રણવાર આમ પૂછવાથી શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક, ભેદપ્રાપ્ત, કલેશપ્રાપ્ત થયો. પણ પિંગલ સાધુને કંઈ ઉત્તર ન આપી શકવાથી મૌન થઈને રહ્યો.

તે વખતે શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક યાવત્ મહા માર્ગોમાં મોટા જનસંમર્દ, જનવ્યૂહવાળી પર્ષદા નીકળી. ત્યારે તે સ્કંદકે ઘણાં લોકો પાસે આ પ્રમાણે સાંભળી, અવધારી, આવા પ્રકારે અભ્યર્થિક-ચિંતિત-પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે – શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક ચૈત્યમાં સંયમથી, તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હું ત્યાં જઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદુ-નમું, શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને, નમીને, સત્કાર-સન્માન આપીને, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેઓની પર્યુપાસના કરીને આવા અર્થો-હેતુ-પ્રશ્નો-કારણોને પૂછું.

એ પ્રમાણે વિચારીને સ્કંદક જ્યાં પરિવ્રાજક મઠ છે, ત્યાં આવીને, ત્યાં ત્રિદંડ, કુંડિક, કાંચનિક, કરોટિક, ભિસિત, કેશરિકા, છન્નાલક, અંકુશક, પવિત્રક, ગણેત્રિક, છત્રક, ઉપાનહ, પાવડી, ધાતુરક્ત વસ્ત્રો લઈને નીકળે છે, નીકળીને પરિવ્રાજક વસતિથી નીકળે છે. નીકળીને ત્રિદંડ, કુંડિક, કાંચનિક, કરોટિક, ભિસિત, કેસરિકા યાવત્ - x - ધાતુ રક્ત વસ્ત્રો પહેરીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળી, જ્યાં કૃતંગલા નગરી છે, જ્યાં છત્રપલાશક ચૈત્ય છે, શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવા નીકળે છે.

હે ગૌતમ ! એ પ્રમાણે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને આમ કહ્યું – તું તારા પૂર્વ સંબંધીને જોઈશ. ભગવન્ કોને ? - સ્કંદકને. ભગવન્ ! તેને ક્યારે, કેવી રીતે, કેટલા કાળે જોઈશ ? ગૌતમ ! એ રીતે - તે કાળે તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી (વર્ણન) તે શ્રાવસ્તીમાં ગર્દભાલીના શિષ્ય સ્કંદક નામે કાત્યાયનગોત્રીય પરિવ્રાજક વસતો હતો. તે બધું પૂર્વવત્ જાણવું - યાવત્ - તે મારી પાસે આવવાને નીકળ્યો છે. તે બહુ નજીક છે, ઘણો માર્ગ ઓળંગી ગયા છે, માર્ગ મધ્યે છે. ગૌતમ ! તું તેને આજે જ જોઈશ.

ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! શું તે કાત્યાયન ગોત્રીય સ્કંદક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ, ઘરને છોડીને અનગાર પ્રવ્રજ્યા લેવા સમર્થ



છે ? – હા, સમર્થ છે. જ્યારે શ્રમણ ભગવંત મહાવીર ગૌતમસ્વામીને આ વાત કરતા હતા. તેટલામાં કાત્યાયન ગોત્રીય સ્કંદક તે સ્થાને શીઘ્ર આવી પહોંચ્યા.

ત્યારે ગૌતમસ્વામી સ્કંદને નજીક આવેલ જાણીને જલ્દી ઉભા થયા, જલ્દી તેની સામે ગયા. જ્યાં સ્કંદક હતો, ત્યાં આવ્યા. આવીને કાત્યાયન ગોત્રીય સ્કંદકને આ પ્રમાણે કહ્યું – હે સ્કંદક! તમારું સ્વાગત છે, સુસ્વાગત છે. સ્કંદક! તમારું આગમન અનુરૂપ છે, સ્કંદક! તમારું સ્વાગત-અન્વાગત છે. હે સ્કંદક! તમને શ્રાવસ્તીનગરીમાં વૈશાલિયશ્રાવક પિંગલ સાધુએ આ રીતે પૂછ્યું હતું કે – હે માગધ! લોક સાંત છે કે અનંત? એ બધું પૂર્વવત્ યાવત્ તમે તેથી શીઘ્ર અહીં આવ્યા છો. હે સ્કંદક! શું આ વાત બરાબર છે? હા, છે.

ત્યારે સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! એવા તથારૂપ જ્ઞાની કે તપસ્વી કોણ છે ? જેણે મારી આ રહસ્યકૃત્ વાત તમને તુરંત કહી ? જેથી તમે જાણો છો. ત્યારે ગૌતમ સ્વામીએ સ્કંદકને કહ્યું – હે સ્કંદક ! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર, અરહંત, જિન,કેવલી, ભૂત-વર્તમાન-ભાવિના જ્ઞાતા, સર્વજ્ઞ, સર્વદર્શી, શ્રમણ ભગવંત મહાવીર છે, જેણે મને તમારી આ ગુપ્ત વાત શીઘ્ર કહી. તેથી હે સ્કંદક ! હું તે જાણું છું. ત્યારે તે કાત્યાયનગોત્રીય સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું –

● વિવેચન-૧૧૨ [અધુરુ]

ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર સાથે યાવત્ શબ્દથી અરહંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશમાં રહેલ છત્રયુક્ત ઈત્યાદિ સમવસરણ સુધીનું વર્ણન કહેવું. ગર્દભાલિ નામે પરિવ્રાજકનો. - x - ઇતિહાસ એટલે પુરાણ તે પાંચમો જેમાં છે તે તથા ‘ચાર વેદ’ આ વિશેષ્યપદ છે. નિઘંટુ નામકોશ. શિક્ષાદિ છ અંગો. તેનો અર્થનો વિસ્તાર જેમાં છે, તે ઉપાંગ. રહસ્ય સહિત ભણાવે છે માટે પ્રવર્તક છે અથવા સૂત્રાદિને કોઈ વિસરી ગયા હોય તેને સ્મરણ કરાવે છે, માટે સ્મારક છે. અશુદ્ધપાઠને નિવારે માટે વારક છે. ધારક - ભણેલાં વેદાદિ શાસ્ત્રોને ન ભૂલનાર, પારગામી, પૂર્વે જણાવેલા છ અંગોને જાણનાર. અહીં ‘સાંગોપાંગ’ શબ્દ ‘વેદોના પરિકરને જાણનાર’ અર્થમાં છે અથવા છ અંગોને વિચારનાર છે. કપિલના શાસ્ત્રના પંડિત, ગણિત શાસ્ત્રે પ્રવીણ, સુપરિનિષ્ઠિત એમ સંબંધ જોડવો. - વેદના છ અંગોને જાણે છે તે કહે છે–

શિક્ષા - અક્ષર સ્વરૂપ નિરૂપક શાસ્ત્ર, कल्प - તથાવિધ આચારને જણાવનાર, વાગરણ - શબ્દશાસ્ત્ર, છંદ - પદ્યલક્ષણશાસ્ત્ર, निरुक्त - શબ્દ વ્યુત્પત્તિ શાસ્ત્ર, જ્યોતિષ્, બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી દર્શન. निग्रन्थ - શ્રમણ. વિશાલા - ભ૰ મહાવીરની માતા, તેના પુત્ર તે વૈશાલિક. તેમના વચનને સાંભળનાર એટલે શ્રાવક-તેમના વચનામૃતના પાનમાં લીન. - x - મગધ દેશમાં જન્મેલને માગધ. સંસારની વૃદ્ધિ કે હાનિ. - x - આટલા પ્રશ્નોનો ઉત્તર આપ.

આ પ્રશ્નનો ઉત્તર આ છે કે આ? એ શંકાને પામેલ. તેનો આ ઉત્તર સારો નથી, આ પણ ઠીક નથી. તો હું ઉત્તર કેમ આપીશ? એમ ઉત્તર મેળવવાની આતુરતાવાળો.

આ ઉત્તર આપવાથી પૂછનારને વિશ્વાસ થશે કે નહીં? એવી વિચિકિત્સાવાળો. ‘હવે શું કરવું’ એમ મુંઝાયેલો. હું આ સંબંધે કંઈ જાણતો નથી એ રીતે ખિન્ન થયેલો. તે કંઈ જવાબ ન દઈ શક્યો. પ્રમોક્ષ - ઉત્તર, પ્રશ્નથી છુટા થવું તે.

મહયા જણસંમદ્દ - માણસોની ઘણી ભીડ, લોકોનું ટોળું. ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે — એ રીતે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર, આદિકર યાવત્ મુક્ત થવાના છે, તે પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ ફરતાં કૃતંગલા નગરીના છત્ર પલાશક ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે. હે દેવાનુપ્રિય ! તથારૂપ અરહંત ભગવંતનું નામ-ગોત્ર પણ સાંભળતા મહાફળ છે, તો સામે જવાથી, વંદન-નમસ્કાર કરવાથી, કુશલ પૂછવાથી, સેવા કરવાથી આર્યપુરુષના એક ધાર્મિક વચન શ્રવણથી અને વિપુલ અર્થ ગ્રહણથી કેમ કલ્યાણ ન થાય ? માટે આપણે જઈએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર-સત્કાર-સન્માનાદિ કરી કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યરૂપ તેમની સેવા કરીએ. એમ કરવાથી આપણને બીજા ભવે પણ હિત-સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ-પરંપરાએ મુક્તિરૂપ થશે. એમ વિચારી ઘણાં ઉગ્ર, ઉગ્રપુત્રો તથા ભોગો, રાજન્યો, ક્ષત્રિયો, બ્રાહ્મણો, ભટો, યોદ્ધા, મલ્લકી, લેચ્છવી, બીજા પણ ઘણાં રાજા, યુવરાજ, તલવર, માડંબિક, કોટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ યાવત્ ઉત્કૃષ્ટ સીંહનાદ, બોલ, કલકલરૂપ શબ્દોથી સમુદ્ર ગાજતો હોય તેમ નગરને ગજાવતા શ્રાવસ્તીથી નીકળ્યા.

શ્રાવસ્તી નગરીમાં જ્યાં મોટો જનસમૂહ પરસ્પર આમ કહે છે. તેમાં જનસંમર્દ - લોકોની ભીડ કે અવાજ. જનવ્યૂહ - ચક્રાદિ આકારે રહેલ જનસમુદાય. બોલ - અવ્યક્ત ધ્વનિ, કલકલ - છૂટક વચન વિભાગ, ઉર્મિ - તરંગાકાર. ઉત્કલિકા - લોકોનું નાનું ટોળું, જનસંનિપાત - જુદે જુદે સ્થાને લોકોનો મેળો.

ઉચિત, સંગતરૂપ. નામ - ખાસ નામ, ગોત્ર - ગુણનિષ્પન્ન નામ, સાંભળવાથી. - x - અંગ - આમંત્રણ, સામે જવું. વન્દન - સ્તુતિ, નમસ્યન - નમવું, પ્રતિપ્રચ્છન - શરીરાદિ વાર્તા પૃચ્છા, પર્યુપાસન - સેવા. આર્ય - આર્ય પુરુષે કહેલ, ધાર્મિક - ધર્મપ્રતિબદ્ધ, સત્કાર - આદર કરવો કે વસ્ત્રાદિ પૂજા, સન્માન - ઉચિત્ત પ્રતિપત્તિ. કેવાનું?-

કલ્યાણ - કલ્યાણનો હેતુ, મંગલ - પાપની શાંતિમાં હેતુ, દૈવત - દેવ, ચૈત્ય - ઈષ્ટ દેવ પ્રતિમા ચૈત્યરૂપ જ છે. તેમની સેવા કરીએ. - x - હિત - પથ્ય અન્નરૂપ, સુખ - શર્મણ. ક્ષેમ - સંગત, નિઃશ્રેયસ - મોક્ષ, આનુગામિક - પરંપરાએ શુભાનુબંધને માટે થશે.

ઉગ્ર - આદિદેવ સ્થાપિત આરક્ષક વંશમાં જન્મેલ, ભોગ - આદિદેવ સ્થાપિત ગુરુવંશમાં જન્મેલ, રાજન્ય - ભગવંતના મિત્ર વંશમાં થયેલ, ક્ષત્રિય - રાજકુળમાં થયેલ, ભટ - શૌર્યવાળા, યોધ - વિશિષ્ટ શૂરવીરો, મલ્લકી, લેચ્છકી રાજા વિશેષ. ઈશ્વર - યુવરાજ, તલવર - રાજાએ સંતુષ્ટ થઈને પટ્ટબંધ વિભૂષિત કરેલા, માડંબિક - સંનિવેશ નાયકો, કૌટુંબિક - કેટલાંક કુટુંબના સ્વામી, રાજસેવક. ઉત્કૃષ્ટિ - આનંદમહાધ્વનિ, બોલ - આનંદનો મોટો અવાજ ઇત્યાદિ - x - x -



ત્યારપછી હવે કહેવાશે માટે પ્રત્યક્ષ, એવાજ પ્રકારનો, આત્મવિષયક, સ્મરણરૂપ, અભિલાષાત્મક, મનમાં થયેલો પણ વચનથી અપ્રકાશિત વિકલ્પ ઉત્પન્ન થયો. સેય - કલ્યાણ. એવો કહેલાં સ્વરૂપવાળો અથવા કહેવાનાર સ્વરૂપવાળા અર્થો - શું લોક સાંત છે ? ઇત્યાદિ અને બીજા અર્થોને, જે હેતુથી જણાય તે હેતુને, સ્પષ્ટ કરવા યોગ્ય તે અને બીજા અર્થોને પૂછવાને - x - વિચારે છે.

પરિવ્રાજક મઠ, કુંડિકા - કમંડલ, કાંચનિકા - રૂદ્રાક્ષની માળા, કરોટિકા - માટીનું વાસણ, ભૃશિકા - એક આસન, કેશરિકા - પ્રમાર્જના માટેનું વસ્ત્ર, ષડ્નાલક - ત્રિગડી, અંકુશક - પાંદડાદિ લેવા માટેનું સાધન, પવિત્રક - વીંટી, ગણેત્રિક - કલાઈનું એક આભરણ. ધાતુરક્ત - પહેરવાનું વસ્ત્ર. - x - પહારેત્થ - જવાનો સંકલ્પ કર્યો.

- x - काहे - ક્યારે, કયા સમયે. किह - કયા પ્રકારે - જોવાથી કે સાંભળવાથી, केवच्चिरेण - કેટલા વખત પછી, શ્રાવસ્તી નામે નગરી હતી. અહીં અવસર્પિણી કાળને લીધે પહેલાં હતી તેવી હાલ તે નગરી નથી. તેમ જણાવવા હતી કહ્યું. अदुरेआगत - અવધિ સ્થાન અપેક્ષાએ નજીક આવેલો. बहुसंपत्त - અતિ પાસે આવી ગયેલ. - x - માર્ગમાં રહેલો, વિવક્ષિત સ્થાનના માર્ગમાં વર્તતો. આ સૂત્ર વડે — “હું ક્યારે જોઈશ ?” એ પ્રશ્નનો ઉત્તર મળે છે. ક્યારે જોઈશ ? નો ઉત્તર “આજે જોઈશ” કહીને આપ્યો. જો ભગવંતે મધ્યાહ્ન સમયે આ વાત કહી હોય તો મધ્યાહ્ન ઉપર મુહૂર્ત કે થોડી વધુ વેળા જતાં તેને જોયો તેમ કહેવાય. - x - પણ તેથી વધુ કાળ સંભવતો નથી.

अगाराओ - ઘરથી નીકળીને, अनगारिता - સાધુતા, લેવા માટે કે પ્રવ્રજ્યા સ્વીકારવાને. अब्भूट्ठेति - આસનને તજે છે. અહીં ગૌતમસ્વામી જે અસંયત માટે ઉભા થયા, તે સ્કંદકના ભાવિ સંયતત્વ તથા ગૌતમસ્વામીનો રાગ ક્ષીણ ન થયો હોવાથી આ પક્ષપાત કહ્યો છે. તથા ભગવંતે કહેલ વાત સ્કંદકને કહેવાથી ભગવંતનો જ્ઞાનાતિશય પ્રગટ કરવો અને એ રીતે સ્કંદકને ભગવંત પ્રતિ બહુમાન થાય.

હે સ્કંદક ! એ સંબોધન છે. તારું આગમન સારું છે, કેમકે કલ્યાણના સાગર ભગવંત મહાવીરના સંસર્ગથી તને કલ્યાણ થશે, વધારે સ્વાગત છે, આવવું ઉચિત છે ઇત્યાદિ એકાર્થક શબ્દોચ્ચારણ કરવામાં કંઈ ખોટું નથી. સંભ્રમનિમિત્તથી આમ બોલાયું હોય. - x - x - ‘णाणी’त्यादि - જ્ઞાની, જ્ઞાનના સામર્થ્યથી જાણે છે, તપસ્વી તપના સામર્થ્યથી, દેવતા સાન્નિધ્યથી જાણે છે. તેથી પૂર્વવત્ પ્રશ્ન કર્યો છે.

**● સૂત્ર-૧૧૨ [અધુરેથી આગળ] :-**

***હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈએ, તેમને વંદન, નમન યાવત્ સેવા કરીએ. હે દેવાનુપ્રિય ! તમને સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. પછી તે ગૌતમ સ્વામીએ કાત્યાયન ગોત્રીય સ્કંદક સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા. ત્યાં જવાનો સંકલ્પ કર્યો.***

***તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃત્તભોજી હતા. તે***

વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું શરીર ઉદાર, શ્રૃંગાર-કલ્યાણ-શિવ-ધન્ય-મંગલરૂપ, અલંકારો વિના શોભતું, લક્ષણ-વ્યંજન-ગુણ વડે યુક્ત, શોભાવાળું અતિ અતિ શોભાયમાન હતું.

પછી તે સ્કંદક, વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરના ઉદાર યાવત્ અતિ શોભતા શરીરને જોઈને હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમ સૌમનસ્ય, હર્ષના વશ વિકસીત હૃદયી થઈ, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસે છે.

હે સ્કંદક ! એમ આમંત્રી, શ્રમણ ભગવંત મહાવીરે સ્કંદકને આ પ્રમાણે કહ્યું — હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં પિંગલ સાધુએ તને આક્ષેપપૂર્વક આમ પૂછ્યું હતું કે — હે માગધ ! લોક સાંત છે કે અનંત ? ઇત્યાદિ. અને તું જલ્દી મારી પાસે આવ્યો છે. સ્કંદક ! શું આ વાત યોગ્ય છે ? હા, છે. હે સ્કંદક ! તારા મનમાં આવા પ્રકારે સંકલ્પ થયેલો કે — શું લોક સાંત છે કે અનંત ? તેનો અર્થ આ છે —

હે સ્કંદક ! મેં લોકને ચાર પ્રકારે કહ્યો છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યલોક એક અને સાંત છે. ક્ષેત્રલોક અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો-પહોળો છે, તથા તેની પરિધિ અસંખ્યાત કોડાકોડી યોજન છે અને તે સાંત છે. કાળલોક કદી ન હતો એમ નથી, કદી ન હોય એમ નથી, કદી નહીં હશે એમ નથી. તે હંમેશા હતો - છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તે અનંત છે. ભાવલોક-અનંતવર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યવરૂપ છે. અનંત સંસ્થાન-ગુરુલઘુપર્યવ-અગુરુ લઘુ પર્યવરૂપ છે, તેનો અંત નથી. તો હે સ્કંદક ! લોક દ્રવ્ય અને ક્ષેત્રથી અંતવાળો છે અને કાળ તથા ભાવથી અંત વગરનો છે.

વળી તને જે થયું કે જીવ સાંત છે કે અનંત ? તેનો આ ઉત્તર છે - યાવત્ - દ્રવ્યથી જીવ એક અને અંતવાળો છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશિક, અસંખ્ય પ્રદેશાવગાઢ અને સાંત છે. કાળથી જીવ કદી ન હતો તેમ નથી યાવત્ નિત્ય છે અને તે અનંત છે. ભાવથી જીવ અનંત — જ્ઞાન, દર્શન, અગુરુલઘુ પર્યાયરૂપ છે, તે અનંત છે. તેથી જીવ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે. કાળ અને ભાવથી અનંત છે.

વળી હે સ્કંદક! તને જે આ વિકલ્પ થયો - યાવત્ - સિદ્ધિ સાંત છે કે અનંત? તેનો ઉત્તર આ — મેં 'સિદ્ધિ' ચાર પ્રકારે કહી છે - દ્રવ્યથી સિદ્ધિ એક અને અંતવાળી છે, ક્ષેત્રથી સિદ્ધિ લંબાઈ પહોળાઈ-૪૫ લાખ યોજન છે, તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષાધિક છે. તથા તેનો અંત છે. કાળથી સિદ્ધિ કદી ન હતી તેમ નથી ઇત્યાદિ પૂર્વવત્. ભાવથી સિદ્ધિ ભાવલોક માફક કહેવી. એ રીતે દ્રવ્યસિદ્ધિ, ક્ષેત્રસિદ્ધિ સાંત છે. કાળસિદ્ધિ, ભાવસિદ્ધિ



અનંત છે.

હે સ્કંદક ! તને જે એમ થયું કે - યાવત્ - સિદ્ધો અંતવાળા છે કે અંતરહિત ? એ પ્રમાણે યાવત્ દ્રવ્યથી સિદ્ધ એક અને સાંત છે, ક્ષેત્રથી સિદ્ધ અસંખ્યપ્રદેશિક, અસંખ્યપ્રદેશાવગાઢ છે. તે સાંત છે, કાળથી સિદ્ધ સાદિ અનંત છે. તેનો અંત નથી. ભાવથી સિદ્ધો અનંતાજ્ઞાનપર્યવા-દર્શનપર્યવા યાવત્ અગુરુલઘુપર્યવા છે અને અનંત છે. [દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત,કાળ અને ભાવથી અનંત છે.]

હે સ્કંદક ! તને એવો જે સંકલ્પ થયો કે - કયા મરણે મરતા તેનો સંસાર વધે કે ઘટે ? તેનો ખુલાસો આ છે — હે સ્કંદક ! મેં બે ભેદે મરણ કહ્યું છે — બાળમરણ, પંડિતમરણ. તે બાળમરણ શું છે ? તે બાર ભેદે છે — વલય, વશાર્ત્ત, અંતોશલ્ય, તદ્ભવ, ગિરિપતન, તરુપતન, જલપ્રવેશ અગ્નિપ્રવેશ, વિષભક્ષણ, શસ્ત્ર વડે, વેહાયસ અને ગૃદ્ધપૃષ્ઠ-મરણ. હે સ્કંદક ! આ બાર પ્રકારના બાળમરણથી મરતા જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી આત્માને જોડે છે. તિર્યંચ-મનુષ્ય-દેવગતિરૂપ અનાદિ-અનંત, દીર્ઘકાળ ચતુર્ગતિક સંસારરૂપ વનમાં ભમે છે. તેથી તે મરણે મરતા સંસાર વધે છે તે બાળમરણ છે.

તે પંડિત મરણ શું છે? બે ભેદે છે. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. તે પાદપોપગમન મરણ બે ભેદે - નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને નિયમા અપ્રતિકર્મ છે, તે પાદપોપગમન કહ્યું. તે ભક્તપ્રત્યાખ્યાન મરણ બે ભેદે - નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને નિયમા સપ્રતિકર્મ છે. આ ભક્ત પ્રત્યાખ્યાન મરણ કહ્યું.

હે સ્કંદક ! બંને જાતના પંડિત મરણથી મરતો જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી પોતાના આત્માને જુદો કરે છે યાવત્ સંસારને ઓળંગી જાય છે. તે રીતે મરતો સંસારને ઘટાડે છે આ પંડિત મરણ કહ્યું. હે સ્કંદક ! આ રીતે બંને મરણ મરતો સંસાર વધારે કે ઘટાડે.

● વિવેચન-૧૧૨ [અધુરેથી] :-

ધર્માચાર્ય છે - કેમ? ધર્મોપદેશક છે. જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે, ત્યારથી સંશુદ્ધ છે. વંદનાદિ યોગ્ય હોવાથી અર્હત્ છે, રાગાદિ જિતવાથી જિન છે. કોઈની સહાયવિના જ્ઞાનવાન્ હોવાથી કેવલી છે. તેથી જ ભૂત-વર્તમાન-ભાવિને જાણનાર છે. તે દેશજ્ઞને પણ હોય, તેથી કહ્યું — સર્વજ્ઞ, સર્વદર્શી છે. પ્રતિદિન આહાર લેનાર છે. પ્રધાન, અલંકારાદિ જે શોભા તે શ્રૃંગાર. — તેના જેવી અતિ શોભાવાળા છે. શ્રેય, ઉપદ્રવરહિત કે અનુપદ્રવના હેતુ છે, ધર્મરૂપ ધનને પામેલ અથવા ધર્મરૂપ ધનમાં સાધુ કે તેને યોગ્ય છે, હિતાર્થ પ્રાપ્તિમાં સાધનરૂપ છે, મુગટ આદિ કે વસ્ત્રાદિથી અલંકૃત નથી. માન ઉન્માનરૂપ લક્ષણ - x - x - પ્રમાણોપેત અર્થાત્ સ્વઅંગુલથી માપતા ૧૦૮ આંગળ ઉંચા છે. - x - મષ તિલાકાદિ કે સહજલક્ષણ અને પાછળથી થયેલ વ્યંજનયુક્ત છે. સૌભાગ્યાદિ કે લક્ષણ-વ્યંજન ગુણયુક્ત

છે. - x - શોભાવાળા છે.

અત્યંત તુષ્ટ અથવા વિસ્મિત સંતોષવત્ ચિત્તવાળો, આનંદિત - થોડી મુખની સૌમ્યતાદિ ભાવોથી સમૃદ્ધિને પામેલો, તેથી તે જ ભાવો વડે વધુ સમૃદ્ધ થયેલ, પ્રીતિયુક્ત મનવાળો, પરમ સુમનસ્કતાવાળો, હર્ષ વડે વિકસિત હૃદયવાળો અથવા આ બધાં શબ્દો એકાર્થક છે. અત્યંત હર્ષને સૂચવનારા છે.

લોક પાંચ અસ્તિકાયરૂપ એક દ્રવ્ય હોવાથી અંતવાળો છે. લંબાઈ-પહોળાઈ-ઘેરાવાવાળો છે. 'થયું' આદિ ક્રિયાપદોથી પૂર્વોક્ત પદોનું જ તાત્પર્ય કહ્યું છે. અચલ હોવાથી ધ્રુવ છે. ધ્રુવ પદાર્થ અનિયતરૂપ પણ હોય, તેથી કહ્યું કે નિયત છે. નિયત દ્રવ્ય કદાચિત્ક પણ હોય, તેથી કહ્યું — સર્વક્ષણે વિધમાન હોવાથી શાશ્વત છે, તે નિયતકાળ અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું કે અવિનાશીત્વથી અક્ષય છે, આ બહુતર પ્રદેશાપેક્ષાથી હોય તેથી કહ્યું — અવ્યયપ્રદેશી હોવાથી અવ્યય છે. તે દ્રવ્યથી પણ અવ્યય હોય માટે કહ્યું અવસ્થિત છે કેમકે તેના પર્યાયો અનંત છે. તાત્પર્ય કે તે નિત્ય છે.

એક ગુણ કાળો આદિ વર્ણ વિશેષ અને બીજા પણ સ્થૂળ સ્કંધોના ગુરુ-લઘુ પર્યાયો તથા અણુઓના, સૂક્ષ્મ સ્કંધોના અને અમૂર્ત વસ્તુઓના અગુરુલઘુ પર્યાયો. જ્ઞાનવિશેષ કે બુદ્ધિકૃત નિર્વિભાગ વિભાગો, ઔદારિકાદિ શરીરને આશ્રીને અનંત ગુરુલઘુ પર્યાયો, કાર્મણાદિ શરીર તથા જીવને આશ્રીને અગુરુલઘુ પર્યાયો.

આ સૂત્રથી સિદ્ધિ સંબંધી પ્રશ્ન અને તેના ઉત્તર સૂત્રના અંશનું સૂચન કર્યુ છે. તે બંને આ રીતે - સિદ્ધિ - x - ચાર ભેદે - x - જો કે સિદ્ધિ સર્વકર્મના ક્ષયરૂપ છે અથવા સિદ્ધના આધાર એવા આકાશ દેશરૂપ છે. તો પણ અહીં સિદ્ધિ શબ્દથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી લીધેલી છે. કેમકે તે સિદ્ધના આધારભૂત આકાશ પાસે આવી છે. તે સિદ્ધિનો ઘેરાવો ૧,૪૨,૩૦,૨૪૯ યોજન અને કંઈક ન્યૂન બે ગાઉ છે.

(૧) વલયમરણ - અતિ ભૂખથી વલવલતા જીવનું અથવા સંયમથી ભ્રષ્ટ થતાં જીવનું મરણ, (૨) વશાર્ત્તમરણ - દીપકલિકાના રૂપથી અંજાયેલ આંખવાળા પતંગિયા પેઠે ઈન્દ્રિયવશથી દુઃખી થયેલ જીવનું મરણ. (૩) અંતઃશલ્યમરણ - દ્રવ્યથી અનુધ્ધૃત અસ્ત્રાદિ અને ભાવથી અતિચારવાળા જીવનું મરણ. (૪) તદ્‌ભવમરણ - તે ભવને માટે અર્થાત્ મનુષ્યાદિ થઈને મનુષ્યાદિનું જ આયુ બાંધી મરવું તે.

(૫) શસ્ત્રાવપાટનમરણ - છરી આદિ વડે શરીરને વિદારવાથી થતું મરણ. (૬) વૈહાયસ - આકાશમાં થયેલ, ઝાડની ડાળી સાથે ફાંસો બાંધી નીપજાવાતું મરણ. (૭) ગૃદ્ધ પૃષ્ઠ - માંસ લુબ્ધ શીયાળાદિ વડે વિદારિત કે હાથી-ઉંટ-ગધેડા આદિના ભવમાં ગીધાદિ વડે ભક્ષિત થવાથી થતું મરણ. બાર પ્રકારના અને એવા બીજા કોઈ પ્રકારના બાળમરણથી મરતા જીવનો સંસાર વધે છે. - x -

પાદપોપગમન-વૃક્ષ માફક હાલ્યા-ચાલ્યા વિના સ્થિર રહેવું તે. આ મરણ ચારે પ્રકારના આહારના ત્યાગથી જ થઈ શકે છે. નિર્હારિમ-સાધુ ઉપાશ્રયમાં મરણ પામે, તેનો દેહ બહાર કાઢીને સંસ્કારાય તે. અનિર્હારિમ-અટવીમાં મરણ થાય તે. ક્યાંક અહીં 'ઈંગિતમરણ' કહ્યું છે. તે ભક્ત પ્રત્યાખ્યાનનો ભેદ છે, માટે નથી કહેતા.



● **સૂત્ર-૧૧૩ :-**

*તે કાત્યાયન ગોત્રીય સ્કંદક બોધ પામ્યો. શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! હું આપની પાસે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવા ઈચ્છુ છું. - હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર. પછી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને અને મહા-મોટી પર્ષદાને ધર્મ કહ્યો. [અહીં] ધર્મકથા કહેવી. ત્યારે તે સ્કંદક, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદયી થઈ, ઉભો થયો. શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને આ પ્રમાણે કહ્યું — આ નિર્ગ્રન્થ પ્રવચનમાં - - - હું શ્રધ્ધા રાખું છું, પ્રીતિ રાખું છું, મને તે રુચે છે, હું તેનો સ્વીકાર કરું છું. હે ભગવન્ ! એ એમ જ છે, એ તે રીતે જ છે. સત્ય છે - સંદેહરહિત છે - ઈષ્ટ છે - પ્રતીષ્ટ છે - ઈષ્ટ પ્રતીષ્ટ છે, જે રીતે આપે કહેલ છે.*

*એમ કરીને તે સ્કંદક ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, પછી ઈશાન ખૂણામાં જઈ ત્રિદંડકને, કુંડિકાને યાવત્ વસ્ત્રોને એકાંતે મૂકે છે. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું — જરા, મરણના દુઃખથી આ લોક સળગેલો છે, વધુ સળગેલો છે, આલિત્ત-પલિત્ત છે. જેમ કોઈ ગૃહસ્થ હોય, તેનું ઘર સળગતું હોય, તે ઘરમાં તેનો બહુ મૂલ્યવાન્ પણ અલ્પ વજનવાળો સામાન હોય, તે સામાનને લઈને એકાંતમાં જાય છે, કેમકે તે વિચારે છે કે — આ મને આગળ હિત-સુખ-ક્ષેમ-કલ્યાણ અને પરંપરાએ કુશળ થશે. તેમ હે દેવાનુપ્રિય ! મારો આત્મા એક સામાનરૂપ છે, મને ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ-સ્થૈર્ય-વિશ્વાસપાત્ર-સંમત-બહુમત-અનુમત-ઘરેણાના કરંડીયા જેવો છે.*

*— માટે તેને ઠંડી, તાપ, ભૂખ, તરસ, ચોર-વાઘ કે સર્પ, ડાંસ-મચ્છર, વાત-પિત-સળેખમ-સંનિપાત, વિવિધ રોગાતંક, પરીષહ-ઉપસર્ગ નુકસાન ન કરે અને જો હું તેને બચાવી લઉં તો તે પરલોકમાં હિત-સુખ-ક્ષેમ-પરંપરાએ કલ્યાણરૂપ થશે.*

*તેથી હે દેવાનુપ્રિય ! હું ઈચ્છુ છું કે આપની પાસે હું સ્વયમેવ-મુંડિત થાઉં, ક્રિયા શીખું, સૂત્ર-અર્થભણું, આચાર-ગોચર-વિનય-વિનયનું ફળ-ચરણ-કરણ-સંયમ યાત્રા-સંયમ નિર્વાહક આહારના નિરૂપણને અર્થાત્ આવા પ્રકારને ધર્મને કહો.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને સ્વયમેવ દીક્ષા આપી યાવત્ ધર્મ કહ્યો. — હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું - રહેવું - બેસવું - સૂવું - ખાવું - બોલવું. આ રીતે ઉઠીને પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વોને વિશે સંયમથી વર્તવું. આ બાબતે જરા પણ પ્રમાદ ન કરવો. ત્યારે તે સ્કંદક મુનિએ*

*ભગવંત મહાવીરનો આ આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકાર્યો.*

*ભગવંતની આજ્ઞા મુજબ સ્કંદક મુનિ ચાલે છે - રહે છે - બેસે છે - સુવે છે - ખાય છે - ઉઠીને પ્રાણ, ભૂત, જીવ, સત્વોનો સંયમ પાળે છે. આ બાબતમાં જરા પણ પ્રમાદ કરતા નથી. હવે તે સ્કંદક અણગાર થયા. ઈર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા-ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા, મન, વચન, કાયા [એ આઠેથી] સમિત થયા. મન-વચન-કાયાથી ગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, લજ્જાળુ, ધન્ય, ક્ષાંતિક્ષમ, જિતેન્દ્રિય, શોધક, અનિદાન, ઉતાવળરહિત, અબહિર્લેશ્ય, સુશ્રામણ્યરત, દાંત થયા અને આ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરી વિચરવા લાગ્યા.*

● **વિવેચન-૧૧૩ :-**

અહીં ધર્મકથા કહેવી. તે આ પ્રમાણે – જીવો કઈ રીતે બંધાય છે, મુકાય છે, કલેશ પામે છે, કેટલાંક અપ્રતિબદ્ધ દુઃખોનો અંત કરે છે. આર્તધ્યાનયુક્ત જીવો સંસાર સાગરમાં કેવી રીતે ભટકે છે, વૈરાગ્યવંત કર્મોને તોડી નાંખે છે, ઇત્યાદિ - x - x -

નિર્ગ્રન્થ પ્રવચન છે એમ શ્રદ્ધા કરવી. નિર્ગ્રન્થ પ્રવચનમાં પ્રીતિ-વિશ્વાસ કરું છું કે આ સત્ય છે. તેની રુચિ કરું છું, સ્વીકારું છું હવે શ્રદ્ધાન્ આદિ સંબંધે ઉલ્લેખ દર્શાવે છે - આ નિર્ગ્રન્થ પ્રવચન સામાન્યથી એ પ્રકારે છે, જેમ તમો કહો છો, વિશેષથી પણ તેમજ છે. એ સત્ય છે, સંદેહરહિત છે, ઈષ્ટ છે, મેળવવા યોગ્ય છે, ઈષ્ટ અને મેળવવા યોગ્ય છે. એમ કરીને અથવા આ બધાં પદો યથા યોગ્ય એકાર્થક અને આદર જણાવવા માટે છે.

જીવલોક-ચારે બાજુથી સળગેલો છે. વધારે સળગેલો છે. એક કાળે આદીપ્ત-પ્રદીપ્ત છે. જરા-મરણરૂપ અગ્નિ વડે સળગેલો છે... ધુંધવાતુ કે બળતું હોય ત્યારે ઓછાં ભારવાળું, આત્મા એકાંતમાં લઈ જાય છે. પહેલા કે પછી - હંમેશા, સ્થિરતાવાળો હોવાથી સ્થૈર્યરૂપ, વિશ્વાસના પ્રયોજનવાળો, તેણે કરેલ કાર્યો સંમત હોવાથી સંમત, બહુ પ્રકારે - બહુલોકો દ્વારા કે ઘણો માનેલ હોવાથી બહુમત, બગાડ કર્યા પછી પણ જેને માનવામાં આવે તે અનુમત, ઘરેણાંના ડાબલા જેવો [ધર્મ છે૦]

मा णं सीअं - અહીં मा શબ્દ નિષેધાર્થમાં છે. અહીં યથાયોગ્ય स्पृशन्तु ક્રિયાપદનો સંબંધ જોડવો. અથવા 'એ આત્માને ન સ્પર્શે એમ વ્યાખ્યા કરવી. वाल - જંગલી જાનવરો, સર્પો, रोग - લાંબો કાળ ચાલતી વ્યાધિ. आतंक - જલ્દી ઘાત કરે તે. स्पृश - સ્પર્શે, થાય. એમ વિચારીને. 'જેનું પાલન કર્યુ છે' એ અધ્યાહાર છે. તે શું? તે કહે છે – તેથી હું ઈચ્છુ છું કે ભગવંત પોતે જ મને રજોહરણાદિ રૂપ વેશ આપીને દીક્ષિત કરે. માથાનો લોચ કરવા વડે મુંડિત કરે. પડિલેહણ આદિ સર્વ ક્રિયા શીખવે. સૂત્ર-અર્થ ભણાવી શિક્ષિત કરે. શ્રુતજ્ઞાનાદિ સંબંધી અનુષ્ઠાન-કાળ, અધ્યયનાદિ આચાર, ભિક્ષાટન તે ગોચર. તે ભગવંત જ મને કહે તેમ ઈચ્છુ છું. વિનય, વૈનયિક-વિનયનું કર્મક્ષયાદિ ફળ, વ્રત આદિ ચરણ, પિંડવિશુદ્ધિ આદિ કરણ, સંયમયાત્રા, તે માટે જ





આહારયાત્રા. આવો વિનયાદિવૃત્તિક ધર્મ ભગવંત પોતે કહે.

હે દેવાનુપ્રિય ! યુગ માત્ર ભૂમિમાં દૃષ્ટિ રાખી ચાલવું, જે સ્થાને ઘણાં લોકો નીકળતા-પેસતા ન હોય, તે સ્થાને સંયમને, આત્માને, પ્રવચનને બાધા ન થાય તેમ ઉભવું, સંડાસા અને ભૂમિ પ્રમાર્જીને બેસવું, સામાયિકાદિ ઉચ્ચારણપૂર્વક સુવું, ધૂમ-અંગારાદિ દોષ ટાળીને ખાવું, મધુરાદિ ગુણયુક્ત બોલવું. પ્રમાદ અને નિદ્રા ત્યાગી જાગવું, પ્રાણ આદિના વિષયમાં રક્ષા કરવા પ્રયત્ન કરવો.

ભગવંતની પૂર્વોક્ત આજ્ઞા વડે ચાલવામાં સમિત. સારી પ્રવૃત્તિ રાખવી એ જ સમિતપણું છે. ઉપકરણો લેવા-મૂકવામાં સમિત, उच्चार० ઇત્યાદિ खेल - કંઠ, મુખનો શ્લેષ્મ, सिंधानक - નાકનો મેલ, મનની સંગત પ્રવૃત્તિને મન સમિત, મનને વશ કરનાર તે મનોગુપ્ત, મનોગુપ્તત્વાદિનો ઉપસંહાર તે गुप्त. એ જ વાતને વિશેષતાથી કહે છે – ગુપ્તઈન્દ્રિય, બ્રહ્મચર્યની ગુપ્તિપૂર્વક બ્રહ્મચર્ય પાળનાર, અસંગ, સંયમવાળો કે સરળ વ્યવહારી, ધર્મરૂપ ધનવાળો, અસમર્થતાથી નહીં પણ ક્ષમાપૂર્વક સહન કરનાર, ઈન્દ્રિય વિકાર અભાવે જિતેન્દ્રિય, પૂર્વે ગુપ્તેન્દ્રિય કહ્યું તે ઈન્દ્રિય વિકારનું ગોપનમાત્ર છે, सोहित - એટલે શોભાવાળો અથવા અતિચાર રહિતત્વ તે શોધિત, સર્વ પ્રાણીમાં મૈત્રીવાળો, નિદાન-પ્રાર્થનારહિત, ત્વરારહિત, સંયમ સિવાય બીજે મનોવૃત્તિ ન રાખનાર, સુંદર શ્રમણપણામાં લીન, ક્રોધાદિનું દમન કરનાર અથવા રાગ-દ્વેષનો અંત કરનાર. આ જ પ્રત્યક્ષ આગળ કરીને અર્થાત્ જેમ માર્ગ ન જાણનાર માર્ગજ્ઞને આગળ કરીને ચાલે તેમ.

● **સૂત્ર-૧૧૪ :-**

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીના છત્રપલાશક ચૈત્યથી નીકળીને બહારના જનપદમાં વિચરે છે.*

*ત્યારે તે સ્કંદક અણગાર, ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧-અંગોને ભણે છે. પછી જ્યાં ભગવંત મહાવીર છે, ત્યાં આવીને ભગવંતને વંદન-નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા હોય તો હું માસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પ્રાપ્ત થતાં હર્ષિત થઈ યાવત્ નમીને માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરે છે. ત્યારે તે સ્કંદક અણગાર માસિકી ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતથ્ય, સમ્યક્ પ્રકારે કાયાને સ્પર્શે છે, પાળે છે, શોભાવે છે, સમાપ્ત કરે છે, પૂર્ણ કરે છે, કીર્તન કરે છે, અનુપાલન કરે છે, આજ્ઞા વડે આરાધી, કાયા વડે સ્પર્શીને યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે.*

*– ભગવંત પાસે આવીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું દ્વિમાસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. શેષ પૂર્વવત્. - - એ પ્રમાણે*

***ત્રિમાસિકી, ચઉ-પંચ-છ-સપ્ત માસિકી, પહેલી સાત રાત્રિદિવસની, બીજી-ત્રીજી સાત રાત્રિ દિવસની અહોરાત્રિદિનની, એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા આરાધી, પછી સ્કંદક મુનિ એક રાત્રિદિનની ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવી, યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું—***

***ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું - - સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને યાવત્ નમીને ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરે છે. તેમાં પહેલા માસમાં નિરંતર ચોથભક્ત કરે, દિવસે ઉત્કટુક આસને સૂર્યાભિમુખ થઈ આતાપનાભિમૂમાં આતાપના લેતા અને રાત્રે ઉઘાડા શરીરે વીરાસને બેસે. એ રીતે બીજા માસે નિરંતર છટ્ઠ તપ કરીને, ત્રીજે માસે અટ્ઠમના નિરંતર તપથી, ચાથે માસે ચાર-ચાર ઉપવાસ વડે, પાંચમાં માસે પાંચ-પાંચ ઉપવાસથી, છટ્ઠે-છ-છ, સાતમે સાત-સાત, આઠમે આઠ-આઠ - x - યાવત્ - x - સોળમે માસે નિરંતર સોળ-સોળ ઉપવાસ કરતાં, ઉત્કટુક આસને બેસી, સૂર્યાભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતા, રાત્રે અપ્રાવૃત્ત થઈ વીરાસને બેસી, તે સ્કંદક અણગારે ગુણરત્નસંવત્સર તપોકર્મની યથાસૂત્ર, યથાકલ્પ યાવત્ આરાધના કરી, જ્યાં ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા. આવી વાંદી-નમીને ઘણાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ચાર-પાંચ ઉપવાસ વડે, માસક્ષમણ, અર્ધમાસક્ષમણરૂપ વિચિત્ર તપથી આત્માને ભાવના વિચરે છે.***

***ત્યારપછી તે સ્કંદક અણગાર તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ, શોભાયુક્ત, ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, ઉદાર, મહાનુભાગ તપોકર્મથી શુષ્ક, રૂક્ષ, નિર્માંસ, અસ્થિચર્માવૃત્ત, ચાલતા હાડકાં ખખડે તેવા, કૃશ, શરીરની નાડી દેખાતી હોય તેવા થયા. પોતાના આત્મબળ માત્રથી - ચાલે છે, ઉભે છે, બોલ્યા પછી-બોલતાં અને બોલવાનું થશે તેમ વિચારતા પણ ગ્લાનિ પામે છે.***

***જેમ કોઈ લાકડા કે પાંદડા કે તલ, સામાન કે એરંડના લાકડા કે કોલસાની ભરેલ ગાડી હોય, તે બધી ધૂપમાં સારી રીતે સુકવી ઢસડતા અવાજ કરતી - જાય છે, ઉભી રહે છે, તેમ સ્કંદક અણગાર ચાલે કે ઉભે ત્યારે અવાજ થાય છે. તેઓ તપથી પુષ્ટ છે, પણ માંસ અને લોહીથી ક્ષીણ છે. રાખના ઢેરમાં દબાયેલ અગ્નિ માફક, તપ અને તેજથી તથા તપ-તેજરૂપ લક્ષ્મીથી અતિ શોભી રહ્યા છે.***

**● વિવેચન-૧૧૪ :-**

૧૧-અંગોને ભણે છે, એમ કહ્યું. [શંકા] સ્કંદકે દીક્ષા લીધા પૂર્વે જ ૧૧-અંગો રચાયેલા હોય. તો આ પાંચમાં અંગમાં સ્કંદક ચરિત્ર જોવા મળે છે, તે કઈ રીતે સંભવે ? - - ભગવંત મહાવીરના તીર્થમાં નવ વાચના થઈ, તે બધી વાચનામાં સ્કંદક ચરિત્રની પહેલા થયેલ સ્કંદક ચરિત્રના જેવી અનેક વાતો આવે છે. તે બધી કોઈના



ચરિત્ર દ્વારા જણાવાય છે. સ્કંદક ચરિત્રની ઉત્પત્તિ પછી સુધર્માસ્વામી જંબૂ નામક સ્વશિષ્યને આશ્રીને સ્કંદકના ચરિત્રનો આધાર લઈ કહે છે, તેથી તેમાં વિરોધ નથી અથવા ગણધરો અતિશય જ્ઞાનયુક્ત હોય છે, માટે ભાવિ ચરિત્રની વાત કહે તો તેમાં કોઈ દોષ નથી. - x -

માસિકી-એક મહિના સુધી, સાધુને ઉચિત અભિગ્રહ વિશેષ. તેનું સ્વરૂપ આ છે — ગચ્છથી નીકળીને માસિકી મહાપ્રતિમા સ્વીકારે છે. એક માસ સુધી તેમાં ભોજન-પાણીની એક દત્તિ લે છે [શંકા] સ્કંદક ૧૧-અંગ ભણ્યા તેમ કહ્યું, પ્રતિમા તો વિશિષ્ટ શ્રુતવાન્ જ કરે છે. કહ્યું છે — ગચ્છમાં રહીને પ્રતિમા કરનારને કંઈક ન્યૂન દશ પૂર્વ અથવા જઘન્યથી નવમાં પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન હોવું જોઈએ. તો અહીં વિરોધ કેમ નથી ? - - આ શ્રુત-નિયમ બીજા પુરુષો માટે છે, સ્કંદકે સર્વજ્ઞ ભગવંતના ઉપદેશથી આરાધેલ હોવાથી કોઈ દોષ નથી.

સામાન્ય સૂત્રમાં કહ્યા મુજબ, પ્રતિમાના કલ્પમાં કહ્યા મુજબ, જ્ઞાનાદિ મોક્ષમાર્ગને અતિક્રમ્યા વિના અથવા ક્ષાયોપશમિક ભાવ મુજબ, તત્ત્વ પ્રમાણે અર્થાત્ શબ્દના અર્થ મુજબ, સમભાવપૂર્વક, માત્ર મનોરથ કરીને નહીં, ઉચિત સમયે વિધિપૂર્વક ગ્રહણ કરીને, વારંવાર ઉપયોગપૂર્વક સાવધાન રહીને, પારણાદિને ગુરુ આદિથી દેવાયેલ શેષ ભોજન કરવાથી શોભાવે છે અથવા અતિચારરૂપ કાદવ ધોઈ નાખવાથી, પૂર્ણ થયા પછી પણ તેની અવધિથી થોડો વધુ કાળ રહીને, અવધિ પૂર્ણ થયા પછી, તે સંબંધી કાર્યોનું પરિમાણ પૂરું કરે, પારણા દિને આ-આ કાર્ય છે અને તે મેં કર્યુ છે - એમ કીર્તન કરે છે. તેની સમાપ્તિ થતાં, તેની અનુમોદના કરે, અર્થાત્ આજ્ઞાપૂર્વક આરાધે છે. એ પ્રમાણ સાતમી પ્રતિમા સાત માસ આરાધે છે. પછી આઠમી-પહેલા સાત રાત્રિદિવસ, એ પ્રમાણે નવમી અને દશમી છે. આ ત્રણેમાં નિર્જળ ઉપવાસ છે, માત્ર બેસવાના આસનો જુદાં જુદાં છે. અગિયારમી અહોરાત્ર પ્રમાણ છે. તેમાં છટ્ઠ કરવાનો છે, બારમી પ્રતિમા એકરાત્રિકી છે, તેમાં અટ્ઠમ કરવાનો હોય છે.

જે તપમાં ૧૬ માસ સુધી એક પ્રકારે નિર્જરારૂપ ગુણોની રચના થાય, તે તપ ગુણરત્નસંવત્સર તપ. ગુણો જ રત્નરૂપ જેમાં છે, તે ગુણરત્ન સંવત્સર તપ. તેમાં ૧૩-માસ, ૧૭-દિવસનો તપ કાળ છે અને ૭૩ દિવસ પારણા આવે છે. તે આ પ્રમાણે — સોળ માસમાં - અનુક્રમે [એક-એક માસમાં] - પંદર, વીશ, ચોવીશ, ચોવીશ, પચ્ચીશ, ચોવીશ, એકવીશ, ચોવીશ, સત્તાવીશ, ત્રીશ, તેત્રીશ, ચોવીશ, છવ્વીશ, અટ્ઠાવીશ, ત્રીશ અને બત્રીશ દિવસ તપના તથા ૧૫, ૧૦, ૮, ૬, ૫, ૪, ૩, ૩, ૩, ૩, ૩, ૨, ૨, ૨, ૨, ૨ એ પારણાના દિવસો છે.

જે માસમાં અટ્ઠમાદિ તપ જેટલા દિવસોમાં પૂરો ન થાય, તેટલા આગળના માસના ખેંચીને તેમાં ઉમેરવા અને અધિક હોય તો પછીના માસમાં મેળવી દેવા. તેથી અહીં ૩૩ કે ૩૨ દિવસોનો તપ કોઈ માસમાં કહ્યો છે. चतुर्थभक्त - ચોથાટંક સુધી ભોજનનો જેમાં ત્યાગ થાય તે અથવા ઉપવાસ, એ રીતે બે ઉપવાસાદિ જાણવા. તે વિસામો લીધા વિના, दिय - દિવસે, उत्कुटुकासन - ઉભડક પગે બેસે પણ નિતંબને

જમીને અડકવા ન દે તે. वीरासन - કોઈ એક મનુષ્ય સિંહાસને બેઠો હોય, તેના પગ નીચે હોય, સિંહાસન ખેંચી લીધા પછી જે આસન થાય તે. अवाउड - પ્રાવરણના અભાવે.

उदार - આશારહિત કે પ્રધાન, પ્રધાન દ્રવ્ય અલ્પ પણ હોય, માટે કહે છે — ઘણાં દિવસને કારણે વિસ્તીર્ણ, વિપુલ તપ પણ ગુરુની અનુમતિ સિવાય કે અપ્રયત્નકૃત્ હોય, તેથી કહ્યું ગુરુ દ્વારા આજ્ઞા પ્રદત્ત અથવા પ્રમાદ છોડીને પ્રયત્નપૂર્વક. આવું તપ પણ સાધારણ રીતે સ્વીકાર્યુ હોય, તેથી કહ્યું — ઘણાં માનપૂર્વક આશ્રિત તથા નિરોગતાનું કારણ, કલ્યાણનો હેતુ, ધર્મધનમાં સાધુભૂત, પાપશમનમાં નિમિત્ત, સમ્યક્ પાલનથી શોભતું, ઉત્તરોત્તર વૃદ્ધિવાળું, ઉન્નત્ત ભાવવાળું, અજ્ઞાનરહિત અર્થાત્ જ્ઞાનયુક્ત, ઉત્તમ પુરુષે સેવેલ હોવાથી ઉત્તમ, નિસ્પૃહત્વથી ઉદાર, મહાપ્રભાવી.

આવા તપથી સ્કંદક મુનિ નીરસ શરીરત્વથી સુકાઈ ગયા, ભુખના વશથી રુક્ષ થઈ ગયા. ચામડીથી ઢંકાયેલા હાડકાંવાળા થયા, આવા માત્ર હાડકાંના ખોખાને કારણે બેસતા, ઉઠતા આદિમાં જે અવાજ થાય તે ખટ્ ખટ્ કે એવો કોઈ અવાજ થતો હતો. દુર્બળ, માંસ ક્ષય થવાથી માત્ર ધમનીઓ દેખાતી હતી. શરીરબળથી નહીં પણ જીવ બળથી જ ચાલતા હતા. બોલવા સંબંધી ત્રણે કાળમાં ગ્લાનિ પામે છે.

જેમકે કોઈ લાકડાથી ભરેલ ગાડી, પલાશાદિ પાનથી ભરેલ ગાડી, પાંદળાવાળા તલના ઝાડવાથી અને માટીના વાસણોથી ભરેલ ગાડી, એરંડાના લાકડાથી બનેલ કે ભરેલ ગાડી, અંગારાથી ભરેલ ગાડી, તડકે મૂકેલી અને સૂકવેલી કેમકે લીલા લાકડા હોય તો સૂકવવા પડે - - રાખમાં ભરેલ અગ્નિની માફક તે સ્કંદક અણગાર તપરૂપ તેજ વડે દેદીપ્યમાન છે. સ્કંદક મુનિનું શરીર બહારથી માંસ, લોહી વિહિન હોવા છતાં અંદરથી જાજ્વલ્યમાન લાગે છે.

ઉક્ત વાતને ફરી કહે છે —

● **સૂત્ર-૧૧૫ :-**

*તે કાળે તે સમયે રાજગૃહનગરમાં સમવસરણ થયું, યાવત્ પર્ષદા પાછી ગઈ. ત્યારે તે સ્કંદક અણગાર અન્યદા ક્યારેક રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકાથી જાગતા હતા ત્યારે તેમના મનમાં આવો સંકલ્પ યાવત્ થયો કે — હું આ ઉદાર તપકર્મથી યાવત્ બધી નાડીઓ બહાર દેખાય છે, આત્મબળથી જ ચાલુ છું, ઉભું છું યાવત્ ગ્લાન છું એમ જ ચાલુ કે ઉભું ત્યારે કડકડ અવાજ થાય છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે, જ્યાં સુધી મારા ધર્માચાર્ય ધર્મોપદેશક-શ્રમણ ભગવંત મહાવીર, જિન, સુહસ્તી વિચરે છે, ત્યાં સુધીમાં મારા માટે શ્રેયસ્કર છે કે આવતીકાલે પ્રકાશવાળી રાત્રિ થયા પછી, કોમળ કમળ ખીલ્યા પછી, પાંડુર પ્રભાત થયા પછી, રાતા અશોક જેવા પ્રકાશવાળો, કેસુડા-પોપટની ચાંચ-ચણોઠીનો અર્ધભાગ સદેશ, કમળના સમૂહને વિકસાવનાર, સહસ્રરશ્મિ, તેજથી ઝળહળતો સૂર્ય ઉગે ત્યારે શ્રમણ ભગવંત મહાવીરને વંદીને યાવત્ પર્યુપાસીને, ભગવંત મહાવીરની અનુજ્ઞા મેળવીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપી, શ્રમણ-શ્રમણીઓને ખમાવી તથારૂપ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે-ધીમે ચડીને મેઘના સમૂહ જેવા, દેવોને ઉતરવાના સ્થાનરૂપ પૃથ્વીશિલાપટ્ટકનું પડિલેહણ કરીને, દર્ભનો સંથારો, આત્માને સંલેહણા-જોષણાથી યુક્ત કરી, ભોજન-પાનનો ત્યાગ કરી, વૃક્ષ બેઠે સ્થિર થઈ, કાળની આકાંક્ષા કર્યા વિના વિચરવું જોઈએ. એ પ્રમાણે વિચારી, પ્રાતઃકાળ થયા પછી યાવત્ સૂર્ય ઉગ્યા પછી જ્યાં ભગવંત મહાવીર છે યાવત્ ત્યાં જઈ તેઓની પર્યુપાસના કરે છે.*

*હે સ્કંદક! એમ કહી, શ્રમણ ભગવંત મહાવીર સ્કંદક અણગારને આમ કહ્યું — હે સ્કંદક! શું રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકા કરતા યાવત્ તને આવો સંકલ્પ થયેલો કે — હું આવા પ્રકારના ઉદાર વિપુલ આદિ પૂર્વવત્ યાવત્ કાળની આકાંક્ષા ન કરતાં વિચરું અને એમ વિચારીને યાવત્ સૂર્ય ઉગ્યા પછી, તું જલ્દી આવેલ છે. હે સ્કંદક! આ વાત યોગ્ય છે? - હા, છે - સુખ ઉપજે તેમ કરો.*



● **વિવેચન-૧૧૫ :-**

રાત્રિનો પૂર્વ ભાગ, રાત્રિનો પશ્ચિમ ભાગ તેવા લક્ષણવાળો કાળ-સમય, તેમાં અથવા પૂર્વરાત્ર-અપરરાત્રકાળ સમય. તેમાં ધર્મજાગરણ કરતાં, મારા ઉત્થાનાદિ સર્વથા ક્ષીણ થયા નથી, તે જ્યાં સુધી મારામાં છે. સુહત્થિ - શુભાર્થી - ભવ્યોને લાભ દે છે અથવા પુરુષવરગંધહસ્તિ છે એવા ભગવંતની સાક્ષીએ અનશનવિધિ કરું તો મહાફળદાયી થશે, આ અભિપ્રાયથી ભગવંતના નિર્વાણ પછી મને શોક-દુઃખ ન થાય તે માટે અનશન કરવા વિચાર્યુ. કાલે પ્રકાશથી રાત્રિ ઉજળી થયા પછી વિકસેલ ઉત્પલની પાંખડીઓ, એક પ્રકારના હરણની આંખો ઉઘડ્યા પછી, ધોળું પ્રભાત થયા પછી, રાતા અશોક જેવા-કે સુડો-પોપટની ચાંચ-ચણોઠીનો અર્ધભાગ જેવો લાલ, દ્રહમાં રહેલ કમલિનીના ખંડોને વિકસિત કરનાર, સૂર્ય ઉગ્યા પછી ઇત્યાદિ. જેઓ પડિલેહણાદિ ક્રિયામાં કુશળ છે, પ્રિયધર્મી અને દૃઢધર્મી છે, તેઓની સાથે વિપુલ નામના પર્વત ઉપર, ઘનમેઘ સદેશ અર્થાત્ કાળી, જેની સુંદરતાથી જ્યાં દેવો આવે છે એવી પૃથ્વીશિલા ઉપર, કાષ્ઠશિલા પણ શિલા કહેવાય તેથી તેનો વિચ્છેદ કરી પૃથ્વી લીધી. જેનાથી કૃશ થવાય તે સંલેખના-એક તપ, जोषणा - સેવા, जुष्ट - સેવિત. તે તપ સેવાથી ક્ષપિત થયેલ. ભોજન-પાનના પચ્ચક્ખાણ કરીને, काल - મરણ. એવું લક્ષ્ય રાખીને—

● **સૂત્ર-૧૧૬,૧૧૭ :-**

*[૧૧૬] પછી તે સ્કંદક અણગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ વિકસિત હૃદય થઈને ઉભા થયા. થઈને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને યાવત્ નમીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપે છે. પછી શ્રમણો-શ્રમણીઓને ખમાવે છે પછી તથારૂપ યોગ્ય સ્થવિરો સાથે ધીમે ધીમે વિપુલ પર્વતે ચડે છે, મેઘઘન સદેશ, દેવના રહેઠાણરૂપ પૃથ્વીશિલા પટ્ટકને પડિલેહે છે. પછી ઉચ્ચાર-પ્રસ્રવણભૂમિ પડિલેહે છે, દર્ભનો સંથારો પાથરે છે. પૂર્વ દિશાભિમુખ રહીને પર્યંકાસને બેસીને, દશ નખ સહિત*

*બંને હાથ જોડી, મસ્તકે અંજલિ જોડી આમ બોલે છે –*

*અરહંત ભગવંતોને યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. અચળ સ્થાનને પામવાની ઈચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ, ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો હું વાંદુ છું, ત્યાં રહેલ ભગવંત મને જુઓ. એમ કરી વાંદી, નમીને આમ બોલ્યા–*

*પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે સર્વે હિંસાના પચ્ચક્ખાણ યાવજ્જીવ માટે કર્યા છે - યાવત્ - મિથ્યાદર્શનશલ્યના પચ્ચક્ખાણ કર્યા છે. હાલ પણ હું ભગવંત પાસે સર્વ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યનો જાવજ્જીવ માટે ત્યાગ કરું છું. તથા સર્વે અશન-પાનાદિ ચાર આહારના પણ જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ કરું છું. વળી જ્યાં સુધી આ શરીર ઈષ્ટ, કાંત, પ્રિય યાવત્ સ્પર્શ છે તેને પણ મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવું છું. એમ કરી સંલેખના, ઝૂષણા કરી, ભોજન-પાનનો ત્યાગ કર્યો, વૃક્ષની પેઠે સ્થિર થઈને કાળની આકાંક્ષા ન કરતા વિચરે છે.*

*હવે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિકાદિ અગિયાર અંગોને ભણીને પ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનામાં આત્માને જોડીને ૬૦ ભક્ત અનશનને છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, અનુક્રમે કાળધર્મને પામ્યા.*

*[૧૧૭] ત્યારે તે સ્થવિર ભગવંતો સ્કંદક અણગારને કાળધર્મ પામેલા જાણીને પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો, કરીને તેમના વસ્ત્ર, પાત્ર ગ્રહણ કર્યા. વિપુલ પર્વત ઉપરથી ધીમે ધીમે ઉતર્યા. ઉતરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને ભગવંતને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક નામે અણગાર, જે પ્રકૃતિથી - ભદ્રક, વિનીત, ઉપશાંત, પાતળા ક્રોધ માન માયા લોભવાળા, મૃદુ-માર્દવતા સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત, તે આપ દેવાનુપ્રિયની અનુજ્ઞા પામીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપીને, શ્રમણ-શ્રમણીઓને ખમાવીને, અમારી સાથે વિપુલ પર્વતે ચડ્યા ઇત્યાદિ - યાવત્ - અનુક્રમે કાળધર્મ પામ્યા. આ તેમના વસ્ત્ર-પાત્રો છે.*

*ભગવન્ ! એમ કહી ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું – આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક અણગાર મૃત્યુ અવસરે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ? શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિને આમ કહ્યું – હે ગૌતમ ! મારો શિષ્ય સ્કંદક અણગાર, જે પ્રકૃતિભદ્રક હતો યાવત્ મારી આજ્ઞાથી સ્વયમેવ પંચમહાવ્રત ઉચ્ચરીને ઇત્યાદિ પૂર્વવત્ જાણવું યાવત્ આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, મૃત્યુવેળા કાળ કરીને અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની ૨૨-સાગરોપમ સ્થિતિ છે, ત્યાં સ્કંદક દેવની પણ ૨૨-સાગરોપમ સ્થિતિ છે. - - ભગવન્ ! સ્કંદક દેવ, તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય કરીને અનંતર ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-દુઃખાંતકર થશે.*



● **વિવેચન-૧૧૬,૧૧૭ :-**

પૂર્વે કહ્યું તે સંગત છે કે અસંગત એમ પર્યાલોચે છે. પાદપોપગમન પૂર્વે લઘુશંકાદિની જરૂર રહે, માટે ઉચ્ચારભૂમિ પડિલેહણ કરવું નિરર્થક નથી. પદ્માસને બેસેલ. માથા સાથે ન અડકેલ કે માથામાં આવર્ત્તવાળું - તેને. સાઈઠ ટંક જમ્યા સિવાય-રોજ બે ટંકનો ત્યાગ ગણતા ૩૦ દિવસે ૬૦ ટંક થાય. ગુરુએ કહેલ જે અતિચાર, તેને ન કરનાર અથવા આલોચના દાનથી આલોચિત, મિથ્યાદુષ્કૃત દાનથી પ્રતિક્રાંત તે. પરિનિર્વાણ એટલે મરણ અથવા શરીરને પરઠવવું તે, તે હેતુથી. કઈ ગતિમાં ગયા ? ક્યા દેવલોકાદિમાં ઉત્પન્ન થયા ? આયુકર્મના દલિકો નિર્જરવાથી, દેવભવના કારણભૂત-ગત્યાદિ કર્મો નિર્જરવાથી, આયુકર્મની સ્થિતિના વેદનથી, ચ્યવીને. - x - x -

**શતક-૨, ઉદ્દેશો-૧, ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૨ “સમુદ્ઘાત” ❀

— x — x — x — x — x —

૦ હવે બીજો ઉદ્દેશો આરંભે છે. તેના સંબંધ આ છે - પૂર્વે કહેલું કે ક્યા મરણે મરતા જીવનો સંસાર વધે ? મરણ બે ભેદે મારણાંતિક સમુદ્ઘાતથી અને મારણાંતિક સમુદ્ઘાત સિવાય. અહીં સમુદ્ઘાતનું સ્વરૂપ કહીએ છીએ. આ સંબંધે આવેલ પહેલું સૂત્ર–

● **સૂત્ર-૧૧૮ :-**

*ભગવન્ ! સમુદ્ઘાતો કેટલા કહ્યા ? ગૌતમ ! સાત. તે આ – વેદના સમુદ્ઘાતાદિ. અહીં છાદ્મસ્થિક સમુદ્ઘાત સિવાયનું સમુદ્ઘાત પદ કહેવું. યાવત્ વૈમાનિક. કષાય સમુદ્ઘાતનું અલ્પબહુત્વ. - - ભગવન્ ! ભાવિતાત્મા અણગારને કેવલિસમુદ્ઘાત યાવત્ ભાવિકાળમાં શાશ્વત રહે છે ? - સમુદ્ઘાત પદ કહેવું.*

● **વિવેચન-૧૧૮ :-**

સમુદ્ઘાત શું છે ? सम् - એકમેક થવું, उत् - પ્રબળતાથી, घात - હણવું. એકીભાવથી પ્રબળતાથી હનન. કોની સાથે એકીભાવ ? જેમ કોઈ જીવ વેદનાદિ સમુદ્ઘાતવાળો હોય, તો વેદનાદિ અનુભવ જ્ઞાનની સાથે એકીભાવ થાય છે. પ્રબળતાથી ઘાત કઈ રીતે ? જેથી વેદનાદિ સમુદ્ઘાત પરિણત, ઘણા વેદનિયાદિ કર્મપ્રદેશોને જે કાળાંતરે વેદવા યોગ્ય છે, તેને ઉદીરણાકરણથી ખેંચી ઉદયમાં લાવીને આત્મ પ્રદેશોથી જુદા કરે તે. વેદનાદિ સમુદ્ઘાત પ્રજ્ઞાપનામાં જોવા. તેમાં “છાદ્મસ્થિક સમુદ્ઘાત કેટલા કહ્યા છે ?” ઇત્યાદિ સૂત્રો વર્જવા.

સમુદ્ઘાત પદ પ્રજ્ઞાપનામાં ૩૬મું છે. તે આ પ્રમાણે – ભગવન્! સમુદ્ઘાતો

કેટલા કહ્યાં? ગૌતમ! સાત. તે આ - વેદના, કષાય ઇત્યાદિ. અહીં સંગ્રહગાથા છે — વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહાર અને કેવલી, જીવ અને મનુષ્યોને આ સાત હોય છે - x - વેદના સમુદ્‌ઘાતવાળો વેદનીયકર્મ પુદ્‌ગલોને ખેરવે છે, કષાય સમુદ્‌ઘાતથી કષાય પુદ્‌ગલોને, મારણાંતિક સમુદ્‌ઘાતથી આયુકર્મના પુદ્‌ગલોને, વૈક્રિય સમુદ્‌ઘાતવાળો પોતાના પ્રદેશોને શરીરથી બહાર કાઢી શરીરની જાડાઈ-પહોળાઈ પ્રમાણે સંખ્યાત યોજન લાંબો દંડ બહાર કાઢે છે. કાઢીને પૂર્વબદ્ધ સ્થૂળ વૈક્રિય શરીર નામ કર્મ પુદ્‌ગલોનો નાશ કરે છે, સૂક્ષ્મ પુદ્‌ગલોને લે છે. - x - આ રીતે તૈજસ, આહારક સમુદ્‌ઘાતની પણ વ્યાખ્યા કરવી. કેવલી સમુદ્‌ઘાતવાળા કેવલી વેદનીયાદિ કર્મપુદ્‌ગલોને ખેરવે છે. આ સર્વે સમુદ્‌ઘાતોમાં શરીરથી જીવપ્રદેશોનું નિર્ગમન થાય, બધાંનું કાળમાન અંતર્મુહૂર્ત્ત છે. માત્ર કેવલિ સમુદ્‌ઘાત આઠ સમયનો છે. એકથી ચાર ઈન્દ્રિયોવાળાને પહેલાં ત્રણ સમુદ્‌ઘાત, વાયુકાય અને નારકીને ચાર, દેવો અને પંચેન્દ્રિય તિર્યંચોને પાંચ અને મનુષ્યોને સાતે સમુદ્‌ઘાત હોય છે.

**શતક-૨, ઉદ્દેશો-૨, નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૩ - 'પૃથ્વી' ❀

— x — x — x — x —

૦ હવે ત્રીજો ઉદ્દેશો આરંભે છે. તેનો સંબંધ આ છે - બીજામાં સમુદ્‌ઘાત કહ્યો. તેમાં મારણાંતિક સમુદ્‌ઘાતવાળા કેટલાંક 'પૃથ્વી'માં ઉત્પન્ન થાય છે. તેથી અહીં ''પૃથ્વી''ને કહે છે. એ સંબંધે આવેલ સૂત્ર—

● **સૂત્ર-૧૧૯ થી ૧૨૧ :-**

***[૧૧૯] ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? જીવાભિગમમાં કહેલો નૈરયિકોનો બીજો ઉદ્દેશો જાણવો... [૧૨૦] પૃથ્વી, નરકાવાસનું અંતર, સંસ્થાન, બાહલ્ય, વિષ્કંભ, પરિક્ષેપ, વર્ણ, ગંધ અને સ્પર્શ. [યાવત્]***

***[૧૨૧] શું સર્વે પ્રાણો ઉપપન્નપૂર્વ છે ? હા, ગૌતમ ! [સર્વે જીવો રત્નપ્રભામાં] અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.***

● **વિવેચન-૧૧૯ થી ૧૨૧ :-**

જીવાભિગમ સૂત્રમાં નારક સંબંધી બીજા ઉદ્દેશકની અર્થ સંગ્રહ ગાથા - पुढवी ओगाहित्ता० સૂત્ર પુસ્તકમાં ગાથાનો પૂર્વાર્ધ જ લખ્યો છે. શેષ વિવક્ષિત અર્થોને 'યાવત્' શબ્દથી સૂચવેલ છે. તેમાં પૃથ્વીઓ - ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! રત્નપ્રભાદિ-૭. પૃથ્વીને આશ્રીને કેટલે દૂર નારકો છે ? ૧,૮૦,૦૦૦ યોજન જાડી રત્નપ્રભામાં ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચે ૩૦ લાખ નરકાવાસો છે. એ રીતે શર્કરાપ્રભાદિમાં યથાયોગ્ય જાણવું.

નરકોનું સંસ્થાન કહેવું. તેમાં જે આવલિકાપ્રવિષ્ટ છે તે ગોળ, ચોરસ, ત્રિકોણ છે, બીજાના વિવિધ સંસ્થાન છે. નરકોની જાડાઈ કહેવી. તે ૩૦૦૦ યોજન છે. કઈ



રીતે? નીચે ૧૦૦૦, મધ્યે ૧૦૦૦ યોજન શુષિર, ઉપર ૧૦૦૦ સંકુચિત. વિષ્કંભ-પરિક્ષેપ. સંખ્યાતયોજન વિસ્તૃત પૃથ્વીનો લંબાઈ-પહોળાઈ-ઘેરાવો સંખ્યાત યોજન છે. બીજી પૃથ્વીઓનો જુદી રીતે છે. વર્ણાદિ અત્યંત અનિષ્ટ છે, આદિ. આ ઉદ્દેશાના અંત સુધી ઘણી વક્તવ્યતા છે. શું સર્વે જીવો રત્નપ્રભાના ૩૦-લાખ નરકાવાસોમાં સર્વે જીવો પૂર્વે આવેલા છે? — અનેક વખત, બે-ત્રણ વખતને પણ અનેક કહેવાય, તેથી અતિ બાહુલ્ય જણાવવા કહે છે — અથવા અનંતવાર [જીવો અહીં ઉત્પન્ન થયા છે.]

**શતક-૨, ઉદ્દેશા-૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૪-''ઈન્દ્રિય'' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩માં નારકો કહ્યા. તે પંચેન્દ્રિય છે, માટે ઈન્દ્રિયો કહે છે—

● **સૂત્ર-૧૨૨ :-**

***ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! પાંચ. પહેલો ઈન્દ્રિય ઉદ્દેશો કહેવો. સંસ્થાન, જાડાઈ, પહોળાઈ યાવત્ અલોક.***

● **વિવેચન-૧૨૨ :-**

પ્રજ્ઞાપના સૂત્રમાં ''ઈન્દ્રિય''નામે ૧૫-માં પદનો ઉદ્દેશો-૧-કહેવો. તેમાં દ્વાર ગાથા - સંસ્થાન, જાડાઈ, પહોળાઈ, કેટલા પ્રદેશ અવગાઢ, અલ્પબહુત્વ, સ્પૃષ્ટ-પ્રવિષ્ટ, વિષય, અણગાર, આહાર. સૂત્ર પુસ્તકમાં ત્રણ દ્વાર જ લખ્યા છે. બાકીના યાવત્ શબ્દથી કહ્યા છે તેમાં (૧) સંસ્થાન-જેમકે શ્રોત્રેન્દ્રિય-કદંબ પુષ્પ સંસ્થિત છે, ચક્ષુ ઈન્દ્રિય-મસુર કે ચંદ્ર જેવો, અહીં મસૂર એટલે એક આસન કે ધાન્ય. ઘ્રાણેન્દ્રિય-અતિમુક્તક ચંદ્ર સંસ્થિત - એક જાતના ફૂલની પાંખડી. રસનેન્દ્રિય - અસ્ત્રા જેવી, સ્પર્શનેન્દ્રિય - વિવિધ આકારે છે.

(૨) બાહલ્ય - બધી ઈન્દ્રિયો અંગુલના અસંખ્યાત ભાગ જેટલી જાડી છે. (૩) પૃથુત્વ — શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ અંગુલના અસંખ્યાત ભાગ અને જિહ્વેન્દ્રિય અંગુલ પૃથક્ત્વ, સ્પર્શનેન્દ્રિય શરીર પ્રમાણ પહોળી છે. (૪) પાંચે અનંત પ્રદેશ નિષ્પન્ન છે, (૫) અસંખ્ય પ્રદેશાવગાઢ છે. (૬) અલ્પ બહુત્વ - સૌથી થોડો ચક્ષુનો અવગાહ, શ્રોત્ર-ઘ્રાણ-રસના ઈન્દ્રિય અનુક્રમે સંખ્યાત ગુણ, તેનાથી સ્પર્શના અસંખ્યાત ગુણ છે. (૭) સ્પૃષ્ટ પ્રવિષ્ટ - ચક્ષુ સિવાયની શ્રોત્રાદિ સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ અર્થને ગ્રહણ કરે છે. (૮) વિષય - બધી જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ વિષય, ઉત્કર્ષથી શ્રોત્રનો ૧૨-યોજન, ચક્ષુનો આધિક લાખ યોજન, બાકીનીનો નવ યોજન છે. (૯) અણગાર - સમુદ્‌ઘાત કરતા અણગારના જે નિર્જરા પુદ્‌ગલો, તેને છદ્મસ્થ મનુષ્યો ન જોઈ શકે. (૧૦) આહાર - નારકો આદિ તે નિર્જરા પુદ્‌ગલોને જાણી કે જોઈ ન શકે. પણ ખાય છે. ઇત્યાદિ ઘણું કહેવાનું છે. ઉદ્દેશકને અંતે શું છે ?

'અલોક' સૂત્રાન્તે છે. ભગવન્ ! અલોકને કોણ અડકેલ છે ? કેટલા કાયો અડકેલા છે ? અલોકને આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ અડકેલાં છે. તેને પૃથ્વી-

કાય યાવત્ અદ્ધા સમય સ્પૃષ્ટ નથી, તે એક અગુરુલઘુરૂપ અજીવદ્રવ્ય દેશ છે. અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત છે, અનંત ભાગ ઉણ સર્વાકાશરૂપ છે. ઇત્યાદિ - x - x -

શતક-૨, ઉદ્દેશો-૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## શતક-૨, ઉદ્દેશો-૫-અન્યતીર્થિક

-- x -- x -- x -- x --

૦ ઇન્દ્રિયો કહી, તેના વશથી પરિચારણા થાય, તેથી કહે છે—

● **સૂત્ર-૧૨૩ :-**

*ભગવન્! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાખે છે, જણાવે છે અને પ્રરૂપે છે કે — નિર્ગ્રન્થ, મર્યા પછી દેવ થાય અને તે ત્યાં બીજા દેવો કે બીજા દેવોની દેવી સાથે આલિંગન કરીને પરિચારણા કરતા નથી. પોતાની દેવીઓને વશ કરી પરિચારણા કરતા નથી. પણ પોતે જ પોતાને વિકુર્વીને પરિચારણા કરે છે. એ રીતે એક જીવ એક જ સમયે બે વેદને વેદે છે - સ્ત્રીવેદ અને પુરુષવેદ. એ પ્રમાણે પરતીર્થિક વક્તવ્યતા કહેવી. યાવત્ સ્ત્રીવેદ, પુરુષવેદ. ભગવન્! એ કેમ બને?*

*ગૌતમ! જે અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે - યાવત્ - સ્ત્રીવેદ અને પુરુષવેદ. તેઓનું એ કથન ખોટું છે. ગૌતમ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છે કે - નિર્ગ્રન્થ મર્યા પછી કોઈ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. જે મોટી ઋદ્ધિ યાવત્ મોટા પ્રભાવવાળા છે, દૂરગતિક અને ચિરસ્થિતિક છે. તે સાધુ ત્યાં મહર્દ્ધિક યાવત્ દશ દિશા અજવાળતો, શોભાવતો યાવત્ પ્રતિરૂપ દેવ થાય છે. તે ત્યાં અન્ય દેવ તથા અન્ય દેવોની દેવીને વશ કરીને પરિચારણા કરે છે. પોતાની દેવીઓને વશ કરીને પરિચારણા કરે છે, પણ પોતે પોતાનું રૂપ વિકુર્વીને નથી કરતો. એક જીવ એક સમયે એક વેદને વેદે છે - સ્ત્રી વેદ કે પુરુષ વેદ. જ્યારે તે સ્ત્રી વેદને વેદે છે, ત્યારે પુરુષવેદને ન વેદે. પુરુષવેદના ઉદયમાં સ્ત્રીવેદને ન વેદે. એક જીવ એક સમયે એક વેદને વેદે છે - સ્ત્રીવેદ કે પુરુષવેદ. સ્ત્રી, સ્ત્રી વેદના ઉદયે પુરુષને પ્રાર્થે છે, પુરુષ વેદના ઉદયે પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે. અર્થાત્ તે બંને પરસ્પર પ્રાર્થે છે. તે આ રીતે - સ્ત્રી પુરુષને અથવા પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે.*

● **વિવેચન-૧૨૩ :-**

મરીને દેવ થયેલ નિર્ગ્રન્થ કરણરૂપે પરિચારણા કરતો નથી. એમ સંબંધ જોડવો. તે દેવલોકમાં પોતાનાથી જુદા દેવોને તથા બીજા દેવોની દેવીને વશ કરીને કે આલિંગીને પરિભોગ કરતો નથી. પોતાની દેવી સાથે પણ નહીં, પરંતુ પોતાનું સ્ત્રી અને પુરુષરૂપ બનાવીને વિલાસ કરે છે. અર્થાત્ પરતીર્થિકની આ વક્તવ્યતા છે - જે સમયે સ્ત્રી વેદને વેદે છે, તે સમયે પુરુષવેદને વેદે છે૦ ઇત્યાદિ.

આ તેઓનું મિથ્યાત્વ છે. સ્ત્રીરૂપ કરે તો પણ, તે દેવને પુરુષત્વથી એક સમયે



તેને પુરુષ વેદનો જ ઉદય હોય, સ્ત્રીવેદનો નહીં. અથવા સ્ત્રીવેદની પરિવૃત્તિથી સ્ત્રીવેદનો ઉદય હોય, પુરુષ વેદનો નહીં. કેમકે તે બંને પરસ્પર વિરુદ્ધ છે. દેવલોકે ઉત્પન્ન થાય. મોટી ઋદ્ધિવાળો અને યાવત્ શબ્દથી મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસુખી, મહાનુભાગી, હારથી શોભતા હૃદયવાળો, કડાં અને બહેરખાંથી સ્તંભિત ભૂજાવાળો, હાથનાં ઘરેણાં, કાનના કુંડલ ધારણ કરનાર, ચળકતા ગાલવાળો, કાનના ઘરેણાંને ધારણકર્તા, તથા વિચિત્ર હસ્તાભરણવાળો, મસ્તકે વિચિત્ર માળા અને મુગટ પહેરતો, વળી ઋદ્ધિ-દ્યુતિ-પ્રભા-છાયા-અર્ચિ-તેજ-લેશ્યા વડે દશે દિશાને ઉદ્યોતિત કરતો. તેમાં ऋद्धि - પરિવારાદિ, द्युति - ઈષ્ટ વસ્તુનો સંયોગ, प्रभा - યાન આદિની, દીપ્તિ, छाया - શોભા, अर्चिः શરીર ઉપર રહેલ તેજનો ચળકાટ, તેજ - શરીરનો ચળકાટ, लेश्या - દેહવર્ણ અથવા આ શબ્દો એકાર્થક છે. પ્રકાશકરણથી દિશાઓને શોભાવતો યાવત્ શબ્દથી જોનારના ચિત્તને પ્રસન્નતા પમાડતો, જેને જોતા આંખ ન થાકે, મનોજ્ઞરૂપ, તેનું રૂપ જોનારની આંખે તરે એવો એ દેવ છે. [મૂળ વાત] એક જીવ એક કાળે એક જ વેદ વેદે.

પરિચારણાથી જ ગર્ભ રહે તેથી ગર્ભપ્રકરણ કહે છે —

● **સૂત્ર-૧૨૪ :-**

*ભગવન્ ! ઉદક ગર્ભ, કેટલો કાળ ઉદકગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ... ભગવન્ ! તિર્યંચયોનિક ગર્ભ કેટલો કાળ તિર્યંચયોનિક ગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી આઠ વર્ષ... ભગવન્ ! માનુષી ગર્ભ કેટલો કાળ માનુષી ગર્ભરૂપે રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૨-વર્ષ.*

● **વિવેચન-૧૨૪ :-**

उदकगब्भ ને સ્થાને ક્યાંક दगगब्भ પાઠ છે. કાલાંતરે પાણી વરસવાના હેતુરૂપ પુદ્ગલ પરિણામ, તેનું અવસ્થાન જઘન્યથી એક સમય, કેમકે સમયાંતરે વર્ષે છે. ઉત્કૃષ્ટથી છ માસ, કેમકે છ માસ પછી વર્ષે છે. માગસર, પૌષ આદિમાં અને વૈશાખના અંત સુધી દેખાતો સંધ્યાનો રંગ, મેઘ ઉત્પાદનું ચિન્હ છે - x -

● **સૂત્ર-૧૨૫,૧૨૬ :-**

*[૧૨૫] ભગવન્ કાયભવસ્થ કેટલો કાળ કાયભવસ્થ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૪ વર્ષ સુધી.*

*[૧૨૬] ભગવન્! માનુષી અને પંચેન્દ્રિયતિર્યંચણીને યોનિગત બીજ કેટલો કાળ સુધી યોનિભૂત રૂપે રહે? ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત્ત.*

● **વિવેચન-૧૨૫,૧૨૬ :-**

માતાના ઉદર મધ્યે રહેલ ગર્ભનું શરીર તે કાય, તે શરીરમાં જે ઉત્પન્ન તે કાયભવ. તેમાં જે જન્મ્યો તે કાયભવસ્થ. તે ૨૪-વર્ષ રહે. સ્ત્રીકાયમાં ૧૨ વર્ષ રહીને, મૃત્યુ પામીને, ફરી તે જ શરીરમાં ઉત્પન્ન થઈ ૧૨ વર્ષની સ્થિતિથી ૨૪-વર્ષ થાય. કોઈ કહે છે - ૧૨ વર્ષ રહીને, ત્યાં જ બીજા બીજ વડે ત્યાં ઉપજીને રહે.

● **સૂત્ર-૧૨૭ થી ૧૨૯ :-**

*[૧૨૭] ભગવન્ ! એક જીવ, યોનિમાં બીજભૂત-એક ભવ ગ્રહણથી કેટલાના પુત્રરૂપે શીઘ્ર આવે છે. ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણના અને ઉત્કૃષ્ટથી શત પૃથક્ત્વ જીવનો પુત્ર થાય.*

*[૧૨૮] ભગવન્ ! એક જીવને એક ભવમાં કેટલા પુત્ર શીઘ્ર થાય છે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી લાખ પૃથક્ત્વ જીવો પુત્ર રૂપે થાય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! સ્ત્રી અને પુરુષના કર્મકૃત્ યોનિમાં મૈથુનવૃત્તિક નામે સંયોગ ઉત્પન્ન થાય, પછી તે બંને વીર્ય અને લોહીનો સંબંધ કરે છે. તેમાં જઘન્ય એક, બે અને ઉત્કૃષ્ટથી લાખ જીવ પુત્રપણે શીઘ્ર આવે છે. તેથી ઉપર પ્રમાણે કહ્યું.*

*[૧૨૯] ભગવન્ ! મૈથુન સેવતા મનુષ્યને કેવા પ્રકારે અસંયમ હોય ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ રૂની નળીને કે બૂરની નળીને તપાવેલ સોનાની સળી વડે બાળી નાંખે, હે ગૌતમ ! તેવા પ્રકારનો મૈથુનને સેવતા મનુષ્યને અસંયમ હોય.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૧૨૭ થી ૧૨૯ :-**

મનુષ્ય અને તિર્યંચોનું બીજ ૧૨ મુહૂર્ત્ત સુધી યોનિભૂત હોય છે. ગાય આદિની યોનિમાં પ્રવિષ્ટ બીજ શતપૃથક્ત્વ હોવા છતાં, તે બીજ સમુદાયમાંથી એક જીવ ઉત્પન્ન થાય છે. તે બધાં બીજ સ્વામીનો પુત્ર કહેવાય. - x - માછલા આદિને બે થી નવ લાખ પુત્રો ગર્ભમાં નિષ્પન્ન થાય છે. તેથી સહસ્રપૃથક્ત્વ પુત્રો થાય છે મનુષ્યસ્ત્રીની યોનિમાં ઘણાં જીવો ઉત્પન્ન થાય છે, પણ બધાં જન્મતા નથી. ''સ્ત્રી અને પુરુષનો મૈથુનનિમિત્ત સંયોગ થાય'' તેમ સંબંધ છે. એ સંયોગ ક્યાં ઉત્પન્ન થાય ? નામકર્મથી બનેલ યોનિમાં અથવા જેમાં કામોત્તેજક ક્રિયા થઈ છે, તે યોનિમાં. મૈથુનવૃત્તિક એટલે મૈથુનની વૃત્તિવાળો અથવા મૈથુનરૂપ હેતુવાળો.

નામ અને નામવાળાનો કાલ્પનિક રીતે અભેદ પણ હોઈ શકે છે માટે સંયોગનું નામ મૈથુનવૃત્તિક કે મૈથુન પ્રત્યયિક થયું. સંયોગ એટલે સંપર્ક. તે સ્ત્રી પુરુષના લોહી અને વીર્યનો સંબંધ કરે છે. મૈથુનવૃત્તિક સંયોગ કહ્યો. હવે મૈથુનમાં જ અસંયમ કહે છે.

રૂતનાલિકા એટલે જેમાં રુ ભરેલ છે, તેવી પોલી વાંસ આદિની નળી. એ પ્રમાણે બૂરનાલિકાને સમજવી. વિશેષ એ કે — બૂર એટલે એક જાતની વનસ્પતિનો વિશેષ ભાગ. ''રૂ વગેરેનો નાશ કરવાથી તેનો ધ્વંસ કરે.'' એ વાક્ય અધ્યાહાર છે. એ રીતે મૈથુનને સેવતો યોનિગત જીવોને પુરુષલિંગ દ્વારા નાશ કરે છે. તે જીવો પંચેન્દ્રિયો છે, તેમ પણ બીજા ગ્રંથમાં સંભળાય છે - x -

તિર્યંચ, મનુષ્યની ઉત્પત્તિ વિચારી. હવે દેવોત્પત્તિ—

● **સૂત્ર-૧૩૦ :-**

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહનગરના ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. બહાર જનપદ વિહારે વિચરે છે.*



*તે કાળ તે સમયે તુંગિકા નામે નગરી હતી. [વર્ણન] તે તુંગિકા નગરીની બહાર ઈશાન ખૂણામાં પુષ્પવતી નામે ચૈત્ય હતું. [વર્ણન]. તે તુંગિકા નગરીમાં ઘણાં શ્રાવકો રહેતા હતા. તેઓ આઢ્ય, દિપ્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન આદિ, બહુ-ધન, ઘણું સોનું-રૂપું, આયોગ-પ્રયોગ યુક્ત હતા. તેઓને ત્યાં ઘણાં ભોજન-પાન વધતાં. તેઓને ઘણાં દાસ, દાસી, ગાય, પાડા, ઘેટા વગેરે રહેતા. ઘણા લોકોથી તેઓ અપરિભૂત હતા.*

*તેઓ જીવ, અજીવના જ્ઞાતા, પુન્ય-પાપને જાણતા, આશ્રવ-સંવર-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષ (તત્ત્વોમાં) કુશળ હતા. દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ગરુલ, ગંધર્વ, મહોરગાદિ દેવગણ પણ તેઓને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવા સમર્થ ન હતા. તેઓ નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા-કાંક્ષા-વિચિકિત્સા રહિત હતા. તેઓ લબ્ધાર્થ, ગૃહિતાર્થ, પૃચ્છિતાર્થ, અભિગતાર્થ, વિનિશ્ચિત્તાર્થ હતા. નિર્ગ્રન્થ પ્રવચનનો રાગ હાડોહાડ વ્યાપેલો હતો.*

*(તેઓ કહેતા કે) હે આયુષ્યમાન્ ! નિર્ગ્રન્થપ્રવચન જ અર્થ અને પરમાર્થરૂપ છે, બાકી બધું અનર્થ છે. તેમના ઘરનો આગળીયો ઉંચો રહેતો, દ્વાર ખુલ્લા રહેતા, જેના અંતઃપુરમાં જાય તેને પ્રિતી ઉપજાવનારા, ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ ઉપવાસ વડે ચૌદશ, આઠમ, પૂનમ, અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધની સારી રીતે આચરણા કરતા, શ્રમણ-નિર્ગ્રન્થોને પ્રાસુક અને એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે તથા વસ્ત્ર-પાત્ર-કંબલ-રજોહરણ-પીઠફલક-શય્યા-સંથારા વડે, ઔષધ-ભૈષજ વડે પ્રતિલાભતા તથા યથાપ્રતિગૃહીત તપકર્મથી આત્માને ભાવતા વિચરતા હતા.*

● **વિવેચન-૧૩૦ :-**

આઢ્ય - ધનધાન્યાદિથી પરિપૂર્ણ, દિત્ત - પ્રસિદ્ધ અથવા દૃપ્ત - ગર્વિત, જેઓના વિશાળ અને પ્રચુર ઘરો શયન-આસન-વાહન વડે ભરેલાં રહેતા અથવા તેમના ઘર વિશાળ અને ઉંચા હતા. તેઓના શયન-આસન-યાન-વાહન સુંદર હતા. તેમાં યાન - ગંત્રી આદિ, વાહન અશ્વ આદિ. તેમની પાસે ગણિમાદિ ઘણું ધન અને ઘણું સોનું-રૂપું હતા. તેઓ આયોગ - નાણાંને બમણું, ત્રણગણું કરવા વ્યાજે ધીરવા, પ્રયોગ - કોઈ જાતનો કલાહુન્નર. તે બંનેમાં ચતુર હતા. ઘણાં લોકો જમતા હોવાથી ઘણો એઠવાડ રહેતો. અથવા ખાન-પાન ઘણાં અને વિવિધ પ્રકારના હતા, અનેક દાસ-દાસી હતા. અનેક ગાય-પાડાં અને ઘેટાં હતા. ઘણાં લોકો પણ તેનો પરાભવ કરી શકતા નહીં.

આસ્રવ આદિમાં - કાયિકી આદિ ક્રિયા, ગંત્રી, યંત્રાદિ અધિકરણ, આશ્રવાદિનું હેયોપાય સ્વરૂપના જ્ઞાતા. અત્યંત સમર્થ હોવાથી બીજાની સહાયને ન લેનારા. દેવો પણ ચલિત કરવા અસમર્થ, આપત્તિમાં પણ દેવાદિની સહાયને ન લેનારા-પોતાના કર્મ પોતે જ ભોગવવા જોઈએ એવી મનોવૃત્તિવાળા. પાખંડીઓ વડે સમ્યક્ત્વથી વિચલિત કરી શકાય નહીં તેવા હોવાથી બીજાની સહાય ન લેનાર, જાતે જ તેમના પ્રતિઘાત

કરવામાં સમર્થ અને જિનશાસનમાં અતિ ચુસ્ત એવા.

દેવ - વૈમાનિક, असुर - અસુરકુમાર, नाग - નાગકુમાર આ બંને ભવનપતિ છે. सुवण्ण - જ્યોતિષ્ક, યક્ષાદિ વ્યંતરો વગેરે. તેમને ચલાયમાન ન કરી શકે. અર્થના શ્રવણથી, અર્થ અવધારણથી. સંદેહવાળા અર્થોને પૂછવાથી, પ્રશ્નિત અર્થ જાણવાથી, રહસ્યને પ્રાપ્ત કરવાથી તેઓ લબ્ધાર્થાદિ છે. તેથી જ તેમના હાડકાં, મજ્જા સર્વજ્ઞના વચન પરના વિશ્વાસરૂપ કસુંબાદિ રંગથી રંગાયેલા અથવા અસ્થિ અને મજ્જામાં જિનશાસન સંબંધી પ્રેમાનુરાગથી રંગાયેલા છે. કેવા ઉલ્લેખથી ? હે આયુષ્યમાન્ ! એવા આમંત્રણથી. નિર્ગ્રન્થ પ્રવચનથી બીજું જે કંઈ છે, તે ધન, ધાન્ય, પુત્ર, કલત્ર આદિ.

"જેમનું મન સ્ફટિક-રત્ન માફક ઉન્નત છે, મુનીન્દ્રનું પ્રવચન પામવાથી જેમનું મન પરિતુષ્ટ છે" એ વૃદ્ધ વ્યાખ્યા છે. બીજા કહે છે – આગળીયાને તેના સ્થાનેથી દૂર કરીને ઉંચો કરેલ, ઉદારતાના અતિશયથી દાન દેવા માટે ભિક્ષુકોના ગૃહપ્રવેશાર્થે જેમના ઘરના દરવાજા ઉઘાડા છે. ઘરના દરવાજાના કમાડ બંધનથી રાખેલા. સદ્દર્શનનો લાભ થવાથી કોઈ પાખંડીથી ડરતા નથી. - x - x - અંતઃપુર કે ઘરમાં જેમના પ્રવેશથી લોકો ખુશ થાય છે અર્થાત્ અતિ ધાર્મિક હોવાથી કોઈ શંકા કરતું નથી. બીજા કહે છે – જેઓના અંતઃપુર કે ઘરમાં કોઈ સત્પુરુષ પ્રવેશે તો તેઓને અપ્રીતિ થતી નથી કેમકે તેઓને ઈર્ષ્યા નથી. અથવા બીજાના અંતઃપુરે કે ઘેર જવાનો જેણે ત્યાગ કર્યો છે. - - शीलव्रत - અણુવ્રત, गुण - ગુણવ્રત. રાગ, દ્વેષાદિથી ઉચિતતાપૂર્વક નિવર્તવું તે વિરમણ. પૌરુષિ આદિ પચ્ચક્ખાણ, પર્વદિને અનુષ્ઠાન તે પૌષધ. તેમાં રહેવું-પૌષધોપવાસ. પૌષધ કરીને જે રીતે રહે તે વાતને જણાવતાં કહે છે – ચૌદસાદિ. આહારાદિ ભેદથી ચાર પ્રકારનો પૌષધને. वत्थपडिग्गह० પતદ્ગ્રહ એટલે પાત્ર, પાદપ્રોચ્છન એટલે રજોહરણ, पीठ - આસન, फलक - ટેકો લેવા માટેનું પાટીયું. शय्या - વસતિ કે મોટો સંથારો. - x -

● સૂત્ર-૧૩૧ :-

***તે કાળે તે સમયે પાર્શ્વનાથના શિષ્યો સ્થવિર ભગવંતો કે જેઓ – જાતિ, કુળ, બળ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, લજ્જા, લાઘવ, (એ બધાંથી) સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, જેમણે ક્રોધ-માન-માયા-લોભ-નિદ્રા-ઈન્દ્રિય-પરીષહને જીત્યા છે, જીવવાની દરકાર કે મરણના ભયથી રહિત યાવત્ કુત્રિકાપણરૂપ, બહુશ્રુત, બહુપરિવારવાળા હતા, તેઓ ૫૦૦ સાધુ સાથે પરિવૃત્ત થઈ, યથાક્રમે વિચરતા ગામાનુગામ જતાં, સુખે સુખે વિહાર કરતા જ્યાં તુંગિકા નગરીનું પુષ્પવતી ચૈત્ય હતું ત્યાં આવ્યા. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા વિહરે છે.***

● વિવેચન-૧૩૧ :-

શ્રુતવૃદ્ધ, સુવિહિત વેષ કે શરીરની સુંદરતાથી સંપન્ન, લાજ કે સંયમ, દ્રવ્યથી અલ્પ ઉપધિ અને ભાવથી અભિમાન ત્યાગી, મનની સ્થિરતાવાળા, શરીરની પ્રભાવાળા,



વિશિષ્ટ સામર્થ્ય કે પ્રભાવ યુક્ત, વિશિષ્ટ વચનવાળા, ખ્યાતિવાળા, જીવિતાશા અને મરણભય વિનાના યાવત્ શબ્દથી તપપ્રધાન, સંયમગુણયુક્ત, આ બંનેથી તપ-સંયમની મોક્ષના મુખ્ય કારણરૂપે ગણના છે, તથા શ્રમણધર્મ આદિ વ્રત-ચરણવાળા, પિંડવિશુદ્ધિ આદિ કરણવાળા, અન્યાય કરનારને દંડવામાં મુખ્ય, 'આ કાર્ય ચોક્કસ કરવું' તેમ સ્વીકારેલા કે તત્ત્વનો નિર્ણય કરનારા, કોમળતા અને સરળતા ગુણથી યુક્ત.

(શંકા) જિતક્રોધાદિથી માર્દવાદિ સ્વતઃ જણાય છે, તો પછી અહીં અલગ કેમ મૂક્યો ? - - માર્દવાદિથી તેના ઉદયનો અભાવ કહ્યો, જિતક્રોધાદિથી ઉદયમાં આવેલને નિષ્ફળ બનાવવા કહ્યું. ક્રિયામાં દક્ષ, મુક્તિપ્રધાન, એ પ્રમાણે વિદ્યા-મંત્ર-વેદ-બ્રહ્મચર્ય-નય-નિયમ-સત્ય-શૌચપ્રધાન, સત્પ્રજ્ઞા, શુદ્ધિમાં હેતુરૂપ કે સર્વે જીવોના મિત્રરૂપ, નિદાનરહિત, ઉતાવળરહિત, અબહિર્લેશ્ય, સુશ્રામણ્યરત, અવિરલ અને દોષરહિત પ્રશ્નોત્તરવાળા, સ્વર્ગ-મૃત્યુ-પાતાળ એ ત્રણલોક તે કુત્રિક, તે ત્રણે લોકમાં થનારી વસ્તુ જ્યાં મળે તે કુત્રિકાપણ-દુકાન તેના જેવા અર્થાત્ ઈચ્છિત અર્થને મેળવી આપવામાં સમર્થ અથવા સર્વગુણસંપન્ન. સારી રીતે પરિવરેલા-પરિકર ભાવથી પરિકરિત, ૫૦૦ સાધુ સાથે પધાર્યા.

● સૂત્ર-૧૩૨ :-

***ત્યારે તુંગિકાનગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, પથોમાં યાવત્ એક દિશામાં રહીને ધ્યાન ધરે છે.***

***ત્યારે તે શ્રાવકો આ વાત જાણીને હૃષ્ટ-તુષ્ટ થયેલા યાવત્ પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિયો ! પાર્શ્વનાથના શિષ્યો-સ્થવિર ભગવંતો, જાતિસંપન્નાદિ છે યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હે દેવાનુપ્રિયો ! તથારૂપ સ્થવિર ભગવંતોનું નામ કે ગોત્ર પણ સાંભળવાથી મોટું ફળ છે, તો તેમની સન્મુખ જવાથી, વંદન-નમસ્કાર-પ્રતિપૃચ્છા-સેવા કરવાથી યાવત્ ગ્રહણતા વડે કલ્યાણ થાય જ તેમાં શું આશ્ચર્ય ! હે દેવાનુપ્રિયો ! આપણે ત્યાં જઈએ, સ્થવિર ભગવંતોને વંદન-નમન યાવત્ સેવા કરીએ. તે આપણને આ ભવમાં અને પરભવમાં યાવત્ પરંપરાએ કલ્યાણરૂપ છે.***

***આ પ્રમાણે વાત કરી પરસ્પર આ અર્થને સ્વીકાર કરે છે, પછી પોતપોતાના ઘેર જાય છે. જઈને સ્નાન કરી, બલિકર્મ-કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ કરી પ્રવેશ યોગ્ય શુદ્ધ-મંગલ વસ્ત્રોને ઉત્તમતાપૂર્વક પહેરી, અલ્પ પણ મૂલ્યવાન્ અલંકારથી શરીર શણગારી, પોત-પોતાના ઘેરથી નીકળ્યા. એક સ્થાને ભેગા થયા, પગે ચાલીને તુંગિકા નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યા. પુષ્પવતી ચૈત્યે આવ્યા. સ્થવિર ભગવંતોને પાંચ પ્રકારના અભિગમથી અભિગમે છે–***

***તે આ - સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યોને સાથે રાખવા, એકશાટિક ઉત્તરાસંગ કરવું, જોતાની સાથે જ અંજલિ જોડવી અને મનને એકાગ્ર કરવું. સ્થવિર ભગવંતો પાસે આવીને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે યાવત્***

*ત્રણ પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

● વિવેચન-૧૩૨ :-

સિંગોડા જેવા આકારનું સ્થાન, ત્રણ શેરી ભેગી થાય તે સ્થાન, ચાર શેરી ભેગી થાય તે સ્થાન, અનેક શેરી ભેગી થાય તે સ્થાન, રાજમાર્ગ, માત્ર શેરી. 'યાવત્'થી ઘણાં લોકોનો અવાજ થવો વગેરે પૂર્વે કહેલ છે. આ અર્થને સ્વીકારે છે - x - સ્નાન પછી સ્વગૃહદેવતાની પૂજા કરી, દુઃસ્વપ્નાદિ નિવારણાર્થે અવશ્ય કરણીય કૌતુકાદિ કર્યા, બીજા કહે છે - નેત્રરોગના નિવારણાર્થે પગે વિલેપન કર્યુ, મષતિલકાદિ કૌતુક, સરસવ-દહીં આદિ મંગલ કર્યા. શુદ્ધ, ઉચિત વેશ અથવા રાજાદિ સભામાં પ્રવેશ માટે ઉચિત એવા, ઉત્તમ વસ્ત્રોને જેમણે પહેર્યા છે. પાઠાંતરથી વસ્ત્રોને ઉત્તમ પ્રકારે પહેર્યા છે.

પગે ચાલીને, ગાડાં આદિમાં બેસીને નહીં. બહુમાનપૂર્વક સામે જાય છે. પુષ્પ-તાંબુલાદિ સચિત્તનો ત્યાગ, વસ્ત્ર-મુદ્રિકાદિ અચિત્તનો અત્યાગ, અનેક ઉત્તરીય નહીં પણ માત્ર એક ખેસ રાખીને, - x - દૃષ્ટિ પડતાં, એકાલંબન કરીને, મન-વચન-કાયાથી ત્રણ પ્રકારે પર્યુપાસના કરતાં [આ શ્રાવકો ત્યાં રહ્યા છે.]

● સૂત્ર-૧૩૩ :-

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ, તે શ્રાવકોને અને તે મહા-મોટી પર્ષદાને ચતુર્યામ ધર્મ કહ્યો. કેશીસ્વામીની માફક યાવત્ તે શ્રાવકોએ પોતાના શ્રાવકપણાથી તે સ્થવિરોની આજ્ઞાનું આરાધન કર્યુ - યાવત્ - ધર્મકથા પૂરી થઈ.*

*ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસે ધર્મ સાંભળીને, અવધારીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિતહૃદયી થયા. ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારે પર્યુપાસના કરતા, આ પ્રમાણે કહ્યું — હે ભગવન્ ! સંયમનું ફળ શું ?, તપનું ફળ શું ? ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને કહ્યું — હે આર્યો ! સંયમનું ફળ આસ્રવરહિતતા તપનું ફળ વ્યવદાન [કર્મશુદ્ધિ] છે.*

*ત્યારે શ્રાવકોએ સ્થવિરોને પૂછ્યું — જો સંયમનું ફળ તે આશ્રવરહિતતા છે, તપનું વ્યવદાન છે, તો દેવો દેવલોકે ઉત્પન્ન થાય છે, તેનું શું કારણ ? ત્યારે કાલિકપુત્ર સ્થવિરે તે શ્રાવકોને કહ્યું — પૂર્વના તપ વડે હે આર્ય ! દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે, મેહિલ સ્થવિરે કહ્યું — હે આર્ય ! પૂર્વના સંયમથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આનંદરક્ષિત સ્થવિરે શ્રાવકોને કહ્યું — હે આર્યો ! કર્મીપણાથી દેવો દેવલોકમાં ઉપજે છે. કાશ્યપ સ્થવિરે શ્રાવકોને કહ્યું કે — સંગીપણાથી હે આર્યો ! દેવો દેવલોકમાં ઉપજે છે. અર્થાત્ હે આર્યો ! પૂર્વના તપથી, પૂર્વના સંયમથી, કર્મીપણાથી, સંગીપણાથી દેવો દેવલોકે ઉપજે છે. આ કથન સાચું છે, અમારા અભિમાનથી કહેતા નથી.*

*ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસેથી આ આવા પ્રકારના ઉત્તરો સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ સ્થવિર ભગવંતોને વાંદી-નમીને બીજા પણ પ્રશ્નો પૂછ્યા, અર્થો ગ્રહણ કર્યા, ઉઠીને સ્થવિર ભગવંતોને ત્રણ વખત વંદન-નમસ્કાર કર્યા, સ્થવિરો પાસેથી અને પુષ્પવતી ચૈત્યથી નીકળી, જ્યાંથી આવ્યા હતા, તે*





*દિશામાં પાછા ગયા. તે સ્થવિરો પણ અન્ય કોઈ દિવસે તુંગીકાનગરીના પુષ્પવતી ચૈત્યથી નીકળી બહારના જનપદમાં વિહાર કર્યો.*

● વિવેચન-૧૩૩ :-

મહતિમહાલિઆ - મોટામાં મોટી. નવા કર્મોનું ગ્રહણ ન કરવું તે અનાશ્રવ. જેનું ફળ અનાશ્રવ છે તે અર્થાત્ સંયમ. વ્યવદાન-કર્મના ગહન વનનું કાપવું કે જૂના કર્મોરૂપ કચરાને શોધવો, તે વ્યવદાનનું ફળ એટલે તપ (દેવલોકે ઉત્પત્તિનું) કારણ શું ? સંયમ અને તપ બંનેમાંથી એક પણ દેવ થવામાં કારણ નથી તો શું દેવો નિષ્કારણ જ દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

સરાગ અવસ્થામાં પૂર્વે કરેલ તપ, વીતરાગ અવસ્થાની અપેક્ષાએ સરાગ અવસ્થા પૂર્વકાળની કહેવાય. એ રીતે અયથાખ્યાત ચારિત્રરૂપ સંયમ. તેથી સરાગ અવસ્થામાં કરેલ સંયમ અને તપથી દેવત્વ પ્રાપ્ત થાય કેમકે રાગાંશ કર્મબંધનનો હેતુ છે. કર્મવાળો હોય તે કર્મી, તેનો ભાવ તે કર્મીતા. બીજા કહે છે - કર્મનો વિકાર તે કાર્મિકા. અર્થાત્ અક્ષીણકર્મ વડે દેવત્વની પ્રાપ્તિ થાય છે. સંગવાળો હોય તે સંગી, તેનો જે ભાવ તે સંગિતા, દ્રવ્યાદિમાં સંયમાદિથી યુક્ત પણ સંગ, કર્મબંધનું કારણ છે તેનાથી દેવત્વ પ્રાપ્ત થાય છે. - x - x - આ સત્ય છે ? કેમ ? સ્વ અભિપ્રાયથી જ વસ્તુતત્વ કહેતા નથી - અભિમાનથી મોટાઈ બતાવવા કહેતા નથી. પણ આ જ પરમાર્થ છે માટે કહીએ છીએ.

● સૂત્ર-૧૩૪ :-

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ પર્ષદા પાછી ફરી, તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામે અણગાર યાવત્ સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા, નિરંતર છટ્ઠનો તપ કર્મપૂર્વક સંયમ અને તપ વડે આત્માને ભાવતા યાવત્ વિચરે છે ત્યારે તે ગૌતમસ્વામી છટ્ઠના પારણા દિને પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે છે, બીજી પોરિસિમાં ધ્યાન કરે છે, ત્રીજી પોરિસીમાં ત્વરારહિત, ચપળતા રહિત, અસંભ્રાંત થઈ મુહપત્તિ પડિલેહી, વસ્ત્ર-પાત્ર પડિલેહે છે. પાત્રો પ્રમાર્જી, પાત્રો લઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવી, ભગવંતને વંદન-નમસ્કાર કરી આમ બોલ્યા - ભગવન્ ! આજે છટ્ઠના પારણાદિને આપની અનુજ્ઞા પામીને રાજગૃહીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાથી ફરવા ઈચ્છુ છું - - યથાસુખં દેવાનુપ્રિય ! વિલંબ ન કર.*

*ત્યારે તે ગૌતમ સ્વામી શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંત પાસેથી, ગુણશીલ ચૈત્યથી નીકળ્યા. ત્વરા-ચપળતા-સંભ્રાંતતા રહિત, યુગંતર ભૂમિ જોતા દૃષ્ટિથી ઈર્યા સમિતિ શોધતા રાજગૃહ નગરમાં આવ્યા. આવીને રાજગૃહનગરના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યા માટે ફરે છે.*

*ત્યારે તે ગૌતમ સ્વામીને રાજગૃહમાં યાવત્ ફરતા ઘણાં લોકોનો અવાજ સાંભળ્યો. હે દેવાનુપ્રિયો ! તુંગીકા નગરી બહાર પુષ્પવતી ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો-સ્થવિર ભગવંતોને શ્રાવકોએ આ આવા પ્રકારના પ્રશ્નો પૂછ્યા - સંયમનું*

*અને તપનું ફળ શું ? ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને - એમ કહ્યું - હે આર્યો ! સંયમથી અનાશ્રવપણું, તપથી વ્યવદાનનું ફળ છે. યાવત્ પૂર્વતપ-પૂર્વસંયમ-કર્મિતા-સંગિતાથી હે આર્યો દેવો દેવલોકે ઉપજે છે. આ અર્થ સત્ય છે, પણ અમારા અભિમાનથી કહ્યો નથી. આ વાત કેમ મનાય ? ત્યારે ગૌતમે આ કથા સાંભળતા તેઓ તેમાં — જિજ્ઞાસામાં શ્રદ્ધાવાળા યાવત્ કુતુહલવાળા થયા. તેઓ યથાપર્યાપ્ત ગૌચરી લઈને રાજગૃહ નગરથી નીકળીને ત્વરારહિત યાવત્ ઈર્યા સમિતિ શોધતા, ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવ્યા.*

*ભગવંત મહાવીરની સમીપે ગમનાગમન પ્રતિક્રમણ કર્યું. એષણીય-અનેષણીયની આલોચના કરી, આહાર-પાણી દેખાડીને ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું — હે ભગવન્ ! આપની અનુજ્ઞા મેળવી રાજગૃહ નગરના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાર્થે ફરતા ઘણાં લોકોના શબ્દો સાંભળ્યા. હે દેવાનુપ્રિયો ! તુંગિકાનગરીની બહાર પુષ્પવતી ચૈત્યમાં ભ૰ પાર્શ્વનાથના શિષ્યોએ - x - યાવત્ - x - પૂર્વવત્ કહેવું.*

*હે ભગવન્ ! શું તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવાને સમર્થ છે ? કે અસમર્થ છે ? ભગવન્ ! તેઓ શ્રાવકોને આવો જવાબ આપવાને સમિત છે કે અસમિત છે ? ભગવન્ ! તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવા ઉપયોગવાળા છે કે નથી ? - x - x - આવો જવાબ દેવાને વિશિષ્ટ જ્ઞાની છે કે નથી ? કે પૂર્વતપ, પૂર્વ સંયમ, કાર્મિતા, સંગિતાથી દેવો દેવલોકે ઉપજે છે, ઇત્યાદિ - x -*

*હે ગૌતમ ! તે સ્થવિરો શ્રાવકોને તેવો જવાબ દેવાને સમર્થ છે - અસમર્થ નથી. શેષ તેમજ જાણવું. યાવત્ સમર્થ છે, સમિત છે, અભ્યાસવાળા છે, વિશિષ્ટ જ્ઞાની છે યાવત્ તે વાત સાચી છે, આત્માની મોટાઈ દેખાડવા કહેલ નથી. ગૌતમ ! હું પણ એમ જ કહું છું - ભાખું છું - જણાવું છું - પ્રરૂપું છે કે પૂર્વતપ - પૂર્વ સંયમ - કર્મિતા - સંગિતાથી દેવો દેવલોકમાં ઉપજે છે. આ અર્થ સત્ય છે પણ અમારી મોટાઈ દેખાડવા કહ્યો નથી.*

● વિવેચન-૧૩૪ :-

કાયિકી ત્વરારહિત, માનસિક ચપળતારહિત, અસંભ્રાન્તજ્ઞાની, ઘરોમાં જે ભિક્ષા તેને ભિક્ષા સામાચારી મુજબ લેવી. ધુંસરા પ્રમાણ અંતર-સ્વશરીર પ્રમાણ દૃષ્ટિ વડે જોતાં. રિયં એટલે ઈર્યા-ગમન. સ્થવિરોનું આ વચન કઈ રીતે માનવું ? એવું ઘણાં લોકો કહે છે. પ્રભૂ - સમર્થ, સમિઅ - તેઓ સમ્યક્પણે કથન કરવા સમર્થ છે - વિપરીત જ્ઞાનરહિત છે ? અથવા સારી પ્રવૃત્તિવાળા કે અભ્યાસી છે ? ઉપયોગવાળા-જ્ઞાની છે ? સર્વ પ્રકારે જ્ઞાની છે ? હવે આ વિધાનનું ફળ કહે છે—

● સૂત્ર-૧૩૫,૧૩૬ :-

*[૧૩૫] ભગવન્ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનારને પર્યુપાસનાનું ફળ શું ? ગૌતમ ! શ્રવણફળ. ભગવન્ ! શ્રવણનું ફળ શું ? — જ્ઞાન. ભગવન્ ! જ્ઞાનનું શું ફળ ? — વિજ્ઞાન. ભગવન્ ! વિજ્ઞાનનું ફળ શું ? — પચ્ચક્ખાણ. ભગવન્ ! પચ્ચકખાણનું ફળ શું ? — સંયમ. ભગવન્ ! સંયમનું શું ફળ ? અનાશ્રવ. એ પ્રમાણે અનાશ્રવનું ફળ તપ. તપનું ફળ વ્યવદાન, વ્યવદાનનું ફળ - અક્રિયા. ભગવન્ ! અક્રિયાનું ફળ શું ? સિદ્ધિ અંતિમફળ.*

*[૧૩૬] શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પચ્ચકખાણ, પચ્ચક્ખાણથી સંયમ [ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.]*

● વિવેચન-૧૩૫,૧૩૬ :-

ઉચિત સ્વભાવાળા કોઈ પુરુષને કે તપસ્વી શ્રમણને ઉપલક્ષણથી કોઈ પણ ઉત્તરગુણવાળાને. माहन - પોતે હિંસાથી નિવૃત્ત હોય. બીજાને ‘ન હણો’ એમ કહેતો હોય. ઉપલક્ષણથી મૂળગુણ યુક્ત. અથવા શ્રમણ એટલે સાધુ, માહન એટલે શ્રાવક.

(સાધુ સેવાથી) સિદ્ધાંત શ્રવણ ફળ છે, શ્રવણથી શ્રુત જ્ઞાન થાય છે, શ્રુતજ્ઞાનથી હેય-ઉપાદેય વિવેકકારી વિજ્ઞાન પ્રાપ્ત થાય. વિશિષ્ટ જ્ઞાનથી જ પાપનું પચ્ચક્ખાણ કરે, પ્રત્યાખ્યાન કરેલને જ સંયમ હોય. સંયમવાન્ પ્રાયઃ નવા કર્મો ન ઉપાર્જે. અનાશ્રવી જીવ જ લઘુકર્મત્વથી તપ કરે છે. તપથી જૂના કર્મો નિર્જરે છે. કર્મ નિર્જરાથી યોગનિરોધ થાય છે. છેલ્લે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

તેની સંગ્રહ ગાથા છે - તથારૂપ શ્રમણાદિને પર્યુપાસના યથોક્ત ફળવાળી થાય. અતથારૂપને નહીં. હવે અસત્યવાદીને કહે છે—

● સૂત્ર-૧૩૭ :-

*અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે - ભાખે છે - જણાવે છે - પ્રરૂપે છે :- રાજગૃહનગરની બહાર, વૈભાર પર્વતની નીચે, પાણીનો એક મોટો દ્રહ છે, તે અનેક યોજન લાંબા-પહોળો છે, અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે સશ્રીક છે - યાવત્ - પ્રતિરૂપ છે. તેમાં ઘણાં ઉદાર મેઘ સંસ્વેદે છે, સંમૂર્છે છે અને વરસે છે. તદુપરાંત તેમાં સદા ગરમ-ગરમ પાણી ઝર્યા કરે છે. ભગવન્ ! એ કેવી રીતે છે ?*

*ગૌતમ! જે અન્યતીર્થિકો આમ કહે છે, યાવત્ જે તે પ્રરૂપે છે તે ખોટું કહે છે યાવત્ બધું જાણવું યાવત્ હે ગૌતમ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છે - રાજગૃહ નગર બહાર વૈભાર પર્વતની પાસે મહાતપોપતીરપ્રભવ નામે ઝરણું છે, તે લંબાઈ-પહોળાઈથી ૫૦૦ ધનુષ્ છે, તેનો અગ્રભાગ અનેક જાતનાં વૃક્ષખંડોથી શોભિત છે, સશ્રીક-દર્શનીય-પ્રાસાદીય-અભિરૂપ-પ્રતિરૂપ છે. તેમાં ઘણાં ઉષ્ણયોનિક જીવો અને પુદ્ગલો પાણીપણે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ચય-ઉપચય પામે છે. તદુપરાંત તેમાંથી સદા સમિત ઉષ્ણ જળ ઝર્યા કરે છે. હે ગૌતમ! મહાતપોતીરપ્રભવ ઝરણું છે અને એ જ એનો અર્થ છે - - ભગવન્! તે એમ જ છે. એમ જ છે, કહી ગૌતમસ્વામી ભગવંત મહાવીરને વંદે છે નમે છે.*

● વિવેચન-૧૩૭ :-

પર્વતના ઉપરના ભાગમાં નીચે દ્રહ છે, તેનું નામ ‘અઘ’ છે. ક્યાંક દ્રહ પાઠ

નથી, 'અઘ'ને બદલે 'અપ્પ' પાઠ છે. તેનો અર્થ 'પાણીનું ઉત્પત્તિ સ્થાન' દ્રહ જ છે. વિસ્તારવાળા મેઘો પડવાની તૈયારીમાં હોય છે, પડે છે, કુંડ ભરાવા ઉપરાંત ઉકળેલું પાણી ઝરે છે. તેમનું કથન ખોટું છે. કેમકે તેઓ વિભંગજ્ઞાની છે. પ્રાયઃ સર્વજ્ઞ વચન વિરુદ્ધ અને પ્રાયઃ વ્યવહારિક પ્રત્યક્ષથી પણ તેઓના કહેવા કરતાં ઉલટું જણાય છે. તે લગભગ પાસે છે. કહેનાર દ્વારા દેખાડાતા સ્થાને 'મહાતપોતીરપ્રભવ' - જેની ઉત્પત્તિ મહા આતપની પાસે છે, ત્યાં ઝરણું ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે, બીજી રીતે - નાશ પામે છે, ઉત્પન્ન થાય છે. તેનો ઉપસંહાર એ છે કે — અન્યતીર્થિકોએ કલ્પેલ 'આપ્ય' દ્રહ તે મહાતપોતીરપ્રભવ નામે ઝરણું છે, તેનો અર્થ અન્વર્થ છે.

**શતક-૨, ઉદ્દેશો-૫નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૬-'ભાષા' ❀

— x — x — x — x —

૦ પાંચમાં ઉદ્દેશાને અંતે અન્યતીર્થિકોને મિથ્યાભાષી કહ્યા. છટ્ઠામાં ભાષાનું સ્વરૂપ કહે છે - તેમાં સૂત્ર -

● **સૂત્ર-૧૩૮ :-**

***ભગવન્ ! 'ભાષા અવધારિણી છે' એમ હું માનું ? અહીં ભાષાપદ કહેવું.***

● **વિવેચન-૧૩૮ :-**

- x - x - જેના દ્વારા અવધારણ થાય તે અવધારણી એટલે જ્ઞાનના બીજભૂત. બોલાય તે ભાષા. શબ્દપણે બહાર કાઢેલી અને શબ્દપણે બહાર કઢાતી જે દ્રવ્ય સંહતિ તે ભાષા. આ શબ્દાર્થ કહ્યો, વાક્યાર્થ આ પ્રમાણે - હે ભગવન્ ! હું એમ માનું કે ભાષા અવધારણી છે ? આ સૂત્રના ક્રમથી પ્રજ્ઞાપનાનું ૧૧-મું ભાષા પદ અહીં કહેવું. આ ભાષા પદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અને 'સત્ય' આદિ ભેદ વડે, અનેક પર્યાયોથી વિચારી છે.

**શતક-૨, ઉદ્દેશો-૬ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૭-"દેવ" ❀

— x — x — x — x —

૦ ભાષા વિશુદ્ધિથી દેવત્વ પામે. તેથી દેવવિશે કથન-

● **સૂત્ર-૧૩૯ :-**

***ભગવન્! દેવો કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભેદે, તે આ - ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. - ભગવન્! ભવનપતિ દેવોનો સ્થાનો ક્યાં છે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ઇત્યાદિ 'સ્થાન પદ'માં દેવોની વક્તવ્યતા છે, તે કહેવી. વિશેષ એ — ભવનો કહેવા, તેમનો ઉપપાત લોકના અસંખ્ય ભાગમાં થાય છે, એ બધું કહેવું - યાવત્ - સિદ્ધગંડિકા પૂરી કહેવી. કલ્પોનું પ્રતિષ્ઠાન, જાડાઈ-ઉંચાઈ-સંસ્થાન, એ જીવાભિગમમાં કહેલ - યાવત્ - વૈમાનિક ઉદ્દેશો.***



● **વિવેચન-૧૩૯ :-**

દેવો કેટલી જાતના છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા 'સ્થાન' નામક પદમાં દેવોની વક્તવ્યતા છે, તે પ્રકારે અહીં કહેવી. નવરં ભવણ૦ એ પાઠ ક્યાંક દેખાય છે, તેનો અર્થ યોગ્ય રીતે જાણી શકાતો નથી. દેવ વક્તવ્યતા આ છે - ૮૦ લાખ યોજન જાડી રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચે એક-એક હજાર [લાખ-?] યોજન છોડીને વચ્ચેના ૭૮ લાખ યોજનમાં ભવનવાસી દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો છે, એમ કહ્યું છે ઇત્યાદિ. ત્યાં રહેલ વિશેષાર્થને વિશેષથી દર્શાવે છે - ઉપપાત એટલે ભવનપતિની પોતાની સ્થાન પ્રાપ્તિ સંબંધી તત્પરતા. તેને આશ્રીને લોકના અસંખ્યાતમાં ભાગે ભવનવાસી રહે છે. એ પ્રમાણે બધું કહેવું.

તે આ છે - મારણાંતિકાદિ સમુદ્દ્ઘાતમાં વર્તનારા ભવનપતિઓ લોકના અસંખ્યાત ભાગમાં જ રહે છે. તથા સ્વ સ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહે છે. કેમકે તેમના સાતિરેક સાત કરોડ ભવનો લોકના અસંખ્યેયભાગવર્તી છે. એ પ્રમાણે અસુરકુમાર સંબંધે પણ જાણવું. દક્ષિણ અને ઉત્તરના ભવનપતિઓ, યથોચિતપણે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો એ બધાંના સ્થાનો કહેવા. તે સિદ્ધ કંડિકા પ્રકરણ સુધી કહેવા.

તે આ પ્રમાણે — સિદ્ધોના સ્થાન ક્યાં છે ? વગેરે. [શંકા] દેવ-સ્થાન અધિકારમાં સિદ્ધ-સ્થાન અધિકાર, 'સ્થાન' બળથી જાણવો. બીજું જીવાભિગમ સૂત્રમાં કહેલું અહીં જાણવું. તે આ રીતે — કલ્પ વિમાનના આધાર સંબંધે કહેવું. જેમકે - ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાનપૃથ્વી કોને આધારે છે ? ગૌતમ ! ઘનોદધિના આધારે. ઇત્યાદિ. - x - x - વિમાન પૃથ્વીની જાડાઈ કહેવી. તે આ રીતે — સૌધર્મ, ઈશાન કલ્પે વિમાનપૃથ્વીની જાડાઈ કેટલી કહી છે ? ૨૭૦૦ યોજન કહી છે. ઇત્યાદિ - x - x - કલ્પ વિમાનોની ઉંચાઈ કહેવી. તે આ રીતે - ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પે વિમાનો કેટલાં ઉંચા છે. ગૌતમ ! ૫૦૦ યોજન. - x - x - વિમાનોનો આકાર કહેવો. તે આ રીતે — ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાનોનો આકાર કેવો છે ? ગૌતમ ! જે વિમાનો આવલિકા પ્રવિષ્ટ છે, તે ગોળ-ત્રિકોણ-ચતુષ્કોણ છે, જે આવલિકા પ્રવિષ્ટ નથી તે અનેક આકારવાળા છે. છેલ્લે અતિદેશથી કહે છે - વિમાનોનું પ્રમાણ, રંગ, કાંતિ આદિ કહેવા.

**શતક-૨, ઉદ્દેશો-૭-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૮-'ચમરચંચા' ❀

— x — x — x — x —

૦ દેવ સ્થાનાધિકારથી 'ચમરચંચા'ને જણાવે છે—

● **સૂત્ર-૧૪૦ :-**

***ભગવન્ ! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની સુધર્માસભા ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે તીર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રો ગયા***

*પછી અરુણવરદ્વીપના વેદિકાના બાહ્ય છેડાથી અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમરનો તિગિચ્છિકકૂટ નામે ઉત્પાતપર્વત છે. તે ૧૭૨૧ યોજન ઉંચો છે, ૪૦૦ યોજન અને એક કોશ તેનો ઉદ્વેધ છે. તેનું માપ ગોસ્તુભ આવાસ પર્વત પ્રમાણે જાણવું. વિશેષ આ - ઉપરનું પ્રમાણ વચલા ભાગનું સમજવું અર્થાત્ તિગિચ્છિકકૂટ પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૨૨ યોજન વચ્ચે ૪૨૪ યોજન છે. ઉપરનો વિષ્કંભ ૭૨૩ યોજન છે. તેનો પરિક્ષેપ મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક વિશેષ ઉણ છે. વચલો પરિક્ષેપ ૧૩૪૧ યોજનથી કંઈક વિશેષોણ છે. ઉપલો પરિક્ષેપ ૨૨૮૬ યોજનથી વિશેષાધિક છે. તે મૂળમાં વિસ્તૃત, મધ્યે સાંકડો અને ઉપર વિશાળ છે.*

*તેનો વચલો ભાગ ઉત્તમ વજ્ર જેવો છે, મોટા મુકુંદના સંસ્થાને સંસ્થિત છે. આખો રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે તે ઉત્તમ કમળની એક વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટળાએલ છે. પદ્મવર વેદિકા અને વનખંડનું વર્ણન જાણવું.*

*તે તિગિચ્છિક કૂટ ઉત્પાતપર્વતનો ઉપરનો ભાગ ઘણો સમરમણીય છે [વર્ણન]. તે બહુ સમરમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગે એક મોટો પ્રાસાદાવતંસક છે, તેની ઉંચાઈ ૨૫૦ યોજન છે, વિષ્કંભ ૧૨૫ યોજન છે. [પ્રાસાદ વર્ણન] તેની ઉપરી ભાગનું વર્ણન કરવું. આઠ યોજનની મણિપિઠિકા છે. ચમરનું સિંહાસન પરિવાર સહિત કહેવું.*

*તે તિગિચ્છિકૂટ પર્વતની દક્ષિણે અરુણોદય સમુદ્રમાં ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન તીર્છું જતા નીચે રત્નપ્રભા પૃથ્વીનો ૪૦ હજાર યોજન ભાગ ગયા પછી અહીં અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની ચમરચંચા રાજધાની છે. તેનો આયામ-વિષ્કંભ એક લાખ યોજન છે. તે જંબૂદ્વીપ પ્રમાણ છે. તેનો પ્રાકાર ૧૫૦ યોજન ઉંચો છે, તેનો વિષ્કંભ મૂળમાં ૫૦ યોજન, ઉપરના ભાગનો વિષ્કંભ ૧૩॥ યોજન છે. તેના કાંગરાની લંબાઈ અડધો યોજન છે. પહોળાઈ એક કોશ છે. ઉંચાઈ કંઈક ન્યૂન અડધો યોજન છે. વળી એક-એક બાહામાં ૫૦૦-૫૦૦ દ્વારો છે. દ્વારની ઉંચાઈ ૨૫૦ યોજન, વિષ્કંભ ૧૨૫ યોજન છે. ઉપરિતલયન ૧૬,૦૦૦ યોજન આયામ-વિષ્કંભથી છે, પરિક્ષેપ ૫૦,૫૯૭ યોજનથી કંઈક વિશેષોન છે. સર્વ પ્રમાણ વડે વૈમાનિકના પ્રમાણથી અહીં બધું અડધું પ્રમાણ જાણવું.*

*સુધર્માસભા, ઈશાનકોણના જિનગૃહ, પછી ઉપપાત સભા, દ્રહ, અભિષેક, અલંકારસભા એ બધું વિજયદેવ માફક. સંકલ્પ, અભિષેક, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, સિદ્ધાયતન આ બધાંનો આલાવો, ચમરનો પરિવાર, ઈષ્ટત્વ.*

● **વિવેચન-૧૪૦ :-**

અસુરેન્દ્રત્વ માત્ર ઐશ્વર્યથી પણ હોય, તેથી કહે છે. અસુર રાજાનું - અસુર નિકાય જેને વશવર્તી છે તે. ચમરને તિર્છાલોકમાં જવું હોય ત્યારે જે પહેલો પર્વત આવે તે ઉત્પાત પર્વત. ગોસ્તુભ પર્વત લવણસમુદ્રની મધ્યે પૂર્વ દિશામાં નાગરાજ આવાસ



પર્વત છે. તેના આદિ-મધ્ય-અંતનું વિષ્કંભ પ્રમાણ આ છે — ૧૦૨૨, ૭૨૩, ૨૪૨ યોજન. અહીં વિશેષથી કહે છે — તેના વિષ્કંભ મૂલમાં ૧૦૨૨, મધ્યે-૪૨૪, ઉપર-૭૨૩ યોજન છે. પરિક્ષેપ મૂલમાં કંઈક વિશેષ ન્યૂન ૩૨૩૨ યોજન, મધ્યે-કંઈક વિશેષોન ૧૩૪૧, ઉપર સાધિક ૨૨૮૬ યોજન છે. બીજા પુસ્તકમાં આ બધી હકીકત મૂળમાં છે.

જેનો આકાર ઉત્તમ વજ્ર જેવો છે. એટલે વચ્ચે પાતળો. એ જ કહે છે — મુકુંદ એક વાદ્ય વિશેષ, આકાશ સ્ફટિકવત્ નિર્મળ. યાવત્ શબ્દથી શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણ પુદ્ગલથી બનેલ, સુંવાળો, ધૃષ્ઠ એટલે શરાણ પર ઘસેલ પ્રતિમા માફક ઘસેલ, સુકુમાર શરાણથી પ્રતિમા કે પ્રમાર્જનિકા વડે શોધિત, તેથી જ રજરહિત, કઠિનમલ રહિત, આર્દ્રમલ રહિત, નિરાવરણ દીપ્તિ, સારા પ્રભાવવાળો, કિરણવાળો, નજીકના પદાર્થને ઉદ્યોતક, પ્રાસાદીય.

વેદિકા વર્ણન - તે પદ્મવરવેદિકા અર્ધ યોજન ઉંચી, વિષ્કંભ ૫૦૦ ધનુષ્, રત્નની બનેલી છે, તેનો પરિક્ષેપ તિગિચ્છિકૂટના ઉપરના ભાગના પરિક્ષેપ જેટલો છે. વેદિકાનું સંક્ષિપ્ત વર્ણન આ હતું નેમ-સ્તંભના મૂળ પાયા. વનખંડ વર્ણન આ - ઘેરાવો દેશોન બે યોજન. પરિક્ષેપ પદ્મવરવેદિકાના પરિક્ષેપ જેટલો છે. તે કૃષ્ણ અને કૃષ્ણ કાંતિવાળો છે ઇત્યાદિ.

તેનો ભૂમિભાગ તદ્દન સમ અને રમણીય છે. તેનું વર્ણન આ - તે ભૂમિ ભાગ મુરજ મુખ સમાન છે, તે મૃદંગ પુષ્કર જેવો, સરોવરના તલ, આદર્શમંડલ, હાથના તલ, ચંદ્રમંડલ જેવો છે.

પ્રાસાદાવતંસક - સૌથી સારો, ઉંચો પ્રાસાદ. તેનું વર્ણન આ છે - તે વાદળા માફક ઉંચો, અત્યંત ચળકતો હોવાથી હસતો હોય તેવો, કાંતિથી ધોળો અથવા પ્રભાસિત છે. મણિ-સોનું અને રત્નોની કારીગરીથી વિચિત્ર છે ઇત્યાદિ. પ્રાસાદના ઉપરી ભાગનું વર્ણન કરવું. તે આ — તેના ઉપરી ભાગમાં બળદ, ઘોડો, પુરુષ, મગર, પક્ષી, મિંદડો, કિન્નર, સાવર, શરભ, ચમર, હાથી, વન, વલોયું, પદ્મની વેલ એ બધાંની કારીગરીવાળા ચિત્ર હતાં. યાવત્ તે સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

ભૂમિનું વર્ણન - તે ઉત્તમ ઉંચા પ્રાસાદનો ભૂમિભાગ તદ્દન સમ અને સુંદર છે, મુરજના મુખ જેવો છે ઇત્યાદિ.

ચમરના પરિવારના સિંહાસન સહિત સિંહાસન કહેવું. તે આ — સિંહાસનની વાયવ્ય-ઉત્તર-ઈશાને ચમરના ૬૪,૦૦૦ સામાનિક દેવોના ૬૪,૦૦૦ ભદ્રાસનો છે. પૂર્વમાં પરિવારસહિત પાંચ પટ્ટરાણીના પાંચ ભદ્રાસન સપરિવાર છે. અગ્નિ ખૂણામાં અભ્યંતર પર્ષદાના ૨૪,૦૦૦ દેવોનો ૨૪,૦૦૦ ભદ્રાસનો છે. દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૨૮,૦૦૦ ભદ્રાસનો, નૈઋત્યમાં બાહ્ય પર્ષદાના ૩૨,૦૦૦ ભદ્રાસનો છે. પશ્ચિમે સાત સેનાધિપતિના સાત ભદ્રાસનો છે. ચારે દિશામાં આત્મરક્ષક દેવોના ૬૪-૬૪ હજાર ભદ્રાસનો છે. વાંચનાંતરમાં ભૌમ - નગરાકાર વિશિષ્ટ સ્થાન પાઠ છે, ઉપરિલયન એટલે પીઠબંધ સમાન.

તે રાજધાનીમાં જે કિલ્લો, પ્રાસાદ, સભાદિ વસ્તુ છે, તેનું ઉંચાઈ આદિનું

પ્રમાણ સૌધર્મ વિમાનના કિલ્લાદિ કરતા અડધું છે. સૌધર્મ વિમાનોના પ્રાકાર ૩૦૦ યોજન ઉંચા છે, તેથી અહીં ૧૫૦ યોજન. સૌધર્મ દેવોનો મૂલ પ્રાસાદ ૫૦૦ યોજન અને તેના પરિવારરૂપ બીજા ચાર પ્રાસાદો ૨૫૦ યોજન ઉંચા છે, તે ચાર પ્રાસાદની પ્રત્યેકની આસપાસ બીજા ચાર-ચાર પ્રાસાદો છે, તેની ઉંચાઈ ૧૨૫ યોજન છે. તે ચારે પ્રાસાદોની આસપાસ બીજા ચાર-ચાર પ્રાસાદો છે, તે ૬૨॥ યોજન, એ પ્રમાણે બીજા ચાર પ્રાસાદો ૩૧। યોજન. તેથી અહીં તે બધાંનું અડધું કહેવું.

ચારે પરિપાટીમાં બધાં મળીને ૩૪૧ પ્રાસાદો છે. તેનાથી ઈશાનમાં સુધર્માસભા, સિદ્ધાયતન, ઉપપાત સભા, દ્રહ, અભિષેક સભા અને વ્યવસાય સભા છે. તે બધાંનું પ્રમાણ સૌધર્મદેવોની સભા કરતા અડધું જાણવું. તેથી તેની ઉંચાઈ ૩૬ યોજન, લંબાઈ-૫૦ યોજન, વિષ્કંભ-૨૫ યોજન છે. વિજય દેવની સભા - x - માફક - x - વર્ણન કરવું જીવાભિગમ સૂત્રમાં વિજયદેવની સભામાં જે કહ્યું તે બધું અહીં ચમર સભામાં કહેવું - x - x - x - વાંચનાંતરે આ બધું અર્થથી કહ્યું છે. अभिषेक सभा - સામાનિક દેવાદિકૃત્ અભિષેક, अलंकार सभा - વસ્ત્ર અલંકારથી કરેલ શણગાર, વ્યવસાય સભા - પુસ્તક વાંચનથી વ્યવસાય કરવો, સિદ્ધાયતનમાં-જિનપ્રતિમા-પૂજન વગેરે.

**શતક-૨, ઉદ્દેશો-૮-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૯-સમયક્ષેત્ર ❀

— x — x — x — x —

૦ ચમરચંચા રૂપ ક્ષેત્ર કહ્યું, અહીં સમય ક્ષેત્ર કહે છે –

● **સૂત્ર-૧૪૧ :-**

***ભગવન્ ! આ સમયક્ષેત્ર શું કહેવાય છે ? ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર એટલું એ સમયક્ષેત્ર કહેવાય. તેમાં આ જંબૂદ્વીપ છે તે બધાં દ્વીપ-સમુદ્રોની વચ્ચોવચ્ચ છે. એ પ્રમાણે બધું જીવાભિગમ સૂત્ર મુજબ કહેવું યાવત્ અભ્યંતરપુષ્કરાર્દ્ધદ્વીપ. પણ તેમાં જ્યોતિષ્કની હકીકત ન કહેવી.***

● **વિવેચન-૧૪૧ :-**

સમય એટલે કાળ, તેનાથી ઉપલક્ષિત ક્ષેત્ર તે સમયક્ષેત્ર. સૂર્યગતિથી ઓળખાતો દિવસ, માસાદિ રૂપ કાળ, મનુષ્ય ક્ષેત્રમાં જ છે, આગળ નથી. કેમકે આગળ સૂર્યો ગતિવાળા નથી. એ રીતે જીવાભિગમ વક્તવ્યતા કહેવી. તે આ રીતે - ૧૦૦૦ યોજનનો આયામ-વિષ્કંભ છે, ઇત્યાદિ. ત્યાં જંબૂદ્વીપાદિ મનુષ્ય ક્ષેત્ર વક્તવ્યતા કહી છે. જ્યોતિષ્ક વક્તવ્યતા પણ ત્યાં છે, તે અહીં ન કહેવી.

વાચનાંતરમાં जोइसअट्ठविहूणं પાઠ છે. તેમાં - ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે ? કેટલા સૂર્યો તપે છે ? કેટલા નક્ષત્રો યોગ કરે છે ? ઇત્યાદિ પ્રત્યેક જ્યોતિષ્ક સૂત્રો છે. ભગવન્ ! આ જંબૂદ્વીપ દ્વીપ એમ કેમ કહ્યું ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે, લવણસમુદ્રની દક્ષિણે યાવત્ ત્યાં ઘણાં જંબૂવૃક્ષો જંબૂવર્ણના



યાવત્ રહેલા છે, તેથી હે ગૌતમ ! આ જંબૂદ્વીપ છે તેમ કહ્યું. આદિ પ્રત્યેક અર્થસૂત્રો છે એ સિવાયની જીવાભિગમની વક્તવ્યતા કહેવી.

યાવત્ - આ સંગ્રહ ગાથા - अरहंत समय बादर૦ ત્યાં આ સંબંધથી તેનો અર્થ પ્રસંગ પ્રાપ્ત છે. જંબૂદ્વીપાદિથી માનુષોત્તર સુધીના વર્ણનને અંતે કહ્યું છે - જ્યાં સુધી માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી મનુષ્ય લોક છે. જ્યાં સુધી અરહંત, ચક્રવર્તી યાવત્ શ્રાવિકાદિ છે, ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી સમય, આવલિકાદિ છે યાવત્ ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી સ્થૂળ અગ્નિકાય છે, સ્થૂળ વિજળી, મેઘના સ્થૂળ ગડગડાટાદિ છે ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી આગર, નિધિ, નદી છે ત્યાં સુધી આ લોક છે. ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ થાય છે, ત્યાં સુધી આલોક છે ઇત્યાદિ.

**શતક-૨, ઉદ્દેશો-૯નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૧૦ 'અસ્તિકાય' ❀

— x — x — x — x — x —

૦ અનંતર ક્ષેત્ર કહ્યું, તે અસ્તિકાયના દેશરૂપ હોવાથી –

● **સૂત્ર-૧૪૨,૧૪૩ :-**

***[૧૪૨] ભગવન્ ! અસ્તિકાયો કેટલા કહ્યા ? ગૌતમ ! પાંચ૦ તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય - ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. ગૌતમ ! તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી, તે અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોક દ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ પ્રકારે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ગુણથી. દ્રવ્યથી-ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, ક્ષેત્રથી તે લોક પ્રમાણ માત્ર છે, કાળથી તે કદી ન હતું એમ નથી - નથી એમ નથી - યાવત્ - તે નિત્ય છે. ભાવથી તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે, ગુણથી તે ગતિગુણવાળો છે.***

***અધર્માસ્તિકાય પણ એમજ છે. વિશેષ એ કે તે સ્થિતિ ગુણવાળો છે. આકાશાસ્તિકાય એમ જ છે. વિશેષ આ - આકાશાસ્તિકાય ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ, અનંત યાવત્ અવગાહના ગુણવાળો છે.***

***ભગવન્! જીવાસ્તિકાયને કેટલા – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. ગૌતમ! તે વર્ણરહિત યાવત્ અરૂપી છે, જીવ છે, શાશ્વત. અવસ્થિત લોકદ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ ભેદે છે – દ્રવ્યથી યાવત્ ગુણથી. દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત જીવદ્રવ્યરૂપ છે. ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે. કાળથી કદી ન હતો તેમ નહીં યાવત્ નિત્ય છે. ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શરહિત છે. ગુણથી ઉપયોગ ગુણવાળો છે.***

***ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયમાં કેટલા – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળો, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોકદ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ ભેદે છે - દ્રવ્ય યાવત્ ગુણથી. દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનંત દ્રવ્ય છે, ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે, કાળથી કદી ન***

*હતો તેમ નથી યાવત્ નિત્ય છે, ભાવથી-વર્ણાદિયુક્ત છે, ગુણથી ગ્રહણગુણી છે.*

*[૧૪૩] ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ તે ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એ રીતે બે, ત્રણ, ચાર યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત ધર્માસ્તિકાય પ્રદેશને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એક પ્રદેશોન પણ ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો ? એક ધર્માસ્તિકાય પ્રદેશ ધર્માસ્તિકાય ન કહેવાય યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાય ધર્માસ્તિકાય ન કહેવાય ? ગૌતમ ! ચક્રનો ભાગ ચક્ર કહેવાય કે સકલ ચક્ર ? ભગવન્ ! આખું ચક્ર ચક્ર કહેવાય, તેનો ખંડ નહીં. એ રીતે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્ર, શસ્ત્ર, મોદક. એ રીતે હે ગૌતમ ! એક ધર્માસ્તિકાય પ્રદેશ યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય ન કહેવાય. તો ભગવન્ ! ધર્માસ્તિકાય શું કહેવાય ? ગૌતમ ! ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશ છે. તે સર્વે પૂર્ણ, પ્રતિપૂર્ણ, નિરવશેષ, એવા એક જ શબ્દથી કહી શકાય તો ધર્માસ્તિકાય કહેવાય. એ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાયને જાણવા. વિશેષ એ – ત્રણ અનંતપ્રદેશિક જાણવા. બાકી બધું તે જ પ્રમાણે સમજવું.*

● **વિવેચન-૧૪૨,૧૪૩ :-**

અસ્તિ એટલે પ્રદેશ, તેની રાશિ એટલે અસ્તિકાય અથવા અસ્તિ એ ત્રણે કાળનો સૂચક નિપાત છે. અર્થાત્ જે થયા છે - થાય છે અને થશે એવા પ્રદેશોનો સમૂહ તે 'અસ્તિકાય'. ધર્માસ્તિકાયાદિનો આ જ ક્રમ છે. માંગલિકત્વથી ધર્માસ્તિકાય પહેલાં કહ્યું, પછી તેના વિપક્ષ રૂપ અધર્માસ્તિકાય, પછી તેના આધારરૂપ આકાશાસ્તિકાય કહ્યું. પછી અનંતત્વ-અમૂર્તત્વ-સાધર્મ્યતાથી જીવાસ્તિકાય લીધું. તેના ઉપયોગીપણાથી પછી પુદ્‌ગલાસ્તિકાય મૂક્યું.

વર્ણાદિ રહિત હોવાથી અરૂપી-અમૂર્ત છે. પણ તે ધર્મ રહિત નથી. તે દ્રવ્યથી શાશ્વત અને પ્રદેશથી અવસ્થિત છે. પાંચ અસ્તિકાય એ લોકના અંશરૂપ દ્રવ્ય છે. ભાવથી એટલે પર્યાયથી, ગુણથી એટલે કાર્યથી. માછલાને પાણીની માફક ગતિપરિણત જીવ-પુદ્‌ગલોને ગતિમાં સહાયક છે. અધર્માસ્તિકાય-સ્થિતિપરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિમાં સહાયક છે. જીવાદિને અવકાશનું કારણ છે માટે આકાશાસ્તિકાય અવગાહના ગુણવાળું છે. ઉપયોગ એટલે સાકાર-નિરાકાર ચૈતન્ય ગુણ. ગ્રહણ એટલે પરસ્પર સંબંધ. કેમકે ઔદારિકાદિ અનેક પુદ્‌ગલો સાથે જીવનો સંબંધ છે.

જેમ ચક્રનો ખંડ ચક્ર ન કહેવાય, પણ આખું ચક્ર જ ચક્ર કહેવાય. એ રીતે એક પ્રદેશ ન્યૂન પણ તે ધર્માસ્તિકાય ન કહેવાય. આ નિશ્ચયનયનો મત છે. વ્યવહારનયથી એક દેશ ન્યૂન પણ વસ્તુ વસ્તુ જ કહી. જેમ ઘટનો ખંડ પણ ઘટ કહેવાય. છિન્ન કર્ણ હોય તો પણ કુતરો કુતરો કહેવાય. - x - હવે શું વળી - થોડાં ઘણાં પદાર્થો પણ પદાર્થો કહેવાય કેમકે સર્વ શબ્દ એકદેશીયતાનો સૂચક છે. અહીં સર્વ શબ્દની પ્રવૃત્તિ ન થાય, તે માટે કહ્યું પુરેપુરા - સર્વ પ્રકારે બધાં, તે સ્વભાવરહિત



પણ હોય, માટે કહ્યું – પ્રતિપૂર્ણ. - x - વળી કહે છે – નિરવશેષ એટલે પ્રદેશાંતરથી પણ સ્વસ્વભાવે ન્યૂન નહીં, ધર્માસ્તિકાયરૂપ એક શબ્દથી કહી શકાય તેવા અથવા આ બધાં શબ્દો સમાનાર્થી છે. ધર્મ-અધર્મ બંનેના અસંખ્ય પ્રદેશો કહ્યા. આકાશાદિના અનંતા કહ્યા, કેમકે તે ત્રણે અનંત પ્રદેશાત્મક છે. જીવનો ઉપયોગ ગુણ પૂર્વે કહ્યો. તેના દેશભૂત ગુણને કહે છે –

● **સૂત્ર-૧૪૪ :-**

*ભગવન્ ! ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમી જીવ આત્મભાવથી જીવ ભાવને દેખાડે છે એમ કહેવાય ? હે ગૌતમ ! હા, કહેવાય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવ અનંત આભિનિબોધિક જ્ઞાન પર્યવોના, એ રીતે શ્રુત-અવધિ - મનઃપર્યવ - કેવળજ્ઞાનના અનંત પર્યવોના, મતિ-શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનના પર્યવોના, ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવલદર્શનના અનંત પર્યવોના ઉપયોગને પામે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. તેથી એમ કહેવાય કે જીવ સઉત્થાનાદિથી યાવત્ જીવભાવ દેખાડે.*

● **વિવેચન-૧૪૪ :-**

ઉત્થનાદિ વિશેષણ હોવાથી અહીં મુક્ત જીવ લેવાનો નથી. આત્મભાવથી - ઉઠવું, સૂવું, જવું, ખાવું આદિ આત્મ પરિણામ વિશેષ. જીવત્વ-ચૈતન્યને દેખાડે છે એમ કહેવાય કેમકે જ્યારે વિશિષ્ટ ચેતના શક્તિ હોય ત્યારે વિશિષ્ટ ઉત્થાનાદિ હોય.

પર્યવ એટલે બુદ્ધિથી કરેલ વિભાગ. આભિનિબોધિક જ્ઞાનના તે પર્યવો અનંત હોય એથી ઉત્થાનાદિ ભાવે વર્તતો આત્મા તે સંબંધી ઉપયોગને આભિનિબોધિક જ્ઞાનના પર્યવરૂપ એક પ્રકારના ચૈતન્યને પામે છે.

[શંકા] ઉત્થાનાદિ આત્મભાવમાં વર્તતો જીવ જ્ઞાનાદિના ઉપયોગને પામે, તો શું તેણે પોતાનું ચૈતન્ય પ્રકાશ્યુ કહેવાય? પૂર્વ પ્રમાણે - ઉત્થાનાદિરૂપ આત્મભાવ દ્વારા ઉપયોગરૂપ જીવભાવને દર્શાવે છે એમ કહેવાય.

જીવ ચિંતા સૂત્ર કહ્યું. હવે તેનો આધાર ''આકાશચિંતા'' કહે છે–

● **સૂત્ર-૧૪૫ :-**

*ભગવન્ ! આકાશ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે ભેદે - તે આ - લોકાકાશ અને અલોકાકાશ. – ભગવન્ ! શું લોકાકાશ એ જીવો છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે, અજીવ છે, અજીવદેશ છે, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! તે જીવ પણ છે, જીવદેશ-જીવપ્રદેશ પણ છે, અજીવ પણ છે, અજીવદેશ-અજીવપ્રદેશ પણ છે. જે જીવો છે તે નિયમા એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયો અને અનિન્દ્રિયો છે. જે જીવદેશો છે તે નિયમા એકેન્દ્રિય દેશો યાવત્ અનિન્દ્રિય દેશો છે. જે જીવપ્રદેશો છે, તે નિયમા એકેન્દ્રિયપ્રદેશો યાવત્ અનિન્દ્રિયપ્રદેશો છે. અજીવો બે ભેદે છે. તે આ - રૂપી અને અરૂપી. રૂપી ચાર ભેદે છે, તે આ – સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલો. અરૂપી પાંચ ભેદે છે તે આ – ધર્માસ્તિકાય, નોધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાય પ્રદેશો, અધર્માસ્તિકાય,*

***નોઅધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, અદ્ધાસમય.***

**● વિવેચન-૧૪૫ :-**

લોકાકાશ, અલોકાકાશનું સ્વરૂપ આ છે — જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો રહે તે ક્ષેત્ર, તે દ્રવ્યો સહિત લોક અને તેથી ઉલટું તે અલોક. લોકાકાશાદિમાં છ પ્રશ્નો છે. તેમાં લોકાકાશરૂપ અધિકરણમાં સંપૂર્ણ જીવદ્રવ્યો છે. જીવના બુદ્ધિકલ્પિત બે વગેરે વિભાગો તે જીવદેશ. જીવ દેશના જ બુદ્ધિકલ્પિત નિર્વિભાગ પ્રકૃષ્ટ દેશો તે જીવપ્રદેશો. અજીવો એટલે ધર્માસ્તિકાય આદિ.

(શંકા) લોકાકાશમાં જીવ, અજીવ છે એમ કહેવાથી જીવો અને અજીવોના દેશો, પ્રદેશો છે જ તે જણાય છે, કેમકે તે દેશાદિ જીવ થકી નોખા નથી. તો પછી જીવ-અજીવના ગ્રહણ પછી દેશાદિનું ગ્રહણ શા માટે? — એવું નથી, જીવાદિ અવયવરહિત વસ્તુ છે તે મતના નિવારણ માટે છે. [પૂર્વે છ પ્રશ્નો કહ્યા, તેનો ઉત્તર આ છે—]

જીવા વિ. સૂત્રથી આદિ ત્રણ પ્રશ્નોના ઉત્તરો કહ્યા છે. છેલ્લા ત્રણ પ્રશ્નોનો ઉત્તર આ છે - પુદ્‌ગલો મૂર્ત છે. ધર્માસ્તિકાયાદિ અમૂર્ત છે. પરમાણુનો સમૂહ તે સ્કંધો, તેના બે વગેરે વિભાગ તે સ્કંધદેશો, તેના અવિભાજ્ય અંશો તે સ્કંધ પ્રદેશો. સ્કંધભાવને નહીં પામેલા પરમાણુ તે પરમાણુ પુદ્‌ગલો. તેથી લોકાકાશમાં રૂપી દ્રવ્યાપેક્ષાથી અજીવો, અજીવ દેશો, અજીવ પ્રદેશો પણ છે. અજીવ ગ્રહણથી તે ગ્રાહ્ય છે.

અરૂપીના અન્ય સ્થાને દશ ભેદ કહ્યા — આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદો અને દશમો સમય. અહીં ત્રણ ભેદવાળા આકાશને આધાર રૂપે ગણેલ છે, તેથી આધેયના સાત ભેદ કહ્યા. પણ તેની અહીં વિવક્ષા કરી નથી, તેનું કારણ આગળ જણાવશે.

જેની વિવક્ષા કરી છે તે પાંચ, કેવી રીતે ? જીવો અને પુદ્‌ગલો ઘણાં છે માટે એક જ જીવ કે પુદ્‌ગલ જ્યાં સમાઈ શકે તેટલી જ જગ્યામાં અનેક જીવો અને પુદ્‌ગલો સમાઈ શકે છે. તેથી જીવો અને પુદ્‌ગલો તથા તેઓના દેશો, પ્રદેશો સંભવે છે, તેથી જીવો, જીવદેશો અને જીવપ્રદેશો તથા રૂપી દ્રવ્યની અપેક્ષાએ અજીવો, અજીવ દેશો અને અજીવ પ્રદેશો એમ કહેવું સંગત છે કેમકે એક જ આશ્રયમાં જુદી જુદી ત્રણ વસ્તુનો સદ્‌ભાવ છે. ધર્માસ્તિકાયાદિમાં તો બે જ સંભવે છે. જ્યારે સંપૂર્ણ વસ્તુની વિવક્ષા થાય ત્યારે ધર્માસ્તિકાયાદિ કહેવાય છે. જ્યારે તેની અંશ વિવક્ષામાં તેના પ્રદેશ કહેવાય. કેમકે તેમનું અવસ્થિતરૂપત્વ છે. તેના દેશની કલ્પના અયુક્ત છે કેમકે તે અવસ્થિત રૂપવાળા નથી. જો કે જીવાદિ દેશો પણ અનવસ્થિતરૂપ છે. તો પણ તેઓના એક આશ્રયમાં ભેદના સંભવથી પ્રરૂપણા કરી છે અને ધર્માસ્તિકાયાદિમાં તેમ નથી કેમકે તે એક છે, સંકોચાદિ ધર્મરહિત છે. માટે જ તેનો નિષેધ કરવા નોધર્માસ્તિકાયદેશાદિ કહ્યું.

ચૂર્ણિકાર પણ કહે છે — અરૂપી દ્રવ્યો ‘સમુદય’ શબ્દથી કહેવાય છે અથવા તેને પ્રદેશથી કહેવા, પણ ‘દેશ’ શબ્દથી ન કહેવા. કેમકે તેઓના દેશોનું અનવસ્થિત પ્રમાણ છે. તેથી ‘દેશ’ શબ્દથી તેનો નિર્દેશ ન કરવો. વળી જે ‘દેશ’થી નિર્દેશ છે.



તે સવિષય-ગત વ્યવહાર-પરદ્રવ્ય સ્પર્શનાદિ ગત વ્યવહારસ્થ છે. તેમાં સ્વવિષયમાં ધર્માસ્તિકાયાદિ વિષયમાં જે દેશ શબ્દનો વ્યવહાર - જેમકે - ધર્માસ્તિકાય પોતાના દેશ વડે ઉર્ધ્વ લોકાકાશને સ્પર્શે છે ઇત્યાદિ. અદ્ધાસમય - અદ્ધા એટલે કાળ, સમય એટલે ક્ષણ. તે એક જ વર્તમાન ક્ષણ લક્ષણ છે. કેમકે ભૂતકાળ, ભાવિકાળ અસત્ રૂપ છે. - - લોકાકાશના છ પ્રશ્નોના ઉત્તર કહ્યા. હવે અલોકાકાશ—

**● સૂત્ર-૧૪૬,૧૪૭ :-**

***[૧૪૬] ભગવન્ ! શું અલોકાકાશ એ જીવો છે ? વગેરે પૂર્વવત્ પૃચ્છા, હે ગૌતમ ! તે જીવો નથી યાવત્ અજીવના પ્રદેશો પણ નથી, તે એક અજીવદ્રવ્ય દેશ છે. અગુરુલઘુ તથા અગુરુલઘુરૂપ અનંત ગુણોથી સંયુક્ત છે અને અનંત ભાગ ન્યૂન સર્વાકાશરૂપ છે.***

***[૧૪૭] ધર્માસ્તિકાય, ભગવન્ ! કેટલો મોટો છે ? ગૌતમ ! તે લોક, લોકમાત્ર, લોકપ્રમાણ, લોકસ્પૃષ્ટ, લોકને જ સ્પર્શીને રહ્યો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશ, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય એ પાંચે સંબંધે એક સરખો જ આલાવો છે.***

**● વિવેચન-૧૪૬,૧૪૭ :-**

[૧૪૬] જેમ લોકાકાશના પ્રશ્નો કર્યા તેમ અલોકાકાશના જાણવા. - ભગવન્ ! અલોકાકાશમાં જીવ, જીવ દેશ યાવત્ અજીવ પ્રદેશ છે ? આ છે એ નથી. અલોકાકાશનું દેશત્વ લોકાલોકરૂપ આકાશ દ્રવ્યના એક ભાગરૂપ છે. કેમકે તે ગુરુલઘુ નથી. સ્વ-પર પર્યાયરૂપ અગુરુલઘુ સ્વભાવવાળા અનંત ગુણોથી યુક્ત છે, કેમકે અલોકાકાશની અપેક્ષાએ લોકાકાશ અનંત ભાગરૂપ છે.

અનંતરોક્ત ધર્માસ્તિકાયાદિને પ્રમાણથી નિરૂપે છે —

[૧૪૭] ધર્માસ્તિકાય કેટલો મોટો છે ? લોકના માપથી કે લોકના વ્યપદેશથી તેને લોક (રૂપ) કહ્યો છે. કહે છે — પંચાસ્તિકાયમય લોક છે, ઇત્યાદિ. અથવા તે લોકમાં રહેલો છે. - x - તે લોક પરિમાણ છે. કિંચિત્ ન્યૂન હોવા છતાં વ્યવહારથી લોક પ્રમાણ કહ્યો છે. લોકના પ્રદેશો જેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો છે. તે અન્યોન્ય અનુબંધ વડે રહેલ છે. પોતાના બધાં પ્રદેશો વડે લોકને અડકીને રહેલો છે.

હમણાં કહ્યું — પુદ્‌ગલાસ્તિકાય લોકને અડકીને રહ્યો છે. સ્પર્શના અધિકારથી અધોલોકાદિમાં ધર્માસ્તિકાય સ્પર્શના કહે છે—

**● સૂત્ર-૧૪૮ :-**

***ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા ભાગને અધોલોક સ્પર્શે છે? ગૌતમ! સાતિરેક અર્ધાભાગને. — ભગવન્! તિર્છાલોકનો પ્રશ્ન - ગૌતમ! અસંખ્યેય ભાગને સ્પર્શે છે. - ભગવન્! ઉર્ધ્વલોકનો પ્રશ્ન - ગૌતમ! દેશોન અર્ધભાગને સ્પર્શે છે.***

**● વિવેચન-૧૪૮ :-**

ધર્માસ્તિકાય લોકવ્યાપી હોવાથી અને અધોલોકનું પ્રમાણ સાત રાજથી કંઈક

વધુ છે તેથી, સાતિરેક અર્ધ કહ્યું. ધર્માસ્તિકાયનું પ્રમાણ અસંખ્યાત યોજન છે અને તિર્છા લોકનું પ્રમાણ ૧૮૦૦ યોજન છે માટે તિર્છાલોક ધર્માસ્તિકાયના અસંખ્યાતમાં ભાગે છે, માટે તે તેના અસંખ્ય ભાગને સ્પર્શે છે.

ઉર્ધ્વલોક દેશોન સાત રાજ છે માટે દેશોનાર્દ્ધ કહ્યું.

● **સૂત્ર-૧૪૯,૧૫૦ :-**

*[૧૪૯] ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વી શું ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે કે અસંખ્યાત ભાગને કે સંખ્યાત ભાગોને કે અસંખ્યાત ભાગોને કે તેને આખાને સ્પર્શે છે? ગૌતમ! તે સંખ્યાત ભાગને નથી સ્પર્શતી, પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે, સંખ્યાત ભાગો કે અસંખ્યાત ભાગો કે આખાને સ્પર્શતી નથી.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના અવકાશાંતર, ઘનોદધિની ધર્માસ્તિકાય વિશે પૃચ્છા - શું સંખ્યાતભાગને સ્પર્શે છે ? ઇત્યાદિ. જેમ રત્નપ્રભા વિશે કહ્યું, તેમ ઘનોદધિ, ઘનવાત, તનુવાતને કહેવા. - - ભગવન્ ! આ રત્નપ્રભાનું અવકાશાંતર ધર્માસ્તિકાયના શું સંખ્યાત ભાગને સ્પર્શે છે ? ઇત્યાદિ. ગૌતમ ! સંખ્યાત ભાગને સ્પર્શે પણ અસંખ્યાત ભાગને, સંખ્યાત ભાગોને, અસંખ્યાત ભાગોને, બધાંને ન સ્પર્શે.*

*એ રીતે રત્નપ્રભા પૃથ્વીમાં કહ્યું તેમ બધાં અવકાશાંતર જાણવા. યાવત્ સાતમી પૃથ્વી સુધી સમજવું. તથા જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણાદિ સમુદ્રો, સૌધર્મકલ્પ યાવત્ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી, તે બધાં પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે. બાકીની સ્પર્શનાનો નિષેધ કરવો. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશને કહેવા.*

*[૧૫૦] પૃથ્વી, ઉદધિ, ઘનવાત, તનુવાત, કલ્પો, ગ્રૈવેયક, અનુત્તરો, સિદ્ધિ એ બધાંના અંતરો ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે અને બાકી બધાં અસંખ્યાત ભાગને સ્પર્શે છે.*

● **વિવેચન-૧૪૯,૧૫૦ :-**

અહીં પ્રત્યેક પૃથ્વીના પાંચ સૂત્રો, દેવલોકના બાર સૂત્રો, ગ્રૈવેયકના ત્રણ સૂત્રો, અનુત્તર અને ઈષત્ પ્રાગ્ભારાના બે સૂત્રો એ રીતે-૫૨-સૂત્રો કહેવા. તેમાં અવકાશાંતરો સંખ્યેય ભાગને સ્પર્શે છે, બીજા બધાં અસંખ્યેય ભાગને સ્પર્શે છે - એ ઉત્તર છે. અધર્માસ્તિકાય અને લોકાકાશમાં આ સૂત્રો જ કહેવા.

**શતક-૨, ઉદ્દેશક-૧૦-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૩ 卐

૦ બીજા શતકની વ્યાખ્યા કરી, હવે ત્રીજાની કરીએ છીએ. તેનો સંબંધ આ છે - અનંતર અસ્તિકાય કહ્યા. અહીં તેના વિશેષભૂત જીવાસ્તિકાયના વિવિધ ધર્મો કહે છે, એ સંબંધ. ઉદ્દેશ સંગ્રહ ગાથા—

● **સૂત્ર-૧૫૧ :-**

*ત્રીજા શતકમાં દશ ઉદ્દેશો છે :— (૧) ચમરની વિકુર્વણા શક્તિ, (૨) ચમરોત્પાત, (૩) ક્રિયા, (૪) યાન, (૫) સ્ત્રી, (૬) નગર, (૭) લોકપાલ, (૮) દેવાધિપતિ, (૯) ઈન્દ્રિય, (૧૦) પર્ષદા.*

● **વિવેચન-૧૫૧ :-**

ચમરેન્દ્રની વિકુર્વણાશક્તિ કેવી છે ? ઇત્યાદિ પ્રશ્નના નિર્વચન માટે પહેલો ઉદ્દેશો. ચમરોત્પાત નામે બીજો, કાયિકી આદિ ક્રિયાને જણાવવા ત્રીજો, દેવે વિકુર્વેલ યાનને સાધુ જાણે ? તે અર્થના નિર્ણય માટે ચોથો, સાધુ બાહ્ય પુદ્ગલોને લઈને સ્ત્રી આદિના રૂપો વિકુર્વી શકે ? તે માટે પાંચમો. વારાણસીમાં સમુદ્ઘાત કરેલ સાધુ રાજગૃહના રૂપોને જાણે ? તે માટે છઠ્ઠો. સોમાદિ ચાર લોકપાલને કહેનારો સાતમો, અસુરાદિના ઈન્દ્રોને જણાવતો આઠમો, ઈન્દ્રિયના વિષયોનો નવમો અને ચમરની પર્ષદાનો દશમો ઉદ્દેશો છે.

### ❀ શતક-૩, ઉદ્દેશો-૧ 'ચમર વિકુર્વણા' ❀

— x — x — x — x — x —

● **સૂત્ર-૧૫૨ :-**

*તે કાળે તે સમયે મોકા નામે નગરી હતી. [વર્ણન] તે મોકા નગરી બહાર ઈશાનકોણમાં નંદન નામે ચૈત્ય હતું [વર્ણન] તે કાળે તે સમયે સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી, પર્ષદા પાછી ફરી. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના બીજા શિષ્ય ગૌતમ ગોત્રના અગ્નિભૂતિ નામે અણગાર, સાત હાથ ઉંચા યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા—*

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર કેવી મહાઋદ્ધિવાળો છે ? કેવી મહાદ્યુતિવાળો છે ? કેવા મહા-બલવાળો છે ? કેવા મહા યશવાળો છે ? કેવા મહા સૌખ્યવાળો છે ? કેવા પ્રભાવવાળો છે ? અને કેટલી વિકુર્વણા કરવા સમર્થ છે ?*

*ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાઋદ્ધિવાળો યાવત્ મહા પ્રભાવવાળો છે. તે ત્યાં ૩૪ લાખ ભવનાવાસો ઉપર, ૬૪,૦૦૦ સામાનિક દેવો ઉપર, ૩૩ સામાનિક દેવો ઉપર (સત્તા ભોગવતો) યાવત્ વિહરે છે. આવી મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવવાળો છે. તેની વિકુર્વણા શક્તિ પણ આટલી છે - જેમ કોઈ યુવાન પોતાના હાથ વડે યુવતીને પકડે અથવા જેમ ચક્રની ધરીમાં આરાઓ સંલગ્ન હોય, એ રીતે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર વૈક્રિય સમુદ્ઘાત*

*વડે સમવહત થઈ સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે આ - રત્નો યાવત્ રિષ્ટ રત્નોના સ્થૂળ પુદ્‌ગલોને અલગ કરે છે, સૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, બીજી વાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થાય છે. વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણાં અસુરકુમાર દેવો અને દેવી સાથે આખા જંબૂદ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરે છે. વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણાં અસુરકુમાર દેવ-દેવી સાથે તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રને આકીર્ણ, વ્યતિકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરી શકે છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવા પ્રકારની શક્તિ-વિષય માત્ર છે. પણ કોઈ વખતે તેણે સંપ્રાપ્તિ વડે રૂપે વિકુર્વ્યા નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.*

● **વિવેચન-૧૫૨ :-**

'તેણં કાલેણં' આદિ સુગમ છે, વિશેષ આ - તે કેવારૂપે મોટી ઋદ્ધિવાળો છે ? અથવા તેની ઋદ્ધિ કેવી મોટી છે ? - x - ઈન્દ્ર સમાન ઋદ્ધિવાળા તે સામાનિક. મંત્રી જેવા દેવો તે ત્રાયસ્ત્રિંશક. યાવત્ શબ્દથી ચાર લોકપાલ, પાંચ અગ્રમહિષી સપરિવાર, ત્રણ પર્ષદા, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, ૨,૫૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ચમરચંચા રાજધાનીમાં રહેતા દેવો અને દેવીઓ ઉપર આધિપત્ય, પૌરોપત્ય, સ્વામિત્વ, ભર્તુત્વ, આજ્ઞાની પ્રધાનતાથી સેનાપતિપણું કરાવતો, પળાવતો, મહા અહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ઘનમૃદંગના શબ્દો વડે દિવ્ય ભોગ ભોગવતો રહે છે.

આધિપત્ય - અધિપતિકર્મ, પુરોવર્તીત્વ - અગ્રગામિપણું, સ્વામિત્વ - સ્વસ્વામિભાવ, ભર્તૃત્વ - પોષકપણું, આજ્ઞેશ્વર - આજ્ઞા પ્રધાન એવા જે સેનાપતિઓ, તેની પાસે આજ્ઞા પળાવતો, - x - મોટા અવાજ વડે - आहत - આખ્યાનકવાળી અથવા अहत - અવ્યાહત, નાટ્ય, ગીત, વાજિંત્ર, તથા વીણા, હસ્તતાલ, કંસિકા, બીજા વાજિંત્રો, મેઘ જેવો ગંભીર મૃદંગ ધ્વનિ, આ બધાંને દક્ષપુરુષો વગાડી રહ્યા છે, તેનો જે અવાજ તેવા ભોગને યોગ્ય શબ્દાદિ ભોગો. એવા મહર્દ્ધિક છે.

જેમ કોઈ યુવાન યુવતિને કામવશ થઈ ગાઢતર ગ્રહણ કરે, નિરંતર-હસ્તાંગુલિ વડે દૃઢ આલિંગે અથવા ચક્રની આરા યુક્ત નાભિ વિધિપૂર્વક આરાથી સંબદ્ધ હોય અથવા જે ધરીમાં આરાઓ ફસાવાયેલ હોય (અથવા) ઘણાં દેવો વડે જંબૂદ્વીપને ભરી દે. વૃદ્ધ વ્યાખ્યા - જેમ યાત્રાદિમાં યુવાનને હાથ વળગેલ યુવતિ જતી હોય તેમ જે રૂપો વિકુર્વે તેને એક કરી પ્રતિબદ્ધ. અથવા ચક્રની નાભિ જે રીતે આરાથી પ્રતિબદ્ધ ઘન, નિશ્છિદ્ર દેખાય. એ રીતે પોતાના શરીર સાથે પ્રતિબદ્ધ દેવ-દેવી વડે.

વૈક્રિય રૂપો કરવા પ્રયત્ન વિશેષથી પ્રદેશોને ફેંકે છે તેનું સ્વરૂપ કહે છે — ઉંચો, નીચો, લાંબો દંડ શરીર પ્રમાણ જીવપ્રદેશકર્મ પુદ્‌ગલ સમૂહ કરે. તે માટે કર્કેતનાદિ રત્નોના, - જો કે રત્નોના પુદ્‌ગલ ઔદારિક છે, તો પણ વૈક્રિય સમુદ્‌ઘાતમાં વૈક્રિય જ લેવા - x - બીજા કહે છે - ઔદારિકપણે લે તો પણ વૈક્રિયપણે પરિણમે છે. યાવત્





શબ્દથી અહીં વજ, વૈડુર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રત્ન, જાત્યરૂપ, અંજનપુલાકો અને સ્ફટિક રત્નો લેવા.

દંડ નિઃસરણ દ્વારા અસારબાદર પુદ્‌ગલોને ખંખેરી નાંખે પ્રજ્ઞાપના ટીકાનુસાર-પ્રાગ્બદ્ધ સ્થૂલ વૈક્રિય શરીરી નામકર્મ પુદ્‌ગલોને ત્યજી દે. - x - યથા સૂક્ષ્મ સાર પુદ્‌ગલો ગ્રહણ કરે. - x - બીજી વખત પણ સમુદ્‌ઘાત કરી ઈચ્છિત રૂપ બનાવે. પોતાનું કાર્ય પૂરેપુરું કરવા શક્તિમાન અથવા કેવલજ્ઞાન સદેશ સંપૂર્ણ. आकीर्ण - આદિ એકાર્થક છે, તે અત્યંત વ્યાપ્તિ જણાવવા કહ્યા છે. આ સામર્થ્ય અતિશય વર્ણન છે. વૈક્રિય શક્તિથી તે આટલા રૂપો બનાવી શકે તે વિષય છે પણ ક્રિયા નથી. પણ વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં - x -

● **સૂત્ર-૧૫૩ થી ૧૫૫ :-**

*[૧૫૩] ભગવન્ ! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમર એવી મોટી ઋદ્ધિવાળો યાવત્ એવી વિકુર્વણાવાળો છે, તો ભગવન્ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવોની કેવી મોટી ઋદ્ધિ યાવત્ વિકુર્વણા શક્તિ છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવો મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તેઓ ત્યાં પોત-પોતાના ભવનો ઉપર-સામાનિકો ઉપર-પટ્ટરાણી ઉપર યાવત્ દિવ્ય ભોગોને ભોગવતા વિચરે છે. આવા ઋદ્ધિવાન્ છે યાવત્ તેમની વિકુર્વણા શક્તિ આટલી છે — જેમ કોઈ યુવાન પોતાના હાથે યુવતીનો હાથ પકડે, જેમ ચક્રની નાભિ આરાયુક્ત હોય તેમ હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈને યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાત કરીને હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે સંપૂર્ણ જંબૂદ્વીપને આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવાને સમર્થ છે. વળી હે ગૌતમ ! - x - તે સામાનિક દેવ તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોને ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવા સમર્થ છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવની આવા પ્રકારની શક્તિ-વિષય માત્ર કહ્યો છે, પણ સંપ્રાપ્તિથી વિકુર્વેલ નથી-વિકુર્વતા નથી - વિકુર્વશે નહીં.*

*ભગવન્! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવોની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણ શક્તિ છે, તો અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોની કેટલી મહાઋદ્ધિ છે? ત્રાયસ્ત્રિંશક દેવોને સામાનિક દેવો જેવા જાણવા. લોકપાલોને વિશે પણ એમ જ કહેવું. વિશેષ આ - તેઓમાં સંખ્યાત દ્વીપ સમુદ્રોને ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે આકીર્ણ યાવત્ વિકુર્વીશે નહીં તેમ કહેવું.*

*ભગવન્! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરના લોકપાલો એવી મોટી ઋદ્ધિવાળા યાવત્ આટલી વિકુર્વણા કરવા સમર્થ છે, તો અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષી દેવી કેટલી ઋદ્ધિવાળા અને વિકુર્વણા કરવા સમર્થ છે? ગૌતમ! અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષીઓ મહાઋદ્ધિ યાવત્ મહાનુભાગ છે તેઓ તેમના પોત-પોતાના ભવનો, ૧૦૦૦ સામાનિક દેવો, મહત્તરિકાઓ, પર્ષદાનું સ્વામીત્વ*

*ભોગવે છે, તેમની આટલી મહાઋદ્ધિ છે, બાકી બધું લોકપાલો મુજબ જાણવું - x - x -*

*[૧૫૪] હે ભગવન્ ! એમ કહી દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ શ્રમણ ભગવન્ મહાવીરને વાંદી, નમી, જ્યાં ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર છે, ત્યાં આવે છે અને વાયુભૂતિને આ પ્રમાણે કહે છે – હે ગૌતમ ! નિશ્ચિત છે કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલી મોટી ઋદ્ધિવાળો છે. ઇત્યાદિ બધું અગ્રમહિષી સુધીનું અણપૂછ્યે વૃત્તાંત રૂપે અહીં કહેવું.*

*ત્યારે તે વાયુભૂતિ અણગારને, અગ્નિભૂતિ અણગારે આ પ્રમાણે કહેલ-ભાખેલ-જણાવેલ-પ્રરૂપેલ વાતમાં શ્રદ્ધા-પ્રતિતિ-રુચિ થતી નથી. આ વાતની શ્રદ્ધા-પ્રતિતિ-રુચિ ન કરતા આસનેથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે. યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! અગ્નિભૂતિ અણગારે મને આ પ્રમાણે કહ્યું યાવત્ પ્રરૂપ્યું કે હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમર આટલી મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ છે, ત્યાં ૩૪ લાખ ભવનાવાસ ઉપર આધિપત્ય ભોગવે છે, ઇત્યાદિ બધું અગ્રમહિષીઓ પર્યન્તનું કહેવું. ભગવન્ ! તો એ તે પ્રમાણે કેવી રીતે છે ?*

*હે ગૌતમ ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીર વાયુભૂતિ અણગારને આમ કહે છે – ગૌતમ ! જેમ તને અગ્નિભૂતિ અણગારે આ કહ્યું યાવત્ પ્રરૂપ્યું, તો નિશ્ચે હે ગૌતમ ! ચમરની મહાઋદ્ધિ યાવત્ અગ્રમહિષી પર્યન્તની વક્તવ્યતા સંમત્ત છે. એ સત્ય છે. હે ગૌતમ ! હું પણ આમ જ કહું છું યાવત્ પ્રરૂપું છું કે હે ગૌતમ ! ચમરની યાવત્ આટલી મહાઋદ્ધિ છે આદિ આખો આલાવો કહેવો યાવત્ અગ્રમહિષી. આ અર્થ સત્ય છે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વંદી-નમી અગ્નિભૂતિ અણગાર પાસે આવી, તેમને વંદન-નમસ્કાર કરી, ઉક્ત અર્થને માની, વિનયપૂર્વક તેમને વારંવાર ખમાવે છે.*

*[૧૫૫] પછી તે ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર, બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર સાથે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા યાવત્ પર્યુપાસતા આમ કહ્યું – ભગવન્ ! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિ કેવી મોટી ઋદ્ધિવાળો યાવત્ કેટલી વિકુર્વણા શક્તિવાળો છે ? ગૌતમ ! વૈરોચનેન્દ્ર બલિ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે. તે ૩૦ લાખ ભવનો, ૬૦ હજાર સામાનિકોનો અધિપતિ છે બાકી બધું ચમર માફક બલિનું જાણવું. વિશેષ આ - સાતિરેક જંબૂદ્વીપ કહેવો. બાકીનું સંપૂર્ણ ચમરવત્ જાણવું. ભવનો, સામાનિકોમાં ભેદ છે, હે ભગવન્ ! તે એમ જ છે - એમ જ છે યાવત્ વાયુભૂતિ વિચરે છે.*

*ભગવન્ ! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વંદી-નમીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! જો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ*



*બલિની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ? ગૌતમ ! નાગેન્દ્ર ધરણની આવી મહાઋદ્ધિ યાવત્ તે ૪૪-લાખ ભવનાવાસો, ૬૦૦૦ સામાનિક દેવો, ૩૩-ત્રાયસ્ત્રિંશક દેવો, ૪-લોકપાલો, સપરિવાર છ અગ્રમહિષીઓ, ૩-પર્ષદા, ૭-સૈન્યો, ૭-સૈન્યાધિપતિઓ, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજાનું આધિપત્ય કરતો યાવત્ વિચરે છે.*

*તેની વિકુર્વણા શક્તિ આટલી છે – જેમ કોઈ યુવાન યુવતીને યાવત્ સંપૂર્ણ જંબૂદ્વીપને યાવત્ તિર્છા સંખ્યાત દ્વીપસમુદ્રોને ઘણાં નાગકુમારો વડે યાવત્ તે વિકુર્વશે નહીં. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષીઓ વિશે ચમરવત્ કહેવું. ચમરની જેમ ધરણની આવી મહાઋદ્ધિ છે. વિશેષ આ - સંખ્યાત દ્વીપસમુદ્રો કહેવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્કોને પણ જાણવા. વિશેષ આ – દક્ષિણના ઈન્દ્રો વિશે બધું અગ્નિભૂતિ પૂછે છે, ઉત્તરના ઈન્દ્રો વિશે બધું વાયુભૂતિ પૂછે છે.*

*ભગવન્! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર ભગવંત મહાવીરને વાંદી-નમીને આમ પૂછ્યું – ભગવન્! જો જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્કરાજની આવી મહાઋદ્ધિ છે યાવત્ આવી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે? ગૌતમ! દેવેન્દ્ર શક્ર મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તે ૩૨-લાખ વિમાન, ૮૪,૦૦૦ સામાનિક યાવત્ ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને બીજાનું આધિપત્ય કરતો વિચરે છે આવી મહાઋદ્ધિ યાવત્ આવું વિકુર્વણા સામર્થ્ય છે. એ ચમર માફક કહેવું. વિશેષ આ – બે સંપૂર્ણ જંબૂદ્વીપને, બાકીનું પૂર્વવત્ જાણવું. ગૌતમ! આ દેવેન્દ્ર શક્રનો શક્તિ-વિષયમાત્ર છે. સંપ્રાપ્તિથી કદી તેણે તેમ વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.*

**● વિવેચન-૧૫૩ થી ૧૫૫ :-**

[૧૫૩] લોકપાલો આદિ સામાનિકો કરતાં અલ્પતર ઋદ્ધિક હોય છે. માટે તેમની વૈક્રિયકરણ લબ્ધિ પણ ઓછી હોય છે. - x -

[૧૫૫] દાક્ષિણાત્ય અસુરકુમારો કરતા, જેમની કાંતિ વધુ છે. તે વૈરોચન, તે ઉત્તરદિશાના અસુરોનો ઈન્દ્ર છે, તેની લબ્ધિ વિશેષ છે.

ધરણના પ્રકરણ માફક ભૂતાનંદાદિ મહાઘોષ સુધીના ભવનપતિ ઈન્દ્રોના નામો ગાથાનુસાર કહેવા – ચમર, ધરણ, વેણુદેવ, હરિકંત, અગ્નિશીખ, પૂર્ણ, જલકાંત, અમિત, વિલંબ, ઘોસ. આ દક્ષિણ નિકાયના ઈન્દ્રો છે. બલિ, ભૂતાનંદ, વેણુદાલિ, હરિસહ, અગ્નિ માનવ, વસિષ્ઠ, જલપ્રભ, અમિત વાહન, પ્રભંજન, મહાઘોષ ઉત્તરના ઈન્દ્રો છે. તેમની ભવન સંખ્યા માટે चउतीसा चउचत्ता० એ પૂર્વોક્ત ગાથા જાણવી સામાનિક અને આત્મરક્ષકની સંખ્યા - ૬૪ હજાર, ૬૦ હજાર. બાકીના બધાંના છ-છ હજાર. તેનાથી ચાર ગણી પ્રત્યેકના આત્મરક્ષક દેવો છે. ધરણાદિની અગ્રમહિષી પ્રત્યેકની છ-છ છે ધરણસૂત્રવત્ આલાવો કહેવો.

વ્યંતરેન્દ્રો પણ ધરણેન્દ્ર માફક સપરિવાર કહેવા આમને પ્રતિનિકાય-દક્ષિણ ઉત્તર ભેદથી બબ્બે ઈન્દ્રો હોય છે - કાલ-મહાકાલ સુરૂપ-પ્રતિરૂપ, પૂર્ણભદ્ર-માણિભદ્ર, ભીમ-મહાભીમ, કિંનર-કિંપુરુષ, સત્પુરુષ-મહાપુરુષ, અતિકાય-મહાકાય, ગીતરતિ-ગીતયશ, વ્યંતરો અને જ્યોતિષ્કોના ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ નથી માટે ન કહેવા. સામાનિકો ચાર-ચાર હજાર, સોળ-સોળ હજાર આત્મરક્ષકો, ચાર-ચાર પટ્ટરાણી.

- x - દક્ષિણના દેવો અને સૂર્ય સંપૂર્ણ જંબૂદ્વીપને પોતાના રૂપોથી ભરી શકે છે, ઉત્તરના દેવો અને ચંદ્ર સાતિરેક જંબૂદ્વીપને પોતાનાં રૂપોથી ભરી શકે છે - x - વધારાની ટીકા બીજી વાંચનાથી કરી છે.

કાલેન્દ્રનો આલાવો આ રીતે — ભગવન્ ! પિશાચેન્દ્ર, પિશાચ રાજ કાલની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ? ગૌતમ ! તે ત્યાં અસંખ્ય લાખ નગરાવાસ, ૪૦૦૦ સામાનિકો, ૧૬,૦૦૦ આત્મ રક્ષક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષી, બીજા અનેક પિશાચ દેવ-દેવીનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે - x -. શક્રના પ્રકરણમાં - યાવત્ શબ્દથી સપરિવાર ૮-અગ્રમહિષી, ૪-લોકપાલ, ૩-પર્ષદા, ૭-સૈન્યો, ૭-સૈન્યાધિપતિઓ જાણવા. - હવે શક્રના સામાનિકોની વક્તવ્યતા—

● સૂત્ર-૧૫૬ :-

*ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્રની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત નિરંતર છટ્ઠ-છટ્ઠના તપોકર્મપૂર્વક આત્માને ભાવતા, પ્રતિપૂર્ણ આઠ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને માસિક સંલેખના વડે આત્માને સંયોજી ૬૦ ભક્તનું અનશનથી છેદન કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત, કાળ માસે કાળ કરીને આપ દેવાનુપ્રિયનો શિષ્ય તિષ્યક નામે અણગાર સૌધર્મ કલ્પમાં, પોતાના વિમાનમાં, ઉપપાતસભાના દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી દેવેન્દ્ર શક્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયો છે, તે નવીન ઉત્પન્ન તીષ્યક દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત ભાવને પામે છે. તે આ —*

*આહાર, શરીર, ઈન્દ્રિય, આનપ્રાણ, ભાષામનઃ પર્યાપ્તિ. ત્યારે તે તીષ્યક દેવ પર્યાપ્તિભાવ પામ્યા પછી, સામાનિક પર્ષદાનાં દેવો, તેને હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય-વિજય વડે વધાવે છે. વધાવીને આમ કહે છે — અહો દેવાનુપ્રિયે ! આપે દિવ્ય-દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ લબ્ધ, પ્રાપ્ત અભિસન્મુખ કર્યો છે. જેવી દિવ્ય-દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ આપ દેવાનુપ્રિયે લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કર્યો છે, તેવી દિવ્ય-દેવર્દ્ધિ, દેવદ્યુતિ, યાવત્ અભિસન્મુખ દેવરાજ શક્રે પણ યાવત્ આણી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ શક્રે લબ્ધ કરી છે, તેવી યાવત્ આપે પણ સામે આણેલી છે તો હે ભગવન્ ! તિષ્યક દેવ મહાઋદ્ધિકાદિ છે ?*

*ગૌતમ ! તિષ્યક દેવ મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવી છે. તે ત્યાં પોતાના વિમાન, ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત*



*સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણાં દેવ-દેવીઓ ઉપર આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. આવી મોટી ઋદ્ધિવાળો યાવત્ આટલા વિકુર્વણા સામર્થ્યવાળો-જેમ કોઈ યુવાન યુવતીના હાથને દૃઢ પકડે યાવત્ શક્રના જેવી વિકુર્વણા શક્તિવાળો યાવત્ હે ગૌતમ ! તિષ્યક દેવની આ શક્તિ-વિષય માત્ર કહી છે. પણ સંપ્રાપ્તિ વડે યાવત્ વિકુર્વશે નહીં.*

*ભગવન્ ! જો તિષ્યક દેવ મહાઋદ્ધિક યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજના બાકીના સામાનિક દેવો કેવા મહાઋદ્ધિક છે ?૦ ગૌતમ ! બધું તેમજ જાણવું યાવત્ હે ગૌતમ ! શક્રના સામાનિક દેવોનો આ વિષય માત્ર કહ્યો. સંપ્રાપ્તિથી કોઈએ વિકુર્વેલ નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં. શક્રના ત્રાયસ્ત્રિંશક, લોકપાલ અને અગ્રમહિષી વિશે ચમર માફક કહેવું. વિશેષ આ - સંપૂર્ણ બે જંબૂદ્વીપ. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે યાવત્ ગૌતમ વિચરે છે.*

● વિવેચન-૧૫૬ :-

હવે કહેવાનાર રીતે સામાનિક દેવપણે ઉત્પન્ન થયો તેમ સંબંધ જોડવો. તિષ્યક નામનો. પોતાના વિમાનમાં. આહાર, શરીરાદિની રચના. જે બીજે છ પર્યાપ્તિ કહી છે, અહીં પાંચ છે — ભાષા, મનઃપર્યાપ્તિ એ બંને બહુશ્રુતોએ કોઈ કારણે એક જ ગણી છે - लब्ध - જન્માંતરમાં તેની ઉપાર્જના અપેક્ષાએ. प्राप्त - દેવભવ અપેક્ષાએ. अभिसमन्वागत - તેના ભોગની અપેક્ષાએ. ચમર માફક કહીને લોકપાલ અને અગ્રમહિષીનું વિકુર્વણા સામર્થ્ય તિર્છા સંખ્યાત દ્વીપ-સમુદ્ર સૂચવેલ છે.

● સૂત્ર-૧૫૭ :-

*ભગવન્ ! એમ કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારે ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું — ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્ર આવો મહર્દ્ધિક યાવત્ આટલી વિકુર્વણા સામર્થ્યવાળો છે, ભગવન્ ! તો દેવેન્દ્ર દેવરાજ ઈશાન કેવો મહાઋદ્ધિક છે ?૦ તેમજ જાણવું. વિશેષ આ — સાધિક બે સંપૂર્ણ જંબૂદ્વીપ. બાકી પૂર્વવત્.*

● વિવેચન-૧૫૭ :-

આ સૂત્રથી જો કે શક્ર સમાન વક્તવ્ય ઈશાનેન્દ્રનું કહ્યું, તો પણ વિશેષ છે. ઉભય સાધારણ અપેક્ષાએ અતિદેશ છે. તે આ - તે ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦ હજાર સામાનિક યાવત્ ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરે છે. ઈશાનેન્દ્રના સામાનિકનું વિશેષ કથન—

● સૂત્ર-૧૫૮,૧૫૯ :-

*[૧૫૮] ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ ઈશાનની આવી મહાઋદ્ધિ અને આવું વિકુર્વણા સામર્થ્ય છે તો - - - આપ દેવાનુપ્રિયના શિષ્ય પ્રકૃતિ ભદ્રક યાવત્ વિનિત કુરુદત્ત પુત્ર નામે (સાધુ) નિરંતર અટ્ઠમ અટ્ઠમ અને પારણે આયંબિલ સ્વીકારીને એવા તપોકર્મથી ઉંચે હાથ રાખી સૂર્યાભિમુખ રહી આતાપના*

*ભૂમિમાં આતાપના લેતા પ્રતિપૂર્ણ છ માસ શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિક સંલેખનાથી આત્માને જોડીને, ૩૦ ભક્તને અનશન વડે છેદી, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત થઈ, કાળ માસે કાળ કરી, ઈશાન કલ્પે પોતાના વિમાનમાં૦ જે તિષ્યકની વક્તવ્યતા હતી, તે સર્વે અપરિશેષ કુરુદત્ત પુત્રની જાણવી. વિશેષ આ – સાતિરેક પરિપૂર્ણ બે જંબૂદ્વીપ, બાકી પૂર્વવત્. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી યાવત્ હે ગૌતમ ! ઈશાનેન્દ્રના પ્રત્યેક અગ્રમહિષી દેવીની આટલી શક્તિ-વિષયમાત્ર કહ્યો. પણ સંપ્રાપ્તિથી તેટલી વિકુર્વણા (યાવત્) કરશે નહીં.*

*[૧૫૯] એ પ્રમાણે સનત્કુમાર જાણવા. વિશેષ - ચાર પરિપૂર્ણ જંબૂદ્વીપ તથા તિર્છા અસંખ્ય, એ રીતે સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી બધાં અસંખ્યાત દ્વીપસમુદ્રો સુધી વિકુર્વી શકે. સનત્કુમારથી આરંભીને ઉપરના બધાં લોકપાલો અસંખ્ય દ્વીપ-સમુદ્ર સુધી વિકુર્વણા કરી શકે. એ રીતે માહેન્દ્રમાં પણ જાણવું. વિશેષ-સાતિરેક પરિપૂર્ણ ચાર જંબૂદ્વીપ કહેવા. એ રીતે બ્રહ્મલોકે પણ જાણવું. વિશેષ-સંપૂર્ણ આઠ જંબૂદ્વીપ. લાંતકે પણ વિશેષ-સાતિરેક આઠ જંબૂદ્વીપ. મહાશુક્રે ૧૬-જંબૂદ્વીપ. સહસ્રારે સાતિરેક-૧૬. પ્રાણતે ૩૨-જંબૂદ્વીપ. અચ્યુતે સાતિરેક ૩૨-પરિપૂર્ણ જંબૂદ્વીપ કહેવા. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨) કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમી યાવત્ વિચરે છે.*

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે મોકા નગરીના નંદન ચૈત્યથી નીકળી, બાહ્ય જનપદ વિહારે વિચરે છે.*

● વિવેચન-૧૫૮,૧૫૯ :-

- x -. આ સૂત્રથી સૂચવે છે કે - ભગવન્ ! સનત્કુમાર દેવેન્દ્રની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણાશક્તિ છે ? ગૌતમ ! તેઓ ૧૨ લાખ વિમાનાવાસ, ૭૨,૦૦૦ સામાનિક યાવત્ ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવો. જો કે સનત્કુમારે સ્ત્રીની ઉત્પત્તિ નથી. તો પણ સમયાધિક પલ્યોપમથી દશ પલ્યોપમસ્થિતિક સૌધર્મની અપરિગૃહિતા દેવી સનત્કુમારોને ભોગ માટે આવે છે તેથી અગ્રમહિષી એમ કહ્યું.

આ પ્રમાણે માહેન્દ્રાદિ સૂત્રોમાં ગાથાનુસાર - x - આ જાણવું - વિમાનો અનુક્રમે ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦-૪૦-૬ હજાર, આનત-પ્રાણતે ૪૦૦, આરણ-અચ્યુતે-૩૦૦. સામાનિક સંખ્યા - ૮૪, ૮૦, ૭૨, ૭૦, ૬૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦, ૧૦ હજાર. અહીં શક્રાદિ એકી કલ્પો વિશે અગ્નિભૂતિ પૂછે છે અને ઈશાનાદિ બેકી કલ્પો વિશે વાયુભૂતિએ પૂછેલ છે - - ઈન્દ્રોની વૈક્રિયશક્તિ પ્રરૂપણા કરી. હવે ઈન્દ્રે પ્રકાશેલ પોતાના વૈક્રિયરૂપ કરવાના સામર્થ્યને, તેજોલેશ્યા સામર્થ્યને કહે છે –

● સૂત્ર-૧૬૦ :- અધુરુ

*તે કાળે તે સમયે રાજગૃહી નામે નગરી હતી. [વર્ણન] યાવત્ સભા પર્યુપાસે છે. તે કાળે તે સમયે દેવેન્દ્ર દેવરાજ, શૂલપાણી, વૃષભ વાહન, ઉત્તરાર્ધ*



*લોકાધિપતિ, ૨૮ લાખ વિમાનાવાસાધિપતિ, આકાશસમ વસ્ત્રધારી, માળા શ્રૃગાંરિત મુકટધારી, નવહેમ-સુંદર-વિચિત્ર-ચંચલ-કુંડલોથી ગાલોને ઝગમગાવતો, યાવત્ દશે દિશાઓને ઉધોતિત, પ્રકાશિત કરતો ઈશાનેન્દ્ર, ઈશાનકલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં 'રાયપસેણીય' ઉપાંગમાં કહ્યા મુજબ યાવત્ દિવ્ય દેવઋદ્ધિને યાવત્ જે દિશામાંથી પ્રગટ થયો, તે દિશામાં ચાલ્યો ગયો.*

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદી, નમી આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! અહો આ દેવેન્દ્ર દેવરાજ ઈશાન મહાઋદ્ધિક છે. ભગવન્ ! તેની દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ક્યાં પ્રવેશી ? ગૌતમ ! તે તેના શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - ગૌતમ ! જેમ કોઈ કૂટાગાર શાળા, બંને બાજુથી લિપ્ત, ગુપ્ત, ગુપ્તદ્વાર, નિર્વાત, નિર્વાતગંભીર હોય૦ કૂટાગારશાલાનું દૃષ્ટાંત કહેવું.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ કેવી રીતે - લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ કર્યો ? તે પૂર્વભવે કોણ હતો ? તેનું નામ, ગોત્ર શું હતાં ? કયા ગામ, નગર, યાવત્ સંનિવેશનો હતો ? તેણે શું સાંભળ્યું ? શું આપ્યું ? શું ખાધું ? શું કર્યુ ? શું આચર્યુ ? કયા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એવું એક પણ આર્ય-ધાર્મિક-વચન સાંભળીને અવધાર્યુ ? જેથી દેવેન્દ્ર, દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સન્મુખ આણી ?*

*ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નામે નગરી હતી. [વર્ણન] તે તામ્રલિપ્તી નગરીમાં તામલી નામે મૌર્યપુત્ર ગાથાપતિ હતો. જે આઢ્ય. દિપ્ત યાવત્ ઘણાં લોકોથી અપરિભૂત હતો. ત્યારે તે તામલિ મૌર્ય પુત્રએ અન્ય કોઈ દિવસે મધરાતે કુટુંબ ચિંતાર્થે જાગરણ કરતા, તેને આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો. મારા પૂર્વકૃત, જૂનાં, સુચિર્ણ, સુપરિક્રાંત, શુભ, કલ્યાણરૂપ કૃત કર્મોનો કલ્યાણ-ફળ-વૃત્તિ વિશેષ છે, જેનાથી હું ઘણાં-હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, પુત્ર, પશુથી વૃદ્ધિ પામ્યો છું. વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલ-પ્રવાલ-રક્ત રત્ન-સારરૂપ ધનાદિ ઘણાં ઘણાં વધી રહ્યા છે તો શું હું પૂર્વકૃત્, સુચિર્ણ યાવત્ કૃત કર્મોના એકાંત સૌખ્યની ઉપેક્ષા કરતો રહું ?*

*તો જ્યાં સુધી હું હિરણ્યથી વધુ છું યાવત્ ઘણું ઘણું વધે છે, જ્યાં સુધી મારા મિત્ર, જ્ઞાતિ, નિજક, સંબંધિ, પરિજન મારો આદર કરે છે, સત્કાર-સન્માન કરે છે, મને કલ્યાણ-મંગલ-દેવરૂપ જાણી ચૈત્યની માફક વિનયથી સેવા કરે છે ત્યાં સુધીમાં મારે મારું શ્રેય કરવું. કાલે પ્રકાશવાળી રાત્રિ થયા બાદ યાવત્ સૂર્ય ઉગ્યા પછી, મારી મેળે કાષ્ઠપાત્ર લઈ, વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવી. મારા મિત્ર, જ્ઞાતિજન - x - આદિને આમંત્રીને તે મિત્ર, જ્ઞાતિજન આદિને વિપુલ અશનાદિ જમાડી, વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર વડે સત્કારીને, સન્માનીને તે જ મિત્ર, જ્ઞાતિજન આદિની આગળ મારા મોટા પુત્રને કુટુંબમાં*

*સ્થાપીને, તે મિત્ર, જ્ઞાતિજન આદિ તથા મોટા પુત્રને પૂછીને મેળે જ કાષ્ઠપાત્ર ગ્રહણ કરી, મુંડિત થઈ 'પ્રાણામા' દીક્ષાએ દીક્ષિત થાઉં.*

*દીક્ષા લઈને હું આવો અભિગ્રહ સ્વીકારીશ કે — મને યાવજ્જીવ નિરંતર છટ્ઠ-છટ્ઠના તપોકર્મથી, ઉંચા હાથ રાખી, સૂર્ય અભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચારીશ. છટ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતરી, આપમેળે કાષ્ઠ પાત્ર લઈ તામ્રલિપ્તી નગરીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમાદાન ભિક્ષાચર્યાએ ફરીશ. શુદ્ધોદન ગ્રહણ કરી, તેને ૨૧-વખત પાણીથી ધોઈ, પછી આહાર કરીશ. એ પ્રમાણે વિચારીને કાલે પ્રભાત થતાં યાવત્ સૂર્ય ઝળહળતો થયા પછી આપમેળે કાષ્ઠપાત્ર કરાવીને, વિપુલ અશનાદિ તૈયાર કરાવી પછી સ્નાન-બલિકર્મ-કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કર્યા, પ્રવેશ યોગ્ય શુદ્ધ, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મહામૂલ્ય આભરણથી શરીર અલંકૃત્ કર્યું. ભોજન વેળાએ ભોજનમંડપમાં સારા આસને બેઠો.*

*ત્યારપછી મિત્ર, જ્ઞાતિજન આદિ સાથે તે વિપુલ અશન આદિ આસ્વાદતો, વિસ્વાદતો, પરસ્પર ખવડાવતો - ખાતો વિચરે છે તે જમ્યો, પછી કોગળા કર્યા, ચોકખો થયો, પરમ શુદ્ધ થયો. તે મિત્ર યાવત્ પરિજનને વિપુલ અશનાદિથી, પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકારથી સત્કારાદિ કર્યા. તે મિત્ર, જ્ઞાતિ આદિ આગળ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, તે મિત્રાદિ અને મોટા પુત્રને પૂછને, મુંડ થઈને 'પ્રાણામા' પ્રવ્રજ્યા લીધી. લઈને આવો અભિગ્રહ કર્યો કે જાવજ્જીવ નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરવો. બાહાઓ ઉંચી રાખી, સૂર્યાભિમુખ થઈ, આતાપના ભૂમિમાં આતાપના લેતા વિચરવું. છટ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતરી, આપમેળે કાષ્ઠ પાત્ર લઈ, તામ્રલિપ્તીમાં ઉચ્ચ-નીચ-મધ્યમ કૂળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી ફરે છે. શુદ્ધ ઓદનને લે છે. ૨૧-વખત પાણીથી ધુએ છે. પછી તેનો આહાર કરે છે.*

*ભગવન્ ! તેને 'પ્રાણામા' પ્રવ્રજ્યા કેમ કહી ? ગૌતમ ! પ્રાણામા પ્રવ્રજ્યા લીધી હોય તે જેને જ્યાં જોવે તેને - ઈન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્યા કોટ્ટકિરિયા, રાજા યાવત્ સાર્થવાહને, કાગડો-કુતરો-ચાંડાલને, ઉંચાને જોઈને ઉચ્ચ અને નીચાને જોઈને નીચ પ્રણામ કરે છે. જેને જ્યાં જુએ તેને ત્યાં પ્રણામ કરે. તેથી પ્રાણામા પ્રવ્રજ્યા કહી.*

● વિવેચન-૧૬૦ :- અધુરુ

રાયપ્પસેણીય સૂત્રમાં સૂર્યાભદેવની વક્તવ્યતા મુજબ અહીં ઈશાનેન્દ્રની વક્તવ્યતા કહેવી. - x - x - સુધર્માસભામાં ઈશાન સિંહાસને બેસીને ૮૦,૦૦૦ સામાનિકો, ચાર લોકપાલો, સપરિવાર આઠ અગ્રમહિષી, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિ, ૩,૨૦,૦૦૦ આત્મ રક્ષક દેવો, બીજા ઘણાં દેવ-દેવીથી પરિવરેલ, મોટા અખંડ નાટકો આદિના શબ્દો વડે દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે.

જંબૂદ્વીપને અવધિજ્ઞાન વડે જોતા ઈશાનેન્દ્રે ભગવંતને રાજગૃહમાં જોયા. જોઈને સસંભ્ર માનસથી ઉભો થયો, ઉઠીને સાત-આઠ પગલાં તીર્થંકર અભિમુખ



ગયો. પછી કપાળમાં કમળના ડોડાની જેમ હાથ જોડી ભગવંત મહાવીરને વાંદ્યા, વાંદીને અભિયોગિક દેવોને બોલાવ્યા. તેઓને કહ્યું કે — હે દેવો ! રાજગૃહ નગરે જઈને ભગવંતને વાંદો એક યોજન મંડલ ક્ષેત્ર સાફ કરો. કરીને મને જણાવો. તેઓએ પણ તેમ કર્યુ. પછી પદાતિસૈન્યના અધિપતિ દેવને બોલાવીને કહ્યું — ઓ ! દેવોના પ્રિય ! ઈશાનાવતંસક વિમાનમાં ઘંટ વગાડી ઘોષણા કરો કે — ઈશાનેન્દ્ર ભ૦મહાવીરના વંદનાર્થે જાય છે. તો તમે જલ્દીથી મહાઋદ્ધિ સહ તેની પાસે આવો. ત્યારે અનેક દેવો કુતૂહલાદિથી તેની પાસે આવ્યા. તે દેવોથી પરિવૃત્ત લક્ષયોજન પ્રમાણ યાનવિમાને ઈશાનેન્દ્ર બેઠો. નંદીશ્વરદ્વીપે વિમાનને સંક્ષેપી રાજગૃહનગરે ગયો.

ત્યાં ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી, વિમાનને જમીનથી ચાર આંગળ ઉંચુ રાખ્યુ. ભગવંત પાસે આવી ભગવંતને વાંદી, સેવવા લાગ્યા. પછી ધર્મ સાંભળીને કહ્યું — ભગવન્ ! તમે બધું જાણો છો જુઓ છો, માત્ર ગૌતમાદિ મહર્ષીઓને દિવ્ય નાટ્યવિધિ દેખાડવા ઈચ્છુ છું એમ કહીને દિવ્ય મંડપ વિકુર્વ્યો. તેની મધ્યે મણિપીઠિકા, સિંહાસન કર્યા. પછી ભગવંતને નમીને સિંહાસને બેઠો. પછી તેની જમણી ભૂજામાંથી ૧૦૮ દેવકુમારો અને ડાબીમાંથી ૧૦૮ દેવકુમારી નીકળી. પછી વિવિધ વાદ્ય, ગીતોના શબ્દથી જનમનને ખુશ કર્યુ. બત્રીશ પ્રકારની નાટ્યવિધિ દર્શાવી. અહીં યાવત્ શબ્દથી દિવ્ય દેવદ્યુતિ, દેવપ્રભાવને સંકેલી લે છે. ક્ષણમાં તે એકલો થઈ ગયો. પછી પરિવાર સહિત ઈશાનેન્દ્રએ ભગવંત મહાવીરને વાંદ્યા અને પાછો ગયો.

શિખર આકૃતિવાળું ઘર તે કૂટાગાર શાળા, તેનું દૃષ્ટાંત. ગૌતમે ભગવંતને પૂછ્યું — ઈશાનેન્દ્રની દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ગૌતમ ! તેના શરીરમાં ગઈ. કઈ રીતે ? ગૌતમ ! જેમ કૂટાગાર શાળા હોય. તેની પાસે મોટો જનસમૂહ હોય. તે ખૂબ વરસાદ ચડેલો જાણે જોઈને કૂટાગાર શાળામાં પ્રવેશી જાય, તેમ ઈશાનેન્દ્રની ઋદ્ધિ પ્રવેશી. કયા કારણથી ? ખાન-પાન દઈને, અંત-પ્રાંતાદિ ખાઈને, તપ અને શુભધ્યાનાદિ કરીને, પડિલેહણાદિ આચરીને. - x - પુન્ય ઉપાર્જ્યુ. પૂર્વે કરેલા, તેથી જ જૂના, દાનાદિ સુઆચરણરૂપ, તપ વગેરેમાં પરાક્રમ કરીને, અર્થાવહ હોવાથી શુભ, અનર્થ ઉપશમન હેતુથી કલ્યાણરૂપ. આ જ વાતને કંઈક વિશેષથી કહે છે —

વિપુલ-ગણિમાદિ ધન, કર્કેતનાદિ રત્નો, ચંદ્રકાંતાદિ મણિ, પરવાળા અથવા રાજપટ્ટાદિરૂપ શિલા અને પ્રવાલ, રક્તરત્નાદિ માણેક એવા પ્રધાનદ્રવ્ય વડે. નવા શુભ કર્મો મેળવ્યા વિના જૂનાના નાશની દરકાર વિના. મિત્રો, નાતીલા, ગોત્રજ, મોસાળીયા કે સાસરીયા, નોકરચાકર, આદર કરે છે, સ્વામીરૂપે જાણે છે - - જેમાં વારંવાર પ્રણામ કરવાનો હોય તે પ્રાણામા. દાળ-શાક સિવાય માત્ર ચોખા. તેને ૨૧-વાર ધોવા. - x - આપતો, ભોગવતો. જમીને ભોજનોત્તર કાળે, બેસવાના સ્થાને આવીને ચોકખા પાણીથી આચમન કર્યુ અને - x - ચોકખો થયો. પરમશૂચિભૂત થયો.

જેને જે દેશ-કાળે જુએ, તેને ત્યાં પ્રણામ કરવા. તેમાં યમ - ઈન્દ્રાદિ, खंद - કાર્તિકેય, रुद्द - મહાદેવ, सिव - વ્યંતર વિશેષ, આકારવિશેષ ધર કે રુદ્રજ,

વેસમણ - ઉત્તરનો દિક્‌પાલ, અજ્જ - પ્રશાંતરૂપા ચંડિકા, ચંડિકા જેવી રૌદ્રરૂપા - મહિષાસુરનો નાશ કરનારી, રાજા-ઈશ્વર-તલવર-માડંબિક-શ્રેષ્ઠી. પાણ - ચાંડાલ, ઉચ્ચ - પૂજ્ય, અતિશયથી નમે છે. નીચ - અપૂજ્ય, સાધારણ પ્રણામ. ઉપસંહારાર્થે કહે છે – જે પુરુષ, પશુ આદિ પૂજ્યાપૂજ્યોને નમે છે.

● સૂત્ર-૧૬૦-અધુરેથી ૧૬૩ :-

*ત્યારે તે તામલિ મૌર્યપુત્ર, તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહિત બાલતપોકર્મથી શુષ્ક, રુક્ષ યાવત્ નાડી દેખાતા હોય તેવા થઈ ગયા ત્યારે તે તામલિ બાલતપસ્વીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ અનિત્ય જાગરિકાથી જાગતા આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત યાવત્ સંકલ્પ થયો. હું આ ઉદાર, વિપુલ યાવત્ ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, મહાનુભાગ તપોકર્મથી શુષ્ક, રૂક્ષ યાવત્ નસો દેખાતો થઈ ગયો છું. તો જ્યાં સુધી મને ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ છે, ત્યાં સુધીમાં મારું શ્રેય એ છે કે કાલે યાવત્ સૂર્ય ઉગે પછી તામ્રલિપ્તી નગરીમાં જઈ મેં દેખીને બોલાવેલા, પાખંડીઓ, ગૃહસ્થો, પૂર્વપરિચિત, પશ્ચાત્ પરિચિત, પર્યાસસંગતિને પૂછીને તામ્રલિપ્તીની મધ્યેથી નીકળીને પાદુકા કુંડિકાદિ ઉપકરણ, કાષ્ઠપાત્ર એકાંતમાં મૂકીને તામ્રલિપ્તી નગરીના ઈશાનકોણમાં નિર્વર્તનિક મંડલને આલેખીને, સંલેખના તપમાં આત્માને જોડીને, ભોજન-પાનનો ત્યાગ કરી, વૃક્ષ માફક સ્થિર થઈ, કાળની આકાંક્ષા સિવાય વિચરવું. એમ વિચારી કાલે યાવત્ સૂર્ય ઉગ્યા પછી યાવત્ પૂછીને તામ્રલિપ્તીમાં એકાંતે જઈને યાવત્ આહાર પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સ્વીકાર્યુ. - - તે કાળે બલિચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત હતી.*

*[૧૬૧] ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણાં અસુર કુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીને અવધિ વડે જોયો. પછી પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો! બલિચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત છે હે દેવાનુપ્રિયો! આપણે ઈન્દ્રાધીન અને ઈન્દ્રાધિષ્ઠિત છીએ. ઈન્દ્રના તાબે કાર્ય કરીએ છીએ. હે દેવાનુપ્રિયો! આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી નગરી બહાર ઈશાનખૂણામાં નિર્વર્તનિક મંડલને આલેખીને સંલેહણા તપ સ્વીકારી, ભોજન-પાનને ત્યજી, પાદોપગમન અનશને રહ્યો છે. હે દેવાનુપ્રિયો! એ શ્રેય છે કે આપણે તામલિ બાલતપસ્વીને બલિચંચા રાજધાનીનો સ્થિતિ સંકલ્પ કરાવીએ–*

*એમ કરીને, પરસ્પર એકબીજા સંમત થઈને, બલીચંચાની ઠીક મધ્યેથી નીકળીને જ્યાં રુચકેન્દ્ર ઉત્પાત પર્વત છે ત્યાં આવીને વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈ યાવત્ ઉત્તરવૈક્રિયરૂપોને વિકુર્વે છે. પછી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ, ચંડ, જયવતી, નિપુણ, સીંહ જેવી, શીઘ્ર, ઉદ્‌ભૂત અને દિવ્ય દેવગતિ વડે તિર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોની વચ્ચે જે જંબૂદ્વીપ દ્વીપ છે, ત્યાં આવીને, ભરતક્ષેત્રમાં જ્યાં તામ્રલિપ્તી નગરી છે, જ્યાં તામલિ મૌર્યપુત્ર છે, ત્યાં આવે છે.*

*ત્યાં આવીને તામલિ બાલતપસ્વીની ઉપર, બંને બાજુ, ચારે દિશાએ*



*રહીને દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ, બત્રીશવિધ નાટ્યવિધિ દેખાડે છે. પછી તામલિ બાલતપસ્વીને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વંદી, નમી, આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! અમે બલિચંચા રાજધાનીમાં રહેતા ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા રાજધાની હાલ ઈન્દ્ર, પુરોહિત રહિત છે. અમે બધા ઈન્દ્રાધીન, ઈન્દ્રિધિષ્ઠિત, ઈન્દ્રાધીનકાર્યા છીએ. દેવાનુપ્રિય ! તમે બલિચંચા રાજધાનીનો આદર કરો, સ્વામિત્વ સ્વીકારો, મનમાં લાવી, તે સંબંધે નિદાન કરો, કે તમે કાળમાસે કાળ કરીને બલિચંચા રાજધાનીમાં [ઈન્દ્રરૂપે] ઉત્પન્ન થશો. ત્યારે તમે અમારા ઈન્દ્ર થશો. ત્યારે તમે અમારી સાથે દિવ્યભોગોને ભોગવતા વિચરશો.*

*ત્યારે તે તામલિ બાલતપસ્વીએ તે બલિચંચા રાજધાનીના રહીશો ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ આમ કહ્યું ત્યારે આ અર્થનો આદર ન કર્યો, સ્વીકારી નહીં, મૌન રહ્યો. ત્યારે તે બલિચંચાના રહિશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ તામલિ મૌર્યપુત્રને બે-ત્રણ વખત ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા ઈન્દ્રરહિત છે યાવત્ તમે તેના સ્વામી થાઓ. યાવત્ બે-ત્રણ વાર આમ કહેવા છતાં યાવત્ તામલિ મૌન રહ્યો. ત્યારે તે બલિચંચાના ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓનો તામલિએ અનાદર કરતા, તેમની વાત ન સ્વીકારાતા જે દિશામાંથી આવ્યા હતા. ત્યાં પાછા ગયા.*

*[૧૬૨] તે કાળે, તે સમયે ઈશાનકલ્પ ઈન્દ્ર, પુરોહિતરહિત હતો. ત્યારે તે તામલિ બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૬૦,૦૦૦ વર્ષનો પર્યાય પાળીને, દ્વિમાસિક સંલેખનાથી આત્માને જોડીને ૧૨૦ ભક્ત અનશન વડે છેદીને કાળમાસે કાળ કરી ઈશાન કલ્પે ઈશાનાવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં. દેવદૂષ્યથી આવરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી, ઈશાન દેવેન્દ્રના વિરહકાળ સમયે ઈશાન દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યારે તે ઈશાન દેવેન્દ્ર દેવરાજ જે તુરંત જન્મેલ, તેણે પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તિભાવપૂર્ણ કર્યો. તે આ – આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામન પર્યાપ્તિ.*

*ત્યારે તે બલિચંચા રાજધાનીના રહીશો ઘણાં અસુર કુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીને કાલગત જાણી ઈશાન કલ્પે દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો જોઈને ઘણાં ક્રોધિત-કુપિત-ચંડિક થઈ ગુસ્સામાં ધમધમતા બલિચંચા રાજધાનીની વચ્ચેથી નીકળીને ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી ભરત ક્ષેત્રના તામ્રલિપ્તી નગરમાં તામલિ બાલતપસ્વીના શરીર પાસે આવ્યા. (તામલિના મૃતકને) ડાબે પગે દોરડી બાંધી. તેના મુખમાં ત્રણવાર થુંકી, તામ્રલિપ્તીના શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર-મહાપથ-પથોમાં મુડદાને ઢસેડતા મોટા શબ્દથી ઉદ્‌ઘોષણા કરતા આ પ્રમાણે બોલ્યા-પોતાની મેળે તપસ્વીનો વેશ પહેરી, પ્રાણામા પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત તે તામલિ બાલતપસ્વી કોણ ? ઈશાન કલ્પે થયેલ દેવેન્દ્ર દેવરાજ ઈશાન કોણ ?*

*એમ કરી, તામલિના શરીરની હીલણા-નિંદા-ખિંસા-ગર્હા-અવમાનના-તર્જના-તાડના-પરિવધ-કદર્થના કરે છે. શરીરને આડું-અવળું ઢસડે છે. એ રીતે હીલના યાવત્ આકડવિકડ કરીને એકાંતમાં નાખી - x - ચાલ્યા ગયા.*

*[૧૬૩] ત્યારે તે ઈશાન કલ્પવાસી ઘણાં વૈમાનિક દેવો દેવીઓએ જોયું - બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીના શરીરની હીલણા-નિંદા યાવત્ આકડવિકડ કરે છે. તે જોઈને ક્રોધિત થઈ યાવત્ ગુસ્સાથી ધમધમતા જ્યાં ઈશાનેન્દ્ર છે, ત્યાં જઈને બે હાથ જોડી, દશનખ ભેગા કરી મસ્તકે અંજલિ જોડી, જય-વિજયથી વધાવી આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ આપ દેવાનુપ્રિયને કાલગત જાણીને, ઈશાન કલ્પે ઈન્દ્રપણે ઉત્પન્ન થયેલ જોઈને ક્રોધ પૂર્વક યાવત્ એકાંતમાં આપનું શરીર ફેંકીને - x - પાછા ગયા.*

*ત્યારે તે ઈશાનેન્દ્રએ તે ઈશાનકલ્પવાસી ઘણાં દેવ-દેવી પાસે આ અર્થ જાણી, અવધારી ક્રોધથી યાવત્ ધમધમતા તે ઉત્તમ દેવ શય્યામાં રહીને ભ્રુકુટીને ત્રણ વળ દઈ, ભવાં ચડાવી બલિચંચા સામે, નીચે, સપક્ષ, સપ્રતિદિશિ જોયું. ત્યારે તે બલિચંચાને ઈશાનેન્દ્રએ - x - આ રીતે જોતાં, તેમના દિવ્યપ્રભાવથી બલિચંચા અંગારા જેવી, આગના કણિયા જેવી, રાખ જેવી, તપ્ત વેણુકણ જેવી, તપીને લ્હાય જેવી થઈ ગઈ. ત્યારે બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ બલિચંચા રાજધાનીને અંગારા જેવી યાવત્ લ્હાય જેવી તપેલી જોઈ, તેનાથી ભય પામ્યા-ત્રાસ્યા-ઉદ્વેગ પામ્યા-ભયભીત થઈ ચારે બાજુ દોડવા-ભાગવા-એકબીજાની સોડમાં ભરાવા લાગ્યા.*

*જ્યારે તે બલિચંચાના રહીશો - x - એ એમ જાણ્યું કે ઈશાનેન્દ્ર કોપેલ છે, ત્યારે તેઓ ઈશાનેન્દ્રની દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ, તેજોલેશ્યાને સહન ન કરતા બધાં સપક્ષ અને સપ્રતિદિશામાં રહીને, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, ઈશાનેન્દ્રને જય-વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું — અહો ! આપ દેવાનુપ્રિયને દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણેલી છે. આપ દેવાનુપ્રિયની તે દિવ્ય-દેવઋદ્ધિ યાવત્ લબ્ધ, પ્રાપ્ત અને સામે આણેલી છે (તે અમે જોઈ) અમે આપની ક્ષમા માંગીએ છીએ હે દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. ફરીવાર અમે એમ નહીં કરીએ. એ રીતે સારી રીતે, વિનયપૂર્વક વારંવાર ખમાવે છે બલિચંચા રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ પોતાના અપરાધ બદલ ઈશાનેન્દ્રની સમ્યક્ વિનયપૂર્વક વારંવાર ક્ષમા માંગી ત્યારે ઈશાનેન્દ્રે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ તેજોલેશ્યાને સંહરી લીધી.*

*હે ગૌતમ ! ત્યારથી તે બલિચંચા રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ ઈશાનેન્દ્રનો આદર કરે છે યાવત્ પર્યુપાસે છે. દેવેન્દ્ર ઈશાનની આજ્ઞા-સેવા-આદેશ-નિર્દેશમાં રહે છે. એ રીતે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ મેળવેલી છે.*

*ભગવન્ ! ઈશાનેન્દ્રની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! સાતિરેક બે સાગરોપમ. દેવેન્દ્ર ઈશાન તે દેવલોકથી આયુ ક્ષય થતાં યાવત્ ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.*



**● વિવેચન-૧૬૦ અધુરેથી-૧૬૩ :-**

અનિત્ય વિચારણા. જોઈને બોલાવેલા, ગૃહસ્થાપણામાં પરિચિત જૂના મિત્રાદિ નિર્વર્તનિક-એક જાતનું ક્ષેત્રનું માપ, તેના જેટલા પરિમાણવાળું અથવા પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર. - x -

ઈન્દ્રરહિત, શાંતિકર્મકર્તા-પુરોહિતરહિત. અહીં ઈન્દ્ર નથી માટે જ પુરોહિત નથી. ઈન્દ્રને વશ હોવાથી ઈન્દ્ર આધિન. ઈન્દ્રયુક્ત હોવાથી ઈન્દ્ર અધિષ્ઠિત. તેથી જ - જેનું કાર્ય ઈન્દ્રને આધિન છે તેવી. સ્થિતિકલ્પ એટલે બલિચંચામાં રહેવાનો સંકલ્પ.. ઉત્કર્ષવાળી તે દેવગતિ વડે, આકુળતા હોવાથી ઉતાવળી, પણ સ્વાભાવિક નહીં. ત્યાં માનસિક ચપળતા સંભવે છે માટે કહ્યું — કાયાની ચપળતાવાળી ગતિ વડે. રૌદ્ર-ભયંકર ગતિ વડે. બીજી ગતિને જિતનાર ગતિ વડે, ઉપાયમાં પ્રવૃત્તિ કર્તા નિપુણ ગતિ વડે. શ્રમ અભાવે સિંહ જેવી ગતિ વડે, વેગવતી-દિવ્ય ગતિ વડે ચાલતા વસ્ત્ર ઉડતા હોય તેમ, દર્પવાળી ગતિથી.. પૂર્વાદિ ચારે દિશા સમાન પક્ષે હોવાથી સપક્ષ, બધા ખૂણાં સરખા પડે તે સપ્રતિદિક્.. નાટ્ય વિષય વસ્તુ બત્રીશ પ્રકારે હોવાથી બત્રીશવિધ. તે રાયપસેણીયથી જાણવું.

अट्ठं बंधह - પ્રયોજન વિશે નિશ્ચય કરો. निदान - પ્રાર્થના. શીઘ્ર કોપથી વિમૂઢબુદ્ધિ અથવા કોપના ચિન્હો પ્રગટેલા છે તે, કોપનો ઉદય થયેલા, પ્રગટ રૌદ્રરૂપવાળા, ક્રોધથી સળગતા માટે દેદીપ્યમાન.

દોરડી વડે, થુંકે છે. આડુ-અવળું કરે છે. જાતિ વગેરે ઉઘાડી પાડીને નિંદે છે, મન વડે કુત્સા કરે છે, પોતાની સમક્ષ વચનોથી ખિંસા કરે છે, લોક સમક્ષ ગર્હા કરે છે, અપમાન પાત્ર માને છે, આંગળી આદિ હલાવી તર્જના કરે છે, હાથેથી મારે છે, કદર્થના કરે છે, પ્રકૃષ્ટ વ્યથા આપે છે.

ઉત્તમ શય્યામાં રહેલ, ત્રળ સળ કપાળે પાડી, ભૃકુટી ખેંચી, અગ્નિ સમાન થયેલ.. ભયવાળા થઈ, ભયથી કંપતા, આનંદરસ સૂકાઈ ગયેલા, રહેઠાણ છોડી દેવાના મનવાળા. તાત્પર્ય એ કે — થોડું કે વધારે દોડે છે. એકબીજાની સોડમાં ભરાઈ જતાં.. અમે વારંવાર આવું નહીં કરીએ.

आज्ञा - 'આ કરવાનું જ છે' એવો આદેશ उपपात - સેવા, वचन - આજ્ઞાપૂર્વક આદેશ, निर्देश - પૂછેલાં કાર્ય સંબંધે નિયત ઉત્તર.

ઈશાનેન્દ્ર વક્તવ્યતા પ્રસ્તાવથી તે જ સંબંધે કહે છે—

**● સૂત્ર-૧૬૪ થી ૧૬૯ :-**

*[૧૬૪] ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાનો કરતાં શું દેવેન્દ્ર દેવરાજ*

*ઈશાનના વિમાનો કિંચિત્ ઉચ્ચતર, કિંચિત્ ઉન્નતતર છે? ઈશાનેન્દ્રના વિમાનોથી શક્રેન્દ્રના વિમાનો કંઈક નીચા કે નિમ્નતર છે? ગૌતમ! હા, તે એમ જ છે - એમ કેમ કહ્યું? ગૌતમ! જેમ કોઈ હથેળી ક્યાંક ઉંચુ, ક્યાંક ઉન્નત હોય અને ક્યાંક નીચું, ક્યાંક નિમ્ન હોય, તેમ હે ગૌતમ! શક્રેન્દ્રના વિમાન નિમ્ન છે.*

*[૧૬૫] ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાન પાસે જવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે તેમનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? ગૌતમ ! આદર કરતો આવે. - x -*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન, દેવેન્દ્ર દેવરાજ શક્ર પાસે આવવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે તેનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? ગૌતમ ! આદર કરતો કે અનાદર કરતો પણ આવે.*

*ભગવન્ ! ઈશાનેન્દ્રની સપક્ષ, સપ્રતિદિશ જોવાને શક્રેન્દ્ર સમર્થ છે ? ગૌતમ ! પાસે આવવા માફક અહીં બે આલાવા છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર સાથે વાતચિત કરવાને સમર્થ છે ? હા, છે. પાસે આવવા સંબંધે કહ્યું તેમ અહીં કહેવું.*

*ભગવન્ ! તે શક્રેન્દ્ર-ઈશાનેન્દ્ર વચ્ચે કોઈ કૃત્ય, કરણીય સમુત્પન્ન થાય છે ? હા, થાય છે. ત્યારે તે કેવો વ્યવહાર કરે ? ગૌતમ ! ત્યારે શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર પાસે જાય છે. ઈશાનેન્દ્ર, શક્રેન્દ્ર પાસે જાય છે [તેઓ પરસ્પર આ રીતે બોલાવે છે—] ઓ ! દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ દેવરાજ દેવેન્દ્ર શક્ર ! કે ઓ ! ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ! એ રીતે પરસ્પર કૃત્ય, કરણીયને અનુભવતા વિચરે છે.*

*[૧૬૬] તે દેવેન્દ્ર દેવરાજ શક્ર-ઈશાન વચ્ચે પરસ્પર વિવાદ થાય છે ? હા, થાય છે. ત્યારે તેઓ શું કરે છે ? ગૌતમ ! ત્યારે તે શક્ર-ઈશાન, દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારને યાદ કરે છે. ત્યારે તે સનત્કુમારેન્દ્ર, શક્ર-ઈશાનેન્દ્રએ યાદ કરતા જલ્દીથી તેઓની પાસે આવે છે. તે જે કહે તેને બંને ઈન્દ્રો તેમની આજ્ઞા-સેવા-વચન-નિર્દેશે રહે છે.*

*[૧૬૭] દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, પરિત્તસંસારી, અપરિત્ત સંસારી, સુલભબોધિ, દુર્લભબોધિ, આરાધક, વિરાધક, ચરમ, અચરમ શું છે ? ગૌતમ ! સનત્કુમારેન્દ્ર ભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, પરિત્તસંસારી, સુલભબોધિ, આરાધક, ચરમ પ્રશસ્ત જાણવા. અભવસિદ્ધિક આદિ નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ? સનત્કુમારેન્દ્ર ઘણાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના હિત-સુખ-પથ્યેચ્છુ છે, આનુકંપા કરનાર, નિઃશ્રેયસ-હિત સુખ કલ્યાણના કામી છે. તેથી ગૌતમ ! એમ કહ્યું.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની સ્થિતિ કેટલા કાળ સુધીની છે ? ગૌતમ ! સાત સાગરોપમ સ્થિતિ છે. ભગવન્ ! તે, તે દેવલોકથી આયુક્ષય થતાં યાવત્ ક્યા ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ*



*દુઃખોનો અંત કરશે. - ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે.*

*[૧૬૮] તિષ્યકનો તપ છઠ્ઠ-છઠ્ઠ, અનશન એક માસ, શ્રમણપર્યાય આઠ વર્ષ-કુરુદત્તનો તપ અઠ્ઠમ-અઠ્ઠમ, અનશન અર્ધ માસ, શ્રમણપર્યાય છ માસ છે.*

*[૧૬૯] વિમાનોની ઉંચાઈ, પ્રાદુર્ભાવ, જોવું, સંલાપ, કાર્ય, વિવાદોત્પત્તિ, સનત્કુમારનું ભવ્યપણું કહ્યું.*

**● વિવેચન-૧૬૪ થી ૧૬૯ :-**

પ્રમાણથી ઉંચાપણું, ગુણથી ઉન્નત્તપણું અથવા પ્રાસાદ અપેક્ષાએ ઉંચાપણું, પ્રાસાદ પીઠની અપેક્ષાએ ઉન્નત્તપણું. જે કહ્યું છે કે — પહેલા કલ્પોમાં વિમાનોની ઉંચાઈ ૫૦૦ યોજન છે. તે સ્થૂળપણે કહ્યું છે, એમ જાણવું. તેનાથી કિંચિત્ વધુ ઉંચું હોય તો તેમાં કોઈ વિરોધ નથી. - x - आलाप - संभाषण, संलाप - पुनः पुनः भाषण. कृत्य - પ્રયોજન, करणीय - કાર્યો. હવે કાર્યનો પ્રસંગ આવે ત્યારે કેવી રીતે કાર્ય કરે છે? કાર્યો સરળ છે. भो - આ કાર્ય છે. भो શબ્દ આમંત્રણાર્થે છે - x - જે કોઈ આજ્ઞાદિ એ કરે. તેને તેઓ તાબે રહે છે, એમ વાક્યાર્થ છે - x -

જ્ઞાનાદિનો આરાધક છે. છેલ્લો એક જ ભવ બાકી છે, તે चरम. અથવા દેવભવ તે તેનો છેલ્લો દેવભવ છે - x - हित - સુખના કારણરૂપ. - x - દુઃખથી બચવું તે પથ્ય. તે કૃપાળુ છે માટે આમ કહ્યું. નિઃશ્રેયસ - મોક્ષમાં નિયુક્ત. જેમાં દુઃખનો સંબંધ ન હોય તે સુખ. હિત, સુખાદિને ઈચ્છનાર. પૂર્વોક્ત અર્થસૂચક બે ગાથા—

અહીં પહેલી ગાથામાં પૂર્વાર્ધ પદોનો ઉત્તરાર્ધ પદો સાથે અનુક્રમે સંબંધ જોડવો. જેમકે તિષ્યકનું છઠ્ઠ તપ, ઇત્યાદિ. भत्तपरिण्ण - અનશનનો વિધિ. - x - વિકુર્વણા કેવી? તેનું કથન મોકા નગરીમાં કહેવાયેલ હોવાથી. તેનું પ્રકરણ 'મોકા' કહેવાય છે.

**શતક-૩, ઉદ્દેશો-૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૨-"ચમરોત્પાત" ❀

— x — x — x — x — x —

૦ દેવોની વિકુર્વણા કહી, અહીં અસુરકુમારની ગતિશક્તિ કહે છે—

**● સૂત્ર-૧૭૦ થી ૧૭૨ :-**

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. યાવત્ પર્ષદા પર્યુપાસે છે. - - તે કાળે તે સમયે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર ચમરચંચા રાજધાનીમાં, સુધર્મા સભામાં ચમર નામે સિંહાસન ઉપર બેઠેલો, ૬૪,૦૦૦ સામાનિક દેવોથી વીંટળાયેલો યાવત્ નૃત્ય વિધિ દેખાડીને જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં પાછો ગયો.*

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે અસુરકુમાર દેવો વસે છે ? ગૌતમ ! આ વાત યોગ્ય નથી. યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં જાણવું. સૌધર્મકલ્પની નીચે યાવત્ (બીજા કલ્પોની નીચે પણ અસુરકુમારો રહેતા નથી.)*

ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી નીચે અસુરકુમાર દેવો રહે છે ? આ વાત યોગ્ય નથી.. ભગવન્ ! ત્યારે એવું ખ્યાત સ્થાન કયું છે કે જ્યાં અસુરકુમાર દેવો રહે છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ યોજનની જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વી મધ્યે રહે છે. એ રીતે અસુરકુમારો સંબંધી બધી વક્તવ્યતા યાવત્ દિવ્ય ભોગ ભોગવતા રહે છે.

ભગવન્ ! અસુરકુમાર દેવોનું અધઃગતિ સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તે અસુરકુમાર દેવો સ્વસ્થાનથી કેટલે નીચે જઈ શકે છે ? ગૌતમ ! યાવત્ અધઃસપ્તમી પૃથ્વી. ત્રીજી પૃથ્વી સુધી તેઓ ગયા છે, જાય છે અને જશે.. ભગવન્ ! અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે, તેનું શું કારણ ? ગૌતમ ! પૂર્વ વૈરીને વેદના દેવા અને જૂના મિત્રની વેદના ઉપશાંત કરવા અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે. અસુરકુમાર દેવોનું તિર્છા ગમન સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તેમનું તિર્છું ગમન સામર્થ્ય કેટલું છે ? ગૌતમ ! યાવત્ અસંખ્ય દ્વીપસમુદ્ર છે. નંદીશ્વરદ્વીપ સુધી ગયા છે અને જશે. ભગવન્ ! કયા કારણે અસુરકુમાર દેવો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે ? ગૌતમ ! જે આ અરિહંત ભગવંતો છે, તેઓના જન્મ-નિષ્ક્રમણ-જ્ઞાનોત્પાદ-પરિનિર્વાણ મહોત્સવો છે, તેને માટે અસુરકુમારો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે. ભગવન્ ! અસુરકુમાર દેવોનું ઉર્ધ્વ ગતિ સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તે સામર્થ્ય ક્યાં સુધી છે ? ગૌતમ ! અચ્યુતકલ્પ સુધી. સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે. ભગવન્ ! અસુરકુમાર શા માટે સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે ? ગૌતમ ! તેઓને ભવ પ્રત્યયિક વૈરાનુબંધ છે. વૈક્રિયરૂપ બનાવતા અને ભોગો ભોગવતા તેઓ આત્મરક્ષક દેવોને ત્રાસ પમાડે છે તથા યથોચિત નાના-નાના રત્નોને લઈને એકાંતમાં ચાલ્યા જાય છે.

ભગવન્ ! તે દેવો પાસે યથોચિત નાના રત્નો છે ? હા, છે.. જ્યારે તેઓ રત્નો ઉપાડી જાય ત્યારે વૈમાનિકો શું કરે ? પછી વૈમાનિકો તેમને કાયિક વ્યથા પહોંચાડે. ભગવન્ ! અસુરકુમારો ઉપર જઈને, ત્યાં રહેલ અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ છે ? ના, એમ નથી. તેઓ ત્યાંથી પાછા વળી સ્વ સ્થાને આવે છે. જો કદાચ અપ્સરા તેમનો આદર કરો, સ્વીકારે, તો તે અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ બને, પણ જો તે અપ્સરા તેમનો આદર અને સ્વીકાર ન કરે, તો અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવી રહેવા સમર્થ ન બને. ગૌતમ ! એ રીતે અસુરો ત્યાં ગયા છે અને જશે.

[૧૭૧] ભગવન્ ! કેટલો સમય વીત્યા પછી અસુરકુમાર દેવો ઉંચે જાય છે તથા સૌધર્મકલ્પે ગયા છે અને જશે ? ગૌતમ ! અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી વીત્યા પછી લોકમાં આશ્ચર્યરૂપ આ ભાવ સમુત્પન્ન થાય છે, જે અસુરકુમાર સૌધર્મકલ્પ સુધી ઉંચે જાય. ભગવન્ ! કોનો આશ્રય કરીને અસુરકુમારો





સૌધર્મકલ્પ સુધી ઉંચે જાય છે ? હે ગૌતમ ! જેમ કોઈ શબર-બર્બર-ટંકણ-ભુત્તઅ-પણ્હય-પુલિંજાતિના લોકો એક મોટા જંગલ-ખાડો-દુર્ગ-ગુફા વિષમ-પર્વતનો આશ્રય કરી, સારા મોટા ઘોડા-હાથી-યોદ્ધા-ધનુષ્યવાળા સૈન્યને હંફાવે, તેમ અસુરકુમારો પણ અરિહંત-અરિહંતચૈત્ય-ભાવિતાત્મા અણગારની નીશ્રાએ સૌધર્મકલ્પે જાય.

ભગવન્! શું બધાં અસુરકુમારો ઉંચે યાવત્ સૌધર્મ કલ્પ સુધી જાય છે? ગૌતમ! એવું નથી, મહર્દ્ધિક અસુરકુમારો ઉંચે યાવત્ સૌધર્મ કલ્પે જાય છે. ભગવન્! એ રીતે અસુરેન્દ્ર, અસુરકુમાર રાજ ચમર કોઈ વાર પૂર્વે ઉપર યાવત્ સૌધર્મકલ્પે ગયેલો છે? હા, ગૌતમ! ગયો છે. ભગવન્! અહો! આ ચમરેન્દ્ર કેવી મહાઋદ્ધિ, મહાદ્યુતિ યાવત્ તેની ઋદ્ધિ ક્યાં ગઈ? કૂટાગારશાલા દૃષ્ટાંત.

[૧૭૨] અસુરેન્દ્ર અસુરરાજ ચમરે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ ક્યાં લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કરી? ગૌતમ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં બેભેલ નામે સંનિવેશ હતું. (વર્ણન) તે બેભેલ સંનિવેશે પૂરણ નામે ગૃહસ્થ રહેતો હતો, તે આઢ્ય, દિપ્ત યાવત્ તામલિની વક્તવ્યતા મુજબ જાણવો. વિશેષ આ — ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર કરીને યાવત્ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ યાવત્ સ્વયં જ ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર લઈને, મુંડ થઈને “દાનામા” પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થઈને, તે જ પ્રમાણે આતાપના ભૂમિથી ઉતરીને આપમેળે જ ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્ર લઈને બેભેલ સંનિવેશના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યાએ ફરતાં, જે મને પાત્રના પહેલા ખાનામાં આવે તે મારે માર્ગમાં પથિકોને દેવું કલ્પે, જે મને પાત્રના ત્રીજા ખાનામાં આવે તે મારે મત્સ્ય-કાચબાને દેવું કલ્પે, જે મને પાત્રના ચોથા ખાનામાં આવે તે મને મારા પોતાના આહાર માટે કલ્પે. એવું વિચારી, કાલે પ્રભાત થયા પછી, તે બધું સંપૂર્ણ યાવત્ - જે મારા ચોથા ખાનામાં પડે તેનો પોતે આહાર કરે છે. [શેષ કથન તામલિ મુજબ જાણવું.]

ત્યારે તે પૂરણ બાલતપસ્વી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહિત બાલ તપકર્મ વડે એ બધું તામલિ મુજબ કહેવું. યાવત્ બેભેલ સંનિવેશની વચ્ચોવચ્ચથી નીકળે છે. નીકળીને પાદુકા, કુંડિકા આદિ ઉપકરણ, ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્રને એકાંતમાં મૂકે છે. બેભેલ સંનિવેશથી અગ્નિખૂણામાં અર્ધનિર્વર્તનિક મંડળને આલેખે છે. સંલેખના ઝૂસણાથી ઝૂસિત થઈને, ભોજન-પાનનો ત્યાગ કરીને, પાદપોપગમન અનશન કરી (તે પૂરણ) દેવગત થયો.

તે કાળે તે સમયે હે ગૌતમ ! હું છદ્મસ્થાવસ્થામાં હતો. ૧૧ વર્ષનો દીક્ષાપર્યાય હતો. નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મથી સંયમ-તપ વડે આત્માને ભાવતો પૂર્વાનુપૂર્વી એ ચરતો, ગ્રામાનુગ્રામ વિચરતો જ્યાં સુંસમારપુરનગર છે, જ્યાં અશોક વનખંડ ઉદ્યાન છે, જ્યાં પૃથ્વીશિલાપટ્ટક છે. ત્યાં આવ્યો. ઉત્તમ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકાર્યું. બંને પગ

ભેગા કરી, હાથને નીચે લાંબા કરી, એક પુદ્ગલ ઉપર દૃષ્ટિ રાખી, અનિમેષ નયને, જરા શરીરને આગળને ભાગે નમતું મેલીને, યથાસ્થિત ગાત્રો વડે, સર્વેન્દ્રિયથી ગુપ્ત થઈને, એકરાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને રહેલો હતો.

તે કાળે તે સમયે ચમરચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત હતી. ત્યારે તે પુરણ બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૧૨ વર્ષનો પર્યાય પાળીને, માસિકી, સંલેખનાથી આત્માને જોડીને, ૬૦ ભક્તને અનશન વડે છેદીને કાળમાસે કાળ કરી ચમરચંચા રાજધાનીમાં ઉત્પાત સભામાં યાવત્ ઈન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યારે તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, જે તાજો જ ઉત્પન્ન થયેલો, તેણે પાંચ પ્રકારે પર્યાપ્તિને પૂર્ણ કરી. તે આ – આહાર પર્યાપ્તિથી પર્યાપ્તિભાવ પામીને અવધિજ્ઞાન વડે સ્વાભાવિક ઉંચે યાવત્ સૌધર્મકલ્પે દેવેન્દ્ર, દેવરાજ, મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ, વજ્રપાણિ, પુરંદર યાવત્ દશ દિશાઓને ઉદ્યોતિત, પ્રદ્યોતિત કરતો, સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં શક્રસિંહાસન ઉપર યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતા (શક્રેન્દ્રને) જોયો.

તેને જોઈને ચમરેન્દ્રને આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉત્પન્ન થયો - આ કોણ મરણનો ઈચ્છુક, દુરંતપ્રાંતલક્ષણ, હ્રી-શ્રી વગરનો, હીનપુણ્ય ચૌદશીયો છે જે મારી આ આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દેવાનુભાવ લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કર્યા છે છતાં મારી ઉપર ગભરાટ વિના દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે ? એમ વિચારી ચમરે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! આ કોણ મરણનો ઈચ્છુક યાવત્ વિચરે છે ?

ત્યારે તે સામાનિક દેવો, ચમરેન્દ્રએ આમ કહ્યું ત્યારે હર્ષિત-સંતુષ્ટ થઈને યાવત્ હર્ષિત હૃદયે, હાથ જોડીને, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ કરી, આવર્ત કરી, જય-વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! આ દેવેન્દ્ર દેવરાજ શક્ર છે યાવત્ વિચરી રહ્યો છે.

ત્યારે તે ચમરેન્દ્રએ તે સામાનિકપર્ષદા ઉત્પન્ન દેવો પાસે આ કથન સાંભળી, અવધારી ક્રોધિત થઈ, રોષિત થઈ, કોપી, ચંડ બની, ક્રોધથી ધમધમતા, તે સામાનિક દેવોને આ પ્રમાણે કહ્યું – દેવેન્દ્ર દેવરાજ શક્ર બીજો છે અને અસુરેન્દ્ર અસુર રાજ ચમર બીજો છે. ભલે તે શક્રેન્દ્ર મહાઋદ્ધિવાળો છે, ભલે આ ચમરેન્દ્ર અલ્પ ઋદ્ધિવાળો છે, તો પણ હે દેવાનુપ્રિયો ! હું મારી પોતાની જ મેળે તે શક્રેન્દ્રની શોભાને ભ્રષ્ટ કરવા ઈચ્છુ છું. એમ કરીને તે ચમર ગરમ થયો, ઉષ્ણીભૂત થયો.

ત્યારે તે ચમરેન્દ્રએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. મને અવધિજ્ઞાન વડે જોયો, જોઈને તેને આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ થયો. શ્રમણ ભગવંત મહાવીર, જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં સુંસુમારપુર નગરમાં અશોક વનખંડ ઉદ્યાનમાં ઉત્તમ અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકારીને એક



રાત્રિકી મહાપ્રતિમા ગ્રહણ કરીને રહેલા છે. તો એ શ્રેયસ્કર છે, હું ભગવંત મહાવીરની નિશ્રા લઈ, શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા જાઉં. એમ વિચારી દેવશય્યાથી ઉઠીને દેવદૂષ્ય પહેરી ઉપપાત સભાથી પૂર્વ દિશાના દ્વારેથી નીકળ્યો. જે તરફ સુધર્માસભા હતી, જ્યાં ચતુષ્પાલ શસ્ત્રભંડાર હતો, ત્યાં ગયો. જઈને પરિઘ રત્ન નામે હથિયાર લીધું. પછી તે એકલો, કોઈને સાથે લીધા વિના પરિઘ રત્નને લઈને મહારોષને ધારણ કરતો ચમરચંચા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળી, તિગિચ્છિકૂટ ઉત્પાત પર્વતે આવ્યો. ત્યાં વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ, સંખ્યાત યોજન સુધીનાં યાવત્ ઉત્તરવૈક્રિયરૂપ બનાવી, ઉત્કૃષ્ટ યાવત્ ગતિ વડે પૃથ્વીશિલાપટ્ટક ઉપર, મારી પાસે આવી, મને ત્રણ વાર પ્રદક્ષિણા યાવત્ નમસ્કાર કરીને તે ચમર આ પ્રમાણે બોલ્યો–

હે ભગવન્ ! આપનો આશ્રય લઈ હું મારી જાતે જ શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છુ છું. એમ કરીને ઈશાન કોણની દિશા તરફ ગયો. જઈને વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ, યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈ એક મહા ઘોર ઘોરાકાર, ભયંકર, ભયંકરાકાર, ભાસ્વર, ભયાનક, ગંભીર, ત્રાસદાયી કાળી અર્ધરાત્રિ અને અડદના ઢગલા જેવું કાળું તથા લાખ યોજન ઉંચુ, મોટું શરીર બનાવ્યું. તેમ કરીને આસ્ફાટન-વલ્ગન-ગર્જન-ઘોડા જેવો હણહણાટ-હસ્તિવત્ કિલકિલાટ-રથવત્ ઘણઘણાટ કરતો, પગ પછાડતો-ભૂમિ ઉપર પાટુ મારતો-સિંહનાદ કરતો ઉછળે છે, પછડાય છે, ત્રિપદીને છેદે છે, ડાબો હાથ ઉંચો કરે છે, જમણા હાથની તર્જની અને અંગુઠાના નખ વડે પોતાના મુખને વિડંબે છે, મોટા-મોટા કલકલ શબ્દોથી અવાજ કરે છે. એકલો, કોઈને સાથે લીધા વિના, પરિઘરત્નને લઈને ઉંચે આકાશમાં ઉડ્યો. જાણે અધોલોકને ખળભળાવતો, ભૂમિતલને કંપાવતો, તિર્છાલોકને ખેંચતો, ગગનતલને ફોડતો હોય તેવો (એ પ્રમાણે ચમર) ક્યાંક ગાજે છે ક્યાંક વિદ્યુત્વત્ ઝળકે છે. ક્યાંક વરસાદ પેઠે વરસે છે, ક્યાંક ધૂળવર્ષા કરે છે, ક્યાંક અંધકાર કરે છે (એમ કરતો) વ્યંતરને ત્રાસ પમાડતો, જ્યોતિષ્ક દેવોના જાણે બે ભાગ કરતો. આત્મરક્ષક દેવોને ભગાડતો, પરિઘરત્ન આકાશતલમાં ફેરવતો, શોભાવતો ઉત્કૃષ્ટ ગતિથી યાવત્ અસંખ્ય તિર્છાદ્વીપ સમુદ્રની વચ્ચોવચ્ચથી નીકળતો સૌધર્મકલ્પે, સૌધર્માવતંસક વિમાને, જ્યાં સુધર્માસભા છે ત્યાં આવી એક પગ પદ્મવર વેદિકામાં અને બીજો પગ સુધર્માસભામાં મૂક્યો. પરિઘરત્ન વડે મોટા મોટા અવાજ કરતા તેણે ઈન્દ્રકીલને ત્રણ વાર કુટ્યો, કુટીને (ચમરેન્દ્ર) આ પ્રમાણે બોલ્યો–

અરે ! દેવેન્દ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? ક્યાં છે તે ૮૪,૦૦૦ સામાનિક દેવો ? - યાવત્ - ક્યાં છે ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો ? ક્યાં છે તે કરોડો અપ્સરાઓ ? આજે હણું છું, આજે વધ કરું છું, તે બધી અપ્સરાઓ જે મારા તાબે નથી, તે આજે તાબે થઈ જાઓ. એમ કરીને તેવા પ્રકારના અનિષ્ટ,

*અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, કઠોર વાણી કાઢે છે ત્યારે તે શક્રેન્દ્ર, તેવી અનિષ્ટ યાવત્ અમણામ્ પૂર્વે ન સાંભળેલી, કઠોર વાણી સાંભળીને, અવધારીને ક્રોધિત યાવત્ ગુસ્સાથી ધમધમતો, કપાળમાં ત્રણ વલી પડે તેમ ભવાં ચઢાવી, ચમરેન્દ્રને કહ્યું – હે, અરે, ચમરા ! મરણની ઈચ્છાવાળા, યાવત્ હીન પુન્ય ચૌદશીયા ! આજે તું નહીં રહે, હતો ન હતો થઈ જઈશ. તને સુખ નહીં થાય. એમ કરી ઉત્તમ સિંહાસનેથી વજ લીધું.*

*તે ઝળહળતું, સ્ફુટતું, તડતડાટ કરતું, હજારો ઉલ્કાપાતને મૂકતું, હજારો જ્વાલાને છોડતું, હજારો અંગારાને ખેરવતું, અગ્નિના કણિઆ અને જ્વાલાઓની માળાથી ભમાવતું, આખોને આંજી દેતુ, આગ કરતાં પણ વધુ તેજથી દીપતું, અતિ વેગવાળું, ફૂલેલા કેસુડા જેવું લાલ, મહાભયરૂપ, ભયંકર વજ ચમરને હણવા મૂક્યું.*

*તે ઝળહળતા યાવત્ ભયંકર વજને સામે આવતું જોઈ, તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, આ શું ? એવું વિચારે છે ‘મારે આવું શસ્ત્ર હોત તો’ એવી સ્પૃહા કરે છે, ફરી પણ સ્પૃહા કરે છે. એટલામાં તે મુગટથી ખરી ગયેલ છોગાવાળો, આલંબવાળા હાથના ઘરેણાવાળો, પગ ઉંચા અને માથુ નીચુ કરીને કાંખમાં પરસેવો ન વળ્યો હોય એમ પરસેવાને ઝરાવતો ઝરાવતો તે ચમર ઉત્કૃષ્ટ યાવત્ તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોની વચ્ચોવચ્ચ જતા જતા જે તરફ જંબૂદ્વીપ છે યાવત્ જ્યાં ઉત્તમ અશોકનું વૃક્ષ છે તથા જ્યા હું છું તે તરફ આવીને, બીધેલો, ભયથી ગર્ગર સ્વરે ભગવન્ ! ‘તમે મારું શરણ છો’ એમ બોલતો મારા બંને પગની વચ્ચે વેગથી પડ્યો.*

**● વિવેચન-૧૭૦ થી ૧૭૨ :-**

આ સૂત્ર ક્રમ વડે કહેવું. તે આ - ઉપર, નીચે એક-એક હજાર યોજન અવગાહીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં અસુરકુમાર દેવોના ૬૪-લાખ ભવનાવાસો છે.. સંરભપૂર્વક મોટા વૈક્રિય શરીરને કરતાં, પરિચારણ કરતાં બીજાની દેવી સાથે ભોગ ભોગવવાની ઈચ્છાવાળા.. યથોચિતપણે નાના સ્વરૂપવાળા કેમકે મોટા રત્નોને સંતાડવા અશક્ય હોવાથી નાના રત્નો કહ્યા છે. વૃદ્ધોએ - ઉત્તમરત્નો અર્થ કર્યો છે.

હવે રત્નો લઈને એકાંત સ્થાનમાં જનાર અસુરોને તે વૈમાનિકો શું કરે છે ? રત્નોનું ગ્રહણ કર્યા પછી, રત્નોને લેનારા એવા અસુરોના શરીર ઉપર પ્રહાર દ્વારા વૈમાનિકો પીડા ઉત્પન્ન કરે છે. પીડા પામેલા અસુરોને થતી વેદના જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે છે... શબર આદિ અનાર્ય વિશેષો છે... ખાડાનો, જળ કે સ્થળ દુર્ગનો, પર્વતની ગુફાનો, ખાડા અને વૃક્ષોથી ગીચ જમીનનો આશરો લઈને ધનુર્ધર આદિના લશ્કરને જીતી લેશું એમ નિશ્ચય કરે છે. આ લોકમાં અરિહંતનો આશરો લઈને ઉંચે જાય, તે સિવાય નહીં.

दाणामा - દાનની મુખ્યતાવાળી, - x - બંને પગને ભેગા કરીને એટલે જિનમુદ્રાએ, લાંબા હાથ કરી, આગળ મુખ નમાવીને, યથાસ્થિત ગાત્રો વડે. विससा - સ્વભાવથી જ. पासइ - જુએ છે.



મહામેઘને વશ કરનાર, પાક નામના બળવાન્ શત્રુને શિક્ષા કરનાર, કાર્તિક શ્રેષ્ઠીના ભવની અપેક્ષાએ અભિગ્રહરૂપ-પ્રતિમાને અથવા શ્રાવકની પાંચમી પ્રતિમારૂપ સો પ્રતિમાને વહેનાર. ઈન્દ્રને ૫૦૦ મંત્રીઓ છે, તે ૫૦૦ મંત્રીના નેત્રો ઈન્દ્રના કાર્યમાં વપરાય છે, માટે તે ઈન્દ્રના નેત્રો કહ્યા તેથી ૧૦૦૦ આંખવાળો, અસુરાદિના નગરોનો નાશ કરનાર માટે પુરંદર, યાવત્ શબ્દથી દક્ષિણાર્ધ લોકાધિપતિ, ૩૨-લાખ વિમાનોનો અધિપતિ, ઐરાવણ હાથીના વાહનવાળો, સુરેન્દ્ર, રજરહિત અને આકાશ જેવા નિર્મળ વસ્ત્રો પહેરનાર, માળાવાળા મુગટને માથે મૂકનાર, નવા જેવા જ સુંદર, વિચિત્ર, ચંચળ સુવર્ણકુંડલોથી જેના ગાલો ચળકે છે એવો. આ બધું દિવ્ય તેજ, દિવ્ય લેશ્યા સુધી કહેવું.

હવે ચમરેન્દ્રએ શક્રેન્દ્રને જોયો ત્યારે શું વિચારે છે, તે કહે છે – અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર, દુષ્ટ એવા અને તેથી જ અમનોજ્ઞ લક્ષણો જેના છે તે, હીનપુન્ય ચૌદશના જન્મેલ, જો કે ચૌદશ તિથિ જન્મ આશ્રીને પવિત્ર મનાય છે, અતિ ભાગ્યવાન્‌ના જન્મ સમયે ચૌદશપૂર્ણ હોય છે, પણ અહીં આક્રોશથી કહ્યું છે.. મને આવી દિવ્ય દેવઋદ્ધિ હોવા છતાં તથા દિવ્ય દેવ પ્રભાવ લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ હોવા છતાં શાંતિપૂર્વક (શક્રેન્દ્ર બેઠો છે માટે તેને) શોભાથી ભ્રષ્ટ કરવા (ચમરેન્દ્ર) કોપના સંતાપથી ગરમ થયો, કોઈને તે સ્વભાવથી પણ હોય, તેથી કહે છે – અસ્વાભાવિક ઉકળાટને પામેલો.. કોઈની સહાય ન હોવાથી, ઘણો પરિવાર હોવા છતાં વિવક્ષિત સહાયક ન હોય તો પણ એકલો કહેવાય, તેથી કહ્યું – બાળક માત્ર પણ સાથે નથી એવો એકલો જ.

મોટા શરીરને વિકુર્વે છે. કેવું ક્રૂર, ઘોર આકારવાળું, વિકરાળ હોવાથી ભય ઉત્પન્ન કરનારું. કેમ ? ભયાનક આકૃતિ, ભાસ્વર, ભયને આણનારું અથવા ભયમાં કારણરૂપ પરિવાર ભૂત ઉલ્કા અને અગ્નિના કણિયારૂપ સૈન્યવાળું, વિકીર્ણ અવયવવાળું હોવાથી ગંભીર, યાદ કરવાથી પણ ઉદ્વેગ થાય તેવા મોટા પ્રભાવવાળા શરીરને કરે છે. હાથ પછાડે છે, જમીન ઉપર પગ પછાડે છે, આગળના ભાગે પાટુ મારે છે, પાછળના ભાગે પાટુ મારે છે, મલ્લની માફક રંગભૂમિમાં ત્રિપદીછેદ કરે છે. મુખને ઉંચુ કરે છે, પહોળું કરે છે - x - આકાશમાં પરિઘરત્ન ઉછાળે છે. इंदकील એટલે દ્વારના બારણા બંધ થતા અટકાવવાનો ખીલો વિશેષ.

અગ્નિના તણખા અને ઝાળની જે માળા, તેના વડે આંખમાં ભ્રમને કરતું અને આંખની જોવાની શક્તિનો નાશ કરતું, અગ્નિ કરતાં વધુ તેજ વડે દીપતું, બધી વેગવાળી વસ્તુના વેગને જીતનારું, જેનાથી મહાભય છે તેવું એટલે કે ભયકર્તા.. આ શું ? એમ ચિંતવે છે, તથા આવું શસ્ત્ર મારી પાસે પણ હોય તેવી સ્પૃહા-અભિલાષા કરે છે અથવા સ્વસ્થાને જવાની અભિલાષા કરે છે અથવા આંખો મીંચી દે છે. આ ક્રિયાને પૂર્વ કરતા ઉલટી રીતે પણ કરે છે આ રીતે ચમરની વ્યાકુળતાને બતાવે છે. આવું જ્યાં ચિંતવ્યુ ત્યાં જ તેના મુગટનું છોગું ભાંગી જાય છે, તેના હાથના ઘરેણાં

લટકે છે. કેમકે તે નીચું મુખ રાખીને ગતિ કરે છે, જાણે ભયથી કાંખમાં આવેલા પરસેવાને મૂકતો ન હોય તેવો વેગેપૂર્વક શીઘ્રતાથી પડ્યો.

● સૂત્ર-૧૭૩,૧૭૪ :-

*[૧૭૩] ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. અસુરેન્દ્ર અસુરરાજ ચમર સમર્થ નથી. - x - શક્તિ વાળો નથી - x - કે તેનો વિષય પણ નથી કે પોતાના બળથી યાવત્ સૌધર્મકલ્પ સુધી ઉંચે આવે. જો તેણે અરિહંત, અરિહંતચૈત્ય કે ભાવિતાત્મા અનગારનો આશરો લીધો હોય, તો તે ઉંચે યાવત્ સૌધર્મકલ્પે આવી શકે. [જો તેમ હોય તો] તથારૂપ અરહંત ભગવંત કે અણગારની અતિ આશાતના થશે, જે મહાદુઃખરૂપ છે, એમ વિચારી શક્રેન્દ્રએ અવધિનો પ્રયોગ કર્યો. હા હા ! હું મરાઈ ગયો, એમ કરી ઉત્કૃષ્ટ યાવત્ દિવ્ય દેવગતિથી વજ્રના માર્ગે પાછળ જતાં જતાં તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર મધ્યે યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ હતું, જ્યાં હું હતો, ત્યાં પાસે આવીને મારાથી માત્ર ચાર આંગળ દૂર વજ્રને સંહરી લીધું.*

*[૧૭૪] હે ગૌતમ ! શક્રે [વજ્ર સંહર્યું ત્યારે એવા] વેગથી મુટ્ઠી વાળેલી કે મારા કેશાગ્ર વીંઝાયા. દેવેન્દ્ર દેવરાજ શક્રે વજ્રને સંહરી લઈને મને [ભ૦ મહાવીરને] ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું — હે ભગવન્ ! આપનો આશરો લઈને અસુરેન્દ્ર અસુરરાજ ચમરે મને (મારી શોભાથી) ભ્રષ્ટ કરવા ધારેલ. તેથી મેં કુપિત થઈને ચમરેન્દ્રના વધને માટે વજ્ર મૂક્યું. ત્યારપછી મને આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે ચમર પોતે સમર્થ નથી યાવત્ અવધિજ્ઞાન પ્રયોજ્યું. અવધિજ્ઞાન વડે મેં આપ દેવાનુપ્રિયને જોયા, ત્યારે હા હા ! હું મર્યો એમ વિચારી તે ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી આપ દેવાનુપ્રિય પાસે આવ્યો. દેવાનુપ્રિયથી ચાર આંગળ દૂરથી મેં વજ્રને સંહરી લીધું. વજ્રને લેવા માટે હું અહીં આવ્યો છું - સમોસર્યો છું - સંપ્રાપ્ત થયો છું - અહીં જ ઉપસંપન્ન થઈ વિચરું છું. હે દેવાનુપ્રિય ! હું આપની ક્ષમા માંગું છું, આપ પણ મને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. હું ફરીવાર આવું નહીં કરું, એમ કરી મને વંદન, નમસ્કાર કરી, ઈશાનખૂણામાં ગયો. જઈને ભૂમિ ઉપર ત્રણ વખત ડાબો પગ પછાડ્યો અને ચમરેન્દ્રને આમ કહ્યું — હે ચમર ! શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવે તું બચી ગયો છે અત્યારે તને મારાથી જરા પણ ભય નથી. એમ કરીને - x - પાછો ગયો.*

● વિવેચન-૧૭૩,૧૭૪ :-

पभु - શક્તિવાળો, समत्थ - સંગત પ્રયોજન, हा हा આદિ. અહો ! હું હણાઈ ગયો છું. - x - मुट्ठिवाएणं - ઘણા વેગથી વજ્રને ગ્રહણ કરવા મુટ્ઠિવાળતા ઉત્પન્ન થયેલ વાયુ વડે - - વાળનો અગ્ર ભાગ વીંઝાયો. इहमागए આદિ - તિર્છાલોકમાં સુંસુમારપુરમાં આવ્યો, આ ઉધાનમાં આવ્યો, આ જ ઉધાનમાં આજે અથવા હે પાપકર્મરહિત-આર્ય ! અથવા હે સ્વામી ! ઉપસંપન્ન થઈને વર્તુ છું. ફરીથી એ પ્રમાણે



વર્તીશ નહીં - x - કોઈ ઢેફું આદિ પુદ્ગલ ફેંકીને, જતાં ઢેફાને મનુષ્ય પકડી શકતો નથી, તેમ દેખાય છે. દેવ કઈ રીતે પકડી શકે ? જેથી શક્રે વજ્ર ફેંક્યું અને સંહર્યુ, જો તેણે પકડ્યું તો ચમર કેમ ન પકડે ? —

● સૂત્ર-૧૭૫ :-

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને આમ કહ્યું — ભગવન્ ! દેવ મહાઋદ્ધિ, મહાધુતિ યાવત્ મહાનુભાગ છે કે જેથી પૂર્વે પુદ્ગલ ફેંકીને, તેની પાછળ જઈને ગ્રહણ કરવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પુદ્ગલ ફેંકવામાં આવે ત્યારે પહેલા શીઘ્ર ગતિ હોય છે, પછી મંદગતિ થાય છે. મોટી ઋદ્ધિવાળો દેવ પહેલા અને પછી પણ શીઘ્ર હોય છે, શીઘ્રગતિ ત્વરિત અને ત્વરિતગતિ હોય છે. તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! જો મહર્દ્ધિક દેવ યાવત્ પાછળ જઈને પકડી શકે તો શક્રેન્દ્ર પોતાના હાથે ચમરેન્દ્ર કેમ પકડી ન શક્યો ? ગૌતમ ! અસુરકુમારોનો નીચે જવાનો ગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે ઉપર જવાનો વિષય અલ્પ, અલ્પગતિ, મંદ, મંદગતિ હોય છે વૈમાનિક દેવોનો ઉર્ધ્વગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે, અધઃગતિનો વિષય અલ્પ અને મંદ હોય છે શક્રેન્દ્રને જેટલું ક્ષેત્ર એક સમયમાં ઉપર જાય, તેટલું ક્ષેત્ર વજ્ર બે સમયે જાય, ચમરને ત્રણ સમય લાગે. શક્રનું ઉંચે જવાનું કાલમાન સૌથી થોડું છે અને નીચે જવાનું કાલમાન તેનાથી સંખ્યેયગુણ છે. એક સમયમાં ચમરેન્દ્ર જેટલો ભાગ નીચે જઈ શકે, તેટલું નીચે જવામાં શક્રને બે અને વજ્રને ત્રણ સમય લાગે ચમરેન્દ્રનું અધોલોક કંડક સૌથી થોડું છે, ઉર્ધ્વલોક કંડક તેનાથી સંખ્યેયગણું છે. હે ગૌતમ ! તેથી શક્રેન્દ્ર, ચમરેન્દ્રને પકડી ન શક્યો.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના ઉર્ધ્વ-અધો-તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! એક સમયે શક્રેન્દ્ર સૌથી થોડો ભાગ નીચે જાય છે, તે કરતાં તિર્છું સંખ્યેય ભાગ જાય, ઉપર પણ સંખ્યેય ભાગ જાય છે.*

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ઉર્ધ્વ-અધો-તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ચમરેન્દ્ર એક સમયે સૌથી થોડો ભાગ ઉપર જાય છે, તિર્છું તે કરતા સંખ્યેય ભાગ જાય અને અધો પણ સંખ્યેય ભાગ જાય છે વજ્ર સંબંધી ગતિવિષય શક્ર માફક જાણવો. માત્ર વિશેષાધિક કરવો.*

*ભગવન્ ! શક્રનો નીચે જવાનો કાળ અને ઉપર જવાનો કાળ, એ બેમાં કયો કાળ, કોનાથી થોડો, વધુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઉપર જવાનો કાળ સૌથી થોડો અને નીચે જવાનો કાળ સંખ્યેયગુણ છે. ચમરેન્દ્રનું પણ એમજ જાણવું. વિશેષ એ કે તેનો નીચે જવાનો કાળ સૌથી અલ્પ, ઉપર જવાનો સંખ્યેયગુણ છે.*

*ભગવન્ ! વજનો પ્રશ્ન. ગૌતમ ! વજનો ઉંચે જવાનો કાળ સૌથી અલ્પ, નીચે જવાનો કાળ વિશેષાધિક છે.*

*ભગવન્ ! વજ, શક્રેન્દ્ર, ચમરેન્દ્ર એ ત્રણેના નીચે જવાના અને ઉપર જવાના કાળમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન, વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઉર્ધ્વગમનકાળ અને ચમરનો અધોગમનકાળ બંને સમાન અને સૌથી અલ્પ છે. શક્રનો અધોગમન કાલ અને વજનો ઉર્ધ્વગમન કાળ, એ બંને સરખા અને સંખ્યેયગુણાં છે. ચમરનો ઉર્ધ્વગમન કાળ અને વજનો અધોગમનકાળ બંને સરખા, વિશેષાધિક છે.*

● વિવેચન-૧૭૫ :-

सीह - શીઘ્ર વેગવાળો, તેવો વેગવાળો માત્ર શક્તિ અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું – શીઘ્ર ગતિવાળો જ છે, અશીઘ્રગતિવાળો નહીં આવો કાય અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું – ત્વરાવાળો, તે ગતિ સિવાય પણ હોય, તેથી કહ્યું – ત્વરિતગતિ, માનસિક ઉત્સુકતાપૂર્વક પ્રવર્તેલી અથવા આ બધાં એકાર્થક છે. संचाइए - સમર્થ થયો. ‘ગતિવિષય’ - આ શબ્દનો અર્થ ‘ગતિનું ક્ષેત્ર’ થાય છે, તો પણ આ અર્થ કરતાં શીઘ્રાદિ વિશેષણ નકામા થઈ જાય, તેથી અહીં ‘ગતિવિષય’નો અર્થ ગતિ જ કરવો. सीह - શીઘ્ર વેગવાન્, તે અનૈકાંતિક પણ હોય, તેથી કહે છે શીઘ્ર જ. એ વાતને જ પ્રકર્ષથી કહેવા કહે છે – તે ત્વરિત છે, ત્વરાવાળો છે. अप्पअप्प - અતિ અલ્પ. मंदमंद - અતિ મંદ. દેવનું ગતિસ્વરૂપ કહ્યું.

આવું ગતિ સ્વરૂપ છે, તો એક માપવાળા ઉર્ધ્વ-અધો-તીર્છા ક્ષેત્રમાં જતાં શક્ર-વજ-ચમરને જે કાળભેદ થાય તે દર્શાવે છે – ઈન્દ્રનો ઉર્ધ્વક્ષેત્ર ગમને કાલભેદ - શક્રને ઉંચે જવામાં સૌથી થોડો કાળ લાગે છે, કેમકે તે ઉંચે જવામાં અતિ શીઘ્ર હોય છે - x - x - x - પછી શક્રાદિમાંના એક-એકની ગતિક્ષેત્ર સંબંધી અલ્પબહુતાદર્શાવતા ત્રણ સૂત્રો છે. [ટીકા સરળ છે, સૂત્રનો મૂળ અર્થ જોવો.] - x -

સૂત્રમાં માત્ર ‘સંખ્યાત ભાગ’ એવું જ કહ્યું છે, તો અહીં નિયત ભાગ વ્યાખ્યાન કેમ કરાય છે ? ચમરેન્દ્ર એક સમયે જેટલું ક્ષેત્ર નીચે જાય, તેટલું નીચે જવામાં શક્રને બે સમય લાગે છે. શક્રનો ઉપર જવાનો કાળ અને ચમરનો નીચે જવાનો કાળ બંને સરખાં છે. એ વચનથી નિશ્ચિત થાય છે કે શક્ર જેટલું નીચે બે સમયે જાય છે, તેટલું ઉપર એક સમયે જાય છે. ઉંચે અને નીચેના ક્ષેત્ર મધ્યે તિર્છું ક્ષેત્ર છે. માટે તેનું પ્રમાણ પણ મધ્ય હોય, માટે તેમાં ‘દોઢ’ માન કહ્યું. ચૂર્ણિકાર પણ કહે છે કે – શક્ર એક સમયમાં નીચે એક યોજન જાય છે, તિર્છું દોઢ યોજન જાય છે, ઉંચે એક યોજન જાય છે - x - x - x - x -

સૂત્રમાં માત્ર સંખ્યાત ભાગ લખ્યું છે, છતાં નિયતકાલ સંખ્યેય ભાગત્વ વ્યાખ્યા કેવી રીતે ? શક્રની ઉર્ધ્વગતિ અને ચમરની અધોગતિ તુલ્ય છે. વળી શક્રનું ઉર્ધ્વગમન એક સમયે બે યોજન કલ્પ્યું, ત્યારે ચમરનું અધોગમન પણ એક સમયે બે યોજન કહેવું. એ જ ઉચિત છે. વળી શક્રેન્દ્ર એક સમયે જેટલું ઉપર જાય છે,



તેટલું જ ઉપર જવામાં વજને બે સમય, ચમરને ત્રણ સમય લાગે છે. એ વચનથી જાણી શકાય કે શક્રના ઉર્ધ્વગતિ ક્ષેત્રથી ત્રીજે ભાગે ચમરનું ઉર્ધ્વગતિ ક્ષેત્ર છે. માટે પૂર્વ પ્રમાણે નિયતતા વાળી હકીકત કહી છે - x - ચૂર્ણિકારે જે ચમર, ઉંચે એક યોજન ઇત્યાદિ કહ્યું તે સમજાતું નથી. શક્રની જેમ વજની ગતિ વિષયક અલ્પબહુતા કહેવી. (જે સૂત્રાનુસાર જાણવી કેમકે) બીજી વાચનામાં તે મૂલપાઠ છે.

વજ એક સમયે નીચે થોડું ક્ષેત્ર જાય છે. કેમકે નીચે જવામાં તે મંદગતિવાળું છે. વજનું અધોગમન ક્ષેત્ર કલ્પના મુજબ ત્રિભાગન્યૂન યોજન થાય છે. તે તિર્છું વિશેષાધિક બે ભાગ જાય છે, કેમકે તિર્છું જવામાં શીઘ્રતર ગતિવાળું છે. વિશેષાધિક બે ભાગ એટલે યોજનના બે વિભાગ - ત્રિભાગસહ ત્રણ ગાઉ. ઉંચે પણ વિશેષાધિક બે ભાગ જાય છે. તિર્છા કરતાં વિશેષાધિક બે ભાગ સમજવા. વજ ઉંચે એક યોજન જાય છે. કેમકે ઉંચે જવામાં શીઘ્રગતિક છે - x - (ઇત્યાદિ ટીકા સરળ છે માટે નોંધી નથી.) - x - x -

ગતિના કાળની અલ્પબહુતાના ત્રણ સૂત્રો છે. - x - પરસ્પર અપેક્ષાએ પણ એ વાતને કહી છે - x - x - x -.

● સૂત્ર-૧૭૬ :-

*ત્યારે અસુરેન્દ્ર અસુરરાજા ચમર વજના ભયથી મુક્ત થએલો, દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વાર મહા અપમાનથી અપમાનિત થઈ હણાયેલા મનો સંકલ્પવાળો, ચિંતા અને શોકરૂપ સાગરમાં પ્રવિષ્ઠ, મુખને હથેલી ઉપર ટેકવી, આર્ત્તધ્યાનને પામેલ, ભૂમિમાં દૃષ્ટિ રાખી, તે ચમરેન્દ્ર ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં ચમર નામક સિંહાસન ઉપર બેસી વિચાર કરે છે. પછી હણાયેલ મનો સંકલ્પવાળા અને યાવત્ વિચારમાં પડેલા તે ચમરેન્દ્રને જોઈને સામાનિક સભામાં ઉત્પન્ન દેવોએ હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું –*

*હે દેવાનુપ્રિય ! તમે આજે હણાયેલા મનો સંકલ્પવાળા થઈ યાવત્ શું વિચારો છો ? ત્યારે ચમરેન્દ્રએ તે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને કહ્યું – હે દેવાનુપ્રિયો ! મેં મારી મેળે જ શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઈ, શક્રેન્દ્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ. ત્યારે શક્રે કુપિત થઈ મને મારવા મારી પાછળ વજ ફેંક્યું. હે દેવાનુપ્રિયો ! ભલું થાઓ ભગવંત મહાવીરનું, કે જેના પ્રભાવથી હું અક્લિષ્ટ, અવ્યથિત, અપરિતાપિત અહીં આવ્યો છું, - સમોસર્યો છું - સંપ્રાપ્ત થયો છું - ઉપસંપન્ન થઈને વિચરું છું. તો હે દેવાનુપ્રિયો ! આપણે બધાં ત્યાં જઈએ અને ભગવંત મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસના કરીએ. એમ કરી તે ૬૪,૦૦૦ સામાનિક દેવો સાથે યાવત્ સર્વ ઋદ્ધિ પૂર્વક યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ છે, જ્યાં હું [મહાવીરપ્રભુ] છું, તે તરફ આવીને, મને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આમ કહ્યું–*

*હે ભગવન્ ! મેં મારી જાતે જ આપનો આશરો લઈને દેવેન્દ્ર શક્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ યાવત્-આપ દેવાનુપ્રિયનું ભલું થાઓ કે આપના*

*પ્રભાવે હું અક્લિષ્ટ યાવત્ વિચરું છું. હે દેવાનુપ્રિય ! હું તે સંબંધે આપની ક્ષમા માંગુ છું - યાવત્ - ઈશાન દિગ્ભાગમાં જઈને યાવત્ બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડી, જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.*

*હે ગૌતમ ! એ પ્રમાણે ચમરેન્દ્રને તે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ થઈ. સ્થિતિ સાગરોપમ. મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

**● વિવેચન-૧૭૬ :-**

અભિમાન અને હર્ષાદિથી ઉત્પન્ન થયેલ જેના માનસિક વિકલ્પો નાશ પામ્યા છે તે. ચિંતા - પૂર્વકૃત્ કાર્યને યાદ કરવું. શોક - દીનતા. પોતાનું મુખ હથેલી ઉપર ટેકવેલ છે તે. જેના પ્રભાવે હું અહીં આવ્યો છું. કેવો - ઘવાયા કે પીડાયા વિનાનો, નિર્વેદના પૂર્વક. કેવી રીતે ? વ્યથારહિત, માર ખાધા વિના. જો કે માર નથી ખાધો, તો પણ વજ્રના સંબંધે પરિતાપ સંભવે છે, તેથી કહ્યું — પરિતાપ પામ્યા વિના. અહીં આવ્યો છું અને પ્રશાંત થઈને વિચરું છું. - હવે હેત્વન્તર કહે છે—

**● સૂત્ર-૧૭૭ :-**

*ભગવન્ ! અસુરકુમાર દેવો ઉંચે યાવત્ સૌધર્મકલ્પે જાય છે, તેનું શું કારણ ? ગૌતમ ! તે તાજા ઉત્પન્ન અથવા મરવાની તૈયારીવાળા દેવોને આવો અધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થાય છે કે - અહો ! અમે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત યાવત્ અભિસન્મુખ કરી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણી છે, તેવી દેવેન્દ્ર, દેવરાજ શક્રે પણ યાવત્ - સામે આણી છે અને જેવી દિવ્ય દેવઋદ્ધિ શક્રેન્દ્રે સામે આણી છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ યાવત્ અમે પણ સામે આણી છે. તો જઈએ અને શક્રેન્દ્રની પાસે પ્રગટ થઈએ અને શક્રેન્દ્રએ યાવત્ સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને જોઈએ તથા શક્રેન્દ્ર પણ અમારી સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જુએ. આપણે શક્રેન્દ્રએ સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણીએ અને શક્રેન્દ્ર પણ અમે સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણે. હે ગૌતમ ! એ કારણે અસુરકુમાર દેવો ઉંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી જાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૧૭૭ :-**

किं पत्तियं - તેમાં શું કારણ ? अहुणोववन्न - હમણાં જ ઉત્પન્ન. चरिमभवत्थाणं - ભવના અંતે ભાગે એટલે ચ્યવન અવસરે.

**શતક-૩, ઉદ્દેશો-૨-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૩ - "ક્રિયા" ❀

— x — x — x — x —

૦ ચમરોત્પાત કહ્યો. તે ક્રિયારૂપ હોવાથી હવે ક્રિયા કહે છે—



**● સૂત્ર-૧૭૮ :-**

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ પર્ષદા પાછી ફરી.. તે કાળે તે સમયે યાવત્ ભગવંતના મંડિતપુત્ર અણગાર શિષ્ય, જે પ્રકૃતિભદ્રક હતા યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું — ભગવન્ ! ક્રિયાઓ કેટલી કહી છે ? મંડિતપુત્ર ! પાંચ કહી છે. તે આ - કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતક્રિયા.*

*ભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે-અનુપરતકાય ક્રિયા અને દુષ્પ્રયુક્ત કાય ક્રિયા.. ભગવન્ ! અધિકરણિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સંજોયણાધિકરણ ક્રિયા ને નિર્વર્તનાધિકરણ ક્રિયા.. ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - જીવ પ્રાદ્વેષિકી અને અજીવ પ્રાદ્વેષિકી. પારિતાપનિકી ક્રિયા ભગવન્ ! કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સ્વહસ્ત પારિતાપનિકી અને પરહસ્ત પારિતાપનિકી. ભગવન્ ! પ્રાણાતિપાત ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સ્વહસ્ત અને પરહસ્ત પ્રાણાતિપાતક્રિયા.*

**● વિવેચન-૧૭૮ :-**

કરવું તે ક્રિયા અર્થાત્ કર્મબંધમાં કારણરૂપ ચેષ્ટા. ચય રૂપ થાય તે કાય-શરીર, તેમાં થતી કે તેનાથી થયેલી તે કાયિકી ક્રિયા. જેના વડે આત્મા નરકાદિ ગતિમાં જવાનો અધિકારી થાય તે અધિકરણ-એક અનુષ્ઠાન વિશેષ અથવા ચક્ર, ખડ્ગ આદિ બાહ્ય વસ્તુ, તેના દ્વારા થયેલી ક્રિયા.. પ્રદ્વેષ-મત્સરથી થતી ક્રિયા.. પીડા ઉપજાવવી તે પરિતાપ, તેનાથી કે તેમાં થયેલ ક્રિયા.. પ્રાણના અતિપાત સંબંધિ જે ક્રિયા તે.

અવિરતિની કાયક્રિયા તે અનુપરત૦ આ ક્રિયા વિરતિરહિતને હોય. દુષ્ટ રીતે પ્રયોજેલ તે દુષ્પ્રયુક્ત, દુષ્પ્રયુક્ત કાયાથી થયેલ ક્રિયા. આ ક્રિયા પ્રમત્ત સંયતને પણ હોય, કેમકે વિરતિવાળને પ્રમાદ થવાથી, તેનું શરીર દુષ્પ્રયુક્ત થાય છે.. હળકરણ, ઝેર મેળવવું, યંત્રાદિ ભાગોને જોડવા એ બધી ક્રિયા તે સંયોજન, તે રૂપ અધિકરણક્રિયા.. સ્વ, પર અને ઉભય ઉપર જીવનો દ્વેષ, તેનાથી થયેલ ક્રિયા.. અજીવ ઉપર દ્વેષથી કરેલ જે ક્રિયા-દ્વેષ કરવો તે.. સ્વ હસ્તે પોતાના-બીજાના કે ઉભયના દુઃખની ઉદીરણા તે પરિતાપ, તેના દ્વારા થયેલ જે ક્રિયા તે - x - x -

ક્રિયા કહી, હવે તદ્જન્ય કર્મ અને વેદના આશ્રીને કહે છે —

**● સૂત્ર-૧૭૯,૧૮૦ :-**

*[૧૭૯] ભગવન્ ! પહેલા ક્રિયા અને પછી વેદના કે પહેલા વેદના અને પછી ક્રિયા ? મંડિતપુત્ર ! પહેલા ક્રિયા પછી વેદના થાય, પણ પહેલા વેદના અને પછી ક્રિયા ન થાય.*

*[૧૮૦] શ્રમણ નિર્ગ્રન્થોને ક્રિયા હોય ? હા, હોય. શ્રમણનિર્ગ્રન્થો કેવી રીતે ક્રિયા કરે છે ? મંડિતપુત્ર ! પ્રમાદને લીધે અને યોગનિમિત્તે. - x -*

**● વિવેચન-૧૭૯,૧૮૦ :-**

કરવું તે ક્રિયા, તદ્જન્ય હોવાથી કર્મ પણ ક્રિયા છે. અથવા કરાય તે ક્રિયા,

એ જ કર્મ. વેદના એટલે કર્મનો અનુભવ. તે પછી જ થાય.

હવે ક્રિયાને જ સ્વામીભાવે નિરૂપે છે - શ્રમણોને ક્રિયા હોય ? હોય. પ્રમાદને લીધે - જેમકે - દુષ્પ્રયુક્તકાય ક્રિયાજન્ય કર્મ, યોગને લીધે ઈર્યાપથિકી ક્રિયાથી ઉપજતું કર્મ - - ક્રિયા અધિકારથી જ કહે છે —

● સૂત્ર-૧૮૧ :-

*ભગવન્! જીવ હંમેશા માપપૂર્વક કંપે છે, વિવિધ રીતે કંપે છે, ચાલતા-સ્પંદનથી-ઘટ્ટણથી-ક્ષોભથી-ઉદીરણાથી તે તે ભાવે પરિણમે? હા, મંડિતપુત્ર! એમ જ છે. ભગવન્! જ્યાં સુધી તે જીવ હંમેશા માપપૂર્વક યાવત્ પરિણમે છે, ત્યાં સુધી તે જીવની અંતે અંતક્રિયા થાય? ના, તેમ નથી. એમ કેમ કહ્યું? મંડિતપુત્ર! જ્યાં સુધી તે જીવ સદા સમિત ન કંપે યાવત્ ન પરિણમે, ત્યાં સુધી તે જીવ આરંભ-સંરંભ-સમારંભ ન કરે, આરંભ-સંરંભ-સમારંભમાં ન વર્તે, આરંભ-સંરંભ-સમારંભ ન કરતો, આરંભાદિમાં ન વર્તતો ઘણાં પ્રાણાદિને દુઃખ યાવત્ પરિતાપ ન આપીને રહે છે. જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખે કે તુરંત બળી જાય. એ બરાબર છે?, હા બરાબર છે. જેમ કોઈ પુરુષ જલબિંદુને તપેલા લોઢાના કડાયા ઉપર નાંખે, તો હે મંડિતપુત્ર! તેનો તુરંત નાશ થાય? હા, થાય. જેમ કોઈ દ્રહ હોય તે પાણીથી ભરેલો, છલોછલ ભરેલો, છલકાતો, વૃદ્ધિ પામતો હોય, ભરેલા ઘડા માફક બધે સ્થાને પાણીથી વ્યાપ્ત હોય, તેમાં કોઈ પુરુષ સેંકડો નાના કાણાવાળી અને સેંકડો મોટા કાણાવાળી નાવને પ્રવેશાવે, તો હે મંડિતપુત્ર! તે નાવ પાણીથી ભરાતા પૂર્ણ, પૂર્ણ પ્રમાણ યાવત્ ભરેલા ઘડા જેવી થઈ જાય? હા, થાય. કોઈ પુરુષ તે નાવનાં બધાં કાણાં પૂરી દે, નૌકાનું પાણી ઉલેચાવી નાંખે, તો બધું પાણી ઉલેચાયા બાદ તે નાવ શીઘ્ર જ ઉપર આવે? હા, આવે - - હે મંડિતપુત્ર! એ રીતે આત્મામાં સંવૃત્ત થયેલ ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, સાવધાનીથી ચાલતા-ઉભતા-બેસતા-સુતા, સાવધાનીથી વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રોંછન લેતા-મૂકતા અણગારને યાવત્ આંખ પટપટાવતા પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને પ્રથમ સમયે બદ્ધ સ્પૃષ્ટ, બીજા સમયે વેદાયેલી, ત્રીજા સમયે નિર્જરા પામેલી તે ક્રિયા ભવિષ્યકાળે અકર્મ થાય છે. તેથી મંડિતપુત્ર! એમ કહ્યું કે - યાવત્ - x - તે જીવને અંતક્રિયા થાય છે.*

● વિવેચન-૧૮૧ :-

જો કે અહીં સામાન્યથી જીવનું ગ્રહણ કર્યુ છે, તો પણ યોગવાળો જીવ જ લેવો. કેમકે યોગરહિત જીવને એજનાદિ ક્રિયા ન હોય. - x - एयइ આદિ - કંપે છે, વિશેષ કંપે છે, એક સ્થાનેથી બીજે સ્થાને જાય છે, કિંચિત્ ચાલે છે, બીજા મતે અન્ય અવકાશે જઈને વળી ત્યાં જ આવે છે, સર્વે દિશાઓમાં ચાલે છે અથવા બીજા પદાર્થનો સ્પર્શ કરે છે, ક્ષોભ પામે છે અથવા પૃથ્વીમાં પ્રવેશે છે કે બીવે છે, પ્રબળતાથી પ્રેરે છે અથવા બીજા પદાર્થનું પ્રતિપાદન કરે છે. શેષ ક્રિયા ભેદના સંગ્રહ માટે કહે છે — ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણાદિ પર્યાયોને પામે છે. - x - x -



અંત મરણાંત, અંતકિરિય - સકલ કર્મના નાશરૂપ ક્રિયા.. આરંભ - પૃથ્વી આદિને ઉપદ્રવ કરે છે, સંરંભ - તેના નાશનો સંકલ્પ કરે છે સમારંભ - તે જીવોને પરિતાપે છે - x - ક્રિયા અને ક્રિયા કરનાર એ બંને જુદા નથી. એ વાત જણાવવાને આ સૂત્ર સમાનાધિકરણપૂર્વક કહ્યું છે. વળી તે બંનેમાં કિંચિત્ ભેદ પણ છે, એ વાત જણાવવા વ્યધિકરણપૂર્વક કહ્યું છે. અધિકરણરૂપ જીવ આરંભ-સંરંભ-સમારંભમાં વર્તે છે. આરંભાદિ કરતો એ વાક્યથી ક્રિયા અને ક્રિયા કરનારને અભેદ સૂચવ્યા છે. આરંભમાં વર્તતો આદિ વાક્યથી તેમાં ભેદ સૂચવેલ છે. આ બીજો ઉલ્લેખ પહેલાના અનુવાદરૂપે છે, તેને પહેલાના ઉલ્લેખના સમર્થન માટે જણાવેલ છે. - x -

મરણરૂપ દુઃખ પમાડ્યુ અથવા ઈષ્ટ વિયોગાદિ દુઃખનો હેતુ પમાડવા તેમાં વર્તે છે. એ રીતે દીનતા પમાડવી, શોકવૃદ્ધિથી શરીરને જીર્ણતા પમાડવી, શોકને વધારી રોવડાવવા, પીટાવવા અને પછી શરીરને સંતાપ દેવામાં વર્તે છે. ક્યાંક 'દુઃખ આપવામાં' એવો પણ પાઠ છે. - x - x -

કહેલ વાતથી વિપરીત વાતને કહે છે — શૈલેશીકરણ વખતે યોગના નિરોધથી કંપતો નથી, એજનાદિ રહિત હોવાથી આરંભાદિમાં વર્તતો નથી. તેમજ પ્રાણ આદિને દુઃખાદિનું કારણ થતો નથી. તેથી યોગનિરોધ નામના શુક્લધ્યાન વડે અક્રિય આત્માની સકલકર્મ ધ્વંસરૂપ અંતક્રિયા થાય છે. તે સંબંધે બે દૃષ્ટાંતો દર્શાવિલ છે - x - એ જ રીતે શુક્લ ધ્યાનના ચોથા ભેદરૂપ અગ્નિ વડે કર્મોનું દહન થાય છે. ક્રિયારહિત મનુષ્યને જ અંતક્રિયા થાય છે, તે માટે નાવનું દૃષ્ટાંત આપેલ છે - x - તેમાં આત્મામાં આત્મા વડે સંવૃત્ત-પ્રતિસંલીન. - x - आउत्त - ઉપયોગપૂર્વક. ગમનાદિ સ્થૂળ ક્રિયામાં જ ઉપયોગ નહીં, પણ આંખની ઉન્મેષ અને નિમેષ ક્રિયામાં પણ ઉપયોગ રહે છે. વિમાત્રા એટલે અંતર્મુહૂર્તથી દેશોન પૂર્વકોટિ પર્યંતની ક્રિયા. કેમકે કાળ વિચિત્ર છે. - x - ક્યાંક सपेहाए પાઠ છે. એટલે સ્વેચ્છાએ ચક્ષુની પાંપણનું ઢળવું થાય છે, તે પરકૃત નથી. सुहुम - સૂક્ષ્મ બંધાદિ કાળવાળી. एर्यापथिकी - જવાના માર્ગમાં થયેલી જે ક્રિયા - કેવળશરીરહેતુક ક્રિયા, તેથી સાતા વેદનીયકર્મ થાય છે. ઉપશાંત મોહ, ક્ષીણમોહ, સયોગિકેવલી એ ત્રણ ગુણસ્થાનકે વર્તતા વીતરાગ પણ સક્રિય હોવાથી સાતા વેદનીય કર્મ બાંધે.

તે ઈર્યાપથિકી ક્રિયા પ્રથમ સમયે કર્મપણે ઉત્પન્ન કરી માટે બાંધી-જીવ પ્રદેશ સાથે તેનું સ્પર્શન થયું, બીજા સમયે વેદન થયું - અનુભવી, ત્રીજા સમયે અનુભવાઈ રહી, માટે જીવના પ્રદેશોથી છુટી પડી ગઈ. આ જ વાત વાક્યાંતરથી કહે છે - પ્રથમ સમયે બંધાઈ અને સ્પર્શાઈ, બીજા સમયે વેદી-અનુભવાઈ, એક કાળે ઉદીરણા અને ઉદય સંભવતો નથી. તેથી ઉદીરિત શબ્દ અહીં વેદિત અર્થમાં યોજ્યો છે. ત્રીજે તો નિર્જરી તેથી ભાવિકાળમાં તે અકર્મ પણ થઈ જાય છે. જો કે અહીં ત્રીજે સમયે જ કર્મ અકર્મ થઈ જાય છે. તો પણ તે જ વખતે ભાવકર્મની રહિતતા હોવાથી અને દ્રવ્યકર્મની હાજરી હોવાથી, ત્રીજે સમયે કર્મ નિર્જીર્ણ થયું એમ વ્યવહાર છે - x - अत्तत्तासंवुड० સૂત્રથી સૂચવે છે - આશ્રવવાળો સંયત પણ કર્મનો બંધ કરે તો

અસંયત જીવકર્મનો બંધ કરે તે સ્વાભાવિક છે. ક્રિયાવાન્‌ને કર્મનો બંધ કહેવાથી ક્રિયારહિતને કર્મનો બંધ નથી હોતો એમ સૂચવાય છે. હવે પ્રમાદ-અપ્રમાદ વિશે.

**● સૂત્ર-૧૮૨ :-**

***ભગવન્! પ્રમત્ત સંયમમાં વર્તતા સંયમીનો બધો મળીને પ્રમત્ત સંયતકાળ કેટલો થાય છે? હે મંડિતપુત્ર! એક જીવને આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિ, અનેક જીવને આશ્રીને સર્વકાળ... ભગવન્! અપ્રમત્ત સંયમને પાળતા અપ્રમત્ત સંયમીનો બધો મળીને અપ્રમત્તસંયમકાળ કેટલો થાય છે? મંડિતપુત્ર! એક જીવને આશ્રીને જઘન્યે અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ. અનેક જીવને આશ્રીને સર્વકાળ. - - હે ભગવન્! તે એમ જ છે (૨). એમ કહી મંડિતપુત્ર અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમી - x - વિચરે છે.***

**● વિવેચન-૧૮૨ :-**

સર્વ કાળે સંભવતો પ્રમત્ત ગુણસ્થાનકનો બધોય કાળ. કાળથી પ્રમત્તકાળ સમૂહરૂપ કેટલો કાળ રહે ? (શંકા) કાળથી અને ક્યાં સુધી બંને આ સૂત્રમાં કેમ મૂક્યા ? ક્યાં સુધી કહેવાથી 'કાળથી' અર્થ આવી જ જાય છે. [સમાધાન] 'કાલથી' શબ્દ ક્ષેત્રના વ્યવચ્છેદને માટે છે. કેમકે ક્ષેત્રવિષયક પ્રશ્નોમાં 'ક્યાં સુધી' શબ્દ વપરાય જ છે. - x - x - 'એક સમય' કેમ કહ્યું ? પ્રમત્તસંયમને પ્રાપ્ત કર્યા પછી એક જ સમય વીત્યા પછી મરણ થાય તેના માટે. પ્રમત-અપ્રમત ગુણઠાણે પ્રત્યેકનો સમય, અંતર્મુહૂર્ત છે, તે બંને પર્યાયથી દેશોન પૂર્વકોટિ યાવત્ ઉત્કૃષ્ટપણે થાય. કેમકે સંયમી મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ પૂર્વકોટિ જ હોય. આઠ વર્ષ પછી સંયમનો લાભ કરે છે. અપ્રમત્તના અંતર્મુહૂર્તો કરતા પ્રમત્તના અંતર્મુહૂર્તો મોટા છે એમ કલ્પાય છે. એ રીતે અંતર્મુહૂર્ત પ્રમાણ બધાં પ્રમાતાબદ્ધાને મેળવતા દેશોનપૂર્વકોટિ કાલમાન થાય છે. - x - x - અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો મનુષ્ય અંતર્મુહૂર્તની મધ્યે મરતો નથી.

પ્રમાદ-અપ્રમાદપરતા કહીને હવે સર્વાદ્ધાભાવિ ભાવાંતર કહે છે—

**● સૂત્ર-૧૮૩ :-**

***ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને આમ કહ્યું — ભગવન્ ! લવણસમુદ્ર ચૌદશ, આઠમ, પૂનમને, અમાસે વધારે કેમ વધે છે કે ઘટે છે ? - - જીવાભિગમમાં જેમ લવણસમુદ્ર વક્તવ્યતા છે તે લોકસ્થિતિ સુધી અહીં જાણવી. જ્યાં સુધી લવણસમુદ્ર જંબૂદ્વીપને ન ડૂબાડે કે એકોદકં ન કરે - લોકાનુભાવથી. - - ભગવન્ તે એમ જ છે, એમ જ છે કહી યાવત્ વિચરે છે.***

**● વિવેચન-૧૮૩ :-**

બીજી તિથિની અપેક્ષાએ અધિકતર જીવાભિગમથી લવણસમુદ્રની વક્તવ્યતા જાણવી. ક્યાં સુધી ? લોકસ્થિતિ સુધી. તે આ છે - ભગવન્ ! ચૌદશાદિ તિથિમાં લવણસમુદ્ર વધારે કેમ વધે છે - ઘટે છે ? લવણસમુદ્ર મધ્યે ચારે દિશામાં ચાર મોટા પાતાળ કળશો છે. જે લાખ યોજન પ્રમાણ છે. તેના નીચેલા ત્રિભાગમાં વાયુ, વચ્ચે



પાણી અને વાયુ અને ઉપર પાણી છે. બીજા પણ નાના પાતાળ કળશો છે. તે ૧૦૦૦ યોજન પ્રમાણ છે તેની સંખ્યા ૭,૮૮૪ છે. તેમાં પણ વાયુ આદિ વિભાગ છે. તે વાયુના ક્ષોભથી આ વધારો-ઘટાડો થાય છે. લવણસમુદ્ર જંબૂદ્વીપને કેમ ડૂબાડતો નથી ? અરહંતાદિના પ્રભાવથી કે લોકસ્થિતિથી.

**શતક-૩, ઉદ્દેશો-૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૪-"યાન" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં ક્રિયા કહી. ક્રિયા જ્ઞાની મનુષ્યોને પ્રત્યક્ષ હોય છે, માટે તે જ ક્રિયા વિશેષને આશ્રીને તેને વિચિત્રપણે દેખાડે છે —

**● સૂત્ર-૧૮૪ :-**

***ભગવન્ ! ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયેલ અને યાનરૂપે ગતિ કરતા દેવને જાણે, જુએ ? ગૌતમ ! કોઈ દેવને જુએ પણ યાનને ન જુએ, કોઈ યાનને જુએ પણ દેવને ન જુએ. કોઈ દેવ અને યાન બંનેને જુએ. કોઈ દેવ કે યાન બંનેને ન જુએ.***

***ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયેલી અને યાનરૂપે ગતિ કરતી દેવીને જાણે, જુએ ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયેલા અને યાનરૂપે ગતિ કરતા એવા દેવીવાળા દેવને જાણે, જુએ ? ગૌતમ ! કોઈ દેવીવાળા દેવને જુએ, યાનને ન જુએ૦***

***ભગવન્! ભાવિતાત્મા અણગાર, વૃક્ષના અંદરના ભાગને જુએ કે બહારના ભાગે જુએ? ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલને જુએ કે સ્કંદને જુએ? અહીં પણ ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલ અને બીજનો સંયોગ કરવો. એ રીતે કંદ સાથે પણ જોડવું યાવત્ બીજ. એ રીતે યાવત્ પુષ્પની સાથે બીજનો સંયોગ કરવો... ભગવન્! ભાવિતાત્મા અણગાર વૃક્ષનું ફળ જુએ કે બીજ જુએ? ચાર ભંગ કહેવા.***

**● વિવેચન-૧૮૪ :-**

સંયમ અને તપ વડે ભાવિત આત્મા, આવા સાધુ પ્રાયઃ અવધિજ્ઞાનલબ્ધિક હોય છે, તેથી ભાવિતાત્મા કહ્યા. ઉત્તર વૈક્રિય શરીર બનાવેલાને. શિબિકાદિ આકારવાળા વૈક્રિય વિમાનરૂપે ગતિ કરતા, તેને, જ્ઞાન વડે જાણે છે, દર્શન વડે જુએ છે ? અહીં ઉત્તરમાં ચતુર્ભંગી છે, કેમકે અવધિજ્ઞાન વિચિત્ર છે... અંતો - વચ્ચેનો કાષ્ઠસાર, બાહિં - બહાર રહેનાર છાલ અને પાંદડાદિ... મૂલ અને સ્કંદ સૂત્ર અભિલાપપૂર્વક મૂળની સાથે કંદાદિ પદ, બીજ સુધી કહેવા. તેમાં-મૂલ, કંદ, સ્કંધ, છાલ, શાખા, અંકુર, પાન, પુષ્પ, ફળ, બીજ એ દશ પદો છે. તેના દ્વિકસંયોગી-૪૫-ભંગ થાય છે. એટલા અહીં ચતુર્ભંગી સૂત્રો કહેવા. તે માટે જ સૂત્રમાં કહેલ છે.

દેવ વેઉવ્વિય થી વૈક્રિયશક્તિ કહી, એ જ હકીકત આગળ કહે છે—

● **સૂત્ર-૧૮૫,૧૮૬ :-**

*[૧૮૫] ભગવન્ ! વાયુકાય, એક મોટું સ્ત્રીરૂપ, પુરુષરૂપ, હસ્તિરૂપ, યાનરૂપ, એ પ્રમાણે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યંદમાનિકા એ બધાંનું રૂપ વિકુર્વી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ વિકુર્વણા કરતો વાયુકાય એક મોટું પતાકા આકાર જેવું રૂપ-વિકુર્વે છે.*

*ભગવન્ ! વાયુકાય, એક મોટું પતાકા આકાર રૂપ વિકુર્વીને અનેક યોજનો સુધી ગતિ કરવાને સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! શું તે વાયુકાય આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ? ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે, પરઋદ્ધિથી નહીં. આત્મઋદ્ધિ માફક આત્મકર્મથી અને આત્મપ્રયોગથી (ગતિ કરે છે) એ પ્રમાણે કહેવું.*

*ભગવન્ ! વાયુકાય, ઉંચી પતાકા પેઠે ગતિ કરે છે કે પતિત પતાકા પેઠે ? ગૌતમ ! તે બંને પ્રકારે ગતિ કરે છે... ભગવન્ ! શું તે એક દિશામાં એક પતાકારૂપે ગતિ કરે છે, કે બે દિશામાં-બે પતાકારૂપે ગતિ કરે છે ? ગૌતમ ! એક પતાકારૂપે ગતિ કરે છે, બે પતાકારૂપે નહીં. ભગવન્ ! શું વાયુકાય પતાકા છે ? તે પતાકા નથી, વાયુકાય છે.*

*[૧૮૬] ભગવન્ ! બલાહક એક મોટું સ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકારૂપ પરિણમાવવા સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! બલાહક, એક મોટું સ્ત્રીરૂપ કરીને અનેક યોજન જવાને સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી, ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી, પણ પરઋદ્ધિથી ગતિ કરે છે. એ પ્રમાણે આત્મકર્મ અને આત્મપ્રયોગથી પણ ગતિ કરતો નથી. પણ પરકર્મ અને પરપ્રયોગથી ગતિ કરે છે અને તે ઉંચી થયેલ કે પડી ગયેલ ધજાની માફક ગતિ કરે છે.*

*ભગવન્ ! શું તે બલાહક, સ્ત્રી છે ? હે ગૌતમ ! બલાહક સ્ત્રી નથી, પણ બલાહક છે. એ પ્રમાણે પુરુષ, ઘોડો, હાથીમાં જાણવું.*

*ભગવન્ ! બલાહક, એક મોટા યાનનું રૂપ પરિણમાવી અનેક યોજનો સુધી ગતિ કરી શકે છે ? — જેમ સ્ત્રીરૂપ વિશે કહ્યું તેમ યાન વિશે કહેવું. વિશેષ આ - એક તરફ પૈડુ રાખીને પણ ચાલે, બન્ને તરફ પૈડુ રાખીને પણ ચાલે. એ જ રીતે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા અને સ્યંદમાનિકાના રૂપ સંબંધે જાણવું.*

● **વિવેચન-૧૮૫,૧૮૬ :-**

યાન - ગાડું, યુગ્ય - વેદિકાથી શોભતું, બે હાથ લાંબુ વાહન, ગિલ્લિ - હાથી ઉપર રહેતી અંબાડી અથવા જેમાં બેસતા મનુષ્ય ન દેખાય, થિલ્લી - લાટોનું જે ઘોડાનું પલાણ, તે બીજા દેશોમાં થિલ્લિ કહેવાય છે. શિબિકા-શિખરાકારે ઢાંકેલ એક જાતનું વાહન. સ્યંદમાનિકા-પુરુષ જેટલી લંબાઈવાળું વાહન વિશેષ... પૂર્વ પ્રમાણ કરતાં મોટું અને પતાકા આકારે રહેલ, કેમકે વાયુનું શરીર સ્વરૂપથી પતાકા આકાર





જેવું છે, વૈક્રિયાવસ્થામાં પણ વાયુ પતાકાના આકારે જ રહે છે... આત્મશક્તિ કે લબ્ધિ વડે. - x - ઉચ્છ્રિતોદય એટલે ઉંચી ધજાના આકારે. આ ક્રિયા વિશેષણ છે. પતિતોદય-પડી ગયેલ ધજાના આકારે.

- x - રૂપાંતર ક્રિયા અધિકારથી બલાહક સૂત્રો કહે છે —

બલાહક એટલે મેઘ. બલાહક અજીવ હોવાથી તેને વિકુર્વણા શક્તિ સંભવે નહીં તેથી અહીં વિકુર્વણાને બદલે પરિણમાવવા એમ કહ્યું છે, કેમકે મેઘને સ્વભાવરૂપ પરિણામ તો હોય છે. મેઘ અચેતન હોવાથી વિવક્ષિત શક્તિ અભાવે આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી. પણ વાયુ કે દેવ દ્વારા પ્રેરિત થઈને ગમન કરે છે. તેથી કહ્યું કે પરઋદ્ધિથી ગમન કરે છે. સ્ત્રીરૂપ માફક પુરુષાદિના સૂત્રો જાણવા.

યાનરૂપ સૂત્ર વિશેષ છે, તેને દર્શાવે છે. पभू णं भंते ! बलाहए० થી पयओदयं पि गच्छइ સુધીનું સૂત્ર. સ્ત્રીરૂપ સંબંધી સૂત્ર માફક કહેવું. વિશેષ એ કે તે એકતઃ અને દ્વિધા બંને ચક્રવાલ ચાલે છે - x - x - અહીં યાન એટલે ગાડું અને चक्रवाल - પૈડું સમજવું. બીજું કંઈ વિશેષ નથી. યુગ્ય આદિ બધાનાંરૂપ સંબંધી સૂત્રો, સ્ત્રીરૂપ સંબંધી સૂત્રો માફક કહેવા. — પરિણામાધિકારથી કહે છે —

● **સૂત્ર-૧૮૭ :-**

*ભગવન્ ! જે જીવ નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાવાળામાં તે ઉત્પન્ન થાય છે. તે આ — કૃષ્ણ, નીલ કે કાપોતલેશ્યામાં. એ રીતે જે જેની લેશ્યા હોય, તે તેની લેશ્યા કહેવી. યાવત્ હે ભગવન્ ! જે જીવ જ્યોતિષ્કોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તેનો પ્રશ્ન - ગૌતમ ! જે લેશ્યાના દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય. - તે તેજોલેશ્યા.*

*ભગવન્ ! જે જીવ વૈમાનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય તે આ — તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.*

● **વિવેચન-૧૮૭ :-**

भविअ - યોગ્ય. જેઓને કૃષ્ણાદિમાંથી કોઈ એક લેશ્યા હોય, તે किंलेश्य. જે દ્રવ્યોની જે લેશ્યા હોય તે यल्लेश्य. તેને ભાવ પરિણામપૂર્વક ગ્રહણ કરીને, મરણ પામીને, તે લેશ્યામાં નરકમાં ઉપજે. આ સંબંધે કેટલીક ગાથાઓ આ પ્રમાણે છે—

જ્યારે લેશ્યાના સંપરિણામનો પહેલો સમય હોય ત્યારે કોઈ જીવનો પરભવમાં ઉપપાત ન થાય. છેલ્લો સમય હોય ત્યારે પણ ઉપપાત ન થાય. પણ અંતર્મુહૂર્ત ગયા પછી કે અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે જીવ પરલોકે ઉપજે છે... ચોવીશ દંડકમાં બાકીના પદોનો અતિદેશ કરતા કહે છે — નારકસૂત્રના અભિલાપ પ્રમાણે - અસુરકુમારોને કૃષ્ણ આદિ જે લેશ્યા હોય તે કહેવી. - x - x - અહીં વૈમાનિકો,

જ્યોતિષ્કો સારી લેશ્યાવાળા હોય છે, તે દર્શાવવા તેના બે જુદા જુદા સૂત્રો કહ્યા.

દેવપરિણામાધિકારથી અણગારરૂપ દ્રવ્યદેવ પરિણામ—

● **સૂત્ર-૧૮૮ :-**

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ કર્યા સિવાય, વૈભારગિરિને ઓળંગી કે પ્રલંઘી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બહારના પુદ્ગલોનું ગ્રહણ કરીને વૈભારગિરિ ઓળંગી કે પ્રલંઘી શકે ? ગૌતમ ! હા, તેમ કરી શકે... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા સિવાય, જેટલાં રૂપો રાજગૃહનગરમાં છે એટલા રૂપો વિકુર્વીને, વૈભારગિરિમાં પ્રવેશી, તે સમ પર્વતને વિષમ કે વિષમ પર્વતને સમ કરી શકે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એ રીતે બીજો આલાવો કહેવો. વિશેષ એ કે - પુદ્ગલોનું ગ્રહણ કરીને.*

*ભગવન્ ! તે વિકુર્વણા માયી કરે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વણા કરે, પણ અમાયી ન કરે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! માયી, પ્રણીત પાન-ભોજન કરીને વમન કરે છે. તે પ્રણીત પાન-ભોજનથી તેના અસ્થિ, અસ્થિમજ્જા ઘન થાય છે. માંસ લોહી પાતળા થાય છે, યથા બાદર પુદ્ગલોનું તેને તે રૂપે પરિણમન થાય છે. તે આ — શ્રોત્રેન્દ્રિયપણે યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે તથા હાડ, મજ્જા, કેશ, શ્મશ્રુ, રોમ, નખ, વીર્ય, લોહીપણે... અમાયી લુખું પાન-ભોજન કરે છે. વમન કરતો નથી. તેનાથી તેના હાડ, મજ્જાદિ પાતળા થાય છે, લોહી-માંસ ઘટ્ટ થાય છે, યથાબાદર પુદ્ગલોનું પરિણમન થાય છે. તે આ — ઉચ્ચાર, મૂત્ર યાવત્ લોહીપણે. તેથી અમાયી ન વિકુર્વે.*

*માયી, કરેલ પ્રવૃત્તિનું આલોચન, પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે છે, માટે તેને આરાધના નથી, અમાયી તેવા સ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે, માટે તેને આરાધના છે. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૧૮૮ :-**

બાહ્ય-ઔદારિક શરીરથી ભિન્ન અર્થાત્ વૈક્રિય પુદ્ગલોને. વૈભાર નામક રાજગૃહ ક્રીડા પર્વતને. ઓળંગવા કે વારંવાર ઓળંગવા. - - એમ બને નહીં, કેમકે વૈક્રિય પુદ્ગલના ગ્રહણ વિના વૈક્રિયકરણનો જ અભાવ છે. પર્વતનું ઉલ્લંઘન કરનારે પર્વતાતિક્રમી એવા મોટા વૈક્રિય શરીર સિવાય, પર્વતને ન ઓળંગી શકે. તે માટે બાહ્ય પુદ્ગલો ગ્રહણ કરવા જરૂરી છે... પશુ-પુરુષ આદિના જેટલા રૂપો, એટલા વિકુર્વીને સમ પર્વતને વિષમ, વિષમ પર્વતને સમ કરે છે. શું કરીને? વૈભાર પર્વતમાં પ્રવેશીને.

માયી - માયાવાળો, ઉપલક્ષણથી સકષાયી, પ્રમત્ત. કેમકે અપ્રમત્ત વૈક્રિયરૂપ કરતો નથી. प्रणीत - ચીકાશ ઝરતાં બિંદુ. वामेति - વર્ણ, બલાદિ માટે વમન કે વિરેચન કરે છે. પ્રણીત ભોજન અને વમન દ્વારા વૈક્રિયકરણ થાય છે.. बहली - કઠણ, पयणु - પાતળું. - - આહારના પુદ્ગલો શ્રોત્રેન્દ્રિયાદિરૂપે પરિણમે છે. અન્યથા શરીરની દૃઢતા અસંભવ છે. અમાયી-અકષાયીપણાને લીધે વિક્રિયાનો ઈચ્છુક ન હોવાથી વમન કરતો



નથી. पासवणत्ताए - અહીં 'યાવત્' શબ્દથી-શ્લેષ્મ, નાસિકામળ, વમન, પિત્ત, પૂતિપણે - એમ જાણવું. લુખું ખાનારને આહારાદિ પુદ્ગલો ઉચ્ચારાદિરૂપે પરિણમે.

હવે માયી-અમાયીનું ફળ કહે છે. વિકુર્વણાકરણ અને પ્રણીત ભોજનની આલોચનાદિ ન કરે. જો કરે તો તે અમાયી કહેવાય. તે આલોચનાદિ પછી કાળ કરે, માટે તેને આરાધના છે.

**શતક-૩, ઉદ્દેશા-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૫-"સ્ત્રી" ❀

— x — x — x — x —

● **સૂત્ર-૧૮૯,૧૯૦ :-**

*[૧૮૯] ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલો લીધા સિવાય એક મોટા સ્ત્રીરૂપને યાવત્ સ્યંદમાનિકારૂપને વિકુર્વવા સમર્થ છે ? આ અર્થ સમર્થ નથી... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલો લઈને એક મહાસ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકા રૂપને વિકુર્વવા સમર્થ છે ? હા, ગૌતમ ! સમર્થ છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેટલાં સ્ત્રીરૂપો વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન, યુવતીનાં હાથને, હાથ વડે દૃઢ પકડે અથવા જેમ પૈડાની ધરી આરાઓથી વ્યાપ્ત હોય, તેમ ભાવિતાત્મા અણગાર પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈ યાવત્ હે ગૌતમ ! ભાવિતાત્મા અણગાર આખા જંબૂદ્વીપને ઘણાં સ્ત્રીરૂપો વડે આકીર્ણ, વ્યતીકીર્ણ યાવત્ કરી શકે. હે ગૌતમ ! આ તેમની શક્તિ-વિષય માત્ર છે, સંપ્રાપ્તિથી એવી વિકુર્વણા કરી નથી - કરતા નથી - કરશે નહીં. આ જ ક્રમે યાવત્ સ્યંદમાનિકારૂપ સુધી જાણવું.*

*ભગવન્ ! જેમ કોઈ પુરુષ તલવાર અને ઢાલ લઈને ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ તલવાર, ઢાલવાળા પેઠે ઉંચે આકાશમાં ઉડે ? હા, ઉડે... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, તલવાર અને ઢાલ વડે કેટલા રૂપો વિકુર્વી શકે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન યુવતીના હાથને હાથ વડે દૃઢ પકડી આદિ પૂર્વવત્ જાણવું.*

*ભગવન્! જેમ કોઈ પુરુષ એક પતાકા કરીને ગતિ કરે, તેમ ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા કરી ઉંચે આકાશમાં ઉડે? હા, ગૌતમ! ઉડે... ભગવન્! ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા લઈ કેટલારૂપો વિકુર્વી શકે? પૂર્વવત્ યાવત્ વિકુર્વશે નહીં. એ રીતે બે પતાકામાં પણ જાણવું... ભગવન્! જેમ કોઈ પુરુષ એક તરફ જનોઈ કરીને ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ - x - આકાશમા ઉડે? હા, ઉડે. ભગવન્! ભાવિતાત્મા અણગાર એ રીતે કેટલાં રૂપો વિકુર્વી શકે? હે ગૌતમ! પૂર્વવત્. પણ યાવત્ વિકુર્વણા કરશે નહીં. એ પ્રમાણે બે તરફ જનોઈવાળા પુરુષની જેવાં રૂપો સંબંધે સમજવું.*

*ભગવન્ ! જેમ કોઈ પુરુષ એક તરફ પલાઠી કરીને બેસે, એ પ્રમાણે*

*ભાવિતાત્મા અણગાર કરી શકે ? પૂર્વવત્ જાણવું. એ રીતે બંને તરફ પલાઠીમાં પણ સમજવું... એ પ્રમાણે બંને પલ્યંકાસન જાણવા.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના એક મોટા ઘોડા-હાથી-સીંહ-વાઘ-નાર-દીપડો-રિંછ-નાનો વાઘ - કે - શરભના રૂપને અભિયોજવા સમર્થ છે ? ના, તેમ નથી. પણ એ પ્રમાણે બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને કરવા સમર્થ છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા૦ એક મહા અશ્વરૂપ અભિયોજી અનેક જોજન જવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે આત્મઋદ્ધિએ જાય કે પરઋદ્ધિથી ? ગૌતમ ! આત્મઋદ્ધિથી જાય, પરઋદ્ધિથી નહીં. એ પ્રમાણે આત્મકર્મથી, પરકર્મથી નહીં. આત્મપ્રયોગથી, પરપ્રયોગથી નહીં. તે સીધો પણ જઈ શકે છે અને વિપરીત પણ જઈ શકે છે. ભગવન્ ! તે અણગાર અશ્વ કહેવાય ? ના, તે અશ્વ નહી અણગાર છે. એ પ્રમાણે યાવત્ પરાસરના રૂપ સુધી જાણવું.*

*ભગવન્! શું તે વિકુર્વણા માયી કરે કે અમાયી? ગૌતમ! માયી વિકુર્વણા કરે, અમાયી નહીં... ભગવન્! માયી, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના ક્યાં ઉપજે? ગૌતમ! કોઈ એક જાતના આભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે... અમાયી તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરી કાળ કરે તો ક્યાં ઉપજે? ગૌતમ! કોઈ એક અનાભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે. ભગવન્! તે એમજ છે.*

*[૧૯૦] સ્ત્રી, તલવાર, પતાકા, જનોઈ, પલોંઠી, પર્યંકાસન, આભિયોગિક વિકુર્વણા, માયી - (સંબંધી હકીકત કહી.)*

**● વિવેચન-૧૮૯,૧૯૦ :-**

असिचर्मपात्र - ઢાલ અથવા असि - તલવાર, चर्मपात्र - ઢાલ કે મ્યાન, તેને લઈને. - x - સંઘાદિના પ્રયોજનથી ગયેલો તે કૃત્યગત કહેવાય. તે આત્માએ અથવા અસિચર્મપાત્ર હાથમાં છે તે. અથવા અસિચર્મપાત્ર જે હાથમાં કરવું, તેને પામેલ. - x - वग - वृक, दीविअ - दीपडो, अच्छ - रिंछ, तरच्छ - वाघ, परासर - શરભ. વાંચનાંતરમાં અહીં બીજા પણ શીયાળાદિ નામો છે.

અભિયોગ-વિદ્યાદિ સામર્થ્યથી, તે રૂપમાં પ્રવેશી, ક્રિયા કરવી. આ ક્રિયા, વિદ્યાદિ બળથી ગ્રહણ કરેલા બહારના પુદ્ગલો વિના થઈ ન શકે. - x - એ અણગાર જ છે, કેમકે તત્ત્વથી તો અશ્વાદિ રૂપ કરનારમાં પ્રવૃત્તિ સાધુ જ કરે છે... કષાયવાળો આ અભિયોગ કરે છે. - x - વિક્રિયા રૂપત્વથી અભિયોગ પણ વિકુર્વણા કહેવાય છે.

આભિયોગિક દેવો અચ્યુત દેવલોક સુધી હોય છે. માટે કોઈ એક જાતના એ પ્રમાણે કહ્યું. વિદ્યાદિ લબ્ધિથી ઉપજીવન કરનાર સાધુ અભિયોગની ભાવનાને કરે છે. તે આભિયોગિક દેવોમાં ઉત્પન્ન થાય. કહ્યું છે — જેઓ માત્ર વૈષયિક સુખ, રસઋદ્ધિ હેતુ મંત્ર સાધના અને ભૂતિકર્મને પ્રયોગે છે, તેઓ આભિયોગિક ભાવનાને કરે છે. - x -

**શતક-૩, ઉદ્દેશો-૫-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ શતક-૩, ઉદ્દેશો-૬-“નગર” ❀

-- x -- x -- x -- x --

૦ વિકુર્વણા અધિકાર સંબંધે જ છટ્ઠો ઉદ્દેશો છે—

**● સૂત્ર-૧૯૧,૧૯૨ :-**

*ભગવન્ ! રાજગૃહ નગરમાં રહેલ માયી, મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી વાણારસી નગરીની વિકુર્વણા કરીને, તેમાંના રૂપોને જાણે, જુએ ? - હા, જાણે, જુએ, ભગવન્ ! તે તથાભાવે જાણે - જુએ કે અન્યથા ભાવે જાણે - જુએ ? ગૌતમ ! તથાભાવે ન જાણે - જુએ, પણ અન્યથા ભાવે જાણે - જુએ. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે — વાણારસીમાં રહીને મેં રાજગૃહનગરની વિકુર્વણા કરી, તેના રૂપોને જાણું છું અને જોઉં છું. એવું તેનું વિપરીત દર્શન હોય છે. માટે એમ કહ્યું કે - યાવત્ - તે અન્યથા ભાવે જાણે છે - જુએ છે.*

*ભગવન્ ! વાણારસીમાં રહેલ માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર યાવત્ રાજગૃહનગરનું વિકુર્વણા કરીને તેમાંના રૂપોને જાણે-જુએ ? હા, જાણે-જુએ. બધું પૂર્વવત્ યાવત્ તેને એમ થાય કે રાજગૃહ નગરમાં રહેલો હું વારાણસીની વિકુર્વણા કરીને તેમાંના રૂપોને જાણું છું - જોઉં છું, એવું તેનું દર્શન વિપરીત હોય છે, તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર, વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી વારાણસી અને રાજગૃહનગરી મધ્યે એક મોટા જનપદ સમૂહની વિકુર્વણા કરીને તે વારાણસી અને રાજગૃહનગરી મધ્યે એક મોટા જનપદ સમૂહને જાણે-જુએ ? - હા, જુએ. શું તેને તથાભાવે જાણે - જુએ કે અન્યથા ભાવે ? - અન્યથાભાવે - એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એવું થાય છે કે આ વારાણસી છે, આ રાજગૃહ છે. તેની વચ્ચે આવેલ આ એક મોટો જનપદ સમૂહ છે. પણ તે મારી વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી નથી, પણ મારા લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ ઋદ્ધિ, ધુતિ, યશ, બળ, વીર્ય કે પુરુષાકાર પરાક્રમ નથી. એવું વિપરીત દર્શન તેને થાય છે. માટે કહ્યું કે યાવત્ તે પ્રમાણે જુએ છે.*

*[૧૯૨] વારાણસીમાં રહેલ અમાયી, સમ્યગ્દૃષ્ટિ, ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-અવધિજ્ઞાન લબ્ધિ વડે રાજગૃહનગરી વિકુર્વીને તેમાંના રૂપોને જાણે-જુએ ? - હા. - ભગવન્ ! તે તથાભાવે જાણે-જુએ કે અન્યથાભાવે ? ગૌતમ ! તથાભાવે જાણે-જુએ, અન્યથા ભાવે નહીં. - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે વારાણસીમાં રહેલો હું રાજગૃહને વિકુર્વીને તેમાંના રૂપોને જાણું છું - જોઉં છું. તેનું દર્શન વિપરીતતા રહિત હોય છે. તેથી ગૌતમ ! એમ કહ્યું. બીજો આલાવો પણ એ રીતે જ કહેવો. વિશેષ આ - વિકુર્વણા વાણારસીની કહેવી અને રાજગૃહમાં રહીને રૂપોનું જાણવું-જોવું સમજવું.*

*ભગવન્ ! અમાયી, સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-*

*અવધિજ્ઞાનલબ્ધિથી રાજગૃહ અને વારાણસી વચ્ચે એક મોટો જનપદસમૂહ વિકુર્વે, પછી - x - તે જનપદસમૂહને જાણે-જુએ ? ગૌતમ ! હા, જાણે-જુએ. ભગવન્ ! તે તેને યથાભાવે જાણે-જુએ કે અન્યથાભાવે ? ગૌતમ ! તે યથાભાવે જાણે-જુએ. અન્યથાભાવે નહીં.*

*ભગવન્ ! તેનું શું કારણ ? ગૌતમ ! તેને એમ થાય છે કે તે રાજગૃહ કે વારાણસી કે તેની વચ્ચેનો જનપદસમૂહ નથી, પણ એ મારી વીર્ય-વૈક્રિય-અવધિજ્ઞાન લબ્ધિ છે, મેં લબ્ધ-પ્રાપ્ત-સન્મુખ કરેલ ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે. તેનું દર્શન અવિપરીત હોય છે, તે કારણથી ગૌતમ ! પૂર્વવત્ કહેલું છે.*

*ભગવન્! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો લીધાં સિવાય એક મોટા ગામ-નગર યાવત્ - સંનિવેશના રૂપને વિકુર્વવા સમર્થ છે? ના, સમર્થ નથી. એ પ્રમાણે બીજો આલાવો પણ કહેવો. વિશેષ આ - બાહ્ય પુદ્‌ગલો લઈને તેવા રૂપ વિકુર્વવાને સમર્થ છે. ભગવન્! ભાવિતાત્મા અણગાર કેવા ગ્રામાદિરૂપ વિકુર્વવા સમર્થ છે? જેમ કોઈ યુવાન, યુવતીના હાથને હાથ વડે દૃઢ ગ્રહણ કરે આદિ પૂર્વવત્, યાવત્ એ રીતે વિકુર્વશે નહીં. એમ સંનિવેશરૂપ સુધી જાણવું.*

● વિવેચન-૧૯૧,૧૯૨ :-

ગૃહવાસના ત્યાગથી-અણગાર, સ્વસિદ્ધાંતાનુસારી પ્રશમાદિથી-ભાવિતાત્મા. માયી - ઉપલક્ષણથી કષાયવાળો. - x - મિથ્યાદૃષ્ટિ એટલે અન્યતીર્થિક. કાર્યમાં પ્રવૃત્ત વીર્ય આદિ લબ્ધિ વડે, વારાણસી નગરીએ વિકુર્વીને, રાજગૃહનગરમાં પશુ, પ્રાસાદ, પુરુષાદિ વિભંગજ્ઞાનલબ્ધિ વડે જાણે અને જુએ.

તથાભાવ - જેવી વસ્તુ, તેવા ભાવવાળું જ્ઞાન અથવા જેવું જણાય, તેવું જ અનુભવે તે તથાભાવ, તેનાથી ઉલટું તે અન્યથાભાવ, તે વિકુર્વણા કરનાર માને છે કે મેં રાજગૃહનગરની વિકુર્વણા કરી છે અને હું વારાણસીના રૂપોને જાણું છું - જોઉં છું, તે અણગારનું આ દર્શન ઉલટું છે કેમકે તે બીજારૂપોને બીજી રીતે કલ્પે છે. જેમ દિગ્મૂઢ મનુષ્ય પૂર્વ દિશાને પશ્ચિમ દિશા માને છે. ક્યાંક આ પાઠ બીજી રીતે પણ છે - x - x - એ પ્રમાણે બીજું સૂત્ર પણ જાણવું. ત્રીજા સૂત્રમાં વારાણસી અને રાજગૃહ નગરીના માર્ગમાં દેશસમૂહ વિકુર્વેલ છે. તે જ રૂપે તે વિભંગ જ્ઞાનથી જાણે છે - જુએ છે. માત્ર તે તથાભાવે નથી, કેમકે તે વૈક્રિયરૂપોને સ્વાભાવિક રૂપો માને છે. जसे - યશનો હેતુ હોવાથી યશ. नगररूवं - અહીં યાવત્ શબ્દથી નિગમ-રાજધાની-ખેડ-કબ્બડ-મડંબ-દ્રોણમુખ-પટ્ટણ-આકર-આશ્રમ-સંબાહના રૂપો કહેવા... વિકુર્વણા અધિકાર અને તેના સામર્થ્યથી વિશેષ પ્રરૂપણા કરે છે.

● સૂત્ર-૧૯૩ :-

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના કેટલા હજાર આત્મરક્ષક દેવો છે ? ગૌતમ ! ૨,૫૬,૦૦૦. આત્મરક્ષક દેવોનું વર્ણન, રાયપ્પસેણિય સૂત્ર મુજબ કહેવું. એ રીતે બધાં ઈન્દ્રોના, જેના જેટલા આત્મરક્ષક દેવો છે તે કહેવા.*



*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૧૯૩ :-

આત્મરક્ષક દેવોનું વર્ણન — સન્નદ્ધ, બદ્ધ, બખ્તરવાળા, દોરી ચડાવી ધનુષ્યને તૈયાર કરેલ, શરાસન પટ્ટી બાંધેલા, ગ્રૈવેયક પહેરેલા, ચિંધપટ્ટોને બાંધેલા, આયુધ-અસ્ત્ર ગ્રહણ કરેલા, ત્રિનમિત, ત્રિસંધિક, વજ્રમયકોટિક ધનુષ્ય ગ્રહણ કરેલ, મર્યાદાવાળા તીર સમૂહને ધારણ કરેલા, નીલ-પીત-રક્તપાણિ, ચારુ ચાપચર્મદંડ ખડ્ગપાશપાણિ, - x - આત્મરક્ષક, રક્ષોપગક, ગુપ્ત, ગુપ્તપાલિત, યુક્ત, યુક્તપાલિત એ બધા દેવો વારા ફરતી એક એક, ઉચિત કાળે કિંકર પેઠે રહે છે. *[વૃત્તિકાર મહર્ષિએ 'સન્નદ્ધ'થી 'યુક્તપાલિત' શબ્દના પ્રત્યેકના અર્થ નોંધેલ છે, જે અમે અહીં નોંધતા નથી. 'રાયપ્પસેણિય'માં તે જોવા.]*

પુસ્તકાંતરમાં આ પાઠ મૂળમાં જ છે. ચમરની જેમ બધાં ઈન્દ્રોના સામાનિક કરતાં ચારગણા આત્મરક્ષક દેવો હોય છે.

સામાનિક દેવો આ રીતે — ચમરેન્દ્રના ૬૪,૦૦૦, બલીન્દ્રના ૬૦,૦૦૦, બાકીના ભવનપતિના પ્રત્યેકના છ-છ હજાર. શક્રના ૮૪,૦૦૦, ઈશાનના ૮૦,૦૦૦, સનત્કુમારના ૭૨,૦૦૦, માહેન્દ્રના ૭૦,૦૦૦, બ્રહ્મેન્દ્રના ૬૦,૦૦૦, લાંતકે ૫૦,૦૦૦, શુક્રે ૪૦,૦૦૦, સહસ્રારે ૩૦,૦૦૦, પ્રાણતે ૨૦,૦૦૦, અચ્યુતે ૧૦,૦૦૦ સામાનિકો છે. - x - x -

**શતક-૩, ઉદ્દેશો-૬-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૭ "લોકપાલ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-માં આત્મરક્ષક દેવો કહ્યા, અહીં લોકપાલ કહે છે.

● સૂત્ર-૧૯૪ :-

*રાજગૃહનગરમાં યાવત્ પર્યુપાસના કરતા આ રીતે કહ્યું — ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્રને કેટલાં લોકપાલ છે? ગૌતમ! ચાર, તે આ - સોમ, યમ, વરુણ, વૈશ્રમણ... એ ચાર લોકપાલને કેટલા વિમાનો છે? ગૌતમ! ચાર, તે આ - સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજલ, વલ્ગુ... ભગવન્! શક્રેન્દ્રના સોમલોકપાલનું સંધ્યાપ્રભ નામક મહાવિમાન ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપોથી ઘણાં યોજન ઉંચે યાવત્ પાંચ અવતંસકો છે. તે આ — અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક, મધ્યે સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વે સૌધર્મકલ્પ છે. તેમાં અસંખ્ય યોજન દૂર ગયા પછી શક્રેન્દ્રના સોમ લોકપાલનું સંધ્યાપ્રભ નામે મહાવિમાન કહ્યું છે.*

*આ વિમાનની લંબાઈ-પહોળાઈ ૧૨ાા લાખ યોજન છે, તેનો ઘેરાવો સાધિક-૩૯,૫૨,૮૪૮ યોજન છે. અહીં સૂર્યાભદેવની વિમાન વક્તવ્યતા માફક બધું કહેવું યાવત્ અભિષેક. વિશેષ એ કે — સૂર્યાભને બદલે સોમદેવ કહેવો.*

*સંધ્યાપ્રભ મહાવિમાનની નીચે સમક્ષ-સપ્રતિદિશ અસંખ્ય હજાર યોજન અવગાહ્યા પછી શક્રના સોમ લોકપાલની સોમા નામે રાજધાની છે. તે લંબાઈ-પહોળાઈથી એક લાખ યોજન એટલે જંબૂદ્વીપ જેટલી છે. કિલ્લા આદિનું પ્રમાણ વૈમાનિકોના કિલ્લા આદિના પ્રમાણથી અડધું કહેવું યાવત્ પીઠબંધ સુધી કહેવું. પીઠબંધની લંબાઈ-પહોળાઈ ૧૬,૦૦૦ યોજન, ઘેરાવો ૫૦,૫૯૭ યોજનથી કંઈક અધિક છે. પ્રાસાદોની ચાર પરિપાટી કહેવી, બીજી નથી.*

*શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા-ઉપપાત-વચન-નિર્દેશમાં આ દેવો રહે છે — સોમકાયિકો, સોમદેવકાયિકો, વિદ્યુત્કુમાર, વિદ્યુતકુમારી, અગ્નિકુમાર, અગ્નિકુમારી, વાયુકુમાર, વાયુકુમારી, ચંદ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારાઓ. તેવા પ્રકારના બીજા પણ બધા દેવો તેમની ભક્તિમાં-પક્ષમાં-તાબામાં રહે છે. આ બધાં દેવો શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા યાવત્ નિર્દેશમાં રહે છે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે — ગ્રહદંડો, ગ્રહમુસલો, ગ્રહગર્જિતો, એ પ્રમાણે ગ્રહયુદ્ધો, ગ્રહ શ્રૃંગાટકો, ગ્રહાપસવ્યો, અભ્રો, અભ્રવૃક્ષો, સંધ્યા, ગાંધર્વનગરો, ઉલ્કાપાતો, દિગ્દાહો, ગર્જારવો, વિજળી, ધૂળવૃષ્ટિ, યૂપો, યક્ષાલિપ્તો, ધૂમિકા, મહિકા, રજોદ્ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્રપરિવેષો, સૂર્યપરિવેષો, પ્રતિચંદ્રો, પ્રતિસૂર્યો, ઈન્દ્રધનુષ્, ઉદકમત્સ્ય, કપિહસિત, અમોઘ, પૂર્વવાયુ, પશ્ચિમવાયુ યાવત્ સંવર્તક વાયુ, ગ્રામ દાહો યાવત્ સંનિવેશદાહો, પ્રાણ-જન-ધન-કુલક્ષયો, વ્યસનભૂત અનાર્ય તથા તેવા પ્રકારના બીજા, તે બધાં શક્રેન્દ્રના સોમ લોકપાલથી અજ્ઞાત, અદૃષ્ટ, અશ્રુત, અમુય, અવિજ્ઞાત નથી અથવા તે બધાં સોમકાયિક દેવોથી અજાણ્યા નથી.*

*શક્રેન્દ્રના સોમ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે — અંગારક, વિકાલક, લોહિતાક્ષ, શનૈશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરુ, રાહુ... શક્રેન્દ્રના સોમ લોકપાલની ત્રિભાગસહ પલ્યોપમની સ્થિતિ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. સોમ લોકપાલ આવી મહાઋદ્ધિવાળો છે.*

● વિવેચન-૧૯૪ :-

ઘણાં યોજનો પછી યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું — ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં ક્રોડ યોજન, ઘણાં કોટાકોટિ યોજન સુધી ઉંચે દૂર ગયા પછી સૌધર્મ કલ્પ છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્ધચંદ્ર સંસ્થાન સંસ્થિત, સૂર્યની કાંતિના સમૂહ જેવા વર્ણવાળો, અસંખ્ય યોજન કોડાકોડી લંબાઈ-પહોળાઈવાળો, અસંખ્ય કોડાકોડી યોજન પરિધિથી છે. તેમાં ૩૨-લાખ વિમાનાવાસો કહ્યા છે, તે બધાં રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે સૌધર્મકલ્પના બહુમધ્ય દેશ ભાગે જઈને-સૂર્યાભ વિમાનની વક્તવ્યતા છે, તે મુજબ અહીં કહેવી. કેટલી કહેવી? નવા ઉત્પન્ન સોમ લોકપાલના રાજ્યાભિષેક સુધી કહેવી. અહીં કહી નથી.

- x - વૈમાનિકોના સૌધર્મ વિમાનમાં રહેલ મહેલ, કિલ્લા, દ્વારાદિના માપ કરતા સોમલોકપાલની નગરીમાં અર્ધુ માપ કહેવું. અહીં સુધર્માસભાદિ સ્થાનો નથી.



કેમકે તે સ્થાનો સોમના ઉત્પત્તિ સ્થાને હોય છે.. સોમના પરિવારભૂત દેવો તે સોમકાયિક. સોમ લોકપાલના સામાનિક દેવો અને તેના પરિવારરૂપ તે સોમદેવકાયિક. - x - સોમનું ભક્તિ-બહુમાન કરનારા તે तद्भक्तिकદેવો. સોમને પ્રયોજનમાં સહાયક તે तत्पाक्षिक. સોમની ભાર્યાની માફક અત્યંત વશ અથવા સોમ તેનું પોષણ કરે છે માટે तद्भार्यादेवो - x -

गहदंड - મંગલાદિ ત્રણ, ચાર ગ્રહોની જે તિર્છી દંડ જેવી શ્રેણી તે. ग्रहमुसल - ગ્રહોની ઉર્ધ્વ શ્રેણિ. ग्रहगर्जित - ગ્રહોનો અવાજ, ग्रह युद्ध - એક દક્ષિણ અને ઉક ઉત્તરમાં એક નક્ષત્રમાં બે ગ્રહોનું રહેવું. ग्रह श्रृंगाटक - શીંગોડા આકારે ગ્રહોનું રહેવું. ग्रहापसव्य - ગ્રહોની વાંકી ચાલ. - x - गंधर्वनगर - આકાશમાં વ્યંતરે કરેલ નગરાકાર આકૃતિ. उल्कापात - રેખા અને પ્રકાશવાળું તારાની પેઠે જે ખરવું. दिग्दाह - મોટા નગરના ઉજાસની જેમ કોઈ એક દિશામાં નીચે અંધકાર, ઉપર પ્રકાશ. यूपक - શુક્લપક્ષે એકમ આદિ ત્રણ દિવસ, જે વડે સંધ્યાના છેડા ઢંકાય. यक्षाद्दीप्त - આકાશમાં વ્યંતરકૃત્ ભડકા. धूमिका - ધૂમ્રવર્ણી, महिका - આપાંડુર, रजोद्घात - દિશાનું રજસ્વલત્વ. पडिचंद - બીજા ચંદ્રો. उदगमच्छ - ઈન્દ્રધનુષ્ના ખંડો, कपिहसित - વિજળીનો ઝબકારો, अमोह - સૂર્ય ઉદય-અસ્ત સમયે સૂર્યના કિરણના વિકારજન્ય લાલ કે કાળા ઉંચા કરેલા ગાડાના આકારના લિંસોટા, પૂર્વાદિ વાયુ પ્રતીત છે. - x - x - [વાયુના નામોની નોંધ મૂળ વૃત્તિ મુજબ જાણવી.]

હમણાં કહેલ ગ્રહ દંડાદિના પ્રાયિક ફળને દર્શાવતા કહે છે — બળના ક્ષય, લોકમરણ... તેના ફળરૂપે પ્રાણક્ષયાદિ જ છે એટલું જ નહીં, પણ જે બીજા પણ પ્રાણક્ષયાદિ સમાન છે, અપત્તિરૂપ અને પાપરૂપ છે, તે બધાં ઉપદ્રવો તેના ફળરૂપે છે. તે બધાં ઉપદ્રવો સોમ લોકપાલથી અજાણ્યા નથી. अज्ञातादि પદો-અનુમાનથી અજાણ્યા, પ્રત્યક્ષાપેક્ષાએ નહીં જોયેલ, બીજાથી અણસાંભળેલ, મનની અપેક્ષાએ યાદ ન કરેલ, અવધિ અપેક્ષાએ અવિજ્ઞાત.

अहावच्च - પુત્ર સ્થાનીય દેવો, अभिन्नाय - અભિમત વસ્તુ કરનાર હોવાથી. - x - x - અંગારકાદિ દેવો પુત્ર જેવા છે. - x - x -

● સૂત્ર-૧૯૫ થી ૧૯૮ :-

*[૧૯૫] દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામે મહાવિમાન ક્યાં આવેલ છે? ગૌતમ! સૌધર્માવતંસક મહાવિમાનની દક્ષિણે સૌધર્મકલ્પથી અસંખ્ય હજાર યોજન ગયા પછી શક્રેન્દ્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામક મહાવિમાન છે. તે ૧૨ાા લાખ યોજન લાંબુ-પહોળું છે, ઇત્યાદિ 'સોમ'ના વિમાન માફક યાવત્ અભિષેક, રાજધાની, પ્રાસાદ પંક્તિ સંબંધે પણ એ જ રીતે સમજવું.*

*શક્રેન્દ્રના યમ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે. તે આ — યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારી, કંદર્પ, નરકપાલ, અભિયોગો અને તેવા બીજા બધાં દેવો તેની ભક્તિવાળા, પક્ષવાળા, તાબે રહેનારા છે. - x -*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – ડિંબ, ડમર, કલહ, બોલ, ખારો, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્રપતન, એ પ્રમાણે મહાપુરુષના મરણ, મહારુધિરનિપાત, દુર્ભૂત, કુલરોગ, ગ્રામ રોગ, મડંળ રોગ, નગરરોગ, શીર્ષવેદના, અક્ષીવેદના, કર્ણ-નખ-દંત વેદના, ઈન્દ્રગ્રાહ, સ્કંદગ્રાહ, કુમારગ્રાહ, યક્ષગ્રાહ, ભૂતગ્રાહ, એક-બે-ત્રણ કે ચાર દિવસે આવતો તાવ, ઉદ્વેગો, ખાંસી, શ્વાસ, સોસ, તાવ, દાહ, કચ્છકોહણ, અજીર્ણ, પાંડુરોગ, હરસ, ભગંદર, હૃદયશૂળ, મસ્તક-યોનિ-પડખાં-કુક્ષી શૂળ, ગામ-નગર-ખેડ-કર્બટ-દ્રોણમુખ-મડંબ-પટ્ટણ-આશ્રમ-સંબાહ-સંનિવેશની મરકી, પ્રાણ-ધન-જન-કુલનો ક્ષય, વ્યસનંભૂત અનાર્ય અને તેવા પ્રકારના બીજા બધાં પણ, તે શક્રેન્દ્રનો યમ લોકપાલ કે યમકાયિક દેવોથી યાવત્ અજાણ્યાં નથી.*

*શક્રેન્દ્રના યમ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે.*

*[૧૯૬,૧૯૭] અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ્, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ એ પ્રમાણે પંદર છે.*

*[૧૯૮] દેવેન્દ્ર દેવરાજ શક્રના યમલોકપાલનું આયુષ્ય ત્રિભાગ સહિત પલ્યોપમ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. એવી મહાઋદ્ધિવાળો યાવત્ યમલોકપાલ છે.*

**● વિવેચન-૧૯૫ થી ૧૯૮ :-**

પ્રેતકાયિક-વ્યંતર વિશેષ, પ્રેતકાયિક દેવોના સંબંધી તે પ્રેમતદેવકાયિક, कंदर्प - કંદર્પ ભાવનાથી વાસિત હોવાથી કંદર્પ દેવોમાં ઉપજેલા, आभियोग - અભિયોગ ભાવનાથી ભરપૂર હોવાથી આભિયોગિક દેવોમાં ઉપજેલ, डिंब - વિઘ્નો, डमर - ઉપદ્રવવિશેષ, कलह - શબ્દોથી રાડ, बोल - અવ્યક્ત અક્ષર ધ્વનિ સમૂહ, खार - પરસ્પર મત્સર, महायुद्ध - વ્યવસ્થારહિત મોટી લડાઈ, महासंग्राम - વ્યવસ્થાવાળી અને ચક્રાદિ વ્યૂહરચનાવાળી મોટી લડાઈ, - x - दुर्भूत - લોકો અને ધાન્યને નુકસાનકર્તા જૂ, માંકડ, ઉંદરાદિ જીવો. ઈન્દ્રગ્રહ આદિ ગાંડપણના કારણો, उद्वेग - ઈષ્ટ વિયોગાદિ જન્ય કે ચોરાદિનો ઉપદ્રવ. कक्षकोह - શરીરના એક ભાગનો સડો. - x -

अम्ब આદિ - અસુર નિકાયવર્તી ૧૫-પરમાધામી દેવો. તેમાં (૧) અંબ-નારકોને ઉંચેથી પડતા મૂકે. (૨) અંબરીષ-નારકોના ટુકડા કરી, ભાઠામાં પકવવા યોગ્ય બનાવે. (૩) શ્યામ-નારકોને શાતન આદિ કરે અને કાળા વર્ણના. (૪) શબલ-નારકોના આંતરડા, હૃદયાદિ ફાડી નાંખે, કાબર ચીતરાવર્ણના. (૫) રૌદ્ર-નારકોને ભાલાદિમાં પરોવે. (૬) ઉપરૌદ્ર-નારકોના અંગોપાંગ ભાંગી નાખે. (૭) કાલનારકોને કડાયા આદિમાં રાંધે, કાળા વર્ણના. (૮) મહાકાલ-નારકોના ચીકણા માંસને ખાંડીને ખાય, વર્ણથી મહાકાળા, (૯) અસિ-નારકોને તલવારથી છેદે, (૧૦) અસિપત્ર-તલવાર આકારના પાંદડા વિકુર્વે.

(૧૧) ધનુ કે કુંભ - ધનુષ્ દ્વારા નારકોના કાન વગેરેને છેદે, ભેદે, બીજી પણ પીડા કરે તે ધનુ - - નારકોને ઘડાદિમાં નાંખી રાંધે તે કુંભ, (૧૨) વાલુક-કદંબના ફૂલ જેવી વેળુમાં નારકોને રાંધે. (૧૩) વૈતરણી - લોહી અને પિત્તથી ભરેલ વૈતરણી નદી બનાવે. (૧૪) ખરસ્વર-વજ જેવા કાંટાવાળા ઝાડ પર ચડાવી નારકોને ચીસો પડાવે. (૧૫) મહાઘોષ-રાડો પાડી ભાગતા નારકોને વાડામાં પૂરી દે.



**● સૂત્ર-૧૯૯ :-**

*દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ લોકપાલનું સ્વયંજ્વલ નામક મહાવિમાન ક્યાં આવેલ છે? ગૌતમ! સૌધર્માવતંસક મહાવિમાનની પશ્ચિમે સૌધર્મકલ્પ છે, ત્યાંથી અસંખ્ય યોજન ગયા પછી યાવત્ બધું સોમ લોકપાલની જેમ જાણવું. તેમજ વિમાન, રાજધાની, યાવત્ પ્રાસાદાવતંસકો વિશે સમજવું, માત્ર નામમાં ફેરફાર છે.*

*શક્રના વરુણ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે – વરુણકાયિક, વરુણ દેવકાયિક, નાગકુમાર, નાગકુમારી, ઉદધિકુમાર, સ્તનિતકુમાર, સ્તનિતકુમારી અને બીજા પણ તેવા પ્રકારના દેવો, તેની ભક્તિવાળા યાવત્ રહે છે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે – અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્ભેદ, ઉદકોત્પીલ, અપવાહ, પ્રવાહ, ગામવાહ યાવત્ સન્નિવેશવાહ, પ્રાણક્ષય યાવત્ તે બધાં વરુણદેવ કે વરુણકાયિક દેવોથી અજાણ્યા નથી.*

*શક્રેન્દ્રના વરુણ લોકપાલને આ દેવો યાવત્ અપત્યરૂપ અભિમત છે તે આ – કર્કોટક, કર્દમક, અંજન, શંખપાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ, કાતરિક... શક્રેન્દ્રના વરુણ લોકપાલનું આયુ દેશોન બે પલ્યોપમ છે. તેના અપત્યરૂપ દેવોની આયુ એક પલ્યોપમ છે. આવો મહર્દ્ધિક યાવત્ વરુણ લોકપાલ છે.*

**● વિવેચન-૧૯૯ :-**

अतिवर्षा - વેગથી કે ઘણો વરસાદ, मंदवर्षा - ધીમી વર્ષા, सुवृष्टि - ધાન્યાદિ નિષ્પન્ન કરે તેવો, दुर्वृष्टि - ધાન્યાદિ ન નીપજે તેવો વરસાદ. उदकोद्भेद - ગિરિતટાદિથી જલ-ઉદ્ભવ, उदकोत्पील - તળાવાદિ જળસમૂહ, उदवाह - પાણીનું થોડું વહેવું, प्रवाह - પાણીનું વધારે વહેવું, પાણીથી પ્રાણ ક્ષયાદિ થવા. कर्कोटक - લવણસમુદ્રની ઈશાને અનુવેલંધર નાગરાજના આવાસરૂપ કર્કોટક પહાડ છે, તેમાં વસતા નાગરાજ, कर्दमक - અગ્નિ ખૂણામાં વિદ્યુત્પ્રભ પહાડમાં રહેતા નાગરાજ, अंजन - વેલંબ વાયુકુમાર રાજાનો લોકપાલ, शंखपालक - ધરણનાગરાજનો લોકપાલ, पुंड्र આદિ અમારી જાણમાં નથી.

**● સૂત્ર-૨૦૦ :-**

*દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ લોકપાલનું વલ્ગુ નામે મહાવિમાન ક્યાં છે ? ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તરે છે. બધી વક્તવ્યતા સોમલોકપાલના વિમાન, રાજધાની માફક અહીં જાણવી. યાવત્ પ્રાસાદાવતંસક.*

*શક્રના વૈશ્રમણ લોકપાલની આજ્ઞા-ઉપપાત-વચન-નિર્દેશમાં આ દેવો રહે છે – વૈશ્રમણકાયિક, વૈશ્રમણ દેવકાયિક, સુવર્ણકુમાર, સુવર્ણકુમારી, દ્વિપકુમાર-કુમારી, દિશાકુમાર-કુમારી, વ્યંતર, વ્યંતરી, આવા બધાં યાવત્ રહે છે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે :- લોઢું-તાંબુ-કલાઈ-સીસુ-સોનું-રૂપુ-વજ તે બધાંની ખાણો, વસુધારા, હિરણ્ય-સુવર્ણ-રત્ન-વજ-આભરણ-પત્ર-પુષ્પ-ફળ-બીજ-માળા-વર્ણ-ચૂર્ણ-ગંધ-વસ્ત્રની વર્ષા, હિરણ્યથી વસ્ત્ર સુધીની તથા ભાજન અને ક્ષીરની વૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, સોંઘુ, મોંઘુ, સુભિક્ષ, દુર્ભિક્ષ, ખરીદ-વેચાણ, સંનિધિ, સંચય, નિધિ, નિધાન. ઘણાં જૂના નષ્ટ સ્વામીવાળા-સંભાળનાર ક્ષીણ થયા હોય, માર્ગ ક્ષીણ થયો હોય - ગોત્રના ઘર નાશ પામ્યા હોય-સ્વામી, સંભાળનાર, ગોત્રના ઘરનો ઉચ્છેદ થયો હોય એવા શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, ગલી, નગરની ખાળ, શ્મશાન, પર્વતની કંદરા, શાંતિગૃહ, પહાડને કોતરી બનાવેલ ઘર, સભાસ્થાનોમાં દાટેલા નિધાનો - આ બધું શક્રેન્દ્રના વૈશ્રમણ લોકપાલથી અજ્ઞાત-અદૃષ્ટ-અશ્રુત-અવિજ્ઞાત હોતું નથી.*

*શક્રના વૈશ્રમણ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે — પૂર્ણભદ્ર, માણિભદ્ર, શાલિભદ્ર, સુમનોભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વયશા, સર્વકામ, સમૃદ્ધ, અમોઘ, અસંગ.*

*શક્રના વૈશ્રમણ લોકપાલનું આયુ બે પલ્યોપમ છે અને તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. વૈશ્રમણ લોકપાલ યાવત્ આવી મહાઋદ્ધિવાળો છે. ભગવન્ ! એમ જ છે (૨).*

**● વિવેચન-૨૦૦ :-**

વસુધારા - તીર્થંકરના જન્માદિ પ્રસંગે આકાશમાંથી થતી ધનવૃષ્ટિ, હિરણ્ણવાસ - રૂપુ અથવા ઘડેલ સોનું. વર્ષા - અલ્પતર વરસાદ, વૃષ્ટિ - મહાવર્ષા. માલ્ય - ગુંથેલા પુષ્પો, વર્ણ - ચંદન, ચૂર્ણ - સુગંધી દ્રવ્યનો ભૂકો, ગંધ - કોષ્ઠપુટપાક, - x - સંનિધિ - ઘી, ગોળ આદિની સ્થાપના, સંનિચય - ધાન્યનો સંચય, નિધિ - લાખ વગેરે પ્રમાણ દ્રવ્ય સ્થાપના, નિધાન - ભૂમિમાં રહેલ હજાર આદિ દ્રવ્યનો સંચય.

એ બધાં કેવા ? ખૂબ જૂના, તેથી જ તેના સ્વામી, સિંચક આદિ ક્ષીણ થયા છે, માર્ગ, ગોત્રીયના ઘરો ક્ષીણ થયા છે. જેના સ્વામી હવે સત્તાહીન થયા છે. ઇત્યાદિ

**શતક-૩, ઉદ્દેશા-૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૮-"દેવાધિપતિ" ❀

-- x -- x -- x -- x --

**● સૂત્ર-૨૦૧ થી ૨૦૪ :-**

*[૨૦૧] રાજગૃહ નગરમાં યાવત્ પર્યુપાસના કરતાં આમ કહ્યું કે — ભગવન્ ! અસુરકુમાર દેવો ઉપર કેટલા દેવો આધિપત્ય કરતા યાવત્ વિચરે છે ? ગૌતમ ! દશ દેવો યાવત્ આધિપત્ય કરતાં વિચરે છે. તે આ — અસુરેન્દ્ર અસુરરાજ ચમર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.*

*નાગકુમાર વિશે પ્રશ્ન — ગૌતમ ! દશ દેવો તેમનું આધિપત્ય કરતાં*



*યાવત્ વિચરે છે. તે આ - નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલવાલ, શંખવાલ, નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શંખવાલ, શેલવાલ.*

*જેમ નાગકુમારેન્દ્ર સંબંધે આ વક્તવ્યતાથી જણાવ્યુ તેમ આ દેવો સંબંધે પણ જાણવું - સુવર્ણકુમારના અધિપતિઓ — વેણુદાલી, ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ છે - - વિદ્યુત્કુમારના અધિપતિઓ — હરિકાંત, હરિસ્સહ, પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.*

*અગ્નિકુમારના અધિપતિઓ — અગ્નિસીંહ, અગ્નિમાનવ, તેજ, તેજસીંહ, તેજકાંત, તેજપ્રભ. - - દ્વીપકુમારના અધિપતિઓ - પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, સુરૂપ, રૂપકાંત, રૂપપ્રભ. - - ઉદધિકુમારના અધિપતિઓ - જલકાંત, જલપ્રભ, જલરૂપ, જલકાંત, જલપ્રભ.*

*દિશાકુમારના અધિપતિઓ — અમિતગતિ, અમિતવાહન, ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સીંહગતિ, સીંહવિક્રમગતિ. - - વાયુકુમારના અધિપતિઓ - વેલંબ, પ્રભંજન, કાલ, મહાકાલ, અંજન, રિષ્ટ-સ્તનિત કુમારના અધિપતિઓ — ઘોષ, મહાઘોષ, આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત. - - એ પ્રમાણે અસુરકુમાર માફક કહેવું.*

*દક્ષિણ ભવનપતિના ઈન્દ્રોના પ્રથમ લોકપાલોના નામો આદ્યાક્ષર પ્રમાણે આ છે. સો, કા, ચિ, પ, તે, રુ, જ, તુ, કા, આ.*

*પિશાચકુમાર સંબંધી પ્રશ્ન - બે દેવો આધિપત્ય કરે છે.*

*[૨૦૨] કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ભીમ અને મહાભીમ.*

*[૨૦૩] કિંનર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ.*

*[૨૦૪] ઉક્ત બધાં દેવો વાણવ્યંતરોના ઈન્દ્રો છે... જ્યોતિષ્ક દેવોનાં અધિપતિ બે દેવો વિચરે છે — ચંદ્ર અને સૂર્ય.*

*ભગવન્! સૌધર્મ અને ઈશાન કલ્પે આધિપત્ય કરતા યાવત્ કેટલા દેવો વિચરે છે? ગૌતમ! દશ. તે આ - દેવેન્દ્ર દેવરાજ શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, દેવેન્દ્ર દેવરાજ ઈશાન, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ. આ વક્તવ્યતા બધાં કલ્પોમાં કહેવી. જેના જે ઈન્દ્ર છે, તે કહેવા. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૨૦૧ થી ૨૦૪ :-**

આઠમો ઉદ્દેશો દેવવક્તવ્યતા સંબંધી છે. સુગમ છે વિશેષ આ — દક્ષિણ ભવનપતીન્દ્રોના પુરા નામ આ પ્રમાણે છે — સોમ, મહાકાલ, ચિત્ત, પ્રભ, તેજ, રૂઅ, જલ, તુરિયગતિ, ત્વરિતગતિ, કાલ અને આયુક્ત. બીજી વાચનામાં પણ આ નામો છે - x - બીજી પ્રતમાં આમ પણ કહ્યું છે — દક્ષિણના લોકપાલોના પ્રત્યેક સૂત્રમાં જે ત્રીજા અને ચોથા છે, તે ઉત્તરના લોકપાલોમાં ચોથા અને ત્રીજા કહેવા.

સૌધર્મ અને ઈશાનની વક્તવ્યતામાં કહેલ છે તેમ બધાં કલ્પોમાં ઈન્દ્રનિવાસભૂત કહેવા. સનત્કુમારાદિ ઈન્દ્ર યુગલો વિશે પૂર્વના ઈન્દ્રની અપેક્ષાએ ઉત્તરના ઈન્દ્ર સંબંધી લોકપાલોમાં ત્રીજો અને ચોથો ઉલટી રીતે કહેવો. દરેકમાં આ સોમ આદિ જ કહેવા. પણ ભવનપતિના ઈન્દ્રો માફક બીજા-બીજા ન કહેવા. શક્રાદિ દશ ઈન્દ્રો છે.

**શતક-૩, ઉદ્દેશો-૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## શતક-૩, ઉદ્દેશો-૯-'ઈન્દ્રિય'

-- x -- x -- x -- x --

૦ દેવોને અવધિજ્ઞાન હોવા છતાં ઈન્દ્રિયોનો ઉપયોગ હોય છે. તેથી ઈન્દ્રિયના વિષયોના નિરૂપણ માટે આ ઉદ્દેશો છે.

● **સૂત્ર-૨૦૫ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ઈન્દ્રિયવિષયો કેટલા કહ્યા છે ? ગૌતમ ! પાંચ, તે આ — શ્રોત્રેન્દ્રિય વિષય ઇત્યાદિ. આ સંબંધે જીવાભિગમ સૂત્રનો આખો જ્યોતિષ્ક ઉદ્દેશો જાણવો.*

● **વિવેચન-૨૦૫ :-**

જીવાભિગમનો જ્યોતિષ્ક ઉદ્દેશો આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય વિષય યાવત્ સ્પર્શનેન્દ્રિય વિષય. ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય વિષયના પુદ્ગલ પરિણામ કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! બે, શુભ શબ્દપરિણામ, અશુભ શબ્દ પરિણામ. - - ચક્ષુરિન્દ્રિય વિષયનો પ્રશ્ન - ગૌતમ ! બે ભેદ છે - સુરૂપ પરિણામ, કુરૂપ પરિણામ. - - ઘ્રાણેન્દ્રિય વિષયનો પ્રશ્ન - ગૌતમ ! બે ભેદ - સુરભિગંધ પરિણામ, દુરભિગંધ પરિણામ. એ રીતે જિહ્વેન્દ્રિયમાં - સુરસ પરિણામ, દુરસપરિણામ. - - સ્પર્શન ઈન્દ્રિયવિષય - સુખસ્પર્શ પરિણામ, દુઃખ સ્પર્શ પરિણામ.

વાચનાંતરમાં એમ કહ્યું છે કે — ઈન્દ્રિયોના વિષયો સંબંધી સૂત્ર, ઉચ્ચાવચ્ચ સૂત્ર અને સુરભિસૂત્ર એમ ત્રણે સૂત્રો અહીં કહેવા. તેમાં ઉચ્ચાવચ્ચ સૂત્ર આ પ્રમાણે — ભગવન્ ! શું ઉચ્ચાવચ્ચ શબ્દ પરિણામથી પરિણામ પામતા પુદ્ગલો પરિણમે છે એમ કહેવાય ? હા, ગૌતમ ! ઇત્યાદિ - - સુરભિસૂત્ર - ભગવન્ ! સારા શબ્દ પુદ્ગલ ખરાબ શબ્દપણે પરિણમે છે ? હા, ગૌતમ ! ઇત્યાદિ.

**શતક-૩, ઉદ્દેશો-૯-નો ટીકાસહિતનો અનુવાદપૂર્ણ**

## શતક-૩, ઉદ્દેશો-૧૦ 'પરિષદ્'

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૦૬ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની કેટલી પર્ષદાઓ છે ? ગૌતમ ! ત્રણ. તે આ છે — સમિતા, ચંડા, જાત. એ પ્રમાણે યથાનુપૂર્વીએ યાવત્ અચ્યુતકલ્પ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*



● **વિવેચન-૨૦૬ :-**

પૂર્વે ઈન્દ્રિયો કહી, દેવો ઈન્દ્રિયવાળા છે, માટે દેવવક્તવ્યતા સંબંધી દશમો ઉદ્દેશો કહે છે. તે સુગમ છે. વિશેષ આ - સમિતા - ઉત્તમપણું અને સ્થિર પ્રકૃત્તિતાથી સમતાવાળી, પોતાના ઉપરીએ કરેલ કોપ કે ઉતાવળ આદિ ભાવોને, માન્ય વચનવાળી હોવાથી શાંત કરનારી અથવા તોછડાઈ વિનાની, ઉદ્ધત નહીં તે.

ચંડા - તેવા પ્રકારની મોટાઈ ન હોવાથી સાધારણ કોપાદિ ભાવવાળી. જાતા - મોટાઈવાળો સ્વભાવ ન હોવાથી કોપાદિ ભાવોને વગર પ્રયોજને દેખાડનારી. - - આ ત્રણે પર્ષદા ક્રમથી અભ્યંતર, મધ્યમ, બાહ્ય કહેવાય છે. તેમાં અભ્યંતર સભા આ પ્રમાણે - પ્રયોજન ઉત્પન્ન થતાં અધિપતિ આદરપૂર્વક બોલાવે ત્યારે જ તે પાસે આવે છે અને પ્રયોજન પૂછે છે. - - મધ્યમા - અલ્પ ગૌરવવાળી હોવાથી બોલાવે કે ન બોલાવે તો પણ આવે છે, અભ્યંતર સભા સાથે થયેલ વાર્તાલાપને જણાવે છે. - - બાહ્ય - અલ્પતમ ગૌરવવાળી હોવાથી બોલાવ્યા વિનાં પણ આવે છે. પૂર્વે થયેલ વાર્તાલાપને માત્ર વર્ણવે છે.

પ્રથમ સભામાં ૨૪,૦૦૦, બીજીમાં - ૨૮,૦૦૦, ત્રીજીમાં ૩૨,૦૦૦ દેવો હોય છે. પ્રથમ સભામાં - ૩૫૦, બીજીમાં-૩૦૦, ત્રીજામાં-૨૫૦ દેવી છે. પ્રથમ સભાના દેવોનું આયુ ૨॥-પલ્યોપમ, બીજીનાનું ૨-પલ્યોપમ અને ત્રીજી સભાનાનું ૧॥-પલ્યોપમ છે. પ્રથમ સભાની દેવીનું આયુ-૧॥-પલ્યોપમ, બીજીનીનું ૧-પલ્યોપમ, ત્રીજીનીનું ૦॥-પલ્યોપમ છે. એ પ્રમાણે બલિનું જાણવું. વિશેષ એ - દેવોની સંખ્યામાં ચાર-ચાર હજાર ઘટાડવા, દેવીની સંખ્યામાં ૧૦૦-૧૦૦ ઉમેરવી, આયુનું પ્રમાણ પૂર્વેથી વિશેષ કહેવું. એ પ્રમાણે અચ્યુત પર્યન્ત ત્રણ સભા હોય છે. નામાદિ ભેદ જીવાભિગમ સૂત્રથી જાણવા.

**શતક-૩, ઉદ્દેશો-૧૦-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# -: ભાગ-૯-પુરો થયો :-

*[૪૯૭] હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર અને કાળા ચણા - આ ધાન્યોને કોઠારમાં નાંખ્યા હોય. તો જેમ [ત્રીજા સ્થાનમાં] શાલિમાં કહ્યું, તેમ યાવત્ કેટલો કાળ તેની યોનિ સચિત્ત કહે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી. ત્યારપછી યોનિ મ્લાન થાય યાવત્ નાશ પામે.*

*[૪૯૮] - (૧) પાંચ સંવત્સરો કહ્યા. તે આ - નક્ષત્ર, યુગ, પ્રમાણ, લક્ષણ અને શનૈશ્ચર સંવત્સર... - (૨) યુગ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત... - (૩) પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - નત્રક્ષ, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવર્ધિત... - (૪) લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે. તે આ—*

*[૪૯૯] સમાનપણે નક્ષત્રો યોગ કરે છે, સમપણે ઋતુ પરિણમે છે, અતિ ઉષ્ણ નહીં તેમ શીત નહીં અને બહુ ઉદકવાળો તે નક્ષત્ર સંવત્સર.*

*[૫૦૦] જેમાં ચંદ્ર સર્વે પૂર્ણિમાઓ સાથે યોગ કરે છે, નક્ષત્ર વિષમચાર છે, અતિશીત-અતિ તાપ હોય, બહુ પાણી હોય તેને ચંદ્ર સંવત્સર કહે છે.*

*[૫૦૧] વિષમપણે અંકુરા પરિણમે, ઋતુ સિવાય પુષ્પ-ફલાદિ આપે સારી રીતે વર્ષા ન થાય તેને કર્મસંવત્સર કહે છે.*

*[૫૦૨] જેમાં સૂર્ય પૃથ્વી, પાણી, પુષ્પ, ફળોને રસ આપે છે, તેથી અલ્પ વૃષ્ટિથી પણ સારી રીતે ધાન્ય પાકે તે સૂર્ય સંવત્સર છે.*

*[૫૦૩] જેમાં સૂર્યના તેજથી તપેલ ક્ષણ-લવ-દિવસ-ઋતુઓ પરિણમે છે, વાયુથી ઉડેલ ધૂળ પૃથ્વીને પૂરે છે, તે અભિવર્ધિત સંવત્સર છે.*

**● વિવેચન-૪૯૬ થી ૫૦૩ :-**

[૪૯૬] સ્પષ્ટ છે. વિશેષ એ કે - સંસારમાં વર્તતા જીવો. विप्रजहत् - ત્યાગ કરતો. सव्वजीवा - સંસારી અને સિદ્ધો. अकषायी - ઉપશાંતમોહાદિ.

[૪૯૭] જીવોના અધિકારથી વનસ્પતિ જીવોને આશ્રીને પાંચ સ્થાનો - अहेत्यादि॰ ત્રીજા સ્થાનકવત્ વ્યાખ્યા કરવી. વિશેષ આ - कला - વટાણા, मसूर - ચણકિકા. તલ-મગ-અડદ પ્રતીત છે. निप्फाव - વાલ, कुलत्था - ચોળા જેવી ચિપટી છે. आलिसिंदया - ચોળા, सईणा - તુવેર, કાળા ચણા.

[૪૯૮] અનંતર સંવત્સરપ્રમાણથી યોનિ વ્યતિક્રમ કહ્યો. હવે તે જ સંવત્સર વિચારાય છે, તે માટે ચાર સૂત્રો છે. તેમાં નક્ષત્ર સંવત્સર - ચંદ્રનો નક્ષત્ર સંબંધી ભોગકાળ તે નક્ષત્ર માસ. ૨૭ પૂર્ણાંક એકવીશ સડસઠાંસ - ૨૭-૨૧/$_{૬૭}$ એ રીતે બારમાસનો આ નક્ષત્ર સંવત્સર છે. તે ૩૨૭-૫૧/$_{૬૭}$ એકાવન/સડસઠાંશનો થાય છે. એમ પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. તેના એક વિભાગભૂત કહેવાતા લક્ષણવાળા ચંદ્રાદિ યુગસંવત્સર. પ્રમાણ - દિવસ આદિના પરિણામથી ઓળખાતો વક્ષ્યમાણ નક્ષત્ર સંવત્સર આદિ જ પ્રમાણ સંવત્સર. તે જ વક્ષ્યમાણ સ્વરૂપ લક્ષણોની પ્રધાનતાથી લક્ષણ સંવત્સર અને જેટલા કાલ વડે શનૈશ્ચર એક નક્ષત્રને અથવા બારે રાશિઓને



ભોગવે તે શનૈશ્ચર સંવત્સર.

ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ - શનૈશ્ચર સંવત્સર ૨૮ ભેદ છે - અભિજિત, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦ વર્ષે સર્વ નક્ષત્ર મંડલને પૂર્ણ કરે છે.

યુગ સંવત્સર પાંચ ભેદે છે - તે આ - ૨૯-૩૨/$_{૬૨}$ પ્રમાણવાળો કૃષ્ણ પ્રતિપદાથી આરંભીને પૂર્ણિમાએ પૂર્ણ થયેલ તે ચંદ્રમાસ, તે માસના પ્રમાણ વડે બારમાસના પરિમાણવાળો ચંદ્ર સંવત્સર હોય છે. તેનું પ્રમાણ આ પ્રમાણે - ૩૫૪-૧૨/$_{૬૨}$ આ પ્રમાણવાળો બીજો અને ચોથો ચંદ્ર સંવત્સર જાણવો. અભિવર્ધિત- ૩૧-૧૨૧/$_{૧૨૪}$. આવા પ્રકારના માસ વડે બાર માસના પ્રમાણવાળો ત્રીજો અભિવર્દ્ધિત સંવત્સર, તે પ્રમાણ વડે - ૩૮૩-૪૪/$_{૬૨}$ દિવસના પ્રમાણવાળો પાંચમો પણ જાણવો. આ ચંદ્રાદિ પાંચ સંવત્સરથી એક યુગ થાય છે. તે પાંચ સંવત્સરોના મધ્યે અભિવર્ધિત નામના સંવત્સરને અધિકમાસ કહે છે.

પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે - તેમાં નક્ષત્ર સંવત્સર ઉક્ત લક્ષણવાળો છે. પણ ત્યાં માત્ર નક્ષત્રમંડલનો ચંદ્રભોગ માત્ર વિવક્ષિત છે અને અહીં તો દિવસ અને દિવસના ભાગ આદિનું પ્રમાણ વિવક્ષિત છે. ચંદ્ર અને અભિવર્ધિત સંવત્સર પણ ઉક્ત લક્ષણવાળા જ છે. પણ ત્યાં યુગના વિભાગ માત્ર કહેલ છે અને અહીં દિવસ આદિના પ્રમાણ વડે કહેલ છે. આ વિશેષ ભેદ છે. ઋતુ સંવત્સર ૩૦ અહોરાત્ર પ્રમાણવાળો ઋતુમાસ તેવા બાર ઋતુમાસ વડે સાવનમાસ અને કર્મમાસનામના પર્યાય વડે થયેલ ૩૬૦ અહોરાત્ર પ્રમાણવાળો છે. આદિત્ય સંવત્સર તે સાડાત્રીશ દિવસનો એક માસ, એવા બાર માસથી ૩૬૬ અહોરાત્ર છે.

અનંતર કહેલ એ જ નક્ષત્રાદિ સંવત્સર લક્ષણ પ્રધાનતાથી લક્ષણ સંવત્સર કહેવાય. હવે નક્ષત્રને કહે છે.

[૪૯૯] समग ગાથા. સમપણે કૃતિકાદિ નક્ષત્રો કાર્તિક પૂર્ણિમા આદિ તિથિ સાથે સંબંધ કરે છે. નક્ષત્રો તિથિઓમાં મુખ્યતાથી હોય છે. જેમ કાર્તિકી પૂર્ણિમાએ કૃતિકા. કહ્યું છે કે - [પૂર્ણિમા સહ] જેઠમાં મૂલ, શ્રાવણે ધનિષ્ઠા, માગસરે આર્દ્રા, શેષ માસ નક્ષત્ર નામવાળા છે.

જે વર્ષમાં સમપણે ઋતુ પરિણમે છે, વિષમપણે નહીં, કારતક પૂર્ણિમા પછી અનંતર હેમંતઋતુ, પોષ પછી શિશિરઋતુ જ આવે છે જેમાં અતિ ગરમી નથી કે અતિ ઠંડી નથી તે नातिउष्णनातिशीत. અને જેમાં ઘણું પાણી છે તે બહૂદક, તે લક્ષણથી નક્ષત્ર હોય છે. નક્ષત્રચાર લક્ષણ લક્ષિતત્વથી નક્ષત્ર સંવત્સર છે. - x - x -

[૫૦૦] ससि ગાથા. ચંદ્ર સાથે બધી પૂનમની રાત્રિઓ જે વર્ષમાં યોગવાળી હોય અથવા જેમાં ચંદ્રમા બધી પૂર્ણિમા જોડે યોગ કરે છે. विषमचारी - યથા યોગ્ય તિથિમાં ન વર્તનાર નક્ષત્રો જેમાં છે તે, અત્યંત શીત અને ગરમીના સદ્ભાવથી કટૂક તથા ઘણું પાણી છે તેને વિદ્વાનો લક્ષણથી ચંદ્ર સંવત્સર કહે છે. કેમકે ચંદ્રચાર લક્ષણ લક્ષિત છે.

[૫૦૧] વિસમ ગાથા. વિષમતાએ પલ્લવ અંકુર, તે વિદ્યમાન છે જેને તે પ્રવાલવાળા વૃક્ષો પ્રવાલપણાને પ્રાપ્ત થાય અથવા પ્રવાલવાળા વૃક્ષો વિષમપણે પરિણમે - અંકુરનું ઉગવું આદિ અવસ્થાને પામે છે. તથા ઋતુઓ સિવાયના કાળે પુષ્પ તથા ફળને આપે છે, જેમ ચૈત્રાદિ માસમાં પુષ્પાદિને દેવાવાળા આમ્રવૃક્ષો માઘ આદિમાં પુષ્પોને આપે તથા જે વર્ષમાં મેઘ બરાબર વૃષ્ટિને ન વરસાવે તે લક્ષણથી કર્મ કે ઋતુ કે સાવન સંવત્સર નામે ઓળખાય છે.

[૫૦૨] પુઢવિ ગાથવ - જે વર્ષમાં પૃથ્વીના રસને અને ઉદકના રસને - માધુર્ય, સ્નિગ્ધતા લક્ષણ રસ પુષ્પ તથા ફળોને તેવા સ્વભાવથી સૂર્ય આપે છે અર્થાત્ તથાવિધ ઉદક અભાવે પણ આપે છે, જેથી અલ્પ વર્ષા વડે પણ જોઈએ તેટલું ધાન્ય ઉત્પન્ન થાય તે સૂર્ય સંવત્સર.

[૫૦૩] आइच्च - ગાથા - સૂર્યના તેજથી તપ્ત પૃથ્વી આદિના તાપમાં પણ ઉપચારથી ક્ષણ વગેરે તપ્યા તેમ માનવું. તેમાં क्षण - મુહૂર્ત, लव - ૪૯ ઉચ્છ્વાસ પ્રમાણ, दिवस - અહોરાત્ર, ऋतु - બે માસ. જેમાં અતિક્રમે છે અને જે વાયુ વડે ઉડેલ ધુળથી ભૂમિપ્રદેશ વ્યાપ્ત થાય છે, તેને આચાર્યો લક્ષણથી અભિવર્ધિત સંવત્સર કહે છે, તે જાણ.

સંવત્સરાદિ વ્યાખ્યાન પ્રાયઃ તત્ત્વાર્થાદિ ટીકા અનુસાર છે.

સંવત્સર કહ્યો તે કાળરૂપ છે, કાળ વ્યતીત થતાં શરીરથી નીકળવું થાય છે, આ હેતુથી તેના માર્ગનું નિરૂપણ કરે છે—

● **સૂત્ર-૫૦૪,૫૦૫ :-**

***[૫૦૪] શરીરમાંથી જીવને નીકળવાનો માર્ગ પાંચ પ્રકારે છે, તે આ - પગથી, સાથળથી, હૃદયથી, મસ્તકથી, સર્વાંગથી... જીવ જો પગેથી નીકળે તો નરકગામી થાય, સાથળથી નીકળે તો તિર્યંચગામી થાય, છાતીથી નીકળે તો મનુષ્યગામી થાય, મસ્તકેથી નીકળે તો દેવગામી થાય, સર્વાંગેથી નીકળતા સિદ્ધિગતિગામી થાય છે.***

***[૫૦૫] છેદન પાંચ પ્રકારે કહેલ છે. તે આ - ઉત્પાદ છેદન, વ્યયછેદન, બંધછેદન, પ્રદેશછેદન, દ્વિધાકાર છેદન... આનંતર્ય પાંચ પ્રકારે કહેલ છે. તે આ - ઉત્પાદનાંતર્ય, વ્યયાનંતર્ય, પ્રદેશાનંતર્ય, સમયાનંતર્ય, સામયાનાંતર્ય... અનંતા પાંચ ભેદે કહ્યા છે, તે આ - નામાનંત, સ્થાપનાનંત, દ્રવ્યાનંત, ગણનાનંત, પ્રદેશાનંત અથવા અનંતા પાંચ ભેદે કહ્યા. તે આ - એકતઃ અનંત, દ્વિધા અનંત, દેશવિસ્તારાનંત, સર્વવિસ્તારાનંત, શાશ્વતાનંત.***

● **વિવેચન-૫૦૪,૫૦૫ :-**

[૫૦૪] સૂત્ર સ્પષ્ટ છે. निर्याण - મરણકાળે જીવનો શરીરમાંથી નીકળવાનો માર્ગ તે નિર્યાણ માર્ગ - પગ વગેરે. તેમાં માર્ગભૂત અને કરણતાને પામેલ બંને પગ દ્વારા જીવ શરીરથી નીકળે છે. એ રીતે બંને સાથળ દ્વારા ઇત્યાદિને વિશે પણ જાણવું. હવે ક્રમશઃ આ નીકળવાના માર્ગના ફળને કહે છે - બંને પગ દ્વારા શરીરથી



નીકળતો જીવ નરકમાંથી જનારો હોય છે. એ રીતે અન્યત્ર પણ જાણવું. વિશેષ એ કે - બધા અંગો તે સર્વાંગો, ત્યાંથી નીકળતો સિદ્ધિગતિને પામે છે. સિદ્ધિગતિરૂપ ભ્રમણનો અંત જેને છે તે સિદ્ધિગતિ પર્યવસાન છે.

[૫૦૫] નિર્યાણ આયુ છેદન કરતા થાય છે, માટે છેદનને પ્રરૂપતા સૂત્રકાર કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - દેવત્વાદિ પર્યાયાંતરના ઉત્પાદ વડે જીવાદિ દ્રવ્યનો વિભાગરૂપ છેદ તે ઉત્પાદછેદન.

વ્યય, મનુષ્યત્વાદિ પર્યાયના નાશ વડે જીવાદિને છેદવું તે વ્યયછેદન... જીવની અપેક્ષાએ કર્મના બંધનું છેદવું તે બંધછેદન. તથા સ્કંધોની અપેક્ષાએ સંબંધનું છેદવું તે બંધ છેદન.

જીવસ્કંધને જ નિર્વિભાગ અવયય રૂપ પ્રદેશોથી બુદ્ધિ વડે પૃથક્ કરવું તે પ્રદેશછેદન... જીવાદિ દ્રવ્યનું જે બે વિભાગરૂપ કરવું તે દ્વિધાકાર, તે જ છેદન તે દ્વિધાકાર છેદન. આ ત્રિધાકારાદિના ઉપલક્ષણ રૂપ છે... આ કથન વડે દેશથી છેદન કહ્યું અથવા ઉત્પત્તિનું છેદન એટલે વિરહ, જેમ નરકગતિમાં બાર મુહૂર્તો છે... વ્યય છેદન એટલે ઉદ્વર્તન. તે એ પ્રમાણે જ છે.. બંધનવિરહ - જેમ ઉપશાંત મોહવાળાને સપ્તવિધ કર્મબંધનની અપેક્ષાએ પ્રદેશનું છેદન તે પ્રદેશવિરહ, જેમ ક્ષય કરેલ અનંતાનુબંધી આદિ કર્મપ્રદેશોનો પ્રદેશવિરહ હોય છે.

બે ધારા છે જેની તે દ્વિધારા, તદ્રૂપ છેદન તે દ્વિધારા છેદન. ઉપલક્ષણથી એક ધારાદિ છેદન પણ જાણવું. તે ક્ષુર, તલવાર, ચક્રાદિ છેદન શબ્દના સામ્યથી અહીં ગ્રાહ્ય છે. પાઠાંતરથી પથિછેદન-એટલે માર્ગનું છેદવું - અર્થાત્ - માર્ગનું ઉલ્લંઘવું. છેદનનું વિપર્યય આનંતર્ય છે.

— તેથી કહે છે - आनंतर्य - અવિરહ, ઉત્પાદનો અવિરહ જેમ નરકગતિમાં જીવોને ઉત્કર્ષથી અસંખ્યાત સમયો સુધી છે. એ રીતે વ્યયનો પણ અવિરહ જાણવો.. પ્રદેશો અને સમયોનો અવિરહ પ્રસિદ્ધ છે.. વિવક્ષા ન કરાયેલ ઉત્પાદ, વ્યયાદિ વિશેષણવાળું આનંતર્ય સામાન્ય આનંતર્ય છે. અથવા શ્રામણ્ય વિરહ વડે જે આનંતર્ય તે શ્રામણ્યાનંતર્ય. અથવા બહુ જીવોની અપેક્ષાએ શ્રામણ્યના સ્વીકાર વડે આનંતર્ય છે.

અનંતર સૂત્રમાં આનંતર્ય કહ્યું. તે સમય અને પ્રદેશો અનંતા છે, તેથી અનંતકની પ્રરૂપણા. સૂત્ર પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - નામ વડે અનંતક તે નામ અનંતક. જેમ સિદ્ધાંત ભાષાએ વસ્ત્ર.. સ્થાપના વડે અક્ષ આદિનું સ્થાપવું તે સ્થાપના અનંતક.. જ્ઞશરીર, ભવ્ય શરીરાદિથી વ્યતિરિક્ત ગણનીય અણુ આદિ દ્રવ્યોનું અનંતક તે દ્રવ્ય અનંતક.

ગણના લક્ષણ અનંતક તે અવિવક્ષિત અણુ આદિ સંખ્યાવિશેષ તે ગણના અનંતક.. સંખ્યા કરવા યોગ્ય પ્રદેશોનું અનંતક તે પ્રદેશાનંતિક... આયામ લક્ષણ એક અંશ વડે અનંતક તે એકતઃ અનંતક-એક શ્રેણિક ક્ષેત્ર. આયામ અને વિસ્તાર બંનેથી જે અનંતર તે દ્વિધા અનંતક - પ્રતરક્ષેત્ર.. રુચક અપેક્ષાએ પૂર્વાદિ દિશામાંથી કોઈ પણ એક દિશાલક્ષણ દેશનો ક્ષેત્ર વિસ્તાર, તેના પ્રદેશાપેક્ષાએ અનંતક તે

દેશવિસ્તારાનંતક.. સર્વ આકાશના વિસ્તારરૂપ ચોથું અનંતક.. શાશ્વત અનંતક કેમકે અનંત સમય સ્થિતિક હોવાથી જીવાદિ દ્રવ્ય શાશ્વત અનંતક છે.

આવા પદાર્થનો બોધ જ્ઞાનથી થાય, માટે જ્ઞાનનું સ્વરૂપ કહે છે—

**● સૂત્ર-૫૦૬,૫૦૭ :-**

***[૫૦૬] જ્ઞાન પાંચ ભેદે કહ્યું, તે આ - આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન...***

***[૫૦૭] જ્ઞાનાવરણીય કર્મ પાંચ ભેદે કહ્યું, તે આ પ્રમાણે છે - આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવલજ્ઞાનાવરણીય.***

**● વિવેચન-૫૦૬,૫૦૭ :-**

[૫૦૬] પાંચ સંખ્યા ભેદો જેના છે તે પંચવિધ. જાણવું તે જ્ઞાન. આ ભાવ સાધન છે. જેના વડે કે જેનાથી જણાય તે જ્ઞાન. તેના આવરણનો ક્ષય કે ક્ષયોપશમ. અથવા જેમાં જણાય તે જ્ઞાન - તદાવરક ક્ષયોપશમ કે ક્ષય પરિણામ યુક્ત. જાણે છે તે જ્ઞાન, તે જ સ્વવિષય ગ્રહણરૂપ હોવાથી અર્થથી તીર્થંકરોએ અને સૂત્રથી ગણધરોએ - પ્રરૂપેલ છે.

કહ્યું છે - અરિહંતો અર્થને કહે છે, ગણધરો સૂત્રને ગુંથે છે. શાસનના હિત માટે, તેથી સૂત્ર પ્રવર્તે છે. અથવા તીર્થંકર કે પ્રાજ્ઞપુરુષ વડે કે પ્રજ્ઞા વડે આપ્ત-પ્રાપ્ત અથવા સ્વાધીન કરેલું તે પ્રાજ્ઞાપ્ત, પ્રજ્ઞાપ્ત, પ્રાજ્ઞાત્ત કે પ્રજ્ઞાત્ત. તે આ રીતે - અવિપર્યય રૂપત્વથી અર્થને સન્મુખ, નિઃશંસયત્વથી નિયત. बोध - જાણવું તે અભિનિબોધ અથવા અભિનિબોધને વિશે થયેલ કે અભિનિબોધ વડે થયેલ અથવા તેના પ્રયોજનવાળું તે આભિનિબોધિક જ્ઞાન. જે અર્થને સન્મુખ કાર્યભૂતને નિશ્ચિત્ત જાણે છે, તે આભિનિબોધિક - અવગ્રહાદિરૂપ મતિજ્ઞાન. તેનું સ્વસંવેદિતરૂપ હોવાથી ભેદના ઉપચારથી - x - x - તે આભિનિબોધિક. તેના આવરણભૂત કર્મના ક્ષયોપશમ રૂપ છે. - x - x - x - x -

- જે સંભળાય છે તે શ્રુત-શબ્દ જ. કેમકે ભાવશ્રુતનું કારણ હોવાથી કારણમાં કાર્યોપચાર કર્યો છે. અથવા જે વડે, જેથી, જે છતે સંભળાય છે તે શ્રુત અર્થાત્ તદાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ છે અથવા શ્રુતના ઉપયોગરૂપ પરિણામથી અનન્ય હોવાથી આત્મા જ સાંભળે છે, માટે આત્મા જ શ્રુત છે. શ્રુતરૂપ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. - x -

જે વડે, જેથી, જે છતે અર્થ જણાય તે અવધિ, નીચે નીચે વિસ્તારપૂર્વક જણાય તે અવધિ, અથવા મર્યાદા વડે જણાય તે અવધિ. અવધિ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જ હોય કેમકે અવધિજ્ઞાનના ઉપયોગનો હેતુ છે અથવા જાણવું તે અવધિ - પદાર્થના વિષયનો બોધ, અવધિરૂપ જ્ઞાન તે અવધિજ્ઞાન. - x - x -

परि - સર્વ પ્રકારે, अवन - अव - अयन - જવું કે જાણવું તે પર્યાય. परि + अव કે अय કે आय તે પર્યવ, પર્યય, પર્યાય. મનમાં કે મનનો પર્યવ, પર્યય કે પર્યાય તે મનઃપર્યવ, મનઃપર્યય અથવા મનઃપર્યાય. સર્વતઃ મનનો બોધ. તે જ જ્ઞાન



તે મનઃપર્યવજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અથવા મનના પર્યાય, ભેદ - ધર્મ અર્થાત્ બાહ્ય વસ્તુના આલોચનાદિ પ્રકારો, તેઓને વિશે જ્ઞાન, તે મનઃપર્યાયજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન. - x -

केवल - મતિ આદિ જ્ઞાનાપેક્ષારહિત હોવાથી અસહાય અથવા આવરણ મલરૂપ કલંક રહિતતાથી શુદ્ધ અથવા સમસ્ત ઘાતિકર્મના આવરણના અભાવ વડે સંપૂર્ણરૂપે ઉત્પન્ન થવાથી સકલ અથવા અનન્ય સદૃશત્વથી અસાધારણ અથવા જ્ઞેયાનન્તત્વથી અનંત યથાવસ્થિત સમગ્ર ભૂત, વર્તમાન, ભાવિભાવના સ્વભાવનું પ્રકાશક જ્ઞાન તે કેવલજ્ઞાન. કહ્યું છે - એક, શુદ્ધ, પરિપૂર્ણ, અસાધારણ, અનંત એવું જ્ઞાન તે કેવલજ્ઞાન. પ્રાયઃ આ જ્ઞાનશબ્દ જ્ઞાન સમાધિકરણ છે. મનઃ પર્યાય જ્ઞાનને વિશે તત્પુરુષ સમાસને બતાવેલ હોવાથી 'પ્રાયઃ' છે.

અહીં સ્વામી, કાળ, કારણ, વિષય, પરોક્ષત્વના સાધર્મ્યથી અને શેષ જ્ઞાનના સદ્ભાવથી આદિમાં મતિ અને શ્રુતજ્ઞાનનો ઉપન્યાસ કરેલ છે. તેથી કહે છે - જે મતિજ્ઞાનનો સ્વામી છે તે જ શ્રુતજ્ઞાનનો છે. કેમકે જ્યાં મતિજ્ઞાન ત્યાં શ્રુતજ્ઞાન. મતિજ્ઞાનનો સ્થિતિકાળ છે તેટલો જ શ્રુતજ્ઞાનનો છે. - x - સમકિતથી અપતિત જીવાપેક્ષા એ સાધિક ૬૬-સાગરોપમ કાળ છે. બંને જ્ઞાન ક્ષયોપશમહેતુક છે. બંને સામાન્યથી સર્વ દ્રવ્યાદિ વિષયવાળા છે, બંને જ્ઞાન પરોક્ષ છે. મતિશ્રુતજ્ઞાનનો ભાવ હોવાથી જ અવધિ આદિનો ભાવ છે. - x - મતિપૂર્વક શ્રુત હોવાથી અથવા વિશિષ્ટ મતિના અંશરૂપ હોવાથી શ્રુતની પહેલાં મતિ કહેલ છે. આ અર્થ જણાવતી એક ગાથા પણ છે.

કાળ, વિપર્યય, સ્વામી અને લાભના સાધર્મ્યથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન કહે છે, તે બતાવે છે. પ્રવાહની અપેક્ષાએ જેટલો મતિ, શ્રુતજ્ઞાનનો સ્થિતિકાળ છે તેના આધારભૂત સમકિતથી અપતિત એક જીવની અપેક્ષાએ જેટલો કાળ છે તેટલો જ કાળ અવધિજ્ઞાનનો પણ છે. જેમ મતિ, શ્રુતજ્ઞાનનો વિપર્યય જ્ઞાનમાં થાય છે એ રીતે અવધિજ્ઞાન પણ મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન રૂપ થાય છે.

જે મતિશ્રુતનો સ્વામી છે, તે જ અવધિનો સ્વામી છે. વિભંગજ્ઞાની દેવાદિને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતા એક સાથે ત્રણ જ્ઞાનના લાભનો સંભવ છે. કહ્યું છે - કાળ, વિપર્યય, સ્વામીત્વ, લાભસામર્થ્ય વડે મતિ, શ્રુત પછી અવધિજ્ઞાન કહ્યું છે. તથા છદ્મસ્થ, વિષય, ભાવ, પ્રત્યક્ષત્વના સાધર્મ્યથી અવધિ પછી મનઃપર્યવજ્ઞાન કહે છે—

જેમ અવધિજ્ઞાન છદ્મસ્થને હોય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ હોય છે, જેમ અવધિજ્ઞાનરૂપી દ્રવ્યના વિષયવાળું છે તેમ આ જ્ઞાન પણ છે. વળી અવધિની જેમ આ જ્ઞાન પણ ક્ષાયોપશમિક છે. બંને જ્ઞાન પ્રત્યક્ષ છે. કહ્યું છે કે - છદ્મસ્થત્વ, વિષય, ભાવાદિના સાધર્મ્યથી અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનનો ન્યાસ છે.

મનઃપર્યવજ્ઞાન પછી કેવલજ્ઞાનનો ઉપન્યાસ છે. કારણ અપ્રમત્ત સાધુરૂપ સ્વામીના સાધર્મ્યથી તેનું બધા જ્ઞાનમાં ઉત્તમત્વ છે. તે આ પ્રમાણે - જેમ મનઃપર્યવજ્ઞાન

ઉત્તમ યતિને જ થાય છે. તેમ કેવલજ્ઞાન પણ થાય છે. જે જીવ સર્વજ્ઞાન પ્રાપ્ત કરે છે તે ચોક્કસ અંતમાં કેવલજ્ઞાન પામે છે. જેમ મનઃપર્યાય જ્ઞાન વિપર્યય સહિત હોતું નથી તેમ કેવળજ્ઞાન પણ વિપર્યય યુક્ત ન હોય.

ઉત્તમપણાથી, યતિરૂપ સ્વામિત્વથી અને અંતે લાભ થવાથી અંતે કેવળજ્ઞાનનો ઉપન્યાસ છે. મતિ શ્રુત પરોક્ષ છે, શેષ પ્રત્યક્ષ છે. ઉક્ત જ્ઞાનને આવરક જ્ઞાનાવરણ કર્મ છે, તેથી તેનું સ્વરૂપ—

[૫૦૭] સૂત્ર સુગમ છે. જ્ઞાનાવરણ કર્મ કહ્યું. તેનો નાશ કરવા માટે ઉપાયવિશેષ સ્વાધ્યાયના ભેદો કહે છે—

**● સૂત્ર-૫૦૮ થી ૫૧૦ :-**

***[૫૦૮] સ્વાધ્યાય પાંચ ભેદે કહ્યા છે, તે આ - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા... [૫૦૯] પચ્ચકખાણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - શ્રદ્ધાન્ શુદ્ધ, વિનય શુદ્ધ, અનુભાષણા શુદ્ધ, અનુભાવના શુદ્ધ, ભાવ શુદ્ધ... [૫૧૦] પ્રતિક્રમણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - આશ્રવ દ્વાર, મિથ્યાત્વ, કષાય, યોગ, ભાવ-પ્રતિક્રમણ.***

**● વિવેચન-૫૦૮ થી ૫૧૦ :-**

[૫૦૮] સૂત્ર સુગ છે. વિશેષ એ કે - સુ - શોભન, આ - મર્યાદા વડે, અધ્યયન - શ્રુતને અધિક અનુસરવું, તે સ્વાધ્યાય... જે શિષ્યને કહે છે, શિષ્ય પ્રતિ ગુરુનો પ્રયોજક ભાવ તે વાચના... વાચના લીધેલ શિષ્યને સંશયાદિ ઉત્પત્તિમાં પુનઃ પૂછવું - પૂર્વે ભણેલ સૂત્રાદિની શંકાદિમાં પ્રશ્ન કરવો તે પૃચ્છના... પૂછવાથી વિશેષ શુદ્ધ થયેલું સૂત્રનું વિસ્મરણ ન થાય તે માટે પરિવર્તના કરવી અર્થાત્ સૂત્રનું ગુણન કરવું... સૂત્ર માફક અર્થમાં પણ વિસ્મૃતિ સંભવે છે, તેથી અર્થ વારંવાર વિચારવા યોગ્ય છે, માટે અનુપ્રેક્ષવું તે અનુપ્રેક્ષા અર્થાત્ વિચારવું. એમ અભ્યસ્ત શ્રુતથી ધર્મકથા કરવા યોગ્ય છે. શ્રુતરૂપ ધર્મની જે કથા તે ધર્મકથા.

[૫૦૯] ધર્મકથારૂપ મંથન વડે સારી રીતે મંથન કરેલ છે જેણે એવા ભવ્ય જીવો શુદ્ધ પ્રત્યાખ્યાન સ્વીકારે છે, માટે પ્રત્યાખ્યાન કહે છે.

પ્રતિ - નિષેધથી, આ - મર્યાદા વડે, ખ્યાન - કથન તે પ્રત્યાખ્યાન. તેમાં શ્રદ્ધાન વડે - એવા પ્રત્યય લક્ષણ વડે નિરવધ તે શ્રદ્ધાન શુદ્ધ. શ્રદ્ધાનના અભાવે પ્રત્યાખ્યાન અશુદ્ધ થાય છે. એ રીતે સર્વત્ર જાણવું અહીં નિર્યુક્તિની ગાથાઓ કહે છે—

(૧) સર્વજ્ઞે પ્રત્યાખ્યાન કહ્યું છે, જે મનુષ્ય સદ્દહે છે તેને તું શુદ્ધ શ્રદ્ધાન્ જાણ. -

(૨) જે જીવ મન-વચન-કાય ગુપ્ત થઈને કૃતિકર્મની અન્યૂનાધિક વિશુદ્ધિને પ્રયોજે છે, તે વિનયશુદ્ધ જાણ.

(૩) અનુભાષણ શુદ્ધ આ પ્રમાણે - વંદન કરીને પ્રત્યાખ્યાન કરતો, ગુરુ સન્મુખ અંજલિ જોડેલ શિષ્ય અક્ષર, પદ, વ્યંજન વડે પરિશુદ્ધ ગુરુના વચનને



અનુસરીને બોલે તે અનુભાષણા શુદ્ધ જાણ. વિશેષ એ કે ગુરુ વોસિરઈ બોલે, શિષ્ય વોસિરામિ બોલે.

(૪) અનુપાલના શુદ્ધ આ પ્રમાણે - મહા અરણ્યમાં, દુર્ભિક્ષમાં, આતંકમાં, મહારોગ ઉત્પન્ન થવા છતાં જે પાલન કર્યુ પણ ભાંગ્યું નહીં તેને તું અનુપાલના શુદ્ધ જાણ... (૫) ભાવશુદ્ધ આ પ્રમાણે - રાગ વડે, દ્વેષ વડે ઇહલોકાદિ આશંસારૂપ પરિણામ વડે જે દૂષિત ન હોય તે ચોક્કસ પ્રત્યાખ્યાન ભાવવિશુદ્ધ જાણવું. નિર્યુક્તિમાં છટ્ઠું જ્ઞાનશુદ્ધ પણ કહેલું છે. કહ્યું છે કે - જે કાળમાં જે કલ્પને વિશે મૂલગુણ-ઉત્તરગુણોના શુદ્ધ જાણ. - - - અહીં પાંચ સ્થાનકના અનુરોધથી છટ્ઠું પ્રત્યાખ્યાન કહ્યું નથી અથવા શ્રદ્ધાન શુદ્ધ પદ વડે સંગ્રહ કરેલ છે, કારણ કે શ્રદ્ધાનનું જ્ઞાન વિશેષપણું હોય છે.

[૫૧૦] પ્રત્યાખ્યાન કરવા છતાં કદાચિત્ અતિચાર સંભવે છે તેથી પ્રતિક્રમણ કરવું જોઈએ, માટે પ્રતિક્રમણનું નિરૂપણ કરે છે—

પ્રતિકૂળ ક્રમણ - ગમન કરવું તે પ્રતિક્રમણ. કહેવા માંગે છે કે - શુભ યોગોથી અશુભ યોગો પ્રત્યે ગયેલનું શુભ યોગોને વિશે પાછું આવવું તે પ્રતિક્રમણ. કહ્યું છે - પ્રમાદના વશથી પોતાના સ્થાનથી પરસ્થાનમાં ગયેલ જીવનું જે ફરીથી સ્વસ્થાનમાં જ જવું તે પ્રતિક્રમણ કહેવાય... અથવા ક્ષાયોપશમિક ભાવથી ઔદયિક ભાવને વશ થયેલ જીવનું ફરીને ક્ષાયોપશમિક ભાવમાં આવવું તે પ્રતિક્રમણ.

વિષયના ભેદથી પ્રતિક્રમણ પાંચ પ્રકારે છે, તેમાં પ્રાણાતિપાત આદિ આશ્રવના દ્વારોથી પ્રતિક્રમણ - નિવર્તવું અર્થાત્ ફરી ન કરવું તે આશ્રવદ્વાર પ્રતિક્રમણ - અર્થાત્ અસંયમનું પ્રતિક્રમણ.

આભોગ, અનાભોગ, સહસાકાર વડે મિથ્યાત્વમાં જવાની નિવૃત્તિ કરવી તે મિથ્યાત્વ પ્રતિક્રમણ... એ રીતે કષાયથી નિવર્તવું તે કષાય પ્રતિક્રમણ... યોગનું પ્રતિક્રમણ તે અશુભ મન-વચન-કાયાના વ્યાપારોનું નિવર્તન કરવું, તે વિશેષરૂપે અવિવક્ષિત આશ્રવ આદિનું પ્રતિક્રમણ જ ભાવ-પ્રતિક્રમણ છે.

કહ્યું છે - સ્વયં જે મન, વચન, કાયાથી મિથ્યાત્વાદિને પામતો નથી, અન્યને પમાડતો નથી અને અનુમોદતો નથી તેને ભાવ પ્રતિક્રમણ કહેલ છે. વિશેષ વિવક્ષામાં તો ઉક્ત ચાર ભેદો છે. કહ્યું છે - (૧) મિથ્યાત્વનું પ્રતિક્રમણ, (૨) અસંયમનું પ્રતિકમરમણ, (૩) કષાયોનું પ્રતિક્રમણ, (૪) અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ,

ભાવ પ્રતિક્રમણ તો શ્રુત વડે ભાવિત મતિવાલાને હોય છે માટે વાચના યોગ્ય, શીખવવા યોગ્ય શ્રુત છે, તેથી તેને કહે છે—

**● સૂત્ર-૫૧૧ :-**

***પાંચ કારણે શ્રુતની વાચના આપવી. તે આ - સંગ્રહાર્થે, ઉવગ્રહ અર્થે, નિર્જરાર્થે, મારું શ્રુત પાકું થશે તે માટે, શ્રુત અવિચ્છિન્નતાર્થે.***

***પાંચ કારણે શ્રુતને શીખવવું. તે આ - જ્ઞાનાર્થે, દર્શનાર્થે, ચારિત્રાર્થે, વ્યુદ્ગ્રહને છોડાવવા માટે, યથાર્થ પદાર્થના જ્ઞાન માટે.***

● વિવેચન-૫૧૧ :-

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - સુત્ત - શ્રુત કે સૂત્ર માત્રને ભણાવો. તેમાં શિષ્યોને શ્રુતનું ગ્રહણ, તે જ પ્રયોજન માટે - સંગ્રહરૂપ પ્રયોજનને માટે કે સંગ્રહ એ જ પ્રયોજન છે જેને તે સંગ્રહાર્થ. તેના ભાવરૂપ સંગ્રહાર્થતા વડે અર્થાત્ શિષ્યોને શ્રુતનો સંગ્રહ થાઓ. એવા પ્રયોજનથી કે મારા વડે શિષ્યો સંગૃહિત છે એ રીતે સંગ્રહાર્થપણાએ.

એ રીતે ઉપગ્રહાર્થપણાએ, શિષ્યો ભક્ત, પાન, વસ્ત્રાદિ પ્રાપ્ત કરવામાં સમર્થપણે આધારભૂત થાઓ - એ ભાવ છે.

નિર્જરાર્થે, મને કર્મોની નિર્જરા જ થાઓ, આ હેતુથી.

શ્રુત - ગ્રંથ, મને વાચના આપનાર એવા મને જાતવિશેષ થશે.

અવિચ્છિન્નપણાએ શ્રુતનું કાલાંતર પ્રાપણ તે અવિચ્છિત્તનય. તે જ પ્રયોજનને માટે તત્ત્વોનું જાણવું તે જ્ઞાન, તેનું શ્રદ્ધાન તે દર્શન, સદનુષ્ઠાન તે ચારિત્ર, વ્યુદ્ગ્રહ એટલે મિથ્યાભિનિવેશ, તેને મૂકવું કે બીજાઓને મૂકાવવું તે વ્યુદ્ગ્રહ મોચન, તેના પ્રયોજન માટે.

જેમ છે તેમ રહેલ કે જેવા પ્રકારના પ્રયોજનોને, જીવાદિકોને, અથવા યથાદ્રવ્યોને - પર્યાયોને હું જાણીશ એ હેતુથી શીખે.

યથાવસ્થિત ભાવો ઉર્ધ્વલોકમાં સૌધર્માદિક છે માટે તેના વિષયવાળા સૂત્રને તથા અધોલોક, તિર્છાલોકાદિ સંબંધી કથન—

● સૂત્ર-૫૧૨ થી ૫૧૭ :-

*[૫૧૨] સૌધર્મ-ઈશાન કલ્પોમાં પંચવર્ણી વિમાનો કહ્યા છે - કૃષ્ણ યાવત્ શ્વેત... સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચપણે કહ્યા છે... બ્રહ્મલોક-લાંતક કલ્પમાં દેવોનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી પાંચ હાથ ઉર્ધ્વ ઉંચપણે કહ્યું છે.*

*નૈરયિકો પાંચ વર્ણ, પાંચરસવાળા પુદ્ગલોને બાંધ્યા છે, બાંધે છે અને બાંધશે. તે આ - કૃષ્ણ યાવત્ શુક્લ. તિક્ત યાવત્ મધુર. વૈમાનિક સુધી.*

*[૫૧૩] જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ગંગા મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - જમુના, સરયૂ, આદી, કોશી, મહી... જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે સિંધુ મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - સતદ્રૂ, વિભાસા, વિતત્થા, ઐરાવતી, ચંદ્રભાગા... જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે રક્તા મહાનદીમાં પાંચ મહાનદી મળે છે. - કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, મહાતીરા... જંબૂદ્વીપમાં મેરુની ઉત્તરે રક્તાવતી મહાનદીમાં પાંચ મહાનદી મળે છે - ઇન્દ્રા, ઇન્દ્રસેના, સુષેણા, વારિષેણા, મહાભોગા.*

*[૫૧૪] પાંચ તીર્થંકરો કુમારવાસ મધ્યે વસીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા - વાસુપૂજ્ય, મલ્લી, અરિષ્ટનેમિ, પાર્શ્વ, વીર.*

*[૫૧૫] ચમરચંચા રાજધાનીમાં પાંચ સભાઓ કહી છે - સુધર્માસભા,*



*ઉપપાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા... એક એક ઇન્દ્રના સ્થાનમાં પાંચ સભાઓ કહી - સુધર્મા યાવત્ વ્યવસાય.*

*[૫૧૬] પાંચ નક્ષત્રો પાંચ-પાંચ તારા યુક્ત કહ્યા છે - ધનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા.*

*[૫૧૭] જીવોએ પાંચ સ્થાન વડે નિર્વર્તિત પુદ્ગલોને પાપકર્મપણે ચયન કર્યા છે, કરે છે, કરશે - એકેન્દ્રિય નિર્વર્તિત યાવત્ પંચેન્દ્રિય નિર્વર્તિત. એ રીતે ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા.*

*પાંચ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, પાંચ પ્રદેશાવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે - યાવત્ - પાંચ ગુણ રૂક્ષ પુદ્ગલો અનંતા કહ્યા.*

● વિવેચન-૫૧૨ થી ૫૧૭ :-

આ બધાં સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - [૫૧૨] શરીરાદિપણે બાંધ્યા. [૫૧૩] દક્ષિણ - ભરત ક્ષેત્રમાં સમ પ્રાપ્ત થાય છે, ઉત્તર - ઐરવતમાં. પૂર્વતર સૂત્રમાં ભરત વક્તવ્યતા કહી, તેના પ્રસ્તાવથી તેમાં ઉત્પન્ન તીર્થંકર સૂત્ર સુગમ છે. [૫૧૪] વિશેષ એ કે - કુમારવાસ-રાજ્યભાવથી વાસ. [૫૧૫] ભરતાદિ ક્ષેત્ર પ્રસ્તાવથી - ક્ષેત્રભૂત ચમરચંચાદિ વક્તવ્યતા સૂત્ર છે, તે અસુરકુમાર રાજા ચમરની રાજધાની છે.. સુધર્મા સભા - જ્યાં શય્યા છે, ઉપપાત સભા - જ્યાં ઉત્પન્ન થાય છે. અભિષેક જ્યાં થાય છે. અભિષેક સભા ઇત્યાદિ. [૫૧૬] દેવ નિવાસ અધિકારથી નક્ષત્ર સૂત્ર છે. [૫૧૭] નક્ષત્રાદિ દેવપણું જીવોને કર્મપુદ્ગલના સંચયથી થાય છે, માટે ચય આદિ છ સૂત્રો છે. પુદ્ગલો વિવિધ પરિણામી છે માટે પુદ્ગલોના સૂત્ર છે. વ્યાખ્યા પૂર્વવત્.

સ્થાન-૫ - ઉદ્દેશા-૩નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## સ્થાન-૫નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ

-x-x-x-x-x-x-x-x-x-x-x-

# આગમ-સટીક-ભાગ-૬-પુરો થયો

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ



૧૦

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૦ માં છે...

“ભગવતી” અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૪-થી

આરંભીને

—૦— શતક-૮-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ૠચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૦ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી**

**દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી - "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી*નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે ''સટીક અનુવાદ'' એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૦ :-

# (૫) ભગવતી અંગ-સૂત્ર/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

''ભગવતી'' સૂત્રનો ક્રમ પાંચમો છે, અંગ સૂત્રોમાં ભગવતી એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે ભગવઈ નામે પ્રસિદ્ધ છે, તે ''विवाहपन्नत्ति'' કે 'विवाह' નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર ભગવતી અને व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે. તેના પેટા ઉદ્દેશાઓ પણ છે.

''ભગવતી'' સૂત્રનો મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે, ઈન્દ્રભૂતિ આદિ ગણધરો, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકાદિ અનેકના પૂછેલા પ્રશ્નો અને તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષાદિ અનેક વિષયો છે.

આ આગમના મૂળસૂત્રોનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે, વિવેચનમાં ''ટીકાનુસારી વિવેચન'' શબ્દ અમે પસંદ કર્યો છે. પરંતુ તેમાં વૃત્તિ સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશો, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે. ત્યાં - x - x - એવી નિશાની કરેલ છે.

અનેક આધુનિક વિદ્વાનોએ ભૂમિકામાં વિદ્વતાપૂર્ણ ઉલ્લેખ અભિનવકાળે નોંધ્યા છે. તેમાં અમે મૌન રહેવું ઉચિત માનીએ છીએ. – ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં છે. જેનો આ બીજો ભાગ છે.





## ❀ શતક-૪ ❀
-- x -- x --

૦ ત્રીજા શતકમાં પ્રાયઃ દેવાધિકાર કહ્યો, ચોથું શતક પણ તેના જ અધિકારરૂપે છે. તેના ઉદ્દેશાની અધિકાર સંગ્રહ ગાથા કહે છે –

● **સૂત્ર-૨૦૭ :-**

***ચોથા શતકના દશ ઉદ્દેશા છે, તેમાં ચાર વિમાનસંબંધી, ચાર રાજધાની સંબંધી, એક નૈરયિક અને એક લેશ્યાનો ઉદ્દેશો છે.***

● **વિવેચન-૨૦૭ :-**

ચાર વિમાન૦ આદિ વ્યક્તાર્થ છે.

### ❀ શતક-૪, ઉદ્દેશક-૧ થી ૪ - ''વિમાન'' ❀
-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૦૮,૨૦૯ :-**

***[૨૦૮] રાજગૃહ નગરમાં યાવત્ આમ કહ્યું – દેવેન્દ્ર દેવરાજ ઈશાનને કેટલા લોકપાલો છે? ગૌતમ! ચાર. તે આ – સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, ભગવન્! આ લોકપાલોને કેટલા વિમાનો છે? ગૌતમ! ચાર. તે આ – સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ, સુવલ્ગુ. ઈશાનેન્દ્રના સોમ લોકપાલનું સુમન નામે મહાવિમાન ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે, આ રત્નપ્રભા પૃથ્વી યાવત્ ઈશાન નામે કલ્પ છે. તેમાં યાવત્ પાંચ અવતંસકો કહ્યા છે. તે આ – અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાતરૂપાવતંસક, તેની વચ્ચે ઈશાનાવતંસક. તે ઈશાનાવતંસક મહાવિમાનની પૂર્વે તિર્છા અસંખ્યેય હજાર યોજન ગયા પછી ઈશાનેન્દ્રના સોમ લોકપાલનું સુમન નામક મહાવિમાન છે. તે ૧૨॥ લાખ યોજન છે. આદિ વક્તવ્યતા ત્રીજા શતકમાં કહેલ 'શક્ર' મુજબ આખી અર્ચનિકા સુધી અહીં કહેવી. ચારે લોકપાલના વિમાનનો એક એક ઉદ્દેશો જાણવો. ચારે વિમાનના ચાર ઉદ્દેશા છે. માત્ર સ્થિતિમાં ભેદ જાણવો.***

***[૨૦૯] સોમ, યમની સ્થિતિ ત્રિભાગ ઉણ પલ્યોપમ, વૈશ્રમણની બે પલ્યોપમ, વરુણની ત્રિભાગસહિત બે પલ્યોપમ તથા અપત્યરૂપ દેવોની એક પલ્યોપમ સ્થિતિ જાણવી.***

● **વિવેચન-૨૦૮,૨૦૯ :-**

अर्चनिका - તાજા જન્મેલા લોકપાલ દ્વારા સિદ્ધાયતનમાં જિનપ્રતિમાનું પૂજન.

### ❀ શતક-૪, ઉદ્દેશા-૫ થી ૮ - રાજધાની ❀
-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૧૦ :-**

***રાજધાનીમાં પણ ચાર ઉદ્દેશા કહેવા. યાવત્ આવી મોટી ઋદ્ધિવાળો યાવત્ વરુણ લોકપાલ છે.***

● **વિવેચન-૨૧૦ :-**

રાજધાની સંબંધે ચાર ઉદ્દેશા કહેવા. તે આ રીતે — ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સોમ લોકપાલની સોમા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! સુમન મહાવિમાનની નીચે ઈત્યાદિ પૂર્વે કહ્યા મુજબ અને જીવાભિગમમાં કહેલ વિજય રાજધાનીના વર્ણનાનુસાર એકૈક ઉદ્દેશો કહેવો. [શંકા] દ્વીપસાગરપ્રજ્ઞપ્તિમાં એમ સંભળાય છે કે — શક્ર અને ઈશાનના સોમ આદિ લોકપાલોની પ્રત્યેકની ચાર-ચાર રાજધાનીઓ ૧૧-માં કુંડલવર નામના દ્વીપમાં છે. સંગ્રહણીમાં પણ કહ્યું છે કે — કુંડલ પર્વતના અંદરના પડખામાં ઉત્તર અને દક્ષિણ પડખે ૧૬-૧૬ રાજધાની છે. ઉત્તર બાજુની ૧૬-ઈશાનેન્દ્રના લોકપાલોની છે, દક્ષિણની સોળ શક્રના લોકપાલોની છે. આ રાજધાનીઓ સોમપ્રભ, યમપ્રભ, વૈશ્રમણપ્રભ અને વરુણપ્રભ નામના પર્વતોની પ્રત્યેકની ચાર દિશામાં છે. તેમાં વૈશ્રમણનગરીને આદિમાં રાખીને કહ્યું છે — ચાર રાજધાનીની વચ્ચે વૈશ્રમણપ્રભ નામે ઉત્તમ પર્વત છે. તેનો ઉદ્વેધ, ઉંચાઈ, વિસ્તાર રતિકર પર્વત સમાન છે. તે પર્વતની ચારે દિશામાં ચાર રાજધાનીઓ છે. તે લંબાઈ પહોળામાં જંબૂદ્વીપ સમાન છે —

— પૂર્વમાં અચલભદ્રા, દક્ષિણમાં સમુત્કર્ષા, પશ્ચિમે કુબેરા, ઉત્તરે ધનપ્રભા રાજધાની છે. એ જ ક્રમથી વરુણપ્રભની પશ્ચિમે વરુણની ચાર રાજધાનીઓ છે. પૂર્વમાં વરુણા, દક્ષિણે વરુણપ્રભા, પશ્ચિમે કુમુદા, ઉત્તરે પુંડરકિણીકા. એ જ ક્રમે સોમની ચાર રાજધાની સોમપ્રભ પર્વતની ચારે દિશામાં છે. પૂર્વમાં સોમા, દક્ષિણે સોમપ્રભા, પશ્ચિમે શિવપ્રાકારા, ઉત્તરે નલિના છે. એ જ ક્રમે યમની ચાર રાજધાની સમવર્તિપ્રભ પર્વતની ચારે દિશાએ છે. પૂર્વમાં વિશાલા, દક્ષિણે અતિવિશાળા, પશ્ચિમે શય્યાપ્રભા, ઉત્તરે અભયા છે. જ્યારે અહીં જણાવે છે કે —

— સૌધર્માવતંસક અને ઈશાનાવતંસકથી અસંખ્યેય કોટિ યોજન ગયા પછી પૂર્વાદિ પ્રત્યેક દિશામાં સંધ્યાપ્રભ આદિ અને સુમનપ્રભ આદિ વિમાનો છે, તેની નીચે અસંખ્ય ક્રોડ યોજન ગયા પછી, તે પ્રત્યેક વિમાનની નીચે એક એક નગરી કહી છે. તો તે વિરોધ કેમ ?

[સમાધાન] કુંડલદ્વીપમાં કહી તે નગરીઓ જુદી છે અને અહીં જણાવી તે નગરીઓ જુદી છે. જેમ શક્ર અને ઈશાનની પટ્ટરાણીની નગરીઓ નંદીશ્વર દ્વીપે અને કુંડલદ્વીપે છે, તેમ અહીં પણ સમજવું.

## ❀ શતક-૪, ઉદ્દેશો-૯ - "નૈરયિક" ❀

— x — x — x — x — x —

● **સૂત્ર-૨૧૧ :-**

***ભગવન્ ! નૈરયિક, નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? - - પન્નવણા સૂત્રના લેશ્યાપદનો ત્રીજો ઉદ્દેશો "જ્ઞાન"ના કથન સુધી કહેવો.***



● **વિવેચન-૨૧૧ :-**

અનંતર દેવ વક્તવ્યતા કહી, હવે વૈક્રિય શરીર સાધર્મ્યથી નારકની વક્તવ્યતા યુક્ત નવમો ઉદ્દેશો કહે છે —

લેશ્યા એ ૧૭મું પદ છે. ત્રીજો ઉદ્દેશો કહેવો. - x - તે આ-ગૌતમ ! નૈરયિક નૈરયિકોમાં ઉપજે છે, અનૈરયિક નહીં, ઇત્યાદિ - x - એમ કેમ ? જેથી - નારકાદિ ભવોપગ્રાહક આયુ બાંધે, તે નારકાદિ આયુ. આયુષ્યને વેદન કરવાના પહેલા સમયથી જ ઋજુસૂત્ર નયના મતે તે નારકાદિ ભવવાળો કહેવાય. ઋજુસૂત્રનય મતે - પરાળને અગ્નિ બાળતો નથી, કદી ઘડો ફૂટતો નથી આદિ. એમ નારકી સિવાય કોઈ નરકે ઉત્પન્ન થતો નથી. નરકમાંથી કોઈ નારક છૂટો થતો નથી - - - આ ઉદ્દેશો જ્ઞાન અધિકાર સુધી કહેવો. તે આ — ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળો જીવ કેટલાં જ્ઞાનમાં વર્તે છે ? ગૌતમ ! બે, ત્રણ કે ચાર જ્ઞાનમાં. ઇત્યાદિ.

## ❀ શતક-૪, ઉદ્દેશો-૧૦ - "લેશ્યા" ❀

— x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૯-માં છેલ્લે 'લેશ્યા'ની હકીકત કહી, તેથી લેશ્યાધિકાર—

● **સૂત્ર-૨૧૨ થી ૨૧૪ :-**

***[૨૧૨] ભગવન્ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાનો સંયોગ પામીને તે રૂપે અને તે વર્ણે પરિણમે ? - - પન્નવણા સૂત્રના લેશ્યાપદનો ચોથો ઉદ્દેશો કહેવો યાવત્ - ૦ ૦ ૦ [૨૧૩] પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાહના, વર્ગણા, સ્થાન અને અલ્પબહુત્વ.***

***[૨૧૪] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૨૧૨ થી ૨૧૪ :-**

तारूवत्ताए - તે રૂપપણે, નીલલેશ્યાના સ્વભાવે, આ જ વાતને કહે છે — નીલલેશ્યાની જેવા વર્ણપણે, તે तद्वर्णा. તેના ભાવપણે તે तद्वर्णतया. "એ પ્રમાણે ચોથો ઉદ્દેશો" આદિ વચનથી આમ સમજવું — તે ગંધ-રસ-સ્પર્શપણે વારંવાર પરિણમે ? હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તે રૂપ-વર્ણ આદિપણે વારંવાર પરિણમે છે. તાત્પર્ય એ છે કે —

જ્યારે કૃષ્ણલેશ્યા પરિણત જીવ નીલલેશ્યા યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને કાળ કરે ત્યારે નીલલેશ્યા પરિણત ઉપજે છે. - x - કારણ જ કાર્ય થઈ જાય છે. "કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા પામીને" એ રીતે ઉપચારથી ભેદ કહ્યો છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના રૂપ, વર્ણાદિપણે વારંવાર પરિણમે એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જેમ દૂધ, છાશને પામીને અથવા શુદ્ધ વસ્ત્ર રંગના સંયોગથી તે રૂપ, વર્ણાદિપણે વારંવાર પરિણમે છે, તેમ અહીં પણ જાણવું. આ જ આલાવાથી નીલલેશ્યા કાપોતને, કાપોત તૈજસને, તૈજસ પદ્મને, પદ્મ શુક્લને પામીને તે-તે રૂપત્વાદિથી

પરિણમે છે, તેમ કહેવું.

આ ઉદ્દેશો ક્યાં સુધી કહેવો ? 'પરિણામ' દ્વારગાથાની સમાપ્તિ સુધી. તેમાં પરિણામ કહ્યા. વર્ણ-કૃષ્ણાદિલેશ્યાના વર્ણો કહેવા. તે આ રીતે – ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેવા વર્ણની છે ? આદિ. તે કાળી મેઘ આદિ જેવી છે. નીલલેશ્યા ભ્રમરાદિ જેવી લીલી, કાપોત લેશ્યા ખેરસારાદિ જેવી કાપોતી, તૈજસીલેશ્યા સસલાના લોહી જેવી લાલ, પદ્મલેશ્યા ચંપકાદિ જેવી પીળી, શુક્લલેશ્યા શંખાદિ જેવી સફેદ છે.

લેશ્યાનો રસ કહેવો – કૃષ્ણા લીંમડા જેવી કડવી, નીલલેશ્યા સુંઠ જેવી તીખી, કાપોતી કાચા બોર જેવી કષાયરસવાળી, તેજોલેશ્યા પાકી કેરી જેવી ખટમીઠી, પદ્મલેશ્યા ચંદ્રપ્રભાદિ મદ્ય જેવી તીખી-કષાયેલી-મધુર, શુક્લલેશ્યા ગોળ વગેરે જેવી મધુરરસવાળી છે.

લેશ્યાની ગંધ કહેવી. પહેલી ત્રણ દુર્ગન્ધી, પછી ત્રણ સુગંધી. - - શુદ્ધ - છેલ્લી શુદ્ધ છે, આદ્ય પાંચ અશુદ્ધ છે. - - પહેલી પાંચ અપ્રશસ્ત છે, છેલ્લી પ્રશસ્ત છે. - - આદ્ય પાંચ સંક્લિષ્ટ છે, છેલ્લી અસંક્લિષ્ટ છે. - - છેલ્લી લેશ્યા ઉષ્ણ અને સ્નિગ્ધ છે. પહેલી પાંચ શીત અને રૂક્ષ છે. - - પહેલી ત્રણ દુર્ગતિનું અને છેલ્લી ત્રણ સુગતિનું કારણ છે.

પરિણામ - લેશ્યાના પરિણામ કેટલાં પ્રકારે છે ? ત્રણ પ્રકારે – જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. અથવા ઉત્પાતાદિ. - - લેશ્યાનાં પ્રદેશ કહેવા - પ્રત્યેક લેશ્યા અનંત પ્રદેશિકા છે. - - આ લેશ્યાઓ અસંખ્ય પ્રદેશ અવગાઢ છે - - કૃષ્ણાદિ લેશ્યા યોગ્ય દ્રવ્ય વર્ગણા, ઔદારિક વર્ગણાની માફક અનંત છે. - - તરતમતાને લીધે વિચિત્ર અધ્યવસાયનાં કારણરૂપ કૃષ્ણ આદિ દ્રવ્યના સમૂહરૂપે અસંખ્ય છે. કેમકે અધ્યવસાયના સ્થાનો પણ અસંખ્ય છે. - - લેશ્યાનું અલ્પબહુત્વ આ રીતે –

ભગવન્ ! આ કૃષ્ણલેશ્યાના યાવત્ શુક્લેશ્યાના સ્થાનોમાં જઘન્ય સ્થાનો દ્રવ્યાર્થપણે કયા કોનાથી ઓછા, વધુ, સરખાં કે વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી ઓછા જઘન્ય સ્થાનો દ્રવ્યાર્થપણે કાપોતલેશ્યાના છે. દ્રવ્યાર્થપણે જઘન્ય સ્થાનો નીલલેશ્યાનાં અસંખ્યગણાં છે. દ્રવ્યાર્થપણે કૃષ્ણ લેશ્યાનાં જઘન્યસ્થાનો અસંખ્યગણાં છે. દ્રવ્યાર્થપણે તેજોલેશ્યાનાં જઘન્યસ્થાનો અસંખ્યગણાં છે, દ્રવ્યાર્થપણે પદ્મલેશ્યાનાં જઘન્ય સ્થાનો અસંખ્યગણાં છે. દ્રવ્યાર્થપણે શુક્લલેશ્યાનાં જઘન્યસ્થાનો અસંખ્યગણાં છે ઇત્યાદિ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૫ 卐

-- x -- x --

૦ ચોથા શતકને અંતે લેશ્યા કહી, અહીં લેશ્યાવાળા કહે છે –

● **સૂત્ર-૨૧૫ :-**

***પાંચમાં શતકમાં દશ ઉદ્દેશાઓ છે – સૂર્ય, વાયુ, જાલગ્રંથિ, શબ્દ, છદ્મસ્થ, આયુ, પુદ્ગલકંપન, નિર્ગ્રન્થ, રાજગૃહ, ચંદ્રમા.***

● **વિવેચન-૨૧૫ :-**

૧-ચંપામાં સૂર્ય વિષયક પ્રશ્નના નિર્ણયાર્થે, ૨-વાયુ વિષયક પ્રશ્નના નિર્ણયાર્થે, ૩-'જાલગ્રંથિકા' દૃષ્ટાંતથી જણાતી વાતના નિર્ણયાર્થે, ૪-શબ્દ વિષયક પ્રશ્નનો નિર્ણય, ૫-છદ્મસ્થ વક્તવ્યતા, ૬-આયુષ્યનું અલ્પત્વાદિ જણાવવા, ૭-પુદ્ગલોના કંપનને જણાવવા, ૮-નિર્ગ્રન્થીપુત્ર નામક સાધુએ કરેલ પદાર્થ-વિચારસાર, ૯-રાજગૃહ નગરની વિચારણા, ૧૦-ચંપાનગરીમાં ચંદ્રની વક્તવ્યતા.

### ❀ શતક-૫, ઉદ્દેશો-૧-'સૂર્ય' ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૧૬ :-**

***તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. [વર્ણન] તે ચંપાનગરી બહાર પૂર્ણભદ્ર ચૈત્ય હતું (વર્ણન). સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ... તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ગૌતમગોત્રીય, ઈન્દ્રભૂતિ નામે અણગાર યાવત્ આમ બોલ્યા – ભગવન્ જંબૂદ્વીપ નામક દ્વીપમાં સૂર્ય ઈશાનમાં ઉગીને અગ્નિમાં આથમે છે ? અગ્નિમાં ઉગીને નૈઋતમાં આથમે છે ? નૈઋતમાં ઉગીને વાયવ્યમાં આથમે છે ? વાયવ્યમાં ઉગીને ઈશાનમાં આથમે છે ? હા, ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્યો ઈશાનમાં ઉગી યાવત્ ઈશાને આથમે છે.***

● **વિવેચન-૨૧૬ :-**

જંબૂદ્વીપમાં બે સૂર્યો છે. ઉત્તર પાસેનો પ્રદેશ તે ઉદીચીન, પૂર્વ પાસેનો પ્રદેશ તે પ્રાચીન. ઉત્તર-પૂર્વનો મધ્ય ભાગ તે ઈશાન ખૂણો, ત્યાં ક્રમપૂર્વક ઉગીને, પૂર્વ-દક્ષિણ મધ્યે-અગ્નિખૂણે ક્રમથી આવીને આથમે છે. આ ઉદય અને અસ્ત માત્ર લોકદૃષ્ટિએ જાણવું. કેમકે અદૃશ્ય થઈને તે બંને સૂર્યો દેખાય તેને લોકો "સૂર્ય ઉગ્યો" એમ કહી વ્યવહાર કરે છે. દેખાતો હોય, તે દેખાતો બંધ થાય ત્યારે તે સૂર્ય આથમ્યો એવો વ્યવહાર થાય છે. કહ્યું છે કે–

જેમ જેમ સમયે સમયે સૂર્ય આગળ સંચરે છે, તેમ તેમ આ તરફ નિયમા રાત્રિ થાય છે. મનુષ્યોને આશ્રીને ઉગવું-આથમવું બંને ક્રિયાએ અનિયત છે, કેમકે દેશ ભેદથી કોઈક વ્યવહાર તો થાય જ છે - x - x - ઇત્યાદિ. આ સૂત્ર વડે સૂર્યની ચારે દિશામાં ગતિ બતાવી છે. તેથી જેઓ એમ માને છે કે સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશી પાતાળમાં જઈને ફરી પૂર્વ સમુદ્રથી ઉગે છે, તેનો મત નિષેધે છે.

આ સૂર્ય બધી તરફ જતો હોય તો પણ પ્રતિનિયતપણે તેના પ્રકાશથી રાત્રિ-

દિવસનો વિભાગ થાય છે, તે ક્ષેત્ર ભેદથી કહે છે –

● **સૂત્ર-૨૧૭ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુની પૂર્વ-પશ્ચિમે રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં પણ દિવસ હોય ત્યારે યાવત્ રાત્રિ હોય.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે, જ્યારે પશ્ચિમમાં દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની ઉત્તર-દક્ષિણે રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! હોય છે.*

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ-પશ્ચિમે જઘન્યા ૧૨-મુહૂર્તની રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! હોય છે.*

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મેરુની પૂર્વે ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ હોય અને જંબૂદ્વીપના પશ્ચિમ ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે જંબૂદ્વીપમાં મેરુની ઉત્તર-દક્ષિણે જઘન્યા ૧૨-મુહૂર્ત રાત્રિ હોય ? – હા, હોય.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં ૧૮-મુહૂર્તાંતર દિવસ હોય, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૮-મુહૂર્તાન્તર દિવસ હોય અને જ્યારે ઉત્તરાર્ધમાં ૧૮-મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ-પશ્ચિમે સાતિરેક ૧૨-મુહૂર્ત્તા રાત્રિ હોય ? હા, ગૌતમ ! હોય.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં પૂર્વમાં ૧૮-મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે પશ્ચિમમાં ૧૮-મુહૂર્તાન્તર દિવસ હોય અને પશ્ચિમમાં ૧૮ મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની ઉત્તર-દક્ષિણે સાતિરેક ૧૨-મુહૂર્તા રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! હોય છે.*

*આ પ્રમાણે આ ક્રમ વડે ઘટ-વધ કરવી. ૧૭-મુહૂર્ત રાત્રિ, ૧૩-મુહૂર્ત દિવસ, ૧૭-મુહૂર્ત્તાન્તર રાત્રિ, સાતિરેક, ૧૩-મુહૂર્ત્ત દિવસ હોય છે. એ રીતે ગણતાં – ૧૬ અને ૧૪, ૧૬ મુહૂર્ત્તાન્તર અને સાતિરેક-૧૪, ૧૫ અને ૧૫ ૧૫ મુહૂર્તાન્તર અને સાતિરેક-૧૫ યાવત્ ૧૩-મુહૂર્તા દિવસ અને ૧૭ મુહૂર્તની રાત્રિ. ૧૩-મુહૂર્તાન્તર દિવસ સાતિરેક ૧૭ મુહૂર્તા રાત્રિ હોય છે. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ તેમજ હોય, ઉત્તરાર્ધે તેમ હોય ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમ ઉત્કૃષ્ટા ૧૮-મુહૂર્તા રાત્રિ હોય છે ? હા, ગૌતમ હોય છે. એ પ્રમાણે જ કહેવું.*

*જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે પશ્ચિમે પણ હોય, ત્યારે જંબૂદ્વીપના મેરુની ઉત્તર-દક્ષિણે ઉત્કૃષ્ટા ૧૮-*



*મુહૂર્તની રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! હોય છે.*

● **વિવેચન-૨૧૭ :-**

અહીં બે સૂર્યની હાજરીને લીધે એક વખતે બે દિશામાં દિવસ હોવાનું કહ્યું. જો કે દક્ષિણાર્ધે તથા ઉત્તરાર્ધે કહ્યું છે, તો પણ દક્ષિણ ભાગે અને ઉત્તર ભાગે સમજવું. અર્ધ શબ્દનો ‘ભાગ’ અર્થ થાય.

જો દક્ષિણ અને ઉત્તરમાં સમગ્ર જ દિવસ થાય, તો પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ થાય, તેમ કહેવું કઈ રીતે યોગ્ય છે ? બે અડધાના ગ્રહણથી આખું ક્ષેત્ર આવી જાય. - - અહીં દક્ષિણાર્ધાદિ શબ્દથી દક્ષિણાદિ દિગ્ભાગ માત્ર સમજવો, અડધો નહીં. તેથી જ્યારે દક્ષિણ-ઉત્તરમાં સર્વોત્કૃષ્ટ દિવસ હોય, ત્યારે જંબૂદ્વીપના ૩/૧૦ ભાગ જેટલું જ તાપક્ષેત્ર દક્ષિણ અને ઉત્તરમાં હોય અને ૨/૧૦ ભાગ જેટલું રાત્રિ ક્ષેત્ર પૂર્વ-પશ્ચિમમાં હોય. તેથી કહે છે – સૂર્ય ૬૦ મુહૂર્તે મંડલને પૂરે છે, ત્યારે ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ હોય છે. ૧૮ સંખ્યા ૬૦ના દશ ભાગ કરીને ત્રણ ભાગરૂપે થાય છે. ૧૮-મુહૂર્તનો દિવસ હોય ત્યારે ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. ૧૨ સંખ્યા, ૬૦ના ૧૦ ભાગ કરીને બે ભાગરૂપ થાય છે.

તેમાં મેરુ પ્રત્યે આયામ ૯૪૮૬ યોજન અને ૯/૧૦ ભાગ જેટલું તાપક્ષેત્ર હોય. કેવી રીતે ? મેરુનો પરિક્ષેપ ૩૧૬૨૩ યોજનથી કંઈક ન્યૂન છે. તેને ૧૦ વડે ભાંગતા - ૩/૧૦ આવે. તેનું ત્રણ ગણું છે.

લવણસમુદ્ર પ્રત્યે - ૯૪૮૬૮-૪/૧૦ તાપક્ષેત્ર હોય છે. - x - જઘન્ય રાત્રિક્ષેત્ર પ્રમાણ પણ એ રીતે છે. વિશેષ એ કે પરિધિને ૧૦થી ભાંગીને બે વડે ગુણવું. તે ૬૩૨૪-૬/૧૦ યોજન આવે અને એટલું મેરુનું રાત્રિક્ષેત્ર છે. લવણસમુદ્રનું રાત્રિ ક્ષેત્ર ૬૩૨૪૫-૬/૧૦ છે. આયામની અપેક્ષાએ જંબૂદ્વીપ મધ્યે તાપક્ષેત્ર ૪૫,૦૦૦ યોજન છે. લવણસમુદ્રનું ૩૩,૩૩૩-૧/૩ યોજન છે. તે બંને તાપક્ષેત્રનો સરવાળો ૭૮,૩૩૩-૧/૩ યોજન છે. - - હવે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તના દિવસ વિશે –

સૂર્યના ૧૮૪ માંડલા છે. તેમાં જંબૂદ્વીપમાં-૬૫ અને ૧૧૯ લવણસમુદ્ર મધ્યે છે. તેમાં સૌથી અંદરના મંડલમાં સૂર્ય હોય ત્યારે ૧૮-મુહૂર્તનો દિવસ થાય. કેમ ? જ્યારે સર્વ બાહ્ય મંડલમાં હોય ત્યારે સર્વ જઘન્ય ૧૨-મુહૂર્તનો દિવસ હોય, બીજા મંડલથી આરંભી પ્રતિમંડલે મુહૂર્તના ૨/૬૧ ભાગ દિવસની વૃદ્ધિ થતાં ૧૮૩માં મંડલમાં ૬ મુહૂર્ત વધે, એ રીતે ૧૮-મુહૂર્તનો દિવસ થાય. તેથી ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. કેમકે અહોરાત્રના ૩૦મુહૂર્ત હોય.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ પછીના મંડલમાં હોય ત્યારે મુહૂર્તના ૨/૬૧ ભાગ હીન ૧૮-મુહૂર્તનો દિવસ હોય છે. તેથી તેને ૧૮ મુહૂર્તાન્તર કહ્યો. તે વખતે રાત્રિ આટલી જ વધતી હોવાથી તેને સાતિરેક ૧૨-મુહૂર્ત્તા રાત્રિ કહી. જેટલો ભાગ દિન ઘટે, તેટલી રાત્રિ વધે. આ ક્રમ વડે એમ ઉપસંહાર કર્યો. દિનમાન ઘટવું.

સર્વાભ્યંતર મંડલમાં અનંતરમંડલથી ૩૧માં મંડલાર્ધમાં જ્યારે સૂર્ય હોય, ત્યારે ૧૭-મુહૂર્તનો દિવસ અને ૧૩ મુહૂર્ત રાત્રિ. એ રીતે - x - ૬૧માં મંડલે આવે

ત્યારે ૧૬ મુહૂર્ત દિવસ, ૯૨માં મંડલાર્ધે-૧૫ મુહૂર્ત દિવસ, ૧૨૨માં મંડલે ૧૪ મુહૂર્ત દિવસ, ૧૫૨માં મંડલાર્ધે ૧૩-મુહૂર્ત દિવસ, - - કાળના અધિકારથી કહે છે —

● સૂત્ર-૨૧૮,૨૧૯ :-

*[૨૧૮] ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય અને ઉત્તરાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે જંબૂદ્વીપના મેરુની પૂર્વ-પશ્ચિમે તે સમય પછી તુરંત જ વર્ષાનો આરંભ થાય ? હા, ગૌતમ ! એ પ્રમાણે જ હોય.*

*ભગવન્ ! જંબૂદ્વીપના મેરુની પૂર્વે વર્ષાનો પ્રથમ સમય હોય, ત્યારે પશ્ચિમે પણ વર્ષાનો પ્રથમ સમય હોય અને પશ્ચિમે વર્ષાનો પ્રથમ સમય હોય ત્યારે મેરુની ઉત્તર દક્ષિણે એક સમય પૂર્વે ત્યાં વર્ષાનો આરંભ થાય ? હા, ગૌતમ ! થાય.*

*જેમ વર્ષાના પ્રથમ સમયનો આલાવો કહ્યો, તેમ આવલિકાનો પણ કહેવો, એ રીતે આનાપાન, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ એ બધાંમાં 'સમય'ની માફક આલાવા કહેવા.*

*ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં હેમંતનો પ્રથમ સમય હોય ઇત્યાદિ. વર્ષાના આલાવા માફક હેમંતનો અને ગ્રીષ્મનો આલાવો ઋતુપર્યન્ત કહેવો. આ રીતે કુલ ૩૦ આલાવા થાય.*

*ભગવન્ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે પહેલું અયન હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલું અયન હોય ? સમયની જેમ અયનનો આલાવો પણ કહેવો યાવત્ અનંતર પશ્ચાત્કૃત્ સમયમાં પ્રથમ અયન હોય. અયનની જેમ સંવત્સરનો આલાવો પણ કહેવો. એ રીતે યુગ, શતવર્ષ, સહસ્રવર્ષ, લક્ષવર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, એ રીતે પૂર્વ, ત્રુટિત, અડડ, અવવ, હૂહૂક, ઉત્પલ, પદ્મ, નલિન, અક્ષનિપુર, અયુત, નયુત, પ્રયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ પણ કહેવા. - - ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં પહેલી અવસર્પિણી હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલી અવસર્પિણી હોય, ત્યારે મેરુની પૂર્વ-પશ્ચિમે અવસર્પિણી કે ઉત્સર્પિણી ન હોય, કેમકે ત્યાં અવસ્થિતકાળ છે ? હા, ગૌતમ, તેમ જ છે.*

*અવસર્પિણી માફક ઉત્સર્પિણીનો આલાવો પણ કહેવો.*

*[૨૧૯] ભગવન્! લવણસમુદ્રમાં સૂર્ય ઈશાનખૂણામાં ઉગીને ઇત્યાદિ. જેમ જંબૂદ્વીપમાં કહ્યું, તેમ બધું જ લવણસમુદ્રમાં પણ કહેવું. વિશેષ આ — આલાવો આમ કહેવો — ભગવન્! લવણસમુદ્રમાં દક્ષિણાર્ધમાં જ્યારે દિવસ હોય, તે પ્રમાણે યાવત્ ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ-પશ્ચિમે રાત્રિ હોય છે. આ આલાવા વડે જાણવું.*

*ભગવન્ ! જ્યારે લવણસમુદ્રમાં દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અવસર્પિણી હોય, ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ-પશ્ચિમમાં હે આયુષ્યમાન્ ! અવસર્પિણી ન હોય ? હા, ગૌતમ ! ન હોય.*



*ધાતકીખંડદ્વીપમાં સૂર્ય ઈશાનમાં ઉગીને, ઇત્યાદિ. જંબૂદ્વીપ માફક ધાતકીખંડની સર્વ વક્તવ્યતા કહેવી. પણ આલાવો આ રીતે કહેવો — ભગવન્! જ્યારે ધાતકીખંડદ્વીપમાં દક્ષિણાર્ધમાં દિવસ હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ હોય અને ત્યારે ધાતકીખંડદ્વીપના મેરુની પૂર્વ-પશ્ચિમે રાત્રિ હોય છે? હા, ગૌતમ! એ પ્રમાણે જ હોય છે.*

*ભગવન્ ! જ્યારે ધાતકીખંડ દ્વીપના મેરુ પર્વતની પૂર્વે દિવસ હોય, ત્યારે પશ્ચિમે પણ દિવસ હોય, પશ્ચિમે દિવસ હોય ત્યારે ધાતકીખંડ દ્વીપના મેરુ પર્વતની ઉત્તર-દક્ષિણે રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! યાવત્ હોય છે. એ રીતે આ આલાવા વડે જાણવું યાવત્ ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં પહેલી અવસર્પિણી હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ હોય. ત્યારે ધાતકીખંડના મેરુની પૂર્વ-પશ્ચિમે હે આયુષ્યમાન્ ! અવસર્પિણી નથી ? હા, તેમજ છે.*

*લવણસમુદ્ર જેવી વક્તવ્યતા કાલોદની પણ કહેવી.*

*ભગવન્! અભ્યંતર પુષ્કરાર્ધમાં સૂર્ય ઈશાનમાં ઉગીને ઇત્યાદિ ધાતકીખંડની વક્તવ્યતા મુજબ જ અહીં કહેવું યાવત્ તે અભ્યંતર પુષ્કરાર્ધના મેરુની પૂર્વ-પશ્ચિમે અવસર્પિણી-ઉત્સર્પિણી નથી, અવસ્થિત કાળ છે. - x -*

● વિવેચન-૨૧૮,૨૧૯ :-

वासाणं - ચાર માસ પ્રમાણ વર્ષાકાળ સંબંધી, પહેલી ક્ષણ સાંપડે છે. अनंतर पुरक्खड - દક્ષિણાર્ધમાં વર્ષાના પહેલાપણાની અપેક્ષાએ આંતરારહિતનો, એવો અતીત સમય પણ હોય, માટે કહે છે — ભાવિમાં થનાર સમયે. - x - अनंतर पच्छाकड - પૂર્વ-પશ્ચિમ વિદેહમાં શરૂ થતી વર્ષાના પ્રથમ સમય અપેક્ષાએ, અનંતર એવો અતીત સમય, તે દક્ષિણ-ઉત્તરમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય.

આવલિકાનો આલાવો - જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધે વર્ષાની પહેલી આવલિકા હોય, ત્યારે ઉત્તરાર્ધે પણ૦ ઇત્યાદિ. આ પ્રમાણે આનપ્રાણાદિ પદોમાં પણ આવો સૂત્રપાઠ સમજવો.

આવલિકાદિનો અર્થ - અસંખ્યાત સમયની એક આવલિકા, ઉચ્છ્વાસ-નિઃશ્વાસનો એક આનપ્રાણ, સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકે-લવ, ૭૭ લવે-મુહૂર્ત, બે માસે-ઋતુ, હેમંત-શીયાળો, ગ્રીષ્મ-ઉનાળો, પહેલું અયન તે દક્ષિણાયન, કેમકે વર્ષનો પહેલો માસ શ્રાવણ છે. પાંચ સંવત્સરે-યુગ, ૮૪ લાખ વર્ષે-પૂર્વાંગ, પૂર્વાંગને ૮૪ લાખથી ગુણતાં એક પૂર્વ. એ રીતે ૮૪ લાખ વર્ષથી ગુણતાં-ગુણતાં ઉત્તરોત્તર સ્થાન આવે. છેવટે શીર્ષપ્રહેલિકામાં ૧૯૪ અંકો આવે. પદાર્થોને મૂળ સ્વભાવ થકી હીન કરે તે અવસર્પિણી, તેનો પ્રથમ ભાગ તે પ્રથમાવસર્પિણી. ભાવોને પ્રકર્ષવાળા કરે તે ઉત્સર્પિણી.

**શતક-૫, ઉદ્દેશો-૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૫, ઉદ્દેશો-૨-'વાયુ' ❀
— x — x — x — x —

૦ ઉદ્દેશા-૧માં દિશાને ઉદ્દેશીને દિવસાદિ વિભાગ કહ્યો. બીજામાં દિશાને ઉદ્દેશીને જ વાયુનું પ્રતિપાદન - x - કરે છે.

● **સૂત્ર-૨૨૦ :-**

*રાજગૃહનગરે યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ઈષત્ પુરોવાત, પથ્યવાત, મંદવાત, મહાવાત વાય છે ? હા, વાય છે.*

*ભગવન્ ! પૂર્વમાં ઈષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત, મહાવાત છે ? હા, છે. એ રીતે પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્યમાં પણ જાણવું. - - ભગવન્ ! જ્યારે પૂર્વમાં ઇષત્પુરોવાતાદિ ચારે વાય છે, ત્યારે પશ્ચિમમાં પણ તે વાય છે ? જેમ પશ્ચિમમાં તેમ પૂર્વમાં પણ તે વાય છે ? હા, ગૌતમ ! જ્યારે પૂર્વમાં આ વાયુ વાય ત્યારે પશ્ચિમમાં પણ વાય. એ રીતે બધી દિશાદિમાં પણ જાણવું.*

*ભગવન્ ! ઈષત્ પુરોવાતાદિ દ્વીપમાં અને સમુદ્રમાં હોય છે ? હા, હોય છે. - - ભગવન્ ! જ્યારે દ્વીપમાં ત્યારે સમુદ્રમાં અને સમુદ્રમાં ત્યારે દ્વીપમાં આ વાયુ વાય છે ? આ વાત યોગ્ય નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - x - ? ગૌતમ ! તે વાયુઓ અન્યોન્ય સાથે નહીં પણ જુદા સંચરે છે, લવણસમુદ્રની વેળાને અતિક્રમતા નથી. માટે એમ કહ્યું કે - યાવત્ - વાયુઓ વાય છે.*

*ભગવન્ ! ઇષત્પુરોવાતાદિ ચારે વાયુ વાય છે ? હા, વાય છે. ભગવન્ ! તે ક્યારે વાય છે ? ગૌતમ ! જ્યારે વાયુકાય સ્વાભાવિક ગતિ કરે છે, ત્યારે ઈષત્પુરોવાતાદિ વાયુઓ વાય છે.*

*ભગવન્ ! ઇષત્પુરોવાતાદિ વાયુઓ છે ? હા, છે. ભગવન્ ! ઈષત્પુરોવાતાદિ ક્યારે વાય છે ? ગૌતમ ! જ્યારે વાયુકાય ઉત્તરવૈક્રિય શરીરે ગતિ કરે છે, ત્યારે ઈષત્પુરોવાતાદિ યાવત્ વાય છે.*

*ભગવન્ ! ઈષત્પુરોવાતાદિ વાયુ છે ? હા, છે. ભગવન્ ! આ વાયુઓ ક્યારે વાય છે ? જ્યારે વાયુકુમાર અને વાયુકુમારીઓ સ્વ, પર કે ઉભયને માટે વાયુકાયને ઉદીરે છે, ત્યારે વાય છે.*

*ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયને જ શ્વાસમાં લે છે અને મૂકે છે ? 'સ્કંદક' ઉદ્દેશામાં કહ્યા મુજબ ચારે આલાવા જાણવા. યાવત્ અનેકલાખ વાર મરીને, સ્પર્શીને, મરે છે, સશરીર નીકળે છે.*

● **વિવેચન-૨૨૦ :-**

વાયુ વાય છે ? એમ સંબંધ કરવો. કેવા ? થોડી ચિકાશવાળા વાયુ, વનસ્પતિ આદિને હિતકર વાયુ, ધીમે ધીમે સંચરનારા વાયુ અને પ્રચંડ=તોફાની વાયુ. મેરુની પૂર્વેથી એ રીતે આઠે દિશા.

દિશા ભેદથી વાતા વાયુ કહ્યા. હવે તે કથન દિશાના પરસ્પર મેળાપથી કહે



છે. - जया णं० - અહીં બે દિશા સૂત્રો છે અને બે વિદિશા સૂત્રો છે. હવે પ્રકારાંતરથી વાયુ સ્વરૂપ નિરૂપે છે —

તેમાં દ્વીપસંબંધી અને સમુદ્રસંબંધી વાયુના સૂત્રો છે. તેમાં એકમાં ઈષત્પુરોવાતાદિ વાય, ત્યારે બીજે ન વાય. કેમકે તથાવિધ વાત દ્રવ્ય સામર્થ્ય અને વેળાના તેવા સ્વભાવથી વેળાને ન ઓળંગે.

હવે પ્રકારાંતરથી વાયુને વહેવાના સ્વરૂપને ત્રણ સૂત્રોથી દર્શાવે છે - અહીં अत्थि णं० આદિ પહેલું વાક્ય પ્રસ્તાવનાર્થે છે, માટે પુનરુક્તિની શંકા ન કરવી. रीयं - રીતિ, સ્વભાવ, વાયુ પોતાની સ્વાભાવિક ગતિથી વહે છે. उत्तरकिरिय - વાયુકાયનું મૂળ શરીર ઔદારિક છે, ઉત્તર શરીર વૈક્રિય છે. જે ગમન ઉત્તરશરીરને આશ્રીને થાય, તે ઉત્તરક્રિય. - x - (શંકા) એક સૂત્રથી વાયુને વહેવાના ત્રણે કારણ કહી શકાત, તો ત્રણ સૂત્રો કેમ કર્યા ? સૂત્રની ગતિ વિચિત્ર છે વાચનાંતરમાં તો ત્રણે કારણો જુદાં જુદાં વાયુ વહેવાના કહ્યા છે.

વાયુકાયના અધિકારથી જ કહે છે - वायुकाए णं० આદિ. તેમાં પહેલું કારણ કહ્યું, બીજું अणेगे આદિ, ત્રીજું पुट्ठे उदाइ અને ચોથું ससरीरी० આદિ - - વાયુકાય કહ્યું, હવે વનસ્પતિકાયાદિ વિચારણા.

● **સૂત્ર-૨૨૧ :-**

*ભગવન્ ! ઓદન, કુલ્માષ, મદિરા આ ત્રણે કોનાં શરીરો કહેવાય ? ગૌતમ ! તેમાં જે ઘન દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપના અપેક્ષાએ વનસ્પતિજીવ શરીરો છે. ત્યારપછી શસ્ત્રાતીત, શસ્ત્રપરિણમિત, અગ્નિધ્યાપિત, અગ્નિઝૂષિત, અગ્નિસેવિત, અગ્નિ પરિણામિત થઈને અગ્નિજીવ શરીર કહેવાય છે. મદિરામાં જે પ્રવાહી દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપના આશ્રીને પાણીના જીવનું શરીર છે, ત્યારપછી શસ્ત્રાતીત યાવત્ અગ્નિકાય શરીર કહેવાય છે.*

*ભગવન્ ! અસ્થિ, અસ્થિધ્યામ, ચર્મ, ચર્મધ્યામ, રોમ, શ્રૃંગ, ખુર, નખ, રોમાદિ ધ્યામ એ કોના શરીર કહેવાય ? ગૌતમ ! અસ્થિ આદિ બધાં ત્રસપ્રાણ જીવશરીર છે અને બળેલા અસ્થિ આદિ પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી ત્રસ પ્રાણ જીવ શરીર, બળીને અગ્નિજીવ શરીર છે.*

*ભગવન્ ! અંગારો, રાખ, ભુંસુ, છાણું એ કોના શરીર છે ? ગૌતમ ! તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાથી એકેન્દ્રિય જીવનાં શરીરો કહેવાય યાવત્ પંચેન્દ્રિય જીવના શરીર પણ કહેવાય. ત્યારપછી શસ્ત્રાતીત યાવત્ અગ્નિજીવશરીર કહેવાય.*

● **વિવેચન-૨૨૧ :-**

- x - દારુમાં બે દ્રવ્યો છે - ઘનદ્રવ્ય અને પ્રવાહીદ્રવ્ય. જે ઘનદ્રવ્ય છે, તે અતીતપર્યાય પ્રરૂપણાથી વનસ્પતિ શરીર છે. કેમકે ઓદનાદિની પૂર્વાવસ્થા વનસ્પતિરૂપ છે. તેઓ વનસ્પતિ જીવના શરીર કહેવાય પછી અગ્નિજીવના શરીર કહેવાય - એમ સંબંધ કરવો. કેવા થયા પછી? શસ્ત્રાતીત-ખાણીયો, સાંબેલુ, યંત્રાદિથી કૂટાઈને પૂર્વ પર્યાય ઓળંગી ગયેલ. શસ્ત્ર વડે નવો પર્યાય પામેલ, અગ્નિ વડે કાળા પડી ગયેલ,

અગ્નિ વડે શોષાઈને પૂર્વસ્વભાવ ખપી ગયેલ. અગ્નિ સેવિત, ગરમ થવાથી અગ્નિ પરિણામવાળા થયેલ. અથવા શસ્ત્રાતીતાદિમાં શસ્ત્ર એટલે અગ્નિ જ સમજવું - x -

ઉપલ - બળેલ પત્થર, कसट्टिय - કાટ, અગ્નિ વડે બીજા સ્વરૂપને પામેલ હાડકું, અંગાર-બળેલ ઈંધણ, छारिक - રાખ, गोमय - છાણ - x - x - આ પૂર્વની અપેક્ષાએ એકેન્દ્રિય જીવના શરીરો છે. યાવત્ શબ્દથી બેઈન્દ્રિયાદિ - x - જીવ શરીર પરિણતત્વ યથા-સંભવ યોજવું, બધાં પદમાં નહીં. અંગારો અને ભસ્મ, પૂર્વે એકેન્દ્રિયના શરીરરૂપે હોય છે, કેમકે લાકડું એકેન્દ્રિય છે. ભુંસુ-જવ, ઘઉંમાંથી બને, તે પણ એકેન્દ્રિય છે ઇત્યાદિ. - x -

પૃથ્વી આદિ કાયાધિકારથી અપ્‌કાયરૂપ લવણોદધિ-સ્વરૂપ.

● સૂત્ર-૨૨૨ :-

*ભગવન્ ! લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો કહ્યો છે ? પૂર્વવત્ જાણવો યાવત્ લોકસ્થિતિ, લોકાનુભાવ. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે કહી ગૌતમ સ્વામી યાવત્ વિચરે છે.*

● વિવેચન-૨૨૨ :-

લવણસમુદ્રનું સ્વરૂપ જણાવતા કહે છે — જીવાભિગમસૂત્રમાં કહેલ લવણસમુદ્ર સૂત્ર જાણવું. ક્યાં સુધી ? जाव लोग० તે આ છે - તેનો ઘેરાવો કેટલો છે ? ગૌતમ ! તેનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે અને ઘેરાવો કિંચિત્ વિશેષોણ ૧૫,૮૧,૩૯૦૦ યોજન છે. અંતે - લવણસમુદ્ર જંબૂદ્વીપને કેમ ડૂબાડતો નથી ? - x - લોકસ્થિતિ છે.

## ❁ શતક-૫, ઉદ્દેશો-૩-જાલગ્રંથિકા ❁

— x — x — x — x —

૦ લવણસમુદ્રાદિ વર્ણન સમ્યગ્‌જ્ઞાની વડે પ્રતિપાદિત હોવાથી સત્ય છે. મિથ્યાજ્ઞાનીના કથન અસત્ય પણ હોય તે દર્શાવે છે —

● સૂત્ર-૨૨૩ :-

*ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે, ભાખે છે, જણાવે છે, પ્રરૂપે છે કે — જેમ કોઈ જાલગ્રંથિકા હોય, ક્રમપૂર્વક ગાંઠો દીધેલી હોય, અનંતર-પરંપર-અન્યોન્ય ગ્રથિત હોય, પરસ્પર-વિસ્તાર, ભાર અને વિસ્તાર-ભારપણે પરસ્પર સમુદાયપણે રહે છે, એ રીતે ઘણાં જીવો, અનેક લાખ જન્મોમાં, અનેક હજાર આયુથી અનુક્રમે ગ્રથિત થઈ રહે છે. તેમાંનો એક જીવ પણ એક સમયે બે આયુને અનુભવે છે, તે આ — આ ભવનું આયુ અને પરભવનું આયુ. જે સમયે આ ભવનું આયુ વેદે છે, તે સમયે પરભવનું આયુ વેદે છે. યાવત્ ભગવન્ ! તે કેવી રીતે ?*

*ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કહે છે યાવત્ પરભવાયુ, જેઓ આમ કહે છે, તે ખોટું છે. હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે (જેમ કોઈ જાલ) અન્યોન્ય સમુદાયપણે રહે છે. તે રીતે પ્રત્યેક જીવને ઘણાં હજારો જન્મો, ઘણાં હજાર આયુઓ, અનુક્રમે ગ્રથિત થઈ યાવત્ રહે છે, એક જીવ એક સમયે એક*



*આયુ વેદે છે, તે આ — આ ભવનું આયુ અથવા પરભવાયુ. જે સમયે આ ભવનું આયુ વેદે છે. તે સમયે પરભવાયુ ન વેદે, પરભવાયુ વેદે તે સમયે આ ભવનું આયુ ન વેદે. આ ભવના આયુને વેદવાથી પરભવાયુ વેદાતું નથી, પરભવાયુ વેદવાથી, આ ભવનું આયુ વેદાતુ નથી. એ રીતે એક જીવ એક સમયે એક આયુને વેદે છે — આ ભવનું કે પરભવનું આયુ.*

● વિવેચન-૨૨૩ :-

જાલ એટલે મત્સ્યબંધન, તેના જેવી ગાંઠો જેની છે, તે જાલગ્રંથિકા. કેવી ? ક્રમવાર ગુંથેલી, પહેલીથી છેલ્લી ગાંઠ સુધી ઉચિત ક્રમે ગુંથેલી. એ જ વાત વિસ્તારે છે - પહેલી ગાંઠથી અનંતર રહેલી ગાંઠ સાથે ગુંથેલી, એ રીતે પરંપર ગાંઠ સાથે ગુંથેલી. તાત્પર્ય એ કે — પરસ્પર એક ગાંઠ સાથે અન્ય ગાંઠ અને અન્ય સાથે અન્ય ગાંઠ એ રીતે ગુંથેલી, પરસ્પર ગુંથણીથી થયેલ વિસ્તાર વડે, પરસ્પર બીજાને લઈને થયેલ ભાર વડે, ઉક્ત બંને વિશેષણ ભેગા કરવા વડે પ્રકર્ષને જણાવતાં કહે છે — પરસ્પર વિસ્તાર અને ભારેપણાથી, પરસ્પર સમુદાય રચના વડે રહેલ છે. આ દૃષ્ટાંત કહ્યું, હવે દાર્ષ્ટાન્તિક-બોધ કહે છે —

ઉક્ત ન્યાયે ઘણાં જીવો સંબંધી, અનેક દેવાદિ જન્મોમાં પ્રત્યેક જીવ ક્રમવાર પ્રવર્તેલા, અનેક જન્મોના ઘણાં હજાર આયુઓના સ્વામી થયા. આનુપૂર્વી ગ્રથિત આદિ પૂર્વવત્ જાણવા. વિશેષ એ કે — કર્મપુદ્‌ગલ અપેક્ષાએ ભારેપણું સમજવું. એ આયુ વેદનનો શો વિધિ છે ?

એક જીવ, અનેક નહીં, તે એક સમયે ઇત્યાદિ પહેલા શતક મુજબ જાણવું. તેમનું કહેવું એ રીતે ખોટું છે કે ઘણાં જીવોના ઘણાં આયુ જાલગ્રંથિકા પેઠે રહે છે, તે બધાં, જીવનાં પ્રદેશો સાથે સંબદ્ધ છે કે નથી ? જો સંબદ્ધ હોય, તો ભિન્ન ભિન્ન જીવસ્થિત આયુની જાલગ્રંથિકા માફક કલ્પના કઈ રીતે થાય ? કેમકે તે બધાં આયુ જુદા જુદા જીવ સાથે જોડાયેલ છે. છતાં જાલગ્રંથિકા કલ્પવામાં આવે તો બધાં જીવોનો સંબંધ જાલગ્રંથિકા જેવો માનવો જોઈએ. તો બધાં જીવોના સર્વાયુ વેદનથી બધાં ભવ ભોગવવાનો પ્રસંગ આવે, તો દેવાદિ જન્મ પણ નહીં થાય. વળી એક જીવ એક સમયે બે આયુ વેદે, તેમ કહ્યું તે પણ ખોટું છે. - x -

હે ગૌતમ ! હું કહું છું - જાલગ્રંથિકા એટલે માત્ર સાંકળી, ઘણાં નહીં પણ એક-એક જીવને અનેક આયુનો માત્ર સાંકળ જેવો સંબંધ હોય છે. એક જીવ પ્રતિ ક્રમવાર પ્રવર્તેલા એવા અનેક જન્મોનાં આ ભવનાં છેડાં સુધી ભૂતકાળે થયેલાં હજારો આયુનો સાંકળ જેવો સંબંધ છે. તેથી એક પછી એક આયુ વેદાય છે. ચાલુ ભવનું આયુ તે इहभवियायु, પરભવનું તે પરભવાયુ. - - આયુ પ્રસ્તાવથી કહે છે —

● સૂત્ર-૨૨૪ :-

*ભગવન્ ! જે જીવ નરકે જવાને યોગ્ય હોય, ભગવન્ ! શું તે જીવ, અહીંથી આયુ સહિત નરકે જાય કે આયુ રહિત ? ગૌતમ ! તે જીવ આયુ સહિત જાય, આયુરહિત નહીં. - - ભગવન્ ! તે જીવે આયુ ક્યાં બાંધ્યુ ? કયા*

*આચરણો કર્યા ? ગૌતમ ! પૂર્વ ભવે બાંધ્યુ અને પૂર્વ ભવે આચરણ કર્યા. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! જે જીવ, જે યોનિમાં ઉપજવા યોગ્ય હોય, તે જીવ, તે યોનિનું આયુ બાંધે ? જેમકે - નૈરયિકાયુ યાવત્ દેવાયુ ? હા, ગૌતમ ! જે જીવ જે યોનિમાં ઉપજવા યોગ્ય હોય તેનું આયુ બાંધે, તે આ — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય કે દેવાયુ.*

*જો નરકનું આયુ બાંધે તો સાત પ્રકારે બાંધે - રત્નપ્રભા અથવા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકાયુ. તિર્યંચયોનિકાયુ બાંધતો પાંચ પ્રકારે બાંધે - એકેન્દ્રિય તિર્યંચ યોનિકાયુ આદિ બધાં ભેદો કહેવા. મનુષ્યાયુ બે ભેદે. દેવાયુ ચાર ભેદે. ભગવન્ ! એમ જ છે.*

● **વિવેચન-૨૨૪ :-**

ભગવન્ ! તે કયા ભવમાં બાંધ્યુ ? કયા ભવે તદ્‌હેતુક આચરણો આચર્યા ? - જે યોનિમાં જે જીવ ઉપજવા યોગ્ય હોય. મનુષ્ય-સંમૂર્છિમ, ગર્ભજ. દેવ-ભવનપતિ.

## ❁ શતક-૫, ઉદ્દેશો-૪, ''શબ્દ'' ❁

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩માં અન્યતીર્થિકની છદ્મસ્થ મનુષ્ય વક્તવ્યતા કહી, અહીં છદ્મસ્થ અને કેવલિ મનુષ્યોની વક્તવ્યતા છે —

● **સૂત્ર-૨૨૫ :-**

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય વગાડાતા શબ્દોને સાંભળે છે, તે આ — શંખ, શ્રૃંગ, શંખલી, ખરમુખી, કાહલી, પરિપિરિય, પ્રણવ, પટહ, ભંભા, હોરંભ, ભેરી, ઝલ્લરી અને દુંદુભિના શબ્દોને, તત-વિતત-ઘન-ઝુસીર શબ્દોને ? હા, ગૌતમ ! છદ્મસ્થ મનુષ્યો તે સાંભળે છે.*

*ભગવન્ ! તે સ્પૃષ્ટ શબ્દોને સાંભળે કે અસ્પૃષ્ટ શબ્દોને ? ગૌતમ ! સ્પૃષ્ટને સાંભળે, અસ્પૃષ્ટને નહીં યાવત્ નિયમા છ દિશાથી—*

*ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય આરગત શબ્દોને સાંભળે કે પારગત શબ્દોને ? ગૌતમ ! તે આરગત શબ્દો સાંભળે, પારગતને નહીં. ભગવન્ ! જો છદ્મસ્થ મનુષ્ય આરગત શબ્દો સાંભળે, પારગત શબ્દો નહીં, તો કેવલિ મનુષ્ય આરગત શબ્દ સાંભળે કે પારગત ?*

*ગૌતમ ! કેવલી આરગત, પારગત, સર્વે દૂર કે નીકટના અનંત શબ્દોને જાણે અને જુએ. - - કેવલિ આ સર્વેને જાણે અને જુએ એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૂર્વ દિશાની મિત અને અમિત વસ્તુને પણ જાણે છે. એ રીતે દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર-ઉર્ધ્વ-અધો દિશાની પણ મિત અને અમિત વસ્તુને સર્વ જાણે છે. કેવલિ બધું જુએ છે અને બધું જાણે છે. સર્વકાલે અને સર્વભાવે બધું જુએ છે અને જાણે છે કેવલિને અનંત જ્ઞાન, અનંત દર્શન છે. કેવલિના જ્ઞાન, દર્શન નિરાવરણ છે, તેથી કહ્યું કે યાવત્ જુએ છે.*



● **વિવેચન-૨૨૫ :-**

आउडिज्जमाण - મુખ, હાથ, દંડાદિ સાથે શંખ, ઢોલ, ઝાલર આદિ વાદ્યવિશેષના સંયોગથી જે શબ્દો ઉત્પન્ન થાય તે. આવા શબ્દો છદ્મસ્થ સાંભળે છે. અથવા પરસ્પર અથડાતાં શબ્દદ્રવ્યો સાંભળે છે.

संखिय - શંખિકા, खरमुहि - કાહલિ, पोया - મોટી કાહલિ, परिपिरिय - સુવરના ચામડાથી મઢેલ એક વાદ્ય, पणव - નાનો ઢોલ, पटह - મોટો ઢોલ, भंभ - ઢક્કા, भेरि - મોટી ઢક્કા, झल्लरि - ઝાલર, હવે કહેલ, નહીં કહેલ વાદ્યના સંગ્રહ માટે કહે છે - x - x - વીણાદિ तत, પટહાદિ वितत, કાંસ્યતાલાદિ घन, વંશાદિ - शुषिर વાદ્યો. पुट्ठाइं सुणेइ - આદિની વ્યાખ્યા શતક-૧થી જાણવી.

आरगत- ઈન્દ્રિયોથી ગ્રાહ્ય, पारगत - ઈન્દ્રિયોથી અગ્રાહ્ય. સર્વથા દૂર રહેલ અને તદ્દન નજીક રહેલ શબ્દને, अनंतिक - એટલે બહુ દૂર નહીં અને બહુ પાસે નહીં તેવા અથવા અનાદિ અને અંત વિનાના શબ્દોને (સાંભળે).

मित - ગર્ભજ મનુષ્ય અને જીવદ્રવ્ય, अमित - અનંત કે અસંખ્ય વનસ્પતિ, પૃથ્વીજીવ દ્રવ્યાદિ અપેક્ષાથી જાણે. કેમકે કેવલિને અનંતાર્થવિષયપણાથી અનંત જ્ઞાન છે. ક્ષાયિક હોવાથી આ જ્ઞાન નિરાવરણ-શુદ્ધ છે. વાચનાંતરમાં નિર્વૃત્ત, નાશ થયેલ આવરણવાળું, વિશુદ્ધ કહ્યું છે — ફરી છદ્મસ્થમનુષ્ય આશ્રીને—

● **સૂત્ર-૨૨૬ :-**

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય હસે તથા ઉત્સુક થાય ? ગૌતમ ! હા, તેમ થાય. - - ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્ય હસે અને ઉત્સુક થાય, તેમ કેવલી હસે અને ઉત્સુક થાય ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. - - ભગવન્ ! એમ કેમ કહ્યું કે કેવલિ ન થાય ? ગૌતમ ! જીવો ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી હસે છે અને ઉત્સુક થાય છે. પણ કેવલિને આ કર્મનો ઉદય નથી, માટે એમ કહ્યું કે — કેવલિ હસે કે ઉત્સુક ન થાય.*

*ભગવન્ ! હસતો કે ઉત્સુક થતો જીવ કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! સાત કે આઠ પ્રકારે બાંધે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી સમજવું. ઘણાં જીવોને આશ્રીને આ પ્રશ્ન પૂછાય ત્યારે તેમાં કર્મબંધસંબંધી ત્રણ ભાંગા આવે, પણ ત્યાં જીવ, એકેન્દ્રિય ન લેવા.*

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય નિદ્રા કે પ્રચલા નિદ્રા લે ? ગૌતમ ! હા, તેમ કરે. હસવા આદિમાં કહ્યું, તેમ અહીં પણ કહેવું. વિશેષ એ — દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા કે પ્રચલાનિદ્રા હોય. તે કેવલિને નથી. બાકી પૂર્વવત્. ભગવન્ ! નિદ્રા કે પ્રચલા લેતો જીવ કેટલા કર્મ બાંધે ? ગૌતમ ! સાત કે આઠ. એ રીતે વૈમાનિક સુધી કહેવું. બહુવચન સૂત્રમાં જીવ, એકેન્દ્રિયને વર્જીને ત્રણ ભંગ કહેવા.*

● **વિવેચન-૨૨૬ :-**

उस्सुयाएज्ज - વિષય આદાન માટે ઉતાવળ કરવી તે. जन्नंजीव - જે કારણે

જીવ. - x - एवं - જીવના આલાવા મુજબ નારકાદિ દંડક વૈમાનિક સુધી કહેવા. તે આ રીતે — ભગવન્ ! નૈરયિક, હસતા કે ઉત્સુક થતાં કેટલી કર્મપ્રકૃત્તિ બાંધે ? ઇત્યાદિ. પૃથ્વી આદિનું હાસ્ય તેમના પૂર્વભવના પરિણામથી સમજવું. पोहत्तिएहिं - બહુવચન સૂત્રોમાં-અનેક જીવો હસતા કે ઉત્સુક થતા કેટલી કર્મપ્રકૃત્તિ બાંધે ? ઇત્યાદિ. તેમાં જીવ સામાન્ય અને એકેન્દ્રિયોને છોડીને નારકાદિ ૧૯-દંડક લેવા. તેમાં ત્રણ ભંગ - જીવ અને પૃથ્વી આદિમાં ઘણાં જીવો છે, તેથી તેમાં સાત કે આઠ પ્રકારના બંધકનો એક જ ભંગ સંભવે. નારકાદિમાં ત્રણ ભંગ સંભવે — (૧) બધાં સપ્તવિધ બંધક, (૨) બધાં સપ્તવિધબંધક એક અષ્ટવિધ બંધક. (૩) બધાં સપ્તવિધ અને બધાં અષ્ટવિધ બંધક.

અહીં છદ્મસ્થ અને કેવલિના અધિકારથી આ બીજું કહ્યું — छउमत्थे० નિદ્રા-સુખે જાગી શકાય તેવી ઉંઘ, પ્રચલા-ઉભો ઉભો પણ ઉંઘે. - - કેવલિ અધિકારથી મહાવીર કેવલિને આશ્રીને કહે છે—

● સૂત્ર-૨૨૭ :-

***ભગવન્ ! ઈન્દ્ર સંબંધી, શક્રનો દૂત, હરિણેગમેષી દેવ સ્ત્રીના ગર્ભનું સંહરણ કરતો (૧) શું ગર્ભથી ગર્ભમાં સંહરે ? (૨) ગર્ભથી યોનિ માર્ગે સંહરે, (૩) યોનિથી ગર્ભમાં સંહરે ? (૪) યોનિથી યોનિમાં સંહરે - [બીજી સ્ત્રીમાં મૂકે] ? હે ગૌતમ ! તે ગર્ભથી ગર્ભમાં ન સંહરે, ગર્ભથી યોનિમાં ન સંહરે, યોનિથી યોનિદ્વારા ન સંહરે. પણ પોતાના હાથે ગર્ભને સ્પર્શી, ગર્ભને પીડા ન થાય તે રીતે યોનિ દ્વારા ગર્ભને બહાર કાઢીને બીજી સ્ત્રીના ગર્ભાશયમાં મૂકે.***

***ભગવન્ ! શક્રનો દૂત હરિણેગમેષી સ્ત્રીના ગર્ભને નખની ટોચથી કે રુંવાળાના છિદ્ર વાટે અંદર મૂકવા કે બહાર કાઢવા સમર્થ છે ? હા, સમર્થ છે. તે ગર્ભને કંઈપણ ઓછી કે વધુ પીડા થવા દેતો નથી. તે ગર્ભનો છેદ કરી, ઘણો સૂક્ષ્મ કરી અંદર મૂકે કે બહાર કાઢે છે.***

● વિવેચન-૨૨૮ :-

અહીં જો કે ‘મહાવીર’ શબ્દ વાચક પદ દેખાતું નથી, તો પણ ‘હરિણેગમેષી’ વચનથી તે જ અનુમાન થાય છે, કેમકે હરિણેગમેષી દેવે ભગવંતનું ગર્ભાન્તર કરેલું. જો સામાન્યથી ગર્ભહરણ વિવક્ષા હોત તો માત્ર ‘દેવ’ કહ્યું હોત. તેમાં हरि - ઈન્દ્ર, તેના સંબંધી હરિણેગમેષી. શક્રનો આજ્ઞાપાલક, પદાતિ સૈન્યાધિકારી, જેણે શક્રની આજ્ઞાથી ભગવંત મહાવીરને દેવાનંદાના ગર્ભથી ત્રિશલાના ગર્ભમાં સંહર્યા.

સ્ત્રી સંબંધી સજીવ પુદ્‌ગલપિંડ તે સ્ત્રી ગર્ભ, તેને બીજે લઈ જતાં, અહીં ચતુર્ભંગી છે. ગર્ભાશયમાંથી ગર્ભને બીજા ગર્ભાશયમાં મૂકવો ઇત્યાદિ - x - [સૂત્રાર્થ મુજબ જાણવું.] તેમાં બાકીના ભંગનો નિષેધ કરી ત્રીજા ભંગને સ્વીકાર્યો છે. परामृश्य - સ્ત્રી ગર્ભને તેવા પ્રકારની ક્રિયાથી સ્પર્શીને, સુખે સુખે, યોનિદ્વારથી કાઢીને, ગર્ભાશયમાં ગર્ભને મૂક્યો. અહીં યોનિથી ગર્ભને કાઢ્યો તે લોકવ્યવહાર અનુસરણ છે. કેમકે કાચો કે પાકો ગર્ભ સ્વાભાવિક રીતે યોનિથી નીકળે છે.





આ તેનો ગર્ભસંહરણ આચાર કહ્યો. તેનું સામર્થ્ય કહે છે. નખની ટોચથી ગર્ભને સંહરવા કે રોમછિદ્રોથી કાઢવા તે સમર્થ છે. आबाह - થોડી પીડા, विबाह - વધુ પીડા, छविच्छेद - શરીર છેદ. શરીર છેદ કરીને, કેમકે તેમ કર્યા વિના નખના અગ્રભાગે પ્રવેશ કરાવવો અશક્ય છે. ગર્ભને ઘણો સૂક્ષ્મ કરીને કરે છે. - - ભ૦ મહાવીર સંબંધી ગર્ભાન્તર સંક્રમણ આશ્ચર્ય કહ્યું. હવે તેમના શિષ્ય સંબંધે કહે છે—

● સૂત્ર-૨૨૮ :-

***તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય અતિમુક્ત નામના કુમારશ્રમણ પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત હતા. તે અતિમુક્ત કુમારશ્રમણ અન્યદા કોઈ દિવસે ભારે વરસાદ પડ્યા પછી, કાંખમાં રજોહરણ અને પાત્ર લઈને બહાર સ્થંડિલ ભૂમિએ - જવા નીકળ્યા. ત્યારે તે અતિમુક્ત કુમારશ્રમણે પાણીનું ખાબોચીયું જોયું, જોઈને ફરતી માટીની પાળ બાંધી, ‘આ મારી નાવ છે - નાવ છે’ એમ નાવિકની માફક પાત્રને નાવરૂપ કરી, પાણીમાં વહાવી છે. એ રીતે રમત રમે છે. તે સ્થવિરોએ જોયું, જોઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા, આવીને આ પ્રમાણે કહ્યું—***

***હે દેવાનુપ્રિય ! આપના અતિમુક્ત નામે કુમારશ્રમણ શિષ્ય છે, તો હે ભગવન્ ! તે અતિમુક્ત કુમારશ્રમણ કેટલાં ભવો કરીને સિદ્ધ થશે યાવત્ અંત કરશે ? શ્રમણ ભગવંત મહાવીરે તે સ્થવિરોને આ પ્રમાણે કહ્યું — હે આર્યો ! મારો શિષ્ય અતિમુક્ત૦ પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત છે, તે અતિમુક્ત૦ આ જ ભવથી સિદ્ધ થશે યાવત્ અંત કરશે. તેથી હે આર્યો ! તમે અતિમુક્ત શ્રમણની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના કરશો નહીં.***

***હે દેવાનુપ્રિયો ! તમે અતિમુક્ત શ્રમણને ગ્લાનિ રાખ્યા સિવાય - સાચવો, સહાય કરો, ભક્ત-પાન-વિનયથી વૈયાવચ્ચ કરો. તે અતિમુક્ત૦ અંતકર અને અંતિમ શરીરી છે. ત્યારે તે સ્થવિરોએ, ભગવંત મહાવીર પાસેથી આમ સાંભળીને ભગવંત મહાવીરને વંદી, નમી અતિમુક્તની યાવત્ વૈયાવચ્ચ કરી.***

● વિવેચન-૨૨૮ :-

છ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલ છે માટે કુમારશ્રમણ. કહ્યું છે — નિર્ગ્રન્થ પ્રવચનની રુચિ કરીને છ વર્ષે દીક્ષા લીધી, તે આશ્ચર્ય. અન્યથા આઠમા વર્ષ પૂર્વે દીક્ષા ન સંભવે. કાંખમાં રજોહરણ અને પાત્ર લઈને, ‘આ મારી નૌકા’ એમ વિકલ્પ કરતો, નાવિકની જેમ નાવને અતિમુક્ત મુનિ વહાવીને રમે છે. આ તેની રમણક્રિયા બાલ્યાવસ્થાથી છે. સ્થવિરોએ તેની આ અનુચિત ચેષ્ટા જોઈને ઉપહાસ કરતા હોય તેમ પૂછ્યું, ઇત્યાદિ.

જાત્યાદિ ઉદ્‌ઘાટનથી હીલના, મનથી નિંદા, લોક સમક્ષ તે ખિંસા, તેની પાસે તે ગર્હા, ઉચિત પ્રતિપત્તિ ન કરવી - અવમાનના અને ‘પરાભવ’ પાઠ પણ છે. તેને ખેદરહિત સ્વીકારો, સહાયતા કરો, સેવા કરો. તે ભવનો છેદ કરનાર ચરમ શરીરી છે. - - અતિમુક્તની માફક ભગવંતના અન્ય શિષ્યો પણ અંતિમ શરીરી હતા —

● **સૂત્ર-૨૨૯ :-**

*તે કાળે, તે સમયે મહાશુક કલ્પથી. મહાસર્ગ મહાવિમાનથી, મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ બે દેવો શ્રમણ ભગવંત મહાવીર પાસે પ્રગટ થયાં. તે દેવો એ ભગવંત મહાવીરને મનથી વાંદી-નમીને, મનથી જ આ આવા પ્રશ્નો પૂછ્યા—*

*ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલો સો શિષ્યો સિદ્ધ થશે યાવત્ અંત કરશે ? ત્યારે, તે દેવોએ મનથી પ્રશ્નો પૂછ્યા પછી, ભગવંત મહાવીરે મનથી જ તેમને આ આવા પ્રકારનો ઉત્તર આપ્યો કે — હે દેવાનુપ્રિયો ! મારા ૭૦૦ શિષ્યો સિદ્ધ થશે યાવત્ દુઃખાંત કરશે.*

*ત્યારે તે દેવો, ભગવંત મહાવીરને મનથી પૂછેલ અને મનથી જ આવા પ્રકારે ઉત્તર સાંભળી હૃષ્ટ, તુષ્ટ યાવત્ હર્ષિતહૃદય થઈને ભગવંત મહાવીરને વાંદી, નમી, મનથી જ શુશ્રુષા, નમન કરતા અભિમુખ થઈને યાવત્ પર્યુપાસના કરવા લાગ્યા.*

*તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના જયેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ નીકટમાં, ઉભડક બેસી યાવત્ વિચરતા હતા. ત્યારે તે ગૌતમસ્વામીને ધ્યાનાંતરિકામાં વર્તતા આવા પ્રકારે યાવત્ સંકલ્પ ઉપજ્યો કે — આ બે મહર્દ્ધિક યાવત મહાનુભાવ દેવો ભગવંત મહાવીર પાસે આવ્યા, હું તે દેવોને જાણતો નથી કે કયા કલ્પ, સ્વર્ગ કે વિમાનથી, કયા કારણથી અહીં શીઘ્ર આવ્યા ? ભગવંત મહાવીર પાસે જઈ વાંદુ, નમું, યાવત્ પર્યુપાસતા આ આવા પ્રશ્નને પૂછીશ, એમ કરી ઉભા થઈ, ભગવંત મહાવીર પાસે યાવત્ સેવે છે.*

*હે ગૌતમાદિ શ્રમણો ! એમ આમંત્રી ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને આમ કહ્યું — હે ગૌતમ ! ધ્યાન સમાપ્તિ પછી તારા મનમાં આવો સંકલ્પ થયો યાવત્ મારી પાસે શીઘ્ર આવ્યો. હે ગૌતમ ! આ વાત યોગ્ય છે ? - હા, છે. તો હે ગૌતમ ! તું એ દેવો પાસે જા, તેઓ તને એ સંબંધે પૂરા પ્રશ્નોત્તર કહેશે.*

*ત્યારે ગૌતમસ્વામી, ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંતને વાંદી, નમી, જ્યાં તે દેવો હતા, ત્યાં જવા સંકલ્પ કર્યો. ત્યારે તે દેવો ગૌતમ સ્વામીને પાસે આવતા જોઈને હૃષ્ટ યાવત્ હર્ષિત હૃદય થઈને જલ્દીથી ઉઠીને સામે ગયા - ગૌતમસ્વામી પાસે આવ્યા, આવીને યાવત્ નમીને આમ કહ્યું — હે ભદંત ! અમે મહાશુક્ર કલ્પના મહાસર્ગ મહાવિમાનથી મહર્દ્ધિક એવા બે દેવો આવ્યા. ત્યારે અમે ભગવંતને વાંદી, નમી, મનથી જ આ પ્રશ્ન પૂછ્યો, ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે યાવત્ અંત કરશે ? ત્યારે ભગવંતે અમારા મનથી પૂછેલા પ્રશ્નનો અમને મનથી જ આ ઉત્તર આપ્યો કે — મારા ૭૦૦ શિષ્યો યાવત્ દુઃખાંત કરશે. ત્યારે અમે ભગવંતને મનથી જ પૂછેલા પ્રશ્નનો ભગવંતે મનથી જ આવો ઉત્તર આપેલો સાંભળીને ભગવંતને વાંદી, નમી યાવત્ પર્યુપાસતા હતા, એમ કહીને ગૌતમને વાંદી, નમી, જ્યાંથી આવ્યા હતા, ત્યાં ગયા.*



● **વિવેચન-૨૨૯ :-**

महाशुक्र - સાતમો દેવલોક. ધ્યાનાંતરિકા-ધ્યાનની સમાપ્તિ આરંભેલ ધ્યાનની સમાપ્તિ કરી નવું ધ્યાન ન આરંભવું. તેવી સ્થિતિમાં વર્તતા. - - દેવલોકના એક પ્રસ્તટથી તેના એક ભાગથી. वागरण - પ્રશ્નાર્થો. - - દેવપ્રસ્તાવથી આ કહે છે.

● **સૂત્ર-૨૩૦,૨૩૧ :-**

*[૨૩૦] ભગવન્ ! એમ કહી ગૌતમ શ્રમણે, ભગવંત મહાવીરને આમ કહ્યું — ભગવન્ ! દેવો સંયત કહેવાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, આ અભ્યાખ્યાન છે. ભગવન્ ! દેવો અસંયત કહેવાય ? ના, એમ ન કહેવાય, આ નિષ્ઠુર વચન છે. ભગવન્ ! દેવો સંયતા-સંયત કહેવાય ? ગૌતમ ! ના, આ અસદ્ભુત છે. ભગવન્ ! તો પછી દેવોને કેવા કહેવા ? ગૌતમ ! દેવો, નોસંયત કહેવાય.*

*[૨૩૧] ભગવન્ ! દેવો કઈ ભાષા બોલે ? દેવો દ્વારા બોલાતી કઈ ભાષા વિશિષ્ટરૂપ છે ? ગૌતમ ! દેવો અર્ધમાગધી ભાષા બોલે છે, બોલાતી ભાષામાં અર્ધમાગધી ભાષા જ વિશિષ્ટરૂપ છે.*

● **વિવેચન-૨૩૦,૨૩૧ :-**

से - હવે, किं - પ્રશ્ન, खाइ - વળી, દેવો શું કહેવાય ? 'નોસંયત' કહેવાય. તે અસંયતનો પર્યાય હોવા છતાં 'નોસંયત' શબ્દ અનિષ્ઠુર વચન છે. જેમ મરી ગયાને બદલે પરલોક ગયા કહે છે. દેવાધિકારથી બીજું કહે છે. - x -અર્ધમાગધી. - ભાષા છ પ્રકારે — પ્રાકૃત, સંસ્કૃત, માગધી, પિશાચી, શૌરસેની અને અપભ્રંશ. તેમાં માગધી અને પ્રાકૃત ભાષાનું કંઈ-કંઈ લક્ષણ જેમાં છે, તે અર્ધમાગધી. આ અર્ધમાગધીની વ્યુત્પત્તિ છે. - - કેવલિ, છદ્મસ્થની વક્તવ્યતાથી કહે છે —

● **સૂત્ર-૨૩૨ થી ૨૩૭ :-**

*[૨૩૨] ભગવન્ ! કેવલિ, અંતકર કે અંતિમશરીરીને જુએ, જાણે ? હા, ગૌતમ ! જુએ, જાણે. ભગવન્ ! જેમ કેવલિ અંતકર, અંતિમશરીરીને જાણે, જુએ તેમ છદ્મસ્થ તેઓને જાણે, જુએ ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. તો પણ સાંભળીને કે પ્રમાણથી જાણે, જુએ. શું સાંભળીને ? કેવલિ, કેવલિના શ્રાવક, કેવલિની શ્રાવિકા, તેના ઉપાસક કે ઉપાસિકા, તેના પાક્ષિક, તેમના પાક્ષિક શ્રાવક, શ્રાવિકા, ઉપાસક કે ઉપાસિકા પાસેથી સાંભળીને (જાણે)*

*[૨૩૩] તે પ્રમાણ શું છે ? ચાર પ્રકારે છે - પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, આગમ. અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યા મુજબ પ્રમાણ જાણવું. યાવત્ તે પછી નોઆત્માગમ, નોઅનંતરાગમ, પરંપરાગમ.*

*[૨૩૪] ભગવન્ ! કેવલિ, છેલ્લા કર્મ કે છેલ્લી નિર્જરાને જાણે, જુએ ? હા, ગૌતમ ! જાણે, જુએ. ભગવન્ ! જે રીતે કેવલિ, છેલ્લા કર્મને આદિ અંતકરના આલાવા માફક બધું જ જાણવું.*

*[૨૩૫] ભગવન્ ! કેવલિ પ્રકૃષ્ટ મન કે વચનને ધારે ? હા, ધારે. ભગવન્ !*

*કેવલિ, જે પ્રકૃષ્ટ મન કે વચનને ધારે. તેને વૈમાનિક દેવો જાણે, જુએ ? ગૌતમ ! કેટલાંક જાણે, જુએ. કેટલાક ન જાણે, ન જુએ. — એમ કેમ કહ્યું ? ગૌતમ ! વૈમાનિક દેવો બે ભેદે છે — માયિ મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન, અમાયિ સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન. તેમાં જે પહેલા છે તે ન જાણે, ન જુએ. તેમાં જે બીજા છે તે જાણે, જુએ. - અમાયિ૦ જાણે, જુએ એમ કેમ કહ્યું ? ગૌતમ ! અમાયિ સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારે - અનંતરોપપન્નક, પરંપરોપપન્નક. તેમાં અનંતરોપપન્નક ન જાણે, ન જુએ. પરંપરોપપન્નક જાણે, જુએ.*

*ભગવન્ ! પરંપરોપપન્નક યાવત્ જાણે, એમ કેમ કહ્યું ? ગૌતમ ! પરંપરોપપન્નક બે પ્રકારે - પર્યાપ્તા, અપર્યાપ્તા. તેમાં પર્યાપ્તા જાણે, અપર્યાપ્તા ન જાણે. એ પ્રમાણે અનંતર-પરંપર-પર્યાપ્તા-અપર્યાપ્તા-ઉપયુક્ત-અનુપયુક્ત વૈમાનિકો છે, તેમાં જે ઉપયુક્ત છે, તે. જાણે, જુએ. તેથી પૂર્વવત્ કહ્યું.*

*[૨૩૬] ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો ત્યાં ઉત્પન્ન થઈને કેવલિ સાથે આલાપ-સંલાપ કરી શકે ? — હા, કરી શકે. — એમ કેમ કહ્યું ? ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવો ત્યાં રહીને અર્થ, હેતુ, પ્રશ્ન, વ્યાકરણ કે કારણને પૂછે છે, ત્યારે અહીં રહેલ કેવલિ, તે અર્થ યાવત્ કારણનો ઉત્તર આપે છે, તેથી પૂર્વવત્ કહ્યું છે. - - ભગવન્ ! જ્યારે અહીં રહેલ કેવલિ અર્થ યાવત્ ઉત્તર આપે, ત્યારે અનુત્તરોપપાતિક દેવો ત્યાં રહીને જાણે, જુએ ? - એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે દેવોને અનંત મનોદ્રવ્યવર્ગણા લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ હોય છે. તેથી જ્યારે અહીં રહેલ કેવલિ જે કહે તેને યાવત્ તેઓ જાણે અને જુએ.*

*[૨૩૭] ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવ ઉદીર્ણમોહી છે, ઉપશાંતમોહી છે કે ક્ષીણમોહી છે ? ગૌતમ ! ઉદીર્ણ મોહવાળા નથી, ક્ષીણ મોહવાળા નથી, પણ ઉપશાંત મોહવાળા છે.*

**● વિવેચન-૨૩૨ થી ૨૩૭ :-**

જે રીતે કેવલી જાણે છે, તે રીતે છદ્મસ્થ જાણતા નથી. તો પણ કંઈક જાણે છે, તે દર્શાવતા કહે છે — सौच्चा० આદિ. જિનની પાસેથી ‘આ અંતકર થશે’ ઈત્યાદિ વચન સાંભળીને જાણે છે. સાંભળવાનો અર્થી થઈ, જિનની સમીપે તેના વાક્યોને સાંભળે તે કેવલિ શ્રાવક, તેના વચનો સાંભળીને જાણે છે. તે જિનની સમીપે અનેક વાક્યો સાંભળતો ‘આ અંતકર થશે’ એમ પણ સાંભળી, તેના વચનથી જાણે. સાંભળવાની ઈચ્છા વિનાનો માત્ર કેવલિને ઉપાસે તે કેવલિ ઉપાસક, તેના વચન સાંભળીને જાણે. केवलिपाक्षिक - સ્વયંબુદ્ધ. અહીં श्रुत्वा એ વચનથી પ્રકીર્ણક વચન માત્ર, જ્ઞાનના નિમિત્તત્વથી જાણવું, આગમરૂપે નહીં.

પ્રમાણ-જેનાથી પદાર્થ જાણી શકાય તે, અથવા જાણવું તે. अक्ष - જીવ, જીવ કે ઈન્દ્રિયો સાથે સંબંધિત તે પ્રત્યક્ષ. લિંગગ્રહણસંબંધ સ્મરણાદિથી થાય તે અનુમાન. સદૃશતાથી થતું પદાર્થનું ગ્રહણ તે ઉપમા, ગુરુ પરંપરાથી આવે તે આગમ. આ પ્રમાણોનું સ્વરૂપ શાસ્ત્રલાઘવાર્થે અતિદેશથી કહે છે — આ સ્વરૂપ બે ભેદે છે. ઈન્દ્રિય



પ્રત્યક્ષ, નોઈન્દ્રિય-પ્રત્યક્ષ. ઈન્દ્રિયપ્રત્યક્ષ પાંચ ભેદે - શ્રોત્રાદિથી, નોઈન્દ્રિય પ્રત્યક્ષ ત્રણ ભેદે - અવધિજ્ઞાનાદિથી. અનુમાન ત્રણ ભેદે — પૂર્વવત્, શેષવત્, દૃષ્ટસાધર્મ્યવત્. - x - x - x - આગમ પ્રમાણ બે ભેદે — લૌકિક, લોકોત્તર અથવા ત્રણ ભેદે — સૂત્ર, અર્થ, ઉભય અથવા આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ એ ત્રણ ભેદે. અર્થથી — જિનવર, ગણધર, ગણધરના શિષ્યોને આત્માગમાદિ ત્રણ ભેદ જાણવા. સૂત્રથી ગણધર, ગણધરશિષ્ય, ગણધર પ્રશિષ્યોને આ ત્રણ ભેદ જાણવા. - x -

કેવલિ અને બીજાના પ્રસ્તાવથી આ બીજું કહે છે — केवलि णं त्यादि० चरमकर्म - જે શૈલેશીને છેલ્લે સમયે અનુભવાય તે. चरमनिर्जरा - જે ચરમકર્મના અનંતર સમયે જીવપ્રદેશથી છૂટું પડે છે.

प्रणीत - શુભપણે પ્રકૃષ્ટ. धारेज्ज - ધારણ કરે, વ્યાપૃત્ત કરે.

एवं अणंतरे० જેમ વૈમાનિકો બે ભેદે કહ્યા. માયિમિથ્યાદૃષ્ટિ જાણતા નથી. એ રીતે અમાયિ સમ્યગ્દૃષ્ટિ અનંતરોપપન્ન અને પરંપરોપપન્ન એમ બે ભેદે કહેવા. અનંતરોપપન્ન જાણતા નથી, પરંપરોપપન્નના બે ભેદ - પર્યાપ્તા, અપર્યાપ્તા. અપર્યાપ્તા જાણતા નથી. પર્યાપ્તાના ઉપયુક્ત, અનુપયુક્ત બે ભેદ. અનુપયુક્ત ન જાણે.

आलाप - એકવાર બોલવું, संलाप - વારંવાર માનસિક બોલવું. लद्धा - અવધિના વિષયપણાને પામેલ. प्राप्ता - અવધિ વડે સામાન્યથી જાણેલ. अभिसमन्नागत - વિશેષથી જાણતા. કેમકે તેમના અવધિજ્ઞાનનો વિષય સંભિન્ન લોકનાડી છે. જે લોકનાડી ગ્રાહક છે, તે મનોવર્ગણા ગ્રાહક હોય. જે અવધિજ્ઞાનનો વિષય લોકનો સંખ્યેય ભાગ હોય તે અવધિજ્ઞાન મનોદ્રવ્યનું ગ્રાહક પણ હોય છે - x - x - उदिण्णमोह - ઉત્કટ વેદમોહનીય. उवसंतमोह - અનુત્કટ વેદમોહનીય કેમકે કોઈપણ રીતે મૈથુનનો સદ્‌ભાવ ન હોય. ક્ષપક શ્રેણીનો અભાવ હોવાથી તેઓ ક્ષીણ મોહનથી. - - કેવલિ અધિકારથી આ કહે છે —

**● સૂત્ર-૨૩૮ થી ૨૪૦ :-**

*[૨૩૮] કેવલી ભગવંત આદાન-ઈન્દ્રિયો વડે જાણે, જુએ ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી ? એમ કેમ કહ્યું કે ન જાણે ? ગૌતમ ! કેવલી પૂર્વમાં મિતને પણ જાણે અને અમિતને પણ જાણે છે. યાવત્ દર્શનાવરણરહિત છે, તેથી એમ કહ્યું કે ન જાણે, ન જુએ.*

*[૨૩૯] ભગવન્ ! કેવલી, આ સમયમાં જે આકાશપ્રદેશમાં હાથ, પગ, બાહુ, ઉરુને અવગાહીને રહે, તે પછીના ભવિષ્યકાળના-સમયમાં હાથને યાવત્ અવગાહીને રહેવા સમર્થ છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! કેવલિને વીર્યપ્રધાન યોગવાળું જીવદ્રવ્ય હોવાથી તેના હાથ વગેરે ચલ હોય છે, તે ઉપકરણ ચલ હોવાથી કેવલિ આ સમયમાં જે આકાશપ્રદેશમાં હાથ યાવત્ રહે છે, એ જ આકાશપ્રદેશમાં પછીના ભવિષ્યકાળમાં હાથ વગેરે અવગાહીને યાવત્ રહેવા સમર્થ નથી. તેથી ઉપર મુજબ કહ્યું છે.*

*[૨૪૦] ભગવન્ ! ચૌદપૂર્વી ઘડામાંથી હજાર ઘડાને, પટમાંથી હજાર પટને,*

*કટમાંથી કટને, રથમાંથી રથને, છત્રમાંથી છત્રને, દંડમાંથી હજાર દંડને બનાવીને દેખાડવા સમર્થ છે ? હા, છે. ભગવન્ એમ કેવી રીતે ? ગૌતમ ! ચૌદપૂર્વી ઉત્કરિકા ભેદ વડે ભેદાતા અનંત દ્રવ્યો લબ્ધ, પ્રાપ્ત, સન્મુખ હોય છે. તેથી પૂર્વવત્ કહ્યું છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૨૩૮ થી ૨૪૦ :-**

आयाणेहिं - જેના વડે પદાર્થ ગ્રહણ થાય તે ઈન્દ્રિયો, તેના વડે કેવલિ ન જાણે. વર્તમાન સમયમાં, અવગાહીને, ભાવિકાળમાં પણ. વીર્ય એટલે વીર્યાંતરાયના ક્ષયથી જન્મેલ શક્તિ, તે પ્રધાન હોય તેવા માનસાદિ વ્યાપારયુક્ત જે વિધામાન જે જીવ દ્રવ્ય. વીર્યના સદ્‌ભાવે પણ યોગ વિના ચલન ન થઈ શકે માટે સયોગ વડે સદ્દ્રવ્ય વિશેષિત કર્યુ. 'सत्' સત્તા અવધારણાર્થે છે અથવા આત્મરૂપ દ્રવ્ય તે સદ્દ્રવ્ય અથવા વીર્યપ્રધાન યોગવાળો એવો અને મન વગેરે વર્ગણાયુક્ત તે વીર્ય સયોગ સદ્દ્રવ્ય. चल - અસ્થિર, उवगरण - અંગો. અસ્થિર હોવાથી.

કેવલિ અધિકારથી શ્રુતકેવલિને આશ્રીને આ સૂત્ર છે — - x - શ્રુતથી ઉત્પન્ન શક્તિ દેખાડવા સમર્થ છે ? પુદ્‌ગલોના ભેદ ખંડાદિ ભેદે પાંચ પ્રકારે થાય. ઢેફા આદિ ભેદ તે ખંડભેદ. અભ્રપટલવત્ તે પ્રતરભેદ. તલ આદિ ચૂર્ણવત્ તે ચૂર્ણિકા ભેદ. કૂવાના કાંઠાની તિરાડ માફક અનુતટિકા ભેદ. એરંડાના બીજ પેઠે ભેદાય તે ઉત્કરિકા ભેદ. તે ઉત્કરિકા ભેદથી ભેદાતા. લબ્ધિવિશેષથી ગ્રહણ કરવાને યોગ્ય કરેલા, તેથી જ ગ્રહ્યાં, ઘટાદિરૂપે પરિણમાવવાને આરંભ્યા. તે વડે હજારો ઘટાદિ બતાવે. આહારક શરીર પેઠે બનાવી માણસોને દેખાડે. ઉત્કરિકા ભેદથી ભેદાયેલા દ્રવ્યો વડે ઈચ્છેલા ઘટાદિને બનાવવા સમર્થ છે, બીજા ભેદ વડે ભેદાયેલાથી નહીં, માટે અહીં ઉત્કરિકા ભેદનું ગ્રહણ કર્યુ.

### ❀ શતક-૫, ઉદ્દેશો-૫-''છદ્મસ્થ'' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૪-માં ચૌદપૂર્વી મહાનુભાવ કહ્યા. તે મહાનુભાવત્વથી તે ચૌદપૂર્વી છદ્મસ્થ હોય, તો પણ સિદ્ધ થશે, એવી શંકા નિવારવા કહે છે—

● **સૂત્ર-૨૪૧ થી ૨૪૩ :-**

*[૨૪૧] ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય, વીતી ગયેલા શાશ્વતા અનંતકાળમાં માત્ર સંયમ વડે - - - જેમ પહેલા શતકના ચોથા ઉદ્દેશાના આલાવા છે, તેમ યાવત્ 'અલમસ્તુ' કહ્યું ત્યાં સુધી જાણવું.*

*[૨૪૨] ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે - સર્વે પ્રાણ, ભૂત, જીવ, સત્વ એવંભૂત વેદના વેદે છે. તે કેવી રીતે ? ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ વેદે છે, તે મિથ્યા કહે છે. ગૌતમ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું - કેટલાંક પ્રાણ, ભૂત, જીવ, સત્વ એવંભૂત વેદના વેદે છે. કેટલાંક પ્રાણ, ભૂત, જીવ. સત્વો અનેવંભૂત વેદના વેદે છે - એમ કેમ કહ્યું? ગૌતમ ! જે પ્રાણ, ભૂત, જીવ, સત્વો કરેલા કર્મો પ્રમાણે વેદના વેદે છે, તેઓ એવંભૂત વેદના વેદે છે. જેઓ કરેલા કર્મો પ્રમાણે નથી વેદતા તે અનેવંભૂત વેદના વેદ છે.*

*ભગવન્ ! નૈરયિકો, એવંભૂત વેદના વેદે કે અનેવંભૂત ? ગૌતમ ! તેઓ બંને વેદના વેદે છે — એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે નારકો કરેલા કર્મ પ્રમાણે વેદના વેદે છે તે એવંભૂત વેદના વેદે છે. જે નૈરયિકો કરેલા કર્મ પ્રમાણે વેદના વેદે છે. તે હેતુથી એમ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક સુધી સંસારમંડલ જાણવું.*

*[૨૪૩] ભગવન્ ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં કેટલા કુલકરો થયા ? ગૌતમ ! સાત. એ રીતે તીર્થંકર, તીર્થંકરના માતા, પિતા, પહેલા શિષ્યા, ચક્રવર્તીમાતા, સ્ત્રીરત્ન, બલદેવ, વાસુદેવ, વાસુદેવના માતા, પિતા, પ્રતિશત્રુ આદિ સમવાયના ક્રમે જાણવું. - ભગવન્ ! એમ જ છે.*

● **વિવેચન-૨૪૧ થી ૨૪૩ :-**

છદ્મસ્થ એટલે આધોવધિક અને પરમાવધિક. એકલા સંયમથી સિદ્ધ ન થાય. આ સૂત્ર ઉત્પન્ન જ્ઞાનાદિધર કેવલિ સુધી લેવું. આ કથન પૂર્વે શતક-૧-માં કરેલ છે, તો પણ અહીં વિશેષથી કહ્યું છે.

સ્વતીર્થિકની વક્તવ્યતા પછી અન્યતીર્થિકનું કથન કરે છે. જે પ્રકારે કર્મ બાંધ્યુ છે, તે પ્રકારે ઉત્પન્ન કર્મ વેદના અનુભવે છે. તેમનું મિથ્યાત્વ આ રીતે છે - આયુ કર્મના વ્યભિચારથી જેમ બાંધ્યા છે તેમ બધાં કર્મો અનુભવાતા નથી. દીર્ઘકાળે અનુભવનીય આયુકર્મ થોડાં કાળે પણ અનુભવે છે. અન્યથા સર્વજન પ્રસિદ્ધ અપમૃત્યુ વ્યવહાર ન થાય અથવા મહાસંગ્રામમાં લાખો જીવોના મૃત્યુ એકસાથે ન થાય.

અનેવંભૂત - જે પ્રકારે બાંધ્યુ છે, તે કર્મનો સ્થિતિ ઘાત, રસઘાત આગમમાં સંભળાય છે, તેથી પણ અનેવંભૂત વેદના સત્ય ઠરે છે. આ રીતે વૈમાનિક પર્યન્ત સર્વ સંસારીચક્ર જાણી લેવું.

### ❀ શતક-૫, ઉદ્દેશો-૬, ''આયુ'' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં જીવોની કર્મવેદના કહી, હવે કર્મબંધના કારણો કહે છે.

● **સૂત્ર-૨૪૪ :-**

*ભગવન્ ! જીવો અલ્પાયુષ્કતાનું કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! ત્રણ કારણે - હિંસા કરીને, જૂઠ બોલીને, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક, અનેષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વડે પ્રતિલાભીને. - x -*

*ભગવન્ ! જીવો દીર્ઘાયુષ્તાનું કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! ત્રણ કારણે - હિંસા ન કરીને, જૂઠ ન બોલીને, તથારૂપ શ્રમણ, માહણને પ્રાસુક, એષણીય અશનાદિથી પ્રતિલાભીને દીર્ઘાયુષ્ક કર્મ બાંધે.*

*ભગવન્ ! જીવો અશુભ દીર્ઘાયુષ્કતાનું કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! હિંસા કરીને, જૂઠું બોલીને, તથારૂપ શ્રમણ કે માહણની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના કરીને, એવા કોઈ અપ્રીતિના કારણરૂપ અમનોજ્ઞ અશનાદિ પ્રતિલાભીને અશુભ દીર્ઘાયુષ્કતા કર્મ બાંધે.*

*ભગવન્ ! જીવો શુભ દીર્ઘાયુષ્કતા કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! હિંસા ન કરીને, જૂઠ ન બોલીને, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને વંદી, નમી યાવત્ પર્યુપાસીને, અન્ય કોઈ પ્રીતિકારણરૂપ મનોજ્ઞ અશનાદિ પ્રતિલાભીને જીવો શુભ દીર્ઘાયુષ્કતા કર્મ બાંધે છે.*

● વિવેચન-૨૪૪ :-

જેનું આયુ થોડું છે, તે અલ્પાયુષ્ક, અલ્પજીવનના કારણરૂપ કર્મ બાંધે. કઈ રીતે ? જીવોનો નાશ કરીને, મૃષાવાદ બોલીને ભક્તિદાન ઉચિતપાત્ર. તપ કરે તે શ્રમણ, બીજાને 'ન હણો' એમ કહે અને પોતે પણ હણવાથી નિવૃત્ત તે માહણ અથવા કુશલ અનુષ્ઠાન આચરે તે બ્રાહ્મણ. અપ્રાસુક - સચિત્ત, અનેષણીય - ન કલ્પે તેવું. અશનાદિ વહોરાવીને. અધ્યવસાય વિશેષથી આ ત્રણે જઘન્યાયુ ફળ થાય છે. અથવા અહીં અમુક અપેક્ષાવાળી અલ્પાયુષ્કતા લેવી. કેમકે જિનાગમમાં અભિસંસ્કૃત મતિવાળા મુનિઓ નાની ઉંમરના ભોગીને જોઈને ક્યારેક બોલે છે - નક્કી ભવાંતરે પ્રાણિઘાતાદિ કંઈ અશુભ કર્યુ હશે. અથવા મુનિને અકલ્પ્યનું દાન આપેલ હશે. જેથી આ ટુંકા આયુવાળો થયો.

બીજા કહે છે – “જે જીવ જિનસાધુગુણ પક્ષપાતિપણાથી તેઓની પૂજાર્થે પૃથ્વી આદિના આરંભ વડે, પોતાના કરિયાણામાં અસત્ય ઉત્કર્ષણ વડે, આધાકર્માદિ કરવા વડે હિંસાદિમાં વર્તે છે, તેને વધાદિ ક્રિયાથી વિરમવાને લીધે મળતા અને નિરવધદાનરૂપ નિમિત્તથી આયુષ્યની અપેક્ષાએ આ અલ્પાયુપણું હોય છે.” જેમ આ અન્યો કહે છે, તેમ ન હોવું જોઈએ, કેમકે સૂત્ર નિર્વિશેષણ છે.

સૂત્ર વિશેષણરહિત હોવા છતાં પ્રાણાતિપાતાદિ વિશેષણ અવશ્ય કહેવું. અહીંથી ત્રીજા સૂત્રમાં પ્રાણાતિપાતાદિથી જ અશુભ દીર્ઘ આયુપણું કહ્યું છે. - x - વળી, હે ભગવન્ ! શ્રાવક, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક અશનાદિથી પડિલાભતા તેને શું થાય ? ગૌતમ ! તેને ઘણી નિર્જરા અને અલ્પ પાપકર્મ થાય. આ વચનથી જાણી શકાય કે અલ્પાયુપણું ક્ષુલ્લક ભવગ્રહણરૂપ નથી ઇત્યાદિ - x -

- x - યોગ્યતાની અપેક્ષાએ ધર્મને માટે પ્રાણાતિપાતાદિ પ્રવચનમાં કહેલ છે. દાનાધિકારમાં શ્રાવકો બે ભેદે સંભળાય છે - સંવિગ્ન ભાવિત, લુબ્ધક દૃષ્ટાંતભાવિત. - x - તેમાં આગમના અર્થને ન જાણતા લુબ્ધક દૃષ્ટાંત ભાવિત જેમ-તેમ દાન દે. સંવિગ્નભાવિત સાધુની સંયમ બાધાના પરિહારક હોવાથી મુનિઓને ઉચિત દાન દે છે. કહ્યું છે – નિર્વાહ થઈ શકતો હોય ત્યારે અશુદ્ધ દેનાર-લેનાર બંનેનું અહિત છે, અનિર્વાહે, ગ્લાનદૃષ્ટાંતથી બંનેનું હિત છે અથવા અપ્રાસુકદાન અલ્પાયુપણાનું મુખ્ય કારણ છે, હિંસા, જૂઠ એ તેના સહકારી કારણો છે. કેમકે હિંસા અને જૂઠ એ દાનના વિશેષણ છે. તે આ રીતે - જીવ હિંસા વડે આધાકર્માદિ કરવાથી જૂઠું બોલ્યો કે – હે સાધુ ! આ ભોજનાદિ મારા માટે કર્યા છે. તેથી તમને કલ્પનીય અને એષણીય છે. - x - એ રીતે કર્મ બાંધે. આ સૂત્ર ગંભીર છે, અન્યથા પણ વિચારવું.

દીર્ઘાયુષ્કતાના કારણો – જીવદયાદિવાળાને લાંબુ આયુષ્ય હોય છે. કેમકે દીર્ઘાયુવાળાને જોઈને વક્તા બોલે છે - આણે પૂર્વે જીવદયા આદિ પાળેલ છે, માટે દીર્ઘાયુ થયો. તેથી એ સિદ્ધ છે કે – વધ આદિથી વિરતને દેવગતિના હેતુરૂપ દીર્ઘાયુ મળે છે. કહ્યું છે - સમ્યગ્ દૃષ્ટિ જીવને અણુવ્રત અને મહાવ્રત વડે, બાળતપથી અકામનિર્જરા વડે દેવાયુનો બંધ થાય છે. દાનને આશ્રીને કહે છે – ભગવન્ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને પ્રાસુક અને એષણીય અશનાદિથી પ્રતિલાભતા શ્રાવકને શું થાય ? ગૌતમ ! એકાંતે નિર્જરા થાય. ઇત્યાદિ - x -



દીર્ઘાયુષ્કનાં જ શુભાશુભ કારણોને કહે છે – બધું પૂર્વવત્. વિશેષ એ કે – શ્રમણાદિને હીલનાદિપૂર્વક વહોરાવે. જાત્યાદિ ઉઘાડા પાડવા તે હીલના, કુત્સા તે નિંદા, મનથી તે ખિંસા, લોકસમક્ષ તે ગર્હા, ઉભા ન થવું વગેરે અપમાન. સ્વરૂપથી અશોભન, ખરાબ અન્નાદિ વડે, તેથી જ અપ્રીતિકારણથી. ભક્તિવાળાને તો અમનોજ્ઞ પણ મનોજ્ઞ જ છે. આ સૂત્રમાં અશનાદિને પ્રાસુક કે અપ્રાસુક એમ વિશેષિત નથી કર્યુ. - x - હીલનાદિને જ પ્રધાનરૂપે તેના કારણપણે કહેલ છે. - x - હિંસા અને જૂઠ તો અહીં પણ ઘટે જ છે. કેમકે અવજ્ઞાદાનમાં પણ પ્રાણાતિપાતાદિ દેખાય છે. હિંસા, નરકગતિનો હેતુ હોવાથી તેનાથી અશુભ દીર્ઘાયુ થાય છે. - x - નરકગતિ વિવક્ષાથી દીર્ઘાયુ છે.

વિપરીત સૂત્ર પૂર્વવત્. વિશેષ એ કે – અહીં પણ પ્રાસુક, અપ્રાસુક દાન સ્પષ્ટ કર્યુ નથી. છતાં - x - તે બંનેના ફળમાં કંઈ વિશેષ નથી, એમ ન સમજવું. - x - તેથી અહીં પ્રાસુક, એષણીય દાનથી દેવલોકની પ્રાપ્તિ થાય છે. - x - એ રીતે અહીં અલ્પાયુ, દીર્ઘાયુ, અશુભ દીર્ઘાયુ, શુભ દીર્ઘાયુ કહ્યા. - x - હવે બીજી ક્રિયાઓ કહે છે –

● સૂત્ર-૨૪૫ :-

*ભગવન્ ! કરિયાણું વેચતા કોઈ ગૃહસ્થનું કરિયાણું કોઈ ચોરી જાય, તો હે ભગવન્ ! તે કરિયાણાનું અનુગવેષણકર્તાને શું આરંભિકી ક્રિયા લાગે કે પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાની કે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા લાગે ? ગૌતમ ! તેને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શનક્રિયા કદાચ લાગે, કદાચ ન લાગે. ગવેષણ કરતાં ચોરાયેલું કરિયાણું પાછું મળે તો બધી ક્રિયા પાતળી પડે.*

*ભગવન ! કરિયાણું વેચતા ગૃહસ્થનું કરિયાણું ખરીદ્યુ તેને માટે બાનું આપ્યું, પણ હજી કરિયાણું લઈ જવાયું નથી. ભગવન્ ! વેચનાર ગૃહપતિને તે કરિયાણાથી આરંભિકી આદિ ક્રિયા લાગે ? ગૌતમ ! તે ગૃહપતિને તે કરિયાણાથી આરંભિકીથી અપ્રત્યાખ્યાની ક્રિયા લાગે. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ લાગે, કદાચ ન લાગે. ખરીદનારને તે બધી ક્રિયા પ્રતનું હોય છે.*

*ભગવન્ ! ભાંડને વેચતા ગૃહપતિને યાવત્ તે ભાંડ ખરીદકર્તાએ પોતાને ત્યાં આણ્યું. ભગવન્ ! ત્યારે ખરીદ કરનારને તે કરિયાણાથી આરંભિકી આદિ ક્રિયા લાગે ? વેચનારને પણ તેથી આરંભિકી આદિ ક્રિયા લાગે ? ગૌતમ !*

*ખરીદકર્તાને નીચેની ચાર ક્રિયા લાગે, મિથ્યાદર્શન ક્રિયાની ભજના, ગૃહપતિને પાંચે પ્રતનું હોય.*

*ભગવન્ ! ગૃહપતિને ભાંડ યાવત્ ધન ન મળ્યુ હોય તો ? ઉપનીત ભાંડવત્ ચોથો આલાવો જાણવો જો ધન ઉપનીત હોય તો અનુપનીત ભાંડ વિશે પહેલા આલાવા સમાન જાણવું. પહેલા અને ચોથા આલાવાનો સમાન ગમ છે, બીજા-ત્રીજાનો સમાન ગમે છે.*

*૦ ભગવન્ ! હમણાં જ્વલિત અગ્નિકાય, મહાકર્મવાળો યાવત્ મહા-ક્રિયાવાળો, મહાઆશ્રવવાળો, મહાવેદનાવાળો હોય છે, તે સમયે સમયે ઓછો થતો હોય અને છેલ્લે અંગાર-મુર્મુર-છારિય રૂપ થયો. પછી અલ્પકર્મવાળો, અલ્પક્રિયાવાળો, અલ્પાશ્રવી, અલ્પ વેદનાવાળો થાય ? હા, ગૌતમ ! થાય.*

● વિવેચન-૨૪૫ :-

ગૃહપતિ એટલે ગૃહસ્થ. જો ગૃહસ્થ મિથ્યાર્દષ્ટિ હોય તે મિથ્યાદર્શન ક્રિયા લાગે, જો સમ્યગ્દૃષ્ટિ હોય તો આ ક્રિયા ન લાગે.

હવે ક્રિયામાં જ વિશેષ કહે છે — अथ પક્ષાંતર સૂચવે છે તે ભાંડ ગવેષણાથી મળેલ હોય. તે ગૃહસ્થને મળ્યા પછી તુરંત જ જેનો સંભવ છે તે આરંભિકી આદિ ક્રિયા ટૂંકી થાય છે. ચોરાયેલ ભાંડ શોધતી વખતે તે પ્રયત્ન વિશેષવાળો હોવાથી તે ક્રિયા મોટી હોય છે.

क्रयिक - ગ્રાહક બાનું આપીને ભાંડને સ્વીકારે. જ્યાં સુધી ખરીદનારને સોંપ્યુ નથી ત્યારે કરિયાણું અપ્રાપ્ત હોવાથી તે સંબંધે ક્રિયા ઓછી લાગે. ગૃહસ્થને ત્યાં હોવાથી મહાક્રિયા લાગે. ગ્રાહકને સોંપ્યા પછી ગ્રાહકને મોટી ક્રિયા લાગે, ગૃહસ્થને ઓછી લાગે. ઉપનીત-અનુપનીત ભાંડ સંબંધે બે સૂત્રો કહ્યા — એ રીતે ધન સંબંધે બે સૂત્ર. (૧) — [વૃત્તિકારે મૂળ સૂત્ર જ મૂકેલ છે. તેથી અહીં અર્થ કર્યો નથી.] એ પ્રમાણે ત્રીજું સૂત્ર બીજા સૂત્ર સમાન સમજવું. ચોથું સૂત્ર (૨) — [મૂળ સૂત્ર જ મૂકેલ હોવાથી અર્થ કર્યો નથી.] પહેલાં સૂત્ર સમાન આ ચોથું સૂત્ર છે. એ રીતે સૂત્રપુસ્તક અક્ષર જાણવા.

૦ ક્રિયા અધિકારથી આ કહે છે — હમણાં પ્રગટાવેલો. ઓલવાતા અગ્નિની અપેક્ષાએ, બંધને આશ્રીને, ઘણાં મોટા જ્ઞાનાવરણીય આદિ કર્મબંધનો હેતુ હોવાથી મહાકર્મતર છે. એમ બીજા વિશેષણ પણ જાણવા. વિશેષ એ — દાહને ક્રિયારૂપ જાણવો. નવા કર્મોમાં ઉપાદાન હેતુ તે આશ્રવ. તે કર્મજન્ય પીડા, તે વેદના. અથવા પરસ્પર શરીર સંબાધજન્ય પીડા, તે વેદના. - - ઓછો થતો, અંગારાદિ અવસ્થા આશ્રીને અલ્પ કર્મવાળો છે. - x - ક્રિયા અધિકારથી આ સૂત્ર કહે છે —

● સૂત્ર-૨૪૬,૨૪૭ :-

*[૨૪૬] ભગવન્ ! પુરુષ, ધનુષ્ને ગ્રહણ કરે, કરીને બાણને ગ્રહણ કરે, કરીને સ્થાને બેસે, બેસીને ધનુષ્ને કાન સુધી ખેંચે, ખેંચીને ઉંચે આકાશમાં બાણને ફેંકે, પછી ઉંચે આકાશમાં ફેંકાયેલ બાણ, ત્યાં પ્રાણ, ભૂત, જીવ કે સત્વોને હણે - શરીર સંકોચે - શ્લિષ્ટ કરે - સંઘટ્ટે - સંઘાત કરે - પરિતાપે - કલાંત કરે - એક સ્થાનથી બીજે સ્થાને લઈ જાય કે જીવિતથી ચ્યુત કરે. તો તેને કેટલી ક્રિયા લાગે ?*

*ગૌતમ ! યાવત્ તે પુરુષ ધનુષ્ને ગ્રહણ કરે, યાવત્ બાણ ફેંકે ત્યાં સુધી તે પુરુષ કાયિકી આદિ પાંચે ક્રિયાને કરે. જે જીવોના શરીર દ્વારા ધનુષ્ બનેલ છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયા સ્પર્શે. એ રીતે ધનુપૃષ્ઠને, જીવાને, ણ્હારુને, બાણને, શર-પત્ર-ફળ આદિ બધાંને પાંચે પાંચ ક્રિયાઓ સ્પર્શે છે.*

*[૨૪૭] હવે તે બાણ, પોતાની ગુરુતા, ભારેપણું, ગુરુતા અને ભારેપણું - તે વડે તે બાણ સ્વભાવથી નીચે પડતું હોય ત્યારે ત્યાં પ્રાણોને યાવત્ જીવિતથી ચ્યુત કરે ત્યારે તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! યાવત્ તે બાણ પોતાની ગુરુતાથી યાવત્ જીવિતથી ચ્યુત કરે ત્યારે તે પુરુષ કાયિકી આદિ ચાર ક્રિયાને સ્પર્શે. જે જીવોના શરીરથી ધનુષ્ બનેલ છે, તે જીવો પણ ચાર ક્રિયાને સ્પર્શે. જીવા, ણ્હારુ ચાર ક્રિયાને અને બાણ, શર, પત્ર, ફળ પાંચે ક્રિયાને સ્પર્શે. બાણના અવગ્રહમાં જે જીવો આવે, તે જીવો પણ કાયિકી આદિ પાંચ ક્રિયાને સ્પર્શે.*

● વિવેચન-૨૪૬,૨૪૭ :-

परामुसइ - ગ્રહણ કરે. ફેંકવા માટે પ્રસારેલ, કાન સુધી ખેંચેલ તે આયતકર્ણાયત. ઉંચે, વૃક્ષની ટોચની અપેક્ષાએ પણ કહેવાય, તેથી કહ્યું આકાશમાં. अभिहणइ - સામે આવેલને હણે. वत्तेइ - બીજાના શરીરને સંકોચવાથી ગોળ કરે. लेसेइ - પોતામાં ચોંટાડી દે, संघाएइ - પરસ્પર ગાત્રો સાથે સંહત કરે. संघट्टेइ - થોડો સ્પર્શ કરે. परितावेइ - ચારે તરફથી પીડા કરે, किलामेइ - મારણાંતિકાદિ સમુદ્ઘાતને પમાડે. - x - x - किरियाहिं पुट्ठे - ક્રિયાથી ઉત્પન્ન કર્મ વડે બદ્ધ થાય. - x -

[શંકા] પુરુષમાં કાયાદિ વ્યાપારથી પાંચ ક્રિયા લાગે તે ઠીક છે, પણ જે જીવોના શરીરથી ધનુષ્ આદિ બનેલા છે, તે જીવોને પાંચ ક્રિયા કેમ લાગે ? તે જીવનું શરીર પણ ત્યારે અચેતન છે. જો અચેતન કાયાથી બંધ માનીએ, તો સિદ્ધોને પણ તે પ્રસંગ આવે. - x - વળી કાયિકી આદિ ક્રિયામાં હેતુભૂત હોવાથી ધનુષ્યાદિના જીવોને પાપબંધનાં કારણો છે, એ રીતે તો પાત્ર, દંડ આદિ જીવરક્ષાહેતુથી પુન્યબંધના કારણ થવા જોઈએ ? [સમાધાન] અવિરતિ પરિણામથી બંધ થાય. તે પરિણામ જેમ પુરુષને છે, તેમ જે જીવના શરીરથી ધનુષ્ આદિ નીપજ્યા છે, તે જીવને પણ છે. સિદ્ધોને આવા પરિણામ નથી, માટે બંધ નથી. પુન્યબંધનું કારણ વિવેકાદિ ન હોવાથી પાત્રાદિ જીવોને પુન્યબંધ હેતુ નથી. વળી સર્વજ્ઞ વચન પ્રામાણ્યથી જેમ તેઓએ કહ્યું, તેમ શ્રદ્ધા કરવી.

જો કે અહીં કોઈપણ રીતે ધનુષ્મત્ આદિ સર્વ ક્રિયામાં કથંચિત્ નિમિત્તરૂપ છે, તો પણ વધ પ્રત્યે અમુખ્યપણાથી વધ ક્રિયા તેઓએ કરી છે, તેમ ન કહ્યું, નિમિત્ત ભાવથી ક્રિયા કરી છે તેમ કહ્યું માટે ચાર ક્રિયા લાગે. - - હવે સમ્યક્પ્રરૂપણા.

● **સૂત્ર-૨૪૮ થી ૨૫૦ :-**

***[૨૪૮] ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે - જેમ કોઈ યુવતીને યુવાન હાથવડે હાથ ગ્રહીને અથવા આરાઓથી ભીડાયેલ ચક્રની નાભિ હોય, એ રીતે યાવત્ ૫૦૦ યોજન સુધી મનુષ્યલોક મનુષ્યોથી ભરેલો છે, એમ કેમ હોઈ શકે ? ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કહે છે - x - તે ખોટું છે. હું એમ કહું છું એ રીતે યાવત્ ૪૦૦/૫૦૦ યોજન નરકલોક નારકોથી ભરેલો છે.***

***[૨૪૯] ભગવન્ ! નૈરયિકો એકપણું કે બહુપણું વિકુર્વવા સમર્થ છે ? જીવાભિગમમાં જે રીતે આલાવો છે, તેમ જાણવો.***

***[૨૫૦] 'આધાકર્મ અનવધ છે' એમ મનમાં સમજતો હોય. તે જો તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, જો તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કરીને કાળ કરે, તો તેને આરાધના છે. આ ગમ મુજબ જાણવું કે — ક્રીતકૃત, સ્થાપના, રચિત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, વર્દલિકાભક્ત, શય્યાતર પિંડ, રાજપિંડ. - - 'આધાકર્મ અનવધ છે' તેમ ઘણા લોકો મધ્યે બોલે, પોતે પણ વાપરે તેને તે સ્થાનની યાવત્ આરાધના છે. આ પ્રમાણે પૂર્વવત્ રાજપિંડ સુધી જાણવું. - - 'આધાકર્મ અનવધ છે', તેમ કહી તે પ્રમાણે સ્વયં પરસ્પર દેવડાવે, તેને પૂર્વવત્ રાજપિંડ સુધી જાણવું. 'આધાકર્મ અનવધ છે' તેમ ઘણાં લોકો મધ્યે પ્રરૂપે તો પૂર્વવત્ જાણવું.***

● **વિવેચન-૨૪૮ થી ૨૫૦ :-**

बहुसमाइण्ण - અત્યંત આકીર્ણ. અન્યતીર્થિકનું આ વચન વિભંગજ્ઞાનપૂર્વક હોવાથી અસત્ય જાણવું. હવે નારક વક્તવ્યતા સૂત્ર—

શસ્ત્રોનું એકપણું, બહુપણું. આ આલાપક છે. હે ગૌતમ ! એકપણું પણ વિકુર્વવા સમર્થ છે અને બહુપણું પણ વિકુર્વવા સમર્થ છે - x - ઇત્યાદિ. તે બધાં સંખ્યાત હોય, પણ અસંખ્યાત ન હોય, એ પ્રમાણે સંબદ્ધ શરીરોને વિકુર્વીને પરસ્પર કાયાને હણતા-હણતા વેદના ઉદીરે છે તે વેદના — ઉજ્જ્વલ, વિપુલ, કર્કશ, કટુ, કઠોર, નિષ્ઠુર, ચંડ, તીવ્ર, દુઃખરૂપ, દુર્ગ અને દુસ્સહ હોય છે. તેમાં વિપુલ - લેશમાત્ર સુખરહિત, આખા શરીરે વ્યાપેલી વેદના, પ્રગાઢ - પ્રકર્ષવાળી, कर्कश - અનિષ્ટ, चंड - ભયંકર, तीव्र - શીઘ્રપણે શરીરવ્યાપી, दुःख - અસુખરૂપ, दुःसह.

આ વેદના જ્ઞાનાદિ આરાધના ન કરી હોય ત્યારે થાય છે માટે આરાધનાના અભાવને દર્શાવતું સૂત્ર કહે છે - अनवद्य - નિષ્પાપ. એ પ્રમાણે મનને સ્થાપે છે. रचितक - રચેલું. જેમકે ભુકો થયેલા લાડવાનો સાધુ માટે ફરી લાડવો બનાવવો તે ઔદ્દેશિકરૂપ છે. कांतारभक्त - અરણ્યમાં ભિક્ષુના નિર્વાહ માટે બનાવેલું. वार्दलिका - મેઘદુર્દિન. ग्लानभक्त - ગ્લાનની નીરોગતાર્થે ભિક્ષુને દેવા માટે કરેલું ભોજન, આગમમાં દોષિત કહેલા આધાકર્માદિ આહારને નિર્દોષપણે કલ્પવો, પછી સ્વયં તેનું ભોજન કરવું, બીજાને આપવું, સભામાં નિર્દોષ કહેવું - એ બધું વિપરીત શ્રદ્ધાથી



મિથ્યાત્વરૂપ છે. - આ વસ્તુ આચાર્યો કહે છે, માટે આચાર્યને દર્શાવે છે —

● **સૂત્ર-૨૫૧,૨૫૨ :-**

***[૨૫૧] ભગવન્ ! સ્વવિષયમાં ગણને અગ્લાનપણે સ્વીકારતા અને સહાય કરતા આચાર્ય, ઉપાધ્યાય કેટલાં ભવો કરીને સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાંક તે જ ભવે સિદ્ધ થાય. કેટલાંક બે ભવ કરીને સિદ્ધ થાય, પણ ત્રીજા ભવને અતિક્રમે નહીં.***

***[૨૫૨] ભગવન્ ! જે બીજાને અલિક, અસદ્ભુત, અભ્યાખ્યાન વડે દૂષિત કહે, તે કેવા પ્રકારના કર્મો બાંધે ? ગૌતમ ! તે તેવા પ્રકારના જ કર્મો બાંધે, તે જ્યાં જાય, ત્યાં તે કર્મોને વેદે, પછી નિર્જરે. - x -***

● **વિવેચન-૨૫૧,૨૫૨ :-**

આચાર્ય સાથે ઉપાધ્યાય તે આચાર્યોપાધ્યાય. અર્થ અને સૂત્ર દેવારૂપ પોતાના વિષયમાં, શિષ્યવર્ગને, ખેદરહિતપણે સ્વીકારે અને સહાય કરે. બીજો અને ત્રીજો ભવ દેવ ભવના આંતરાવાળો જાણવો. ચારિત્રવંત સીધો દેવભવમાં જાય. ત્યાં સિદ્ધિ છે નહીં. પર અનુગ્રહનું સાક્ષાત્ ફળ કહ્યું.

હવે બીજાને ઉપઘાતનું ફળ કહે છે - अलिक - ભૂતનિહ્નવરૂપ - જેમકે - સાધુએ બ્રહ્મચર્ય પાળેલ હોય, છતાં તેણે બ્રહ્મચર્ય નથી પાળેલ, તેમ કહેવું. असदभूत - ન થયેલના કહેવા રૂપ - જેમકે ચોર નથી તેને ચોર કહેવો. અથવા अलीक - અસત્ય. તે દ્રવ્યથી પણ હોય છે. કોઈ શિકારી આદિ મૃગ વિશે પૂછે, ત્યારે જાણવા છતાં હું નથી જાણતો તેમ કહેવું. અસદ્ભુત એટલે દુષ્ટ અભિપ્રાય હોવાથી અશોભનરૂપ अभ्याख्यान - સામે રહીને દોષોને પ્રગટ કરવારૂપ કથન. अभ्याखाति - કહે. - x - જ્યાં ઉત્પન્ન થાય. ત્યાં તેના ફળ ભોગવે.

## ❀ શતક-૫, ઉદ્દેશો-૭ 'પુદ્ગલકંપન' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-ને અંતે કર્મપુદ્ગલનિર્જરા કહી. નિર્જરા ચલનરૂપ છે, તેથી ઉદ્દેશા-૭માં પુદ્ગલના ચલનને આશ્રીને કહે છે —

● **સૂત્ર-૨૫૩,૨૫૪ :-**

***[૨૫૩] ભગવન્! પરમાણુ પુદ્ગલ કંપે, વિશેષ કંપે યાવત્ તે તે ભાવે પરિણમે? કદાચ કંપે યાવત્ પરિણમે. કદાચ ન કંપે યાવત્ ન પરિણમે. - - ભગવન્! દ્વિપ્રદેશિક સ્કંધ કંપે યાવત્ પરિણમે? હે ગૌતમ! કદાચ કંપે યાવત્ પરિણમે, કદાચ ન કંપે યાવત્ ન પરિણમે. કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે.***

***ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કંપે છે ? ગૌતમ ! કદાચ કંપે, કદાચ ન કંપે. કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે, કદાચ એક ભાગ કંપે, બહુ ભાગ ન કંપે, કદાચ બહુ ભાગ કંપે અને એક ભાગ ન કંપે.***

***ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધ કંપે ? ગૌતમ ! કદાચ કંપે - કદાચ ન***

*કંપે, કદાચ એક ભાગ કંપે - એક ભાગ ન કંપે. કદાચ એક ભાગ કંપે, બહુ ભાગ ન કંપે, કદાચ બહુ ભાગો કંપે અને એક ભાગ ન કંપે. કદાચ બહુ ભાગો કંપે અને બહુ ભાગો ન કંપે. - - જેમ ચતુષ્પ્રદેશિક સ્કંધ કહ્યો. તેમ પંચપ્રદેશિક યાવત્ અનંતપ્રદેશિક સ્કંધો માટે જાણવું.*

*[૨૫૪] ભગવન્ ! પરમાણુ પુદ્ગલો અસિધાર કે ખુરધારનો આશ્રય કરે ? હા, કરે. - - ભગવન્ ! ત્યાં તે છેદાય, ભેદાય ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. તેમાં શસ્ત્રક્રમણ ન કરી શકે. એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશિક સ્કંધ માટે સમજવું. - - ભગવન્ ! અનંતપ્રદેશિક સ્કંધ અસિધાર કે ખુરધારનો આશ્રય કરે. - હા, કરે. તે ત્યાં છેદાય, ભેદાય ? ગૌતમ ! કોઈક છેદાય, ભેદાય અને કોઈક ન છેદાય, ન ભેદાય.*

*એ પ્રમાણે અગ્નિકાયની વચ્ચોવચ્ચ પ્રવેશે, ત્યાં બળે નહીં તેમ કહેવું. એ પ્રમાણે પુષ્કરસંવર્ત નામક મહામેઘની વચ્ચોવચ્ચ પ્રવેશે. ત્યાં ભીનો થાય તેમ કહેવું. એ પ્રમાણે ગંગા મહાનદીના પ્રવાહમાં તે શીઘ્ર આવે. ત્યાં પ્રતિસ્ખલિત થાય અને ઉદકાવર્ત કે ઉદકબિંદુમાં પ્રવેશ કરે. તે ત્યાં નાશ પામે. [આટલા પ્રશ્નોત્તર કરવા.]*

● વિવેચન-૨૫૩,૨૫૪ :-

सिय - કદાચ, एयइ - કંપે છે. દરેક પુદ્ગલમાં કંપવું વગેરે ધર્મો કાદાચિત્ક છે. દ્વિપ્રદેશિકમાં ત્રણ વિકલ્પો મૂક્યા છે. - x - કેમકે તેના બે અંશ છે. ત્રિપ્રદેશિકમાં પાંચ વિકલ્પો છે - x -. ચતુષ્પ્રદેશિકમાં છ વિકલ્પો કહ્યા. - x - પુદ્ગલ અધિકારથી જ આ સૂત્ર વૃંદ છે –

ओगाहेज्ज - આશ્રય કરે. छिद्येत् - બે ભાગ કરે. भिद्येत - ભેદાય. પરમાણુભાવને લીધે નક્કી તેમાં શસ્ત્ર ન પ્રવેશે. અન્યથા તે પરમાણુ જ ન કહેવાય. તથાવિધ બાદર પરિણામથી કેટલાંક છેદાય, સૂક્ષ્મ પરિણામથી કેટલાક ન છેદાય. उल्ल - ભીના, - x - परियावेज्ज - નાશ પામે.

● સૂત્ર-૨૫૫ :-

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ સાર્દ્ધ, સમધ્ય, સપ્રદેશ છે ? કે અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ છે ? ગૌતમ ! તે અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ છે, સાર્દ્ધ, સમધ્ય, સપ્રદેશ નથી. - - ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ ? પ્રશ્ન. ગૌતમ ! તે સાર્દ્ધ, સમધ્ય, સપ્રદેશ છે, અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ નથી.*

*ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ ? પ્રશ્ન. ગૌતમ ! તે અનર્દ્ધ, સમધ્ય, સપ્રદેશ છે, પણ સાર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. દ્વિપ્રદેશિક સ્કંધ માફક બેકી સંખ્યાવાળા સ્કંધો કહેવા. ત્રિપ્રદેશિક સ્કંધ માફક એકી સંખ્યાવાળા સ્કંધો કહેવા. - - ભગવન્ ! સંખ્યાતપ્રદેશિક સ્કંધ ? (પ્રશ્ન) - ગૌતમ ! કદાચ સાર્દ્ધ, અમધ્ય, સપ્રદેશ હોય. કદાચ અનર્દ્ધ, સમધ્ય, સપ્રદેશ હોય. સંખ્યેય પ્રદેશ માફક અસંખ્યાત, અનંત પ્રદેશી જાણવા.*



● વિવેચન-૨૫૫ :-

જે સ્કંધના બેકી સંખ્યાવાળા પ્રદેશો છે તે સાર્દ્ધ, જેના એકી સંખ્યાવાળા છે, તે સમધ્ય, સંખ્યેયપ્રદેશિક સ્કંધ તો બંને પ્રકારે હોય. તેમાં સમપ્રદેશિક હોય તે સાર્દ્ધ-અમધ્ય. વિષમ, તેથી વિપરીત હોય.

● સૂત્ર-૨૫૬ :-

*ભગવન્! પરમાણુ પુદ્ગલને સ્પર્શતો પરમાણુ પુદ્ગલ ૧-દેશથી દેશને સ્પર્શે? ૨-દેશથી ઘણાં દેશને સ્પર્શે? ૩-દેશથી સર્વને સ્પર્શે? ૪-ઘણાં દેશથી દેશને સ્પર્શે? ૫-ઘણાં દેશથી ઘણાં દેશને સ્પર્શે? ૬-ઘણાં દેશથી સર્વને સ્પર્શે? ૭-સર્વથી દેશને સ્પર્શે? ૮-સર્વથી ઘણાં દેશને સ્પર્શે? કે ૯-સર્વથી સર્વને સ્પર્શે?*

*ગૌતમ ! ૧-દેશથી દેશને ન સ્પર્શે, ૨-દેશથી ઘણાં દેશને ન સ્પર્શે, ૩-દેશથી સર્વને ન સ્પર્શે, ૪-ઘણાં દેશથી દેશને ન સ્પર્શે, ૫-ઘણાં દેશથી ઘણાં દેશને ન સ્પર્શે, ૬-ઘણાં દેશથી સર્વને ન સ્પર્શે, ૭-સર્વથી દેશને ન સ્પર્શે. ૮-સર્વથી ઘણાં દેશને ન સ્પર્શે. પણ-૯-સર્વથી સર્વને સ્પર્શે છે - - એ પ્રમાણે દ્વિપ્રદેશિકને સ્પર્શતો પરમાણુ પુદ્ગલ છેલ્લા ત્રણ ભંગથી સ્પર્શે. ત્રિપ્રદેશિકને સ્પર્શતા પરમાણુ પુદ્ગલ માફક યાવત્ અનંતપ્રદેશિકની સ્પર્શના જાણવી.*

*ભગવન્! દ્વિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્ગલને કઈ રીતે સ્પર્શે? – ત્રીજા, નવમા ભંગથી સ્પર્શે. જો તે દ્વિપ્રદેશિક સ્કંધને સ્પર્શે તો પહેલા, ત્રીજા, સાતમા, નવમા ભંગથી સ્પર્શે. જો તે ત્રિપ્રદેશિક સ્કંધને સ્પર્શે તો પહેલા અને છેલ્લા ત્રણ વિકલ્પોથી સ્પર્શે અને વચલા ત્રણનો નિષેધ કરવો. જેમ દ્વિપ્રદેશિકની ત્રિપ્રદેશિક સ્કંધ સાથે સ્પર્શના કહી, તે રીતે યાવત્ અનંતપ્રદેશિક સ્કંધની સ્પર્શના કરાવવી.*

*ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્ગલને કેવી રીતે સ્પર્શે ? ગૌતમ ! ત્રીજા, છટ્ઠા, નવમા ભંગથી સ્પર્શે. તે દ્વિપ્રદેશિકને સ્પર્શે તો પહેલા, ત્રીજા, ચોથા, છટ્ઠા, સાતમા, નવમા ભંગથી સ્પર્શે. તે ત્રિપ્રદેશિકને સ્પર્શે તો સર્વે સ્થાનોમાં સ્પર્શે. આ ત્રિપ્રદેશિક સ્કંધના ત્રિપ્રદેશિક સાથેની સ્પર્શના માફક યાવત્ અનંતપ્રદેશિક સાથે સંયોજવો. જેમ ત્રિપ્રદેશિક સ્કંધમાં કહ્યું એ રીતે યાવત્ અનંતપ્રદેશિક કહેવા.*

● વિવેચન-૨૫૬ :-

આ સૂત્રમાં નવ વિકલ્પો છે. દેશથી દેશને, ઘણાં દેશને અને સર્વને એ ત્રણ વિકલ્પ છે. એ રીતે ઘણાં દેશથી અને સર્વથી પણ ત્રણ-ત્રણ વિકલ્પો છે. પરમાણુ પુદ્ગલની પરસ્પર સ્પર્શનામાં સર્વથી સર્વને એ એક જ વિકલ્પ ઘટે છે, કેમકે પરમાણુના નિરંશત્વથી બાકીનાનો અસંભવ છે. - x - અહીં 'સર્વથી સર્વને' વિકલ્પનો એવો અર્થ નથી કે પરમાણુ પરસ્પર મળી જાય. પરમાણુના અર્દ્ધ આદિ દેશનો અભાવ છે, માટે અર્દ્ધ આદિ દેશ ન સ્પર્શે. - x - બંનેના સ્વરૂપ જુદા છે.

- x - જ્યારે દ્વિપ્રદેશિક સ્કંધ, બે પ્રદેશમાં રહેલો હોય ત્યારે તેના પરમાણુ સર્વથી દેશને સ્પર્શે છે, કેમકે પરમાણુના વિષય તે સ્કંધના દેશનો જ છે. જ્યારે તે

દ્વિપ્રદેશિક પરિણામની સૂક્ષ્મતાથી એક પ્રદેશમાં સ્થિત હોય, ત્યારે તે પરમાણુ સર્વથી સર્વને સ્પર્શે છે.

આ રીતે ત્રિપ્રદેશિકનું સ્પષ્ટીકરણ પણ વૃત્તિથી જાણવું. વિશેષ એ કે — ત્રિપ્રદેશિક સ્કંધ માફક દ્વિપ્રદેશિકમાં બધાં વડે બે દેશને સ્પર્શે છે એ વિકલ્પ આવી ન શકે કેમકે દ્વિપ્રદેશિક સ્કંધ પોતે જ અવયવી છે, તેનો કોઈ અંશ નથી. - x - x - x - આ રીતે બીજા, બીજા વિકલ્પોના સ્પષ્ટીકરણો પણ વૃત્તિમાં છે. - - પુદ્ગલના અધિકારથી જ પુદ્ગલોને દ્રવ્ય, ક્ષેત્ર, ભાવને કાળની દૃષ્ટિએ વિચારે છે —

● **સૂત્ર-૨૫૭ :-**

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. એ પ્રમાણે યાવત્ અનંત પ્રદેશિક સ્કંધમાં જાણવું. - - ભગવન્ એક પ્રદેશાવગાઢ પુદ્ગલ જ્યાં હોય તે સ્થાને કે બીજે સ્થાને કાળથી ક્યાં સુધી સકંપ રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશ અવગાઢ પુદ્ગલ માટે જાણવું.*

*ભગવન્ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલ કાળથી ક્યાં સુધી નિષ્કંપ રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ. એ રીતે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ માટે જાણવું. - - ભગવન્ ! એકગુણ કાળું પુદ્ગલ, કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. એ પ્રમાણે અનંતગુણ કાળા માટે જાણવું. એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ યાવત્ અનંતગુણરૂક્ષ પુદ્ગલ માટે જાણવું. એ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પરિણત પુદ્ગલ જાણવા.*

*ભગવન્ ! શબ્દ પરિણત પુદ્ગલ કાળથી ક્યાં સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ, અશબ્દ પરિણત પુદ્ગલ, એક ગુણ કાળા પુદ્ગલની જેમ સમજવા.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. - - ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ. એ રીતે અનંતપ્રદેશિક સુધી જાણવું.*

*ભગવન્ ! એક પ્રદેશાવગાઢ સકંપ પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશ સ્થિત સ્કંધો માટે પણ જાણવું.*

*ભગવન્ ! એક પ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. એ રીતે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધ માટે જાણવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સૂક્ષ્મપરિણત, બાદર પરિણત માટે તેઓના સંચિટ્ઠણા કાળ મુજબ*





*અંતરકાળ જાણવો.*

*ભગવન્ ! શબ્દ પરિણત પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ. - - ભગવન્ ! અશબ્દપરિણત પુદ્ગલને કાળથી કેટલું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ.*

● **વિવેચન-૨૫૭ :-**

પરમાણુ આદિ દ્રવ્ય વિચારણા છે. અસંખ્યકાળ પછી પુદ્ગલોની એકરૂપે સ્થિતિ રહેતી નથી. એક પ્રદેશાવગાઢ એ ક્ષેત્ર ચિંતા છે. સેઅ - સકંપ. - x - પુદ્ગલોનું આકસ્મિકપણું હોવાથી નિષ્કંપત્વ આદિની માફક ચલનનો અસંખ્યેયકાળ ન હોય. કોઈપણ પુદ્ગલ અનંત પ્રદેશાવગાઢ ન હોવાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ કહ્યું છે.

પરમાણુનું પરમાણુંપણું ચાલ્યુ જાય, ત્યાંથી ફરી પરમાણુપણે પરિણમન થવા સુધી જે અપરમાણુપણે રહેવું, તે વચ્ચેના કાળને સ્કંધ સંબંધ કાળ કહે છે, તે ઉત્કૃષ્ટથી અસંખ્યાત છે. દ્વિપ્રદેશિકનો - x - અંતરકાળ અનંત છે. કેમકે સ્કંધો અનંત છે, પ્રત્યેક સ્કંધની ઉત્કૃષ્ટથી અનંતકાળ સ્થિતિ છે. નિષ્કંપનો કાળ, તે સકંપનો અંતરકાળ છે અને સકંપનો કાળ તે નિષ્કંપનો અંતરકાળ છે, એમ ધારીને તે બંનેનો - x - અંતરકાળ કહ્યો છે. એકગુણકાળા આદિનું અંતર એક ગુણકાળા આદિના કાળની સમાન જ છે. પણ દ્વિગુણકાળા આદિની અનંતતાને લઈને તે અંતરની અનંતતા ઈષ્ટ નથી. સૂક્ષ્માદિપરિણતનું અંતર તેના અવસ્થાન કાળની તુલ્ય છે - x - શબ્દાદિ સૂત્રસિદ્ધ છે.

● **સૂત્ર-૨૫૮,૨૫૯ :-**

*[૨૫૮] ભગવન્ ! એ દ્રવ્યસ્થાનાયુ, ક્ષેત્રસ્થાનાયુ, અવગાહનાસ્થાનાયુ, ભાવસ્થાનાયુ એ બધામાં કયું કોનાથી વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી થોડું ક્ષેત્રસ્થાનાયુ છે, તેનાથી અવગાહનાત સ્થાનાયુ અસંખ્યગુણ, તેનાથી દ્રવ્યસ્થાનાયુ અસંખ્યગુણ, તેનાથી ભાવસ્થાનાયુ અસંખ્યગુણ છે - - -*

*[૨૫૯] ક્ષેત્ર, અવગાહના, દ્રવ્ય અને ભાવસ્થાન આયુનું અલ્પબહુત્વ કહેવું, તેમાં સૌથી અલ્પ ક્ષેત્ર સ્થાનાયુ છે. - x -*

● **વિવેચન-૨૫૮,૨૫૯ :-**

દ્રવ્ય એટલે પુદ્ગલ દ્રવ્ય. તેના પરમાણુ, દ્વિપ્રદેશાદિરૂપ જે ભેદ, તેની સ્થિતિ અથવા દ્રવ્યનું અણુત્વ આદિ ભાવે જે અવસ્થાન, તદ્રૂપ આયુ તે દ્રવ્યસ્થાનાયુ. ક્ષેત્ર એટલે આકાશનો પુદ્ગલના અવગાહથી થયેલો જે ભેદ, તેની જે સ્થિતિ અથવા એક પ્રદેશાદિ ક્ષેત્રમાં પુદ્ગલનું જે અવસ્થાન, તદ્રૂપ જે આયુ, તે ક્ષેત્રસ્થાનાયુ. એ પ્રમાણે અવગાહના અને ભાવસ્થાનાયુ પણ સમજવા. વિશેષ એ - અમુક માપવાળા સ્થાનમાં પુદ્ગલોનું જે રહેવું. તે અવગાહના. પુદ્ગલોનો કાળો આદિ ધર્મ તે ભાવ. પુદ્ગલોથી અવગાઢ તે ક્ષેત્ર. વિવક્ષિત ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં પુદ્ગલોનું તે ક્ષેત્રના માપ પ્રમાણે રહેવું તે અવગાહના.

कयरे - ગાથા સ્પષ્ટ છે. તેના પરસ્પર અલ્પબહુત્વની વ્યાખ્યા ગાથાનુસાર કરવી. તે આ પ્રમાણે છે –

[અહીં વૃત્તિકારે ૧૪-ગાથા મૂકી તેનો અર્થ કર્યો છે. તે અર્થનો અનુવાદ અત્રે કરેલ છે –] ક્ષેત્રનું અમૂર્તપણું છે, તે ક્ષેત્રની સાથે પુદ્‌ગલોના બંધનું કારણ - ચીકાશાદિના અભાવથી ક્ષેત્રાવસ્થાન કાળ લાંબો રહેતો નથી. જે કારણથી એમ છે, તે કારણે ક્ષેત્ર સ્થાનાયુ સર્વથી અલ્પ છે.

હવે અવગાહના આયુનું બહુત્વ વિચારીએ - અહીં પૂર્વાર્ધથી ક્ષેત્રાદ્ધા કરતાં અવગાહનાદ્ધા અધિક છે, એમ કહ્યું અને ઉત્તરાર્ધથી અવગાહનાદ્ધા કરતાં ક્ષેત્રાદ્ધા અધિક નથી, એમ કહ્યું. એમ કેવી રીતે છે ? અવગાહનાની ગમનક્રિયા નિયત ક્ષેત્રમાં - વિવક્ષિત અવગાહના સદ્‌ભાવે જ અક્રિયાના સદ્‌ભાવે જ તેનો ભાવ છે, તે સિવાય તેનો અભાવ હોય છે. અવગાહના, ક્ષેત્રમાત્રમાં નિયત નથી, ક્ષેત્રાદ્ધાના અભાવે પણ અવગાહના હોય છે. હવે ઉપસંહાર કરે છે - जम्हे० ગાથા.

હવે દ્રવ્યાયુનું બહુત્વ કહે છે – સંકોચ વડે, વિકોચ વડે જો કે અવગાહના ઉપરત થાય છે, તો પણ જેટલાં હોય તેટલાં જ દ્રવ્યોનું લાંબા કાળ સુધી અવસ્થાન રહે છે એટલે અવગાહના ન રહે તો પણ દ્રવ્યો નિવર્તતા નથી - એમ કહ્યું. પણ દ્રવ્ય નિવૃત્તિ થતાં અવગાહના નિવર્તે જ છે, તે કહે છે - સંઘાત કે પુદ્‌ગલ ભેદથી, જે સ્કંધ, પ્રથમના જેવી અવગાહના વાળો નહીં પણ સંક્ષિપ્ત અવગાહનાવાળો થાય છે, પછી તે સ્કંધમાં દ્રવ્ય અન્યથાત્વ થાય છે. કોઈ કહે કે સંઘાતથી તો પુદ્‌ગલોનો સ્કંધ સંક્ષિપ્ત થતો નથી, પણ સંઘાત પછી પુદ્‌ગલોના સૂક્ષ્મતર પરિણામ થાય છે, એમ સાંભળેલ છે. તેથી દ્રવ્યની અવગાહનાનો નિયમા નાશ થાય છે એવું કેમ થાય ? તે કહે છે – અવગાહનાદ્ધા દ્રવ્યમાં અવબદ્ધ છે. કઈ રીતે ? સંકોચ અને વિકોચથી અર્થાત્ સંકોચ, વિકોચને પરિહરવા જોઈએ. અવગાહના, દ્રવ્યના સંકોચ-વિકોચના અભાવે થાય છે, તેના સદ્‌ભાવમાં થતી નથી. એ પ્રકારે દ્રવ્યમાં અનિયતપણે અવગાહના સંબદ્ધ છે.

હવે ભાવાયુનું અલ્પબહુવ - સંઘાતાદિથી દ્રવ્યનો ઉપરમ થવા છતાં પર્યવો રહે છે. જેમ સાફ કરેલ પટમાં શુક્લાદિ ગુણો છે. સર્વગુણોનો ઉપરમ થાય તો તે દ્રવ્ય રહેતું નથી, અવગાહના પણ અનુવર્તતી નથી. પર્યવોનું અવસ્થાન ચિરકાળ છે, દ્રવ્યનું અચિરકાળ છે. કેમ ? સંઘાત-ભેદ લક્ષણ ધર્મથી થતો સંબંધ, તેને અનુસરનારી દ્રવ્યાદ્ધા છે. કેમકે સંઘાતાદિ અભાવે દ્રવ્યાદ્ધાનો સદ્‌ભાવ હોય છે, સંઘાતાદિના સદ્‌ભાવે, તે નથી હોતી. વળી ગુણકાલ માત્ર સંઘાત અને ભેદ કાળમાં સંબદ્ધ નથી. કેમકે સંઘાતાદિ હોય તો ગુણોનુચં. અનુવર્તન થાય છે. - x - - - આયુ કહ્યું. હવે આયુવાળાના આરંભાદિ પ્રશ્નો દ્વારા ચોવીશ દંડક વડે પ્રરૂપણા કરે છે –

• **સૂત્ર-૨૬૦ :-**

***ભગવન્ ! નૈરયિકો સારંભ, સપરિગ્રહ છે કે અનારંભ, અપરિગ્રહ ? ગૌતમ ! નારકો આરંભ, સપરિગ્રહ છે. અનારંભાદિ નહીં. – એમ કેમ કહ્યું ?***



***ગૌતમ ! નૈરયિકો પૃથ્વીકાય યાવત્ ત્રસકાયનો સમારંભ કરે છે. (તેઓએ) શરીરો-કર્મો-સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યો પરિગૃહીત કર્યા છે, તેથી એમ કહ્યું છે.***

***ભગવન્ ! અસુરકુમાર વિશે પ્રશ્ન. ગૌતમ ! તેઓ સારંભા, સપરિગ્રહા છે. અનારંભા, અપરિગ્રહા નથી. કેમ ? તેઓ પૃથ્વી યાવત્ ત્રસકાયનો સમારંભ કરે છે. શરીર-કર્મ-ભવનોનો પરિગ્રહ કર્તા છે. દેવો, દેવી, મનુષ્યો, મનુષી, તિર્યંચો, તિર્યંચિણીનો પરિગ્રહકર્તા છે. આસન, શયન, ભાંડ, માત્રક, ઉપકરણોના તથા સચિત્તાદિ દ્રવ્યોના પરિગ્રહકર્તા છે, માટે તેમ કહ્યું. એ રીતે યાવત્ સ્તનિતકુમાર જાણવા.***

***નૈરયિકની જેમ એકેન્દ્રિયો જાણવા. ભગવન્ ! બેઈન્દ્રિયો શું સારંભ, સપરિગ્રહ છે ? પૂર્વવત્. યાવત્ શરીર, તથા બાહ્ય ભાંડ, માત્ર, ઉપકરણો પરિગૃહીત કર્યા છે. એ રીતે ચઉરિન્દ્રિય સુધી કહેવું. ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું સમારંભી છે ? પૂર્વવત્ કહેવું યાવત્ કર્મો પરિગૃહીત કર્યા છે. શિખર, કૂટ, પર્વતો, શિખરી પહાડો તથા જલ, સ્થલ, બિલ, ગુફા, લયન તથા ઉર્ઝર, નિર્ઝર, ચિલ્લલ, પલ્લલ, વાપી તથા અગડ, તગડ, દ્રહ, નદી. વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલપંક્તિ તથા આરામ, ઉદ્યાન, કાનન, વન, વનખંડ, વનરાજી તથા દેવકુલ, સભા, પ્રપા, સ્તુભ, ખાડ, પરિખા તથા પ્રાકાર, અટ્ટાલગ, ચરિકા, દ્વાર, ગોપુર તથા પ્રાસાદ, ઘર, ઝુંપડા, લયન, હાટો તથા શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ તથા શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, ડોળી, સ્યંદમાનિકા તથા લોઢી, લોઢાનું કડાયું, કડછા તથા ભવન, તથા દેવ, દેવી, મનુષ્ય, માનુષી, તિર્યંચયોનિક, તિર્યંચયોનિની, આસન, શયન, ખંડ, ભાંડ, સચિત્ત-અચિત્ત-મિશ્ર દ્રવ્યો એ બધાંનો પરિગ્રહ કરે છે. તેથી એમ કહ્યું કે તિર્યંચો આરંભી, પરિગ્રહી છે.***

***તિર્યંચો માફક મનુષ્યો પણ કહેવા. વ્યંતર, જ્યોતિષ્ અને વૈમાનિકને ભવનવાસી માફક જાણવા.***

• **વિવેચન-૨૬૦ :-**

ભાંડ - માટીના વાસણ, માત્ર - કાંસાના વાસણ, ઉપકરણ એટલે - લોઢી, કડાયુ, કડછી આદિ. પ્રત્યાખ્યાન ન કરેલ હોવાથી તે એકેન્દ્રિયો પરિગ્રહી છે, એમ જાણવું. ઉપકાર સાધર્મ્યથી બેઈન્દ્રિયોની શરીર રક્ષાર્થે તેમણે કરેલ ઘરોને તેમના ઉપકરણ સમજવા.

टंक - ટાંકણાથી છેદાયેલ પર્વત, कुड - કૂટ કે શિખર અથવા હાથીને બાંધવાના સ્થાનો. सेल - મુંડ પર્વત, सिहर - શિખરવાળા ગિરિ. पब्भार - થોડો નમેલ ગિરિદેશ, लेण - પર્વત ખોદી બનાવેલ ગૃહ. उज्झर - પર્વત તટેથી નીચે પાણી પડતું હોય તેવું સ્થાન, निज्झर - પાણીનું ઝરણ, चिल्लल - કાદવ મિશ્ર પાણી, पल्लल - આનંદદાયી જળાશય, वप्पिण - ક્યારવાળો પ્રદેશ, अगड - કૂવો, वावि - ચોખૂણી વાવ, - x - दीहिय - સારણી, गुंजालिय - વાંકી સારણી, - x - x - आराम - દંપતી

જ્યાં ક્રીડા કરે તેવું માધવીલતાદિયુક્ત સ્થાન. उज्जान - પુષ્પાદિયુક્ત વૃક્ષ સંકુલ, कानन - સામાન્ય વૃક્ષ યુક્ત એવું નગર નજીકનું સ્થાન. - x - x - खाइय - ઉપરથી પહોળી, નીચેથી સાંકળી ખાડી. परिह - ઉપર, નીચે સરખી ખાડી. अट्टालग - અટારી, चरिय - કિલ્લા વચ્ચેનો હાથી વગેરેને જવાનો માર્ગ. - x - पासाय - દેવ કે રાજાના ભવન. - x - सरण - ઘાસનું ઝુપડું, - x - x - ઇત્યાદિ.

છદ્મસ્થત્વથી હેતુવ્યવહારકર્તા હોવાથી, એ નૈરયિકાદિ જીવો પણ હેતુઓ કહેવાય. તેથી હેતુના ભેદોનું નિરુપણ કરે છે —

● **સૂત્ર-૨૬૧ :-**

***(૧) પાંચ હેતુઓ કહ્યા. તે આ - હેતુને જાણે, હેતુને જુએ, હેતુને સમજે, હેતુને સારી રીતે પ્રાપ્ત કરે, હેતુવાળુ છદ્મસ્થ મરણ મરે. — (૨) પાંચ હેતુ કહ્યા - હેતુ વડે જાણે યાવત્ હેતુ વડે છદ્મસ્થ મરણે મરે. — (૩) પાંચ હેતુ કહ્યા — હેતુને ન જાણે યાવત્ હેતુવાળા અજ્ઞાન મરણે મરે. — (૪) પાંચ હેતુ કહ્યા — હેતુએ ન જાણે યાવત્ હેતુએ મરણે મરે.***

***(૧) પાંચ અહેતુ કહ્યા — અહેતુને જાણે યાવત્ અહેતુએ કેવલિ મરણે મરે. — (૨) પાંચ અહેતુ કહ્યા — અહેતુએ જાણે યાવત્ અહેતુએ કેવલિ મરણે ન મરે. — (૩) પાંચ અહેતુ કહ્યા — અહેતુ ન જાણે યાવત્ અહેતુ છદ્મસ્થ મરણે મરે. — (૪) પાંચ અહેતુ કહ્યા — અહેતુ વડે ન જાણે યાવત્ અહેતુ વડે છદ્મસ્થ મરણે મરે. ભગવન્ ! એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૨૬૧ :-**

હેતુના ઉપયોગના અનન્યત્વથી, હેતુમાં વર્તતો પુરુષ હેતુ જ છે. ક્રિયાના ભેદથી હેતુનું આ પંચવિધત્વ છે. સાધ્યના નિશ્ચય માટે સાધ્ય વિના ન રહે તે હેતુ. સમ્યગ્દૃષ્ટિત્વથી હેતુને વિશેષ સારી રીતે જાણે છે. આ પાંચે હેતુને પણ સમ્યગ્દૃષ્ટિ માનવા, કેમકે બે સૂત્ર પછી મિથ્યાદૃષ્ટિ હેતુ કહેશે. એ પ્રમાણે સામાન્યથી બોધ થવાથી હેતુને જુએ છે. એ રીતે હેતુને સારી રીતે સદ્દહે છે, બોધ એ સમ્યક્શ્રદ્ધાનો પર્યાય છે. સાધ્યસિદ્ધિમાં વાપરવાથી હેતુને સારી રીતે પામે છે. હેતુ એટલે મરણના કારણરૂપ અધ્યવસાય, તેના યોગથી મરણ પણ હેતુ છે. હેતુવાળા છદ્મસ્થ મરણે મરે છે, અહેતુથી કેવલિમરણ અહીં ન લેવું. આ હેતુ સમ્યગ્જ્ઞાની હોવાથી અજ્ઞાન મરણ પણ ન લેવું, તે પછી કહેશે.

પ્રકારાંતરથી હેતુ કહે છે — અનુમાનોત્થાપકથી અનુમેયને સમ્યગ્દૃષ્ટિત્વથી સારી રીતે જાણે. જુએ. સદ્દહે. પામે. અકેવલિ હોવાથી અધ્યવસાયાદિ હેતુએ છદ્મસ્થ મરણે મરે. એ પાંચ ભેદ.

હવે મિથ્યાદૃષ્ટિને આશ્રીને હેતુ કહે છે - x - હેતુને ન જાણે અર્થાત્ અસમ્યક્ પ્રકારે હેતુને જાણે. ન જુએ. ન સદ્દહે. ન પામે. મિથ્યાદૃષ્ટિપણાથી, અધ્યવસાનાદિ હેતુથી અજ્ઞાન મરણે મરે.

બીજી રીતે હેતુ વડે કહે છે — લિંગ વડે અસમ્યક્ જાણે આદિ.



ઉક્ત હેતુથી વિપક્ષભૂત હેતુને કહે છે — પ્રત્યક્ષ જ્ઞાનીત્વથી અહેતુ વ્યવહારિત્વથી અહેતુઓ - કેવલિ, તે ક્રિયાભેદથી પાંચ છે. સર્વજ્ઞત્વથી અનુમાનની જરૂર ન હોવાથી ધૂમાદિને અહેતુ સમજે છે. - x - x - યાવત્ અનુપક્રમી હોવાથી નિર્હેતુક કેવલિમરણ કરે છે.

બીજી રીતે અહેતુ વડે કહે છે — તે પૂર્વવત્ છે. વિશેષ એ કે — કેવલિ હોવાથી, હેતુ અભાવે પણ વસ્તુને જાણે, તેને અહેતુ કહે છે. યાવત્ - કેવલિનું મરણ નિર્હેતુક હોવાથી ઉપક્રમાભાવે કેવલિ મરણ કરે છે.

બીજી રીતે અહેતુને કહે છે — જ્ઞાનાદિ ભેદથી, તે પાંચ છે સર્વથા અહેતુભાવે જાણતા નથી, પણ કથંચિત્ જ જાણે છે, કેમકે અહીં नञ् - દેશપ્રતિષેધાર્થે છે જાણનાર, અવધિ આદિ જ્ઞાનવાળો હોવાથી તેને કથંચિત્ જ્ઞાન કહ્યું છે, કેમકે સર્વથાજ્ઞાન કેવલિને જ હોય છે. - યાવત્ - અધ્યવસાનાદિ ઉપક્રમ કારણાભાવે અહેતુમરણ જ છદ્મસ્થ મરણ કહેવાય, અવધિ આદિ જ્ઞાન હોવાથી, તેને અજ્ઞાન મરણ ન કહેવાય.

બીજા પ્રકારે અહેતુ કહે છે — તે પૂર્વવત્ વિશેષ એ કે — અહેતુએ કથંચિત્ જ જાણે. જો કે આ આઠે સૂત્રો બહુશ્રુતો જ જાણે છે.

## ❀ શતક-૫, ઉદ્દેશો-૮-"નિર્ગ્રન્થીપુત્ર" ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૭માં સ્થિતિ અપેક્ષાએ પુદ્ગલો નિરૂપ્યા. આઠમાં તેને જ પ્રદેશથી નિરૂપે છે. આ સંબંધે પ્રસ્તાવના સૂત્ર આ છે —

● **સૂત્ર-૨૬૨ :-**

***તે કાળે, તે સમયે યાવત્ પર્ષદા પાછી ગઈ. તે કાળે૦ ભગવંત મહાવીરના નારકદપુત્ર નામના શિષ્ય, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિચરતા હતા. તે કાળે ભગવંતના શિષ્ય નિર્ગ્રન્થીપુત્ર અણગાર યાવત્ વિચરતા હતા. ત્યારે તે નિર્ગ્રન્થીપુત્ર, જ્યાં નારદપુત્ર હતા ત્યાં આવે છે. આવીને નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું —***

***હે આર્ય! સર્વે પુદ્ગલો શું સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય, અપ્રદેશ છે? — હે આર્ય! કહી નારદપુત્રે, નિર્ગ્રન્થીપુત્ર અણગારને કહ્યું — મારા મતે સર્વે પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે, પણ અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. ત્યારે નિર્ગ્રન્થી પુત્ર અણગારે નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું — હે આર્ય! તમારા મતે જો બધાં પુદ્ગલો - x - યાવત્ અમધ્ય છે, તો શું દ્રવ્યાદેશથી હે આર્ય! સર્વે પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી? ક્ષેત્રાદેશથી હે આર્ય! સર્વે પુદ્ગલો પણ - x - તેમજ છે? કાલાદેશ અને ભાવાદેશથી પણ હે આર્ય! તેમજ છે? ત્યારે નારદપુત્રે, નિર્ગ્રન્થીપુત્રને કહ્યું —***

***હે આર્ય ! મારા મતે દ્રવ્યાદેશથી પણ સર્વે પુદ્ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. તે પ્રમામે જ ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવાદેશથી પણ છે. ત્યારે નિર્ગ્રન્થીપુત્ર અણગારે, નારદપુત્ર***

*અણગારને આ પ્રમાણે કહ્યું – હે આર્ય ! જો દ્રવ્યઆદેશથી સર્વે પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી, તો તમારા મતે પરમાણુ પુદ્‌ગલ પણ તેમજ - x - હોવા જોઈએ. હે આર્ય ! જો ક્ષેત્રાદેશથી પણ તેમ હોય, તો એકપ્રદેશાવગાઢ પુદ્‌ગલ પણ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ હોવા જોઈએ. હે આર્ય ! જો કાલાદેશથી સર્વે પુદ્‌ગલો સાર્ધ આદિ હોય તો તારા મતે એક સમય સ્થિતિક પુદ્‌ગલો પણ તેમજ હોવા જોઈએ. વળી હે આર્ય ! ભાવાદેશથી સર્વે પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ હોય તો, એ રીતે તારા મતે એક ગુણ કાળા પુદ્‌ગલ પણ તેમજ હોવા જોઈએ. હવે જો તારા મતે તેમ ન હોય તો તું જે કહે છે કે – દ્રવ્યાદેશ વડે બધાં પુદ્‌ગલો સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી - x - x - ઇત્યાદિ બધું ખોટું થાય.*

*ત્યારે તે નારદપુત્રે, નિર્ગ્રન્થીપુત્રને આમ કહ્યું – દેવાનુપ્રિય ! અમે આ અર્થને જાણતા, જોતા નથી. હે દેવાનુપ્રિય ! જો તમે તે અર્થને કહેતા ગ્લાનિ ન પામતા હો તો, હું આપની પાસે તે અર્થને સાંભળવા, અવધારવા અને જાણવા ઈચ્છુ છું. ત્યારે નિર્ગ્રન્થીપુત્ર અણગારે નારદપુત્ર અણગારને આમ કહ્યું – હે આર્ય ! મારા મતે દ્રવ્યાદેશથી સર્વે પુદ્‌ગલો સપ્રદેશ પણ છે અને અપ્રદેશ પણ છે, તેઓ અનંત છે. ક્ષેત્રાદેશથી પણ એમ જ છે, કાલાદેશથી પણ એમ જ છે, ભાવાદેશથી પણ એમ જ છે.*

*જે દ્રવ્યથી અપ્રદેશ છે, તે ક્ષેત્રથી નિયમા અપ્રદેશ છે. કાળથી કદાચિત્ સપ્રદેશ-કદાચિત્ અપ્રદેશ છે, ભાવથી પણ સપ્રદેશ કે અપ્રદેશ છે. જે ક્ષેત્રથી અપ્રદેશ છે, તે દ્રવ્યથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ છે. કાળ અને ભાવથી પણ ભજના. એ રીતે કાળ, ભાવ જાણવા. જે દ્રવ્યથી સપ્રદેશ છે, તે ક્ષેત્રથી કદાચ સપ્રદેશ, કદાચ અપ્રદેશ છે. એ રીતે કાળ અને ભાવથી પણ જાણવું. જે ક્ષેત્રથી સપ્રદેશ છે, તે દ્રવ્યથી નિયમા સપ્રદેશ છે. કાળથી અને ભાવથી ભજના. જેમ દ્રવ્યથી કહ્યું, તેમજ કાળથી અને ભાવથી પણ જાણવું.*

*ભગવન્ ! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદેશથી સપ્રદેશ અને અપ્રદેશમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? હે નારદપુત્ર ! સર્વથી થોડા અપ્રદેશ પુદ્‌ગલો ભાવાદેશથી છે, તેનાથી કાલાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તેનાથી દ્રવ્યાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે, તેનાથી ક્ષેત્રાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તેનાથી દ્રવ્યાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે, તેનાથી કાલાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે, તેનાથી ભાવાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે.*

*ત્યારપછી તે નારદપુત્ર અણગાર, નિર્ગ્રન્થીપુત્ર મુનિને વાંદી, નમી, પોતે કહેલ અર્થને માટે વિનયપૂર્વક સારી રીતે વારંવાર ખમાવીને, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.*

**● વિવેચન-૨૬૨ :-**

दव्वादेस - દ્રવ્યથી, પરમાણુત્વ આદિનો આશ્રય કરીને. खेत्तादेस - એક પ્રદેશાવગાઢત્વ. कालादेस - એકાદિ સમય સ્થિતિ. भावादेस - એક ગુણકાળા. - - અહીં સાર્ધ, અનર્ધાદિ પુદ્‌ગલના વિચાર પ્રકાંતમાં સપ્રદેશા, અપ્રદેશા જ પ્રરૂપેલ છે. તેની પ્રરૂપણામાં સાર્ધત્વાદિ પ્રરૂપેલ છે, એમ જાણવું. - x - अनंत - શબ્દ પુદ્‌ગલોનું પરિમાણ જણાવે છે, બીજું તેનું સ્વરૂપ કહે છે. - x - જે દ્રવ્યથી અપ્રદેશ. પરમાણુ રૂપ છે, તે ક્ષેત્રથી નિયમા અપ્રદેશ છે. કેમકે તે પુદ્‌ગલ, ક્ષેત્રના એક જ. પ્રદેશમાં રહે છે. જો બે વગેરે પ્રદેશ અવગાહે તો તેનું પ્રદેશત્વ જ ન રહે. કાળથી જે એક સમય સ્થિતિક છે, તો અપ્રદેશ છે અને અનેકસમય સ્થિતિક હોય તો સપ્રદેશ છે. ભાવથી એકગુણ કાળો વગેરે અપ્રદેશ છે, અનેકગુણ કાળો વગેરે સપ્રદેશ છે.



દ્રવ્યથી અપ્રદેશ કહ્યા, હવે ક્ષેત્રથી - જે ક્ષેત્રથી અપ્રદેશ છે તે દ્રવ્યથી સપ્રદેશ છે. બે અણુ આદિ એક પ્રદેશાવગાહિત્વથી અપ્રદેશ છે. જે ક્ષેત્રથી અપ્રદેશ છે, તે કાળથી ભજનાએ અપ્રદેશાદિ કહેવા. તેથી એક પ્રદેશાવગાઢ, એક સમય સ્થિતિકત્વથી અપ્રદેશ હોય તો પણ અનેક સમય સ્થિતિકત્વથી અપ્રદેશ પણ હોય. ક્ષેત્રથી અપ્રદેશ હોય તે એક ગુણ કાળો આદિ અપ્રદેશ અને અનેક ગુણ કાળો આદિથી સપ્રદેશ હોય.

હવે કાળ અને ભાવ અપ્રદેશ કહે છે - x - x - જે કાળથી અપ્રદેશ છે, તે દ્રવ્યથી કદાચ સપ્રદેશ, કદાચ અપ્રદેશ છે. એ રીતે ક્ષેત્રથી.

હવે સપ્રદેશ કહે છે – જે દ્રવ્યથી બે અણુ આદિથી સપ્રદેશ છે, તે ક્ષેત્રથી સપ્રદેશ છે. પણ દ્વાયાદિ પ્રદેશ અવગાહિત્વથી અપ્રદેશ છે. - x - જે ક્ષેત્રથી સપ્રદેશ દ્વયાદિ પ્રદેશાવગાહિત્વથી છે, તે દ્રવ્યથી સપ્રદેશ જ છે. દ્વયાદિપ્રદેશ અવગાહિત્વ અભાવે દ્રવ્યથી અપ્રદેશ હોય. - x - જે કાળથી સપ્રદેશ છે તે દ્રવ્ય-ક્ષેત્ર-ભાવથી બંને પ્રકારે હોય. તથા જે ભાવથી સપ્રદેશ છે, તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી બંને પ્રકારે હોય.

હવે આ દ્રવ્યાદિનું સપ્રદેશ, અપ્રદેશનું અલ્પબહુત્વસૂત્ર સરળ છે. વિશેષ એ કે – સૂત્રોક્ત અલ્પબહુત્વ માટે ગાથા કહે છે *[અહીં વૃત્તિકારે વૃદ્ધોક્ત ૩૬-ગાથા નોંધી છે. જેનો અર્થ વૃત્તિકારે જેટલો નોંધ્યો છે, તેટલાનો અમે અહીં અનુવાદ કરેલ છે. તે આ –]*

જે સમયે જે પુદ્‌ગલ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘાત, ભેદ, સૂક્ષ્મત્વ, બાદરત્વાદિ બીજા પરિણામને પામેલ હોય, તે સમયે તે પુદ્‌ગલ તે અપેક્ષાથી કાલથી અપ્રદેશ કહેવાય. વળી તેમાં સ્થિતિ એક સમયની છે અને બીજા પરિણામો તો ઘણા છે, માટે દરેક પરિણામે દરેક પુદ્‌ગલ કાલથી અપ્રદેશ સંભવતું હોવાથી તેનું બહુપણું છે. એ જ વિચારે છે –

જે પુદ્‌ગલો ભાવથી અપ્રદેશ છે, તે એક ગુણ કાળા આદિ છે. તે કાળથી સપ્રદેશ અને અપ્રદેશ પણ હોય તથા ભાવથી દ્વિગુણથી અનંતગુણવાળા પણ હોય. તેથી તે બંને પ્રકારે પણ હોય. તેથી એક ગુણ કાળાથી દ્વિગુણકાળા વગેરે ગુણસ્થાનોની મધ્યે એક-એક ગુણસ્થાનમાં કાળથી અપ્રદેશ પુદ્‌ગલોનો એ પ્રમાણે એક એક ઢગલો થયો. તેથી અનંતપણાને લઈને કાળથી અપ્રદેશ પુદ્‌ગલોના અનંતા ઢગલા થાય.

હવે પ્રેરક - એ પ્રકારે - દરેક ગુણ સ્થાનકે કાળથી અપ્રદેશ પુદ્‌ગલ રાશિઓ કહો છો – તેનો ઉત્તર આપે છે. આ અભિપ્રાય છે – જો કે અનંતગુણ કાળા

આદિની અનંત રાશિઓ છે, તો પણ તે રાશિઓ એક ગુણ કાલત્વાદિને અનંતે ભાગે જ વર્તે છે, માટે તે રાશિ દ્વારા કાળથી અપ્રદેશ પુદ્‌ગલોનું અનંતપણું થતું નથી. પણ અસંખ્યાત ગુણપણું જ છે. - - એ પ્રમાણે આ વર્ણાદિ પરિણામ, જે કહ્યા તે એકથી અનંતગુણ સ્થાનવર્તી ભાવને આશ્રીને કાળતી અપ્રદેશ પુદ્‌ગલો સિદ્ધ થયા, અથવા પુદ્‌ગલોનું કાળથી અપ્રદેશત્વ પ્રતિષ્ઠિત થયું. દ્રવ્યમાં પણ દ્રવ્ય પરિણામ અંગીકાર કરીને પરમાણુ આદિમાં એ જ ભાવપરિણામોક્ત વ્યાખ્યા સમજવી.

એ પ્રમાણે જ દ્રવ્ય પરિણામ માફક ક્ષેત્રને અધિકૃત્ય એક પ્રદેશાવગાઢ આદિ પુદ્‌ગલ ભેદોમાં સ્થાનાંતર ગમનની અપેક્ષાએ કાળથી કાળ-અપ્રદેશની માર્ગણા કરવી. - - જેમ ક્ષેત્રથી, એ પ્રમાણે અવગાહનાદિથી પણ કહે છે — અવગાહનાના સંકોચ, વિકોચને આશ્રીને કાલપ્રદેશ છે, તેમ સૂક્ષ્મ, બાદર, સ્થિર, અસ્થિર, શબ્દ, મન અને કર્માદિ પરિણામને આશ્રીને કાલપ્રદેશ પુદ્‌ગલો છે - x -

અનંત પ્રદેશવાળા અનંતસ્કંધો કરતાં પ્રદેશાર્થથી પરમાણુઓ અનંતગુણા કહ્યા છે. તે સૂત્ર આ છે — દ્રવ્યાર્થથી અનંત પ્રદેશવાળા સ્કંધો સૌથી થોડા છે. ઇત્યાદિ - x - x -

સખ્યાત પ્રદેશવાળા અને અનંત પ્રદેશવાળા, બે રાશિ કરતા અહીં સંખ્યાત પ્રદેશિક રાશિના, સંખ્યાત ભાગવર્તિત્વથી સ્વરૂપથી તેઓનું બહુપણું જણાય છે. અન્યથા તેના અસંખ્યેય કે અનંત ભાગે હોત. - - અનંતપ્રદેશિક રાશિ કરતાં તે અનંતગુણ છે, સંખ્યાત પ્રદેશિક રાશિને તો સખ્યાત ભાગે છે. વિવક્ષાએ સંખ્યાત ભાગની અત્યંત અલ્પતા નથી, કેમકે કાળથી સપ્રદેશ-અપ્રદેશ વૃત્તિવાળા અણુઓનું બહુપણું છે. કાળ-અપ્રદેશ પુદ્‌ગલો એક સમય સ્થિતિક હોવાથી ઘણાં ઓછા છે. કાલપ્રદેશથી દ્રવ્યાપ્રદેશ પુદ્‌ગલ અસંખ્યાતગુણ છે. - x - - -મિશ્રોના સંક્રમ પ્રત્યે સપ્રદેશો, ક્ષેત્રથી અસંખ્યગુણ કહ્યા છે. વળી તે સ્વસ્થાનમાં થોડાં જ ગ્રહણ કરવા. - x -

વ્યાખ્યાન અપેક્ષાએ ત્રણ અલ્પબહુત્વ છે. સૂત્રમાં એક જ મિશ્ર અલ્પબહુત્વ કહ્યું છે. *[કલ્પનાથી સંખ્યા વડે અલ્પબહુત્વ કહ્યું.]*

પુદ્‌ગલોનું નિરુપણ કર્યુ. તે જીવોના ઉપગ્રાહક છે માટે જીવ વિશે કથન.

● સૂત્ર-૨૬૩ :-

*ભગવન્ ! એમ કહી, ગૌતમસ્વામીએ યાવત્ એમ કહ્યું — ભગવન્ ! જીવો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? ગૌતમ ! જીવો વધતા કે ઘટતા નથી, પણ અવસ્થિત રહે છે.*

*ભગવન્ ! નૈરયિકો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? ગૌતમ ! નૈરયિકો વધે છે, ઘટે છે અને અવસ્થિત પણ રહે છે. નૈરયિકની માફક વૈમાનિક સુધી જાણવું. - - સિદ્ધો વિશે પ્રશ્ન. ગૌતમ ! સિદ્ધો વધે કે અવસ્થિત પણ રહે. ઘટે નહીં.*

*ભગવન્ ! જીવો કેટલો કાળ અવસ્થિત રહે ? સર્વકાળ.*

*ભગવન્ ! નૈરયિકો કેટલો કાળ વધે ? ગૌતમ ! જઘન્ય એક સમય,*



*ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્ય ભાગ. એ રીતે ઘટે. ભગવન્ ! નૈરયિકો કેટલો કાળ અવસ્થિત રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૨૪-મુહૂર્ત. એ રીતે સાતે પૃથ્વીમાં વધ-ઘટ કહેવી. વિશેષ એ - અવસ્થિતમાં આ ભેદ છે - જેમકે રત્નપ્રભામાં ૪૮-મુહૂર્ત, શર્કરાપ્રભામાં ૧૪ અહોરાત્ર, વાલુકામાં એક માસ, પંકમાં બે માસ, ધૂમપ્રભામાં ૪-માસ, તમમાં ૮-માસ, તમતમામાં ૧૨-માસ.*

*અસુરકુમારો પણ નૈરયિક માફક વધે, ઘટે. અવસ્થિત જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૪૮-મુહૂર્ત. એ રીતે દશે ને કહેવા.*

*એકેન્દ્રિયો વધે, ઘટે અને અવસ્થિત પણ રહે. એ ત્રણેનો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાભાગ કહેવો. બેઈન્દ્રિયો તે જ પ્રમાણે વધે, ઘટે. તેમનું અવસ્થાન જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ બે અંતર્મુહૂર્ત. એ રીતે ચઉરિન્દ્રિય સુધી જાણવું.*

*બાકીના બધા જીવો તેજ રીતે વધે, ઘટે. અવસ્થિતમાં ભેદ છે. તે આ — સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચોનો અવસ્થાનકાળ બે અંતર્મુહૂર્ત. ગર્ભજનો ૨૪-મુહૂર્ત. સંમૂર્છિમ મનુષ્યોનો ૪૮-મુહૂર્ત, વ્યંતર-જ્યોતિષ્-સુધર્મ-ઈશાનમાં ૪૮-મુહૂર્ત, સનત્કુમાર ૧૮-અહોરાત્ર અને ૪૦-મુહૂર્ત. માહેન્દ્રમાં ૨૪-અહોરાત્ર અને ૨૦-મુહૂર્ત, બ્રહ્મલોકમાં ૪૫-અહોરાત્ર, લાંતકમાં ૯૦-અહોરાત્ર, મહાશુક્રે ૧૬--અહોરાત્ર, સહસ્રારે ૨૦૦-અહોરાત્ર, આનત-પ્રાણતે સંખ્યાત માસ, આરણ-અચ્યુતે સંખ્યાત વર્ષ, એ રીતે ગ્રૈવેયક, વિજય-વૈજયંત-જયંત-અપરાજિતે અસંખ્ય હજાર વર્ષ, સર્વાર્થસિદ્ધે પલ્યોપમનો અસંખ્યેય ભાગ કહેવો. તેઓ જઘન્યે એક સમય, ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ સુધી વધે, ઘટે અને અવસ્થાનકાળ હમણાં કહ્યો.*

*ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ વધે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ.*

*ભગવન્ ! જીવો સોપચય છે, સાપચય છે, સોપચય-સાપચય છે કે નિરુપચય નિરવચય છે ? ગૌતમ ! જીવો સોપચય, સાપચય કે સોપચયસાપચય નથી, પણ નિરુપચયનિરપચય છે. એકેન્દ્રિયો ત્રીજા પદે છે, બાકીના જીવો ચારે પદમાં કહેવા. સિદ્ધ વિશે પ્રશ્ન. ગૌતમ ! સિદ્ધો સોપચય અને નિરુપચય-નિરપચય છે.*

*ભગવન્ ! જીવો કેટલો કાળ નિરુપચય નિરપચય છે ? ગૌતમ ! સર્વકાળ. - - ભગવન્ ! નૈરયિકો કેટલો કાળ સોપચય છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યેય ભાગ. - - કેટલો કાળ સાપચય છે ? એ પ્રમાણે જ. - - કેટલો કાળ સોપચયસાપચય છે ? એ પ્રમાણે જ. કેટલો કાળ નિરુપચયનિરપચય છે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૧૨-મુહૂર્ત.*

*એકેન્દ્રિયો સર્વે સર્વકાળ સોપચયસાપચય છે, બાકી સર્વે જીવો સોપચયાદિ ચારે પણ છે. જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્ય ભાગ છે. અવસ્થાનમાં વ્યુત્ક્રાંતિકાળ કહેવો.*

*ભગવન્ ! સિદ્ધો કેટલો કાળ સોપચય છે ? ગૌતમ ! જઘન્યે એક*

*સમય, ઉત્કૃષ્ટે આઠ સમય. કેટલો કાળ નિરુપચય નિરપચય છે ? જઘન્યે એક સમય, ઉત્કૃષ્ટે છ માસ. - ભગવન્ ! તે એમ જ છે (૨).*

● વિવેચન-૨૬૩ :-

નૈરયિકો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૨૪-મુહૂર્ત્ત સુધી અવસ્થિત રહે. - કઈ રીતે ? સાતે પૃથ્વી ૧૨-મુહૂર્ત્ત સુધી જો કોઈ જીવ ઉત્પન્ન ન થાય અને કોઈનું મરણ ન થાય એ ઉત્કૃષ્ટ વિરહકાળ હોવાથી, પછી બીજા ૧૨-મુહૂર્ત્ત સુધી જેટલા ઉત્પન્ન થાય તેટલા જ મરે. એ રીતે ૨૪-મુહૂર્ત્ત સુધી નૈરયિકોની એક પરિમાણતા હોવાથી અવસ્થિત જાણવા. - x - એ રીતે રત્નપ્રભાદિમાં ૨૪-મુહૂર્ત્તાદિ વ્યુત્કાંતિપદે કહ્યા છે. ત્યાં તેની તુલ્ય સમ સંખ્યાથી ઉત્પાદ-ઉદ્વર્તનાકાળ થઈને, બમણો થઈને અવસ્થિત કાળ ૪૮-મુહૂર્ત્તાદિ, સૂત્રોક્ત છે. વિરહકાળ દરેક પદે અવસ્થાન કાળ કરતાં અડધો સ્વયમેવ જાણવો.

એકેન્દ્રિયોમાં વિરહ નથી, ઘણાંનું ઉત્પાદન અને થોડાનું મરણ હોવાથી તેઓ વધે છે. ઘણાનું મરણ અને થોડાની ઉત્પત્તિ થવાથી ઘટે પણ છે. તુલ્યત્વથી ઉત્પાદન અને મરણથી અવસ્થિત પણ રહે છે. એ ત્રણેમાં આવલિકાનો અસંખ્યાત ભાગ છે, કેમકે પછી યથાયોગ્ય વૃદ્ધિ આદિ ન થાય. એક અંતર્મુહૂર્ત્ત વિરહકાળ અને બીજું અંતર્મુહૂર્ત્ત સમાન સંખ્યામાં ઉત્પાદન અને મરણ છે. - - સંખ્યાત માસ કે સંખ્યાત વર્ષને બમણાં કરીએ, તો પણ સંખ્યાતપણું રહે છે માટે તેમ કહ્યું છે.

ગ્રૈવેયકમાં જો કે નીચલી ત્રિકમાં સંખ્યાત શત વર્ષ, મધ્યમ ત્રિકમાં સંખ્યાત હજાર વર્ષ, ઉપલી ત્રિકમાં સંખ્યાત લાખ વર્ષ વિરહકાળ છે તો પણ તેને બમણો કરતાં સંખ્યાત જ રહે. વિજયાદિમાં અસંખ્યાત કાળનો વિરહ છે, તે બમણો કરતાં પણ તેજ રહે છે. ઇત્યાદિ - x -

હવે જીવોને બીજી રીતે કહે છે – સોપચય એટલે વૃદ્ધિ સહ. સાપચય એટલે હાનિસહ. સોપચયસાપચય એટલે ઉત્પાદ-મરણનો એક સાથે સદ્ભાવ. નિરુપચય-નિરપચય એટલે વૃદ્ધિ-હાનિનો અભાવ.

(શંકા) ઉપચય-વૃદ્ધિ, અપચય-હાનિ. બંનેના અભાવે અવસ્થિતત્વ. એ રીતે શબ્દભેદ છે, તો આ સૂત્રમાં વિશેષ શું ? પૂર્વસૂત્રમાં પરિણામ માત્ર અભિપ્રેત છે. અહીં તેની અપેક્ષા વિના ઉત્પાદ-મરણ વિવક્ષિત છે. તેથી અહીં ત્રીજા ભંગમાં પૂર્વોક્ત વૃદ્ધયાદિ ત્રણે વિકલ્પ થાય. તેથી ઘણાં ઉત્પાદે વૃદ્ધિ, ઘણાં મરણે હાનિ, સમ ઉત્પાદ-મરણે અવસ્થિતત્વ, એમ ભેદ છે - x - યુગપત્ ઉત્પાદ-મરણે વૃદ્ધિ-હાનિ. બાકીના ભંગો એકેન્દ્રિયમાં ન સંભવે, કેમકે પ્રત્યેકમાં ઉત્પાદ-મરણ અને તેના વિરહનો અભાવ છે. - x - x -

## ❁ શતક-૫, ઉદ્દેશો-૯-'રાજગૃહ' ❁

–– x –– x –– x –– x ––

૦ આ બધો અર્થ સમૂહ ગૌતમ પ્રાય ! રાજગૃહમાં પૂછેલો. કેમકે ભગવંત મહાવીરનો ઘણો વિહાર ત્યાં થયેલ, તેથી રાજગૃહ સ્વરૂપ નિર્ણય.



● સૂત્ર-૨૬૪ :-

*તે કાળે, તે સમયે યાવત્ એમ કહ્યું – આ નગરને ભગવન્ ! રાજગૃહ કેમ કહે છે ? શું રાજગૃહનગર પૃથ્વી કહેવાય ? જળ કહેવાય ? યાવત્ વનસ્પતિ કહેવાય ? જેમ 'એજન' ઉદ્દેશામાં પંચેન્દ્રિય તિર્યંચની વક્તવ્યતા કહી છે, તેમ અહીં કહેવું. યાવત્ સચિત્ત, અચિત્ત, મિશ્રદ્રવ્યો રાજગૃહનગર કહેવાય ? ગૌતમ ! પૃથ્વી પણ રાજગૃહનગર કહેવાય યાવત્ સચિત્તાદિ દ્રવ્ય પણ રાજગૃહનગર કહેવાય. - એમ કેમ કહ્યું ? - ગૌતમ ! પૃથ્વી એ જીવ છે, અજીવ છે, માટે તે રાજગૃહનગર કહેવાય. યાવત્ સચિત્તાદિ દ્રવ્યો જીવ છે, અજીવ છે. માટે રાજગૃહનગર કહેવાય. - x -*

● વિવેચન-૨૬૪ :-

'એજન' એ શતક-૫-નો ઉદ્દેશો-૭-માં છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચ વક્તવ્યતા 'ટંકા, કૂડા' આદિ કહી, તે અહીં કહેવી. અહીં ઉત્તર છે - પૃથ્વી આદિ સમુદાય રાજગૃહ છે. કેમકે તેના વિના રાજગૃહ શબ્દની પ્રવૃત્તિ થતી નથી. - x - વિવક્ષિત પૃથ્વી સચેતન-અચેતનત્વથી જીવ-અજીવ રૂપ છે, તે રાજગૃહ કહેવાય છે. - - પુદ્ગલ અધિકારથી આ કહે છે –

● સૂત્ર-૨૬૫,૨૬૬ :-

*ભગવન્ ! દિવસે ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય ? ગૌતમ ! હા, હોય. – એમ કેમ કહ્યું ? ગૌતમ ! દિવસે શુભ પુદ્ગલ, શુભ પુદ્ગલ-પરિણામ હોય, રાત્રે અશુભ પુદ્ગલ અને અશુભ પુદ્ગલ પરિણામ હોય.*

*ભગવન્ ! નૈરયિકને ઉદ્યોત હોય કે અંધકાર ? ગૌતમ ! તેમને ઉદ્યોત નહીં અંધકાર છે – એમ કેમ ? ગૌતમ ! નૈરયિકોને અશુભ પુદ્ગલ, અશુભ પુદ્ગલ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! અસુરકુમારોને ઉદ્યોત કે અંધકાર ? ગૌતમ ! તેઓને ઉદ્યોત છે, અંધકાર નથી. – એમ કેમ ? ગૌતમ ! અસુરકુમારોને શુભ પુદ્ગલ અને શુભ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું. એ રીતે યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વીકાયથી તેઈન્દ્રિય સુધી નૈરયિક માફક.*

*ભગવન્ ! ચઉરિન્દ્રિયને ઉદ્યોત કે અંધકાર ? ગૌતમ ! બંને. એમ કેમ ? ગૌતમ ! ચઉરિન્દ્રિયને શુભાશુભ પુદ્ગલ અને શુભાશુભ પુદ્ગલ પરિણામ હોય છે, તેથી એમ કહ્યું. એ રીતે મનુષ્ય સુધી જાણવું. વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને અસુરકુમારની જેમ સમજવા.*

*[૨૬૬] ભગવન્ ! ત્યાં ગયેલા નૈરયિકો એમ જાણે કે સમય, આવલિકા યાવત્ ઉત્સર્પિણી કે અવસર્પિણી ? ના, તે અર્થ સમર્થ નથી. એમ કેમ - x - કહ્યું ? ગૌતમ ! અહીં તેનું માન છે, પ્રમાણ છે, જણાય છે કે સમય છે યાવત્ ઉત્સર્પિણી છે. પણ નૈરયિકોમાં સમયાદિ જણાતા નથી માટે તેમ કહ્યું. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી જાણવું.*

*ભગવન્ ! અહીં મનુષ્યલોકમાં સમય યાવત્ ઉત્સર્પિણી એવું પ્રજ્ઞાન છે ? હા, છે. એમ કેમ ? ગૌતમ ! અહીં સમયાદિનું માન, પ્રમાણ અને એવું જ્ઞાન છે. તેથી એમ કહ્યું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકોની માફક જાણવા.*

**● વિવેચન-૨૬૫,૨૬૬ :-**

[૨૬૫] દિવસે શુભ પુદ્ગલો હોય છે, એમ કેમ કહ્યું ? સૂર્યના કિરણના સંબંધથી દિવસે સારા પુદ્ગલ પરિણામ હોય છે. - - નૈરયિક ક્ષેત્ર, પુદ્ગલના શુભપણાના નિમિત્તભૂત સૂર્યકિરણના પ્રકાશરહિત છે. અસુરકુમારના રહેઠાણોના ભાસ્વરપણાથી ત્યાં શુભ પુદ્ગલો હોય.

પૃથ્વીકાયથી તેઈન્દ્રિય સુધી નૈરયિકવત્ કહેવા. કેમકે તેમને પ્રકાશ નથી અને અશુભ પુદ્ગલ હોવાથી અંધકાર છે. - x - કેમકે તેઓને ચક્ષુરિન્દ્રિયના અભાવે દૃશ્ય વસ્તુના દર્શનના અભાવે શુભ પુદ્ગલનું કાર્ય ન થતું હોવાથી તે અશુભ પુદ્ગલ કહેવાય માટે અંધકાર છે.

ચઉરિન્દ્રિયને ચક્ષુ હોવાથી સૂર્યકિરણનો સદ્ભાવ હોય ત્યારે દૃશ્ય પદાર્થના જ્ઞાનથી શુભ પુદ્ગલ કહ્યા. સૂર્યકિરણના અભાવે પદાર્થજ્ઞાનના બોધના અભાવે અશુભ પુદ્ગલો કહ્યા.

[૨૬૬] હવે કાલદ્રવ્ય સૂત્ર-નરકમાં રહેનારને 'સમય' છે ઇત્યાદિ જણાય છે? અહીં મનુષ્ય ક્ષેત્રમાં સમયાદિ પરિમાણ છે. કેમકે સૂર્યની ગતિથી તેની અભિવ્યક્તિ થાય છે. સૂર્યની ગતિ મનુષ્ય ક્ષેત્રમાં જ છે. પણ નારકાદિમાં નથી. આ મનુષ્ય ક્ષેત્રમાં તે સમયાદિનું પ્રમાણ - સૂક્ષ્મ માન છે. તેમાં મુહૂર્ત્ત તો માન છે. તેની અપેક્ષાએ સૂક્ષ્મ હોવાથી 'લવ' પ્રમાણ છે. તેની અપેક્ષાએ સ્તોક પ્રમાણ છે એ પ્રમાણે યાવત્ 'સમય' સુધી જાણવું. તેથી મનુષ્ય સમયત્વાદિ સ્વરૂપ જાણે છે જો કે મનુષ્ય ક્ષેત્ર બહાર સમયાદિ કાળના અભાવે સમયાદિ જ્ઞાન હોતું નથી. વળી કેટલાંક પંચેન્દ્રિય તિર્યંચો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક જો કે મનુષ્યલોકમાં છે, તો પણ તેઓ થોડાં છે અને કાળના અવ્યવહારી છે, માટે કહ્યું જાણતાં નથી. - કાળના અધિકારથી અહોરાત્ર નિરૂપણ—

**● સૂત્ર-૨૬૭ થી ૨૭૦ :-**

*[૨૬૭] તે કાળે, તે સમયે ભ૦ પાર્શ્વના શિષ્ય, સ્થવિર ભગવંત, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભ૦ મહાવીરની થોડી નજીક રહીને એમ કહ્યું — ભગવન્! અસંખ્યેય લોકમાં અનંતા રાત્રિ-દિવસ ઉત્પન્ન થયા છે - થાય છે - થશે? નષ્ટ થયા છે - થાય છે - થશે? હા, આર્ય! તેમજ છે. - ભગવન્! એમ કેમ કહ્યું? હે આર્ય! નિશ્ચયથી પુરુષાદાનીય અરહંત પાર્શ્વે, લોકને શાશ્વત કહ્યો છે. (લોક) અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્ત, નીચે વિસ્તીર્ણ, મધ્યે સાંકડો, ઉપર વિશાળ, નીચે પલ્યંક આકારે, વચ્ચે ઉત્તમ વજાકારે, ઉપર ઉભા મૃદંગાકારે (કહ્યો છે.) તે શાશ્વત, અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્તાદિ - x - લોકમાં અનંતા જીવઘનો ઉપજી-ઉપજીને નાશ પામે છે. પરિત્ત, નિયત જીવઘનો પણ ઉપજી ઉપજીને નાશ પામે છે. તે લોક ભૂત, ઉત્પન્ન, વિગત, પરિણત છે. અજીવો દ્વારા લોકાય*



*છે, પ્રલોકાય છે. તો જે લોકાય તે લોક છે? હા, ભગવન્!, તે હેતુથી હે આર્યો! એમ કહેવાય છે કે, અસંખ્યેય લોકમાં તે જ કહેવું.*

*ત્યારથી લઈને તે ભ૦ પાર્શ્વના શિષ્ય, સ્થવિર ભગવંતો શ્રમણ ભગવંત મહાવીરને 'સર્વજ્ઞ, સર્વદર્શી' જાણે છે. પછી તે સ્થવિરો ભગવંતને વાંદી, નમીને એમ કહ્યું — ભગવન્ ! અમે તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રતિક ધર્મ સ્વીકારીને વિહરવા ઈચ્છીએ છીએ. — હે દેવાનુપ્રિયો ! સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્થવિરો યાવત્ છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ થયા યાવત્ સર્વદુઃખથી ક્ષીણ થયા અને કેટલાંક, દેવલોકમાં દેવ થયા.*

*[૨૬૮] ભગવન્ ! દેવલોક કેટલા છે ? ગૌતમ ! ચાર પ્રકારે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક ભેદથી. ભવનવાસી ૧૦ ભેદે, વ્યંતર ૮-ભેદે, જ્યોતિષ્ક-૫ ભેદે, વૈમાનિક-૨-ભેદે છે.*

*[૨૬૯] રાજગૃહ શું છે ?, ઉદ્યોત-અંધકાર, સમય, ભ૦ પાર્શ્વના શિષ્યોની રાત્રિ-દિવસના પ્રશ્નો, દેવલોક [આ ઉદ્દેશામાં આ વિષયો છે.]*

*[૨૭૦] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૨૬૭ થી ૨૭૦ :-**

અસંખ્યાત પ્રદેશાત્મક લોકમાં-ચૌદ રાજરૂપ ક્ષેત્રલોકમાં, અનંત પરિમાણવાળા અહોરાત્ર ઉત્પન્ન થયા-થાય છે - થશે ? સ્થવિરોના આ અભિપ્રાય છે - અસંખ્યાત લોકમાં અનંત રાત્રિ-દિવસ શી રીતે હોય ? કેમકે અલ્પ આધારમાં મોટું આધેય કેમ સંભવે ? નિયત પરિમાણવાળાં, પણ અનંત નહીં. અભિપ્રાય એ છે - અનંત અહોરાત્ર, પરિમિત કેમ હોય ?

અહીં ઉત્તરમાં 'હા'નો અભિપ્રાય આ છે - અસંખ્યાતપ્રદેશો છતાં, તેમાં અનંતા જીવો છે, તે રીતે. એક જ આશ્રયમાં હજારો દીવાની પ્રભા સમાઈ શકે છે. એક જ કાળમાં અનંતા જીવો ઉત્પન્ન કે નાશ પામે છે તે સમયાદિ કાળમાં સાધારણ શરીર અવસ્થામાં અનંત જીવો, પ્રત્યેક શરીરાવસ્થામાં પરિત્ત જીવો વર્તે છે. કેમકે તેનો સ્થિતિરૂપ પર્યાયત્વ છે. તેમ કાળ અનંત અને પરિત્ત છે. એમ અસંખ્યેય લોકમાં રાત્રિ-દિવસ અનંત અને પરિત્ત છે, એ ત્રણે કાળમાં યોગ્ય છે. આ પ્રશ્નથી સ્થવિરોને સંમત જિનમત વડે પ્રશ્નપૂર્વક દર્શાવતા સૂત્ર કહે છે.

- x - x - 'सासए' પ્રતિક્ષણ સ્થાયી, સ્થિર. સ્થિરતા તો ઉત્પત્તિ ક્ષણથી આરંભીને પણ હોય, તેથી અનાદિ કહ્યો, તેને અંત પણ હોય, તેથી અનંત કહ્યો. પ્રદેશથી પરિમિત છે. આ શબ્દ વડે પાર્શ્વજિનને પણ લોકની અસંખ્યેયતા સંમત છે, તે દર્શાવ્યુ. તથા અલોકથી પરિવૃત છે. નીચે સાત રાજ વિસ્તૃત, મધ્યે એકરાજ, 'બ્રહ્મલોક' દેશે પાંચ રાજ વિસ્તૃત છે. ઉપમાથી - નીચે પલ્યંકાકારે, મધ્યે પાતળો છે માટે ઉત્તમ વજ્ર જેવો, ઉપર ઉભા મૃદંગ જેવો મલ્લક સંપુટાકાર લોક છે.

પરિણામથી અનંત, સૂક્ષ્માદિ સાધારણ શરીર વિવક્ષાથી અથવા જીવ સંતતિના અપર્યવસાનત્વથી અનંત છે. અનંત પર્યાય સમસૂહરૂપત્વથી અને અસંખ્યેય પ્રદેશ

પિંડ રૂપત્વથી જીવઘન છે. તેથી - x - પ્રત્યેક શરીરી અને અનઅપેક્ષિત અતીતાનાગતથી સંક્ષિપ્ત. - x - અનંત અને પરિત્ત જીવના સંબંધથી કાળ પણ અનંત અને પરિત્ત કહેવયા છે. તેથી વિરોધનો પરિહાર થાય છે. હવે સ્વરૂપથી લોક –

જ્યાં જીવઘનો ઉત્પન્ન થઈ, નાશ પામે તે લોક. તે ભવન, ધર્મના સંબંધથી સદ્‌ભૂત લોક કહેવાય. તે અનુત્પત્તિક પણ કહેવાય. - x - નાશશીલ પણ છે. તે અનન્વય પણ હોય, માટે કહે છે - અનેક બીજા પર્યાયને પ્રાપ્ત, પણ લોકનો સમૂલ નાશ થયો નથી. આવા પ્રકારનો લોક કેમ નિશ્ચિત થાય, તે કહે છે – સત્તાને ધારણ કરતા, નાશ પામતા અને પરિણામને પ્રાપ્ત પુદ્‌ગલાદિ લોકથી અભિન્ન છે, તેનાથી લોક નિશ્ચિત થાય છે, પ્રકર્ષથી નિશ્ચિત થાય છે. આ ભૂતાદિ ધર્મવાળો છે.

જે પ્રમાણથી વિલોકી શકાય, તે લોક શબ્દથી વાચ્ય છે. એવા લોકના સ્વરૂપને કહેનારા ભ૦ પાર્શ્વના વચનને સંભારીને ભ૦ મહાવીરે પોતાનું વચન સમર્પિત કર્યું. - x - x -

દેવલોકે ગયા એમ કહ્યું, તેથી દેવલોકનું સૂત્ર કહે છે.

### ❀ શતક-૫, ઉદ્દેશો-૧૦-'ચંદ્ર' ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૯-માં દેવો કહ્યા. દેવ વિશેષ ચંદ્રને આશ્રીને કહે છે –

● **સૂત્ર-૨૭૧ :-**

***તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. ઉદ્દેશા-૧-ની જેમ આ ઉદ્દેશો સમજવો. વિશેષ એ કે – ચંદ્રો કહેવા.***

● **વિવેચન-૨૭૧ :-**

શતક-૫-ના ઉદ્દેશા-૧-ની જેમ ચંદ્રના અભિલાપથી જાણવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૬ 卐

-- x -- x --

૦ વિચિત્ર અર્થવાળા શતક-૫-ની વ્યાખ્યા કરી. હવે અવસર પ્રાપ્ત તેવા જ ઉદ્દેશા-૬-નો આરંભ કરીએ છીએ. તેની સંગ્રહણીગાથા –

● **સૂત્ર-૨૭૨ :-**

***શતક-૬-માં દશ ઉદ્દેશા છે – વેદના, આહાર, મહાશ્રવ, સપ્રદેશ, તમસ્કાય, ભવ્ય, શાલી, પૃથ્વી, કર્મ, અન્યતીર્થિક.***

● **વિવેચન-૨૭૨ :-**

(૧) वेयण - મહાવેદના, મહાનિર્જરાનું પ્રતિપાદન. (૨) आहार - આહારાદિ અર્થને કહેનાર, (૩) महाश्रव - મોટા આશ્રવવાળાને પુદ્‌ગલો બંધાય છે તેનું કથન, (૪) सपएस - જીવ સપ્રદેશ છે કે અપ્રદેશ? (૫) तमुए - તમસ્કાય નિરૂપણ, (૬) भविअ - નારકાદિપણે ઉત્પન્ન થવા યોગ્ય. (૭) सालि - શાલ્યાદિ ધાન્યકથન, (૮) पुढवि - રત્નપ્રભાદિ કથન, (૯) कम्म - કર્મબંધ નિરુપણ, (૧૦) अन्नउत्थि - અન્યતીર્થિક વક્તવ્યતા.

### ❀ શતક-૬, ઉદ્દેશો-૧-''વેદના'' ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૭૩ :-**

***ભગવન્! જે મહાવેદનાવાળો હોય, તે મહાનિર્જરાવાળો હોય, જે મહાનિર્જરાવાળો હોય તે મહાવેદનાવાળો હોય તથા મહાવેદનાવાળા અને અલ્પવેદનાવાળામાં જે પ્રશસ્ત નિર્જરાવાળો છે, તે ઉત્તમ છે? હા, ગૌતમ! તે એ પ્રમાણે જ જાણવું.***

***ભગવન્ ! છઠ્ઠી, સાતમી પૃથ્વીમાં નૈરયિકો મહાવેદના યુક્ત છે ? હા, છે. - - તેઓ શ્રમણ નિર્ગ્રન્થ કરતા મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! જેમકે કોઈ બે વસ્ત્રો હોય, એક કર્દમ રાગરક્ત, એક ખંજન રાગરક્ત. ગૌતમ ! આ બે વસ્ત્રોમાં કયું વસ્ત્ર-દુર્ધોતતર, દુર્વામ્યતર, દુષ્પ્રતિકર્મતર છે અને કયું વસ્ત્ર સુધૌતતર, સુવામ્યતર, સુપરિકર્મતર છે ? - x - x -***

***ભગવન્! તેમાં જે વસ્ત્ર કર્દમરાગરક્ત છે, તે દુર્ધૌતતર, દુર્વામ્યતર, દુષ્પરિકર્મતર છે. હે ગૌતમ! એ જ પ્રમાણે નૈરયિકોના પાપકર્મ ગાઢીકૃત, ચિક્કણા કરેલા, શ્લિષ્ટ કરેલા, ખિલીભૂત હોય છે. માટે તેઓ સંપ્રગાઢ પણ વેદના વેદતા મોટી નિર્જરા કે મોટા પર્યવસાનવાળા નથી. - અથવા - જેમ કોઈ પુરુષ જોરદાર અવાજસહ મહાઘોષ કરતો, લગાતાર જોર-જોરથી ચોંટ મારી એરણને કુટતો પણ તે એરણના સ્થૂલ પુદ્‌ગલોનો નાશ કરવા સમર્થ થતો નથી, એ પ્રકારે હે ગૌતમ! નૈરયિકો પાપકર્મો ગાઢ કરીને યાવત્ મહાપર્યવસાન થતો નથી.***

***ભગવન્ ! તેમાં જે વસ્ત્રો ખંજનરાગરક્ત છે, તે સુધૌતતર, સુવામ્યતર,***

*સુપરિકર્મતર છે. – હે ગૌતમ ! એ જ પ્રમાણે શ્રમણ નિર્ગ્રન્થોના યથાબાદર કર્મો શિથિલીકૃત, નિષ્ઠીત કર્મો, વિપરિણામિત છે, તેથી શીઘ્ર જ વિધ્વસ્ત થાય છે. જેટલી-તેટલી પણ વેદના વેદતા મહાનિર્જરા, મહાપર્યવસાનવાળા થાય છે. જેમ કોઈ પુરુષ ઘાસના સુકા પુળાને અગ્નિમાં ફેંકે છે. તેમ ગૌતમ ! જલ્દીથી - x - બળી જાય ? હા, બળી જાય. હે ગૌતમ ! એ પ્રમાણે શ્રમણ નિર્ગ્રન્થોના યથાબાદર કર્મો યાવત્ મહાપર્યવસાનવાળા થાય છે. જેમ કોઈ પુરુષ અતિતપ્ત લોઢાના ગોળા ઉપર પાણીનું ટીપું મુકે યાવત્ તે નાશ પામે, એ રીતે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રન્થોને યાવત્ મહાપર્યવસાનવાળા થાય. તેથી જે મહાવેદનાવાળો તે મહાનિર્જરાવાળો થાય. - x -*

● **વિવેચન-૨૭૩ :-**

મહાવેદના - ઉપસર્ગાદિથી ઉત્પન્ન વિશિષ્ટ પીડા. મહાનિર્જરા - વિશિષ્ટ કર્મક્ષય. એ બંનેનું અન્યોન્ય અવિનાભૂતત્વ પ્રગટ કરવા માટે. તે સંબંધી પ્રશ્ન છે. તથા મહાવેદના-અલ્પવેદનાવાળાની મધ્યે જે પ્રશસ્ત નિર્જરાવાળો છે, તે ઉત્તમ કેહવાય ? એ બીજો પ્રશ્ન. - x - x - અહીં પહેલા પ્રશ્નના ઉત્તરમાં મહાઉપસર્ગ કાળે ભગવંત મહાવીર એ દૃષ્ટાંતરૂપ છે. બીજામાં પણ તે જ ઉપસર્ગાનુપસર્ગ અવસ્થામાં છે.

જે મહાવેદનાવાળો, તે મહાનિર્જરાવાળો એમ કહ્યું, તેમાં શંકા કરતા કહે છે – જેની ધોવાની પ્રક્રિયા દુષ્કર હોય, જેના ડાઘા મહા કષ્ટે નીકળે, જેને ચળકતું આદિ કરવા ઘણો પ્રયાસ કરવો પડે, આ ત્રણ વિશેષણથી 'દુર્વિશોધ્ય' કહ્યું. - - આત્મપ્રદેશ સાથે ગાઢબદ્ધ, ગાઢ બાંધેલ સોયના સમૂહની જેમ. જેમ ચીકાશને લીધે માટીનો પિંડ દુર્ભેદ્ય થાય, તેમ સૂક્ષ્મ કર્મસ્કંધોના રસની સાથે પરસ્પર ગાઢ સંબંધ કરવાથી કર્મો દુર્ભેદ્ય થયા છે તે, આગમાં તપાવેલ લોઢાની સળીઓ જેમ પરસ્પર ચોંટી જાય તેમ એકમેક થયેલ કર્મ, અનુભવ્યા સિવાય ખપાવી ન શકાય તેવા. એ રીતે દુર્વિશોધ્ય કર્મ. - x - તે સંપ્રગાઢ વેદનાને અનુભવે છે, પણ મહાપર્યવસાન-વાળા થતાં નથી. આ કથન વડે મહાનિર્જરા અભાવે નિર્વાણ અભાવરૂપ ફળ કહ્યું.

એ રીતે જે મહાવેદના વાળો તે મહાનિર્જરાવાળો એ કોઈ વિશિષ્ટ જીવની અપેક્ષાએ જાણવું. નારકાદિ ક્લિષ્ટ કર્મ જીવ અપેક્ષાએ નહીં. જે ''મહાનિર્જરાવાળો તે મહાવેદનાવાળો'' એ પણ પ્રાયિક છે. કેમકે અયોગિ કેવલી મહાનિર્જરાવાળા હોય, મહાવેદના ભજનાએ હોય.

લુહાર જેના પર લોઢું ટીપે, તે એરણને અધિકરણી કહે છે आउडेमाणे - આકુટ્ટન કરતો, सद्द - લોઢાનો ઘણ મારવાથી થતો ધ્વનિ, घोस - અનુનાદ, परंपराघाअ - ઉપરાઉપરી ઘાત, अहाबायर - સ્થૂલ પ્રકારના પુદ્‌ગલો. - x - x - નૈરયિકોના કર્મોનો નાશ મહામુશ્કેલીથી થાય.

सुधोयतराए - આના દ્વારા સુવિશોધ્ય થાય તેમ કહ્યું. अहाबायर - સ્થૂલતર સ્કંધરૂપ, અસાર પુદ્‌ગલો. सिढिलीकय - મંદવિપાકી કરવા, निट्ठियकय - સત્તારહિત કર્યા છે, विपरिणामिअ - સ્થિતિ, રસ ઘાતથી કર્મોને વિપરિણામી કર્યા છે. તે કર્મો જલ્દી





નાશ પામે. એ રીતે સુવિશોધ્ય થાય. - - વેદના કહી, તે કરણથી થાય, માટે કરણસૂત્ર–

● **સૂત્ર-૨૭૪ થી ૨૭૬ :-**

*[૨૭૪] ભગવન્ ! કરણ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ચાર. તે આ – મનકરણ, વચનકરણ, કાયકરણ, કર્મકરણ.*

*ભગવન્ ! નૈરયિકોને કેટલા કરણ છે ? ચાર. મનકરણ આદિ ચાર. સર્વે પંચેન્દ્રિયોને ચાર કરણ છે. - - એકેન્દ્રિયોને બે છે – કાયકરણ અને કર્મકરણ. વિકલેન્દ્રિયોને ત્રણ – વચનકરણ, કાયકરણ, કર્મકરણ. - - ભગવન્ ! નૈરયિકો કરણથી અશાતા વેદના વેદે કે અકરણથી વેદે ? ગૌતમ ! નૈરયિક કરણથી અશાતા વેદના વેદે છે, અકરણથી નહીં. એમ કેમ ? ગૌતમ ! નૈરયિકોને ચાર ભેદે કરણ કહ્યા – મન, વચન, કાય, કર્મ. આ ચારે અશુભ કરણો હોવાથી નૈરયિકો કરણથી અશાતા વેદના વેદે છે, અકરણથી નહીં - x -*

*અસુરકુમારો કરણથી કે અકરણથી ? ગૌતમ ! કરણથી, અકરણથી નહીં. એમ કેમ ? ગૌતમ ! અસુરકુમારને ચાર ભેદે કરણ છે – મનકરણ યાવત્ કર્મકરણ. આ શુભ કરણથી અસુરકુમારો કરણથી શાતા વેદના વેદે, અકરણથી નહીં. એમ સ્તનિતકુમારો સુધી.*

*પૃથ્વીકાયિક વિશે પ્રશ્ન. વિશેષ આ – શુભાશુભ કરણ હોવાથી પૃથ્વીકાયિકો કરણથી વિમાત્રાએ વેદના વેદે છે. અકરણથી નહીં. ઔદારિક શરીરી બધાં શુભાશુભથી વિમાત્રાએ [વેદના વેદે છે.] દેવો શુભ (કરણથી) સાતા (વેદના વેદે છે.)*

*[૨૭૫] ભગવન્ ! જીવો (૧) મહાવેદના, મહાનિર્જરાવાળા છે, (૨) મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે, (૩) અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે, (૪) અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ગૌતમ ! કેટલાક જીવો મહાવેદના-મહાનિર્જરાવાળા છે યાવત્ કેટલાક જીવો અલ્પ વેદના-અલ્પનિર્જરાવાળા છે - એમ કેમ ? ગૌતમ ! પ્રતિમા પ્રાપ્ત સાધુ મહાવેદના-મહાનિર્જરાવાળા છે. છઠ્ઠી-સાતમી નારકીના નારકો મહાવેદના-અલ્પનિર્જરાવાળા છે. શૈલેશી પ્રાપ્ત સાધુ અલ્પ વેદના-મહાનિર્જરાવાળા છે અનુત્તરોપપાતિક દેવો અલ્પવેદના-અલ્પનિર્જરાવાળા છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*[૨૭૬] મહાવેદના, કર્દમ અને ખંજનમય વસ્ત્ર, એરણ, તૃણનો પૂળો, લોઢાનો ગોળો, કરણ, મહાવેદનાવાળા જીવો. [આટલું અહીં છે.]*

● **વિવેચન-૨૭૪ થી ૨૭૬ :-**

કર્મવિષયક કરણ એટલે કર્મના બંધન, સંક્રમાદિમાં નિમિત્ત ભૂત જીવનું વીર્ય. वेमाया - વિવિધ માત્રા વડે - સાતા કે અસાતા. - x -

## ❀ શતક-૬, ઉદ્દેશો-૨-''આહાર'' ❀

-- x -- x -- x -- x --

ઉદ્દેશા-૧-માં સવેદના જીવો કહ્યા, તે આહારક પણ હોય –

● સૂત્ર-૨૭૭ :-

*રાજગૃહનગરમાં યાવત્ એમ કહ્યું – પન્નવણા સૂત્રમાં કહેલ આહાર ઉદ્દેશો આખો અહીં કહેવો. ભગવન્ ! તે એમ જ છે.*

● વિવેચન-૨૭૭ :-

પ્રજ્ઞાપનમાં આ પ્રમાણે છે – ભગવન્ ! નૈરયિકો સચિત્ત આહારી, અચિત્ત આહારી કે મિશ્રાહારી ? તે અચિત્ત આહારી છે.

## ❀ શતક-૬-ઉદ્દેશો-૩-'મહાશ્રવ' ❀

–– x –– x –– x –– x ––

ઉદ્દેશા-૨-માં આહારથી પુદ્ગલો વિચાર્યા. અહીં બંધાદિથી–

● સૂત્ર-૨૭૮,૨૭૯ :-

*બહુકર્મ, વસ્ત્રમાં પુદ્ગલ પ્રયોગ અને વીસ્રસાથી, સાદિ કર્મસ્થિતિ, સ્ત્રી, સંયત, સમ્યગ્દૃષ્ટિ, સંજ્ઞી - - ભવ્ય, દર્શન, પર્યાપ્ત, ભાષક, પરિત્ત, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહારક, સૂક્ષ્મ, ચરમ, બંધ અને અલ્પબહુત્વ.*

● વિવેચન-૨૭૮,૨૭૯ :-

બહુકર્મ-મોટા કર્મવાળાને સર્વ પ્રકારે પુદ્ગલ બંધાય ઇત્યાદિ કહેવું. [આ સંગ્રહ ગાથા છે. હવે પછી તેના સૂત્રો છે તેથી અહીં વૃત્તિનો અર્થ નોંધેલ નથી. તેમાં 'બહુકર્મદ્વાર' સૂત્ર–]

● સૂત્ર-૨૮૦ :-

*ભગવન્ ! મહાકર્મ-મહાક્રિયા-મહાશ્રવ-મહાવેદનાથી યુક્તને સર્વથી પુદ્ગલોનો-બંધ, ચય, ઉપચય થાય ? સદા સમિત પુદ્ગલોનો બંધ-ચય-ઉપચય થાય ? તેનો આત્મા, હંમેશા દુરૂપ-દુવર્ણ-દુર્ગંધ-દુરસ-દુસ્પર્શપણે, અનિષ્ટપણે, અકાંતપણે, અમનોજ્ઞપણે, અમનામપણે, અનીપ્સિતપણે, અભિધ્યિતપણે, અધોપણે પણ ઉર્ધ્વપણે નહીં, દુઃખપણે પણ સુખપણે નહીં વારંવાર પરિણમે ?*

*હા, ગૌતમ ! તેમજ છે. એમ કેમ ? હે ગૌતમ ! જેમ કોઈ અહત, ધૌત, તંતુગત વસ્ત્ર અનુક્રમે વાપરતા બધાં પુદ્ગલો બંધાય-ચય થાય યાવત્ પરિણમે, તે હેતુથી ઉપર મુજબ કહ્યું છે.*

*ભગવન્ ! અલ્પાશ્રવ-અલ્પકર્મ-અલ્પક્રિય-અલ્પ વેદનાવાળાને બધાં પુદ્ગલો ભેદાય-છેદાય-વિધ્વંસ-પરિવિધ્વંસ પામે ? હંમેશા નિરંતર પુદ્ગલો ભેદાય-છેદાય-વિધ્વંસ-પરિવિધ્વંસ પામે ? તેનો આત્મા સદા સમિત સુરૂપપણે, પ્રશસ્ત જાણવું યાવત્ સુખપણે પણ દુઃખપણે નહીં, વારંવાર પરિણમે ? હા, ગૌતમ ! પરિણમે. એમ કેમ ? ગૌતમ ! જેમ કોઈ વસ્ત્ર જલ્લિત, પંકિત, મઈલિત, રઈલિત હોય, અનુક્રમે પરિકર્મ કરતા, શુદ્ધ પાણીથી ધોતા તેના બધાં પુદ્ગલો ભેદાય યાવત્ પરિણામ પામે, તે હેતુથી પૂર્વવત્ કહ્યું છે.*

● વિવેચન-૨૮૦ :-

સ્થિતિ અપેક્ષાએ મહાકર્મ, અલઘુકાયિકી આદિ ક્રિયા, કર્મબંધના મોટા



હેતુરૂપ મિથ્યાત્વાદિ, મહાપીડાવાળાને બધી દિશાથી અથવા જીવપ્રદેશને આશ્રીને બંધાય છે, બંધનથી ચય પામે છે અને નિષેક રચનાથી ઉપચય થાય છે અથવા બંધનથી બંધાય છે, નિધત્તથી ચય થાય છે. નિકાચનાથી ઉપચય થાય છે. સદા - સર્વદા, વ્યવહારમાં અસાતત્યથી પણ થાય, તેથી કહે છે – સન્તત, નિરંતર, જેને પુદ્ગલો બંધાય છે, તે જીવનો બાહ્યાત્મા અનિષ્ટ-અસુંદર-અપ્રિય-અશુભ-અમનોજ્ઞ અને અમનોમ-મનથી પણ રુચે નહીં, તે રીતે પરિણમે છે. અવાંછિતપણે, પામવાની અભિવાંછાથી રહિતપણે, જે પામવાનો લોભ પણ ન થાય તે રૂપે, જઘન્યપણે પણ ઉર્ધ્વપણે નહીં, ન વાપરેલને, વાપરીને ધોયેલ, યંત્રથી તાજુ જ ઉતારેલ. અહીં ત્રણ પદથી પુદ્ગલોના ઉત્તરોત્તર સંબંધની અધિકતા કહી છે. - - પહેલા સંબંધને ત્યજવાથી, તેથી નીચે પડવાથી, બધાં પુદ્ગલોના પડવાથી. મેલયુક્ત, ભીના મેલથી યુક્ત, કઠણ મેલથી યુક્ત, રજસહિત, જેને સાફ કરવાનું આરંભેલ છે તેવું વસ્ત્ર જેમ ચોકખુ થાય, તેમ અલ્પ ક્રિયાદિ યુક્ત આત્મા ચોક્ખો થાય છે.

● સૂત્ર-૨૮૧ :-

*ભગવન્ ! વસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થાય તે પ્રયોગથી કે સ્વાભાવિક થાય ? ગૌતમ ! બંને રીતે. - - ભગવન્ ! જેમ વસ્ત્રને બંને રીતે ઉપચય થાય, તેમ જીવને કર્મનો ઉપચય પ્રગોગથી થાય કે સ્વાભાવિક ? ગૌતમ ! પ્રયોગથી થાય. એમ કેમ ? ગૌતમ ! જીવોને ત્રણ પ્રકારે પ્રયોગ કહ્યા છે – મનપ્રયોગ, વચનપ્રયોગ, કાયપ્રયોગ. આ ત્રણે પ્રયોગથી જીવોને કર્મનો ઉપચય થાય છે, સ્વાભાવિક રીતે ન થાય.*

*આ પ્રમાણે બધાં પંચેન્દ્રિયોને ત્રણ પ્રકારે પ્રયોગ કહેવો. પૃથ્વી કાયિકને એકવિધ પ્રયોગ કહેવો યાવત્ વનસ્પતિકાયિકને કહેવું. વિકલેન્દ્રિયને બે પ્રયોગ હોય - વચન અને કાય. આ બે પ્રયોગથી કર્મનો ઉપચય કરે છે, સ્વાભાવિક નહીં. તેથી કહ્યું કે યાવત્ સ્વાભાવિક નહીં. એ રીતે જેને જે પ્રયોગ હોય તે વૈમાનિક સુધી કહેવો.*

● વિવેચન-૨૮૧ :-

પ્રયોગ - પુરુષ વ્યાપારથી, વિસ્રસા - સ્વભાવથી. જીવોને કર્મોપચય પ્રયોગથી જ થાય, અન્યથા પ્રયોગવગરનાને પણ બંધનો પ્રસંગ આવે.

● સૂત્ર-૨૮૨ :-

*વસ્ત્રને જે પુદ્ગલનો ઉપચય થયો તે (૧) સાદિ સાંત છે, (૨) સાદિ અનંત છે, (૩) અનાદિ સાંત છે કે (૪) અનાદિ અનંત છે ?*

*ગૌતમ ! તે સાદિ સાંત છે. અન્ય ત્રણ ભંગ નથી.*

*ભગવન્ ! જેમ વસ્ત્રનો પુદ્ગલોપચય સાદિ સાંત છે, પણ અન્ય ત્રણ ભંગે નથી, તેમ જીવોનો કર્મોપચય ? ગૌતમ ! કેટલાંક જીવોનો કર્મોપચય અસાદિ સાંત છે. કેટલાકનો અનાદિ-સાંત છે, કેટલાંકનો અનાદિ અનંત છે, પણ કોઈનો સાદિ અનંત નથી - એમ કેમ કહ્યું ?*

*ગૌતમ ! ઐર્યાપથિક બંધકનો કર્મોદય સાદિ સાંત છે. ભવ સિદ્ધિકનો કર્મોપચય અનાદિ સાંત છે, અભવસિદ્ધિકનો અનાદિ અનંત છે. તેથી હે ગૌતમ ! - x - ઉપર મુજબ કહ્યું છે.*

*ભગવન્! શું વસ્ત્ર સાદિસાંત છે? ચઉભંગી કહેવી. ગૌતમ! વસ્ત્ર સાદિ સાંત છે. બીજા ત્રણ ભંગનો નિષેધ. જેમ વસ્ત્ર સાદિ સાંત છે, બીજા ત્રણ ભંગે નથી, તેમ જીવ સાદિ સાંત છે આદિ ચતુર્ભંગીનો પ્રશ્ન. ગૌતમ! ચારે ભંગ કહેવા. — એમ કેમ? ગૌતમ! નૈરયિકાદિ બધાં ગતિ, આગતિને આશ્રીને સાદિ સાંત છે, સિદ્ધિ ગતિને આશ્રીને સાદિ અનંત છે, ભવસિદ્ધિકો લબ્ધિને આશ્રીને અનાદિ સાંત છે. અભવસિદ્ધિકો સંસારને આશ્રીને અનાદિ અનંત છે. તેથી ઉપર મુજબ કહ્યું.*

● વિવેચન-૨૮૨ :-

ઈર્યાપથ એટલે ગમનમાર્ગ. તે દ્વારા થાય તે ઐર્યાપથિક. તેમાં કેવલ કાયયોગ પ્રત્યયકર્મ છે. તેના બંધક ઉપશાંત મોહ, ક્ષીણમોહ અને સયોગિ કેવલિ હોય. તે કર્મ પૂર્વે બાંધેલ નથી, માટે સાદિ છે. અયોગિ અવસ્થામાં શ્રેણિથી પડે ત્યારે તે કર્મબંધ ન થાય. માટે સાંતપણું છે.

ગતિ-અગતિથી-નરકાદિમાં ગમન તે આદિ, આગમન તે સાંત. - - સિદ્ધિ ગતિથી સિદ્ધો સાદિ અનંત કેમ - x - ? કાળના અનાદિપણાથી કોઈ આદિ દેહનો સદ્ભાવ નથી, તો પણ સર્વ શરીર સાદિ છે - x - એ પ્રમાણે સર્વ સિદ્ધિ આદિ છે, પણ કોઈ એક સિદ્ધ એવો નથી જે સૌથી પ્રથમ હોય, માટે સિદ્ધોનું અનાદિપણું છે. તેથી રોહકના પ્રશ્નમાં તેનો નિર્દેશ છે.

ભવસિદ્ધિકને ભવ્યત્વ લબ્ધિ છે, તેઓની લબ્ધિ સિદ્ધિપણું પામ્યા પછી નાશ પામે છે, માટે તેઓ અનાદિ-સાંત કહ્યા છે.

● સૂત્ર-૨૮૩ :-

*ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ છે. તે આ — જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય - - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની બંધસ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ, ૩૦૦૦ વર્ષ અબાધાકાળ. અબાધાકાળ જેટલી ન્યૂન કર્મસ્થિતિ-કર્મનિષેક જાણવો. એ રીતે દર્શનાવરણીયની જાણવી. વેદનીયની જઘન્યથી બે સમય, ઉત્કૃષ્ટથી જ્ઞાનાવરણીયવત્.*

*મોહનીય કર્મ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ છે. ૭૦૦૦ વર્ષ અબાધાકાળ છે. અબાધાકાળ ન્યૂન કર્મસ્થિતિ-કર્મનિષેક જાણવો. આયુની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ, પૂર્વકોટિના ત્રણ ભાગથી અધિક ૩૩-સાગરોપમ કર્મસ્થિતિ-કર્મનિષેક છે. નામ, ગોત્ર કર્મની જઘન્યથી આઠ મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૨૦ કોડાકોડી સાગરોપમ, ૨૦૦૦ વર્ષ અબાધાકાળ. તેટલી ન્યૂનથી કર્મસ્થિતિ-કર્મનિષેક છે. અંતરાયકર્મને જ્ઞાનાવરણીય કર્મ માફક જાણવું.*



● વિવેચન-૨૮૩ :-

અબાધા - કર્મના બંધથી ઉદયનું અંતર. આ અબાધાકાળ જેટલી ન્યૂન કર્મસ્થિતિ, તે કર્મનિષેક છે. કર્મદલિકને અનુભવવાની રચના વિશેષ તે કર્મનિષેક. તે પહેલા સમયે ઘણું રચે, બીજા સમયે વિશેષહીન યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિક કર્મદલિક હોય, તેને તેટલું વિશેષ હીન બનાવે - x - બાંધેલ પણ જ્ઞાનાવરણીય કર્મ ૩૦૦૦ વર્ષ સુધી અવેદ્ય રહે. તેથી તેટલો ન્યૂન અનુભવકાળ થયો. - x - બીજા કહે છે — ૩૦૦૦ વર્ષ અબાધા કાળ અને ૩૦ કોડાકોડી સાગરોપમ બાધાકાળ, તે બંને કર્મસ્થિતિકાળ કહેવાય. તેમાંથી અબાધાને છોડીને બાકીનો કર્મનિષેક કાળ.

*[હવે પછીની વૃત્તિ સૂત્ર-૨૮૪ની છે. તેનું મુદ્રણ કે સંપાદન ભૂલથી અહીં થયેલ હોવાથી એમ અહીં અનુવાદ મુકેલ છે.]*

સ્ત્રી આદિ ત્રણ આયુ બાંધે કે ન બાંધે. બંધકાળે બાંધે અબંધકાળે ન બાંધે. આયુ એક ભવમાં એક જ વખત બંધાય. જે સ્ત્રી આદિ વેદરહિત છે. તે - આયુ ન બાંધે. કેમકે નિવૃત્તિ બાદર સંપરાયાદિ ગુણઠાણે આયુબંધનો વિચ્છેદ છે. - - સંયત - પહેલાના ચાર સંયમમાં જ્ઞાનાવરણ બાંધે, યથાખ્યાત સંયત ન બાંધે. અસંયત-મિથ્યાદૃષ્ટિ આદિ, સંયતાસ્યત - દેશવિરત તે બંને બાંધે. સંયમાદિ ભાવ નિષિદ્ધ છે, તે સિદ્ધ છે, તે ન બાંધે સંયત, અસંયત, સંયતાસંયત આયુબંધકાલે બાંધે, અન્યદા ન બાંધે, માટે તેમને આયુ બંધ ભજનાએ કહ્યો.

સમ્યગ્દૃષ્ટિ - તેમાં વીતરાગ, એકવિધ કર્મબંધક હોવાથી જ્ઞાનાવરણ ન બાંધે. સરાગ સમ્યગ્દૃષ્ટિ બાંધે. મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ તે બંને બાંધે જ. તેથી સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કદાચ બાંધે કદાચ ન બાંધે. અપૂર્વકરણાદિ સમ્યગ્દૃષ્ટિ આયુ ન બાંધે, બીજા આયુબંધ કાલે બાંધે, અન્યદા ન બાંધે. મિથ્યાદૃષ્ટિ પણ એ પ્રમાણે જાણવા. મિશ્રદૃષ્ટિ ન બાંધે.

સંજ્ઞી - મનઃપર્યાપ્તિ યુક્ત. જો વીતરાગ હોય તો જ્ઞાનાવરણ ન બાંધે, સરાગ હોય તો બાંધે, તેથી કદાચિત કહ્યું. અસંજ્ઞી તો બાંધે જ. કેવલી અને સિદ્ધને હેતુનો અભાવ હોવાથી ન જ બાંધે. સંજ્ઞી, અસંજ્ઞી બંને વેદનીયને બાંધે, કેમકે અયોગી, સિદ્ધ સિવાયના તેના બંધક હોય છે. સયોગીકેવલી, અયોગી કેવલી અને સિદ્ધમાં સયોગી કેવલી વેદનીય બાંધે, અયોગી કેવલી અને સિદ્ધ ન બાંધે, તેથી ભજના કહ્યું. સંજ્ઞી, અસંજ્ઞી કદાચ આયુ બાંધે. કેવલી અને સિદ્ધ ન બાંધે.

ભવસિદ્ધિક - વીતરાગ જ્ઞાનાવરણ ન બાંધે. અન્ય બાંધે, માટે ભજના કહ્યું. સિદ્ધ ન બાંધે, ભવ્ય અને અભવ્ય આયુ બંધકાળે બાંધે અન્યદા ન બાંધે, તેથી ભજના કહ્યું. - - દર્શન - ચક્ષુ, અચક્ષુ, અવધિ દર્શની જો છદ્મસ્થ વીતરાગ હોય તો જ્ઞાનાવરણ ન બાંધે, કેમકે તેઓ વેદનીયના જ બંધક છે. જો તે સરાગ હોય તો બાંધે, માટે ભજના કહ્યું. ભવસ્થ કેવલદર્શની અને સિદ્ધ ન બાંધે. પ્રથમ ત્રણ દર્શનવાળા છદ્મસ્થ વીતરાગ અને સરાગી, વેદનીય બાંધે જ. કેવલદર્શની સયોગી કેવલી બાંધે છે. અયોગી કેવલી અને સિદ્ધ વેદનીય કર્મ નથી બાંધતા.

પર્યાપ્તક - તેમાં વીતરાગ, જ્ઞાનાવરણ ન બાંધે, સરાગી બાંધે, તેથી ભજના કહ્યું. સિદ્ધો ન બાંધે. પર્યાપ્તા-અપર્યાપ્તા આયુબંધ કાલે બાંધે અન્યદા ન બાંધે, માટે ભજના. - x - ભાષક - ભાષા લબ્ધિવાળો, તે ભાષક, અન્ય તે અભાષક. વીતરાગભાષક જ્ઞાનાવરણ ન બાંધે, સરાગ બાંધે. અયોગી અને સિદ્ધ અભાષક ન બાંધે, વિગ્રહગતિ પ્રાપ્ત પૃથ્વી આદિ અભાષકો બાંધે, માટે 'ભજનાએ' કહ્યું. સયોગીના અવસાનવાળો પણ ભાષક સદ્‌વેદનીયબંધક હોય માટે ભાષક જીવ વેદનીય બાંધે. અયોગી અને સિદ્ધ ન બાંધે. પૃથ્વી આદિ જીવો બાંધે.

પરીત્ત - એટલે પ્રત્યેક શરીરી કે અલ્પસંસારી. તે વીતરાગ હોય તો જ્ઞાનાવરણ ન બાંધે. સરાગ પરીત્ત બાંધે, માટે ભજના કહ્યું. અપરિત્ત - સાધારણ કાય કે અનંત સંસારી. તે બાંધે. સિદ્ધો ન બાંધે. પ્રત્યેક શરીરી આદિ આયુ બંધ કાલે જ આયુ બાંધે, સર્વદા નહીં, માટે ભજનાં સિદ્ધો ન જ બાંધે. - - જ્ઞાન - મતિજ્ઞાની આદિચાર જ્ઞાની વીતરાગ અવસ્થામાં જ્ઞાનાવરણ ન બાંધે, સરાગાવસ્થામાં બાંધે. છદ્મસ્થ વીતરાગ વેદનીય બાંધે. સયોગી કેવલીને વેદનીયનો બંધ છે. અયોગી અને સિદ્ધોને બંધ નથી, તેથી ભજનાએ કહ્યું.

યોગ - મન, વચન, કાયયોગીમાં જે ઉપશાંત મોહી, ક્ષીણમોહી સયોગી કેવલી છે તે જ્ઞાનાવરણ ન બાંધે, તે સિવાયના બાંધે, માટે ભજના. અયોગી કેવલી અને સિદ્ધ ન બાંધે. સયોગીને વેદનીયનો બંધ હોવાથી મનોયોગી આદિ બાંધે, સર્વકર્મના અબંધક અયોગી ન બાંધે.

ઉપયોગ - સાકાર, અનાકાર. *[અહીંથી વૃત્તિ૦ ખંડિત સંપાદિત થઈ છે. અમે અંદાજે પૂર્તી કરેલ છે.]* તે બંનેમાં સયોગી જીવો યથાયોગ્ય બાંધે, અયોગી જીવો ન બાંધે (જ્ઞાનાવરણાદિ) માટે ભજના કહી છે.

*[હવેની સંપાદિત વૃત્તિ, આ સૂત્ર-૨૮૩ની જ છે. તે આ —]*

અબાધાકાળ - આયુષ્યમાં ૩૩ સાગરોપમ નિષેક કાળ છે, અને પૂર્વકોટીનો ત્રિભાગ અબાધાકાળ છે. વેદનીય - તદ્દન કષાયરહિત સ્થિતિમાં, માત્ર શરીરાદિ યોગ જ નિમિત્તભૂત હોય, તે વેદનીયની સ્થિતિ બે સમયની છે. સકષાયીને તો જઘન્ય ૧૨-મુહૂર્ત્ત સ્થિતિ હોય.

● **સૂત્ર-૨૮૪ :-**

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ સ્ત્રી બાંધે કે પુરુષ કે નપુંસક ? અથવા જે સ્ત્રી, પુરુષ કે નપુંસક ન હોય તે બાંધે ? ગૌતમ ! સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણે બાંધે. જે સ્ત્રી-પુરુષ કે નપુંસક નથી, તે કદાચ બાંધે અને કદાચ ન બાંધે. એ પ્રમાણે આયુ સિવાય સાતે કર્મપ્રકૃત્તિ જાણવી.*

*ભગવન્ ! આયુકર્મ સ્ત્રી બાંધે કે પુરુષ કે નપુંસક ? ગૌતમ ! ત્રણે માટે ભજના. સ્ત્રી, પુરુષ, નપુંસક નથી તે ન બાંધે.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ સંયત, અસંયત, સંયતા-સંયત કે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત, તેમાં કોણ બાંધે ? ગૌતમ ! સંયત કદાચીત બાંધે*



*કે ન બાંધે. અસંયત બાંધે. સંયતાસંયત બાંધે. નોસંયત નોઅસંયત નોસંયતાસંયત ન બાંધે. એ રીતે આયુ સિવાયની સાતે જાણવી. આયુ નીચેના ત્રણને ભજના. ઉપરના ન બાંધે. - - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ, સમ્યગ્‌દૃષ્ટિ બાંધે, મિથ્યાદૃષ્ટિ બાંધે કે સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ ? ગૌતમ ! સમ્યગ્‌દૃષ્ટિ કદાચ બાંધે કે ન બાંધે. બાકીના બે બાંધે. એ રીતે આયુ સિવાય સાતે બાંધે. આયુ પહેલા બેને ભજના. સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ ન બાંધે.*

*જ્ઞાનાવરણીય શું સંજ્ઞી બાંધે કે અસંજ્ઞી કે નોસંજ્ઞીનોઅસંજ્ઞી બાંધે ? ગૌતમ ! પહેલા ત્રણને ભજના, ચોથા ન બાંધે. એ રીતે વેદનીય વર્જીને સાતે જાણવી. વેદનીય પહેલા ત્રણ બાંધે, ચોથાને ભજના.*

*જ્ઞાનાવરણીય કર્મ, પર્યાપ્તો, અપર્યાપ્તો, નોપર્યાપ્ત-નોઅપર્યાપ્તામાં કોણ બાંધે? ગૌતમ! પર્યાપ્તાને ભજના, અપર્યાપ્તો બાંધે, નોપર્યાપ્તો-નોઅપર્યાપ્તો ન બાંધે. એ રીતે આયુ વર્જીને સાતે જાણવી. આયુ, પહેલા બે બાંધે, ત્રીજા ન બાંધે.*

*જ્ઞાનાવરણીય કર્મ, ભાષક બાંધે કે અભાષક? ગૌતમ! બંને ભજનાએ. એ રીતે વેદનીય વર્જીને સાતે જાણવી. વેદનીય, ભાષક બાંધે, અભાષકને ભજના. - - જ્ઞાનાવરણીય પરિત્ત બાંધે, અપરિત્ત બાંધે કે નોપરિત્તનો અપરિત્ત બાંધે? ગૌતમ! પરિત્ત ભજનાએ, અપરિત્ત બાંધે, નોપરિત્ત નોઅપરિત્ત ન બાંધે. એ રીતે આયુને વર્જીને સાતે કર્મપ્રકૃત્તિ જાણવી. આયુ, પહેલા બે ને ભજના. ત્રીજા ન બાંધે.*

*જ્ઞાનાવરણીયકર્મ મતીજ્ઞાની યાવત્ કેવલજ્ઞાનીમાં કોણ બાંધે ? ગૌતમ ! પહેલા ચારને ભજના. કેવલજ્ઞાની ન બાંધે. એ રીતે વેદનીય વર્જીને સાતે જાણવી. પહેલા ચાર વેદનીય બાંધે, પાંચમાને ભજના. - - જ્ઞાનાવરણીય કર્મ, મતિ અજ્ઞાની-શ્રુત અજ્ઞાની-વિભંગ જ્ઞાનીમાંથી કોણ બાંધે ? ગૌતમ ! ત્રણે બાંધે. આયુ વર્જીને સાતે પણ બાંધે.*

*જ્ઞાનાવરણીય કર્મ, મનોયોગી-વચનયોગી-કાયયોગી અને અયોગીમાંથી કોણ બાંધે. ગૌતમ ! પહેલાં ત્રણને ભજના, અયોગી ન બાંધે. એ રીતે વેદનીય વર્જીને. પહેલા ત્રણ વેદનીય બાંધે, અયોગી નહીં.*

*જ્ઞાનાવરણીય સાકારોપયુક્ત બાંધે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! આઠે કર્મ૦ ભજનાએ. - - જ્ઞાનાવરણીય આહાર બાંધે કે અણાહારક ? ગૌતમ ! બંનેને ભજના. આહારકને આયુ ભજનાએ, અણાહારક ન બાંધે. - - જ્ઞાનાવરણીય કર્મ સૂક્ષ્મ જીવ બાંધે, બાદર બાંધે કે નોસૂક્ષ્મનો બાદર ? ગૌતમ ! સૂક્ષ્મો બાંધે, બાદરને ભજના, નોસૂક્ષ્મનો બાદર ન બાંધે. એ રીતે આયુ વર્જીને સાતે બાંધે. સૂક્ષ્મ અને બાદરને આયુની ભજના, નોસૂક્ષ્મનોબાદર ન બાંધે.*

*જ્ઞાનાવરણીય ચરિમ બાંધે કે અચરિમ ? આઠે ભજનાએ.*

● **વિવેચન-૨૮૪ :-** *[આ સૂત્રની ઘણી વૃત્તિ સૂત્ર-૨૩૮માં મુદ્રક કે પ્રકાશકની ભૂલથી છપાઈ છે, અમે ત્યાં જ નોંધી છે, તે ત્યાં જોવી.]*

સ્ત્રીદ્વાર - વેદના ઉદયથી રહિત 'ન સ્ત્રી, ન પુરુષ, ન નપુંસક' કહેવાય. તે

અનિવૃત્તિ બાદર સંપરાયાદિ ગુણ ઠાણે હોય છે. છ કે સાતના બંધક હોવાથી તેને જ્ઞાનાવરણીયના બંધક કહ્યા. ઉપશાંત મોહાદિવાળા એકવિધ બંધક છે. માટે કહ્યું – કદાચ બાંધે, કદાચ ન બાંધે.

આહારક - તેમાં વીતરાગ જ્ઞાનાવરણ ન બાંધે, સરાગી બાંધે, માટે ભજના કહ્યું. અનાહારકમાં કેવલી ન બાંધે, વિગ્રહગતિપ્રાપ્ત બાંધે. તેથી તેને પણ ભજના. - - અયોગી સિવાય બધાં વેદનીય બાંધે. અનાહારકમાં વિગ્રહગતિ પ્રાપ્ત અને સમુદ્ઘાતગત કેવલી બાંધે, અયોગી અને સિદ્ધો ન બાંધે, માટે ભજના. - - આયુબંધકાળે જ આયુ બાંધે, અન્યદા ન બાંધે તેથી ભજના. અનાહારક આયુ ન બાંધે.

સૂક્ષ્મ - વીતરાગ બાદરો જ્ઞાનાવરણના અબંધક છે. સરાગ બાદરને ભજના, સિદ્ધો ન બાંધે. - x - બંધ કાળે બાંધે, અન્યદા ન બાંધે, માટે ભજના. - - ચરમ - જેનો છેલ્લો ભવ હોય તો ચરમ. જેને તેમ નથી, તે અચરમ. સિદ્ધને અચરમ કહેવા. તેમાં ચરમ યથાયોગ આઠે પણ બાંધે, અયોગી ન બાંધે, માટે ભજના. અચરમ સંસારી છે, તે આઠે પણ બાંધે. સિદ્ધો ન બાંધે, માટે ભજના.

**● સૂત્ર-૨૮૫ :-**

*ભગવન્ ! સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, અવેદક જીવોમાં અલ્પબહુત્વ ? ગૌતમ ! સૌથી થોડાં પુરુષવેદકો છે, સ્ત્રીવેદક સંખ્યાતગુણ, અવેદક અનંતગણાં, નપુંસક વેદક અનંતગણાં છે. એ બધાં પદોનું અલ્પબહુત્વ કહેવું. યાવત્ સૌથી થોડાં અચરિમ છે, ચરિમ અનંતગણાં છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૨૮૫ :-**

હવે અલ્પબહુત્વદ્વાર - દેવ, મનુષ્ય, તિર્યંચપુરુષો કરતાં તેમની સ્ત્રીઓ અનુક્રમે બત્રીશ વધારે ૩૨-ગણી, ૨૭-વધારે ૨૭ ગણી, ૩ વધારે ત્રણ ગણી છે. અનિવૃત્તિબાદર સંપરાયાદિ અને સિદ્ધો અવેદક છે, તે અનંત હોવાથી, સ્ત્રીવેદકથી અનંતગુણ છે. અનંતકાયિકો સિદ્ધ કરતાં અનંતગુણ હોવાથી નપુંસકો અનંતગુણ છે. - - પૂર્વોક્ત સંયતથી ચરમાંત સુધીના ચૌદ દ્વારોનું અલ્પબહુત્વ, તેના ભેદની અપેક્ષાએ કહેવું. - x - x - પ્રજ્ઞાપના સૂત્રાનુસાર આ અલ્પબહુત્વ જાણવું.

## ❀ શતક-૬, ઉદ્દેશો-૪-'સપ્રદેશક' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં જીવો નિરુપ્યા. તેને જ બીજી રીતે નિરૂપે છે.

**● સૂત્ર-૨૮૬,૨૮૭ :-**

*ભગવન્ ! જીવ કાલાદેશથી સપ્રદેશ કે અપ્રદેશ ? ગૌતમ ! નિયમા સપ્રદેશ. - - ભગવન્ ! નૈરયિક, કાલાદેશથી સપ્રદેશ કે અપ્રદેશ ? ગૌતમ ! કદાચ સપ્રદેશ, કદાચ અપ્રદેશ. એ રીતે સિદ્ધ પર્યન્ત.*

*ભગવન્! જીવો? - x - ગૌતમ! નિયમા સપ્રદેશ. ભગવન્! નૈરયિકો - x - ? ગૌતમ! (૧) બધાં પણ સપ્રદેશ હોય. (૨) ઘણાં સપ્રદેશ, એક અપ્રદેશ. (૩)*



*ઘણાં સપ્રદેશ, ઘણાં અપ્રદેશ. એમ સ્તનિતકુમાર સુધી જાણવું. - - પૃથ્વીકાયિકો - x - ? ગૌતમ! સપ્રદેશ પણ હોય, અપ્રદેશ પણ હોય. એ રીતે વનસ્પતિકાયિક સુધી. બાકીના નૈરયિકો માફક જાણવા યાવત્ સિદ્ધ સુધી કહેવું.*

*જીવ અને એકેન્દ્રિયો સિવાય આહારકો માટે ત્રણ ભંગ. જીવ, એકેન્દ્રિયો સિવાય અનાહારક માટે છ ભંગ કહેવા – (૧) સપ્રદેશ, (૨) અપ્રદેશ, (૩) કોઈ સપ્રદેશ, કોઈ અપ્રદેશ, (૪) કોઈ સપ્રદેશ, ઘણાં અપ્રદેશ, (૫) ઘણાં સપ્રદેશ, કોઈ અપ્રદેશ, (૬) ઘણાં સપ્રદેશ, ઘણાં અપ્રદેશ.*

*સિદ્ધોને ત્રણ ભંગ. ભવસિદ્ધિક, અભવસિદ્ધિક સામાન્ય જીવો જેવા જાણવા. નોભવસિદ્ધિકનો અભવસિદ્ધિક - સિદ્ધોમાં ત્રણ ભંગ. સંજ્ઞીમાં જીવાદિ ત્રણ ભંગ, અસંજ્ઞીમાં એકેન્દ્રિયવર્જીને ત્રણ ભંગ. નૈરયિક, દેવ, મનુષ્યમાં છ ભંગ. નોસંજ્ઞીનો અસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભંગ. લેશ્યાવાળા સામાન્ય જીવ માફક.*

*આહારક જીવો માફક કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યાવાળા જાણવા. વિશેષ એ કે જેને જે લેશ્યા હોય તે કહેવી. તેજોલેશ્યામાં જીવાદિ ત્રણ ભંગ, વિશેષ એ કે પૃથ્વી-અપ્-વનસ્પતિકાયિકમાં છ ભંગ છે. પદ્મ-શુક્લ લેશ્યામાં જીવાદિઔધિક ત્રણ ભંગ. અલેસી-જીવ, સિદ્ધોમાં ત્રણ ભંગ. મનુષ્યોમાં છ ભંગ. સમ્યગ્દષ્ટિમાં જીવાદિ ત્રણ ભંગ. વિકલેન્દ્રિયોમાં છ ભંગ. મિથ્યાદૃષ્ટિમાં એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં છ ભંગ. સંયતોમાં જીવાદિક ત્રણ ભંગ. અસંયતમાં એકેન્દ્રિયવર્જીને ત્રણ ભંગ. સંયતા સંયતમાં જીવાદિક ત્રણ ભંગ. નોસંયત નોઅસંયતનો સંયતાસંયત-જીવ, સિદ્ધોમાં ત્રણ ભંગ. સકષાયોમાં જીવાદિ ત્રણ ભંગ. એકેન્દ્રિયો અભંગક.*

*ક્રોધકષાયીમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. દેવોમાં છ ભંગ. માન, માયાકષાયીમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. નૈરયિક, દેવોમાં છ ભંગ. લોભકષાયીમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. નૈરયિકોમાં છ ભંગ. અકષાયીમાં જીવ, મનુષ્ય, સિદ્ધોમાં ત્રણ ભંગ. ઔધિકજ્ઞાનમાં, મતિ-શ્રુતજ્ઞાનમાં જીવાદિક ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં છ ભંગ. અવધિ-મનઃપર્યવ-કેવલજ્ઞાનમાં જીવાદિ ત્રણ ભંગ. ઔધિક અજ્ઞાન, મતિ-શ્રુતઅજ્ઞાનમાં એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ, વિભંગ જ્ઞાનમાં જીવાદિક ત્રણ ભંગ. સયોગીને ઔધિકવત્ જાણવા. મન-વચન-કાય યોગીમાં જીવાદિ ત્રણ ભંગ, વિશેષ એ કે એકેન્દ્રિયો કાયયોગી છે, તે અભંગક છે. અયોગી, અલેસીવત્ જાણવા.*

*સાકાર-અનાકાર ઉપયોગવાળામાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. સવેદકને સકષાયીવત્ જાણવા. સ્ત્રી-પુરુષ-નપુંસક વેદકોમાં જીવાદિ ત્રણ ભંગ, વિશેષ એ કે નપુંસકવેદમાં એકેન્દ્રિયો અભંગક છે. અવેદકને અકષાયીવત્ જાણવા. સશરીરીને ઔધિકવત્ જાણવા. ઔદારિક, વૈક્રિયશરીરીમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. આહારકશરીરીમાં જીવ, મનુષ્યમાં છ ભંગ. તૈજસ, કાર્મણ*

***શરીરી ઔધિકવત્. અશરીરી-જીવ, સિદ્ધના ત્રણ ભંગ.***

***આહાર-શરીર-ઈન્દ્રિય-આનપ્રાણ પર્યાપ્તિમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. ભાષા-મનઃપર્યાપ્તિને સંજ્ઞીવત્ જાણવા. આહારક પર્યાપ્તિરહિતને અનાહારકવત્ જાણવા. શરીર-ઈન્દ્રિય-આનપ્રાણ પર્યાપ્તિમાં જીવ, એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગ. નૈરયિક, દેવ, મનુષ્યોમાં છ ભંગ. ભાષા-મન અપર્યાપ્તિમાં જીવાદિક ત્રણ ભંગ. નૈરયિક, દેવ, મનુષ્યોમાં છ ભાંગા જાણવા.***

***[૨૮૭] સપ્રદેશો, આહારક, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર, પર્યાપ્તિ.***

**● વિવેચન-૨૮૬,૨૮૭ :-**

कालादेसेणं - કાળને આશ્રીને. सपएस - સવિભાગ. અનાદિપણાથી જીવની અનંત સમય સ્થિતિથી સપ્રદેશતા છે. એક સમય સ્થિતિક તે અપ્રદેશ. દ્વયાદિ સ્થિતિક તે સપ્રદેશ. - x - પ્રથમ સમયોત્પન્ન નારક, તે અપ્રદેશ. દ્વયાદિ સમયોત્પન્ન તે સપ્રદેશ. તેથી કોઈ સપ્રદેશ, કોઈ અપ્રદેશ કહ્યું. એ રીતે જીવથી સિદ્ધ સુધી ૨૬ દંડકમાં કાળથી સપ્રદેશત્વાદિ વિચાર્યુ. હવે તેનો બહુત્વ વિચાર –

ઉપપાત, વિરહકાળે પૂર્વોત્પન્ન જીવો અસંખ્યાત હોવાથી બધાં સપ્રદેશ હોય. પૂર્વોત્પન્ન મધ્યે એક પણ બીજો નારક ઉપજે તો તે પ્રથમ સમયોત્પન્નત્વથી અપ્રદેશ છે. બાકીના દ્વયાદિ સમયોત્પન્નત્વથી સપ્રદેશ કહેવાય. જ્યારે ઘણાં જીવો ઉત્પદ્યમાન હોય તો સપ્રદેશા અને અપ્રદેશા.

પૂર્વોત્પન્ન અને ઉત્પદ્યમાન એકેન્દ્રિયો ઘણાં હોવાથી સપ્રદેશા પણ, અપ્રદેશા પણ કહ્યું. જેમ ત્રણ અભિલાપથી નારકો કહ્યા, તેમ બાકીના બેઈન્દ્રિયાદિથી સિદ્ધ સુધીના જાણવા. કેમકે તે બધાને વિરહના સદ્ભાવથી એકાદિની ઉત્પત્તિ છે. એ પ્રમાણે આહારક, અનાહારક શબ્દથી વિશેષિત જીવોના એકવચન અને બહુવચનથી એમ બે દંડકો કહેવા. - x - x - તેમાં વિગ્રહ કે કેવલિ સમુદ્ઘાતમાં અનાહારક થઈ ફરી આહારક બને ત્યારે પહેલા સમયે અપ્રદેશાદિ છે. એ પ્રમાણે બધાં આદિભાવમાં એકત્વ, અનાદિમાં સપ્રદેશ છે.

- x - x - આહારકત્વમાં રહેલા ઘણાં જીવોથી સપ્રદેશત્વ, વિગ્રહગતિ પછી પ્રથમ સમય આહારકત્વથી તેમનું અપ્રદેશત્વ છે. માટે બંને કહ્યા. એ રીતે પૃથ્વી આદિ કહેવા. એ રીતે પૃથ્વી આદિ કહેવા. નારકાદિ ત્રણ વિકલ્પથી કહેવા - x - x - જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણ ભંગો કહેવા. અનાહારકત્વથી સિદ્ધ પદ ન કહેવું. અનાહારકના બે દંડકને એ રીતે અનુસરવા. તેમાં વિગ્રહ-ગતિ પ્રાપ્ત, સમુદ્ઘાત કેવલી, અયોગી, સિદ્ધ બધાં અનાહારક છે. તે બધાં પ્રથમ સમયે અપ્રદેશ અને દ્વિતીયાદિ સમયે સપ્રદેશ કહેવાય.

બહુપણાના દંડકમાં વિશેષ કહે છે – જીવ પદમાં, એકેન્દ્રિય પદમાં કેટલાંક સપ્રદેશ, કેટલાક અપ્રદેશ એવો એક ભંગ થશે. કેમકે તે બંનેમાં વિગ્રહગતિ પ્રાપ્ત સપ્રદેશ અને અપ્રદેશ જીવો લાભે છે નૈરયિક અને બેઈન્દ્રિયાદિનો ઉત્પાદ થોડો છે.



તેમાં એક, બે આદિ અનાહારકો હોવાથી છ ભંગો છે. તેમાં બે ભાંગા બહુવચનાંત અને ચાર એકવચન-બહુવચન સંયોગથી છે. કેમકે અહીં બહુપણાનો અધિકાર છે. માટે એકવચન નથી.

સિદ્ધમાં ત્રણ ભંગ છે, સપ્રદેશપદ બહુવચનવાળુ જ હોય. - x - ભવ્ય, અભવ્ય નિયમથી સપ્રદેશ, નારકાદિ સપ્રદેશ કે અપ્રદેશ, ઘણાં જીવો સપ્રદેશ જ હોય, નારકાદિ ત્રણ ભંગવાળા છે. એકેન્દ્રિયો સપ્રદેશ, અપ્રદેશ હોય તે એક ભંગ. સિદ્ધોને ભવ્યાભવ્ય વિશેષણ ન હોય. માટે તે ન કહ્યું. 'ન ભવ્ય ન અભવ્ય' વિશેષણવાળાના બે દંડક છે - x - માત્ર તેમાં જીવપદ, સિદ્ધપદ જ કહેવા. નારકાદિ પદોને નોભવ્ય નોઅભવ્ય વિશેષણ નથી. પૃથક્ત્વ દંડકમાં પૂર્વોક્ત ત્રણ ભંગ લેવા.

સંજ્ઞીઓમાં જે બે દંડક છે, તેમાં બીજા દંડકમાં જીવાદિપદોમાં ત્રણ ભંગ છે. તેમાં સંજ્ઞી જીવો કાળથી સપ્રદેશ છે. પણ ઉત્પાદ વિરહ પછી એક જીવની ઉત્પત્તિમાં પ્રથમપણામાં સપ્રદેશો, અપ્રદેશ થાય. ઘણાંની ઉત્પત્તિની પ્રથમતામાં સપ્રદેશો, અપ્રદેશો થાય. એ રીતે ત્રણ ભંગ છે. એ પ્રમાણે બધાં પદોમાં જાણવું. માત્ર તેમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સિદ્ધ પદો ન કહેવા. કેમકે તેમાં સંજ્ઞી વિશેષણનો અભાવ છે અસંજ્ઞીમાં બીજા દંડકમાં પૃથ્વી આદિ પદો છોડીને ત્રણ ભંગ કહેવા. પૃથ્વી આદિ પદોમાં સપ્રદેશા-અપ્રદેશા એ એક જ ભંગ કહેવો, કેમકે તેમાં ઘણાં જીવોની ઉત્પત્તિ સંભવે છે, તેથી અપ્રદેશત્વનું બહુત્વ છે નૈરયિકોથી વ્યંતર સુધી સંજ્ઞીનું પણ અસંજ્ઞીત્વ જાણવું. કેમકે તેમાં અનેક અસંજ્ઞીજીવો મરણ પામીને ઉત્પન્ન થાય છે - x - x - જ્યોતિષ્ક, વૈમાનિકો, સિદ્ધો ન કહેવા, કેમકે તેમાં અસંજ્ઞીત્વ ન સંભવે. 'નોસંજ્ઞી નોઅસંજ્ઞી'ના બીજા દંડકમાં જીવ, મનુષ્ય, સિદ્ધ પદમાં ઉક્તરૂપ ત્રણ ભાંગા છે. કેમકે તેમાં ઘણાં અવસ્થિતો લાભે છે અને ઉત્પદ્યમાન એકાદિનો સંભવ છે. નૈરયિકાદિને નોસંજ્ઞી નોઅસંજ્ઞી વિશેષણ ન ઘટે. - - સલેશ્યના બે દંડકમાં ઔધિક દંડકવત્ જીવ, નારકાદિ કહેવા. કેમકે જીવત્વ માફક સલેશ્યપણું પણ અનાદિ છે. - x - માત્ર તેમાં સિદ્ધ પદ ન કહેવું. કેમકે સિદ્ધો અલેશ્ય છે.

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાવાળા જીવો અને નૈરયિકોના પ્રત્યેકના બે દંડક આહારક જીવાદિ માફક ઉપયોગપૂર્વક કહેવા. માત્ર જે જીવ, નારક આદિને એ લેશ્યા હોય તે કહેવી. આ લેશ્યા જ્યોતિષ્ક, વૈમાનિકને ન હોય. - x - તેજોલેશ્યાના બીજા દંડકમાં જીવાદિપદોમાં તે જ ત્રણ ભંગો છે. પૃથ્વી, અપ્, વનસ્પતિમાં છ ભંગો કહેવા. કેમકે આમાં તેજોલેશ્યા એકાદિ દેવો પૂર્વોત્પન્ન અને ઉત્પદ્યમાન હોય, તેઓ લાભે છે, તેથી સપ્રદેશ અને અપ્રદેશનું એકત્વ-બહુત્વ સંભવે છે. અહીં નારક, તેઉ, વાયુ, વિકલેન્દ્રિય, સિદ્ધ પદો ન કહેવા, તેમને તેજોલેશ્યાનો અભાવ છે. પદ્મ-શુક્લ લેશ્યાના બીજા દંડકમાં જીવાદિ પદોમાં તે જ ત્રણ ભંગો કહેવા. અહીં પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વૈમાનિક પદો જ કહેવા. કેમકે બીજાને તે લેશ્યા ન હોય. અલેશ્યમાં જીવ, મનુષ્ય, સિદ્ધો જ કહેવા, બીજાને તેનો સંભવ નથી. તેમાં જીવ અને સિદ્ધના ત્રણ ભંગ, મનુષ્યોમાં છ ભંગો છે. - x - x -

સમ્યગ્ દૃષ્ટિના બે દંડકમાં સમ્યગ્દર્શન પ્રાપ્તિના પ્રથમ સમયે અપ્રદેશત્વ, દ્વિતીયાદિમાં સપ્રદેશત્વ. તેમાં બીજા દંડકમાં જીવાદિ પદોમાં ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં છ ભંગ જાણવા. કેમકે તેઓમાં પૂર્વોત્પન્ન અને ઉત્પદ્યમાન એકાદિ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ લાભે છે, તેથી સપ્રદેશત્વ-અપ્રદેશત્વમાં એકત્વ-બહુત્વ સંભવ છે. અહીં એકેન્દ્રિયપદ ન કહેવા, કેમકે તેઓમાં સમ્યગ્દર્શનનો અભાવ છે.

મિથ્યાદૃષ્ટિના બીજા દંડકમાં જીવાદિ પદમાં ત્રણ ભંગ છે. કેમકે મિથ્યાત્વ પ્રતિપન્ન ઘણા છે, સમ્યક્ત્વભ્રંશે એકાદિનો સંભવ છે એકેન્દ્રિયોમાં સપ્રદેશો-અપ્રદેશો એક જ ભંગ છે. - x - અહીં સિદ્ધો ન કહેવા કેમકે તેઓમાં મિથ્યાત્વનો અભાવ છે - - સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણાને પામેલા અને પામતા એકાદિ જીવો પણ હોય માટે તેમાં છ ભંગો છે. અહીં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સિદ્ધ પદોને ન કહેવા, તેમને ન સંભવે.

'સંયત' જીવ પદોમાં ત્રણ ભંગ, કેમકે સંયમને પામેલાં ઘણાં અને પામતો એકાદિ જીવ હોય. આ જીવપદ, મનુષ્યપદમાં જ કહેવું. બીજે સંયતત્વનો અભાવ છે. 'અસંયત'પણું પામેલા ઘણાં, સંયતત્વ થકી પડેલ એકાદ જીવ હોય તેથી ત્રણ ભંગ. એકેન્દ્રિયને એક જ ભંગ. સિદ્ધ પદનો અહીં અસંભવ છે. - - સંયતા સંયતના બહુત્વ દંડકમાં દેશવિરતિને પામેલા ઘણાં અને પામતા એકાદિ જીવ હોય માટે ત્રણ ભંગ સંભવે છે. અહીં જીવ, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યપદ જ કહેવા. બીજાને તેનો સંભવ નથી. નોસંયત નોઅસંયતમાં જીવ, સિદ્ધ કહેવા.

સકષાયી સદા અવસ્થિત હોવાથી સપ્રદેશા એ એક ભંગ. ઉપશમ શ્રેણીથી પડતા હોવાથી સકષાયત્વને એકાદિ જીવ પામે છે માટે સપ્રદેશો અને અપ્રદેશ, તથા સપ્રદેશો-અપ્રદેશો એ બે ભંગ બીજા કહેવા. નૈરયિકાદિમાં ત્રણ ભાંગા પ્રતીત જ છે. એકેન્દ્રિયોને અભંગક કહ્યા, કેમકે ઘણાં ભંગનો અભાવ તે અભંગક અર્થ છે, અહીં સપ્રદેશ-અપ્રદેશ એક જ ભંગ છે. - x - સિદ્ધો અકષાયી હોવાથી અહીં ન કહેવા.

ક્રોધ કષાયીના બીજા દંડકમાં જીવપદ અને પૃથ્વી આદિ પદોમાં સપ્રદેશો અને અપ્રદેશો એ એક ભંગ. બાકીનાને ત્રણ ભંગ છે. સકષાયીની જેમ ક્રોધકષાયી જીવ પદમાં ત્રણ ભંગ કેમ ન કહ્યા? અહીં માન-માયા-લોભથી નિવૃત્ત, પણ ક્રોધને પામેલ ઘણાં જીવો હોય છે. કેમકે પ્રત્યેકે ક્રોધકષાયીની રાશિ અનંત છે. - x - દેવ પદોમાં તેરે દંડકમાં છ ભંગો કહેવા, તેઓમાં ક્રોધોદયીનું અલ્પત્વ હોવાથી એકત્વ, બહુત્વથી સપ્રદેશત્વ, અપ્રદેશત્વનો સંભવ છે. માન, માયા કષાયીને બીજા દંડકમાં - નૈરયિક અને દેવોમાં માન અને માયાના ઉદયવાળા થોડા જ હોય છે, પૂર્વોક્ત ન્યાયથી તેમાં છ ભંગ થાય. લોભકષાયીની ભાવના ક્રોધ સૂત્રવત્ કરવી. લોભોદયવાળા નૈરયિક અલ્પ હોવાથી છ ભંગો. - x - દેવો લોભ પ્રચુર છે, નૈરયિકો ક્રોધ પ્રચુર છે. અકષાયીના બીજા દંડકમાં જીવ, મનુષ્ય, સિદ્ધ પદોમાં ત્રણ ભંગો છે, બીજાનો સંભવ નથી.

મત્યાદિના ભેદથી અવિશેષિત તે ઔધિકજ્ઞાન. તેમાં તથા મતિ-શ્રુત જ્ઞાનમાં બહુત્વ દંડકમાં, જીવાદિ પદોમાં ત્રણ ભંગ. તેમાં ઔધિકજ્ઞાની, મતિ-શ્રુતજ્ઞાનીઓ સદા અવસ્થિતત્વથી સપ્રદેશા હોય, તેથી 'સપ્રદેશ' એક ભંગ. મિથ્યાજ્ઞાનથી નિવર્તી, માત્ર



મત્યાદિજ્ઞાન પામતા તથા મતિ, શ્રુત અજ્ઞાનથી નિવર્તતા અને મતિ-શ્રુતને પામતા એકાદિ જીવો હોય, તેથી સપ્રદેશો અને અપ્રદેશ તથા સપ્રદેશો, અપ્રદેશો એ બે, એમ ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં સાસ્વાદન સમ્યક્ત્વથી મતિજ્ઞાનવાળા એકાદિ જીવ સંભવે માટે છ ભંગ. અહીં યથાયોગ પૃથ્વી આદિ જીવો અને સિદ્ધો ન કહેવા, કેમકે તેઓનો અસંભવ છે એ પ્રમાણે અવધિ આદિમાં ત્રણ ભંગ, તેમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સિદ્ધો ન કહેવા. મનઃપર્યાયમાં જીવો અને મનુષ્યો કહેવા. કેવલ દંડકમાં જીવ, સિદ્ધ, મનુષ્યો કહેવા. - x - સામાન્ય અજ્ઞાનમાં, મતિશ્રુત અજ્ઞાનમાં જીવાદિમાં ત્રણ ભંગ. તેઓ સદા અવસ્થિત હોવાથી 'સપ્રદેશો' એક ભંગ. જ્ઞાનને મૂકીને મતિ અજ્ઞાનાદિપણે પરિણમે છે. ત્યારે એકાદિના સંભવથી સપ્રદેશો અને અપ્રદેશ આદિ બીજા બે ભંગ. પૃથ્વી આદિમાં એક જ ભંગ. અહીં ત્રણે અજ્ઞાનમાં સિદ્ધો ન કહેવા. વિભંગમાં જીવાદિમાં ત્રણ ભંગ. અહીં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સિદ્ધો ન લેવા.

ઔધિક જીવાદિ માફક જીવાદિ બે દંડકમાં સયોગી કહેવા. સયોગી નિયમા સપ્રદેશ. નારકાદિ સપ્રદેશ કે અપ્રદેશ. ઘણાં જીવો સપ્રદેશ છે. નારકાદિ ત્રણ ભંગવાળા છે. એકેન્દ્રિયો ત્રીજા ભાંગાવાળા છે અહીં સિદ્ધ પદ ન કહેવું. મનોયોગી - સંજ્ઞી, વાગ્યોગી - એકેન્દ્રિય સિવાય, કાયયોગી - બધાં એકેન્દ્રિયાદિ. એ જીવાદિમાં ત્રણ ભંગ. - x - વિશેષ એ કે કાયયોગી-એકેન્દ્રિયોમાં સપ્રદેશો-અપ્રદેશો એક જ ભંગ. આ ત્રણે યોગના દંડકમાં જીવાદિ યથાસંભવ કહેવા, સિદ્ધો ન કહેવા. અયોગીની વક્તવ્યતા અલેશ્ય માફક જાણવી. બીજા દંડકમાં અયોગીમાં જીવ અને સિદ્ધ પદમાં ત્રણ ભંગ. મનુષ્યોમાં છ ભંગ.

સાકાર, અનાકાર ઉપયોગવાળા નૈરયિકાદિમાં ત્રણ ભંગ. જીવ, પૃથ્વી પદમાં એક જ ભંગ, - x - સિદ્ધોને એક સમયોપયોગિપણું છે તો પણ બંને ઉપયોગની પ્રાપ્તિ અસકૃત્ અને સકૃત્ હોવાથી સપ્રદેશ અને અપ્રદેશત્વ જાણવું. - x - તેઓને સકૃત, અસકૃતથી ત્રણ ભંગ થાય.

અનાકારોપયોગમાં પણ સકૃત્, અસકૃત્ અને ઉભય પ્રાપ્તિને આશ્રીને ત્રણ ભંગ. - - સકષાયીની જેમ સવેદક જાણવા. કેમકે વેદવાળાઓને પણ જીવાદિ પદમાં ત્રણ ભંગ, એકેન્દ્રિયોમાં એક ભંગ થાય છે વેદ પામેલાને તથા શ્રેણિ ભ્રંશ બાદ વેદને પામતા એકાદિ જીવને અપેક્ષી ત્રણ ભંગ જાણવા. - x - નપુંસક વેદમાં બને દંડકમાં એકેન્દ્રિયોમાં એક જ ભંગ જાણવો. સ્ત્રી, પુરુષ દંડકમાં દેવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જ કહેવા, નપુંસકમાં દેવોને વર્જવા. - x -

અવેદકને અકષાયીવત્ જાણળા. જીવ, મનુષ્ય, સિદ્ધમાં ત્રણ ભંગ કહેવા. ઔધિક માફક સશરીરી કહેવા, જીવ પ્રદેશમાં સપ્રદેશત્વ જ કહેવું. નૈરયિકાદિમાં ત્રણ ભંગ કહેવા. - - ઔદારિકાદિ શરીરીમાં જીવપદ, એકેન્દ્રિયપદમાં બહુત્વમાં ત્રીજો ભંગ થાય છે - x - x - બાકીનાના ત્રણ ભંગ થાય કેમકે તેમાં પ્રતિપન્નો ઘણાં મળે છે. તથા ઔદારિક અને વૈક્રિયને છોડીને ઔદારિક, વૈક્રિયને પામતા એકાદિ જીવો મળે છે. ઔદારિકમાં નૈરયિકો અને દેવો ન કહેવા. વૈક્રિયમાં પૃથ્વી, પાણી, અગ્નિ,

વનસ્પતિ અને વિકલેન્દ્રિયો ન કહેવા. એકેન્દ્રિયમાં ત્રીજો ભંગ વાયુની વૈક્રિય ક્રિયાથી કહ્યો છે. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો વૈક્રિયલબ્ધિવાળા થોડા છે, તો પણ તેઓમાં ત્રણ ભંગ છે. - x -

આહારકશરીરીમાં જીવ અને મનુષ્યમાં છ ભંગો જાણવા. કેમકે તેઓ અલ્પ છે. - - તૈજસ, કાર્મણ શરીરને આશ્રીને જીવાદિ કહેવા. તેમાં ઔધિક જીવો સપ્રદેશો જ કહેવા, કેમકે તૈજસાદિનો સંયોગ અનાદિન ોછે. નારકાદિ ત્રણ ભંગવાળા છે. એકેન્દ્રિયોને ત્રીજો ભંગ છે. આ શરીરાદિ દંડકમાં સિદ્ધ પદ ન કહેવું. સપ્રદેશાદિત્વપણે કહેવા યોગ્ય અશરીરી જીવાદિમાં, જીવપદમાં, સિદ્ધ પદમાં ત્રણ ભંગ કહેવા.

આહાર પર્યાપ્તિમાં જીવ અને પૃથ્વી આદિ પદોમાં ઘણાં જીવો છે, અપર્યાપ્તિ તજી પર્યાપ્તિ ભાવને પામતાં પણ ઘણાં છે, માટે એક જ ભંગ જાણવો. બાકીના જીવોમાં ત્રણ ભંગ જાણવા. ભાષા, મન પર્યાપ્તાને બહુશ્રુત અભિમત કોઈ કારણથી એકત્વરૂપે કહેલ છે. તેને સંજ્ઞી જીવો વત્ જાણવા. અહીં પંચેન્દ્રિયો જ કહેવા. - x -

પર્યાપ્તિ સ્વરૂપ [ટુંકમાં] - જે કરણથી આત્મા ખાધેલ આહાર પચાવવા સમર્થ થાય, તે કરણ નિષ્પત્તિ તે આહાર પર્યાપ્તિ. - x - જીવ જે કરણ દ્વારા ઔદારિકાદિ શરીરને યોગ્ય દ્રવ્યો ગ્રહણ કરીને તે દ્રવ્યોને ઔદારિકાદિ ભાવે પરિણમાવે, તે કરણની નિષ્પત્તિ તે શરીરપર્યાપ્તિ. જે કરણ દ્વારા સ્પર્શાદિ ઈન્દ્રિયોને યોગ્ય દ્રવ્યો ગ્રહણ કરીને પોતાના વિષયો જાણવા સમર્થ થાય છે, તે કરણની નિષ્પત્તિતે ઈન્દ્રિય પર્યાપ્તિ. જે કરણથી આનપ્રાણ યોગ્ય દ્રવ્યોને અવલંબી, તે દ્રવ્યોને આનપ્રાણપણે બહાર કાઢવા સમર્થ થાય તે આનપ્રાણ પર્યાપ્તિ. જે કરણ દ્વારા સત્યાદિ ભાષાને યોગ્ય દ્રવ્યોને અવલંબી. - x - ભાષાના નિસર્જનમાં સમર્થ થાય તે કરણની નિષ્પત્તિ. તે ભાષા પર્યાપ્તિ. જે કરણ દ્વારા આત્મા મનન કરવા સમર્થ થાય તે કરણની નિષ્પત્તિ તે મનઃપર્યાપ્તિ. - - અહીં જીવ પદ, પૃથ્વીપદમાં એક જ ભંગ કહેવો - x - બાકીના જીવોમાં પૂર્વોક્ત છ ભંગો કહેવા. - x - શરીર અપર્યાપ્તિમાં જીવ અને એકેન્દ્રિયનો એક જ ભંગ કહેવો, બીજે ત્રણ ભંગ કહેવા. - x - નારક, દેવ, મનુષ્યોમાં છ ભંગ જાણવા. ભાષા અને મનપર્યાપ્તિ - અપર્યાપ્તિમાં જેઓને ભાષા અને મનની યોગ્યતા હોય તો પણ અસિદ્ધિ હોય તેવા માત્ર પંચેન્દ્રિયો જ છે. જેઓને આ પર્યાપ્તિનો અભાવ હોય, તેઓમાં એકેન્દ્રિયો પણ હોવા જોઈએ. તે હોય તો જીવપદે માત્ર ત્રીજો ભંગ થાય, પણ તેમ નથી. સૂત્રકાર કહે છે — જીવાદિના ત્રણ ભંગો કહેવા. તાત્પર્ય એ કે જે જીવોને જન્મથી ભાષા અને મનની યોગ્યતા હોય પણ તેની અસિદ્ધિ હોય તે જ જીવો અહીં અપર્યાપ્તિથી અપર્યાપ્ત કહેવા, તેમાં જીવો અને પંચેન્દ્રિયો આવે - x - નૈરયિક, દેવ, મનુષ્યને છ ભંગ કહેવા - x - અહીં સિદ્ધ પદ ન કહેવું.

પૂર્વોક્ત દ્વારની સંગ્રહ ગાથા કહે છે - सप्रदेशा - કાળથી જીવો સપ્રદેશા અને અપ્રદેશા છે. आहारका - તે રીતે આહારક અને અનાહારક. भविया - ભવ્ય, અભવ્ય, ઉભય નિષેધવાળા. सन्नि - સંજ્ઞી, અસંજ્ઞી અને બંનેના નિષેધવાળા. लेस - સલેશ્યા, કૃષ્ણાદિ લેશ્યા, અલેશ્યા. दिट्ठि - સમ્યગ્ દૃષ્ટ્યાદિ ત્રણ. संयत - સંયત, અસંય, મિશ્ર.



कसाय - ક્રોધાદિ કષાયવાળા, અકષાયી. ઇત્યાદિ - x - જીવ અધિકારથી કહે છે —

**• સૂત્ર-૨૮૮ થી ૨૯૦ :-**

*[૨૮૮] ભગવન્ ! જીવો પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાની ? ગૌતમ ! ત્રણે હોય - સર્વ જીવો માટે પૃચ્છા-ગૌતમ ! નૈરયિકો અપ્રત્યાખ્યાની છે યાવત્ ચતુરિન્દ્રિય. બીજા બેનો નિષેધ કર્યો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પ્રત્યાખ્યાની નથી પણ બીજા બે ભંગ હોય. મનુષ્યોને ત્રણે ભંગ હોય. બાકીના જીવો નૈરયિકવત્ કહેવા.*

*ભગવન્ ! જીવો પ્રત્યાખ્યાનને જાણે ? અપ્રત્યાખ્યાનને જાણે ? પ્રત્યાખ્યાના પ્રત્યાખ્યાનને જાણે ? ગૌતમ ! પંચેન્દ્રિયો ત્રણેને જાણે. બાકીના પચ્ચક્ખાણાદિ ત્રણેને ન જાણે.*

*ભગવન્ ! જીવો, પ્રત્યાખ્યાન કરે ?, અપ્રત્યાખ્યાન કરે ? પ્રત્યાખ્યાના-પ્રત્યાખ્યાન કરે ? ઔધિક પ્રમાણે જાણવું. - - ભગવન્ ! જીવો, પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાન કે પ્રત્યાખ્યાનપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુવાળા છે ? ગૌતમ ! જીવો અને વૈમાનિકો પ્રત્યાખ્યાન નિર્વર્તિત આદિ ત્રણે વાળા છે બાકી અપ્રત્યાખ્યા-નિર્વર્તિતાયુ છે.*

*[૨૮૯] પ્રત્યાખ્યાન, જાણે, કરે, આયુનિર્વૃત્તિ, સપ્રદેશ ઉદ્દેશામાં ચાર દંડકો છે - - [૨૯૦] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**• વિવેચન-૨૮૮ થી ૨૯૦ :-**

पच्चक्खाणी - સર્વ વિરત, अपच्चक्खाणि - અવિરત, ત્રીજા તે દેશવિરત. પ્રત્યાખ્યાન, દેશપ્રત્યાખ્યાનનો નિષેધ છે. કેમકે નૈરયિકાદિ અવિરત છે. પ્રત્યાખ્યાન તેના જ્ઞાનથી થાય, માટે જ્ઞાનસૂત્ર. તેમાં નારક આદિ દંડકોક્ત પંચેન્દ્રિયો, સમનસ્ક હોવાથી, સમ્યગ્દૃષ્ટિપણું હોય તો જ્ઞપરિજ્ઞાથી પ્રત્યાખ્યાનાદિ ત્રણને જાણે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયો ન જાણે. પ્રત્યાખ્યાન કરવાથી થાય, માટે કરણ સૂત્ર. પ્રત્યાખ્યાન આયુબંધનો હેતુ પણ છે, માટે આયુસૂત્ર. જીવપદમાં જીવો પ્રત્યાખ્યાનાદિ ત્રણે વડે નિબદ્ધ આયુવાળા કહેવા. વૈમાનિકો પણ તેમજ છે. બાકીના અપ્રત્યાખ્યાન નિર્વૃત્તાયુ છે. - x - પ્રત્યાખ્યાનને માટે એક દંડક છે. બીજા ત્રણ છે.

## ❁ શતક-૬, ઉદ્દેશો-૫-‘તમસ્કાય’ ❁

— x — x — x — x —

૦ સપ્રદેશા જીવો કહ્યા. હવે સપ્રદેશ એવા તમસ્કાય કહે છે —

**• સૂત્ર-૨૯૧ :-**

*ભગવન્ ! આ તમસ્કાય શું છે ? પૃથ્વી કે પાણી તમસ્કાય કહેવાય ? ગૌતમ ! પૃથ્વી ન કહેવાય, પણ પાણી ‘તમસ્કાય’ કહેવાય. એમ કેમ ? ગૌતમ ! કેટલોક પૃથ્વીકાય શુભ છે, દેશને પ્રકાશિત કરે છે, કેટલોક પૃથ્વીકાય પ્રકાશિત નથી કરતો, તેથી એમ કહ્યું - - ભગવન્ ! તમસ્કાયના આદિ અને અંત ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપની બહાર તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્ર પછી અરુણવરદ્વીપની*

બાહ્ય વેદિકાંતથી અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી ઉપરિતન જલાંતથી એક પ્રદેશ શ્રેણિએ આ તમસ્કાય ઉત્પન્ન થઈ, ૧૭૨૧ યોજન ઉંચો જઈ, ત્યાંથી તિર્છો વિસ્તાર પામતો સૌધર્માદિ ચાર કલ્પોને આચ્છાદીને ઉંચે બ્રહ્મલોક કલ્પે રિષ્ટ વિમાનના પ્રસ્તટ સુધી સંપ્રાપ્ત થાય છે, ત્યાં તેનો અંત છે.

ભગવન્ ! તમસ્કાય કેવા આકારે છે ? ગૌતમ ! નીચે કોડીયા આકારે, ઉપર કુકડાના પાંજરાના આકારે સંસ્થિત છે - - ભગવન્ ! તમસ્કાયનો વિષ્કંભ અને પરિક્ષેપ કેટલો છે ? ગૌતમ ! તમસ્કાય બે ભેદે — સંખ્યાત વિસ્તૃત, અસંખ્યાત વિસ્તૃત. સંખ્યાત છે, તે વિસ્તારથી સંખ્યાત યોજન, પરિક્ષેપથી અસંખ્યાત યોજન છે. અસંખ્યાત વિસ્તૃત છે, તે બંનેથી અસંખ્યાત યોજન છે — ભગવન્ ! તમસ્કાય કેટલો મોટો છે ? ગૌતમ ! સર્વદ્વીપ-સમુદ્રોની મધ્યે-સર્વાભ્યંતર જંબૂદ્વીપ નામે દ્વીપ યાવત્ પરિક્ષેપ વડે કહ્યો છે. કોઈ મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ દેવ ‘આ ચાલ્યો’ એમ કરીને ત્રણ ચપટી વગાડતા ૨૧-વાર તે સંપૂર્ણ જંબૂદ્વીપને ફરીને શીઘ્ર આવે, તે દેવ, તેની ઉત્કૃષ્ટ અને ત્વરાવાળી યાવત્ દેવગતિ વડે જતો જતો યાવત્ એક, બે કે ત્રણ દિન ચાલે, ઉત્કૃષ્ટ છ માસ ચાલે, તો કોઈ તમસ્કાય સુધી પહોંચે અને કોઈ તમસ્કાય સુધી ન પહોંચે, હે ગૌતમ ! તમસ્કાય એટલો મોટો છે.

ભગવન્ ! તમસ્કાયમાં ઘર કે ગૃહાપણ છે ? તે અર્થ યોગ્ય નથી. - - ભગવન્ ! તમસ્કાયમાં ગામ યાવત્ સંનિવેશ છે ? તે અર્થ યોગ્ય નથી. - - ભગવન્ ! તમસ્કાયમાં ઉદાર મેઘ સંસ્વેદે, સમૂર્છે કે સંવર્ષે ? - હા, તેમ થાય. - - ભગવન્ ! શું તેને દેવ કે અસુર કે નાગ કરે છે ? ગૌતમ ! દેવ પણ કરે, અસુર કે નાગ પણ કરે. - - ભગવન્ ! તમસ્કાયમાં બાદર સ્તનિત શબ્દ કે બાદર વિજળી છે ? હા, છે - ભગવન્ ! તેને દેવાદિ કરે ? - ત્રણે પણ કરે. - - ભગવન્ ! તમસ્કાયમાં બાદર પૃથ્વી કે અગ્નિકાય છે ? ના, તે અર્થ યોગ્ય નથી, વિગ્રહગતિ પ્રાપ્ત સિવાય જાણવું.

ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારા છે ? તે અર્થ યોગ્ય નથી, પણ તેની પડખે છે. - - ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્રપ્રભા કે સૂર્યપ્રભા છે ? તે અર્થ યોગ્ય નથી. પણ કાદૂષણિકા છે. ભગવન્ ! તમસ્કાયનો વર્ણ કેવો છે ? ગૌતમ ! કાળો, કાળી કાંતિવાળો, ગંભીર, રોમ હર્ષજનક, ભીમ, ઉત્તાસનક, પરમકૃષ્ણ વર્ણનો કહ્યો છે કેટલાંક દેવ પણ તેને જોઈને ક્ષોભ પામે. કદાચ કોઈ તેમાં પ્રવેશે, તો પછી શીઘ્ર, ત્વરિત જલ્દી તેને ઉલ્લંઘી જાય.

ભગવન્ ! તમસ્કાયના કેટલા નામ છે ? ગૌતમ ! ૧૩, તે આ — તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર, લોકાંધકાર, લોકતમિસ્ર, દેવાંધકાર, દેવતમિસ્ર, દેવારણ્ય, દેવવ્યૂહ, દેવપરિઘ, દેવપ્રતિક્ષોભ, અરુણોદસમુદ્ર.

ભગવન્ ! તમસ્કાય, પૃથ્વી-પાણી-જીવ કે પુદ્ગલ પરિણામ છે ? ગૌતમ ! પૃથ્વી પરિણામ નથી. પાણી-જીવ-પુદ્ગલ ત્રણે પરિણામ છે. ભગવન્ ! તમસ્કાયમાં





સર્વે પ્રાણ, ભૂત, જીવ, સત્વ પૃથ્વી યાવત્ ત્રસકાયિકપણે પૂર્વે ઉપજ્યા છે ? હા, ગૌતમ ! અનેક વાર કે અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે. પણ બાદર-પૃથ્વી કે અગ્નિપણે ઉત્પન્ન થયા નથી.

● વિવેચન-૨૯૧ :-

તમસ્ પુદ્ગલોની રાશિ, તે તમસ્કાય. તેનો કોઈ નિયત સ્કંધ જ અહીં વિવક્ષિત છે. તે પૃથ્વી કે પાણીની રજનો સ્કંધ હોય, કેમકે બીજો સ્કંધ તેના જેવો હોતો નથી. - x - પૃથ્વીકાયમાં કોઈ ભાસ્વર હોય, તે વિવક્ષિત ક્ષેત્રને પ્રકાશે છે, કોઈ પૃથ્વીકાય અંધ પત્થરવત્ પ્રકાશતો નથી. અપ્કાયનો અપ્રકાશક છે. તમસ્કાય સર્વથા અપ્રકાશક હોવાથી અપ્કાય પરિણામવત્ જ છે. ઉપર-નીચે એક જ પ્રદેશ છે તે એક પ્રદેશિકા શ્રેણિ, તે શ્રેણિ-સમભિત્તિપણે છે - x - x - તમસ્કાય સ્તિબુકાકારે જલ જીવરૂપ છે. તમસ્કાયની વિસ્તીર્ણતા સંબંધે હવે પછી કહેશે.

પ્રજ્ઞાપકના આલેખ્યમાં આલેખેલાં અરુણ સમુદ્રાદિનું અધિકરણપણું દર્શાવવા ‘અધો’ ઇત્યાદિ કહ્યું છે. તમસ્કાયનો નીચેનો આકાર શરાવ-બુદ્નની જેવો છે. કેમકે સમજલાંતની ઉપર ૧૭૨૧ યોજન સુધી તે વલય સંસ્થાને છે. વિષ્કંભ - વિસ્તાર, આયામ - ઉંચાઈ. આદિથી ઉંચે સંખ્યેય યોજન સુધી સંખ્યેય યોજન વિસ્તારવાળો, પછી અસંખ્યેય યોજન વિસ્તારવાળો છે કેમકે તે વિસ્તારગામી કહ્યો છે. તેનું વિસ્તૃત્વ સંખ્યાત યોજન હોવા છતાં અસંખ્યાતતમ દ્વીપનો પરિક્ષેપ તેની બૃહતરતા છે, તેથી જ તેનો પરિક્ષેપ અસંખ્યાત સહસ્ર યોજન કહ્યો.

દેવના મહર્દ્ધિકાદિ વિશેષણ ક્યાં સુધી છે ? ગમન સામર્થ્યના પ્રકર્ષને જણાવવા માટે છે. અતિ શીઘ્રપણું દર્શાવવા ‘ચપટી’ કહી છે. केवल - સંપૂર્ણ, પરિપૂર્ણ. कल्प - સ્વકાર્ય કરણે સમર્થ. - x - x - મોટા મેઘો સંસ્વેદ પામે છે - તદ્જનક પુદ્ગલોની સ્નેહ સંપત્તિથી સંમૂર્છે છે. મેઘના પુદ્ગલોથી તેની તદાકારપણે ઉત્પત્તિ થાય છે. - x - અહીં બાદર વિદ્યુત્થી બાદર તેજસ્કાયિક ન સમજવા. કેમકે અહીં જ તેમનો નિષેધ કરાશે. પણ તે દેવજનિત ભાસ્કર પુદ્ગલો છે. કેમકે ત્યાં બાદર પૃથ્વી તેજસ ન હોય, બાદર પૃથ્વી રત્નપ્રભાદિ આઠમાં, પર્વતમાં, વિમાનમાં હોય, બાદર અગ્નિ મનુષ્યક્ષેત્રમાં જ હોય. વિગ્રહ ગતિમાં વર્તતા બાદર પૃથ્વી અને બાદર અગ્નિ તમસ્કાયવાળા પ્રદેશમાં હોઈ શકે.

તમસ્કાય નજીક ચંદ્રાદિ છે - x - પણ તેની પ્રભા નહીં જેવી છે. તમસ્કાય કાળો અને કાળી દીપ્તિવાળો છે. ગંભીર અને ભયાનક હોવાથી રુંવાડા ઉભા કરનાર છે. કારણ કે તે ભીષ્મ અને ઉત્કંપનો હેતુ છે. સારાંશ એ કે — દેવ પણ તેને જોતા ક્ષોભ પામે, પ્રવેશતા ડરે, કાયગતિના અતિવેગથી, મનોગતિના અતિવેગથી જલ્દીથી બહાર નીકળી જાય.

અંધકારરૂપ હોવાથી તમ, અંધકાર રાશિરૂપ હોવાથી તમસ્काय, તમોરૂપ હોવાથી અંધकार, મહોતમો રૂપથી મહાંધकार, તેવા બીજા અંધકાર અભાવે લોકાંધकार, - x - દેવોને અંધકાર રૂપત્વથી દેવાંધकार, - x - તથાવિધ જંગલરૂપત્વથી દેवारण्य,

ચક્રાદિવ્યૂહ માફક દુર્ભેદ્યત્વથી દેવવ્યૂહ, દેવોને ભયોત્પાદકત્વથી દેવપરિઘ, દેવોને ક્ષોભકત્વથી દેવપ્રતિક્ષોભ, અરુણોદયના વિકારથી અરુણોદ૦ છે.

- x - તમસ્કાય કયા પદાર્થનો પરિણામ છે ? - x - x -તમસ્કાયમાં બાદર વાયુ, બાદર વનસ્પતિ, ત્રસો ઉત્પન્ન થાય છે, કેમકે વાયુ, વનસ્પતિની ઉત્પત્તિ અપ્કાયમાં સંભવે છે, બીજા જીવોની ઉત્પત્તિ સંભવતી નથી - x -તમસ્કાય સાદૃશ્યથી કૃષ્ણરાજિ પ્રકરણ—

**● સૂત્ર-૨૯૨ થી ૨૯૪ :-**

*[૨૯૨] કૃષ્ણરાજિ કેટલી છે ? ગૌતમ ! આઠ. તે ક્યાં છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર, બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાન પ્રસ્તટની નીચે છે. અખાડાની માફક સમચતુરસ્ર આકારે રહેલ આઠ કૃષ્ણરાજિ છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તરમાં બબ્બે છે. પૂર્વાભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણ બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે. દક્ષિણાભ્યંતર, પશ્ચિમ બાહ્યને સ્પર્શેલી છે પશ્ચિમાભ્યંતર, ઉત્તર બાહ્યને સ્પર્શેલી છે ઉત્તરાભ્યંતર, પૂર્વબાહ્યને સ્પર્શેલી છે. પૂર્વ-પશ્ચિમની બે બાહ્ય કૃષ્ણરાજિ છ ખૂણી છે. ઉત્તર-દક્ષિણની બાહ્ય બે કૃષ્ણરાજિ ત્રિકોણ છે. પૂર્વ-પશ્ચિમની બે અભ્યંતર, તે ચોરસ છે. ઉત્તર-દક્ષિણની બે અભ્યંતર કૃષ્ણરાજિઓ ચોરસ છે.*

*[૨૯૩] પૂર્વ-પશ્ચિમની છ ખૂણી, દક્ષિણ-ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિ ત્રિખૂણી, બીજી બધી અભ્યંતર કૃષ્ણરાજિ ચોરસ છે.*

*[૨૯૪] ભગવન્ ! કૃષ્ણરાજિ લંબાઈ, પહોડાઈ, પરિધિથી કેવડી છે ? ગૌતમ ! ત્રણેથી અસંખ્યાત હજાર યોજન છે. ભગવન્ ! કૃષ્ણરાજિ કેટલી મોટી છે ? ગૌતમ ! તમસ્કાયવત્ જાણવી.*

*ભગવન્ ! કૃષ્ણરાજિમાં ઘર કે ગૃહાપણ છે ? ના, નથી. કૃષ્ણરાજિમાં ગામાદિ છે ? ના, નથી. કૃષ્ણરાજિમાં ઉદાર મેઘ સંમૂર્છે છે ? હા, છે. તે કોણ દેવો૦ કરે છે ? દેવો કરે છે. અસુર કે નાગ નહીં. કૃષ્ણરાજિમાં બાદર સ્તનિત શબ્દો છે ? ઉદાર મેઘવત્ જાણવું. કૃષ્ણરાજિમાં બાદર અપ્-અગ્નિ-વનસ્પતિકાય છે ? ના, નથી, સિવાય કે વિગ્રહગતિ સમાપન્નક. - તેમાં ચંદ્ર, સૂર્યાદિ છે ? ના, નથી. - તેમાં ચંદ્રાભાસાદિ છે ? ના, નથી.*

*ભગવન્! કૃષ્ણરાજિ કેવા વર્ણની છે? ગૌતમ! કાળી યાવત્ (દેવ) જલ્દીથી બહાર નીકળી જાય છે. ભગવન્! કૃષ્ણરાજિના કેટલા નામ છે? આઠ. કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘાવતી, માઘવતી, વાતપરિઘા, વાતપરિક્ષોભા, દેવપરિઘા, દેવપરિક્ષોભા.*

*ભગવન્ ! કૃષ્ણરાજિ ! પૃથ્વી-અપ્-જીવ કે પુદ્ગલ પરિણામ છે ? ગૌતમ ! અપ્પરિણામ સિવાય ત્રણે પરિણામ છે.*

*ભગવન્ ! કૃષ્ણરાજિમાં સર્વે પ્રાણો, ભૂતો, જીવો, સત્વો પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર અથવા અનંતવાર. પણ બાદર અપ્-અગ્નિ-વનસ્પતિપણે નહીં.*



**● વિવેચન-૨૯૨ થી ૨૯૪ :-**

કૃષ્ણરાજિ એટલે કાળા પુદ્ગલોની રેખા. હવ્વં - ચોક્કસ, અક્ખાડગ - અખાડો, નાટકાદિ જોવાના સ્થાનમાં આસન વિશેષ. - x - કાળા મેઘની રેખા તુલ્ય હોવાથી મેઘરાજિ, તમિસ્રપણે છટ્ઠી નારકી તુલ્ય હોવાથી મઘા વાયુના સમૂહ માફક ઘટ્ટ અંધકારવાળી હોવાથી વાયફલિહ. વાયુ સમૂહ માફક ગાઢ અંધકારવાળી, હેતુપણાથી પરિક્ષોભરૂપ - વાતપરિક્ષોભ. દુર્લધ્યત્વથી દેવોને પણ અર્ગલા સમાન છે માટે દેવપરિઘ. દેવોને પરિક્ષોભનો હેતુ હોવાથી દેવપરિક્ષોભ.

**● સૂત્ર-૨૯૫ થી ૨૯૯ :-**

*[૨૯૫] આ આઠ કૃષ્ણરાજિના આઠ અવકાશાંતરમાં આઠ લોકાંતિક વિમાનો કહ્યા છે — અર્ચી, અર્ચીમાલી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂર્યાભ, શુક્રાભ, સુપ્રતિષ્ઠાભ, રિષ્ટાભ. - - ભગવન્ ! અર્ચિવિમાન ક્યાં છે ? ગૌતમ ! ઈશાનમાં. અર્ચિમાલી વિમાન ક્યાં છે ? ગૌતમ ! પૂર્વમાં. આ પરિપાટીએ યાવત્ જાણવું. ભગવન્ ! રિષ્ટ વિમાન ક્યાં છે ? ગૌતમ ! બહુમધ્ય દેશ ભાગે. આ આઠ લોકાંતિક વિમાનમાં આઠ લોકાંતિક દેવ છે.*

*[૨૯૬] સારસ્વત, આદિત્ય, વણ્હી, વરુણ, ગર્દતોય, તૃષિત અવ્યાબાધ, આગ્નેય તથા મધ્યમાં રિષ્ટ.*

*[૨૯૭] સારસ્વત દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! અર્ચિ વિમાને. આદિત્ય દેવો ? - અર્ચિમાલિ વિમાનમાં. એ રીતે અનુક્રમે જાણવું યાવત્ રિષ્ટ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! રિષ્ટ વિમાનમાં. - - ભગવન્ ! સારસ્વત અને આદિત્ય, બે દેવોના કેટલા દેવો, કેટલા સો દેવ પરિવાર છે ? ગૌતમ ! ૭ દેવો, ૭૦૦ દેવ પરિવાર છે. વણ્હી-વરુણ દેવોના ૧૪ દેવો, ૧૪,૦૦૦ દેવ પરિવાર છે. ગર્દતોય-તુષિતના ૭ દેવો, ૭૦૦૦ દેવ પરિવાર છે. બાકીનાનો ૯-દેવો, ૯૦૦ દેવ પરિવાર છે.*

*[૨૯૮] પહેલા યુગલમાં ૭૦૦, બીજામાં ૧૪,૦૦૦, ત્રીજામાં ૭૦૦૦, બાકીનાનો ૯૦૦નો પરિવાર છે.*

*[૨૯૯] લોકાંતિક વિમાનો, ભગવન્ ! ક્યાં પ્રતિષ્ઠિત છે ? ગૌતમ ! વાયુ પ્રતિષ્ઠિત, તદુભય પ્રતિષ્ઠિત છે. એ પ્રમાણે વિમાનોનું પ્રતિષ્ઠાન, બાહલ્ય, ઉચ્ચત્વ, સંસ્થાન-જીવાભિગમના દેવ ઉદ્દેશકમાં કહેલ બ્રહ્મલોકની વક્તવ્યતા મુજબ જાણવું. યાવત્ હે ગૌતમ ! અનેકવાર કે અનંતવાર (જીવ અહીં ઉત્પન્ન થયા છે) પણ લોકાંતિક દેવપણે નહીં.*

*ભગવન્ ! લોકાંતિક વિમાનોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! આઠ સાગરોપમ. લોકાંતિક વિમાનોથી કેટલે અંતરે લોકાંત છે ? ગૌતમ ! અસંખ્ય હજાર યોજનના અંતરે. ભગવન્ ! તે એમ જ છે (૨).*

**● વિવેચન-૨૯૫ થી ૨૯૯ :-**

બંનેની વચ્ચેનું તે અવકાશાંતર. તેમાં ઉત્તર-પૂર્વ વચ્ચે એક, પૂર્વમાં બીજું, પૂર્વ-દક્ષિણમાં ત્રીજું, દક્ષિણમાં ચોથું વિમાન એમ જાણવું. લોકાંતિકો અને તેના વિમાનો

બ્રહ્મલોકની સમીપે છે - x - આ અવકાશ-અંતરવર્તી અર્ચિ આદિ આઠ વિમાનો કહેવા. કૃષ્ણરાજિ મધ્યે નવમું રિષ્ટ વિમાન કહ્યું તે વિમાનના પ્રસ્તાવથી જાણવું.

અહીં સારસ્વત-આદિત્યના ભેગા સાત દેવો, સાત દેવપરિવારો જાણવા. તે રીતે બધે સમજવું. બાકીના એટલે અવ્યાબાધ, આગ્નેય, રિષ્ટ, પૂર્વોક્ત પ્રશ્નોત્તર અભિલાપથી લોકાંતિક વિમાન કથન જાણવું. વિમાન-ગાથાર્ધમાં વિમાન પ્રતિષ્ઠાન દર્શાવ્યું. વિમાનોની પૃથ્વીનું સ્થૂલત્વ ૨૫,૦૦૦ યોજન, ઉંચાઈ-૭૦૦ યોજન, આવલિકા પ્રવિષ્ટ ન હોવાથી વિવિધ આકારે રહેલ છે. - x - બ્રહ્મલોકના વિમાનો અને દેવોની જીવાભિગમ સૂત્રમાં જ વક્તવ્યતા છે, તેને અનુસરવી. કેટલે સુધી ? ભગવન્ ! લોકાંતિક વિમાનો કેટલા વર્ણે કહ્યા છે ? ગૌતમ ! લાલ, પીળા, શ્વેત ત્રણ વર્ણે. એ પ્રમાણે પ્રભા વડે નિત્ય પ્રકાશવાળા, ઈષ્ટ ગંધ, સ્પર્શવાળા, સર્વે રત્નમય, તેમાં દેવો સમચતુરસ્ર સંસ્થાનવાળા. આર્દ્રમધુક વર્ણવાળા અને પદ્મલેશ્યાવાળા છે. પૂર્વે લોકાંતિક વિમાનોમાં સર્વે જીવો પૃથ્વીકાયિક આદિપણે, દેવપણે ઉત્પન્ન થયા છે ? હા. - x -

## ❀ શતક-૬, ઉદ્દેશો-૬-'ભવ્ય' ❀

-- x -- x -- x -- x --

૦ વિમાનાદિ વક્તવ્યતા કહી. હવે તેવી વક્તવ્યતા અહીં કહે છે —

● **સૂત્ર-૩૦૦,૩૦૧ :-**

*[૩૦૦] ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ગૌતમ ! સાત, રત્નપ્રભા યાવત્ તમસ્તમા. રત્નપ્રભાથી અધઃસપ્તમી સુધીના આવાસો કહેવા. એ રીતે જેના જેટલા આવાસો, તે કહેવા. યાવત્ અનુત્તર વિમાનો કેટલા છે ? ગૌતમ ! પાંચ. વિજય યાવત્ સર્વાર્થસિદ્ધ.*

*[૩૦૧] ભગવન્! જીવ, મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થાય, થઈને આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના કોઈ એક નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે હે ભગવન્! ત્યાં જઈને આહાર કરે? આહારને પરિણમાવે? શરીરને બાંધે? ગૌતમ! કેટલાંક ત્યાં જઈને કરે અને કેટલાંક ત્યાં જઈ, અહીં આવીને ફરીવાર મારણાંતિક સમુદ્ઘાત વડે સમવહત થઈને, આ રત્નપ્રભા પૃત્વીના ત્રીશ લાખ નરકાવાસમાંથી કોઈ એકમાં નૈરયિકપણે ઉપજી, પછી આહાર કરે, પરિણાવે અને શરીરને બાંધે. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી જાણવું.*

*ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત જીવ અસુરકુમારોના ૬૪ લાખ આવાસોમાંના કોઈ એક અસુરકુમારાવાસે ઉત્પન્ન થવાને યોગ્ય છે ? નૈરયિક માફક કહેવું. યાવત્ સ્તનિતકુમાર.*

*ભગવન્! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત જીવ અસંખ્ય લાખ પૃથ્વીકાયના આવાસોમાંના કોઈ એકમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે? તે જીવ મેરુ પર્વતની પૂર્વે કેટલું જાય, કેટલું પામે? ગૌતમ! લોકાંત સુધી જાય, લોકાંતને પામે. ભગવન્! તે ત્યાં જઈને આહારે, પરિણમાવે, શરીરને બાંધે? ગૌતમ! કેટલાંક ત્યાં જઈને આહારે, પરિણમાવે, શરીરને બાંધે, કેટલાંક ત્યાં જઈ, અહીં આવીને, બીજી વખત પણ મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને, મેરુ પર્વતના પૂર્વ ભાગે અંગુલનો અસંખ્યભાગ માત્ર, સંખ્યેય ભાગ માત્ર, વાલાગ્ર, વાલાગ્રપૃથકત્વ, એ રીતે યૂકા, લિક્ષા, યવ, અંગુલ યાવત્ કોડી યોજન, કોડાકોડી યોજન, સંખ્યાત, અસંખ્યાત યોજન સહસ્ર અથવા લોકાંતમાં એક પ્રદેશિક શ્રેણિને છોડીને અસંખ્યેય લાખ પૃથ્વીકાયિકના આવાસમાંના કોઈ પૃથ્વીકાયમાં પૃથ્વીકાયિકપણે ઉપજે પછી આહારે, પરિણામે અને શરીરને બાંધે. મેરુ પર્વતની પૂર્વનો આલાવો કહ્યો, એ રીતે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉર્ધ્વ, અધો માટે જાણવું. પૃથ્વીકાયિકની માફક બધાં એકેન્દ્રિયો માટે પ્રત્યેકના છ આલાવા કહેવા.*



*ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈ જે જીવ અસંખ્યેય લાખ બેઈન્દ્રિયોના આવાસમાંના કોઈ એકમાં બેઈન્દ્રિયપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે જીવ ત્યાં જઈને ઇત્યાદિ નૈરયિકવત્ કહેવું. એ પ્રમાણે યાવત્ અનુત્તરોપપાતિકને જાણવા.*

*ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈ જે જીવ મહાન મોટા મહાવિમાનરૂપ પાંચ અનુત્તર વિમાનોમાંના કોઈ એકમાં દેવપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, હે ભગવન્ ! તે ત્યાં જઈને આહાર કરે, પરિણમાવે, શરીર બાંધે ? હા. - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૩૦૧ :-**

અહીં પૃથ્વીમાં નરકપૃથ્વી જ લેવી, ઈષત્ પ્રાગ્ભારા નહીં. આ પૃથ્વી સંબંધી હકીકત સમુદ્ઘાતો સાથે સંબંધિત છે. તેમાં પુનરુક્તિ જેવું કશું નથી. નરકાવાસ પ્રાપ્તિ પછી જ. પુદ્ગલોને ગ્રહણ કરે, તેનો જ ખલ-રસ વિભાગ કરે, તે વડે શરીર રચે. તે સમુદ્ઘાતમાં જ મરે. તે નરકાવાસ કે સમુદ્ઘાતથી સ્વશરીર વડે કેટલાં દૂર જાય? કેટલું દૂર પ્રાપ્ત કરે? અંગુલને યાવત્ શબ્દથી વેંતને, રત્નીને, કુક્ષિને, ધનુષ્‌ને, કોશને, યોજનને આદિ. - x - ઉત્પાદન સ્થાનાનુસાર અંગુલના અસંખ્યેય ભાગ માત્રાદિ ક્ષેત્રમાં સમુદ્ઘાત દ્વારા જઈને. - x - એક પ્રદેશ શ્રેણી-વિદિશાને મૂકીને.

## ❀ શતક-૬, ઉદ્દેશો-૭-'શાલી' ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૬માં જીવ વક્તવ્યતા કહી. અહીં જીવવિશેષ યોનિ —

● **સૂત્ર-૩૦૨ :-**

*હે ભગવન્ ! શાલી, વ્રીહિ, ઘઉં, જવ, જવજવ, આ ધાન્યો કોઠામાં, પાલામાં, માંચામાં, માળામાં, ઉલ્લિપ્ત હોય, લિપ્ત હોય, ઢાંકેલ હોય, મુદ્રિત-લાંછિત હોય, તો તેની યોનિ કેટલા કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ. પછી તેની યોનિ મ્લાન થાય, પ્રવિધ્વંસ પામે, તે બીજ અબીજ થાય, પછી - x - તેનો વિચ્છેદ થાય.*

*ભગવન્ ! કલાય, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર, પલિમંથક (ચણા) એ બધાં ધાન્યો, સાલીમાં કહેલ વિશેષણવાળા હોય તો*

તેમજ જાણવું વિશેષ એ - પાંચ વર્ષ. - - ભગવન્ ! અળસી, કુસુંભ, કોદ્રવ, કાંગ, બંટી, રાલ, સણ, સરસવ, મૂલક બીજ આદિ ધાન્યો શેષ શાલી જેમજ કહેવું. વિશેષ એ કે – સાત વર્ષે અબીજ થાય.

**● વિવેચન-૩૦૨ :-**

શાલિ - કલમ આદિ ચોખા, વ્રીહી - ડાંગર, જવજવ - વિશેષ યવ. એ પ્રત્યક્ષરૂપ ધાન્યો કોઠમાં સંરક્ષણ થાય તેમ સંઘરેલા હોય, પલ્લ - વાંસનું પાત્રવિશેષ, મંચ - ભીંત વિનાનો હોય, માલ - ઘરની ઉપર ઓલિત્ત - બારણાથી ઢાંકેણ અને છાણથી લિપ્ત, લિત્ત - ચોતરફ છાણ વડે લિપ્ત, પિહિત - તેવા ઢાંકણથી ઢાંકેલ, મુદ્દિય - મહોરવાળા, લંછિત - રેખાદિકૃત લાંછન, યોનિ - અંકુર ઉત્પત્તિ હેતુ, પમિલાયતિ - વર્ણાદિથી હીન થાય. પવિદ્ધંસઇ - ક્ષય પામે, બીજ-અબીજ થાય.

કલાય - કલાય, ગોળચણા. મસૂર - ચનકિકા, નિષ્પાવ - વાલ, કુલત્થ - કળથી, આલિસંદગ - ચોળા વિશેષ, સઈણ - તુવેર, પલિમંથગ - ગોળ કે કાળા ચણા. અયસિ - અળસી, ઇત્યાદિ - x - x -.

અહીં સ્થિતિ કહી. સ્થિતિ વિશેષથી હવે મુહૂર્ત કહે છે –

**● સૂત્ર-૩૦૩ થી ૩૧૨ :-**

[૩૦૩] ભગવન્ ! એક એક મુહૂર્ત કેટલા ઉચ્છ્વાસદ્ધા કહ્યા છે ? ગૌતમ ! અસંખ્યેય સમયના સમુદય સમિતિ સમાગમથી તે એક આવલિકા થાય. સંખ્યાત આવલિકાથી એક ઉચ્છ્વાસ, સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ. - -

[૩૦૪] - - હૃષ્ટ, અનવકલ્પ્ય, વ્યાધિ રહિત એક જંતુનો એક શ્વાસોચ્છ્વાસ તે એક પ્રાણ કહેવાય છે.

[૩૦૫] સાત પ્રાણે એક સ્તોક, સાત સ્તોકે એક લવ, ૭૭ લવે એક મુહૂર્ત. - - [૩૦૬] - - ૩૭૭૩ ઉચ્છ્વાસે એક મુહૂર્ત. જ્ઞાનીએ કહ્યું.

[૩૦૭] આ મુહૂર્ત પ્રમાણથી ૩૦ મુહૂર્તે એક અહોરાત્ર. ૧૫-અહોરાત્રનો એક પક્ષ, બે પક્ષે એક માસ, બે માસે એક ઋતુ, ત્રણ ઋતુએ એક અયન. બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ૨૦ યુગે ૧૦૦ વર્ષ, દશ સો વર્ષે-૧૦૦૦, સો હજારે એક લાખ વર્ષ, ૮૪ લાખ વર્ષે ૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગે એક પૂર્વ. એ પ્રમાણે ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અવવ, અવવાંગ, અવવ, હૂહૂઆંગ, હૂહૂઅ, ઉત્પલાંગ, ઉત્પલ - x - યાવત્ - x - શીર્ષ પ્રહેલિકા સૂત્રપાઠ મુજબ જાણવા. અહીં સુધી જ ગણિત છે પછી ઔપમ્ય કાળ છે.

ભગવન્ ! તે ઔપમિક શું છે ? બે પ્રકારે, પલ્યોપમ, સાગરોપમ. - - તે પલ્યોપમ અને સાગરોપમ શું છે ?

[૩૦૮] સુતીક્ષ્ણ શસ્ત્ર વડે જેને છેદી, ભેદી જ ન શકાય, તે પરમાણુને સિદ્ધો [કેવલી] એ આદિ પ્રમાણ કહેલું છે.

[૩૦૯] અનંત પરમાણુના પુદ્ગલોના સમુદાયની સમિતિના સમાગમ વડે એક ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, ઉર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર,



લિક્ષા, યૂકા, યવમધ્ય અને અંગુલ થાય છે. જ્યારે આઠ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા મળે ત્યારે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય, આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાનો એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુનો ત્રસરેણુ, આઠ ત્રસરેણુનો એક રથરેણુ, આઠ રથરેણુનો દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યનો એક વાલાગ્ર, એ પ્રમાણે હરિવર્ષ-રમ્યક્, હેમવત-ઐરણ્યવત્, પૂર્વવિદેહના મનુષ્યના આઠ વાલાગ્રે, એક લિક્ષા, આઠ લિક્ષાએ એક જૂ, આઠ જૂ એ એક યવમધ્ય, આઠ યવમધ્યે એક અંગુલ, છ અંગુલે એક પાદ, બાર અંગુલે એક વેંત, ૨૪ અંગુલે એક રત્નિ, ૪૮ અંગુલે એક કુક્ષિ, ૯૬ અંગુલે એક દંડ, ધનુષ્, યુગ, નાલિકા, અક્ષ કે મુસલ. ૨૦૦૦ ધનુષ્નો એક ગાઉ, ચાર ગાઉએ એક યોજન. યોજન પ્રમાણ જે પલ્ય. તે આયામ અને વિષ્કંભ વડે એક યોજન હોય, ઉંચાઈ એક યોજન હોય. પરિધિ સવિશેષ ત્રણ યોજન હોય.

તે પલ્યમાં એક, બે, ત્રણ કે મહત્તમ સાત દિવસના ઉગેલા ક્રોડો વાલાગ્રો કાંઠા સુધી ભર્યા હોય, સંનિચિત કર્યા હોય, ખૂબ ભર્યા હોય. તે વાલાગ્રો એવી રીતે ભર્યા હોય કે જેને અગ્નિ ન બાળે, વાયુ ન હરે, કોહવાય નહીં, નાશ ન પામે, સડે નહીં, તેવા ભરેલ વાલાગ્રના પલ્યમાંથી સો સો વર્ષે એક વાલાગ્રને કાઢવામાં આવે, એ રીતે જેટલે કાળે તે પલ્ય ક્ષીણ, નિરજ, નિર્મલ, નિષ્ઠિત, નિર્લેપ, અપહૃત અને વિશુદ્ધ થાય. ત્યારે તે કાળે પલ્યોપમ થાય.

[૩૧૦] ઉક્ત કોડાકોડી પલ્યોપમને દશગણા કરીએ ત્યારે તે કાળનું પ્રમાણ એક સાગરોપમ થાય.

[૩૧૧] ઉક્ત સાગરોપમ મુજબના ચાર કોડાકોડી સાગરોપમે એક સુષમસુષમા કાળ થાય, ત્રણ કોડાકોડી સાગરોપમે સુષમા કાળ થાય, બે કોડાકોડીએ સુષમદુષમા, એક સાગરોપમ કોડાકોડીમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂને દુષમસુષમા, ૨૧,૦૦૦ વર્ષ દૂષમ, ૨૧,૦૦૦ વર્ષે દુષમ દુષમા કાળ થાય. ફરી ઉત્સર્પિણીમાં ૨૧,૦૦૦ વર્ષે દુષમ દુષમા, યાવત્ ચાર કોડાકોડી સાગરોપમે સુષમ સુષમા. દશ-દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી-એક ઉત્સર્પિણી. ૨૦ કોડાકોડી સાગરોપમે કાલચક્ર.

[૩૧૨] ભગવન્ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં આ અવસર્પિણીમાં સુષમસુષમા કાળમાં ઉત્તમાર્થ પ્રાપ્ત ભરતક્ષેત્રના આકાર, ભાવપ્રત્યાવતાર હતા ? ગૌતમ ! બહુ સમરમણીય ભૂમિ ભાગમાં, જેમકે આલિંગપુષ્કર, એવો ભૂમિ ભાગ હતો. એ પ્રમાણે ઉત્તરકુરુ વક્તવ્યતા જાણવી યાવત્ બેસે છે, સુવે છે. તે કાળમાં ભરત ક્ષેત્રમાં તે તે દેશમાં ત્યાં ત્યાં ઘણાં ઉદાર ઉદ્દાલક યાવત્ કુશ-વિકુશથી વૃક્ષમૂલો યાવત્ છ પ્રકારના માણસો હતા. જેમકે – પદ્મગંધી, મિતગંધી, અમમ, તેતલી, સહનશીલ અને શનૈશ્ચારી - ભગવન્ ! તે એમજ છે, એમ જ છે.

**● વિવેચન-૩૦૩ થી ૩૧૨ :-**

ઉસાસદ્ધા - ઉચ્છ્વાસથી માપેલ કાલ વિશેષ. - x - અસંખ્યાતા સમયનો સમુદાય, તેના મીલનથી જે સંયોગ તે સમુદાય સમિતિ સમાગમ, તેના વડે કાલમાન

થાય તે એક આવલિકા કહેવાય. ૨૫૬ આવલિકાથી એક ક્ષુલ્લક ભવ ગ્રહણ. ૧૭ થી વધુ ક્ષુલ્લક ભવ ગ્રહણો એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસમાં થાય. તેથી સંખ્યાતા આવલિકાએ એક ઉચ્છ્વાસકાળ થાય.

હૃષ્ટ, ઘડપણથી ન નમેલ, વ્યાધિરહિત મનુષ્યાદિનો એક ઉચ્છ્વાસ સાથે નિઃશ્વાસ તે પ્રાણ. સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકે એક લવ - x - ઇત્યાદિ - x - સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવું.

ओवमिय - ઉપમા વડે થાય તે ઔપમિક. અતિશયજ્ઞાની વિના જે કાળને સાધારણ લોકો ન ગ્રહી શકે તે કાળ પ્રમાણ ઔપમિક છે.

પલ્યોપમાદિ પ્રરૂપણાર્થે પરમાણુ આદિ સ્વરૂપને કહે છે — ખડ્ગાદિ વડે છેદવું - બે ટુકડા કરવા, સોય વડે છિદ્ર કરવા એમ ન થઈ શકે. सिद्ध - જ્ઞાનસિદ્ધ એટલે કેવલિ પણ સિદ્ધો નહીં, કેમકે તેઓ બોલતા નથી. સર્વ પ્રમાણોમાં આદિ પ્રમાણ પરમાણું છે. જો કે આ નૈશ્ચયિક પરમાણુનું લક્ષણ છે, તો પણ પ્રમાણાધિકારથી આ લક્ષણ વ્યવહારિક પરમાણુનું સમજવું. હવે બીજા પ્રમાણોનું લક્ષણ કહે છે — વ્યવહારુ પરમાણુનો સમૂહ તેમનું એકીભવન, તે વડે પરિમાણ માત્રા થાય, તે અત્યંત શ્લક્ષ્ણ એવી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય. उत् - પ્રબળતા. - x - આ ઉત્ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાદિથી અંગુલ સુધીના પ્રમાણના જે દશ ભેદો છે, તે ઉત્તરોત્તર આઠ ગુણા થઈને તેમાં અનંત પરમાણુત્વ કાયમ રહે છે. - x -

— ઉર્ધ્વરેણુ અપેક્ષાએ આઠમાં ભાગરૂપ હોવાથી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય. ઉંચે, નીચે, તિર્છા ચલનરૂપ ધર્મથી જે રેણુ તે ઉર્ધ્વરેણુ. પૂર્વાદિ વાયુની પ્રેરણાથી જે રેણુ ત્રસ-ગતિ કરે, તે ત્રસરેણુ, રથ-ગમનથી ઉડેલ રેણુ તે રથરેણું. - x - एकाहिकी - શિર મુંડન પછી એક દિવસે જેટલા વાળ ઉગે તે. એ રીતે બે, ત્રણ આદિમાં ભાવના કરવી.

પલ્ય કેવો છે ? संसृष्ट - કાંઠા સુધી ભરેલો, संनिचित - ખીચોખીચ. એ એવી રીતે ભર્યો છે, જેથી તે વાલાગ્ર કોહવાય નહીં, કેમકે છિદ્ર અભાવે વાયુ સંચાર અસંભવ છે, માટે અસારતા ન પામે. તેથી તેનો થોડો ભાગ પણ સડતો નથી. વિધ્વંસ નથી પામતા માટે પૂતિભાવ ન પામે, તે વાલાગ્રથી એકૈક વાલાગ્ર કાઢતાં કાળનું માપ થાય છે. જેટલે કાળે તે પલ્ય વાલાગ્ર કાઢવાથી ક્ષીણ થાય, રજ જેવા સૂક્ષ્મ વાલાગ્ર કાઢ્યા પછી જ્યારે નિરજ થાય. મળ સમાન સૂક્ષ્મતર વાલાગ્રથી રહિત થાય, પ્રમાર્જિત કોઠાર માફક નિષ્ઠિત થાય, ભીંત વગેરેથી અપગત લેપ માફક વાલાગ્ર અપહરતા નિર્લેપ થાય. અપહૃત હોવાથી જ રજના મેલ સમાન વાલાગ્રના વિગમથી વિશેષ શુદ્ધ થાય તે વિશુદ્ધ અથવા બધાં વિશેષણો સમાનાર્થી કહેવા.

આ અદ્ધા પલ્યોપમ વ્યવહારિક પલ્યોપમ છે. અસંખ્ય ટુકડાવાળા વાલાગ્રોથી ભરેલ તે પલ્ય સો-સો વર્ષે ખંડ-ખંડ કરીને અપોદ્ધાર કરાય ત્યારે તે જ પલ્યોપમ સૂક્ષ્મ પલ્યોપમ કહેવાય. સમયે સમયે અપોદ્ધાર કરે તો બંને પ્રકારે ઉદ્ધાર પલ્યોપમ કહેવાય. વાલાગ્રો વડે સ્પૃષ્ટ પ્રદેશનો પ્રતિસમય અપોદ્ધારમાં જે કાળ થાય તે વ્યવહારિક ક્ષેત્ર પલ્યોપમ કહેવાય. તેને જ અસંખ્યેય ખંડીકૃત કરતા સ્પૃષ્ટ કે



અસ્પૃષ્ટ પ્રદેશોના અપોદ્ધારમાં જે કાળ થાય તે સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય. એ રીતે સાગરોપમ પણ જાણવું.

કાલાધિકારથી આ કહે છે — उत्तमट्ठपत्ताए - કાળની અપેક્ષા લઈને આયુષ્કાદિ ઉત્તમ અર્થોને પામેલી તે. - x - आगारभावपडोयार - આકાર એટલે આકૃતિ, ભાવ- તેના પર્યાયો. તેમનો જે આવિર્ભાવ તે बहुसमरमणिज्ज - અત્યંત સમ હોવાથી રમણીય છે તે. ઉત્તરકુરુની વક્તવ્યતા જીવાભિગમથી જાણવી, તે આ — મૃદંગનું પુષ્કર, સરોવરનું તલ, હથેળી આદિ. એ પ્રમાણે ભૂમિનું સમપણું, ભૂમિભાગે રહેલ તૃણ, મણિઓના પાંચ વર્ણ, સુરભિગંધ, કોમળ સ્પર્શ, સારા શબ્દ, વાવ આદિ, ઉત્પાત પર્વતાદિ, ત્યાંના હંસાસનાદિ, લતાગૃહાદિ, શિલાપટ્ટકાદિનું વર્ણન કહેવું. વર્ણનાંતે - ઘણાં મનુષ્ય, મનુષી બેસે છે ઇત્યાદિ.

ભારતના તે - તે ખંડમાં, દેશ દેશમાં, દેશના અંતે ઉદ્દાલક આદિ વૃક્ષો હતા. યાવત્‌થી કૃતમાલા, નૃત્યમાલા ઈત્યાદિ. ઘાસ અને તૃણ વિશેષાદિથી વિશુદ્ધ વૃક્ષનો અધોભાગ હતો. ઇત્યાદિ વૃત્તિવત્ છે.

## ❀ શતક-૬, ઉદ્દેશક-૮-"પૃથ્વી" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં ભરતનું સ્વરૂપ કહ્યું. અહીં પૃથ્વીને કહે છે —

● **સૂત્ર-૩૧૩,૩૧૪ :-**

***[૩૧૩] ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! આઠ છે. તે આ — રત્નપ્રભા યાવત્ ઈષત્પ્રાગ્ભારા. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નીચે ગૃહો કે ગૃહાપણો છે ? ગૌતમ ! તેમ નથી. - - ભગવન્ ! આ રત્નપ્રભા નીચે ગામ યાવત્ સંનિવેશ છે ? ના તેમ નથી. - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નીચે ઉદાર મેઘો સંસ્વેદે છે ? સમૂર્છે છે ? વર્ષા વરસે છે ? હા, છે તેને દેવો, અસુરો કે નાગ ત્રણે પણ કરે છે.***

***ભગવન્ ! આ રત્નપ્રભામાં બાદર સ્તનિત શબ્દો છે ? હા, છે. તે શબ્દોને પણ ત્રણે કરે છે. - - આ રત્નપ્રભાની નીચે બાદર અગ્નિકાય છે ? ગૌતમ ! તેમ નથી, સિવાય કે વિગ્રહગતિ સમાપન્નક - આ રત્નપ્રભા નીચે ચંદ્ર યાવત્ તારા છે ? ના, તેમ નથી. — આ રત્નપ્રભા પૃથ્વી નીચે ચંદ્રાભા આદિ છે ? ના, તેમ નથી. એ પ્રમાણે બીજી પૃથ્વીમાં કહેવું, એ પ્રમાણે ત્રીજી પૃથ્વીમાં કહેવું, વિશેષ આ - દેવ અને અસુર કરે, પણ નાગ ન કરે. - ચોથીમાં પણ એમ જ છે. પણ માત્ર દેવો કરે છે. અસુર અને નાગ ન કરે. એ પ્રમાણે નીચેની બધી પૃથ્વીમાં એકલો દેવ કરે.***

***ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પની નીચે ઘર વગેરે છે ? ના, તેમ નથી. - - ભગવન્ ! ઉદાર મેઘો છે ? હા, છે. દેવ પણ કરે, અસુર પણ કરે. પણ નાગ ન કરે. એમ સ્તનિત શબ્દમાં પણ જાણવું.***

***ભગવન્ ! ત્યાં બાદર પૃથ્વીકાય, બાદર અગ્નિકાય છે ? ના, તેમ નથી.***

*સિવાય કે વિગ્રહ ગતિ સમાપન્નક. - - ભગવન્ ! ત્યાં ચંદ્રાદિ છે ? ના, તેમ નથી. - - ભગવન્ ! ત્યાં ગ્રામાદિ છે ? ના, તેમ નથી. - - ભગવન્ ! ત્યાં ચંદ્રાભા આદિ છે ? ગૌતમ ! ના, તેમ નથી. એ પ્રમાણે સનત્કુમાર અને માહેન્દ્રમાં જાણવું. વિશેષ એ — દેવો, એકલા જ કરે છે. એ રીતે બ્રહ્મલોકમાં પણ જાણવું. એ રીતે બ્રહ્મલોકની ઉપર સર્વ દેવો કરે છે તથા બધે બાદર — પૃથ્વી, અપ્, વનસ્પતિકાયનો પ્રશ્ન કરવો. બીજું પૂર્વવત્.*

*[૩૧૪] તમસ્કાયમાં, કલ્પ પાંચમાં અગ્નિ, પૃથ્વી સંબંધે પ્રશ્ન. પૃથ્વીઓમાં અગ્નિ સંબંધે પ્રશ્ન. પાંચ કલ્પની ઉપર, કૃષ્ણરાજિમાં અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય સંબંધે પ્રશ્ન કરવો.*

**● વિવેચન-૩૧૩,૩૧૪ :-**

બાદર અગ્નિકાય મનુષ્ય ક્ષેત્રમાં જ છે, તેથી તેના સદ્ભાવનો અહીં નિષેધ છે. એ રીતે બાદર પૃથ્વીકાયનો નિષેધ કહેવો જોઈએ. કેમકે એ પૃથ્વી આદિ સ્વસ્થાનમાં જ છે. તો અહીં બાદર પૃથ્વીકાય કેમ ન નિષેધ્યો ? (સમાધાન) સત્ય. પણ અહીં જે-જે ન હોય તે - તે બધાંનો નિષેધ કરવો તેવી સૂત્ર શૈલી નથી. તેથી ન હોવા છતાં પૃથ્વીકાયનો અહીં નિષેધ કર્યો નથી. અપ્-વાયુ-વનસ્પતિનો અહીં ઘનોદધ્યાદિ ભાવે સદ્ભાવ છે, તે ન કહ્યા છતાં સુગમ જ છે. નાગકુમાર ત્રીજી પૃથ્વીથી નીચે ન જઈ શકે, ચોથી પૃથ્વી નીચે અસુરકુમારાદિનું ગમન નથી, માટે તેનો નિષેધ છે.

સૌધર્મ-ઈશાન નીચે અસુર જાય છે, નાગકુમાર અસમર્થ છે. માટે દેવો કરે છે કહ્યું. બાદર પૃથ્વી, અગ્નિનો સ્વસ્થાનાભાવે નિષેધ છે. અપ્, વાયુ, વનસ્પતિનો અનિષેધ પણ સુગમ જ છે. કેમકે ઉદધિપ્રતિષ્ઠિત છે. ત્રીજા કલ્પે બાદર અપ્-વનસ્પતિકાય અતિદેશથી સંભવે છે. ત્યાં તમસ્કાયની હયાતી હોવાથી સુસંગત છે. એ રીતે અચ્યુતકલ્પ સુધી જાણવું. તેના પછી તો દેવો પણ જઈ શકતા નથી. તેથી તેમના કરેલ મેઘાદિ ન હોય. બાદર અગ્નિ-અપ્-વનસ્પતિ સંબંધે પ્રશ્ન કરવો. બાકી પૂર્વવત્ - x -

હવે પૃથ્વી આદિ જે જ્યાં કહેવા યોગ્ય છે, તે સૂત્ર સંગ્રહગાથા કહે છે. પૂર્વોક્ત તમસ્કાય પ્રકરણ અને હમણાં કહેલ સૌધર્માદિ દેવલોક પંચકમાં અગ્નિકાય, પૃથ્વીકાય કહેવા. - જેમકે - ભગવન્ ! બાદર પૃથ્વીકાય, બાદર અગ્નિકાય છે ? ઇત્યાદિ - x - . આ રત્નપ્રભા પૃથ્વી નીચે બાદર અગ્નિકાય છે ? ઈત્યાદિ. એ રીતે અપ્, તેઉ, વનસ્પતિકાયનો પ્રશ્ન કરવો. - x - પાંચ કલ્પોની ઉપરના કલ્પોના સૂત્રોમાં તથા પૂર્વોક્ત કૃષ્ણરાજિ સૂત્રમાં તથા બ્રહ્મલોકના ઉપરના સ્થાનની નીચે પાણી અને વનસ્પતિનો નિષેધ જાણવો. તેઓની નીચે વાયુ જ છે. આકાશ પ્રતિષ્ઠિત સ્થાનોની નીચે આકાશ જ છે. માટે ત્યાં પાણી, વનસ્પતિ ન સંભવે. અગ્નિ પણ ન હોય. - - બાદર અપ્કાયાદિ કહ્યા. તે આયુબંધથી સંભવે. તેથી આયુબંધ —

**● સૂત્ર-૩૧૫ :-**

*ભગવન્ ! આયુબંધ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! છ પ્રકારે. તે આ - જાતિનામનિધત્તાયુ, ગતિનામ - સ્થિતિનામ - અવગાહનાનામ - પ્રદેશનામ-અનુભાગનામ નિધત્તાયુ. વૈમાનિક સુધી દંડક કહેવો.*



*ભગવન્ ! જીવો, જાતિનામ નિધત્ત યાવત્ અનુભાગનામ નિધત્ત છે ? ગૌતમ ! જાતિનામાદિ છ એ છે. વૈમાનિક સુધી દંડક કહેવો.*

*ભગવન્ ! જીવો જાતિનામનિધત્તાયુ યાવત્ અનુભાગ નામનિધત્તાયુ છે ? ગૌતમ ! તે છ એ છે. વૈમાનિક સુધી દંડક કહેવો.*

*ભગવન્ ! શું જીવો જાતિનામ નિધત્ત છે ? જાતિનામ, નિધત્ત આયુ છે ? જાતિ નામ નિયુક્ત છે ? જાતિનામ નિયુક્તાયુ છે ? જાતિ ગોત્ર નિધત્ત છે ? જાતિ ગોત્ર નિધત્તાયુ છે ? જાતિ ગોત્ર નિયુક્ત છે ? જાતિ ગોત્ર નિયુક્તાયુ છે ? જાતિનામ ગોત્ર નિધત્ત છે ? જાતિનામ ગોત્ર નિધત્તાયુ છે ? જાતિનામ ગોત્ર નિયુક્ત છે ? જાતિનામ ગોત્ર નિયુક્તાયુ છે ? યાવત્ અનુભાગ નામ ગોત્ર નિયુક્તાયુ છે ? — ગૌતમ ! જાતિનામ ગોત્ર નિયુક્તાયુ યાવત્ અનુભાગ નામ ગોત્ર નિયુક્તાયુ છે. વૈમાનિક સુધી દંડક કહેવો.*

**● વિવેચન-૩૧૫ :-**

જાતિ - એકેન્દ્રિયાદિ પાંચ. તે રૂપ જે નામ, તે જાતિ નામ, તે નામકર્મની ઉત્તરપ્રકૃત્તિ છે. અથવા જીવ પરિણામ છે. તેની સાથે निधत्त - નિષેકને પ્રાપ્ત આયુ, તે જાતિનામ નિધત્તાયુ. નિષેક - કર્મ પુદ્ગલોની પ્રતિસમય અનુભવવા માટેની રચના. - - गति - નારકાદિ. સ્થિતિ - અમુક ભવમાં કે કર્મ વડે જીવનું રહેવું, તે રૂપ ધર્મ, તે સહિત જે આયુદલિક તે સ્થિતિ નામ નિધત્તાયુ. અથવા જાતિ, ગતિ, અવગાહના નામ ગ્રહણ કરવાથી જાત્યાદિની પ્રકૃતિ કહી. સ્થિતિ, પ્રદેશ, અનુભાગનામના ગ્રહણથી તેના જ સ્થિતિ આદિ કહ્યા. - x - નામ શબ્દ બધે જ કર્માર્થમાં ઘટે છે. તેથી સ્થિતિરૂપ નામકર્મ તે સ્થિતિનામ, તેની સાથે નિધત્ત આયુ.

જેમાં જીવો અવગાહે તે અવગાહના - ઔદારિકાદિ શરીર. તેની સાથે જે નિધત્તાયુ તે અવગાહના નામ નિધત્તાયુ. - - प्रदेश - આયુ કર્મ દ્રવ્યોનું જે પરિણમન તે અથવા પ્રદેશરૂપ નામકર્મ, તેની સાથે નિધત્ત આયુ તે. - - આયુકર્મના દ્રવ્યોનો વિપાક, તે રૂપ પરિણામ તે અનુભાગ નામ અથવા અનુભાગરૂપ નામકર્મ, તેની સાથે નિધત્તાયુ.

શંકા-આયુષ્યને જાત્યાદિ નામકર્મથી વિશેષિત કેમ કર્યુ ? આયુષ્યની પ્રધાનતા દર્શાવવા માટે. કેમકે નારકાદિ આયુનો ઉદય થાય ત્યારે જે જાત્યાદિ નામકર્મનો ઉદય થાય છે. નારકાદિ ભવનું ઉપગ્રાહક આયુ જ છે. - x - x - નારકાયુના સંવેદવાના પ્રથમ સમયે જ નારકો કહેવાય છે. તેના સાહચર્યથી પંચેન્દ્રિય જાત્યાદિ નામ કર્મોનો ઉદય થાય છે. પૂર્વે આયુના બંધના છ પ્રકાર સંબંધે પૂછેલ, તે આયુ અને બંધ વચ્ચે અભેદ સંબંધ છે. - x - ૨૪ દંડકમાં કહેવું.

કર્મ વિશેષાધિકારથી, તેનાથી વિશેષિત જીવાદિ પદોના ૧૨ દંડકો કહે છે - जीवा णं भंते આદિ. જેઓએ જાતિનામ નિષિક્ત કર્યુ છે અથવા વિશિષ્ટ બંધવાળું

કર્યુ છે 'જાતિ નામ નિધત્ત' કહેવાય. એ રીતે ગતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ, અનુભાગનામ નિધત્ત કહેવું. - x - આ દંડક પણ વૈમાનિક સુધી જાણવો.

જેઓએ જાતિનામ સાથે આયુને નિધત્ત કર્યુ છે, તે જાતિનામ નિધત્તાયુ. એ પ્રમાણે બીજા પદો પણ જાણવા. આ બીજો દંડક. આ પ્રમાણે બાર દંડક થાય છે તેમાં બે દર્શાવ્યા, તો પણ ફરીથી નોંધે છે—

(૧) જાતિ નામ નિધત્ત, (૨) જાતિનામ નિધત્તાયુ - x - (૩) જાતિ નામ નિયુક્ત - જેઓએ જાતિનામને નિયુક્ત - સંબદ્ધ, નિકાચિત કે વેદવામાં નિયોજેલ છે. - x - (૪) જાતિનામ નિયુક્તાયુ - જાતિનામ સાથે આયુને નિયુક્ત કરેલ છે તે. (૫) જાતિ ગોત્ર નિધત્ત - એકેન્દ્રિયાદિ તે જાતિ અને ગોત્ર તે નીચ-ઉંચ્ચ (૬) જાતિ ગોત્ર નિયુક્ત (૭) જાતિ ગોત્ર નિયુક્ત. (૯) જાતિ ગોત્ર નિયુક્તાયુ (૧૦) જાતિ નામ ગોત્ર નિધત્ત — જેણે જાતિ, નામ, ગોત્ર નિધત્ત કર્યા છે તે - x - (૧૧) જાતિ નામ ગોત્ર નિયુક્ત (૧૨) જાતિ નામ ગોત્ર નિયુક્તાયુ - એ રીતે અન્ય પદો જાણવા.

અહીં જાત્યાદિ નામ, ગોત્ર, આયુનું ભવના ઉપગ્રહમાં પ્રધાનપણું જણાવવા માટે યથાયોગ્ય જીવોને વિશેષિત કર્યા છે - x -

જીવો સ્વધર્મથી પ્રરૂપ્યા. હવે લવણસમુદ્રને પ્રરૂપે છે —

**● સૂત્ર-૩૧૬ :-**

***ભગવન્ ! શું લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક, પત્થડોદક, ક્ષુભિતજળ, અક્ષુભિતજળ છે ? ગૌતમ ! લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક છે, પત્થડોદક નહીં. ક્ષુભિત જળ છે, અક્ષુભિત જળ નથી. અહીંથી આરંભી જીવાભિગમ સૂત્રાનુસાર જાણવું યાવત્ તે હેતુથી હે ગૌતમ ! બાહ્ય દ્વીપ સમુદ્રો પૂર્ણ, પૂર્ણ પ્રમાણ, વોલટ્ટમાણ, વશાર્તમાન, સમભર ઘટપણે રહે છે. સંસ્થાનથી એકાકાર, વિસ્તારથી અનેકવિધિ વિધાના, બમણા બમણા પ્રમાણવાળા યાવત્ તિર્છાલોકમાં અસંખ્યદ્વીપ સમુદ્રો, સ્વયંભૂરમણ પર્યવસાનવાળા હે શ્રમણાયુષો ! કહ્યા છે.***

***ભગવન્ ! દ્વીપ સમુદ્રો કેટલાં નામધેય કહ્યા છે ? ગૌતમ ! લોકમાં જેટલાં શુભ નામ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ છે, એટલા દ્વીપસમુદ્રોના નામ કહ્યા છે. એ પ્રમાણે શુભ નામ, ઉદ્ધાર, પરિણામ જાણવા. સર્વે જીવોનો [ત્યાં ઉત્પાદ જાણવો.] ભગવન્ ! તે એમ જ છે.***

**● વિવેચન-૩૧૬ :-**

उस्सिओदम - ઉર્દ્ધ્વ વૃદ્ધિગત જળ, તે વૃદ્ધિ સાધિક ૧૬,૦૦૦ યોજન છે. पत्थडोदअ - સમજળ. खुभिअजल - વેળા - મહાપાતાળ કળશમાં રહેલ વાયુના ક્ષોભથી. જીવાભિગમથી જાણવું. તે આ રીતે — જેમ લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક, ક્ષુભિત જલ છે, પણ પત્થડોદક, અક્ષુભિત જળ નથી. તેમ બહારના સમુદ્રો તેવા છે? ના, ગૌતમ! બહારના સમુદ્રો ઉચ્છ્રિતોદક, ક્ષુભિત જળ નથી. પણ પત્થડોદક અને અક્ષુભિત જળ છે. પૂર્ણ ઇત્યાદિ વિશેષિત છે. - - ભગવન્! લવણસમુદ્રમાં ઘણો ઉદાર મેઘ યાવત્ વર્ષે છે? હા. લવણસમુદ્ર માફક બાહ્ય સમુદ્રમાં તેમ છે? ના, તેમ નથી. - એમ કેમ?



- x - ગૌતમ! બાહ્ય સમુદ્રોમાં ઘણાં ઉદક યોનિક જીવો અને પુદ્‌ગલો જળપણે અપક્રમે, વ્યુત્ક્રમે, ચય, ઉપચય પામે છે આદિ - x -. તેઓ ચક્રવાલરૂપે છે. તે એકવિધ વિધાન. વિસ્તારથી અનેકવિધ વિધાના છે કેમ બમણા-બમણા છે. - x -

सुभनाम - સ્વસ્તિક, શ્રીવત્સાદિ. सुभरूप - સફેદાદિ. सुभगंध - કર્પુરાદિ શુભગંધવાળા. सुभरस - મધુરાદિ કે શર્કરા જેવા રસવાળા. सुभस्पर्श - માખણ જેવા મૃદુ આદિ. એવા દ્વીપ સમુદ્ર જાણવા. उद्धार - દ્વીપ, સમુદ્રમાં કહેવો. તે આ પ્રમાણે - દ્વીપ સમુદ્રો ઉદ્ધાર સમય વડે કેટલા છે? ગૌતમ! અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા ઉદ્ધારસમયો થાય તેટલા. જે એકૈક સમયે એકૈક વાળનો અગ્રભાગ ઉદ્ધારાય તે ઉદ્ધાર સમય. દ્વીપ-સમુદ્રમાં પરિણામ જાણવા. ભગવન્ દ્વીપ સમુદ્રો પૃથ્વી, પાણી, જીવ કે પુદ્‌ગલ પરિણામી છે? ગૌતમ! ચારે. સર્વે જીવોનો દ્વીપ-સમુદ્રમાં ઉત્પાદ જાણવો. ભગવન્! દ્વીપસમુદ્રમાં સર્વે જીવો પૃથ્વીકાયાદિ રૂપે પૂર્વે ઉત્પન્ન થયા છે? હા, થયા છે. - x -

## ❀ શતક-૬, ઉદ્દેશો-૯ "કર્મ" ❀

— x — x — x — x —

૦ પૂર્વે કહ્યું કે દ્વીપાદિમાં પૂર્વે પૃથ્વી આદિ જીવો ઉત્પન્ન થયા છે. આ ઉત્પાદ કર્મબંધથી જ થાય. તેથી 'કર્મો' વિશે કહે છે —

**● સૂત્ર-૩૧૭ :-**

***ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી કર્મ પ્રકૃતિને બાંધે છે ? ગૌતમ ! સાત, આઠ કે છ પન્નવણા બંધુદ્દેશ જાણવો.***

**● વિવેચન-૩૧૭ :-**

આયુ અબંધકાલે સાત પ્રકારે બાંધે. આયુબંધ કાલે આઠ ભેદે બાંધે. સૂક્ષ્મસંપરાય અવસ્થામાં મોહનીય અને આયુ ન બાંધે. પ્રજ્ઞાપનામાં ૨૪માં પદમાં આવેલ બંધ ઉદ્દેશ અહીં જાણવો તે આ રીતે — ભગવન્ ! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી પ્રકૃત્તિ બાંધે ? આદિ એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. તે આ રીતે — ભગવન્ ! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતા કેટલી પ્રકૃત્તિ બાંધે ? આદિ એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ - મનુષ્યો જીવોવત્ જાણવા.

જીવાધિકારથી જીવને આશ્રીને કહે છે —

**● સૂત્ર-૩૧૮ :-**

***ભગવન્! મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના એક વર્ણ, એકરૂપ વિકુર્વવા સમર્થ છે? ગૌતમ! તેમ ન થાય. - - ભગવન્! બાહ્ય પુદ્‌ગલ ગ્રહીને તેમ કરી શકે છે? હા, કરી શકે. - - ભગવન્! તે અહીં રહેલ પુદ્‌ગલો ગ્રહીને વિકુર્વે કે, ત્યાં રહેલ પુદ્‌ગલ ગ્રહીને વિકુર્વે કે અન્યત્ર રહેલ પુદ્‌ગલો ગ્રહીને? ગૌતમ! ત્યાં રહેલ પુદ્‌ગલો ગ્રહીને વિકુર્વે, અહીંના કે અન્યત્રના ગ્રહીને નહીં. આ પ્રમાણે આ આલાવા વડે યાવત્ એકવર્ણ-એકરૂપ, એકવર્ણ-અનેકરૂપ, અનેકવર્ણ-એકરૂપ, અનેકવર્ણ***

*- અનેકરૂપને વિકુર્વે.*

*ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કર્યા વિના કાળા પુદ્‌ગલોને નીલ પુદ્‌ગલરૂપે અને નીલ પુદ્‌ગલો કાળા પુદ્‌ગલરૂપે ગ્રહણ કરવા સમર્થ છે ? ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી. પણ પુદ્‌ગલો ગ્રહીને તેમ કરી શકે. - - ભગવન્ ! તે અહીં રહેલા પુદ્‌ગલો આદિ પૂર્વવત્. વિશેષ આ — પરિણમાવે એમ કહેવું. એ રીતે કાળા પુદ્‌ગલ લાલ પુદ્‌ગલપણે, એ રીતે કાળાને યાવત્ સફેદ, એ રીતે નીલને યાવત્ સફેદ, એ રીતે લાલને યાવત્ સફેદ, એ રીતે પીળાને યાવત્ સફેદ વર્ણપણે, આ ક્રમે ગંધ, રસ, સ્પર્શમાં સમજવું યાવત્ કર્કશ સ્પર્શ પુદ્‌ગલને મૃદુ સ્પર્શ પુદ્‌ગલપણે પરિણાવે. એ પ્રમાણે ગુરુ-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ, વર્ણાદિને સર્વત્ર પરિણમાવે છે. અહીં બબ્બે આલાવા કહેવા. પુદ્‌ગલો ન ગ્રહણ કરીને અને ગ્રહણ કરીને.*

● **વિવેચન-૩૧૮ :-**

કાળો આદિ એક વર્ણ, સ્વશરીરનો એકવિધ આકાર, પ્રજ્ઞાપકની અપેક્ષાએ इहगत - પ્રત્યક્ષ એવા, तत्थगत - દેવસ્થાનને આશ્રીને, अन्नत्थगत - પ્રજ્ઞાપક ક્ષેત્ર, દેવસ્થાન સિવાયના સ્થાને રહેલ. તેમાં સ્વસ્થાને જ પ્રાયઃ વિકુર્વણા કરે, કેમકે ઉત્તર વૈક્રિયરૂપ કૃત્ જ પ્રાયઃ બીજે જાય છે - x - કાળ, નીલ, રાતા, પીળા, સફેદ એ પાંચ વર્ણોના દ્વિકસંયોગી દશ સૂત્રો કહેવા. સુગંધ-દુર્ગન્ધ બે ગંધ. તિક્ત, કટુ, કષાય, અમ્બ, મધુર એ પાંચ રસ, તેના દ્વિક સંયોગી દશ સૂત્રો કહેવા. આઠ સ્પર્શોના ચાર સૂત્રો, કેમકે પરસ્પર વિરુદ્ધનું એક. દેવાધિકારથી કહે છે —

● **સૂત્ર-૩૧૯ :-**

*ભગવન્ ! અવિશુદ્ધલેશ્યાવાળો દેવ અનુપયુક્ત આત્મા વડે અવિશુદ્ધલેશ્યી દેવને, દેવીને, બેમાંના એકને જાણે ? જુએ ? - ના, તેમ ન થાય. એ પ્રમાણે અવિશુદ્ધલેશ્યી દેવ, અનુપયુક્ત આત્મા વડે વિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે - જુએ ? અવિશુદ્ધલેશ્યી દેવ ઉપયુક્ત આત્મા વડે અવિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે - જુએ ? અવિશુદ્ધ લેશ્યીદેવ ઉપયુક્ત આત્મા વડે વિશુદ્ધલેશ્ય દેવાદિને જાણે - જુએ ? અવિશુદ્ધલેશ્ય દેવ ઉપયુક્ત-અનુપયુક્ત આત્મા વડે અવિશુદ્ધ લેશ્યી દેવાદિને જાણે જુએ ? અવિશુદ્ધ લેશ્યી ઉપયુક્તાનુપયુક્ત લેશ્યા વડે વિશુદ્ધલેશ્યીને જાણે-જુએ ?*

*ભગવન્! વિશુદ્ધ લેશ્ય દેવ ઉપયોગ વડે અવિશુદ્ધ લેશ્ય દેવને જાણે-જુએ? હા, જાણે-જુએ. એ પ્રમાણે વિશુદ્ધ૦ ઉપયુક્ત૦ વિશુદ્ધ લેશ્ય દેવને જાણે-જુએ-હા જાણે-જુએ. વિશુદ્ધ લેશ્ય ઉપયુક્તાનુપયુક્ત અવિશુદ્ધલેશ્ય દેવને? વિશુદ્ધલેશ્ય ઉપયુક્તાપનુયુક્ત વિશુદ્ધ લેશ્ય દેવને? - - એ પ્રમાણે નીચેના આઠ ન જાણે-ન જુએ. ઉપરના ચાર જાણે-જુએ. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૩૧૯ :-**

अविसुद्धलेश्य - વિભંગજ્ઞાની દેવ. અનુપયુક્ત આત્મા વડે અહીં — (૧)



અવિશુદ્ધલેશ્ય, (૨) અનુપયુક્તાત્મા દેવ, (૩) અવિશુદ્ધ લેશ્ય દેવાદિ. આ ત્રણ પદના બાર વિકલ્પો થાય *[આ બારે વિકલ્પોની વૃત્તિ અતિ સુગમ છે, વળી સૂત્રાર્થમાં તેનો ઉલ્લેખ પણ છે, માટે ફરી વૃત્તિનો અનુવાદ અહીં કરેલ નથી.]* અહીં છેલ્લા ચાર વિકલ્પમાં સમ્યગ્દૃષ્ટિપણાથી ઉપયુક્ત અને અનુપયુક્તત્વથી જાણે છે. ઉપયોગાનુપયોગ પક્ષે ઉપયોગાંશના સમ્યગ્જ્ઞાન હેતુત્વથી એમ કહ્યું.

## ❀ શતક-૬, ઉદ્દેશો-૧૦-'અન્યતીર્થિકો' ❀

— x — x — x — x — x —

૦ અવિશુદ્ધ લેશ્યને જ્ઞાનાભાવ કહ્યો. તે જ દર્શાવતા કહે છે —

● **સૂત્ર-૩૨૦ :-**

*ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્-પ્રરૂપે છે, જેટલા જીવો રાજગૃહનગરમાં છે, એટલા જીવોને કોઈ બોરના ઠળીયા-વાળ-ચોખા-અડદ-મગ-જૂ-લીખ જેટલું પણ સુખ કે દુઃખ કાઢીને દેખાડવા સમર્થ નથી. ભગવન્ ! તે કેવી રીતે હોય ? ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે યાવત્ પ્રરૂપે છે, તે મિથ્યા કહે છે. હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું કે સર્વલોકમાં સર્વ જીવોને કોઈ સુખ કે દુઃખ યાવત્ દેખાડી ન શકે.*

*એમ કેમ ? ગૌતમ ! આ જંબૂદ્વીપ યાવત્ પરિક્ષેપ વડે વિશેષ અધિક કહ્યો છે. મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ, એક મોટો વિલેપનવાળો ગંધનો ડાબલો લઈને ઉઘાડીને, યાવત્ 'આ જાઉં છું' કહી આખા જંબૂદ્વીપને ત્રણ ચપટીમાં ૨૧ વખત ફરી શીઘ્ર પાછો આવે. હે ગૌતમ ! તે સંપૂર્ણ જંબૂદ્વીપ. તે ગંધ પુદ્‌ગલોથી સ્પૃષ્ટ થાય ? હા, થાય. ગૌતમ ! તે ગંધપુદ્‌ગલોને બોરના ઠળીયા જેટલાં પણ યાવત્ દર્શાવવા સમર્થ છે ? ના, તેમ ન થાય. તે હેતુથી કહ્યું કે યાવત્ દર્શાવવા સમર્થ નથી.*

● **વિવેચન-૩૨૦ :-**

नो चक्किय - સમર્થ નથી. ઘણાંની વાત તો શું કરવી, પણ માત્ર બોરના ઠળીયા જેટલું . निप्फाव - વાલ, कल - કલાય. जूय - જૂ. દૃષ્ટાંત સાર આ છે - જેમ અતિ સૂક્ષ્મત્વથી અમૂર્ત તુલ્ય હોવાથી ગંધના પુદ્‌ગલોની માફક બોરના ઠળીયા જેટલું પણ જીવોનું સુખ-દુઃખ દર્શાવવાને કોઈ સમર્થ નથી. - - જીવાધિકારથી કહે છે —

● **સૂત્ર-૩૨૧ :-**

*ભગવન્ ! શું જીવ ચૈતન્ય છે કે ચૈતન્ય જીવ છે ? ગૌતમ ! જીવ નિયમા ચૈતન્ય છે, ચૈતન્ય નિયમા જીવ છે - - ભગવન્ ! નૈરયિક જીવ છે કે જીવ નૈરયિક છે ? નૈરયિક નિયમા જીવ છે. જીવ નૈરયિક પણ હોય કે અનૈરયિક પણ હોય. - - ભગવન્ ! જીવ અસુરકુમાર છે કે અસુરકુમાર જીવ છે ? ગૌતમ ! અસુરકુમાર નિયમા જીવ છે. જીવ અસુરકુમાર હોય કે ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી દંડક કહેવો.*

*ભગવન્ ! જીવે તે જીવ કે જીવ હોય તે જીવે ? ગૌતમ ! જીવે તે નિયમા*

*જીવ છે. જીવ જીવે કે ન પણ જીવે. - - ભગવન્ ! જીવે તે નૈરયિક કે નૈરયિક હોય તે જીવે. ગૌતમ ! નૈરયિક નિયમા જીવે. જીવે તે નૈરયિક હોય કે ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! ભવ્ય, નૈરયિક હોય કે નૈરયિક હોય તે ભવ્ય હોય ? ગૌતમ ! ભવ્ય, નૈરયિક હોય કે ન પણ હોય. નૈરયિક ભવ્ય હોય કે ન પણ હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

**● વિવેચન-૩૨૧ :-**

જીવ - જીવ, જીવ - ચૈતન્ય. જીવ અને ચૈતન્ય, પરસ્પર અભેદ હોવાથી કહ્યું કે જીવ એ ચૈતન્ય છે, ચૈતન્ય એ જીવ છે. નૈરયિકાદિમાં તો જીવત્વ કાયમ રહેનારું છે, પણ જીવોમાં નૈરયિકાદિત્વ હોય કે ન હોય. જીવના અધિકારથી જ કહે છે - जीवत्ति - પ્રાણોને ધારણ કરે છે. તેથી કહ્યું કે જે પ્રાણોને ધારણ કરે છે, તે નિયમા જીવ છે. કેમકે અજીવોને આયુકર્મના અભાવે જીવનનો અભાવ છે. જીવ હોય તે પ્રાણ ધારણ કરે કે ન કરે. કેમકે સિદ્ધોને પ્રાણધારણનો અભાવ છે.

- જીવ અધિકારથી અન્યતીર્થિકનો મત—

**● સૂત્ર-૩૨૨ :-**

*ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે એમ નિશ્ચિત છે કે સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્વ એકાંતે દુઃખરૂપ વેદનાને વેદે છે, હે ભગવન્ ! તે કેવી રીતે બને ? ગૌતમ ! તે અન્યતીર્થિકો યાવત્ એમ મિથ્યા કહે છે. હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છે કે કેટલાંક પ્રાણો-ભૂતો-જીવો-સત્વો એકાંત દુઃખરૂપ વેદના વેદે છે અને કદાચ સુખને વેદે છે. કેટલાંક પ્રાણો-ભૂતો-જીવો-સત્વો એકાંત શાતા વેદનાને વેદે છે અને કદાચિત્ દુઃખને વેદે છે. કેટલાંક પ્રાણો-ભૂતો-જીવો-સત્વો વિવિધરૂપે વેદના વેદે છે. કદાચિત્ સુખને કે દુઃખને વેદે છે - એમ કેમ ? ગૌતમ ! નૈરયિકો એકાંત દુઃખરૂપ વેદના વેદે છે, કદાચ સુખને વેદે છે. ભવનપત્યાદિ દેવો એકાંત સુખરૂપ વેદના વેદે છે, કદાચ અસાતા વેદે છે. પૃથ્વીકાયિક યાવત્ મનુષ્યો વિવિધ પ્રકારે વેદના વેદે છે. કદાચ સુખ કે દુઃખને વેદે છે, તેથી પૂર્વવત્ કહ્યું.*

**● વિવેચન-૩૨૨ :-**

કદાચ શાતા વેદના વેદે છે. એમ કેમ ? નૈરયિક જીવ ઉપપાત વડે તથા દેવપ્રયોગથી કદાચિત્ સુખને વેદે છે. દેવો, પરસ્પર આહનન તથા પ્રિય વસ્તુના વિયોગાદિમાં કદાચિત્ અસાતાવેદના વેદે છે.

જીવ અધિકારથી આ કહે છે —

**● સૂત્ર-૩૨૩ થી ૩૨૬ :-**

*[૩૨૩] ભગવન્ ! નૈરયિકો આત્મા દ્વારા ગ્રહણ કરી જે પુદ્ગલો આહારે, તે શું આત્મશરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્માદ્વારા ગ્રહણ કરી આહારે છે કે અનંતર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્માદ્વારા ગ્રહણ કરી આહારે છે કે પરંપર*





*ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્માથી ગ્રહણ કરી આહારે છે ? ગૌતમ ! આત્મશરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્માથી ગ્રહણ કરી આહારે છે. અનંતર કે પરંપર ક્ષેત્રાવગાઢને નહીં. - આમ વૈમાનિક સુધી છે.*

*[૩૨૪] ભગવન્ ! કેવલીઓ ઈન્દ્રિયો દ્વારા જાણે-જુએ ? ગૌતમ ! તેમ નથી. - એમ કેમ ? હે ગૌતમ ! કેવલી પૂર્વમાં મિતને પણ જાણે, અમિતને પણ જાણે યાવત્ કેવલીનું દર્શન નિર્વૃત્ત છે. તેથી કહ્યું.*

*[૩૨૫] જીવોનું સુખ-દુઃખ, જીવનું પ્રાણધારણ, ભવ્યો, એકાંત દુઃખ વેદના, આત્માથી પુદ્ગલ ગ્રહણ, કેવલી [આટલા વિષયો છે.]*

*[૩૨૬] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૩૨૩ થી ૩૨૬ :-**

अत्तमायाए - આત્માદ્વારા ગ્રહીને. સ્વશરીર ક્ષેત્રમાં રહેલ. આત્મશરીર ક્ષેત્રાપેક્ષાએ જે અનંતર ક્ષેત્ર, તેમાં રહેલ પુદ્ગલોને - x -

'આત્મ દ્વારા ગ્રહણ કરી' એમ કહ્યું. તેના સાધર્મ્યથી બીજું સૂત્ર કહ્યું. आयाण - ઈન્દ્રિયો વડે. 'ગાથા' ઉદ્દેશાર્થ સંગ્રાહિકા છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૭ 卐

-- x -- x --

૦ જીવાદિ અર્થનું પ્રતિપાદક છટ્ઠુ શતક કહ્યું, હવે તે જ અર્થનું પ્રતિપાદક શતક-૭-કહે છે. તેમાં પહેલા ઉદ્દેશાર્થ સંગ્રહગાથા —

● સૂત્ર-૩૨૭ :-

*૧-આહાર, ૨-વિરતિ, ૩-સ્થાવર, ૪-જીવ, ૫-પક્ષી, ૬-આયુ, ૭-અણગાર, ૮-છદ્મસ્થ, ૯-અસંવૃત્ત, ૧૦-અન્યતીર્થિક આ દશ ઉદ્દેશા છે.*

● વિવેચન-૩૨૭ :-

૧-આહારક-અનાહારકની વક્તવ્યતા, ૨-પ્રત્યાખ્યાનાર્થે, ૩-વનસ્પતિ વક્તવ્યતાર્થે, ૪-સંસારીજીવ પ્રજ્ઞાપના, ૫-ખેચરજીવ યોનિ કથનાર્થે, ૬-આયુષ્ય કથનાર્થે, ૭-અનગાર કથનાર્થે, ૮-છદ્મસ્થ મનુષ્ય કથનાર્થે, ૯-અસંવૃત્ત અણગાર કથનાર્થે, ૧૦-કાલોદાયી આદિ પરતીર્થિક.

### ❀ શતક-૭, ઉદ્દેશો-૧-'આહાર' ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૩૨૮ :-

*તે કાળે, તે સમયે યાવત્ આમ કહ્યું — ભગવન્ ! જીવ કયા સમયે અનાહારક હોય ? ગૌતમ ! પહેલા સમયે કદાચ આહારક કદાચ અનાહારક હોય, બીજે - x - અને ત્રીજે સમયે કદાચ આહારક, કદાચ અનાહારક પણ ચોથા સમયે નિયમા આહારક હોય. આ રીતે [ચોવીશે] દંડક કહેવા. સામાન્ય જીવ અને એકેન્દ્રિયો ચોથા સમયે, બાકીના ત્રીજા સમયે આહારક હોય.*

*ભગવન્ ! જીવ કયા સમયે બધાંથી અલ્પાહારી હોય ? ગૌતમ ! ઉત્પત્તિના પ્રથમ સમયે અથવા ભવના અંતિમ સમયે જીવ સર્વાલ્પહારી હોય. આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત દંડક કહેવો.*

● વિવેચન-૩૨૮ :-

પરભવે જતાં કયા સમયે અનાહારક હોય? એ પ્રશ્ન. જ્યારે જીવ ઋજુગતિએ ઉત્પાદસ્થાને જાય છે, ત્યારે પરભવાયુના પહેલા સમયે જ આહારક હોય. જો વિગ્રહગતિએ જાય, તો વક્રમાં પહેલા સમયે અનાહારક હોય, ઉત્પત્તિસ્થાન પ્રાપ્તિના અભાવે આહારણીય પુદ્ગલોનો અભાવ હોય છે - x - તથા એક વળાંકથી બે સમયે ઉત્પન્ન થાય, તો પહેલા સમયે અનહારક, બીજે તો આહારક. જો બે વળાંકથી ત્રણ સમયે ઉત્પન્ન થાય તો પહેલા બે સમય અનાહારક - x - જો ત્રણ વળાંકથી ચાર સમયે ઉત્પન્ન થાય તો પહેલાંના ત્રણ સમય અનાહારક, ચોથા સમયે નિયમા આહારક - x -

ત્રણ વળાંક આ રીતે — નાડીની બહારની દિશામાં રહેલ હોય, જેનો અધોલોકથી ઉર્ધ્વલોકે ઉત્પાદ નાડીની બહારની દિશામાં હોય, તે અવશ્ય એક સમયે વિશ્રેણીમાંથી સમશ્રેણી પામે, બીજા સમયે નાડીમાં પ્રવેશે, ત્રીજે ઉર્ધ્વલોકમાં જાય, ચોથે લોકનાડીથી નીકળી ઉત્પત્તિ સ્થાને ઉપજે. પહેલાં ત્રણ સમય ત્રણ વળાંક જાણવા. - x - બીજા



કહે છે — ચાર વળાંક પણ સંભવે, જો વિદિશાથી વિદિશામાં ઉપજે. તેમાં ત્રણ સમય પૂર્વવત્. ચોથા સમયે નાડીથી નીકળીને સમશ્રેણિ પામે. પાંચમે ઉત્પત્તિ સ્થાનને પામે. તેમાં આદ્ય ચાર સમયમાં ચાર વળાંક થાય. તેમાં અનાહારક છે. આ સીત્રમાં દશવિલ નથી. પ્રાયઃ આ રીતે અનુત્પત્તિ નથી.

ઉક્ત આલાવા મુજબ ૨૪ દંડકો કહેવા. તેમાં જીવ, એકેન્દ્રિય બંનેમાં ચોથા સમયે નિયમા આહારક કહેવા. બાકીના ત્રીજા સમયે કહેવા. તેમાં જે નારકાદિ ત્રસોમાં ઉપજે, તેને નાડીની બહાર ગમનાગમન નથી, તેથી ત્રીજા સમયે નિત્યાહારકત્વ છે. જેમકે - જે મત્સ્યાદિ ભરતના પૂર્વ ભાગથી ઐરવતના પશ્ચિમની નીચે નરકમાં ઉપજે, તે એક સમયમાં પૂર્વથી પશ્ચિમમાં જાય, બીજે ઐરવતની પશ્ચિમે, ત્રીજે નરકમાં જાય. અહીં પહેલા બે સમય અનાહારક, ત્રીજે આહારક. આ વાત સૂત્રમાં કહી છે - x -

બધાંથી અલ્પ - x - આહાર જેનો છે, તે - x - અલ્પાહારક. પ્રથમ સમયે ઉત્પન્નનો પ્રથમ સમય અર્થાત્ ઉત્પત્તિનો પ્રથમ સમય. તેની આહારગ્રહણના હેતુથી શરીરની અલ્પતાથી સર્વાલ્પાહારતા હોય છે. જીવનના છેલ્લા સમયે જે છે. તે પ્રદેશોના સંહતત્વથી અલ્પ શરીર-અવયવોમાં રહેવાથી સર્વાલ્પાહારતા. - - અનાહારકત્વ એ જીવોને વિશેષથી લોક સંસ્થાનવશાત્ થાય છે, માટે લોક પ્રરૂપણા સૂત્ર—

● સૂત્ર-૩૨૯ :-

*ભગવન્ ! લોકનું સંસ્થાન કેવું છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક. - x - નીચે વિસ્તીર્ણ યાવત્ ઉપર ઉર્ધ્વ મૃદંગાકાર સંસ્થિત. એવા આ શાશ્વત લોકમાં - x - ઉત્પન્ન કેવલ જ્ઞાન-દર્શનધર અરહંત, જિન, કેવલી જીવોને જાણે છે - જુએ છે અને અજીવોને પણ જાણે છે - જુએ છે. ત્યારપછી તેઓ સિદ્ધ થાય છે યાવત્ દુઃખોનો અંત કરે છે.*

● વિવેચન-૩૨૯ :-

सुप्रतिष्ठक - શર-યંત્ર, તેને અહીં ઉપર સ્થાપેલ કળ શાદિક ગ્રહણ કરવું. તેવા પ્રકારે લોક સાદૃશ્ય જાણવું. તેની આ પ્રમાણે ભાવના કરવી. નીચે વિસ્તીર્મ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર વિશાળ, નીચે પલ્યંકાકારે, મધ્યે ઉત્તમ વજાકારે ઇત્યાદિ. - - લોકસ્વરૂપ કહ્યું, ત્યાં જે કેવલી કરે છે, તે દર્શાવર્યું. अंतकरेइ - થી ક્રિયા બતાવી. તેના વડે શ્રાવકને કહે છે —

● સૂત્ર-૩૩૦ થી ૩૩૨ :-

*[૩૩૦] ભગવન્ ! શ્રમણની સમીપ આશ્રયે રહેલ શ્રાવકને ભગવન્ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ? ગૌતમ ! શ્રમણના ઉપ-આશ્રયે રહેલ, સામાયિક કરતાં શ્રાવકનો આત્મા અધિકરણી હોય છે. આત્માધિકરણ નિમિત્તે તેને ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, સાંપરાયિકી ક્રિયા લાગે. તે હેતુથી કહ્યું કે યાવત્ સાંપરાયિકી ક્રિયા લાગે છે.*

*[૩૩૧] ભગવન્ ! શ્રાવકને પહેલાથી જ ત્રસ-પ્રાણની હિંસાના પચ્ચક્ખાણ*

*હોય છે, પૃથ્વીકાયહિંસાના અપ્રત્યાખ્યાન હોય છે. તે પૃથ્વીને ખોદતાં જો કોઈ ત્રસ જીવની હિંસા કરે તો ભગવન્ ! તેને વ્રત ઉલ્લંઘન થાય ? ના, તેમ નથી. કેમકે તે ત્રસજીવના વધ માટે પ્રવૃત્ત હોતો નથી.*

*ભગવન્ ! શ્રાવકને પૂર્વેથી વનસ્પતિ હિંસાનું પચ્ચક્ખાણ હોય, પૃથ્વી ખોદતાં, તે કોઈ વૃક્ષનું મૂળ છેદી નાંખે તો તેને વ્રતનું ઉલ્લંઘન થાય ? તેમ ન થાય. કેમકે તે તેની હિંસા માટે પ્રવૃત્ત નથી.*

*[૩૩૨] ભગવન્ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને પ્રાસુક અને એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી પ્રતિલાભતા શ્રાવકને શું લાભ થાય ? ગૌતમ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને યાવત્ પ્રતિલાભતો શ્રાવક તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને સમાધિ પમાડે છે. સમાધિને કારણે તે પણ સમાધિ પામે છે. - - ભગવન્ ! તથારૂપ શ્રમણને યાવત્ પ્રતિલાભતો શ્રાવક શું તજે છે ? ગૌતમ ! જીવિતનો અને દુસ્ત્યાજ્યનો ત્યાગ કરે છે. દુષ્કર કરે છે, દુર્લભ (વસ્તુ) પામે છે, બોધિ પામી, સિદ્ધ થઈ, યાવત્ અંત કરે છે.*

**● વિવેચન-૩૩૦ થી ૩૩૨ :-**

સામાયિક કરેલ, સાધુની વસતિમાં રહીને તેવા યથાર્થ શ્રાવકને - x - સાંપરાયિકી ક્રિયા લાગે. બંને વિશેષણ યોગે અને નિરુદ્ધ કષાયત્વ યુક્તતાથી ઐર્યાપથિકી લાગે એવી આશંકાથી આ પ્રશ્ન છે. જેને હળ-ગાડું આદિ કષાયના આશ્રયભૂત છે તે અધિકરણી. તેનાથી આત્માધિકરણી, તે કારણ જે ક્રિયાકરણમાં હોય, તેનાથી સાંપરાયિકી ક્રિયા લાગે.

શ્રાવકાધિકારથી જ કહે છે. ત્રસવધ, તે ત્રસપ્રાણના વધાર્થે પ્રવર્તતો નથી. વધનો સંકલ્પ નથી, તે સંકલ્પવધથી નિવૃત્ત છે. માટે તેનું ઉલ્લંઘન ન થાય. चयति - આપે છે. જીવિતને આપે છે, કેમકે અન્નાદિ દ્રવ્ય આપતાં જીવિતનો જ ત્યાગ કરે છે. અન્નાદિ દ્રવ્ય દુસ્ત્યજ્ય હોવાથી કહ્યું — દુસ્ત્યજ્યને તજે છે. આ ત્યાગ દુષ્કર હોવાથી કહ્યું — દુષ્કરને કરે છે. અથવા શેનો વિરહ થાય ? કર્મની દીર્ઘ સ્થિતિનો. દુષ્ટ કર્મદ્રવ્ય સંચયનો. અપૂર્વકરણાદિ દુષ્કર કરે છે. તેનાથી અનિવૃત્તિકરણ પામે છે, તેનાથી સમ્યગ્દર્શન અનુભવે છે. અહીં શ્રમણોપાસક શબ્દ છે. તેથી સાધુ-ઉપાસના માત્ર કરનાર લેવા. કેમકે સૂત્ર તેમાં જ ઘટે છે. - x - દાનથી બોધિ આદિ બીજે પણ કહ્યા છે — કર્મત્વ કહ્યું, હવે અકર્મત્વ કહે છે —

**● સૂત્ર-૩૩૩ :-**

*ભગવન્! કર્મરહિત જીવની ગતિ થાય? હા, થાય. ભગવન્! અકર્મની ગતિ કઈ રીતે થાય? ગૌતમ! નિસ્સંગતા-નિરાગતા-ગતિ પરિણામ-બંધન છેદનતા-નિરિંધનતા-પૂર્વ પ્રયોગથી અકર્મની ગતિ કહી છે. નિસ્સંગતા - x - આદિથી કર્મરહિતની ગતિ કઈ રીતે કહી? જેમ કોઈ પુરુષ નિશ્છિદ્ર, નિરુપહત, સુકા તુંબડાને ક્રમપૂર્વક સંસ્કાર કરી, દર્ભ અને કુશ વડે વીંટે. પછી માટીના આઠ લેપથી લીંપે, પછી તાપમાં સુકવે, સુકાયા પછી અથાગ-અતાર પુરુષ પ્રમાણ પાણીમાં નાંખે,*



*તો હે ગૌતમ! તે તુંબડુ, તે માટીના આઠ લેપની ગુરુતાથી, ભારથી, ગુરુતા અને ભારથી, પાણીના તળને ઉલ્લંઘીને નીચે ભૂમિ પર સ્થિત થાય?*

*હા, થાય. હવે તે તુંબડુ માટીના આઠ લેપનો ક્ષય થતાં ભૂમિતળને છોડીને જળના ઉપરના તટે આવીને સ્થિર થાય ? હા, થાય. એ પ્રમાણે ગૌતમ ! નિસ્સંગતાદિથી કર્મરહિતની ગતિ કહી છે.*

*ભગવન્ ! બંધન છેદત્વથી કર્મરહિતની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! જેમ વટાણા-મગ-અડદ-સિંબલીની શિંગ કે એરંડાનું બીજ તડકે મૂક્યા હોય અને સુકાઈને ફૂટે અને એક બાજુ ઉડે. તેમ ગૌતમ ! થાય.*

*ભગવન્ ! નિરિંધણત્વથી કર્મરહિતની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! જેમ ઈંધણથી છૂટેલ ધૂમ્ર સ્વાભાવિક રીતે, નિર્વ્યાઘાતપણે ઉપર જાય, તેમ હે ગૌતમ (જીવ જાય). - - ભગવન્ ! પૂર્વ પ્રયોગથી કર્મરહિતની ગતિ કઈ રીતે થાય ? ગૌતમ ! ધનુષ્થી છૂટેલ બાણની ગતિ લક્ષ્યાભિમુખ, નિર્વ્યાઘાતપણે થાય, તેમ ગૌતમ ! જીવની ગતિ છે.*

**● વિવેચન-૩૩૩ :-**

ગતિનો સ્વીકાર. निस्संगता - કર્મ મલ જવાથી, निरंगणया - મોહના જવાથી નિરાગતાથી. गति परिणाम - ગતિના સ્વભાવથી, बंधणच्छेदण - એરંડ ફળવત્ કર્મબંધન છેદનથી. निरंधणता - ધુંવાડા માફક કર્મબંધન છોડવાથી. पुव्वपओग - બાણની જેમ સકર્મતાથી ગતિ પરિણામત્વથી. - x - निरुवहय - વાતાદિથી અનુપહત. दब्भ - સમૂલ, कुस - દર્ભની જેમ છિન્નમૂળથી. - x - x - कलसिंबलियाइ - કલાય ધાન્યની ફળી. एरंडमिंजिया - એરંડ ફળ - x - x - સ્વભાવથી ઉર્ધ્વ, निव्वाघाएण - કટ આદિ આચ્છાદન અભાવથી.

અકર્મણનું કથન કર્યુ, તેથી ઉલટું કર્મ વક્તવ્યતા —

**● સૂત્ર-૩૩૪ :-**

*ભગવન્ ! દુઃખી દુઃખથી સ્પૃષ્ટ છે કે અદુઃખી ? ગૌતમ ! દુઃખી દુઃખથી સ્પૃષ્ટ છે, અદુઃખી નહીં. - - ભગવન્ ! દુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે કે અદુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! દુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ છે, અદુઃખી નહીં. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. આ પ્રમાણે પાંચ દંડક જાણવા. - દુઃખી દુઃખથી સ્પૃષ્ટ, દુઃખી દુઃખનું ગ્રહણ કરે, દુઃખી દુઃખને ઉદીરે, દુઃખી દુઃખને વેદે, દુઃખી દુઃખને નિર્જરે.*

**● વિવેચન-૩૩૪ :-**

(૧) દુઃખ નિમિત્તથી दुःख - કર્મ, કર્મી જીવ દુઃખી છે. દુઃખના હેતુરૂપ કર્મથી સ્પૃષ્ટ બદ્ધ. અદુઃખી - અકર્મી દુઃખથી સ્પૃષ્ટ ન હોય. જેમકે સિદ્ધ (૨) દુઃખી - કર્મવાળો દુઃખ-કર્મને સામસ્ત્યથી ઉપાર્જે, નિધત્તાદિ કરે. (૩) ઉદીરે, (૪) વેદે, (૫) નિર્જરે. તેની વ્યાખ્યા પૂર્વે કરી છે. - - કર્મબંધનાધિકારથી કર્મબંધ ચિંતાન્વિત અણગાર સંબંધી સૂત્ર —

● **સૂત્ર-૩૩૫ થી ૩૩૭ :-**

*ભગવન્ ! અનુપયુક્ત અણગાર ચાલતા, ઉભતા, બેસતા, સુતા, અનુપયુક્ત વસ્ત્ર-પાત્ર-કંબલ-રજોહરણ લેતા કે મૂકતા, તેને હે ભગવન્ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ? ગૌતમ ! ઐર્યાપથિકી નહીં પણ સાંપરાયિકી ક્રિયા લાગે. એમ કેમ ? ગૌતમ ! જેનાં ક્રોધ, માન, માયા, લોભ વ્યુચ્છિન્ન થયા છે, તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી નહીં. જેના ક્રોધાદિ વ્યુચ્છિન્ન થયા નથી, તેને સાંપરાયિકી ક્રિયા લાગે, ઐર્યાપથિકી નહીં. યથાસૂત્ર ચાલનારને ઐર્યાપથિકી ક્રિયા લાગે, ઉત્સૂત્રથી ચાલનારને સાંપરાયિકી ક્રિયા લાગે. અનુપયુક્ત છે તે ઉત્સૂત્રથી જ વર્તે છે, માટે પૂર્વવત્ કહ્યું.*

*[૩૩૬] ભગવન્ ! અંગાર, ધૂમ, સંયોજના દોષથી દૂષિત પાન-ભોજનનો શો અર્થ કહ્યો છે ? ગૌતમ ! જે સાધુ કે સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિ ગ્રહીને મૂર્છિત-ગૃદ્ધ-ગ્રથિત-અધ્યુપપન્ન આહાર આહારે છે, તો હે ગૌતમ ! તે અંગારદોષયુક્ત પાન, ભોજન છે. જે સાધુ-સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિ ગ્રહીને અત્યંત અપ્રીતિ વડે, ક્રોધથી, ખિન્નતાથી આહારને આહારે, તે હે ગૌતમ ! ધૂમ દોષયુક્ત પાન-ભોજન છે. જે સાધુ-સાધ્વી યાવત્ ગ્રહીને ગુણોત્પાદન હેતુ અન્ય દ્રવ્ય સાથે સંયોજીને આહાર કરે, તે હે ગૌતમ ! સંયોજના દોષ દુષ્ટ પાન-ભોજન છે. હે ગૌતમ ! આ તેનો - x - અર્થ કહ્યો.*

*ભગવન્ ! અંગાર-ધૂમ-સંયોજના દોષરહિત પાન-ભોજનનો શો અર્થ કહ્યો છે ? ગૌતમ ! જે સાધુ-સાધ્વી યાવત્ ગ્રહણ કરીને અમૂર્છિત થઈ યાવત્ આહારે છે, તે હે ગૌતમ ! અંગાર દોષરહિત પાન-ભોજન. જે સાધુ-સાધ્વી યાવત્ ગ્રહીને અત્યંત અપ્રીતિ ન કરતો આહારે, તે ધૂમદોષરહિત પાન-ભોજન. જે સાધુ-સાધ્વી યાવત્ જેવું પ્રાપ્ત થાય તેવું જ આહારે, તે સંયોજના દોષથી મુક્ત પાન-ભોજન છે. હે ગૌતમ ! આ તેનો - x - અર્થ કહ્યો.*

*[૩૩૭] ભગવન્ ! ક્ષેત્ર-કાળ-માર્ગ-પ્રમાણથી અતિક્રાંત પાન-ભોજનનો શો અર્થ કહ્યો ? ગૌતમ ! જે સાધુ-સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિને સૂર્ય ઉગ્યા પહેલા ગ્રહે, સૂર્ય ઉગ્યા પછી તે આહાર કરે, તે હે ગૌતમ ! ક્ષેત્રાતિક્રાંત પાન ભોજન છે. જે સાધુ-સાધ્વી યાવત્ પહેલી પોરિસિએ ગ્રહીને છેલ્લી પોરિસિ સુધી રાખીને પછી તે આહાર કરે, તે કાલાતિક્રાંત પાન-ભોજન છે. જે સાધુ-સાધ્વી યાવત્ ગ્રહણ કરીને અર્ધ યોજન મર્યાદા ઓળગીને તે આહાર કરે, તે માર્ગાતિક્રાંત પાન-ભોજન છે. જે સાધુ-સાધ્વી પ્રાસુક, એષણીય અશનાદિ ગ્રહીને કુકડીના ઇંડા પ્રમાણ માત્ર એવો ૩૨ કોળીયાથી અધિક આહાર કરે તે પ્રમાણાતિક્રાંત પાન-ભોજન. આઠ કોળીયા પ્રમાણ લે તો તે અલ્પાહારી છે, ૧૨ કોળીયા પ્રમાણ લે તો અપાર્દ્ધ અવમોદરિકા, ૧૬-કોળીયા પ્રમાણ લે તો દ્વિભાગ પ્રાપ્ત, ૨૪ કોળીયા લે તો તે ઉણોદરિકા વાળો છે, ૩૨ કોળીયા પ્રમાણ લે તો પ્રમાણ પ્રાપ્ત. તેનાથી એક પણ કોળીયો ઓછો આહાર કરે તો તે શ્રમણ નિર્ગ્રન્થ પ્રકામરસ ભોજી છે, તેમ કહેવાય છે. હે ગૌતમ ! ક્ષેત્રાતિક્રાંતાદિ - x - નો આ અર્થ છે.*



● **વિવેચન-૩૩૫ થી ૩૩૭ :-**

वोच्छिन्न - અનુદિત, ચારિત્રરૂપી ઈંધનમાં અંગાર સમાન જે ભોજન વિષયમાં રાગરૂપ અગ્નિ કરે, તે અંગાર દોષ તેના સહિત જે પાનકાદિ તે સ-અંગાર. ચારિત્રરૂપ ઈંધનમાં ધૂમના હેતુરૂપ તે ધૂતમ દોષ, તે સહિત પાનકાદિ તે સધૂમ. દ્રવ્યના ગુણ વિશેષાર્થે બીજા દ્રવ્યનું યોજવું, તે સંયોજના દોષ. - x - मूर्छित - મોહવાળા, गिद्ध - તેની વિશેષ આકાંક્ષાવાળા. ग्रथित - તેમાં રાગ વાળા, अज्झोववन्न - તેમાં જ એકાગ્ર થયેલ. आहारमाहारेइ - ભોજન કરે. - x - મહા અપ્રીતિ, ક્રોધથી કલાંત. गुणुप्पाय - રસ વિશેષ ઉત્પાદનાર્થે. वीइंगाल - જેમાંથી રાગ ગયો છે તે. खेत्ताइक्कंतादि - સૂર્યસંબંધી તાપ ક્ષેત્ર, તેને ઓળંગી ગયેલ તે. કાળ એટલે દિવસના ત્રણ પ્રહરને ઓળંગી ગયેલ. - x - બત્રીશ કવલ લક્ષણ પ્રમાણને ઓળંગી ગયેલ. उवाइणावित - પ્રાપ્ત કરે. અર્ધ યોજનની મર્યાદાથી ઉપર લઈને જાય. कुक्कुडिअंडगपमाण - કુકડીના ઇંડાનું જે માપ તે અથવા જીવના આશ્રયત્વથી કુટિર માફક कुटी - શરીર, અશુચિ પ્રાયત્વથી કુત્સિત, પેટ પુરતો આહાર. તેની ૩૨ અંશરૂપ તે કુક્કુટી-અંડક પ્રમાણ માત્રા. અહીં એમ કહે છે —

જેટલો જે પુરુષનો આહાર, તે આહારનો ૩૨મો ભાગ. તે પુરુષની અપેક્ષાથી કોળીયો કહેવાય. તેને આશ્રીને - x - પ્રમાણ પ્રાપ્ત - x - પહેલી વ્યાખ્યા પ્રાયિક પક્ષ અપેક્ષાએ જાણવી. ૩૨નો ચોથો ભાગ આહાર કરે તે સાધુ અલ્પાહારી કહેવાય અથવા કુકડીના ઈંડાના માપથી આઠ કવલ માત્ર આહાર કરે તે અલ્પાહારી છે. પેટને ઓછું પડે તેમ આહાર કરવો તે અવમોદરિકા. કિંચિત્ ઉણ-અડધું જે છે તે અપાર્ધ. ૩૨-કોળીયાની અપેક્ષાએ બાર એ અપાર્ધરૂપ છે. - x - અથવા ધર્મ અને ધર્મીના અભેદથી અપાર્દ્ધ અવમૌદરિક એવો સાધુ થાય તેમ જાણવું. દ્વિભાગ એટલે અડધું, તે પ્રાપ્તથી દ્વિભાગ પ્રાપ્ત આહાર થાય છે. અથવા જેનાથી દ્વિભાગ પ્રાપ્ત થાય તે દ્વિભાગ પ્રાપ્ત આહાર થાય છે. અથવા જેનાથી દ્વિભાગ પ્રાપ્ત થાય તે દ્વિભાગ પ્રાપ્ત સાધુ થાય છે. - x - प्रकाम - અત્યર્થ. મધુરાદિ રસનો ભોગી તે પ્રકામરસભોગી.

● **સૂત્ર-૩૩૮ :-**

*ભગવન્ ! શસ્ત્રાતીત, શસ્ત્રપરિણામિત, એષિત, વ્યેષિત, સામુદાનિક પાન-ભોજનનો શો અર્થ કહ્યો છે ? ગૌતમ ! જે સાધુ-સાધ્વી શસ્ત્ર-મુસલાદિનો ત્યાગ કરેલ છે, માળા-વર્ણક-વિલેપનરહિત છે, તેઓ જો એવા આહારને કરે જે કૃમિ આદિથી રહિત, જીવચ્યુત અને જીવમુક્ત છે, જે સાધુ માટે કરેલ-કરાવેલ નથી, જે અસંકલ્પિત-અનાહૂત-અક્રીતકૃત-અનુદ્દિષ્ટ છે, નવકોટિ પરિશુદ્ધ છે, દશ દોષથી મુક્ત છે. ઉદ્ગમ્-ઉત્પાદન-એષણા દોષોથી રહિત છે, અંગાર-ધૂમ-સંયોજના દોષરહિત છે, સુરસુર-ચવચવ શબ્દરહિત છે, અદ્રુત-અવિલંબિત છે, અપરિશાપ્તિ, ગાડીની ધૂરીના અંજન કે અનુલેપનરૂપ છે, સંયમ યાત્રા માત્રા*

*નિમિત્ત છે સંયમભાર વહનાર્થે, બિલમાં પ્રવેશતા સર્પ માફક આત્માર્થે આહાર કરે છે, તે હે ગૌતમ ! શસ્ત્રાતીત, શસ્ત્ર પરિણામિત યાવત્ પાનભોજન છે. તેવો અર્થ કહેલ છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૩૩૮ :-**

અગ્નિ આદિ શસ્ત્રથી ઉત્તીર્ણ તે શસ્ત્રાતીત. એવો આહાર તથાવિધ પૃથુકાદિવત્ પરિણત પણ કહેવાય. વર્ણાદિને અન્યથા કરણથી અચિત્ત કરાયેલ તે શસ્ત્ર પરિણામિત. એ રીતે પ્રાસુકત્વ કહ્યું. ગવેષણા વિશુદ્ધિથી ગવેષિત, વિશેષથી કે વિવિધ પ્રકારે એષિત તે વ્યેષિત. ગ્રહણૈષણા કે ગ્રાસૈષણાથી વિશોધિત અથવા વેષ - મુનિના વસ્ત્રો, તે આકાર માત્ર દર્શનથી પ્રાપ્ત પણ આવર્જનથી નહીં. આનાથી ઉત્પાદના દોષ કહ્યો. સામુદાનિક - તેથી તેવી ભિક્ષારૂપ.

નિર્ગ્રન્થ કેવો? ખડ્ગાદિ શસ્ત્ર તજેલ, પુષ્પમાળા-ચંદનાદિ લેપનથી રહિત - x - આવા સ્વરૂપવાળા નિર્ગ્રન્થ, ભોજ્ય વસ્તુ સંભવથી પોતે પૃથક્રૂપ, કૃમ્યાદિ રહિત, દાયકે જાતે તજેલ. ભક્ષ્ય દ્રવ્ય પૃથક્કૃત્ અભેદ વિવક્ષાથી જે શરીરી તથા તે આહાર. વૃદ્ધ વ્યાખ્યાથી વ્યપગત - સામાન્યથી ચેતના પર્યાયથી રહિત. ચ્યુત - ક્રિયા ભ્રષ્ટ, ચ્યાવિત - સ્વતઃ આયુક્ષયથી ભ્રંશિત. જીવસંસર્ગજનિતાહારથી થયેલ ઉપચય.

જીવવિપ્પજઢં - પ્રાસુક. સાધુ માટે ન કરેલ, દાયકે ન કરાવેલ, આ બે વિશેષણથી અનાધાકર્મિક લેવું. પોતાને માટે કરતા સાધુ અર્થે ન સંકલ્પિત. 'મારા ઘેર રોજ અન્ન લેવા આવજો' એવા આમંત્રણરહિત અથવા સાધુ માટે બીજા સ્થાનેથી લાવેલ. અનિત્યપિંડ કે અનભ્યાહત અર્થાત્ દાયકે સ્પર્ધારહિત આપેલ. એ રીતે એષણા દોષ નિષેધ કર્યો. ખરીદીને સાધુને ન આપેલ. ઉદ્દેશ વિના કરેલ.

નવકોડીપરિસુદ્ધ - કોટિ એટલે વિભાગ, તે આ - બીજ આદિ જીવોને ન હણે, ન હણાવે, હણનારને ન અનુમોદે. એ રીતે ન પકાવે, ન ખરીદના ત્રણ ત્રણ ભંગ મળીને નવભંગ. दसदोसविप्पमुक्कं - શંકિત, મુક્ષિત આદિ. ઉદ્ગમ-આધાકર્તાદિ-૧૬, ઉત્પાદન-ધાત્રિ આદિ-૧૬, ઉદ્ગમ-ઉત્પાદન વિષય જે એષણા-પિંડવિશુદ્ધતાથી સારી રીતે પરિશુદ્ધ તે ઉદ્ગમ-ઉત્પાદન-એષણા પરિશુદ્ધ. આ દ્વારા ઉક્ત-અનુક્ત સંગ્રહ કર્યો. 'વીતાંગારાદિ' ક્રિયા વિશેષણ પણ થાય. પ્રાયઃ એ દ્વારા ગ્રાસૈસણા વિશુદ્ધિ કહી.

સુરસુર કે ચવચવ શબ્દ ન થાય તે રીતે. અતિ મંથર કે અતિ શીઘ્ર નહીં, છાંડ્યા વગર ખાય. ગાડાની ધરીનું કીલ, ઘા ઉપર ઔષધનું વિલેપન તે અક્ષોપાંજન વ્રણાનુલેપન. તેની જેમ વિવક્ષિત અર્થ સિદ્ધિ - અશનાદિમાં અનાસક્તિ કરવી, તે અક્ષોપાંજનવ્રણાનુંલેપન રૂપને થાય. તે ક્રિયા વિશેષણ પણ છે. સંયમનું પાલન, તે જ માત્રા તે સંયમ યાત્રા માત્રા. તેના માટેની વૃત્તિ-પ્રવૃત્તિ જે આહારમાં છે, તે સંયમ યાત્રા માત્રા વૃત્તિક. તેથી તે સંયમ યાત્રા માત્રા વૃત્તિક કે સંયમ યાત્રા માત્રા પ્રત્યય થાય છે. આ જ વાત બીજી રીતે કહે છે — સંયમ એ જ ભાર, તેનું પાલન તે સંયમભારવહનતા.

બિલ એટલે છિદ્ર, તેમાં જે રીતે સર્પ પ્રવેશે તેમ પોતે આહાર કરે — શરીરના



કોઠામાં નાંખે. અર્થાત્ જેમ સર્પ બિલમાં પ્રવેશે ત્યારે પડખાં ન સ્પર્શે, તેમ સાધુ મુખરૂપી ગુફામાં પડખામાં ન સ્પર્શે તેમ આહારનું સંચરણ કરતો જઠરરૂપી બિલમાં આહારનો પ્રવેશ કરાવે. તે અર્થ છે.

## ❀ શતક-૭, ઉદ્દેશો-૨-''વિરતિ'' ❀

— x — x — x — x —

૦ પ્રત્યાખ્યાનીને કહ્યા. હવે અહીં પ્રત્યાખ્યાનને નિરૂપે છે.

● **સૂત્ર-૩૩૯ :-**

*ભગવન્ ! મેં સર્વે પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વના પ્રત્યાખ્યાન કરેલ છે, એમ કહેનારાને સુપ્રત્યાખ્યાન થાય છે કે દુષ્પ્રત્યાખ્યાન ? ગૌતમ ! સર્વે પ્રાણ યાવત્ સત્વની હિંસાનું મેં પચ્ચક્ખાણ કર્યુ છે, તેમ કહેનારને કદાચિત્ સુપ્રત્યાખ્યાન થાય અને કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન.*

*ભગવન્! એમ કેમ કહ્યું? - x - ગૌતમ! જેણે સર્વે પ્રાણ યાવત્ સત્વોની હિંસાના પચ્ચક્ખાણ કર્યા છે, એમ કહેનારને એ પ્રમાણે જ્ઞાન હોતું નથી કે આ જીવ છે - આ અજીવ છે, આ ત્રસ છે - આ સ્થાવર છે, તેથી - x - તેને સુપ્રત્યાખ્યાન ન થાય, પણ દુષ્પ્રત્યાખ્યાન થાય છે. એ રીતે તે દુષ્પ્રત્યાખ્યાયી સર્વે પ્રાણ યાવત્ સત્વોની હિંસાના પચ્ચક્ખાણ મેં કર્યા છે, તેમ કહેનાર સત્ય નહીં, જૂઠું વચન બોલે છે. એ રીતે તે મૃષાવાદી સર્વે પ્રાણ યાવત્ સત્વો પ્રતિ ત્રણ કરણ, ત્રણ યોગથી અસંયત, અવિરત, પાપકર્મથી અપ્રતિહત, પાપકર્મની અપ્રત્યાખ્યાની ક્રિયા વડે યુક્ત, અસંવૃત્ત, એકાંત દંડ, એકાંતબાલ થાય છે.*

*મેં સર્વે પ્રાણ યાવત્ સત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે, એમ કહેનારને જો એ જ્ઞાત હોય કે આજીવ છે - આ અજીવ છે, આ ત્રસ છે - આ સ્થાવર છે. તેને - x - સુપ્રત્યાખ્યાન છે, દુષ્પ્રત્યાખ્યાન નથી. એ રીતે તે સુપ્રત્યાખ્યાની, 'મેં સર્વે પ્રાણો યાવત્ સત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે' એવી સત્યભાષા બોલે છે, મૃષાભાષા બોલતો નથી. એ રીતે તે સત્યવાદી સર્વે પ્રાણો યાવત્ સત્વો પ્રતિ ત્રિવિધે ત્રિવિધે સંયત-વિરત-પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મી, અક્રિય, સંવૃત્ત અને એકાંતપંડિત થાય છે. તેથી હે ગૌતમ! એમ કહ્યું કે યાવત્ દુષ્પ્રત્યાખ્યાન થાય.*

● **વિવેચન-૩૩૯ :-**

પહેલા દુષ્પ્રત્યાખ્યાનનું વર્ણન કર્યુ છે. તે યથાસંખ્ય ન્યાયના ત્યાગથી અને યથા આસન્નતા ન્યાય સ્વીકારીને જાણવું. હવે કહેવાનાર પ્રકારે તે જ્ઞાત નથી. જ્ઞાનના અભાવે યથાવત્ પાલન ન કરવાથી, તેને સુપ્રત્યાખ્યાનનો અભાવ છે - x - ત્રિવિધં - કરવું, કરાવવું, અનુમોદવું ભેદથી. યોગને આશ્રીને ત્રિવિધેન - મન, વચન, કાય લક્ષણથી. સંયત - વધ આદિને છોડવા પ્રયત્નશીલ, વિરત - વધાદિથી નિવૃત્ત. પ્રતિહત - ભૂતકાળ સંબંધી નિંદાથી, ભાવિ પાપકર્મના પ્રત્યાખ્યાનથી પ્રત્યાખ્યાત - સંયતાદિના નિષેધથી असंयतविरतप्रतिहत प्रत्याख्यातपापकर्म सकिरिए - કાયિકી આદિ ક્રિયા યુક્ત અથવા કર્મબંધન સહિત. असंवुड - અસંવૃતાશ્રવદ્વાર. તેથી જ

સર્વથા બીજાને દંડે તે એકાંતદંડ. તેથી સર્વથા અજ્ઞ તે એકાંતબાલ.

પ્રત્યાખ્યાનના અધિકારથી તેના ભેદોને કહે છે —

• સૂત્ર-૩૪૦ થી ૩૪૨ :-

*[૩૪૦] ભગવન્! પચ્ચક્ખાણ કેટલા ભેદે છે? ગૌતમ! બે ભેદે. તે આ - મૂલગુણ પ્રત્યાખ્યાન, ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. - - ભગવન્! મૂલ ગુણ પ્રત્યાખ્યાન કેટલા ભેદે છે? ગૌતમ! બે ભેદે. સર્વ મૂલગુણ પચ્ચક્ખાણ, દેશ મૂલગુણ પચ્ચક્ખાણ. - - ભગવન્! સર્વ મૂલગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે? ગૌતમ! પાંચ. તે આ - સર્વથા પ્રાણાતિપાતથી વિરમણ - યાવત્ - સર્વથા પરિગ્રહથી વિરમણ. - - ભગવન્! દેશમૂલગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે? ગૌતમ! પાંચ. તે આ - સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ યાવત્ સ્થૂલ પરિગ્રહ વિરમણ.*

*ભગવન્ ! ઉત્તરગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! બે. તે આ - સર્વ ઉત્તરગુણ પચ્ચક્ખાણ, દેશ ઉત્તરગુણ પચ્ચક્ખાણ. - - ભગવન્ ! સર્વ ઉત્તરગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે ? ગૌતમ ! દશ.*

*[૩૪૧] અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિમાણકૃત, નિરવશેષ, સંકેત અને અદ્ધા-પ્રત્યાખ્યાન.*

*[૩૪૨] ભગવન્ ! દેશ ઉત્તરગુણ પચ્ચક્ખાણના કેટલા ભેદ છે ? સાત. - દિગ્વ્રત, ઉપભોગ પરિભોગ પરિમાણ, અનર્થદંડ વિરમણ, સામાયિક, દેશાવકાસિક, પૌષધોપવાસ, અતિથિસંવિભાગ - તથા - અપશ્ચિમ મારણાંતિક સંલેખના જોષણા-આરાધના.*

• વિવેચન-૩૪૦ થી ૩૪૨ :-

ચારિત્ર વૃક્ષના મૂળ ગુણ સમાન - પ્રાણાતિપાતાદિ વિરમણ, મૂલ ગુણરૂપ પ્રત્યાખ્યાન કે મૂળગુણ વિષયક નિવૃત્તિ, તેને મૂળગુણ પ્રત્યાખ્યાન જાણવું. મૂળગુણની અપેક્ષાએ ઉત્તરરૂપ ગુણ - વૃક્ષની શાખા માફક, તે ઉત્તરગુણ, તેમાં પ્રત્યાખ્યાન, તે ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. તે જો સર્વથા હોય તો સર્વમૂલગુણ અને દેશથી હોય તો દેશમૂલગુણ પ્રત્યાખ્યાન. તેમાં સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન સર્વ વિરતને હોય, બીજું દેશવિરતને હોય.

अणागय गाथा — (૧) ભાવિમાં કરવાનું તે અનાગત, પર્યુષણાદિમાં આચાર્યાદિની વૈયાવચ્ચમાં અંતરાયના સંભવથી પહેલાં જ તે તપ કરવું. કહ્યું છે — ગુરુ, તપસ્વી કે ગ્લાનની વૈયાવચ્ચના કારણે, મને પર્યુષણા તપમાં અંતરાય થશે, તેમ જાણી તે તપ અત્યારે કરવું તે 'અનાગત' છે.

(૨) પછી કરવાથી અતિક્રાંત, ભાવના પૂર્વવત્. કહ્યું છે — પૂર્વવત્ કારણોથી પર્યુષણા તપ ન થઈ શકે તો તેને પછી કરવો તે 'અતિક્રાંત' છે.

(૩) કોટિસહિત - એકની સમાપ્તિ અને બીજાનો આરંભ સાથે થાય તે. ચતુર્થભક્તાદિ કરીને અનંતર જ ચતુર્થભક્તાદિ કરવું તે. - x -

(૪) નિયંત્રિત - નિયમા યંત્રિત, તે નિયંત્રિત. પ્રતિજ્ઞા દિવસે ગ્લાનત્વાદિ



કારણે અંતરાય થવા છતાં નિયમથી તે પ્રત્યાખ્યાન કરવું. કહ્યું છે — મહીને-મહીને અમુક-અમુક દિવસે નિશ્ચય કરેલ તપ તંદુરસ્ત હોય કે ગ્લાન, પણ શ્વાસ ચાલે ત્યાં સુધી કરવો, તેને ધીર પુરુષોએ નિયંત્રિત તપ કહ્યો છે તેને અનિશ્રિતાત્મા અણગાર સ્વીકારે છે.

(૫) સાકાર-પ્રત્યાખ્યાનના અપવાદ હેતુઓ જે મહત્તર આગાર આદિ સાથે હોય તે. - - (૬) અનાકાર - કાંતાર, દુર્ભિક્ષાદિ વિશિષ્ટ હેતુના સંભવ અભાવે મહત્તરાદિ આગાર-છુટ ન લે તે. જો કે માત્ર અનાકાર પચ્ચક્ખાણ હોય તો પણ 'અનાભોગ', 'સહાસાકાર' તેમાં કહેવા. જેથી કાષ્ઠ, આંગળી આદિ મોઢામાં નાંખતા ભંગ ન થાય. - x -

(૭) પરિમાણકૃત - દત્તિ આદિ વડે પરિમાણ કરેલ. કહ્યું છે — દત્તિ, કવલ, ઘર, ભિક્ષા કે દ્રવ્ય વડે જે ભોજન ત્યાગ તે પરિમાણકૃત.

(૮) નિરવશેષ - સમગ્ર અશનાદિ વિષયક કહ્યું છે - સર્વે અશન, પાન, ખાદ્ય-પેયવિધિને સર્વભાવથી છોડવી તે નિરવશેષ.

(૯) સંકેત - ચિહ્ન સહિત વર્તે તે. અથવા અંગુષ્ઠ સહિતાદિ સંકેત યુક્ત. કહ્યું છે — અંગુઠો, મુટ્ઠી, ગાંઠ, ઘર, પ્રસ્વેદ, ઉચ્છ્વાસ, સ્તિબુક, જ્યોતિષ્ક આદિ સંકેતો અનંતજ્ઞાની ધીરપુરુષોએ કહ્યા છે.

(૧૦) અદ્ધા-એટલે કાળ. પૌરુષિ આદિ કાળનું નિયમન કરીને પચ્ચક્ખાણ કરવું. કહ્યું છે — કાળપ્રમાણના છેદથી પુરિમડ્ઢ, પોરિસિ, મુહૂર્ત્ત, માસ, અર્ધમાસ આદિનું પ્રત્યાખ્યાન, તે અદ્ધા પ્રત્યાખ્યાન.

ઉપભોગ એટલે અશન, પાન, અનુલેપનાદિનો એકવાર ભોગ, પરિભોગ — અશન, શયન, વસન, સ્ત્રી આદિનો વારંવાર ભોગ કરવો તે.

'પશ્ચિમ' અમંગલ હોવાથી, તેને રોકવા અપશ્ચિમ કહ્યું. મરણ - પ્રાણ ત્યાગ. જો કે આવીચી મરણ પ્રતિક્ષણ થાય છે, તો પણ તે ન લેવું. પણ વિવક્ષિત સર્વાયુ ક્ષય લક્ષણ મરણ લેવું. તે પરથી બન્યુ મારણાંતિક. જેનાથી શરીર, કષાયાદિ પાતળા કરાય તે સંલેખના-તપ વિશેષ. તે અપશ્ચિમ મારણાંતિક સંલેખના. તેનું સેવન, અખંડકાળ કરવું તે આરાધના.

અહીં દિગ્વ્રતાદિ સાત તો દેશોત્તરગુણ જ છે. સંલેખના માટે નિયમ નથી. કેમકે આ દેશોત્તરવાળા માટે દેશોત્તરગુણરૂપ અને સર્વ ઉત્તરવાળા માટે સર્વોત્તરગુણરૂપ છે તેમ આવશ્યકમાં કહ્યું છે. તેથી સંલેખનાને ન ગણીને સાત દેશોત્તર ગુણ કહ્યા. પણ સંલેખના દેશોત્તર-ગુણવાળાને પણ અવશ્ય કરણીય હોવાથી અહીં સાથે મૂકેલ છે.

પ્રત્યાખ્યાન કહ્યું હવે જીવાદિને આશ્રીને પ્રત્યાખ્યાનાદિ કહે છે—

• સૂત્ર-૩૪૩ :-

*ભગવન્ ! જીવો મૂલગુણપચ્ચક્ખાણી, ઉત્તરગુણપચ્ચક્ખાણી કે અપચ્ચક્ખાણી છે ? ગૌતમ ! જીવો આ ત્રણે પચ્ચક્ખાણી છે.*

*ભગવન્! નૈરયિકો, મૂલગુણ પચ્ચક્ખાણી છે આદિ પૃચ્છા. ગૌતમ!*

*નૈરયિકો મૂલગુણ કે ઉત્તર-ગુણ પચ્ચક્ખાણી નથી, પણ અપચ્ચકખાણી છે. એ પ્રમાણે ચતુરિન્દ્રિય જીવો પર્યન્ત કહેવું. - - પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોને જીવોની જેમ જાણવા. - - વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકો જેવા જાણવા.*

*ભગવન્ ! આ મૂલગુણ પચ્ચક્ખાણી, ઉત્તરગુણ પચ્ચક્ખાણી અને અપચ્ચક્ખાણીમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી ઓછા મૂલગુણ પચ્ચક્ખાણી છે, ઉત્તરગુણ પચ્ચક્ખાણી અસંખ્યાતા, અપચ્ચક્ખાણી અનંતગુણ છે. - - ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિકનો પ્રશ્ન, ગૌતમ ! મૂલગુણ પચ્ચક્ખાણી પંચેન્દ્રિય તિર્યંચ જીવો સૌથી થોડા, ઉત્તરગુણ પચ્ચક્ખાણી અસંખ્યગુણા, અપ્રત્યાખ્યાની અસંખ્યગુણા.*

*ભગવન્ ! આ મનુષ્યોમાં મૂલગુણ પચ્ચક્ખાણી આદિ પૃચ્છા. ગૌતમ ! મૂલગુણ પચ્ચક્ખાણી મનુષ્યો સૌથી થોડા, ઉત્તરગુણ પચ્ચક્ખાણી સંખ્યાત ગુણા, અપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા છે.*

*ભગવન્ ! જીવો, સર્વમૂલગુણ પચ્ચક્ખાણી, દેશમૂલગુણ પચ્ચક્ખાણી કે અપચ્ચક્ખાણી ? ગૌતમ ! જીવો આ ત્રણે પચ્ચક્ખાણી છે.*

*નૈરયિક વિશે પૃચ્છા - ગૌતમ ! નૈરયિકો સર્વ મૂલ ગુણ કે દેશમૂલગુણ પચ્ચક્ખાણી નથી, અપચ્ચક્ખાણી છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું. - - પંચેન્દ્રિય તિર્યંચની પૃચ્છા - ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો સર્વમૂલગુણ પચ્ચક્ખાણી નથી, દેશમૂલગુણ પચ્ચક્ખાણી અને અપચ્ચક્ખામી છે. મનુષ્યો જીવો સમાન છે, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો નૈરયિક સમાન છે.*

*ભગવન્ ! આ જીવોમાં સર્વમૂલગુણ - દેશમૂલગુણ પચ્ચક્ખાણી, અપચ્ચક્ખાણીમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા મૂલગુણ પચ્ચક્ખાણી, દેશમૂલગુણ પચ્ચક્ખાણી અસંખ્ય ગુણા, અપચ્ચક્ખાણી અનંતગુણા છે. એ પ્રમાણે ત્રણેનું અલ્પબહુત્વ પહેલા દંડક મુજબ કહેવું. વિશેષ આ — સૌથી થોડાં દેશમૂલગુણ પ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચો છે, અપ્રત્યાખ્યાની તેનાથી અસંખ્યગુણા છે.*

*ભગવન્ ! જીવો સર્વોત્તર ગુણ પચ્ચક્ખાણી, દેશોત્તર ગુણ પચ્ચક્ખાણી કે અપચ્ચક્ખાણી ? ગૌતમ ! ત્રણે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો પણ એમ જ છે. બાકીના વૈમાનિક સુધી અપચ્ચક્ખાણી.*

*ભગવન્ ! આ સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાની આદિ જીવોમાં અલ્પબહુત્વ પહેલાં દંડકમાં કહ્યા મુજબ, મનુષ્યો સુધી જાણવું.*

*ભગવન્ ! જીવો સંયત છે, અસંયત છે કે સંયતાસંયત ? ગૌતમ ! ત્રણે છે. - x - એ પ્રમાણે જેમ પન્નવણા છે, તેમ વૈમાનિક સુધી કહેવું. અલ્પબહુત્વ પણ ત્રણેનું પૂર્વવત્ જાણવું.*

*ભગવન્ ! જીવો પચ્ચક્ખાણી, અપચ્ચક્ખાણી કે પચ્ચક્ખાણપચ્ચક્ખાણી*



*છે ? ગૌતમ ! ત્રણે છે. મનુષ્યો પણ ત્રણે છે. પંચેન્દ્રિય તિર્યંચો પહેલા વિકલ્પથી રહિત છે. બાકીના બધાં વૈમાનિક સુધી અપચ્ચક્ખાણી છે. - - ભગવન્ ! આ પ્રત્યાખ્યાની આદિ જીવોમાં યાવત્ કોણ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો પચ્ચક્ખાણી, પચ્ચક્ખાણપચ્ચક્ખાણી અસંખ્યાતગણા, અપચ્ચક્ખાણી અનંતગુણા છે - - પંચેન્દ્રિય તિર્યંચોમાં સૌથી થોડા પચ્ચક્ખાણપચ્ચક્ખાણી, અપચ્ચક્ખાણી અસંખ્યાતગણા. મનુષ્યોમાં સૌથી થોડાં પચ્ચક્ખાણી, પચ્ચક્ખાણપચ્ચક્ખાણી સંખ્યાતગુણા, અપચ્ચક્ખાણી અસંખ્યાતગણા.*

● **વિવેચન-૩૪૩ :-**

- x - પંચેન્દ્રિય તિર્યંચો દેશથી જ મૂલગુણ પ્રત્યાખ્યાની છે, કેમકે તેઓમાં સર્વવિરતિનો અભાવ છે. કહ્યું છે — તિર્યંચોમાં ચારિત્રનો નિષેધ છે, પણ તે સમયે ઘણાંને મહાવ્રતારોપણ સંભળાય છે. તેની પરિહાર ગાથા પણ છે - તેઓને મહાવ્રતોના સદ્ભાવ છતાં બહુગુણવાન્ કેવલ સંભૂતિ પરિણામ - ચારિત્ર પરિણામ નથી.

હવે મૂલગુણ પ્રત્યાખ્યાનાદિવાળાનું અલ્પબહુત્વને વિચારીએ - દેશથી કે સર્વથી જે મૂલગુણવાળા છે, તે થોડા છે, દેશથી અને સર્વથી ઉત્તરગુણવાળા અસંખ્યગુણા છે. અહીં અને સર્વવિરતમાં જેઓ ઉત્તરગુણવાળા છે, તેઓ અવશ્ય મૂલગુણવાળા હોય, મૂલગુણવાળા ઉત્તરગુણવાળા હોય કે ન પણ હોય. અહીં ઉત્તરગુણ રહિત એવા મૂલગુણવાળા જ લેવા. તેના સિવાયના થોડાં છે. કેમકે ઘણાં સાધુ દશવિધ પ્રત્યાખ્યાન યુક્ત હોય છે. તેઓ પણ મૂલગુણવાળાથી સંખ્યાતગુણા છે, અસંખ્યાતગુણા નહીં. કેમકે બધાં સાધુ સંખ્યાત જ હોય. દેશવિરતમાં મૂલગુણવાળાથી ભિન્ન ઉત્તર ગુણવાળા મળે છે, તેઓ મધ, માંસાદિ વિચિત્ર અભિગ્રહથી ઘણાં હોય છે, એમ કરીને દેશવિરત-ઉત્તરગુણવાળાને આશ્રીને ઉત્તરગુણવાળા મૂલગુણવાળાથી અસંખ્યાતગુણા થાય છે. મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચો જ પ્રત્યાખ્યાની છે, બાકીના અપ્રત્યાખ્યાની જ છે. વનસ્પતિ વગેરેને લીધે તેઓ અનંતગુણ છે. મનુષ્ય સૂત્રમાં અપ્રત્યાખ્યાની અસંખ્યગુણ કહ્યા, તે સંમૂર્છિમ મનુષ્યોના ગ્રહણથી જાણવા. - x -

અલ્પબહુત્વમાં પ્રથમ દંડકવત્માં જીવો, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો લેવા. તે નિર્વિશેષ ગુણાદિ પ્રતિબદ્ધ દંડકમાં કહ્યા તે ત્રણે અહીં પણ કહેવા. જેમ જીવો સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાનાદિ કહ્યા, તેમ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો કહેવા. અહીં પંચેન્દ્રિય તિર્યંચો પણ સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાની જાણવા. કેમકે દેશવિરતને દેશતી સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાનનો સ્વીકાર છે. - - સંયતાદિ મૂલગુણ પ્રત્યાખ્યાની આદિ હોય છે. સંયતાદિ જીવો ત્રણે પણ હોય. અહીં પ્રજ્ઞાપના સૂત્ર અહીં કહેવું. તે આ - નૈરયિકો સંયત, અસંયત કે સંયતાસંયત ? ઇત્યાદિ. અલ્પબહુત્વ સંયતાદિમાં જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું, તેમ જીવ, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોમાં સૌથી થોડાં સંયતો, સંયતાસંયત અસંખ્યગુણા, અસંયતો અનંતગુણા છે ઇત્યાદિ - x - કહેવું.

સંયતાદિ પ્રત્યાખ્યાનાદિત્વથી હોય, તેથી પ્રત્યાખ્યાની આદિ સૂત્ર-શતક-૬,

ઉદ્દેશા-૪-માં કહ્યું છે છતાં અહીં - x - સંબંધાંતર દ્વારથી કહ્યું છે - - જીવાધિકારથી તેના શાશ્વતત્વનું સૂત્ર —

● **સૂત્ર-૩૪૪ :-**

*ભગવન્ ! જીવો શાશ્વત કે અશાશ્વત ? ગૌતમ ! કથંચિત્ શાશ્વત, કથંચિત્ અશાશ્વત. - x - એમ કેમ કહ્યું - x - ગૌતમ ! દ્રવ્યાર્થપણે શાશ્વત, ભાવાર્થપણે અશાશ્વત છે, માટે એમ કહ્યું. - - ભગવન્ ! નૈરયિકો શાશ્વત કે અશાશ્વત ? જીવની જેમ નૈરયિક પણ છે. યાવત્ વૈમાનિક કથંચિત્ શાશ્વત, કથંચિત્ અશાશ્વત. ભગવન્ ! તે એમ જ છે.*

● **વિવેચન-૩૪૪ :-**

दव्वट्ठयाए - જીવદ્રવ્યત્વથી. भावट्ठयाए - પર્યાયથી.

## ❁ શતક-૭, ઉદ્દેશો-૩-''સ્થાવર'' ❁

— x — x — x — x —

૦ જીવાધિકાર પ્રતિબદ્ધ જ ત્રીજો ઉદ્દેશો છે —

● **સૂત્ર-૩૪૫ થી ૩૪૭ :-**

*[૩૪૫] ભગવન્ ! વનસ્પતિકાયિક કયા સમયે સર્વાલ્પહારી અને કયા કાળે સર્વમહાહારી હોય છે ? ગૌતમ ! પ્રાવૃટ્, વર્ષાઋતુમાં વનસ્પતિકાયિકો સર્વમહાહારી હોય. પછી શરદમાં, પછી હેમંતમાં, પછી વસંતમાં, પછી ગ્રીષ્મમાં વનસ્પતિકાયિક સર્વાલ્પાહારી હોય છે.*

*ભગવન્! જ્યારે ગ્રીષ્મમાં વનસ્પતિકાયિક સર્વાલ્પહારિ હોય છે, તો ગ્રીષ્મમાં ઘણાં વનસ્પતિકાયો પત્ર, પુષ્પ, ફળો, હરિયાળીથી દેદીપ્યમાન અને શોભાથી અતિ શોભતા કેમ હોય છે? ગૌતમ! ગ્રીષ્મમાં ઘણાં ઉષ્ણયોનિક જીવો અને પુદ્ગલો વનસ્પતિકાયરૂપે ઉત્પન્ન થાય છે, વિશેષે ઉત્પન્ન થાય છે, ચય-ઉપચય પામે છે, એ રીતે હે ગૌતમ! ગ્રીષ્મમાં ઘણાં વનસ્પતિકાય યાવત્ શોભે છે.*

*[૩૪૬] ભગવન્ ! શું મૂલ, મૂલ જીવ સ્પૃષ્ટ, કંદ, કંદ જીવથી સ્પૃષ્ટ યાવત્ બીજો, બીજ જીવથી સ્પૃષ્ટ છે ? હા, ગૌતમ ! તેમજ છે ભગવન્ ! જો મૂલ, મૂલ જીવ સ્પૃષ્ટ યાવત્ બીજ, બીજ જીવ સ્પૃષ્ટ છે તો વનસ્પતિકાયિક કઈ રીતે આહાર કરે ?, કઈ રીતે પરિણમાવે છે ? ગૌતમ ! મૂલ, મૂલ જીવ સ્પૃષ્ટ છે, પૃથ્વી જીવ પ્રતિબદ્ધ છે, એ રીતે તે આહારે છે અને પરિણમાવે છે. કંદ, કંદ જીવોથી સ્પૃષ્ટ, મૂલજીવ પ્રતિબદ્ધ હોય છે, એ રીતે આહારે અને પરિણમાવે છે. એ રીતે યાવત્ બીજ, બીજ જીવ સ્પૃષ્ટ, ફલ જીવ પ્રતિબદ્ધ છે. તેનાથી આહારે અને પરિણમાવે છે.*

*[૩૪૭] ભગવન્ ! આલુ, મૂળા, આદુ, હિરિણી, સિરિલી, સિસ્સિરિલી, કિટ્ટિકા, છિરિયા, છીરવિદારિકા, કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંદ, ખિલુડા, આર્દ્ર ભદ્ર મોથા, પિંડહરિદ્રા, લોહી, નીહૂ, થીહૂ, થિરૂગા, મુદ્ગકર્ણી, અશ્વકર્ણી, સિહંડી, મુસુંડી આ અને આવા પ્રકારના સર્વે અનંતજીવવાળી, વિવિધ જીવવાળી*



*છે ? હા, છે.*

● **વિવેચન-૩૪૫ થી ૩૪૭ :-**

किंकाल - કયા કાળે. पाउस - આદિ - પ્રાવૃટ્ આદિમાં ઘણું જળ અને સ્નિગ્ધતા હોવાથી મહાહારતા કહી. प्रावृट् - શ્રાવણાદિ वर्षारात्रि. सरद - માગસર આદિ, તેમાં અલ્પાહાર હોય છે. ગ્રીષ્મમાં સર્વ અલ્પ આહારતા કહી. - x - હરિતક, તે લીલી અને દેદીપ્યમાન હોય છે. सिरि - વનલક્ષ્મી. - x - મૂળ, મૂળ જીવમાં વ્યાપ્ત, યાવત્ શબ્દથી સ્કંધ, સ્કંધ જીવ સ્પૃષ્ટ, એ રીતે શાલ, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ જાણવા.

ભગવન્ ! જો મૂલાદિ, મૂલાદિ જીવો વડે સ્પૃષ્ટ છે, તો કઈ રીતે વનસ્પતિ આહાર કરે છે ? ભૂમિગત આહારને, મૂલાદિ જીવો મૂલાદિ વ્યાપ્તિથી જ રહીને અને કેટલાંક પરસ્પર વ્યવધાનથી, ભૂમિથી દૂરવર્તિત્વથી ? તેનો ઉત્તર એ કે — મૂલ, મૂલજીવ સ્પૃષ્ટ અને કેવલ પૃથ્વી જીવ પ્રતિબદ્ધ છે, તેના વડે પૃથ્વીરસને મૂલ જીવો આહારે છે. કંદો, કંદજીવ સ્પૃષ્ટ અને કેવલ મૂલજીવ પ્રતિબદ્ધ છે, તેના વડે મૂલજીવોએ પ્રાપ્ત પૃથ્વીરસને આહારે છે. સ્કંદાદિમાં એ રીતે જ જાણવું.

આલુ આદિ અનંતકાયના ભેદ લોકરૂઢિથી જાણવા. તે રીતે જે અનંતજીવો જેમાં છે, તે તથા ઘણાં પ્રકારના વર્ણાદિ ભેદથી જેઓ અનંતકાયિક વનસ્પતિ ભેદવાળા જીવો છે તે. - x - અથવા જેના વિચિત્ર ભેદો છે, તે તથા તેમાં જે જીવ છે તે. - - જીવાધિકારથી કહે છે —

● **સૂત્ર-૩૪૮ :-**

*ભગવન્! શું કૃષ્ણલેશ્યાવાળા નૈરયિક કદાચિત્ અલ્પ કર્મવાળા અને નીલલેશ્યાવાળા નૈરયિક મહાકર્મવાળા હોય? કદાચ હોય - એમ કેમ કહ્યું? - x - ગૌતમ! સ્થિતિની અપેક્ષાએ હોય. તેથી ગૌતમ! પૂર્વવત્ કહ્યું. - - ભગવન્! શું નીલલેશ્યી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને કાપોતલેશ્યી નૈરયિક મહાકર્મી હોય. હા, કદાચ હોય. એમ કેમ કહ્યું? - x - ગૌતમ! સ્થિતિ અપેક્ષા યાવત્ તેમ હોય.*

*એ પ્રમાણે અસુરકુમારમાં પણ જાણવું. વિશેષ આ - તેજોલેશ્યા અધિક હોય છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક. જેને જેટલી લેશ્યા હોય તેને તેટલી કહેવી. જ્યોતિષ્કો ન કહેવા. યાવત્ પદ્મલેશ્યી વૈમાનિક કદાચિત્ અલ્પકર્મી અને શુક્લલેશ્યી વૈમાનિક મહાકર્મી હોય ? હા, કદાચ હોય - એમ કેમ કહ્યું ? બાકી બધું નૈરયિકવત્ કહેવું યાવત્ મહાકર્મી હોય.*

● **વિવેચન-૩૪૮ :-**

સ્થિતિ આશ્રીને - અહીં આમ વિચારવું. સાતમી પૃથ્વીનો નારક, કૃષ્ણલેશ્યી, ત્યાં રહીને ઘણાં કર્મ ખપાવે, શેષ વર્તમાન હોય. પાંચમીમાં નારકની સ્થિતિ ૧૭-સાગરોપમ હોય, તે નીલલેશ્યી હોય, તેની અપેક્ષાએ કૃષ્ણલેશ્યી અલ્પકર્મી કહેવાય. આ રીતે આગળ પણ કહેવું. - જ્યોતિષ્કને માત્ર તેજોલેશ્યા હોવાથી સંયોગ નથી, માટે જ્યોતિષ્કો ન કહેવા. - - લેશ્યાવાળા જીવો વેદનાવંત હોય, તેથી વેદના-સૂત્ર.

● **સૂત્ર-૩૪૯ :-**

***ભગવન્ ! જે વેદના, તે નિર્જરા અને નિર્જરા તે વેદના છે ? ગૌતમ ! ના, તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! વેદના કર્મ છે, નિર્જરા નોકર્મ છે. તેથી એમ કહ્યું - x - ભગવન્ ! નૈરયિકોની વેદના તે નિર્જરા અને નિર્જરા તે વેદના કહેવાય ? ગૌતમ ! ના, તેમ નથી. - - એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! નૈરયિકોની વેદના તે કર્મ છે, નિર્જરા નોકર્મ છે. તેથી ગૌતમ ! એમ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

***ભગવન્ ! જે વેદાયા તે નિર્જર્યા, જે નિર્જર્યા તે વેદાયા કહેવાય ? ના, તેમ નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! વેદાયુ તે કર્મ છે, નિર્જર્યુ તે નોકર્મ છે. તેથી એમ કહ્યું. - - ભગવન્ ! નૈરયિકોને જે વેદાયુ તે નિર્જર્યુ એમ કહેવાય ? નૈરયિકોથી વૈમાનિક સુધી પૂર્વવત્ જાણવું.***

***ભગવન્ ! શું જે કર્મને વેદે છે, તેને નિર્જરે છે, જેને નિર્જરે છે, તેને વેદે છે ? ગૌતમ ! તેમ નથી. - - એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! કર્મને વેદે છે, નોકર્મને નિર્જરે છે. માટે એમ કહ્યું. એ રીતે નૈરયિકોથી વૈમાનિક.***

***ભગવન્ ! શું વેદશે તે નિર્જરશે, જે નિર્જરશે તે વેદશે એમ કહેવાય ? ગૌતમ ! તેમ નથી. - - એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! કર્મને વેદશે, નોકર્મને નિર્જરશે, માટે એમ કહ્યું. એ રીતે નૈરયિકથી વૈમાનિક સુધી.***

***ભગવન્! જે વેદનાનો સમય, તે નિર્જરાનો સમય, જે નિર્જરા સમય, તે વેદના સમય, એમ કહેવાય? ના, તેમ નથી. - - એમ કેમ - x -? ગૌતમ! જે સમયે વેદે, તે સમયે નિર્જરા નથી કરતા, જે સમયે નિર્જરા કરે છે. તે સમયે વેદતા નથી. અન્ય સમયે વેદે છે. અન્ય સમયે નિર્જરે છે. વેદના સમય અન્ય છે, નિર્જરા સમય અન્ય છે. તેથી એમ - x - કહ્યું છે. ભગવન્! નૈરયિકોને જે વેદના સમય, તે નિર્જરા સમય અને જે નિર્જરા સમય, તે વેદના સમય છે? ગૌતમ! તેમ નથી. - - ભગવન્ એમ કેમ કહ્યું - x -? ગૌતમ! નૈરયિકો, જે સમયે વેદે છે, તે સમયે નિર્જરતા નથી, જે સમયે નિર્જરે છે, તે સમયે વેદતા નથી. અન્ય સમયે વેદે છે, અન્ય સમયે નિર્જરે છે. વેદના સમય અલગ છે, નિર્જરા સમય અલગ છે. તેથી એમ કહ્યું છે - x -. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.***

● **વિવેચન-૩૪૯ :-**

ધર્મ અને ધર્મીની અભેદ વિવક્ષાથી ઉદય પ્રાપ્ત કર્મ ભોગવવું તે વેદના. કર્મનો અભાવ તે નિર્જરા - x -. જેનો રસ વેદાયો તે કર્મ, તે નિર્જરાવાળા થાય ત્યારે નોકર્મ. કર્મભૂતને કર્મોની નિર્જરા સંભવે છે. પૂર્વકૃત્ કર્મની વેદના કથંચિત્ શાશ્વતત્વથી યોજાય, તેથી હવે શાશ્વત સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૫૦ :-**

***ભગવન્ ! નૈરયિકો શાશ્વત કે અશાશ્વત ? ગૌતમ ! થોડાં શાશ્વત, થોડાં અશાશ્વત. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવ્યુચ્છિત્તિનયની અપેક્ષાએ***





***શાશ્વત, વ્યુચ્છિત્તિનયાપેક્ષાએ અશાશ્વત. તેથી એમ કહ્યું છે - x - એ રીતે વૈમાનિક સુધી જાણવું. - ભગવન્ ! તે એમ જ છે (૨).***

● **વિવેચન-૩૫૦ :-**

અવ્યવચ્છિત્તિ પ્રધાન નય - દ્રવ્યાર્થિક નય - x - તે શાશ્વત. વ્યવચ્છિત્ત પ્રધાનનય - તે પર્યાયાર્થિક નય - x - તે અશાશ્વત.

## ❀ શતક-૭, ઉદ્દેશો-૪, "જીવ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩માં સંસારીને શાશ્વતરૂપે કહ્યા. અહીં તેના ભેદો —

● **સૂત્ર-૩૫૧,૩૫૨ :-**

***[૩૫૧] રાજગૃહનગરે યાવત્ એમ કહ્યું — સંસારી જીવના કેટલા ભેદ છે ? - ગૌતમ ! છ. - x - તે આ - પૃથ્વીકાયિક આદિ, જે પ્રમાણે જીવાભિગમ સૂત્રમાં સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા સુધી છે, તે કહેવું. હે ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.***

***[૩૫૨] જીવોના છ ભેદ, પૃથ્વી આદિ જીવોની સ્થિતિ, ભવસ્થિતિ, કાયસ્થિતિ, નિર્લેપન, અણગારક્રિયા, સમ્યક્ત્વ-મિથ્યાત્વ ક્રિયા.***

● **વિવેચન-૩૫૧,૩૫૨ :-**

જીવાભિગમમાં આ પ્રમાણે છે — પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક. તે પૃથ્વીકાયિક કેટલા છે ? બે ભેદે છે — સૂક્ષ્મ અને બાદર. ઇત્યાદિ. છેલ્લે આમ છે - એક જીવ, એક સમયે, એક જ ક્રિયા કરે છે - સમ્યક્ત્વ ક્રિયા કે મિથ્યાત્વ ક્રિયા. - x - વાંચનાંતરમાં એવું દેખાય છે - जीवा छव्विह० આદિ. તેમાં જીવો છ પ્રકારે બતાવ્યા. પૃથ્વી છ ભેદે — શ્લક્ષ્ણ, શુદ્ધ, વાલુકા, મનઃ શિલા, શર્કરા, ખરપૃથ્વી. આ પૃથ્વી ભેદ જીવોની સ્થિતિ અંતર્મુહૂર્તાદિ છે —

*ઉદ્દેશા-૫-ની વૃત્તિ* - योनि - - જીવનો ઉત્પત્તિ હેતુ, તેનો સંગ્રહ - અનેક છે, તેનો એક શબ્દથી અભિલાપ તે યોનિ સંગ્રહ. અંડથી થાય તે અંડજ - હંસ આદિ. વસ્ત્રની જેમ જરાયુ વર્જિતતાથી શુદ્ધ દેહ, યોનિ વિશેષાત્થી જન્મેલ કે પોતની જેમ જન્મેલ. વસ્ત્ર સમાર્જિત હોય તેમ જન્મે તે પોતજ - વલ્ગુલી આદિ. યોનિ વિશેષ ધર્મથી નિર્વૃત્ત-સંમૂર્છન જન્મ-હિકાદિ.

જીવાભિગમમાં આ સૂત્ર છે — અંડજ ત્રણ પ્રકારે કહ્યા. સ્ત્રી, પુરુષ, નપુંસક. એ પ્રમાણે પોતજ પણ જાણવા. તેમાં જં સંમૂર્છિમ છે, તે બધાં નપુંસક છે ઇત્યાદિ. અંત સૂત્ર આ પ્રમાણે છે. ભગવન્! વિજય, જયંત, વૈજયંત અપરાજિત વિમાન છે? હા, છે. તે વિમાનો કેટલા મોટા છે? ગૌતમ! જ્યાં સૂર્ય ઉગે અને જ્યાં સૂર્ય આથમે, તેટલા અંતરવાળા છે. આવા સ્વરૂપે નવ અવકાશાંતર, કેટલાંક દેવને એક વિક્રમમાં થાય, તે દેવ ઉત્કૃષ્ટ, ત્વરિત યાવત્ દિવ્ય દેવગતિથી જતાં-જતાં યાવત્ એક, બે કે ઉત્કૃષ્ટ છ માસ જાય. બાકીનું લખેલ છે. ત્યાં સુધી 'યાવત્' શબ્દથી દર્શાવ્યું.

વાચનાંતરે આમ દેખાય છે — યોનિસંગ્રહ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ,

ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, જાતિ, કુલવિધિ. તેમાં યોનિસંગ્રહ દર્શાવ્યો જ છે. લેશ્યાદિ અર્થથી દર્શાવે છે - આ લેશ્યા-૬-છે, દૃષ્ટિ-૩, જ્ઞાન-પહેલાં ત્રણમાં ભજના, અજ્ઞાનના ત્રણમાં ભજના, યોગ-૩, ઉપયોગ-૨, ઉપપાત ચારે ગતિમાં, સ્થિતિ-અંતર્મુહૂર્તાદિથી પલ્યોપમના સંખ્યેય ભાગ સુધી, સમુદ્ઘાત-પાંચ ઇત્યાદિ.

★ *નોંધ :- યોનિ શબ્દથી જે વૃત્તિ-અનુવાદ છે, તે પાંચમાં ઉદ્દેશાનો છે, પણ મુદ્રણ ભૂલથી અહીં છપાયો છે, માટે અહીં અનુવાદ આપેલ છે. તે સૂત્ર-૩૫૩ સાથે જોડવો.*

*[૦ સૂત્ર-૩૫૨ની વૃત્તિ સાથે અહીંથી જોડવું–]* ૨૨,૦૦૦ વર્ષ કહેવું. તથા નારકાદિમાં ભવસ્થિતિ કહેવી. તે અંતમુહૂર્તથી ૩૩ સાગરોપમ છે. કાયસ્થિતિ જીવની જીવપણામાં સર્વકાળ. નિર્લેપના કહેવી - x - x -. અણગાર વક્તવ્યતા કહેવી. - x - x - ક્રિયા-સમ્યકત્વ, મિથ્યાત્વાદિ. આ જીવાભિગમથી જાણવું.

## ❁ શતક-૭, ઉદ્દેશો-૫-''પક્ષી'' ❁

— x — x — x — x —

ઉદ્દેશા-૪-માં સંસારીઓના ભેદ કહ્યા. અહીં યોનિસંગ્રહ ભેદ કહે છે—

● **સૂત્ર-૩૫૩,૩૫૪ :-**

*[૩૫૩] રાજગૃહમાં યાવત્ એમ કહે છે — ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો યોનિસંગ્રહ, ભગવન્ ! કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે. તે આ — અંડજ, પોતજ, સંમૂર્છિમ. એ પ્રમાણે જીવાભિગમાનુસાર કહેવું. યાવત્ તે વિમાનોનું ઉલ્લંઘન ન કરવું. હે ગૌતમ ! વિમાનો એટલા મોટા કહ્યા છે.*

*[૩૫૪] યોનિસંગ્રહ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, જાતિ-કુલકોટિ. — ભગવન્ ! તે એમ જ છે.*

● **વિવેચન-૩૫૩,૩૫૪ —** *સૂત્ર-૩૫૨ના વિવેચનમાં જુઓ.*

## ❁ શતક-૭, ઉદ્દેશો-૬, ''આયુ'' ❁

— x — x — x — x —

૦ યોનિ સંગ્રહ કહ્યો. તે આયુવાળાને હોય. તેથી આયુ કથન —

● **સૂત્ર-૩૫૫ થી ૩૫૮ :-**

*[૩૫૩] રાજગૃહે યાવત્ આમ કહ્યું — જે જીવ નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, ભગવન્ ! તે અહીં રહીને નૈરયિકાયુ બાંધે કે ઉત્પન્ન થતો કે ત્યાં ઉત્પન્ન થઈને પછી નૈરયિકાયુ બાંધે ? ગૌતમ ! તે અહીં રહીને નૈરયિકાયુ બાંધે, ત્યાં ઉત્પન્ન થતો કે ઉત્પન્ન થઈને નૈરયિકાયુ ન બાંધે. આ પ્રમાણે અસુર કુમારોમાં પણ કહેવું - યાવત્ - વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જે જીવ નારકોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે અહીં રહીને નૈરયિકાયુ વેદે કે ત્યાં ઉત્પન્ન થતો કે ત્યાં ઉત્પન્ન થયા પછી નારકનું આયુ વેદે છે ? ગૌતમ ! તે અહીં રહીને નૈરયિકાયુ ન વેદે. પણ ત્યાં ઉત્પન્ન થતો કે ઉત્પન્ન થઈને પછી નૈરયિકાયુનું વેદન કરે છે. આ - વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવને અહીં રહીને મહાવેદના હોય કે નરકમાં ઉત્પન્ન થતાં કે નરકમાં ઉત્પન્ન થયા પછી મહાવેદના હોય ? ગૌતમ ! તેને અહીં રહીને કદાચ મહાવેદના, કદાચ અલ્પવેદના હોય. નરકમાં ઉત્પન્ન થવા જતાં પણ તેમજ હોય, પણ નરકમાં ઉત્પન્ન થયા પછી એકાંત દુઃખરૂપ વેદના હોય છે, ક્યારેક સાતા હોય.*



*ભગવન્ ! અસુરકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય વિશે પ્રશ્ન-ગૌતમ ! અહીં રહેલને કદાચ મહાવેદના,કદાચ અલ્પવેદના હોય. ઉત્પન્ન થતો હોય ત્યારે તેમજ હોય. પણ ઉત્પન્ન થયા પછી એકાંત સાતા વેદના હોય, ક્યારેક અશાતા હોય. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*ભગવન્ ! જે જીવ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તેનો પ્રશ્ન. ગૌતમ ! અહીં રહેલને તથા ઉત્પન્ન થતાંને કદાચ મહાવેદના, કદાચ અલ્પવેદના. ઉત્પન્ન થયા પછી વિવિધ પ્રકારે વેદના થાય છે. એ રીતે યાવત્ મનુષ્યમાં જાણવું. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં અસુરકુમારવત્.*

*[૩૫૬] ભગવન્ ! જીવો આભોગનિર્વર્તિતાયુ છે કે અનાભોગ નિર્વર્તિતાયુ ? ગૌતમ ! જીવ આભોગ નિર્વર્તિતાયુ નથી, પણ અનાભોગ નિર્વર્તિત આયુવાળા છે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિક સુધી જાણવું.*

*[૩૫૭] ભગવન્ ! જીવો કર્કશવેદનીય કર્મો કરે છે ? હા, ગૌતમ ! ભગવન્ ! જીવો કર્કશ વેદનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યથી. બાંધે. - - ભગવન્ ! નૈરયિકો કર્કશ વેદનીય કર્મ બાંધે ? હા, પૂર્વવત્. એ રીતે વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્! જીવો અકર્કશ વેદનીય કર્મ બાંધે? હા, બાંધે. - - ભગવન્! જીવો અકર્કશ વેદનીય કર્મ કઈ રીતે બાંધે? ગૌતમ! પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધવિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેકથી - x - બાંધે. - - ભગવન્! નૈરયિકો, અકર્કશ વેદનીય કર્મ બાંધે? ગૌતમ! તે અર્થ યોગ્ય નથી. એ રીતે વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે — મનુષ્યોને જીવની જેમ જાણવા.*

*[૩૫૮] ભગવન્ ! જીવો સાતા વેદનીય કર્મ બાંધે ? હા, બાંધે. ભગવન્ ! જીવો સાતા વેદનીયકર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રાણ-ભૂત-જીવ-સત્વોની અનુકંપાથી, તથા ઘણાં પ્રાણ યાવત્ સત્વોને દુઃખ-શોક-જૂરણ-તિપ્પણ-પિટ્ટણ-પરિતાપન આપીને, એ રીતે સાતા વેદનીયકર્મ બાંધે. - - એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવા.*

*ભગવન્! જીવો અસાતા વેદનીય કર્મ બાંધે? હા, બાંધે - - ભગવન્! જીવો અસાતા વેદનીય કર્મ કઈ રીતે બાંધે? ગૌતમ! બીજા જીવોને દુઃખ-શોક-જૂરણ-તિપ્પણ-પિટ્ટણ-પરિતાપ આપીને, ઘણાં પ્રાણ યાવત્ સત્વોને દુઃખ આપીને યાવત્ પરિતાપ ઉપજાવીને - x - બાંધે - - એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિક સુધી જાણવું.*

● **વિવેચન-૩૫૫ થી ૩૫૮ :-**

સર્વથા દુઃખરૂપ વેદનીયકર્માનુભૂતિ. - - નરકપાલાદિના અસંયોગ કાળે કદાચિત્ સુખ પામે. - - ભવ પ્રત્યયથી એકાંત શાતાવાળા છે. પણ પ્રહારાદિથી કદાચ અસાતા પામે. - - જે ભયંકર દુઃખથી વેદાય તે કર્કશ વેદનીય, ખંધાકાચાર્યના સાધુ માફક. સુખેથી વેદાય, તે અકર્કશ વેદનીય છે, ભરત આદિ માફક. પ્રાણાતિપાત વિરમણ એટલે સંયમ. નારકાદિને સંયમના અભાવે તેનો અભાવ કહ્યો. - - દુઃખને ન કરવું તે अदुक्खणया, દિનતા ન ઉત્પન્ન કરવી તે असोयणया, શરીરને અપચયકારી શોક અનુત્પાદન, તે अजूरणया, આંસુ વહે તેવો વિલાપ કે રૂદન ન કરાવવું તે - अतिप्पणया, લાકડી વડે મારવાનું તજીને, તે अपिट्टणया, પરિતાપ ન આપવો - अपरियावणिया.

● **સૂત્ર-૩૫૯ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં દૂષમ દૂષમકાળમાં, ઉત્કટ અવસ્થા પ્રાપ્ત થશે ત્યારે ભરતક્ષેત્રના કેવા આકાર-ભાવ પ્રત્યાવતાર થશે ? ગૌતમ ! તે કાળ (આવો) થશે —*

*હાહાભૂત, ભંભાભૂત, કોલાહલભૂત, સમયના અનુભાવથી અતિ ખર-કઠોર ધૂળથી મલિન, અસહ્ય, વ્યાકુળ ભયંકર વાયુ, સંવર્તક વાયુ વાશે. અહીં વારંવાર ધૂળ ઉડવાથી ચારે દિશા રજવાળી, રેતથી કલુષિત, અંધકાર પટલયુક્ત નિરાલોક થશે. સમયની રૂક્ષતાથી ચંદ્ર અતિ શીતતા ફેંકશે, સૂર્ય અધિક તપશે, પછી વારંવાર ઘણો અરસ-વિરસ-ખાર-ખટ્ટ-અગ્નિ-વિધુત્-વિષ-અશનિ મેઘ, ન પીવા યોગ્ય જળ, વ્યાધિ-રોગ-વેદના ઉત્પાદક પરિણામી જળ, અમનોજ્ઞ જળ, પ્રચંડ વાયુના આઘાત થકી તીક્ષ્ણ ધારાથી પડતી પ્રચુર વર્ષા થશે - - જેનાથી ભરત ક્ષેત્રના —*

*— ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, આશ્રમ આદિમાં રહેનાર જનસમૂહ, ચતુષ્પદ ગવેલગ, ખેચર પક્ષી સંઘ, ગામ અને જંગલમાં સંચાર રત ત્રસ પ્રાણી, અનેક પ્રકારના વૃક્ષ, ગુલ્મ, લતા, વેલ, ઘાસ, પર્વક, હરિત, ઔષધિ, પ્રવાલ, અંકુરાદિ તૃણ વનસ્પતિ વિનષ્ટ થશે. વૈતાઢ્યગિરિને છોડીને બધાં પર્વત, નાના પહાડ, ટીલા, ડુંગર, સ્થળ, રેગિસ્તાનાદિ બધાંનો વિનાશ થશે. ગંગા અને સિંધુ નદીને છોડીને બધી નદી, ઝરણાં આદિ નષ્ટ થશે. દુર્ગમ અને વિષમભૂમિમાં રહેલ બધાં સ્થળ સમતલ ક્ષેત્ર થઈ જશે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રની ભૂમિનો આકાર, ભાવોનો આવિર્ભાવ કેવો થશે ? ગૌતમ ! તેની ભૂમિ અંગાર-છારિય-મુર્મુર-તપ્તક વેલક-તપ્ત સમ જ્યોતિરૂપ, ઘણી જ ધૂળ-રેતી-કાદવ-શેવાળ-ચલણિ-ધરણિગોચર થઈ જશે. જીવોને ચાલવું દુષ્કર થઈ જશે.*

● **વિવેચન-૩૫૯ :-**

उत्तमकट्ठपत्ता - પરમ કષ્ટ પ્રાપ્ત, ઉત્તમાવસ્થા વીતી ગયેલ. आगारभावपडोयार - આકૃતિ લક્ષણ પર્યાયનું અવતરણ. हाहाभूत - દુઃખાર્ત્ત લોક વડે હોહા થઈ જવી. भंभाभूत - દુઃખથી ગાયની જેમ ભાંભરવું, અથવા ભંભા એટલે ભેરી, તે અંતઃશૂન્ય - x - જનક્ષયથી શૂન્ય એવો. कोलाहलभूत - આર્ત્ત શમળીના સમૂહ ધ્વનિ જેવો, समयानुभाव - કાળ વિશેષ સામર્થ્ય. અતિ કઠોર, ધૂળથી મલિન વાયુ. वाउल - વ્યાકુળ, અસમંજસ, संवट्टय - તૃણકાષ્ઠાદિથી સંવર્ત્તક. - x - ધૂળ ઉડતી હોય તેવો ચોતરફ રજોયુક્ત, તેના વડે થયેલ અંધકારસમૂહથી પ્રકાશરહિત કે દૃષ્ટિ પ્રસાર રહિત. - x - કાળ રૂક્ષતા વડે अहिय - અધિક કે અપથ્ય. - x - ઉપરાંત —

મનોજ્ઞ રસ વર્જિત જળવાળો મેઘ, વિરુદ્ધ રસવાળો મેઘ, સાજી આદિ ક્ષાર સમાન રસ જળયુક્ત મેઘ, છાણ જેવા રસજળ વાળો મેઘ, (ક્વચિત્) ખાટા રસવાળો મેઘ, અગ્નિ જેમ બાળે તેવા જળવાળો મેઘ, વિદ્યુત્પ્રધાન કે વિદ્યુત્ પાડતો - x - મેઘ, લોકો મરે તેવા જળવાળો મેઘ, પર્વતાદિને વિદારવા સમર્થ એવો કરકાદિ નિપાતવાળા જળયુક્ત કે વજ્ર મેઘ. ન પીવા યોગ્ય જળ કે અચાપનીય જળવાળો મેઘ, કુષ્ઠાદિ વ્યાધિ - રોગ, સધઘાતિ શૂલાદિ જનિત વેદના ઉદીરતા એવા જે જળના પરિણામ છે તેવો મેઘ (વરસે છે.)

પ્રચંડ પવન વડે થપાટો મારતી વેગવતી ધારાનો નિપાત. - x - તે મેઘ વિનાશ વેરે છે. जणवय - મનુષ્યલોક, चउप्पयाइ - ભેંસ વગેરે, ગાય, ઘેટા આદિ. પક્ષી આદિ ખેચર, - x - બેઈન્દ્રિયાદિ, ચૂતાદિ વૃક્ષો, વૃન્તાકી આદિ ગુચ્છ, નવમાલિકાદિ ગુલ્મ, અશોકાદિ લતા, વાલુંકી આદિ વેલ, વીરણાદિ તૃણ, ઈક્ષુ આદિ પર્વગ, દુર્વાદિ હરિત, શાલી આદિ ઔષધિ, - x - ઇત્યાદિ બાદર વનસ્પતિ (નો નાશ થાય છે.)

ઉત્સવ વિસ્તારણાથી પર્વત-ક્રીડા પર્વત. ઉજ્જયંત આદિ જનનિવાસ ભૂતત્વથી શબ્દ કરે તે ગિરિ-ચિત્રકૂટાદિ, डुङ्ग - શિલાવૃંદ, उच्छल - ઉન્નત સ્થળ - ધૂળ આદિથી ઉંચા થયેલ, भट्टि - ધૂળ આદિ વર્જિત ભૂમિ. आदि - શબ્દથી પ્રાસાદ, શિખરાદિ. તેને દ્રવિભૂત કરી દે છે.

પાણીના બિલ, ભૂમિના ઝરણા, ખાડાં, વલય પ્રાકારાદિ દુર્ગ, ઉંચી-નીચી વિષમ ભૂમિ. - - તાપ તુલ્ય-અગ્નિ વડે ઉત્પન્ન, રજ, રેતી, કાદવ, પ્રબળ કાદવ, ઇત્યાદિ દુઃખેથી નિષ્ક્રમિત થાય છે.

● **સૂત્ર-૩૬૦ :-**

*ભગવન્! તે સમયમાં ભરતક્ષેત્રના મનુષ્યોના આકાર, ભાવપ્રત્યાવતાર કેવા હશે? ગૌતમ! મનુષ્યો કુરૂપ, કુવર્ણ, દુર્ગંધી, કુરસ, કુસ્પર્શવાળા, અનિષ્ટ, અકાંત યાવત્ અમણામ, હીન-દીન-અનિષ્ટ યાવત્ અમણામ સ્વરવાળા, અનાદેય-અપ્રીતિયુક્ત વચનવાળા, નિર્લજ્જ, કૂડ-કપટ-કલહ-વધ-બંધ-વૈરમાં રત, મર્યાદા ઉલ્લંઘવામાં પ્રધાન, અકાર્યમાં ઉધત, ગુરુનિયોગ-વિનયરહિત, વિકલરૂપવાળા, વધેલા નખ-કેશ-શ્મશ્રૂ-રોમવાળા, કાળા, કઠોર-ખર-શ્યામવર્ણા, ફુટ્ટ સિરા, પીળા-સફેદ વાળ વાળા, ઘણી નસોથી સંપન્ન દુર્દર્શનીય રૂપવાળા, સંકુચિત વલી તરંગોથી પરિવેષ્ટિત, જરા પરિણત વૃદ્ધ જેવા, પ્રવિરલ, પરિશટિત*

*દંત શ્રેણી, ઉદ્‌ભટ ઘટ મુખવાળા, વિષમચક્ષુ, વાંકુ નાક, વાંકા વળેલા વિગત ભેસણ મુખવાળા, ભયંકર ખુજલીવાળા, કઠોર-તીક્ષ્ણ નખો વડે ખણવાને કારણે વિકૃત બનેલ શરીરી, દાદ-કોઢ-સિધ્મ, ફાટેલ, કઠોર ચામડીવાળા, વિચિત્ર અંગવાળા, ઉંટ ગતિ, વિષમ સંધિ બંધન, ઉંચી-નીચી હડ્ડી, વિભક્ત-દુર્બળ-કુસંઘયણ-કુપ્રમાણ-કુસંસ્થિત-કુરૂપ-કુસ્થાનાસન-કુશય્યા-કુ ભોજી-અશુચિ-અનેક વ્યાધિથી પીડિત અંગ, સ્ખલિત-વેજ્ઝલ ગતિ, નિરુત્સાહી, સત્ત્વરહિત, વિકૃત ચેષ્ટાવાળા, નષ્ટતેજ, વારંવાર શીત-ઉષ્ણ-ખર-કઠોર-વાત વ્યાપ્ત, મલિન-રજાદિ યુક્ત અંગવાળા, અતિ ક્રોધ-માન-માયા-લોભવાળા અશુભ દુઃખ ભોગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ, ઉત્કૃષ્ટ એક હાથ માત્ર, ૧૬ થી ૨૦ વર્ષના અધિકાયુવાળા, ઘણાં પુત્ર પૌત્રાદિ પરિવારવાળા, તેના પર સ્નેહવાળા હશે. તેમના ૭૨ કુટુંબો બીજભૂત, બીજ માત્ર હશે. તેઓ ગંગા, સિંધુ નદીના બિલોમાં અને વૈતાઢ્ય પર્વતની ગુફાઓમાં આશ્રય લઈને નિવાસ કરશે.*

*ભગવન્ ! તે મનુષ્યો કેવો આહાર કરશે ? ગૌતમ ! તે કાળે, તે સમયે ગંગા, સિંધુ મહાનદી રથ-પથ વિસ્તારવાળી હશે. તેમાં રથની ધુરીના પ્રવેશવાના છિદ્ર જેટલા ભાગમાં આવી શકે તેટલું પાણી વહેશે. તે પાણીમાં ઘણાં મત્સ્ય, કાચબાદિ હશે. પાણી વધુ નહીં હોય. તે મનુષ્યો સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે એક મુહૂર્ત્ત બિલની બહાર નીકળશે. નીકળીને માછલી, કાચબાદિ પકડીને જમીનમાં ગાડશે. એવા મચ્છ-કચ્છપ ઠંડી અને ગર્મીથી સુકાઈ જશે. એ રીતે તેઓ ૨૧,૦૦૦ વર્ષ સુધી આજીવિકા ચલાવતા વિચરશે.*

*ભગવન્ ! તે મનુષ્યો નિઃશીલ, નિર્ગુણ, નિર્મર્યાદ, પ્રત્યાખ્યાન પૌષધોપવાસ રહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી, કુણિમાહારી, કાળ માસે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! પ્રાયઃ નરક, તિર્યંચ યોનિમાં ઉપજશે. - - ભગવન્ ! સીંહ, વાઘ, વૃક, દ્વીપિક, રીંછ, તરક્ષ, શરભાદિ પણ નિઃશીલા તે પ્રમાણે જ યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! પ્રાયઃ નરક, તિર્યંચ યોનિમાં ઉપજશે. - - ભગવન્ ! તે કાળે ઢંક, કંક, વિલક, મદ્દુક, શિખી પણ નિઃશીલા, તે જ પ્રમાણે પ્રાયઃ નરક, તિર્યંચ ગતિમાં ઉપજશે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૩૬૦ :-**

दुरूव - દુઃસ્વભાવવાળા. જેમનું વચન અનાદેય, અપ્રીતિક છે તે. कूट - ભ્રાંતિજનક દ્રવ્ય, कपट - છેતરવા માટે વેશાંતર કરણ. ગુરુમાં-માત્રાદિમાં અવશ્ય કરણી જે વિનય, તેનાથી રહિત. विकलरूव - અસંપૂર્ણ રૂપવાળા. खरफरुसज्झामवण्ण - સ્પર્શથી અતીવ કઠોર, અનુજ્જ્વલ વર્ણવાળા. फुट्टसिर - વિખરાયેલ વાળવાળા. कविलपलियकेस - પીળા-ધોળાવાળા વાળ. - x - વૃદ્ધાવસ્થાથી સ્થવિર મનુષ્યની જેમ સંકુટિત વલી લક્ષણ તરંગથી પરિવેષ્ટિત અંગવાળા. - x - पविरलपरिसडियदंतसेढी



- દાંતના વિરલત્વથી પરિશટિત દાંત કે પડેલા, ભાંગેલા દાંતની શ્રેણિ, જેની છે તે. વિકરાળ ઘોડાના મુખ જેવું મુખ, તુચ્છ મુખવાળા, - x - વાંકા ચુકા, કડચલીથી વ્યાપ્ત ભીષણ મોઢાવાળા, કવછૂને કારણે ખુજલીથી આક્રાંત, કઠોર તીક્ષ્ણ નખો વડે ખણવાથી કરેલ ઘાવવાળા, ક્ષુદ્ર-કુષ્ઠ વિશેષથી પ્રધાન અને સ્ફૂટિત કઠોર શરીરની ત્વચાવાળા, चित्तलंग - કાબરા અવયવો. टोल - ઉંટ જેવી ચાલ, અથવા અપ્રશસ્તાકાર વિષમ ટુંકી-લાંબી સંધિરૂપ બંધનો તે વિષમબંધન. उत्कुटुक - યથાસ્થાને અનિવિષ્ટ હાડકાં. - x - x - कुसंहनन - સેવાર્ત્તસંહનન, कुप्रमाण - પ્રમાણહીન कुसंस्थित - ખરાબ સંસ્થાન, તેથી જ કુરૂપ. - -

— कुट्ठाणासणकुसेज्जकुभोइणो - કુત્સિત આશ્રયવાળું દુઃશયન, દુર્ભોજન. असुइणो - સ્નાન, બ્રહ્મચર્યાદિ વર્જિતત્વથી અશુચિઓ. અથવા અશ્રુતય-શાસ્ત્રવર્જિત. खलंतविज्झलगइ - સ્ખલનયુક્ત વિહ્વળ ગતિવાળા. અનેક વ્યાધિ રોગથી પીડાયેલા હોવાથી, વિકૃત ચેષ્ટા અને નષ્ટ તેજવાળા. सीए - શીત-ઉષ્ણ ખર-પરુષ વાયુથી વ્યાપ્ત. उग्गुंडिय - જેના અંગ અદ્ધૂલિત છે તે. असुहदुक्खभागि - સમ્યક્ત્વભ્રષ્ટ. रयणिपमाणाइ - ૨૪ અંગુલ-એક હાથ પ્રમાણ, જેમનું ઉત્કૃષ્ટાયુ કદાચ ૧૬-વર્ષ, કદાચ ૨૦-વર્ષ છે, તેવા. પુત્ર-પૌત્ર-દોહિત્ર આદિ રૂપ પરિવાર, તેમના પ્રત્યે અતિ સ્નેહવાળા. તે પુત્રાદિના પરિપાલનની બહુલતાથી. તેઓને અલ્પાયુ હોવા છતાં ઘણાં સંતાનો કહ્યા, કેમકે અલ્પ કાળ છતાં યૌવનનો સદ્‌ભાવ હોય છે.

निओय - નિગોદ-કુટુંબો. बीय - બીજ સમાન, ભવિષ્યના જનસમૂહના બીજના હેતુરૂપ હોવાથી. बीयमेत्त - બીજના જેવું જ પરિમાણ જેનું છે, તે બીજમાત્રા. रथपथ - ગાડાના બે ચક્રથી મપાય તેટલો માર્ગ, ચક્રની ધુરિ પ્રવેશી શકે તેટલા છિદ્રના પ્રમાણવાળો માર્ગ. वोज्झिहिंति - કહેશે, आउबहुल - ઘણું અપ્‌કાય, निद्धाहिंति - નિર્ગમન કરશે. गाहेहिंति - ગ્રહણ કરશે, પ્રાપ્ત કરશે, સ્થળોમાં સ્થાપન કરશે. - x - જીવિકા કરશે.

निस्सील - મહાવ્રત-અણુવ્રતરહિત, निग्गुण - ઉત્તર ગુણ રહિત, निम्मेर - અવિદ્યમાન કુલાદિ મર્યાદા, - x - પૌરુષી આદિ નિયમનો અભાવ, અષ્ટમી આદિ પર્વોમાં ઉપવાસ [પૌષધ] આદિ ન કરવા તે. ओसन्न - પ્રાયઃ માંસાહાર, કેમકે મત્સ્યાહાર કરે છે. खोद्दाहार - મધુભોજી - x - कुणिमाहार - માંસ, લોહી આદિ. [તેઓ નરક કે તિર્યંચ ગતિમાં જશે.]

## ❀ શતક-૭, ઉદ્દેશો-૭ - 'અણગાર' ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૬-માં નરકાદિમાં ઉત્પત્તિ કહી, તે અસંવૃત્તને હોય, તેથી વિપરીત સ્વરૂપ તે સંવૃત્ત હોય, તે અહીં કહે છે —

**● સૂત્ર-૩૬૧,૩૬૨ :-**

*[૩૬૧] ભગવન્ ! ઉપયોગપૂર્વક ચાલતા યાવત્ સુતા, ઉપયોગપૂર્વક વસ્ત્ર-પાત્ર-કંબલ-રજોહરણને લેતા-મૂકતા એવા સંવૃત્ત અણગારને ઐર્યાપથિકી ક્રિયા*

*લાગે કે સાંપરાયિકી ? ગૌતમ ! સંવૃત્ત અણગારને યાવત્ ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી નહીં. — ભગવન્ ! એમ કેમ કહ્યું- x - ? ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા, લોભ વ્યવચ્છિન્ન થયા છે. તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, તેમજ જેમ ઉત્સૂત્રે વર્તનારને સાંપરાયિકી ક્રિયા લાગે, તેમ સૂત્રાનુસાર વર્તનારને હે ગૌતમ ! યાવત્ સાંપરાયિકી ક્રિયા ન લાગે.*

*[૩૬૨] ભગવન્ ! કામરૂપી છે કે અરૂપી ? ગૌતમ ! કામરૂપી છે, હે શ્રમણાયુષ્ ! કામ અરૂપી નથી. - - ભગવન્ ! કામ સચિત્ત છે કે અચિત્ત ? ગૌતમ ! કામ સચિત્ત પણ છે, અચિત્ત પણ છે. - - ભગવન્ ! કામ જીવ છે કે અજીવ ? ગૌતમ ! કામ જીવ પણ છે, અજીવ પણ છે.*

*ભગવન્ ! કામ જીવોને હોય કે અજીવોને ? ગૌતમ ! કામ જીવોને હોય અજીવોને નહીં. - - ભગવન્ ! કામ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! કામ બે પ્રકારે છે - શબ્દ અને રૂપ. - - ભગવન્ ! ભોગો રૂપી છે કે અરૂપી ? ગૌતમ ! ભોગો રૂપી છે, અરૂપી નથી. - - ભગવન્ ! ભોગો સચિત્ત છે કે અચિત્ત ? ગૌતમ ! ભોગો સચિત્ત છે, અચિત્ત પણ છે. - - ભગવન્ ! ભોગો જીવ છે કે અજીવ ? ગૌતમ ! ભોગો જીવ પણ છે અને અજીવ પણ છે. ભોગો જીવને હોય કે અજીવને ? ગૌતમ ! ભોગ જીવને હોય, અજીવને નહીં. ભોગો કેટલા છે ? ગૌતમ ! ત્રણ - ગંધ, રસ, સ્પર્શ.*

*ભગવન્ ! કામ ભોગો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે — શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. - - ભગવન્ ! જીવો કામી છે કે ભોગી ? ગૌતમ ! જીવો કામી પણ છે, ભોગી પણ છે. ભગવન્ એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયને આશ્રીને કામી છે, ઘ્રાણેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે.*

*ભગવન્ ! નૈરયિકો, કામી છે કે ભોગી ? એ પ્રમાણે જ કહેવું. યાવત્ સ્તનિતકુમાર. પૃથ્વીકાયિકની પૃચ્છા - ગૌતમ ! પૃથ્વીકાયિકો કામી નથી, ભોગી છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું. - - બેઈન્દ્રિયો પણ એમજ છે. વિશેષ એ કે — તે જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયને આશ્રીને ભોગી છે. - - તેઈન્દ્રિય પણ એમજ છે. વિશેષ એ કે — ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયો આશ્રીને ભોગી છે.*

*ચતુરિન્દ્રિય વિશે પૃચ્છા - ગૌતમ ! ચતુરિન્દ્રિયો કામી પણ છે અને ભોગી પણ છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેઓ ચક્ષુરિન્દ્રિય આશ્રીને કામી છે, ઘ્રાણ-જિહ્વા-સ્પર્શન ઈન્દ્રિયોને આશ્રીને ભોગી છે, તેથી કહ્યું. બીજા જીવોને સામાન્ય જીવ માફક યાવત્ વૈમાનિક સુધી જાણવા.*

*ભગવન્ ! આ કામભોગી, નોકામી-નોભોગી, ભોગી જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો કામીભોગી છે. નોકામીનો-ભોગી જીવ તેનાથી અનંતગુણ છે, ભોગી તેનાથી અનંતગુણ છે.*



● **વિવેચન-૩૬૧,૩૬૨ :-**

કામભોગને આશ્રીને સંવૃત્ત થાય, તેથી કામભોગ પ્રરૂપણાર્થે કહે છે - रूवीत्यादि - જેનામાં મૂર્તતા છે, તે રૂપી, તેથી વિપરીત તે અરૂપી. અભિલાષા કરે, પણ વિશિષ્ટ શરીર સંસ્પર્શ દ્વારા ઉપયોગી ન થાય તે કામ-મનોજ્ઞ શબ્દ, સંસ્થાન, વર્ણો. કામો રૂપી છે, અરૂપી નહીં, પુદ્‌ગલધર્મથી તેનું મૂર્તત્વ છે. સમનસ્ક પ્રાણીના રૂપની અપેક્ષાએ તે સચિત્ત છે, શબ્દ દ્રવ્યાપેક્ષા અને સંજ્ઞી જીવ શરીર રૂપાપેક્ષાથી કામો અચિત્ત પણ છે. જીવ શરીર રૂપ અપેક્ષાએ જીવો પણ કામ છે અને શબ્દ અપેક્ષાએ, ચિત્રપુત્રિકાદિ રૂપ અપેક્ષાએ અજીવો પણ કામ છે. કામના હેતુથી જીવોને જ કામ હોય છે, અજીવોને તે અસંભવ હોવાથી અજીવોને કામ ન હોય.

શરીર વડે ઉપભોગ થાય તે ભોગ - વિશિષ્ટ ગંધ, રસ, સ્પર્શ દ્રવ્યો. ભોગોરૂપી છે, અરૂપી નહીં, પુદ્‌ગલ ધર્મત્વથી તેનું મૂર્તત્વ છે. ભોગો સચિત્ત પણ છે, ગંધાદિ પ્રધાન જીવ શરીર કે સમનસ્કત્વથી. - - જીવના શરીરોના વિશિષ્ટ ગંધાદિ ગુણયુક્તત્વથી જીવો પણ ભોગ છે. વિશિષ્ટ ગંધાદિ ગુણપણાથી અજીવો પણ ભોગ છે. - - કામીભોગી સૌથી થોડાં કહ્યા, કેમકે ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો જ કામભોગી હોવાથી અલ્પ છે, સિદ્ધો તેથી અનંતગુણા છે. વનસ્પતિના અનંતગુણત્વથી એક-બે-ત્રણ ઈન્દ્રિયોવાળા જીવો તેનાથી અનંતગુણા છે. - - ભોગના અધિકારથી આ કહે છે —

● **સૂત્ર-૩૬૩ :-**

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય જે કોઈપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, હે ભગવન્ ! તે ક્ષીણ ભોગી, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમથી વિપુલ ભોગોપભોગ ભોગવતો વિચરવા સમર્થ નથી ? ભગવન્ ! આપ આ અર્થને આમ જ કહો છો ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી, કેમકે તે ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષકાર પરાક્રમ દ્વારા કોઈપણ વિપુલ ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ છે. તેથી તે ભોગી ભોગનો ત્યાગ કરતો મહાનિર્જરા, મહાપર્યવસાનવાળો થાય છે.*

*ભગવન્ ! અધોવધિક મનુષ્ય જે કોઈ દેવલોકમાં૦ - એ જ બધું જેમ છદ્મસ્થમાં કહ્યું યાવત્ મહાપર્યવસાનવાળો થાય છે.*

*ભગવન્ ! પરમાહોવધિક મનુષ્ય જે તે જ ભવગ્રહણથી સિદ્ધ થવો યોગ્ય હોય યાવત્ અંત કરે, શું તે ક્ષીણભોગી૦ (સમર્થ છે ?). બાકી બધું છદ્મસ્થ પ્રમાણે જાણવું. ભગવન્ ! કેવલી મનુષ્ય, જે તે જ ભવગ્રહણથી યાવત્ એ બધું પરમાહોવધિક મુજબ યાવત્ મહાપર્યવસાન થાય છે.*

● **વિવેચન-૩૬૩ :-**

છદ્મસ્થાદિ ચાર સૂત્રો છે. તેમાં से - આ મનુષ્ય, नूनं - નક્કી से - આ અર્થ, अथ - પ્રશ્નાર્થે, જેને ભોગ છે, તે ભોગી, તે ભોગી, તપ-રોગાદિથી જેનું શરીર ક્ષીણ થયું છે, તે ક્ષીણભોગી. पभु - સમર્થ. उट्ठाण - ઉર્ધ્વીભવનથી, कम्म - ગમનાદિ, बल - દેહપ્રમાણ, वीरिअ - જીવબળ, पुरिसकारपरक्कम - પુરુષાભિમાનથી તેના દ્વારા જ

સાધિત સ્વપ્રયોજન. નક્કી હે ભગવન્ ! આપ આ અર્થને આ જ પ્રકારે કહો છો ? એ પ્રશ્ન. તેનો આ અભિપ્રાય છે.

જે સમર્થ નથી, તે આ ભોગ ભોગવવાને સમર્થ નથી. તેથી જે ભોગ ત્યાગી નથી, તેને નિર્જરા કેમ થાય? દેવલોકગમન કેમ થાય? ઉત્તર છે - 'આ અર્થ યોગ્ય નથી.' તે ક્ષીણભોગી મનુષ્ય કે ક્ષીણશરીરથી સાધુચિત્ત, એ પ્રમાણે ઉચિત ભોગભુક્તિ સમર્થત્વથી ભોગીત્વ, તેના પ્રત્યાખ્યાનથી અને તેને ત્યાગીને નિર્જરા કરી દેવલોક ગતિ પામે.

आधोऽवधिक - નિયત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાની. परमाहोहि - તેઓ ચરમશરીરી જ હોય છે. - x - અહીં છદ્મસ્થાદિ જ્ઞાનવક્તવ્યતા કહી હવે પૃથ્વી આદિ અજ્ઞાનીની વક્તવ્યતા કહે છે —

● સૂત્ર-૩૬૪ :-

*ભગવન્ ! જે આ અસંજ્ઞી પ્રાણિ છે, જેમકે — પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, છઠ્ઠા કોઈ ત્રસ, જે અંધ-મૂઢ-તમપ્રવિષ્ટ-તમઃપટલ અને મોહજાલથી આચ્છાદિત, તેઓ અકામનિકરણ વેદના વેદે છે, એવું કહી શકાય. હા, ગૌતમ ! - x - એવું કહી શકાય.*

*ભગવન્ ! શું તે સમર્થ હોવા છતાં અકામનિકરણ વેદના વેદે છે ? હા, ગૌતમ ! વેદે છે. - - ભગવન્ ! તે સમર્થ હોવા છતાં અકામ નિકરણ વેદના કઈ રીતે વેદે ? ગૌતમ ! જેમ જીવ સમર્થ હોવા છતાં અંધકારમાં રૂપોને જોવા સમર્થ નથી, જે અવલોકન કર્યા સિવાય સન્મુખ રહેલા રૂપોને જોવા સમર્થ નથી, અવેક્ષણ કર્યા વિના પાછળના ભાગે જોઈ ન શકે જેમ આલોચન કર્યા સિવાય આજુ-બાજુના રૂપોને ન જોઈ શકે, તેમ ગૌતમ ! આ જીવો સમર્થ હોવા છતાં અકામનિકરણ વેદના વેદે છે.*

*ભગવન્ ! શું સમર્થ હોવા છતાં, જીવ પ્રકામનિકરણ વેદના વેદે છે ? હા, વેદે છે. - - ભગવન્ ! સમર્થ હોવા છતાં જીવ પ્રકામ નિકરણ વેદના કઈ રીતે વેદે છે ? ગૌતમ ! જે સમુદ્રને પાર જવા સમર્થ નથી, જે સમુદ્રની પારના રૂપો જોવાને સમર્થ નથી, જે દેવલોકમાં જવા સમર્થ નથી, જે દેવલોકગત રૂપોને જોવા સમર્થ નથી. એ રીતે હે ગૌતમ ! સમર્થ હોવા છતાં પ્રકામ નિકરણ વેદનાને વેદે છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૩૬૪ :-

एगे - કેટલાંક, બધાં સંમૂર્છિમ નહીં. अंध - અજ્ઞાન, मूढ - તત્ત્વ શ્રદ્ધા પ્રત્યે આ ઉપમાથી ઓળખાવ્યા છે. - x - तमपडल - જ્ઞાનાવરણ, मोह - મોહનીય એ જ જાળ, તેનાથી આચ્છાદિત. अकाम - વેદના અનુભાવમાં અમનસ્કત્વથી અનિચ્છા. તે જ કારણ છે જ્યાં, તે અકામનિકરણ. અર્થાત્ અજ્ઞાન પ્રત્યય. સુખદુઃખરૂપ વેદનાને અનુભવે છે. હવે અસંજ્ઞીના વિપક્ષને આશ્રીને કહે છે —

पभूवि સંજ્ઞીત્વથી યથાવત્ રૂપાદિ જ્ઞાને સમર્થ હોય તો પણ. - x -



अकामनिकरणम् - અનાભોગથી અનિચ્છા પ્રત્યય. બીજા કહે છે — અનિચ્છા વડે ઈષ્ટાર્થપ્રાપ્તિ લક્ષણ ક્રિયાનો અભાવ જે વેદનામાં તે-તે પ્રમાણે થાય એ રીતે વેદના વેદે? જે પ્રાણી સંજ્ઞીત્વથી અને ઉપાય સદ્ભાવથી હેય આદિની હાનિ આદિમાં સમર્થ હોવા છતાં જેમ અંધકારમાં દીવા વિના રૂપોને જોવા સમર્થ ન થાય, તેમ આ અકામ વેદનાને વેદે છે, એમ સંબંધ છે. पुरओ - આગળ, अणिज्झाएत्ता અનિધ્યાંય ચક્ષુ વ્યાપાર. मग्गओ - પાછળ, अणवयक्खित्ता - પાછળના ભાગને જોઈ ન શકે.. ''અકામનિકરણ વેદના વેદે છે'' તેમ કહ્યું.

હવે તેનાથી વિપરીત કહે છે — સંજ્ઞીત્વથી રૂપદર્શનમાં સમર્થ હોવા છતાં प्रकाम - ઈચ્છિત અર્થની પ્રાપ્તિથી વધતી એવી પ્રકૃષ્ટ ઈચ્છા, તે જ निकरण - કારણ, જે વેદનામાં છે, તે. બીજા કહે છે — प्रकाम - તીવ્ર અભિલાષ અથવા અત્યર્થ निकरण - ઈષ્ટાર્થસાધક ક્રિયાનો જેમાં અભાવ છે, તે પ્રકામનિકરણ, તે જે રીતે થાય, તે રીતે વેદના વેદે ? જે સમુદ્રને પાર જઈને ત્યાં દ્રવ્ય પ્રાપ્તિ માટે, તથાવિધ શક્તિ અભાવે સમર્થ નથી, તેમ તે તેવી ઈચ્છાના અતિરેકથી પ્રકામનિકરણ વેદનાને વેદે છે.

## ❁ શતક-૭, ઉદ્દેશો-૮- ''છદ્મસ્થ'' ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-ને અંતે છાદ્મસ્થિક વેદના કહી, તેથી અહીં છદ્મસ્થ કથન.

● સૂત્ર-૩૬૫,૩૬૬ :-

*[૩૬૫] ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અતીત અનંત શાશ્વત કાળમાં કેવલ સંયમથી૦ એ રીતે જેમ શતક-૧, ઉદ્દેશા-૪-માં કહ્યું, તેમ અહીં કહેવું યાવત્ अलमत्थु. - - [૩૬૬] - - ભગવન્ ! હાથી અને કુંથુનો જીવ સમાન છે ? હા, ગૌતમ ! એ પ્રમાણે જેમ રાયપ્પસેણીયમાં કહ્યું તેમ खुड्डियं वा महालियं वा સુધી કહેવું. હે ગૌતમ ! તે કારણથી યાવત્ બંનેનો જીવ સમાન છે.*

● વિવેચન-૩૬૪,૩૬૬ :-

છદ્મસ્થ૦ પૂર્વે વ્યાખ્યા કર્યા મુજબ જાણવું. - - જીવાધિકારથી કહે છે — રાયપસેણઈયમાં આ સૂત્ર આમ છે — ભગવન્! હાથીથી કુંથુ અલ્પ કર્મવાળો, અલ્પક્રિયાવાળો, અલ્પાશ્રવી અને કુંથુથી હાથી મહાકર્મવાળો આદિ છે? હા, ગૌતમ! છે. — ભગવન્! હાથી અને કુંથુનો જીવ સમાન કઈ રીતે છે? ગૌતમ! જેમ કોઈ કૂટાગાર શાળા, બંને બાજુથી લિપ્ત, ગુપ્ત અને ગુપ્તદ્વાર, નિર્વાત અને નિર્વાત ગંભીર હોય. કોઈ પુરુષ પ્રદીપ અને જ્યોતિ લઈને, તે કુટાગાર શાળામાં પ્રવેશે, પ્રવેશીને તે કૂટાગાર શાળામાં - x - દ્વારોને બંધ કરે, તેના બહુ મધ્ય દેશ ભાગે, તે પ્રદીપને પ્રગટાવે, તો તે પ્રદીપ કુટાગારશાળાને અંદરથી ઉદ્યોતીત યાવત્ પ્રભાસિત કરે છે, પણ કુટાગાર શાળાની બહાર નહીં. ત્યારે તે પુરુષ પ્રદીપને કોઈ વાસણ વડે ઢાંકે, ત્યારે તે પ્રદીપ વાસણની અંદર ઉદ્યોતાદિ કરશે પણ બહાર નહીં. એ રીતે - x - x - યાવત્ તે પુરુષ, તે દીવાને દીપકચંપણ વડે ઢાંકે તો તે દીવો તે દીપકચંપણને અંદરથી પ્રકાશિત કરશે, બહારથી નહીં યાવત્ તે કૂટાગાર શાળાને પણ બહારથી પ્રકાશિત નહીં કરે. એ પ્રમાણે

હે ગૌતમ! જીવ પણ જેવા પૂર્વકર્મથી નિબદ્ધ શરીરને પામે, તેને અસંખ્ય જીવપ્રદેશથી સચિત્ત કરે છે. બાકીનું લખેલું જ છે. - - તેનો અર્થ આ પ્રમાણે —

कूटाकार - શિખર આકૃતિ યુક્તશાળા, જે અંદર-બહાર છાણ આદિ વડે લિપ્ત હોય, તે પ્રાકારાદિથી આવૃત્ત, કમાળ આદિ દ્વારથી યુક્ત, વાયુ પ્રવેશરહિત, વળી મોટા ગૃહો પ્રાયઃ નિર્વાત ન હોય, તેથી નિર્વાત ગંભીર, તૈલ-વાટ-વાળુવાસણ અને અગ્નિ લઈને જાય. દ્વારના મુખને નિશ્ચિદ્ર કરી બંધ કરે. કઈ રીતે ? કમાળ આદિ ગાઢ બંધ કરે, દ્વાર શાખાદિને ગાઢ નિયોજી, સંપૂર્ણ નિશ્ચિદ્ર કરે. इड्डुर - ગંત્રીઢંચક, गोक्लिलंजएण - ગોચરણ માટેનું મોટું વાંસનુ પાત્ર, गंडवाणिय - વાંસયુક્ત ભાજન, पच्छिपिडएण - આઢક ભાગ માત્ર માન વિશેષ પિટક. सोलसिया - ૧૬ ભાગ પ્રમાણ - x - x - વાંચનાંતરમાં આ સાક્ષાત્ લખેલું છે. - - જીવાધિકારથી—

● સૂત્ર-૩૬૭,૩૬૮ :-

*[૩૬૭] ભગવન્ ! નૈરયિકો એ જે પાપકર્મ કર્યા - કરે છે - કરશે, શું તે બધું દુઃખરૂપ છે અને જેની નિર્જરા કરાઈ છે, તે સુખરૂપ છે ? હા, ગૌતમ ! એમ જ છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું.*

*[૩૬૮] ભગવન્ ! સંજ્ઞા કેટલી કહી છે ? ગૌતમ ! દશ, તે આ — આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક, ઓઘ. એ પ્રમાણે આ દશે સંજ્ઞા વૈમાનિક સુધી જાણવી. - -*

*નૈરયિકો, દશ પ્રકારે વેદનીયને અનુભવ કરતા રહે છે. તે આ — શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, કંડૂ, પરાધીનતા, જ્વર, દાહ, ભય, શોક.*

● વિવેચન-૩૬૭,૩૬૮ :-

સંસાર પરિભ્રમણના કારણથી દુઃખરૂપ છે, પાપકર્મોની નિર્જરા મોક્ષના હેતુરૂપ હોવાથી સુખરૂપ છે. નારકાદિ સંજ્ઞી છે, માટે સંજ્ઞા—

સંજ્ઞાન કે આભોગ તે સંજ્ઞા, બીજા મતે મનોવિજ્ઞાન એ સંજ્ઞા છે. વેદનીય-મોહનીયાદિ આશ્રીને જ્ઞાન-દર્શનાવરણ ક્ષયોપશમ આશ્રીને વિચિત્ર આહારાદિ પ્રાપ્તિની ઈચ્છા વિશેષ તે સંજ્ઞા. તે દશ છે.

(૧) આહાર સંજ્ઞા-ક્ષુધા વેદનીયના ઉદયથી કવલાદિ આહાર અર્થે પુદ્ગલ ગ્રહણ ઈચ્છા. - x - - (૨) - ભયસંજ્ઞા-ભયમોહનીયના ઉદયથી વ્યાકુલ ચિત્ત પુરુષનું ભયભીત થવું, કંપવું, રોમાંચિત થવું.

(૩) મૈથુન સંજ્ઞા-પુંવેદાદિ ઉદયથી મૈથુનાર્થે સ્ત્રી આદિના અંગ આલોકન, મુખ જોવું આદિ, તેનાથી કંપનાદિ થવારૂપ લક્ષણ.

(૪) પરિગ્રહ સંજ્ઞા-લોભોદયથી પ્રધાનભવ કારણ આસક્તિ પૂર્વક સચિત્ત-અચિત દ્રવ્યોપાદન ક્રિયા-ઈચ્છા. - (૫) ક્રોધ સંજ્ઞા-ક્રોધોદયના આવેશથી આંખો લાલ થવી, દંતચ્છદ, સ્ફૂરણાદિ ચેષ્ટા.

(૬) માનસંજ્ઞા-માનોદયથી અહંકારરૂપ આત્મોત્કર્ષ ક્રિયા.

(૭) માયાસંજ્ઞા-માયોદયથી અશુભ સંક્લેશ વડે જૂઠ બોલવું આદિ ક્રિયા. -



(૮) લોભસંજ્ઞા - લોભોદયથી લોભયુક્ત સચિત્ત-અચિત્ત દ્રવ્ય પ્રાર્થનારૂપ સંજ્ઞા. - (૯) ઓઘસંજ્ઞા - મતિજ્ઞાનાવરણ ક્ષયોપશમથી શબ્દાદિ અર્થગોચર સામાન્ય અવબોધ ક્રિયા કે ઉપયોગરહિત ક્રિયા.

(૧૦) લોકસંજ્ઞા-શબ્દાદિ અર્થ ગોચર વિશેષ અવબોધ ક્રિયા આ રીતે ઓઘસંજ્ઞા, તે દર્શનોપયોગ અને લોકસંજ્ઞા, તે જ્ઞાનોપયોગ.

આ દશેને સુખે સમજવા પંચેન્દ્રિયને આશ્રીને કહ્યું. એકેન્દ્રિય આદિને તો પ્રાયઃ યથોક્ત ક્રિયા નિબંધન કર્મોદયાદિ રૂપ જ જાણવી.

જીવાધિકારથી નૈરયિકાદિ. परज्झ - પરવશ. અહીં વેદના કહી તે ક્રિયા વિશેષથી તે મહા કે અલ્પ અને સમ છે, તે દર્શાવે છે —

● સૂત્ર-૩૬૯,૩૭૦ :-

*[૩૬૯] ભગવન્ ! હાથી અને કુંથુને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન હોય ? હા, ગૌતમ ! હોય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિને આશ્રીને. તે કારણથી એમ કહ્યું. - યાવત્ સમાન હોય.*

*[૩૭૦] ભગવન્ ! આધાકર્મને ભોગવતો શું બાંધે ? શું કરે ? શેનો ચય કે ઉપચય કરે ? એ પ્રમાણે જેમ શતક-૧, ઉદ્દેશા-૯-માં કહ્યું તેમ કહેવું. યાવત્ પંડિત શાશ્વત છે, પંડિતત્વ અશાશ્વત છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૩૬૯,૩૭૦ :-

સૂત્ર-૩૬૯માં વિરતિ કહી, તે સંયત હોવા છતાં આધાકર્મભોજીને કઈ રીતે હોય તે પૂછે છે. જીવ શાશ્વત પંડિત છે. ચારિત્રભ્રંશથી અશાશ્વત છે.

## ❁ શતક-૭, ઉદ્દેશો-૯-'અસંવૃત્ત' ❁

— x — x — x — x —

પૂર્વે આધાકર્મી ભોગવનારને અસંવૃત્ત કહ્યા. તેથી અહીં અસંવૃત્ત —

● સૂત્ર-૩૭૧ :-

*ભગવન્ ! અસંવૃત્ત અણગાર બાહ્ય પુદ્ગલના ગ્રહણ કર્યા વિના એક વર્ણ, એકરૂપની વિકુર્વણા કરવાને સમર્થ છે ? ના, તેમ નથી. - ભગવન્ ! અસંવૃત્ત અણગાર બાહ્ય પુદ્ગલો ગ્રહણ કરીને એક વર્ણ, એકરૂપ વિકુર્વવા સમર્થ છે ? હા, છે — ભગવન્ ! શું તે અહીં રહેલા પુદ્ગલ ગ્રહણ કરીને વિકુર્વે કે ત્યાં રહેલ પુદ્ગલ ગ્રહીને વિકુર્વે કે અન્યત્ર રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વે ? ગૌતમ ! અહીં રહેલ પુદ્ગલો ગ્રહણ કરીને વિકુર્વે છે. ત્યાં કે અન્યત્ર રહેલ પુદ્ગલ ગ્રહણ કરીને યાવત્ વિકુર્વણા ન કરે.*

*એ પ્રમાણે એકવર્ણ - અનેકરૂપ આદિ ચતુર્ભંગી જેમ શતક-૬-ના ઉદ્દેશા-૯-માં છે, તેમ અહીં પણ કહેવી. વિશેષ આ — અણગાર અહીં રહીને અહીં રહેલ પુદ્ગલો ગ્રહણ કરીને વિકુર્વે છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ રૂક્ષ પુદ્ગલોને સ્નિગ્ધ પુદ્ગલપણે પરિણમાવે ? હા, પરિણમાવે. ભગવન્ ! તે અહીં રહેલ*

*પુદ્‌ગલોને સ્વીકારીને વિકુર્વણા કરે ? - યાવત્ - અન્યત્ર રહેલ પુદ્‌ગલને સ્વીકારીને વિકુર્વણા કરતા નથી.*

● વિવેચન-૩૭૧ :-

असंवृत्त - પ્રમત્ત. इहगह - અહીં પ્રશ્નકર્તા ગૌતમની અપેક્ષાએ 'इह' શબ્દ કહેવો - મનુષ્ય લોક. तत्थगए - વિકુર્વીને જ્યાં જવાનું છે, તે સ્થળ. अन्नत्थगए - ઉક્ત બંને સ્થાન છોડીને અન્ય સ્થાન. વિશેષ આ-અહીં રહેલ અણગાર એટલે અહીં રહેલ પુદ્‌ગલ કહેવા. ત્યાં એટલે દેવલોક. પુદ્‌ગલ પરિણામ કહ્યા. હવે તે સંગ્રામમાં વિશેષ હોય, માટે સંગ્રામ કથન —

● સૂત્ર-૩૭૨ :-

*અર્હંતે જાણ્યું છે, અર્હંતે પ્રત્યક્ષ કર્યુ છે, અર્હંતે વિશેષે જાણ્યું છે કે — મહાશિલાકંટક નામે સંગ્રામ છે — ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ ચાલતો હતો, તેમાં કોણ જય પામ્યું ? ગૌતમ ! વજ્જી, વિદેહ પુત્ર (કોણિક) જય પામ્યો, નવમલ્લકી, નવ લેચ્છકી, કાશી કોશલ ૧૮-ગણ રાજાઓ પરાજય પામ્યા. ત્યારે તે કોણિક રાજા મહાશિલાકંટક સંગ્રામ ઉપસ્થિત થયેલો જાણીને કૌટુંબિક પુરુષને બોલાવીને એમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે જલ્દીથી ઉદાયી હસ્તિરાજને તૈયાર કરો, ઘોડા-હાથી-રથ-યોદ્ધા સહિતની ચતુરંગિણિ સેના તૈયાર કરો, કરીને મારી આ આજ્ઞા જલ્દી પાછી આપો.*

*ત્યારે તે કૌટુંબિક પુરુષો, કોણિક રાજાએ એમ કહેતા હર્ષિત-તુષ્ટ થઈને યાવત્ અંજલિ કરીને હે સ્વામી ! 'જેવી આજ્ઞા' કહી, તેમની આજ્ઞા વચનોને વિનયપૂર્વક સ્વીકારીને, નિપુણ આચાર્યોના ઉપદેશથી પ્રશિક્ષિત અને તીક્ષ્ણ બુદ્ધિના સુનિપુણ વિકલ્પોથી યુક્ત તથા જેમ 'ઉવવાઈ' સૂત્રમાં ભીમ સંગ્રામને યોગ્ય ઉદાયી હસ્તિરાજને સુસજ્જિત કર્યો, કરીને જ્યાં કૂણિક રાજા હતો, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ કૂણિક રાજાની તે આજ્ઞા પાછી સોંપે છે. [આજ્ઞાનુસાર કાર્ય થયાનું જણાવે છે.]*

*ત્યારપછી તે કૂણિક રાજા જ્યાં સ્નાનગૃહ છે. ત્યાં આવ્યો, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. પ્રવેશીને સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા, સર્વાલંકારથી વિભૂષિત થઈ, લોહકવચ ધારણ કર્યુ, વળેલા ધનુર્દંડને લીધું, ડોકમાં આભુષણ પહેરી, ઉત્તમોત્તમ ચિહ્નપટ્ટ બાંધી, આયુધ-પ્રહરણ ધારણ કરી, કોરંટક પુષ્પોની માળા સહિતનું છત્ર ધારણ કરીને, તેની ચાર તરફ ચાર ચામર ઢોળવા લાગ્યા. લોકોએ મંગલ-જય શબ્દો કર્યા, એ પ્રમાણે જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ ઉદાયી હાથી પર બેઠો.*

*ત્યારે તે કોણિક રાજા, હારથી આચ્છાદિત વક્ષઃસ્થળવાળો, 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ શ્વેત ચામર વડે વિંઝાતો-વિંઝાતો, ઘોડા-હાથી-રથ-પ્રવરયોદ્ધા યુક્ત ચાતુરંગિણી સેના સાથે પરિવરેલો, મહાન્ સુભટોના વિસ્તીર્ણ સમૂહથી વ્યાપ્ત. જ્યાં મહાશિલા કંટક સંગ્રામ હતો, ત્યાં આવ્યો, આવીને મહાશિલા*



*કંટક સંગ્રામમાં ઉતર્યો. આગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર એક મહા અભેદ કવચ-વજ પ્રતિરૂપક વિકુર્વીને ઉભો રહ્યો. એ પ્રમામે બે ઈન્દ્રો સંગ્રામ કરવા લાગ્યા — દેવેન્દ્ર અને મનુજેન્દ્ર. કૂણિક રાજા કેવલ એક હાથી વડે પણ [શત્રુસેનાને] પરાજિત કરવા સમર્થ થયો.*

*ત્યારપછી તે કૂણિક રાજા મહાશિલાકંટક સંગ્રામ કરતો એવો નવમલ્લકી, નવ લેચ્છવિ, કાશી-કોશલના ૧૮ ગણરાજા. તેમના પ્રવરવીરા યોદ્ધાઓને હાથ-મથિત કર્યા, નષ્ટ કર્યા, તેમના ચિન્હ, ધ્વજાપતાકા પાડી દીધી, તેમના પ્રાણ સંકટમાં પડી ગયા, દશે દિશામાં ભાગી ગયા.*

*ભગવન્ ! તે મહાશિલાકંટક સંગ્રામ કેમ કહેવાય છે ? ગૌતમ ! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે, તેમાં જે હાથી, ઘોડા, યોદ્ધા, સારથીઓ તૃણ, પત્ર, કાષ્ઠ, કંકરથી આહત થતા હતાં, તે બધાં એવું અનુભવતા હતા કે અમે મહાશિલાથી હણાઈ રહ્યા છીએ. તેથી તે મહાશિલા૦ કહેવાય છે.*

*ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તેમાં કેટલાં લાખ મનુષ્ય માર્યા ગયા ? ગૌતમ ! ૮૪ લાખ મનુષ્યો મર્યા. ભગવન્ ! તે મનુષ્યો શીલરહિત યાવત્ પ્રત્યાખ્યાન-પૌષધોપવાસ રહિત, રોષિત, પરિકુપિત, યુદ્ધમાં ઘાયલ, અનુપશાંત, કાળ માસે કાળ કરી ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ? ગૌતમ ! પ્રાયઃ નરક અને તિર્યંચગતિમાં.*

● વિવેચન-૩૭૨ :-

ભગવંત મહાવીરે સર્વજ્ઞત્વથી સામાન્યથી જાણે છે. स्मृतं - સ્પષ્ટ પ્રતિભાસ ભાવથી જોયું છે. વિશેષથી જાણ્યું છે — મહાશિલા માફક કંટક, જીવિતનો નાશ કરનાર તે મહાશિલા કંટક. જેમાં તૃણ, સળી આદિ વડે પણ હણેલ અશ્વ, હસ્તિ આદિને મહાશિલાકંટક વડે હણ્યા એવી વેદના થાય, તેવો સંગ્રામ. આ સંગ્રામ આ રીતે થયો —

ચંપામાં કૂણિક રાજા થયો, તેના નાના ભાઈ હલ્લ, વિહલ્લ નામે હતા. તેઓ સેચનક હાથી પર બેસી, દિવ્યકુંડલ-દિવ્યવસ્ત્રો-દિવ્ય હાર ધારણ કરી, વિલસતા જોઈને કોણિક રાજાની પદ્માવતી નામે રાણી ઈર્ષ્યાથી રાજાને તે વસ્તુ હરી લેવા પ્રેરે છે. તેથી રાજાએ તેની યાચના કરી બંને ભાઈઓ ત્યાંથી નીકળી વૈશાલી નગરીએ પોતાના દાદા ચેટક રાજા પાસે હસ્તિ અને અંતઃપુર લઈને ચાલ્યા ગયા. કોણિકે દૂત મોકલી તે વસ્તુઓ માંગી, તેમણે ન મોકલી, ત્યારે કોણિકે કહ્યું — જો તમે વસ્તુ ન મોકલો તો યુદ્ધ માટે સજ્જ થાઓ. તેઓએ પણ કહ્યું — અમે સજ્જ છીએ.

ત્યારે કોણિકે 'કાલ' આદિ પોતાની બીજી માતાના પુત્રો એવા ભાઈઓને ચેટક રાજા સાથે સંગ્રામ કરવા બોલાવ્યા. તે પ્રત્યેક પાસે ત્રણ-ત્રણ હજાર હાથી હતા. એ પ્રમાણે રથો હતા. પ્રત્યેક પાસે ત્રણ-ત્રણ કરોડ મનુષ્ય [યોદ્ધા] હતા, કોણિક પાસે તેટલું જ હતું. આ વ્યતિકર જાણીને ચેટક રાજાએ પણ ૧૮-ગણરાજાને એકઠા કર્યા, તેઓ અને ચેટકરાજા પાસે પણ પ્રત્યેક પાસે એ પ્રમાણે હાથી આદિ પરિમાણ હતું.

યુદ્ધ આરંભાયુ. ચેટક રાજાને વ્રત હતું કે આખા દિવસમાં એક જ બાણ મારવું, તે અમોઘ બાણ હતું. કોણિકે ગરુડવ્યૂહ અને ચેટકે સાગરવ્યૂહ રચ્યો.

પછી કોણિકના કાળ સેનાપતિ યુદ્ધ કરતો ચેટક પાસે ગયો. ચેટકે એક બાણ મારી કાળને પાડી દીધો. કોણિકનું સૈન્ય ભાંગ્યુ. - x - એ રીતે દશ દિવસમાં ચેટકે 'કાલ' આદિ દશેને મારી નાખ્યા. અગિયારમે દિવસે ચેટકને જીતવા માટે કોણિકે દેવતાને આરાધવા અઠ્ઠમ કર્યો ત્યારે શક્ર અને ચમર આવ્યા. પછી શક્રે કહ્યું – ચેટક, શ્રાવક છે, તેથી હું તેના ઉપર પ્રહાર નહીં કરું, માત્ર તારું રક્ષણ કરીશ. પછી શક્રએ તેની રક્ષા માટે વજ સમાન અભેદ કવચ બનાવ્યું. ચમરે બે સંગ્રામ વિકુર્વ્યા મહાશિલાકંટક અને રથમુશલ.

जइत्थ - જિતનાર, पराजइत्थ - હારનાર. वज्जि - ઈન્દ્ર, विदेहपुत्त - કોણિક. તેઓ જીત્યા, બીજું કોઈ નહીં. मल्लइ – लेच्छइ - મલ્લકિ, લેચ્છકિ નામના રાજા. काशी - વાણારસી, તેનું જનપદ પણ કાશી, તે સંબંધી આદ્ય નવ તે કોશલ-અયોધ્યા, તેનું જનપદ તે કોશલ, તે સંબંધી ૧૮-ગણરાજા અર્થાત્ કાર્ય હોય ત્યારે જેઓ ગણ-સમૂહ બનાવે તે - સામંત રાજા. તેઓએ ચેટક રાજાની સહાય માટે ગણ બનાવ્યો.

હવે ચમરે મહાશિલા કંટક સંગ્રામ વિકુર્વ્યા પછી કોણિકે શું કર્યુ ? કોણિકે ઉદાયી નામે હાથીને તૈયાર કરવા આજ્ઞા કરી, - x - સેવકો હર્ષિત, તુષ્ટ, આનંદિત ચિત્ત, નંદિત, પ્રીતિયુક્ત મનવાળા થયા. - x - x - બે હાથ જોડી, દશનખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, હે સ્વામી ! ''આપની આજ્ઞા પ્રમાણ છે'' એવો શબ્દરૂપ વિનય અને તે વચનને રાજા પ્રત્યે સ્વીકાર કર્યો. નિપુણ એવા શિલ્પો પદેશદાતા આચાર્ય, તેમના ઉપદેશથી જે મતિ, તેની જે કલ્પના-વિકલ્પ તેમજ કલ્પના વિકલ્પા વિશેષણથી સુનિપુણ મનુષ્યો - એ પ્રમાણે જેમ ઉવવાઈ સૂત્રમાં કહેલ છે, તેમાં આ સૂત્ર છે - નિર્મળ વેષથી શીઘ્ર પરિગૃહીત, પરિવૃત્ત જે છે તે તથા, સુસજ્જ, ચર્મ બખ્તરથી સન્નદ્ધ, કવચ વડે બદ્ધ, છાતી સાથે ગાઢ બાંધેલ છે હૃદયરજ્જૂ જેણે, ડોકમાં ગ્રૈવેયક બાંધેલ એવો તથા ઉત્તમ ભૂષણોથી વિરાજિત છે તે, કાનનું ઉત્તમ આભરણ પહેરેલ, લાંબુ એવું સલલિત અવચૂલ છે જેને, તથા ચામરોના ઉત્કરથી અંધકાર કરેલ, વસ્ત્ર વિશેષને ધારણ કરેલ, સોનાના ઘડેલ સૂત્ર-દોરા વડે કક્ષાને બાંધેલ છે. જેણે તે તથા ઘણા પ્રહરણાદિ ધારેલ, યુદ્ધ માટે સજ્જ તેથી જ છત્ર-ધ્વજ-ઘંટ, પાંચ ચૂડા વડે પરિમંડિત અને રમ્ય ઇત્યાદિ વાચનાંતરમાં આ બધું સાક્ષાત્ લખેલ છે.

દેવતાનું બલિકર્મ કરેલ, દુ:સ્વપ્નાદિના નિવારણાર્થે અવશ્ય કર્તવ્ય એવા કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્તને કરેલ છે જેણે તે. તેમાં મષીપુંડ્રાદિ તે કૌતુક, સિદ્ધાર્થકાદિ તે મંગલ, સંહનનિ કરેલ તે સન્નદ્ધ, કશા બંધનથી બદ્ધ, વર્મતાથી વર્મિત - x - ગુણસારણથી પીડારહિત કરેલ ધનુર્દંડ જેણે તે તથા જેણે બાહુપટ્ટિકાથી બાહુબદ્ધ કરેલ છે તે, ગ્રીવાના આભરણને ધારણ કરેલ, વિમલવર ચિહ્નપટ્ટ જેણે બાંધેલ છે તે, શસ્ત્રોને અને બીજાને પ્રહાર કરવાને માટેના પ્રહરણ ધારણ કરેલ અથવા આયુધ





એટલે ખડ્ગાદિ અક્ષેપ્ય શસ્ત્રો તથા ક્ષેપ્યશસ્ત્રો તે બાણ વગેરે તેને ગ્રહણ કરેલ, કોરંટક નામ પુષ્પગુચ્છ વડે પુષ્પમાળા વડે યુક્ત છત્ર, ચાર ચામરો વડે અંગને વીંઝતા તથા લોકો દ્વારા મંગલને માટે જયશબ્દ કરતા તે ઇત્યાદિ.

જેમ 'ઉવવાઈ'માં યાવત્ એમ આ શબ્દ વડે સૂચિત - અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેડ, પીઠમર્દક, નગર-નિગમ શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે સંપરિવૃત્ત, ધવલ મહામેઘની જેમ નીકળેલ, ગ્રહ-ગણ દિપ્યંત અંતરિક્ષ તારાગણોની મધ્યે ચંદ્રની જેમ પ્રિયદર્શનવાળો નરપતિ સ્નાનગૃહથી નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં ઉદાયી હસ્તિરાજ છે, ત્યાં આવે છે. ત્યાં અનેક ગણનાયક-પ્રકૃતિમહત્તર, દંડનાયક-તંત્રપાલ, માંડલિક રાજા, ઈશ્વર-યુવરાજ, તલવર-રાજએ ખુશ થઈને આપેલ પટ્ટબંધથી વિભૂષિત રાજ્ય સ્થાનીય, છિન્નમડંબના અધિપતિ માડંબિકો, કૌટુંબિકો, મંત્રી, મહામંત્રી, ગણક-જ્યોતિષ્કો અથવા ભાંડાગારિકો, દૌવારિક એટલે પ્રતીહારકો, અમાત્ય-રાજ્ય અધિષ્ઠાયકો, ચેટ-પાદમૂલિક, પીઠમર્દક, વયસ્ય, નગર, નિગમ-વણિક, શ્રીદેવતા અધ્યાસિત સુવર્ણપટ્ટથી વિભૂષિત ઉત્તમાંગવાળો તે શ્રેષ્ઠી સેનાપતિ-રાજાએ નિયુક્ત કરેલ ચતુરંગ સૈન્યના નાયક, સાર્થવાહ, દૂત, સંધિપાલ-રાજ્યસંધિરક્ષક, સાથે, માત્ર સાથે જ નહીં, પણ તેઓ પરિવરેલા હતા તે રીતે નીકળ્યો.

जहा उववाइए - આ સૂત્ર છે - લટકતા લાંબા ઝૂમતા એવા પટ વડે સારી રીતે ઉત્તરાસંગ કરેલ છે જેણે તે, મોટા ભટોના વિત્સારવાળા સંઘથી પરિવરેલ, બીજાના પ્રહરણથી અભેદ્ય એવા આવરણને રાખીને, એક જ હાથી ઉપર બીજાને હરાવવાને નીકળ્યો.

हत - પ્રહારથી, मथित - માનના મથન વડે, प्रवरवीर - પ્રધાન ભટોને હણ્યા છે તે, ચક્રાદિ ચિન્હ અને ધ્વજા-પતાકા પાડી નાંખ્યા, પ્રાણોને કષ્ટમાં પાડેલ છે. - x - x - યુદ્ધથી નિવૃત્ત થયા.

● **સૂત્ર-૩૭૩ થી ૩૭૬ :-**

***[૩૭૩] અરહંતોએ આ જાણ્યું છે, પ્રત્યક્ષ કર્યુ છે, વિશેષથી જ્ઞાન કર્યુ છે કે આ રથમુશલ સંગ્રામ છે. ભગવન્! રથમુસલ સંગ્રામ જ્યારે થતો હતો ત્યારે કોણ જીત્યુ, કોણ હાર્યુ? હે ગૌતમ! ઈન્દ્ર, કોણિક અને અસુરેન્દ્ર અસુરકુમાર ચમર જીત્યા અને નવ મલ્લકી અને નવ લેચ્છકી રાજા હાર્યા. ત્યારે રથમુસલ સંગ્રામ ઉપસ્થિત થયો જાણીને, કોણિક રાજાએ૦ બાકી બધું મહાશિલાકંટક મુજબ જાણવું. વિશેષ એ - હસ્તિરાજ 'ભૂતાનંદ' હતો. યાવત્ કોણિક રાજા રથમુસલ સંગ્રામમાં ઉતર્યો. તેની આંગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર એ પ્રમાણે પૂર્વવત્ યાવત્ રહે છે. પાછળ અસુરેન્દ્ર અસુરરાજ ચમર લોઢાના બનેલા એક મહાન્ કિઢિન પ્રતિરૂપ કવચ વિકુર્વીને રહ્યો. એ પ્રમાણે ત્રણ ઈન્દ્રો સંગ્રામમાં પ્રવૃત્ત થયેલા – દેવેન્દ્ર, મનુજેન્દ્ર, અસુરેન્દ્ર. એ પ્રમાણે એક હાથી વડે પણ કોણિક રાજા જીતવા માટે સમર્થ હતો. યાવત્ બાકી બધું પૂર્વવત્ કહેવુ. યાવત્***

શત્રુઓ દશે દિશામાં ભાગી ગયા.

ભગવન્! રથમુસલ સંગ્રામને રથમુસલ સંગ્રામ કેમ કહે છે? ગૌતમ! રથમુસલ સંગ્રામ વર્તતો હતો ત્યારે એક રથ અશ્વરહિત, સારથી રહિત, યોદ્ધાઓ રહિત, માત્ર મુસલ સહિત મોટો જનક્ષય, જનવધ, જનપ્રમર્દન, જનપ્રલય સમાન, લોહીરૂપી કીચડ કરતો ચારે તરફ દોડતો હતો. તેથી તેને યાવત્ રથમુસલ સંગ્રામ કહે છે.

ભગવન્ ! જ્યારે રથમુસલ સંગ્રામ થયો, ત્યારે કેટલા લાખ લોકો માર્યા ગયા ? ગૌતમ ! ૯૬ લાખ લોકો માર્યા ગયા. - - ભગવન્ ! તે શીલ રહિત મનુષ્યો યાવત્ ક્યાં ઉત્પન્ન થયા ? ગૌતમ ! તેમાંના ૧૦,૦૦૦ મનુષ્યો એક માછલીની કુક્ષીમાં ઉત્પન્ન થયા, એક મનુષ્યો દેવલોકે ઉત્પન્ન થયો, એક મનુષ્ય સુકુલમાં જન્મ્યો, બાકીના નરક-તિર્યંચગતિમાં ઉપજ્યા.

[૩૭૪] ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રે અને અસુરેન્દ્ર અસુરકુમાર ચમરે કોણિક રાજાને કેમ સહાય કરી ? ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર તેનો પૂર્વ સંગતિક હતો, અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમર પર્યાય સંગતિક હતો. એ પ્રમાણે હે ગૌતમ ! શક્ર અને ચમરે કોણિક રાજાને સહાય આપી.

[૩૭૫] ભગવન્ ! ઘણાં લોકો પરસ્પર એમ કહે છે યાવત્ પ્રરૂપે છે, એ પ્રમાણે ઘણાં મનુષ્યો કોઈપણ મોટા-નાના સંગ્રામમાં અભિમુખ રહીને લડતા એવા કાળ માસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉપજે છે, હે ભગવન્ ! તે કઈ રીતે ? - ગૌતમ ! જે ઘણાં મનુષ્યો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ ઉપજે છે, તે એ પ્રમાણે અસત્ય કહે છે. હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપુ છું - હે ગૌતમ ! તે કાળે, તે સમયે વૈશાલી નામે નગરી હતી-વર્ણન-તે વૈશાલી નગરીમાં વરુણ નામે નાગનપ્તૃક રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. જીવાજીવને જાણતો શ્રાવક હતો યાવત્ પ્રતિલાભતો એવો નિરંતર છટ્ઠ-છટ્ઠની તપસ્યા દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો એવો વિચરતો હતો.

ત્યારે તે નાગનપ્તૃકને અન્યદા ક્યારેક રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગથી રથમૂસલ સંગ્રામમાં જવાની આજ્ઞા થતાં તેણે છટ્ઠને વધારીને અટ્ઠમનો તપ કર્યો. અટ્ઠમ તપ કરીને કૌટુંબિક પુરુષને બોલાવ્યા. બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી ચાતુર્ઘંટ અશ્વરથને તૈયાર કરી, શીઘ્ર ઉપસ્થિત કરો સાથે અશ્વ, હાથી, રથ, પ્રવર યોદ્ધાને યાવત્ સજ્જ કરો. યાવત્ મારી આ આજ્ઞાને મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ આજ્ઞા સાંભળીને જલ્દીથી છત્ર અને ધ્વજ સહિત યાવત્ રથ લાવ્યા, અશ્વાદિ સેનાને સજ્જ કરીને જ્યાં વરુણ નાગપૌત્ર હતો યાવત્ તેની આજ્ઞા પાછી સોંપી. ત્યારે તે નાગપૌત્ર જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવીને કોણિકની રાજાની માફક યાવત્ પ્રાયશ્ચિત્ત કરીને, સર્વાલંકાર વિભૂષિત થઈ, કવચ પહેરી, કોરંટપુષ્પની માળાથી૦ યાવત્ ધારણ કરીને,



અનેકગણ નાયક યાવત્ દૂત-સંધિપાલ સાથે સંપરિવરીને સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી. જ્યાં ચોર ઘંટાવાળો રથ હતો, ત્યાં આવ્યો. આવીને ચાતુર્ઘંટ અશ્વરથે આરૂઢ થયો. અશ્વ, હાથી, રથથી યાવત્ સંપરિવૃત્ત, મોટા ભટ્ટ, ચડગર૦ થી યાવત્ ઘેરાઈને જ્યાં રથમુસલ સંગ્રામ હતો, ત્યાં આવીને રથમુસલ સંગ્રામમાં ઉતર્યો.

ત્યારે તે વરુણ નાગનપ્તૃક રથમુસલ સંગ્રામમાં ઉતર્યો ત્યારે આવો અભિગ્રહ ગ્રહણ કર્યો — મારે રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરતાં, જે મારા ઉપર પહેલો પ્રહાર કરે, તેને જ મારવો કલ્પે. બીજાને નહીં. આવો અભિગ્રહ ગ્રહણ કરીને તે રથમુસલ સંગ્રામે પ્રવૃત્ત થયો. ત્યારે તે વરુણ નાગપોત્રને રથમુસલ સંગ્રામમાં લડતા, એક પુરુષ, તેના રથ સામે રથ લઈને શીઘ્ર આવ્યો. તે તેના જેવો જ, સમાન ત્વચાવાળો, સમાન વયવાળો, સમાન શસ્ત્ર યુક્ત હતો.

ત્યારે તે પુરુષે વરુણ નાગપૌત્રને આમ કહ્યું કે — હે વરુણ નાગપૌત્ર! પ્રહાર કર-પ્રહાર કર. ત્યારે વરુણ નાગપૌત્રએ તે પુરુષને આમ કહ્યું — હે દેવાનુપ્રિય! જે પહેલાં મારા ઉપર પ્રહાર ન કરે, તેના ઉપર પ્રહાર કરવાનું મને કલ્પતું નથી, પહેલા તું જ પ્રહાર કર. ત્યારે તે પુરુષે વરુણ નાગપૌત્રને આમ કહેતો સાંભળી, તે ક્રોધિત થયો યાવત્ લાલ-પીળો થઈને પોતાનું ધનુષ્ લીધું, ધનુષ્ લઈને, યથા સ્થાને બાણ ચડાવ્યું. અમુક આસને સ્થિર થયો. ધનુષ્ને કાન સુધી ખેંચ્યુ, એ રીતે ખેંચીને તે પુરુષે ગાઢ પ્રહાર કર્યો. ત્યારે તે વરુણ નાગપૌત્ર તે પુરુષ દ્વારા ગાઢ પ્રહાર થવાથી ક્રોધિત થઈ યાવત્ દાંત પીસતો, ધનુષ્યને લે છે, લઈને બાણ ચડાવે છે, બાણ ચડાવીને ધનુષ્ને કાન સુધી ખેંચે છે, ખેંચીને તે પુરુષને એક ઘાએ પત્થરના ટુકડા થાય તેમ જીવનથી રહિત કરી દીધો.

ત્યારપછી તે વરુણ નાગપૌત્ર, તે પુરુષથી ગાઢ પ્રહાર કરાયેલો અશક્ત, અબલ, અવીર્ય, પુરુષાર્થ-પરાક્રમથી રહિત થઈ ગયો. હવે મારુ શરીર ટકી નહીં શકે, એમ સમજીને ઘોડાને રોક્યા, રોકીને રથને પાછો વાળ્યો, પાછો વાળીને રથમુસલ સંગ્રામથી બહાર નીકળ્યો, નીકળીને એકાંતમાં ગયો, જઈને ઘોડાને રોક્યા, રોકીને રથને ઉભો રાખ્યો, રાખીને રથથી નીચે ઉતર્યો. ઉતરીને ઘોડાને મુક્ત કર્યા, કરીને વિસર્જિત કર્યા. પછી ઘાસનો સંથારો પાથર્યો. પાથરીને પૂર્વ દિશા તરફ મુખ કર્યુ. પછી પર્યંકાસને બેસી, હાથ જોડી યાવત્ આ પ્રમાણે કહ્યું

— અરિહંતોને નમસ્કાર થાઓ યાવત્ સિદ્ધિગતિને સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, આદિકર શ્રમણ ભગવંત મહાવીર, જે સિદ્ધિગતિ પ્રાપ્ત કરનારા છે, તેમને નમસ્કાર થાઓ. અહીં રહેલો હું, ત્યાં રહેલ ભગવંતને નમસ્કાર કરું છું, ત્યાં રહેલ ભગવંત મને જુએ. એમ કહીને વંદન-નમસ્કાર કર્યા. કરીને આ પ્રમાણે કહ્યું —

પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે જાવજ્જીવને માટે સ્થૂળ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યા હતા. એ રીતે યાવત્ જાવજ્જીવને માટે સ્થૂળ

*પરિગ્રહના પચ્ચક્ખાણ કર્યા હતા. અત્યારે પણ હું તે અરિહંત, ભગવંત મહાવીરનીની સાક્ષીએ સર્વે પ્રાણાતિપાતના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરું છું, એ પ્રમાણે સ્કંદકની માફક યાવત્ આ શરીરને તેના છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવું છું, એમ કહીને સન્નાહપટ્ટને છોડે છે, છોડીને શલ્યને ઉદ્ધરે છે, ઉદ્ધરીને આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિ પામી કાલગત થયા.*

*ત્યારે તે વરુણ નાગપૌત્રનો એક પ્રિય બાલમિત્ર રથમુસલ સંગ્રામમાં સંગ્રામ કરતો, એક પુરુષ વડે ગાઢ પ્રહાર કરાયેલ અશક્ત, અબલ યાવત્ શરીરને ટકાવી નહીં શકુ એમ કરીને વરુણ નાગપૌત્રને રથમુસલ સંગ્રામથી બહાર નીકળતા જુએ છે, જોઈને પોતાના ઘોડાને અટકાવે છે, પછી વરુણની માફક યાવત્ ઘોડાને વિસર્જિત કરે છે. સંથારો પાથરે છે, પાથરીને ત્યાં આરૂઢ થઈ પૂર્વાભિમુખ થઈ યાવત્ અંજલિ કરી આમ કહે છે —*

*જે પ્રમાણે મારા પ્રિય બાલ મિત્ર વરુણ નાગપૌત્રને જે શીલ, વ્રત, ગુણ, વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ છે, તે મને પણ થાઓ. એમ કરીને સન્નાહપટ્ટ છોડીને, શલ્યોદ્ધાર કરે છે. કરીને અનુક્રમે મૃત્યુ પામ્યો. ત્યારે વરુણ નાગપૌત્રને કાલગત જાણીને, નીકટ રહેલા વ્યંતર દેવોએ દિવ્ય સુરભિ-ગંધોદક વાસની વૃષ્ટિ કરી, પંચવર્ણી પુષ્પોને વરસાવ્યા, દિવ્ય ગીત-ગંધર્વ-નિનાદ કર્યો. ત્યારે તે વરુણ નાગપૌત્રના, તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ સાંભળીને અને જોઈને, ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે - ઘણાં મનુષ્યો યાવત્ દેવ થાય છે.*

*[૩૭૬] ભગવન્ ! વરુણ નાગપૌત્ર કાળ માસે કાળ કરી ક્યાં ગયો, ક્યાં ઉપજ્યો ? ગૌતમ ! સૌધર્મકલ્પમાં અરુણાભ વિમાને દેવ થયો. ત્યાં કેટલાંક દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે, ત્યાં વરુણ દેવની પણ ચાર પલ્યોપમ સ્થિતિ કહી. તે વરુણદેવ, તે દેવલોકથી આયુભવ-સ્થિતિનો ક્ષય થતાં મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! વરુણ નાગપૌત્રનો પ્રિયબાલ મિત્ર કાળ માસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉપજ્યો ? ગૌતમ ! સુકુલમાં જન્મ્યો. ભગવન્ ! તે ત્યાંથી પછી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખનો અંત કરશે. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● **વિવેચન-૩૭૨ થી ૩૭૬ :-**

सारुट्ठ - રોષયુક્ત મનથી, परिकुविय - શરીરે ચોતરફ દેખાતો કોપ વિકાર, समरवहिय - સંગ્રામે હણાયેલ, रहमुसल - જ્યાં રથ મુશલ વડે યુક્ત હોય અને ઘણો જન ક્ષય કરે, आयस - લોઢાનો, किढिण - વંશમય, તાપસ સંબંધી ભાજન વિશેષ अणासए - અશ્વરહિત, असारहिए - સારથી રહિત, अणारोहए - યોદ્ધારહિત, जणवह - જનવધ કે જન વ્યથા, जन पमद्द - લોક ચૂર્ણન, जणसंवट्ट - લોક સંહાર, - x -



पुव्वसंगइए - કાર્તિક શ્રેષ્ઠીના ભવમાં શક્ર હતો, ત્યારે કોણિકનો જીવ મિત્ર હતો. परियायसंगइए - પૂરણ તાપસની અવસ્થામાં ચમરનો આ તાપસ પર્યાયવર્તી મિત્ર હતો. - x - x - x -

पडिलाभेमाणे - શ્રમણ, નિર્ગ્રન્થને પ્રાસુક, એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ-વસ્ત્ર-પાત્ર-કંબલ-રજોહરણ-પીઠફલક-સંસ્તારકથી પ્રતિલાભિત કરતો વિચરે છે. - चाउग्घंटं - ચાર ઘંટ યુક્ત એવો, અશ્વો વડે વહનીય રથ, રથ સામગ્રીથી યુક્ત. सज्झय० યાવત્ શબ્દથી ઘંટ, પતાકા, ઉત્તમ તોરણ, નંદિઘોષ, કિંકિણી-હેમજાલ-પર્યન્તથી પરિક્ષિપ્ત. તથા હિમવત્ ગિરિમાં થયેલ, વિચિત્ર એવા તિનિશા નામક વૃક્ષ સંબંધી, - x - જે મંડલમાં સારી રીતે સંવિદ્ધ ચક્ર-ધુરિ છે તે. લોહવિશેષથી સારી રીતે કરાયેલ ચક્રમંડલ માલાથી યંત્રકર્મ જેમાં છે તે. જાતિ પ્રધાન અશ્વો વડે સારી રીતે સંપ્રયુક્ત. જેનો સારથી કુશળ નરરૂપ - દક્ષ છે તેના વડે સારી રીતે યુક્ત. જેમાં પ્રત્યેક બાણમાં સો-સો છે, તેવી બત્રીશ શરધિ વડે જે પરિમંડિત છે તે. તથા કવચ વડે શિરસ્ત્રાણ રૂપ છે —

— ચાપ અને શર વડે જે પ્રહરણો - ખડ્ગાદિ - x - x - વડે તેનાથી યુક્ત યોદ્ધો, યુદ્ધ માટે સજ્જ છે તે. વાચનાંતર આ બધું સાક્ષાત્ લખેલ છે. - - સમાન, સદૃશ ત્વચા, સદૃશ વય, સદૃશ ભાંડમાત્રા-શસ્ત્ર, કોશાદિ રૂપ ઉપકરણ જેને છે તે. आसुरुत्त - आशु - શીઘ્ર, रुप्त - કોપોદયથી વિમૂઢ, કોપનો ચિન્હો સ્ફૂર્યા છે તેવો. યાવત્ શબ્દથી रुष्ट - ક્રોધના ઉદયવાળો, कुपित - વધતા એવા કોપોદયવાળો, चाण्डिकित - પ્રકટિત રૌદ્રરૂપ, मिसिमिसिमाणे - ક્રોધાગ્નિ વડે દીપતો. અથવા આ શબ્દો એકાર્થિક છે. તે કોપનો પ્રકર્ષ દર્શાવવાને કહેવાયેલા છે.

ठाण - પાદ ન્યાસ વિશેષ લક્ષણ, ठाति - કરે છે. आयय कण्णाययं - કાન સુધી ખેંચેલ, एगाहच्चं - એક જ હનન પ્રહારથી જેમાં જીવિતથી રહિત થાય તે. कूडाहच्च - તેવા પ્રકારના પાષાણ-સંપુટ આદિમાં કાળના વિલંબ વગર ભાંગવું તે. अत्थाम - શક્તિરહિત, अबल - શારીરિક શક્તિ વર્જિત, अवीरिए - માનસ શક્તિવર્જિત, - x - अधारणिज्ज - શરીરને ધારણ કરવા અસમર્થ. - x - x - एगंत - એકાંતમાં, જંગલમાં, अंत - ભૂમિ ભાંગ.

सील - ફળની અપેક્ષારહિત પ્રવૃત્તિ, वय - અહિંસાદિ વ્રતો, गुण - ગુણવ્રતો, वेरमण - રાગાદિની વિરતિ. पच्चक्खाण - પૌરુષિ આદિ, पोसहोववास - પર્વ દિને ઉપવાસ. गंधव्व - મુરજાદિ ધ્વનિ લક્ષણ. निनाद - શબ્દ. काल मासे - કાળ દિવસે - સમયે. - x - x - आउक्खय - આયુના કર્મ દલિકો નિર્જરવાથી. भवक्खय - દેવભવ નિબંધન, દેવગતિ આદિ કર્મની નિર્જરાથી, ठिइक्खय - આયુષ્કાદિ કર્મની સ્થિતિ નિર્જરવાથી.

## ❀ શતક-૭, ઉદ્દેશો-૧૦-"અન્યતીર્થિક" ❀

— x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૯માં પરમતનું ખંડન કર્યુ, અહીં પણ તે જ કહે છે —

● સૂત્ર-૩૭૭ :-

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. [વર્ણન] ગુણશીલ ચૈત્ય હતું [વર્ણન] યાવત્ પૃથ્વીશિલા પટ્ટક હતો [વર્ણન]. તે ગુણશીલ ચૈત્યની થોડે દૂર ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા. તે આ – કાલોદાયી, શૈલોદાયી, શૈવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય, અન્નપાલક, શૈલપાલક, શંખપાલક, સુહસ્તી ગાથાપતિ. ત્યારે તે અન્યતીર્થિકો હે ભગવંત ! અન્ય કોઈ દિવસે એક સ્થાને આવ્યા, એકઠા થયા અને સુખપૂર્વક બેઠો.

તેઓમાં પરસ્પર આવો વાર્તાલાપ આરંભ થયો. એ પ્રમાણે શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાય પ્રરૂપે છે. તે આ - ધર્માસ્તિકાય યાવત્ આકાશાસ્તિકાય, તેમાં શ્રમણ જ્ઞાતપુત્રે ચાર અસ્તિકાયોને અજીવકાય કહ્યા છે. તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. શ્રમણ જ્ઞાતપુત્રે. એક જીવાસ્તિકાયને અરૂપીકાય, જીવકાય કહે છે. તેમાં શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાયને અરૂપીકાય કહે છે – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિ-કાય, જીવાસ્તિકાય. કેવળ એક પુદ્ગલાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર રૂપીકાય અજીવકાય કહે છે. તે વાત કઈ રીતે માનવી ?

તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ ગુણશીલ ચૈત્યે પધાર્યા. યાવત્ પર્ષદા પાછી ગઈ. તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામે અણગાર જે ગૌતમ ગોત્રના હતા, એ રીતે જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યા મુજબ ભિક્ષાચરીમાં ફરતા યથાપર્યાપ્ત ભોજનપાન ગ્રહણ કરીને રાજગૃહથી યાવત્ અત્વરિત, અચપળ, અસંભ્રાંત યાવત્ ઈર્યાપથ શોધતા શોધતા, તે અન્યતીર્થિક પાસેથી નીકળ્યા.

ત્યારે તે અન્યતીર્થિકોએ ભગવન્ ગૌતમને નજીકથી જતાં જોયા, જોઈને તેઓએ પરસ્પર એકબીજાને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! આપણે ઉક્ત વાત અપ્રગટ છે. આ ગૌતમ આપણી થોડે દૂરથી જઈ રહ્યા છે. તેથી હે દેવાનુપ્રિયો ! આપણે માટે ગૌતમ પાસે આ અર્થ પૂછવો શ્રેયસ્કર છે. એમ વિચારી, તેઓએ પરસ્પર આ સંબંધે પરામર્શ કર્યો પછી જ્યાં ગૌતમસ્વામી હતા, ત્યાં આવ્યા. આવીને તેઓએ ગૌતમ સ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રે પાંચ અસ્તિકાય કહ્યા છે, ધર્માસ્તિકાય યાવત્ આકાશાસ્તિકાય. તે પ્રમાણે યાવત્ રૂપી અજીવકાય કહ્યું છે. ગૌતમ ! તે કેવી રીતે છે ?

ત્યારે ગૌતમસ્વામીએ તે અન્યતીર્થિકોને આમ કહ્યું – દેવાનુપ્રિયો ! અમે અસ્તિભાવને નાસ્તિ કે નાસ્તિભાવને અસ્તિ એમ કહેતા નથી. હે દેવાનુપ્રિયો ! અમે સર્વે અસ્તિભાવને અસ્તિ અને નાસ્તિભાવને નાસ્તિ એમ કહીએ છીએ. તેથી હે દેવાનુપ્રિયો ! આપ સ્વયં આ અર્થનું ચિંતન કરો. એમ કહીને તે અન્યતીર્થિકને આમ કહ્યું – તે તેમ પૂર્વોક્ત જ છે.



એમ કહીને ગૌતમ, જ્યાં ગુણશીલ ચૈત્ય, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ઇત્યાદિ જેમ 'નિર્ગ્રન્થ' ઉદ્દેશકમાં છે તેમ યાવત્ ભોજન-પાન દેખાડે છે, દેખાડીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને દૂર નહીં, તેમ નીકટ નહીં એવા સ્થાને બેસીને યાવત્ પર્યુ પાસે છે.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ધર્મોપદેશે પ્રવૃત્ત હતા. કાલોદાયી તે સ્થાને જલ્દીથી આવ્યો. હે કાલોદાયી ! એમ સંબોધન કરીને ભગવંત મહાવીરે કાલોદાયીને આમ કહ્યું – હે કાલોદાયી ! કોઈ દિવસે એક સ્થાને, બધાં સાથે આવ્યા, સુખપૂર્વક બેઠા, તમે બધાં યાવત્ આ કઈ રીતે માનવું ? હે કાલોદાયી ! શું આ વાત યોગ્ય છે ? હા, છે.

હે કાલોદાયી ! એ વાત સત્ય છે કે હું પંચાસ્તિકાયને કહું છું તે આ – ધર્માસ્તિકાય યાવત્ પુદ્ગલાસ્તિકાય. તેમાં હું ચાર અસ્તિકાયનાં અજીવાસ્તિકાયોને અજીવરૂપે કહું છું. તે પ્રમાણે યાવત્ એક પુદ્ગલાસ્તિકાયને રૂપીકાય કહું છું. ત્યારે તે કાલોદાયીએ ભગવંતને આમ કહ્યું – ભગવન્ ! આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ અરૂપી અજીવકાયો ઉપર કોઈ બેસવા, સુવા, ઉભવા, નિષધા કરવા કે ત્વગ્વર્તના કરવા સમર્થ છે ? ના, તેમ નથી. હે કાલોદાયી ! એક પુદ્ગલાસ્તિકાય જ રૂપી અજીવકાય છે, તેના પર કોઈ બેસવા, સુવા આદિ ક્રિયા કરવા સમર્થ છે.

ભગવન્ ! આ પુદ્ગલાસ્તિકાય રૂપી અજીવકાયને, જીવોને પાપ કર્મ પાપકર્મ ફલવિપાક સંયુક્ત પાપકર્મ લાગે ? ના, ન લાગે. - - આ અરૂપી જીવાસ્તિકાયમાં જીવોને પાપફળવિપાકયુક્ત પાપકર્મ લાગે ? હા, લાગે. એ રીતે તે કાલોદાયી બોધ પામ્યો. ભગવંતને વંદન-નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવન્ ! હું તમારી પાસે ધર્મ શ્રવણ કરવા ઈચ્છુ છું. એ રીતે સ્કંદકની જેમ દીક્ષા લીધી, તેમજ ૧૧-અંગ ભણી યાવત્ વિચરે છે.

● વિવેચન-૩૭૭ :-

एगयओ० અન્ય સ્થાનેથી એક સ્થાને આવીને મળ્યા, બેઠા. બેસવું તે ઉત્કુટુકત્વાદિને પણ કહે છે, તેથી કહ્યું – સુખેથી બેઠા યાવત્ अत्थिकाय - પ્રદેશરાશી, अजीवकाय - અચેતન કાયા, અજીવોની રાશિ. अरूविकाय - अमूर्त्त. जीवकाय - જીવે તે જીવ - જ્ઞાનાદિ ઉપયોગ પ્રધાન કાય તે જીવકાય. કેટલાંક જીવાસ્તિકાયને જડરૂપે સ્વીકારે છે, તેના મતના નિષેધ માટે કહે છે – આ અસ્તિકાય વસ્તુને કેમ માનવી ? આ ચેતનાદિ વિભાગથી થાય છે. આ અસ્તિકાય વક્તવ્યતા પણ અનુકૂળપણાથી પ્રકાંત છે. અથવા વિશેષણથી પ્રગટ નથી. અથવા અવિજ્ઞપ્રકૃત છે. અથવા પ્રાબલ્યથી પ્રગટ નથી. એ રીતે અમે સર્વે અસ્તિભાવોને 'અસ્તિ' કહીએ છીએ. તથાવિધ સંવાદ તમારા દર્શનમાં પણ પ્રસિદ્ધ છે. મનથી પ્રમાણ અબાધિતત્વ લક્ષણથી આ અસ્તિકાય સ્વરૂપને આપમેળે વિચારો.

- x - x - अयंसि णं भंते ! જીવ સંબંધી પાપકર્મો અશુભ સ્વરૂપ ફળલક્ષણ

વિપાકને દેનારા પુદ્‌ગલાસ્તિકાયમાં ન હોય, કેમકે તે અચેતન હોવાથી અનુભવ રહિત છે. માત્ર જીવાસ્તિકાય જ તેમ છે અને તેવું અનુભવે છે. પહેલાં કાલોદાયીના પ્રશ્ન દ્વારથી કર્મ વક્તવ્યતા કહી, હવે તે પ્રશ્નદ્વારથી જ તે પાપફળ વિપાકાદિ થાય તે દર્શાવે છે - x - સંવિધાનક શેષ ભણવાપૂર્વક આ કહે છે –

● **સૂત્ર-૩૭૮ :-**

***ત્યારપછી શ્રમણ ભગવન્ મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહના ગુણશીલ ચૈત્યથી નીકળ્યા. બાહ્ય જનપદમાં વિચરવા લાગ્યા.***

***તે કાળે, તે સમયે રાજગૃહનગરે, ગુણશીલ ચૈત્ય હતું. ત્યારે કોઈ દિવસે ભગવંત મહાવીર યાવત્ સમોસર્યા, પર્ષદા પાછી ગઈ. ત્યારે તે કાલોદાયી અણગાર અન્ય કોઈ દિવસે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને વાંદી નમીને આમ કહ્યું – ભગવન્ ! જીવોને પાપકર્મ ફળ વિપાકથી યુક્ત પાપકર્મ લાગે છે ? હા, લાગે છે. ભગવન્ ! જીવોને પાપકર્મફળ વિપાક યુક્ત પાપકર્મ કઈ રીતે લાગે ? હે કાલોદાયી ! –***

***– જેમ કોઈ પુરુષ મનોજ્ઞ થાળી પાકશુદ્ધ ૧૮-વ્યંજનોથી યુક્ત વિષમિશ્રિત ભોજન ખાય, તે ભોજન તેને આરંભે સારું લાગે છે ત્યારપછી પરિણમને થતાં-થતાં દુરૂપપણે, દુર્ગંધપણે યાવત્ 'મહાશ્રવ' ઉદ્દેશા મુજબ યાવત્ વારંવાર પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી! જીવોને પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્ય આરંભે સારા લાગે છે, ત્યારપછી વિપરિણમતા દુરૂપપણે યાવત્ વારંવાર પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી! જીવોને પાપકર્મ પાપફળ વિપાક યુક્ત થાય છે.***

***ભગવન્ ! જીવોને શુભ કર્મ શુભ ફળ વિપાક યુક્ત હોય છે ? હા, હોય છે. ભગવન્ ! જીવોને શુભ કર્મો કઈ રીતે યાવત્ થાય છે ? હે કાલોદાયી ! જેમ કોઈ પુરુષ મનોજ્ઞ થાલીપાકશુદ્ધ ૧૮-વ્યંજનથી યુક્ત ઔષધિ મિશ્રિત ભોજન કરે, તો તે ભોજન આરંભે સારું ન લાગે. તો પણ પછી પરિણમતા-પરિણમતા સુરૂપપણે, સુવર્ણપણે યાવત્ સુખપણે પણ દુઃખપણે નહીં, તેમ વારંવાર પરિણમે છે. તેમ હે કાલોદાયી ! જીવો પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધવિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેકથી આરંભે તે સારા ન લાગે તો પણ પછી પરિણત થતા-થતા સુરૂપપણે યાવત્ દુઃખરૂપે નહીં. તેમ વારંવાર પરિણમે છે. એ પ્રમાણે હે કાલોદાયી ! જીવ શુભ કર્મોને યાવત્ કરે છે.***

● **વિવેચન-૩૭૮ :-**

જીવોને પાપકર્મો, જેનો ફળરૂપ વિપાક પાપ છે, તત્સંયુક્ત હોય છે. થાળીમાં પકાવેલ પાક તે સ્થાલીપાક. બીજે પકાવેલ-ન પકાવેલમાં તેવો સ્વાદ ન હોય, માટે આ વિશેષણ મૂક્યું. શુદ્ધ - ભોજન દોષવર્જિત. સ્થાલીપાક વડે શુદ્ધ. લોક પ્રસિદ્ધ ૧૮-વ્યંજન, શાલનક કે તક્રાદિ વડે સંકીર્ણ. અથવા ૧૮ ભેદ વડે આકુલ, તે વ્યંજન. ૧૮ ભેદ આ રીતે – સૂપ, ઓદન, યવન્ન, ત્રણે મંસાદિ, ગોરસ, જૂષ, ભક્ષ્યા,



ગુલલાવણિકા, મૂળફળ, હરિતક, ડાગ, રસાલૂ, પાન, પાનીય, પાનગ, શાગ. - x - અહીં મંસાદિ - તે જલ જ વનસ્પતિ, જૂષ - મગ, ચોખા આદિનો રસ, ભક્ષ્ય - ખાંડના ખાજાદિ, ગુલ લાવણિયા - ગોળપાપડી કે ગોળ ધાણા, હરિતક - જીરકાદિ, ડાગ - વત્થુલાની ભાજી, - x - પાન - સુરાદિ, પાનીય - જળ, પાનક - દ્રાક્ષ પાનાદિ..

આવાત - પહેલો સંસર્ગ, ભદ્દए - મધુરત્વથી મનોહર. जहा महासवए - છઠ્ઠા શતકનો ત્રીજો ઉદ્દેશો, તેનું સૂત્ર, તે અહીં પણ કહેવું. - x - x - ત્યારપછી ભિન્ન પરિણામને પામે છે. પ્રાણાતિપાતાદિમાં કાર્યમાં કારણના ઉપચારથી પ્રાણાતિપાતાદિ હેતુક કર્મ, દુરૂપતાના હેતુપણે પરિણમે છે. ઔષધ - મહાતિક્ત ઘી આદિ - x - પ્રાણાતિપાત વિરમણાદિ ઈન્દ્રિયોને પ્રતિકૂળ હોવાથી આરંભે સારા ન લાગે. પણ તેનાથી થતું પુન્ય કર્મ તે ભિન્ન પરિણામને આપે છે. - - - અહીં કર્મને ફળથી કહ્યા. હવે ક્રિયાવિશેષને આશ્રીને, તેના કર્તા પુરુષ દ્વારથી કર્માદિનું અલ્પબહુત્વ–

● **સૂત્ર-૩૭૯ :-**

***ભગવન્! બે પુરુષ સમાન યાવત્ સમાન ભાંડ, પાત્ર અને ઉપકરણવાળા હોય, તે પરસ્પર સાથે અગ્નિકાયનો સમારંભ કરે, તેમાં એક પુરુષ અગ્નિકાયને સળગાવે અને બીજો અગ્નિકાયને બુઝાવે, તો હે ભગવન્! આ બે પુરુષોમાં કયો પુરુષ મહાકર્મવાળો, મહાક્રિયાવાળો, મહાઆશ્રવવાળો અને મહાવેદનાવાળો થાય? અને કયો પુરુષ અલ્પકર્મી, યાવત્ અલ્પવેદનાવાળો થાય? - જે પુરુષ અગ્નિકાયને સળગાવે છે, તે કે જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે? – હે કાલોદાયી! તેમાં જે પુરુષ અગ્નિકાય સળગાવે છે, તે મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો થાય છે અને જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે અલ્પકર્મવાળો યાવત્ અલ્પવેદનાવાળો થાય છે. - - ભગવન્! એમ કેમ કહ્યું? - x -***

***હે કાલોદાયી ! તેમાં જે પુરુષ અગ્નિકાય સળગાવે છે, તે પુરુષ પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો ઘણો જ સમારંભ કરે છે અને ત્રસકાયનો અલ્પ સમારંભ કરે છે. તેમાં જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે, તે પુરુષ પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો અલ્પ સમારંભ કરે છે, કેવળ તેઉકાયનો બહુ સમારંભ કરે છે. તેથી હે કાલોદાયી ! એમ કહ્યું કે યાવત્ અલ્પવેદનાવાળો થાય છે.***

● **વિવેચન-૩૭૯ :-**

अगणिकाय० તેઉકાયને ઉપદ્રવ કરીને હિંસા કરે છે. તેમાં એક સળગાવીને અને બીજો બુઝાવીને કરે છે. તેમાં સળગાવવાથી ઘણો જ તેઉકાય ઉત્પાદ થવા છતાં અલ્પતર વિનાશ પણ થાય, તેમ દર્શાવ્યુ છે. મહાકર્મતર-એટલે અતિશયથી-જ્ઞાનાવરણાદિ મહાકર્મ જેને છે તે તથા મહાક્રિયાવાળો, અહીં ક્રિયા-દાહરૂપા છે. મહાસ્રવતર-ઘણાં કર્મબંધનો હેતુ હોવાથી, મહાવેદણતર-જેમાંથી જીવને મહાવેદના થાય તે.

અગ્નિ વક્તવ્યતા કહી, અગ્નિ સચેતન છે, એ રીતે અચિત પુદ્‌ગલો પણ કેવા પ્રકાશે ? તેવો પ્રશ્ન કરતાં કહે છે –

● **સૂત્ર-૩૮૦ :-**

*ભગવન્ ! અચિત પુદ્ગલો પણ પ્રકાશે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે ? હા, તેમ છે. - - ભગવન્ ! કયા અચિત પુદ્ગલો પ્રકાશે છે યાવત્ પ્રભાસે છે ? હે કાલોદાયી ! ક્રુદ્ધ અણગારની તેજોલેશ્યા નીકળ્યા પછી દૂર જઈને દૂર દેશમાં પડે છે, જવા યોગ્ય દેશે જઈને તે દેશમાં પડે છે જ્યાં જ્યાં તે પડે છે, ત્યાં ત્યાં તે અચિત્ત પુદ્ગલો પણ પ્રકાશયુક્ત હોય છે યાવત્ પ્રભાસે છે. ત્યારે તે કાલોદાયી અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને, ઘણાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ યાવત્ આત્માને ભાવિત કરતા, જેમ પહેલા શતકમાં કાલાસ્યવેષા પુત્રને કહ્યા, યાવત્ તેમ સર્વદુઃખથી મુક્ત થયા. ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૩૮૦ :-**

અચિત્ત-સચેતન તેઉકાયાદિ તાવત્ પ્રકાશે છે જ. ओभासंति - પ્રકાશવાળા હોય છે. उज्जोइंति - વસ્તુને ઉદ્યોત કરે છે, तवंति - તાપ કરે છે, पभासंति - તથાવિધ વસ્તુના દાહકત્વથી પ્રભાવ પામે છે.

ક્રુદ્ધ અણગારની તેજોલેશ્યા દૂર જઈને દૂર પડે છે, અભિપ્રેત સ્થળે જતાં ક્રમશઃ તેના અડધા આદિમાં ગમન સ્વભાવ હોવા છતાં દેશના તે અર્દ્ધ આદિમાં પડે છે. - x - ઇત્યાદિ - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૮ 卐

— x — x —

૦ પૂર્વે પુદ્ગલાદિ ભાવો પ્રરૂપ્યા. અહીં પણ બીજા પ્રકારે તેની જ પ્રરૂપણા કરે છે. એ સંબંધે આ આઠમું શતક કહીએ છીએ. ઉદ્દેશક ગાથા —

● **સૂત્ર-૩૮૧ :-**

*પુદ્ગલ, આશીવિષ, વૃક્ષ, ક્રિયા, આજીવ, પ્રાસુક, અદત્ત, પ્રત્યનીક, બંધ, આરાધના, આઠમાં શતકમાં આ દશ ઉદ્દેશા છે.*

● **વિવેચન-૩૮૧ :-**

(૧) પુદ્ગલ પરિણામાર્થે પહેલો ઉદ્દેશો પુદ્ગલ જ કહેવાય, તેમ બીજે પણ જાણવું, (૨) આશીવિષાદિ વિષયક, (૩) સંખ્યાત જીવાદિ વૃક્ષ વિષયક, (૪) કાયિકી આદિ, ક્રિયાને જણાવે છે, (૫) આજીવિક વક્તવ્યતાર્થે, (૬) પ્રાસુક દાનાદિ વિષયક, (૭) અદત્તાદાન વિચારણાર્થે, (૮) ગુરુપ્રત્યનીક આદિ અર્થ પ્રરૂપણાર્થે, (૯) પ્રયોગ-બંધાદિ અર્થે, (૧૦) દેશારાધનાદિ અર્થે.

● **સૂત્ર-૩૮૨ :-**

*રાજગૃહે યાવત્ એ પ્રમાણે કહ્યું — ભગવન્! પુદ્ગલો કેટલા પ્રકારે કહ્યા છે? ગૌતમ! ત્રણ પ્રકારે કહ્યા છે - પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિસ્રસા પરિણત.*

● **વિવેચન-૩૮૨ :-**

પ્રયોગ પરિણત - જીવના વ્યાપારથી શરીરાદિ રૂપે પરિણત પુદ્ગલ.. મિશ્રપરિણત - પ્રયોગ અને વિસ્રસા, બંને દ્વારા પરિણત પુદ્ગલ.. વિસ્રસા પરિણત-સ્વભાવથી પરિણત પુદ્ગલ... મિશ્રપરિણત માટે વૃત્તિકાર જણાવે છે — ઔદારિકાદિ વર્ગણારૂપ સ્વાભાવિક નિષ્પાદિત થયેલ જે જીવ પ્રયોગ વડે એકેન્દ્રિયાદિ શરીરવાગેરે બીજા પરિણામને પામે, તે મિશ્રપરિણત. પ્રયોગ પરિણામમાં પણ આવું છે, છતાં તેમાં વિસ્રસાની વિવક્ષા નથી, અથવા પ્રયોગ પરિણતને નવ દંડકથી કહે છે —

● **સૂત્ર-૩૮૩ :-**

*ભગવન્ ! પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારે કહ્યા ? ગૌતમ ! પાંચ પ્રકારે — એકેન્દ્રિય પ્રયોગપરિણત યાવત્ પંચેન્દ્રિયપ્રયોગ પરિણત. - - ભગવન્ ! એકેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે. પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત. - - ભગવન્ ! પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારે છે — ગૌતમ ! બે પ્રકારે — સૂક્ષ્મપૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત, બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગપરિણત. - - ભગવન્ ! અપ્કાયિક એકેન્દ્રિય પ્રયોગપરિણત એ પ્રમાણે જ જાણવા. એ રીતે વનસ્પતિકાય સુધી.*

*ભગવન્ ! બેઈન્દ્રિય પ્રયોગપરિણત વિશે પૃચ્છા. ગૌતમ ! અનેક પ્રકારે છે. આ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પ્રયોગપરિણતોને પણ જાણવા. - -*

પંચેન્દ્રિય પ્રયોગપરિણતની પૃચ્છા. ગૌતમ ! તે ચાર ભેદે છે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ — પંચેન્દ્રિય પ્રયોગ પરિણત.

નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગપરિણતની પૃચ્છા-ગૌતમ ! સાત પ્રકારે છે — રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પ્રયોગપરિણત યાવત્ અધઃસપ્તમ પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણત. - - તિર્યંચ યોનિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણતની પૃચ્છા. ગૌતમ ! ત્રણ ભેદે છે - જલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક પરિણત પુદ્ગલ, સ્થલર૦ ખેચર૦ પ્રયોગ પરિણત.

જલચર તિર્યંચ યોનિક પ્રયોગ પૃચ્છા - ગૌતમ! બે ભેદે છે — સંમૂર્ચ્છિમ જલચર૦ ગર્ભ વ્યુત્ક્રાંતિક જલચર૦ - - સ્થલચર તિર્યંચ૦નો પ્રશ્ન - ગૌતમ! બે ભેદે — ચતુષ્પદ સ્થલચર૦, પરિસર્પ સ્થલચર૦ - - ચતુષ્પદ સ્થલચર૦નો પ્રશ્ન - ગૌતમ! બે ભેદે - સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચર૦, ગર્ભવ્યુત્ક્રાંતિક ચતુષ્પદ સ્થલચર.

એ પ્રમાણે આ અભિલાપથી પરિસર્પ બે ભેદે - ઉર પરિસર્પ, ભુજગ પરિસર્પ. ઉરપરિસર્પ બે ભેદે - સંમૂર્ચ્છ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક. એ પ્રમાણે ભુજપરિસર્પ અને ખેચર પણ જાણવા. - - મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગનો પ્રશ્ન, બે ભેદે છે — સંમૂર્છિમ મનુષ્ય૦, ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય૦.

દેવ પંચેન્દ્રિય પ્રયોગ તો પ્રશ્ન - ગૌતમ ! ચાર ભેદે છે — અસુરકુમાર૦ યાવત્ સ્તનિતકુમાર૦ એ રીતે આ જ અભિલાપથી આઠ ભેદે વ્યંતર૦ - પિશાચ યાવત્ ગંધર્વ૦ - - જ્યોતિષ્ક પાંચ ભેદે છે - ચંદ્ર વિમાન જ્યોતિષ્ક૦ યાવત્ તારા વિમાન જ્યોતિષ્ક દેવ પ્રયોગપરિણત.

વૈમાનિક૦ બે ભેદે - કલ્પોપપન્નક૦ કલ્પાતીત વૈમાનિક૦ કલ્પોપપન્નક બાર ભેદે છે - સૌધર્મ યાવત્ અચ્યુત કલ્પોપન્નક વૈમાનિક દેવ૦ - - કલ્પાતીત૦ ગૌતમ ! બે ભેદે છે - ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક૦, અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પ્રયોગ પરિણત પુદ્ગલો.

ગ્રૈવેયક૦ નવ ભેદે છે - હેટ્ઠિમહેટ્ઠિમ ગ્રૈવેયક કલ્પાતીત૦ યાવત્ ઉપરિમ-ઉપરિમ ગ્રૈવેયક કલ્પાતીત૦ - - અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ, ભગવન્! કેટલા પ્રકારે છે? ગૌતમ! પાંચ પ્રકારે. વિજય યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક દેવ પંચેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલો.

ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પર્યાપ્ત, અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક પ્રયોગ પરિણત. - - બાદર પૃથ્વીકાયિકના પણ બે ભેદ. યાવત્ વનસ્પતિકાયિક સુધી બધાંના બે ભેદ - સૂક્ષ્મ, બાદર અને પર્યાપ્તા, અપર્યાપ્તા કહેવા.

બેઈન્દ્રિય પ્રયોગપરિણતનો પ્રશ્ન. ગૌતમ ! બે ભેદે છે — પર્યાપ્ત૦, અપર્યાપ્ત૦ એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય પણ કહેવા.

રત્નપ્રભાપૃથ્વી નૈરયિકની પૃચ્છા - ગૌતમ ! બે ભેદ - પર્યાપ્તા૦ અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વી પરિણત૦ એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.



સંમૂર્છિમ જલચર તિર્યંચ પૃચ્છા - ગૌતમ ! બે ભેદે - પર્યાપ્તા૦, અપર્યાપ્તા૦. એ રીતે ગર્ભવ્યુત્ક્રાંતિક પણ કહેવા. - - સંમૂર્છિમ ચતુષ્પદ સ્થલચર૦ અને ગર્ભ વ્યુત્ક્રાંતિક૦ એ પ્રમાણે જ કહેવા - - સંમૂર્છિમ ખેચર ગર્ભવ્યુત્ક્રાંતિક સુધી એમ જ જાણવું. દરેક પર્યાપ્તા, અપર્યાપ્તા બે ભેદ કહેવા.

સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય પૃચ્છા. ગૌતમ ! એક જ ભેદ છે — અપર્યાપ્તક૦ - - ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય પૃચ્છા. ગૌતમ ! બે ભેદ છે - પર્યાપ્તા૦, અપર્યાપ્તાગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય મનુષ્ય પ્રયોગ૦

અસુરકુમાર ભવનવાસી દેવોની પૃચ્છા. ગૌતમ ! બે ભેદે. — પર્યાપ્તા૦, અપર્યાપ્તા અસુરકુમાર૦ એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું. આ આલાવા વડે બબ્બે ભેદે પિશાચ૦ યાવત્ ગંધર્વ૦ કહેવા. ચંદ્ર૦ યાવત્ તારા વિમાન૦, સૌધર્મ કલ્પોપન્નક યાવત્ અચ્યુત૦, હેટ્ઠિમ-હેટ્ઠિમ ગ્રૈવેયક૦ યાવત્ ઉપરિમ-ઉપરિમ ગ્રૈવેયક૦ વિજય યાવત્ અપરાજિત અનુત્તર૦

— સર્વાર્થસિદ્ધ કલ્પાતીત પૃચ્છા. ગૌતમ ! બે ભેદે - પર્યાપ્તક અને સપર્યાપ્તક૦ યાવત્ પ્રયોગ પરિણત પુદ્ગલ, એ બે ભેદ.

જે અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય પ્રયોગપરિણત છે. તે ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર પ્રયોગ પરિણત છે. જે પર્યાપ્ત સૂક્ષ્મ યાવત્ પરિણત છે, તે પણ તેમજ છે. એ પ્રમાણે ચતુરિન્દ્રિય પર્યાપ્તા સુધી કહેવું. વિશેષ આ — પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે ઔદારિક-વૈક્રિય-તૈજસ-કાર્મણ શરીર પ્રયોગ પરિણત છે. બાકી પૂર્વવત્. જે અપર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પંચેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર પ્રયોગ પરિણત છે, એ પ્રમાણે પર્યાપ્તા પણ જાણવા. એ રીતે અધઃસપ્તમી સુધી જાણવું.

જે અપર્યાપ્તક સંમૂર્છિમ જલચર યાવત્ પરિણત છે, તે ઔદારિક-તૈજસ-કાર્મણશરીર યાવત્ પરિણત છે. એ પ્રમાણે પર્યાપ્તા પણ જાણવા. ગર્ભવ્યુત્ક્રાંતિક પર્યાપ્તા, અપર્યાપ્તા બંને એ પ્રમાણે જ છે. વિશેષ એ કે — પર્યાપ્તા બાદર વાયુકાયિકની જેમ પર્યાપ્તાના ચાર શરીર છે. એ પ્રમાણે જેમ જલચરોમાં ચાર આલાવા કહ્યા તેમ ચતુષ્પદ ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરોમાં પણ ચાર આલાવા કહેવા.

જે સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર પ્રયોગપરિણત છે. એ પ્રમાણે ગર્ભવ્યુત્ક્રાંતિક અપર્યાપ્તક, પર્યાપ્તક પણ જાણવા. વિશેષ એ કે — શરીર પાંચ કહેવા. અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી, નૈરયિકની જેમ જાણવા. એ રીતે પર્યાપ્તા પણ કહેવા. એ પ્રમાણે બબ્બે ભેદથી સ્તનિતકુમાર સુધી કહેવું. એ પ્રમાણે પિશાચ યાવત્ ગંધર્વ, ચંદ્ર યાવત્ તારાવિમાન, સૌધર્મકલ્પ યાવત્ અચ્યુત, હેટ્ઠિમહેટ્ઠિમ ગ્રૈવેયક યાવત્ ઉપરિમ ઉપરિમ ગ્રૈવેયક, વિજય યાવત્ સર્વાર્થસિદ્ધ એકૈકના બબ્બે ભેદો જાણવા યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક૦ પરિણતા તે વૈક્રિય-તૈજસ-કાર્મણ શરીર પ્રયોગ

***પરિણત પુદ્ગલ કહેવા જોઈએ.***

***જે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, જે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ છે, તે એમ જ છે. જે અપર્યાપ્તા બાદરપૃથ્વીકાયિક છે, તે અને પર્યાપ્તા પણ એમજ છે. એ રીતે ચાર ભેદથી વનસ્પતિકાયિક સુધી જાણવું.***

***જે અપર્યાપ્તા બેઈન્દ્રિય પ્રયોગપરિણત છે, તે જિહવેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, પર્યાપ્તા બેઈન્દ્રિય એમ જ છે. એ રીતે ચાર ઈન્દ્રિય સુધી જાણવું. વિશેષ એ — એકૈક ઈન્દ્રિયની વૃદ્ધિ કહેવી. યાવત્ અપર્યાપ્તા રત્નપ્રભા પૃથ્વીનૈરયિક૦ પાંચે ઈન્દ્રિય પ્રયોગ પરિણત કહેવા. એમજ પર્યાપ્તા કહેવા. એ રીતે બધાં કહેવા — તિર્યંચ, મનુષ્ય, દેવો યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક૦ પરિણત તેઓ પાંચે ઈન્દ્રિયોથી૦ પરિણત છે.***

***જે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક-તૈજસ-કાર્મણ શરીરપ્રયોગ પરિણત છે. તે સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, જે પર્યાપ્તા સૂક્ષ્મ૦ છે તે અને બાદર અપર્યાપ્તા-પર્યાપ્તા છે, તે બધાં એમ જ જાણવા. એ રીતે એ આલાવાથી જેની જેટલી ઈન્દ્રિયો અને શરીરો છે, તે તેને કહેવા. યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ યાવત્ દેવ પંચેન્દ્રિય વૈક્રિય-તૈજસ-કાર્મણ શરીરપ્રયોગ પરિણત છે, તે શ્રોત્ર યાવત્ સ્પર્શ ઈન્દ્રિય પ્રયોગપરિણત છે.***

***જે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય પ્રયોગ પરિણત છે તે વર્ણથી કાળો-નીલો-રાતો-પીળો-સફેદ વર્ણ પરિણત છે. ગંધથી સુરભિ-દુરભિગંધ પરિણત, રસથી તિક્ત-કડુચ-કસાય-અંબિલ-મધુર રસ પરિણત, સ્પર્શથી કર્કશ યાવત્ રૂક્ષ પરિણત, સંસ્થાનથી પરિમંડલ-વૃત્ત-ત્ર્યસ્ર-ચતુરસ્ર-આયત સંસ્થાન પરિણત છે. - - જે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ એ જ પ્રમાણે છે. એ પ્રમાણે અનુક્રમે જાણવું કે જેના જેટલા શરીરો યાવત્ જે પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ૦ પંચેન્દ્રિય વૈક્રિય - તૈજસ-કાર્મણશરીરી યાવત્ પરિણત છે, તે વર્ણથી કાળા યાવત્ આયત સંસ્થાન પરિણત છે.***

***જે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય સ્પર્શનેન્દ્રિય પ્રયોગ પરિણત છે, તે વર્ણથી કાળા યાવત્ આયતસંસ્થાન પરિણત છે. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ એમ જ છે. એ રીતે અનુક્રમે જેને જેટલી ઈન્દ્રિયો છે, તેને તેટલી કહેવી, યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તર યાવત્ શ્રોત્રથી સ્પર્શ સુધી પરિણત છે, વર્ણથી કાળા યાવત્ આયત સંસ્થાન પરિણત છે.***

***જે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક તૈજસ-કાર્મણ સ્પર્શનેન્દ્રિય પ્રયોગપરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ યાવત્ આયત સંસ્થાન પરિણત છે, જે સૂક્ષ્મ પૃથ્વી૦ તેમજ છે. એ રીતે અનુક્રમે જેને જેટલા શરીર અને ઈન્દ્રિયો છે, તેને તેટલા કહેવા. યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય-તૈજસ-કાર્મણ૦ તે શ્રોત્ર યાવત્ સ્પર્શનેન્દ્રિય પ્રયોગ પરિણત૦ વર્ણથી કાળ વર્ણ પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત છે. એ રીતે નવ દંડકો થયા.***



**● વિવેચન-૩૮૩ :-**

એકેન્દ્રિયથી સર્વાર્થસિદ્ધ દેવાંત જીવ ભેદ વિશેષિત પ્રયોગ પરિણતોના પુદ્ગલોનો પહેલો દંડક છે. તેમાં પૃથ્વીકાય૦ની જેમ અપ્કાય એકેન્દ્રિય પ્રયોગપરિણત કહેવા. પૃથ્વી-અપ્ પ્રયોગ પરિણતોમાં બે ભેદ-સૂક્ષ્મ અને બાદર વિશેષથી જાણવા. તેઉકાય પ્રયોગ૦માં પણ એમ વાંચવું. अनेकविध - પુલાક, કૃમિ આદિ ભેદથી બેઈન્દ્રિયો, તેઈન્દ્રિય પ્રયોગ પરિમત પણ અનેકવિધ છે — કુંથુ, કીડી આદિ ભેદથી. ચતુરિન્દ્રિય પ્રયોગ પરિણત પણ અનેકવિધ-માખી, મશકાદિ ભેદથી. - - સૂક્ષ્મ પૃથ્વીકાયિકથી સર્વાર્થસિદ્ધ દેવ સુધી પર્યાપ્તક-અપર્યાપ્તક વિશેષ બીજો દંડક. તેમાં સૂક્ષ્મ-બાદર ભેદથી બે પ્રકારે પુદ્ગલો કહેવા. તે પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તા બે ભેદ છે.

અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ આદિ ઔદારિકાદિ શરીર વિશેષથી ત્રીજો દંડક. તેમાં ઔદારિક-તૈજસ-કાર્મણ શરીરોના જે પ્રયોગથી પરિણત તે. તથા પૃથ્વી આદિના જ આ ત્રણ શરીરથી પ્રયોગ પરિણત થાય છે. બાદર પર્યાપ્તા વાયુના આહારક સિવાય ચારે શરીર થાય છે. વૈક્રિય-આહારક-શરીર અભાવે ગર્ભવ્યુત્ક્રાંતિક અપર્યાપ્તક મનુષ્યો ત્રણ શરીરવાળા જ છે.

ઈન્દ્રિય વિશેષથી ચોથો દંડક છે. ઔદારિકાદિ શરીર સ્પર્શાદિ ઈન્દ્રિય વિશેષથી પાંચમો દંડક છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન વિશેષથી છટ્ઠો દંડક છે. ઔદારિકાદિ શરીર-વર્ણાદિ ભાવ વિશેષથી સાતમો દંડક છે. ઈન્દ્રિય-વર્ણાદિ વિશેષથી આઠમો, શરીર-ઈન્દ્રિય-વર્ણાદિથી નવમો દંડક છે.

**● સૂત્ર-૩૮૪,૩૮૫ :-**

***[૩૮૪] ભગવન્ ! મિશ્ર પરિણત પુદ્ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. - એકેન્દ્રિય મિશ્ર પરિણત યાવત્ પંચેન્દ્રિય મિશ્ર પરિણત. એકેન્દ્રિય મિશ્ર પરિણત પુદ્ગલ, ભગવન્ ! કેટલા ભેદે છે ? ગૌતમ ! જેમ પ્રયોગ પરિણતના નવ દંડકો કહ્યા, તેમ મિશ્રપરિણતના પણ નવ દંડકો બધાં સંપૂર્ણ કેહવા. વિશેષ એ - આલાવો મિશ્ર પરિણતનો કહેવો. બાકી બધું તેમજ છે. યાવત્ જે પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ આયતસંસ્થાન પરિણત.***

***[૩૮૫] વીસ્રસા પરિણત, ભગવન્ ! પુદ્ગલો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે — વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન પરિણત. જે વર્ણ પરિણત છે, તે પાંચ ભેદે છે — કાળવર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત, જે ગંધ પરિણત છે, તે બે ભેદે — સુરભિગંધ, દુરભિગંધ પરિણત. એ રીતે જેમ પન્નવણાપદમાં છે, તેમ સંપૂર્ણ યાવત્ સંસ્થાનથી આયત સંસ્થાન પરિણત, તે વર્ણથી કાળવર્ણ પરિણત પણ છે યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે.***

**● વિવેચન-૩૮૪,૩૮૫ :-**

મિશ્ર પરિણતમાં પણ નવ દંડકો જ છે. હવે વિસ્રસા પરિણત પુદ્ગલોને વિચારીએ - પન્નવણા પદમાં આ રીતે છે — જે રસપરિણત છે, તે પાંચ ભેદે કહ્યા

— તિક્ત, કડુય, કસાય, અંબિલ, મધુર રસ પરિણત. જે સ્પર્શ પરિણત છે, તે આઠ ભેદે — કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ સ્પર્શ પરિણત. — હવે એક પુદ્ગલ દ્રવ્યને આશ્રીને પરિણામને ચિંતવે છે —

● સૂત્ર-૩૮૬ :-

*ભગવન્ ! શું એક દ્રવ્ય, પ્રયોગ-મિશ્ર-કે-વિસ્રસા પરિણત હોય ? ગૌતમ ! પ્રયોગ કે મિશ્ર કે વિસ્રસા પરિણત હોય. - - જો પ્રયોગ પરિણત હોય, તો મનપ્રયોગ પરિમત હોય, વચન૦ કે કાય પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! મન કે વચન કે કાયપ્રયોગ પરિણત હોય. - - જો મન પ્રયોગ પરિણત હોય તો સત્યમન પ્રયોગ પરિમત હોય, મૃષા૦, સત્યામૃષા૦ કે અસત્યમૃષામન પ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! તે સત્ય૦ કે મૃષા૦ કે સત્યામૃષા૦ કે અસમારંભ સત્યમનપ્રયોગ પરિણત હોય. - - જો સત્ય મન પ્રયોગ પરિણત હોય તો શું આરંભ મન પ્રયોગ પરિણત હોય, અનારંભ૦, સારંભ૦, અસારંભ૦, સમારંભ૦ કે અસમારંભ સત્ય મન પ્રયોગ પરિણત હોય —*

*— જો મૃષામન પ્રયોગ પરિણત હોય, તો આરંભ મૃષા મન પ્રયોગ પરિણત હોય કે... એ પ્રમાણે સત્ય૦ની જેમ મૃષા૦ પણ કહેવું. એ રીતે સત્યામૃષા અને અસત્યામૃષા મનપ્રયોગ પણ કહેવો. - - જો વચન પ્રયોગ પરિણત હોય તો શું સત્યવચન૦ કે મૃષાવચન પ્રયોગ પરિણત હોય? એ રીતે મનપ્રયોગ પરિણત માફક વચનપ્રયોગ પરિણત પણ યાવત્ અસમારંભ વચનપ્રયોગ પરિણત સુધી કહેવું. - - જો કાય પ્રયોગ પરિણત હોય તો શું ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય, ઔદારિક મીશ્ર૦, વૈક્રિય૦, વૈક્રિય-મિશ્ર૦, આહારક૦, આહારક-મિશ્ર૦ કે કાર્મણ શરીર કાય પ્રયોગ પરિણત છે? ગૌતમ! ઔદારિક શરીર કાયપ્રયોગ કે યાવત્ કાર્મણ શરીરકાય પ્રયોગ પરિણત હોય છે. - - જો ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણત હોય તો શું એકેન્દ્રિય ઔદારિક શરીરકાય પ્રયોગ પરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિય૦ હોય? ગૌતમ? એકેન્દ્રિય કે યાવત્ પંચેન્દ્રિય૦ પરિણત હોય.*

*— જો એકેન્દ્રિય ઔદારિક શરીરકાય પ્રયોગ પરિણત હોય, તો શું પૃથ્વીકાય એકેન્દ્રિય૦ હોય કે યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય૦ હોય ? ગૌતમ ! પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીરકાયપ્રયોગ પરિણત હોય કે યાવત્ વનસ્પતિકાય૦ પરિણત હોય. - - જો પૃથ્વીકાય એકેન્દ્રિય ઔદારિક શરીય કાય પ્રયોગ પરિણત હોય, તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિક૦ હોય કે યાવત્ બાદર પૃથ્વીકાયિક૦ હોય ? ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક૦ હોય કે યાવત્ બાદરપૃથ્વીકાયિક૦ હોય. - - જો સૂક્ષ્મપૃથ્વીકાયિક૦ હોય તો શું પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦ પરિણત હોય કે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ પરિણત હોય ? ગૌતમ ! પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ હોય કે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ હોય. એ પ્રમાણે બાદર પણ જાણવું. યાવત્ વનસ્પતિકાયના ચાર ભેદો જાણવા. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાના બે ભેદો જાણવા - પર્યાપ્ત, અપર્યાપ્ત.*





*જો પંચેન્દ્રિય ઔદારિક શરીર કાય પ્રયોગપરિણત હોય, તો શું તિર્યંચ યોનિક પંચેન્દ્રિય ઔદારિક શરીરકાયપ્રયોગ પરિણત હોય કે મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! તિર્યંચયોનિક યાવત્ પરિણત હોય કે મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય.*

*જો તિર્યંચયોનિક યાવત્ પરિણત હોય તો શું જલચર તિર્યંચયોનિક૦ પરિણત હોય કે સ્થલચર૦ કે ખેચર૦ હોય ? એ પ્રમાણે જ ચાર ભેદ યાવત્ ખેચરોના કહેવા. - - જો મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય, તો શું સંમૂર્છિમ મનુષ્ય પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય કે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! બંને. જો ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય યાવત્ પરિણત છે, તો શું પર્યાપ્ત ગર્ભવ્યુત્ક્રાંતિક યાવત્ પરિણત છે કે અપર્યાપ્તગર્ભ વ્યુત્ક્રાંતિક ? ગૌતમ ! પર્યાપ્તગર્ભ વ્યુત્ક્રાંતિક કે અપર્યાપ્તગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય૦ પરિણત હોય.*

*જો ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગ પરિણત છે, તો શું એકેન્દ્રિય ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગ પરિણત છે, બેઈન્દ્રિય૦ પરિણત છે યાવત્ પંચેન્દ્રિય૦ પરિણત છે ? ગૌતમ ! એકેન્દ્રિય ઔદારિક૦માં જેમ ઔદારિક શરીર કાય પ્રયોગ પરિણતનો આલાવો કહ્યો, તેમ ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ પરિણતનો આલાવો કહેવો. વિશેષ એ - બાદર વાયુકાયિક, ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્યો, આ ત્રણમાં પર્યાપ્તા-અપર્યાપ્તા કહેવા, બાકીનામાં અપર્યાપ્તા કહેવા.*

*જો વૈક્રિય શરીરકાયપ્રયોગ પરિણત છે, તો એકેન્દ્રિય૦ યાવત્ પંચેન્દ્રિય વૈક્રિયશરીરકાયપ્રયોગ પરિણત છે ? ગૌતમ ! એકેન્દ્રિય૦ અથવા યાવત્ પંચેન્દ્રિય યાવત્ પરિણત હોય. - - જો એકેન્દ્રિય યાવત્ પરિણત હોય તો શું વાયુકાયિક૦ હોય, અવાયુકાયિક એકેન્દ્રિય યાવત્ પરિણત હોય ? ગૌતમ ! વાયુકાયિક૦ કે અવાયુકાયિક૦ હોય. એ રીતે આ અભિલાપ વડે જેમ અવગાહના સંસ્થાનમાં વૈક્રિયશરીર કહ્યું તેમ અહીં પણ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કાય પ્રયોગ પરિણત કે અપર્યાપ્ત સર્વાર્થ સિદ્ધ કાય પ્રયોગ પરિણત કહેવું.*

*જો વૈક્રિયમીશ્રશરીર કાય પ્રયોગ પરિણત હોય, તો એકેન્દ્રિય મિશ્રશરીર કાય પ્રયોગ પરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિય૦ હોય ? એ પ્રમાણે જેમ વૈક્રિય, તેમ મિશ્ર. વિશેષ આ - દેવ, નૈરયિકમાં અપર્યાપ્ત, બાકીનામાં પર્યાપ્તા, તે પ્રમાણે જ યાવત્ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ યાવત્ પરિણત ન હોય, અપર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ પરિણત હોય, ત્યાં સુધી કહેવું.*

*જો આહારક શરીર કાય પ્રયોગ પરિણત હોય, તો શું મનુષ્ય આહારક શરીર કાયપ્રયોગ પરિણત હોય, અમનુષ્યાહારક૦ પરિણત હોય ? એ પ્રમાણે જેમ અવગાહના સંસ્થાનમાં યાવત્ ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તક*

***સંખ્યાત વર્ષાયુક્ત૦ પરિણત હોય, અનૃદ્ધિ પ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ યાવત્ પરિણત ન હોય.***

***જો આહારક મિશ્રશરીર કાયપ્રયોગ પરિણત હોય, તો શું મનુષ્યાહારક મિશ્ર શરીર૦ ? જેમ 'આહારક' તેમ 'મિશ્રક'માં બધું કહેવું.***

***જો કાર્મણ શરીર કાયપ્રયોગ હોય, તો શું એકેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ પરિણત હોય યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર૦ ? ગૌતમ ! એકેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ૦ એ રીતે જેમ 'અવગાહના સંસ્થાનમાં' કાર્મણના ભેદો કહ્યા તેમ અહીં પણ યાવત્ પર્યાપ્ત સર્વાર્થ સિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય કાર્મણ શરીર કાયપ્રયોગ પરિણત હોય અથવા અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ૦ યાવત્ પરિમત હોય.***

***જો મિશ્ર પરિણત હોય, તો શું મન૦ વચન૦ કે કાયમિશ્ર પરિણત હોય ? ગૌતમ ! મન કે વચન કે કાયમિશ્ર પરિણત હોય. - - જો મન મિશ્ર પરિણત હોય તો શું સત્યમન૦ કે મૃષામનમિશ્ર પરિણત હોય ? જેમ પ્રયોગ પરિણત, તેમ મિશ્રપરિણત પણ બધું યાવત્ પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય કાર્મણ શરીર મિશ્ર પરિણત કે અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ યાવત્ કાર્મણ શરીરમિશ્ર પરિણત સુધી કહેવું.***

***જો વીસ્રસા પરિણત હોય, તો શું વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત હોય ? ગૌતમ ! વર્ણ કે ગંધ કે રસ કે સ્પર્શ કે સંસ્થાન પરિણત હોય. - - જો વર્ણ પરિણત હોય, તો શું કાળા વર્ણ પરિણત હોય કે યાવત્ શુક્લ વર્ણ૦ ? ગૌતમ ! કાળા૦ યાવત્ શુક્લ૦ જો ગંધ પરિણત હોય, તો શું સુરભિગંધ પરિણત કે દુરભિગંધ ? ગૌતમ ! સુરભિગંધમાં કે દુરભિગંધમાં પરિણત હોય. જો રસ પરિમત હોય, તો શું તિક્તરસ પરિણત હોય૦ પ્રશ્ન. ગૌતમ ! તિક્ત યાવત્ મધુર રસ પરિણત હોય. - - જો સ્પર્શ પરિણત હોય, તો શું કર્કશ સ્પર્શ પરિણત હોય યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત ? ગૌતમ ! કર્કશ૦ કે યાવત્ રૂક્ષ૦ હોય. - - જો સંસ્થાન પરિણત હોય૦ પ્રશ્ન. ગૌતમ ! પરિમંડલ સંસ્થાન પરિણત કે યાવત્ આયત સંસ્થાન પરિણત હોય.***

**● વિવેચન-૩૮૬ :-**

મનપણાથી પરિણત ભાષાદ્રવ્ય કાય યોગ વડે ગ્રહણ કરીને વચનયોગ વડે નીકળે તે વાક્યોગ પરિણત. ઔદારિકાદિ કાયયોગ વડે ગૃહિત ઔદારિકાદિ વર્ગણા દ્રવ્ય ઔદારિકાદિ કાયપણે પરિણત તે કાય પ્રયોગ પરિણત કહેવાય. - - સદ્ભૂત અર્થના ચિંતનયુક્ત મનનો પ્રયોગ તે સત્યમન પ્રયોગ કહેવાય. એ રીતે બીજા પણ કહેવા. વિશેષ એ - મૃષા એટલે અસદ્ભૂત અર્થ, સત્યમૃષા - મિશ્ર. જેમકે - પાંચ બાળકો જન્મ્યા હોય ત્યારે દશ બાળકો જન્મ્યા, તેમ કહેવું. અસત્યમૃષા - સત્ય-મૃષાનું સ્વરૂપ ઓળંગી ગયેલ, જેમકે — ''આપો''. આરંભસત્ય - જીવના ઉપઘાતના વિષયમાં સત્ય તે, તદ્વિષયક જે મનઃપ્રયોગ, તેના વડે પરિણત. અનારંભ - જીવનો



અનુપઘાત. સારંભ - વધનો સંકલ્પ, સમારંભ - પરિતાપ.

ઔદારિક શરીર જ પુદ્ગલસ્કંધરૂપત્વથી ઉપચીયમાનત્વથી કાય ઔદારિક શરીરકાય, તેનો જે પ્રયોગ, આ પર્યાપ્તાનો જ જાણવો, તેના વડે જે પરિણત તે. - - ઔદારિકની ઉત્પત્તિ કાળે અસંપૂર્ણ હોવાથી કાર્મણ વડે મિશ્ર, તે ઔદારિક મિશ્ર - x - તેનો જે પ્રયોગ તે ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ, તેના વડે પરિણત. આ ઔદારિક મિશ્રક શરીર કાયપ્રયોગ અપર્યાપ્તકને જ જાણવો. કહ્યું છે — ઉત્પત્તિ પછી જીવ કાર્મણયોગથી આહાર કરે છે, પછી શરીરપર્યાપ્તિ સુધી ઔદારિક મિશ્ર વડે આહાર કરે છે. એ રીતે કાર્મણ અને ઔદારિક શરીરની મિશ્રતા છે.

જ્યારે ઔદારિક શરીરી વૈક્રિયલબ્ધિ સંપન્ન મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ યોનિકકે પર્યાપ્ત બાદર વાયુકાયિક વૈક્રિય શરીર કરે, ત્યારે ઔદારિક કાયયોગમાં જ વર્તતા પ્રદેશોને કાઢીને વૈક્રિય શરીર યોગ પુદ્ગલોને ગ્રહણ કરીને જ્યાં સુધી વૈક્રિય શરીર પર્યાપ્તિ ન પામે ત્યાં સુધી વૈક્રિય વડે ઔદારિક શરીરની મિશ્રતા છે. આ પ્રમાણે આહારક સાથે પણ ઔદારિક શરીરની મિશ્રતા કહેવી. - - વૈક્રિય પર્યાપ્તકને વૈક્રિય શરીર કાયપ્રયોગ હોય છે. વૈક્રિય મિશ્રક શરીર કાયપ્રયોગ દેવ-નારકમાં ઉત્પન્ન થતાં અપર્યાપ્તકને હોય, અહીં મિશ્રતા-વૈક્રિયશરીરની કાર્મણ સાથે છે, અથવા લબ્ધિ વૈક્રિયનો ત્યાગ કરી, ઔદારિકમાં પ્રવેશ કાળે ઔદારિક ગ્રહણ કરવા પ્રવૃત્તને વૈક્રિયની પ્રાધાન્યતાથી ઔદારિક હોવા છતાં વૈક્રિય મિશ્રતા.

આહારક શરીર રચ્યા પછી, તે આહારક શરીરકાય પ્રયોગ છે. આહારકના ઔદારિક સાથે મિશ્રતામાં આહારક મિશ્રશરીર કાયપ્રયોગ છે, તે આહારક ત્યાગ અને ઔદારિકના ગ્રહણાભિમુખને હોય છે. - x -

કાર્મણશરીર કાયપ્રયોગ વિગ્રહ ગતિમાં અને સમુદ્ઘાત કરતા કેવલીને ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં હોય. - x -

આ પ્રમાણે પ્રજ્ઞાપના ટીકાનુસાર ઔદારિકાદિ શરીર કાયપ્રયોગ વ્યાખ્યા કરી, શતક ટીકાનુસાર મિશ્રકાય પ્રયોગ આ રીતે છે — ઔદારિક મિશ્ર, ઔદારિક જ અપરિપૂર્ણ મિશ્ર કેહવાય. જેમકે ગોળમિશ્ર દહીં, તે ગોળપણે ન કહેવાય, દહીંપણે પણ ન કહેવાય. એ રીતે ઔદારિક મિશ્ર કાર્મણથી ઔદારિકપણે કે કાર્મણપણે કહી શકાતા નથી. કેમકે તે પરિપૂર્ણ નથી. એ રીતે વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર પણ જાણવું.

જેમ ઔદારિક શરીર કાયપ્રયોગ પરિણતમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ આશ્રીને આલાપક કહ્યો. તેમ ઔદારિક મિશ્ર શરીરકાય પરિણતમાં પણ કહેવો. તેમાં એટલું વિશેષ - બધાં જ સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ પર્યાપ્તા-અપર્યાપ્તા વિશેષથી કહેવા. અહીં બાદર વાયુકાયિક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો પર્યાપ્તા-અપર્યાપ્તા વિશેષથી કહેવા. બાકીના અપર્યાપ્તા વિશેષણા જ છે. કેમકે બાદર વાયુકાયાદિને પર્યાપ્ત અવસ્થામાં જ વૈક્રિયના આરભથી ઔદારિક મિશ્ર શરીરકાયપ્રયોગ પ્રાપ્ત થાય છે. બાકીનાને અપર્યાપ્તક અવસ્થામાં થાય છે.

'ઓગાહણ સંઠાણ' એ પ્રજ્ઞાપનામાં ૨૧-મું પદ છે. ત્યાં આવું સૂત્ર છે — ''જો

વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીરકાયપ્રયોગ પરિણત૦'' ઇત્યાદિ. એ રીતે જેમ ''ઓગાહણસંઠાણ''માં કહ્યું, તે આ સૂત્ર – ''અમનુષ્ય આહારક શરીર કાયપ્રયોગ પરિણત નહીં.'' ઇત્યાદિ. – હવે બે દ્રવ્ય કહે છે –

● સૂત્ર-૩૮૭ :-

*ભગવન્ ! બે દ્રવ્યો શું પ્રયોગ પરિણત છે, મિશ્રપરિણત છે કે વીસ્રસા પરિણત છે ? ગૌતમ ! બે દ્રવ્યો – (૧) પ્રયોગ પરિણત હોય કે (૨) મિશ્રપરિણત કે (૩) વીસ્રસા પરિણત કે (૪) એક પ્રયોગ પરિમત, એક મિશ્ર પરિણત કે (૫) એક પ્રયોગ પરિણત, એક વીસ્રસા પરિમત કે (૬) એક મિશ્ર પરિણત, એક વીસ્રસાપરિણત હોય.*

*જો પ્રયોગ પરિણત હોય, તો મનપ્રયોગ પરિણત હોય, વચન૦ કાયપ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! મનપ્રયોગ કે વચનપ્રયોગ૦ કે એક મન૦ એકવચન૦ કે એકવચન૦ એક કાયપ્રયોગ હોય. - - જો મનપ્રયોગ પરિમત હોય તો શું સત્ય મનપ્રયોગ હોય, ઇત્યાદિ ? ગૌતમ ! સત્ય૦ કે યાવત્ અસત્યામૃષા મનઃપ્રયોગ અથવા એક સત્ય૦ એક મૃષામન પ્રયોગ પરિણત. અથવા એક સત્ય૦ એક સત્યામૃષામનપ્રયોગ પરિણત. અથવા એક સત્ય૦ એક અસત્યા મૃષા મનપ્રયોગ પરિણત. અથવા એક મૃષા૦ એક સત્યામૃષામનપ્રયોગ પરિણત અથવા એક મૃષા૦ એક અસત્યામૃષામન પ્રયોગ પરિણત. અથવા એક સત્યામૃષા૦ એક અસત્યામૃષા મનપ્રયોગ પરિણત હોય.*

*જો સત્યમનપ્રયોગ પરિણત હોય તો શું આરંભ સત્ય૦ યાવત્ અસમારંભ સત્ય મનઃપ્રયોગ પરિણત હોય ? ગૌતમ ! આરંભ સત્ય૦ કે યાવત્ અસમારંભ સત્ય મનઃપ્રયોગ પરિણત હોય. અથવા એક આરંભ સત્ય૦ એક અનારંભ સત્યમનઃપ્રયોગ પરિણત હોય. એ રીતે આ ગમ વડે દ્વિકસંયોગ જાણવા. સર્વે સંયોગો જ્યાં જેટલા થાય તે કહેવા યાવત્ સર્વાર્થસિદ્ધ ગતિ.*

*જો મિશ્ર મનઃપરિણત હોય તો, શું મનોમિશ્ર પરિણત હોય ઇત્યાદિ કહેવું. - - જો વીસ્રસા પરિણત હોય તો શું વર્ણ પરિણત, ગંધ પરિણત૦ એ રીતે પૂર્વવત્ વીસ્રસા પરિણત પણ યાવત્ અથવા એક દ્રવ્ય ચતુરસ્ર સંસ્થાન૦ કે એક દ્રવ્ય આયત સંસ્થાન પરિણત હોય.*

*ભગવન્ ! ત્રણ દ્રવ્યો, પ્રયોગ૦, મિશ્ર૦, વીસ્રસા પરિણત હોય ? ગૌતમ ! ત્રણ દ્રવ્યો – (૧) પ્રયોગ૦ કે મિશ્ર૦, કે વીસ્રસા પરિણત હોય અથવા (૨) એક પ્રયોગ૦, બે મિશ્ર પરિણત હોય. અથવા (૩) એક પ્રયોગ૦, બે વીસ્રસા પરિણત હોય અથવા (૪) અથવા બે પ્રયોગ૦ એક મિશ્ર૦ અથવા (૫) બે પ્રયોગ૦ એક વીસ્રસા૦ (૬) અથવા એક મિશ્ર૦ બે વીસ્રસા૦ અથવા (૭) બે મિશ્ર૦ એક વીસ્રસા૦ (૮) અથવા એક પ્રયોગ૦ એક મિશ્ર૦ એક વીસ્રસા પરિણત હોય.*

*જો પ્રયોગ પરિણત હોય તો શું મન૦, વચન૦, કાયપ્રયોગ પરિણત હોય? ગૌતમ! મનઃપ્રયોગ પરિણત કે એ પ્રમાણે એક સંયોગ, દ્વિકસંયોગ, ત્રિકસંયોગ*



*કહેવા. - - જો મનઃપ્રયોગ પરિણત હોય તો શું સત્યમન આદિ પ્રયોગ પરિણત હોય? ગૌતમ સત્ય૦ કે યાવત્ અસત્યામૃષા મનપ્રયોગ પરિણત અથવા એક સત્ય૦ બે મૃષા૦ એ પ્રમાણે દ્વિકસંયોગ, ત્રિકસંયોગ કહેવા. એ પ્રમાણે યાવત્ એક ત્ર્યસ સંસ્થાન પરિણત કે એક ચતુરસ્ર૦ કે એક આયત સંસ્થાન પરિણત.*

*ભગવન્! ચાર દ્રવ્યો હોય, તો શું પ્રયોગ પરિણતાદિ હોય? ગૌતમ! પ્રયોગ કે મિશ્ર કે વીસ્રસાપરિણત. અથવા એક પ્રયોગ૦ ત્રણ મિશ્ર પરિણત. અથવા એક પ્રયોગ૦ ત્રણ વીસ્રસા પરિણત અથવા બે પ્રયોગ૦ બે મિશ્ર પરિણત. અથવા બે પ્રયોગ૦ બે વીસ્રસા પરિણત. અથવા ત્રણ પ્રયોગ૦ એક મિશ્ર પરિણત અથવા ત્રણ પ્રયોગ૦ એક વીસ્રસા પરિણત. અથવા એક મિશ્ર૦ ત્રણ વીસ્રસા પરિણત અથવા બે મિશ્ર૦ બે વીસ્રસા પરિણત અથવા ત્રણ મિશ્ર૦ એક વીસ્રસા પરિણત અથવા એક પ્રયોગ૦ બે વીસ્રસા૦ એક મિશ્ર પરિણત. - - અથવા એક પ્રયોગ૦ બે મિશ્ર૦ એક વીસ્રસા૦ અથવા બે પ્રયોગ૦ એક મિશ્ર૦ એક વીસ્રસા૦ - - - જો પ્રયોગ પરિણત હોય તો શું મન આદિ પ્રયોગ પરિણત છે? એ રીતે એ ક્રમથી પાંચ, છ, સાત યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત, અનંતા દ્રવ્ય એક સંયોગથી કહેવા. બે-ત્રણ-યાવત્ દશ-બાર સંયોગથી જ્યાં જેના જેટલા સંયોગ થાય, તે સર્વે કહેવા. આ બધાં ફરીથી જેમ નવમાં શતકમાં ''પ્રવેશનક'' ઉદ્દેશામાં કહીશું તેમ કહેવા. યાવત્ અસંખ્યાત, અનંત, વિશેષ આ – એક પદ અધિક કહેવું યાવત્ અથવા અનંતા પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન૦*

● વિવેચન-૩૮૭ :-

અહીં પ્રયોગ પરિણતાદિ ત્રણમાં એક સંયોગે ત્રણ વિકલ્પ, દ્વિકયોગે છ, એ રીતે મનઃપ્રયોગાદિ ત્રણમાં પણ સત્યમનઃ પ્રયોગ પરિણતાદિ ચાર પદ, તેમાં એક યોગે ચાર, દ્વિકયોગે છ, કુલ દશ. આરંભ સત્ય મનઃપ્રયોગ પરિણતાદિ છ પદ, તેમાં એક યોગે છ, દ્વિકયોગે ૧૫, કુલ-૨૧. - x - એ પ્રમાણે આ ગમ વડે આરંભ સત્ય મનઃપ્રયોગ આદિ પદ પ્રદર્શનથી દ્વિકસંયોગ વડે સમસ્ત દ્રવ્ય દ્વય સૂત્ર જાણવું. દ્વિકસંયોગના એકત્વ વિકલ્પ અભિધાનપૂર્વક એકત્વ વિકલ્પ દેખાય છે. - x - ત્યાં આરંભ સત્ય મનઃપ્રયોગ દેખાડેલ છે જ. આરંભ આદિ છ પદ વિશેષિતમાં - મૃષામનઃપ્રયોગાદિમાં ત્રણ, સત્ય વાક્ પ્રયોગાદિમાં ચાર, તે પ્રત્યેકમાં એક યોગે છ વિકલ્પો - દ્વિકયોગે-૧૫. એમ કુલ-૨૧, ઔદારિક શરીરકાય પ્રયોગાદિમાં સાત પદમાં એક યોગે સાત, દ્વિકયોગે-૨૧, કુલ-૨૮, ભંગ જાણવા.

એ રીતે એકેન્દ્રિયાદિ પૃથ્વી આદિ પદ વગેરેથી પૂર્વોક્ત ક્રમ વડે ઔદારિકાદિ કાય પ્રયોગ પરિણત બે દ્રવ્ય વિસ્તારવા. ક્યાં સુધી ? તે કહે છે - યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય કાર્મણ શરીર કાય પ્રયોગ પરિણત હોય તો શું પર્યાપ્ત૦ અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ યાવત્ પરિણત છે ? ગૌતમ ! પર્યાપ્ત સર્વાર્થ સિદ્ધ૦ કે અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ યાવત્ પરિણત છે.

પ્રયોગ પરિણત બે દ્રવ્યવત્ પ્રત્યેક વિકલ્પમાં દ્વિકસંયોગ વડે વિસ્રસા પરિણતમાં

પણ દ્રવ્યમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનોમાં પાંચ વગેરે ભેદોમાં કહેવા. ક્યાં સુધી ? જાવ અહવેગે૦ આ પંચ ભેદ સંસ્થાનમાં દશ દ્વિક સંયોગમાં દશમો ભેદ છે.

હવે ત્રણ દ્રવ્ય - અહીં પ્રયોગ પરિણતાદિ ત્રણ પદમાં એક યોગે ત્રણ વિકલ્પ, દ્વિકયોગે - છ. કેમ? પહેલા એકત્વમાં, બાકીના ક્રમથી દ્વિત્વમાં બે ઇત્યાદિ. તથા બીજાના એકત્વમાં અને ત્રીજાના દ્વિત્વમાં અન્ય તથા બીજાના દ્વિત્વમાં, ત્રીજાના એકત્વમાં અન્ય. એ રીતે છ. - - ત્રિક સંયોગમાં એક જ, એ રીતે કુલ દશ ભંગ થયા.

એ પ્રમાણે મન:પ્રયોગ આદિ ત્રણેમાં પણ. - x - સત્ય મન:પ્રયોગાદિના ચાર પદ, તેથી એક સંયોગો ચાર, દ્વિકસંયોગે બાર. - x - x - x - ત્રિક સંયોગમાં ચાર. એમ કુલ ૨૦ ભંગ થયા.

સૂત્રમાં કેટલુંક કહ્યું. બાકીનાનો અતિદેશ કર્યો છે.

અહીં પણ ત્રણ દ્રવ્યાધિકારમાં તેમજ કહેવું જેમ દ્રવ્ય દ્વયાધિકારમાં કહેલું છે. તેમાં મન-વચન-કાયાના ભેદથી જે પ્રયોગ પરિણામ મિશ્ર પરિણામ વર્ણાદિ ભેદથી વિસ્રસા પરિણામ કહ્યા. તે અહીં પણ કહેવા. - x - અહીં પરિમંડલાદિ પાંચ પદોના એક યોગે પાંચ વિકલ્પો, દ્વિક યોગે-૨૦. - x - x - x - ત્રિક યોગે-૧૦.

હવે દ્રવ્ય ચતુષ્કને આશ્રીને કહે છે — અહીં પ્રયોગ પરિણત આદિ ત્રણમાં એક યોગે ત્રણ, દ્વિકસંયોગે નવ - x - x - x - ત્રિક યોગમાં ત્રણ જ થાય. એ રીતે બધાં મળીને ૧૫ વિકલ્પો થયા.

जइ पओग परिणया किं मणप्पओगे - થી શેષ દ્રવ્યચતુષ્ક પ્રકરણને ઉપલક્ષીને કહ્યું. તેમાં પૂર્વે કહ્યા મુજબ સંસ્થાન સૂત્રપર્યન્ત ઉચિત ભંગ સહિત બધું કહેવું. - - હવે પાંચ દ્રવ્યાદિ પ્રકરણનો અતિદેશ દર્શાવતા કહે છે - અભિલાપ - ભગવન્ ! શું પાંચ દ્રવ્યો પ્રયોગ પરિણતાદિ છે ? ગૌતમ ! તે પ્રયોગ પરિણતાદિ (૩) છે. અથવા એક પ્રયોગ પરિણત, ચાર મિશ્ર પરિણત ઇત્યાદિ. અહીં દ્વિકસંયોગે ૧૨ વિકલ્પો છે. - x - x - x - ત્રિક સંયોગે છ વિકલ્પો છે - x - x - x - યાવત્ ચાર, પાંચ થી દશ સંયોગ. તેમાં દ્રવ્યપંચક અપેક્ષાએ સત્ય મન આદિ ચારે પદોમાં દ્વિક, ત્રિક, ચતુષ્ક સંયોગો થાય છે. તેમાં દ્વિક સંયોગા-૨૪-વિકલ્પો છે - x - x - ત્રિકસંયોગી પણ ૨૪ ભંગો થાય છે. - x - x - ચતુષ્ક સંયોગે પણ ચાર, વિકલ્પો છે. - x - x - x - એકેન્દ્રિયાદિ પાંચે પદોમાં દ્વિક-ચતુષ્ક-પંચક સંયોગો થાય છે. તેમાં દ્વિકસંયોગી-૪૦-ભેદ થાય. ત્રિકસંયોગે ૬૦ વિકલ્પો. પાંચ પદોના દશ ત્રિકસંયોગ, પ્રત્યેક ત્રિકસંયોગમાં પૂર્વોક્ત ક્રમથી છ વિકલ્પો, દશને છ વડે ગુણતા-૬૦, ચતુષ્ક સંયોગે-૨૦ વિકલ્પ-પાંચ પદોના ચતુષ્ક સંયોગ-૫, પ્રત્યેકના પૂર્વોક્ત ક્રમે ચાર ભંગ, પાંચને અચાર વડે ગુણતાં-૨૦ વિકલ્પો. પંચક સંયોગે એક જ વિકલ્પ છે.

આ પ્રમાણે ષટ્ક સંયોગાદિ પણ કહેવા. વિશેષ એ કે - ષટ્ક સંયોગ આરંભ સત્ય મન પ્રયોગાદિ પદોને આશ્રીને છે. સપ્તક સંયોગ ઔદારિકાદિ કાયપ્રયોગને આશ્રીને છે, અષ્ટક સંયોગ વ્યંતરના ભેદોથી છે, નવક સંયોગ ગ્રૈવેયકના ભેદથી છે, દશક સંયોગ ભવનપતિના ભેદોથી છે, તેમાં વૈક્રિય શરીરકાય



પ્રયોગ અપેક્ષાએ જાણવું. એકાદશ સંયોગ સૂત્રમાં કહ્યા નથી કેમકે પૂર્વોક્ત પદોમાં તેનો સંભવ નથી. દ્વાદશસંયોગ કલ્પોપન્ન દેવના ભેદને આશ્રીને વૈક્રિય શરીરકાય પ્રયોગ અપેક્ષાએ છે.

પવેસણ - નવમાં શતકના ત્રીજા ઉદ્દેશામાં ગાંગેય અણગાર કૃત નરકાદિગત પ્રવેશન વિચારમાં છે. તદનુસાર કેટલા દ્રવ્યો કહેવા ? અસંખ્યાત, અનંત નારકાદિ વક્તવ્યતા આશ્રીને તે સૂત્ર છે. - x - x -

હવે આ બધાનું અલ્પબહુત્વ વિચારતા કહે છે —

● સૂત્ર-૩૮૮ :-

*ભગવન્ ! આ પ્રયોગ પરિણત, મિશ્રપરિણત, વીસ્રસા પરિણત પુદ્‌ગલોમાં ક્યા કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સર્વથી થોડાં પુદ્‌ગલ પ્રયોગ પરિણત છે, મિશ્રપરિણત અનંતગુણા છે. વીસ્રસા પરિણત તેથી અનંતગુણા છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૩૮૮ :-

જીવ અને પુદ્‌ગલનો સંબંધ અલ્પકાલીન હોવાથી, કાયાદિ રૂપથી પ્રયોગ પરિણત પુદ્‌ગલો સૌથી ઓછા છે. કાયાદિ પ્રયોગ પરિણતથી મિશ્રક પરિણત અનંતગુણા છે, કેમકે પ્રયોગકૃત પરિણામ આકારને ન છોડતો એવો વિશ્રસા વડે જે બીજા પરિણામને પામે, તે મુક્ત કલેવરાદિ અવયવરૂપ તે અનંતાનંત છે. વિસ્રસા પરિણત તેનાથી અનંતગુણ છે. કેમકે જીવદ્વારા ગ્રહણને યોગ્ય નહીં તેવા પરમાણુ આદિ અનંત છે.

## ❁ શતક-૮, ઉદ્દેશો-૨-'આશીવિષ' ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૧-માં પુદ્‌ગલ પરિણામ કહ્યા, અહીં આશીવિષ દ્વાર કહે છે—

● સૂત્ર-૩૮૯ :-

*ભગવન્ ! આશીવિષ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે — જાતિ આશીવિષ, કર્મ આશીવિષ. - - ભગવન્ ! જાતિ આશીવિષ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — વૃશ્ચિક, મંડુક, ઉરગ, મનુષ્ય-જાતિ આશીવિષ.*

*ભગવન્ ! વૃશ્ચિક જાતિ આશીવિષનો કેટલો વિષય કહ્યો છે ? ગૌતમ ! વૃશ્ચિક જાતિ આશીવિષ અર્ધભરત પ્રમાણ ક્ષેત્ર શરીરને વિષ વડે વિષવ્યાપ્ત કે વિનાશ કરવા સમર્થ છે. આ વિષ તેનો વિષય માત્ર છે, સંપ્રાપ્તિ વડે તેણે આમ કર્યું નથી - કરતા નથી - કરશે નહીં.*

*મંડુક્ક જાતિ આશીવિષની પૃચ્છા-ગૌતમ ! તે ભરત પ્રમાણ ક્ષેત્ર શરીરને વિષ વડે વિષવ્યાપ્ત કરી શકે, બાકી પૂર્વવત્ યાવત્ કરશે નહીં. એ પ્રમાણે - ઉરગ જાતિ આશીવિષને જાણવા. વિશેષ એ કે — જંબૂદ્વીપ ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિષ વ્યાપ્ત કરી શકે, બાકી પૂર્વવત્ યાવત્ તે કરશે નહીં. - - મનુષ્ય જાતિ આશીવિષ એમ જ છે. વિશેષ એ - સમય ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિષ વ્યાપ્ત કરી શકે બાકી પૂર્વવત્ જાણવું.*

*જો કર્મ આશીવિષ છે, તો શું તે નૈરયિક કર્મ આશીવિષ છે ? તિર્યંચ, મનુષ્ય કે દેવકર્માશીવિષ છે ? ગૌતમ ! તે નૈરયિક કર્માશીવિષ નથી, પણ તિર્યંચ-મનુષ્ય-દેવકર્માશીવિષ છે. - - જો તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે તો શું તે એકેન્દ્રિય તિર્યંચ યોનિક કર્માશીવિષ છે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ૦ ? ગૌતમ ! તે એકેન્દ્રિય યાવત્ ચઉરિન્દ્રિય૦ કર્માશીવિષ નથી પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે.*

*જો તે પંચેન્દ્રિય તિર્યંચ યોનિક. કર્માશીવિષ છે તો શું સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક કર્માશીવિષ છે કે ગર્ભવ્યુત્ક્રાંતિક૦ એ પ્રમાણે જેમ વૈક્રિય શરીરના ભેદો યાવત્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક કર્માશીવિષ હોય, પણ અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ કર્માશીવિષ ન હોય.*

*જો મનુષ્ય કર્માશીવિષ છે, તો શું સંમૂર્છિમ મનુષ્ય કર્માશીવિષ છે કે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય કર્માશીવિષ ? એ પ્રમાણે જેમ વૈક્રિયશરીરમાં કહ્યું તેમ યાવત્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય કર્માશીવિષ છે, પણ અપર્યાપ્તા૦કર્માશી વિષ નથી.*

*જો દેવ કર્માશીવિષ છે તો ભવનપતિ કર્માશીવિષ છે કે યાવત્ વૈમાનિક દેવ કર્માશીવિષ ? ગૌતમ ! ભવનપતિ આદિ ચારે ભેદે૦ છે.*

*જો ભવનપતિ દેવ કર્માશીવિષ છે, તો શું અસુરકુમાર દેવ કર્માશીવિષ છે કે યાવત્ સ્તનિતકુમાર દેવ કર્માશીવિષ ? ગૌતમ ! તે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર સર્વે ભવનપતિ દેવ કર્માશીવિષ છે.*

*જો અસુરકુમાર૦ કર્માશીવિષ છે, તો પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે કે અપર્યાપ્ત૦ ગૌતમ ! તે પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ નથી પણ અપર્યાપ્ત૦ છે. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું. - - જો વ્યંતર દેવ કર્માશીવિષ છે તો શું પિશાચ વ્યંતર૦ ? એ પ્રમાણે બધે અપર્યાપ્તાને જાણવા. જ્યોતિષ્કમાં પણ અપર્યાપ્તાને.. (કર્માશીવિષ) કહેવા.*

*જો વૈમાનિક દેવકર્માશીવિષ છે, તો શું કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે કે કલ્પાતીત૦ ? ગૌતમ ! કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ હોય છે. કલ્પાતીત૦ યાવત્ કર્માશીવિષ નથી.*

*જો કલ્પોપપન્નક દેવ કર્માશીવિષ છે, તો શું સૌધર્મકલ્પ૦ યાવત્ કર્માશીવિષ છે કે યાવત્ અચ્યુતકલ્પા૦ ? ગૌતમ ! સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ પણ કર્માશીવિષ છે. યાવત્ સહસ્રાર કલ્પવાળા વૈમાનિક દેવ પણ કર્માશીવિષ છે. આનતથી અચ્યુતના૦ નથી.*

*જો સૌધર્મ કલ્પોપપન્નક યાવત્ કર્માશીવિષ છે, તો શું પર્યાપ્તા સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક૦ કે અપર્યાપ્તા સૌધર્મ૦ ? ગૌતમ ! પર્યાપ્ત સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક નહીં, પણ અપર્યાપ્તા સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે. - - એ પ્રમાણે યાવત્ પર્યાપ્તા સહસ્રાર કલ્પોપપન્નક વૈમાનિક યાવત્ કર્માશીવિષ નથી, પણ અપર્યાપ્તા સહસ્રાર કલ્પોપન્નક યાવત્ કર્માશીવિષ છે.*



● વિવેચન-૩૮૯ :-

આશીવિષ એટલે દાઢમાં વિષવાળા. જન્મથી આશીવિષ હોય તે જાત્યાશીવિષ. કર્મથી-ક્રિયા વડે શાપ આદિ ઉપઘાતકરણથી આશીવિષ તે કર્માશીવિષ. તેમાં પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જે પર્યાપ્તા હોય, તેઓ તપશ્ચરણ કે અન્ય અનુષ્ઠાન અથવા ગુણથી આશીવિષ થાય છે. અર્થાત્ શાપ દેવા વડે બીજાનો નાશ કરી શકે છે, આ આશીવિષ લબ્ધિ સ્વભાવથી સહસ્રાર સુધીના દેવલોકમાં જ દેવપણે ઉત્પન્ન થાય છે. દેવપણે ઉત્પન્ન થયેલા તેઓને અપર્યાપ્તાવસ્થામાં કર્માશીવિષપણું હોય. શબ્દાર્થ ભેદ સંભવાદિથી ભાષ્યકારે કહ્યું છે કે — જેને દાઢમાં ઝેર છે તે આશીવિષા છે. તે કર્મ-જાતિ ભેદથી બે પ્રકારે છે. કર્માશીવિષો અનેક પ્રકારે છે, જાતિ આશીવિષના ચાર ભેદો છે. વિષનો વિષય-ગોચર કેટલો છે?

અર્ધભરતનું જે પ્રમાણ, તે સાતિરેક ૨૬૩ યોજનથી અધિક, તે જ પ્રમાણ જેનું છે તે, તે તેના શરીરને સ્વકીય આશી પ્રભાવથી વિષયુક્ત કરીને વિષપરિગત-વિષવ્યાપ્ત કરવા સમર્થ છે, તેના વડે વિનાશ કરી શકે છે - x - x - પણ કરતાં નથી. અર્થાત્ આ પ્રકારે શરીર સંપ્રાપ્તિ દ્વારથી કર્યુ નથી - કરતા નથી - કરશે નહીં. અહીં વૃશ્ચિક આશીવિષનું બહુત્વ જણાવવા બહુવચન નિર્દેશ છે.

સમયક્ષેત્ર - મનુષ્ય ક્ષેત્ર.. એ રીતે જેમ 'વૈક્રિય'ને કહે ત્યારે જીવ-ભેદો કહેવાશે, તેમ અહીં પણ કહેવા. તે આ રીતે - ગૌતમ ! સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મઆશીવિષમાં નહીં પણ ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે. જો ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે. તો શું સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિયતિર્યંચ યોનિક કર્મ આશીવિષ છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ કર્માશીવિષ ? ગૌતમ ! સંખ્યાતવર્ષાયુષ્ક યાવત્ કર્મ આશીવિષ છે, અસંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ કર્માશીવિષ નથી. જો સંખ્યાત - x - છે, તો પર્યાપ્ત૦ કે અપર્યાપ્ત૦ ઇત્યાદિ. - - અહીં કહેલ વસ્તુ અજ્ઞાની ન જાણે, જ્ઞાની પણ આ દશ વસ્તુને કથંચિત્ ન જાણે, તે કહે છે —

● સૂત્ર-૩૯૦ :-

**દશ સ્થાન (વસ્તુ)ને છદ્મસ્થ સર્વ ભાવથી જાણતા કે જોતાં નથી. તે આ — ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરથી રહિત જીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જિન થશે કે નહીં થાય, આ બધાં દુઃખનો અંત કરશે કે નહીં કરે. - - આ દશને ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત, જિન, કેવલી સર્વભાવથી જાણે, જુએ - ધર્માસ્તિકાય યાવત્ [સર્વે દુઃખોનો] અંત કરશે કે નહીં.**

● વિવેચન-૩૯૦ :-

સ્થાન - ગુણ-પર્યાય આશ્રિતત્વથી વસ્તુ, છદ્મસ્થ-અહીં અવધિ જાણવા છતાં પરમાણુ આદિને મૂર્ત્ત હોવાથી જાણે છે. કેમકે વિશિષ્ટ અવધિ જ્ઞાનનો વિષય સમસ્ત

મૂર્ત્ત દ્રવ્ય છે. (શંકા) છદ્મસ્થ સર્વભાવ ન જાણે, પણ કથંચિત્ જાણે છે, છતાં ન જાણે કેમ કહ્યું ? (સમાધાન) તો આ દશ સંખ્યા નિયમ વ્યર્થ થશે, કેમકે તે ઘટાદિના અનંત પર્યાય જાણી ન શકે.

सव्वभावेन - ચક્ષુને પ્રત્યક્ષ એમ અર્થ લેવો. કેમકે શ્રુત જ્ઞાનથી તો અસાક્ષાત્‌ને જાણે. जीव असरीर पडिबद्ध - સિદ્ધ. પરમાણુ એવા પુદ્‌ગલ કહ્યા, ઉપલક્ષણથી કોઈ દ્વ્યણુકાદિને પણ ન જાણે. अयम् - પ્રત્યક્ષ. કોઈ પ્રાણી જિન-વીતરાગ થશે કે નહીં. - તેનાથી ઉલટું - કેવલજ્ઞાની સર્વભાવથી સાક્ષાત્ જાણે છે. તેથી જ્ઞાન —

● સૂત્ર-૩૯૧ :-

*ભગવન્ ! જ્ઞાન કેટલા ભેદે છે ? પાંચ ભેદે - આભિનીબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. તે આભિનીબોધિક જ્ઞાન શું છે ? તે ચાર ભેદે છે — અવગ્રહ, ઈહા, અપાય, ધારણા. એ રીતે જેમ રાયપ્પસેણઈયમાં જ્ઞાનના ભેદો કહ્યા છે, તેમ અહીં પણ કહેવા. યાવત્ તે આ કેવલજ્ઞાન. - - ભગવન્ ! અજ્ઞાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન.*

*તે મતિઅજ્ઞાન શું છે? ચાર ભેદે છે — અવગ્રહ યાવત્ ધારણા. તે અવગ્રહ શું છે? બે ભેદે છે - અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ. એ પ્રમાણે જેમ આભિનિબોધિક જ્ઞાન, તે પ્રમાણે અહીં જાણવું. વિશેષ આ — એકાર્થિક શબ્દોને છોડીને યાવત્ નોઈન્દ્રિય ધારણા સુધી, તે આ ધારણા છે, તે આ મતિઅજ્ઞાન છે.*

*તે શ્રુત અજ્ઞાન શું છે ? જે રીતે નંદીસૂત્રમાં કહ્યું — જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ દ્વારા પ્રરૂપિત છે, યાવત્ સાંગોપાંગ ચાર વેદ. તે શ્રુતાજ્ઞાન.*

*તે વિભંગજ્ઞાન શું છે ? તે અનેક ભેદે છે — ગામ સંસ્થિત, નગર સંસ્થિત યાવત્ સંનિવેશ સંસ્થિત, દ્વીપ-સમુદ્ર-વર્ષ-વર્ષધર-પર્વત-વૃક્ષ-સ્તૂપ-અશ્વ-હાથી-નર-કિંનર-કિંપુરિષ-મહોરગ ગંધર્વ-વૃષભસંસ્થિત તથા પશુ-પશય-પક્ષી-વાનરસંસ્થાન સંસ્થિત.*

*જીવો જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ! જીવો જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તેમાં કોઈ બે જ્ઞાનવાળા છે, કોઈ ત્રણ કોઈ ચાર કોઈ એક જ્ઞાનવાળા છે. જે બે જ્ઞાનવાળા - તે આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા-તે આભિનિબોધિક, શ્રુત, અવધી જ્ઞાની છે અથવા આભિનિબોધિક, શ્રુત, મનઃપર્યવજ્ઞાની છે. જે ચતુર્જ્ઞાની છે તે આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાની છે. જે એક જ્ઞાની છે તે નિયમા કેવલજ્ઞાની છે. - - જે અજ્ઞાની છે. તે કોઈ બે અજ્ઞાનવાળા છે, કોઈ ત્રણ અજ્ઞાનવાળા છે. બે અજ્ઞાનવાળા તે મતિ-શ્રુત અજ્ઞાની. ત્રણવાળા તે મતિ-શ્રુત અજ્ઞાની, વિભંગજ્ઞાની.*

*ભગવન્ ! નૈરયિકો, જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! બંને. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાનવાળા છે — આભિનિબોધિક, શ્રુત અને અવધિ. જે અજ્ઞાની છે, તે કોઈ બે અજ્ઞાનવાળા છે, કોઈ ત્રણ અજ્ઞાનવાળા છે. એ રીતે ત્રણ અજ્ઞાન*



*ભજનાએ છે. - - ભગવન્ ! અસુરકુમારો જ્ઞાની છે કે અજ્ઞાની ? નૈરયિકની માફક જાણવા. ત્રણ જ્ઞાનો નિયમા હોય, ત્રણ અજ્ઞાન વિકલ્પે. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવા.*

*ભગવન્! પૃથ્વીકાયિક જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે. નિયમથી મતિ અને શ્રુત બે અજ્ઞાનવાળા છે. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું. - - બેઈન્દ્રિય વિશે પૃચ્છા-ગૌતમ! જ્ઞાની, અજ્ઞાની બંને. જ્ઞાની હોય તે નિયમા મતિ-શ્રુતજ્ઞાની. અજ્ઞાની હોય તે નિયમા મતિ-શ્રુત અજ્ઞાની. એ રીતે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પણ જાણવા. - - પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિશે પૃચ્છા—*

*ગૌતમ ! તે જ્ઞાની, અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે તેમાં કોઈ બે, કોઈ ત્રણ જ્ઞાનવાળા છે. એ રીતે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. મનુષ્યોને જીવની માફક પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. વ્યંતરો, નૈરયિક માફક જાણવા. જ્યોતિષ્ક અને વૈમાનિકોને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા હોય. સિદ્ધો વિશે પ્રશ્ન - તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેઓ નિયમા કેવળજ્ઞાન-એક જ્ઞાનવાળા છે.*

● વિવેચન-૩૯૧ :-

અવિપર્યયરૂપથી અર્થાભિમુખ, અસંશયરૂપત્વથી નિયત એવો બોધ-સંવેદન, તે આભિનિબોધિક. જે અથવા જેના વડે જણાય તે જ્ઞાન. આભિનિબોધિક એવું તે જ્ઞાન — ઈન્દ્રિય, અનિન્દ્રિય નિમિત્ત બોધ.

સંભળાય તે શ્રુત — શબ્દ. ભાવશ્રુતના કારણ રૂપ હોવાથી તે જ જ્ઞાન, તે શ્રુતજ્ઞાન. અથવા શબ્દ કે શ્રુતથી થતું જ્ઞાન, તે શ્રુતજ્ઞાન — ઈન્દ્રિય, મનના નિમિત્તે શ્રુત ગ્રંથાનુસારી બોધ.

જેના વડે નીચે-નીચેથી વસ્તુ વિસ્તારથી જણાય તે અવધિ. તે જ જ્ઞાન, તે અવધિજ્ઞાન અથવા મર્યાદાથી મૂર્ત દ્રવ્યોને જ - અમૂર્તને નહીં જાણે તે. - -

મનથી મનન કરાતા દ્રવ્યોનો પર્યવ - પરિચ્છેદ, તે મનઃપર્યવજ્ઞાન અથવા મનના પર્યાયોની અવસ્થા વિશેષથી જ્ઞાન.

મતિ આદિ જ્ઞાનથી નિરપેક્ષ તે એક કેવળ. શુદ્ધ અથવા આવરણ મલ કલંક રહિતપણાથી કે સંપૂર્ણ. પહેલાથી જ સર્વાવરણના અભાવે સંપૂર્ણ ઉત્પત્તિથી અસાધારણ કે અનન્ય સદૃશત્વથી અનંત. યથાવસ્થિત, સંપૂર્ણ, ભૂત-વર્તમાન-ભાવિ ભાવોને જાણે તે - x -

અવગ્રહ-સામાન્ય અર્થ, વિશેષરહિત નિરપેક્ષ રૂપાદિનો નિર્દેશ. अव - પહેલાથી, ग्रहण - બોધ. (સામાન્યથી થતો સર્વપ્રથમ બોધ.) - - ઈહા - સત્ અર્થ વિશેષની આલોચના. - - અવાય-જ્ઞાનત અર્થનો નિશ્ચય. - - ધારણા - અવગત અર્થ વિશેષને ધારણ કરવો તે. ઉક્ત ક્રમથી જેમ બીજા ઉપાંગ રાજપ્રશ્નીયમાં જ્ઞાનના ભેદો છે. તેમ અહીં પણ જાણવા —

— તે આ રીતે - અવગ્રહ બે ભેદે - અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ ઇત્યાદિ.

વાચનાંતરમાં શ્રુત જ્ઞાનાધિકારે જેમ ‘નંદી’ આગમમાં કહ્યું તેમ જાણવું - x - તેમાં શ્રુતજ્ઞાન સૂત્રને અંતે આમ કહ્યું છે — આ દ્વાદશાંગ, ગણિપિટકમાં અનંતા ભાવો, અનંતા અભાવો યાવત્ - x - અનંતા અસિદ્ધા એમ કહ્યું છે. તેની સંગ્રહ ગાથા પણ છે. આ રીતે એવા પ્રકારે તેના ખંડરૂપ આ શ્રુતજ્ઞાન સૂત્ર કહેવું જોઈએ.

જ્ઞાનથી વિપરીત અજ્ઞાન સૂત્ર-કુત્સિતજ્ઞાન તે અજ્ઞાન. મિથ્યાત્વ યુક્ત હોવાથી કુત્સિત કહ્યું — કહ્યું છે — અવિશેષિત મતિ જ છે, તે સમ્યગ્દૃષ્ટિને મતિજ્ઞાન છે, મિથ્યાદૃષ્ટિને મતિઅજ્ઞાન.

જેમાં વિરુદ્ધ વિકલ્પો ઉઠે તે વિભંગજ્ઞાન અથવા અવધિથી વિરૂપ ભેદ તે વિભંગ જ્ઞાન. આ કુત્સિત વિભંગ શબ્દથી જ જણાય છે માટે જ્ઞાન સાથે નञ् જોડીને અજ્ઞાન કહ્યું નથી.

અર્થનો અવગ્રહ, તે અર્થાવગ્રહ. સકલ વિશેષ નિરપેક્ષ નિર્દેશ્ય અર્થનું ગ્રહણ - એક સમયવાળું તે. - - જેના વડે અર્થ સ્પષ્ટ થાય તે વ્યંજન જેમકે પ્રદીપ વડે ઘટ અથવા ઉપકરણ ઈન્દ્રિયથી શબ્દાદિ પરિણત દ્રવ્યસમૂહ. તે વ્યંજન - ઉપકરણ ઈન્દ્રિય વડે વ્યંજનાના - શબ્દાદિ પરિણત દ્રવ્યોનો અવગ્રહ તે વ્યંજનાવગ્રહ. અહીં અર્થાવગ્રહને લક્ષીને સર્વ ઈન્દ્રિયાર્થના વ્યાપકત્વથી પહેલા કહ્યો.

જેમ આભિનિબોધિક જ્ઞાન કહ્યું, તેમજ મતિજ્ઞાન પણ કહેવું. તે આ રીતે - તે વ્યંજનાવગ્રહ શું છે ? ચાર ભેદે છે — શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, સ્પર્શનઈન્દ્રિય વ્યંજનાવગ્રહ. વિશેષ આ - આભિનિબોધિક જ્ઞાનમાં અવગ્રહ, અવધારણા, શ્રવણ, અવલંબન, મેઘાએ પાંચ એકાર્થક નામો કહ્યા છે, તે મતિજ્ઞાનમાં ન કહેવા. - x -

अज्ञानि - જ્ઞાનરહિત, તે અલ્પજ્ઞાનભાવથી ધન અને શીલરહિત જેવો છે. સમ્યગ્દૃષ્ટિ પણ અજ્ઞાની હોય, તેથી મિથ્યાદૃષ્ટિ વડે - એમ કહ્યું. નંદી સૂત્ર મુજબ કહ્યું - તે સૂત્ર - સ્વચ્છંદ બુદ્ધિ, મતિ વિકલ્પિત. જેમકે ભારત, રામાયણ આદિ. તેમાં અવગ્રહ, ઈહા, અપાય, ધારણા તે મતિ. સ્વચ્છંદ - પોતાના અભિપ્રાયથી, તત્ત્વથી સર્વજ્ઞ પ્રણીત અર્થ કરતા જુદી બુદ્ધિ-મતિ વડે વિકલ્પિત. - x - તેમાં ઋજુ આદિ ચાર વેદ, શીક્ષાદિ છ ઉપાંગના વ્યાખ્યાનરૂપ.

ગામસંઠિય આદિ-ગ્રામ આકારે ઇત્યાદિ. ભરતાદિ વર્ષક્ષેત્રાકારે, હિમવત્ આદિ વર્ષધર પર્વતાકારે, અશ્વાકારે, જંગલી દ્વિપદ-ચતુષ્પદ આકારે, એ પ્રમાણે વિવિધ સંસ્થાન સંસ્થિત.

જ્ઞાન અને અજ્ઞાન કહ્યા. હવે જ્ઞાની, અજ્ઞાનીને કહે છે — તેમાં નારકાધિકારમાં — ‘‘જે જ્ઞાની તે નિયમા ત્રણ જ્ઞાનવાળા’’ કહ્યા. કેમકે સમ્યગ્દૃષ્ટિ નારકોને ભવપ્રત્યય અવધિજ્ઞાન છે, માટે કહ્યું. અજ્ઞાનીમાં બે જ્ઞાનવાળા કે ત્રણ જ્ઞાનવાળા કેમ કહ્યા ? અસંજ્ઞી હોય અને નરકે ઉત્પન્ન થાય, તેમને અપર્યાપ્તાવસ્થામાં વિભંગનો અભાવ હોવાથી બે જ્ઞાનવાળા કહ્યા. જે મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીમાંથી ઉત્પન્ન થાય, તેમને ભવપ્રત્યય વિભંગ હોય છે માટે ત્રણ અજ્ઞાની એમ કહ્યું, બેઈન્દ્રિયમાં કોઈ જ્ઞાની પણ સાસ્વાદન સમ્યગ્દર્શન ભાવથી અપર્યાપ્તાવસ્થામાં હોય તેથી જ્ઞાની, અજ્ઞાની બંને કહ્યા.



જીવાદિમાં ૨૬-પદોમાં જ્ઞાની, અજ્ઞાની કહ્યા. હવે તેને જ ગતિ, ઈન્દ્રિય, કાય આદિ દ્વારોમાં ચિંતવતા કહે છે —

● **સૂત્ર-૩૯૨ :-**

*ભગવન્! નિરયગતિક જીવો જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ! બંને. ત્રણ જ્ઞાન નિયમા, ત્રણ અજ્ઞાન વિકલ્પે. - - ભગવન્! તિર્યંચ ગતિક જીવો જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ! બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમા. - - ભગવન્! મનુષ્યગતિક જીવો જ્ઞાની કે અજ્ઞાની? ગૌતમ! ત્રણ જ્ઞાન ભજનાએ, બે અજ્ઞાન નિયમા. - - દેવગતિક જીવો, નિરયગતિક માફક જાણવા. - - સિદ્ધિગતિક, સિદ્ધની જેમ જાણવા.*

*ભગવન્ ઈન્દ્રિયવાળા જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ. - - ભગવન્ ! એકેન્દ્રિય જીવો જ્ઞાની કે અજ્ઞાની ? પૃથ્વીકાયિકની જેમ કહેવા. બે થી ચાર ઈન્દ્રિયવાળા બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમા. પંચેન્દ્રિયોને ઈન્દ્રિયવાળા માફક જાણવા. અનિન્દ્રિયો જ્ઞાની કે અજ્ઞાની ? સિદ્ધની જેમ જાણવા.*

*ભગવન્ ! સકાયિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! પાંચ જ્ઞાન કે ત્રણ અપાન ભજનાએ. પૃથ્વી યાવત્ વનસ્પતિકાયિક નિયમા અજ્ઞાની. મતિ, શ્રુત અજ્ઞાનવાળા છે. ત્રસકાયિકને સકાયિક માફક જાણવા. અકાયિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? સિદ્ધવત્ જાણવું.*

*ભગવન્ ! સૂક્ષ્મ જીવો જ્ઞાની કે અજ્ઞાની ? પૃથ્વીકાયિક વત્ જાણવું - ભગવન્ ! બાદર જીવો જ્ઞાની કે અજ્ઞાની ? સકાયિક વત્ જાણવા. ભગવન્ ! નોસૂક્ષ્મનો બાદર જીવો ? સિદ્ધ માફક જાણવા.*

*ભગવન્ ! પર્યાપ્તા જીવો જ્ઞાની કે અજ્ઞાની ? સકાયિક માફક જાણવા. પર્યાપ્તા નૈરયિક જીવો ? ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન નિયમા, જેમ નૈરયિક છે, તેમ સ્તનિતકુમાર સુધી જાણવા. પૃથ્વીકાયિક, એકેન્દ્રિય માફક જાણવા. એ રીતે ચઉરિન્દ્રિય સુધી જાણવું. પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ યોનિક ? ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. મનુષ્યો, સકાયિક માફક. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો નૈરયિકવત્ જાણવા.*

*ભગવન્ ! અપર્યાપ્તા જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ. અપર્યાપ્તા નૈરયિકો ? ત્રણ જ્ઞાન નિયમા, ત્રણ અજ્ઞાન ભજનાએ એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથ્વી યાવત્ વનસ્પતિકાયિક, એકેન્દ્રિયવત્ બેઈન્દ્રિયો ? નિયમા બે જ્ઞાન, બે અજ્ઞાન. એ રીતે પંચેન્દ્રિય તિર્યંચ યોનિક સુધી કહેવું. અપર્યાપ્તા મનુષ્યો ? ત્રણ જ્ઞાન ભજનાએ, બે અજ્ઞાન નિયમા. વ્યંતરો, નૈરયિક માફક. અપર્યાપ્તા જ્યોતિષ્ક, વૈમાનિકને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન નિયમા. નોપર્યાપ્ત-નોઅપર્યાપ્તા જીવો ? સિદ્ધની માફક જાણવા.*

*ભગવન્ ! નિરયભવસ્થ જીવો જ્ઞાની, અજ્ઞાની ? નિરયગતિક માફક*

***જાણવા. તિર્યંચ ભવસ્થ જીવો જ્ઞાની, અજ્ઞાની ? ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. મનુષ્યભવસ્થ, સકાયિક વત્ જાણવા. દેવભવસ્થ, નિરયભવસ્થ માફક જાણવા. અભવસ્થોને સિદ્ધની માફક જાણવા.***

***ભગવન્ ! ભવસિદ્ધિક જીવો જ્ઞાની, અજ્ઞાની ? સકાયિકવત્ જાણવા. અભવસિદ્ધિક ? ગૌતમ ! જ્ઞાની નથી, ત્રણ અજ્ઞાન ભજનાએ છે. નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક ? સિદ્ધની માફક જાણવા.***

***સંજ્ઞી વિશે પ્રશ્ન. સઈન્દ્રિયવત્ જાણવા. અસંજ્ઞીને બેઈન્દ્રિયવત્ જાણવા. નોસંજ્ઞીનો અસંજ્ઞીને સિદ્ધની માફક જાણવા.***

**● વિવેચન-૩૯૨ :-**

ગતિ આદિ દ્વાર ગાથા — ગતિ, ઈન્દ્રિય, કાય, સૂક્ષ્મ, પર્યાપ્તા, ભવસ્થ, ભવસિદ્ધિક, સંજ્ઞી, લબ્ધિ, ઉપયોગ, યોગ, લેશ્યા, કષાય, વેદ, આહાર, જ્ઞાનવિષય, કાળ, અંતર, અલ્પબહુત્વ, પર્યાય-આ દ્વારો છે.

તેમાં જેનું નરકે ગમન છે, તે નિરયગતિક. તે સમ્યગ્ કે મિથ્યા દૃષ્ટિ હોય, જ્ઞાની કે અજ્ઞાની હોય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યમાંથી નરકમાં ઉત્પન્ન થતા અંતરૃગતિમાં વર્તતાને નિરયગતિક કહ્યા છે. - x - ભવ પ્રયયત્વ અવધિ અંતર્ગતિમાં પણ હોય તેથી ત્રણ જ્ઞાન નિયમા કહ્યું છે ત્રણ અજ્ઞાનની ભજના - કેમકે અસંજ્ઞીને નરકે જતાં અપર્યાપ્તકત્વમાં બે અજ્ઞાન છે, વિભંગનો અભાવ છે. મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીને ત્રણે હોય છે.

જેને તિર્હુગમન છે, તે તિર્યગ્ગતિક. સમ્યગ્દૃષ્ટિને પણ અવધિજ્ઞાન પતિતતાથી બે જ જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિને તેમજ બે અજ્ઞાન છે.

મનુષ્યગતિમાં જતાં કેટલાંક અવધિજ્ઞાન સહિત જાય છે. જેમકે તીર્થંકર, કેટલાંક તેને છોડીને જાય છે, માટે ત્રણ કે બે જ્ઞાન કહ્યા. જે અજ્ઞાની છે, મનુષ્યગતિમાં ઉત્પન્ન થઈ રહ્યો છે, તેને વિભંગજ્ઞાન પતિત થયા પછી ઉત્પત્તિ છે, માટે બે અજ્ઞાન નિયમા છે.

દેવગતિમાં જે જ્ઞાની જઈ રહેલ છે, તેને ભવપ્રત્યય અવધિ છે, તે દેવાયુના પ્રથમ સમયે જ ઉપજે, તેથી તેને નારકો જેવા કહ્યા. જે અજ્ઞાની છે, તે અસંજ્ઞીમાંથી ઉપજે, માટે બે અજ્ઞાન કહ્યા. અપર્યાપ્તકત્વમાં વિભંગનો અભાવ છે, તેથી સંજ્ઞીમાંથી ઉત્પન્ન થતા અજ્ઞાનીને ભવ પ્રત્યય વિભંગ છે, માટે તેમને નારકો જેવા કહ્યા.

જેમ સિદ્ધો કેવળજ્ઞાની છે, તેમ સિદ્ધિગતિકો પણ કહેવા. જો કે સિદ્ધોને અને સિદ્ધિગતિકને અંતરગતિ અભાવથી વિશેષતા નથી. તો પણ ગતિબળથી આમ દર્શાવ્યુ. બીજા દ્વારોમાં પણ તેમજ જાણવું - x -

ઈન્દ્રિયદ્વાર-ઈન્દ્રિય ઉપયોગવાળા જ્ઞાની કે અજ્ઞાની પણ છે. તેમાં જ્ઞાનીને ચાર જ્ઞાન વિકલ્પે છે. ત્રણ કે ચાર હોય, કેવલજ્ઞાન ન હોય. - x - જ્ઞાનના બે વગેરે ભાવ લબ્ધિ અપેક્ષાએ છે, ઉપયોગ અપેક્ષાએ તો બધાંને એક સમયે એક જ જ્ઞાન હોય. અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન વિકલ્પે - બે કે ત્રણ હોય. એકેન્દ્રિયો મિથ્યાદૃષ્ટિત્વથી અજ્ઞાની-બે અજ્ઞાન જ છે.

બેઈન્દ્રિયને બે જ્ઞાન છે - સાસ્વાદનથી તેઓ ઉત્પન્ન થાય તેમ માનીને.



તેઓને છ આવલિકા સુધી બે જ્ઞાન પ્રાપ્ત થાય છે - x -

કાયદ્વાર-ઔદારિકાદિ શરીરથી પૃથ્વી આદિ છ માંથી કોઈ પણ એક કાયવાળા તે સકાયિક. તે કેવલી પણ હોય. સકાયિકને જો સમ્યગ્દૃષ્ટિ હોય તો પાંચ જ્ઞાનો, મિથ્યાદૃષ્ટિને ત્રણ અજ્ઞાન વિકલ્પે.

સૂક્ષ્મદ્વાર-સૂક્ષ્મો મિથ્યાદૃષ્ટિ હોવાથી પૃથ્વીકાયિક માફક બે અજ્ઞાન છે બાદર, કેવલી પણ હોય, તેથી સકાયિકવત્ ભજનાથી પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન કહેવા. - - - પર્યાપ્તકના ૨૪ દંડકમાં પર્યાપ્ત નારકીમાં ત્રણ અજ્ઞાન નિયમા, અપર્યાપ્તા અસંજ્ઞીને વિભંગાભાવ છે. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળા પર્યાપ્તાને બે અજ્ઞાન જ હોય. પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચને અવધિ કે વિભંગ વિકલ્પે છે. તેથી ભજના કહ્યું. બેઈન્દ્રિયોને સાસ્વાદન સમ્યક્ત્વ સદ્ભાવે બે જ્ઞાન, અભાવે બે અજ્ઞાન. મિથ્યાદૃષ્ટિને તો બે અજ્ઞાન જ હોય. અપર્યાપ્તા મનુષ્યોને સમ્યગ્ દૃષ્ટિ હોય તો, ત્રણ જ્ઞાન જ હોય, તેના અભાવે બે જ્ઞાન. મિથ્યાદૃષ્ટિને બે અજ્ઞાન જ હોય, કેમકે વિભંગનો અપર્યાપ્તકત્વમાં અભાવ છે.

વ્યંતરોને અપર્યાપ્તક નારકોની જેમ ત્રણ જ્ઞાન, બે કે ત્રણ અજ્ઞાન કહેવા. તેઓમાં પણ અસંજ્ઞીમાંથી ઉત્પત્તિ હોવાથી અપર્યાપ્તાને વિભંગ જ્ઞાનનો અભાવ હોય છે, બાકીનાને અવધિ કે વિભંગ અભાવ છે.

જ્યોતિષ્કમાં સંજ્ઞી જ ઉત્પન્ન થાય, તેઓને અપર્યાપ્તામાં પણ ભવપ્રત્યય અવધિ કે વિભંગ અવશ્ય સંભવે છે, તેથી ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન વિકલ્પે છે - - - ભવસ્થદ્વાર - નિરયભવમાં રહેલા તે નિરયભવસ્થ-ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલ. તેઓને નિરયગતિકની જેમ ત્રણ જ્ઞાન, બે કે ત્રણ અજ્ઞાન જાણવા. - - - ભવસિદ્ધિક દ્વારે - તેમાં કેવલી પણ હોય, તેથી તેઓ સકાયિકવત્ પાંચ જ્ઞાન ભજનાએ તથા જ્યાં સુધી સમ્યક્ત્વને પામે, ત્યાં સુધી ત્રણ અજ્ઞાન ભજનાએ કહેવા. - - - અભવસિદ્ધિકને ત્રણ અજ્ઞાન ભજનાએ, કેમકે તેઓ નિત્ય મિથ્યાદૃષ્ટિ છે. - - - સંજ્ઞીદ્વાર - ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. અસંજ્ઞીને. અપર્યાપ્તાકાવસ્થામાં બેઈન્દ્રિયવત્ બે જ્ઞાન, પર્યાપ્તાવસ્થામાં બે અજ્ઞાન હોય છે. - -

લબ્ધિદ્વારે લબ્ધિના ભેદોને દર્શાવે છે - -

**● સૂત્ર-૩૯૩ :-**

***ભગવન્ ! લબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે - જ્ઞાનલબ્ધિ, દર્શનલબ્ધિ, ચારિત્રલબ્ધિ, ચારિત્રાચારિત્રલબ્ધિ, દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગ-લબ્ધિ, વીર્યલબ્ધિ, ઈન્દ્રિયલબ્ધિ.***

***ભગવન્ ! જ્ઞાનલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ - આભિનિબોધિક યાવત્ કેવળજ્ઞાનલબ્ધિ. - - ભગવન્ અજ્ઞાનલબ્ધિ કેટલા ભેદે છે ? ત્રણ. - મતિ અને શ્રુત અજ્ઞાનલબ્ધિ તથા વિભંગજ્ઞાન લબ્ધિ.***

***ભગવન્ ! દર્શનલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ - સમ્યગ્દર્શન લબ્ધિ, મિથ્યાદર્શનલબ્ધિ, સમ્યગ્મિથ્યાદર્શન લબ્ધિ.***

***ભગવન્ ! ચારિત્રલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ-સામાયિક૦,***

છેદોપસ્થાપનીય૦, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત.

ભગવન્ ! ચારિત્રાચારિત્ર લબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! એક પ્રકારે. - - એ પ્રમાણે યાવત્ ઉપભોગલબ્ધિ એક પ્રકારે કહી છે.

ભગવન્ ! વીર્યલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ-બાલવીર્યલબ્ધિ, પંડિતવીર્યલબ્ધિ, બાલ-પંડિતવીર્યલબ્ધિ.

ભગવન્ ! ઈન્દ્રિયલબ્ધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિયલબ્ધિ.

ભગવન્ ! જ્ઞાનલબ્ધિક જીવ જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની નહીં. બે થી પાંચ જ્ઞાન ભજનાએ છે. - - ભગવન્ ! અલબ્ધિક જીવો જ્ઞાની, અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની નથી, અજ્ઞાની છે. બે કે ત્રણ અજ્ઞાન ભજનાએ. - - ભગવન્ આભિનીબોધિક જીવો ? ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નથી. બે થી ચાર જ્ઞાન વિકલ્પે. - - ભગવન્ તે લબ્ધિ વગરના જીવો - ગૌતમ ! બંને. જે જ્ઞાની તે નિયમા એક કેવલજ્ઞાની, જે અજ્ઞાની તે બે કે ત્રણ અજ્ઞાનવાળા વિકલ્પે જાણવા. એ પ્રમાણે શ્રુત-જ્ઞાનલબ્ધિક પણ છે, તેના અલબ્ધિક, આભિનિબોધિક અલબ્ધિકવત્ છે.

અવધિજ્ઞાન લબ્ધિક ? ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની નહીં. કેટલાંક ત્રણજ્ઞાનવાળા, કેટલાંક ચાર જ્ઞાનવાળા. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે આભિનિબોધિક-શ્રુત-અવધિજ્ઞાની. જે ચાર જ્ઞાની છે, તે મનઃપર્યવજ્ઞાની પણ છે. અવધિ-જ્ઞાનલબ્ધિરહિત છે, તે જીવો ? ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને. તેમને અવધિજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે.

મનઃપર્યવજ્ઞાનીની પૃચ્છા - ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની નહીં. કેટલાંક ત્રણ જ્ઞાની, કેટલાંક ચાર જ્ઞાની, જે ત્રિજ્ઞાની છે, તે આભિનિબોધિક, શ્રુત, મનઃપર્યવજ્ઞાની છે, જે ચતુર્જ્ઞાની છે, તેને મનઃપર્યવજ્ઞાન પણ છે. તે જ્ઞાનની લબ્ધિ રહિતની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને. મનઃપર્યવ જ્ઞાન સિવાયના ચાર જ્ઞાન છે. ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

ભગવન્ ! કેવલજ્ઞાનલબ્ધિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નથી. તેઓ નિયમા એક કેવલજ્ઞાની છે. તેના અલબ્ધિકની પૃચ્છા-ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને, કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અથવા ત્રણે અજ્ઞાન વિકલ્પે જાણવા. - - - અજ્ઞાનલબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની નથી. અજ્ઞાની છે. ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. તેના અલબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નથી. પાંચ જ્ઞાન ભજનાએ. - - - જેમ અજ્ઞાનલબ્ધિક અને અલબ્ધિક કહ્યા, તેમ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાનલબ્ધિક પણ કહેવા. વિભંગ જ્ઞાનલબ્ધિકને ત્રણ અજ્ઞાન નિયમા. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ, બે અજ્ઞાન નિયમા જાણવા.

ભગવન્ ! દર્શનલબ્ધિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! બંને. પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ?





ગૌતમ ! તેના અલબ્ધિક કોઈ નથી. - - સમ્યગ્દર્શન લબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ, તેના અલબ્ધિકને ત્રણ, અજ્ઞાન ભજનાએ. મિથ્યા દર્શન લબ્ધિકની પૃચ્છા. ત્રણ અજ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ. સમ્યક્ત્વ મિથ્યાદર્શનલબ્ધિક, અલબ્ધિક બંનેને મિથ્યાદર્શન લબ્ધિક, અલબ્ધિક માફક જાણવા.

ભગવન્ ! ચારિત્રલબ્ધિક જીવો જ્ઞાની, અજ્ઞાની ? ગૌતમ ! પાંચ જ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકને મનઃપર્યવજ્ઞાન વર્જીને ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ - - સામાયિક ચારિત્રલબ્ધિક જીવોની પૃચ્છા. ગૌતમ ! તે જ્ઞાની છે, કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન ભજનાએ છે. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ છે. સામાયિક ચારિત્રના લબ્ધિક અને અલબ્ધિકની જેમ યાવત્ યથાખ્યાત ચારિત્રલબ્ધિક, અલબ્ધિક કહેવા. વિશેષ આ - યથાખ્યાત ચારિત્ર લબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ છે. ચારિત્રા-ચારિત્ર લબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. કેટલાંક બે જ્ઞાનવાળા છે, આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની. કેટલાંક ત્રણ જ્ઞાનવાળા છે - આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાની. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ જાણવા.

દાનલબ્ધિકને પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિક તે નિયમા એક-કેવલજ્ઞાની હોય. એ પ્રમાણે યાવત્ વીર્યલબ્ધિ, અલબ્ધિ કહેવા. - - બાળવીર્ય લબ્ધિકને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ. - - પંડિતવીર્ય લબ્ધિકને પાંચ જ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકને મનઃપર્યવજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. - - બાલપંડિતવીર્ય લબ્ધિકને ત્રણ જ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકને પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ.

ભગવન્ ! ઈન્દ્રિયલબ્ધિક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? ગૌતમ ! ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. તેના અલબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની છે, અજ્ઞાની નથી. નિયમા એક-કેવલજ્ઞાની. શ્રોત્રેન્દ્રિયલબ્ધિકને ઈન્દ્રિય લબ્ધિક વત્ જાણવા. તેના અલબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને. જે જ્ઞાની છે, તેમાં કેટલાંક દ્વિજ્ઞાની, કેટલાંક એક નાણી છે. જે દ્વિજ્ઞાની છે તે આભિનિબોધિક, શ્રુતજ્ઞાની છે. જે એક જ્ઞાની છે, તે કેવલજ્ઞાની છે. જે અજ્ઞાની છે, તે નિયમા દ્વિઅજ્ઞાની છે – મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની.

ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિયમાં લબ્ધિક, અલબ્ધિક, શ્રોત્રેન્દ્રિયવાળા માફક જાણવા. જિહ્વેન્દ્રિયલબ્ધિકને ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ - તેના અલબ્ધિકની પૃચ્છા. ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે તે નિયમા એક-કેવલજ્ઞાની છે. જે અજ્ઞાની છે, તે નિયમા મતિ, શ્રુત અજ્ઞાની છે. સ્પર્શનેન્દ્રિય લબ્ધિક, અલબ્ધિકને ઈન્દ્રિયલબ્ધિકવત્ જાણવા.

- **વિવેચન-૩૯૩ :-**

લબ્ધિ - આત્માના જ્ઞાનાદિ ગુણોના તેના પ્રતિબંધક કર્માના ક્ષય આદિથી

થતો લાભ. તે દશ ભેદે છે. તેમાં જ્ઞાન - વિશેષ બોધની પાંચ પ્રકારે તથાવિધ જ્ઞાનાવરણ ક્ષયોપશમથી પ્રાપ્તિ, તે જ્ઞાનલબ્ધિ. એવું બીજે પણ જાણવું. વિશેષ આ दर्शन - રુચિરૂપ આત્માના પરિણામ. चारित्र - ચારિત્ર મોહનીયના ક્ષય કે ક્ષયોપશમજન્ય જીવ પરિણામ, તથા ચરિત્ર.

चारित्राचरित्र - સંયમાસંયમ. પ્રત્યાખ્યાન કષાય ક્ષયોપશમજન્ય જીવ પરિણામ. દાનાદિ લબ્ધિ, પાંચ પ્રકારે અંતરાય કર્મના ક્ષયોપશમ કે ક્ષયથી સંભવે છે. અહીં એક વખત અશનાદિનું ભોજન, તે ભોગ અને વારંવાર વાપરવું તે ઉપભોગ, તે વસ્ત્ર-ભવનાદિ છે. દાનાદિ પ્રસિદ્ધ છે.

इंद्रिय - સ્પર્શન આદિ, મતિજ્ઞાનાવરણ ક્ષયોપશમથી પ્રગટ એકેન્દ્રિયાદિ જાતિનામ કર્મોદય નિયમિત કર્મે પર્યાપ્તક નામ કર્માદિના સામર્થ્ય સિદ્ધ દ્રવ્ય-ભાવરૂપ લબ્ધિ પોતાની, તે ઈન્દ્રિય લબ્ધિ. જ્ઞાનલબ્ધિથી વિપરીત અજ્ઞાનલબ્ધિના નિરૂપણ માટે કહે છે.

सम्यग्दर्शन - મિથ્યાત્વ મોહનીય કર્માણુ વેદનનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ જન્ય આત્મ પરિણામ. - मिथ्यादर्शन - અશુદ્ધ મિથ્યાત્વ દલિકના ઉદયથી ઉદ્‌ભવેલ જીવ પરિણામ. सम्यग्मिथ्यादर्शन - અર્દ્ધ વિશુદ્ધ મિથ્યાત્વ દલિકના ઉદયથી જન્ય આત્મા પરિણામ જ.

सामायिक० - સાવદ્યયોગ વિરતિરૂપ, તે જ ચારિત્ર તે સામાયિક ચારિત્ર, તેની લબ્ધિ. આ ચારિત્ર બે ભેદે - ઈત્વરકથિક, યાવત્કથિક. ઈત્વર, તે અલ્પકાલીન છે, જે ભરત, ઐરાવતમાં પહેલા-છેલ્લા તીર્થંકરના તીર્થમાં અનારોપિત વ્રતવાળા શૈક્ષને હોય છે. યાવત્કથિક તે જાવજ્જીવ, તે મધ્યના-૨૨ અને વિદેહના તીર્થંકરના તીર્થના સાધુને હોય છે. કેમકે તેઓને ઉપસ્થાપનાનો અભાવ છે, - x - x - x -

छेदोपस्थापनीय० - છેદ એટલે પૂર્વના સંયમનો વ્યવચ્છેદ, કરીને સાધુને મહાવ્રતારોપણ કરવું તે. તે સાતિચાર અને નિરતિચાર. તે અનતિચાર ઈત્વર સામાયિકના શૈક્ષને આરોપાય છે અથવા બીજા તીર્થમાં સંક્રમે ત્યારે. જેમ પાર્શ્વનાથના તીર્થમાંથી વર્ધમાનસ્વામીના તીર્થમાં સંક્રમતા પંચયામ ધર્મ પ્રાપ્તિ માટે આરોપાય. મૂલગુણઘાતી સાતિચારને જે વ્રતનું આરોપણ તે રૂપ ચારિત્રની લબ્ધિ તે છેદોપસ્થાપનીય ચારિત્રલબ્ધિ.

परिहारविशुद्धिचारित्रलब्धि - તપ વિશેષ, તેના વડે જેમાં વિશુદ્ધિ તે પરિહાર વિશુદ્ધિ, બાકી પૂર્વવત્. આ બે ભેદે છે - નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક. તેમાં નિર્વિશમાનક એટલે આસેવકથી વ્યતિરિક્ત, નિર્વિષ્ટકાયિક એટલે વિવક્ષિત ચારિત્રકાયનું આસેવન કરનાર ઇત્યાદિ - x - અહીં નવનો ગણ હોય, તેમાં ચાર પરિહારિક હોય, ચાર તેઓની વૈયાવચ્ચ કરનાર અનુપરિહારિક હોય, એક કલ્પસ્થિત વાચનાચાર્ય, ગુરુરૂપ હોય છે. તેઓમાં નિર્વિશમાનક નામે આ પરિહાર છે. — (ગાથાર્થ સંક્ષેપ—)

પારિહારિકને. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ તપ, શીત, ઉષ્ણ, વર્ષા કાળે ધીર પુરુષોએ કહ્યો છે. તેમાં ગ્રીષ્મમાં જઘન્ય ઉપવાસ, મધ્યમ છટ્ઠ, ઉત્કૃષ્ટે અટ્ઠમ શિશિરમાં છટ્ઠ, અટ્ઠમ, દશમ. વર્ષામાં અટ્ઠમ, દશમ, દ્વાદશ તપ કરવો. પારણે આયંબિલ, ભિક્ષામાં અભિગ્રહ કરવો. કલ્પસ્થિત રોજ આયંબિલ કરે બે અભિગ્રહમાં



એક ભોજનનો અને એક પાનકનો જાણવો. એ રીતે છ માસ પરિહારિકો તપને આચરે પછી અનુચરકો પરિહારિક પદે છ માસ રહે. એ રીતે કલ્પસ્થિતને પણ છ માસ તપ કરવો. - x - એ રીતે ૧૮-માસનો કલ્પ કહ્યો. આ સંક્ષેપથી કહ્યો, વિશેષથી સૂત્ર દ્વારા જાણવો. કલ્પસમાપ્તિ પછી, તે જિનકલ્પ કે ગચ્છને સ્વીકારે પ્રતિપદ્યમાનકો ફરી જિનની પાસે સ્વીકારે. તે સ્વીકાર તીર્થંકર પાસે કે આસેવક પાસે કરે. બીજા પાસે નહીં તેમનું જે આ આચરણ તે પરિહાર વિશુદ્ધિ કહેવાય.

બીજા કહે છે પરિહારથી માસિક ચતુર્લઘુ આદિ તપ ચરે છે, તેને પરિહારિક ચારિત્ર લબ્ધિ હોય છે. આ પરિહાર તપ જેમ થાય તે કહે છે — નવમા પૂર્વની ત્રીજી વસ્તુ યાવત્ જઘન્ય, ઉત્કૃષ્ટથી ન્યૂન દશ પૂર્વ સૂત્ર અને અર્થથી હોય. દ્રવ્યાદિ અભિગ્રહ અને રત્નાવલી આદિ તપ તેને પરિહાર તપરૂપે અપાય છે. તેને આપે ત્યારે નિરુપસગાર્થે કાયોત્સર્ગ કરે છે. શુભ નક્ષત્ર આદિમાં તે સ્વીકારાય છે. ગુરુ તેને કહે છે, હું તમારો વાચનાચાર્ય છું, આ ગીતાર્થ સાધુ તમને સહાયક છે. બાકીના સાધુ પણ કહેવા.

જેમ - આ તપને સ્વીકાર કંઈ બોલતો કે લપ લપ કરતો નહીં. આત્માર્થને ચિંતવતા તારે કોઈ વ્યાઘાત ન કરવો. હું કઈ રીતે આલાપાદિ રહિત તપ કરીશ તેમ ડરનારનો ભય દૂર કરવો કલ્પસ્થિત તેને આમ કરે છે. કૃતિકર્મ સ્વીકારે, પ્રત્યાખ્યાનને પૂછે, તો તેને આપે. જો તે ક્યારે ગ્લાન થઈ ઉત્થાનાદિ સ્વયં કરવાને સમર્થ ન હોય તો ત્યારે કહે — હું ઉભો થવાને ઈચ્છુ છું ત્યારે અનુપરિહારક મૌનપણે, તેને અભિપ્રેત હોય તે બધું કરે. તે ઉઠે, બેસે, ભિક્ષાર્થે જાય, કુપિતપ્રિય બંધુની જેમ કરે. - x - તેઓનું તપ ગ્રીષ્મ-શિશિર-વર્ષામાં જઘન્યાદિ ભેદથી ૧ થી ૧૨ ઉપવાસ સુધી છે.

સૂક્ષ્મસંપરાય ચારિત્રલબ્ધિ. - संपरैति - જેના વડે સંસારમાં ભમે તે સંપરાય - કષાય. सूक्ष्म - લોભાંશ અવશેષરૂપ, તે સૂક્ષ્મ સંપરાય. આ પણ બે ભેદે છે — વિશુદ્ધ્યમાનક, સંક્લિશ્યમાનક. તેમાં વિશુદ્ધ્યમાનક ક્ષપક, ઉપશમ બે શ્રેણીને આરોહતા થાય. સંક્લિશ્યમાનક ઉપશમ શ્રેણીથી પડતાને હોય. - - - યથાખ્યાત ચારિત્રલબ્ધિ - જે પ્રકારે કહેલું છે - અકષાયપણે સ્વીકૃત છે, તેમજ જે, તે યથાખ્યાત. તે પણ બે ભેદે - ઉપશમક, ક્ષપક શ્રેણિના ભેદથી. બાકી બધું પૂર્વવત્ જાણવું.

ચારિત્રાચારિત્ર૦ મૂલગુણ - ઉત્તરગુણાદિ ભેદોની વિવક્ષા ન કરીને દ્વિતીય કષાયના ક્ષયોપશમથી પ્રાપ્ત પરિણામ માત્રની જ વિવક્ષાથી ચારિત્રાચારિત્ર લબ્ધિને “એકાકાર” કહી છે. એ રીતે દાનાદિ લબ્ધિનું પણ એકાકારત્વ, ભેદોની વિવક્ષા ન કરીને જાણવું.

બાળવીર્યલબ્ધિ बाल - અસંયત, તેનું वीर्य - અસંયમ યોગોમાં પ્રવૃત્તિ, તે કર્મબંધનરૂપ છે, તેની જે લબ્ધિ જે ચારિત્રમોહના ઉદયથી કે વીર્યાંતરના ક્ષયોપશમથી છે, તે. એ રીતે બીજામાં પણ યથાયોગ કહેવું. વિશેષ આ - पंडित - સંયત, बालपंडित - સંયતાસંયત.

- x - x - આભિનિબોધિક જ્ઞાનલબ્ધિકોને ચાર જ્ઞાન ભજનાએ, કેવલીને આભિનિબોધિક જ્ઞાન નથી. મતિજ્ઞાનલબ્ધિકમાં જે જ્ઞાની છે, તે કેવળી-એક જ્ઞાની

છે, જે અજ્ઞાની છે, તે બે અથવા ત્રણ અજ્ઞાનવાળા છે. એ પ્રમાણે શ્રુતમાં પણ જાણવું. અવધિજ્ઞાનલબ્ધિક, ત્રણ જ્ઞાનવાળા છે કેમકે કેવળ અને મનઃપર્યાય હોતું નથી. અથવા કેવળજ્ઞાન અભાવે ચાર જ્ઞાનવાળા છે. અવધિજ્ઞાનના અલબ્ધિકમાં જે જ્ઞાની છે, તે મતિ-શ્રુત, બે જ્ઞાનવાળા છે. ત્રણ જ્ઞાનવાળા તે મતિ, શ્રુત, મનઃપર્યાયવાળા છે. એક જ્ઞાનવાળા તે કેવળજ્ઞાની છે. જે અજ્ઞાની છે, તે મતિ અને શ્રુત, બે અજ્ઞાનવાળા છે, અથવા ત્રણે અજ્ઞાનવાળા છે.

મનઃપર્યવજ્ઞાન લબ્ધિકને અવધિ, કેવળ સિવાયના ત્રણ જ્ઞાનો છે અથવા કેવળ સિવાયના ચાર જ્ઞાનો છે. મનઃપર્યવજ્ઞાનના અલબ્ધિકને, જે જ્ઞાની છે, તેને પહેલાં બે જ્ઞાનો છે કે પહેલાં ત્રણ જ્ઞાનો છે એક જ્ઞાન હોય તો માત્ર કેવળજ્ઞાન છે. જે અજ્ઞાની છે, તેને બે કે ત્રણ અજ્ઞાન છે. - - કેવળજ્ઞાન લબ્ધિકને એક જ જ્ઞાન-કેવળજ્ઞાન હોય છે. કેવળજ્ઞાન અલબ્ધિકને પહેલાં બે, અથવા પહેલા ત્રણ કે પહેલું, બીજું, ચોથું અથવા કેવળજ્ઞાન સિવાયના પહેલાં ચાર જ્ઞાનો હોય છે, જે અજ્ઞાની છે, તેને પહેલા બે કે વિકલ્પે ત્રણે અજ્ઞાનો હોય છે.

અજ્ઞાનલબ્ધિક - અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. અજ્ઞાન અલબ્ધિક, તે જ્ઞાની, તેમને પાંચ જ્ઞાનો વિકલ્પે છે, પૂર્વવત્ કહેવા. અજ્ઞાનલબ્ધિકને ત્રણે અજ્ઞાન ભજનાએ કહ્યા, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન લબ્ધિકને પણ તેમજ જાણવું. અજ્ઞાનલબ્ધિકની માફક મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાનલબ્ધિકોને પણ પાંચ જ્ઞાનો ભજનાએ કહેવા. બે અજ્ઞાન કહેવા.

દર્શનલબ્ધિક — શ્રદ્ધા માત્ર લબ્ધિ, તેમાં સમ્યક્ શ્રદ્ધાવંત તે જ્ઞાની, તે સિવાયના તે અજ્ઞાની. તેમાં જ્ઞાનીને પાંચ જ્ઞાન ભજનાએ અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન ભજનાએ દર્શનમાં અલબ્ધિ નથી કેમકે સર્વ જીવોને રુચિ માત્રનું અસ્તિત્વ હોય છે. - - - x - સમ્યગ્ દૃષ્ટિના અલબ્ધિકને મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિવાળાને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે. કેમકે મિશ્ર દૃષ્ટિવાળાને પણ અજ્ઞાન જ છે. તાત્ત્વિક સદ્‌બોધ હેતુત્વ અભાવે મિશ્ર. મિથ્યાદર્શનના અલબ્ધિક તે સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિને ક્રમથી પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ જાણવા.

ચારિત્રલબ્ધિક જ્ઞાની જ હોય. તેમને પાંચ જ્ઞાન ભજનાએ, કેમકે કેવલિ પણ ચારિત્રી હોય છે. ચારિત્ર અલબ્ધિકમાં જે જ્ઞાની ચે, તેમને મનઃપર્યાય વર્જિત ચાર જ્ઞાનો ભજનાએ છે કેમ ? અસંયતપણામાં પહેલા બે કે ત્રણ જ્ઞાન, સિદ્ધત્વમાં કેવલજ્ઞાન. કેમકે સિદ્ધોને પણ ચારિત્રલબ્ધિ શૂન્ય છે. કેમકે તેઓ નોચારિત્રિ-નો અચારિત્રિ છે. જે અજ્ઞાની છે, તેમને ત્રણ જ્ઞાન ભજનાએ છે - સામાયિક ચારિત્ર લબ્ધિક જ્ઞાની જ છે. તેમને કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન ભજનાએ છે. સામાયિક ચારિત્રમાં અલબ્ધિકમાં જે જ્ઞાની છે, તેને પાંચ જ્ઞાન ભજનાએ છે. છેદોપસ્થાપનીય, કે સિદ્ધ ભાવથી. જે અજ્ઞાની છે, તેને ત્રણ અજ્ઞાન ભજનાએ છે.

એ પ્રમાણે છેદોપસ્થાપનીયાદિમાં પણ કહેવું. તેમાં છેદોપસ્થાપનીય ચારિત્રલબ્ધિક જ્ઞાની જ છે, તેમને આદ્ય ચાર જ્ઞાન ભજનાએ છે, તેના અલબ્ધિક અને યથાખ્યાત ચારિત્રલબ્ધિકોમાં જે જ્ઞાની છે, તેને પાંચ જ્ઞાન ભજનાએ અજ્ઞાનીને ત્રણ જ્ઞાન



ભજનાએ. વિશેષ એ કે — સામાયિકાદિ ચારિત્ર ચતુષ્ટ્ય લબ્ધિમાનને ચાર જ જ્ઞાન ભજનાએ છે, યથાખ્યાત ચારિત્ર લબ્ધિમાનને છદ્મસ્થેતર ભાવથી પાંચે પણ જ્ઞાન ભજનાએ છે. તેથી આ પ્રમાણે કહ્યું છે.

ચારિત્રાચારિત્રના અલબ્ધિક, શ્રાવકથી અન્ય છે. તેમાં જે જ્ઞાની છે, તેને પાંચ જ્ઞાન ભજનાએ છે, જે અજ્ઞાની છે, તેને ત્રણ અજ્ઞાનની ભજના.

દાનાંતરાયના ક્ષય, ક્ષયોપશમથી દાન દેવામાં જે લબ્ધિ તે દાન લબ્ધિ. તે જ્ઞાની, અજ્ઞાનીને હોય. તેમાં જે જ્ઞાની છે, તેને પાંચ જ્ઞાન ભજનાએ છે. કેમકે કેવલજ્ઞાની પણ દાનલબ્ધિયુક્ત હોય. જે અજ્ઞાની છે, તેમને ત્રણ અજ્ઞાન ભજનાએ છે. દાનના અલબ્ધિક તો સિદ્ધો હોય. તેમને દાનાંતરાયનો ક્ષય હોવા છતાં દાતવ્યતાનો અભાવ છે.

લાભ-ભોગ-ઉપભોગ-વીર્યલબ્ધિ. અહીં અલબ્ધિકો, સિદ્ધો જ છે, તે પૂર્વવત્ જાણવું. દાનાદિના અંતરાયના ક્ષય છતાં કેવલિને પ્રયોજનનો અભાવ હોવાથી દાનાદિ પ્રવૃત્તિ નથી. તેઓ કૃતકૃત્ય છે.

બાળવીર્યલબ્ધિ - અસંયત, તેમાં જ્ઞાનીને ત્રણ જ્ઞાન, અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. તેના અલબ્ધિક તે સંયત, સંયતાસંયત. તેઓ જ્ઞાની છે. તેમને પાંચ જ્ઞાન ભજનાએ છે.

પંડિતવીર્ય, તેના અલબ્ધિક-અસંયત, સંયતાસંયત અને સિદ્ધો હોય છે. તેમાં અસંયતોને પહેલા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ છે. સંયતાસંયતને ત્રણ જ્ઞાન ભજનાએ. સિદ્ધોને માત્ર કેવળજ્ઞાન હોય. મનઃપર્યવજ્ઞાન માત્ર પંડિતવીર્યલબ્ધિકને હોય - x - x - x - બાલપંડિતમાં અલબ્ધિક તે અશ્રાવકો જાણવા.

ઈન્દ્રિય લબ્ધિકમાં જે જ્ઞાની છે, તેમને ચાર જ્ઞાન ભજનાએ, કેવળ નથી, કેમકે કેવલીને ઈન્દ્રિયોપયોગનો અભાવ છે. અજ્ઞાનીને ત્રણ જ્ઞાન ભજનાએ છે. ઈન્દ્રિય અલબ્ધિક તે કેવળી જ છે, તેથી તેને એક જ જ્ઞાન હોય. શ્રોત્રેન્દ્રિય લબ્ધિકને ઈન્દ્રિય લબ્ધિકવત્ કહેવા. તેમાં જે જ્ઞાની છે, તેમને અકેવલિત્વથી પહેલાં ચાર જ્ઞાન ભજનાએ છે અજ્ઞાનીને ત્રણ જ્ઞાન ભજનાએ છે. શ્રોત્રેન્દ્રિય-અલબ્ધિકમાં જે જ્ઞાની છે, તેમને પહેલાં બે જ્ઞાન છે. અપર્યાપ્તકાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ દર્શનથી વિકલેન્દ્રિયોને. અથવા એક જ્ઞાની-કેવલજ્ઞાની. કેમકે તેમને શ્રોત્રેન્દ્રિય લબ્ધિના ઉપયોગનો અભાવ છે. - x -

ચક્ષુરિન્દ્રિયલબ્ધિક, ઘ્રાણેન્દ્રિયલબ્ધિક અને અલબ્ધિકને શ્રોત્રેન્દ્રિયલબ્ધિકની માફક ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાનાદિ ભજનાએ કહેવા. ચક્ષુ અને ઘ્રાણેન્દ્રિય લબ્ધિકમાં જે પંચેન્દ્રિય છે તેમને કેવળ સિવાયના ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ છે. જે વિકલેન્દ્રિયો, ચક્ષુ-ઘ્રાણઈન્દ્રિય લબ્ધિક છે, તેમને સાસ્વાદન ભાવે પહેલા બે જ્ઞાન, તેના અભાવે પહેલા બે અજ્ઞાન છે. ચક્ષુ-ઘ્રાણઈન્દ્રિય અલબ્ધિકોને યથાયોગ ત્રણ-બે-એકેન્દ્રિય અને કેવલી, તેમાં બેઈન્દ્રિયને સાસ્વાદન ભાવે બે જ્ઞાન, અભાવે બે અજ્ઞાન. કેવલીને કેવળજ્ઞાન.

જિહ્વાલબ્ધિરહિત, કેવલી અને એકેન્દ્રિયો હોય. તેમાં જે જ્ઞાની છે, તે નિયમા

કેવલજ્ઞાની છે, જે અજ્ઞાની છે, તે નિયમા બે અજ્ઞાનવાળા છે. એકેન્દ્રિયોને સમ્યગ્દર્શન અને વિભંગનો અભાવ છે. - - સ્પર્શનેન્દ્રિય લબ્ધિકને કેવળ સિવાયના ચાર જ્ઞાનની ભજના. અજ્ઞાન ત્રણ તેમજ છે. સ્પર્શનેન્દ્રિય અલબ્ધિક તે કેવલી જ છે. ઈન્દ્રિય લબ્ધિ-અલબ્ધિવાળા પણ એમજ છે. - - ઉપયોગ દ્વારે —

● સૂત્ર-૩૯૪ :-

*ભગવન્ ! સાકારોપયુક્ત જીવો જ્ઞાની, અજ્ઞાની ? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ - - ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાન સાકાર ઉપયુક્ત જીવો જ્ઞાની, અજ્ઞાની ? ચાર જ્ઞાન ભજનાએ. એ પ્રમાણે શ્રુતજ્ઞાન સાકારોપયુક્ત જીવો પણ કહેવા. - - અવધિજ્ઞાનસાકાર ઉપયુક્ત જીવો અવધિજ્ઞાનલબ્ધિક માફક જાણવા. - - મનઃપર્યવજ્ઞાન સાકારોપયુક્ત જીવો, મનઃપર્યવજ્ઞાનલબ્ધિક માફક જાણવા. - - કેવલજ્ઞાન સાકારોપયુક્ત જીવો કેવલજ્ઞાન લબ્ધિકવત્ જાણવા. - - મતિઅજ્ઞાન સાકારોપયુક્ત જીવોને ત્રણએ અજ્ઞાન ભજનાએ છે. એ જ પ્રમાણે શ્રુતઅજ્ઞાન સાકારોપયુક્ત, વિભંગજ્ઞાન સાકાર૦ જાણવા.*

*ભગવન્ ! અનાકારોપયુક્ત જીવો જ્ઞાની કે અજ્ઞાની ? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. એ રીતે ચક્ષુદર્શન-અચક્ષુદર્શન અનાકારોપયુક્ત પણ જાણવા. વિશેષ આ - ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. અવધિદર્શન અનાકારોપયુક્તની પૃચ્છા — ગૌતમ ! જ્ઞાની, અજ્ઞાની બંને. જે જ્ઞાની છે તેમાં કોઈ ત્રિજ્ઞાની, કોઈ ચતુર્જ્ઞાની છે જે ત્રિજ્ઞાની છે તે પહેલા ત્રણ જ્ઞાનવાળા છે અને ચતુર્જ્ઞાની છે તે પહેલા ચાર જ્ઞાનવાળા છે. અજ્ઞાની છે તે નિયમા ત્રણે અજ્ઞાનવાળા છે. કેવલદર્શન અનાકારોપયુક્ત કેવળજ્ઞાન લબ્ધિકવત્ જાણવા.*

*ભગવન્! સયોગી જીવી જ્ઞાની કે અજ્ઞાન? સકાયિકવત્ જાણવા. એ પ્રમાણે મન-વચન-કાયયોગી પણ જાણવા. અયોગી, સિદ્ધવત્ જાણવી. - - ભગવન્ લેશ્યાવાળા? સકાયિકવત્ કૃષ્ણાદિ લેશ્યાવાળા માફક જાણવા. અલેશી, સિદ્ધવત્.*

*સકષાયી જીવો સઈન્દ્રિયવત્ જાણવા, યાવત્ લોભ કષાયી. અકષાયી જીવો ? પાંચ જ્ઞાન ભજનાએ - - સવેદી જીવો ? ઈન્દ્રિય વત્. એ રીતે સ્ત્રી-પુરુષ-નપુંસક વેદી પણ જાણવા. - - અવેદક જીવો ? અકષાયીવત્ - - આહારક જીવો ? સકષાયીવત્ વિશેષ એ કે તેમાં કેવલજ્ઞાની પણ હોય. - - ભગવન્ અણાહારક જીવો જ્ઞાની કે અજ્ઞાની ? મનઃપર્યવ સિવાયના ચાર જ્ઞાનો અને ત્રણ અજ્ઞાન ભજનાએ.*

● વિવેચન-૩૯૪ :-

આकार - વિશેષ તે સહિત જે બોધ, તે સાકાર અર્થાત્ વિશેષ ગ્રાહક બોધ. તેમાં ઉપયોગવાળા તે સાકારોપયુક્ત. તેમાં જ્ઞાની, પાંચ જ્ઞાન ભજનાવાળા છે - કદાચ બે કે ત્રણ કે ચાર કે એક. અહીં જે કદાચ એક કે બે આદિ કહ્યું, તે લબ્ધિને આશ્રીને છે. ઉપયોગાપેક્ષાએ તો એક વખતે એક જ જ્ઞાન કે અજ્ઞાન હોય. અજ્ઞાનીને ત્રણે જ્ઞાન ભજનાએ હોય. - - હવે સાકારોપયોગ ભેદને કહે છે —

તેમાં અવધિજ્ઞાન સાકારોપયુક્ત, તે અવધિજ્ઞાનલબ્ધિક માફક છે, જે પૂર્વે



કહ્યા છે. તેમાં ત્રણ જ્ઞાનવાળા પહેલાં ત્રણ જ્ઞાનયુક્ત અને ચતુર્જ્ઞાની, પહેલા ચાર જ્ઞાનયુક્ત કહેવા. - - મનઃપર્યવજ્ઞાન સાકારોપયુક્ત, મનઃપર્યવજ્ઞાનલબ્ધિકવત્ કહ્યા. તેમાં ત્રિજ્ઞાની, મતિ, શ્રુત, મનઃપર્યવજ્ઞાનલબ્ધિકવત્ કહ્યા. તેમાં ત્રિજ્ઞાની, મતિ, શ્રુત, મનઃપર્યવજ્ઞાનયુક્ત હોય, ચતુર્જ્ઞાની આદ્ય ચાર જ્ઞાનયુક્ત.

જેમાં આકાર વિદ્યમાન નથી, તે અનાકાર - દર્શન, તેનાથી યુક્ત જ છે તે. તેમાં જ્ઞાની છે, તે લબ્ધિ અપેક્ષાએ પાંચ જ્ઞા ભજનાએ, અજ્ઞાનીને ત્રણ જ્ઞાન ભજનાએ. જેમ અનાકારોપયુક્ત જ્ઞાની, અજ્ઞાની કહ્યા, તે પ્રમાણે ચક્ષુદર્શનાદિ ઉપયુક્ત પણ કહેવા. વિશેષ એ કે ચક્ષુર્દર્શનેતર ઉપયુક્ત કેવલી ન હોય, તેમને ચાર જ્ઞાન ભજનાએ.

યોગદ્વારમાં-સયોગીને સકાયિકવત્ કહ્યા. તેથી સયોગી પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ કહેવા. એ રીતે મનોયોગી આદિ પણ કહેવા. કેવલીને પણ મનોયોગ આદિ હોય છે. તથા મિથ્યાદૃષ્ટિ મનોયોગાદિ વાળાને ત્રણ અજ્ઞાન હોય છે. અયોગી-એક કેવળજ્ઞાની છે.

લેશ્યાદ્વારે - સલેશ્યી, સકાયિકવત્, ભજનાએ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન કેહવા. કેવલીને પણ શુક્લ લેશ્યા સંભવે છે, તેથી. કૃષ્ણ લેશ્યાદિને સઈન્દ્રિયવત્ કહ્યા. તેમને ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજનાએ. શુક્લલેશ્યી, સલેશ્યીવત્ અર્થાત્ પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ છે, - - અલેશ્યી સિદ્ધવત્ જાણવા. - તેઓ એક જ્ઞાની છે.

કષાયદ્વાર - સકષાયી, સઈન્દ્રિયવત્. પહેલા ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ અકષાયીને પાંચ જ્ઞાન ભજનાએ. કેમ ? છદ્મસ્થ વીતરાગ અને કેવલી અકષાયી, તેમાં છદ્મસ્થવીતરાગને પહેલાં ચાર જ્ઞાન ભજનાએ છે અને કેવલિને પાંચમું છે - - હવે વેદદ્વાર —

સવેદીને સઈન્દ્રિયવત્ કહ્યા. કેવલ સિવાયના ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. અવેદી અકષાયીવત્, ભજનાએ પાંચ જ્ઞાન કહેવા. કેમકે અનિવૃત્તિ બાદરાદિવાળા અવેદક હોય છે. તેમને ચાર જ્ઞાન ભજનાએ.

આહારકદ્વાર - ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. વિશેષ આ - કેવલી પણ આહારક હોય. - x - કેવલિ સમુદ્ઘાત, શૈલેશી અવસ્થામાં અનાહારક હોય છે. - x - - - હવે જ્ઞાનગોચરદ્વાર કહે છે —

● સૂત્ર-૩૯૫,૩૯૬ :-

*[૩૯૫] ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી આભિનિબોધિક જ્ઞાની આદેશથી સર્વ દ્રવ્યોને જાણે, જુએ. ક્ષેત્રથી તે સર્વક્ષેત્રને જાણે, જુએ. એ પ્રમાણે કાળથી અને ભાવથી પણ જાણવું.*

*ભગવન્ ! શ્રુતજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે છે - દ્રવ્યથી ઉપયુક્ત શ્રુતજ્ઞાની સર્વે દ્રવ્યો જાણે, જુએ. એ પ્રમાણે ક્ષેત્ર અને કાળથી પણ જાણવું. ભાવથી ઉપયુક્ત સર્વ ભાવ જાણે, જુએ.*

***ભગવન્ ! અવધિજ્ઞાનીનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારે — દ્રવ્યથી અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જાણે, જુએ એ પ્રમાણે નંદી સૂત્રમાં કહ્યા મુજબ ‘ભાવથી’ સુધી જાણવું. - - દ્રવ્યથી ઋજુમતિ અનંત અનંત પ્રદેશિક આદિ ‘નંદી’ મુજબ ભાવ સુધી જાણવું.***

***ભગવન્ ! કેવળજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર ભેદે છે - x - દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વે દ્રવ્યોને જાણે, જુએ. એ પ્રમાણે કાળ, ક્ષેત્ર, ભાવથી જાણવું. - - - ભગવન્ ! મતિઅજ્ઞાનીનો વિષય કેટલો છે ? ગૌતમ ! સંક્ષેપથી ચાર ભેદે - દ્રવ્યથી તે મતિઅજ્ઞાન પરિગત દ્રવ્યોને જાણે છે, એ પ્રમાણે યાવત્ ભાવથી જાણવું.***

***ભગવન્ ! શ્રુત અજ્ઞાનનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર ભેદે છે. દ્રવ્યથી શ્રુતઅજ્ઞાની શ્રુત અજ્ઞાન પરિગત દ્રવ્યોને કહે, બતાવે, પ્રરૂપે. એ પ્રમાણે ક્ષેત્રથી, કાળથી, ભાવથી કહેવું.***

***ભગવન્ ! વિભંગજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારે છે - દ્રવ્યથી વિભંગજ્ઞાની વિભંગજ્ઞાન પરિગત દ્રવ્યોને જાણે, જુએ છે. એ પ્રમાણે કાળથી, ક્ષેત્રથી, ભાવથી જાણવું.***

***[૩૯૬] ભગવન્ ! જ્ઞાની, ‘જ્ઞાની’રૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જ્ઞાની, બે ભેદે કહ્યા. સાદિ અપર્યવસિત, સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ સુધી જ્ઞાની રહે. - - ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાનીરૂપે કેટલો કાળ રહે ? (ગૌતમ !) જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, અજ્ઞાની, મતિજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, આ દશનો કાળ ‘કાયસ્થિતિ’ પદમાં કહ્યા મુજબ જાણવો તે બધાંનું અંતર ‘જીવાભિગમ’માં કહ્યા મુજબ જાણવું. બધાંનું અલ્પબહુત્વ “બહુવક્તવ્યતા” પદ મુજબ જાણવું.***

***ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનપર્યાયો કેટલા કહ્યા છે ? ગૌતમ ! અનંત છે, એ જ પ્રમાણે શ્રુત યાવત્ કેવલજ્ઞાન પર્યાયો છે. એ પ્રમાણે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના પર્યાયો જાણવા.***

***ભગવન્ ! આ આભિનિબોધિકજ્ઞાન પર્યાયો યાવત્ કેવલ જ્ઞાનપર્યાયોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં મનઃપર્યાયજ્ઞાન પર્યાયો છે, તેથી અવધિ૦ના અનંતગુણા, તેથી શ્રુત૦ના અનંતગુણા, તેથી આભિનિબોધિક૦ના અનંતગુણા, તેનાથી કેવળજ્ઞાનના પર્યાયો અનંતગુણા છે.***

***ભગવન્ ! આ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનના પર્યાયોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા વિભંગ જ્ઞાનના પર્યાયો છે, શ્રુતજ્ઞાનના પર્યાયો તેથી અનંતગુણા છે, મતિ અજ્ઞાનના પર્યાયો તેથી અનંતગુણા છે.***

***ભગવન્ ! આ આભિનિબોધિક વિભંગ જ્ઞાનના પર્યાયોમાં કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાનના પર્યાયો છે, તેથી***



***વિભંગજ્ઞાન પર્યાયો અનંતગુણા, તેથી અવધિજ્ઞાન પર્યાયો અનંતગુણા, તેથી શ્રુતઅજ્ઞાનના પર્યાયો અનંતગુણા, તેથી શ્રુતજ્ઞાનપર્યાયો વિશેષાધિક, તેથી મતિઅજ્ઞાનપર્યાયો અનંતગુણા, તેથી આભિનિબોધિક જ્ઞાનના પર્યાયો વિશેષાધિક. તેથી કેવલજ્ઞાનપર્યાયો અનંતગુણા છે. - ભગવન્ ! તે એમજ છે. (૨)***

**● વિવેચન-૩૯૫,૩૯૬ :-**

કેટલો ગ્રાહ્ય અર્થ છે ? તે ભેદ પરિમાણથી કહે છે — આભિનિબોધિક જ્ઞાનનો વિષય અથવા આભિનિબોધિક જ્ઞાન સંક્ષેપથી ભેદ દ્વારા ચાર પ્રકારે છે - द्रव्य - ધર્માસ્તિકાયાદિ આશ્રીને, क्षेत्र - દ્રવ્યના આધારરૂપ આકાશ માત્ર ક્ષેત્રને આશ્રીને, काल - દ્રવ્યપર્યાય અવસ્થિતિ આશ્રીને, भाव - ઔદયિકાદિ ભાવ કે દ્રવ્ય-પર્યાયોને આશ્રીને.

દ્રવ્યથી આભિનિબોધિક જ્ઞાનવિષય દ્રવ્ય, તેમાં आदेश - પ્રકાર, સામાન્ય-વિશેષરૂપ, તેમાં સામાન્યથી માત્ર દ્રવ્યથી, પણ તેમાં રહેલ સર્વગત વિશેષાપેક્ષાથી નહીં, અથવા શ્રુતપરિકર્મતતાથી ધર્માસ્તિકાયાદિ અપાય, ધારણા અપેક્ષાએ જાણે છે. કેમકે જ્ઞાનનું અપાય, ધારણા રૂપત્વ છે અને અવગ્રહ, ઈહા અપેક્ષાથી જાણે તેને पश्यति કહ્યું છે.

ભાષ્યકારે કહ્યું છે — અપાય, ધારણા તે જ્ઞાન, અવગ્રહ, ઈહા તે દર્શન, તત્ત્વરૂચિ તે સમ્યક્ત્વ, જેનાથી રુચે તે જ્ઞાન તથા જે સામાન્ય ગ્રહણ તે દર્શન, જે વિશેષ ગ્રહણ તે જ્ઞાન, અવગ્રહ-ઈહા સામાન્ય અર્થગ્રહણરૂપ છે, અપાય-ધારણા વિશેષ ગ્રહણરૂપ છે. (શંકા) ૨૮ ભેદે આભિનિબોધિક કહેવાય છે, તેનું શું ? કેમકે આભિનિબોધિક જ્ઞાનની ૨૮ પ્રકૃતિ કહી છે - આ વ્યાખ્યાનમાં શ્રોત્રાદિ ભેદથી છ ભેદે અપાય-ધારણાનું ૧૨ ભેદે મતિજ્ઞાન પ્રાપ્ત છે. તથા શ્રોત્રાદિ ભેદથી જ છ ભેદ વડે અર્થાવગ્રહ-ઈહા તથા વ્યંજનાવગ્રહથી ચાર ભેદે એમ ૧૬ ભેદે ચક્ષુ આદિ દર્શન પ્રાપ્ત છે. તો તેમાં વિરોધ કેમ નથી ? સત્ય છે. પણ વિવક્ષાથી મતિજ્ઞાન અને ચક્ષુ આદિ દર્શનમાં ભેદ છે. પૂજ્યો મતિજ્ઞાનને ૨૮-ભેદે કહે છે.

ક્ષેત્રને આશ્રીને આભિનિબોધિક જ્ઞાન વિષય, તેમાં ઓઘથી શ્રુતપરિકર્મિતતાથી લોકાલોકરૂપ સર્વ ક્ષેત્ર જાણે. એમ કાળ અને ભાવથી છે ભાષ્યકાર કહે છે — સામાન્ય દેશથી ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોને જાણે છે, સર્વભાવથી નહીં, લોકાલોક ક્ષેત્ર, સર્વ અથવા ત્રિવિધકાળ, ઔદયિકાદિ પાંચ ભાવ આટલું જાણે. અથવા આદેશ એટલે શ્રુત, શ્રુતોપલબ્ધોમાં તે મતિજ્ઞાન પ્રસરે છે. આ સૂત્ર ‘નંદી’માં વાચનાંતરે न पासइ એવો પાઠ છે, તેની ટીકામાં પણ કહે છે — દ્રવ્ય જાતિ સામાન્યદેશથી ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોને જાણે, વિશેષથી પણ ધર્માસ્તિકાય, તેનો દેશ આદિને જાણે પણ સર્વે ધર્માસ્તિકાયાદિને ન જુએ. ઈત્યાદિ - x - x -

ધર્માસ્તિકાયાદિ સર્વે દ્રવ્યોને જાણે, શ્રુતજ્ઞાનના તે સ્વરૂપ થકી વિશેષથી જાણે, શ્રુતાનુવર્તી માનસથી અચક્ષુદર્શનથી જુએ. સર્વે દ્રવ્યોને અભિલાપથી જ જાણે. (પરંતુ) અભિન્ન દશપૂર્વધરાદિ શ્રુતકેવલી તેને જુએ. તેની નજીકનાને ભજના, તે મતિવિશેષથી જાણવું. વૃદ્ધોએ વળી જુએ છે એમ કહ્યું — કઈ રીતે જુએ ? સકલ

ગોચર દર્શનયોગ કેમ નથી ? કહે છે — ‘પ્રજ્ઞાપના’માં શ્રુતજ્ઞાનપશ્યતામાં પ્રતિપાદિતપણાથી અનુત્તરવિમાનાદિના આલેખ કરણથી સર્વથા અદૃષ્ટનું આલેખન ન થવાથી એ પ્રમાણે ક્ષેત્રાદિમાં પણ વિચારવું. વળી કોઈ न पासइ કહે છે. (શંકા) ભાવથી ઉપયુક્ત શ્રુતજ્ઞાની સર્વ ભાવે જાણે ? વળી શ્રુત, ચારિત્રમાં સર્વે પર્યાયો નથી, તેની સાથે કેમ વિરોધ ન આવે ? (સમાધાન) આ સૂત્રમાં સર્વના ગ્રહણથી પાંચ ઔદયિકાદિ ભાવો કહ્યા છે. તેને સર્વને જાણે છે અથવા જે અભિલાપ્ય ભાવોનો અનંત ભાગ જ શ્રુતનિબદ્ધ છે, તો પણ પ્રસંગ-અનુપ્રસંગથી સર્વે અભિલાપ્ય શ્રુતવિષયો કહેવાય છે. તેથી તે અપેક્ષાએ સર્વે ભાવોને જાણે છે, તેમ કહ્યું. અનભિલાપ્ય ભાવાપેક્ષાએ ન જાણે.

અવધિજ્ઞાની રૂપિદ્રવ્ય-પુદ્‌ગલ દ્રવ્યો, તે જઘન્યથી અનંત છે. તૈજસભાષા દ્રવ્યોના અપાંતરાલવર્ત્તી હોવાથી, તેને જાણે. ઉત્કૃષ્ટથી સર્વે બાદર, સૂક્ષ્મ ભેદ ભિન્નને વિશેષાકારથી જ્ઞાનત્વપણાથી જાણે છે સામાન્યાકારથી અવધિજ્ઞાનીને અવધિદર્શન અવશ્ય હોય છે તેથી જુએ છે. (શંકા) પહેલા દર્શન અને પછી જ્ઞાનનો ક્રમ હોવા છતાં અહીં ઉલટું કેમ કહ્યું ? અહીં અવધિજ્ઞાનાધિકારથી પ્રાધાન્ય જણાવવા માટે પહેલાં ‘જાણે’ એમ કહ્યું. અવધિદર્શનનું અવધિ અને વિભંગના સાધારણત્વથી અપ્રધાનપણાને લીધે પછી ‘જુએ છે’ તેમ કહ્યું. અથવા બધી જ લબ્ધિ સાકારોપયુક્તને ઉપજે છે, અવધિલબ્ધિ પણ સાકારોપયોગ ઉપયુક્તને હોય, આ અર્થને જણાવવા સાકારોપયોગ એવા जानाति શબ્દને પહેલા મૂક્યો પછી पश्यति કહ્યું.

જેમ ‘નંદી’માં, ત્યાં આ સૂત્ર છે — ક્ષેત્રથી અવધિજ્ઞાની જઘન્યથી અંગુલના અસંખ્યભાગે જાણે છે, જુએ છે ઇત્યાદિ. વ્યાખ્યા આ રીતે - ક્ષેત્રથી અવધિજ્ઞાની, જઘન્યથી અંગુલનો અસંખ્યભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત લોકમાં શક્તિ અપેક્ષાએ લોક પ્રમાણ ખંડોને જાણે જુએ. કાળથી અવધિજ્ઞાની જઘન્યથી આવલિકાનો અસંખ્યાતભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી અતીત-અનાગતને જાણે-જુએ. તેમાં રહેલ રૂપીદ્રવ્યોને આશ્રીને. ક્યાં સુધી કહેવું ? ભાવના અધિકાર સુધી. તે આ છે - ભાવથી અવધિજ્ઞાની જઘન્યથી અનંતા ભાવોના આધાર દ્રવ્ય અનંતપણાથી જાણે, જુએ, પણ પ્રત્યેક દ્રવ્ય નહીં. ઉત્કૃષ્ટથી પણ અનંતા ભાવોને જાણે અને જુએ. તે પણ ઉત્કૃષ્ટપદે સર્વે પર્યાયોનો અનંતભાગ, એ પ્રમાણે છે.

મનન તે મતિ. ऋज्वी - સામાન્યગ્રાહિણી. તે ઋજુમતિ. ‘આણે ઘટ વિશે વિચાર્યુ’ તેવા અધ્યવસાયને જાણે છે અથવા જે ઋજુ મતિવાળો છે તે. अनंत - અપરિમિત, अनंतपएसिअ - અનંત પરમાણુ રૂપ. जहा नंदिए - સૂત્ર આ પ્રમાણે - વિશિષ્ટ એક પરિણામ પરિણત સ્કંધને જાણે, જુએ. તે પર્યાપ્તક સંજ્ઞી પ્રાણી વડે, જે અઢીદ્વીપ-બે સમુદ્રવર્તી હોય તેને મનપણે પરિણામિત ભાવોને, મનઃપર્યાય જ્ઞાનાવરણ ક્ષયોપશમથી, પટુત્વથી સાક્ષાત્‌રૂપે વિશેષ પરિચ્છેદથી જાણે, તેમ કહેવાય. - x - x - ભાષ્યકારે કહ્યું છે કે બાહ્ય અનુમાનથી જાણે. - x -

મૂર્ત દ્રવ્ય આલંબનથી આ જાણે, મતાંતરે અમૂર્ત છતાં પણ ધર્માસ્તિકાયાદિને માને છે. જો કે તેને સાક્ષાત્ કરવાને સમર્થ નથી. તથા ચક્ષુર્દર્શનાદિ ચારે દર્શનને



ભિન્ન આલંબનથી આ જાણે. તેથી દર્શનના સંભવથી જુએ તેમ કહે, તેમાં કંઈ દોષ નથી. - વિસ્તારની જરૂર નથી.

તેને જ વિપુલમતિ અધિકપણાએ, વિતિમિરપણાએ, વિશુદ્ધપણાએ જાણે અને જુએ. તે જ સ્કંધોને વિશેષથી ગ્રહણ કરનારી મતિ, તે વિપુલમતિ. આણે ઘટ વિશે વિચાર્યુ, તે સોનાનો, પાટલિપુત્રકમાં હમણાં બનેલો ઈત્યાદિ જાણે. અથવા જેની મતિ વિપુલ છે તે વિપુલમતિ.

अभ्यधिकतर - ઋજુમતિ દૃષ્ટ સ્કંધની અપેક્ષાએ દ્રવ્યાર્થતા અને વર્ણાદિ વડે ઘણું વધારે. वितिमिरतर - અતિશય રીતે અંધકારથી રહિતની જેવું, તેથી જ वितिमिरतर - અતિશય રીતે અંધકારથી રહિતની જેવું તેથી જ विशुद्धतरक - અતિ સ્પષ્ટપણે જાણે અને જુએ. ૦ ક્ષેત્રથી - ઋજુમતિ૦ નીચે-નીચે યાવત્ આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના નીચલા ક્ષુલ્લક પ્રતર સુધીના મનોગત ભાવોને જાણે છે, જુએ છે. તેમાં રુચક નામે, તિર્છાલોકના મધ્યથી નીચે ૯૦૦ યોજન સુધી આ રત્નપ્રભાના ઉપરનું ક્ષુલ્લક પ્રતર છે, તેનું ક્ષુલ્લકત્વ અધોલોકના પ્રતરની અપેક્ષાએ છે. તેનાથી પણ જે નીચે તે અધોલોકગ્રામ છે. તે ક્ષુલ્લક પ્રતરથી ઉપર જ્યોતિષ્ ચક્રના ઉપરિતલ સુધી અને તિર્છું મનુષ્યક્ષેત્રના અંત સુધી એમ જાણવું. તેને વિભાગથી કહે છે — અઢીદ્વીપ-સમુદ્રમાં ૧૫ કર્મભૂમિમાં, ૫૬ અંતર્દ્વીપમાં પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયોના મનોગત ભાવોને જાણે અને જુએ.

જ્યારે તેને વિપુલમતિ અઢી અંગુલથી વિશેષ અધિકપણે, વિપુલપણે, વિશુદ્ધપણે, વિતિમિરપણે જાણે અને જુએ.

અહીં ક્ષેત્રાધિકાર પ્રાધાન્યથી મનોલબ્ધિ સમન્વિત જીવના આધારરૂપ ક્ષેત્ર ગ્રહણ કરાય છે. તેનાથી અતિ અધિક લંબાઈ, વિષ્કંભને આશ્રીને વિપુલતર, બાહલ્યને આશ્રીને વિશુદ્ધતર, અંધકાર સમાન, તેના આવરક કર્મના વિશિષ્ટતર ક્ષયોપશમ સદ્‌ભાવથી જુએ.

तथा कालओ - ઋજુમતિ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યભાગ અનીત અને અનાગતને જાણે અને જુએ તેને જ વિપુલમતિ વિશુદ્ધતર, વિતિમિરતર જાણે અને જુએ. - - ‘નંદીસૂત્ર’નો પાઠ ક્યાં સુધી કહેવો ? ‘ભાવસૂત્ર’ સુધી. - ભાવથી ઋજુમતિ અનંતભાવે જાણે, જુએ. સર્વભાવોને અનંત ભાગે જાણે, જુએ. તેને જ વિપુલમતિ વિશુદ્ધતર, વિતિમિરતર જાણે અને જુએ. એ પ્રમાણે ઉક્ત ન્યાયે કેવલજ્ઞાન વિષય કહેવો —

‘નંદીસૂત્ર’માં આમ કહ્યું છે - ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વ ક્ષેત્ર જાણે, જુએ. અહીતં ધર્માસ્તિકાયાદિ બધાં દ્રવ્યના ગ્રહણથી આકાશદ્રવ્યના ગ્રહણ છતાં, જે ફરી લીધું, તે તેના ક્ષેત્રત્વના રૂઢપણાથી છે. કાળથી કેવળજ્ઞાની સર્વ કાળને જાણે, જુએ. ભાવથી સર્વ ભાવને જાણે, જુએ.

મતિઅજ્ઞાનથી - મિથ્યાદર્શન યુક્તતાથી અવગ્રહાદિ અને ઔત્પાતિકી આદિ વડે વિષયીકૃત જે હોય તે તથા અપાયાદિ વડે જાણે અને અવગ્રહાદિ વડે જુએ. યાવત્ શબ્દથી-ક્ષેત્રથી મતિ અજ્ઞાની મતિ અજ્ઞાન પરિગત ક્ષેત્રને જાણે, જુએ. કાળથી મતિ અજ્ઞાની, મતિ અજ્ઞાન પરિગત કાળને જાણે, જુએ. - - શ્રુતઅજ્ઞાન-મિથ્યાદૃષ્ટિ પરિગૃહીત

સમ્યક્શ્રુત, લૌકિક શ્રુત કે કુપ્રાવચનિક શ્રુત વડે જે વિષયી કૃત કરાયેલ હોય તેને તથા आघवेइ - કહે, અર્થ કરે, આગ્રાહે આદિ, प्रज्ञापयति - ભેદપૂર્વક કહે. प्ररूपयति - ઉપપત્તિ પૂર્વક કહે — પ્રરૂપે. વાચનાંતરે આટલું અધિક છે - दंसेइ - દેખાડે, ઉપમા માત્ર વડે, જેમકે ગાય તેવું ગવય આદિ. निदंसेइ - હેતુ, દૃષ્ટાંત, ઉપન્યાસ વડે નિર્દેશે. उवदंसेइ - ઉપનય, નિગમન વડે મતાંતર દર્શનપૂર્વક દર્શાવે.

દ્રવ્યથી વિભંગજ્ઞાન વડે જાણે, અવધિદર્શનથી જુએ.

કાલદ્વાર - અહીં પહેલા કેવળી અને પછી મતિ આદિવાળા કહ્યા છે. તેમાં ‘કેવલીને’ સાદી અપર્યવસિત શબ્દથી કાળ જણાવ્યો છે. મતિ આદિવાળાને બે ભેદથી કહે છે — જઘન્યથી અંતર્મુહૂર્ત. તે પહેલા બે જ્ઞાનને આશ્રીને કહ્યું, કેમકે તે બે જ જઘન્યથી અંતર્મુહૂર્ત માત્ર હોય. ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬ સાગરોપમ, જે કહ્યું, તે પહેલા ત્રણ જ્ઞાનને આશ્રીને કહ્યું છે. તેમની જ ઉત્કૃષ્ટથી તેટલી સ્થિતિ છે. તે આ રીતે — વિજયાદિમાં બે વખત જાય કે અચ્યુતે ત્રણ વખત જાય, તેમાં મનુષ્યભવ અતિરેકથી આ કાળ કહ્યો છે - x -

આભિનિબોધિકમાં આ રીતે જાણવું — ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની, આભિનિબોધિકજ્ઞાનીપણે કાળથી કેટલો કાળ હોય ? તેનો અર્થ આ છે - आभिणिबोहिए० આદિ સૂત્રક્રમથી જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, અજ્ઞાની, મતિ અજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાનીનો અવસ્થિતિ કાળ જેમ કાયસ્થિતિમાં અર્થાત્ ‘‘પ્રજ્ઞાપના’’ના ૧૮માં પદમાં કહ્યો, તેમ કહેવો. તેમાં જ્ઞાનીનો પૂર્વે કહ્યો, તે જ અવસ્થિતિકાળ. - x -

આભિનિબોધિક આદિ બે જ્ઞાનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬ સાગરોપમ, અવધિજ્ઞાનનો પણ એ જ કાળ છે. પણ જઘન્યકાળમાં ભેદ છે. અવધિજ્ઞાની જઘન્યથી એક સમય. કઈ રીતે? જો વિભંગજ્ઞાની સમ્યક્ત્વ પામે, ત્યારે પહેલા સમયે વિભંગઅવધિજ્ઞાન હોય, ત્યારપછી તે પડે છે, ત્યારે એક સમય અવધિ કહેવાય.

મનઃપર્યવજ્ઞાની વિશે પૃચ્છા-જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશ ન્યૂન પૂર્વકોટિ. કઈ રીતે ? અપ્રમત્ત કાળમાં વર્તતા સંયતને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય, ક્યારે ઉત્પત્તિ સમયે સમ અંતરે જ વિનાશ પામે તો એક સમય. તથા ચારિત્રકાળ ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટી છે, દીક્ષાના ગ્રહણથી તુરંત જ જો મનઃપર્યવજ્ઞાન પામે અને આ જન્મ અનુવર્તે, ત્યારે મનઃપર્યવજ્ઞાન દેશોન પૂર્વકોટી થાય.

કેવળજ્ઞાની વિશે પૃચ્છા. ગૌતમ ! સાદિ અપર્યવસિત.

અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની વિશે પૃચ્છા. ગૌતમ! અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની ત્રણ ભેદે છે — અભવ્યોને અનાદિ અપર્યવસિત, ભવ્યોને અનાદિ સપર્યવસિત, સમ્યગ્દર્શનથી પડેલાને સાદિ સપર્યવસિત. તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્યથી અંતર્મુહૂર્ત - x - ઉત્કૃષ્ટથી અનંતકાળ, અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી દેશન્યૂન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત. સમ્યક્ત્વથી ભ્રષ્ટને વનસ્પતિ આદિમાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી ગયા પછી પુનઃ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.



વિભંગજ્ઞાની વિશે પૃચ્છા - ગૌતમ ! જઘન્યથી એક સમય ઉત્પત્તિ પછી એક જ સમયમાં પડે. ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટી અધિક ૩૩-સાગરોપમ. કેમકે મનુષ્યમાં તેટલું આયુ ભોગવી સાતમી નરકે જાય.

અંતરદ્વાર-પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનનું અંતર બધું જ જેમ જીવાભિગમમાં કહ્યું, તેમ કહેવું. તે આ પ્રમાણે — ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનનું અંતર, કાળથી કેટલું છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ યાવત્ દેશોન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાનીનું એ જ પ્રમાણે છે.

કેવળજ્ઞાનીની પૃચ્છા — ગૌતમ ! અંતર નથી. - - મતિ અજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીની પૃચ્છા - ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક ૬૬-સાગરોપમ. - - વિભંગજ્ઞાનીની પૃચ્છા-ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

અલ્પબહુત્વદ્વાર - જ્ઞાનીનું, અજ્ઞાનીનું, જ્ઞાની-અજ્ઞાની ત્રણેનું પરસ્પર અલ્પબહુત્વ ‘પ્રજ્ઞાપના’ સૂત્રથી કહેવું. તે આ છે - ભગવન્ ! આ આભિનિબોધિક જ્ઞાની આદિ જીવોમાં કોણ કોનાથી અલ્પ, વધુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! બધાંથી થોડા જીવો મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અસંખ્યગુણા, આભિનિબોધિક અને શ્રુતજ્ઞાની બંને તુલ્ય અને વિશેષાધિક, કેવળજ્ઞાની અનંતગુણા છે - (૧)

ભગવન્ ! આ મતિઅજ્ઞાની આદિમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા વિભંગજ્ઞાની, મતિ અજ્ઞાની-શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણા છે - (૨)

ભગવન્ ! આ આભિનિબોધિકાદિ પાંચ જ્ઞાની અને મતિ આદિ ત્રણ અજ્ઞાનીમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! મનઃપર્યવજ્ઞાની સૌથી થોડા, અવધિજ્ઞાની અસંખ્યગણા, આભિનિબોધિક જ્ઞાની-શ્રુતજ્ઞાની બંને તુલ્ય અને વિશેષાધિક, વિભંગજ્ઞાની અસંખ્યાતગણા, કેવલજ્ઞાની અનંતગણા, મતિ અને શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણા છે. ઋદ્ધિ પ્રાપ્ત સંયતને જ મનઃપર્યવજ્ઞાન થાય માટે સૌથી થોડાં છે. અવધિજ્ઞાન ચારે ગતિમાં હોય તેથી અસખ્યાતગણા. પહેલા બે જ્ઞાનવાળા તુલ્ય અને વિશેષાધિક કહ્યા. કેમકે તે અવધિ અને મનઃપર્યવજ્ઞાનીને તથા તેનાથી રહિત પંચેન્દ્રિયને અને સાસ્વાદન સમ્યક્ત્વ સદ્ભાવે વિકલેન્દ્રિયને પણ થાય છે અને કેવલજ્ઞાનીને અનંતગુણા કહ્યા, કેમકે સિદ્ધો અનંતા છે.

અજ્ઞાની સૂત્રમાં વિભંગજ્ઞાની થોડા છે, કેમકે તે પંચેન્દ્રિયોને જ થાય છે, તેનાથી અનંતગણા મતિ-શ્રુતઅજ્ઞાની છે, કેમકે બંને અજ્ઞાન એકેન્દ્રિયોને પણ હોય, તેથી અનંતગુણ કહ્યા.

મિશ્રસૂત્રમાં મનઃપર્યવજ્ઞાની થોડાં કહ્યા. અવધિજ્ઞાની તેનાથી અસંખ્યાતગણા કહ્યા. મતિ-શ્રુતવાળા તેનાથી વિશેષાધિક કહ્યા, તે પૂર્વવત્ સમજવું. મતિ-શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની અસંખ્યગણા કહ્યા. કઈ રીતે ? સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકથી મિથ્યાદૃષ્ટિ દેવનારક અસંખ્યાતગણા કહ્યા છે, તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગણા કહ્યા. વિભંગજ્ઞાનીથી કેવળજ્ઞાની અનંતગણા છે. કેમકે એકેન્દ્રિય સિવાયના સર્વે જીવોથી સિદ્ધો અનંતગણા છે. મતિ-શ્રુત અજ્ઞાની પરસ્પર તુલ્ય છે. કેવલજ્ઞાનીથી અનંતગણા

છે, કેમકે વનસ્પતિમાં પણ તેમનો સંભવ છે. એકેન્દ્રિયો સિદ્ધોથી પણ અનંતગણા છે.

પર્યાયદ્વાર-આભિનિબોધિક જ્ઞાનના પર્યવો-વિશેષ ધર્મો તે આભિનિબોધિક પર્યવો. તે સ્વ-પર પર્યાય ભેદથી બે પ્રકારે છે. તેમાં જે અવગ્રહ આદિ મતિ વિશેષ, ક્ષયોપશમની વૈચિત્ર્યથી છે તે સ્વ પર્યાયા, તે અનંતગણા છે. કઈ રીતે ? એકાદ અવગ્રહથી અન્ય અવગ્રહાદિ અનંતભાગવૃદ્ધિથી વિશેષ છે, બીજા અસંખ્યેય ભાગ વૃદ્ધિથી, અપર સંખ્યેયભાગ વૃદ્ધિથી, અન્યતર સંખ્યેયગુણ વૃદ્ધિથી, તદ્અન્ય સંખ્યેયગુણ વૃદ્ધિથી, અપર અનંતગુણ વૃદ્ધિથી. એ પ્રમાણે સંખ્યાતના સંખ્યાત ભેદથી, અસંખ્યાતના અસંખ્યાત ભેદથી, અનંત ભેદત્વથી અનંતા વિશેષ છે અથવા તેના જ્ઞેયના અનંતપણાથી અને પ્રતિજ્ઞેયના તેનાથી ભેદાવાપણાથી અથવા મતિજ્ઞાનને અવિભાગ પરિચ્છેદ બુદ્ધિથી છેદતા અનંતખંડ થવાથી, તેના પર્યવો અનંત છે. તથા જે બીજા પદાર્થના પર્યાયો તે તેના પર પર્યાય છે. તે પરનું અનંતગુણપણું હોવાથી, સ્વપર્યાયથી અનંતગણા છે. - x - x - x - x - x - x - x - ઇત્યાદિ, ઇત્યાદિ.

केवइया णं भंते सुयनाणे० ઇત્યાદિ-અનંતા શ્રુતજ્ઞાન પર્યાયો કહ્યા છે. તે સ્વપર્યાય અને પરપર્યાય છે. તેમાં શ્રુતજ્ઞાનના જે સ્વપર્યાય છે, તે પોતે અક્ષરશ્રુત આદિ ભેદવાળા, અનંતા છે. કેમકે ક્ષયોપશમના વૈચિત્ર્ય વિષય અનંતા છે, શ્રુતાનુસારી બોધનું અનંતત્વ છે, અવિભાગ પલિચ્છેદનું અનંતપણું છે. પરપર્યાયો પણ અનંતા છે, સર્વભાવોના પ્રસિદ્ધ છે. અથવા શ્રુત - ગ્રંથાનુસારી જ્ઞાન, તે શ્રુતજ્ઞાન, શ્રુતગ્રંથ અક્ષરાત્મક છે, અક્ષરો 'અ'કારાદિ છે, તેમાંનો એક-એક અક્ષર યથાયોગ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત ભેદથી છે, સાનુનાસિક-નિરનુનાસિક ભેદથી છે, અલ્પ પ્રયત્ન-મહાપ્રયત્ન ભેદાદિથી છે, સંયુક્ત સંયોગ-અસંયુક્ત સંયોગ ભેદથી છે, દ્વયાદિ સંયોગ-ભેદથી અનંત છે અને ભેદાતા પણ અનંત ભેદ થાય છે. તે તેના સ્વપર્યાય છે. અન્ય પરપર્યાય છે, તે અનંતા જ છે.

એ પ્રમાણે તે અનંતપર્યાય છે. કહ્યું છે કે — તેનો એક-એક અક્ષર સ્વપર્યાય ભેદથી ભિન્ન છે, તે વળી સર્વદ્રવ્ય-પર્યાય રાશિ પ્રમાણ જાણવો. જે એકલો 'અ'કાર પર્યાય પ્રાપ્ત થાય છે, તે સ-વર્ણસહિત તેના સ્વપર્યાયો છે, બાકીના તેના પરપર્યાયો છે. એ પ્રમાણે અક્ષરાત્મકત્વથી અક્ષર પર્યાય સહિતપણાથી શ્રુતજ્ઞાનના પર્યાયો અનંત છે. એ પ્રમાણે 'યાવતથી આમ જાણવું —

ભગવન્ ! અવધિજ્ઞાન પર્યાયો કેટલા છે ? ગૌતમ ! અવધિજ્ઞાનના પર્યાયો અનંત છે. - - ભગવન્ ! મનઃપર્યવજ્ઞાનના પર્યાયો કેટલા છે ? ગૌતમ ! અનંત. - - ભગવન્ ! કેવળજ્ઞાનના પર્યાયો કેટલા છે ? ગૌતમ ! અનંતા કેવળજ્ઞાન પર્યાયો છે.

— તેમાં અવધિજ્ઞાનના સ્વપર્યાયો, જે અવધિજ્ઞાનના ભેદો - ભવપ્રત્યય અને ક્ષાયોપશમિક ભેદથી, નારક, તિર્યંચ, મનુષ્ય, દેવરૂપ તેના સ્વામીના ભેદથી, અસંખ્યાત ભેદ તેના વિષયભૂત ક્ષેત્ર-કાળ ભેદથી, અનંતભેદ તેના વિષય દ્રવ્યપર્યાય ભેદથી, અવિભાગ પલિચ્છેદથી તે અનંતા છે. - - મનઃપર્યાયજ્ઞાનના અને કેવળજ્ઞાનના જે સ્વપર્યાયો સ્વામી આદિ ભેદથી સ્વગત વિશેષ્ય તે અનંતા, અનંતદ્રવ્ય પર્યાય પરિચ્છેદ અપેક્ષાથી કે અવિભાગ પલિચ્છેદ અપેક્ષાએ છે - - એ પ્રમાણે મતિ અજ્ઞાનાદિ ત્રણમાં



પણ અનંત પર્યાયત્વ કહેવું.

હવે પર્યાયોનું અલ્પબહુત્વ નિરૂપવા કહે છે - અહીં સ્વપર્યાય અપેક્ષાએ જ આ અલ્પબહુત્વ જાણવું, કેમકે સ્વપર પર્યાય અપેક્ષાએ બધાંનું તુલ્ય પર્યાયત્વ છે. તેમાં સૌથી થોડાં મનઃપર્યાય જ્ઞાનના પર્યાયો છે, કેમકે તેમનો વિષય માત્ર મન છે. તેનાથી અવધિજ્ઞાનના પર્યાયો અનંતગુણા છે, કેમકે મનઃપર્યાયની અપેક્ષાએ અવધિજ્ઞાનનો દ્રવ્યપર્યાયથી અનંતગુણ વિષય છે. તેનાથી શ્રુતજ્ઞાન પર્યાયો અનંતગુણા છે, કેમકે તેનો રૂપી-અરૂપી દ્રવ્ય વિષયત્વથી અનંતગુણ વિષયત્વ છે. તેનાથી આભિનિબોધિકજ્ઞાનના પર્યાયો અનંતગુણ છે, કેમકે તેના અભિલાપ્ય - અનભિલાપ્ય દ્રવ્યાદિ વિષયત્વથી અનંતગુણ વિષય છે. તેનાથી કેવલજ્ઞાન પર્યાય અનંતગુણા છે, કેમકે તે સર્વ દ્રવ્ય-પર્યાય વિષયત્વ છે.

એ પ્રમાણે અજ્ઞાન સૂત્રમાં અલ્પ બહુત્વ કારણ સૂત્રાનુસાર જાણવું. મિશ્ર સૂત્રમાં સૌથી થોડાં મનઃપર્યાયજ્ઞાન પર્યાયો છે. અહીં ઉપપત્તિ પૂર્વવત્ જાણવી. તેનાથી વિભંગજ્ઞાન પર્યાયો અનંતગુણ છે. કેમકે મનઃપર્યવજ્ઞાનની અપેક્ષાએ વિભંગજ્ઞાનનો વિષય મોટો છે. કહ્યું છે — વિભંગજ્ઞાન ઉર્ધ્વ-અધો ઉપરિમ ગ્રૈવેયકથી આરંભીને સાતમી પૃથ્વીના અંત સુધી, તિર્છું અસંખ્યાત દ્વીપસમુદ્રરૂપ ક્ષેત્રમાં જે રૂપી દ્રવ્યો છે, તેને કેટલાંકને જાણે અને કેટલાંકના પર્યાયો જાણે. તે મનઃપર્યાયજ્ઞાન વિષયની અપેક્ષાએ અનંતગુણ છે —

— તેનાથી અવધિજ્ઞાનપર્યાયો અનંતગુણ છે. કેમકે અવધિ સકલરૂપી દ્રવ્ય-પ્રતિદ્રવ્ય અસંખ્યાત પર્યાય વિષયત્વથી વિભંગની અપેક્ષાએ અનંતગુણ છે. તેનાથી શ્રુતઅજ્ઞાન પર્યાયો અનંતગુણ છે. શ્રુતઅજ્ઞાન સમસ્ત મૂર્ત્ત-અમૂર્ત્ત દ્રવ્ય, સર્વ પર્યાય વિષયથી અવધિજ્ઞાનની અપેક્ષાએ અનંતગુણવિષય છે. તેનાથી શ્રુત જ્ઞાન પર્યાયો વિશેષાધિક છે, કેટલાંક શ્રુતઅજ્ઞાન અવિષયીકૃત પર્યાયોને વિષયીકરણથી છે. તેનાથી મતિઅજ્ઞાન પર્યાયો અનંતગુણ છે, કેમકે શ્રુતઅજ્ઞાન અભિલાપ્ય વસ્તુ વિષયક છે, મતિ અજ્ઞાન તેનાથી અનંતગુણ અનભિલાપ્ય વસ્તુ વિષયક પણ છે. તેનાથી મતિજ્ઞાન પર્યાયો વિશેષાધિક છે, કેટલાંક મતિ અજ્ઞાન અવિષયીકૃત ભાવોને વિષયીકરણથી. - x - તેનાથી કેવલજ્ઞાન પર્યાયો અનંત ગુણ છે. કેમકે સર્વકાળ ભાવિ સમસ્ત દ્રવ્ય-પર્યાયોના અનન્ય સાધારણને જાણે છે (માટે અનંતગુણ કહ્યા છે.)

## ❀ શતક-૮, ઉદ્દેશો-૩-''વૃક્ષ'' ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૭-માં આભિનિબોધિક જ્ઞાન પર્યાયો કહ્યા, તેના વડે વૃક્ષાદિ અર્થોનું જ્ઞાન થાય છે, તેથી વૃક્ષને કહે છે —

● **સૂત્ર-૩૯૭ :-**

***વૃક્ષો કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે છે - સંખ્યાત જીવવાળા, અસંખ્યાત જીવવાળા, અનંત જીવવાળા - તે સંખ્યાત જીવવાળા વૃક્ષ ક્યા છે ? અનેકવિધ છે — તાડ, તમાલ, તક્કલિ, તેતલિ આદિ 'પન્નવણા'માં કહ્યા મુજબ નારિયેલ સુધી જાણવા. જે આવા પ્રકારના છે તે બધાંજ, આ સંખ્યાત જીવા કહ્યા.***

***તે અસંખ્યાત જીવા વૃક્ષ ક્યા છે ? બે પ્રકારે - એકાસ્થિક, બહુબીજક.***

***- - તે એકાસ્થિક વૃક્ષ કયા છે ? અનેકવિધ છે. જેમકે – નીંબ, આમ, જાંબુ આદિ, એ પ્રમાણે 'પન્નવણા' મુજબ બહુબીજ કે ફળો સુધી જાણવું. તે બહુબીજક કહ્યા. તે અસંખ્યાતજીવા કહ્યા.***

***તે અનંતજીવા વૃક્ષો કયા છે? અનેક પ્રકારે છે. જેમકે આલુ, મૂળા, આદુ એ પ્રમાણે જેમ સાતમા શતકમાં કહ્યું, તેમ સિઉંડી, મુસુંઠી સુધી કહેવું. જે આવા પ્રકારના બીજા હોય તે પણ જાણવા. તે આ અનંતજીવવાળા વૃક્ષો કહ્યા.***

**● વિવેચન-૩૯૭ :-**

જેમાં સંખ્યાત જીવો હોય તે સંખ્યાતજીવિકા, એ રીતે બીજા બે પદ કહેવા. પ્રજ્ઞાપના મુજબ આ સૂત્ર કહેવું – તાલ, તમાલ, તક્કલિ, તેતલિ, શાલ, શાલકલ્યાણ, સરલ, જાયઈ, કેતકી, કંદલિ, ચર્મવૃક્ષ, ભુર્જવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, સોપારી, ખજૂરી, નારિયેલી. જે પણ બીજા આવા પ્રકારના વૃક્ષવિશેષ હોય તે સંખ્યાતજીવિકા છે.

જે ફળ મધ્યે એક જ બીજ હોય તે એકાસ્થિક, જે ફળ મધ્યે બહુબીજ હોય તે બહુબીજક. જેમ પ્રજ્ઞાપનાના પહેલા પદમાં કહ્યું તેમ – આ સૂત્ર જાણવું – નીંબ, અંબ, જાંબુ, કોસંબ, સાલ, અંકોલ, પીલુ, સલુક, સલ્લકી, મોદકી, માલુક, બકુલ, પલાશ, કરંજ ઇત્યાદિ.

તે બહુબીજક વૃક્ષો કયા છે ? અનેકવિધ છે. જેમકે – અસ્થિક, તેંદુક, કવિઠ્ઠ, અંબાડક, માતુલુંગ, આમલક, ફણસ, દાડમ, અશ્વત્થ, ઉદુંબર, વટ ઇત્યાદિ. - - અંતિમ આ સૂત્ર છે. પૂર્વોક્ત વૃક્ષોમાં મૂલ પણ અસંખ્યાત જીવિક છે. કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર પ્રત્યેકજીવી છે. ફૂલ અનેક જીવી, ફળ બહુબીજવાળા છે - x - x - હવે જીવાધિકારથી આ કહે છે –

**● સૂત્ર-૩૯૮ :-**

***ભગવન્ ! કાચબા-કાચબાની શ્રેણી, ગોધા-ગોધાની શ્રેણિ, ગાય-ગાયની શ્રેણિ, મનુષ્ય-મનુષ્યની શ્રેણી, ભેંસ-ભેંસોની શ્રેણિ, આ બધાંના બે કે ત્રણ કે સંખ્યાત ખંડ કરવામાં આવે તો તેની વચ્ચેનો ભાગ શું જીવપ્રદેશોમાં સ્પૃષ્ટ થાય છે ? હા, ગૌતમ ! થાય છે.***

***ભગવન્! કોઈ પુરુષ, તે વચ્ચેના ભાગને હાથથી, પગથી, આંગળીથી, શલાકાથી, કાષ્ઠથી, લાકડીના ટુકડાથી થોડો કે વધુ સ્પર્શ કરે, થોડું કે વધુ ખેંચે અથવા કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી થોડું કે વધુ છેદે કે અગ્નિકાય વડે તેને સળગાવે તો શું તે જીવપ્રદેશોની થોડી કે વધુ બાધા ઉત્પન્ન કરી શકે અથવા તેના શરીરનો છેદ કરી શકે? ગૌતમ! તે અર્થ યોગ્ય નથી. તેમાં શસ્ત્ર સંક્રમી શકે નહીં.***

**● વિવેચન-૩૯૮ :-**

कुम्म - કાચબો, कुम्मावलि - કાચબાની શ્રેણી, गोहा - ગોધો, સરીસર્પ વિશેષ, अंतर - જે અંતરાલ હોય તે, कलिंच - નાનો લાકડાનો ટુકડો, आमुसमाण - થોડો સ્પર્શ કરવો, संमुसमाण - સમસ્તપણે સ્પર્શ કરવો, आलिहमाण - એક વખત કે થોડું ખેંચવું. विलिहमाण - સતત કે અનેક વખત ખેંચવું, आच्छिंदमाण - થોડું કે એક વખત છેદવું, विच्छिंदमाण - સતત કે વારંવાર છેદવું, समोडहमाण - સમુપદહન, आबाहं થોડી પીડા.





- - કૂર્માદિ અધિકારથી તેના ઉત્પત્તિ ક્ષેત્ર રત્નપ્રભા-વિશે –

**● સૂત્ર-૩૯૯ :-**

***ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કહી છે. તે આ - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી, ઈષત્પ્રાગ્ભારા. ભગવન્ ! તેમાં આ રત્નપ્રભા પૃથ્વી શું ચરિમ કે અચરિમ ? સંપૂર્ણ*** चरिमपद ***કહેવું - યાવત્ - ભગવન્ ! વૈમાનિક સ્પર્શ ચરમથી ચરમ કે અચરમ ? ગૌતમ ! ચરમ પણ છે, અચરમ પણ છે. ભગવન્ ! તે એમ જ છે (૨).***

**● વિવેચન-૩૯૯ :-**

અહીં આ ચરમ-અચરમ પરિભાષા શું છે ? અહીં કહે છે – ચરમ એટલે પ્રાન્તે પર્યન્તવર્તિ, ચરમત્વ આપેક્ષિક છે. કહ્યું છે કે – અન્ય દ્રવ્યની અપેક્ષાએ આ ચરમ દ્રવ્ય છે. જેમ પૂર્વશરીરની અપેક્ષાએ ચરમશરીર તથા અચરમ એટલે અપ્રાન્ત, મધ્યવર્તિ. અચરમત્વ પણ આપેક્ષિક છે. કહ્યું છે કે – અન્ય દ્રવ્ય અપેક્ષાએ આ અચરમદ્રવ્ય છે. જેમ અંત્ય શરીરની અપેક્ષાએ મધ્યશરીર. અહીં પ્રજ્ઞાપનાનું દશમું પદ કહેવું. અહીં બે પદ દર્શાવ્યા છે, બાકીના દર્શાવે છે –

ચરમ, અચરમાદિ ચરમાંતપ્રદેશ - અચરમાંત પ્રદેશ ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી ચરમ નથી - અચરમ નથી. ચરમો નથી - અચરમો નથી, ચરમાંત પ્રદેશ નથી - અચરમાંત પ્રદેશ નથી. નિયમા અચરિમ, ચરમો, ચરમાંત પ્રદેશ અને અચરમાંત પ્રદેશ છે, ઇત્યાદિ. તેમાં ચરમ અચરમ શું છે ? એવો એક વચનાંત પ્રશ્ન છે. ચરમો-અચરમો એવો બહુવચનાંત પ્રશ્ન છે. ચરમાંત પ્રદેશ-અચરમાંત પ્રદેશ એટલે ચરમો જ અન્તવર્તિપણાથી અંતચરમાંતા પ્રદેશો. તથા અચરમજ અંત-વિભાગ તે અચરમાંત તેના પ્રદેશોને અચરમાંત પ્રદેશ.

ગૌતમ ! नो चरम नोअचरम - ચરમત્વ એ અપેક્ષા મુજબ છે. અપેક્ષા અભાવે ચરમ કઈ રીતે થાય ? અચરમત્વ પણ તેમજ છે, બીજાની અપેક્ષાના અભાવે અચરમત્વ કેવી રીતે થાય ? જો રત્નપ્રભા મધ્યે બીજી પૃથ્વી હોય, તો તેનું અચરમત્વ યોજાય, પણ તે નથી માટે તેનું અચરમત્વ ન હોય. અહીં વાક્યાર્થ આ પ્રમાણે છે – આ રત્નપ્રભા શું પશ્ચિમા કે મધ્યમા છે ? જો આ બંને પણ ન સંભવે તેથી કહ્યું છે કે नो चरम नोअचरम. જો તેના 'અચરમ' વ્યપદેશ જ ન હોય તો 'ચરમો' કઈ રીતે થાય ? એમ 'અચરમો' કેમ થાય ? વળી 'ચરમાંત-અચરમાંત પ્રદેશો નથી' એમ કહીને ચરમત્વ-અચરમત્વનો અને તેની પ્રદેશ કલ્પનાનો પણ અભાવ છે. તો પછી નિયમથી 'અચરમ અને ચરમો' કેમ કહ્યું ?

અવશ્યતયા આ કેવલ ભંગ વાચ્ય ન થાય. અવયવ-અવયવી રૂપત્વથી અસંખ્ય પ્રદેશ અવગાઢત્વથી યથોક્ત નિર્વચનવિષય જ છે. તેથી રત્નપ્રભા આ પ્રકારે વ્યવસ્થિતા છે, તેમ વિનેય જનના અનુગ્રહાર્થે લખીએ છીએ. એ રીતે વ્યવસ્થિતમાં કોઈ એક વિશિષ્ટ પરિમાણ યુક્તત્વથી અચરમ કહ્યું. જે વળી મધ્યમાં મહદ્ રત્નપ્રભા આક્રાંત ક્ષેત્રખંડ છે, તે પણ તથાવિધ પરિણામયુક્તત્વથી અચરમ છે, આ તદુભય સમુદાયરૂપ છે, અન્યથા તેનો અભાવ થાય. પ્રદેશ પરિકલ્પનામાં ચરમાંત પ્રદેશા અને

અચરમાંત પ્રદેશ કઈ રીતે ? જે બાહ્ય ખડંપ્રદેશો છે, તે ચરમાંત પ્રદેશો છે, જે મધ્યખંડ પ્રદેશો છે, તે અચરમાંત પ્રદેશો છે. આના દ્વારા એકાંત દુર્નય નિરાસ પ્રધાનતાથી નિર્વચન સૂત્રથી અવયવ-અવયવીરૂપ વસ્તુ કહી. - x -

એ પ્રમાણે શર્કરાપ્રભાદિમાં જાણવું. ક્યાં સુધી ? વૈમાનિક સંભવ સ્પર્શ ન પામે, ફરી ત્યાં ઉત્પાત્ ન થવાનો હોવાથી મુક્તિગમનને લીધે તે વૈમાનિકો સ્પર્શ ચરમથી ચરમ છે, જે ફરી ઉત્પન્ન થવાના છે, તે અચરમ છે — (ત્યાં સુધી કહેવું.)

## ❀ શતક-૮, ઉદ્દેશો-૪-'ક્રિયા' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-ને અંતે વૈમાનિકો કહ્યા. તેઓ ક્રિયાવાળા હોય છે, તેથી ઉદ્દેશા-૪-માં ક્રિયાને કહે છે —

● **સૂત્ર-૪૦૦ :-**

*રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! ક્રિયાઓ કેટલી કહી છે ? ગૌતમ ! પાંચ. તે આ — કાયિકી, અધિકરણિકી, એ રીતે આખું "ક્રિયા" પદ યાવત્ 'માયાપ્રત્યયિક ક્રિયા વિશેષાધિક છે.' સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ ગૌતમ વિચરે છે.*

● **વિવેચન-૪૦૦ :-**

એ ક્રમથી પ્રજ્ઞાપનાનું ૨૨મું 'ક્રિયા' પદ કહેવું, તે આ રીતે — કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતક્રિયા ઇત્યાદિ. છેલ્લું સૂત્ર આ છે — ભગવન્! આ આરંભિકી, પારિગ્રહિકી, અપ્રત્યાખ્યાના, માયાપ્રત્યયિકી, મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયામાં કઈ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી ઓછી મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા છે, મિથ્યાદૃષ્ટિને લીધે. અપ્રત્યાખ્યાનક્રિયા વિશેષાધિક છે, મિથ્યાદૃષ્ટિ અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિને લીધે. પારિગ્રહિકી વિશેષાધિક છે, તેમાં દેશવિરત પણ આવે તેથી. આરંભિકી ક્રિયા તેથી વિશેષાધિક છે, પૂર્વોક્ત અને પ્રમત્તસંયત પણ આવે તેથી. માયાપ્રત્યયિકી વિશેષાધિક છે પૂર્વોક્ત અને અપ્રમત્ત સંયત પણ તેમાં સંભવે છે. તેને અંતે આમ કહેવું ગાથા છે — મિથ્યા, અપ્રત્યાખ્યાન, પરિગ્રહ, આરંભ, માયાક્રિયા ક્રમશઃ મિથ્યાત્વ, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્તને હોય છે. મિથ્યાદૃષ્ટિ તેમાં થોડા છે, બાકીના એક-એકની રાશિમાં વૃદ્ધિ છે.

## ❀ શતક-૮, ઉદ્દેશો-૫-"આજીવિક" ❀

— x — x — x — x —

૦ ક્રિયા અધિકારથી પાંચમાં ઉદ્દેશામાં પરિગ્રહાદિ ક્રિયા વિષય —

● **સૂત્ર-૪૦૧ :-**

*રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! આજીવિકોએ સ્થવિર ભગવંતોને આમ કહ્યું — ભગવન્ ! સામાયિક કરીને શ્રમણના ઉપાશ્રયમાં બેઠેલ શ્રાવકના ઉપકરણ કોઈ હરી જાય, તો હે ભગવન્ ! તે ઉપકરણને શોધે તો શું પોતાના ઉપકરણ શોધે કે બીજાના શોધે ? ગૌતમ ! તે પોતાના ઉપકરણ શોધે, બીજાના ઉપકરણ ન શોધે.*



*ભગવન્ ! તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ ગ્રહણ કરેલ શ્રાવકના તે અપહૃત ભાંડ તેને અભાંડ થાય ? હા, ગૌતમ ! થાય. ભગવન્ ! તો આપ એમ કેમ કહો છો કે, તે તેના ભાંડ શોધે છે, બીજાના નહીં. ગૌતમ ! તે શ્રાવકના મનમાં એવું હોય છે કે - આ હિરણ્ય-સુવર્ણ-કાંસ-વસ્ત્ર-વિપુલ ધન કનક રત્ન મણિ મોતી શંખ પ્રવાલ શિલ રક્તરત્ન ઇત્યાદિ વિધમાન સારભૂત દ્રવ્ય મારું નથી, પણ મમત્વભાવનું તેણે પ્રત્યાખ્યાન કર્યું નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે પોતાના ભાંડ-ઉપકરણ શોધે છે, બીજાના નહીં.*

*ભગવન્ ! સામાયિક કરીને શ્રમણોપાશ્રયમાં બેસેલ શ્રાવકની પત્ની સાથે કોઈ વ્યભિચાર કરે તો ભગવન્ ! શ્રાવક પત્નીને તે ભોગવે છે કે બીજી સ્ત્રીને ? ગૌતમ ! તે શ્રાવકપત્નીને ભોગવે છે, બીજીને નહીં. - - ભગવન્ ! તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પૌષધોપવાસ કરવાથી શું શ્રાવકની પત્ની 'અપત્ની' થઈ જાય ? હા, થઈ જાય. તો ભગવન્ ! ક્યા હેતુથી કહ્યું કે — તે શ્રાવકપત્ની સાથે વ્યભિચરે છે, બીજી સ્ત્રી સાથે નહીં ? ગૌતમ ! તે શ્રાવકને એમ થાય છે કે — મારે માતા-પિતા-ભાઈ-બહેન-સ્ત્રી-પુત્ર,-પુત્રી-પુત્રવધૂ નથી, પણ તેનું પ્રેમબંધન તુટ્યું હોતું નથી, તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ બીજી સ્ત્રી ભોગવતો નથી.*

● **વિવેચન-૪૦૧ :-**

રાજગૃહમાં ગૌતમસ્વામીએ આમ કહ્યું — આજીવિક એટલે ગોશાળકના શિષ્યો. સ્થવિર - નિર્ગ્રન્થ સાધુ. તેમણે જે કહ્યું તે ગૌતમ સ્વયં જ પૂછે છે - सामायिककड - આધ શિક્ષાવ્રતને સ્વીકારેલ, શ્રમણની વસતિમાં જ શ્રાવક, સામાયિકને પ્રાયઃ સ્વીકારે. તેથી કહ્યું કે શ્રમણની વસતિમાં બેસીને, भंड - વસ્ત્ર આદિ, ઘરની કે ઉપાશ્રયની વસ્તુ, લઈ જાય. જો તે શ્રાવક, તે અપહૃત ભાંડને સામાયિક પરિસમાપ્તિ પછી શોધે તો પોતાના ભાંડ શોધે કે બીજાના ? પ્રશ્ન આ છે - સામાયિક કરનારને તે ભાંડ પોતાના કહેવાય કે પરિગ્રહના પ્રત્યાખ્યાનથી પોતાના ન કહેવાય ? ઉત્તર છે — 'સ્વભાંડ'. તેણે વિવક્ષિત યથાક્ષયોપશમ ગૃહીત એ અર્થ છે.

शील - શીલવ્રત, અણુવ્રત. गुण - ગુણવ્રત, विरमण - રાગાદિ વિરતિ, प्रत्याख्यान - નમસ્કાર સહિતાદિ. पौषदोपवास - પર્વ દિવસે ઉપવસન. આ શીલવ્રતાદિના ગ્રહણ છતાં, સાવધયોગ વિરતિથી વિરમણ શબ્દના સ્વીકારથી તે જ પરિગ્રહના અપરિગ્રહ નિમિત્તથી ભાંડની અભાંડતા થવાના હેતુથી, તે અપહૃત ભાંડ, અભાંડ થાય, તેમ વ્યવહાર કરવો.

खाइ - વળી, अट्ठेण - અર્થ વડે, હેતુથી. એવા મનોપરિણામ થાય છે. હિરણ્યાદિ પરિગ્રહના દ્વિવિધ-ત્રિવિધે પ્રત્યાખ્યાન હોવાથી. ઉક્ત-અનુક્ત અર્થના સંગ્રહ માટે કહે છે - ધન - ગણિમાદિ કે ગાય આદિ, रत्न - કર્કેતનાદિ, मणि - ચંદ્રકાંતાદિ, प्रवाल - વિદ્રુમ અથવા शिला - મુક્તાશિલાદિ, रक्तरत्न - પદ્મરાગાદિ, જેને વિપુલ ધન આદિ છે તે તથા વિધમાન પ્રધાન દ્રવ્ય છે તે. - - હવે જો ભાંડ, અભાંડ થાય તો સ્વકીય ભાંડ શોધે છે, તેમ કેમ કહ્યું ? પરિગ્રહાદિ વિષયના મમત્વભાવથી. કેમકે તેણે મન-વચન-કાયાથી કરવું-કરાવવુંના જ પચ્ચકખાણ કર્યા

છે. પણ અનુમતિના પચ્ચક્ખાણ કર્યા ન હોવાથી હિરણ્યાદિ વિષયમાં મમત્વ રહે છે અને મમત્વભાવ, અનુમતિરૂપ છે.

जाया - પત્ની, चरेत् - સેવે, ભોગવે, सुण्ह - પુત્રવધૂ, पेज्जबंधण - પ્રીતિ એ જ બંધન, તે શ્રાવકને તુટેલ નથી કેમકે અનુમતિના અપ્રત્યાખ્યાનથી પ્રેમાનુબંધ અનુમતિરૂપ છે.

● સૂત્ર-૪૦૨ થી ૪૦૪ :-

*[૪૦૨] ભગવન્ ! જે શ્રાવકે પૂર્વે સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરેલ નથી, હે ભગવન્ ! તે પછી તેનું પચ્ચક્ખાણ કરતાં શું કરે ? ગૌતમ ! તે અતીતનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર, ભાવિનું પચ્ચક્ખાણ કરે.*

*ભગવન્ ! અતીતનું પ્રતિક્રમણ કરતાં શું તે (૧) ત્રિવિધ-ત્રિવિધે પ્રતિક્રમે ? (૨) ત્રિવિધ-દ્વિવિધે પ્રતિક્રમે ? ત્રિવિધ-એકવિધે પ્રતિક્રમે ? (૪) દ્વિવિધ ત્રિવિધે પ્રતિક્રમે ? (૫) દ્વિવિધ દ્વિવિધે પ્રતિક્રમે ? (૬) દ્વિવિધ એકવિધ પ્રતિક્રમે ? (૭) એકવિધ ત્રિવિધે પ્રતિક્રમે ? (૮) એકવિધ દ્વિવિધે પ્રતિક્રમે ? (૯) એકવિધ એકવિધે પ્રતિક્રમે ?*

*ગૌતમ ! ત્રિવિધ ત્રિવિધે પ્રતિક્રમે અથવા ત્રિવિધ-દ્વિવિધે પ્રતિક્રમે એ પ્રમાણે યાવત્ એકવિધ-એકવિધે પ્રતિક્રમે ? જો ત્રિવિધ-ત્રિવિધે પ્રતિક્રમે તો (૧) મન-વચન-કાયાથી ન કરે - ન કરાવે - ન અનુમોદે. (૨) ત્રિવિધ-દ્વિવિધે-મન, વચનથી કરે-કરાવે-અનુમોદે નહીં. અથવા મન, કાયાથી ન કરે - કરાવે - અનુમોદે અથવા વચન, કાયાથી ન કરે - કરાવે - અનુમોદે.*

*ત્રિવિધ-એકવિધે - મનથી કે વચનથી કે કાયાથી કરે - કરાવે - અનુમોદે નહીં. દ્વિવિધ-ત્રિવિધે - મન, વચન, કાયાથી ન કરે, ન કરાવે અથવા ન કરે, ન અનુમોદે અથવા ન કરાવે, ન અનુમોદે.*

*દ્વિવિધ દ્વિવિધે — ન કરે, ન કરાવેમાં ત્રણ ભેદે મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા. પછી ન કરે, ન અનુમોદેમાં ત્રણ ભેદ — મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા. પછી ન કરાવે, ન અનુમોદેમાં ત્રણ ભેદ — મન, વચન અથવા મન, કાયા અથવા વચન, કાયા.*

*દ્વિવિધ એકવિધે પ્રતરિક્રમે તો (નવ ભેદ) ન કરે, ન કરાવે સાથે ત્રણ ભેદ મનથી કે વચનથી કે કાયાથી. પછી ન કરે, ન અનુમોદે સાથે ત્રણ ભેદ-મનથી કે વચનથી કે કાયાથી. પછી ન કરાવે, ન અનુમોદે સાથે ત્રણ ભેદ-મનથી કે વચનથી કે કાયાથી.*

*એકવિધ ત્રિવિધે પ્રતિક્રમતા (ત્રણ ભેદ) મન, વચન, કાયા થકી — (૧) ન કરે, (૨) ન કરાવે, (૩) ન અનુમોદે. (ત્રણેને ક્રમશઃ જોડવા).*

*એકવિધ દ્વિવિધે પ્રતિક્રમતા (નવ ભેદ) 'ન કરે' સાથે ત્રણ ભેદ — મનથી, વચનથી અથવા મનથી, કાયાથી અથવા વચનથી, કાયાથી. પછી 'ન કરાવે' સાથે ત્રણ ભેદ-મનથી, વચનથી, અથવા મનથી, કાયાથી અથવા વચનથી, કાયાથી. પછી 'ન અનુમોદે' સાથે ત્રણ ભેદ — મનથી, વચનથી અથવા વચનથી કાયાથી અથવા મનથી, કાયાથી.*



*એકવિધ એકવિધે પ્રતિક્રમતા (નવ ભેદ) 'ન કરે' સાથે ત્રણ ભેદ — મન કે વચન કે કાયાથી, આ જ ત્રણ ભેદ 'ન કરાવે'માં અને આ જ ત્રણ ભેદ 'ન અનુમોદે'માં જોડતાં નવ ભેદ થશે.*

*[ઉક્ત રીતે કુલ ૪૯ ભેદે પ્રતિક્રમતો થઈ શકે.]*

*પ્રત્યુત્પન્નને સંવરતા શું ત્રિવિધ ત્રિવિધે સંવરે ? એ પ્રમાણે. જેમ પ્રતિક્રમતામાં ૪૯ ભાંગા કહ્યા. તેમ અહીં પણ કહેવા.*

*અનાગતનું પચ્ચક્ખાણ કરતા શું ત્રિવિધ-ત્રિવિધે પચ્ચક્ખાણ કરે ? ઉપર મુજબ જ ૪૯ ભાંગા કહેવા યાવત્ અથવા કાયા વડે કરતાની અનુમોદના ન કરે. [એ રીતે ૪૯ x ૩ = ૧૪૭ ભંગ થયા.]*

*ભગવન્ ! જે શ્રાવકે પૂર્વે સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરેલ નથી, પણ પછી હે ભગવન્ ! પચ્ચક્ખાણ કરે (ઇત્યાદિ) જેમ પ્રાણાતિપાત ૧૪૭ ભાંગા મૃષાવાદના પણ કહેવા. એ પ્રમાણે (સ્થૂળ) અદત્તાદાનના, સ્થૂળ મૈથુનના, સ્થૂળ પરિગ્રહના પણ યાવત્ કાયા વડે કરનારને ન અનુમોદે સુધી કહેવા. શ્રમણોપાસક આવા પ્રકારે હોય છે, પણ આજીવિકોપાસક આ પ્રમાણે હોતા નથી.*

*[૪૦૩] આજીવિક સિદ્ધાંતનો આ અર્થ છે કે — સર્વે જીવ અક્ષીણ પરિભોજી હોય છે, તેથી તેમને હણીને, છેદીને, ભેદીને, લુપ્ત કરીને, વિલુપ્ત-નષ્ટ કરીને, મારીને આહાર કરે છે. તેમાં આ બાર આજીવિક-ઉપાસકો હોય છે. તે આ — તાલ, તાલપ્રલંબ, ઉદ્વિધ, સંવિધ, અવવિધ, ઉદય, નામોદય, નર્મોદય, અનુપાલક, શંખપાલક, અયંબુલ, કાતરક.*

*આ બાર આજીવિકોપાસકો છે, તેના દેવ અરિહંત છે, તે માતા-પિતાની સેવા કરે છે, તેઓ પાંચ પ્રકારના ફળથી વિરત છે. તે આ — ઉદુંબર, વડ, બોર, સત્તર, પીપલના ફળ તથા ડુંગળી, લસણ અને કંદ-મૂળને પણ વર્જે છે. તથા અનિર્લાછિત અને નાક નહીં નાથેલ બળદોથી ત્રસ પ્રાણીની હિંસાથી રહિત આજીવિકા કરતા વિચરે છે.*

*જ્યારે આ આજીવિકોપાસકો પણ આમ ઈચ્છે છે, તો પછી જે આ શ્રાવકો છે, તેના વિશે તો કહેવાનું જ શું હોય? શ્રાવકોને આ ૧૫-કર્માદાન સ્વયં કરવા, કરાવવા કે કરનારને અનુમોદવા કલ્પતા નથી. તે આ — અંગારકર્મ, વનકર્મ, શાકટિકકર્મ, ભાટીકર્મ, સ્ફોટકકર્મ, દંત વાણિજ્ય, લાખ વાણિજ્ય, રસવાણિજ્ય, કેશ વાણિજ્ય, વિષવાણિજ્ય, યંત્ર પીલણ કર્મ, નિર્લાછનકર્મ, દાવાગ્નિદાપનતા, સર-દ્રહ-તળાવશોષણતા, અસીતપોષણતા. આ શ્રાવકો શુકલ શુકલાભિજાત, થઈને કાળ માસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.*

*[૪૦૪] દેવલોક કેટલા પ્રકારે છે ? ચાર પ્રકારે છે. તે આ — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, ભગવન્ ! તેમજ છે (૨).*

● વિવેચન-૪૦૨ થી ૪૦૪ :-

पुव्वामेव - પહેલા જ, સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી. પ્રત્યાખ્યાન ન કરેલ હોય, ત્યારે

દેશવિરતિ પરિણામ ઉત્પન્ન થતા, તે શ્રાવક પછી પ્રાણાતિપાત વિરતિ કાળે, પચ્ચક્‌ખાણ કરતાં શું કરે ? વાચનાંતરમાં अपच्चक्खाए ના સ્થાને અને पच्चइक्खमाणे ને બદલે पच्चक्खावेमाणे જોવા મળે છે. તેમાં પ્રત્યાખ્યાન કર્તા પોતે જ પોતાને ગુરુ વડે ગ્રહણ કરીને પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કરે.

तीत - ભૂતકાળમાં કરેલ પ્રાણાતિપાત, તેનાથી નિંદાદ્વાર વડે નિવર્તે. पडुप्पन्न - વર્તમાનકાલીન પ્રાણાતિપાતને ન કરે અને अनागत - ભવિષ્યકાળ વિષય પ્રાણાતિપાત નહીં કરું તેમ સ્વીકારે.

तिविहं तिविहेण આદિ નવ વિકલ્પો, તેમાં ગાથા છે — ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એકના યોગમાં ત્રણ-બે-એક, ત્રણ-બે-એક, ત્રણ-બે-એક એ પ્રમાણે કરવું. તેનાથી આ પ્રમાણે વિકલ્પો મળે — એક, ત્રણ ત્રિક, બે નવક, ત્રણ, નવ, નવ, એ રીતે ૪૯ ભાંગા થાય. એ રીતે ૪૯ x ૩-કાળ x ૫-વ્રત = ૭૩૫ ભાંગા થાય. તેમાં ત્રિવિધં - કરણ, કરાવણ, અનુમોદન ભેદે પ્રાણાતિપાતનો યોગ જાણવો. ત્રિવિધેન - મન, વચન, કાયારૂપ કરણ વડે પ્રતિક્રમે છે, તેની નિંદાથી વિરમે છે.

तिविहं दुविहेणं - વધ કરવો આદિ ત્રણ ભેદ અને મન વગેરેમાંથી કોઈ એકને છોડીને, બાકીના બે વડે. - - तिविहं एगविहेणं - કરવું આદિ ત્રણ ભેદ સાથે મન વગેરેમાંથી કોઈ એક કરણ વડે. - - दुविहं तिविहेणं - કરવું આદિ ત્રણમાંથી કોઈપણ બે, તેને મન વગેરે ત્રણ કરણથી. આ પ્રમાણે બીજા પણ ભેદો જાણવા.

न करोति - ભૂતકાળમાં પ્રાણાતિપાતને સ્વયં ન કરે. मनसा - અરે ! હું હણાયો, કે જે મેં ત્યારે આને ન હણ્યો એમ ચિંતવે. नैव कारयति - મનથી ચિંતવે કે અરે ! આ યોગ્ય ન કર્યુ, જે આને બીજા વડે ન હણાવ્યો તથા कुर्वन्तं - કરનારની ઉપલક્ષણથી કરાવનારની અર્થાત્ બીજા જીવની હત્યા કરનાર કે કરાવનારને મનથી જ સ્મરણ દ્વારા અનુમોદના ન કરે. એ જ પ્રમાણે વચનથી ન કરે, ન કરાવે, ન અનુમોદે. એ જ પ્રમાણે તથાવિધ અંગચેષ્ટા કરીને કાયા દ્વારા ન કરે, ન કરાવે, ન અનુમોદે. એ રીતે અહીં યથાસંખ્ય-અનુક્રમનો નિયમ ન અનુસરવો. જેમકે મનથી કરે નહીં, વચનથી કરાવે નહીં, કાયાથી અનુમોદે નહીં.

- x - એ પ્રમાણે ત્રિવિધં ત્રિવિધે એ એક જ ભંગ છે. તે સિવાય બીજા, ત્રીજા, ચોથામાં ત્રણ-ત્રણ વિકલ્પ છે. પાંચમા, છઠ્ઠામાં નવ-નવ વિકલ્પ છે. સાતમામાં ત્રણ, આઠમા-નવમામાં નવ-નવ ભંગ છે, એમ બધાં મળીને ૪૯-ભંગો થાય. એ રીતે આ અતીતકાળને આશ્રીને કરણ-કરાવણાદિ યોજવું અથવા એ પ્રમાણે અતીત કાળે મન વગેરેથી કૃત-કારિત-અનુજ્ઞાતથી વધ ન કરે, ન કરાવે, ન અનુમોદે તેની નિંદા દ્વારા, તેના અનુમોદનના નિષેધથી પછી નિવર્તે. - x -

વર્તમાનકાળને આશ્રીને સુગમ છે. ભવિષ્યકાળ અપેક્ષાએ - મનથી હું હણીશ એવી વિચારણા ન કરે, મનથી હું હણાવીશ એવી વિચારણા ન કરે. મનથી ભાવિમાં થનાર વધને સાંભળીને હર્ષ પામવા દ્વારા અનુમોદન ન કરે. એ પ્રમાણે વચન-કાયાથી તે પ્રમાણે ન કરે. અથવા મન આદિ વડે કરીશ, કરાવીશ, અનુમોદીશ એ રીતે વધ ક્રમથી ન કરે, ન કરાવે, ન અનુમોદે. તેનાથી નિવૃત્તિ લે. એ રીતે આ ત્રણે



કાળથી કુલ-૧૪૭-ભંગ થાય. અહીં ત્રિવિધં, ત્રિવિધે વિકલ્પને આશ્રીને વૃદ્ધ દ્વારા કહેવાયેલ આક્ષેપ-પરિહાર આ પ્રમાણે છે —

જો ગૃહસ્થ આ ત્રિકને ન કરે, તો દેશવિરત કઈ રીતે થાય ? વિષયથી બહાર અનુમતિનો પણ પ્રતિષેધ કહે છે. કોઈ કહે છે — "ગૃહસ્થને ત્રિવિધ ત્રિવિધે સંવરણ હોતું નથી." તેમ નથી તે આ જ સૂત્રમાં વિશેષ નિર્દેશ છે. તો નિર્યુક્તિમાં અનુમતિનો નિષેધ કેમ કર્યો ? - તે સ્વવિષયમાં કે સામાન્યથી કહ્યું છે. બીજે વિશેષથી ત્રિવિધ ત્રિવિધેન કહ્યું તો તેમાં કયો દોષ છે ? અહીં સ્વવિષયમાં જે અનુમતિ છે, તે સામાન્ય કે અવિશેષ પ્રત્યાખ્યાનમાં છે, છતાં अन्नत्थ उ - વિશેષે સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્યાદિમાં૦ - પુત્રાદિ સંતતિ નિમિત્ત માત્રથી અગિયારમી પ્રતિમા સ્વીકારેલ દીક્ષાભિમુખ ગૃહસ્થને ત્રિવિધ ત્રિવિધેન પચ્ચક્‌ખાણ કેટલાંક કહે છે. જેમ અહીં ત્રિવિધ-ત્રિવિધેનમાં આક્ષેપ-પરિહાર કર્યો, તેમ બીજે પણ કરવો - x -

મનથી કરણ આદિ કઈ રીતે? કહે છે. જેમ વચન, કાયા વડે થાય તેમ. કહ્યું છે કે — મનથી કરણ, કરાવણ, અનુમતિ કઈ રીતે? જેમ વાણી, કાયાના યોગે કરણાદિ છે, તેમ મન વડે પણ થાય. તેને આધીન વાણી અને કાયાથી કરણ આદિ અથવા મનથી કરણ તે સાવધ યોગનું મનન એમ વીતરાગે કહેલ છે. "આને સાવધ કરાવું" એમ ચિંતવવું તે મનથી કારાવણ, 'સારુ કર્યુ' એવી વિચારણા. તે અનુમતિ.

આ પ્રમાણે પાંચે અણુવ્રતમાં પ્રત્યેકમાં ૧૪૭ ભંગથી કુલ ૭૩૫ ભંગો થાય છે. જ્યારે આજીવિક વડે સ્થવિરોને શ્રાવક સંબંધી વસ્તુ પૂછી ત્યારે ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહ્યું. આવા કહેલા આચારવાળા શ્રમણોપાસકો જ હોય, આજીવિકોપાસક ન હોય.

આજીવિકોને પણ ગુણવાળા રૂપે સ્વીકાર્યા છે, તે કહે છે — આ કહેવાયેલા નિર્ગ્રન્થ, આવા પ્રાણાતિપાતાદિને વિશે અતીતકાળના પ્રતિક્રમણ આદિવાળા, તે અર્થને ગોશાલકના શિષ્ય-શ્રાવકો જાણતા નથી. હવે તે જ અર્થને વિશેષથી સમર્થન માટે આજીવિકના સિદ્ધાંત-અર્થને, તેના ઉપાસકના વિશેષ સ્વરૂપના અભિધાનપૂર્વક આજીવિક ઉપાસકની અપેક્ષાએ શ્રમણોપાસકોના ઉત્કર્ષ માટે કહે છે—

આજીવિક સમય એટલે ગોશાલકનો સિદ્ધાંત, તેનો આ અર્થ — આયુષ્ય ક્ષય ન થાય, ત્યાં સુધી અપ્રાસુકને ભોગવે એવા આચારવાળા તે અક્ષીણપરિભોજી અથવા અનપગત આહારમાં ભોગાસક્ત. सर्वे सत्वा - સર્વે અસંયત પ્રાણી. જો એમ છે તો શું ? તે કહે છે - તેમને હણીને, छित्वा - અસિપુત્રિકા વડે બે ભાગ કરીને, भित्त्वा - શૂળાદિથી ભેદન કરીને, लुप्त्वा - પાંખ આદિ કાપીને विलुप्य - ત્વચા કાઢીને, अपद्राव्य - નાશ કરીને આહાર કરે છે.

એ રીતે રહેલ અસંયત પ્રાણીસમૂહના હનન આદિ દોષમાં રક્ત છે. અથવા આજીવિક સિદ્ધાંતમાં અધિકરણરૂપ એવા બાર વિશેષ અનુષ્ઠાનત્વથી ગણેલા છે અથવા આનંદાદિ ઉપાસકવત્ બીજા ઘણાં છે. એક 'તાલ' નામ છે. એ રીતે તાલપ્રલંબ આદિ પણ છે. अरिहंत देवयाग - ગોશાલકે તેણે કલ્પેલા અર્હતત્વથી. પાંચ

ફળથી નિવૃત્ત - ઉદુમ્બર આદિ પાંચથી નિવૃત્ત જે બળદની ખસી કરાયેલ નથી અને નાક નાથેલ નથી.

એવા - વિશિષ્ટ યોગ્યતા રહિત, આ પ્રકારે ધર્મની વાંછા કરે છે, તેમ જાણવું. તો પછી આ શ્રમણોપાસકો હોય તે કેમ ધર્મને ન ઈચ્છે ? ઈચ્છે જ એમ જાણવું. કેમકે તેઓ વિશિષ્ટતર દેવ, ગુરુ, પ્રવચનને આશ્રીને (રહેલા છે) તેઓને આ કર્માદાનો-જેનાથી જ્ઞાનાવરણાદિ કર્મો બંધાય તે કર્માદાન અથવા કર્મોનું જે આદાન કરે - કર્મના હેતુઓ તે કર્માદાન (તેનો ત્યાગ કરે, તે-૧૫ છે.)

(૧) અંગાર વિષયક કર્મ, વેચવા માટે કોલસા બનાવે, એ રીતે અગ્નિ વ્યાપાર રૂપ જે બીજા પણ ઈંટ પકાવવાદિ કર્મ, તે અંગાર કર્મ કહેવાય. કેમકે તે અંગાર શબ્દના ઉપલક્ષણ રૂપ છે.

(૨) વન કર્મ - વન વિષયક, વન છેદીને વેચવારૂપ - x -

(૩) શાટિક કર્મ - ગાડાં, વાહન, ઘટન આદિનો વેપાર, - - (૪) ભાટક કર્મ - ભાડા વડે વ્યાપાર, બીજાઓ આપેલ દ્રવ્યથી ગાડા આદિ વડે બીજા દેશમાં લઈ જવા, અથવા ગાય, ઘર આદિ વેચવા કે આપવા.

(૫) સ્ફોટક કર્મ - હળ, કોદાળી આદિથી ભૂમિનું સ્ફોટન કરવું. - - (૬) દંતવાણિજ્ય - હાથી દાંત આદિનો, ઉપલક્ષણથી એવા ચામડા, ચામર, વાળ આદિનું ખરીદ-વેચાણ. - - (૭) લાખ વાણિજ્યલાખનું ખરીદ, વેચાણ. આ ત્રસ સંસક્તિ નિમિત્તથી બીજા પણ તલ આદિ દ્રવ્યનું ખરી-વેચાણ, તે ઉપલક્ષણથી જાણવું.

(૮) કેશવાણિજ્ય - ગાય, ભેંસ, સ્ત્રી આદિ જીવોના વાળનો વેપાર. - - (૯) રસવાણિજ્ય - મધ આદિ રસનો વેપાર, (૧૦) વિષ વાણિજ્ય - વિષના ઉપલક્ષણથી શસ્ત્રવાણિજ્ય પણ નિષેધ છે.

(૧૧) યંત્રપીલણ કર્મ-યંત્ર વડે તલ, શેરડી આદિને પીલવા, તે કર્મ. - - (૧૨) નિર્લાછન કર્મ - ખસી કરવી તે નિર્લાછન - - (૧૩) દવદાન - અગ્નિ લગાડવો તે. - - (૧૪) સરદહ તળાવ શોષણતા - सर - સ્વયંભૂ જળાશય વિશેષ, दह - નદ્યાદિનો નિમ્નતર પ્રદેશ, तडाग - કૃત્રિમ જળાશય વિશેષ. તેને શોષવવા, તે. - - (૧૫) અસતી પોષણ - દાસીનું પોષણ, તેને ભાડે રાખવી. આના દ્વારા કુકડા, બીલાડા આદિ ક્ષુદ્ર જીવ પોષણ પણ જાણવું.

इति - આવા પ્રકારના નિર્ગ્રન્થસત્ક. શુક્લ - અભિનિવૃત્ત, ઈર્ષ્યારહિત, કૃતજ્ઞ, સત્ આરંભી, હિતાનુબંધી. શુક્લ પ્રધાન.

પછી દેવમાં ઉપપાત થાય છે, તેથી દેવોને ભેદથી કહ્યા છે — જેમકે कतिविहा - ઇત્યાદિ.

## ❁ શતક-૮, ઉદ્દેશો-૬-"પ્રાસુક" ❁

— x — x — x — x —

પાંચમામાં શ્રમણોપાસક અધિકાર કહ્યો, અહીં પણ તે જ છે.

● **સૂત્ર-૪૦૫ :-**

*ભગવન્ ! તથારૂપ શ્રમણ કે માહણને પ્રાસુક, એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી પ્રતિલાભતા શ્રાવકને શું મળે ? ગૌતમ ! એકાંતે નિર્જરા થાય અને પાપ કર્મનો કોઈ બંધ ન થાય.*

*ભગવન્ ! તથારૂપ શ્રમણ કે માહણને અપ્રાસુક અને અનેષણીય અશન-પાન યાવત્ પ્રતિલાભતા શ્રાવકને શું મળે ? ગૌતમ ! તે ઘણી નિર્જરા કરે અને અલ્પકર્મબંધ કરે.*

*ભગવન્! તથારૂપ અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મીને પ્રાસુક કે અપ્રાસુક, એષણીય કે અનેષણીય અશન-પાન વડે યાવત્ તે શ્રાવકને શું મળે? ગૌતમ! એકાંતે તેને પાપકર્મ બંધ થાય, જરા પણ નિર્જરા તેને ન થાય.*

● **વિવેચન-૪૦૫ :-**

किं कज्जइ - શું ફળ મળે. एगंतसो - એકાંતે તે શ્રાવકને, પાપકર્મનો બંધ થતો નથી. - x - बहुतरिय - પાપકર્મ અપેક્ષા ઘણું, अप्पतराए - નિર્જરાઅપેક્ષાએ ઘણું ઓછું. અર્થ આ છે કે — ગુણવંત પાત્રને અપ્રાસુકાદિ દ્રવ્ય દાનથી ચારિત્રને ઉપકારી અને જીવઘાતના વ્યવહારથી તેને ચારિત્રની બાધા થાય છે. તેમાં ચારિત્રને ઉપકારીત્વથી નિર્જરા અને જીવઘાતાદિથી પાપકર્મ થાય. તેમાં સ્વહેતુ સામર્થ્યથી પાપની અપેક્ષાએ નિર્જરા ઘણી વધારે થાય છે. નિર્જરાની અપેક્ષાએ પાપ ઘણું ઓછું થાય છે.

અહીં વિવેચકો માને છે કે અનિર્વાહાદિ કારણે જ અપ્રાસુકાદિ દાનથી ઘણી નિર્જરા થાય, અકારણે નહીં, કેમકે કહ્યું છે કે — નિર્વાહ થતો હોય ત્યારે અશુદ્ધ લેનાર-દેનાર બંનેનું અહિત છે, બીમારી આદિમાં કે નિર્વાહ ન થતો હોય તો હિતકર છે.

બીજા કહે છે — અકારણે પણ ગુણવાન્ પાત્રને અપ્રાસુક આદિ દાનમાં પરિણામ વશથી ઘણી નિર્જરા અને અલ્પ પાપકર્મ થાય છે. સૂત્રના નિર્વિશેષણપણાથી અને પરિણામના પ્રમાણત્વથી આમ કહ્યું. કહે છે કે — સમસ્ત ગણિપિટક સ્મારિત સાર એવા ઋષિઓના પરમ રહસ્ય નિશ્ચયને આશ્રીને (આવા દાનમાં) પરિણામ એ જ પ્રમાણ છે.

વળી પૂર્વે જે કહ્યું કે — નિર્વાહમાં અશુદ્ધ દાન એ દેનાર-લેનાર બંનેના અહિત માટે છે તે ગ્રાહકને વ્યવહારથી સંયમ વિરાધના અને દેનારને લોભીના દૃષ્ટાંત - x - દેનારને અલ્પ શુભાયુષ્કતાના નિમિત્તત્વથી છે. અલ્પ એવું શુભાયુ પણ અહિતકર છે. અપ્રાસુકાદિ દાનથી અલ્પાયુપણાના ફળને કહેતું સૂત્ર પૂર્વે અર્ચેલ જ છે - તેથી અહીં તત્ત્વ શું ? તે કેવલી જાણે.

ત્રીજા સૂત્રમાં અસંયત, અવિરતાદિ ગુણરહિત પાત્ર કહ્યા. તેમને દાનથી પાપકર્મ ફળ, નિર્જરાનો અભાવ કહ્યો. કેમકે અસંયમ ઉપકારીતાથી તુલ્ય ફળ છે. પ્રાસુકમાં અહિંસા, અપ્રાસુકમાં હિંસા થાય તેની વિવક્ષા અહીં કરી નથી. - x - ત્રણે પણ સૂત્રોમાં મોક્ષાર્થે જે દાન, તેની વિચારણા કરે છે. તેમાં અનુકંપા કે ઔચિત્ય દાનની વિચારણા નથી - x - x - મોક્ષાર્થે જે દાન છે, તે માટે વિધિ કહી જ છે, પણ અનુકંપાદાનનો નિષેધ નથી.

● **સૂત્ર-૪૦૬ :-**

*ગૃહસ્થના ઘેર આહાર ગ્રહણ કરવાને પ્રવેશેલ નિર્ગ્રન્થને કોઈ ગૃહસ્થ*

બે પિંડ (આહાર) વડે નિમંત્રણ કરે કે – હે આયુષ્યમાન્ ! એક પિંડ તમે વાપરજો અને એક સ્થવિરને આપજો, તે એ બંને પિંડને ગ્રહણ કરે. સ્થવિરની ગવેષણા કરે, ગવેષણા કરતા, સ્થવિરને જ્યાં દેખે ત્યાં તેમને તે પિંડ આપી દે, કદાચ ગવેષણા કરતા પણ સ્થવિરને ન જુએ, તો તે પિંડ ન પોતે ખાય, ન બીજાને આપે, પરંતુ એકાંત, અનાપાત, અચિત્ત, બહુપ્રાસુક સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન કરી, પ્રમાર્જી પરઠવે.

ગૃહસ્થના ઘેર આહાર ગ્રહણ કરવાને પ્રવેશેલ નિર્ગ્રન્થને કોઈ ગૃહસ્થ ત્રણ પિંડ વડે નિમંત્રણ કરે કે – હે આયુષ્યમાન્ ! એક પિંડ તમે વાપરજો અને બે સ્થવિરને આપજો, તે પણ તે પિંડ ગ્રહણ કરે, તે સ્થવિરને શોધે. બાકી બધું પૂર્વવત્ યાવત્ તે પરઠવી દે. એ પ્રમાણે યાવત્ દસ પિંડ વડે નિમંત્રણા કરે. વિશેષ આ – હે આયુષ્યમાન્ ! એક તમે વાપરજો અને નવ સ્થવિરોને આપજો. બાકી પૂર્વવત્ જાણવું - x -

ગૃહસ્થના ઘેર નિર્ગ્રન્થને કોઈ યાવત્ બે પાત્ર માટે નિમંત્રણા કરે કે – હે આયુષ્યમાન્ ! એક પાત્ર તમે વાપરજો, એક સ્થવિરને આપજો. તે પણ તેને ગ્રહણ કરે. પૂર્વવત્ યાવત્ તે પોતે ન વાપરે કે ન બીજાને આપે, બાકી પૂર્વવત્ યાવત્ પરઠવી દે. એ પ્રમાણે યાવત્ દશ પાત્રો માટે સમજવું. એ પ્રમાણે જેમ પાત્રના સંબંધમાં કહ્યું, તેમ ગુચ્છા, રજોહરણ, ચોલપટ્ટો, કંબલ, દંડ, સંસ્થારક વિશેની વક્તવ્યતા કહેવી. યાવત્ દશ સંથારા વડે નિમંત્રણા કરે યાવત્ પરઠવી દે.

● વિવેચન-૪૦૬ :-

સંયતાદિ વિશેષણવાળા નિર્ગ્રન્થને પ્રાસુકાદિ દાનમાં ગૃહસ્થને એકાંતે નિર્જરા થાય છે. નિર્ગ્રન્થને ગૃહસ્થને ઘેર, ભોજનના પાત્રમાં ગૃહસ્થ વડે આપેલ આહારમાં જે જ્ઞાનબુદ્ધિ, તે પિંડપાત પ્રતિજ્ઞા. - x - उवनिमंतेज्ज - "હે ભિક્ષુ ! આ બે પિંડને ગ્રહણ કરો" એમ કહે. તેમાં एगं० ઇત્યાદિ सेय० તે નિર્ગ્રન્થ. तं - સ્થવિરપિંડ, थेरा - સ્થવિર, दावए - આપે કે અપાવે - x - ગૃહસ્થે જ કહ્યું હોય કે આ પિંડ વિવક્ષિત સ્થવિરને જ આપવું, બીજાને નહીં, તેથી (તેમ ન કરે તો અદત્તાદાન પ્રસંગ આવે.) एगंत - જનાલોક વર્જિત, अणावाए - જનસંપાત વર્જિત, अचित - જીવ રહિત, માત્ર તેમ જ નહીં, પણ વિશેષે પ્રાસુક. આ વાક્ય દ્વારા ટુંકાગાળામાં વિકૃત્, વિસ્તીર્ણ, દૂરાવગાઢ, ત્રસ પ્રાણીબીજ રહિત - x - એમ જાણવું.

નિર્ગ્રન્થ પ્રસ્તાવથી આ કહે છે –

● સૂત્ર-૪૦૭ :-

ગૃહસ્થને ઘેર આહાર ગ્રહણાર્થે પ્રવેશેલ નિર્ગ્રન્થ વડે કોઈ અકૃત્ય સ્થાનનું સેવન થયું હોય, તેને એમ થાય કે – હું અહીં જ પહેલાં આ સ્થાનને આલોચું, પ્રતિક્રમું, નિંદુ, ગર્હુ, છેદું, વિશોધુ, અકૃત્ય ન કરવા અભ્યુદ્યત થાઉં, યથાયોગ્ય પ્રાયશ્ચિત, તપોકર્મ સ્વીકારું, ત્યારપછી સ્થવિરો પાસે આલોચીશ યાવત્ તપકર્મ સ્વીકારીશ. (એમ વિચારી) તે જવાને રવાનો થાય, સ્થવિર પાસે પહોંચતા પહેલા તે સ્થવિર 'મૂક' થઈ જાય, તો તે નિર્ગ્રન્થ આરાધક કે



વિરાધક ? ગૌતમ ! તે આરાધક છે.

તે નિર્ગ્રન્થ નીકળે, પહોંચ્યા પહેલા, તે પોતે જ 'મૂક' થઈ જાય, તો ભગવન્ ! તે આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક છે.

ઉક્ત નિર્ગ્રન્થ, નીકળે, તે પોતે પહોંચે તે પહેલાં સ્થવિર કાળ કરી જાય, તો ભગવન્ ! તે નિર્ગ્રન્થ આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક છે, વિરાધક નથી.

ઉક્ત નિર્ગ્રન્થ, આલોચનાર્થે નીકળે, ત્યાં પહોંચતા પહેલાં તે પોતે કાળ કરી જાય તો આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક છે.

ઉક્ત નિર્ગ્રન્થ નીકળે, પહોંચી જાય, પછી સ્થવિર મુંગા થઈ જાય તો, તે નિર્ગ્રન્થ આરાધક કે વિરાધક ? ગૌતમ ! તે આરાધક છે. ઉક્ત નિર્ગ્રન્થ નીકળે, પહોંચ્યા પછી પોતે જ મુંગો થઈ જાય, ઇત્યાદિ ચાર આલાવા 'असंप्राप्त'ની જેમ અહીં પણ કહેવા.

બહાર વિચારભૂમિ કે વિહારભૂમિ માટે નીકળેલ નિર્ગ્રન્થ વડે કોઈ અકૃત્યસ્થાનનું સેવન થઈ જાય, તેને એમ થાય કે પહેલાનું જાતે જ આ સ્થાન આલોચું ઈત્યાદિ આઠ આલાવા પૂર્વવત્ કહેવા.

ગ્રામાનુગ્રામ વિચરતા નિર્ગ્રન્થ દ્વારા કોઈ અકૃત્ય સ્થાનનું સેવન થઈ જાય, તેને એમ થાય કે હું અહીં જ તે સ્થાનને આલોચું ઇત્યાદિ પૂર્વવત્, તેના આઠ આલાવા યાવત્ વિરાધક નથી, સુધી કહેવા.

ગૃહસ્થના કુળમાં આહાર ગ્રહણને માટે પ્રવેશેલ કોઈ સાધ્વી કોઈ અકૃત્ય સ્થાન સેવે, તેણીને એમ થાય કે હું અહીં જ આ સ્થાનને આલોચું યાવત્ તપકર્મ અંગીકાર કરું, પછી પ્રવર્તિની પાસે આલોચીશ યાવત્ સ્વીકારીશ, તે નીકળે, પહોંચે તે પહેલા પ્રવર્તિની મુંગા થઈ જાય, તો હે ભગવન્ ! તેણી આરાધક કે વિરાધક ? ગૌતમ ! આરાધક છે. તેણી નીકળે, ઇત્યાદિ નિર્ગ્રન્થમાં કહ્યું તેમ બીજા ત્રણ આલાવા સાધ્વી સંબંધે પણ કહેવા. યાવત્ તેણી આરાધક છે, વિરાધક નથી.

ભગવન્! એમ કેમ કહો છો કે – આરાધક છે, વિરાધક નહીં? ગૌતમ! જેમ કોઈ પુરુષ, એક મોટા ઘેટા-હાથી-સણ કે કપાસના રોમ કે ઘાસના અગ્રભાગના બે, ત્રણ કે સંખ્યાત ટુકડા કરીને અગ્નિકાયમાં નાંખે, તો હે ગૌતમ! તો ટુકડા છેદાતા છેદ્યા, ફેંકાતા ફેંક્યા, બળતા બળ્યા એમ કહેવાય? હા, ભગવન્! તેમ કહેવાય. - - જો કોઈ પુરુષ નવા કે ધોયેલા કે તંતુગત વસ્ત્રને મજીઠના પાત્રમાં નાંખે તો હે ગૌતમ! તે વસ્ત્રને ઉઠાવતો હોય ત્યારે ઉઠાવ્યું, નાંખતા નાંખ્યુ, રંગાતા રંગ્યુ એમ કહેવાય? હા ભગવન્! કહેવાય. તે પ્રમાણે હે ગૌતમ! એમ કહ્યું કે – તે આરાધક છે.

● વિવેચન-૪૦૭ :-

નિર્ગ્રન્થ કોઈ આહાર ગ્રહણાર્થે પ્રવેશે, ભોજનાર્થે નિમંત્રેણ હોય, તે નિર્ગ્રન્થ વડે અકૃત્ય સ્થાન-મૂલગુણાદિ સેવારૂપ અકાર્ય વિશેષ થઈ ગયું, પશ્ચાત્તાપથી મનમાં

એવું થાય કે અનંતર આસેવિત કૃત્યને સ્થાપનાચાર્ય નિવેદન વડે આલોચું, મિથ્યાદુષ્કૃત દાનથી પ્રતિક્રમું, સ્વસમક્ષ પોતાના અકૃત્ય સ્થાનને નિંદુ, ગુરુ સમક્ષ ગર્હું, તેના અનુબંધને છેદું, પ્રાયશ્ચિત્ત સ્વીકાર દ્વારા તે પંકની વિશોધિ કરું, ન કરવાને ઉધત થાઉં, યથોચિત - આ ગીતાર્થતા વડે જ થાય, અન્યથા નહીં, સમીપે જઈને૦

સ્થવિર, વાતાદિ દોષથી નિર્વાચ થઈ જાય, તો સાધુને આલોચનાદિ પરિણામ હોવા છતાં આલોચનાદિ પ્રાપ્ત ન થાય. તો તે શુદ્ધ-મોક્ષમાર્ગનો આરાધક થાય? ભાવની શુદ્ધિથી થાય, આલોચના પરિણત હોવાથી આરાધકત્વ છે. મરણને આશ્રીને કહ્યું છે — આલોચના પરિણત, ગુરુ પાસે સમ્યક્ રીતે જતો, વચ્ચે મરે, તો પણ ભાવશુદ્ધ છે.

સ્થવિર અને પોતે, બે ભેદથી 'મૂક' સૂત્ર છે, કાલ કરવાના બે સૂત્ર છે, એ ચાર અસંપ્રાપ્ત સૂત્રો છે. એ પ્રમાણે ચાર સંપ્રાપ્ત સૂત્રો છે. એ પ્રમાણે ગૃહસ્થના ઘેર ગૌચરી અર્થે ગયેલના આઠ અને વિચારભૂમિ આદિમાં ગયેલના આઠ, ગ્રામગમનના આઠ મળીને કુલ ૨૪-સૂત્રો છે. એ પ્રમાણે સાધ્વી સંબંધી ૨૪-સૂત્રો છે. અનાલોચિત છતાં આરાધક કેમ ? તેનો ઉત્તર દૃષ્ટાંતથી આપે છે. ક્રિયા કાળ અને નિષ્ઠાકાળના અભેદ વડે પ્રતિક્ષણે કાર્યની નિષ્પત્તિથી છેદાતું છેદ્યુ કહેવાય. એ રીતે આલોચના પ્રવૃત્ત હોવાથી આરાધક જ છે. अहत - નવું, धोत - ધોયેલું, तंतुग्गयं - તંત્રથી ઉતરેલું, - - આરાધક દીપવત્ દીપે છે, માટે દીપસ્વરૂપ કહે છે —

**● સૂત્ર-૪૦૮,૪૦૯ :-**

*[૪૦૮] ભગવન્ ! બળતા દીવામાં શું બળે છે ? દીવો બળે છે, દીવી બળે છે, વાટ બળે છે, તેલ બળે છે, દીપ-ઢાંકણ બળે છે, કે જ્યોતિ બળે છે ? ગૌતમ ! દીવો યાવત્ દીપ-ઢાંકણ નહીં, પણ જ્યોતિ બળે છે.*

*ભગવન્! બળતા ઘરમાં શું બળે છે? ઘર, ભીંત, ડાભનું છાદન, ધારણ, બલહરણ, વાંસ, મલ્લ, વર્ગ, છપ્પર, છાદન કે જ્યોતિ બળે છે? ગૌતમ! ઘર નથી બળતું, ભીંતો નથી બળતી યાવત્ છાદન પણ નથી બળતું, કેવળ જ્યોતિ બળે છે.*

*[૪૦૯] ભગવન્ ! જીવ ઔદારિક શરીરને આશ્રીને કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળા અને કોઈ અક્રિય છે. - - ભગવન્ ! નૈરયિક (બીજાના) ઔદારિક શરીરને આશ્રીને કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ.*

*ભગવન્ ! અસુરકુમાર (બીજાના) ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? પૂર્વવત્. યાવત્ વૈમાનિક સુધી. મનુષ્ય, જીવવત્ જાણવા.*

*ભગવન્ ! જીવ, ઔદારિક શરીરોથી કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા યાવત્ કદાચ અક્રિય. - - ભગવન્ ! નૈરયિક, ઔદારિક શરીરોથી કેટલી ક્રિયા છે ? એ પ્રમાણે જેમ પ્રથમ દંડકમાં કહ્યું, તેમ અહીં પણ બધું જ વૈમાનિક પર્યન્ત કહેવું. વિશેષમાં મનુષ્ય, જીવવત્ છે.*

*ભગવન્ ! ઘણાં જીવો, ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ !*



*કદાચ ત્રણ ક્રિયાવાળા યાવત્ અક્રિય. - - ભગવન્ ! ઘણાં નૈરયિકો, ઔદારિક શરીરથી કેટલી ક્રિયાવાળા છે ? એ પ્રમાણે અહીં પણ પહેલા દંડકની જેમ વૈમાનિક સુધી કહેવું. મનુષ્યો, જીવોવત્ છે.*

*ભગવન્! ઘણાં જીવો, (બીજાના) ઔદારિક શરીરોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા અથવા અક્રિય પણ હોય. - - ભગવન્ ! ઘણાં નૈરયિકો (બીજાના) ઔદારિક શરીરોની અપેક્ષાએ કેટલી ક્રિયાવાળા છે ? ગૌતમ ! ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળા, એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. વિશેષ આ - મનુષ્યો, જીવોવત્ જાણવા.*

*ભગવન્ ! એક જીવ વૈક્રિય શરીર આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર ક્રિયાવાળો કે અક્રિય હોય. - ભગવન્ ! એક નૈરયિક, વૈક્રિય શરીર આશ્રીને કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર ક્રિયાવાળો. એ પ્રમાણે યાવત્ વૈમાનિક. વિશેષ આ — મનુષ્ય, જીવવત્ જાણવા. એ રીતે ઔદારિક શરીર માફક અહીં પણ ચાર દંડકો કહેવા. વિશેષ આ — પાંચમી ક્રિયા ન કહેવી, બાકી પૂર્વવત્.*

*એ રીતે વૈક્રિય માફક આહારક, તૈજસ, કાર્મણ પણ કહેવા. એક-એકના ચાર દંડકો કહેવા. યાવત્ ભગવન્ ! વૈમાનિક કાર્મણશરીર વડે કેટલી ક્રિયાવાળો હોય ? ગૌતમ ! ત્રણ કે ચાર. ભગવન્ ! તેમજ છે (૨).*

**● વિવેચન-૪૦૮,૪૦૯ :-**

झियायमाण - બળતો, સળગતો. पदीव - પ્રદીપ, દીપયષ્ટી આદિ સમુદાય, लट्ठि - દીપયષ્ટિ, वत्ति - વાટ, दीवचंपए - દીવાઢાંકણ, जोइ - અગ્નિ. - - જ્વલન પ્રસ્તાવથી આમ કહે છે - अगार - કુટીઘર, कुडु - ભીંત, कडण - ત્રટ્ટિકા, ધારણ - બલહરણના આધારભૂત થૂણા-થંભ, बलहरण - ધારણની ઉપરનું તીર્છું કાષ્ઠ-પાટકો, वंस - વાંસની પટ્ટી, मल्ल - ભીંતના ટેકણ થાણુઓ કે બલહરણને ધારણના ટેકાઓ કે છિત્વરના આધારભૂત ઉર્ધ્વ રહેલા કાષ્ઠ, वाग - વાંસના બંધનભૂત વટાદિની છાલ, छित्तर - વંશાદિમય છાદનાધારભૂત કિલિંજ. - x -

એમાં બીજા શરીરને આશ્રીને જ્વલનક્રિયા છે. જીવનું અને નારકોનું પર શરીર ઔદારિકાદિ આશ્રીને હોય, તેથી ક્રિયા કહે છે —

બીજાના ઔદારિક શરીરને આશ્રીને જીવને કેટલી ક્રિયા? કદાચ ત્રણ ઈત્યાદિ. જો એક જીવ અન્ય પૃથ્વી આદિના સંબંધે ઔદારિક શરીરને આશ્રીને કાયનો વ્યાપાર કરે ત્યારે ત્રણ ક્રિયા - કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી. આ પરસ્પર અવિનાભૂતત્ત્વ હોવાથી ત્રણ ક્રિયા, આ અવિનાભાવ, અધિકૃતક્રિયા અવીતરાગને જ છે, બીજાને નહીં. કેમકે તથાવિધ કર્મબંધનો હેતુ છે. અવીતરાગ - કાયના અધિકરણત્વ અને પ્રદ્વેષાન્વિતત્વથી કાયક્રિયા સદ્‌ભાવે બીજા બેનો અવશ્ય સંભવ છે - x - પ્રજ્ઞાપનામાં આ માટે કહ્યું છે — જે જીવ કાયિકી ક્રિયા કરે છે, તે નિયમા અધિકરણિકી ક્રિયા કરે છે, જે અધિકરણિકી ક્રિયા કરે છે, તે નિયમા કાયિકી ક્રિયા કરે છે. ઇત્યાદિ તથા આધ ત્રણ ક્રિયાના સદ્‌ભાવે ઉત્તર બે ક્રિયાની ભજના. કહ્યું છે — જે જીવ કાયિકી ક્રિયા કરે

છે, તેને પારિતાપનિકી ક્રિયા હોય કે ન હોય ઇત્યાદિ. તેથી જો કાય વ્યાપાર દ્વારથી આદ્ય ત્રણ ક્રિયા જ હોય તો તે પરિતાપતો નથી, અતિપાત કરતો નથી, ત્યારે ત્રણ ક્રિયાવાળો જ હોય, તેથી ત્રણ ક્રિયા કહી. જો પરિતાપે તો ચાર ક્રિયા સંભવે, અતિપાત કરે તો પાંચ ક્રિયા સંભવે કેમકે તેમાં પૂર્વ ક્રિયાનો અવશ્ય ભાવ હોય છે. - x - તેથી જ કહ્યું કે કદાચ ત્રણ ક્રિયા, કદાચ ચાર ક્રિયા. વીતરાગ અવસ્થાને આશ્રીને અક્રિય હોય. કેમકે વીતરાગત્વથી તેને અધિકૃત ક્રિયા ન હોય.

નારક, જેનાથી ઔદારિક શરીરવાળા પૃથ્વી આદિને સ્પર્શે, પરિતાપે કે વિનાશ કરે, ત્યારે ઔદારિકથી કદાચ ત્રણ ક્રિયા આદિ હોય, પણ અક્રિયત્વ ન હોય. કેમકે અવીતરાગને અવશ્ય ક્રિયા હોય. બધાં અસુરાદિમાં ત્રણ ક્રિયાદિ કહેવું. જીવની જેમ મનુષ્યમાં અક્રિયત્વ કહેવું. કેમકે જીવપદમાં મનુષ્ય અને સિદ્ધની અપેક્ષાએ અક્રિયત્વ કહ્યું છે.

ઔદારિક શરીરો વડે, એમ બહુત્વ અપેક્ષાએ આ બીજો દંડક છે. એ રીતે જીવના એકપણાથી બે દંડક છે, એ પ્રમાણે જીવના બહુત્વ થકી બીજા બે દંડક છે. એ રીતે ઔદારિક શરીરાપેક્ષાએ ચાર દંડકો છે.

જીવને બીજાના વૈક્રિય શરીર આશ્રીને કેટલી ક્રિયા ? કહે છે — કદાચ ત્રણ કે ચાર. અહીં પાંચ ક્રિયા ન કહેવી. વૈક્રિયશરીરીનો પ્રાણાતિપાત કરવો અશક્ય છે. કેમકે અહીં અવિરતિ માત્રની વિવક્ષા કરી છે, એ રીતે જેમ વૈક્રિય, તેમ આહારક, તૈજસ, કાર્મણ પણ કહેવા.

આના વડે આહારકાદિ ત્રણ શરીરને આશ્રીતને ચાર દંડક વડે નૈરયિકાદિ જીવોનું ત્રિક્રિયત્વ, ચતુષ્કિયત્વ કહ્યું, પંચકિયત્વ ન કહ્યું કેમકે મારવાનું અશક્ય છે. હવે નારકના અધોલોક વર્તિત્વથી, આહારક શરીરના મનુષ્યલોક વર્તિત્વથી તે ક્રિયાનું વિષયત્વ નથી. - - આહારક શરીરને આશ્રીને નારક કઈ રીતે ત્રિક્રિય કે ચતુષ્ક્રિય કહ્યા? જ્યાં સુધી પૂર્વ શરીર છોડેલ નથી, જીવ નિર્વર્તિત પરિણામને છોડતો નથી. ત્યાં સુધી પ્રજ્ઞાપના નય મતથી નિર્વર્તક જીવ જ કહેવાય છે. નારકના પૂર્વ ભવનો દેહ નારકની જેમજ, તદ્દેશથી મનુષ્યલોકવર્તી, અસ્થિ આદિ રૂપથી જો આહારક શરીરને સ્પર્શે કે પરિતાપે, તો આહારક દેહથી નારક ત્રિક્રિય કે ચતુષ્ક્રિય થાય. કાયિકી ભાવે બીજા બેનો અવશ્ય સંભવ છે, પારિતાપનિકી ભાવે આદ્ય ત્રણનો અવશ્ય સંભવ છે એ રીતે અહીં બીજા પણ વિષય જાણવા. જે તૈજસ, કાર્મણ શરીર અપેક્ષાએ જીવોને પરિતાપકત્વ તે ઔદારિકાદિને આશ્રીને જાણવા. સ્વરૂપથી તે બંનેને પરિતાપવા અશક્ય છે.

## ❀ શતક-૮, ઉદ્દેશો-૭-'અદત્તાદાન' ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૬-માં ક્રિયા વિશે કહ્યું. ક્રિયાને પ્રસ્તાવથી ઉદ્દેશા-૭-માં પ્રદ્વેષક્રિયા નિમિત્તક અન્યુતીર્થિક વિવાદ કહે છે - x -

● **સૂત્ર-૪૧૦,૪૧૧ :-**

*તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું - વર્ણન. ગુણશીલ ચૈત્ય હતું — વર્ણન યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્ય સમીપે ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા. - - તે કાળે, તે સમયે આદિકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા, યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના ઘણાં શિષ્ય સ્થવિરો જાતિસંપન્ન, કુળસંપન્ન આદિ જેમ બીજા શતકમાં યાવત્ જીવિતાશા-મરણ ભયથી મુક્ત, ભગવંત મહાવીર સમીપે ઉર્ધ્વજાનુ, અધોશિર, ધ્યાનરૂપી કોઠામાં રહીને સંયમ અને તપથી આત્માને ભાવતા યાવત્ વિચરતા હતા.*

*ત્યારે તે અન્યતીર્થિકો, જ્યાં સ્થવિર ભગવંતો હતા ત્યાં આવ્યા, આવીને સ્થવિર ભગવંતોને આમ કહ્યું — હે આર્યો ! તમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત, અપ્રતિહતાદિ જેમ સાતમાં શતકમાં બીજા ઉદ્દેશામાં કહ્યું યાવત્ એકાંતબાલ હતા. ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકને આમ કહ્યું — હે આર્યો ! ક્યા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંત બાલ હતા ? ત્યારે તે અન્યતીર્થિકોએ તેમને આમ કહ્યું — હે આર્યો ! તમે અદત્તાદાન લો છો, અદત્તાદાન વાપરો છો, અદત્તાદાનને સ્વાદો છો. એ રીતે ત્રિવિધ, ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંત બાલ છો. ત્યારે તે સ્થવિરોએ તેમને આમ પૂછ્યું —*

*— હે આર્યો ! ક્યા કારણથી અમે અદત્ત લઈએ છીએ, ખાઈએ છીએ, સ્વાદીએ છીએ ? કે જેથી અમે અદત્ત લેનાર યાવત્ સ્વાદતા ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ ? ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતોને આમ કહ્યું — હે આર્યો ! તમારા મતમાં દેવાતું - ન દેવાયું, ગ્રહણ કરાતું - ન ગ્રહણ કરાયું, પાત્રમાં નંખાતુ - ન નંખાયુ, એવું કથન છે. હે આર્યો ! તમને અપાતો પદાર્થ, પાત્રમાં ન પડે તે પહેલાં વચ્ચે જ કોઈ તેને હરી લે, તો તમે કહો છો કે, તે ગૃહપતિના પદાર્થનું અપહરણ થયું, તમારા નહીં. તેથી તમે અદત્ત ગ્રહણ કરો છો યાવત્ અદત્તની અનુમતિ આપો છો. તેથી તમે અદત્ત ગ્રહતા એકાંતબાલ છો.*

*ત્યારે તે સ્થવિરોએ તે અન્યતીર્થિકને આમ કહ્યું — હે આર્યો ! અમે અદત્ત લેતા નથી, ખાતા નથી, અનુમોદતા નથી. હે આર્યો ! અમે દીધેલું જ લઈએ-ખાઈએ-અનુમોદીએ છીએ. તેથી અમે દીધેલું લેનાર દીધેલું ખાનાર, દીધેલું સ્વાદનાર ત્રિવિધ ત્રિવિધે સંયત, વિરત, પ્રતિહત એમ જે શતક-૭-માં યાવત્ એકાંત પંડિત છીએ. ત્યારે તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને આમ કહ્યું — ક્યા કારણથી હે આર્ય ! તમે દીધેલું ગ્રહણ કરો છો યાવત્ અનુમોદો છો, તેથી તમે યાવત્ એકાંત પંડિત છો ?*

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ, તેઓને આમ કહ્યું કે — હે આર્યો ! દેવાતું-દીધું, ગ્રહણ કરાતું-ગ્રહ્યું, પાત્રમાં મુકાતું-મુકાયું એ અમારો મત છે. તેથી હે આર્યો ! અમે દીધેલું ગ્રહણ કરતા, પાત્રમાં પડેલ નથી, તેની વચ્ચે કોઈ તેને હરી લે, તો તે પદાર્થ અમારો હરાયો કહેવાય છે, ગૃહસ્થનો નહીં, તેથી*

*અમે દીધેલું ગ્રહણ કરતા-ખાતા-અનુમોદતા એવા - યાવત્ - ત્રિવિધ ત્રિવિધે સંયત યાવત્ એકાંત પંડિત છીએ. ખરેખર તો હે આર્યો ! તમે પોતે જ ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છો.*

*ત્યારે તે અન્યતીર્થિકોએ, તે સ્થવિરોને આમ પૂછ્યું – હે આર્યો ! કયા કારણે અમે ત્રિવિધ યાવત્ એકાંતબાલ છીએ. ત્યારે સ્થવિર ભગવંતે તેમને કહ્યું – હે આર્યો ! તમે અદત્ત ગ્રહણ કરો છો આદિ. માટે હે આર્યો ! તમે એકાંતબાલ છો ત્યારે તે અન્યતીર્થિકોએ, તે સ્થવિરોને આમ પૂછ્યું – કયા કારણે અમે અદત્ત ગ્રહણ કરતા યાવત્ એકાંતબાલ છીએ ? ત્યારે તે સ્થવિરોએ તેમને કહ્યું – હે આર્યો ! તમારા મતે દેવાતું - ન દેવાયુ, યાવત્ તે ગાથાપતિનું છે, તમારું નહીં, તેથી તમારા મતે અદત્ત લો છો. તેમજ પૂર્વવત્ તમે એકાંત બાલ છો. ત્યારે અન્યતીર્થિકે તેમને કહ્યું –*

*હે આર્યો ! તમેજ ત્રિવિધ-ત્રિવિધ અસંયત યાવત્ એકાંત બાલ છો. ત્યારે સ્થવિરોએ, તે અન્યતીર્થિકને પૂછ્યું – કયા કારણે અમે ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ ? ત્યારે તેઓએ સ્થવિરોને કહ્યું – હે આર્યો ! ગમન કરતા એવા તમે, પૃથ્વીકાયિકોને દબાવો છો, હણો છો, પગથી લાત મારો છો, સંઘાત કરો છો, સંઘટ્ટો છો, પરિતાપના-કીલામણા-ઉપદ્રાવિત કરો છો, આ કારણથી તમે ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંતબાલ છો. ત્યારે તે સ્થવિરોએ તેમને આમ કહ્યું –*

*હે આર્યો ! અમે ચાલતી વખતે પૃથ્વીકાયિકોને દબાવતા નથી યાવત્ ઉપદ્રવિત કરતા નથી. હે આર્યો ! અમે ગમન કરતી વેળા કાયને, જોગને કે સંયમ(ઋતુ)ને આશ્રીને દેશથી દેશ, પ્રદેશથી પ્રદેશ જઈએ છીએ. અમે તે દેશથી દેશ, પ્રદેશથી પ્રદેશ જતાં પૃથ્વીકાયિકને દબાવતા યાવત્ ઉપદ્રવિત કરતા નથી. તેથી અમે પૃથ્વીકાયિકને ન દબાવતા, ન હણતા યાવત્ ઉપદ્રવિત ન કરતા ત્રિવિધ ત્રિવિધે સંયત યાવત્ એકાંત પંડિત છીએ, હે આર્યો ! તમે પોતે જ ત્રિવિધ ત્રિવિધેન અસંયત યાવત્ બાલ છો.*

*ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતને એમ કહ્યું – હે આર્યો કયા કારણથી, અમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત બાલ છીએ ? ત્યારે તે સ્થવિરોએ તેમને કહ્યું – હે આર્યો ! તમેજ ગમન કરતી વેળાએ પૃથ્વીકાયિકોને દબાવો યાવત્ ઉપદ્રવિત કરતા ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો. ત્યારે તે અન્યતીર્થિકોએ સ્થવિરોને એમ કહ્યું – તમારા મતે જાતો એવો - ન ગયો, ઉલ્લંઘતાને ન ઉલ્લંઘતો, રાજગૃહનગર પહોંચવાની ઈચ્છાવાળાને અસંપ્રાપ્ત કહો છો૦ (ત્યારે સ્થવિરોએ કહ્યું) હે આર્યો ! અમારા મતે જતા એવાને - ગયો, ઉલ્લંઘતાને ઉલ્લંઘ્યો, રાજગૃહનગર પહોંચવાની ઈચ્છાવાળાને સંપ્રાપ્ત થયો જ કહેવાય છે. પરંતુ તમારા મતે જ જતો એવો - ન ગયો, ઉલ્લંઘતો એવો ન ઉલ્લંઘ્યો યાવત્ રાજગૃહનગર અસંપ્રાપ્ત કહો છો.*

*ત્યારપછી તે સ્થવિર ભગવંતોએ, તે અન્યતીર્થિકોને એ રીતે નિરુત્તર*





*કર્યા, કરીને ગતિપ્રવાદ નામે અધ્યયન પ્રરૂપ્યું.*

*[૪૧૧] ભગવન્! ગતિપ્રવાદ કેટલા પ્રકારે છે? ગૌતમ! પાંચ પ્રકારે છે. તે આ – પ્રયોગગતિ, તતગતિ, બંધનછેદનગતિ, ઉપપાત ગતિ, વિહાયગતિ. અહીંથી આરંભી આખું પ્રયોગપદ કહેવું. - - ભગવન્! તે એમ જ છે, એમ જ છે૦*

**● વિવેચન-૪૧૦,૪૧૧ :-**

अज्जो - હે આર્યો ! तिविहं૦ - ત્રણ કરણ અને ત્રણ યોગને આશ્રીને. अदिन्नं साइज्जह - અદત્તં સ્વાદો - અનુમતિ આપો છો. दिज्जमाणे अदत्तं - દેવાતું-ન દીધું. - x - દેવાતું એ દીધું ન કહેવાય, દીધેલું જ દીધું કહેવાય, એમ કહે છે. એ રીતે 'ગ્રહણ કરાતું' આદિમાં પણ જાણવું. તેમાં 'દીયમાન' તે દેનારની અપેક્ષાએ, 'પ્રતિગૃહ્યમાણ' તે ગ્રાહકની અપેક્ષાએ અને 'નિસૃજ્યમાણ' એટલે 'નંખાતુ' એ પાત્રની અપેક્ષાએ છે. अंतरे - અવસરે.

આ અભિપ્રાય છે – જો દેવાતો પદાર્થ પાત્રમાં પડે તો 'દીધું' કહેવાય, ત્યારે તે દેવાતા પાત્રમાં પડે તે રૂપ ગ્રહણ કર્યુ કહેવાય. જો દેવાતું તે 'ન દીધુ' કહે ત્યારે પાત્રમાં પડે તેને લેવું તે પણ અદત્ત એમ કહેવાય.

ઉત્તર વાક્યમાં નિર્ગ્રન્થ કહે છે – અમારા મતે 'દેવાતું તે દીધું' ઇત્યાદિ કહ્યું, તે ક્રિયાકાળ-નિષ્ઠાકાળના અભેદથી દીયમાનત્વાદિને દત્તત્વ આદિ જાણવું. વળી 'દીયમાન તે અદત્ત' તે તમારા મતત્વથી છે માટે તમેજ અસંયતત્વાદિ ગુણવાળા છો. તેમ કહેતા (અન્યતીર્થિકો જે કહે છે. તેના અનુસંધાને) સ્થવિરો તેમને જણાવે છે કે – तुज्झे णं अज्जो !૦

रीय - ગમન, रीयमाण - જતો, ગમન કરતો. पुढविं पेच्चेह. પૃથ્વીને આક્રામે- દબાવે છે. પગ વડે હણે છે, પાદાભિઘાતથી ઘસે છે - ભેગા કરે છે, ભૂમિ ઉપર શ્લિષ્ટ કરે છે - સંહત કરે છે, સંઘટ્ટે છે, પરિતાપે છે - સમન્તાત સંતાપ કરે છે, કિલામે છે - મારમાંતિક સમુદ્ઘાત પમાડે છે, ઉપદ્રવિત કરે છે - મારે છે. काय - શરીરને આશ્રીને ઉચ્ચારાદિકાય કરવું. जोगं - ગ્લાન, વૈયાવૃત્ત્યાદિ વ્યાપારને આશ્રીને, रियं - ઋતુ-સત્યને આશ્રીને - ''અપ્કાયાદિ જીવ સંરક્ષણ સંયમને આશ્રીને'' અર્થ કરવો.

અમે વિવક્ષિત દેશમાં તે પૃથ્વી પરથી જતાં ઈર્યાસમિતિ પરાયણત્વથી સચિત્ત ભૂમિને છોડતા અને અચેતન ભૂમિથી જઈએ છીએ – એ અર્થ છે. એ રીતે પ્રદેશથી પ્રદેશ જઈએ છીએ. અહીં દેશ એટલે ભૂમિનો મોટો ખંડ અને પ્રદેશ એટલે નાનો ખંડ. - ઉક્ત ગુણ વડે અમે ગમન કરતા હોવાથી (અમે અસંયતાદિ નથી), પણ તમે અન્યતીર્થિકો જ પૃથ્વીને દબાવતા આદિથી અસંયતત્વાદિ ગુણોવાળા છે, તેમ જણાવે છે.

જેમાં ગતિની પ્રરૂપણા થાય, તે ગતિપ્રવાદ, અથવા ગતિની ક્રિયાનો જે પ્રપાત- પ્રપતન સંભવ-પ્રયોગાદિ અર્થોમાં વર્તન તે ગતિપ્રપાત, તેને કહેનારું અધ્યયન, તે ગતિપ્રપાત, તેની પ્રજ્ઞાપના કરી.

હવે ગતિપ્રપાતને ભેદથી કહેવાને માટે જણાવે છે – અહીં ગતિપ્રપાત ભેદના પ્રક્રમમાં જે ગતિભેદ કહેવા, તે તદ્ગતિ ધર્મપણાથી પ્રપાતના ગતિભેદ કહેવાથી

ગતિપ્રપાત ભેદ જ કહેવાય છે. તેમાં પ્રયોગ સત્ય મન વગેરે પંદર પ્રકારો ગતિ-પ્રવૃત્તિ, તે ‘પ્રયોગગતિ’ કહેવાય.

તતગતિ - ગ્રામ, નગરાદિમાં જવાને પ્રવૃત્તપણાથી, ત્યાં પહોંચ્યા ન હોય, તેના અંતરાલ માર્ગમાં વર્તતા પ્રસારિત ક્રમથી અને વિસ્તારે જનારની ગતિ. અથવા તેના અવધિભૂત ગામ-નગરાદિમાં ગતિ.

આ સ્થાને આ સૂત્રથી આરંભીને પ્રજ્ઞાપનાના ૧૬માં ‘પ્રયોગ પદ’માં से त्तं विहायगई’ એ સૂત્ર સુધી આ કહેવું. તે આ પ્રમાણે છે — બંધનછેદન ગતિ, ઉપપાત ગતિ, વિહાયગતિ ઈત્યાદિ. તેમાં —

બંધન છેદન ગતિ — બંધન કે કર્મના છેદન - અભાવમાં જીવની શરીરથી શરીરની ગતિ તે. - - ઉપપાત ગતિ ત્રણ ભેદે, ક્ષેત્ર-ભવ-નો ભવના ભેદથી છે. તેમાં નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધોની જે ક્ષેત્રમાં ઉત્પાદને માટે ગમન તે ક્ષેત્રોપપાત ગતિ નારકાદિની સ્વભવે ઉપપાતરૂપ ગતિ, તે ભવોપપાતગતિ સિદ્ધ-પુદ્ગલનું ગમન માત્ર તે નોભવોપપાત ગતિ. વિહાયોગતિ તે સ્પૃશદ્ગત્યાદિ અનેકવિધ છે.

## ❀ શતક-૮, ઉદ્દેશો-૮-‘પ્રત્યનીક’ ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં સ્થવિરો પ્રત્યે અન્યતીર્થિકો પ્રત્યનીક રૂપે કહ્યા. અહીં ગુરુ આદિના પ્રત્યનીકો કહે છે —

**● સૂત્ર-૪૧૨ :-**

***રાજગૃહનગરે યાવત્ આમ કહ્યું — ભગવન્! ગુરુને આશ્રીને કેટલાં પ્રત્યનીકો કહ્યા છે? ગૌતમ! ત્રણ. તે આ — આચાર્ય પ્રત્યનીક, ઉપાધ્યાય પ્રત્યનીક, સ્થવિર પ્રત્યનીક. - - ભગવન્! ગતિને આશ્રીને કેટલા પ્રત્યનીક કહ્યા છે? ગૌતમ! ત્રણ. તે આ - આલોક પ્રત્યનીક, પરલોક પ્રત્યનીક, ઉભયલોક પ્રત્યનીક. - - ભગવન્! સમૂહને આશ્રીને કેટલાં પ્રત્યનીક કહ્યા છે? ગૌતમ! ત્રણ. તે આ — કુલ પ્રત્યનીક, ગણ પ્રત્યનીક, સંઘપ્રત્યનીક. - - અનુકંપ (સાધુ)ને આશ્રીને કેટલા પ્રત્યનીક કહ્યા છે? ગૌતમ! ત્રણ. તપસ્વી પ્રત્યનીક, ગ્લાન પ્રત્યનીક, શૈક્ષ પ્રત્યનીક. - - શ્રુતને આશ્રીને કેટલાં પ્રત્યનીક છે? ગૌતમ! ત્રણ. સૂત્ર, અર્થ, તદુભય. - - ભાવને આશ્રીને? ત્રણ. જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યનીક.***

**● વિવેચન-૪૧૨ :-**

गुरु - તત્ત્વોપદેશકને प्रतीत्य - આશ્રીને, प्रत्यनीक - શત્રુ જેવા, પ્રતિકૂળપણે વર્તતા. તેમાં आचार्य - અર્થના વ્યાખ્યાતા. उपाध्याय - સૂત્રદાતા, स्थविर - જાતિ, શ્રુત, પર્યાય વડે તેમાં જાતિથી, ૬૦ વર્ષના. શ્રુતસ્થવિર તે સમવાયધારક. પર્યાય સ્થવિર તે ૨૦-વર્ષના પર્યાયવાળા. આમની પ્રત્યનીકતા આ પ્રમાણે - તેમની જાતિ આદિને આશ્રીને અવર્ણવાદ કરવો, તેમની સમીપે ન રહેવું, તેમનું અહિત અને છિદ્રો જોવા. વિપરીત વાતો કરવી, તેમના ઉપદેશનો ઉપહાસ કરવો, દશવિધ વૈયાવચ્ચાદિ કૃત્ય ન કરવું ઈત્યાદિ.

गति - મનુષ્યત્વ આદિને આશ્રીને, તેમાં આલોકના એટલે પ્રત્યક્ષ માનુષત્વ



લક્ષણ પર્યાયના પ્રત્યનીક, ઈન્દ્રિયાર્થને પ્રતિકૂલકારીપણાથી પંચાગ્નિતપસ્વી માફક આલોક પ્રત્યનીક... પરલોક-જન્માંતર, તેના પ્રત્યનીક - ઈન્દ્રિયાર્થમાં તત્પર... ઉભયલોક પ્રત્યનીક - ચોરી આદિ વડે ઈન્દ્રિયોના અર્થને સાધવામાં રત.

समूह - સાધુ સમુદાયને આશ્રીને, તેમાં कुल - ચાંદ્ર આદિ, તેનો સમૂહ તે गण - કોટિ આદિ, તેનો સમૂહ તે संघ, તેની પ્રત્યનીકતા, એટલે તેનો અવર્ણવાદ આદિ. - કુલ આદિના લક્ષણ આ પ્રમાણે છે —

એક આચાર્યની જે શિષ્યપરંપરા, તે કુળ. ત્રણ કુળનો એક ગણ થાય છે. સર્વે પણ જ્ઞાન-દર્શન-ચરણ ગુણથી વિભૂષિત એવા શ્રમણોનો સમુદાય તે સંઘ, ગુણ સમુદાયે કરીને જાણવો.

अणुकंप - અનુકંપા, ભોજન-પાન આદિ વડે ઉપકાર, તેને આશ્રીને, તેમાં તપસ્વી તે ક્ષપક, ગ્લાન તે રોગાદિ વડે અસમર્થ, શૈક્ષનવદીક્ષિત. આ બધાં અનુકંપનીય કહેવાય છે, તે ન કરવારૂપ પ્રત્યનીકતા.

सुयण्ण - શ્રુત એટલે સૂત્રાદિ, તેમાં सूत्र - વ્યાખ્યા કરવા યોગ્ય. अर्थ - તેનું વ્યાખ્યાન. નિર્યુક્તિ આદિ-તદુભય, તેની પ્રત્યનીકતા. - x - x - (શ્રુત વિરુદ્ધ કથન, તેનો અવર્ણવાદ, શાસ્ત્રજ્ઞાનને નિષ્પ્રયોજન બતાવવું, શાસ્ત્રોને દોષયુક્ત બતાવવા ઇત્યાદિ)

भाव - એટલે પર્યાય. તે જીવગત અને અજીવગત છે. તેમાં જીવના પ્રશસ્ત અને અપ્રશસ્ત છે તેમાં પ્રશસ્ત તે ક્ષાયિકાદિ છે અને અપ્રશસ્ત તે વિવક્ષાથી ઔદયિક, ક્ષાયિકાદિ છે. વળી જ્ઞાનાદિ રૂપ પણ ભાવો છે, તે જ્ઞાનાદિ પ્રતિ પ્રત્યનીક, તેનાથી વિરુદ્ધ પ્રરૂપણા કે દૂષણથી છે. જેમકે - પ્રાકૃતમાં રચેલ સૂત્રને કોણ જાણે છે ? કોણે પ્રરૂપ્યા છે ? દાન વિના ચારિત્રથી શું થવાનું છે ? - - આ પ્રત્યનીકો ફરી ન કરવાને ઉધત થતાં શુદ્ધિને યોગ્ય થાય છે. શુદ્ધિ વ્યવહારથી છે, તેથી વ્યવહાર—

**● સૂત્ર-૪૧૩,૪૧૪ :-**

***[૪૧૩] ભગવન્! વ્યવહાર કેટલા ભેદે છે? ગૌતમ! પાંચ ભેદે. તે આ — આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત. તેની પાસે તે આગમ હોય, તેણે આગમથી વ્યવહાર કરવો જોઈએ. જેની પાસ આગમ ન હોય, તેણે જેની પાસે જે શ્રુત હોય, તેનાથી વ્યવહાર કરવો. જો શ્રુત ન હોય તો, જેની પાસે જે આજ્ઞા હોય, તેણે આજ્ઞાથી વ્યવહાર કરવો. જેની પાસે આજ્ઞા ન હોય, તેની પાસે જે ધારણા હોય, તે ધારણાથી વ્યવહાર કરવો, જેની પાસે તે ધારણા ન હોય, તેની પાસે જે જીત હોય, તે જીતથી વ્યવહાર કરવો. આ પાંચથી વ્યવહાર કરવો જોઈએ. તે આ — આગમથી, શ્રુતથી, આજ્ઞાથી, ધારણાથી, જીતથી. જેની પાસે જે આગમ-શ્રુત-આજ્ઞા-ધારણા-જીત હોય, તેને તે પ્રમાણે વ્યવહાર ચલાવવો જોઈએ.***

***ભગવન્ ! આગમબલિક શ્રમણ નિર્ગ્રન્થ (આ પાંચનું ફળ) શું કહે છે ? આ પાંચ પ્રકારના વ્યવહારોમાં જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જે સંભવ હોય ત્યારે ત્યારે, ત્યાં ત્યાં રાગ-દ્વેષથી રહિત, સમ્યક્ વ્યવહાર કરતા શ્રમણ નિર્ગ્રન્થ, આજ્ઞાના આરાધક થાય છે.***

*[૪૧૪] ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. ઐર્યાપથિકબંધ, સાંપરાયિક બંધ. - - ભગવન્ ! ઐર્યાપથિક કર્મ, શું નૈરયિક બાંધે, તિર્યંચ બાંધે, તિર્યંચિણી બાંધે, મનુષ્ય-માનુષી સ્ત્રી બાંધે, દેવો-દેવી બાંધે ? ગૌતમ ! નૈરયિક, તિર્યંચ, તિર્યંચિણી, દેવ કે દેવીમાં કોઈ ન બાંધે, પણ પૂર્વ પ્રતિપન્નકની અપેક્ષાએ મનુષ્ય અને મનુષ્ય સ્ત્રી બાંધે. પ્રતિપધમાનની અપેક્ષાએ એક મનુષ્ય - એક માનીષી બાંધે અથવા ઘણાં મનુષ્યો - ઘણી માનુષી સ્ત્રી બાંધે, અથવા એક મનુષ્ય અને એક માનુષી સ્ત્રી બાંધે અથવા ઘણાં મનુષ્ય અને એક માનુષી બાંધે અથવા ઘણાં મનુષ્યો અને ઘણી માનુષી બાંધે (આ આઠ ભાગા જાણવા.)*

*ભગવન્! ઐર્યાપથિક કર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, નપુંસક બાંધે, સ્ત્રીઓ બાંધે, પુરુષો બાંધે, નપુંસકો બાંધે કે નોસ્ત્રીનો-પુરુષનો નપુંસક બાંધે? ગૌતમ! સ્ત્રી યાવત્ નપુંસકો ન બાંધે, પણ પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાએ વેદરહિત ઘણાં જીવો બાંધે. પ્રતિપધમાનની અપેક્ષાએ વેદરહિત એક જીવ બાંધે કે વેદરહિત ઘણાં જીવો બાંધે.*

*ભગવન્ ! જો વેદરહિત એક જીવ અથવા વેદરહિત ઘણાં જીવો બાંધે, તો હે ભગવન્ ! સ્ત્રી પશ્ચાત્ કૃત્ જીવ બાંધે, પુરુષ પશ્ચાત્ કૃત જીવ બાંધે, નપુંસક પશ્ચાત્કૃત્ જીવ બાંધે, સ્ત્રી પશ્ચાત્કૃત્ જીવો બાંધે, પુરુષ પશ્ચાત્ કૃત્ જીવો બાંધે, નપુંસક પશ્ચાત્કૃત્ જીવો બાંધે (એ છ ભાંગા), અથવા "સ્ત્રી પશ્ચાત્કૃત્ અને પુરુષ પશ્ચાત્ કૃત્ જીવ બાંધેની ચતુર્ભંગી અથવા સ્ત્રીપશ્ચાત્કૃત્ અને નપુંસક પશ્ચાત્ કૃત્ જીવની ચતુર્ભંગી, અથવા પુરુષ પશ્ચાત્કૃત્ અને નપુંસક પશ્ચાત્કૃત્ જીવની ચતુર્ભંગી અથવા સ્ત્રી પશ્ચાત્કૃત્ - પુરુષ પશ્ચાત્કૃત્ - નપુંસક પશ્ચાત્કૃત્ની અષ્ટભંગી - એમ ૨૬ ભંગ કહેવા - x -*

*ગૌતમ ! સ્ત્રી પશ્ચાત્કૃત્ જીવ પણ બાંધે, પુરુષ પશ્ચાત્કૃત્ જીવ પણ બાંધે, નપુંસક પશ્ચાત્કૃત્ જીવ પણ બાંધે - યાવત્ - અથવા સ્ત્રી પશ્ચાત્કૃત્ જીવો અને પુરુષ પશ્ચાત્ કૃત્ જીવો અને નપુંસક પશ્ચાત્ કૃત્ જીવો પણ ઐર્યાપથિક કર્મ બાંધે. અહીં આ ૨૬ ભાંગા કહેવા.*

*ભગવન્ ! (જીવે ઐર્યાપથિક કર્મ) — (૧) બાંધ્યુ છે, બાંધે છે કે બાંધશે ? (૨) બાંધ્યુ છે, બાંધે છે, નહીં બાંધે ? (૩) બાંધ્યુ છે, નથી બાંધતો, બાંધશે ? (૪) બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં ? (૫) બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે ? (૬) બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે નહીં ? (૭) બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે ? (૮) બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે નહીં ?*

*ગૌતમ ! ભવાકર્ષની અપેક્ષાએ કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે, કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. એ પ્રમાણે યાવત્ કેટલાંક જીવે બાંધ્યુ નથી, બાંધતા નહીં, બાંધશે નહીં એ આઠે ભંગ કહેવા.*

*ગ્રહણાકર્ષની અપેક્ષાએ કેટલાંકે બાંધ્યુ, બાંધે છે, બાંધશે એ પ્રમાણે યાવત્ કેટલાંકે બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે. એ પાંચ ભંગ કહેવા. બાંધ્યુ નથી, બાંધે છે, બાંધશે નહીં ભંગ ન કહેવો. કેટલાંકે બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે, કેટલાંકે બાંધ્યુ નથી, બાંધતો નથી, બાંધશે નહીં.*



*ભગવન્! તે સાદિ સપર્યવસિત બાંધે, સાદિ અપર્યવસિત બાંધે, અનાદિ સપર્યવસિત બાંધે કે અનાદિ અપર્યવસિત બાંધે? ગૌતમ! સાદિ સપર્યવસિત બાંધે, સાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, અનાદિ અપર્યવસિત (ત્રણે) ન બાંધે.*

*ભગવન્ ! તે દેશથી દેશને બાંધે, દેશથી સર્વને બાંધે, સર્વથી દેશને બાંધે, સર્વથી સર્વને બાંધે છે ? ગૌતમ ! દેશથી દેશને, દેશથી સર્વને કે સર્વથી દેશને ન બાંધે, સર્વથી સર્વને બાંધે છે.*

● **વિવેચન-૪૧૩,૪૧૪ :-**

વ્યવહરવું તે વ્યવહાર - મુમુક્ષુ પ્રવૃત્તિ નિમિત્તરૂપ. અહીં તે તેને નિબંધનત્વથી જ્ઞાન વિશેષ છતાં વ્યવહાર છે. તેમાં — (૧) આગમ્યન્તે - વસ્તુ તત્ત્વનું જ્ઞાન જેનાથી થાય તે આગમ - કેવળ, મનઃપર્યાય, અવધિ, ચૌદ પૂર્વ, દશ પૂર્વ, નવ પૂર્વ રૂપ. (૨) શ્રુત - શેષ આચાર પ્રકલ્પાદિ. નવ પૂર્વાદિ પણ શ્રુતપણે છે, છતાં વિશિષ્ટ જ્ઞાન હેતુત્વથી સાતિશયત્વથી 'આગમ' કહ્યા. (૩) આજ્ઞા - ગીતાર્થની પાસે જે ગૂઢાર્થ પદ વડે દેશાંતરમાં રહેલ બીજા ગીતાર્થ પાસે અતિચાર આલોચનનું નિવેદન કરે, બીજા ગીતાર્થ પણ તેને તે રીતે જ શુદ્ધિદાન કરે. (૪) ધારણા - ગીતાર્થ સંવિગ્ન વડે દ્રવ્યાદિ અપેક્ષાએ જે અપરાધમાં જે વિશુદ્ધિ કરાય, તેને અવધારીને જે અગુપ્તપણે આલોચના દાનથી ત્યાં જ તે પ્રમાણે તેને પ્રયોજે, એ રીતે વૈયાવચ્ચકરાદિ કે ગચ્છ ઉપગ્રહકારી અશેષ પ્રાયશ્ચિત્ત પદોને કહ્યા તેને ધારવા. (૫) જીત - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ, પ્રતિસેવના અનુવૃત્તિથી તથા સંહનન, ધૃત્યાદિ પરિહાનિની અપેક્ષાએ જે પ્રાયશ્ચિત્ત દાન અથવા જે ગચ્છમાં સૂત્રાતિરિક્ત કારણથી પ્રાયશ્ચિત્ત વ્યવહાર પ્રવર્તે અને તે બીજા ઘણાંથી અનુસરણ કરાયો હોય.

આગમાદિ વ્યવહારમાં ઉપસર્ગ-અપવાદ કહે છે — જે પ્રકારે કેવલી આદિ કોઈમાં ઉક્ત લક્ષણનો વ્યવહાર થતો હોય, તે પાંચ વ્યવહારો મધ્યે કે તેના પ્રાયશ્ચિત્તદાનાદિ વ્યવહારકાલે કે વસ્તુના વિષયમાં વ્યવહાર થાય તે આગમ - કેવલ આદિ છે ત્યારે આગમથી પ્રાયશ્ચિત્તદાનાદિમાં પ્રવર્તે, બીજા વ્યવહારથી નહીં. આગમમાં પણ છ ભેદે છે. - x - કેવલ અભાવે મનઃપર્યાયથી, એ પ્રમાણે પ્રધાનતર બીજા-બીજા ભાવોથી પણ વ્યવહાર કહેવો-કરવો.

જો આગમનો વ્યવહાર ન વર્તી શકે તો, શ્રુતથી વ્યવહાર સ્થાપવો. નિગમેન - સામાન્ય અને વિશેષ નિગમનથી. - x - x -

આગમબલિક - ઉક્ત જ્ઞાન વિશેષ બલવાળા શ્રમણ નિર્ગ્રન્થ કેવલિ આદિ, તે આ કહેવાનાર અથવા આ પ્રમાણે — પ્રત્યક્ષ પાંચ ભેદે વ્યવહાર પ્રાયશ્ચિત્તદાનાદિ રૂપ સમ્યક્ વ્યવહાર કરવો. સમ્યક્, કઈ રીતે? જ્યારે-જ્યારે, જે-જે અવસરમાં, જે-જે પ્રયોજનમાં કે ક્ષેત્રમાં અથવા જે જે ઉચિત છે, તેમાં તેમાં, ત્યારે-ત્યારે, તે-તે પ્રયોજનાદિમાં, કઈ રીતે? સર્વાંશસારરૂપ હિતો વડે ઉપાશ્રિત-સ્વીકારેલ અથવા શિષ્યત્વાદિ સ્વીકારેલ ઉપાશ્રિત, તે જ વૈયાવૃત્યકરત્વ આદિથી નીકટ અથવા નિશ્રિત - રાગ, ઉપાશ્રિત - દ્વેષ, તે અથવા નિશ્રિત - આહારાદિની લાલચ, ઉપાશ્રિત - શિષ્ય પ્રતીચ્છક કુલાદિ અપેક્ષા,

તે બંને જ્યાં ન હોય તે अनिश्रितोपाश्रित - સર્વથા પક્ષપાત રહિતત્વથી યથાવત્.

અહીં પૂજ્યની વ્યાખ્યા — રાગથી નિશ્રા થાય છે, ઉપાશ્રિત દોષથી થાય અથવા આહારાદિ મને આપે છે, તે નિશ્રા. શિષ્યના કે પ્રતિચ્છકના કુલાદિની ઉપાશ્રિતા થાય છે. આજ્ઞાથી જિનોપદેશનો આરાધક થાય છે. બીજા किमाहु भंते! ઇત્યાદિની વ્યાખ્યા આ રીતે કરે છે — ભગવન્ ! આગમબલિક શ્રમણ નિર્ગ્રન્થ ! પંચવિધ વ્યવહારનું ફળ શું કહે છે ? તેના ઉત્તરમાં સૂત્રકાર इच्चेयं આદિ કહે છે.

આજ્ઞા આરાધક કર્મને ખપાવે છે કે શુભકર્મ બાંધે છે, તેથી બંધનું નિરુપણ કરતા કહે છે — बंध - દ્રવ્યથી નિગડાદિ બંધ, ભાવથી કર્મબંધ. અહીં પ્રક્રમથી કર્મબંધ લેવો. ईर्या - ગમન, તેની મુખ્યતાવાળો पन्थ - માર્ગ, તેનાથી ઐર્યાપથિક બન્યું. કેવલ યોગ પ્રત્યય કર્મ, તેનો બંધ, તે તથા, તે એક જ વેદનીયનો છે.

संपराइयबंध - જેનાથી સંસારમાં ભમે છે તે સંપરાયકષાય, તેમાં થાય તે સાંપરાયિક કર્મ, તેનો જે બંધ. તે કષાય નિમિત્તક સાંપરાયિક બંધ. તે બધાં અવીતરાગ ગુણસ્થાનકોમાં હોય. ઐર્યાપથિક બંધ મનુષ્યને જ હોય, કેમકે ઉપશાંત મોહ, ક્ષીણમોહ, સયોગ કેવલીને જ તે બંધ થાય છે. - - पुव्वपडिवन्न-पूर्व - પૂર્વકાળે, प्रतिपन्न - ઐર્યાપથિક બંધકત્વ, જેના વડે તે પૂર્વપ્રતિપન્નક, તેનું બંધકત્વ દ્વિતીયાદિ સમયવર્તી છે. તે હંમેશા જ ઘણાં પુરુષો અને સ્ત્રીઓ હોય છે. કેમકે કેવલીનો નિત્ય સદ્‌ભાવ છે - x -

पडिवज्जमान - પ્રતિપધમાનક એટલે ઐર્યાપથિક કર્મ બંધન પ્રથમ સમયવર્તી. તેમાં વિરહ સંભવે છે, તેથી એક વખતે મનુષ્યનો સ્ત્રીના એક યોગમાં એકત્વ-બહુત્વથી ચાર વિકલ્પો છે. દ્વિકસંયોગમાં તે રીતે જ ચાર વિકલ્પ, એ રીતે આઠ ભાંગા થયા છે - x - x - આ જ કહે છે - मणुस्से वा - અહીં પુંસ્ત્વ આદિ તે-તે લિંગની અપેક્ષાએ છે. વેદની અપેક્ષાએ નહીં, કેમકે ક્ષીણ ઉપશાંત વેદત્વ છે.

વેદની અપેક્ષાએ સ્ત્રીત્વ આદિને આશ્રીને કહે છે - तं भंते किं - આદિ - સ્ત્રી આદિ ત્રણે પદના નિષેધથી અવેદકનો પ્રશ્ન. ઉત્તરમાં છ એ પદોનો નિષેધ, સાતમું પદ કહ્યું તે વેદરહિત છે, તેમાં પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપધમાનક છે - તેમાં બહુત્વના ભાવથી પૂર્વપ્રતિપન્નકો સદા વેદરહિત છે. પ્રતિપધમાનકો સામાયિકત્વથી વિરહભાવથી એકાદિ વિકલ્પ સંભવે.

વેદરહિતને ઐર્યાપથિક બંધને આશ્રીને સ્ત્રીત્વ આદિ ભૂતભાવ અપેક્ષાથી વિકલ્પો કહ્યા છે जईत्यादि, - x - જે અવેદક હોવા પૂર્વે સ્ત્રી હોય, તે સ્ત્રીપશ્ચાત્કૃત્, એ પ્રમાણે બીજા પણ સમજી લેવા.

અહીં એક યોગે એકત્વ-બહુત્વથી છ વિકલ્પો છે, દ્વિકયોગે તે જ પ્રમાણે બાર ભંગ છે, ત્રિકયોગે તે રીતે જ આઠ ભંગો છે. એ રીતે બધાં મળીને ૨૬ ભાંગા છે - x - x - સૂત્રમાં ચતુર્ભંગી, અષ્ટભંગી પહેલા વિકલ્પમાં દેખાડી, સૌથી છેલ્લા વિકલ્પમાં હવે ઐર્યાપથિક કર્મબંધન જ ત્રણ કાળ વડે વિકલ્પ કરતા કહે છે - તે ઐર્યાપથિક કર્મ બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે, એ એક વિકલ્પ. એ રીતે બીજા સાત કહેવા.

भवाकर्ष - (૧) ભવમાં અનેકત્ર ઉપશમાદિ શ્રેણિથી પ્રાપ્ત आकर्ष - ઐર્યાપથિક



કર્માનુગ્રહણ, ભવાકર્ષને આશ્રીને કોઈ એક જીવને પહેલો વિકલ્પ થાય છે. તેથી કહે છે — પૂર્વભવમાં ઉપશાંત મોહત્વ હોતા ઐર્યાપથિક કર્મ બાંધ્યુ, વર્તમાનભવે ઉપશાંત મોહત્વથી બાંધે છે, ભાવિમાં ઉપશાંત મોહવસ્થામાં બાંધશે. (૨) પૂર્વભવમાં ઉપશાંત મોહત્વ પામ્યો, વર્તમાનમાં ક્ષીણ મોહત્વ પામે, તે પૂર્વે બાંધેલ અને વર્તમાનમાં બાંધે છે, શૈલેશી અવસ્થામાં ફરી બાંધશે નહીં. (૩) પૂર્વજન્મમાં ઉપશાંત મોહત્વ થકી બાંધેલ, ત્યાંથી પડવાથી બાંધે નહીં, ભાવિમાં ઉપશાંત મોહત્વ પામશે ત્યારે બાંધશે. (૪) શૈલશીના પૂર્વકાળે બાંધેલ, શૈલેશી અવસ્થામાં ન બાંધે, પછી પણ બાંધશે નહીં. (૫) પૂર્વભવે ઉપશાંત મોહત્વ ન પામવાથી બાંધેલ નથી, હવે પ્રાપ્ત થવાથી બાંધે છે, ફરી પણ ભાવિ કાલે ઉપશાંત મોહાદિ અવસ્થામાં બાંધશે. (૬) ક્ષીણ મોહત્વાદિ પ્રાપ્ત ન થવાથી બાંધેલ નથી, હવે ક્ષીણ મોહત્વ પ્રાપ્ત થતાં બાંધે છે, શૈલેશી અવસ્થામાં ફરી બાંધશે નહીં. (૭) ભવ્યને અનાદિ કાળમાં બાંધેલ નથી, હવે પણ કંઈ બાંધતો નથી, કાલાંતરે બાંધશે નહીં, (૮) અભવ્યનો (૯) પ્રતીત જ છે.

ગ્રહણાકર્ષ આદિ - એક ભવમાં ઐર્યાપથિક કર્મ પુદ્‌ગલોના ગ્રહણરૂપ જે આકર્ષ તે ગ્રહણાકર્ષ, તેને આશ્રીને કોઈ એક જીવ તે પહેલો વિકલ્પ. તેથી કહે છે — (૧) ઉપશાંત મોહાદિ જો ઐર્યાપથિક કર્મ બાંધે છે, ત્યારે અતીત સમય અપેક્ષાએ બાંધેલ, વર્તમાન સમય અપેક્ષાએ બાંધે છે, અનાગત સમય અપેક્ષાએ બાંધશે. (૨) કેવલી, તેણે અતીત કાળે બાંધેલ છે, વર્તમાનમાં બાંધે છે, શૈલીશીકરણમાં બાંધશે. (૩) ઉપશાંત મોહત્વમાં બાંધેલ, તેની પ્રાપ્તિમાં ન બાંધે, તે જ ભવમાં ઉપશમ શ્રેણી પામીને બાંધશે. એક ભવમાં બે વખત ઉપશમશ્રેણિ પામે. (૪) સયોગીપણામાં બાંધેલ, શૈલીશી અવસ્થામાં ન બાંધે, નહીં બાંધશે. (૫) આયુષ્યના પૂર્વભાગે ઉપશાંતમોહત્વાદિ પ્રાપ્ત ન થતાં ન બાંધેલ, હવે પ્રાપ્ત થતાં બાંધે છે, તે કાળમાં ભાવિકાલે પણ બાંધશે. (૬) છઠ્ઠો ભેદ નથી. તેમાં બાંધેલ, બાંધે છે તે ઉપપધમાનત્વ છતાં નહીં બાંધશે. - x - તેથી કહે છે — આયુના પૂર્વ ભાગે ઉપશાંત મોહત્વાદિ પ્રાપ્ત ન થતાં બાંધેલ નથી, તેના લાભ સમયે બાંધે, બાંધશે નહીં. અહીં સમય માત્રના બંધનો અભાવ છે. જે કારણે મોહોપશમ નિર્ગ્રન્થને સમયાંતરે મરણથી ઐર્યાપથિક કર્મબંધ સમય માત્ર છે, તેથી છઠ્ઠો ભંગ નથી. - x - x - (૭) ભવ્ય વિશેષ, (૮) અભવ્ય. અહીં ભવાકર્ષપિક્ષા થકી આઠે ભંગમાં બાંધ્યુ, બાંધે છે, બાંધશે એ પ્રથમ ભંગમાં ઉપશાંત મોહ, બીજા ભંગમાં ક્ષીણ મોહ, ત્રીજા ભંગમાં ઉપશાંત મોહ, ચોથા ભંગમાં શૈલેશીગત, પાંચમાં ભંગમાં ઉપશાંત મોહ, છઠ્ઠામાં ક્ષીણમોહ. સાતમામાં ભવ્ય, આઠમામાં અભવ્ય. ગ્રહણાકર્ષ અપેક્ષાએ પહેલામાં ઉપશાંત કે ક્ષીણ મોહ, બીજામાં કેવલી, ત્રીજામાં ઉપશાંત મોહ, ચોથામાં શૈલેશીગત, પાંચમામાં ઉપશાંત કે ક્ષીણ મોહ, છઠ્ઠામાં શૂન્ય, સાતમામાં ભવ્ય-ભાવિ મોહનો ઉપશમ કે ક્ષય, આઠમે અભવ્ય.

હવે ઐર્યાપથિક બંધને જ નિરૂપે છે — તે ઐર્યાપથિક કર્મમાં સાદિ સપર્યવસિત આદિ ચતુર્ભંગી. તેમાં ઐર્યાપથિક કર્મનો પહેલાં જ ભંગમાં બંધ, બીજામાં અસંભવ. તે ઐર્યાપથિક કર્મ દેશ વડે - જીવ દેશથી, દેશં-કર્મદેશ બાંધે આદિ ચતુર્ભંગી. - x - x - હવે સાંપરાયિક બંધનું નિરૂપણ કરે છે —

● સૂત્ર-૪૧૫ :-

*ભગવન્ ! સાંપરાયિક કર્મ શું નૈરયિક બાંધે, તિર્યંચયોનિક બાંધે યાવત્ દેવી બાંધે ? ગૌતમ ! નૈરયિક પણ બાંધે, તિર્યંચ, તિર્યંચ સ્ત્રી પણ બાંધે, મનુષ્ય-મનુષ્ય સ્ત્રી પણ બાંધે. દેવ-દેવી પણ બાંધે. - - ભગવન્ ! શું તે સ્ત્રી બાંધે, પુરુષ બાંધે યાવત્ નોસ્ત્રી-નોનપુંસક બાંધે ? ગૌતમ ! સ્ત્રી પણ બાંધે પુરુષ પણ બાંધે, યાવત્ નપુંસક પણ બાંધે અથવા આ બધાં અને એક અવેદક જીવ પણ બાંધે, અથવા આ બધાં અને ઘણાં અવેદી જીવ પણ બાંધે.*

*ભગવન્ ! તે (૧) બાંધ્યુ, બાંધે છે, બાંધશે ?, (૨) બાંધ્યુ, બાંધે છે, બાંધશે નહીં ? (૩) બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે ? (૪) બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે નહીં ? ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ, બાંધે છે, બાંધશે. ઇત્યાદિ ચારે ભંગ જાણવા. - - ભગવન્ ! તે શું સાદિ સપર્યવસિત બાંધે છે ? ઇત્યાદિ પ્રશ્ન પૂર્વવત્. ગૌતમ ! સાદિ સપર્યવસિત બાંધે, અનાદિ સપર્યવસિત બાંધે કે અનાદિ અપર્યવસિત બાંધે પણ સાદિ અપર્યવસિત ન બાંધે. - - ભગવન્ ! તો દેશથી દેશને બાંધે, એ પ્રમાણે જેમ ઐર્યાપથિક બંધક મુજબ યાવત્ સર્વથી સર્વ બાંધે.*

● વિવેચન-૪૧૫ :-

किं नेरइआ - આદિ સાત પ્રશ્નો છે, સાત ઉત્તર છે. આમાં મનુષ, માનુષીને વર્જીને પાંચ સાંપરાયિક બંધ સકષાયત્વથી છે. મનુષ્ય, માનુષીમાં સકષાયિત્વમાં સાંપરાયિક બંધ છે, અન્યમાં ન બાંધે.

સાંપરાયિક બંધન સ્ત્રી આદિ અપેક્ષાએ નિરૂપે છે - અહીં સ્ત્રી આદિ વિવક્ષિત એકત્વ-બહુત્વથી છ સર્વદા સાંપરાયિક બાંધે, વેદરહિત કદાચિત્ જ બાંધે, વેદરહિત સ્ત્રી આદિ કેવલી બાંધે. જો વેદ રહિત હોય તો સહિત પણ કહેવા અથવા સ્ત્રી આદિ અને વેદરહિત બાંધે. કેમકે તેમાં એકનો જ સંભવ છે અથવા આ સ્ત્રી આદિ વેદરહિત ઘણાં જીવો બાંધે. વેદરહિતને સાંપરાયિક બંધ ત્રણ વેદમાં, ઉપશાંત કે ક્ષીણ યાવત્ યથાખ્યાતને ન પામે, ત્યાં સુધી હોય છે. અહીં પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન વિવક્ષા કરી નથી. બંને એકત્વ-બહુત્વ ભાવથી નિર્વિશેષ હોવાથી, તેથી કહે છે — વેદરહિતને સાંપરાયિકબંધ અલ્પકાલીન જ હોય. - x - x - હવે સાંપરાયિક કર્મબંધ ત્રણ કાળથી —

અહીં પૂર્વોક્ત આઠ વિકલ્પોમાંથી આદ્ય ચાર જ સંભવે છે, બીજા નહીં કેમકે જીવોનું સાંપરાયિક કર્મ બંધન અનાદિનું છે. न बंधी - આદિમાં પહેલો ભંગ સર્વ સંસારીને યથાખ્યાત અસંપ્રાપ્ત, ઉપશમ, ક્ષપક પર્યન્ત છે. તે પૂર્વે બાંધેલ, વર્તમાનમાં બાંધે છે અને ભાવિમાં બાંધશે. (૨) મોહના ક્ષયથી પૂર્વે અતીતકાલ અપેક્ષાએ બાંધેલ, વર્તમાનકાળે બાંધે છે, ભાવિ મોહ ક્ષય અપેક્ષાએ બાંધશે નહીં. (૩) ફરી ઉપશાંત મોહત્વથી પૂર્વે બાંધેલ, ઉપશાંત મોહત્વથી ન બાંધતો, તેનાથી ચ્યવીને ફરી બાંધશે. (૪) મોહક્ષય પૂર્વે સાંપરાયિક કર્મ બાંધેલ, મોહ ક્ષયથી ન બાંધે, બાંધશે નહીં. - - સાંપરાયિક કર્મબંધ આશ્રીને જ —



ઉપશાંત મોહથી ચ્યવી, ફરી ઉપશાંત કે ક્ષીણ મોહતાને પામે તે સાદિ સપર્યવસિત. ક્ષપક અપેક્ષાએ અનાદિ સપર્યવસિત, અભવ્ય અપેક્ષાએ અનાદિ અપર્યવસિત. સાદિ સાંપરાયિક બંધ જ મોહ-ઉપશમથી ચ્યવીને જ થાય, તેને અવશ્ય મોક્ષે જતાં સાંપરાયિક બંધનો વિચ્છેદ સંભવે છે. તેથી સાદિ અપર્યવસિત બંધ નથી.

કર્મવક્તવ્યતા કહી. હવે કર્મમાં જ યથાયોગ પરીષહ અવતરણને નિરૂપવાની ઈચ્છાથી કર્મપ્રકૃતિ, પરીષહોને કહે છે —

● સૂત્ર-૪૧૬ થી ૪૨૦ :-

*[૪૧૬] ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ છે. તે આ — જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય.*

*ભગવન્ ! પરીષહો કેટલા કહ્યા છે ? ગૌતમ ! બાવીશ પરીષહો છે. તે આ — ક્ષુધા, તૃષા યાવત્ દર્શન પરીષહ.*

*ભગવન્ ! આ ૨૨-પરીષહો કેટલી કર્મપ્રકૃતિમાં અવતરે ? ગૌતમ ! ચાર કર્મપ્રકૃતિમાં સમવતરે. તે આ — જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય. - - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! બે પરીષહો. તે આ — પ્રજ્ઞા અને જ્ઞાન. પરીષહ. - - ભગવન્ ! વેદનીય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! ૧૧-પરીષહો. તે આ — ... [૪૧૭] ... અનુક્રમથી પહેલા પાંચ અને ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મેલ.*

*[૪૧૮] દર્શન મોહનીયકર્મમાં ભગવન્ ! કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! એક દર્શન પરીષહ. - - ભગવન્ ! ચારિત્રમોહનીય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! સાત પરીષહો. તે આ —*

*[૪૧૯] અરતી, અચેલ, સ્ત્રી, નૈષેધિકી, યાચના, આક્રોશ, સત્કાર-પુરસ્કાર. - - - [૪૨૦] - - - ભગવન્ અંતરાય કર્મમાં કેટલા પરીષહો સમવતરે ? ગૌતમ ! એક, અલાભ પરીષહ.*

*ભગવન્ ! સાત પ્રકારના કર્મના બંધકને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૨૨-પરીષહો છે. તેમાં ૨૦-વેદે છે. જે સમયે શીતપરીષહ વેદે, તે સમયે ઉષ્ણપરીષહ ન વેદે, જે સમયે ઉષ્ણ પરિષહ વેદે. તે સમયે શીત પરિષહ ન વેદે. - - જે સમયે ચર્યા પરીષહ વેદે તે સમયે નિષધા પરીષહ ન વેદે. જે સમયે નિષધા પરીષહ વેદે તે સમયે ચર્યા પરીષહ ન વેદે.*

*ભગવન્ ! આઠ પ્રકારના કર્મના બંધકને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૨૨-પરીષહ છે. તે આ — ક્ષુધા, તૃષ્ણા, શીત, દંશ, મસગ, યાવત્ અલાભ. સપ્તવિધ બંધકમાં કહ્યું. તેમ અષ્ટવિધમાં કહેવું.*

*ભગવન્ ! ષડ્‌વિધ બંધક સરાગ છદ્મસ્થને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૧૪-પરીષહો છે. તેમાં ૧૨-વેદે છે. જે સમયે શીત પરીષહ વેદે ત્યારે ઉષ્ણ ન વેદે, જે સમયે ઉષ્ણ પરીષહ વેદે ત્યારે શીત ન વેદે. જે સમયે ચર્યાપરીષહ વેદે ત્યારે શય્યા ન વેદે, જે સમયે શય્યા પરીષહ વેદે તે સમયે ચર્યાપરીષહ ન વેદે.*

***ભગવન્ ! એકવિધ બંધક વીતરાગ છદ્મસ્થને કેટલા પરીષહ છે ? ગૌતમ ! જેમ ષડ્‌વિધ બંધકને કહ્યા તેમ જાણવા.***

***ભગવન્ ! એકવિધબંધક સયોગી ભવસ્થ કેવલીને કેટલા પરીષહ છે ? ગૌતમ ! ૧૧-પરીષહો છે. તેમાં નવ પરીષહ વેદે છે. બાકીનું ષડ્‌વિધ બંધકની માફક જાણવું.***

***ભગવન્ ! અબંધક અયોગી ભવસ્થ કેવલીને કેટલા પરીષહો છે ? ગૌતમ ! ૧૧-પરીષહો છે. તેમાં નવને વેદે છે, બાકી ષડ્‌વિધ બંધક માફક જાણવું. યાવત્ - ચર્યા પરીષહને ન વેદે.***

**● વિવેચન-૪૧૬ થી ૪૨૦ :-**

परी - ચોતરફથી, સ્વહેતુ વડે ઉદીરિત, માર્ગથી ચ્યવ્યા વિના, નિર્જરાર્થે સાધુ આદિ વડે સહન કરાય તે પરીષહ. તે ૨૨ છે.

(૧) ક્ષુધા, એ જ પરીષહ - તપ અથવા અનેષણીય ભોજનના પરિહાર માટે મુમુક્ષુ દ્વારા સહન કરાતો હોવાથી ક્ષુધા પરીષહ. એ રીતે (૨) તૃષાપરિષહ. યાવત્ શબ્દથી હવે વ્યાખ્યાન સહિત આ પ્રમાણે — (૩) શીત, (૪) ઉષ્ણ પરીષહ. - આતાપનાર્થે શીતોષ્ણની પીડામાં પણ અગ્નિ સેવન, સ્નાનાદિ કૃત્ય છોડીને મુમુક્ષુ વડે તેને સહન કરવાથી. એ પ્રમાણે આગળ પણ જાણવું —

(૫) દંશ-મશક પરીષહ - ચતુરિન્દ્રિય જીવ, ઉપલક્ષણથી જૂ, માંકડ, માખી આદિ પરીષહ લેવા. તેને સહેતા દેહ-વ્યથા ઉત્પન્ન થવા છતાં, તેને ભય કે દ્વેષથી નિવારણ ન કરવું. (૬) અચેલ-વસ્ત્રનો અભાવ, જીર્ણ-અપૂર્ણ-મલિનાદિ વસ્ત્રો હોવા. લજ્જા, દિનતાથી આકાંક્ષાદિ ન કરીને સહન કરવું.

(૭) અરતિ-મોહનીય જ મનોવિકાર, તેનો નિષેધ કરીને સહેવો. (૮) સ્ત્રી પરીષહ - સ્ત્રીનો પરીષહ, તેનાથી નિરપેક્ષપણું તે બ્રહ્મચર્ય.

(૯) ચર્યાપરીષહ - ગામ, નગરાદિમાં સંચરણ, અપ્રતિબદ્ધપણે તે કરવું. (૧૦) નિષધાપરીષહ-નૈષેધિકી એટલે સ્વાધ્યાય ભૂમિ, શૂન્યાગારાદિ રૂપ, તેને સહેવી. ત્યાં ઉપસર્ગમાં ત્રાસવું નહીં. (૧૧) શય્યા પરીષહ - શય્યા એટલે વસતિ, તજ્જન્ય દુઃખ આદિની ઉપેક્ષા કરવી. (૧૨) આક્રોશ પરીષહ આક્રોશ એટલે દુર્વચન. (૧૩) વધ પરીષહ - વધ કે વ્યધ, લાકડી વડે મારે તે સહેવા અને ક્ષમાનું અવલંબન કરવું. (૧૪) યાચના પરીષહ - યાંચા એટલે ભિક્ષા માંગવી, તે સહેવા માનને વર્જવું. (૧૫) અલાભ પરીષહ-દિનતા ન કરવી.

(૧૬) રોગપરીષહ - રોગને સહેવો, તેની પીડા સહેવી, ચિકિત્સા ન કરવી. (૧૭) તૃણસ્પર્શ પરીષહ - કુશ આદિના સ્પર્શને સહેવો. સંસ્પર્શ જન્ય દુઃખને સહેવો. (૧૮) જલ્લ પરીષહ - જલ્લ એટલે મેલ, તે સહેવો. દેશથી કે સર્વથી સ્નાન, ઉદ્વર્તનાદિ વર્જવા. (૧૯) સત્કાર પુરસ્કાર પરીષહ - સત્કાર એટલે વસ્ત્રાદિ પૂજા, પુરસ્કાર એટલે રાજાદિ દ્વારા કરાયેલ અભ્યુત્થાનાદિ કે તેના સદ્‌ભાવમાં ગર્વનું વર્જન, તેના અભાવે દીનતા વર્જન અને તેની આકાંક્ષાનો અભાવ. (૨૦) પ્રજ્ઞાપરીષહ



- પ્રજ્ઞા એટલે મતિજ્ઞાન વિશેષ તેને સહેવું, પ્રજ્ઞા અભાવે ઉદ્વેગ ન કરવો. તેના સદ્‌ભાવે મદ ન કરવો. (૨૧) જ્ઞાનપરીષહ - મતિ આદિ જ્ઞાન, તે વિશિષ્ટ સદ્‌ભાવમાં મદવર્જન, તેના અભાવે દીનતાવર્જન. (૨૨) દર્શનપરીષહ - દર્શન એટલે તત્ત્વાર્થ શ્રદ્ધા, જિન, જિનોક્ત સૂક્ષ્મભાવોની અશ્રદ્ધાનું વર્જન.

કેટલી કર્મ પ્રકૃતિમાં પરીષહો આવે છે. જ્ઞાનાવરણ કર્મમાં મતિ જ્ઞાનાવરણરૂપે અવતરે છે. જ્ઞાનાવરણના ઉદયે તેનો અભાવ સંભવે, તેથી તેના અભાવમાં દિનતાને છોડવી. તેના સદ્‌ભાવમાં માનને વર્જવું. તેથી ચારિત્ર મોહનીય ક્ષયોપશમાદિ થાય. એ રીતે જ્ઞાન પરીષહ પણ છે. વિશેષ એ કે જ્ઞાનાવરણમાં મત્યાદિ જ્ઞાન સમવતરે છે.

पंचेत्यादि० - ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક આ પાંચ, તેમાં વેદનીયથી જન્મેલ પીડાને સહન કરવી, તેથી ચારિત્રમોહનીય ક્ષયોપશમાદિ સંભવે, કેમકે સહેવું તે ચારિત્રરૂપ છે.

દર્શન-તત્ત્વ શ્રદ્ધારૂપ છે, દર્શન મોહનીયનો ક્ષયોપશમાદિમાં થાય, તેના ઉદયમાં ન થાય, તેથી તેમાં દર્શનપરીષહ સમવતરે છે.

અરતિ આદિ ગાથા, અરતિ મોહનીયથી અરતિ પરીષહ થાય. અચેલ પરીષહ જુગુપ્સા મોહનીયથી, લજ્જા અપેક્ષાએ છે. પુરુષવેદ મોહમાં સ્ત્રી પરીષહ અને સ્ત્રીની અપેક્ષાએ પુરુષ પરીષહ, સ્ત્રી વેદ મોહમાં થાય. તત્ત્વથી સ્ત્રી આદિ અભિલાષરૂપત્વથી. નૈષેધિકી પરીષહ ઉપસર્ગ ભયની અપેક્ષાએ ભય મોહનીયમાં થાય. યાચના પરીષહ માનમોહનીયમાં તેની દુષ્કરતાની અપેક્ષાએ થાય. આક્રોશ પરીષહ ક્રોધમોહનીયમાં ક્રોધોત્પત્તિ અપેક્ષાએ, સત્કાર પુરસ્કાર પરીષહ-માનમોહનીયમાં મદોત્પત્તિ અપેક્ષાથી સમવતરે છે, સામાન્યથી આ બધાં ચારિત્રમોહનીયમાં અવતરે.

અલાભ પરીષહ અંતરાયમાં સમવતરે છે. અંતરાયમાં અહીં લાભાંતરાય લેવું, તેના ઉદયથી લાભનો અભાવ થાય. તેને સહેવાથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થાય. હવે બંધ સ્થાનને આશ્રીને કહે છે —

સપ્તવિધબંધક - આયુ સિવાયના શેષ કર્મ બંધક, જ્યારે શીત પરીષહ વેદે ત્યારે ઉષ્ણ પરીષહ ન વેદે. પરસ્પર અત્યંત વિરોધી હોવાથી, તેનો એકત્ર સંભવ અશક્ય છે. જો કે શીત-ઉષ્ણનો એક સાથે એકત્ર સંભવ નથી. તો પણ આત્યંતિક શીતમાં તથાવિધ અગ્નિની પાસે એક સાથે એક પુરુષને એક દિશામાં શીત, બીજી દિશામાં ઉષ્ણ એમ બંને પરીષહોનો સંભવ છે. એમ નથી. કાલકૃત શીત-ઉષ્ણને આશ્રીને આ સૂત્ર કહ્યું છે.

ચર્યા એટલે ગ્રામાદિમાં સંચરણ, નૈષેધિકી-એટલે ગામ આદિમાં માસકલ્પાદિનો સ્વીકાર, સ્વાધ્યાય નિમિત્તે વિવિક્ત ઉપાશ્રયે જઈને બેસવું તે. એ પ્રમાણે આમાં વિહાર-અવસ્થાનરૂપત્વથી પરસ્પર વિરોધી હોવાથી એક સાથે સંભવ નથી. હવે નિષધાની જેમ શય્યા પણ ચર્યા સાથે વિરુદ્ધ છે, તેનો પણ એક સાથે સંભવ નથી, તેથી ઉત્કૃષ્ટથી ૧૯-પરીષહોનું વેદન થાય. ના, એમ નથી. કેમકે ગ્રામાદિ ગમન પ્રવૃત્ત જ્યારે કોઈક ઉત્સુકતાથી, તેના પરિણામથી અનિવૃત્ત, વિશ્રામ-ભોજનાદિ અર્થે બીજી

શય્યામાં વર્તે, ત્યારે બંને અવિરુદ્ધ છે. તત્ત્વથી ચર્યાની અસમાપ્તિને આશ્રીને આ આશ્રય કરાયો છે. તો ષડ્‌વિધ બંધક કઈ રીતે કહે છે — જે સમયે ચર્યા પરીષહ વેદે, ત્યારે શય્યા પરીષહ ન વેદે આદિ.

અહીં કહે છે — ષડ્‌વિધ બંધક, મોહનીયના અવિદ્યમાન કલ્પપણાથી છે, સર્વત્ર ઉત્સુકતા અભાવે શય્યા કાળે શય્યામાં જ વર્તે પણ બાદરરાગવત્ ઉત્સુકતાથી વિહાર પરિણામ વિચ્છેદ કર્યા વિના ચર્યામાં વર્તતો નથી. તેથી તેની અપેક્ષાએ તેથી તે પરસ્પર વિરુદ્ધ છે. - x -

ષડ્‌વિધ બંધકને - આયુ અને મોહનીય વર્જનાર બંધકને અર્થાત્ સૂક્ષ્મ સંપરાયવાળાને, આમ કહે છે — સૂક્ષ્મ લોભાણુવાળાને વેદનાથી સરાગ, અનુત્પન્ન કેવળપણાથી છદ્મસ્થને આઠ મોહનીયનો અસંભવ હોવાથી બાવીશમાંના બીજા ૧૪ પરીષહો છે. (શંકા) સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૧૪ જ કહેવાથી મોહનીયથી સંભવતા આઠનો અસંભવ કહ્યો છે. તેના સામર્થ્યથી અનિવૃત્તિ બાદર સંપરાયને મોહનીયના સંભવતા આઠેનો સંભવ પ્રાપ્ત છે. આ કઈ રીતે યોજવું ? — દર્શન સપ્તકના ઉપશમમાં બાદર કષાયના દર્શનમોહનીય ઉદયના અભાવથી દર્શન પરીષહના અભાવે સાતનો સંભવ છે, આઠનો નહીં. તેથી દર્શનમોહનીય સત્તા અપેક્ષાએ આ પણ ઈચ્છતા આઠનો જ, તેથી ઉપશમકત્વમાં સૂક્ષ્મ સંપરાયના પણ મોહનીય સત્તા સદ્‌ભાવથી તે બધાં જ પરીષહો કેમ ન સંભવે ? - x -

અહીં કહે છે — જેથી દર્શન સપ્તક ઉપશમની ઉપર નપુંસક વેદાદિ ઉપશમ કાળે અનિવૃત્તિબાદર સંપરાય હોય છે, તે આવશ્યકાદિ સિવાયના ગ્રંથાંતર મતથી દર્શનત્રયના બૃહતિ ભાગે ઉપશાંતમાં છે, બાકીના અનુપશાંતે જ છે. નપુંસકવેદ તેની સાથે ઉપશમવાને ઉપક્રમે છે તેથી નપુંસક વેદોપશમ અવસરે અનિવૃત્તિ બાદર સંપરાયથી દર્શનમોહનો પ્રદેશથી ઉદય છે, સત્તાથી નહીં. તેથી તે નિમિત્તે દર્શનપરીષહ તેને છે. તેથી આઠ જ થાય. સૂક્ષ્મ સંપરાયને મોહ સત્તામાં પણ પરીષહ હેતુભૂત નથી. મોહનીયના સૂક્ષ્મ ઉદય હોવાથી મોહજન્ય પરીષહનો સંભવ નથી.

કહ્યું છે કે — મોહનિમિત્ત આઠ પરીષહ બાદર સંપરાયમાં કઈ રીતે છે ? સૂક્ષ્મ સંપરાય અને ઔપશમિકમાં કેમ બધાં નથી ? દર્શન સપ્તક પરત જ બાદર છે - x - તેથી તેમાં - x - આઠ પરીષહો કહ્યા. પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મોદય ન હોવાથી ત્યાં ન કહ્યા. જો કે સૂક્ષ્મ સંપરાયે સૂક્ષ્મ લોભ કિટ્ટિકાનો ઉદય છે, પણ તે પરીષહ હેતુ થતો નથી. - x - જો કદાચ કોઈને તે થાય, તો પણ અત્યંત અલ્પત્વથી વિવક્ષા કરી નથી.

એકવિધ બંધક - એટલે વેદનીય બંધક. તે કોને છે ? ઉપશાંત મોહ અને ક્ષીણ મોહવાળાને. ૧૪ કહ્યા છે, તેમાં ૧૨-વેદે છે કેમ કે શીત-ઉષ્ણ અને શય્યા-ચર્યા પર્યાયથી વેદન છે - પરિષહો કહ્યા, તેમાં ઉષ્ણ પરીષહનો હેતુ સૂર્ય હોવાથી હવે સૂર્યની વક્તવ્યતા —

● **સૂત્ર-૪૨૧ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો ઉગવાના સમયે દૂર હોવા છતાં નીકટ*



*દેખાય છે ? મધ્યાહ્ન મુહૂર્તે નજીક છતાં દૂર દેખાય છે ? અને અસ્ત થવાના મુહૂર્તે દૂર છતાં નજીક દેખાય છે ? હા, ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્યો ઉગવાના સમયે દૂર છતાં યાવત્ અસ્ત સમયે - x - નજીક દેખાય.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો ઉગવાના, મધ્યાહ્નના અને અસ્ત થવાના સમયે સર્વત્ર ઉંચાઈમાં સમ છે ? હા, ગૌતમ ! તેમજ છે. ભગવન્ ! જો જંબૂદ્વીપમાં બંને સૂર્યો ઉગવાના, મધ્યાહ્નના, અસ્તના સમયે સર્વત્ર ઉંચાઈમાં સમાન હોય તો, એમ કેમ કહ્યું કે — જંબૂદ્વીપમાં બે સૂર્યો ઉગવાના અને આથમવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય ? ગૌતમ ! લેશ્યાના પ્રતિઘાતથી ઉગવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય છે, મધ્યાહ્ન મુહૂર્તે નજીક હોવા છતાં લેશ્યાના અભિતાપથી દૂર દેખાય છે અને લેશ્યાપ્રતિઘાતથી આથમવાના સમયે દૂર હોવા છતાં નજીક દેખાય છે, તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો કયા અતીત ક્ષેત્રમાં જાય છે, વર્તમાન ક્ષેત્રમાં જાય છે કે અનાગત ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રમાં જતા નથી, પણ પ્રત્યુત્પન્ન ક્ષેત્રમાં જાય છે - - જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને પ્રકાશે છે, વર્તમાન ક્ષેત્રને પ્રકાશે છે કે અનાગત ક્ષેત્રને પ્રકાશે છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રને પ્રકાશિત નથી કરતા, પણ વર્તમાન ક્ષેત્રને પ્રકાશિત કરે છે.*

*ભગવન્ ! તે સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને ? ગૌતમ ! સ્પૃષ્ટને પ્રકાશે છે, અસ્પૃષ્ટને નહીં યાવત્ નિયમા છ દિશાને. ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને ઉદ્યોતીત કરે છે ? પૂર્વવત્ યાવત્ નિયમા છ દિશાને, જાણવું. - - ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રમાં ક્રિયા કરે છે, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે, અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? ગૌતમ ! તે અતીત કે અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરતો નથી, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે. - - તે શું સ્પૃષ્ટમાં ક્રિયા કરે કે અસ્પૃષ્ટમાં ? ગૌતમ ! સ્પૃષ્ટમાં ક્રિયા કરે, અસ્પૃષ્ટમાં નહીં યાવત્ નિયમા છ દિશામાં.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો કેટલાં ઉંચા ક્ષેત્રને તપાવે છે, કેટલા અધો ક્ષેત્રને તપાવે છે, કેટલા તીર્છા ક્ષેત્રને તપાવે છે ? ગૌતમ ! ૧૦૦ યોજન ઉર્ધ્વ ક્ષેત્રને તપાવે છે, ૧૮૦૦ યોજન અધો ક્ષેત્રને તપાવે છે, ૪૭૨૬૩-૨૧/૬૦ યોજન તીર્છા ક્ષેત્રને તપાવે છે.*

*ભગવન્ ! માનુષોત્તર પર્વતની અંદર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ દેવ છે, હે ભગવન્ ! તે દેવો, શું ઉર્ધ્વોપપન્નક છે ? જેમ જીવાભિગમમાં કહ્યું, તેમ બધું સંપૂર્ણ કહેવું યાવત્ ઉત્કૃષ્ટ છ માસ.*

*ભગવન્! માનુષોત્તર પર્વતની બહાર બધું જીવાભિગમ અનુસાર કહેવું. યાવત્ હે ભગવન્! ઈન્દ્રસ્થાન કેટલો કાળ ઉપપાતથી વિરહિત કહ્યું છે? ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૪૨૧**

જંબૂદ્વીપમાં, દૂરે - જોવાના સ્થાનની અપેક્ષાએ વ્યવહિત દેશે, મૂલે - નીકટ, જોનારની પ્રતીતિની અપેક્ષાએ બે સૂર્યો દેખાય છે, દ્રષ્ટા પણ સ્વરૂપથી ઘણાં હજાર યોજન દૂર રહેલા સૂર્યને ઉગમતો કે અસ્ત પામતો જુએ છે. નીકટ છે, તેમ માને છે. તેના સ્થાને હોવા છતાં, તેમ માનતા નથી. મધ્ય એટલે મધ્યાહ્ન, મધ્યમ એટલે ગગનનો અંતર્વિભાગ. ગગન કે દિવસનો મધ્ય અંત, તે જે મુહૂર્તમાં હોય તે મધ્યાંતિક, તેવું જે મુહૂર્ત તે મધ્યાન્તિક મુહૂર્ત. તે નીકટ દેશમાં હોવા છતાં જોનારના સ્થાનની અપેક્ષાએ દૂર-વ્યવહિત દેશે દ્રષ્ટાની પ્રતીતિની અપેક્ષાએ બે સૂર્યો દેખાય છે. જોનાર મધ્યાહ્ને ઉદય-અસ્તના દર્શનની અપેક્ષાએ સૂર્યને નીકટ જુએ છે. સૂર્ય ભૂમિથી ૮૦૦ યોજને રહેલો હોવા છતાં તેમ છે. વળી ઉદય-અસ્ત સમયે (તેને દૂર છે) તેમ માને છે. સમભૂતલ અપેક્ષા સર્વત્ર ૮૦૦ યોજન જ છે.

લેશ્યા-તેજના પ્રતિઘાતથી તે દેશથી દૂરતર માને છે, કેમકે લેશ્યા પ્રતિઘાતથી જ સુખદંશ્યપણાથી દૂર રહેલ હોવા છતાં સૂર્ય સ્વરૂપ વડે નજીક હોય તેમ પ્રતીત થાય છે. તેજના અભિતાપથી મધ્યાહ્ને સૂર્ય નીકટ હોવા છતાં તેજવાળો જણાય છે, તેજના પ્રતાપથી દુર્દશ્યત્વથી નીકટ હોવા છતાં દૂર છે, તેવી પ્રતીતિ જન્મે છે.

અતીતક્ષેત્રના અતિક્રાંતત્વથી અતીત ક્ષેત્રમાં જતો નથી. વર્તમાન ક્ષેત્રમાં જાય છે, અનાગત ક્ષેત્રમાં જતો નથી. અહીં જે આકાશખંડને સૂર્ય સ્વતેજથી વ્યાપ્ત કરે, તેને ક્ષેત્ર કહેવાય છે.

ओभासंति - થોડો ઉધોત કરે છે. पुट्ठ - તેજથી સ્પૃષ્ટ કરે. जाव नियमा छद्दिसि - અહીં યાવત્ શબ્દથી આમ જાણવું. ભગવન્ ! શું તે અવગાઢને પ્રકાશે છે કે અનવગાઢને ? ગૌતમ ! અવગાઢને પ્રકાશે છે, અનવગાઢને નહીં. ભગવન્ ! તે કેટલી દિશાને પ્રકાશે છે ? ઇત્યાદિ.

उज्जोवेंति - અતિ ઉધોતીત કરે છે. तवंत्ति - ઉષ્ણ કિરણો વડે તપાવે છે. भासंति - શોભે છે. શિષ્યના હિતને માટે ઉક્તાર્થ બીજી રીતે કહે છે - 'जंबू'ઇત્યાદિ - અવભાસન આદિ ક્રિયા થાય છે. पुट्ठ - તેજ વડે સ્પર્શે છે. - x - પોતપોતાના વિમાનની ઉપર સો યોજન પ્રમાણ તાપક્ષેત્રને ઉંચે ચપાવે છે. નીચે ૧૮૦૦ યોજનને તપાવે છે. તેમાં સૂર્યથી ૮૦૦ યોજન ભૂતલ અને ભૂતલથી ૧૦૦૦ યોજન નીચે અધોગ્રામ હોય છે, તેને યાવત્ ઉધોતન કરવાથી (૧૮૦૦ કહ્યા.) सीयालीस० આદિ, સર્વોત્કૃષ્ટ દિવસે ચક્ષુના સ્પર્શની અપેક્ષાએ તીર્છા ક્ષેત્રમાં આ ઉધોત જાણવો.

સૂર્ય વક્તવ્યતા કહી, હવે સામાયથી જ્યોતિષ્ક કથન —

अंतो णं भंते ! અહીં જીવાભિગમની સાક્ષી આપી છે, તે સૂત્ર આ પ્રમાણે છે — કલ્પોપપન્નક, વિમાનોપપન્નક, ચારોપપન્નક, ચારસ્થિતિક, ગતિરતિક, ગતિસમાપન્નક ? ગૌતમ ! તે દેવો ઉર્ધ્વોપપન્નક કે કલ્પોપપન્નક નથી, વિમાનોપપન્નક, ચારોપપન્નક છે. અર્થાત્ જ્યોતિષ્ ચક્ર ચરણોપલક્ષિત ક્ષેત્રોપપન્ન છે. चार - જ્યોતિષ્ અવસ્થાન ક્ષેત્ર, नो - નથી ચારમાં સ્થિતિ જેની તે, તેથી જ ગતિરતિક છે, એ જ કારણે ગતિસમાપન્નક



છે. ઇત્યાદિ. આ સૂત્ર ક્યાં સુધી કહેવું — "ઉત્કૃષ્ટ છ માસ સુધી." કહ્યું, ત્યાં સુધી કહેવું. - - આ પણ જાણવું —

ભગવન્ ! ઉપપાતથી ઈન્દ્રસ્થાનમાં કેટલા કાળનો વિરહ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ. જેમ જીવાભિગમમાં કહ્યું. અહીં પણ એ પ્રમાણે છે, તેમાં — ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ એ દેવો, હે ભગવન્ ! ઉર્ધ્વોપપન્નક ? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર છે. ઉત્તર આ છે — તે દેવો ઉર્ધ્વોપપન્નક કે કલ્પોપપન્નક નથી ઈત્યાદિ પૂર્વવત્.

## ❀ શતક-૮, ઉદ્દેશ-૯-"પ્રયોગબંધ" ❀

— x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં જ્યોતિષ્ વક્તવ્યતા કહી, તે વૈશ્રસિકી છે, તેથી વૈશ્રસિક પ્રાયોગિક બંધ પ્રતિપાદિત કરવાને કહે છે —

● **સૂત્ર-૪૨૨,૪૨૩ :-**

*[૪૨૨] ભગવન્ ! બંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! બંધ બે ભેદે કહ્યો છે. તે આ — પ્રયોગબંધ, વીસ્રસાબંધ.*

*[૪૨૩] વીસ્રસા બંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ — સાદિક વિસ્રસાબંધ, અનાદિક વિસ્રસાબંધ. - - ભગવન્ ! અનાદિક વિસ્રસાબંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે છે, તે આ — ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વિસ્રસા બંધ, અધર્માસ્તિકાયનો અન્યોન્ય વિસ્રસા બંધ, આકાશાસ્તિકાયનો અન્યોન્ય વિસ્રસાબંધ.*

*ભગવન્ ! ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વિસ્રસા બંધ શું દેશ બંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વિસ્રસાબંધ પણ જાણવો. એ પ્રમાણે આકાશાસ્તિકાયનો અન્યોન્ય અનાદિક વિસ્રસાબંધ પણ જાણવો.*

*ભગવન્ ! ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિ વિસ્રસાબંધ કાળથી કેટલો હોય ? ગૌતમ ! સર્વકાળ. એ પ્રમાણે બાકી બંને જાણવા.*

*ભગવન્ ! સાદિક વિસ્રસાબંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! ત્રણ ભેદે કહ્યો છે. તે આ - બંધનપ્રત્યયિક, ભાજનપ્રત્ય૦ પરિણામપ્રત્ય૦*

*તે બંધનપ્રત્યયિક શું છે ? પરમાણુ પુદ્ગલ દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક યાવત્ દશપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક, અનંતપ્રદેશિક પુદ્ગલ સ્કંધોની, ભગવન્ ! વિમાત્રાએ સ્નિગ્ધતાથી, વિમાત્રાએ રૂક્ષતાથી, વિમાત્રાએ સ્નિગ્ધતા - રૂક્ષતાથી બંધનપ્રત્યયિક બંધ સમુત્પન્ન થાય છે. જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ.*

*તે ભાજન પ્રત્યયિક૦ શું છે ? ભાજન પ્રત્યયિક - જૂનો દારુ, જૂનો ગોળ, જૂના ચોખાનો ભાજનપ્રત્યયિક સાદિ વિસ્રસા બંધ સમુત્પન્ન થાય છે. તે જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ રહે.*

*તે પરિણામ પ્રત્યયિક૦ શું છે ? જે વાદળ, આમ્રવૃક્ષનું શતક-૩-માં યાવત્ અમોઘનો પરિણામ પ્રત્યયિક બંધ સમુત્પન્ન થાય. તે જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ હોય છે. - આ પરિણામ પ્રત્યયિક છે, આ સાદિક વિસ્રસાબંધ છે, આ વિસ્રસાબંધ છે.*

● વિવેચન-૪૨૨,૪૨૩ :-

बन्ध - પુદ્ગલાદિ વિષય સંબંધ. पओग बंध - જીવ વડે પ્રયોગ કૃત્. विस्त्रसा बंध - સ્વભાવ સંપન્ન. યથાસત્તિન્યાયને આશ્રીને કહે છે — વિસ્રસા આદિ. ધર્માસ્તિકાય - પ્રદેશોનો પરસ્પર જે અનાદિક વિસ્રસાબંધ, તે તથા બાકીના ભેદમાં પણ જાણવું.

देसबंध - દેશથી, દેશ અપેક્ષાએ બંધ તે દેશબંધ. સંકલિત કડીની જેમ જાણવો. सव्वबंध - સર્વથી, સર્વાત્મના બંધ, નીર ક્ષીરવત્ ધર્માસ્તિકાયના પ્રદેશોના પરસ્પર સંસ્પર્શથી રહેલ હોવાથી દેશબંધ જ છે, સર્વબંધ નથી. તેમાં એક પ્રદેશનો બીજા પ્રદેશ સાથે સર્વથા બંધમાં અન્યોન્ય અન્તર્ભાવથી એક પ્રદેશત્વ જ થાય, અસંખ્યપ્રદેશત્વ નહીં.

सव्वद्धं - સર્વકાળ. સાદિક વિસ્રસા બંધ. જેના વડે બંધાય તે બંધન - વિવક્ષિત સ્નિગ્ધતાદિક ગુણ, તે જ હેતુ જેમાં છે, તે. એ રીતે ભાજન પ્રત્યય અને પરિણામ પ્રત્યય જાણવો. વિશેષ આ કે — ભાજન એટલે આધાર, પરિણામ એટલે રૂપાંતર ગમન. પરમાણુ પુદ્ગલ એટલે પરમાણુ જ. જેની માત્રા વિષમ છે, તે વિમાત્રા, એવી જે સ્નિગ્ધતા, તે વિમાત્રસ્નિગ્ધતા, તેના વડે. એ પ્રમાણે બીજા બે પદ જાણવા.

આ પ્રમાણે કહેલ છે કે — સમ સ્નિગ્ધતાથી પણ બંધ ન થાય, સમ રુક્ષતાથી પણ બંધ ન થાય. વિમાત્રાએ સ્નિગ્ધ અને રુક્ષતાથી સ્કંધોનો બંધ થાય. તેનો અર્થ વૃત્તિકાર આ રીતે લખે છે — સમગુણ સ્નિગ્ધનો સમગુણ સ્નિગ્ધ સાથે બે આદિ પરમાણુ વડે બંધ થતો નથી, સમગુણ રૂક્ષનો સમગુણ રૂક્ષ સાથે પણ નહીં. જો વિષમ માત્રા હોય તો બંધ થાય છે. વિષમ માત્રા નિરૂપણાર્થે કહે છે — સ્નિગ્ધનો સ્નિગ્ધ સાથે બે થી વધુ પરમાણુ વડે, રૂક્ષનો રૂક્ષ સાથે બે થી વધુ પરમાણુ વડે, સ્નિગ્ધનો રૂક્ષ સાથે બંધ જઘન્ય વર્જીત વિષમ કે સમમાં થાય.

બંધનનો - બંધન પ્રત્યય - હેતુ ઉક્ત વિમાત્રા સ્નિગ્ધતાદિ લક્ષણ બંધન જ, વિવક્ષિત સ્નેહાદિ પ્રત્યય બંધન. અહીં બંધન-પ્રત્યયથી સામાન્ય વિમાત્રા સ્નિગ્ધતયા ઇત્યાદિ તેના ભેદ છે.

असंखेज्ज काल - અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીરૂપ. जुन्नसुरे - જૂના દારુમાં સ્ત્યાની ભવન લક્ષણ બંધ છે, જૂના ગોળ અને જૂના ચોખામાં પિંડીભવન લક્ષણ બંધ છે.

● સૂત્ર-૪૨૪ :-

*તે પ્રયોગબંધ શું છે ? પ્રયોગબંધ ત્રણ ભેદે કહ્યો છે, તે આ — અનાદિ અપર્યવસિત, સાદિ અપર્યવસિત, સાદિ સપર્વસિત. તેમાં જે અનાદિ અપર્યવસિત છે, તે જીવના આઠ મધ્યપ્રદેશોનો હોય છે. તે આઠ પ્રદેશોમાં પણ ત્રણ ત્રણ*





*અનાદિ અપર્યવસિત બંધ છે, બાકીના સાદિ૰ છે. તેમાં જે સાદિ અપર્યવસિત છે તે સિદ્ધોને હોય છે તેમાં જે સાદિ સપર્યવસિત છે, તે ચાર ભેદે છે, તે આ — આલાપન બંધ, અલ્લિકાપન બંધ, શરીરબંધ, શરીર પ્રયોગ બંધ.*

*તે આલાપન બંધ શું છે ? જે તૃણનો, કાષ્ઠનો, પાંદડાનો, પલાલનો, વેલનો ભાર છે તેને વેલલતા, છાલ, વસ્ત્રા, રજ્જુ, વેલ, કુશ અને ડાભ આદિથી બાંધવાથી આલાપનબંધ સમુત્પન્ન થાય છે. આ બંધ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યેયકાળ સુધી રહે છે.*

*તે આલીનબંધ શું છે ? આલીન બંધ ચાર ભેદે છે. તે આ — શ્લેસણા બંધ, ઉચ્ચય બંધ, સમુચ્ચય બંધ અને સંહનન બંધ.*

*તેશ્લેસણા બંધ શું છે ? જે ભીંતોનો, કુટ્ટિઓનો, સ્તંભોનો, પ્રાસાદાનો, કાષ્ઠોનો, ચર્મોનો, ઘડોનો, વસ્ત્રોનો, ચટાઈઓનો ચૂડા, કાદવ શ્લેષ, લાખ, મીણ આદિ શ્લેષણ દ્રવ્યોથી બંધ સંપન્ન થાય છે તે શ્લેષણા બંધ. જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ.*

*તે ઉચ્ચ બંધ શું છે ? જે તૃણ, કાષ્ઠ, પત્ર, તુસ, ભુસા, છાણ કે કચરાનો ઢગલો, તેનો ઉંચા ઢગલારૂપથી જે બંધ સંપન્ન થાય તે. જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ હોય છે.*

*તે સમુચ્ચય બંધ શું છે ? જે કુવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સર, સરપંક્તિ, સરસર પંક્તિ, બિલપંક્તિ, દેવકુલ, સભા, પરબ, સ્તૂપ, ખાઈ, પરિખા, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા દ્વાર, ગોપુર, તોરણ, પ્રાસાદ, ઘર, શરણસ્થાન, લયન, આપણ, શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ આદિના ચૂના, કાદવ શ્લેશ સમુચ્ચયથી જે બંધ, તે સમુચ્ચયબંધ છે. જે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળનો છે. તે સમુચ્ચયબંધ છે.*

*તે સંહનન બંધ શું છે? સંહનન બંધ બે ભેદે કહ્યો છે - દેશ સંહનન બંધ, સર્વ સંહનન બંધ. તે દેશ સંહનન બંધ શું છે? જે શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, સીય, સ્યંદમાનીય, લોઢી, લોઢીની કડાઈ, કડછો, આસન, શયન, સ્તંભ, ભાંડ-માત્ર ઉપકરણાદિ વડે દેશ સંહનન બંધ ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ હોય છે. તે આ દેશ સંહનન બંધ છે.*

*તે સર્વ સંહનન બંધ શું છે ? તે દૂધ-પાણીની જેમ એકમેક થઈ જવું તે. તે સર્વ સંહનન બંધ કહ્યો, તે આલીન બંધ કહ્યો.*

*તે શરીરબંધ શું છે ? શરીર બંધ બે ભેદે છે. તે આ — પૂર્વ પ્રયોગ પ્રત્યયિક, પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યયિક. તે પૂર્વ પ્રયોગ પ્રત્યયિક શું છે ? જે કારણે સમુદ્ઘાત કરતા નૈરયિક જીવ અને સંસારસ્થ સર્વે જીવોને ત્યાં ત્યાં જીવ પ્રદેશોનો જે બંધ સંપન્ન થાય છે, તે પૂર્વપ્રયોગ પ્રત્યયિક બંધ કહેવાય છે. આ છે પૂર્વ પ્રયોગ પ્રત્યયિક બંધ.*

*તે પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યય શું છે ? જે કેવલી સમુદ્ઘાત દ્વારા સમુદ્ઘાત*

કરતા અને તેનાથી પ્રતિનિવૃત્ત થતા વચ્ચેના માર્ગે રહેલ કેવલજ્ઞાની અણગારના તૈજસ અને કાર્મણ શરીરનો જે બંધ સંપન્ન થાય છે, તેને પ્રત્યુત્પન્ન પ્રયોગ પ્રત્યયિક બંધ કહે છે. તે સમયે પ્રદેશ એકત્રીકૃત્ થાય છે, જેનાથી બંધ થાય છે. આ છે શરીરબંધ.

તે શરીર પ્રયોગબંધ શું છે? શરીરપ્રયોગબંધ પાંચ ભેદે કહ્યો છે. તે આ – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ-શરીર પ્રયોગ બંધ. - - ભગવન્! ઔદારિક શરીરપ્રયોગ બંધ કેટલા ભેદે કહ્યો છે? ગૌતમ! પાંચ ભેદે છે. તે આ – એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ.

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગબંધ કેટલા ભેદે કહ્યો છે ? ગૌતમ ! પાંચ ભેદે કહ્યો છે. તે આ – પૃથ્વીકાયિક એકેન્દ્રિય૦ એ પ્રમાણે આ અભિલાપ વડે જેમ ''અવગાહના સંસ્થાન''માં ઔદારિક શરીરના ભેદો કહ્યા, તેમ અહીં પણ કહેવા - યાવત્ - પર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ અને અપર્યાપ્ત ગર્ભ વ્યુત્ક્રાંતિક મનુષ્ય૦ યાવત્ બંધ. (સુધી કહેવું.)

ભગવન્ ! ઔદારિક શરીર પ્રયોગબંધ, કયા કર્મના ઉદયથી થાય છે ? ગૌતમ ! વીર્ય, સંયોગ, સદ્દ્રવ્યતા પ્રમાદને કારણે કર્મ, યોગ, ભવ, આયુને આશ્રીને ઔદારિક શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી ઔદારિક શરીરપ્રયોગ બંધ થાય છે.

ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગબંધ, કયા કર્મના ઉદયથી થાય છે ? પૂર્વવત્ જાણવું. પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગબંધ પણ એ પ્રમાણે. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક. એ પ્રમાણે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ યોનિકને જાણવા. - - ભગવન્ ! પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય છે ? એ જ પ્રમાણે જાણવું. - - ભગવન્ ! મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી થાય ? ગૌતમ ! વીર્ય, સંયોગ, સદ્દ્રવ્યતા તથા પ્રમાદના કારણે યાવત્ આયુની અપેક્ષાએ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ નામકર્મના ઉદયથી ઔદારિક શરીર-પ્રયોગ બંધ થાય છે. - - ભગવન્ ! ઔદારિક શરીર પ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ પણ છે, સર્વબંધ પણ છે. - - ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ એ દેશબંધ છે કે સર્વબંધ ? પૂર્વવત્. એ પ્રમાણે પૃથ્વીકાયિક, એમ જ યાવત્ મનુષ્ય પંચેન્દ્રિય શરીર પ્રયોગ બંધ ? ગૌતમ ! દેશબંધ પણ છે, સર્વબંધ પણ છે.

ભગવન્ ! ઔદારિક શરીર પ્રયોગ બંધ કાલથી કેટલો હોય ? ગૌતમ ! સર્વ બંધ એક સમય. દેશબંધ, જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન પલ્યોપમકાળ. - - ભગવન્ ! એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ



કાળથી કેટલો હોય ? ગૌતમ ! સર્વબંધ, એક સમય. દેશબંધ, જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી એક સમયન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. - - પૃથ્વીકાય એકેન્દ્રિય પૃચ્છા. ગૌતમ ! સર્વબંધ, એક સમય. દેશબંધ, જઘન્યથી ક્ષુલ્લક ભવગ્રહણમાં ત્રણ સમય ન્યૂન, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ. એ પ્રમાણે બધાંનો સર્વબંધ એક સમય, દેશબંધ, જેને વૈક્રિય શરીર નથી તેને ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ હોય, તેમાં એક સમય ન્યૂન રહે છે, જેને વૈક્રિયશરીર છે, તેને દેશબંધ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી જેની જે સ્થિતિ હોય, તેમાં એક સમય ન્યૂન કહેવો. યાવત્ મનુષ્યનો દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સમયન્યૂન ત્રણ પલ્યોપમ.

ભગવન્! ઔદારિક શરીરના બંધનો અંતરકાળ કેટલો છે? ગૌતમ! સર્વ બંધ અંતર જઘન્યથી ક્ષુલ્લક ભવગ્રહણમાં ત્રણ સમય ન્યૂન, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અને સમયાધિક પૂર્વ કોડિ, દેશબંધ અંતર. જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ત્રણ સમય અધિક ૩૩-સાગરોપમ છે. એકેન્દ્રિય ઔદારિક પૃચ્છા. ગૌતમ! સર્વ બંધ અંતર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ અને ઉત્કૃષ્ટથી સમયાધિક ૨૨,૦૦૦ વર્ષ, દેશબંધ અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પૃથ્વીકાય એકેન્દ્રિય પૃચ્છા. ગૌતમ! સર્વ બંધ અંતર, એકેન્દ્રિયવત્ કહેવું. દેશબંધ અંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ત્રણ સમય. જેમ પૃથ્વીકાયનું તેમ યાવત્ ચઉરિન્દ્રિયનું, વાયુકાયને વર્જીને કહેવું. વિશેષ આ – સર્વ બંધ અંતર ઉત્કૃષ્ટથી જેની જેવી સ્થિતિ, તે સમયાધિક કહેવી. વાયુકાયનું સર્વ બંધ અંતર જઘન્યથી ત્રિસમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સમયાધિક ૩૦૦૦ વર્ષ, દેશબંધ અંતર, જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઔદારિક પૃચ્છા, સર્વ બંધ અંતર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ ગ્રહણ, ઉત્કૃષ્ટથી સમયાધિક પૂર્વકોડી, દેશબંધ અંતર જેમ એકેન્દ્રિયનું છે, તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકનું કહ્યું, એ પ્રમાણે મનુષ્યનું પણ સંપૂર્ણ કહેવું યાવત્ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. [ત્યાં સુધી બધું કહેવું.]

ભગવન્ ! એકેન્દ્રિયત્વ જીવ નોએકેન્દ્રિયત્વમાં રહીને ફરી એકેન્દ્રિયત્વમાં આવે, તો એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ અંતર કાળથી કેટલું થાય ? ગૌતમ ! સર્વ બંધ અંતર જઘન્યથી ત્રિસમય ન્યૂન બે ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ અને સંખ્યાત વર્ષાધિક. દેશબંધ અંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષાધિક બે હજાર સાગરોપમ. ભગવન્ ! પૃથ્વીકાયિકત્વ સ્થિત જીવ નોપૃથ્વીકાયિકત્વમાં રહીને ફરી પૃથ્વીકાયિકત્વમાં આવે તો પૃથ્વીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરપ્રયોગ બંધ અંતર કાળથી કેટલું થાય ? ગૌતમ ! સર્વ બંધ અંતર જઘન્યથી ત્રિસમયન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી અનંતકાળ, અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત છે. તે પુદ્ગલ પરાવર્ત આવલિકાના

*અસંખ્યાત ભાગ છે. દેશબંધ અંતર જઘન્યથી સમય અધિક ક્ષુલ્લક ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી અનંતકાળ યાવત્ આવલિકાનો અસંખ્યાત ભાગ. પૃથ્વીકાયિકની માફક વનસ્પતિકાયિકને વર્જીને યાવત્ નુષ્ય સુધી કહેવું. વનસ્પતિકાયનું ત્રણ સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવ ગ્રહણકાળ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક, એ રીતે દેશબંધ અંતર પણ ઉત્કૃષ્ટથી પૃથ્વીકાળ છે.*

*ભગવન્ ! ઔદારિક શરીરના આ દેશબંધક, સર્વબંધક અને અબંધક જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો ઔદારિક શરીરના સર્વબંધક છે, અબંધક જીવ તેથી વિશેષાધિક છે, દેશબંધક જીવ તેનાથી અસંખ્યાતગુણા છે.*

● વિવેચન-૪૨૪ :-

પઓગબંધ - જીવ વ્યાપાર બંધ, તે જીવપ્રદેશો કે ઔદારિક પુદ્‌ગલોનો અનાદિક આદિ બીજો વર્જીને ત્રણે ભાંગા છે. તેમાં પહેલા ભંગને ઉદાહરણરૂપે કહે છે — આ જીવના અસંખ્ય પ્રદેશિકના જે આઠ મધ્યપ્રદેશો છે, તેમાં અનાદિ અપર્યવસિત બંધ છે. જો કે જીવ તો લોકવ્યાપી છે, તો પણ અહીં આમ જાણવું. બીજા જીવપ્રદેશોમાં પરિવર્તમાનત્વ હોવાથી અનાદિ અપર્યવસિત બંધ નથી. તેમાં નીચે ચાર અને ઉપર ચાર એ રીતે આઠ પ્રદેશ છે. તેથી સમુદાયથી આઠેનો બંધ કહ્યો. તેના એક એક આત્મપ્રદેશ સાથે જેટલો પરસ્પર સંબંધ થાય તે કહે છે.

તે આઠ જીવપ્રદેશોમાં મધ્યમાં ત્રણ-ત્રણના એક-એક સાથે અનાદિ અપર્યવસિત બંધ છે. તેથી કહે છે — પૂર્વોક્ત પ્રકારે અવસ્થિત આઠના ઉપરના પ્રતરના જે કોઈ વિવક્ષિત છે, તેના બે પાર્શ્વવર્તિનો એક અધોવર્તિ એ ત્રણનો સંબંધ થાય છે. બાકીનો એક ઉપરિતન ત્રણ અને અધસ્તનનો સંબંધ થતો નથી. એ પ્રમાણે અધસ્તન પ્રતર અપેક્ષાએ આ ચૂર્ણિકારની વ્યાખ્યા છે. ટીકાકારની વ્યાખ્યા તો સમજવી અઘરી હોવાથી છોડી દીધેલ છે.

બાકીના આઠમાંના મધ્યમ બીજા સાદિ વિપરિવર્તમાનત્વથી કહ્યા. આ પહેલા ભંગનું ઉદાહરણ છે. અનાદિ સપર્યવસિત એ બીજો ભંગ અહીં સંભવતો નથી. અનાદિ સંબદ્ધ આઠેના જીવપ્રદેશોના પરિવર્તમાન્વથી બંધનું સપર્યવસિતત્વ પ્રાપ્ત નથી.

હવે ત્રીજો ભંગ કહે છે — સિદ્ધોને સાદિ અપર્યવસિત જીવપ્રદેશ બંધ છે, શૈલેશી અવસ્થામાં સંસ્થાપિત પ્રદેશોનો સિદ્ધપણામાં પણ ચલન અભાવ છે. - - હવે ચોથો ભંગ ભેદથી કહે છે — तत्थ णं जे से साइए इत्यादि - તેમાં જે સાદિક છે ઇત્યાદિ.

आलावणबंध - એના વડે આલીન કરાય છે, તે આલાપનરજ્જૂ આદિ, તેના વડે તૃણાદિનો આલાપ બંધ. अल्लियावणबंधे - દ્રવ્યની બીજા દ્રવ્ય સાથે શ્લેષાદિ વડે આલીનનું જે કરણ, તદ્‌રૂપ જે બંધ તે. सरीरबंधे - સમુદ્‌ઘાત વેળાએ જે વિસ્તારિત, સંકોચિત જીવપ્રદેશ સંબંધ-વિશેષવશથી તૈજસાદિ શરીર પ્રદેશોનો સંબંધ વિશેષ તે શરીર બંધ, બીજાના મતે શરીરબંધ એટલે શરીરીનો સમુદ્‌ઘાતમાં વિક્ષિપ્ત જીવ



પ્રદેશોના સંકોચનમાં જે બંધ તે શરીરબંધ. सरीरप्पओगबंधे - ઔદારિકાદિ શરીરનો, प्रयोगेण - વીર્યાંતરાય ક્ષયોપશમાદિ જનિત વ્યાપાર વડે બંધ - તેના પુદ્‌ગલોનું ઉપાદન કે શરીરરૂપ પ્રયોગનો જે બંધ, તે શરીરપ્રયોગ બંધ.

તૃણભાર, તેમાં વેત્રલતા - જલવંશકમ્બા, वाग - વલ્ક, वरत्र - ચર્મમય રજ્જુ - સનાદિમયી વલ્લી - ત્રપુષ્યાદિ, कुश - નિર્મૂલ દર્ભ, આદિ શબ્દથી ચીવર આદિ લેવા. लेसणाबंध - શ્લેષણા, શ્લથ દ્રવ્ય વડે દ્રવ્યોનો સંબંધ, તદ્‌રૂપ જે બંધ. उच्चयबंध - ઉર્ધ્વચયન - ઉંચો ઢગલો કરવો, તદ્‌રૂપ જે બંધ. समुच्चयबंध - સંગત, ઉચ્ચયની અપેક્ષાથી વિશિષ્ટતર તે સમુચ્ચય, તે જ બંધ, તે સમુચ્ચય બંધ. साहणणाबंधे - સંહનન - અવયવોના સંઘાતનરૂપ જે બંધ તે.

कुट्टिमाण - મણિભૂમિકા, કાદવ આદિ સાથે શ્લેષ એટલે વજ્રલેપ. लक्ख - જતુ, લાખ. महुसित्थ - મદન. આદિ શબ્દથી ગુગ્ગુલ, રાલ, ખલી આદિ લેવા. अवगर - કચરો, તેનો ઢગલો. - x -

देस साहणणाबंधे - દેશ વડે દેશનો સંહનન લક્ષણ બંધ તે સંબંધ, ગાડાના અંગાદિની જેમ, તે દેશ સંહનન બંધ. सव्व साहणणाबंध - સર્વ વડે સર્વનો સંહનન લક્ષણ બંધ - સંબંધ, ક્ષીર-નીર આદિની જેમ થાય તે સ સર્વ સંહનન બંધ.

શકટ આદિ પદો પૂર્વે વ્યાખ્યાયિત કર્યા છે, છતાં શિષ્યના હિતને માટે ફરી વ્યાખ્યા કરીએ છીએ. તેમાં सगड - ગાડું, रह - રથ, जाण - યાન, નાનું ગાડું, जुग्ग- युग्य - ગોલ દેશ પ્રસિદ્ધ બે હાથ પ્રમાણ વેદિકાથી ઉપશોભિત જમ્પાન. गिल्लि - હાથી ઉપરની કોલ્લર-અંબાડી, थिल्लि - અડ્ડલ્લાણ, सीय - શિબિકા, કૂટાકાર વડે આચ્છાદિત જમ્પાન, संदमाणिय - પુરુષ પ્રમાણ જમ્પાન વિશેષ, लोहि - લોઢી, રોટલો આદિ પકાવવાનું વાસણ, लोहकडाह - કડાયુ, कडुच्छुय - કડછો, પીરસવા માટેનું ભાજન, भंड - માટીનું વાસણ, मत्त - અમત્ર, ભાજનવિશેષ, उवगरण - વિવિધ પ્રકારના અન્ય ઉપકરણો.

पुव्वप्पओगपच्चइए - પૂર્વ કાળે સેવેલ પ્રયોગ - જીવ વ્યાપાર, વેદના-કષાયાદિ સમુદ્‌ઘાતરૂપ. प्रत्यय - કારણ, જે શરીરબંધમાં છે, તે તથા તે જ પૂર્વપ્રયોગપ્રત્યયિક. पच्चुप्पन्नपओग पच्चइए - અપ્રાપ્ત પૂર્વ અર્થાત્ વર્તમાન. પ્રયોગ - કેવલિ સમુદ્‌ઘાત લક્ષણ વ્યાપાર, પ્રત્યય જેમાં છે, તે પ્રત્યુત્પન્નપ્રયોગ પ્રત્યયિક.

नेरइयाणम्० અહીં 'तत्थ तत्थ' શબ્દો વડે સમુદ્‌ઘાત કરણ ક્ષેત્રનું બાહુલ્ય કહ્યું. 'तेसु तेसु' શબ્દ વડે સમુદ્‌ઘાત કારણરૂપ વેદનાદિનું બાહુલ્ય કહ્યું. 'समोहणमाणाणं' એટલે સમુદ્‌ઘાતથી શરીરની બહાર જીવ પ્રદેશનું પ્રક્ષેપણ. જીવપ્રદેશ એમ કહેવા છતાં પણ શરીર બંધ અધિકારથી તેનો વ્યપદેશ કરીને જીવપ્રદેશ આશ્રિત તૈજસ, કાર્મણ શરીરના પ્રદેશો જાણવા. શરીરબંધ એ પક્ષમાં સમુદ્‌ઘાત વડે વિક્ષિપ્ય-સંકોચિતના ઉપસર્જનીકૃત તૈજસાદિ શરીરપ્રદેશોના જીવપ્રદેશોની જ બંધ - રચનાદિ વિશેષ.

કેવલિ સમુદ્‌ઘાત વડે દંડ, કપાટ, મથિકરણ, અંતર્પૂરણ લક્ષણ વડે વિસ્તારિત જીવપ્રદેશનો, સમુદ્‌ઘાત વડે જે પ્રદેશોનું સંહરણ, સમુદ્‌ઘાત વડે પ્રતિનિવર્ત્તમાનપણે

પાંચ આદિ અનેક સમયોમાં થાય, તે વિશેષથી કહે છે — નિવર્તન ક્રિયાના અંતરે-મધ્યે અવસ્થિત ''પાંચમો સમય'' અર્થ કરવો. જો કે છઠ્ઠા આદિ સમયમાં તૈજસાદિ શરીર સંઘાત સમુત્પન્ન થાય છે, તો પણ અભૂતપૂર્વતાથી પાંચમો સમય જ અહીં થાય, બાકીનાનો ''ભૂતપૂર્વ પણાથી જ'' એમ કરીને 'અંતરામંથે વટ્ટમાણસ્સ' એમ કહ્યું.

તૈજસ અને કાર્મણ શરીરનો બંધ-સંઘાત સમુત્પન્ન થાય છે. કયા હેતુથી ? તે કહે છે — ત્યારે સમુદ્‌ઘાત નિવૃત્તિ કાળે, તે કેવળીના જીવપ્રદેશો એકત્વ સંઘાતને પ્રાપ્ત થયેલા થાય છે. તેની અનુવૃત્તિથી તૈજસાદિ શરીર પ્રદેશોનો બંધ સમુત્પન્ન થાય છે. શરીરબંધ એ પક્ષમાં તૈજસ-કાર્મણ આશ્રય ભૂતત્વથી તૈજસકાર્મણ શરીરીપ્રદેશો છે, તેનો બંધ સમુત્પન્ન થાય છે.

વીર્યાંતરાય ક્ષયાદિ કૃત શક્તિ, યોગ-મન વગેરે, યોગ સાથે વર્તે તે સયોગ, વિદ્યમાન દ્રવ્યો-તથાવિધ પુદ્‌ગલો જે જીવના હોય, તે સદ્‌દ્રવ્ય. વીર્યપ્રધાન સયોગ એ વીર્યસયોગ, તે અને આ સદ્‌દ્રવ્ય એ વિગ્રહ, તેનો ભાવ, તેથી વીર્યસયોગસદ્‌દ્રવ્યતા. સવીર્યતાથી, સયોગતાથી, સદ્‌દ્રવ્યતાથી જીવનો પ્રમાદ લક્ષણ કારણથી તથા कम्म - એકેન્દ્રિય જાત્યાદિ ઉદયવર્તિ. योग - કાય યોગાદિ, भवं - તિર્યગ્‌ભવાદિને અનુભવતા એવા, आउयं - તિર્યંચાયુ આદિ ઉદયવર્તિ. पडुच्च - આશ્રીને, ઔદારિક પ્રયોગ સંપાદક, તે કર્મના ઉદયથી ઔદારિક શરીર પ્રયોગ બંધ થાય છે. આ વીર્ય સયોગ સદ્‌દ્રવ્યતાદિ પદો ઔદારિક શરીર પ્રયોગ નામ કર્મોદયના વિશેષણતાથી વ્યાખ્યાયિત કરવા. વીર્ય સયોગ સદ્‌દ્રવ્યતાથી હેતુભૂતતાથી જે વિવક્ષિત કર્મોદય, તેના વડે, ઈત્યાદિ પ્રકારે અથવા આ ઔદારિક શરીર પ્રયોગ બંધના કારણો સ્વતંત્ર છે. તેમાં ઔદારિક શરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે ? એમ પૂછતાં જે બીજા કારણો કહેવાય છે, તે વિવક્ષિત કર્મોદયમાં અભિહિત સહકારિ કારણોની અપેક્ષાએ આ કારણપણે જાણવા, એ અર્થની જાણકારી માટે કહ્યું.

- x - x - એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ. - x - દેશબંધ અને સર્વબંધ બંને છે. તેમાં જેમ પુડલો ઘીથી ભરેલ, તપેલી તાપિકામાં નાંખો, પહેલા સમયે ધૃતાદિ ગ્રહણ કરશે જ. બાકીના સમયોમાં ગ્રહણ કરે અને વિસર્જે, એમ આ જીવો જ્યારે પહેલા શરીરને છોડીને, બીજાને ગ્રહણ કરે, ત્યારે પ્રથમ સમયે ઉત્પત્તિ સ્થાને જઈને શરીર પ્રાયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે જ, તે આ સર્વબંધ. પછી બીજા વગેરે સમયોમાં તેને ગ્રહણ કરે અને વિસર્જે, તે દેશબંધ. આ જ પ્રમાણે ઔદારિક શરીરનો દેશબંધ અને સર્વબંધ પણ કહેવો.

પૂડલાના દૃષ્ટાંતથી તેનો સર્વબંધ એક સમયનો છે. તેમાં જો વાયુ, મનુષ્યાદિ વૈક્રિય કરીને છોડે તો ફરી ઔદારિકનો એક સમય સર્વબંધ કરીને ફરી તેનો દેશબંધ કરતો એક સમય પછી મરે, ત્યારે જઘન્યથી એક સમયનો દેશબંધ થાય છે - x - ઔદારિક શરીરીની ત્રણ પલ્યોપમ ઉત્કર્ષથી સ્થિતિ છે, તેમાં પહેલા સમયે સર્વબંધક, એક સમય ન્યૂન ત્રણ પલ્યોપમ ઉત્કર્ષથી ઔદારિક શરીરીનો દેશ બંધ કાળ હોય છે.

વાયુ ઔદારિક શરીરી, વૈક્રિયમાં જઈને ફરી ઔદારિકને પ્રાપ્ત કરે તો



સર્વબંધક થઈને દેશબંધક એક સમય માટે થઈને મરે. એકેન્દ્રિયને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિ છે, તેમાં એ પ્રથમ સમયે સર્વબંધક, બાકીના કાળમાં દેશબંધક એ રીતે એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ દેશબંધકાળ છે.

પૃથ્વીકાય, ઔદારિક શરીરીનું જઘન્યથી ક્ષુલ્લક ભવ ગ્રહણ જીવિત છે. તે ગાથા વડે કહે છે — ૨૫૬ પ્રમાણ આવલિકાથી એક ક્ષુલ્લક ભવ ગ્રહણ થાય. અંતર્મુહૂર્તમાં ૬૫,૫૩૬ ક્ષુલ્લક ભવ થાય. આનપ્રાણમાં ૧૭ ક્ષુલ્લક ભવ ગ્રહણ થાય. ઉચ્છ્‌વાસના ૧૩૯૫ મુહૂર્ત છે. અહીતં ઉક્ત લક્ષણ ૬૫,૫૩૬ મુહૂર્તગત ક્ષુલ્લક ભવ ગ્રહણ રાશિથી ૩૭૭૩ મુહૂર્તગત ઉચ્છ્‌વાસ રાશિ વડે ભાગ કરતાં જે પ્રાપ્ત થાય, તે એકત્ર ઉચ્છ્‌વાસમાં ક્ષુલ્લક ભવગ્રહણ પરિમાણ થાય છે. તે ૧૭ છે, અવશિષ્ટ તે ઉક્ત લક્ષણ રાશિ થાય છે. એવું કહેવા માંગે છે કે — જેના અંશોનું ૩૭૭૩ ક્ષુલ્લક ભવ ગ્રહણ થાય, તે અંશોને ૧૩૯૫માં ૧૮ ક્ષુલ્લક ભવ ગ્રહણ થાય. તેમાં જે પૃથ્વીકાયિક ત્રણ સમયથી વિગ્રહ વડે આવે, તે ત્રીજા સમયે સર્વબંધક, બાકીનામાં દેશબંધક થઈને આ ક્ષુલ્લક ભવગ્રહણે મરે. મરીને વિગ્રહથી આવે ત્યારે સર્વબંધક જ થાય છે. એ પ્રમાણે જે તે ત્રણ વિગ્રહ સમયો, તેનાથી ન્યૂન એવા ક્ષુલ્લક ભવ ગ્રહણ કહ્યો. - x -

દેશબંધ જેમાં નથી આદિ - આ અર્થ છે અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોના ક્ષુલ્લક ભવ ગ્રહણ, ત્રણ સમય ન્યૂન જઘન્યથી દેશબંધ છે, કારણ કે તેનું વૈક્રિયશરીર નથી. વૈક્રિયશરીર હોય તો જ એક સમય જઘન્યથી ઔદારિક દેશબંધ પૂર્વોક્ત યુક્તી વડે થાય. ઉત્કૃષ્ટથી અપ્‌કાયની ૭૦૦૦ વર્ષ સ્થિતિ, તેઉકાયને ત્રણ અહોરાત્ર, વનસ્પતિની ૧૦,૦૦૦ વર્ષ, બેઈન્દ્રિયની ૧૨ વર્ષ, તેઈન્દ્રિયની ૪૯ અહોરાત્ર, ચઉરિન્દ્રિયની ૭ માસ, આ સર્વબંધસમય ન્યૂન ઉત્કૃષ્ટથી દેશબંધ સ્થિતિ છે.

વાયુ, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોનો જઘન્યથી દેશબંધ એક સમય, ભાવના પૂર્વવત્ ઉત્કૃષ્ટથી વાયુકાયની ૩૦૦૦ વર્ષ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ત્રણ પલ્યોપમ સ્થિતિ છે. આ સ્થિતિમાં સર્વબંધ સમય ન્યૂન એવી ઉત્કૃષ્ટથી દેશબંધ સ્થિતિ થાય છે. મનુષ્યોની દેશબંધ સ્થિતિ પ્રાપ્ત છે, તો પણ સૂત્રમાં સાક્ષાત્ કહી છે. - - હવે ઔદારિક શરીર પ્રયોગબંધનું અંતર —

સર્વ બંધ અંતર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ. કઈ રીતે? ઔદારિક શરીરમાં ત્રણ સમયના વિગ્રહથી આવે છે, તેમાં બે સમય અનાહારક, ત્રીજા સમયે સર્વબંધક, ક્ષુલ્લક ભવમાં રહીને મરીને ઔદારિક શરીરીમાં જ ઉત્પન્ન થાય ત્યારે પહેલા સમયે સર્વબંધક. એ રીતે સર્વબંધનું સર્વબંધથી અંતર ક્ષુલ્લકભવે વિગ્રહ ગત ત્રણ સમય ન્યૂન. ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ અને પૂર્વકોટી સમય અધિક સર્વ બંધાંતર થાય છે. કઈ રીતે? મનુષ્યાદિમાં અવિગ્રહથી આવે, તેમાં પહેલા સમયે સર્વબંધક થઈને પૂર્વકોટિ રહીને ૩૩-સાગરોપમ સ્થિતિ નારક કે સર્વાર્થસિદ્ધે થઈને ત્રણ સમયના વિગ્રહથી ઔદારિક શરીરી થઈ, તેમાં વિગ્રહના બે સમય અનાહારક અને ત્રીજે સમયે સર્વબંધક. - x - x - આ રીતે સર્વબંધનું સર્વબંધથી ઉત્કૃષ્ટ અંતર થાય.

દેશબંધ અંતર, જઘન્ય એક સમય. કઈ રીતે ? દેશબંધક મરીને વિગ્રહથી

જ ઉત્પન્ન હોય, તેમાં પહેલા સમયે જ સર્વબંધક છે, બીજા વગેરે સમયમાં દેશબંધક છે તે જ દેશબંધનું દેશબંધથી અંતર જઘન્યથી એક સમય, સર્વબંધ સંબંધી છે, ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ અને અધિક ત્રણ સમય દેશબંધનું દેશબંધથી અંતર થાય છે. કઈ રીતે ? દેશબંધક મરીને ઉત્પન્ન થઈ ૩૩-સાગરોપમ આયુ સર્વાર્થસિદ્ધાદિમાં પામે, ત્યાંથી ચ્યવીને ત્રણ સમય વડે વિગ્રહગતિથી ઔદારિક શરીરી થાય, તેમાં વિગ્રહના બે સમયે અનાહારક અને ત્રીજા સમયે સર્વબંધક, ત્યારપછી દેશબંધક થાય. આ પ્રમાણે દેશબંધનો દેશબંધથી ઉત્કૃષ્ટ અંતરાલ કહ્યા મુજબનો થાય.

ઔદારિક બંધનું સામાન્યથી કહ્યું, હવે વિશેષથી-એકેન્દ્રિયનું ઔદારિક સર્વબંધ અંતર જઘન્યથી ત્રણસમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ છે. કઈ રીતે ? ત્રણ સમયના વિગ્રહથી પૃથ્વી આદિમાં આવીને વિગ્રહના બે સમય અનાહારક, ત્રીજા સમયે સર્વ બંધ, તેથી ક્ષુલ્લકભવ ગ્રહણ ત્રણ સમય ન્યૂન રહીને મરીને અવિગ્રહથી જો ઉત્પન્ન થાય તો સર્વબંધક થાય છે. ઉત્કૃષ્ટથી સર્વબંધ અંતર ૨૨,૦૦૦ વર્ષ અને સમય અધિક છે. કઈ રીતે ? પૃથ્વીકાયિકમાં આવીને પહેલા સમયે સર્વબંધક, પછી ૨૨,૦૦૦ વર્ષ રહીને સમય ન્યૂન વિગ્રહ ગતિથી ત્રણ સમય વડે બીજા પૃથ્વી આદિમાં ઉત્પન્ન થાય ત્યાં બે સમય અનાહારક થઈને ત્રીજા સમયે સર્વબંધક થાય. બે અનાહારક સમયમાંથી એક સમય ૨૨,૦૦૦ વર્ષમાં નાંખતા તે સમય આવે. - x -

એકેન્દ્રિય ઔદારિકનું દેશબંધ અંતર જઘન્યથી એક સમય છે. કેમકે દેશબંધક મરીને વિગ્રહથી સર્વ બંધક થઈને એક સમયમાં ફરી દેશબંધક જ જન્મે. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત થાય. કેમકે વાયુનું ઔદારિકશરીર દેશબંધક થઈ વૈક્રિયમાં જઈને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને ફરી ઔદારિક શરીરનો સર્વબંધક થઈને દેશબંધકરૂપે જ જન્મે. એ રીતે આ અંતર પ્રાપ્ત થાય.

પૃથ્વીકાયિકનું દેશબંધ અંતર જઘન્યથી એકસમય ઉત્કૃષ્ટથી ત્રણ સમય. કેમકે પૃથ્વીકાયિક દેશબંધક-મરીને વિગ્રહ ગતિથી પૃથ્વીકાયિકમાં જ ઉત્પન્ન થઈ એક સમય સર્વબંધક થઈને ફરી દેશબંધક જન્મે, તે એકસમય દેશબંધનું જઘન્ય અંતર, તથા પૃથ્વીકાયિક દેશબંધક મરીને ત્રણ સમય વિગ્રહથી તેમાં જ ઉત્પન્ન થાય ત્યારે બે સમય અનાહારક, ત્રીજા સમયે સર્વબંધક થઈને ફરી દેશબંધક જન્મે, એ પ્રમાણે ત્રણ સમય ઉત્કર્ષથી દેશબંધનું અંતર થાય.

હવે અપ્કાયિકાદિનું બંધંતર અતિદેશથી કહે છે — જેમ પૃથ્વીકાયિકનું છે તેમ. અહીં બધે સમપણાના પરિહારાર્થે કહે છે. વિશેષથી આદિ. એ રીતે અતિદેશથી જે પ્રાપ્ત છે તે કહે છે — અપ્કાયિકનું જઘન્ય સર્વબંધાંતર ક્ષુલ્લક ભવગ્રહણ ત્રણ સમય ન્યૂન, ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ અમયાધિક. દેશ બંધંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ત્રણ સમય, એ રીતે વાયુકાયને વર્જીને તેઉ કાય આદિનું છે. વિશેષ આ - ઉત્કૃષ્ટ સર્વબંધંતર પોતપોતાની સ્થિતિથી એક સમય અધિક કહેવું.

અહીં વાયુ બંધંતરની વિલક્ષણતા સૂચવી છે. વાયુ બંધંતર ભેદથી કહે છે — તેમાં વાયુકાયિક ઉત્કર્ષથી દેશબંધંતર અંતર્ મુહૂર્ત છે કઈ રીતે ? વાયુ ઔદારિક



શરીરનો દેશબંધક થઈ, વૈક્રિય બંધ અંતર્મુહૂર્ત કરીને ફરી ઔદારિક સર્વ બંધ સમય પછી જો ઔદારિક દેશ બંધ કરે, ત્યારે યથોક્ત અંતર થાય છે.

પંચેન્દ્રિયમાં સર્વબંધંતર જઘન્ય કહ્યું છે. ઉત્કૃષ્ટ કહે છે — પંચેન્દ્રિય તિર્યંચ અવિગ્રહથી ઉત્પન્ન થઈ પહેલા સમયે જ સર્વબંધક, પછી સમયન્યૂન પૂર્વકોટિ જીવીને વિગ્રહ ગતિથી ત્રણ સમય વડે તેમાં જ ઉત્પન્ન થઈ, ત્યાં બે અનાહારક સમય ત્રીજા સમયે સર્વબંધક સંપન્ન થાય. અનાહારકના બેમાંથી એક સમય પૂર્વકોટીમાં ઉમેરતા યથોક્ત અંતર થાય છે. દેશબંધ અંતર. એકેન્દ્રિય મુજબ, તે જઘન્ય એક સમય. કઈ રીતે ? દેશબંધક મરીને સર્વબંધ સમય પછી દેશબંધક થાય. ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત. કઈ રીતે ? ઔદારિક શરીરી દેશબંધક થઈને વૈક્રિયને પામીને ત્યાં અંતર્મુહૂર્ત રહીને ફરી ઔદારિક શરીરી થાય. તેમાં પહેલા સમયે સર્વબંધક, બીજા આદિમાં દેશબંધક એ રીતે દેશબંધંતર અંતર્મુહૂર્ત થાય.એ રીતે મનુષ્યોનું પણ જાણવું.

ઔદારિક બંધંતર બીજા પ્રકારે કહે છે — બે ઈન્દ્રિયાદિમાં ફરી એકેન્દ્રિયત્વ હોય ત્યારે જે સર્વબંધાંતર, તે જઘન્યથી બે ક્ષુલ્લક ભવગ્રહણ ત્રણ સમય ન્યૂન. કઈ રીતે ? એકેન્દ્રિય ત્રણ સમય વિગ્રહગતિ વડે ઉત્પન્ન થઈ, તેમાં બે સમય અનાહારક થઈને ત્રીજા સમયે સર્વબંધ કરીને તે ન્યૂન ક્ષુલ્લકભવ ગ્રહણ કરી જીવીને મરે. એકેન્દ્રિય સિવાયના ક્ષુલ્લક ભવ ગ્રહણથી જીવને મરે, વિગ્રહથી ફરી એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થઈને સર્વબંધક થાય. એ રીતે ઉક્ત અંતર થાય.

ઉત્કૃષ્ટથી ૨૦૦૦ સાગરોપમ સંખ્યાત વર્ષાધિક છે. કઈ રીતે ? અવિગ્રહથી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ, ત્યાં પહેલા સમયે સર્વબંધક થઈ ૨૨,૦૦૦ વર્ષ જીવીને મરે, પછી ત્રસકાયિકમાં ઉત્પન્ન થાય, ત્યાં સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ ત્રસકાયિક કાયસ્થિતિમાં રહીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈને સર્વબંધક થાય. એ રીતે આ અંતર આવે. - x - x - દેશ બંધંતર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લક ભવગ્રહણ છે. કઈ રીતે ? એકેન્દ્રિય દેશબંધક થઈ મરીને બેઈન્દ્રિયાદિમાં ક્ષુલ્લક ભવગ્રહણ અનુભવી અવિગ્રહથી પહેલા સમયે સર્વબંધક થઈને બીજે સમયે દેશબંધક થાય. એ પ્રમાણે દેશબંધાંતર ક્ષુલ્લક ભવ સર્વબંધ સમયાતિરિક્ત થશે.

હવે પૃથ્વીકાયિક બંધાંતરને વિચારીએ — - x - ઉત્કૃષ્ટથી અનંતકાળ. અહીં કાળ અનંતત્વ વનસ્પતિકાય સ્થિતિની કાળ અપેક્ષાથી કહ્યું છે. - x - અભિપ્રાય આ પ્રમાણે - તે અનંતકાળના સમયમાં અવસર્પિણી-ઉત્સર્પિણી સમયો વડે અપહ્રિયમાણમાં અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી થાય છે. આ પ્રમાણ કાળની અપેક્ષાએ છે. ક્ષેત્રાપેક્ષાએ અનંતલોક અર્થાત્ અનંતકાળ સમયમાં લોકાકાશપ્રદેશોથી અપહ્રિય-માણમાં અનંતલોક થાય છે. તેમાં કેટલાક પુદ્ગલ પરાવર્ત્ત થાય? અસંખ્યાત પુદ્ગલપરાવર્ત લક્ષણ સામાન્યથી આ છે - દશકોડાકોડી વડે અદ્ધાપલ્યોપમોનો એક સાગરોપમ, દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી, ઉત્સર્પિણી પણ એ રીતે છે. તે અનંત અવસર્પિણી-ઉત્સર્પિણીનું એક પુદ્ગલ પરાવર્ત્ત, આ વિશેષ લક્ષણ અહીં જ કહેશે—

પુદ્ગલ પરાવર્ત્તોના જ અસંખ્યાતત્વ નિયમનાર્થે કહે છે — અસંખ્યાત સમય

સમૂહની આવલિકા-દેશબંધંતર૦ ભાવના આ રીતે પૃથ્વીકાયિક દેશબંધક થઈ મરીને પૃથ્વીકાયિકમાં ક્ષુલ્લકભવ ગ્રહણ જીવીને મર્યા પછી ફરી અવિગ્રહથી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય. તેમાં સર્વબંધ સમય પછી દેશબંધક થાય. એ રીતે સર્વબંધ સમયથી અધિક એક ક્ષુલ્લક ભવ ગ્રહણ દેશબંધનું અંતર છે.

વનસ્પતિકાયિકોમાં જઘન્યથી સર્વબંધંતર બે ક્ષુલ્લકભવગ્રહણથી ત્રણ સમય ન્યૂન દેખાય છે. વનસ્પતિકાયિક ત્રણ સમયના વિગ્રહથી ઉત્પન્ન છે, તેમાં વિગ્રહના બે સમય અનાહારક, ત્રીજે સમયે સર્વબંધક થઈને ક્ષુલ્લક ભવ જીવીને ફરી પૃથ્વી આદિમાં ક્ષુલ્લક ભવ જ રહીને ફરી અવિગ્રહથી વનસ્પતિકાયિકમાં ઉત્પન્ન થઈ પહેલા સમયે તે સર્વબંધક થાય, ત્રણ સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવ ગ્રહણ અંતર આ રીતે થાય. ઉત્કૃષ્ટમાં પૃથ્વી આદિમાં કાયસ્થિતિ કાળ છે. દેશબંધંતર જઘન્યથી પૃથ્વી આદિ માફક વનસ્પતિનું છે, તે સમયાધિક ક્ષુલ્લકભવ ગ્રહણ છે. ભાવના પૂર્વવત્.

ઉત્કૃષ્ટથી વનસ્પતિનું દેશ બંધંતર પૃથ્વીકાય સ્થિતિકાળ અસંખ્યાત અવસર્પિણી ઉત્સર્પિણી આદિરૂપ છે.

ઔદારિક દેશબંધકાદિનું અલ્પબહુત્વ. સૌથી થોડાં સર્વબંધક છે, કેમકે ઉત્પત્તિ સમયે જ હોય, અબંધક વિશેષાધિક છે કેમકે વિગ્રહગતિમાં અને સિદ્ધત્વાદિમાં તે હોય, દેશબંધક અસંખ્યાત ગણા, કેમકે દેશબંધક કાળ અસંખ્યગુણ છે. તેની ભાવના આગળ કહીશું. - - હવે વૈક્રિય શરીર પ્રયોગ બંધ નિરૂપણ કરવા કહે છે –

● સૂત્ર-૪૨૫ :-

*ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગબંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગબંધ અને પંચેન્દ્રિય૦*

*જો એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગબંધ છે, તો શું વાયુકાયિક એકેન્દ્રિય૦ છે કે અવાયુકાયિક એકેન્દ્રિય૦? આ અભિલાપથી જેમ “અવગાહના સંસ્થાન”માં વૈક્રિય શરીર ભેદ છે, તેમ કહેવા યાવત્ પર્યાપ્તા સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક વૈમાનિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગબંધ અને અપર્યાપ્તા સર્વાર્થસિદ્ધ૦ યાવત્ પ્રયોગબંધ.*

*ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી ? ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતા યાવત્ આયુ કે લબ્ધિને આશ્રીને વૈક્રિય શરીર પ્રયોગ નામ કર્મના ઉદયથી વૈક્રિયશરીર પ્રયોગબંધ થાય.*

*વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીર પ્રયોગ૦ પૃચ્છા. ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ લબ્ધિને આશ્રીને પૂર્વવત્.*

*ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીનૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી ? ગૌતમ ! વીર્ય સયોગ સદ્દ્રવ્યતા યાવત્ આયુને આશ્રીને યાવત્ બંધ થાય. એ રીતે અધઃસપ્તમી સુધી.*

*તિર્યંચયોનિક પંચેન્દ્રિય વૈક્રિયશરીર પૃચ્છા. ગૌતમ ! વીર્ય૦ વાયુકાયિક મુજબ જાણવું. મનુષ્ય પંચેન્દ્રિયવૈક્રિય એમ જ છે.*



*અસુરકુમાર ભવનપતિ દેવ પંચેન્દ્રિય વૈક્રિય, રત્ન પ્રભા પૃથ્વી નૈરયિકવત્ જાણવું. એ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું. એ રીતે વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક યાવત્ અચ્યુત, ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક, અનુત્તરોપપાતિક જાણવા.*

*ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગ બંધ, દેશબંધ કે સર્વબંધ ? ગૌતમ ! બંને. વાયુકાયિક એકેન્દ્રિય, રત્નપ્રભા પૃથ્વી નૈરયિક યાવત્ અનુત્તરોપપાતિક એ પ્રમાણે જ જાણવા.*

*ભગવન્! વૈક્રિયશરીર પ્રયોગબંધ કાળથી કેટલા છે? ગૌતમ! સર્વબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી બે સમય. દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સમય ન્યૂન ૩૩-સાગરોપમ. વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય પૃચ્છા. ગૌતમ! સર્વબંધ, એક સમય અને દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત.*

*રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પૃચ્છા. ગૌતમ ! સર્વબંધ એક સમય, દેશબંધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સમય ન્યૂન સાગરોપમ. એ રીતે યાવત્ અધઃસપ્તમી. વિશેષ આ – દેશબંધ જેની જે જઘન્યા સ્થિતિ તે સમયન્યૂન કરવી અને સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી. - - પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોની વાયુકાયિકની માફક કહેવી. અસુરકુમારાદિ યાવત્ અનુત્તરોપપાતિકની નૈરયિક માફક કહેવી. વિશેષ આ – જેની જે સ્થિતિ તે કહેવી યાવત્ અનુત્તરોપપાતિકનો સર્વબંધ એક સમય, દેશબંધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ૩૧-સાગરોપમ, ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ૩૩-સાગરોપમ છે.*

*ભગવન્ ! વૈક્રિયશરીર પ્રયોગ બંધંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! સર્વ બંધંતર જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંત કાળ અનંતી યાવત્ આવલિકાનો અસંખ્યાત ભાગ, એમ દેશબંધંતર.*

*વાયુકાયિક વૈક્રિય શરીર પૃચ્છા. ગૌતમ ! સર્વબંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ૦.*

*તિર્યંચયોનિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પ્રયોગ બંધંતર પૃચ્છા. ગૌતમ ! સર્વબંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડિ પૃથકત્વ, એ પ્રમાણે દેશબંધંતર જાણવું, મનુષ્યનું પણ જાણવું.*

*ભગવન્! વાયુકાયિકજીવ નોવાયુકાયિકમાં જઈને ફરી વાયુકાયિકપણે ઉત્પન્ન થાય તો વાયુકાયિક એકેન્દ્રિયવૈક્રિય પૃચ્છા. ગૌતમ! સર્વ બંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળ. એ પ્રમાણે દેશબંધંતર પણ જાણવું.*

*ભગવન્! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, નોરત્નપ્રભાપૃથ્વી૦ પૃચ્છા. ગૌતમ! સર્વ બંધંતર જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્તાધિક. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. દેશબંધંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું. વિશેષ એ – જેની જે જઘન્ય સ્થિતિ છે, તેમાં અંતર્મુહૂર્ત અધિક સર્વ બંધંતર કહેવું, બાકી પૂર્વવત્. પંચે૦તિ૦યો૦, મનુષ્યો વાયુકાયવત્.*

*અસુરકુમારાદિ યાવત્ સહસ્રારદેવોને રત્નપ્રભા પૃથ્વી નૈરયિકવત્ કહેવા. વિશેષ આ - સર્વ બંધાંતર જેની જે જઘન્ય સ્થિતિ તેમાં અંતર્મુહૂર્ત્ત અધિક કહેવું. બાકી પૂર્વવત્. - - ભગવન્ આનતદેવપણે ઉત્પન્ન નોઆણત્તદેવ૦ પૃચ્છા - ગૌતમ ! સર્વબંધાંતર જઘન્યથી વર્ષપૃથક્ત્વ અધિક ૧૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ. દેશબંધાંતર જઘન્યથી વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ અનંતકાળ-વનસ્પતિકાળ, એ રીતે યાવત્ અચ્યુત, વિશેષ જેની જે સ્થિતિ૦ આદિ પૂર્વવત્.*

*ગ્રૈવેયક, કલ્પાતીત પૃચ્છા - ગૌતમ ! સર્વબંધાંતર જઘન્યે ૨૨-સાગરોપમ વર્ષ પૃથક્ત્વ અધિક, ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળ. દેશ બંધાંતર જઘન્ય વર્ષ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.*

*ભગવન્ ! અનુત્તરોપપાતિક પૃચ્છા. ગૌતમ ! સર્વબંધ અંતર જઘન્ય વર્ષ પૃથક્ત્વાધિક ૩૧ સાગરોપમ, ઉત્કૃષ્ટ સંખ્યાત સાગરોપમ. દેશ બંધાંતર જઘન્ય વર્ષ પૃથકત્વ, ઉત્કૃષ્ટ સંખ્યાત સાગર૦*

*ભગવન્ ! આ વૈક્રિયશરીરી જીવોના દેશબંધક, સર્વબંધક અને અબંધકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો વૈક્રિય શરીરના સર્વબંધક છે, દેશબંધક અસંખ્યાતગણા, અબંધક અનંતગણા છે. - - - ભગવન્ ! આહારક શરીરપ્રયોગબંધ કેટલા ભેદ છે ? ગૌતમ ! એકાકાર. જો એકાકાર છે તો શું મનુષ્યાહારક૦ છે કે અમનુષ્યાહારક૦ ? ગૌતમ ! મનુષ્યાહારક શરીરપ્રયોગ બંધ છે. અમનુષ્યાહારક૦ નહીં. આ અભિલાપથી 'અવગાહના સંસ્થાન' મુજબ યાવત્ ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુ કર્મભૂમિ જ ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યાહારક શરીર પ્રયોગ બંધ, અનૃદ્ધિપ્રાપ્ત પ્રમત્ત યાવત્ આહારક શરીર પ્રયોગબંધ નહીં.*

*આહારક શરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી? ગૌતમ! વીર્ય સયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ લબ્ધિને આશ્રીને આહારક શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી છે. - - ભગવન્! આહારક શરીર પ્રયોગ બંધ દેશબંધ છે કે સર્વબંધ? ગૌતમ! બંને. - - ભગવન્! આહારક શરીર પ્રયોગ બંધ કાળથી કેટલો હોય? ગૌતમ! સર્વબંધ એક સમયનો, દેશબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત.*

*ભગવન્ ! આહારક શરીર પ્રયોગ બંધાંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! સર્વ બંધાંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંત કાળ-અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણીકાળથી, ક્ષેત્રથી અનંત લોકદેશન્યૂન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત. એ પ્રમાણે દેશબંધાંતર પણ છે.*

*ભગવન્ ! આહારક શરીરી જીવોના દેશબંધક, સર્વબંધક અને અબંધકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં સર્વબંધકો, દેશબંધક સંખ્યાતગુણા, અબંધક અનંતગુણા છે.*

● **વિવેચન-૪૨૫ :-**

એકેન્દ્રિય વાયુકાયિક અપેક્ષાએ, પંચેન્દ્રિય ચારે ગતિથી છે. - x - લબ્ધિ, 



તે વૈક્રિયકરણ લબ્ધિ. તે વાયુકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યાપેક્ષાએ છે. વાયુકાયિક આદિને લબ્ધિ શરીરબંધથી અને દેવ-નારકને વીર્યસયોગ સદ્દ્રવ્યતાથી કહે છે. વૈક્રિય શરીરમાં ઉત્પન્ન થનારને એક સમય સર્વબંધક થાય. ઉત્કૃષ્ટથી બે સમય - ઔદારિકશરીરી વૈક્રિયતા પામીને સર્વબંધક થઈ મરીને ફરી નારકત્વ કે દેવત્વ પામે, ત્યારે પહેલા સમયે વૈક્રિયનો સર્વબંધક થાય - x - તેથી બે સમય છે.

ઔદારિક શરીરી વૈક્રિયતા પામીને પહેલા સમયે સર્વબંધક થઈને, બીજા સમયે દેશબંધક થઈને મરે તેથી એક સમય થાય. દેવ કે નારકમાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો - x - પૂર્વવત્.

વાયુ ઔદારિક શરીરી થઈને વૈક્રિયમાં જાય પછી પહેલા સમયે સર્વબંધક, બીજા સમયે દેશબંધક થઈને મરે તેથી જઘન્ય એક સમય દેશબંધ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત (પૂર્વવત્), લબ્ધિવૈક્રિય શરીરીને અંતર્મુહૂર્ત્તથી પછી વૈક્રિય શરીરાવસ્થાન નથી. - x -

રત્નપ્રભા૦ ત્રણ સમય વિગ્રહથી રત્નપ્રભામાં જઘન્ય સ્થિતિનારક સમુત્પન્ન થાય, તેમાં બે સમય અનાહારક, ત્રીજા સમયે સર્વબંધક પછી દેશબંધક, તેથી ત્રિસમય ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ કહ્યા. ઉત્કૃષ્ટથી સમયન્યૂન સાગરોપમ. - x - ભાવના પૂર્વવત્ કહેવી. એ પ્રમાણે બધે સર્વબંધ એક સમય અને દેશબંધ જઘન્ય વિગ્રહ સમય ત્રણ ન્યૂન પોત-પોતાની જઘન્ય સ્થિતિ પ્રમાણ કહેવું. - x -

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોનો વૈક્રિય સર્વબંધ એક સમય, દેશબંધ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત કહ્યું છે — નરકમાં અંતર્મુહૂર્ત્ત, તિર્યંચ-મનુષ્યમાં ચાર, દેવોમાં અર્ધમાસ ઉત્કૃષ્ટ વિકુર્વણા કાળ જાણવો. ચાર અંતર્મુહૂર્ત્ત કહ્યું, તે મતાંતર છે.

વૈક્રિય શરીર પ્રયોગ બંધનું અંતર કહે છે — ઔદારિક શરીરી, વૈક્રિયમાં જઈને પહેલા સમયે સર્વબંધક, બીજે દેશબંધક થઈને મરીને દેવ કે નારકમાં વૈક્રિયશરીરીમાં અવિગ્રહથી ઉત્પન્ન થતો પહેલા સમયે સર્વબંધક તેથી એક સમય સર્વબંધાંતર થશે. ઔદારિક શરીરી વૈક્રિયમાં જઈને - x - ફરી અનંતકાળ ઔદારિકાદિ શરીરમાં વનસ્પત્યાદિમાં રહીને વૈક્રિયશરીરમાં ઉત્પન્ન થાય, ત્યારે પહેલા સમયે સર્વબંધક થાય. એ રીતે દેશબંધ - x - પૂર્વવત્.

વાયુ ઔદારિક શરીરી વૈક્રિયતા પામીને, પહેલા સમયે સર્વબંધક થઈને, મરીને ફરીને વાયુકાયિક થાય, તેને અપર્યાપ્તકને વૈક્રિય શક્તિ ન હોય, અંતર્મુહૂર્ત્તમાં પર્યાપ્તક થઈને વૈક્રિય શરીર કરે, તેમાં પ્રથમ સમયમાં સર્વબંધક થાય એ રીતે સર્વબંધાંતર અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કેમકે ઔદારિક શરીરી વાયુકાય આટલા સમયે અવશ્ય વૈક્રિય કરે ઇત્યાદિ પૂર્વવત્ - x -

પંચેન્દ્રિય તિર્યંચયોનિક વૈક્રિયમાં જઈને ત્યાં પ્રથમ સમયે સર્વબંધક, પછી અંતર્મુહૂર્ત્ત માત્ર દેશબંધક, પછી ઔદારિકનો સર્વબંધક થઈને એક સમય દેશબંધક થઈને, ફરી વૈક્રિય કરતા પહેલા સમયે સર્વબંધ. ઉત્કૃષ્ટથી પૂર્વકોડિ આયુ. - x -

પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન, પૂર્વજન્મ સહ સાત-આઠ વખત, પછી વૈક્રિયમાં જાય. ત્યાં પ્રથમ સમયે સર્વબંધ કરીને દેશબંધ કરે છે - x - x -

વૈક્રિય શરીર બંધંતરને જ બીજા પ્રકારે ચિંતવે છે - વાયુ વૈક્રિય શરીર પામે, તેમાં પહેલા સમયે સર્વબંધક થઈને મરીને પછી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થઈ, ત્યાં પણ ક્ષુલ્લક ભવગ્રહણ માત્ર રહીને ફરી વાયુકાય થાય. ત્યાં પણ કેટલાક ક્ષુલ્લકભવ રહીને વૈક્રિયમાં જાય, ત્યાં પહેલા સમયે સર્વબંધક થાય, પછી વૈક્રિયના સર્વબંધોનું અંતર ઘણાં ક્ષુલ્લક ભવોથી ઘણાં અંતર્મુહૂર્ત્ત થાય. ત્યારે યથોક્ત સર્વબંધાંતર થાય. ઉત્કૃષ્ટથી અનંત વનસ્પતિકાળ - x - પૂર્વવત્. એ પ્રમાણે દેશ બંધંતર પણ જાણવું.

રત્નપ્રભા નારક ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિક ઉત્પત્તિમાં - x - ત્યાંથી ચ્યવી ગર્ભજ પંચેન્દ્રિયમાં અંતર્મુહૂર્ત્ત રહીને ફરી રત્નપ્રભામાં ઉત્પન્ન થાય, ત્યારે પહેલા સમયે સર્વબંધક, આ જઘન્ય અંતર કહ્યું. - x - x - રત્નપ્રભા નારક ઉત્પત્તિમાં સર્વબંધક થઈને ત્યાંથી ચ્યવીને અનંતકાળ વનસ્પતિ આદિમાં રહીને ફરી તેમાં ઉત્પન્ન થતાં સર્વબંધક થાય, તેથી આટલું ઉત્કૃષ્ટ અંતર કહ્યું. દેશબંધક થઈને મરીને અંતર્મુહૂર્ત્તાયુ પંચેન્દ્રિય તિર્યંચપણે ઉત્પન્ન થઈને, મરીને રત્નપ્રભા નારકપણે ઉત્પન્ન થાય, તેમાં બીજા સમયે દેશબંધક, આ જઘન્ય દેશબંધંતર છે, ઉત્કૃષ્ટ, પૂર્વવત્ ભાવના કરવી.

શર્કરાપ્રભાદિ નારકોનું વૈક્રિય શરીર બંધંતર સંક્ષેપ માટે અતિદેશથી કહ્યું — દ્વિતીયાદિ પૃથ્વીની જઘન્ય સ્થિતિ કહેવી.

પંચેન્દ્રિય, વાયુકાયિક મુજબ. અસુરકુમારથી સહસ્રાર સુધી ઉત્પત્તિ સમયે સર્વબંધ કરીને પોતાની જઘન્ય સ્થિતિ પાળીને પંચેન્દ્રિય તિર્યંચમાં જઘન્ય અંતર્મુહૂર્ત્ત આયુથી ઉપજી, મરીને તેમાં જ સર્વબંધક થાય, એ પ્રમાણે તેમની જઘન્ય સર્વબંધંતર વક્તવ્યતા છે. રત્નપ્રભાના નારકો માફક ઉત્કૃષ્ટથી અનંતકાળ છે. - x - x -

આનતકલ્પીય દેવ ઉત્પત્તિમાં સર્વબંધક છે, તે ૧૮-સાગરોપમ ત્યાં રહીને ત્યાંથી ચ્યવીને વર્ષ પૃથક્ત્વ મનુષ્યમાં રહીને ફરી ત્યાં જ ઉત્પન્ન થાય, પ્રથમ સમયે તે સર્વબંધક છે. એ રીતે તેનું સર્વ બંધંતર જઘન્યથી વર્ષ પૃથક્ત્વાધિક ૧૮ સાગરોપમ થાય, ઉત્કૃષ્ટ તો અનંતકાળ થાય, જો તે ચ્યવીને વનસ્પત્યાદિમાં અનંતકાળ જાય. પછી આનતકલ્પે ઉત્પન્ન થાય. દેશબંધંતર વર્ષ પૃથક્ત્વ. જો ચ્યવીને તે વર્ષ પૃથક્ત્વ મનુષ્યત્વ અનુભવીને ફરી આનતકલ્પે ઉપજે. અહીં સર્વબંધ જો કે સમયાધિક વર્ષ પૃથક્ત્વ થાય છે, તો પણ તેનું વર્ષ પૃથક્ત્વ અનર્થાન્તર અવિવક્ષાથી ભેદ વડે ગણેલ નથી. આ પ્રમાણે પ્રાણત યાવત્ ગ્રૈવેયક સૂત્રો પણ જાણવા.

સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો જઘન્યથી નવ દિવસ આયુષ્ય વડે આનતથી અચ્યુત સુધીના નવ માસ આયુ વડે સમુત્પન્ન થાય છે. એવું જીવસમાસમાં કહે છે. તેથી જઘન્ય સર્વબંધ અંતર તેટલું તેટલું અધિક તેની જઘન્ય સ્થિતિરૂપ પ્રાપ્ત થાય છે.

અનુત્તરવિમાને ઉત્કૃષ્ટ સર્વ બંધાંતર અને દેશબંધાંતર સંખ્યાત સાગરોપમ છે.



કેમકે અનંતકાળ અનુત્તર વિમાનથી ચ્યુત થઈ સંચરતા નથી, તેમ જીવસમાસનો મત છે—

હવે વૈક્રિયશરીર દેશબંધકોનું અલ્પબહુત્વ કહે છે - વૈક્રિય સર્વબંધક કાળના અલ્પત્વથી સૌથી થોડાં છે, અસંખ્યગુણ કાળથી દેશબંધકો તેનાથી અસંખ્યાતગણા છે. સિદ્ધો, વનસ્પત્યાદિ અપેક્ષાએ તેના અબંધકો અનંતગણા છે.

આહારક શરીરપ્રયોગ બંધને આશ્રીને કહે છે — એક પ્રકાર છે. ઔદારિકાદિ બંધવત્ અનેક પ્રકાર નથી. સર્વબંધ એક સમય છે અને દેશબંધ જઘન્ય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત્ત માત્ર છે. કેમકે પછી અવશ્ય ઔદારિક શરીર ગ્રહણ કરે. - x - હવે આહારક શરીર પ્રયોગ બંધના જ અંતરને નિરૂપતા કહે છે — મનુષ્ય આહારક શરીર સ્વીકારે તેના પહેલાં સમયે સર્વબંધક, પછી અંતર્મુહૂર્ત્ત માત્ર રહીને ઔદારિક શરીરમાં જઈને ત્યાં પણ અંતર્મુહૂર્ત્ત રહે, ફરી પણ તેના સંશયાદિથી આહારક શરીર કરવાનું કારણ ઉત્પન્ન થાય, પછી ફરી આહારક શરીર ગ્રહણ કરે ત્યારે પહેલા સમયે સર્વ બંધક થાય. એ રીતે સર્વબંધંતર અન્તર્મુહૂર્ત્ત, બંને અંતર્મુહૂર્ત્તની એકત્વ વિવક્ષાથી આમ કહ્યું.

અનંતકાળે ફરી આહારક શરીર પામે, તેથી ઉત્કૃષ્ટકાળ તે કહ્યો. તેને વિશેષે કહે છે — અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક આદિ૦ તેની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી.

અહીં પુદ્ગલ પરાવર્ત પરિમાણ શું થાય ? દેશન્યૂન અપાર્ધ પુદ્ગલ પરાવર્ત્ત. અપાર્દ્ધ - અડધું. પુદ્ગલ પરાવર્ત્ત પૂર્વે કહ્યું.

દેશ બંધંતર - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી દેશ ન્યૂન અપાર્ધ પુદ્ગલ પરાવર્ત્ત. - x - આહારક શરીરના સર્વબંધક આદિનું અલ્પ બહુત્વ - સૌથી થોડાં આહારકના સર્વબંધકો છે, કેમકે સર્વબંધકાળ થોડો છે, દેશબંધક સંખ્યાતગણા, કેમકે તે કાળનું બહુત્વ છે, મનુષ્યો જ સંખ્યાતા હોવાથી તેઓ અસંખ્યાત ગણા ન થાય. અબંધકો અનંતગણા છે. કેમકે આહારક શરીર માત્ર સંયત મનુષ્યોમાં કેટલાંકને અને કદાચિત્ જ હોય છે. બાકીના કાળે બધાં અબંધક હોય છે. - x - હવે તૈજસ શરીર પ્રયોગ બંધ કહે છે —

● **સૂત્ર-૪૨૬ :-**

***ભગવન્ ! તૈજસ શરીર પ્રયોગ બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. - એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર પ્રયોગ બંધ. - - ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર પ્રયોગબંધ કેટલા ભેદે છે ? આ આલાવા વડે "અવગાહના-સંસ્થાન" મુજબ ભેદો યાવત્ પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય તૈજસ શરીર પ્રયોગબંધ અને અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ૦ યાવત્ બંધ સુધી કહેવા.***

***ભગવન્ તૈજસ શરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! વીર્યસયોગ સદ્દ્રવ્યતાથી યાવત્ આયુને આશ્રીને તૈજસ શરીર પ્રયોગ નામકર્મના***

ઉદયથી આ બંધ થાય.

ભગવન ! તૈજસ શરીર પ્રયોગ બંધ, દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી. - - ભગવન્ ! તૈજસ શરીર પ્રયોગ બંધથી કાળથી કેટલો હોય ? ગૌતમ ! બે ભેદે છે - અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત.

ભગવન્ ! તૈજસ શરીર પ્રયોગ બંધંતર કાળથી કેટલું હોય ? ગૌતમ ! અનાદિ અપર્યવસિત કે અનાદિ સપર્યવસિતને અંતર નથી. - - ભગવન્ ! આ તૈજસ શરીરના બંધકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો તૈજસશરીરના અબંધક છે, દેશબંધક અનંતગણા છે.

● વિવેચન-૪૨૬ :-

તૈજસ શરીરના અનાદિત્વથી સર્વબંધ નથી. કેમકે તેને પહેલાથી પુદ્‌ગલોપાદાન કરેલ છે. આ તૈજસ શરીરબંધ અભવ્યોને અનાદિ અપર્યવસિત છે, ભવ્યોને અનાદિ સપર્યવસિત છે.

તૈજસ શરીર પ્રયોગબંધના અંતરને કહે છે – જેથી સંસારી જીવ તૈજસ શરીરબંધથી બંને રૂપે મુક્ત નથી, ત્યાં સુધી અંતર નથી.

તૈજસ શરીરના દેશબંધકાદિનું અલ્પ બહુત્વ - સૌથી થોડા અબંધકો છે, કેમકે સિદ્ધો જ અબંધક હોય. બધાં સંસારી દેશબંધક હોવાથી તેને અનંતગણા કહ્યા. - - હવે કાર્મણ શરીર પ્રયોગ બંધ –

● સૂત્ર-૪૨૭ :-

ભગવન્ ! કાર્મણ શરીર પ્રયોગબંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! આઠ ભેદે. જ્ઞાનાવરણીય યાવત્ અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગબંધ.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! જ્ઞાનની - પ્રત્યનીકતા, નિહ્નવતા, અંતરાય, પ્રદ્વેષ, આશાતના, વિસંવાદન યોગથી અને જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી આ બંધ થાય છે.

ભગવન્ ! દર્શનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી છે ? ગૌતમ ! દર્શન પ્રત્યનીકતાદિ, જ્ઞાનાવરણીય કર્મમાં કહ્યું તેમ જાણવું. વિશેષ આ – 'દર્શન' શબ્દ કહેવો યાવત્ દર્શનાવરણીય કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી આ બંધ થાય.

ભગવન્! શાતા વેદનીય કાર્મણ શરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયથી છે? ગૌતમ! પ્રાણ-ભૂતાદિની અનુકંપાથી જેમ શતક-૭, ઉદ્દેશા-૧૦માં કહ્યું તેમ યાવત્ અપરિતાપનતાથી, સાતા વેદનીય કાર્મણ શરીર પ્રયોગનામ કર્મથી આ બંધ થાય.

અશાતા વેદનીય પૃચ્છા. ગૌતમ ! બીજાને દુઃખ દેવાથી, બીજાને શોક કરાવવાથી આદિ શતક-૭, ઉદ્દેશા-૧૦ મુજબ૰ પૂર્વવત્.

મોહનીય કાર્મણ શરીર પ્રયોગ પૃચ્છા. ગૌતમ ! તીવ્ર ક્રોધ, માન, માયા,





લોભ, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય વડે મોહનીયકાર્મણ શરીર યાવત્ પ્રયોગબંધ થાય.

ભગવન્ ! નૈરયિકાયુ કાર્મણ શરીર પ્રયોગબંધ પૃચ્છા. ગૌતમ ! મહા આરંભ, મહાપરિગ્રહ, માંસાહાર, પંચેન્દ્રિયના વધથી તથા નૈરયિકાયુ કાર્મણ શરીર પ્રયોગ નામ કર્મોદયથી આ બંધ થાય.

તિર્યચયોનિકાયુ કાર્મણશરીર પ્રયોગ પૃચ્છા. ગૌતમ ! માયા, નિકૃતિ, અલિકવચન, કૂડતુલ-કૂડમાનથી તિર્યંચ યોનિક કાર્મણ શરીર યાવત્ પ્રયોગબંધ થાય. - - મનુષ્યાયુ કાર્મણશરીર પૃચ્છા. ગૌતમ ! પ્રકૃતિભદ્રકતા, પ્રકૃતિ વિનીતતા, દયાળુતા, અમત્સરતાથી મનુષ્યાયુકર્મ યાવત્ પ્રયોગબંધ છે. - - દેવાયુ કાર્મણ શરીર પૃચ્છા. ગૌતમ ! સરાગસંયમ, સંયમાસંયમ, બાળતપોકર્મ, અકામનિર્જરાથી દેવાયુષ્ કાર્મણશરીર યાવત્ પ્રયોગબંધ થાય છે.

શુભનામ કાર્મણશરીર પૃચ્છા. ગૌતમ ! કાય-ભાવ-ભાષાની ઋજુતાથી, અવિસંવાદન યોગથી, શુભ નામકર્મ શરીર યાવત્ પ્રયોગ બંધ થાય. - - અશુભનામ કાર્મણ શરીર પૃચ્છા. ગૌતમ ! કાયા-ભાવ-ભાષાની વક્રતાથી, વિસંવાદના યોગથી, અશુભ નામકર્મ યાવત્ પ્રયોગબંધ થાય છે.

ઉચ્ચગોત્ર કાર્મણ શરીર પૃચ્છા. ગૌતમ ! જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ, ઐશ્વર્યનો મદ ન કરવાથી ઉચ્ચ ગોત્ર કાર્મણ શરીર યાવત્ પ્રયોગબંધ થાય. - - નીચ ગોત્રકાર્મણ શરીર પૃચ્છા. ગૌતમ ! જાતિ, કુળ યાવત્ ઐશ્વર્યનામદથી આ બંધ થાય.

અંતરાયિક કાર્મણ શરીર પૃચ્છા. ગૌતમ ! દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યના અંતરાયથી અને અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગબંધ થાય.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ ? ગૌતમ ! દેશબંધ છે, સર્વબંધ નથી. એ પ્રમાણે યાવત્ અંતરાયિક કાર્મણ શરીર પ્રયોગબંધ જાણવો.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ કાળથી કેટલું હોય ? ગૌતમ ! તે બે ભેદે છે - અનાદિ સપર્યવસિત, કે અનાદિ અપર્યવસિત. એ પ્રમાણે જેમ તૈજસનો સ્થિતિકાળ કહ્યો તેમજ અહીં યાવત્ અંતરાયિક કર્મનો કાળ કહેવો.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ અંતર કાળથી કેટલું હોય ? અનાદિ૰ એ પ્રમાણે તૈજસ શરીરના અંતર માફક કહેવું, એ પ્રમાણે યાવત્ અંતરાયનું કહેવું.

ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના દેશબંધકાદિમાં કોણ કોનાથી યાવત્ વિશેષ છે ? તૈજસ શરીર વત્ અલ્પ બહુત્વ જાણવું, એ પ્રમાણે આયુને વર્જીને યાવત્ અંતરાયનું કહેવું. - - આયુનો પ્રશ્ન. ગૌતમ ! સૌથી થોડા જીવો

*આયુના દેશબધક, અબંધક સંખ્યાતગણા.*

● વિવેચન-૪૨૭ :-

જ્ઞાન-શ્રુતાદિની, તેના અભેદથી જ્ઞાનીની જે પ્રત્યનીકતા-સામાન્યથી પ્રતિકૂળતા. તેના વડે. શ્રુતની, શ્રુતગુરુની જે નિહનવતા-અપલાપ કરવો, તેના વડે. જ્ઞાનના ગ્રહણાદિમાં વિઘ્નરૂપ અંતરાય કરવો, જ્ઞાનમાં, જ્ઞાનીમાં અપ્રીતિ હોવી. જ્ઞાન કે જ્ઞાનીની આશાતના-હેલણા કરવી. જ્ઞાન કે જ્ઞાનીના વ્યભિચાર દેખાડવા માટે પ્રવૃત્તિ કરવી, આ બાહ્ય કારણોથી જ્ઞાનાવરણીય કાર્મણ શરીર બંધ. હવે અંતર કારણ કહે છે — જ્ઞાનાવરણીય હેતુત્વથી, જ્ઞાનાવરણીય લક્ષણ જે કાર્મણ શરીર પ્રયોગ નામકર્મના ઉદયથી (આ બંધ થાય.)

અહીં દર્શન એટલે ચક્ષુર્દર્શનાદિ. તીવ્ર મિથ્યાત્વ વડે. કષાય સિવાયના નોકષાયલક્ષણ ચારિત્ર મોહનીયથી, તીવ્ર ક્રોધાદિ વડે - કષાય ચારિત્ર મોહનીય પૂર્વે કહ્યું છે. महारंभ - અપરિમિત કૃષિ આદિ આરંભ વડે. महानियडिल्लया. निकृति - વંચન અર્થે પ્રવૃત્તિ, અર્થાત્ માયાપ્રચ્છાદન, કોઈ કહે છે — અતિ આદર કરીને બીજાને ઠગવા.

પ્રકૃતિ ભદ્રકતા - સ્વભાવથી બીજાને ન અનુતાપીને, અનુકંપા વડે, માત્સર્ય-બીજાના ગુણોને સહન ન કરવા તે.

શુભનામ-દેવગતિ આદિ. કાયઋજુતા-બીજાને ન ઠગવારૂપ કાયચેષ્ટાથી, ભાવઋજુતા-બીજાને ન ઠગવારૂપ મનોપ્રવૃત્તિ. ભાષાઋજુતા-ભાષામાં આર્જવતાથી. अविसंवादण - અન્ય રીતે પ્રાપ્તને અન્યથા કરવું, તદ્‌રૂપ યોગ-વ્યાપાર તે વિસંવાદન, તો નિષેધથી અવિસંવાદન યોગ, તેના વડે. અહીં કાયઋજુતાદિ ત્રણ વર્તમાનકાળ આશ્રયી છે, અવિસંવાદનયોગ અતીત-વર્તમાનકાળ આશ્રયી છે.

અશુભનામકર્મ-નરકગત્યાદિ. - - કાર્મણ શરીર પ્રયોગ બંધ પ્રકરણ, તૈજસ શરીર પ્રયોગ બંધ પ્રકરણવત્ જાણવું. જે વિશેષ છે, તે કહે છે — આનો આયુબંધ સૌથી થોડો છે કેમકે બંધકાળનું થોડાપણું અને અબંધકાળનું બહુપણું છે. તેનાથી અબંધક સંખ્યાતગણા (શંકા) તેના અબંધકને અસંખ્યાતગણા કેમ ન કહ્યા ? - x - કહે છે — આ સૂત્ર અનંતકાયિકોને આશ્રીને છે. અનંતકાયિકા સંખ્યાતજીવિકા જ છે. તે આયુષ્યબંધક તેના દેશબંધકથી સંખ્યાતગણાં જ થાય. જો અબંધક સિદ્ધાદિ તેમાં મુકીએ તો પણ સંખ્યાતગણાં જ છે. કેમકે સિદ્ધાદિ અબંધક અનંતા હોવા છતાં અનંતકાયિકાયુ બંધકાપેક્ષાથી અનંત ભાગ જ થાય. - x - x - ઔદારિકાદિને બીજા પ્રકારે કહે છે—

● સૂત્ર-૪૨૮ :-

*ભગવન્ ! જે જીવને ઔદારિક શરીરનો સર્વબંધ છે, તે હે ભગવન્ ! વૈક્રિય શરીરનો બંધક છે કે અબંધક ? આહારક શરીરનો બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. તે તૈજસ શરીરનો બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક છે, અબંધક નથી. જો બંધક છે, તો દેશબંધક કે*



*સર્વબંધક ? ગૌતમ ! દેશબંધક છે, સર્વબંધક નથી. કાર્મણ શરીરનો બંધક કે અબંધક ? તૈજસ૦ મુજબ જાણવું.*

*ભગવન્ ! જેને ઔદારિક શરીરનો દેશબંધ છે, તે હે ભગવન્ ! વૈક્રિય શરીરનો બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે સર્વબંધ માફક દેશબંધ પણ કહેવો યાવત્ કાર્મણ.*

*ભગવન્ ! જે વૈક્રિયશરીરનો સર્વબંધક છે. તે ભગવન્ ! ઔદારિક શરીરનો બંધક કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. આહારક શરીર પણ એમજ છે. તૈજસ અને કાર્મણમાં ઔદારિકમાં કહ્યા મુજબ અહીં કહેવું. યાવત્ દેશબંધક છે, સર્વબંધક નથી.*

*ભગવન્ ! જે વૈક્રિયશરીરનો દેશબંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરનો બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે જેમ સર્વબંધ કહ્યો, તેમજ દેશબંધ પણ કાર્મણ સુધી કહેવો.*

*ભગવન્ ! જે આહારક શરીરનો સર્વબંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરના બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક નથી, અબંધક છે. એ રીતે વૈક્રિય પણ કહેવું. તૈજસ, કાર્મણમાં ઔદારિકવત્ કહેવું.*

*ભગવન્ ! જે આહારક શરીરના દેશ બંધક છે, તે ભગવન્ ! ઔદારિક શરીરના૦ ? આહારક શરીરના સર્વબંધક માફક કહેવું. - x -*

*ભગવન્! જે તૈજસ શરીરના દેશબંધક છે, તે ઔદારિક શરીરના બંધક કે અબંધક? ગૌતમ! બંધક કે અબંધક હોય. જો બંધક હોય તો દેશબંધક કે સર્વબંધક? ગૌતમ! બંને હોય. વૈક્રિય શરીરના બંધક કે અબંધક? એ પ્રમાણે જ. એ રીતે આહારક શરીરમાં પણ છે. કાર્મણ શરીરના બંધક કે અબંધક? ગૌતમ! બંધક, અબંધક નહીં. જો બંધક હોય તો દેશબંધક કે સર્વબંધક? ગૌતમ! દેશબંધક છે. સર્વબંધક નથી. ભગવન્! જે કાર્મણ શરીરના દેશબંધક છે, તે ઔદારિક શરીરના? તૈજસની માફક જ કાર્મણની વક્તવ્યતા કહેવી. યાવત્ તૈજસ શરીરના યાવત્ દેશબંધક, સર્વબંધક નહીં.*

● વિવેચન-૪૨૮ :-

એક સમયે ઔદારિક અને વૈક્રિયનો બંધ ન હોય, તેથી 'નોબંધક' કહ્યું. એ રીતે આહારક પણ જાણવું. તૈજસ હંમેશા સાથે રહે છે, માટે દેશબંધકથી બંધક કહ્યા. એ રીતે કાર્મણશરીર પણ છે.

આ પ્રમાણે ઔદારિક સર્વબંધને આશ્રીને બાકીના બંધોને ચિંતવવા આ દંડક કહ્યો. પછી દેશબંધક આશ્રીને કહ્યું. હવે વૈક્રિયના સર્વબંધને આશ્રીને બાકીના બંધની વિચારણાનો દંડક છે. તેમાં ઔદારિક શરીર સર્વબંધકનો તૈજસ-કાર્મણનું દેશબંધકત્વ કહ્યું. તેમ વૈક્રિયશરીરનું પણ સર્વબંધક-દેશબંધકત્વ કહેવું. - x -

તૈજસ દેશબંધક દંડકે ઔદારિક શરીરનો બંધક કે અબંધક કહ્યો. તેમાં વિગ્રહગતિમાં અબંધક, અવિગ્રહમાં ફરી બંધક. તે ઉત્પત્તિ ક્ષેત્રે પ્રથમ સમયે સર્વબંધક,

પછી દેશબંધક. એ રીતે કાર્મણ શરીરમાં પણ જાણવું. - - હવે ઉક્ત વિષયમાં અલ્પ બહુત્વ કહે છે —

● સૂત્ર-૪૨૯ :-

*ભગવન્ ! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ શરીરના દેશબંધક, સર્વબંધક, અબંધકમાં કોન કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો આહારક શરીરના સર્વબંધક છે, તેના દેશબંધક સંખ્યાતગણા, વૈક્રિયશરીરી સર્વબંધક અસંખ્યાતગણા, તેના જ દેશબંધકો અસંખ્યાતગણા, તૈજસ-કાર્મણ બંનેના તુલ્ય, અબંધક અનંતગણા, ઔદારિકશરીરી સર્વબંધક અનંતગુણા, તેના જ અબંધક વિશેષાધિક, તેના જ દેશબંધક અસંખ્યાતગણા, તૈજસ-કાર્મણના દેશબંધક વિશેષાધિક, વૈક્રિય શરીરી અબંધક વિશેષાધિક, આહારકશરીરી અબંધક વિશેષાધિક, - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૪૨૯ :-

સૌથી થોડા આહારક શરીરના સર્વબંધક છે, કેમકે ચૌદ પૂર્વધરો જ તેવા કોઈ પ્રયોજનથી કરે છે. સર્વબંધકાળ સમય જ છે, દેશબંધકાળના બહુત્વથી દેશબંધકો સંખ્યાતગણા છે, વૈક્રિય શરીરના સર્વબંધક અસંખ્યાતગણા છે, તેના જ દેશબંધકો અસંખ્યાતગણા છે, કેમકે સર્વબંધાપેક્ષાએ દેશબંધાદ્ધાથી અસંખ્ય ગુણત્વ છે. અથવા સર્વબંધક પ્રતિપદ્યમાનક છે, દેશબંધક પૂર્વ પ્રતિપન્ન છે. વૈક્રિય સર્વબંધકથી દેશબંધક અસંખ્યાતગણા છે.

તૈજસ-કાર્મણના અબંધક અનંતગણા છે. કેમકે સિદ્ધો વૈક્રિય દેશબંધકથી અનંતગણા છે. - x - ઔદારિક શરીરના સર્વ બંધકો અનંતગણા છે, તે વનસ્પતિ આદિને આશ્રીને કહેવા. તેના જ અબંધક વિશેષાધિક છે. આમાં વિગ્રહગતિક અને સિદ્ધાદિ હોય છે. તેમાં સિદ્ધાદિની અત્યંત અલ્પત્વથી આ વિવક્ષા છે વિગ્રહગતિક કહેવાનાર ન્યાયથી સર્વબંધકથી ઘણાં છે, માટે તેના અબંધકો વિશેષાધિક છે. તેનાથી ઔદારિક દેશબંધકો અસંખ્યાતગણા છે.

તૈજસ-કાર્મણના દેશબંધક વિશેષાધિક છે. કેમકે બધાં પણ સંસારી તૈજસ-કાર્મણના દેશબંધક હોય છે. તેમાં જે વિગ્રહગતિક ઔદારિક સર્વબંધક અને વૈક્રિયાદિ બંધક તે ઔદારિક દેશ બંધકથી અતિરિક્ત હોવાથી વિશેષાધિક છે. વૈક્રિય શરીરના અબંધકો વિશેષાધિક છે. કેમકે વૈક્રિયના બંધકો દેવ અને નારકો છે, બાકીના તેના અબંધક છે. તેમાં સિદ્ધો તૈજસાદિ બંધકથી અતિરિક્ત છે, તેથી તે વિશેષાધિક કહ્યા. આહારક શરીરના અબંધક વિશેષાધિક છે કેમકે મનુષ્યોને જ આહારક શરીર હોય છે. - x -

** [વૃત્તિકાર શ્રીએ અહીં અલ્પબહુત્વ અધિકારમાં ૩૬-ગાથાઓની વૃત્તિમાં નોંધ કરી છે ત્યારપછી આ ૩૬-ગાથાને સ્પષ્ટ કરવા વૃત્તિ પણ રચી છે. અમોએ મૂળ ગાથાનો અક્ષરશઃ અનુવાદ અહીં કરેલ નથી, પણ તેની વૃત્તિનો અનુવાદ કર્યો છે, તથા આવશ્યકતા લાગે ત્યાં મૂળ ગાથાનો અર્થ ઉમેરેલ છે. જિજ્ઞાસુઓને મૂળ વૃત્તિ જોવા વિનંતી.]*



અહીં ઔદારિક સર્વબંધાદિના અલ્પત્વાદિ ભાવનાર્થે સર્વબંધાદિ સ્વરૂપ કહે છે — અહીં ઋજુગતિ વડે, વિગ્રહગતિ વડે ઉત્પન્ન થતાં એવા જીવોને ઉત્પત્તિ ક્ષેત્રની પ્રાપ્તિના પ્રથમ સમયે સર્વબંધ થાય છે. બીજા વગેરે સમયમાં દેશબંધ થાય છે. ‘‘સિદ્ધ આદિ’’ — અહીં આદિ શબ્દથી વૈક્રિયાદિ બંધકોના અને જીવોના ઔદારિકનો અબંધ છે. અહીં સિદ્ધાદિના બંધકત્વ છતાં પણ અત્યંત અલ્પત્વથી વિવક્ષા ન કરીને વૈગ્રહિકોને આશ્રીને જ સર્વબંધકોથી અબંધક વિશેષાધિક કહ્યા છે.

તેથી જ કહે છે — સાધારણમાં પણ સર્વબંધ ભાવથી સર્વબંધકો સિદ્ધો કરતા અનંતગણા છે. એ પ્રમાણે છે, તેથી સિદ્ધો તેના અનંત ભાગે વર્તે છે. જો સિદ્ધો પણ તેના અનંતભાગે વર્તે છે તો સારી રીતે વૈક્રિય બંધકાદિ સમજી જ શકાય છે. તેથી તેમને છોડીને સિદ્ધ પદ જ કહેવું.

હવે સર્વબંધકોના અને અબંધકોના સમઅભિધાન પૂર્વક અબંધકોના વિશેષાધિકત્વને જણાવવા કહે છે — ઋજુ લાંબી ગતિમાં સર્વબંધકો પહેલા સમયે હોય છે, એ રીતે તેમની એક રાશિ છે. એકવક્રતાથી જે ઉત્પન્ન થાય છે, તેઓમાં જે પહેલા સમયે તેઓ અબંધક, બીજા સમયે સર્વબંધક, તેઓની બીજી રાશિ છે. તે એક વક્ર નામે બીજી ગતિમાં ઉત્પન્ન થનારાના અર્દ્ધરૂપ થાય છે. બે વક્ર ગતિ વડે જે ઉત્પન્ન થાય છે, તેઓ પહેલા બે સમયમાં અબંધક અને ત્રીજા સમયે સર્વબંધક છે. આ સર્વબંધકોની ત્રીજી રાશિ. તે દ્વિવક્ર નામે ત્રીજી ગતિમાં ઉત્પન્ન થનારના ત્રિભાગરૂપ હોય છે. - x - આ પ્રમાણે સર્વબંધકોની ત્રણ રાશિઓ છે. અબંધકોની ત્રણ જ રાશિ છે. સમયભેદથી રાશિભેદ છે. એ પ્રમાણે તે રાશિપ્રમાણ તુલ્ય જો કે થાય છે, તો પણ સંખ્યા પ્રમાણથી અબંધકો અધિક હોય છે. તે આ પ્રમાણે —

જે એક સમયિક છે, તે ઋજુ ગતિથી ઉત્પદ્યમાન છે. તેઓ એક સાધારણ શરીરમાં લોક મધ્યે સ્થિત રહીને છ એ દિશામાં અનુશ્રેણિથી આવે છે. જે દ્વિસમયિક છે, તે એક જ વક્ર ગતિથી ઉત્પદ્યમાન છે. તે ત્રીજા. પ્રતરથી આવે છે. કેમકે વિદિશાથી વક્રગતિએ આગમન છે. પ્રતરનું સ્વરૂપ હવે કહેશે. જે ત્રિસમયિક જ તે ત્રણ સમયાં બે વક્રગતિથી ઉત્પદ્યમાન છે તેઓ બાકીના લોકથી આવે છે. — પ્રતર પ્રરૂપણા કહે છે —

લોક મધ્યગત એક નિગોદને આશ્રીને તિર્છા આવતા ચારે દિશામાં પ્રતર કલ્પવામાં આવે છે. વિવક્ષિત નિગોદ ઉત્પાદ કાલોચિત અવગાહના બાહલ્ય જ. ઉર્ધ્વ-અધોલોકાંત ગત, પૂર્વ-પશ્ચિમ લાંબા, દક્ષિણ-ઉત્તર લાંબા બે પ્રતરો છે.

હવે અધિકૃત અલ્પબહુત્વ-જે જીવો ત્રિપ્રતરિક છે, એક વક્રગતિથી ઉત્પત્તિવાળા છે, તેઓ ઋજુ ગતિથી છ દિશાથી અસંખ્યગણા હોય છે, બાકીના જે ત્રિસમયિક, શેષ લોકથી આવે છે, તે પણ અસંખ્યાત ગણા છે. કઈ રીતે ? ક્ષેત્ર અસંખ્યગુણિતત્વથી. જેથી છ દિશાક્ષેત્રથી ત્રિપ્રતર અસંખ્યાતગુણ છે, તેથી પણ શેષલોક છે. — તેથી કેમ ? - કેમકે આ સૂત્ર બે વક્રગતિને આશ્રીને છે.

પહેલા ઋજુગતિ ઉત્પન્ન સર્વબંધક રાશિ સહસ્ર પરિકલ્પિત. કેમકે ક્ષેત્રની અલ્પતા છે. બે સમય ઉત્પન્નની બે રાશિ, એક અબંધકની, બીજી સર્વબંધકની. તે

પ્રત્યેકનું લક્ષ પ્રમાણ છે. કેમકે તેનું ક્ષેત્ર બહુતર છે. જેઓ ત્રણ સમયે ઉત્પન્ન થાય છે, તેમની ત્રણ રાશિ છે. તેમાં પહેલા બે સમય અબંધક બે રાશિ, ત્રીજી સર્વબંધક રાશિ. તે ત્રણે પ્રત્યેક કોટિ પ્રમાણ છે કેમકે તેનું ક્ષેત્ર ઘણું વધારે છે. એ રીતે ત્રણ રાશિમાં સર્વબંધકો હજાર - લાખ - કરોડ છે, એ પ્રમાણે સૌથી થોડાં છે. અબંધકો લાખ-કરોડ બે છે, એ પ્રમાણે તેઓ વિશેષાધિક છે.

આ બંને ગાથા વડે ઉદ્વર્તના કહેવાથી વિગ્રહ સમય સંભવે છે. અંતર્મુહૂર્ત્ત પછી અને પરિવર્તના કહેવાથી નિગોદ સ્થિતિ સમયમાન કહ્યું. તેનો આ અર્થ છે—

તે વૈક્રિય બંધકોના સર્વબંધકો કહી, જે બાકીના તે સર્વે વૈક્રિયના દેશબંધક થાય, - x - વૈક્રિય સર્વ-દેશબંધક વર્જીને બાકીના જીવો ઔદારિક બંધક અને દેવાદિ વૈગ્રહિક છે.

આહારકબંધ વર્જીને સર્વે જીવો અબંધક છે, એ આહારક બંધ સ્વરૂપ કહ્યું. તેઓ પૂર્વના કરતા અનંતગણા હોય છે.

એક અસંખ્યભાગ નિગોદ જીવોનો હંમેશાં ઉદ્વર્તે છે, તે બદ્ધાયુષ્ક જ છે, તે સિવાયનાની ઉદ્વર્તનાનો અભાવ છે. તે સિવાયના જે બાકીના તે અબદ્ધાયુષ છે, તેઓ તે અપેક્ષાએ અસંખ્યાતગણા જ છે, તેથી આયુષ્યકબંધક અસંખ્યગણા છે.

અહીં કહે છે — નિગોદજીવોને ભવકાળ અપેક્ષાથી આયુબંધકાળ, સંખ્યાતભાગ વૃત્તિથી અબંધકા સંખ્યાતગણા છે. તે જ કહે છે — નિગોદજીવોનો સ્થિતિકાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે તે કલ્પનાથી લાખ સમય, તેમાં આયુબંધકાળથી અંતર્મુહૂર્ત્ત માનથી કલ્પનાથી સહસ્રલક્ષણ સમયથી ભાગ કરીને જે પ્રાપ્ત થાય તે કલ્પનાથી સો રૂપ છે. આટલા આયુબંધક છે. બાકીના જીવો અબંધક છે. તેમાં લાખની અપેક્ષાથી સો એ સંખ્યાતમો ભાગ છે, તેથી બંધક કરતાં અબંધકો સંખ્યાતગણા હોય છે. - x - અહીં બંધ પ્રકરણ સમાપ્ત થયું.

## ❁ શતક-૮, ઉદ્દેશો-૧૦-'આરાધના' ❁

— x — x — x — x —

ઉદ્દેશા-૯-માં બંધાધ્યના અર્થો કહ્યા. તેને શ્રુતશીલ સંપન્ન પુરુષો વિચારે છે. શ્રુતાદિ સંપન્નાદિ પદાર્થોની વિચારણા —

**● સૂત્ર-૪૩૦ :-**

***રાજગૃહનગરે યાવત્ આ પ્રમાણે કહ્યું — હે ભગવન્! અન્યતીર્થિકો યાવત્ આ પ્રમાણે પ્રરૂપે છે — (૧) શીલ જ શ્રેય છે, (૨) શ્રુત જ શ્રેય છે, (૩) શ્રુત શ્રેય છે, (૪) શીલ શ્રેય છે. ભગવન્! આ કઈ રીતે સંભવે? — હે ગૌતમ! જે તે અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ તેઓ મિથ્યા કહે છે, હે ગૌતમ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપણા કરું છું કે — એ પ્રમાણે મેં ચાર પુરુષો કહ્યા—***

***— તે આ — ૧- એક શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં, ૨-શ્રુતસંપન્ન પણ શીલસંપન્ન નહીં, ૩-શીલસંપન્ન અને શ્રુત સંપન્ન, ૪-શીલસંપન્ન નહીં અને શ્રુતસંપન્ન નહીં. તેમાં જે પહેલો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન્ છે, પણ શ્રુતવાન્ નથી,***



***તે ઉપરત છે, પણ અવિજ્ઞાત ધર્મા છે. તેને ગૌતમ ! હું દેસ આરાધક કહું છું.***

***તેમાં જે બીજો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન્ નથી, પણ શ્રુતવાન્ છે. તે અનુપરત, વિજ્ઞાતધર્મા છે. ગૌતમ ! તેને મેં દેશવિરાધક કહ્યો છે. તેમાં જે ત્રીજો પુરુષજાત છે, તે પુરુષ શીલવાન્ અને શ્રુતવાન્ છે. તે ઉપરત, વિજ્ઞાત ધર્મા છે. હે ગૌતમ ! એ પુરુષને મેં સર્વારાધક કહ્યો છે. તેમાં જે ચોથો પુરુષ જાત છે, તે શીલવાન્ નથી, શ્રુતવાન્ નથી. તે અનુપરત, અવિજ્ઞાતધર્મા છે. ગૌતમ ! આ પુરુષને મેં સર્વવિરાધક કહ્યો છે.***

**● વિવેચન-૪૩૦ :-**

શીલ જ શ્રેય છે, શ્રુત જ શ્રેય છે, શીલ શ્રેય છે, શ્રુત શ્રેય છે. તેની ચૂર્ણિ અનુસાર વ્યાખ્યા - લોકસિદ્ધ ન્યાયે નિશ્ચયથી આ અન્યતીર્થિકો કોઈક ક્રિયા માત્રથી જ અભિષ્ટ અર્થની સિદ્ધિ ઈચ્છે છે, જ્ઞાનનું કંઈ પણ પ્રયોજન નથી. કેમકે તે ચેષ્ટારહિત છે. - x - કહ્યું છે કે — ક્રિયા જ પુરુષને ફળદાયી છે, જ્ઞાન ફળદાયી નથી, જેમ સ્ત્રી અને ભક્ષ્યના ભોગનો જ્ઞાતા, માત્ર જ્ઞાનથી સુખી થતો નથી. તથા જેમ ચંદનના ભારને વહેતો ગધેડો ચંદનનો ભાગી થતો નથી, તેમ ચારિત્ર વિનાનો જ્ઞાની, જ્ઞાનના ભારથી સુગતિ પામતો નથી.

તેઓ પ્રરૂપે છે કે — શીલ શ્રેય છે, પ્રાણાતિપાતાદિથી વિરમણ, અધ્યયન-ધ્યાનાદિરૂપ ક્રિયા જ અતિ પ્રશસ્ય, શ્લાઘ્ય પુરુષાર્થ સાધકત્વથી છે. અથવા પુરુષાર્થ વિશેષાર્થીનો આશ્રય કરે છે. બીજા જ્ઞાનથી જ ઈષ્ટાર્થની સિદ્ધિ ઈચ્છે છે, ક્રિયાથી નહીં. જ્ઞાનરહિતને ક્રિયાવાન્ હોવા છતાં સિદ્ધિ નથી. કહ્યું છે કે — પુરુષોને વિજ્ઞાન ફળદાયી છે, ક્રિયા ફળદાયી નથી, મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્તને ફળનો વિસંવાદ છે તથા પહેલું જ્ઞાન, પછી દયા, જ સર્વ સંયતોમાં રહે છે. અજ્ઞાની શું કરી શકે ? પાપ કે પુન્યને શું જાણે ? તેથી તેઓ પ્રરૂપે છે કે શ્રુતજ્ઞાન જ અતિ પ્રશસ્ય કે પુરુષાર્થ સિદ્ધિ હેતુથી આશ્રણીય છે, શીલ નહીં.

બીજા વળી જ્ઞાન-ક્રિયા વડે અન્યોન્ય નિરપેક્ષતાથી ફળને ઈચ્છે છે. ક્રિયારહિત જ્ઞાન કે ઉપસર્ગ રૂપ ક્રિયા ફળ આપે છે. ક્રિયા પણ જ્ઞાનરહિત હોય તો ઉપસર્ગરૂપ જ્ઞાન ફળ આપે છે. કહ્યું છે — કોઈ પાત્ર વેદમય છે, કોઈ પાત્ર તપોમય છે. જે પાત્ર તારે તે પાત્રનો આગમ કરવો. તેથી તેઓ પ્રરૂપે છે કે શ્રુત અને શીલ શ્રેય છે. કેમકે તે બંને પણ પ્રત્યેક પુરુષને પવિત્રતાનું કારણ છે.

બીજા કહે છે — મુખ્ય વૃત્તિએ શીલ શ્રેય છે, ગૌણ વૃત્તિથી શ્રુતજ્ઞાન શ્રેય છે, કેમકે તેનું ઉપકારીપણું છે. આ એકીકૃત મત છે બીજાના મતે શ્રુત શ્રેય છે, ગૌણ વૃત્તિથી શીલ પણ શ્રેય છે કેમકે તેનું ઉપકારીપણું છે - x - આમાં પહેલી વ્યાખ્યામાં અન્યતીર્થિક મતનું મિથ્યાત્વ છે. પૂર્વોક્ત ત્રણે પક્ષ ફળ સિદ્ધિ નથી, સમુદાય પક્ષની જ ફળસિદ્ધિ કરણત્વ છે. કહ્યું છે — જ્ઞાન પ્રકાશક છે, તપ શોધક અને સંયમ ગુપ્તિકર છે, ત્રણેના સંયોગમાં જિનશાસને મોક્ષ કહ્યો છે. તપ-સંયમ એ જ શીલ છે. તથા સંયોગ સિદ્ધિથી ફળ કહ્યું છે, કેમકે એક ચક્ર વડે રથ ચાલતો નથી. વનમાં (આગ લાગી ત્યારે) આંધળો-પાંગળો ભેગા થઈને નગરમાં પ્રવેશ્યા.

બીજા વ્યાખ્યાન પક્ષે પણ મિથ્યાત્વ છે, કેમકે સંયોગથી ફળ સિદ્ધિ દેખાય છે. એક-એકની પ્રધાનતાથી વિવક્ષા અસંગત છે.

હે ગૌતમ ! હું આ રીતે વ્યાખ્યા યાવત્ પ્રરૂપણા કરું છું કે અહીં શ્રુતયુક્ત શીલ શ્રેય છે. કઈ રીતે ? કહે છે — કહેવાનાર ન્યાયે. पुरुषजात - પુરુષ પ્રકાર. શીલવાન્, અશ્રુતવાન્. શું અર્થ છે ? સ્વબુદ્ધિ વડે પાપથી નિવૃત્ત, ભાવથી શ્રુતજ્ઞાનને ન જાણતો-બાળ તપસ્વી. ગીતાર્થની નિશ્રાએ તપ-ચરણ રત એવો અગીતાર્થ.

देस - થોડો, આંશિક મોક્ષમાર્ગને આરાધે છે. કેમકે તે સમ્યગ્ બોધરહિત છે અને ક્રિયામાં રત છે.. અશીલવાન્-શ્રુતવાન્નો અર્થ શું છે ? પાપથી અનિવૃત્ત, ધર્મનો જ્ઞાતા. તે અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ છે. તે થોડો કે આંશિક જ્ઞાનાદિત્રયરૂપ મોક્ષમાર્ગના ત્રીજા ભાગરૂપ ચારિત્રને વિરાધે છે, તે પ્રાપ્ત કે અપ્રાપ્તનું પાલન કરતો નથી માટે દેશવિરાધક... ત્રણે પ્રકારે પણ મોક્ષમાર્ગને આરાધે છે માટે સર્વ આરાધક. શ્રુત શબ્દથી જ્ઞાન-દર્શનનો સંગ્રહ કર્યો છે.. તત્ત્વથી મિથ્યાદૃષ્ટિ, ધર્મનો જ્ઞાતા થતો નથી. આ કારણે સમુદિત એવા શીલ-શ્રુતને શ્રેયસ્કર કહ્યા છે.

હવે આરાધનાને જ ભેદથી કહે છે —

● સૂત્ર-૪૩૧ :-

*ભગવન્! આરાધના કેટલા ભેદે છે? ગૌતમ! ત્રણ ભેદે છે. તે આ — જ્ઞાનારાધના, દર્શનારાધના, ચારિત્રારાધના. - - ભગવન્! જ્ઞાનારાધના કેટલા ભેદે છે? ગૌતમ! ત્રણ ભેદે. તે આ — ઉત્કૃષ્ટા, મધ્યમા, જઘન્યા. - - ભગવન્! દર્શનારાધના? એ રીતે ત્રણ ભેદ જ છે. ચારિત્રારાધના પણ એ પ્રમાણે જ છે.*

*ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના, તેને ઉત્કૃષ્ટા દર્શનારાધના અને જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના, તેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના છે ? ગૌતમ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના છે, તેને દર્શનારાધના ઉત્કૃષ્ટા કે મધ્યમા છે અને જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના, તેને જ્ઞાનારાધના ઉત્કૃષ્ટા કે મધ્યમા છે. - - ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના તેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના. જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના તેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના છે ? જેમ ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના અને દર્શનારાધના કહી, તેમ ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના અને ચારિત્રારાધના કહેવી.*

*ભગવન્ ! જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના, તેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના, જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના તેને ઉત્કૃષ્ટા દર્શનારાધના છે ? ગૌતમ ! જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના, તેને ચારિત્રારાધના ઉત્કૃષ્ટા, મધ્યમા કે જઘન્યા હોય. જેને ઉત્કૃષ્ટા ચારિત્રારાધના તેને દર્શનારાધના નિયમા ઉત્કૃષ્ટા હોય.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના આરાધીને કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે ? ગૌતમ ! કેટલાંક તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે, કેટલાંક બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે. કેટલાંક કલ્પોપપન્ન કે કલ્પાતીતમાં જાય.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટા દર્શનારાધના આરાધીને કેટલા ભવગ્રહણથી ? પૂર્વવત્. - - ભગવન્ ! ઉત્કૃષ્ટા ચારિત્રારાધના આરાધીને ? પૂર્વવત્. વિશેષ એ કે કેટલાંક કલ્પાતીતમાં ઉપજે છે.*



*ભગવન્! મધ્યમા જ્ઞાન આરાધના આરાધીને કેટલા ભવગ્રહણ થકી સિદ્ધ થાય યાવત્ અંત કરે? ગૌતમ! કેટલાંક બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે. ફરી ત્રીજો ભવ અતિક્રમતા નથી. - - ભગવન્! મધ્યમા દર્શનારાધના આરાધીને? પૂર્વવત્. એ પ્રમાણે મધ્યમા ચારિત્રારાધનામાં પણ જાણવું.*

*ભગવન્ ! જઘન્યા જ્ઞાનારાધના આરાધીને કેટલા ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાંક ત્રણ ભવગ્રહણ થકી સિદ્ધ થાય યાવત્ અંત કરે. પણ સાત-આઠ ભવગ્રહણને અતિક્રમતા નથી. એ પ્રમાણે દર્શનારાધના, ચારિત્રારાધના જાણવી.*

● વિવેચન-૪૩૧ :-

आराहणा - નિરતિચારપણે અનુપાલના, તેમાં જ્ઞાન પાંચ પ્રકારે અથવા શ્રુત, તેની કાળ આદિ ઉપચારકરણરૂપ આરાધના. दर्शन - સમ્યક્ત્વ, તેની આરાધના-નિશંકિતપણું આદિ તેના આચારની અનુપાલના. चारित्र - સામાયિકાદિની નિરતિચાર આરાધના. ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના, જ્ઞાનકૃત્ય અનુષ્ઠાનોમાં પ્રકૃષ્ટ પ્રયત્નતા. તેમાં મધ્યમ પ્રયત્ન, તે મધ્યમાં. તેમાં અલ્પ પ્રયત્ન, તે જઘન્યા. એ પ્રમાણે દર્શનારાધના અને ચારિત્રારાધના જાણવી.

હવે ઉક્ત આરાધના ભેદોના પરસ્પર ઉપનિબંધને જણાવતા કહે છે — જઘન્ય અને ઉત્કર્ષ એવી તે જઘન્યોત્કર્ષા, તેના નિષેધથી અજઘન્યોત્કૃષ્ટા અર્થાત્ મધ્યમા. ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના વાળો જ આદ્ય દર્શનારાધનમાં હોય તથા સ્વભાવથી બીજી ન હોય.

ઉત્કૃષ્ટ દર્શન આરાધનાવાળાને જ જ્ઞાન પ્રત્યે ત્રણ પ્રકારે પણ પ્રયત્નનો સંભવ છે. ત્રણે પ્રકારે તે આરાધનાની ભજના છે.

ઉત્કૃષ્ટ જ્ઞાન-ચારિત્ર આરાધના સંયોગ સૂત્રમાં-જેને ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના, તેને ચારિત્રારાધના ઉત્કૃષ્ટા કે મધ્યમા હોય, ઉત્કૃષ્ટ જ્ઞાનારાધનાવાળા જ ચારિત્ર પ્રતિ તેના સ્વભાવથી અલ્પતમ પ્રયત્નવાળા થતાં નથી. ઉત્કૃષ્ટ ચારિત્રારાધના-વાળાને જ્ઞાન પ્રતિ ત્રણે પ્રયત્નો ભજનાએ હોય છે. તેનો સૂત્રમાં અતિદેશ કર્યો છે.

ઉત્કૃષ્ટ દર્શન-ચારિત્ર આરાધના સંયોગ સૂત્રમાં-જેને ઉત્કૃષ્ટા દર્શનારાધના છે, તેને ચારિત્રારાધના ત્રણે પણ ભજનાએ છે. ઉત્કૃષ્ટ દર્શનારાધનાવાળો જ ચારિત્ર પ્રતિ પ્રયત્નમાં ત્રણેમાં પણ અવિરુદ્ધ હોય છે. ઉત્કૃષ્ટા ચારિત્રારાધનામાં ઉત્કૃષ્ટા દર્શનારાધના હોય જ. કેમકે પ્રકૃષ્ટચારિત્ર, પ્રકૃષ્ટ દર્શનનું અનુગત હોય.

હવે આરાધના ભેદનું ફળ દર્શાવતા કહે છે — ઉત્કૃષ્ટા જ્ઞાનારાધના આરાધીને તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટા ચારિત્ર આરાધનાના સદ્ભાવે સૌધર્માદિ દેવલોકોપક દેવો મધ્યે ઉત્પન્ન થાય છે. મધ્યમા ચારિત્રારાધનાના સદ્ભાવે ગ્રૈવેયકાદિમાં ઉત્પન્ન થાય છે. મધ્યમોત્કૃષ્ટ ચારિત્રારાધન સદ્ભાવે એમ જ છે. ઉત્કૃષ્ટા દર્શનારાધનાથી તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય છે. અર્થાત્ તેની તે જ ભવે સિદ્ધિ થાય છે. ચારિત્રારાધનામાં તેમાં ઉત્કૃષ્ટ અને મધ્યમા કહેવાથી આમ કહ્યું છે.

ઉત્કૃષ્ટા ચારિત્રારાધનાથી પણ તે જ ભવે સિદ્ધ થાય. માત્ર કેટલાંક 'કલ્પોપકમાં જાય' અહીં તે ન કહેવું ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાવાળા સૌધર્માદિ કલ્પમાં ન જાય, તેમ કહેવું. સિદ્ધિ ગમન અભાવે તેમનું અનુત્તરમાં ગમન થાય છે. - x -

મધ્યમ જ્ઞાનારાધના સૂત્રમાં મધ્યમત્વ જ્ઞાનારાધના આશ્રીને તે જ ભવે નિર્વાણનો અભાવ છે. ભાવમાં ઉત્કૃષ્ટ અવશ્ય હોવું જોઈએ, એમ જાણવું. અન્યથા નિર્વાણ પ્રાપ્તિ ન થાય. અધિકૃત્ મનુષ્ય ભવ અપેક્ષાએ, બીજા મનુષ્ય ભવથી કે ત્રીજા મનુષ્ય ભવથી થાય. આ ચારિત્રારાધના સંવલિત જ્ઞાનારાધનાની વિવક્ષા કરી.

જઘન્યારાધનાને આશ્રીને કેમ અન્યથા કહે છે? સાત-આઠ ભવ ગ્રહણને અતિક્રમતો નથી. કેમકે ચારિત્રારાધનાનું જ આ ફળ કહ્યું છે – જેમકે કહ્યું છે કે – "ચારિત્રમાં આઠ ભવ." શ્રુત, સમ્યક્ત્વ, દેશવિરતિમાં અસંખ્યાત ભવો કહ્યા છે. તેથી ચારિત્ર આરાધના રહિત જ્ઞાનદર્શનારાધના અસંખ્યાત ભાવવાળી પણ થાય, માત્ર આઠ ભવવાળી જ નહીં. - - જીવ પરિણામ કહ્યા, હવે પુદ્‌ગલના–

● સૂત્ર-૪૩૨ :-

*ભગવન્! પુદ્‌ગલ પરિણામ કેટલા ભેદે છે? ગૌતમ! પાંચ ભેદે છે – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન પરિણામ. - - વર્ણ પરિણામ કેટલા ભેદે છે? ગૌતમ! પાંચ ભેદે - કાળા યાવત્ શુક્લ વર્ણ પરિણામ. - - આ આલાવા વડે ગંધપરિણામ બે ભેદે, રસ પરિણામ પાંચ ભેદે, સ્પર્શ પરિણામ આઠ ભેદે છે. - - ભગવન્! સંસ્થાન પરિણામ કેટલા ભેદે છે? ગૌતમ! પાંચ ભેદે છે. તે આ - પરિમંડલ સંસ્થાન પરિણામ યાવત્ આયત સંસ્થાન પરિણામ.*

● વિવેચન-૪૩૨ :-

જે પુદ્‌ગલો એક વર્ણને ત્યાગીને બીજા વર્ણમાં જાય, તે વર્ણ પરિણામ. એ પ્રમાણે બધે જાણવું. પરિમંડલ સંસ્થાન વલયાકાર છે. યાવત્ શબ્દથી વૃત્ત, ત્ર્યંસ, ચતુરસ્ર સંસ્થાન પરિણામ જાણવા.

● સૂત્ર-૪૩૩,૪૩૪ :-

*[૪૩૩] ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયનો એક પ્રદેશ શું દ્રવ્ય છે ?, દ્રવ્યદેશ છે, દ્રવ્યો છે, દ્રવ્યદેશો છે, દ્રવ્ય અને દ્રવ્યદેશ છે, દ્રવ્યો અને દ્રવ્યદેશ છે, દ્રવ્યો અને દ્રવ્યદેશો છે, દ્રવ્ય અને દ્રવ્યદેશો છે ?*

*ગૌતમ ! કથંચિત્ દ્રવ્ય છે, કથંચિત્ દ્રવ્ય દેશ છે, પણ દ્રવ્યો, દ્રવ્યદેશો, યાવત્ દ્રવ્યો-દ્રવ્યદેશો નથી.*

*ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો શું દ્રવ્ય છે ? દ્રવ્ય દેશ છે ? પ્રશ્ન-પૂર્વવત્. ગૌતમ ! કથંચિત્ દ્રવ્ય, કથંચિત્ દ્રવ્યદેશ કથંચિત્ દ્રવ્યો, કથંચિત્ દ્રવ્યદેશો છે, એ રીતે પાંચ ભંગો કહેવા. છઠ્ઠો નથી.*

*ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો શું દ્રવ્ય છે ? દ્રવ્યદેશ છે ? પ્રશ્ન. ગૌતમ ! કથંચિત્ દ્રવ્ય છે. આદિ સાત ભંગ કહેવા. યાવત્ કથંચિત્ દ્રવ્યો અને દ્રવ્ય દેશ છે. આઠમો ભંગ નથી.*

*ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના ચાર પ્રદેશો શું દ્રવ્ય છે ? ગૌતમ !*



*કથંચિત્ દ્રવ્ય છે, આદિ આઠે ભાંગા કહેવા. યાવત્ કથંચિત્ દ્રવ્યો અને દ્રવ્યદેશો. જે રીતે ચાર કહ્યા, એ રીતે પાંચ, છ, સાત યાવત્ અસંખ્ય કહેવા. - - પુદ્‌ગલાસ્તિકાયના અનંત પ્રદેશો શું દ્રવ્ય છે ? પૂર્વવત્ યાવત્ આઠે ભંગો કહેવા.*

*[૪૩૪] ભગવન્! લોકાકાશ પ્રદેશો કેટલા કહ્યા છે? ગૌતમ! અસંખ્યાત. ભગવન્! એક-એક જીવના કેટલા જીવપ્રદેશો કહ્યા છે? ગૌતમ! જેટલા લોકાકાશ પ્રદેશ છે, તેટલા (પ્રમાણમાં) એક-એક જીવના જીવપ્રદેશો કહ્યા છે.*

● વિવેચન-૪૩૩,૪૩૪ :-

પુદ્‌ગલાસ્તિકાય - એક અણુકાદિ પુદ્‌ગલરાશિ, પ્રદેશનિરઅંશ એવો અંશ. પુદ્‌ગલાસ્તિકાયપ્રદેશ - પરમાણું. દ્રવ્ય - ગુણ, પર્યાયયોગિ. દ્રવ્યપ્રદેશ - દ્રવ્યના અવયવ. એ રીતે એકત્વ-બહુત્વ વડે પ્રત્યેક ચાર વિકલ્પો છે. દ્વિક સંયોગા પણ ચાર છે એમ પ્રશ્ન-ઉત્તર છે - બીજા દ્રવ્ય સંબંધથી કથંચિત્ દ્રવ્ય છે, કથંચિત્ દ્રવ્યદેશ છે. બાકીના વિકલ્પોનો નિષેધ છે. પરમાણુના એકત્વથી બહુત્વના દ્વિકસંયોગનો અભાવ છે. - - ભગવન્! બે દ્રવ્યો? અહીં આઠ ભંગો મધ્યે પાંચ ભંગ થાય, પછીના નહીં. તેમાં બે પ્રદેશો કથંચિત્ દ્રવ્ય છે. કઈ રીતે? જ્યારે તે બંને દ્વિપ્રદેશિક સ્કંધપણે પરિણત થાય ત્યારે દ્રવ્ય. જ્યારે તે - x - દ્રવ્યાંતર સંબંધ પામે ત્યારે દ્રવ્યદેશ, બંને અલગ હોય તો દ્રવ્યો. બંને દ્રવ્યાંતરના સંબંધથી દ્રવ્યદેશો. જો તેમાંનો એક કેવળતાથી રહે, બીજા દ્રવ્યાંતરથી સંબદ્ધ હોય, ત્યારે દ્રવ્ય અને દ્રવ્યદેશ એ પાંચમો ભંગ. બાકીના અસંભવ છે.

ત્રણ પ્રદેશોમાં આઠમાંથી સાત વિકલ્પો સંભવે છે. તે કહે છે જો ત્રણે ત્રિપ્રદેશિક સ્કંધ રૂપે પરિણમે ત્યારે દ્રવ્ય. જો તે - x - દ્રવ્યાંતર સંબંધ કરે તો દ્રવ્યદેશ. જો ત્રણ કે બે અલગ રહે તો દ્રવ્યો. જો એકીરૂપે દ્રવ્યાંતર સાથે સંબંધ કરે તો દ્રવ્ય દેશો. જો તેના એક કે બે દ્રવ્યો અણુપણે રહે, બાકીનો દ્રવ્યાંતર સાથે સંબદ્ધ હોય તો દ્રવ્ય-દ્રવ્યદેશ. જો એક સ્થિત અને બીજા બે દ્રવ્યાંતર સાથે સંબદ્ધ હોય તો દ્રવ્ય અને દ્રવ્ય દેશો. જો બે સ્થિત અને એકનો દ્રવ્યાંતર સંબદ્ધ હોય તો દ્રવ્યો અને દ્રવ્યદેશ. આઠમો ભંગ નથી. કેમકે બંને બાજુ બહુવચનાભાવ છે.

ચાર પ્રદેશમાં આઠમો ભંગ સંભવે છે. કેમકે તેમાં બંને બાજુ બહુવચનનો સંભવ છે.

પરમાણુ આદિ વક્તવ્યતા કહી. પરમાણુ આદિ લોકાકાશ પ્રદેશ અવગાહી હોય છે. તેની વક્તવ્યતા - જેથી લોક અસંખ્યાત પ્રદેશિક છે, તેથી તેના પ્રદેશો અસંખ્ય છે. પ્રદેશાધિકારથી જ કહે છે – એક જીવના લોકાકાશ જેટલા પ્રદેશો છે ? કેમ ? જીવ કેવલિ સમુદ્‌ઘાત કાળે સર્વ લોકાકાશને વ્યાપીને રહે છે. તેથી લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. - - જીવ પ્રદેશો પ્રાયઃ કર્મ પ્રકૃતિ વડે અનુગત છે, તેથી તેને કહે છે –

● સૂત્ર-૪૩૫ :-

*ભગવન્! કેટલી કર્મપ્રકૃતિ છે? ગૌતમ! આઠ. તે આ જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. - - ભગવન્! નૈરયિકોની કેટલી કર્મ પ્રકૃતિઓ છે? ગૌતમ! આઠ. એ રીતે બધાં જીવોની આઠ કર્મ પ્રકૃતિ સ્થાપવી. યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદો છે ? ગૌતમ ! અનંતા. - - નૈરયિકોના જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદો છે ? ગૌતમ ! અનંતા. એ પ્રમાણે બધાં જીવોના જાણવા. વૈમાનિકની પૃચ્છા. ગૌતમ ! અનંત અવિભાગ પરિચ્છેદો છે. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણીયના અવિભાગપરિચ્છેદો કહ્યા, તેમ આઠે કર્મ પ્રકૃતિના અંતરાય પર્યન્ત વૈમાનિક સુધી કહેવા.*

*ભગવન્ ! એક એક જીવના એક એક જીવપ્રદેશે જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ પરિચ્છેદ આવેષ્ટિત-પરિવેષ્ટિત છે ? ગૌતમ ! કથંચિત્ આવેષ્ટિત-પરિવેષ્ટિત છે, કથંચિત્ નથી. જો આવેષ્ટિત-પરિવેષ્ટિત હોય તો નિયમા અનંત વડે હોય.*

*ભગવન્ ! એક-એક નૈરયિકના એક-એક જીવપ્રદેશે જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગ-પરિચ્છેદ આવેષ્ટિત-પરિવેષ્ટિત છે ? ગૌતમ ! નિયમા અનંતા. જેમ નૈરયિક કહ્યા તેમ યાવત્ વૈમાનિક કહેવા. વિશેષ એ કે - મનુષ્યોને જીવની માફક જાણવા.*

*ભગવન્ ! એક એક જીવને એક એક જીવપ્રદેશે દર્શનાવરણીય કર્મના કેટલા૦ ? જ્ઞાનાવરણીય માફક દંડક કહેવો યાવત્ વૈમાનિક. એ પ્રમાણે અંતરાયના૦ સુધી કહેવું. વિશેષ આ — વેદનીય, આયુ, નામ, ગોત્ર આ ચાર કર્મોના વિષયમાં નૈરયિકવત્ મનુષ્યો કહેવા.*

● વિવેચન-૪૩૫ :-

જેનાથી પરિચ્છેદ થાય, તે પરિચ્છેદ અર્થાત્ અંશ. તે સવિભાગ પણ હોય, તેથી વિશેષથી કહે છે — અવિભાગ. અવિભાગ-પરિચ્છેદ એટલે અંશ રહિતના અંશ. તે જ્ઞાનાવરણીય કર્મના અનંતા છે. કઈ રીતે ? જ્ઞાનાવરણીય કર્મ જ્યાં સુધી જ્ઞાનના અવિભાગ ભેદોને આવરણ કરે, ત્યાં સુધી જ તેનો અવિભાગ પરિચ્છેદ છે. અથવા દલિકોની અપેક્ષાએ તેના અનંત પરમાણુરૂપ છે.

તે પરમાણુ વડે આવેષ્ટિત-પરિવેષ્ટિત અર્થાત્ અત્યંત પરિવેષ્ટિત અથવા આવેષ્ટ્ય પરિવેષ્ટિત. કેવળીને આશ્રીને આવેષ્ટિત પરિવેષ્ટિત નથી, કેમકે તેમને ક્ષીણ જ્ઞાનાવરણત્વથી તે પ્રદેશના જ્ઞાનાવરણીય અવિભાગ પરિચ્છેદ વડે આવેષ્ટન-પરિવેષ્ટનનો અભાવ છે.

મનુષ્યની અપેક્ષાએ આવેષ્ટિત-પરિવેષ્ટિતપણામાં તેના ઈતરનો સંભવ હોવાથી કથંચિત્ આવેષ્ટિત૦ આદિ કહ્યું. એ પ્રમાણે દર્શનાવરણીય, મોહનીય, અંતરાયમાં પણ કહેવું.

વેદનીય, આયુ, નામ, ગોત્રમાં ફરી જીવ પદ માફક ભજના કહેવી, સિદ્ધની અપેક્ષાએ. મનુષ્યપદમાં આમ નથી. તેમાં વેદનીયાદિનો સદ્‌ભાવ છે. - - હવે જ્ઞાનાવરણને બાકીના સાથે ચિંતવે છે —



● સૂત્ર-૪૩૬,૪૩૭ :-

*[૪૩૬] ભગવન્! જેના જ્ઞાનાવરણીય છે, તેના દર્શનાવરણીય પણ છે અને જેના દર્શનાવરણીય છે, તેના જ્ઞાનાવરણીય પણ છે? ગૌતમ! નિયમા - x - આ બંને હોય. - - ભગવન્! જેના જ્ઞાનાવરણીય છે, તેના વેદનીય છે, જેના વેદનીય છે તેના જ્ઞાનાવરણીય પણ છે? ગૌતમ! જેના જ્ઞાનાવરણીય છે, તેના વેદનીય નિયમા છે, પણ જેના વેદનીય છે, તેને જ્ઞાનાવરણીય કદાચ હોય, કદાચ ન હોય.*

*ભગવન્! જેના જ્ઞાનાવરણીય છે, તેના મોહનીય છે, જેના મોહનીય છે, તેના જ્ઞાનાવરણીય છે? ગૌતમ! જેના જ્ઞાનાવરણીય છે તેના મોહનીય કદાચ હોય, કદાચ ન હોય. જેના મોહનીય હોય, તેના જ્ઞાનાવરણીય નિયમા હોય. - - ભગવન્! જેના જ્ઞાનાવરણીય છે, તેને આયુ છે, એ પ્રમાણે જેમ વેદનીય કહ્યું, તેમ આયુમાં પણ કહેવું. એ પ્રમાણે નામકર્મમાં, ગોત્રકર્મમાં પણ કહેવું. જે રીતે દર્શનાવરણીય સાથે કહ્યું, તે પ્રમાણે અંતરાયમાં પણ નિયમથી પરસ્પર સહભાવ છે.*

*ભગવન્! જેને દર્શનાવરણીય કર્મ છે, તેને વેદનીય છે, જેને વેદનીય છે તેને દર્શનાવરણીય છે? જે પ્રમાણે જ્ઞાનાવરણીયનું કથન ઉપર સાત કર્મો સાથે કર્યુ, એ જ પ્રકારે દર્શનાવરણીય કર્મનું પણ અંતરાયકર્મ સુધી છ કર્મો સાથે કથન કરવું.*

*ભગવન્! જેને વેદનીય છે, તેને મોહનીય છે અને જેને મોહનીય છે, તેને વેદનીય છે? ગૌતમ! જેને વેદનીય છે, તેને મોહનીય કદાચ હોય, કદાચ ન હોય. જેને મોહનીય છે, તેને વેદનીય નીયમા હોય. ભગવન્! જેને વેદનીય છે, તેને આયુ? આ બંને નિયમા પરસ્પર સાથે હોય. જેમ આયુની સાથે વેદનીય કહ્યું, તેમ નામ સાથે અને ગોત્ર સાથે પણ કહેવું. - - ભગવન્! જેને વેદનીય હોય, તેને અંતરાય હોય? પૃચ્છા. ગૌતમ! જેને વેદનીય હોય, તેને અંતરાય કદાચ હોય, કદાચ ન હોય. પણ જેને અંતરાય હોય તેને વેદનીય નિયમા હોય.*

*ભગવન્! જેને મોહનીય, તેને આયુકર્મ અને જેને આયુ તેને મોહનીય કર્મ છે? ગૌતમ! જેને મોહનીય તેને આયુ નિયમા છે, જેને આયુકર્મ છે, તેને મોહનીય કદાચ હોય, કદાચ ન હોય. આ પ્રમાણે નામ, ગોત્ર અને અંતરાય પણ કહેવું. - - ભગવન્ જેને આયુકર્મ હોય તેને નામકર્મ હોય? પૃચ્છા. બંને પરસ્પર નિયમા હોય. - - આ પ્રમાણે ગોત્રકર્મ સાથે પણ કહેવું. - - ભગવન્! જેને આયુકર્મ હોય તેને અંતરાય? પૃચ્છા. ગૌતમ! જેને આયુકર્મ હોય, તેને અંતરાયકર્મ કદાચ હોય, કદાચ ન હોય. પણ જેને અંતરાય હોય તેને આયુ નિયમા હોય.*

*ભગવન્! જેને નામકર્મ હોય, તેને ગોત્ર કર્મ હોય? પૃચ્છા ગૌતમ! બંને પરસ્પર નિયમા હોય. - - ભગવન્! જેને નામકર્મ હોય તેને અંતરાય કર્મ હોય? પૃચ્છા. ગૌતમ! જેને નામકર્મ હોય, તેને અંતરાય કર્મ કદાચ હોય, કદાચ ન હોય. જેને અંતરાય હોય, તેને નિયમા નામ હોય. - - ભગવન્! જેને ગોત્રકર્મ હોય, તેને અંતરાયકર્મ હોય? પૃચ્છા. ગૌતમ! જેને ગોત્ર છે, તેને અંતરાય હોય કે ન હોય, અંતરાયવાળાને ગોત્ર નિયમા હોય.*

*[૪૩૭] ભગવન્ ! જીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ? ગૌતમ ! જીવ બંને છે - એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેમ કોઈ પાસે છત્ર હોય તો છત્રી, દંડથી દંડી, ઘટથી ઘટી, પટથી પટી, કરથી કરી કહેવાય છે, એમ જ હે ગૌતમ ! જીવ પણ શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયોને આશ્રીને પુદ્‌ગલી કહેવાય. જીવને આશ્રીને પુદ્‌ગલ કહેવાય. તેથી પૂર્વવત્ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિક પુદ્‌ગલી કે પુદ્‌ગલ ? એ પ્રમાણે જ વૈમાનિક સુધી કહેવું. વિશેષ આ — જેને જેટલી ઈન્દ્રિયો છે, તેને તેટલી કહેવી. - - ભગવન્ ! સિદ્ધો પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ ? ગૌતમ ! પુદ્‌ગલી નથી, પુદ્‌ગલ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવને આશ્રીને. તેથી હે ગૌતમ ! એમ કહ્યું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૪૩૬,૪૩૭ :-**

જેને વેદનીય છે, તેને જ્ઞાનાવરણીય હોય કે ન હોય. અકેવલી અને કેવલીને આશ્રીને કહ્યું. અકેવલીને આ બંને હોય, કેવલીને વેદનીય જ હોય, જ્ઞાનાવરણીય નહીં. જેને જ્ઞાનાવરણીય છે, તેને મોહનીય હોય કે ન હોય. - અક્ષપક, ક્ષપકને આશ્રીને અક્ષપકને બંન હોય, ક્ષપકને મોહક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જ્ઞાનાવરણીય હોય પણ મોહનીય ન હોય. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણીય, વેદનીય વડે કહ્યું તથા આયુષ્ક, નામ અને ગોત્ર સાથે પણ કહેવું. કેમકે તે બધામાં ઉક્ત પ્રકારથી ભજના છે - - અંતરાય વડે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય માફક કહેવું. કેમકે તે બંનેમાં ભજના નથી. આ જ વાત કહે છે—

એ પ્રમાણે જેમ વેદનીય, નિયમા પરસ્પર સમ કહેવું. તેથી જેને જ્ઞાનાવરણીય છે, તેને નિયમા અંતરાય છે. જેને અંતરાય છે તેને નિયમા જ્ઞાનાવરણીય છે એમ પરસ્પર નિયમા કહેવું.

હવે દર્શનાવરણીય બાકીના છ સાથે — આ આલાવો જ્ઞાનાવરણીય આલાવા સમાન જ છે. - - વેદનીયને બાકીના પાંચ સાથે વિચારતા - જેને વેદનીય છે, તેને મોહનીય હોય કે ન હોય. અક્ષીણમોહ, ક્ષીણમોહને આશ્રીને. અક્ષીણ મોહને બંને હોય ક્ષીણમોહને વેદનીય હોય, મોહનીય ન હોય. - - જ્યાં વેદનીય છે, ત્યાં નિયમા આયુ છે, જ્યાં આયુ છે, ત્યાં નિયમા વેદનીય છે. એ પ્રમાણે નામ, ગોત્ર સાથે પણ કહેવું.

અંતરાય સાથે ભજના. કેમકે વેદનીય અને અંતરાય અકેવલિને હોય, કેવલીને વેદનીય હોય, અંતરાય નહીં. - - હવે મોહનીય બાકીના ચાર સાથે



વિચારતા - તેમાં જેને મોહનીય, તેને આયુ નિયમથી અકેવલી માફક છે. જેને આયુ છે, તેને મોહનીયની ભજના. કેમકે અક્ષીણ મોહવાળાને બંને હોય, ક્ષીણ મોહવાળાને આયુ જ હોય.

જેને મોહનીય તેને નામ, ગોત્ર, અંતરાય નિયમા હોય, પણ જેને નામાદિ ત્રણ છે, તેને મોહનીય અક્ષીણ મોહવાળાને હોય. પણ ક્ષીણ મોહવાળાને ન હોય. - - હવે આયુની બાકીના ત્રણ સાથે વિચારણા-જેને આયુ છે, તેને નિયમા નામ છે, જેને નામ છે, તેને નિયમા આયુ છે. એ પ્રમાણે ગોત્ર સાથે પણ જાણવું. જેને આયુ છે, તેને અંતરાય અકેવલી માફક હોય છે અને કેવલી માફક નથી હોતું. તેથી હોય કે ન હોય કહ્યું.

નામકર્મને બાકીના બે સાથે વિચારે છે - જેને નામકર્મ છે તેને નિયમા ગોત્રકર્મ છે, જેને ગોત્ર છે તેને નિયમા નામ છે. જેને નામ છે, તેને અંતરાય અકેવલીવત્ હોય અને કેવલીવત્ ન હોય. - - આ રીતે ગોત્રકર્મ અને અંતરાયકર્મની ભજના પણ કહેવી.

અનંતર કર્મો કહ્યા. તે પુદ્‌ગલાત્મક હોવાથી તેનો અધિકાર કહે છે. પુદ્‌ગલા - શ્રોત્ર આદિ રૂપે હોય છે, જેને તે પુદ્‌ગલી, પુદ્‌ગલ એ સંજ્ઞા છે. જીવના યોગથી તે પુદ્‌ગલ કહ્યા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૮-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

**ભાગ-૧૦-મો પૂર્ણ**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૧

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૩

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૧ માં છે...

"ભગવતી" અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૯-થી

આરંભીને

—૦— શતક-૧૨-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૧ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી
સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

**૪૭-પ્રકાશનો**

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

**૬-પ્રકાશનો**

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

૦ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

૦ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

૦ સાધુ અંતિમ આરાધના

૦ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

૦ દીક્ષા-યોગાદિ વિધિ

૦ વિધિ સંગ્રહ ભાગ-૧

૦ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

૦ આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

૦ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

૦ ૪૫-આગમ યંત્ર

૦ વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**नमो नमो निम्मलदंसणस्स**

**પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# -ઃ ભાગ-૧૧ ઃ-

# (૫) ભગવતી અંગ-સૂત્ર/૩

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

‘‘ભગવતી’’ એ પાંચમું આગમ છે. અંગસૂત્રોમાં ભગવતી એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે भगवई નામે પ્રસિદ્ધ છે. તે ‘‘विवाहपन्नत्ति’’ કે ‘‘विवाह’’ નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર भगवती અને व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧-શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટાવર્ગ કે પેટા શતક છે. તેના પેટા ઉદ્દેશા પણ છે.

‘‘ભગવતી’’ સૂત્રના મુખ્ય વિષય સ્વસમય-પરસમયની વિચારણા છે, ઈન્દ્રભૂતિ આદિ ગણધરો, કેટલાક દેવો, શ્રાવક-શ્રાવિકાદિ અનેકના પૂછેલા પ્રશ્નો છે. તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષાદિ અનેક વિષયો છે.

આ આગમના મૂળ સૂત્રોનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે. વિવેચનમાં ‘‘ટીકાનુસારી વિવેચન’’ શબ્દ અમે પસંદ કર્યો છે, પણ તેમાં વૃત્તિ સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશો, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે ત્યાં - x - x - એવી નિશાની કરેલ છે.

ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં મુદ્રિત થયો છે. જેમાં આ ત્રીજો ભાગ છે. તેના ૧ થી ૮ શતકો બે ભાગમાં છપાયા છે.





## ❀ શતક-૯ ❀

— x — x —

૦ આઠમું શતક કહ્યું, હવે નવમું કહે છે. તેનો સંબંધ આ છે - આઠમામાં વિવિધ પદાર્થો કહ્યા. અહીં તે જ બીજા ભંગોથી કહે છે —

**● સૂત્ર-૪૩૮ :-**

***૧- જંબૂદ્વીપ, ૨-જ્યોતિષ્ક, ૩ થી ૩૦ અંતર્દ્વીપ, ૩૧-અશ્રુત્વા, ૩૨-ગાંગેય, ૩૩-કુંડગ્રામ, ૩૪-પુરુષ. નવમાં શતકમાં ૩૪-ઉદ્દેશા છે.***

**● વિવેચન-૪૩૮ :-**

૧-જંબૂદ્વીપ વક્તવ્યતા વિષય, ૨-જ્યોતિષ્ક વિષય, ૩ થી ૩૦-અટ્ઠાવીસ ઉદ્દેશા અંતર્દ્વીપવિષયક, ૩૧-‘અશ્રુત્વા’ ધર્મ પ્રાપ્ત થાય તેનું પ્રતિપાદન, ૩૨-ગાંગેય અણગારની વક્તવ્યતા, ૩૩-બ્રાહ્મણકુંડ ગ્રામ વિષયક, ૩૪-પુરુષ, પુરુષને હણે ઈત્યાદિ વક્તવ્યતા.

## ❀ શતક-૯, ઉદ્દેશક-૧ - ‘‘જંબૂદ્વીપ’’ ❀

— x — x — x — x — x — x —

**● સૂત્ર-૪૩૯ :-**

***તે કાળે, તે સમયે મિથિલા નામે નગરી હતી-વર્ણન. માણિભદ્ર ચૈત્ય હતું. - વર્ણન, સ્વામી પધાર્યા. પર્ષદા નીકળી યાવત્ ગૌતમસ્વામી પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા - ભગવન્ ! જંબૂદ્વીપ નામક દ્વીપ ક્યાં છે ? ભગવન્ ! જંબૂદ્વીપ કયા આકારે છે ? એ પ્રમાણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ કહેવી યાવત્ એ પ્રમાણે જ પૂર્વ-પશ્ચિમ, જંબૂદ્વીપમાં ૧૪,૫૬,૦૦૦ નદીઓ કહેલી છે. ભગવન્ ! તે એમ જ છે. તે એમ જ છે.***

**● વિવેચન-૪૩૯ :-**

कहि णं - કયા દેશમાં. એ પ્રમાણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ કહેવી. તે આ પ્રમાણે - ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ કેટલો મોટો છે ? ભગવન્ ! જંબૂદ્વીપના ભાવ-પ્રત્યાવતાર શું છે ? અર્થાત્ કેવા આકાર ભાવમાં તેનો પ્રત્યાવતાર છે ? ગૌતમ ! આ જંબૂદ્વીપ સર્વે દ્વીપ સમુદ્રોમાં સર્વાભ્યંતર, સૌથી નાનો, વૃત્ત, તેલના માલપૂઆના આકારે રહેલ - વૃત્ત, રથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત-વૃત્ત, પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત એવો વૃત્ત, પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, એક લાખ યોજન આયામ અને વિષ્કંભથી ઇત્યાદિ છે. અંતે શું કહ્યું ? ઉક્ત ન્યાયથી પૂર્વ-પશ્ચિમ સમુદ્રગામી એવું ૧,૫૬,૦૦૦ નદીનું વૃંદ કહેલ છે. આ સંખ્યા ભરત, ઐરાવતની ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી પ્રત્યેક ૧૪,૦૦૦ નદીથી યુક્ત છે, તથા હૈમવત-ઐરણ્યવતની રોહિતા, રોહિતાંશા, સુવર્ણકુલા, રૂપ્યકૂલાએ પ્રત્યેક ૨૮,૦૦૦ નદીથી યુક્ત છે. હરિવર્ષ, રમ્યક્વર્ષની હરિ, હરિકાંતા, નરકાંતા, નારીકાંતા પ્રત્યેક ૫૬,૦૦૦થી યુક્ત, મહાવિદેહમાં શીતા,

શીતોદા પ્રત્યેક ૫,૩૨,૦૦૦થી યુક્ત સમુદ્રને મળે છે.

વાચનાંતરમાં આ પ્રમાણે દેખાય છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ મુજબ જાણવું, તેમાં જ્યોતિષ્ક ન કહેવા યાવત્ વર્ષધર પર્વત, કૂટો, તીર્થ, શ્રેણી, વિજય, દ્રહ, નદીના સમૂહથી સંગ્રહણી છે. તેમાં ‘‘જ્યોતિષ્ક સિવાય’’ એટલે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાંની જ્યોતિષ્ક વક્તવ્યતા છોડીને સમસ્ત જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર એ આ ઉદ્દેશાનું સૂત્ર જાણવું. અંતે શું ? जाव खंडे० તેમાં ખંડ એટલે જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર કેટલાં ખંડપ્રમાણ છે ? કહે છે - ૧૯૦ ખંડ. જંબૂદ્વીપ કેટલા યોજન ખંડ પ્રમાણ છે ? કહે છે - ૭૯૦,૫૬,૯૪,૧૫૦ (યોજન) ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ્, ૬૦ અંગુલ ગણિત છે.

ભરત, હૈમવતાદિ સાત વર્ષ ક્ષેત્રો છે. જંબૂદ્વીપમાં પર્વતો કેટલા છે? છ વર્ષધર પર્વતો હિમવત્ આદિ, એક મેરુ, એક ચિત્રકૂટ, એક વિચિત્રકૂટ, આ દેવકુરુમાં બે યમકપર્વત, ૨૦૦ કાંચન પર્વત. શીતા-શીતોદા નદીના પડખે ૨૦ વક્ષસ્કાર પર્વતો, ૩૪-દીર્ઘ વૈતાઢ્ય પર્વતો, ચાર વૃત્ત વૈતાઢ્યો. એમ ૨૬૯ પર્વતો છે. પર્વત કૂટો કેટલા છે? ૫૬ વર્ષધર કૂટો, ૯૬ વક્ષસ્કાર કૂટો, ૩૦૬ વૈતાઢ્ય કૂટો, નવ મેરુકૂટ, એ રીતે ૪૬૭ કૂટો છે. જંબૂદ્વીપમાં કેટલા તીર્થો છે? ભરતાદિ ૩૪ ખંડોમાં માગધ, વરદામ, પ્રભાસ નામે ત્રણ-ત્રણ તીર્થો છે. એ રીતે ૧૦૨ તીર્થો છે. વિદ્યાધર અને આભિયોગિક શ્રેણિઓ કેટલી છે? ૬૮. વૈતાઢ્ય પર્વતોમાં પ્રત્યેકમાં પ્રત્યેકમાં બબ્બે શ્રેણિ છે. એ રીતે ૧૩૬ શ્રેણિઓ થાય. કેટલાં ચક્રવર્તીએ જીતવાના ભૂખંડો છે? ૩૪. આટલી રાજધાની આદિ પદાર્થો છે. કેટલા મહાદ્રહો છે? પદ્મ આદિ-૧૬. નદીનું પ્રમાણ દર્શાવેલ છે.

ઉદ્દેશકના અર્થના વિષયભૂત આ સંગ્રહણી ગાથા છે.

### ❀ શતક-૯, ઉદ્દેશો-૨ ‘‘જ્યોતિષ્ક’’ ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૧-માં જંબૂદ્વીપ વક્તવ્યતા કહી. બીજામાં જંબૂદ્વીપ આદિમાં જ્યોતિષ્ક વક્તવ્યતા કહે છે. તેનું આદિ સૂત્ર આ છે —

● **સૂત્ર-૪૪૦ થી ૪૪૩ :-**

***[૪૪૦] રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહે છે — ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા છે, પ્રકાશે છે, પ્રકાશશે ? એ પ્રમાણે જીવાભિગમ મુજબ જાણવું યાવત્ - - - [૪૪૧] - - - ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ - - - [૪૪૨] - - - શોભ્યો, શોભે છે, શોભશે.***

***[૪૪૩] ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? જીવાભિગમ મુજબ તારા પર્યન્ત કહેવું. ધાતકીખંડે, કાલોદસમુદ્રે, પુષ્કરવરદ્વીપમાં અભ્યંતર પુષ્કરવરાર્ધે, મનુષ્યક્ષેત્રે આ બધામાં જીવાભિગમ અનુસાર યાવત્***



***એક ચંદ્રનો પરિવાર કોડાકોડી તારાગણ સહિત હોય છે. - ત્યાં સુધી જાણવું. ભગવન્ ! પુષ્કરાર્ધ સમુદ્રમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા છે ?૦ એ પ્રમાણે સર્વે દ્વીપ સમુદ્રોમાં જ્યોતિષ્કનું જે વર્ણન છે, તે પ્રમાણે જ સ્વયંભૂરમણસમુદ્રમાં યાવત્ શોભ્યા, શોભે છે અને શોભશે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૪૪૦ થી ૪૪૩ :-**

જીવાભિગમ મુજબ. ત્યાં આ સૂત્ર છે - કેટલાં ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ? કેટલાં સૂર્યો તપ્યા, તપે છે, તપશે ? કેટલાં નક્ષત્રોએ યોગ કર્યા, કરે છે, કરશે ? કેટલા મહાગ્રહો ચાર ચર્યા, ચરે છે, ચરશે ? કેટલા કોડાકોડી તારાગણ શોભ્યા, શોભે છે, શોભશે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં બે ચંદ્રો પ્રકાશ્યા છે૦, બે સૂર્યો તપ્યા છે૦, ૫૬ નક્ષત્રોએ યોગ કર્યો છે૦ ૧૭૬ મહાગ્રહો ચાર ચર્યા છે૦, ૧,૩૩,૦૦૦ આદિ તારાગણ પુસ્તકમાં લખેલ છે.

લવણસમુદ્રમાં સૂત્રમાં જીવાભિગમમાં આ સૂત્ર છે - કેટલા ચંદ્રો પ્રકાશ્યા છે, પ્રકાશે છે, પ્રકાશશે ઈત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ - ઉત્તર - ગૌતમ ! લવણસમુદ્રમાં ચાર ચંદ્રો પ્રકાશ્યા૦ ચાર સૂર્યો તપ્યા૦ ૧૧૨ નક્ષત્રોએ યોગ કર્યો૦ ૩૫૨ મહાગ્રહોએ ચાર ચર્યો૦ ૨,૬૭,૯૦૦ તારાગણ કોડાકોડી શોભ્યા છે, શોભે છે, શોભશે. સુધી કહેવું.

ધાતકીખંડ માટે જીવાભિગમોક્ત સૂત્ર-ભગવન્ ! ધાતકી ખંડમાં કેટલા ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ઈત્યાદિ સૂત્ર. ગૌતમ ! ૧૨ ચંદ્રો, ૧૨ સૂર્યો, ૩૩૬ નક્ષત્રો, ૧૦૫૬ મહાગ્રહો, ૮,૦૩,૭૦૦ તારાગણ કોડાકોડી છે. કાલોદસમુદ્રમાં ગૌતમ ! ૪૨ ચંદ્રો, ૪૨-સૂર્યો, ૧૧૭૬ નક્ષત્રો, ૩૬૯૬ મહાગ્રહો, ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ શોભે છે - x -

ભગવન્ ! પુષ્કરવરદ્વીપમાં કેટલા ચંદ્રો૦ ઈત્યાદિ પ્રશ્ન. ૧૪૪ ચંદ્ર, ૧૪૪ સૂર્યો પુષ્કરવરદ્વીપમાં પ્રકાશે છે. અહીં ભ્રમણ પણ કહ્યું છે, પરંતુ તે સર્વે ચંદ્ર, સૂર્યની અપેક્ષાએ નથી. તો શું છે ? પુષ્કરદ્વીપ અભ્યંતર અર્ધીવર્તી બોંતેર ચંદ્ર, બોંતેર સૂર્ય જ લેવા. ૪૦૩૨ નક્ષત્રો હોય છે. ૧૨,૬૭૨ મહાગ્રહો છે. ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ છે.

ભગવન્ ! અભ્યંતર પુષ્કરાર્ધમાં કેટલા ચંદ્રો આદિ પ્રશ્ન - ૭૨ ચંદ્રો, ૭૨ સૂર્યો દીપે છે. પુષ્કરવર દ્વીપાર્ધમાં આ ચરે છે અને પ્રકાશે છે. ૬૩૩૬ મહાગ્રહો, નક્ષત્રો ૨૦૧૬ અને ૪૮,૨૨,૨૦૦ પુષ્કરાર્ધમાં આટલા કોડાકોડી તારાગણ છે તથા મનુષ્ય ક્ષેત્રમાં કેટલા ચંદ્રો છે ? ઈત્યાદિ પ્રશ્ન. ૧૩૨ ચંદ્રો, ૧૩૨ સૂર્યો સકલ મનુષ્ય લોકને પ્રકાશિત કરતા ચરે છે. ૧૧,૬૧૬ મહાગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો, ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ છે. ઈત્યાદિ. આ સૂત્ર ક્યાં સુધી કહેવું ?

જાવ૦ ઈત્યાદિ. આ સૂત્રાંશનો આ પૂર્વ અંશ-૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો એક ચંદ્રનો પરીવાર છે, તારાગણ ૬૬,૯૭૫ છે. પુષ્કરોદસમુદ્રે કેટલા ચંદ્રો, ઈત્યાદિ પ્રશ્નમાં આ ઉત્તર છે - સંખ્યાત ચંદ્રો પ્રકાશ્યા, પ્રકાશે છે, પ્રકાશશે ઈત્યાદિ. આ

રીતે બધાં દ્વીપ સમુદ્રોમાં પૂર્વોક્ત પ્રશ્ન વડે યથાસંભવ સંખ્યાતા અને અસંખ્યાતા ચંદ્રાદિ ઈત્યાદિ વડે ઉત્તર આપવો. - - દ્વીપસમુદ્રના નામો આ પ્રમાણે - પુષ્કરોદ સમુદ્રથી અનંતર વરુણવર દ્વીપ છે, પછી વરુણોદ સમુદ્ર. એ રીતે ક્ષીરવર-ક્ષીરોદ, ઘૃતવર-ઘૃતોદ, ક્ષોદવર-ક્ષોદોદ, નંદીશ્વર-નંદીશ્વરોદ, અરુણ-અરુણોદ, અરુણવર-અરુણવરોદ, અરુણવરાવભાસ-અરુણવરાવભાસોદ, કુંડલ-કુંડલોદ, કુંડલવર-કુંડલવરોદ, કુંડલવરાવભાસ-કુંડલવરાવભાસોદ, રુચક-રુચકોદ, રુચકવર-રુચકવરોદ, રુચકવરાવભાસ-રુચકવરાવભાસોદ ઈત્યાદિ અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે.

## ❀ શતક-૯, ઉદ્દેશા-૩ થી ૩૦ - ''અંતર્દ્વીપ'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

ઉદ્દેશા-૨-માં દ્વીપ વક્તવ્યતા કહી, બીજી રીતે અહીં પણ તે જ કહે છે. એ સંબંધથી આવતું આ પહેલું સૂત્ર.

● **સૂત્ર-૪૪૪ :-**

***રાજગૃહે યાવત્ આમ કહ્યું — દક્ષિણ દિશાના એકોરુક મનુષ્યોનો એકોરુક દ્વીપ ક્યા કહ્યો છે ? ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ચુલ્લ હિમવંત વર્ષધર પર્વતની પૂર્વ દિશાના ચરમાંતથી, લવણસમુદ્રમાં ઈશાન ખૂણામાં ૩૦૦ યોજન ગયા પછી તેની દક્ષિણ દિશાએ એકોરુક મનુષ્યોનો એકોરુકદ્વીપ નામનો દ્વીપ કહ્યો છે. ગૌતમ ! તે ૩૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી છે, કિંચિત્ વિશેષ ન્યૂન ૯૪૯ યોજન પરિક્ષેપથી છે. તે એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચારે તરફથી વીંટાયેલ છે. આ બંનેનું પ્રમાણ અને વર્ણન, એ પ્રમાણે આ ક્રમથી જેમ જીવાભિગમમાં યાવત્ શુદ્ધદંતદ્વીપ યાવત્ તે મનુષ્યો દેવલોકે જનારા કહ્યા છે.***

***હે આયુષ્યમાન્ શ્રમણ ! આ પ્રમાણે ૨૮-અંતર્દ્વીપ પોત-પોતાની લંબાઈ-પહોળાઈથી કહેવા. વિશેષ એ કે એક-એક દ્વીપનો અલગ-અલગ એક-એક ઉદ્દેશો છે, એ પ્રમાણે બધાં મળીને ૨૮-ઉદ્દેશકો કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૪૪૪ :-**

'दाहिणिल्ल' શબ્દ ઉત્તર તરફના દ્વીપોના વ્યવચ્છેદાર્થે છે. એ પ્રમાણે ''જીવાભિગમાનુસાર'' તેમાં આ પ્રમાણે સૂત્ર છે - લઘુ હિમવંત વર્ષધર પર્વતનો ઉત્તર દિશાના ચરમાંતથી લવણસમુદ્ર ૩૦૦ યોજન અવગાહ્યા પછી તેની દક્ષિણ દિશામાં એકોરુક મનુષ્યોનો એકોરુક નામક દ્વીપ કહ્યો છે. તે લંબાઈ-પહોળાઈથી ૩૦૦ યોજન છે અને પરિક્ષેપથી કિંચિત્ વિશેષ ન્યૂન ૯૪૯ યોજન છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટાયેલ છે. અહીં વેદિકા, વનખંડ, કલ્પવૃક્ષ,



મનુષ્ય, માનુષીનું વર્ણન જાણવું. તે મનુષ્યોને ચતુર્થભક્તે આહાર ઈચ્છા ઉત્પન્ન થાય છે. તેઓ પૃથ્વી રસ, પુષ્પ, ફળના આહારી છે.

— તે પૃથ્વી રસથી ખાંડ આદિ સમાન છે. તે મનુષ્ય વૃક્ષના ઘરવાળા છે. કેમકે ત્યાં ઘરનો અભાવ છે. તે મનુષ્યોની સ્થિતિ પલ્યોપમના સંખ્યાત ભાગ પ્રમાણ છે. તેમનું આયુષ્ય છ માસ બાકી હોય ત્યારે તે એક યુગલને જન્મ આપે છે. તેઓ આ સંતાન યુગલને ૮૧-દિવસ પાલન કરે છે. ઉચ્છ્વાસ મુકતા આ મનુષ્યો મૃત્યુ પામી દેવરૂપે ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ પદાર્થો જણાવેલા છે.

વાચનાંતરે આ પ્રમાણે દેખાય છે — એ પ્રમાણે જીવાભિગમ અનુસાર ઉત્તરકુરુ વક્તવ્યતાથી જાણવું. ૮૦૦ ધનુષ્‌ની ઉંચાઈ, ૬૪ પીઠકરંડક ઈત્યાદિ. તેનો અર્થ આ છે — ઉત્તરકુરુના મનુષ્યોની ઉંચાઈ ૩૦૦ ગાઉ કહી છે. અહીં ૮૦૦ ધનુષ્ છે. તથા તેના મનુષ્યોને ૨૫૬ પૃષ્ઠ કરંડક કહેલા છે, અહીં ૬૪ કહ્યા છે. તથા - ભગવન્ ! ઉત્તરકુરુમાં કેટલા પ્રકારના મનુષ્યો અનુસજ્જ છે ? ગૌતમ ! છ પ્રકારના મનુષ્યો છે. તે આ પ્રમાણે — પદ્મગંધા, મૃગગંધા, અમમા, તેતલી, સહા, શનૈશ્ચારી, આ પ્રમાણે મનુષ્યોની અનુસંજના ત્યાં કહી, અહીં તે નથી. કેમકે તથાવિધ મનુષ્યોનો ત્યાં અભાવ છે. એ પ્રમાણે અહીં ત્રણ વૈવિધ્ય સ્થાનો કહ્યા. જો કે અન્યાન્ય સ્થિતિ આદિ પણ છે. પરંતુ તે જાણીને ભાવવા. આ એકોરુક દ્વીપનો ત્રીજો ઉદ્દેશો છે.

હવે પ્રકૃત વાચનાને અનુસરીને કહે છે — જીવાભિગમના આ સૂત્રના અંત માટે આમ કહેવું. જાવ૦ ઈત્યાદિ. શુદ્ધદંત નામના ૨૮-માં અંતર્દ્વીપની વક્તવ્યતા સુધી કહેવું. તે ક્યાં સુધી કહેવી ? તે કહે છે — ''દેવલોક પરિગ્રહ'' સુધી. જેઓને દેવલોક પરિગ્રહ છે, તે. અર્થાત્ દેવગતિગામી. અહીં એક-એક અંતર્દ્વીપનો એક-એક ઉદ્દેશો છે. તેમાં એકોરુકદ્વીપ ઉદ્દેશક પછી આભાસિકદ્વીપ ઉદ્દેશક છે.

— તેમાં આ સૂત્ર છે - ભગવન્ ! દક્ષિણદિશાવર્ત આભાસિક મનુષ્યોનો આભાસિક નામક દ્વીપ ક્યાં આવેલો છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ચુલ્લહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણ-પૂર્વ દિશાવર્તી ચરમાંતથી લવણસમુદ્રમાં ૩૦૦ યોજન સુધી ગયા પછી, એની દક્ષિણ દિશાએ 'આભાસિક' નામનો દ્વીપ કહ્યો છે. બાકીનું વર્ણન એકોરુકદ્વીપ અનુસાર જાણવું. આ ચોથો ઉદ્દેશો કહ્યો.

એ પ્રમાણે વૈષાણિક દ્વીપ ઉદ્દેશો છે. વિશેષ એ કે તે દક્ષિણ-પશ્ચિમ ચરમાંતથી કહેવો. આ પાંચમો ઉદ્દેશો કહ્યો. આ પ્રમાણે લાંગૂલિક દ્વીપ-ઉદ્દેશો પણ છે. પણ તે પશ્ચિમ-ઉત્તર ચરમાંતથી છે. આ છટ્ઠો ઉદ્દેશો કહ્યો.

*[આ રીતે ચાર દ્વીપ કહ્યા — એકોરુકથી લાંગૂલિક.]*

*[હવે પાંચથી આઠ કહે છે — હયકર્ણથી શષ્કુલિકર્ણ—]* એ પ્રમાણે 'હયકર્ણદ્વીપ' ઉદ્દેશો. 'એકોરુક'ની ઉત્તર-પૂર્વના ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન ગયા પછી ૪૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળો હયકર્ણદ્વીપ છે. આ સાતમો ઉદ્દેશો. - - એ પ્રમાણે ગજકર્ણદ્વીપ ઉદ્દેશો છે. વિશેષ આ - ગજકર્ણદ્વીપ આભાસિકદ્વીપના દક્ષિણ-

પૂર્વ ચરમાંતથી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન ગયા પછી આવે છે. આ આઠમો ઉદ્દેશો છે. એ રીતે ગોકર્ણદ્વીપ પણ છે. તે વૈષાણિક દ્વીપની દક્ષિણ-પશ્ચિમ ચરમાંતથી છે. આ નવમો ઉદ્દેશો છે. એ રીતે શષ્કુલીકર્ણદ્વીપ પણ છે. તે લાંગૂલિક દ્વીપની ઉત્તર પશ્ચિમ ચરમાંતથી છે. આ દશમો ઉદ્દેશો છે.

*[હવે ઉદ્દેશા-૧૧ થી ૧૪માં આદર્શમુખદ્વીપથી ગોમુખદ્વીપ બતાવે છે−]* એ પ્રમાણે આદર્શમુખદ્વીપ, મેંઢ્રમુખદ્વીપ, અયોમુખદ્વીપ, ગોમુખદ્વીપ હયકર્ણાદિથી ઈશાનાદિ ચારના ચરમાંતથી ૫૦૦ યોજન લવણસમુદ્રમાં ગયા પછી આવે છે. તે લંબાઈ અને પહોળાઈથી ૫૦૦ યોજન પ્રમાણ છે. તત્પ્રતિપાદક ચાર ઉદ્દેશા.

આ જ પ્રમાણે આદર્શમુખ આદિના ઈશાન ચરમાંતથી ૬૦૦ યોજન લવણસમુદ્રમાં ગયા પછી ૬૦૦ યોજન લંબાઈ-પહોળાઈ વાળા ક્રમથી [૧૩ થી ૧૬ અંતર્દ્વીપ] અશ્વમુખ દ્વીપ, હસ્તિમુખદ્વીપ, સિંહમુખદ્વીપ, વ્યાઘ્રમુખદ્વીપ છે. તે ૧૫ થી ૧૮ ઉદ્દેશામાં કહ્યા.

આ પ્રમાણે જ પૂર્વવત્ અશ્વમુખાદિથી ૭૦૦ યોજન લવણસમુદ્રમાં જતાં ૭૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળા અશ્વકર્ણ, હસ્તિકર્ણ, કર્ણપ્રાવરણ, પ્રાવરણ નામે [૧૭ થી ૨૦] ચાર અંતર્દ્વીપ છે. તેને [૧૯ થી ૨૨] ચાર ઉદ્દેશામાં કહેલ છે.

આ પ્રમાણે જ અશ્વકર્ણાદિથી પૂર્વવત્ ૮૦૦ યોજન લવણસમુદ્રમાં જતાં ૮૦૦ યોજનની લંબાઈ-પહોળાઈવાળા ચાર અંતર્દ્વીપ [૨૧ થી ૨૪] ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદ્દન્ત નામે છે. તે [૨૩ થી ૨૬] ચાર ઉદ્દેશામાં કહેલા છે.

આ પ્રમાણે જ ઉલ્કામુખ દ્વીપાદિથી પૂર્વવત્ ૯૦૦ યોજન લવણસમુદ્રમાં જતાં ૯૦૦ યોજનની લંબાઈ-પહોળાઈથી ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત નામે [૨૫ થી ૨૮] ચાર અંતર્દ્વીપ છે. તે [૨૭ થી ૩૦] ચાર ઉદ્દેશામાં કહેવાયેલ છે.

## ❁ શતક-૯, ઉદ્દેશો-૩૧-"અશ્રુત્વા" ❁

−− x −− x −− x −− x −− x −− x −−

૦ ઉક્તરૂપ અર્થો કેવલિધર્મથી જણાય છે. તે સાંભળ્યા વિના પણ કોઈક પામે છે. ઇત્યાદિ અર્થને કહેતો આ ઉદ્દેશો છે.

● **સૂત્ર-૪૪૫ :-**

*રાજગૃહે યાવત્ આ પ્રમાણે કહ્યું − ભગવન્ ! કેવલી, કેવલીના શ્રાવક, કેવલીની શ્રાવિકા, કેવલીના ઉપાસક, કેવલીની ઉપાસિકા, કેવલિપાક્ષિક, કેવલિપાક્ષિકના શ્રાવક-શ્રાવિકા-ઉપાસક-ઉપાસિકા (આમાંથી કોઈ પાસે) સાંભળ્યા વિના કેવલિપ્રજ્ઞપ્તધર્મ શ્રવણનો લાભ થાય ? ગૌતમ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકા, એ કોઈ પાસેથી સાંભળ્યા વિના કોઈકને કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મશ્રવણનો લાભ થાય છે અને કોઈને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મશ્રવણ લાભ ન થાય.*



*ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ લાભ ન થાય ? ગૌતમ ! જેણે જ્ઞાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ કરેલો છે, તેને કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકા પાસે સાંભળ્યા વિના કેવલી પ્રજ્ઞપ્ત ધર્મના શ્રવણનો લાભ થાય, જેણે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, તેને - x - સાંભળ્યા વિના લાભ ન થાય. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે યાવત્ શ્રવણનો લાભ ન થાય.*

*ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ શુદ્ધ બોધિ પામે ? ગૌતમ ! સાંભળ્યા વિના યાવત્ કોઈ શુદ્ધ બોધિ પામે, કોઈ શુદ્ધ બોધિ ન પામે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! જેણે દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે, તે સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ બોધિ પામે. જેણે દર્શનાવરણીય કર્મોનો ક્ષય કર્યો નથી, તે ન પામે - x - માટે આમ કહ્યું.*

*ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિકની ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ મુંડ થઈને, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લે ? ગૌતમ ! એ રીતે સાંભળ્યા વિના કોઈ મુંડ થઈને, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લે અને કોઈ - x - એ રીતે પ્રવ્રજ્યા ન લે. - એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેણે ધર્માંતરાય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે, તે સાંભળ્યા વિના યાવત્ મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લે. જેણે ધર્માંતરાય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો તે ન લે, માટે આમ કહ્યું.*

*ભગવન્ ! કેવલી યાવત્ ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે ? ગૌતમ ! એ રીતે - x - સાંભળ્યા વિના કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે અને કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ ન કરે ? ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! જેણે ચારિત્રાવરણીયકર્મનો ક્ષયોપશમ કરેલ હોય, તે સાંભળ્યા વિના ધારણ કરે. (જેને આ ક્ષયોપશમ ન કર્યો હોય) તે ધારણ ન કરે.*

*ભગવન્ ! કેવલી આદિથી સાંભળ્યા વિના શુદ્ધ સંયમથી સંયમિત થાય ? ગૌતમ ! સાંભળ્યા વિના કેટલાંક શુદ્ધ સંયમથી સંયમિત થાય, કેટલાંક ન થાય. એમ કેમ કહ્યું યાવત્ ન થાય ? ગૌતમ ! જેણે યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ છે, તે કેવલી આદિ પાસે સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ સંયમથી સંયમિત થાય, જેણે યતનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ નથી, તે સાંભળ્યા વિના યાવત્ સંયમિત ન થાય. તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! કેવલી યાવત્ ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય ? ગૌતમ ! સાંભળ્યા વિના યાવત્ કેટલાંક શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય અને કેટલાંક ન થાય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેણે અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે, તે કેવલી આદિથી સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ*

***સંવરથી સંવૃત્ત થાય, જેણે અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી તે સાંભળ્યા વિના યાવત્ સંવૃત્ત ન થાય.***

***ભગવન્ ! કેવલી આદિથી સાંભળ્યા વિના કોઈ આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે ? ગૌતમ ! - x - સાંભળ્યા વિના કેટલાક આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે, કેટલાંક આભિનિબોધિક જ્ઞાન ન ઉપાર્જે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેના આભિનિબોધિક જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયેલ હોય તે યાવત્ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જે. જેના આભિનિબોધિક જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ ન થયો હોય, તે ન ઉપાર્જે, તેથી આમ કહ્યું.***

***ભગવન્ ! સાંભળ્યા વિના યાવત્ શુદ્ધ શ્રુતજ્ઞાન ઉપાર્જે. આભિનિબોધિક માફક શ્રુતજ્ઞાનનું કથન કરવું. વિશેષ આ — શ્રુતજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો. એ પ્રમાણે શુદ્ધ અવધિજ્ઞાન કહેવું. ત્યાં પણ અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહેવો. એ રીતે શુદ્ધ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે. વિશેષ આ - મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો.***

***ભગવન્ ! કેવલી યાવત્ કેવલીપાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ કેવળજ્ઞાન ઉપાર્જે. પૂર્વવત્ કહેવું. વિશેષ આ - કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કહેવો. બાકી પૂર્વવત્. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે કેવળજ્ઞાન ઉપાર્જે.***

***ભગવન્ ! કેવલી યાવત્ ઉપાસિકા પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ કેવલીપ્રજ્ઞપ્તધર્મનું શ્રવણ પામે ? શુદ્ધ બોધિ પામે ?, મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લે ? શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે ? શુદ્ધ સંયમથી સંયમીત થાય ? શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય ? શુદ્ધ આભિનિબોધિક યાવત્ શુદ્ધ મનઃપર્યવજ્ઞાન ઉપાર્જે ? કેવળજ્ઞાન ઉપાર્જે ?***

***ગૌતમ! કેવલી યાવત્ ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણને પામે - કોઈ ન પામે. કોઈ શુદ્ધ બોધિલાભ પામે - કોઈ ન પામે, કોઈ મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા પામે - કોઈ ન પામે, કોઈ શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરે - કોઈ ન કરે, કોઈ શુદ્ધ સંયમથી સંયમિત થાય - કોઈ ન થાય, કોઈ શુદ્ધ સંવરથી સંવૃત્ત થાય - કોઈ ન થાય, કોઈ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન ઉપાર્જે - કોઈ ન ઉપાર્જે, એ પ્રમાણે યાવત્ મનઃપર્યવજ્ઞાન જાણવું. કોઈ કેવળજ્ઞાન ઉપાર્જે - કોઈ ન ઉપાર્જે. ભગવન્! એમ કેમ કહ્યું?***

***ગૌતમ ! જેણે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે ધર્માંતરાયિક કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી એ પ્રમાણે ચારિત્રાવરણીય, યતનાવરણીય, અધ્યવસાનાવરણીય, આભિનિબોધિક જ્ઞાનાવરણીયનો યાવત્ મનઃપર્યાયજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ નથી, જેણે કેવળજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરેલ નથી. તે***



***કેવલી આદિ પાસેથી ધર્મ સાંભળ્યા વિના યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મશ્રવણ ન પામે, શુદ્ધ બોધિ ન પામે યાવત્ કેવળજ્ઞાન ન ઉપાર્જે.***

***જેણે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ છે, જેણે દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલો છે એ પ્રમાણે યાવત્ જેણે કેવળજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરેલો છે. તે કેવળી આદિ પાસેથી ધર્મશ્રવણ વિના યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ પામે, શુદ્ધ બોધિ પામે યાવત્ કેવળજ્ઞાન ઉપાર્જે.***

**● વિવેચન-૪૪૫ :-**

असोच्चा - ધર્મ પ્રતિપાદક વચન સાંભળ્યા વિના, અર્થાત્ સ્વાભાવિક ધર્માનુરાગથી જ. केवलि - જિન, જેણે કેવલીને સ્વયં પૂછેલ છે કે તેનું વચન સાંભળેલ છે તે કેવલીશ્રાવક. કેવળીની ઉપાસનાથી ધારણ કરેલ વડે - કેવલી વડે બીજાને કહેવાતુ શ્રુતને તે કેવલી ઉપાસક. કેવલીપાક્ષિક એટલે સ્વયંબુદ્ધ, ધર્મ - શ્રુતચારિત્રરૂપ. लभेज्ज - પ્રાપ્ત કરે. सवणयाए - શ્રવણતાથી, શ્રવણરૂપપણે અર્થાત્ સાંભળવાને. 'नाणावरणिज्जाणं'માં બહુવચનથી જ્ઞાનાવરણીયના મતિજ્ઞાનાવરણાદિ ભેદ વડે, અવગ્રહ - મતિ આવરણાદિ ભેદ વડે બહુપણુ જાણવું. અહીં ક્ષયોપશમના ગ્રહણથી મતિઆવરણાદિ જ ત્યાં ગ્રહણ કરવા, પણ કેવલાવરણનો ક્ષય જ લેવો. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કોઈને થાય, તેના સદ્‌ભાવથી સાંભળ્યા વિના પણ ધર્મ પામે. કેમકે ક્ષયોપશમ જ તે લાભનું અંતરંગકારણત્વ છે.

केवलबोहि - શુદ્ધ સમ્યગ્દર્શન, बुज्झेज्ज - બોધ પામે અર્થાત્ અનુભવે, જેમકે પ્રત્યેક બુદ્ધાદિ.

દર્શનાવરણીય કહ્યું છે ત્યાં દર્શનમોહનીય લેવું. બોધ એ સમ્યગ્દર્શનનો પર્યાય હોવાથી, તેનો લાભ, તેના ક્ષયોપશમથી થાય છે. કેવળ એટલે શુદ્ધ કે સંપૂર્ણ અનગારત્વ પામે. ધર્માંતરાય-અંતરાય એટલે વિઘ્ન, તે જેમાં છે તે. ધર્મ એટલે ચારિત્ર સ્વીકારરૂપ. આ ધર્માંતરાય.

ચારિત્રમોહનીયના ભેદમાં-વીર્યાંતરાય.

ચારિત્રાવરણીય અહીં વેદરૂપે છે. મૈથુનવિરતિ લક્ષણ તે બ્રહ્મચર્યવાસ. - x - સંયમ પ્રતિપન્ન ચરિત્રનો તેના અતિચારોનો ત્યાગ કરવાને પ્રયત્ન વિશેષ. યતનાવરણીય એ ચારિત્ર વિષય વિશેષ વીર્યાંતરાય રૂપ માનવું. અધ્યવસાનાવરણીય તે સંવર શબ્દથી શુભ અધ્યવસાય વૃત્તિની વિવક્ષા કરવાથી છે. પૂર્વોક્ત બધાં પદાર્થો ફરી સમુદાયથી કહે છે.

કૈવલ્યાદિ વચન સાંભળ્યા વિના કોઈ કેવળજ્ઞાન ઉપાર્જે, તે દર્શાવવાને માટે સૂત્ર કહે છે —

**● સૂત્ર-૪૪૬ :-**

***નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપકર્મ કરતા, સૂર્યની સન્મુખ બાહુઓ ઉંચા કરીને, આતાપનાભૂમિમાં આતાપના લેતા પ્રકૃતિ ભદ્રક, પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પાતળા***

ક્રોધ-માન-માયા-લોભથી, માર્દવ સંપન્નતા, ભોગોની અનાસક્તિ, ભદ્રકતા, વિનીતતાથી અન્ય કોઈ શુભ અધ્યવસાય, શુભ પરિણામ, વિશુદ્ધ થતી લેશ્યા વડે, તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતા વિભંગ નામક અજ્ઞાન તેને ઉત્પન્ન થયું તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી જઘન્ય અંગુલના અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી અસંખ્યાત હજાર યોજન જાણે છે - જુએ છે. તે - તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી જીવ અને અજીવને પણ જાણે છે, તે પાસંડસ્થ સારંભી, સપરીગ્રહ, સંક્લેશ પામતા જીવોને પણ જાણે છે.

તે સર્વ પ્રથમ સમ્યક્ત્વ પામે છે, સમ્યક્ત્વ પામીને શ્રમણધર્મની રુચિ કરે છે, શ્રમણ ધર્મની રુચિથી ચારિત્ર સ્વીકારે છે. ચારિત્ર સ્વીકારી વેશને સ્વીકારે છે. ત્યારે તેના મિથ્યાત્વ પર્યાય ક્ષીણ થતાં-થતાં અને સમ્યગ્‌દર્શનના પર્યાય વધતાં-વધતાં તે વિભંગ અજ્ઞાન સમ્યક્ત્વ યુક્ત થતાં જલ્દી અવધિ જ્ઞાનરૂપે પરાવર્તન પામે છે.

● વિવેચન-૪૪૬ :-

तस्स - જે અશ્રુત્વા જ કેવળજ્ઞાન પામે તે કોઈપણ. તે પ્રાયઃ છટ્ઠ તપ-ચરણવાન્ બાળ તપસ્વીને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય. पगिज्झिय - પ્રગૃહ્ય-ધારણ કરીને, વિભંગ જ્ઞાનાવરણીયોનો ઈહા - સદ્ અર્થ અભિમુખ જ્ઞાનચેષ્ટા, અપોહ-વિપક્ષનો નિરાશ, માર્ગણા-અન્વયધર્મનું આલોચન, ગવેષણા-વ્યતિરેક ધર્મ આલોચન, આવો બાલતપસ્વી ક્યારેક જ, સાક્ષાત્ મૂર્ત ગોચરત્વથી નહીં તે રીતે જાણે. पासंडत्थ - વ્રતસ્થાન, સારંભી સપરીગ્રહી થઈને, મહાસંક્લેશપૂર્વક જાણે. અલ્પપણે વિશુદ્ધ થતા પણ જાણે. કેમકે આરંભાદિવાળાનું આવું સ્વરૂપ છે.

આ વિભંગજ્ઞાની જીવાજીવ સ્વરૂપ વ્રત સ્થાનને સંકિલશ્યમાનતાદિથી જાણતા થઈને ચારિત્ર સ્વીકારની પૂર્વે જ સમ્યગ્ ભાવ અને સાધુધર્મની રુચી કરે છે. અવધિવાન્ થાય છે. અહીં જો કે ચારિત્રનો સ્વીકાર કરીને સમ્યક્ત્વ ગ્રહણ પછી વિભંગજ્ઞાન અવધિજ્ઞાનરૂપ થાય છે, તેમ પછી કહ્યું છે, તો પણ ચારિત્ર સ્વીકાર પૂર્વે સમ્યક્ત્વ સ્વીકાર કાળે જ વિભંગજ્ઞાનના અવધિભાવો જાણવા. કેમકે સમ્યક્ત્વ ચારિત્ર ભાવમાં વિભંગજ્ઞાનનો અભાવ હોય છે.

હવે આને જ લેશ્યાદિ વડે નિરૂપે છે —

● સૂત્ર-૪૪૭ થી ૪૪૯ :-

[૪૪૭] ભગવન્ ! તે કેટલી લેશ્યામાં થાય ? ગૌતમ ! ત્રણ વિશુદ્ધ લેશ્યામાં થાય. તે આ - તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

ભગવન્ ! તે કેટલા જ્ઞાનોમાં થાય ? ગૌતમ ! ત્રણ. આભિનિબોધિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં થાય.

ભગવન્ ! તે સયોગી હોય કે અયોગી ? ગૌતમ ! સયોગી હોય, અયોગી નહીં. જો સયોગી હોય તો શું મનોયોગી હોય, વચનયોગી હોય કે



કાયયોગી હોય ? ગૌતમ ! મનોયોગાદિ ત્રણે પણ હોય.

ભગવન્ ! તે શું સાકારોપયોગયુક્ત હોય કે અનાકારોપયોગયુક્ત હોય ? ગૌતમ ! સાકારોપયુક્ત હોય, અનાકારોપયુક્ત હોય.

ભગવન્ ! તે કયા સંઘયણમાં હોય ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણમાં હોય. - - ભગવન્ ! તે કયા સંસ્થાને હોય ? ગૌતમ ! છ સંસ્થાનમાંના કોઈપણ સંસ્થાનમાં હોય.

ભગવન્ ! તે કેટલી ઉંચાઈવાળો હોય ? ગૌતમ ! જઘન્યથી સાત હાથ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. - - ભગવન્ ! તે કેટલા આયુવાળો હોય ? ગૌતમ ! જઘન્યથી સાતિરેક આઠ વર્ષાયુષ્, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી આયુષ્ય હોય. - - ભગવન્ ! તે શું સવેદક હોય કે અવેદક ? ગૌતમ ! સવેદક હોય, અવેદક નહીં. - - જો સવેદક હોય તો શું સ્ત્રીવેદક હોય, પુરુષવેદક હોય, નપુંસક વેદક હોય કે પુરુષ-નપુંસકવેદક હોય ? ગૌતમ ! સ્ત્રીવેદક કે નપુંસકવેદક ન હોય પણ પુરુષવેદક કે પુરુષ-નપુંસકવેદક હોય.

ભગવન્ ! તે શું સકષાયી હોય કે અકષાયી ? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી નહીં. જો સકષાયી હોય તો ભગવન્ ! તે કેટલા કષાયમાં હોય ? ગૌતમ ! ચારે - સંજ્વલન ક્રોધ-માનાદિ.

ભગવન્! તેને કેટલા અધ્યવસાનો હોય? ગૌતમ! અસંખ્યાત. ભગવન્! તે પ્રશસ્ત કે અપ્રશસ્ત? ગૌતમ! પ્રશસ્ત હોય, અપ્રશસ્ત નહીં. ભગવન્! તે શું તે પ્રશસ્ત અધ્યવસાનમાં વર્તતો અનંતા નૈરયિક ભવગ્રહણથી પોતાને વિમુક્ત કરે છે અનંત તિર્યંચયોનિક - મનુષ્યભવગ્રહણ - દેવભવગ્રહણથી પોતાને વિમુક્ત કરે છે. જે આ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવગતિ નામક ચાર ઉત્તરપ્રકૃત્તિઓના આધારભૂત અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભનો ક્ષય કરે. કરીને પછી અપ્રત્યાખ્યાન કષાય ક્રોધાદિ ખપાવે, પછી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ખપાવે, પછી સંજ્વલન ક્રોધાદિ ખપાવે. પછી પંચવિધ જ્ઞાનાવરણીય, નવવિધ દર્શનાવરણીય, પંચવિધ અંતરાયિક અને મોહનીયને કપાયેલ તાલવૃક્ષ સમાન કરીને, કર્મરજને વિખેરનાર અપૂર્વકરણમાં પ્રવેશી તેને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, ઉત્તમ કેવળજ્ઞાન અને દર્શન ઉત્પન્ન થાય.

[૪૪૮] ભગવન્ ! તે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે, બતાવે છે, પ્રરૂપે છે ? તે અર્થ સમર્થ નથી. તે એક જ્ઞાત કે એક વ્યાકરણ સિવાય અન્ય ઉપદેશ ન કરે. ભગવન્ ! તે (કોઈને) પ્રવ્રજિત કે મુંડિત કરે ? તે અર્થ સમર્થ નથી. પરંતુ તેનો ઉપદેશ કરે. ભગવન્ ! તે સિદ્ધ થાય યાવત્ અંત કરે ? હા, સિદ્ધ થાય યાવત્ અંત કરે.

[૪૪૯] ભગવન્ ! તે શું ઉર્ધ્વ-અધો-તિર્છાલોકમાં હોય ? ગૌતમ ! તે

*ત્રણે લોકમાં હોય. જો ઉર્ધ્વલોકમાં હોય તો શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાવતી, માલ્યવંત નામક વૃત્ત વૈતાઢ્ય પર્વતોમાં હોય, સાધારણને આશ્રીને સોમનસ કે પંડકવનમાં હોય. જો અધોલોકમાં હોય તો ગર્તા કે ગુફામાં હોય. સાધારણને આશ્રીને પાતાળ કે ભવનમાં હોય. તિર્છાલોકમાં હોય તો ૧૫-કર્મભૂમિમાં હોય, સાધારણને આશ્રીને અઢીદ્વીપ-સમુદ્રના એક દેશ ભાગે હોય.*

*ભગવન્ ! તે એક સમયે કેટલા થાય ? ગૌતમ ! જઘન્યથી એક-બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી દશ. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે કેવલી આદિ પાસેથી સાંભળીને કેટલાંક કેવલીપ્રજ્ઞપ્તધર્મ શ્રવણ પામે અને કેટલાંક ન પામે યાવત્ કેટલાંક કેવળજ્ઞાન પામે, કેટલાંક ન પામે.*

● **વિવેચન-૪૪૭ થી ૪૪૯ :-**

से - તે એટલે જે વિભંગજ્ઞાની થઈને અવધિજ્ઞાન, ચારિત્ર પામે. વિશુદ્ધ લેશ્યામાં પામે, કેમકે પ્રશસ્ત ભાવલેશ્યામાં જ સમ્યક્ત્વાદિ પામે છે, અવિશુદ્ધમાં નહીં. સમ્યક્ત્વ મતિ-શ્રુત-અવધિ જ્ઞાનીને વિભંગ જવાના કાળે, તે બંને કારણોથી આદ્ય ત્રણ જ્ઞાન વર્તે છે. - - અયોગીને ન હોય, કેમકે અવધિજ્ઞાન કાળે અયોગીત્વનો અભાવ હોય છે.

મનયોગી આદિ એકતર યોગની પ્રધાનતાની અપેક્ષાએ જાણવું. વિભંગજ્ઞાન નિવર્તતા બંને ઉપયોગમાં વર્તતાને સમ્યક્ત્વ, અવધિજ્ઞાનની પ્રાપ્તિ હોય છે. (શંકા) ''બધી લબ્ધી સાકારોપયોગયુક્તને હોય'' એમ આગમ વચન છે, તો અનાકાર ઉપયોગમાં સમ્યક્ત્વ, અવધિલબ્ધિનો વિરોધ કેમ નહીં ? એમ નથી. આગમ વચન વધતા પરિણામ વિષયક છે. અવસ્થિત પરિણામ અપેક્ષાએ અનાકારોપયોગમાં પણ લબ્ધિ લાભ સંભવે છે. પ્રાપ્તવ્ય કેવળજ્ઞાનત્વથી વજ્રઋષભનારાચ સંઘયણ હોય. કેમકે કેવળજ્ઞાન પ્રાપ્તિ પ્રથમ સંઘયણમાં જ થાય છે.

અવધિભાવ કાળે વેદ ક્ષય હોતો નથી માટે સવેદક જ હોય. સ્ત્રીઓમાં આવા પ્રકારના વ્યતિકરના સ્વભાવના અભાવે. તેમને નિષેધ કર્યો છે. પુરુષ-નપુંસક એટલે કૃત્રિમ રીતે નપુંસક કરાયેલ. વિભંગાવધિ કાળે કષાયક્ષયનો અભાવ હોવાથી સકષાયી હોય. અવધિજ્ઞાનતા-પરિણત વિભંગજ્ઞાન ચરણયુક્ત હોવાથી, તેમને તે કાળે ચરણયુક્તત્વથી સંજ્વલન ક્રોધાદિ જ હોય છે. પ્રશસ્ત હોય કેમકે વિભંગનો અવધિ ભાવ અપ્રશસ્ત અધ્યવસાનવાળાને ન હોય. - x -

अनंत - અનંત અનાગત કાળ ભાવિ. विसंजोएइ - તેને પામવાની યોગ્યતા દૂર કરે છે. મૂળ નામ પ્રકૃત્તિના ઉત્તરભેદ ભૂત નૈરયિક - તિર્યંચ-મનુષ્ય-દેવગતિ નામે છે, તે નિવારે છે. આ ચાર ઉત્તરપ્રકૃત્તિ સાથે च શબ્દ મૂકેલ છે, તેનાથી ઉપષ્ટંભ પ્રયોજનથી અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભને ખપાવે છે, એ રીતે પ્રત્યાખ્યાનાદિ પણ તે પ્રમાણે જ ખપાવે છે. મતિ જ્ઞાનાવરણાદિ ભેદથી પાંચ જ્ઞાનાવરણીય, ચક્ષુર્દર્શનાદિ આવરણ ચતુષ્ક અને નિદ્રાપંચક એમ નવ દર્શનાવરણીય, દાનાદિ પાંચ અંતરાયિક



તેને ખપાવે છે.

કેવી રીતે ? જેનું મસ્તક છેદેલ છે, તાલ એવું મસ્તક કૃત્ તે તાલમસ્તક કૃત્‌ની જેમ અર્થાત્ છિન્ન મસ્તક તાલ સમાન મોહનીયને કરીને તેની જેમ મોહનીયનો ક્ષય કરે છે. આ ઉક્ત મોહનીય ભેદ શેષ અપેક્ષાએ જાણવા. અથવા અનંતાનુબંધ્યાદિ ખપાવ્યા છતાં જ્ઞાનાવરણીયાદિ ખપાવે છે તે કઈ રીતે ? તાલમસ્તકવત્ કરીને. એ રીતે મોહનીય કરીને. તે ખપ્યા પછી જ્ઞાનાવરણીયાદિ ખપાવે છે. જેમ તાલમસ્તક વિનાશ ક્રિયા અવશ્યભાવિ છે, તેમ મોહનીય કર્મ વિનાશક્રિયા પણ શેષ કર્મનો અવશ્ય વિનાશ કરે છે. - x -

ત્યારપછી કર્મરજને અલગ કરવા અપૂર્વકરણ-અસદૃશ અધ્યવસાય વિશેષમાં પ્રવેશીને અનંત વિષયવાળા અનુત્તર-સર્વોત્તમ, નિર્વ્યાઘાત કટ કુડ્ય આદિથી ન હણાય તેવા નિરાવરણ-સર્વથા આવરણના ક્ષયથી સકલ અર્થના ગ્રાહકત્વથી પ્રતિપૂર્ણ, સકલ અંશયુક્તતાથી ઉત્પન્ન ઉત્તમ કેવળજ્ઞાન-દર્શન (પામે છે.)

અનંતાનુબંધીક મિશ્ર સમ્યક્ત્વ અષ્ટક અને નપુંસક સ્ત્રીવેદ ષટ્ક, પુરુષવેદ, સંજ્વલન ક્રોધાદિને ખપાવે છે. ઈત્યાદિ બીજા ગ્રંથમાં પ્રસિદ્ધ છે. અહીં તેને આશ્રીને યથાકથંચિત્ ક્ષપણા માત્રને વિવક્ષા કરી નથી. आघवेज्ज - શિષ્યોને શાસ્ત્રાર્થ ગ્રહણ કરાવવો કે અર્થ પ્રતિપાદનથી સત્કાર પ્રાપ્ત કરાવવો. पन्नवेज्ज - ભેદ બતાવીને બોધ પમાડવા, परूवेज्ज - ઉપપત્તિ કથનથી પ્રરૂપવું. नन्नत्थ - જે આ નિષેધ છે, તે બીજે એક જ્ઞાનથી, એક ઉદાહરણ વર્જીને અર્થમાં છે. તેવા પ્રકારના કલ્પત્વથી એક ઉત્તરથી કહે છે.

पव्वावेज्ज मुंडावेज्ज - રજોહરણાદિ દ્રવ્યચિન્હ દાનથી દિક્ષા દે, માથાના વાળના લોચ દ્વારા મુંડે માત્ર અમુક પાસે દિક્ષા લે, તેમ ઉપદેશ કરે. - - શબ્દાપાતી આદિ યથાક્રમે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અભિપ્રાયથી હૈમવત - હરિવર્ષ-રમ્યક-ઐરણ્યવતમાં છે. - x - અહીં એવું કહે છે કે — આકાશગમન લબ્ધિ સંપન્ન ઉક્ત સ્થાને જઈને પછી કેવળજ્ઞાન પામી શકે છે, માટે આ ઉલ્લેખ છે. અથવા દેવ દ્વારા લઈ જવાયા હોય. સૌમનસ અને પંડુક એ મેરુનું ત્રીજું અને ચોથું વન છે. गड्डा - ગર્તા, અધોલોક ગ્રામાદિમાં નિમ્ન ભૂ ભાગ. दरि - ત્યાં જ નિમ્નતર પ્રદેશમાં. पायाल - મહાપાતાળ કળશે વલયમુખ આદિમાં. भवण - ભવનવાસી દેવનિવાસમાં. પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહરૂપ પંદર કર્મભૂમિ. कर्म - કૃષિ, વાણિજ્ય આદિ પ્રધાન હોય તેવી ભૂમિઓમાં. અઢીદ્વીપ અને સમુદ્ર તેટલું પ્રમાણ તે અર્ધતૃતીય દ્વીપ સમુદ્રો, તેમાં, તે આ વિવક્ષિત દેશરૂપ ભાગ, તેમાં (કેવળ પામે). - - અહીં કેવલી આદિના વચન સાંભળ્યા વિના જે થાય, તે કહ્યું. હવે તેના શ્રવણથી જે થાય, તે કહે છે—

● **સૂત્ર-૪૫૦ :-**

*ભગવન્ ! કેવલી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસકથી ધર્મ સાંભલીને, કેવલી પ્રજ્ઞપ્તધર્મ શ્રવણ પામે ? ગૌતમ ! કેવલી આદિ પાસેથી સાંભળીને યાવત્ કેટલાંક*

*કેવલીપ્રજ્ઞપ્તધર્મ પામે, એ પ્રમાણે જેમ 'અશ્રુત્વા'ની વક્તવ્યતા છે, તે અહીં પણ કહેવી. વિશેષ આ કે – આલાવો 'શ્રુત્વા'નો કહેવો. બાકી બધું સંપૂર્ણ તેમજ કહેવું. - યાવત્ - જેણે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરેલ હોય, જેણે કેવળ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કર્યો હોય, તે કેવલી યાવત્ ઉપાસિકા પાસે ધર્મ સાંભળીને, કેવલીપ્રજ્ઞપ્તધર્મ શ્રવણ પામે, શુદ્ધ બોધિ પામે યાવત્ કેવળજ્ઞાન ઉપાર્જે.*

*તેને નિરંતર અટ્ઠમ-અટ્ઠમ તપોકર્મથી આત્માને ભાવિત કરતા પ્રકૃતિ ભદ્રકતાથી, એ જ પ્રમાણે યાવત્ ગવેષણાં કરતાં અવધિજ્ઞાન સમુત્પન્ન થાય, તે સમુત્પન્ન અવધિજ્ઞાનથી જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી અલોકમાં અસંખ્યાત લોક પ્રમાણ ખંડોને જાણે અને જુએ.*

*ભગવન્ ! તે કેટલી લેશ્યામાં હોય ? ગૌતમ ! છ એ લેશ્યામાં - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. - - ભગવન્ ! તે કેટલા જ્ઞાનોમાં હોય ? ગૌતમ ! ત્રણ કે ચાર જ્ઞાનોમાં હોય. ત્રણ હોય તો આભિનિબોધિક, શ્રુત, અવધિજ્ઞાનમાં હોય, ચાર હોય તો આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનમાં હોય.*

*ભગવન્ ! તે શું સયોગી હોય કે અયોગી ? આ પ્રમાણે યોગ, ઉપયોગ, સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ, આ બધું જેમ 'અશ્રુત્વા'માં કહ્યું, તેમજ અહીં કહેવું.*

*ભગવન્ ! તે શું સવેદક હોય ? પૃચ્છા. ગૌતમ ! સવેદક હોય કે અવેદક હોય. જો અવેદક હોય તો શું ઉપશાંતવેદક હોય કે ક્ષીણવેદક હોય ? ગૌતમ ! ઉપશાંતવેદક ન હોય, ક્ષીણવેદક હોય. જો સવેદક હોય તો શું સ્ત્રીવેદક હોય, પુરુષવેદક હોય, નપુંસક વેદક હોય કે પુરુષ-નપુંસક વેદક ગૌતમ ! સ્ત્રી કે પુરુષ કે પુરુષ-નપુંસક વેદક હોય.*

*ભગવન્ ! શું તે સકષાયી હોય કે અકષાયી ? ગૌતમ ! સકષાયી હોય કે અકષાયી પણ હોય. જો અકષાયી હોય તો શું ઉપશાંત કષાયી હોય કે ક્ષીણકષાયી હોય ? ગૌતમ ! ઉપશાંતકષાયી ન હોય, ક્ષીણકષાયી હોય. જો સકષાયી હોય તો હે ભગવન્ ! તે કેટલા કષાયમાં હોય ? ગૌતમ ! ચારમાં, (ત્રણમાં) બેમાં કે એક કષાયમાં હોય. જો ચારમાં હોય તો સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ ચારેમાં હોય. ત્રણમાં હોય તો સંજ્વલ માન-માયા-લોભમાં હોય, બેમાં હોય તો સંજ્વલન માયા-લોભમાં હોય. એકમાં હોય તો સંજ્વલન લોભમાં હોય.*

*ભગવન્ ! તેને કેટલા અધ્યવસાનો કહ્યા છે ? ગૌતમ ! અસંખ્ય. એ પ્રમાણે જેમ 'અશ્રુત્વા'માં કહ્યું તેમ યાવત્ ઉત્તમ કેવળ જ્ઞાન, દર્શન સમુત્પન્ન થાય. - - ભગવન્ ! તે કેવલીપ્રજ્ઞાપ્તધર્મ કહે, બતાવે કે પ્રરૂપે ? હા, કહે - બતાવે અને પ્રરૂપે.*



*ભગવન્ ! તે (કોઈને) પ્રવ્રજિત કે મુંડિત કરે ? હા, ગૌતમ ! પ્રવ્રજિત, મુંડિત કરે. ભગવન્ ! તેના શિષ્યો પણ પ્રવ્રજિત, મુંડિત કરે ? હા, કરે. ભગવન્ ! તેના પ્રશિષ્યો પણ પ્રવ્રજિત, મુંડિત કરે ? હા, કરે. - - ભગવન્ ! તે સિદ્ધ, બુદ્ધ યાવત્ અંતકર થાય ? હા, થાય. ભગવન્ ! તેના શિષ્યો પણ સિદ્ધ યાવત્ અંતકર થાય ? હા, થાય. ભગવન્ ! તેના પ્રશિષ્યો પણ સિદ્ધ યાવત્ અંતકર થાય ? હા, એ પ્રમાણે જ યાવત્ અંત કરે છે.*

*ભગવન્ ! શું તે ઉર્ધ્વલોકમાં હોય (ઈત્યાદિ) 'અશ્રુત્વા' માફક યાવત્ તેના એકદેશ ભાગમાં હોય. ભગવન્ ! તે એક સમયમાં કેટલા હોય ? ગૌતમ ! જઘન્યથી એક-બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી ૧૦૮. હે ગૌતમ ! તેથી એમ કહ્યું કે – કેવલી યાવત્ કેવલી ઉપાસિકાથી ધર્મ સાંભળીને યાવત્ કેટલાંક કેવળજ્ઞાન ઉપાર્જે, કેટલાંક ન ઉપાર્જે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૪૫૦ :-**

જે રીતે કેવલી આદિના વચનને સાંભળ્યા વિના કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે રીતે તેને સાંભળીને, બોધ પામીને થતું નથી. તે બીજા પ્રકારે દર્શાવે છે - જે સાંભલીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે, તેના કોઈપણ અર્થથી સમ્યગ્દર્શન ચારિત્ર લિંગને પામીને પ્રાયઃ વિકૃષ્ટ તપ-ચારિત્રવાળા સાધુને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય તેમ જણાવે છે.

લોકનું જે પ્રમાણ છે, તે જ પરિમાણ જેમાં છે તે. - - હવે આને જ લેશ્યાદિ વડે નિરૂપતા કહે છે – અનંતરોક્ત વિશેષણવાળા અવધિજ્ઞાની છ એ લેશ્યામાં હોય. જો કે પ્રશસ્ત ત્રણ ભાવલેશ્યામાં જ્ઞાન પામે છે, છતાં દ્રવ્ય લેશ્યાને આશ્રીને છ લેશ્યામાં સમ્યક્શ્રુત માફક પામે છે. કહે છે કે – "સમ્યક્શ્રુત બધામાં પામે." તેથી છ એ કહી.

અવધિજ્ઞાનીને આદ્ય બે જ્ઞાન અવશ્ય હોય, તેથી અહીં ત્રણ જ્ઞાનમાં હોય છે, તેમ કહ્યું. મતિ-શ્રુત-મનઃપર્યાય જ્ઞાનીને અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં ચાર જ્ઞાનના સદ્ભાવથી, અવધિજ્ઞાની ચાર જ્ઞાનોમાં અધિકૃત હોવાથી ચાર જ્ઞાનમાં કહ્યા.

અક્ષીણવેદવાળાને અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં સવેદકપણાએ અવધીજ્ઞાની થાય છે. ક્ષીણ વેદવાળાને અવધિજ્ઞાનોત્પત્તિમાં અવેદકપણે થાય છે. આ અવધિજ્ઞાની ઉપશાંત વેદક હોતા નથી. કેમકે પ્રાપ્ત થનાર કેવળજ્ઞાન અહીં વિવક્ષિતત્વ છે.

જે કષાયનો ક્ષય વિના અવધિને પામે છે, તે સકષાયીપણે અવધીજ્ઞાની થાય. જે કષાયક્ષયમાં પામે તે અકષાયી છે. જો અક્ષીણ કષાયપણે અવધીને પામે તો એ ચારિત્રયુક્તપણાથી ચારે-સંજ્વલન કષાયમાં હોય છે. જો ક્ષપક શ્રેણી વર્ત્તિત્વથી સંજ્વલન ક્રોધ ક્ષયમાં અવધિ પામે, તો ત્રણ કષાય-સંજ્વલનમાનાદિમાં હોય, જો તે પ્રમાણે સંજ્વલન ક્રોધ-માન ક્ષીણ થયા હોય તો બે કષાયમાં, એ રીતે એક કષાયમાં જાણવું.

## ❀ શતક-૯, ઉદ્દેશો-૩૨-“ગાંગેય” ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩૧માં કેવલી આદિના વચનને સાંભળીને કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય તે કહ્યું. અહીં, જેણે કેવલી વચન સાંભલીને તે ઉત્પન્ન કર્યુ, તે દર્શાવે છે. આ સંબંધે આ ઉદ્દેશો છે —

**● સૂત્ર-૪૫૧,૪૫૨ :-**

*[૪૫૧] તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નગર હતું. - વર્ણન. દૂતિપલાશ ચૈત્ય હતું, સ્વામી પધાર્યા. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે પાર્શ્વાપત્યીય ગાંગેય નામે અણગાર જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીર ન દૂર - ન નીકટ રહીને ભગવંતને આમ કહ્યું — ભગવન્ ! નૈરયિકો સ-અંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! નૈરયિકો સ-અંતર ઉપજે, નિરંતર પણ ઉપજે. - - ભગવન્ ! અસુરકુમારો સ-અંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! અસુરકુમારો સાંતર પણ ઉપજે, નિરંતર પણ. એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક સાંતર ઉપજે છે કે નિરંતર ? ગાંગેય ! પૃથ્વીકાયિકો સાંતર ન ઉપજે, નિરંતર ઉપજે છે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક બેઈન્દ્રિયોથી વૈમાનિક, નૈરયિકવત્ છે.*

*[૪૫૨] ભગવન્ ! નૈરયિકો સાંતર ઉદ્‌વર્તે કે નિરંતર ? ગાંગેય ! નૈરયિકો સાંતર ઉદ્‌વર્તે, નિરંતર પણ ઉદ્‌વર્તે. એ પ્રમાણે સ્તનીતકુમાર સુધી કહેવું. - - ભગવન્ ! પૃથ્વીકાયિકની પૃચ્છા. ગાંગેય ! પૃથ્વીકાયિક સાંતર નહીં, નિરંતર ઉદ્વર્તે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સાંતર નહીં, નિરંતર ઉદ્વર્તે. - - ભગવન્ ! બેઈન્દ્રિયો સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? ગાંગેય ! બેઈન્દ્રિયો સાંતર પણ ઉદ્વર્તે નિરંતર પણ. એ પ્રમાણે વ્યંતર સુધી. - - ભગવન્ ! જ્યોતિષ્કો સાંતર ચ્યવે, પૃચ્છા. ગાંગેય ! બંને. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

**● વિવેચન-૪૫૧,૪૫૨ :-**

संतर - સમયાદિ કાળ અપેક્ષાથી વિચ્છેદ સહિત. તેમાં એકેન્દ્રિયોનો અનુસમય ઉત્પાદથી નિરંતરત્વ, બીજાના ઉત્પાદમાં વિરહ પણ હોય તેથી સાંતરત્વ, નિરંતરત્વ કહેવું. ઉત્પન્ન થયેલની ઉદ્વર્તના પણ થાય, તે કહે છે - x - ઉદ્વર્તોનું કોઈક ગત્યંતરમાં પ્રવેશન થાય, તેથી તેનું નિરુપણ કરે છે —

**● સૂત્ર-૪૫૩ (અધુરુ) :-**

*ભગવન્ ! પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! ચાર ભેદે. તે આ - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-પ્રવેશનક.*

*ભગવન્ ! નૈરયિક પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! સાત ભેદે. તે આ — રત્નપ્રભાપૃથ્વી નૈરયિક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક-પ્રવેશનક. -*





*- ભગવન્ ! એક નૈરયિક, નૈરયિક-પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય ? ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય.*

*ભગવન્ ! બે નૈરયિક નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં ? ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય - અથવા - એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ એક રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય.*

*અથવા - એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા એક શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય.*

*અથવા - એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય યાવત્ અથવા એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. આ પ્રમાણે એક-એક પૃથ્વીને છોડતા યાવત્ અથવા એક તમામાં અને એક અધઃસપ્તમીમાં હોય.*

*ભગવન્ ! ત્રણ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય ? ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા - એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા એક રત્નપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય. (૬). - અથવા - બે રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા બે રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૨). - અથવા એક શર્કરાપ્રભામાં, બે વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા - એક શર્કરાપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય. (૧૭)*

*- અથવા - બે શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ - અથવા - બે શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૨૨). એ પ્રમાણે જેમ શર્કરાપ્રભામાં કથન કર્યુ તેમ સર્વે પૃથ્વીમાં કહેવું યાવત્ - અથવા - બે તમામાં, એક અધઃસપ્તમીમાં હોય (૪,૪,૩,૩,૨,૨,૧,૧ - કુલ ૪૨). - - - - અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય - અથવા - એક રત્નપ્રભા, એક શર્કરાપ્રભા, એક પંકપ્રભામાં હોય, યાવત્ - અથવા - એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૫)*

*- અથવા - એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય. - અથવા - એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય. એ રીતે યાવત્ - અથવા - એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૯)*

*- અથવા - એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય, યાવત્ - અથવા - એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૨). - - અથવા - - એક રત્નપ્રભામાં એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય*

- અથવા - એક રત્નપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૪).

- અથવા - એક રત્નપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૧૫) - - અથવા - - એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય - અથવા એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય, યાવત્ - અથવા - એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૯)

- અથવા - એક શર્કરાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય યાવત્ એક શર્કરાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૨૨) - - અથવા - - એક શર્કરાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય, - અથવા - એક શર્કરાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૨૪) - - અથવા - - એક શર્કરાપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૨૫)

- અથવા - એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં હોય. -અથવા - એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક તમામાં હોય - અથવા - એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૨૮) - - અથવા - - એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય - અથવા - એક વાલુકાપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૩૦) - - અથવા - - એક વાલુકાપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય (૩૧) - - અથવા એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક તમામાં હોય, - અથવા - એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૩૩) - - અથવા એક પંકપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૩૪) - - અથવા - - એક ધૂમપ્રભામાં, એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૩૫)

ભગવન્ ! ચાર નૈરયિક નૈરયિક પ્રવેશનથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય ? પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય (૭) - - એક રત્નપ્રભામાં. ત્રણ શર્કરાપ્રભામાં હોય યાવત્ - અથવા - એક રત્નપ્રભામાં, ત્રણ અધઃસપ્તમીમાં હોય (૬) - - અથવા બે રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં હોય યાવત્ બે રત્નપ્રભામાં, બે અધઃસપ્તમીમાં હોય. (૧૨) - - અથવા ત્રણ રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં હોય યાવત્ અથવા ત્રણ રત્નપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૮).

- અથવા - એક શર્કરાપ્રભામાં, ત્રણ વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે રત્નપ્રભા માફક શર્કરાપ્રભામાં પણ કહેવું (૫) એ રીતે એક-એક સાથે યોગ કરી યાવત્ - અથવા - ત્રણ તમામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૨,૯,૬,૩ - કુલ-૬૩ ભંગ થયા.)

- અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, બે વાલુકાપ્રભામાં હોય યાવત્ - અથવા - એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં યાવત્ બે અધઃસપ્તમીમાં



હોય (૫)

અથવા - એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં હોય યાવત્ અથવા એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૦) - - અથવા બે રત્ન૰ એક શર્કરા૰ એક વાલુકા૰ યાવત્ બે રત્ન૰ એક શર્કરા૰ એક અધઃસપ્તમીમાં (૧૫) - - અથવા - એક રત્ન૰ એક વાલુકા૰ બે પંક૰ યાવત્ - એક રત્ન૰ એક વાલુકા૰ બે અધઃસપ્તમી૰

આ આલાવા મુજબ ત્રિકસંયોગની જેમ કહેવું યાવત્ બે ધૂમ૰ એક તમા, એક અધઃસપ્તમીમાં હોય (૧૦૫)

અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક પંકપ્રભામાં હોય યાવત્ - અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં, એક અધઃસપ્તમીમાં હોય. (૪) - - અથવા એક રત્ન૰ એક શર્કરા૰ એક અધઃસપ્તમીમાં હોય (૭) - - અથવા એક રત્ન૰ એક શર્કરા૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૯) - - અથવા એક રત્ન૰ એક શર્કરા૰ એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય (૧૦)

અથવા એક રત્ન૰ એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰માં હોય. યાવત્ - અથવા એક રત્ન૰ એક વાલુકા૰ એક પંક૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૩) - - અથવા એક રત્ન૰ એક વાલુકા૰ એક ધૂમ૰ એક તમામાં હોય - અથવા એક રત્ન૰ એક વાલુકા૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૫) - - અથવા - - એક રત્ન૰ એક વાલુકા૰ એક તમા૰ એક અધઃસપ્તમીમાં (૧૬)

અથવા એક રત્ન૰ એક પંક૰ એક ધૂમ૰ એક તમામાં હોય - અથવા - એક રત્ન૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૮) - - અથવા એક રત્ન૰ એક પંક૰ એક તમામાં એક અધઃસપ્તમીમાં હોય (૧૯) - - અથવા એક રત્ન૰ એક ધૂમ૰ એક તમામાં, એક અધઃસપ્તમીમાં હોય (૨૦) - - અથવા એક શર્કરા૰ એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ પ્રભામાં હોય એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં ઉપરની પૃથ્વી સાથે કહ્યું તેમ શર્કરાપ્રભામાં જાણવું યાવત્ એક શર્કરા૰ એક ધૂમ૰ એક તમા૰ એક અધઃસપ્તમીમાં હોય. (૩૦) - - અથવા એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰ એક તમામાં હોય - અથવા - એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૩૨) - - અથવા એક વાલુકા૰ એક પંક૰ એક તમા૰ એક અધઃસપ્તમીમાં હોય (૩૩) - અથવા - એક વાલુકા૰ એક ધૂમ૰ એક તમા એક અધઃસપ્તમીમાં હોય (૩૪) - અથવા - એક પંક૰ એક ધૂમ૰ એક તમા૰ એક અધઃસપ્તમીમાં હોય (૩૫)

**● વિવેચન-૪૫૩ (અધુરુ) :-**

પવેસણ - બીજી ગતિમાં ઉત્પન્ન થનારને વિજાતીય ગતિમાં જીવનું પ્રવેશવું. એક સંયોગીમાં સાત વિકલ્પો છે. બે નારકમાં ૨૮ વિકલ્પો રત્નપ્રભાદિ સાતે પણ

પૃથ્વીક્રમથી પટ્ટ આદિમાં સ્થાપીને સંચારણાથી પૃથ્વીના એકત્વ-દ્વિકસંયોગો વડે જાણવા. તેમાં એક એક પૃથ્વીમાં બે નારકની ઉત્પત્તિ. લક્ષણ એકપણાથી સાત વિકલ્પો, બે પૃથ્વી બે નારકની ઉત્પત્તિરૂપ દ્વિકયોગે-૨૧-એ રીતે ૨૮ વિકલ્પો. એ રીતે એક એક પૃથ્વી છોડવી.

ત્રણ નૈરયિકમાં ૮૪ વિકલ્પો, તે કહે છે — એક પૃથ્વી વિકલ્પે ૭ ભંગો, દ્વિકસંયોગે, તેમાં એક-બે એ પ્રમાણે નારકનો ઉત્પાદ વિકલ્પથી રત્નપ્રભા સાથે બાકીના ક્રમથી જોડતાં છ ભંગ, બે-એક વિકલ્પ વડે નારક ઉત્પાદના વિકલ્પથી છ, એ રીતે ૧૨. એ પ્રમાણે શર્કરાપ્રભા સાથે પાંચ-પાંચ વિકલ્પોથી દશ. એ રીતે વાલુકાપ્રભા સાથે આઠ, પંકપ્રભા સાથે છ, ધૂમપ્રભા સાથે ચાર, તમઃપ્રભા સાથે બે, દ્વિકયોગે ૪૨, ત્રિકયોગે-૩૫ કુલ-૮૪.

ચાર નૈરયિકમાં ૨૧૦ ભંગ થાય. તે કહે છે — પૃથ્વીના એકત્વમાં ૭ વિકલ્પો. દ્વિક સંયોગે તેમાં એક અને ત્રણ વડે નારકના ઉત્પાદથી રત્નપ્રભા સાથે બાકીની પૃથ્વીના ક્રમથી જોડતાં ૬, બે-બે વિકલ્પો વડે-૬, ત્રણ-એકના વિકલ્પથી-૬, એ રીતે-૧૮. શર્કરાપ્રભા સાથે તે જ પ્રમાણે ત્રણમાં પૂર્વોક્ત નારક ઉત્પાદ વિકલ્પોમાં પાંચ-પાંચ એટલે દશ. એ રીતે વાલુકાપ્રભામાં ચાર-ચારથી કુલ-૧૨. પંકપ્રભા વડે ત્રણ-ત્રણ એટલે નવ, ધૂમ પ્રભા વડે બે-બે એમ-૬, તમઃપ્રભા વડે એક-એક એમ ત્રણ. આ પ્રમાણે દ્વિકસંયોગે ૬૩-વિકલ્પો થાય.

- તથા પૃથ્વીના ત્રિકયોગમાં એક-એક-બે એ રીતે નારકોના ઉત્પાદ વિકલ્પમાં રત્નપ્રભા, શર્કરાપ્રભા સાથે અન્યને ક્રમથી જોડતાં પાંચ વિકલ્પો થાય. એક-બે-એક એ રીતે નારક ઉત્પાદ વિકલ્પે પણ પાંચ, બે-એક-એક એ પ્રમાણે વિકલ્પે પણ પાંચ. એમ કુલ-૧૫. એ પ્રમાણે રત્નપ્રભા, વાલુકાપ્રભા સાથે આગળના ક્રમથી જોડતા ૧૨-વિકલ્પો થાય. રત્નપ્રભા, પંકપ્રભા વડે-૯, રત્નપ્રભા, ધૂમપ્રભા વડે ૬, રત્નપ્રભા, તમઃપ્રભા વડે-૩, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા વડે-૧૨, શર્કરાપ્રભા, પંકપ્રભા વડે-૯, શર્કરાપ્રભા, ધૂમપ્રભા વડે-૬, શર્કરાપ્રભા, તમઃપ્રભા વડે-૩, વાલુકાપ્રભા, પંકપ્રભા વડે-૯, વાલુકાપ્રભા, ધૂમપ્રભા વડે ૬, વાલુકાપ્રભા, તમઃપ્રભા વડે-૩, પંકપ્રભા, ધૂમપ્રભા વડે-૬, પંકપ્રભા, તમઃપ્રભા વડે-૩, ધૂમપ્રભાદિ વડે-૩. એ પ્રમાણે ત્રિકયોગે ૧૦૫, ચતુષ્ક સંયોગે-૩૫. આ પ્રમાણે ૭,૬૩,૧૦૫,૩૫ મળીને કુલ ૨૧૦ ભંગ થયા.

● **સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-**

*ભગવન્ ! પાંચ નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય ? પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. - - અથવા - - એક રત્નપ્રભામાં, ચાર શર્કરાપ્રભામાં હોય યાવત્ - અથવા - એક રત્ન૦ ચાર અધઃસપ્તમીમાં હોય. - - અથવા બે રત્ન૦, ત્રણ શર્કરા૦માં હોય યાવત્ અથવા બે રત્ન૦ ત્રણ અધઃસપ્તમીમાં હોય - - અથવા - ત્રણ રત્ન૦ બે શર્કરા૦ હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. - - અથવા - ચાર રત્ન૦ એક*



*શર્કરા૦ હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. - - અથવા - એક શર્કરા૦ ચાર વાલુકા૦માં હોય એ પ્રમાણે રત્નપ્રભા સાથે ઉપરની પૃથ્વીનો સંયોગ કર્યો, તેમ શર્કરાપ્રભામાં કહેવો યાવત્ ચાર શર્કરા૦ એક અધઃસપ્તમીમાં હોય.*

*આ પ્રમાણે એક-એક સાથે યોગ કરવો યાવત્ ચાર તમામાં, એક અધઃસપ્તમીમાં હોય. - - અથવા એક રત્ન૦ એક શર્કરા૦ ત્રણ વાલુકામાં હોય. એ રીતે યાવત્ અથવા એક રત્ન૦ એક શર્કરા૦ ત્રણ અધઃસપ્તમીમાં હોય. - - અથવા - એક રત્ન૦ બે શર્કરા૦ બે વાલુકા૦ હોય, એ પ્રમાણે યાવત્ એક રત્ન૦ બે શર્કરા૦ બે અધઃસપ્તમીમાં હોય. - - અથવા બે રત્ન૦, એક શર્કરા૦ બે વાલુકા૦માં હોય યાવત્ બે રત્ન૦ એક શર્કરા૦ બે અધઃસપ્તમીમાં હોય.*

*અથવા એક રત્ન૦ ત્રણ શર્કરા૦ એક વાલુકામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્ન૦ ત્રણ શર્કરા૦ એક અધઃસપ્તમીમાં હોય - - અથવા - બે રત્ન૦ બે શર્કરા૦ એક વાલુકા૦માં હોય એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમીમાં હોય. - - અથવા ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ હોય એ પ્રમાણે યાવત્ અથવા ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક અધઃસપ્તમીમાં હોય. - - અથવા - એક રત્ન૦ એક વાલુકા૦ ત્રણ પંક૦માં હોય. એ પ્રમાણે આ ક્રમથી ચતુષ્ક સંયોગોમાં કહ્યા મુજબ પાંચમાં પણ ત્રિકસંયોગ કહેવા. વિશેષ એ કે — એક અધિકનો સંયોગ કરવો જોઈએ. એ પ્રમાણે યાવત્ બે પંક૦ એક ધૂમ૦ એક તમઃ૦ એક અધઃસપ્તમીમાં હોય.*

*- - અથવા એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ બે પંક૦ હોય. એ રીતે યાવત્ બે અધઃસપ્તમીમાં હોય. (૪) - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ બે વાલુકા૦ એક પંક૦ હોય, એ રીતે યાવત્ અધઃસપ્તમીમાં હોય (૮) - - અથવા એક રત્ન૦ બે શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦માં હોય, એ રીતે યાવત્ એક અધઃસપ્તમીમાં હોય (૧૨) - - અથવા બે રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦માં હોય એ રીતે યાવત્ એક અધઃસપ્તમી (૧૬). - - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ બે ધૂમ૦માં હોય, એ રીતે જેમ ચાર ચતુષ્ક સંયોગ કહ્યા, તેમ પાંચમાં પણ ચતુષ્ક સંયોગ કહેવા. વિશેષ આ - એક સંયોગ અધિક કહેવો. એ રીતે યાવત્ પંક૦ એક ધૂમ૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં.*

*- - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક પંક૦ એક ધૂમપ્રભામાં હોય - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક તમામાં હોય - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક અધઃસપ્તમીમાં હોય (૩) - - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક તમામાં હોય - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય (૫). - - એક શર્કરા, એક પંક૦ એક ધૂમ૦*

*એક તમામાં હોય. - - અથવા એક રત્ન૰ એક શર્કરા૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૭) - - અથવા એક રત્ન૰ એક શર્કરા૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય (૮) - અથવા - એક રત્ન૰ એક શર્કરા૰ એક પંક૰ એક તમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૯) - અથવા - એક રત્ન૰, એક શર્કરા૰ એક ધૂમ૰ એક તમ૰ એક અધઃ સપ્તમીમાં હોય. (૧૦) અથવા એક રત્ન૰ એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰ એક તમામાં હોય. - અથવા - એક રત્ન૰ એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૧૨) - અથવા - એક રત્ન૰ એક વાલુકા૰ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૩)*

*- અથવા - એક રત્ન૰ એક વાલુકા૰ એક ધૂમ૰ એક તમ૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૪) - અથવા એક રત્ન૰ એક પંક૰ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય (૧૫) - અથવા એક શર્કરા૰ એક વાલુકા યાવત્ એક તમામાં હોય - અથવા - એક શર્કરા૰ યાવત્ એક પંક૰ એક ધૂમ૰ એક અધઃસપ્તમીમાં હોય. (૧૭) - અથવા - એક શર્કરા યાવત્ એક પંક, એક તમા૰ એક અધઃસપ્તમીમાં હોય. (૧૮) - અથવા એક શર્કરા૰ એક વાલુકા૰ એક ધૂમ૰ એક તમા૰ એક અધઃસપ્તમીમાં હોય (૧૯) - અથવા - એક શર્કરા૰ એક પંક૰ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય (૨૦) - અથવા - એક વાલુકાપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમીમાં હોય (૨૧).*

● વિવેચન-૪૫૩ (અધુરેથી) :-

પાંચ નૈરયિકાદિ પૂર્વોક્ત ક્રમથી વિચારવા. વિશેષ - સંક્ષેપથી વિકલ્પ સંખ્યા દર્શાવે છે. એકત્વમાં સાત વિકલ્પો, દ્વિકસંયોગે ૮૪ ભંગો, કઈ રીતે ? સાત પદોના ૨૧ ભંગ, પાંચ નારકોના બે ભાગ કરતા ચાર ભંગો, તે આ રીતે એક-ચાર, બે-ત્રણ, ત્રણ-બે, ચાર-એક. ૨૧ને ૪ વડે ગુણતાં ૮૪ થાય. ત્રિકયોગે સાત પદોના ૩૫-વિકલ્પો. પાંચને ત્રણ રીતે સ્થાપતા, છ વિકલ્પો આ રીતે એક એક-ત્રણ, એક-બે-બે, બે-એક-બે, એક-ત્રણ-એક, બે-બે-એક, ત્રણ-એક-એક. આ રીતે ૩૫ને ૬ વડે ગુણતા ૨૧૦ ભંગ. ચતુષ્ક સંયોગે - સાતના ૩૫ વિકલ્પો, પાંચને ચાર રાશિપણે સ્થાપતા ચાર વિકલ્પો — ૧ ૧ ૧ ૨, ૧ ૧ ૨ ૧, ૧ ૨ ૧ ૧, ૨ ૧ ૧ ૧. આ રીતે ૩૫ને ચાર વડે ગુણતાં ૧૪૦ વિકલ્પો. પંચક યોગે-૨૧. બધાં મળીને ૪૬૨ થાય.

● સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-

*ભગવન્ ! છ નૈરયિકો નૈરયિક પ્રવેશનથી પ્રવેશતા શું રત્નપ્રભામાં હોય ? પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં યાવત્ અધઃસપ્તમીમાં હોય. (૭) - - અથવા એક રત્ન૰ પાંચ શર્કરા૰માં હોય યાવત્ - અથવા - એક રત્ન૰ પાંચ અધઃસપ્તમીમાં હોય - અથવા - ત્રણ રત્ન૰ ત્રણ શર્કરા૰માં હોય. આ પ્રમાણે આ ક્રમથી જેમ પાંચના દ્વિકસંયોગો કહ્યા, તેમ છના પણ કહેવા. વિશેષ એ - એક ભંગ અધિક*



*કહેવો યાવત્ - અથવા - પાંચ તમા૰ એક અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક રત્ન૦ એક શર્કરા ચાર વાલુકા૦માં હોય. યાવત્ - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ ચાર અધઃસપ્તમીમાં હોય. - - અથવા એક રત્ન૦ બે શર્કરા૦ ત્રણ વાલુકા૦માં હોય. એ રીતે આ ક્રમ વડે જેમ પાંચના ત્રિકસંયોગ કહ્યા, તેમ છ ના પણ કહેવા. વિશેષ આ - એક ભંગ અધિક કહેવો. બાકી પૂર્વવત્ (૩૪).*

*ચતુષ્ક સંયોગ પણ એ જ પ્રમાણે છે, પંચક સંયોગ પણ એમ જ છે. વિશેષ એ કે એક ભંગ અધિક કહેવો. યાવત્ છેલ્લો ભંગ બે વાલુકા૦ એક પંક૦ એક ધૂમ૦ એક તમ૦ એક અધઃસપ્તમી હોય - - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક તમામાં હોય (૧) - અથવા એક રત્ન૦ યાવત્ એક ધૂમ૦ એક અધઃસપ્તમીમાં હોય (૨) - અથવા એક રત્ન૦ યાવત્ એક પંક૦ એક તમા૦ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ યાવત્ એક વાલુકા૦ એક ધૂમ૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ એક પંક૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમીમાં હોય (૭)*

● વિવેચન-૪૫૩ (અધુરેથી) :-

છ નૈરયિક - એકત્વમાં સાત ભંગ, દ્વિક યોગે પાંચ વિકલ્પ — ૧.૫, ૨.૪, ૩.૩, ૪.૨, ૫.૧ તેને દ્વિક સંયોગ ૨૧-થી ગુણતાં ૧૦૫ ભંગ થાય છે. ત્રિકયોગમાં છ ના ત્રિત્વમાં દશ વિકલ્પો છે, તે આ — ૧.૧.૪, ૧.૨.૩, ૨.૧.૩, ૧.૩.૨, ૨.૨.૨, ૩.૧.૨, ૧.૪.૧, ૨.૩.૧, ૩.૨.૧, ૪.૧.૧. તેને ૩૫ વડે ગુણતાં ૩૫૦ વિકલ્પો થાય. ચતુષ્ક યોગમાં તે છ ના ચાર રાશિ વડે સ્થાપતા દશ વિકલ્પો થાય — ૧.૧.૧.૩, ૧.૧.૨.૨, ૧.૨.૧.૨, ૨.૧.૧.૨, ૧.૧.૩.૧, ૧.૨.૨.૧, ૨.૧.૨.૧, ૧.૩.૧.૧, ૨.૨.૧.૧, ૩.૧.૧.૧ આ દશને ૩૫ વડે ગુણતાં ૩૫ ભંગો થાય. પંચક સંયોગમાં છ ના પાંચ ભેદે પાંચ વિકલ્પો થાય. તે આ — ૧.૧.૧.૧.૨, ૧.૧.૧.૨.૧, ૧.૧.૨.૧.૧, ૧.૨.૧.૧.૧, ૨.૧.૧.૧.૧. સાતે પૃથ્વીમાં ૨૧ વિકલ્પોને પાંચ વડે ગુણતાં ૧૦૫ ભંગો થાય. ષટ્ક સંયોગે-૬ ભંગ. કુલ-૯૨૪ ભંગ થાય.

● સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-

*ભગવન્ ! સાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય (૭)*

*અથવા એક રત્ન૦ છ શર્કરા૦ હોય. એ રીતે આ ક્રમથી જેમ છ ના દ્વિકસંયોગમાં કહ્યું તેમ અહીં કહેવું. વિશેષ આ — એક ભંગ અધિક સંયોજવો. બાકી પૂર્વવત્. ત્રિકસંયોગમાં, ચાર-પાંચ-છ સંયોગમાં જેમ છ ના કહ્યા, તેમ સાતના પણ કહેવા. વિશેષ આ — એક ભંગ અધિક કહેવો યાવત્ ષટ્કગસંયોગ-*

*અથવા-બે શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃ સપ્તમીમાં હોય.*

• **વિવેચ-૪૫૩ (અધુરેથી) :-**

સાત નૈરયિકમાં - એકત્વમાં સાત ભંગ, દ્વિક યોગે છ વિકલ્પો — ૧.૬, ૨.૫, ૩.૪, ૪.૩, ૫.૨, ૬.૧. સાત પૃથ્વીના ૨૧ ભંગથી ગુણતાં ૧૨૬ ભંગ થાય. ત્રિકયોગમાં ૧૫ વિકલ્પો — ૧.૧.૫, ૧.૨.૪, ૨.૧.૪, ૧.૩.૩, ૨.૨.૩, ૩.૧.૩, ૧.૪.૨, ૩.૩.૨, ૩.૨.૨, ૪.૧.૨, ૧.૫.૧, ૨.૪.૧, ૩.૩.૧, ૪.૨.૧, ૫.૧.૧. તેને ૩૫ વડે ૫૨૫ ભંગ થાય.

ચતુષ્ક સંયોગે સાતેને ચાર રાશિ વડે સ્થાપતા ૧.૧.૧.૪ ઇત્યાદિ ૨૦ વિકલ્પો થાય. તે - x - સ્વયમેવ જાણવા. ૨૦ને ૩૫ વડે ગુણતાં ૭૦૦ વિકલ્પો થાય. પંચક સંયોગે સાતેને પાંચ રાશિથી સ્થાપતા ૧.૧.૧.૧.૩ ઇત્યાદિ ૧૫ વિકલ્પો થાય. આ પંચક સંયોગને ૨૧ વડે ગુણતાં ૩૧૫ વિકલ્પો થાય. ષટ્ક સંયોગમાં સાત પદોને છ ભેદે સ્થાપતા ૧.૧.૧.૧.૧.૨ ઇત્યાદિ. સાત પદોના સાત વિકલ્પો, છ વડે ગુણતાં-૪૨-ભેદ થાય. સપ્તક સંયોગે એક જ. બધાં મળીને ૧૭૧૬ ભંગ થાય.

• **સૂત્ર-૪૫૩ (અધુરેથી)**

*ભગવન્ ! આઠ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક રત્ન૦ સાત શર્કરા૦માં એ પ્રમાણે દ્વિક યાવત્ ષટ્ક સંયોગમાં જેમ સાતમાં કહ્યું તેમ આઠમાં પણ કહેવું. વિશેષ આ — એક-એક અધિક સંયોગ કરવો. બાકી પૂર્વવત્ યાવત્ ષટ્ક સંયોગ અથવા ત્રણ શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ યાવત્ એક તમા૦ બે અધઃસપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ યાવત્ બે તમા૦ એક અધઃસપ્તમીમાં હોય. એ પ્રમાણે સંયોગ કરતાં યાવત્ - અથવા - બે રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃસપ્તમી.*

• **વિવેચન-૪૫૩ (અધુરેથી) :-**

અહીં એકત્વમાં સાત વિકલ્પ. દ્વિક સંયોગમાં આઠના દ્વિત્વમાં ૧.૭ આદિ સાત વિકલ્પો, તેને ૨૧ વડે ગુણતાં ૧૪૭ વિકલ્પો. ત્રિકસંયોગમાં આઠનાં ૧.૧.૬ ઇત્યાદિ ૨૧ વિકલ્પો. તેને ૩૫ વડે ગુણતાં ૭૩૫ ભંગો. ચતુષ્કસંયોગમાં આઠની ચાર રાશિથી ૧.૧.૧.૫ ઇત્યાદિ ૩૫ વિકલ્પો થાય, તેને ૩૫ વડે ગુણતાં ૧૨૨૫ ભંગો થાય. પંચક સંયોગે - આઠનાં પંચત્વમાં ૧.૧.૧.૧.૪ ઇત્યાદિ ૩૫ વિકલ્પો થાય. તેને ૨૧ સંયોગો વડે ગુણતાં ૭૩૫ ભંગ થાય. ષટ્ક સંયોગમાં આઠના છ ભેદથી ૧.૧.૧.૧.૧.૩ ઇત્યાદિ ૨૧ વિકલ્પો થાય. તેને સાત સંયોગો વડે ગુણતાં ૧૪૭ ભંગો થાય છે. સપ્તસંયોગમાં આઠની સાત રાશિ કરતાં ૭-વિકલ્પો થાય. આ બધાં મળીને ૩૦૦૩ ભંગ થાય.

• **સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-**

*ભગવન્ ! નવ નૈરયિક નૈરયિક પ્રવેશનથી પ્રવેશતા, પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. અથવા એક રત્ન૦ આઠ શર્કરા૦ હોય. એ પ્રમાણે દ્વિકસંયોગ યાવત્ સપ્તકસંયોગ, જેમ આઠમાં કહ્યો, તેમ નવમાં પણ કહેવો. વિશેષ આ-એક એક અધિક સંયોગ કરવો. બાકી પૂર્વવત્. છેલ્લો આલાવો - અથવા - ત્રણ રત્ન૦ એક શર્કરા૦ એક વાલુકા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય.*



• **વિવેચન-૪૫૩ (અધુરેથી)**

અહીં પણ એકત્વમાં સાત જ વિકલ્પ છે. દ્વિક સંયોગમાં નવના દ્વિત્વમાં આઠ વિકલ્પો છે. સપ્તપદ દ્વિકસંયોગના ૨૧ ભેદથી ગુણતાં ૧૬૮ ભંગ થાય. ત્રિકસંયોગે નવના ૧.૧.૭ ઇત્યાદિ ૨૮ વિકલ્પો થાય છે તેને સપ્તપદ ત્રિકસંયોગ ૩૫ વડે ગુણતાં ૯૮૦ ભંગ થાય છે ચતુષ્ક યોગમાં નવની ચાર રાશિમાં ૧.૧.૧.૬ આદિ ૫૬ વિકલ્પો થાય. તેને સપ્તપદ ચતુષ્ક સંયોગે ૩૫ વડે ગુણતાં ૧૯૬૦ ભંગો થાય. પંચક સંયોગે નવની પાંચ રાશિથી ૧.૧.૧.૧.૫ એ રીતે ૭૦ વિકલ્પો થાય. તેને ૨૧ સંયોગોથી ગુણતાં ૧૪૭૦ ભંગો થાય. ષટ્ક સંયોગમાં નવને છ રાશિમાં મૂકતા ૧.૧.૧.૧.૧.૪ આદિ ૫૬ વિકલ્પો થાય. તેને સાત સંયોગ વડે ગુણતાં ૩૯૨ ભંગો થાય. સપ્તક સંયોગમાં નવને સાત રાશિથી મૂકતા ૧.૧.૧.૧.૧.૧.૩ ઇત્યાદિ ૨૮ વિકલ્પો થાય. તેના ૨૮ ભંગ જ થાય આ રીતે બધાં મળીને ૫૦૦૫ ભંગ થાય.

• **સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-**

*ભગવન્ ! દશ નૈરયિકો નૈરયિક પ્રવેશનકથી પ્રવેશતા પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય (૭) - અથવા - એક રત્ન૦ નવ શર્કરા૦માં હોય. એ પ્રમાણે દ્વિકસંયોગમાં યાવત્ સપ્તસંયોગમાં જેમ નવમાં કહ્યું તેમ જાણવું. વિશેષ આ - એક, એક સંયોગ અધિક કરવો. બાકી પૂર્વવત્. તેનો છેલ્લો આલાવો આ છે - - અથવા - ચાર રત્ન૦ એક શર્કરા૦ યાવત્ એક અધઃસપ્તમીમાં હોય.*

• **વિવેચન-૪૫૩ (અધુરેથી) :-**

અહીં એકત્વમાં સાત ભંગ જ છે. દ્વિકસંયોગમાં દશના બે ભાગ કરતાં ૧.૯ ઇત્યાદિ નવ વિકલ્પ, તેને ૨૧ સંયોગોથી ગુણતાં ૧૮૯ ભંગ થાય. ત્રિકયોગે દશના ત્રણ ભાગ કરતાં ૧.૧.૮ ઇત્યાદિ ૩૬-વિકલ્પો થાય. તેને ૩૫ સંયોગ વડે ગુણતાં ૧૨૬૦ ભંગો થાય છે. ચતુષ્ક સંયોગમાં દશના ચાર ભાગ કરતાં ૧.૧.૧.૭ ઇત્યાદિ ૮૪ વિકલ્પો થાય. તેને સપ્તપદ ચતુષ્ક સંયોગ-૩૫ વડે ગુણતાં ૨૯૪૦ ભંગ થાય. પંચક સંયોગે દશના પાંચ ભાગ કરતા ૧.૧.૧.૧.૬ ઇત્યાદિ ૧૨૬ વિકલ્પો થાય. તેને સપ્તપદ પંચક સંયોગ-૨૧ વડે ગુણતાં ૨૬૪૬ ભંગ થાય. ષટ્ક સંયોગમાં દશના છ ભાગ કરતાં ૧.૧.૧.૧.૧.૫ ઇત્યાદિ ૧૨૬ વિકલ્પો થાય. તેને સપ્તપદ ષટ્ક સંયોગ-૭ વડે ગુણતાં ૮૮૨ ભંગ થાય છે. સપ્તક સંયોગમાં દશના સાત ભાગથી ૧.૧.૧.૧.૧.૧.૪ ઇત્યાદિ ૮૪ વિકલ્પો છે તેને એક સંયોગથી ગુણતા ૮૪ ભંગો જ

થાય. બધાં મળીને ૮૦૦૮ ભંગ થાય છે.

● સૂત્ર-૪૫૩ (અધુરેથી)

*ભગવન્ ! સંખ્યાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનથી પ્રવેશતા, પૃચ્છા. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય (૭). - અથવા - એક રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ હોય, એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી હોય. - - અથવા - બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય. એ પ્રમાણે યાવત્ બે રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય - - અથવા ત્રણ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય. એ પ્રમાણે આ ક્રમથી એક એકનો સંયોગ વધારતા યાવત્ - અથવા - દશ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ હોય. એ પ્રમાણે યાવત્ અથવા દશ રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- - અથવા - સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦માં હોય યાવત્ - અથવા - સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦માં હોય. એ રીતે રત્નપ્રભા માફક ઉપરની પૃથ્વી સાથે સંયોગ કરવો. એ રીતે એક એક પૃથ્વીનો ઉપર પૃથ્વી સાથે સંયોગ કરવો. યાવત્ - અથવા - સંખ્યાતા તમામાં, સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. - અથવા - એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા પંક૦ હોય. યાવત્ અથવા એક રત્ન૦ એક શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક રત્ન૦ બે શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. - અથવા - એક રત્ન૦ બે શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - એક રત્ન૦ ત્રણ શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. એ પ્રમાણે આ ક્રમથી એક-એક સંયોગ વધારવો - અથવા - એક રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય યાવત્ અથવા એક રત્ન૦ સંખ્યાતા વાલુકા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. યાવત્ અથવા બે રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય - અથવા - ત્રણ રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય. એ પ્રમાણે આ ક્રમથી એક એક રત્નપ્રભા સાથે સંયોગ કરવા યાવત્ અથવા સંખ્યાતારત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા વાલુકા૦ હોય યાવત્ અથવા સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય. - - અથવા એક રત્ન૦ એક વાલુકા૦ સંખ્યાતા પંક૦માં હોય. યાવત્ - અથવા - એક રત્ન૦ એક વાલુકા૦ સંખ્યાતા અધઃ સપ્તમીમાં હોય - અથવા - એક રત્ન૦ બે વાલુકા૦ સંખ્યાતા પંકપ્રભામાં હોય. એ પ્રમાણે આ ક્રમથી ત્રિક સંયોગ, ચતુષ્ક*



*સંયોગ યાવત્ સપ્ત સંયોગ જેમ દશમામાં કહ્યો, તેમ કહેવો. છેલ્લો આલાવો સપ્તસંયોગે - અથવા - સંખ્યાતા રત્ન૦ સંખ્યાતા શર્કરા૦ યાવત્ સંખ્યાતા અધઃસપ્તમીમાં હોય.*

● વિવેચન-૪૫૩ (અધુરેથી) :-

અહીં સંખ્યાતા એટલે અગિયારથી શીર્ષપ્રહેલિકા સુધી. અહીં પણ એકત્વમાં સાત ભંગ છે. દ્વિકસંયોગમાં સંખ્યાતાના બે ભાગ કરતાં એક-સંખ્યાતા ઈત્યાદિ દશ-સંખ્યાતા એવા ૧૧ વિકલ્પો. આ ઉપરની પૃથ્વીમાં એકાદિ અગીયાર પદોના ઉચ્ચારણમાં અધસ્તન પૃથ્વીમાં સંખ્યાતપદના ઉચ્ચારણથી જાણવા. જે બીજી આગળની પૃથ્વીમાં સંખ્યાતપદના અધઃસ્તનપૃથ્વીમાં એકાદી અગીયાર પદોના ઉચ્ચારણમાં પ્રાપ્ત થાય છે, તેની અહીં વિવક્ષા કરી નથી.

પૂર્વસૂત્રોમાં જ દશાદિરાશીનું દ્વૈવિધ્યકલ્પનામાં ઉપર એકાદિ લઘુ સંખ્યા ભેદ પૂર્વે કર્યા. નીચે નવ આદિ મહાન્ત. એમ અહીં પણ એકાદિ ઉપર અને નીચે સંખ્યાત રાશિ. તેમાં સંખ્યાતરાશિથી અધસ્તન એકાદિ આકર્ષણે પણ સંખ્યાતત્વ અવસ્થિત જ છે. કેમકે પ્રચૂરત્વ છે. પૂર્વ સૂત્રોમાં નવ આદિની જેમ એકાદિપણે તેનું અવસ્થાન નથી. તેથી નીચે એકાદિ ભાવ નથી. સંખ્યાતનો જ સંભવ હોવાથી અધિક વિકલ્પની વિવક્ષા નથી. ત્યાં રત્નપ્રભા એકાદિ વડે સંખ્યાત અંત વડે અગિયાર પદોથી ક્રમથી વિશેષિત સંખ્યાતપદ વિશેષિત વડે બાકીના સાથે ક્રમથી સંયોગ કરતા ૬૬ ભંગો પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે શર્કરાપ્રભામાં ૫૫, વાલુકામાં ૪૪, પંકપ્રભામાં ૩૩, ધૂમપ્રભામાં ૨૨, તમઃપ્રભામાં ૧૧. એ રીતે દ્વિકસંયોગીમાં ૨૩૧ ભંગ થાય છે.

ત્રિકયોગમાં વિકલ્પ પરિમાણ માત્ર જ દેખાડે છે - રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા એ પ્રથમ ત્રિકયોગ. તેમાં ૧.૧. સંખ્યાતા એ પહેલો વિકલ્પ, પછી પહેલીમાં એક અને ત્રીજામાં સંખ્યાતપદે જ રહીને, બીજીમાં ક્રમથી અક્ષ વિન્યાસથી દ્વયાદિ ભાવે દશમ સંયોગમાં સંખ્યાત પદ થાય છે. એ રીતે આ પૂર્વની સાથે ૧૧, પછી બીજી, ત્રીજીમાં સંખ્યાતપદમાં જ રહીને, પહેલીમાં તે જ રીતે દ્વયાદિ ભાવથી દશમ સંયોગે સંખ્યાતપદ થાય. એ રીતે અહીં દશ. આ રીતે બધાં થઈને એકત્ર ત્રિક સંયોગમાં ૨૧. તેને સપ્તપદ ત્રિકસંયોગમાં ૩૫-થી ગુણતાં ૭૩૫ ભંગો થાય છે.

ચતુષ્ક સંયોગમાં ફરી પહેલાથી ચોથા વડે પહેલો ચતુષ્ક સંયોગ, તેમાં ૧.૧.૧. સંખ્યાતા, એ એક વિકલ્પ. પછી પૂર્વોક્ત ક્રમથી ત્રીજીમાં દશમ સંયોગે સંખ્યાતપદ, એ રીતે બીજીમાં અને પહેલીમાં. આ રીતે એકત્ર ચતુષ્ક સંયોગ-૩૧. તેને સપ્તપદ ચતુષ્ક સંયોગમાં ૩૫થી ગુણતા ૧૦૮૫ ભંગ થાય છે.

પંચક સંયોગમાં પહેલા પાંચ વડે પહેલો પંચકયોગ, તેમાં ૧.૧.૧.૧. સંખ્યાતા, એ એક વિકલ્પ. પછી પૂર્વોક્ત ક્રમથી ચોથીમાં દશમ સંયોગમાં સંખ્યાત પદ, એ રીતે બાકીનામાં પણ છે. એ રીતે આ બધાં મળીને પંચક યોગમાં ૪૧-ભેદ છે. આ

પ્રત્યેકને સપ્તપદ પંચક સંયોગમાં ૨૧ વિકલ્પથી ૮૬૧-ભંગ થાય છે.

ષટ્ક સંયોગમાં પૂર્વોક્ત ક્રમથી એકત્ર ષટ્કસંયોગમાં ૫૧ વિકલ્પો થાય. આ પ્રત્યેકને સપ્તપદ ષટ્ક યોગે સાત વડે ગુણતાં ૩૫૭ ભંગ થાય છે. - - સપ્તક સંયોગે પૂર્વોક્ત ભાવનાથી ૬૧ વિકલ્પો થાય. આ બધાં મળીને કુલ ૩૩૩૭ ભંગો થાય છે.

● સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-

*ભગવન્ ! અસંખ્યાત નૈરયિકો, નૈરયિક પ્રવેશનથી એ પ્રશ્ન. ગાંગેય ! રત્નપ્રભામાં હોય યાવત્ અધઃસપ્તમીમાં હોય. - અથવા એક રત્ન૦ અસંખ્યાત શર્કરાપ્રભામાં હોય. એ રીતે દ્વિકસંયોગ યાવત્ સપ્તસંયોગ, સંખ્યાતની જેમ કહેવો. વિશેષ એ કે — અસંખ્યાત અધિક કહેવા. બાકી પૂર્વવત્. યાવત્ સપ્ત સંયોગનો છેલ્લો આલાવો - અથવા - અસંખ્યાત રત્નપ્રભામાં, અસંખ્યાત શર્કરાપ્રભામાં યાવત્ અસંખ્યાત અધઃસપ્તમીમાં હોય.*

● વિવેચન-૪૫૩ (અધુરેથી) :-

સંખ્યાત પ્રવેશનક માફક જ આ અસંખ્યાત પ્રવેશનક કહેવું. વિશેષ આ - અહીં અસંખ્યાત પદને ૧૨-કહેવા. તેમાં એકત્વે સાત જ ભંગ છે. દ્વિકસંયોગાદિમાં વિકલ્પ પ્રમાણે વૃદ્ધિ થાય છે. તે આ છે — દ્વિક સંયોગમાં ૨૫૨ ભંગ, ત્રિક સંયોગમાં ૮૦૫ ભંગ. ચતુષ્ક સંયોગમાં ૧૧૯૦ ભંગ, પંચક સંયોગમાં ૯૪૫ ભંગ, ષટ્ક સંયોગમાં ૩૯૨ ભંગ, સપ્ત સંયોગમાં ૬૭ ભંગ થાય છે. આ બધાં મળીને ૩૬૫૮ ભંગ થાય છે. હવે બીજા પ્રકારે નારક પ્રવેશન —

● સૂત્ર-૪૫૩ (અધુરેથી) :-

*ભગવન્ ! ઉત્કૃષ્ટથી નૈરયિક નૈરયિક પ્રવેશનથી પ્રશ્ન. ગાંગેય ! બધાં રત્નપ્રભામાં હોય - અથવા - રત્નપ્રભા અને શર્કરાપ્રભામાં હોય - અથવા - રત્નપ્રભા અને વાલુકાપ્રભામાં હોય યાવત્ - અથવા - રત્નપ્રભા અને અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - રત્ન૦ શર્કરા૦ અને વાલુકા૦માં હોય. એ રીતે યાવત્ - અથવા - રત્ન૦ શર્કરા૦ અને અધઃસપ્તમીમાં હોય (૫) - અથવા - રત્ન૦ વાલુકા૦ પંક૦માં હોય - યાવત્ - અથવા રત્ન૦ વાલુકા૦ અધઃસપ્તમીમાં હોય (૪) - અથવા - રત્ન૦ પંક૦ ધૂમ૦માં હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા વિના જેમ ત્રણના ત્રિકસંયોગ કહ્યા તેમ કહેવા યાવત્ - અથવા - રત્ન૦ તમા૦ અધઃસપ્તમીમાં હોય (૧૫) - - અથવા રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ પંક૦માં હોય - અથવા - રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦માં હોય. યાવત્ - અથવા - રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ અધઃસપ્તમીમાં હોય (૪)*

*- અથવા - રત્ન૦ શર્કરા૦ પંક૦ ધૂમ૦ હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા વિના જેમ ચારનો ચતુષ્કસંયોગ કહ્યો તેમ કહેવું. યાવત્ - અથવા - રત્ન૦ ધૂમ૦તમા૦ અધઃસપ્તમીમાં હોય.*



*- અથવા - રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ પંક૦ ધૂમપ્રભામાં હોય - અથવા રત્ન૦ યાવત્ પંક૦ તમામાં હોય - અથવા રત્ન૦ યાવત્ પંક૦ અધઃસપ્તમીમાં હોય. - અથવા - રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦ તમા૦માં હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા વિના જેમ પાંચના પંચકસંયોગ કહ્યો તેમ કહેવું. યાવત્ રત્નપ્રભા પંકપ્રભા યાવત્ અધઃસપ્તમીમાં હોય.*

*- અથવા - રત્ન૦ શર્કરા યાવત્ ધૂમપ્રભા અને તમામાં હોય - અથવા - રત્ન૦ યાવત્ ધૂમ૦ અધઃસપ્તમીમાં હોય. - અથવા - રત્ન૦ શર્કરા૦ યાવત્ પંક૦ તમા. અધઃસપ્તમીમાં હોય - અથવા - રત્ન૦ શર્કરા૦ વાલુકા૦ ધૂમ૦ તમા૦ અધઃસપ્તમીમાં હોય. - અથવા - રત્ન૦ શર્કરા૦ પંક૦ યાવત્ અધઃ સપ્તમીમાં હોય - અથવા - રત્ન૦ વાલુકા૦ યાવત્ અધઃસપ્તમીમાં હોય. - અથવા - રત્ન૦ શર્કરા યાવત્ અધઃસપ્તમીમાં (૭).*

*૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પ્રવેશન, શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક પ્રવેશન યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક પ્રવેશનકના કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડાં અધઃસપ્તમીપૃથ્વી નૈરયિક પ્રવેશનક છે, તમાપૃથ્વી નૈરયિક પ્રવેશનક અસંખ્યાતગણા એ રીતે ઉલટાક્રમમાં યાવત્ રત્નપ્રભાપૃથ્વી નૈરયિક અસંખ્યાતગણા છે.*

● વિવેચન-૪૫૩ (અધુરેથી) :-

ઉત્કૃષ્ટપદે જેના વડે ઉત્કર્ષથી ઉત્પન્ન થાય તે. જે આ ઉત્કૃષ્ટ પદવાળા છે, તે બધાં પણ રત્નપ્રભામાં હોય કેમકે ત્યાં જનાર, તે સ્થાનોનું બહુત્વ છે. અહીં ક્રમથી દ્વિકયોગે છ ભંગો, ત્રિકયોગમાં ૧૫, ચતુષ્કયોગમાં ૨૦, પંચકયોગમાં ૧૫, ષટ્કયોગમાં ૬, સપ્તકયોગમાં એક ભંગ છે.

હવે રત્નપ્રભાદિમાં જ નારક પ્રવેશનકના અલ્પત્વ આદિ નિરુપણને માટે કહે છે — તેમાં સૌથી થોડાં સાતમી પૃથ્વી નારક પ્રવેશનક છે. કેમકે તેમાં જનાર થોડાં છે, તે અપેક્ષાએ. તેનાથી છઠ્ઠીમાં અસંખ્યાતગણા છે, કેમકે તેમાં જનારનું અસંખ્યાત ગુણત્વ છે. એ રીતે આગળ પણ જાણવું.

હવે તિર્યંચયોનિક પ્રવેશનકની પ્રરૂપણા.

● સૂત્ર-૪૫૪ :-

*ભગવન્ ! તિર્યંચયોનિક પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! પાંચ ભેદે છે. તે આ - એકેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક.*

*ભગવન્ ! એક તિર્યંચયોનિક, તિર્યંચ પ્રવેશનકથી પ્રવેશતા શું એકેન્દ્રિયમાં હોય કે પંચેન્દ્રિયમાં હોય ? ગાંગેય ! એકેન્દ્રિયમાં હોય યાવત્ પંચેન્દ્રિયમાં હોય. - - ભગવન્ ! બે તિર્યંચયોનિકની પૃચ્છા. ગાંગેય ! એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાં હોય. અથવા એક એકેન્દ્રિયમાં હોય, એક બેઈન્દ્રિયમાં હોય, એ*

*રીતે જેમ નૈરયિક પ્રવેશનકમાં કહ્યું, તેમ તિર્યંચયોનિક પ્રવેશનકમાં પણ કહેવું. યાવત્ અસંખ્યાતા.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટા તિર્યંચયોનિકની પૃચ્છા. ગાંગેય ! બધાં જ એકેન્દ્રિયમાં હોય અથવા એકેન્દ્રિયમાં હોય, બેઈન્દ્રિયમાં હોય. એ રીતે જેમ નૈરયિકમાં સંયોગ કહ્યા, તેમ તિર્યંચયોનિકમાં પણ સંયોગ કહેવા. એકેન્દ્રિયોની સાથે દ્વિકસંયોગ, ત્રિકસંયોગ, ચતુષ્કસંયોગ, પંચસંયોગ ઉપયોગપૂર્વક કહેવા. યાવત્ અથવા એકેન્દ્રિયમાં, બેઈન્દ્રિયમાં યાવત્ પંચેન્દ્રિયમાં હોય.*

*ભગવન્ ! આ એકેન્દ્રિય તિર્યંચયોનિક પ્રવેશનક યાવત્ પંચેન્દ્રિય૦ના કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડાં પંચેન્દ્રિય તિર્યંચ યોનિક પ્રવેશનક છે. ચઉરિન્દ્રિય૦ વિશેષાધિક, તેઈન્દ્રિય૦ વિશેષાધિક, બેઈન્દ્રિય૦ વિશેષાધિક, તેનાથી એકેન્દ્રિય૦ વિશેષાધિક છે.*

**● વિવેચન-૪૫૪ :-**

અહીં એક તિર્યંચયોનિક એકેન્દ્રિયમાં હોય, તેમ કહ્યું. તેમાં જો કે એકેન્દ્રિયમાં એક કદાચ ઉત્પન્ન થતો પણ ન મળે. કેમકે તેમાં અનંતાની પ્રતિસમય ઉત્પત્તિ છે, તો પણ દેવાદિથી ચ્યવી, જે તેમાં ઉત્પન્ન થાય, તેની અપેક્ષાએ એક પણ હોઈ શકે. આને જ પ્રવેશનક કહેવાય છે. તેમાં એકના ક્રમથી એક ઈન્દ્રિયાદિ પાંચ પદોમાં ઉત્પાદના પાંચ વિકલ્પો છે. બેમાં પણ એક-એકમાં ઉત્પાદમાં પાંચ જ, દ્વિકયોગમાં દશ નો ઉત્પાદ થાય.

વળી સંક્ષાપાર્થે ત્રણ આદિના અસંખ્યાત પર્યન્ત તિર્યંચયોનિકોના પ્રવેશનકને અતિદેશથી દેખાડતા કહે છે - एवं जहा० નારક પ્રવેશનકની સમાન આ બધું જાણવું. માત્ર ત્યાં સાત પૃથ્વીમાં એકાદિ નારક ઉત્પાદિતા કહી, અહીં તે પ્રમાણે જ પાંચ સ્થાનમાં ઉત્પાદિતા કહેવી. તેના વિકલ્પોમાં ભેદ છે. તેને પૂર્વોક્ત ન્યાયથી જાતે જ જાણી લેવા. અહીં અનંતા એકેન્દ્રિયના ઉત્પાદમાં પણ અનંતપદ પ્રવેશનકના ઉક્ત લક્ષણ નથી.

એકેન્દ્રિયોના અતિ બહુ સમયના ઉત્પાદથી બધાં એકેન્દ્રિય હોય તેમ કહ્યું. અહીં ક્રમથી દ્વિકસંયોગ ચાર પ્રકારે, ત્રિકસંયોગ છ પ્રકારે, ચતુષ્ક સંયોગ ચાર પ્રકારે, પંચક સંયોગ એક જ છે. સૌથી થોડાં પંચેન્દ્રિયો છે ઈત્યાદિ - x -

**● સૂત્ર-૪૫૫ થી ૪૫૭ :-**

*[૪૫૫] ભગવન્ ! મનુષ્ય પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! બે ભેદે - સંમૂર્છિમમનુષ્ય પ્રવેશનક, ગર્ભવ્યુત્ક્રાંતિક૦*

*ભગવન્ ! એક મનુષ્ય, મનુષ્ય પ્રવેશનકથી પ્રવેશતો શું સંમૂર્છિમ મનુષ્યમાં હોય, ગર્ભવ્યુત્ક્રાંતિકમાં ? ગાંગેય ! સંમૂર્છિમમાં હોય કે ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય. - - ભગવન્ ! બે મનુષ્યોની પૃચ્છા. ગાંગેય ! સંમૂર્છિમમાં હોય કે ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય - અથવા - એક સંમૂર્છિમમાં હોય, એક ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય. એ પ્રમાણે આ ક્રમથી નૈરયિક પ્રવેશનક માફક, મનુષ્ય પ્રવેશનક પણ દશ સુધી કહેવો. - - ભગવન્ ! સંખ્યાતા મનુષ્યોની પૃચ્છા. ગાંગેય ! સંમૂર્છિમમાં પણ હોય, ગર્ભવ્યુત્ક્રાંતિકમાં પણ હોય. - અથવા - એક સંમૂર્છિમમાં, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય - અથવા - બે સંમૂર્છિમમાં, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય. આ રીતે એક-એકને વધારતા યાવત્ - અથવા - સંખ્યાતા સંમૂર્છિમ મનુષ્યોમાં હોય, સંખ્યાતા ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોમાં હોય.*



*ભગવન્ ! અસંખ્યાતા મનુષ્યો ? ગાંગેય ! બધાં જ સંમૂર્છિમમાં હોય. - અથવા - અસંખ્યાતા સંમૂર્છિમમાં, એક ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય - અથવા - અસંખ્યાતા સંમૂર્છિમમાં, બે ગર્ભવ્યુત્ક્રાંતિકમાં હોય, એ પ્રમાણે યાવત્ અસંખ્યાતા સંમૂર્છિમ મનુષ્યોમાં, સંખ્યાતા ગર્ભ વ્યુત્ક્રાંતિકમાં હોય.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટા મનુષ્યો ? ગાંગેય, તે બધાં સંમૂર્છિમ મનુષ્યોમાં હોય અથવા સંમૂર્છિમ મનુષ્યોમાં હોય, ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોમાં હોય. - - ભગવન્ ! આ સંમૂર્છિમ મનુષ્ય પ્રવેશનક, ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પ્રવેશનકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડા ગર્ભ૦, સંમૂર્છિમ૦ અસંખ્યાતા.*

*[૪૫૬] ભગવન્ ! દેવ પ્રવેશનક કેટલા ભેદે છે ? ગાંગેય ! ચાર ભેદે. - ભવનવાસી દેવ પ્રવેશનક યાવત્ વૈમાનિક દેવ પ્રવેશનક. ભગવન્ ! એક જીવ દેવ પ્રવેશનકથી પ્રવેશતા શું ભવનવાસીમાં હોય, વ્યંતર - જ્યોતિષ્ક-વૈમાનિકમાં હોય ? ગાંગેય ! ભવનવાસીમાં હોય, વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકમાં પણ હોય.*

*ભગવન્ ! બે દેવ, દેવ પ્રવેશનકમાં ? ગાંગેય ! ભવનવાસીમાં હોય, વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકમાં પણ હોય. - અથવા - એક ભવનવાસીમાં, એક વ્યંતરમાં હોય. એ પ્રમાણે તિર્યંચયોનિક પ્રવેશનક માફક અહીં કહેવું યાવત્ અસંખ્યાત.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટા ? ગાંગેય ! બધાં જ જ્યોતિષ્કમાં હોય - અથવા - જ્યોતિષ્ક, ભવનવાસીમાં હોય, - અથવા - જ્યોતિષ્ક, વ્યંતરમાં હોય, અથવા જ્યોતિષ્ક, વૈમાનિકમાં હોય - અથવા - જ્યોતિષ્ક, વ્યંતર, વૈમાનિકમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વ્યંતરમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વૈમાનિકમાં હોય અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વ્યંતર, વૈમાનિકમાં હોય.*

*ભગવન્ ! આ ભવનવાસી - વ્યંતર - જ્યોતિષ્ક - વૈમાનિક દેવ પ્રવેશનકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડા વૈમાનિક દેવ પ્રવેશનક છે, ભવનવાસી૦ અસંખ્યાતગણા, વ્યંતર૦ અસંખ્યાતગણા. જ્યોતિષ્ક દેવ પ્રવેશનક સંખ્યાતગણા છે.*

*[૪૫૭] ભગવન્ ! આ નૈરયિક૦ તિર્યંચ૦ મનુષ્ય૦ દેવ પ્રવેશનમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગાંગેય ! સૌથી થોડાં મનુષ્ય પ્રવેશનક, નૈરયિક૦ અસંખ્યાતગણા, દેવ૦ અસંખ્યાતગણા, તિર્યંચયોનિક પ્રવેશનક તેનાથી અસંખ્યાત-*

*ગણા છે.*

● **વિવેચન-૪૫૫ થી ૪૫૭ :-**

મનુષ્ય પ્રવેશનક, દેવ પ્રવેશનક સુગમ છે, તો પણ કંઈક લખીએ છીએ. - મનુષ્યોમાં બે સ્થાનકમાં સંમૂર્છિમ, ગર્ભજ રૂપે પ્રવેશે છે. બંનેને આશ્રીને એકાદિ સંખ્યાંતમાં પૂર્વવત્ વિકલ્પો કરવા. તેમાં અતિદેશમાં છેલ્લે સંખ્યાતપદ છે. તેના વિકલ્પોને સાક્ષાત્ કહ્યા છે. અહીં દ્વિકયોગમાં પૂર્વવત્ ૧૧ વિકલ્પો છે, અસંખ્યાત પદમાં પૂર્વે ૧૨-વિકલ્પો કહ્યા, અહીં ૧૧ જ છે. કેમકે સંમૂર્છિમ અને ગર્ભજમાં અસંખ્યાતત્વ હોત, તો બારમો વિકલ્પ પણ થાત. પણ ગર્ભજ મનુષ્યમાં સ્વરૂપથી પણ અસંખ્યાતનો અભાવ છે, તેથી તેના પ્રવેશનમાં પણ અસંખ્યાત સંભવે નહીં. - x - સંમૂર્છિમમાં અસંખ્યાત સંભવે છે. તેથી - x - સંમૂર્છિમ મનુષ્ય પ્રવેશનકમાં અસંખ્યાતગણું જાણવું.

દેવ પ્રવેશનકમાં જ્યોતિષ્કગામી ઘણાં છે, તેમાં ઉત્કૃષ્ટપદે દેવ પ્રવેશનકવાળા બધાં પણ હોય. સૌથી થોડાં વૈમાનિક દેવ પ્રવેશનક કહ્યા, કેમકે તેમાં જનારાનું અલ્પત્વ હોય છે.

હવે નારકાદિ પ્રવેશનકના અલ્પત્વાદિને નિરૂપવા કહે છે — તેમાં મનુષ્ય પ્રવેશનક સૌથી થોડાં છે કેમકે મનુષ્ય ક્ષેત્રમાં તેવો ભાવ છે, અને તેમનું અલ્પપણું છે. નૈરયિક પ્રવેશનક અસંખ્યાત ગુણત્વ કહ્યું કેમકે તેમાં જનારાનું અસંખ્યગુણત્વ છે. એ રીતે આગળ પણ જાણવું. - - અહીં પ્રવેશનક કહ્યું. તે ઉત્પાદ-ઉદ્વર્તના રૂપ છે. તેથી નારકાદિના ઉત્પાદ-ઉદ્વર્તના સાંતર-નિરંતરપણે કહે છે —

● **સૂત્ર-૪૫૮,૪૫૯ :-**

*[૪૫૮] ભગવન્ ! નૈરયિકો સાંતર ઉત્પન્ન થાય કે નિરંતર ? અસુરકુમાર સાંતર ઉપજે કે નિરંતર ? યાવત્ વૈમાનિક સાંતર ઉપજે કે નિરંતર ? નૈરયિક સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? યાવત્ વ્યંતર સાંતર ઉદ્વર્તે કે નિરંતર ? જ્યોતિષ્કો સાંતર ચ્યવે કે નિરંતર ? વૈમાનિકો સાંતર ચ્યવે કે નિરંતર ? - ગાંગેય ! નૈરયિક સાંતર પણ ઉપજે, નિરંતર પણ. યાવત્ સ્તનિતકુમાર સાંતર પણ ઉપજે નિરંતર પણ.*

*પૃથ્વીકાયિકો સાંતર ન ઉપજે, નિરંતર ઉપજે. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક છે. બાકીના નૈરયિકની જેમ છે. યાવત્ વૈમાનિક સાંતર પણ ઉપજે, નિરંતર પણ ઉપજે. - - નૈરયિકો સાંતર પણ ઉદ્વર્તે, નિરંતર પણ. એ રીતે યાવત્ સ્તનીતકુમાર જાણવા. પૃથ્વીકાયિક સાંતર ન ઉદ્વર્તે, નિરંતર ઉદ્વર્તે, એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું. બાકીના નૈરયિકવત્ છે. વિશેષ આ - જ્યોતિષ્ક, વૈમાનિકમાં ચ્યવે છે, એમ કહેવું. યાવત્ વૈમાનિક બંને રીતે ચ્યવે.*

*ભગવન્ ! નૈરયિકો, સત્ ઉત્પન્ન થાય કે અસત્ ? ગાંગેય ! નૈરયિકો સત્ ઉત્પન્ન થાય, અસત્ નહીં. એ પ્રમાણે યાવત્ વૈમાનિક. - - ભગવન્ !*





*નૈરયિકો સત્ ઉદ્વર્તે કે અસત્ ? ગાંગેય ! સત્ નૈરયિક ઉદ્વર્તે, અસત્ નહીં. એ પ્રમાણે યાવત્ વૈમાનિક. વિશેષ આ — જ્યોતિષ્ક, વૈમાનિક ચ્યવે છે, તેમ કહેવું.*

*ભગવન્ ! સત્ નૈરયિક ઉપજે કે અસત્ ? સત્ અસુરકુમારો ઉપજે ? યાવત્ સત્ વૈમાનિક ઉપજે કે અસત્ ? સત્ નૈરયિકો ઉદ્વર્તે કે અસત્ ? સત્ અસુરકુમાર ઉદ્વર્તે યાવત્ સત્ વૈમાનિક ચ્યવે કે અસત્ વૈમાનિક ? ગાંગેય ! સત્ નૈરયિક ઉપજે અસત્ નૈરયિક નહીં. સત્ અસુરકુમાર ઉપજે, અસત્ અસુરકુમાર નહીં. યાવત્ સત્ વૈમાનિક ઉપજે, અસત્ વૈમાનિક નહીં. સત્ નૈરયિક ઉદ્વર્તે, અસત્ નૈરયિક નહીં યાવત્ સત્ વૈમાનિક ચ્યવે, અસત્ વૈમાનિક નહીં. - - ભગવન્ ! એમ કેમ કહ્યું કે સત્ નૈરયિક ઉપજે, અસત્ નહીં યાવત્ સત્ વૈમાનિક ચ્યવે, અસત્ નહીં ?*

*ગાંગેય ! નિશ્ચિતપણે પુરુષાદાનીય પાર્શ્વ અરહંતે લોકને શાશ્વત, અનાદિ, અનંત કહ્યો છે, જેમ પાંચમાં શતકમાં યાવત્ જે અવલોકાય તે લોક, તેથી હે ગાંગેય ! એમ કહેવાય છે કે યાવત્ સત્ વૈમાનિક ચ્યવે છે, અસત્ વૈમાનિક ચ્યવતો નથી.*

*ભગવન્ ! આપ સ્વયં આ પ્રમાણે જાણો છો કે અસ્વયં ? સાંભળ્યા વિના જાણો છો કે સાંભળીને ? - કે સત્ નૈરયિકો ઉપજે છે, અસત્ નહીં યાવત્ સત્ વૈમાનિકો ચ્યવે છે, અસત્ નહીં ? ગાંગેય ! આ હું સ્વયં જાણું છું, અસ્વયં નહીં. સાંભળ્યા વિના આ જાણું છું, સાંભળીને નહીં કે સત્ નૈરયિકો ઉપજે છે, અસત્ નહીં. યાવત્ સત્ વૈમાનિક ચ્યવે છે, અસત્ નહીં. ભગવન્ ! આમ કેમ કહો છો ?*

*ગાંગેય ! કેવલી, પૂર્વમાં મિત પણ જાણે છે, અમિત પણ જાણે છે. દક્ષિણમાં પણ. એ પ્રમાણે જેમ શબ્દ ઉદ્દેશમાં જેમ કહ્યું તેમ યાવત્ કેવળીનું જ્ઞાન નિરાવરણ હોય છે, તેથી હે ગાંગેય ! એમ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિકો, નૈરયિકમાં સ્વયં ઉપજે કે અસ્વયં ? ગાંગેય ! નૈરયિકો, નૈરયિકમાં સ્વયં ઉપજે, અસ્વયં નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગાંગેય ! કર્મના - ઉદયથી, ગુરુકતાથી, ભારિકતાથી, ગુરુસંભારિકતાથી, અશુભ કર્મોના-ઉદયથી, વિપાકથી, કર્મફળના વિપાકથી નૈરયિકો, નૈરયિકમાં સ્વયં ઉપજે છે - અસ્વયં નહીં, તેથી કહ્યું.*

*ભગવન્ ! અસુરકુમારો સ્વયં ? પ્રશ્ન. ગાંગેય ! અસુરકુમારો સ્વયં ઉપજે છે, અસ્વયં યાવત્ ઉપજતા નથી. ભગવન્ ! આમ કેમ કહ્યું ? ગાંગેય ! કર્મના-ઉદયથી, ઉપશમથી, વિગતીથી, વિશોધિથી, વિશુદ્ધિથી, શુભકર્મોના-ઉદયથી, વિપાકથી, કર્મફળના વિપાકથી અસુરકુમારો, અસુરકુમારપણામાં સ્વયં ઉપજે છે, અસ્વયં ઉપજતા નથી. તેથી આ પ્રમાણે કહેલું. યાવત્ સ્તનિતકુમાર.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકો સ્વયં ? પૃચ્છા. ગાંગેય ! પૃથ્વીકાયિકો સ્વયં યાવત્ ઉપજે છે, અસ્વયં ઉપજતા નથી. તેથી આ પ્રમાણે કહ્યું છે. એ પ્રમાણે યાવત્ મનુષ્યો જાણવા. - - વ્યંતર, જ્યોતિષ્કો, વૈમાનિકો અસુરકુમાર માફક કહેવા. તેથી હે ગાંગેય ! એમ કહ્યું કે વૈમાનિકો યાવત્ સ્વયં ઉપજે છે, અસ્વયં યાવત્ ઉપજતા નથી.*

*[૪૫૯] ત્યારપછી, તે ગાંગેય અણગારે શ્રમણ ભગવન્ મહાવીરને સર્વજ્ઞ, સર્વદર્શીરૂપે જાણ્યા. પછી તેણે શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વાંદ્યા, નમ્યો. પછી આમ કહ્યું – ભગવન્ ! હું તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે પાંચ મહાવ્રત આદિ ઈચ્છુ છું જેમ કાલાસ્યવૈશિકપુત્રમાં કહ્યું તેમજ કહેવું યાવત્ સર્વદુઃખથી મુક્ત થયો.*

*ભગવન્ ! તે એમજ છે, એમજ છે.*

● વિવેચન-૪૫૮,૪૫૯ :-

નારકાદિના ઉત્પાદાદિનું સાંતરત્વાદિ પ્રવેશનક પૂર્વે કહેલું જ છે. તો ફરી કેમ કહે છે ? અહીં કહે છે – પૂર્વે નારકાદિના પ્રત્યેકના ઉત્પાદનું સાંતરત્વાદિ કહ્યું છે, પછી તે જ રીતે ઉદ્વર્તના. અહીં ફરી નારકાદિ સર્વ જીવ ભેદોના સમુદાયથી સમુદિત જ ઉત્પાદ અને ઉદ્વર્તના કહે છે. હવે નારકાદિનું બીજા પ્રકારે ઉત્પાદાદિ કથન–

સત્ - વિધમાન, દ્રવ્યાર્થતાથી, સર્વથા અસત્ નહીં, તેમ કોઈક ઉપજે છે. - x - તેમનું સત્ત્વ જીવ દ્રવ્ય અપેક્ષાથી નારકના પર્યાય અપેક્ષાએ છે. તેથી કહે છે – ભાવિનારક પર્યાય અપેક્ષાથી દ્રવ્યથી નારક થઈને નારકો ઉપજે છે. અથવા નારકાયુષ્યના ઉદયે ભાવ નારકો જ નારકત્વથી ઉપજે છે. અથવા પૂર્વે ઉત્પન્નમાં અન્ય સમુત્પન્ન થાય છે, અસત્‌માં નહીં. કેમકે લોકના શાશ્વતપણાથી નારક આદિનો સર્વદા જ સદ્ભાવ હોય છે. से नूनं० આમ કહીને તેના જ સિદ્ધાંતથી સ્વમતને પોષેલ છે. કેમકે અરહંત પાર્શ્વે લોકને શાશ્વત કહ્યો છે, તેથી લોકના શાશ્વતત્વથી સત્ નારકાદિ જ ઉપજે કે ચ્યવે.

હવે ગાંગેય, ભગવંતને અતિશય જ્ઞાન સંપત્તિવાળા જાણીને વિકલ્પ કરતાં કહે છે – આત્મા વડે સ્વયં જાણે છે કે વક્ષ્યમાણ પ્રકારે અસ્વયં અર્થાત્ બીજાના લિંગથી જાણે છે? આગમ અપેક્ષાએ સાંભળ્યા વિના જાણે છે કે બીજા પુરુષોના વચનને સાંભળીને જાણે છે – "હું સ્વયં જ આ જાણું છું." પારમાર્થિક પ્રત્યક્ષ સાક્ષાત્ કરીને સમસ્ત વસ્તુને સ્વભાવથી જ મેં જાણી છે. નારકો સ્વયં જ ઉપજે છે, અસ્વયં નહીં અર્થાત્ ઈશ્વર-પરતંત્રતા આદિથી નહીં. જેમ કોઈ કહે છે કે – અજ્ઞ પ્રાણી, આ આત્માના સુખદુઃખને જાણતા નથી. ઈશ્વર પ્રેરિત સ્વર્ગે જાય છે ઈત્યાદિ. એ પ્રમાણે ઈશ્વરને જ કાલાદિ કારણ સમૂહ વ્યતિરિક્ત યુક્તિ વડે વિચારતા અઘટે છે.

કર્મના ઉદિતત્વથી, માત્ર કર્મોદયથી નારકમાં ઉપજતા નથી કેમકે કેવલીને



પણ તે હોય છે. તેથી કહ્યું – કર્મોની ગુરુકતા વડે. કર્મની ભારિકતાથી - જેમાં ભાર હોય, તે ભારિક, તેનો ભાવ તે ભારિકતા. તથા મહા એવો પણ ક્યારેક અલ્પ ભાર જણાય છે, તેવા પ્રકારનો ભાર પણ ક્યારેક મોટો જણાય છે, તેથી કહ્યું – કર્મ ગુરુ સંભારિકતાથી - અર્થાત્ ગુરુતા અને સંભારિકતા, અતિ પ્રકર્ષાવસ્થા એ અર્થ છે.

આ ત્રણે શુભ કમપિક્ષાએ પણ હોય. તેથી કહે છે કે – અશુભ૦ ઈત્યાદિ. ઉદય, પ્રદેશથી પણ હોય, તેથી કહે છે – વિપાક એટલે બાંધેલ રસનું વેદન, તે મંદ પણ હોય, તેથી કહ્યું – અલાબુના ફળાદિની જેમ વિપાક - વિપચ્યમાન-રસની પ્રકર્ષાવસ્થા, તે ફળવિપાક.

અસુરકુમારના સૂત્રમાં - અસુરકુમારોચિત કર્મોના ઉદયથી, વાંચનાંતરમાં કર્મના ઉપશમથી દેખાય છે તેમાં અશુભ કર્મોના ઉપશમથી, સામાન્ય રીતે અશુભ કર્મોના અભાવની સ્થિતિને આશ્રીને, રસને આશ્રીને કર્મ વિશોધિથી, પ્રદેશને આશ્રીને કર્મની વિશુદ્ધિથી. અથવા - આ શબ્દો એકાર્થક છે.

પૃથ્વીકાય સૂત્રમાં શુભ - શુભ વર્ણ, ગંધાદિ, અશુભ - તેના એકેન્દ્રિય જાતિ આદિ. જે સમયે અનંતરોક્ત વસ્તુ ભગવંતે પ્રતિપાદિત કરી. ત્યારે ગાંગેયે જાણ્યું કે (તેઓ) સર્વજ્ઞ, સર્વદર્શી છે.

## ❀ શતક-૯, ઉદ્દેશો-૩૩-"કુંડગ્રામ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ગાંગેય, ભગવંતની ઉપાસનાથી સિદ્ધ થયા. બીજા કર્મને વશ વિપર્યયતાને પણ પામે. જેમ જમાલિ. તેથી તેને દર્શાવે છે –

● સૂત્ર-૪૬૦ થી ૪૬૨ :-

*[૪૬૦] તે કાળે, તે સમયે બ્રાહ્મણકુંડગ્રામ નગર હતું. વર્ણન. બહુશાલ ચૈત્ય હતું. વર્ણન. તે બ્રાહ્મણકુંડ ગ્રામ નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો. તે આઢ્ય, દિપ્ત, વિત્ત યાવત્ અપરિભૂત હતો. ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણવેદ (આદિ) જેમ સ્કંદક, યાવત્ બીજા ઘણાં બ્રાહ્મણ નયોમાં સુપરિનિષ્ઠિત હતો. તે શ્રાવક, જીવાજીવનો જ્ઞાતા, પુન્ય-પાપ તત્ત્વ ઉપલબ્ધ યાવત્ આત્માને ભાવિત કરતો વિચરતો હતો. તે ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનંદા નામે બ્રાહ્મણી (પત્ની) હતી. સુકુમાલ હાથ-પગ યાવત્ પ્રિયદર્શના, સુરૂપા, શ્રાવિકા, જીવાજીવની જ્ઞાતા, પુન્ય-પાપ તત્ત્વોપલબ્ધ યાવત્ હતી.*

*તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા યાવત્ પર્યુપાસે છે. ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ આ વૃત્તાંતને જાણીને હર્ષિત યાવત્ આનંદિત હૃદય થયો. જ્યાં દેવાનંદા બ્રાહ્મણી હતી ત્યાં આવીને દેવાનંદા બ્રાહ્મણીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયા ! આદિકર, શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી,*

આકાશગત ચક્રથી યાવત્ સુખે સુખે વિચરતા બહુશાલ ચૈત્યમાં યથાપ્રતિરૂપ (અવગ્રહને સ્વીકારીને) યાવત્ વિચરી રહ્યા છે.

હે દેવાનુપ્રિયા ! તે મહાફળદા છે યાવત્ તથારૂપ અરિહંત ભગવંતના નામ-ગોત્રનું શ્રવણ, તો પછી સન્મુખ જવું, વંદન, નમસ્કાર, પ્રતિપૃચ્છાના, પર્યુપાસનાનું કહેવું જ શું ? એક પણ આર્ય ધાર્મિક સુવચનની શ્રવણતા (થી મહાફળ થાય) તો વિપુલ અર્થની ગ્રહણતાથી કેટલો લાભ થાય ? આપણે ત્યાં જઈએ. ભગવન્ મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસીએ. તે આ ભવ અને પરભવના હિત-સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ-આનુગામિકપણે થશે.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી, ઋષભદત્ત બ્રાહ્મણ પાસે આ પ્રમાણે સાંભળી હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદય થઈ, બે હાથ જોડી યાવત્ ઋષભદત્ત બ્રાહ્મણની આ વાતને વિનયથી સ્વીકારે છે.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે કૌટુંબિક પુરુષોને બોલાવીને કૌટુંબિક પુરુષોને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલ્દીથી જ શીઘ્ર ચાલનાર, પ્રશસ્ત, સદેશરૂપવાળા, સમાન ખુર અને પુંછવાળા, સમાન શીંગડાવાળા, સ્વર્ણ નિર્મિત કલાપોથી યુક્ત, ઉત્તમગતિક, ચાંદીની ઘંટડી યુક્ત, સ્વર્ણમય નાથ દ્વારા નાથેલ, નીલકમલની કલગીવાળા, બે ઉત્તમ-યુવા બળદોથી યુક્ત, અનેક મણિમય ઘંટીથી યુક્ત, ઉત્તમ કાષ્ઠમય યુગ અને જોતની ઉત્તમ બે દોરીથી યુક્ત, પ્રવરલક્ષણોપેત ધાર્મિક યાન પ્રવર તૈયાર કરીને ઉપસ્થિત કરો અને મારી આ આજ્ઞા પાછી આપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો ઋષભદત્ત બ્રાહ્મણે આમ કહેતા, હર્ષિત યાવત્ હૃદયી થઈને, બે હાથ જોડી, એ પ્રમાણે સ્વામી ! 'તહત્તિ' કહી, વિનયપૂર્વક આજ્ઞા વચનને યાવત્ સ્વીકારીને, જલ્દીથી શીઘ્રગામી યાવત્ ધાર્મિક યાનપ્રવર જોડીને ઉપસ્થિત કર્યુ યાવત્ તેમની આજ્ઞા પાલન થયાની સૂચના આપી.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણ સ્નાન કરીને યાવત્ અલ્પ, મહાર્ઘ આભરણથી શરીર અલંકારીને પોતાના ઘેરથી નીકળી - x - જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા, જ્યાં ધાર્મિક યાન પ્રવર હતું. ત્યાં આવે છે, ત્યાં આવીને ધાર્મિક યાન પ્રવર ઉપર આરૂઢ થયો.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીએ પણ અંતઃપુરમાં સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા. ઉત્તમ પાદને પ્રાપ્ત નેપુર, મણિ મેખલા, હાર વિરચિત, ઉચિત કડગ, ખુડ્ડ, એકાવલી, કંઠ સૂત્ર, હૃદયસ્થ ગ્રૈવેયક, શ્રોણિસૂત્ર, વિવિધ મણિરત્ન ભૂષણ વિરાજિત શરીરી, ચીનાંશુક ઉત્તમ વસ્ત્ર પરિહિત, દુકુલ સુકુમાલ ઉત્તરીય, સર્વઋતુક સુરભિ કુસુમથી વેણી, ઉત્તમ ચંદન, ઉત્તમ આભરણથી ભૂષિત શરીરવાળી, કાલાગુરુ-ધૂપ-ધૂપિત શ્રી સમાન વેશવાળી યાવત્ અલ્પ, મહાર્ઘ આભરણથી અલંકૃત્ શરીરી, અનેક કુબ્જા-ચિલાતી-વામની-વડભી-બર્બરી-



ઈસીગણિતા, ચારુગણિતા, પલ્લવિતા, લ્હાસિકી, લકુશી, આરબી, દમિલી, સિંઘલી, પુલિંદી, પુષ્કલી, મુરુંડી, શબરી, પારસી, વિવિધ દેશની, વિદેશપરિપંડિતા, ઇંગિત-ચિંતિત-પ્રાર્થિતને જાણનારી, પોતાના દેશ-નેપથ્યના વેશને ગ્રહણ કરેલી, કુશલ, વિનીત, દાસીઓથી પરીવરેલ, વૃદ્ધ કંચુકીઓ, માન્ય પુરુષોના વૃંદ સાથે પોતાના અંતઃપુરથી નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં ધાર્મિક યાન પ્રવર છે. ત્યાં આવીને, ધાર્મિક યાનમાં બેઠી.

ત્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદા બ્રાહ્મણી સાથે ધાર્મિક યાન પ્રવરમાં આરૂઢ થઈને, પોતાના નિજક, પરિવારથી સંપરિવૃત્ત થઈ બ્રાહ્મણકુંડગ્રામ નગરની ઠીક મધ્યમાં થઈને નીકળે છે. નીકળીને બહુશાલ ચૈત્યે આવે છે. ત્યાં આવીને છત્રાદિ તીર્થંકરાતીશય જોઈને ધાર્મિક યાન પ્રવર રોકે છે, રોકીને, ધાર્મિક યાન પ્રવરથી ઉતરીને ભગવંત મહાવીરની પાસે પંચવિધ અભિગમથી જાય છે. તે આ - સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, એ પ્રમાણે જેમ બીજા શતકમાં છે યાવત્ ત્રણ પ્રકારની પર્યુપાસનાથી સેવે છે.

ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણી ધાર્મિક યાન પ્રવરથી ઉતરીને અનેક કુબ્જા યાવત્ મહત્તરકના વૃંદથી પરિવૃત્ત થઈને ભગવાન મહાવીરની પાસે પંચવિધ અભિગમથી જાય છે. તે આ - સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યને ન છોડીને, વિનયથી શરીર નમાવીને, ભગવંતને જોતાં જ બે હાથની અંજલી જોડીને, મનને એકાગ્ર કરીને, શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, કરીને વાંદી, નમીને, ઋષભદત્ત બ્રાહ્મણને આગળ કરીને ઉભી, સપરિવાર શુશ્રૂષા કરતી એવી નમન કરતી એવી, વિનયથી અંજલી જોડીને સન્મુખ રહી યાવત્ પર્યુપાસે છે.

[૪૬૧] ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીને પાનો ચઢ્યો - સ્તનથી દૂધની ધારા છૂટી, લોચનો વિકસીત થયા, હર્ષથી ફૂલતી બાહાને કડાએ રોકી, કંચૂક વિસ્તીર્ણ થયો, મેઘની ધારાથી વિકસીત કદંબ પુષ્પવત્ તેના રોમકૂપ વિકસીત થયા, ભગવંતને અનિમેષ દૃષ્ટિથી જોતી જોતી ઉભી રહી.

ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વાંદી, નમીને આમ કહ્યું – ભગવન્! આ દેવાનંદા બ્રાહ્મણીને કેમ પાનો ચઢ્યો યાવત્ રોમકૂપ વિકસ્વર થયા, આપને અનિમેષ દૃષ્ટિએ જોતી-જોતી ઉભી છે? ભગવંતે ગૌતમને આમ કહ્યું – ગૌતમ! નિશ્ચે દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે. હું દેવાનંદા બ્રાહ્મણીનો આત્મજ છું. ત્યારે તે દેવાનંદા બ્રાહ્મણીને તે પૂર્વ પુત્રના સ્નેહાનુરાગથી પાનો ચઢ્યો યાવત્ તેણીના રોમકૂપ વિકસ્વર થયા અને મને અનિમેષ દૃષ્ટિએ જોતી-જોતી ઉભી છે.

[૪૬૨] ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઋષભદત્ત બ્રાહ્મણ, દેવાનંદા બ્રાહ્મણી અને તે મહામોટી ઋષિ પર્ષદાને ધર્મ કહ્યો. યાવત્ પર્ષદા પાછી ફરી. ત્યારે

*ઋષભદત્ત બ્રાહ્મણે ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ થઈને ઉભો થયો, પછી ભગવંતને ત્રણ વખત યાવત્ નમીને આમ કહ્યું — ભગવન્ ! તે એમ જ છે, તે તે પ્રમાણે છે, સ્કંદકની માફક યાવત્ જેમ આપ કહો છો, એમ કરીને ઈશાન ખૂણામાં જઈને, સ્વયં જ આભરણ અલંકાર ઉતાર્યા, ઉતારીને જાતે જ પંચમુષ્ટી લોચ કર્યો. કરીને ભગવંત મહાવીર પાસે આવીને, ભગવંતને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું —*

*ભગવન્! આલોક ચોતરફથી સળગી રહ્યો છે, પ્રદીપ્ત છે, આલિત્ત-પ્રદીપ્ત છે, જરામરણથી યુક્ત છે. એ પ્રમાણે એ ક્રમથી જેમ સ્કંદકમાં કહ્યું, તેમ પ્રવ્રજિત થઈને યાવત્ સામાયિક આદિ ૧૧ અંગને ભણ્યો યાવત્ ઘણાં ઉપવાસ, છઠ્ઠ, અટ્ઠમ, દશમ યાવત્ વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત કરતા ઘણાં વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે ભેદીને જે હેતુથી નગ્ન ભાગ સ્વીકારેલ, તે અર્થને આરાધે છે. યાવત્ તે અર્થને આરાધીને તેઓ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.*

*તે દેવાનંદા બ્રાહ્મણીએ પણ ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારીને હર્ષિત, તુષ્ટિત થઈ, ભગવંતને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું — ભગવન્! એ એમ જ છે, તેમજ છે, એ રીતે ઋષભદત્ત માફક યાવત્ ધર્મ સાંભળ્યો. પછી ભગવંતે સ્વયં જ દેવાનંદા બ્રાહ્મણીને પ્રવ્રાજિત કરી, પોતે જ આર્યા ચંદનાને શિષ્યારૂપે આપ્યા. પછી આર્યા ચંદનાએ, આર્યા દેવાનંદાને આ આવા પ્રકારનો ધર્મોપદેશ સારી રીતે સ્વીકારાવ્યો, તેમની આજ્ઞાથી જ તેણી જાય છે યાવત્ સંયમથી સંયમિત રહે છે. આર્યા ચંદના પાસે આર્યા દેવાનંદા ૧૧-અંગોનો અભ્યાસ કરી યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.*

● વિવેચન-૪૬૦ થી ૪૬૨ :-

अड्ढ - સમૃદ્ધ, दित्त - દીપ્ત, તેજસ્વી અથવા ગર્વવાળા, वित्त પ્રસિદ્ધ છે. યાવત્ શબ્દથી વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન ઈત્યાદિ. हियाए - પથ્ય અન્નવત્, सुहाए - સુખ માટે, खमाए - ક્ષમત્વને માટે-સંગતત્વ માટે, શુભાનુબંધને માટે છે. हट्ठ - અહીં યાવત્ શબ્દથી હર્ષિત, તુષ્ટિત, થોડા મુખ સૌમ્યતાદિ ભાવ વડે સમૃદ્ધિને પામ્યા. તેથી જ સમૃદ્ધિતરને પામ્યા, પ્રીતિયુક્ત મનવાળા, પરમ સુષ્ઠુ સમન્સકતા પામેલ ચિત્તવાળા, હર્ષના વશથી જેનું હૃદય વિકસિત થયું છે તેવા.

શિઘ્રક્રિયા દક્ષત્વથી યુક્ત, પ્રશસ્ત યોગવાન્, પ્રશસ્ત-સદૃશ રૂપત્વાદિ, સમ ખુરાવાળા, સમાન પુંછવાળા, સમાન શીંગડાવાળા, - x - યુવાન, તેનાથી યુક્ત યાનપ્રવર ઉપસ્થાપિત કરો. કેવા ? જેનું કંઠાભરણ વિશેષ સોનામાંથી બનેલ છે, તેના



વડે યુક્ત અને પ્રતિવિશિષ્ટ - પ્રધાન યવ આદિ વડે, તથા રૂપાની બનેલી ઘંટીથી યુક્ત, કપાસ આદિના સૂત્રરજ્જૂ, પ્રવર સુવર્ણ મંડિતત્વથી જેની નાસિકારજ્જૂ કરેલ છે, તે દોરડાને ગ્રહણ કરીને અર્થાત્ તેનાથી બાંધીને, તથા —

નીલકમલથી કરેલ જેના શેખર છે, તેના વડે, ઉત્તમ એવા યુવાન બળદો વડે, વિવિધ મણિ રત્નોથી યુક્ત ઘંટિકા પ્રધાન જાળ, તેના વડે પરિગત, સારી જાતના લાકડાનું યૂપ, યૌક્ત નામક રજ્જુકાયુગ્મ, તે પ્રશસ્ત-અતિશુભ, સુવિરચિત-સુઘટિત, નિર્મિત-વિવેશિત છે તે.

એ પ્રમાણે હે સ્વામી ! 'तहत्ति' આજ્ઞા કરે ત્યારે આમ કહેવું. विनयेन - અંજલિકરણ આદિ વડે. ત્યારે તે દેવાનંદા આદિ.

અહીં વાચનાંતરમાં દેવાનંદાનું વર્ણન બતાવેલ છે. તે આ પ્રમાણે — અંતઃપુરની અંદર સ્નાન કરીને, આના વડે કુલીન સ્ત્રીઓ ખાનગીમાં સ્નાન કરે છે, તે દેખાડ્યું. ગૃહદેવતાને આશ્રીને બલિકર્મ કરેલ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત અવશ્ય કરવા એ હેતુથી કરેલ, તેમાં કૌતુક-એટલે મષી, તિલકાદિ. મંગલ એટલે સિદ્ધાર્થક, દૂર્વાદિ, વળી પગને પ્રાપ્ત ઉત્તમ ઝાંઝર વડે, મણિમેખલા હારથી વિરચિત, યુક્ત કટક વડે, અંગુલીક વડે, એકાવલી વડે, વિચિત્ર મણિમય કંઠસૂત્રથી, હૃદય ઉપર રૂઢિગમ્ય ગ્રૈવેયક વડે, કટી સૂત્ર વડે, વિવિધ મણિ-રત્ન-આભુષણથી વિરાજિત શરીરવાળી, ચિનાંશુક નામના વસ્ત્રો મધ્યે ઉત્તમ, તેને પહેરીને રહેલી, વૃક્ષ વિશેષની છાલમાંથી બનેલ દુકુલ નામે વસ્ત્ર વિશેષ, સુકુમાર એવા ઉત્તરીય-ઉપરનું આચ્છાદન જેને છે તેવી, બધી ઋતુના પુષ્પો વડે વેણી બનાવીને જેણીએ વાળને શણગાર્યા છે તેવી તથા કપાળ ઉપર ઉત્તમ ચંદનને લીંપેલી એવી, ઉત્તમ આભુષણવાળા શરીરવાળી, કાલાગરુ ધૂપ વડે ધૂપિત, શ્રીદેવતા સમાન નેપથ્યવાળી.

કુબ્જિકા એટલે વક્રજંઘાવાળી, ચિલાત દેશમાં ઉત્પન્ન, યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું - વામણી એટલે શરીરથી અલ્પ, ઠીંગણી, વડભી, બર્બરી, પયોસિકા, ઋષિગણિકા, વાસગણિકા, જોણ્હિકા, પલ્હવિકા, લ્હાસિકા, લકુશિકા, આરબી, દમિલી, સિંહલી, પુલિંદી, પક્કણી, બહલી, મુરુંડી, શબરી, પારસી એ રીતે અનેક જનપદથી, તે દેશની અપેક્ષાએ વિદેશ-બીજા દેશથી, પરિવરેલી, પોત-પોતાના દેશના વેશને ધારણ કરેલી, इंगित - નયન આદિ ચેષ્ટા વડે, ચિંતિત અને બીજા વડે પ્રાર્થિત-અભિલાષા કરાયેલને જાણતી એવી, કુશળ અને વિનિત એવી ચેટી-દાસી, સ્વદેશમાં સંભવ વર્ધિતકરણ-નપુંસક કરાયેલ અંતઃપુર-પુરુષો, અંતઃપુરમાં પ્રયોજનનું નિવેદન કરનારા સ્થવિર કંચુકી એવા પ્રતિહાર કે મહત્તરક - અંતઃપુર કાર્યને ચિંતવનારાના સમૂહથી ઘેરાયેલી.

આ સર્વ વાચના બીજી વાચનામાં સાક્ષાત્ છે જ.

પાંચ અભિગમો — (૧) પુષ્પ તાંબુલાદિ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, (૨) વસ્ત્ર આદિ અચિત્ત દ્રવ્યોનો અત્યાગ, (૩) મનના અનેક ભાવોને છોડીને એકતા લક્ષણ

ભાવ કરણ, ૪ અને ૫ (સૂત્ર મુજબ જાણવા).

आगय पण्हय - પુત્ર સ્નેહથી સ્તનમાં આવેલ દૂધની ધારા, पप्फुयलोयणा - પુત્રના દર્શનથી પ્રવર્તિત આનંદ જળ, હર્ષાના અતિરેકથી ફૂલતી એવી બાહાને વલય - કટક વડે રોકી રખાયેલ, હર્ષના અતિરેકથી શરીર વિકસ્વર થતાં કંચૂક વિસ્તરેલ છે, મેઘની ધારાથી સીંચાયેલા કદંબના પુષ્પની જેમ, જેણીના રોમકૂપ-રોમ છિદ્રો વિકસિત થયા છે, દેહમાણી - જોતી-જોતી (અહીં દ્વિરુક્તિ સમજવી.)

भंते - એ પ્રમાણે આમંત્રણ વચન વડે આમંત્રીને. गोयम એ પ્રમાણે ગૌતમને જ આમંત્રીને અથવા ગૌતમ એવા નામોચ્ચારણથી. अत्तए - આત્મજ અર્થાત્ પુત્ર. પૂર્વે-પ્રથમ ગર્ભાધાન કાળ સંભવ એવા પુત્રસ્નેહ લક્ષણ અનુરાગથી, મોટી એવી મહામોટી તે મહતિમહાલિયા. જે જુએ છે તે ઋષિ અર્થાત્ જ્ઞાની, તદ્‌રૂપ પર્ષદાને. યાવત્ શબ્દથી અહીં - મુનિ પર્ષદા, યતિ પર્ષદા, અનેક શત પરિવાર વૃંદને-ઇત્યાદિ.

અહીં દેવાનંદાને ભગવંતે પ્રવ્રાજનકરણ - દીક્ષા આપ્યા છતાં જે આર્યા ચંદના વડે ફરી તે જ કરવું, તે વિશેષ આધાન છે, તેમ જાણવું.

● સૂત્ર-૪૬૩ :-

*તે બ્રાહ્મણકુંડગ્રામ નગરની પશ્ચિમમાં ક્ષત્રિયકુંડગ્રામ નામે નગર હતું, વર્ણન. તે ક્ષત્રિયકુંડ ગ્રામ નગરમાં જમાલિ નામે ક્ષત્રિયકુમાર વસતો હતો, તે ઋદ્ધિમાન્, તેજસ્વી યાવત્ અપરિભૂત હતો. જેમાં મૃદંગવાદ્યનો સ્પષ્ટ ધ્વનિ થઈ રહ્યો છે, બત્રીશ પ્રકારના નાટકોના અભિનય અને નૃત્ય થઈ રહ્યા છે, અનેક પ્રકારની સુંદર તરુણીઓ દ્વારા નૃત્ય અને ગુણગાન કરાઈ રહ્યા છે, તેની પ્રશંસાથી ભવન ગુંજી રહેલ છે ખુશી મનાવાઈ રહી હતી. તેવા પોતાના ઉંચા, શ્રેષ્ઠ પ્રાસાદ-ભવનમાં પ્રાવૃટ્ વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ આ છ ઋતુઓમાં પોતાના વૈભવ મુજબ આનંદ મનાવતો, સમય વિતાવતો, મનુષ્યસંબંધી પાંચ પ્રકારના ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધવાળા કામભોગોને અનુભવતો રહ્યો છે.*

*ત્યારે ક્ષત્રિયકુંડગ્રામ નગરના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર યાવત્ ઘણાં લોકોના શબ્દોથી જેમ ‘ઉવવાઈ’-સૂત્રમાં છે તેમ યાવત્ આ પ્રમાણે પ્રજ્ઞાપના, પ્રરૂપણા કરી. હે દેવાનુપ્રિયો ! આદિકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી બ્રાહ્મણકુંડ ગ્રામ નગરની બહાર બહુશાલ ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે. હે દેવાનુપ્રિયો ! તથારૂપ અરહંત ભગવંતના નામ-ગોત્રાદિ શ્રવણથી મહાફળ થાય છે. એ રીતે જેમ ‘ઉવવાઈ’ સૂત્રમાં છે તેમ યાવત્ ક્ષત્રિય કુંડગ્રામનગરની વચ્ચોવચ્ચથી એકાભિમુખ થઈ નીકળે છે, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડ ગ્રામનગર છે, જ્યાં બહુશાલ ચૈત્ય છે, એ પ્રમાણે યાવત્ ‘ઉવવાઈ’ સૂત્ર મુજબ યાવત્ ત્રિવિધે પર્યુપાસનાથી સેવે છે.*



*ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર, તે મહા જન શબ્દને યાવત્ લોકસન્નિવાતને સાંભળીને-જોઈને આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ સમુત્પન્ન થયો. શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઈન્દ્ર-સ્કંદ-મુકુંદ-નાગ-યક્ષ-ભૂત-કૂપ-તડાગ-નદી-દ્રહ-પર્વત-વૃક્ષ-ચૈત્ય-કે-સ્તૂપ સંબંધ મહોત્સવ છે શું ? કે જેથી આ ઘણાં ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય, ક્ષત્રિય-ક્ષત્રિયપુત્રો, ભટ-ભટપુત્રો, જેમ ‘ઉવવાઈ’ સૂત્રમાં કહ્યું તેમ યાવત્ સાર્થવાહ આદિ સ્નાન કરીને, બલિકર્મ કરીને જેમ ‘ઉવવાઈ’માં છે યાવત્ જઈ રહ્યા છે ?*

*એ પ્રમાણે વિચારીને કંચુકી પુરુષોને બોલાવે છે, તેઓને પૂછે છે કે — હે દેવાનુપ્રિય ! ક્ષત્રિયકુંડગ્રામનગરમાં શું આજે ઈન્દ્ર મહોત્સવ છે ? યાવત્ લોકો બહાર જઈ રહ્યા છે ? ત્યારે તે કંચુકી પુરુષે જમાલી ક્ષત્રિયકુમારે આ પ્રમાણે પૂછતા હર્ષિત, તુષ્ટિત થઈને, શ્રમણ ભગવંત મહાવીરનું આગમન જાણીને, નિશ્ચય કરીને, બે હાથ જોડી, જમાલીકુમારને જય-વિજય વડે વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઈન્દ્રમહોત્સવ નથી, યાવત્ તે માટે લોકો બહાર જતા નથી, પણ હે દેવાનુપ્રિય ! આજે સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવંત મહાવીર યાવત્ બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર બહુશાલ ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને યાવત્ વિચરી રહ્યા છે. તે કારણથી આ ઘણાં ઉગ્ર, ભોગ યાવત્ કેટલાંક વંદનના હેતુથી યાવત્ બહાર જઈ રહ્યા છે.*

*ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે કંચુકી પુરુષો પાસે આ વાત સાંભળી, અવધારી હર્ષિત, તુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી ચાતુર્ઘંટ અશ્વરથને જોડીને ઉપસ્થાપિત કરો, ઉપસ્થાપિત કરીને મારી આજ્ઞા પાછી સોંપો.*

*ત્યારે તે કૌટુંબિક પુરુષો જમાલી ક્ષત્રિયકુમારે આમ કહેતા યાવત્ તેમની આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમાર જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું. જેમ ‘ઉવવાઈ’માં પર્ષદા વર્ણન છે, તેમ કહેવું યાવત્ શરીર ઉપર ચંદનનું વિલેપન કર્યું, સર્વાલંકારથી વિભૂષિત થઈ સ્નાનગૃહથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને, ચાતુરઘંટ અશ્વરથ ઉપર આરૂઢ થયો. થઈને કોરંટપુષ્પની માળાથી યુક્ત છત્રને ધારણ કર્યું, મોટા-મોટા સુભટ, દાસ, પથદર્શકાદિના વૃંદથી પરીવરીને ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચથી નીકળ્યો. નીકળીને બ્રાહ્મણકુંડગ્રામ નગરે જ્યાં બહુશાલ ચૈત્ય છે, ત્યાં આવ્યો-આવીને ઘોડાને રોક્યા, રોકીને ત્યાં રથને સ્થાપન કર્યો, રથથી ઉતર્યો.*

*ત્યારપછી પુષ્પ, તંબોલ, આયુધ આદિ, તથા ઉપાનહનો ત્યાગ કર્યો,*

*કરીને એકશાટિક ઉત્તરાસંગ કર્યુ, કરીને આચમન કર્યુ, ચોખ્ખો થયો, પરમ શૂચિભૂત થઈને મસ્તકે બે હાથની અંજલિ કરીને, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો. આવીને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ ત્રિવિધ પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

*ત્યારે તે શ્રમણ ભગવંત મહાવીરે જમાલી ક્ષત્રિયકુમાર અને તે મોટી-મોટી ઋષિ પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી. ત્યારે તે જમાલીએ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજી હર્ષિત થઈ યાવત્ ઉત્થાનથી ઉભા થઈને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આ પ્રમાણે કહ્યું —*

*હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની હું શ્રદ્ધા કરું છું, રુચિ કરું છું, પ્રતીતિ કરું છું, નિર્ગ્રન્થ પ્રવચનને માટે અભ્યુધત થયો છું, ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, તે પ્રમાણે છે, અવિતથ છે. અસંદિગ્ધ છે, યાવત્ જે પ્રમાણે તમે કહો છો તે પ્રમાણે જ છે. પરંતુ હે દેવાનુપ્રિય ! હું મારા માતા-પિતાને પૂછીને, પછી આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેવા ઈચ્છુ છું.*

*હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.*

● વિવેચન-૪૬૩ :-

फुट्टमाण - અતિ જલ્દીથી આસ્ફાલન વડે સ્ફૂટ અર્થાત્ ભાગ કરતા. मुइंगमत्थय - મૃદંગના મસ્તકની જેમ-ઉપરના ભાગે. बत्तीसतिबद्ध - બત્રીશ નૃત્યના પ્રકાર વડે અથવા પાત્રો વડે બદ્ધ. તેને આશ્રીને નૃત્ય કરતા-નાચ કરતાં, તેમના ગુણગાન વડે, ઈચ્છિત અર્થના સંપાદનથી તેમને લાલિત કરતા. पाउसादि - તેમાં પ્રાવૃટ્ એટલે શ્રાવણાદિ, વર્ષારાત્ર, શરત્ એટલે માગસર આદિ, હેમંત એટલે માઘ આદિ, વસંત એટલે ચૈત્રાદિ, ગ્રીષ્મ એટલે જ્યેષ્ઠાદિ. છ એ ઋતુકાળ વિશેષથી તેના અનુભાવને અનુભવતો રહેલો હતો.

શ્રૃંગાટક આદિમાં યાવત્ કરણથી ચતુર્મુખ, મહાપથ, પથ, આ શ્રૃગાંટક આદિમાં ઘણાં લોકોના શબ્દો-અવાજો અર્થાત્ ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહેતા હતા. બહુજન શબ્દ - પરસ્પરાલાપ. જેમ 'ઉવવાઈ'માં કહ્યું, તે સૂત્ર કિંચિત્ કહે છે — જનવ્યૂહ, જનબોલ, જન કલકલ, જનઉર્મી, જનઉત્કલિકા, જન સન્નિપાત અથવા ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે, બોલે છે. તેનો અર્થ આ પ્રમાણે —

જનવ્યૂહ-જન સમુદાય, બોલ-અવ્યક્ત વર્ણ-ધ્વનિ, કલકલ - તે જ ઉપલબ્ધ થતો વચન વિભાગ, ઉર્મી-સંબાધ, ઉત્કલિકા-નાનો સમુદાય, સંનિપાત - બીજા બીજા સ્થાનેથી લોકોનું એકત્ર મીલન, આખ્યાતિ-સામાન્યથી કહે છે - વ્યક્ત પર્યાયવચન, આ જ બંને અર્થને પર્યાયથી ક્રમપૂર્વક કહે છે - પ્રજ્ઞાપે છે, પ્રરૂપે છે.

યથાપ્રતિરૂપ, અહીં યાવત્ શબ્દથી આ પ્રમાણે છે - અવગ્રહને અવગ્રહે છે,



અવગ્રહીને સંયમ-તપથી આત્માને ભાવતા. જેમ 'ઉવવાઈ'માં, તે જ કંઈક દર્શાવે છે - નામ, ગોત્રનું શ્રવણ પણ (મહાફળદાયી છે) તો પછી અભિગમન, વંદન, નમન, પ્રતિ પૃચ્છના, પર્યુપાસના વડે એક પણ આર્ય સુવચન શ્રવણથી કેટલો લાભ થાય ? વળી વિપુલ અર્થના ગ્રહણથી ? દેવાનુપ્રિય ! હું ત્યાં જઉં, શ્રમણ ભગવંતને વંદનાદિ કરું, આ ભવ માટે હિતકર છે, ભાવિમાં પણ હિતકર છે. એમ કરીને ઘણાં ઉગ્રો-ઉગ્રપુત્રો એ રીતે ભોગ, રાજન્ય, ક્ષત્રિય, ભટ્ટ, કેટલાંક વંદન નિમિત્તે એ રીતે પૂજન-સત્કાર-સન્માન-કુતુહલના નિમિત્તથી, કેટલાંક આચાર છે એમ સમજીને, સ્નાન કરી - બલિકર્મ કરી, ઇત્યાદિ.

એ પ્રમાણે 'ઉવવાઈ' મુજબ - ત્યાં આ પ્રમાણે સૂત્ર છે - ત્યાં જ જાય છે, ત્યાં જઈને તીર્થંકરના છત્રાદિ અતિશયને જોઈને યાન-વાહનાદિ સ્થાપે છે, ઇત્યાદિ.

આ આવા સ્વરૂપનો આધ્યાત્મકિ - આત્મ આશ્રિત. અહીં યાવત્ શબ્દથી આમ જાણવું - ચિંતિત એટલે સ્મરણરૂપ, પ્રાર્થિત-પ્રાપ્તિને માટે પ્રાર્થના, મનોગત-બહાર રજૂ ન કરેલ, સંકલ્પ-વિકલ્પ.

ઈન્દ્રમહ - ઈન્દ્રોત્સવ, સ્કંદમહ-કાર્તિકેયોત્સવ, મુગુંદ-મહ-વાસુદેવ કે બલદેવ મહોત્સવ, જેમ 'ઉવવાઈ'માં કહ્યું, તે સૂત્ર આ પ્રમાણે — બ્રાહ્મણો, સુભટો, યોદ્ધા, મલ્લકી, લેચ્છવી, બીજા પણ ઘણાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ ઈત્યાદિ. તેમાં ભટ-શૂર, યોધા-સહસ્રયોધાદિ, મલ્લકી-લેચ્છવિ તે રાજા વિશેષ. રાજા-સામંતો, ઈશ્વર-યુવરાજાદિ, તલવર-રાજને વલ્લભ, માડંબિક-સંનિવેશ વિસેષ નાયક, કૌટુંબિક-કેટલાંક કુટુંબના નાયક, ઈભ્ય-વધુ ધનવાન્. - - 'ઉવવાઈ' મુજબ આ પ્રમાણે છે —

કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને, કંઠ-માળા કરી ઈત્યાદિ. આગમનનો નિશ્ચય-નિર્ણય કરીને તથા 'તમારો જય થાઓ, તમારો વિજય થાઓ'' એવા આશીર્વચન વડે ભગવંતના સમાગમનના સૂચનથી, તમો આનંદથી વૃદ્ધિ પામો એ ભાવ છે.

કેટલાંક વંદનના નિમિત્તે યાવત્ નીકળે છે અહીં યાવત્ શબ્દથી કેટલાંક પૂજનના નિમિત્તે એ રીતે સત્કાર, સન્માન, કુતૂહલ નિમિત્તથી, ન સાંભળેલું સાંભળશું, સાંભળેલાને શંકારહિત કરીશું, મુંડ થઈને, ઘરથી નીકળી, અણગારિક પ્રવ્રજ્યા લઈશું તેવા નિમિત્તે, કેટલાંક ઘોડા, હાથી અને ગજ-રથ-શિબિકા-સ્યંદમાનિકા વડે ગયા, કેટલાંક પગે ચાલનારા, પુરુષ વર્ગ વડે પરિવરીત, મોટા-ઉત્કૃષ્ટ સીંહનાદ, બોલ, કલકલના અવાજથી સમુદ્ર જેમ ઘુઘવતા, ક્ષત્રિય કુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચથી નીકળ્યા.

ચાર ઘંટવાળો, ઘોડા વડે વહન કરાતો રથ. 'ઉવવાઈ' સૂત્રની જેમ પર્ષદા વર્ણન કરવું. જેમકે તેમાં કોણિકના પરિવારનું વર્ણન કહ્યું, તેમ જમાલીનું કહેવું તે આ પ્રમાણે છે — અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, દાસ, પીઠમર્દક, નગર-નિગમ

શ્રેષ્ઠી, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે પરિવરેલો. તેનો અર્થ આ પ્રમાણે છે —

ગણનાયક - સ્વાભાવિક મહત્તર, દંડનાયક-તંત્રપાલક, રાજા-માંડલિક, ઈશ્વર-યુવરાજ, તલવર-ખુશ થયેલા રાજાએ આપેલ પટ્ટબંધથી વિભૂષિત રાજસ્થાનીયો, માડંબિક-મડંબના અધિપતિ, કૌટુંબિક-કેટલાંક કુટુંબના સ્વામી, અવલગક-સેવક, મહામંત્રી-મંત્રી મંડલમાં મુખ્ય, ગણક-ગણિતજ્ઞ, દૌવારિક-પ્રતીહાર, અમાત્ય-રાજ્યના અધિષ્ઠાયક, ચેટ-પાદમૂલિકા, પીઠમર્દક-આસને બેઠેલ સેવક-વયસ્થ, નગર-નગરવાસી પ્રજા, નિગમ-કારણિકો, શ્રેષ્ઠી-શ્રીદેવતા અધ્યાસિત સોનાના પટ્ટથી વિભૂષિત મસ્તકવાળા, સેનાપતિ-સૈન્યનાયકો, દૂત-બીજાને રાજાના આદેશના નિવેદક, સંધિપાલ-રાજ્ય સંધિરક્ષકો, તેમના સહિત, તેમની વડે પરિવરીત એવા. - x - x - x - . ચડગર-વિસ્તરવંત, પહકર-સમૂહ તેમના વૃંદથી પરિવરેલ.

પુષ્પ, તંબોલ, આયુધ આદિ. અહીં આદિ શબ્દથી શેખર, છત્ર, ચામરાદિ લેવા. આચંત - શૌચ અર્થે જળનો સ્પર્શ કરેલ, ચોક્ખે આચમન વડે અશુચિદ્રવ્યને દૂર કરેલ, તે જ કારણે અતિ પવિત્ર થયેલ જેણે હાથને અંજલિ કરવા વડે મુકુલવત્ કર્યા છે તે.

● સૂત્ર-૪૬૪ :-

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમાર શ્રમણ ભગવંત મહાવીર વડે એ પ્રમાણે કહેવાતા હર્ષિત, સંતુષ્ટ થઈને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા યાવત્ નમસ્કાર કરીને, તે જ ચાતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થઈને શ્રમણ ભગવંત મહાવીરની પાસે બહુશાલક ચૈત્યથી નીકળે છે, નીકળીને કોરંટ પુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરીને મહાન્ ભટ્ટ, ચડગર યાવત્ પરિવરીને જ્યાં ક્ષત્રિયકુંડગ્રામ નગર છે, ત્યાં આવે છે. આવીને ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચથી જ્યાં પોતાનું ઘર છે. જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે. ત્યાં આવે છે, આવીને ઘોડાને રોકે છે, રોકીને રથને સ્થાપે છે. સ્થાપીને રથમાંથી ઉતરે છે, ઉતરીને જ્યાં અભ્યંતર ઉપસ્થાન શાળા છે, જ્યાં માતાપિતા છે, ત્યાં આવે છે.*

*ત્યાં આવીને માતા-પિતાને જય-વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું — નિશ્ચયથી હે માતા-પિતા ! મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને ઈષ્ટ, પ્રતિષ્ટ, અભિરુચિકર લાગ્યો. ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના માતા-પિતા આમ બોલ્યા — હે પુત્ર ! તને ધન્ય છે, તું કૃતાર્થ છે, તું કૃતપુન્ય છે, તું કૃતલક્ષણ છે, જે તેં શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ તને ઈષ્ટ, પ્રતિષ્ટ, રુચિકર લાગ્યો છે.*

*ત્યારે જમાલિ ક્ષત્રિયકુમાર, માતાપિતાને બીજી વખત પણ આમ કહ્યું કે — નિશ્ચયથી મેં ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, યાવત્ મને રુચેલ છે. તેથી હે માતાપિતા ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું, જન્મ-જરા-મરણથી ભયભીત થયો છું, તેથી હે માતા-પિતા ! હું તમારી અનુજ્ઞા પામીને શ્રમણ*



*ભગવંત મહાવીર પાસે મુંડ થઈને, ઘરથી નીકળી, અણગારિક પ્રવ્રજ્યા લેવા ઈચ્છુ છું.*

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની માતા, તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ, અશ્રુતપૂર્વ વાણી સાંભળી, સમજીને, રોમ-કૂપથી વહેતા પસીનાથી તેણીનું શરીર ભીંજાઈ ગયું, શોકના ભારથી તેણીના અંગે અંગ કાંપવા લાગ્યા, નિસ્તેજ, દીન-વિમનસ્ક વચના, હથેળીથી મસળેલ કમળ માળાની જેમ તેનું શરીર મુરઝાઈ ગયું. દુર્બળ થઈ ગયું, તેણી લાવણ્ય શૂન્ય, કાંતિરહિત, શોભાહીન થઈ ગઈ. આભૂષણ ઢીલા થઈ ગયા, હાથની શ્વેત ચૂડીઓ નીચે પડી ભાંગી ગઈ, ઉત્તરીય વસ્ત્ર શરીરથી હટી ગયું. મૂર્છાવશ તેણીની ચેતના નાશ પામી તેણીનો સુકોમળ કેશરાશિ વિખરાઈ ગયો, કુહાડીથી છેદેલ ચંપકલતા માફક અને મહોત્સવ પુરો થયા પછીના ઈન્દ્રદંડની માફક શોભાહીન થઈ. તેણીના સંધિબંધન ઢીલા થઈ ગયા, ધસ કરતી સર્વાંગસહિત પડી.*

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની માતા સંભ્રતપૂર્વક અહીં-તહીં પડતી એવી માતા ઉપર દાસીઓએ જલ્દી સ્વર્ણકળશના મુખથી નીકળતી શીતળ, નિર્મલ જલધારા સિંચિને શરીરને સ્વસ્થ કર્યુ. પછી પંખા અને તાલપત્રના બનેલા પંખાથી જલકણ સહિત હવા નાંખી પછી અંતઃપુરના પરિજનોએ તેણીને આશ્વસ્ત કરી. તેણી રોતી-કંદન કરતી - શોક કરતી - વિલાપ કરતી જમાલી ક્ષત્રિયકુમારને આમ બોલી —*

*હે પુત્ર ! તું અમારો એક માત્ર પુત્ર છે. ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, આધારભૂત, વિશ્વાસ્ય, સંમત, બહુમત, અનુમત, આભુષણોના પટારા સમાન, રત્ન, રત્નભૂત, જીવિત સમાન, હૃદયને આનંદ દેનાર, ઉંબરના પુષ્પ સમાન, (તારું નામ શ્રવણ) પણ દુર્લભ છે, તો તારું દર્શન દુર્લભ હોય એમાં શું કહેવાનું ? તેથી હે પુત્ર ! અમે તારો ક્ષણ માત્ર વિયોગ પણ ઈચ્છતા નથી. તેથી જ્યાં સુધી અમે જીવીએ છીએ, ત્યાં સુધી તું અહીં જ રહે. ત્યારપછી અમારા મૃત્યુબાદ, પરિપક્વ વયે, કુલવંશ કાર્યની વૃદ્ધિ થયા પછી, નિરપેક્ષ થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ, ઘરથી નીકળી દીક્ષા લેજે.*

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું — હે માતાપિતા ! હમણાં જે તમે કહ્યું કે — હે પુત્ર ! તું અમારો એક માત્ર પુત્ર છે. ઈષ્ટ છે યાવત્ દીક્ષા લે જે. પણ હે માતાપિતા ! આ મનુષ્યભવ, અનેક જાતિ-જરા-મરણ-રોગ-શારીરિક માનસિક અનેક દુઃખોની વેદના, સેંકડો ઉપદ્રવોથી વ્યાપ્ત છે. અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સંધ્યાના રંગ સદૃશ, પાણીના કણીયા સમાન, તૃણના અગ્ર ભાગે રહેલા જળબિંદુ સમાન, સ્વપ્નદર્શનની ઉપમાવાળું, વિદ્યુત્ લતા જેમ ચંચળ, અનિત્ય, સડણ-પડણ-વિધ્વંસણ ધર્મા, પૂર્વે કે પછી તેને અવશ્ય છોડવું પડશે. વળી હે માતા-પિતા ! કોણ જાણે છે કે પહેલાં કોણ*

જશે, પછી કોણ જશે ? તેથી હે માતાપિતા ! હું આપની અનુજ્ઞા પામીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના માતાપિતાએ કહ્યું — હે પુત્ર! તારું શરીર વિશિષ્ટ રૂપ, લક્ષણ, વ્યંજન, ગુણથી યુક્ત છે ઉત્તમ બળ, વીર્ય, સત્વ યુક્ત છે, વિજ્ઞાનમાં વિચક્ષણ, સૌભાગ્ય ગુણથી ઉન્નત્ત, કુલીન, મહાસમર્થ, વિવિધ વ્યાધિરોગરહિત, નિરુપહત ઉદાત્ત, લષ્ટ, પંચેન્દ્રિય પટુ, પ્રથમ યૌવનસ્થ, અનેક ઉત્તમ ગુણથી સંયુક્ત છે. તેથી હે પુત્ર! જ્યાં સુધી તું તેને અનુભવ. પછી અમારા મૃત્યુ બાદ, તું પરીપક્વ થઈને, કુલવંશની વૃદ્ધિ કરીને, નિરપેક્ષ થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ, ઘરથી નીકળી દીક્ષા સ્વીકાર.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારે માતા-પિતાને આમ કહ્યું — હે માતાપિતા ! તમે જે મને એમ કહો છો કે — હે પુત્ર ! તારું આ શરીર ઉત્તમ છે યાવત્ પ્રવ્રજ્યા લેજે. નિશ્ચયથી હે માતાપિતા ! મનુષ્યનું શરીર દુઃખના આયતનરૂપ, વિવિધ સેંકડો વ્યાધિના નિકેતરૂપ, અસ્થિરૂપ કાષ્ઠ ઉપર રહેલ છે, નાડી-સ્નાયુના જાળથી વેષ્ટિત છે, માટીના વાસણ જેવું દુર્બળ છે, અશુચિથી સંક્લિષ્ટ છે, તેને ટકાવી રાખવા, હંમેશાં તેની સંભાળ રાખવી પડે છે. આ સડેલા મડદાની સમાન, જીર્ણ ઘર સરખું છે, સડવું-પડવું-ગળવું તે તેનો સ્વભાવ છે. પહેલા કે પછી અવશ્ય છોડવાનું છે. હે માતા-પિતા ! કોણ જાણે છે કે પહેલા કોણ જવાનું અને પછી કોણ જવાનું છે ? યાવત્ હું દીક્ષા લેવા ઈચ્છુ છું.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારને માતાપિતાએ આમ કહ્યું — હે પુત્ર ! આ તારી ગુણ વલ્લભા, નિત્ય તારામાં ભાવાનુરક્ત, સર્વાંગ સુંદરી આઠ પત્નીઓ છે, જે વિશાળ કુળમાં ઉત્પન્ન નવયૌવન, સદૃશ ત્વચા-વય-લાવણ્ય-રૂપ-યૌવન-ગુણોથી યુક્ત છે. ઉત્તમ સદૃશ કુળમાંથી આણેલી છે. કળા-કુશળ-સર્વકાળ લાલિત્ય સુખ ઉચિત, માર્દવગુણયુક્ત, નિપુણ, વિનય-ઉપચારમાં કુશળ, વિલક્ષણ છે. મંજુલ-મિત-મધુર-રમણીય-વિપ્રેક્ષિત ગતિ-વિશાળ ચેષ્ટા વિશારદ છે નિર્દોષ કુળ, શીલથી શોભિત છે, વિશુદ્ધ કુળ-વંશ-સંતાન તંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ અને પૂર્ણ યૌવનવાળી છે, મનોનુકૂલ અને હૃદયને ઈષ્ટ છે. હે પુત્ર ! તું તેને ભોગવ. આમની સાથે વિપુલ માનુષ્ય કામભોગ ભોગવી, પછી ભુક્ત ભોગી થઈ, વિષય-વિકારમાં તારું કુતુહલ સમાપ્ત થઈ જાય, અમે મૃત્યુ પામીએ પછી યાવત્ દીક્ષા સ્વીકાર.

ત્યારે જમાલી ક્ષત્રિયકુમારે માતા-પિતાને આમ કહ્યું કે — હે માતાપિતા ! તમે જે મને એમ કહો છો કે આ તારી પત્નીઓ વિપુલ કુલની છે યાવત્ પછી દીક્ષા લે. હે માતા-પિતા ! આ માનુષી કામભોગો અશુચિ, અશાશ્વત, વમન-પિત્ત-કફ-શુક્ર-લોહીથી ઉત્પન્ન છે, મળ-મૂત્ર-શ્લેષ્મ-નાકનો મેલ-વમન-પિત્ત-શુક્ર-



શોણિત યુક્ત છે. અમનોજ્ઞ, દુરૂપ, મુત્ર-મળ આદિથી પૂર્ણ, મૃતક સમાન ગંધવાળા ઉચ્છ્વાસ અને અશુભ નિઃશ્વાસથી યુક્ત હોવાથી ઉદ્વેગજનક, બીભત્સ, અલ્પકાલિક, તુચ્છ સ્વભાવી, કલમલના સ્થાનરૂપ, દુઃખરૂપ, બહુજન સાધારણ, પરિકલેશ યુક્ત દુઃખ સંજ્ઞા, અજ્ઞાની લોકો દ્વારા સેવિત, સદા સાધુઓ દ્વારા નિંદ્ય, અનંત સંસાર વર્ધક, કટુ ફળ વિપાક દેનાર, આગ સમાન, ન મૂકી શકાય તેવું અને દુઃખાનુબંધી, સિદ્ધિગમનમાં વિઘ્નરૂપ છે. હે માતાપિતા ! કોણ જાણે છે કે કોણ પહેલા જશે અને કોણ પછી જશે ? તેથી હે માતા-પિતા ! યાવત્ હું દીક્ષા લેવા ઈચ્છુ છું.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારને માતા-પિતાએ આમ કહ્યું — હે પુત્ર ! તારા પિતા, દાદા, દાદામહથી પ્રાપ્ત ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, વિપુલ ધન કનક યાવત્ સારરૂપ દ્રવ્ય છે. આટલું દ્રવ્ય યાવત્ સાત પેઢી સુધી પ્રચુરપણે દેતા-ભોગવતા-ભાગ કરતા પણ ખતમ થાય તેમ નથી. હે પુત્ર ! વિપુલ માનુષ્ય ઋદ્ધિ સત્કાર સમુદયને અનુભવીને પછી કલ્યાણ પામીને, કુલતંતુની વૃદ્ધિ કરીને યાવત્ દીક્ષાસ્વીકાર.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારે માતાપિતાને આમ કહ્યું — હે માતા-પિતા ! જે તમે મને એમ કહો છો કે હે પુત્ર ! આ પિતા, દાદા આદિની (સંપત્તિ ભોગવી) યાવત્ દીક્ષા લે. હે માતાપિતા ! આ હિરણ્ય, સુવર્ણ યાવત્ દ્રવ્ય, અગ્નિ-ચોર-રાજા-મૃત્યુ-દાયાદ-અગ્નિ આદિને સ્વાધીન છે, વળી તે અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે. પૂર્વે કે પછી અવશ્ય છોડવાનું જ છે. કોણ જાણે છે કે પહેલા કોણ જશે ? યાવત્ દીક્ષા લેવી છે.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના માતા-પિતા જ્યારે વિષયને અનુકૂળ ઘણી વિજ્ઞપ્તિ, પ્રજ્ઞપ્તિ, સંજ્ઞપ્તિ, વિનવણી વડે કહેવા, બતાડવા, સમજાવવા કે વિનવવામાં સફળ ન થયા, ત્યારે વિષય પ્રતિકૂળ, સંયમ પ્રતિ ભય, ઉદ્વેગજનક પ્રજ્ઞાપનાથી પ્રજ્ઞાપના કરતા આ પ્રમાણે કહ્યું — હે પુત્ર ! નિશ્ચયથી નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, સંપૂર્ણ જેમ આવશ્યકમાં કહ્યું છે તેમ યાવત્ સર્વ દુઃખાંતકર છે. પણ તે સર્પની માફક એકાંતદૃષ્ટિ, અસ્ત્રા જેવું એકધારવાળું, લોઢાના ચણા ચાવવા જેવું, રેતીના કોળીયા જેવું સ્વાદરહિત, ગંગા મહાનદીના પ્રતિસ્રોતમાં ગમન કરવા જેવું, મહાસમુદ્રને ભૂજાથી તરવા સમાન, તિક્ષ્ણ ધાર ઉપર ચાલવા જેવું, મહાશીલા ઉપાડવા જેવું, તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે. હે પુત્ર ! વળી નિર્ગ્રન્થ શ્રમણોને આટલી બાબત અકલ્પ્ય છે —

આધાકર્મિક, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિક, ક્રીત, પ્રામીત્ય, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વર્દલિકાભક્ત, પ્રાઘુર્ણકભક્ત, શય્યાતરપિંડ, રાજપિંડ, મૂળભોજન, કંદભોજન, ફળભોજન, બીજભોજન, હરિતભોજન, ખાવું કે પીવું કલ્પતું નથી. હે પુત્ર ! તું

*સુખ સમુચિત છે, દુઃખ સમુચિત નથી.*

*તું શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ચોર, વ્યાલ, દંસ, મસગ, વાત-પિત્ત-કફ-સંનિપાત, વિવિધ રોગાંતક રૂપ ઉદીર્ણ પરીષહ-ઉપસર્ગ સહન કરવાને સમર્થ નથી, તેથી હે પુત્ર ! અમે ઈચ્છતા નથી કે તારો વિયોગ ક્ષણને માટે પણ થાય, માટે હે પુત્ર ! યાવત્ અમે જીવીએ છીએ ત્યાં સુધી તું ઘેર રહે. પછીથી યાવત્ તું પ્રવ્રજ્યા લે જે.*

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારે માતાપિતાને આમ કહ્યું — હે માતા-પિતા ! તમે જે મને એમ કહ્યું કે હે પુત્ર ! નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર છે યાવત્ પછી દીક્ષા લે જે. પરંતુ હે માતાપિતા ! નિર્ગ્રન્થ પ્રવચન, કલીબ-કાયર-કાપુરુષ-આલોક પ્રતિબદ્ધ-પરલોકથી પરાંગમુખ વિષય તૃષ્ણાવાળા સાધારણ લોકોને માટે આચરવું દુષ્કર છે. પરંતુ ધીર, કૃતનિશ્ચયી, ઉપાયમાં પ્રવૃત્તને ખરેખર આમાંનું કંઈપણ કરવું દુષ્કર નથી. તેથી હે માતા-પિતા ! હું આપની આજ્ઞાથી શ્રમણ ભગવંત મહાવીરની પાસે યાવત્ દીક્ષા લેવાને ઈચ્છુ છું.*

*ત્યારે જમાલી ક્ષત્રિયકુમારના માતાપિતા જ્યારે તેને વિષય અનુકૂળ કે વિષય પ્રતિકૂળ એવી ઘણી કથના, પ્રજ્ઞાપનાદિથી સમજાવવા યાવત્ વિનવણીમાં સફળ ન થયા, ત્યારે અનિચ્છાએ જમાલી ક્ષત્રિયકુમારને દીક્ષા માટે અનુમતી આપી.*

● વિવેચન-૪૬૪ :-

સામાન્યથી શ્રદ્ધા કરું છું, ઉપપત્તિ વડે પ્રીતિ વિષય કરું છું, રુચિ કરું છું, અભ્યુત્થિત થયો છું, ઉપલભ્યમાન પ્રકારવત્, આપ્તવચન વડે જાણીને પૂર્વ અભિમત પ્રકારવત્, પૂર્વાભિમત પ્રકાર યુક્ત હોવા છતાં અન્યદા વિગત અભિમત પ્રકાર પણ કોઈ કહે, તેથી બતાવે છે કે - આ અવિતથ છે, કાલાંતરે પણ નાશ થનાર નથી.

अम्म - હે માતા, तात - હે પિતા, निसंत - શ્રુત, ઈષ્ટ અને ફરી ફરી ઈષ્ટ, ભાવથી સ્વીકારેલ, સ્વાદુભાવની જેમ ઉપગત, धन्नेऽसि - ધનને પ્રાપ્ત કરેલ છે. जाय - હે પુત્ર, कयत्थ - સ્વપ્રયોજન કરેલ છે પૂર્ણ તે, कयलक्खण - લક્ષણ એટલે દેહચિહ્નોને સાર્થક કર્યા છે જેણે તે, अनिट्ठ - અવાંછિત, अकंत - અકમનીય, अप्पिय - અપ્રીતિ કરનાર, अणुमन्न - મનથી જેને સુંદર જાણેલ નથી, તેથી અમનોજ્ઞ. अमणाम - મનથી ન ગમતું, વારે વારે યાદ કરવું ન ગમે તેવું.

પરસેવાથી રોમકૂપ ગળવા - ઝરવા લાગ્યા. તેનાથી શરીર ભીંજાઈ ગયેલ છે, તેવી. શોકથી ભરેલી, અંગોપાંગ કંપતા હોય તેવી, નિસ્તેજ, દીનની માફક વિમનસ્કવત્ વદનવાળી, તત્ક્ષણ અર્થાત્ ‘‘હું પ્રવ્રજ્યા લઉં’’ એમ સાંભળવાની ક્ષણે જ મ્લાન અને દુર્બળ શરીર જેણીનું થયેલ છે, તે. લાવણ્યથી શૂન્ય, પ્રભારહિત, શોભારહિત થઈ ગઈ. દુર્બળતાથી જેણીના આભુષણો શિથિલ થઈ ગયા. ભુજા આદિ પાતળા થવાથી પડી ગયા. ભૂમિમાં પડતા, નમેલા બીજા પ્રદેશે





પડતા ભાંગીને ભુક્કો થઈ ગયા. શું? - કેટલાંક શ્વેત વલય - કટકો. તેણીનું વસ્ત્ર વિશેષ સરી પડ્યું. મૂર્છાના વશથી ચેતના ચાલી જવાથી અલઘુ શરીર પડી ગયું. સ્વરૂપથી સુકુમાલ વાળ વિખરાઈ ગયા - x - x - x -. તેણીને સંભ્રમથી પડતાં જોઈને દાસી જલ્દીથી સોનાના કળશમાંથી નીકળેલ શીતળ નિર્મળ જળની ધારા વડે તેના શરીરને સીંચીને તેના શરીરને સ્વસ્થ કર્યુ અથવા સંભ્રમમાં વર્તતી એવી તેણે સોનાના કળશના મુખથી નીકળતા શીતળ વિમળ જળને ધારણ કર્યુ. ઉત્ક્ષેપક-વંશદલ આદિ મય, મુટ્ઠીમાં ગ્રહણ થાય તેવો દંડનો મધ્ય ભાગ, તાલવૃંત એટલે તાડ નામના વૃક્ષના પાંદડાનું વૃંત્ત, તેવા આકારે અથવા ચામડાનો વીંઝણો - વંશ આદિમય જ અંતર્ગ્રાહ્ય દંડથી ઉત્પન્ન વાયુ, તેને જળબિંદુ સહિત (વીંઝ્યો), અશ્રુના નીકળવાથી રોતી એવી, મોટો અવાજ કરવાથી ક્રંદન કરતી એવી, મનથી શોક કરતી, આર્ત્ત વચનથી વલવલતી.

इट्ठेत्यादि० સ્થૈર્યગુણના યોગથી સ્થૈર્ય, વિશ્વાસસ્થાન, તેનું કૃત્ય આર્યોને સંમત હોવાથી સંમત, ઘણાં પણ કાર્યોમાં અથવા અલ્પતા કે થોડાંપણાથી રહિત એવો મત, તે બહુમત. કાર્યમાં વ્યાઘાત ન કરીને પછી પણ સંમત થાય તે અનુમત. ઘરેણાંનો કરંડીયો અર્થાત તેનું ભાજન-પાત્ર, તેના સમાન. રત્ન-મનુષ્યજાતિમાં ઉત્કૃષ્ટપણાથી અથવા रयण એટલે રંજક. ચિંતારત્નાદિ વિકલ્પ તે રત્નભૂત.

જીવિતોત્સવ એટલે જીવિત વિષયમાં ઉત્સવ-મહોત્સવ, તે જીવિતોસ્તવિક. મનને સમૃદ્ધિકારક તે હૃદયાનંદજનન. જેમ ઉદુંબર પુષ્પ અલભ્ય હોય છે, તેથી તે ઉપમાન વડે પુત્રને ઉપમા આપી છે. सवणयाए - સાંભળવાને. किमंग पुण - વળી શું अंग - આમંત્રણ અર્થમાં છે. હે પુત્ર ! તું ત્યાં સુધી અહીં રહે, જ્યાં સુધી અમો જીવીએ છીએ. - x - x - वड्ढिय - પુત્ર પૌત્રાદિ વડે વૃદ્ધિ કરીને, કુલ રૂપવંશ તે કુલવંશ સંતાન, તે જ તંતુ તે કુલવંશતંતુ, તે જ કાર્ય તે કુલવંશતંતુ કાર્ય અથવા કુલવંશતંતુની વૃદ્ધિ કરીને. બધાં પ્રયોજનોથી નિરપેક્ષ થઈને. દીક્ષા લે.

તથા - તે પ્રકારે જ, બીજી રીતે નહીં, જે તમે કહ્યું કે — અમારા કાળધર્મ પછી દીક્ષા લે જે. તેને આશ્રીને આ કહે છે — કહેવાનાર ન્યાયથી અનેક જે જાતિ-જરા-મરણ-રોગરૂપ શારીરિક, માનસિક જે અત્યર્થ દુઃખો છે, તે તથા તેની જે વેદના, વ્યસન એટલે ચોરી, ધુત આદિ જે સેંકડો ઉપદ્રવો - રાજ્ય, ચોરી આદિકૃત, તેના વડે અભિભૂત જે છે, તથા તેથી જ અધ્રુવ-જે સૂર્યોદય વત્ ધ્રુવ નથી તે, પ્રતિનિયત કાળે અવશ્ય હોય તેમ નહીં, અનિતિ - અહીં इति શબ્દ નિયત રૂપ ઉપદર્શન પછી છે, તેથી જ્યાં ઇતિ વિદ્યમાન નથી તે અનીતિક - અથવા વિદ્યમાન નથી નિયત સ્વરૂપ તે. - x - ક્ષણમાં નશ્વરપણું હોવાથી અશાશ્વત, અશાશ્વતપણાના જ ઉપમાનથી દર્શાવતા કહે છે - સંધ્યાના રંગ જેવું.

अणिच्च - પૂર્વના જીવિતની અપેક્ષાએ અનિત્યત્વ કહ્યું, હવે શરીર સ્વરૂપ અપેક્ષાથી તે કહે છે — અનિત્ય એટલે સડન-પડન-વિધ્વંસણ ધર્મ - શડન એટલે

કુષ્ઠ આદિ વડે આંગળી આદિનું પતન, બાહુ આદિનું ખડ્ગ છેદ આદિ વડે વિધ્વંસન-ક્ષય, એવો જેનો સ્વભાવ છે. તથા વિવક્ષિત કાળથી પૂર્વે કે વિવક્ષિત કાળની પછી અવશ્ય ત્યાજ્ય છે હવે આને કોણ જાણે છે ? કોઈ નહીં. પિતા કે પુત્રમાં કોણ પહેલા પરલોકે જશે અને કોણ પછી જશે અર્થાત્ પહેલા કોણ મરશે - પછી કોણ મરશે ?

પ્રવિશિષ્ટરૂપ - લક્ષણ. - x - x - વ્યંજન - મષ, તિલકાદિ, ગુણ-પ્રશસ્ત્વ તેના વડે યુક્ત - સંગત. ઉત્તમ બલ, વીર્ય, સત્વ વડે યુક્ત, તેમાં શરીર અને પ્રાણ તે બળ, માનસ અવષ્ટંભ તે વીર્ય, ચિત્ત વિશેષ તે સત્વ. અથવા ઉત્તમ એવા બળ અને વીર્યનું જે સત્વ-સત્તા, તેના વડે યુક્ત, સૌભાગ્ય ગુણથી યુક્ત, અભિજાત એટલે કુલીન, જેમાં મહાક્ષમા છે, તે અથવા કુલીનો મધ્યે મહત્-પૂજ્ય અને ક્ષમ - સમર્થ છે, જે છે તે. निरुपहत - અવિધમાન છે વાત આદિ ઉપઘાત જેમાં, ઉદાત્ત એટલે ઉત્તમ વર્ણાદિ ગુણો, તેથી જ લષ્ટ-મનોહર, પાંચે ઈન્દ્રિયો પટુ-સ્વવિષય ગ્રહણમાં દક્ષ, વિવિધ વ્યાધિઓના સ્થાનરૂપ, હાડકાં એ જ કાષ્ઠ, બંનેમાં કાઠિન્યનું સાધર્મ્ય છે, તેથી. શિરા - નાડી, સ્નાયુ, તે બંનેની જે જાળ-સમૂહ તેના વડે અત્યંત વેષ્ટિત. અશુચિ અર્થાત્ ગંદકી વડે સંક્લિષ્ટ-દુષ્ટ, - x - x - जराकुणिम - જીર્ણતા પ્રધાન શબ, જર્જરગૃહ એટલે જીર્ણઘર. તેની જેમ સડનાદિ સ્વભાવ.

વિપુલ કુળની તે બાલિકા, કળાકુશળ, સર્વકાળલાલિતા, સુખને માટે ઉચિત, માર્દવગુણ યુક્ત, વિનયોપચારમાં નિપુણ, પંડિત વિચક્ષણા અર્થાત્ અત્યંત વિશારદ, મંજુલ એટલે કોમળ શબ્દોથી મિત-પરિમિત, મધુર-અકઠોર એવા અર્થથી, જે કહેલ હોય, તે તથા તેનું હસવું, જોવું, ગતિ અને વિલાસ અર્થાત્ નેત્રવિકાર કે ગતિવિલાસ, વિલસતી એવી ગતિ, વિશિષ્ટા સ્થિત, તેમાં જે વિશારદ તે તથા —

અવિકલકુલ એટલે ઋદ્ધિ પરિપૂર્ણ કુળ વાળી, શીલ વડે શોભતી, વિશુદ્ધ કુલવંશ એ જ સંતાન-તંતુ-વિસ્તારિત તંતુ તેની વૃદ્ધિથી અર્થાત્ પુત્ર ઉત્પાદન દ્વારથી, તે વૃદ્ધિમાં સમર્થ, જેણીની વયયૌવન છે, તે. પાઠાંતરથી કહે છે — વિશુદ્ધ કુલ-વંશ-સંતાન-તંતુ વર્ધનમાં જે પ્રકૃષ્ટ ગર્ભા છે, તેનો જે ઉદ્ભવ, તેમાં જે પ્રભાવ-સામર્થ્ય તેવી. મનને અનુકૂલ અર્થાત્ હૃદય દ્વારા ઈચ્છેલી. ગુણ વડે વલ્લભ તેવી. શબ્દાદિ વિષયમાં અત્યંત ક્ષીણ કુતૂહલ જેનું છે તે.

माणुस्सगा कामभोगा - કામભોગના ગ્રહણથી તેના આધારભૂત સ્ત્રી-પુરુષ શરીર અભિપ્રેત છે. उच्चार - ઉચ્ચારાદિથી ઉદ્ભવેલ જેમાં છે, તે તથા દુરૂપમૂત્રથી તે અમનોજ્ઞ છે, પુરુષના વીર્યથી તે પૂર્ણ છે. અહીં દુરૂપ એટલે વિરૂપ અને પૂતિક એટલે કુથિત. મૃતના જેવી ગંધ જેની છે, તે મૃતગંધી, તેવો જે ઉચ્છ્વાસ તે મૃતગંધી ઉચ્છ્વાસ તેના વડે અને અશુભ નિઃશ્વાસથી ઉદ્વેગજનક-ઉદ્વેગકારી. ઉચ્છ્વાસ એટલે મુખ વડે વાયુનું ગ્રહણ, નિઃશ્વાસ એટલે તેનો નિર્ગમ. બીભત્સ એટલે જુગુપ્સા ઉત્પાદક, લઘુસ્વક એટલે લઘુસ્વભાવ. કલમલ એટલે શરીરમાં રહેલ અશુભદ્રવ્ય



વિશેષ, તેના અવસ્થાનથી દુઃખરૂપ છે તે. ઘણાં લોકો વડે સાધારણથી ભોગ્યત્વથી, તે શરીર બહુજન સાધારણ કહ્યું.

પરિક્લેશ એટલે મહા માનસ આયાસથી અને કુચ્છ્ર દુઃખ એટલે ગાઢ શરીર આયાસથી જે સધાય છે - વશ કરાય છે તેવું (દુઃખ) વિપાક, પાકનો પણ હોય, તેથી વિશેષ કહે છે - ફળરૂપ વિપાક જેમાં કટુ છે, તે તથા चूडलिव्व - સળગાવાયેલ ઘાસના પૂળાની જેવું.

હે પુત્ર આ બધું તારું છે (શું ?) आर्य - પિતામહ, દાદા. प्रार्यक-પિતાના પિતામહ, પરદાદા, પિતૃપ્રાર્યક-પિતાના પ્રપિતામહ. તે બધાં પાસેથી આવેલ જે (સંપત્તિ) અથવા આર્યક પ્રાર્યક પિતાનો જે પર્યાય-પરિપાટી, તેના વડે આવેલ જે વિપુલ ધન-કનક. અહીં 'યાવત્' શબ્દથી આ જાણવું — રત્ન, મણિ, મોતી, શંખ, શિલ, પ્રવાલ, રક્તરત્ન આદિ. તેમાં વિપુલ ધન એટલે પ્રચુર ગાય આદિ, કણગ-ધાન્ય, રત્ન તે કર્કેતનાદિ, મણિ તે ચંદ્રકાંતાદિ, મોતી અને શંખ પ્રસિદ્ધ છે. શિલપ્રવાલ એટલે વિદ્રુમ, રત્નરત્ન તે પદ્મરાગ, તે જેની આદિમાં છે તે, તથા વિધમાન સ્વાયત્ત પ્રધાન દ્રવ્ય કે જે સર્વે સંપત્તિ પર્યાપ્ત છે. તેનું જે પરિમાણ છે, તે સાતમી પેઢી-કુળવંશથી અથવા કુલરૂપ વંશમાં થયેલ તે. ઘણી બધી ગરીબ વગેરેને આપવામાં આવે, જાતે ભોગ વડે ભોગવવામાં આવે કે પિતૃ આદિ ભાયાતોને ભાગ પાડવામાં આવે તો પણ ન ખુટે તેટલી છે.

અગ્ન્યાદિથી સાધારણ, દાયાદ એટલે પુત્રાદિ વગેરેથી સાધારણ છે, આ વાક્ય દ્વારા દ્રવ્યની અતિ પરવશતા પ્રતિપાદન કરી છે, બીજા પ્રકારે કહે છે - અગ્નિ સામાન્યાદિ (અર્થાત્ આ બધાં વડે નાશવંત).

વિષય - શબ્દાદિ, તેમાં પ્રવૃત્તિ જનકત્વથી અનુકૂળ તે વિષયાનુલોમ, તેના વડે આખ્યાપન કર્યુ અર્થાત્ સામાન્યથી કહ્યું, પ્રજ્ઞાપના કરી અર્થાત્ વિશેષથી કથન કર્યુ, સંજ્ઞાપન અર્થાત્ સંબોધન કર્યુ, વિજ્ઞાપના અર્થાત્ વિજ્ઞપ્તિ કરી-પ્રણયસહ પ્રાર્થના કરી - x -

વિષયને પ્રતિકૂળ - તેના પરિભોગમાં નિષેધકત્વથી પ્રતિલોમ તે વિષય પ્રતિલોમ. સંયમથી ભય-ભીત અને ઉદ્વેગ કરવો એવો જેનો સ્વભાવ છે તે. (એ રીતે સમજાવવા પ્રયત્ન કર્યો.)

सच्च - સજ્જનને હિતપણાથી, अनुत्तर - અવિધમાન પ્રધાનતર, બીજું પણ તે પ્રકારે થશે, તેથી કહે છે — केवल - અદ્વિતીય. જેમ આવશ્યકમાં કહ્યું છે. તે સૂત્ર આ છે - પ્રતિપૂર્ણ અર્થાત્ અપવર્ગ પ્રાપ્ત કરાવનાર ગુણથી ભરેલ. नेयाउय - નાયક, મોક્ષગમક અથવા નૈયાયિક. संसुद्ध - સમસ્તપણે શુદ્ધ. सल्लगत्तण - માયા આદિ શલ્યના કર્તનથી. सिद्धिमग्ग - હિતાર્થ પ્રાપ્તિ ઉપાય, मुत्तिमग्ग - અહિત તોડવાનો ઉપાય, निज्जाणमग्ग - સિદ્ધિ ક્ષેત્રમાં જવાનો ઉપાય. निव्वाण मग्ग - સર્વ કર્મના વિરહથી જન્મતા સુખનો ઉપાય. अवितह - કાલાંતરે પણ ખોટું

ન પડે તેવા પ્રકારના અભિમતવાળું. અવિસંધિ - પ્રવાહથી અવ્યવચ્છિન્ન, सव्वदुक्खप्पहीणमग्ग - સકલ દુઃખના ક્ષયનો ઉપાય. તેમાં રહેલ જીવ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે. એવી એકાંત નિશ્ચય જેનો છે તેવી દૃષ્ટિ અર્થાત્ બુદ્ધિ જે નિર્ગ્રન્થ પ્રવચનમાં ચારિત્રપાલન પ્રત્યે છે, તે એકાંતદૃષ્ટિક. સર્પના પક્ષે અર્થ કરીએ તો માંસ ગ્રહણના એક જ લક્ષણરૂપ છે, તે એક નિશ્ચયા દૃષ્ટિ.

खुरो इव एगंतधारा - એકાંત એટલે ઉત્સર્ગ લક્ષણથી એક વિભાગ આશ્રિત ધારા-ક્રિયા જેમાં છે તે. લોઢાના જવ ચાવવા જેટલું કઠિન અર્થાત્ નિર્ગ્રન્થ પ્રવચન ઘણું દુષ્કર છે. રેતીના કોળીયા માફક સ્વાદરહિત છે, વિષય સુખ આસ્વાદન અપેક્ષાથી આ કહ્યું છે. ગંગા એટલે ગંગા જેવી મહાનદીના ઉલટા પ્રવાહમાં જવું તે પ્રતિશ્રોતગમન, જેમ દુસ્તર છે, તેમ આ નિર્ગ્રન્થ પ્રવચન દુસ્તર છે. આ પ્રમાણે પ્રવચનને સમુદ્રની ઉપમા પણ આપેલી છે. આ પ્રવચન તીક્ષ્ણ ખડ્ગ આદિ ઉપર ચાલવા જેવું છે. જેમ ખડ્ગ આદિ ઉપર ચાલવું અશક્ય છે તેવું અશક્ય, અર્થાત્ પ્રવચનનું પાલન કરવું દુષ્કર છે. ગુરુક એટલે મહાશીલા તેનું અવલંબનીયપણું અર્થાત્ દોરડા આદિથી બાંધીને હાથ વડે ધારણ કરવી, તે જેમ દુષ્કર છે, તેમ પ્રવચન દુષ્કર છે. જે વ્રતમાં તલવારની ધાર ઉપર ચાલવાની જેમ સેવન કરવું કઠિન છે. આ બધાં દ્વારા કહે છે કે આ પ્રવચનનું અનુપાલન ઘણું દુષ્કર છે.

આ દુષ્કરત્વ કેમ છે ? તે કહે છે - આધાકર્મિક કે અધ્યવપૂરક, તેનું લક્ષણ આ છે - મૂળથી સાધુ માટે કરાયેલ તે આધાકર્મી અને સાધુ આદિ અર્થે અધિકતર કણ નાંખવા આદિ તે અધ્યવપૂરક. કાંતારભક્ત - કાંતાર એટલે અરણ્ય, તેમાં જે ભિક્ષુકાર્થે સંસ્કારાય, તે કાંતારભક્ત. એ પ્રમાણે બીજા પણ જાણવા. તે ખાવાનો-પીવાનો (કલ્પતું નથી). વળી તું સમર્થ નથી, શાને માટે ? શીત આદિને સહેવાને. વાલ એટલે શ્વાપદ, ભુજગ લક્ષણ. રોગાતંક તેમાં કુષ્ઠ આદિ રોગ છે, શીઘ્ર ઘાતી શૂલાદિ તે આતંક છે.

કલીબ એટલે મંદ સંઘયણવાળા, કાયર એટલે ચિત્ત અવષ્ટંભ વર્જિત. તેથી જ કાપુરુષોને ઈત્યાદિ. આગળ કહે છે. દુરનુચર એટલે દુઃખથી સેવાય તેવું પ્રવચન છે. પરંતુ ધીર એટલે સાહસિકને આ નિશ્ચિત કર્તવ્ય હોવાથી કૃતનિશ્ચયને, ઉપાય પ્રવૃત્તને આ પ્રવચનમાં (કશું દુષ્કર નથી). હવે દુષ્કરત્વ જ્ઞાનોપદેશ અપેક્ષાએ પણ હોય, તેથી કહે છે – કરણ વડે અર્થાત્ સંયમ અનુષ્ઠાનથી.

● સૂત્ર-૪૬૫ :-

*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિકપુરુષોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલ્દીથી ક્ષત્રિયકુંડગ્રામ નગરને અંદર અને બહારથી સિંચિત્, સંમાર્જિત અને ઉપલિપ્ત કરો. આદિ ઉવવાઈ સૂત્ર મુજબ યાવત્ પાછી સોંપી.*



*ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ બીજી વખત કૌટુંબિક પુરુષને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલ્દીથી જમાલી ક્ષત્રિયકુમારના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ વિપુલ એવા નિષ્ક્રમણ અભિષેકની તૈયારી કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે કર્યું યાવત્ આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારપછી જમાલી ક્ષત્રિયકુમારના માતા-પિતાએ તે જમાલીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ કરી બેસાડ્યો, બેસાડીને ૧૦૮ સુવર્ણના કળશ ઈત્યાદિ જેમ રાયપ્પસેણઈયમાં છે તે મુજબ યાવત્ ૧૦૮ માટીના કળશોમાં સર્વ ઋદ્ધિ સાથે યાવત્ મહા શબ્દ સાથે નિષ્ક્રમણાભિષેક વડે અભિસિંચિત કર્યો, કરીને બે હાથ જોડી યાવત્ જય-વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું – હે પુત્ર ! શું આપીએ ? શું સહયોગ દઈએ ? તમારે શાનું પ્રયોજન છે ?*

*ત્યારે તે જમાલીક્ષત્રિયકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું – હે માતાપિતા ! હું કૃત્રિકાપણાથી રજોહરણ અને પાત્ર મંગાવવા ઈચ્છુ છું, તથા કાશ્યપ (વાણંદ)ને બોલાવવા ઈચ્છુ છું.*

*ત્યારે જમાલીના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી શ્રીગૃહથી ત્રણ લાખ મુદ્રા લાવીને, બે લાખ મુદ્રા વડે કૃત્રિકાપણથી રજોહરણ અને પાત્ર લાવો તથા એક લાખ મુદ્રાથી વાણંદને બોલાવી લાવો. ત્યારે તે કૌટુંબિક પુરુષોને જમાલીના પિતાએ આ પ્રમાણે કહેતા તેઓ હર્ષિત, સંતુષ્ટ થયા. બે હાથ જોડી યાવત્ વચન સ્વીકારીને જલ્દીથી શ્રીગૃહથી ત્રણ લાખ મુદ્રા લાવી યાવત્ વાણંદને બોલાવ્યો.*

*ત્યારે તે વાણંદ, જમાલીના પિતાના કૌટુંબિક પુરુષોએ બોલાવતા હર્ષિત, સંતુષ્ટ થઈને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું યાવત્ શરીરને અલંકારીને જ્યાં જમાલીના પિતા હતા, ત્યાં આવ્યો, આવીને, બે હાથ જોડી જમાલીના પિતાને જય-વિજય વડે વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! જે મારે કરવા યોગ્ય છે, તેનો આદેશ આપો. ત્યારે જમાલીના પિતાએ તે વાણંદને આમ કહ્યું –*

*હે દેવાનુપ્રિય ! જમાલી ક્ષત્રિયકુમારના નિષ્ક્રમણને યોગ્ય અગ્રકેશને ચાર આંગળ છોડીને અતિ પ્રયત્નપૂર્વક કાપી દે.*

*ત્યારે તે વાણંદ, જમાલી ક્ષત્રિયકુમારના પિતા પાસે આ પ્રમાણે સાંભળીને હર્ષિત, સંતુષ્ટ થઈને, બે હાથ જોડીને યાવત્ બોલ્યો – હે સ્વામી ! આપની આજ્ઞા શીરોધાર્ય છે. તેમના આજ્ઞા વચન વિનયપૂર્વક સ્વીકારીને સુગંધી ગંધોદક વડે હાથ-પગ ધોયા, પછી આઠ પડવાળા શુદ્ધ વસ્ત્રથી મુખ બાંધ્યુ, મુખ બાંધીને જમાલી ક્ષત્રિયકુમારના નિષ્ક્રમણયોગ્ય અગ્રકેશ અતિ પ્રયત્નપૂર્વક ચાર અંગુલ છોડીને કાપ્યા.*

*ત્યારે તે જમાલીની માતા હંસલક્ષણ પટશાટકમાં તે અગ્રકેશને ગ્રહણ કર્યા, કરીને સુગંધી ગંધોદક વડે ધોયા. ધોઈને પ્રધાન અને શ્રેષ્ઠ ગંધ અને*

માળા દ્વારા તેની પૂજા કરી. કરીને શુદ્ધ વસ્ત્ર વડે બાંધ્યા, બાંધીને રત્નકરંડકમાં રાખ્યા. ત્યાર પછી જમાલીની માતા હાર, જલધારા, સિંદુવારના પુષ્પો અને તુટેલા મોતીની માળા સમાન, પુત્રના દુઃસહ વિયોગને કારણે આંસુ વહાવતી એવી આ પ્રમાણે કહે છે — આ (વાળ) અમારા માટે ઘણી તિથિઓ, પર્વો, ઉત્સવો, યજ્ઞો અને ક્ષણોમાં અંતિમ દર્શન રૂપ થશે. એમ વિચારીને તે વાળને પોતાના ઓશીકાની નીચે મૂક્યા.

ત્યારપછી તે જમાલીના માતા-પિતા બીજી વખત ઉત્તર દિશાભિમુખ સીંહાસન રખાવ્યુ, રખાવીને બીજી વખત જમાલી ક્ષત્રિયકુમારને શ્વેત-પિત (ચાંદી-સોના)ના કળશોથી સ્નાન કરાવ્યુ, કરાવીને પદ્મ જેવા સુકોમળ સુગંધી કાષાયિક વસ્ત્રથી જમાલીના શરીરને લુછ્યુ, લુછીને સરસ ગોશીર્ષ ચંદન વડે શરીરને અનુલેપન કર્યું, કરીને, નાકના નિઃશ્વાસના વાયુથી ઉડી જાય તેવા બારીક, નયનરમ્ય, વર્ણ અને સ્પર્શથી યુક્ત, ઘોડાની લાળથી પણ કોમળ, શ્વેત, સોનાના તારથી જોડેલ, મહાર્હ, હંસલક્ષણ પટશાટક પહેરાવ્યુ. પહેરાવીને હાર અને અર્ધહાર પહેરાવ્યો. એ પ્રમાણે જેમ સૂર્યાભના અલંકારોનું વર્ણન છે, તેવું અહીં પણ જાણવું યાવત્ વિચિત્ર રત્નોથી જડીત મુગટ પહેરાવ્યો. કેટલું વર્ણન કરીએ ? ગ્રંથિમ-વેષ્ટિમ-પૂરીમ અને સંઘાતિમ એવી ચાર પ્રકારની માળાઓથી કલ્પવૃક્ષ સમાન તે જમાલી અલંકૃત્ અને વિભૂષિત કરાયો.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારના પિતા કૌટુંબિક પુરુષને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી, અનેકશત સ્તંભ વડે રચાયેલ, લીલા કરતી શાલભંજિકાથી યુક્ત ઈત્યાદિ જેમ રાયપ્પસેણઈયમાં વિમાનનું વર્ણન યાવત્ મણિરત્ન ઘંટિકાજાલથી ઘેરાયેલી, હજાર પુરુષો વડે વહન કરાતી શીબીકાને ઉપસ્થાપિત કરો, કરીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો એ યાવત્ તેમ કર્યુ.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમાર કેશ-અલંકારથી, વસ્ત્રાલંકારથી, માલ્યાલંકાર અને આભરણાલંકારથી એમ ચતુર્વિધ અલંકારથી અલંકૃત કરાયેલા, પ્રતીપૂર્ણાલંકારથી સીંહાસનથી ઉભા થયા, થઈને શીબીકાને અનુપ્રદક્ષિણા કરતા શીબીકામાં આરૂઢ થયા. થઈને ઉત્તમ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની માતાએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, યાવત્ શરીરે હંસલક્ષણ પડશાટક ધારણ કરીને શીબીકાને પ્રદક્ષિણા કરતા શીબીકામાં આરૂઢ થઈ, થઈને જમાલીની જમણી બાજુ ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની ધાવમાતા સ્નાન કરીને યાવત્ અલંકૃત્ શરીરને રજોહરણ, પાત્ર લઈને શીબીકાને પ્રદક્ષિણા કરતા શીબીકા ઉપર આરૂઢ થઈ, આરૂઢ થઈને જમાલીના ડાબે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી—

— ત્યારપછી જમાલીના પાછળના ભાગે શ્રૃંગારના ઘર સમાન, સુંદર વેષવાળી,



સુંદર ગતિવાળી યાવત્ રૂપ-યૌવન-વિલાસ યુક્ત, સુંદર સ્તન, જઘન આદિ યુક્ત હિમ, રજત, કુમુદ, કુંદપુષ્પ અને ચંદ્રમા સમાન, કોરંટક પુષ્પની માળાથી યુક્ત, શ્વેત છત્ર હાથમાં લઈને લીલાપૂર્વક ધારણ કરતી એવી ઉભી. ત્યારે તે જમાલીના બંને પડખે બે સુંદર તરુણીઓ શ્રૃંગારના ગૃહ સમાન, સુંદર યાવત્ યૌવનયુક્ત હતી, તે વિવિધ મણિકનક-રત્ન, વિમલ મહાર્હ સુવર્ણના ઉજ્જ્વલ વિચિત્ર દંડવાળા ચમચમતા અને શંખ-અંક-કુંદ-ચંદ્ર-જલબિંદુ-મથિત અમૃતના ફીણ સમાન શ્વેત ચામર લઈને લીલા સહિત વિંઝતી-વિંઝતી ઉભી રહી—

— ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારની ઈશાન દિશામાં એક સુંદર તરુણી શ્રૃંગારગૃહ સમાન યાવત્ યૌવનયુક્ત, પવિત્ર જળથી પરિપૂર્ણ, ઉન્મત્ત હાથીના મહામુખના આકાર સમાન શ્વેત રજતનિર્મિત કળશને હાથમાં લઈને ઉભી. ત્યારપછી તે જમાલીની અગ્નિ દિશામાં એક સુંદર તરુણી શ્રૃંગારના ઘર સમાન યાવત્ યૌવનથી યુક્ત હતી, તે વિચિત્ર સુવર્ણ દંડવાળા વિંઝણાને લઈને ઉભી રહી.

— ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! સમાનવય-સમાનત્વચા-સમાન દેખાવ-સમાન લાવણ્ય, રૂપ, યૌવન, ગુણોથી યુક્ત એવા, એક સમાન આભરણ-વસ્ત્ર-પરિકર ધારણ કરેલા ૧૦૦૦ શ્રેષ્ઠ કૌટુંબિક તરુણોને બોલાવો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ યાવત્ તે સ્વીકારીને જલ્દીથી એકસરખા દેખાતા, સમાન ત્વચાવાળા યાવત્ તરુણોને બોલાવ્યા.

જમાલી ક્ષત્રિયકુમારના પિતાના આદેશથી કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવાયેલ (૧૦૦૦ તરુણો) હર્ષિત, તુષ્ટિત થયેલા, સ્નાન કરીને, બલિકર્મ કરીને, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને એક સમાન આભરણ, વસ્ત્ર, પરિકર યુક્ત થઈને જ્યાં જમાલી ક્ષત્રિયકુમારના પિતા હતા ત્યાં આવ્યા, આવીને બે હાથ જોડી યાવત્ વધાવીને આ પ્રમાણે બોલ્યા — હે દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો કે જે અમારે કરવા યોગ્ય હોય.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારના પિતાએ તે કૌટુંબિક સુંદર તરુણ હજાર પુરુષોને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ નિયોગને ગ્રહણ કરીને જમાલી ક્ષત્રિયકુમારની શિબિકાનું પરિવહન કરો.

ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની સહસ્રપુરુષવાહિની શિબિકાને વહન કરે છે. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની સહસ્ર પુરુષવાહિની શિબિકામાં આરૂઢ થયા ત્યારે તે શિબિકાની આગળ સર્વ પ્રથમ આ આઠ મંગલો અનુક્રમથી ચાલ્યા. તે આ - સ્વસ્તિક, શ્રીવત્સ, નન્દ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન યાવત્ દર્પણ. ત્યારપછી પૂર્ણ કળશ-ભૃંગાર ચાલ્યો, ઈત્યાદિ જે પ્રમાણે 'ઉવવાઈ' સૂત્રમાં છે તે મુજબ યાવત્ ગગનતલચુંબિની ધજા આગળ અનુક્રમથી ચાલી. એ પ્રમાણે

જેમ 'ઉવવાઈ'માં છે, તે પ્રમાણે કહેવું યાવત્ આલોક કરતા, જય-જય શબ્દનું ઉચ્ચારણ કરતા અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી ઘણાં ઉગ્રો, ભોગો ઈત્યાદિ જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યું તેમ યાવત્ મહાપુરુષોના વર્ગથી પરિવૃત્ત જમાલિ ક્ષત્રિયકુમારની આગળ, પાછળ, આસ-પાસ અનુક્રમે ચાલવા લાગ્યા.

ત્યારપછી જમાલિ ક્ષત્રિયકુમારના પિતા સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ વિભૂષિત થઈને ઉત્તમ હાથીના કંધા ઉપર ચઢ્યા, કોરંટ પુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરી, શ્વેત ચામર વડે વીંઝાતા-વીંઝાતા, ઘોડા-હાથી-રથ-પ્રવર યોદ્ધાથી યુક્ત એવી ચાતુરંગિણી સેનાની સાથે સંપરિવૃત મહા સુભટ, ચડગર યાવત્ પરિવૃત થઈને જમાલી ક્ષત્રિયકુમારની પાછળ-પાછળ ચાલ્યા.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારની આગળ મોટા-મોટા અશ્વો અને અસવારો તેમની આગળ, બંને પડખે હાથી અને મહાવતો, પાછળ રથ અને રથસમૂહ ચાલ્યા.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમાર સર્વ ઋદ્ધિ સહિત યાવત્ વાધ આદિની સાથે ચાલ્યા, તેમની આગળ કળશ અને તાડપત્રના પંખા લીધેલા પુરુષો ચાલતા હતા. તેના મસ્તકે શ્વેતછત્ર ધારણ કરેલ હતું, તેમની બંને બાજુ શ્વેત ચામર અને પંખા વિંઝાતા હતા. તેમની પાછળ ઘણાં લાઠીધારી, ભાલાધારી યાવત્ પુસ્તકધારી યાવત્ વીણાધારી, તેમની પાછળ ૧૦૮ હાથી, ૧૦૮ ઘોડા, ૧૦૮ રથ, તેમની પાછળ હાથમાં લાઠી-તલવાર કે ભાલાને લીધેલા ઘણાં પદાતીઓ આગળ ચાલ્યા. ત્યારપછી ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિ આગળ ચાલ્યા યાવત્ વાજિંત્રાદિના અવાજો સાથે ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની વચ્ચોવચ્ચથી જ્યાં બ્રાહ્મણ કુંડગ્રામનગર, જ્યાં બહુશાલ ચૈત્ય, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં, તે તરફ જવાને લાગ્યા.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર, ક્ષત્રિયકુંડગ્રામનગરના મધ્યમાંથી થઈને જઈ રહ્યા હતા. ત્યારે શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક યાવત્ પથમાં ઘણાં અર્થાર્થી ઈત્યાદિ જેમ 'ઉવવાઈ'માં કહ્યું છે તેમ યાવત્ અભિનંદતા, અભિસ્તવતા આ પ્રમાણે બોલ્યા – હે નંદ! ધર્મ દ્વારા તમારો જય થાઓ - જય થાઓ, હે નંદ! તપ દ્વારા તમારો જય થાઓ, જય થાઓ, હે નંદ! તમારું કલ્યાણ થાઓ. તમે અભગ્ન એવા ઉત્તમ જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે ન જિતેલાને જીતો, ઈન્દ્રિયોને જીતો, શ્રમણ ધર્મનું પાલન કરો, વિઘ્નોને પણ જીતો અને સિદ્ધિમાં જઈને વસો.

હે દેવ! તપ વડે ધૈર્યરૂપી કચ્છને અત્યંત દૃઢતાપૂર્વક બાંધીને, રાગ-દ્વેષરૂપી મલ્લને પછાડો. ઉત્તમ શુક્લધ્યાન દ્વારા આઠ કર્મશત્રુઓનું મર્દન કરો. હે ધીર! અપ્રમત્ત થઈને ત્રૈલોક્યના રંગમંચમાં આરાધનારૂપી પતાકાને ગ્રહણ કરો અને ફરકાવો. અંધકાર રહિત અનુત્તર કેવળજ્ઞાનને પ્રાપ્ત કરો. તથા જિનવર ઉપદિષ્ટ સરળ સિદ્ધિ માર્ગ ઉપર ચાલીને પરમપદરૂપ મોક્ષને



પ્રાપ્ત કરો, પરીષહ સેનાને નષ્ટ કરો, ઈન્દ્રિય ગ્રામના કંટકરૂપ ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરો. તમારું ધર્માચરણ નિર્વિઘ્ન થાઓ. આ પ્રમાણે અભિનંદતા, અભિસ્તવતા હતા.

ત્યારે તે ક્ષત્રિયકુમાર જમાલી હજારો નયનમાલા વડે જોવાતાક-જોવાતા, ઈત્યાદિ જેમ 'ઉવવાઈ' સૂત્રમાં કૂણિકમાં કહ્યું તેમ યાવત્ નીકળે છે, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નગર, જ્યાં બહુશાલ ચૈત્ય છે, ત્યાં આવે છે. આવીને છત્રાદિ તીર્થંકર અતિશયને જુએ છે, જોઈને સહસ્રપુરુષવાહિની શિબિકાને સ્થાપે છે, સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકાથી ઉતરે છે.

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા-પિતા આગળ કરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્! જમાલી અમારો એકમાત્ર પુત્ર છે, અમને ઈષ્ટ, કાંત યાવત્ તેનું દર્શન દુર્લભ હોય, તેમાં કહેવાનું જ શું હોય? જેમ કોઈ કમલ, પદ્મ યાવત્ સહસ્ર દલકમલ કીચડમાં ઉત્પન્ન થઈને અને જળમાં વૃદ્ધિ પામીને પણ પંકરજથી લિપ્ત થતું નથી કે જલકણથી લિપ્ત થતું નથી, તેમ જમાલી ક્ષત્રિયકુમાર કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો, પરંતુ કામરજથી લેપાયો નહીં, ભોગરજથી લેપાયો નહીં, મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધી-પરિજનથી લેપાયો નહીં. હે દેવાનુપ્રિય! આ સંસારભયથી ઉદ્વિગ્ન થયો છે, આ જન્મ-મરણના ભયથી ભયભીત થયો છે. તેથી હે દેવાનુપ્રિય! આપની પાસે મુંડિત થઈને ગૃહવાસથી નીકળી અનગાર ધર્મમાં પ્રવ્રજિત થઈ રહ્યો છે. તેથી અમે આપ દેવાનુપ્રિયને આ શિષ્યભિક્ષા આપીએ છીએ. આપ દેવાનુપ્રિય! આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે જમાલી ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે તે જમાલી-ક્ષત્રિયકુમાર શ્રમણ ભગવંત મહાવીરે આવું કહ્યું ત્યારે હર્ષિત, સંતુષ્ટ થઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરીને ઈશાન દિશા ભાગમાં ગયો, જઈને પોતાની મેળે જ આભરણ અલંકાર ઉતાર્યા. ત્યારે તે જમાલી ક્ષત્રિયકુમારની માતાએ હંસલક્ષણ પટશાટકમાં આભરણ અલંકારને ગ્રહણ કર્યા, કરીને હાર, જલધારા ઈત્યાદિ સમાન આંસુ પાડતી જમાલી ક્ષત્રિયકુમારને આ પ્રમાણે બોલી – હે પુત્ર ! સંયમમાં પ્રવૃત્તિ કરજે, હે પુત્ર ! સંયમમાં યત્ન કરજે, સંયમમાં પરાક્રમ કરજે. આ વિષયમાં જરાપણ પ્રમાદ કરતો નહીં.

આ પ્રમાણે કહીને જમાલી ક્ષત્રિયકુમારના માતાપિતાએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, કરીને જે દિશાથી આવ્યા હતા, તે જ દિશામાં

*પાછા ગયા.*

*ત્યારે જમાલી ક્ષત્રિયકુમારે સ્વયં જ પંચમુષ્ટી લોચ કર્યો, કરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો, આવીને જે પ્રમાણે ઋષભદત્તમાં કહ્યું, તે પ્રમાણે દીક્ષા લીધી. વિશેષ એ કે - ૫૦૦ પુરુષો સાથે દીક્ષા લીધી. તે પ્રમાણે જ સામાયિકાદિ અગિયાર અંગો ભણ્યો. ભણીને ઘણાં ચતુર્થ-છઠ્ઠ-અઠ્ઠમ યાવત્ માસક્ષમણ, અર્ધ માસક્ષમણ આદિ વિવિધ તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.*

● વિવેચન-૪૬૫ :-

સબ્ભિંતર બાહિરિયં એટલે અભ્યંતર સાથે બહિર્ભાગથી. જળ વડે સિંચિત્ત કરીને, સંમાર્જન કર્યુ - પ્રમાર્જનાદિ કરી, છાણ વડે ઉપલિપ્ત કર્યુ. જેમ ઉવવાઈમાં કહ્યું તેમ - તે આ મુજબ - શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથોમાં કિંચિત્ સિંચિત કર્યુ અને સિંચિત્ કર્યુ. એ રીતે અન્યાન્ય પવિત્ર કર્યુ, કચરો આદિ દૂર કરીને સાફ કર્યુ. શેરીની મધ્યે દુકાનની વીથી - હટ્ટ માર્ગને સાફ કર્યા. મંચાતિમંચયુક્ત કર્યુ. વિવિધ રંગ વડે ધ્વજોને કર્યા - ચક્ર, સિંહ આદિ લાંછનયુક્ત કર્યા. બીજી બીજી પતાકાઓ વડે, પતાકા ઉપર પતાકા વડે મંડિત કર્યુ ઈત્યાદિ.

महत्थं - મહાપ્રયોજન, महग्घं - મહામૂલ્ય, महारिहं - મહાર્હ-મહાપૂજ્ય અથવા મહત્તાને યોગ્ય, નિષ્ક્રમણ અભિષેક સામગ્રીને એ પ્રમાણે જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું તેમ, તે આ - ૧૦૮ સોનાના કળશો, ૧૦૮ રૂપાના કળશો, ૧૦૮ મણિમય કળશો, ૧૦૮ સોનુ-રૂપુ-મણિના કળશો, ૧૦૮ માટીના કળશો સર્વ ઋદ્ધિપૂર્વક - સમસ્ત છત્રાદિ રાજચિહ્નરૂપ યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું - સર્વ ધુતિ વડે - આભરણાદિ સંબંધી, સર્વ યુક્તિ વડે - ઉચિત્ત ઈષ્ટ વસ્તુ ઘટના સ્વરૂપ, સર્વ બળ-સૈન્ય વડે, સર્વ સમુદય - નગરજનોના મીલન વડે, સર્વોચિત કૃત કરણ રૂપ આદર વડે, સર્વ સંપદા વડે, સમસ્ત શોભા વડે, પ્રમોદકૃત્ ઉત્સુકતા વડે, સર્વ પુષ્પ-ગંધ-માળા-અલંકાર વડે, બધાં વાદ્યોના શબ્દોના મીલનથી જે સંગત નિનાદ-મહાઘોષ તે તથા તેના વડે. વળી અલ્પ શબ્દમાં પણ ઋદ્ધિ આદિમાં સર્વ શબ્દની પ્રવૃત્તિ દેખાય છે, તેથી કહે છે — મહાન્ ઋદ્ધિ, મહાન્ ધુતિ, મહાન્ બળ, મહાન્ સમુદય વડે, મહાન્ ઉત્તમ ત્રુટિત યમક શમકના પ્રવાદિતપણે, શંખ, ભાંડપટહ, ભેરી-મોટી ઢક્કા, ઝલ્લરી, ખરમુખી, હુડુક્ક, મુરજ, મૃદંગ, દુંદુભિ આદિના નિર્ઘોષ વડે, મહાપ્રયત્નથી ઉત્પાદિત શબ્દના ધ્વનિ માત્રથી ઉત્પન્ન અવાજ વડે.

किं देमो - તને ગમતું એવું શું આપીએ ? किं पयच्छामो - તને શું દઈએ ? અથવા સામાન્યથી શું આપીએ ? પ્રકર્ષેથી-વિશેષ રૂપે શું આપીએ ? कुत्तियावण - કુત્રિક એટલે સ્વર્ગ-મૃત્યુ-પાતાળ લક્ષણ ત્રણ ભુવન, તેમાં સંભવતી વસ્તુ તે કુત્રિક, તે જ્યાં મળે તેવી દુકાન-હાટ, દેવ અધિષ્ઠિતત્વથી આ કુત્રિકાપણ. कासव - વાણંદ,



सिरिधर - ભાંડાગાર, શ્રીગૃહ. અગ્રકેશ એટલે આગળ રહેલા વાળ. હંસલક્ષણ એટલે શ્વેત અથવા હંસના ચિહ્નવાળું, વસ્ત્રરૂપ શાટક તે પટશાટક. - x - x - अग्ग - અગ્ર્ય, પ્રધાન. वरेहिं - હાર, જળધારા, સિંદુવાર એટલે નિર્ગુણ્ડી વૃક્ષ વિશેષ, તેના પુષ્પો તે સિંદુપાર, તુટેલી મુક્તાવલિ. ઇત્યાદિ.

एस णं - આ અગ્રકેશવસ્તુ અથવા આનું દર્શન. મદન ત્રયોદશી આદિ તિથિમાં, કાર્તિક આદિ પર્વોમાં, પ્રિય સંગમાદિ મહોત્સવોમાં, નાગપૂજાદિ યજ્ઞોમાં, ઈન્દ્રોત્સવ આદિ ક્ષણોમાં, अपच्छिम - અહીં अ કાર અમંગલના પરિહાર માટે છે, તેથી છેલ્લા દર્શનરૂપ થશે. એટલે કે આ કેશદર્શન, દૂર કરાયેલા કેશવાળા જમાલિકુમારનું જે દર્શન, તે સર્વ દર્શન, છેલ્લા દર્શનરૂપ થશે. અથવા પશ્ચિમ નહીં તેવું - ફરી ફરીને જમાલિ કુમારનું દર્શન, તે આ દર્શન થશે. - x - x -

સીયાપીય એટલે રૂપામય, સુવર્ણમય. पम्हलसुकुमालाए - રૂવાંટીવાળુ મુલાયમ વસ્ત્ર, ગંધકાસાઈ એટલે ગંધપ્રધાન, કષાયરંગનું વસ્ત્ર. नासानिसाए - નાકના શ્વાસથી ઉડી જાય તેવું બારીક, चक्षुर्हर - નેત્રને આનંદદાયકત્વથી આકર્ષક. वन्नफरिसजुत्तं - પ્રધાનવર્ણ સ્પર્શ. हयलालाया० ઘોડાની લાળની માફક અતિ મૃદુ, સુવર્ણ વડે મંડિત કિનારીવાળું (વસ્ત્ર). हार - અઢાર સરવાળો, पिणद्ध - ધારણ કરેલ, अद्धहार - નવ સરવાળો હાર. એ પ્રમાણે સૂર્યાભદેવના અલંકાર મુજબ કહેવું. તે આ પ્રમાણે - એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, અંગદ, કેયુર, કડગ, ત્રુટિત, કટિસૂત્ર, દશે આંગળીમાં વીંટી, વચ્છ સૂત્ર, મુરવિ, કંઠ મુરવિ, પ્રાલંબ, કુંડલ, ચુડામણિ (આદિ ધારણ કર્યા)

ઉક્ત અલંકારમાં - એકાવલી એટલે વિચિત્રમણિવાળી, મુક્તાવલી-માત્ર મુક્તા ફળવાળી, કનકાવલી-સુવર્ણમણીવાળી, રત્નાવલી-રત્નમય, અંગદ અને કેયુર ભુજાના આભરણ છે. જો કે આ બંનેને નામકોશમાં એકાર્થક કહ્યા છે, તો પણ અહીં આકાર વિશેષથી ભેદો જાણવા. કટક - કલાચિક આભરણ વિશેષ. ત્રુટિક-બાહુરક્ષિકા, વક્ષઃસૂત્ર-હૃદયના આભરણરૂપ સોનાનું સંકલક. વેચ્છાસૂત્ર, પાઠાંતરથી વૈકક્ષિકા સૂત્ર તે ઉત્તરાસંગ પરિધાનીય સંકલક છે મુરવી એટલે મુરજ આકારનું આભરણ, કંઠ મુરવી - કંઠની નજીકનું ઘરેણું, પ્રાલંબ-ઝુમખું. બીજી વાચનામાં આ અલંકાર વર્ણન સાક્ષાત્ લખેલ છે.

ગંથિમ - ગુંથીને બનાવેલ - દોરા વડે ગુંથેલી માળાદિ. વેષ્ટિમ - વીંટીને બનાવેલ ફૂલનો હાર આદિ, પૂરિમ-વાંસની સળીના બનાવેલ પાંજરા આદિ કે કૂર્ચાદિમાં ફૂલો પૂરવા. સંઘાતિમ-પરસ્પર નાળના સંઘાત વડે એકઠી કરેલ. અલંકિથ વિભૂષિત એટલે અલંકૃત એવો અલંકારેલ હોવાથી જ વિભૂષિત અર્થાત્ વિભૂષા કરેલ. બીજી વાચનામાં આટલું અધિક છે - દર્દર, મલય નામક બે પર્વત સંબંધી ચંદનાદિ દ્રવ્યત્વથી જે સુગંધ ગંધિકા-ગંધાવાસ. બીજા કહે છે દર્દર એટલે કુંડિકાદિ ભાજનના મુખને વસ્ત્રથી ઢાંકી, તેના વડે ગાળેલ કે તેમાં પકાવેલ. મલય એટલે મલયથી

ઉદ્‌ભવેલ સુખડ સંબંધી સુગંધ ગંધિકા-ગંધાવાસ, તેના વડે શરીરના અંગોને વિલેપીત કર્યા.

અનેક સેંકડો સ્તંભોમાં સન્નિવિષ્ટ અથવા અનેક સેંકડો સ્તંભો ઉપર સંનિવિષ્ટ. લીલા કરતી રહેલી શાલભંજિકા એટલે પુતળી, વાચનાંતરમાં તો આમ જ દેખાય છે - ઉંચે રહેલ સુકૃતવજ વેદિકાના ઉત્તમ તોરણમાં રચેલી, લીલા કરતી રહેલી, શાલભંજિકા. - તે રાયપ્પસેણઈય વિમાનના વર્ણન મુજબ જાણવું. તેમાં આ પ્રમાણે કહેવું—

ઇહામૃગ આદિ વડે ભક્તિથી, ચીતરેલી ઈત્યાદિ. તેમાં — ઈહામૃગા - વૃક, ઋષભ-વૃષભ, વ્યાલ-શ્વાપદ કે ભુજંગ, કિન્નર-દેવ વિશેષ, રુરુ-મૃગ વિશેષ, સરભ-પરાસર, વનલતા-ચંપકલતાદિ, પદ્મલતા-મૃણાલિકા, બાકીના પદો જાણીતા છે. સ્તંભમાં નિવિષ્ટ જે વજવેદિકા તેના વડે પરિકરિત, તેથી જ અભિરામ-રમ્ય. તેમાં બે વિદ્યાધરના યમલ-સમશ્રેણીક યુગલ, તેના વડે યંત્રથી સંચરતી બે પુરુષ પ્રતિમા રૂપથી યુક્ત.

અર્ચિર્સહસ્રમાળા - હજારો દીવાની આવલિ જેમાં છે તે, હજારો રૂપોથી યુક્ત, દીપતી એવી, અત્યંત દીપતી એવી, ચક્ષુકર્તૃ એટલે અવલોકતા-જોતાની સાથે, અતિશય દર્શનીયત્વથી શ્લિષ્યતિ એવી, સુખસ્પર્શ-સશ્રીકરૂપ. ઘંટાવલિના ચલનથી જેનો મધુર, મનોહર સ્વર થઈ રહ્યો છે તેવી. શોભતી-કાંત-દર્શનીય, નિપુણ શિલ્પી વડે પરિકર્મિત, ચકમકતી મણીરત્નો સંબંધી જે ઘંટિકાજાળ અર્થાત્ ઘંટડીના સમૂહ વડે પરિકરિત. ઈત્યાદિ (વર્ણન).

કેશાલંકાર - કેશના અલંકારથી, જો કે તેના ત્યારે કેશ કલ્પેલ છે, તેથી સમ્યક્‌પણે કેશાલંકાર નથી, તો પણ કેટલાંકના સદ્‌ભાવથી તેનો ભાવ છે. અથવા કેશના અલંકાર-પુષ્પાદિ વડે. વત્થાલંકાર-વસ્ત્રરૂપ અલંકારથી, - - શ્રૃંગાર રસ વિશેષના ગૃહવત્ જે ચારુ વેષ જેણીનો છે તે. અથવા શ્રૃંગાર પ્રધાન આકાર અને સુંદરવેશ જેણીનો છે તે. - - યાવત્ શબ્દથી સંગત-ગત-હસિત-ભણિત-ચેષ્ટિત-વિલાસ-સંલાપ-ઉલ્લાપ-નિપુણ-યુક્તોપચાર કુશલ.

અહીં વિલાસ એટલે નેત્રવિકાર. કહ્યું છે — હાવ - મુખવિકાર છે, ભાવ ચિત્તથી ઉદ્‌ભવે છે, વિલાસ નેત્રથી ઉત્પન્ન છે, વિભ્રમ ભ્રમરથી ઉદ્‌ભવે છે. સંલાપ-મિથભાષા. ઈત્યાદિ - x - x -

રૂપ, યૌવન, વિલાસ યુક્ત. અહીં વિલાસ શબ્દથી સ્થાન, આસન ગમનાદિ વડે જે સુશ્લિષ્ટ વિશેષ તે કહેવાય છે. કહ્યું છે કે સ્થાન, આસનગમન અને હાથ-ભ્રમર-નેત્રકર્મથી જે ઉત્પન્ન થાય તે વિશેષને વિલાસ કહેવાય છે. સુંદર સ્તન શબ્દથી સ્તન, જઘન, વદન, હાથ, પગ, નેત્ર, લાવણ્ય, રૂપ, યૌવન ગુણથી યુક્ત કહેવું. તેમાં સુંદર એવા જે સ્તનાદય અર્થો, તેના વડે યુક્ત એવી. અહીં લાવણ્ય તે સ્પૃહણીયતા છે, રૂપ-આકૃતિ, યૌવન-તારુણ્ય, ગુણ-મૃદુસ્વરાદિ. - - હિમ, રજત, કુમુદ, કુંદ, ઈંદુના જેવો પ્રકાશ.



કોરંટ પુષ્પ ગુચ્છયુક્ત માલ્યદામ અર્થાત્ પુષ્પમાળા. વિવિધ મણિ, કનક, રત્નોનો વિમલ એવો મહાર્હ, મહાર્ઘ, સુવર્ણનો ઉજ્જવલ, વિચિત્ર દંડ. અહીં કનક અને તપનીયમાં શો ભેદ છે ? કહે છે — કનક એટલે પીળું, તપનીય એટલે લાલ. चिल्लिया - દીપતી.

શંખ, અંક, કુંદ, દકરજ, અમૃતનું મંથન કરતાં જે ફીણના સમૂહ થાય તે, આ બધાંની સદૃશ, અહીં અંક એ રત્ન વિશેષ છે. - x - - - ઉન્મત્ત હાથીનું જે મહામુખ, તેની જે આકૃતિ-આકાર, તેની સમાન. - - એક એટલે એક સમાન, આભરણ-વસ્ત્ર સ્વરૂપ - - अट्ठट्ठमंगल - આઠ-આઠ એ વીપ્સામાં દ્વિવચન છે. મંગલ એટલે માંગલ્ય વસ્તુ. બીજા કહે છે — આઠ સંખ્યાવાળી આઠ મંગળ સંજ્ઞાવાળી વસ્તુ. અહીં યાવત્ શબ્દથી-નંદ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય ગ્રહણ કરવું. વર્ધમાનક એટલે શરાવ સંપુટ, બીજા કહે છે — પુરુષારૂઢ પુરુષ, બીજા કહે છે — સ્વસ્તિક પંચક, બીજા કહે છે પ્રાસાદ.

'जहा उववाइए' થી જે કહ્યું તે આ પ્રમાણે - દિવ્ય જ, દિવ્ય પ્રધાન છત્ર સહિત પતાકા. તે છત્ર પતાકા. તથા બે ચામરસહિત જે, તે સચામરા આદર્શ રચેલ છે, જેમાં તે સાદર્શરચિતા આલોક-દૃષ્ટિ ગોચર, જ્યાં સુધી દેખાય, અતિ ઉચ્ચત્વથી તે સાલોક દર્શનીય કહ્યું. પાઠાંતરમાં 'સચામર' એ ભિન્ન પદ છે, તથા દર્શન એટલે જમાલિના દૃષ્ટિ પથમાં, રચિત-વિહિત તે દર્શનરચિતા અથવા રતિદા એટલે સુખ દેનાર, તે દર્શનરતિદા, તે આ આલોક દર્શનીયા. તે શું છે ?

વાયુ વડે ફરકતી, વિજયસૂચક વૈજયંતી-બંને પડખે બે લઘુપતાકિકાથી યુક્ત, પતાકા વિશેષ તે વાતોદ્ધૂત વિજય વૈજયંતી. ઉચ્છ્રિતા એટલે ઉંચી, કોની જેમ ? ગગનતલને સ્પર્શતી-અતિ ઉંચી. 'જેમ ઉવવાઈ'માં એ દ્વારા જે સૂચિત છે, તે આ છે — ત્યારપછી વૈડૂર્ય યુક્ત વિમલ દંડ, દીપતો, લાંબી કોરંટ પુષ્પની માળા વડે ઉપશોભિત, ચંદ્રમંડલ સમાન, સમૂચ્છ્રિત, પ્રવર સીંહાસન અને મણિરત્ન પાદપીઠ, - - પોતાની બે પાદુકાથી યુક્ત, ઘણાં કિંકર-કર્મકર પુરુષ પદાતિ વડે પરિવૃત્ત. તેમાં કિંકર-સ્વામીને પ્રતિકર્મ પુછનારા, કર્મકર એટલે તેનાથી જુદા પ્રકારના એવા પુરુષો. પદાતિ એટલે પગે ચાલનારનો સમૂહ.

ત્યારપછી ઘણાં લાઠીગ્રાહી, કુંતગ્રાહી, ચામરગ્રાહી, પાસગ્રાહી, ચાપગ્રાહી, પુસ્તકગ્રાહી, ફલકગ્રાહી, પીઠકગ્રાહી, વીણાગ્રાહી, કુતપગ્રાહી-કુતપ એટલે તેલ આદિનું પાત્ર, હડપ્પગ્રાહી-હડપ્પ એટલે દ્રમ્માદિ તાંબુલ માટેનું ભાજન અથવા પુત્રફલાદિ ભાજન અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારપછી ઘણાં દંડી, મુંડી, સિહંડી-શિખાધારી, જટી-જટાધારી, પિચ્છિ-મયુરાદિના પીંછાને વહેનારા, હાસ્યકારો, ડમરકાર-વિદ્રવ કરનારા, દવકર-પરિહાસ કરનારા, ચાટુકર-પ્રિયવાદી, કંદર્પિક-કામપ્રધાન કેલિ કરનારા, કુકુચિક-ભાંડ જેવા.

બોલતા-ગાતા-નાચતા-હસતા-ભાસતા-સાસિતા-શિખવતા-શ્રાવિંતા એટલે આ અને આ થશે, એવા પ્રકારના વચનોને સાંભળતા. એકબીજાનું રક્ષણ કરતાં, આલોક કરતા ઈત્યાદિ તો લખેલું જ છે. આ વાચનાંતરમાં સાક્ષાત્ દેખાય છે, આટલું વધારાનું છે, તે અધિકને કહે છે –

ત્યારપછી જચ્ચ(જાત્ય), ઉત્તમમલ્લિહાણ, ચંચુચ્ચિય, લલિત, પુલય વિક્રમ વિલાસગતિક - x - ઈત્યાદિ ૧૦૮ ઉત્તમ ઘોડાઓ અનુક્રમે ચાલ્યા. પછી દાંત, ઉન્મત્ત, ઉન્નત વિશાળ ધવણ દાંતવાળા સોનાથી જડેલ દંતશૂળોથી શોભતા ૧૦૮ હાથીબચ્ચાઓ અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી છત્રસહિત, ધ્વજસહિત, ઘંટસહિત, પતાકાસહિત, ઉત્તમ તોરણ સહિત, ઘંટડી અને હેમજાળથી પરિવૃત્ત, નંદીઘોષ સહિત, સુવર્ણમય તિણિસ-કનક નિર્યુક્ત દારુક, સુસંવિદ્ધ ચક્ર મંડલધુર, - x - આકીર્ણ ઉત્તમ ઘોડાથી સુસંપ્રયુક્ત, કુશળનર-નિપુણ સારથીથી સારી રીતે ગ્રહિત, સદેશ બત્રીશ તોણથી પરિમંડિત, કંકડાવતંસક સહિત, ચાપ, બાણ, આયુધ આવરણથી યુદ્ધ માટે સજ્જ ૧૦૮ રથો અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારપછી તલવાર, સત્તિ, ભાલા, તોમર, સૂળ, લકુડ, ભિંડિમાલ, ધનુષ્ બાણથી સજ્જ પદાતીઓ અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી ઘણાં રાજા, ઈશ્વર, તલવર, કૌટુંબિક, માડંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ વગેરે, કેટલાંક ઘોડા ઉપર, કેટલાંક હાથી ઉપર, કેટલાંક રથમાં અનુક્રમે આગળ ચાલ્યા. તેમાં વરમલ્લિહાણ એટલે ઉત્તમ માળા-પુષ્પ બંધન સ્થાન, મસ્તકનો કેશકલાપ જેનો છે તે. વાલિહાણ એટલે ઉત્તમ મલ્લિકાવત્ શુક્લત્વથી, પ્રવર વિચકિલ કુસુમવત્ ઘ્રાણ-નાસિકા જેની છે. તે. ક્યાંક ''તરમલ્લિહાયણ'' દેખાય છે. તેમાં તર એટલે વેગ બળ તથા મલ એટલે ધારણ કરવું તેથી તરોમલ્લી એટલે તરોધારક-વેગાદિ ધારક, હાયન એટલે સંવત્સર અર્થાત્ યૌવનવંત. ક્યાંક 'વરમલ્લિભાસણ' દેખાય છે. તેમાં પ્રધાનમાલ્યવત તેથી દીપ્તિમાન એવો અર્થ થાય છે.

ચંચુચ્ચિય - કુટિલ ગમન અથવા ચંચુ એટલે પોપટની ચાંચ, તેની જેમ વક્રતાથી. ઉચ્ચિતમ-ઉચ્ચતાકરણ, પગને ઉંચો કરવો તે. તે લલિત-ક્રીડિત-પુલિત આ ત્રણ શબ્દથી ગતિ બતાવી છે. પ્રસિદ્ધ એવી વિક્રમ-વિશિષ્ટ, ક્રમણ-ક્ષેત્ર ઉલ્લંઘન, તત્પ્રધાન વિલાસિત-વિશેષે ઉલ્લાસિત ગતિ જેની છે તે. ક્યાંક આવું વિશેષણ પણ દેખાય છે - ચંચુચ્ચિયલલિય૦ ઇત્યાદિ. તેમાં ચંચુરિત-લલિત-પુલિતરૂપ ચલ એટલે અસ્થિર હોવાથી ચંચલ, ચંચલપણાથી અતી ચટુલ ગતિ જેની છે તે, હરિમેલ-વનસ્પતિ વિશેષ, મુકુલ-કુંડલ, મલ્લિકા-વિચકિલ તેના જેવી આંખો જેની છે તે અર્થાત્ શ્વેત આંખો. દર્પણ આકારે ઘોડાના અલંકાર વિશેષ, તેના વડે અમલિન એવા ચામર અને દંડ વડે પરિમંડિત કટિ (કેડ) જેની છે તે, ક્યાંક આવા વિશેષણ પણ દેખાય છે - મુહભંડગ૦ ઇત્યાદિ. તેમાં મુખભાંડક - મુખનું આભરણ, અવચૂલા-લાંબી થતી પુંછડી, સ્થાસક-દર્પણ, એવું પર્યાણ છે જેનું તે તથા ચામર ગંડ પરિમંડિત કટી



જેની છે તે. ક્યાંક વળી આવો પાઠ પણ છે - થાસગઅહિલાણ૦ આદિ. તેમાં અહિલાણ - મોઢાનું ચોકડું - x - ઈષદ્દાન્તાનાં - થોડી શિક્ષા ગ્રહણ કરેલ એવા હાથીના બચ્ચા (મદનીયા) તે જોડવું.

ईसिं उच्छंग० આદિ ઉત્સંગ એટલે પાછળનો ભાગ, ઉન્નત અને વિશાળ એવા જે યૌવનના આરંભવર્તીપણાથી તથા શ્વેત દાંતવાળા. कंचनकोसी० અહીં કાંચનકોશી એટલે સુવર્ણમય ખોલ, તેમાં પ્રવિષ્ઠ દાંત શોભતા હતા. રથના વર્ણનમાં सज्झयाणं सपडागाणं શબ્દ છે. તેમાં ગરુડાદિ રૂપયુક્ત તે ધ્વજ, તેનાથી જુદી તે પતાકા. सखिंखिणी० આદિ. સકિંકિણીક એટલે નાની ઘંટડીઓ યુક્ત જે હેમજાલ-સોનાનું તેનું આભરણ વિશેષ, તે ચોતરફથી જેમાં વીંટાયેલ છે તે.

सनंदिघोसाणं - અહીં નંદી-બાર તૂર્ય (વાદ્યો)નો સમુદાય. તે આ પ્રમાણે – ભંભા, મકુંદ, મદ્દલ, કડંબ, ઝલ્લરી, હુડુક્ક, કંસાલા, કાહલ, તલિમા, વંશ, શંખ અને પણવ. - - हेमवयचित्त० ઈત્યાદિ હૈમવતાનિ-હિમવત્થી સંભવતા, ચિત્ર-વિવિધ, તૈનિ શાનિ એટલે તિનિશ નામના ઘાસ સંબંધી, કનકનિયુક્તાનિ-સોના વડે ખચિત, દારુક-કાષ્ઠ, લાકડું જેમાં છે તે. सुसंविद्ध - સારી રીતે સંવિદ્ધ ચક્ર અને મંડળની ગોળ ધારા જેમાં છે તે તથા सुसिलिट्ठचित्त० તેમાં સારી રીતે સંશ્લિષ્ટ ચિત્રવત્ કરાયેલ મંડલની ગોળ ધુરા જેમાં છે તે. कालायस० ઈત્યાદિ. કાલાયસ એવું વિશેષ પ્રકારનું લોઢું, તેના વડે સારી રીતે કરાયેલ नेमि - ચક્ર મંડનધારા, તેના વડે જે યંત્રકર્મ-બંધનક્રિયા જેમાં છે તે. आइन्नवरतुरग० આકીર્ણ-જાતવાન્ ઉત્તમ ઘોડા વડે સારી રીતે સંપ્રયુક્ત તે તથા कुसलनर० ઈત્યાદિ. વિજ્ઞ-કુશલ પુરુષો વડે, છેક સારથી વડે અર્થાત્ દક્ષ પ્રાજિતા વડે સારી રીતે સંપ્રગૃહીત એવા તે તેમાં सरसय० ઈત્યાદિ. સો બાણો યુક્ત એવા બત્રીશ તોણ-ભાથા, તેનાથી પરિમંડિત તથા કંકટ એટલે કવચ અને અવતંસક એટલે શેખરક સાથે અથવા શિરસ્ત્રાણ વડે તથા ધનુષ્ અને બાણ સહિત જે ભાલા વગેરે પ્રહરણો-આયુધો, તેમાં ભરેલા છે. તેવા યુદ્ધ સજ્જ-યુદ્ધ પ્રગુણો તેવો (રથ).

હવે સૂત્રની અધિકૃત વાચનાને અનુસરે છે - ત્યારપછી ઘણાં ઉગ્ર ઇત્યાદિ. તેમાં ઉગ્ર એટલે ઋષભદેવે આરક્ષકપણે નિયુક્ત, તેના વંશજો. ભોગ-ઋષભદેવ ગુરુપણે પ્રયોજેલા, તેના વંશજો. એ પ્રમાણે જેમ ઉવવાઈમાં કહ્યું છે – તે राइन्ना० ઈત્યાદિ. તેમાં રાજન્ય એટલે ઋષભદેવે મિત્રરૂપે સ્થાપેલા, તેમના વંશજો, ક્ષત્રિયો પ્રસિદ્ધ છે. ઈક્ષ્વાકુ-નાભિરાજાના વંશજો, જ્ઞાતા-ઈક્ષ્વાકુ વંશના વિશેષરૂપ, કુરવ-કુરુના વંશજો. હવે આ સૂત્ર ક્યાં સુધી કહેવું ? તે કહે છે. યાવત્ ઈત્યાદિ. વાગુરા એટલે મૃગના બંધન માટે વાગુની જેમ તે. બધે જ પરિવારણના સાધર્મ્યથી પુરુષ, આવા મહાપુરુષ વાગુરા વડે પરિવૃત્ત.

महंआस० - મહાઅશ્વ, કેવા પ્રકારે ? તે કહે છે – અશ્વોના મધ્યે વર (ઉત્તમ), પાઠાંતરથી आसवार० - અશ્વ આરૂઢ પુરુષ, અસવાર. નાગ એટલે હાથી,

નાગવર-હાથીઓમાં પ્રધાન, રહસંગેલ્લિ-રથ સમુદાય. अब्भुग्गय - અભ્યુદ્‌ગત-સામે ઉત્પાટિત છે ભૃંગાર, જેને તે. જેના પ્રત્યે તાલવૃંત-પંખા ગ્રહણ કરેલા છે તે. શ્વેત છત્ર ઉંચુ કરાયેલ છે તે, શ્વેત ચામરવાળના બનેલા વ્યજનિકા-વીંઝણા વીંઝતા અથવા જેના પ્રતિ શ્વેત ચામર વાળ વીંઝણો વીંઝાય છે તે.

जहा उववाइए - તેનાથી આ જાણવું - કામત્થિયા, ભોગત્થિયા - કામ એટલે શુભ શબ્દ અને રૂપ, ભોગ એટલે શુભ ગંધ આદિ. લાભત્થિયા - ધન આદિ લાભના અર્થી, ઈડ્ડિસિય - રૂઢિગમ્ય છે. કિડ્ડિસિય એટલે કિલ્બિષિક, ભાંડ આદિ. ક્યાંક કિટ્ટિસિકને બદલે કિવ્વિસિય એમ પણ દેખાય છે. કારોડિયા-કાપાલિક, કારવાહિયા એટલે કાર-રાજે દીધેલ દ્રવ્યને વહન કરવાના સ્વભાવવાળા તે જ કારવાહિકા અથવા કરબાધિત. સંખિયા-ચંદન ગર્ભ શંખ જેના હાથમાં છે તે, માંગલ્ય કરનારા અથવા શંખવાદક, ચક્કિયા – ચાક્કિકા, ચક્ર પ્રહરણા કુંભાર આદિ, નંગલિકા એટલે ગલ અવલંબિત સુવર્ણ આદિમય લાગુંલ પ્રતિકૃતિધારી ભટ્ટ વિશેષ અથવા ખેડૂત, મુહમંગલિકા-જેના મુખમાં મંગલ છે તે, ચાટુકારી.

वद्धमाणा - સ્કંધ પર આરોપિત પુરુષો, पूसमाणव-માગધી, ક્યાંક इज्जिसिया० આદિ દેખાય છે. તેમાં ઈજ્યા એટલે પૂજાને ઈચ્છતા કે એષણા કરતા, તેમાં પ્રત્યય લાગીને ઈજ્યૈષિકા બન્યું એ પ્રમાણે પિન્ડૈષિકા પણ છે. વિશેષ આ - પિંડ એટલે ભોજન. ઘાંટિકા એટલે જે ઘંટ વડે વિચરે છે અથવા તેને વગાડે છે તે

વિવક્ષિતત્વથી કહે છે – ઈટ્ઠાહિં એટલે ઈચ્છાય તે, તેના વડે પ્રયોજન વશથી ઈષ્ટ હોવા છતાં ક્યારેક સ્વરૂપથી કાંત પણ હોય અને અકાંત પણ હોય, તેથી કહે છે – કંતાહિં એટલે કમનીય શબ્દો વડે, પિયાહિં - પ્રિય અર્થ વડે, મણુન્નાહિં - મનથી સુંદરપણે જણાય તે, મનોજ્ઞ અર્થાત્ ભાવથી સુંદર, તેના વડે. મણામાહિં - મન વડે ગમે તે, ફરી ફરી જે સુંદરપણાથી મનને ગમે તે. ઓરાલાહિં - શબ્દ અને અર્થથી ઉદાર, कल्लाणाहिं - કલ્યાણ પ્રાપ્તિ સૂચિકા વડે, सिव - ઉપદ્રવરહિત અર્થાત્ શબ્દાર્થ દૂષણરહિત. धन्नाहिं - ધનને પ્રાપ્ત કરનારા વડે, મંગલ્લાહિં-મંગલ એટલે અનર્થ પ્રતિઘાત સાધ્ય વડે. સશ્રીક-શોભાયુક્ત વડે, हिययगमणिज्जाहिं - ગંભીર, અર્થથી સુબોધ એવી-હૃદયંગમ, હૃદયગત કોપ, શોક આદિ ગ્રંથિનો નાશ કરનારી, પરિમિત અક્ષરથી મિત-કોમળ શબ્દોથી મધુર-ગંભીર એટલે મોટા ધ્વનિને દૂરથી અવધારવા છતાં સાંભળનાર અર્થને ગ્રહણ કરે તેવી. ક્યાંક मितमधुर० ઈત્યાદિ પણ દેખાય છે - मित - અક્ષરથી મિત. શબ્દથી મધુર, અર્થથી અને ધ્વનિથી ગંભીર, સ્વશ્રી એટલે આત્માની સંપત્તિ, જેને છે તે.

अट्ठसइयाहिं - જેમાં સો અર્થો છે, તે અર્થશતિકા, તેના વડે અથવા અર્થથી બહુ ફળવાળી. - x - ઈષ્ટાદિ વાણી વિશેષ વડે સતત અભિનંદતા, તેમાં અભિનંદન કરતા એટલે જય, જીવ ઈત્યાદિ બોલતા - x - અથવા જય-જય એ ભક્તિના સંભ્રમથી બે વખત બોલાયેલ આશીર્વચન છે. ધર્મથી તમે વૃદ્ધિ પામો, એ રીતે





તપ વડે વૃદ્ધિ પામો. અથવા વિપક્ષનો જય કરો. - x - x - વિઘ્નોને જીતો, સિદ્ધિ મધ્યે જઈને વસો અથવા દેવ-સિદ્ધિ મધ્યે વસો. તપથી રાગ-દ્વેષથી મલ્લનું નિર્ઘાતન કરો.

કેવા થઈને ? તે કહે છે – ધીરજરૂપી ધનિકતા વડે જેણે કચ્છ-લંગોટ બાંધ્યો છે તે, મલ્લ જ બીજા મલ્લનો જય કરવા સમર્થ હોય છે તેથી ગાઢબદ્ધ કક્ષઃ થઈને ધૃતિધનિક કહ્યું. તથા અપ્રમત્ત ઈત્યાદિ. हराहि - ગ્રહણ કર - જ્ઞાનાદિની સમ્યક્ પાલનારૂપ આરાધના, તે જ પતાકા જય પ્રાપ્ત નટ વડે ગ્રાહ્ય તે આરાધના પતાકા, તેને ત્રિલોકના રંગમંચમાં અર્થાત્ મલ્લયુદ્ધ જોનાર મહાજન મધ્યે. પરીષહરૂપ સૈન્યને હણીને અથવા પરીષહ સેનાનો ઘાત કરીને - x - અભિભૂય એટલે જીતીને શું ? ઈન્દ્રિયના સમૂહોને પ્રતિકૂળ ઉપસર્ગોને અથવા ગ્રામ કંટક ઉપસર્ગોનો જીતનાર. બીજું કેટલું કહીએ ? धम्मे ते इत्यादि.

હજારો નયનમાલા વડે અર્થાત્ શ્રેણિભૂત જનનેત્ર પંક્તિથી. એ પ્રમાણે જેમ ઉવવાઈમાં છે - તેના વડે જે સૂચવે છે, તે આ છે – હજારો વચન પંક્તિ વડે અભિસ્તવાતા, હજારો હૃદય પંક્તિ વડે અભિનંદાતા જન મન સમૂહ વડે સમૃદ્ધિ પામવા માટે 'જય જય નંદા' આદિ પર્યાલોચનથી અભિનંદાતા. હજારો મનોરથોની શ્રેણિ વડે સ્પર્શાતા, ''આમના ચરણકમળમાં વસજો'' ઈત્યાદિ લોકવિકલ્પો વડે વિશેષથી સ્પર્શાતા. કાંતિરૂપ-સૌભાગ્ય-યૌવન ગુણ વડે પ્રાર્થાતા, કાંતિ આદિ ગુણના હેતુને માટે ભર્તા કે સ્વામીપણે પ્રાર્થના કરાતા. હજારો આંગળાની શ્રેણિ વડે ચીંધાતા, જમણા હાથ વડે ઘણાં હજાર નર-નારીની હજારો અંજલિની શ્રેણિથી વંદાતા, હજારો ભવનોની શ્રેણિને અતિક્રમતા ઈત્યાદિ.

તંત્રી-વીણા, તલ-હાથ, તાલ-કાંસિકા અથવા તલતાલ-હસ્તતાલ, ગીત, વાજિંત્ર, આ બધાંનો જે રવ (અવાજ) તેના વડે તથા તેમના મધુર, મનહર ''જય-જય'' શબ્દના ઉદ્‌ઘોષમીશ્રથી અર્થાત્ જય શબ્દની જે ઉદ્‌ઘોષણા તેનાથી મિશ્ર જે છે તે, તથા તેના અતિકોમળ ધ્વનિ વડે અર્થાત્ નૂપુરાદિ આભૂષણ સંબંધી મંજુલ અવાજો વડે.

અપ્રતિબુદ્ધ્યમાન - શબ્દના અંતરાયને અવધાર્યા વિના, અથવા તેના તરફ ધ્યાન આપ્યા વિના, તેવા અનપહ્રિયમાન માનસથી એટલે કે વૈરાગ્યગત માનસપણાથી (તે અવાજોથી વેગળા રહીને.)

કંદરગિરિવિવર૦ ઈત્યાદિ – કંદરા એટલે ભૂમિના વિવરો, પર્વતોના વિવરો, કુહર એટલે ગુફા અથવા પર્વતના અંતરો, ગિરિવરપ્રધાન પર્વતો, પ્રાસાદ-સાત માળના મહેલ આદિ. ઉર્ધ્વઘનભવન એટલે ઉંચા-અવિરલ-ગૃહો, દેવકુલો, શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર આદિ પૂર્વવત્ આરામ-પુષ્પજાતિ પ્રધાન વનખંડ, ઉદ્યાન-પુષ્પાદિવાળા વૃક્ષ યુક્ત, કાનન-નગરથી દૂરવર્તી વન, સભા-બેસવાના સ્થાનો, પ્રાપ-જલદાન સ્થાન, (પાણીની પરબ), આવા જે પ્રદેશ દેશ રૂપ ભાગો, તેમાં પ્રદેશ એટલે લઘુતર

ભાગ, દેશ એટલે મહત્તર ભાગ. આ દંડક બીજી રીતે પણ છે, તે આ – કંદર, દરિ, કુહર, વિવર, ગિરિ, પાયાર, અટ્ટાલ, ચરિય, દ્વાર, ગોપુર, પ્રાસાદ, દુવાર, ભવન, દેવકુલ, આરામ, ઉધાન, કાનન, સમપ્રદેશ. - x - x -

ઘોડાની હણહણાટી, હાથીનો ગુલગુલાટ, રથનો ઘણઘણાટ એ શબ્દોના મીશ્રણથી મહા કલકલ અવાજથી, લોકોના સુમધુર (સ્વર)થી આકાશને પુરતો, ચોતરફ ઉત્તમ સુગંધ, પુષ્પ, ચૂર્ણની નીકળતી વાસથી આકાશને સુગંધી કરતો. તેમાં સુગંધી એટલે ઉત્તમ પુષ્પોનું ચૂર્ણ, ઉવ્વિદ્ધ એટલે ઉંચે ગયેલ, વાસરેણુ-વાસકની રજ.

કાલાગરુ પવર૰ ઈત્યાદિ – તેમાં કાલાગરુ - ગંધ દ્રવ્ય વિશેષ, પ્રવર કુંદરુક્ક, તુરુષ્ક, તેના સિવાયનો ધૂપ. આવા લક્ષણવાળો અથવા તેમાંથી જે નીકળતો-વહેતો, જેના વડે જીવલોક વાસિત કરતો. જેમના ગમનથી જનમંડલ ક્ષોભિત થયેલ છે તે (તે રીતે નીકળે છે)

પઉરજનબાલવુડ્ઢ૰ ઈત્યાદિ - પૌરજન અથવા પ્રચુરજનો, બાળકો અને વૃદ્ધો, જેઓ પ્રમુદિત થયા છે, ત્વરિત દોડ્યા અર્થાત્ શીઘ્ર જતાં એવા, તેઓના વ્યાકુળ-આકુળ અર્થાત્ અતિવ્યાકુલ એવા જે બોલશબ્દો, તે ઘણાં છે જેમાં, તે તથા આ પ્રકારે આકાશને કરતા, ક્ષત્રિય કુંડગ્રામનગરની વચ્ચોવચ્ચથી નીકળ્યા. બાકી લખ્યું જ છે.

પઉમેઇ વા, અહીં યાવત્ કરણથી આમ જાણવું - કુમુદ, નલીન, સુભગ, સૌગંધિક ઈત્યાદિ. આ ભેદો રૂઢિથી જાણવા. કામ એટલે શબ્દાદિરૂપોમાં જન્મેલ, ભોગ એટલે ગંધ-રસ-સ્પર્શ, તેની મધ્યે વૃદ્ધિને પામેલ. કામ સ્વરૂપ રજ તે કામરજ, તેના વડે અર્થાત્ કામરજથી, કામરતથી અથવા કામાનુરાગથી લેપાયા નથી.

મિત્તનાઈ૰ ઈત્યાદિ. મિત્ર, જ્ઞાતિ-સ્વજાતીય, નિજક એટલે મામા વગેરે, સ્વજન-પિતા, કાકા આદિ, સંબંધી-સસરા આદિ, પરિજન-દાસ આદિ, આ બધાંથી લેપાયા નહીં અર્થાત્ સ્નેહથી ન બંધાયા.

હારવારિ - અહીં યાવત્ કરણથી આમ જાણવું – ધારા, સિંદુવાર, ભાંગેલી મુક્તાવલીની જેમ અશ્રુ (ની ધાર થઈ)

જઇયવ્વં - હે પુત્ર ! પ્રાપ્ત સંયમ યોગમાં પ્રયત્ન કરવો. ઘડિયવ્વં - અપ્રાપ્ત સંયમયોગોમાં પ્રાપ્તિ માટે ઘટતું કરવું, પરિક્કમિયવ્વં એટલે પરાક્રમ કરવું, પુરુષત્વ અભિમાન સિદ્ધ ફળ કરવું જોઈએ. આ બધાં પ્રયોજન માટે પ્રવ્રજ્યા પાલન લક્ષણમાં પ્રમાદ ન કરવો જોઈએ.

એ પ્રમાણે જેમ ઋષભદત્ત - તેના દ્વારા આ પ્રમાણે સૂચવે છે - ત્યાં ગયો, જઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આ લોક આદિપ્ત છે ઈત્યાદિ.

● **સૂત્ર-૪૬૬,૪૬૭ :-**

***[૪૬૬] ત્યારપછી કોઈ દિવસે જમાલી અણગાર જ્યાં શ્રમણ ભગવંત***



***મહાવીર હતા, ત્યાં આવે છે, ત્યાં આવીને શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમસ્કાર કરે છે, કરીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું ૫૦૦ અણગારો સાથે બહારના જનપદ વિહારમાં વિચરવા ઈચ્છુ છું. ત્યારે તે શ્રમણ ભગવંત મહાવીર, જમાલી અણગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો અને મૌન રહ્યા.***

***ત્યારે તે જમાલી અણગારે શ્રમણ ભગવંત મહાવીરને બે વખત, ત્રણ વખત આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને ૫૦૦ અણગાર સાથે યાવત્ વિચરવા ઈચ્છુ છું.***

***ત્યારે શ્રમણ ભગવંત મહાવીર જમાલી અણગારના આ કથનને બીજી વાર, ત્રીજી વાર (સાંભળીને) આદર ન કર્યો, મૌન રહ્યા.***

***ત્યારે તે જમાલી અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર્યુ, નમન કર્યુ. વંદન-નમન કરીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી, બહુશાલ ચૈત્યથી નીકળ્યા, નીકળીને ૫૦૦ અણગારોની સાથે બહારના જનપદ વિહારથી વિચરે છે. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી - વર્ણન - કોષ્ઠક ચૈત્ય-વર્ણન. યાવત્ વનખંડ. તે કાળે, તે સમયે ચંપા નામક નગરી હતી - વર્ણન. પૂર્ણભદ્ર ચૈત્ય હતું - વર્ણન. યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો.***

***ત્યારે તે જમાલિ અણગાર અન્ય કોઈ દિવસે ૫૦૦ અણગારો સાથે સંપરિવૃત્ત થઈને, પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં, જ્યાં શ્રાવસ્તી નગરી હતી, જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, ત્યાં આવ્યા, ત્યાં આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ, અવગ્રહ છે. અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે.***

***ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી વિચરતા યાવત્ સુખે સુખે વિહાર કરતાં જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં આવે છે, ત્યાં આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને સંયમ, તપથી આત્માને ભાવતા રહે છે.***

***ત્યારે તે જમાલી અણગારને તેવા અરસ, વિરસ, અંત, પ્રાંત, રૂક્ષ, તુચ્છ, કાલાતિક્રાંત, પ્રમાણાતિક્રાંત, શીત પાન-ભોજન વડે અન્ય કોઈ દિવસે શરીરમાં વિપુલ રોગાતંક પ્રાદુર્ભાવ પામ્યો. તે રાગ ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, ચંડ, દુઃખરૂપ, દુર્ગ, તીવ્ર અને દુઃસહ હતો. તેમનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી દાહજ્વરવાળું થયું.***

***ત્યારે તે જમાલિ અણગારે વેદનાથી અભિભૂત થઈને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – દેવાનુપ્રિયો ! તમે મારા માટે શય્યા-સંસ્તારક પાથરો. (તૈયાર કરો.)***

***ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અણગારના આ કથનને વિનય વડે***

સ્વીકાર્યું, સ્વીકારીને જમાલિ અણગારનો શય્યા-સંસ્તારક તૈયાર કરવા લાગ્યા. ત્યારે તે જમાલી અણગાર પ્રબલતર વેદનાથી પીડાતા હતા, તેથી બીજી વખત પણ શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવીને બીજી વખત પણ આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! મારે માટે શય્યા-સંસ્તારક શું તૈયાર કર્યો કે તૈયાર કરી રહ્યા છો ?

આ પ્રમાણે (તેમને) કહેતા જાણીને, શ્રમણ નિર્ગ્રન્થોએ કહ્યું – ઓ સ્વામી ! તૈયાર કરાય છે. ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અણગારને આ પ્રમાણે કહ્યું – આપ દેવાનુપ્રિયને માટે શય્યા-સંસ્તારક તૈયાર કરાયો નથી, પણ કરાઈ રહ્યો છે.

ત્યારે તે જમાલિ અણગારને (આ વાત સાંભળીને) આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો કે – જે શ્રમણ ભગવંત મહાવીર આ પ્રમાણે કહે છે યાવત્ આ પ્રમાણે પ્રરૂપે છે કે નિશ્ચયથી ચાલતું-ચાલ્યુ, ઉદીરાતુ-ઉદીરાયુ, યાવત્ નિર્જરાતુ-નિર્જર્યુ, તે ખોટું છે. આ પ્રત્યક્ષ દેખાય છે કે શય્યા સંસ્તાર કરાતો હોય ત્યારે અકૃત, પથરાતો હોય ત્યાં સુધી ન પથરાયેલ છે, તેથી જે કારણથી શય્યાસંસ્તારક કરાતો હોય ત્યારે અકૃત, પથરાતો હોય ત્યારે ન પથરાયેલ કહેવાય, તેમ ચાલતું એવું અચલિત યાવત્ નિર્જરતું એવું અનિર્જરિત છે. આ પ્રમાણે વિચારે છે, એમ વિચારીને શ્રમણ-નિર્ગ્રન્થોને બોલાવે છે, શ્રમણ-નિર્ગ્રન્થોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર જે એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે – ચાલતું ચાલ્યું યાવત્ નિર્જરતુ ન નિર્જર્યુ સુધી બધું જ કહેવું. ત્યારે તે જમાલી અણગારે આ પ્રમાણે કહેતા યાવત્ પ્રરૂપતા, કેટલાંક શ્રમણોએ આ કથનની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરી, કેટલાંક શ્રમણોએ આ અર્થની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ ન કરી. પછી જે શ્રમણોએ જમાલી અણગારના આ કથનની શ્રદ્ધાદિ કરી, તેઓ જમાલી અણગારનો આશ્રય કરીને વિચરવા લાગ્યા. તેમાં જેઓએ જમાલી અણગારના આ કથનની શ્રદ્ધાદિ ન કરી, તેઓ જમાલી અણગાર પાસેથી, કોષ્ઠક ચૈત્યથી નીકળી ગયા, નીકળીને પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા જ્યાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય અને શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કર્યા, કરીને શ્રમણ ભગવંત મહાવીરનો આશ્રય કરીને વિચરવા લાગ્યા.

[૪૬૭] ત્યારપછી તે જમાલી અણગાર અન્ય કોઈ દિવસે રોગાતંકથી વિમુક્ત થયા, હૃષ્ટ-તુષ્ટ યાવત્ અરોગી અને બળવાન્ શરીરી થઈ, શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને પૂર્વાનુપૂર્વી ચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા, જે ચંપાનગરી, જે પૂર્ણભદ્ર ચૈત્ય, જ્યાં શ્રણમ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીરથી ન દૂર - ન નીકટ



રહીને શ્રમણ ભગવંત મહાવીરને આ પ્રમાણે કહ્યું – જે પ્રમાણે આપ દેવાનુપ્રિયના ઘણાં શિષ્યો-શ્રમણનિર્ગ્રન્થો છદ્મસ્થ રહીને છદ્મસ્થ અવસ્થામાં જ નીકળીને વિચરે છે, તે પ્રમાણે હું છદ્મસ્થ રહીને છદ્મસ્થાવસ્થામાં વિચરવા ઈચ્છતો નથી. હું ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર, અરહંત, જિન, કેવલી થઈને, કેવલી અવસ્થામાં વિચરું છું.

ત્યારે ગૌતમસ્વામીએ જમાલી અણગારને આ પ્રમાણે કહ્યું – કેવલીનું જ્ઞાન-દર્શન પર્વત, સ્તંભ, સ્તુભાદિથી આવરાતું નથી, રોકી શકાતું નથી. હે જમાલી! જો તું ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર, અરહંત, જિન, કેવલી થઈને કેવલી અવસ્થામાં વિચરણ કરી રહ્યો છે, તો આ બે પ્રશ્નોનો ઉત્તર આપ. હે જમાલી! લોક શાશ્વત છે કે અશાશ્વત? હે જમાલી! જીવ શાશ્વત છે કે અશાશ્વત છે?

ત્યારે તે જમાલી અણગાર, ગૌતમસ્વામીએ આમ કહ્યું ત્યારે શંકિત, કાંક્ષિત યાવત્ કલેશયુક્ત પરિણામી યાવત્ થયો. તે ગૌતમસ્વામીને કંઈપણ ઉત્તર આપવા સમર્થ ન થયો. તે મૌન થઈને ઉભો રહ્યો.

જમાલી, એમ સંબોધન કરી, શ્રમણ ભગવંત મહાવીરે જમાલી અણગારને આ પ્રમાણે કહ્યું – મારા ઘણાં શિષ્યો-શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ છે, જે આ પ્રશ્નનો ઉત્તર આપવામાં મારી જેમ જ સમર્થ છે. તો પણ તે આવા પ્રકારની ભાષા બોલતા નથી, જેમ તું બોલે છે. જમાલી! લોક શાશ્વત છે, કેમકે તે કદી ન હતો એમ નથી, કદી નથી તેમ પણ નથી, કદી નહીં હોય તેમ પણ નથી, લોક હતો, છે, અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.

હે જમાલી ! લોક અશાશ્વત (પણ) છે. કેમકે અવસર્પિણી કાળ પછી ઉત્સર્પિણી થાય છે, ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે.

હે જમાલી! જીવ શાશ્વત છે. કેમકે તે કદી ન હતો એમ નથી, યાવત્ નિત્ય છે - - હે જમાલી! જીવ અશાશ્વત (પણ) છે - કેમકે તે નૈરયિક થઈને તિર્યંચયોનિક થાય છે, તિર્યંચયોનિક થઈને મનુષ્ય થાય છે, મનુષ્ય થઈને દેવ થાય છે.

ત્યારે તે જમાલી અણગાર, શ્રમણ ભગવંત મહાવીરે આ પ્રમાણે કહેતા યાવત્ પ્રરૂપતા આ કથનની શ્રદ્ધા નથી કરતા, વિશ્વાસ નથી કરતા, રુચિ નથી કરતા. આ કથનની અશ્રદ્ધા કરતા, અવિશ્વાસ કરતા, અ-રુચિ કરતા, બીજી વખત પણ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી સ્વયં ચાલ્યા ગયા. બીજી વખત પણ સ્વયં ચાલી જઈને ઘણાં અસદ્ ભાવને પ્રગટ કરીને મિથ્યાત્વ અભિનિવેશથી પોતાને, પરને અને તદુભયને વ્યુદ્ગ્રાહિત કરતા, મિથ્યાજ્ઞાન યુક્ત કરતાં ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને, છેલ્લે અર્ધમાસિક સંલેખના વડે આત્માને ઝોષિત કરી, ૩૦ ભક્તને અનશન વડે છેદીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને લાંતક કલ્પમાં ૧૩-સાગરોપમની સ્થિતિવાળા દેવમાં કિલ્બિષિક દેવપણે

*ઉત્પન્ન થયા.*

● **વિવેચન-૪૬૬,૪૬૭ :-**

नो आढाइ - તે અર્થ માટે આદરવાળા ન થયા, नो परिजाणइ - સ્વીકાર ન કર્યો. કેમકે ભાવિ દોષની અપેક્ષાએ આમ કર્યુ.

अरस - હિંગ આદિથી સંસ્કાર્યા વિના, રસરહિત. विरस - જૂના હોવાથી રસ ચાલ્યો જાય. अंत - અરસતાથી, સર્વધાન્ય તુચ્છ વાલ, ચણા આદિ. प्रांत - ખાતા વધેલ કે ઠંડો-વાસી અથવા ઉત્કૃષ્ટથી તુચ્છ હોવાથી પ્રાંત. लूह - રૂક્ષ, તુચ્છ - અલ્પ, कालातिक्रांत - ભુખ, તરસ વીત્યા પછી પ્રાપ્ત. प्रमाणातिक्रांत - ભુખ, તરસની માત્રાથી અનુચિત. रोगायंक - રોગ એટલે વ્યાધિ, આતંક એટલે પીડાકારી. उज्ज्वल - ઉત્કટ, દાહકારી. तिउल - મન વગેરેના અર્થોને તોલે છે - જીતે છે. ક્યાંક વિપુલ શબ્દ છે. એટલે સર્વ કાયમાં વ્યાપક. कक्कस - કઠોર કે અનિષ્ટકારી, कडुअ - કટુક, અનિષ્ટ જ. चंड - રૌદ્ર, दुक्ख - દુઃખહેતુ, दुग्ग - કષ્ટ સાધ્ય, तिव्व - તીવ્ર કે તિક્ત-લીંમડા આદિવત્. આ બધાથી શું થયું? દુરધિસહ્ય, દાહ ઉત્પન્ન થયો.

શય્યાસંસ્તારક - શયનને માટે સંસ્તારક, બલિયતર એટલે ગાઢતર. कडे कज्जइ - આના વડે અતીતકાળના નિર્દેશથી વર્તમાનકાળના નિર્દેશ વડે કૃત અને ક્રિયમાણનો ભેદ કહ્યો. - x - તેથી સંસ્તારક કર્તા સાધુ વડે પણ કરતાને કરાયો તેમ કહેવાયું.

તેથી આ સ્વકીય વચન સંસ્તારક કર્તૃ અને સાધુ વચનના વિમર્શ વડે પ્રરૂપાયેલ છે. 'ક્રિયમાણ કૃતં' જે સ્વીકારેલ છે, તે સંગત થતું નથી. કેમકે જેના વડે 'ક્રિયમાણ કૃતં' સ્વીકારેલ છે, તેના વડે વિધમાન કરણક્રિયા સ્વીકારેલ છે. તેમાં ઘણાં દોષ છે - તે કહે છે - જે કરાયું તે કરાતું થતું નથી. વિધમાન એવા ચિરંતન ઘડાની જેમ. હવે કરેલ પણ કરાય છે, તો કરાતાના નિત્ય કૃતત્વથી પ્રથમ સમયની જેમ થશે, ક્રિયાની સમાપ્તિ નહીં થાય, સર્વદા ક્રિયમાણત્વથી આદિ સમયવત્.

તથા જો 'ક્રિયમાણ કૃતં' થાય, તો ક્રિયાનું વૈફલ્ય થાય, કેમકે અકૃતવિષય જ તેનું સફલત્વ છે. તથા પૂર્વનું અસત્ જ દેખાય છે, તેથી અધ્યક્ષનો વિરોધ થાય. તથા ઘટાદિ કાર્ય નિષ્પત્તિમાં દીર્ઘ ક્રિયાકાળ દેખાય છે. કેમકે આરંભકાળે ઘટાદિ કાર્ય દેખાતું નથી, સ્થાસક આદિ કાળે પણ નથી. તો પછી તો ક્રિયાના અવસાનમાં કઈ રીતે થાય ? જેથી આ પ્રમાણે છે, તેથી ક્રિયાકાળમાં યુક્ત કાર્ય નથી, પરંતુ ક્રિયાના અવસાનમાં જ છે. ભાષ્યકારશ્રી કહે છે —

જેનો આ 'ક્રિયમાણ કૃતં' એ મત છે, તેણે આ વિધમાનની કરણ ક્રિયા સ્વીકારી છે, તેથી ઘણાં દોષની આપત્તિ છે. અહીં કૃતં ક્રિયમાણ ચિરંતર ઘટની જેમ તેના ભાવથી નથી. અથવા 'કૃતં'ને જ જો 'ક્રિયતે' કરો તો નિત્ય સમાપ્તિ



ન થાય. ક્રિયા વૈફલ્ય પણ પૂર્વે થયું અને હજી દેખાય છે. તેથી ઘટાદીનો ક્રિયાકાળ લાંબો દેખાય છે. જે આરંભ કાળે દેખાતું નથી, સ્થાસક આદિ કાળમાં પણ દેખાતું નથી, તેને અંતે પછીના ક્રિયાકાળે કાર્ય યુક્ત નથી. તેના અંતે જ યુક્ત છે.

अत्थेगइया० કેટલાંક શ્રમણો આ કથનની શ્રદ્ધા કરતા નથી, શ્રદ્ધા ન કરનારનો આ મત છે - ન - 'અકૃત' એટલે અભૂત કે અવિધમાન કરાતાનો અભાવ આકાશપુષ્પવત્ છે. વળી જો અકૃત એ અસત્ પણ છે એવો અર્થ કરાય તો 'ખર-વિષાણ' પણ અસત્વ વિશેષથી કરાય. વળી જે કૃતકરણ પક્ષે નિત્ય ક્રિયાદિ દોષો કહ્યા, તે અસત્કરણ પક્ષે પણ તુલ્ય વર્તે છે. તેથી કહે છે — 'ખરવિષાણ' માફક અસદ્ ભાવથી અત્યંત અસત્ કરાતું નથી. હવે જો અત્યંત અસત્ હોવા છતાં કરાય, તો નિત્ય તેના કરણનો પ્રસંગ આવે અને અત્યંત અસત કરણમાં ક્રિયા સમાપ્તિ થતી નથી. 'ખરવિષાણ'ની માફક અસત્વથી જ અત્યંત અસત કરણમાં ક્રિયા વૈફલ્ય થાય. વળી અવિધમાનના કરણના સ્વીકારમાં નિત્ય ક્રિયાદિ કષ્ટતર દોષ થાય. કેમકે તે ખરવિષાણની જેમ અત્યંત અભાવ રૂપત્વથી છે.

વિધમાન પક્ષે પર્યાય વિશેષથી અપર્યયણથી થાય, પણ ક્રિયાવ્યપદેશ જેમ ''આકાશ કરો'', તથા નિત્યક્રિયાદિ દોષ થતાં નથી, વળી આ ન્યાય અત્યંત અસત નથી. કહ્યું છે કે — પૂર્વે અસત્ જ ઉત્પધમાન દેખાય છે, તે પ્રત્યક્ષ વિરોધ છે તેમાં કહે છે — જો તમે પૂર્વે અભૂત છે તેમ કહ્યું, ત્યારે તે તમારા વડે કેમ 'ખરવિષાણ' ન બતાવ્યું ? તમે જે દીર્ઘ ક્રિયાકાળ દેખાય છે, તેમ કહ્યું, તેમાં કહે છે — પ્રતિ સમયે ઉત્પન્ન પરસ્પર કંઈક વિલક્ષણ ઘણાં સ્થાસક આદિના આરંભ સમયોમાં જ નિષ્ઠાનુયાયી કાર્યકોટીમાં દીર્ઘ ક્રિયાકાળ જો દેખાય તો અહીં ઘટની આયાત કઈ રીતે ? કે જેથી કહો છો કે ઘટાદિનો ક્રિયાકાળ દીર્ઘ દેખાય છે.

તમે જે કહો છો — આરંભ કાળ દેખાતો નથી, ઈત્યાદિ તેમાં કહે છે — બીજા કાર્યના આરંભમાં બીજું કાર્ય - પટના આરંભમાં ઘટવત્ કેમ દેખાડો છો ? શિવક અને સ્થાસક આદિ કાર્ય વિશેષ ઘટ સ્વરૂપ ન થાય, તો પછી શિવકાદિ કાલે કેમ ઘટ દર્શાવો છો ? શું અંત્ય સમયે જ ઘટનો આરંભ કર્યો ? તેમાં જ જો આ દેખાડ્યું ત્યારે શો દોષ છે ? એ રીતે 'ક્રિયમાણ જ કૃત્' થાય છે. ક્રિયમાણ સમયના નિરંશત્વથી (એમ કહ્યું). જો વર્તમાન સમયમાં ક્રિયા કાળમાં પણ વસ્તુ કરી, તો અતીત કે ભાવિકાળમાં કઈ રીતે થાય ? બંને ક્રિયાના વિનષ્ટત્વથી અનુત્પન્નત્વથી અસંબંધમાનત્વથી અસત્વ છે તેથી ક્રિયાકાળ જ 'ક્રિયમાણ કૃતં' છે.

*[ઉક્ત અર્થને જ પ્રગટ કરતી પાંચ ભાષ્યગાથાઓ છે અહીં તેનો અનુવાદ કરેલ નથી, કેમકે ઉક્ત સમગ્ર ચર્ચા માત્ર અનુવાદથી સમજવી મુશ્કેલ છે, તે નિષ્ણાત જ્ઞાની પાસે જ સમજવી પડે તેમ છે. અમે પણ માત્ર અક્ષરશઃ અનુવાદ જ રજૂ કર્યો છે, જે સમજવા માટે અપૂરતો છે.]*

छाउमत्थावक्कमण - છદ્મસ્થ હોવા છતાં અપક્રમણ-ગુરુકૂળથી નિર્ગમન, તે છદ્મસ્થાપક્રમણ. आवरिज्जइ - કંઈક આવરે છે, निवारिज्जइ - નિરંતર આવરે છે, હણાય છે.

न कयाइ नासी० ઈત્યાદિ, તેમાં અનાદિત્વના કારણે "ક્યારેય ન હતું એમ નહીં" તેનો સદા સદ્‌ભાવ હોય છે, તેથી તે "ક્યારેય નથી" એમ પણ નહીં, વળી તે અનંત છે, માટે ક્યારેય નહીં હોય, તેમ પણ નથી. તો શું છે? આ ત્રિકાળ ભાવિત્વથી અચલત્વને લીધે મેરુની માફક ધ્રુવત્વ હોવાથી ધ્રુવ છે. नियत - નિયતાકાર, નિયતત્વથી શાશ્વત, પ્રતિક્ષણ પણ અસત્વનો અભાવ છે, શાશ્વતપણું હોવાથી જ अक्षय - વિનાશ ન પામનાર છે. અક્ષયત્વને લીધે જ પ્રદેશ અપેક્ષાએ અવ્યય છે. દ્રવ્ય અપેક્ષાએ અવસ્થિત છે. તે બંનેની અપેક્ષાએ નિત્ય છે. અથવા આ શબ્દો એકાર્થક છે.

● સૂત્ર-૪૬૮ થી ૪૭૦ :-

*[૪૬૮] ત્યારે તે ગૌતમસ્વામીએ જમાલિ અણગારને કાલગત જાણીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું – એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો અંતેવાસી જમાલી નામક અણગાર નિશ્ચે કુશિષ્ય હતો. હે ભગવન્ ! તે જમાલી અણગાર કાળમાસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ?*

*ગૌતમ આદિને આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું – મારો અંતેવાસી જમાલી નામે નિશ્ચે કુશિષ્ય હતો. તે સમયે મારા દ્વારા કહેવાયા યાવત્ પ્રરૂપાયા છતાં તેણે એ કથનની શ્રદ્ધા આદિ ન કર્યા, આ કથનને શ્રદ્ધાદિ ન કરતા, બીજી વખત પણ મારી પાસેથી, પોતાની મેળે ચાલ્યો ગયો. જઈને ઘણાં અસત્ ભાવોને પ્રગટ કરતો યાવત્ તે કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થયો.*

*[૪૬૯] ભગવન્ ! દેવ કિલ્બિષિક કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! કિલ્બિષિક દેવો ત્રણ ભેદે કહ્યા છે. તે આ રીતે – ત્રણ પલ્યોપમસ્થિતિક, ત્રણ સાગરોપમ સ્થિતિક, તેર સાગરોપમસ્થિતિક.*

*ભગવન્ ! ત્રિપલ્યોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ ક્યાં વસે છે ? ગૌતમ ! જ્યોતિષ્કની ઉપર અને સૌધર્મ-ઈશાન કલ્પની નીચે, આ ત્રિપલ્યોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ વસે છે.*

*ભગવન્ ! ત્રિસાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ ક્યાં વસે છે ? ગૌતમ ! સૌધર્મ-ઈશાન કલ્પની ઉપર અને સનત્કુમાર માહેન્દ્ર કલ્પની નીચે ત્રિસાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવ વસે છે.*

*ભગવન્ ! ક્યા કર્મોના ગ્રહણથી કિલ્બિષિક દેવ, કિલ્બિષિક દેવપણામાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! જે આ જીવો આચાર્ય, ઉપાધ્યાય, કુલ, ગણ કે*



*સંઘના પ્રત્યનીકો હોય છે. આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનારા, અવર્ણવાદ કરનારા, અકીર્તિ કરનારા, ઘણાં અસત્ ભાવોનું ઉદ્‌ભાવ ન કરનારા, મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને-પરને-ઉભયને વ્યુદ્‌ગ્રાહિત કરનારા, દુર્બોધ કરનારા, ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને કોઈ એક કિલ્બિષિક દેવમાં કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. તે આ - ત્રિ પલ્યોપમ સ્થિતિકોમાં, ત્રિ સાગરોપમ સ્થિતિકોમાં અને તેર સાગરોપમ સ્થિતિકોમાં.*

*ભગવન્ ! કિલ્બિષિક દેવો, તે દેવલોકથી આયુનો ક્ષય થતાં, ભવનો ક્ષય થતાં, સ્થિતિનો ક્ષય થતાં ચ્યવીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! યાવત્ (કેટલાંક દેવો) ચાર, પાંચ ભવ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવના ગ્રહણ કરીને એટલો સંસાર ભટકીને ત્યારપછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. કેટલાંક કિલ્બિષિક અનાદિ-અનંત, દીર્ઘ માર્ગવાળા ચાતુરંત સંસારમાં ભટકે છે.*

*ભગવન્ ! જમાલી અણગાર અરસ-વિરસ-અંત-(પ્રાંત)-રૂક્ષ, તુચ્છ આહારી અને અરસજીવી-વિરસજીવી યાવત્ તુચ્છ જીવી, ઉપશાંતજીવી, પ્રસાંતજીવી, વિવિક્ત જીવી હતો ? હા, ગૌતમ ! જમાલી અણગાર અરસાહારી, વિરસાહારી યાવત્ વિવિક્તજીવી હતો.*

*ભગવન્ ! જો જમાલી અણગાર અરસાહારી યાવત્ વિવિક્તજીવી હતો, તો ભગવન્ ! તે કાળમાસે કાળ કરીને લાંતક કલ્પમાં તેર સાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવમાં કિલ્બિષિકપણે કેમ ઉપજ્યો ?*

*ગૌતમ ! જમાલી અણગાર આચાર્યનો પ્રત્યનીક, ઉપાધ્યાયનો પ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયનો આશાતનાકારી યાવત્ અવર્ણવાદ કરનારો યાવત્ ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને અર્ધમાસિક સંલેખના કરીને, ત્રીશ ભક્તને અનશન વડે છેદીને, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરીને લાંતકકલ્પે યાવત્ ઉપજ્યો.*

*[૪૭૦] ભગવન્ ! જમાલી દેવ તે દેવલોકથી આયુના ક્ષયથી યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! ચાર-પાંચ ભવ તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ગ્રહણ કરી, એટલો સંસાર ભમીને, ત્યારપછી સિદ્ધ થશે યાવત્ દુઃખનો અંત કરશે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૪૬૮ થી ૪૭૦ :-

आयाए - આત્મા વડે, પોતે. અસદ્‌ભાવ એટલે વિતથ અર્થોના ઉદ્‌ભાવન-પ્રગટ કરીને, મિથ્યાત્વથી - મિથ્યાદર્શનના ઉદયથી જે અભિનિવેશ-આગ્રહથી. વ્યુદ્‌ગ્રાહયત્ - વિરુદ્ધ ગ્રહણવાળો કરતો. वुप्पाएमाणे - વ્યુત્પાદન કરતો, દુર્વિદગ્ધ કરતો. કર્માદાન એટલે કર્મહેતુ.

अजसकारक - બધી દિશામાં પ્રસિદ્ધિ તે યશ, તેનો નિષેધ તે અયશ, અવર્ણ- અપ્રસિદ્ધિ માત્ર, અકીર્તિ-એક દિશામાં અપ્રસિદ્ધિ.

અરસ આહાર ઈત્યાદિ અપેક્ષાએ 'અરસજીવિ' ઈત્યાદિ. તે પુનરુક્તિ નથી, પણ ભિન્ન અર્થપણું છે. ઉપશાંતજીવિ-અંતર્વૃત્તિ થકી ઉપશાંત જીવવાનો જેનો સ્વભાવ છે તે. એ રીતે 'પ્રશાંતજીવિ' વિશેષ એ - પ્રશાંત એટલે બાહ્યવૃત્તિથી. વિવિક્ત - સ્ત્રી આદિ સંસક્ત આસનાદિના વર્જનથી. - - જો ભગવંત શ્રીમત્ મહાવીર સર્વજ્ઞત્વથી આ વ્યતિકર જાણતા હોવા છતાં, તેને કેમ દીક્ષા આપી? અવશ્યંભાવી ભાવો મહાનુભવો દ્વારા પણ પ્રાયઃ ઉલ્લંઘવા અશક્ય છે, તેથી અથવા ગુણ વિશેષના દર્શનથી. અમૂઢ લક્ષ ભગવંતો-અરહંતો પ્રયોજન વગર ક્રિયામાં પ્રવર્તતા નથી.

## ❀ શતક-૯, ઉદ્દેશો-૩૪ - "પુરુષઘાતક" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩૩માં ગુરુ પ્રત્યનીકતાથી પોતાનો ગુણ વ્યાઘાત કહ્યો. અહીં પુરુષ વ્યાઘાતથી અન્ય જીવનો વ્યાઘાત કહે છે –

● **સૂત્ર-૪૭૧ :-**

*તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! કોઈ પુરુષ, પુરુષને હણતાં, શું પુરુષને હણે છે કે નોપુરુષને ? ગૌતમ ! પુરુષને પણ હણે, નોપુરુષને પણ હણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! જો તેને એમ થાય કે નિશ્ચે હું એક પુરુષને હણું છું, (પણ) તે એક પુરુષને મારતા, અનેક જીવોને હણે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે – પુરુષને પણ હણે છે, નોપુરુષને પણ હણે છે.*

*ભગવન્ ! કોઈ પુરુષ અશ્વને મારતા, શું અશ્વને હણે છે કે નોઅશ્વને પણ હણે છે. ગૌતમ ! અશ્વને પણ હણે, નોઅશ્વને પણ હણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? પૂર્વવત્ જાણવું. આ પ્રમાણે હાથી, સિંહ, વાઘ યાવત્ ચિત્રલમાં પણ જાણવું.*

*ભગવન્ ! કોઈ પુરુષ કોઈ એક ત્રસપ્રાણીને હણતાં, તે એક ત્રસપ્રાણીને હણે છે કે અન્ય ત્રસપ્રાણીને હણે છે ? ગૌતમ ! તે એક ત્રસ પ્રાણીને પણ હણે છે, અન્ય ત્રસ પ્રાણીને પણ હણે છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે અન્યતરને પણ હણે છે, નોઅન્યતરને પણ હણે છે ? ગૌતમ ! તેના મનમાં એમ હોય છે કે – તે કોઈ એક ત્રસ પ્રાણીને જ હણે છે. પરંતુ તે, તે ત્રસજીવને મારતો બીજા અનેક જીવોને પણ મારે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું. આ બધાંનો એકસમાન ગમ (આલાવો) છે.*

*ભગવન્ ! કોઈ પુરુષ ઋષિને મારતા ઋષિને મારે છે કે નોઋષિને મારે*



*છે ? ગૌતમ ! ઋષિને પણ હણે છે, નોઋષિને પણ હણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! તેને એમ થાય છે કે નિશ્ચયથી હું એક ઋષિને હણું છું, તે એક ઋષિને હણતા, અનંતા જીવોને હણે છે, તેથી.*

*ભગવન્ ! કોઈ પુરુષ, પુરુષને હણતાં પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય કે નોપુરુષવૈરથી સ્પૃષ્ટ થાય ? ગૌતમ ! નિયમા, તે પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય અથવા પુરુષવૈર અને નોપુરુષ વૈરથી સ્પૃષ્ટ થાય અથવા પુરુષવૈર અને નોપુરુષોના વૈરોથી સ્પૃષ્ટ થાય. એ પ્રમાણે અશ્વ યાવત્ ચિલ્લકમાં જાણવું યાવત્ અથવા ચિલ્લકવૈરથી સ્પૃષ્ટ થાય અને નોચિલ્લકોના વૈરોથી સ્પૃષ્ટ થાય. - - ભગવન્ ! કોઈ પુરુષ ઋષિને હણતાં ઋષિના વૈરથી સ્પૃષ્ટ થાય કે નોઋષિના વૈરથી ? ગૌતમ ! નિયમા ઋષિવૈરથી અને નોઋષિના વૈરોથી સ્પૃષ્ટ થાય છે.*

● **વિવેચન-૪૭૧ :-**

नो पुरिसं हणइ - પુરુષ સિવાયના બીજી જીવોને હણે છે અનેક જીવોને - જૂ, લીખ, કૃમિ, ગંડોલકાદિ જે-જે તે પુરુષને આશ્રીને રહેલા હોય તે બધાંને હણે છે. અથવા શરીરના સંકોચન-પ્રસારણાદિથી પણ ઘણાં જીવો હણાય છે. ક્યાંક छणइ પાઠ છે, તેનો પણ આ જ અર્થ છે. આ સૂત્ર બહુલતાને આશ્રીને છે તે પુરુષ વડે તથાવિધ સામગ્રીના વશથી કોઈક તે જીવોને હણે છે, કોઈક એક જીવને પણ હણે છે. - x -

एते सव्वे० - આ હાથી વગેરે एक्कगमा - સરખા આલાવાવાળા છે. इसि - ઋષિ, ઋષિને હણતા અનંતા જીવોને હણે છે. કેમકે તેનો ઘાત કરવાથી અનંતજીવોનો ઘાત થાય છે. કેમકે મરેલા પ્રત્યે તેની વિરતિના અભાવે અનંતજીવ ઘાતકત્વનો ભાવ છે. અથવા ઋષિનું જીવન ઘણાં પ્રાણીને પ્રતિબોધક છે. તેઓ પ્રતિબોધ પામીને ક્રમથી મોક્ષને પામે છે. મુક્ત જીવો અનંત સંસારી જીવોના અઘાતક હોય છે, તેમનો વધ થતાં આ બધું થતું નથી, તેથી તેમના વધથી અનંત જીવોનો વધ થાય છે. - - निक्खेवओ - નિગમન.

नियमा पुरिसवेरेण० પુરુષને હણવાથી નિયમા પુરુષવધના પાપથી સ્પૃષ્ટ થાય છે, તે એક ભંગ, તેમાં જો બીજો પ્રાણી પણ હણાય તો પુરુષવૈર અને નોપુરુષવૈર એ બીજો ભંગ, જો ઘણાં પ્રાણીઓ હણાય તો ત્રીજો ભંગ થાય છે. એ પ્રમાણે બધે ત્રણ ભંગ છે.

ઋષિપક્ષે તો ઋષિવૈર, નોઋષિવૈર એ એક જ ભંગ છે. (શંકા) જે મરીને મોક્ષે જાય. તે અવિરતિ ન થાય, તે ઋષિના વધથી ઋષિવૈર જ થાય, એ રીતે પહેલો વિકલ્પ સંભવે છે ? ચરમશરીરીને નિરુપક્રમ આયુષ્કત્વથી હનન ન સંભવે, તેથી અચરમશરીરાપેક્ષાએ યથોક્ત ભંગ સંભવે છે ? - - ના, એમ નથી. જો કે ચરમશરીરી નિરુપક્રમ આયુષ્ક છે, તો પણ, તેના વધને માટે પ્રવૃત્ત યમુનરાજાની જેમ વૈર થાય જ, તેથી પહેલા ભંગનો સંભવ છે, સત્ય, પણ જે ઋષિના સોપક્રમ આયુષ્કત્વથી

પુરુષકૃત્ વધ થાય છે, તેને આશ્રીને આ સૂત્ર પ્રવૃત્ત છે - x - હનન કહ્યું, તે ઉચ્છ્વાસ વિયોગથી થાય, માટે હવે ઉચ્છ્વાસને કહે છે—

● **સૂત્ર-૪૭૨,૪૭૩ :-**

*[૪૭૨] ભગવન્ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને આન-પ્રાણ, શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે ? હા, ગૌતમ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે. - - ભગવન્ ! પૃથ્વીકાયિક, અપ્કાયને શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે ? હા, ગૌતમ ! પૃથ્વીકાયિક, અપ્કાયને શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે. એ પ્રમાણે તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયને પણ શ્વાસોચ્છ્વાસરૂપે લે અને મૂકે.*

*ભગવન્ ! અપ્કાય, પૃથ્વીકાયને શ્વાસોચ્છ્વાસ રૂપે લે અને મૂકે ? હા, પૂર્વવત્. એ પ્રમાણે તેઉ-વાયુ-વનસ્પતિ જાણવા.*

*ભગવન્ ! તેઉકાય, પૃથ્વીકાયિકને ? એ પ્રમાણે યાવત્ - ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયને ? હા, પૂર્વવત્.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકને આન-પ્રાણ, શ્વાસ-ઉચ્છ્વાસરૂપે લેતા-મૂકતા કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો થાય.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક, અપ્કાયને આન-પ્રાણ રૂપે લેતા-મૂકતા ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સુધી કહેવું.*

*એ પ્રમાણે અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક સાથે બધાંને કહેવા. યાવત્ ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયિકને આન-પ્રાણરૂપે યાવત્ પૃચ્છા. ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો થાય.*

*[૪૭૩] ભગવન્ ! વાયુકાયિક, વૃક્ષના મૂળને કંપાવતા અને પછાડતા કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો થાય. - - એ પ્રમાણે કંદને યાવત્ મૂલને વિશે જાણવું. બીજને કંપાવતા-પૃચ્છા. ગૌતમ ! કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયાવાળો થાય. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૪૭૨,૪૭૩ :-**

અહીં પૂજ્ય વ્યાખ્યા આ પ્રમાણે — જેમ વનસ્પતિ બીજાની ઉપર અન્ય રહીને તેજ તે ગ્રહણ કરે છે, એ પ્રમાણે પૃથ્વીકાયિકાદિ પણ અન્યોન્ય સંબદ્ધત્વથી તે-તે રૂપ શ્વાસોચ્છ્વાસ કરે છે. તેમાં એક પૃથ્વીકાયિક અન્ય સ્વસંબદ્ધ પૃથ્વીકાયિકને અન - તે રૂપ ઉચ્છ્વાસ કરે છે. એ પ્રમાણે અપ્કાયાદિને જાણવા.

આ પ્રમાણે પૃથ્વીકાયિકના પાંચ સૂત્રો છે, એ પ્રમાણે અપ્કાયાદિ પ્રત્યેકના પાંચ-પાંચ સૂત્ર થાય છે. તેથી ૨૫-સૂત્રો થયા.

ક્રિયા સૂત્રો પણ-૨૫-છે. તેમાં ''કદાચ ત્રણ ક્રિયાવાળો'' જ્યારે પૃથ્વીકાયિકાદિ,



પૃથ્વીકાયિકાદિરૂપ ઉચ્છ્વાસ કરવા છતાં પણ તેને પીડા ન ઉપજાવે, સ્વભાવવશથી, ત્યારે તે આ કાયિકી આદિ ત્રણ ક્રિયાવાળો થાય. જ્યારે તેને પીડા ઉપજાવે ત્યારે પારિતાપનિકી ક્રિયાના ભાવથી ચાર ક્રિયાવાળો થાય, પ્રાણાતિપાતમાં પાંચ ક્રિયાવાળો થાય.

ક્રિયા અધિકારથી જ કહે છે — અહીં વાયુ વડે વૃક્ષના મૂળનું કંપાવવું કે પાડવું ત્યારે સંભવે, જ્યારે નદીના કિનારે કે પૃથ્વી વડે તે ઢંકાયેલ ન હોય. - - હવે કઈ રીતે મૂળના પાડવાથી પરિપાતાદિ ત્રિક્રિયત્વ સંભવે ? કહે છે — અચેતન મૂળની અપેક્ષાએ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❋ શતક-૧૦ ❋

— x — x —

૦ નવમાં શતકની વ્યાખ્યા કરી. હવે દશમાની કરે છે. તેનો આ સંબંધ છે - શતક-૯માં જીવાદિ પદાર્થો કહ્યા, અહીં પણ બીજા પ્રકારે તેને જ કહે છે. આ સંબંધે આવેલ આ શતક છે.

● **સૂત્ર-૪૭૪ :-**

*(૧) દિશા, (૨) સંવૃત્ત અણગાર, (૩) આત્મઋદ્ધિ, (૪) શ્યામહસ્તી, (૫) દેવી, (૬) સભા, (૭ થી ૩૪) ઉત્તરવર્તી ૨૮ અંતર્દ્વીપ. દશમાં શતકમાં આ ચોત્રીશ ઉદ્દેશાઓ છે.*

● **વિવેચન-૪૭૪ :-**

(૧) દિશાને આશ્રીને, (૨) સંવૃત્ત અનગાર વિષયક, (૩) આત્મઋદ્ધિ વડે દેવ કે દેવની બીજા દેવાવાસમાં જવા આદિ અર્થનો અભિધાયક, (૪) શ્યામહસ્તિ નામે ભગવંત મહાવીરના શિષ્યના પ્રશ્ન વડે પ્રતિબદ્ધ. (૫) દેવી-ચમરાદિ અગ્રમહિષીની પ્રરૂપણા. (૬) સુધર્માસભાનું પ્રતિપાદન તથા (૭ થી ૩૪) ઉત્તરદિશામાં રહેલા ૨૮ અંતર્દ્વીપોનું પ્રતિપાદન.

## ❀ શતક-૧૦, ઉદ્દેશો-૧-‘‘દિશા’’ ❀

— x — x — x — x — x — x —

● **સૂત્ર-૪૭૫ :-**

*રાજગૃહે યાવત્ આ પ્રમાણે કહ્યું — આ પૂર્વદિશા શું કહેવાય છે ? ગૌતમ ! તે જીવરૂપ, અજીવરૂપ છે. - - આ પશ્ચિમ દિશા શું કહેવાય છે ? ગૌતમ ! પૂર્વવત્. આ જ પ્રમાણે દક્ષિણદિશા, ઉત્તરદિશા, ઉર્ધ્વદિશા અને અધોદિશા જાણવી.*

*ભગવન્ ! દિશાઓ કેટલી કહી છે ? ગૌતમ ! દશ દિશાઓ કહી છે. તે આ — પૂર્વ, પૂર્વ-દક્ષિણ, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમ-ઉત્તર, ઉત્તર, ઉત્તર-પૂર્વ, ઉર્ધ્વ અને અધો.*

*ભગવન્ ! આ દશ દિશાઓના કેટલા નામ કહ્યા છે ? ગૌતમ ! દશ નામ કહ્યા છે. તે આ — ઐન્દ્રી, આગ્નેયી, યમા, નૈઋર્તી, વારુણી, વાયવ્યા, સોમા, ઈશાની, વિમલા, તમા.*

*ભગવન્! ઐન્દ્રી (પૂર્વ) દિશા જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ, શું છે? ગૌતમ! તે જીવ યાવત્ અજીવ પ્રદેશરૂપ પણ છે. જે જીવ છે તે નિયમા એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય, અનિન્દ્રિય છે. જે જીવદેશ છે, તે નિયમા એકેન્દ્રિય દેશો યાવત્ અનિન્દ્રિય દેશો છે. જે જીવપ્રદેશ*



*છે, તે એકેન્દ્રિય પ્રદેશો યાવત્ અનિન્દ્રિય પ્રદેશો છે. - - - જે અજીવો છે, તે બે ભેદે છે - રૂપી અજીવ, અરૂપી અજીવ. જે રૂપી અજીવ છે, તે ચાર ભેદે છે. - સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ અને પરમાણુ પુદ્ગલો. જે અરૂપી અજીવ છે તે સાત ભેદે છે — નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશ, નોઅધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના દેશો, અધર્માસ્તિકાયના પ્રદેશો, નોઆકાશાસ્તિકાય, આકાશાસ્તિકાયના દેશો, આકાશાસ્તિકાયના પ્રદેશો, અને અદ્ધાસમય.*

*ભગવન્! આગ્નેયી દિશા શું જીવ છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે? પૃચ્છા. ગૌતમ! તે જીવ નથી. જીવદેશ છે, જીવ પ્રદેશ પણ છે, અજીવ પણ છે, અજીવ દેશ પણ છે, અજીવ પ્રદેશ પણ છે. જે જીવ દેશ છે તે નિયમા (૧) એકેન્દ્રિય દેશ છે, અથવા એકેન્દ્રિયના દેશો અને બેઈન્દ્રિયનો દેશ છે (૨) અથવા એકેન્દ્રિયના દેશો અને બેઈન્દ્રિયના દેશો છે. અથવા (૩) એકેન્દ્રિયના દેશો અને બેઈન્દ્રિયોના દેશો છે. અથવા (૧) એકેન્દ્રિયના દેશો અને તેઈન્દ્રિયના દેશ છે. આ પ્રમાણે ત્રણ ભંગ કહેવા. એ પ્રમાણે યાવત્ અનિન્દ્રિયોના ત્રણ ભંગો છે. જે જીવ પ્રદેશો છે, તે નિયમા (૧) એકેન્દ્રિયના પ્રદેશો અથવા એકેન્દ્રિયના પ્રદેશો અને બેઈન્દ્રિયના પ્રદેશો છે અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિયોના પ્રદેશો છે. એ પ્રમાણે બધે પ્રથમ ભંગ છોડીને યાવત્ અનિન્દ્રિય જાણવું.*

*જે અજીવો છે, તે બે ભેદ છે — રૂપી અજીવ, અરૂપી અજીવ. જે રૂપી અજીવ છે, તે ચાર ભેદે છે — સ્કંધ યાવત્ પરમાણુ પુદ્ગલો. જે અરૂપી અજીવ છે, તે સાત ભેદે છે — નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ, ધર્માસ્તિકાય પ્રદેશો યાવત્ અદ્ધાસમય.*

*વિદિશામાં જીવો નથી. સર્વત્ર દેશ ભંગ જ જાણવો.*

*ભગવન્ ! યામ્યાદિશા શું જીવ છે ? ઐન્દ્રી દિશામાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું. નૈઋર્તિ આગ્નેયીવત્. વારુણી, ઐન્દ્રીવત્ વાયવ્યા. આગ્નેયીવત્. સોમા, ઐન્દ્રીવત્. ઈશાની, આગ્નેયીવત્. વિમલામાં જીવો, આગ્નેયીવત્ અને અજીવો ઐન્દ્રીવત્ જાણવા તમા પણ એ રીતે જ જાણવી. વિશેષ આ — તમામાં અરૂપીના છ ભેદ જ કહેવા. અદ્ધાસમય ન કહેવો.*

● **વિવેચન-૪૭૫ :-**

किमियं भंते० પૂર્વ દિશાની વિવક્ષા પૂર્વવત્ જાણવી. પ્રાચી - પૂર્વા. ઉત્તરમાં જીવો અને અજીવો છે. જીવો-જીવરૂપ, તેમાં જીવો - જીવરૂપ, તેમાં જીવો - એકેન્દ્રિયાદિ છે, અજીવો-ધર્માસ્તિકાયાદિ દેશાદિ છે. અહીં કહેવા એમ માંગે છે કે — પૂર્વ દિશામાં જીવો અને અજીવો છે.

इंद० ઈત્યાદિ. જેનો દેવતા ઈન્દ્ર છે તે ઐન્દ્રી, એ રીતે આગ્નેયીના અગ્નિ, યામ્યાનો યમ, નૈઋર્તીનો નિઋર્તિ, વારુણીનો વરુણ, વાયવ્યાનો વાયુ, સૌમ્યાનો

સોમ, ઐશાનીનો ઈશાન, દેવતા છે. વિમલપણાથી વિમલા, તમા એટલે રાત્રિ, તદાકારપણાથી તમા એટલે અંધકાર. અહીં ઐન્દ્રી એટલે પૂર્વા, બાકીની આ ક્રમથી જાણવી. વિમલા તે ઉર્ધ્વા, તમા તે અધો છે.

આ દિશાઓ ગાડાની ઉદ્ધિ આકારે છે, વિદિશાઓ મુક્તાવલી આકારે છે. ઉર્ધ્વ અને અધો દિશા રૂચકાકારે છે - x -

જીવાવિ૦ ઐન્દ્રી દિશામાં જીવોના અસ્તિત્વથી જીવ છે, તેમ કહ્યું. એ પ્રમાણે જીવદેશ અને જીવપ્રદેશ છે તથા અજીવો પુદ્‌ગલાદિના અસ્તિત્વથી અજીવ છે. ધર્માસ્તિકાયાદિ દેશોના અસ્તિત્વથી અજીવદેશો છે. એ રીતે અજીવપ્રદેશો પણ છે તેમાં જે જીવો છે, તે એકેન્દ્રિયાદિ છે, અનિન્દ્રિય તે કેવલી. જે જીવ દેશો છે, તે એકેન્દ્રિયાદિ છે. એ રીતે જીવપ્રદેશો પણ છે. જે અરૂપી અજીવો છે, તે સાત ભેદે છે. કઈ રીતે ? તે કહે છે —

नोधम्मत्थिकाय - એટલે ધર્માસ્તિકાય સમસ્ત, તે પૂર્વ દિશામાં નથી, પણ ધર્માસ્તિકાયનો દેશ, તે તેના એક-દેશ ભાગરૂપ છે. તથા તેના જ પ્રદેશો, તે અસંખ્ય પ્રદેશાત્મકપણાથી તેમાં હોય છે. એ રીતે અધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ હોય છે, આકાશાસ્તિકાયના દેશ અને પ્રદેશ હોય છે અને અદ્ધા સમય હોય છે. આ રીતે ઐન્દ્રી દિશામાં આ સાત છે.

આગ્નેયી, ઈત્યાદિ પ્રશ્ન. જીવોનો નિષેધ કરવો કેમકે વિદિશાના. એક પ્રદેશિકત્વથી એક પ્રદેશમાં જીવોના અવગાહનો અભાવ છે. જીવ અસંખ્ય પ્રદેશાવગાહી છે. તેમાં જે જીવ દેશો છે, તે નિયમા એકેન્દ્રિય દેશો છે, કેમકે એકેન્દ્રિયોનું સકલ લોક વ્યાપકત્વથી આગ્નેયી નિયમા એકેન્દ્રિયદેશોવાળી હોય અથવા એકેન્દ્રિયોના સકલલોક વ્યાપકત્વથી અને બેઈન્દ્રિયોના અલ્પત્વથી ક્યારેક એકાદિના સંભવથી એકેન્દ્રિયોના દેશો-બેઈન્દ્રિયના દેશ કહ્યું અથવા એકેન્દ્રિય તેમજ અને બેઈન્દ્રિયના બહુવચનવાળો બીજો ભંગ અથવા એકેન્દ્રિય તેમજ અને બેઈન્દ્રિયનું બહુવચનાંત દેશ પદ એ ત્રીજો ભંગ થાય. - - એ પ્રમાણે ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય સાથે પ્રત્યેકના ત્રણ ભંગ કહેવા. એ પ્રમાણે પ્રદેશ પક્ષ પણ કહેવો. વિશેષ આ - બેઈન્દ્રિયાદિમાં પ્રદેશ પદ બહુવચનાંત જ છે. - x - x -

विमलाए जीवा जहा अग्गेईए - વિમલામાં જીવોનું અવગાહન હોવાથી (ત્યાં જીવ કહ્યા.) અજીવો, ઐન્દ્રી મુજબ જાણવા, કેમકે તેની સમાન વક્તવ્યતા છે. તમા (અધો) દિશા પણ વિમલાની જેમ જ કહેવી. વિમલામાં અનિન્દ્રિયનો સંભવ છે, તેથી તેના દેશાદિ કહ્યા તે યુક્ત છે, પણ તમામાં તો તેનો અસંભવ છે, તેનું શું ? તે, કહે છે, દંડ આદિ અવસ્થા તે આશ્રીને તેના દેશ, દેશો, પ્રદેશોની વિવક્ષા ત્યાં પણ યુક્ત છે.

હવે તમામાં વિશેષથી કહે છે — અદ્ધા સમય ન કહેવો. સમય વ્યવહાર, સંચરતા એવા સૂર્યાદિના પ્રકાશથી કરાય છે તે તમા દિશામાં નથી, તેથી અદ્ધા સમય





ત્યાં કહ્યો નથી. - વિમલામાં પણ તે નથી, તો તેમાં સમય વ્યવહાર કઈ રીતે કહ્યો ? મેરુના અવયવભૂત સ્ફટિક કાંડમાં સૂર્યાદિપ્રભા સંક્રાંતિ દ્વારથી, તેમાં સંચરિત સૂર્યાદિ પ્રકાશ છે. તેથી. - - જીવાદિ રૂપ દિશાની પ્રરૂપણા કરી, જીવો શરીરીના પણ હોય, તેથી શરીર પ્રરૂપણા કરતા કહે છે —

• **સૂત્ર-૪૭૬ :-**

***ભગવન્ ! શરીરો કેટલા છે ? ગૌતમ ! પાંચ-ઔદારિક, યાવત્ કાર્મણ. ભગવન્ ! ઔદારિક શરીર કેટલા ભેદે છે ? અહીં “અવગાહના સંસ્થાન” પદ આખું કહેવું. યાવત્ અલ્પબહુત્વ. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

• **વિવેચન-૪૭૬ :-**

અવગાહના સંસ્થાન એ પ્રજ્ઞાપનાનું ૨૧મું પદ છે. તે આ રીતે — પાંચ ભેદે કહ્યું, તે આ - એકેન્દ્રિય ઔદારિક શરીર યાવત્ પંચેન્દ્રિય ઔદારિક શરીર. બીજી પ્રતમાં આની સંગ્રહ ગાથા મળે છે - કેટલા, સંસ્થાન, પ્રમાણ, પુદ્‌ગલ ચય, શરીર સંજોગ, દ્રવ્ય - પ્રદેશ બહુ, શરીર અવગાહના. તેમાં કેટલા ? ત્યાં કેટલા શરીરો એમ કહેવું, તે ઔદારિકાદિ પાંચ છે. સંસ્થાનમાં ઔદારિકાદિ સંસ્થાન કહેવા, જેમકે ઔદારિક વિવિધ સંસ્થાનવાળું છે ‘પ્રમાણ’ અહીં તેનું પ્રમાણ કહેવું. જેમકે ઔદારિક, જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ છે. તેના જ પુદ્‌ગલચયો કહેવા. જેમકે ઔદારિકના નિર્વ્યાઘાતથી છ એ દિશામાં અને વ્યાઘાતથી કદાચ ત્રણ દિશા આદિમાં. તેનો જ સંયોગ કહેવો, જેમકે જેને ઔદારિક શરીર છે, તેને વૈક્રિય પણ હોઈ શકે. તેના જ દ્રવ્યાર્થ, પ્રદેશાર્થતાથી અલ્પ બહુત્વ કહેવું જેમકે સૌથી થોડા આહારકશરીરી દ્રવ્યાર્થતાથી છે ઈત્યાદિ - x -

## ❀ શતક-૧૦, ઉદ્દેશો-૨-“સંવૃત્તઅણગાર” ❀

— x — x — x — x — x — x —

ઉદ્દેશા-૧માં શરીરો કહ્યા. શરીરી, ક્રિયાકારી હોય છે, ક્રિયાની પ્રરૂપણા માટે બીજો ઉદ્દેશો છે. તેનું આ પહેલું સૂત્ર —

• **સૂત્ર-૪૭૭ :-**

***રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! સંવૃત્ત અણગાર વીચિપથમાં સ્થિત રહીને સામેના રૂપોને જોતો, પાછળના રૂપોને જોતો, ઉર્ધ્વ અને અધો રૂપોને જોતો હોય. તેને ઐર્યાપથિકી ક્રિયા કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ? ગૌતમ ! સંવૃત્ત અણગારને યાવત્ ઇર્યાપથકિયા ન લાગે, સાંપરાયિકી ક્રિયા લાગે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - x - ગૌતમ ! જેને ક્રોધ, માન, માયા, લોભ હોય, એ પ્રમાણે જેમ શતક-૭ ના ઉદ્દેશા-૧માં કહ્યું યાવત્ તે ઉત્સૂત્ર આચરણ જ કરે છે, તેથી કહ્યું કે યાવત્ સાંપરાયિકી ક્રિયા લાગે.***

*ભગવન્ ! સંવૃત્ત અણગારને અવીચીપંથમાં રહીને આગળના રૂપોને જોતા યાવત્ શું તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે ? પૃચ્છા. ગૌતમ ! તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા ન લાગે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? જેમ શતક-૭, ઉદ્દેશા-૧-માં કહ્યું. તેમ સૂત્રાનુસાર આચરણ કરતા, તેથી યાવત્ તેને સાંપરાયિક ન લાગે.*

● **વિવેચન-૪૭૭ :-**

સંવૃત્તને સામાન્યથી પ્રાણાતિપાતાદિ આશ્રવ દ્વાર સંવરયુક્તને વીચીપંથમાં રહીને, વીચિ એટલે સંપ્રયોગ, તે બે છે, તેથી અહીં વીચિ શબ્દથી (૧) કષાયો અને જીવોનો સંબંધ કહેવો. વીચિમાન્ એટલે કષાયવાળો. અથવા (૨) વિચિર્ પૃથગ્ભાવે એ વચનથી જે યથાખ્યાત સંયમથી પૃથક્ થઈ કષાયોદય માર્ગમાં છે તે. અથવા (૩) જે રાગાદિ વિકલ્પોના વિચિંતન પથમાં છે અથવા (૪) જે સ્થિતિમાં સરાગતા હોવાથી વિરૂપા ક્રિયા છે, તે વિકૃતિ માર્ગમાં છે પંથ એટલે માર્ગ.

अवयक्खमाणस्स - અવકાંક્ષતા અથવા અપેક્ષા કરતો, પથિના ગ્રહણથી ઉપલક્ષણત્વથી અન્યત્ર પણ આધારમાં રહીને, જાણવું. ઇર્યાપથિકા ક્રિયા કરતો નથી. કેવળ યોગપ્રત્યયા કર્મબંધ ક્રિયા થતી નથી કેમકે તે કષાયયુક્ત છે. જેને ક્રોધ, માન, માયા, લોભ છે - અહીં અતિદેશથી આ પ્રમાણે જાણવું - જેના ક્રોધાદિ વ્યુચ્છિન્ન છે, તેને ઐર્યાપથિકી ક્રિયા હોય છે. જેના ક્રોધાદિ વ્યુચ્છિન્ન ન હોય તેને સાંપરાયિકી ક્રિયા હોય છે. સૂત્રાનુસાર વર્તનારને ઐર્યાપથિકી ક્રિયા હોય, સૂત્રથી વિરુદ્ધ વર્તનારને સાંપરાયિકી ક્રિયા હોય. વ્યાખ્યા પૂર્વવત્.

સંવૃત્તને૦ ઉક્ત સૂત્રથી વિપરીત સૂત્ર છે. તેમાં 'અવીચિ' એટલે અવીચિવાળો - અકષાયસંબંધવાળો. અથવા યથાસંખ્યાત સંયમથી અપૃથક્, અથવા રાગવિકલ્પ ભાવને ન ચિંતવતો કે અવિકૃતિવાળો જેમ હોય. - - ક્રિયા કહી. ક્રિયાવાન્‌ને યોનિ પ્રાપ્તિ થાય, તેથી યોનિ —

● **સૂત્ર-૪૭૮,૪૭૯ :-**

*[૪૭૮] ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ — શીતા, ઉષ્ણા, શીતોષ્ણા. એ પ્રમાણે યોનિપદ આખું કહેવું.*

*[૪૭૯] ભગવન્ ! વેદના કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ — શીતા, ઉષ્ણા, શીતોષ્ણા. એ પ્રમાણે વેદનાપદ સંપૂર્ણ કહેવું યાવત્ ભગવન્ ! નૈરયિકો શું દુઃખ વેદના વેદે ? સુખ વેદના વેદે ? અદુઃખ-અસુખ વેદના વેદે ? ગૌતમ ! દુઃખ, સુખ, અદુઃખસુખ ત્રણે વેદના વેદે છે.*

● **વિવેચન-૪૭૮,૪૭૯ :-**

અહીં યોનિ એટલે - જેમાં તૈજસ, કાર્મણ શરીરવાળા જીવ, ઔદારિક આદિ શરીરને યોગ્ય પુદ્‌ગલ સ્કંધ સમુદાય સાથે મિશ્રિત થાય તે યોનિ. તે ત્રણ ભેદે કહી — શીત એટલે શીતસ્પર્શવાળી, ઉષ્ણસ્પર્શવાળી, દ્વિસ્વભાવ યુક્ત. એ પ્રમાણે



પ્રજ્ઞાપનાનું નવમું યોનિ પદ આખું કહેવું. તે આ - ભગવન્! નૈરયિકોની શું શીત યોનિ, ઉષ્ણ યોનિ કે શીતોષ્ણ યોનિ હોય છે ? ગૌતમ! શીત પણ છે, ઉષ્ણ પણ છે, પણ શીતોષ્ણ નથી. અહીં એમ કહે છે — પહેલી ત્રણ નરક પૃથ્વીમાં શીત, ચોથીમાં કેટલાંક નરકાવાસોમાં નારકોનું જે ઉપપાત ક્ષેત્ર છે, તે શીત પરિણત છે, તેમાં શીત યોનિ છે, કેટલુંક ક્ષેત્ર ઉષ્ણ સ્પર્શ પરિણત છે, તેની ઉષ્ણ યોનિ છે. પણ તથાસ્વભાવત્વથી મધ્યમસ્વભાવા યોનિશીતોષ્ણ યોનિ નથી. શીતાદિ યોનિ પ્રકરણાર્થે સંગ્રહથી પ્રાયઃ આ પ્રમાણે - સર્વે દેવો અને ગર્ભવ્યુત્પત્તિકોને શીતોષ્ણ યોનિ છે, ઉષ્ણા યોનિ તેજસ્કાયમાં અને ત્રીજી નરકોમાં છે. તથા યોનિ કેટલા ભેદે છે? ત્રણ ભેદે — સચિત્ત, અચિત્ત, મિશ્ર, ઇત્યાદિ. સચિત્તાદિ યોનિ પ્રકરણાર્થે સંગ્રહગાથા — પ્રાયે - દેવ અને નારકોની અચિત્ત યોનિ છે, ગર્ભવાસમાં મિશ્ર, બાકીનાની સચિત્ત છે.

જો કે એકેન્દ્રિય સૂક્ષ્મ જીવ નિકાય સંભવમાં નારક-દેવોનું જે ઉપપાત ક્ષેત્ર છે, તેમાં કેટલાંક જીવોનું ગ્રહણ નથી, તેથી અચિત્ત યોનિ છે. ગર્ભવાસ યોનિ મિશ્ર છે. શુક્ર - લોહીના પુદ્‌ગલોના અચિત્ત ગર્ભાશયના સચેતન ભાવથી, બાકીના - પૃથ્વી આદિ, સંમૂર્છનજ અને મનુષ્યાદિનાં ઉપપાત ક્ષેત્રમાં જીવે પરિગૃહિત, અપરિગૃહિત, ઉભયરૂપે ઉત્પત્તિથી ત્રણ પ્રકારે યોનિ છે.

ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - સંવૃત્ત યોનિ, વિવૃત્ત યોનિ, સંવૃત્ત-વિવૃત્ત યોનિ. તેની સંગ્રહ ગાથા - એકેન્દ્રિય, નારક અને દેવોની સંવૃત્ત યોનિ છે, વિકલેન્દ્રિયોની વિવૃત્ત અને ગર્ભમાં સંવૃત્ત-વિવૃત્ત. એકેન્દ્રિયોને તથા સ્વભાવત્વથી સંવૃત્તા યોનિ, નારકોને પણ સંવૃત્તા, કેમકે નરકના નિષ્કુટો, સંવૃત્ત ગવાક્ષ સમાન છે, તેમાં જન્મીને તેઓ વર્ધમાન થઈને, શીત કે ઉષ્ણ નિષ્કુટમાં પડે છે. દેવોને પણ સંવૃત્ત જ છે, કેમકે દેવ શયનીયમાં દૂષ્યાંતરિતે અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહનાથી દેવ ઉત્પન્ન થાય છે.

ભગવન્ ! યોનિ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે — કૂર્મોન્નત, શંખાવર્ત્ત, વંશીપત્રા ઈત્યાદિ. સંગ્રહગાથા - કૂર્મોન્નત યોનિમાં તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવ, બલદેવ અને બાકીના લોકો બાકી યોનિમાં થાય છે. સ્ત્રી રત્નની યોનિ સંખાવર્ત્તા જાણવી, તેમાં ઉત્પન્ન થનાર ગર્ભ નિયમા વિનાશ પામે.

અનંતર યોનિ કહી, યોનિવાળાને વેદના હોય, તેથી તે કહે છે — વેદના પદ એ પ્રજ્ઞાપનાનું ૩૫ મું પદ છે. તેને થોડું દર્શાવે છે —

ભગવન્ ! નૈરયિક શું શીત વેદના વેદે છે ? પ્રશ્ન. ગૌતમ ! શીત વેદના વેદે. ઉષ્ણ વેદના વેદે, શીતોષ્ણ વેદના ન વેદે. એ પ્રમાણે અસુર આદિ, વૈમાનિક સુધી કહેવા. વેદના ચાર ભેદે — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી. તેમાં પુદ્‌ગલ દ્રવ્ય સંબંધથી દ્રવ્ય વેદના, નારકાદિ ક્ષેત્ર સંબંધથી ક્ષેત્ર વેદના. નારકાદિ કાળ સંબંધથી કાળ વેદના, શોક-ક્રોધાદિ ભાવથી ભાવવેદના.

વેદના ત્રણ ભેદે – શારીરિક, માનસિક, શારીર-માનસિક. બધાં સંસારી ત્રણે ભેદે પણ છે. સમનસ્કાને ત્રણે ભેદે છે, અસંજ્ઞીને શારીરિક છે. તથા વેદના ત્રણ ભેદે છે – શાતા, અશાતા, શાતા-અશાતા. બધાં સંસારીને ત્રણે ભેદે હોય. વેદના ત્રણ ભેદે – દુઃખા, સુખા, અદુઃખાસુખા. બધાંને ત્રણે ભેદે – શાતા-અશાતા અને સુખ-દુઃખમાં આટલું વિશેષ છે – સાતા, અશાતા અનુક્રમથી ઉદયમાં આવતા વેદનીયકર્મ પુદ્‌ગલના અનુભવ રૂપે છે. સુખ-દુઃખ એ બીજાથી ઉદીરાતા વેદનીયના અનુભવરૂપે છે.

વેદના બે ભેદે – અભ્યુપગમિકા, ઉપક્રમિકા. જાતે જસ્વીકારી વેદાય, તે આભ્યુપગમિકી, જેમ સાધુ કેશલુંચન, આતાપનાદિ વેદે છે. ઔપક્રમિકી, તે ઉદયમાં આવેલ-જ્વરાદિ વેદના અથવા જેમાં ઉદીરણા કરીને ઉદયમાં લાવેલી વેદનાનો અનુભવ કરાય છે. બીજી વેદના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને હોય છે, બાકીનાને ઔપક્રમિકી હોય છે.

વેદના બે ભેદે છે – નિદા અને અનિદા, નિદા-વિવેક સહિત વેદાય તે, વિપરીત તે અનિદા. સંજ્ઞીને બંને પ્રકારે છે, અસંજ્ઞિને અનિદા વેદના છે. અહીં પ્રજ્ઞાપનાની દ્વાર ગાથા છે – સીતા, દ્રવ્ય, શારીરી, શાતા, દુઃખા, આભ્યુયગમિકી, ઔપક્રમિકી, નિદા, અનિદા વેદના જાણવી. - x -

વેદનાના પ્રસ્તાવથી વેદનાના હેતુભૂત પ્રતિમાને કહે છે –

• સૂત્ર-૪૮૦,૪૮૧ :-

*[૪૮૦] ભગવન્ ! માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારેલ અનગારને નિત્ય કાયાને વોસિરાવીને, દેહ ત્યાગીને એ પ્રમાણે માસિકી ભિક્ષુ પ્રતિમા સંપૂર્ણ કહેવી. યાવત્ દશાશ્રુતસ્કંધ મુજબ યાવત્ આરાધિતા હોય છે.*

*[૪૮૧] કોઈ ભિક્ષુ કોઈ અકૃત્ય સ્થાન સેવીને, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે, તેને આરાધના નથી. જો તે, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કરીને કાળ કરે, તો તેને આરાધના છે. ભિક્ષુને કોઈ અકૃત્ય સ્થાન સેવીને, તેને એમ થાય કે પછી હું ચરમ કાળ સમયે આ સ્થાનને આલોચીશ યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારીશ. તે, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ ન કરે, તો તેને આરાધના નથી, જો તે, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કરી કાળ કરે, તો તેને આલોચના છે.*

*ભિક્ષુને કોઈ અકૃત્ય સ્થાનને સેવીને, તેને એમ થાય કે જો શ્રાવક પણ કાળમાસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, તો હું શું અણપન્નિ દેવત્વ પણ પ્રાપ્ત નહીં કરી શકું ? એમ વિચારી તે, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે, તો તેને આરાધના નથી. જો તે, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કરી કાળ કરે, તો તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*



• વિવેચન-૪૮૦,૪૮૧ :-

જેનું પરિમાણ એક માસ છે, તે માસિકી. તે ભિક્ષુ પ્રતિમા-સાધુ પ્રતિજ્ઞા વિશેષ, સ્નાનાદિ પરિકર્મ વર્જનથી કાયાને વોસિરાવીને અને વધ, બંધ આદિના નિવારણથી દેહનો ત્યાગ કરીને અથવા દેહને ધર્મના સાધનરૂપે પ્રધાનતાથી માનીને (વર્તે). એ પ્રમાણે માસિકી ભિક્ષુપ્રતિમા વડે જે કોઈ પરીષહ ઉપસર્ગ-દેવ, મનુષ્ય કે તિર્યંચયોનિકના ઉપજે, તેને સમ્યક્ પ્રકારે સહે, ખમે, તિતિક્ષે, અધ્યાસિત કરે. તેમાં સ્થાનથી સહે, ક્રોધાદિ અભાવે ખમે, દૈન્યતા અભાવે તિતિક્ષે, અથવા મન આદિ વડે સહે.

આરાધિતા થાય છે. હવે આરાધના જે રીતે થાય, જે રીતે ન થાય, તે દેખાડે છે. - x - અકૃત્યસ્થાનને સેવનાર થાય છે. - x - વ્યંતર નિકાય વિશેષ અણપન્નિત્વ દેવત્વને પણ ન પામે.

## ✿ શતક-૧૦, ઉદ્દેશો-૩-‘‘આત્મઋદ્ધિ’’ ✿

–– x –– x –– x –– x –– x –– x ––

બીજા ઉદ્દેશાને અંતે દેવત્વ કહ્યું, અહીં દેવ સ્વરૂપ કહે છે –

• સૂત્ર-૪૮૨ :-

*રાજગૃહે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! દેવ, આત્મઋદ્ધિ વડે યાવત્ ચાર, પાંચ દેવાવાસાંતરોનું ઉલ્લંઘન કરે છે, અને પછી બીજી ઋદ્ધિથી ઉલ્લંઘન કરે છે ? હા, ગૌતમ ! તેમ છે. એ પ્રમાણે અસુરકુમાર પણ જાણવા. વિશેષ આ – તે અસુરકુમારોના આવાસો ઉલ્લંઘે છે, બાકી પૂર્વવત્. એ પ્રમાણે આ ક્રમથી યાવત્ સ્તનિતકુમાર કહેવા. એ પ્રમાણે વ્યંતર, જ્યોતિષ્ક યાવત્ તેનાથી આગળ બીજી ઋદ્ધિથી જાય છે.*

*ભગવન્! અલ્પઋદ્ધિક દેવ મહાઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચ થઈને જઈ શકે? ના, તે અર્થ યોગ્ય નથી. ભગવન્! સમઋદ્ધિક દેવ સમઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે? ના, આ અર્થ સમર્થ નથી. પણ જો તે પ્રમત્ત હોય તો જઈ શકે. ભગવન્! તે વિમોહિત કરીને જાય કે અવિમોહિત કરીને જાય? ગૌતમ! વિમોહિત કરીને જવા સમર્થ છે, વિમોહિત્ત કર્યા સિવાય નહીં. તે શું પૂર્વે વિમોહિત્ત કરી પછી જાય કે પૂર્વે જઈને પછી વિમોહિત્ત કરે? ગૌતમ! પૂર્વે વિમોહિત્ત કરી પછી જાય, પરંતુ પહેલા જઈને, પછી વિમોહિત્ત ન કરે.*

*મહાઋદ્ધિક દેવ, ભગવન્ ! અલ્પઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જઈ શકે. ભગવન્ ! તે વિમોહિત કરીને કે વિમોહિત્ત કર્યા વિના જવાને સમર્થ છે ? ગૌતમ ! વિમોહિત્ત કરીને અને ન કરીને. બંને રીતે સમર્થ છે, ભગવન્ ! તે પૂર્વે વિમોહિત્ત કરી, પછી જાય કે પૂર્વે જઈને પછી વિમોહિત્ત કરે ?*

*ગૌતમ ! પૂર્વે વિમોહિત કરીને પછી પણ જાય, પૂર્વે જઈને પછી પણ વિમોહિત કરે. - - - ભગવન્ ! અલ્પઋદ્ધિક અસુરકુમાર મહાઋદ્ધિક અસુરકુમારની વચ્ચોવચ્ચથી જઈ શકે ? તે અર્થ સમર્થ નથી. આ પ્રમાણે અસુરકુમારમાં પણ ત્રણ આલાવા કહેવા, જેમ સામાન્યથી દેવમાં કહ્યા. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. વ્યંતર, જ્યોતિષ્કમાં એમ જ છે.*

*ભગવન્ ! અલ્પઋદ્ધિક. દેવ, મહર્દ્ધિક દેવીની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ સમર્થ નથી. સમઋદ્ધિક દેવ સમઋદ્ધિકા દેવીની મધ્યેથી જઈ શકે ? પૂર્વવત્ દેવ સાથે દેવીનો દંડક પણ વૈમાનિક પર્યન્ત કહેવો.*

*ભગવન્ ! અલ્પઋદ્ધિકા દેવી, મહાઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? એ પ્રમાણે. આના પણ ત્રણ દંડક કહેવા. યાવત્ મહાઋદ્ધિકા વૈમાનિકી દેવી, અલ્પઋદ્ધિક વૈમાનિકની વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જઈ શકે.*

*ભગવન્ ! અલ્પઋદ્ધિકા દેવી, મહાર્દ્ધિકા દેવીની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ સમર્થ નથી. એ પ્રમાણે સમઋદ્ધિક દેવી, સમઋદ્ધિક દેવીની સાથે, તેમજ જાણવું. મહર્દ્ધિક દેવીને અલ્પઋદ્ધિક દેવી સાથે પૂર્વવત્. એ રીતે એક-એકના ત્રણ-ત્રણ આલાવા કહેવા યાવત્ ભગવન્ ! મહર્દ્ધિક વૈમાનિકી, અલ્પઋદ્ધિક વૈમાનિકીની વચ્ચોવચ્ચથી નીકળી શકે ? હા, નીકળી શકે. ભગવન્ ! તેણી શું વિમોહિત કરીને જવા સમર્થ છે ? પૂર્વવત્ યાવત્ પૂર્વે જઈને, પછી પણ વિમોહિત કરે. આ ચાર દંડકો છે.*

**● વિવેચન-૪૮૨ :-**

આત્મઋદ્ધિથી એટલે પોતાની શક્તિથી, જેની પોતાની જ ઋદ્ધિ છે, તે આત્મઋદ્ધિક. દેવ, સામાન્યથી કહ્યા. वीइक्कंते - ઉલ્લંઘેલ. परिड्ढीए - પરઋદ્ધિ વડે અથવા પરઋદ્ધિક, विमोहित्ता - ધુમ્મસ આદિ અંધકાર કરવા વડે મોહ ઉપજાવીને, તે જોતો ન હોય તે રીતે ઉલ્લંઘન કરે. એ પ્રમાણે અસુરકુમારના ત્રણ આલાવા - અલ્પઋદ્ધિક-મહાઋદ્ધિકનો એક, બંને સમઋદ્ધિકનો બીજો, મહાઋદ્ધિક-અલ્પઋદ્ધિકનો ત્રીજો.

ચાર દંડક આ રીતે — (૧) સામાન્યથી દેવ વડે, (૨) ત્રણ આલાવા યુક્ત દેવ-દેવી દંડક, વૈમાનિકાંત, (૩) દેવી-દેવી દંડક વૈમાનિકાંત બીજો, (૪) એ પ્રમાણે દેવી-દેવીનો. - - દેવક્રિયા કહી. તે અતિ વિસ્મયકારી હોય છે, તેથી વિસ્મયકર બીજી વસ્તુનો પ્રશ્ન કરતાં કહે છે —

**● સૂત્ર-૪૮૩ થી ૪૮૬ :-**

*[૪૮૩] ભગવન્ ! દોડતો ઘોડો ‘ખુ-ખુ’ (શબ્દ) કેમ કરે છે ? ગૌતમ ! દોડતા ઘોડાના હૃદય અને યકૃત્‌ની વચ્ચે આવો કર્કટ નામક વાયુ ઉત્પન્ન થાય છે, જેથી દોડતો ઘોડો ‘ખુ-ખુ’ (શબ્દ કરે છે.)*

*[૪૮૪ થી ૪૮૬] ભગવન્ ! અમે (આ બાર પ્રકારની ભાષાનો) આશ્રય*



*કરીશું, શયન કરીશું, ઉભા રહીશું, બેસીશું, આળોટીશું —...*

*આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છણી, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાનુલોમા ભાષાનો... અનભિગૃહિતા, અભિગૃહિતા, સંશયકરણી, વ્યાકૃતા અને અવ્યાકૃતા ભાષાનો - - - શું આ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા મૃષા નથી ? - - હા, ગૌતમ ! આ આશ્રય કરીશું ઈત્યાદિ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૪૮૩ થી ૪૮૬ :-**

હૃદય અને યકૃત - જમણી કુક્ષીગત, ઉદરનો અવયવ વિશેષ. अन्तरा - અંતરાલમાં. - - ‘ખુ-ખુ’ શબ્દ કહ્યો. તે ભાષારૂપ છે, તેથી ભાષા વિશેષને ભાષણીયત્વથી દર્શાવવાને માટે કહે છે —

अथ - પ્રશ્નાર્થ માટે છે, ભગવંત મહાવીરને આમંત્રીને ગૌતમ સ્વામી પૂછે છે — અમે આશ્રયણીય વસ્તુનો આશ્રય કરીશું, શયન કરીશું, ઉંચા સ્થાને રહીશું, બેસીશું, સંથારામાં રહીશું આદિ ભાષા શું પ્રજ્ઞાપની છે ? આ ઉપલક્ષણ પર વચનથી ભાષા વિશેષનું પ્રજ્ઞાપનીયત્વ પૂછ્યું. હવે ભાષાજાતિનું તે પૂછે છે ? આમંતણી આદિ બે ગાથા—

(૧) આમંત્રણી - હે દેવદત્ત ! આદિ સંબોધન. આ ભાષા વસ્તુના અવિધાયકત્વ અને નિષેધકત્વથી સત્યાદિ ત્રણ ભાષા સ્વરૂપના વિયોગથી ‘અસત્યામૃષા’ ભાષા પ્રજ્ઞાપનાદિમાં કહી છે. એ પ્રમાણે આજ્ઞાપની આદિ.

(૨) આજ્ઞાપની - બીજાને આજ્ઞાપન કાર્યમાં પ્રવર્તતી. જેમકે ઘડો બનાવો. - (૩) - યાચની - ‘વસ્તુ વિશેષને આપો’ એ રીતે માંગવારૂપ.

(૪) પ્રચ્છની - અવિજ્ઞાન સંદિગ્ધ અર્થના જ્ઞાનાર્થે તેના અભિયુક્તને પ્રેરણારૂપ. - (૫) - પ્રજ્ઞાપની - શિષ્યને ઉપદેશ દેવારૂપ. જેમકે - પ્રાણ વધથી નિવૃત્ત, દીર્ઘાયુષ અને અરોગી થાય છે એને પ્રજ્ઞાપની ભાષા કહી છે.

(૬) પ્રત્યાખ્યાની - હવે હું આ - આ યાચીશ નહીં એવા નિયમરૂપ.

(૭) ઈચ્છાનુલોમા - બીજાની ઈચ્છાને અનુસરવી કે પોતાની ઈચ્છાને પ્રગટ કરવી. - (૮) - અનભિગૃહીતા - અર્થને ન જાણવાથી જે કહેવાય છે.

(૯) અભિગૃહીતા-અર્થના જ્ઞાનથી જે બોલાય છે. તે. ઘટવત્.

(૧૦) સંશયકરણી - જે અનેકાર્થની પ્રતિપત્તિ કરી છે તે સંશય કરણી છે. જેમ ‘સૈન્ધવ’ શબ્દ પુરુષ-લવણ-વાજિ અર્થમાં પ્રવર્તે છે.

(૧૧) વ્યાકૃતા - સ્પષ્ટાર્થવાળી, (૧૨) અવ્યાકૃતા - ગંભીર શબ્દાર્થવાળી અથવા અસ્પષ્ટ ઉચ્ચારવાળી ભાષા.

પ્રજ્ઞાપની-જેના વડે અર્થ કહેવાય તે, અર્થ કથની વક્તવ્યા. તે મૃષા ભાષા નથી. મૃષા એટલે અર્થને ન જણાવનારી કે અવક્તવ્યા નહીં.

‘આશ્રય કરીશું’ ઈત્યાદિ ભાષા ભવિષ્યત્‌કાળ વિષયક છે. તે અંતરાયના

સંભવથી વ્યભિચારિણી પણ થાય. તથા એકાર્થ વિષયા હોવા છતાં બહુવચનાંતપણે કહી છે. તથા આમંત્રણી આદિ વિધિ-નિષેધથી સત્યભાષાવત્ નિયત નથી, તેથી આ વક્તવ્યા શું છે ? - x - આશ્રય કરીશું, ઈત્યાદિ અનવધારણત્વથી વર્તમાન યોગ વડે - x - પ્રજ્ઞાપની જ છે. આમંત્રણી આદિ પણ વસ્તુના વિધિ-પ્રતિષેધ વિધાયકત્વથી જે નિરવધ પુરુષાર્થ સાધની છે તે પણ પ્રજ્ઞાપની જ છે.

## ❀ શતક-૧૦, ઉદ્દેશો-૪-"શ્યામહસ્તી" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩-માં દેવ વક્તવ્યતા કહી, ચોથામાં પણ તે જ છે –

● સૂત્ર-૪૮૭ :-

*તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું, વર્ણન. દૂતિપલાશ ચૈત્ય હતું, સ્વામી પધાર્યા. યાવત્ પર્ષદા પાછી ફરી.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ ઉર્ધ્વ જાનુ યાવત્ વિચરતા હતા.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય શ્યામહસ્તી નામે અણગાર, પ્રકૃતિભદ્રક યાવત્ રોહ સમાન યાવત્ ઉર્ધ્વજાનૂ યાવત્ વિચરતા હતા. ત્યારે તે શ્યામહસ્તી અણગાર, શ્રદ્ધા ઉત્પન્ન યાવત્ ઉઠ્યા. ઉઠીને ગૌતમસ્વામી હતા, ત્યાં આવ્યા. આવીને ગૌતમસ્વામીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસતા આ પ્રમાણે કહ્યું –*

*ભગવન્ ! અસુરકુમાર અસુરેન્દ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? હે શ્યામહસ્તી ! નિશ્ચયથી તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કાકંદી નામે નગરી હતી, વર્ણન. તે કાકંદી નગરીમાં (પરસ્પર) સહાયક તેત્રીશ ગૃહપતિ શ્રમણોપાસક રહેતા હતા. જે આઢ્ય યાવત્ અપરિભૂત હતા, જીવાજીવના જ્ઞાતા, પાપ-પુન્ય તત્ત્વને પામીને વિચરતા હતા. યાવત્ તે સહાયક તેત્રીશ ગાથાપતિ શ્રાવકો પૂર્વે ઉગ્ર-ઉગ્રવિહારી, સંવિગ્ન-સંવિગ્ન વિહારી થઈને ત્યારપછી પાર્શ્વસ્થા - પાર્શ્વસ્થવિહારી, અવસન્ન-અવસન્નવિહારી, કુશીલ-કુશીલવિહારી, યથાછંદ-યથાછંદવિહારી થઈ ગયા. ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાય પાળીને અર્ધમાસિકી સંલેખના વડે આત્માને ઝોસિત કરીને ત્રીશ ભક્તોને અનશન વડે છેદીને, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરના ત્રાયસ્ત્રિંશક દેવપણે ઉપજ્યા.*

*ભગવન્ ! જ્યારથી તે કાકંદરા પરસ્પર સહાયક તેત્રીશ ગાથાપતિ શ્રાવક અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવપણે ઉપજેલ છે, ત્યારથી ભગવન્ ! શું એવું*



*કહેવાય છે કે – ચમરને ત્રાયસ્ત્રિંશક દેવ છે ?*

*ત્યારે ગૌતમ સ્વામી, શ્યામહસ્તી અણગાર પાસેથી આ પ્રમાણે સાંભળીને શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક થઈ ઉઠ્યા, ઉત્થાનથી ઉઠીને શ્યામહસ્તી અણગાર સાથે ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું કે –*

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? એ પ્રમાણે તે બધું જ કહેવું યાવત્ ત્યારથી એમ કહેવાય છે કે ચમરને ત્રાયસ્ત્રિંશક દેવ છે ?*

*તે અર્થ યોગ્ય નથી. ગૌતમ ! ચમરેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોના નામ શાશ્વત કહ્યા છે. જે કદી ન હતા તેમ નથી, કદી નથી તેમ નથી, કદી નહીં હોય તેમ પણ નથી. યાવત્ અવ્યુચ્છિન્ન નયાપેક્ષાએ નિત્ય છે, એક ચ્યવે છે - બીજા ઉપજે છે.*

*ભગવન્ ! વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલીને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - છે ? ગૌતમ ! નિશ્ચયથી તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં બિભેલનામે સંનિવેશ હતું-વર્ણન. તે બિભેલ સંનિવેશમાં જેમ ચમરમાં કહ્યું તેમ યાવત્ ઉપજ્યા. ભગવન્ ! જ્યારથી તે બિભેલકા પરસ્પર સહાયક ૩૩-ગૃહપતિ શ્રાવકો બલીન્દ્રના (ત્રાયસ્ત્રિંશક દેવ થયા છે ?) બાકીનું પૂર્વવત્ યાવત્ અવોચ્છિત્ત નયાર્થતાથી નિત્ય છે. એક ચ્યવે છે - બીજા ઉપજે છે.*

*ભગવન્ ! શું નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. એમ કેમ કહો છો યાવત્ ત્રાયસ્ત્રિંશક દેવો છે ? ગૌતમ ! ધરણેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ એ શાશ્વત નામ છે. જે કદી ન હતું એમ નહીં યાવત્ એક ચ્યવે છે - બીજા ઉપજે છે. - - આ રીતે ભૂતાનંદને યાવત્ મહાઘોષને પણ જાણવા. - - ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રને છે ? પ્રશ્ન. હા, છે. ભગવન્ એમ કેમ કહ્યું યાવત્ ત્રાયસ્ત્રિંશક દેવ છે ?*

*ગૌતમ ! એ પ્રમાણે - તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પલાશક નામે સંનિવેશ હતું - વર્ણન. તે પાલાશક સંનિવેશમાં (પરસ્પર) સહાયક ૩૩ ગાથાપતિ શ્રાવક જેમ ચમરના કહ્યા, તેમ રહેતા હતા. તે સહાયક ૩૩ ગાથાપતિ શ્રાવક પૂર્વે અને પછી પણ ઉગ્ર-ઉગ્રવિહારી, સંવિગ્ન-સંવિગ્ન વિહારી થઈને, ઘણાં વર્ષો શ્રાવક પર્યાય પાળીને માસિકી સંલેખનાથી આત્માને ઝોસિત કરીને ૩૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પામીને અમાસે કાળ કરીને યાવત્ ઉત્પન્ન થયા. - - ભગવન્ ! જ્યારથી આ પલાશિકા પરસ્પર સહાયક તેત્રીશ ગાથાપતિ શ્રાવક ઈત્યાદિ ચમર માફક જાણવું યાવત્ ઉપજે છે.*

ભગવન્ ! ઈશાનને, શક્ર માફક કહેવું. વિશેષ આ - ચંપા નગરીમાં યાવત્ ઉપજ્યા. ભગવન્ ! જ્યારથી ચંપિકા પરસ્પર સહાયક ૩૩-ગૃહપતિ ઈત્યાદિ પૂર્વવત્, યાવત્ બીજા ઉપજે છે.

ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની પૃચ્છા, હા, છે. એમ કેમ કહ્યું ? ધરણેન્દ્રની માફક જાણવું, એ રીતે યાવત્ પ્રાણતે, અચ્યુતે યાવત્ ઉપજે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

● વિવેચન-૪૮૭ :-

ત્રાયસ્ત્રિંશા એટલે મંત્રીરૂપ. ૩૩ એવા પરસ્પર સહાયકારી કુટુંબ નાયકો. ઉગ્ર-ભાવથી ઉદાત્ત. ઉગ્રવિહારી-સત્ અનુષ્ઠાનત્વથી ઉદાત્ત આચારવાળા. સંવિગ્ન-મોક્ષ પ્રતિ ચાલતા કે સંસારથી ડરેલા. સંવિગ્નવિહારી-જેને સંવિગ્ન અનુષ્ઠાન છે તે.

પાર્શ્વસ્થા-જ્ઞાનાદિથી બહિર્વર્તી. પાર્શ્વસ્થ વિહારી - સદાકાળ પાર્શ્વસ્થ સમ આચારવાળા. અવસન્ન-આળસથી અનુષ્ઠાનને અસમ્યક્ કરવાથી શ્રાંત-અવસન્ન. અવસન્નવિહારી - આ જન્મ શિથિલાચારી. કુશીલ-જ્ઞાનાદિ આચારને વિરાધનારા. કુશીલ વિહારી-આજન્મ જ્ઞાનાદિ આચારને વિરાધનારા. અહાછંદ-યથા કથંચિત્ આગમ પરતંત્રતાથી અભિપ્રાય-પ્રવચન અર્થોમાં બોધ જેઓનો છે તે. યથાછંદ વિહારી - આજન્મ યથા છંદ.

## ❀ શતક-૧૦, ઉદ્દેશો-૫-"દેવી" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૪-માં દેવ વક્તવ્યતા કહી, અહીં દેવી વ્યક્તવ્યતા.

● સૂત્ર-૪૮૮,૪૮૯ :-

[૪૮૮] તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર, ગુણશીલ ચૈત્ય હતું યાવત્ પર્ષદા પાછી ગઈ. - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના ઘણાં અંતેવાસી સ્થવિર ભગવંતો જાતિસંપન્ન હતા આઠમાં શતકના સાતમાં ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે યાવત્ વિચરતા હતા.

ત્યારે તે સ્થવિર ભગવંતોને શ્રદ્ધા યાવત્ શંકા જન્મી. ગૌતમસ્વામીની જેમ યાવત્ પર્યુપાસતા (ભગવંતને) આ પ્રમાણે પૂછ્યું —

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરને કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો ! પાંચ. — કાલી, રાજી, રજની, વિદ્યુત, મેઘા. તેમાં એક એક અગ્રમહિષીને આઠ-આઠ હજાર દેવીઓનો પરિવાર વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે બધી મળીને ૪૦ હજાર દેવીઓ છે, આ એક વર્ગ થયો.

ભગવન્! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમર, ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર સિંહાસન ઉપર બેસીને તે વર્ગ સાથે દિવ્ય ભોગો



ભોગવવાને સમર્થ છે? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો છો - x - ? હે આર્યો! અસુરેન્દ્ર ચમરની ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્ર મય ગોળ-વૃત્ત ડબ્બામાં જિનેશ્વરના ઘણાં અસ્થિઓ રાખેલા છે. જો કે અસુરેન્દ્ર ચમર, બીજા ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓને માટે અર્ચનીય, વંદનીય, નમસ્કારણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-મંગલ-ચૈત્ય-દેવરૂપ અને પર્યુપાસનીય છે. જિનઅસ્થિના પ્રણિધાનમાં (યાવત્-ભોગ ભોગવવા) સમર્થ નથી, તેથી હે આર્યો! એમ કહ્યું કે અસુરેન્દ્ર ચમર યાવત્ ચમરચંચામાં યાવત્ સમર્થ નથી. પણ હે આર્યો! અસુરેન્દ્ર ચમર, ચમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમરસિંહાસને બેસીને ૬૪૦૦૦ સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો યાવત્ બીજા ઘણાં અસુરકુમાર દેવ-દેવી સાથે પરિવરીને મહાનિનાદની સાથે યાવત્ ભોગ ભોગવતા વિચરવા સમર્થ છે. કેવળ પરિવાર ઋદ્ધિનો ઉપભોગ કરી શકે, પણ મૈથુનનિમિત્તક ભોગ ભોગવી ન શકે.

[૪૮૯] ભગવન્ ! અસુરેન્દ્ર, અસુરકુમાર રાજ ચમરના સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ કહી છે ? હે આર્યો ! ચાર. તે આ - કનકા, કનકલતા, ચિત્રગુપ્તા, વસુંધરા. તે પ્રત્યેક દેવીનો એક એક હજારનો પરિવાર છે. તે પ્રત્યેક દેવી, બીજી એક-એક હજાર દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. આ પ્રમાણે પૂર્વા-પર થઈને ૪૦૦૦ દેવી થાય. તે એક વર્ગ થયો.

ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો સોમ લોકપાલ સોમા રાજધાનીમાં સુધર્માસભામાં સોમ સીંહાસને બેસીને આ દેવીવર્ગ સાથે ભોગ ભોગવવા સમર્થ છે ? બાકીનું ચમરની જેમ જાણવું. વિશેષ આ - પરિવાર સૂર્યાભદેવની જેમ જાણવો. યાવત્ મૈથુનનિમિત્તક ભોગ ન ભોગવી શકે.

ભગવન્ ! ચમરેન્દ્રના યમ લોકપાલને કેટલી અગ્રમહિષી છે ? પૂર્વવત્. વિશેષ આ - રાજધાની યમા જાણવી. બાકીનું બધું સોમ લોકપાલ મુજબ છે. એ પ્રમાણે વરુણનું પણ જાણવું. રાજધાની વરુણા કહેવી. એ પ્રમાણે વૈશ્રમણને પણ જાણવો. રાજધાની વૈશ્રમણા કહેવી. બાકી બધું પૂર્વવત્. યાવત્ મૈથુન નિમિત્ત ભોગ ન ભોગવે.

ભગવન્ ! વૈરોચનેન્દ્ર બલીની પૃચ્છા. હે આર્યો ! પાંચ અગ્રમહિષીઓ છે. તે આ — શુંભા, નિશુંભા, રંભા, નિરંભા, મદના. તેમાં પ્રત્યેક દેવીનો આઠ-આઠ હજાર દેવીનો પરિવાર છે. બાકી ચમર મુજબ. વિશેષ આ — રાજધાની બલિચંચા છે. પરિવાર વર્ણન 'મોક' ઉદ્દેશક માફક જાણવું. બાકી પૂર્વવત્. યાવત્ મૈથુન નિમિત્તક ભોગ ન ભોગવે.

ભગવન્ ! બલીન્દ્રના સોમલોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર. — મેનકા, સુભદ્રા, વિજયા, અશની. તેમાં પ્રત્યેક દેવીનો પરિવાર

આદિ, ચમરેન્દ્રના સોમ લોકપાલની જેમ જાણવો. એ પ્રમાણે વૈશ્રમણ સુધી કહેવું.

ભગવન્! નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજ ધરણને કેટલી અગ્રમહિષીઓ છે? હે આર્યો! છ. – ઈલા, શુક્રા, સતારા, સૌદામિની, ઈન્દ્રા, ઘનવિદ્યુત્. તે પ્રત્યેક દેવીનો છ-છ હજાર દેવીનો પરિવાર છે. તે પ્રત્યેક દેવી બીજી છ-છ હજાર દેવીના પરિવારને વિકુર્વવો સમર્થ છે. એ પ્રમાણે પૂર્વા-પરથી ૩૬,૦૦૦ દેવી થઈ. તે આ દેવી વર્ગ છે. ભગવન્! ધરણ, સમર્થ છે? પૂર્વવત્. વિશેષ આ – ધરણા રાજધાનીમાં ધરણ સીહાસન ઉપર સ્વપરિવાર ઈત્યાદિ, બધું પૂર્વવત્ જાણવું.

ભગવન્ નાગકુમારેન્દ્ર ધરણના કાલપાલ લોકપાલને કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર. – અશોકા, વિમલા, સુપ્રભા, સુદર્શના. તે પ્રત્યેકને ઈત્યાદિ ચમરેન્દ્રના લોકપાલ માફક કહેવું એ પ્રમાણે બાકીના ત્રણ લોકપાલ માટે પણ જાણવું.

ભગવન્ ! ભૂતાનંદની પૃચ્છા. હે આર્યો ! છ અગ્રમહિષી છે – રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપકાવતી, રૂપકાંતા, રૂપપ્રભા. તે પ્રત્યેક દેવીનો ઈત્યાદિ ધરણેન્દ્ર માફક જાણવું. - - ભગવન્ ! ભૂતાનંદના નાગવિત્ત લોકપાલ વિશે પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષી છે – સુનંદા, સુભદ્રા, સુજાતા, સુમના. તેમાં પ્રત્યેક દેવીનો પરિવારાદિ ચમરના લોકપાલની માફક કહેવું. એ પ્રમાણે બાકીના ત્રણ લોકપાલમાં પણ જાણવું.

જે દક્ષિણ દિશાવર્તી ઈન્દ્રો છે, તેનું કથન ધરણેન્દ્ર સમાન, લોકપાલોનું કથન પણ ધરણેન્દ્રના લોકપાલની જેમ છે. ઉત્તરના ઈન્દ્રોનું કથન ભૂતાનંદ માફક, તેના લોકપાલો, ભૂતાનંદના લોકપાલવત્ છે. વિશેષ આ – બધાં ઈન્દ્રોની રાજધાનીઓ, સીંહાસનોના નામ ઈન્દ્રના નામની સદૃશ જાણવા. પરિવાર ત્રીજા શતકના પહેલાં ઉદ્દેશાવત્ છે. બધાંના લોકપાલોની રાજધાની, સીંહાસન લોકપાલના નામ મુજબ જાણવા, પરિવાર ચમરના લોકપાલ કાલની માફક જાણવો.

ભગવન્ ! પિશાચેન્દ્ર પિશાચરાજ કાલની કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો ! ચાર. તે આ – કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના. તેમાં પ્રત્યેક દેવીનો એક-એક હજાર દેવીનો પરિવાર છે બાકીનું ચમરના લોકપાલ માફક જાણવું. પરિવાર તેમજ છે. વિશેષ આ - કાલા રાજધાનીના કાલ સીંહાસન બાકી પૂર્વવત્. મહાકાળ પણ તેમજ છે.

ભગવન્ ! ભૂતેન્દ્ર ભૂતરાજ સુરૂપની કેટલી અગ્રમહિષી છે ? હે આર્યો ! ચાર. – રૂપવતી, બહુરૂપા, સુરુપા, સુભગા. તે પ્રત્યેકની દેવી ઈત્યાદિ બધું કાલની માફક જાણવું. એ રીતે પ્રતિરૂપની છે.



ભગવન્ ! પૂર્ણભદ્ર યક્ષેન્દ્રની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષીઓ છે – પૂર્ણા, બહુપુત્રિકા, ઉત્તમા, તારકા. તેની દેવી ઈત્યાદિ બધું કાળની માફક જાણવું. એ પ્રમાણે માણિભદ્ર પણ જાણવા.

ભગવન્ ! રાક્ષસેન્દ્ર ભીમની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષીઓ છે. – પદ્મા, પદ્માવતી, કનકા, રત્નપ્રભા. તેને પ્રત્યેકને દેવી આદિ બધું 'કાળ' માફક જાણવું. એ પ્રમાણે મહાભીમને પણ કહેવો.

ભગવન્ ! કિન્નરની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષી છે. અવતંસા, કેતુમતી, રતિસેના, રતિપ્રિયા. બાકી પૂર્વવત્. કિંપુરુષને તેમજ છે.

ભગવન્ ! સત્પુરુષની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષી છે – રોહિણી, નવમિકા, હ્રી, પુષ્પવતી. તે પ્રત્યેકનો દેવી પરિવારાદિ પૂર્વવત્ છે એ પ્રમાણે મહાપુરુષની પણ જાણવી.

ભગવન્ ! અતિકાયની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષી છે – ભુજંગા, ભુજંગવતી, મહાકચ્છા, સ્ફૂટા, બાકી પૂર્વવત્. મહાકાય તેમજ છે.

ભગવન્ ! ગીતરતીની પૃચ્છા. હે આર્યો ! ચાર, અગ્રમહિષી છે – સુઘોષા, વિમલા, સુસ્વરા, સરસ્વતી. તેનો દેવી પરિવાર ઈત્યાદિ પૂર્વવત્ એ પ્રમાણે ગીતયશસ્‌ની પણ જાણવી. - - આ બધાં 'કાળ' માફક જાણવા. વિશેષ આ - રાજધાની, સીંહાસન સદૃશ નામવાળા જાણવા. બાકી પૂર્વવત્.

ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્‌રાજ ચંદ્રની પૃચ્છા. હે આર્યો ! ચાર અગ્રમહિષી છે – ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા. એ પ્રમાણે જેમ જીવાભિગમમાં જ્યોતિષ્ક ઉદ્દેશામાં છે, તેમ કહેવું. - - સૂર્યની પણ સૂર્યપ્રભા, આતપાભા, અર્ચિમાલી, પ્રભંકરા અગ્રમહિષી છે. બાકી પૂર્વવત્. યાવત્ મૈથુનપ્રત્યયક ભોગ ભોગવી ન શકે.

ભગવન્ ! અંગાર મહાગ્રહની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર. - વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા. તે પ્રત્યેકની દેવી ઈત્યાદિ ચંદ્ર માફક જાણવું. વિશેષ આ - અંગારાવતંસક વિમાને અંગારક સીંહાસન છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વિકાલક પણ જાણવો. એ રીતે ૮૮ મહાગ્રહો ભાવકેતુ સુધી કહેવા. વિશેષ આ - અવતંસક, સીંહાસનો સદૃશનામવાળા છે. બાકી પૂર્વવત્.

ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્રની પૃચ્છા. હે આર્યો! આઠ અગ્રમહિષીઓ છે – પદ્મા, શિવા, શ્રેયા, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી. તે પ્રત્યેકને સોળ-સોળ હજારનો પરિવાર છે તે પ્રત્યેક દેવી બીજી ૧૬,૦૦૦ દેવીને વિકુર્વવા સમર્થ છે તે એક વર્ગ. ભગવન્! દેવેન્દ્ર શક્ર સૌધર્મ કલ્પમાં - સૌધર્માવતંસક વિમાનમાં સુધર્માસભામાં શક્ર સીંહાસન દેવી વર્ગ સાથે (ભોગ ભોગવવા સમર્થ છે?) બાકી બધું ચમરવત્. વિશેષ આ - પરિવાર

*મોકા ઉદ્દેશ મુજબ છે.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે ? હે આર્યો ! ચાર. — રોહિણી, મદના, ચિત્રા, સોમા. - x - બાકી બધું ચમરના લોકપાલ માફક જાણવું. વિશેષ આ - સ્વયંપ્રભ વિમાનમાં, સુધર્માસભામાં સોમ સીંહાસન ઉપર, બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વૈશ્રમણ. વિશેષ આ — વિમાનો, ત્રીજા શતક મુજબ.*

*ભગવન્! ઈશાનની પૃચ્છા. હે આર્યો! આઠ, અગ્રમહિષી છે — કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા, રામરક્ષિતા, વસૂ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા. તે પ્રત્યેકની દેવી આદિ શક્ર માફક જાણવી. ભગવન્! દેવેન્દ્ર ઈશાનના સોમ લોકપાલની કેટલી અગ્રમહિષીઓ છે? હે આર્યો! ચાર — પૃથ્વી, રાજી, રજની, વિદ્યુત્. - x - બાકી બધું શક્રના લોકપાલો મુજબ જાણવું. એ પ્રમાણે વરુણ પર્યન્ત જાણવું. વિશેષ આ - વિમાનો ચોથા શતક મુજબ કહેવા. બાકી બધું પૂર્વવત્. યાવત્ મૈથુનનિમિત્તક ભોગ ન ભોગવી શકે. ભગવંત! તે એમજ છે, એમ જ છે. - x -*

**● વિવેચન-૪૮૮,૪૮૯ :-**

તુડિય - વર્ગ. વજ્રમય ગોલક આકાર વૃત્ત સમુદ્ગકા. તેમાં જિનેશ્વરના અસ્થિ છે. ચંદનાદિ વડે અર્ચનીય, સ્તુતિ વડે વંદનીય, પ્રણામથી નમસ્કરણીય, પુષ્પોથી પૂજનીય, વસ્ત્રાદિ વડે સત્કારણીય, કલ્યાણ બુદ્ધિ વડે પ્રતિપત્તિ વિશેષથી સન્માનનીય અને પર્યુપાસનીય.

મહયાહય - અહીં યાવત્ કરણથી — નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘનમૃદંગાદિના રવથી દિવ્ય ભોગ ભોગોને (ભોગવતો) તેમાં મહત્ - મોટા આહત - અચ્છિન્ન આખ્યાનક સંબદ્ધ, અથવા જે નાટ્ય, ગીત, વાજિંત્રાદિ, તેમાં તંત્રી, તલ, તાલનો અવાજ. ઘનમૃદંગનો - મેઘ સમાન ધ્વનિ માર્દલનો કુશળ પુરુષ દ્વારા વગાડાયેલ જે રવ (અવાજ). તથા તે ભોગ ભોગવવાને સમર્થ છે. તેમાં વિશેષ કહે છે — કેવલ, વિશેષ પરિવાર-પરિચારણા, તે અહીં સ્ત્રીના શબ્દ શ્રવણ, રૂપ દર્શનાદિરૂપ છે, તે જ ઋદ્ધિ, તે પરિવાર ઋદ્ધિ અથવા સ્ત્રી આદિ પરિજન પરિચારણા માત્ર. માત્ર મૈથુન ભોગ ભોગવી ન શકે.

પરિવાર - 'મોક' ઉદ્દેશક મુજબ — ત્રીજા શતકનો પહેલો ઉદ્દેશો.

સઓ પરિવારો - ધરણનો પોતાનો પરિવાર કહેવો. તે આ છે — ૬૦૦૦ સામાનિક, ૩૩-ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, છ અગ્રમહિષી. સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં નાગકુમાર દેવ-દેવી સાથે પરિવરીને. એ પ્રમાણે જીવાભિગમ મુજબ, તેના વડે જે સૂચવ્યું, તે આ છે — ત્યાં પ્રત્યેક દેવીનો ચાર-ચાર હજારનો દેવી પરિવાર છે. તે પ્રત્યેક દેવી બીજી ચાર-ચાર હજાર દેવીનો પરિવાર વિકુર્વવા સમર્થ છે. એ રીતે પૂર્વા-પર ૧૬,૦૦૦ દેવી કહી છે.



તે આ ત્રુટિત. એ પ્રમાણે ૮૮ મહાગ્રહો કહેવા. બંને વક્તવ્યતા કહી જ છે. બાકીના તો લોહિતાક્ષ, શનૈશ્ચર, ધુણિક, પ્રાધુણિકાદિ કહેવા.

વિમાનો જેમ તૃતીય શતકમાં છે. તેમાં સોમના કહેલા જ છે. યમ-વરુણ-વૈશ્રમણનું ક્રમથી વરશૃષ્ટ, સ્વયંજલ, વલ્ગુ વિમાન છે. જેમ ચોથા શતક મુજબ-ક્રમથી તે ઈશાન લોકપાલોના આ નામો છે. સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ, સુવલ્ગુ.

## ❁ શતક-૧૦, ઉદ્દેશો-૬-"સભા" ❁

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં દેવ વક્તવ્યતા કહી, અહીં દેવાશ્રય વિશેષ —

**● સૂત્ર-૪૯૦ થી ૪૯૨ :-**

*[૪૯૦] ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની સુધર્માસભા ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે, આ જ રત્નપ્રભાથી એ પ્રમાણે રાયપ્પસેણઈય મુજબ યાવત્ પાંચ અવતંસકો છે — અશોકાવતંસક યાવત્ મધ્યમાં સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાન લંબાઈ-પહોળાઈમાં સાડા બાર લાખ યોજન છે.*

*[૪૯૧] એ પ્રમાણે જેમ સૂર્યાભમાં છે, તેમ માન, તેમજ ઉપપાત, શક્રનો અભિષેક તે મુજબ જ સૂર્યાભ મુજબ કહેવું.*

*[૪૯૨] અલંકાર, અર્ચનિકા તેમજ યાવત્ આત્મરક્ષક, બે સાગરોપમ સ્થિતિ. ભગવન્ ! શક્રેન્દ્ર કેવી મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્યવાળો છે ? ગૌતમ ! તેને ૩૨ લાખ વિમાનાવાસ છે યાવત્ વિચરે છે. આવી મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્યવાળો શક્રેન્દ્ર છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૪૯૦ થી ૪૯૨ :-**

'રાયપ્પસેણઈય' મુજબ૰ ઈત્યાદિથી આ પ્રમાણે - પૃથ્વીના બહુ સમ રમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારા, ઘણાં યોજનો, ઘણા સો યોજનો એ પ્રમાણે હજાર, લાખ, ક્રોડ યોજનો ઉંચે ગયા પછી આવેલ છે - - અશોકાવતંસક, અહીં યાવત્ શબ્દથી સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક, જાણવું.

एवं जह सूरियाभो૰ અતિ દેશ ગાથા વડે કહે છે — આ ક્રમથી જેમ રાજપ્રશ્નીય ઉપાંગમાં સૂર્યાભ વિમાનનું પ્રમાણ કહ્યું, તેમજ અહીં કહેવું. જે રીતે સૂર્યાભ દેવનો દેવપણે ત્યાં ઉપપાત કહ્યો, તેમજ શક્રનો ઉપપાત કહેવો. ત્યાં આયામ-વિષ્કંભ સંબંધી પ્રમાણ કહ્યું, બાકી આ પ્રમાણે — ૩૯,૫૨,૮૪૮ યોજન પરિધિ છે. - - ઉપપાત આ પ્રમાણે — તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર હમણાં જ ઉત્પન્ન થઈને, પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તિ ભાવ પામ્યો. તે પર્યાપ્તિ-આહાર પર્યાપ્તિ આદિ-પાંચ છે. ઈત્યાદિ.

અભિષેક-આ રીતે. ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર અભિષેક સભામાં ગયો. જઈને અભિષેક સભાને પ્રદક્ષિણા કરતો પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ્યો. સીંહાસન પાસે ગયો. સીંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો. ત્યારે તે શક્રના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવોએ આભિયોગિક દેવોને બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલ્દીથી શક્રેન્દ્રનો મહાર્થ, મહાર્હ, વિપુલ ઈન્દ્રાભિષેક ઉપસ્થાપિત કરો. ઈત્યાદિ. - - અલંકાર, અર્ચનિકા તે પ્રમાણે જ જાણવા, જેમ સૂર્યાભમાં કહ્યા છે – તેમાં અલંકાર વર્ણન આ પ્રમાણે–

ત્યારે તે દેવેન્દ્ર શક્રે સૌ પ્રથમ અતિ સૂક્ષ્મ, સુગંધી, ગંધ કાષાયિક વસ્ત્રથી શરીર લુંછ્યું. પછી સરસ ગોશીર્ષ ચંદનથી શરીરને લીંપન કર્યુ. નાકના શ્વાસથી ઉડી જાય તેવું બારીક, ચક્ષુહર, વર્ણ-સ્પર્શ યુક્ત, ઘોડાની લાળ જેવું પાતળું, શ્વેત, સુવર્ણનાતાર યુક્ત કિનારીવાળું, આકાશ-સ્ફટિક સમાન પ્રભાવાળું, દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેર્યુ. હાર ઈત્યાદિ.

અર્ચનિકા-કંઈક આ રીતે. પછી તે શક્ર સિદ્ધાયતનના પૂર્વ દ્વારેથી પ્રવેશ્યો. દેવછંદકમાં જ્યાં જિનપ્રતિમા હતી, ત્યાં આવ્યો, આવીને જિનપ્રતિમાને જોઈને પ્રણામ કર્યા, લોમહસ્તક વડે જિનપ્રતિમા પ્રમાર્જી, સુગંધી ગંધોદક વડે સ્નાન કરાવ્યું. - x - અર્ચનિકા પછી ગ્રન્થને વાંચ્યો. यावत् आत्मरक्ष - કંઈક કહે છે. ત્યારપછી તે શક્રેન્દ્ર સુધર્માસભામાં આવ્યો, આવીને સીંહાસને પૂર્વાભિમુખ બેઠો. પછી તે શક્રેન્દ્રની પશ્ચિમ-ઉત્તર, ઉત્તર-પૂર્વમાં ૮૪,૦૦૦ સામાનિકો બેઠા. પૂર્વમાં આઠ અગ્રમહિષી, પૂર્વ-દક્ષિણમાં અભ્યંતર પર્ષદાની ૧૨,૦૦૦ દેવીઓ બેઠી. દક્ષિણમાં મધ્યમ પર્ષદાની ૧૪,૦૦૦ દેવીઓ બેઠી, દક્ષિણ-પશ્ચિમમાં બાહ્ય પર્ષદાની ૧૬,૦૦૦ દેવી બેઠી. પશ્ચિમમાં સાત સેનાધિપતિ બેઠા. ત્યારે તે શક્રની ચારે દિશામાં ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો બેઠા. ઈત્યાદિ. - - केमहिड्ढीए - ઈત્યાદિમાં કેવી મહાદ્યુતિ, કેવો મહાનુભાગ, કેવો મહાયશ, કેવું મહાબલ? એમ પાઠ જાણવો.

૩૨ લાખ વિમાનો. અહીં યાવત્‌થી આ પ્રમાણે જાણવું - ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩ ત્રાયસ્ત્રિંશકો, આઠ અગ્રમહિષી યાવત્ બીજા પણ અનેક દેવ-દેવીનું આધિપત્ય યાવત્ કરતો, પાલન કરતો.

## ❀શતક-૧૦, ઉદ્દેશા-૭ થી ૩૪-અંતર્દ્વીપો ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૬-માં સુધર્માસભા કહી. તે આશ્રય છે. આશ્રય અધિકારથી આશ્રયવિશેષ અંતરદ્વીપ નામે મેરુના ઉત્તર દિશાવર્તી શિખરી પર્વતની દાઢામાં રહેલ, લવણસમુદ્ર અંતર્વર્તી-૨૮ દ્વીપો–





● **સૂત્ર-૪૯૩ :-**

***ભગવન્ ! ઉત્તર દિશાવર્તી એકોરુક મનુષ્યોનો એકોરૂપ દ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? જેમ જીવાભિગમમાં કહ્યું તેમ સંપૂર્ણ કહેવું. યાવત્ શુદ્ધદંતદ્વીપ. આ ૨૮ ઉદ્દેશા કહેવા. ભગવન્ ! તે એમ જ છે.***

● **વિવેચન-૪૯૩ :-**

જીવાભિગમ મુજબ - પૂર્વોક્ત દક્ષિણના અંતર્દ્વીપના કથન અનુસાર જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૦નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x -- x -- x --

## 卐 શતક-૧૧ 卐
-- x -- x --

૦ દશમા શતકની વ્યાખ્યા કરી, હવે અગિયારમાની કરીએ છીએ. શતક-૧૦ને અંતે અંતર્દ્વીપો કહ્યા. તેમાં વનસ્પતિની બહુલતા છે. તેથી વનસ્પતિ વિશેષ આદિ પદાર્થના સ્વરૂપના પ્રતિપાદન માટે કહે છે –

● સૂત્ર-૪૯૪ :-

*ઉત્પલ, શાલૂક, પલાશ, કુંભી, નાડીક, પદ્મ, કર્ણિકા, નલિન, શિવરાજર્ષિ, લોક, કાલ, આલભિક એ ૧૨ ઉદ્દેશા આ શતકમાં છે.*

● વિવેચન-૪૯૪ :-

(૧) ઉત્પલાર્થે પહેલો ઉદ્દેશો, (૨) ઉત્પલકંદ, તદર્થે. (૩) પલાશકિંશુક, તદર્થે. (૪) કુંભી-વનસ્પતિ વિશેષ, (૫) જેના ફળ નાડી જેવા છે તે નાડીક-વનસ્પતિ વિશેષ, (૬) પદ્મ અર્થે, (૭) કર્ણિકાર્થે, (૮) નલિનાર્થે, (૯) શિવરાજર્ષિ વક્તવ્યતાર્થે, (૧૦) લોકાર્થે, (૧૧) કાલાર્થે, (૧૨) આલભિકા નગરીમાં જે પ્રરૂપેલ, તેનો પ્રતિપાદક ઉદ્દેશક પણ આલભિક કહેવાય છે.

## ❁ શતક-૧૧, ઉદ્દેશો-૧-"ઉત્પલ" ❁
-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૪૯૫ થી ૪૯૮ :-

*(દ્વારગાથા) - [૪૯૫] ઉપપાત, પરિમાણ, અપહાર, ઉંચાઈ, બંધ, વેદ, ઉદય, ઉદીરણા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન... [૪૯૬] ...યોગ, ઉપયોગ, વર્ણ, રસાદિ, ઉચ્છ્વાસ, આહાર, વિરતિ, ક્રિયા, બંધ, સંજ્ઞા, કષાય, સ્ત્રી, બંધ... [૪૯૭] ... સંજ્ઞી, ઈન્દ્રિય, અનુબંધ, સંવેધ, આહાર, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, મૂલાદિમાં સર્વ જીવોનો ઉપપાત.*

*[૪૯૮] તે કાળે, તે સમયે, રાજગૃહે યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું – (૧) ભગવન્ ! એક પત્રવાળું ઉત્પલ એક જીવ છે કે અનેક જીવ ? ગૌતમ ! એક જીવ છે, અનેક જીવ નથી. તેમાં જે બીજા જીવો ઉત્પન્ન થાય પછી તે એક જીવવાળું નથી, પણ અનેક જીવવાળું થાય છે.*

*ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નૈરયિકથી, તિર્યંચથી, મનુષ્યથી કે દેવોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિકથી આવીને ઉપજતા નથી, તિર્યંચયોનિકમાં, મનુષ્ય અને દેવમાંથી આવીને ઉપજે છે. એ પ્રમાણે ઉપપાત કહેવો; જેમ "વ્યુત્ક્રાંતિ પદ"માં કહ્યું છે, વનસ્પતિકાયિક યાવત્ ઈશાન કલ્પ સુધીના જીવોનો ઉપપાત કહેવો.*

*(૨) ભગવન્ ! તેમાં જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય ? ગૌતમ !*



*જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત.*

*(૩) ભગવન્ ! તે જીવો સમયે સમયે કઢાતા-કઢાતા કેટલો કાળ થાય ? ગૌતમ ! અસંખ્ય જીવો સમયે સમયે કઢાતા અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી કાઢે તો પણ પુરા ખાલી થતા નથી.*

*(૪) ભગવન્ ! તે જીવો શરીરની અવગાહનાથી કેટલા મોટા કહ્યા છે ? ગૌતમ ! તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટે સાતિરેક ૧૦૦૦ યોજન.*

*(૫) ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક ? ગૌતમ ! અબંધક નથી. બંધક કે બંધકો છે. એ પ્રમાણે અંતરાય સુધી. વિશેષ આ - આયુકર્મની પૃચ્છા. ગૌતમ ! બંધક કે અબંધક, બંધકો કે અબંધકો અથવા બંધક અને અબંધક અથવા બંધક અને અબંધકો અથવા બંધકો અને અબંધક અથવા બંધકો અને અબંધકો. આ આઠ ભંગ છે.*

*(૬) ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના વેદક કે અવેદક ? ગૌતમ ! અવેદક નથી, વેદક છે અથવા વેદકો છે, યાવત્ અંતરાયકર્મ. ભગવન્ ! તે જીવો સાતાવેદક છે કે અસાતાવેદક ? ગૌતમ ! સાતાવેદક કે અશાતાવેદક હોય ઈત્યાદિ આઠ ભંગ (બંધકવત્) જાણવા.*

*(૭) ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા છે કે અનુદયવાળા ? ગૌતમ ! અનુદયવાળા નથી, ઉદયવાળો કે ઉદયવાળા છે. એ પ્રમાણે યાવત્ અંતરાયકર્મ, જાણવું.*

*(૮) ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદીરક છે ? ગૌતમ ! અનુદીરક નથી, ઉદીરક કે ઉદીરકો છે. એ રીતે યાવત્ અંતરાય. વિશેષ એ કે – વેદનીયના આઠ ભંગો કહેવા.*

*(૯) ભગવન્ ! તે જીવો, કૃષ્ણલેશ્યા કે યાવત્ તેજોલેશ્યાવાળા છે ? ગૌતમ ! કૃષ્ણલેશ્યક યાવત્ તેજોલેશ્યક અથવા અનેક જીવો કૃષ્ણલેશ્યા કે યાવત્ તેજોલેશ્યાવાળા છે, અથવા એક કૃષ્ણલેશ્યા અને એક નીલલેશ્યાવાળો છે. આ પ્રમાણે દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુષ્કસંયોગી, એ બધાં મળીને ૮૦ ભંગો થાય.*

*(૧૦) ભગવન્ ! તે જીવો સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તે સમ્યક્ કે સમ્યક્મિથ્યાદૃષ્ટિ નથી, પણ મિથ્યાદૃષ્ટિ જ છે.*

*(૧૧) ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? ગૌતમ ! જ્ઞાની નથી, અજ્ઞાની કે અજ્ઞાનીઓ છે.*

*(૧૨) ભગવન્ ! તે જીવો મનોયોગી છે, વચનયોગી છે કે કાયયોગી ? ગૌતમ ! મનયોગી કે વચનયોગી નથી, કાયયોગી, કાયયોગીઓ છે.*

*(૧૩) ભગવન્ ! તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? સાકારોપયુક્ત કે અનાકારોપયુક્ત આઠ ભંગો છે.*

*(૧૪,૧૫) ભગવન્ ! તે જીવોના શરીરો કેટલાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા કહ્યા છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળા હોય, જીવ સ્વયં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે.*

*(૧૬) ભગવન્ ! તે જીવો ઉચ્છ્વાસ નિઃશ્વાસ યુક્ત છે કે ઉચ્છ્વાસનિઃશ્વાસ રહિત છે ? ગૌતમ ! ૧-ઉચ્છ્વાસક, ૨-નિઃશ્વાસક, ૩-ઉચ્છ્વાસનિઃશ્વાસરહિત, ૪-ઉચ્છ્વાસકો, ૫-નિઃશ્વાસકો, ૬-ઉચ્છ્વાસકો નિઃશ્વાસકો, - અથવા - ઉચ્છ્વાસક અને નિઃશ્વાસક-ચાર ભંગ, અથવા ઉચ્છ્વાસ - અથવા - ઉચ્છ્વાસક અને અનુચ્છ્વાસકનિઃશ્વાસક-ચાર ભંગ, અથવા - નિઃશ્વાસક અને અનુચ્છ્વાસક-નિઃશ્વાસક ચાર ભંગ, અથવા ઉચ્છ્વાસક અને નિઃશ્વાસક અને અનુચ્છ્વાસક-નિઃશ્વાસક-આઠ ભંગ.*

*(૧૭) તે જીવો ભગવન્ ! આહારક છે કે અનાહારક ? ગૌતમ ! અણાહારક નથી. આહારક કે અણાહારક એ પ્રમાણે આઠ ભંગો છે.*

*(૧૮) ભગવન્ ! તે જીવો વિરત છે, અવિરત છે, વિરતાવિરત છે ? ગૌતમ ! વિરત કે વિરતાવિરત નથી, અવિરત કે અવિરતો છે.*

*(૧૯) ભગવન્ ! તે જીવો સ-ક્રિય છે કે અ-ક્રિય ? ગૌતમ ! તેઓ અ-ક્રિય નથી, સ-ક્રિય કે સક્રિયો છે.*

*(૨૦) ભગવન્ ! તે જીવો સપ્તવિધબંધક છે કે અષ્ટવિધબંધક ? ગૌતમ ! સપ્તવિધબંધક કે અષ્ટવિધબંધકાદિ આઠ ભંગ.*

*(૨૧) ભગવન્ ! તે જીવો આહારસંજ્ઞોયુક્ત છે કે ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! આહારસંજ્ઞોપયુક્તાદિ ૮૦ ભંગ.*

*(૨૨) ભગવન્ ! તે જીવો ક્રોધકષાયી છે, માનકષાયી છે, માયાકષાયી છે કે લોભકષાયી ? ગૌતમ ! (ક્રોધકષાયી આદિ) ૮૦ ભંગ.*

*(૨૩) ભગવન્ ! તે જીવો સ્ત્રી-પુરુષ કે નપુંસકવેદક છે ? ગૌતમ ! સ્ત્રી કે પુરુષવેદક નથી. નપુંસકવેદક કે નપુંસકવેદકો છે.*

*(૨૪) ભગવન્ ! તે જીવો સ્ત્રીવેદ-પુરુષવેદ કે - નપુંસક વેદ બંધક છે ? ગૌતમ ! સ્ત્રી-પુરુષ-નપુંસક વેદ બંધકના ૨૬ ભંગ.*

*(૨૫) ભગવન્ ! તે જીવો સંજ્ઞી કે અસંજ્ઞી ? ગૌતમ ! તે સંજ્ઞી નથી, અસંજ્ઞી કે અસંજ્ઞીઓ છે.*

*(૨૬) ભગવન્ ! તે જીવો સ-ઈન્દ્રિય છે કે અનિન્દ્રિય ? ગૌતમ ! અનિન્દ્રિય નથી, સ-ઈન્દ્રિય કે સ-ઈન્દ્રિયો છે.*

*(૨૭) ભગવન્ ! તે ઉત્પલ જીવ, કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ.*

*(૨૮) ભગવન્ ! તે ઉત્પલ જીવ, પૃથ્વીજીવમાં જઈ ફરી ઉત્પલજીવ કેટલા કાળે થાય ? કેટલા કાળે ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશે જઘન્યથી બે*



*ભવગ્રહણ કરે, ઉત્કૃષ્ટથી અસંખ્ય ભવગ્રહણ કરે. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત-ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, આટલો કાળ રહે, આટલો કાળ ગતિ-આગતિ કરે. - - ભગવન્ ! તે ઉત્પલ જીવ અપ્કાય જીવ થઈને એ પ્રમાણે પૃથ્વી જીવમાં કહ્યા મુજબ કહેવું, યાવત્ વાયુજીવમાં પણ કહેવું. ભગવન્ ! તે ઉત્પલ જીવ, વનસ્પતિ જીવરૂપે થઈ, ફરી ઉત્પલ જીવરૂપે કેટલો કાળ રહે, કેટલા કાળે ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્ય બે ભવ ગ્રહણ-ઉત્કૃષ્ટ અનંત ભવગ્રહણ. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ-તરુકાળ. આટલો કાળ રહે, આટલા કાળે ગતિ-આગતિ કરે છે.*

*ભગવન્ ! તે ઉત્પલ જીવ, બેઈન્દ્રિય જીવમાં જઈ ફરી ઉત્પલ જીવ રૂપે કેટલો કાળ રહે ? કેટલો કાળ ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્યે બે ભવ ગ્રહણ, ઉત્કૃષ્ટે સંખ્યાત-ભવગ્રહણ, કાલ આદેશથી જઘન્યે બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટે સંખ્યાતકાળ. આટલો કાળ રહે, આટલો કાળ ગતિ-આગતિ કરે. એ પ્રમાણે તેઈન્દ્રિય જીવ, ચતુરિન્દ્રિય જીવમાં જાણવું. ભગવન્ ! ઉત્પલજીવ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકમાં જઈને ફરી ઉત્પલજીવમાં ? પૃચ્છા. ગૌતમ ! ભવાદેશથી જઘન્યે બે ભવગ્રહણ, ઉત્કૃષ્ટે આઠ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યે બે અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટે પૂર્વકોડિ પૃથકત્વ, આટલો કાળ રહે, આટલો કાળ ગતિ-આગતિ કરે. એ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું યાવત્ આટલો કાળ ગતિ આગતિ કરે.*

*(૨૯) ભગવન્ ! તે જીવો શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક દ્રવ્યોને, એ પ્રમાણે જેમ આહારોદ્દેશકમાં વનસ્પતિકાયિકનો આહાર કહ્યો તેમજ યાવત્ સર્વાત્મના આહાર કરે છે. વિશેષ-નિયમા છ દિશાથી આહાર કરે. બાકી પૂર્વવત્.*

*(૩૦) ભગવન્ ! તે જીવોની કેટલી કાલ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ.*

*(૩૧) ભગવન્ ! તે જીવ ઉદ્વર્તીને તુરંત ક્યાં જાય છે, ક્યાં ઉત્પન્ન થાય છે ? તેઓ શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે તિર્યંચયોનિકમાં આદિ ? એ પ્રમાણે જેમ "વ્યુત્ક્રાંતિ"માં ઉદ્વર્તનામાં વનસ્પતિકાયિક માફક કહેવું. - - - ભગવન્ ! હવે (પ્રશ્ન છે કે —) સર્વે પ્રાણો-ભૂતો-જીવો-સત્વો શું ઉત્પલના મૂળ-કંદ-નાળ-પત્ર-કેસર-કર્ણિકા-સ્તિબુકના રૂપમાં પૂર્વે ઉત્પન્ન થયા છે ? ગૌતમ ! અનેકવાર કે અનંતવાર થયા છે. ભગવન્ ! તે એમજ છે, એમજ છે.*

**● વિવેચન-૪૯૫ થી ૪૯૮ :-**

તેમાં પહેલાં ઉદ્દેશકમાં દ્વાર સંગ્રહગાથા વાચનાંતરમાં દેખાય છે, તે અહીં નોંધી છે. આ ગાથાના અર્થો ઉદ્દેશકાર્ય વડે જાણવા.

ઉત્પલ-નીલોત્પલાદિ એક પાન છે જેમાં તે એકપત્રક, અથવા એક એવું તે પત્ર તે એકપત્ર, એક પત્રકપણું અહીં કિશલયાવસ્થાની ઉપર કહેવું. જ્યારે એક

પત્રાવસ્થા હોય, ત્યારે એક જીવ હોય, જ્યારે તેમાં બીજું આદિ પત્રનો તે આરંભ કરે છે, ત્યારે એક પત્રાવસ્થા હોતી નથી, તેથી ઘણાં જીવો તેમાં ઉત્પન્ન થાય છે, તેથી સૂત્રમાં પણ કહ્યું છે કે — પહેલાં પાંદડા પછી, તે પાંદડા સિવાયના જે બીજા જીવો, જીવાશ્રયત્વથી પત્ર આદિ જે બીજા અવયવો ઉત્પન્ન થાય છે, તે એક જીવાશ્રય નથી, પણ અનેક જીવાશ્રયી છે અથવા એક પાંદડા પછી બાકીના પાંદડાઓમાં જે બીજા જીવો ઉત્પન્ન થાય છે, તે એક જીવા નહીં પણ અનેક જીવા છે.

જે ઉત્પલ પ્રથમ પત્રાદિ અવસ્થામાં ઉત્પન્ન થાય છે, તેનો પ્રજ્ઞાપનાના છટ્ઠા 'વ્યુત્ક્રાંતિ' પદમાં છે. તે ઉપપાત આ રીતે - જો તિર્યંચ યોનિકોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકમાં ? ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં પણ ઉત્પન્ન થાય ઈત્યાદિ. એ રીતે મનુષ્યના ભેદો કહેવા. જે દેવમાં ઉત્પન્ન થાય તો શું ભવનવાસીમાં ઈત્યાદિ પ્રશ્નો - ઈશાનાંત દેવોમાં પણ ઉત્પન્ન થાય. આમ ઉપપાત કહ્યો.

જઘન્યથી એક અથવા૦ ઈત્યાદિથી પરિમાણ કહ્યું. - - તે અસંખ્યાતા સમયે ઈત્યાદિ વડે અપહાર કહ્યો. આ રીતે દ્વાર યોજના કરવી. ઉચ્ચત્વ દ્વારમાં સાતિરેક ૧૦૦૦ યોજન, તથાવિધ સમુદ્ર ગોતીર્થ આદિમાં આ ઉચ્ચત્વ ઉત્પલનું જાણવું.

બંધ દ્વારમાં ''બંધક કે બંધકો'' તે એક પત્રાવસ્થામાં બંધક એકત્વથી, બે વગેરે પત્રાવસ્થામાં, બહુત્વથી 'બંધકો' કહ્યું. એમ બધાં કર્મોમાં, આયુષ્યમાં તેની અબંધાવસ્થા પણ હોય, તે અપેક્ષાએ અબંધક અને અબંધકો પણ થાય. અહીં બંધક-અબંધક પદના એકત્વ યોગમાં એકવચનથી બે વિકલ્પો, બહુવચનથી પણ બે, દ્વિકયોગમાં યથાયોગે એકત્વ-બહુત્વ વડે ચાર ભંગ, એ રીતે આઠ વિકલ્પા થાય.

વેદન દ્વારમાં - જીવો જ્ઞાનાવરણીય કર્મના વેદક કે અવેદક ? અહીં પણ એકપત્રતામાં એક વચનાંતતા, અન્યત્ર બહુવચનાંતતા. એ પ્રમાણે અંતરાયકર્મ સુધી કહેવું. વેદનીયમાં શાતા-અશાતા વડે પૂર્વવત્ આઠ ભંગો છે. અહીં બધે જ પ્રથમ પત્ર અપેક્ષાએ એક વચનાંતતા, તેની પછી બહુવચનાંતતા. વેદન અનુક્રમે ઉદિત-ઉદીરણા-ઉદીરિત કર્મનો અનુભવ. ઉદયનો અનુક્રમ ઉદિતનો જ છે, તેથી વેદકત્વ પ્રરૂપણા હોવા છતાં પણ ભેદ વડે ઉદયિત્વ પ્રરૂપણા છે. ઉદીરણા દ્વારે તે અવસ્થામાં તેનું અનુદીરકત્વનો અસંભવ હોવાથી સૂત્રમાં नो अणुदीरग કહ્યું.

વેદનીયમાં સાતા-અસાતા અપેક્ષાથી, આયુમાં ઉદીરકત્વ અનુદીરકત્વ અપેક્ષાએ આઠ ભંગ છે. કદાચિત્ આયુષ્યની ઉદીરણા થાય.

લેશ્યા દ્વારે ૮૦ ભંગો. કઈ રીતે ? એક યોગમાં એકવચનમાં ચાર, બહુવચનથી પણ ચાર જ. દ્વિકયોગે યથાયોગ એકવચન-બહુવચન વડે ચતુર્ભંગી, ચાર પદોના છ દ્વિકયોગો, તે ચારગુણાથી ૨૪ વિકલ્પ. ત્રિકયોગે ત્રણ પદોના આઠ ભંગ, ચાર પદોના ચાર ત્રિક સંયોગો, આઠ વડે ગુણતા-૩૨ ભંગ. ચતુષ્ક સંયોગમાં ૧૬-ભંગો.



બધાં મળીને-૮૦.

વર્ણાદિ દ્વારમાં - શરીરોના પાંચ વર્ણો છે, પણ ઉત્પલ જીવો, જીવરૂપે વર્ણાદિ વર્જિત છે, કેમકે અમૂર્તત્વથી વર્ણન હોય.

ઉચ્છ્વાસક દ્વારમાં અપર્યાપ્તાવસ્થામાં ઉચ્છ્વાસ નિઃશ્વાસ નથી. અહીં ૨૬ ભંગો. કઈ રીતે ? એક યોગમાં એક વચનાંત ત્રણ, બહુવચનાંત પણ ત્રણ. દ્વિકયોગે યથાયોગથી એકત્વ-બહુત્વથી ત્રણ ચતુર્ભંગી એટલે બાર, ત્રિકયોગમાં આઠ. એ રીતે ૨૬-ભંગો થાય.

આહારક દ્વારમાં 'આહારક કે અનાહારક' વિગ્રહ ગતિમાં અનાહારક, બાકી આહારક. તેમાં આઠ ભંગો પૂર્વવત્.

સંજ્ઞા, કષાયદ્વારમાં ૮૦ ભંગો લેશ્યાદ્વાર વત્ કહેવા.

से णं भंते० આદિથી ઉત્પલત્વ સ્થિતિ, અનુબંધ, પર્યાયપણે કહ્યું. - - से णं भंते - ઈત્યાદિ વડે સંવેધ સ્થિતિ કહી. તેમાં ભવાદેશ એટલે ભવને આશ્રીને અર્થ થાય. જઘન્યથી બે ભવગ્રહણ કરીને - એક પૃથ્વીકાયિકત્વમાં, બીજો ઉત્પલત્વમાં, પછી મનુષ્યાદિ ગતિમાં જાય. કાલાદેશથી જઘન્યે બે અંતર્મુહૂર્ત૦ પૃથ્વીપણે અંતર્મુહૂર્ત, ફરી ઉત્પલપણે અંતર્મુહૂર્તમાં, એ રીતે કાલાદેશથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત. એ રીતે દ્વીન્દ્રિયાદિમાં પણ જાણવું. ઉત્કૃષ્ટથી આઠ ભવગ્રહણ - ચાર પંચેન્દ્રિય તિર્યંચમાં અને ચાર ઉત્પલના, એ રીતે આઠ ભવ ગ્રહણ જાણવા. ઉત્કૃષ્ટે પૂર્વ કોડી પૃથક્ત્વ-ચાર પંચેન્દ્રિય તિર્યંચ્ ભવગ્રહણમાં ચાર પૂર્વકોટી, ઉત્કૃષ્ટ કાળના વિવક્ષિતત્વથી ઉત્પલ કાયથી ચ્યવી જીવ યોગ્ય ઉત્કૃષ્ટ પંચેન્દ્રિય તિર્યંચ સ્થિતિના ગ્રહણથી, ઉત્પલનું જીવિત, આનાથી અધિક છે, એ રીતે ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથકત્વ થાય.

એ પ્રમાણે આહાર ઉદ્દેશક મુજબ વનસ્પતિકાયિકાદિ. આ વાક્યથી આ અતિદેશ છે - ક્ષેત્રથી, અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી કોઈપણ કાળસ્થિતિ, ભાવથી વર્ણવાળા આદિ. સર્વાત્મના નિયમા છ દિશામાંથી - પૃથ્વીકાયિકાદિ સૂક્ષ્મતાથી નિષ્કુટગતત્વથી હોય, તેથી ત્રણ, ચાર ઈત્યાદિ દિશામાંથી આહાર કરે, ઉત્પલ જીવો બાદરત્વથી તથાવિધ નિષ્કુટોના અભાવ નિયમા છ દિશામાંથી આહાર કરે.

'વ્યુત્ક્રાંતિ' એ પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ છે. ત્યાં ઉદ્વર્તના અધિકારમાં આ સૂત્ર છે - - x - ગૌતમ ! નૈરયિક કે દેવમાં ઉત્પન્ન થતો નથી, તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.

ઉત્પલ કેશરત્તા-અહીં કેસર એટલે કર્ણિકાની ફરતો અવયવ, અહીં કર્ણિકા એટલે બીજકોશ, સ્તિબુક જેમાંથી પાંદડા ફૂટે છે.

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૨-''શાલૂક'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૪૯૯ :-**

*ભગવન્ ! એકપત્રક શાલૂક એક જીવવાળું છે કે અનેક જીવવાળું ? ગૌતમ ! એક જીવવાળું છે, એ પ્રમાણે ઉત્પલ ઉદ્દેશક વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. યાવત્ અનંતવાર. વિશેષ આ - શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથકત્વ. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૩-''પલાશ'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૦ :-**

*ભગવન્ ! એકપત્રક પલાશ એકજીવક છે કે અનેકજીવક ? અહીં ઉત્પલ-ઉદ્દેશાની વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. વિશેષ આ - શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ગાઉપૃથકત્વ, તેમાં દેવો ન ઉપજે. લેશ્યામાં - ભગવન્ ! તે જીવો, કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી કે કાપોતલેશ્યી છે ? ગૌતમ ! કૃષ્ણ-નીલ કે કાપોત લેશ્યીના ૨૬ ભંગો. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૪-''કુંભિક'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૧ :-**

*ભગવન્ ! એકપત્રક કુંભિક જીવ, એકજીવક કે અનેકજીવક ? એ પ્રમાણે જેમ પલાશ-ઉદ્દેશમાં કહ્યું તેમ કહેવું. વિશેષ આ - સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વ. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૫-''નાલિક'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૨ :-**

*ભગવન્ ! એકપત્રક નાલિક, એકજીવક કે અનેકજીવક છે ? એ પ્રમાણે કુંભિક ઉદ્દેશ વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. ભગવન્ ! તે એમ જ છે.*



### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૬-''પદ્મ'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૩ :-**

*ભગવન્ ! એકપત્રક પદ્મ, એકજીવક કે અનેક જીવક છે ? એ પ્રમાણે ઉત્પલ ઉદ્દેશક વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. ભગવન્ ! એમ જ છે.*

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૭-''કર્ણિક'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૪ :-**

*ભગવન્ ! એકપત્રક કર્ણિક શું એક જીવ છે ? એ બધું સંપૂર્ણ પૂર્વવત્ કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

### ❁ શતક-૧૧, ઉદ્દેશો-૮-''નલિન'' ❁

-- x -- x -- x -- x -- x -- x --

• **સૂત્ર-૫૦૫ :-**

*ભગવન્ ! એકપત્રક નલિન એક જીવ છે ? એ બધું સંપૂર્ણ પૂર્વવત્ યાવત્ અનંતવાર કહેવું - ભગવન્ ! તે એમ જ છે (૨).*

• **વિવેચન-૪૯૯ થી ૫૦૫** *[ઉદ્દેશા-૨ થી ૮]*

'શાલૂક' આદિ સાત ઉદ્દેશા પ્રાયઃ ઉત્પલ ઉદ્દેશક સમાન આલાવાવાળા છે. વિશેષ વળી જે છે, તે સૂત્રસિદ્ધ જ છે. વિશેષ એ કે – જે કહ્યું કે – ''દેવોમાં ઉત્પન્ન થતાં નથી'', તેનો આ અર્થ છે - ઉત્પલમાં દેવમાંથી ચ્યવેલ ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું, તે અહીં 'પલાશ'માં ઉત્પન્ન ન થાય તેમ કહેવું. કેમકે તેનું અપ્રશસ્તત્વ છે, તે પ્રશસ્ત ઉત્પલાદિ વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. - - તથા લેશ્યાદ્વારમાં ''આમ કહેવું'' એ વાક્ય શેષ છે. તે જ દર્શાવે છે - જો તેજોલેશ્યા યુક્ત દેવ, દેવભવથી ચ્યવીને વનસ્પતિમાં ઉત્પન્ન થાય, ત્યારે તેમાં તેજોલેશ્યા પ્રાપ્ત કરે છે. પૂર્વોક્ત યુક્તિથી પલાશમાં, દેવત્વ છોડીને ઉત્પન્ન ન થાય, તેથી અહીં તેજોલેશ્યા સંભવતી નથી. તેના અભાવે આદ્ય ત્રણ લેશ્યા જ હોય છે. તેમાં ૨૬ ભંગ છે.

આ ઉદ્દેશકોમાં વૈવિધ્યના સંગ્રહ માટે ત્રણ ગાથા છે - શાલૂકમાં ધનુષ્ પૃથક્ત્વ, પલાશમાં ગાઉ પૃથકત્વ, બાકીના છ એમાં અધિક ૧૦૦૦ યોજન છે... કુંભિક અને નાલિકમાં વર્ષપૃથકત્વ સ્થિતિ જાણવી, બાકીના છમાં ૧૦,૦૦૦ વર્ષ છે... કુંભિક, નાલિક, પલાશમાં ત્રણ લેશ્યા હોય છે, બાકીના પાંચમાં ચાર લેશ્યાઓ હોય છે.

## ❀ શતક-૧૧, ઉદ્દેશો-૯-"શિવરાજર્ષિ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉત્પલ આદિ પદાર્થો નિરૂપ્યા. આવા અર્થો સર્વજ્ઞ જ યથાવત્ જાણવા સમર્થ છે, બીજા નહીં, જેમ દ્વીપ-સમુદ્રના જ્ઞાન માફક શિવરાજર્ષિ - આ સંબંધથી શિવરાજર્ષિ સંબંધી નવમો ઉદ્દેશો કહે છે —

● સૂત્ર-૫૦૬ થી ૫૦૮ :-

*[૫૦૬] તે કાળે, તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું - વર્ણન. તે હસ્તિનાગપુર-નગરની બહાર ઈશાન ખૂણામાં સહસ્રામ્રવન નામો ઉધાન હતું, તે સર્વઋતુના પુષ્પ-ફળથી સમૃદ્ધ હતું, તે રત્ય, નંદનવન સમાન સુશોભિત, સુખદ-શીતલ છાયાવાળું, મનોરમ, સ્વાદુ ફળ યુક્ત, અકંટક, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતું.*

*તે હસ્તિનાપુર નગરમાં શિવ નામે રાજા હતો. તે હિમવંત પર્વત સમાન મહાન્ હતો૦ ઈત્યાદિ વર્ણન કરવું. તે શિવરાજાને ધારિણી નામે દેવી (રાણી) હતી. તેણી સુકુમાલ હાથ-પગવાળી હતી આદિ વર્ણન કરવું. તે શિવ રાજાનો પુત્ર અને ધારિણીનો આત્મ જ એવો શિવભદ્રક નામે કુમાર હતો. તે સુકુમાર હતો ઈત્યાદિ સૂર્યકાંત સમાન કહેવું યાવત્ તે નિરીક્ષણ કરતો-કરતો વિચરતો હતો.*

*ત્યારે તે શિવરાજાને અન્ય કોઈ દિવસે, પૂર્વ રાત્રિ અને અપર રાત્રિના મધ્યાહ્ન કાળ સમયમાં રાજ્યની ધુરાને ચિંતવતા, આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - આ મારા પૂર્વ પુન્યનો પ્રભાવ છે, ઈત્યાદિ તામલિના કથનાનુસાર જાણવું. યાવત્ હું પુત્રથી, પશુથી, રાજ્યથી, રાષ્ટ્રથી, બળ (સૈન્ય)થી, વાહનથી, કોશથી, કોષ્ઠાગારથી, નગરથી, અંતઃપુરથી વૃદ્ધિ પામી રહ્યો છું. વિપુલ-ધન, કનક, રત્ન યાવત્ સારભૂત દ્રવ્ય દ્વારા અતી-અતી અભિવૃદ્ધિ પામી રહ્યો છું. તો શું હું પૂર્વ પુણ્યોના ફળ સ્વરૂપ યાવત્ એકાંતસુખનો ઉપયોગ કરતો વિચરું? હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે જ્યાં સુધી હું હિરણ્યાદિથી વૃદ્ધિ પામી રહ્યો છું યાવત્ અભિવૃદ્ધિ પામી રહ્યો છું યાવત્ સામંતરાજાઓ પણ મને વશવર્તી રહ્યા છે, ત્યાં સુધીમાં કાલે પ્રભાત થતાં યાવત્ જાજ્વલ્યમાન સૂર્યોદય થતાં હું ઘણી લોઢી, લોહકડાઈ, કડછા, તાંબાના તાપસોચિત ભંડક ઘડાવીને, શિવભદ્રકુમારને રાજ્યમાં સ્થાપીને, તે ઘણાં લોઢી, લોહ કડાઈ, કડછાં, તાપસને ઉચિત તાંબાના ભંડક ગ્રહીને જે આ ગંગાકૂળે વાનપ્રસ્થ તાપસ છે —*

*— જેવા કે — અગ્નિહોત્રી, પોતિક, કોત્રિક, યાજ્ઞિક, શ્રાદ્ધિ, સ્થાલિક જે દંતપ્રક્ષાલક, ઉન્મજ્જક, સંમજ્જક, નિમજ્જક, સંપ્રક્ષાલક, ઉર્ધ્વકંડૂયક, અધોકંડૂયક, દક્ષિણકૂલક, ઉત્તરકૂલક, શંખધમક, કૂલ ધમક, મૃગલુબ્ધક, હસ્તિતાપસ, સ્નાન કર્યા વિના ભોજન ન કરનારા, પાણીમાં રહેનારા, વાયુમાં*



*રહેનારા, જલવાસી, વસ્ત્ર (મંડપ)વાસી, અંબૂભક્ષી, વાયુભક્ષી, શેવાળભક્ષી, મૂલાહારી, કંદાહારી, પત્રાહારી, પુષ્પાહારી, ફલાહારી, બીજાહારી, પરિસડિત કંદ-મૂલ-છાલ-પાન-પુષ્પ-ફલાહારી, ઉદ્દંડી, વૃક્ષમૂળ નિવાસી, વાલવાસી, વક્પાસી, દિશાપ્રોક્ષિક, આતાપનાથી પંચાગ્નિ તાપથી તપનારા, અંગારાથી તપાવી શરીરને કાષ્ઠ બનાવી દેનારા, કંડુ સોંલ્લિય જેવા, કાષ્ઠ સોલ્લિય જેવા પોતાના આત્માને યાવત્ કરાના વિચરે છે. જેમ 'ઉવવાઈ'માં કહ્યું તેમ યાવત્ વિચરે છે.*

*તેમાં જે દિશાપ્રોક્ષિક તાપસ છે, તેમની પાસે મુંડ થઈને દિશાપ્રોક્ષિક તાપસપણે પ્રવ્રજિત થઈશ, પ્રવ્રજિત થઈશ, પ્રવ્રજિત થઈને આ આવા પ્રકારે અભિગ્રહને ગ્રહણ કરીશ. - યાવજ્જીવન નિરંતર છટ્ઠ-છટ્ઠની તપસ્યાથી દિક્ચક્વાલ તપોકર્મથી ઉર્ધ્વ બાહુ રાખીને યાવત્ વિહરીશ એમ વિચારે છે, એ પ્રમાણે વિચારીને બીજે દિવસે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતાં, ઘણી લોઢી, લોહ કડાઈ યાવત્ ઘડાવીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે.*

*તેઓને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! હસ્તિનાગપુર નગરને અંદર અને બહારથી આસિક્ત યાવત્ સાફ કરાવીને જણાવો. ત્યારે તે શિવ રાજાએ બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી શિવભદ્રકુમારના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ રાજ્યાભિષેકની સામગ્રી ઉપસ્થાપિત કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે ઉપસ્થાપિત કરી.*

*ત્યારે તે શિવ રાજાએ અનેક ગણનાયક, દંડનાયક યાવત્ સંધિપાલ સાથે પરિવરીને શિવભદ્રકુમારને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેસાડે છે, બેસાડીને ૧૦૮ સુવર્ણના કળશોથી યાવત્ ૧૦૮ માટીના કળશો વડે સર્વઋદ્ધિ વડે યાવત્ નાદ વડે મહાન્-મહાન્ રાજાભિષ્ક વડે અભિસિંચિત કરો, કરીને પીંછા જેવા સુકુમાલ, સુરભિ ગંધ કાષાયિક વસ્ત્રથી શરીરને લુંછો, લુંછીને સરસ ગોશીર્ષ ચંદનથી લીંપો. એ પ્રમાણે જમાલિની માફક અલંકારિત કરો, યાવત્ કલ્પવૃક્ષની સમાન અલંકૃત્ અને વિભૂષિત કર્યો. કરીને, બે હાથ જોડી યાવત્ શિવભદ્રકુમારને જય અને વિજય વડે વધાવે છે. જય-વિજય વડે વધાવીને, તેવી ઈષ્ટકાંત-પ્રિય (વાણિ વડે) જેમ ઉવવાઈમાં કોણિકને કહ્યું તેમ અહીં કહેવું યાવત્ પરમાયુ પાળનાર થાઓ, ઈષ્ટજનોથી સંપરિવૃત્ત થઈને હસ્તિનાપુર નગરના તથા બીજા ઘણાં ગ્રામ-આકર-નગર યાવત્ વિચરો, એમ કહીને જય-જય શબ્દનો પ્રયોજે છે. ત્યારે તે શિવભદ્રકુમાર રાજા થયો, તે હિમવંત પર્વત જેવો મહાન્ થયો આદિ વર્ણન કરવું યાવત્ વિચરે છે.*

*ત્યારે તે શિવરાજા અન્ય કોઈ દિવસે શોભન તિથિ-કરણ-દિવસ-મુહૂર્ત-નક્ષત્રમાં વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવ્યા. કરાવીને મિત્ર-જ્ઞાતિ-નિજક યાવત્ પરિજનને, રાજાઓ તથા ક્ષત્રિયોને આમંત્રે છે. આમંત્રીને*

પછી સ્નાન કર્યું યાવત્ શરીરે વિલેપન કર્યું, ભોજન વેળાએ, ભોજન મંડપમાં ઉત્તમ સુખાસન ઉપર બેઠો. તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન યાવત્ પરિજન, રાજા અને ક્ષત્રિયો સાથે વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ઈત્યાદિ તામલીની માફક કરીને યાવત્ સત્કાર, સન્માન કર્યા. સત્કારીને-સન્માનીને, તે મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજન, રાજા અને ક્ષત્રિયોને તથા શિવભદ્ર રાજાને પૂછે છે. પૂછીને ઘણાં લોઢી, લોહકડાઈ, કડછા યાવત્ ભાંડ લઈને જે આ ગંગાકૂલકે વાનપ્રસ્થ તાપસો છે, તે બધું યાવત્ તેમની પાસે મુંડ થઈને દિશાપ્રોક્ષિક તાપસપણાએ પ્રવ્રજિત થયો, પ્રવ્રજિત ગ્રહણ કરતાં જ આ આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરે છે - મારે જાવજ્જીવ છઠ્ઠ કરવો ઈત્યાદિ પૂર્વવત્ કલ્પે યાવત્ અભિગ્રહ ગ્રહણ કરીને પહેલો છઠ્ઠતપ સ્વીકારીને વિચરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ પહેલા છઠ્ઠ તપના પારણામાં આતાપના ભૂમિથી ઉતરે છે, આતાપના ભૂમિથી ઉતરીને વલ્કલના વસ્ત્રો પહેરીને જ્યાં પોતાની કુટીર હતી, ત્યાં આવે છે. ત્યાં આવીને કિઢિણ અને કાવડ લે છે. લઈને પૂર્વ દિશાને પ્રોક્ષિત કરી, પૂર્વદિશાના સોમલોકપાલ (ને સંબોધીને કહ્યું) પ્રસ્થાને પ્રસ્થિત એવા મને-શિવ રાજર્ષિની રક્ષા કરો - રક્ષા કરો. ત્યાં જે કંદ, મૂળ, ત્વચા, પત્ર, પુષ્પ, ફળ, બીજ, હરિત છે, તે લેવાની મને અનુજ્ઞા આપો. એમ કરીને પૂર્વ દિશામાં અવલોકન કર્યું, કરીને ત્યાં જે કંદ યાવત્ હરિત હતા, તેને ગ્રહણ કરે છે. કાવડની કિઢિણમાં ભરે છે. ભરીને દર્ભ, કુશ, સમિધા અને વૃક્ષની શાખાવાળીને પત્ર લીધા.

ત્યારપછી જ્યાં પોતાની કુટીર છે, ત્યાં આવે છે, આવીને કિઢિણ-કાવડને રાખે છે. રાખીને વેદિકાને પ્રમાર્જે છે. પ્રમાર્જીને લિંપણ-સંમાર્જન કરે છે. કરીને દર્ભ અને કળશને હાથમાં લઈને જ્યાં ગંગા મહાનદી છે, ત્યાં આવે છે. ગંગા મહાનદીમાં અવગાહન કર્યુ, કરીને જળથી દેહશુદ્ધિ કરી, કરીને જળ ક્રીડા કરી, કરીને જળથી (શરીરનો) અભિષેક કર્યો. કરીને આચમન આદિ કરી, સ્વચ્છ અને પરમ પવિત્ર થઈને દેવ અને પિતૃકાર્ય સંપન્ન કર્યુ, દર્ભ અને કળશ હાથમાં લઈને ગંગા મહાનદીથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં પોતાની કુટીર હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને દર્ભ-કુશ-રેતી વડે વેદી બનાવી. વેદી બનાવીને શરક વડે અરણિને ઘસી, ઘસીને અગ્નિ પ્રગટાવ્યો. અગ્નિ સળગતા અગ્નિને સંધુક્યો, તેમાં કાષ્ઠની સમિધા નાંખી, કાષ્ઠસમિધા નાંખીને અગ્નિને પ્રજ્વલિત કર્યો, કરીને અગ્નિની જમણી બાજુ આ સાત વસ્તુઓ રાખી.

[૫૦૭] સકથા, વલ્કલ, સ્થાન, શય્યા, ભાંડ, કમંડલ, દારુદંડ તથા પોતાનું શરીર. - - પછી મધુ, ઘી, ચોખાનો અગ્નિમાં હવન કર્યો અને ચરુમાં બલિદ્રવ્ય લઈને બલિ વૈશ્યદેવને અર્પણ કર્યા, અતિથિ પૂજા કરી. પૂજા કરીને પછી શિવ રાજર્ષિએ પોતે આહાર કર્યો.



[૫૦૮] ત્યારપછી તે શિવરાજર્ષિએ બીજી વખત છઠ્ઠ તપ સ્વીકાર્યો, વિચરી રહ્યા છે. ત્યારે તે શિવરાજર્ષિ બીજા છઠ્ઠ તપના પારણે આતાપના ભૂમિથી નીચે ઉતર્યા, ઉતરીને પહેલા પારણા માફક બધું કહેવું. વિશેષ એ કે દક્ષિણદિશાને પ્રોક્ષે છે. પ્રોક્ષિત કરીને (કહ્યું) હે દક્ષિણ દિશાના યમ લોકપાલ ! પ્રસ્થાને પ્રસ્થિત આદિ પૂર્વવત્, એ રીતે આહાર કરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ ત્રીજા છઠ્ઠ તપને સ્વીકારીને વિચરે છે, ત્યારે તે શિવરાજર્ષિ, આદિ પૂર્વવત્. વિશેષ આ — હે પશ્ચિમ દિશાના વરુણ લોકપાલ ! પ્રસ્થાને પ્રસ્થિત આદિ પૂર્વવત્ યાવત્ આહાર કરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ ચોથા છઠ્ઠ તપને સ્વીકારીને વિચરે છે. ત્યારે તે શિવરાજર્ષિ, ચોથા છઠ્ઠ તપને આદિ પૂર્વવત્. વિશેષ આ - ઉત્તર દિશા પ્રોક્ષિત કરે છે, હે ઉત્તર દિશાના વૈશ્રમણ લોકપાલ ! પ્રસ્થાને પ્રસ્થિત શિવની રક્ષા કરો, બાકી પૂર્વવત્ યાવત્ પછી આહાર કરે છે.

ત્યારે તે શિવરાજર્ષિ છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપથી દિશાચક્રવાલ વડે યાવત્ આતાપના લેતા, પ્રકૃતિભદ્રતા યાવત્ વિનીતતાથી અન્ય કોઈ દિવસે તદ્ આવરક કર્મના ક્ષયોપશમથી ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતા વિભંગ નામક અજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓ તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી આ લોકમાં સાત દ્વીપ, સાત સમુદ્રને જોવા લાગ્યા. તેનાથી આગળ તે જાણતા અને દેખતા ન હતા.

ત્યારે તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - મને અતિશય જ્ઞાન-દર્શન સમુત્પન્ન થયા છે, એ રીતે નિશ્ચયથી આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, ત્યારપછી દ્વીપ, સમુદ્રનો વિચ્છેદ છે. એવો વિચાર કર્યો, કરીને આતાપના ભૂમિથી ઉતર્યા, ઉતરીને વલ્કલ, વસ્ત્ર ધારણ કરી પોતાની કુટીરે આવ્યા. આવીને ઘણાં જ લોઢી, લોહકડાઈ, કડછાં યાવત્ ભાંડ કિઢિણ-કાવડમાં લીધા. લઈને જ્યાં હસ્તિનાપુર નગર, જ્યાં તાપસોનો આશ્રમ હતો, ત્યાં આવ્યા. આવીને ઉપકરણાદિ મૂક્યા, હસ્તિનાપુર નગરમાં શ્રૃંગાટક, ત્રિક યાવત્ પથોમાં ઘણાં લોકોને આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે - હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા છે. નિશ્ચયથી આ લોકમાં યાવત્ સાત-સાત દ્વીપ અને સમુદ્રો છે.

ત્યારે તે શિવરાજર્ષિની પાસે આ વૃત્તાંત સાંભળીને, અવધારીને હસ્તિનાપુર નગરે શ્રૃંગાટક, ત્રિક યાવત્ માર્ગમાં ઘણાં લોકો પરસ્પર એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે. ખરેખર, હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - હે દેવાનુપ્રિયો મને અતિશય જ્ઞાન-દર્શન યાવત્ પછી દ્વીપ, સમુદ્રોનો વિચ્છેદ છે. તે કેમ માનવું ?

તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ. તે કાળે, તે સમયે, ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં

*કહ્યું તેમ યાવત્ ભ્રમણ કરતાં ઘણાં લોકોના શબ્દો સાંભળ્યા, ઘણાં લોકો પરસ્પર આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - ખરેખર, હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - હે દેવાનુપ્રિયો ! યાવત્ પછી દ્વીપ, સમુદ્રનો વિચ્છેદ થાય છે, તે કેવી રીતે બને ? ત્યારે ગૌતમસ્વામીએ ઘણાં લોકો પાસે આ વૃત્તાંત સાંભળીને, સમજીને યાવત્ શ્રદ્ધાવાળા થઈને નિર્ગ્રન્થ ઉદ્દેશક માફક (પૂછ્યું) યાવત્ પછી દ્વીપ-સમુદ્રનો વિચ્છેદ થાય છે, ભગવન્ ! એ કેવી રીતે માનવું ?*

*ગૌતમાદિને આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે, ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું — હે ગૌતમ ! જે ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે, ઈત્યાદિ બધું કહેવું - x - યાવત્ દ્વીપ-સમુદ્રનો વિચ્છેદ થાય છે - x - યાવત્ શિવરાજર્ષિ કહે છે તે - x - મિથ્યા છે.*

*હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું - એ પ્રમાણે, જંબૂદ્વીપ આદિ દ્વીપો, લવણ આદિ સમુદ્રો એક સરખાવૃત્ત સંસ્થાનવાળા, વિસ્તારમાં અનેક પ્રકારના છે, એમ જ રીતે જીવાભિગમમાં યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત હે શ્રમણાયુષો ! આ તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપસમુદ્રો છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં હે ભગવન્ ! વર્ણસહિત-વર્ણરહિત, ગંધ સહિત-ગંધરહિત, રસસહિત-રસરહિત, સ્પર્શસહિત-સ્પર્શરહિત દ્રવ્યો પરસ્પર બદ્ધ, પરસ્પર સ્પૃષ્ટ યાવત્ પરસ્પર સંબદ્ધ છે ? હા, છે.*

*ભગવન્ ! લવણસમુદ્રમાં વર્ણસહિત-વર્ણરહિત, ગંધસહિત-ગંધરહિત યાવત્ પરસ્પરસંબદ્ધ દ્રવ્યો છે ? હા, છે.*

*ભગવન્ ! ધાતકીખંડ દ્વીપમાં વર્ણસહિત આદિ પૂર્વવત્ દ્રવ્યો યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રમાં દ્રવ્યો છે ? હા, છે.*

*ત્યારે તે મોટી-મહાન્-મહત્ પર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે આ અર્થને સાંભળીને અવધારીને હર્ષિત, સંતુષ્ટ થઈને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને, જે દિશામાંથી આવી હતી. ત્યાં પાછી ગઈ.*

*ત્યારે હસ્તિનાપુર નગરમાં શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં ઘણાં લોકો પરસ્પર એમ કહેવા યાવત્ પ્રરૂપવા લાગ્યા કે — હે દેવાનુપ્રિયો ! જે શિવરાજર્ષિ એમ કહે છે - યાવત્ પ્રરૂપે છે કે - x - તેને અતિશય જ્ઞાન-દર્શન ઉપજ્યા છે યાવત્ તે અર્થ, સમર્થ નથી. ભગવંત મહાવીર આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એ પ્રમાણે આ શિવરાજર્ષિને નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરતા યાવત્ - x - x - સમુદ્રો, તે મિથ્યા છે. ભગવંત મહાવીર કહે છે — જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણાદિ સમુદ્રો યાવત્ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો હે શ્રમણાયુષો ! કહ્યા છે.*

*ત્યારે તે શિવરાજર્ષિ ઘણાં લોકો પાસેથી આ અર્થને સાંભળી, અવધારીને શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક, ભેદસમાપન્ન, કલેશ સમાપન્નવાળો યાવત્ થયો.*



*ત્યારે તે શિવરાજર્ષિ શંકિત, કાંક્ષિત યાવત્ કલેશવાળો થતાં, તેનું વિભંગ અજ્ઞાન જલ્દીથી નષ્ટ થઈ ગયું.*

*ત્યારે તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉપજ્યો કે — આ પ્રમાણે આદિકર તિર્થંકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્ર વડે યાવત્ સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈ યાવત્ વિચરે છે - તથારૂપ અરહંત ભગવંતોનું નામ-ગોત્ર શ્રવણ પણ મહા ફળદાયી છે આદિ જેમ 'ઉવવાઈ'માં કહ્યું, હું જાઉં અને ભગવંત મહાવીરને વાંદુ યાવત્ પર્યુપાસના કરું. આ મને આ ભવ અને પરભવે પણ શ્રેયસ્કર થશે, આ પ્રમાણે વિચારે છે, વિચારીને જ્યાં તાપસાશ્રમ છે, ત્યાં આવે છે, ત્યાં આવીને તાપસાશ્રમમાં પ્રવેશે છે. પ્રવેશીને ઘણાં લોઢી, લોહકડાઈ, યાવત્ કિઢિણ-કાવડ લે છે, લઈને તાપસાશ્રમથી નીકળે છે, નીકળીને વિભંગજ્ઞાન રહિત તે શિવરાજર્ષિ હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાનમાં શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમીને અતિનીકટ નહીં-અતિદૂર નહીં એવા સ્થાને યાવત્ અંજલિ જોડીને પર્યુપાસે છે.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર શિવરાજર્ષિને અને મોટી પર્ષદાને (ધર્મ કહે છે). યાવત્ આજ્ઞાના આરાધક થાય છે. ત્યારે તે શિવરાજર્ષિ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારીને સ્કંદકની માફક ઈશાન ખૂણામાં જઈને, ઘણાં લોઢી, લોહકડાઈ યાવત્ કિઢિણ-કાવડને એકાંતમાં મૂકે છે, મૂકીને સ્વયં જ પંચમુષ્ટી લોચ કરે છે. ભગવંત મહાવીર પાસે ઋષભદત્તની માફક દીક્ષા લીધી. તેની જેમ જ અગિયાર અંગોને ભણ્યો. તેની જેમજ યાવત્ સર્વદુઃખથી મુક્ત થયો.*

**● વિવેચન-૫૦૬ થી ૫૦૮ :-**

મહયા હિમવંત - વર્ણન, દ્વારા હિમવંત પર્વત સમાન મહાન્, મલય-મંદર-મહેન્દ્ર સમાન ઈત્યાદિ રાજાનું વર્ણન કહેવું તેમ સૂચવ્યું છે. તેમાં મહાહિમવાન્‌ની જેમ બીજા રાજાની અપેક્ષાએ મહાન્, મલય, મેરુ એ બંને પર્વત વિશેષ છે. મહેન્દ્ર એટલે દેવરાજ શક્રાદિવત્. - x -

સુકુમાલ વર્ણન - એના દ્વારા - જેના હાથપગ સુકોમળ છે, ઈત્યાદિ રાણીનું વર્ણન કહેવું, એમ સૂચવેલ છે - - સૂર્યકાંતની માફક સુકુમાલ યાવત્ વિચરે છે, તેનો આ અર્થ છે - સુકુમાલ હાથ-પગવાળો, લક્ષણ-ગુણ-વ્યંજનથી યુક્ત ઈત્યાદિ તથા રાજપ્રશ્નીય માફક સૂર્યકાંત રાજકુમારના વર્ણન મુજબનું વર્ણન કરવું. તે પ્રમાણે અહીં આ સંબંધ જોડવો - તે શિવભદ્રકુમાર યુવરાજ હતો, શિવરાજાના રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન, કોષ, કોષ્ઠાગાર, પુર, અંતઃપુર, જનપદનું સ્વયં નિરીક્ષણ કરતો વિચરે છે.

વાનપ્રસ્થ એટલે વનમાં થાય તે વાન, તેમાં પ્રસ્થાન-રહેવું તે જેને છે તે વાનપ્રસ્થ અથવા બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, યતિ એ ચાર લોકપ્રસિદ્ધ આશ્રમ, તેમાં ત્રીજા આશ્રમમાં વર્તતો તે વાનપ્રસ્થ.

તાપસો-અગ્નિહોત્રિક, વસ્ત્રધારી, ક્યાંક પોત્તિય ને બદલે સોત્તિય પાઠ છે, ત્યાં પણ આ જ અર્થ છે. जहा उववाइए - આ અતિદેશ વડે આ પ્રમાણે જાણવું - કોત્રિક, યાજ્ઞિક, શ્રાદ્ધિ, સ્થાલકી, કંડીધારી, ફળ ભોજી, સ્નાન કરનાર, સંમાર્જન કરનાર, ડૂબકી લગાવનાર, માટી રગડીને નહાનારા, ગંગાના દક્ષિણ તટે રહેનાર, ઉત્તમ તટે રહેનારા, શંખ વગાડીને ભોજન કરનારા, કિનારે રહી શબ્દ કરનારા, હરણમાં લુબ્ધ, હાથી મારીને આજીવિકા કરનારા, દંડ ઉંચો કરીને ચાલનારા, દિશાની પૂજા કરનારા, વલ્કલ વસ્ત્રધારી, મંડપમાં રહેનારા, પાણીમાં રહેનારા, વૃક્ષમૂલે રહેનારા, પાણી ભક્ષણ કરનારા, વાયુભક્ષી, રોવાળભક્ષી, મૂલ-કંદ-છાલ-પાન-પુષ્પ-ફળ-બીજ આદિ ખાનારા, જળમાં સ્નાન કરવાથી કઠોર ગાત્રવાળા, આતાપના વડે પંચાગ્નિ તપ કરનારા, અંગારા કે ભાડભુંજાથી શરીરને પકાવનારા - x - x - x - ચેલવાસીને બદલે ક્યાંક વેલવાસી એવો પાઠ છે, તેનો અર્થ છે સમુદ્રની વેળાની નજીક વસનારા, જળવાસી-પાણીમાં ડૂબીને રહેનારા ઈત્યાદિ. અહીં जलाभिसेयकिढिणगायનો અર્થ છે, જેઓ સ્નાન કર્યા વિના ભોજન કરતા નથી, સ્નાન કરીને કઠોર શરીરી થાય છે. એમ વૃદ્ધ વ્યાખ્યા છે. ક્યાંક जलाभिसेयकढिण गायभूय એવો પાઠ પણ જોવા મળે છે, તેનો અર્થ ઉપર મુજબ થાય છે.

दिसा चक्कवालएणं तवोकम्मेणं - એક પારણામાં પૂર્વ દિશામાં જે ફળાદિ છે, તેને લઈને ખાનારા, બીજા પારણામાં દક્ષિણ દિશામાં, એ પ્રમાણે દિશાચક્રવાલથી જેમાં તપઃકર્મ અને પારણું કરવું, અર્થ થાય છે, તે તપઃકર્મ દિક્ચક્રવાલ તપોકર્મ છે, એમ કહેવાય છે - x -

ताहिं इट्ठाहिं० આદિ, અહીં ''જેમ ઉવવાઈમાં કહ્યું તેમ'' એમ લખેલ છે, તેનાથી આ પ્રમાણે જાણવું - મનોજ્ઞ, મણામ યાવત્ વલ્ગુથી અનવરત અભિનંદાતા, અભિસ્તવાતા આ પ્રમાણે કહ્યું — જય જય નંદા, જય જય ભદ્દા. તમારું કલ્યાણ થાઓ. હે પુત્ર ! ન જીતેલાને જીતો, જિતેલાનું પાલન કરો, જિતની મધ્યે વસો, ન જીતેલા શત્રુપક્ષને જીતો, જિતેલા મિત્રપક્ષનું પાલન કરો, જિતેલ વિઘ્નો મધ્યે વસો. હે દેવ ! સ્વજનો મધ્યે ઈન્દ્રની જેમ, તારા મધ્યે ચંદ્રની જેમ, નાગ મધ્યે ધરણની જેમ મનુષ્યો મધ્યે ભરતની જેમ, ઘણાં વર્ષો, ઘણાં સો વર્ષો, ઘણાં હજાર વર્ષો, ઈત્યાદિ (આશિર્વચન) કહે છે.

वागलवत्थ - વલ્કલમાંથી બનેલ તે વાલ્કલ. તે વસ્ત્ર ધારણ કર્યા છે જેણે તે વાલ્કલવસ્ત્રનિવસિત. उडह - કુટીર, તાપસગૃહ. किढिणसंकाइयग - કિઢિણ એટલે વાંસનું બનેલ તાપસ માટેનું ભાજન વિશેષ. તેના ભારને વહેનાર યંત્ર તે કિઢિણસાંગાયિક. महाराय - લોકપાલ. पत्थाणे पत्थिय - પરલોક સાધન માર્ગમાં





પ્રવૃત્ત અથવા ફલાદિ લાવવાના ગમનમાં પ્રવૃત્ત શિવરાજર્ષિ. दब्भ - મૂળ સહિતનું ઘાસ, कुस - મૂળરહિત ઘાસ, समिहा - લાકડા, સમિધ. पत्तामोडं - વૃક્ષની શાખાને વાળીને પત્રો લેવા તે. वेदिंवड्ढेइ - વેદિકા એટલે દેવાર્ચન સ્થાન, વર્દ્ધનિ-બહુકારિકા, તેને પ્રમાર્જે છે. उवलेवणसंमज्जणं करेइ - છાણ વગેરેથી ઉપલેપન, પાણી વડે સંમાર્જન કે શુદ્ધિ કરવી.

दब्भकलसाहत्थगए - જેના હાથમાં દર્ભ અને કળશ છે તે. તથા दब्भसगब्भकल-सहत्थगए - પાઠ ક્યાંક છે, તેનો અર્થ છે - દર્ભ વડે ભરેલો જે કળશ, તે જેના હાથમાં છે તે. जलमज्जण - પાણી વડે દેહ શુદ્ધિ માત્ર. जलकीडं - દેહશુદ્ધ થવા છતાં પાણી વડે ક્રિડારત. जलाभिसेय - પાણી રેડવું તે. आयंत - જળનો સ્પર્શ, चोक्ख - અશુચિ દ્રવ્યો દૂર કરવાથી. શું થાય ? પરમશૂચિભૂત થઈને દેવોને અને પિતૃને જલ અંજલિ દેવારૂપ કૃત્ય જેણે કરેલ છે તે. તથા શરક વડે કાષ્ઠને ઘસીને - નિર્મન્થનીય કાષ્ઠને ઘસે છે, પછી ગાથા છે, તે આ પ્રમાણે—

સાત અંગોને સારી રીતે સ્થાપે છે — સકથા, વલ્કલ આદિ. તેમાં सकथा - તે સમયે પ્રસિદ્ધ ઉપકરણ વિશેષ, સ્થાન-જ્યોતિસ્થાન કે પાત્ર સ્થાન, શય્યા ઉપકરણ, લાકડાનો દંડ અને પોતાને.

चरु - ભાજન પાત્ર વિશેષ, તેમાં પકાવાતું દ્રવ્ય પણ ચરુ જ કહેવાય છે. તે ચરુ એટલે બલિ. स्तथयति - રાંધે છે. બલિ વડે વૈશ્વાનરને પૂજે ચે. અતિથિ-આગંતુકની પૂજા કરે છે.

તે કેમ માનવું ? અહીં मन्ये શબ્દ વિતર્ક અર્થમાં છે. બીજા શતકનો પાંચમો ઉદ્દેશો, તે નિર્ગ્રન્થ ઉદ્દેશક. એક વિધિ-પ્રકાર વડે વિધાન-વ્યવસ્થાન જેમાં છે તે, કેમકે બધાં સમુદ્રવૃત્ત છે. વિસ્તારમાં બધાં એક એકથી આગળના ક્રમે બમણાં થતાં જાય છે. આ પ્રમાણે જેમ જીવાભિગમમાં કહ્યું છે તે - તેના વડે આમ કહે છે —

બમણાં બમણાં વિસ્તરતા એવા અવભાસમાન થતા એવા અર્થાત્ શોભતા તરંગવાળા, સમુદ્રની અપેક્ષાએ આ વિશેષણ છે. ઘણાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, લક્ષપત્ર, પ્રફૂલ્લ કેશરાયુક્ત - એટલે - જેની કેશરા વિકસિત થયેલી છે, તેનાથી સંયુક્ત. તેમાં ઉત્પલ એટલે નીલોત્પલાદિ. કુમુદ - ચંદ્ર વિકાસી, પુંડરીક - શ્વેત, બાકીના પદો રૂઢિથી જાણવા.

સવર્ણાદિ-પુદ્ગલ દ્રવ્યો, અવર્ણાદિ - ધર્માસ્તિકાયાદિ. अन्नमन्नबद्ध - પરસ્પરથી ગાઢ આશ્લેષવાળા. अन्नमन्नपुट्ठाई-પરસ્પરથી ગાઢ સ્પૃષ્ટ. અહીં યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું - અન્યો ન્ય બદ્ધ-સ્પૃષ્ટ, અન્યોન્ય સંબદ્ધતાથી રહેલ છે. तावसामह - તાપસનો મઠ. - અહીં શિવરાજર્ષિની સિદ્ધિ કહી, તેને સંહનનાદિ વડે નિરૂપતા હવે આમ કહે છે —

● સૂત્ર-૫૦૯ :-

*ભગવન્ ! એમ આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! સિદ્ધ થનાર જીવ ક્યા સંઘયણમાં સિદ્ધ થાય છે ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણમાં સિદ્ધ થાય છે. એ પ્રમાણે ઉવવાઈમાં કહ્યા મુજબ સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ, પરિવહન, એ પ્રમાણે સંપૂર્ણ સિદ્ધિકંડિકા કહેવી, યાવત્ અવ્યાબાધ શાશ્વત સુખને સિદ્ધો અનુભવે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૫૦૯ :-

લાઘવતા માટે અતિદેશ કરતાં કહે છે - एवम् - અનંતર દર્શાવેલ. આલાવાથી, જેમ ઉવવાઈમાં સિદ્ધોને આશ્રીને સંહનનાદિ કહ્યા, તે પ્રમાણે અહીં પણ કહેવા. તેમાં સંઘયણાદિ દ્વારોના સંગ્રહ માટે ગાથાનો પૂર્વાર્દ્ધ કહ્યો છે — સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ, પરિવસન. તેમાં સંઘયણ કહ્યું, સંસ્થાનાદિ આ પ્રમાણે - છમાંથી કોઈપણ સંસ્થાને સિદ્ધ થાય. ઉચ્ચત્વમાં જઘન્યથી સાત હાથ પ્રમાણ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. આયુષ્ય-જઘન્યથી સાતિરેક આઠ વર્ષ, ઉત્કૃષ્ટે પૂર્વકોટિ પ્રમાણ. પરિવસન-રત્નપ્રભાદિ પૃથ્વી, સૌધર્માદિથી ઈષત્ પ્રાગ્ભાર સુધીના ક્ષેત્રવિશેષની નીચે સિદ્ધો ન વસે. પરંતુ સર્વાર્થ સિદ્ધ મહાવિમાનની ઉપરિતન સ્તૂપિકાના અગ્ર ભાગથી ઉંચે ૧૨ યોજન ગયા પછી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી જે ૪૫ લાખ યોજન પ્રમાણ લંબાઈ-પહોળાઈથી છે, વર્ણથી શ્વેત, અત્યંત રમ્ય છે, તેના ઉપર યોજને લોકાંત છે, તે યોજનના ઉપરના ગવ્યૂતના ઉપરના છટ્ઠા ભાગે સિદ્ધો વસે છે. એ પ્રમાણે સિદ્ધિ સ્વરૂપ પ્રતિપાદનપર વાક્ય પદ્ધતિ કહેવી.

અહીં પરિવસન દ્વાર યાવત્ અર્થથી કિંચિત્ દર્શાવ્યુ, તેના પછી આ પ્રમાણે છે - સિદ્ધો ક્યાં પ્રતિહત થાય છે ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત છે ? ઈત્યાદિ. - - અવ્યાબાદ સુખ૦ આદિ આ, ગાથાનો ઉત્તરાર્ધ જાણવો. ગાથા આ પ્રમાણે -

સર્વદુઃખ જેના નષ્ટ થયા છે તેવા, જાતિ-જરા-મરણ-બંધનથી મુક્ત, અવ્યાબાધ-શાશ્વત સુખને અનુભવે.

## ❁ શતક-૧૧, ઉદ્દેશો-૧૦, “લોક” ❁

— x — x — x — x — x — x —

૦ નવામાં ઉદ્દેશાને અંતે લોકાંતે સિદ્ધ પરિવસન કહ્યું, તેથી લોકસ્વરૂપ જ દશમા ઉદ્દેશામાં કહે છે.

● સૂત્ર-૫૧૦ :-

*રાજગૃહે યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! લોક કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે - દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક, ભાવલોક.*



*ભગવન્ ! ક્ષેત્રલોક કેટલાં ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. - અધોલોક ક્ષેત્રલોક, તિર્છાલોક ક્ષેત્રલોક, ઉર્ધ્વલોક ક્ષેત્રલોક.*

*ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! સાત ભેદે - રત્નપ્રભા પૃથ્વી અધોલોક ક્ષેત્રલોક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી૦*

*ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભેદે છે. જંબૂદ્વીપ તિર્છાલોક ક્ષેત્રલોક યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર તિર્છાલોક ક્ષેત્રલોક.*

*ભગવન્ ! ઉર્ધ્વલોક ક્ષેત્રલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! પંદર ભેદે - સૌધર્મ કલ્પ ઉર્ધ્વલોક ક્ષેત્રલોક યાવત્ અચ્યુત ઉર્ધ્વલોક ક્ષેત્રલોક, ગ્રૈવેયક વિમાન ઉર્ધ્વલોક, અનુત્તરવિમાન૦ ઈષત્પ્રાગ્ભારાપૃથ્વી૦*

*ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોક ક્યા સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! ત્રપા આકારે... ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોક ક્યા આકારે રહેલ છે ? ગૌતમ ! ઝલ્લરી આકારે છે... ભગવન્ ! ઉર્ધ્વલોક ક્ષેત્રલોક પૃચ્છા. ઉર્ધ્વમૃદંગાકારે રહેલ છે... ભગવન્ ! લોક ક્યા આકારે રહેલ છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક આકારે છે. નીચે વિસ્તીર્ણ, વચ્ચે સંક્ષિપ્ત, જેમ શતક-૭ ના ઉદ્દેશા-૧માં કહ્યું તેમ યાવત્ અંત કરે છે. ભગવન્ ! અલોક ક્યા આકારે છે ? ગૌતમ ! પોલા ગોળાના આકારે છે.*

*ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોકમાં જીવ, જીવદેશ, જીવપ્રદેશ છે ? જેમ ઐન્દ્રી દિશામાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું યાવત્ અદ્ધા સમય.*

*ભગવન્ ! તિર્છાલોક ક્ષેત્રલોકમાં શું જીવ૦ આદિ છે ? એ જ પ્રમાણે કહેવું. એ રીતે ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ કહેવું. વિશેષ એ કે - અરૂપી છ ભેદે છે, અદ્ધા સમય નથી... ભગવન્ ! લોકમાં જીવો૦ છે ? જેમ બીજા શતકમાં, અસ્તિ ઉદ્દેશકમાં લોકાકાશમાં કહ્યું, તેમ કહેવું. વિશેષ આ - અરૂપીના સાતે ભેદ કહેવા યાવત્ અધર્માસ્તિકાયના પ્રદેશો છે, આકાશાસ્તિકાય નથી, આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ, અદ્ધા સમય. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! અલોકમાં શું જીવા૦ જેમ અસ્તિકાય ઉદ્દેશકમાં અલોકાકાશમાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું. યાવત્ અનંતભાગ ન્યૂન.*

*ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોકમાં એક આકાશ પ્રદેશમાં શું જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! જીવ નથી, જીવ દેશ, જીવપ્રદેશ છે. અજીવ છે, અજીવદેશ છે, અજીવપ્રદેશ છે. જે જીવ દેશો છે. તે (૧) નિયમા એકેન્દ્રિય દેશો છે. અથવા (૨) એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિય દેશ છે. (૩) અથવા એકેન્દ્રિય દેશો, બેઈન્દ્રિય દેશો છે. એ પ્રમાણે મધ્યમ ભંગને છોડીને યાવત્ અનિન્દ્રિય સુધી કહેવું. યાવત્ અથવા (૧) એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિય દેશો, જે જીવ પ્રદેશો છે, તે નિયમા એકેન્દ્રિય પ્રદેશો છે, અથવા (૨) એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિય પ્રદેશો, (૩) અથવા એકેન્દ્રિયપ્રદેશો*

*અને બેઈન્દ્રિયોના પ્રદેશો, એ પ્રમાણે પ્રથમ ભંગ છોડીને યાવત્ પંચેન્દ્રિય અનિન્દ્રિયોમાં ત્રણ ભંગ કહેવા.*

*જે અજીવો છે, તે બે ભેદે છે – રૂપી, અરૂપી. રૂપી પૂર્વવત્. જે અરૂપી અજીવ છે, તે પાંચ ભેદે છે - ધર્માસ્તિકાય નથી, (૧) ધર્માસ્તિકાયના દેશ, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશ, એ રીતે (૩-૪) અધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ. (૫) અદ્ધા સમય. - - - તિર્છાલોક ક્ષેત્રલોકના, ભગવન્ ! એક આકાશપ્રદેશમાં શું જીવો૦ છે ? અધોલોક ક્ષેત્રલોક મુજબ જાણવું. એ પ્રમાણે ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ જાણવું. વિશેષ એ કે - તેમાં અદ્ધા સમય નથી. તે કારણે અરૂપી (અજીવ) ચાર ભેદે કહ્યા. લોકમાં, જેમ અધોલોક ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં કહ્યું. તેમ કહેવું.*

*ભગવન્ ! અલોકના એક આકાશપ્રદેશની પૃચ્છા, ગૌતમ ! ત્યાં જીવ નથી, જીવદેશ નથી, ઈત્યાદિ પૂર્વવત્. યાવત્ અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત સર્વાકાશના અનંતમાં ભાગ ન્યૂન છે.*

*દ્રવ્યથી અધોલોક ક્ષેત્રલોકમાં અનંત જીવ દ્રવ્યો, અનંત અજીવદ્રવ્યો, અનંતા જીવાજીવ દ્રવ્યો છે, એ રીતે તિર્છાલોક ક્ષેત્રલોકમાં અને ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં પણ જાણવું. દ્રવ્યથી અલોકમાં જીવદ્રવ્યો નથી, અજીવદ્રવ્યો નથી, જીવાજીવ દ્રવ્યો નથી, એ અજીવદ્રવ્ય દેશ છે યાવત્ સર્વાકાશના અનંતમાં ભાગ ન્યૂન છે.*

*કાળથી અધોલોક ક્ષેત્રલોક કદી ન હતો, તેમ નથી યાવત્ નિત્ય છે, એ પ્રમાણે અલોક સુધી જાણવું... ભાવથી અધોલોક-ક્ષેત્રલોકમાં અનંતા વર્ણ પર્યાય છે, ઇત્યાદિ જેમ 'સ્કંદક'માં કહ્યું, તેમ યાવત્ અનંતા અગુરુલઘુપર્યાયો છે, એ પ્રમાણે યાવત્ લોકમાં છે. ભાવથી અલોકમાં વર્ણપર્યાય નથી યાવત્ યાવત્ અગુરુલઘુ પર્યાય નથી, પણ એક અજીવદ્રવ્યનો દેશ છે યાવત્ અનંત ભાગ ન્યૂન છે.*

● વિવેચન-૫૧૦ :-

દ્રવ્યલોક-આગમથી, નોઆગમથી, તેમાં આગમથી દ્રવ્યલોક, લોકશબ્દાર્થને જાણે, પણ તેમાં અનુપયુક્ત - x - 'મંગલ'ને આશ્રીને દ્રવ્યનું લક્ષણ કહે છે – આગમથી મંગલશબ્દાનુ વાસિત અનુપયુક્ત વક્તા, તેના જ્ઞાનની લબ્ધિથી યુક્ત હોવા છતાં અનુપયુક્ત તે દ્રવ્ય નોઆગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત ભેદથી ત્રણ પ્રકારે. તેમાં લોકશબ્દાર્થજ્ઞનું શરીર જ્ઞાન અપેક્ષાથી ભૂતલોક પર્યાયતાથી મૃતાવસ્થ છે. - x - તે જ્ઞશરીરરૂપ દ્રવ્યભૂત લોક તે જ્ઞશરીર દ્રવ્યલોક, નો શબ્દ અહીં સર્વનિષેધમાં છે. તથાલોક શબ્દાર્થને જે જાણશે, તેનું શરીર સચેતન ભાવિલોક ભાવત્વથી મધુના ઘડા માફક ભવ્યશરીર દ્રવ્યલોક છે. નો શબ્દ અહીતં પણ સર્વનિષેધમાં જ છે. જ્ઞશરીર ભવ્યશરીર



વ્યતિરિક્ત દ્રવ્યલોક દ્રવ્યો ધર્માસ્તિકાયાદિ.

– કહ્યું છે કે જીવ-અજીવ, રૂપી-અરૂપી, સપ્રદેશ-અપ્રદેશ. નિત્ય-અનિત્ય જે દ્રવ્ય, તેને દ્રવ્યલોક જાણવો. અહીં પણ નો શબ્દ સર્વનિષેધમાં છે કેમકે આગમ શબ્દવાચ્યના જ્ઞાનનો સર્વથા નિષેધ છે.

ક્ષેત્રરૂપ લોક તે ક્ષેત્રલોક. કહ્યું છે કે – આકાશના પ્રદેશો ઉર્ધ્વ, અધો, તિર્છાલોકમાં છે, તેને જિનેશ્વરે અનંત ક્ષેત્રલોક ઉપદેશ્યો છે, તેમ તું જાણ.

કાળલોક - કાળ એટલે સમયાદિ, તદ્રૂપ જે લોક તે કાલલોક. કહ્યું છે કે – સમય, આવલી, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વર્ષ, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી પરાવર્ત્ત (કાળલોક છે.)

ભાવલોક - બે પ્રકારે છે. આગમથી, નોઆગમથી. તેમાં આગમથી લોકશબ્દાર્થજ્ઞ, તેમાં ઉપયુક્ત ભાવરૂપલોક તે ભાવલોક. નોઆગમથી ભાવ-ઔદારિકાદિ, તદ્રૂપલોક તે ભાવલોક. કહ્યું છે કે – ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાંનિપાતિક એ છ ભેદે ભાવલોક જાણવો. અહીં નો શબ્દ સર્વનિષેધમાં અથવા મિશ્રવચન છે. આગમના જ્ઞાનપણાથી ક્ષાયિક, ક્ષાયોપશમિક જ્ઞાનસ્વરૂપ ભાવ વિશેષથી અને મિશ્રત્વથી ઔદયિકાદિ ભાવલોક.

અધોલોકરૂપ ક્ષેત્રલોક તે અધોલોક ક્ષેત્રલોક. આ આઠ પ્રદેશ રૂચક, તેના અધસ્તન પ્રતરની નીચે ૯૦૦ યોજન યાવત્ તિર્છા લોક છે, તેનાથી પછી નીચે સ્થિત હોવાથી અધોલોક છે, તે સાત રાજ પ્રમાણ છે... તિર્છાલોક ક્ષેત્રલોક - રૂચકની અપેક્ષાએ નીચે અને ઉપરના ૯૦૦-૯૦૦ યોજન પ્રમાણ તિર્છારૂપપણાથી તિર્છાલોક છે, તે રૂપ જે ક્ષેત્રલોક, તે તિર્છાલોક ક્ષેત્રલોક કહેવાય છે.

ઉર્ધ્વલોક ક્ષેત્રલોક-તિર્છાલોકની ઉપર કંઈક ન્યૂન સાત રાજપ્રમાણ, ઉર્ધ્વભાગવર્તિત્વથી ઉર્ધ્વલોક, તદ્રૂપ ક્ષેત્રલોક તે ઉર્ધ્વલોક ક્ષેત્રલોક છે. અથવા નીચે - અશુભ પરિણામની બહુલતાથી ક્ષેત્રના અનુભાવથી જે લોકમાં દ્રવ્યો છે, તે અધોલોક છે. તિર્યક્-મધ્યમ અનુભાવ ક્ષેત્ર - અતિ શુભ નહીં, અતિ અશુભ નહીં, તદ્રૂપ જે લોક, તે તિર્છાલોક તથા શુભપરિણામ બાહુલ્યથી જેમાં દ્રવ્યો છે, તે ઉર્ધ્વલોક. કહ્યું છે – ક્ષેત્રના અનુભાવથી જ્યાં અધો પરિણામ છે, દ્રવ્યો અશુભ છે, તે કારણે તે અધોલોક કહેવાય છે ઈત્યાદિ.

ત્રપાકાર સંસ્થિત - અધોલોક ક્ષેત્રલોક શરાવલાકારે છે. ઝલ્લરી સંસ્થિત - ઉંચાઈથી અલ્પ, પણ વિસ્તારથી મોટો છે માટે તિર્છાલોક ક્ષેત્રલોક ઝલ્લરી આકારે છે. ઉર્ધ્વમુખ એવું જે મૃદંગ, તેના આકારે રહેલ જે છે, તે તથા શરાવ સંપુટાકાર તે ઉર્ધ્વલોક ક્ષેત્રલોક. સુપ્રતિષ્ઠક - x - તથાવિધ લોક સાદૃશ્ય ઉપપત્તિથી. યાવત્ શબ્દથી આ પ્રમાણે - ઉપર વિશાળ, નીચે પલ્યંક સંસ્થાન સંસ્થિત, મધ્યે ઉત્તમ વજ વિગ્રહિક, ઉપર ઉર્ધ્વ મૃદંગાકાર સંસ્થિત, એવા શાશ્વતલોકમાં નીચે વિસ્તીર્ણ - x -

ઉત્પન્ન જ્ઞાન-દર્શન ધારક અરહંત, જિન, કેવલી જે જીવને પણ જાણે છે,

અજીવને પણ જાણે છે, ત્યારપછી સિદ્ધ-બુદ્ધ થશે ઈત્યાદિ. પોલા ગોળા આકારે - વચ્ચે પોલા ગોળા આકારે છે, કેમકે અલોકમાં ''લોક'' પોલાણ જેવો લાગે છે.

અધોલોક ક્ષેત્રલોકમાં - જેમ ઐન્દ્રી દિશા, તેમ સંપૂર્ણ કહેવું. તે શતક-૧૦ના ઉદ્દેશા-૧-માં જેમ ઐન્દ્રી દિશા કહી, તેમ અધોલોકનું સ્વરૂપ સંપૂર્ણ કહેવું. તે આ રીતે - ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોકમાં શું જીવો, જીવ દેશો, જીવપ્રદેશો, અજીવો, અજીવદેશો, અજીવ પ્રદેશો છે ? ગૌતમ ! જીવ પણ છે, જીવના દેશ અને પ્રદેશ પણ છે. અજીવ પણ છે, અજીવના દેશ અને પ્રદેશો પણ છે ઈત્યાદિ. અધોલોક, તિર્છાલોકમાં પૂર્વે સાત પ્રકારે અરૂપી કહ્યા :- ધર્મ-અધર્મ-આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ અને કાળ. ઉર્ધ્વલોકે સૂર્યપ્રકાશ ન હોવાથી કાળ નથી, તિર્છા અને અધોલોકમાં સૂર્ય પ્રકાશનો સદ્‌ભાવ છે. તેથી (પહેલામાં) છ ભેદ જ કહ્યા.

લોકમાં - જેમ બીજા શતકમાં 'અસ્તિ' ઉદ્દેશક છે, તેમ કહેવું લોકાકાશમાં વિષયભૂત જીવાદિ કહ્યા, તેમ અહીં પણ કહેવા. કેવળ આટલું વિશેષ છે કે — ત્યાં અરૂપી પાંચ ભેદે કહ્યા, અહીં સાતભેદે કહેવા. ત્યાં લોકાકાશને આધારપણે વિવક્ષા કરી, તેથી આકાશના ભેદ ત્યાં કહ્યા નથી. અહીં લોક અસ્તિકાયસમુદાયરૂપ આધારપણે વિવક્ષિત છે, તેથી આકાશભેદ પણ કહેવા જોઈએ, તેથી સાત ભેદ છે. તે આ રીતે - લોકમાં પરિપૂર્ણ વિદ્યમાન હોવાથી ધર્માસ્તિકાય છે, ધર્માસ્તિકાયના દેશ હોતા નથી, કેમકે ધર્માસ્તિકાયનો તેમાં સદ્‌ભાવ છે. ધર્માસ્તિકાયના તદ્‌રૂપત્વથી ધર્માસ્તિકાયના પ્રદેશો તેમાં હોય છે, તેથી બે ભેદ થયા. એ રીતે અધર્માસ્તિકાયના પણ બે ભેદ એટલે કુલ-૪. આકાશાસ્તિકાય નથી, કેમકે લોકનું આ દેશત્વપણું છે. આકાશના દેશ હોય છે, કેમકે તે લોકના અંશત્વ રૂપ છે, લોકના પ્રદેશ હોય છે, કાળ હોય છે. તેથી-૭.

અલોકમાં - અહીં અતિદેશ છે. તે આ રીતે - ભગવન્ ! અલોકમાં જીવ, જીવદેશ યાવત્ અજીવ પ્રદેશ છે ? ગૌતમ ! જીવદેશ, પ્રદેશ, અજીવદેશ કે અજીવ પ્રદેશ નથી, એક અજીવ દ્રવ્યદેશમાં અનંત અગુરુ લઘુ ગુણથી સંયુક્ત સર્વાકાશ અનંત ભાગન્યૂન છે. અર્થાત્ લોક લક્ષણથી સમસ્ત આકાશના અનંત ભાગથી ન્યૂન છે.

અધોલોક ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં જીવો નથી, કેમકે એક પ્રદેશમાં તેનું અવગાહન નથી. ઘણાં જીવોના દેશ અને પ્રદેશનું અવગાહન છે. જો કે ધર્માસ્તિકાયાદિ અજીવદ્રવ્ય એકત્ર આકાશ પ્રદેશને અવગાહતું નથી, તો પણ પરમાણુકાદિ દ્રવ્યોના કાળદ્રવ્યના અવગાહનના થકી અજીવો પણ છે, તેમ કહ્યું. દ્વિ અણુકાદિ સ્કંધ દેશોનું અવગાહનત્વ હોવાથી 'અજીવદેશો' પણ છે, તેમ કહ્યું. ધર્મ-અધર્માસ્તિકાયના પ્રદેશો અને પુદ્‌ગલ દ્રવ્યપ્રદેશોના અવગાહનત્વથી 'અજીવપ્રદેશો' છે, તેમ પણ કહ્યું. મધ્યના ભંગરહિત - તે શતકદશમા કહેલ ભંગત્રિકમાં - ''અથવા એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિય દેશો'' રૂપ જે મધ્યમ ભંગ, તેનાથી રહિત આ ભંગ



કહેવા. અર્થાત્ સૂત્રમાં બતાવેલ બે ભંગ કહેવા, મધ્યમ ભંગ અહીં અસંભવ હોવાથી ન કહેવો. બેઈન્દ્રિયના એકત્ર આકાશ પ્રદેશમાં ઘણાં દેશો હોતા નથી, માત્ર એક જ દેશ હોય છે.

आइल्ल विरहिओ - અથવા ''એકેન્દ્રિયના પ્રદેશો અને બેઈન્દ્રિયના પ્રદેશો'' - એ સ્વરૂપના આદ્ય ભંગ વિરહિત ત્રણ ભંગ. સૂત્રમાં બતાવેલ બે ભંગ કહેવા. પહેલો ભંગ અહીં અસંભવ છે. એક આકાશપ્રદેશમાં કેવલિ સમુદ્‌ઘાત વિના એક જીવના એક પ્રદેશનો સંભવ નથી. - - अणिंदिएसु तियभंगो - અનિન્દ્રિયોમાં ઉક્ત ત્રણે ભંગ પણ સંભવે છે, તે પ્રમાણે કહેવું. - x - x -

नो धम्मत्थिकाय - ધર્માસ્તિકાય એકત્ર આકાશપ્રદેશમાં ન સંભવે. કેમકે અસંખ્યાત પ્રદેશો અવગાહેલા હોય છે. - x - x - x - એ પ્રમાણે અધર્માસ્તિકાય નથી, અધર્માસ્તિકાયદેશ, અધર્માસ્તિકાય પ્રદેશ છે, એ પ્રમાણે કહેવું. અધ્ધાસમય નથી. ઉર્ધ્વલોકમાં અદ્ધાસમય નથી, તે અરૂપી ચાર ભેદે - ધર્માસ્તિકાયદેશ આદિ, ઉર્ધ્વલોકમાં એકત્ર આકાશ પ્રદેશમાં સંભવે છે.

'લોક'ના જેમ અધોલોક ક્ષેત્રલોકમાં એક આકાશપ્રદેશમાં જે વક્તવ્યતા કહી, તે વક્તવ્યતા લોકના પણ એકત્ર આકાશપ્રદેશમાં કહેવી. તે આ છે - ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં શું જીવો છે ? ઈત્યાદિ પૃચ્છા. ગૌતમ ! 'જીવ નથી' ઈત્યાદિ પૂર્વવત્ કહેવું અધોલોક ક્ષેત્રલોકમાં અનંતા વર્ણપર્યવા એકગુણ કાળા આદિના અનંતગુણ કાળા આદિ સુધીના પુદ્‌ગલો ત્યાં હોય છે, એ ભાવ છે અલોક સૂત્રમાં અગુરુલઘુ પર્યવયુક્ત દ્રવ્યોના પુદ્‌ગલાદિનો અભાવ છે.

● **સૂત્ર-૫૧૧ થી ૫૧૩ :-**

***[૫૧૧] ભગવન્ ! લોક કેટલો મોટો છે ? ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ, સર્વે દ્વીપોથી યાવત્ પરિધિથી છે. - - તે કાળે, તે સમયે છ મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવો, જંબૂદ્વીપના મેરુ પર્વતની મેરુ ચૂલિકાની ચોતરફ ઉભા રહ્યા. નીચે ચાર દિક્‌કુમારી મહત્તરિકાઓ ચાર બલિપિંડ લઈને જંબૂદ્વીપની ચારે દિશામાં બહારની તરફ મુખ રાખીને ઉભી રહી. તે ચારે બલિપિંડ યમક-શમકની બાહ્યાભિમુખ ફેંક્યા. હે ગૌતમ ! ત્યારે તે દેવોમાંથી એક-એક દેવ, ચારે બલિપિંડોને પૃથ્વીતલ ઉપર પહોંચ્યા પહેલા, જલ્દીથી ગ્રહણ કરવામાં સમર્થ હોય. તેવા તે દેવોમાંથી એક દેવ, હે ગૌતમ ! તે ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી પૂર્વમાં જાય, એ પ્રમાણે એક દક્ષિણમાં, એક પશ્ચિમમાં, એક ઉત્તરમાં જાય, એ રીતે એક દેવ ઉર્ધ્વમાં અને એક દેવ અધોભિમુખ જાય.***

***તે જ કાળે, તે સમયે ૧૦૦૦ વર્ષના આયુવાળા એક બાળકે જન્મ લીધો. ત્યારે તે બાળકના માતાપિતા મૃત્યુ પામ્યા. (તેટલા સમયમાં) તે દેવ, લોકના અંતને પ્રાપ્ત કરી શકતા નથી. ત્યારપછી તે બાળક પણ આયુ પૂર્ણ થતાં મૃત્યુ પામ્યો. તેટલા સમયમાં પણ તે દેવ, લોકના અંતને પામી શકતો નથી. ત્યારપછી***

*તે બાળકના હાડ-માંસ પણ ક્ષીણ થઈ જાય, તો પણ તે દેવો લોકના અંતને પામી શકતો નથી. તે બાળકની સાતમી પેઢી સુધીનો કુળ-વંશ ક્ષીણ થઈ ગયો, તો પણ તે દેવો લોકાંત પામી ન શક્યા, ત્યારપછી તે બાળકના નામગોત્ર પણ ક્ષીણ થઈ ગયા તો પણ તે દેવો લોકના અંતને પામી ન શક્યા.*

*ભગવન્ ! તે દેવોનું ગતક્ષેત્ર અધિક છે કે, અગત ક્ષેત્ર ? ગૌતમ ! ગતક્ષેત્ર અધિક છે, અગત ક્ષેત્ર બહુ નથી. અગત ક્ષેત્ર ગતક્ષેત્રના અસંખ્યાતમાં ભાગે છે, અગત ક્ષેત્રથી ગતક્ષેત્ર અસંખ્યાતગણું છે. હે ગૌતમ ! લોક, આટલો વિશાળ કહેલ છે.*

*ભગવન્ ! અલોક કેટલો મોટો છે ? ગૌતમ! આ સમયક્ષેત્ર ૪૫ લાખ યોજન લંબાઈ-પહોળાઈથી છે. એ પ્રમાણે સ્કંદકમાં કહ્યા મુજબ યાવત્ પરિધિથી છે. - - તે કાળે, તે સમયે મહર્દ્ધિક એવા દશ દેવો પૂર્વવત્ યાવત્ ચોતરફથી ઘેરીને ઉભા રહે. નીચે આઠ દિક્કુમારી મહત્તરિકાઓ આઠ બલિપિંડ લઈને માનુષોત્તર પર્વતની ચારે દિશામાં, ચારે વિદિશામાં બાહ્યાભિમુખ રહીને આઠ બલિપિંડ લઈને માનુષોત્તર પર્વતના બહારની તરફ એક સાથે ફેંકે, ત્યારે તે દેવોમાંથી પ્રત્યેક દેવ તે આઠ બલિપિંડને ધરણિતલે પહોંચ્યા પહેલા જલ્દીથી ગ્રહણ કરવાને સમર્થ થાય. એવી શીઘ્ર, ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી તે દશે દેવ, લોકના અંતમાં ઉભા રહીને, તેમાં એક દેવ પૂર્વ અભિમુખ જાય, એક દેવ દક્ષિણપૂર્વમાં જાય યાવત્ એક ઉત્તર-પૂર્વમાં જાય, એક દેવ ઉર્ધ્વમાં, એક દેવ નીચેની દિશામાં જાય.*

*તે કાળે, તે સમયે એક લાખ વર્ષના આયુવાળા બાળકનો જન્મ થાય, ત્યારપછી તે બાળકના માતા-પિતા મૃત્યુ પામે, તે દેવો અલોકના અંતને ન પામે. ઈત્યાદિ પૂર્વવત્. - - તે દેવોનું ગતક્ષેત્ર વધારે છે કે અગતક્ષેત્ર વધારે છે ? ગૌતમ ! ગતક્ષેત્ર વધુ નથી, અગત ક્ષેત્ર ઘણું છે. ગતક્ષેત્રથી અગત ક્ષેત્ર અનંતગુણ છે, અગત ક્ષેત્રથી ગત ક્ષેત્ર અનંત ભાગ છે. ગૌતમ ! અલોક આટલો મોટો કહ્યો છે.*

*[૫૧૨] ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં એકેન્દ્રિય જીવોના જે પ્રદેશ છે યાવત્ પંચેન્દ્રિયના જે પ્રદેશ છે, અનિન્દ્રિય પ્રદેશો છે, શું તે બધાં અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ? ભગવન્ ! શું તે પરસ્પર એકબીજાને આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરે છે ? અથવા શું તે તેના અવયવોનું છેદન કરે છે ?*

*ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે લોકના એક આકાશપ્રદેશમાં એકેન્દ્રિયાદિ જીવપ્રદેશ યાવત્ પરસ્પર બાધા પહોંચાડતા નથી. - - ગૌતમ ! જેમ કોઈ નર્તકી હોય, તેણી શ્રૃંગારના ગૃહસમાન, સુંદર વેશવાળી યાવત્ કલિત, સેંકડો-લાખો લોકોથી પરિપૂર્ણ રંગસ્થલીમાં બત્રીસ પ્રકારના નાટ્યમાંથી કોઈ એક નાટ્ય દેખાડતી હોય તો, - - હે ગૌતમ ! તે પ્રેક્ષકગણ, તે નર્તકીને અનિમે, દૃષ્ટિથી ચોતરફથી જુએ છે કે નહીં ? હા, જુએ છે.*



*હે ગૌતમ ! તે દર્શકોની દૃષ્ટિ, તે નર્તકી પર ચોતરફથી પડે છે કે નહીં ? હા, પડે છે. - - હે ગૌતમ ! તે દૃષ્ટિઓ, તે નર્તકીને કંઈ પણ થોડી કે ઝાઝી પીડા પહોંચાડે છે ? કે તેણીના અવયવોનું છેદન કરે છે ? ના, તે અર્થ સમર્થ નથી. અથવા તે નર્તકી તે દૃષ્ટિને કંઈ થોડી કે ઝાઝી પીડા પહોંચાડી શકે કે તેના અવયવોનું છેદન કરે ? ના, તે અર્થ સમર્થ નથી. અથવા તે દૃષ્ટિઓ પરસ્પર દૃષ્ટિને થોડી કે વધુ પીડા પહોંચાડી શકે કે અવયવ છેદ કરી શકે ? ના, તે અર્થ સમર્થ નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે — પૂર્વવત્ યાવત્ અવયવોનું છેદન ન કરે.*

*[૫૧૩] ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય પદમાં રહેલ જીવપ્રદેશો, ઉત્કૃષ્ટ પદમાં રહેલ જીવપ્રદેશ અને સમસ્ત જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? - - ગૌતમ ! સૌથી થોડા લોકના એક આકાશપ્રદેશમાં જઘન્યપદમાં રહેલ જીવપ્રદેશ છે. સર્વ જીવો તેથી અસંખ્યાતગણા છે, ઉત્કૃષ્ટપદમાં રહેલ જીવપ્રદેશો વિશેષાધિક છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૫૧૧ થી ૫૧૩ :-**

સવ્વદીવ - અહીં યાવત્ કરણથી આમ જાણવું - સમુદ્રના અભ્યંતરમાં વૃત્ત, તેલના પુડલાના સંસ્થાને સંસ્થિત, રથ ચક્રવાલ સંસ્થાને સંસ્થિત, પુષ્કર કર્ણિકા સંસ્થાને સંસ્થિત, પ્રતિપૂર્ણ ચંદ્રના સંસ્થાને સંસ્થિત એવો વૃત્ત, એક લાખ યોજન લંબાઈ-પહોળાઈથી ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલથી કિંચિત્ વિશેષાધિક. - - ताए उक्किट्ठाए માં યાવત્ શબ્દથી આમ જાણવું-ત્વરિત, ચપળ, ચંડા, સિંહ, ઉદ્ધૃતા, જયિની, છેકા, દિવ્ય-તેમાં ત્વરિત એટલે આકુલ, ચપળ એટલે કાયાની ચપળતાથી, ચંડા-રૌદ્ર, ઉત્કૃષ્ટગતિના યોગથી. સિંહા એટલે સ્થિરતાથી દૃઢ, ઉદ્ધૃતા-અતિશય ગર્વવાળી, જયિની-વિપક્ષને જીતનારી, છેકા-નિપુણ, દિવ્ય-દેવલોકમાં થતી.

પૂર્વાભિમુખ તે મેરુની અપેક્ષાએ છે. આ सत्तमे० કુળરૂપ વંશ, સાતમી પેઢીથી ક્ષીણ થયેલ છે તે અર્થાત્ સાત વંશ સુધી વિચ્છેદ. गयाउ से अगए० ઈત્યાદિ - (શંકા) પૂર્વાદિમાં પ્રત્યેક અર્ધરાજ પ્રમાણપણાથી લોકના ઉર્ધ્વ-અધો, તેથી કિંચિત્ ન્યૂનાધિક સાત રાજ પ્રમાણપણાથી અતુલ્ય ગતિ વડે જતાં દેવોને કેમ છ એ દિશામાં ગત-અગત ક્ષેત્ર અસંખ્યાત ભાગમાત્ર અગત ક્ષેત્ર ગત ક્ષેત્રનું અસંખ્યાતગણું કહ્યું ?

અહીં કહે છે — લોકને ઘનચતુર્ ખૂણા વાળો કરીને કલ્પતા આમાં દોષ નથી. [શંકા] જો ઉક્ત સ્વરૂપ વડે પણ જઈને જતો દેવ લોકાંતને ઘણાં કાળે પણ ન પામે, તો અચ્યુતકલ્પથી જિનજન્માદિમાં દેવો જલ્દી કઈ રીતે આવે છે ? કેમકે ક્ષેત્રનું બહુપણું, કાળનું અલ્પત્વ છે.

સત્ય છે. પરંતુ આ ગતિમંદ છે, જિનજન્માદિ અવતરણ ગતિ શીઘ્રતમ છે. - - અસદ્‌ભૂતાર્થ કલ્પનાથી.

પૂર્વે લોકાલોક વક્તવ્યતા કહી. હવે લોકના એક પ્રદેશગત વક્તવ્ય વિશેષ દર્શાવવા કહે છે – 'अत्थि णं भंते' ઈત્યાદિ.. जाव कलिय અહીં યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું - "સંગત ગત હસિત ભણિત ચેષ્ટિત વિલાસ સલલિત સંલાપ નિપુણ યુક્તોપચાર કલિત."

જેના બત્રીશ ભેદો છે, તે તથા તે નાટ્યના, તેમાં "ઈહા-મૃગ-ઋષભ-તુરગ-નર-મકર-વિહગ-વ્યાલક-કિન્નરાદિ ભક્તિ ચિત્ર" નામક એક નાટ્યવિધિ, આનો આચરિત અભિનય સંભવે છે, એ રીતે બીજા પણ ૩૧-પ્રકારો 'રાયપ્પસેણીય' આગમથી જાણવા.

લોકના એકપ્રદેશ અધિકારથી આ પ્રમાણે કહે છે – જેમ આ તેર પ્રદેશોમાં તેર પ્રદેશો દશદિગ્ સ્પર્શતા, તેર દ્રવ્યો જેમાં સ્થિત છે, તેના પ્રતિ આકાશપ્રદેશ તેર તેર પ્રદેશ થાય છે. એ પ્રમાણે લોકાકાશ પ્રદેશમાં અનંતજીવના અવગાહથી એક એક આકાશ પ્રદેશમાં અનંતા જીવ પ્રદેશો છે. તેમાં જઘન્ય પદમાં એકત્ર આકાશ પ્રદેશમાં સૌથી થોડાં જીવપ્રદેશો છે. તેનાથી સર્વજીવો અસંખ્યાતગણા છે. ઉત્કૃષ્ટ પદમાં તેનાથી વિશેષાધિક છે.

આ સૂત્રાર્થ આ વૃદ્ધોક્ત ગાથા વડે વિચારવો –

(૧) લોકના એક પ્રદેશમાં જઘન્યપદે જે પ્રદેશો, ઉત્કૃષ્ટપદમાં જે પ્રદેશો છે, તેમાં સર્વ જીવોમાં કોણ વધારે છે ? - આ પ્રશ્ન છે, તેનો ઉત્તર આ છે

(૨) જઘન્યપદમાં સૌથી થોડાં જીવ પ્રદેશો, જીવો અસંખ્યગુણા, ઉત્કૃષ્ટ પદે પ્રદેશો તેનાથી વિશેષાધિક કહેવા.

(૩) હવે જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ કહે છે – જઘન્યપદે લોકાંત, જેની સ્પર્શના ત્રણ દિશામાં છે, ઉત્કૃષ્ટપદે છ દિશામાં સમસ્ત ગોલકમાં હોય છે, અન્યત્ર નહીં. (૪) તેમાં - જઘન્યપદે લોકને અંતે હોય છે, જ્યાં ગોલકને સ્પર્શે તે નિગોદ દેશ વડે ત્રણ દિશામાં હોય છે, બાકીની દિશા અલોકમાં અનાવૃત્ત હોય છે. અર્થાત્ તે ખંડગોલ હોય છે. જ્યાં ગોલકમાં છ દિશામાં નિગોદ દેશ વડે સ્પર્શના થાય છે, તે ઉત્કૃષ્ટપદે થાય છે, તે પરિપૂર્ણ ગોલકમાં થાય, બીજે નહીં. અર્થાત્ ખંડગોલકમાં નહીં, લોકમધ્યે તે હોય.

હવે પરિવચનમાં શંકા કરતા કહે છે – ઉત્કૃષ્ટે અસંખ્યગુણ જઘન્યથી કઈ રીતે હોય ? ત્રણ દિશાની સ્પર્શનાથી છ દિશાની સ્પર્શના બમણી ન થાય ?

(૫) જીવપ્રદેશ અપેક્ષાએ ઉત્કૃષ્ટપદ અસંખ્યાતગુણ છે. જઘન્યપદથી કેમ ન થાય ? ત્રિદિક્ સ્પર્શનાથી ષડ્‌દિક્ સ્પર્શના નક્કી બમણી છે. તેથી ઉત્કૃષ્ટ પદ દ્વિગુણ જ થાય, તે અસંખ્યાતગુણ ઈષ્ટ છે. જઘન્યપદ આશ્રિત જીવ પ્રદેશાપેક્ષાએ અસંખ્યાતગુણ સર્વ જીવો કરતાં વિશેષાધિક જીવપ્રદેશની યુક્તતાથી છે ? - અહીં



ઉત્તરમાં કહે છે કે –

(૬) જીવપ્રદેશો જઘન્યપદે થોડા છે. કઈ રીતે ? કહે છે – નિગોદ માત્ર ક્ષેત્રમાં જેની અવગાહના છે, તે તથા એક અવગાહનાવાળા. તેના વડે જે સ્પર્શન-અવગાહનને જઘન્યપદના તે નિગોદ માત્ર અવગાહન સ્પર્શન, તેથી ખંડગોલક નિષ્પાદક નિગોદ વડે તેનું અસંસ્પર્શનથી આમ કહ્યું. ભૂમિની નજીકના અપવરક કોણના છેલ્લા પ્રદેશ સદેશ જ જઘન્યપદ નામે પ્રદેશ છે. તેના આલોક સંબંધથી એક અવગાહના જ નિગોદને સ્પર્શે છે. ખંડગોલ નિષ્પાદકો સ્પર્શતા નથી. તેમાં વળી જઘન્યપદ કલ્પનાથી શત-જીવને સ્પર્શે છે. તે પ્રત્યેકને કલ્પના વડે જ લાખપ્રદેશને તેમાં અવગાઢ છે. એ પ્રમાણે જઘન્યપદમાં કોટી જીવપ્રદેશોનો અવગાઢ છે, એ પ્રમાણે તેના જીવપ્રદેશો થોડાં છે, એમ કહ્યું.

હવે ઉત્કૃષ્ટ પદે જીવપ્રદેશ પરિમાણ કહે છે – સ્પર્શનામાં-ઉત્કૃષ્ટપદના પૂર્ણગોલક નિષ્પાદ નિગોદ વડે સંસ્પર્શનાના જે અસંખ્યાતગુણત્વ જઘન્યપદ અપેક્ષાથી છે, તે તથા તે હેતુથી ઉત્કૃષ્ટ પદમાં અસંખ્યાતગુણા જીવપ્રદેશો જઘન્ય પદ અપેક્ષાથી હોય છે. ઉત્કૃષ્ટપદ જ સંપૂર્ણ ગોલક નિષ્પાદક નિગોદ વડે એક અવગાહના વડે અસંખ્યેયથી તથા ઉત્કૃષ્ટપદ અવિમોચનથી એક પ્રદેશ હાનિ વડે પ્રત્યેકના અસંખ્યેય વડે સ્પૃષ્ટ છે. તે વળી કલ્પના વડે કોટી સહસ્રથી જીવોનો સ્પર્શે છે, તેમાં પ્રત્યેક જીવપ્રદેશ લાખની અવગાહના વડે જીવપ્રદેશોના દશ કોડાકોડી અવગાઢ થાય છે, એ રીતે ઉત્કૃષ્ટ પદમાં તેને અસંખ્યગુણ વિચારવા.

હવે ગોલક પ્રરૂપણાને માટે કહે છે –

(૭) ઉત્કૃષ્ટપદ - વિવક્ષિત પ્રદેશને ન છોડીને નિગોદ અવગાહનાના એકના સર્વે દિશામાં નિગોદ અંતરો સ્થાપના વડે ગોલ નિષ્પાદિત થાય છે. કઈ રીતે ? પ્રદેશની વૃદ્ધિ-હાનિ વડે, વિવક્ષિત અવગાહનાના કેટલાંક પ્રદેશોને આક્રમિત કરતા, કેટલાંકને મૂકીને-એ પ્રમાણે એક ગોલકની નિષ્પત્તિ થાય છે.

(૮) બીજા ગોલકની કલ્પના માટે કહે છે – તે ઉક્ત લક્ષણ ગોલકને આશ્રીને બીજા ગોલક નિષ્પન્ન થાય છે. કઈ રીતે ? ઉત્કૃષ્ટ પદ, પૂર્વોક્ત ગોલક સંબંધી છોડીને જે અન્ય ગોલક હોય છે, તેમાં ઉત્કૃષ્ટ પદ કલ્પનાથી નિગોદ છે. તથા જે છે, તે કહે છે - - (૯) ઉક્તક્રમથી નિગોદ માત્ર ક્ષેત્રમાં ગોલકની નિષ્પત્તિ થાય છે. વિવક્ષિત નિગોદ અવગાહના અતિરિક્ત નિગોદ દેશોનો બીજા ગોલકમાં અંદર પ્રવેશથી થાય. એ પ્રમાણે લોકમાં અસંખ્યાત ગોલક નિષ્પન્ન થાય છે. કેમકે નિગોદ અવગાહનાનું અસંખ્યપણું છે, પ્રતિનિગોદ અવગાહનથી ગોલકની નિષ્પત્તિ થાય છે.

હવે આ પ્રતિગોલક ઉત્કૃષ્ટપદ કહ્યા, તેને જ અહીં લેવા કે બીજાને ?

(૧૦) વ્યવહારનયથી - સામાન્યથી, અનંતર કહેલ ઉત્કૃષ્ટ પદ કહ્યું, તેનાથી આ લેવું - શા માટે ? તે કહે છે. ઉત્કૃષ્ટ પદોથી કેવલ અસંખ્યાત ગોલકો નથી,

પરિપૂર્ણ ગોલક પણ પ્રરૂપિત ગોલકો અસંખ્યાત જ થાય છે, તેથી નિયત ઉત્કૃષ્ટ પદ કોઈ હોતું નથી. જે નૈશ્ચયિક ઉત્કૃષ્ટ પદ હોય છે, સર્વોત્કર્ષ યોગથી જે આ ગ્રહણ કરવું - તે કહે છે —

(૧૧) બાદર નિગોદના - કંદાદિના વિગ્રહગતિક આદિ તે બાદર નિગોદ વિગ્રહ ગતિકાદિ. આદિ શબ્દ અહીં વિગ્રહગતિના અવરોધાર્થે છે. જેમાં ઉત્કૃષ્ટ પદમાં સમધિક બીજા - સૂક્ષ્મ નિગોદ ગોલકથી બીજા ગોલક ઉત્કર્ષથી સબહુ નૈશ્ચયિક પદ થાય છે. બાદર નિગોદ જ પૃથ્વી આદિમાં અને પૃથ્વી આદિ સ્વસ્થાનમાં સ્વરૂપથી હોય છે, સૂક્ષ્મનિગોદ માફક સર્વત્ર નહીં, તેથી જેમાં ક્વચિત્ તે હોય, તે તાત્ત્વિક રીતે ઉત્કૃષ્ટ પદ છે આ જ વસ્તુ દર્શાવવાને કહે છે —

(૧૨) બાદર નિગોદના આશ્રય વિના સૂક્ષ્મ નિગોદને આશ્રીને બહુતુલ્ય-નિગોદ સંખ્યા, પ્રાયે સમાન છે. પ્રાયઃનું ગ્રહણ એકાદિના ન્યૂન-અધિકત્વના વ્યભિચારને પરિહારાર્થે છે. આ ક્યા છે ? તે કહે છે — સંપૂર્ણ ગોલક, ખંડ ગોલક નહીં, તેથી કોઈ નિયત ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત થતું નથી. જેથી આમ છે, તેથી બાદરનિગોદાદિનું ઉત્કૃષ્ટ પદે ગ્રહણ કરાય છે.

હવે ગોલકાદિનું પ્રમાણ કહે છે — નિગોદના અસંખ્ય ગોલકના અસંખ્યાત ગોળા હોય છે. એક-એક નિગોદમાં અનંતજીવો જાણવા.

(૧૩) હવે જીવપ્રદેશ પરિમાણ પ્રરૂપણા પૂર્વક નિગોદાદિની અવગાહનાને જણાવવા કહે છે — (૧૪) લોક અને જીવના પ્રત્યેકના અસંખ્ય પ્રદેશો હોય છે. તેઓ પરસ્પર તુલ્ય જ છે. તેઓનો સંકોચ વિશેષથી અંગુલના અસંખ્યાત ભાગ નિગોદના તે જીવોના ગોલકનો અવગાહ છે. એ નિગોદાદિ સમઅવગાહના છે. તેના જ સમર્થનમાં કહે છે —

(૧૫) જે ક્ષેત્રમાં જીવો અવગાહે છે, તેમાં જ નિગોદ છે, જીવના અવસ્થાનથી નિગોદની વ્યાપ્તિ છે. શેષનિગોદ અવગાહનાનો બીજા ગોલકમાં પ્રવેશથી નિગોદ માત્રપણાથી ગોલકની અવગાહના છે. જે ક્ષેત્રમાં - આકાશમાં છે, તે જીવનિગોદ ગોળા છે. - x - હવે જીવાદિની અવગાહના સમપણાના સામર્થ્યથી જે એકત્ર પ્રદેશમાં જીવપ્રદેશમાન હોય છે, તેને કહેવાને પ્રસ્તાવનાર્થે પ્રશ્ન કરતા કહે છે — ઉત્કૃષ્ટ પ્રદેશમાં એક જીવપ્રદેશ રાશિના એક નિગોદના ગોળાના કેટલો સમોગાઢ હોય?

(૧૬) તેમાં જીવને આશ્રીને ઉત્તર આપે છે - જીવના લોકમાત્રના સૂક્ષ્મ અવગાહના અવગાઢના ઐકૈક પ્રદેશમાં અસંખ્ય પ્રદેશો હોય.

(૧૭) તે વળી કલ્પનાથી કોટીશત સંખ્યાના જીવપ્રદેશ રાશિના પ્રદેશ ૧૦,૦૦૦ સ્વરૂપ જીવ અવગાહના વડે ભાગથી ભાગતા લાખ પ્રમાણ થાય. હવે નિગોદને આશ્રીને કહે છે — 'લોકના' - કલ્પનાથી પ્રદેશ કોટી શતમાન વડે ભાગ કરતા નિગોદ અવગાહના કલ્પના વડે પ્રદેશ દશ હજાર માન વડે જે પ્રાપ્ત થાય તે લક્ષ



પરિમાણ ઉત્કૃષ્ટ પદે અવગાઢ એક એક જીવોથી છે. અનંત જીવાત્મક નિગોદ સંબંધી ઐકૈક જીવ હોય.

(૧૮) આના વડે નિગોદના ઉત્કૃષ્ટ પદે જે અવગાઢ તે દર્શાવ્યો, હવે ગોલકને આશ્રીને જે અવગાઢ તે દર્શાવે છે —

(૧૯) જેમ નિગોદ જીવથી અસંખ્યેયગુણા તેના પ્રદેશો, ઉત્કૃષ્ટ પદમાં અતિગત છે, એ પ્રમાણે દ્રવ્યાર્થતાથી જાણવું, પ્રદેશાર્થતા વડે નહીં. સર્વે એક ગોલકગત જીવદ્રવ્ય વડે ઉત્કૃષ્ટ પદ અતિગત પ્રદેશ અસંખ્યાતગુણા થાય છે. અહીં જો કે અનંત જીવો છતાં નિગોદ કલ્પનાથી લાખ જીવ છે, ગોલકના પણ અસંખ્યાત નિગોદો હોવા છતાં કલ્પનાથી લાખ નિગોદ છે. તેમાં લાખને લાખથી ગ્રણવાથી કોટી સહસ્ર સંખ્યાની કલ્પનાથી ગોલકમાં જીવપ્રદેશો હોય છે. ગોલક જીવથી એકત્ર પ્રદેશમાં અસંખ્ય ગણા જીવ પ્રદેશો હોય છે, તેમ કહ્યું, તેમાં ગુણાકાર રાશિથી પરિમાણ નિર્ણયાર્થે કહે છે —

(૨૦) પછી ફરી અનંતરોક્ત ઉત્કૃષ્ટ પદ અતિગત જીવપ્રદેશ રાશિ સંબંધિ, કેટલા પરિમાણથી અસંખ્યાત રાશિ વડે ગુણેલ છે, જેથી અસંખ્યાત ગણના વડે આવેલ હોય? કહે છે — દ્રવ્યાર્થતાથી, પ્રદેશતાથી નહીં, જેટલા સકલગોલક છે, તેટલા જાણવા. તે ઉત્કૃષ્ટ પદથી એક જીવ પ્રદેશ રાશિ માનવી, કેમકે સર્વ ગોલકોનું તેમાં તુલ્યપણું છે. ક્યાં કારણથી અવગાહન તુલ્યતા નિગોદના ગોળાની છે ઈત્યાદિ—

(૨૧) ક્યા કારણથી - જીવ નિગોદ ગોળાની, અવગાહના તુલ્યત્વ, આનું અસંખ્યેય ભાગ માત્ર અવગાહનત્વથી છે - એ પ્રશ્ન છે. —

ગોલકો, સર્વલોક સંબંધી ઉત્કૃષ્ટ પદમાં જે એક જ જીવના પ્રદેશો છે, તે તથા તેના વડે ઉત્કૃષ્ટ પદથી એક જીવપ્રદેશ વડે તુલ્ય થાય છે.

આના જ ભાવનાર્થને કહે છે —

(૨૨) ગોલક અવગાહના પ્રદેશોથી કલ્પના વડે ૧૦,૦૦૦ સંખ્યા વડે ભાગતા. લોકે - લોકપ્રદેશ રાશિમાં, કલ્પનાથી એક કોટિ શત પ્રમાણ પ્રાપ્ત થાય છે. 'જે' - સર્વ ગોલક સંખ્યા સ્થાન કલ્પના વડે લાખ, એ અર્થ છે. તે એક જીવસંબંધીના પૂર્વોક્ત પ્રકારથી કલ્પના વડે લાખ પ્રમાણ વડે ઉત્કૃષ્ટ પદના પ્રદેશ રાશિ સાથે તુલ્ય થાય છે. જેથી ગોલક ઉત્કૃષ્ટ પદથી એક જીવપ્રદેશ સાથે તુલ્ય થાય છે, તે સાધારણ જ છે. એ પ્રમાણે ગોલકોના ઉત્કૃષ્ટ પદગત એક જીવ પ્રદેશોનું તુલ્યત્વ સમર્થન કર્યુ. ફરી તેને જ પ્રકારાંતરથી સમર્થન આપે છે.

(૨૩) અથવા લોકના જ પ્રદેશમાં એક-એકમાં મૂકવા-વિવક્ષિત સમત્વ ગોલક ઐકૈકં - ત્યારપછી ઉક્ત ક્રમ સ્થાપનામાં ઉત્કૃષ્ટ પદમાં જે એક જીવપ્રદેશા છે, તે તથા તેમાં - તે પરિમાણમાં આકાશ પ્રદેશમાં ગોળા સમાય છે, તેમ જાણવું. અર્થાત્ ઉત્કૃષ્ટ પદે જેટલામાં એક જીવના પ્રદેશો છે, તેટલામાં ગોલકો પણ છે,

તેમ જાણવું. તે કલ્પનાથી વળી લક્ષ પ્રાણ ઉભયમાં પણ છે. - - હવે સર્વ જીવોથી ઉત્કૃષ્ટ પદે જીવપ્રદેશા વિશેષાધિક છે, એમ કહેવાને તે સર્વે જીવોનું સમપણું બતાવે છે —

(૨૪) ગોલક અને જીવ પ્રદેશથી - અવગાહના પ્રદેશને આશ્રીને સમ છે. કલ્પનાથી બે પ્રદેશ દશ હજાર પ્રદેશને અવગાહે છે. - - સર્વે જીવો પણ સૂક્ષ્મ થાય છે, મધ્યમ અવગાહનાને આશ્રીને સમ અવગાહક છે, કલ્પનાથી જઘન્ય અવગાહના ૫૦૦૦ પ્રદેશ અને ઉત્કૃષ્ટે ૧૫,૦૦૦ પ્રદેશ છે, બંનેનો સરવાળો કરી અડધા કરવાથી મધ્યમા થાય છે. - x -

(૨૫) અહીં જો સદ્‌ભાવ સ્થાપનાથી કોટીશત સંખ્યપ્રદેશના જીવના આકાશ પ્રદેશ ૧૦,૦૦૦ને અવગાઢ જીવના પ્રતિપ્રદેશથી લાખ પ્રદેશ થાય, તે પૂર્વોક્ત પ્રકારથી નિગોદવર્તી જીવલક્ષણથી ગણતાં કોટી સહસ્ર થાય, પ્રતિ નિગોદમાં જીવલક્ષની કલ્પનાથી સર્વ જીવોના કોટીકોટીદશક થાય છે. હવે સર્વ જીવોના ઉત્કૃષ્ટ પદ ગત જીવપ્રદેશો વિશેષાધિક છે, તે દર્શાવે છે.

(૨૬) જેનાથી કેટલાંક ખંડગોલક લોકાંતવર્તી વર્તે છે. - x - પૂર્ણ ગોલકોથી બીજા જીવરાશિ કલ્પનાથી કોટીકોટી દશક રૂપ ન્યૂન થાય છે - જેમકે પૂર્ણગોલકતામાં જ તેના યથોક્ત ભાવથી આમ છે, તેનાથી જે જીવરાશિ ખંડગોલકો પૂર્ણીભૂત છે, તે સર્વ જીવરાશિથી અસદ્‌ભૂતતાથી લઈ લેવામાં આવે, તે જો કલ્પનાથી કોટી પ્રમાણ હોય, તેમાં સર્વ જીવરાશિ લઈ લેતા સ્તોકતર થાય છે. ઉત્કૃષ્ટપદે તો યથોક્ત પ્રમાણ જ છે, એ રીતે તત્ત્વથી વિશેષાધિક થાય છે. વળી સમત્વ, ખંડગોલકોનું પૂર્મતાની વિવક્ષાથી કહ્યું, તથા બાદરવિગ્રહિકથી - બાદરનિગોદાદિ જીવ પ્રદેશથી ઉત્કૃષ્ટ પદે જે - જેનાથી સર્વ જીવ રાશિથી અધિક છે, તેથી સર્વ જીવોના ઉત્કૃષ્ટ પદમાં જીવ પ્રદેશો વિશેષાધિક થાય છે. અહીં આ ભાવના છે —

બાદરવિગ્રહગતિક અનંત જીવોના સૂક્ષ્મ જીવ અસંખ્યાત ભાગવર્ત્તિની કલ્પનાથી કોટી પ્રાયઃ સંખ્યાની પૂર્વોક્ત જીવરાશિ પ્રમાણમાં પ્રક્ષેપથી સમત્વ પ્રાપ્ત થાય તો પણ, તે બાદરાદિ જીવ રાશિના કોટી પ્રાય સંખ્યાના મધ્યથી ઉત્કૃષ્ટે અસંખ્યાત ભાગની કલ્પનાથી સો સંખ્યા વિવક્ષિત સૂક્ષ્મ ગોલક અવગાહનાથી અવગાહતા એક એક પ્રદેશમાં પ્રત્યેક જીવપ્રદેશ લક્ષના અવગાઢત્વથી લાખને સો વડે ગુણતા કોટી પ્રમાણત્વથી તેના ઉત્કૃષ્ટપદમાં પ્રક્ષેપથી પૂર્વોક્ત ઉત્કૃષ્ટ પદ જીવપ્રદેશ પ્રમાણ કોટી અધિક થાય છે. જો આમ છે - તો સર્વે જીવોથી સ્પૃષ્ટને ગ્રહણ કરતા ઉત્કૃષ્ટ પદે પ્રદેશો નિયમા વિશેષાધિક થાય.

(૨૭) આ જ વાત બીજા પ્રકારે કહે છે — અથવા જેનાથી બહુસમ સૂક્ષ્મ લોકમાં અવગાહના છે, તે એક એક જીવને બુદ્ધિથી લેતા —

(૨૮) જેથી બહુસમ - પ્રાયઃ સમાન જીવ સંખ્યા કલ્પનાથી એક-એક અવગાહનામાં કોટી સહસ્ર જીવનું અવસ્થાન છે, ખંડગોલકથી વ્યભિચાર પરિહારાર્થે



આ બહુગ્રહણ છે. સૂક્ષ્મ - સૂક્ષ્મ નિગોદ ગોલક, કલ્પનાથી લાખ કલ્પો. લોક - ચૌદ રાજ પ્રમાણ લોકમાં, અવગાહનાથી સમાન છે. કલ્પનાથી દશ-દશ હજાર પ્રદેશમાં અવગાઢ હોવાથી કહ્યું. તેથી એક પ્રદેશ અવગાઢ જીવ પ્રદેશોના સર્વ જીવોના સમત્વ પરિજ્ઞાનને માટે એક એક જીવ બુદ્ધિ વડે કેવલિ સમુદ્‌ઘાત ગતિથી લોકમાં વિસ્તારવા.

આનો ભાવાર્થ આ છે - જેટલા ગોલકના એકત્ર પ્રદેશમાં જીવ પ્રદેશો હોય, કલ્પનાથી કોટી-કોટી દશક પ્રમાણ તેટલા જ વિસ્તારિત જીવોમાં લોકના એકત્ર પ્રદેશમાં તે હોય છે, બધાં જીવો તેની સમાન જ છે. તેથી કહ્યું છે —

(૨૯) એ પ્રમાણે માત્ર ગોલક અને જીવો સમાન નથી. ઈત્યાદિ પૂર્વોક્ત ન્યાયથી જીવો એક પ્રદેશગત જીવપ્રદેશ વડે પણ સમાન છે. ઉત્તરાર્દ્ધની ભાવના પૂર્વવત્ જાણવી. હવે પૂર્વોક્ત રાશિના નિદર્શનને જણાવવા પ્રસ્તાવના કરતા કહે છે — તે રાશિને નિદર્શન માટે સુખેથી ગ્રહણ અને ગ્રાહવણાર્થે રાશિ પ્રમાણ સ્થાપનાથી આ પ્રત્યક્ષ કહું છું.

(૩૦) લાખ ગોલકના પ્રત્યેક ગોલકમાં લાખ નિગોદ છે, એક એક નિગોદમાં લાખ જીવો છે.

(૩૧) તે લોકમાં એક જીવના પ્રદેશો કોડીશત છે, ગોલક નિગોદ જીવનો ૧૦,૦૦૦ પ્રદેશ અવગાહ છે.

(૩૨) એક એક જીવનો ૧૦,૦૦૦ પ્રદેશ લોકમાં અવગાહ છે અને એક એક પ્રદેશમાં લાખ પ્રદેશ અવગાઢ છે.

(૩૩) લાખ જીવો જઘન્ય પદમાં, કોડી જીવપ્રદેશ છે, ઉત્કૃષ્ટ પદમાં પ્રદેશાગ્ર અવગાઢ કહું છું.

(૩૪) કોડી સહસ્ર જીવોના દશ કોડીકોડી પ્રદેશો છે, ઉત્કૃષ્ટથી સર્વે જીવોનો આ અવગાઢ છે.

(૩૫) ઉત્કૃષ્ટ પદે બાદર જીવના કોડી પ્રદેશ સૂક્ષ્મમાં પ્રક્ષેપવા, આટલા ખંડગોલક કરવા જોઈએ.

(૩૬) ઉત્કૃષ્ટ પદે સૂક્ષ્મ જીવ પ્રદેશ રાશિની ઉપર કોડી પ્રમાણ બાદર જીવોનો પ્રક્ષેપ કરવો, શત કલ્પત્વથી વિવક્ષિત સૂક્ષ્મગોલક અવગાઢ બાદર જીવોનો છે, તેમાં પ્રત્યેક લાખ પ્રદેશ ઉત્કૃષ્ટ પદે અવસ્થિત્વથી છે. તે મળીને કરોડનો સદ્‌ભાવ થશે. તથા સર્વ જીવરાશિનો મધ્યથી શોધતા દૂર કરતા, આટલો - કોટી સંખ્યાનો કરવો જોઈએ. ખંડગોલક પૂર્ણતા કરવાને નિયુક્ત જીવોના તેઓના સદ્‌ભાવિકત્વથી આમ કહ્યું છે.

આમાં યથાસંભવ રાશિના અર્થવચન કરવા. સદ્‌ભાવથી તેને અસંખ્ય કે અનંત જાણવા. - - આ માટે અપનય યથા સ્થાન પ્રાયઃ પૂર્વે દર્શાવેલ જ છે. અનંત - નિગોદ જીવો જો કે લાખ પ્રમાણ કહ્યા, તો પણ અનંતા, એ પ્રમાણે સર્વ જીવો છે.

તથા નિગોદાદિ જે લાખ પ્રમાણ કહ્યા, તે પણ અસંખ્યાતા જાણવા.

## ❁ શતક-૧૧, ઉદ્દેશો-૧૧-"કાલ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧૦-માં લોક વક્તવ્યતા કહી. અહીં તે લોકવર્તી કાલ દ્રવ્ય વક્તવ્યતા કહે છે, એ સંબંધે આ ઉદ્દેશો આવેલ છે.

**● સૂત્ર-૫૧૪ :-**

*તે કાળે, તે સમયે વાણિજ્ય ગ્રામ નામે નગર હતું-વર્ણન. દૂતિપલાશક ચૈત્ય હતું - વર્ણન. યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો.*

*તે વાણિજ્યગ્રામ નગરમાં સુદર્શન નામે શ્રેષ્ઠી રહેતો હતો, તે ઋદ્ધિમાન્ યાવત્ અપરિભૂત હતો, શ્રાવક, જીવાજીવનો જ્ઞાતા યાવત્ વિચરતો હતો. સ્વામી પધાર્યા. યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*ત્યારે તે સુદર્શન શ્રેષ્ઠી આ વૃત્તાંત જાણીને હર્ષિત, સંતુષ્ટ થઈને સ્નાન કર્યું, યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને કોરંટપુષ્પની માળાયુક્ત છત્રને ધારણ કરીને પગે ચાલીને, મહાપુરુષ વર્ગથી પરિવૃત્ત થયેલો વાણિજ્યગ્રામ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને જ્યાં દૂતિપલાશ ચૈત્ય છે, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરની પંચવિધ અભિગમથી સન્મુખ જાય છે. તે આ - સચિત્ત દ્રવ્યોનો ત્યાગ ઈત્યાદિ જેમ ઋષભદત્તમાં કહ્યું તેમ યાવત્ ત્રિવિધ એવી પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર સુદર્શન શ્રેષ્ઠીને અને તે મહા-મોટી પર્ષદાને ધર્મ કહે છે યાવત્ તે આરાધક થયો. ત્યાર સુદર્શન શ્રેષ્ઠી ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળીને, અવધારીને હર્ષિત, તુષ્ટિત થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આમ કહે છે — ભગવન્ ! કાળ કેટલા ભેદે છે ? હે સુદર્શન ! કાળ ચાર ભેદે છે — પ્રમાણકાળ, યથાનિવૃત્તિકાળ, મરણકાળ, અદ્ધાકાળ.*

*તે પ્રમાણ કાળ શું છે ? બે ભેદે છે - દિવસ પ્રમાણકાળ અને રાત્રિ પ્રમાણકાળ. ચાર પ્રહરનો દિવસ હોય, ચાર પ્રહરની રાત્રિ હોય છે.*

**● વિવેચન-૫૧૪ :-**

પ્રમાણકાલ - જેના વડે મપાય છે - સો વર્ષ આદિ, તે પ્રમાણ. તેવો જે કાળ, તે પ્રમાણકાળ. અથવા પ્રમાણ-વર્ષાદિ કે તત્પ્રધાન, તેના અર્થનું પરિછેદન, એવો કાળ તે પ્રમાણકાળ - અદ્ધાકાલ વિશેષ દિવસાદિ સ્વરૂપ. કહ્યું છે કે — પ્રમાણ કાળ બે ભેદે છે - દિવસ પ્રમાણ અને રાત્રિ પ્રમાણ, દિવસ અને રાત્રિ બંને ચાર પોરિસીરૂપ છે.





યથાયુનિર્વૃત્તિકાળ - જે પ્રકારે આયુષ્યની નિર્વૃત્તિ-બંધન, તથા જે કાળ-અવસ્થિતિ, તે યથાનિર્વૃત્તિકાળ-નારકાદિ આયુલક્ષણ. આ અદ્ધાકાળ જ આયુકર્મના અનુભવ વિશિષ્ટ બધાં સંસારી જીવોને હોય છે. કહ્યું છે કે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવોને જે યથાયુ બંધ છે, તે બીજા ભવમાં યથાયુકાળ તે પાળે છે.

'મરણકાળ' મરણથી શિષ્ટ કાળ તે મરણકાળ - અદ્ધાકાળ જ. અથવા મરણ એ જ કાળ, મરણના કાળ પર્યાયત્વથી મરણ કાળ.

'અદ્ધાકાળ' સમય આદિ વિશેષ, તદ્રૂપ કાળ તે અદ્ધાકાળ - ચંદ્ર-સૂર્યાદિ ક્રિયા વિશિષ્ટ અઢી દ્વીપ-સમુદ્રવર્તી સમયાદિ. કહ્યું છે કે — સમય, આવલિ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી પરાવર્ત. - અહીં દિવસ અને રાત્રિ પૌરુષી કહી, તે પૌરુષીની પ્રરૂપણા કરે છે —

**● સૂત્ર-૫૧૫ :-**

*દિવસ અને રાત્રિની પોરિસી ઉત્કૃષ્ટથી સાડા ચાર મુહૂર્ત્તની, અને જઘન્યથી ત્રણ મુહૂર્ત્તની હોય છે.*

*ભગવન્ ! જ્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની દિવસની કે રાત્રિની પોરિસી હોય, ત્યારે મુહૂર્ત્તના કેટલા ભાગ ઘટતા-ઘટતા જઘન્ય ત્રણ મુહૂર્ત્તના દિવસ અને રાત્રિની પૌરુષી થાય છે ? અને જ્યારે દિવસ અને રાત્રિની પોરિસી જઘન્ય ત્રણ મુહૂર્ત્તની હોય, ત્યારે મુહૂર્ત્તના કેટલા ભાગ વધતા વધતા ઉત્કૃષ્ટ સાડા ચાર મુહૂર્ત્તની પોરિસી થાય ?*

*હે સુદર્શન ! જ્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની દિવસ કે રાત્રિની પોરિસી હોય ત્યારે મુહૂર્ત્તનો ૧૨૨મો ભાગ ઘટતા ઘટતા જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી થાય અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી હોય ત્યારે મુહૂર્ત્તનો ૧૨૨મો ભાગ વધતા-વધતા ઉત્કૃષ્ટી સાડા ચાર મુહૂર્ત્તની દિવસ કે રાત્રિની પોરિસી થાય છે.*

*ભગવન્ ! દિવસ અને રાત્રિની ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની પોરિસી ક્યારે હોય અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની પોરિસી ક્યારે હોય ?*

*હે સુદર્શન ! જ્યારે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તનો દિવસ હોય અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય, ત્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની દિવસની અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની રાત્રિ પોરિસિ હોય છે. જ્યારે ઉત્કૃષ્ટી ૧૮ મુહૂર્ત્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્કૃષ્ટી સાડાચાર મુહૂર્ત્તની રાત્રિ પોરિસી હોય છે અને જઘન્યા ત્રણ મુહૂર્ત્તની દિવસની પોરિસી હોય છે.*

*ભગવન્ ! ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ ક્યારે હોય છે ? જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ ક્યારે હોય છે ? અથવા ઉત્કૃષ્ટી અઢાર મુહૂર્ત્તની રાત્રિ ક્યારે હોય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ ક્યારે હોય ?*

*હે સુદર્શન ! અષાઢ પૂર્ણિમાએ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે. પોષની પૂર્ણિમાએ ઉત્કૃષ્ટી અઢાર મુહૂર્ત્તની*

*રાત્રિ હોય છે, જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.*

*ભગવન્ ! દિવસ અને રાત્રિ સમાન પણ હોય છે ? હા, હોય છે. ભગવન્ ! દિવસ અને રાત્રિ ક્યારે સમાન હોય છે ?*

*હે સુદર્શન ! ચૈત્ર અને આસોની પૂનમે આ દિવસ અને રાત્રિ બંને સમાન જ હોય છે. પંદર મુહૂર્તનો દિવસ અને પંદર મુહૂર્તની રાત્રિ હોય છે અને દિવસ તથા રાત્રિની પોણાચાર મુહૂર્તની પોરિસી હોય.*

*આ પ્રમાણકાળ કહ્યો.*

● **વિવેચન-૫૧૫ :-**

ઉત્કૃષ્ટથી - સાડાચાર મુહૂર્તનો એટલે અઢાર મુહૂર્ત દિવસ કે રાત્રિના હોય, તેનો ચોથો ભાગ કરતા સાડાચાર મુહૂર્ત એટલે કે નવ ઘડી થાય. તેથી જેના સાડાચાર મુહૂર્તો છે તેવી. તથા બાર મુહૂર્તના દિવસ કે રાત્રિનો ચોથો ભાગ તે ત્રણ મુહૂર્ત થાય. આ ત્રણ મુહૂર્ત એટલે છ ઘડી.

કેટલા ભાગ રૂપ મુહૂર્ત ભાગ તે કતિભાગ મુહૂર્ત ભાગ, તેના વડે અર્થાત્ કેટલા મુહૂર્તાંશ વડે. આ સાડાચાર અને ત્રણ મુહૂર્ત વિશેષ, તે ૧૮૩ દિવસ વડે વધે છે કે ઘટે છે, તે સાર્ધ મુહૂર્ત ૧૮૩ ભાગ વડે કરતા, તેમાં મુહૂર્તમાં ૧૨૨ ભાગ થાય છે. તેથી કહે છે — ૧૨૨ મુહૂર્ત ભાગ વડે.

અષાઢ પૂર્ણિમા ઈત્યાદિ. - અહીં જે અષાઢ પૂર્ણિમા કહી તે પાંચ સંવત્સરિક યુગના અંતિમ વર્ષની અપેક્ષાએ જાણવી. કેમકે તેમાં જ અષાઢ પૂર્ણિમામાં ૧૮-મુહૂર્તનો દિવસ થાય છે, સાડાચાર મુહૂર્તની તેની પોરિસી થાય છે. બીજા વર્ષોમાં તો જે દિવસે કર્ક સંક્રાંતિ હોય, તે દિવસમાં જ આમ થાય, તે જાણવું. પોષી પૂનમમાં આમ જ જાણવું.

અહીં રાત્રિ-દિવસનું વૈષમ્ય કહ્યું, હવે તે બંનેનું સમત્વ દર્શાવતા કહે છે — ચૈત્રી, આસોની પૂર્ણિમામાં૦ ઈત્યાદિ - જે કહ્યું તે વ્યવહારનયની અપેક્ષાએ છે, નિશ્ચયથી કર્ક-મકર સંક્રાંતિ દિવસથી આરંભીને જે ૯૨ અહોરાત્ર, તેના અડધામાં સમાન દિવસ-રાત્રિ પ્રમાણતા છે, તેમાં ૧૫ મુહૂર્ત દિવસના કે રાત્રિના પોરિસી પ્રમાણ હોય છે અને પોણા ચાર મુહૂર્તની તેમાં પોરિસી હોય છે.

● **સૂત્ર-૫૧૬,૫૧૭ :-**

*[૫૧૬] તે યથાનિર્વૃત્તિકાળ શું છે ? યથાનિર્વૃત્તિકાળ - જે કોઈ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય અથવા દેવ વડે જેવા પ્રકારનું આયુ (કર્મ) બાંધેલ હોય, તેનું પાલન કરવું. તે યથાનિર્વૃત્તિકાળ છે.*

*તે મરણકાળ શું છે ? શરીરથી જીવનું કે જીવથી શરીરનું (પૃથક્ થવાનો કાળ) તે મરણ કાળ છે.*

*તે અદ્ધાકાળ શું છે ? અદ્ધાકાળ અનેક પ્રકારે કહ્યો છે. તે સમયાર્થતાથી છે, આવલિકાર્થતાથી છે યાવત્ ઉત્સર્પિણી અર્થતાથી છે. હે સુદર્શન ! જેનું બે ભાગમાં છેદન ન થઈ શકે તે સમય છે. કેમકે તે સમય સમયાર્થતાથી અસંખ્યાત સમયોનો સમુદય સમિતિસભાગતાથી તે એક આવલિકા. સંખ્યાત આવલિકાથી જેમ 'શાલિ' ઉદ્દેશકમાં કહ્યું તેમ યાવત્ એક સાગરોપમનું પરિમાણ થાય છે.*

*હે ભગવન્ ! આ પલ્યોપમ, સાગરોપમ શું પ્રયોજન છે ? સુદર્શન ! આ પલ્યોપમ, સાગરોપમ વડે નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવોનું આયુષ્ય મપાય છે.*

*[૫૧૭] ભગવન્ ! નૈરયિકોની કેટલી કાલ સ્થિતિ કહી છે ? અહીં સંપૂર્ણ 'સ્થિતિ' પદ કહેવું યાવત્ અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ કહેલી છે.*

● **વિવેચન-૫૧૬,૫૧૭ :-**

અહીં જેણં એ સામાન્ય નિર્દેશ છે, પછી જે કોઈ નારકાદિમાંથી કોઈનું જે પ્રકારે આયુષ્ય-જીવિત અંતર્મુહૂર્તાદિ યથાયુષ્ય બાંધે.

જીવથી શરીર કે શરીરથી જીવનું જે વિયોજન થાય તે. અહીં બે વખત 'वा' શબ્દ શરીર અને જીવના અવધિભાવની ઈચ્છાનુસારિતા પ્રતિપાદનાર્થે છે - - અદ્ધાકાળ શું છે? અદ્ધાકાળ અનેકવિધ કહ્યો તે આ પ્રમાણે - સમય રૂપ અર્થ તે સમયાર્થ, તેનો ભાવ, તેના વડે સમયભાવ એ અર્થ છે. એ પ્રમાણે બીજામાં પણ જાણવું. અહીં 'યાવત્' શબ્દથી મુહૂત્તાર્થતા આદિ જાણવું.

હવે સમયાદિ કાળનું સ્વરૂપ કહે છે —

આ અનંતરોક્ત ઉત્સર્પિણી આદિ अद्धा दोहारच्छेयणे णं બે હાર-ભાગ, જેમાં છેદનમાં બે ભાગ, कार - કરવા તે, તે द्विहार - બે ભેદ કરવા તે, તેના વડે जाहे० જ્યારે તે 'સમય' એમ જાણવું.

અસંખ્યાત સમતિસમાગમ, તેના વડે જે કાલમાન થાય છે, એક આવલિકા કહેવાય છે. 'શાલિ ઉદ્દેશક' તે શતક-૬-નો ઉદ્દેશ-૭.

પલ્યોપમ, સાગરોપમ વડે નૈરયિકાદિનું આયુષ્ય મપાય છે. તેમ કહ્યું, હવે તે આયુષ્યવાળાને જણાવવા માટે કહે છે — નૈરયિકાદિ. સ્થિતિ પદ એ પ્રજ્ઞાપના સૂત્રનું ચોથું પદ છે.

● **સૂત્ર-૫૧૮ થી ૫૨૦ :-**

*હે ભગવન્ ! શું આ પલ્યોપમ, સાગરોપમનો ક્ષય કે અપચય થાય છે ? હા થાય છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે આ પલ્યોપમ અને સાગરોપમનો યાવત્ અપચય થાય છે ?*

*એ પ્રમાણે ખરેખર હે સુદર્શન ! તે કાળે, તે સમયે હસ્તિનાગપુર નામે નગર હતું - વર્ણન. સહસ્રામ્રવન ઉધાન હતું - વર્ણન. તે હસ્તિનાગપુર નગરમાં બલ નામે રાજા હતો - વર્ણન. તે બલ રાજાને પ્રભાવતી નામે દેવી (રાણી) હતી, તે સુકુમાલ ઈત્યાદિ હતી તેમ વર્ણન કરવું યાવત્ વિચરતી હતી.*

*ત્યારે તે પ્રભાવતી રાણીને અન્ય કોઈ દિવસે તેવી, તેવા પ્રકારે વાસગૃહની*

અંદર ચિત્રકર્મથી યુક્ત તથા બહારથી ઘૃષ્ટ, મૃષ્ટ વિચિત્ર ઉર્ધ્વ ભાગ, અધોભાગ-તલમાં મણિ અને રત્નોને કારણે જેનો અંધકાર નાશ થયો છે, તેવા બહુસમ સુવિભક્ત દેશ ભાગમાં પાંચ વર્ણ, સરસ અને સુગંધી પુષ્પપુંજોના ઉપચારથી યુક્ત, કાળો અગરુ-પ્રવર કુંદુરુક્ક - તુરુષ્ક-ધૂપ મઘમઘાયમાન થતાં ગંધોદ્ધૃત અભિરામ, ઉત્તમ સુગંધથી ગંધિત, ગંધવર્તીભૂત તે, તેવા પ્રકારના શયનીયમાં બંને તરફ તકીયા હતા, તે શય્યા બંને તરફથી ઉન્નત અને મધ્યમાં ગંભીર હતી. ગંગા નદીની તટવર્તી રેતીની સમાન (કોમળ) હતી. તે મુલાયમ ક્ષૌમિક દુકુલપટ્ટથી આચ્છાદિત હતી, તેને સુવિરચિત રજસ્ત્રાણ હતું, લાલરંગી સૂક્ષ્મ વસ્ત્રથી સંવૃત હતી, તે સુરમ્ય, આજિનક રૂ-બૂર-નવનીત-અર્કતૂલ સમાન કોમળ સ્પર્શવાળી હતી તથા સુગંધી શ્રેષ્ઠ પુષ્પ, ચૂર્ણ અને શયનોપચાર વડે યુક્ત હતી.

અર્ધરાત્રિકાળ સમયમાં સુતી-જાગતી અર્ધનિદ્રિતાવસ્થામાં (પ્રભાવતી રાણી) હતી. તેણીને આ આવા પ્રકારના ઉદાર, કલ્યાણરૂપ, શિવ, ધન્ય, મંગલ, સશ્રિક, મહાસ્વપ્ન જોયું અને તેણી જાગી.

(પ્રભાવતી રાણીએ) સ્વપ્નમાં એક સિંહને જોયો. હાર, રજત, ક્ષીર સમુદ્ર, ચંદ્ર કિરણ, જલકણ, રજત મહાશૈલની સમાન શ્વેતવર્ણીય હતો તે વિશાલ, રમણીય, દર્શનીય હતો. તેના પ્રકોષ્ઠ સ્થિર અને સુંદર હતા. તે પોતાના ગોળ, પુષ્ટ, સુશ્લિષ્ટ, વિશિષ્ટ અને તીક્ષ્ણ દાઢાવાળા મુખને ફાડીને રહેલો. તેના હોઠ સંસ્કારિત, જાતિમાન્ કમળ સમાન કોમળ, પ્રમાણોપેત અને અત્યંત સુશોભિત હતા. તેનું તાલુ અને જીભ રક્ત કમળના પત્ર સમાન અત્યંત કોમળ હતા. તેના નેત્ર, ભૂસામાં રહેલ અને અગ્નિમાં તપાવેલ તથા આવર્ત્ત કરતા ઉત્તમ સ્વર્ણ સમાન વર્ણવાળા. ગોળ અને વિદ્યુત્ સમાન વિમલ હતા. તેની જાંઘ વિશાળ, પુષ્ટ હતી. તેના સ્કંધ પરિપૂર્ણ અને વિપુલ હતા. તે મૃદુ, વિશદ, સૂક્ષ્મ, પ્રશસ્ત લક્ષણા કેસરાથી શોભતો હતો. તે સિંહ પોતાની સુંદર, સુનિર્મિત, ઉન્નત પુંછને પછાડતો, સૌમ્યાકૃતિવાળો, લીલા કરતો, બગાસા ખાતો, ગગનતલથી ઉતરતો અને પોતાના મુખકમળ સરોવરમાં પ્રવેશ કરતો દેખાયો. આવા સિંહને સ્વપ્નમાં જોઈને પ્રભાવતી રાણી જાગી.

ત્યારે તે પ્રભાવતી રાણી આ આવા પ્રકારના ઉદાર યાવત્ સશ્રીક મહાસ્વપ્નને જોઈને જાગી જતાં જ હર્ષિત, સંતુષ્ટ યાવત્ વિકસિતહૃદયા થઈ, મેઘની ધારાથી સિંચિત્ કદંબના પુષ્પની જેમ તેણીની રોમરાજી વિકસ્વર થઈ, તે સ્વપ્નનું સ્મરણ કરવા લાગી, કરીને શય્યામાંથી ઉભી થઈ, થઈને અત્વરિત-અચપળ-અસંભ્રાંત-અવિલંબિત-રાજહંસ સદૃશ ગતિથી જ્યાં બળ રાજાની શય્યા હતી ત્યાં આવે છે, ત્યાં આવીને બલરાજાને તેવી ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ-ઉદાર-કલ્યાણરૂપ-શિવ-ધન્ય-મંગલરૂપ-શોભાથી યુક્ત મિત-મધુર-મંજુલ વાણી



વડે ધીમે ધીમે બોલતા જગાડે છે. જગાડીને બલ રાજાની અનુજ્ઞા મેળવ્યા પછી વિવિધ મણિ-રત્નની રચનાથી ચિત્રિત ભદ્રાસને બેસી, બેસીને પછી આશ્વસ્ત, વિશ્વસ્ત થઈને ઉત્તમ સુખાસન પર બેસીને બલરાજાને તેવી ઈષ્ટ-કાંત યાવત્ વાણી વડે ધીમે ધીમે બોલતા આમ કહ્યું–

એ પ્રમાણે ખરેખર, હે દેવાનુપ્રિય ! હું આજે તેવી, તેવા પ્રકારની શય્યામાં આદિ પૂર્વવત્ યાવત્ મારા મુખમાં પ્રવેશતા એવા સિંહને સ્વપ્નમાં જોઈને હું જાગી. તો હે દેવાનુપ્રિય ! આ ઉદાર યાવત્ મહાસ્વપ્નનું મને શું કલ્યાણકારી ફળ-વૃત્તિ વિશેષ થશે ?

ત્યારે તે બળરાજા, પ્રભાવતી રાણી પાસે આ વૃત્તાંતને સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ યાવત્ વિકસિત હૃદય થયો. મેઘની ધારાથી સિંચિત વિકસિત કદંબના સુગંધી પુષ્પની સમાન તેનું શરીર પુલકીત થયું, તેની રોમરાજી વિકસ્વર થઈ, પછી તે સ્વપ્નનો અવગ્રહ અવગ્રહયો, ઈહામાં પ્રવેશ કર્યો, ઈહામાં પ્રવેશીને, પોતાની સ્વાભાવિક મતિપૂર્વક, બુદ્ધિ વિજ્ઞાનથી, તે સ્વપ્નનું અર્થગ્રહણ કર્યુ, તેનું અર્થગ્રહણ કરીને પ્રભાવતી દેવીને, તેવી ઈષ્ટ, કાંત યાવત્ મંગલ સ્વરૂપ મિત, મધુર, સશ્રીક, વાણીથી ધીમે ધીમે આ પ્રમાણે કયું –

હે દેવી! તમે ઉદાર સ્વપ્નને જોયું, કલ્યાણરૂપ સ્વપ્નને જોયું યાવત્ હે દેવી! તમે સશ્રીક સ્વપ્નને જોયું. હે દેવી! તમે આરોગ્ય તુષ્ટી-દીર્ઘાયું-કલ્યાણકારી-મંગલકારી સ્વપ્નને જોયું. (તમને આ સ્વપ્નના ફળરૂપે) હે દેવાનુપ્રિયા! અર્થનો લાભ થશે, હે દેવાનુપ્રિયા! ભોગનો લાભ થશે, હે દેવાનુપ્રિયા! પુત્રનો લાભ થશે. હે દેવાનુપ્રિયા! રાજ્યનો લાભ થશે. એ પ્રમાણે નિશ્ચયથી હે દેવાનુપ્રિયા! તમે નવ માસ પ્રતિપૂર્ણ અને સાડા સાત રાત્રિદિવસ પસાર થયા પછી, આપણા કુલમાં કેતુરૂપ, કુલદીપક, કુલપર્વત, કુલઅવતંસક, કુલતિલક, કુલ કિર્તિકર, કુલનંદિકર, કુલયશકર, કુલાધાર, કુલપાદપ, કુલવિવર્ધન કર એવા સુકુમાલ હાથ-પગવાળા, અહીન-પૂર્ણ પંચેન્દ્રિયશરીરી યાવત્ શશિસૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ, દેવકુમારની સમાન પ્રભાવાળા બાળકને જન્મ આપશો.

તે બાળક પણ બાલભાવથી મુક્ત થઈને વિજ્ઞ અને પરિપક્વ થશે, અનુક્રમે યૌવન પ્રાપ્ત થતાં શૂર, વીર, વિક્રાંત, વિસ્તિર્ણ વિપુલ સૈન્ય અને વાહનવાળો રાજ્યાધિપતિ રાજા થશે.

હે દેવી ! તમે ઉદાર યાવત્ સ્વપ્નને જોયેલ છે, હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ યાવત્ મંગલકારક સ્વપ્નને જોયેલ છે. ઈત્યાદિ કહીને પ્રભાવતી દેવીને તેવી ઈષ્ટ યાવત્ મધુર વાણી વડે બે વખત, ત્રણ વખત અનુમોદના કરે છે.

ત્યારે તે પ્રભાવતી દેવી, બળ રાજા પાસે આ અર્થને સાંભળીને, અવધારીને હર્ષિત-સંતુષ્ટ થઈ, બે હાથ જોડી યાવત્ આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિય !

તમે જે કહ્યું તે યથાર્થ છે, હે દેવાનુપ્રિય ! તે તથ્ય છે, હે દેવાનુપ્રિય ! તે અવિતથ છે, હે દેવાનુપ્રિય ! તે અસંદિગ્ધ છે, હે દેવાનુપ્રિય ! તે મને ઈચ્છિત છે, હે દેવાનુપ્રિય ! તે મને પ્રતિચ્છિત છે, હે દેવાનુપ્રિય ! તે મને ઈચ્છિત-પ્રતિચ્છિત છે. તમે જે પ્રમાણે તે કહો છો. એમ કરીને તે સ્વપ્નને (ફળને) સમ્યક્ પ્રકારે સ્વીકારીને બલ રાજાની અનુજ્ઞા પામ્યા પછી વિવિધ મણિરત્નોથી ચિત્રિત ભદ્રાસનથી ઉઠે છે, ઉઠીને અત્વરિત યાવત્ અચપલ ગતિથી જ્યાં પોતાની શય્યા છે, ત્યાં આવે છે, આવીને શય્યામાં બેસે છે, બેસીને આ પ્રમાણે બોલી—

મારા આ ઉત્તમ, પ્રધાન, મંગલરૂપ સ્વપ્નો, અન્ય પાપસ્વપ્નોથી પ્રતિહત ન થાઓ. એમ કરીને દેવ-ગુરુ-જન સંબંધી પ્રશસ્ત, મંગલરૂપ ધાર્મિક કથા વડે સ્વપ્ન જાગરિકાથી જાગતી એવી રહે છે.

ત્યારે તે બલરાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી આજે બાહ્ય ઉપસ્થાનશાળાને સવિશેષ ગંધોદક વડે સિંચીને શુદ્ધ કરો, સ્વચ્છ કરો, લીંપો, ઉત્તમ સુગંધી પંચવર્ણી પુષ્પોપચારથી યુક્ત કરો. કાલો અગરુ, પ્રવર કુંદુરુક્કથી યાવત્ ગંધવર્તીભૂત કરો અને કરાવો, કરીને-કરાવીને સીંહાસન રખાવો, રખાવીને મને યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ તે સાંભળીને જલ્દીથી સવિશેષ બાહ્ય ઉપસ્થાન શાળાને કરાવી યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે બળરાજા પ્રાતઃકાળ સમયમાં પોતાની શય્યાથી ઉઠ્યો, ઉઠીને પાદપીઠથી ઉતર્યો, ઉતરીને જ્યાં વ્યાયામશાળા હતી, ત્યાં આવ્યો, આવીને વ્યાયામશાળામાં પ્રવેશ્યો. યાવત્ ઉવવાઈ સૂત્રમાં કહ્યા મુજબ જાણવું. તે પ્રમાણે જ વ્યાયામશાળા, તે પ્રમાણે જ સ્નાનગૃહ યાવત્ ચંદ્રમાં સમાન પ્રિયદર્શનવાળો રાજા સ્નાનગૃહથી નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે ત્યાં આવ્યો. આવીને ઉત્તમ સીંહાસને પૂર્વાભિમુખ બેઠો, બેસીને પોતાની ઉત્તરપૂર્વ દિશામાં આઠ ભદ્રાસનો-શ્વેતવસ્ત્રથી આચ્છાદિત કર્યા, સરસવ આદિ માંગલિક ઉપચાર રચાવ્યા. રચાવીને પોતાથી બહુ સમીપ નહીં - બહુ દૂર નહીં, તેમ વિવિધ રત્નમંડિત, અધિક પ્રેક્ષણીય, મહાર્ઘ-ઉત્તમ-પટ્ટણ ગત શ્લક્ષણપટ્ટમાં સેંકડો ચિત્રોની રચના કરાવી—

(તે પટ્ટમાં) ઈહામૃગ, વૃષભ યાવત્ પદ્મલતાના ચિત્રથી યુક્ત કરી શ્વેત વસ્ત્રની અન્યતર યવનિકા બંધાવી. બંધાવીને વિવિધ મણિરત્નાદિથી વિચિત્ર, સ્વચ્છ-મૃદુ-શ્વેત વસ્ત્ર પથરાવી, શરીરને સુખદસ્પર્શ દેનાર, અતિમૃદુ એવા ભદ્રાસન પદ્માવતી દેવી માટે રખાવીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—



ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી અષ્ટાંગ મહાનિમિત્ત સૂત્રાર્થધારક, વિવિધ શાસ્ત્રકુશળ સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવો, ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ રાજાની આજ્ઞાને સાંભળી. બલરાજાની પાસેથી નીકળ્યા, નીકળીને શીઘ્ર-ત્વરિત-ચપલ-ચંડ-વેગવાળી ગતિથી હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી નીકળી જ્યાં તે સ્વપ્નલક્ષણ પાઠકોના ગૃહો હતા, ત્યાં આવ્યા, આવીને તે સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવે છે.

ત્યારે તે સ્વપ્નલક્ષણ પાઠકો બલરાજાના કૌટુંબિક પુરુષો વડે બોલાવાતા હર્ષિત તુષ્ટિત ઈત્યાદિ થઈને યાવત્ સ્નાન કર્યુ યાવત્ શરીરે (મસ્તકે) સરસવ અને લીલી દુર્વાથી મંગલ કરીને પોત-પોતાના ઘેરથી નીકળ્યા, નીકળીને હસ્તિનાપુરનગરની વચ્ચોવચ્ચથી જ્યાં બલરાજાનું ઉત્તમ ભવનાવતંસક હતું ત્યાં આવ્યા, આવીને ઉત્તમ ભવનાવતંસકના દ્વાર ઉપર એકત્ર થયા, એકત્ર થઈને જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યા. આવીને બે હાથ જોડીને યાવત્ બલરાજાને જય-વિજય વડે વધાવે છે.

ત્યારે સ્વપ્નલક્ષણ પાઠકો, બલરાજા દ્વારા વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત કરાયા પછી પ્રત્યેક પૂર્વે રખાયેલા ભદ્રાસનો ઉપર બેસે છે. ત્યારપછી બલરાજા, પ્રભાવતી દેવીને જવનિકાની પાછળ બેસાડે છે, બેસાડીને પુષ્પ અને ફળ હાથોમાં ભરીને બલરાજાએ અત્યંત વિનયપૂર્વક તે સ્વપ્ન લક્ષણ પાઠકોને આ પ્રમાણે કહ્યું—

એ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિયો ! પ્રભાવતી દેવી આજ તેવા તેવા પ્રકારના વાસગૃહમાં યાવત્ સીંહનું સ્વપ્નને જોઈને જાગી, તો હે દેવાનુપ્રિયો ! આ ઉદાર યાવત્ સ્વપ્નનું શું કલ્યાણ ફળ-વૃત્તિ વિશેષ થશે ? ત્યારે તે સ્વપ્નલક્ષણ પાઠકો બલરાજાની પાસે આ વૃત્તાંત સાંભળીને, અવધારીને હર્ષિત, તુષ્ટિત થઈને યાવત્ તે સ્વપ્નને અવગ્રહથી અવગ્રહે છે, પછી ઈહામાં અનુપ્રવેશે છે, પ્રવેશીને તે સ્વપ્નનું અર્થાવગ્રહણ કરે છે, કરીને પરસ્પર-એકબીજા સાથે વિચારણા કરે છે, કરીને તે સ્વપ્નના અર્થને સ્વયં જાણ્યો, બીજા પાસેથી ગ્રહણ કર્યો, પરસ્પર પૂછીને અર્થનો નિશ્ચય કર્યો, અર્થને અભિગત કર્યો. બલરાજાની પાસે સ્વપ્ન શાસ્ત્રને ઉચ્ચારતા આમ કહ્યું—

એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિય ! અમારા સ્વપ્નશાસ્ત્રમાં ૪૨-સ્વપ્નો, ૩૦-મહાસ્વપ્નો એમ સર્વે ૭૨-સ્વપ્નો કહ્યા છે, તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકરની કે ચક્રવર્તીની માતા, તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે આ ૩૦ મહાસ્વપ્નોમાંથી આ ૧૪-મહાસ્વપ્નોને જોઈને જાગે છે. તે આ પ્રમાણે છે —

[૫૧૯] ગજ, વૃષભ, સીંહ, અભિષેક, માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, સાગર, વિમાનભવન, રત્નરાશિ, અગ્નિ.

[૫૨૦] વાસુદેવની માતા વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ

મહાસ્વપ્નોમાંના કોઈ સાત મહાસ્વપ્નો જોઈને જાગે છે, બલદેવની માતા બલદેવ ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ ચાર મહાસ્વપ્નોને જોઈને જાગે છે, માંડલિકની માતા માંડલિક ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાંના કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે છે. હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ એક મહાસ્વપ્ન જોયું છે.

હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે યાવત્ આરોગ્ય, તુષ્ટિ યાવત્ માંગલ્યકારક સ્વપ્ન પ્રભાવતી દેવીએ જોયેલ છે. હે દેવાનુપ્રિય ! (તેના ફળ રૂપે) અર્થનો લાભ, ભોગનો લાભ, પુત્રનો લાભ, રાજ્યનો લાભ થશે. એ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિય ! દેવી પ્રભાવતી નવ માસ પ્રતિપૂર્ણ થતાં યાવત્ વ્યતિક્રાંત થતાં તમારા કુલમાં કેતુ સમાન યાવત્ બાળકને જન્મ આપશે. તે બાળક પણ બાલભાવથી મુક્ત થઈને યાવત્ રાજ્યાધિપતિ રાજા થશે અથવા ભાવિતાત્મા અણગાર થશે. હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે, યાવત્ આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુ, કલ્યાણકારી યાવત્ સ્વપ્નને જોયેલ છે.

ત્યારે તે બલરાજા સ્વપ્ન લક્ષણ પાઠકની પાસે આ અર્થને સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ થઈને, બે હાથ જોડી યાવત્ તે સ્વપ્ન લક્ષણ પાઠકોને આ પ્રમાણ કહ્યું–

હે દેવાનુપ્રિયો ! તે એમ જ છે યાવત્ જે તમે કહો છો તેમજ છે, તે સ્વપ્નના અર્થને સમ્યક્ સ્વીકારે છે, સ્વીકારીને સ્વપ્નલક્ષણ પાઠકોને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વડે સત્કારે છે, સન્માને છે. સત્કારી-સન્માનીને વિપુલ જીવિકા યોગ્ય પ્રીતિદાન આપે છે, આપીને વિસર્જિત કરે છે.

ત્યારપછી સીંહાસનથી ઉભો થાય છે, ઉભો થઈને જ્યાં પદ્માવતી દેવી છે, ત્યાં આવે છે, આવીને પ્રભાવતી દેવીને તેવી ઈષ્ટ, કાંત યાવત્ વાણીથી ધીમે ધીમે આ પ્રમાણે કહે છે –

એ પ્રમાણે ખરેખર, હે દેવાનુપ્રિયા ! સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨-સ્વપ્નો, ૩૦-મહાસ્વપ્નો એમ ૭૨ સર્વે સ્વપ્નો કહ્યા છે. તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકર કે ચક્રવર્તીની માતા ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે છે. આમાંથી હે દેવાનુપ્રિયા ! તમે એક મહાસ્વપ્નને જોયું છે. હે દેવી ! તમે ઉદાર સ્વપ્નને જોયું છે યાવત્ રાજ્યાધિપતિ રાજા થશે. અથવા ભાવિતાત્મા અણગાર થશે. હે દેવી ! તમે ઉદાર સ્વપ્નને જોયું યાવત્ - x - પ્રભાવતી દેવીને તેવી ઈષ્ટ, કાંત યાવત્ બીજી વખત, ત્રીજી વખત અનુમોદના કરી. ત્યારે તે પ્રભાવતી દેવી બળરાજાની પાસે આ પ્રમાણે સાંભળી, અવધારીને, હર્ષિત-સંતુષ્ટ થઈને, બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય ! તમે જે કહ્યું, તેમજ છે યાવત્ આ પ્રમાણે કહીને તેણીએ



સ્વપ્નના અર્થને સારી રીતે સ્વીકાર્યો. બલરાજાની અનુમતિ લઈ વિવિધ મણિ, રત્નથી ચિત્રિત સીંહાસનેથી યાવત્ ઉભી થઈને અત્વરિત, અચલ યાવત્ ગતિથી જ્યાં પોતાનું ભવન, ત્યાં ગઈ, જઈને પોતાના ભવનમાં પ્રવેશી.

ત્યારપછી તે પ્રભાવતી દેવીએ સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ, તે ગર્ભને અતિશીત નહીં, અતિ ઉષ્ણ નહીં, અતિ તિક્ત નહીં, અતિ કટુક નહીં, અતિ કષાયી કે ખાટા નહીં, અતિ મધુર નહીં, પણ ઋતુને યોગ્ય પણ સુખકારક ભોજન, આચ્છાદન, ગંધ, માલ્ય વડે તે ગર્ભના હિત, મિત, પથ્ય, ગર્ભપોષક પદાર્થો લેતી, તે દેશ, કાળ અનુસાર આહાર કરતી, વિવિક્ત-મૃદુ શયન-આસનથી એકાંત શુભ કે સુખદ મનોનુકૂલ વિહારભૂમિમાં રહેતી, પ્રશસ્ત દોહદ ઉત્પન્ન થયા, દોહ પૂર્ણ થયા, સન્માનિત થયા, કોઈએ દોહદની અવમાનના ન કરી, દોહદ સમાપ્ત થયા, રોગ-મોહ-ભય-પરિત્રાસાદિથી રહિત થઈને ગર્ભને સુખપૂર્વક વહન કરે છે.

ત્યારે તે પ્રભાવતીદેવીએ નવ માસ પ્રતિપૂર્ણ થયા બાદ સાડા સાત રાત્રિ દિવસ વ્યતિક્રાંત થતાં સુકુમાલ હાથ-પગવાળા, અહીન-પૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળા, લક્ષણ-વ્યંજન ગુણયુક્ત યાવત્ શશિ સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપ્યો.

ત્યારે તે પ્રભાવતી દેવીની અંગપરિચારિકાઓએ પ્રભાવતી દેવીને પ્રસૂતા જાણીને જ્યાં બલરાજા હતો, ત્યાં ગઈ, ત્યાં જઈને બે હાથ જોડી યાવત્ બલરાજાને જય-વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું – એ પ્રમાણે હે દેવાનુપ્રિય ! પ્રભાવતીના પ્રિય સમાચારને આપની પ્રીતિ માટે નિવેદન કરીએ છીએ, તે તમને પ્રિય થાઓ.

ત્યારે તે બલરાજા અંગપરિચારિકા પાસે આ વૃત્તાંતને સાંભળીને, અવધારીને હર્ષિત-સંતુષ્ટ થઈને યાવત્ ધારાથી સિંચિત્ માફક યાવત્ વિકસીત રોમકૂપવાળા રાજાએ તે અંગપ્રતિચારીકાને મુગુટ સિવાયના બધાં અલંકાર આપી દીધા, પછી સફેદ ચાંદીનો નિર્મળ જળથી ભરેલ કળશ લઈને તે દાસીઓના મસ્તક ધોયા, તેઓને વિપુલ જીવિતાર્થ પ્રીતિદાન દઈને સત્કાર, સન્માન કરી દાસીત્વથી મુક્ત કરી.

● વિવેચન-૫૧૮ થી ૫૨૦ :-

હવે પલ્યોપમ, સાગરોપમના અતિ પ્રચુર કાળથી ક્ષયનો અસંભવ હોવાથી પ્રશ્ન કરતા કહે છે – ક્ષય - સર્વ વિનાશ, અપચય - દેશથી વિનાશ. હવે પલ્યોપમાદિ ક્ષયને સુદર્શન ચરિત્ર વડે દર્શાવે છે.

तंसितारिसगंसि - તેમાં, તાદૃશમાં - કહેવાને અશક્ય સ્વરૂપમાં, પુણ્યવાન્ યોગ્ય એમ અર્થ છે. दूमित - ધોળવું, घृष्ट - કોમલ પાષાણાદિ વડે, તેથી જ मृष्ट - મસૃણ, તથા તેમાં विचित्र - વિવિધ ચિત્રયુક્ત, उल्लोक - ઉપરનો ભાગ, चिल्लियं -

દીપ્યમાન, તલ - અધોભાગ જેમાં છે, તે તથા, તેમાં પંચવર્ણી સરસ સુગંધી પુષ્પના ઢેરરૂપ સ્વરૂપવાળાથી પૂજા કરીને, તેમાં કાલાગરુ આદિ ધૂપોની જે મઘમઘાયમાન્ ગંધ ઉદ્‌ભૂત થઈ તેના વડે રમ્ય.

ગંધોમાં - कुन्दुरुक्का - ચીડા, तुरुक्क - સિલ્હક, સુગંધી-સદ્‌ગંધ, વરગંધ-ઉત્તમ વાસ, गंधवट्टिभूए - સૌરભ્ય અતિશયથી ગંધદ્રવ્ય ગુટિકા સમાન, આલિંગન સહિત વૃત્તિથી - શરીર પ્રમાણથી, ઉભયતઃ મસ્તકાંત કે પાદાંતને આશ્રીને, बिब्बोयणे - ઉપધાનકમાં બંને બાજુ ઉન્નત-ઉંચી, મધ્યમાં નમેલી અર્થાત્ નિમ્ન કે ગંભીર અથવા મધ્ય ભાગમાં ગંભીર, गंडबिब्बोयण - એવો પાઠ પણ દેખાય છે. તેમાં સુપરિકર્મિત ગંડોપધાન એવો અર્થ છે. गंगापुलिन वालुकाया योऽवदालः અવદલન એટલે પાદાદિ ન્યાસમાં અધોગમન - x - x -

उवचियखोमियदुगुल्लपट्ट पडिच्छायणे - ઉપચિત એટલે પરિકર્મિત, જે કપાસનું કે અતસીમય વસ્ત્ર, યુગલ અપેક્ષાએ જે પટ્ટ, તેનું આચ્છાદન જેને છે તે તથા, તેમાં સારી રીતે રચિત રજસ્ત્રાણ-આચ્છાદન વિશેષ, અપરિભોગાવસ્થામાં રહે છે તે. रक्तांशुकसंवृत्त - મશક ગૃહાભિધાન વસ્ત્ર વિશેષથી આવૃત્ત, आजिनक - ચામડાનું વસ્ત્ર વિશેષ, તે સ્વભાવથી અતિ કોમળ હોય છે, रूतं - કપાસનું બનેલું, बूर - વનસ્પતિ વિશેષ, नवनीत - માખણ, तूल - અર્કતુલ. જેવો સ્પર્શ.

સુગંધી એવા ઉત્તમ પુષ્પોના ચૂર્ણ, આ સિવાય પણ તેવા પ્રકારના શયન અને ઉપચાર, તેના વડે યુક્ત જે છે તે તથા, તેમાં અર્ધરાત્ર કાળ સમયમાં, સમય - સમાચારો અર્થ પણ થાય, તેથી કાળ વડે વિશેષિત કરાયેલ એવો કાળરૂપ સમય, તે કાળસમય. તે અનર્દ્ધરાત્રિરૂપ પણ હોઈ શકે, તેથી અહીં કહ્યું કે — અર્દ્ધરાત્રિ શબ્દ વડે વિશેષિત, તેથી અર્ધરાત્રરૂપ કાળ-સમયમાં सुत्तजागर - અતિ સુતેલ નહીં, અતિ જાગતી, નહીં તેવી. ओहीरमाणी - પ્રચલાયમાન. ઉદારાદિ વિશેષણ પૂર્વવત્.

सुविणे - સ્વપ્નક્રિયામાં, हाराद्य - હાર, રજત, ક્ષીરસાગર, શશાંક, કિરણ, ઉદકરજ ઈત્યાદિવત્ અતિશુક્લ, રમ્ય, તેથી જ પ્રેક્ષણીય કે દર્શનીય છે જે તે તથા थिरलट्ठपउट्ठवट्टपीवरसुसिलिट्ठ ઈત્યાદિ સ્થિર - અપ્રકંપ, लष्ट - મનોજ્ઞ, प्रकोष्ठ - કર્પૂરનો અગ્રતન ભાગ જેને છે તે તથા वृत्ता - વર્તુળ, पीवर - સ્થૂલ, सुश्लिष्ट - સારી રીતે ચોંટેલ, विशिष्ट - ઉત્તમ, तीक्ष्ण - ભેદિકા, જે દાઢો તેના વડે કરીને જેનું મુખ ખુલ્લુ થયેલ છે તે, (એવો સીંહ).

परिकम्मियजच्चकमलकोमलमाइय सोहंत लट्ठ उट्ठं - પરિકર્મિત એટલે પરિકર્મ કરાયેલ જે જાત્યકમલ, તેની જેમ કોમળ. માત્રિક પ્રમાણોપેત, શોભતું એવું, તેની વચ્ચે लष्ट - મનોજ્ઞ, ओष्ठ - દાંતને ઢાંકનાર, તથા रत्तुप्पलपत्त० ઈત્યાદિ - રાતા કમળના પાન જેવા, મૃદુની મધ્યે સુકુમાલ તાળવું અને જીભ જેની છે તે, તથા વાચનાંતરમાં આ પાઠ થોડો ભિન્ન રીતે પણ જોવા મળે છે. તેમાં લાલકમળના પત્રની માફક સુકુમાલ તાળવું, નિર્લાલિત અગ્રજીભ જેની છે તે તથા મધુગુટિકાવત્ ભિસંત



- દીપ્યમાન પિંગલ આંખો જેની છે તે, તથા मूसागयपवरकणगताविय० ઈત્યાદિ - મૂષા એટલે સુવર્ણ આદિને તપાવવાનું વાસણ, તેમાં રહેલ જે પ્રવર કનક, તાપિત એટલે અગ્નિ વડે કરાયેલ તાપ. આવર્ત્ત કરતો હોય તેની જેની જેમ જે વર્ણથી વૃત્ત અને તડિત્ જેવો વિમલ અને સદેશ પરસ્પર નયન વડે છે તે. તથા —

— विसालपीवर० ઈત્યાદિ. વિશાલ એટલે વિસ્તીર્ણ, પીવર - ઉપચિત, ऊरू - જંઘા, જેની પરિપૂર્ણ અને વિપુલ સ્કંધ જેના છે તે. તથા मिउविसयसुहुमलक्खण० અર્થાત્ મૃદુ, સ્પષ્ટ, સૂક્ષ્મ, પ્રશસ્ત લક્ષણ, વિસ્તીર્ણ અને પાઠાંતરથી વિકીર્ણ જેની કેશરસટા એટલે સ્કંધ કેશ છટા, તેના વડે ઉપશોભિત જે છે તે. તેને ऊसियसुनिम्मिय० ઈત્યાદિ અર્થાત્ ઉંચું કરેલ એવું, સારી રીતે અધોમુખ કરાયેલ, શોભનતા વડે જાત અને આસ્ફોટિત એટલે ભૂમિ ઉપર પછાડેલ પુંછ જેને છે તેવા. (સીંહને સ્વપ્નમાં જુએ છે.)

अतुरियमचवल० ઈત્યાદિ. એટલે શરીર અને મનની ચપળતા રહિત જે રીતે થાય છે, ઉત્સુકતા રહિત, રાજહંસ જેવી ગતિથી. आसत्थ - ગતિજનિત શ્રમનો અભાવ, वीसत्थ - વિશ્વસ્ત, સંક્ષોભાભાવ કે અનુત્સુક. સુખ વડે સુખ કે શુભ એવા ઉત્તમ આસને બેઠેલી, એવી. धाराहयनीवरसुरहि० ઈત્યાદિ - ધારા વડે સીંચાયેલ સુગંધી પુષ્પની જેમ. चंचुमालइय - પુલકિત શરીર જેનું છે તે, તથા શું કહેવા માંગે છે ?

ऊसवियरोमकूवे - રોમ કૂપ-તેના છિદ્રો જેને ઉચ્છ્રિત થયા છે તેવી, તથા આભિનિબોધિક પ્રભવ-મતિપૂર્વક, જાતિવિશેષ ભૂત ઔત્પાતિકી આદિ બુદ્ધિરૂપ પરિચ્છેદનથી, ફળનો નિશ્ચય કરીને. आरोग्गतुट्ठि० આદિ - અહીં 'કલ્યાણ' એટલે અર્થ પ્રાપ્તિ માટે, મંગલ એટલે અનર્થનો પ્રતિઘાત. અર્થ કરવો.

(હવે ફળને કહે છે —)

હે દેવાનુપ્રિયા! અર્થનો લાભ થશે. કેતુ એટલે ધ્વજ કે ચિહ્ન, કેતુની જેમ, કેતુના અદ્‌ભૂતત્વથી કુળમાં કેતુ સમાન, આ પ્રમાણે બીજે પણ જાણવું. 'કુલદીપ' - પ્રકાશક હોવાથી દીપવત્. પર્વત એટલે અનભિભવનીય, સ્થિર આશ્રયતાના સાધર્મ્યથી. 'કુલવડેંસય' કુલનો અવતંસક - ઉત્તમત્વથી શેખર રૂપ, तिलक - વિશેષ ભૂષકત્વથી, કીર્તિકર-કીર્તિ એટલે એક દિશાગામી પ્રસિદ્ધિ. સમૃદ્ધિના હેતુપણાથી કુળમાં નંદિકર, કુળનો યશ કરનાર, અહીં યશ એટલે સર્વદિગ્‌ગામી પ્રસિદ્ધ વિશેષ. पादय - છાયા હોવાથી આશ્રયણીય, विवड्ढणकर - વિવિધ પ્રકારોથી વધતું, વિવર્ધનને કરવાના સ્વભાવવાળો. अहीणपुन्न० અહીન એટલે સ્વરૂપથી પૂર્ણ અથવા સંખ્યા વડે પૂર્ણ, પાંચ ઈન્દ્રિયો જેની છે તે તથા એવા પ્રકારનું શરીર જેનું છે તે. અહીં યાવત્ શબ્દથી લક્ષણ, વ્યંજન, ગુણયુક્ત. તેમાં लक्षण - સ્વસ્તિકાદિ, व्यंजन - મષ, તિલકાદિ, તેમાં જે ગુણ-પ્રશસ્તતા, તેના વડે યુક્ત જે છે તે તથા - ससिसोमाकारं कंतं० ઈત્યાદિ - ચંદ્રની જેમ સૌમ્ય આકારવાળી, કાંત - એટલે

કમનીય, તેથી જ પ્રિય છે દર્શન-રૂપ જેનું તે તથા. તે विन्नाय परिणयमित्ते० 'विन्न' જ વિજ્ઞક. તેથી જ પરિણત માત્ર, કલા આદિમાં જાણકાર તે વિજ્ઞકપરિણત માત્ર. सूर - દાનથી અભ્યુપેત. અથવા वीर - સંગ્રામથી વીર, विक्कंत - વિક્રાંત, પરકીય ભૂમંડલ આક્રમણથી.

विच्छिन्नविपुलबलवाहण० વિસ્તીર્ણ વિપુલ - અતિ વિસ્તીર્ણ, બલવાહન - સૈન્યગજાદિ, रज्जवइ - એટલે સ્વતંત્ર. उत्तम - સ્વરૂપથી, पहाण - અર્થ પ્રાપ્તિરૂપ પ્રધાન ફળથી, मंगल्ल - અનર્થ પ્રતિઘાત રૂપ ફળની અપેક્ષાએ, सुमिण जागरण - સ્વપ્નના સંરક્ષણ માટે, जागरिका એટલે નિદ્રાનો નિષેધ, તે સ્વપ્નજાગરિકા, पडिजागरमाणी - પ્રતિ જાગરણ કરતી, આભીક્ષ્ણય - અર્થમાં દ્વિવચન મૂકેલ છે.

गंधोदयसित्तसुइय० ઈત્યાદિ, ગંધોદક વડે સિંચેલ. शुचिका - પવિત્ર, संमार्जिता - કચરો આદિ દૂર કરવાથી, છાણ આદિ વડે લીંપેલ, આ વિશેષણ ગંધોદક વડે સીંચીને, સંમાર્જન, ઉપલિપ્ત શૂચિકા, સિક્ત આદિ અનંતર ભાવિત્વથી શુચિકત્વ. अट्टणसाल - વ્યાયામ શાળા. जहा उववाइए तहेव० જેમ ઉવવાઈ સૂત્રમાં અટ્ટણ શાળાનો વ્યતિકર અને મજ્જન ગૃહવ્યતિકર જાણવો, તે જ અહીં કહેવો. તે આ - અનેક વ્યાયામ યોગ્ય વલ્ગન, વામર્દન, વલ્લયુદ્ધકરણ૦ ઈત્યાદિ. એ જ પ્રમાણે મજ્જનગૃહ વ્યતિકર આ પ્રમાણે છે — જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવે છે, ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશે છે, તે સ્નાનગૃહ ચોતરફથી રમણીય જાળીથી યુક્ત છે, વિચિત્રમણી-રત્નવાળું તેનું તલ છે, રમણીય સ્નાનમંડપ છે, વિવિધ મણીરત્નથી ચિત્રિત એવી સ્નાનપીઠ ઉપર સુખપૂર્વક બેઠા ઈત્યાદિ.

महग्घवरपट्टणुग्गयं - મહાર્ઘ એવા તે ઉત્તમ પટ્ટનમાં થયેલ. - ઉત્તમ વસ્ત્ર ઉત્પત્તિ સ્થાનના સંભવથી અથવા તે ઉત્તમ પટ્ટનથી. सण्हपट्टभत्तिसय० ઈત્યાદિ. सण्हपट्ट - સૂક્ષ્મપટ્ટ, સૂત્રમય. ईहामिए - x - અહીં યાવત્ કરણથી આ પ્રમાણે જાણવું - ઇહામૃગ એટલે વૃક, ઉસભ-વૃષભ, નર, ઘોડો, મગર, પક્ષી, વ્યાલ - શ્વાપદ ભુજગ, કિન્નર એટલે વ્યંતર વિશેષ, રુરુ એટલે મૃગવિશેષ, શરભ - એક વન્ય મહાકાય પશુ, ચમરા-વન્યગાય, કુંજર-હાથી, વનલતા-અશોકાદિલતા, પદ્મલતા એટલે પદ્મિનીઓ. આ બધાંના - x - ચિત્રો જેમાં છે તે.

जवणिय - યવનિકા, अंछावेइ - આકર્ષે છે. अत्थरयमउय० ઈત્યાદિ - આસ્તરક એટલે ઓછાળ જેવું, અથવા મૂદુમસૂરક, અથવા ધૂળને દૂર રાખનાર, જ્યાં આચ્છાદિત કરેલ છે તે. अंगसुहफासय - શરીરને સુખહેતુ સ્પર્શ જેનો છે તે, અંગસુખ સ્પર્શક કહેવાય છે.

अटुंगमहानिमित्त० ઈત્યાદિ - જે મહાનિમિત્તના આઠ અવયવો છે તે અષ્ટાંગ મહાનિમિત્ત - પરોક્ષાર્થ પ્રતિપત્તિકારણવ્યુત્પાદક મહાશાસ્ત્ર, તેના જે સૂત્રાર્થ, તેને ધારણ કરનાર છે તે, આ આઠ નિમિત્તાંગ આ પ્રમાણે — (૧) દિવ્ય, (૨) ઉત્પાત,



(૩) અંતરિક્ષ, (૪) ભૌમ, (૫) અંગ, (૬) સ્વર, (૭) લક્ષણ, (૮) વ્યંજન. વળી આ એક-એકના ત્રણ-ત્રણ ભેદો છે. सिग्घ० આદિ અનેકાર્થ પદોને ઉત્કર્ષથી પ્રતિપાદનપર.

सिद्धत्थगहरिया० ઈત્યાદિ. સરસવ, હરિતાલિકા એટલે દૂર્વા, તે રૂપ મંગલને મસ્તકે જેણે કર્યા છે તે, संचालंति - સંચાર કરે છે. लद्धट्ठ - સ્વતઃ અર્થ પામેલ, गहियट्ठ - બીજા પાસેથી અર્થ મેળવેલ, पुच्छियट्ठ - સંશય હોય ત્યારે પરસ્પર પૂછીને સમાધાન કરેલ, विणिच्छियट्ठ - પ્રશ્નોને અંતે અર્થને જાણીને નિશ્ચય કરેલ.

सुविण - સામાન્ય ફળપણાંથી, महासुविण - મહાફળત્વથી, बावत्तरि - ત્રીશ અને ચાલીશના સરવાળાથી, गब्भं वक्कममाणंसि - ગર્ભમાં પ્રવેશે ત્યારે. अभिसेय - લક્ષ્મીનો અભિષેક, दाम - પુષ્પમાળા, विमाणभवण - એક જ છે, તેમાં વિમાનના આકારનું ભવનને વિમાનભવન અથવા દેવલોકાદિથી અવતરે તેની માતા વિમાનને જુએ છે અને નરકથી અવતરે તેની માતા ભવનને જુએ છે. - x - x -

जीवियारिहं - જીવિકા ઉચિત, उउभुयमाण - ઋતુમાં ભોગવવા યોગ્ય જે સુખો - સુખના હેતુઓ અથવા શુભકારી, તેના વડે હિતકર, તે ગર્ભની અપેક્ષાએ પરિમિત કે અધિક નહીં - ન્યૂન નહીં, સામાન્યથી પથ્ય - ગર્ભપોષક. देस - ઉચિત ભૂપ્રદેશમાં, काल - પ્રકારના અવસરે. विवित्तमउएहिं - વિવિક્ત અર્થાત્ દોષ વિયુક્ત કે લોકાંતરથી આસંકીર્ણ, મૃદુ-કોમળ તેના વડે. पइरिक्कसुहाए - પ્રતિરિક્તપણાથી તથાવિધ લોક અપેક્ષાથી વિજનત્વથી સુખા કે શુભા એવા. पसत्थदोहला - અનિંદ્ય મનોરથો, संपुन्नदोहला - અભિલષિત અર્થ પૂર્ણ થયેલા, संमाणियदोहला - પ્રાપ્ત અભિલષિત અર્થના ભોગથી. अविमाणियदोहल - ક્ષણમાત્ર માટે અને કિંચિત્ પણ જેનો મનોરથો અપૂર્ણ રહ્યા નથી, તેથી જ वोच्छिन्नदोहला - વાંછા ત્રુટિત, દોહદના વ્યવચ્છેદથી જ પ્રકર્ષ અભિધાનને માટે કહે છે — विणीयदोहल - વિનીત દોહદ ઈત્યાદિ. અહીં મોહ એટલે મૂઢતા, ભય-ભીતિમાત્ર આદિ.

આ સ્થાને વાચનાંતરમાં "સુખે સુખે બેસે છે, સુવે છે, ઉભી રહે છે, ઈત્યાદિ છે. તેમાં सुहंसुहेण એટલે ગર્ભની બાધા વિના, आसयइ - આશ્રયણીય વસ્તુનો આશ્રય કરે છે, सुयइ - સુવે છે, चिट्ठइ - ઉંચા સ્થાને રહે છે, निसीयइ - બેસે છે. तुयट्टइ - શય્યામાં વર્તે છે.

पियट्ठयाए - પ્રિય અર્થપણે અથવા પ્રીતિ અર્થે. પ્રિયનું નિવેદન કરીએ છીએ. પ્રિય એટલે ઇષ્ટવસ્તુ, પુત્રજન્મ સ્વરૂપ. આ પ્રિયનિવેદન આપને પ્રિય થાઓ, બીજાને પણ પ્રિય થાઓ. मउडवज्जं - મુગટ રાજચિહ્ન હોવાથી, તેને છોડીને, તેમજ સ્ત્રીઓને અનુચિત્ત હોવાથી, તેનું વર્જન કરેલ છે. जहामालिय - જે પ્રમાણે ધારણ કરેલ છે, પહેરેલા છે. ओमोय - જે ધારણ કરાય તે અવમોક - આભરણ, मत्थए धोवइ - અંગ પ્રતિચારિકાના મસ્તકોને ધુવે છે અર્થાત્ દાસપણાથી મુક્ત કરે છે. કેમકે લોકવ્યવહાર એવો છે કે સ્વામી વડે ધોવાયેલા મસ્તકવાળાનું

દાસપણું દૂર થઈ જાય છે.

● સૂત્ર-૫૨૧ :-

*ત્યારે તે બલ રાજા કૌટુંબિક પુરુષને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે — હે દેવાનુપ્રિયો! જલ્દીથી હસ્તિનાપુર નગરને ચારકશોધન (બંદીરહિત) કરો. કરીને માન-ઉન્માનમાં વૃદ્ધિ કરો. કરીને હસ્તિનાપુર નગરને અંદર અને બહારથી આસિક્ત કરો, સંમાર્જિત કરો, ઉપલિપ્ત કરો યાવત્ કરો - કરાવો, કરીને - કરાવીને યૂપસહસ્ર અને ચક્રસહસ્રની પૂજા, મહિમા, સત્કારપૂર્વક ઉત્સવ કરો, મારી આ આજ્ઞાને મને પછી સોંપો (અર્થાત્ તદનુસાર કાર્ય થયાનું નિવેદન કરો.)*

*ત્યારે તે કૌટુંબિક પુરુષો બલ રાજાએ આ પ્રમાણે કહેતા યાવત્ તેમની આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારપછી તે બલરાજા જ્યાં અટ્ટણશાળા હતી, ત્યાં આવે છે, ત્યાં આવીને પૂર્વવત્ યાવત્ મજ્જનગૃહથી નીકળે છે, નીકળીને શુલ્ક અને કર લેવાનું બંધ કર્યુ, કૃષિ નિષેધ કર્યો, દેવાનો-માપતોલનો નિષેધ કર્યો. ભટોનો પ્રવેશ બંધ કર્યો, દંડ અને કુદંડ બંધ કર્યા, ઋણ મુક્ત કર્યા, ઉત્તમ ગણિકા તથા નાટ્ય સંબંધી પાત્રોથી યુક્ત થયો, અનેક તાલાનુચર વડે આચરિત, વાદકો દ્વારા સતત મૃદંગનાદ, મ્લાન ન થયેલ પુષ્પમાલા, પ્રમુદીત-પ્રક્રીડિત લોક, બધાં નગરજન અને જનપદ નિવાસી. (ઈત્યાદિ) રીતે દશ દિવસ સુધી સ્થિતિ પ્રતીત કરે છે.*

*ત્યારે તે બલરાજા દશ દિવસીય સ્થિતિ પતિતા વર્તતી હતી ત્યારે સેંકડો-હજારો-લાખો યાગ કાર્ય કરતો, દાન-ભાગ આપતો, અપાવતો, સેંકડો, હજારો, લાખો લાભોને સ્વીકારતો, સ્વીકારવતો એ પ્રમાણે વિચરે છે.*

*ત્યારે તે બાળકના માતાપિતા પહેલા દિવસ સ્થિતિપતિતા કરી, ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્ય દર્શન કરાવ્યા, છટ્ઠે દિવસે જાગરિકા કરી, અગિયારમો દિવસ વીતી ગયા પછી, જાતક કર્મની નિવૃત્તિ કરી. અશુચિ જાતકર્મ કરણ સંપ્રાપ્ત થતાં બારમે દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા. કરાવીને જેમ શિવરાજામાં કહ્યું, તેમ યાવત્ ક્ષત્રિયોને આમંત્ર્યા, આમંત્રીને, ત્યારપછી સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ, ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ સત્કાર-સન્માન કર્યા, કરીને તે જ મિત્ર, જ્ઞાતિજન, યાવત્ રાજા, ઈશ્વર યાવત્ ક્ષત્રિયોની આગળ પોતાના પિતામહ, પ્રપિતામહ, પિતાના પ્રપિતામહ આદિથી ચાલી આવતી અનેક પુરુષ પરંપરાથી રૂઢ, કુળને અનુરૂપ, કુલસદૃશ, કુલ સંતાનતંતુવર્ધનકર, આ આવા પ્રકારનું ગૌણ ગુણ નિષ્પન્ન નામકરણ કર્યુ - જેથી અમારો આ બાળક, બલરાજાનો પુત્ર અને પ્રભાવતી દેવીનો આત્મજ છે, તેથી અમારા આ બાળકનું નામ 'મહાબલ' થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ નામકરણ કર્યુ - 'મહાબલ'.*



*ત્યારે તે મહાબલ બાળક પાંચ ધાત્રીઓ વડે પરિગૃહીત થયો. તે આ - ક્ષીરધાત્રી વડે, એ પ્રમાણે જેમ દૃઢપ્રતિજ્ઞ યાવત્ લાલન પાલન કરાતો સુખે સુખે વૃદ્ધિ પામવા લાગ્યો.*

*ત્યારે તે મહાબલ બાળકના માતા-પિતા અનુક્રમે સ્થિતિપ્રતિતં, ચંદ્ર-સૂર્યદર્શન, જાગરિકા, નામકરણ, ઘુંટણીયે ચાલવું, પગ વડે ચાલવું, અન્નપ્રાશન, ગ્રાસવર્દ્ધન, સંભાષણ, કર્ણવિધન, સંવત્સર પ્રતિલેખન, ક્ષૌરકર્મ, ઉપનયન ઈત્યાદિ અન્ય ઘણાં ગર્ભાધાન, જન્મ મહોત્સવાદિ કૌતુક કરે છે.*

*ત્યારે તે મહાબલકુમારના માતા-પિતા તેને સાતિરેક આઠ વર્ષનો જાણીને શોભન એવા તિથિ-કરણ-મુહૂર્તમાં એ પ્રમાણે દૃઢપ્રતિજ્ઞની માફક યાવત્ તે ભોગ સમર્થ થયો.*

*ત્યારે તે મહાબલકુમાર બાલભાવથી મુક્ત થઈને યાવત્ ભોગ સમર્થ જાણીને, માતા-પિતાએ આઠ પ્રાસાદાવતંસક કરાવ્યા. કરાવીને અભ્યુદ્ગત-ઉંચા-પ્રહસિત એવા, તેનું વર્ણન રાયપ્પસેણઈય માફક કરવું યાવત્ તે પ્રતિરૂપ હતા. તે પ્રાસાદાવતંસકમાં બહુ મધ્યદેશ ભાગે આવા એક મોટા ભવનને કરાવ્યું, તે અનેક શત સ્તંભ ઉપર રહેલ હતું. તેનું વર્ણન રાયપ્પસેણઈયના પ્રેક્ષાગૃહ મંડપની જેમ કરવું, પ્રતિરૂપ હતું.*

● વિવેચન-૫૨૧ :-

ચારગશોધન એટલે બંદિનું વિમોચન, માનોન્માનવર્દ્ધન તેમાં માન - રસ, ધાન્યવિષયક, उन्मान - તુલારૂપ, उस्सुक्कं - શુલ્ક મુક્ત કરવા, એ પ્રમાણે સ્થિતિપતિતા કરાવે છે. શુલ્ક એટલે વેચવાના ભાંડ પ્રત્યે રાજાને દેવાનું દ્રવ્ય. उक्करं - કરોથી મુક્ત, કર એટલે ગાય આદિનો પ્રતિવર્ષ દેવાતું રાજદેય દ્રવ્ય. उक्किट्ठ - ઉત્કૃષ્ટ અથવા ખેડવાનો નિષેધ. अदिज्ज - વેચાણનો નિષેધ હોવાથી અદેય. अमिज्ज - વિક્રય પ્રતિષેધથી માપવાનો નિષેધ, अभडप्पवेस - ભટ એટલે રાજાજ્ઞાદાયી પુરુષોના પ્રવેશ કુટુંબીઘરોમાં થતો નથી તે.

अदंडकोदंडिम - દંડ યોગ્ય દ્રવ્ય તે દંડ તથા કુદંડથી નિર્વૃત્ત આ દંડ અને કુદંડ જેમાં નથી તે અદંડકુદંડિમ, તેમાં દંડ, તે અપરાધ અનુસાર રાજગ્રાહ્ય દ્રવ્ય, કુદંડ તે કારણિકોના મહા અપરાધને કારણે રાજ્યગ્રાહ્ય દ્રવ્ય. अधरिम - અવિદ્યમાન્ ધારણીય દ્રવ્ય, ઋણને માફ કરવાથી. गणिकावर - વેશ્યાપ્રધાન વડે નાટકીય - નાટકસંબંધી પાત્ર વડે યુક્ત તે अणेगतालाचराणुचरियं - વિવિધ પ્રેક્ષાચારી વડે સેવિત. अणुद्धुयमुइंग - વાદનને માટે વાદક વડે ન મૂકાયેલા મૃદંગો જેમાં છે તે. અમ્લાન પુષ્પમાલાને, પ્રમુદિત લોકોના યોગથી પ્રમુદિતા, પ્રક્રીડિતજન યોગથી પ્રક્રિડિત.

सपुरजणजाणवयं - પુરજનની સાથે અને જનપદસંબંધી જન વડે જે વર્તે છે, તે તથા તેને. વાચનાંતરમાં 'વિજયવૈજયંત' પણ દેખાય છે, તેમાં અતિશય વિજય

તે વિજયવિજય, તે જેનું પ્રયોજન છે, તે વિજયવૈજયિકી. ‘સ્થિતિપ્રતીત’ - સ્થિતિ એટલે કુલની લોકની મર્યાદામાં ‘પતિતા’ - રહેલ, જે પુત્રજન્મ મહોત્સવની ક્રિયા. ‘દશાહિક’ - દશ દિવસના પ્રમાણવાળી, जाए - યાગ, પૂજાવિશેષ, दाए - દાયા, દાન દેનાર, भाए - ભાગ, વિવક્ષિત દ્રવ્યાંશ. चंदसूरदंसणिय - ચંદ્ર, સૂર્યદર્શન નામે ઉત્સવ, जागरिय - રાત્રિ જાગરણરૂપ ઉત્સવ વિશેષ, निव्वत्ते० - અશુચિ જાત કર્મોનું-કરણ અશુચિ જાતકર્મકરણથી નિર્વૃત્ત.

संपत्ते बारसाहदिवसे - બારમો દિવસ આવતાં અથવા બાર દિવસોનો સમાહાર તે દ્વાદશાહન્, જેના વડે પૂરાય તે. તેમાં કુલને ઉચિત, કઈ રીતે ? તે કહે છે — કુલ સદૃશ, તે કુળના બળવાન્ પુરુષ-કુલત્વથી મહાબલ, એ નામનો બળવાન્ અર્થ અભિધાયકત્વથી તે કુળના મહાબલ, તે નામથી સાદૃશ્ય, કુલરૂપ જે સંતાન તે જ તંતુ દીર્ઘત્વથી તેને વર્ધનકર, માંગલ્યત્વથી જેમાં તે.

अयमेयारूवं - આ, આવા સ્વરૂપનો, गोण - ગૌણ, તેને અમુખ્ય પણ કહેવાય છે, તેથી કહે છે — ગુણનિષ્પન્ન. - x - અમારો આ બાળક જે પ્રભાવતી દેવીનો આત્મજ, બલરાજાનો પુત્ર, તેથી પિતાના નામના અનુસાર નામ, આ બાળકનું ‘મહાબલ’ નામ છે.

जहा दढपइन्न - ઉવવાઈ સૂત્રમાં ‘દૃઢપ્રતિજ્ઞ’ કહેલ છે, તે પ્રમાણે આ વક્તવ્ય છે, તે આ પ્રમાણે - મજ્જનધાત્રી, મંડણધાત્રી, કીલાવણધાત્રી, અંકધાત્રી ઈત્યાદિ. - x - ગિરિ કંદરમલ્લીની જેમ, ચંપકપાદપ, નિવાય નિર્વ્યાઘાત સુખેસુખે વૃદ્ધિ પામે છે जेमागामणं - જમીન ઉપર સરકવું, पयचंकामण - પગ વડે ચાલવું, जेमामणं - ભોજન કારણ, पिंडवद्धणं - કવલ વૃદ્ધિ કારણ, पज्जपावणं - પ્રજલ્પન કારણ, कण्णवेहणं - કાનનું વેધન, સંવત્સર ગ્રંથિકરણ, चोलोयण - ચૂડા ધારણ કરવી. उवनयन - કલાગ્રાહણ. ગર્ભાધાનાદિ જે કૌતુક-રક્ષા વિધાન આદિ. ‘‘એ પ્રમાણે જેમ દૃઢ પ્રતિજ્ઞ’’ તેના વડે આ પ્રમાણે સૂચિત કરેલ છે, તે આ પ્રમાણે જાણવું—

શોભન તિથિ-કરણ-નક્ષત્ર-મુહૂર્ત્તમાં, સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને, સર્વાલંકાર વિભૂષિત, મહાઋદ્ધિ સત્કાર સમુદયથી કલાચાર્યની પાસે લઈ જાય છે ઈત્યાદિ. અભ્યુદ્‌ગતોચ્છ્રિતાન્ - અતિ ઉચ્ચ. पहसित - પ્રહસિત માફક - શ્વેત પ્રભા પટલ પ્રબલતાથી હસતો એવો. ‘‘રાયપ્પસેણઇયમાં જેમ વર્ણન કર્યુ છે તેમ’’ - આના દ્વારા જે સૂચવ્યુ, તે આ છે —

મણિ, કનક, રત્ન વડે ચિત્રિત વાયુ વડે ઉડતી વિજય, વૈજયંતી પતાકા, છત્રાતિછત્ર યુક્ત, ઉંચે, ગગનતલને અભિલંઘતી, આદિ. અર્થ પ્રસિદ્ધ છે, વિશેષ આ કે — મણિ, કનક, રત્નોના વેરાવાથી ચિત્રિત તથા વાયુ વડે ઉદ્ધૃત એવી વિજયને સૂચવતી વૈજયંતિ નામક પતાકા અને છત્રાતિછત્ર વડે યુક્ત છે તે. અનેક શત સ્તંભ ઉપર સંનિવિષ્ટ, એવી, ‘રાયપસેણઇય’ સૂત્રના પ્રેક્ષાગૃહમંડપની જેમ તેનું વર્ણન





જાણવું. તે ‘‘લીલા કરતી શાલભંજિકા’’ આદિ જાણવું.

● **સૂત્ર-૫૨૨ :-**

***ત્યારપછી મહાબલકુમારના માતા-પિતા અન્ય કોઈ દિવસે તે શુભ તિથિ-કરણ-દિવસ-નક્ષત્ર-મુહૂર્ત્તમાં સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પછી સૌભાગ્યવંતી સ્ત્રીઓ દ્વારા અભ્યંગન, સ્નાન, ગીત, વાજિંત્ર, મંડન, આઠ અંગો પર તિલક, કંકણ, દહીં-અક્ષતાદિ મંગલ, મંગલગીત-માંગલિક કાર્ય કરાયા, ઉત્તમ કૌતુક અને મંગલોપચાર રૂપમાં શાંતિકર્મ કર્યુ, પછી સદૃશ, સમાન ત્વચાવાળી, સદૃશ વયવાળી, સદૃશ લાવણ્ય-રૂપ-યૌવન-ગુણોપપેતા-વિનીતા-કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરેલી, સદૃશ રાજકૂળથી અણાયેલી આઠ ઉત્તમ રાજકન્યા સાથે એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું.***

***ત્યારે તે મહાબલ કુમારના માતા-પિતાએ આ આવા પ્રકારનું પ્રીતિદાન આપ્યું - આઠ કોડી હિરણ્ય, આઠ કોડી સુવર્ણ, આઠ શ્રેષ્ઠ મુગટ, આઠ શ્રેષ્ઠ કુંડલયુગલ, શ્રેષ્ઠ એવા આઠ હાર, શ્રેષ્ઠ એવા આઠ અર્ધહાર, શ્રેષ્ઠ એવી આઠ એકાવલી, એ પ્રમાણે મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, આઠ શ્રેષ્ઠ કડાંની જોડી, એ રીતે ત્રુટિતની જોડી, આઠ શ્રેષ્ઠ ક્ષોમયુગલ, એ રીતે વડગ યુગલ, પટ્ટ યુગલ, દુકુલ યુગલ, આઠ શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિ-બુદ્ધિ-લક્ષ્મીદેવીઓ, આઠ નંદ-ભદ્ર-તલ-તલપ્રવર-સર્વરત્નમય નિજક વરભવન કેતુ, આઠ શ્રેષ્ઠ ધ્વજ, આઠ શ્રેષ્ઠ વજ. - ૧૦,૦૦૦ ગાયોનું એક એવા આઠ વજ, આઠ શ્રેષ્ઠ નાટક — બત્રીશબદ્ધ નાટક, આઠ શ્રેષ્ઠ અશ્વો, આ બધું રત્નમય જાણવું શ્રીગૃહપતિરૂપ આઠ શ્રેષ્ઠ હાથી, સર્વરત્નમય, શ્રીગૃહપ્રતિરૂપ એવા શ્રેષ્ઠ આઠ યાન, આઠ શ્રેષ્ઠ યુગ્ય, એ પ્રમાણે શિબિકા, સ્યંદમાનિકા, ગિલ્લિ, થિલ્લિ, આઠ શ્રેષ્ઠ વિકટયાન, આઠ પારિયાનિક રથ, આઠ સંગ્રામિક રથ, આઠ શ્રેષ્ઠ અશ્વો, આઠ શ્રેષ્ઠ હાથી, આઠ શ્રેષ્ઠ ગામો-૧૦,૦૦૦ કૂળોનું એક ગામ થાય છે. આઠ શ્રેષ્ઠ દાસ, એ પ્રમાણે દાસી, કિંકર, કંચુકી, વર્ષધર, મહત્તરક, - -***

***- - આઠ સુવર્ણના અવલંબન દીપ, આઠ રૂપાના અવલંબન દીપ, આઠ સોના-રૂપના અવલંબન દીપ, આઠ સોનાના ઉત્કંચન દીપ એ પ્રમાણે ત્રણે, આઠ સુવર્ણના થાળ, આઠ રૂપાના થાળ, આઠ સોના-રૂપના થાળ, આઠ સુવર્ણની પાત્રી આદિ ત્રણ, આઠ સુવર્ણના સ્થાસક આદિ ત્રણ, આઠ સુવર્ણના મલ્લક (૩), આઠ સુવર્ણની તલિકા, આઠ સુવર્ણની કલાચિકા, આઠ સુવર્ણની અવએડક, આઠ સુવર્ણની અવયક્કા, આઠ સુવર્ણના પાદપીઠક, આઠ સુવર્ણની ભિષિકા, આઠ સુવર્ણની કરોટિકા, આઠ સોનાના પલ્યંક, આઠ સુવર્ણની પ્રતિશય્યા, આઠ હંસાસન, આઠ ક્રૌંચાસન, આઠ ગરુડાસન, એ પ્રમાણે ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, પક્ષાસન, મગરાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાસન, આઠ***

***તેલસમુદ્ગક. ઈત્યાદિ જેમ રાયપ્પસેણઈય કહ્યું તેમ યાવત્ આઠ સરસવ સમુદ્ગક, આઠ કુબ્જાદાસી આદિ 'ઉવવાઈ' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ આઠ પારસી દાસી, આઠ છત્ર, આઠ છત્રધારી ચેટીકા, આઠ ચામર, આઠ ચામરધારી ચેટીકા, આઠ તાલવૃંત, આઠ તાલવૃંતધારી ચેટીકા, આઠ કરોટિકા અને કરોટિકાધારી ચેટીકા, આઠ ક્ષીરધાત્રી યાવત્ આઠ અંકધાત્રીઓ - -***

***- - આઠ અંગમર્દિકા, આઠ ઉન્મર્દિકા, આઠ સ્નાન કરાવનારી, આઠ પ્રસાધિકા, આઠ વર્ણકપેસીકા, આઠ ચૂર્ણકપેસીકા, આઠ કોષ્ઠાગારીકા, આઠ દર્પકારીકા, આઠ ઉપસ્થાપનીકા, આઠ નાટ્ય કરનારી, આઠ કૌટુંબિકીણી, આઠ મહાનસિકીણી, આઠ ભાંડાગારિણી, આઠ તરુણી, આઠ પુષ્પધારિણી, આઠ જલધારિણી, આઠ બલિકારિકા, આઠ શય્યાકારિણી, આઠ અભ્યંતરીક પ્રતિહારીણી, આઠ બાહ્ય પ્રતિહારીણી, આઠ માલાકારીણી, આઠ પ્રેષણકારીણી, બીજું પણ ઘણું બધું-સોનું, ચાંદી, કાંસુ, વસ્ત્ર, વિપુલ ધન-કનક-યાવત્ સારરૂપ દ્રવ્ય આપ્યું યાવત્ સાત કુલવંશ પેઢી સુધી પ્રકામ દેતા, પ્રકામ ભોગવતા, પ્રકામ પરિભાગ કરતાં (ખુટે નહીં)***

***ત્યારે તે મહાબલકુમાર પ્રત્યેક ભાર્યાને એકએક સુવર્ણ કોટિ આપે છે, એક-એક હિરણ્યકોટી આપે છે, એક એક શ્રેષ્ઠ મુગટ ઈત્યાદિ આપે છે. એ પ્રમાણે તે બધું જ કહેવું યાવત્ એક એક પ્રેષણકારી આપે છે, બીજું પણ ઘણું સોનું, રૂપું યાવત્ ભાગ પાડતાં પણ ન ખૂટે. ત્યારે તે મહાબલકુમાર ઉપરના પ્રાસાદમાં રહીને જેમ જમાલીમાં કહ્યું તેમ યાવત્ વિચરે છે.***

**● વિવેચન-૫૨૨ :-**

पमक्खणगण्हाणगीय० ઈત્યાદિ, તેમાં પ્રપ્રક્ષણક એટલે અભ્યંજન, સ્નાત્ર-ગીત-વાજિંત્ર પ્રસિદ્ધ છે, પ્રસાધન - મંડન, આઠે અંગે તિલક તે અષ્ટાંગતિલક, कंकण - લાલ દોરા રૂપ, આટલું अविधवधूभिः - જીવત્ પતિ કરનારી વડે ઉપનીત છે. मंगलसुजंपिएहि - મંગલ એટલે દહીં-અક્ષતાદિ, ગીત-ગાન વિશેષ કે તેને બોલનારી-આશીર્વચન બોલતી. તે કેવી છે ? वरकोउयमंगलो० ઈત્યાદિ - તેમાં ઉત્તમ એવા કૌતુક-ભૂતિરક્ષાદિ, મંગલ-સરસવાદિ, તે રૂપ જે ઉપચાર પૂજા, તેના વડે કરેલ શાંતિકર્મ-દૂરિત ઉપશમ ક્રિયા તે.

सरिसियाणं० આદિ - સદૃશી પરસ્પરથી અથવા મહાબલની અપેક્ષાએ. સદૃશત્વચા, વયથી સદૃશ, લાવણ્યથી સદૃશ, અહીં લાવણ્ય એટલે મનોજ્ઞતા, રૂપ-આકૃતિ, યૌવન-યુવાનપણું, ગુણ-પ્રિયભાષીત્વ આદિ, કુંડલની જોડ, કલાચિકા આભરણ યુગલ, ત્રુટિત-બાહાનું આભરણ, ક્ષૌમ-કપાસનું કે અતસીનું વસ્ત્ર, વડગ-ત્રસરીમય, પટ્ટ-પટ્ટસૂત્ર, દુગુલ્લ-દુકૂલ નામક વૃક્ષની ત્વચાથી નિષ્પન્ન, શ્રી આદિ છ દેવીઓની પ્રતિમા, નંદા આદિ મંગલવસ્તુ, બીજા કહે છે — નંદ એટલા વૃત્ત લોહાસન, ભદ્ર એટલે શરાસન, મૂઢક.



તલ - તાલવૃક્ષો, વય - વજ, ગોકુળ, ભાંડાગારતુલ્ય રત્ન મયપણાથી શ્રી ગૃહપ્રતિરૂપ, યાન - શકટાદિ, યુગ્ય-ગોલદેશ પ્રસિદ્ધ જંપાન, શિબિકા-કૂટાકાર આચ્છાદિત જંપાનરૂપ, સ્યંદમાનિકા એટલે પુરુષ પ્રમાણ જંપાન વિશેષ, ગિલ્લી-હાથી ઉપર કોલ્લર આકાર, થિલ્લી-લાટદેશમાં જે અડ્ડપલ્યાન છે, તે બીજા દેશમાં થિલ્લી કહેવાય છે, વિવૃતયાનો, તલ્લટક વર્જિતગાડા, પરિયાનના પ્રયોજનથી પારિયાનિક, સંગ્રામના પ્રયોજનથી સાંગ્રામિકા, તેમાં કમર પ્રમાણ ફલક વેદિકા હોય છે.

કિંકર-પ્રતિકર્મ પૃચ્છા કરનાર, કંચુકી-પ્રતીહારી, વર્ષધર-ખસી કરાયેલ મહલ્લક, મહત્તર-અંતઃપુર કાર્ય ચિંતવનાર.

ઓલંબનદીવ-શ્રૃંખલાબદ્ધ દીપો, ઉત્કંચનદીપ-ઉભા દંડ જેવા દીપ, એ પ્રમાણે ત્રણે રૂપુ, સોનું, રૂપુ-સોનું ભેદથી છે. पंजरदीव - અભ્રપટલ આદિ પંજર યુક્ત - - थासक - આદર્શકના આકારે, તલિકાપાત્રી વિશેષ, કવિચિકા-કલાચિકા, અવડવક-હાથને તપાવનાર, અવયક્કા એટલે અવપાક્ય તાપિકા સંભવે છે - - ભિસિકા-આસન વિશેષ, પડિસેજ્જા-ઉત્તરશય્યા. હંસાસન આદિ - હંસાદિ આકાર ઉપલક્ષિત ઉન્નત આદિ આકાર ઉપલક્ષિત અને શબ્દથી જાણવી.

જેમ રાયપ્પસેણઈય, તેના વડે જે સૂચવે છે, તે આ છે — આઠ કુષ્ટ સમુદ્ગક, એ પ્રમાણે પત્રચોય, તગર, એલ, હરિયાલ, હિંગુલ, મનોશિલક, જનસમુદ્ગક. - - જેમ ઉવવાઈમાં - તેના દ્વારા જે સૂચિત છે, તે અહીં દેવાનંદાના વૃત્તાંતમાં છે, ત્યાં જ જોવું. કરોડિકાધારી એટલે સ્થગિકાધારિણી. - - આઠ અંગમર્દિકા, આઠ ઉન્મર્દિકા અહીં અલ્પ અને બહુમર્દન કૃત વિશેષ ભેદ માત્ર છે. पसाहिया - મંડનકારિણી, વન્નગપેસીકા-ચંદનપેષણ કારિકા અથવા હરિતાલાદિ પ્રેષિકા, ચુર્ણક પેસીકા એટલે અહીં चूर्ण - તાંબુલ ચૂર્ણ કે ગંધ દ્રવ્ય ચૂર્ણ. दवकारीका - પરિહાસ કરનારી, उवत्थाणिया - આ સ્થાને જનારની સમીપે વર્તે છે. नाडइज्जा - નાટક સંબંધી, कुडुंबिणी - પદાતિરૂપ, ઈત્યાદિ - x -

**● સૂત્ર-૫૨૩,૫૨૪ :-**

***[૫૨૩] તે કાળે, તે સમયે અરહંત વિમલના પ્રશિષ્ય ધર્મઘોષ નામક અણગાર, જાતિ સંપન્નાદિ વર્ણન કરવું, જેમ કેશીસ્વામીનું વર્ણન છે યાવત્ ૫૦૦ અણગાર સાથે સંપરિવૃત્ત થઈને પૂર્વાનુપૂર્વી ચરતા, ગ્રામાનુગ્રામ વિચરતા જ્યાં હસ્તિનાગપુર, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું ત્યાં આવ્યા, આવીને અવગ્રહ અવગ્રહ્યો, અવગ્રહીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.***

***ત્યારે હસ્તિનાપુર નગરમાં શ્રૃંગાટક, ત્રિક યાવત્ પર્ષદા પર્યુપાસે છે. ત્યારે તે મહાબલકુમારે તે મહાજનશબ્દ કે જનવ્યૂહ એ પ્રમાણે જેમ જમાલીમાં કહ્યું તેમ વિચાર્યું, તે પ્રમાણે જ કંચુકી પુરુષોને બોલાવ્યા, કંચુકીપુરુષો પણ***

*તેમજ કહે છે. વિશેષ આ કે – ધર્મઘોષ અણગારના આગમનનો નિશ્ચય કરીને, બે હાથ જોડી યાવત્ નીકળે છે. એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! અરહંત વિમલના પ્રશિષ્ય ધર્મઘોષ નામક અણગાર, બાકી પૂર્વવત્ યાવત્ તે પણ ઉત્તમ રથથી નીકળે છે. ધર્મકથા જેમ કેશીસ્વામીએ કહી. તે પણ તેમજ માતા-પિતાને પૂછે છે વિશેષ આ કે – ધર્મઘોષ. અમગાર પાસે મુંડ થઈને ઘેરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેવા ઈચ્છુ છું તે પ્રમાણે જ વૃત્ત-પ્રતિવૃત્ત છે. વિશેષ એ કે – આ તારી પત્નીઓ વિપુલરાજકુલની બાલિકાઓ છે, કલાકુશલ છે. બાકી પૂર્વવત્ યાવત્ તેઓ અનિચ્છાએ મહાબલકુમારને આમ કહે છે –*

*હે પુત્ર ! અમે એક દિવસને માટે પણ તારી રાજ્યશ્રી જોવા ઈચ્છીએ છીએ. ત્યારે તે મહાબલકુમાર માતા-પિતાના વચન સાંભળીને મૌન રહ્યો. ત્યારે તે બલરાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે. એ પ્રમાણે જેમ શિવભદ્રમાં કહ્યું, તેમજ રાજ્યાભિષેક કહેવો યાવત્ અભિસિંચિત કરે છે. બે હાથ જોડી, જય-વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહે છે – હે પુત્ર ! બોલ, અમે શું દઈએ, શું આપીએ, બાકી જમાલી મુજબ કહેવું યાવત્ ત્યારે તે મહાબલ અણગારે, ધર્મઘોષ અણગાર પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વ ભણ્યા, ભણીને ચતુર્થભક્ત યાવત્ વિચિત્ર તપોકર્મથી આત્માને ભાવિત કરતા, બહુપ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળે છે, પાળીને માસિકી સંલેખના વડે સાઠ ભક્તોને અનશનથી છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પામીને, કાળ માસે કાળ કરીને, ઉપર ચંદ્ર-સૂર્યથી આદિ જેમ અંબડમાં કહ્યું તેમ અહીં કહેવું યાવત્ બ્રહ્મલોક કલ્પે દેવપણે ઉત્પન્ન થયો, ત્યાં કેટલાંક દેવોની સ્થિતિ દશ સાગરોપમ કહેલી છે, ત્યાં મહાબલ મુનિની પણ દશ સાગરોપમ સ્થિતિ કહેલી છે.*

*હે સુદર્શન! તે (મહાબલનો જીવ) તું જ છે, બ્રહ્મલોક કલ્પમાં દશ સાગરોપમ દિવ્ય ભોગોપભોગ ભોગવીને તે દેવલોકથી આયુક્ષય આદિથી અનંતર ચ્યવીને આ જ વાણિજ્યગ્રામનગરમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો છે.*

*[૫૨૪] ત્યારપછી હે સુદર્શન! બાલભાવથી મુક્ત થઈને તું વિજ્ઞ અને પરિણત વય વાળો થયો. યૌવનાવસ્થાને પામીને તથારૂપ સ્થવિરો પાસે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળીને, તે જ ધર્મને ઈચ્છિત, પ્રતિચ્છિત, રુચિકર જાણ્યો. હે સુદર્શન! આ સમયે પણ તું જે કરી રહ્યો છે, તે પણ સારુ કરે છે.*

*તેથી હે સુદર્શન ! એમ કહેલ છે – આ પલ્યોપમ, સાગરોપમનો ક્ષય અને અપચય છે. ત્યારપછી તે સુદર્શન શ્રેષ્ઠી શ્રમણ ભગવન્ મહાવીર પાસે આ અર્થને સાંભળીને, અવધારીને શુભ અધ્યવસાયથી, શુભ પરિણામથી, વિશુદ્ધયમાનથતી લેશ્યાથી, તદ્ આવરણીય કર્મોના ક્ષયોપશમથી ઈહા-અપોહ-*



*માર્ગણા-ગવેષણા કરતા સંજ્ઞીપૂર્વ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, આ અર્થને સમ્યક્રૂપે જાણવા લાગ્યો.*

*ત્યારપછી તે સુદર્શન શ્રેષ્ઠી શ્રમણ ભગવન્ મહાવીર વડે સંભારેલ પૂર્વભવથી તેના હૃદયમાં બમણી શ્રદ્ધા-સંવેગ ઉત્પન્ન થયા. આનંદાશ્રુપૂર્ણ નયનથી શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા, પછી આ પ્રમાણે કહ્યું – હે ભગવન્! આપ જે કહો છો, તે તેમજ છે, એમ કહી ઈશાન ખૂણામાં ગયો, બાકી ઋષભદત્ત પ્રમાણે જાણવું યાવત્ સર્વ દુઃખનો ક્ષય થયો. વિશેષ આ કે – ચૌદ પૂર્વો ભણ્યા, પ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રમણ પર્યાય પાળ્યો. બાકી પૂર્વવત્. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૫૨૩,૫૨૪ :-**

विमल - આ અવસર્પિણીના તેરમાં જિનેન્દ્ર, पउप्पए - પ્રશિષ્ય, અથવા શિષ્યની સંતતિ. જેમ કેશી આચાર્ય રાયપ્પસેણઈયમાં વર્ણવેલ છે, તે મુજબ કહેવું. તે કુલ-બલ-રૂપ-વિનય સંપન્ન ઈત્યાદિ. वुत्तपडिवुत्तय - ઉક્ત-પ્રતિઉક્તિકા કહેલ એ પ્રમાણે મહાબલમાં કહેવું. જમાલિ ચારિત્રમાં વિપુલકુલબાલિકા એમ કહ્યું, અહીં વિપુલરાજકુલ બાલિકા એમ કહેવું. कला શબ્દ વડે આમ કહે છે – "કલાકુશલ સર્વકાલ લાલિત સુખોચિત." શિવભદ્ર તે શિવરાજર્ષિનો પુત્ર, શતક-૧૧ મુજબ.

જેમ અંબડ-'ઉવવાઈ' મુજબ. તેમ અહીં કહેવું. તેમાં યાવત્ શબ્દથી આ સૂત્ર જાણવું - ગ્રહગણ નક્ષત્ર તારારૂપ ઘણાં યોજનો, ઘણાં સેંકડો યોજન, ઘણાં હજાર યોજન, ઘણાં લાખ યોજન, ઘણાં કોડાકોડી યોજન ઉપર, દૂરે જઈને સૌધર્માદિ કલ્પો પસાર કરીને, અહીં જો કે ચૌદ પૂર્વીનો જઘન્યથી લાંતકે ઉપપાત ઈષ્ટ છે, છતાં ચૌદપૂર્વધરનો જે બ્રહ્મલોકમાં ઉપપાત કહ્યો, તે કોઈના વડે કંઈક વિસ્મરણાદિ પ્રકારે ચૌદ પૂર્વીના અપરિપૂર્ણત્વથી સંભવે છે.

સંજ્ઞીરૂપ જે પૂર્વ જાતિ, તેનું સ્મરણ, તેને પામે છે, પૂર્વકાળ અપેક્ષાથી બમણો શ્રદ્ધા-સંવેગ પામેલ છે, તે. તેમાં શ્રદ્ધા તે તત્ત્વ શ્રદ્ધાન્ અથવા સદનુષ્ઠાનનું આચરણ. સંવેગ એટલે ભવભય, કે મોક્ષાભિલાષ. 'ઋષભદત્ત' કથા નવમા શતકમાં છે.

## ❀ શતક-૧૧, ઉદ્દેશો-૧૨-"આલભિકા" ❀

૦ અગિયારમાં ઉદ્દેશામાં 'કાલ' કહ્યો. બારમામાં પણ તે જ બીજા ભંગથી કહે છે. એ સંબંધથી આવેલ સૂત્ર–

**● સૂત્ર-૫૨૫ થી ૫૨૮ :-**

*[૫૨૫] તે કાળે, તે સમયે આલભિકા નામે નગરી હતી - વર્ણન. શંખવન*

ચૈત્ય હતું - વર્ણન. તે આલભિકા નગરીમાં ઋષિભદ્રપુત્ર પ્રમુખ ઘણાં શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ આઢ્ય યાવત્ અપરિભૂત હતા. જીવાજીવના જ્ઞાતા હતા, યાવત્ વિચરતા હતા.

ત્યારે તે શ્રાવકો અન્ય કોઈ દિવસે એક સાથે એકત્રિત થઈ બેઠેલા, તે શ્રાવકોમાં પરસ્પર આ આવા પ્રકારનો વાર્તાલાપ થયો. હે આર્યો! દેવલોકમાં દેવોની સ્થિતિ કેટલાં કાળની કહી છે ?

ત્યારે તે ઋષિભદ્ર શ્રમણોપાસક દેવસ્થિતિનો જ્ઞાતા હતો, તેણે તે શ્રાવકોને આમ કહ્યું – હે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે, તેના પછી સમયાધિક, દ્વિસમયાધિક યાવત્ દશ સમયાધિક, સંખ્યાત સમયાધિક, અસંખ્યાત સમયાધિક, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ કહી, તેના પછી દેવ, દેવલોક નથી.

ત્યારે તે શ્રાવકો ઋષિભદ્રપુત્ર શ્રાવકના આ પ્રમાણે આખ્યાનથી યાવત્ આ પ્રરૂપણાથી, આ અર્થની શ્રદ્ધા ન કરી, પ્રતીતિ ન કરી, રુચિ ન કરી. આ અર્થની અશ્રદ્ધા કરતા, અપ્રીતિ કરતા, અરુચિ કરતા જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

[૫૨૬] તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે. ત્યારે તે શ્રાવકો આ વૃત્તાંત જાણીને હર્ષિત, તુષ્ટિત આદિ, જેમ 'તુંગિકા' ઉદ્દેશમાં છે. તેમ જાણવું યાવત્ પર્યુપાસે છે. - - ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રાવકોને અને તે મોટી પર્ષદાને ધર્મકથા કહી યાવત્ આજ્ઞાના આરાધક થયા.

ત્યારે તે શ્રાવકો શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત-તુષ્ટિત થઈ ઉત્થાનથી ઉઠ્યા, ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું (પૂછ્યું–)

ભગવન્! એ પ્રમાણે ઋષિભદ્રપુત્ર શ્રાવકે અમને એમ કહ્યું યાવત્ પ્રરૂપ્યુ કે – હે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે, તેના પછી સમયાધિક યાવત્ પછી દેવ, દેવલોક નથી, હે ભગવન્! આમ કઈ રીતે હોય? આર્યોને આમંત્રીને શ્રમણ ભગવન્ મહાવીરે તે શ્રાવકોને આમ કહ્યું – હે આર્યો! જે ઋષિભદ્રપુત્ર શ્રાવકે તમને આ પ્રમાણે કહ્યું છે યાવત્ પ્રરૂપેલ છે – હે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ કહી છે, તેના પછી સમયાધિક યાવત્ તેના પછી દેવો, દેવલોક નથી, આ અર્થ સત્ય છે. હું પણ હે આર્યો! આમ જ કહું છું યાવત્ પ્રરૂપુ છું - હે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ આદિ પૂર્વવત્, તેના પછી દેવ, દેવલોક નથી, સત્ય છે.

ત્યારપછી તે શ્રાવકો શ્રમણ ભગવંત મહાવીરની પાસે આ અર્થને સાંભળીને,



અવધારીને ભગવન્‌ને વંદન-નમન કરીને જ્યાં ઋષિભદ્રપુત્ર શ્રાવક હતો ત્યાં ગયા, જઈને ઋષિભદ્રપુત્ર શ્રાવકને વંદન-નમસ્કાર કરીને આ અર્થને સારી રીતે વિનયથી વારંવાર ખમાવે છે.

ત્યારપછી શ્રાવકોએ (ભગવંતને) પ્રશ્નો પૂછ્યા, તેના અર્થો ગ્રહણ કર્યા, કરીને ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, પછી જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા.

[૫૨૭] ભગવન્! એ રીતે આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવન્ મહાવીરને વાંદી-નમીને આમ પૂછયું – હે ભગવન્! ઋષિભદ્રપુત્ર શ્રાવક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિક પ્રવજ્યા લેવા સમર્થ છે? હે ગૌતમ! તે અર્થ સમર્થ નથી.

હે ગૌતમ! ઋષિભદ્રપુત્ર શ્રાવક ઘણાં શીલ-વ્રત-ગુણ-વ્રત-વેરમણ-પ્રત્યાખ્યાન-પૌષધોપવાસ-યથાપરિગૃહિત તપોકર્મથી આત્માને ભાવિત કરતાં, ઘણાં વર્ષોનો શ્રાવકપર્યાય પાળશે. પાળીને માસિકી સંલેખના વડે આત્માને ઝોષીત કરી, માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પામીને, કાળ માસે કાળ કરી, સૌધર્મકલ્પમાં અરુણાભવિમાને દેવપણે ઉપજશે, ત્યાં કેટલાંક દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે, ત્યાં ઋષિભદ્રપુત્ર દેવની પણ ચાર પલ્યોપમ સ્થિતિ થશે.

ભગવન્! તે ઋષિભદ્રપુત્ર દેવ તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય થતાં યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ! તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.

ભગવન્! તે એમ જ છે, એમ જ છે, એમ કહીને ગૌતમ સ્વામી યાવત્ આત્માને ભાવિત કરતાં વિચરે છે.

[૫૨૮] ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે આલભીકા નગરીના શંખવન ચૈત્યથી નીકળે છે, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરતા વિચરે છે.

તે કાળે, તે સમયે આલભિકા નામક નગરી - વર્ણન. ત્યાં શંખવનચૈત્ય હતું - વર્ણન. તે શંખવનચૈત્યથી દૂર નહીં - નીકટ નહીં, (તેવા સ્થાને) પુદ્‌ગલ નામે પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, યાવત્ નયોમાં સુપરિનિષ્ઠિત હતો. નિરંતર છટ્ઠ છટ્ઠના તપોકર્મ વડે, ઉર્ધ્વ હાથ રાખી યાવત્ આતાપના લેતા વિચરે છે.

ત્યારે તે પુદ્‌ગલને છટ્ઠ-છટ્ઠના તપથી યાવત્ આતાપના લેતા, પ્રકૃતિભદ્રકતાથી શિવરાજર્ષિની જેમ યાવત્ વિભંગ નામે અજ્ઞાન સમુત્પન્ન થયું, તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી બ્રહ્મલોક કલ્પમાં રહેલ દેવોની સ્થિતિને જાણે છે

- જુએ છે.

ત્યારે તે પુદ્‌ગલ પરિવ્રાજકને આ-આવા સ્વરૂપનો મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - મને અતિશય જ્ઞાન-દર્શન સમુત્પન્ન થયા છે, દેવલોકમાં દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ છે, તેની પછી સમયાધિક, દ્વિસમયાધિક યાવત્ ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમયાધિક, ઉત્કૃષ્ટથી દશ સાગરોપમ સ્થિતિ છે, તેની પછી દેવો અને દેવલોક નથી.

આ પ્રમાણે વિચારીને આતાપના ભૂમિથી ઉતરે છે, ઉતરીને ત્રિદંડકુંડિકા યાવત્ ધાતુરક્ત વસ્ત્રોને ગ્રહણ કરે છે, કરીને જ્યાં આલભિકા નગરી છે, જ્યાં પરિવ્રાજકોનો મઠ છે, ત્યાં આવે છે, આવીને ભાંડોપગરણ મુકે છે, કરીને આલંભિકા નગરીમાં શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં એકમેકને આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે — હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયેલ છે. દેવલોકે દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે ઈત્યાદિ પૂર્વવત્, પછી દેવલોક અને દેવ નથી.

ત્યારે આલંભિકા નગરીમાં આ આલાવાથી જેમ શિવ રાજામાં કહ્યું, તે પ્રમાણે કહેવું યાવત્ તે વાત કેમ માનવી ?

સ્વામી પધાર્યા. યાવત્ પર્ષદા પાછી ફરી.

ગૌતમસ્વામી તે પ્રમાણે જ ભિક્ષાચર્યાએ નીકળ્યા, તે પ્રમાણે જ ઘણાં લોકોના શબ્દો સાંભળ્યા. તે પ્રમાણે જ ઘણાં લોકોના શબ્દો સાંભળીને તે પ્રમાણે જ બધું કહેવું યાવત્ હે ગૌતમ ! હું વળી આ પ્રમાણે કહું છું, આ પ્રમાણે ભાખુ છું યાવત્ પ્રરૂપું છું કે —

દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની કહી છે, તેના પછી સમયાધિક, બે સમયાધિક યાવત્ ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. તેના પછી દેવો અને દેવલોક વિચ્છિન્ન થાય છે અર્થાત્ દેવ-દેવલોક નથી.

ભગવન્ ! સૌધર્મ કલ્પમાં વર્ણ સહિત અને વર્ણરહિત દ્રવ્ય અન્યોન્યબદ્ધ છે ? ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવત્ તેમ જ છે.

આ પ્રમાણે જ ઈશાનમાં પણ યાવત્ અચ્યુતમાં કહેવું.

આ પ્રમાણે જ ગ્રૈવેયક વિમાનોમાં અને અનુત્તર વિમાનમાં પણ કહેવું.

ઇષત્ પ્રાગ્ભારામાં પણ યાવત્ તેમ જ છે.

ત્યારપછી તે મહામોટી પર્ષદા યાવત્ પાછી ગઈ.

ત્યારે આલંભિકા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ઈત્યાદિ બધું જેમ શિવરાજર્ષિમાં કહ્યું તેમ કહેવું યાવત્ પુદ્‌ગલ અણગાર સર્વ દુઃખોથી મુક્ત થયા. વિશેષ એ કે — ત્રિદંડકુંડિક યાવત્ ધાતુરક્ત વસ્ત્ર પહેર્યા હતા. વિભંગજ્ઞાન પડી ગયું.

આલંભિકાનગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે યાવત્ ઉત્તર-પૂર્વ દિશામાં



જાય છે, જઈને ત્રિદંડકુંડિક આદિ જેમ સ્કંદકમાં કહ્યું તેમ યાવત્ પ્રવ્રજિત થયો. બાકીનું શિવરાજર્ષિ માફક કહેવું યાવત્ શાશ્વત અને અવ્યાબાધ સુખને અનુભવે છે, સિદ્ધ થાય છે.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

● **વિવેચન-૫૨૫ થી ૫૨૮ :-**

तेणं० ઈત્યાદિ. एगओ - એકત્ર, समुवागयाणं - એક સ્થાને આવીને, सहियाणं - મળ્યા, એકઠાં થયા. समुविट्ठाणं - આસન ગ્રહણ કરીને. सन्निसन्नाणं - નીકટપણે બેઠા. मिह - પરસ્પર गहियट्ठ - ગૃહીતાર્થ, ગૃહીત પરમાર્થ. तुंगिउद्देस - શતક-૨માં.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૧ નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

— x — x — x — x — x — x —

## ꖴ શતક-૧૨ ꖴ

-- x -- x --

૦ અગિયારમાં શતકની વ્યાખ્યા કરી, હવે બારમું કહે છે.

● સૂત્ર-૫૨૯ :-

*બારમાં શતકમાં દશ ઉદ્દેશો છે — શંખ, જયંતિ, પૃથ્વી, પુદ્ગલ, અતિપાત, રાહુ, લોક, નાગ, દેવ, આત્મા.*

● વિવેચન-૫૨૯ :-

(૧) શંખ-શ્રમણોપાસક વિષયક, (૨) જયંતિ-શ્રાવિકા વિષયક, (૩) પૃથ્વી-રત્નપ્રભાવિષયક, (૪) પુદ્ગલવિષય, (૫) અતિપાત-પ્રાણાતિપાત આદિ વિષયક, (૬) રાહુ-વક્તવ્યતાર્થે (૭) લોકવિષયક, (૮) નાગ-સર્પ વક્તવ્યતા, (૯) દેવ-દેવભેદવિષયક, (૧૦) આત્મા-ભેદ નિરૂપણાર્થ.

### ❀ શતક-૧૨, ઉદ્દેશો-૧-"શંખ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૫૩૦ થી ૫૩૨ :-

*[૫૩૦] તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી-વર્ણન. કોષ્ઠક ચૈત્ય હતું-વર્ણન. તે શ્રાવસ્તી નગરીમાં શંખ આદિ ઘણાં શ્રાવકો રહેતા હતા. તેઓ આઢ્ય યાવત્ અપરિભૂત હતા, જીવાજીવના જ્ઞાતા હતા યાવત્ વિચરતા હતા. તે શંખ શ્રાવકને ઉત્પલા નામે પત્ની હતી. તે સુકુમાલ યાવત્ સુરૂપા, શ્રાવિકા, જીવાજીવની જ્ઞાતા યાવત્ વિચરતી હતી.*

*તે શ્રાવસ્તીનગરીમાં પુષ્કલી નામે શ્રાવક હતો, આઢ્ય યાવત્ વિચરતો હતો. તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસે છે. ત્યારે તે શ્રાવકોને આ વૃત્તાંત જાણ્યો, જેમ આલંભિકા નગરીમાં કહ્યું તેમ જાણવું યાવત્ પર્યુપાસે છે.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રાવકોને તથા તે મોટી પર્ષદાને ધર્મકથા કહી, યાવત્ પર્ષદા પાછી ગઈ. ત્યારે તે શ્રાવકો ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારીને હર્ષિત-સંતુષ્ટ થઈ ભગવંતને વાંદી-નમીને પ્રશ્નો પૂછે છે, અર્થોને ગ્રહણ કરે છે, ઉત્થાનથી ઉઠી, ભગવંત પાસેથી, કોષ્ઠક ચૈત્યથી નીકળી, શ્રાવસ્તી નગરી જવાને રવાના થયા.*

*[૫૩૧] ત્યારે તે શંખ શ્રાવકે, તે શ્રાવકોને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવો પછી આપણે વિપુલ અશનાદિનું આસ્વાદન કરતા, વિસ્વાદન કરતા, ભોજન કરતા-કરાવતા પાક્ષિક પૌષધનું અનુપાલન કરતાં વિચરીશું.*



*ત્યારે તે શ્રાવકો, શંખ શ્રાવકના આ કથનને વિનયપૂર્વક સાંભળે છે, ત્યારપછી તે શંખ શ્રાવકને આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો - તે વિપુલ અશનાદિનું આસ્વાદન આદિ કરતા પાક્ષિક પૌષધનું અનુપાલન કરી વિચરવું, મારા માટે શ્રેયસ્કર નથી. પણ મારી પૌષધશાળામાં બ્રહ્મચારી રહી, મણિ-સુવર્ણના ત્યાગ કરી, માલા-વર્ણક-વિલેપનથી રહિત થઈ, શસ્ત્ર-મુસલ આદિના ત્યાગરૂપ, એકલા, કોઈના સાથ વિના, દર્ભ-સંસ્તારકે બેસીને પાક્ષિક-પૌષધનું અનુપાલન કરી વિચરવું, શ્રેયસ્કર છે.*

*આ પ્રમાણે વિચારીને જ્યાં શ્રાવસ્તીનગરી છે, જ્યાં પોતાનું ઘર છે. જ્યાં ઉત્પલા શ્રાવિકા છે, ત્યાં આવે છે. આવીને ઉત્પલા શ્રાવિકાને પૂછીને, જ્યાં પૌષધશાળા છે, ત્યાં આવે છે, આવીને પૌષધશાળામાં પ્રવેશે છે, પૌષધશાળામાં પ્રવેશીને છે, પૌષધશાળા પ્રમાર્જે છે, પ્રમાર્જીને ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિને પડિલેહે છે પછી દર્ભનો સંથારો પાથરે છે, પાથરીને તેના ઉપર આરૂઢ થાય છે. પછી પૌષધશાળામાં બ્રહ્મચર્યપૂર્વક પાક્ષિક પૌષધ યાવત્ પાલન કરતો રહે છે.*

*ત્યારે તે શ્રાવકો જ્યાં શ્રાવસ્તીનગરી, જ્યાં પોતાના ઘરો છે ત્યાં આવે છે, આવીને વિપુલ અશનાદિ તૈયાર કરાવે છે, કરાવીને પરસ્પર બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! અમે તે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા છે, શંખ શ્રાવક હજી આવેલ નથી, તો હે દેવાનુપ્રિયો ! આપણે શંખ શ્રાવકને બોલાવીએ તે શ્રેય છે.*

*ત્યારે તે પુષ્કલી શ્રાવક, તે શ્રાવકોને આમ કહે છે — તમે બધાં સારી રીતે સ્વસ્થ અને વિશ્વસ્ત થઈને બેસો, હું શંખ શ્રાવકને બોલાવી લાવું છું, એમ કહીને તે શ્રાવકો પાસેથી નીકળ્યો, નીકળીને શ્રાવસ્તીનગરીની વચ્ચોવચ્ચ થઈને શંખ શ્રાવકના ઘેર આવ્યો, આવીને શંખ શ્રાવકના ઘરમાં પ્રવેશ્યો.*

*ત્યારે તે ઉત્પલા શ્રાવિકાએ પુષ્કલી શ્રાવકને આવતા જોઈને હર્ષિત-સંતુષ્ટ થઈ, આસનેથી ઉભી થીને સાત-આઠ પગલા સામે ગઈ, જઈને પુષ્કલી શ્રાવકને વંદન-નમસ્કાર કર્યા, કરીને આસન ગ્રહણ કરવા નિમંત્રણ આપ્યું. પછી આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! આપના આગમનના પ્રયોજનને જણાવો. ત્યારે પુષ્કલી શ્રાવકે ઉત્પલા શ્રાવિકાને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયા ! શંખ શ્રાવક ક્યાં છે ?*

*ત્યારે તે ઉત્પલા શ્રાવિકાએ પુષ્કલી શ્રાવકને આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! શંખ શ્રાવક પૌષધશાળામાં બ્રહ્મચારીપણે પાક્ષિક પૌષધ સ્વીકારી યાવત્ રહેલ છે. ત્યારે તે પુષ્કલી શ્રાવક પૌષધશાળામાં શંખ શ્રાવક પાસે ગયો. જઈને ગમનાગમન પ્રતિક્રમ્યુ, પ્રતિક્રમીને શંખ શ્રાવકને વંદન-નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! અમે વિપુલ અશનાદિ તૈયાર કરાવેલ છે, તેથી હે દેવાનુપ્રિય ! આપણે જઈએ અને વિપુલ અશનાદિનું આસ્વાદન કરતા યાવત્*

*પાલન કરતા વિચરીએ.*

*ત્યારે તે શંખ શ્રાવકે પુષ્કલી શ્રાવકને આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! તે વિપુલ અશનાદિનું આસ્વાદન યાવત્ ધર્મ જાગરીકા કરતાં વિચરવું કલ્પતું નથી, મને પૌષધશાળામાં પૌષધસહ યાવત્ વિચરવું કલ્પે છે. હે દેવાનુપ્રિયો ! તમે બધાં સ્વ ઈચ્છાનુસાર તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમનું આસ્વાદન કરતા યાવત્ વિચરો.*

*ત્યારે તે પુષ્કલી શ્રાવક, શંખ શ્રાવક પાસેથી પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈ જ્યાં તે શ્રાવકો હતા, ત્યાં આવ્યો, આવીને તે શ્રાવકોને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! શંખશ્રાવક પૌષધશાળામાં પાક્ષિક પૌષધ ગ્રહીને યાવત્ રહ્યો છે, (તેણે કહ્યું છે કે—) હે દેવાનુપ્રિયો ! તમે સ્વેચ્છાથી તે વિપુલ અશનાદિને આસ્વાદતા યાવત્ વિચરો, શંખ શ્રાવક હાલ આવતો નથી.*

*ત્યારે તે શ્રાવકોએ તે વિપુલ અશનાદિને આસ્વાદતા યાવત્ રહ્યા. - - ત્યારે તે શંખ શ્રાવકને મધ્યરાત્રિએ ધર્મ જાગરીકા કરતા આ, આવા પ્રકારનો યાવત્ સંકલ્પ સમુત્પન્ન થયો. - મારે કાલે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતાં શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસના કરીને, ત્યાંથી પાછા ફરીને પાક્ષિક પૌષધ પારવો શ્રેયસ્કાર છે. આ પ્રમાણે વિચારીને, એ પ્રમાણે યાવત્ પૌષધશાળાથી નીકળે છે, નીકળીને પ્રવેશયોગ્ય શુદ્ધ, મંગલ, વસ્ત્રોને સારી રીતે પહેર્યા, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતો શ્રાવસ્તીનગરીની વચ્ચોવચ્ચથી થઈને યાવત્ પર્યુપાસે છે. તેને અભિગમ નથી.*

*ત્યારે તે શ્રાવકો કાલ સૂર્ય જાજ્વલ્યમાન થતાં, સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ યાવત્ શરીરને અલંકૃત્ કરીને પોત-પોતાના ઘરોથી નીકળ્યા, એક સ્થાને ભેગા થયા, થઈને બાકીનું પૂર્વવત્ યાવત્ પર્યુપાસે છે.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે, તે શ્રાવકોને તથા પર્ષદાને ધર્મકથા કહી યાવત્ તેઓ આજ્ઞાના આરાધક થયા. ત્યારપછી તે શ્રાવકો ભગવંતની પાસે ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંતને વાંદી-નમીને જ્યાં શંખ શ્રાવક છે ત્યાં આવીને, શંખ શ્રાવકને આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! કાલે તે અમને એમ કહ્યું કે — દેવાનુપ્રિયો ! તમે સ્વેચ્છાથી વિપુલ અશનાદિ કરતા યાવત્ વિચરો, ત્યારે તું એકલો પૌષધશાળામાં યાવત્ રહ્યો, હે દેવાનુપ્રિય ! તમે ઠીક અમારી હેલના કરી. - - હે આર્યો ! એમ ભગવંતે તે શ્રાવકોને આમંત્રીને કહ્યું — હે આર્યો ! તમે શંખ શ્રાવકની હીલના-નિંદા-ખિંસા-ગર્હા-અવમાનના ન કરો. શંખ શ્રાવક પ્રિયધર્મી, દૃઢધર્મી છે, તેણે સુદક્ષ જાગરીકા કરી છે.*

*[૫૩૨] ભગવન્ ! એમ કહીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને*



*વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! જાગરિકા કેટલા ભેદે છે ? ગૌતમ ! જાગરિકા ત્રણ ભેદે છે, તે આ - બુદ્ધ જાગરિકા, અબુદ્ધ જાગરિકા, સુદક્ષ જાગરિકા. - ભગવન્ ! ત્રણ જાગરિકા કેમ કહી ?*

*ગૌતમ ! જે આ અરહંત ભગવંત ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર આદિ જેમ 'સ્કંદક'માં કહ્યા, યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી તે બુદ્ધ છે, બુદ્ધ-જાગરિકા જાગે છે, જે આ અણગાર ભગવંતો ઈર્યા સમિત, ભાષા સમિત, યાવત્ ગુપ્ત બ્રહ્મચારી છે, તેઓ અબુદ્ધ જાગરિકાથી જાગે છે. જે આ શ્રાવકો જીવાજીવના જ્ઞાતા યાવત્ વિચરે છે, તેઓ સુદક્ષ જાગરિકા જાગે છે. તેથી હે ગૌતમ ! એમ કહે છે કે ત્રિવિધા જાગરિકા યાવત્ સુદક્ષ જાગરિકા છે.*

**● વિવેચન-૫૩૦ થી ૫૩૨ :-**

आसाएमाण - કિંચિત્ સ્વાદ લેતો, ઘણાંને છોડતો, શેરડીના ટુકડાની જેમ. विस्साएमाण - વિશેષ સ્વાદ લેતો, થોડાંને છોડતો, ખજુરવત્. परिभाएमाण - દેતા, परिभुंजेमाण - બધું ખાતાં, કંઈ પણ ન છોડતા. પછી તે વિપુલ અશનાદિ ખાઈને, पक्खियंपोसए० પક્ષ એટલે અર્ધ માસ, તેમાં થાય તે પાક્ષિક. પૌષધ - અવ્યાપાર પૌષધ, પ્રતિજાગ્રત-પાલન કરતાં, વિહરિષ્યામ - રહીશું, અહીં ભોજન પછી જે પૌષધસ્વીકારવાનું જણાવે છે, આ પ્રમાણે આગળ પણ ગમનિકા કરવી. બીજા કહે છે — આ પૌષધ એ પર્વદિને અનુષ્ઠાન છે, તે બે ભેદે - ઈષ્ટજન ભોજનદાનાદિ રૂપ, આહારાદિ પૌષધરૂપ. તેમાં શંખે ઈષ્ટજન ભોજન દાનરૂપ પૌષધ કરવાની ઈચ્છાથી જે કહેલું, તે દર્શાવવા માટેનું વિધાન સૂત્રમાં છે - तए णं अम्हे० આદિ.

ફરી શંખ પોતે સંવેગ વિશેષ વશ થઈને, બીજા પ્રકારે પૌષધ કરવાનું વિચારે, તે દર્શાવે છે - एक्क - બાહ્ય સહાય અપેક્ષા વિના, अबिइय - તથાવિધ ક્રોધાદિ સહાય વિના. 'એક' એટલે એકલો જ પૌષધ કરવો કલ્પે તેમ વિચારવું નહીં, આ ચરિત્રાનુવાદ સ્વરૂપે કહ્યું. ગ્રંથાંતરમાં ઘણાં શ્રાવકોનું પૌષધશાળામાં એકઠા થવામાં દોષનો અભાવ, પરસ્પર સ્મારણાદિ ગુણવિશેષ સંભવે છે. ઈર્યાપથિકી પ્રતિક્રમવી તે ગમનાગમન પ્રતિક્રમણ.

छंदेण - સ્વાભિપ્રાયથી, મારી આજ્ઞાથી નહીં. पूर्वरात्र - રાત્રિનો પૂર્વભાગ, અપર રાત્રિ-રાત્રિનો પશ્ચિમ ભાગ, તે રૂપ કાળ સમય. धम्मजागरिया - ધર્મ કે ધર્મચિંતાને માટે, જાગરિકા એટલે જાગરણ. पारित्तए - પારવાને માટે, પાર લઈ જવાને. एवं संप्रेक्षते - આ રીતે આલોચે છે. इति कर्त्तुम् - આ અર્થને કરવાને માટે. अभिगमो नत्थि - પૂર્વોક્ત પાંચ પ્રકારનો અભિગમ અહીં નથી, કેમકે સચિત્તાદિ દ્રવ્યના છોડવાનો અહીં અભાવ છે.

जहा पढमं - જેમ તેનો પહેલો નિર્ગમ કહ્યો, તેમ બીજો નિર્ગમ પણ કહેવો. हिज्जो - ગઈ કાલે, सुदक्खु - જેનું સારું દર્શન છે તેની जागरिया - પ્રમાદ, નિદ્રા છોડીને જાગવું તે. તેવી જાગરિકા કરી. बुद्ध - કેવલ જ્ઞાની, તે બુદ્ધોની - x -

जागरिका - प्रबोध, ते बुद्ध जागरिकाने करे छे. अबुद्धा - केवलज्ञान रहित, यथासंभव शेष ज्ञानना सद्‌भावथी बुद्धसदृश, ते अबुद्ध-छद्मस्थोनी जागरिका, ते जागे छे. - - हवे भगवंत किंचित् परिकुपित श्रावकोना क्रोधोपशमन माटे क्रोधादि विपाक कहे छे —

● सूत्र-५३३ :-

*त्यारे ते शंख श्रावके श्रमण भगवंत महावीरने वांदी, नमी, आम कह्युं — भगवन् क्रोधने वश जीव शुं बांधे ? शुं करे ? शेनो चय करे ? शेनो उपचय करे ? हे शंख ! क्रोधने वश जीव आयु सिवायनी सात कर्म प्रकृति शिथिलबंधन-बद्ध होय ईत्यादि पहेला शतकमां असंवृत्त अणगारमां कह्या मुजब कहेवुं यावत् भ्रमण करे छे. भगवन् ! मानने वश जीव ? ए प्रमाणे ज. ए रीते मायाने वश अने लोभने वश यावत् भमे छे.*

*त्यारे ते श्रावको भगवंत पासे आ अर्थने सांभळीने, अवधारीने भयभीत, त्रस्त, दुःखित, संसारना भयथी उद्विग्न थई भगवंतने वांदी, नमी, शंख श्रावक पासे आवीने, शंख श्रावकने वांदी, नमीने पोताना कृत्य माटे सारी रीते विनयपूर्वक वारंवार खमावे छे.*

*त्यारे ते श्रावको, ईत्यादि बधुं आलंभिका माफक कहेवुं यावत् पाछा गया. - - भगवन् ! एम आमंत्रीने गौतमस्वामीए श्रमण भगवंत महावीरने वांदी, नमीने आ प्रमाणे कह्युं — हे भगवन् ! शंख श्रावक आप देवानुप्रिय पासे ईत्यादि ऋषिभद्रपुत्र माफक कहेवुं यावत् अंत करशे.*

*भगवन् ! ते एम ज छे, एम ज छे.*

● विवेचन-५३३ :-

ऋषिभद्र पुत्र, आ पूर्वेना शतकमां कहेल छे.

## ❁ शतक-१२, उद्देशो-२-"जयंति" ❁

-- x -- x -- x -- x -- x -- x --

उद्देशा-१-मां श्रावक विशेष प्रश्नित अर्थनिर्णय भगवंते करेलो दर्शाव्यो. अहीं श्राविका विशेष प्रश्नितार्थ निर्णयने दर्शावे छे.

● सूत्र-५३४ थी ५३६ :-

*[५३४] ते काळे, ते समये कौशांबीनगरी हती, चंद्रावतरण चैत्य हतुं, ते कौशांबी नगरीमां सहस्रानीक राजानो पौत्र, शतानीक राजानो पुत्र, चेटक राजानो दोहित्र, मृगावतीदेवीनो पुत्र, जयंती श्राविकानो भत्रीजो एवो उदायन राजा हतो. - - ते कौशांबी नगरीमां सहस्रानीक राजानी पुत्रवधू शतानीकराजानी पत्नी, चेटक राजानी पुत्री, उदायन राजानी माता, जयंती श्राविकानी भोजाई मृगावती नामे राणी हती. तेणी सुकुमाल यावत् सुरूपा श्राविका हती यावत् विचरती हती. ते कौशांबीमां सहस्रानीक राजानी पुत्री, शतानीक राजानी बहेन, उदायन राजानी फोई, मृगावती राणीनी नणंद, वैशालिक श्रावक, अरहंतनी पूर्व शय्यातरी जयंती नामे श्राविका हती. तेणी सुकुमाल यावत् सुरूपा, जीवाजीवनी ज्ञाता यावत् हती.*



*[५३५] ते काळे, ते समये स्वामी समोसर्या यावत् पर्षदा पर्युपासे छे. त्यारे ते उदायन राजा आ वृत्तांत प्राप्त थतां हर्षित, तुष्ट थईने कौटुंबिक पुरुषोने बोलावे छे, बोलावीने आम कह्युं — हे देवानुप्रियो ! जल्दीथी कौशांबी नगरीने अंदर-बहारथी, ए रीते जेम कूणिकमां कह्युं तेम बधुं कहेवुं यावत् पर्युपासे छे. त्यारे जयंति श्राविका आ वृत्तांत जाणीने हर्षित-संतुष्ट थईने मृगावतीदेवी पासे आवे छे, आवीने मृगावतीने आम कह्युं — जेम शतक-९-मां ऋषभदत्त यावत् थशे.*

*त्यारे ते मृगावती देवीए जयंती श्राविकाना वचनने ए ज रीते स्वीकार्या, जे रीते देवानंदाए स्वीकारेला. त्यारे ते मृगावती देवीए कौटुंबिक पुरुषोने बोलाव्या, बोलावीने कह्युं — ओ देवानुप्रियो ! जल्दी जेमां वेगवान् घोडा जोडेल होय तेवो यावत् धार्मिक यान प्रवर जोडीने उपस्थित करो. यावत् उपस्थित करे छे, यावत् आज्ञा पाछी सोंपी.*

*त्यारे ते मृगावती देवी, जयंती श्राविका साथे, स्नान करीने, बलिकर्म करीने यावत् शरीरे अलंकृत् थईने, घणी कुब्जादासी साथे यावत् अंतःपुरथी नीकळे छे, नीकळीने बाह्य उपस्थानशाळामां धार्मिक श्रेष्ठ यान पासे आवीने यावत् तेमां बेठी. त्यारे मृगावती देवी, जयंती श्राविका साथे धार्मिक श्रेष्ठ यानमां बेसीने पोताना परिवार साथे जेम 'ऋषभदत्त'मां कह्युं तेम यावत् धार्मिकयानथी नीचे उतरी.*

*त्यारे ते मृगावती देवी, जयंती श्राविका साथे घणी कुब्जादासी साथे जेम 'देवानंदा'मां कह्युं तेम यावत् वांदी, नमीने उदायन राजाने आगळ करीने त्यां रही अने यावत् पर्युपासे छे.*

*त्यारे भगवंत महावीर, राजा उदायन, राणी मृगावती, जयंती श्राविका अने ते मोटी पर्षदाने यावत् धर्म कहे छे, पर्षदा पाछी फरी, उदायन पाछो फर्यो, मृगावतीदेवी पण पाछी फरी.*

*[५३६] त्यारे ते जयंती श्राविका श्रमण भगवंत महावीरनी पासे धर्म सांभळी, अवधारी, हर्षित-संतुष्ट थईने भगवंतने वांदी-नमीने आम कहे छे — भगवन् ! जीवो कया कारणे जल्दी गुरुत्वने पामे ? हे जयंती ! प्राणातिपात यावत् मिथ्यादर्शनशल्यथी, ए रीते जीवो गुरुत्वने जल्दी पामे, ए रीते प्रथम शतक मुजब यावत् पार पामे छे.*

*ભગવન્ ! જીવોનું ભવસિદ્ધિકત્વ સ્વાભાવિક કે પારિણામિક ? હે જયંતી ! સ્વાભાવિક છે, પારિણામિક નથી. - - ભગવન્ ! ભવસિદ્ધિક બધાં જીવો શું સિદ્ધ થશે ? હા, જયંતી ! થશે. - - ભગવન્ ! જ્યારે બધાં ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે, ત્યારે શું લોક ભવસિદ્ધિક રહિત થઈ જશે ? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! કયા કારણથી એમ કહો છો કે બધાં ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે, ભવસિદ્ધિક રહિત લોક થશે નહીં ? હે જયંતી ! જે રીતે કોઈ સર્વાકાશ શ્રેણી હોય, જે અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્ત હોય, તેમાંથી સમયે સમયે એક-એક પરમાણુ પુદ્‌ગલ ખંડ કાઢતા-કાઢતા અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી સુધી કાઢવામાં આવે તો પણ તે શ્રેણી ખાલી થતી નથી, તે પ્રમાણે હે જયંતી ! બધાં ભવ્યો સિદ્ધ થશે ઈત્યાદિ. - x -*

*ભગવન્ ! જીવો સુતા સારા કે જાગતા સારા ? હે જયંતી ! કેટલાંક જીવો સુતા સારા, કેટલાંક જીવો જાગતાં સારા. ભગવન્ ! એમ કેમ કહો છો ? હે જયંતી ! જે આ જીવો અધાર્મિક, અધર્માનુગ, અધર્મિષ્ઠ, અધર્મકથી, અધર્મપ્રલોકી, અધર્મમાં આસક્ત, અધર્મ સમુદાચાર, અધર્મ વડે જ વૃત્તિને કરતા વિચરે છે, એવા જીવોનું સુતા રહેવું સારું છે, આવા જીવો સુતા રહીને, ઘણાં પ્રાણ-ભૂત-જીવ-સત્વોને દુઃખ, શોક યાવત્ પરિતાપ દેવામાં પ્રવૃત્ત થતાં નથી. આવા જીવો સુતા રહીને પોતાને, પરને, તદુભયને ઘણાં અધાર્મિક સંયોગોમાં ફસાવતા નથી, આવા જીવોનું સુતા રહેવું સારું.*

*હે જયંતી, જે આ જીવો ધાર્મિક, ધર્માનુગ યાવત્ ધર્મ વડે વૃત્તિ કરતા વિચરે છે, આ જીવોનું જાગવું સારું. આવા જીવો જાગતા રહીને ઘણાં પ્રાણો યાવત્ સત્વોને દુઃખ ન આપીને યાવત્ પરિતાપ ન આપીને વર્તે છે તે જીવો જાગતા રહીને પોતાને, બીજાને, તદુભયને ઘણાં ધાર્મિક સંજોગોમાં જોડનાર થાય છે. આવા જીવો જાગતા રહીને ધર્મ જાગરિકાથી પોતાને જાગૃત રાખનારા થાય છે. આવા જીવો જાગતા સારા, માટે હે જયંતી ! એવું કહેલ કે કેટલાંક ઉંઘતા, કેટલાંક જાગતા સારા.*

*ભગવન્ ! જીવોમાં સબલત્વ સારું કે દુર્બલત્વ સારું ? હે જયંતી ! કેટલાંક જીવોનું સબલત્વ સારું, કેટલાંક જીવોનું દુર્બલત્વ સારું. ભગવન્ ! એમ કેમ કહો છો ? જયંતી ! જે આ અધાર્મિક જીવો યાવત્ વિચરે છે, એ જીવોનું દુર્બલત્વ સારું, અહીં સુતેલા જીવોની માફક દુર્બલત્વ વક્તવ્યતા કહેવી. સબલત્વને જાગતા જીવોની જેમ કહેવા યાવત્ જોડનારા થાય છે. આવા જીવોનું બલવાન્‌પણું સારું. તેથી જયંતી ! એમ કહ્યું.*

*ભગવન્ ! દક્ષત્વ સારું કે આળસીત્વ સારું ? જયંતી ! કેટલાંક જીવોનું દક્ષત્વ સારું, કેટલાંક જીવોનું આળસીત્વ સારું. ભગવન્ ! એમ કેમ કહો છો ? હે જયંતી ! જે આ અધાર્મિક જીવો યાવત્ વિચરે છે, આ જીવોનું આળસુપણું*





*સારું, આ જીવો આળસી થઈને, ઘણાં જીવોને જેમ સુતા જીવોમાં કહ્યું તેમ જાણવું, જેમ જાગતા જીવો તેમ દક્ષને કહેવા. યાવત્ સંયોગ કરનારા થાય. આ જીવો દક્ષત્વથી ઘણાં આચાર્યની વૈયાવચ્ચાદિ યાવત્ ઉપાધ્યાય-સ્થવિર-તપસ્વી-ગ્લાન-શૈક્ષ-કુલ-ગણ-સંઘ-સાધર્મિકોની વૈયાવચ્ચ વડે આત્માને જોડનારા થાય છે. આવા જીવોનું દક્ષત્વ સારું, તેથી એ પ્રમાણે કહેલું છે.*

*ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયને વશ જીવો શું બાંધે ? જેમ ક્રોધને વશમાં કહ્યું તેમ યાવત્ ભ્રમણ કરે છે. એ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયવશાર્ત્ત, એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિયવશાર્ત્ત જીવો ભ્રમણ કરે છે. ત્યારે તે જયંતી શ્રાવિકા શ્રમણ ભગવંત મહાવીર પાસે આ અર્થને સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ થઈ, બાકી દેવાનંદામાં જેમ કહ્યું તેમ જયંતી શ્રાવિકા પ્રવ્રજિત થઈ યાવત્ સર્વદુઃખથી મુક્ત થઈ. ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૫૩૪ થી ૫૩૬ :-**

पोत्ते - પૌત્ર, પુત્રનું સંતાન, चेडग - વૈશાલી રાજા, नत्तुए - દોહિત્ર, भाउज्ज - ભત્રીજો, वेसालीसावगाणं० વૈશાલિક-ભગવાન્ મહાવીર, તેના વચનને સાંભળે-સંભળાવે, તેના રસિકપણાથી વૈશાલિક શ્રાવકો, તેના અર્હત્ દેવતા-સાધુની, પ્રથમ સ્થાન દેનારી, સાધુ પૂર્વે આવીને તેણીના ઘેર પહેલાં વસતિ યાચતા, તેથી તેણી સ્થાન દેનારી તરીકે પ્રસિદ્ધ હતી.

सभावओ - સ્વભાવથી પુદ્‌ગલોના મૂર્તત્વ માફક, પરિણામ એટલે 'ન હોય તેનું થવું' પુરુષના તારુણ્યવત્. - - જેની સિદ્ધિ થવાની છે, તે ભવસિદ્ધિકા, બધાં જીવો મોક્ષે જશે ? હા, જશે. અર્થાત્ બધાં જ ભવસિદ્ધિક જીવો મોક્ષે જશે, અન્યથા ભવસિદ્ધિકત્વ જ ન કહેવાય. હવે જો બધાં ભવ્યોનો મોક્ષ સ્વીકારીએ તો લોક ભવસિદ્ધિક શૂન્ય થાય. પણ તેમ નથી. જેમ બધો અનાગત કાળ વર્તમાનતાને પામે - x - તો પણ અનાગતકાલ વિરહિત લોક થતો નથી. - x - x - x -

જો બધાં ભવસિદ્ધિકો મોક્ષે જશે, તો જગત ભવ્યશૂન્યતા યુક્ત થઈ જશે. એવી 'જયંતિ'ની શંકાનો પરિહાર દર્શાવવા માટે કહે છે — બુદ્ધિથી સર્વાકાશને ચતુરસ્ર પ્રતરવાળું કરાય, તે પ્રદેશ પંક્તિમાંથી - x - x - એક એક પરમાણું લેવામાં આવે ઈત્યાદિ - x - x - સિદ્ધિગમનનું કારણ ભવ્યત્વ જ છે, બીજું કંઈ નથી. તેથી ભવ્યત્વ એ સિદ્ધિગમન કારણ હોવાથી ભવ્યોનું, અભવ્યોને આશ્રીને અનિર્લેપન કહ્યું. અભવ્યોને છોડીને જે ભવ્યોનું નિર્લેપન કહ્યું, તે પણ ન રહે ઈત્યાદિ - x - કેટલાંક ભવ્ય થઈને પણ જો મોક્ષે ન જાય તો તેનામાં અને અભવ્યમાં શો ફેર? - વૃક્ષના દૃષ્ટાંતે - x - x - યોગ્ય હોવા છતાં કોઈક સિદ્ધ થતો નથી. ઘણાં ગોશીર્ષ ચંદનાદિ વૃક્ષો પ્રતિમાને યોગ્ય હોય છે, બીજા એરંડ નામના વૃક્ષો પ્રતિમાને અયોગ્ય હોય છે એ રીતે બધાં વૃક્ષોની યોગ્યતા પ્રતિમા ઉત્પાદનમાં હોતી નથી, કદાચ જેને સંપ્રાપ્તિ હોય, તેનામાં અયોગ્યતા હોતી નથી.

જેને સંપ્રાપ્તિ છે, તે નિયમથી યોગ્ય વૃક્ષો છે, અયોગ્યને તેમ ન હોય આ પ્રમાણે જ સર્વ ભવ્યોની સિદ્ધિ કહી છે.

બધાં પણ ભવ્યો મોક્ષે જશે, એમ ભગવંતે કહ્યું, ત્યારે આ દૃષ્ટિથી જયંતીએ પૂછ્યું. અથવા કાળને આશ્રીને સર્વે ભવ્યોનું નિર્વાણ ન થાય, જેમ અતીત-અનાગત બંને કાળ તુલ્ય છે. તેમાં અતીત કાળમાં ભવ્યજીવોનો એક અનંત ભાગ સિદ્ધ થયો, તેટલો અનાગત કાળે પણ સિદ્ધ થશે. તે બંને પણ અનંત ભાગના સંકલનથી આનો અનંતભાગ થાય છે, એ પ્રમાણે સર્વે ભવ્યોનું સિદ્ધિગમન ન કહ્યું. વળી જે એમ કહે છે કે અતીત કાળથી અનાગતકાળ અનંતગુણ છે, તે મતાંતર છે, તેનું બીજ આ છે - જો બંને પણ તે સમાન હોય, તો મુહૂર્ત પહેલા અતિક્રાંતમાં અતીતાદ્ધા સમઅધિક અને અનાગતદ્ધા હીન થાય. એ પ્રમાણે મુહૂર્તાદિ વડે પ્રતક્ષણે ક્ષય પામતા પણ જેમ અનાગતકાળ ક્ષીણ થતો નથી, પછી બાકી રહેલ કાળ, તે પણ અનંતગુણ હોય છે, જેમ આ બંનેનું સમત્વ છે, તેમ, જેમ અનાગત કાળનો અંત નથી, તેમ અતીતકાળની આદિ એ સમ છે.

સુતેલા જીવો સિદ્ધ થતાં નથી, તો જાગતાં થાય ? તે દર્શાવતું સૂત્ર-તેમાં નિદ્રાવશત્વ તે સુપ્તત્વ, જાગરણ તે જાગર, તે જેને હોય તે જાગરિક, તેનો ભાવ તે જાગરિકત્વ.

ધર્મ - શ્રુત, ચારિત્રરૂપ, તેનાથી વિચરે તે ધાર્મિક, તેના નિષેધથી અધાર્મિક. એવું કેમ ? ધર્મ - શ્રુતરૂપને અનુસરે તે ધર્માનુગ, તેના નિષેધથી અધર્માનુગ. કેમ ? ધર્મ - શ્રુતરૂપ, એ જ ઈષ્ટવલ્લભ કે પૂજ્ય છે, જેને તે ધર્મેષ્ટ કે ધર્મીષ્ટ. અતિશયધર્મી તે ધર્મીષ્ઠ, તેના નિષેધથી અધર્મેષ્ટ, અધર્મીષ્ટ, અધર્મીષ્ઠ. તેથી જ - ધર્મને ઉપાદેય રૂપે ન જાણે, તે અધર્મપ્રલોકી. ધર્મમાં રંજન ન પામે તે અધર્મપ્રરંજની એ રીતે ધર્મરૂપ-ચારિત્રાત્મક સમાચાર, સપ્રમોદ આચાર જેનો નથી તે. તેથી જ અધર્મ-ચારિત્ર-શ્રુત વિરુદ્ધરૂપે જીવિકા કરનાર, તે અધર્મવૃત્તિકલ્પિક.

અનંતર સુતા-જાગતાનું સારાપણું કહ્યું, હવે દુર્બલાદિ તે જ પ્રમાણે પ્રરૂપવા બે સૂત્ર કહે છે – बलियत्तं० ઈત્યાદિ જેને બળ છે તે બલિક, જેને દુષ્ટ બલ છે તે દુર્બલ. જેઓ ઈન્દ્રિયને વશ થતા નથી તે દક્ષ છે, જેઓ ઈન્દ્રિયને વશ થાય છે, તે કહે છે – શ્રોત્રેન્દ્રિય વશત્વથી - તેની પરતંત્રતાથી પીડિત, શ્રોત્રેન્દ્રિયને વશ ગયેલ તે શ્રોત્રેન્દ્રિયવશાર્ત્ત જાણવા.

## ❁ શતક-૧૨, ઉદ્દેશો-૩-"પૃથ્વી" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ અનંતર શ્રોત્રાદિ ઈન્દ્રિયવશાર્ત્ત આઠ કર્મ પ્રકૃતિ બાંધે તેમ કહ્યું, તે બાંધવાથી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થાય, તેથી નરક પૃથ્વીના પ્રતિપાદનને માટે ત્રીજો



ઉદ્દેશો કહે છે –

**● સૂત્ર-૫૩૭ :-**

*રાજગૃહે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! કેટલી પૃથ્વીઓ છે ? ગૌતમ ! સાત - પહેલી, બીજી યાવત્ સાતમી. ભગવન્ ! પહેલી પૃથ્વી કયા નામે, કયા ગોત્રથી છે ? ગૌતમ ! નામ ઘર્મા, ગોત્ર-રત્નપ્રભા. એ પ્રમાણે જીવાભિગમના પહેલા નૈરયિક ઉદ્દેશકને સંપૂર્ણ કહેવો યાવત્ અલ્પબહુત્વ. ભગવન્ ! તે એમ જ છે - એમ જ છે.*

**● વિવેચન-૫૩૭ :-**

નામ એટલે યાદૃચ્છિક અભિધાન, ગોત્ર-અન્વર્થક. એ રીતે જીવાભિગમ વત્. તે વડે સૂચિત સૂત્ર આ છે - ભગવન્ ! બીજી પૃથ્વીના નામ, ગોત્ર કયા છે ? ગૌતમ ! નામ-વંશા, ગોત્ર-શર્કરાપ્રભા. આદિ.

## ❁ શતક-૧૨, ઉદ્દેશો-૪-"પુદ્ગલ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ અનંતર પૃથ્વી કહી, તે પુદ્ગલાત્મિકા છે, તેથી પુદ્ગલની વિચારણાવાળો ચોથો ઉદ્દેશો કહે છે –

**● સૂત્ર-૫૩૮ :-**

*રાજગૃહે યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! બે પરમાણુ પુદ્ગલ જ્યારે સંયુક્ત થઈને એકત્ર થાય છે, ત્યારે તેનું શું થાય છે ? ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. તેના બે વિભાગ કરાતા એક પરમાણુ પુદ્ગલ અને બીજું એક પરમાણુ પુદ્ગલ થાય છે.*

*ભગવન્ ! ત્રણ પરમાણુ પુદ્ગલો એકરૂપે એકઠા થાય તો શું થાય ? ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે, તેનો ભેદ કરાતા બે કે ત્રણ ભાગ થાય. બે ભેદ થતાં એક પરમાણુ પુદ્ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. ત્રણ ભાગ કરાતા ત્રણ પરમાણુ પુદ્ગલો થાય છે.*

*ભગવન્! ચાર પરમાણુ પુદ્ગલો એકરૂપે એકઠા થાય તો યાવત્ પૃચ્છા. ગૌતમ! ચતુષ્પ્રદેશિક સ્કંધ થાય છે, તેનો ભેદ કરાતા બે, ત્રણ, ચાર ભેદ થાય છે. બે ભેદ કરાતા એક પરમાણુ પુદ્ગલ અને એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે, ત્રણ ભેદ કરાતા બે પરમાણુ પુદ્ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. ચાર ભેદ કરાતા ચાર પરમાણુ પુદ્ગલો થાય છે.*

*ભગવન્ ! પાંચ પરમાણુ પુદ્ગલ પૃચ્છા. ગૌતમ ! પાંચ પ્રદેશિક સ્કંધ થાય છે. તેનો ભેદ કરાતા બે-ત્રણ-ચાર-પાંચ ભેદ થાય. બે ભેદ કરાતા એક*

પરમાણુ પુદ્ગલ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ અને એક ત્રિપ્રદેશિક સ્કંધ થાયછે. ત્રણ ભેદ કરાતા એક દ્વિપરમાણુ પુદ્ગલ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય, અથવા એક પરમાણુ પુદ્ગલ, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. ચાર ભાગ કરાતા એક તરફ ત્રણ પરમાણુ પુદ્ગલો, એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. પાંચ ભેદ કરાતા પાંચ પરમાણુ પુદ્ગલ થાય છે.

ભગવન્ ! છ પરમાણુ પુદ્ગલોની પૃચ્છા. ગૌતમ ! છ પ્રદેશિક સ્કંધ થાય છે. તેનો ભાગ કરાતા બે-ત્રણ યાવત્ છ ભેદ થાય. બે ભેદ કરાતા એક પરમાણુ પુદ્ગલ, બીજી તરફ પાંચ પ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક તરફ દ્વિપ્રદેશિક સ્કંધ, બીજી તરફ ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે અથવા બંને તરફ ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે. ત્રણ ભાગ કરાતા એક તરફ બે પરમાણુ પુદ્ગલ, બીજી તરફ ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક તરફ પરમાણુ પુદ્ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. ચાર ભેદ કરાતા એક તરફ ત્રણ પરમાણુ પુદ્ગલો, બીજી તરફ ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક તરફ બે પરમાણુ પુદ્ગલ થાય છે, બીજી તરફ બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. પાંચ ભેદ કરાતા ચાર પરમાણુ પુદ્ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. છ ભેદ કરાતા છ પરમાણુ પુદ્ગલો થાય છે.

ભગવન્ ! સાત પરમાણુ પુદ્ગલની પૃચ્છા. ગૌતમ ! સાત પ્રદેશિક સ્કંધ થાય છે. તેનો ભેદ કરાતા બે થી સાત ભાગ થાય. બે ભાગ કરાતા એક-પરમાણુ પુદ્ગલ, એક-છ પ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક પંચ પ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે.

— ત્રણ ભેદ કરાતા એક-બે પરમાણુ પુદ્ગલો, એક પંચ પ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક પરમાણુ પુદ્ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક પરમાણુ પુદ્ગલ, એક - બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક - બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે.

— ચાર ભેદ કરાતા એક તરફ ત્રણ પરમાણુ પુદ્ગલ. એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક-બે પરમાણુ પુદ્ગલો, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક-પરમાણુ પુદ્ગલ, ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે.

— પાંચ ભેદ કરાતા એક-ચાર પરમાણુ પુદ્ગલો, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક - ત્રણ પરમાણુ પુદ્ગલો, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. - - છ ભેદ કરાતા એક તરફ પાંચ પરમાણુ પુદ્ગલો, એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. - - સાત ભેદ કરાતા સાત પરમાણુ પુદ્ગલો થાય છે.

ભગવન્ ! આઠ પરમાણુ પુદ્ગલોની પૃચ્છા, ગૌતમ ! આઠ પ્રદેશિક સ્કંધ



થાય છે. યાવત્ બે ભાગ કરાતા એક પરમાણુ પુદ્ગલ, એક સાત પ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક છ પ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક પાંચ પ્રદેશિક સ્કંધ થાય છે, અથવા બે ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે.

ત્રણ ભાગ કરાતા એક તરફ બે પરમાણુ, એક છ પ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક પંચ પ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક પરમાણુ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા બે દ્વિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય.

ચાર ભાગ કરાતા એક તરફ ત્રણ પરમાણુ પુદ્ગલો, એક પંચપ્રદેશિક સ્કંધ થાય છે અથવા બે પરમાણુ પુદ્ગલો, એક દ્વિ પ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા બે પરમાણુ, બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય અથવા એક પરમાણુ પુદ્ગલ, બે દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે અથવા ચાર દ્વિપ્રદેશિક સ્કંધ થાય.

પાંચ ભાગ કરાતા એક તરફ ચાર પરમાણુ પુદ્ગલ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે, અથવા એક તરફ ત્રણ પરમાણુ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય અથવા એક તરફ બે પરમાણુ, ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે.

છ ભાગ કરાતા એક તરફ પાંચ પરમાણુ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ ચાર પરમાણુ પુદ્ગલ, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય —

સાત ભાગ કરાતા એક તરફ છ પરમાણુ પુદ્ગલ, એક દ્વિ પ્રદેશિક સ્કંધ થાય. - - આઠ ભાગ કરાતા આઠ પરમાણુ પુદ્ગલ થાય.

ભગવન્ ! નવ પરમાણુ પુદ્ગલની પૃચ્છા. ગૌતમ ! યાવત્ નવવિધ ભાગ થાય. બે ભાગ કરાતા એક પરમાણુ, એક આઠ પ્રદેશિક સ્કંધ થાય. એ રીતે એક-એકની વૃદ્ધિ કરવી યાવત્ એક ચતુઃપ્રદેશિક સ્કંધ, એક પંચપ્રદેશિક સ્કંધ થાય છે.

ત્રણ ભાગ કરાતા એક તરફ બે પરમાણુ પુદ્ગલ, એક સપ્ત પ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક પરમાણુ પુદ્ગલ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક પાંચ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્ગલ, બે ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા ત્રણ ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે.

ચાર ભેદ કરાતા એક તરફ ત્રણ પરમાણુ, એક છ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ બે પરમાણુ. એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક પંચપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ બે પરમાણુ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક

સ્કંધ થાય. અથવા એક પરમાણુ, બે દ્વિ પ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, બે ત્રિપ્રદેશિક સ્કંધો થાય. અથવા ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય.

પાંચ ભેદ કરાતા એક તરફ ચાર પરમાણુ, એક પંચ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ ત્રણ પરમાણુ પુદ્‌ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ ત્રણ પરમાણુ, બે ત્રિપ્રદેશિક પ્રદેશ થાય. અથવા એક તરફ બે પરમાણુ પુદ્‌ગલ, બે દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, ચાર દ્વિપ્રદેશિક સ્કંધ થાય. - - - છ ભેદ કરાતા - એક તરફ પાંચ પરમાણુ પુદ્‌ગલો, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ ચાર પરમાણુ પુદ્‌ગલો, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ - ત્રણ પરમાણુ પુદ્‌ગલ, ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ થાય.

સાત ભેદ કરાતા એક તરફ છ પરમાણુ પુદ્‌ગલ, એક ત્રિ પ્રદેશિક સ્કંધ થાય અથવા એક તરફ પાંચ પરમાણુ, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય. - - આઠ ભેદ કરાતા એક તરફ સાત પરમાણુ, એક દ્વિ પ્રદેશિક સ્કંધ થાય. - - નવ ભેદ કરાતા નવ પરમાણુ પુદ્‌ગલો થાય.

ભગવન્ ! દશ પરમાણુ પુદ્‌ગલ યાવત્ બે ભેદ કરાતા એક પરમાણુ પુદ્‌ગલ, એક નવ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક અષ્ટપ્રદેશિક સ્કંધ થાય. એ રીતે એકૈકની વૃદ્ધિ કરતા યાવત્ અથવા બે પંચપ્રદેશિક સ્કંધ થાય.

ત્રણ ભાગ કરાતા એક તરફ બે પરમાણુ, એક અષ્ટપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક સપ્તપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક છપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ, એક પંચપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, બે ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા બે ત્રિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય.

ચાર ભાગ કરાતા એક તરફ બે પરમાણુ પુદ્‌ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક છ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ બે પરમાણુ, એક ત્રિપ્રદેશિક સ્કંધ, એક પાંચ પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ બે પરમાણુ, બે ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, એક દ્વિપ્રદેશિક, એક ત્રિપ્રદેશિક, એક ચતુઃપ્રદેસિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ પુદ્‌ગલ, ત્રણ ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય અથવા બે દ્વિપ્રદેશિક સ્કંધ, બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય.

પાંચ ભેદ કરાતા એક તરફ ચાર પરમાણુ પુદ્‌ગલ, એક છ પ્રદેશિક સ્કંધ



થાય અથવા એક તરફ ત્રણ પરમાણુ પુદ્‌ગલ, એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક પંચપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ ત્રણ પરમાણુ, એક ત્રિપ્રદેશિક, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા બે પરમાણુ, દ્વિપ્રદેશિક સ્કંધ, બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ, ત્રણ દ્વિપ્રદેશિક, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા પાંચ દ્વિપ્રદેશિક સ્કંધ થાય.

છ ભેદ કરાતા-પાંચ પરમાણુ, એક પંચ પ્રદેશિક સ્કંધ થાય. અથવા ચાર પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા ચાર પરમાણુ, બે ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા ત્રણ પરમાણુ, બે દ્વિપ્રદેશિક, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા બે પરમાણુ. ચાર દ્વિપ્રદેશિક સ્કંધ થાય.

સાત ભેદ કરાતા-છ પરમાણુ, એક ચતુઃપ્રદેશિક સ્કંધ થાય. અથવા પાંચ પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય. અથવા ચાર પરમાણુ, ત્રણ દ્વિપ્રદેશિક સ્કંધ થાય. - - આઠ ભેદ કરાતા સાત પરમાણુ, એક ત્રિપ્રદેશ સ્કંધ થાય. અથવા છ પરમાણુ, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય. - - નવ ભેદ કરાતા - આઠ પરમાણુ, એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય અથવા છ પરમાણુ, બે દ્વિપ્રદેશિક સ્કંધ થાય.

દશ ભેદ કરાતા દશ પરમાણુ પુદ્‌ગલો થાય.

ભગવન્ ! સંખ્યાતા પરમાણુ પુદ્‌ગલોના સંયુક્ત થવાથી શું બને છે ? ગૌતમ ! સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય છે. તેના ભાગ કરતા બે ભેદ યાવત્ દશ ભેદ, સંખ્યાત ભેદ પણ થાય.

બે ભેદ કરાતા એક પરમાણુ પુદ્‌ગલ. એક સંખ્યાતપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક દ્વિપ્રદેશિક સ્કંધ, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. એ પ્રમાણે અથવા - x - એક દશ પ્રદેશિક સ્કંધ, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય.

ત્રણ ભેદ કરાતા બે પરમાણુ, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય અથવા એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ, એક ત્રિપ્રદેશિક, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. એ પ્રમાણે યાવત્ એક પરમાણુ પુદ્‌ગલ, એક દશ પ્રદેશિક સ્કંધ, એક સખ્યાત પ્રદેશિક સ્કંધ થાય અથવા એક પરમાણુ, બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક દ્વિપ્રદેશિક, બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. એ રીતે યાવત્ એક દશપ્રદેશિક, બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા ત્રણે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય.

ચાર ભેદ કરાતા - ત્રણ પરમાણુ પુદ્‌ગલ, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. બે પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા બે પરમાણુ, એક ત્રિપ્રદેશિક, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. એ રીતે યાવત્

અથવા બે પરમાણુ, એક દશ પ્રદેશિક, એક સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા બે પરમાણુ, બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક, બે સંખ્યાતપ્રદેશિક સ્કંધ થાય યાવત્ અથવા એક પરમાણુ, એક દશ પ્રદેશિક, બે સંખ્યાત પ્રદેશિક સ્કંધ થાય. અથવા એક પરમાણુ, ત્રણ સંખ્યાત પ્રદેશી સ્કંધ થાય. અથવા ચારે સંખ્યાત પ્રદેશી સ્કંધ થાય.

આ પ્રમાણે આ ક્રમે પાંચ યાવત્ નવ સંયોગ કહેવા. દસ ભેદ કરાતા નવ પરમાણુ, એક સંખ્યાત પ્રદેશી સ્કંધ થાય. અથવા આઠ પરમાણુ, એક દ્વિપ્રદેશી, એક સંખ્યાત પ્રદેશી સ્કંધ થાય. એ રીતે આ ક્રમથી એકૈક વધતા યાવત્ અથવા એક દશપ્રદેશી, નવ સંખ્યાત પ્રદેશી સ્કંધ થાય. અથવા દશે સંખ્યાતપ્રદેશી સ્કંધ થાય.

સંખ્યાત ભાગ કરાતા સંખ્યાત પરમાણુ પુદ્ગલો થાય.

ભગવન્ ! અસંખ્યાત પરમાણુ પુદ્ગલો એક સાથે મળતાં શું થાય ? ગૌતમ ! અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય. તેના ભાગ કરતા બે યાવત્ દશ, સંખ્યાત અને અસંખ્યાત ભાગ પણ થાય.

બે ભાગ કરાતા એક પરમાણુ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય. યાવત્ અથવા એક દશપ્રદેશી, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય અથવા એક સંખ્યાત પ્રદેશી, એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ થાય અથવા બંને અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય.

ત્રણ ભાગ કરાતા બે પરમાણુ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ અથવા એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય યાવત્ એક પરમાણુ, એક દશપ્રદેશિક, એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ અથવા એક પરમાણુ, એક સંખ્યાતપ્રદેશી, એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ અથવા એક પરમાણુ, બે અસંખ્યાત પ્રદેશી સ્કંધ અથવા એક દ્વિપ્રદેશી, બે અસંખ્યાત પ્રદેશી સ્કંધ થાય યાવત્ અથવા એક સંખ્યાત પ્રદેશી, બે અસંખ્યાત પ્રદેશી સ્કંધ થાય. અથવા ત્રણે અસંખ્યાત પ્રદેશી.

ચાર ભાગ કરાતા - ત્રણ પરમાણુ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય. એ પ્રમાણે ચતુષ્ક સંયોગ યાવત્ દશક સંયોગ, જે રીતે સંખ્યાતપ્રદેશીના કહ્યા તેમ જાણવા. વિશેષ આ - અસંખ્યાતમાં એક અધિક કહેવું યાવત્ અથવા દશ અસંખ્યાત પ્રદેશી સ્કંધ થાય છે.

સંખ્યાત ભાગ કરાતા એક સંખ્યાત પરમાણુ પુદ્ગલ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય છે અથવા સંખ્યાતદ્વિપ્રદેશી સ્કંધ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય છે. એ પ્રમાણે યાવત્ અથવા સંખ્યાત દશપ્રદેશી સ્કંધ, એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ થાય છે. અથવા એક સંખ્યાત સંખ્યાતપ્રદેશી સ્કંધ, એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય છે અથવા સંખ્યાત અસંખ્યાતપ્રદેશી સ્કંધ થાય.

અસંખ્યાત ભાગ કરાતા અસંખ્યાત પરમાણુ પુદ્ગલો થાય.



ભગવન્ ! અનંતા પરમાણુ પુદ્ગલો યાવત્ શું થાય ? ગૌતમ ! અનંત પ્રદેશિક સ્કંધ થાય છે. તેના ભેદ કરાતા-બે, ત્રણ યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત, અનંત ભાગ પણ થાય છે.

બે ભાગ કરાતા એક પરમાણુ પુદ્ગલ, એક અનંતપ્રદેશિક સ્કંધ યાવત્ અથવા બે અનંતપ્રદેશિક સ્કંધ થાય છે.

ત્રણ ભાગ કરાતા બે પરમાણુ, એક અનંતપ્રદેશિક સ્કંધ અથવા એક પરમાણુ, એક દ્વિપ્રદેશિક, એક અનંતપ્રદેશિક સ્કંધ થાય. યાવત્ અથવા એક પરમાણુ, એક અસંખ્યાતપ્રદેશી, એક અનંતપ્રદેશી સ્કંધ થાય અથવા એક પરમાણુ, બે અનંતપ્રદેશી સ્કંધ અથવા એક દ્વિપ્રદેશી, બે અનંતપ્રદેશી સ્કંધ થાય. યાવત્ એક દશપ્રદેશી, બે અનંતપ્રદેશી સ્કંધ થાય અથવા એક સંખ્યાતપ્રદેશી, બે અનંતપ્રદેશી સ્કંધ થાય અથવા એક અસંખ્યાત પ્રદેશી, બે અનંત પ્રદેશી સ્કંધ થાય અથવા ત્રણે અનંતપ્રદેશી સ્કંધ થાય.

ચાર ભાગ કરાતા-ત્રણ પરમાણુ પુદ્ગલો, એક અનંત પ્રદેશી સ્કંધ થાય. એ પ્રમાણે ચતુષ્ક સંયોગ યાવત્ અસંખ્યાત સંયોગ, બધાં અસંખ્યાતમાં કહ્યા, તેમ અનંતમાં પણ કહેવા. વિશેષ એ કે — એક અનંતક અધિક કહેવું યાવત્ અથવા એક સંખ્યાત સંખ્યાતપ્રદેશી સ્કંધ, એક અનંતપ્રદેશી સ્કંધ થાય છે. અથવા એક સંખ્યાત અસંખ્યાતપ્રદેશી સ્કંધ, એક અનંતપ્રદેશી સ્કંધ થાય છે અથવા સંખ્યાત અનંતપ્રદેશી સ્કંધ થાય છે.

અસંખ્યાત ભાગ કરાતા એક અસંખ્યાત પરમાણુ, એક અનંતપ્રદેશિક સ્કંધ થાય છે અથવા એક અસંખ્યાત દ્વિપ્રદેશી સ્કંધ, એક અનંતપ્રદેશી સ્કંધ થાય છે. યાવત્ અથવા એક અસંખ્યાત સંખ્યાતપ્રદેશી સ્કંધ, એક અનંતપ્રદેશી સ્કંધ થાય છે અથવા એક અસંખ્યાત અસંખ્યાતપ્રદેશી સ્કંધ, એક અનંતપ્રદેશી સ્કંધ થાય. અથવા અસંખ્ય અનંતપ્રદેશી સ્કંધ થાય છે.

અનંત ભાગ કરાતા અનંદ પરમાણુ પુદ્ગલો થાય.

● વિવેચન-૫૩૮ :-

एगयओ - એકત્વથી, એકપણે. साहन्नंति - સંયુક્તરૂપે એકઠા થવું તે. દ્વિપ્રદેશિક સ્કંધના ભેદમાં એક વિકલ્પ છે, ત્રિપ્રદેશિક ના બે, ચતુઃપ્રદેશિકના ચાર, પંચપ્રદેશિકના છ, છ પ્રદેશિકના દશ, સાત પ્રદેશિકના ૧૪, આઠ પ્રદેશિકના ૨૧, નવ પ્રદેશિકના-૨૮, દશ પ્રદેશિકના-૪૦, સંખ્યાત પ્રદેશિકના બે ભેદે-૧૧, ત્રણ ભેદે-૨૧, ચાર ભેદે-૩૧, પાંચ ભેદે-૪૧, છ ભેદે-૫૧, સપ્તભેદે-૬૧, આઠ ભેદે-૭૧, નવ ભેદે-૮૧, દશ ભેદે-૯૧, સંખ્યાત ભેદત્વમાં તો એક વિકલ્પ છે.

અસંખ્યાતપ્રદેશિકના બે ભાગે-૧૨, ત્રણ ભાગે-૨૩, ચાર ભાગે-૩૪, પાંચ ભાગે-૪૫, છ ભાગે-૫૬, સાત ભાગે-૬૭, આઠ ભાગે-૭૮, નવ ભાગે-૮૯, દશ ભાગે-૧૦૦, સંખ્યાત ભાગે-૧૨, અસંખ્યાત ભેદ કરણમાં તો માત્ર એક જ વિકલ્પ

કહેલ છે.

અનંતપ્રદેશિકમાં બે ભાગે-૧૩, ત્રણ ભાગે-૨૫, ચાર ભાગે-૩૭, પંચ ભાગે-૪૯, છ ભાગે-૬૧, સાત ભાગે-૭૩, આઠ ભાગે-૮૫, નવ ભાગે-૯૭, દશ ભાગે-૧૦૯, સંખ્યાત ભાગે-૧૨, અસંખ્યાતત્વમાં-૧૩, અનંત ભેદ કરણમાં તો એક જ વિકલ્પ કહેલ છે. - x - x - x -

પૂર્વે પુદ્‌ગલોનું સંહનન કહ્યું, તેને આશ્રીને કહે છે –

● સૂત્ર-૫૩૯ :-

*ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલોના સંઘાત અને ભેદના સંબંધથી થનારા અનંતાનંત પુદ્‌ગલ પરાવર્ત જાણવા યોગ્ય છે ? તેથી (તેનું) કથન કરાયું છે ? હા, ગૌતમ ! - x - તેથી જ કથન કરાયેલ છે.*

*ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્ત કેટલા ભેદે છે ? ગૌતમ ! સાત પ્રકારે છે – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત તથા મન, વચન અને આનાપાન પુદ્‌ગલ પરાવર્ત.*

*ભગવન્ ! નૈરયિકને કેટલા પ્રકારે પુદ્‌ગલ પરાવર્ત છે ? ગૌતમ ! સાત પ્રકારે છે. તે આ – ઔદારિક, વૈક્રિય યાવત્ આનાપાન પુદ્‌ગલ પરાવર્ત. એ પ્રમાણે યાવત્ વૈમાનિક કહેવું.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના કેટલા ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત અતીતમાં થયા ? અનંતા... ભાવિમાં કેટલા થશે ? કોઈના થશે અને કોઈના નહીં થાય. જેના થશે તેના જઘન્યથી એક કે બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા થશે.*

*ભગવન્ ! પ્રત્યેક અસુરકુમારના કેટલા ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત અતીતમાં થયા ? એ પ્રમાણે જ. એ રીતે વૈમાનિક સુધી કહેવા.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના કેટલા અતીત વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત છે ? અનંતા. એ પ્રમાણે જેમ ઔદારિક પુદ્‌ગલ પરાવર્તમાં કહ્યું, તેમ વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તમાં પણ કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકના આનાપાન પુદ્‌ગલ પરાવર્ત કહેવા.*

*આ પ્રમાણે એકત્ર સાત દંડકો થાય છે.*

*ભગવન્ ! નૈરયિકોના અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત કેટલા થયા ? ગૌતમ ! અનંતા. ભાવિ કેટલા થશે ? અનંતા. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું, એ પ્રમાણે વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત પણ કહેવું. એ પ્રમાણે યાવત્ આનાપાનુ પુદ્‌ગલ પરાવર્ત વૈમાનિક સુધી કહેવા. એ પ્રમાણે આ પૃથક્ પૃથક્ સાત, ચોવીશે દંડકમાં કહેવા.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના નૈરયિકપણામાં કેટલા અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત થયા ? એક પણ નહીં. ભાવિમાં કેટલા થશે ? એક પણ*



*નહીં થાય.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના અસુરકુમારત્વમાં કેટલા અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત થયા ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારત્વમાં, અસુરકુમારત્વ માફક કહેવું.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના પૃથ્વીકાયિકત્વમાં કેટલા અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત થયા ? અનંતા. ભાવિમાં કેટલા થશે ? કોઈને થશે, કોઈને નહીં થાય. જેને થશે, તેને જઘન્યથી એક કે બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત, અસંખ્યાત કે અનંતા થશે. એ પ્રમાણે યાવત્ મનુષ્યત્વમાં જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકત્વમાં અસુરકુમારત્વ માફક જાણવું.*

*ભગવન્ ! પ્રત્યેક અસુરકુમારના નૈરયિકપણામાં કેટલા અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત થયા ? નૈરયિકની જે વક્તવ્યતા કહી, તેવી અસુરકુમારની પણ વૈમાનિક પર્યંત કહેવી. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારની, એ પ્રમાણે પૃથ્વીકાયની, એ પ્રમાણે યાવત્ વૈમાનિકની, બધાંનો એક આલાવો કહેવો.*

*ભગવન્ ! પ્રત્યેક નૈરયિકના નૈરયિકપણામાં કેટલા અતીત વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત થયા ? અનંતા. કેટલા થશે ? એકથી માંડીને અનંતા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથ્વીકાયિકત્વમાં પૃચ્છા. એક પણ નથી. કેટલા થશે ? એક પણ નહીં. એ પ્રમાણે જેને વૈક્રિય શરીર છે, ત્યાંથી લઈને ઉત્તરોત્તર કહેવા. જ્યાં વૈક્રિય શરીર નથી, તેને પૃથ્વીકાયિકત્વ માફક કહેવા. યાવત્ વૈમાનિક જીવના વૈમાનિકપણા સુધી કહેવા.*

*તૈજસ પુદ્‌ગલ પરાવર્ત અને કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત સર્વત્ર એકથી લઈને ઉત્તરોત્તર કહેવા. મન પુદ્‌ગલ પરાવર્ત બધાં પંચેન્દ્રિયોમાં એકથી ઉત્તરોત્તર કહેવું, વિકલેન્દ્રિયમાં નથી. વચન પુદ્‌ગલ પરાવર્ત એ પ્રમાણે જ છે, માત્ર એકેન્દ્રિયમાં નથી તેમ કહેવું. આનાપાન પુદ્‌ગલ પરાવર્ત સર્વત્ર એકથી ઉત્તરોત્તર યાવત્ વૈમાનિકના વૈમાનિકપણાં સુધી કહેવું.*

*ભગવન્ ! અનેક નૈરયિકોના નૈરયિકપણામાં કેટલા અતીત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત થયા ? એક પણ નહીં. કેટલા થશે ? એક પણ નહીં, એ પ્રમાણે સ્તનિતકુમારપણામાં સુધી કહેવું. - - પૃથ્વીકાયિકત્વમાં પૃચ્છા. ગૌતમ ! અનંતા. કેટલા થશે ? અનંતા. એ રીતે મનુષ્યપણા સુધી કહેવું વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકત્વમાં નૈરયિકત્વ માફક કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકના વૈમાનિકપણામાં સુધી કહેવા.*

*આ પ્રમાણે સાતે પણ પુદ્‌ગલ પરાવર્તો કહેવા. જેને છે તેને અતિતા અને ભાવિના પણ અનંતા કહેવા. જેને નથી તેને બંને નથી તેમ કહેવું યાવત્ વૈમાનિકના વૈમાનિકપણામાં કેટલા અતીતા આનાપાનુ પુદ્‌ગલ પરાવર્ત થયા ? અનંતા. કેટલા થશે ? અનંતા.*

● **વિવેચન-૫૩૯ :-**

एएसि - અનંતર કહેલ સ્વરૂપવાળા પરમાણુ પુદ્‌ગલોના. અર્થાત્ પરમાણુના. साहणण - સંહનન, સંઘાત, ભેદ એટલે વિયોજન તેનો યોગ તે સંહનન ભેદાનુપાત. તેના વડે બધાં પુદ્‌ગલ દ્રવ્યો સાથે પરમાણુનો સંયોગ અને વિયોગ. अनंतानंत - અનંત વડે અનંતને ગુણવા તે. એક પણ પરમાણુ, બે અણુકાદિથી અનંત અણુ દ્રવ્ય સાથે સંયોજતા અનંતા પરિવર્તા પામે છે. કેમકે પ્રતિદ્રવ્ય પરિવર્તનો ભાવ છે. પરમાણુના અનંતત્વથી, પ્રતિ પરમાણુના અનંતપણાથી પરિવર્ત-પરમાણુપુદ્‌ગલ પરિવર્તોના અનંતાનંતત્વ જાણવા. पुद्‌गल परियट्ट - પુદ્‌ગલ દ્રવ્ય સાથે પરિવર્ત - પરમાણુનું મિલન તે પુદ્‌ગલ પરિવર્ત - x - आख्याता - ભગવંત વડે પ્રરૂપિત એમ જાણવું. હવે પુદ્‌ગલ પરિવર્તના ભેદોને કહે છે —

ओरालिय पोग्गल परियट्टे - ઔદારિક શરીરમાં વર્તતા જીવ વડે જે ઔદારિક શરીર પ્રાયોગ્ય દ્રવ્યોના ઔદારિક શરીર વડે સમસ્તપણે ગ્રહણ તે ઔદારિક પુદ્‌ગલ પરિવર્ત. એ પ્રમાણે બીજામાં પણ જાણવું.

નારક જીવોને અનાદિ સંસારમાં સાત પ્રકારના પુદ્‌ગલ પરાવર્તો કહ્યા. - - અતીત અનંત અનાદિપણાથી અતીતકાળે જીવના અનાદિપણાથી અપરાપર પુદ્‌ગલ ગ્રહણ સ્વરૂપત્વથી एगमेगस्स० સૂત્ર કહ્યું.

पुरक्खड - પુરસ્કૃત, ભાવિમાં થનાર. કોઈ જીવને દૂરભવ્ય કે અભવ્યને તે હોય છે, કોઈ જીવને નથી હોતું, ઉદ્વર્તીને જે માનુષત્વને પામીને સિદ્ધિમાં જાય છે - સંખ્યાત કે અસંખ્યાતભવે જાય છે, જે સિદ્ધિમાં તેને પરિવર્ત હોતું નથી. કેમકે તે અનંતકાલપણાથી છે.

एगत्तिय - એક નારકાદિને આશ્રીને, सत्त - ઔદારિકાદિ સાત પ્રકારના પુદ્‌ગલ વિષયપણાથી, સાત દંડકના ૨૪ દંડકો થાય છે. એકત્વ અને પૃથકત્વ દંડકોમાં આ વિશેષ છે - એકત્વ દંડકોમાં ભાવિ પુદ્‌ગલ પરાવર્ત કોઈને ન પણ હોય. બહુત્વ દંડકમાં તે હોય છે. આ કથન જીવસામાન્યના આશ્રયથી કર્યુ.

एगमेगस्स० નારકપણામાં વર્તમાનને ઔદારિક પુદ્‌ગલ ગ્રહણના અભાવથી એકને નથી. નૈરયિકના અસુરકુમારપણામાં૦ અહીં વર્તમાનકાલીન નૈરયિકના અસુરકુમારપણામાં અતીત-અનાગત કાળસંબંધી જાણવું. एगुत्तरिया० એક પછી ઉત્તરોત્તર અનંતા સુધી. આના વડે એમ સૂચવે છે કે — કોઈને હોય છે, કોઈને નથી હોતા, જેને હોય છે, તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય. एवं जत्थ वेउव्विय सरीरं० જેમાં - વાયુકાયમાં, મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચમાં, વ્યંતરાદિમાં વૈક્રિયશરીરમાં એક અથવા ઈત્યાદિ કહેવું. 'જેને નથી' તે જેમ અપ્‌કાયાદિમાં વૈક્રિય નથી તેમાં પૃથ્વીકાયિક માફક કહેવું. તેમને વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત નથી તેમ કહેવું.

तेयापोग्गले० તૈજસ, કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત, નારકાદિ સર્વે જીવોમાં એકાદિ



પૂર્વવત્ કહેવા. કેમકે આ બંને બધામાં હોય છે. મનપુદ્‌ગલ પરાવર્ત પંચેન્દ્રિયોમાં જ હોય. વિકલેન્દ્રિયથી એકેન્દ્રિયો પણ લેવા. તેમને પણ ઈન્દ્રિયનું અસંપૂર્ણત્વ છે. મનોવૃત્તિનો અભાવ છે. તેથી તેમને મનઃપુદ્‌ગલ પરાવર્ત ન હોય. તૈજસાદિ પરિવર્ત માફક સર્વનારકાદિ જીવ પદોમાં વચન પુદ્‌ગલ પરાવર્ત કહેવું. માત્ર એકેન્દ્રિયમાં વચન અભાવથી ન કહેવું. - x - હવે ઔદારિકાદિ પુદ્‌ગલ પરાવર્ત સ્વરૂપ —

● **સૂત્ર-૫૪૦ :-**

***ભગવન્ ! ઔદારિક પુદ્‌ગલ પરિવર્ત, ઔદારિક પુદ્‌ગલ પરિવર્ત, એમ કેમ કહેવાય છે ? ગૌતમ ! ઔદારિક શરીરમાં વર્તતા જીવે ઔદારિક શરીર યોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીરરૂપે ગ્રહણ કર્યા, બદ્ધ-સ્પૃષ્ટ કર્યા છે, પોષિત-પ્રસ્થાપિત-અભિનિવિષ્ટ-અભિસમન્વાગત-પર્યાપ્ત-પરિણામિત-નિર્જિર્ણ-નિઃસૃત-નિઃસૃષ્ટ કર્યા છે, તેથી હે ગૌતમ ! એમ કહ્યું૦***

***એ પ્રમાણે વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત પણ છે. વિશેષ આ - વૈક્રિય શરીરમાં વર્તમાન વૈક્રિયશરીર યોગ્ય૦ બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ આન-પ્રાણ પુદ્‌ગલ પરાવર્ત કહેવું. વિશેષ આ - આનપ્રાણ પ્રાયોગ્ય સર્વ દ્રવ્યો આન-પ્રાણપણાએ. બાકી પૂર્વવત્.***

***ભગવન્ ! ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત કેટલા કાળે નિષ્પન્ન થાય ? ગૌતમ ! અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીકાળે નિષ્પન્ન થાય. એ પ્રમાણે વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત પણ જાણવું, યાવત્ આનપ્રાણ પુદ્‌ગલ૦***

***ભગવન્ ! આ ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત નિર્વર્તના કાળ, વૈક્રિય યાવત્ આનપ્રાણ પુદ્‌ગલ પરાવર્તકાળમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી અલ્પ કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત નિર્વર્તના કાળ છે. તૈજસ પુદ્‌ગલ૦ અનંતગુણ, ઔદારિક પુદ્‌ગલ૦ અનંતગુણ, આનપ્રાણ પુદ્‌ગલ૦ અનંતગુણ, મનપુદ્‌ગલ૦ અનંતગુણ, વચનપુદ્‌ગલ૦ અનંતગુણ, તેનાથી વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત નિર્વર્તનાકાળ અનંતગુણ જાણવો.***

● **વિવેચન-૫૪૦ :-**

गहिय - સ્વીકૃત્, बद्ध - જીવ, પ્રદેશ વડે એકરૂપ, કઈ રીતે ? પહેલા શરીરને રેતી માફક સ્પૃષ્ટ થાય અથવા પરસ્પર ગ્રહણથી પોષિત થાય, પૂર્વ પરિણામ અપેક્ષાથી બીજા પરિણામવાળું કરાય. प्रस्थापित - સ્થિર કરાય. निविट्ठ - જેથી સ્થાપિત છે, તેથી જીવ`પોતે નિવિષ્ટ કરેલ છે. અભિવિધિથી નિવિષ્ટ સર્વે જીવો અર્થાત્ જોડાયેલ. અભિવિધિથી બધાં સંપ્રાપ્ત થયેલ - જીવ વડે રસાનુભૂતિ આશ્રીને કહ્યું. જીવ વડે સર્વ અવયવ વડે, તેના રસ આદાન દ્વારથી પર્યાપ્ત કરેલ. રસાનુભૂતિથી બીજા પરિણામને પામેલ, ક્ષીણ રસ કરાયેલ, જીવપ્રદેશથી નિઃસૃત. કઈ રીતે ? જીવે સ્વપ્રદેશથી ત્યજેલ તે નિઃસૃષ્ટ. આ આદ્ય ચાર પદ ઔદારિકાદિ પુદ્‌ગલના ગ્રહણ વિષયક છે. પછીના પાંચ સ્થિતિ વિષયક, પછીના ચાર વિગમ વિષયક ચે.

હવે પુદ્‌ગલ પરાવર્તના નિર્વર્તનકાળ અને તેનું અલ્પ બહુત્વ દર્શાવે છે - ઔદારિકાદિ કેટલા કાળે નિર્વર્તે? અનંત ઉત્સર્પિણી આદિ. એક જીવના ગ્રાહકપણાથી અને પુદ્‌ગલના અનંતત્વથી પૂર્વેગૃહીત અને ગ્રહણના ગણવાથી અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી ઈત્યાદિ કહ્યું.

સૌથી થોડો કાર્મણ પુદ્‌ગલ પરિવર્ત નિર્વર્તના કાળ, તે સૂક્ષ્મ ઘણાં પરમાણુ નિષ્પન હોય છે. તેથી એક હોવા છતાં ઘણાં ગ્રહણ થાય છે. બધાં નારકાદિ પદોમાં વર્તતા જીવને તે અનુસમયે ગ્રહણમાં આવે છે. થોડાં કાળ છતાં તેના સર્વે પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે. તેનાથી તૈજસ પુદ્‌ગલ પરાવર્ત નિર્વર્તના કાળ અનંતગુણ છે. કેમકે સ્થૂલપણાંથી તૈજસ પુદ્‌ગલોનું અલ્પનું એક વખત ગ્રહણ થાય. એક ગ્રહણ છતાં અલ્પપ્રદેશ નિષ્પન્નત્વથી તેમાં અલ્પ એવા તેના અણુનું ગ્રહણ થવાથી અનંતગુણ છે.

તેનાથી ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત નિર્વર્તના કાળ, અનંત ગુણ છે, કેમકે ઔદારિક પુદ્‌ગલો અતિ સ્થૂળ છે. સ્થૂળ એવા અલ્પનું એકદા ગ્રહણ થાય. અલ્પતરપ્રદેશી હોવાથી તેના ગ્રહણ છતાં એકદા અલ્પ જ અણુ ગ્રહણ કરાય છે. કાર્મણ, તૈજસ પુદ્‌ગલવત્ તેમાં સર્વે પદોનું ગ્રહણ નથી. કેમકે ઔદારિક શરીરી જ તેનું ગ્રહણ કરે છે. ઘણાં કાળે ગ્રહણ થાય છે.

તેનાથી આન-પ્રાણ પુદ્‌ગલ પરિવર્ત કાળ અનંતગુણ છે. જો કે ઔદારિક પુદ્‌ગલથી આન-પ્રાણ પુદ્‌ગલ સૂક્ષ્મ અને બહુપ્રદેશિક છે. તેમાં અલ્પકાળથી ગ્રહણ સંભવે છે, તો પણ અપર્યાપ્ત અવસ્થામાં તેના ગ્રહણથી પર્યાપ્તક અવસ્થામાં પણ ઔદારિક શરીર પુદ્‌ગલ અપેક્ષાથી તેમાં અલ્પપણાથી ગ્રહણ થતાં, તેનું શીઘ્ર ગ્રહણ થતું નથી. તેથી ઔદારિક પુદ્‌ગલ પરિવર્ત નિર્વર્તના કાળથી અનંતગુણતા આનપ્રાણ૦માં કહી.

તેનાથી મનઃપુદ્‌ગલ પરિવર્ત નિર્વર્તનાકાળ અનંતગુણ છે. કઈ રીતે ? જો કે આનપ્રાણ પુદ્‌ગલો કરતા મનઃપુદ્‌ગલો સૂક્ષ્મ અને બહુ પ્રદેશી છે, તેથી અલ્પકાળ વડે તેનું ગ્રહણ થાય છે, તો પણ એકેન્દ્રિયાદિ કાયસ્થિતિવશથી મનના દીર્ઘકાળે લાભથી માનસ પુદ્‌ગલ પરિવર્ત બહુકાળે સાધ્ય હોવાથી અનંતગુણ કહ્યું.

તેનાથી વચનપુદ્‌ગલ પરિવર્ત નિર્વર્તના કાળ અનંતગુણ છે. કઈ રીતે ? જો કે મન કરતાં ભાષા જલ્દી પમાય છે, તે બેઈન્દ્રિય આદિ અવસ્થામાં થાય છે, તો પણ મનોદ્રવ્ય કરતાં ભાષા દ્રવ્યોની અતિ સ્થૂળતાથી થોડાંનું જ એકદા ગ્રહણથી, અનંતગુણ વાક્‌પુદ્‌ગલ૦ કાળ છે.

તેનાથી વૈક્રિય પુદ્‌ગલ પરિવર્ત નિર્વતના કાળ અનંતગુણ છે. વૈક્રિય શરીરના અતિ બહુકાળે લભ્યપણાથી એમ કહ્યું.

પુદ્‌ગલ પરિવર્તોનું અલ્પ બહુત્વ દર્શાવવા કહે છે –

**● સૂત્ર-૫૪૧ :-**

***ભગવન્ ! આ ઔદારિક પુદ્‌ગલ પરિવર્ત યાવત્ આનપ્રાણ પુદ્‌ગલ***



***પરિવર્તોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં વૈક્રિયપુદ્‌ગલ પરાવર્ત, વચનપુદ્‌ગલ૦ અનંતગુણ, મન પુદ્‌ગલ૦ અનંતગુણ, આનપ્રાણ પુદ્‌ગલ૦ અનંતગુણ, ઔદારિક પુદ્‌ગલ૦ અનંતગુણ, તૈજસ પુદ્‌ગલ૦ અનંતગુણ, કાર્મણ પુદ્‌ગલ૦ અનંતગુણ છે.***

***ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.***

**● વિવેચન-૫૪૧ :-**

સૌથી થોડાં વૈક્રિય પુદ્‌ગલ પરિવર્ત, કેમકે ઘણાં કાળે તેનું નિર્વર્તન છે, તેનાથી અનંતગુણ વચન વિષયક, અલ્પતરકાળે નિર્વર્તે છે માટે. એ રીતે પૂર્વોક્ત યુક્તિથી બહુ-બહુતર ક્રમથી બીજા પણ કહેવા.

## ❁ શતક-૧૨, ઉદ્દેશો-૫-"અતિપાત" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧૧-માં પુદ્‌ગલો કહ્યા. અહીં કર્મપુદ્‌ગલ સ્વરૂપ કહે છે.

**● સૂત્ર-૫૪૨,૫૪૩ :-**

***[૫૪૨] રાજગૃહે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહના કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બેગંધ, ચાર સ્પર્શ કહ્યા છે.***

***ભગવન્ ! ક્રોધ, કોપ, રોસ, દોષ, અક્ષમ, સંજ્વલન, કલહ, ચાંડિક્ય, ભંડન, વિવાદ આ બધાંના કેટલા વર્ણ યાવત્ સ્પર્શ છે ? ગૌતમ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, ચાર સ્પર્શ કહ્યા છે.***

***ભગવન્ ! માન, મદ, દર્પ, સ્તંભ, ગર્વ, અત્યુત્ક્રોશ, પરપરિવાદ, ઉત્કર્ષ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, દુર્નામના કેટલાં વર્ણાદિ છે ? ગૌતમ ! પાંચ વર્ણ આદિ ક્રોધ પ્રમાણે છે - - ભગવન્ ! માયા, ઉપધિ, નિકૃતિ, વલય, ગ્રહણ, નૂમ, કર્ક, કુરૂપા, જિહ્મતા, કિલ્બિષ, આદરણ, ગૂહનતા, વંચનતા, પ્રતિકુંચનતા, સાતિયોગ આ પંદરના કેટલા વર્ણાદિ છે ? ગૌતમ ! પાંચ આદિ.***

***ભગવન્ ! લોભ, ઈચ્છા, મૂર્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, ભિધ્યા, અભિધ્યા, આશંસનતા, પ્રાર્થનતા, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા, નંદિરાગ. આ કેટલાં વર્ણાદિના છે ? ક્રોધ મુજબ જાણવું.***

***ભગવન્ ! રાગ, દ્વેષ, કલહ યાવત્ મિથ્યાદર્શનશલ્ય. આ બધાં કેટલા વર્ણના છે ? ક્રોધની જેમ યાવત્ ચાર સ્પર્શ સુધી કહેવું.***

***[૫૪૩] ભગવન્ ! પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક, આ બધાં કેટલા વર્ણના યાવત્ કેટલા સ્પર્શવાળા છે. ગૌતમ ! અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ છે.***

*ભગવન્ ! ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી ચારે કેટલાં વર્ણાદિથી છે ? પૂર્વવત્ યાવત્ અસ્પર્શા કહેવા.*

*ભગવન્ ! અવગ્રહ, ઇહા, અપાય, ધારણા એ ચારે કેટલા વર્ણાદિવાળા છે ? એ પ્રમાણે પૂર્વવત્ યાવત્ અસ્પર્શા કહ્યા છે.*

*ભગવન્ ! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ આ બધાં કેટલા વર્ણાદિવાળા છે ? તે પ્રમાણે પૂર્વવત્ યાવત્ અસ્પર્શા છે.*

*ભગવન્ ! સાતમું અવકાશાંતર કેટલા વર્ણાદિવાળા છે ? એ પ્રમાણે યાવત્ અસ્પર્શી છે. - - ભગવન્ ! સાતમો તનુવાત કેટલા વર્ણ આદિથી છે ? પ્રાણાતિપાત મુજબ છે, વિશેષ આ - આઠ સ્પર્શવાળો કહ્યો છે. જેમ સાતમો તનુવાત છે, તેમ સાતમો ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી કહેવા. છઠ્ઠો અવકાશાંતર વર્ણાદિ રહિત છે. તનુવાત યાવત્ છઠ્ઠી પૃથ્વી એ આઠ સ્પર્શવાળા છે. એ પ્રમાણે સાતમી પૃથ્વીની વક્તવ્યતા માફક યાવત્ પહેલી પૃથ્વી કહેવા. - - જંબૂદ્વીપથી લઈને સ્વયંભૂરમણસમુદ્ર, સૌધર્મકલ્પ યાવત્ ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી, નૈરયિકવાસ યાવત્ વૈમાનિકવાસ આ બધાં જ આઠ સ્પર્શવાળા છે.*

*ભગવન્ ! નૈરયિકો કેટલા વર્ણ યાવત્ સ્પર્શવાળા છે ? ગૌતમ ! વૈક્રિય અને તૈજસની અપેક્ષાએ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળા છે, કાર્મણને આશ્રીને પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, ચાર સ્પર્શવાળા છે. જીવની અપેક્ષાએ વર્ણ યાવત્ સ્પર્શથી રહિત છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. - - - પૃથ્વીકાયિકની પૃચ્છા.*

*ઔદારિક અને તૈજસની અપેક્ષાએ પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શવાળા છે, કાર્મણને આશ્રીને, નૈરયિકવત્, જીવને આશ્રીને પૂર્વવત્, એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય જાણવા. વિશેષ આ - વાયુકાયિક જીવોને ઔદારિક, વૈક્રિય, તૈજસને આશ્રીને પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શ કહેવા, બાકીના જીવો નૈરયિકવત્ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો વાયુકાયિકવત્ જાણવા. મનુષ્ય વિષયક પૃચ્છા. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસને આશ્રીને પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શો છે. કાર્મણ અને જીવને આશ્રીને નૈરયિકવત્ કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકવત્ કહેવા.*

*ધર્માસ્તિકાય યાવત્ પુદ્ગલ, આ બધાં વર્ણાદિરહિત છે. વિશેષ એ કે પુદ્ગલો પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળા છે.*

*જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, એ બધાં ચાર સ્પર્શવાળા છે.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા વર્ણાદિથી છે ? દ્રવ્યલેશ્યાને આશ્રીને પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શો છે. ભાવલેશ્યાને આશ્રીને અવર્ણાદિ છે. એ પ્રમાણે શુક્લલેશ્યા પર્યન્ત જાણવું.*

*સમ્યગ્દૃષ્ટ્યાદિ ત્રણ, ચક્ષુદર્શનાદિચાર, આભિનિબોધિક જ્ઞાન યાવત્*





*વિભંગજ્ઞાન, આહારસંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞા અવર્ણાદિ છે.*

*ઔદારિક શરીર યાવત્ તૈજસ શરીર, એ બધાં આઠ સ્પર્શ વાળા છે, કાર્મણશરીર ચાર સ્પર્શવાળુ છે. મનોયોગ, વચનયોગ ચાર સ્પર્શવાળા છે, કાયયોગ આઠ સ્પર્શવાળો છે. સાકારોપયોગ, અનાકારોપયોગ વર્ણાદિરહિત છે. - - ભગવન્ ! સર્વે દ્રવ્યો કેટલા વર્ણાદિવાળા છે ? ગૌતમ ! કેટલા સર્વદ્રવ્યો પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શવાળા છે, કેટલાંક સર્વદ્રવ્યો પાંચવર્ણ યાવત્ ચાર સ્પર્શવાળા છે, કેટલાંક સર્વદ્રવ્યો એક ગંધ, એક વર્ણ, એક રસ, બે સ્પર્શવાળા છે, કેટલાંક સર્વદ્રવ્યો વર્ણ યાવત્ સ્પર્શ આદિ રહિત છે. એ પ્રમાણે સર્વે પ્રદેશો, સર્વ પર્યાયો, અતીતકાળ અવર્ણ યાવત્ અસ્પર્શા છે. એ પ્રમાણે અનાગતકાળ, સર્વકાળ પણ જાણવો.*

**● વિવેચન-૫૪૨,૫૪૩ :-**

પ્રાણાતિપાતજનિત કે તદ્જનક ચારિત્ર મોહનીય કર્મોપચારથી પ્રાણાતિપાત જ લેવું. એ પ્રમાણે આગળ પણ જાણવું. તેના પુદ્ગલરૂપત્વથી વર્ણાદિ થાય છે, તેથી કહ્યું છે કે — પાંચ વર્ણ ઈત્યાદિ. કહ્યું છે કે — પાંચ રસ, પાંચ વર્ણથી પરિણત, બે ગંધ, ચાર સ્પર્શવાળા અનંતપ્રદેશ દ્રવ્યો, સિદ્ધો કરતાં અનંતગુણહીન છે. ચાર સ્પર્શ તે - સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણ, સ્પર્શો સૂક્ષ્મ પરિણામ પરિણત પુદ્ગલોના હોય છે, સૂક્ષ્મ પરિણામત તે કર્મ.

ક્રોધ-ક્રોધ પરિણામ જનક કર્મ, તેમાં ક્રોધ એ સામાન્ય નામ છે. કોપ આદિ તેના વિશેષ નામ છે. તેમાં कोप - ક્રોધોદય સ્વભાવથી ચલન માત્ર. रोस - ક્રોધનો જ અનુબંધ, दोस - આત્માને કે બીજાને દૂષણરૂપ. આ ક્રોધના કાર્ય છે. द्वेष - અપ્રીતિ માત્ર, अक्षमा - બીજાએ કરેલ અપરાધને ન સહેવો તે. संज्वलन - ધીમે ધીમે ક્રોધાગ્નિ વડે જ્વલન, कलह - મોટા શબ્દોથી અન્યોન્ય અસમંજસ ભાષણ, આ ક્રોધ કાર્ય છે. चांडिक्क - રૌદ્રાકારકરણ, આ પણ ક્રોધ કાર્ય જ છે. भंडन - દંડાદિથી યુદ્ધ, विवाद - વિપ્રતિપત્તિથી ઉદ્ભવેલ વચનો. આ બધાં તેના કાર્યો છે. અથવા આ શબ્દો એકાર્થક છે.

माण - માન પરિણામ જનક કર્મ, તેમાં માન એ સામાન્ય નામ છે, મદ આદિ વિશેષ નામ છે. તેમાં मद - હર્ષમાત્ર, दर्प - દિપ્તતા, स्तंभ - અનમ્રતા, गर्व - શૌંડીર્ય, अत्तुक्कोस - પોતા કે બીજા પ્રત્યે ગુણની ઉત્કૃષ્ટતા કહેવી. परपरिवाद - બીજા વિશે હલકું બોલવું અથવા ગુણોથી પરિપાતન. उक्कोस - પોતાના કે પારકાના થોડી ક્રિયા વડે ઉત્કૃષ્ટતા કરવી તે અથવા ઉત્કાશન-અભિમાનથી સ્વકીય સમૃદ્ધિ આદિનું પ્રકાશન. अवक्कास - અપકર્ષણ કે અવકર્ષણ-અભિમાનથી પોતાની કે બીજાની ક્રિયાના આરંભ વડે કંઈ પણ વ્યાવર્ત્તન કે અભિમાનથી ન પ્રકાશવું તે. उण्णए - નમનરહિત, નમનના અભિમાનથી ઉન્નત્ત. અથવા નયરહિત કે નયાભાવ. उण्णाम - મદ અનુપ્રવેશથી ઉન્નમન. दुन्नाम - મદથી દુષ્ટ નમન કરવું. આ સ્તંભાદિ માનના કાર્યો છે અથવા

માનસૂચક શબ્દો છે.

માયા - સામાન્ય નામ છે, ઉપધિ આદિ તેના ભેદો છે. તેમાં उवहि - કોઈને ઠગવા માટે તેની પાસે જઈને દુર્ભાવ કરવો. नियडि - નિત્ય કરણ કે નિકૃતિ. આદર કરીને બીજાને ઠગવા, પૂર્વકૃત માયાને ઢાંકવા બીજી માયા કરવી. वलए - જે ભાવથી વલય માફક-વક્રવચન ચેષ્ટામાં પ્રવર્તે તે ભાવવલય. गहण - બીજાને વ્યામોહ માટે જે વચન જાળ તે. नूम - બીજાને ઠગવા નિમ્નતાથી કે નિમ્નસ્થાનનો આશ્રય કરવો તે. कक्क - હિંસાદિરૂપ પાપ, તે નિમિત્તે જે ઠગવાનો અભિપ્રાય. कुरूव - જે રીતે રૂપ કુત્સિત થાય, તે રીતે વિમોહ પમાડે, ભાંડાદિ કર્મ માયા વિશેષ. जिम्ह - બીજાને ઠગવાના અભિપ્રાયથી ક્રિયામાં મંદતાનું આલંબન કરે. किब्बिस - માયા વિશેષથી જન્માંતરે કે અહીં કિલ્બિષ થાય, आयरणय - માયાચારથી કોઈનો આદર કરવો - સામે જવું, બીજાને ઠગવા માટે વિવિધ ક્રિયા આચરણ, गूहन - સ્વરૂપને ગોપવવું, वंचन - બીજાને ઠગવા पलिउंचणया - સરળતાથી પ્રવૃત્તના વચનનું ખંડન. साइजोग - અવિશ્વાસ. યુક્ત સંબંધ, ઉત્કૃષ્ટ દ્રવ્ય સાથે નિકૃષ્ટ દ્રવ્યનો સંયોગ કરવો. આ બધી માયા છે. અથવા માયાદિ શબ્દો એકાર્થક છે.

લોભ - સામાન્ય ભેદ, ઈચ્છાદિ તેનો વિશેષ ભેદ. તેમાં इच्छा - અભિલાષ માત્ર, मुर्च्छा - સંરક્ષણાનુબંધ, कांक्षा - અપ્રાપ્તાર્થની આશંસા, गेहि - ગૃદ્ધિ, પ્રાપ્તાર્થમાં આસક્તિ, तण्ह - પ્રાપ્ત પદાર્થનો વ્યય ન થાય તે ઈચ્છા भिज्ज - વિષયોનું ધ્યાન, अभिज्झ - ભિધા સદૃશ ભાવાંતર, તેમાં અદૃઢ અભિનિવેશ, ચિત્ત ચંચળતા, आसासणय - આશંસા, મારા પુત્ર કે શિષ્યને આવું, આવું થાઓ, ઈત્યાદિ રૂપ આશા, पत्थणय - પ્રાર્થના, બીજા પાસે અર્થની યાંછા, लालप्पणय - પ્રાર્થના માટે જ વારંવાર બોલવું, कामास - શબ્દરૂપ પ્રાપ્તિ સંભાવના, भोगास - ગંધાદિ પ્રાપ્તિ સંભાવના, जीवितास - જીવિતવ્ય પ્રાપ્તિ સંભાવના, मरणासा - કોઈ અવસ્થામાં મરણ પ્રાપ્તિની ઈચ્છા કરવી, नंदिराग - વિદ્યમાન સમૃદ્ધ વસ્તુ પરત્વે હર્ષ કે મમત્વ ભાવ, पेज्ज - પ્રેમ, પુત્રાદિ વિષય સ્નેહ, दोस - અપ્રીતિ, कलह - પ્રેમ, હાસ્યાદિ વશ ઉત્પન્ન વાક્યુદ્ધ.

યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું - અભ્યાખ્યાન, પૈશુન્ય, અરતિરતિ, પરપરિવાદ, માયામૃષા.

હવે ઉક્ત અઢાર પ્રાણાતિપાતાદિ પાપ સ્થાનોથી વિપરીત-તેના સ્વરૂપને જણાવવા કહે છે – अहे०त्यादि - વધ આદિ વિરમણો જીવઉપયોગ સ્વૃપ અને મૂર્ત-અમૂર્તત્વથી જીવ ઉપયોગ છે, તેના-વધાદિ વિરમણોનું અમૂર્તત્વ છે, તેથી અવર્ણાદિપણું છે.

જીવના રૂપ વિશેષને આશ્રીને કહે છે – જેનું પ્રયોજન ઉત્પત્તિ જ છે, તે ઔત્પાત્તિકી. (શંકા) ક્ષયોપશમ એ તેનો હેતુ નથી ? સત્ય છે, તે અંતરંગપણાથી સર્વ બુદ્ધિ સાધારણ છે, માટે વિવક્ષા કરી નથી, તે અન્ય શાસ્ત્રાદિકર્માભ્યાસાદિની અપેક્ષા રાખતી નથી, માટે ઔત્પાતિકી, वेणइय - વિનય અર્થાત્ ગુરુ શુશ્રૂષા, તે જેનું કારણ છે, તેનાથી પ્રધાન તે વૈનયિકી. कम्मय - આચાર્ય રહિત તે કર્મ, આચાર્યસહિત



તે શિલ્પ અથવા કર્મ અને શિલ્પ એ નિત્ય વ્યવહાર છે. તે કર્મથી જન્મેલ તે કર્મજા. पारिणामिय-परि - ચોતરફથી નમવું તે, परिणाम - સુદીર્ઘકાલ પૂર્વાપરાર્થ અવલોકનાદિજન્ય આત્મધર્મ, તે જેનું કારણ છે તે પારિણામિકી બુદ્ધિ. જીવધર્મત્વથી અમૂર્ત હોવાથી અવર્ણાદિ છે.

જીવધર્મ અધિકારથી અવગ્રહાદિ સૂત્ર અને કર્માદિસૂત્ર. અમૂર્ત અધિકારથી અવકાશાંતર સૂત્ર. અમૂર્તત્વના વિપરીતપણાથી તનુવાત આદિ સૂત્ર કહ્યા છે. જેમકે - सत्तमे णं० પહેલી, બીજી પૃથ્વીના જે અંતરાલમાં આકાશખંડ, તે પ્રથમ, તેની અપેક્ષાએ સાતમું, સપ્તમીની નીચે, તેની ઉપર સાતમો તનુવાત, તેની ઉપર સાતમો ઘનવાત, તેની ઉપર સાતમો ઘનોદધિ, તેની ઉપર સાતમી પૃથ્વી, તનુવાતાદિના પૌદ્‌ગલિક મૂર્તત્વથી પંચવર્ણાદિત્વ છે, બાદર પરિણામથી આઠ સ્પર્શત્વ છે. આઠ સ્પર્શ આ છે – શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, મૃદુ, કઠિન, લઘુ, ગુરુ ભેદથી.

જંબૂદ્વીપમાં - અહીં યાવત્ કરણથી લવણસમુદ્રાદિ પદો કહેવા. યાવત્ વૈમાનિકવાસા. અહીં યાવત્ કરણથી અસુરકુમારાવાસાદિ ગ્રહણ કરવા, તે ભવન, નગર, વિમાન, તિર્છાલોકમાં તે નગરીઓ.

વૈક્રિય, તૈજસ શરીરમાં જ બાદર પરિણામ પુદ્‌ગલરૂપ છે, તેથી બાદરત્વથી તેમાં નારકોનું અષ્ટ સ્પર્શત્વ છે. કાર્મણને આશ્રીને સૂક્ષ્મ પરિણામ પુદ્‌ગલરૂપથી ચાર સ્પર્શ છે તે શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ છે.

धम्मत्थिकाए અહીં યાવત્ કરણથી આમ જાણવું - અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમય, આવલિકા, મુહૂર્ત ઈત્યાદિ. - - દ્રવ્ય લેશ્યાવર્ણ, ભાવલેશ્યા-આંતર પરિણામ. અહીં કૃષ્ણલેશ્યાદિથી પરિગ્રહ સંજ્ઞા સુધી વર્ણાદિરહિત, જીવપરિણામત્વથી છે ઔદારિકાદિ ચાર શરીરો પંચવર્ણાદિ અને આઠ સ્પર્શો બાદર પરિણામ પુદ્‌ગલ રૂપત્વથી છે. સર્વત્ર ચાર સ્પર્શત્વમાં સૂક્ષ્મ પરિણામ કારણથી છે, અને અષ્ટ સ્પર્શત્વ બાદર પરિણામ કારણથી કહેવા.

सव्वदव्व - ધર્માસ્તિકાયાદિ, કેટલાંક સર્વદ્રવ્યો પંચવર્ણ ઇત્યાદિ બાદર પુદ્‌ગલ દ્રવ્યોને આશ્રીને કહ્યા. સર્વ દ્રવ્યો મધ્યે કેટલાંક પંચવર્ણાદિ છે. ‘ચાર સ્પર્શ’ એ અહીં પુદ્‌ગલ દ્રવ્યોને જ સૂક્ષ્મને આશ્રીને છે. એક ગંધ ઈત્યાદિ પરમાણુ આદિ દ્રવ્યોને આશ્રીને છે. પરમાણુ દ્રવ્યોને આશ્રીને કહે છે – તેનું અંત્ય કારણ સૂક્ષ્મ અને નિત્ય પરમાણુ હોય છે, એકરસ-વર્ણ-ગંધ-બે સ્પર્શ અને કાર્યલિંગ. બે સ્પર્શ સૂક્ષ્મસંબંધી છે, ચાર સ્પર્શોમાંના કોઈપણ અવિરુદ્ધ હોય છે. તેથી કહે છે – સ્નિગ્ધ, ઉષ્ણ લક્ષણ કે સ્નિગ્ધ શીત લક્ષણ કે રૂક્ષશીતલક્ષણ કે રૂક્ષ ઉષ્ણ લક્ષણ. अवण्ण० આદિ, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને આશ્રીને કહે છે – દ્રવ્યાશ્રિતપણાથી પ્રદેશ પર્યાયોના દ્રવ્ય સૂત્રાંતરથી તે સૂત્ર છે. તેમાં પ્રદેશ એટલે દ્રવ્યના નિર્વિભાગ અંશો, પર્યવો એટલે ધર્મો. તે આ પ્રમાણે કહેવા - ભગવન્ ! સર્વ પ્રદેશો વર્ણથી છે ? ગૌતમ ! કેટલાંક સર્વ પ્રદેશો પંચવર્ણી યાવત્ આઠ સ્પર્શવાળા છે. અહીં મૂર્ત દ્રવ્યોના પ્રદેશો અને

પર્યવો મૂર્ત્તદ્રવ્યવત્ પંચવર્ણાદિ, અમૂર્ત્તદ્રવ્યોના અમૂર્ત્તદ્રવ્યવત્ વર્ણાદિ. અતીતકાળાદિ ત્રણ, અમૂર્ત્તત્વથી અવર્ણાદિ છે. વર્ણાદિ અધિકારથી કહે છે –

● **સૂત્ર-૫૪૫,૫૪૬ :-**

*[૫૪૪] ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવને કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ પરિણમે છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળા પરિણામથી પરિણત થાય છે.*

*[૫૪૫] ભગવન્ ! શું જીવ કર્મોથી જ વિવિધ રૂપોને પ્રાપ્ત થાય છે, કર્મો વિના નહીં ? શું જગત્ કર્મોથી વિવિધ રૂપોને પ્રાપ્ત થાય છે, અકર્મથી નહીં ? હાં, ગૌતમ ! કર્મથી યાવત્ પરિણમે છે. અકર્મથી વિવિધ રૂપોને પ્રાપ્ત નથી કરતા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૫૪૫,૫૪૬ :-**

परिणाम परिणमइ - સ્વરૂપને પામે છે, કેટલાં વર્ણાદિ વડે રૂપ વડે પરિણમે છે ? પંચવર્ણથી. ગર્ભ ઉત્પતિ કાળમાં જીવ શરીરના પાંચ વર્ણાદિપણાથી, ગર્ભોત્પત્તિકાળે જીવપરિણામના પાંચ વર્ણાદિ જાણવા.

અનંતર ગર્ભમાં આવતા જીવો વર્ણાદિથી વિચિત્ર પરિણામને પામે છે, તે કહ્યું. હવે વિચિત્ર પરિણામ જ જીવના જે રીતે થાય તે કહે છે – વિભાગરૂપ ભાવ - નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ ભવોમાં વિવિધ પરિણામ. परिणमति - પામે છે, તે - તે નારકાદિ ભાવોમાં જાય છે. जगत् - જીવસમૂહ, જીવદ્રવ્યના જ વિશેષ જંગમ નામરૂપ. - x -

## ❁ શતક-૧૨, ઉદ્દેશ-૬-“રાહુ” ❁

–– x –– x –– x –– x –– x –– x ––

૦ જગતના વિભક્તિભાવ કર્મથી છે, તે ઉદ્દેશા-૫-ને અંતે કહ્યું. તે રાહુ ગ્રસનથી ચંદ્રના પણ થાય છે એ શંકાનિરાસ માટે કહે છે –

● **સૂત્ર-૫૪૬ :-**

*રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહે છે – ભગવન્ ! ઘણાં લોકો પરસ્પર આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - ખરેખર રાહુ ચંદ્રને ગ્રસે છે, હે ભગવન્ ! તે કઈ રીતે આમ હોય ? હે ગૌતમ ! જે ઘણાં લોકો પરસ્પર એમ કહે છે યાવત્ તે મિથ્યા કહે છે. પણ હે ગૌતમ ! હું એમ કહું છું. યાવત્ એમ પ્રરૂપુ છું - એ પ્રમાણે નિશ્ચે રાહુ દેવ મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય, ઉત્તમ વસ્ત્રધારી, ઉત્તમ માલ્યધર, ઉત્તમ ગંધધર, ઉત્તમ આભરણધારી છે. તે રાહુ દેવના નવ નામ કહ્યા છે – શ્રૃંગાટક, જટિલક, ક્ષત્રક, ખરક, દર્દુરક, મગર, મત્સ્ય, કાચબો, કૃષ્ણસર્પ.*

*રાહુનું દેવવિમાન પંચવર્ણી છે – કૃષ્ણ, નીલ, લોહિત, હાલિદ્ર, શુક્લ. તેમાં રાહુનું કાળુ વિમાન, કાજલ વર્ણની આભાવાળું, નીલ રાહુ વિમાન લીલી*



*તુંબી સમાન વર્ણપ્રભાવાળું છે. લોહિત રાહુ વિમાન મંજિષ્ઠ વર્ણાભાવાળું છે. પીત રાહુ વિમાન હાલિદ્ર વર્ણાભાવાળું છે. શુક્લ રાહુ વિમાન ભસ્મરાશિ વર્ણાભાવાળું કહ્યું છે.*

*જ્યારે ગમનાગમન કરતો, વિકુર્વણા કરતો, કામક્રીડા કરતો, રાહુદેવ પૂર્વમાં સ્થિત ચંદ્રની લેશ્યાને ઢાંકીને પશ્ચિમ તરફ ચાલ્યો જાય છે, ત્યારે પૂર્વનો ચંદ્ર દેખાય છે અને પશ્ચિમનો રાહુ દેખાય છે.*

*જ્યારે ગમનાગમન - વિકુર્વણા-પરિચાર કરતો રાહુદેવ ચંદ્રની લેશ્યાને પશ્ચિમમાં આવરીને પૂર્વમાં ચાલ્યો જાય છે, ત્યારે પશ્ચિમી ચંદ્ર દેખાય છે, પૂર્વનો રાહુ દેખાય છે. એ પ્રમાણે જેમ પૂર્વ-પશ્ચિમમાં બે આલાવા કહ્યા, એ રીતે દક્ષિણથી ઉત્તરમાં બે આલાવા કહેવા. એ રીતે ઉત્તરપૂર્વથી દક્ષિણપશ્ચિમમાં બે આલાવા કહેવા, દક્ષિણપૂર્વથી ઉત્તર-પશ્ચિમમાં બે આલાવા કહેવા. એ પ્રમાણે યાવત્ ઉત્તર-પશ્ચિમમાં ચંદ્ર દેખાય છે ત્યારે દક્ષિણપૂર્વમાં રાહુ દેખાય છે.*

*જ્યારે ગમનાગમન, વિકુર્વણા, પરિચાર કરતો રાહુ ચંદ્ર લેશ્યાને આવરતો-આવરતો રહે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે – એ પ્રમાણે નિશ્ચે રાહુએ ચંદ્રનું ગ્રહણ કર્યુ, એ પ્રમાણે જ્યારે ગમનાગમન આદિ કરતો રાહુ ચંદ્રલેશ્યાને આવરતો નજીક થઈને પસાર થાય છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો કહે છે – નિશ્ચે ચંદ્રએ રાહુની કુક્ષીનું ભેદન કર્યુ. એ પ્રમાણે જ્યારે ગમનાગમનાદિ કરતો રાહુ ચંદ્રની લેશ્યાને આવરતો પાછો ફરે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે – નિશ્ચે રાહુ વડે ચંદ્ર વમન કરાયો. એ પ્રમાણે જ્યારે ગમનાગમન કરતો રાહુ ચંદ્ર લેશ્યાને નીચેથી, બંને પડખેથી, ચારે દિશાથી આવરીને રહે છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો કહે છે – નિશ્ચે રાહુએ ચંદ્રને ગ્રસ્યો.*

*ભગવન્ ! રાહુ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. તે આ ધ્રુવરાહુ અને પર્વરાહુ. તેમાં જે તે ધ્રુવરાહુ છે, તે કૃષ્ણપક્ષની એકમથી પંદર ભાગથી ચંદ્રની લેશ્યાના પંદરમાં ભાગને આવરતો આવરતો રહે છે. તે આ રીતે – એકમે પહેલો ભાગ, બીજે બીજો ભાગ યાવત્ પંદરમે દિને પંદરમો ભાગ, ચરમ સમયે ચંદ્ર સર્વથા આવૃત્ત થઈ જાય છે, બાકીના સમયે ચંદ્ર આવૃત્ત અને અનાવૃત્ત હોય છે. તે જ પ્રમાણે શુક્લ પક્ષમાં ચંદ્રમાંને ખુલ્લો કરતો-કરતો રહે છે, પ્રથમાએ પ્રથમ ભાગ યાવત્ પંદરમાં દિવસે પંદરમો ભાગ ખુલ્લો કરે છે. છેલ્લે સમયે ચંદ્ર સંપૂર્ણ અનાવૃત્ત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર આવૃત્ત કે અનાવૃત્ત હોય છે.*

*તેમાં જે પર્વરાહુ છે, તે જઘન્યથી છ માસમાં, ઉત્કૃષ્ટથી ૪૨-માસમાં ચંદ્રને અને ૪૮ વર્ષે સૂર્યને ઢાંકે છે.*

● **વિવેચન-૫૪૬ :-**

मिच्छंते - તેમનું વચન મિથ્યાત્વ છે કેમકે અપ્રમાણ છે અને કુપ્રવચન સંસ્કારોથી યુક્ત છે. ગ્રહણ એ રાહુ અને ચંદ્રના વિમાનની અપેક્ષાએ છે, વિમાનનો

ગ્રાસક-ગ્રસનીય સંભવ નથી. આ ઘરને આ ખાઈ ગયો એવો વ્યવહાર દેખાતો નથી ? સાચું, તે માત્ર આચ્છાદ્ય-આચ્છાદક ભાવથી છે, અન્યથા નથી. આચ્છાદન ભાવથી ગ્રાસ વિવક્ષામાં અહીં પણ વિરોધ નથી. હવે જે સાચું છે, તે દર્શાવવાને કહે છે - अहं पुण० આદિ.

खंजन - દીપમાલિકાનું કાજળ, તેનો જે વર્ણ, તેના જેવી આભા જેની છે તે, તથા लाउयं - તુંબિકા, તે પક્વ અવસ્થામાં લેવું. भस्मराशि - રાખના ઢગલા જેવી વર્ણની આભા. તેથી શું તે કહે છે — ચાલતો જઈને, પછી પાછો આવતો કૃષ્ણવર્ણાદિ વિમાન વડે, તેમ કહેવું સ્વભાવચારથી ચરતો, આ બે પદ વડે સ્વભાવિક ગતિ કહી. વિકુર્વણા કરતો, परिचार - કામક્રીડા કરતો, આ બંનેથી અતિ ત્વરાથી પ્રવર્તમાન વિસંસ્થુલ ચેષ્ટા વડે પોતાના વિમાનમાં અસમંજસથી વળે છે. આ બંને અસ્વાભાવિકી વિમાનગતિના ગ્રહણને માટે કહેલ છે.

રાહુ, પોતાના વિમાનથી ચંદ્ર વિમાનને આવરતો ચંદ્ર દીપ્તિના આવૃત્તપણાથી ચંદ્રલેશ્યાને આગળથી આવરીને, પછી ચંદ્રની અપેક્ષાએ બીજી તરફ જાય છે. - x - રાહુની અપેક્ષાથી પૂર્વ દિશામાં ચંદ્ર પોતાને દેખાડે છે, ચંદ્રની અપેક્ષાએ પશ્ચિમમાં રાહુ પોતાને દેખાડે છે.

આવા પ્રકારની સ્વભાવતામાં રાહુ અને ચંદ્રને જે થાય છે તે કહે છે — जयाणं० આદિ. - x - ચંદ્ર વડે રાહુની કુક્ષી ભેદવી એટલે રાહુના અંશની મધ્યથી ચંદ્ર ગયો તેમ કહેવું. - x - पच्चोसक्कइ - પાછો ફરતો, वंत - પરિત્યજતો, सपक्ख - જેમ સમાન દિશા થાય છે, सप्रतिदिक् - સમાન વિદિશા જે રીતે થાય છે, એ રીતે ચંદ્રની લેશ્યાને આવરીને રહે છે. તેથી આવરણ માત્રથી આ વૈસ્રસિક ચંદ્રનું રાહુ વડે ગ્રહણ થયું (કહેવાય છે.) કાર્મણથી નહીં.

હવે રાહુના ભેદ કહે છે — જે ચંદ્રની સાથે હંમેશા નજીક રહીને સંચરે છે, તે ધ્રુવરાહુ કહ્યું છે કે — કૃષ્ણ રાહુ વિમાન નિત્ય ચંદ્રથી વિરહિત હોય છે, તે ચાર અંગુલથી વધુ હંમેશા ચંદ્રની નીચે ચાલે છે. જે પર્વમાં - પૂનમ અને અમાસમાં ચંદ્ર-સૂર્યને આવરે તે પર્વરાહુ.

તેમાં જે ધ્રુવરાહુ ઈત્યાદિ એકમથી આરંભીને બાકીના પોતાના પંદર ભાગથી પંદરમાં ભાગે ચંદ્રની લેશ્યાને - ચંદ્રબિંબ સંબંધી આવરતો - આવરતો રોજ રહે છે. पढमाए - પહેલી તિથિમાં, पन्नरसैसु - પંદરમાં દિવસમાં અર્થાત્ અમાસમાં, પંદર ભાગ આવરીને રહે છે. એ પ્રમાણે જે થાય છે, તે કહે છે — છેલ્લા સમયે પંદર ભાગ યુક્ત કૃષ્ણપક્ષના અંતિમ કાળે કે કાળ વિશેષે ચંદ્ર રક્ત થાય છે - રાહુ વડે આવરાય છે - સર્વથા આચ્છાદિત થાય છે. બાકીના સમયે-એકમાદિ કાળે ચંદ્ર રક્ત કે વિરક્ત હોય છે. અર્થાત્ અંશથી રાહુ વડે આચ્છાદિત, અંશથી રાહુ વડે અનાચ્છાદિત.

એ જ પ્રમાણે ચંદ્રલેશ્યાનો પંદરમો ભાગ શુક્લ પક્ષની એકમથી જાણવો.



પંદર ભાગ વડે ખૂલ્લો કરતો - રાહુ પોતે ખસતા-ખસતા પ્રગટ કરીને રહે છે. પૂનમમાં ચંદ્ર વિરક્ત થાય છે અર્થાત્ સર્વથા શુક્લ થાય છે. કેમકે તે સર્વથા અનાચ્છાદિત હોય છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે — ૧૬-ભાગ કરાયેલ ચંદ્રનો ૧૬મો ભાગ અવસ્થિત જ રહે છે. જે બાકીના ભાગો છે, તેને રાહુ પ્રત્યેક તિથિએ એકૈક ભાગ કૃષ્ણ પક્ષમાં આવરે છે, શુક્લ પક્ષમાં એક-એક ભાગને મુક્ત કરે છે. - - જ્યોતિષ્ કરંડકમાં પણ કહ્યું છે — ૧૬-ભાગ કરીને ચંદ્ર હાનિ પામે છે, અહીં ૧૫ છે, તેથી તેટલા જ ભાગોને ફરી જ્યોત્સ્નામાં વધારો કરે છે. અહીં ૧૬માં ભાગની કલ્પના વ્યવહારમાં કરાઈ નથી, તે ૧૬માં ભાગના અવસ્થિત ઉપલક્ષણથી સંભવે છે.

(શંકા) ચંદ્ર વિમાનનો ૫/૬૧ ભાગ ન્યૂન યોજન પ્રમાણત્વથી અને રાહુ વિમાનનો ગ્રહવિમાનત્વથી અર્દ્ધ યોજન પ્રમાણત્વથી કઈ રીતે ૧૫ એ પ્રમાણ છે ? તેનાથી રાહુ ગ્રહનું ઉક્તથી અધિક પ્રમાણ વિમાન સંભવે છે ? બીજું, વળી રાહુ-નાનું એવું પણ રાહુવિમાન મોટા કિરણ જાળથી તેને આવરે છે. કેટલા દિવસ સુધી ધ્રુવરાહુ વિમાનથી ગ્રહણ પ્રાપ્ત થાય, કેટલા દિવસથી નહીં તેનું શું કારણ ? - અહીં ઉત્તરમાં કહે છે —

જે દિવસોમાં ચંદ્ર અતિ તમસ્ થાય છે, તેમાં તેનું વિમાન ગોળ જણાય છે, જેમાં અભિભૂત ન થાય, તેના વિશુદ્ધયમાનપણાથી તેમાં વૃત્તત્વ જણાતું નથી. કહ્યું પણ છે કે — કેટલા દિવસોમાં ધ્રુવરાહુ વિમાનનો વૃત્ત ભાગ દેખાય છે, જેમ ગ્રહણમાં પર્વરાહુ કેટલોક દેખાતો નથી. જે વિશુદ્ધયમાન ચંદ્ર તમસ્ વડે અતિ અભિભૂત થતો નથી, ગ્રહણમાં વૃત્ત ભાગ પામતો નથી - તમસ્તમ બહુલ પર્વરાહુ.

સાડા ત્રણ વર્ષથી ઉપર ચંદ્રની લેશ્યા આવરીને રહે છે. સૂર્યનો પણ તેમજ છે. વિશેષ આ - ઉત્કૃષ્ટથી ૪૮ સંવત્સર. હવે ચંદ્રના 'શશિ' એવા નામને તેના અન્વર્થથી કહે છે —

● **સૂત્ર-૫૪૭,૫૪૮ :-**

***[૫૪૭] ભગવન્ ! એમ કેમ કહે છે — ચંદ્ર, 'શશિ' છે ? ગૌતમ ! જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્ રાજ ચંદ્રના મૃગાંક વિમાનમાં કાંતદેવી, કાંતા દેવીઓ છે, આસન, શયન, સ્તંભ, ભાંડ, માત્ર, ઉપકરણો છે. જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્ રાજ ચંદ્ર પોતે પણ સૌમ્ય, કાંત, શુભગ, પ્રિયદર્શન, સુરૂપ છે, તેથી કહ્યું.***

***[૫૪૮] ભગવન્ ! એમ કેમ કહ્યું કે સૂર્ય 'આદિત્ય' છે ? ગૌતમ ! સૂર્યની આદિથી સમય, આવલિકા, યાવત્ ઉત્સર્પિણી, અવસર્પિણી ગણાય છે, તેથી કહેવાય છે યાવત્ આદિત્ય છે.***

● **વિવેચન-૫૪૭,૫૪૮ :-**

मियंक - મૃગચિહ્નપણાથી-મૃગાંક-વિમાનમાં અધિકરણભૂત, सोम - સૌમ્ય, અરૌદ્ર આકાર કે નિરોગ. कंत - કાંતિના યોગથી, सुभए - સુભગ, સૌભાગ્ય

યુક્તપણાથી લોકોને વલ્લભ. पियदंसण - પ્રેમકારીદર્શન, આ પ્રમાણે કેમ છે ? સુરૂપ છે. તે કારણથી કહે છે 'ससी' શ્રી સહિત વર્તે છે માટે સશ્રી, આ દેવાદિની પોતાની કાંત્યાદિ યુક્તતાથી છે આ રીતે 'ससी' સિદ્ધ થાય છે - હવે આદિત્ય શબ્દનો અન્વર્થ કહે છે –

सूर-आदि: - પ્રથમ જેમાં છે તે સૂરાદિ, કોની ? તે કહે છે – સમય - અહોરાત્રાદિ કાળ વિભાગનો નિર્વિભાગ અંશ. તેથી કહે છે – સૂર્યોદયની મર્યાદા વડે કરીને અહોરાત્રનો આરંભક સમય ગણાય છે, આવલિકા અને મુહૂર્તાદિ ગણાય છે. તેથી અર્થ વડે સૂર - આદિત્ય કહેવાય છે. આદિમાં અહોરાત્ર સમયાદિનું થવું તે આદિત્ય એમ વ્યુત્પત્તિ થાય છે.

હવે ચંદ્ર-સૂર્યની અગ્રમહિષી આદિ દેખાડવા કહે છે –

● **સૂત્ર-૫૪૯ :-**

*ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ છે ? જેમ દશમાં શતક યાવત્ મૈથુનનિમિત્ત ભોગ ન ભોગવે. સૂર્યનું પણ તેમજ જાણવું. - - જ્યોતિષેન્દ્રો જ્યોતિષ્ રાજાઓ ચંદ્ર અને સૂર્ય કેવા પ્રકારના કામભોગો અનુભવતા વિચરે છે ?*

*ગૌતમ ! જેમ કોઈ પુરુષ પ્રથમ યૌવનમાં ઉત્થાન બલસ્થ, પ્રથમ યૌવન ઉત્થાન બલસ્થા ભાર્યા સાથે નવો જ વિવાહ કરીને, અર્થોપાર્જન કરવાને ૧૬ વર્ષ સુધી વિદેશમાં વસે, તે ત્યારપછી ધન પ્રાપ્ત કરી, કાર્ય સંપન્ન કરી, નિર્વિઘ્નરૂપે, ફરી પોતાના ઘેર પાછો આવે, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈને, મનોજ્ઞ, સ્થાલિપાક શુદ્ધ ૧૮ વ્યંજનયુક્ત ભોજન કર્યા પછી તે, તેવા પ્રકારના વાસગૃહમાં - મહાબલકુમારના વાસગૃહનું વર્ણન જાણવું યાવત્ શયનોપચાર યુક્ત થઈ, તેવી તેવા પ્રકારની શ્રૃંગારના ગૃહ જેવી, સુંદર વેશવાળી યાવત્ લલિતકલાયુક્ત, અનુરક્ત, અવિરક્ત, મનોનુકુલ પત્ની સાથે ઈષ્ટ શબ્દ, સ્પર્શ યાવત્ પંચવિધ માનુષી કામભોગને અનુભવતો વિચરે. તેમ હે ગૌતમ ! તે પુરુષ વેદ ઉપશમનના સમયે કેવા પ્રકારના સાતા સૌખ્ય અનુભવે ?*

*હે આયુષ્યમાન્ શ્રમણ ! તે ઉદાર સુખને અનુભવે છે.*

*હે ગૌતમ ! તે પુરુષ આ કામભોગોથી વ્યંતર દેવોના કામ ભોગો અનંતગુણ વિશિષ્ઠતર કામભોગથી છે, વાણમંતર દેવોના કામભોગોથી અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગો આનાથી વિશિષ્ઠતર છે. અસુરકુમાર દેવોના કામભોગો આનાથી વિશિષ્ઠતર અનંતગુણથી છે, તેનાથી ગ્રહ-ગણ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક-દેવોના આનાથી અનંતગુણ વિશિષ્ઠતર-કામભોગ છે તેના કામભોગોથી જ્યોતિષ્કના જ્યોતિષ્ રાજ ચંદ્ર-સૂર્યના કામભોગ આનાથી અનંતગુણ વિશિષ્ટતર છે. હે ગૌતમ ! જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્ રાજ ચંદ્ર-સૂર્ય આવા પ્રકારના કામભોગને અનુભવતા વિચરે છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ ગૌતમ વિચરે છે.*



● **વિવેચન-૫૪૯ :-**

પ્રથમ યૌવનના ઉદ્‌ગમમાં, જેનું બળ-પ્રાણ, તેમાં જે રહે છે તે તથા નવા જ વિવાહકાર્યને કરેલા મહાબલના ઉદ્દેશામાં વાસગૃહનું જેમ વર્ણન દેખાય છે તે. अणुरत्ता - અનુરાગવાળી, अविरत्त - વિપ્રિય કરવા છતાં પણ અવિરક્તા. मनानुकूल - પતિના મનને અનુકૂલવૃત્તિ કરનારી. विउसमणकालसमयंसि - પુરુષવેદના વિકારનો ઉપશમ, તેનો કાળ-સમય - x - x - ઉક્ત સ્વરૂપ કરતાં વ્યંતર દેવો અનંતગુણ વિશિષ્ટતાથી કામભોગને ભોગવે છે.

## ❁ શતક-૧૨, ઉદ્દેશો-૭-"લોક" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૬-માં ચંદ્રાદિના અતિશય સૌખ્યને કહ્યું, તે લોકાંશમાં થાય છે, લોકાંશમાં જીવની જન્મ-મરણ વક્તવ્યતા બતાવે છે –

● **સૂત્ર-૫૫૦ :-**

*તે કાળે, તે સમયે યાવત્ આમ કહ્યું – ભગવન્ ! લોક કેટલો મોટો છે ? ગૌતમ ! અતિ મહાન્ છે. પૂર્વમાં અસંખ્યાત કોડાકોડી યોજન, દક્ષિણમાં અસંખ્યાત, એ પ્રમાણે પશ્ચિમમાં અને ઉત્તરમાં પણ છે, એ પ્રમાણે ઉપર અને નીચે પણ અસંખ્યાત કોડાકોડી યોજન લંબાઈ અને પહોળાઈથી છે.*

*ભગવન્ ! આટલા મોટા લોકમાં શું કોઈ પરમાણુ પુદ્‌ગલ જેટલો પણ આકાશ પ્રદેશ છે, જ્યાં આ જીવે જન્મ-મરણ કરેલ ન હોય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે આટલા મોટા લોકમાં કોઈ પરમાણુ પુદ્‌ગલ માત્ર પ્રદેશ નથી, જ્યાં આ જીવે જન્મ કે મરણ કરેલ ન હોય ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ, બકરીઓ માટે એક મોટો અજાવ્રજ બનાવે. તે ત્યાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી એક હજાર બકરીઓને રાખે, ત્યાં તેમને માટે પ્રચુર ગોચર અને પ્રચુર પાણી હોય. જો તે બકરીઓ ત્યાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે તો હે ગૌતમ ! તે અજાવ્રજનો કોઈ પણ પરમાણુ-પુદ્‌ગલ માત્ર પ્રદેશ એવો રહે કે જ્યાં તે બકરીઓના મળ-મૂત્ર, શ્લેષ્મ, નાકનો મેલ, વમન, પિત્ત, શુક્ર, લોહી, ચર્મ, રોમ, શ્રૃંગ, ખુર અને નખોથી અસ્પૃષ્ટ ન રહ્યો હોય ? ભગવન્ ! તે અર્થ સમર્થ નથી.*

*હે ગૌતમ ! કદાચ તે વાડામાં કોઈ એક પરમાણુ પુદ્‌ગલ માત્ર પ્રદેશ એવો રહી પણ શકે કે, જે તે બકરીના મલ-મૂત્ર યાવત્ નખોથી સ્પૃષ્ટ થયો ન હોય, પણ આટલા મોટા લોકમાં, લોકના શાશ્વતભાવની દૃષ્ટિથી, સંસારના*

*અનાદિ હોવાના કારણે, જીવના નિત્યભાવ, કર્મ બહુત્વ, જન્મ-મરણ બહુલ્યને આશ્રીને કોઈ પરમાણુ પુદ્‌ગલ માત્ર પણ પ્રદેશ નથી જ્યાં આ જીવના જન્મ કે મરણ ન થયા હોય, તેથી એમ કહ્યું.*

● **વિવેચન-૫૫૦ :-**

- x - x - अजाव्रज - બકરીનો વાડો. अयासहस्स - જો કે સો બકરી પ્રાયોગ્ય વાડામાં ઉત્કૃષ્ટથી હજાર બકરીનું પ્રક્ષેપણ કહ્યું, તે તેમના અતિ સંકીર્ણતામાં અવસ્થાન જણાવવાને માટે છે.

पउरगोयराओ૦ પ્રચુર ચારાની ભૂમિ અને પ્રચુર પાણી, આના દ્વારા તેમના પ્રચુર મૂત્ર-મળ સંભવ કહ્યો. ભુખ-તરસના વિરહ રહિત સારી રીતે રહેવાનું જણાવ્યું. नख - ખુરનો અગ્રભાગ, - x - x - x - કઈ રીતે આ બને ? તે કહે છે. લોકનો ક્ષય સંભવતો નથી, તેથી કહ્યું છે કે — લોકના શાશ્વત ભાવ આશ્રીને આ યોગ છે. શાશ્વતપણું છતાં લોકનું - સંસારનું સાદિત્વ ન થાય, તેથી તેનું અનાદિત્વ કહ્યું. વિવિધ જીવની અપેક્ષાથી સંસારનું અનાદિત્વ હોવા છતાં વિવક્ષિત જીવના અનિત્યત્વથી ઉક્ત અર્થ ન થાય, તેથી જીવનું નિત્યત્વ કહ્યું, જીવના નિત્યત્વ છતાં કર્મોનું અલ્પત્વ તથાવિધ સંસરણ અભાવથી ઉક્ત વસ્તુ ન થાય, તેથી કર્મનું બાહુલ્ય કહ્યું. કર્મના બાહુલ્ય છતાં પણ જન્માદિથી અલ્પત્વ ન કહેવાય, તેથી જન્માદિ બાહુલ્ય કહ્યું. - આ જ વસ્તુને બતાવે છે —

● **સૂત્ર-૫૫૧ :-**

*ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ગૌતમ ! સાત. જેમ પહેલા શતકમાં પાંચમાં ઉદ્દેશકમાં કહ્યું, તેમજ નરકાદિના આવાસો કહેવા. યાવત્ અનુત્તર વિમાન યાવત્ અપરાજિત, સર્વાર્થસિદ્ધમાં કહેવું.*

*ભગવન્ ! શું આ જીવ, આ રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીશ લાખ નરકાવાસોમાં પ્રત્યેક નરકવાસમાં પૃથ્વીકાયિકપણે યાવત્ વનસ્પતિકાયિકપણે, નરકપણે, નૈરયિકપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે. હા, ગૌતમ ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયેલ છે.*

*ભગવન્ ! આ જીવ શર્કરપ્રભા પૃથ્વીના પચ્ચીશ લાખ નરકાવાસોમાં૦ એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં કહ્યું તેમ આલાવા કહેવા. એ પ્રમાણે ધૂમપ્રભામાં સુધી કહેવું. - - ભગવન્ ! આ જીવ, તમા પૃથ્વીના પાંચ ન્યૂન એક લાખ નરકાવાસોમાં પ્રત્યેકમાં-પૂર્વવત્ છે. ભગવન્ ! આ જીવમાં અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તરમાં મોટા મહાન્ મહાનરકોમાં પ્રત્યેક નરકાવાસમાં૦ બાકીનું રત્નપ્રભા મુજબ છે.*

*ભગવન્ ! આ જીવ અસુરકુમારના ૬૪ લાખ આવાસમાં પ્રત્યેક અસુરકુમારાવાસમાં પૃથ્વીકાયિકપણે યાવત્ વનસ્પતિકાયિકપણે, દેવપણે, દેવીપણે, આસન-શયન-ભાંડ-માત્ર-ઉપકરણરૂપે પહેલાં ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર થયો છે. આ પ્રમાણે બધાં જીવોના વિષયમાં કહેવું યાવત્*



*સ્તનિકુમારોમાં. આવાસોમાં વૈવિધ્ય છે. આવાસો પૂર્વે કહેલા છે.*

*ભગવન્ ! આ જીવ અસંખ્યાત લાખ પૃથ્વીકાયિક આવાસોમાં પ્રત્યેક પૃથ્વીકાયિક આવાસોમાં પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિકમાં પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર, એ પ્રમાણે સર્વ જીવો પણ જાણવા. એ પ્રમાણે વનસ્પતિકાયપર્યન્ત કહેવું.*

*ભગવન્ ! આ જીવ અસંખ્યાત બેઈન્દ્રિય આવાસોમાં શું પ્રત્યેક બેઈન્દ્રિય આવાસમાં પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિકપણે, બેઈન્દ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર થયેલ છે, એ પ્રમાણે બધાં જીવો પણ જાણવા. એ પ્રમાણે મનુષ્યમાં સુધી કહેવું. વિશેષ આ કે — તેઈન્દ્રિયમાં યાવત્ વનસ્પતિકાયિકપણે, તેઈન્દ્રિયપણે, ચઉરિન્દ્રિયમાં ચઉરિન્દ્રિયપણે, પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં પંચેન્દ્રિય તિર્યંચ યોનિકપણે, મનુષ્યોમાં મનુષ્યપણાએ, બાકી જેમ બેઈન્દ્રિયમાં કહ્યું તેમ જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાનમાં અસુરકુમારમાં કહ્યું મુજબ જાણવું.*

*ભગવન્ ! આ જીવ સનત્કુમાર કલ્પના બાર લાખ વિમાન આવાસમાં પ્રત્યેક વૈમાનિક આવાસમાં પૃથ્વીકાયિકપણે૦ ઈત્યાદિ બધું અસુરકુમાર મુજબ કહેવું યાવત્ અનંતવાર, પણ દેવીપણે નહીં, એ પ્રમાણે સર્વે જીવોમાં જાણવું. એ પ્રમાણે યાવત્ આનત-પ્રાણત અને આરણ-અચ્યુતમાં પણ કહેવું.*

*ભગવન્ ! આ જીવ શું ૩૧૮ ગ્રૈવેયક વિમાનાવાસોમાં૦ ઈત્યાદિ પૂર્વવત્. - - ભગવન્ ! આ જીવ પાંચ અનુત્તર વિમાનોમાં પ્રત્યેક અનુત્તર વિમાનાવાસમાં પૃથ્વીકાયિકપણે૦ ઈત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ ત્યાં અનંતવાર દેવ કે દેવીરૂપે ઉત્પન્ન થયેલ નથી. એમ સર્વે જીવો પણ છે. - - ભગવન્ ! આ જીવ, શું બધાં જીવોના માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયેલ છે.*

*ભગવન્ ! સર્વે જીવો, આ જીવના માતારૂપે યાવત્ પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર.*

*ભગવન્ ! આ જીવ, સર્વે જીવોના શત્રુ, વૈરી, ઘાતકર્તા, વધકર્તા, પ્રત્યનીક, પ્રત્યામિત્રરૂપે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર. સર્વ જીવોને પણ આ પ્રમાણે જાણવું.*

*ભગવન્ ! આ જીવ શું સર્વ જીવોના રાજા, યુવરાજ, યાવત્ સાર્થવાહપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! અનેકવાર યાવત્ અનંતવાર. સર્વ જીવોમાં પણ એમ જ જાણવું. - - ભગવન્ ! આ જીવે સર્વે જીવોના દાસ, પ્રેષ્ય, ભૃતક, ભાગીદાર, ભોગપુરુષ, શિષ્ય, દ્વેષીરૂપે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! યાવત્ અનંતવાર, એ પ્રમાણે સર્વે જીવો પણ અનંતવાર જાણવા. ભગવન્ ! તે એમ જ છે - x -*

● **વિવેચન-૫૫૧ :-**

नरगत्ताए - નરકવાસ પૃથ્વીકાયિકપણે. असइं - અનેકવાર, अदुव - અથવા, अणंतखुत्तो - અનંતવાર, અસંખ્યાત પૃથ્વીકાયિકાવાસોમાં, આટલા જ સિદ્ધ થાય, જો લાખનું ગ્રહણ કરાય, તેથી તેમાં અતિબહુત્વને બતાવવા કહ્યું છે. વિશેષ આ કે — તેઈન્દ્રિયાદિ સૂત્રોમાં, બેઈન્દ્રિયસૂત્રથી તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય ઈત્યાદિ વડે જ વિશેષ છે.

नो चेव देवीत्ताए - ઈશાનાંત સુધી જ દેવ સ્થાનોમાં દેવી ઉપજે છે, સનત્કુમારમાં ઉત્પન્ન થતી નથી, તેથી દેવીનો નિષેધ કર્યો છે. नो चेव देवत्ताए देवीत्ताए० અનુત્તર વિમાનોમાં દેવો અનંતવાર ઉત્પન્ન થતાં નથી, દેવી સર્વથા ઉત્પન્ન થતી નથી, માટે આમ કહ્યું છે

अरित्ताए - સામાન્યથી શત્રુભાવથી, वेरियताए - વૈરિક, શત્રુભાવ અનુબંધ યુક્તતાથી, घायगत्ताए - મારકપણે, वहगत्ताए - વ્યધકપણે, તાડનારપણે. पडिणीयत्ताए - પ્રત્યનીકપમે, કાર્યોપઘાતકપણે, पच्चामित्तत्ताए - શત્રુના સહાયક રૂપે, दासत्ताए - ગૃહદાસીના પુત્રપણે, पेसत्ताए - પ્રેષ્યપણે, भयगत्ताए - ભૃતકપણે, દુષ્કાળાદિમાં પોષિતપણે, भाइल्लगत्ताए - ખેતી આદિ લાભના ભાગગ્રાહકત્વથી, भोगपुरिसत्ताए - બીજા વડે ઉપાર્જિત અર્થના ભોગીકારી નરપણે, सीसत्ताए - શિક્ષણીયપણે, वेसत्ताए - દ્વેષ્યપણે.

## ❀ શતક-૧૨, ઉદ્દેશ-૮-"નાગ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં જીવોની ઉત્પત્તિ વિચારી, આઠમામાં પણ તે બીજા ભંગથી વિચારાય છે, એ સંબંધે આવેલ આ ઉદ્દેશો છે.

● **સૂત્ર-૫૫૨ :-**

***તે કાળે, તે સમયે યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ ચ્યવીને અનંતર દ્વિશરીરી નાગોમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય. - - શું તે ત્યાં અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત, દિવ્ય, સત્ય, સત્યાવપાત, સંનિહિત પ્રાતિહારિક પણ થાય ? હા, થાય. - - ભગવન્ ! તે ત્યાંથી ઉદ્વર્ત પામીને અનંતરભવે સિદ્ધ, બુદ્ધ યાવત્ અંતકર થાય ? હા, યાવત્ થાય.***

***ભગવન્ ! મહર્દ્ધિક દેવ, એ રીતે યાવત્ દ્વિશરીરી મણીમાં ઉત્પન્ન થાય ? એ પ્રમાણે જેમ 'નાગ'માં કહ્યું તેમ જાણવું.***

***ભગવન્ ! મહર્દ્ધિક દેવ યાવત્ દ્વિશરીરી વૃક્ષોમાં ઉત્પન્ન થાય ? હા, થાય. એ પ્રમાણે જ કહેવું. વિશેષ એ કે - વિવિધતા યાવત્ સંનિહિત પ્રાતિહારીક હોય છે. લાઉલ્લોયિત પૂજિત થાય છે ? હા, થાય છે. બાકી પૂર્વવત્ યાવત્ અંત કરે.***



● **વિવેચન-૫૫૨ :-**

बिसरीरेसु - જેના બે શરીરો છે, તેમાં. જે નાગશરીરને તજીને મનુષ્યશરીર પામીને સિદ્ધ થાય. नाग - સર્પ કે હાથીમાં. तत्थ - નાગ જન્મમાં, જે ક્ષેત્રમાં જન્મે. अच्चिए आदि - અહીં અર્ચિત, અંદનાદિ વડે, સ્તુતિ વડે વંદિત, પુષ્પાદિ વડે પૂજિત, વસ્ત્રાદિથી સત્કારિત, પ્રતિપત્તિ વિશેષથી સન્માનિત, दिव्व - પ્રધાન, सच्च - સ્વપ્નાદિ પ્રકારે, તેના ઉપદેશના અવિતથપણાથી સત્ય. सच्चोवाए - સત્યાવપાત, ફળ સહિત. - x - सन्निहिय पाडिहेर - સન્નિહિત એટલે નીકટ, પ્રાતિહાર્ય એટલે પૂર્વ સંગતિકાદિ દેવતાકૃત્ પ્રતિહારકર્મ જેનું છે તે. मणीसु - પૃથ્વીકાયના વિકારોમાં, लाउल्लोइयमहित - લાઈય એટલે છાણ આદિ વડે ભૂમિકાનું સંમૃષ્ટિકરણ, उल्लोइय - ચુના વડે ભીંતોને શ્વેત કરવી. આ બંને વડે પૂજાયેલ છે, જે તે તથા, આ વિશેષણ વૃક્ષની પીઠ અપેક્ષાએ જાણવા. વિશિષ્ટ વૃક્ષો જ બદ્ધપીઠ હોય છે.

● **સૂત્ર-૫૫૩ :-**

***ભગવન્ ! જો વાનર વૃષભ, કુર્કુટવૃષભ, મંડુક્કવૃષભ, આ બધાં નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ, નિષ્પ્રત્યાખ્યાન પૌષધઉપવાસી કાળમાસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમ સ્થિતિક નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય ? શ્રમણ ભગવંત મહાવીર કહે છે — "ઉત્પન્ન થતો એવો ઉત્પન્ન થયો" એવું કહી શકાય.***

***ભગવન્ ! સીંહ, વાઘ યાવત્ પરાસર જેમ ઉત્સર્પિણી ઉદ્દેશકમાં કહ્યા છે. આ બધાં નિઃશીલ આદિ પૂર્વવત્ યાવત્ કહેવું.***

***ભગવન્ ! ઢંક, કંક, બિલક, મેંઢક, મોર આ બધાં નિઃશીલ૦ ઈત્યાદિ બધું પૂર્વવત્ યાવત્ કહેવું. ભગવન્ ! તે એમ જ છે - x -***

● **વિવેચન-૫૫૩ :-**

गोलाङ्गुल - વાંદરા મધ્યે મહાન્, તે જ विदग्भ - ચતુરબુદ્ધિ વાનર, वृषभ શબ્દ મહાન્ અર્થમાં છે, कुर्कुटवृषभ - મહાન્ કુકડો આદિ. निस्सील - સમાધાનરહિત, निव्वय - અણુવ્રતરહિત, निग्गुण - ગુણવ્રત કે ક્ષમાદિથી રહિત. "નૈરયિકપણે ઉપજે" એ પ્રશ્ન. તેના અસંભવ-આશંક માનસના પરિહાર માટે સૂત્રમાં समणे० ત્યાદિ કહ્યું. असंभव - તે આ, જે સમયમાં વાનર આદિ ન હતા, તે સમયમાં નારકોરૂપે ન હતા, તો તે નારકપણે કેમ ઉત્પન્ન થયા ? અહીં કહે છે — શ્રમણ ભગવંત મહાવીર, જમાલી આદિ નહીં, તેનો ઉત્તર આપે છે 'ઉત્પન્ન થતો તે ઉત્પન્ન' એમ કહેવું જોઈએ. કેમકે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ અભેદ છે. તેથી તે વાનર આદિ નારકપણે ઉત્પન્ન થવા ઈચ્છતા નારકો જ છે, એમ કહેવાય. - x -

## ❀ શતક-૧૨, ઉદ્દેશો-૯-"દેવ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૮-માં દેવની નાગાદિમાં ઉત્પત્તિ કહી, નવમામાં 'દેવ'ની જ પ્રરૂપણા કરે છે. એ સંબંધે આવેલ આદિ સૂત્ર—

● સૂત્ર-૫૫૪ થી ૫૫૯ :-

*[૫૫૪] ભગવન્ ! દેવો કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે – ભવ્યદ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ અને ભાવદેવ.*

*ભગવન્ ! ભવ્યદ્રવ્ય દેવોને 'ભવ્યદ્રવ્યદેવ' કેમ કહે છે ? ગૌતમ ! જે પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે (ભાવિ દેવપણાથી) હે ગૌતમ ! ભવ્યદ્રવ્યદેવ, કહેવાય છે.*

*ભગવન્ ! નરદેવ ને નરદેવ એમ કેમ કહે છે ? ગૌતમ ! જે આ ચાતુરંત ચક્રવર્તીને સમસ્ત રત્નોમાં પ્રધાન ઉત્તમ ચક્રરત્ન ઉત્પન્ન થયું છે, નવનિધિપતિ છે, સમૃદ્ધ કોષ છે, બત્રીશ હજાર ઉત્તમ રાજા જેના માર્ગને અનુસરે છે, ઉત્તમ સાગરરૂપ મેખલા પર્યન્ત પૃથ્વીના અધિપતિ છે, મનુષ્યોમાં ઈન્દ્ર છે, તેથી તેમને યાવત્ નરદેવ કહેવામાં આવે છે.*

*ભગવન્ ! ધર્મદેવને ધર્મદેવ કેમ કહે છે ? ગૌતમ ! જે આ અણગાર ભગવંત ઇર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી છે, તેથી તેઓને યાવત્ 'ધર્મદેવ' એમ કહેવામાં આવે છે.*

*ભગવન્ ! દેવાધિદેવને દેવાધિદેવ કેમ કહે છે ? ગૌતમ ! જે આ ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર અરિહંત ભગવંત યાવત્ સર્વદર્શી છે, તેથી તે દેવાધિદેવ કહેવાય છે.*

*ભગવન્ ! ભાવદેવને ભાવદેવ કેમ કહે છે ? ગૌતમ ! જે આ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો, દેવગતિનામ ગોત્રાદિ કર્મોને વેદે છે, તે કારણે તેઓ ભાવદેવ કહેવાય છે.*

*[૫૫૫] ભગવન્ ! ભવ્ય દ્રવ્ય દેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નૈરયિકથી-તિર્યંચથી-મનુષ્યથી-દેવમાંથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિક-તિર્યંચ-મનુષ્ય-દેવમાંથી આવીને ઉપજે છે, 'વ્યુત્ક્રાંતિ' પદાનુસાર બધાંનો ઉપપાત યાવત્ અનુત્તરોપપાતિક કહેવો. વિશેષ આ કે – અસંખ્યાત વર્ષાયુષ્ક અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ, સર્વાર્થસિદ્ધના જીવોને છોડીને યાવત્ અપરાજિત દેવમાંથી આવીને ઉપજે છે, સર્વાર્થ સિદ્ધના દેવોમાંથી આવીને ઉપજતા નથી.*

*ભગવન્ ! નરદેવ, ક્યાંથી આવીને ઉપજે છે ? શું નૈરયિકથી, ઇત્યાદિ પૃચ્છા. ગૌતમ ! નૈરયિકથી આવીને પણ ઉપજે, દેવમાંથી આવીને પણ ઉપજે. પરંતુ તિર્યંચ કે મનુષ્યમાંથી આવીને ઉપજતા નથી. - - જો નૈરયિકમાંથી આવીને ઉપજે તો શું રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાંથી આવીને ઉપજ કે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકમાંથી આવીને ઉપજે ? ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાંથી આવીને ઉપજે, પણ શર્કરાપ્રભાથી અધઃસપ્તમી પૃથ્વીથી આવીને ન ઉપજે. - - જો દેવમાંથી આવીને ઉપજે તો શું ભવનપતિ દેવમાંથી આવીને ઉપજે કે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવમાંથી આવીને ઉપજે ? ગૌતમ ! ભવનપતિ દેવમાંથી આવીને ઉપજે, એ પ્રમાણે બધાં દેવોમાંથી ઉત્પાદ વ્યુત્ક્રાંતિભેદથી સર્વાર્થસિદ્ધ પર્યન્ત કહેવું.*



*ભગવન્ ! ધર્મદેવ, ક્યાંથી આવીને ઉપજે ? નૈરયિકમાંથી ઈત્યાદિ, વ્યુત્ક્રાંતિ ભેદથી બધાંનો ઉપપાત યાવત્ સર્વાર્થસિદ્ધ સુધી કહેવો, વિશેષ આ - [તેઉ, વાયુ] તમા, અધઃસપ્તમીમાંથી ન ઉપજે. અસંખ્યાત વર્ષાયુષ્ક અકર્મભૂમિજ, અંતર્દ્વીપજમાંથી ન ઉપજે.*

*ભગવન્! દેવાધિદેવ ક્યાંથી આવીને ઉપજે? નૈરયિકથી આવીને ઉપજે? પૃચ્છા. ગૌતમ! નૈરયિકથી અને દેવથી આવીને ઉપજે, પણ તિર્યંચ કે મનુષ્યમાંથી આવીને ન ઉપજે. - - જો નૈરયિકથી ઉપજે તો પહેલી ત્રણ નરક પૃથ્વીમાંથી આવીને ઉપજે, પછીની ચારનો નિષેધ કરવો. જો દેવમાંથી આવે તો વૈમાનિક સર્વેમાંથી આવીને ઉપજે યાવત્ સર્વાર્થસિદ્ધ. બાકીના દેવલોક છોડી દેવા.*

*ભગવન્ ! ભાવદેવ ક્યાંથી આવીને ઉપજે છે ? એ પ્રમાણે જેમ વ્યુત્ક્રાંતિપદમાં ભવનવાસીનો ઉપપાત કહ્યો, તેમ કહેવું.*

*[૫૫૬] ભગવન્ ! ભવ્ય દ્રવ્ય દેવોની કેટલી કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. - - નરદેવ વિશે પૃચ્છા-જઘન્યથી ૭૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૮૪ લાખ પૂર્વ. - - ભગવન્ ! ધર્મદેવ વિશે પૃચ્છા-ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી. - - દેવાધિદેવ વિશે પૃચ્છા - જઘન્યથી ૭૨ વર્ષ, ઉત્કૃષ્ટ ૮૪ લાખ. - - ભાવદેવ વિશે પૃચ્છા - ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ.*

*[૫૫૭] ભગવન્ ! ભવ્યદ્રવ્ય દેવ, શું એક રૂપ વિકુર્વવા સમર્થ છે કે અનેકરૂપ વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! એક પણ વિકુર્વે અને અનેક પણ વિકૂર્વે, જો એક રૂપ વિકુર્વે તો તો એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય રૂપને અને પૃથક્ વિકુર્વણા કરતા એકેન્દ્રિયરૂપોને યાવત્ પંચેન્દ્રિયના રૂપોને વિકુર્વે છે. તે રૂપ સંખ્યાત કે અસંખ્યાત, સંબદ્ધ કે અસંબદ્ધ, સદેશ કે અસદેશ વિકુર્વે છે, વિકુર્વીને ત્યારપછી પોતાનું યથેચ્છ કાર્ય કરે. એ પ્રમાણે નરદેવ અને ધર્મદેવો પણ જાણવા. - - દેવાધિદેવ વિશે પૃચ્છા-ગૌતમ ! એકત્વ કે પૃથક્ત્વ રૂપો વિકુર્વવા સમર્થ છે, પણ સંપ્રાપ્તિથી કદાપી વિકુર્વ્યા નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં. - - ભાવદેવ વિશે પૃચ્છા. - જેમ ભવ્યદ્રવ્યદેવો માફક કહેવા.*

*[૫૫૮] ભગવન્ ! ભવ્ય દ્રવ્ય દેવો મરીને અનંતર ક્યા જાય છે ?, ક્યાં ઉપજે છે ? શું નૈરયિકમાં ઉપજે કે યાવત્ દેવોમાં ઉપજે ? ગૌતમ ! નૈરયિક, મનુષ્ય કે તિર્યંચમાં ન ઉપજે, પણ દેવમાં ઉપજે. જો તે દેવમાં ઉપજે, તો બધાં*

*દેવોમાં ઉપજે - યાવત્ - સર્વાર્થ સિદ્ધમાં કહેવું.*

*ભગવન્ ! નરદેવો મરીને અનંતર કયા ઉપજે ? પૃચ્છા, ગૌતમ ! નૈરયિકમાં ઉપજે, તિર્યંચ કે મનુષ્ય કે દેવમાં ન ઉપજે. સાતે પૃથ્વીમાં ઉપજે. - - ભગવન્ ! ધર્મદેવો મરીને અનંતર ક્યાં ઉપજે ? - પૃચ્છા. ગૌતમ ! નરક, તિર્યંચ કે મનુષ્યમાં ન ઉપજે. પણ દેવમાં ઉપજે જો દેવમાં ઉપજે તો શું ભવનવાસીમાં ઉપજે-પૃચ્છા, ગૌતમ ! ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કમાં ન ઉપજે, પરંતુ વૈમાનિક દેવોમાં ઉપજે. બધાં વૈમાનિકમાં ઉપજે યાવત્ સર્વાર્થ સિદ્ધ અનુત્તરોપપાતિકમાં યાવત્ ઉપજે છે. કોઈક સિદ્ધ થઈને યાવત્ સર્વે દુઃખનો અંત કરે છે.*

*દેવાધિદેવ ઉદ્ધર્તન પામીને અનંતર ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? ગૌતમ ! સિદ્ધ થાય છે, યાવત્ સર્વે દુઃખનો અંત કરે છે.*

*ભગવન્ ! ભાવ દેવો ચ્યવીને અનંતર ક્યાં ઉપજે-પૃચ્છા. જેમ વ્યુત્ક્રાંતિક પદમાં અસુરકુમારોની ઉદ્વર્તના કહી તેમ કહેવું.*

*ભગવન્ ! ભવ્ય દ્રવ્યદેવ કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, એ પ્રમાણે જેની જે સ્થિતિ કહી છે, તે પ્રમાણે સંસ્થિતિ પણ યાવત્ ભાવદેવ સુધી કહેવી. વિશેષ આ કે — ધર્મદેવની જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી દેશન્યૂન પૂર્વ કોટી.*

*ભગવન્ ! ભવ્યદ્રવ્યદેવનું કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અનંતકાળ, વનસ્પતિકાળ. - - નરદેવની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી સાતિરેગ સાગરોપમ ઉત્કૃષ્ટથી અનંતકાળ-દેશોન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત. - - ધર્મદેવની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી અનંતકાળ યાવત્ દેશોન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત - - દેવાધિદેવ વિશે પૃચ્છા. ગૌતમ ! અંતર નથી. - - ભાવદેવની પૃચ્છા, ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ-વનસ્પતિકાળ.*

*ભગવન્ ! આ ભવ્યદ્રવ્યદેવ, નરદેવ યાવત્ ભાવદેવમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં નરદેવ છે, દેવાધિદેવ તેનાથી સંખ્યાતગુણ, તેનાથી ધર્મદેવ સંખ્યાતગુણ, ભવ્યદ્રવ્યદેવ અસંખ્યાતગુણ, તેનાથી ભાવદેવ અસંખ્યાતગુણ છે.*

*[૫૫૯] ભગવન્ ! આ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, સૌધર્મક યાવત્ અચ્યુતક, ગ્રૈવેયક, અનુત્તરોપપાતિક ભાવ દેવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા, અનુત્તરોપપાતિક ભાવદેવ છે, ઉપરના ગ્રૈવેયકના ભાવ દેવો સંખ્યાતગુણા છે, મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા, નીચલી ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા, તેનાથી અચ્યુતકલ્પના દેવો સંખ્યાતગુણા યાવત્ આનતકલ્પના દેવો સંખ્યાતગુણા એ પ્રમાણે જેમ જીવાભિગમમાં ત્રણ પ્રકારે દેવપુરુષોનું અલ્પબહુત્વ કહ્યું છે - તે જ પ્રમાણે અહીં પણ કહેવું યાવત્*





*જ્યોતિષ્ક ભાવદેવો અસંખ્યાતગુણા છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૫૫૪ થી ૫૫૯ :-**

दीव्यन्ति - ક્રીડા કરે છે કે દીપે છે - સ્તવાય છે, કે આરાધ્યતાથી દેવો ભવ્ય દ્રવ્ય દેવ - દ્રવ્યરૂપ દેવ તે દ્રવ્ય દેવ કહેવાય છે. દ્રવ્યતા અપ્રાધાન્ય ભૂત-ભાવિત્વથી કે ભાવિ ભાવથી છે. તેમાં અપ્રાધાન્યથી દેવ ગુણ શૂન્ય દેવો તે દ્રવ્ય દેવ, જેમ સાધુનો આભાસ તે દ્રવ્ય સાધુ છે ભૂતભાવપક્ષમાં ભૂતકાળના દેવત્વ પર્યાયના પ્રતિપન્ન કારણથી ભાવદેવત્વથી ચ્યુત પણ દ્રવ્ય દેવ છે. ભાવિ ભાવ પક્ષે ભાવિ દેવત્વ પર્યાયને યોગ્ય દેવપણે ઉત્પન્ન થનાર તે દ્રવ્ય દેવ. તેમાં ભાવિ ભાવ પક્ષ પરિગ્રહાર્થે કહે છે — ભવ્ય એવા તે દ્રવ્યદેવ તે ભવ્ય દ્રવ્ય દેવ.

નરોની મધ્યે દેવ તે નરદેવ, આરાધ્ય કે ક્રીડા કાંત્યાદિ યુક્ત. ધર્મદેવ, શ્રુતાદિ ધર્મથી દેવ કે ધર્મપ્રધાન દેવ. દેવાધિદેવ - શેષ દેવોને અતિક્રાંત, પારમાર્થિક દેવત્વ યોગથી દેવ. - x - ભાવદેવ - દેવગત્યાદિ કર્મોદય જનિત પર્યાયથી દેવ.

જે ભવ્ય - પંચેન્દ્રિય તિર્યંચયોનિક કે મનુષ્ય દેવોમાં ઉત્પન્ન થનાર હોય તે ભાવિદેવ. તે કારણે તેમને ભવ્યદ્રવ્ય દેવ કહ્યા છે. - - ભરતાદિ પૃથ્વીના ચાર અંતોના સ્વામી, તે ચાતુરંત. ચક્ર વડે વર્તનશીલત્વ થકી ચક્રવર્તી, ચતુરંત કહેવાથી વાસુદેવ ગ્રહણ ન કર્યા - x - સમસ્ત રત્નમાં પ્રધાન ચક્ર જેને ઉત્પન્ન થયું છે તે. સાગરની જેમ મેખલા જેની છે તે સાગરવર મેખલા-પૃથ્વી, તેના અધિપતિ. તે કારણથી તેને નરદેવ કહ્યા.

જે આ અણગાર ભગવંત, ઇર્યાસમિતાદિ છે. તેથી તેને ધર્મદેવ કહે છે - - જે આ અરહંત ભગવંત છે, તે ઉત્પન્ન જ્ઞાનદર્શનધર ઈત્યાદિ હોવાથી દેવાધિદેવ છે. - - જે આ ભવનપતિ છે, તે દેવગતિ નામ ગોત્રકર્મને વેદે છે, તે કારણે ભાવદેવ કહેવાય. હવે તેમનો ઉત્પાદ કહે છે - भवियदव्वदेवाणं भंते ! - ઈત્યાદિ - x - ‘વ્યુત્ક્રાંતિ’ એ પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ છે, વિશેષ આ - અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિ જ પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યો, તેવા જ અકર્મભૂમિજ આદિથી ઉત્પન્ન ભવ્ય દ્રવ્યદેવ ન થાય. ભાવ દેવોમાં જ તેનો ઉત્પાદ છે, સર્વાર્થસિદ્ધિક દેવો, ભવ્ય દ્રવ્ય સિદ્ધ જ થાય છે. તેથી તેના સિવાયના બધાં ભવ્ય દ્રવ્ય દેવપણે ઉત્પન્ન થાય.

ધર્મદેવ સૂત્રમાં - છઠ્ઠી પૃથ્વીથી ઉદ્વર્તેલને ચારિત્ર નથી, તથા અધાસપ્તમી, તેઉ, વાયુ, અધઃસપ્તમી, અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ-અકર્મભૂમિજ - અંતર્દ્વીપજથી ઉદ્વૃત્ત મનુષત્વના અભાવથી ચારિત્ર નથી. તેથી તેને ધર્મદેવત્વ નથી.

દેવાધિદેવ સૂત્રમાં પહેલી ત્રણ પૃથ્વીથી ઉદ્વર્તીને દેવાધિદેવમાં ઉપજી શકે. પછીના ચારનો નિષેધ છે. તેમાંથી આવેલને દેવાધિદેવત્વનો અભાવ હોય છે. - - ભાવદેવ૦ - અહીં બહુતર સ્થાનથી ઉદ્વૃત્ત ભવનવાસીપણે ઉત્પન્ન થાય છે. અસંજ્ઞીનો પણ તેમાં ઉત્પાદ છે - x -

હવે તેઓની સ્થિતિને પ્રરૂપે છે - પંચેન્દ્રિય તિર્યંચનો દેવમાં ઉત્પાદથી ભવ્ય દ્રવ્ય દેવની જઘન્ય અંતર્મુહૂર્ત્ત સ્થિતિ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ છે. કેમકે ઉત્તર કુરુ આદિ મનુષ્યોનો દેવોમાં ઉપપાત થવાથી તેઓ ભવ્ય દ્રવ્ય દેવ છે. તેઓની ઉત્કર્ષથી યથોક્ત સ્થિતિ છે.

નરદેવમાં સાતસો વર્ષ - જેમકે બ્રહ્મદત્ત ચક્રવર્તીની અને ૮૪ લાખ પૂર્વ-જેમકે ભરત ચક્રવર્તીની છે. - - ધર્મદેવ - જેઓ અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહેતા ચારિત્ર લે, તેની અપેક્ષાએ છે. જેઓ દેશોન પૂર્વકોટી આયુથી ચારિત્ર લે, તેમની અપેક્ષાએ આ સ્થિતિ છે. તેમાં આઠ વર્ષની ન્યૂનના જાણવી. કેમકે પ્રવ્રજ્યા માટે આઠ વર્ષને યોગ્ય ગણેલ છે. જે છ વર્ષના અતિમુક્ત કે ત્રણ વર્ષના વજ્રસ્વામીની દીક્ષા છે, તે કોઈક વખત જ હોવાથી લખી નથી.

દેવાધિદેવોમાં ભગવંત મહાવીરની જેમ જઘન્ય-૭૨-વર્ષ, ઉત્કૃષ્ટથી ૮૪-લાખ પૂર્વ, ઋષભસ્વામી વત્. - - ભાવ દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, જેમકે વ્યંતરોની. ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ, જેમ સર્વાર્થ સિદ્ધની.

તેઓની વિકુર્વણા કહે છે — મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયમાં વૈક્રિયલબ્ધિસંપન્ન ભવ્ય દ્રવ્ય દેવો એક રૂપ કે વિવિધરૂપ વિકુર્વવાને સમર્થ છે. દેવાધિદેવને સર્વથા ઉત્સકુતા વર્જિત હોવાથી શક્તિ સદ્ભાવ છતાં વિકુર્વતા નથી. संपत्तीए - વૈક્રિયરૂપ સંપાદનથી, વિકુર્વણા શક્તિ હોય છે. તે માત્ર લબ્ધિ છે. - - હવે આ દેવોની ઉદ્વર્તના પ્રરૂપવા કહે છે —

ભવ્ય દ્રવ્ય દેવોની ભાવિ દેવભવ સ્વભાવત્વથી નારકાદિ ત્રણ ભવનો નિષેધ છે. - - નરદેવ સૂત્રમાં, કામભોગોનો ત્યાગ ન કરનાર નૈરયિકમાં ઉત્પન્ન થાય, બાકીના ત્રણમાં ~~ન થાય, તેમાં જો કે કોઈ~~ x ~~ચક્રવર્તી દેવોમાં ઉત્પન્ન~~ થાય છે, તે નરદેવત્વ ત્યાગી ધર્મદેવત્વ પામીને થાય છે, તેમાં દોષ નથી. - x - અસુરકુમારોની ઉદ્વર્તના માફક કહેવું.

હવે તેઓનો અનુબંધ કહે છે — भवियदव्वदेवेणं આદિ. - x - x - ભવ સ્થિતિ પૂર્વે વર્ણવી છે, તે જ સંસ્થિતિ અર્થાત્ તેના પર્યાયનો અનુબંધ. - - ધર્મદેવની જઘન્ય એક સમય સ્થિતિ, અશુભ ભાવમાં જઈને, તેનાથી નિવૃત્ત થઈને શુભ ભાવ પામીને એક સમય પછી મરણ થવાથી કહી. - - હવતે આ બધાંના અંતરની પ્રરૂપણા કરે છે —

ભવ્ય દ્રવ્યદેવનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ છે. કઈ રીતે ? ભવ્ય દ્રવ્યદેવ થઈને ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા વ્યંતરાદિમાં જન્મીને, ત્યાંથી ચ્યવીને શુભ પૃથ્વી આદિમાં જઈને અંતર્મુહૂર્ત્ત રહીને ફરી ભવ્ય દ્રવ્ય દેવ રૂપે જન્મે. એ રીતે છે - x - અહીં કોઈ કહે છે — દેવત્વથી ચ્યવીને અનંતર જ ભવ્ય દ્રવ્યદેવપણે ઉત્પત્તિના સંભવથી ૧૦,૦૦૦ વર્ષ જઘન્યથી તેનું અંતર થાય. તેથી તેનું અંતર્મુહૂર્ત્ત અધિક અંતર કેમ કહ્યું ? તો કહે છે કે — સર્વ જઘન્યાયુ દેવથી ચ્યવીને



શુભ પૃથ્વી આદિમાં ઉત્પન્ન થઈ, ભવ્ય દ્રવ્ય દેવમાં ઉપજે છે, એમ ટીકાકારનો મત જાણવો. તેથી યથોક્ત અંતર થાય. વળી બીજા કહે છે — અહીં બધ્ધાયુ ભવ્ય દ્રવ્યદેવ જ અભિપ્રેત છે, તેથી જઘન્ય સ્થિતિક દેવત્વથી ચ્યવીને અંતર્મુહૂર્ત્ત સ્થિતિક ભવ્ય દ્રવ્યદેવત્વથી ઉત્પન્નનું અંતર્મુહૂર્ત્તની ઉપર દેવાયુ બાંધવાથી યથોક્ત અંતર થાય. અથવા ભવ્ય દ્રવ્યદેવના જન્મ અને મરણના અંતરને ગ્રહણ કરવાથી યથોક્ત અંતર થાય છે.

નરદેવોનું જઘન્યથી સાતિરેક સાગરોપમ કઈ રીતે થાય ? અપરિત્યક્ત સંગ એવો ચક્રવર્તી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થાય, તેનું યથાસ્વં ઉત્કૃષ્ટ સ્થિતિ થાય, તે પછી નરદેવ મરીને પહેલી પૃથ્વીમાં ઉત્પન્ન થઈ, ત્યાં ઉત્કૃષ્ટા સ્થિતિ સાગરોપમ પ્રમાણ આયુ અનુભવીને નરદેવ થાય. એ રીતે સાગરોપમ થયું, સાતિરેકપણું તે નરદેવના ભવમાં ચક્રરત્ન ઉત્પત્તિથી અર્વાચીન કાળ વડે જાણવી. ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત કઈ રીતે થાય ? ચક્રવર્તીત્વ જ સમ્યગ્દૃષ્ટિથી નિર્વર્તે, તેનું દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્ત સંસાર હોય છે, તેના અંત્યભવમાં, કોઈને નરદેવત્વ પ્રાપ્ત થાય, એ રીતે જાણવું.

ધર્મદેવનું જઘન્યથી પલ્યોપમ પૃથક્ત્વ કઈ રીતે થાય ? કોઈ ચારિત્રવાન્ કોઈ સૌધર્મમાં પલ્યોપમ પૃથક્ત્વ આયુમાં જન્મીને ત્યાંથી ચ્યવીને ધર્મદેવત્વ પામે, એ રીતે થાય. મનુષ્યપણામાં ઉપજી ચારિત્ર વિના રહે તે અધિકકાળ થાય. તેથી પલ્યોપમ પૃથકત્વ.

ભાવદેવનું જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કઈ રીતે ? ભાવદેવ ચ્યવીને અંતર્મુહૂર્ત્ત બીજે રહીને ફરી ભાવદેવ થાય એ રીતે તેનું જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અંતર જાણવું.

હવે આમનું અલ્પબહુત્વ કહે છે — સર્વથી થોડાં નરદેવ છે ભરત, ઐરાવતમાં પ્રત્યેકમાં બાર જ ચક્રવર્તી ઉત્પન્ન થાય, વિજયોમાં વાસુદેવના સંભવથી, બધામાં એક સાથે ઉત્પત્તિ ન થાય. દેવાધિદેવ તેનાથી સંખ્યાતગણા. ભરતાદિમાં પ્રત્યેકમાં તેઓનું ચક્રવર્તીથી બમણાપણે ઉત્પત્તિ છે, વિજયોમાં વાસુદેવ હોય તો પણ તેમની ઉત્પત્તિ છે.

ધર્મદેવ સંખ્યાતગણા. સાધુની એક સાથે કોટી સહસ્ર પૃથકત્વ સદ્ભાવથી કહ્યું. - - ભવ્ય દ્રવ્યદેવ અસંખ્યગણા છે. દેશવિરત આદિના દેવગતિગામીપણાથી અસંખ્યાતત્વથી આમ કહ્યું - - ભાવદેવ અસંખ્યાતગણા - સ્વરૂપથી જ તેમનું બહુત્વ હોવાથી કહ્યા.

હવે ભાવદેવ વિશેષોના ભવનપતિ આદિના અલ્પબહુત્વને જણાવતાં કહે છે — જેમ જીવાભિગમમાં ત્રિવિધ૦ ઇત્યાદિ. અહીં ત્રિવિધ જીવ અધિકાર એ અર્થ છે. દેવપુરુષોનું અલ્પ બહુત્વ કહ્યું, તે અહીં પણ કહેવું. તે આ પ્રમાણે - સહસ્રાર કલ્પમાં દેવો અસંખ્યાતગણા, મહાશુક્ર કલ્પમાં અસંખ્યાતગણા, લાંતકમાં અસંખ્યાતગણા, બ્રહ્મલોક કલ્પમાં અસંખ્યાતગણા, માહેન્દ્રમાં અસંખ્યાતગણા, સનત્કુમારમાં

અસંખ્યાતગણા, ઈશાન કલ્પમાં અસંખ્યાતગણા, સૌધર્મ કલ્પમાં સંખ્યાતગણા, ભવનવાસી દેવો અસંખ્યાતગણા, વ્યંતર દેવો અસંખ્યાતગણા છે.

## ❁ શતક-૧૨, ઉદ્દેશો-૧૦-"આત્મા" ❁

-- x -- x -- x -- x -- x -- x --

ઉદ્દેશા-૯-માં દેવો કહ્યા. તે આત્માઓ છે, તેથી આત્માના સ્વરૂપને ભેદથી નિરૂપવા માટે દશમો ઉદ્દેશો કહે છે —

● **સૂત્ર-૫૬૦,૫૬૧ :-**

*[૫૬૦] ભગવન્ ! આત્મા કેટલા ભેદે છે ? ગૌતમ ! આઠ ભેદે છે. તે આ — દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા.*

*ભગવન્ ! જેને દ્રવ્યાત્મા છે, તેને કષાયાત્મા છે, જેને કષાયાત્મા છે, તેને દ્રવ્યાત્મા છે ? ગૌતમ ! જેને દ્રવ્યાત્મા છે, તેને કષાયાત્મા કદાચ હોય, કદાચ ન હોય. જેને કષાયાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા છે.*

*ભગવન્ ! જેને દ્રવ્યાત્મા છે, તેને યોગાત્મા છે ? એ રીતે જેમ દ્રવ્યાત્મા, કષાયાત્મામાં કહ્યું, તેમ દ્રવ્યાત્મા, યોગાત્મા કહેવા.*

*ભગવન્ ! જેને દ્રવ્યાત્મા છે, તેને ઉપયોગાત્મા છે ? એ રીતે સર્વત્ર પૃચ્છા કહેવી. ગૌતમ ! જેને દ્રવ્યાત્મા છે, તેને ઉપયોગાત્મા નિયમા છે, જેને ઉપયોગાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા છે. - - જેને દ્રવ્યાત્મા છે, તેને જ્ઞાનાત્માની ભજના, જેને જ્ઞાનાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા છે, - - જેને દ્રવ્યાત્મા છે, તેને દર્શનાત્મા નિયમા હોય, જેને દર્શનાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા હોય છે. - - જેને દ્રવ્યાત્મા છે, તેને ચારિત્રાત્માની ભજના, જેને ચારિત્રાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા હોય. એ રીતે વીર્યાત્મા સાથે એ પ્રમાણે જ કહેવું.*

*ભગવન્ ! જેને કષાયાત્મા છે, તેને યોગાત્માની પૃચ્છા. ગૌતમ ! જેને કષાયાત્મા છે, તેને યોગાત્મા નિયમા છે, જેને યોગાત્મા છે તેને કષાયાત્મા કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણે ઉપયોગાત્મા સાથે કષાયાત્માને જાણવો. - - કષાયાત્મા અને જ્ઞાનાત્માનો પરસ્પર સંબંધ ભજનાએ કહેવો. - - જેમ કષાયાત્મા અને ઉપયોગાત્માનો સંબંધ કહ્યો, તે રીતે કષાયાત્મા અને દર્શનાત્માનો સંબંધ કહેવો. કષાયાત્મા અને ચારિત્રાત્મા બંને પરસ્પર ભજનાએ કહેવા. - - જેમ કષાયાત્મા અને યોગાત્માનો સંબંધ કહ્યો. તેમ કષાયાત્મા અને વીર્યાત્માનો સંબંધ કહેવો. - - એ પ્રમાણે જેમ કષાયાત્માની વક્તવ્યતા કહી તેમ ઉપરના સાથે તેનો સંબંધ કહેવો.*

*જે પ્રમાણે દ્રવ્યાત્માની વક્તવ્યતા કહી, તે પ્રમાણે ઉપયોગાત્માની વક્તવ્યતા પણ આગળના ચાર આત્મા સાથે કહેવી.*



*જેને જ્ઞાનાત્મા હોય, તેને દર્શનાત્મા નિયમા હોય છે, જેને દર્શનાત્મા હોય તેને જ્ઞાનાત્માની ભજના છે. - - જેને જ્ઞાનાત્મા છે, તેને ચારિત્રાત્મા કદાચ હોય, કદાચ ન હોય. પણ જેને ચારિત્રાત્મા હોય તેને જ્ઞાનાત્મા નિયમા હોય છે. - - જ્ઞાનાત્મા, વીર્યાત્મા બંને પરસ્પર ભજનાથી હોય છે.*

*જેને દર્શનાત્મા છે, તેને ઉપરના બંને ભજનાએ હોય છે. પણ જેને તે બંને હોય તેને દર્શનાત્મા નિયમથી હોય.*

*જેને ચારિત્રાત્મા છે, તેને વીર્યાત્મા નિયમથી હોય, જેને વીર્યાત્મા હોય, તેને ચારિત્રાત્મા કદાચ હોય, કદાચ ન હોય.*

*ભગવન્! આ દ્રવ્યાત્મા, કષાયાત્મા યાવત્ વીર્યાત્મામાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા ચારિત્રાત્મા છે, જ્ઞાનાત્મા તેનાથી અનંતગુણા છે, કષાયાત્મા અનંતગુણ, યોગાત્મા વિશેષાધિક છે, વીર્યાત્મા પણ વિશેષાધિક છે. ઉપયોગ-દ્રવ્ય-દર્શનાત્મા ત્રણે તુલ્ય છે અને વિશેષાધિક છે.*

*[૫૬૧] ભગવન્ ! આત્મા જ્ઞાનરૂપ છે કે અજ્ઞાનરૂપ છે ? ગૌતમ ! આત્મા કદાચિત્ જ્ઞાનરૂપ, કદાચિત્ અજ્ઞાનરૂપ છે, જ્ઞાન તો નિયમથી આત્મરૂપ જ છે.*

*ભગવન્ ! નૈરયિકોની આત્મા જ્ઞાનરૂપ છે કે અજ્ઞાનરૂપ ? ગૌતમ ! નૈરયિકોની આત્મા કથંચિત્ જ્ઞાનરૂપ, કથંચિત્ અજ્ઞાનરૂપ છે. પણ તેમનું જ્ઞાન નિયમથી આત્મરૂપ છે. એ પ્રમાણે સ્તનીતકુમાર પર્યન્ત જાણવું.*

*પૃથ્વીકાયિકનો આત્મા નિયમથી અજ્ઞાનરૂપ છે, અજ્ઞાન પણ નિયમા જ્ઞાનરૂપ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું.*

*બે-ત્રણ ઈન્દ્રિયથી વૈમાનિક સુધી નૈરયિકવત્ કહેવું.*

*ભગવન્ ! આત્મા દર્શનરૂપ છે કે દર્શનથી ભિન્ન છે ? ગૌતમ ! આત્મા નિયમા દર્શનરૂપ છે, દર્શન પણ નિયમા આત્મારૂપ છે.*

*ભગવન્ ! નૈરયિકોની આત્મા દર્શનરૂપ છે કે દર્શનથી ભિન્ન છે ? ગૌતમ ! નૈરયિક જીવોની આત્મા નિયમથી દર્શનરૂપ છે, તેમનું દર્શન પણ નિયમા આત્મરૂપ છે. - - આ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી ચોવીશે દંડકમાં જાણવું.*

● **વિવેચન-૫૬૦,૫૬૧ :-**

આય-અતતિ - જુદા જુદા સ્વ-પર પર્યાયોમાં સતત જાય છે તેને આત્મા કહે છે અથવા અત્ ધાતુ ગમનાર્થત્વથી જ્ઞાનાર્થત્વથી સંતત જાય છે. આ આત્મા ઉપયોગલક્ષણત્વથી છે. આ ઉપયોગ લક્ષણપણાથી સામાન્યથી એકવિધત્વથી ઉપાધિ ભેદથી આઠ ભેદ છે.

તેમાં દ્રવ્યાત્મા - દ્રવ્ય એટલે ત્રિકાલાનુગામી ઉપસર્જની કૃત કષાયાદિ પર્યાય, તે રૂપ આત્મા તે દ્રવ્યાત્મા બધાં જીવોનો છે.

કસાયાત્મા - ક્રોધાદિ કષાય વિશિષ્ટ આત્મા, અનુપશાંત કષાયોનું અક્ષીણપણું

છે. - - યોગાત્મા - મન વગેરે વ્યાપારથી પ્રધાન આત્મા, યોગવાળાને જ યોગાત્મા કહે છે - - ઉપયોગાત્મા - ઉપયોગ સાકાર અને અનાકાર બે ભેદથી છે, તત્પ્રધાન આત્મા, તે સિદ્ધ, સંસારી સ્વરૂપ સર્વે જીવોને હોય છે અથવા વિવક્ષિત વસ્તુના ઉપયોગની અપેક્ષાએ ઉપયોગાત્મા કહેવાય છે.

જ્ઞાનાત્મા - જ્ઞાન વિશેષિત ઉપસર્જની કૃત્ દર્શનાદિ આત્મા સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનાત્મા છે. એ પ્રમાણે દર્શનાત્માદિ પણ કહેવા. વિશેષ એ કે - સર્વ જીવોને દર્શનાત્મા હોય છે. વિરતોને ચારિત્રાત્મા હોય છે. વીર્ય-ઉત્થાનાદિ, સર્વે સંસારીને આ આત્મા હોય છે. કહ્યું છે - જીવોને દ્રવ્યાત્મા જાણવો. સકષાયીનો કષાયાત્મા છે. સયોગીને યોગાત્મા છે. સર્વે જીવોને ઉપયોગાત્મા છે. સમ્યગ્ દૃષ્ટિનું દર્શન જ્ઞાન છે, તે સર્વે જીવોનો હોય છે. ચારિત્ર વિરતોને અને વીર્ય સર્વે સંસારીઓને હોય છે - આ રીતે આઠ પ્રકારે આત્માને પ્રરૂપ્યો.

હવે આત્માના ભેદના અન્ય આત્મ ભેદાંતર થાય છે કે નથી થતાં તેને દર્શાવવા માટે કહે છે — અહીં આઠ પદો સ્થાપીએ છીએ.

તેમાં પ્રથમ પદને બાકીના સાત સાથે વિચારીએ છીએ — તેમાં જે જીવને દ્રવ્યાત્મત્વ અર્થાત્ જીવત્વ છે. તેને કષાયાત્મા સકષાયાવસ્થામાં કદાચ હોય છે, ક્ષીણ ઉપશાંત કષાયાવસ્થામાં કદાચિત્ હોતો નથી. વળી જેને કષાયાત્મા હોય છે, તેને દ્રવ્યાત્મત્વ અર્થાત્ જીવત્વ નિયમથી હોય છે. જીવત્વ વિના કષાયોનો અભાવ છે.

જેને દ્રવ્યાત્મા છે, તેને યોગાત્મા હોય છે, યોગવાન્‌ની જેમ, આ જ પૂર્વસૂત્ર ઉપમાનથી દર્શાવે છે - "એ પ્રમાણે જેમ દ્રવ્યાત્મા." તથા જે જીવને દ્રવ્યાત્મા છે, તેને નિયમથી ઉપયોગાત્મા છે, જેને ઉપયોગાત્મા છે, તેને નિયમથી દ્રવ્યાત્મા છે. - - જે જીવને દ્રવ્યાત્મા છે, તેને જ્ઞાનાત્મા કદાચ હોય, જેમકે સમ્યગ્દૃષ્ટિઓને. કોઈકને ન હોય, જેમકે મિથ્યાદૃષ્ટિઓને, તેથી અહીં ભજના એમ કહ્યું છે. જેમને જ્ઞાનાત્મા છે તેને દ્રવ્યાત્મા નિયમથી હોય છે, જેમકે સિદ્ધોને.

જેમને દ્રવ્યાત્મા, તેમને દર્શનાત્મા નિયમથી હોય છે. જેમ સિદ્ધોનું કેવલદર્શન. જેને દર્શનાત્મા છે, તેને દ્રવ્યાત્મા નિયમા છે જેમ - ચક્ષુદર્શનાદિ દર્શનવાળાને જીવત્વ છે. તથા જેને દ્રવ્યાત્મા છે. તેને ચારિત્રાત્મા ભજનાએ છે, કેમકે સિદ્ધને કે અવિરતને દ્રવ્યાત્મત્વ હોવા છતાં ચારિત્રાત્મા હોતી નથી, વિરતોને હોય છે. તેથી ભજના કહી.

જેને ચારિત્રાત્મા છે તેને દ્રવ્યાત્મા નિયમા છે, કેમકે ચારિત્રવાન્‌ને જીવત્વ અવ્યભિચારિત્વ છે. એ રીતે વીર્યાત્મા સાથે પણ છે જેમ દ્રવ્યાત્માની ચારિત્રાત્મા સાથે ભજના કહી, નિયમથી વીર્યાત્મના સાથે પણ છે. તેથી કહે છે — જેને દ્રવ્યાત્મા છે, તેને વીર્યાત્મા નથી, જેમ સકરણ વીર્ય અપેક્ષાથી સિદ્ધને, તેનાથી અન્યને હોય છે, તેથી ભજના કહી. વીર્યાત્મનને દ્રવ્યાત્મા હોય જ છે, જેમકે



સંસારીને.

હવે કષાયાત્મા સાથે બીજા છ પદોને વિચારે છે - જેને કષાયાત્મા છે, તેને યોગાત્મા હોય જ છે, કેમકે સકષાયી અયોગી નથી જ હોતા. જેને યોગાત્મા છે, તેને કષાયાત્મા હોય કે ન હોય. કેમકે સયોગી સકષાયવાળા અને અકષાયવાળા બંને હોય છે, એવો ભાવ છે.

જેને કષાયાત્મા છે, તેને ઉપયોગાત્મા અવશ્ય હોય છે, કેમકે ઉપયોગરહિતને કષાયોનો અભાવ હોય છે. વળી જેને ઉપયોગાત્મા છે, તેને કષાયાત્મા ભજનાએ હોય છે, કેમકે ઉપયોગાત્મા હોવા છતાં કષાયીને જ કષાયાત્મા હોય છે, નિષ્કષાયીને તે હોતો નથી, માટે ભજના કહી.

કષાયાત્મા અને જ્ઞાનાત્મા પરસ્પર બંને ભજનાએ હોય છે. કઈ રીતે ? જેને કષાયાત્મા છે, તેને જ્ઞાનાત્મા કદાચ હોય, કદાચ ન હોય, કેમકે કષાયી સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનાત્મા હોય છે, મિથ્યાદૃષ્ટિને તે નથી હોતો માટે ભજના કહી છે. તથા જેને જ્ઞાનાત્મા છે, તેને કષાયાત્મા હોય કે ન પણ હોય. જ્ઞાનીને કષાયભાવથી, તેના અભાવથી ભજના છે.

જેમ કષાયાત્મા અને ઉપયોગાત્મા કહ્યો, તેમ કષાયાત્મા અને દર્શનાત્મા કહેવો એ અતિદેશ છે. તેથી આમ થાય છે - જેને કષાયાત્મા તેને દર્શનાત્મા નિયમા હોય છે. કેમકે દર્શનરહિત ઘટાદિને કષાયાત્માનો અભાવ હોય છે. વળી જેને દર્શનાત્મા છે, તેને કષાયાત્મા કદાચ હોય કદાચ ન હોય. કેમકે દર્શનવાન્‌ને કષાયનો સદ્ભાવ કે અભાવ હોય છે.

કષાયાત્મા અને ચારિત્રાત્મા બંને પરસ્પર ભજનાએ છે. તે આ રીતે - જેને કષાયાત્મા છે, તેને ચારિત્રાત્મા હોય કે ન હોય. કઈ રીતે ? કષાયવાળાને ચારિત્રના સદ્ભાવથી પ્રમત્ત યતીની માફક. તેના અભાવે અસંયતોની માફક છે તથા જેને ચારિત્રાત્મા છે, તેને કષાયાત્મા હોય કે ન હોય. કઈ રીતે ? સામાયિકાદિ ચારિત્રીને કષાય હોય છે, યથાખ્યાત ચારિત્રીને કષાયનો અભાવ હોય છે.

જેમ કષાયાત્મા અને યોગાત્મા છે, તેમ કષાયાત્મા અને વીર્યાત્મા કહેવો. - x - જેને કષાયાત્મા, તેને વીર્યાત્મા નિયમા છે, કષાયવાળો વીર્યરહિત છે. વળી જેને વીર્યાત્મા છે, તેને કષાયાત્મા ભજનાએ છે. કેમકે વીર્યવાન્ સકષાયી પણ હોય, જેમકે-સંયત. તે અકષાયી પણ હોય, જેમકે કેવલી.

હવે યોગાત્માની સાથે આગળના પાંચ પદોની વિચારણા કરે છે - તેમાં લાઘવાર્થે અતિદેશ કર્યો છે - જેમ કષાયાત્માની વક્તવ્યતા કહી તેમ યોગાત્માને ઉપરના પદો સાથે કહેવો - તે આ રીતે - જેને યોગાત્મા છે, તેને ઉપયોગાત્મા નિયમથી છે, જેમ સયોગીને, વળી જેને ઉપયોગાત્મા છે, તેને યોગાત્મા હોય છે જેમકે - સયોગીને કદાચ ન હોય, જેમકે અયોગીને અને સિદ્ધોને. તથા જેને યોગાત્મા છે, તેને જ્ઞાનાત્મા કદાચ હોય, સમ્યગ્ દૃષ્ટિની જેમ. કદાચ ન હોય -

મિથ્યાર્દષ્ટિની જેમ.

જેને જ્ઞાનાત્મા છે, તેને યોગાત્મા કદાચ હોય, સયોગીની જેમ. કદાચ ન હોય, અયોગીની જેમ. તથા જેને યોગાત્મા છે, તેને દર્શનાત્મા હોય જ છે. યોગીની જેમ. જેને દર્શનાત્મા છે, તેને યોગાત્મા કદાચ હોય, યોગવાળાની જેમ. કદાચ ન હોય, અયોગીની જેમ. તથા જેને યોગાત્મા છે, તેને ચારિત્રાત્મા હોય છે, વિરતોની જેમ. કદાચ ન હોય, અવિરતિ માફક. જેને ચારિત્રાત્મા છે, તેને યોગાત્મા કદાચ હોય, સયોગીચારિત્રી માફક, કદાચ ન હોય, અયોગીની જેમ. વાચનાંતરમાં આમ દેખાય છે - જેને ચારિત્રાત્મા છે, તેને યોગાત્મા નિયમા છે. તેમાં ચારિત્રના પ્રત્યુપેક્ષણાદિ વ્યાપાર રૂપના વિવક્ષિતત્વથી અને યોગ અવિનાભાવિત્વથી. જેને ચારિત્રાત્મા તેને યોગાત્મા નિયમથી હોય છે, જેને યોગાત્મા તેને વીર્યાત્મા હોય જ, કેમકે યોગના સદ્ભાવમાં વીર્યનો અવશ્ય ભાવ છે. જેને વીર્યાત્મા તેને યોગાત્મા ભજનાએ હોય કેમકે વીર્યવિશેષવાન્ સયોગી પણ હોય. જેમ સયોગી કેવલી આદિ, અયોગી પણ હોય, જેમ-અયોગી કેવલી.

હવે ઉપયોગાત્મા સાથે આગળના ચાર વિચારે છે - તેમાં અતિદેશ કરતા કહે છે - જેને ઉપયોગાત્મા છે, તેને જ્ઞાનાત્મા કદાચ હોય, જેમ સમ્યગ્દૃષ્ટિ, કદાચ ન હોય, જેમ-મિથ્યાર્દષ્ટિ. જેને જ્ઞાનાત્મા છે તેને અવશ્ય ઉપયોગાત્મા હોય, સિદ્ધોની માફક. જેને ઉપયોગાત્મા છે. તેને દર્શનાત્મા અવશ્ય હોય, જેને દર્શનાત્મા છે, તેને ઉપયોગાત્મા હોય જ. જેમ - સિદ્ધાદિ. જેને ઉપયોગાત્મા છે, તેને ચારિત્રાત્મા કદાચ હોય, કદાચ ન હોય. જેમ સંયતોને અને અસંયતોને. જેને ચારિત્રાત્મા છે, તેને ઉપયોગાત્મા હોય જ. જેમ સંયતોને. જેને ઉપયોગાત્મા છે, તેને વીર્યાત્મા કદાચ હોય, સંસારીની જેમ, કદાચ ન હોય, સિદ્ધોની જેમ. જેને વીર્યાત્મા હોય, તેને ઉપયોગાત્મા હોય જ, સંસારીની માફક.

હવે જ્ઞાનાત્મા સાથે આગળના ત્રણનો સંબંધ વિચારે છે - જેને જ્ઞાનાત્મા છે, તેને દર્શનાત્મા હોય જ, સમ્યગ્દૃષ્ટિની જેમ. જેને દર્શનાત્મા છે, તેને જ્ઞાનાત્મા કદાચ હોય, સમ્યગ્દૃષ્ટિની જેમ. કદાચ ન હોય - મિથ્યાર્દષ્ટિની જેમ. તેથી ભજનાએ એમ કહ્યું છે. જેને જ્ઞાનાત્મા છે, તેને ચારિત્રાત્મા કદાચ હોય, સંયતની જેમ. કદાચ ન હોય, અસંયતની જેમ. વળી જેને ચારિત્રાત્મા છે, તેને જ્ઞાનાત્મા છે, તેને વીર્યાત્મા કદાચ હોય કેવલી આદિની જેમ. કદાચ ન હોય, સિદ્ધોની જેમ. જેને વીર્યાત્મા છે તેને જ્ઞાનાત્મા કદાચ હોય, સમ્યગ્દૃષ્ટિની જેમ. કદાચ ન હોય, મિથ્યાર્દષ્ટિવત્.

હવે દર્શનાત્મા સાથે બે આત્માનો સંબંધ વિચારીએ - જેને દર્શનાત્મા છે, તેને ચારિત્રાત્મા કદાચ હોય, સંયતો માફક. કદાચ ન હોય, અસંયતોની જેમ. જેને ચારિત્રાત્મા છે, તેને દર્શનાત્મા હોય જ, સાધુની જેમ. જેને દર્શનાત્મા છે, તેને વીર્યાત્મા કદાચ હોય, સંસારીની માફક. કદાચ ન હોય, સિદ્ધોની માફક. જેને



વીર્યાત્મા છે. તેને દર્શનાત્મા હોય જ.

હવે છેલ્લા બે પદની યોજના - જેને ચારિત્રાત્મા છે, તેને વીર્યાત્મા હોય જ. કેમકે વીર્ય વિના ચારિત્રનો અભાવ છે. વળી જેને વીર્યાત્મા છે, તેને ચારિત્રાત્મા કદાચ હોય, સાધુની જેમ. કદાચ ન હોય. - x -

હવે આ બધાંનું અલ્પબહુત્વ કહે છે - ચારિત્રી સંખ્યાતા હોવાથી તે સૌથી થોડાં છે, જ્ઞાનાત્મા અનંતગુણા છે, કેમકે સિદ્ધાદિ અને સમ્યગ્દૃષ્ટિ ચારિત્રીથી અનંતગુણ છે. કષાયાત્મા અનંતગુણા છે, કેમકે સિદ્ધોથી કષાય ઉદયવાળા અનંતગણા છે. યોગાત્મા વિશેષાધિક છે, કષાય ચાલ્યા ગયા પછી યોગવાળા અધિક હોય છે. વીર્યાત્મા વિશેષાધિક છે, અયોગી વડે અધિક હોવાથી, અયોગીના વીર્યત્વથી આમ કહ્યું. ઉપયોગ-દ્રવ્ય-દર્શનાત્મા ત્રણે તુલ્ય, વિશેષાધિક છે. પરસ્પર અપેક્ષાએ તુલ્ય છે, બધાં સામાન્ય જીવ રૂપત્વથી કહ્યું. વીર્યાત્માથી ઉપયોગ-દ્રવ્ય-દર્શનાત્મા વિશેષાધિક છે, કેમકે વીર્યાત્મા અને સિદ્ધોના મળવાથી ઉપયોગાદિ આત્મા થાય છે. તે વીર્યાત્મ અને સિદ્ધ રાશિથી અધિક હોય છે.

*[અહીં ઉક્ત અર્થને જ જણાવતી ત્રણ ગાથા છે, જે અમે નોંધી નથી.]*

હવે આત્માનું જ સ્વરૂપ નિરૂપવા કહે છે — આત્મા જ જ્ઞાન છે. આ આત્મા અને આ જ્ઞાન એવો ભેદ નથી. હવે આત્માથી અન્ય જ્ઞાન છે એવો પ્રશ્ન છે, ઉત્તર આ છે - આત્મા કદાચ જ્ઞાન છે, સમ્યક્ત્વ હોય ત્યારે મત્યાદિજ્ઞાન સ્વભાવત્વથી, કદાચ અજ્ઞાન છે, મિથ્યાત્વથી તેના મતિ અજ્ઞાનાદિ સ્વભાવથી. જ્ઞાન નિયમથી આત્મા છે, જ્ઞાનના આત્મ ધર્મત્વને લીધે. કેમકે સર્વથા ધર્મ અને ધર્મીનો ભેદ ન થાય. સર્વથા ભેદ કરતાં વિપ્રકૃષ્ટગુણીને ગુણ માત્ર ઉપલબ્ધિમાં પ્રતિનિયત ગુણવિષયે સંશય ન થાય, તેનાથી અન્યમાં પણ તેના ભેદ વિશેષથી કહ્યું. - x - x - સર્વથા ભેદમાં સંશયની ઉત્પત્તિ જ ન થાય. ગુણના ગ્રહણથી ગુણવાન્નું પણ ગ્રહણ કરવાથી, કથંચિત્ ભેદ પક્ષને આશ્રીને વળી જ્ઞાન નિયમથી આત્મા એમ કહેલ છે. અહીં આત્મા જ્ઞાનને વ્યભિચરતું નથી. જ્ઞાન આત્માને વ્યભિચરતું નથી. ખદિર વનસ્પતિવત્.

આ અર્થે જ દંડક નિરૂપવા કહે છે — આત્મા આદિ. નારકોનો આત્મ જ્ઞાન છે કે અજ્ઞાન ? ઉત્તર છે - નારકોનો આત્મા કદાચ જ્ઞાન છે, સમ્યગ્દર્શનના ભાવથી. કદાચ અજ્ઞાન છે, મિથ્યાદર્શનના ભાવથી. જ્ઞાન જ તે નારક સંબંધી આત્મા છે, તેનાથી વ્યતિરિક્ત નથી.

પૃથ્વીકાયિકનો આત્મા અજ્ઞાન છે કે તેનાથી ભિન્ન છે ? ઉત્તર છે - તેના આત્મા અજ્ઞાનરૂપ છે, તેનાથી અન્ય નથી.

આ પ્રમાણે દર્શન સૂત્ર પણ છે. વિશેષ એ કે — સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાર્દષ્ટિના દર્શનના અવિશિષ્ટત્વથી આત્મા દર્શન છે, દર્શન પણ આત્મા છે, એમ કહેવું. જેમ ધર્મમાં વિપરીતતા નથી, - x - તેમ અહીં દર્શનમાં જ્યાં વિપર્યય છે, તેમાં વ્યભિચાર

નિયમથી છે, જેમ જ્ઞાનમાં આત્મા જ્ઞાનરૂપ અને અજ્ઞાનરૂપ છે. એ વ્યભિચાર છે. પણ જ્ઞાન એ નિયમથી આત્મા છે.

● સૂત્ર-૫૬૨ :-

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી આત્મરૂપ છે કે અન્ય રૂપ ? ગૌતમ ! રત્નપ્રભા કથંચિત્ આત્મરૂપ છે, કથંચિત્ આત્મરૂપ નથી કથંચિત્ અવક્તવ્ય છે. - - ભગવન્ ! આપ કયા કારણથી આમ કહો છો ? - x - ગૌતમ ! પોતાના આદિષ્ટથી આત્મરૂપ છે. બીજાના આદિષ્ટથીનો આત્મરૂપ છે, ઉભયના આદિષ્ટથી અવક્તવ્ય છે અર્થાત્ રત્ન પ્રભા પૃથ્વી સત્-અસત્ રૂપ હોવાથી, એ પ્રમાણે કહ્યું છે - x -*

*ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી આત્મરૂપ છે ?૦ જેમ રત્નપ્રભા પૃથ્વીમાં કહ્યું, તેમ શર્કરાપ્રભામાં પણ જાણવું. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! સૌધર્મકલ્પ આત્મરૂપ છે - પૃચ્છા. ગૌતમ ! સૌધર્મકલ્પ કથંચિત્ આત્મરૂપ છે, કથંચિત્ નોઆત્મરૂપ છે યાવત્ તે અવક્તવ્ય છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! પોતાને આશ્રીને તે આત્મરૂપ છે, બીજાને આશ્રીને તે નોઆત્મરૂપ છે, તદુભયને આશ્રીને અવક્તવ્ય છે કેમકે આત્મરૂપ-નોઆત્મરૂપ છે. તેથી એમ કહ્યું છે. - x - એ પ્રમાણે અચ્યુતકલ્પ પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! ગેવેજ્જ વિમાન આત્મરૂપ છે, કે તેથી ભિન્ન છે ? જેમ રત્નપ્રભામાં કહ્યું તેમ અહીં કહેવું, એ પ્રમાણે અનુત્તર વિમાનમાં પણ કહેવું, એ રીતે ઇષત્પ્રાગ્ભારામાં પણ કહેવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ આત્મરૂપ છે કે તેથી અન્ય છે ? જેમ સૌધર્મકલ્પમાં કહ્યું, તેમ પરમાણુ પુદ્ગલમાં પણ કહેવું.*

*ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ આત્મરૂપ છે કે અન્ય છે ? ગૌતમ ! દ્વિપ્રદેશિક સ્કંધ કથંચિત્ આત્મા છે, કથંચિત્ નો આત્મા છે, કથંચિત્ અવક્તવ્ય છે (કેમકે) આત્મ-નોઆત્મરૂપ છે, કથંચિત્ આત્મરૂપ છે અને નોઆત્મરૂપ છે, કથંચિત્ આત્મરૂપ છે અને આત્મ-નોઆત્મરૂપ હોવાથી અવક્તવ્ય છે. કથંચિત્ નોઆત્મરૂપ છે અને આત્મ-નોઆત્મરૂપ હોવાથી અવક્તવ્ય છે. (એમ છ ભંગ છે) ભગવન્ ! આમ કેમ કહ્યું ?*

*ગૌતમ ! (૧) પોતાને આશ્રીને આત્મરૂપ છે. (૨) બીજાને આશ્રીને નોઆત્મરૂપ છે, (૩) તદુભયને આશ્રીને દ્વિપ્રદેશીસ્કંધ આત્મરૂપ-નોઆત્મરૂપ હોવાથી અવ્યક્ત છે (૪) દેશને આશ્રીને સદ્ભાવપર્યાયમાં, દેશને આશ્રીને અસદ્ભાવ પર્યાયમાં દ્વિપ્રદેશિક સ્કંધ આત્મરૂપ અને નો આત્મરૂપ છે.*

*(૫) દેશને આશ્રીને સદ્ભાવ પર્યાયમાં, દેશને આશ્રીને તદુભય પર્યાયમાં દ્વિપ્રદેશિક સ્કંધ આત્મરૂપ અને આત્મ-નોઆત્મથી અવ્યક્તવ્ય છે. (૬) દેશને આશ્રીને અસદ્ભાવ પર્યાયમાં અને બીજા દેશને આશ્રીને તદુભય પર્યાયમાં*



*દ્વિપ્રદેશિક સ્કંધ નોઆત્મરૂપ અને આત્મ-નોઆત્મથી અવ્યક્તવ્ય છે તેથી ઉપર મુજબ કહેલ છે.*

*ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ આત્મરૂપ છે કે તેથી અન્ય ? ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કંધ (૧) કથંચિત્ આત્મરૂપ છે, (૨) કથંચિત્ નોઆત્મરૂપ છે, (૩) કથંચિત્ આત્મ-નોઆત્મથી અવક્તવ્ય છે, (૪) કથંચિત્ આત્મ અને નોઆત્મરૂપ છે, (૫) કથંચિત્ આત્મરૂપ અને નોઆત્માઓ રૂપ છે, (૬) કથંચિત્ આત્માઓ રૂપ અને નોઆત્મરૂપ છે, (૭) કથંચિત્ આત્મારૂપ અને આત્મા-નોઆત્માથી અવક્તવ્ય છે, (૮) કથંચિત્ આત્મરૂપ અને આત્માઓ-નોઆત્માઓથી અવ્યક્તવ્ય છે. (૯) કથંચિત્ આત્માઓરૂપ અને આત્મ-નોઆત્મથી અવક્તવ્ય છે. (૧૦) કથંચિત્ નોઆત્મરૂપ અને આત્મ-નોઆત્મથી અવક્તવ્ય છે.*

*(૧૧) કથંચિત્ આત્મરૂપ અને આત્માઓ-નોઆત્માઓથી અવક્તવ્ય છે. (૧૨) કથંચિત્ નોઆત્માઓ રૂપ અને આત્મ-નોઆત્મથી અવ્યક્તવ્ય છે. (૧૩) કથંચિત્ આત્મ અનો નોઆત્મ અને અવ્યક્તવ્ય છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે ત્રિપ્રદેશિક સ્કંધ આ પ્રમાણે છે ?*

*ગૌતમ ! (૧) આત્માદિષ્ટથી આત્મરૂપ છે. (૨) પરાદિષ્ટથી નો આત્મરૂપ છે, (૩) તદુભયાદિષ્ટથી અવક્તવ્ય છે. (૪) દેશાદિષ્ટથી સદ્ભાવ પર્યાયમાં, દેશાદિષ્ટથી અસદ્ભાવપર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ આત્મ અને નો આત્મરૂપ છે. (૫) દેશાદિષ્ટથી સદ્ભાવપર્યાયમાં, દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ અનેક આત્મ-નોઆત્મ છે.*

*(૬) દેશાદિષ્ટથી સદ્ભાવ પર્યાયમાં, દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ આત્મ અને અનેક નોઆત્મરૂપ છે. (૭) દેશાદિષ્ટ સદ્ભાવ પર્યાયમાં, દેશાદિષ્ટ તદુભય પર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ આત્મ અને અવક્તવ્ય છે. (૮) દેશાદિષ્ટથી સદ્ભાવ પર્યાયમાં દેશાદિષ્ટથી તદુભય પર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ આત્મ અને અનેક અવક્તવ્યો રૂપ છે. (૯) દેશાદિષ્ટથી સદ્ભાવ પર્યાયમાં, દેશાદિષ્ટથી તદુભય પર્યાયમાં ત્રિપ્રદેશિક સ્કંધ અનેક આત્મરૂપ અનો અવક્તવ્ય છે.*

*(૧૦) આ ત્રણ ભંગો છે. એક દેશ આદેશથી અસદ્ભાવ પર્યાય, એક દેશ આદેશથી તદુભય પર્યાય ત્રિપ્રદેશિક સ્કંધ નોઆત્મરૂપ અને અવક્તવ્ય છે. (૧૧) એક દેશ આદેશથી અસદ્ભાવ પર્યાય, અનેક દેશ આદેશથી તદુભય પર્યાય ત્રિપ્રદેશિક સ્કંધ, નોઆત્મા અને અવક્તવ્ય છે. (૧૨) અનેક દેશ આદેશથી અસદ્ભાવ પર્યાય, એક દેશ આદેશથી તદુભય પર્યાય ત્રિપ્રદેશિક સ્કંધ અનેકનોઆત્મરૂપ અને અવક્તવ્ય છે. (૧૩) એક દેશ આદેશથી સદ્ભાવ પર્યાય, એક દેશ આદેશથી અસદ્ભાવ પર્યાય, એકદેશ આદેશથી અસદ્ભાવપર્યાય, એકદેશ આદેશથી તદુભય પર્યાયે ત્રિપ્રદેશિક સ્કંધ આત્મરૂપ*

*અને નોઆત્મરૂપ અને અવક્તવ્ય છે.*

*હે ગૌતમ ! તેથી આ ઉપર પ્રમાણે કહ્યું છે.*

*ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધ આત્મરૂપ છે કે અન્ય છે ? હે ગૌતમ ! ચતુઃપ્રદેશિક સ્કંધ (૧) કથંચિત્ આત્મરૂપ છે. (૨) કથંચિત્ નોઆત્મરૂપ છે, (૩) કથંચિત્ આત્મા-નોઆત્માથી અવક્તવ્ય છે. (૪) કથંચિત્ આત્મ અને નોઆત્મા છે, (૫ થી ૮) કથંચિત્ આત્મ અને અવક્તવ્ય, (૯ થી ૧૨) કથંચિત્ નો આત્મા અને અવક્તવ્ય. (૧૩ થી ૧૬) કથંચિત્ આત્મા, નોઆત્મ અને એક અવક્તવ્ય. (૧૭) કથંચિત્ આત્મ, નોઆત્મા, અનેક અવક્તવ્ય, (૧૮) કથંચિત્ આત્મા, અનેક નોઆત્મા અને અવક્તવ્ય. (૧૯) કથંચિત્ અનેક આત્મા, નો આત્મા, અવક્તવ્ય.*

*ભગવન્ ! એમ કેમ કહ્યું કે ચતુઃપ્રદેશિક સ્કંધ આ રીતે છે ?*

*હે ગૌતમ! (૧) આત્માદિષ્ટથી આત્મરૂપ છે, (૨) પરાદિષ્ટથી નોઆત્મરૂપ છે, (૩) તદુભયાદિષ્ટથી અવક્તવ્ય છે, (૪ થી ૧૬) એક દેશાદિષ્ટથી સદ્ભાવપર્યાયમાં એકદેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયમાં ચાર ભંગ છે, સદ્ભાવ પર્યાયથી તદુભય વડે ચાર ભંગ, અસદ્ભાવથી તદુભય વડે ચાર ભંગ, એક દેશ આદિષ્ટથી સદ્ભાવપર્યાયમાં, એક દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયમાં, એક દેશાદિષ્ટ તદુભયપર્યાયમાં ચતુઃપ્રદેશિક સ્કંધમાં આત્મા, નોઆત્મા, અવક્તવ્ય, એકદેશાદિષ્ટ સદ્ભાવપર્યાયમાં એક દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયમાં, અનેક દેશાદિષ્ટથી તદુભય પર્યાયા ચતુઃપ્રદેશિક સ્કંધમાં આત્મા, નોઆત્મા, અનેક અવક્તવ્ય છે.*

*(૧૮) દેશાદિષ્ટથી સદ્ભાવપર્યાયમાં, અનેક દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાયા, દેશાદિષ્ટથી તદુભય પર્યાયા ચતુઃપ્રદેશિક સ્કંધ આત્મા, અનેક નોઆત્મા, અવક્તવ્ય છે. (૧૯) અનેક દેશાદિષ્ટથી સદ્ભાવપર્યાય, એકદેશાદિષ્ટ અસદ્ભાવ પર્યાય, એક દેશાદિષ્ટ તદુભય પર્યાય ચતુઃપ્રદેશિક સ્કંધ અનેક આત્મા, નોઆત્મા, અવક્તવ્ય છે.*

*તેથી હે ગૌતમ ! ચતુઃપ્રદેશિક સ્કંધ ઉપર મુજબ કહેલ છે.*

*ભગવન્ ! પંચપ્રદેશિક સ્કંધ આત્મરૂપ છે કે અન્ય છે ? ગૌતમ ! પંચપ્રદેશિક સ્કંધ (૧) કથંચિત્ આત્મરૂપ છે, (૨) કથંચિત્ નોઆત્મરૂપ છે, (૩) કથંચિત્ અવક્તવ્ય છે, (૪) કથંચિત્ આત્મ, નોઆત્મ, અવક્તવ્ય છે. (૫ થી ૮) નોઆત્મા અને અવક્તવ્ય, (૯ થી -) ત્રિકસંયોગી એક ન કહેવો. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ?*

*ગૌતમ ! (૧) આત્માદિષ્ટથી આત્મરૂપ, (૨) પરાદિષ્ટથી નોઆત્મા, (૩) તદુભયાદિષ્ટથી અવક્તવ્ય, (૪ થી -) દેશાદિષ્ટથી સદ્ભાવ પર્યાય, દેશાદિષ્ટથી અસદ્ભાવ પર્યાય, એ પ્રમાણે દ્વિકસંયોગી બધાં ભંગ થાય છે. ત્રિકસંયોગમાં એક ભંગ ન કહેવો.*

*છપ્રદેશી સ્કંધમાં બધાં ભંગ થાય છે. જેમ છપ્રદેશી છે. તેમ યાવત્ અનંતપ્રદેશી સ્કંધ જાણવા. - - ભગવન્ ! તે એમ જ છે. (૨).*

● વિવેચન-૫૬૨ :-

આત્મ અધિકારથી રત્નપ્રભાદિભાવ, અનાત્માદિ ભાવથી કહે છે - આત્મા - अतति - સતત જાય છે, તે તે પર્યાયમાં, તે આત્મા, તે આત્મરૂપ પૃથ્વી છે. અનાત્મા એટલે અસદ્રૂપ. કદાચ છે - કદાચ નથી. આત્મત્વથી, અનાત્મત્વથી વ્યપદેશ કરવો અશક્ય છે, તેથી અવક્તવ્ય.

અવક્તવ્ય કઈ રીતે ? તે કહે છે. આત્મરૂપ કે નોઆત્મરૂપ તેમ કહેવાને અશક્ય. - - આત્મરૂપ રત્નપ્રભાના જ વર્ણાદિ પર્યાયથી આદેશ કરાતા, તેના વડે વ્યપદિષ્ટ એ અર્થ છે, સ્વપર્યાય અપેક્ષાથી આત્મરૂપ થાય છે. પર - શર્કરાદિ પૃથ્વીના પર્યાયથી આદેશ કરાતા તે વ્યપદીષ્ટ થાય તે નોઆત્મા-અનાત્મા થાય છે તે પરરૂપ અપેક્ષાએ છે.

સ્વ-પરથી ઉભય, તે જ ઉભય તે તદુભય, તેના પર્યાયથી આદેશ કરાતા અર્થાત્ તદુભય પર્યાય વડે વ્યપદિષ્ટ, અવક્તવ્ય થાય. તેથી જ કહે છે — આ આત્મરૂપ એમ કહેવું શક્ય નથી, પરપર્યાય અપેક્ષાથી અનાત્મત્વથી, અનાત્મ પણ કહેવું શક્ય નથી. સ્વપર્યાય અપેક્ષાથી તેના આત્મત્વથી, અવક્તવ્યત્વ - અનાત્મ શબ્દાપેક્ષાથી જ, સર્વથા નહીં, અવક્તવ્ય શબ્દ વડે જ તેના કહેવાપણાથી છે. - x -

આ પ્રમાણે પરમાણુ સૂત્ર પણ કહેવું. દ્વિપ્રદેશિક સૂત્રમાં છ ભંગો છે, તેમાં પહેલાં ત્રણ સકલ સ્કંધ અપેક્ષાથી પૂર્વોક્ત જ છે, તેનાથી અન્ય ત્રણ દેશાપેક્ષાથી છે. તેમાં વ્યાખ્યાનો આરંભ કરે છે.

(૧) સ્વ પર્યાય વડે આદેશ કરાતા દ્વિપ્રદેશિક સ્કંધ આત્મ છે. (૨) એ રીતે અન્ય પર્યાયથી આદેશ કરાતા આત્મ નથી, (૩) તદુભય આદિષ્ટથી - x - આ અવક્તવ્ય વસ્તુ થાય છે. કઈ રીતે ? આત્મ અને અનાત્મ. (૩-૪) તથા દ્વિપ્રદેશત્વથી તેના દેશ એક આદિષ્ટ, સદ્ભાવપ્રધાના પર્યવો જેમાં છે તે સદ્ભાવ પર્યવ, સ્વપર્યવો વડે, દ્વિતીય તે દેશ આદિષ્ટ અસદ્ભાવ-પર પર્યાયથી છે. આ પર પર્યાય બીજા દેશ સંબંધી અથવા બીજી વસ્તુ સંબંધી છે. આ દ્વિપ્રદેશિક સ્કંધ ક્રમથી આત્મા અને નોઆત્મા છે. (૫) તથા તેનો દેશાદિષ્ટ સદ્ભાવ પર્યવ અને દેશ-ઉભય પર્યવથી આ આત્મા અવક્તવ્ય છે. (૬) તથા તેનો જ દેશાદિષ્ટ અસદ્ ભાવપર્યવ દેશનો અભયપર્યવથી આ નોઆત્મા અને અવક્તવ્ય છે સાતમો વળી આત્મા અને નોઆત્મા અને અવક્તવ્ય રૂપ છે - x -

ત્રિપ્રદેશિક સ્કંધમાં ૧૩ ભંગ છે, તેમાં પૂર્વોક્ત સાત, સકલ આદેશથી ત્રણ, તે પ્રમાણે જ, તેનાથી અન્યમાં તો ત્રણમાં ત્રણ-ત્રણ એક વચન, બહુવચન ભેદથી

છે, સાતમું એકવિધ જ છે. ઈત્યાદિ

ચતુઃપ્રદેશિકમાં પણ એ પ્રમાણે જ છે, વિશેષ એ કે - ૧૯ ભંગો છે, તેમાં ત્રણ સકલ આદેશવાળા તે પ્રમાણે જ છે, બાકી ચારમાં પ્રત્યેકના ચાર વિકલ્પો છે, - x - ... પંચ પ્રદેશિક સ્કંધમાં ૨૨ વિકલ્પ છે, તેમાં પહેલા ત્રણ પૂર્વવત્ છે, ઉત્તરમાં ત્રણમાં પ્રત્યેકમાં ચાર વિકલ્પો તે પ્રમાણે જ છે. સાતમામાં સાત ભંગ છે, તેમાં ત્રિક સંયોગમાં આઠ ભંગો છે, તેમાં અહીં સાત જ ગ્રહણ કરવા. એકનો તેમાં સંભવ નથી. - - - છ પ્રદેશિકમાં ૨૩-ભેદ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

**卐 ભાગ-૧૧-મો પૂર્ણ 卐**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૨

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૪

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૧૨ માં છે...

“ભગવતી” અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૧૩-થી

આરંભીને

—૦— શતક-૨૦-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૨ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-
શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં “કથાનુયોગ” નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ “આગમ કથાનુયોગ” કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ० ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ० શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ० સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ० વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ० ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ० શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ० શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ० અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ० અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ० બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ० શ્રી જ્ઞાનપદ પૂજા
- ० કાયમી સંપર્ક સ્થળ
- ० ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ० જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ० પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**नमो नमो निम्मलदंसणस्स**

**પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# -: ભાગ-૧૨ :-

# (૫) ભગવતી અંગ-સૂત્ર/૪

***અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન***

## ● ભૂમિકા :-

''ભગવતી'' એ પાંચમું આગમ છે. અંગસૂત્રોમાં ભગવતી એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે भगवई નામે પ્રસિદ્ધ છે, તે ''विवाहपन्नत्ति'' કે 'विवाह' નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર भगवती અને व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે. તેના પેટા ઉદ્દેશા પણ છે.

ભગવતી સૂત્રના મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે. ઈન્દ્રભૂતિ આદિ ગણધરો, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકાદિ અનેકના પૂછેલા પ્રશ્નો અને તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્‌ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્‌ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષાદિ અનેક વિષયો છે.

આ આગમના મૂળસૂત્રોનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે, વિવેચનમાં ''ટીકાનુસારી વિવેચન'' શબ્દ અમે પસંદ કર્યો છે. પણ તેમાં વૃત્તિ સાથે ક્વચિત્‌ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશો, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે. ત્યાં - x - x - એવી નિશાની કરેલ છે.

ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં મુદ્રિત થયો છે, છે. જેમાં આ ચોથો ભાગ છે. તેના ૧ થી ૧૨ શતકો ત્રણ ભાગમાં છપાયા છે.





## ❀ શતક-૧૩ ❀

-- x -- x --

૦ બારમાં શતકની વ્યાખ્યા કરી, તેમાં અનેક જીવાદિ પદાર્થો કહ્યા. તેરમાં શતકમાં પણ તે જ બીજા ભંગો વડે કહે છે - x -

**● સૂત્ર-૫૬૩ :-**

***પૃથ્વી, દેવ, અનંતર, પૃથ્વી, આહાર, ઉપપાત, ભાષા, કર્મ, અનગારમાં કેયાઘટિકા, સમુદ્‌ઘાત, તેરમાં શતકમાં આ દશ ઉદ્દેશાઓ છે.***

**● વિવેચન-૫૬૩ :-**

(૧) નરક પૃથ્વી વિષયક, (૨) દેવ પ્રરૂપણાર્થે, (૩) અનંતરાહારા નારકો ઈત્યાદિ, (૪) પૃથ્વી સંબંધી વક્તવ્યતા પ્રતિબદ્ધ, (૫) નારકાદિ આહારપ્રરૂપણાર્થે, (૬) નારકાદિ ઉપપાતાર્થે, (૭) ભાષાર્થે, (૮) કર્મપ્રકૃતિ પ્રરૂપણાર્થે, (૯) ભાવિતાત્મા અણગાર લબ્ધિ સામર્થ્યથી દોરડાથી બદ્ધ ઘડીને હાથમાં લઈને આકાશમાં જાય- ઈત્યાદિ અર્થ પ્રતિપાદન માટે. (૧૦) સમુદ્‌ઘાત-

**● સૂત્ર-૫૬૪ થી ૫૬૬ :-**

***[૫૬૪] રાજગૃહમાં યાવત્‌ આ પ્રમાણે કહ્યું – ભગવન્‌ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! સાત – રત્નપ્રભા યાવત્‌ અધઃસપ્તમી. ભગવન્‌ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસ છે ? ગૌતમ ! ૩૦-લાખ. ભગવન્‌ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? ગૌતમ ! તે સંખ્યાત (યોજન) વિસ્તૃત પણ છે, અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે.***

***ભગવન્‌ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦-લાખ નરકાવાસમાં સંખ્યાત વિસ્તૃત નરકાવાસમાં એક સમયમાં (૧) કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ? (૨) કેટલા કાપોતલેશ્યી ? (૩) કેટલા કૃષ્ણપાક્ષિક, (૪) કેટલા શુક્લપાક્ષિક ? (૫) કેટલા સંજ્ઞી ? (૬) કેટલા અસંજ્ઞી ? (૭) કેટલા ભવસિદ્ધિક ?, (૮) કેટલા અભવસિદ્ધિક ? (૯) કેટલા આભિનિબોધિક જ્ઞાની ? (૧૦) કેટલા શ્રુતજ્ઞાની ? (૧૧) કેટલા અવધિજ્ઞાની ? (૧૨) કેટલા મતિઅજ્ઞાની ? (૧૩) કેટલા શ્રુત-અજ્ઞાની ? (૧૪) કેટલા વિભંગજ્ઞાની ? (૧૫) કેટલા ચક્ષુદર્શની ? (૧૬) કેટલા અચક્ષુદર્શની ? (૧૭) કેટલા અવધિદર્શની ? (૧૮) કેટલા આહારસંજ્ઞોપ-યુક્ત ? (૧૯) કેટલા ભયસંજ્ઞોપયુક્ત ? (૨૦) કેટલા મૈથુનસંજ્ઞોપયુક્ત ? (૨૧) કેટલા પરિગ્રહ સંજ્ઞોપયુક્ત ? (૨૨) કેટલા સ્ત્રીવેદક ? (૨૩) કેટલા પુરુષવેદક ? (૨૪) કેટલા નપુંસકવેદક ? (૨૫) કેટલા ક્રોધકષાયી (૨૬ થી ૨૮) યાવત્‌ કેટલા લોભકષાયી ? (૨૯ થી ૩૪) કેટલા શ્રોત્રેન્દ્રિયોપયુક્ત યાવત્‌ સ્પર્શનેન્દ્રિયોપયુક્ત ? (૩૪) કેટલા નોઈન્દ્રિયોયુક્ત ? (૩૫ થી ૩૭) કેટલા મનોયોગી યાવત્‌ કાયયોગી ? (૩૮) કેટલા સાકારોપયુક્ત ? (૩૯) કેટલા અનાકારોપયુક્ત ? (આ બધાં) કેટલા ઉપજે છે ?.***

***હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા નરકોમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા***

નૈરયિકો ઉપજે છે. - - જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કાપોતલેશ્યી ઉપજે છે. - - જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કૃષ્ણપાક્ષિક ઉપજે છે. એ પ્રમાણે શુક્લપાક્ષિક, સંજ્ઞી, અસંજ્ઞી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક યાવત્ વિભંગજ્ઞાની ઉપજે છે.

ચક્ષુદર્શની ઉત્પન્ન થતાં નથી, અચક્ષુદર્શની એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટા સંખ્યાતા ઉપજે છે. એ પ્રમાણે અવધિજ્ઞાની, આહારસંજ્ઞોપયુક્ત યાવત્ પરિગ્રહસંજ્ઞોપયુક્ત ઉપજે છે. સ્ત્રીવેદી અને પુરુષવેદી ઉત્પન્ન થતાં નથી, નપુંસકવેદક એક, બે કે ત્રણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. એ પ્રમાણે ક્રોધકષાયી યાવત્ લોભકષાયી ઉપજે છે. શ્રોત્રેન્દ્રિયથી સ્પર્શનેન્દ્રિય ઉપયુક્ત ઉપજતા નથી. નોઈન્દ્રિયોપયુક્ત જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. મનોયોગી, વચનયોગી ઉપજતા નથી, કાયયોગી જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટતા સંખ્યાતા ઉપજે છે. આ પ્રમાણે સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ જાણવા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં કેટલાં નૈરયિકો ઉદ્વર્તે ? કેટલાં કાપોતલેશ્યી ઉદ્વર્તે યાવત્ કેટલા અનાકારોપયુક્ત ઉદ્વર્તે ?

ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટતી સંખ્યાત નૈરયિક ઉદ્‌વર્તે છે. એ પ્રમાણે યાવત્ સંજ્ઞી, અસંજ્ઞી ઉદ્‌વર્તતા નથી. ભવસિદ્ધિક, જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે, એ પ્રમાણે યાવત્ શ્રુતઅજ્ઞાની. વિભંગજ્ઞાની ઉદ્‌વર્તતા નથી. ચક્ષુદર્શની ઉદ્‌વર્તતા નથી. અચક્ષુદર્શની જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. એ રીતે લોભકષાયી સુધી જાણવું.

શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય ઉપયુક્ત ઉદ્વર્તતા નથી. નોઈન્દ્રિય ઉપયુક્ત જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. મનોયોગી, વચનયોગી ઉદ્વર્તતા નથી. કાયજોગી જઘન્યથી એક, બે કે ત્રણ ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. એ રીતે સાકાર, અનાકાર ઉપયુક્ત પણ જાણવા.

ભગવન્ ! આ રત્નપ્રભાના ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં કેટલા નારકો કહ્યા છે ? કેટલા કાપોતલેશ્યી યાવત્ કેટલા અનાકારોપયુક્ત કહ્યા છે ? કેટલા અનંતરોપપન્નક, પરંપરોપન્નક છે ? કેટલા અનંતરાવગાઢ, પરંપરાવગાઢ છે ? કેટલા અનંતરાહારા, પરંપરઆહારા છે ? કેટલા અનંતર પર્યાપ્તા, પરંપર પર્યાપ્તા છે ? કેટલા ચરિમ, કેટલા અચરિમ કહ્યા છે ? [૩૯ + ૧૦ = ૪૯ પ્રશ્નો]

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં સંખ્યાત નૈરયિકો છે. સંખ્યાતા કાપોતલેશ્યી યાવત્ સંખ્યાતા સંજ્ઞી છે, અસંજ્ઞી કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય. સંખ્યાતા ભવસિદ્ધિક યાવત્ સંખ્યાતા પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે. સ્ત્રીવેદક, પુરુષવેદક નથી, સંખ્યાતા નપુંસકવેદક છે, એ પ્રમાણે ક્રોધકષાયી અને માનકષાયીને અસંજ્ઞીવત્ જાણવા. મનોયોગી યાવત્ અનાકારોપયુક્ત સંખ્યાતા જાણવા. અનંતરોપપન્નક કદાચ હોય, કદાચ ન હોય, જો હોય તો તેને અસંજ્ઞીવત્ જાણવા. પરંપરોપપન્નક નૈરયિક સંખ્યાતા છે. એ રીતે જેમ અનંતરોપપન્નક કહ્યા, તેમ અનંતરાવગાઢ જાણવા. અનંતરાહારક, અનંતર પર્યાપ્તક, પરંપરાવગાઢ યાવત્ અચરિમ બધાં સંખ્યાતા છે.



ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦-લાખ નરકાવાસોમાં અસંખ્યાત યોજન વિસ્તૃત નારકોમાં એક સમયમાં કેટલા નૈરયિકો ઉપજે છે ? યાવત્ કેટલા અનાકારોપયોગ નૈરયિક ઉપજે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં અસંખ્ય વિસ્તૃત નરકોમાં એક સમયમાં જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા નૈરયિકો ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે જેમ સંખ્યાત યોજન વિસ્તૃતના ત્રણ આલાવા કહ્યા, તેમ અસંખ્યાત વિસ્તારવાળા ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે સંખ્યાતને બદલે અસંખ્યાત કહેવું, બાકી પૂર્વવત્ યાવત્ અસંખ્યાત અચરમ કહ્યા છે, લેશ્યામાં વિભિન્નતા છે. ‘લેશ્યા’ને શતક-૧-માફક કહેવી, વિશેષ એ કે સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃતમાં અવધિજ્ઞાની, અવધિદર્શની સંખ્યાત જ ઉદ્વર્તે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! શર્કરાપ્રભાપૃથ્વીમાં કેટલા નરકાવાસો છે ? પ્રશ્ન. ગૌતમ ! ૨૫-લાખ નરકાવાસ. - - ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? એ પ્રમાણે રત્નપ્રભાની માફક શર્કરાપ્રભા પણ કહેવી. વિશેષ એ કે — આ ત્રણે ગમમાં અસંજ્ઞી ન કહેવા.

વાલુકાપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! ૧૫-લાખ નરકાવાસો છે. બાકી શર્કરાપ્રભાવત્. લેશ્યાઓમાં ભેદ છે, તે પ્રથમ શતકવત્ છે.

પંકપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! દશ લાખ નરકાવાસ. એ પ્રમાણે શર્કરાપ્રભાવત્. વિશેષ આ - અવધિજ્ઞાની-અવધિદર્શની ઉદ્વર્તતા નથી.

ધૂમપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! ત્રણ લાખ નરકાવાસ.

તમા વિશે પૃચ્છા. - x - ગૌતમ ! પાંચ ન્યૂન એક લાખ નરકાવાસ કહ્યા છે. બાકી પંકપ્રભાવત્ જાણવું.

ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં અનુત્તર અને કેટલા મોટા મહાનરકાવાસ કહ્યા છે ? ગૌતમ ! પાંચ અનુત્તર, અપ્રતિષ્ઠાન પર્યન્ત. ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? એક સંખ્યાત વિસ્તૃત, બાકી ચારે અસંખ્યાત વિસ્તૃત. ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તરોમાં મહા મોટા યાવત્ મહાનરકોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં કેટલા નૈરયિક ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન. પંકપ્રભા મુજબ જાણવું. વિશેષ આ - ત્રણ જ્ઞાનવાળા ઉત્પન્ન થતાં નથી કે ઉદ્વર્તતા નથી. બાકી બધું પૂર્વવત્ કહેવું, એ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં પણ કહેવું, અસંખ્યાત કહેવા.

*[૫૬૫] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦-લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં સમ્યગ્દૃષ્ટિ નરકો ઉપજે છે, મિથ્યાદૃષ્ટિ નરકો ઉપજે છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નૈરયિકો ઉપજે છે ? ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ ઉપજે, પણ મિશ્રદૃષ્ટિ નહીં.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં શું સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો ઉદ્વર્તે છે, આદિ પૃચ્છા. પૂર્વવત્ - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકો શું સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોથી અવિરહિત છે, મિથ્યાદૃષ્ટિઓથી કે મિશ્રદૃષ્ટિઓથી અવિરહિત છે ? ગૌતમ ! સમ્યગ્ અને મિથ્યાદૃષ્ટિથી અવિરહિત છે, મિશ્રદૃષ્ટિથી કદાચિત્ અવિરહિત, કદાચિત્ વિરહિત હોય. આ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા કહેવા. ‘શર્કરાપ્રભા’થી ‘તમા’ સુધી કહેવું.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તરોમાં યાવત્ સંખ્યાત વિસ્તૃત નરકોમાં સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય ? ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ અને મિશ્ર ન ઉપજે, મિથ્યાદૃષ્ટિ ઉપજે. એ પ્રમાણે ઉદ્વર્તેમાં જાણવું. અવિરહિત, રત્નપ્રભા મુજબ છે, એ રીતે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા જાણવા.*

*[૫૬૬] ભગવન્ ! શું કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કૃષ્ણલેશ્યી નરકોમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! - x - થાય. ભગવન્ ! એમ કેમ કહો છો ? - x - ગૌતમ ! લેશ્યા સ્થાન સંક્લેશને પામતા-પામતા કૃષ્ણલેશ્યામાં પરિણમે છે, પછી કૃષ્ણલેશ્યા નૈરયિકોમાં ઉપજે છે, તેથી.*

*ભગવન્! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ નીલલેશ્યી નૈરયિકોમાં ઉપજે? હા, ગૌતમ! યાવત્ ઉપજે છે. ભગવન્! એમ કેમ કહ્યું? ગૌતમ! લેશ્યા સ્થાનમાં સંક્લેશ પામતા પામતા અને વિશુદ્ધ્યમાન થતાં નીલલેશ્યામાં પરિણમે છે, પછી નીલલેશ્યી નૈરયિકોમાં ઉપજે છે, તેથી હે ગૌતમ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કાપોતલેશ્યી નૈરયિકોમાં ઉપજે છે ? નીલલેશ્યા માફક કાપોતલેશ્યામાં પણ કહેવું યાવત્ ઉપજે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૫૬૪ થી ૫૬૬ :-**

રત્નપ્રભા પૃથ્વીમાં કાપોતલેશ્યી જ ઉત્પન્ન થાય, કૃષ્ણલેશ્યી આદિ નહીં, તેથી કાપોતલેશ્યાને આશ્રીને પ્રશ્ન કર્યો છે.

કૃષ્ણપાક્ષિકાદિનું લક્ષણ - જેનો અપાર્ધ પુદ્ગલ પરાવર્ત શેષ સંસાર છે, તે શુક્લપાક્ષિક છે, તેથી વધુ હોય તે કૃષ્ણપાક્ષિક. ઈન્દ્રિય ત્યાગથી ઉત્પત્તિ કહી, તેથી ચક્ષુદર્શની ઉત્પન્ન થતાં નથી, તો અચક્ષુદર્શની કઈ રીતે ઉપજે ? ઈન્દ્રિયોને આશ્રીને સામાન્ય ઉપયોગ માત્રના અચક્ષુર્દર્શન શબ્દના ઉત્પાદ સમયે પણ ભાવથી અચક્ષુર્દર્શની ઉપજે છે, તેમ કહ્યું. ભવપ્રત્યય નપુંસકવેદથી સ્ત્રી-પુરુષવેદી ન ઉપજે.

શ્રોત્રાદિ ઉપયુક્ત ન ઉપજે, ઈન્દ્રિયોનો તેઓમાં અભાવ છે. નોઈન્દ્રિય-મન, તેમાં જો કે મનઃપર્યાપ્તિ અભાવે દ્રવ્ય મન નથી. તો પણ ભાવમન, ચૈતન્ય રૂપનો



સદા ભાવ હોવાથી તેનાથી ઉપયુક્તની ઉત્પત્તિથી નોઈન્દ્રિયોયુક્ત ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું, મનોયોગી અને વાગ્યોગી ન ઉપજે, ઉત્પત્તિ સમયે અપર્યાપ્તકત્વથી મન, વાચાનો અભાવ હોય છે, સર્વ સંસારીને કાયયોગ હંમેશા હોય, તેથી તે ઉપજે.

હવે રત્નપ્રભા નારકોની જ ઉદ્વર્તના કહે છે — પરભવમાં પ્રથમ સમયે ઉદ્વર્તના હોય છે. તે નારકોમાં અસંજ્ઞીમાં ઉત્પન્ન ન થાય, તેથી “અસંજ્ઞી થઈને ન ઉદ્વર્તે તેમ કહ્યું. એ રીતે વિભંગજ્ઞાની ન ઉદ્વર્તે તે કહેવું, બાકીના પદો ‘ઉત્પાદવત્’ કહેવા. - x -

અહીં રત્નપ્રભા નારકોના ઉત્પાદ અને ઉદ્વર્તનામાં પરિણામ કહ્યા. હવે તે અંગે જ કહે છે — પ્રથમ સમયોત્પન્ન કેટલા છે ? ઉત્પત્તિ સમય અપેક્ષાથી બીજા આદિ સમયોમાં વર્તમાન કેટલા છે ? એ રીતે વિવક્ષિત સમયે પ્રથમ સમય અવગાઢ, દ્વિતિયાદિ સમયે અવગાઢ (લેવા). નારક ભવોમાં જેને છેલ્લો ભવ છે, તે ચરમ અથવા નારક ભવના ચરમ સમયમાં વર્તમાન, બાકીના અચરમ જાણવા. અસંજ્ઞીમાંથી મરીને જે નારકત્વથી ઉત્પન્ન છે, તે અપર્યાપ્તકાવસ્થામાં અસંજ્ઞી, ભૂતભાવથી છે, તે અલ્પ છે માટે “કદાચ હોય” તેમ કહ્યું. માન, માયા, લોભ કષાયોપયુક્ત, નોઈન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્ન, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્તકોને કદાચિત્પણાથી સિયઅત્થિ કહેવું. બાકીનાને બહુત્વથી અસંખ્યાતા કહેવા.

સંખ્યાત વિસ્તૃત નરકાવાસ નારક વક્તવ્યતા કહી, હવે તેથી વિપરીત વક્તવ્યતા કહે છે — इमीसे णं० આદિ - x - અસંજ્ઞી ત્રણે આલાવામાં ન કહેવા. કેમકે - તે પહેલીમાં જ ઉત્પન્ન થાય છે. - x - લેશ્યામાં વૈવિધ્ય કહ્યું છે, તે પહેલા શતક માફક કહેવું. તેમાં સંગ્રહ ગાથા આ પ્રમાણે - પહેલી બે માં કાપોત લેશ્યા, ત્રીજીમાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મીશ્ર કૃષ્ણા, પછી પરમ કૃષ્ણા.

અવધિજ્ઞાની, અવધિદર્શની ઉપજતા નથી, કેમ? તેઓ પ્રાયઃ તીર્થંકરો જ છે, તેઓ ચોથીમાંથી ઉદ્વર્તીને ઉત્પન્ન થતા નથી. અહીં યાવત્ અપ્રતિષ્ઠાન કહ્યું, તેથી કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ ચારે લેવા. અહીં મધ્યમ નરકાવાસ જ સંખ્યાત વિસ્તૃત છે. - x - સમ્યક્ત્વભ્રષ્ટોનો જ તેમાં ઉત્પાદ છે, પછી આદ્ય ત્રણ જ્ઞાનવાળા ઉત્પન્ન થતાં નથી કે ઉદ્વર્તતા નથી. આ પાંચ નરકાવાસમાં મતી શ્રુતજ્ઞાની હોતા નથી. ત્યાં ઉત્પન્ન થયેલને સમ્યગ્દર્શન અભાવે આભિનિબોધિકાદિ ત્રણે જ્ઞાનનો અભાવ હોય છે.

હવે રત્નપ્રભાદિ નારકવક્તવ્યતામાં જ સમ્યગ્દૃષ્ટિને આશ્રીને કહે છે — સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ઉપજતા નથી, કેમકે “સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કાળ ન કરે” એ વચનથી મિશ્રદૃષ્ટિ ન મરે, તેઓને ભવપ્રત્યય અવધિજ્ઞાન પણ ઉત્પન્ન ન થાય. તેઓનો કદાચિત્ વિરહ સંભવે છે.

હવે બીજા પ્રકારના ભંગથી નારક વક્તવ્યતા કહે છે - से नूनं० આદિ. લેશ્યાભેદોમાં અવિશુદ્ધિમાં જતા, કૃષ્ણલેશ્યામાં જાય છે. આદિ. પ્રશસ્ત લેશ્યા સ્થાનોમાં અવિશુદ્ધિમાં જતા અને અપ્રશસ્ત લેશ્યા સ્થાનોમાં વિશુદ્ધિમાં જતા, નીલલેશ્યામાં પરિણામે છે, એ ભાવ છે.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૨, "દેવ" ❀
-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧-માં નારકો કહ્યા, ઔપપાતિક સાધર્મ્યથી બીજા ઉદ્દેશામાં 'દેવો' કહે છે. આ સંબંધથી આવેલ સૂત્ર —

● સૂત્ર-૫૬૭ :-

*ભગવન્ ! દેવો કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર પ્રકારે છે - ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. - - ભગવન્ ! ભવનવાસી દેવો કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે. અસુરકુમારાદિ, જેમ બીજા શતકમાં દેવ ઉદ્દેશકમાં કહ્યા, તેમ સર્વાર્થસિદ્ધક સુધી જાણવા.*

*ભગવન્ ! અસુરકુમારાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! ૬૪-લાખ છે. ભગવન્ ! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત ? ગૌતમ ! બંને છે - - ભગવન્ ! ૬૪-લાખ અસુરકુમારાવાસના સંખ્યાત યોજન વિસ્તૃત અસુર કુમારાવાસમાં એક સમયમાં કેટલા અસુરકુમારો ઉપજે ? યાવત્ કેટલા તેઉલેશ્યી ઉપજે ?, કેટલાં કૃષ્ણપાક્ષિકો ઉપજે. એ પ્રમાણે રત્નપ્રભામાં છે તેમ જ પૂછવું, તેમજ કહેવું. વિશેષ એ કે - બે વેદે ઉપજે, નપુંસકવેદક ન ઉપજે. બાકી પૂર્વવત્. ઉદ્વર્તના પણ તે પ્રમાણે જ છે. વિશેષ એ કે અસંજ્ઞી ઉદ્વર્તે. અવધિજ્ઞાની - અવધિદર્શની ન ઉપજે. બાકી પૂર્વવત્. સત્તાના વિષયમાં પણ પૂર્વવત્. વિશેષ એકે-સંખ્યાતા સ્ત્રીવેદક કહ્યા, એ રીતે પુરુષવેદક પણ છે, નપુંસકવેદક નથી.*

*— ક્રોધ કષાયી કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ હોય. ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય. એ પ્રમાણે માની, માયી જાણવા. લોભકષાયી સંખ્યાતા જાણવા, બાકી પૂર્વવત્ છે. ત્રણે આલાવામાં સંખ્યાત યોજનમાં ચાર લેશ્યાઓ કહેવી. એ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં પણ છે, વિશેષ એ કે — ત્રણે આલાવામાં અસંખ્યાતા કહેવા યાવત્ અસંખ્યાતા અચરિમો કહેવા.*

*ભગવન્ ! નાગકુમારાવાસ કેટલા છે ? એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમારો કહેવા. વિશેષ એ કે - જ્યાં જેટલા હોય તે કહેવા.*

*ભગવન્ ! વ્યંતરાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! અસંખ્યાત. ભગવન્ ! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત વિસ્તૃત ? ગૌતમ ! સંખ્યાત વિસ્તૃત છે, અસંખ્યાત નહીં. - - ભગવન્ ! સંખ્યાત વિસ્તૃત વ્યંતરાવાસમાં એક સમયમાં કેટલા વ્યંતરો ઉપજે છે ? એ રીતે જેમ સંખ્યાત વિસ્તૃત અસુરકુમારાવાસમાં ત્રણ આલાવા છે, તેમ કહેવા. વ્યંતરોના પણ ત્રણ આલાવા કહેવા.*

*ભગવન્ ! જ્યોતિષ્ક વિમાનાવાસ કેટલાં લાખ છે ? ગૌતમ ! અસંખ્યાત છે. ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે ? એ રીતે વ્યંતરની માફક જ્યોતિષ્કના પણ ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે - એક તેજોલેશ્યા જ હોય. ઉદ્વર્તનાદિમાં અસંજ્ઞી હોતા નથી. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? ગૌતમ ! ૩૨-લાખ. ભગવન્ ! તે સંખ્યાતયોજન વિસ્તૃત છે, અસંખ્યાત યોજન ? ગૌતમ ! બંને છે. ભગવન્ ! સૌધર્મકલ્પના સંખ્યાતવિસ્તૃત ૩૨-લાખ વિમાનાવાસમાં એક સમયમાં કેટલા સૌધર્મ દેવો ઉપજે છે ? કેટલે તેજોલેશ્યી ઉપજે છે ? એ રીતે જ્યોતિષ્કની માફક ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે — ત્રણેમાં સંખ્યાતા કહેવા. અવધિજ્ઞાની અવધિદર્શનીનું ચ્યવન પણ કહેવું, બાકી પૂર્વવત્. અસંખ્યાત વિસ્તૃતમાં પણ આ રીતે ત્રણ આલાવા કહેવા. માત્ર ત્રણે આલાવામાં અસંખ્યાત કહેવા. અવધિ જ્ઞાની-દર્શની સંખ્યાતા ચ્યવે છે, બાકી પૂર્વવત્.*



*સૌધર્મ માફક ઈશાનમાં પણ છ આલાવાઓ કહેવા. સનત્કુમારમાં પણ એ પ્રમાણે છે, માત્ર સ્ત્રી વેદક ત્યાં નથી ઉપજતા, તેની સત્તા નથી, માટે ન કહેવા. અસંજ્ઞી ત્રણે આલાવામાં ન કહેવા. બાકી પૂર્વવત્. એ પ્રમાણે સહસ્રાર સુધી કહેવું. વિમાન અને લેશ્યામાં વિવિધતા છે.*

*ભગવન્ ! આનત-પ્રાણતમાં કેટલા સો વિમાનો છે ? ગૌતમ ! ૪૦૦ છે. તે વિમાનાવાસ સંખ્યાત વિસ્તૃત છે ઈત્યાદિ ? ગૌતમ ! બંને છે. સંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા સહસ્રાર મુજબ કહેવા. અસંખ્યાત વિસ્તૃતમાં ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે તેમાં સંખ્યાત કહેવા, સત્તામાં અસંખ્યાત કહેવું. વિશેષ એ કે - નોઈન્દ્રિય-ઉપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્તક, આ બધામાં જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કહ્યા છે, બાકીનામાં અસંખ્યાતા કહેવા. આરણ-અચ્યુતમાં આનત-પ્રાણત માફક કહેવું. વિમાનમાં વૈવિધ્ય છે. એ રીતે ગ્રૈવેયકમાં છે.*

*અનુત્તર વિમાનો કેટલા છે? ગૌતમ! પાંચ. ભગવન્! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત વિસ્તૃત? ગૌતમ! એક સંખ્યાત વિસ્તૃત છે, બાકીના અસંખ્યાત વિસ્તૃત છે. ભગવન્! પાંચે અનુત્તર વિમાનમાં જે સંખ્યાત વિસ્તૃત વિમાન છે, તેમાં એક સમયમાં કેટલા અનુત્તરોપપાતિક દેવો ઉપજે છે? કેટલા શુક્લલેશ્યી ઉપજે છે? પ્રશ્ન તે પ્રમાણે જ ગૌતમ! સંખ્યાત વિસ્તૃત વિમાનમાં એક સમયમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા દેવો ઉપજે છે, એ રીતે જેમ ગ્રૈવેયક વિમાનમાં સંખ્યાત વિસ્તૃતમાં કહ્યું તેમ, વિશેષ આ-કૃષ્ણપાક્ષિક, અભવસિદ્ધિક, ત્રણ અજ્ઞાનવાળા, આ બધાં ન ઉપજે, ન ચ્યવે, ન સત્તાથી કહેવા, અચરમનો પણ નિષેધ કરવો યાવત્ સંખ્યાત ચરમ કહ્યા છે. બાકી પૂર્વવત્. અસંખ્યાત વિસ્તૃતમાં પણ આ ન કહેવા. માત્ર તેમાં અચરમ હોય છે. બાકીનું અસંખ્યાત વિસ્તૃત ગ્રૈવેયક મુજબ યાવત્ અચરમો કહ્યા છે, સુધી કહેવું.*

*ભગવન્ ! ૬૪-લાખ અસુરકુમારાવાસમાં સંખ્યાતવિસ્તૃત અસુરકુમારવાસોમાં શું સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો ઉપજે, મિથ્યાદૃષ્ટિ ઉપજે, એ રીતે રત્નપ્રભા મુજબના ત્રણ આલાવા કહેવા. એ રીતે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા કહેવા. એ રીતે યાવત્ ગ્રૈવેયકમાં, અનુત્તર વિમાનમાં પણ કહેવું. ત્રણે આલાવામાં મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ ન કહેવા. બાકી પૂર્વવત્ જાણવું.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કૃષ્ણલેશ્યી દેવોમાં ઉપજે ? હા, ગૌતમ ! એ રીતે નૈરયિકોમાં પહેલા ઉદ્દેશામાં*

*કહ્યા મુજબ કહેવું. નીલલેશ્યી પણ નૈરયિકવત્ કહેવા, એ રીતે યાવત્ પદ્મલેશ્યી, શુક્લલેશ્યી કહેવા. વિશેષ આ - લેશ્યા સ્થાન વિશુદ્ધ થતાં થતાં શુક્લલેશ્યામાં પરિણમે છે, પછી શુક્લલેશ્યી દેવોમાં ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વવત્ કહ્યું છે. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● **વિવેચન-૫૬૭ :-**

સંખ્યાતવિસ્તૃતાદિ૦ - અહીં ગાથા છે - જે સર્વે નાના ભવનો જંબૂદ્વીપ સમાન હોય છે. તેમાં મધ્યમના સંખ્યેય વિસ્તૃત છે, બાકીના અસંખ્યેય વિસ્તૃત છે. - - સ્ત્રી અને પુરુષ વેદમાં જ ઉત્પન્ન થાય છે. તેમાં તે બેનો જ સદ્‌ભાવ છે. અસુરાદિથી ઈશાનાંત દેવોમાં પૃથ્વી આદિમાંથી અસંજ્ઞીઓ પણ ઉપજે છે માટે અસંજ્ઞીની ઉત્પત્તિ કહી.

અવધિ જ્ઞાની, અવધિદર્શની ન ઉપજે, અસુરાદિમાં ઉદ્‌વૃત્તને તીર્થંકરાદિત્વનો લાભ ન થાય, તીર્થંકરાદિમાં અવધિવાળા ઉદ્વર્તે છે. પ્રજ્ઞપ્ત પદ ઉપલક્ષિત આલાવો પહેલા ઉદ્દેશા મુજબ અસુરોમાં કહેવો.

ક્રોધ, માન, માયા, કષાય ઉદયવાન્ દેવોમાં કદાચિત્ક કહ્યું લોભ કષાયોદયવાળા સાર્વદિક હોવાથી સંખ્યાતા લોભકષાયી કહેવા. ત્રણે પણ આલાવામાં ચાર લેશ્યા-તેજોલેશ્યાંતા કહેવા. આ અસુરકુમાર આદિને હોય છે. જે નિકાયમાં જેટલા ભવન લક્ષણો છે, તેટલા તેમાં કહેવા. જેમકે અસુરોમાં ૬૪, નાગકુમારોમાં-૮૪, સુવર્ણકુમારોમાં ૭૨, વાયુકુમારોમાં ૯૬, દ્વીપ-દિક્-ઉદધિ-વિદ્યુત-સ્તનીતાદિમાં પ્રત્યેકમાં ૬૭-૬૭ લાખ ભવનો છે.

વ્યંતર સૂત્રમાં સંખ્યાત વિસ્તૃતમાં આ ગાથા છે - ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ સમાન તે નગરો છે, ક્ષુદ્રથી ભરત સમાન, મધ્યમથી વિદેહ સમાન છે. - - જ્યોતિષ્ક સૂત્રમાં સંખ્યાત વિસ્તૃત વિમાન આવાસ છે. - x - ગ્રંથ વડે માપવા. અહીં એક તેજોલેશ્યા જ કહેવી. વ્યંતરમાં અસંજ્ઞી ઉપજે છે, અહીં તેનો નિષેધ છે, એ વિશેષ જાણવું. ઉત્પાદનો અભાવ હોવાથી અહીં સત્તામાં પણ તેનો નિષેધ છે.

સૌધર્મ સૂત્રમાં - જેથી તીર્થંકરાદિ થાય, તેથી અવધિજ્ઞાની આદિ ચ્યવીને કહ્યું. સંખ્યાતનો જ તીર્થંકર આદિમાં ઉત્પાત હોવાથી અવધિજ્ઞાની, અવધિદર્શની સંખ્યાતા ચ્યવે છે, તેમ કહ્યું.

ઉત્પાદાદિ ત્રણ, સંખ્યાત વિસ્તૃતને આશ્રીને અને ત્રણ અસંખ્યાત વિસ્તૃત આશ્રીને એમ છ આલાવા થાય. સનત્કુમારાદિમાં સ્ત્રીઓ ઉત્પન્ન ન થાય, ન ઉદ્વર્તે. તેમાં સંજ્ઞીમાંથી ઉત્પન્ન થઈને ચ્યવીને સંજ્ઞીમાં જ જાય, સહસ્રારાંત સુધી તિર્યંચો ઉપજે છે, તેથી અસંખ્યાતોને ત્રણે આલાવામાં કહ્યા. તેમાં વિમાનોમાં વૈવિધ્ય કહ્યું, તે બત્રીશ, અઠ્ઠાવીશ આદિ. લેશ્યામાં અનુક્રમે તેજો, તેજો, તેજો અને પદ્મ, પદ્મ, પદ્મ અને શુક્લ, શુક્લ અને પછી બધે પરમ શુક્લ જાણવી.

આનતાદિમાં ઉત્પાદ, અવસ્થાન અને ચ્યવનમાં સંખ્યાત વિસ્તૃત વિમાનોમાં સંખ્યાત જ થાય છે. અસંખ્યાત વિસ્તૃતમાં પણ ઉત્પાદ અને ચ્યવન સંખ્યાત જ છે, કેમકે ગર્ભજ મનુષ્યોથી જ આનતાદિમાં ઉત્પાદ છે, તેઓ સંખ્યાતા છે, વળી ત્યાંથી ચ્યવીને પણ ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તેથી એક સમયમાં સંખ્યાતનો જ



ઉત્પાદ અને ચ્યવન સંભવે છે, અવસ્થિતિ અસંખ્યાતની સંભવે.

પ્રજ્ઞપ્તક ગમમાં અસંખ્યાતા કહેવા, માત્ર નોઈન્દ્રિયોયુક્તાદિ પાંચ પદોમાં સંખ્યાતા જ છે. - x - x - પાંચ અનુત્તરોમાં મધ્યવિમાન સંખ્યાત યોજન વિસ્તૃત જાણવું. - - અહીં સમ્યગ્દૃષ્ટિનો જ ઉત્પાદ હોવાથી કૃષ્ણપાક્ષિકાદિ પદોનો નિષેધ છે. જેનો અનુત્તર દેવનો ચરમ ભવ છે, તે ચરમ અને બાકીના અચરમ, તેનો નિષેધ કર્યો છે. તેથી મધ્યમ વિમાનમાં 'ચરમો' જ ઉત્પન્ન થાય છે. પણ બાહ્ય ચાર વિમાનોમાં અચરમ ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ - x -

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૩-"નૈરયિક" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૨-માં દેવ વક્તવ્યતા કહી, દેવો પ્રાયઃ પરિચારવાળા હોય છે, પરિચારણા નિરૂપણ માટે ત્રીજો ઉદ્દેશો કહે છે.

● **સૂત્ર-૫૬૮ :-**

*ભગવન્ ! નૈરયિકો અનંતરાહારક હોય, પછી નિર્વર્તના વડે૦ એ પ્રમાણે પરિચારણાપદ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! એમ જ છે.*

● **વિવેચન-૫૬૮ :-**

અનંતરાહારક - ઉપપાત ક્ષેત્ર પ્રાપ્તિ સમયે જ આહાર કરે છે. પછી શરીરોત્પત્તિ કરે. પરિચારણા પદ એ પ્રજ્ઞાપનાનું ૩૪-મું પદ છે તે આ રીતે — પછી પરિણત કરીને પરિણમાવીને પછી પરિચારણા, પછી વિકુર્વણા કરે ? હા, ગૌતમ ! ઈત્યાદિ. પછી પરિણત કરીને અર્થાત્ અંગ-પ્રત્યંગથી ચોરતરફથી પામે, પામીને પરિણત ઈન્દ્રિયાદિ વિભાગથી, પછી શબ્દાદિ વિષયોપભોગ કરી વિવિધ રૂપ કરે.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૪-"પૃથ્વી" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં પરિચારણા કહી, તે નારકાદિને હોય છે. નારકાદિના અર્થને પ્રતિપાદન કરવા ઉદ્દેશો-૪ કહે છે.

● **સૂત્ર-૫૬૯ :-**

*ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! સાત. તે આ - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી. ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તર મહા-મોટા યાવત્ અપ્રતિષ્ઠાન છે. તે નારકો છઠ્ઠી તમા પૃથ્વીના નારકોથી (૧) મહંતતર, (૨) મહા-વિસ્તીર્ણતર, (૩) મહાવાસતર, (૪) મહા પ્રતિરિક્તતર છે, પણ મહાપ્રવેશનતર નથી, આકીર્ણતર નથી, આઉલતર નથી, અણોયણતર નથી. તેમાં રહેલ નૈરયિકો છઠ્ઠી તમાપૃથ્વીના નૈરયિકોથી મહાકર્મતર, મહાક્રિયાવાળા, મહાશ્રવવાળા, મહાવેદનાવાળા છે, પરંતુ અલ્પકર્મવાળા, અલ્પક્રિયાવાળા, અલ્પ આશ્રવવાળા, અલ્પ વેદનાવાળા નથી. અલ્પ ઋદ્ધિવાળા, અલ્પદ્યુતિવાળા છે. મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા નથી.*

*છઠ્ઠી તમાપૃથ્વીમાં પાંચ ન્યૂન એક લાખ નરકાવાસ છે. તે નરકો અધઃસપ્તમી પૃથ્વીના નૈરયિકોથી મહત્તરક યાવત્ મહા વિસ્તીર્ણતર નથી,*

*મહાપ્રવેશનતરક યાવત્ આકીર્ણ નથી. તે નરકોમાં નૈરયિકો અધઃસપ્તમી પૃથ્વીના નૈરયિકોથી અલ્પકર્મવાળા યાવત્ અલ્પક્રિયાવાળા છે પણ મહાકર્મવાળા અને મહાક્રિયાવાળા નથી. મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા છે, પણ અલ્પઋદ્ધિવાળા અને અલ્પદ્યુતિવાળા નથી.*

*છઠ્ઠી તમાપૃથ્વીમાં નરકો પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નરકોથી મહત્તર આદિ છે, મહાપ્રવેશનવાળાદિ નથી. તે નરકોમાં નૈરયિક પાંચમી ધૂમપ્રભા પૃથ્વીથી મહાકર્મવાળાદિ છે, પણ અલ્પકર્મવાળા નથી. અલ્પઋદ્ધિવાળાદિ છે, પણ મહાઋદ્ધિવાળા નથી.*

*પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસો છે. એ રીતે જેમ છઠ્ઠીમાં કહ્યું, એ પ્રમાણે સાતે પૃથ્વીમાં પરસ્પર કહેવું, યાવત્ રત્નપ્રભા યાવત્ મહાઋદ્ધિવાળા છે, અલ્પઋદ્ધિવાળા નથી.*

● **વિવેચન-૫૬૯ :-**

અહીં ક્યાંક દ્વારગાથા દેખાય છે - નૈરયિક, સ્પર્શ, પ્રણિધિ, નિરયંત, લોકમધ્ય, દિશિ-વિદિશાનું પ્રવહ, પ્રવર્તન અસ્તિકાય, પ્રદેશ સ્પર્શના, અવગાહના જીવ અવગાઢ, પ્રદેશનિષીદન, લોક સંસ્થાન.

મહંતતર - લંબાઈથી, વિચ્છિન્નતર - વિષ્કંભથી, મહાવાસતર - ઘણાં વિવક્ષિત દ્રવ્યોના અવસ્થાન યોગ્ય ક્ષેત્ર, મહાન્ અવકાશ જેમાં છે તે મહાવકાશ, અતિશય મહાવકાશ તે મહાવકાશતર. તે મહાજન સંકીર્ણ પણ હોય, તેથી કહે છે — મહા પ્રતિરિક્તતર એટલે અતિ રીક્ત. તે પ્રકારે - જેમ છઠ્ઠી પૃથ્વી નરકો અતિશય મહત્ પ્રવેશન છે. બીજી ગતિમાં નરકગતિમાં જીવોનો પ્રવેશ તે પ્રવેશનક. - x -

જે કારણે મહાપ્રવેશનવાળા છે, તેથી અત્યંત સંકીર્ણ નથી. કર્તવ્યતાથી જેઓ આકુલ નારકલોક છે, તેમાં અતિશય યોગથી આકુલતર છે. अणोमाणतरा - અતિશય અસંકીર્ણ, ક્યાંક अणोयणतरा - દેખાય છે. અર્થાત્ વ્યાકુળજનાભાવથી અતિશય પરસ્પર ધક્કામુક્કી થતી નથી. महाकम्मतर - આયુષ્ક વેદનીયાદિ કર્મોની મહત્તા છે. महाकिरियतर - કાયિક્યાદિ ક્રિયાના મહત્પણાથી તે કાળે અને કાય મહત્તપણાના પૂર્વકાળે મહારંભાદિત્વથી જ મહાશ્રવવાળા છે. - x -

अप्पड्ढियतर - અવધિ આદિ ઋદ્ધિથી અલ્પ, अप्पज्जुइ - દીપ્તિનો અભાવ. આ વસ્તુને વ્યતિરેકથી કહેતા महड्ढिए० આદિ કહ્યું.

● **સૂત્ર-૫૭૦ થી ૫૭૪ :-**

*[૫૭૦] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવો પૃથ્વીસ્પર્શ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક, એ રીતે અપ્કાયનો સ્પર્શ, એ પ્રમાણે યાવત્ વનસ્પતિના સ્પર્શ પર્યન્ત જાણવું.*

*[૫૭૧] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી, બીજી શર્કરાપ્રભા પૃથ્વીની અપેક્ષાએ બાહલ્યથી સૌથી મોટી, ચોતરફથી સૌથી નાની છે ? હા, ગૌતમ ! એ પ્રમાણે જેમ જીવાભિગમના બીજા નૈરયિક ઉદ્દેશક મુજબ કહેવું.*



*[૫૭૨] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોના પરિપાર્શ્વમાં જે પૃથ્વીકાયિકો૦ નૈરયિક ઉદ્દેશકવત્ સાતમી સુધી કહેવું.*

*[૫૭૩] ભગવન્! લોકનો આયામ મધ્ય ક્યાં કહ્યો છે? ગૌતમ! આ રત્નપ્રભાના આકાશખંડના અસંખ્યાત ભાગને અવગાહીને લોકનો આયામ મધ્ય છે. - - ભગવન્! અધોલોકનો આયામ મધ્ય ક્યાં છે? ગૌતમ! ચોથી પંકપ્રભા પૃથ્વીના અવકાશાંતરના સાધિક અર્ધભાગને ઉલ્લંઘી અધોલોકનો આયામમધ્ય છે.*

*ભગવન્ ! ઉર્ધ્વલોકનો આયામ મધ્ય ક્યાં છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્રકલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ટ વિમાન પ્રસ્તટમાં ઉર્ધ્વલોકનો આયામ મધ્ય છે. - - ભગવન્ ! તિર્છાલોકનો આયામ મધ્ય ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતના બહુ મધ્ય દેશ ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના અને નીચેના ક્ષુદ્ર પ્રતરમાં તિર્છાલોકના મધ્ય ભાગરૂપ આઠ રૂચક પ્રદેશ કહ્યા છે. જ્યાંથી આ દશ દિશાઓ નીકળે છે. તે આ - પૂર્વા, પૂર્વદક્ષિણા એ પ્રમાણે દશમાં શતકમાં છે, તેમ કહેવું.*

*[૫૭૪] ભગવન્ ! ઐન્દ્રી દિશાની આદિ શું છે ? ક્યાંથી તે નીકળી છે ? તેની આદિમાં કેટલા પ્રદેશ છે ? ઉત્તરમાં કેટલા પ્રદેશ છે ? કેટલા પ્રદેશવાળી છે ? ક્યાં પર્યવસાન પામે છે ? સંસ્થાન કયું છે ? ગૌતમ ! ઐન્દ્રી દિશાની આદિમાં રૂચક છે, રુચકથી નીકળે છે, દ્વિપ્રદેશ આદિ, દ્વિપ્રદેશ ઉત્તર છે. લોકને આશ્રીને અસંખ્યપ્રદેશી, અલોકને આશ્રીને અનંતપ્રદેશી છે. તે લોકને આશ્રીને સાદિ-સાંત છે, અલોકને આશ્રીને સાદિ-અનંત છે. લોકને આશ્રીને મુરજસંસ્થિત છે, અલોકને આશ્રીને ઉર્ધ્વશકટાકાર સંસ્થિત છે.*

*ભગવન્! આગ્નેયી દિશાની આદિ શું છે?, ઉદ્ભવ શું છે? તેની આદિમાં કેટલા પ્રદેશ છે? કેટલા પ્રદેશ વિસ્તીર્ણ છે? કેટલા પ્રદેશવાળી, તેનો અંત ક્યાં છે? તેનું સંસ્થાન કેવું છે? ગૌતમ! આગ્નેયી દિશાની આદિમાં રુચક છે, રુચકપ્રભવ છે, એક પ્રદેશાદિ છે, એક પ્રદેશ વિસ્તૃત છે, અનુત્તર છે. લોકને આશ્રીને અસંખ્યપ્રદેશી, અલોકને આશ્રીને અનંતપ્રદેશી છે. લોકને આશ્રીને આદિ સાંત, અલોકને આશ્રીને સાદિ-અનંત છે. ટુટેલી મુક્તાવલિ આકારે છે.*

*યામ્યા દિશા ઐન્દ્રી માફક છે. નૈર્ઋતી, આગ્નેયીવત્ છે. એ પ્રમાણે દિશા, ઐન્દ્રી માફક અને વિદિશા, આગ્નેયી માફક જાણવી. ભગવન્! વિમલાદિશા વિશે પ્રશ્ન. ગૌતમ! વિમલાદિશાની આદિ રૂચક છે, તે રુચકમાંથી નીકળે છે, આદિમાં ચાર પ્રદેશ છે, દ્વિપ્રદેશ વિસ્તીર્ણ છે, અનુત્તર છે. લોકને આશ્રીને૦ આદિ આગ્નેયી મુજબ જાણવું. વિશેષ એ કે તે રુચકાકાર છે એ રીતે 'તમા' પણ જાણવી.*

● **વિવેચન-૫૭૦ થી ૫૭૪ :-**

સ્પર્શ દ્વારમાં યાવત્ વનસ્પતિ કહીને તેઉ-વાયુકાયના સ્પર્શ સૂત્ર સૂચવેલ છે. કોઈ કહે છે — સાતે પૃથ્વીમાં તેઉકાય વર્જીને પૃથ્વીકાયિકાદિ સ્પર્શ નારકોને યુક્ત છે, કેમકે બાદર તેઉકાય તો સમયક્ષેત્રમાં હોય છે, સૂક્ષ્મ તેઉકાયનો ત્યાં સદ્ભાવ હોવા છતાં સ્પર્શનેન્દ્રિયનો અવિષય છે. અહીં કહે છે કે — અહીં તેઉકાય, તે

પરમાધામી વિકુર્વીત બળતી એવી વસ્તુ જેવો સ્પર્શરૂપ તેઉકાય સ્પર્શ લેવાનો છે, સાક્ષાત્ તેઉકાય નહીં, અથવા ભવાંતરમાં અનુભૂત તેઉકાયિક પર્યાય પૃથ્વીકાયાદિ જીવ સ્પર્શ અપેક્ષાએ આ કહેવું.

પ્રણિધિ દ્વાર - પ્રણિધાય આશ્રીને, સૌથી મોટી ૧,૮૦,૦૦૦ પ્રમાણ રત્નપ્રભાનું બાહલ્ય છે, શર્કરાપ્રભાનું ૧,૩૨,૦૦૦ યોજન છે. સર્વથા લઘુ, પૂર્વાપર-દક્ષિણોત્તર વિભાગમાં લંબાઈ-પહોડાઈથી રત્નપ્રભાથી એક રાજ પ્રમાણ, તેથી મહત્તર શર્કરાપ્રભા છે. એ રીતે જીવાભિગમ મુજબ ઈત્યાદિ. આના વડે સૂચવે છે - હા, ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીને આશ્રીને યાવત્ સર્વાંતમાં સૌથી નાની છે. બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વીની પ્રણિધિથી સર્વ લઘુ છે. આ આલાવા વડે સાતમી સુધી કહેવું.

નિરયાંત દ્વાર - નરકાવાસની પડખેથી૦ જેમ જીવાભિગમનો નૈરયિક ઉદ્દેશક છે, તેમાં આ રીતે સૂત્ર છે — અપ્, તેઉ, વાયુ, વનસ્પતિકાયિક જીવો મહાકર્મવાળા યાવત્ મહાવેદનાવાળા છે ? હા, ગૌતમ ! છે.

લોકમધ્યદ્વાર - રુચકની નીચે ૯૦૦ યોજન જતાં, લોકાંત પર્યન્ત અધોલોક છે, તે સાતિરેક સાત રાજ પ્રમાણ છે, તેનો મધ્યભાગ, ચોથી-પાંચમી પૃથ્વીનો જે અવકાશાંતર છે, તેનો સાતિરેક અર્દ્ધ અતિબાહ્ય થાય છે. તથા રુચકની ઉપર ૯૦૦ યોજન ઓળંગીને ઉર્ધ્વલોક કહે છે, તે લોકાંત સુધી છે. તે સાત રાજલોકથી કંઈક ન્યૂન છે, તેનો મધ્યભાગ પ્રતિપાદન કરવા સૂત્રકારે उप्पिं सणंकुमार० કહ્યું.

લોકના વજ્રમધ્યત્વથી રત્નપ્રભાના રત્નકાંડમાં બે સર્વક્ષુલ્લક પ્રતરો છે. તેની ઉપરથી ઉર્ધ્વમુખી અને નીચેથી અધોમુખી વૃદ્ધિ થાય છે. તેની ઉપર-નીચે સૌથી લઘુપ્રદેશ બે પ્રતર છે. પ્રજ્ઞાપકને સમજાવવા તિર્છાલોક મધ્યે આઠ પ્રદેશક રુચક કહ્યા છે તે તિર્છાલોક મધ્યે કહેલ હોવાથી તિર્છાલોકાયામ મધ્ય થાય છે. - x - x -

દિક્ વિદિક્ પ્રવહ દ્વાર - किमादि એટલે તેની આદિમાં કોણ છે ? તે ક્યાંથી ઉદ્ભવે છે ? તેની આદિમાં કેટલા પ્રદેશો છે ? તેની કેટલા પ્રદેશ વૃદ્ધિ છે ? લોકાંતના પરિમંડલ આકારત્વથી મુરજ સંસ્થાનતા થાય, તેથી લોકાંતને આશ્રીને ‘મુરજસંસ્થિત’ કહ્યું. તેની પૂર્વ દિશાને આશ્રીને ચૂર્ણિકારે આ પ્રમાણે કહ્યું છે — પૂર્વોત્તરથી પ્રદેશ હાનીમાં, દક્ષિણપૂર્વે રુચકદેશમાં, મુરજ નીચેની દિશામાં, અંતે ચતુઃપ્રદેશ, મધ્યમાં તુંડ. અલોકને આશ્રીને શકટોર્ધ્વ સંસ્થિત૦ ઈત્યાદિ - x -

**● સૂત્ર-૫૭૫ થી ૫૭૭ :-**

*[૫૭૫] ભગવન્ ! આ ‘લોક’ શું કહેવાય છે ? ગૌતમ ! પંચાસ્તિકાયના સમૂહરૂપ આ લોક કહેવાય છે. તે આ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય યાવત્ પુદ્ગલાસ્તિકાય.*

*ભગવન્ ! ધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! ધર્માસ્તિકાયથી જીવોનું આગમન, ગમન, ભાષા, ઉન્મેષ, મનોયોગ, વચનયોગ અને કાયયોગ પ્રવૃત્તિ થાય છે. આ અને આવા પ્રકારના બધાં ચલ ભાવ, તે ધર્માસ્તિકાય દ્વારા પ્રવૃત્ત થાય છે. તેનું લક્ષણ ગતિ છે.*

*અધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! તેના વડે જીવોના સ્થાન, નિષીદન, ત્વગ્વર્તન, મનનું એકત્રી ભાવકરણ, જે આવા પ્રકારના અન્ય સ્થિર ભાવો, તે બધાં અધર્માસ્તિકાયની પ્રવૃત્તિ છે. અધર્માસ્તિકાયનું લક્ષણ ‘સ્થિતિ’ છે.*



*ભગવન્ ! આકાશાસ્તિકાયમાં જીવો અને અજીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! આકાશાસ્તિકાય, બંનેના આશ્રયરૂપ છે.*

*[૫૭૬] એક કે બે પરમાણુથી પૂર્ણમાં સો પરમાણુ પણ સમાઈ શકે છે. ૧૦૦ કરોડ પૂર્ણમાં ૧૦૦૦ કરોડ પરમાણુ પણ સમાઈ શકે.*

*[૫૭૭] આકાશાસ્તિકાયનું લક્ષણ અવગાહના છે.*

*ભગવન્ ! જીવાસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! જીવાસ્તિકાય દ્વારા જીવો અનંત આભિનિબોધિકજ્ઞાન પર્યાયો, અનંત શ્રુતજ્ઞાન પર્યાયો, એ રીતે બીજા શતકના અસ્તિકાય ઉદ્દેશક મુજબ યાવત્ તે ઉપયોગને પામે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે.*

*પુદ્ગલાસ્તિકાયની પૃચ્છા. ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયથી જીવોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ (શરીર), શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શન ઈન્દ્રિય, મન-વચન-કાયયોગ, શ્વાસોચ્છ્વાસ ગ્રહણની પ્રવૃત્તિ થાય છે. પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ ગ્રહણ છે.*

**● વિવેચન-૫૭૫ થી ૫૭૭ :-**

પ્રવર્તન દ્વારમાં - આગમન, ગમન, ભાષા-વ્યક્ત વચન, ઉન્મેષ-અક્ષિ વ્યાપાર વિશેષ, મનોયોગાદિ, સામાન્ય રૂપે છે અને આગમનાદિ તેના વિશેષ રૂપે છે, તેથી ભેદ વડે લીધાં છે - x - આગમન આદિથી બીજા, તેવા પ્રકારના, તેના સદેશ-ભ્રમણ, ચલનાદિ. ચલસ્વભાવ પર્યાયો સર્વે, તે ધર્માસ્તિકાય હોવાથી પ્રવર્તે છે. કેમકે તે ગતિલક્ષણ છે.

ઠાણનિસીયણ૦ કાયોત્સર્ગ, આસન, શયન, મનના અનેકપણાનું એકત્વ થવું તે એકત્વીભાવ, તેનું જે કરવું તે.

જીવ અને અજીવ દ્રવ્યના ભેદ વડે આશ્રયરૂપ, તે આકાશાસ્તિકાય. તેના હોવાથી જીવાદિનો અવગાહ પ્રવર્તે છે. તેના આશ્રયભાવને દર્શાવતા કહે છે — એક પરમાણુ આદિ વડે, આ આકાશાસ્તિકાય પ્રદેશ ભરાય છે, બે પરમાણુ વડે પણ પૂર્ણ રહે છે. કેમ ? પરિણામ ભેદથી. જેમ આકાશ, એક દીવાની પ્રભા વડે પણ પૂરાય અને બીજાની પ્રભા પણ તેમાં સમાય છે, ઔષધિ વિશેષ પ્રાપ્ત પરિણામથી એકત્ર પારદકર્ષમાં સો સુવર્ણકર્ષ પ્રવેશે છે ઈત્યાદિ - x - અવગાહના એટલે આશ્રયભાવ.

જીવાસ્તિકાય વડે, અંતર્ભૂતભાવ પ્રત્યયત્વથી જીવ વડે.

પુદ્ગલાસ્તિકાય - ઔદારિકાદિ શરીરીના શ્રોત્રેન્દ્રિયાદિ અને મનોયોગ સુધીના પ્રાણોનું ગ્રહણ પ્રવર્તે છે - x - x -

**● સૂત્ર-૫૭૮,૫૭૯ :-**

*[૫૭૮] ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? ગૌતમ ! જઘન્યપદે ત્રણ, ઉત્કૃષ્ટથી છ વડે.*

— કેટલા અધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત. - - કેટલા આકાશાસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! સાત - - કેટલા જીવાસ્તિકાયપ્રદેશથી સ્પૃષ્ટ છે ? અનંતથી.

— કેટલા પુદ્‌ગલાસ્તિકાયથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! અનંતથી. કેટલા અદ્ધા સમયથી સ્પૃષ્ટ છે ? કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંતથી સ્પૃષ્ટ હોય.

ભગવન્! એક અધર્માસ્તિકાયપ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે? ગૌતમ! જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત વડે. કેટલાં અધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે? જઘન્યથી ત્રણ, ઉત્કૃષ્ટથી છ વડે. બાકી બધું ધર્માસ્તિકાય મુજબ જાણવું.

ભગવન્ ! એક આકાશાસ્તિકાય પ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ વડે સ્પૃષ્ટ છે ? ગૌતમ ! કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ સ્પૃષ્ટ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો જઘન્યથી એક, બે, ત્રણ કે ચાર વડે હોય. ઉત્કૃષ્ટથી સાત વડે હોય. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશમાં પણ જાણવું.

કેટલા આકાશાસ્તિકાય પ્રદેશથી ? છ વડે. કેટલા જીવાસ્તિકાય પ્રદેશથી ? કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંત પ્રદેશથી હોય એ રીતે પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમયમાં જાણવું.

[૫૭૯] ભગવન્ ! એક જીવાસ્તિકાય પ્રદેશ કેટલા ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું. કેટલા આકાશાસ્તિકાય૦થી ? સાત વડે. કેટલાં જીવાસ્તિકાયથી ? બાકી બધું ધર્માસ્તિકાય મુજબ છે.

ભગવન્ ! એક પુદ્‌ગલાસ્તિકાયપ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? એ પ્રમાણે જીવાસ્તિકાય મુજબ જાણવું. - ભગવન્ ! બે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાયપ્રદેશોથી સ્પૃષ્ટ છે ? જઘન્યથી છ, ઉત્કૃષ્ટથી બાર. એ પ્રમાણે અધર્માસ્તિકાયપ્રદેશમાં જાણવું. કેટલા આકાશાસ્તિકાયથી ? બાર. બાકી ધર્માસ્તિકાય મુજબ જાણવું.

ભગવન્ ! ત્રણ પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? જઘન્યથી આઠ, ઉત્કૃષ્ટથી સત્તર. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશમાં જાણવું. કેટલાં આકાશાસ્તિકાયથી ? સત્તર. બાકી ધર્માસ્તિકાય મુજબ જાણવું. આ પ્રમાણે આ આલાવા વડે દશપ્રદેશ સુધી કહેવું. વિશેષ એ કે જઘન્યપદમાં બે અને ઉત્કૃષ્ટપદમાં પાંચ ઉમેરવા.

— ચાર પુદ્‌ગલાસ્તિકાયમાં જઘન્યથી દશ, ઉત્કૃષ્ટથી બાવીશ. પાંચમાં જઘન્યથી બાર, ઉત્કૃષ્ટથી સત્તાવીશ. 'છ'માં જઘન્યથી-૧૪, ઉત્કૃષ્ટથી-૩૨, 'સાત'માં જઘન્યથી-૧૬, ઉત્કૃષ્ટથી-૩૭, 'આઠ'માં જઘન્યે ૧૮, ઉત્કૃષ્ટથી-૪૨, 'નવ'માં જઘન્યથી-૨૦, ઉત્કૃષ્ટથી-૪૭. 'દશ' પુદ્‌ગલ૦ જઘન્યથી-૨૨, ઉત્કૃષ્ટથી-૫૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

— આકાશાસ્તિકાય માટે બધે ઉત્કૃષ્ટ પદ કહેવું.



ભગવન્ ! સંખ્યાતા પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? જઘન્ય પદમાં તે સંખ્યાતને બમણાં કરી. તેમાં બે ઉમેરો, ઉત્કૃષ્ટ પદમાં તે સંખ્યાતાને પાંચ ગણાં કરીને તેમાં બે ઉમેરવા. અધર્માસ્તિકાય વડે સ્પર્શના આ પ્રમાણે જ જાણવી. કેટલાં આકાશાસ્તિકાય૦ વડે ? તે સંખ્યાતને પાંચગણા કરી, બે ઉમેરો. કેટલાં જીવાસ્તિકાય૦ વડે ? અનંતથી. કેટલાં પુદ્‌ગલાસ્તિકાય વડે ? અનંતથી. કેટલાં અદ્ધા સમય વડે ? કદાચ સ્પર્શે, કદાચ નહીં. જો સ્પર્શે તો યાવત્ અનંત વડે સ્પર્શે.

ભગવન્ ! અસંખ્યાત પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલા ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? જઘન્યથી તે અસંખ્યાતને બમણાં કરી, બે ઉમેરો. ઉત્કૃષ્ટથી તે અસંખ્યાતાને પાંચગુણા કરી, બે ઉમેરો. બાકી બધું સંખ્યાતા મુજબ યાવત્ નિયમા અનંત વડે સ્પર્શે.

ભગવન્ ! અનંતા પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? અસંખ્યાતાની માફક 'અનંતા' સંપૂર્ણ કહેવા.

ભગવન્! એક અદ્ધાસમય કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશોથી સ્પૃષ્ટ છે? સાતથી. કેટલાં અધર્માસ્તિકાયથી? પૂર્વવત્. એ પ્રમાણે આકાશાસ્તિકાય વડે પણ છે. કેટલાં જીવાસ્તિકાયથી? અનંત વડે. એ પ્રમાણે યાવત્ અદ્ધા સમય વડે.

ભગવન્ ! ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? એક પણ પ્રદેશથી નહીં. કેટલા અધર્માસ્તિકાયથી ? અસંખ્યાત વડે. કેટલાં આકાશાસ્તિકાયથી ? અસંખ્યાત વડે-કેટલાં જીવાસ્તિકાયથી ? અનંત વડે. કેટલાં પુદ્‌ગલાસ્તિકાયપ્રદેશથી ? અનંત વડે. કેટલાં અદ્ધા સમયથી ? કદાચ સ્પૃષ્ટ થાય, કદાચ ન થાય. જો સ્પૃષ્ટ થાય, તો નિયમા અનંત વડે થાય.

ભગવન્ ! અધર્માસ્તિકાય, કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ થાય ? અસંખ્યાત વડે. કેટલાં અધર્માસ્તિકાયથી ? એક પણ નહીં. બાકી બધું ધર્માસ્તિકાય મુજબ જાણવું. - - આ આલાવા વડે બધાં જ સ્વ સ્થાનમાં એક પણ પ્રદેશથી સ્પૃષ્ટ ન થાય, પરસ્થાનમાં પહેલાંના ત્રણમાં અસંખ્યાત વડે, પછીના અનંત વડે કહેવા યાવત્ અદ્ધા સમય, યાવત્ કેટલાં અદ્ધા સમયથી સ્પૃષ્ટ થાય ? એક પણ નહીં.

● વિવેચન-૫૭૮,૫૭૯ :-

જઘન્ય પદમાં લોકાંત નિષ્કુટરૂપ, જેમાં એક ધર્માસ્તિકાયાદિ પ્રદેશની અતિ સ્તોક અન્ય વડે સ્પર્શના થાય, તે ભૂમિ પાસેનો કોણપ્રદેશ પ્રાયઃ હોય, તેની ઉપર એક અને બે પડખાં વડે એક વિવક્ષિત પ્રદેશ સ્પર્શે, એ રીતે જઘન્યથી ત્રણ. વિવક્ષિત એક ઉપર એક નીચે ચારે દિશામાં, એ રીતે છ વડે પ્રતર મધ્યે સ્પર્શે.

ધર્માસ્તિકાય પ્રદેશ, જઘન્યથી અધર્માસ્તિકાયના ચાર પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય. ત્રણ પૂર્વવત્, ચોથો ધર્માસ્તિકાયપ્રદેશ સ્થાનસ્થિત. ઉત્કૃષ્ટથી સાત વડે - છ, દિશાષટ્ક, સાતમો ધર્માસ્તિકાયપ્રદેશમાં.

આકાશપ્રદેશમાં સાત વડે. લોકાંતે પણ અલોકાકાશ પ્રદેશની વિદ્યમાનતાથી. જીવમાં-અનંત જીવના અનંત પ્રદેશો વડે સ્પર્શે. એ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશમાં

પણ જાણવું. - - અદ્ધા સમય, તે સમય ક્ષેત્રમાં જ છે, તે પછી નહીં, તેથી કદાચ સ્પર્શે, કદાચ ન સ્પર્શે. અદ્ધા સમયના અનાદિત્વથી અથવા વર્તમાન સમયમાં આલિંગિત અનંત દ્રવ્યોના અનંતા જ સમયો છે, તેથી અનંત વડે સ્પર્શે છે.

અધર્માસ્તિકાય પ્રદેશના બાકીના પ્રદેશોથી સ્પર્શના, ધર્માસ્તિકાય પ્રદેશ સ્પર્શનાનુસાર જાણવી.

આકાશાસ્તિકાય પ્રદેશ, લોકને આશ્રીને કદાચ સ્પર્શે. અલોકને આશ્રીને કદાચ ન સ્પર્શે. જો સ્પર્શે તો જઘન્યથી એક ધર્માસ્તિકાયપ્રદેશથી સ્પર્શે. કેમ ? એ રીતે લોકાંતવર્તી ધર્માસ્તિકાય પ્રદેશ વડે બાકીના ધર્માસ્તિકાયપ્રદેશોથી નીકળીને એક અગ્રભાગવર્તી લોકાકાશ પ્રદેશ સ્પૃષ્ટ થાય. વક્રગત હોય તો અલોકાકાશની ઉપર-નીચે સ્પૃષ્ટ થાય, ત્રણ ધર્માસ્તિકાય વડે આ રીતે સ્પર્શે - લોકાંતે કોણ ગત આકાશપ્રદેશ, તેનાથી અવગાઢ ઉપર અને નીચે રહેલને. ચારથી સ્પર્શે તો બે દિશા તથા ઉપર-નીચે. પાંચથી સ્પર્શે તો-ત્રણ દિશા અને ઉપર તથા નીચે. છ વડે સ્પર્શે તો ચાર દિશા તથા ઉપર-નીચે અને ત્યાં વર્તતા ધર્માસ્તિકાય પ્રદેશ વડે સ્પર્શતા સાત ધર્માસ્તિકાયપ્રદેશથી સ્પર્શે.

એ પ્રમાણે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું.

આકાશાસ્તિકાયમાં છ પ્રદેશ વડે સ્પર્શે - એક લોકાકાશ કે અલોકાકાશ પ્રદેશના છ દિશામાં રહેલ વડે સ્પર્શના થવાથી, છ.

જીવાસ્તિકાય સૂત્રમાં - જે લોકાકાશપ્રદેશ વિવક્ષિત છે, તેનાથી સ્પૃષ્ટ થાય તો કદાચ સ્પર્શે, જો અલોકાકાશપ્રદેશ વિશેષ હોય, તો કદાચ ન સ્પર્શે. કેમકે જીવોનો ત્યાં અભાવ છે. એ પ્રમાણે પુદ્‌ગલ અને અદ્ધા પ્રદેશ વડે પણ સ્પર્શના જાણવી.

જીવાસ્તિકાય પ્રદેશમાં - જઘન્યથી લોકાંત કોણ લક્ષણમાં સર્વ અલ્પત્વથી, તેમાં ચાર સ્પર્શક પ્રદેશો વડે. કઈ રીતે ? નીચે કે ઉપર એક અથવા બે દિશામાં જ્યાં એક જીવ પ્રદેશ અવગાઢ છે, એ રીતે. એક જીવાસ્તિકાય પ્રદેશ એકત્ર આકાશ પ્રદેશાદિમાં કેવલી સમુદ્‌ઘાતમાં જ પામે છે. ઉત્કૃષ્ટપદે સાત-પૂર્વવત્. અધર્માસ્તિકાયમાં પૂર્વવત્ કહેવું.

પુદ્‌ગલાસ્તિકાયની બે પ્રદેશી સ્કંધની સ્પર્શના કહે છે — અહીં ચૂર્ણિકારની વ્યાખ્યા કિંચિત્ ભિન્ન છે - x - વૃત્તિકાર આ પ્રમાણે કહે છે — અર્વાચીન પરમાણુ ધર્માસ્તિકાય પ્રદેશ વડે આગળ રહીને સ્પર્શે, પરભાગવર્તી પાછળ રહીને સ્પર્શે, એ રીતે બે, તથા જે પ્રદેશ મધ્યે પરમાણુ સ્થપાય, તે બંનેના અગ્રતન બે પ્રદેશો વડે તે બંને સ્પર્શે, એક વડે એક, બીજા વડે બીજાને, એમ ચાર, બે અવગાઢત્વથી સ્પર્શે, એ રીતે કુલ છ થાય. ઉત્કૃષ્ટ પદે બારથી સ્પર્શે - બે પરમાણુ વડે બે દ્વિપ્રદેશ અવગાઢત્વથી સ્પર્શે, બે નીચે - બે ઉપર - પૂર્વ અને પશ્ચિમ પડખેથી બે અને દક્ષિણ-ઉત્તર પડખે એક-એક, એ રીતે બાર થાય. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું.

કેટલા આકાશાસ્તિકાય પ્રદેશ વડે ? -૧૨- અહીં જઘન્ય પદ નથી. લોકાંતે પણ આકાશપ્રદેશોની વિદ્યમાનતાથી 'બાર' કહ્યું.

ભગવન્ ! બે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલા જીવાસ્તિકાય પ્રદેશ વડે સ્પૃષ્ટ





છે ? ગૌતમ ! અનંત વડે. એ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું. અદ્ધા સમય વડે કદાચ સ્પૃષ્ટ હોય કદાચ સ્પૃષ્ટ ન હોય, જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંત વડે હોય.

આ પ્રમાણે ત્રણ પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશમાં - જઘન્યથી આઠ વડે. - અવગાઢ પ્રદેશ ત્રણ પ્રકારે, ઉપર કે નીચે પણ ત્રણ પ્રકારે, બંને પડખે. એ રીતે આઠ. ઉત્કૃષ્ટ પદે સત્તર વડે સ્પર્શે. - x - x - આકાશાસ્તિકાય એકથી અનંત પ્રદેશ સુધી ઉત્કૃષ્ટ પદથી કહેવું, જઘન્યપદથી નહીં. કેમકે આકાશ સર્વત્ર વિદ્યમાન છે. - x - x - સંખ્યાત - x - x - અસંખ્યાત - x - x - અનંત પ્રદેશીની વૃત્તિ સ્વયં સમજી લેવી. અર્થની ક્લિષ્ટતા વર્ધક હોવાથી અહીં નોંધેલ નથી.

एगे भंते अद्धासमए० આદિ. અહીં વર્તમાન સમય વિશિષ્ટ સમય ક્ષેત્ર મધ્યવર્તી પરમાણુ અદ્ધા સમય ગ્રહણ કરવો. અન્યથા તેના ધર્માસ્તિકાયાદિ પ્રદેશો વડે સાતથી સ્પર્શના ન થાય. અહીં જઘન્યપદ નથી, કેમકે મનુષ્યક્ષેત્ર મધ્યવાર્તિત્વ અદ્ધાસમય છે. જઘન્ય પદ લોકાંતે જ સંભવે. તેમાં અદ્ધાસમય વિશિષ્ટ પરમાણુ દ્રવ્ય એકત્ર ધર્માસ્તિકાય પ્રદેશમાં અવગાઢ થઈ બીજી છ દિશામાં સ્પર્શે, માટે સાત કહ્યું. - x - x -

एवं जाव अद्धासमएहिं० અહીં યાવત્ શબ્દથી આમ સૂચવે છે - એક અદ્ધાસમય અનંત પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે. - x - x - ધર્માસ્તિકાયાદિની પ્રદેશથી સ્પર્શના કહી, હવે દ્રવ્યથી —

ધર્માસ્તિકાય, એક પણ ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ નથી. એમ કહ્યું - કેમકે - સર્વ ધર્માસ્તિકાય દ્રવ્યનો પ્રશ્ન કરતાં, તેનાથી વ્યતિરિક્ત ધર્માસ્તિકાય પ્રદેશનો જ અભાવ થશે. તેથી આ પક્ષ રહેશે જ નહીં. ધર્માસ્તિકાય, અસંખ્ય અધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે. કેમકે ધર્માસ્તિકાયના પ્રદેશથી ભિન્ન અધર્માસ્તિકાય સંબંધી. અસંખ્યાત પ્રદેશો છે. આકાશાસ્તિકાયના પણ અસંખ્ય પ્રદેશ વડે સ્પૃષ્ટ કહ્યા, કેમકે લોકાકાશ પ્રમાણથી અસંખ્યેય પ્રદેશ સ્વરૂપ છે. જીવ અને પુદ્‌ગલ પ્રદેશો વડે ધર્માસ્તિકાય અનંત વડે સ્પૃષ્ટ છે, કેમકે તેમાં વ્યાપ્ત ધર્માસ્તિકાયની અવસ્થિતત્વથી તેનું અનંતત્વ છે. અદ્ધા સમય વડે આ સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ છે. સ્પૃષ્ટમાં અનંત વડે કહેવું.

આ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમયના સૂત્રો કહેવા. તેમાં માત્ર જે સૂત્ર કહો, તેનું તે સ્વસ્થાન અને અન્ય પરસ્થાન જાણવું. તે-તે પદના સ્વસ્થાનમાં ''એક પણ પ્રદેશ ન સ્પર્શે'' તેમ કહેવું. પરસ્થાને ધર્માસ્તિકાયાદિ ત્રણ સૂત્રમાં અસંખ્ય વડે સ્પૃષ્ટ કહેવું, કેમકે ત્રણેના અસંખ્યાત પ્રદેશ છે. જીવાદિ સૂત્રમાં અનંત પ્રદેશ વડે સ્પૃષ્ટ કહેવું, કેમકે તેમના અનંત પ્રદેશ છે. - x - આકાશ સૂત્રમાં આટલું વિશેષ જાણવું કે આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાયાદિ પ્રદેશ વડે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ છે. જો સ્પૃષ્ટ હોય તો અસંખ્યેય ધર્મ-અધર્માસ્તિકાય પ્રદેશો વડે અને જીવ-અસ્તિકાયાદિના અનંત વડે સ્પૃષ્ટ હોય. અદ્ધાસમય સૂત્ર પર્યન્ત જાણવું - x - ઈત્યાદિ - x -. હવે અવગાહ દ્વાર કહે છે—

- **સૂત્ર-૫૮૦ :-**

***ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં***

ધર્માસ્તિકાયના બીજા કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એકપણ નહીં. - - કેટલાં અધર્માસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય ? એક. - - કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક. - - કેટલા જીવાસ્તિકાય૦ ? અનંતા. - - કેટલાં અદ્ધા સમય અવગાઢ હોય ? કદાચિત્ અવગાઢ હોય, કદાચિત્ અવગાઢ ન હોય. જો અવગાઢ હોય, તો અનંતા હોય.

ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય. ત્યાં ધર્માસ્તિકાયનો કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એક. કેટલાં અધર્માસ્તિકાય૦ ? - એક પણ નહીં. બાકી ધર્માસ્તિકાયવત્.

ભગવન્ ! જ્યાં એક આકાશાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? કદાચ અવગાઢ હોય, કદાચ ન હોય. જો હોય તો એક હોય. એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો પણ જાણવા. - - - કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક પણ નહીં. કેટલાં જીવાસ્તિકાય૦ ? કદાચ અવગાઢ હોય, કદાચ ન હોય. જો અવગાઢ હોય તો અનંતા હોય એ રીતે યાવત્ અદ્ધાસમય કહેવું.

ભગવન્ ! જ્યાં એક જીવાસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? એક. - - એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પ્રદેશો પણ કહેવા. - - કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. - - બાકી ધર્માસ્તિકાય મુજબ કહેવું.

ભગવન્ ! જ્યાં એક પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય ? જેમ જીવાસ્તિકાયના પ્રદેશમાં કહ્યું, તેમ બધું જ અહીં કહેવું.

ભગવન્ ! જ્યાં બે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? કદાચ એક, કદાચ બે. - - એ રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કહેવા. બાકી ધર્માસ્તિકાય મુજબ.

ભગવન્ ! જ્યાં ત્રણ પુદ્‌ગલાસ્તિકાય૦ ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? કદાચ એક, કદાચ બે, કદાચ ત્રણ. એ રીતે અધર્માસ્તિકાય પણ કહેવું, આકાશાસ્તિકાય પણ કહેવું. બાકીનું બે પુદ્‌ગલવત્ છે.

એ પ્રમાણે આદિના ત્રણ અસ્તિકાય સાથે એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી. બાકીનું જેમ બે પુદ્‌ગલમાં કહ્યું, તેમ દશ સુધી કહેવું અર્થાત્ કદાચ એક, કદાચ બે, કદાચ ત્રણ યાવત્ કદાચ દશ.

સંખ્યાતમાં કદાચ એક, કદાચ બે, યાવત્ કદાચ દશ, કદાચ સંખ્યાત. - - અસંખ્યાતમાં કદાચ એક યાવત્ કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત. જેમ અસંખ્ય કહ્યા, તેમ અનંત પણ કહેવા.

ભગવન્ ! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? એક. - - કેટલાં અધર્માસ્તિકાય૦ ? એક. કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક. કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. એ પ્રમાણે યાવત્ ‘અદ્ધાસમય’.



ભગવન્ ! જ્યાં એક ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ હોય, ત્યાં ધર્માસ્તિકાયના કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એક પણ નહીં. કેટલા અધર્માસ્તિકાય૦ ? અસંખ્યાત. કેટલાં આકાશાસ્તિકાય૦ ? અસંખ્યાતા. કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. યાવત્ અદ્ધાસમય.

ભગવન્! જ્યાં અધર્માસ્તિકાય અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય? અસંખ્યાત. - - કેટલાં અધર્માસ્તિકાય૦? એક પણ નહીં. બાકી ધર્માસ્તિકાયવત્ જાણવું. આ પ્રમાણે બધાં, સ્વસ્થાનમાં ‘એક પણ નથી’ તેમ કહેવું. પરસ્થાનમાં આદિના ત્રણે અસંખ્યાતા કહેવા. પછીના ત્રણેમાં અનંતા કહેવા. યાવત્ અદ્ધાસમય. યાવત્ કેટલા અદ્ધાસમય અવગાઢ છે? એક પણ નથી.

ભગવન્ ! જ્યાં એક પૃથ્વીકાયિક અવગાઢ છે, ત્યાં કેટલાં પૃથ્વીકાયિકો અવગાઢ છે ? અસંખ્ય - - કેટલાં અપ્‌કાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં તેઉકાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં વાયુકાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં વનસ્પતિકાયિકો અવગાઢ છે ? અનંતા.

ભગવન્ ! જ્યાં એક અપ્‌કાયિક અવગાઢ છે, ત્યાં કેટલાં પૃથ્વીકાયિકો૦ ? અસંખ્યાતા. - - કેટલાં અપ્‌કાયિકો૦ ? અસંખ્યાતા. એ પ્રમાણે પૃથ્વીકાયિકની વક્તવ્યતા મુજબ બધામાં સંપૂર્ણ કહેવું યાવત્ વનસ્પતિકાયિક. યાવત્ કેટલાં વનસ્પતિકાયિકો ત્યાં અવગાઢ છે ? - અનંતા.

● વિવેચન-૫૮૦ :-

જે પ્રદેશમાં એક ધર્માસ્તિકાયનો પ્રદેશ, અવગાઢ છે. તેમાં તેનો બીજો પ્રદેશ ન હોય, તેથી ‘એક પણ નહીં’ તેમ કહ્યું. ધર્માસ્તિકાય પ્રદેશ સ્થાનમાં અધર્માસ્તિકાય પ્રદેશની વિદ્યમાનતાથી ‘એક’ હોય તેમ કહ્યું. એ રીતે આકાશાસ્તિકાયનો પણ એક. જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના વળી અનંતા પ્રદેશો એક-એક ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાને હોય છે, તેથી ‘અનંતા’ એમ કહ્યું. ‘અદ્ધાસમય’ મનુષ્યલોકમાં જ છે, પછી નહીં, તેથી ધર્માસ્તિકાય પ્રદેશમાં તેનો અવગાહ હોય અને ન હોય. હોય ત્યાં ‘અનંત’ કહેવું. અધર્માસ્તિકાયના છ સૂત્રો ધર્માસ્તિકાયવત્ જાણવા.

આકાશાસ્તિકાય સૂત્રોમાં લોકાલોકરૂપ આકાશના લોકાકાશમાં અવગાઢ, અલોકાકાશમાં નહીં, કેમકે તેનો અભાવ છે.

પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ૦ આદિ. જ્યાં એકત્ર આકાશપ્રદેશમાં દ્વિઅણુક સ્કંધ અવગાઢ છે, ત્યાં તેમાં ધર્માસ્તિકાયપ્રદેશ એક જ છે, જો બે આકાશપ્રદેશમાં અવગાઢ હોય, તો તેમાં બે ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય. એ રીતે અવગાહનાનુસાર ધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કદાચ એક, કદાચ બે પ્રદેશાવગાઢ કહેવા. બાકી - જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધા સમય લક્ષણ ત્રણ, જેમ ધર્માસ્તિકાયપ્રદેશ-વક્તવ્યતા કહી, તેમ પુદ્‌ગલ પ્રદેશદ્વય વક્તવ્યતા પણ છે. - x -

જો ત્રણે અણુ એકત્ર અવગાઢ હોય તો, તેમાં એક ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ છે. જો બેમાં હોય તો બે પ્રદેશાવગાઢ, ત્રણમાં હોય, તો ત્રણમાં અવગાઢ

છે. આ પ્રમાણે અધર્મ-આકાશાસ્તિકાયમાં પણ કહેવું. જીવ-પુદ્ગલ-અદ્ધાસમય આશ્રીને ત્રણ સૂત્ર, જેમ બે પુદ્ગલ પ્રદેશની અવગાહ વિચારણામાં કહ્યું, તેમજ પુદ્ગલ પ્રદેશત્રયની વિચારણામાં પણ કહેવું. પુદ્ગલ પ્રદેશત્રયના સ્થાને અનંતા જીવપ્રદેશ અવગાઢ છે, એ પ્રમાણે કહેવું - એવો અર્થ છે.

જે રીતે પુદ્ગલપ્રદેશત્રયની અવગાહ વિચારણામાં ધર્માસ્તિકાયાદિ સૂત્ર ત્રણમાં એકૈક પ્રદેશની વૃદ્ધિ કરી, એ પ્રમાણે પુદ્ગલપ્રદેશ ચતુષ્ટ્ય અવગાહ વિચારણામાં પણ એકૈક વધારવા. તે આ રીતે - ભગવન્ ! જેમાં ચાર પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય તેમાં ધર્માસ્તિકાયના કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? કદાચ એક કે બે કે ત્રણ કે ચાર ઈત્યાદિ. જીવાસ્તિકાયાદિમાં પુદ્ગલ પ્રદેશ ચતુષ્ટ્ય વિચારણા, પુદ્ગલ પ્રદેશદ્વય અવગાહના વિચારણા મુજબ કરવી. - x - x -

અસંખ્યાત માફક અનંતા પણ કહેવા. તેનો ભાવાર્થ આ છે - ભગવન્ ! જ્યાં અનંતા પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? કદાચ એક, કદાચ બે, યાવત્ કદાચ અસંખ્યાત. પણ કદાચ અનંત ન કહેવું. કેમકે ધર્મ-અધર્મ-અસ્તિકાય અને લોકાકાશના પ્રદેશોમાં અનંતપ્રદેશોનો અભાવ હોય છે. હવે બીજા પ્રકારે અવગાહદ્વાર કહે છે —

ધર્માસ્તિકાય શબ્દથી સમસ્ત તેના પ્રદેશના સંગ્રહથી બીજા પ્રદેશનો અભાવ કહ્યો છે — જેમાં ધર્માસ્તિકાય અવગાઢ છે, તેમાં તેનો એક પણ પ્રદેશ અવગાઢ ન હોય. અધર્મ-આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ અવગાઢ છે, કેમકે તેના અસંખ્ય પ્રદેશો હોય છે. જીવાસ્તિકાય સૂત્રમાં અનંતપ્રદેશો છે, કેમકે જીવાસ્તિકાયના અનંત પ્રદેશ છે, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા સમયમાં એ પ્રમાણે જ જાણવું.

એક પૃથ્વી આદિ જીવના સ્થાનમાં કેટલા પૃથ્વી આદિ જીવો અવગાઢ છે ? એ પ્રમાણે જીવ-અવગાહ દ્વાર પ્રતિપાદિત કરેલ છે. - x - x - હવે અસ્તિકાય પ્રદેશ-નિષદન દ્વાર કહે છે —

**● સૂત્ર-૫૮૧ :-**

***ભગવન્ ! આ ધર્માસ્તિકાય૦ અધર્માસ્તિકાય૦ આકાશાસ્તિકાયમાં કોઈ બેસવા, રહેવા, નિષધા કરવા, સુવા માટે સમર્થ થાય ? ના, આ અર્થ સમર્થ નથી. ત્યાં અનંતા જીવો અવગાઢ હોય છે. ભગવન્ ! આમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ કૂટાગારશાળા હોય, જે બંને તરફથી લિપ્ત હોય, ગુપ્ત હોય, ગુપ્તદ્વાર હોય, ઈત્યાદિ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું યાવત્ દ્વારના કમાડ બંધ કરી દે છે. તે કૂટાગાર શાળાના બહુ મધ્યદેશ ભાગમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ દીવા પ્રગટાવે. ગૌતમ ! તે દીવાની લેશ્યાઓ પરસ્પર સંબદ્ધ, પરસ્પર સ્પૃષ્ટ યાવત્ પરસ્પર એકરૂપ થઈને રહે છે ? હા, રહે છે. હે ગૌતમ ! કોઈ તે દીવાની લેશ્યામાં બેસવા, સૂવા કે યાવત્ પડખાં બદલવા સમર્થ છે ? ભગવન્ ! તેવું ન થાય, ત્યાં અનંત જીવો અવગાઢ હોય છે. તેથી ગૌતમ ! પૂર્વવત્ કહ્યું છે.***



**● વિવેચન-૫૮૧ :-**

चक्किय - કોઈ પુરુષ સમર્થ થાય. હવે બહુસમ દ્વાર —

**● સૂત્ર-૫૮૨ :-**

***ભગવન્ ! લોકનો બહુસમ ભાગ ક્યાં છે ? ભગવન્ ! લોકનો સર્વ સંક્ષિપ્ત ભાગ ક્યાં છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર અને નીચેના ક્ષુદ્ર પ્રતરોમાં લોકનો બહુસમ ભાગ છે અને આ જ લોકનો સર્વ સંક્ષિપ્ત ભાગ કહ્યો છે. - - ભગવન્ ! લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ ક્યાં છે ? ગૌતમ ! જ્યાં વિગ્રહ કંડક છે, તે જ લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ કહેવાય છે.***

**● વિવેચન-૫૮૨ :-**

बहुसम - અત્યંત સમ. લોક ક્વચિત્ વધતો, ક્વચિત્ ઘટતો છે, તેનો નિષેધ કરી, બહુસમ કહ્યું. विग्रह - વક્ર અર્થાત્ લઘુ. તે જેને છે, તે વિગ્રહિક. સર્વથા વિગ્રહિક એટલે સર્વ સંક્ષિપ્ત. उपरिम - જેને આશ્રીને ઉર્ધ્વ પ્રતરવૃદ્ધિ પ્રવૃત્ત હોય છે. अधस्तन - જેને આશ્રીને નીચે પ્રતરવૃદ્ધિ પ્રવૃત્ત છે. તે ઉપર નીચેના ક્ષુલ્લક પ્રતર એટલે બીજાની અપેક્ષાએ નાના. એક રાજ પ્રમાણ લંબાઈ-પહોડાઈના તિર્છાલોક મધ્યભાગવર્તી. - x - વિગ્રહ એટલે વક્ર, તેનાથી યુક્ત જેનું શરીર છે, તે વિગ્રહ વિગ્રહિક. विग्रहकंडक - વક્ર અવયવ, જેમાં પ્રદેશની વૃદ્ધિ કે હાનિ વક્ર હોય છે, તે વિગ્રહ કંડક, તે પ્રાયઃ લોકાંતે હોય છે. - - હવે લોક સંસ્થાન દ્વાર કહે છે—

**● સૂત્ર-૫૮૩ :-**

***ભગવન્ ! લોક, ક્યા સંસ્થાને છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક સંસ્થાને લોક છે. નીચે વિસ્તીર્ણ, મધ્યમાં૦ - સાતમા શતકનતા પહેલા ઉદ્દેશામાં કહ્યું, તેમ યાવત્ અંત કરે છે. - - ભગવન્ ! આ અધો-તીર્છા-ઉર્ધ્વલોકમાં કયો કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી નાનો તિર્છાલોક છે, ઉર્ધ્વલોક અસંખ્યાતગણો છે, અધોલોક વિશેષાધિક છે. ભગવન્ ! તે એમ જ છે (૨).***

**● વિવેચન-૫૮૩ :-**

તિર્છાલોક ૧૮૦૦ યોજન છે, ઉર્ધ્વલોક કિંચિત્ ન્યૂન સાત રાજ પ્રમાણ છે, અધોલોક કિંચિત્ અધિક સાત રાજ પ્રમાણ છે.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૫-''આહાર'' ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૪-માં લોકસ્વરૂપ કહ્યું, તેમાં નારકાદિ હોય, તેનું કથન.

**● સૂદ્-૫૮૪ :-**

***ભગવન્ ! નૈરયિકો, શું સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી છે ? ગૌતમ ! સચિત્ત કે મિશ્રાહારી નથી, અચિત્તાહારી છે. આ પ્રમાણે અસુરકુમારાદિ, નૈરયિક ઉદ્દેશક-૧-સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.***

**● વિવેચન-૫૮૪ :-**

પ્રજ્ઞાપનાના ૨૮માં પદનો પહેલો ઉદ્દેશો કહેવો. તે આ પ્રમાણે - નૈરયિકો શું સચિત્તાહારી છે ? આદિ. - x -

## ❁ શતક-૧૩, ઉદ્દેશો-૬-"ઉપપાત" ❁
-- x -- x -- x -- x --

ઉદ્દેશા-૫-માં નારકાદિ કથન કર્યું, અહીં પણ તે જ કહે છે –

**● સૂત્ર-૫૮૫ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું – નૈરયિક સાંતર ઉપજે છે કે નિરંતર ? ગૌતમ ! નૈરયિકો સાંતર પણ ઉપજે અને નિરંતર પણ ઉપજે છે. એ પ્રમાણે અસુરકુમારો પણ જાણવા. એ પ્રમાણે જેમ 'ગાંગેય'માં છે, તેમ બે દંડકો કહેવા. યાવત્ વૈમાનિક નિરંતર પણ ચ્યવે છે.*

**● વિવેચન-૫૮૫ :-**

'ગંગેય' શતક-૯, ઉદ્દેશો-૩૨મો છે. ઉત્પત્તિ અને ઉદ્વર્તના દંડક. વૈમાનિકનું ચ્યવન કહ્યું, તે દેવો છે, દેવાધિકારથી 'ચમર' કથન –

**● સૂત્ર-૫૮૬ :-**

*ભગવન્! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો ચમરચંચા નામે આવાસ ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણમાં તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર૦ આદિ જેમ શતક-૨-માં સભા ઉદ્દેશકની વક્તવ્યતા છે, તે સંપૂર્ણ જાણવી. વિશેષ એ કે – આ પ્રમાણે જાણવું - યાવત્ તિગિચ્છકૂટના ઉત્પાત્ પર્વતની ચમરચંચા રાજધાનીમાં ચમરચંચ નામે આવાસપર્વતનો અને અન્ય ઘણાં દ્વીપ આદિ સુધી બાકી બધું વર્ણન કરવું યાવત્ કિંચિત્ વિશેષાધિક સાડાતેર અંગુલ પરિધિ છે. તે ચમરચંચા રાજધાનીની દક્ષિણ-પશ્ચિમમાં ૬૫૫ કરોડ, ૩૫-લાખ, ૫૦ હજાર યોજન દૂર અરુણોદક સમુદ્રમાં તીર્છા જઈને આ અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના ચમરચંચા નામે આવાસ પર્વત છે. તે ૮૪,૦૦૦ યોજન લાંબો છે, પરિધિ ૨,૬૫,૬૩૨ યોજનની અધિક છે. આ આવાસ એક પ્રાકાર વડે ચોતરફથી ઘેરાયેલ છે, તે પ્રાકાર ઉંચાઈમાં ૧૫૦ યોજન છે, આ રીતે ચમરચંચા રાજધાનીની વક્તવ્યતા સભાને છોડીને યાવત્ ચાર પ્રાસાદ પંક્તિઓ છે, સુધી કહેવી.*

*ભગવન્ ! ચમરેન્દ્ર, શું તે ચમરચંચ આવાસમાં નિવાસ કરીને રહે છે ? આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! તો કયા કારણથી ચમરેન્દ્રનો આવાસ 'ચમરચંચ' આવાસ કહેવાય છે ? ગૌતમ ! જેમ આ મનુષ્ય લોકમાં ઉપકારીલયન, ઉદ્યાનલયન, નિર્યાણિયલયન, ધારાવારિકલયન હોય છે, ત્યાં ઘણાં મનુષ્યો, માનુષીઓ બેસે છે, સુવે છે આદિ જેમ રાયપ્પસેણઈયમાં યાવત્ કલ્યાણ ફળવૃત્તિ વિશેષ અનુભવતા વિચરે છે, પણ તેઓ વસતિ અન્યત્ર સ્વીકારે છે, એ પ્રમાણે ગૌતમ ! ચમરેન્દ્રનો 'ચમરચંચ' આવાસ કેવળ કિડારતિપ્રતિક છે, પણ નિવાસ અન્યત્ર કરે છે માટે પૂર્વવત્ કહ્યું. ભગવન્ તે એમ જ છે.*

**● વિવેચન-૫૮૬ :-**

सभाविहूण० સુધર્માદિ પાંચ સભા અહીં ન કહેવી. આ ચમરચંચા રાજધાની વક્તવ્યતા ક્યાં સુધી કહેવી ? ચાર પ્રાસાદ પંક્તિ પર્યન્ત. - x - ઉપકારિકાલયન - પ્રાસાદાદિ પીઠ સમાન. ઉદ્યાનિક લયન - ઉદ્યાનમાં ગયેલ લોકોને ઉપકારી ગૃહ



કે નગર પ્રદેશગૃહ. નિર્યાનિક લયન - નગરનિર્ગમ ગૃહ, ધારિવારિક લયન - ધારાપ્રધાન જળ, જેમાં છે, તે ધારાવારિક લયન. તેમાં (આ ગૃહોમાં)

आसयंति - કિંચિત્ આશ્રય કરે, सयंति - વિશેષ આશ્રય લે છે. અથવા आसयंति - કંઈક સુવે છે, सयंति - વિશેષ સુવે છે. જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું – તે દ્વારા આમ સૂચવે છે - चिट्ठंति - ઉર્ધ્વસ્થાને ઉભા રહે છે. निसीयंति - બેસે છે, तुयट्टंति - પડખાં બદલે છે. हसंति - પરિહાસ કરે છે, रमंते - અક્ષાદિ વડે રમે છે. ललंति - કંઈ ક્રિયા વિશેષ કરે છે. कीलंति - કામક્રીડા કરે છે. किड्डुंति - ક્રિડા કરે છે, मोहयंति - મોહિત કરે છે - વિમુગ્ધ થઈ પ્રણય કરે છે.

वसहिं उवेंति - વાસ કરે છે - આ પ્રમાણે, મનુષ્યોના ઔપકારિકાદિ લયનવત્ ચમરના ચમરચંચ આવાસ, નિવાસસ્થાન નથી, કેવળ ક્રીડામાં આનંદ અથવા ક્રીડા અને રતિ, જેનું નિમિત્ત છે તે ક્રીડારતિ પ્રત્યયે, ત્યાં આવે છે.

અસુરકુમાર વિશેષાવાસ વક્તવ્યતા કહી, અસુરકુમારમાં વિરાધિત દેશ સર્વ સંયમી ઉત્પન્ન થાય છે, તેથી તેને દર્શાવે છે –

**● સૂત્ર-૫૮૭,૫૮૮ :-**

*[૫૮૭] ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યથી યાવત્ વિહાર કર્યો.*

*તે કાળે, તે સમયે ચંપા નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા યાવત્ વિચરતા ચંપાનગરીમાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યા. આવીને યાવત્ વિચરે છે.*

*તે કાળે, તે સમયે સિંધુસૌવીર જનપદમાં વીતીભય નામે નગર હતું. તેની બહાર પૂર્વ દિશામાં મૃગવન ઉદ્યાન હતું. સર્વઋતુક આદિ વર્ણન કરવું તે વીતીભય નગરમાં ઉદાયન રાજા હતો, તે મહાન્ હતો આદિ વર્ણન કરવું.*

*તે ઉદાયન રાજાને પ્રભાવતી નામે રાણી હતી. સુકુમાલ ઈત્યાદિ વર્ણન કરવું. તે ઉદાયન રાજાનો પુત્ર, પ્રભાવતી દેવીનો આત્મજ એવો અભિચિકુમાર હતો. સુકુમાલ હતો યાવત્ શિવભદ્રકુમારવત્ યાવત્ અનુભવતો વિચરતો હતો. તે ઉદાયન રાજાને કેશીકુમાર નામે ભાણેજ સુકુમાલ યાવત્ સુરૂપ હતો.*

*તે ઉદાયન રાજા સિંધુ સૌવીર પ્રમુખ ૧૬-જનપદોના, વીતીભય પ્રમુખ ૩૬૩ નગરો અને આકરોનો, મહસેન આદિ દશ મુગટબદ્ધ, તથા છત્ર ચામર, બાલવીઝનક-વાળા રાજાનો અને બીજા ઘણાં રાજા-ઈશ્વર-તલવર યાવત્ સાર્થવાહ આદિનું આધિપત્ય યાવત્ કરતો, પાલન કરતો હતો. જીવાજીવનો જ્ઞાતા એવો શ્રાવક હતો યાવત્ વિચરતો હતો.*

*ત્યારે તે ઉદાયન રાજા અન્ય કોઈ દિવસે પૌષધશાળામાં આવ્યો, શંખ શ્રાવક માફક વિચરવા લાગ્યો. ત્યારે તે ઉદાયનને મધ્યરાત્રિએ ધર્મજાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - તે ગ્રામ, આકર, નગર, ખંડ, કર્બડ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશાદિ ધન્ય છે, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિચરે છે. તે રાજા, ઈશ્વર, તલવર યાવત્*

સાર્થવાહ વગેરે ધન્ય છે, જે ભગવંતને વાંદી, નમી, સેવે છે.

— જો શ્રમણ ભગવંત મહાવીર પૂર્વાનુપૂર્વી ચાલતા, ગામ-ગામ યાવત્ વિચરતા, અહીં આવે,અહીં સમોસરે, આ વીતીભય નગરની બહાર મૃગવન ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને સંયમ અને તપ વડે યાવત્ વિચરે, તો હું ભગવંતનો વાંદીશ, નમીશ યાવત્ (તેમની) પર્યુપાસના કરીશ.

ત્યારે ભગવંત મહાવીર, ઉદાયન રાજાનો આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયેલ જાણીને ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યથી નીકળીને, પૂર્વાનુપૂર્વી ચરતા, ગામગામ યાવત્ વિચરતા સિંધુસૌવીર જનપદમાં વીતીભય નગરના મૃગવન ઉદ્યાનમાં પધાર્યા, યાવત્ વિચરવા લાગ્યા. ત્યારે વીતીભય નગરના શ્રૃંગાટક૦ યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

ત્યારે તે ઉદાયન રાજા આ વૃત્તાંત પ્રાપ્ત થતા હૃષ્ટ, સંતુષ્ટ થયો. યાવત્ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો! જલ્દીથી, વીતીભય નગરને અંદરથી-બહારથી જેમ કોણિકે ઉવવાઈ સૂત્રમાં કર્યુ તેમ યાવત્ પર્યુપાસે છે પ્રભાવતી આદિ રાણીઓ પણ તે પ્રમાણે યાવત્ પર્યુપાસે છે. ધર્મકથા થઈ.

ત્યારે તે ઉદાયન રાજા, ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળીને, અવધારીને, હૃષ્ટ-તુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંત મહાવીરને ત્રણ વખત યાવત્ નમીને, આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! તે એમ જ છે, તે તેમ જ છે, યાવત્ જેમ આપ કહો છો. એમ કરીને વિશેષ કહે છે — હે દેવાનુપ્રિય ! અભિચિકુમારને રાજપદે સ્થાપીને, પછી હું દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે ઉદાયન રાજા, ભગવંત મહાવીરે આમ કહેતા, હર્ષિત-સંતુષ્ટ થઈ ભગવંતને વાંદી, નમીને પછી આભિષેક્ય હાથી પર આરૂઢ થઈને ભગવંત પાસેથી મૃગવન ઉદ્યાનથી નીકળીને વીતીભય નગરે જવા નીકળ્યો.

ત્યારે તે ઉદાયન રાજાને આવા પ્રકારે મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. નિશ્ચે અભિચિકુમાર મારો એક જ પુત્ર છે. તે ઈષ્ટ, કાંત છે યાવત્ દર્શનનું તો કહેવું જ શું ? જો હું અભિચિકુમારને રાજપદે સ્થાપીને ભગવંત મહાવીર પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લઈશ, તો અભિચિકુમાર રાજ્યમાં, રાષ્ટ્રમાં યાવત્ જનપદમાં, માનુષી કામભોગોમાં મૂર્છિત-ગૃદ્ધ-ગ્રથિત-અધ્યુપપન્ન થઈને અનાદિ-અનંત દીર્ઘકાલીન ચાતુરંત સંસાર કાંતારમાં ભ્રમણ કરશે - તેથી મારા માટે અભીચિને રાજ્યમાં સ્થાપી ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લેવી શ્રેયસ્કર નથી. મારા માટે શ્રેયસ્કર એ છે કે મારા નિજક ભાણેજ કેશીકુમારને રાજ્યમાં સ્થાપીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લઉં.

ઉપર મુજબ વિચારીને વીતીભય નગરે પહોંચ્યા, પહોંચીને નગરની વચ્ચોવચ્ચથી, જ્યાં પોતાનું ગૃહ, બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવ્યો. આવીને આભિષેક્ય હાથીને ઉભો રાખ્યો. આભિષેક્ય હાથીથી નીચે ઉતર્યો. ઉતરીને સીંહાસન પાસે આવ્યો. આવીને ઉત્તમ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો, કૌટુંબિક



પુરુષોને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી વીતીભય નગરને અંદર-બહારથી (શણગારી) યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે ઉદાયન રાજાએ બીજી વખત પણ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી કેશીકુમારના મહાર્ઘ આદિ રાજ્યાભિષેક૦ જેમ શિવભદ્રકુમારમાં કહ્યું, તેમ કહેવું યાવત્ પરમાયુનું પાલન કરો, ઈષ્ટજનથી સંપરિવૃત્ત થઈને સિંધુ સૌવીરાદિ ૧૬-જનપદને, વીતીભયાદિ નગરને, મહસેનાદિ રાજાને, બીજા પણ ઘણાં રાજા-ઈશ્વરાદિને યાવત્ આધિપત્ય કરતા, પાલન કરતાં વિચરો કહી જય-જય શબ્દો કર્યા.

ત્યારે તે કેશીકુમાર રાજા યાવત્ મહત્ યાવત્ વિચરે છે. ત્યારે તે ઉદાયન રાજા કેશીરાજાને પૂછે છે. ત્યારે તે કેશીરાજાએ કૌટુંબિક પુરુષને બોલાવ્યા. એ પ્રમાણે જેમ જમાલિમાં કહ્યું, તે રીતે અંદર-બહારથી નગર સાફ કરાવી, યાવત્ નિષ્ક્રમણાભિષેકની તૈયારી કરી.

ત્યારે તે કેશીરાજા અનેક ગણનાયકથી યાવત્ પરીવરીને ઉદાયન રાજાને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેસાડીને ૧૦૮ સુવર્ણ કળશો વડે એ પ્રમાણે જમાલિ માફક યાવત્ આ પ્રમાણે કહ્યું — હે સ્વામી! કહો, શું દઈએ?, શું આપીએ?, આપને શેનું પ્રયોજન છે? ત્યારે તે ઉદાયન રાજાએ કેશીરાજાને આમ કહ્યું — હે દેવાનુપ્રિય! હું ઈચ્છુ છું કે - કૃત્રિકાપણથી૦ એ રીતે જમાલિ માફક કહેવું. વિશેષ એ કે પ્રિયવિયોગ દૂષણ અનુભવતી પદ્માવતીએ અગ્રકેશ ગ્રહણ કર્યા.

ત્યારે તે કેશીરાજાએ ફરી વખત ઉત્તર દિશામાં સીંહાસન રખાવ્યું, ફરીથી ઉદાયન રાજાને ચાંદી-સોનાના કળશોથી નવડાવ્યા, બાકી બધું જમાલિવત્ જાણવું યાવત્ શિબિકામાં બેઠા, ધાવમાતાદિ પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે પદ્માવતી રાણી શ્વેત વસ્ત્ર ધારણ કરીને બેઠી, બાકી વર્ણન પૂર્વવત્ યાવત્ શિબિકાથી રાજા નીચે ઉતર્યો. ઉતરીને ભગવંત મહાવીર પાસે આવ્યો. આવીને ભગવંતને ત્રણ વાર વાંદી, નમીને પૂર્વ દિશામાં જઈને, આપ મેળે આભરણ-અલંકાર ઉતાર્યા આદિ પૂર્વવત્. પદ્માવતીએ ગ્રહણ કર્યા. યાવત્ (ઉદાયનરાજર્ષિને) આમ કહ્યું — હે સ્વામી! સંયમમાં પુરુષાર્થ કરજો યાવત્ પ્રમાદ ન કરતા. પછી કેશી રાજા અને પદ્માવતી ભગવંતને વાંદી, નમી યાવત્ પાછા ગયા. ઉદાયન રાજાએ સ્વયં પંચમુષ્ટી લોચ કર્યો. બાકી ઋષભદત્ત માફક જાણવું યાવત્ સર્વદુઃખથી મુક્ત થયા.

[૫૮૮] ત્યારે તે અભીચિકુમાર અન્યદા કોઈ દિવસે મધ્યરાત્રિએ કુટુંબ જાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. - નિશ્ચે હું ઉદાયનનો પુત્ર, પ્રભાવતી રાણીનો આત્મજ, છતાં ઉદાયન રાજાએ મને છોડીને નિજક ભાણેજ કેશીકુમારને રાજ્યમાં સ્થાપીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લીધી.

— આ આવા પ્રકારના મહા અપતીતિરૂપ મનો માનસિક દુઃખથી અભિભૂત થઈને, અંતઃપુર-પરિવારથી સંપરિવરીને, ભાંડ-માત્ર-ઉપકરણ લઈને વીતીભય નગરથી નીકળી ગયો. નીકળીને પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા

*જ્યાં ચંપાનગરીમાં કોણિક રાજા હતો, ત્યાં આવ્યો. આવીને કોણિક રાજાનો આશ્રય કરી રહેવા લાગ્યો. ત્યાં પણ તે વિપુલ ભોગ સામગ્રીથી સંપન્ન થઈ ગયો. ત્યારપછી તે અભીચિકુમાર શ્રાવક થયો, જીવાજીવને જાણતો યાવત્ વિચરે છે. તે ઉદાયન રાજર્ષિ પ્રતિ વૈરના અનુબંધથી યુક્ત હતો.*

*તે કાળે, તે સમયે આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોના પરિપાર્શ્વમાં અસુરકુમારોના ૬૪-લાખ આવાસ છે. ત્યારે તે અભીચિકુમાર ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાય પાળીને, અર્ધમાસિક સંલેખનાથી ૩૦ ભક્તને અનશન વડે છેદીને, પૂર્વોક્ત સ્થાનના આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ માસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરક આવાસની સમીપે રહેલા ૬૪ લાખ 'આતપ' નામક અસુરકુમારાવાસમાં કોઈ એક આતાપમાં અસુરકુમાર દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં ઘણા આતાપ અસુરકુમાર દેવોની સ્થિતિ એક પલ્યોપમ છે, ત્યાં અભીચિદેવની સ્થિતિ પણ એક પલ્યોપમની થઈ.*

*ભગવન્ ! તે અભીચિદેવ, તે દેવલોકથી આયુક્ષયાદિ પછી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે. ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૫૮૭,૫૮૮ :-**

સિંધુસૌવીર - સિંધુ નદી નીકટ, સૌવીર - જનપદ વિશેષ. વીતિભય - જેમાંથી ઈતિ અને ભય ચાલ્યા ગયા છે તે. કોઈ વિદર્ભ કહે છે. સર્વઋતુક પુષ્પ-ફળથી સમૃદ્ધ, રમ્ય, નંદનવન સમાન. જ્યાં કર નથી તે નગર, સોનું આદિ ઉત્પત્તિ સ્થાન તે આકર - x - જેઓને છત્ર વિસ્તારેલ છે, ચામર રૂપ બાલ વ્યંજનિકા છે તેઓ.

અપ્પત્તિએણ૰ - અપ્રીતિ સ્વભાવથી મનનો વિકાર, મનમાં તે માનસિક, બહાર દેખાતો એવો નહીં. દુઃખથી પોતાનાં ભાંડ, માત્ર, શય્યાદિ ઉપકરણ લઈને - x - વૈરભાવ છોડ્યા વિના. આયાવ - અસુરકુમાર વિશેષ, તેની કંઈ વધુ માહિતી નથી.

## ❁ શતક-૧૩, ઉદ્દેશો-૭-''ભાષા'' ❁

— x — x — x — x —

અનંતર ઉદ્દેશામાં અર્થો કહ્યા, તે ભાષા વડે કહ્યા. તેથી ભાષા કહે છે —

**● સૂત્ર-૫૮૯ :-**

*રાજગૃહમાં આ પ્રમાણે કહ્યું — ભગવન્! ભાષા આત્મા છે કે બીજું છે? ગૌતમ! 'ભાષા' આત્મા નથી. ભાષા બીજું છે. - - ભગવન્! ભાષા, રૂપી છે કે અરૂપી? ગૌતમ! ભાષારૂપી છે, અરૂપી નથી - - ભગવન્! ભાષા સચિત્ત છે કે અચિત્ત? ગૌતમ! ભાષા સચિત્ત નથી, અચિત્ત છે - - ભગવન્! ભાષા, જીવ છે કે અજીવ? ગૌતમ! ભાષા, જીવ નથી - અજીવ છે. - - ભગવન્! ભાષા જીવોને હોય કે અજીવોને હોય? ગૌતમ! ભાષા, જીવોને હોય, અજીવોને નહીં.*

*ભગવન્ ! [બોલ્યા] પહેલા ભાષા છે, બોલાતી તે ભાષા છે કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા છે ? ગૌતમ ! બોલ્યા પૂર્વે કે સમય વીત્યા પછી, તે ભાષા નથી, પણ બોલાતી હોય ત્યારે તે ભાષા છે. - - ભગવન્ ! બોલ્યા પૂર્વે ભાષા ભેદાય, બોલાતી ભાષા ભેદાય કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા ભેદાય છે ? ગૌતમ ! બોલ્યા પૂર્વે કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા ભેદાતી નથી, પણ બોલાતી વખતે ભાષા ભેદાય છે.*



*ભગવન્ ! ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — સત્યા, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા.*

**● વિવેચન-૫૮૯ :-**

આયા - જીવ, જીવ સ્વભાવા ભાષા. જેથી જીવ વડે વ્યાપૃત છે, જીવને બંધ-મોક્ષાર્થે થાય છે, તેથી જીવધર્મત્વથી 'જીવ' એ રીતે જ્ઞાનવત્ વ્યપદેશ યોગ્ય છે ? અથવા જીવ સ્વરૂપ નથી કેમકે શ્રોત્ર ઈન્દ્રિયના ગ્રાહ્યપણાથી મૂર્તપણે આત્માથી વિલક્ષણ છે, માટે શંકા કરી ? તેનો ઉત્તર આપે છે - ભાષા, આત્મરૂપ નથી. તે પુદ્‌ગલમય છે. આત્મા વડે ફેંકાયેલ ઢેફાની માફક. આકાશ માફક અચેતન છે. જે કહ્યું કે — જીવ વડે વ્યાપાર્યમાન હોવાથી જીવ છે, જ્ઞાન માફક તે અનૈકાંતિક છે. જીવ વ્યાપાર છતાં જીવથી અત્યંત ભિન્ન સ્વરૂપ દાત્રાદિમાં દેખાય છે.

ભાષા, સાંભળનારને અનુગ્રહ-ઉપઘાતકારીપણાથી તથાવિધ કાનના આભરણવત્ રૂપી છે ? કે ધર્માસ્તિકાયાદિવત્ ચક્ષુ વડે અનુપલભ્ય હોવાથી અરૂપી છે ? તેનો ઉત્તર છે - ભાષારૂપી છે. ચક્ષુ વડે અગ્રાહ્યત્વથી અરૂપીત્વ કહ્યું, તે અનૈકાંતિક છે. પરમાણુ, વાયુ, પિશાચાદિ રૂપવાન્ હોવા છતાં ચક્ષુ વડે અગ્રાહ્ય છે.

અનાત્મરૂપ હોવા છતાં જીવ-શરીરવત્ સચિત ભાષા કેમ નહીં ? ઉત્તર છે - ભાષા સચિત્ત નથી, તે જીવ દ્વારા નિસૃષ્ટ પુદ્‌ગલ સમૂહરૂપ છે. - - જીવે છે તે જીવ - પ્રાણધારણ સ્વરૂપ ભાષા છે કે તેથી વિલક્ષણ છે ? ઉત્તર છે - ઉચ્છ્‌વાસાદિ પ્રાણોના અભાવે ભાષા જીવ નથી. કેટલાંક ભાષાને અપૌરુષેયી માને છે, તેના મત મુજબ પ્રશ્ન કર્યો છે - ભાષા, જીવને હોય કે અજીવને ? તાલુ આદિ વ્યાપારથી ઉત્પન્ન વર્ણોનો સમૂહ તે ભાષા. તેથી જીવ પ્રયત્નકૃત્ હોવાથી ભાષા જીવને જ હોય. ભલે અજીવથી પણ શબ્દ ઉત્પન્ન થાય છે, તો પણ તે ભાષા નથી. ભાષાપર્યાપ્તિજન્ય શબ્દને જ ભાષા કહેવાય છે. બોલ્યા પહેલાં ભાષા ન કહેવાય. જેમ માટીના પિંડની સ્થિતિમાં રહેલ ઘટ, ઘટ ન કહેવાય. 'ઘટ' સ્થિતિમાં રહેલ 'ઘટ' માફક બોલાતી તે ભાષા છે. ફૂટી ગયા પછી જેમ ઘડાની ઠીકરી ઘડો ન કહેવાય, તેમ બોલવાનો સમય વીત્યા પછી તે ભાષા ન કહેવાય.

શબ્દ દ્રવ્ય નીકળ્યા પહેલાં તેનું ભેદન કઈ રીતે થાય ? માટે બોલાયા પૂર્વે ભાષા ભેદાતી નથી. બોલાતી ભાષા ભેદાય છે. કોઈ મંદ પ્રયત્ન વક્તા હોય, તે અભિન્ન શબ્દ દ્રવ્યો કાઢે. તે નીકળેલા શબ્દો પરિસ્થૂલ હોવાથી અસંખ્યાત રૂપે ભેદાય, સંખ્યાત યોજન જઈને શબ્દ પરિણામ ત્યાગ કરે છે. કોઈ મહાપ્રયત્ન હોય, તો આદાન-વિસર્ગ પ્રયત્ન વડે ભેદીને જ શબ્દો કાઢે. - x - x - તેથી આમ કહ્યું. ભાષા પરિણામ પરિત્યક્ત હોવાથી બોલાયા પછી તે ભેદાતી નથી.

ભાષા કહી, તે પ્રાયઃ મનપૂર્વક હોય તેથી 'મન' વિશે કથન.

● **સૂત્ર-૫૯૦,૫૯૧ :-**

***[૫૯૦] ભગવન્ ! મન, આત્મા છે કે અન્ય ? ગૌતમ ! આત્મા મન નથી અન્ય છે. જેમ 'ભાષા'માં કહ્યું તેમ 'મન' માટે કહેવું યાવત્ અજીવોને મન ન હોય. - - ભગવન્ ! (મનન) પૂર્વે મન હોય, મનન કરતી વેળા મન હોય ? એ પ્રમાણે 'ભાષા' મુજબ કહેવું. - - ભગવન્ ! (મનન) પૂર્વે મન ભેદાય, મનન કરતાં મન ભેદાય કે મનન સમય વીત્યા પછી મન ભેદાય છે ? એ પ્રમાણે જેમ 'ભાષા'માં કહ્યું તેમ જાણવું.***

***ભગવન્ ! મન કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ - સત્યમન યાવત્ અસત્યામૃષા મન.***

***[૫૯૧] ભગવન્ ! કાય, આત્મા છે કે અન્ય ? ગૌતમ ! 'કાય' આત્મા પણ છે, અન્ય પણ છે. - - ભગવન્ ! કાયા રૂપી છે કે અરૂપી ? ગૌતમ ! કાયા રૂપી પણ છે, અરૂપી પણ છે. - - એ પ્રમાણે એકૈકમાં પૃચ્છા. ગૌતમ ! કાયા સચિત્ત પણ છે, અચિત્ત પણ છે. કાયા જીવ પણ છે, અજીવ પણ છે. કાયા, જીવની પણ હોય, અજીવની પણ હોય.***

***ભગવન્ ! કાયા પૂર્વે છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! પૂર્વે પણ કાયા છે, કાય પુદ્ગલ ગ્રહણ કરતી વેળા પણ કાયા છે, કાય સમય વીત્યા પછી પણ કાયા છે. - - ભગવન્ ! પૂર્વે કાયા ભેદાય છે ? પૃચ્છા. ગૌતમ ! પૂર્વે પણ કાયા ભેદાય છે યાવત્ (પછી પણ) કાયા ભેદાય છે.***

***ભગવન્ ! કાયા કેટલા ભેદે છે ? ગૌતમ ! સાત ભેદે. તે આ — ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર, કાર્મણ.***

● **વિવેચન-૫૯૦,૫૯૧ :-**

'મન' વિષયક સૂત્ર ભાષાસૂત્રવત્ જાણવા. કેવળ અહીં મનોદ્રવ્ય સમુદય, મનન ઉપકારી, મનઃપર્યાપ્તિ નામ કર્મોદય સંપાદ્ય તે મન. ભેદ - તેઓનું વિદલનમાત્ર. મનનું નિરૂપણ કર્યુ, તે કાયા હોવાથી હોય છે. તેથી કાયાનું નિરૂપણ કરે છે.

આત્મા કાયા છે, કેમકે કાયા વડે કૃત કર્મોનો અનુભવ તેને થાય છે. બીજા દ્વારાકૃત્ બીજા અનુભવતા નથી. પણ કાયાના એક દેશના છેદનથી આત્માના છેદનનો પ્રસંગ આવતો નથી, તેથી પ્રશ્ન કર્યો છે - ઉત્તર છે, આત્મા કાય પણ છે. કથંચિત્ તેથી વ્યતિરેકથી ક્ષીર-નીર માફક અગ્નિ અને લોહપિંડવત્. તેથી કાયસ્પર્શ થતાં આત્માને સંવેદન થાય છે. તેથી જ કાયા વડે કરાયેલ કર્મ આત્મા ભવાંતરે વેદે છે. કાયા અન્ય પણ છે. અત્યંત અભેદમાં શરીરાંશ છેદતા જીવાંશ છેદન પ્રસંગ આવે. શરીર બળતા, આત્માને પણ દાહ પ્રસંગથી પરલોકાભાવને પ્રસંગ આવે, તેથી કાયા કથંચિત્ આત્માથી ભિન્ન પણ છે. બીજા વળી કાર્મણકાય આશ્રિત્ય આત્મા 'કાય' છે તેમ કહે છે. - x - ઔદારિકાદિ કાયાની અપેક્ષાએ જીવથી અન્ય છે.

ઔદારિકાદિ કાય સ્થૂલ રૂપ અપેક્ષાએ કાયા રૂપી છે, કાયા અરૂપી પણ છે. કેમકે કાર્મણ કાયના અતિ સૂક્ષ્મ રૂપીત્વથી અરૂપીપણે વિવક્ષા કરી છે. એ પ્રમાણે પૂર્વોક્ત સૂત્રવત્ એક-એક પ્રશ્ન કરવો - x - જીવિત અવસ્થામાં ચૈતન્યના



સમન્વિતત્વથી કાયા સચિત્ત છે, મૃત અવસ્થામાં ચૈતન્યના અભાવે કાયા અચિત્ત છે. વિવક્ષિત ઉચ્છ્વાસ આદિ પ્રાણ યુક્તતાથી 'કાય' જીવ પણ છે, ઔદારિકાદિ શરીર અપેક્ષાએ કાયા અજીવ પણ છે. જીવો સંબંધી પણ કાય-શરીર હોય છે, અજીવોને પણ અર્હત્ આદિની સ્થાપનાથી કાય અર્થાત્ શરીરાકાર હોય.

જીવના સંબંધ થવાની પૂર્વે પણ કાયા હોય છે. જેમકે મરેલા દેડકાનું શરીર. વર્તમાનમાં જીવ દ્વારા ઉપચિત કરાતા પણ કાય હોય છે. જેમકે જીવિત શરીર. કાય સમય વીત્યા પછી કાય-શરીર કહેવાય છે. જેમકે મૃત કલેવર. - - પ્રતિક્ષણ પુદ્ગલના ચય-અપચય ભાવથી જીવ વડે કાયાપણે ગ્રહણ કર્યા પૂર્વે પણ દ્રવ્ય કાયા ભેદાય છે. જીવ વડે કાયી ક્રિયમાણતામાં પણ કાયા ભેદાય છે. જેમ રેતીની ભરેલ મુઠ્ઠીમાંથી તેના કણ પ્રતિક્ષણે ખરતા રહે છે. કાય સમય વીત્યા પછી પણ ઘૃતકુંભાદિ ન્યાયથી ભૂતભાવપણાથી તેને કાય કહે છે. પુદ્ગલોનો ભેદ ન સ્વભાવ હોવાથી ભૂતપૂર્વ કાયનું પણ ભેદન થાય છે.

ચૂર્ણિકારે - કાય શબ્દનો અર્થ - ''સમસ્ત પદાર્થોનું સામાન્ય ચયરૂપ શરીર' કર્યો છે. એ રીતે આત્મા પણ કાય છે, શેષ દ્રવ્યો પણ કાય છે. અર્થાત્ આત્મા પણ કાય-પ્રદેશ સંચય છે. વળી કાયપ્રદેશ સંચય રૂપત્વથી કાયા આત્માથી ભિન્ન પણ છે. પુદ્ગલ સ્કંધ અપેક્ષાએ કાયા રૂપી છે, જીવધર્માસ્તિકાયાદિ અપેક્ષાએ કાયા અરૂપી છે. જીવ-શરીર અપેક્ષાથી કાય સચિત્ત છે, અચેતન સંચયથી અચિત છે. ઉચ્છ્વાસાદિ યુક્ત અવયવ સંચયથી જીવ છે, તેથી વિલક્ષણ અજીવ છે. જીવોની કાય જીવ રાશિ, પરમાણુ આદિ રાશિ તે અજીવરાશિ.

હવે કાયાના ભેદો કહે છે — પૂર્વે વ્યાખ્યા કરી છે, અહીં કિંચિત્ માત્ર કહે છે - સ્થૂલ પુદ્ગલ સ્કંધરૂપ હોવાથી ઔદારિક અને ઉપચીયમાન હોવાથી 'કાય' કહેવાય છે. ઈત્યાદિ - x - x - પૂર્વવત્.

'કાય' કહી, તેના ત્યાગથી મરણ થાય, તેથી મરણ કહે છે —

● **સૂત્ર-૫૯૨ :-**

***ભગવન્ ! મરણ, કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - આવીચિક મરણ, અવધિ મરણ, આત્યંતિક મરણ, બાળ મરણ અને પંડિત મરણ. - - આવીચિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ(થી) આવીચિક મરણ.***

***ભગવન્! દ્રવ્યાવીચિક મરણ કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભેદે - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-દ્રવ્યાવીચિક મરણ. ભગવન્! એમ કેમ કહે છે — નૈરયિક દ્રવ્યાવીચિક મરણ, નૈરયિક દ્રવ્યાવીચિક મરણ છે? ગૌતમ! જે નૈરયિક, નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યોને નૈરયિકાયુપણે ગ્રહણ કરે - બાંધે - સ્પર્શે - કરે - પ્રસ્થાપિત કરે - નિવિષ્ટ કરે - અભિનિવિષ્ટ કરે - અભિસમન્વાગત કરે છે, તે દ્રવ્યોને પ્રતિ સમય નિરંતર છોડતા-મરતાં રહે છે, તેથી હે ગૌતમ! નૈરયિક દ્રવ્યાવીચિક મરણ કહ્યું છે. યાવત્ દેવ દ્રવ્યાચિક મરણ કહેવું.***

***ભગવન્ ! ક્ષેત્રાવીચિક મરણ કેટલાં ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. -***

*નૈરયિક યાવત્ દેવ ક્ષેત્રાવીચિક મરણ. ભગવન્ ! નૈરયિક ક્ષેત્રાવીચિક મરણનો નૈરયિક૦ કેમ કહે છે ? જે નૈરયિક, નૈરયિક ક્ષેત્રમાં વર્તતા જે દ્રવ્યોને નૈરયિકાયુષ્યપણે૦ એ પ્રમાણે જેમ દ્રવ્યાવીચિક મરણમાં કહ્યું, તેમ ક્ષેત્રાવીચિક મરણમાં કહેવું. ભાવાવીચિક મરણ સુધી કહેવું.*

*ભગવન્ ! અવધિમરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે દ્રવ્યાવધિ મરણ, ક્ષેત્રાવધિમરણ યાવત્ ભાવાવધિમરણ. ભગવન્ ! દ્રવ્યાવધિ મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર - નૈરયિક યાવત્ દેવ દ્રવ્યાવધિ મરણ. ભગવન્ ! નૈરયિક દ્રવ્યાવધિમરણ કેમ કહેવાય છે ? નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યોને છોડતાં મરે છે, ફરી નૈરયિકત્વ પામી, અનાગત કાળે ફરી પણ મરશે. તેથી હે ગૌતમ ! યાવત્ દ્રવ્યાવધિ મરણ કહ્યું. એ પ્રમાણે તિર્યંચ - મનુષ્ય - દેવાવધિ મરણ જાણવું. આ આલાવાથી ક્ષેત્ર-કાળ-ભવ-ભાવમરણ જાણવા.*

*ભગવન્ ! આત્યંતિક મરણ ? ગૌતમ ! પાંચ ભેદે છે - દ્રવ્યાત્યંતિક મરણ યાવત્ ભાવાત્યંતિક મરણ. ભગવન્ ! દ્રવ્યાત્યંતિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર. નૈરયિક યાવત્ દેવ દ્રવ્ય આત્યંતિક મરણ. ભગવન્ ! નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ કેમ કહે છે ? ગૌતમ ! નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા, જે દ્રવ્યોને છોડતાં મરે છે, અનાગત કાળે પણ મરશે. તેથી યાવત્ મરણ કહ્યું છે. એ પ્રમાણે તિર્યંચ - મનુષ્ય - દેવ આત્યંતિક મરણ પણ જાણવું. એ પ્રમાણે ક્ષેત્ર યાવત્ ભાવ આત્યંતિક મરણ પણ જાણવું.*

*ભગવન્ ! બાળમરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! બાર ભેદે. તે આ - વલયમરણાદિ જેમ સ્કંદકમાં ગૃદ્ધપૃષ્ઠ પર્યન્ત છે. - - ભગવન્ ! પંડિત મરણ કેટલાં ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પાદપોપગમન, ભક્તપ્રત્યાખ્યાન. - - ભગવન્ ! પાદપોપગમન કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - નીહારિમ, અનીહારિમ. યાવત્ નિયમા અપ્રતિકર્મ છે - - ભગવન્ ! ભક્તપ્રત્યાખ્યાન, કેટલા ભેદે છે ? પૂર્વવત્, વિશેષ એ કે તે સપ્રતિકર્મ છે. - - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

• **વિવેચન-૫૯૨ :-**

આવીઙ્ય મરણ - તરંગની સમાન પ્રતિસમય ભોગવેલ અન્યાન્ય આયુકર્મ દલિકોના ઉદયની સાથે સાથે ક્ષયરૂપ અવસ્થા અથવા જે મરણમાં વિચ્છેદ અવિદ્યમાન હોય - આયુકર્મ પરંપરા ચાલુ હોય.

ઓહિમરણ - અવધિ એટલે મર્યાદા સહિત મરણ, નરકાદિ ભવોના કારણભૂત આયુકર્મ દલિકોને ભોગવીને મરે, જો પુનઃ તે જ આયુ કર્મદલિકોને ભોગવીને મરે, તો અવધિમરણ કહેવાય. - x - પરિણામોની વિચિત્રતાને કારણે કર્મદલિક ગ્રહણ કરી, છોડી, પુનઃ ગ્રહણ કરવા સંભવે છે.

આઇંતિયમરણ - અત્યંત રૂપે મરણ. નરકાદિ આયુકર્મ રૂપે જે કર્મ દલિકોને એકવાર ભોગવીને મરે, તેને ફરી કદાપી ન ભોગવી મરે.

બાલમરણ - અવિરત જીવોનું મરણ. પંડિતમરણ - સર્વ વિરત જીવોનું મરણ.



- - તેમાં આવીચિક મરણ પાંચભેદે - દ્રવ્યાદિથી. દ્રવ્યાવીચિક મરણ ચાર ભેદે - નારકાદિ ભેદથી. તેમાં નૈરયિકો નારકત્વ દ્રવ્યમાં નારકજીવપણે વર્તતા મરે તે. નૈરયિક આયુષ્કપણે - સ્પર્શ વડે ગ્રહે, બંધનથી બાંધે, પ્રદેશપ્રક્ષેપથી પોષે, વિશિષ્ટ અનુભાગથી કરે, સ્થિતિ સંપાદનથી પ્રસ્થાપે, જીવપ્રદેશોમાં નિવિષ્ટે, જીવપ્રદેશમાં અતિ ગાઢતા પામે, પછી ઉદયાવલિકામાં તે દ્રવ્યોને આણે.

આવિક્ર - પ્રતિ ક્ષણે, નિરંતર સર્વ સમયમાં અવ્યવચ્છેદથી છોડે-ત્યાગે. તે હેતુથી નૈરયિક દ્રવ્યાવીચિક મરણ કહેવાય છે - x -

એ પ્રમાણે કાળ, ભવ, ભાવ આવીચિક મરણ પણ જાણવા. તેમાં સૂત્રપાઠ આ પ્રમાણે - ભગવન્ ! કાલ આવીચિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે - નૈરયિક કાલાવીચિક મરણ આદિ - x -

નૈરયિક દ્રવ્યાવધિ મરણ સૂત્રમાં અક્ષર ઘટના આ રીતે - નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યો વર્તમાનકાળે તજે છે, તે દ્રવ્યોને અનાગત કાળમાં ફરી પણ ત્યજે, તે નૈરયિક દ્રવ્યાવધિ મરણ છે.

પંડિત મરણ સૂત્રમાં - પાદપોપગમન આશ્રીને એક દેશમાં કરાય તે નિર્હારિમ, કલેવરના નિર્હરણીયત્વથી છે. જે ગિરિકંદરા આદિમાં કરાય, તે અનિર્હારિમ, કલેવરના અનિર્હરણીયત્વથી છે. अपिडकम्म - પ્રતિકર્મવર્જિત. ચતુર્વિધાહાર પ્રત્યાખ્યાન નિષ્પન્ન.

### ❀ શતક-૧૩, ઉદ્દેશો-૮-''કર્મપ્રકૃતિ'' ❀

— x — x — x — x —

મરણ કહ્યું. તે આયુકર્મ સ્થિતિક્ષયરૂપ છે. તેથી કર્મસ્થિતિ.

• **સૂત્ર-૫૯૩ :-**

*ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ. અહીં પ્રજ્ઞાપનાનો 'બંધ સ્થિતિ' ઉદ્દેશો સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે.*

• **વિવેચન-૫૯૩ :-**

एवं - આ પ્રશ્નોત્તર ક્રમથી કર્મબંધની બંધ સ્થિતિ અર્થાત્ કર્મસ્થિતિ, તેને જણાવતો બંધસ્થિતિ ઉદ્દેશક કહેવો. તે પ્રજ્ઞાપનાના ૨૩-માં પદનો બીજો ઉદ્દેશો છે. બીજી વાંચનામાં અહીં સંગ્રહગાથા છે. તે આ - પ્રકૃતિ ભેદ સ્થિતિ અને બંધ ઈન્દ્રિયાનુપાતથી. જઘન્ય કે ઉત્કૃષ્ટ બંધસ્થિતિ કેવી છે ? - આનો અર્થ આમ છે - કર્મપ્રકૃતિના ભેદો કહેવા. તે આ - કર્મપ્રકૃતિ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયાદિ. જ્ઞાનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ. - આભિનિબોધિક જ્ઞાનાવરણીય ઈત્યાદિ.

તથા પ્રકૃતિની સ્થિતિ કહેવી. તે આ - જ્ઞાનાવરણીય કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ. આદિ. - x - એકેન્દ્રિયાદિ જીવ કોની કેટલી કર્મસ્થિતિ બાંધે છે ? આદિ કહેવું. - x - x - કેવો જીવ કર્મોની જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે ? તે કહેવું. તે આ પ્રમાણે - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિબંધક કોણ છે ? ગૌતમ ! કોઈ સૂક્ષ્મસંપરાયના ઉપશમક કે ક્ષપક આ સ્થિતિ બાંધે - x -

## ❁ શતક-૧૩, ઉદ્દેશો-૯-''અનગારવૈક્રિય'' ❁

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં કર્મસ્થિતિ કહી. કર્મના વશથી વૈક્રિયકરણ શક્તિ થાય છે. તેના વર્ણન માટે નવમો ઉદ્દેશો છે —

● સૂત્ર-૫૯૪ :-

*રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — જેમાં કોઈ પુરુષ દોરીથી બાંધેલ ઘડી લઈને ચાલે, શું તે રીતે ભાવિતાત્મા અણગાર પણ દોરીથી બાંધેલી ઘડી સ્વયં હાથમાં લઈને ઉંચે આકાશમાં ઉડી શકે છે ? હા, ગૌતમ ! ઉડી શકે છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર દોરીથી બાંધેલ ઘડી હાથમાં લઈને કેટલા રૂપો વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! જેમ કોઈ યુવતિને યુવાન હાથમાં હાથ લઈને૦ એ રીતે જેમ ત્રીજા શતકના પાંચમાં ઉદ્દેશામાં કહ્યું છે, તેમ યાવત્ સંપ્રાપ્તિથી વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી અને વિકુર્વશે નહીં.*

*જેમ કોઈ પુરુષ સોનાની પેટી લઈને ચાલે છે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ સુવર્ણપેટી હાથમાં લઈને સ્વયં ઉડે ? આદિ પૂર્વવત્. એ પ્રમાણે સોનાની, રત્નની, વજ્રની, વસ્ત્રની, આભરણની પેટી. એ પ્રમાણે — વાંસ, શુંબ, ચર્મ, કંબલની ચટ્ટાઈ. એ પ્રમાણે લોઢા, તાંબા, કલઈ, શીશા, સુવર્ણ, વજ્રનો ભાર લઈને૦ (ઈત્યાદિ પ્રશ્નોત્તર કરવા).*

*જેમ કોઈ વલ્ગુલી હોય, બંને પગ લટકાવી-લટકાવી પગ ઉંચે અને મસ્તક નીચું કરીને રહે, શું એ રીતે ભાવિતાત્મા અણગાર પણ વલ્ગુલી માફક રૂપ વિકુર્વીને સ્વયં આકાશમાં ઉંચે ઉડે ? હા, ઉડે. આ પ્રમાણે યજ્ઞોપવીતની વક્તવ્યતા કહેવી. યાવત્ વિકુર્વશે નહીં.*

*જેમ કોઈ જલૌકા હોય, પોતાની કાયાને ઉત્પ્રેરિત કરીને પાણીમાં ચાલે છે૦ એ પ્રમાણે વલ્ગુલીવત્ જાણવું.*

*જેમ કોઈ બીજંબીજ પક્ષી પોતાના બંને પગ ઘોડાની માફક એક સાથે ઉઠાવીને ચાલે છે, એ પ્રમાણે અણગારાદિ પૂર્વવત્.*

*જેમ કોઈ પક્ષીબિડાલક, એક વૃક્ષથી બીજા વૃક્ષે કુદતા કુદતા જાય, તે પ્રમાણે અણગાર૦ બાકી પૂર્વવત્.*

*જેમ કોઈ જીવંજીવક પક્ષી, પોતાના બંને પગ ઘોડાની માફક ઉઠાવી-ઉઠાવી ચાલે, એ પ્રમાણે અણગાર૦ બાકી પૂર્વવત્.*

*જેમ કોઈ હંસ એકથી બીજા કિનારે ક્રીડા કરતો-કરતો ચાલ્યો જાય છે, એ પ્રમાણે અણગાર હંસવત્ વિકુર્વણા આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ સમુદ્રી કાગડો એકથી બીજી લહેરને અતિક્રમતો ચાલ્યો જાય, એ પ્રમાણે પૂર્વવત્. - - જેમ કોઈ પુરુષ ચક્રને લઈને ચાલે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર આદિ ઘડી માફક કહેવું. એ પ્રમાણે છત્ર, ચામરના વિષયમાં કથન કરવું.*

*જેમ કોઈ પુરુષ રત્નને લઈને ચાલે. એ રીતે વજ્ર, વૈડૂર્ય યાવત્ રિષ્ટ. એ રીતે ઉત્પલ, પદ્મ, કુમુદ હાથમાં લઈને, એ પ્રમાણે યાવત્ કોઈ પુરુષ*





*સહસ્રપત્ર લઈને ચાલે, એ રીતે પૂર્વવત્.*

*જેમ કોઈ પુરુષ કમળની ડાંડીને તોડતો-તોડતો ચાલે એ પ્રમાણે અણગાર પણ સ્વયં આવું રૂપ વિકુર્વી આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ મૃણાલિકા હોય, પોતાની કાયાને પાણીમાં ડૂબાડી રાખીને રહે, એ પ્રમાણે૦ બાકીનું વલ્ગુલીવત્ કહેવું.*

*જેમ કોઈ વનખંડ હોય, જે કાળું, કાળા પ્રકાશવાળું યાવત્ મહામેઘ સમાન પ્રાસાદીય હોય, એ રીતે ભાવિતાત્મા અણગાર વનખંડ સમાન વિકુર્વણા કરીને આકાશમાં ઉડે ? આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ પુષ્કરણી હોય, ચતુષ્કોણ અને સમતીર હોય અનુક્રમે સુજાત યાવત્ વિવિધ પક્ષીના મધુર સ્વરાદિથી યુક્ત અને પ્રાસાદીયાદિ હોય, એ રીતે ભાવિતાત્મા અણગાર પણ પુષ્કરણી સમાન વિકુર્વણા કરીને પોતાને ઉંચે આકાશમાં ઉડાડે ? હા, ઉડાડે. ભગવન્ ! ભાવિતાત્મા અણગાર પુષ્કરણી સમાન કેટલા રૂપો વિકુર્વી શકે ? બાકી બધું પૂર્વવત્. યાવત્ તે વિકુર્વશે નહીં.*

*ભગવન્ ! પૂર્વોક્ત રૂપ શું માયી વિકુર્વે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વે, અમાયી નહીં. માયી તે સ્થાનની આલોચના કર્યા વિના૦ એ રીતે જેમ ત્રીજા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૫૯૪ :-

केयाघडिय - દોરડા વડે બાંધેલ ઘડી. - x - वेहास - આકાશમાં - x - हिरन्नपेड - સોનાની પેટી, वियलकिलं - વાંસને ચીરીને બનાવેલ સાદડી. सुंबकिड्डु - ઘાસની સાદડી, चम्मकिड्डु - ચામડાની ખાટ, कंबलकिड्डु - ઉનનું કંબલ, वग्गुली - ચર્મ પક્ષી, - x - x - x - जलोय - જલૌકા, દ્વીન્દ્રિય જલજ જીવવિશેષ.

उव्विहिय - ઉત્પ્રેરીને. - x - समतुरंगेमाणे - ઘોડાની જેમ એક સરખાં ઉઠાવીને. विरालए - પક્ષી વિશેષ. डेवेमाणे - અતિક્રમણ કરતાં, वीईओवीइं - એક કલ્લોલથી બીજા કલ્લોલે. 'वेरुलिय' અહીં યાવત્ કરણથી આમ જાણવું - લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રત્ન, જાત્યરૂપ, અંજનપુલાક, સ્ફટીક, 'કુમુદ' પછી યાવત્ શબ્દથી નલિન, સુભગ, સૌગંધિક, પુંડરિક, મહાપુંડરિકાદિ લેવા.

बिस - કમલનાલ, अवदालिय - વિદારીને, मुणालिय - નલિની, उम्मज्जिय - ડૂબકી લગાવતી, किण्ह - કૃષ્ણવર્ણ-અંજનવત્ સ્વરૂપથી, किण्होभास - કાળો જ લાગતો. અહીં યાવત્ શબ્દથી આમ લેવું :- નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તીવ્ર-તીવ્રાવભાસ, કૃષ્ણ-કૃષ્ણચ્છાય, નીલ-નીલચ્છાય, હરિત-હરિતચ્છાય, શીત-શીતચ્છાય ઈત્યાદિ. - x -

નીલ-મોરની ડોક માફક, હરિત-પોપટના પીંછા માફક, શીત-સ્પર્શની અપેક્ષાએ, વલ્યાદિથી આક્રાંતત્વથી, સ્નિગ્ધ-રૂક્ષત્વવર્જિત, તીવ્ર-વર્ણાદિ ગુણપ્રકર્ષવાળા, કૃષ્ણછાય - છાયા એટલે સૂર્યને આવરક વસ્તુ વિશેષ. घणकडियकडिच्छाए - અન્યોન્ય

શાખાના અનુપ્રવેશથી બહુલ અર્થાત્ નિરંતર છાયા. - x - x - x - પક્ષી ગણના યુગલ વડે વિરચિત ઉન્નત શબ્દ અને મધુર સ્વર. - x -

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૧૦-''સમુદ્ઘાત'' ❀

— x — x — x — x — x — x —

ઉદ્દેશા-૯-માં વૈક્રિયકરણ કહ્યું. તે સમુદ્ઘાત હોય તો છદ્મસ્થને થાય છે. તેથી છાદ્મસ્થિક સમુદ્ઘાત કહે છે —

● **સૂત્ર-૫૯૫ :-**

***ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્ઘાત કેટલા છે ? ગૌતમ ! છ. તે આ - વેદના સમુદ્ઘાત આદિ છાદ્મસ્થિક સમુદ્ઘાત પ્રજ્ઞાપનામાં કહ્યા મુજબ 'આહારસમુદ્ઘાત' પર્યન્ત જાણવું. ભગવન્ ! એમ જ છે.***

● **વિવેચન-૫૯૫ :-**

છદ્મસ્થ - અકેવલી. સમુદ્ઘાત - હનન તે ઘાત, सम् - એકીભાવથી, उत् - પ્રાબલ્યથી, તેથી એકીભાવ અને પ્રાબલ્યથી ઘાત, તે સમુદ્ઘાત. - x - જ્યારે આત્મા વેદનાદિ સમુદ્ઘાતને પામે, ત્યારે વેદનાદિ અનુભવ જ્ઞાન પરિણત જ થાય છે, તેથી વેદનાદિ અનુભવજ્ઞાન સાથે એકીભાવ, વેદનાદિ સમુદ્ઘાત પરિણત ઘણાં વેદનીય આદિ કર્મ પ્રદેશોને કાલાંતર અનુભવન યોગ્ય અનુદીરણા કરણથી આકર્ષીને ઉદયમાં નાંખીને, અનુભવીને આત્મપ્રદેશથી ખેરવે છે.

પ્રજ્ઞાપનાના ૩૬-માં પદમાં આ વર્ણન છે. વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મારણાંતિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, તૈજસ સમુદ્ઘાત, આહારક સમુદ્ઘાત. તેમાં વેદના સમુદ્ઘાત, અસત્ વેદ્ય કર્મોને આશ્રીને છે. કષાય સમુદ્ઘાત, કષાય ચારિત્ર મોહનીયને આશ્રીને છે. મારણાંતિક, અંતર્મુહૂર્તશેષાયુ કર્માશ્રયી છે. વૈક્રિય-તૈજસ-આહાર સમુદ્ઘાત શરીરનામ કર્માશ્રયી છે.

વેદના સમુદ્ઘાત કરતો આત્મા વેદનીય કર્મ પુદ્ગલને ખેરવે છે, કષાય૦વાળો કષાય પુદ્ગલને, મારણાંતિક૦વાળો આયુષ્ય કર્મ પુદ્ગલને, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત જીવ પ્રદેશોને શરીર થકી બહાર કાઢીને - x - x - પૂર્વ બદ્ધ વૈક્રિયશરીર નામકર્મ પુદ્ગલને ખેરવે છે, સૂક્ષ્મને ગ્રહણ કરે છે. - x - એ રીતે તૈજસાદિ કહેવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



# 卐 શતક-૧૪ 卐

— x — x —

૦ વિચિત્રાર્થ શતક-૧૩ની વ્યાખ્યા કરી, હવે વિચિત્રાર્થ જ ક્રમથી આવેલ શતક-૧૪નો આરંભ કરીએ છીએ.

● **સૂત્ર-૫૯૬ :-**

***ચરમ, ઉન્માદ, શરીર, પુદ્ગલ, અગ્નિ, કિમાહાર, સંશ્લિષ્ટ, અંતર, અણગાર, કેવલી (એ દશ ઉદ્દેશા ચૌદમા શતકમાં છે.)***

● **વિવેચન-૫૯૬ :-**

(૧) चर - ચરમ શબ્દ ઉપલક્ષિત પહેલો ઉદ્દેશો. (૨) ઉન્માદ-ઉન્માદ અર્થને જણાવતો, (૩) શરીર-શરીર શબ્દથી ઉપલક્ષિત, (૪) પુદ્ગલ-પુદ્ગલ અર્થનો અભિધાયક, (૫) અગ્નિ-અગ્નિ શબ્દોપલક્ષિત, (૬) કિમાહાર-એવા પ્રશ્નથી ઉપલક્ષિત, (૭) સંશ્લિષ્ટ-ચિરસંશ્લિષ્ટોડસિ ગોયમ, એ પદથી સંશ્લિષ્ટ શબ્દોપલક્ષિત, (૮) અંતર-પૃથ્વીના અંતરનો અભિધાયક, (૯) અણગાર - અણગાર એવા પૂર્વપદત્વથી. (૧૦) કેવલિ-કેવલિ એવા પ્રથમ પદપણાથી.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૧-''ચરમ'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૫૯૭,૫૯૮ :-**

***[૫૯૭] રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, (જેણે) ચરમ દેવલોકનું ઉલ્લંઘન કરેલ હોય, પણ પરમ દેવલોકને પ્રાપ્ત ન થયેલ હોય, જો તે અંતરમાં જ કાળ કરે તો હે ભગવન્ ! તેની કઈ ગતિ થાય ?, ક્યાં ઉપપાત થાય ? ગૌતમ ! જે ત્યાં પરિપાર્શ્વમાં તે લેશ્યાવાળા દેવાવાસ હોય, ત્યાં તેનો ઉપપાત કહ્યો છે, તે ત્યાં જઈને (પૂર્વ લેશ્યા) વિરાધે-છોડે છે તો કર્મલેશ્યાથી જ પડે છે, જો ત્યાં જઈને ન વિરાધે તો તે જ લેશ્યાને સ્વીકારીને વિચરે છે. - - ભગવન્ ! ભાવિતાત્મા અણગાર ચરમ અસુરકુમારાવાસ ઓળંગીને પરમ અસુરકુમારાવાસ૦ આદિ પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમારા-વાસ, જ્યોતિષ્કાવાસ, વૈમાનિક આવાસ પર્યન્ત યાવત્ વિચરે છે.***

***[૫૯૮] ભગવન્! નૈરયિકોની કેવી શીઘ્ર ગતિ છે? શીઘ્ર ગતિનો વિષય કેવો છે? ગૌતમ! જેમ કોઈ પુરુષ તરુણ-બલવાન્-યુગવાન્ યાવત્ નિપુણ શિલ્પશાસ્ત્રજ્ઞ હોય, પોતાની સંકુચિત બાહુને જલ્દી ફેલાવે, ફેલાવીને સંકોચે, ખુલ્લી મુઠ્ઠી બંધ કરે, બંધ મુઠ્ઠી ખુલ્લી કરે, ખુલ્લી આંખ બંધ કરે, બંધ આંખ ખુલ્લી કરે તો, એવી શીઘ્ર ગતિ હોય? (ગૌતમ!) આ અર્થ સમર્થ નથી. નૈરયિકો એક - બે કે ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! નૈરયિકોની તેવી શીઘ્રગતિ અને તેવો શીઘ્રગતિ વિષય છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે એકેન્દ્રિયોનો ચાર સમયિક વિગ્રહ કહેવો. બાકી પૂર્વવત્.***

● **વિવેચન-૫૯૭,૫૯૮ :-**

ચરમ - સ્થિતિ આદિથી અર્વાક્ ભાગવર્તી. દેવાવાસ - સૌધર્માદિ દેવલોક,

व्यतिक्रांत - તેના ઉપપાત હેતુભૂત લેશ્યા પરિણામ. અપેક્ષાથી ઉલ્લંઘેલ. परम - સ્થિત્યાદિથી પરભાગવર્તી. देवावास - સનત્કુમારાદિ દેવલોક, असंप्राप्त - તેના ઉપપાત હેતુભૂત લેશ્યા. પરિણામ અપેક્ષાએ ન પામેલ. - x - x - આ અવસરે કાળ કરે તો તેનો ઉત્પાદ ક્યાં થાય ? - ઉત્તર આપે છે - તે ચરમ દેવાવાસ અને પરમ દેવાવાસની નજીક સૌધર્માદિ કે સનત્કુમારાદિની સમીપના મધ્યભાગે અર્થાત્ ઈશાનાદિમાં. જે લેશ્યામાં વર્તતો સાધુ મરે, તે લેશ્યા જેમાં હોય, તે દેવાવાસમાં. તે અણગારની ગતિ થાય છે.

વળી તે અણગાર, તે મધ્ય ભાગવર્તી દેવાવાસમાં જઈ, જે લેશ્યા પરિણામમાં ત્યાં ઉત્પન્ન થયો હોય, તે પરિણામને જો વિરાધે તો, કર્મના કારણે જે લેશ્યા-જીવપરિણતિ, તે કર્મલેશ્યા-ભાવલેશ્યા, તેમાંથી પડી અશુભતરતાને પામે, પણ દ્રવ્ય લેશ્યાથી ન પડે, તે પૂર્વની લેશ્યામાં જ રહે કેમકે દેવોની લેશ્યા દ્રવ્યથી અવસ્થિત હોય છે. પરંતુ જો તે અણગાર મધ્યમ દેવાવાસમાં જઈને પરિણામને જો વિરાધે નહીં, તે જ લેશ્યાથી ઉત્પન્ન થઈને, ત્યાં વિચરે.

આ સામાન્ય દેવાવાસ આશ્રીને કહ્યું, હવે વિશેષને આશ્રીને કહે છે — (શંકા) ભાવિતાત્મા અણગાર, અસુરકુમારોમાં કઈ રીતે ઉત્પન્ન થશે, વિરાધિત સંયમથી તેમાં ઉપપાત છે. (સમાધાન) પૂર્વકાળની અપેક્ષાએ ભાવિતાત્મપણું હોય, અંતકાળે સંયમ વિરાધના કરવાથી અસુરકુમારાદિપણે ઉપપાત થાય, તેમાં દોષ નથી. - x -

દેવગતિ કહી, ગતિ અધિકારથી નારકગતિને આશ્રીને કહે છે — ઉત્પન્ન થતાં નારકોની શીઘ્ર ગતિ હોય છે, પણ કેવી હોય છે. તે જાણવા પૂછે છે - सीह એટલે શીઘ્ર, કેવી શીઘ્ર ગતિ છે ? કેવો કાળ છે ?

तरुण - વૃદ્ધિ પામતો, તે દુર્બળ પણ હોય, તેથી કહ્યું — શરીર પ્રાણવાન્ એટલે બળવાન્. બળ, કાળ વિશેષથી વિશિષ્ટ હોય, તેથી કહ્યું — યુગવાન્ - સુષમદુષમાદિ કાળ વિશેષ, તે પ્રશસ્ત અને વિશિષ્ટ બળના હેતુરૂપ છે. અહીં યાવત્ શબ્દથી વયને પ્રાપ્ત, નીરોગી, સ્થિરાગ્રહસ્ત, જેના હાથ, પગ, પડખાં, પૃષ્ઠ્યંતર, આદિ પરિણત હોય તે - ઉત્તમ સંઘયણી, તાડવૃક્ષ સમાન સમશ્રેણિક જેના દીર્ઘ-સરળ-પીનત્વાદિ બાહુ છે, તે તથા - x - x - ચર્મેષ્ટાદિ રૂપ કાયાવાળો, આંતર્ બલયુક્ત, શીઘ્ર-પ્રયોગજ્ઞ, દક્ષ-અધિકૃત કર્મમાં નિષ્ઠાવાળા-કુશલ-મેધાવી-નિપુણ, આવો પુરુષ શીઘ્રગત્યાદિક હોય. - - - आउंटिय - સંકોચવું, विक्खिन्न - પ્રસારિત, साहरेज्ज - સંકોચે, विक्खिरेज्ज - પ્રસારે, उम्मिसिय - ઉઘાડે, निमिसेज्ज - બંધ કરે, ઈત્યાદિ માફક હે ગૌતમ ! તું શીઘ્ર ગતિને માને છે પણ તે અર્થ સમર્થ નથી.

એવું શા માટે કહ્યું ? - નારકોની ગતિ એક-બે-ત્રણ સમયા છે, બાહુ પ્રસારણાદિ અસંખ્યેય સમયી છે, તેથી નારકોની તેવી ગતિ કઈ રીતે સંભવે ? એક સમયે ઋજુગતિના યોગે ઉપજે, એક સમયમાં વિગ્રહગતિનો અભાવ હોય છે. બે સમયમાં તે વિગ્રહગતિ યોગ, ત્રણ સમયાં વક્રગતિથી. તે આ રીતે - જો ભરતક્ષેત્રની પૂર્વ દિશાથી નરકની પશ્ચિમ દિશામાં ઉપજે, તો એક સમયે નીચે જાય, બીજે તીર્છો ઉત્પત્તિ સ્થાને જાય - - ત્રણ સમયના વિગ્રહથી આ રીતે - ભરતની પૂર્વ દક્ષિણ



દિશાથી નારકના પશ્ચિમોત્તર દિશામાં જઈને ઉપજે. ત્યારે એક સમયથી નીચે સમશ્રેણીએ જાય, બીજા સમયે તીર્છો પશ્ચિમદિશામાં જાય, ત્રીજા સમયે વાયવ્ય દિશામાં ઉત્પત્તિ સ્થાને જાય. આ રીતે ગતિ કાળ કહ્યો. એમ કહીને જેવી શીઘ્રાગતિ છે, તે પણ જણાવ્યું. હવે ઉપસંહાર કરે છે —

નૈરયિકોની ઉત્કૃષ્ટથી ત્રણ સમય ગતિ છે, તે જ શીઘ્ર ગતિવિષય છે. એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટથી ચાર સમય વિગ્રહ-વક્રગતિ છે. કઈ રીતે ? - ત્રસનાડીથી બહાર અધોલોકમાં વિદિશામાંથી દિશામાં જતા એક સમય, કેમકે જીવોનું અનુશ્રેણિ ગમન છે. બીજા સમયે લોકમધ્યે પ્રવેશે, ત્રીજા સમયે ઉંચે જાય, ચોથા સમયે ત્રસનાડીથી નીકળીને દિશામાં રહેલ ઉત્પાદ સ્થાનને પ્રાપ્ત કરે. આ કથન બહુલતાને આશ્રીને છે. અન્યથા એકેન્દ્રિયોનો વિગ્રહ પાંચ સમયનો પણ થાય. તે આ રીતે - ત્રસ નાડીથી બહાર અધોલોકમાં વિદિશામાંથી દિશામાં જાય તે એક સમય, બીજા સમયે લોકમધ્યે, ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં, ચોથા સમયે ત્યાંથી તીર્છા પૂર્વાદિ દિશામાં જાય, ત્યાંથી પાંચમે વિદિશામાં ઉત્પત્તિ સ્થાને જાય. - x - x - બાકી પૂર્વવત્ પૃથ્વીકાયાદિમાં નારકોની માફક જાણવું.

ગતિઆશ્રિત નારકાદિ દંડક કહ્યો. હવે અનંતરોત્પન્નત્વાદિ કહે છે —

● સૂત્ર-૫૯૯ :-

***ભગવન્ ! નૈરયિકો અનંતરોપપન્નક છે, પરંપરોપપન્નક છે કે અનંતરપરંપરા-નુપપન્નક છે ? ગૌતમ ! નૈરયિકો આ ત્રણે છે. ભગવન્ એમ કેમ કહો છો કે ત્રણે છે ? ગૌતમ ! જે નૈરયિક પ્રથમ સમય-ઉપપન્નક છે, તે નૈરયિક પરંપરોપપન્નક છે, જે નૈરયિક વિગ્રહગતિ સમાપન્નક છે, તે અનંતર-પરંપરા અનુપપન્નક છે, તેથી પૂર્વવત્ કહ્યું છે. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક જાણવું.***

***ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિક, નૈરયિકાયુ બાંધે કે તિર્યંચ-મનુષ્ય-દેવાયુ બાંધે ? ગૌતમ ! ચારમાંનું એક પણ નહીં.***

***ભગવન્ ! પરંપરોપપન્નક નૈરયિક, નૈરયિકાયુ યાવત્ દેવાયુ, શું બાંધે ? ગૌતમ ! નૈરયિક કે દેવાયુ ન બાંધે, પણ તિર્યંચયોનિકનું કે મનુષ્યાયુ બાંધે.***

***ભગવન્ ! અનંતર પરંપર અનુપપન્નક નૈરયિક, શું નૈરયિક આયુ બાંધે ? પ્રશ્ન. નૈરયિકાયુ ન બાંધે યાવત્ દેવાયુ ન બાંધે.***

***આ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યો પરંપરોપપન્નક હોય તો ચારે આયુ બાંધે છે.***

***ભગવન્ ! નૈરયિક શું અનંતર નિર્ગત છે, પરંપર નિર્ગત છે કે અનંતર પરંપર-અનિર્ગત છે ? ગૌતમ ! તે ત્રણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે નૈરયિક પ્રથમ સમય નિર્ગત છે, તે અનંતરનિર્ગત છે. જે નૈરયિક અપ્રથમસમય નિર્ગત છે, તે પરંપર નિર્ગત છે, જે નૈરયિક વિગ્રહગતિ સમાપન્નક છે, તે અનંતર-પરંપર-અનિર્ગત છે. તેથી હે ગૌતમ ! પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત કહેવું.***

***ભગવન્ ! અનંતરનિર્ગત નૈરયિક, શું નૈરયિકાયુ બાંધે ? યાવત્ દેવાયુ***

*બાંધે ? ગૌતમ ! નૈરયિક યાવત્ દેવાયુ, એકે ન બાંધે. ભગવન્ ! પરંપર નિર્ગત નૈરયિક, નૈરયિકાયુ બાંધે ? પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકાયુ પણ બાંધે યાવત્ દેવાયુ પણ બાંધે. - - ભગવન્ ! અનંતર-પરંપર અનિર્ગત નૈરયિકનો પ્રશ્ન - ગૌતમ ! નૈરયિકાયુ પણ ન બાંધે, યાવત્ દેવાયુ પણ ન બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી સંપૂર્ણ કહેવું.*

*ભગવન્ ! નૈરયિકો, શું અનંતર ખેદોપપન્નક છે, પરંપર ખેદોપપન્નક છે કે અનંતર પરંપર ખેદાનુપપન્નક છે ? ગૌતમ ! નૈરયિકો૦ આ આલાવાથી પૂર્વોક્ત ચારે દંડક કહેવા. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● વિવેચન-૫૯૯ :-

અનંતરોપપન્નક-જેના ઉપપાતમાં સમયાદિ વ્યવધાન હોતું નથી તે. પરંપરોપપન્નક - જેના ઉપપાતમાં બે-ત્રણ આદિ સમયની પરંપરા થઈ હોય તે અનંતર-પરંપર અનુપપન્નક - તેમાં અનંતર એટલે વ્યવધાનરહિત, પરંપર એટલે બે-ત્રણ આદિ સમયરૂપ ઉત્પાદ, આ બંને વિગ્રહગતિક હોય, વિગ્રહગતિમાં બે ભેદે ઉત્પાદના અવિધમાનત્વથી.

હવે અનંતરોપપન્નાદિના આયુબંધને આશ્રીને કહે છે — અનંતરોપપન્ન અને અનંતરપરંપરાનુપન્નને ચારે ભેદે આયુનો નિષેધ છે. તે અવસ્થામાં, તેવા અધ્યવસાય સ્થાનનો અભાવ છે, તેથી સર્વજીવોને આયુબંધનો અભાવ છે. પોતાના આયુના ત્રિભાગાદિ બાકી રહેતા બંધનો સદ્ભાવ થાય છે, પરંપરોપપન્નકા તો સ્વ આયુના છ માસ બાકી રહેતા મતાંતરે ઉત્કૃષ્ટથી છ માસ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત બાકી રહેતા ભવપ્રત્યયથી તિર્યંચ્ કે મનુષ્યાયુ બાંધે, બીજું નહીં. ચોવીશે દંડકમાં આ કહેવું.

હવે 'નિર્ગત' આદિથી બીજો દંડક કહે છે - નિર્ગત એટલે નિશ્ચિત્ત સ્થાનાંતર પ્રાપ્તિ વડે ગમન. અનંતર એટલે સમયાદિના અંતર વિના તે અનંતર નિર્ગત, તે નરકથી ઉદ્વર્તી સ્થાનાંતર પ્રાપ્તિના પહેલા સમયમાં વર્તે છે. પરંપર એટલે સમય પરંપરાથી નીકળેલ, તે નરકથી ઉદ્વર્તીને ઉત્પત્તિ સ્થાનના બીજા આદિ સમયમાં વર્તે છે. અનંતર-પરંપર અભાવે ઉત્પાદ ક્ષેત્ર પ્રાપ્ત ન થતાં અર્થાત્ નિશ્ચયથી અનિર્ગત.

અનંતર નિર્ગતાદિને આશ્રીને આયુબંધને જણાવે છે - અહીં પરંપર નિર્ગત નારકો બધાં આયુને બાંધે છે. જો કે તે મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ જ થાય છે, એ રીતે બધાં પરંપરનિર્ગત વૈક્રિય જન્મવાળા છે. ઔદારિક જન્મવાળા પણ ઉદ્વૃત થઈ કોઈ મનુષ્ય કે તિર્યંચ થાય છે તેથી તેઓ પણ સર્વાયુ બંધકા જ છે. - - અનંતર નિર્ગત કહ્યા. તે ક્વચિત્ ઉત્પન્ન થતાં સુખેથી કે દુઃખેથી ઉત્પન્ન થાય છે. દુઃખોત્પન્નકને આશ્રીને - કહે છે — नेरइये० त्यादि.

અનંતરખેદોપપન્નક - ખેદ એટલે દુઃખ વડે. ઉત્પાદ એટલે ક્ષેત્ર પ્રાપ્તિ લક્ષણ. ખેદપ્રધાન ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતો, તે. परंपरखेदोपपन्नक - જેને ખેદથી ઉત્પન્ન થયાને બે, ત્રણ સમય થયા છે તે. અનંતર-પરંપર-ખેદાનુત્પન્નક તે વિગ્રહગતિવર્તી જીવ.

ચાર દંડકો-ખેદોત્પન્નક, તેનું આયુ, ખેદનિર્ગત, તેનું આયુ.



## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૨-"ઉન્માદ" ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧-માં અનંતરોપપન્ન નૈરયિકાદિ વક્તવ્યતા કહી. નૈરયિકાદિ મોહવાળા હોય છે. મોહ ઉન્માદ છે, તેથી ઉન્માદ કથન —

● સૂત્ર-૬૦૦,૬૦૧ :-

*[૬૦૦] ભગવન્ ! ઉન્માદ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે-યક્ષાવેશથી અને મોહનીયકર્મના ઉદયથી. તેમાં જે યક્ષાવેશ છે, તે સુખે વેદાય છે અને સુખે છોડાવાય છે. તેમાં જે મોહનીય કર્મના ઉદયથી છે, તે દુઃખથી વેદાય છે અને દુઃખથી છોડાવાય છે.*

*ભગવન્ ! નારક જીવોમાં કેટલા ભેદે ઉન્માદ છે ? ગૌતમ ! બે ભેદે - યક્ષાવેશથી અને મોહનીયકર્મના ઉદયથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે નૈરયિકને બે પ્રકારનો ઉન્માદ છે - x - ? ગૌતમ ! કોઈ દેવ (નૈરયિકો ઉપર) અશુભ પુદ્ગલ પ્રક્ષેપે, તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપથી તે નૈરયિક યક્ષાવિષ્ટ ઉન્માદને પામે છે, મોહનીય કર્મના ઉદયથી મોહનીય ઉન્માદને પામે છે, તેથી પૂર્વવત્ કહ્યું કે યાવત્ ઉન્માદ પામે.*

*ભગવન્ ! અસુરકુમારને કેટલા ભેદે ઉન્માદ છે ? એ પ્રમાણે નૈરયિકવત્ જાણવું. વિશેષ એ કે — મહર્દ્ધિક દેવ અશુભ પુદ્ગલ પ્રક્ષેપે છે, તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપથી યક્ષાવેશરૂપ ઉન્માદને પ્રાપ્ત થાય છે. તથા મોહનીય કર્મના ઉદયથી મોહનીય કર્મજન્ય ઉન્માદને પામે છે. તેથી પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે સ્તનીતકુમાર સુધી જાણવું, પૃથ્વીકાયિક યાવત્ મનુષ્યો સુધી નૈરયિકો સમાન કહેવું. વ્યંતરાદિ દેવ, અસુરકુમારવત્ જાણવું.*

*[૬૦૧] ભગવન્ ! કાલવર્ષી મેઘ વૃષ્ટિકાય વરસાવે છે ? હા, વરસાવે છે. ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર વૃષ્ટિકાય કરવા ઈચ્છે છે, ત્યારે તે કઈ રીતે વૃષ્ટિ કરે છે ? ગૌતમ ! ત્યારે શક્રેન્દ્ર અભ્યંતર પર્ષદાના દેવોને બોલાવે છે, બોલાવેલ તે અભ્યંતર પર્ષદાના દેવ, મધ્યમ પર્ષદાના દેવોને બોલાવે છે. બોલાવાયેલ મધ્યમ પર્ષદાના દેવ, બાહ્ય પર્ષદાના દેવોને બોલાવે છે, તે બાહ્ય પર્ષદાના બોલાવાયેલ દેવ બાહ્ય-બાહ્યના દેવોને બોલાવે છે, પછી તે બાહ્ય-બાહ્ય દેવ આભિયોગિક દેવોને બોલાવે છે, પછી તે બોલાવાયેલ આભિયોગિક દેવ વૃષ્ટિકાયિક દેવોને બોલાવે છે, ત્યારે તે બોલાવાયેલ વૃષ્ટિકાયિક દેવ વૃષ્ટિ કરે છે. આ પ્રમાણે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર વૃષ્ટિ કરે છે.*

*ભગવન્ ! શું અસુરકુમાર દેવ પણ વૃષ્ટિ કરે છે ? હા, કરે છે. ભગવન્ ! અસુરકુમાર દેવો કયા પ્રયોજનથી વૃષ્ટિ કરે છે ? ગૌતમ ! જે આ અરહંત ભગવંતો છે, તેમના જન્મ મહોત્સવ, નિષ્ક્રમણ મહોત્સવ, જ્ઞાનોત્પાદ મહોત્સવ, પરિનિર્વાણ મહોત્સવમાં હે ગૌતમ ! નિશ્ચે અસુરકુમાર દેવો વૃષ્ટિકાય કરે છે. એ રીતે નાગકુમારો યાવત્ સ્તનીતકુમારો સુધી કહેવા. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક દેવોમાં પણ આમ જ કહેવું.*

● **વિવેચન-૬૦૦,૬૦૧ :-**

उन्माद - ઉન્મત્તતા, વિવિક્ત ચેતના ભ્રંશ. यक्ष - દેવ, તેનો આવેશ, પ્રાણીનું અધિષ્ઠાન. मोहनीय - મિથ્યાત્વ મોહનીય, તેના ઉદયથી ઉન્માદ થાય છે. તેના ઉદયવર્તી પ્રાણી અતત્ત્વને તત્ત્વ માને છે અને તત્ત્વને અતત્ત્વ માને છે. અથવા ચારિત્ર મોહનીયના ઉદયથી જાણવા છતાં વિષયાદીના સ્વરૂપથી અજાણ હોય તેમ વર્તે છે અથવા ચારિત્ર મોહનીયના વિશેષ 'વેદ' નામે મોહનીયના ઉદયે ઉન્મત્ત થાય.

કહ્યું છે કે — ચિંતવે છે, જોવાને ઈચ્છે છે, દીર્ઘ નિઃસાસા નાંખે છે, જ્વર, દાહ, ભોજનમાં અરૂચીપણું, મૂર્છા, ઉન્માદ, અજ્ઞાન, મરણ. આ બધાં ઉન્માદત્વના સમાન હોવા છતાં વિશેષ દર્શાવવાને કહે છે — તેમની મધ્યે અતિશય સુખથી - મોહજન્ય ઉન્માદ અપેક્ષાએ અકલેશથી વેદન-અનુભવન, તે સુખવેદનતરક. અતિશય સુખથી વિમોચન-વિયોજન જેનાથી થાય તે સુખ વિમોચનતર.

મોહજન્ય ઉન્માદ, બીજાની અપેક્ષાએ દુઃખ વેદનતર થાય છે. કેમકે તે અનંત સંસારના કારણત્વ છે, અને સંસારનો દુઃખવેદન સ્વભાવત્વ છે. બીજો ઉન્માદ સુખવેદનતર છે, કેમકે તે એક ભવિકત્વ છે તથા મોહજન્ય ઉન્માદ, બીજાની અપેક્ષાએ દુઃખવિમોચનતર હોય છે.કેમકે વિદ્યા-મંત્ર-તંત્ર-દેવાનુગ્રહવાળાને પણ તે અસાધ્ય છે, જ્યારે યક્ષાવેશ ઉન્માદ સુખેથી છોડાવી શકાય છે, કેમકે યંત્ર માત્રથી પણ તેનો નિગ્રહ કરવો શક્ય છે. કહ્યું છે કે — સર્વજ્ઞમંત્રવાદી પણ જેનો નિગ્રહ કરવા સમર્થ નથી. તે મિથ્યામોહોન્માદ. કોની સાથે તુલ્ય કહી શકાય ?

આ બંને ચોવીશે દંડકમાં યોજવા સૂત્રકારે સૂત્રમાં નોંધ કરી છે. - x - x - મોહોન્માદ આલાપક બધાં સૂત્રોમાં સમાન છે.

વૈમાનિક દેવોના મોહનીયોન્માદ લક્ષણ ક્રિયા વિશેષ કહી, હવે વૃષ્ટિકાયકરણ રૂપ, તે જ દેવેન્દ્રાદિ દેવોને દર્શાવે છે. पज्जन्न - પર્જન્ય, કાળે - વર્ષા વરસે છે, એવો જેનો સ્વભાવ છે, તે કાલવર્ષી. वृष्टिकाय - પ્રવર્ષણથી જળ સમૂહને કરે છે - વરસાવે છે. શક્રેન્દ્ર પણ તે કરે છે, તેની વિધિ સૂત્રકારે દર્શાવી છે. - x - અથવા પર્જન્ય, ઈન્દ્રને જ કહે છે. તે કાળવર્ષી - કાળે એટલે જિન્મજન્માદિ મહોત્સવમાં વરસાવે છે. - x - x - - દેવક્રિયા અધિકારથી આ બીજું કહે છે —

● **સૂત્ર-૬૦૨ :-**

*ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન તમસ્કાયને કરવા ઈચ્છે, ત્યારે તે કઈ રીતે કરે છે ? ગૌતમ ! ત્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન આભ્યંતર પર્ષદાના દેવોને બોલાવે છે, બોલાવાયેલ તે આભ્યંતર પર્ષદાના દેવો, એ પ્રમાણે શક્રમાં કહ્યા મુજબ યાવત્ આભિયોગિક દેવોને બોલાવે છે, તેઓ તમસ્કાય દેવોને બોલાવે છે ત્યારે તે તમસ્કાય દેવો તમસ્કાયને કરે છે. હે ગૌતમ ! આ રીતે ઈશાનેન્દ્ર તમસ્કાયને કરે છે.*

*ભગવન્ ! અસુરકુમાર દેવો પણ તમસ્કાયને કરે છે ? હા, કરે છે. ભગવન્ ! કયા હેતુથી અસુરકુમાર દેવો તમસ્કાયને કરે છે ? ગૌતમ ! ક્રીડા અને રતિ નિમિત્તે, શત્રુને વિમોહિત કરવાને માટે, ગોપનીય ધનાદિની સુરક્ષા માટે, પોતાની કાયાને છૂપાવવાને, હે ગૌતમ ! આવા કારણોથી અસુરકુમાર દેવો તમસ્કાયને કરે, એ રીતે વૈમાનિક સુધી કહેવું. - ભગવન્ ! તે એમ જ છે (૨) કહી યાવત્ વિચરે છે.*



● **વિવેચન-૬૦૨ :-**

तमुक्काए - તમસ્કાય કરનાર, किड्डारइपत्तियं - ક્રીડારૂપ રતિ તે ક્રીડારતિ અથવા ક્રીડા-રમત, રતિ-નિધુવન, તે હેતુ. - x - x -

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૩-"શરીર" ❀

— x — x — x — x —

૦ બીજા ઉદ્દેશામાં દેવ વ્યતિકર કહ્યો. અહીં પણ તે કહે છે —

● **સૂત્ર-૬૦૩ :-**

*ભગવન્! મહાકાય, મહાશરીર દેવ ભાવિતાત્મા અણગારની ઠીક મધ્યમાંથી થઈ નીકળી જાય? ગૌતમ! કોઈ જાય, કોઈ ન જાય. ભગવન્! એમ કેમ કહ્યું - x -? ગૌતમ! દેવો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવ છે, તે ભાવિતાત્મા અણગારને જોઈને વંદન, નમસ્કાર, સત્કાર કરતા નથી, તેમને કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ માનીને યાવત્ પર્યુપાસતા નથી. તે ભાવિતાત્મા અણગારની વચ્ચોવચ્ચથી નીકળી જાય, પરંતુ તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવ છે, તે ભાવિતાત્મા અણગારને જોઈને વાંદે, નમે યાવત્ પર્યુપાસે છે, તે ભાવિતાત્મા અણગારની વચ્ચોવચ્ચથી નીકળે નહીં, તેથી હે ગૌતમ! એમ કહ્યું કે યાવત્ ન જાય.*

*ભગવન્ ! મહાકાય, મહાશરીર અસુરકુમાર દેવ ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે દેવદંડકને વૈમાનિક સુધી કહેવો.*

● **વિવેચન-૬૦૩ :-**

ક્યાંક અહીં આ દ્વાર ગાથા દેખાય છે — મહાકાય, સત્કાર, શસ્ત્ર વડે, દેવો દ્વારા વ્યતિક્રમણ, વાસ, સ્થાન, નૈરયિકના પરિણામ. આ બધાંનો અર્થ ઉદ્દેશકોના અર્થ થકી જાણી લેવો. महाकाय - મહાન્ કે બૃહત્ કે પ્રશસ્ત કાય. महासरीर - મોટું શરીર. નારક, પૃથ્વીકાયાદિને આશ્રીને આવ્યતિકર અસંભવ હોવાથી માત્ર દેવોમાં જ આ દંડક સંભવે છે. - - દેવોને આશ્રીને મધ્યગમન લક્ષણ દુર્વિનય કહ્યો, હવે વિનય—

● **સૂત્ર-૬૦૪,૬૦૫ :-**

*[૬૦૪] ભગવન્! શું નારકોમાં સત્કાર, સન્માન, કૃતિકર્મ, અભ્યુત્થાન, અંજલિ પ્રગ્રહ, આસનાભિગ્રહ, આસનાનુપ્રદાન કે નારકોની સામે જવું, બેસેલાની સેવા કરવી, જનારની પાછળ જવું, આદિ વિનયભક્તિ છે? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! અસુરકુમારોમાં સત્કાર, સન્માન યાવત્ અનુગમનાદિ વિનય છે ? હા, છે. એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમાર જાણવું. પૃથ્વીકાયિક યાવત્ ચઉરિન્દ્રિયમાં નૈરયિકો મુજબ જાણવું.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં સત્કાર યાવત્ અનુગમન વિનય છે ? હા, છે. પણ આસનાભિગ્રહ, આસનાનુપ્રદાનરૂપ વિનય નથી. મનુષ્ય*

*યાવત્ વૈમાનિકમાં અસુરકુમારવત્ જાણવું.*

*[૬૦૫] ભગવન્ ! અલ્પઋદ્ધિક દેવ, મહર્દ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ ઠીક નથી. - - ભગવન્ ! સમઋદ્ધિક દેવ, સમઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી નીકળી જઈ શકે ? ના, આ અર્થ યોગ્ય નથી. પ્રમત્ત હોય તો જઈ શકે. ભગવન્ ! શું તે શસ્ત્ર પ્રહાર વડે જવા સમર્થ છે કે શસ્ત્રાક્રમણ વિના જવા સમર્થ છે ? ગૌતમ ! તે શસ્ત્રાક્રમણથી જઈ શકે, શસ્ત્રાક્રમણ વિના નહીં. - - ભગવન્ ! તે પહેલાં શસ્ત્રાક્રમણ કરીને પછી જાય કે પહેલા જઈ, પછી શસ્ત્રાક્રમણ કરે ? આ આલાવા વડે જેમ દશમાં શતકમાં આત્મર્દ્ધિ ઉદ્દેશામાં કહ્યું, તેમ સંપૂર્ણ ચારે દંડકો કહેવા. યાવત્ મહર્દ્ધિક વૈમાનિકી, અલ્પર્દ્ધિક મધ્યે૦*

● વિવેચન-૬૦૪,૬૦૫ :-

सत्कार - વિનય યોગ્યમાં વંદનાદિથી આદર કરણ અથવા પ્રવર વસ્ત્રાદિ દાન. सन्मान - તથાવિધ પ્રતિપત્તિકરણ. कृतिकर्म - વંદન કે કાર્ય કરવું તે. अभ्युत्थान - આદરણીયને જોઈને આસન છોડી ઉભું થવું, अंजलिप्रग्रह - અંજલિ કરવી તે. आसनाभिग्रह - આસન લાવીને આપવું અને આદરપૂર્વક તેને બેસવા કહેવું. आसनानुप्रदान - આસનને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જઈને બિછાવવું. - x - આવતો હોય ત્યારે તેમની સામે જવું, બેસેલા આદરણીય પુરુષની પર્યુપાસના કરવી. આદરણીય વ્યક્તિ જતા હોય ત્યારે તેમની પાછળ જવું.

આવો વિનય નારકોમાં નથી, કેમકે તે સતત દુઃખમાં હોય છે.

પૂર્વે વિનય કહ્યો, હવે તેના વિપક્ષભૂત અવિનય વિશેષ દેવોના પરસ્પર પ્રતિપાદન માટે કહે છે — અલ્પઋદ્ધિક૦ ઈત્યાદિ. દશમાં શતકનો ત્રીજો ઉદ્દેશો-આત્મર્દ્ધિ ઉદ્દેશક કહેવો. પહેલું દંડક સૂત્ર કહેવું. તેમાં અલ્પઋદ્ધિક, મહાઋદ્ધિક, સમઋદ્ધિક આલાપક છે. બે સાક્ષાત્ કહ્યા છે, માત્ર સમઋદ્ધિક આલાપકને અંતે વિશેષ સૂત્ર છે

મહર્દ્ધિક-અલ્પઋદ્ધિક આલાપક આ પ્રમાણે - ભગવન્ ! મહર્દ્ધિક દેવ, અલ્પઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જાય. ભગવન્ ! શું તે શસ્ત્રાક્રમણથી જવા સમર્થ છે કે શસ્ત્રાક્રમણ વિના ? ગૌતમ ! શસ્ત્રથી હણીને કે ન હણીને, બંને રીતે જવા સમર્થ છે. ભગવન્ ! પહેલાં શસ્ત્રથી હણીને પછી જાય કે પહેલાં જઈને પછી શસ્ત્રાક્રમણ કરે ? ગૌતમ ! બંને રીતે જઈ શકે. ચાર દંડકો કહેવા. તે આ રીતે છે - પહેલો દેવ અને દેવનો, બીજો દંડક દેવ અને દેવીનો, ત્રીજો દંડક દેવી અને દેવનો, ચોથો દંડક દેવી અને દેવીનો છે. - x -

દેવ વક્તવ્યતા કહી. તેનાથી વિપરીત નારકોને કહે છે —

● સૂત્ર-૬૦૬ :-

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો કેવા પુદ્ગલ પરિણામને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક જાણવા. આ પ્રમાણે વેદના પરિણામ જાણવા, એ પ્રમાણે જેમ જીવાભિગમમાં બીજા નૈરયિક ઉદ્દેશકમાં કહ્યું તેમ કહેવું - યાવત્ - ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક કેવા પરિગ્રહ સંજ્ઞા પરિણામ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.*



● વિવેચન-૬૦૬ :-

નારકો પુદ્ગલ પરિણામવત્ વેદના પરિણામને અનુભવે છે. આલાવો આ પ્રમાણે - ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવા વેદના પરિણામ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. જીવાભિગમમાં ઉક્ત આ ૨૦ પદો છે - પુદ્ગલ પરિણામ, વેદના, લેશ્યા, નામગોત્ર, અરતી, ભય, શોક, ક્ષુધા, પિપાસા, વ્યાધી, ઉચ્છ્વાસ, અનુતાપ, ક્રોધ, માન, માયા, લોભ, ચાર સંજ્ઞાઓ. - x - x -

## ❁ શતક-૧૪, ઉદ્દેશો-૪-"પુદ્ગલ" ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં નારકોના પુદ્ગલ પરિણામ કહ્યા. ઉદ્દેશા-૪-માં પુદ્ગલ પરિણામ વિશેષ કહે છે.

● સૂત્ર-૬૦૭ :-

*ભગવન્ ! આ પુદ્ગલ અતીતમાં અનંત, શાશ્વત, એક સમય સુધી રૂક્ષ, એક સમય અરૂક્ષ, એક સમય રૂક્ષ અને અરૂક્ષ બંને સ્પર્શવાળો રહેલ છે ? પહેલાં કરણ દ્વારા અનેક વર્ણ અનેક રૂપવાળા પરિણામથી પરિણત થયા અને પછી તે પરિણામ નિર્જિર્ણ થઈને પછી એક વર્ણ અને એક રૂપવાળા થયા છે ? હા, ગૌતમ ! તેમ થયું છે.*

*ભગવન્ ! આ પુદ્ગલ શાશ્વત વર્તમાનકાળમાં એક સમય સુધી૦ ? પૂર્વવત્. એ રીતે અનાગત અને અનંતમાં પણ જાણવું. ભગવન્ ! આ સ્કંધ અનંત અતીતમાં ? પૂર્વવત્, પુદ્ગલવત્ કહેવું.*

● વિવેચન-૬૦૭ :-

અહીં ઉદ્દેશક સંગ્રહાર્થ ગાથા ક્યાંક દેખાય છે, તે આ છે — પુદ્ગલ, સ્કંધ, જીવ, પરમાણુ, શાશ્વત, ચરમ, પરિણામ બે ભેદે છે - અજીવોના અને જીવોના. અર્થ ઉદ્દેશકના અર્થ મુજબ જાણવો.

पुग्गल - પુદ્ગલ પરમાણુ અને સ્કંધરૂપ છે. तीतमणंतं૦ - અપરિણામત્વથી અનંત, અક્ષયત્વથી શાશ્વત. समय - કાળ, એક સમય માટે રૂક્ષ સ્પર્શવાળા, એક સમય સુધી અરૂક્ષ સ્પર્શવાળા. આ બંને પદ પરમાણુ અને સ્કંધમાં સંભવે છે. એક સમય માટે રૂક્ષ અને અરૂક્ષ બંને સ્પર્શ યુક્ત. સ્કંધની અપેક્ષાએ બે અણુ આદિમાં દેશ રૂક્ષ, દેશ અરૂક્ષ હોય છે, એ રીતે એક સાથે રૂક્ષ અને સ્નિગ્ધ સ્પર્શ સંભવે છે.

આ પ્રમાણે હોય તો શું અનેક વર્ણાદિ પરિણામે પરિણમે કે એક વર્ણાદિ પરિણામ થાય ? એ પ્રશ્ન. - એક વર્ણાદિ પરિણામથી પૂર્વે પ્રયોગ કરણ કે વિશ્રસાકરણથી કાળા-નીલાદિ વર્ણ ભેદથી અનેકરૂપે, ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન ભેદથી પર્યાયને પરિણમે છે. - x - x - તે જો પરમાણુ હોય તો સમય ભેદથી અનેક વર્ણાદિત્વને પરિણતવાન્ હોય અને જો સ્કંધ હોય ત્યારે યૌગપદ્યથી પણ હોય.

આ પરમાણુ અને સ્કંધના અનેક વર્ણાદિ પરિણામ ક્ષીણ થાય છે. - x -

નિર્જરા પછી બીજા વર્ણો ચાલ્યા જતાં એકરૂપ, વિવક્ષિત ગંધાદિ પર્યાય અપેક્ષાથી બીજા પર્યાયોના ચાલ્યા જવાથી થાય છે. અતીતકાળ વિષયપણાથી પ્રશ્ન અને ઉત્તર વડે પુદ્ગલ દ્રવ્યની પરિણામિતા પ્રતિપાદિત કરી છે. - x - વર્તમાનકાળ વિષયક સૂત્ર પણ મૂકેલ છે. અતીત-અનાગત સૂત્રમાં અનંતત્વના સંભવથી અનંત કહ્યું છે.

પુદ્ગલનું સ્વરૂપ કહ્યું. પુદ્ગલ, સ્કંધ પણ થાય, તેથી સ્કંધનું સ્વરૂપ પણ નિરૂપેલ છે. - - સ્કંધ સ્વપ્રદેશની અપેક્ષાએ જીવ પણ થાય, તેથી હવે અહીં જીવનું સ્વરૂપ નિરૂપે છે —

**● સૂત્ર-૬૦૮ :-**

***ભગવન્! શું આ જીવ અનંત શાશ્વત કાળમાં એક સમયમાં દુઃખી, એક સમયમાં સુખી, એક સમયમાં દુઃખી અને સુખી હતો? પહેલા કરણ દ્વારા અનેક ભાવવાળા અનેકભૂત પરિણામથી પરિણત થયેલ? ત્યારપછી વેદનીયની નિર્જરા થતાં એક ભાવ, એકરૂપવાળો હતો? હા, ગૌતમ! - x - તેમ હતો. આ પ્રમાણે શાશ્વત, વર્તમાનકાળમાં પણ જાણવું. એ રીતે અનંત શાશ્વત અનાગત કાળમાં પણ જાણવું.***

**● વિવેચન-૬૦૮ :-**

एषः પ્રત્યક્ષ જીવ, અતીત અનંત શાશ્વત સમયમાં દુઃખ હેતુના યોગથી એક સમય દુઃખી, સુખહેતુના યોગથી એક સમય સુખી, તદ્ હેતુ યોગથી એક સમયે દુઃખી અને સુખી. જીવનો એક જ ઉપયોગ હોવાથી એક સમયે સુખ અને દુઃખ બંનેનું વેદન ન થાય. આ પ્રમાણે હોવાથી સ્વહેતુથી અનેકભાવ પરિણામ કેમ પરિણમે અને ફરી એક ભાવ પરિણામ થાય ? તો કહે છે કે — એક ભાવ પરિણામ પૂર્વે કાળ-સ્વભાવાદિ કારણથી યુક્ત થઈને કરણ વડે શુભાશુભ કર્મ બંધ હેતુ વડે ક્રિયાથી અનેક ભાવ-પર્યાય દુઃખીત્વાદિ રૂપ જેમાં છે તે અનેકભાવને પરિણામ પામે છે. અનેક ભાવપણાથી અનેકરૂપ પરિણમે છે.

પછી દુઃખિતત્વાદિ અનેક ભાવ હેતુભૂત વેદનીય કર્મ અને ઉપલક્ષણત્વથી જ્ઞાનાવરણીયાદિ પણ ક્ષીણ થાય છે, પછી સાંસારિક સુખના વિપર્યયપણાથી સ્વાભાવિક સુખરૂપ એક ભાવને પામે છે. - x - x - એ પ્રમાણે વર્તમાન અને અનાગત સૂત્રમાં પણ જાણવું.

પૂર્વે સ્કંધ કહ્યો, તે સ્કંધરૂપના ત્યાગથી વિનાશી થાય છે. એ પ્રમાણે પરમાણુ પણ થાય કે નહીં, તે શંકાથી કહે છે —

**● સૂત્ર-૬૦૯,૬૧૦ :-**

***[૬૦૯] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું શાશ્વત કે અશાશ્વત ? ગૌતમ ! કથંચિત્ શાશ્વત, કથંચિત્ અશાશ્વત. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત, વર્ણ યાવત્ સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે, તેથી કહ્યું કથંચિત્ શાશ્વત અને કથંચિત્ અશાશ્વત છે.***

***[૬૧૦] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ ચરમ છે કે અચરમ ? ગૌતમ ! દ્રવ્યાદેશથી ચરમ નથી, અચરમ છે. ક્ષેત્રાદેશથી કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે. કાલાદેશથી અને ભાવાદેશથી પણ તેમ જ છે.***



**● વિવેચન-૬૦૯,૬૧૦ :-**

પુદ્ગલ, સ્કંધ પણ થાય, તેથી પરમાણુ ગ્રહણ કર્યુ. શાશ્વત એટલે નિત્ય, અશાશ્વત તે અનિત્ય. - x - વસ્તુના પર્યાયોની અપેક્ષાથી દ્રવ્યાર્થ, તેના ભાવથી તે દ્રવ્યાર્થપણે શાશ્વત. - x - x - પર્યવ એટલે परि - સમસ્તપણે જાય તે પર્યવ-વિશેષ ધર્મ. તે વર્ણાદિ ભેદથી અનેક પ્રકારે છે. વર્ણના પર્યાય, તે વર્ણપર્યાય. असासए - વિનાશી. પર્યવોનું પર્યવત્વથી જ વિનશ્વરપણાથી વિનાશી.

પરમાણુ અધિકારથી જ કહે છે :- चरम - જે વિવક્ષિત ભાવથી ચ્યુત થઈ પરમાણુ ફરી, તે ભાવને ન પામે. તે - તે ભાવાપેક્ષાએ ચરમ. તેનાથી વિપરીત તે અચરમ. તે દ્રવ્યાદેશથી 'ચરમ' નથી. તે દ્રવ્યથી પરમાણુત્વથી ચ્યુત થાય, સંઘાતને પામ્યા છતાં, ત્યાંથી ચ્યવીને પરમાણુત્વ લક્ષણ દ્રવ્યત્વને પામે છે.

ક્ષેત્ર વિશેષિતત્વ લક્ષણ પ્રકારથી કદાચિત્ ચરમ કેમ ? જે ક્ષેત્રમાં કેવલી સમુદ્ઘાતમાં જાય, તે ક્ષેત્રમાં જે પરમાણુ અવગાઢ છે, તે ક્ષેત્રમાં તે કેવલી સમુદ્ઘાતગતથી વિશેષિત કદાપી અવગાહ પામતા નથી, કેવલીને નિર્વાણગમનથી ક્ષેત્રથી તે ચરમ થાય. વિશેષણ રહિત ક્ષેત્રની અપેક્ષાથી તે અચરમ છે. - x -

કાલાદેશથી કદાચિત્ ચરમ. કેમ ? જે કાળમાં પૂર્વાહ્ણાદિમાં કેવલીએ સમુદ્ઘાત કર્યો, તેમાં જે પરમાણુપણે સંવૃત્ત, તે કાળવિશેષ કેવલી સમુદ્ઘાત વિશેષિત ફરી પ્રાપ્ત ન થાય, કેમકે કેવલી સિદ્ધિમાં જતાં ફરી સમુદ્ઘાતનો અભાવ થાય, તે અપેક્ષાએ કાળથી ચરમ, નિર્વિશેષણ કાળની અપેક્ષાથી તે અચરમ છે.

ભાવાદેશથી - ભાવ એટલે વર્ણાદિ વિશેષ લક્ષણથી, કથંચિત્ ચરમ. કઈ રીતે? વિવક્ષિત કેવલી સમુદ્ઘાત અવસરે જે પુદ્ગલ વર્ણાદિ ભાવ વિશેષે પરિણત હોય, તે તે પરિણામની અપેક્ષાએ 'ચરમ' છે. નિર્વાણ પછી કેવલી તે પરિણામને ફરી ન પામે.

ચરમાચરમ અપેક્ષાએ પરિણામ કહ્યા, હવે તેના ભેદો—

**● સૂત્ર-૬૧૧ :-**

***ભગવન્ ! પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે - જીવ પરિણામ અને અજીવ પરિણામ. એ પ્રમાણે 'પરિણામપદ' સંપૂર્ણ કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ ગૌતમસ્વામી વિચરે છે.***

**● વિવેચન-૬૧૧ :-**

परिणमन - દ્રવ્યનું બીજી અવસ્થામાં જવારૂપ પરિણામ. - x - x - પરિણામ એ પ્રજ્ઞાપનાનું ૧૩-મું પદ છે. તે આ રીતે - ભગવન્ ! જીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે - ગતિ પરિણામ, ઈન્દ્રિય પરિણામ૦ ઈત્યાદિ. ભગવન્ ! અજીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ પ્રકારે - બંધન પરિણામ, ગતિ પરિણામ, એ રીતે સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, શબ્દ પરિણામ.

## ❁ શતક-૧૪, ઉદ્દેશો-૫-''અગ્નિ'' ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશ-૪-માં 'પરિણામ' કહ્યા. પરિણામાધિકારથી કહે છે—

● સૂત્ર-૬૧૨ :-

*ભગવન્ ! નૈરયિક, અગ્નિકાયની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ગૌતમ ! કેટલાંક જાય, કેટલાંક ન જાય. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે છે - વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. તેમાં જે વિગ્રહગતિ સમાપન્નક છે, તે નૈરયિક અગ્નિકાયની વચ્ચોવચ્ચથી નીકળી જાય, - શું તેમાં તે બળી જાય ? ના, તે અર્થ સમર્થ નથી. (કેમકે) તેના ઉપર શસ્ત્ર ન ચાલી શકે. - - તેમાં જે અવિગ્રહગતિ સમાપન્નક છે, તે નૈરયિક અગ્નિકાય વચ્ચોવચ્ચથી ન નીકળે. તેથી એમ કહ્યું છે કે યાવત્ ન જઈ શકે.*

*ભગવન્ ! અસુરકુમાર, અગ્નિકાયની વચ્ચેથી નીકળી શકે ? ગૌતમ ! કોઈક નીકળે, કોઈક ન નીકળે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અસુરકુમાર બે ભેદે — વિગ્રહગતિ સમાપન્નક, અવિગ્રહગતિ સમાપન્નક. તેમાં જે વિગ્રહગતિ સમાપન્નક અસુરકુમાર છે, તે નૈરયિકવત્ નીકળી જાય છે, તેમાં જે અવિગ્રહગતિ સમાપન્નક છે, તે અસુરકુમારમાં કોઈ અગ્નિકાય મધ્યેથી નીકળી જાય, કોઈ ન નીકળે. - - જે નીકળે તે શું ત્યાં બળી જાય ? ના, તે અર્થ સમર્થ નથી. તેને શસ્ત્ર પ્રહાર ન કરી શકે. તેથી એમ કહ્યું. સ્તનિતકુમાર સુધી આમ કહેવું.*

*એકેન્દ્રિયો, નૈરયિકવત્ કહેવા. ભગવન્ ! બેઈન્દ્રિયો અગ્નિકાય મધ્યેથી જઈ શકે ? અસુરકુમારવત્ કહેવા. વિશેષ એ કે જે તેમાંથી નીકળે, તે બળી જાય ? હા, બળે છે. એ રીતે ચઉરિન્દ્રિય સુધી છે.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિષયક પ્રશ્ન — ગૌતમ ! કેટલાંક નીકળે, કેટલાંક ન નીકળે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક બે ભેદે છે — વિગ્રહગતિ સમાપન્નક, અવિગ્રહગતિ સમાપન્નક. વિગ્રહગતિ સમાપન્નક, નૈરયિકવત્ કહેવા યાવત્ તેને શસ્ત્રાક્રમણ થતું નથી. અવિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિય તિર્યંચયોનિક બે ભેદે છે — ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત. તેમાં જે ઋદ્ધિ પ્રાપ્ત છે, તેમાં કોઈ અગ્નિકાય મધ્યેથી નીકળે, કોઈ ન નીકળે. - - જે નીકળે, તે ત્યાં દાઝે ? ના, તે અર્થ યોગ્ય નથી. તેના ઉપર શસ્ત્ર ન ચાલી શકે. તેમાં જે અનૃદ્ધિ પ્રાપ્ત છે, તેમાં કેટલાંક અગ્નિકાય વચ્ચોવચ્ચથી નીકળી જાય, કેટલાંક ન નીકળે. જે નીકળી જાય, તે શું તેમાં દાઝે ? હા દાઝે. તેથી કહ્યું કે યાવત્ ન નીકળે. એ રીતે મનુષ્ય પણ કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.*

● વિવેચન-૬૧૨ :-

અહીં ક્વચિત્ ઉદ્દેશક અર્થ સંગ્રહ ગાથા દેખાય છે. તે આ — નૈરયિક અગ્નિ મધ્યે, દશ સ્થાન તિર્છા પુદ્ગલ, દેવ પર્વતભિત્તી ઉલ્લંઘન-પ્રલંઘન, તેના અર્થ ઉદ્દેશકાર્યથી જાણવો.

વિગ્રહગતિ સમાપન્નક કાર્મણ શરીરત્વથી સૂક્ષ્મ હોય અને સૂક્ષ્મપણાથી તેને અગ્ન્યાદિ શસ્ત્ર લાગે નહીં. અવિગ્રહગતિ સમાપન્ન ઉત્પત્તિ ક્ષેત્ર ઉપપન્નક કહેવાય,



ઋજુગતિ સમાપપન્ન ન કહેવાય, કેમકે તેનો આ પ્રકરણમાં અધિકાર નથી. નારક ક્ષેત્રમાં બાદર અગ્નિકાયનો અભાવ હોવાથી, તે અગ્નિકાયની મધ્યેથી જઈ ન શકે - x - x -

અસુરકુમાર સૂત્રમાં વિગ્રહગતિકને નારકવત્ જાણવા. અવિગ્રહગતિકમાં જે કોઈ અગ્નિ મધ્યેથી નીકળે, તે મનુષ્ય લોકમાં આવે છે, જે તેમાં નથી આવતા. તે નીકળી ન શકે નીકળતા પણ તે દાઝતા નથી, તેને સૂક્ષ્મત્વથી અને વૈક્રિય શરીરના શીઘ્રત્વથી શસ્ત્ર ન ચાલે.

એકેન્દ્રિયો, નૈરયિકવત્ કઈ રીતે ? વિગ્રહમાં તે પણ અગ્નિ મધ્યથી નીકળે છે અને સૂક્ષ્મત્વને કારણે દાઝતા નથી. અવિગ્રહગતિ સમાપન્નક, સ્થાવરપણાથી અગ્નિમધ્યેથી નીકળતા નથી. તેજો અને વાયુ ગતિ ત્રસપણાથી અગ્નિ મધ્યેથી જતાં જે દેખાય છે, તેની અહીં વિવક્ષા કરી નથી, એમ સંભવે છે. સ્થાવરત્વ માત્રની વિવક્ષા છે. - x - x - તથા જે વાયુ આદિ પરતંત્રતાથી પૃથ્વી આદિ અગ્નિ મધ્યેથી નીકળતા દેખાય છે, તેની અહીં વિવક્ષા કરી નથી, સ્વાતંત્ર્યની જ વિવક્ષા છે.

ચૂર્ણિકાર વળી એમ કહે છે — એકેન્દ્રિયોને ગતિ નથી, તેથી તેઓ જતા નથી. એક વાયુકાય બીજાની પ્રેરણાથી જાય છે. પંચેન્દ્રિયતિર્યંચ સૂત્રમાં ઋદ્ધિ પ્રાપ્ત - તે વૈક્રિયલબ્ધિસંપન્ન. કોઈ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જે મનુષ્યલોકવર્તી હોય, તે અગ્નિકાય મધ્યેથી નીકળી શકે. જે મનુષ્ય ક્ષેત્રથી બહાર છે, તે અગ્નિ મધ્યેથી નીકળતા નથી, કેમકે ત્યાં અગ્નિનો અભાવ છે અથવા તથાવિધ સામગ્રીનો અભાવ છે.

હવે દશ સ્થાનરૂપ દ્વારને કહે છે —

● સૂત્ર-૬૧૩ :-

*નૈરયિકો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - અનિષ્ટ એવા - (૧) શબ્દ, (૨) રૂપ, (૩) ગંધ, (૪) રસ, (૫) સ્પર્શ, (૬) ગતિ, (૭) સ્થિતિ, (૮) લાવણ્ય, (૯) યશોકીર્તિ, (૧૦) ઉત્થાન કર્મબળ વીર્ય પુરુષાકાર પરાક્રમ.*

*અસુરકુમારો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ — ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપ યાવત્ ઈષ્ટ ઉત્થાન કર્મ બળ વીર્ય પુરુષાકાર પરાક્રમ. એ પ્રમાણે સ્તનીતકુમાર સુધી જાણવું.*

*પૃથ્વીકાયિકો છ સ્થાનો અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ સ્પર્શ, ઈષ્ટ અનિષ્ટ ગતિ યાવત્ પરાક્રમ. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું. - - બેઈન્દ્રિયો સાત સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ રસ, બાકી છ એકેન્દ્રિયો મુજબ જાણવા.*

*તેઈન્દ્રિયો આઠ સ્થાનો અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ ગંધ, બાકી સાત બેઈન્દ્રિય મુજબ. - - ચઉરિન્દ્રિયો નવ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટાનિષ્ટ રૂપ, બાકી આઠ તેઈન્દ્રિય મુજબ.*

*પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ પરાક્રમ. એ રીતે મનુષ્યો પણ જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક,*

***વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.***

● **વિવેચન-૬૧૩ :-**

अणिट्ठागइ - અપ્રશસ્તવિહાયોગતિ નામ કર્મોદય સંપાદ્ય કે નરકગતિ રૂપ. अणिट्ठा ठिति - નરકાવસ્થાન કે નરકાયુષ્યરૂપ. अणिट्ठ लावन्न - શરીરાકૃતિ વિશેષ. अणिट्ठ जसोकित्ति - સ્વાભાવિક અનિષ્ટ, યશ - સર્વ દિશાવ્યાપી પ્રખ્યાતિરૂપ કે પરાક્રમકૃત્. કીર્તિ - એક દિશા વ્યાપી કે દાનના ફળભૂત ખ્યાતિ. તેનું અનિષ્ટત્વને દુષ્પ્રખ્યાતિ રૂપ. अणिट्ठ उट्ठाणादि - વીર્યાતરાય ક્ષયોપશમાદિ જન્ય વીર્ય વિશેષ તે ઉત્થાન, તેનું અનિષ્ટત્વ કુત્સિતત્વથી છે.

પૃથ્વીકાયિકો એકેન્દ્રિયત્વથી પૂર્વોક્ત દશ સ્થાન મધ્યમાં શબ્દ, રૂપ, ગંધ, રસ વિષય ન હોવાથી સ્પર્શાદિ છ ને અનુભવે છે તેમાં સાતાસાતાના ઉદયથી અને શુભાશુભ ક્ષેત્રોત્પત્તિના ભાવથી ઈષ્ટાનિષ્ટ સ્પર્શ. જો કે તેમના સ્થાવર રૂપત્વથી ગમનરૂપ ગતિ ન હોય, તો પણ બીજાના કારણે તે ગતિ થવાથી શુભાશુભત્વથી ઈષ્ટાનિષ્ટ ગતિ કહી છે. અથવા પાપરૂપત્વથી તિર્યંચગતિ અનિષ્ટ જ છે, તો પણ ઈષત્ પ્રાગ્ભારા અપ્રતિષ્ઠાનાદિ ક્ષેત્રોત્પત્તિ દ્વારથી તેમની ઈષ્ટાનિષ્ટ ગતિ કહેવી. जाव परक्कमे શબ્દોથી સ્થિતિને ગતિવત્ કહેવી. ઈષ્ટાનિષ્ટ લાવણ્ય તે મણિ અને અંધ પાષાણાદિમાં કહેવું. ઈષ્ટાનિષ્ટ યશોકીર્તિ - મણિ આદિમાં સત્ અને અસત્ પ્રખ્યાતિરૂપે જાણવી.

બેઈન્દ્રિયો — શબ્દ, રૂપ, ગંધ તેમનો વિષય ન હોવાથી રસ અને સ્પર્શાદિ સ્થાનોથી સાત સ્થાનો કહ્યા. - x - તેમની ગતિ ત્રસપણાને કારણે છે. ભવગતિ તો ઉત્પત્તિ સ્થાનથી ઈષ્ટાનિષ્ટ રૂપ હોય છે.

હવે તિર્છા પુદ્‌ગલ દેવ ઈત્યાદિ દ્વાર ગાથાનો અર્થ કહે છે —

● **સૂત્ર-૬૧૪ :-**

***ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના તિર્છા પર્વત કે તિર્છી ભિંતને ઉલ્લંઘવા કે પ્રલંઘવા સમર્થ છે ? ગૌતમ ! ના, તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને તિર્છો યાવત્ પ્રલંઘવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૬૧૪ :-**

बाहिरए - ભવધારણીય શરીર સિવાયના. अपरियाइत्त - ગ્રહણ કર્યા વિના. तिरियपव्वय - તિર્છો પર્વત, तिरिय भित्ति - તીર્છી ઉત્તમ પ્રાકારથી યુક્ત ભીંત કે પર્વત ખંડ. पल्लंघण - વારંવાર ઉલ્લંઘવ.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૬-‘‘આહાર’’ ❀

–– x –– x –– x –– x ––

૦ ઉદ્દેશા-૫-માં નારકાદિ જીવ વક્તવ્યતા કહી, તે જ અહીં છે—

● **સૂત્ર-૬૧૫,૬૧૬ :-**

***[૬૧૫] રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! નૈરયિકો શું આહારે છે ?, શું પરિણામે છે ? કઈ યોનિવાળા છે ? કેટલી સ્થિતિ છે ? ગૌતમ !***





***નૈરયિક પુદ્‌ગલાહારી, પુદ્‌ગલ પરિણામી, પુદ્‌ગલ યોનિક, પુદ્‌ગલ સ્થિતિક છે, તેઓ કર્મોપક, કર્મનિદાના, કર્મસ્થિતિક, કર્મોને કારણે જ વિપર્યાસને પામે છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.***

***[૬૧૬] ભગવન્ ! નૈરયિકો શું વીચી દ્રવ્યોને આહારે છે કે અવીચી દ્રવ્યોને ? ગૌતમ ! નૈરયિકો તે બંનેને આહારે છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે બંને દ્રવ્યો આહારે છે ? ગૌતમ ! જે નૈરયિકો એક પ્રદેશ ન્યૂન દ્રવ્યોને આહારે છે, તે નૈરયિક વીચિ દ્રવ્યોને આહારે છે, જે નૈરયિકો પ્રતીપૂર્ણ દ્રવ્યોને આહારે છે, તેઓ અવીચિદ્રવ્યોને આહારે છે. તેથી ગૌતમ ! પૂર્વવત્ કહ્યું, એ પ્રમાણે યાવત્ વૈમાનિક આહાર કરે છે.***

● **વિવેચન-૬૧૫,૬૧૬ :-**

किमाहार - શું આહાર કરે છે, તે. किं परिणाम - શું આહારેલું પરિણમાવે છે ? किं जोणीय - તેઓનું ઉત્પત્તિ સ્થાન શું છે ? એ પ્રમાણે સ્થિતિ, સ્થિતિ એટલે અવસ્થાન હેતુ, पुग्गलजोणीय - શીતાદિ સ્પર્શવાળી યોનિ જેમને છે તે રૂપ પુદ્‌ગલો. નારકો શીતયોનિક અને ઉષ્ણયોનિક. पोग्गलट्ठिइय - આયુષ્ક કર્મ પુદ્‌ગલ સ્થિતિ જેમની છે તે નારકો. હવે તેઓ પુદ્‌ગલસ્થિતિક કઈ રીતે થાય છે, તે કહે છે —

कम्मोवग. કર્મ - જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ રૂપ, બંધ દ્વારથી ઉપાર્જન કરે તે કર્મોપગ, कम्मनियाण - નારકત્વ નિમિત્ત કે કર્મબંધ નિમિત્ત જેમાં છે તે કર્મ નિદાન. कम्मट्ठिइ - કર્મ પુદ્‌ગલ હોવાથી જેમની સ્થિતિ છે તે. कम्मुणामेव - કર્મના હેતુભૂત થઈ બીજા પર્યાયને પામે તે.

આહારને આશ્રીને કહે છે — वीचि - વિવક્ષિત દ્રવ્યો અને તેના અવયવોનો પરસ્પર પૃથક્‌ભાવ, તેમાં વીચિ પ્રધાન દ્રવ્યો તે વીચિ દ્રવ્યો અર્થાત્ એકાદિપ્રદેશ ન્યૂન, તેના નિષેધથી અવીચિદ્રવ્ય. અર્થાત્ જેટલા દ્રવ્ય સમુદાયથી આહાર પૂર્ણ થાય, તે એકાદિ પ્રદેશ ન્યૂન વીચિદ્રવ્ય કહેવાય છે અને પરિપૂર્ણ હોય તો અવીચિદ્રવ્ય કહેવાય એમ ટીકાકાર કહે છે.

ચૂર્ણિકાર - આહાર દ્રવ્ય વર્ગણાને આશ્રીને આ વ્યાખ્યા કરે છે. તેમાં જે સર્વોત્કૃષ્ટ આહાર દ્રવ્ય વર્ગણા, તે અવીચિ દ્રવ્યો, જે તેમાંથી એકાદ પ્રદેશ હીન છે, તે વીચી દ્રવ્યો. - x - આ દંડકના અંતે વૈમાનિકોનો આહાર-ભોગ કહ્યો, હવે વૈમાનિક વિશેષના કામભોગોને દર્શાવે છે.

● **સૂત્ર-૬૧૭ :-**

***ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર, દિવ્ય ભોગોપભોગ ભોગવવાને ઈચ્છે, તો તે કયા પ્રકારે ઉપભોગ કરે ? ગૌતમ ! ત્યારે તે શક્રેન્દ્ર એક મહા ચક્ર સદૃશ ગોળાકાર વિકુર્વે, તે સ્થાન લંબાઈ-પહોળાઈથી એક લાખ યોજન હોય, તેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન યાવત્ ૧૩॥ અંગુલ હોય છે. નેમિ પ્રતિરૂપક તે સ્થાનનો ઉપરી ભૂમિ ભાગ બહુ સમરમણીય યાવત્ મણીનો સ્પર્શવાળો હોય. તે નેમિ પ્રતિરૂપકના બહુ મધ્ય દેશ ભાગે ત્યાં એક મહાન્ પ્રાસાદાવતંસક વિકુર્વે, તે ઉંચાઈમાં ૫૦૦ યોજન અને ૨૫૦ યોજન પહોળો હોય, તે અત્યંત***

*ઉંચો અને પ્રભાપુંજથી વ્યાપ્ત યાવત્ પ્રતિરૂપ હોય. તે પ્રાસાદાવતંસકનો ઉપરિતલ પદ્મલતાના ચિત્રણથી યાવત્ પ્રતિરૂપ હોય. તે પ્રાસાદાવતંસકનો અંદરનો ભાગ બહુ સમરમણીય યાવત્ મણીના સ્પર્શવાળો હોય. તેમાં વૈમાનિકની સદૃશ આઠ યોજનની મણિપીઠિકા હોય. તે મણિપીઠિકા ઉપર એક મહાન્ દેવશયનીય વિકુર્વે. શય્યાનું વર્ણન યાવત્ પ્રતિરૂપ કરવું. તેમાં તે શક્રેન્દ્ર આઠ સપરિવાર અગ્રમહિષી સાથે, બે સૈન્ય - નાટ્યાનિક અને ગંધર્વાનિક સાથે મહા આહત, નૃત્ય યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે.*

*જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન દિવ્ય (ભોગ ભોગવવા ઈચ્છે) જેમ શક્રેન્દ્રમાં કહ્યું. તેમ બધું જ ઈશાનેન્દ્રમાં પણ કહેવું. એ પ્રમાણે સનત્કુમારમાં પણ કહેવું. વિશેષ એ કે - પ્રાસાદાવતંસક ૬૦૦ યોજન ઉંચો, ૩૦૦ યોજન પહોળો કહેવો, મણિપીઠિકા તે જ પ્રમાણે આઠ યોજનની કહેવી. તે મણિપીઠિકાની ઉપર એક મોટું સીંહાસન વિકુર્વે તે સપરિવાર કહેવું. ત્યાં દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ૭૨,૦૦૦ સામાનિકો યાવત્ ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવો અને ઘણાં સનત્કુમાર કલ્પવાસી વૈમાનિક દેવ-દેવીઓ સાથે પરિવરીને યાવત્ (ભોગ ભોગવતો) વિચરે છે.*

*આ પ્રમાણે સનત્કુમારની માફક યાવત્ પ્રાણત, અચ્યુત (ઈન્દ્રો) કહેવા. વિશેષ એ કે — જેનો જેટલો પરિવાર, તે તેને કહેવો. પ્રાસાદ ઉચ્ચત્વ જે સ્વ-સ્વ કલ્પમાં વિમાનોનું ઉચ્ચત્વ છે, તેનાથી અડધો-અડધો વિસ્તાર યાવત્ અચ્યુતના ૯૦૦ યોજન ઉચ્ચત્વ અને ૪૫૦ યોજનનો વિસ્તાર છે. ત્યાં હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ અચ્યુત ૧૦,૦૦૦ સામાનિક યાવત્ (ભોગ ભોગવતો) વિચરે છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૬૧૭ :-**

ભોગ - ભોગવાય તે, સ્પર્શાદિ. ભોગને યોગ્ય ભોગ તે ભોગભોગ, મનોજ્ઞ સ્પર્શાદિ તેમાં કઈ રીતે પ્રવર્તે ? જોયણ આદિ એટલે ૩,૧૬,૨૨૭ યોજન સાધિક ૩ કોશ, ૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલ. - बहुसमरमणिज्ज - અત્યંત સમ અને રમ્ય. जाव मणीणं - ભૂમિ ભાગનું વર્ણન મણીના સ્પર્શ વર્ણન સુધી કહેવું. से जहानामए० - આલિંગપુષ્કર - મુરજ કે મર્દલના મુખપુટની સમાન તથા છાયા સાથે, પ્રભા સાથે, કિરણો સાથે, ઉદ્યોત સાથે, વિવિધ પ્રકારના પંચવર્ણી મણીથી શોભે છે. - x - ઈત્યાદિ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વર્ણક મણી કહેવા.

અભ્યુદ્ગત-ઉચ્છ્રિતાદિ પ્રાસાદ વર્ણન કહેવું. તે પૂર્વવત્ છે. ઉલ્લોક કે ઉલ્લોચ-ઉપરિતલ. પદ્મોની લતા તે પદ્મલતા, તે રૂપ ભક્તિ વડે ચિત્રિત, યાવત્ કરણથી આમ કહેવું — પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ. અહીં મણિપીઠિકાનું વર્ણન કહેવું. તે લંબાઈ-પહોડાઈથી આઠ યોજનની છે, તે જેમ વૈમાનિકની છે તે કહેવી, વ્યંતરાદિની અન્યથા સ્વરૂપ છે, તે ન કહેવી. - - વળી તેના બહુસમરમણીય ભૂમિ ભાગના બહુ મધ્ય દેશભાગે એક મણિપીઠિકા વિકુર્વે છે. તે મણિપીઠિકા આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

શયનીય વર્ણન કહેવું. તે આ રીતે — તે દેવશયનીયનો આવા પ્રકારનો



વર્ણાવાસ છે - વિવિધ મણિમય, પ્રતિપાદ સુવર્ણના પાયા, વિવિધ મણિમય ઈત્યાદિ. अनीक - સૈન્ય. નૃત્ય, તેને કરનાર સૈન્ય અર્થાત્ જનસમૂહ તે નાટ્યાનીક, એ પ્રમાણે ગંધર્વાનીક - ગીત ગાતો સમૂહ. યાવત્ શબ્દથી - “મહા આહત, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘન મૃદંગાદિનો નાદ” - ગ્રહણ કરવું. સુધર્મસભારૂપ ભોગ સ્થાનનો સદ્ભાવ છતાં ભોગને માટે નેમિ પ્રતિરૂપકાદિની વિકુર્વણા કહી, તે જિનેશ્વરના અસ્થિની આશાતનાના પરિહાર માટે કહી, કેમકે સુધર્માસભામાં માણવક સ્તંભમાં સમુદ્ગકમાં જિન અસ્થિ હોય છે. તે હોવા છતાં જો ભોગ ભોગવે તો તેનું અબહુમાન કર્યુ કહેવાય, તે આશાતના છે.

સનત્કુમારેન્દ્ર સિંહાસન વિકુર્વે છે, શક્ર-ઈશાન માફક દેવ શયનીય નહીં, તેને સ્પર્શ માત્રથી પરિચારકત્વ હોવાથી શય્યાની જરૂર નથી. सपरिवार - સ્વકીય પરિવાર યોગ્ય આસન પરિકરિત. “જે-જેનો પરિવાર હોય તે તેને કહેવો” — એટલે - માહેન્દ્રને ૭૦,૦૦૦ સામાનિકો અને ૨,૮૦,૦૦૦ આત્મરક્ષકો, બ્રહ્મણેન્દ્રને ૬૦,૦૦૦ સામાનિક, લાંતકેન્દ્રને ૫૦,૦૦૦, શુક્રેન્દ્રને ૪૦,૦૦૦, સહસ્રારેન્દ્રને ૩૦,૦૦૦, પ્રાણતેન્દ્રને ૨૦,૦૦૦, અચ્યુતેન્દ્રને ૧૦,૦૦૦, બધામાં ચારગણાં આત્મરક્ષક દેવો.

સનત્કુમારેન્દ્ર અને માહેન્દ્રને ૬૦૦ યોજન ઉંચો પ્રાસાદ, બ્રહ્મ-લાંતકેન્દ્રને ૭૦૦, શુક્ર-સહસ્રારેન્દ્રને ૮૦૦, પ્રાણત-અચ્યુતેન્દ્રને ૯૦૦ યોજન ઉંચો પ્રાસાદ જાણવો. અહીં સનત્કુમારાદિ સામાનિકાદિ પરિવાર સહિત, તે નેમિ પ્રતિરૂપકમાં જાય છે, કેમકે ત્યાં સ્પર્શાદિ પ્રતિચારણામાં વિરોધ નથી, શક્ર-ઈશાનમાં પરિવાર સહિત ન જાય કેમકે સામાનિક પરિવાર સમક્ષ કાય પ્રતિચારણા લજ્જા યુક્ત છે.

## ❁ શતક-૧૪, ઉદ્દેશ-૭-“સંસૃષ્ટ” ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-ને અંતે પ્રાણત અને અચ્યુતેન્દ્રની ભોગ-અનુભૂતિ કહી, તે તેમને કથંચિત્ તુલ્ય છે. આવી તુલ્યતા અહીં કહે છે —

● **સૂત્ર-૬૧૮ :-**

*રાજગૃહમાં યાવત્ એમ કહ્યું, પર્ષદા પાછી ગઈ. હે ગૌતમ ! એ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમને સંબોધીને આમ કહ્યું — હે ગૌતમ ! તું મારી સાથે ચિર સંશ્લિષ્ટ છે, તું મારો ચિરસંસ્તુત છે, મારે ચિરપરિચિત છે, ચિર કાલ સેવિત છે, મારે ચિર કાળથી તું અનુગામી છે, ગૌતમ ! તું મારી સાથે ચિરાનુ-વૃતિ છે. અનંતર દેવલોકે, અનંતર માનુષ્ય ભવમાં (સ્નેહરાગવાળો છે.) કેટલું કહીએ ? - મૃત્યુ પછી, કાયાનો ભેદ થયા બાદ, અહીંથી ચ્યવીને બંને તુલ્ય, એકાર્થ મણમતાની વિશેષતા રહિત થઈ જઈશું.*

● **વિવેચન-૬૧૮ :-**

ભગવન્ મહાવીર, કેવલજ્ઞાન અપ્રાપ્ત અને ખેદવાળા એવા ગૌતમસ્વામીને આશ્વાસિત કરવા માટે તેમની અને ગૌતમની ભાવિ તુલ્યતા પ્રતિપાદિત કરવા કહે છે — ઘણાં લાંબાકાળથી કે અતીતમાં પ્રભૂત કાળથી સંશ્લિષ્ટ-સ્નેહથી સંબદ્ધ એટલે કે ચિરસંશ્લિષ્ટ છો. હે ગૌતમ ! અતીતમાં ઘણાં કાળથી તું સ્નેહથી પ્રશંસિત છે, તથા

વારંવાર દર્શનથી પરિચિત છો, દીર્ઘકાળથી સેવિત કે દીર્ઘ પ્રીતિવાળો છે, - x - લાંબા કાળથી મને અનુસરનાર છો, દીર્ઘ કાળથી તું મને અનુકૂળવર્તી રહ્યો છે. - - આ ચિર સંશ્લિષ્ટત્વાદિ ક્યાં થયા ?

વ્યવધાન રહિત એવા (અનંતર ભવે) દેવલોકમાં અર્થાત્ અનંતર દેવભવમાં, અનંતર મનુષ્યભવમાં - x - તેમાં નક્કી ત્રિપૃષ્ઠના ભવમાં ગૌતમનો જીવ ભગવંતના સારથીપણે હતો તેથી ચિર સંશ્લિષ્ટત્વાદિ ધર્મયુક્ત કહ્યા. એમ અન્ય ભવોમાં પણ સંભવે છે. એ રીતે મારા પ્રત્યે તારો ગાઢ સ્નેહ હોવાથી તને કેવલજ્ઞાન ઉત્પન્ન થતું નથી, તને પણ સ્નેહ ક્ષય થતાં કેવલજ્ઞાન થશે, તેથી અધૃતિ કર નહીં. બીજું કેટલું કહું ? મૃત્યુ પછી, કાયાના ભેદના હેતુથી, અહીં - પ્રત્યક્ષ મનુષ્યભવથી ચ્યવીને આપણે બંને તુલ્ય થઈ જઈશું - સિદ્ધિક્ષેત્રમાં રહીશું, વિશેષતા રહિત બનીશું, બંનેના જ્ઞાન-દર્શનાદિ પર્યાયો સરખાં થઈ જશે.

આ પ્રમાણે કદાચ જ્યારે ગૌતમ સ્વામી અષ્ટાપદે ચૈત્યવંદન માટે જઈને પાછા આવતા ૧૫૦૦ તાપસોને દીક્ષા દીધી, તેઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ભગવંતના સમોસરણમાં લાવ્યા, તીર્થ પ્રણામ કરીને તેઓ કેવલિની પર્ષદામાં બેઠા, ગૌતમે તેમના કેવલપણાની જાણકારી અભાવે તેઓને કહ્યું કે — હે સાધુઓ ! આવો અને ભગવંતને વંદન કરો. ત્યારે ભગવંતે ગૌતમને કહ્યું — હે ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. ત્યારે ગૌતમે મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તથા હું જેને દીક્ષા આપુ છું. તેઓને કેવલજ્ઞાન થાય છે, મને કેમ નહીં ? શું મને ઉત્પન્ન થશે જ નહીં ? એમ અધૃતિ કરી, ત્યારે જગદ્‌ગુરુએ તેમના મનના સમાધાન માટે આ કહ્યું —

હે ગૌતમ ! સાદડી ચાર પ્રકારે હોય. સુંબકટ, વિદલકટ, ચર્મકટ, કંબલકટ. એ પ્રમાણે શિષ્યો પણ ગુરુના પ્રતિબંધ સાધર્મ્યથી સુંબકટાદિ ચારે સમાન હોય છે. તેમાં તું મારા પ્રત્યે કંબલકટ સમાન છે. આ અર્થના સમર્થન માટે ભગવંતે ત્યારે આ બધું કહેલું - x -

● **સૂત્ર-૬૧૯ :-**

***ભગવન્ ! જે પ્રમાણે આપણે બંને આ અર્થને જાણીએ અને જોઈએ છીએ. તે પ્રમાણે અનુત્તરોપપાતિક દેવો પણ આ અર્થને જાણે - જુએ ? હા, ગૌતમ ! જેમ આપણે બંને આ અર્થને જાણીએ-જોઈએ છીએ, તેમ અનુત્તરોપપાતિક દેવો પણ જાણે-જુએ. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને અનંતી મનોદ્રવ્યવર્ગણા લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત હોય છે. તેથી આ પ્રમાણે કહ્યું.***

● **વિવેચન-૬૧૯ :-**

एयमट्ठ - આપણા બંનેની ભાવિ તુલ્યતા લક્ષણ અર્થ, આપણે બંને જાણીએ છીએ, કેમકે આપને કેવલજ્ઞાન છે અને હું આપના ઉપદેશ થકી જાણું છું. અનુત્તરોપપાતિક દેવો પણ જાણે ? આ પ્રશ્ન. હા, જાણે, તે ઉત્તર. મનોદ્રવ્ય વર્ગણા, તે વિષયક અવધિજ્ઞાન લબ્ધિ અપેક્ષાએ 'લબ્ધ'. તે દ્રવ્ય પરિચ્છેદથી પામ્યા, તેના ગુણ-પર્યાય પરિચ્છેદથી અભિસન્મુખ કરી. અર્થાત્ વિશિષ્ટ અવધિ વડે તે દેવો



મનોદ્રવ્ય વર્ગણાને જાણે અને જુએ. - - આપણે બંનેને અયોગી અવસ્થામાં નિર્વાણગમન નિશ્ચિત છે. તેથી આપણી ભાવિ તુલ્યતા છે.

તુલ્યતાના પ્રક્રમથી જ આમ કહે છે —

● **સૂત્ર-૬૨૦ :-**

***ભગવન્ ! તુલ્યો કેટલા ભેદે છે ? છ ભેદે છે — દ્રવ્યતુલ્ય, ક્ષેત્રતુલ્ય, કાળતુલ્ય, ભવતુલ્ય, ભાવતુલ્ય, સંસ્થાનતુલ્ય.***

***ભગવન્ ! 'દ્રવ્યતુલ્ય' એમ કેમ કહેવાય છે ? ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ બીજા પરમાણુ પુદ્‌ગલથી દ્રવ્યથી તુલ્ય છે, પરંતુ પરમાણુ પુદ્‌ગલ, પરમાણુ પુદ્‌ગલ વ્યતિરિક્ત દ્રવ્યથી તુલ્ય નથી. દ્વિપ્રદેશિક સ્કંધ, બીજા દ્વિપ્રદેશિક સ્કંધને દ્રવ્યથી તુલ્ય છે. પણ દ્વિપ્રદેશિક સ્કંધ, દ્વિપ્રદેશિક વ્યતિરિક્ત સ્કંધ દ્રવ્યથી તુલ્ય નથી. એ પ્રમાણે યાવત્ દશ પ્રદેશિક સ્કંધ કહેવો. સંખ્યાત પ્રદેશિક સ્કંધ બીજા સંખ્યાત પ્રદેશિક સ્કંધને તુલ્ય છે, પણ તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધ, તુલ્ય સંખ્યાત પ્રદેશિક વ્યતિરિક્ત સ્કંધ દ્રવ્યની તુલ્ય નથી. એ પ્રમાણે તુલ્ય અસંખ્યાત પ્રદેશિક, તુલ્ય અનંત પ્રદેશિક સ્કંધ પણ કહેવો. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું કે તે દ્રવ્યથી તુલ્ય છે.***

***ભગવન્ ! કયા કારણથી એ 'ક્ષેત્રતુલ્ય' કહેવાય છે ? ગૌતમ ! એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, બીજા એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલના ક્ષેત્રથી તુલ્ય છે. પણ એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, એક પ્રદેશાવગાઢથી વ્યતિરિક્ત પુદ્‌ગલના ક્ષેત્રથી તુલ્ય નથી.***

***ભગવન્ ! કયા કારણથી એ 'કાળતુલ્ય' કહેવાય છે ? ગૌતમ ! એક સમય સ્થિતિક પુદ્‌ગલ, બીજા એક સમય સ્થિતિક પુદ્‌ગલને કાળથી તુલ્ય છે, પણ - x - એક સમય સ્થિતિ વ્યતિરિક્ત પુદ્‌ગલને કાળથી તુલ્ય નથી, એ રીતે યાવત્ દશ સ્થિતિક. એ પ્રમાણે તુલ્ય સંખ્યાત સ્થિતિક, એ પ્રમાણે જ તુલ્ય અસંખ્યાત સ્થિતિક - x - જાણવું.***

***ભગવન્ ! કયા કારણથી તે 'ભવતુલ્ય' એમ કહેવાય છે ? ગૌતમ ! નૈરયિક, બીજા નૈરયિકને ભવાર્થતાથી તુલ્ય છે, નૈરયિકથી વ્યતિરિક્તને ભવાર્થતાથી તુલ્ય નથી, એ પ્રમાણે તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવમાં પણ જાણવું. તે કારણથી યાવત્ ભવતુલ્ય છે.***

***ભગવન્ ! કયા કારણથી તે ભાવતુલ્ય, ભાવતુલ્ય કહેવાય છે ? ગૌતમ ! એક ગુણ કાળા પુદ્‌ગલ, એક ગુણ કાળા પુદ્‌ગલને ભાવથી તુલ્ય છે - x - પણ એકગુણકાળા વ્યતિરિક્ત પુદ્‌ગલને ભાવથી તુલ્ય નથી, એ પ્રમાણે યાવત્ દશગુણ કાળા. એ રીતે તુલ્ય સંખ્યાત ગુણ કાળા પુદ્‌ગલ, એ રીતે તુલ્ય અસંખ્યાત ગુણ કાળા, એ રીતે તુલ્ય અનંત ગુણકાળાના વિષયમાં પણ જાણવું.***

***જેમ કાળા તેમ નીલા, રાતા, પીળા, સફેદમાં કહેવું. એ પ્રમાણે સુરભિગંધ, દુરભિગંધમાં. એ રીતે તિક્ત યાવત્ મધુરમાં, એ રીતે કર્કશ યાવત્ રૂક્ષમાં પણ જાણવું. - - ઔદયિક ભાવ, ઔદયિક ભાવને ભાવથી તુલ્ય છે, પણ ઔદયિક***

***ભાવ વ્યતિરિક્ત ભાવને ભાવથી તુલ્ય નથી. એ પ્રમાણે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સંનિપાતિક ભાવમાં જાણવું. - x - ભાવતુલ્ય કહ્યું.***

***ભગવન્! સંસ્થાન તુલ્યને સંસ્થાનતુલ્ય કેમ કહે છે? ગૌતમ! પરિમંડલ સંસ્થાન, બીજા પરિમંડલ સંસ્થાનને સંસ્થાનથી તુલ્ય છે, પણ પરિમંડલ સંસ્થાન વ્યતિરિક્ત સંસ્થાનને તુલ્ય નથી. એ પ્રમાણે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત સંસ્થાનમાં પણ કહેવું. સમચતુરસ્ર સંસ્થાન, બીજા સમચતુરસ્ર સંસ્થાનને સંસ્થાનથી તુલ્ય છે, પરંતુ સમચતુરસ્ર સંસ્થાન વ્યતિરિક્ત સંસ્થાનને તુલ્ય નથી. એ પ્રમાણે પરિમંડલ યાવત્ હુંડક સંસ્થાનમાં પણ જાણવું, તેથી સંસ્થાનતુલ્ય કહ્યું.***

**● વિવેચન-૬૨૦ :-**

તુલ્ય - સમ. દ્રવ્યતુલ્ય-દ્રવ્યથી એક અણુકાદિ અપેક્ષાથી તુલ્ય. અથવા દ્રવ્ય એવું તે તુલ્ય, બીજા દ્રવ્ય સાથે તુલ્ય ન હોય.

ક્ષેત્રતુલ્ય - ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢત્વાદિથી તુલ્ય, એ રીતે બાકીના તુલ્યો પણ જાણવા. વિશેષ એ - ભવ - નારકાદિ ભવ, ભાવ - વર્ણાદિ કે ઔદયિકાદિ, સંસ્થાન - પરિમંડલાદિ. આ બધાં તુલ્ય વ્યતિરિક્ત તે અતુલ્ય થાય છે. "તુલ્ય સંખ્યાત પ્રદેશિક" - સમાન સંખ્યાતા પ્રદેશો જેમાં છે, તે. અહીં તુલ્યગ્રહણ સંખ્યાતત્વના સંખ્યાતભેદત્વથી છે, માત્ર સંખ્યાતપણાથી તુલ્યતા નથી, પણ સમાન સંખ્યત્વથી આને પ્રતિપાદનાર્થે કહેલ છે. એ રીતે બીજે પણ જાણવું.

અહીં જે અનંતક્ષેત્ર પ્રદેશાવગાઢત્વ અને અનંતસમય સ્થાયિત્વ કહેલ નથી, તે અવગાહપ્રદેશ અને સ્થિતિ સમયોનું પુદ્ગલને આશ્રીને અનંતત્વના અભાવથી કહેલ છે.

ભવટ્ઠયાએ - ભવ એ જ અર્થ, તેનો ભાવ, તે ભવાર્થતા. ઔદયિક ભાવ - ઉદય એટલે કર્મોનો વિપાક, તે જ ઔદયિક - ક્રિયા માત્ર, અથવા ઉદય વડે નિષ્પન્ન તે ઔદયિક ભાવ - નારકત્વાદિ પર્યાય. ઔદયિક ભાવના - નારકત્વ આદિ ભાવથી ભાવ સામાન્યને આશ્રીને તુલ્યત્વ છે. એ પ્રમાણે ઔપશમિક પણ કહેવું - x - x - ઉપશમ એટલે ઉદીર્ણ કર્મનો ક્ષય અને અનુદીર્ણના વિષ્કંભિત ઉદયત્વ, તે જ ઔપશમિક - ક્રિયા માત્ર અથવા ઉપશમથી નિર્વૃત્ત, - સમ્યગ્દર્શનાદિ.

ખઇએ - ક્ષય એટલે કર્માભાવ, તે જ ક્ષાયિક કે ક્ષય વડે નિર્વૃત્ત. ક્ષાયિક - કેવળજ્ઞાનાદિ. ખઓવસમિએ - ક્ષય વડે - ઉદય પ્રાપ્ત કર્મના વિનાશ વડે તથા ઉપશમ - ઉદયત્વ શાંત હોય, તે ક્ષયોપશમ, તે જ ક્ષાયોપશમિક - x - મતિજ્ઞાનાદિ પર્યાય વિશેષ. (શંકા) ઔપશમિક અને ક્ષાયોપશમિકમાં શો ભેદ છે ? કેમકે બંનેમાં ઉદીર્ણનો ક્ષય, અનુદીર્ણનો ઉપશમ છે. (સમાધાન) ક્ષાયોપશમિકમાં વિપાક વેદન નથી, પ્રદેશવેદન જ હોય છે, ઔપશમિકમાં તો પ્રદેશવેદન પણ નથી.

પારિણામિએ - પરિણમન તે પરિણામ, તે જ પારિણામિક છે.

સન્નિવાઇએ - ઔદયિકાદિ ભાવોમાં બે વગેરે ભાવોનો સંયોગ.

સંસ્થાન-આકૃતિ વિશેષ. તે જીવ-અજીવ બે ભેદથી છે, તેમાં અજીવ સંસ્થાન પાંચ ભેદે છે. તેમાં પરિમંડલ સંસ્થાન બહારથી વૃત્તાકાર, મધ્યમાં પોલું વલય જેવું



છે, તે ઘન, પ્રતર બે ભેદે છે. વટ્ટ - વૃત્ત, પરિમંડલ જ પણ અંદરથી પોલાણરહિત, જેમકે કુલાલચક્ર. આ પણ ઘન, પ્રતર બે ભેદે છે. વળી તે એકૈક બે ભેદે છે - સમસંખ્ય અને વિષમસંખ્ય પ્રદેશ ભેદથી. એ પ્રમાણે ત્ર્યસ્ર, ચતુરસ્ર. ત્ર્યસ્ર-શ્રૃંગાટકવત્ છે, ચતુરસ્ર તે ચતુષ્કોણ છે, જેમકે કુંભિકા. આયત - દંડની જેમ લાંબુ છે, તે ત્રણ ભેદે છે - શ્રેણી, પ્રતર, ઘન. તે એકૈક - સમસંખ્ય અને વિષમસંખ્ય પ્રદેશ ભેદથી છે. આ પાંચે વિશ્રસા પ્રયોગથી થાય છે.

જીવ સંસ્થાન - સંસ્થાન નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ઉદયથી સંપાદ્ય જીવોનો આકાર છે. તે છ ભેદે છે — (૧) સમચતુરસ્ર - તુલ્ય આરોહ પરિણાહ, સંપૂર્ણ અંગ અવયવ, પોતાના અંગુલ વડે ૧૦૦ આંગળ ઉંચા છે તુલ્ય આરોહ પરિણાહત્વથી સમપણે, પૂર્ણ અવયવત્વથી ચતુરસ્રત્વ છે. એ પ્રમાણે પરિમંડલ, (૨) જેમ સમચતુરસ્ર છે, તેમ ન્યગ્રોધ પરિમંડલ જાણવું ન્યગ્રોધ-વટવૃક્ષ માફક પરિમંડલ, નાભિની ઉપર ચતુરસ્ર લક્ષણ યુક્ત પણ નીચેનો ભાગ પ્રમાણથી હીનતર હોય. (૩) સાદિ-નાભિની નીચે ચતુરસ્રલક્ષણ યુક્ત, પણ ઉપરનો ભાગ તદનુરૂપ ન હોય. (૪) કુબ્જ-ગ્રીવા આદિ, હાથ-પગ ચતુરસ્ર લક્ષણયુક્ત સંક્ષિપ્ત, વિકૃત મધ્ય. (૫) વામન-મધ્ય ગ્રીવાદિ, હાથ-પગ પણ આદિ લક્ષણ ન્યૂન. (૬) હુંડ-સર્વે અવયવોમાં આદિ લક્ષણ વિસંવાદ યુક્ત હોય. - - સંસ્થાન વક્તવ્યતા કહી, હવે સંસ્થાનવાળા અણગારની વક્તવ્યતા વિશેષ જણાવવા કહે છે —

**● સૂત્ર-૬૨૧ :-**

***ભગવન્ ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર મૂર્છિત યાવત્ અધ્યુપપન્ન થઈ આહાર કરે છે, પછી સ્વાભાવિક રૂપે કાળ કરે છે અને પછી અમૂર્છિત, અગૃદ્ધ યાવત્ અનાસક્ત થઈને આહાર કરે છે ? હા, ગૌતમ ! ભક્ત પચ્ચક્ખાણકર્તા અણગાર - x - એ રીતે આહાર કરે છે, માટે પૂર્વવત્ કહ્યું.***

**● વિવેચન-૬૨૧ :-**

ભક્ત પચ્ચક્ખાયક એટલે અનશની, મૂર્છિત - મૂર્છા પામેલ, આહાર સંરક્ષણાનુબંધ થયેલ અથવા તેના દોષના વિષયમાં મૂઢ. યાવત્ શબ્દથી ગ્રથિત - આહાર વિષયક સ્નેહતંતુ વડે સંદર્ભિત, ગૃદ્ધ-પ્રાપ્ત આહારમાં આસક્ત અથવા અતૃપ્તત્વથી તેમાં આકાંક્ષાવાળો. અધ્યુપપન્ન - અપ્રાપ્ત આહાર ચિંતામાં અધિકતાથી ઉપપન્ન. આહાર - - x - તીવ્ર ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી અસમાધિમાં તેના ઉપશમન માટે પ્રયુક્ત. આહારયતિ - ઉપભોગ કરે. આહાર કરીને સ્વભાવિક મારણાંતિક સમુદ્ઘાતને કરે છે. તેની - x - પછી તેનાથી નિવૃત્ત થાય. અમૂર્છિતાદિ વિશેષણ યુક્ત આહારને કરે છે, પ્રશાંત પરિણામના સદ્ભાવથી, એ પ્રશ્ન છે. ઉત્તર છે - હા, તેમ કરે. કોઈક ભક્તપ્રત્યાખ્યાન કર્તાને આવો ભાવ થાય છે.

ભક્તપ્રત્યાખ્યાનકર્તા કદાચિત્ અનુત્તર દેવમાં ઉપજે તેથી કહે છે —

**● સૂત્ર-૬૨૨,૬૨૩ :-**

***[૬૨૨] ભગવન્ ! લવસપ્તમ દેવ શું લવસપ્તમ હોય છે ? હા, હોય છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્***

*નિપુણ-શિલ્પોપક હોય, તે પરિપક્વ, કાપવાને યોગ્ય અવસ્થાને પ્રાપ્ત, પીળા પડેલ, પીળી જાળીવાળા શાલિ - વ્રીહિ - ઘઉં - જવ - જવજવની વિખરાયેલ નાલોને હાથથી એકઠા કરી, મુઠ્ઠીમાં પકડી નવી ધાર પર ચડાવેલ તીક્ષ્ણ દાંતથી શીઘ્રતાથી કાપે, એ રીતે સાત લવ જેટલા સમયમાં કાપી લે, હે ગૌતમ ! જો તે દેવનું આટલું વધુ આયુ હોય તો તે એ જ ભવે સિદ્ધ થઈ યાવત્ અંત કરે છે. તેથી તે - x - લવસપ્તમ કહેવાય.*

*[૬૨૩] ભગવન્ ! 'અનુત્તરોપપાતિક દેવ' અનુત્તરોપપાતિક દેવ હોય છે ? હા, હોય છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને અનુત્તર શબ્દો યાવત્ અનુત્તર સ્પર્શ હોય છે, તેથી હે ગૌતમ ! એવું - x - કહ્યું છે. - - ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો કેટલા કર્મ બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવપણે ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! શ્રમણ નિર્ગ્રન્થ ષષ્ઠભક્ત તપથી જેટલા કર્મોની નિર્જરા કરે છે, તેટલા કર્મો બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવ દેવપણે ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૬૨૨,૬૨૩ :-**

લવ - શાલ્યાદિની વળી લણવાની ક્રિયાથી માપેલ કાળવિભાગ. સાત સંખ્યા જેનું પ્રમાણ છે તે કાળ લવસપ્તમ, લવસપ્તમ કાળ પર્યન્ત આયુ બાકી હોતાં જે શુભ અધ્યવસાયવૃત્ત થઈને સિદ્ધિમાં જ જતાં, દેવપણે ઉત્પન્ન થાય, તે લવસપ્તમ દેવ. તે સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન નિવાસી.

કોઈ પુરુષ-તરુણાદિ વ્યાખ્યાન પૂર્વવત્ છે. पक्काण - પાકેલ, परियायाण - કાપવા યોગ્ય અવસ્થાને પ્રાપ્ત, हरियाण - પિંડીભૂત, તે પત્રની અપેક્ષાએ પણ હોય, તેથી કહે છે — हरियकंडाण - પીળી પડેલ જાલ વાળા, नवपज्जणएण - પ્રત્યગ્ર, તાજા લોઢાને તપાવી ઘણથી કૂટીને તીક્ષ્ણ બનાવેલ, असियएण - દાંતરડાથી, पडिसाहरिया - વિખરાયેલ નાલને હાથથી એકઠી કરીને, संखिविया - મુઠ્ઠીમાં પકડીને.

આ રીતે પ્રજ્ઞાપકની લવનક્રિયા શીઘ્રત્વ દર્શાવીને - x - કહે છે - કપાય તે લવ, ચોખા વગેરેને લણવા તે લવ. તેમાં સાત લવ જેટલો કાળ થાય. - x - x - દ્રવ્ય દેવત્વ અર્થાત્ સાધુ અવસ્થામાં. જેનું ભવ-ગ્રહણ સંબંધી આયુષ્ય પૂર્ણ થયું નથી, તેના વડે જ. - x -

લવસપ્તમ, અનુત્તરોપપાતિક હોય છે, તેથી અનુત્તરોપપાતિક દેવની પ્રરૂપણા માટે બે સૂત્ર કહે છે - अनुत्तर - સર્વ પ્રધાન અનુત્તર શબ્દાદિ વિષય યોગથી, उपपात - જન્મ, તે જેને છે તે અનુત્તરોપપાતિક. - - જેટલામાં છટ્ઠભક્તિક સુસાધુ કર્મો ખપાવે, એટલાં કર્મો બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવમાં ઉત્પન્ન થાય છે.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૮-"અંતર" ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૭-માં તુલ્યતારૂપ વસ્તુનો ધર્મ કહ્યો. આઠમામાં અંતરરૂપે તે જ કહે છે. આ સંબંધે આવેલ આદિ સૂત્ર —



**● સૂત્ર-૬૨૪ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીનું કેટલું અબાધાએ અંતર છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન અંતર છે.*

*ભગવન્ ! શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વીમાં કેટલું અબાધા અંતર છે ? એ પ્રમાણે યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી અને અલોકનું અબાધા અંતર કેટલું છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન અબાધાએ અંતર છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીથી જ્યોતિષ્કનું કેટલું અંતર છે ? ગૌતમ ! ૭૯૦ યોજન અબાધાએ અંતર કહેલ છે.*

*ભગવન્ ! જ્યોતિષ્કથી સુધર્મ-ઈશાન કલ્પનું કેટલું અંતર છે ? ગૌતમ ! અસંખ્યાત યોજન યાવત્ અંતર કહેલ છે.*

*ભગવન્ ! સૌધર્મ-ઈશાનથી સનત્કુમાર-માહેન્દ્રનું કેટલું ? એ પ્રમાણે જ છે. - - સનત્કુમાર-માહેન્દ્રથી બ્રહ્મલોક કલ્પનું અંતર ? એ પ્રમાણે જ છે. ભગવન્ ! બ્રહ્મલોકથી લાંતક કલ્પનું ? એ પ્રમાણે જ છે.*

*ભગવન્ ! લાંતકથી મહાશુક્ર કલ્પનું ? એ પ્રમાણે અંતર છે મહાશુક્ર કલ્પથી સહસ્રારનું એમ જ છે. સહસ્રારથી આનત-પ્રાણત કલ્પનું એમ જ છે, આનત-પ્રાણત કલ્પથી આરણ-અચ્યુત કલ્પનું એમ જ છે. આરણ-અચ્યુતથી ગ્રૈવેયક અને ગ્રૈવેયકથી અનુત્તર વિમાનનું એમ જ છે.*

*ભગવન્ ! અનુત્તર વિમાનથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીનું અંતર ? ગૌતમ ! બાર યોજન અબાધાએ અંતર છે - - ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીથી અલોકનું અંતર ? ગૌતમ ! દેશોન યોજન અબાધા અંતર છે.*

**● વિવેચન-૬૨૪ :-**

अबाधाए - બાધા એટલે પરસ્પર સંશ્લેષથી પીડન, બાધા નહીં તે અબાધા, તે અબાધાથી જે અંતર - વ્યવધાન. અહીં અંતર શબ્દ મધ્ય વિશેષાદિ અર્થમાં વર્તમાન છે, તેના વ્યવચ્છેદથી વ્યવધાન અર્થના પરિગ્રહને માટે અબાધા ગ્રહણ કર્યુ. असंखेज्जाइं जोयण० અહીં યોજન પ્રાયઃ પ્રમાણાંગુલ નિષ્પન્ન લેવો. - x - અહીં પર્વતાદિના ગ્રહણના ઉપલક્ષણત્વથી અન્યથા આદિત્ય પ્રકાશાદિ પણ પ્રમાણ-યોજનપ્રમેયતા થાય છે. તથા અધોલોક ગ્રામમાં તેના પ્રકાશની અપ્રાપ્તિ પ્રાપ્ત થાય છે. આત્માંગુલના અનિયતત્વથી અવ્યવહાર અંગ પણે રવિ પ્રકાશનું ઉચ્છ્રયયોજન પ્રમેયત્વ છે. તેના અતિ લઘુત્વથી પ્રમાણ યોજન પ્રમિત ક્ષેત્રની અવ્યાપ્તિ છે (ઈત્યાદિ) - x - x -

ઈષત્ પ્રાગ્ભારાના ઉપરના યોજનનો જે ક્રોશ, તે ક્રોશનો છટ્ઠો ભાગ, આટલી સિદ્ધની અવગાહના કહેલી છે.

અહીં સિદ્ધિ અને અલોકનું દેશ ન્યૂન યોજન અંતર કહ્યું, આવશ્યકમાં યોજન જ કહ્યું છે. તેમાં કિંચિત્ ન્યૂનતાની વિવક્ષા કરી નથી, તેમાં વિરોધ ન સમજવો. - - પૃથ્વી આદિનું અંતર કહ્યું. તે જીવોને ગમ્ય છે, જીવ વિશેષ ગતિને આશ્રીને આ ત્રણ સૂત્ર કહે છે —

● **સૂત્ર-૬૨૫ :-**

*ભગવન્ ! ઉષ્ણતાથી હત, તૃષાથી હત, દવાગ્નિ જ્વાલાથી હત આ શાલવૃક્ષ કાળમાસે કાળ કરીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? ગૌતમ ! આ જ રાજગૃહનગરમાં શાલવૃક્ષપણે ઉત્પન્ન થશે. તે ત્યાં અર્ચિત-વંદિત-પૂજિત-સત્કારિત-સન્માનિત અને દિવ્ય, સત્ય, સત્યાવપાત, અક્ષિહિત પ્રાતિહાર્ય, લીંપેલ-પોંતેલ પૂજનીય થશે.*

*ભગવન્ ! તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! આ ઉષ્ણતાથી અભિહત, તૃષાથી અભિહત, દવાગ્નિ જ્વાલાથી અભિહત શાલ યષ્ટિકા કાળમાસે કાળ કરીને યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિના પાદ મૂળમાં માહેશ્વરી નગરીમાં શાલ્મલી વૃક્ષરૂપે ફરી ઉત્પન્ન થશે. તે ત્યાં અર્ચિત-વંદિત-પૂજિત યાવત્ લીંપેલ-ગુંપેલ પૂજનીક થશે. ભગવન્ ! ત્યાંથી અનંતર ઉદ્વર્તીને૦ બાકી શાલવૃક્ષ મુજબ યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! આ ઉષ્ણતાથી અભિહત આદિ ઉદુંબર યષ્ટિકા કાળમાસે કાળ કરીને યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પાડલિપુત્ર નામક નગરમાં પાડિલવૃક્ષપણે ફરી જન્મ લેશે. તે ત્યાં અર્ચિત, વંદિત યાવત્ થશે. યાવત્ પૂર્વવત્ - x - અંત કરશે.*

● **વિવેચન-૬૨૫ :-**

दिव्व - પ્રધાન, सच्चोवाए - સત્યાવપાત, सन्निहिय पाडिहेर० વિહિત પ્રાતિહાર્ય-પ્રતિહાર કર્મ, જેને દેવનું સાંનિધ્ય છે તે. शालयष्टिका - અહીં જો કે શાલવૃક્ષાદિમાં અનેક જીવો હોય છે, તો પણ પ્રથમ જીવની અપેક્ષાએ ત્રણે સૂત્રો જાણવા. - - આવા પ્રકારના પ્રશ્નો વનસ્પતિના જીવત્વમાં અશ્રદ્ધા કરતા શ્રોતાની અપેક્ષાએ ગૌતમ સ્વામીએ કરેલ, તેમ જાણવું. - - ગતિ પ્રક્રમથી આ કહે છે —

● **સૂત્ર-૬૨૬,૬૨૭ :-**

*[૬૨૬] તે કાળે, તે સમયે અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો ગ્રીષ્મકાળ સમયમાં એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં યાવત્ આરાધક.*

*[૬૨૭] ભગવન્ ! ઘણાં લોકો પરસ્પર એમ કહે છે, એ રીતે નિશ્ચે અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરમાં સો ઘરોમાં એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં અંબડનું કથન યાવત્ દૃઢ પ્રતિજ્ઞ૦ અંત કરશે.*

● **વિવેચન-૬૨૬,૬૨૭ :-**

एवं जहा उववाइए० અહીં યાવત્ કરણથી અહીં અર્થ વડે કંઈક દેખાડે છે - ગ્રીષ્મકાળ સમયમાં ગંગાના ઉભયકૂળ - કાંપિલ્ય પુરથી પુરિમતાલપુર જતાં, તેઓ અટવીમાં પ્રવેશ્યા, પૂર્વે ગૃહિત પાણી વપરાઈ જતાં ખલાસ થયું, પછી તેઓ તરસ્યા થયા, પાણી દેનાર કોઈ ન મળતા અને અદત્તને ન લેવા, અર્હત્‌ને નમસ્કાર પૂર્વક અનશન સ્વીકાર્યુ, કાળ કરીને બ્રહ્મલોકે ગયા, પરલોકના આરાધક થયા.



घरसए - કથાંશ કહીએ છીએ - વસતિને ભોગવે છે, આ સાંભળી ગૌતમ પૂછ્યું - ભગવન્ ! આ કેવી રીતે બને ? ત્યારે ભગવંતે કહ્યું — ગૌતમ ! આ સત્ય છે. કેમકે અંબડને વૈક્રિયલબ્ધિ હતી. તેથી લોકોને વિસ્મય પમાડવાના હેતુથી કરતો. ત્યારે ગૌતમે પૂછ્યું — ભગવત્ સમીપે અંબડ દીક્ષા લેશે ? ભગવંતે કહ્યું — ના, એમ નથી. કેવલ જીવ-અજીવત્વાદિ ગુણને જાણીને, અનશન કરીને, બ્રહ્મલોકે જશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં 'દૃઢપ્રતિજ્ઞ' નામે મહર્દ્ધિક થઈ, મોક્ષે જશે. - - તેના શિષ્યો દેવપણે ઉપજ્યા. તેથી દેવ કથન કરે છે —

● **સૂત્ર-૬૨૮ થી ૬૩૦ :-**

*[૬૨૮] ભગવન્ શું "અવ્યાબાધ દેવ" અ-વ્યાબાધ દેવ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! પ્રત્યેક અવ્યાબાધ દેવ, પ્રત્યેક પુરુષની, પ્રત્યેક આંખની પલક ઉપર દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવ યુક્તિ, દિવ્ય દેવાનુભાગ, દિવ્ય બત્રીશવિધ નૃત્યવિધિ દેખાડવાને સમર્થ છે, (એમ કરતા તે દેવ) તે પુરુષને કંઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડતો નથી, શરીર છેદ કરતો નથી. એટલી સૂક્ષ્મતાથી તે દેવ નાટ્યવિધિ દેખાડી શકે છે. તેથી તે દેવ અવ્યાબાધ દેવ કહેવાય.*

*[૬૨૯] ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના હાથમાં ગ્રહણ કરેલ તલવારથી કોઈ પુરુષનું મસ્તક કાપી કમંડલમાં નાંખવા સમર્થ છે ? હા, સમર્થ છે. - - તે આમ કઈ રીતે કરે છે ?*

*ગૌતમ! (તે મસ્તકને) છેદી-છેદીને નાંખે છે, ભેદી-ભેદીને નાંખે છે, કૂટી-કૂટીને નાંખે છે, ચૂર્ણ કરી-કરીને નાંખે છે. ત્યારપછી જલ્દીથી પુનઃ મસ્તક બનાવી દે છે. (આ પ્રક્રિયામાં) તે પુરુષને કંઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડતો નથી. આ પ્રકારની સૂક્ષ્મતાપૂર્વક મસ્તક કાપીને તે કમંડલુમાં નાંખે છે.*

*[૬૩૦] ભગવન્ ! 'જૃંભક દેવ' જૃંભક દેવ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જૃંભક દેવો, નિત્ય પ્રમોદી, અતિ ક્રીડાશીલ, કંદર્પરતિ, મોહનશીલ હોય છે. જે કોઈ તે દેવને ક્રુદ્ધ જુએ છે, તે પુરુષ મહાન્ અપયશ પામે છે. જે કોઈ તે દેવને સંતુષ્ટ જુએ છે, તે મહા યશને પામે છે. તેથી હે ગૌતમ ! જૃંભગ દેવો છે.*

*ભગવન્ ! જૃંભગ દેવો કેટલા ભેદે છે, ગૌતમ ! દશ ભેદે — અન્નજૃંભગ, પાનજૃંભગ, વસ્ત્રજૃંભગ, લયનજૃંભગ, શયનજૃંભગ, પુષ્પજૃંભગ, ફળજૃંભગ, પુષ્પફળજૃંભગ, વિદ્યાજૃંભગ, અવ્યક્તજૃંભગ.*

*ભગવન્ ! જૃંભગ દેવો ક્યાં નિવાસ કરે છે ? ગૌતમ ! બધાં દીર્ઘ વૈતાઢ્યોમાં, ચિત્ર-વિચિત્ર-યમક-પર્વતોમાં, કાંચનગિરિમાં, અહીં જૃંભગ દેવો નિવાસ કરે છે - - ભગવન્ ! જૃંભગ દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! એક પલ્યોપમ. - ભગવન્ ! તે એમ જ છે.*

● **વિવેચન-૬૨૮ થી ૬૩૦ :-**

अव्वाबाह - બીજાને પીડા પહોંચાડવી તે વ્યાબાધ, તેના નિષેધથી અવ્યાબાધ.

તેઓ લોકાંતિક દેવની મધ્યે રહેલા જાણવા. કહ્યું છે – સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્ન્યર્ચા, રિષ્ઠા.

अच्छिपत्तंसि - આંખની પાંપણ, आबाह - કિંચિત્ બાધા, पबाह - પ્રકૃષ્ટ બાધા, वाबाह એમ ક્યાંક છે, તેનો અર્થ વિશિષ્ટ બાધાં છે. छविच्छेय - શરીરનો છેદ, एसुहुम - એટલું સૂક્ષ્મ. - x - सपाणिण - પોતાના હાથે. જો શક્ર મસ્તકને કમંડલમાં નાંખવા સમર્થ છે, તો તેનો પ્રક્ષેપ કઈ રીતે તે કરે છે ? - કહે છે -

છરી વડે કૂષ્માંડાદિ માફક નાના-નાના ટુકડા કરીને કમંડલમાં પ્રક્ષેપે છે. શાડી આદિ માફક ઉભા ચીરા કરી - કરીને, ખાંડણીયામાં તલ આદિ માફક કૂટી-કૂટીને, શિલા પર શિલાપુત્રક ગંધ દ્રવ્ય માફક ચૂર્ણ કરીને. (ઈત્યાદિ રીતે) મસ્તકને કમંડલમાં પ્રક્ષેપે છે.

परिसंधाएज्ज - એકઠું કરે છે एसुहुम - આટલું સૂક્ષ્મ કરીને.

जृंभग - સ્વચ્છંદચારીપણે ચેષ્ટા કરે તે જૃંભક - તિર્છાલોકવાસી વ્યંતરદેવ વિશેષ. पमुइयपक्कीलिय - સંતોષવાળા હોવાથી આનંદિત અને પ્રકૃષ્ટ ક્રીડા કર્તા. कंदप्परइ - કેલિરતિક, मोहणसील - મૈથુનસેવી સ્વભાવા. अजस - ઉપલક્ષણથી આના અનર્થને પામનાર. जस - ઉપલક્ષણથી આના અર્થને - વૈક્રિયલબ્ધ્યાદિને વજસ્વામીવત્ પામનાર. તેઓના શાપ-અનુગ્રહ કરવાના સામર્થ્યથી અને તેમના સ્વભાવથી.

(૧) अन्नजृंभक - ભોજનને સરસ-નીરસ કરવાની કે તેની માત્રા વધારી-ઘટાડી દેવાની શક્તિવાળા દેવ. - - (૨) પાનજૃંભક-આ પ્રમાણે પાન આદિમાં પણ કહેવું. વિશેષ એ કે - લયન - ગૃહ. पुप्फफलजंभग - ઉભય જૃંભક, આને સ્થાને मंतजंभग - વાચનાંતરમાં દેખાય છે. अवियत्तजंभग - અવ્યક્ત અન્નાદિવિભાગથી જૃંભકો જે છે તે. ક્યાંક अहिवइजंभग - દેખાય છે. તેમાં अधिपतिમાં - રાજાદિ નાયક વિષયમાં જૃંભક. सव्वेसु चेव दीहवेयड्ढेसु - પ્રતિક્ષેત્રમાં તેનો સદ્ભાવ તે ૧૭૦ સંખ્યક દીર્ઘવિજયાર્દ્ધ પર્વત વિશેષમાં. અહીં દીર્ઘ ગ્રહણ વર્તુળ વિજયાર્દ્ધના નિષેધ માટે છે. चित्तविचित्तादि. દેવકુરુમાં શીતોદાનદીના ઉભય પડખે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ પર્વત છે. તથા ઉત્તરકુરુમાં શીતા નદીના બંને પડકે યમક-સમક નામે પર્વતો છે. कंचनपव्वए. ઉત્તર કુરુમાં શીતા નદી સંબંધી પાંચ નીલવત્ આદિ દ્રહોના ક્રમે રહેલ પ્રત્યેક પૂર્વ-પશ્ચિમ કિનારે દશ-દશ કાંચન નામે પર્વતો છે. તે ૧૦૦ થાય છે. એ રીતે દેવકુરુમાં પણ શીતોદા નદી સંબંધી નિષધદ્રહાદિ આસપાસ ૧૦૦ છે. એ રીતે ૨૦૦ કંચનગિરિ છે. એ રીતે ધાતકીખંડાદિમાં પણ જાણવા.

## ❁ શતક-૧૪, ઉદ્દેશો-૯-"અણગાર" ❁

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૮-માં દેવોનું વિચિત્ર વિષયમાં સામર્થ્ય કહ્યું, તે હોવાથી તેઓમાં સ્વકર્મલેશ્યા પરિજ્ઞાન સામર્થ્ય નથી. તેમ સાધુને પણ –

● **સૂત્ર-૬૩૧ :-**

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર. જે પોતાની કર્મલેશ્યાને ન જાણે, ન જુએ. તે શું સરૂપી અને સકર્મલેશ્યને જાણે-જુએ ? હા, ગૌતમ ! ભાવિતાત્મા તે જાણે જુએ. - - ભગવન્ ! શું સરૂપી સકર્મલેશ્ય પુદ્ગલો અવભાસાદિ થાય છે ? હા, થાય છે. - - ભગવન્ ! તે સરૂપી-સકર્મલેશ્ય પુદ્ગલ કયા છે ? ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય દેવના વિમાનોથી નીકળેલ બાહ્ય લેશ્યા તેને અવભાસે છે, પ્રકાશે છે. એ પ્રમાણે હે ગૌતમ ! તે સરૂપી-સકર્મલેશ્યી પુદ્ગલો અવભાસિતાદિ થાય છે.*



● **વિવેચન-૬૩૧ :-**

भावितात्मा - સંયમ ભાવના વડે વાસિત અંતઃકરણવાળા આત્મા સંબંધી કર્મને યોગ્ય લેશ્યા-કૃષ્ણાદિ અથવા કર્મની લેશ્યા. તે કર્મલેશ્યાને વિશેષથી ન જાણે, સામાન્યથી ન જુએ. કેમકે કૃષ્ણાદિ લેશ્યાના કર્મદ્રવ્ય શ્લેષણની અતિ સૂક્ષ્મતાથી છદ્મસ્થને તે જ્ઞાન ગોચર નથી. જે કર્મલેશ્યાવાળો જીવ છે, તેને - આત્માને. सरूवि - રૂપથી - રૂપ અને રૂપવાન્‌ના અભેદથી શરીર વડે વર્તે છે તે. - x - અર્થાત્ શરીરયુક્ત. તેથી જ કર્મલેશ્યા સહ વર્તમાનને જાણે છે – ચક્ષુથી ગ્રાહ્ય હોવાથી જીવને અને શરીરને, કથંચિત્ શરીરથી અભિન્ન.

સરૂપીને સકર્મલેશ્યને આશ્રીને પૂછે છે - अत्थिणं॰ - 'सरूपी' - રૂપની સાથે એટલે કે મૂર્તપણે, વર્ણાદિવાળા. પુદ્ગલ તે સ્કંધરૂપ. ओभासंति - પ્રકાશે છે. लेसा - તેજ, બહારથી નીકળેલ. અહીં જો કે ચંદ્રાદિ વિમાન પુદ્ગલો જ પૃથ્વીકાયિકપણે સચેતનત્વથી સકર્મલેશ્યી છે, તો પણ તેમાંથી નીકળેલ પ્રકાશ પુદ્ગલોના તેના હેતુપણાથી ઉપચારથી સકર્મલેશ્યત્વ જાણવું. - પુદ્ગલાધિકારથી કહે છે –

● **સૂત્ર-૬૩૨,૬૩૩ :-**

*[૬૩૨] ભગવન્ ! નૈરયિકોને આત્ત પુદ્ગલ હોય કે અનાત્ત ? ગૌતમ ! આત્ત પુદ્ગલ નથી, અનાત્ત પુદ્ગલ છે. - - ભગવન્ ! અસુરકુમારને શું આત્ત પુદ્ગલ છે કે અનાત્ત ? ગૌતમ ! આત્ત પુદ્ગલ છે, અનાત્ત નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! આત્ત પુદ્ગલ પણ હોય અને અનાત્ત પુદ્ગલ પણ હોય. એ પ્રમાણે મનુષ્ય સુધી જાણવુ. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને અસુરકુમારવત્ જાણવા.*

*ભગવન્ ! નૈરયિકોને ઈષ્ટ પુદ્ગલ હોય કે અનિષ્ટ ? ગૌતમ ! ઈષ્ટ પુદ્ગલ ન હોય, અનિષ્ટ હોય. જેમ આત્ત પુદ્ગલો કહ્યા. તેમ ઈષ્ટ પણ કહેવા. કાંત, પ્રિય, મનોજ્ઞ પણ કહેવા. આ પાંચ દંડક છે.*

*[૬૩૩] ભગવન્ ! મહર્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ શું હજાર રૂપ વિકુર્વી, હજાર ભાષા બોલાવા સમર્થ છે ? હા, સમર્થ છે. ભગવન્ ! શું તે એક ભાષા છે કે હજાર ભાષા છે ? ગૌતમ ! તે એક ભાષા છે, હજાર ભાષા નથી.*

● **વિવેચન-૬૩૨,૬૩૩ :-**

अत्त - અભિવિધિથી જે દુઃખથી સંરક્ષણ આપે અને સુખને ઉત્પન્ન કરે તે આત્રા. અથવા आप्ता - એકાંત હિતવાળી. તેથી જ રમણીય. આની જેઓ પૂર્વે

મનોજ્ઞપણે વ્યાખ્યા કરી છે, તે જોવી. ઈષ્ટાદિ પૂર્વવત્.

પુદ્ગલ અધિકારથી આ કહે છે — આ ભાષા એક છે. કેમકે જીવ એકત્વથી ઉપયોગ એકત્વપણું છે. એક જીવને એક સમયે એક ઉપયોગ જ હોય છે. - x - x - હવે પુદ્ગલ અધિકારથી આ કહે છે —

● **સૂત્ર-૬૩૪ :-**

***તે કાળે, તે સમયે ગૌતમસ્વામીએ તત્કાળ ઉદિત, જાસુમણ પુષ્પ પુંજ પ્રકાશ સમાન લાલ વર્ણનો બાળસૂર્ય જોયો, જોઈને જાતશ્રદ્ધ યાવત્ સમુત્પન્ન કુતુહલ થઈ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવે છે યાવત્ નમીને યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્! આ સૂર્ય શું છે?, આ સૂર્યનો અર્થ શો છે? ગૌતમ! સૂર્ય શુભ છે, સૂર્યનો અર્થ શુભ છે. - - ભગવન્! આ સૂર્ય શું છે? આ સૂર્યની પ્રભા શું છે? એ પ્રમાણે જ કહેવું. એ પ્રમાણે છાયા અને લેશ્યા કહેવી.***

● **વિવેચન-૬૩૪ :-**

अचिरोद्‌गत - ઉગેલો માત્ર. તેથી બાળસૂર્ય. જાસુમણા નામક વૃક્ષ, તેના પુષ્પના પ્રકાશવાળો હોવાથી લાલ રંગનો. - - આ સૂર્યનું સ્વરૂપ શું છે ? સૂર્ય શબ્દનો અર્થ શું છે ? સૂર્યનું સ્વરૂપ શુભ છે, સૂર્ય વિમાન પૃથ્વીકાયિકોના આતપ નામે પુન્યપ્રકૃત્તિનું ઉદયવર્તી છે, લોકમાં પણ પ્રશસ્ત છે અને જ્યોતિષ્કેન્દ્ર છે. તથા સૂર્યનો શબ્દાર્થ શુભ છે જે ક્ષમા, તપ, દાન અને યુદ્ધાદિ વિષયક શૂરવીરોને માટે હિતકર હોય છે, તે સૂર્ય છે અથવા શૂરોમાં જે સાધુ છે, તે સૂર્ય છે. पभ - દીપ્તિ. छाया - શોભા કે પ્રતિબિંબ. लेश्या - વર્ણ. - - લેશ્યા પ્રક્રમથી કહે છે —

● **સૂત્ર-૬૩૫ :-**

***ભગવન્ ! જે આ શ્રમણ નિર્ગ્રન્થ આર્યત્વયુક્ત થઈ વિચરે છે, તેઓ કોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે ? ગૌતમ ! એક માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ વ્યંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે. બે માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ અસુરેન્દ્ર વર્જીને બાકી ભવનવાસી દેવની તેજોલેશ્યાને અતિક્રમે છે. ત્રણ માસ પર્યાયવાળા શ્રમણ અસુરકુમાર દેવોની તેજોલેશ્યાને, ચાર માસ પર્યાયવાળા ગ્રહ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક દેવોની તેજોલેશ્યાને, પાંચ માસ પર્યાયવાળા ચંદ્ર-સૂર્ય જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજની તેજોલેશ્યાને, છ માસ પર્યાયવાળા શ્રમણ સૌધર્મ-ઈશાન દેવોની, સાત માસ પર્યાયવાળા સનંતકુમાર-માહેન્દ્ર દેવોની, આઠ માસ પર્યાયવાળા બ્રહ્મલોક-લાંતકના દેવોની તેજોલેશ્યાને, દશ માસ પર્યાયવાળા આનત-પ્રાણત આરણ-અચ્યુત દેવોની, ૧૧-માસ પર્યાયવાળા ગ્રૈવેયક દેવોની, બાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ અનુત્તરોપપાતિક દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.***

***ત્યારપછી શુક્લ, શુક્લાભિજાત થઈને પછી સિદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. ભગવન્ ! તે એમ જ છે (૨) કહી વિચરે છે.***

● **વિવેચન-૬૩૫ :-**

જે આ પ્રત્યક્ષ. अज्जत्ताए - આર્યપણે, પાપકર્મથી બહાર થયેલા અથવા આજપર્યન્ત વર્તતા. तेयलेस्स० - સુખાસિકા તેજોલેશ્યા જ પ્રશસ્તલેશ્યા ઉપલક્ષણથી તે સુખાસિકાનો હેતુ છે, અહીં કારણમાં કાર્યના ઉપચારથી તેજોલેશ્યા શબ્દ વડે સુખાસિકા કહેલ છે. वीइवयंति - વ્યતિક્રમે છે. असुरिंद - ચમર અને બલિને વર્જીને. - - એક વર્ષથી ઉપર જતાં - શુક્લ નામે અભિન્નવૃત્ત, અમત્સરી, કૃતજ્ઞ ઈત્યાદિ, બીજા કહે છે — નિરતિચાર ચારિત્ર. सुक्काभिजाइ - પરમ શુક્લ.



ઉક્ત કથન શ્રમણ વિશેષાશ્રિત છે, બધાં આવા છે તેમ નહીં.

## ❁ શતક-૧૪, ઉદ્દેશો-૧૦-"કેવલી" ❁

— x — x — x — x —

૦ અનંતર શુક્લ કહ્યા. તે તત્ત્વથી કેવલી છે. કેવલી આદિ અર્થ પ્રતિબદ્ધ એવો દશમો ઉદ્દેશો કહે છે —

● **સૂત્ર-૬૩૬ :-**

***ભગવન્ ! શું કેવલી, છદ્મસ્થને જાણે-જુએ ? હા, જાણે-જુએ. ભગવન્ ! જે રીતે કેવલી, છદ્મસ્થને જાણે-જુએ, તે રીતે સિદ્ધો પણ છદ્મસ્થને જાણે-જુએ. હા, જાણે-જુએ.***

***ભગવન્ ! શું કેવળી, આધોવધિકને જાણે-જુએ ? હા, ગૌતમ ! જાણે-જુએ. એ પ્રમાણે પરમાધોવધિક પણ કહેવા. એ પ્રમાણે જ કેવલી અને સિદ્ધ યાવત્ કેવળીને જાણે અને જુએ.***

***ભગવન્ ! જે રીતે કેવલી, સિદ્ધને જાણે-જુએ, તેવી રીતે સિદ્ધ પણ સિદ્ધને જાણે-જુએ. હા, જાણે અને જુએ.***

***ભગવન્ ! કેવલી બોલે છે કે ઉત્તર આપે છે ? હા, બોલે અને ઉત્તર (પણ) આપે. - - ભગવન્ ! જેમ કેવલી બોલે કે ઉત્તર આપે, તે રીતે સિદ્ધો પણ બોલે કે ઉત્તર આપે ? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે - x -યાવત્ સિદ્ધો ન બોલે, ન ઉત્તર આપે ? ગૌતમ ! કેવલી, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ સહિત હોય છે. જ્યારે સિદ્ધો ઉત્થાન યાવત્ પુરુષાકાર પરાક્રમથી રહિત હોય છે. તેથી એમ કહ્યું કે યાવત્ ઉત્તર ન આપે.***

***ભગવન્ ! કેવલી, (પોતાની આંખ) ખોલે કે બંધ કરે ? હા, તેમ કરે. એ પ્રમાણે આકુંચન કે પ્રસારણ કરે, એ પ્રમાણે સ્થાન-શય્યા-નિષધા કરે છે. [સિદ્ધોમાં આ બધાનો નિષેધ જાણવો.]***

***ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને રત્નપ્રભા પૃથ્વી એ રીતે જાણે-જુએ ? હા, જાણે-જુએ. - - ભગવન્ ! જે રીતે કેવલી રત્નપ્રભાપૃથ્વીને રત્નપ્રભાપૃથ્વી એમ જાણે-જુએ. તે રીતે સિદ્ધો પણ રત્નપ્રભા પૃથ્વીને જાણે-જુએ. હા, જાણે અને જુએ.***

***ભગવન્ ! કેવલી, શર્કરાપ્રભા પૃથ્વીને, શર્કરાપ્રભા પૃથ્વી છે, એમ જાણે-જુએ ? પૂર્વવત્ કહેવું. અધઃસપ્તમી સુધી આમ કહેવું.***

***ભગવન્ ! કેવલી સૌધર્મ કલ્પને જાણે-જુએ ? હા, જાણે-જુએ. એ પ્રમાણે જ ઈશાન યાવત્ અચ્યુતકલ્પને જાણે-જુએ.***

*ભગવન્ ! કેવલી, ગ્રૈવેયક વિમાનને ગ્રૈવેયક વિમાન એમ જાણે-જુએ ? પૂર્વવત્. એ રીતે અનુત્તર વિમાનને પણ જાણે-જુએ.*

*ભગવન્ ! કેવલી, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીને ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વી રૂપે જાણે-જુએ ? પૂર્વવત્. [આ બધું સિદ્ધોમાં પણ સમજી લેવું.]*

*ભગવન્ ! કેવલી, પરમાણુ પુદ્ગલને પરમાણુ પુદ્ગલરૂપે જાણે-જુએ ? પૂર્વવત્. એ પ્રમાણે દ્વિપ્રદેશિક સ્કંધ, એ પ્રમાણે યાવત્ હે ભગવન્ ! કેવલી, અનંત પ્રદેશિક સ્કંધને અનંતપ્રદેશિક સ્કંધરૂપે જે રીતે જાણે-જુએ છે, તે રીતે સિદ્ધો પણ - x - જાણે અને જુએ ? હા, જાણે અને જુએ. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૬૩૬ :-**

અહીં કેવલી શબ્દથી ભવસ્થ કેવલી જ લેવા. પછી સિદ્ધોમાં ગ્રહણ થશે. आहोहियं - પ્રતિનિયત ક્ષેત્રમાં અવધિજ્ઞાન. - x - भासेज्ज - પૂછ્યુ ન હોય ત્યારે બોલે. वागरेज्ज - પૂછવામાં આવે ત્યારે ઉત્તર આપે. ठाण - ઉર્ધ્વસ્થાન, નિષદન સ્થાન, ત્વગ્ વર્તનસ્થાન. सेज्ज - શય્યા, निसीहिय - અલ્પતરકાલિક વસતિ. चेएज्ज - કરે.

**મુનિ દીપરત્નસાગર દ્વારા કરાયેલ**
**શતક-૧૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## 卐 શતક-૧૫ 卐

— x — x —

૦ ચૌદમાં શતકની વ્યાખ્યા કરી, હવે પંદરમું આરંભીએ છીએ તેનો પૂર્વની સાથે આ સંબંધ છે - અનંતર શતકમાં કેવલી રત્નપ્રભાદિ વસ્તુ જાણે છે, તેમ કહ્યું, તે પરિજ્ઞાન આત્મસંબંધી છે. જેમ ભગવંત મહાવીર ગૌતમ પાસે પોતાના શિષ્યાભાસ ગોશાલકનું નરકાદિ આશ્રિત કહ્યું, તે કહે છે —

● **સૂત્ર-૬૩૭ :-**

*ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી. તે શ્રાવસ્તી નગરીની બહાર ઈશાન ખૂણામાં ત્યાં કોષ્ઠક નામે ચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં હાલાહલા નામે કુંભારણ આજીવિક-ઉપાસિકા રહેતી હતી, તેણી આઢ્ય યાવત્ અપરિભૂત હતી. આજીવિક સિદ્ધાંતની લબ્ધાર્થા, ગૃહિતાર્થા, પુછિતાર્થા, વિનિશ્ચિતાર્થા, અસ્થિમજ્જાવત્ પ્રેમ-અનુરાગ રક્તા હતી. હે આયુષ્યમાન્ ! આજીવિક સિદ્ધાંત જ અર્થ છે, એ જ પમરાર્થ છે, બાકી બધો અનર્થ છે, એમ તેમાં આત્માને ભાવિત કરી રહેતી હતી.*

*તે કાળે, તે સમયે ગોશલક મંખલિપુત્ર ૨૪ વર્ષના પર્યાયવાળો હતો, તે હાલાહલા કુંભારણની કુંભારાપણમાં આજીવિકસંઘથી પરિવરીને આજીવિક સિદ્ધાંતમાં આત્માને ભાવિત કરતો રહેલો.*

*ત્યારે તે ગોશાળા પાસે અન્ય કોઈ દિવસે છ દિશાચરો આવ્યા, તે આ — શાણ, કલંદ, કર્ણિકાર, અચ્છિદ્ર, અગ્નિવૈશ્યાયયન, ગૌતમપુત્ર અર્જુન. ત્યારે તે છ દિશાચરો પૂર્વશ્રુતમાં કથિત અષ્ટાંગ નિમિત્ત અને દશમાં માર્ગમાં પોત-પોતાના મતિદર્શનોથી નિર્યૂહણા કરીને ગોશાલક મંખલિપુત્ર પાસે ઉપસ્થિત થયા.*

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર. તે અષ્ટાંગ મહાનિમિત્તના કોઈ ઉપદેશ દ્વારા સર્વે — પ્રાણ, ભૂત, જીવ, સત્વોને માટે આ છ અનતિક્રમણીય વાતોના વિષયમાં ઉત્તર આપવા લાગ્યો. તે આ — લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણ. ત્યારે તે ગોશાળો તે અષ્ટાંગ મહાનિમિત્તના સ્વલ્પ ઉપદેશ માત્રથી શ્રાવસ્તી નગરીમાં જિન ન હોવા છતાં 'હું જિન છું' તેમ કહેતો, અરહંત ન હોવા છતાં 'હું અરહંત છું' એમ કહેતો, કેવલી ન હોવા છતાં 'હું કેવલી છું' એમ કહેતો અસર્વજ્ઞ છતાં સર્વજ્ઞ પ્રલાપતો, અજિન છતાં જિન છે તેમ કહેવા લાગ્યો.*

● **વિવેચન-૬૩૭ :-**

મંખલિપુત્ર-મંખલિ નામક મંખનો પુત્ર. ૨૪ વર્ષના પ્રવ્રજ્યા પર્યાયવાળો. दिसाचर - દિશાની મર્યાદામાં વિચરતા, પોતાને ભગવંતના શિષ્ય માનતા એવા દિક્ચરો. ટીકાકાર કહે છે — દિક્ચરા એટલે ભગવંત પાર્શ્વસ્થીભૂત શિષ્યો. ચૂર્ણિકાર કહે છે ભ૦ પાર્શ્વના શિષ્યો. अंतियं पाउब्भविज्ज - સમીપે આવ્યો.

अट्ठविहं० - આઠ પ્રકારના નિમિત્ત - દિવ્ય, ઔત્પાત, આંતરિક્ષ, ભૌમ, આંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન. पूर्वगत - પૂર્વ નામના શ્રુત વિશેષમાં રહેલ. માર્ગ એટલે ગીતમાર્ગ અને નૃત્યમાર્ગ - दसम - અહીં નવમ શબ્દ લુપ્ત હોવાથી નવમો અને

દશમો એમ જાણવું. सएहिं - સ્વક, સ્વકાય. मइदंसण - મતિ એટલે બુદ્ધિ કે મતિ અને દર્શન એટલે પ્રમેયનો પરિચ્છેદ. તે મતિ દર્શન निज्जूहंति - પૂર્વ લક્ષણ શ્રુત પર્યાય યૂથથી ઉદ્ધરેલ. उवट्ठाइंसु - ઉપસ્થિત થયા.

- x - x - अनतिक्रमणीय - ઓળંગવી અશક્ય. वागरण - પૂછે ત્યારે ઉત્તર અપાય તે. પુરુષાર્થની ઉપયોગીતાથી આ છ કહ્યા છે. અન્યથા નષ્ટ-મુષ્ટ-ચિંતા-લૂકા આદિ બીજા પણ ઘણાં નિમિત્તો દેખાય છે.

अजिणे जिणप्पलावि - અજિન એટલે વીતરાગ થઈને પોતાને જિન એમ પ્રકર્ષથી બોલવાના સ્વભાવવાળો, એ રીતે બીજા પદો કહેવા. વિશેષ એ કે - अर्हन् - પૂજા યોગ્ય, केवली - परिपूर्ण ज्ञानादि - x -

● સૂત્ર-૬૩૮ :-

*ત્યારે શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં ઘણાં લોકો પરસ્પર એકબીજાને આમ કહેવા યાવત્ પ્રરૂપવા લાગ્યા કે — હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર, ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી યાવત્ કહેવડાવતો વિચરે છે તો આ વાત કઈ રીતે માનવી ?*

*તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર જે ગૌતમ ગોત્રના હતા, યાવત્ નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરતા૦ એ પ્રમાણે જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યું છે યાવત્ ભ્રમણ કરતાં ઘણાં લોકોના શબ્દોને સાંભળે છે. ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે — હે દેવાનુપ્રિયો ! ખરેખર, ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી યાવત્ કહેતો વિચરે છે, તે કેમ માનવું ?*

*ત્યારે ગૌતમસ્વામીએ ઘણાં લોકો પાસે આ વાત સાંભળી, અવધારી યાવત્ જાતશ્રદ્ધ યાવત્ ભોજન-પાન દેખાડીને યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું — એ પ્રમાણે હે ભગવન્! હું ભ્રમણ કરતો હતો ત્યારે ઈત્યાદિ બધું કહેવું યાવત્ જિન શબ્દ પ્રકાશતો વિચરે છે. તો હે ભગવન્! આ વાત કેમ માનવી? તેથી હે ભગવન્! હું ગોશાળા મંખલિપુત્રના ઉત્થાન-પરિયાણ આપ કહો તેમ ઈચ્છુ છું.*

*ગૌતમાદિને સંબોધીને શ્રમણ ભગવન્ મહાવીરે ગૌતમસ્વામીને આમ કહ્યું — જે તે ઘણાં લોકો પરસ્પર એમ કહે છે-પ્રરૂપે છે - ખરેખર, ગોશાળો જિન, જિનપ્રલાપી યાવત્ કહેતો વિચરે છે. તે મિથ્યા છે. હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપુ છું કે —*

*— ખરેખર, આ ગોશાલક મંખલિપુત્રના 'મંખલિ' નામે મંખ પિતા હતા. તે મંખલિ મંખને ભદ્રા નામે સુકુમાલ યાવત્ પ્રતિરૂપ પત્ની હતી, ત્યારે તે ભદ્રા પત્ની અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ.*

*તે કાળે, તે સમયે શરવણ નામે સંનિવેશ હતું. તે ઋદ્ધિમય, સ્તિમિત યાવત્ દેવલોક સમાન પ્રકાશવાળુ, પ્રાસાદીય આદિ હતું. તે શરવણ સંનિવેશમાં ગોબહુલ બ્રાહ્મણ રહેતો હતો, તે આઢ્ય યાવત્ સંપરિભૂત, ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત હતો. ગોબહુલ 'બ્રાહ્મણની ગોશાળા' હતી. ત્યારે તે મંખલી મંખ અન્ય કોઈ દિવસે ગર્ભિણી પત્ની-ભદ્રા-સાથે હાથમાં ચિત્રફલક લઈને મંખપણાથી પોતાને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ચાલતો ગામ-ગામ વિચરતો જ્યાં શરવણ સંનિવેશ હતું, જ્યાં ગોબહુલ બ્રાહ્મણની ગોશાળા હતી, ત્યાં આવ્યો. આવીને ગોબહુલ બ્રાહ્મણની ગોશાળાના એક ભાગમાં ભાંડાદિ રાખ્યા. રાખીને શરવણ સંનિવેશના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યાએ ભટકતો વસતિમાં ચોતરફ માર્ગ ગવેષણા કરતો, વસતિમાં ચોતરફ બધે માર્ગ ગવેષણા કરવા છતાં અન્યત્ર વસતિ પ્રાપ્ત ન થતાં તે ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં એક ખૂણામાં નિવાસ કરીને રહ્યો.*



*ત્યારે તે ભદ્રા નવ માસ બહુ પ્રતિપૂર્ણ થયા, સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલ યાવત્ પ્રતિરૂપ બાળકને જન્મ આપ્યો.*

*ત્યારે તે બાળકના માતાપિતાએ અગીયારમો દિવસ વીત્યા પછી યાવત્ બારમે દિવસે આ - આવા પ્રકારે ગૌણ-ગુણનિષ્પન્ન નામ કર્યુ - જેથી અમારો આ બાળક ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં જન્મ્યો છે, તેથી અમારા આ બાળકનું નામ ગોશાળો-ગોશાલક થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ ગોશાલક નામ રાખ્યું.*

*ત્યારપછી તે ગોશાલક બાળક બાળભાવથી મુક્ત થયો, તેને વિજ્ઞાન પરિણમ્યુ. યૌવનને પામ્યો. સ્વયં સ્વતંત્રપણે એક ચિત્રફલક કર્યું, સ્વયં ચિત્રફલકને હાથમાં લઈ મંખપણે પોતાને ભાવિત કરતો વિચર્યો.*

● વિવેચન-૬૩૮ :-

બીજા શતકનો પાંચમો "નિર્ગ્રન્થ" ઉદ્દેશક परियान - વિવિધ વ્યતિકર પરિગમન, તે જ પારિયાનિક - ચરિત્ર. उत्थान - જન્મથી લઈને - x - मंख - ચિત્રફલક લઈને ફરતો ભિક્ષુક વિશેષ. सुकुमाल० સુકુમાર હાથ, પગ અને લક્ષણ-વ્યંજન ગુણોથી યુક્ત. रिद्धत्थिमिय - ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ, પ્રમુદીત, જન-જાનપદ. - x - पाडिएक्क - એક આત્મા પ્રતિ - x -

● સૂત્ર-૬૩૯ :-

*તે કાળે, તે સમયે હે ગૌતમ ! હું ૩૦-વર્ષ સુધી ગૃહવાસમાં રહીને, માતા-પિતા દેવગત થયા પછી. એ પ્રમાણે જેમ 'ભાવના' અધ્યયનમાં કહ્યું તેમ યાવત્ એક દેવદૂષ્ય ગ્રહણ કરીને મુંડ થઈને, ઘરથી નીકળીને અણગારપણે પ્રવ્રજિત થયો. ત્યારે હે ગૌતમ ! હું પહેલાં વર્ષાવાસમાં પાક્ષિક-પાક્ષિક તપ કરતો અસ્થિગ્રામની નિશ્રાએ પહેલું ચોમાસું રહ્યો.*

*બીજા વર્ષાવાસમાં માસ-માસક્ષમણ કરતો પૂર્વાનુપૂર્વી ચાલતા એક ગામથી બીજે ગામ વિચરતા જ્યાં રાજગૃહ નગર, જ્યાં નાલંદા બહાર જે તંતુવાય શાળા, ત્યાં આવ્યો. આવીને ત્યાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને - x - તે તંતુવાય શાળાના એક ભાગમાં વર્ષાવાસ સ્વીકારીને રહ્યો.*

*ત્યારે હે ગૌતમ ! હું પહેલું માસક્ષમણ સ્વીકારીને રહેલો હતો. ત્યારે તે*

ગોશાલક મંખલિપુત્ર હાથમાં ચિત્રફલક લઈને મંખપણે પોતાને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ચાલતો યાવત્ વિચરતો જ્યાં રાજગૃહનગર, જ્યાં નાલંદાની બહારની તંતુવાય શાળા, ત્યાં આવ્યો, આવીને તંતુવાય શાળાના એક ભાગમા ભાંડાદિ મૂક્યા. મૂકીને રાજગૃહનગરમાં ઉચ્ચ, નીચ યાવત્ અન્યત્ર ક્યાંય વસતિ ન મળતાં, તે જ તંતુવાય શાળાના એક ભાગમાં જ્યાં હું રહેતો હતો, ત્યાં હે ગૌતમ ! વર્ષાવાસ સ્વીકારી રહ્યો.

ત્યારપછી હે ગૌતમ ! પહેલાં માસક્ષમણના પારણામાં હું તંતુવાય શાળાથી નીકળ્યો. નીકળીને નાલંદાની બહારથી વચ્ચોવચ્ચ થઈને જ્યાં રાજગૃહનગર હતું ત્યાં આવ્યો, આવીને રાજગૃહ નગરના ઉચ્ચ-નીચ યાવત્ ભ્રમણ કરતાં વિજય ગાથાપતિના ઘરમાં પ્રવેશ્યો. ત્યારે તે વિજય ગાથાપતિ મને આવતો જોઈને હર્ષિત-સંતુષ્ટ થઈને જલ્દીથી આસનેથી ઉભો થયો, થઈને પાદપીઠ ઉપર પગ મૂકી નીચે ઉતર્યો. ઉતરીને એક શાટિક ઉત્તરાસંગ કર્યું, મસ્તકે હાથની અંજલિ જોડી, મારા તરફ સાત-આઠ પગલાં સામે આવ્યો. મને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને મને વંદન-નમસ્કાર કર્યા, કરીને મને વિપુલ-અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી પ્રતિલાભીશ એમ વિચારી સંતુષ્ટ થયો, પ્રતિલાભતા પણ સંતુષ્ટ થયો. પ્રતિલાભીને પણ સંતુષ્ટ થયો.

ત્યારપછી તે વિજય ગાથાપતિની તે દ્રવ્યશુદ્ધિ, દાયકશુદ્ધિ, તપસ્વી વિશુદ્ધિ, ત્રિકરણ શુદ્ધિ, પ્રતિગ્રાહક (પાત્ર) શુદ્ધિ, ત્રિવિધ-ત્રિકરણ શુદ્ધિથી દાન વડે મને પ્રતિલાભિત કરતા દેવાયુષ્ બાંધ્યું, સંસાર પરિમિત કર્યો, તેના ઘરમાં આ પંચ દિવ્યો પ્રગટ થયાં, તે આ - વસુધારા વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પોનો નિપાત, વસ્ત્રનો ઉત્ક્ષેપ, દેવદુંદુભીનો નાદ, તન્મધ્યે આકાશમાં ‘‘અહોદાનં-અહોદાનં’’ ઉદ્‌ઘોષણા.

ત્યારે રાજગૃહનગરમાં શ્રૃંગાટકે યાવત્ માર્ગમાં ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે - હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિને ધન્ય છે, વિજય ગાથાપતિ કૃતાર્થ છે, કૃતપુન્ય છે, કૃતલક્ષણ છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિનો આ લોક સફળ છે, વિજય ગાથાપતિનો મનુષ્ય જન્મ-જીવિત ફળ સુલબ્ધ છે કે જેના ઘરમાં તથારૂપ સાધુને સાધુરૂપ પ્રતિલાભિત કરતાં આ પાંચ દિવ્યો પ્રગટ થયા. જેમકે - વસુધારા વૃષ્ટિ યાવત્ અહોદાનં-અહોદાનંની ઉદ્‌ઘોષણા. તેથી તે ધન્ય, કૃતાર્થ, કૃતપુણ્ય, કૃતલક્ષણ, બંને લોક સાર્થક, સુલબ્ધ મનુષ્ય જન્મ-જીવિત ફળ તે વિજય ગાથાપતિના થયા.

ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર ઘણાં લોકો પાસે આ અર્થને સાંભળીને, સમજીને સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ, જ્યાં વિજય ગાથાપતિનું ગૃહ હતું ત્યાં આવ્યો, આવીને વિજય ગાથાપતિના ઘરમાં વસુધારાની વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પોનો નિપાત જોયો. મને વિજય ગાથાપતિના ઘરમાંથી નીકળતો જોયો, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ, મારી પાસે આવ્યો, મને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, મને વંદન-નમસ્કાર કર્યા, મને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! તમે મારા



ધર્માચાર્ય છો, હું તમારો ધર્મશિષ્ય છું ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલક મંખલિપુત્રની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પણ હું મૌન રહ્યો.

ત્યારપછી હે ગૌતમ ! હું રાજગૃહનગરથી નીકળ્યો, નીકળીને નાલંદાની બહાર વચ્ચોવચ્ચથી ચાલતા જ્યાં તંતુવાય શાળા હતી, ત્યાં આવ્યો. આવીને બીજુ માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારપછી, ગૌતમ ! હું બીજા માસક્ષમણના પારણે, તંતુવાયશાળાથી નીકળ્યો, નીકળીને નાલંદા બહારથી મધ્યમાં ચાલતા જ્યાં રાજગૃહનગર યાવત્ ભ્રમણ કરતો આનંદ ગાથાપતિના ઘરમાં પ્રવેશ્યો.

ત્યારે તે આનંદ ગાથાપતિ મને આવતો જોઈને૦ વિજય ગાથાપતિમાં કહ્યા મુજબ જાણવું. વિશેષ એ કે - મને વિપુલ ખાદ્ય વિધિથી પ્રતિલાભશે એમ વિચારી સંતુષ્ટ થયો. બાકી બધું પૂર્વવત્ —

— યાવત્ ત્રીજું માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારપછી હે ગૌતમ ! હું ત્રીજા માસક્ષમણના પારણે તંતુવાય શાળાથી નીકળ્યો. નીકળીને પૂર્વવત્ યાવત્ ભ્રમણ કરતાં સુનંદ ગાથાપતિના ઘેર પ્રવેશ્યો. ત્યારે સુનંદ ગાથાપતિનું વૃત્તાંત વિજય ગાથાપતિ માફક કહેવું. વિશેષ એ કે - મને સર્વકામગુણિત ભોજન વડે પ્રતિલાભ્યો. બાકી પૂર્વવત્ —

— યાવત્ ચોથું માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારે નાલંદા બહાર નીકટમાં એક કોલ્લાગ નામે સંનિવેશ હતું. સંનિવેશ વર્ણન કરવું તે કોલ્લાગ સંનિવેશમાં ‘બહુલ’ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત હતો. ત્યારે તે બહુલ બ્રાહ્મણ કાર્તિક ચાતુર્માસિકના પડવે વિપુલ મધુ-ઘૃત સંયુક્ત પરમાન્નથી બ્રાહ્મણોને (જમાડ્યા અને) આચમન કરાવ્યું. ત્યારે હે ગૌતમ! હું ચોથા માસક્ષમણના પારમએ તંતુવાય શાળાથી નીકળ્યો, નીકળીને નાલંદા બહાર વચ્ચોવચ્ચથી નીકળ્યો, નીકળીને જ્યાં કોલ્લાગ સંનિશ હતું, ત્યાં આવ્યો. કોલ્લાગ સંનિવેશના ઉચ્ચનીચ યાવત્ ભ્રમણ કરતા બહુલ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ્યો. ત્યારે તે બહુલ બ્રાહ્મણ મને આવતો જોઈને૦ - પૂર્વવત્ જાણવું. યાવત્ મને વિપુલ મધુ-ઘૃત સંયુક્ત પરમાન્નથી પ્રતિલાભશે એમ વિચારી તુષ્ટ થયો. બાકી વિજયગાથાપતિવત્ જાણવું યાવત્ બહુલ બ્રાહ્મણના (પ્રશંસિત છે.)

ત્યારે તે ગોશાળો મંખલિપુત્ર, મને તંતુવાયશાળામાં ન જોઈને રાજગૃહનગરમાં અંદર-બહાર ચોતરફ મારી માર્ગણા-ગવેષણા કરવા લાગ્યો. મારી ક્યાંય શ્રુતિ-ક્ષુતિ-પ્રવૃત્તિની જાણ ન થતાં જ્યાં તંતુવાય શાળા હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને શાટિકા, પાટિકા, કુંડિકા, ઉપાનહ ચિત્રફલક આદિ બ્રાહ્મણોને આપી દીધાં, આપીને દાઢી-મૂંછ સહિત મુંડન કરાવ્યું. કરાવીને તંતુવાયશાળાની બહાર નીકળ્યો. નીકળીને નાલંદા બાહિરિકાથી વચ્ચોવચ્ચ ચાલ્યો, પછી જ્યાં કોલ્લાગ સંનિવેશ હતું ત્યાં આવ્યો, ત્યારે તે કોલ્લાગ સંનિવેશની બહાર ઘણાં લોકોને પરસ્પર એમ કહેતા યાવત્ પ્રરૂપતા (સાંભળ્યા) હે દેવાનુપ્રિયો! બહુલ બ્રાહ્મણ ધન્ય છે, ઈત્યાદિ યાવત્ તેનો જન્મ, જીવિત સફળ છે.

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર ઘણાં લોકો પાસે આ અર્થ સાંભળી, અવધારીને આ - આવા પ્રકારનો તેને મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવન્ મહાવીરની જેવી ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ લબ્ધ-પ્રાપ્ત અને અભિસન્મુખ થયેલ છે, તેવી બીજા કોઈ તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની ઋદ્ધિ, દ્યુતિ યાવત્ પરાક્રમ લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ થયેલ નથી. તેથી નિઃસંદેહ આ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર અહીં જ હશે, એમ કરીને કોલ્લાગ સંનિવેશમાં અંદર-બહાર, ચારે તરફ મારી માર્ગણા-ગવેષણા કરી, મને ચોતરફ યાવત્ શોધતાં કોલ્લાગ સંનિવેશની બાહ્ય પ્રણિતભૂમિમાં મારી સન્મુખ આવી મળ્યો.*

*ત્યારે તે ગોશાળો હર્ષિત-સંતુષ્ટ થઈ મને ત્રણ વખત આદક્ષિણપ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આમ કહ્યું — હે ભગવન્! તમે મારા ધર્માચાર્ય છો, હું તમારો શિષ્ય છું. ત્યારે હે ગૌતમ! મેં ગોશાળાની આ વાતનો સ્વીકાર કર્યો. ત્યારપછી હે ગૌતમ! હું ગોશાલક મંખલિપુત્ર સાથે પ્રણિત ભૂમિમાં છ વર્ષ સુધી લાભ-અલાભ, સુખ-દુઃખ, સત્કાર-અસત્કારને અનુભવતો અનિત્ય જાગરિકા કરતો વિચર્યો.*

**● વિવેચન-૬૩૯ :-**

अगारवास - ગૃહવાસ, સેવીને, એ પ્રમાણે આચાર સૂત્રના બીજા શ્રુતસ્કંધના ૧૫માં ભાવના અધ્યયનમાં કહ્યા મુજબ. આના દ્વારા એમ સૂચવે છે કે — અભિગ્રહ સમાપ્ત થતાં, હિરણ્ય-સુવર્ણાદિનો ત્યાગ કરીને, પ્રવ્રજ્યા સ્વીકારના પ્રથમ વર્ષે, નિશ્રા કરીને પહેલું અંતરાવાસ-વર્ષના પ્રથમ અવસરમાં - જેમાં વર્ષા થાય તે અંતર વર્ષ અથવા અંતરમાં અર્થાત્ શોધેલ ક્ષેત્ર પ્રાપ્ત ન થવા છતાં સાધુને અવશ્ય આવાસ કરવો જોઈએ તે અંતરાવાસ અર્થાત્ વર્ષાકાળ એટલે ચાતુર્માસિક અવસ્થાન.

બીજા વર્ષે, કુવિંદશાળામાં. મુકુલાકાર હાથ કર્યા છે જેણે તે 'અંજલિ મઉલિય હત્થે'. दव्वशुद्ध - ઓદનાદિ દ્રવ્ય શુદ્ધ-ઉદ્‌ગમાદિ દોષરહિત દાન, दायगशुद्ध - આશંસાદિ દોષરહિત દાયક, એમ બીજું પણ. तिविहेण - ઉક્ત લક્ષણથી ત્રિવિધ અથવા કૃત-કારિત-અનુમિત ભેદથી, ત્રિકરણ-મન, વચન, કાયાથી શુદ્ધ. વસુધારા-દ્રવ્યરૂપ ધારાની વૃષ્ટિ.

- x - कयत्थ - સ્વ પ્રયોજનકૃત. कयलक्खण - ફળવત્ કૃત્. कया णं लोग - આ લોક, પરલોકના શુભ ફળને કરેલ, જન્મ અને જીવિતનું જે ફળ તે. तहारूव - તથાવિધ અવિજ્ઞાતવ્રત વિશેષ. साधौ - શ્રમણમાં, साधुरूप - સાધુ આકાર, धम्मंतेवासी - શિલ્પાદિના ગ્રહણને માટે પણ શિષ્ય થાય, તેથી કહે છે — ધર્મ-શિષ્ય.

खज्जगविही - ખંડ-ખાદ્યાદિ લક્ષણ ભોજન વડે. गुणिय - અભિલાષભૂત રસાદિથી થયેલ, તે સર્વ કામગુણિત, परमन्न - ખીર વડે. आयामेत्थ - તે ભોજનદાન પછી, તેની શુદ્ધિ માટે આચમન કરાવીને અર્થાત્ જમાડીને. सब्भिंतरबाहिरिए - બાહ્ય અને અભ્યંતર સહિત. मग्गणगवेसण - અન્વયથી માર્ગણ અને વ્યતિરેકથી ગવેષણ. - x - सुइ - સંભળાય તે શ્રુતિ-શબ્દ, તેમાં આંખ વડે જોતાં,અર્થ શબ્દથી નિશ્ચય



કરાયેલ શ્રુતિ લેવી. खुइ - ક્ષુતિ, છીંક. આ પણ ન દેખાતાં મનુષ્યની હોય. पवत्ति - પ્રવૃત્તિ, વાર્તા.

साडिया - પરધાન વસ્ત્રો, पाडिया - ઉત્તરીય વસ્ત્રો, ક્યાંક भंडिया - રાંધવાના વાસણ, પણ દેખાય છે. माहणे आयाम - શાટિકાદિ બ્રાહ્મણને આપે છે. सउत्तरोट्ठ - દાઢી-મુંછ સહિત. मुंड - મુંડન કરાવ્યું. पणियभूमि - ભાંડ વિશ્રામ સ્થાન અથવા મનોજ્ઞભૂમિમાં. अभिसमन्नागए - મળ્યો. - x - ભગવંતે અક્ષીણ રાગપણાથી, પરિચયથી કિંચિત્ સ્નેહ ગર્ભિત અનુકંપાથી, છદ્મસ્થતાથી અનાગત દોષ ન જાણીને અને અવશ્ય થનાર એમ સમજીને એ (અર્થ) વાતને સ્વીકારી, અનિત્ય ચિંતા કરી.

**● સૂત્ર-૬૪૦ :-**

*ત્યારપછી હે ગૌતમ ! હું અન્ય કોઈ દિવસે પ્રથમ શરદકાળ સમયમાં (જ્યારે) અલ્પવૃષ્ટિ થયેલ (ત્યારે) ગોશાળા સાથે સિદ્ધાર્થગ્રામ નગરથી કુર્મારગ્રામ નગરે વિહાર કરવા નીકળ્યો, તે સિદ્ધાર્થગ્રામ નગરથી કુમરિગ્રામ નગરના અંતરમાં એક મોટો તલનો છોડ, પુષ્પ-પત્ર યુક્ત હર્યોભર્યો, શ્રી વડે અતિ શોભતો રહેલો હતો. ત્યારે તે ગોશાળાએ તલનો છોડ જોઈને, મને વંદન-નમસ્કાર કરીને આમ પૂછ્યું કે — હે ભગવન્ ! આ તલનો છોડ નિષ્પન્ન થશે કે નહીં ? આ સાત તલપુષ્પજીવો મરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? (ત્યારે મેં કહ્યું) આ તલનો છોડ નિષ્પન્ન થશે, આ સાત તલ પુષ્પ મરીને આજ તલના છોડમાં સાત તલ રૂપે ઉત્પન્ન થશે.*

*ત્યારે તે ગોશાળાએ મેં આમ કહેતા, આ વાતની શ્રદ્ધા ન કરી, પ્રતીતિ ન કરી, રુચી ન કરી, આ કથનની અશ્રદ્ધા, અપ્રીતિ, અરુચિ કરીને મારા નિમિત્તે "આ મિથ્યાવાદી થઈ જાય" તેમ વિચારીને મારી પાસેથી ધીમે-ધીમે પાછળ સરક્યો, સરકીને જ્યાં તલનો છોડ હતો ત્યાં ગયો. જઈને તે તલના છોડને માટી સહિત સમૂલ ઉખાડીને એકાંતે ફેંકી દીધો. હે ગૌતમ ! તે જ ક્ષણે દિવ્ય વાદળો પ્રગટ થયા, ત્યારપછી તે દિવ્ય વાદળ જલ્દીથી ગર્જવા લાગ્યા, તુરંત જ વિજળીઓ થવા લાગી, શીઘ્રતાથી અતિ માટી કે અતિ પાણી ન થાય તે રીતે પાણીની બુંદો વરસી, રજ અને ધૂળને શાંત કરી દીધી, દિવ્ય સલીલ-ઉદક વર્ષા વરસી, જ્યાં તે તલનો છોડ રહેલો, તે ત્યાં જ ચોંટી ગયો, ત્યાંજ બદ્ધમૂલ થઈને ત્યાંજ સ્થિર થઈ ગયો. તે સાત તણપુષ્પના જીવો મરીને ફરી તે જ તલના છોડમાં એક તલફલિકામાં સાત તલરૂપે ઉત્પન્ન થયા.*

**● વિવેચન-૬૪૦ :-**

સિદ્ધાંત ભાષાથી માગસર-પોષને શરદ કહે છે. તેમાં પ્રથમ શરત્‌કાળ એટલે માગસરમાં, વર્ષા થયેલ ન હતી ત્યારે, બીજા કોઈ આસો અને કારતકને શરદ્‌ઋતુ કહે છે. "અલ્પવૃષ્ટિને કારણે તેમાં પણ વિચરણમાં કોઈ દોષ નથી "— આ વાત અસંગત છે. ભગવંત પણ અવશ્ય પર્યુષણના કર્તવ્યપણાથી, પર્યુષણ કલ્પ કરે. हरियगरेरिज्जमाण - વનસ્પતિથી અતિ શોભતું. - - "ત્યારે મેં ગોશાળાને આમ કહ્યું." અહીં જો કે ભગવંતને પૂર્વકાળે સ્વીકૃત્ મૌનનો અભિગ્રહ છતાં ઉત્તર

આપવાને માટે કદાચ કોઈ વચનની છુટ્ટી અભિગ્રહમાં સંભવે છે.

तिलसंगलियाए - તલની ફળીમાં, ममं पणिहाय - મને આશ્રીને ''આ મિથ્યાવાદી થાઓ'' એવો વિકલ્પ કરીને. अब्भवद्दलए - અભ્ર રૂપ વાર-પાણીના દલિકો. पतणतणायइ - પ્રકર્ષથી ગર્જે છે. - x - नाइमट्टियं - અતિ કાદવ નહીં તે રીતે. पविरलपप्फुसिय - પ્રવિરલ વિપ્રુષ, रयरेणुविणासण - રજ એટલે વાયુથી ઉડેલ આકાશવર્તી રેણુ - ભૂમિસ્થિત ધૂળ, તે બંનેને ઉપશમક, सलिलोदग - શીતાદિ મહાનદીના જેવો રસમય.

● **સૂત્ર-૬૪૧ થી ૬૪૪ :-**

*[૬૪૧] ત્યારપછી હે ગૌતમ ! હું ગોશાલક મંખલિપુત્ર સાથે જ્યાં કુંડગ્રામનગર હતું ત્યાં આવ્યો, ત્યારે તે કુંડગ્રામ નગરની બહાર વૈશ્યાયન નામે બાલ તપસ્વી નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપકર્મ સાથે બે હાથને ઉંચા કરી-કરીને સૂર્યાભિમુખ રહી, આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચરતો હતો. સૂર્યના તેજથી તપેલી તે 'જુ'ઓ ચોતરફ પડતી હતી. પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વની અનુકંપાથી તે પડતી એવી 'જુ'ને વારંવાર ત્યાંને ત્યાં રાખતો હતો.*

*ત્યારે તે ગોશાળાએ વૈશ્યાયન બાલતપસ્વીને જોયો, જોઈને મારી પાસેથી ધીમે-ધીમે પાછળ સરક્યો, સરકીને જ્યાં વૈશ્યાયન બાલતપસ્વી હતો, ત્યાં ગયો, જઈને બાલતપસ્વીને આમ કહ્યું. શું તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ છો કે 'જૂ'ના સજ્જાતર છો ? ત્યારે તે વૈશ્યાયને ગોશાળાના આ કથનનો આદર ન કર્યો, સ્વીકાર્યુ નહીં, પણ મૌન રહ્યો. ત્યારે તે ગોશાળાએ, વૈશ્યાયનને બે ત્રણ વખત આમ પૂછ્યું કે — શું તમે તત્ત્વજ્ઞ કે મુનિ યાવત્ શય્યાતર છો ?*

*ત્યારે તે વૈશ્યાયને ગોશાળાએ બે-ત્રણ વખત આમ કહેતા શીઘ્ર કોપિત થયો યાવત્ દાંત કચકચાવતો આતાપના ભૂમિથી ઉતર્યો, ઉતરીને તૈજસ સમુદ્ઘાતથી સમવહત થયો, થઈને સાત-આઠ પગલાં પાછો ખસ્યો, ખસીને ગોશાળાના વધને માટે શરીરમાં રહેલ તેજને બહાર કાઢ્યું, ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાની અનુકંપા માટે વૈશ્યાયનના તેજ ને પ્રતિસંહરણાર્થે તેના માર્ગમાં શીતલ તેજોલેશ્યા બહાર કાઢી, જેથી મારી શીતલ તેજોલેશ્યાથી વૈશ્યાયનની તેજોલેશ્યાનો પ્રતિઘાત થઈ જાય.*

*ત્યારે તે વૈશ્યાયન, મારી શીતલ તેજોલેશ્યાથી પોતાની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત થયો જાણીને ગોશાળાના શરીરને કંઈ પણ આબાધા કે વ્યાબાધા કે શરીર છેદ ન કરી શક્યાનું જોઈને, પોતાની તેજોલેશ્યાને પાછી સંહરી લીધી. સંહરીને મને એમ કહ્યું કે મેં જાણી લીધું ભગવન્ ! મેં જાણી લીધું.*

*ત્યારે તે ગોશાળાએ મને એમ કહ્યું કે — ભગવન ! આ જૂંઓના શય્યાતરે, આપને એમ શું કહ્યું કે ''મેં જાણી લીધું, ભગવન્ ! મેં સમજી લીધું.'' ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાને કહ્યું કે હે ગોશાળા ! તું વૈશ્યાયન બાલતપસ્વીને જોઈને મારી પાસેથી મૌનપૂર્વક પાછો સરકીને વૈશ્યાયન પાસે ગયો, જઈને વૈશ્યાયનને પૂછ્યું કે — શું તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ છો અથવા જૂંઓના*



*શય્યાતર છો ? ત્યારે તે વૈશ્યાયને, તારા આ કથનનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો પણ મૌન રહ્યા. ત્યારે હે ગૌશાળા ! તે બાલતપસ્વીને બીજી-ત્રીજી વખત પણ પૂછ્યું કે — તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ યાવત્ શય્યાતર છો ?, ત્યારે તે વૈશ્યાયને, તને બીજી-ત્રીજી વખત આમ કહેતો જાણીને અતિ કોપિત થઈ યાવત્ પાછા ખસ્યા, ખસીને તારા વધને માટે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી. ત્યારે હે ગોશાળા ! મેં તારી અનુકંપાથી વૈશ્યાયન બાલતપસ્વીની ઉષ્ણ તેજોલેશ્યાના પ્રતિસંહરણ માટે, તેના માર્ગમાં શીતલ તેજોલેશ્યા છોડી યાવત્ તેને પ્રતિહત જાણીને તારા શરીરને કંઈપણ આબાધા કે વ્યાબાધા કે શરીર છેદ ન કરાયેલ જોઈને તેણે ઉષ્ણ તેજોલેશ્યા પાછી સંહરી લીધી, સંહરીને મને કહ્યું — ભગવન્ ! મેં જાણી લીધું, ભગવન્ ! મેં સમજી લીધું.*

*ત્યારે તે ગોશાલકે મારી પાસેથી આ અર્થને સાંભળી, અવધારીને ભયભીત થયો યાવત્ સંજાત ભયથી મને વંદન, નમન કરીને, મને એમ પૂછ્યું કે — ભગવન્ ! સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા કઈ રીતે પ્રાપ્ત થાય ? ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલકને કહ્યું — ગોશાલક ! જે નખસહિત બંધ કરેલ મુઠ્ઠી જેટલા અડદના બાકુળા તથા એક કોગળા જેટલાં પાણીથી નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપશ્ચરણપૂર્વક બંને હાથ ઉંચા રાખીને યાવત્ આતાપના લઈ વિચરે, તેને છ માસને અંતે સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે. ત્યારે ગોશાલકે મારી આ વાતને સમ્યક્ વિનયપૂર્વક સ્વીકારી.*

*[૬૪૨] ત્યારે હે ગૌતમ ! હું અન્ય કોઈ દિવસે ગોશાળા મંખલિપુત્રની સાથે કૂર્મગ્રામ નગરથી સિદ્ધાર્થ ગ્રામ નગરે વિચરવા નીકળ્યો. જ્યારે અમે તે સ્થાનની નજીક આવ્યા. જ્યાં તે તલનો છોડ હતો, ત્યારે તે ગોશાળાએ કહ્યું — ભગવન્ ! આપે તે દિવસે મને આમ કહેલ યાવત્ પ્રરૂપેલ કે હે ગોશાળા ! આ તલનો છોડ નિષ્પન્ન થશે, યાવત્ સાત તલ ઉત્પન્ન થશે. તે મિથ્યા છે, તે આ પ્રત્યક્ષ દેખાય છે કે આ તે તલનો છોડ નિષ્પન્ન થયો નથી, અનિષ્પન્ન જ છે અને તે સાત તલપુષ્પજીવો ચ્યવીને આ તલના છોડમાં, તેની એક તલની ફળીમાં સાત તલ ઉત્પન્ન થયા નથી.*

*ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાને કહ્યું — ત્યારે મેં કહેલા યાવત્ પ્રરૂપેલા આ કથનની તે શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરી ન હતી. એ કથનની અશ્રદ્ધા, અપ્રીતિ, અરુચિ કરતો, મારા નિમિત્તે આ મિથ્યાવાદી થાઓ, એમ વિચારી મારી પાસેથી નીકળી, ધીમે ધીમે પાછો ખસ્યો, ખસીને જ્યાં તલનો છોડ હતો, ત્યાં ગયો. યાવત્ એકાંતમાં તે છોડ ફેંકી દીધો. હે ગોશાળા ! તત્ક્ષણ જ દિવ્ય વાદળો પ્રગટ્યા. ત્યારે તે દિવ્ય વાદળો યાવત્ તે તલનો છોડ એક તલ ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયો. હે ગોશાળા ! એ રીતે તે તલનો છોડ નિષ્પન્ન જ છે, અનિષ્પન્ન નથી, તે સાત તલ પુષ્પજીવો પણ મરીને આ જ તલનો છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે. આ પ્રકારે હે ગોશાલક ! વનસ્પતિકાયિક પ્રવૃત્ત પરિહાર પરિહરે છે.*

*ત્યારે તે ગોશાલકે મારા એ કથનની યાવત્ પ્રરૂપેલા એ અર્થની શ્રદ્ધાદિ ન કર્યા, એ કથનની અશ્રદ્ધા યાવત્ અરૂચિ કરી, જ્યાં તલનો છોડ હતો, ત્યાં જઈને તલના છોડની તલફળી તોડી તોડીને તેને હથેલીમાં રાખીને મસળીને સાત તલ બહાર કાઢ્યા. ત્યારપછી તે ગોશાળાએ તે સાત તલને ગણતાં આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો - બધાં જીવ આ પ્રકારે પરિવૃત્ય પરિહાર કરે છે. હે ગૌતમ ! આ ગોશાલકનો પરિવર્ત્ત છે અને હે ગૌતમ ! આ ગોશાળાનું મારી પાસેથી પોતાનું પૃથક્ વિચરણ છે.*

*[૬૪૩] ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે નખસહિત એક મુઠ્ઠીમાં આવે તેટલાં અડદના બાકુળા અને એક કોગળા જેટલું પાણી લઈને નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મ પૂર્વક, બે હાથને ઉંચા રાખીને યાવત્ વિચરવા લાગ્યો. ત્યારે તે ગોશાળાને છ માસને અંતે સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા ઉત્પન્ન થઈ.*

*[૬૪૪] ત્યારે તે ગોશાલક મંખલિપુત્રને અન્ય કોઈ દિવસે આ છ દિશાચરો, તેની પાસે આવ્યા. તે આ - શાણ આદિ પૂર્વવત્ કહેવું યાવત્ અજિન હોવા છતાં જિન શબ્દ પ્રકાશતો વિચરે છે.*

*હે ગૌતમ ! ખરેખર તે ગોશાળો જિન નથી, તે જિનપ્રલાપી યાવત્ જિનશબ્દને બોલતો વિચરે છે. વસ્તુતઃ ગોશાળો અજિન છે, જિનપ્રલાપી છે યાવત્ જિન શબ્દને સ્વયં પ્રકાશતો વિચરે છે.*

*ત્યારપછી તે મહા મોટી મહત્ પર્ષદા શિવની જેમ પાછી ફરી.*

*ત્યારે શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટકે યાવત્ ઘણાં લોકો પરસ્પર યાવત્ પ્રરૂપવા લાગ્યા કે હે દેવાનુપ્રિયો! ગોશાળો પોતાને જિન, જિનપ્રલાપી કહેતો યાવત્ વિચરે છે, તે મિથ્યા છે. શ્રમણ ભગવન્ મહાવીર એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે તે ગોશાલક મંખલિપુત્રના મંખલી નામે મંખ પિતા હતા, ઈત્યાદિ બધું પૂર્વોક્ત કથન જાણવું - કહેવું યાવત્ તે જિન નથી છતાં જિન શબ્દ બોલતો વિચરે છે. પણ તે ગોશાળો જિન નથી, માત્ર જિનપ્રલાપી થઈ વિચરે છે. શ્રમણ ભગવન્ મહાવીર જિન છે, જિન કહેતા એવા યાવત્ જિન શબ્દને પ્રકાશતા વિચરે છે.*

*ત્યારે તે ગોશાળાએ ઘણાં લોકો પાસે આ કથન સાંભળીને અવધાર્યું. તે અતિ ક્રોધિત થયો યાવત્ દાંત કચકચાવતો આતાપના ભૂમિથી નીચે ઉતર્યો, ઉતરીને શ્રાવસ્તીનગરી વચ્ચોવચ્ચથી હાલાહલા કુંભારણની કુંભારાપણે આવ્યો. આવીને હાલાહલા કુંભારણની કુંભારાપણમાં આજીવિક સંઘથી પરિવૃત્ત થઈને, અતિ રોષ ધારણ કરતો ત્યાં રહ્યો.*

● વિવેચન-૬૪૧ થી ૬૪૪ :-

પ્રાણાદિની સામાન્યથી જે દયા, તેના વડે અથવા 'જૂ' જ ઉચ્છ્વાસાદિ પ્રાણથી ભાવથી પ્રાણ છે, હોવાના ધર્મકત્વથી ભૂત, ઉપયોગ લક્ષણત્વથી જીવ, સત્વ યુક્તતાથી સત્ત્વ. किं भवं मुणी मुणिए . શું તમે તપસ્વી છો કે જ્ઞાત તત્ત્વ છો અથવા શું તમે તપસ્વી છો અથવા શું તમે યતિ કે ગ્રહગૃહિત છો? કે વિકલ્પે જૂઓના સ્થાન દાતા છો?



सत्तट्ठ पयाइं० પ્રત્યત્ન વિશેષાર્થે ઉંટની જેમ પ્રહાર કરવા, सीउसिणं तेयलेस्सं - પોતે કરેલી ઉષ્ણ તેજોલેશ્યા. से गयमेयं भगवंगयगयमेयं - હે ભગવન્ ! મેં તે જાણ્યું-સમજી લીધું કે ભગવન્ આપની કૃપાથી આ બળ્યો નથી. સંભ્રમાર્થે ગત શબ્દનું પુનઃ પુનઃ ઉચ્ચારણ છે અહીં ભગવંતે ગોશાળાનું સંરક્ષણ કર્યુ, તે સરાગત્વ અને સત્ત્વદયાથી છે, જે સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિઓનું ન કર્યુ તે વીતરાગત્વથી અને અનુપજીવકત્વ લબ્ધિ અથવા અવશ્યં ભાવિભાવત્વથી જાણવું.

संखित्तविउल तेयलेसे - સંક્ષિપ્ત અપ્રયોગકાળમાં અને વિપુલ-પ્રયોગકાળમાં તેજોલેશ્યા લબ્ધિ વિશેષ. सनहाए - નખ સહિત અર્થાત્ જે મુઠ્ઠી બંધ કરાતા આંગળીના નખ અંગુઠા નીચે રહે कुम्मासपिंडियाए - કુલ્માષ એટલે અડધા પક્વ મગ આદિ કે અડદ, वियडासएण - વિકટ એટલે જળ, તેનો આશય કે આશ્રય-સ્થાન. તેને વૃદ્ધો ચુલ્લુભર (કોળીયા જેટલું) કહે છે - x - x -

वणस्सइकाइयाओ पउट्टपरिहार - પરિવૃત્ય એટલે મરી મરીને તે જ વનસ્પતિશરીરનો પરિભોગ, તેમાં જ ઉત્પાદ. खुड्डइ - તોડે છે, पउट्ट - પરિવર્તવાદ, - x - x - जहा सिवे - શિવરાજર્ષિ ચરિત્ર મુજબ. एवं वावि - પ્રજ્ઞાપકને જણાવતું ઉપચિહન.

● સૂત્ર-૬૪૫ થી ૬૪૭ :-

*[૬૪૫] તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના શિષ્ય, આનંદ નામે સ્થવિર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મ વડે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા. ત્યારે તે આનંદ સ્થવિર છઠ્ઠ તપના પારણે પ્રથમ પોરિસિમાં જેમ ગૌતમસ્વામીમાં કહેલું તેમ પૂછે છે, તે રીતે યાવત્ ઉચ્ચ-નીચ-મધ્યમ યાવત્ (ગૃહોમાં) ભ્રમણ કરતાં હાલાહલા કુંભારણની કુંભારાપણની નજીકથી પસાર થયા.*

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે આનંદસ્થવિરને હાલાહલા કુંભારણની કુંભારાપણની નીકટથી પસાર થતાં જોયા. જોઈને આમ કહ્યું — હે આનંદ ! અહીં આવ. એક મોટું દૃષ્ટાંત સાંભળ.*

*ત્યારે તે આનંદ સ્થવિર ગોશાળાએ આમ કહ્યું ત્યારે હાલાહલા કુંભારણની કુંભારાપણમાં જ્યાં ગોશાળો હતો ત્યાં આવ્યા. ત્યારે તે ગોશાલકે આનંદ સ્થવિરને કહ્યું — હે આનંદ ! એ પ્રમાણે આજથી ઘણાં વર્ષો પૂર્વે કેટલાંક ઉચ્ચ-નીચ વણિકો અર્થીઅર્થી, અર્થલુબ્ધ, અર્થગવેષી, અર્થકાંક્ષિત, અર્થપિપાસુ, અર્થની ગવેષણાર્થે વિવિધ વિપુલ કરિયાણાના વાસણાદિના ગાડા-ગાડી ભરીને અને ઘણું જ ભોજન-પાનનું પાથેય લઈને એક મહાન્ અગામિક, અનૌઘિક, છિન્નાપાત, લાંબા માર્ગવાળી અટવીમાં પ્રવેશ્યા.*

*ત્યારે તે વણિકોએ, તે અકામિત, અનૌઘિક, છિન્નાપાત દીર્ઘ માર્ગવાળી અટવીના કોઈ દેશમાં પહોંચીને તે પૂર્વગૃહિત પાણી અનુક્રમે પીતા-પીતા તે પાણી પુરુ થઈ ગયું. ત્યારે તે વણિકો, પાણી ખલાસ થઈ જવાથી તૃષાથી પરાભૂત થઈને પરસ્પર બોલાવીને, એકબીજાને કહ્યું — હે દેવાનુપ્રિયો! આ પ્રમાણે આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં કોઈ દેશ ભાગમાં પહોંચતા જ તે પૂર્વગૃહિત ઉદક*

અનુક્રમે પીવાતા-પીવાતા ખલાસ થઈ ગયેલ છે. તો હે દેવાનુપ્રિયો! આપણા માટે એ શ્રેયસ્કર છે કે આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ પાણીની માર્ગણા-ગવેષણા કરીએ. એમ વિચારી પરસ્પર પાસે આ કથનનો સ્વીકાર કર્યો.

ત્યારપછી તે અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ પાણીની માર્ગણા ગવેષણા કરે છે. ચોતરફ પાણીની માર્ગણા ગવેષણા કરતાં એક મોટા વનખંડમાં પહોંચ્યા, જે કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ પ્રસન્નતાદાયક અને પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતું. તે વનખંડના બહુ મધ્ય દેશભાગમાં એક મોટો રાફડો જોયો. તે રાફડાના ચાર ઉંચે ઉઠેલા, સિંહની કેશરા સમાન ચાર શરીર હતા. તીર્છા ફેલાયેલા હતા. નીચે અર્દ્ધસર્પાકારે, અર્ધસર્પ સંસ્થાન સંસ્થિત પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા.

ત્યારે તે વણિકો હર્ષિત, સંતુષ્ટ૦ થઈને એકબીજાને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ માર્ગણા-ગવેષણા કરતાં આ વનખંડ જોયું જે કૃષ્ણ યાવત્ કૃષ્ણાવભાસ છે, આ વનખંડના બહુમધ્યદેશ ભાગમાં આ રાફડો જોયો, આ રાફડાના અતિ ઉંચા યાવત્ પ્રતિરૂપ ચાર શરીરાકાર છે. તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે આ રાફડાના પહેલાં શિખરને ભેદીએ. અહીં ઘણું ઉદાર શ્રેષ્ઠ પાણી મળશે. ત્યારે તે વણિકોએ પરસ્પર પાસે આ કથન સ્વીકાર્યું, પછી તે રાફડાનું પહેલું શિખર ભેદ્યુ. તેઓએ ત્યાં સ્વચ્છ, પથ્ય, ઉત્તમ, હલકું, સ્ફટિકવર્ણી ઉદાર શ્રેષ્ઠ જળને જોયું. ત્યારે તે વણિકો હૃષ્ટ-તુષ્ટ૦ થઈને તે પાણી પીધું, પોતાના વાહનોને પાયું, વાસણો ભર્યા.

ફરી વખત તેઓએ એકબીજાને આમ કહ્યું — એ રીતે હે દેવાનુપ્રિયો ! આપણે આ રાફડાના પહેલાં શીખરને ભેદતા ઉદાર, શ્રેષ્ઠ જળ મેળવ્યું. હે દેવાનુપ્રિયો ! આપણે માટે શ્રેયસ્કર છે કે આ રાફડાના બીજા શિખરને પણ ભેદીએ. તેનાથી આપણને પર્યાપ્ત ઉત્તમ સુવર્ણરત્ન પ્રાપ્ત થશે. ત્યારે તે વણિકો એકબીજાની પાસે આ કથનને સાંભળીને, તે રાફડાનું બીજું શિખર ભેદ્યુ, તેઓએ ત્યાં સ્વચ્છ, જાત્ય, તપનીય, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, ઉદાર, શ્રેષ્ઠ સુવર્ણ પ્રાપ્ત કર્યું. ત્યારે તે વણિકોએ હર્ષિત, સંતુષ્ટ થઈને ભાજનો, ભર્યા, ભરીને વાહનોને પણ ભરી લીધાં.

ત્રીજા વખત પણ એકબીજાને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ રાફડાનું પહેલું શિખર ભેદ્યુ અને ઉદાર શ્રેષ્ઠ જળ મળ્યું. બીજા શિખરને ભેદ્યુ અને ઉદાર શ્રેષ્ઠ સુવર્ણ મળ્યું. હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે આ રાફડાનું ત્રીજું શિખર પણ ભેદીએ. એમાંથી આપણને ઉદાર મણિરત્ન પ્રાપ્ત થશે. ત્યારે તે વણિકોએ એકબીજા પાસે આ કથનને સ્વીકાર્યું, સ્વીકારીને તે રાફડાનું ત્રીજું શિખર પણ ભેદ્યુ, તેમાંથી વિમલ, નિર્મલ, અતિ ગોળ, નિષ્કલ, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, ઉદાર, મણિરત્નો પ્રાપ્ત કર્યા. ત્યારે તે વણિકોએ હર્ષિત, સંતુષ્ટ થઈને વાસણો અને પ્રવહણ ભરી લીધાં.

ચોથી વખત એકબીજાને બોલાવીને કહ્યું — દેવાનુપ્રિયો ! આપણે આ



રીતે આ રાફડાનું પહેલું શિખર ભેદીને ઉદાર શ્રેષ્ઠ જળ મેળવ્યું, બીજા શિખરને ભેદીને ઉદાર સુવર્ણ રત્ન મેળવ્યું, ત્રીજું શિખર ભેદીને ઉદાર મણિરત્ન મેળવ્યું, આપણે શ્રેયસ્કર છે કે આ રાફડાનું ચોથું શિખર ભેદીને ઉત્તમ, મહાર્ઘ, મહાર્હ ઉદાર વજરત્ન મેળવશું.

ત્યારે તે વણિકોમાંનો એક વણિક, જે હિતકામી, સુખકામી, પથ્યકામી, અનુકંપક, નિઃશ્રેયસિક, હિતસુખનિઃશ્રેયસકામી હતો, તે વણિકે આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાના પહેલા શિખરને ભેદીને ઉદાર, શ્રેષ્ઠ જળ યાવત્ ત્રીજા શિખરને ભેદીને ઉદાર મણિરત્નો પ્રાપ્ત કર્યા. હવે બસ કરો. આપણે માટે આટલું પર્યાપ્ત છે, આ ચોથા શિખરને ન ભેદો, ચોથું શિખર આપણે ઉપસર્ગ કરનારું થશે. ત્યારે તે વણિકોએ તે હિતકામી, સુખકામી યાવત્ હિતસુખ નિઃશ્રેયસકામી વણિકને આમ કહેતા યાવત્ પ્રરૂપતા, તે અર્થની શ્રદ્ધા યાવત્ રુચિ ન કરી, આ કથનની અશ્રદ્ધા યાવત્ અરુચિ કરીને તે રાફડાનું ચોથું શિખર ભેદ્યુ.

તેમાંથી ત્યાં ઉગ્રવિષ, ચંડવિષ, ઘોરવિષ, મહાવિષ, અતિકાય, મહાકાય, મસિ અને મૂષા સમાન કાળો, વિષ-રોષ પૂર્ણ નયનવાળો, અંજનપુંજ સમાન કાંતિવાળો, લાલ આંખોવાળો, ચંચળ-ચાલતી-યમલયુગલ જીભવાળો, પૃથ્વીતલની વેણી સમાન, ઉત્કટ-સ્ફૂટ-કુટિલ-જટિલ-કર્કશ-વિકટ-ફટાટોપ કરવામાં દક્ષ, લુહારની ધમણ સમાન ધમધમતો - અનાકલિત્ત પ્રચંડ તીવ્ર રોષવાળો-સમુખી-ત્વરિત-ચપળ-ધમધમ કરતો દૃષ્ટિવિષ સર્પ સંઘટ્ટિત થયો. ત્યારે તે દૃષ્ટિવિષ સર્પ, તે વણિકોથી સંઘટ્ટન પામતા અતિ ક્રોધિત થયો યાવત્ મિસમિસાટ કરતો ધીમે ધીમે ઉઠ્યો, ઉઠીને સરસર કરતો રાફડાના શિખરતલે ચડ્યો, ચડીને સૂર્યને એકીટસે જોયો. જોઈને તે વણિકોને અનિમેષ દૃષ્ટિએ ચોતરફ જોયા. ત્યારે તે વણિકો, તે દૃષ્ટિવિષ સર્પ વડે અનિમેષ દૃષ્ટિએ ચોતરફથી સારી રીતે અવલોકાતા (જોવાતા) શીઘ્ર જ ભાંડ-માત્ર-ઉપકરણ સમેત એક જ પ્રહારથી કૂટાઘાત સમાન ભસ્મરાશિ થઈ ગયા.

તેમાં જે વણિક તે વણિકોનો હિતકામક યાવત્ હિત-સુખ-નિઃશ્રેયસકામક હતો, તેની અનુકંપાથી દેવતાએ ભાંડ-માત્ર-ઉપકરણ સહિત તેને તેના પોતાના નગરમાં પહોંચાડી દીધો.

એ પ્રમાણે હે આનંદ ! તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ, જ્ઞાતપુત્ર, ઉદારપર્યાય પ્રાપ્ત કરેલ છે. ઉદાર કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોકને દેવ-મનુષ્ય-અસુર સહિતના લોકમાં પુરાય છે, ગુંજે છે, સ્તવાય છે કે ‘‘આ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીર છે.’’ પણ જો મારા વિષયમાં આજ પછી કંઈપણ કહેશે, તો જેમ તે રાફડાના સર્પે પોતાના તપ, તેજથી એક જ પ્રહારમાં-કૂટાઘાતથી તે વણિકોને બાળીને રાખ કરી દીધા, તેમ હું પણ તેમને બાળીને રાખ કરી દઈશ, પરંતુ હે આનંદ ! જેમ તે વણિક, તે વણિકોનો હિતકામક યાવત્ નિઃશ્રેયસકામક હતો, તેને અનુકંપાથી દેવતાએ ભાંડ-માત્ર-ઉપકરણ સહિત યાવત્ નગરમાં પહોંચાડ્યો. તેમ હું પણ તારું સંરક્ષણ અને સંગોપન કરીશ. તેથી હે આનંદ ! તું જા અને

*તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કર.*

*ત્યારે તે આનંદ સ્થવિર ગોશાલક પાસે આ વાત સાંભળીને ભયભીત થયો યાવત્ સંજાતભય, ગોશાળા પાસેથી હાલાહલ કુંભારણની કુંભકારાપણથી નીકળ્યો, નીકળીને શીઘ્ર, ત્વરિત શ્રાવસ્તી નગરીની મધ્યેથી નીકળ્યો, નીકળીને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણપ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું — હે ભગવન્ ! એ પ્રમાણે છટ્ઠ તપના પારણે આપની અનુજ્ઞા પામીને શ્રાવસ્તી નગરીના ઉચ્ચ-નીચ યાવત્ ભ્રમણ કરતાં હાલાહલા કુંભારણ યાવત્ પસાર થતો હતો ત્યારે ગોશાલકે મને હાલાહલા સમીપે યાવત્ જોયો, જોઈને કહ્યું કે — હે આણંદ ! અહીં આવ. એક મોટું દૃષ્ટાંત સાંભળ. ત્યારે હું ગોશાળાએ બોલાવતા હાલાહલા કુંભારણની કુંભારાપણમાં ગોશાળા પાસે ગયો. ત્યારે તે ગોશાળાએ મને આમ કહ્યું — હે આણંદ ! ઘણાં કાળ પૂર્વે કેટલાંક ઉચ્ચનીચ વણિકો હતા. ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું.*

*[૬૪૬] હે ભગવન્ ! તો શું ગોશાલક પોતાના તપતેજથી એક પ્રહારમાં કૂટાઘાત સમાન ભસ્મરાશિ કરવા સમર્થ છે ? ભગવન્ ! ગોશાળાનો આ વિષયમાત્ર છે કે તે આવું કરવાને સમર્થ પણ છે ?*

*હે આનંદ ! ગોશાળો યાવત્ તેમ કરવા સમર્થ છે. - x - x - પણ અરહંત ભગવંતને તેમ ન કરી શકે. પરંતુ તેમને ઉપતાપ કરી શકે. હે આનંદ ! ગોશાળાનું જેટલું તપ-તેજ છે, તેથી અનંતગુણ વિશિષ્ઠતર તપ-તેજ અનગાર ભગવંતોનું છે, પણ અણગાર ભગવંતો ક્ષાંતિક્ષમ હોય છે. હે આનંદ ! જેટલું અણગાર ભગવંતનું તપ તેજ છે, તેથી અનંતગુણ વિશિષ્ટતર તપ-તેજ સ્થવિર ભગવંતોનું છે, પણ સ્થવિરો ક્ષાંતિક્ષમ હોય છે. હે આણંદ સ્થવિરોનું જે તપ-તેજ છે, તેથી અનંત ગુણ વિશિષ્ટતર તપ-તેજ અરહંત ભગવંતોનું છે, પરંતુ અરહંતોનું તપ-તેજ છે. કેમકે તેઓ ક્ષાંતિક્ષમ છે. હે આનંદ ! તેથી ગોશાળો પોતાના તપ-તેજ દ્વારા યાવત્ ભસ્મ કરવામાં સમર્થ છે. હે આનંદ ! આ તેનો વિષય છે, અને તેમ કરવાને સમર્થ પણ છે. પણ અરિહંત ભગવંતને નહીં, હા, તેમને પરિતાપિત તો કરી શકે છે.*

*[૬૪૭] હે આનંદ ! તું જા, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આ વાત કહે કે — હે આર્યો ! તમારાથી કોઈએ ગોશાલક મંખલિપુત્રને ધાર્મિક પ્રતિપ્રેરણાથી પ્રતિપ્રેરણા ન કરવી. ધાર્મિક પ્રતિસારણાથી પ્રતિસારણા ન કરવી, ધાર્મિક પ્રત્યુપચારથી પ્રત્યુપચાર ન કરે. કેમકે ગોશાલકે શ્રમણ નિર્ગ્રન્થો પ્રતિ વિશેષ મિથ્યાત્વભાવ ધારણ કરેલ છે.*

*ત્યારે તે આનંદ સ્થવિર, શ્રમણ ભગવંત મહાવીરને આમ કહેતા સાંભળીને ભગવંતને વંદન-નમસ્કાર કરી, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થો પાસે આવ્યા, આવીને તેઓને આમંત્ર્યા, આમંત્રીને કહ્યું કે — હે આર્યો! છટ્ઠના પારણે ભગવંતની અનુજ્ઞા પામીને શ્રાવસ્તીનગરીના ઉચ્ચ-નીચ આદિ બધું પૂર્વવત્ કહેવું યાવત્*



*જ્ઞાતપુત્રે આ કથન કરેલ છે, તમારામાંથી કોઈએ હે યાવત્ તે મિથ્યાત્વી થયો છે.*

**● વિવેચન-૬૪૫ થી ૬૪૭ :-**

उवमिय - વિશિષ્ટ દૃષ્ટાંત, चिरातीताए - દીર્ઘ અતીત કાળમાં, उच्चावय - ઉત્તમ, અનુત્તમ. अत्थत्थि - દ્રવ્ય પ્રયોજન. अत्थलुद्ध - દ્રવ્ય લાલસા, તેથી જ અર્થની ગવેષણા કરતા, પ્રાપ્ત થવા છતાં ધનની ઈચ્છા નષ્ટ ન થઈ હોય, અપ્રાપ્ત અર્થ-વિષયમાં સંજાત તૃષ્ણા. पणियभंड - વ્યવહારને અર્થે ભાંડ કે કરિયાણારૂપ ભાંડ, પણ ભાજન નહીં તે. सगडीसागड - ગાડી-ગાડાંનો સમૂહ. भत्त पाणपत्थयणं - ભક્ત, પાન રૂપ જે ભાથું કે પાથેય. अगामिय - અગ્રામિક કે અકામિક - અભિલાષ ન કરવાના વિષયરૂપ. अणोहिय - અવિદ્યમાન અગાધ જળપ્રવાહ. छिन्नावाय - આવાગમન રહિત, दीहमद्ध - લાંબો માર્ગ કે કાળવાળી.

કૃષ્ણ, કૃષ્ણાવભાસ. અહીં યાવત્ કરણથી નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ આદિ. वम्मीय - વલ્મીક, રાફડો. वप्पुओ - શરીર, શિખર. अब्भुग्गयाओ - અભ્યુદ્ગત, ઉચ્ચ. अभिनिसढा - અભિવિધિથી નિર્ગત સટ-તેના અવયવરૂપ, સિંહની કેશરાવત્. અહીં તેનું ઉર્ધ્વગત સ્વરૂપ કહ્યું. હવે તીર્છું કહે છે — સુસંવૃત્ત, અતિ વિસ્તીર્ણ નહીં. અધો - અર્દ્ધ સર્પરૂપ. જેવું સાપનું પેટ છેદીને પુચ્છથી ઉર્ધ્વીકૃત એવું. - x - x - ओरालं उदगरयणं॰ આદિ-આવી ભૂમિ ગર્તામાં ઉદક હોય છે. રાફડામાં ગર્તા અવશ્ય હોય, શિખર ભેદતા ગર્તા પ્રગટ થશે. તેમાં પાણી હશે. अच्छ - નિર્મળ, पत्थ - રોગોપશમ હેતુ, जच्च - સંસ્કાર રહિત. - x - જેની સ્ફટિક વર્ણ આભા છે, તેવું તેથી જ પ્રધાન અને ઉત્કૃષ્ટત્વથી ઉદકરત્ન જેવું. - બળદો આદિ. - x -

अच्छ - નિર્મળ, जच्च - અકૃત્રિમ, તપનીય, મહાપ્રયોજન, મહામૂલ્ય, મહતાને યોગ્ય, આવનારા મળથી રહિત, સ્વાભાવિક મળ રહિત, અત્યંત ગોળ, ત્રાસાદિરત્ન દોષરહિત, વજ નામે રત્ન.

हित - અપાય અભાવ, सुख - આનંદરૂપ, पत्थ - આનંદનું કારણ, आणुकंपिए - અનુકંપાથી વિચરનાર, निस्सेयसिए - જે મોક્ષને ઈચ્છે છે, આ બધાંને સાથે ગુણરૂપ કહેવા હિતાદિ॰ કહ્યું.

હવે બહું થયું, अलं શબ્દ પર્યાપ્ત અર્થમાં છે, આત્યંતિક પ્રતિષેધ બતાવવા આ શબ્દ છે. - x - (તે સર્પ કેવો છે ?) દુર્જર વિષવાળો, જોતાની સાથે મનુષ્યકાયા બળવા લાગે તેવું વિષ, પરંપરાએ હજાર પુરુષને હણવામાં સમર્થ વિષ, જંબૂદ્વીપ પ્રમાણ દેહમાં વ્યાપવા સમર્થ વિષ - - અતિકાયોમાં પણ અતિકાય-મહાકાય. કાજળ અને સોનાને તપાવવાના વાસણ વિશેષની જેમ કાળો. દૃષ્ટિવિષ અને રોષથી પૂર્ણ, અંજન પુંજના સમૂહ જેવી દીપ્તિવાળો, - x - લાલ આંખોવાળો, અતિ ચપળ, લપલપાય થતી બે જીભવાળો. ધરણિતલની વેણી-કેશબંધ વિશેષ માફક કેમકે કાળો-લાંબો-શ્લક્ષ્ણાદિ સાધર્મ્ય છે બીજા વડે અધ્વંસનીય હોવાથી ઉત્કટ, વ્યક્ત, સ્વરૂપથી વક્ર, જટિલ, - x - બળવાનપણાથી નિષ્ઠુર, વીસ્તીર્ણ, ફણાનો આરંભ કરવામાં દક્ષ. લોઢાની જેમ ધમાતો - અગ્નિ વડે તપાવાયેલ, ધમધમતો - x - અનિવારિત કે અનાકલિત અપ્રમેય ચંડ તીવ્ર રોષવાળો - x - કૂતરાની જેમ ભસતો હોય તેવો, અતિ ચપળ

- x - તે સર્પ હતો.

સર્પની ગતિ દર્શાવતા કહે છે — સરસર સરકતો, તે સૂર્યને જુએ છે, જેથી દૃષ્ટિરૂપ વિષ તીક્ષ્ણ બને. - x - એક જ પ્રહારમાં જેમાં ભસ્મીકરણ કરી શકે તેવો, પાષાણમય મારણ મહાયંત્રની જેમ હણતો. - x - પર્યાય એટલે અવસ્થા. કીર્તિ-સર્વ દિશાવ્યાપી સાધુવાદ, વર્ણ-એક દિશા વ્યાપી, શબ્દ-અર્ધ દિશાવ્યાપી, શ્લોક-પ્રશંસા. - x - પુવ્વંતિ - જતાં, ગુવંતિ - વ્યાકુલ થાય, થુવંતિ - અભિનંદે છે. - x - x - તવેણં તેએણં - તપોજન્ય તેજ, તે તેજોલેશ્યા વડે. - દાહના ભયથી રક્ષણ કરીશ, ક્ષેમ સ્થાન પ્રાપ્તિ વડે સંગોપીશ.

● સૂત્ર-૬૪૮ :-

*જ્યારે આનંદ સ્થવિર ગૌતમાદિ શ્રમણનિર્ગ્રન્થને આ વાત કહેતા હતા, તેટલામાં તે ગોશાલક મંખલિપુત્ર હાલાહલા કુંભારણની કુંભકારાપણથી નીકળીને, આજીવિક સંઘથી પરિવરીને મહા રોષને ધારણ કરેલો શીઘ્ર, ત્વરિત યાવત્ શ્રાવસ્તીનગરીની મધ્યેથી નીકળ્યો. નીકળીને કોષ્ઠક ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવ્યો, આવીને ભગવંતની સમીપ ઉભો રહ્યો, ભગવંતને આમ કહ્યું —*

*હે આયુષ્યમાન્ કાશ્યપ ! મારે માટે સારું કહો છો ! - x - મારે વિશે કહો છો કે ગોશાલક મારો ધર્મશિષ્ય છે - x - જે મંખલિપુત્ર તમારો ધર્મશિષ્ય હતો તે શુક્લ, શુક્લાભિજાત્ય થઈને કાળમાસે કાળ કરી કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. હું ઉદાયી નામે કૌંડિન્યાયન ગોત્રીય છું, મેં ગૌતમપુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કર્યો. કરીને ગોશાલક મંખલિપુત્રના શરીરમાં પ્રવેશ કર્યો છે. મેં આ સાતમો પ્રવૃત્ત પરિહાર કરેલ છે.*

*હે આયુષ્યમન્ કાશ્યપ ! અમારા સિદ્ધાંત મુજબ જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે બધાં ૮૪ લાખ મહાકલ્પ, સાત દિવ્ય, સાત સંયૂથ, સાત સંનિગર્ભ, સાત પ્રવૃત્ત પરિહાર અને ૫૬૦૬૦૩ કર્મોને ભેદીને અનુક્રમે ક્ષય કરીને પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને બધાં દુઃખોનો અંત કર્યો છે - કરે છે અને કરશે.*

*જેમ ગંગા મહાનદી જ્યાંથી નીકળી છે અને જ્યાં સમાપ્ત થાય છે, તેનો માર્ગ ૫૦૦ યોજન લાંબો અને અડધો યોજન પહોળો છે, ઉંડાઈ ૫૦૦ ધનુષ્ છે. આ ગંગાના પ્રમાણવાળી સાત ગંગા મળીને એક મહાગંગા થાય છે. સાત મહાગંગા મળીને એક સાદીનગંગા છે. સાત સાદીનગંગા મળીને એક મૃતગંગા થાય છે, સાત મૃતગંગાની એક લોહિતગંગા, સાત લોહિતગંગા મળીને એક અવંતીગંગા, સાત અવંતીગંગા મળીને એક પરમાવતી, એ પ્રમાણે સપૂર્વાપર મળીને ૧૧૭૬૪૯ ગંગા થાય છે. - x -*

*તેનો બે પ્રકારે ઉદ્ધાર કહ્યો છે — સૂક્ષ્મ અને બાદર બોંદિ કલેવર. તેમાં સૂક્ષ્મ બોંદિ કલેવર ઉદ્ધાર સ્થાપ્ય છે. તેમાં બાદર બોંદિ કલેવર ઉદ્ધારમાં, સો-સો વર્ષે એક એક ગંગા વાલુકણ કાઢવામાં જેટલો કાળમાં તે કોઠા ક્ષીણ, નીરજ, નિર્લેપ, નિષ્ઠિત થાય છે, તે એક સરપ્રમાણ છે, આ સરપ્રમાણથી ત્રણ લાખ શર પ્રમાણ કાળથી એક*





*મહાકલ્પ થાય, ૮૪ લાખ મહાકલ્પોનો એક મહામાનસ થાય છે.*

*અનંત સંયૂથથી જીવ ચ્યવીને સંયૂથ દેવભવમાં ઉપરના માનસમાં સંયૂથ દેવ ઉત્પન્ન થાય છે. તે ત્યાં દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે, વિચરીને તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય થતાં અનંતર ચ્યવીને પ્રથમ સંજ્ઞીગર્ભમાં જીવરૂપે ઉપજે છે.*

*ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મધ્યમ માનસ સંયૂથ દેવમાં ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગોપભોગને યાવત્ વિચરીને. તે દેવલોકથી આયુ આદિ ક્ષય થતાં યાવત્ ચ્યવીને બીજા સંજ્ઞી ગર્ભમાં ઉપજે છે.*

*તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને હેટ્ઠિલ્લ માણસ સંયૂથ દેવપણે ઉપજે છે, તે ત્યાં દિવ્યભોગ ભોગવી યાવત્ ચ્યવીને ત્રીજા સંજ્ઞીગર્ભમાં જીવરૂપે ઉત્પન્ન થાય છે.*

*તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને ઉપરના માનુષોત્તરમાં સંયૂથ દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને ચોથા સંજ્ઞી ગર્ભ જીવમાં ઉત્પન્ન થાય છે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મધ્યમ માનુષોત્તરમાં સંયૂથદેવરૂપે ઉપજે છે, તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને પાંચમાં સંજ્ઞીગર્ભમાં જીવ રૂપે જન્મે છે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને હેટ્ઠિલ્લ માનુષોત્તરમાં સંયૂથ દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને છટ્ઠા સંજ્ઞીગર્ભ જીવમાં જન્મે છે.*

*તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને બ્રહ્મલોક નામે કલ્પે દેવરૂપે ઉપજે છે. તે કલ્પ પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. જેમ સ્થાન પદમાં યાવત્ પાંચ અવતંસક કહ્યા છે. તે આ-અશોકાવતંસક યાવત્ પ્રતિરૂપ છે. તે ત્યાં દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દશ સાગરોપમ દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને સાતમાં સંજ્ઞીગર્ભજીવ રૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં નવ માસ બહુપ્રતિપૂર્ણ અને સાત રાતદિવસ યાવત્ વીત્યા પછી સુકુમાલ, ભદ્રલક, મૃદુ, કુંડલ કુંચિત કેશવાળા, મૃષ્ટ ગંડસ્થલકર્ણ પીઠક, દેવકુમાર સમ બાળકને જન્મ આપ્યો.*

*હે કાશ્યપ ! તે બાળક હું છું, તે પછી મેં, હે આયુષ્યમાન્ કાશ્યપ ! કુમારાવસ્થામાં લીધેલ પ્રવ્રજ્યાથી, કુમારાવસ્થામાં બ્રહ્મચર્યવાસથી અવિદ્ધકર્ણ હતો, મને પ્રવ્રજ્યા લેવાની બુદ્ધિ પ્રાપ્ત થઈ. પછી મેં સાત પરિવૃત્ત પરિહારમાં સંચાર કર્યો. જે આ છે — એણેયક, મલ્લરામક, મલ્લમંડિક, રોહ, ભારદ્વાજ, ગૌતમપુત્રઅર્જુન અને ગોશાલક.*

*તેમાં જે પહેલો પ્રવૃત્ત પરિહાર, તે રાજગૃહ નગરની બહાર મંડિક કુક્ષિ ચૈત્યમાં કૌંડિયાયણ ગોત્રીય ઉદાયીના શરીરનો ત્યાગ કરીને એણેયકના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૨૨ વર્ષે પહેલો પરિહાર કર્યો.*

*તેમાં જે બીજો પ્રવૃત્ત પરિહાર, તે ઉદ્દંડપુરનગરની બહાર ચંદ્રાવતરણ ચૈત્યમાં એણેયકનું શરીર છોડીને મલ્લરામના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૨૧ વર્ષ રહી બીજો પ્રવૃત્ત પરિહાર કર્યો.*

*તેમાં જે ત્રીજો પ્રવૃત્ત પરિહાર, તે ચંપાનગરી બહાર અંગમંદિર ચૈત્યમાં મલ્લરામનું શરીર છોડીને મંડિતના શરીરમાં પ્રવેશ કર્યો. મલ્લમંડિતના શરીરમાં*

***૨૦ વર્ષ રહી, ત્રીજો પ્રવૃત્ત પરિહાર કર્યો.***

***તેમાં જે ચોથો પ્રવૃત્ત પરિહાર, તે વારાણસીનગરી બહાર કામ મહાવન ચૈત્યમાં મંડિતનું શરીર છોડીને રોહના શરીરમાં પ્રવેશ કર્યો. રોહમાં ૧૯ વર્ષ રહી, ચોથો પ્રવૃત્ત પરિહાર કર્યો.***

***તેમાં જે પાંચમો પ્રવૃત્ત પરિહાર, તે આલભિકાનગરી બહાર પ્રાપ્ત કાલક ચૈત્યમાં રોહનું શરીર છોડીને ભારદ્વાજના શરીરમાં પ્રવેશ કર્યો. ભારદ્વાજના શરીરમાં ૧૮ વર્ષ રહી, પાંચમો પ્રવૃત્ત પરિહાર કર્યો.***

***તેમાં જે છઠ્ઠો પ્રવૃત્ત પરિહાર, તે વૈશાલી નગરીની બહાર કોંડિયાયન ચૈત્યમાં ભારદ્વાજનું શરીર છોડીને ગૌતમપુત્ર અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૧૭ વર્ષ રહી, છઠ્ઠો પ્રવૃત્ત પરિહાર પરિહર્યો.***

***તેમાં જે સાતમો પ્રવૃત્ત પરિહાર, તે અહીં જ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની કુંભકારાપણમાં ગૌતમપુત્ર અર્જુનના શરીરને છોડીને ગોશાલક મંખલિપુત્રના શરીરને પર્યાપ્ત, સ્થિર, ધ્રુવ, ધારણીય, શીત, સહ, ઉષ્ણસહ, વિવિધ દંશમશક પરિષહોપસર્ગસહ, સ્થિર સંઘયણ જાણીને તેમાં પ્રવેશ કર્યો. તેમાં ૧૬ વર્ષથી આ સાતમો પ્રવૃત્ત પરિહાર છે.***

***આ પ્રમાણે હે આયુષ્યમાન્ કાશ્યપ ! આ ૧૩૩ વર્ષોમાં મારા આ સાત પ્રવૃત્ત પરિહાર થયા છે, એમ મેં કહેલ. તે હે આયુષ્યમાન્ કાશ્યપ ! તમે ઠીક કહો છો કે મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મશિષ્ય છે. એ તમે ઠીક જ કહ્યું છે કે મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મ શિષ્ય છે.***

**● વિવેચન-૬૪૮ :-**

पभु - ગોશાળો ભસ્મરાશી કરવા સમર્થ છે ? તે એક પ્રશ્ન છે. સામર્થ્ય બીજી રીતે - વિષયમાત્ર અપેક્ષાએ તેમ હોવું. - x - x - पारितावणिय - પારિતાપનિકી ક્રિયા કરવા. अणगार - સામાન્ય સાધુ, खंतिक्खम - ક્ષાંતિ વડે, ક્રોધ નિગ્રહથી ખમવું. थेर - વય, શ્રુત, પર્યાય સ્થવિર. पडिचोयणा - તેના મતથી પ્રતિકૂળ કર્તવ્ય પ્રોત્સાહન. पडिसाहरणा - તેના મતને પ્રતિકૂળ વિસ્મૃત અર્થને યાદ કરાવવો. - x - पडोयार - પ્રત્યુપચાર કે પ્રત્યુપકાર. - x - मिच्छं - મિથ્યાત્વ કે મ્લેચ્છત્વ, અનાર્યત્વ सुट्ठु - ઉપાલંભ વચન, आउसो - આયુષ્યમાન્, ચિરપ્રશસ્તજીવિત. कासव - કાશ્યપગોત્રીય. पउट्टपरिहार - શરીરાંતર પ્રવેશ.

ગોશાળાના સિદ્ધાંતના અર્થ વૃદ્ધોએ કહેલ નથી, પરંતુ ચૂર્ણિકાર કહે છે — તે સંદિગ્ધ છે, તેથી સિદ્ધાંતથી લખી શકાય નહીં. તો પણ શબ્દાનુસાર કંઈક કહીએ છીએ — ૮૪ લાખ મહાકલ્પ, તેમાં कल्प - કાળ વિશેષ, તે લોકપ્રસિદ્ધ પણ હોય, તેના વિચ્છેદ માટે મહાકલ્પ કહ્યું તેનું સ્વરૂપ આ રીતે — સાત દેવભવ, સાત સંયૂથ-નિકાય વિશેષ, સાત મનુષ્યગર્ભમાં વાસ, તેમના મતે મોક્ષગામીના સાત સાંતર થાય છે, આવું તે સ્વયં જ કહે છે. સાત શરીરાંતર પ્રવેશ. આ સાતમા સંજ્ઞીગર્ભ પછી ક્રમથી જાણવા. કર્મવિષયમાં પાંચ લાખ, ત્રણ કર્મ ભેદો, ખપાવીને. તે મહાકલ્પનું પ્રમાણ કહે છે - x - તેમાં જઈને સમસ્તપણે સમાપ્ત થાય.



આ ગંગાનો માર્ગ. ગંગાનો માર્ગ અભેદ ગંગા પ્રમાણથી કહ્યો. ગંગાદિ વડે જે મહાગંગાદિ કહ્યા તે સપૂર્વાપર જાણવું. તે ગંગાદિના ગંગામાં રહેલ વાલુકાકણાદિના બે ઉદ્ધાર કહ્યા. અસંખ્યાત ખંડીકૃત્ વાલુકા કણરૂપ ઉદ્ધાર તે સૂક્ષ્મબોંદિ કલેવર. બાદર આકાર વાલુકાકણરૂપ તે બાદર બોંદિકલેવર, તેમાં આ બીજા ભેદની વ્યાખ્યા કરી છે.

अवहाय - છોડીને, कोट्ठ - ગંગા સમુદાયરૂપ, खीण - ક્ષીણ, તે અવશેષના સદ્‌ભાવમાં કહેવચા છે. नीरए - તે ભૂમિગત રજના અભાવે પણ કહેવાય. તેથી કહે છે — निर्लेप. ભૂમિના ભેદનથી સંશ્લિષ્ટ રેતીના અભાવે, निष्ठित - નિરવયવી કરાયેલ. - - તેટલો કાળખંડ 'સર' સંજ્ઞા થાય છે. 'સર' એ જ ઉક્ત લક્ષણ પ્રમાણ છે. - x - એ રીતે ૮૪ લાખ મહાકલ્પ પ્રરૂપ્યો.

હવે સાત દિવ્યાદિની પ્રરૂપણા - અનંતજીવ સમુદાયરૂપ નિકાય તે અનંત સંયૂથ. चयं० ચ્યવન કરીને અથવા દેહને ત્યજીને. उवरिल्ल - ઉપરિતન, મધ્યમ, અધસ્તન માનસનો સદ્‌ભાવ છે, તેથી બીજાનો છેદ કરવા 'ઉપરિતન' કહ્યું - x - संजूह - નિકાય વિશેષ દેવમાં, પહેલો દિવ્યભવ સંજ્ઞી ગર્ભ સંખ્યા સૂત્રોક્ત જ છે. - x - x -

मानसोत्तर - મહામાનસમાં પૂર્વોક્ત મહાકલ્પથી માપેલ આયુષ્ય, જે પૂર્વે કહ્યું — ૮૪ લાખ મહાકલ્પ ખપાવીને, તેને પહેલો મહામાનસની અપેક્ષાએ કહેવું. અન્યથા ત્રીજી મહામાનસનાં તે ઘણાં થઈ જશે. આમાં ઉપરિમ આદિ ભેદથી ત્રણમાં, માનુષોત્તર ત્રણમાં સંયૂથ ત્રણ દેવભવ, સાતમો દેવ ભવ બ્રહ્મલોકમાં. તે સંયૂથ દેવ હોતો નથી.

पाईणपडीणायए - આ લંબાઈ, પહોડાઈ સ્થાપના માત્રથી જાણવી, તે પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત હોય છે. जहा ठाणपदे પ્રજ્ઞાપના સૂત્રનું બીજું પદ, તેમાં કહ્યા મુજબ બ્રહ્મલોકનું સ્વરૂપ કહેવું. असोगवडेंसए० યાવત્ શબ્દથી સપ્તવર્ણ, ચંપક, ચૂત - અવતંસક મધ્યે બ્રહ્મલોકાવતંસક છે ઈત્યાદિ - x - x - कोमारियाए पवज्जाए કુમાર માફક કૌમારી, તે પ્રવ્રજ્યાના વિષયભૂત. अविद्धकन्नए - અવ્યુત્પન્ન મતિ. - x - अलं थिरं - અત્યંત સ્થિર, કેમકે વિવક્ષિત કાળ સુધી તે અવશ્ય રહે છે. धुवं - તેના ગુણોના ધ્રુવત્વથી તેથી જ ધારણીય - x - x - .

**● સૂત્ર-૬૪૯ થી ૬૫૪ :-**

***[૬૪૯] ત્યારે શ્રમણ ભગવન્ મહાવીરે ગોશાલક મંખલિપુત્રને આ પ્રમાણે કહ્યું — હે ગોશાળા ! જેમ કોઈ ચોર હોય, ગ્રામવાસીથી પરાભવ પામતો હોય, તે કોઈ ખાડા, દરિ, દુર્ગ, નિમ્નસ્થાન, પર્વત કે વિષયને પ્રાપ્ત ન કરી શકવાથી, પોતાને એક મોટા ઉનના રોમથી, શણના રોમથી કપાસના પક્ષ્મથી કે તણખલાં વડે પોતાને આવૃત્ત કરીને રહે અને ન ઢંકાયેલને પણ સ્વયં ઢંકાયેલ માને, અપ્રચ્છન્ન છતાં પોતાને પ્રચ્છન્ન માને, અલુપ્ત છતાં પોતાને લુપ્તમાને, અપલાયિત છતાં પોતાને પલાયિત માને, એ પ્રમાણે હે ગોશાલક ! તું બીજો ન હોવા છતાં તને 'બીજો છો' તેમ બતાવે છે. તેથી હે ગોશાળા ! તું આવું ન કર, આમ કરવું તારે ઉચિત નથી, તું તે જ છે, તારી તે જ છાયા છે, તું બીજો કોઈ નથી.***

***[૬૫૦] ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર શ્રમણ ભગવંત મહાવીરને આમ કહેતા સાંભળીને ક્રોધિત આદિ થયો, ભગવંતને ઉટપટાંગ આક્રોશવચનથી***

આક્રોશવા લાગ્યો, ઉદ્‌ઘર્ષણા વચનોથી અપમાન કરવા લાગ્યો, સારા-ખરાબ શબ્દોથી નિર્ભર્ત્સના કરવા લાગ્યો. વિવિધ દુર્વચનોથી તિરસ્કાર કરવા લાગ્યો. પછી આ પ્રમાણે કહ્યું — કદાચ તમે નષ્ટ થઈ ગયા છો, વિનષ્ટ થઈ ગયા છો, ભ્રષ્ટ થઈ ગયા છો, નષ્ટ-વિનષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા છો. આજે તમે જીવતા નહીં રહો, મારા દ્વારા તમારું શુભ થવાનું નથી.

[૬૫૧] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય પૂર્વ દેશમાં જન્મેલ સર્વાનુભૂતિ અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તેણે ધર્માચાર્યના અનુરાગથી, ગોશાલકના કથન પ્રતિ અશ્રદ્ધા કરતા ઉત્થાનથી ઉઠ્યા, ઉઠીને ગોશાળા પાસે આવ્યા, આવીને ગોશાળાને કહ્યું — હે ગોશાળા ! જે મનુષ્ય તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળે છે, તે પણ તેમને વંદન-નમસ્કાર કરે ચે યાવત્ કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરે છે. તો હે ગોશાળા ! તારા માટે તો કહેવું જ શું ? ભગવંતે તને પ્રવ્રજિત કર્યો, ભગવંતે જ મુંડિત કર્યો, ભગવંતે જ શિક્ષા આપી, ભગવંતે જ કેળવ્યો, ભગવંતે જ બહુશ્રુત કર્યો અને તું ભગવંત પ્રત્યે જ મિથ્યાત્વ અંગીકાર કરે છે. હે ગોશાલક ! તું આવું ન કર, તારે માટે આમ કરવું યોગ્ય નથી, તું તે જ ગોશાળો છો, બીજો નથી, તારી તે જ પ્રકૃતિ છે.

ત્યારે તે ગોશાળો સર્વાનુભૂતિ અણગારને આમ કહેતા સાંભળી ક્રોધિતાદિ થયો. સર્વાનુભૂતિ અણગારને પોતાના તપ-તેજથી એક પ્રહારમાં કૂટાઘાત માફક યાવત્ ભસ્મરાશિ કરી દીધા.

ત્યારે તે ગોશાલકે સર્વાનુભૂતિ અણગારને - x - યાવત્ ભસ્મરાશિ કર્યા પછી બીજી વખત પણ શ્રમણ ભગવંત મહાવીરને સારા-ખરાબ શબ્દો વડે આક્રોશ કર્યો યાવત્ તમને સુખ નથી.

તે કાળે, તે સમયે ભગવંતના શિષ્ય કૌશલ જાનપદી સુનક્ષત્ર અણગાર, જે પ્રકૃતિભદ્રક, વિનીત હતા. તેણે ધર્માચાર્યના અનુરાગથી જેમ સર્વાનુભૂતિએ કહ્યું, તેમ કહ્યું યાવત્ હે ગોશાલક ! તું તે જ છે, તારી પ્રકૃતિ તે જ છે, તું બીજો કોઈ નથી.

સુનક્ષત્ર અણગારે આમ કહેતા ગોશાળો ક્રોધિતાદિ થયો. પોતાના તપ-તેજથી સુનક્ષત્ર અણગારને બાળી નાંખ્યા. ત્યારે તે સુનક્ષત્ર અણગાર, ગોશાળાના તપ-તેજથી પરિતાપિત થતાં, ભગવંત પાસે આવ્યા, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમન કર્યા, સ્વયં જ પાંચ મહાવ્રતોનું (પુનઃ) આરોપણ કર્યુ, શ્રમણ-શ્રમણીઓને ખમાવ્યા, ખમાવીને, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી ક્રમશઃ કાળ કર્યો.

ત્યારે તે ગોશાળો સુનક્ષત્ર અણગારને પોતાના તપ-તેજથી પરિતાપીને શ્રમણ ભગવંત મહાવીરને સારા-ખરાબ શબ્દોથી આક્રોશ કરતો યાવત્ તને સુખ નથી કહ્યું. ત્યારે ભગવંતે તેને એમ કહ્યું — હે ગોશાળા ! જે તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ ધાર્મિક વચન સાંભળે યાવત્ પર્યુપાસે છે. હે



ગોશાળા ! તારે માટે તો કહેવું જ શું ? તને મેં જ પ્રવ્રજિત કર્યો યાવત્ મેં જ બહુશ્રુત કર્યો. મારા પ્રત્યે તેં મિથ્યાત્વ અપનાવ્યું. હે ગોશાળા ! તું એવું ન કર, યાવત્ તું બીજો કોઈ નથી.

ત્યારે તે ગોશાલક, ભગવંતને આમ કહેતા સાંભળી ક્રોધિત આદિ થયો, તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત થયો, પછી સાત આઠ ડગલાં પાછો ખસ્યો. ખસીને ભગવંતના વધને માટે શરીરમાં રહેલ તેજ કાઢ્યું જેમ વાતોત્કલિકા, વાત મંડલિકા પર્વત, ભીંત, સ્તંભ, સ્તૂપથી આવારિત અને નિવારિત થતી, તે પર્વતાદિ પર પોતાનો થોડો પણ પ્રભાવ ન દેખાડતી, વિશેષ પ્રભાવ ન દેખાડતી રહે. તે જ રીતે ભગવંતના વધ માટે ગોશાળાએ શરીરમાંથી કાઢેલી તેજોલેશ્યા ભગવંત પર થોડો કે વધુ પ્રભાવ ન દેખાડી શકી, માત્ર પ્રદક્ષિણા કરી, ઉપર આકાશમાં ઉછળી ગઈ ત્યાંથી પડીને, પાછી ફરતા ગોશાળાના શરીરને વારંવાર દઝાડતી, છેલ્લે ગોશાળાના શરીરમાં જ પ્રવેશી ગઈ.

ત્યારે તે ગોશાલક પોતાની તેજોલેશ્યાથી પરાભૂત થઈને શ્રમણ ભગવંત મહાવીરને કહેવા લાગ્યો. હે આયુષ્યમાન્ કાશ્યપ ! તું મારા તપ-તેજથી પરાભવ પામીને છ મહિનામાં પિત્તજ્વર ગ્રસ્તશરીરી, દાહની પીડા અનુભવતો છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ગોશાળાને કહ્યું — હે ગોશાળા ! હું તારા તપ-તેજથી પરાભૂત થઈને છ માસમાં યાવત્ કાળ નહીં કરું. હું હજી બીજા સોળ વર્ષ 'જિન'પણે સુહસ્તીવત્ વિચરીશ. પણ હે ગોશાળા ! તું તારા પોતાના તપ-તેજથી પરાભૂત થઈને સાત રાત્રિને અંતે પિત્તજ્વરથી ગ્રસ્ત શરીરે યાવત્ છદ્મસ્થાવસ્થામાં કાળ કરીશ.

ત્યારે શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગમાં ઘણાં લોકો એકબીજાને આમ કહેતા યાવત્ પ્રરૂપતા હતા કે હે દેવાનુપ્રિયો ! શ્રાવસ્તી નગરી બહાર કોષ્ઠક ચૈત્યમાં બે જિનો પરસ્પર સંલાપ કરે છે - એક કહે છે — તું પહેલા કાળ કરીશ. બીજો કહે છે — તું પહેલા કાળ કરીશ. તેમાં કોણ સમ્યગ્વાદી અને કોણ મિથ્યાદવાદી ? તેમાં જે મુખ્ય માણસ હતો, તેણે કહ્યું કે ભગવંત સમ્યગ્વાદી છે, ગોશાળો મિથ્યાવાદી છે.

હે આર્યો ! એમ શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું — હે આર્યો ! જેમ કોઈ તૃણ-કાષ્ઠ-પત્ર-છાલ-તુષ-ભૂસ-છાણ કે કચરાનો ઢગલો હોય તેને અગ્નિધ્માપિત, અગ્નિ ઝોસીત, અગ્નિ પારિણામિત થવાથી હતતેજ, ગતતેજ, નષ્ટતેજ, ભ્રષ્ટતેજ, લુપ્તતેજ, વિનષ્ટતેજ યાવત્ થાય તેમ મંખલિપુત્ર ગોશાળાએ મારા વધને માટે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી, તેથી તે હતતેજ, ગતતેજ યાવત્ વિનષ્ટ તેજવાળો થઈ ગયો છે, હવે હે આર્યો ! તમે સ્વેચ્છાથી ગોશાળાને ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરો, ધાર્મિક પ્રતિસારણાથી સ્મારિત કરો, ધાર્મિક પ્રત્યુપચાર વડે ઉપચાર કરો, ધાર્મિક અર્થ-હેતુ-પ્રશ્ન-વ્યાકરણ અને કારણો વડે તેને નિપૃષ્ટ પ્રશ્નવ્યાકરણ કરો.

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો, ભગવંત આમ કહેતા, ભગવંતને વંદન-નમસ્કાર કરીને ગોશાળા પાસે ગયા, ગોશાળાને ધાર્મિક પ્રતિચોદના વડે પ્રેરે છે, ધાર્મિક પ્રતિ સારણાથી સ્મારિત કરે છે, ધાર્મિક પ્રત્યુપચારથી ઉપચાર કરે છે, ધાર્મિક અર્થ-હેતુ-કારણો વડે યાવત્ નિરુત્તર કરે છે.

ત્યારે તે ગોશાળો શ્રમણ-નિર્ગ્રન્થ દ્વારા ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરિત થઈને યાવત્ નિરૂત્તર કરાયો ત્યારે ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતો ગોશાળો, તે શ્રમણ-નિર્ગ્રન્થોના શરીરને કંઈપણ આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરવા કે શરીર છેદ કરવા સમર્થ થયો નહીં, ત્યારે કેટલાંક આજીવિક સ્થવિરો જોયું કે શ્રમણ નિર્ગ્રન્થો દ્વારા ગોશાળાને ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરિત કરાતા, ધાર્મિક પ્રતિસારણાથી સ્મારિત કરાતા, ધાર્મિક પ્રત્યુપચારથી ઉપચાર કરાતા, અર્થ-હેતુ આદિથી નિરુત્તર કરાતા યાવત્ ક્રોધિત થઈને યાવત્ દાંત કચકચાવતા પણ ગોશાળો શ્રમણ નિર્ગ્રન્થોના શરીરને કંઈપણ આબાધા, વ્યાબાધા કે શરીર છેદ કરી શકતો નથી, તે જોઈને ગોશાળાના પાસેથી સ્વયં નીકળી જઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવી, ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી, ભગવંતનો આશ્રય કરી વિચરવા લાગ્યા.

કેટલાંક આજીવિક સ્થવિરો ગોશાળાના આશ્રયે જ રહ્યા.

ત્યારે તે ગોશાળો જે કાર્ય માટે શીઘ્ર આવેલો, તે કાર્યને સાધી ન શક્યો, ત્યારે હતાશ થઈને ચારે દિશામાં જોતો, દીર્ઘ ઉચ્છ્વાસ નિઃશ્વાસ કરતો, દાઢીના વાળ ખેંચતો, ગર્દન પાછળનો ભાગ ખંજવાળતો, કુલ્લાના ભાગ ઉપર હાથ પછાડતો, હાથ હલાવતો, બંને પગ વડે ભૂમિને પીટતો, અરેરે ! હા હા ! હું હણાઈ ગયો, એમ બડબડતો ભગવંત પાસેથી કોષ્ઠક ચૈત્યથી નીકળી ગયો, નીકળીને શ્રાવસ્તીનગરીમાં હાલાહલા કુંભારણની કુંભારાપણે આવ્યો. આવીને ત્યાં આમ્રગુટલી હાથમાં લઈને મદ્યપાનક કરતો વારંવાર ગાતો, વારંવાર નાચતો, વારંવાર હાલાહલા કુંભારણને અંજલિકર્મ કરતો શીતલ માટીના પાણી વડે પોતાના શરીરનું પરિસિંચન કરતો વિચરવા લાગ્યો.

[૬૫૨] હે આર્યો! એમ કહીને શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું — હે આર્યો! ગોશાલક મંખલિપુત્રે મારા વધને માટે તેના શરીરમાંથી તેજોલેશ્યા કાઢેલી. તે તેજ ૧૬-જનપદોના ઘાત-વધ-ઉચ્છેદ-ભસ્મ કરવાને પર્યાપ્ત હતું તે ૧૬-જનપદ આ પ્રમાણે — અંગ, બંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વત્સ, કૌત્સ, પાટ, લાઢ, વજ, મૌલી, કાશી, કૌશલ, અવધ અને સુંભુત્તર.

હે આર્યો ! ગોશાલક મંખલિપુત્ર હાલાહલા કુંભારણની કુંભકારાપણમાં હાથમાં આમ્રગુટલી લઈને, મદ્યપાન કરતો, વારંવાર યાવત્ અંજલિકર્મ કરતો વિચરી રહ્યો છે. તે પોતાના તે પાપનું પ્રચ્છાદન કરવા માટે આ આઠ ચરિમોની પ્રરૂપણા કરે છે. તે આ :- ચરમ એવા — પાન, ગાન, નાટ્ય, અંજલિકર્મ, પુષ્કલસંવર્તક મહામેઘ, સચેનક ગંધહસ્તી, મહાશિલાકંટક સંગ્રામ અને (તીર્થંકર એટલે ગોશાલક મંખલિપુત્ર) હું આ અવસર્પિણીના ૨૪-તિર્થંકરોમાં ચરમ તિર્થંકરરૂપે



સિદ્ધ થઈ યાવત્ અંત કરીશ.

હે આર્યો ! ગોશાળો શીતલ મૃતિકા પાનક વડે આચમન ઉદકથી શરીરને પરિસિંચતો વિચરે છે, તે પાપને છુપાવવા માટે આ ચાર પાનક પ્રરૂપશે - તે પાનક ક્યા છે ? પાનક ચાર ભેદે છે — ગોપુટ્ઠક, હાથથી મસળેલ, આતપથી તપેલ, શિલાથી પડેલ. તે અપાનક કયા છે ? અપાનક ચાર ભેદે છે — સ્થાલપાનક, છાલપાનક, સિંબલિપાનક, શુદ્ધપાનક.

તે સ્થાલપાનક શું છે ? પાણી વડે ભીંજાયેલ — થાળ, વારક, મોટો ઘડો, કળશ હોય. જેનો હાથથી સ્પર્શ થાય, પણ પાણી પી ન શકાય તે.

તે ત્વચા (છાલ) પાનક શું છે ? જે આમ્ર, અંબાડગ આદિ જેમ પ્રયોગપદમાં કહ્યા યાવત્ બોર, તિંદુરુક તથા જે તરુણ, અપક્વ હોય, મુખમાં રાખીને થોડું કે વિશેષ ચૂસાય, પણ તેનું પાણી ન પી શકાય તે.

તે શિંબલિપાનક શું છે ? જે કલાય-મગ-અડદ કે શિંબલીની ફલી તરુણ અને અપક્વ હોય, તેને કોઈ થોડું કે વિશેષ ચાવે, પણ પાણી પી ન શકે.

તે શુદ્ધપાનક શું છે ? જે છ માસ શુદ્ધ ખાદિમ ખાય, બે માસ પૃથ્વી સંથારે સુએ, બે માસ કાષ્ઠ સંથારે સુએ, બે માસ દર્ભ સંથારે સુએ. તેને છ માસ પ્રતિપૂર્ણ થતાં, છેલ્લી રાત્રિમાં બે મહાર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ પ્રગટ થાય છે — પૂર્ણભદ્ર, માણિભદ્ર. ત્યારે તે દેવો શીતળ અને ભીના હાથો વડે તેના શરીરને સ્પર્શે છે, જે તે દેવોનું અનુમોદન કરે, તે આશીવિષ રૂપ કર્મ કરે છે. જે તે દેવોનું અનુમોદન નથી કરતા, તેના શરીરમાં સ્વયં અગ્નિકાય સંભવે છે, તે પોતાના તેજ વડે શરીરને બાળે છે. ત્યાર પછી તે સિદ્ધ થાય છે યાવત્ દુઃખોનો અંત કરે છે. તે શુદ્ધ પાનક છે.

તે શ્રાવસ્તી નગરીમાં અયંપુલ નામે આજીવિકોપાસક રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. હાલાહલા માફક તે આજીવિક સિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો વિચરતો હતો. ત્યારે તે અયંપુલ આજીવિકોપાસકને મધ્ય રાત્રિના સમયે અન્ય કોઈ દિવસે કુટુંબ જાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ થયો કે — ‘હલ્લા’ નામે જીવડું કેવા આકારે છે ?

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસકને બીજી વખત પણ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો - નિશ્ચે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્ર ઉત્પન્ન જ્ઞાનદર્શનધર યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, આ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની કુંભકુરાપણમાં આજીવિક સંઘથી પરિવૃત્ત થઈને આજીવિક સિદ્ધાંતથી આત્માને ભાવિત કરતા વિચરે છે. મારા માટે શ્રેયકર છે કે કાલે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતાં તેમને વંદન યાવત્ પર્યુપાસના કરી આ અને આવા પ્રકારના પ્રશ્નો પૂછું (ઉત્તર મેળવું) એ પ્રમાણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે યાવત્ જાજ્વલ્યમાન્ સૂર્ય થતાં (અયંપુલે) સ્નાન કર્યું યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણાલંકૃત્ શરીર (કરીને) પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને પગે ચાલતાં શ્રાવસ્તી નગરીની મધ્યે થઈને હાલાહલા કુંભારણની

કુંભકારાપણે આવ્યો. આવીને ગોશાલકને ત્યાં હાથમાં આમ્રગુટલી લઈ યાવત્ અંજલિકર્મ કરતાં, શીતળ માટી વડે યાવત્ ગાત્રોને સિંચતા જોઈને લજ્જિત, ઉદાસ, વ્રીડિત થઈ ધીમ ધીમે પાછળ સરકવા લાગ્યો. જ્યારે આજીવિક સ્થવિરોએ અયંપુલ આજીવિકોપાસકને લજ્જિત યાવત્ પાછળ ખસતો જોયો, ત્યારે જોઈને આમ કહ્યું – હે અયંપુલ ! અહીં આવ્યો. ત્યારે આજીવિક સ્થવિરો દ્વારા બોલાવાયેલ અયંપુલ આજીવિક સ્થવિરો પાસે આવ્યો, આવીને તેઓને વંદન, નમસ્કાર કર્યા. કરીને થોડો સમીપ બેસી પર્યુપાસવા લાગ્યો.

હે અયંપુલ ! એમ આમંત્રી આજીવિક સ્થવિરોએ અયંપુલ આજીવિક ઉપાસકને આમ કહ્યું – હે અયંપુલ ! મધ્યરાત્રિ પછીના કાળે યાવત્ ‘હલ્લા’ કયા આકારે છે ? ત્યાર પછી હે અયંપુલ ! બીજી વખત પણ તને એવો વિચાર આવ્યો૦ ઈત્યાદિ બધું જ કહેવું. યાવત્ શ્રાવસ્તી નગરી મધ્યેથી હાલાહલા કુંભારણની કુંભકારાપણે અહીં તું શીઘ્ર આવ્યો, હે અયંપુલ ! શું આ અર્થ બરાબર છે ? - - હા, છે.

હે અયંપુલ ! જ્યારે તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્રને અહીં હાથમાં આમ્રગુટલી લઈ યાવત્ અંજલિ કરતાં વિચરે છે, તેમણે આ આઠ ચરિમો પ્રરૂપ્યા છે. ચરમ પાન યાવત્ બધાં દુઃખોનો અંત કરશે. હે અયંપુલ ! જે આ તારા ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાલક માટીવાળા શીતળ પાણીથી શરીરને સિંચન કરતા વિચરે છે તેમણે આ ચાર પાનક અને ચાર અપાનક પ્રરૂપેલ છે, તે પાનક કયા પ્રકારે છે ? યાવત્ ત્યારપછી તેઓ સિદ્ધ થઈ યાવત્ અંત કરશે. તેથી હે અયંપુલ ! તમે જાઓ, તમારા ધર્માચાર્ય૦ને આવા પ્રશ્નો પૂછો.

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસક, આજીવિક સ્થવિરોએ આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠ્યો. ઉઠીને ગોશાલક પાસે જવા નીકળ્યો. ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાલકને તે આમ્ર ગુટલી એકાંતમાં ફેંકી દેવાનો સંકેત કર્યો. ત્યારે ગોશાલકે આજીવિક સ્થવિરોના સંકેતને સ્વીકારી, તે આમ્રગુટિકાને એકાંતમાં ફેંકી દીધી.

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસક, ગોશાલકની પાસે ગયો. જઈને ગોશાલકને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસવા લાગ્યો.

અયંપુલાદિને આમંત્રી, ગોશાલક મંખલિપુત્રે અયંપુલને આમ કહ્યું – હે અયંપુલ ! મધ્યરાત્રિ પછીના કાળે યાવત્ મારી પાસે શીઘ્ર આવેલ છે. હે અયંપુલ ! શું આ અર્થ સમર્થ છે ? હા, છે. મારી પાસે તે આમ્રગુટલી નહીં, આમ્ર ફળની છાલ હતી. (તારો પ્રશ્ન છે–) ‘હલ્લા’નો આકાર શું છે ? ‘હલ્લા’ વાંસના મૂળના આકારે છે. હે વીરો ! વીણા વગાડો (૨).

ત્યારે તે અયંપુલ, ગોશાલક મંખલિપુત્ર પાસે આ આવા પ્રકારનો ઉત્તર પામીને હૃષ્ટ, તુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો. પછી ગોશાલકને વંદન, નમસ્કાર કરી, કેટલાંયે પ્રશ્નો પૂછ્યા, અર્થ ગ્રહણ કર્યા. પછી ઉત્થાનથી ઉઠ્યો, ઉઠીને ગોશાલકને વંદન, નમન કરી પીછો ફર્યો.



ત્યારે તે ગોશાલકે પોતાનું મરણ નજીક જાણીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા, બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે મને કાલગત જાણીને સુગંધી ગંધોદકથી સ્નાન કરાવજો, કરાવીને કોમળ, રૂંવાટીવાળા ગંધકાષાયિક વસ્ત્રથી મારું શરીર લુંછજો. પછી સરસ ગોશીર્ષ ચંદનથી શરીરને લિંપજો, પછી મહાર્હ હંસલક્ષણ પટશાટક મને પહેરાવજો. મહાર્હ સર્વાલંકારથી વિભૂષિત કરજો. સહસ્રપુરુષવાહિની શિબિકામાં પધરાવજો, પછી શ્રાવસ્તીનગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં મોટા મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવતા આમ કહેજો – હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી થઈ યાવત્ જિનશબ્દને પ્રકાશતો વિચરીને આ અવસર્પિણીના ચોવીશ તિર્થંકરોમાં ચરમ તિર્થંકરરૂપે સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી ક્ષીણ થયા, ઋદ્ધિ-સત્કાર સાથે મારા શરીરનું નીહરણ કરજો. ત્યારે આજીવિક સ્થવિરોએ ગોશાલક મંખલિપુત્રના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

[૬૫૩] ત્યારપછી સાતમી રાત્રિ પસાર થતી હતી ત્યારે તે ગોશાલક મંખલિપુત્રને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. ત્યારે તેને આવા પ્રકારે મનોગત સંકલ્પ યાવત્ સમુત્પન્ન થયો - નિશ્ચે હું જિન નથી, તો પણ હું જિનપ્રલાપી થઈ યાવત્ જિન શબ્દથી સ્વયંને પ્રગટ કરતો વિચરું છું. હું ગોશાલક મંખલિપુત્ર, શ્રમણઘાતક, શ્રમણમારક, શ્રમણપ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયનો અયશકારક, અવર્ણકારક, અકીર્તિકારક છું. હું અસત્ ભાવના પૂર્ણ મિથ્યાત્વ અભિનિવેશથી પોતાને-પરને-તદુભયને વ્યુદ્‌ગ્રાહિત કરતો, વ્યુત્પાદિત કરતો વિચરીને, મારી જ તેજોલેશ્યાથી પરાભૂત થઈને, સાતમી રાત્રિને અંતે પિત્તજ્વરથી ગ્રસ્ત શરીરી થઈને દાહથી બળતો, છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ, (ખરેખર તો) શ્રમણ ભગવંત મહાવીર જિન, જિનપ્રલાપી યાવત્ જિનશબ્દ પ્રકાશતા વિચરે છે.

ગોશાલકે આ પ્રકારે સંપ્રેક્ષણ કર્યું, કરીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા. બોલાવીને ઉચ્ચ-નીચ સોગંદોથી યુક્ત કરીને આમ કહ્યું – હું જિન નથી, તો પણ જિનપ્રલાપી યાવત્ ઓળખાવતો વિચર્યો છું. હું ગોશાલક મંખલિપુત્ર, શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે જ કાળ કરીશ. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિન પ્રલાપી છે યાવત્ જિન શબ્દથી પ્રગટ કરતા વિચરે છે. હે દેવાનુપ્રિયો! તમે મને કાળધર્મ પ્રાપ્ત જાણીને મારા ડાબા પગમાં શુંબનું દોરડું બાંધજો, બાંધીને ત્રણ વખત મારા મોઢામાં શુંકજો. પછી શ્રાવસ્તીનગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં અહીં-તહીં ઘસેડતા મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા આ પ્રમાણે કહેજો – હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન ન હતો, માત્ર જિનપ્રલાપી યાવત્ થઈને વિચરતો હતો. આ ગોશાલક મંખલિપુત્ર શ્રમણઘાતક હતો યાવત્ છદ્મસ્થપણે જ મર્યો. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિનપ્રલાપી છે યાવત્ વિચરે છે. મહા અઋદ્ધિપૂર્વક, અસત્કાર કરતાં મારા શરીરનું નીહરણ કરજો. આમ બોલીને કાળધર્મ પામ્યો.

[૬૫૪] ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાળાને કાલગત જાણીને

*હાલાહલા કુંભારણની કુંભકારાપણના બારણા બંધ કર્યા. કરીને તે દુકાનમાં બહુ મધ્યદેશ ભાગમાં શ્રાવસ્તીનગરી આલેખી, આલેખીને ગોશાલક મંખલિપુત્રના શરીરને ડાબા પાગે શુંબની દોરડી બાંધી, પછી ત્રણ વખત તે મૃતકના મુખમાં થુંક્યા. થુંકીને (ચીતરેલ) શ્રાવસ્તીના શ્રૃંગાટક યાવત્ માર્ગમાં અહીં-તહીં (શરીરને) ઘસેડ્યું. તે વખતે મંદમંદ શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા આમ કહ્યું કે — હે દેવાનુપ્રિયો ! ગોશાલક મંખલીપુત્ર જિન ન હતા, જિનપ્રલાપી થઈ યાવત્ વિચરતા હતા. આ ગોશાલક મંખલિપુત્ર શ્રમણ ઘાતક યાવત્ છદ્મસ્થપણે કાળ પામ્યા. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિન પ્રલાપી છે, યાવત્ વિચરે છે. આ પ્રમાણે શપથ (સોગંદ)થી મુક્ત થયા.*

*ત્યારપછી બીજી વખત પૂજા સત્કારના સ્થિરિકરણાર્થે ગોશાલક મંખલિપુત્રના ડાબા પગથી સુંબની દોરડી છોડી નાંખી, છોડીને હાલાહલા કુંભારણની કુંભારાપણના દ્વાર પણ ખોલી નાંખ્યા, ખોલીને ગોશાળાના શરીરને સુગંધી ગંધોદક વડે સ્નાન કરાવ્યું ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ મહાન ઋદ્ધિ સત્કાર સાથે તેના શરીરનું નીહરણ કર્યું.*

● **વિવેચન-૬૪૯ થી ૬૫૪ :-**

गड्डं - ગર્ત, दरि - શીયાળાદિએ બનાવેલ નાની ગુફા, दुग्ग - દુઃખે જવાય તેવા વન-ગહનાદિ. निन्न - શુષ્ક સરોવરાદિ. विसम - ગર્ત્ત, પાષાણાદિ વ્યાકુલ, तणसूएण - તણખલાંનો અગ્રભાગ. अणावरिए - આવરણની અલ્પતાથી અનાવૃત્ત, उवलभसि - દેખાડે છે. ઉપાલંભ દે છે. - x - x - छाया - પ્રકૃત્તિ. - - उच्चावयाहिं - અસમંજસ વડે, आउसणाहिं - 'તું મરી ગયો' આદિ આક્રોશ વચનથી. आक्रोशयति - શાપ આપે છે. उद्धंसणाहिं - તું દુષ્કુલીન છે. આદિ અપમાનજનક વચનોથી. - x - निब्भंछणाहिं - ''મારે તમારું પ્રયોજન નથી'' આદિ કઠોર વચનોથી. निब्भंछेहिं - હંમેશા દુષ્ટ કહીને. निच्छोडणाहिं - ''તીર્થંકરનો ચિન્હો છોડ'' ઈત્યાદિ દુર્વચનોથી. - x - नट्ठेइ - સ્વ આચાર નાશથી નષ્ટ. - હું એમ જ માનું છું કે તું નાશ જ પામેલો છે. विणट्ठ - મૃત, भट्ठ - ભ્રષ્ટ, સંપત્તિરહિત થયો છે. - x -

पाईण जाणवए - પ્રાચીન જનપદ, પૂર્વીય. पव्वाविए - શિષ્યપણે સ્વીકારેલ. मुंडाविए - શિષ્યપણે અનુમત થઈ મુંડેલ. सेहाविए - વ્રતિપણાએ શિક્ષિત. सिक्खाविए - તેજોલેશ્યાદિ ઉપદેશ દાનથી શિક્ષિત. નિયતિવાદાદિ પ્રતિપત્તિના હેતુપણે બહુશ્રુત કરેલ. - x - वाउक्कलियाए - જે વાયુ વાય તે. वायमंडलियाइ - મંડલાકાર વાતો વાયુ, आवरिज्जमाण - સ્ખલન પામતો - x - x - अंचित - એક વખત જવું તે अंचितांचि - પુનર્ગમન અથવા ગમનાગમન अन्नाइट्ठ - અભિવ્યાપ્ત - x - x - अगणिझामिए - અગ્નિ વડે દગ્ધ, अगणिझूसिए - અગ્નિ વડે સેવિત, अगणिपरिणामिए - અગ્નિ વડે પૂર્વ સ્વભાવ ત્યાગીને આત્મભાવમાં ગયેલ, પછી हततेज - જેનું તેજ હણાઈ ગયેલ છે, गततेज - તેજ ચાલ્યું જવું. ઈત્યાદિ - x - x -

छंदेण - ઈચ્છાનુસાર, निप्पट्ठपसिणवागरण - પ્રશ્નનો ઉત્તર ન દઈ શકવા યોગ્ય, रुंदाइ पलोएमाणे - દિશાઓમાં દીર્ઘ દૃષ્ટિપાત કરવો, આ માનથી હણાયેલાનું લક્ષણ



છે. - x - दाढियाए लोमाइं - દાઢી-મૂંછના વાળ, अवड्डुं - ગર્દનનો પાછળનો ભાગ. पुयलिं पप्फोडेमाणे - કુલ્લાને ઠોકતો એવો, विणिद्धुणमाणे - હલાવતો એવો - x - अंबकूणगहत्थगए - હાથમાં આમ્રફળ લઈને, પોતાના તપ-તેજ જનિત દાહનતે ઉપશમાવવા આમ્રની ગુટલી ચૂષતો, ગાન આદિ મધપાન કૃત વિકાર જાણવા. मट्टिया पाणएण - માટી મિશ્રિત જળ, માટીનું જળ સામાન્યથી પણ હોય, તેથી કહે છે - आयंचणिओदएणं - આતંચનિકોદક - કુંભારના જે વાસણમાં રહેલ માટી મિશ્રિત જળ. - x - x - x - उच्छायणयाए - સચેતન અચેતનમાં વસ્તુના ઉચ્છાદન માટે આ વાત બીજા પ્રકારે થાય છે તે અગ્નિપરિણામ ઉપદર્શનાર્થે કહે છે - भासीकरणयाए - ભસ્મસાત કરવો.

वज्जस्स - અવધ, પાપ-મધપાનાદિ પાપ. चरम - આમ ફરી નહીં થાય એમ કરીને. તેમાં પાનક આદિ ચાર કહ્યા, આની ચરમતાં પોતાના નિર્વાણગમનથી છે. આ જિનના નિર્વાણકાળે અવશ્ય થનાર છે, તેથી આમાં દોષ નથી, તથા હું આ દાહના ઉપશમ માટે સેવતો નથી, એ અર્થના પ્રકાશનાર્થપણાથી પોતાના પાપના પ્રચ્છાદન માટે છે. પુષ્કલ સંવર્તકાદિ ત્રણ બાહ્યો અહીં ઉપયોગી નથી છતાં સામાન્યજનના ચિત્ત રંજન માટે 'ચરમ' કહેવાયા છે - x - x - पाणग - વ્રતિ યોગ્ય જળ વિશેષ अपाणयाइ - પાનક સદૃશ, શીતલત્વથી દાહ ઉપશમ હેતુઓ. गोपुट्ठए - ગાયની પૃષ્ઠેથી પડેલ, - x - थालपाणए - સ્થાલના પાનક વત્, અહીં ઉપલક્ષણથી બીજા ભાજનનું ગ્રહણ લેવું. - x - x - सुद्धपाणए - દેવ વડે સ્પર્શિત. दाथालय - ભીનો થાળ, दावारग - ઉદકવારક दाकुंभग - મોટો કુંભ, दाकलश - નાનો કળશ. पओगपए - પ્રજ્ઞાપનાનું ૧૬મું પદ. - x -

तरुणग - અભિનવ, आमग - અપક્વ, आपीडयेत् - કિંચિત્ પીડા કરે. कल - કલાય, ધાન્ય વિશેષ. सिंबलि - વૃક્ષ વિશેષે, - x - x - संसि - સ્વકીય, हल्ल - ગોપાલિકા, તૃણ સમાન આકારવાળો કીડો. - x - वागरण - પ્રશ્ન, विलिए - અકાર્યકૃત્ લજ્જાથી વિષણ્ણ, લજ્જિત, विड्डे - વ્રીડિત, પ્રકર્ષલજ્જાવાન્. - x -

एगंतमंते - વિજનમાં, ભૂ વિભાગમાં, જ્યાં અયંપુલ ગોશાળા પાસે ન આવી શકે. संगार - સંકેત, અયંપુલ આવે છે, આમ્રગુટિકા ફેંકી દો. तं नो खलु एस अंबकूणए - આ આમ્રગુટલી નથી, તે યતિને અકલ્પ્ય છે, જે તે આમ્રગુટલીરૂપે કલ્પી છે, તે આમ્રની છાલ છે. તે નિર્વાણ કાળે કલ્પે છે.

हल्ला संस्थान - વાંસના મૂળમાં રહેલ તૃણ ગોપાલિકા. એમ કહીને મદિરાના મદથી વિહ્વળ મનોવૃત્તિથી બોલે છે - વીણા વગાડો. બે વખત આ વાક્ય બોલ્યો તે ઉન્માદ વચન છે, તે સાંભળવા છતાં તેના ઉપાસકને ગોશાલક પ્રતિ અવિશ્વાસ કે અશ્રદ્ધા ન થઈ, કેમકે ''સિદ્ધિ પ્રાપ્ત કરનારને ચરમગાન આદિ દોષરૂપ નથી'' આદિ વચનોથી અયંપુલની બુદ્ધિ વિમોહિત હતી. - - हंसलक्खण - હંસ રૂપે શુક્લ, इड्ढीसक्कार - ઋદ્ધિ વડે જે સત્કાર-પૂજા વિશેષ અથવા ઋદ્ધિ, સત્કારનો સમુદય-એટલે લોકોનો સંઘ. समणघायए - બે શ્રમણોનો તેજોલેશ્યાથી કરેલ ઘાત. दाहवक्कंतीए - દાહ ઉત્પત્તિ વડે. सुंब - વલ્કની દોરડી, उट्ठुभह - થૂંકવું ક્યાંક उच्छुभह દેખાય છે, તે અપશબ્દ છે. आकट्टविकट्ट - અહીં-તહીં ઘસેડવું. पूयासक्कार० પૂર્વ પ્રાપ્ત પૂજાસત્કારના સ્થિરતા

હેતુથી, જો ગોશાળાના શરીરની વિશિષ્ટ પૂજા ન કરાય તો લોકો જાણશે કે આજિન નથી, આ જિનશિષ્યો નથી, તેથી તેમને સ્થિર કરવા પૂજાસત્કાર કર્યો.

● સૂત્ર-૬૫૫ થી ૬૫૭ :-

*[૬૫૫] ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરતા વિચરે છે. - - તે કાળે, તે સમયે મેંઢિકગ્રામનગર હતું, તેની બહાર ઈશાનકોણમાં શાલકોષ્ઠક નામે ચૈત્ય હતું યાવત્ પૃથ્વીશીલાપટ્ટક હતો. તે શાલકોષ્ઠક ચૈત્યની થોડે સમીપમાં એક મોટો માલુકા કચ્છ હતો. તે કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ મહામેઘ સમાન હતો, પત્ર-પુષ્પ-ફળ-હરિતકથી લચકતો અને શ્રી વડે અતી શોભતો હતો.*

*તે મેંઢિક ગામનગરમાં રેવતી નામે ગાથાપત્ની રહેતી હતી, તે આઢ્ય યાવત્ અપરિભૂત હતી. - - ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુ-પૂર્વી વિચરતા યાવત્ મેંઢિકગ્રામનગરમાં શાલકોષ્ઠક ચૈત્યે પધાર્યા યાવત્ પર્ષદા પાછી ફરી.*

*ત્યારે ભગવંત મહાવીરના શરીરમાં વિપુલ રોગાતંક પ્રાદુર્ભૂત થયો, ઉજ્જ્વલ યાવત્ દૂરધિસહ્ય પિતજ્વર પરિગત શરીરમાં દાહ વ્યાપ્ત થતાં યાવત્ વિચરે છે. તથા લોહી ઉક્ત ઝાળા પણ થયા. ચાતુર્વર્ણ લોકો કહેવા લાગ્યા - શ્રમણ ભગવંત મહાવીર, ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી પરાભૂત થઈને, છ માસને અંતે પિત્તજ્વર ગ્રસ્ત શરીરમાં દાહથી પીડિત થઈને છદ્મસ્થપણે જ કાળ કરશે.*

*તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના શિષ્ય સીંહ નામક અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તે માલૂકા કચ્છથી થોડે સમીપ નિરંતર છટ્ઠ છટ્ઠ તપોકર્મ સાથે બંને હાથ ઉંચા કરી વિચરતા હતા.*

*ત્યારે તે સીંહ અણગારને ધ્યાનાંતરિકામાં વર્તતા આ આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - ખરેખર, મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીરના શરીરમાં વિપુલ રોગાતંક ઉત્પન્ન થયો છે, ઉજ્જ્વલ વેદના છે યાવત્ છદ્મસ્થપણે કાળ કરશે. અન્યતીર્થિકો કહેશે કે છદ્મસ્થપણે જ કાળધર્મ પામ્યા, આવા પ્રકારના મહા મનોમાનસિક દુઃખથી અભિભૂત થઈને આતાપના ભૂમિથી ઉતર્યા. ઉતરીને માલુકાકચ્છે આવ્યા, તેમાં પ્રવેશ્યા. પ્રવેશીને મોટા મોટા શબ્દોથી (અવાજથી) 'કુહુકુહુ' કરતાં (જોર-જોરથી) રડવા લાગ્યા.*

*હે આર્યો ! એમ આમંત્રીને ભગવંત મહાવીરે શ્રમણનિર્ગ્રન્થોને આમંત્રીને આ પ્રમાણે કહ્યું – ખરેખર, હે આર્યો ! મારા શિષ્ય સીંહ અણગાર પ્રકૃતિભદ્રક ઈત્યાદિ બધું કહેવું યાવત્ તે મોટેમોટેથી રડી રહ્યા છે તો હે આર્યો ! જાઓ. તમે સીંહ અણગારને બોલાવો.*

*ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો ભગવંત દ્વારા આમ કહેવાતા ભગવંતને વંદન-નમસ્કાર કર્યા. કરીને ભગવંત પાસેથી શાણકોષ્ઠ ચૈત્યથી નીકળ્યા, નીકળીને માલુકાકચ્છમાં સીંહ અણગાર પાસે આવ્યા. આવીને સીંહ અણગારને આમ કહ્યું*



*– હે સીંહ ! ધર્માચાર્ય તમને બોલાવે છે.*

*ત્યારે તે સીંહ અણગાર શ્રમણનિર્ગ્રન્થ સાથે માલુકાકચ્છથી નીકળ્યા. નીકળીને શાણ કોષ્ઠક ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસના કરી. સીંહાદિને આમંત્રી ભગવંત મહાવીરે સીંહ અણગારને આમ કહ્યું – હે સીંહ! ધ્યાનાંતરિકામાં વર્તતા તને આવા પ્રકારનો યાવત્ તું રડવા લાગ્યો. હે સીંહ! આ અર્થ સમર્થ છે. હા, છે.*

*હે સીંહ ! ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી પરાભૂત થઈને, છ માસને અંતે યાવત્ કાળ કરવાનો નથી. હું બીજા સાડા પંદર વર્ષ ગંધહસ્તિ માફક જિનરૂપે વિચરીશ. તો હે સીંહ ! તું, મેંઢિક ગ્રામ નગરે રેવતી ગાથાપત્નીના ઘરે જા, ત્યાં રેવતીએ મારે માટે કોહલાના બે ફળ સંસ્કારિત કરેલા છે. તેનું મારે પ્રયોજન નથી, પરંતુ તેને ત્યાં માર્જરા નામક વાયૂપશાંતક બિજોરાપાક કાલે તૈયાર કરેલ છે તે લઈ આવ, મારે તેનું પ્રયોજન છે.*

*ત્યારે તે સીંહ અણગાર, શ્રમણ ભગવંત મહાવીરે આ પ્રમાણે કહેતા, હર્ષિત સંતુષ્ટ યાવત્ આનંદિત હૃદય થઈ શ્રમણ ભગવંતને વાંદી, નમી અત્વરિત-અચપળ-અસંભ્રાંતપણે મુહપત્તિ પડિલેહ છે. પછી ગૌતમસ્વામી માફક યાવત્ શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરી, તેમની પાસેથી શાણ કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને અત્વરિત યાવત્ મેંઢિકગ્રામ નગરે આવ્યા. આવીને મેંઢિકગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને રેવતી ગાથાપત્નીનું ઘર હતું, ત્યાં આવીને તેણીનાં ઘરમાં પ્રવેશ્યા.*

*ત્યારે તે રેવતી ગાથાપત્ની સીંહ અણગારને આવતા જોઈને હર્ષિત, સંતુષ્ટ થઈને જલ્દીથી આસનથી ઉભી થઈ, પછી સીંહ અણગાર પ્રતિ સાત-આઠ પગલાં સામે ગઈ, જઈને તેમને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય! આજ્ઞા કરો. આપના આગમનનું પ્રયોજન જણાવો.*

*ત્યારે સીંહ અણગારે રેવતી ગાથાપત્નીને આમ કહ્યું કે – હે દેવાનુપ્રિય! તમે ભગવંત મહાવીર માટે બે કોહલાના ફળ સંસ્કારિત કરેલ છે, તેનું પ્રયોજન નથી. પરંતુ માર્જર વાયુ ઉપશાંતક બિજૈરાપાક તૈયાર કરેલ છે, તેનું મારે પ્રયોજન છે.*

*ત્યારે તે રેવતી ગાથાપત્નીએ સીંહ અણગારને આમ કહ્યું – એવા કોણ જ્ઞાની કે તપસ્વી છે, જેણે તમને આ અર્થ કહ્યો અને મારા અંતરનું રહસ્ય જલ્દી બતાવી દીધું કે જેથી તમે આ જાણો છો ? ત્યારે સ્કંદકના વર્ણન સમાન સિંહ અણગારે કહ્યું યાવત્ હું જાણું છું.*

*ત્યારે સીંહ અણગાર પાસે આ વાત સાંભળી, અવધારી રેવતી ગાથાપત્ની હર્ષિત, સંતુષ્ટ થઈને, રસોઈ ગૃહમાં આવી, આવીને વાસણ ખોલ્યુ, ખોલીને સીંહ અણગાર પાસે આવી, આવીને સીંહ અણગારના પાત્રમાં, તે બધો બિજૈરાપાક સમ્યક્ પ્રકારે વહોરાવ્યો.*

રેવતી ગાથાપત્નીએ તે દ્રવ્યશુદ્ધિથી યાવત્ દાનથી સીંહ અણગારને પ્રતિલાભિત કરતાં દેવાયુ બાંધ્યું, જેમ વિજય ગાથાપતિ યાવત્ રેવતી ગાથાપત્નીનો જન્મ અને જીવિત સફળ છે (૨).

ત્યારે તે સીંહ અણગાર રેવતી ગાથાપત્નીના ઘેરથી નીકળ્યા. નીકળીને મેંઢિક ગ્રામનગરની વચ્ચોવચ્ચથી નીકળ્યા, નીકળીને ગૌતમસ્વામીની માફક યાવત્ ભોજન-પાન દેખાડ્યા. દેખાડીને શ્રમણ ભગવંત મહાવીરના હાથમાં સમ્યક્ પ્રકારે રાખી દીધો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે અમૂર્છિત યાવત્ અનાસક્ત રહીને જેમ બિલમાં સર્પ પ્રવેશે તેમ તે આહારને પોતાના શરીરરૂપી કોઠામાં પ્રક્ષેપ્યો. ત્યારે ભગવંતને તે આહાર કર્યા પછી તે વિપુલ રોગાતંક જલ્દીથી ઉપશાંત થઈ ગયો. તેઓ હર્ષિત યાવત્ રોગરહિત, બલિષ્ઠ શરીરી થઈ ગયા. તેનાથી શ્રમણો સંતુષ્ટ થયા, શ્રમણીઓ સંતુષ્ટ થયા, શ્રાવક-શ્રાવિકાઓ સંતુષ્ટ થયા, દેવ-દેવીઓ સંતુષ્ટ થયા. દેવ-મનુષ્ય અસુર સહિત લોક સંતુષ્ટ, હર્ષિત થયો. કેમકે ભગવંત હૃષ્ટ થયા.

[૬૫૬] ભગવન્! એમ સંબોધન કરી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને કહ્યું — હે દેવાનુપ્રિય! આપના શિષ્ય પ્રાચીન જાનપદી સર્વાનુભૂતિ નામક અણગાર જે પ્રકૃતિ ભદ્રક યાવત્ વિનિત હતા, હે ભગવન્! તે ત્યારે ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી ભસ્મરાશિ કરાયા પછી ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા?

હે ગૌતમ! મારા શિષ્ય પ્રાચીન જાનપદી, સર્વાનુભૂતિ નામે અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તે ત્યારે ગોશાળા દ્વારા ભસ્મરાશિ કરાયા પછી, ઉંચે ચંદ્ર-સૂર્ય યાવત્ બ્રહ્મલોક-લાંતક-મહાશુક્ર કલ્પ ઓળંગીને સહસ્રાર કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે. ત્યાં કેટલાંક દેવોની ૧૮ સાગરોપમ સ્થિતિ છે, ત્યાં સર્વાનુભૂતિની દેવની પણ ૧૮ સાગરોપમ સ્થિતિ છે. તે સર્વાનુભૂતિ દેવ તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિ ક્ષય પછી યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.

એ પ્રમાણે આપ દેવાનુપ્રિયના શિષ્ય કૌશલ જાનપદી સુનક્ષત્ર નામક અણગાર જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા. હે ભગવન્! તે ત્યારે ગોશાલક મંખલિપુત્રના તપથી પરિતાપિત થઈને કાળમાસે કાળ કરીને ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા?

હે ગૌતમ ! મારા શિષ્ય સુનક્ષત્ર અણગાર૦ - x - હતા. તે ગોશાળાના તપ તેજથી પરિતાપિત થઈને મારી પાસે આવ્યા. આવીને વાંદી, નમીને સ્વયં જ પાંચ મહાવ્રત આરોપી, પછી શ્રમણ-શ્રમણીને ખમાવીને આલોચના પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ કાળ માસે કાળ કરી ઉંચે ચંદ્ર-સૂર્ય યાવત્ આનત-પ્રાણત આરણ કલ્પને ઓળંગીને અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાંક દેવોની બાવીશ સાગરોપમ સ્થિતિ કહી છે, ત્યાં સુનક્ષત્ર દેવની પણ



બાવીશ સાગરોપમ સ્થિતિ હતી. બાકી સર્વાનુભૂતિ૦ યાવત્ અંત કરશે.

[૬૫૭] એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો અંતેવાસી કુશિષ્ય ગોશાલક મંખલિપુત્ર હતો હે ભગવન્ ! તે ગોશાલક કાળ માસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! મારો અંતેવાસી કુશિષ્ય ગોશાલ નામક મંખલિપુત્ર, શ્રમણ ઘાતક યાવત્ છદ્મસ્થપણે કાળમાસે કાળ કરી ચંદ્રથી ઉપર યાવત્ અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાંક દેવોની બાવીશ સાગરોપમ સ્થિતિ છે, ગોશાલક દેવની પણ ત્યાં બાવીશ સાગરોપમની સ્થિતિ થઈ.

ભગવન્! તે ગોશાલક દેવ તે દેવલોકથી આયુક્ષયાદિ પછી યાવત્ ક્યાં ઉપજશે? ગૌતમ! આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિંધ્યગિરિના પાદમૂલમાં પુંડ્ર જનપદમાં શતદ્વાર નગરમાં સંમુતિ રાજાની ભદ્રા નામે રાણીની કુક્ષીમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. તે ત્યાં નવ માસ પ્રતિપૂર્ણ થતાં યાવત્ વીત્યા બાદ યાવત્ સુરૂપ બાળકરૂપે જન્મ લેશે. જે રાત્રિએ તે બાળક જન્મશે, તે રાત્રિએ શતદ્વાર નગરમાં અંદર અને બહાર ભાર પ્રમાણ, કુંભ પ્રમાણ પદ્મ અને રત્નોની વર્ષા થશે.

ત્યારે તે બાળકના માતા-પિતા ૧૧મો દિવસ વીત્યા પછી યાવત્ બારમાં દિવસે આવા પ્રકારે ગૌણ, ગુણ નિષ્પન્ન નામ કરશે. જ્યારેથી આ બાળકનો જન્મ થયો, શતદ્વાર નગરની અંદર-બહાર યાવત્ રત્નોની વૃષ્ટિ થઈ, તેથી અમારા આ બાળકનું નામ મહાપદ્મ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ તેનું નામ મહાપદ્મ રાખ્યું. ત્યારે તે મહાપદ્મ બાળકના માતાપિતાએ સાતિરેક આઠ વર્ષનો થયેલો જાણીને શોભન તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર, મુહૂર્તમાં ઘણાં મોટા રાજ્યાભિષેકથી અભિષિક્ત કરશે તે ત્યાં રાજા થશે, તે મહાહિમવંતાદિ રાજા થઈ૦ યાવત્ વિચરશે.

ત્યારે તે મહાપદ્મ રાજા અન્ય કોઈ દિવસે મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય બે દેવો સેનાકર્મ કરશે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર.

તે જોઈને શતદ્વાર નગરના ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ મહાસૌખ્ય દેવ સેનાકર્મ કરે છે. (તે જોઈને) યાવત્ સાર્થવાહ આદિ એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહેશે — હે દેવાનુપ્રિયો ! જે કારણથી આપણા મહાપદ્મ રાજાને મહર્દ્ધિક એવા બે દેવો યાવત્ સેનાકર્મ કરે છે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થાઓ.

ત્યારે મહાપદ્મ રાજાનું બીજું નામ 'દેવસેન' થશે.

ત્યારે તે દેવસેન રાજાને અન્ય કોઈ દિવસે શંખતલ સમાન વિમલ, ચાર દાંતવાળો હસ્તિરત્ન ઉત્પન્ન થશે. ત્યારે તે દેવસેન રાજા તે શંખતલ સમાન વિમલ, ચતુર્દન્ત હસ્તીરત્ન ઉપર આરૂઢ થઈને શતદ્વાર નગરની વચ્ચોવચ્ચથી વારંવાર આવશે-જશે ત્યારે શતદ્વાર નગરમાં ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સર્વે એકબીજાને બોલાવીને પરસ્પર કહેશે કે હે દેવાનુપ્રિયો ! જેથી આપણો દેવસેન રાજા શંખતલ સમાન વિમલ, ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાનું ત્રીજું નામ વિમલવાહન થાઓ, ત્યારથી

તે દેવસેન રાજાનું ત્રીજું નામ વિમલવાહન થશે.

ત્યારે તે વિમલવાહન રાજા અન્ય કોઈ દિવસે શ્રમણનિર્ગ્રન્થ પ્રત્યે મિથ્યાત્વને અંગીકૃત્ કરશે. તે કેટલાંક શ્રમણો પ્રત્યે આક્રોશ કરશે, કેટલાંકનો ઉપહાસ કરશે, કેટલાંકને એકમેકથી અલગ કરશે, કેટલાંકની ભર્ત્સના કરશે, કેટલાંકને બાંધશે, કેટલાંકને નિરુંભશે, કેટલાંકનો અંગચ્છેદ કરશે, કેટલાંકને મારશે, ઉપદ્રવ કરશે, વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદ પ્રૌંછનકને છિન્નભિન્ન કરશે - નાશ કરશે - અપહરણ કરશે, કેટલાંકના ભોજન-પાનનો વિચ્છેદ કરશે, કેટલાંકને નિર્નગર કરશે, કેટલાંકને નિર્વાસિત કરશે.

ત્યારે શતદ્વાર નગરમાં ઘણા રાજા, ઈશ્વર યાવત્ કહેશે - હે દેવાનુપ્રિયો ! વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રન્થ પ્રતિ મિથ્યાત્વવાસિત થઈને કેટલાંક શ્રમણાદિ પ્રત્યે આક્રોશ કરે છે યાવત્ નિર્વાસિત કરે છે. હે દેવાનુપ્રિયો ! તે આપણે માટે શ્રેયસ્કર નથી, તે વિમલવાહન રાજા માટે પણ શ્રેયસ્કર નથી, તે રાજ્ય-રાષ્ટ્ર-સૈન્ય-વાહન-પુર-અંતઃપુર કે જનપદ માટે પણ શ્રેયસ્કર નથી કે જે આ વિમલવાહન રાજા શ્રમણ-નિર્ગ્રન્થો પ્રત્યે મિથ્યાત્વી થયો છે. હે દેવાનુપ્રિયો ! તો શ્રેયસ્કર છે કે આપણે વિમલવાહન રાજાને આ વિષયમાં વિનયપૂર્વક કહીએ.

— આ પ્રમાણે વિચારી એકબીજાની પાસે આ અર્થને સ્વીકારીને વિમલવાહન રાજા પાસે જશે, જઈને બે હાથ જોડી, વિમલવાહન રાજાને જય વિજય વડે વધાવીને એમ કહેશે — હે દેવાનુપ્રિય ! શ્રમણ નિર્ગ્રન્થો પ્રતિ આપ મિથ્યાત્વી થયા છો. કેટલાંક પર આપ આક્રોશ કરો છો યાવત્ કેટલાંકને આપ નિર્વાસિત કરો છો, હે દેવાનુપ્રિય ! તે આપના કે અમારા માટે શ્રેયસ્કર નથી, રાજ્ય, રાષ્ટ્ર યાવત્ જનપદ માટે પણ શ્રેયસ્કર નથી કે આપ દેવાનુપ્રિય શ્રમણ નિર્ગ્રન્થ પ્રતિ અનાર્યત્વ સ્વીકારો. હે દેવાનુપ્રિય ! આપ આ અકાર્યથી અટકો.

ત્યારે તે વિમલવાહન રાજા, તે ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિ વિનયપૂર્વક કહેશે, ત્યારે ''ધર્મ કંઈ નથી, તપ મિથ્યા છે'' એવી બુદ્ધિ છતાં મિથ્યા વિનય બતાવી આ વાતને સ્વીકારી લેશે.

તે શતદ્વાર નગરની બહાર ઈશાન ખૂણામાં સુભૂમિભાગ નામે ઉધાન હશે. તે સર્વઋતુક૦ આદિ હશે.

તે કાળે, તે સમયે વિમલ અરહંતના પ્રશિષ્ય સુમંગલ નામે અણગાર, જાતિસંપન્નાદિ ધર્મઘોષ અણગાર સમાન હશે યાવત્ તેઓ સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળા, ત્રણ જ્ઞાન વડે યુક્ત હશે. તેઓ સુભૂમિભાગ ઉધાનની કંઈક સમીપે નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરતા યાવત્ આતાપના લેતા વિચરશે.

ત્યારે અન્ય કોઈ દિવસે તે વિમલવાહન રાજા રથચર્યા કરવા નીકળશે. ત્યારે તે રાજા સુભૂમિભાગ ઉધાનની કંઈક સમીપથી રથચર્યા કરતા નિરંતર છટ્ઠ છટ્ઠના તપપૂર્વક યાવત્ આતાપના લેતા સુમંગલ અણગારને જોશે. જોઈને ક્રોધિત થઈ યાવત્ ધમધમતો, સુમંગલ અણગારને રથશિર વડે પાડી દેશે. ત્યારે તે સુમંગલ અણગાર, વિમલવાહન રાજા દ્વારા રથશિર વડે પાડી દેવાતા, ધીમે





ધીમે ઉઠ્યા, ઉઠીને ફરી બીજી વખત ઉંચા હાથ રાખીને યાવત્ આતાપના લેતા વિચરવા લાગશે.

ત્યારે તે રાજા, સુમંગલ અણગારને બીજી વખત પણ રથના અગ્રભાગથી પાડી દેશે, ત્યારે તે સુમંગલ મુનિ, વિમલવાહને બીજી વખત પાડી દીધા પછી પણ ધીમે ધીમે ઉઠી જશે, ઉઠીને અવધિજ્ઞાન પ્રયોજશે, પછી વિમલવાહન રાજાનો ભૂતકાળ અવધિજ્ઞાનથી જોશે. જોઈને રાજાને એમ કહેશે કે — તું વિમલવાહન રાજા નથી, તું દેવસેન કે મહાપદ્મ પણ નથી, તું આજથી પૂર્વે ત્રીજા ભવમાં ગોશાલક નામે મંખલિપુત્ર હતો, શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે મૃત્યુ પામેલ.

તે સમયે સર્વાનુભૂતિ અણગાર સમર્થ હોવા છતાં (તારો અપરાધ) સમ્યક્ પ્રકારે સહેલ, ખમેલ, તિતિક્ષેલ, અધ્યાસિત કરેલ. એ પ્રમાણે ત્યારે સુનક્ષત્ર અણગારે પણ યાવત્ અધ્યાસિત કરેલ. જે સમયે શ્રમણ ભગવંત મહાવીરે પણ સમર્થ હોવા છતાં યાવત્ અધ્યાસિત કરેલ. પરંતુ હું તે પ્રમાણે સહન યાવત્ અધ્યાસિત કરીશ નહીં. હું તને મારા તપ-તેજથી તારા ઘોડા, રથ અને સારથિ સહિત એક જ પ્રહારમાં કૂટાઘાત સમાન ભસ્મરાશિ કરી દઈશ.

ત્યારે તે વિમલવાહન રાજા, સુમંગલ અણગારને આમ કહેતા સાંભળીને ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતો, સુમંગલ અણગારને ત્રીજી વખત રથના અગ્રભાગથી પાડી દેશે. ત્યારે તે સુમંગલ અણગાર, વિમલવાહન રાજાએ ત્રીજી વખત પાડી દેતા ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતા આતાપના ભૂમિથી ઉતરશે, ઉતરીને તૈજસ સમુદ્ઘાતથી સમવહન થઈને સાત-આઠ ડગલાં પાછા ખસશે, ખસીને વિમલવાહન રાજાને ઘોડા-રથ-સારથીસહિત પોતાના તપ-તેજથી ભસ્મરાશિ કરી દેશે.

ભગવન્ ! સુમંગલ અણગાર વિમલવાહન રાજાને ઘોડા સહિત યાવત્ ભસ્મરાશિ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! સુમંગલ અણગાર - x - ત્યારપછી ઘણાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, દશમ, બારસ યાવત્ વિચિત્ર તપકર્મોથી પોતાના આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળશે, પાળીને માસિકી સંલેખના કરી ૬૦ ભક્તોને અનશન વડે યાવત્ છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ ચંદ્રથી પણ ઉંચે યાવત્ ૧૦૦ ગ્રૈવેયક વિમાનાવાસ ઓળંગી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉપજશે. ત્યાં દેવોની અજઘન્ય-ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમની સ્થિતિ હોય છે, ત્યાં સુમંગલદેવની પણ અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમની સ્થિતિ થશે.

ભગવન્ ! તે સુમંગલ દેવ તે દેવલોકથી ચ્યવી યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.

● વિવેચન-૬૫૫ થી ૬૫૭ :-

શાલકોષ્ઠક ચૈત્યનું વર્ણન કરવું, પૃથ્વીશિલાપટ્ટકનું વર્ણન કરવું યાવત્ - x - ઉત્તમ અશોકવૃક્ષની નીચે - x - ઈત્યાદિ.

માલુકા નામે એક અસ્થિક વૃક્ષ વિશેષ, તેનું જે ગહન તે માલુયાકચ્છ. - -

શરીર વ્યાપકત્વથી વિપુલ, રોગ-પીડાકારી તે જ આતંક-વ્યાધિ તે રોગાતંક. उज्जवल - તીવ્ર, યાવત્ શબ્દથી આમ કહેવું — तिउल - મનોવચનકાય લક્ષણના અનર્થને માટે જય કરે છે. पगाढ - પ્રકર્ષ कक्कस - કર્કશદ્રવ્યવત્ અનિષ્ટ, चंड - રૌદ્ર, तिव्व - સામાન્યથી મરણનો હેતુ, दुक्ख - દુઃખના હેતુરૂપ, ક્યાંક दुग्ग શબ્દ છે - દુર્ગમવત્. दुरहियास દુરધિસહ્ય, સહેવી અશક્ય. જેને દાહ ઉત્પન્ન થયો છે દાહ વ્યુત્ક્રાંતિક - x - लोहियवच्चाइं - લોહીના ઝાડા, તે અત્યંત વેદના ઉત્પાદક રોગ થવાથી થાય છે. चाउवण्ण - બ્રાહ્મણાદિ લોક.

झाणंतरियाए - એક ધ્યાનની સમાપ્તિ, બીજાનો આરંભ. मणोमाणसिएण - મનમાં જ, બાહ્ય વચનાદિ વડે અપ્રકાશિત માનસિક દુઃખ, दुवे कवोया - કબૂતર પક્ષીના વર્ણ સમાન કપોત-કૂષ્માંડ, નાના કપોતક જેવું શરીર-વનસ્પતિદેહ હોવાથી કપોત શરીર અથવા કપોત શરીર માફક ધૂસરવર્ણ સદૃશ કપોતક ફળ અર્થાત્ કુષ્માંડ ફળ, તે સંસ્કારિત કરેલ. તેમાં ઘણાં પાપપણાથી તેનું પ્રયોજન નથી. - x - मज्जारकडए - માર્જાર નામક વાયુ વિશેષના ઉપશમન માટે સંસ્કારેલ તે માર્જારકૃત્ બીજા કહે છે કે માર્જાર-બિડાલ નામે વનસ્પતિ વિશેષ વડે કરાયેલ. તે બીજપૂરક કટાહ એટલે બિજૌરાપાક કહેવાય છે. નિરવદ્ય હોવાથી તે લાવ.

पत्तग मोएति - પાત્રક એટલે પિઠરક, સીક્કા ઉપરથી તેને ઉતાર્યુ. जहा विजय० આ શતકમાં ‘વિજય’ના વસુધારાદિ યુક્ત વર્ણન છે, તે અહીં કહેવું. बिलमिव० બિલ એટલે છિદ્ર, તેમાં સર્પ પ્રવેશે, તેમ પોતાને કલ્પીને સિંહ અણગારે લાવેલ આહારને શરીર કોઠામાં નાંખે છે. हट्ठ - નિર્વ્યાધિ, अरोग - પીડારહિત, तुट्ठ - સંતુષ્ટ, हृष्ट - વિસ્મીત. - x -

भारग्गसो - ભાર પ્રમાણ, ભારક એટલે પુરુષો દ્વારા ઉપાડાનાર ૧૨૦ પલ પ્રમાણ. कुंभग्गसो - અનેક કુંભપ્રમાણ, જઘન્યથી ૬૦ આઢક, મધ્યમથી-૮૦ આઢક, ઉત્કૃષ્ટથી ૧૦૦ આઢક પ્રમાણ. પદ્મ અને રત્નની વર્ષા सेए - શ્વેત, संखदल० શંખનો જે ખંડ કે તલ, તેના રૂપ વિમલ, તદ્વત્.

आउसिहिइ - આક્રોશ વચન કહેવા, निच्छोडेहिइ - હાથ વગેરે અવયવને છૂટા કરવા, निब्भत्थेहिए - આક્રોશ સિવાયના દુર્વચનો કહેવા, पमारेहिइ - મરણ ક્રિયાનો પ્રારંભ કરશે. उद्दवेहिइ - ઉપદ્રવ કરશે અથવા મારશે અને ઉપદ્રવ કરશે. आच्छिंदिहिइ - થોડું છેદશે, विच्छिंदेहिइ - વિશેષથી કે વિવિધ રીતે છેદશે. भिंदिहिइ - તોડફોડ કરશે, अवहरिहिइ - અપહરણ કરશે, ઉછાળી દેશે. निन्नगर - નગરથી બહાર કરશે.

रज्जस्स - રાજ્ય, રાજ્યાદિ પદાર્થ સમુદાય એટલે સ્વામી, અમાત્ય, રાષ્ટ્ર, કોશ, દુર્ગ, સૈન્ય, મિત્રો એ રાજ્યના સાત અંગો છે. રાષ્ટ્રાદિ તેનાથી વિશેષ છે. રાષ્ટ્ર-જનપદનો એક દેશ. विरमंतुणं० વિરમણ કદાચ વચનાદિ અપેક્ષાએ પણ થાય, તેથી કહે છે — કરણનો નિષેધ.

विमलस्स - વિમલજિન, ઉત્સર્પિણીમાં ૨૧માં થશે, તેવું સમવાયાંગમાં કહેલ છે. તે અવસર્પિણીમાં ચોથા જિનના સ્થાને પ્રાપ્ત થાય છે, તેથી અર્વાચીન જિન અંતરમાં ઘણાં કરોડ સાગરોપમને ઓળંગીને પ્રાપ્ત થાય. આ મહાપદ્મનું ૨૨-સાગરોપમ



આયુ થશે, તેથી આ આલાવો દુર્ગમ છે. અથવા જે ૨૨-સાગરોપમાંતે ઉત્સર્પિણીમાં જે તીર્થંકર થશે, તે પણ વિમલ નામે સંભવે છે. કેમકે મહાપુરુષોના અનેક નામો હોઈ શકે છે. - - पउप्पए - પ્રશિષ્ય. जहा धम्मघोस० ૧૧માં શતકના ૧૧માં ઉદ્દેશામાં કહેવાયેલ ધર્મઘોષનું વર્ણન અહીં કહેવું - x -

नोल्लावेहिइ - પ્રેરશે, સહિત આદિ એકાર્થ છે.

● સૂત્ર-૬૫૮ :-

*ભગવન્ ! વિમલવાહન રાજા, સુમંગલ અણગાર દ્વારા ઘોડા સહિત યાવત્ ભસ્મરાશિ કરાતા ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?*

*હે ગૌતમ! - x - તે અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ. કાળ સ્થિતિ નરકમાં નૈરયિકપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મત્સ્ય થશે, તે ત્યાં શસ્ત્રવધથી દાહપીડા થતાં કાળમાસે કાળ કરીને બીજી વખત પણ અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ સ્થિતિ નૈરયિકરૂપે ઉપજશે. ત્યાંથી ચ્યવી અનંતર મત્સ્યપણે ઉપજશે.*

*ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને છઠ્ઠી તમા પૃથ્વીમાં ઉત્કૃષ્ટી કાળ સ્થિતિવાળા નરકમાં નૈરયિકરૂપે ઉપજશે. તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને સ્ત્રીરૂપે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી દાહ પામી યાવત્ બીજી વખત છઠ્ઠી તમા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ યાવત્ ઉદ્વર્તીને ફરી સ્ત્રી થશે.*

*સ્ત્રીપણામાં ફરી શસ્ત્ર વધથી યાવત્ મરીને પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળ યાવત્ ઉદ્વર્તીને ઉરઃપરિસર્પમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને બીજી વખત પાંચમીમાં યાવત્ ત્યાંથી ઉદ્વર્તીને બીજી વખત ઉરઃપરિસર્પમાં ઉપજશે.*

*ત્યાંથી યાવત્ મરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉપજી યાવત્ ઉદ્વર્તીને સીંહપણે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી તે જ પ્રમાણે યાવત્ મરીને ફરી બીજી વખત ચોથી પંકપ્રભામાં યાવત્ ઉદ્વર્તીને બીજી વખત પણ સીંહપણે ઉપજશે.*

*સીંહપણે યાવત્ મરીને ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટકાલ યાવત્ ઉદ્વર્તીને પક્ષીમાં ઉત્પન્ન થશે. તેમાં પણ શસ્ત્ર વધથી યાવત્ મરીને બીજી વખત વાલુકાપ્રભામાં યાવત્ ઉદ્વર્તીને બીજી વખત પક્ષી થશે.*

*પક્ષીપણે યાવત્ મરીને બીજી શર્કરાપ્રભામાં જશે યાવત્ ઉદ્વર્તીને સરિસર્પમાં ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને ફરી બીજી વખત શર્કરાપ્રભામાં જશે યાવત્ ઉદ્વર્તીને સરીસર્પમાં ઉપજશે.*

*સરીસર્પમાંથી યાવત્ મરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ સ્થિતિક નરકમાં નૈરયિકપણે ઉપજશે. યાવત્ ઉદ્વર્તીને સંજ્ઞીમાં ઉપજશે, ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને અસંજ્ઞીમાં ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને બીજી વખત આ રત્નપ્રભામાં પલ્યોપમના અસંખ્યાત ભાગ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિક થશે.*

*તે ત્યાંથી ઉદ્વર્તીને યાવત્ જે આ ખેચર જીવોના ભેદ છે તે થશે. જેમકે*

*ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગકપક્ષી, વિતતપક્ષી, તેમાં અનેક લાખ વખત મરી-મરી તેમાં જ વારંવાર જન્મ લેશે. બધે જ શસ્ત્ર વધથી દાહવેદનાપૂર્વક કાળમાસે કાળ કરીને — ... જે આ ભુજ પરિસર્પના ભેદોમાં ઉપજશે. જેમકે - ગોધ, નકુલ ઈત્યાદિ 'પ્રજ્ઞાપના' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ જાહકાદિ. ત્યાં અનેક લાખ વાર યાવત્ ખેચરવત્ બધું કહેવું યાવત્ ત્યાંથી મરીને જે આ ઉર પરિસર્પના ભેદો છે, જેમકે — સર્પ, અજગર, આશાલિક, મહોરગ આદિમાં અનેક લાખ વાર ઉપજશે યાવત્ મરીને જે આ ચતુષ્પદના ભેદો છે - જેમકે - એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખ પદાદિ તેમાં અનેક લાખ વાર ઉપજશે યાવત્ મરીને જે આ જલચરના ભેદો છે - જેમકે - મત્સ્ય, કચ્છભ યાવત્ સુંસુમાર તેમાં અનેક લાખ વખત ઉપજશે. યાવત્ તેમાં મરીને—*

*— જે આ ચતુરિન્દ્રિયના ભેદો છે. જેમકે - અંધિક, પૌત્રિકાદિ જેમ પન્નવણા પદમાં કહ્યા છે યાવત્ ગોમયકીડો, તેમાં અનેક લાખ ભવોમાં ઉપજી યાવત્ મરીને જે આ તેઈન્દ્રિયના ભેદો છે જેમકે - ઉપચિત યાવત્ હસ્તિસૌંડ, તેમાં અનેક લાખ ભવ કરી યાવત્ જે આ બેઈન્દ્રિયના ભેદો છે, જેમકે - પુલાકૃમિ યાવત્ સમુદ્રલિક્ષા, તેમાં અનેક લાખ ભવ કરીને યાવત્ મરીને —*

*— જે આ વનસ્પતિકાયના ભેદો છે. જેમકે - વૃક્ષ, ગુચ્છ યાવત્ કુહગ, તેમાં અનેક લાખ ભવ કરીને યાવત્ મરીને પછી વિશેષ કટુ રસવાળા વૃક્ષો અને વેલોમાં ઉપજશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરીને જે આ વાઉકાયિકના ભેદો છે. જેમકે - પૂર્વવાયુ યાવત્ શુદ્ધ વાયુ, તેમાં અનેક લાખ ભવો કરીને યાવત્ મરીને, જે આ તેઉકાયિકના ભેદો છે, જેમકે - અંગાર યાવત્ સૂર્યકાંતમણિ નિઃસૃત અગ્નિ આદિમાં અનેક લાખ ભવો કરીને યાવત્ મરશે. પછી જે આ અપ્કાયિકના ભેદો છે, જેમકે ઓસ યાવત્ ખાઈનું પાણી, તેમાં અનેક લાખ ભવો કરશે યાવત્ (મરી મરીને ફરી) જન્મશે-વિશેષતયા ખારા પાણી તથા ખાઈના પાણીમાં ઉત્પન્ન થશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરીને, જે આ પૃથ્વીકાયિકના ભેદો છે, જેમકે - પૃથ્વી, શર્કરા, યાવત્ સૂર્યકાંત મણિ, તેમાં અનેક લાખ વખત યાવત્ ફરી ફરીને જન્મશે. વિશેષતયા તે ખર-બાદર પૃથ્વીકાયિકમાં જન્મશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરણ પામીને —*

*રાજગૃહનગર બહાર વેશ્યારૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરણ પામીને બીજી વખત રાજગૃહનગરની અંદર વેશ્યાપણે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરણ પામશે.*

● **વિવેચન-૬૫૮ :-**

सत्थवज्झे - શસ્ત્રથી વધ થઈને દાહ ઉત્પત્તિથી કાળ કરે તે. અહીં યથોક્ત ક્રમથી અસંજ્ઞી આદિ રત્નપ્રભાદિમાં જે ઉત્પન્ન થાય છે. તે આ ઉત્પાદિત છે. કહ્યું છે કે અસંજ્ઞી પહેલી નરકમાં, સરિસૃપ બીજીમાં, પક્ષી ત્રીજીમાં, સીંહો ચોથીમાં, ઉરપરિસર્પ પાંચમીમાં, સ્ત્રીઓ છઠ્ઠીમાં, મત્સ્ય અને મનુષ્યો સાતમી નરક પૃથ્વીમાં (જઈ શકે).

विहाण - ભેદો. चम्मपक्खी - વલ્ગુલી આદિ, लोमपक्खी - હંસ આદિ,



समुग्गपक्खा - સમુદ્ગકાકાર પાંખવાળા મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા, वियपक्खा - વિસ્તારિત પાંખોવાળા સમયક્ષેત્ર બહાર રહેલા. अणेगसय० ઈત્યાદિ જે કહ્યું, તે આંતર જ જાણવું, નિરંતર પંચેન્દ્રિયત્વ પામેલને ઉત્કર્ષથી આઠ ભવ પ્રમાણ જ. - x - जहा पन्नवणाए - પ્રજ્ઞાપનાના પહેલા પદમાં છે - - एगखुर - અશ્વાદિ, दुखुर - ગાય આદિ, गंडीपद - હાથી આદિ, सणहप्पय - સિંહાદિ નખવાળા.

कच्छम આદિથી ગ્રાહ, મગર, પોત્તિક લેવા. जहा पन्नवणा વડે આમ સૂચવે છે - મત્સ્યાદિ. उवचियाण० આદિ શબ્દથી રોહિણિય, કૂંથુ, પિપિલિકા ઈત્યાદિ. पुलाकिमिय० અહીં યાવત્ શબ્દથી કુક્ષિકૃમિ, ગંડોલક, ગોલોમ આદિ લેવા. વૃક્ષોમાં એકાસ્થિક, બહુબીજક ભેદથી બે ભેદ, તેમાં એકાસ્થિક તે નિંબ, આમ્ર આદિ, બહુબીજ થી અસ્થિક, તિંદુકાદિ લેવા, गुच्छ - વૃંતાકી આદિ, યાવત્ શબ્દથી ગુલ્મ, લતા, વલ્લી, પર્વક, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ લેવા. તેમાં ગુલ્મ-નવમાલિકા આદિ, લતા - પદ્મલતા આદિ, વલ્લી-પુષ્પફલી આદિ, પર્વક-શેરડી આદિ, તૃણ-દર્ભ, કુશ આદિ, વલય-તાલ, તમાલાદિ, હરિત-અધ્યારોહક, તંદુલીયકાદિ, ઔષધિ-શાલિ, ઘઉં આદિ, જલરુહ-કુમુદાદિ જાણવા.

कुहुण - અપ્કાય વગેરે ભૂમિ ફોડા. उस्सन्न - બહુલતાથી, पाईणवाय - પૂર્વ વાયુ યાવત્ શબ્દથી પડીણવાયુ, દક્ષિણવાયુ ઈત્યાદિ, सुद्धवायाणं - મંદ સ્તિમિત વાયુ, इंगाल - અંગારા, અહીં યાવત્ શબ્દથી જ્વાલા, મુર્મુર, અર્ચીઃ ઈત્યાદિ. તેમાં જ્વાલા - પવન સંબદ્ધ સ્વરૂપ, મુર્મુર-કુંકુકાદિમાં મસૃણ અગ્નિરૂપ, અર્ચિષ્ - વાયુ પ્રતિબદ્ધ જ્વાલા ओसाण - રાત્રિ જલ, અહીં યાવત્ શબ્દથી હિમ, મહિકાદિ લેવા. खाओदय - ભૂમિમાં જે જળ છે તે, पुढवि० માટી, શર્કરાદિ. યાવત્ શબ્દથી વાલુકા, ઉપલ લેવું, सूरकंत - મણિ વિશેષ, बाहिं खरियत्ता - નગર બહારવર્તી વેશ્યાપણે- x -

● **સૂત્ર-૬૫૯ :-**

*આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં બેભેલ સંનિવેશમાં બ્રાહ્મણ કુળમાં બાલિકારૂપે જન્મશે. ત્યારે તે બાલિકા બાલ્યભાવ છોડીને યૌવનને પ્રાપ્ત કરશે, ત્યારે તેના માતા-પિતા ઉચિત શુલ્ક અને ઉચિત વિનય દ્વારા પ્રતિરૂપ પતિને પત્નીરૂપે આપશે.*

*તેણી તેની પત્ની થશે, તે (પતિને) ઈષ્ટ, કાંત, યાવત્ અનુમત ભાંડ કરંડક સમાન, રત્નના પટારા સમાન સુરક્ષિત, વસ્ત્રોની પેટી સમાન સુસંપરિગૃહ, રત્નકરંડક સમાન સુસારક્ષિત, સુસંગોપિત, શીત કે ઉષ્ણ યાવત્ પરીષહોપસર્ગ તેને ન સ્પર્શે. (એ રીતે રાખી) ત્યારે તે બાલિકા અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ શ્વશૂર કૂળથી પીયર જતી એવી માર્ગમાં દાવાગ્નિની જ્વાલાથી પીડિત થઈ કાળમાસે કાળ કરીને દક્ષિણદિશાના અગ્નિકુમાર દેવોમાં દેવપણે થશે.*

*તે દેવ ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીરને પામશે ત્યાં કેવલ બોધિને પામશે, પામીને મુંડ થઈને ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા લેશે. ત્યાં પણ શ્રામણ્ય વિરાધી કાળમાસે કાળ માસે કાળ કરી દક્ષિણના અસુરકુમાર દેવોમાં દેવપણે ઉપજશે. તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામીને, પૂર્વવત્ યાવત્ ત્યાં*

*પણ શ્રામણ્ય વિરાધી કાળ માસે યાવત્ કરીને દક્ષિણ દિશામાં નાગકુમાર દેવોમાં દેવપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ચ્યવીને૰ આ આલાવાઓ વડે દક્ષિણ દિશાના સુવર્ણકુમારોમાં, એ રીતે વિધુત્કુમારોમાં ઉત્પન્ન થશે, આ રીતે અગ્નિકુમાર દેવોને છોડીને યાવત્ દક્ષિણ દિશાના સ્તનિતકુમારોમાં ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામશે યાવત્ શ્રામણ્ય વિરાધી જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થશે, તે ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીર પામીને યાવત્ અવિરાહિત શ્રામણ્યથી કાળમાસે કાળ કરીને સૌધર્મ કલ્પે દેવપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીર પામીને કેવલ બોધિ પામશે, ત્યાં પણ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળ માસે કાળ કરીને ઈશાન કલ્પે દેવપણે ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી ચ્યવીને મનુષ્ય શરીર પામશે, ત્યાં પણ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળમાસે કાળ કરીને સનત્કુમાર કલ્પે દેવપણે ઉપજશે. તે ત્યાંથી ચ્યવીને૰ એ પ્રમાણે જેમ સનત્કુમાર, તેમ બ્રહ્મલોક, મહાશુક, આનત, આરણમાં (ઉપજશે). તે ત્યાંથી યાવત્ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળમાસે કાળ કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી અનંતર ચ્યવીને મહાવિદેહ વર્ષ ક્ષેત્રમાં. જે આ કુળો છે - આઢ્ય યાવત્ અપરિભૂત, તેવા પ્રકારના કુળમાં પુત્રરૂપે જન્મશે. એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં દૃઢ પ્રતિજ્ઞની વક્તવ્યતા કહી છે, તે સમગ્ર વક્તવ્યતા સંપૂર્ણ અહીં કહેવી. યાવત્ ઉત્તમ કેવળ જ્ઞાનદર્શન ઉત્પન્ન થશે.*

*ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ કેવલી પોતાનો અતીતકાળ ઉપયોગપૂર્વક જોશે. જોઈને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવશે, બોલાવીને આમ કહેશે — હે આર્યો! હું દીર્ઘકાળ પૂર્વે ગોશાલક નામક મંખલિપુત્ર હતો. શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે જ કાળ પામ્યો. હે આર્યો! તે પાપમૂલક (કર્મોના ફળરૂપે) હું અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારમાં ભમ્યો. તેથી હે આર્યો! તમારામાંથી કોઈએ પણ આચાર્ય પ્રત્યનીક, ઉપાધ્યાય પ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયના અયશ-અવર્ણ-અકીર્તિ કરનારા ન થવું. મેં જે રીતે અનાદિ અનંત યાવત્ સંસાર કાંતારનું પરિભ્રમણ કર્યું, તેમ તમે સંસારાટવીમાં પરિભ્રમણ ન કરજો.*

*ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો દૃઢપ્રતિજ્ઞ કેવલીની પાસે આ વાત સાંભળી, અવધારી ભયભીત થયા, ત્રાસ પામ્યા, સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ દૃઢ પ્રતિજ્ઞ કેવલીને વંદન-નમન કરશે. કરીને તે સ્થાનની આલોચના, નિંદા યાવત્ તપશ્ચરણનો સ્વીકાર કરશે.*

*ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણાં વર્ષો કેવલપર્યાયને પાળીને, પોતાના આયુષ્યને શેષ જાણીને ભક્ત પ્રત્યાખ્યાન કરશે. એ પ્રમાણે જેમ ''ઉવવાઈ'' સૂત્રમાં કહ્યું. તેમ યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.*

*ભગવન્! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૬૫૯ :-**

पडिरूविएण - ઉચિત શુલ્ક દઈને. भंडकरंडगसमाणे - આભરણ ભાજન તુલ્ય



આદેય. तेल्लकेला० તેલના આશ્રય ભાજન વિશેષ - x - તે સારી રીતે સંગોપનીય હોય છે, અન્યથા ઢોળાતા તેલની હાનિ થાય છે. चेलपेडा० વસ્ત્રોની પેટી માફક સારી રીતે સંપરિવૃત્ત-નિરૂપદ્રવ સ્થાને રાખેલ.

दाहिणिल्लेसु० વિરાધિત શ્રામણ્યત્વથી અસુરકુમાર થયો, અન્યથા વૈમાનિકમાં જ ઉત્પત્તિ થાય છે. અહીં જે 'દાક્ષિણ્યમાં' કહ્યું. તે તેના ક્રૂરકર્મત્વથી દક્ષિણ ક્ષેત્રમાં ઉત્પાદ થાય, એમ જાણવું.

अविराहिय सामन्न એટલે આરાધિત ચારિત્ર. અહીં આરાધિત ચારિત્રથી - ચારિત્ર સ્વીકારના સમયથી આરંભીને મરણ પર્યન્ત નિરતિચાર પણે તેનું પાલન કરવું. કહ્યું છે કે — અહીં આરાધના, ચારિત્રના સ્વીકાર સમયથી આરંભીને આમરણાંત અજસ્ર વિધિથી સંયમ પાળવો.

આ પ્રમાણે અહીં જો કે ચારિત્ર સ્વીકાર ભવે વિરાધના યુક્ત અગ્નિકુમાર વર્જિત ભવનપતિ, જ્યોતિષ્ક હેતુ ભવ સહિત દશ, અવિરાધના ભવો યથોક્ત સૌધર્માદિ દેવલોક સર્વાર્થસિદ્ધિ ઉત્પત્તિ હેતુ સાત અને આઠમાં સિદ્ધિગમન રૂપ અંતિમ ભવ, એમ આઠ ભવ થાય છે. સાંભળેલ છે કે ચારિત્ર આઠ ભવ જ હોય, તો પણ વિરોધ નથી. કેમકે અવિરાધિત ભવોનું જ ગ્રહણ કરવું. બીજા કહે છે — ''ચારિત્ર પ્રાપ્તિ આઠ ભવ સુધી જ થાય'' તેથી આ સૂત્રમાં - x - ચારિત્ર સ્વીકાર વિશેષિત જ ભવ લેવા. આરાધના, વિરાધના વિશેષણ ન કરવું, અન્યથા જે ભગવંત મહાવીરે હાલિકને જે પ્રવ્રજ્યા બીજ આપેલ, તે નિરર્થક થાય. કેમકે સમ્યક્ત્વ માત્રથી જ બીજ માત્ર સિદ્ધ છે. જે ચારિત્ર દાન તે આઠમાં ચારિત્રમાં સિદ્ધિ છે. - x - જે દશ વિરાધના ભવોમાં તેનું ચારિત્ર કહ્યું તે દ્રવ્યથી પણ હોય, તેથી તેમાં દોષ નથી. - x - x - વળી ચૂર્ણિકારે આરાધના પક્ષને સમર્થન આપેલ છે. जहा उववाइए - અંબડ પરિવ્રાજક કથાનક જાણવું.

*આ શતકમાં ગોશાલકનો વર્તમાન ભવ અને ભાવિ ભવો દર્શાવ્યા છે, ગોશાલકના પૂર્વભવનું કથાનક 'મહાનિશીથ' સૂત્રમાં આવે છે. જિજ્ઞાસુઓએ અમારા મહાનિશીથના અનુવાદને અથવા આગમ કથાનુયોગ જોવા*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૧૬ 卐

-- x -- x --

૦ ૧૫માં શતકની વ્યાખ્યા કરી. તેમાં એકેન્દ્રિયોમાં ગોશાળાના જીવના અનેક વખત જન્મ-મરણ કહ્યા. અહીં પણ જીવના જન્મમરણાદિ કહે છે. એ સંબંધથી આવેલ આ શતકની ઉદ્દેશક સૂચક ગાથા —

**● સૂત્ર-૬૬૦ :-**

***અધિકરણી, જરા, કર્મ, યાવતીય, ગંગદત્ત, સ્વપ્ન, ઉપયોગ, લોક, બલિ, અવધિ, દ્વીપ, ઉદધિ, દિશા, સ્તનિત આ ૧૪-ઉદ્દેશા છે.***

**● વિવેચન-૬૬૦ :-**

(૧) અધિકરણી - લોઢા આદિને કૂટવાની એરણ, લોઢાનું ઉપકરણ વિશેષ, તે વગેરે પદાર્થ વિશેષિત અર્થ-વિષયનો ઉદ્દેશક તે અધિકરણી. (૨) જરા-જરા આદિ અર્થ વિષયત્વથી, (૩) કર્મ-કર્મપ્રકૃતિ આદિ અર્થ વિષયપણાથી, (૪) જાવઈય-આ આદિ શબ્દથી ઉપલક્ષિત ઉદ્દેશો.

(૫) ગંગદત્ત - આ દેવ વક્તવ્યતા પ્રતિબદ્ધ. (૬) સ્વપ્ન-સંબંધી મીમાંસા, (૭) ઉપયોગ-ઉપયોગાર્થ પ્રતિપાદકત્વથી (૮) લોક-લોકસ્વરૂપ વિષયક, (૯) બલિ-બલિ સંબંધી પદાર્થ જણાવતો. (૧૦) અવધિ-અવધિ જ્ઞાનની પ્રરૂપણાર્થત્વથી. (૧૧) દ્વીપ-દ્વીપકુમાર વક્તવ્યતા, (૧૨) ઉદધિ-ઉદધિકુમાર વિષયક, (૧૩) દિશા-દિશાકુમાર વિષયક, (૧૪) સ્તનીત-સ્તનીત કુમાર વિષયક.

### ❁ શતક-૧૬, ઉદ્દેશો-૧-"અધિકરણી" ❁

-- x -- x -- x -- x -- x -- x --

**● સૂત્ર-૬૬૧,૬૬૨ :-**

***[૬૬૧] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! શું અધિકરણમાં વાયુકાય ઉત્પન્ન થાય છે ? હા, થાય છે. - - ભગવન્ ! શું તે સ્પર્શીને મરે છે કે સ્પર્શ્યા વિના મરે છે ? ગૌતમ ! સ્પર્શીને મરે છે, સ્પર્શ્યા વિના નહીં. - - ભગવન્ ! તે સશરીરી નીકળે છે કે અશરીરી નીકળે છે ? એ પ્રમાણે જેમ સ્કંદકમાં કહ્યું તેમ યાવત્ શરીરરહિત થઈને જતો નથી.***

***[૬૬૨] ભગવન્ ! અંગારકારિકામાં અગ્નિકાય કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ રાત્રિદિવસ. ત્યાં બીજા વાયુકાયિક જીવ પણ ઉત્પન્ન થાય છે. કેમકે વાયુકાય વિના અગ્નિકાય પ્રજ્વલિત થતાં નથી.***

**● વિવેચન-૬૬૧,૬૬૨ :-**

પહેલા ઉદ્દેશાની પ્રસ્તાવનાર્થે કહે છે — - x - अहिगरणिंसि० અધિકરણમાં વાયુકાય વ્યુત્ક્રમે છે - લોઢાના ઘણના ઘાતથી ઉત્પન્ન થાય છે. આ આક્રાંત સંભવત્વથી પહેલાં અચેતનપણે ઉત્પન્ન થવા છતાં પણ પછી સચેતન થઈ જાય છે, તેમ સંભવે છે. ઉત્પન્ન થઈને મરે છે, તેથી પ્રશ્ન કરતાં કહે છે — से भंते० આદિ.



સ્પર્શીને સ્વકાય શસ્ત્રાદિ વડે સશરીર કલેવરથી નીકળે છે, કાર્મણાદિ અપેક્ષાથી કહ્યું, પણ ઔદારિકાદિ અપેક્ષાથી તે અશરીરી છે.

અગ્નિના સહચરપણાથી વાયુ, વાયુ સૂત્ર પછી અગ્નિ સૂત્ર કહે છે — इंगालकारिया - અંગારાને કરે છે, તે અંગારકારિકા, અગ્નિની સગડી, તેમાં માત્ર અગ્નિકાય નથી હોતો, બીજો વાયુકાય પણ ઉત્પન્ન થાય છે, કહ્યું છે કે — "જ્યાં અગ્નિ ત્યાં વાયુ" - x - અગ્નિ અધિકારથી આ કહે છે —

**● સૂત્ર-૬૬૩ :-**

***ભગવન્ ! લોઢું તપાવવાની ભઠ્ઠીમાં તપેલ લોઢાને સાણસી વડે ઉંચું-નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ લોઢું તપાવવાની ભઠ્ઠીમાં લોઢાની સાણસી વડે લોઢાને ઉંચુ-નીચું કરે છે, ત્યાં સુધી તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાત ક્રિયા સુધીની પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. જે જીવોનું શરીર લોઢું બનેલ છે, લોઢાની ભઠ્ઠી-સાણસી બની છે, અંગારા બનેલ છે, અંગાર કઢ્ઢિણિ, ધમણ બની છે, તે બધાં જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ સ્પૃષ્ટ થાય છે.***

***ભગવન્! લોહભઠ્ઠીમાંથી, લોઢાને, લોહસાણસી વડે પકડીને એરણ પર રાખતા અને ઉપાડતા પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે? ગૌતમ! જ્યાં સુધી લોહ ભઠ્ઠીમાંથી લોઢાને સાણસી વડે પકડીને યાવત્ રાખે છે, ત્યાં સુધી તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી પાંચે ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. જે જીવોના શરીરથી લોઢું-સાણસી-ઘણ-હથોડો-ઐરણ-ઐરણનું લાકડું બનેલ છે, ઉદકદ્રોણી બની છે, અધિકરણ શાળા બની છે, તે બધાં જીવો કાયિકી આદિ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.***

**● વિવેચન-૬૬૩ :-**

अयं - લોઢું, अयकोट्ठंसि - લોઢા તપાવવાની ભઠ્ઠી, उव्विह-पव्विह ઉત્ક્ષેપતો કે પ્રક્ષેપતો. इंगालकड्ढिणि - અંગારા કાઢવાની લોઢાની છડી. भत्थ - ધમણ, આ બધાં પદાર્થોના મૂળ જીવને પાંચ ક્રિયા લાગે —

चम्मेट्ठे - ઘણ, લોઢાને કુટવાના પ્રયોજનથી બનેલ લોઢાનું લુહારાદિનું ઉપકરણ વિશેષ. मुट्ठिए - નાનો ઘણ, अहिगरणखोडि - જે લાકડામાં અધિકરણી રખાય છે તે. उदगदोणि - પાણીનું વાસણ જેમાં તપેલ લોઢું શીતળ કરવાને નખાય છે. अहिगरणसाला - લોહારશાળા. - - પૂર્વે ક્રિયા પ્રરૂપી, તેમાં અધિકરણિકી છે, તે અધિકરણથી હોય છે, તેથી તે બંનેના નિરૂપણાર્થે કહે છે —

**● સૂત્ર-૬૬૪,૬૬૫ :-**

***[૬૬૪] ભગવન્ ! જીવ, અધિકરણી છે કે અધિકરણ ? ગૌતમ ! જીવ, અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે. - - ભગવન્ ! આમ કેમ કહો છો - x - ? ગૌતમ ! અવિરતિને આશ્રીને તે બંને કહેલ છે.***

***ભગવન્ ! નૈરયિક, શું અધિકરણી કે અધિકરણ છે ? ગૌતમ ! અધિકરણી***

*પણ છે, અધિકરણ પણ છે. એ પ્રમાણે જેમ જીવમાં કહ્યું તેમ નૈરયિકમાં પણ કહેવું, એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક કહેવું.*

*ભગવન્ ! જીવ, શું સાધિકરણી છે કે નિરધિકરણી ? ગૌતમ ! સાધિકરણી છે, નિરધિકરણી નથી. આમ કેમ કહ્યું પ્રશ્ન. ગૌતમ ! અવિરતિને આશ્રીને. કહ્યું યાવત્ નિરધિકરણી નથી. યાવત્ વૈમાનિક આમ કહેવું.*

*ભગવન્ ! શું જીવ, આત્માધિકરણી છે, પરાધિકરણી છે, તદુભયાધિકરણી છે ? ગૌતમ ! તે ત્રણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે યાવત્ તદુભયાધિકરણી પણ છે. ગૌતમ ! અવિરતિને આશ્રીને તે પ્રમાણે કહ્યું યાવત્ તદુભયાધિકરણી પણ છે, યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! શું જીવોના અધિકરણ આત્મપ્રયોગથી થાય છે, પરપ્રયોગથી થાય છે કે તદુભયપ્રયોગથી થાય છે ? ગૌતમ ! આ ત્રણે છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! અવિરતિને આશ્રીને. તેથી કહ્યું કે યાવત્ તદુભય પ્રયોગથી થાય છે. યાવત્ વૈમાનિક.*

*[૬૬૫] ભગવન્ ! શરીર કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે - ઔદારિક યાવત્ કાર્મણ. - - ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી કહી છે ? ગૌતમ ! પાંચ. તે આ - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય.*

*ભગવન્ ! યોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ. તે આ - મનોયોગ, વચનયોગ, કાયયોગ. - - ભગવન્ ! ઔદારિક શરીર બાંધતો જીવ અધિકરણી છે કે અધિકરણ ? ગૌતમ ! બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે બંને છે ? ગૌતમ ! અવિરતિને આશ્રીને યાવત્ અધિકરણ પણ છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક, ઔદારિક શરીર બાંધતા અધિકરણી છે કે અધિકરણ ? પૂર્વવત્. એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. એ રીતે વૈક્રિયશરીરમાં પણ જાણવું. વિશેષ એ કે - જેને જે શરીર હોય, તે તેને કહેવું.*

*આહારક શરીર બાંધતો જીવ અધિકરણી છે? પ્રશ્ન. ગૌતમ! અધિકરણી પણ છે. અધિકરણ પણ છે. - - એમ કેમ કહ્યું? ગૌતમ! પ્રમાદને આશ્રીને એમ કહ્યું કે યાવત્ અધિકરણ પણ છે. એ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું. તૈજસ શરીર, ઔદારિકવત્ જાણવું. વિશેષ એ કે - સર્વે જીવોને કહેવા. કાર્મણ શરીર પણ એ પ્રમાણે છે.*

*ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયને બાંધતો જીવ અધિકરણી કે અધિકરણ છે ? એ પ્રમાણે જેમ ઔદારિક શરીર કહ્યું, તેમ શ્રોત્રેન્દ્રિય પણ કહેવું. વિશેષ એ કે - જેને શ્રોત્રેન્દ્રિય હોય, તેને કહેવી. એ પ્રમાણે ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શનેન્દ્રિય પણ કહેવી. વિશેષ એ કે - જેને જે ઈન્દ્રિય હોય, તેને તે પ્રકારે કહેવું.*

*ભગવન્! મનોયોગને બાંધતો જીવ અધિકરણી કે અધિકરણ? એ પ્રમાણે જેમ શ્રોત્રેન્દ્રિયમાં કહ્યું, તેમ બધું કહેવું. વચનયોગ એ પ્રમાણે જ છે. વિશેષ એ કે - એકેન્દ્રિયોને વર્જવા. એ પ્રમાણે કાયયોગ પણ કહેવો. વિશેષ એ કે સર્વે જીવોને વૈમાનિક સુધી કહેવા. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*



**● વિવેચન-૬૬૪,૬૬૫ :-**

अहिगरणि वि - અધિકરણ એટલે દુર્ગતિ નિમિત્ત. વસ્તુ વિવક્ષાથી શરીર, ઈન્દ્રિયો તથા બાહ્ય હળ, ગાડુ આદિ પરિગ્રહ જેને હોય તે અધિકરણી. अहिगरण - શરીરાદિ અધિકરણ વડે કંઈક વ્યતિરિક્તપણાથી અધિકરણ જીવ. આ બંને જીવને અવિરતિને આશ્રીને કહ્યા છે, તેથી જે વિરતિવાળા છે, તે મને શરીરાદિ ભાવ છતાં પણ અધિકરણી નથી, અધિકરણ પણ નથી.

આ જ કથન ૨૪-દંડકને આશ્રીને બતાવે છે - નૈરયિકાદિ અધિકરણી જીવ પૂર્વે કહ્યા છે, તે દૂરવર્તી હોવા છતાં અધિકરણ વડે કહે છે. જેમકે ગોમાન. તેથી અહીં પૂછે છે - જીવ, સાધિકરણી આદિ. શરીરાદિ સહિત વર્તે તે સાધિકરણી, સંસારી જીવને શરીર, ઈન્દ્રિયરૂપ અધિકરણ સર્વદા સાથે હોવાથી આમ કહ્યું. શસ્ત્રાદિ અધિકરણ અપેક્ષાએ સ્વસ્વામી ભાવના અવિરતિરૂપ સહવર્તીપણાથી જીવ સાધિકરણ કહેવાય. પરંતુ સંયતોને શરીરાદિ હોવા છતાં અવિરતિના અભાવથી આધિકરણિત્વ નથી. निरधिकरणी - જેમાંથી અધિકરણ ચાલ્યું ગયું છે તે. - x - તે હોતું નથી. અવિરતિને અધિકરણરૂપે અદૂરવર્તિત્વથી કહ્યું. અથવા પુત્ર, મિત્રાદિ વડે વર્તે છે, તે આધિકરણી. કોઈક જીવને પુત્રાદિના અભાવે પણ, તે વિષયક વિરતિના અભાવથી સાધિકરણત્વ જાણવું. તેથી નિરધિકરણી નથી એમ મંતવ્ય છે. - - - અધિકરણ અધિકારથી કહે છે —

અધિકરણી કૃષિ આદિવાળો આત્મ અધિકરણી છે. (શંકા) જેને કૃષિ આદિ નથી, તે કઈ રીતે અધિકરણી છે ? અવિરતિ અપેક્ષાએ. पराहिगरणि બીજાના અધિકરણમાં પ્રવર્તનથી અધિકરણી તે. तदुभयाहिगरणि - આત્મા અને પર બંને તે તદુભય, તેથી અધિકરણી જે છે તે. હવે અધિકરણની જ હેતુ પ્રરૂપણાર્થે કહે છે — जीवाणं આદિ. आयप्पओग - આત્માના પ્રયોગ-મન વગેરે વ્યાપારથી નિષ્પાદિત જે છે તે. એ પ્રમાણે બીજા બંને કહેવા. (શંકા) જેને વચનાદિ પરપ્રવર્તન વસ્તુ નથી. તેને કઈ રીતે પરપ્રયોગ નિર્વર્તિતાદિ થાય ? આ આશંકા નિવારવા કહે છે — અવિરતિની અપેક્ષાએ ત્રણે પણ હોય, તેમ વિચારવું.

હવે શરીરીને ઈન્દ્રિય અને યોગના નિષ્પાદનમાં જીવાદિનું અધિકરણત્વમાં સૂત્રમાં કહ્યું. - x - x - આ આલાવો પૃથ્વીકાયિક સૂત્રમાં સમસ્ત કહેવો. - x - જે જીવ પદને જે હોય તે કહેવો. તેમાં નારક-દેવોને, વાયુને, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને તે હોય છે, તેમ જાણવું.

पमायपडुच्च - આ આહારક શરીર સંયમીને જ હોય, તેમાં અવિરતિના અભાવ છતાં પણ પ્રમાદથી અધિકરણીત્વ જાણવું. તે મનુષ્યને જ હોય છે - x - શ્રોત્રેન્દ્રિય એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયનાને હોય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશા-૨-“જરા” ❀

— x — x — x — x — x — x —

૦ જીવોનું અધિકરણ કહ્યું. તેમાં જ જરા, શોકાદિ ધર્મ અહીં કહે છે —

● **સૂત્ર-૬૬૬ :-**

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! શું જીવોને જરા અને શોક હોય ? ગૌતમ ! તે બંને હોય. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે જીવો શારીરિક વેદના વેદે છે, તે જીવોને જરા હોય છે. જે જીવો માનસિક વેદના વેદે છે, તેઓને શોક હોય છે. તેથી આ પ્રમાણે કહ્યું છે. એ પ્રમાણે નૈરયિકોને પણ જાણવું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકને જરા અને શોક હોય ? ગૌતમ ! પૃથ્વીકાયિકને જરા હોય, શોક નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિક શારીરિક વેદના વેદે છે, માનસિક વેદના ન વેદે, તેથી કહ્યું. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી જાણવું. બાકીનાને જીવની માફક જાણવું. યાવત્ વૈમાનિક. - - ભગવન્ ! તે એમ જ છે યાવત્ પર્યુપાસે છે.*

● **વિવેચન-૬૬૬ :-**

जरा - વયની હાનિ. તે શારીરિક દુઃખરૂપ છે, બીજા પણ શારીરિક દુઃખો હોય, તે આના દ્વારા જાણવા. - x - सोग - દીનતા, ઉપલક્ષણથી અહીં બધાં માનસિક દુઃખો લેવા, તેનાથી શોક થાય છે. ૨૪-દંડકોમાં જેમને શરીર છે, તેમને જરા છે. જેમને મન પણ છે, તેમને બંને છે.

વૈમાનિકોના જરા-શોક કહ્યા. તેમાંના જ શક્રનું વિશેષ કથન—

● **સૂત્ર-૬૬૭ :-**

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજશક્ર, વજ્રપાણી, પુરંદર યાવત્ ભોગવતો વિચરતો હતો. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને પોતાના વિપુલ અવધિજ્ઞાન દ્વારા ઉપયોગપૂર્વક જોતા શ્રમણ ભગવંત મહાવીરને જંબૂદ્વીપમાં જુએ છે. એ પ્રમાણે જેમ ત્રીજા શતકમાં ઈશાનને કહેલ, તે પ્રમાણે શક્રને પણ કહેવો. વિશેષ એ કે — આભિયોગિક દેવોને બોલાવતો નથી, પદાતિસેનાના અધિપતિ હરી (હરીનૈગમેષી) દેવ છે, સુઘોષા ઘંટા છે, પાલક વિમાનકારી છે, પાલક વિમાનનો નિર્યાણમાર્ગ ઉત્તર દિશા છે, અગ્નિકોણમાં રતિકર પર્વત છે. બાકી પૂર્વવત્ યાવત્ (ભગવંતને) નામ કહી, પર્યુપાસે છે. (ભગવંતે) ધર્મકથા કહી, યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*ત્યારે તે શક્રેન્દ્ર ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત, સંતુષ્ટ થઈ ભગવંતને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું — ભગવન્ ! અવગ્રહ કેટલા ભેદે છે ? શક્ર : પાંચ ભેદે છે — દેવેન્દ્રાવગ્રહ, રાજાવગ્રહ, ગાથાપતિઅવગ્રહ, સાગારિકાવગ્રહ, સાધર્મિકાવગ્રહ.*

*ભગવન્ ! જે આ આજકાલ શ્રમણ નિર્ગ્રન્થો વિચરે છે, તેઓને હું અવગ્રહની અનુજ્ઞા આપું છું, એમ કહી ભગવંતને વંદન-નમસ્કાર કરે છે. કરીને તે જ દિવ્ય યાનવિમાનમાં ચઢે છે, ચઢીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો. - - - ભગવન્ ! એમ આમંત્રી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને આમ કહ્યું — ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ*



*શક્ર, જે આપને પૂર્વોક્ત કહ્યું, તે અર્થ સત્ય છે ? હા, સત્ય છે.*

● **વિવેચન-૬૬૭ :-**

एवं जहा ईसाणो० જેમ ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં ઈશાનને 'રાજપ્રશ્નીય'ના અતિદેશથી કહ્યો. તેમ અહીં શક્ર પણ કહેવો. સર્વથા સામ્યના પરિહારાર્થે કહે છે — આભિયોગ દેવને બોલાવતો નથી ઈત્યાદિ. તેમાં ઈશાનેન્દ્ર ભગવંત મહાવીરને જોઈને આભિયોગિક દેવોને બોલાવે છે, શક્ર નથી બોલાવતો, તથા ઈશાનને પદાતિ સૈન્યાધિપતિ લઘુપરાક્રમ છે, નંદીઘોષ ઘંટા વગાડવા નિયુક્ત કર્યો છે, અહીં સુઘોષા ઘંટા વગાડવા હરિણૈગમેષી દેવ છે, ત્યાં પુષ્પકદેવ વિમાન રચે છે, અહીં પાલક દેવ છે, વિમાન ત્યાં પુષ્પક છે, અહીં પાલક છે ત્યાં દક્ષિણ નિર્યાણમાર્ગ છે, અહીં ઉત્તર છે, ઈત્યાદિ - x -

પોતાનું નામ બતાવવા કહે છે — હે ભદંત ! હું દેવરાજ શક્ર, તમને વંદુ છું, નમું છું. उग्गह - સ્વામી વડે સ્વીકારાય, તે અવગ્રહ. શક્ર કે ઈશાનનો અવગ્રહ તે દેવેન્દ્રાવગ્રહ, તેમાં દક્ષિણ અને ઉત્તર લોકાર્ધ કહેવા. ચક્રવર્તી રાજાનો અવગ્રહ — છ ખંડ ભરતાદિ ક્ષેત્રનો, તે રાજાવગ્રહ. ગૃહપતિ એટલે માંડલિક રાજાનો અવગ્રહ-સ્વકીય મંડલ તે. ઘર સહિત વર્તે તે સાગાર, તે સાગારિકનો અવગ્રહ. સમાન ધર્મ વડે ચરે તે સાધર્મિક, સાધુની અપેક્ષાએ સાધુ, તેમનો અવગ્રહ, તે સાધર્મિકાવગ્રહ.

ક્ષેત્રને આશ્રીને પાંચ કોશ, શેષકાળમાં એક માસ, વર્ષાઋતુમાં ચાર માસ યાવત્ સાધર્મિકાવગ્રહ છે, તે સાંભળીને ઈન્દ્રે કહ્યું — હું દેવેન્દ્ર અવગ્રહની અનુજ્ઞા આપું છું. - x - અર્થથી સત્ય છે, પણ સમ્યગ્ વાદી છે કે નહીં ?

● **સૂત્ર-૬૬૮ :-**

*ભગવન્ ! દેવરાજ દેવેન્દ્ર શક્ર, સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી ? ગૌતમ ! સમ્યક્વાદી છે, મિથ્યાવાદી નથી. - - - ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, સત્યા-મૃષા-સત્યામૃષા કે અસત્યામૃષા ભાષા બોલે છે ? ગૌતમ ! સત્યભાષા પણ બોલે છે યાવત્ અસત્યામૃષા પણ ભાષા બોલે છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર સાવધ ભાષા બોલે કે અનવધ ? ગૌતમ ! સાવધ ભાષા પણ બોલે, નિરવધ પણ. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! જ્યારે શક્રેન્દ્ર, સૂક્ષ્મકાયને મુખ ઢાંક્યા વિના બોલે છે, ત્યારે તે સાવધ ભાષા બોલે છે, જ્યારે સૂક્ષ્મકાયને મુખ ઢાંકીને બોલે છે, ત્યારે તે અનવધ ભાષા બોલે છે. તેથી પૂર્વવત્ કહ્યું યાવત્ બોલે છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દૃષ્ટિ છે ? એ રીતે જેમ મોકઉદ્દેશામાં સનત્કુમાર યાવત્ અચરિમ છે.*

● **વિવેચન-૬૬૮ :-**

જેનો સમ્યગ્ બોલવાનો સ્વભાવ છે, તે સમ્યગ્વાદી. પ્રાયઃ શક્ર સમ્યક્ જ બોલે છે. સમ્યગ્વાદી સ્વભાવ છતાં પ્રમાદાદિથી શું શક્ર ચતુર્વિધા ભાષા બોલે કે નહીં ? બોલે. સત્યભાષા પણ ક્યારેક બોલતા સાવધ સંભવે છે, તેથી પૂછે છે. પાપ સહિત - ગર્હિત કર્મથી સાવધ. તે સૂક્ષ્મકાય એટલે હાથ આદિમાં વસ્તુ, બીજા કહે

છે – સૂક્ષ્મકાય એટલે વસ્ત્ર, अनिज्जूहित्त - ન આપીને, હાથ આદિ વડે મુખને ઢાંકીને જ બોલનારને જીવ સંરક્ષણથી ભાષા અનવધ થાય છે, બીજાને સાવધ થાય.

શક્રને આશ્રીને જ કહે છે – मोउद्देशक - શતક-૩ નો ઉદ્દેશો-૧.

● **સૂત્ર-૬૬૯ :-**

***ભગવન્ ! જીવો, ચેતનકૃત્ કર્મો કરે છે કે અચેતનકૃત્ કર્મો કરે છે ? ગૌતમ ! જીવો ચેતનકૃત્ કર્મો કરે છે, અચેતનકૃત્ નહીં. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જીવોને આહારોપચિત, શરીરોપચિત, કલેવર રૂપે ઉપચિત પુદ્‌ગલો છે, તે તથા-તથારૂપે પરિણત થાય છે, તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મો અચેતનકૃત્ નથી. તે પુદ્‌ગલો દુઃસ્થાન રૂપ, દુઃશય્યારૂપ, દુર્નિષધારૂપથી તે-તે રૂપે પરિણમે છે. તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મ અચેતનકૃત્ નથી.***

***તે પુદ્‌ગલો આતંકરૂપે, સંકલ્પરૂપે અને મરણાંતરૂપે પરિણત થઈને જીવના વધને માટે થાય છે, તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મ અચેતનકૃત્ નથી. તેથી કહ્યું કે યાવત્ કર્મ ચેતનકૃત્ હોય છે. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક પર્યન્ત જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨).***

● **વિવેચન-૬૬૯ :-**

અનંતર શક્રનું સ્વરૂપ કહ્યું, તે કર્મથી થાય છે, તે સંબંધે કર્મ સ્વરૂપ પ્રરૂપણાર્થે આ સૂત્ર છે. चेयकडकम्म - ચૈતન્ય એટલે જીવ સ્વરૂપ રૂપ ચેતના, તેના વડે બાંધેલ તે ચેતઃકૃત્ કર્મ. कज्जंति - થાય છે. કઈ રીતે ? જીવોને જ, અજીવોને નહીં. આહારરૂપપણે સંચિત જે પુદ્‌ગલો, અવ્યક્ત અવયવ શરીર, તેથી બોંદિરૂપે સંચિત જે પુદ્‌ગલો. કલેવર રૂપે સંચિત જે પુદ્‌ગલ, તે-તે પ્રકારે અર્થાત્ આહારાદિરૂપે તે પુદ્‌ગલો પરિણમે છે. એ પ્રમાણે કર્મ પુદ્‌ગલો પણ જીવોને જ તે-તે રૂપે પરિણમે, તેથી ચૈતન્યવત્ કર્મો છે. પણ અચેતનકૃત્ કર્મો હોતા નથી. - અથવા -

चेय - ચયનં, ચય. પુદ્‌ગલસંચય રૂપે કર્મો હોય છે. કઈ રીતે ? આહાર રૂપે ઉપચિત પુદ્‌ગલ થાય છે, તથા બોંદિ અને કલેવરરૂપે આશ્રિત પુદ્‌ગલો થાય છે. વિશેષ શું કહીએ ? ઉચ્છ્‌વાસાદિરૂપે તે પુદ્‌ગલો પરિણમે છે. અસંચયકૃત્ કર્મો આહારાદિ રૂપે થતાં નથી.

दुट्ठाण - શીત, આતપ, દંશ-મશકાદિ યુક્ત - કાયોત્સર્ગ સ્થાને. दुसेज्जा - દુઃખોત્પાદક વસતિમાં, दुन्निसीहियासु - દુઃખહેતુક સ્વાધ્યાય ભૂમિમાં. તે તે પ્રકારે ઘણી જ અશાતા ઉત્પન્ન કરીને, તે કાર્મણ પુદ્‌ગલો પરિણમે છે. તેથી જીવોને જ અસાતા સંભવે છે, તેઓ આ અસાતાહેતુભૂત કર્મો કરે છે. જીવના કૃતત્વમાં જ તેનું चेतः - કૃતત્વ સિદ્ધ છે. - x -

જે કારણથી દુઃસ્થાનાદિમાં અસાતાહેતુપણે પુદ્‌ગલો પરિણમે છે, તેથી અચેતકૃત્ કર્મો-અસંચયરૂપ કર્મો નથી. અસંચયરૂપ અતિ સૂક્ષ્મત્વથી અસાતા ઉત્પાદકપણું અસંભવે છે. आतंक - કૃચ્છ્ર જીવિતકારી જ્વરાદિ, તે જીવના મરણને માટે થાય છે. संकल्प - ભયાદિ વિકલ્પો. मरणांत - મરણરૂપ अंत - વિનાશ, જેનાથી છે તે, દંડાદિ



ઘાત. તે-તે પ્રકારે વધના જનકત્વથી તે આતંકાદિજનક અસાતા વેદનીય સંબંધે તે પુદ્‌ગલો વર્તે છે. આવો વધ જીવોનો જ હોય, વધના હેતુરૂપ અસાતાવેદ્ય પુદ્‌ગલો જીવકૃત્ છે. તેથી ચેતઃકૃત્ કર્મો હોય, અચેતકૃત્ ન હોય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૩-"કર્મ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ કર્મો કહ્યા. અહીં પણ તે જ કહે છે. તે સંબંધે આવેલ સૂત્ર –

● **સૂત્ર-૬૭૦ :-**

***રાજગૃહે યાવત્ આમ પૂછ્યું – ભગવન્ કર્મપ્રકૃતિઓ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - - ભગવન્ ! જીવ, જ્ઞાનાવરણીય કર્મને વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે છે ? ગૌતમ ! આઠ. એ પ્રમાણે જેને 'પન્નવણા'માં 'વેદ-વેદ' પદમાં કહ્યું, તે બધું જ અહીં કહેવું. - - - વેદબંધ, બંધવેદ અને બંધ-બંધ પદ પણ તેમજ કહેવા યાવત્ વૈમાનિક. ભગવંત ! તે એમ જ છે.***

● **વિવેચન-૬૭૦ :-**

- x - વેદ-વેદ, કર્મ પ્રકૃત્તિના એકના વેદનમાં, બીજી પ્રકૃતિઓ જે (ઉદ્દેશા) પદમાં કહેવાઈ છે, તે 'વેદાવેદ'. તે પન્નવણાનું ૨૭-મું પદ છે. તે અર્થથી આ રીતે – ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ વેદે છે, મોહના ક્ષય કે ઉપશમમાં સાત વેદે છે. બાકીના ઘાતીના ક્ષયે ચાર વેદે છે. એ પ્રમાણે મનુષ્યોમાં પણ જાણવું. નારકાદિથી વૈમાનિક સુધી આઠ જ (કર્મપ્રકૃતિ) હોય.

वेदबंध - એક જ કર્મ પ્રકૃતિના વેદનમાં બીજી કેટલીનો બંધ થાય, એવું જેમાં પ્રતિપાદન છે તે, તે પ્રજ્ઞાપના સૂત્રનું ૨૬મું પદ છે. તે આ રીતે – ભગવન્ ! કેટલી કર્મપ્રકૃત્તિઓ કહી છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. ભગવન્ ! જીવને જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! સાત, આઠ, છ કે એક પ્રકારે બાંધે. ઈત્યાદિ - x - x - x - કહેવું.

बंधवेद - એક કર્મ પ્રકૃતિના બંધમાં બીજી કેટલીને વેદે છે ? એ અર્થવાળુ બંધ વેદ પદ છે. તે પ્રજ્ઞાપનાનું ૨૫-મું પદ છે. તે આ રીતે – ભગવન્ ! કેટલી૦ ? ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ આ રીતે – ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતા, કેટલી કર્મપ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! નિયમા આઠ કર્મપ્રકૃતિ વેદે છે ઈત્યાદિ.

बंधबंध - એકના બંધમાં બીજી કેટલી બાંધે ? તે બંધબંધ. તે પ્રજ્ઞાપનાનું ૨૪-મું પદ છે. તે આ રીતે – કેટલી ? આદિ પૂર્વવત્. વિશેષ આ રીતે – ભગવન્ ! જીવ, જ્ઞાનાવરણીય કર્મ બાંધતા, કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? ગૌતમ ! સાત, આઠ કે છ બાંધે, ઈત્યાદિ.

ક્યાંક આ સંગ્રહ ગાથા દેખાય છે - "વેદાવેદ પહેલું, વેદાબંધ બીજું, બંધાવેદ ત્રીજું, બંધબંધ ચોથું." બંધક્રિયા કહી, ક્રિયા વિશેષને કહે છે –

● **સૂત્ર-૬૭૧ :-**

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર, અન્ય કોઈ દિવસે રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે. - - તે કાળે, તે સમયે ઉલ્લૂકતીર નામે નગર હતું, તે નગરની બહાર ઈશાન ખૂણામાં એકજંબૂ નામે ચૈત્ય હતું. વર્ણન કરવું.*

*ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા યાવત્ એકજંબૂએ સમોસર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*ભગવન્! એમ સંબોધીને ગૌતમસ્વામીએ ભગવંતને વંદન, નમસ્કાર કર્યા. વાંદી-નમીને કહ્યું કે — ભગવન્ ભાવિતાત્મા અણગાર નિરંતર છઠ્ઠ તપ કરતા યાવત્ આતાપના લેતા, દિવસના પૂર્વાર્દ્ધમાં પોતાના હાથ, પગ, બાજુ કે જંઘાને સંકોચવું કે પ્રસારવું ન કલ્પે, પણ પશ્ચિમાર્દ્ધમાં પોતાના હાથ, પગ યાવત્ જંઘાને સંકોચવી કે પ્રસારવી કલ્પે છે. તેને લટકતી અર્શ હોય, કોઈ વૈદ્ય, તે જુએ, ઋષિને ભૂમિ ઉપર સુવડાવે, પછી અર્શને કાપે, તો હે ભગવન્! જે છેદે તેને કેટલી ક્રિયા લાગે? જેના અર્શ છેદાય તેને એક ધર્માંતરાય સિવાય બીજી ક્રિયા ન લાગે? હા, ગૌતમ! જે છેદે તેને યાવત્ ધર્માન્તરાય. ભગવન્! તે એમજ છે, એમ જ છે.*

● **વિવેચન-૬૭૧ :-**

पुरच्छिमेणं - પૂર્વભાગે, પૂર્વાહ્ણે. अवड्ढं - અડધો દિવસ પર્યન્ત હાથ આદિને સંકોચવાનું ન કલ્પે, કેમકે કાયોત્સર્ગમાં રહેલ હોય. पच्चच्छिम - પશ્ચિમ ભાગે, अवड्ढदिवसं - દિવસનો બાકીનો અર્ધ ભાગ, હાથ આદિને સંકોચવા કલ્પે, કેમકે કાયોત્સર્ગનો અભાવ હોય. આમ ચૂર્ણિ અનુસાર કહ્યું.

अंसियाओ - નાકમાં રહેલ અર્શો. તે સાધુ કાયોત્સર્ગ કરતા હોય ત્યારે તેના લટકતાં અર્શને જોઈને, તેને છેદવાને, તે સાધુને ભૂમિ ઉપર પાડી દે, પાડ્યા વિના છેદ કરવો અશક્ય છે. તેમ કરનાર વૈદ્યને ધર્મબુદ્ધિએ છેદ કરતો શુભ ક્રિયા અને લોભાદિથી છેદે તો અશુભ ક્રિયા લાગે. જે સાધુના અર્શ છેદાય તેને નિર્વ્યાપારતાથી ક્રિયા ન લાગે. જો કે ધર્માન્તરાય ક્રિયા તો તેને પણ લાગે. અર્શ છેદની અનુમોદનાથી શુભધ્યાન વિચ્છેદ થાય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૪-"જાવંતિય" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ અનગાર વક્તવ્યતા કહી, અહીં પણ તે જ કહે છે —

● **સૂત્ર-૬૭૨ :-**

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મોની નિર્જરા કરે, શું તેટલા કર્મ નરકોમાં નૈરયિક એક વર્ષમાં, અનેક વર્ષોમાં, સો વર્ષોમાં ખપાવે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! ચોથભક્ત કરનાર શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મોની નિર્જરા કરે, એટલા કર્મો નરકમાં નૈરયિક સો વર્ષોમાં, અનેક સો વર્ષોમાં હજાર વર્ષોમાં,*





*લાખ વર્ષોમાં ખપાવે છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્! છઠ્ઠભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મો નરકમાં નૈરયિક હજાર વર્ષમાં, હજારો વર્ષમાં, લાખ વર્ષોમાં ખપાવે? ના, તે અર્થ સમર્થ નથી. - - - ભગવન્! અષ્ટમભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો ખપાવે, એટલા કર્મો નરકમાં નૈરયિક લાખ વર્ષે, લાખો વર્ષે, કરોડ વર્ષે ખપાવે? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! દશમ ભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મો નરકમાં નૈરયિક કરોડ વર્ષે, કરોડો વર્ષે, કોડાકોડી વર્ષે ખપાવે ? ના, તે અર્થ સમર્થ નથી. - - - ભગવન્ ! એમ કેમ કહો છો. અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મ નરકમાં નૈરયિક એક વર્ષે, અનેક વર્ષોમાં, સો વર્ષમાં કે હજાર વર્ષમાં ન ખપાવે, ચતુર્થભક્તિક જેટલા૦ ઈત્યાદિ પૂર્વોક્ત કથન કહેવું યાવત્ કોડાકોડી વર્ષે ન ખપાવે ?*

*ગૌતમ! જેમ કોઈ વૃદ્ધ પુરુષ, જરા જર્જરિત દેહવાળો, જેની ચામડી શિથિલ હોવાથી સંકોચાઈને કરચલીવાળી થઈ હોય, દાંતની પંક્તિ ઘણાં દાંતો પડી જવાથી, થોડા દાંત રહ્યા હોય, જે ગરમી અને તરસથી પીડાતો હોય, જે આતુર, ભૂખ્યો, તરસ્યો, દુર્બળ, કલાંત હોય, તેવો વૃદ્ધ એક મોટા કોશાંબ વૃક્ષની સૂકી-જટીલ-ગંઠિલ્લ-ચિકણી-વાંકી-નિરાધાર ગંડિકા ઉપર કુંઠિત પરસુ વડે પ્રહાર કરે, તે વખતે તે પુરુષ મોટા મોટા અવાજો કરે તો પણ તે લાકડીના મોટા-મોટા ટુકડા ન કરી શકે, આ પ્રમાણે હે ગૌતમ! નૈરયિકોએ (પોતાના) પાપ કર્મો ગાઢ કર્યા હોય, ચીકણા કર્યા હોય એ પ્રમાણે છઠ્ઠા શતક મુજબ યાવત્ મહાપર્યવસાણા ન થાય.*

*જેમ કોઈ પુરુષ એરણ ઉપર ઘણની ચોંટ મારતો મોટા-મોટા શબ્દોથી યાવત્ મહાપર્યવસાનવાળો ન થાય. - - - જેમ કોઈ પુરુષ તરુણ, બલવાન્ યાવત્ મેધાવી, નિપુણ, શિલ્પોપક હોય, તે એક મોટા શાલ્મલી વૃક્ષની ભીની, અજટીલ, અગંઠિલ્લ, અચિક્કણ, અવક્ર, આધાર ઉપર રહેલ ગંડિકા ઉપર તીક્ષ્ણ કુહાડીથી પ્રહાર કરે તો જોર જોરથી શબ્દો કર્યા વિના, સરળતાથી તેના મોટા-મોટા ટુકડા કરી દે છે. આ જ પ્રમાણે હે ગૌતમ ! જે શ્રમણ નિર્ગ્રન્થોએ પોતાના કર્મો યથાબાદર, શિથિલ, નિષ્ઠિત કર્યા હોય યાવત્ જલ્દીથી નષ્ટ થઈ જાય છે. જેટલા-તેટલામાં યાવત્ મહાપર્યવસાનવાળા થાય છે.*

*હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ સુકા તૃણના પૂળાને યાવત્ અગ્નિમાં નાંખે તો તે જલ્દી બળી જાય છે, તેમ૦ ઈત્યાદિ શતક-૬-માં જેમ કહ્યું તેમ તપેલા લોહ ઉપર જળબિંદુ યાવત્ મહાપર્યવસાનવાળા થાય છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે — અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મ નિર્જરે યાવત્ કોડાકોડ વરસે પણ ન ખપાવે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૬૭૨ :-**

अन्नगिलायते - અન્ન વિના ગ્લાન થાય, તે અન્નગ્લાયક, રસોઈ થઈ જાય તેટલો વખત પણ ભુખથી પીડાતો, પ્રતીક્ષા ન કરી શકે તે. જે પર્યુષિત કૂરાદિ સવારમાં જ કૂરગડુની જેમ ખાય છે. જો કે ચૂર્ણિકારે અન્નગ્લાયકનો અર્થ કર્યો છે - નિઃસ્પૃહત્વથી શીતકૂર ભોજી અંત-પ્રાંત આહારી. હવે એમ કેમ માનવું કે નારકો મહાકષ્ટ પામીને, ઘણાં કાળે પણ તેટલા કર્મ ન ખપાવે, જેટલા સાધુ અલ્પ કષ્ટે, અલ્પ કાળે ખપાવે ? સૂત્રકારશ્રી દૃષ્ટાંત વડે તેનો ઉત્તર આપે છે. - x -

जुन्न - જીર્ણ, હાનિવાળો દેહ. તે કારણવશ અવૃદ્ધ ભાવે પણ થાય, તેથી કહે છે — જરા વડે જર્જરિત દેહ. તેથી જ શિથિલપણે ત્વચા કડચલી વડે યુક્ત થાય - x - દાંત પડી ગયા હોય, - x - દુઃખમાં રહેલો હોય, झुंझिए - ભુખ્યો કે ઝુરતો હોય, બળહીન હોય, મનથી થાકેલો હોય, આવો પુરુષ છેદનમાં અસમર્થ થાય છે. कोसंबगंडिय - કોઈ વૃક્ષ વિશેષ, તેની ગંડિકા, जडिल - વળેલી, गंठिल्ल - ગાંઠોવાળી, चिक्कण - સ્નિગ્ધ સ્કંધ નિષ્પન્ન, वाइद्ध - વક્ર, अपत्तियं - આધાર રહિત. આવી ગંડિકા દુશ્છેદ્ય હોય છે. વળી કુહાડી પણ અચ્છેદક હોય. છઠ્ઠાશતક મુજબ કહેવું.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૫-''ગંગદત્ત'' ❀

— x — x — x — x — x — x —

૦ નારકોની કર્મનિર્જરા શક્તિ કહી, અહીં દેવગમનાદિ શક્તિ —

● **સૂત્ર-૬૭૩ થી ૬૭૫ :-**

*[૬૭૩] તે કાળે, તે સમયે ઉલ્લૂકતીર નામે નગર હતું. એકજંબૂક ચૈત્ય હતું. તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વજ્રપાણી, એ રીતે જેમ બીજા ઉદ્દેશામાં કહ્યું, તેમ દિવ્ય યાન વિમાન વડે આવ્યા. યાવત્ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને યાવત્ નમીને આમ કહ્યું — ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના અહીં આવવાને સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને અહીં આવવા સમર્થ છે ? હા, સમર્થ છે.*

*ભગવન્! મહર્દ્ધિક દેવ૦ એ પ્રમાણે આ આલાવાથી જવા, બોલવા, ઉત્તર દેવા, આંખ ખોલવા કે બંધ કરવા, સંકોચન કે પ્રસારણમાં, સ્થાન-શય્યા-નિષધા કરવામાં, વિકુર્વણા કરવામાં, પરિચારણા કરવામાં સમર્થ છે? યાવત્ હા, સમર્થ છે. આ આઠ ઉત્ક્ષિપ્ત પ્રશ્નોના ઉત્તરો પૂછ્યા, પૂછીને સંભ્રમપૂર્વક વંદન કર્યા, કરીને તે જ દિવ્ય યાનવિમાનમાં આરૂઢ થઈને, જે દિશાથી આવેલો, તે જ દિશામાં પાછો ગયો.*

*[૬૭૪] ભગવન્ ! એમ સંબોધીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમન કરી આમ પૂછ્યું — અન્ય કોઈ દિવસોમાં હે ભગવન્ ! દેવેન્દ્ર*



*દેવરાજ શક્ર આપ દેવાનુપ્રિયને વંદન, નમન, સત્કાર, યાવત્ પર્યુપાસના કરે છે, પણ હે ભગવન્ ! આજે શક્રેન્દ્ર આપને આઠ પ્રશ્નોના ઉત્તર પૂછીને સંભ્રાંતતાથી વંદન, નમન યાવત્ કરીને જલ્દી ચાલ્યો ગયો, તેનું શું કારણ ? ગૌતમાદિને આમંત્રીને ભગવંતે કહ્યું —*

*હે ગૌતમ ! તે કાળે, તે સમયે મહાશુક્રકલ્પના મહાસામાન્ય વિમાનમાં મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય બે દેવો એક જ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. તેમાં એક માયી મિથ્યાદૃષ્ટિ, બીજો અમાયી સમ્યગ્ દૃષ્ટિ હતો. ત્યારે તે માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવે, તે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવને આમ કહ્યું — પરિણમતા પુદ્ગલ પરિણત ન કહેવાય, અપરિણત કહેવાય. કેમકે તે પરિણત થઈ રહ્યા છે. તેથી આવા પુદ્ગલો પરિણત નથી. અપરિણત છે.*

*ત્યારે અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે માયી મિથ્યાદૃષ્ટિ દેવને કહ્યું કે — પરિણમતા પુદ્ગલ પરિણત કહેવાય, અપરિણત નહીં, કેમકે તે પુદ્ગલો પરિણમી રહ્યા છે, માટે પરિણત છે, અપરિણત નથી. આમ કહીને અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે, તેને પરાજિત કર્યો.*

*ત્યારે અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે અવધિજ્ઞાન પ્રયોજીને મને જોયો, જોઈને તેને એવો વિચાર યાવત્ ઉત્પન્ન થયો કે — શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લૂકાતીર નગરમાં એકજંબૂક ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે. તો મારે માટે શ્રેયસ્કર છે કે હું ભગવંતને વાંદી યાવત્ પર્યુપાસીને આ પ્રશ્ન પૂછીને ઉત્તર મેળવું. એ પ્રમાણે વિચાર કર્યો, કરીને ૪૦૦૦ સામાનિક દેવોના પરિવાર સાથે સૂર્યાભદેવની માફક યાવત્ નિર્ઘોષનાદિત શબ્દો સહ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લૂકાતીર નગરમાં એકજંબૂક ચૈત્યમાં મારી પાસે આવવા નીકળ્યો. - - ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે દેવની દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ, તેજોલેશ્યાને સહન ન કરવાથી મને આઠ ઉત્ક્ષિપ્ત પ્રશ્ન-વ્યાકરણ પૂછી સંભ્રાંતપણે યાવત્ ગયો.*

*[૬૭૫] જ્યારે શ્રમણ ભગવંત મહાવીર ગૌતમસ્વામીને ઉક્ત વાત કહી રહ્યા હતા, તેટલામાં તે દેવ જલ્દીથી ત્યાં આવી ગયો. ત્યારે તે દેવે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત વંદન, નમસ્કાર કરીને આમ કહ્યું — ભગવન્ ! મહાશુક્ર કલ્પના મહાસામાન્ય વિમાનમાં ઉત્પન્ન એક માયી મિથ્યાદૃષ્ટિ દેવે મને આમ કહ્યું — પરિણમતા પુદ્ગલો પરિણત નથી. અપરિણત જ પરિણમે છે. કેમકે તે પુદ્ગલો પરિણમી રહ્યા છે તેથી તે પરિણત નથી, પણ અપરિણત છે. ત્યારે મેં તે માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવને એમ કહ્યું કે — પરિણમતા પુદ્ગલ પરિણત છે, અપરિણત નથી. કેમકે તે પુદ્ગલો પરિણત થઈ રહ્યા છે, માટે પરિણત કહેવાય, અપરિણત નહીં. આ કથન કેવું છે ?*

*ગંગદત્તને આમંત્રીને ભગવંતે ગંગદત્તને આમ કહ્યું — હે ગંગદત્ત ! હું પણ એ પ્રમાણે જ કહું છું આદિ. - પરિણમતા પુદ્ગલો યાવત્ અપરિણત નથી.*

*આ અર્થ સત્ય છે. ત્યારે તે ગંગદત્ત દેવ ભગવંત મહાવીર પાસે આ અર્થ સાંભળી, અવધારી હર્ષિત-સંતુષ્ટ થઈ ભગવંતને વંદન-નમસ્કાર કર્યા. કરીને બહુ દૂર નહીં તે રીતે યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.*

*ત્યારે ભગવંતે ગંગદત્ત દેવને અને પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો યાવત્ આરાધક થયો. ત્યારે તે ગંગદત્ત દેવ ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત-સંતુષ્ટ થઈ, ઉત્થાનથી ઉઠીને ભગવંતને વંદન-નમન કર્યુ, કરીને આમ કહ્યું — હે ભગવન્ ! હું ગંગદત્ત દેવ શું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ? એ પ્રમાણે સૂર્યાભદેવવત્ કહેવું યાવત્ બત્રીશવિધ નૃત્યવિધિ દેખાડી, પછી યાવત્ તે જ દિશામાં પાછો ગયો.*

● વિવેચન-૬૭૩ થી ૬૭૫ :-

અહીં બધાં જ સંસારી બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કોઈ ક્રિયા ન કરે, એ સિદ્ધ જ છે. પરંતુ મહર્દ્ધિક દેવ, મહર્દ્ધિકપણાથી ગમનાદિ ક્રિયાને કદાચ કરી શકે એ સંભાવનાથી શકે પ્રશ્ન કર્યો છે. भासित्तए - કહેવા, वागरित्तए - ઉત્તર દેવાને. એ બે, ત્રીજો પ્રશ્ન, ચોથો ઉન્મેષ, પાંચમું આકુંચનાદિ, છટ્ઠું સ્થાન, સાતમી વિકુર્વણા, આઠમો પરિચાર. એ અવિસ્તારિત સ્વરૂપના પ્રશ્નો પૂછ્યા, ઉત્તરો મેળવ્યા. संभतिय० - ઉત્સુકતાથી નિર્વૃત્ત, સંભ્રમ વંદન વડે. - - વર્તમાન, અતીતકાળના વિરોધથી કહે છે —

પરિણમતા એવાને પરિણત નથી તેમ કહેવું એ મિથ્યાદૃષ્ટિ વચન છે. સમ્યગ્દૃષ્ટિ વચન આ છે - પરિણમતા પુદ્ગલો પરિણત છે, અપરિણિત નથી. પરિણામના સદ્ભાવે પરિણમે છે, તેમ કહ્યું. કેમકે પરિણત્વ અવશ્ય થનાર છે - x - x - સૂર્યાભવત્ પરિવારથી આમ કહે છે — ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ - x - ઈત્યાદિ.

● સૂત્ર-૬૭૬ :-

*ભંતે ! એમ આમંત્રી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! ગંગદત્ત દેવને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ યાવત્ ક્યાં અનુપ્રવેશી ? ગૌતમ ! શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. કૂટાગાર શાળાના દૃષ્ટાંતે યાવત્ શરીરમાં અનુપ્રવેશી. અહો ! હે ભગવન્ ! ગંગદત્ત દેવની મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્ય !*

*ભગવન્ ! ગંગદત્ત દેવે તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ કઈ રીતે પ્રાપ્ત કરી યાવત્ ગંગદત્ત દેવને તે કઈ રીતે અભિસન્મુખ થઈ ?*

*ગૌતમાદિને સંબોધી ભગવંત મહાવીરે, ગૌતમસ્વામીને આમ કહ્યું — હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં ગંગદત્ત નામે ગાથાપતિ રહેતો હતો, તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો.*

*તે કાળે, તે સમયે અરહંત મુનિસુવ્રત, જે આદિકર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી હતા. આકાશગત ચક્રસહિત યાવત્ દેવો દ્વારા ખેંચાતા (ધર્મધ્વજ*



*યુક્ત), શીષ્યગણથી સંપરિવૃત્ત, પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા યાવત્ જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાને યાવત્ વિચરતા હતા. પર્ષદા નીકળી - x -*

*ત્યારે તે ગંગદત્ત ગાથાપતિ, આ વૃત્તાંત પ્રાપ્ત થતાં હૃષ્ટ તુષ્ટ યાવત્ બલિકર્મ કરી યાવત્ અલંકૃત્ શરીરે પોતાના ઘેરથી નીકળે છે, નીકળીને પગે ચાલીને હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી સહસ્રામ્રવન ઉદ્યાનમાં મુનિસુવ્રત અરહંત પાસે આવ્યો. આવીને મુનિસુવ્રત અરહંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારની પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

*ત્યારે મુનિસુવ્રત અરહંતે ગંગદત્તને તથા તે મોટી યાવત્ પર્ષદા પાછી ગઈ. - - - ત્યારે તે ગંગદત્ત ગાથાપતિ મુનિસુવ્રતસ્વામી પાસે ધર્મ સાંભળી, અવધારીને હર્ષિત, સંતુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને મુનિસુવ્રત અરહંતને વંદન-નમન કરે છે. કરીને આમ કહ્યું — ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ જેમ આપ કહો છો, તેમજ છે.*

*હે દેવાનુપ્રિય! મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, પછી દેવાનુપ્રિય પાસે હું મુંડ યાવત્ પ્રવ્રજિત થવા ઈચ્છુ છું - - હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે તે ગંગદત્ત, મુનિસુવ્રત સ્વામીને આમ કહેતા સાંભલીને હૃષ્ટ-તુષ્ટ થઈ, મુનિસુવ્રત સ્વામીને વાંદી-નમીને તેમની પાસેથી, સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળે છે. નીકળીને હસ્તિનાપુર નગરમાં પોતાને ઘેર આવે છે. આવીને વિપુલ અશન, પાન યાવત્ તૈયાર કરાવે છે, કરાવીને મિત્ર-જ્ઞાતિજન-નિજકને યાવત્ આમંત્રે છે, આમંત્રીને પછી સ્નાન કર્યુ યાવત્ પૂરણશ્રેષ્ઠી સમાન મોટા પુત્રને કુટુંબ ભાર સોંપે છે.*

*ત્યાર પછી તે મિત્ર, જ્ઞાતિજન યાવત્ મોટાપુત્રને પૂછે છે, પૂછીને સહસ્ર પુરુષ-વાહિની શિબિકામાં આરૂઢ થાય છે, થઈને મિત્ર, જ્ઞાતિજન, નિજક યાવત્ પરિજન અને મોટા પુત્રથી સમ્યક્ અનુગમન કરાતો સર્વઋદ્ધિ યાવત્ વાદ્યોના ઘોષપૂર્વક હસ્તિનાપુરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાને આવે છે. આવીને છત્ર આદિ તીર્થંકર અતિશય જુએ છે. ઉદાયન રાજા માફક યાવત્ જાતે જ આભરણ ઉતારે છે, જાતે જ પંચમુષ્ટી લોચ કરે છે. કરીને મુનિસુવ્રત અરહંત પાસે ઉદાયન માફક આવીને તે રીતે દીક્ષા લે છે. તે રીતે અગિયાર અંગોને ભણે છે. યાવત્ માસિકી સંલેખનાથી ૬૦ ભક્તને અનશન વડે યાવત્ છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી કાળ માસે કાળ કરીને મહાશુક્ર કલ્પે મહાસામાન્ય વિમાનમાં ઉપપાત સભામાં દેવ શયનીયમાં યાવત્ ગંગદત્ત દેવપણે ઉત્પન્ન થયો.*

*ત્યારે તે તત્કાળ ઉત્પન્ન ગંગદત્ત દેવ પંચવિધ પર્યાપ્તિ વડે પર્યાપ્તિભાવને પામ્યો. તે આ - આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામનઃ પર્યાપ્તિ વડે. હે ગૌતમ ! એ પ્રમાણે ગંગદત્ત દેવે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ અભિસન્મુખ કરી. - - - ભગવન્ ! ગંગદત્ત દેવની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! સાત સાગરોપમ.*

*- - - ભગવન્ ! ગંગદત્ત દેવ, તે દેવલોકથી આયુનો ક્ષય થતાં યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૬૭૬ :-

અહીં શક્ર પૂર્વભવમાં કાર્તિક નામે અભિનવ શ્રેષ્ઠી થયો, ગંગદત્ત જીર્ણ શ્રેષ્ઠી. તેને પ્રાયઃ ઈર્ષ્યા હતી, તે અસહનનું કારણ સંભવે છે. जहा सूरियाभ - દ્વારા આમ કહે છે — સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, પરિત્ત સંસારી કે અનંત સંસારી, સુલભબોધિ કે દુર્લભ બોધિ, આરાધક કે વિરાધક, ચરમ-અચરમ ઈત્યાદિ (પ્રશ્નો જાણવા).

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૬-"સ્વપ્ન" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ગંગદત્તની સિદ્ધિ કહી. તે કેટલાંકને સ્વપ્નથી સૂચિત થાય, માટે —

● સૂત્ર-૬૭૭ થી ૬૭૯ :-

*[૬૭૭] ભગવન્ ! સ્વપ્નદર્શન કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે — યથાતથ્ય, પ્રતાન, ચિંતા, તદ્‌વિપરીત, અવ્યક્ત દર્શન.*

*ભગવન્! સુતા સ્વપ્ન જુએ, જાગતા સ્વપ્ન જુએ કે સુતા-જાગતાં સ્વપ્ન જુએ? ગૌતમ! સુતા કે જાગતાં સ્વપ્ન ન જુએ, સુતા-જાગતાં સ્વપ્ન જુએ છે. - - - ભગવન્! જીવો, સુતા છે, જાગતા છે કે સુતા-જાગતા? ગૌતમ! જીવો ત્રણે છે. - - - ભગવન્! નૈરયિકો સુતા છે? પ્રશ્ન. ગૌતમ! નૈરયિકો સુપ્ત છે, જાગૃત કે સુપ્તજાગૃત નથી. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી કહેવું. - - - ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું સુતા છે? પ્રશ્ન. ગૌતમ! સુપ્ત અને સુપ્તજાગૃત છે, જાગૃત નહીં. મનુષ્યોને જીવની માફક જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

*[૬૭૮] ભગવન્ ! સ્વપ્નને સંવૃત્ત જુએ, અસંવૃત્ત જુએ, સંવૃત્તા-સંવૃત્ત જુએ. ગૌતમ ! ત્રણે સ્વપ્નોને જુએ છે. સંવૃત્ત જીવ જે સ્વપ્ન જુએ તે યથાતથ્ય જુએ છે. અસંવૃત્ત જે સ્વપ્ન જુએ. તે તથ્ય પણ હોય અતથ્ય પણ હોય. સંવૃત્તાસંવૃત્ત જે સ્વપ્ન જુએ તે અસંવૃત્ત સમાન જાણવું.*

*ભગવન્ ! જીવો શું સંવૃત્ત છે, અસંવૃત્ત છે કે સંવૃત્તાસંવૃત્ત ? ગૌતમ ! જીવો ત્રણે પ્રકારે હોય, એ પ્રમાણે જેમ સુપ્તદંડક છે તેમ કહેવું.*

*ભગવન્ ! સ્વપ્નો કેટલા ભેદે છે ? ગૌતમ ! ૪૨ સ્વપ્નો છે. - - ભગવન્ ! મહાસ્વપ્ન કેટલા ભેદે છે ? ગૌતમ ! ૩૦-ભેદે છે. - - ભગવન્ ! સર્વે સ્વપ્ના કેટલા ભેદે છે ? ગૌતમ ! ૭૨-ભેદે કહેલા છે.*

*ભગવન્ ! તિર્થંકરની માતા તિર્થંકર ગર્ભમાં આવે ત્યારે કેટલા મહાસ્વપ્નો જોઈને જાગે છે ? ગૌતમ ! - x - ૩૦ મહા સ્વપ્નોમાંથી ૧૪-મહાસ્વપ્નો જોઈને જાગે છે. તે આ — હાથી, વૃષભ, સીંહ, અભિષેક ઈત્યાદિ.*

*ભગવન્ ! ચક્રવર્તીની માતા ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે કેટલા મહાસ્વપ્નો*



*જોઈને જાગે છે ? ગૌતમ ! - x - તીર્થંકર માતાવત્ જાણવું.*

*ભગવન્! વાસુદેવની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! વાસુદેવ માતા યાવત્ વાસુદેવ ગર્ભમાં આવતા આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ સાત મહાસ્વપ્ન જોઈને જાગે છે. - - બલદેવની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! બલદેવની માતા યાવત્ આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ ચાર મહાસ્વપ્ન જોઈને જાગે છે. - - ભગવન્! માંડલીકની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! માંડલીકની માતા યાવત્ આ ચૌદમાનું કોઈ એક સ્વપ્ન જોઈને જાગે.*

*[૬૭૯] શ્રમણ ભગવંત મહાવીર પોતાના છદ્મસ્થ કાળની અંતિમ રાત્રિએ આ દશ મહાસ્વપ્નો જોઈને જાગ્યા. તે આ પ્રમાણે —*

*(૧) એક મહા ઘોર અને તેજસ્વીરૂપવાળા તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કર્યો, જોઈને જાગ્યા. (૨) એક મહાન્ શ્વેત પાંખવાળા પુંસ્કોકિલને સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૩) એક મહાન્ ચિત્રવિચિત્ર પાંખવાળા પુંસ્કોકીલને સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૪) એક મહાન્ માળાયુગલ જે સર્વરત્નમય હતું, તે સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૫) એક મોટો શ્વેતવર્ગ સ્વપ્નમાં જોઈને જાગ્યા.*

*(૬) એક મોટા પદ્મસરોવર જે ચોતરફ કુસુમિત હતું, તે જોઈને જાગ્યા. (૭) એક મોટો સાગર, જે હજારો તરંગો અને કલ્લોલોથી યુક્ત હતો, તેને ભૂજાથી તર્યા, તેવું સ્વપ્ન જોઈને જાગ્યા. (૮) પોતાના તેજથી જાજ્વલ્યમાન્ એક મહાન્ સૂર્યને જોઈને જાગ્યા. (૯) એક મોટા માનુષોત્તર પર્વતને નીલ વૈડૂર્ય મણિ સમાન પોતાના આંતરડાથી ચોતરફથી આવેષ્ટિત-પરિવેષ્ટિત જોઈને જાગ્યા. (૧૦) એક મહાન્ મંદરપર્વતની મેરુ ચૂલિકા ઉપર શ્રેષ્ઠ સીંહાસન ઉપર પોતાને સ્વપ્નમાં બેસેલા જોઈને જાગ્યા.*

*(૧) ભગવંતે ઘોર, તેજસ્વી રૂપવાળા તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કર્યો, તેથી ભગવંત મહા મોહનીય કર્મને મૂળથી નાશ કરશે.*

*(૨) ભગવંતે જે મોટુ શુક્લ પાંખવાળુ પુસ્કોકીલ જોયું તેથી તેઓ શુક્લ ધ્યાનવાળા થઈને વિચરશે. - -*

*(૩) ચિત્રવિચિત્ર પાંખાળુ પુસ્તકોકીલને જોયું, તેથી ભગવંત સ્વસમય-પરસમયિક વિચિત્ર દ્વાદશાંગી ગણિપિટકને કહેશે. પ્રજ્ઞપ્ત કરશે, પ્રરૂપિત કરશે, દેખાડશે - નિર્દેશશે - ઉપનિર્દેશશે. તે આચાર, સૂત્રકૃત્ યાવત્ દૃષ્ટિવાદ.*

*(૪) ભગવંતે એક મહાન્ માળા યુગલ જોયું - x - તેથી બે ધર્મો પ્રરૂપશે. તે આ - આગાર ધર્મ, અણાગાર ધર્મ.*

*(૫) ભગવંતે જે મોટો શ્વેત ગોવર્ગ જોયો - x - તેથી ભગવંતને ચાતુર્વણ શ્રમણસંઘ થશે - x - x -*

*(૬) ભગવંતે એક મહા પદ્મસરોવર જોયું - x - તેથી ભગવંત ચાર પ્રકારે દેવોની પ્રરૂપણા કરશે - ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*(૭) ભગવંત એક મહાસાગર તર્યા - x - તેથી ભગવંત મહાવીર અનાદિ*

*અનંત યાવત્ સંસારકાંતારને તરી ગયા.*

*(૮) ભગવંત એક મોટા સૂર્ય જોઈને જાગ્યા - x - તેથી તેમણે અનંત, અનુત્તર, નિરાબાધ, નિર્વ્યાઘાત, સમગ્ર, પ્રતિપૂર્ણ કેવળ ઉપજ્યું.*

*(૯) ભગવંતે પોતાના આંતરડાથી માનુષોત્તર પર્વતને વીંટ્યો - x - તેથી ભગવંત, ઉદાર કીર્તિ-વર્ણ-શબ્દ-શ્લોકને પ્રાપ્ત થયા.*

*(૧૦) ભગવંત મહાવીર મેરુ પર્વતની મેરુ ચૂલિકાએ યાવત્ જાગ્યા, તેથી ભગવંતે દેવ-મનુષ્ય-અસુરની પર્ષદા મધ્યે કેવલી ધર્મ કહ્યો.*

**● વિવેચન-૬૭૭ થી ૬૭૯ :-**

स्वप्न - સ્વાપ ક્રિયા અનુગત અર્થ વિકલ્પનું દર્શન - અનુભવન. તે સ્વપ્ન ભેદથી પાંચ પ્રકારે છે. - - अहातच्च - જે પ્રકારે સત્ય કે તત્ત્વ વડે જે વર્તે છે, તે યથાતથ્ય કે યથાતત્ત્વ. તે દૃષ્ટાંત અવિસંવાદી કે ફળ અવિસંવાદી છે. તેમાં દૃષ્ટાર્થ અવિસંવાદી સ્વપ્ન કોઈ પણ સ્વપ્નને જુએ છે - જેમકે સ્વપ્નમાં ફળને હાથમાં આપતા જોઈને જાગે ત્યારે તેવું જ બને. ફળ-અવિસંવાદી, કોઈએ સ્વપ્નમાં પોતાને હાથી આદિ ઉપર બેસેલ જોઈને, જાગ્યા પછી કાલાંતરે તેને સંપત્તિ મળે.

પ્રતાન સ્વપ્ન - વિસ્તાર, તદ્રૂપ સ્વપ્ન તે સત્ય કે અસત્ય પણ થાય. આ ભેદ વિશેષણકૃત્ છે, એ રીતે આગળ પણ જાણવું.

ચિંતાસ્વપ્ન - જાગૃત્ અવસ્થાની જે ચિંતા - અર્થચિંતન, તેને દેખાડનાર સ્વપ્ન તે ચિંતા સ્વપ્ન. - - તદ્વિપરિત સ્વપ્ન - જે વસ્તુ સ્વપ્નમાં જુએ. તેના વિપરીત અર્થની જાગ્યા પછી પ્રાપ્તિ થવી - x - x - બીજા 'તદ્વિપરીત'નો આવો અર્થ કરે છે - કોઈક સ્વરૂપે મૃત્તિકા સ્થળમાં આરૂઢ પોતાને સ્વપ્નમાં જુએ, તે અશ્વ પર આરૂઢ થયો હોય.

અવ્યક્ત દર્શન-અસ્પષ્ટ અનુભવ. સ્વપ્નાર્થનું અવ્યક્ત દર્શન. સ્વપ્નના અધિકારથી જ આ પ્રમાણે બતાવતા કહે છે —

सुत्तजागर - બહુ સુતો નહીં, બહુ જાગતો નહીં. આ સુતો-જાગતો દ્રવ્ય-ભાવથી થાય છે. તેમાં દ્રવ્યથી નિદ્રા અપેક્ષાએ, ભાવથી વિરતિ અપેક્ષાએ. તેમાં સ્વપ્ન વ્યતિકર નિદ્રાપેક્ષાએ કહ્યો છે.

હવે વિરતિ અપેક્ષાએ જીવાદિ-૨૫-પદોનું સુપ્તત્વ-જાગરત્વ પ્રરૂપે છે. તેમાં સર્વવિરતિરૂપ નૈશ્ચયિક પ્રબોધ ભાવથી સુપ્ત. સર્વવિરતિરૂપ પ્રવર જાગરણના સદ્ભાવથી જાગૃત, દેશવિરતને સુપ્તજાગૃત.

પૂર્વે સ્વપ્ન જોનાર કહ્યા. હવે સ્વપ્નનો તથ્યાતથ્ય વિભાગ સૂત્રકાર દેખાડે છે. (તેમાં) संवृत्त - નિરુદ્ધાશ્રવ દ્વાર એટલે સર્વવિરત. આને जागर શબ્દકૃત્ વિશેષ છે. બંને સર્વવિરતને જણાવનારા છે. પરંતુ 'જાગર' શબ્દ સર્વવિરતિયુક્ત બોધ અપેક્ષાએ કહ્યો છે, જ્યારે સંવૃત્ત શબ્દ તથાવિધ બોધયુક્ત સર્વવિરતિ અપેક્ષાએ છે - x - સંવૃત્તને અહીં વિશિષ્ટતર સંવૃતત્વ યુક્ત લેવો. તે પ્રાયઃ ક્ષીણમળપણાથી અને દેવતાના અનુગ્રહ યુક્તત્વથી સત્ય સ્વપ્નને જુએ છે. - x - x -

સ્વપ્નના અધિકારથી જ કહે છે — વિશિષ્ટ ફળ સૂચક સ્વપ્નની અપેક્ષાએ



૪૨-અન્યથા અસંખ્યેય, તે સંભવે છે. મહાસુવિણ - મહત્તમ ફળ સૂચક. બંને મળીને-૭૨ છે. अंतिमराइयंसि - રાત્રિના અંત ભાગે.

घोररूवदित्तधर - ઘોર, જે રૂપ અને દીપ્ત કે દૃપ્ત, તેને જે ધારણ કરે છે, તે. तालपिशाच - તાલ, એક વૃક્ષ છે, તે સ્વભાવિક ઉંચુ છે, તે તાલ જેવો પિશાચ. આ પિશાચાદિ વિષયથી મોહનીયાદિ વડે સ્વપ્નફળ વિષયરૂપ સાથે સાધર્મ્ય સ્વયં જાણવું. पुंसकोइलग - કોકિલ પુરુષ. उम्मीवीइसहस्सकलियं - ઉર્મી એટલે મહાકલ્લોલ, વીચી તે નાના કલ્લોલ અથવા ઉર્મીના વીચય, તે હજારો હતા.

हरिवेरुलियवण्णाभेणं - હરિત એટલે નીલ, વૈડૂર્યવર્ણી. आवेढिय - અભિવિધિથી સર્વથા વેષ્ટિત. परिवेढिय - પુનઃ પુનઃ એ અર્થ છે. गणिपिडग - ગણીની અર્થ પરિચ્છેદની પેટી માફક પેટી - આશ્રય અથવા ગણિ એટલે આચાર્યની પિટક માફક સર્વસ્વ ભાજન માફક તે ગણિપિટક.

आघवेइ - સામાન્ય, વિશેષ રૂપથી કહે છે. पन्नवेति - તે સામાન્યથી. पन्नवेति - તે સામાન્યથી. परूवेइ - પ્રતિ સૂત્રના અર્થ કથનથી. दंसेइ - તેના અભિધેયના પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાદર્શનથી. निदंसेइ - અનુકંપા વડે કંઈક ગ્રહણ કરતા નિશ્ચયથી પુનઃ પુનઃ દર્શાવે. उवदंसेइ - બધાં નય યુક્તિથી દેખાડે.

चाउवण्णाइन्न - ચાતુર્વર્ણથી આકીર્ણ-જ્ઞાનાદિ ગુણ વડે ચાર પ્રકારના દેવની પ્રજ્ઞાપના-પ્રતિબોધે છે. अणंत - વિષયની અનંતતાથી, अनुत्तर - સર્વમાં પ્રધાનત્વથી. निव्वाधाए - કટ, ભીંતાદિથી અપ્રતિહત, निरावरण - ક્ષાયિકપણાથી, कसिण - સકલ અર્થ ગ્રાહકત્વથી ઈત્યાદિ - x -

**● સૂત્ર-૬૮૦ :-**

*કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટી અશ્વપંક્તિ, ગજપંક્તિ યાવત્ વૃષભપંક્તિને અવલોકતો જુએ. તેને આરોહતો આરોહે અને પોતાને આરૂઢ થયેલો માને, એવું સ્વપ્ન જોઈને તત્ક્ષણ જાગે તો તે જ ભવમાં સિદ્ધ થાય છે, યાવત્ દુઃખનો અંત કરે છે.*

*કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટી દોરડી, પૂર્વથી પશ્ચિમ લાંબી, સમુદ્રને બંને કિનારે સ્પર્શતી અવલોકતો જુએ, પોતાના બંને હાથે તેને સમેટતો સમેટે, પોતે સમેટી તેમ માને, તુરંત તે જાગે તો તે જ ભવગ્રહણથી યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ એક મોટી દોરડી, પૂર્વ-પશ્ચિમ લાંબી, લોકના બંને છેડાને અવલોકતો જુએ, તેને છેદન કરતો છેદે, પોતે છેદી તેમ માને, તુરંત જાગે તો યાવત્ દુઃખનો અંત કરે છે. - - - સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા કાળા દોરા યાવત્ સફેદ દોરાને અવલોકતો જુએ. તેની ગુંચને ઉકેલતો ઉકેલે, પોતે ઉકેલી તેમ માને તો તત્ક્ષણ જ યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા લોઢા-તાંબુ-ત્રપુષ-સીસાના ઢગલાને અવલોકતો જુએ, તેના પર ચડતો એવો ચડે, પોતે ચડ્યો તેમ માને, તત્ક્ષણ*

*જ જાગી જાય તો બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા હિરણ્ય-સુવર્ણ-રત્ન-વજ્રના ઢગલાંને જુએ. આરોહતો આરોહે, પોતાને આરૂઢ થયો માને. પછી તુરંત જાગી જાય તો તે જ ભવે સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા તૃણરાશી, 'તેજોનિસર્ગ' (શતક) મુજબ યાવત્ કચરાના ઢગલાંને જુએ. તેને વિખેરે, પોતે તેને વિખેર્યો તેમ માને, તત્ક્ષણ જાગે, તો તેજ ભવે યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા સર-વીરણ-વંશીમૂલ - વલ્લીમૂલના સ્તંભને જુએ, તેને ઉખાડીને ફેંકે, પોતે ઉખેડી નાંખ્યો તેમ માને, તત્ક્ષણ જાગી જાય, તો તે જ ભવે યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા ક્ષીર-દહિ-ઘી-મધુના કુંભને જુએ, ઉપાડે, ઉપાડ્યો એમ માને, જલ્દી જાગે, તે ભવે યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા-સૌવીર-સુરારૂપ-તેલ-ચરબીનો કુંભ, તેને ભેદે, ભેદ્યો એમ માને, જલ્દી જાગે, બે ભવે સિદ્ધ થાય.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા પદ્મ સરોવરને પુષ્પીત થયેલો જુએ, તેનું અવગાહન કરે, મેં અવગાહન કર્યુ તેમ માને, તત્ક્ષણ જાગી જાય, તો તે જ ભવે યાવત્ દુઃખનો અંત કરે છે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટો સાગર, તરંગ-કલ્લોલથી યાવત્ ઉછડતો જુએ. તેને તરી જાય, તર્યો તેમ માને, જલ્દીથી યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક સર્વરત્નમય મહાભવનને જુએ, આરૂઢ થાય, પ્રવેશ કરતો પ્રવેશે, મેં પ્રવેશ કર્યો તેમ પોતાને માને જલ્દીથી જાગી જાય, તો તે જ ભવે યાવત્ સર્વ દુઃખનો અંત કરે છે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક સર્વરત્નમય વિમાનને જુએ, આરોહણ કરે, પોતે આરોહણ કર્યુ માને, જલ્દીથી જાગે, યાવત્ અંત કરે.*

**● વિવેચન-૬૮૦ :-**

સ્વપ્નાંતે - સ્વપ્નના વિભાગમાં, સ્વપ્નને અંતે. ગજપંક્તિ, અહીં યાવત્ શબ્દથી નરપંક્તિ, એ રીતે કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ પંક્તિ, જોવાના ગુણયુક્ત થઈ જુએ - અવલોકન કરે. दामिणि - ગાય આદિના બંધનરૂપ વિશેષ દોરડું. दुहओ - બંને પડખે, संवेल्लेमाणे - સમેટતો, પોતે સમેટ્યુ તેમ માને. उग्गोवेमाणे - ઉખેડતો, ગુંચ ઉકેલતો. જે રીતે ગોશાલકમાં "તેજ નિસર્ગ" કહ્યો. આના દ્વારા એમ સૂચવે છે - પત્રનો - છાલનો - ભુસાનો-તુસનો-છાણનો ઢગલો. सुरावियं - સુરારૂપ જે જળ, તેનો કુંભ, સોવીરગ - સૌવીર, કાંજી. - - સ્વપ્નો કહ્યા, હવે ગંધપુદ્ગલ –

**● સૂત્ર-૬૮૧ :-**

*ભગવન્ ! કોઈ કોષ્ઠપુટ યાવત્ કેતકીપુટ ખોલી, એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય, અનુકૂળ હવા વહેતી હોય, તો તેની ગંધ ફેલાય અથવા કોષ્ઠ યાવત્ કેતકી વાયુમાં વહે ? ગૌતમ ! કોષ્ઠ યાવત્ કેતકી ન વહે પણ ઘ્રાણ સહગામી પુદ્ગલો વહે છે. ભગવન્ ! તેમજ છે.*



**● વિવેચન-૬૮૧ :-**

જે કોષ્ઠમાં વાસસમુહ પકાવાય તે, કોષ્ઠનો પુડો તે કોષ્ઠપુટ. યાવત્ શબ્દથી આમ જાણવું – પત્રપુટ, ચોયપુટ, તગરપુટ. તેમાં પત્ર એટલે તમાલપત્ર, ચોય-ત્વચા, તગર-ગંધ દ્રવ્ય વિશેષ. अणुवायंसि - અનુકૂળ વહેતો. - x - उब्भिज्जमाण - પ્રબળતાથી ઉર્ધ્વ. યાવત્ શબ્દથી અહીં નિબ્ભિજજમાણ, ઉક્કિરિજ્જમાણ, વિકિરિજ્જમાણ ઈત્યાદિ લેવું.

કોષ્ઠ - વાસસમુદાય, દૂરથી આવે છે, આવીને ઘ્રાણગ્રાહ્ય થાય છે. સુંઘાય તે ઘ્રાણ, ગંધ-ગંધોપલંભ ક્રિયા. તેથી સાથે જતાં પુદ્ગલો.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૭-"ઉપયોગ" ❀

— x — x — x — x — x — x —

ઉદ્દેશા-૬-ને અંતે ગંધ પુદ્ગલો વહે છે, તેમ કહ્યું. તે ઉપયોગ વડે જણાય છે. તેથી ઉપયોગ અને તેની વિશેષભૂત 'પશ્યતા' અહીં કહે છે –

**● સૂત્ર-૬૮૨ :-**

*ભગવન્ ! ઉપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે. એ પ્રમાણે પન્નવણાના ઉપયોગ પદ મુજબ સંપૂર્ણ કહેવું. 'પશ્યતા' પદ પણ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૬૮૨ :-**

ઉપયોગ પદ, પ્રજ્ઞાપનાનું ૨૯મું પદ છે. તે આ રીતે - ઉપયોગ બે ભેદે - સાકારોપયોગ, અનાકારોપયોગ. સાકારોપયોગ આઠ ભેદે છે - આભિનિબોધિક સાકારોપયોગ યાવત્ વિભંગજ્ઞાન સાકારોપયોગ. ભગવન્ ! અનાકારોપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે – ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ - દર્શન અનાકારોપયોગ ઈત્યાદિ. આ વ્યક્ત જ છે.

અહીં 'પશ્યતા' પદ કહેવું. તે પ્રજ્ઞાપનાનું ૩૦-મું પદ છે. તે આ રીતે - ભગવન્ ! પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સાકાર પશ્યતા, અનાકાર પશ્યતા. સાકારપશ્યતા છ ભેદે - શ્રુતજ્ઞાન યાવત્ કેવલજ્ઞાન સાકાર પશ્યતા અને શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન સાકાર પશ્યતા. અનાકાર પશ્યતા ત્રણ ભેદે – ચક્ષુ, અવધિ, કેવલ-દર્શનાકાર પશ્યતા.

આનો અર્થ આમ છે - પશ્યતા એટલે બોધ પરિણામ વિશેષ. પશ્યતા અને ઉપયોગ સાકાર-અનાકાર ભેદમાં વિશેષતા શું છે ? જેમાં ત્રૈકાલિક અવબોધ છે, તેમાં પશ્યતા છે, જેમાં વર્તમાનકાળ અને ત્રૈકાલિક છે, તે ઉપયોગ છે. તેથી સાકાર પશ્યતામાં મતિજ્ઞાન, મતિઅજ્ઞાન કહ્યા નથી. કેમકે તેને 'સાંપ્રતકાળ વિષયમાં ઉત્પન્ન-વિનષ્ટાર્થપણું છે. પશ્યતામાં માત્ર ચક્ષુર્દર્શન કેમ કહ્યું ? ચક્ષુ ઈન્દ્રિયનો ઉપયોગ બાકી ઈન્દ્રિયોના ઉપયોગની અપેક્ષાએ અલ્પકાળપણે છે. તેથી તે અર્થ પરિચ્છેદ

જલ્દીથી કરે છે. આ અર્થ પ્રજ્ઞાપનાથી વિશેષરૂપે જાણવો.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૮-"લોક" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉપયોગ કહ્યો. તે લોક વિષયક પણ હોય, તેથી 'લોક' કહે છે –

● સૂત્ર-૬૮૩,૬૮૪ :-

*[૬૮૩] ભગવન્ ! લોક કેટલો મોટો છે ? ગૌતમ ! ઘણો મોટો છે. જેમ શતક-૧૨માં કહ્યું, તેમ અસંખ્ય કોડાકોડી યોજન પરીક્ષેપથી લોક છે, ત્યાં સુધી કહેવું. - - - ભગવન્ ! લોકના પૂર્વીય ચરમાંતમાં શું જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! જીવ નથી, જીવદેશથી અજીવ પ્રદેશ સુધી પાંચે પણ છે. જે જીવ દેશો છે, તે નિયમા એકેન્દ્રિય જીવોના દેશો છે, અથવા એકેન્દ્રિયના દેશો અને બેઈન્દ્રિયનો દેશ છે એ પ્રમાણે જેમ દશમાં શતકમાં કહેલ આગ્નેયી દિશાનુસાર જાણવું. વિશેષ એ કે – ઘણાં દેશોના વિષયમાં અનિન્દ્રિય સંબંધિત પહેલો ભંગ ન કહેવો. તથા ત્યાં જે અરૂપી અજીવ છે, તે છ પ્રકારે છે, ત્યાં કાળ નથી. શેષ પૂર્વવત્.*

*ભગવન્ ! લોકના દક્ષિણ ચરમાંતમાં શું જીવો૦ છે ? પૂર્વવત્. એ પ્રમાણે પશ્ચિમી અને ઉત્તરી ચરમાંતના વિષયમાં પણ જાણવું.*

*ભગવન્ ! લોકના ઉપરી ચરમાંતમાં જીવો છે ? પ્રશ્ન. ગૌતમ ! જીવો નથી, જીવ દેશથી અજીવપ્રદેશ એ પાંચે છે જે જીવદેશો છે, તે નિયમા એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિય દેશો છે. અથવા એકેન્દ્રિય અને અનિન્દ્રિયના દેશો તથા બેઈન્દ્રિયનો એક દેશ છે. અથવા એકેન્દ્રિય, અનિન્દ્રિય, બેઈન્દ્રિયના દેશો છે, એ રીતે વચ્ચેના ભંગને છોડીને યાવત્ પંચેન્દ્રિય સુધી કહેવું.*

*અહીં જે જીવ પ્રદેશ છે, તે નિયમા એકેન્દ્રિય અને અનિન્દ્રિયના પ્રદેશ છે, અથવા એકેન્દ્રિયો, અનિન્દ્રિયો, બેઈન્દ્રિયના પ્રદેશ છે, અથવા એકેન્દ્રિયો, અનિન્દ્રિયો, બેઈન્દ્રિયોના પ્રદેશો છે. આ રીતે પહેલા ભંગને છોડીને પંચેન્દ્રિયો સુધી બધા ભંગ કહેવા, અજીવોને દશમ શતક મુજબ તમાદિશા પર્યન્ત બધું જ સંપૂર્ણ તેમજ કહેવું.*

*ભગવન્! શું લોકના અધઃસ્તન ચરમાંતમાં જીવો૦ છે, પ્રશ્ન. ગૌતમ! જીવ નથી, જીવ દેશો યાવત્ અજીવ પ્રદેશો છે. જે જીવદેશો છે, તે નિયમા એકેન્દ્રિય દેશો છે, અથવા એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિયનો એક દેશ છે, અથવા એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિયોના દેશો છે. એ રીતે મધ્યનો ભંગ છોડીને યાવત્ અનિન્દ્રિયો સુધી કહેવું. બધાં પ્રદેશોને છોડીને આદિનો ભંગ છોડીને બધું પૂર્વીય ચરમાંત સુધી તેમજ કહેવું. અજીવો વિશે ઉપરના ચરમાંતની વક્તવ્યતા અનુસાર કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વીય ચરમાંતમાં જીવ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! જીવ નથી. એ પ્રમાણે જેમ લોકના કહ્યા તેમ ચારે ચરમાંતો યાવત્ ઉત્તરીય સુધી કહેવા. ઉપરિતનને જેમ દશમાં શતકમાં વિમલા દિશામાં કહ્યું, તેમ*



*બધું કહેવું. અધઃસ્તન ચરમાંતમાં તેમજ કહેવું. વિશેષ એ કે – પંચેન્દ્રિયના ત્રણ ભંગો કહેવા. બાકી પૂર્વવત્.*

*રત્નપ્રભાના ચારે ચરમાંતો કહ્યા, એ રીતે શર્કરાપ્રભાના પણ ચાર ચરમાંતો કહેવા. રત્નપ્રભાના અધઃસ્તન ચરમાંત સમાન શર્કરાપ્રભાના ઉપરિતન અને અધસ્તન ચરમાંતની વક્તવ્યતા કહેવી. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વીના ચરમાંતોના વિષયમાં કહેવું.*

*એ પ્રમાણે સૌધર્મ યાવત્ અચ્યુતમાં કહેવું. ગ્રૈવેયકમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે – તેમાં ઉપરિતન અને અધઃસ્તન ચરમાંત વિષયમાં, જીવ દેશોના સંબંધમાં પંચેન્દ્રિયોમાં પણ વચ્ચેનો ભંગ ન કહેવો. એ રીતે ગ્રૈવેયક વિમાનોની જેમ અનુત્તર વિમાનો અને ઇષત્ પ્રાગ્ભારા કહેવા.*

*[૬૮૪] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ, એક સમયમાં લોકના પૂર્વથી પશ્ચિમ ચરમાંત અને પશ્ચિમ ચરમાંતથી પૂર્વ ચરમાંત સુધી, તથા દક્ષિણ ચરમાંતથી ઉત્તર ચરમાંત અને ઉત્તરથી દક્ષિણ ચરમાંત જઈ શકે ? ઉપરથી નીચે, નીચેથી ઉપરના ચરમાંતે જઈ શકે ? હા, ગૌતમ ! જઈ શકે.*

● વિવેચન-૬૮૩,૬૮૪ :-

ચરમંત - ચરમ રૂપ અંત તે ચરમાંત, તે અસંખ્યાત પ્રદેશ અવગાહી હોવાથી જીવનો સંભવ નથી. તેથી 'જીવ નથી' તેમ કહ્યું. જીવ દેશાદિનો તો એક પ્રદેશે પણ અવગાહ સંભવે છે. - x - ધર્માસ્તિકાય આદિના દેશો, સ્કંધ દેશો ત્યાં સંભવે છે, એ રીતે અજીવપ્રદેશ પણ કહેવા.

હવે જીવાદિ દેશાદિમાં વિશેષ કહે છે – જે જીવ દેશો છે, તે પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવોના દેશો છે, તે લોકાંતે અવશ્ય હોય તે એક વિકલ્પ, બીજા પ્રકારે - એકેન્દ્રિયોના બહુત્વથી, તેના ઘણાં દેશો હોય અને બેઈન્દ્રિયનો કદાચિત્ એક દેશ હોય, તે દ્વિકયોગ વિકલ્પ. જો કે લોકાંતે બેઈન્દ્રિય ન હોય, તો પણ જે બેઈન્દ્રિય, એકેન્દ્રિયમાં ઉત્પન્ન થનાર હોય, તે મારણાંતિક સમુદ્ઘાતથી જાય તેને આશ્રીને વિકલ્પ છે.

જેમ દશમાં શતકમાં આગ્નેયી દિશા આશ્રીને કહ્યું, તેમ અહીં પૂર્વ ચરમાંતને આશ્રીને કહેવું. - x - x - અહીં જે વિશેષતા કહી તે આ - અનિન્દ્રિય આદિ. અનિન્દ્રિય સંબંધી દેશ વિષયે ત્રણ ભંગ છે. અથવા એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિયનો દેશ. એ રૂપ પહેલો ભગ, તે અહીં ન કહેવો. કેમકે કેવલી સમુદ્ઘાતમાં કપાટાદિ અવસ્થામાં લોકના પૂર્વ ચરમાંતે પ્રદેશ વૃદ્ધિ હાનિકૃત લોકદંતક સદ્ભાવે અનિન્દ્રિયના ઘણાં દેશોનો સંભવ છે, એકનો નહીં. આગ્નેયી દિશામાં - x - સાત અરૂપી કહ્યા. પૂર્વ ચરમાંતે અદ્ધા સમયનો પણ અભાવે છે - x -

ઉવરિલ્લે૦ વડે સિદ્ધ ઉપલક્ષિત ઉપરિતન ચરમાંત વિવક્ષિત, ત્યાં એકેન્દ્રિય દેશો, અનિન્દ્રિય દેશો હોય. ઈત્યાદિ - x - x - જો કે બેઈન્દ્રિયના ઉપરિતન ચરમાંતે મારણાંતિક સમુદ્ઘાત વડે જવા છતાં દેશ જ ત્યાં સંભવે છે - x - દેશો ન સંભવે. - x - x - x - आइल्ल विरहिओ એવું જે કહ્યું, તેનો આ અર્થ છે - પૂર્વોક્ત ત્રણ ભંગમાં પ્રદેશ અપેક્ષાથી

અથવા એકેન્દ્રિય પ્રદેશો, અનિન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિય પ્રદેશો, એ પહેલો ભંગ ન કહેવો. કેમકે બેઈન્દ્રિય પ્રદેશનો અસંભવ છે. - x - x - અજીવો. દશમશતકમાં કહેલ તમા દિશા મુજબ કહેવા. - x - x - ત્યાં તમા દિશા આશ્રીત કથન અહીં ઉપરિતન ચરમાંતને આશ્રીને કહેવું. તે આ રીતે - જે અજીવો છે તે બે ભેદે છે - રૂપી અજીવ, અરૂપી અજીવ. રૂપી અજીવ ચાર ભેદે - સ્કંધાદિ. અરૂપી અજીવ છ ભેદે - નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશો, એ રીતે અધર્મ, આકાશના છે.

ભગવન્ ! લોકના અધઃસ્તન૦ આદિ. પૂર્વ ચરમાંતવત્ ભંગો કહેવા. - x - તેમાં મધ્યમ ભંગ વર્જવો. - x - x - દેશભંગકો કહ્યા. હવે પ્રદેશભંગકને બતાવવા માટે કહે છે — પ્રદેશ વિચારણામાં પહેલા ભંગરહિત પ્રદેશો કહેવા. પહેલા ભંગમાં એક વચનાંત પ્રદેશ શબ્દ લીધો છે, તે પ્રદેશોના અધઃચરમાંતે પણ બહુપણાથી સંભવતો નથી. પણ આ સંભવે છે - અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિય પ્રદેશો અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિયોના પ્રદેશો - x - x - x -

ઉપરિતન, દશમ શતકની વિમલા દિશા માફક કહેવા. અર્થાત્ દશમાં શતકમાં જેમ વિમલા દિશા કહી, તેમ રત્નપ્રભાનો ઉપરિતન ચરમાંત સંપૂર્ણ કહેવો. - x - x - x - રત્નપ્રભામાં બેઈન્દ્રિયને આશ્રીને, તે એકેન્દ્રિય અપેક્ષાએ ઘણાં થોડા છે, તેથી ઉપરિતન ચરમાંતે તેમાં કદાચિત્ દેશ હોય. એ પ્રમાણે તેઈન્દ્રિયાદિથી અનિન્દ્રિયાંતમાં, એ રીતે - જે જીવ પ્રદેશો તે નિયમા એકેન્દ્રિય પ્રદેશો છે અથવા એકેન્દ્રિય પ્રદેશો પણ છે, બેઈન્દ્રિય પ્રદેશો છે (૧) અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિયોના પ્રદેશો (૨). એ પ્રમાણે તેઈન્દ્રિયાદિથી અનિન્દ્રિયાંતમાં છે.

- x - x - x - x - જેમ લોકનો અધઃચરમાંત કહ્યો, એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીનો પણ આ છે, તે અનંતરોક્ત જ. વિશેષમાં આ પ્રમાણે - લોકના અધસ્તન ચરમાંતમાં બેઈન્દ્રિયાદિના દેશ ભંગક ત્રણ, મધ્યમ ભંગરહિત કહ્યા, અહીં રત્નપ્રભાના અધઃસ્તન ચરમાંતમાં પંચેન્દ્રિયોના પરિપૂર્ણ જ તે કહેવા. બાકીના બેઈન્દ્રિયાદિના મધ્યમ ભંગરહિત જ કહેવા. - x - x - બેઈન્દ્રિયોના રત્નપ્રભાના અધસ્તન ચરમાંતમાં મારણાંતિક સમુદ્ઘાતથી જતા હોવાથી તેમાં 'દેશ' જ સંભવે છે, 'દેશો' નહીં. તેના એક પ્રતર રૂપત્વથી એક દેશ હેતુપણાથી તેઓને તેમાં મધ્યમ ભંગરહિત છે.

- x - चत्तारि चरमांत - પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર રૂપ છે. - x - શર્કરાપ્રભાના ઉપરિતન, અધસ્તન ચરમાંતો, રત્નપ્રભાના ઉપરિતન-અધસ્તન ચરમાંતવત્ કહેવા. બેઈન્દ્રિયાદિમાં પૂર્વોક્ત યુક્ત મધ્યમ ભંગરહિત, પંચેન્દ્રિયમાં પરિપૂર્ણ ત્રણે દેશભંગક. પ્રદેશ વિચારણામાં બેઈન્દ્રિયાદિમાં બધે આદ્ય ભંગરહિત બે ભંગો કહેવા. અજીવની વિચારણામાં ચારરૂપી, છ અરૂપી કહેવા.

હવે શર્કરાપ્રભાના અતિદેશથી બાકીની પૃથ્વીના સૌધર્માદિ દેવલોક અને ગ્રૈવેયક વિમાનની, વક્તવ્યતા સૂત્રકારે કહી છે. ગ્રૈવેયક વિમાનમાં જે વિશેષ છે, તે બતાવે છે - नवरं ઈત્યાદિ. અચ્યુતાંત દેવલોકોમાં દેવ પંચેન્દ્રિયોના ગમનાગમન સદ્ભાવથી ઉપરિતન-અધસ્તન ચરમાંતમાં પંચેન્દ્રિયમાં દેશને આશ્રીને ત્રણ ભંગ



સંભવે. ગ્રૈવેયકમાં તેમ ન હોવાથી, બેઈન્દ્રિયાદિ માફક પંચેન્દ્રિયમાં પણ મધ્યમ ભંગરહિત, તેના શેષ ભંગરહિત બે ભંગ સંભવે છે.

ચરમ અધિકારથી આ કહે છે — પરમાણુનું ગમન સામર્થ્ય તથા સ્વભાવત્વથી છે, એમ માનવું. - - - અનંતર પરમાણુની ક્રિયા વિશેષ કહી, તેથી હવે ક્રિયાધિકાર —

**● સૂત્ર-૬૮૫ :-**

***ભગવન્ ! વર્ષા વરસે છે કે નથી વરસતી એ જાણવા કોઈ પુરુષ હાથ, પગ, બાહુ કે ઉરુને સંકોચે કે ફેલાવે તો તેને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! - x - તે પુરુષને કાયિકી યાવત્ પાંચે ક્રિયા સ્પર્શે.***

**● વિવેચન-૬૮૫ :-**

वासं वासइ - મેઘ વર્ષે છે કે નહીં, તે જાણવાને. અચક્ષુથી આકાશમાં વર્ષાને જાણવા હાથ આદિના પ્રસારણથી જ જણાશે, તેમ માની હાથ આદિને સંકોચે કે પ્રસારે. - - સંકોચના પ્રસ્તાવથી કહે છે —

**● સૂત્ર-૬૮૬ :-**

***ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ લોકાંતે રહીને અલોકમાં હાથ યાવત્ ઉરુને સંકોચવા કે પ્રસારવાને સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - યાવત્ સમર્થ નથી ? જીવોને આહારોપચિત-શરીરોપચિત-ક્લેવરોપચિત પુદ્ગલો હોય છે. પુદ્ગલોને આશ્રીને જીવો કે અજીવોની ગતિપર્યાય કહેલ છે. અલોકે જીવ નથી કે પુદ્ગલ નથી, તેથી એમ કહ્યું. ભગવન્ ! તે એમ જ છે (૨).***

**● વિવેચન-૬૮૬ :-**

जीवानां - જીવાનુગત, आहारोपचित - આહારરૂપે ઉપચિત बोंदिचिया - અવ્યક્ત અવયવ શરીરરૂપપણે ચિત, कडेवरचिया - શરીર રૂપપણે ચિત, ઉપલક્ષણથી ઉચ્છ્વાસપણે ચિત પુદ્ગલો પણ જાણવા. આના વડે આમ કહે છે — જીવોને અનુગામી સ્વભાવવાળા પુદ્ગલો હોય છે. તેથી જે ક્ષેત્રમાં જીવ હોય, તે ક્ષેત્રમાં પુદ્ગલોની ગતિ હોય તથા પુદ્ગલોને આશ્રીને જીવો અને પુદ્ગલોનો ગતિધર્મ કહ્યો છે. અર્થાત્ જ્યાં પુદ્ગલ હોય. જ્યાં જ જીવો અને પુદ્ગલોની ગતિ હોય. અલોકમાં જીવ કે પુદ્ગલ નથી. તેથી ત્યાં જીવ અને પુદ્ગલોની ગતિ નથી. તેના અભાવે દેવ હાથ આદિ પ્રસારી ન શકે.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૯-"બલીન્દ્ર" ❀

— x — x — x — x — x — x —

દેવ વક્તવ્યતા કહી. અહીં દેવ વિશેષ બલિ વિશેષને કહે છે —

**● સૂત્ર-૬૮૭ :-**

***ભગવન્! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની સુધર્માસભા ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્ય યોજન ગયા પછી જેમ ચમરની યાવત્ ૪૨,૦૦૦ યોજન ગયા પછી ત્યાં બલીન્દ્રનો રુચકેન્દ્ર નામે ઉત્પાત્ પર્વત***

*છે, તે ૧૭૨૧ યોજન ઉંચો છે ઈત્યાદિ તિગિચ્છિ કૂડવત્ કહેવું પ્રાસાદાવતંસકનું પ્રમાણ પણ તેમજ છે. સીંહાસન, સપરિવાર બલિનો પરિચારનો અર્થ તેમજ છે. વિશેષ એ - રુચકેન્દ્ર પ્રભાદિ છે. બાકી પૂર્વવત્ યાવત્ બલિચંચા રાજધાની અને બીજાનું આધિપત્ય કરે છે યાવત્ રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વતની ઉત્તરે ૬,૫૫,૪૫,૫૦,૦૦૦ તિર્છું જતાં યાવત્ ૪૦,૦૦૦ યોજન જતાં બલીન્દ્રની રાજધાની છે તેનો વિષ્કંભ એક લાખ યોજન છે, બાકી પૂર્વવત્. યાવત્ બલિપીઠ તથા ઉપપાત યાવત્ આત્મરક્ષક, બધું તે પ્રમાણે સંપૂર્ણ કહેવું. વિશેષ એ કે સાતિરેક સાગરોપમ સ્થિતિ છે. બાકી પૂર્વવત્ યાવત્ બલી. - - ભગવન્! તે એમ જ છે.*

● વિવેચન-૬૮૭ :-

જેમ બીજા શતકના આઠમાં ઉદ્દેશામાં ચમરની સુધર્માસભા કહી, તેમ બલિની પણ કહેવી. જેમ ચમરનો બીજા શતકમાં આઠમો ઉદ્દેશામાં કહ્યું તેમ તિગિચ્છિકૂટ નામે ઉત્પાત પર્વતના પ્રમાણ મુજબ રુચકેન્દ્રનું પ્રમાણ કહેવું. પ્રાસાદાવતંસકનું પ્રમાણ ચમરસંબંધી તિગિચ્છિકૂટ ઉત્પાત્ પર્વત ઉપર રહેલ પ્રાસાદાવતંસક મુજબ બલિના રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વતના પ્રાસાદનું પ્રમાણ કહેવું. પ્રાસાદાવતંસકના મધ્ય ભાગે બલિ, બલિના પરિવારને સિંહાસન સહ કહેવો. તે પણ બીજા શતક મુજબ જાણવું. માત્ર ત્યાં ચમરના સામાનિકો ૬૪,૦૦૦ છે - x - ત્યાં બલિના ૬૦,૦૦૦ કહેવા.

જેમ તિગિચ્છિકૂટનું નામ અન્વર્થ છે. તેમ અહીં પણ કહેવું. કેવળ - x - x - રુચકેન્દ્રપ્રભા તેની હોય છે તેમ કહેવું. રુચકેન્દ્ર તે રત્ન વિશેષ છે. અર્થથી સૂત્ર આ પ્રમાણે કહેવું — ભગવન્! ક્યાં કારણે રુચકેન્દ્ર. રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વત કહેવાય છે? ગૌતમ! રુચકેન્દ્રે ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદો છે યાવત્ રુચકેન્દ્રવર્ણ, રુચકેન્દ્રલેશ્યા, રુચકેન્દ્રપ્રભા છે, તેથી રુચકેન્દ્રને રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વત કહે છે. જેમ ચમરચંચાનો વ્યતિકર સૂત્રે કહ્યો, તેમજ અહીં પણ કહેવો. - ૫૫,૫૦,૫૦,૦૦૦ જતાં. આ રત્નપ્રભા પૃથ્વી૦ એ રીતે પ્રમાણ છે. લંબાઈ પહોળાઈથી એક લાક યોજન, ૩,૧૬,૨૨૭ યોજન ૩-કોશ, ૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલથી કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપ છે યાવત્ નગરીના પ્રમાણ પછી પ્રાકાર, તેના દ્વાર, ઉપકારિકાલયન, પ્રાસાદાવતંસક, સુધર્માસભા, ચૈત્ય, ભવન, ઉપપાતસભા, દ્રહ, અભિષેક સભા, અલંકારિકસભા, વ્યવસાયસભા આદિનું પ્રમાણ અને સ્વરૂપ એ બધું બલિપીઠ સુધી કહેવું. તે બધું બીજા સ્થાનેથી જાણવું.

ઉપપાત સભામાં બલિનો ઉપપાત કહેવો. - x - x - जाव आयरक्ख અહીં યાવત્ શબ્દથી અભિષેક, અલંકાર ગ્રહણ, પુસ્તક વાચન, સિદ્ધાયતન, પ્રતિમાપૂજા, સુધર્માસભા ગમન, ત્યાં રહેલ સામાનિકો, અગ્રમહિષી, પર્ષદા, અનીકાધિપતિ, આત્મરક્ષક આદિ કહેવા.

આ વક્તવ્યતા પ્રતિબદ્ધ સમસ્ત સૂત્રના અતિદેશને માટે કહે છે — "તે બધું જ સંપૂર્ણ", સર્વથા સામ્ય પરિહારાર્થે કહ્યું — ચમરની સાગરોપમ સ્થિતિ છે, બલિની સાતિરેક સાગરોપમ કહેવી.





## ❁ શતક-૧૬, ઉદ્દેશો-૧૦-"અવધિજ્ઞાન" ❁

— x — x — x — x — x — x —

૦ બલિ વક્તવ્યતા કહી. 'બલિ' અવધિવાળો હોય, તેથી અવધિ કહે છે.

● સૂત્ર-૬૮૮ :-

*ભગવન્ ! અવધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે. અહીં 'અવધિ પદ' સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. - x -*

● વિવેચન-૬૮૮ :-

'અવધિપદ' પ્રજ્ઞાપનાનું ૩૩-મું પદ છે. જેમકે - તે આ છે - ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક. બે ને ભવપ્રત્યયિક છે - દેવો અને નારકોને. બે ને ક્ષાયોપશમિક છે - મનુષ્યોને, તિર્યંચ પંચેન્દ્રિયોને. ઈત્યાદિ.

## ❁ શતક-૧૬, ઉદ્દેશક-૧૧ થી ૧૪-"દ્વિપાદિકુમારો" ❁

— x — x — x — x — x — x —

૦ દશમામાં અવધિ કહ્યું, હવે અવધિ વિશેષને કહે છે —

● સૂત્ર-૬૮૯ થી ૬૯૨ :-

*[૬૮૯] ભગવન્! દ્વિપકુમારો બધાં સમાહારક, સમુસ્સાસ-નિસ્સાસા છે? ના, તે અર્થ સમર્થ નથી. જેમ શતક-૧, ઉદ્દેશો-૨-માં દ્વીપ કુમાર વક્તવ્યતા છે, તેમજ યાવત્ સમાયુષ્ક, સમઉચ્છ્વાસ-નિઃશ્વાસા છે - - ભગવન્! દ્વીપકુમારોને કેટલી લેશ્યા છે? ગૌતમ! ચાર. કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. દ્વીપકુમારની આ કૃષ્ણ યાવત્ તેજોલેશ્યામાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા તેજોલેશ્યી દ્વીપકુમારો, કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. - - ભગવન્! આ દ્વીપકુમારોમાં કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યીમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે. ગૌતમ! કૃષ્ણલેશ્યીથી નીલલેશ્યી મહર્દ્ધિક યાવત્ સમર્દ્ધિક તેજોલેશ્યી છે. ભગવન્! તે એમ જ છે.*

*[૬૯૦] ભગવન્ ! ઉદધિકુમારો બધાં સમાહારા૦ પૂર્વવત્. ૧૨/૬૯૦*

*[૬૯૧] એ પ્રમાણે દિશાકુમારો પણ જાણવા. ૧૩/૬૯૧.*

*[૬૯૨] એ પ્રમાણે સ્તનિતકુમારો પણ જાણવા ૧૪/૬૯૨.*

● વિવેચન-૬૮૯ થી ૬૯૨ :-

અહીં ૧૧ થી ૧૪ ઉદ્દેશામાં ક્રમશઃ ૬૮૯ થી ૬૯૨ સૂત્ર છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૬ નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૧૭ 卐

-- x -- x --

૦ સોળમાં શતકની વ્યાખ્યા કરી, હવે ૧૭-મું આરંભ છે.

● **સૂત્ર-૬૯૩ :-**

*— ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર થાઓ.*

*— કુંજર, સંયત, શૈલેશી, ક્રિયા, ઈશાન, પૃથ્વી, પૃથ્વી, અપ્, અપ્, વાયુ, વાયુ, એકેન્દ્રિય, નાગ, સુવર્ણ, વિદ્યુત્, વાયુ, અગ્નિ-૧૭ ઉદ્દેશા છે.*

● **વિવેચન-૬૯૩ :-**

(૧) કુંજર-શ્રેણિક પુત્ર કોણિક રાજાના ઉદાયી હાથીને આશ્રીને (૨) સંયત-સંયતાદિ અર્થ પ્રતિપાદક. (૩) શૈલેશી-શૈલેશી આદિ વક્તવ્યતા. (૪) ક્રિયા-ક્રિયાદિ અર્થ જણાવતો, (૫) ઈશાન-ઈશાનેન્દ્ર વક્તવ્યતા. (૬-૭) પૃથ્વી અર્થે, (૮-૯) અપ્કાય અર્થે. (૧૦-૧૧) વાયુકાય અર્થે, (૧૨) એકેન્દ્રિય સ્વરૂપ અર્થે, (૧૩) નાગકુમાર વક્તવ્યતાર્થે, (૧૪) સુવર્ણકુમાર વક્તવ્યાર્થે, (૧૫) વિદ્યુત્કુમાર અભિધાયક, (૧૬) વાયુકુમારવક્તવ્યતાર્થે, (૧૭) અગ્નિકુમાર વક્તવ્યતાર્થે.

## ❁ શતક-૧૭, ઉદ્દેશો-૧-"કુંજર" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ પહેલા ઉદ્દેશાનો અર્થ પ્રતિપાદનાર્થે કહે છે —

● **સૂત્ર-૬૯૫ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ઉદાયી હસ્તિરાજ ક્યાંથી અનંતર ઉદ્વર્તીને ઉદાયી હસ્તિરાજપણે ઉત્પન્ન થયો. ગૌતમ ! અસુરકુમાર દેવમાંથી અનંતર ઉદ્વર્તીને ઉદાયી હસ્તિરાજપણે ઉપન્યો છે.*

*ભગવન્! ઉદાયી હસ્તિરાજ કાળમાસે કાળ કરીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકપણે ઉપજશે. - - ભગવન્! તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે? ક્યાં ઉપજશે? ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ (સર્વે દુઃખોનો) અંત કરશે.*

*ભગવન્ ! ભૂતાનંદ હસ્તિરાજ ક્યાંથી અનંતર ઉદ્વર્તીને ભૂતાનંદ હસ્તિરાજપણે, એ પ્રમાણે ઉદાયીની માફક યાવત્ અંત કરશે.*

● **વિવેચન-૬૯૬ :-**

ભૂતાનંદ નામે કોણિક રાજનો પ્રધાનહસ્તી. - - અહીં ભૂતાનંદની ઉદ્વર્તનાદિ ક્રિયા કહી, એ ક્રિયાધિકારથી આમ કહે છે —

● **સૂત્ર-૬૯૬ :-**

*ભગવન્ ! કોઈ પુરુષ તાડના વૃક્ષ ઉપર ચઢી, પછી તે તાડથી તાડના ફળને હલાવે કે પાડે, તો તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ તાડવૃક્ષે ચડી, તાડના ફળને હલાવે કે પાડે, ત્યાં સુધી તે પુરુષને કાયિકી યાવત્ પાંચ ક્રિયા સ્પર્શે છે. જે જીવોના શરીરથી તાડવૃક્ષ, તાડફળ ઉત્પન્ન થયેલ છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે.*



*ભગવન્! તે તાડફળ પોતાના ભારથી યાવત્ નીચે પડે છે, તેનાથી જે જીવ યાવત્ જીવનથી રહિત થાય છે, તેનાથી તે પુરુષને કેટલી ક્રિયા લાગે? ગૌતમ! - x - યાવત્ તે ફળ વડે જીવો જીવનરહિત થાય તેટલામાં તે પુરુષને કાયિકી યાવત્ ચાર ક્રિયાઓ સ્પૃષ્ટ થાય. જે જીવોના શરીરથી તાડફળ બન્યું છે, તે જીવોને કાયિકી યાવત્ પાંચે ક્રિયા સ્પર્શે. જે જીવ નીચે પડતાં તાડફળને માટે સ્વાભાવિક રૂપે ઉપકારક હોય છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ લાગે.*

*ભગવન્ ! કોઈ પુરુષ વૃક્ષના મૂળને હલાવે કે નીચે પાડે તો તેને કેટલી ક્રિયાઓ લાગે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ વૃક્ષના મૂળને હલાવે કે પાડે ત્યાં સુધી, તે પુરુષને કાયિકી યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે. જે જીવોના શરીરોથી મૂળ યાવત્ બીજ નિષ્પન્ન થયા છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ લાગે.*

*ભગવન્! તે મૂલ પોતાના ભારથી યાવત્ જીવનરહિત થાય, ત્યારે હે ભગવન્! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે? ગૌતમ! જ્યાં સુધી તે મૂલ પોતાના ભારથી યાવત્ જીવનરહિત થાય, ત્યાં સુધી તે પુરુષને કાયિક આદિ ચાર ક્રિયાઓ લાગે. જે જીવોના શરીરથી તે કંદ યાવત્ બીજ નિષ્પન્ન થયા છે, તે જીવોને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે. જે જીવોના શરીરથી મૂલ નિષ્પન્ન થયેલ છે, તે જીવોને કાયિકી આદિ પાંચ ક્રિયા સ્પર્શે, જે જીવ પડતા એવા મૂલના સ્વાભાવિક ઉપકારક હોય, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયા લાગે છે.*

*ભગવન્ ! વૃક્ષના કંદને હલાવે૰ ? ગૌતમ ! તે પુરુષને યાવત્ પાંચ ક્રિયાઓ સ્પર્શે છે. જે જીવોના શરીરથી મૂલ યાવત્ બીજ નિષ્પન્ન થયા હોય, તે જીવોને યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે. - - ભગવન્ ! તે કંદ પોતાના ભારથી ? યાવત્ ચાર ક્રિયા લાગે. જે જીવોના શરીરથી મૂળ, સ્કંધ નિષ્પન્ન થયા હોય તેને યાવત્ ચાર ક્રિયા લાગે. જે જીવોના શરીરથી કંદ નિવર્તેલ હોય, તે જીવોને પણ પાંચ ક્રિયા લાગે. જે જીવો, તે નીચે પડતા કંદના સ્વાભાવિક ઉપકારી હોય, તેને યાવત્ પાંચે ક્રિયાઓ લાગે. જેમ સ્કંધમાં કહ્યું, તેમ યાવત્ બીજમાં કહેવું.*

● **વિવેચન-૬૯૬ :-**

તાલ - તાલવૃક્ષ, પચાલેમાણે - ચલાવે, પવાડેમાણે - નીચે પાડે (૧) તાડ ફળને, તાડફળ આશ્રિત જીવોને પુરુષ પ્રાણાતિપાત ક્રિયાકારી છે, જે પ્રાણાતિપાત ક્રિયાકારક છે તેને પાંચે ક્રિયા લાગે તેમ કહ્યું. (૨) જે તાલફળ નિષ્પન્ન કરનાર જીવો છે, તે પણ પાંચ ક્રિયાને સ્પર્શે. કેમકે સંઘટ્ટન આદિથી તે અન્ય જીવોને મારે છે. (૩) પુરુષે તાલફળને હલાવ્યા પછી તે ફળ પોતાના ભારેપણાથી, સંભારિકતાથી, ગુરુકસંભારિકતાથી પડે, ત્યારે આકાશાદિમાં પ્રાણોને જીવિતથી રહિત કરે છે. તેમ થતાં તે પુરુષને ચાર ક્રિયા લાગે, વધ નિમિત્ત ભાવના અલ્પત્વથી તેને ચારની જ વિવક્ષા છે. તે અલ્પત્વ સાક્ષાત્ વધના અભાવે અને તાલફળે જીવો હણ્યા છે, માટે છે. (૪) એ પ્રમાણે તાળફળ નિષ્પન્ન જીવો પણ કહેવા. (૫) ફળ નિર્વર્તકને પાંચ ક્રિયા જ છે, કેમકે તેઓ વધના સાક્ષાત્ નિમિત્ત છે. (૬) નીચે પડેલ ફળના જે ઉપકારી જીવો છે, તેમને પણ પાંચ ક્રિયા છે, કેમકે વધમાં તેનો બહુતરભાવ છે. આ

સૂત્રનું વિશેષ વ્યાખ્યાન પાંચમાં શતકમાં કહેલ કાંડ ક્ષેપ કરનાર પુરુષ સૂત્રથી જાણવું.

આના ફળ દ્વારથી પણ છ ક્રિયા સ્થાનો કહ્યા. મૂળ આદિમાં પણ છ કહેવા. આ કંદસૂત્ર માફક સ્કંધ, ત્વક્, શાખા, પ્રવાલ પત્ર, પુષ્પ, ફળ, બીજ સૂત્રો પણ કહેવા. - - ક્રિયાધિકારથી શરીર-ઈન્દ્રિય-યોગમાં ક્રિયા.

● **સૂત્ર-૬૯૭ :-**

*ભગવન્ ! શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ. - ઔદારિક યાવત્ કાર્મણ. - - ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! પાંચ. - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. - - ભગવન્ ! યોગ કેટલા છે ? ગૌતમ ! ત્રણ. - મનોયોગ, વચનયોગ, કાયયોગ.*

*ભગવન્ ! ઔદારિક શરીરને નિષ્પન્ન કરતો જીવ કેટલી ક્રિયાવાળો હોય છે ? ગૌતમ ! કદાચિત્ ત્રણ કે ચાર કે પાંચ. એ પ્રમાણે પૃથ્વીકાયિક, એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. આ પ્રમાણે વૈક્રિય શરીરના પણ બે દંડક કહેવા. વિશેષ એ કે — જેને વૈક્રિય શરીર હોય તેને તે કહેવું. એ પ્રમાણે કાર્મણ શરીર સુધી કહેવું. - - એ પ્રમાણે પાંચે ઈન્દ્રિયો અને ત્રણે યોગોમાં જે જેને હોય, તેને તે કહેવા. એ રીતે ૨૬-દંડકો થાય.*

● **વિવેચન-૬૯૭ :-**

કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયા - જો ઔદારિક શરીર પરપરિતાપ આદિ અભાવે નિર્વર્તે, તો ત્રણ ક્રિયા, જો પરપરિતાપ કરતા નિર્વર્તે તો ચાર ક્રિયા, જો બીજાને અતિપાત કરતા નિર્વર્તે તો પાંચ ક્રિયા લાગે. - - પૃથક્ત્વદંડકમાં 'કદાચિત્' શબ્દપ્રયોગ નથી. ૨૬-દંડક આ રીતે - પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ મળીને-૧૩. તેને એકવચન, બહુવચનથી ગુણતાં-૨૬. અનંતરક્રિયા કહી. તે જીવધર્મા છે, તેથી જીવધર્માધિકારથી જીવધર્મરૂપ ભાવો કહે છે.

● **સૂત્ર-૬૯૮ :-**

*ભગવન્ ! ભાવો કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે. તે આ — ઔદયિક, ઔપશમિક યાવત્ સંનિપાતિક. - - તે ઔદયિક શું છે ? ઔદયિક ભાવ બે ભેદે - ઔદયિક અને ઔદયિકનિષ્પન્ન. એ પ્રમાણે આ અભિલાપથી જેમ અનુયોગ દ્વારમાં છ-નામ કહ્યા, તે સંપૂર્ણ કહેવા. યાવત્ તે સંનિપાતિક ભાવ છે - ભગવન્ ! તે એમ જ છે.*

● **વિવેચન-૬૯૮ :-**

ઔદયિકાદિનું સ્વરૂપ પૂર્વે કહેલું જ છે. અનુયોગદ્વારની સાક્ષી વડે આમ કહે છે — તે ઔદયિક શું છે ? આઠ કર્મપ્રકૃતિના ઉદયથી, તે ઔદયિક છે.

## ❀ શતક-૧૭, ઉદ્દેશક-૨-''સંયત'' ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

૦ ભાવો કહ્યા. તેથી યુક્ત-સંયતાદિ હોય છે, તેથી તેને કહે છે —

● **સૂત્ર-૬૯૯ :-**

*ભગવન્ ! શું સંયત, વિરત, પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાનકર્તા*



*એવા જીવ ધર્મસ્થિત છે ? અને અસંયત, અવિરત-પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન ન કર્તા અધર્મસ્થિત છે ? સંયતાસંયત ધર્માધર્મમાં સ્થિત છે ? હા, ગૌતમ ! સંયત, વિરત યાવત્ ધર્માધર્મ સ્થિત છે.*

*ભગવન્! આ ધર્મ, અધર્મ કે ધર્માધર્મમાં કોઈ બેસવા યાવત્ પડખાં ફેરવવા સમર્થ છે? ગૌતમ! તે અર્થ સમર્થ નથી. ભગવન્! કયા કારણે આમ કહો - x - છો? ગૌતમ! સંયત, વિરત યાવત્ પાપકર્મ૦ ધર્મસ્થિત ધર્મને સ્વીકારીને વિચરે છે. અસંયત યાવત્ અધર્મસ્થિત અધર્મને સ્વીકારીને વિચરે છે. સંયતાસંયત ધર્માધર્મમાં સ્થિત ધર્માધર્મ સ્વીકારીને વિચરે છે. તેથી એમ કહ્યું કે યાવત્ સ્થિત છે.*

*ભગવન્ ! જીવો, શું ધર્મસ્થિત, અધર્મસ્થિત કે ધર્માધર્મસ્થિત છે ? ગૌતમ ! જીવો, ત્રણેમાં સ્થિત છે : - - નૈરયિક૦ પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિક ધર્મસ્થિત નથી, અધર્મસ્થિત છે, ધર્માધર્મમાં સ્થિત નથી. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી જાણવું. - - પંચેન્દ્રિય તિર્યંચયોનિક૦ પ્રશ્ન ? ગૌતમ ! તેઓ ધર્મમાં સ્થિત નથી. અધર્મ અને ધર્માધર્મ સ્થિત છે. - - મનુષ્યોને જીવો માફક કહેવા. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

● **વિવેચન-૬૯૯ :-**

ધમ્મ - સંયત, ધર્માદિમાં કોઈ બેસવાને સમર્થ છે ? આ અર્થ સમર્થ નથી, કેમકે ધર્માદિ અમૂર્ત્ત છે. આસનાદિ કરણ શક્ય છે. હવે ધર્મસ્થિતપણાદિ દંડકમાં નિરૂપવા કહે છે. સંયતાદિ પૂર્વે કહેલ છે. તે પંડિતાદિ કહેવાય છે. આ અર્થમાં અન્યતીર્થિક મતને બતાવવા કહે છે —

● **સૂત્ર-૭૦૦ :-**

*ભગવન્! અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એવું છે કે શ્રમણ પંડિત છે, શ્રાવક બાલપંડિત છે, જેણે એક પણ પ્રાણીનો દંડ છોડેલ નથી, તે એકાંતબાલ કહેવાય છે. હે ભગવન્! અન્યતીર્થિકોનું આ કથન કઈ રીતે યથાર્થ છે? ગૌતમ! અન્યતીર્થિકો જે આમ કહે છે૦ યાવત્. તેઓ મિથ્યા કહે છે. ગૌતમ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપુ છું. - શ્રમણો પંડિત છે, શ્રાવકો બાલપંડિત છે. જેણે એક પણ પ્રાણીના વધનો ત્યાગ કર્યો છે તેને એકાંત બાલ ન કહેવાય.*

*ભગવન્ ! જીવો બાલ છે ?, પંડિત છે કે બાલ પંડિત છે ? ગૌતમ ! જીવો આ ત્રણે છે. - - નૈરયિકો વિશે પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકો બાલ છે, પંડિત કે બાલ પંડિત નથી. આ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી કહેવું. - - પંચેન્દ્રિય તિર્યંચ૦ પ્રશ્ન ? ગૌતમ ! તેઓ પંડિત નથી, બાળ કે બાળપંડિત છે. મનુષ્યને જીવ માફક કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ કહેવા.*

● **વિવેચન-૭૦૦ :-**

'શ્રમણ તે પંડિત, શ્રાવક તે બાલપંડિત' આ બંને જિનમતને સ્વીકાર્યનો અનુવાદ છે. બીજો પક્ષ દૂષિત થાય છે, તે પ્રરૂપેલ છે - જે મનુષ્યે એક પણ જીવને અપરાધાદિમાં

કે પૃથ્વીકાયાદિમાં વધ છોડ્યો નથી, પ્રત્યાખ્યાન કરેલ નથી. તે એકાંતબાલ કહેવો. આવા શ્રાવકો એકાંતબાલ જ છે, બાલ પંડિત નથી. એકાંતબાલને સર્વ પ્રાણીના દંડનો ત્યાગ છે. એવો બીજાનો મત છે. સ્વમત એવો છે - એક પ્રાણીનો પણ જેણે દંડ પરિહાર કરેલ છે, તે એકાંતે બાલ નથી. પણ બાલપંડિત છે. કેમકે વિરતિનો અંશે પણ સદ્ભાવ છે, મિશ્રત્વ છે. - - આ જ બાલત્વાદિ જીવાદિમાં નિરૂપે છે.

પૂર્વોક્ત સંયતાદિ, આ પંડિતાદિ જો કે શબ્દથી જ ભેદ છે, અર્થથી નહીં, તો પણ સંયતત્વાદિ વ્યપદેશ ક્રિયા અપેક્ષાએ છે - x - x -

● **સૂત્ર-૭૦૧,૭૦૨ :-**

***[૭૦૧] ભગવન્! અન્યતીર્થિક એમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એ રીતે પ્રાણાતિપાદ, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શનશલ્યમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેકમાં વર્તતો જીવ અન્ય છે અને જીવાત્મા અન્ય છે. - - ઔત્પાતિકી યાવત્ પારિણામિકી બુદ્ધિમાં વર્તતો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. ઔત્પાતિકી અવગ્રહ, ઇહા, અપાય, ધારણામાં વર્તમાન યાવત્ જીવાત્મા અન્ય છે. - - ઉત્થાન યાવત્ પરાક્રમમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) નૈરયિક-તિર્યંચ-મનુષ્ય-દેવત્વમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) - - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાયમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) એ રીતે કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં, સમ્યગ્ દૃષ્ટ્યાદિ ત્રણ, એ રીતે ચક્ષુદર્શનાદિ ચાર, આભિનિબોધિકજ્ઞાનાદિ પાંચ, મતિઅજ્ઞાનાદિ ત્રણ, આહાર સંજ્ઞાદિ ચાર, ઔદારિક શરીરાદિ પાંચ, મનોયોગાદિ ત્રણ, સાકારોપયોગ-અનાકારોપયોગમાં વર્તતો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. ભગવન્! આ કેવી રીતે માનવું ?***

***ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ મિથ્યા કહે છે. પણ હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું કે - એ રીતે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં વર્તતો જીવ તે જ છે, જીવાત્મા તે જ છે. યાવત્ અનાકારોપયોગમાં વર્તતો જીવ તે જ છે, જીવાત્મા તે જ છે.***

***[૭૦૨] ભગવન્! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ પહેલા રૂપી થઈ, પછી અરૂપીને વિકુર્વવામાં સમર્થ છે? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો - x - છો? ગૌતમ! હું આ જાણું છું, હું આ જોઉં છું, હું આ નિશ્ચિત જાણું છું, હું આ પુરી તરફથી જાણું છું. મેં આ જાણ્યું - જોયું - નિશ્ચિત કર્યુ- પુરી રીતે જાણ્યું છે, કે તથા પ્રકારના સરૂપી, સકર્મ. સરાગ, સવેદ, સમોહ, સલેશ્ય, સશરીર અને તે શરીરથી અવિપ્રમુક્ત જીવના વિષયમાં એવું સમ્પ્રજ્ઞાત હોય છે. તે આ - કાળાપણું યાવત્ શુક્લત્વ, સુરભિગંધત્વ કે દુરભિગંધત્વ, તિક્ત યાવત્ મધુર, કર્કશત્વ યાવત્ રૂક્ષત્વ હોય છે. તેથી હે ગૌતમ! યાવત્ તે દેવ સમર્થ નથી.***

***ભગવન્ ! તે જીવ, પહેલા અરૂપી થઈ, રૂપી વિકુર્વવા સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. ગૌતમ ! હું આ જાણું છું, યાવત્ તથા પ્રકાર જીવ અરૂપ,***



***અકર્મ, અરાગ, અવેદ, અમોહ, અલેશ્ય, અશરીર, તે શરીરથી વિપ્રમુક્ત જીવના વિષયમાં એવું જ્ઞાત નથી કે - કાળાપણું યાવત્ રૂક્ષપણું છે. આ કારણે હે ગૌતમ ! તે દેવ પૂર્વોક્ત રીતે વિકુર્વણા કરી ન શકે.***

***ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.***

● **વિવેચન-૭૦૧,૭૦૨ :-**

પ્રાણાતિપાતાદિમાં વર્તતો શરીરી. જે જીવે, પ્રાણોને ધારણ કરે તે જીવ. शरीर - પ્રકૃતિ. अन्य - સિવાય, દેહસંબંધી અધિષ્ઠાતૃત્વથી જીવાત્મા પુરુષ અન્ય છે. તેમનું અન્યત્વ પુદ્ગલ-અપુદ્ગલ સ્વભાવત્વથી છે. તેથી શરીરને પ્રાણાતિપાતાદિમાં વર્તતું શરીર છે, પણ આત્મા નથી.

બીજા કહે છે — જે જીવે તે જીવ-નારકાદિ પર્યાય, જીવાત્મા તે સર્વભેદાનુગામી જીવદ્રવ્ય. દ્રવ્ય-પર્યાયથી અન્યત્વ છે, તથા વિધ પ્રતિભાસ ભેદ નિબંધનત્વથી ઘટ-પટાદિવત્ જુદા છે. - x - x -

બીજા કહે છે — જીવ અન્ય છે, જીવાત્મા - જીવનું સ્વરૂપ અન્ય છે. પ્રાણાતિપાતાદિ વિચિત્ર ક્રિયાભિધાન અહીં સર્વાવસ્થામાં જીવ-જીવાત્માનો ભેદ બતાવવાને આ પરમત છે. - - - સ્વમત એમ છે કે - તે જ જીવશરીર છે, તે જ જીવાત્મા-જીવ છે. જો કે આ બેમાં અત્યંત ભેદ નથી. જો અત્યંત ભેદ હોય તો દેહ વડે સ્પૃષ્ટને અસંવેદન પ્રસંગ દેહકૃતને કર્મોની જન્માંતર વેદના અભાવનો પ્રસંગ છે. - x - અત્યંત અભેદમાં પરલોકના અભાવ થાય.

દ્રવ્ય-પર્યાય વ્યાખ્યાનમાં પણ દ્રવ્ય-પર્યાયનો અત્યંત ભેદ નથી. જે પ્રતિભાસ ભેદ છે, તે આત્યંતિક ભેદ નથી. પણ પદાર્થોનો જ તુલ્ય-અતુલ્ય રૂપકૃત્ છે. જીવાત્મા - જીવસ્વરૂપ. આ વ્યાખ્યાન સ્વરૂપવાન્ છે, સ્વરૂપથી અત્યંત ભિન્ન નથી. ભેદમાં જ નિઃસ્વરૂપતા તેને પ્રાપ્ત થાય. શબ્દ ભેદથી વસ્તુભેદ નથી. - x - પૂર્વે જીવદ્રવ્ય અને તેના પર્યાયનો ભેદ કહ્યો. હવે જીવદ્રવ્ય વિશેષ પર્યાયાંતર આપત્તિ વક્તવ્યતા કહે છે —

વિવક્ષિત કાળથી પૂર્વે શરીરાદિ પુદ્ગલ સંબંધથી મૂર્ત્ત થઈને મૂર્ત્ત થાય છે. अरूपी - રૂપાતીત અમૂર્ત્ત આત્માને એમ જાણવું.

સ્વકીય વચનના અવ્યભિચારિત્વને કહેવા, સદ્બોધપૂર્વક દર્શાવે છે. હું વક્ષ્યમાણ અધિકૃત્ પ્રશ્ન નિર્ણયભૂત વસ્તુને જાણું છું. - x - સામાન્ય પરિચ્છેદથી દર્શન વડે. बुज्झामि - શ્રદ્ધા કરું છું, બોધ - સમ્યગ્ દર્શન પર્યાયત્વથી. - x - બધાં પરિચ્છેદ પ્રકારો વડે હું જાણું છું. આના દ્વારા વર્તમાનકાળમાં અર્થપરિચ્છેદકત્વ કહ્યું, તે જ અતીતકાળમાં દર્શાવે છે.

- x - x - તે દેવત્વાદિ પ્રકાર પ્રાપ્ત, सरूवी - વર્ણ, ગંધાદિ ગુણવાન્. સ્વરૂપથી અમૂર્ત્ત એવા જીવને આ કઈ રીતે ? તે કહે છે. કર્મ પુદ્ગલના સંબંધથી છે. આ કઈ રીતે ? રાગ સંબંધે કર્મસંબંધ છે. અહીં રાગ તે માયા-લોભ લક્ષણ લેવો. તથા સ્ત્રી આદિ વેદયુક્ત, મોહ-સ્ત્રી આદિમાં સ્નેહ, મિથ્યાત્વ કે ચારિત્ર મોહ. સલેશ્ય, સશરીરી, જે શરીરથી સશરીર છે, તે શરીરથી અવિમુક્ત. - x - x - x -

આનાથી વિપરીત દેખાડે છે - सच्चेव णं भंते ! इत्यादि. - x - x - अरूवी

- અવર્ણાદિ, રૂવિ - વર્ણાદિત્વ, આ રીતે અસત્વપણાથી કેવલી પણ આ રીતે જાણતા નથી. असत्त्वं - મુક્તને કર્મબંધ હેતુ અભાવે કર્મ અભાવથી છે. તેના અભાવે શરીર અભાવે વર્ણાદિ અભાવ છે, તેથી અરૂપી થઈને રૂપી ન થાય.

## ❀ શતક-૧૭, ઉદ્દેશો-૩-‘‘શૈલેષી’’ ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

૦ બીજા ઉદ્દેશાને અંતે રૂપિતા ભવન લક્ષણ, જીવનો ધર્મનિરૂપિત, અહીં તેના એજનાદિ લક્ષણ નિરૂપે છે, એ સંબંધે આવેલ સૂત્ર —

● **સૂત્ર-૭૦૩ :-**

*ભગવન્ ! શૈલેશી પ્રતિપન્ન અણગાર સદા. નિરંતર કાંપે છે, વિશેષ કાંપે છે. યાવત્ તે-તે ભાવોમાં પરિણમે છે ? ના, તે અર્થ સમર્થ નથી. સિવાય કે પરપ્રયોગથી (એમ થાય.) - - ભગવન્ ! એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે — દ્રવ્યૈજના, ક્ષેત્રૈજના, કાલૈજના, ભવૈજના, ભાવૈજના.*

*ભગવન્ ! દ્રવ્ય એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — નૈરયિક - તિર્યંચ - મનુષ્ય - દેવ દ્રવ્ય એજના. ભગવન્ ! એમ કેમ કહ્યું કે નૈરયિક દ્રવ્યએજના (૨) છે ? ગૌતમ ! નૈરયિક, નૈરયિક દ્રવ્યમાં વર્તેલ છે - વર્તે છે - વર્તશે. તેથી નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા નૈરયિક દ્રવ્ય એજનામાં કંપ્યા છે - કંપે છે - કંપશે. તેથી યાવત્ દ્રવ્યેજના કહી છે.*

*ભગવન્ ! એમ કેમ કહો છો તિર્યંચયોનિક દ્રવ્ય એજના (૨) છે ? પૂર્વવત્. વિશેષ એ કે - તિર્યંચયોનિક દ્રવ્યેજના કહેવું. બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ દેવ દ્રવ્યેજના. - - - ભગવન્ ! ક્ષેત્ર એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે — નૈરયિક યાવત્ દેવ ક્ષેત્ર એજના. ભગવન્ ! એમ કેમ કહો છો - નૈરયિક ક્ષેત્રવેદના (૨) છે ? પૂર્વવત્. વિશેષ આ - નૈરયિક ક્ષેત્ર વેદના કહેવું. એ પ્રમાણે યાવત્ દેવક્ષેત્રવેદના. - - એ પ્રમાણે કાળ, ભવ અને ભાવથી પણ દેવ ભાવ એજના પર્યન્ત કહેવું.*

● **વિવેચન-૭૦૩ :-**

नो इणट्ठे समट्ठे - એમ આ નિષેધ છે. તે બીજો એકાદ પરપ્રયોગ વડે થાય. એજનાદિ કારણ મધ્યે પરપ્રયોગથી એક શૈલેશી એજના થાય, પણ બીજા કારણે નહીં. એજનાદિ અધિકારથી જ કહે છે — द्रव्याणां - નારકાદિ જીવ સંપૃક્ત પુદ્‌ગલ દ્રવ્યોના નારકાદિ જીવ દ્રવ્યોની એજના-ચલના, તે દ્રવ્યૈજના.

ક્ષેત્ર-નારકાદિ ક્ષેત્રમાં વર્તતાની એજના, તે ક્ષેત્રૈજણા. - - કાળનારકાદિ કાળમાં વર્તતાની એજના, તે કાલૈજના. - - ભવ-નારકાદિ ભવમાં વર્તનારની એજના તે ભવૈજના. - - ભાવ - ઔદયિકાદિરૂપે વર્તતા નારકાદિની તદ્‌ગત પુદ્‌ગલ દ્રવ્યોની એજના, તે ભાવૈજના.

નૈરયિક લક્ષણ, જે જીવદ્રવ્ય, દ્રવ્ય-પર્યાયથી કથંચિત્ ભેદથી નારકત્વ. તેમાં વર્તતા, નૈરયિક જીવ સંપૃક્ત પુદ્‌ગલ દ્રવ્યોની કે નૈરયિક દ્રવ્યોની એજના, તે નૈરયિકદ્રવ્યૈજના, તેમાં અનુભવવાળો - વિશેષ કહે છે —



● **સૂત્ર-૭૦૪,૭૦૫ :-**

*[૭૦૪] ભગવન્ ! ‘ચલના’ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ — શરીરચલણા, ઈન્દ્રિયચલણા, યોગચલણા.*

*ભગવન્ ! શરીરચલણા કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે — ઔદારિક શરીરચલણા યાવત્ કાર્મણ શરીરચલણા.*

*ભગવન્ ! ઈન્દ્રિયચલણા કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — શ્રોત્રેન્દ્રિયચલણા યાવત્ સ્પર્શનેન્દ્રિયચલણા.*

*ભગવન્ ! યોગચલમા કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે — મનોયોગ ચલણા, વચનયોગ ચલણા, કાયયોગ ચલણા.*

*ભગવન્! ઔદારિક ચલણાને ઔદારિક ચલણા કેમ કહો છો? ગૌતમ! જે જીવ ઔદારિક શરીરમાં વર્તતા ઔદારિક શરીરનો યોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીરરૂપે પરિણમાવતા ઔદારિક શરીર ચલણ ચલ્યા, ચલે છે કે ચલશે. તેથી યાવત્ આમ કહ્યું છે.*

*ભગવન્ વૈક્રિય શરીર ચલણાને વૈક્રિય૰ કેમ કહો છો ? પૂર્વવત્. વિશેષ એ કે - વૈક્રિય શરીરમાં વર્તતા૰ કાર્મણ શરીર ચલણા સુધી એ પ્રમાણે કહેવું. - - - ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય ચલણાને શ્રોત્ર૰ કેમ કહે છે ? ગૌતમ ! જીવો શ્રોત્રેન્દ્રિયમાં વર્તતા શ્રોત્રેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યો શ્રોત્રેન્દ્રિયરૂપે પરિણમાવતા શ્રોત્રેન્દ્રિય ચલણ ચાલ્યા, ચાલે છે, ચાલશે તેથી યાવત્ એમ કહ્યું. એ રીતે સ્પર્શનેન્દ્રિય ચલણા સુધી કહેવું.*

*ભગવન્ ! એમ કેમ કહો છો મનોયોગચલણા મનો૰ ? ગૌતમ ! જીવો મનોયોગમાં વર્તતા મનોયોગ પ્રાયોગ્ય દ્રવ્યોને મનો યોગપણે પરિણાવતા મનોયોગ ચલણ ચાલ્યા, ચાલે છે, ચાલશે. તેથી યાવત્ મનોયોગ ચલણા કહ્યું. એ રીતે વચનયોગ, કાયયોગ ચલણા છે.*

*[૭૦૫] ભગવન્ ! સંવેગ, નિર્વેદ, ગુરુ સાધર્મિક શુશ્રુષા, આલોચના, નિંદા, ગર્હા, ક્ષમાપના, શ્રુતસહાયતા, વ્યુપશમના ભાવમાં અપ્રતિબદ્ધતા, વિનિવર્તના, વિવિક્ત શયનાસન આસેવનતા, શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિયસંવર, યોગ પ્રત્યાખ્યાન, શરીર પ્રત્યાખ્યાન, કષાય-સંભોગ-ઉપધિ-ભક્ત પ્રત્યાખ્યાન, ક્ષમા, વિરાગતા, ભાવ-યોગ-કરણ સત્ય, મન-વચન-કાય સમન્વાહરણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શન શલ્ય વિવેક, જ્ઞાન-દર્શન-ચારિત્ર સંપન્નતા, વેદના અધ્યાસતા, મારણાંતિક અધ્યાસનતા; આ પદોનું ભગવન્ ! અંતિમ ફળ શું છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! ગૌતમ ! સંવેગ, નિર્વેગ યાવત્ મારણાંતિક અધ્યાસનતા૰ આ બધાંનું અંતિમ ફળ સિદ્ધિ છે. તેમ હે શ્રમણાયુષ્ય ! જાણવું. ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૭૦૪,૭૦૫ :-**

ચલણ એજનની માફક સ્પષ્ટ છે. શરીર - ઔદારિકાદિ, ચલના - તેને યોગ્ય પુદ્‌ગલોનું તે રૂપે પરિણમનમાં વ્યાપાર તે શરીર ચલના. આ પ્રમાણે ઈન્દ્રિય-યોગ

ચલન પણ જાણવું. - x -

ચલના ધર્મ ભેદથી કહ્યો. હવે સંવેગાદિ ધર્મને ફળથી કહે છે સંવેગ - મોક્ષાભિલાષ, નિર્વેદ-સંસારવિરક્તતા, ગુરુ-દીક્ષાદિ આચાર્ય, સાધર્મિક-સામાન્ય સાધુ, સુશ્રૂષણતા-સેવા. આલોયણા-વિધિપૂર્વક સર્વે દોષોની ગુરુ સમક્ષ પ્રકાશના. નિંદણયા-આત્મા વડે આત્મદોષની કુત્સા, ગરહણયા - બીજા સન્મુખ આત્મ દોષોને કહેવા. ખમાવણયા - બીજા અસંતોષવાળાને ક્ષમા આપવી. વિઉસમણયા-ઉપશાંતતા, બીજાને ક્રોધથી નિવૃત્ત કરી, સ્વયં ક્રોધનો ત્યાગ કરવો.

સુયસહાયયા - જેને શ્રુત જ એકમાત્ર સહાય છે, તે શ્રુતસહાય. ભાવે અપ્પડિબદ્ધ-હાસ્યાદિમાં અનાસક્ત, અનુબંધવર્જન - વિણિવટ્ટણય - અસંયમ સ્થાનોથી વિરમવું તે, વિવિત્ત સયણાસણસેવણયા - સ્ત્રી આદિ સંસક્ત જે શયન, આસનો ઉપલક્ષણથી ઉપાશ્રય, તેનું જે સેવન તે.

યોગ પ્રત્યાખ્યાન - કરવું, કરાવવું, અનુમોદવું રૂપ મન વગેરેના વ્યાપારોનું પ્રાણાતિપાતાદિમાં પ્રત્યાખ્યાન - ન કરવાની પ્રતિજ્ઞા-શરીર પ્રત્યાખ્યાન-અભિષ્વંગ પ્રતિવર્જન પરિજ્ઞા. કષાય પચ્ચક્ખાણ - ક્રોધાદિ પ્રત્યાખ્યાન, તે ન કરવાની પ્રતિજ્ઞા. સંભોગ પચ્ચક્ખાણ-એક માંડલીમાં બેસીને સાધુનો ભોજનાદિ જે વ્યવહાર તે સંભોગ, જિનકલ્પાદિ સ્વીકારી તેનો પરિહાર કરવો તે. ઉપધિ પચ્ચક્ખાણ-અધિક ઉપધિનો ત્યાગ.

ખમ-ક્ષાંતિ, વિરાગયા - વીતરાગતા, રાગદ્વેષ અપગમ રૂપ. ભાવસત્ય - શુદ્ધ અંતરાત્મારૂપ પારમાર્થિક અવિતથત્વ. યોગસત્ય મન-વચન-કાયની અવિતથતા. કરણસત્ય - પ્રતિલેખનાદિ યથોક્ત રૂપે કરવા. મનસમન્નાહરણયા - મનને સમ્યક્, સ્વસ્થરૂપે મર્યાદા વડે આગમમાં કહેલ ભાવમાં અભિવ્યાપ્તિ કે સંક્ષેપણ. એમ બીજા પણ કહેવા, કોહ વિવેગ - ક્રોધ, કોપ ત્યાગ, તેની દુરંતતાદિ પરિભાવનાથી ઉદયનો નિરોધ. વેયણ અહિયાસણયા - ક્ષુધાદિ પીડા સહેવી. મારણંતિય-અહિયાસણયા-કલ્યાણ મિત્ર-બુદ્ધિ વડે મારણાંતિક ઉપસર્ગ સહેવો.

## ❀ શતક-૧૭, ઉદ્દેશો-૪-"ક્રિયા" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ એજનાદિ ક્રિયા કહી, અહીં ક્રિયા કહે છે, એ સંબંધ છે.

● **સૂત્ર-૭૦૬,૭૦૭ :-**

*[૭૦૬] તે કાળે, તે સમયે રાજગૃહનગરમાં યાવત્ આમ કહ્યું — જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? હા, કરે છે. - - ભગવન્ ! તે સ્પૃષ્ટ કરાય કે અસ્પૃષ્ટ ? ગૌતમ ! સ્પૃષ્ટ કરાય, અસ્પૃષ્ટ ન કરાય. એ રીતે જેમ શતક-૧-ઉદ્દેશા-૬-માં કહ્યું, તેમ યાવત્ "અનુક્રમ વિના નહીં" સુધી કહેવું. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે — જીવ અને એકેન્દ્રિયને નિર્વ્યાઘાત અપેક્ષાએ છ દિશામાં અને વ્યાઘાતની અપેક્ષાએ કદાચ ત્રણ દિશામાં, કદાચ ચાર દિશામાં, કદાચ પાંચમાં, બાકીનાને નિયમા છ દિશામાં છે.*

*ભગવન્ ! જીવો મૃષાવાદ ક્રિયા કરે છે ? હા, કરે છે. ભગવન્ ! તે સ્પૃષ્ટ કરે છે. આદિ પ્રાણાતિપાત દંડક માફક મૃષાવાદ પણ કહેવો. એ પ્રમાણે અદત્તાદાન,*



*મૈથુન, પરિગ્રહમાં પણ જાણવું. આ પાંચ દંડકો છે.*

*ભગવન્ ! જે સમયે જીવ પ્રાણાતિપાત ક્રિયા કરે, તે સમયે તે સ્પૃષ્ટ ક્રિયા કરે કે અસ્પૃષ્ટ ? પૂર્વવત્ યાવત્ કહેવું. વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે પરિગ્રહ સુધી કહેવું, એ પ્રમાણે આ પાંચ દંડકો છે.*

*ભગવન્ ! જે દેશમાં જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે, તે સ્પૃષ્ટ કરે કે અસ્પૃષ્ટ. પરિગ્રહ સુધી પૂર્વવત્ કહેવું. આ પણ પાંચ દંડક.*

*ભગવન્ ! જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાત ક્રિયા કરે તે સ્પૃષ્ટ કરે કે અસ્પૃષ્ટ ? પૂર્વવત્, પાંચ દંડક, પરિગ્રહ સુધી કહેવા. ૨૦ દંડક થયા.*

*[૭૦૭] ભગવન્ ! જીવોનું દુઃખ આત્મકૃત્ છે, પરકૃત છે કે તદુભય કૃત ? ગૌતમ ! દુઃખ આત્મકૃત્ છે, પરકૃત કે ઉભયકૃત નથી. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - ભગવન્ ! જીવો શું આત્મકૃત્ દુઃખ વેદે છે, પરકૃત કે તદુભયકૃત્ દુઃખ વેદે છે ? ગૌતમ ! આત્મકૃત્ દુઃખ વેદે છે. પરકૃત્ કે તદુભયકૃત્ નહીં. આમ વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! જીવોને આત્મકૃત્ વેદના૦ છે, પ્રશ્ન ? ગૌતમ ! આત્મકૃત્ વેદના છે, પરકૃત્ કે ઉભયકૃત્ નહીં. વૈમાનિક સુધી આમ જાણવું.*

*ભગવન્ ! જીવો આત્મકૃત્ વેદના વેદે છે ? પરકૃત્ કે ઉભય કૃત્ વેદના વેદે છે ? ગૌતમ ! આત્મકૃત્ વેદના વેદે છે. પરકૃત્ કે ઉભય કૃત્ નહીં. આમ વૈમાનિક સુધી જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨)*

● **વિવેચન-૭૦૬,૭૦૭ :-**

શતક-૧-ઉદ્દેશો-૬-મુજબ આમ સૂચવે છે - ભગવન્ ! શું તે અવગાઢ કરે છે કે અનવગાઢ ? ગૌતમ ! અવગાઢ કરે છે, અનવગાઢ નહીં.

જે સમયે પ્રાણાતિપાત ક્રિયા-કર્મ કરે છે, અહીં 'તેમાં' એમ વાક્ય શેષ જાણવું. દેસ - ક્ષેત્ર વિભાગ, પએસ - લઘુતમ ક્ષેત્ર વિભાગ. ક્રિયા પૂર્વે કહી, તે કર્મ છે, કર્મ-દુઃખહેતુપણાથી દુઃખ છે. તે માટે બે દંડક કહ્યા. વેદના કર્મજન્યા હોય, તેના નિરૂપણ માટે બે દંડક છે.

## ❀ શતક-૧૭, ઉદ્દેશો-૫-"ઈશાન" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ વૈમાનિક વક્તવ્યતા કહી, અહીં વૈમાનિક વિશેષ ઈશાનને કહે છે —

● **સૂત્ર-૭૦૮ :-**

*ભગવન્! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સુધર્માસભા ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર સૂર્ય૦ જેમ સ્થાનપદમાં કહ્યું છે, તેમ યાવત્ મધ્યમાં ઈશાનાવતંસક મહાવિમાન છે, તે મહાવિમાન સાડા બાર લાખ યોજન ઈત્યાદિ જેમ દશમાં શતકમાં શક્ર વિમાન વક્તવ્યતા છે, તે અહીં પણ ઈશાનની સંપૂર્ણ કહેવી. યાવત્ આત્મરક્ષક દેવો. સ્થિતિ સાતિરેક બે સાગરોપમ છે, બાકી પૂર્વવત્. તે પ્રમાણે યાવત્ દેવેન્દ્ર દેવરાજ ઈશાન સુધી કહેવું. ભગવન્! તે એમ*

*જ છે (૨).*

● વિવેચન-૭૦૮ :-

"સ્થાનપદ" એ પ્રજ્ઞાપનાનું બીજું પદ છે. તે આ રીતે – ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારાથી ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન યાવત્ જઈને આ ઈશાન નામક કલ્પ છે. ઈત્યાદિ. શતક-૧૦-ની શકવિમાન વક્તવ્યતા મુજબ. તે આ - સાડા બાર લાખ લંબાઈ, પહોડાઈ, ૩૯,૫૨,૮૪૮ યોજન પરીક્ષેપથી છે.

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૬-"પૃથ્વીકાયિક" ❁

– x – x – x – x – x – x –

૦ ઈશાન કલ્પ કહ્યો, અહીં કલ્પાદિમાં પૃથ્વીકાયોત્પત્તિ કહે છે.

● સૂત્ર-૭૦૯ :-

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીમાં સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે. ભગવન્ ! તે પહેલા ઉપજી, પછી આહારગ્રહણ કરે કે પહેલા આહાર લઈ, પછી ઉપજે ? ગૌતમ ! પૂર્વે ઉત્પન્ન થઈ પછી પણ આહારે, પહેલાં આહારી પછી પણ ઉપજે.*

*ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! પૃથ્વીકાયિકને ત્રણ સમુદ્ઘાત કહ્યા છે – વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત.*

*મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત દેશથી પણ સમુદ્ઘાત કરે છે અને સર્વથી પણ સમુદ્ઘાત કરે છે. દેશથી સમુદ્ઘાત કરતા, પહેલાં આહાર પુદ્ગલ ગ્રહી, પછી ઉત્પન્ન થાય. સર્વથી સમુદ્ઘાત કરે ત્યારે, પહેલાં પહેલાં ઉત્પન્ન થઈ, પછી પુદ્ગલ ગ્રહે. તેથી આમ કહેલ છે.*

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ સમુદ્ઘાત કરીને, ઈશાન કલ્પે પૃથ્વીકાયિકપણે૦ એ રીતે ઈશાનમાં પણ કહેવું. એ રીતે યાવત્ અચ્યુત-ગ્રૈવેયક-અનુત્તરવિમાન, ઈષત્ પ્રાગભારામાં છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ, શર્કરાપ્રભામાં સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પે પૃથ્વીકાયિકપણે૦ એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીકાયિકવત્ શર્કરાપ્રભામાં પણ પૃથ્વીકાયિકનો ઉપપાત કહેવો યાવત્ ઈષત્પ્રાગ્ભારા.*

*એ પ્રમાણે રત્નપ્રભાની વક્તવ્યતા માફક યાવત્ અધઃસપ્તમીમાં પૃથ્વીકાયિકનો ઉપપાત કહેવો. ભગવન્ ! તે એમ જ છે (૨).*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૭-"પૃથ્વીકાયિક" ❁

– x – x – x – x – x – x –

● સૂત્ર-૭૧૦ :-

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ સૌધર્મકલ્પમાં મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભામાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે પહેલાં ઉત્પન્ન થઈ, પછી આહાર ગ્રહણ કરે કે પહેલા આહારગ્રહી પછી ઉત્પન્ન થાય ?*

*ગૌતમ ! જેમ રત્નપ્રભા પૃથ્વીકાયિકો સર્વે કલ્પમાં યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં ઉત્પાદ કહ્યો. તેમ સૌધર્મ પૃથ્વીકાયિકનો સાતે પૃથ્વીમાં ઉપપાદ કહેવો. યાવત્*



*અધઃસપ્તમીમાં કહેવું... એ રીતે સૌધર્મ પૃથ્વીકાયિકનો સર્વે પૃથ્વીમાં ઉપપાત કહ્યો, એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીકાયિકનો સર્વે પૃથ્વીમાં ઉપપાદ, અધઃસપ્તમી સુધી કહેવો. ભગવન્ ! તે એમ જ છે.*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૮-"અપ્કાયિક" ❁

– x – x – x – x – x – x –

● સૂત્ર-૭૧૧ :-

*ભગવન્ ! અપ્કાયિક આ રત્નપ્રભામાં મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પે ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ આદિ, જેમ પૃથ્વીકાયિકમાં કહ્યું, તેમ અપ્કાયમાં પણ સર્વે કલ્પોમાં યાવત્ ઈષત્ પ્રાગ્ભારામાં તે પ્રમાણે જ ઉપપાત કહેવો. - - એ પ્રમાણે જેમ રત્નપ્રભા અપ્કાયિકનો ઉપપાત કહ્યો તેમ યાવત્ અધઃસપ્તમીપૃથ્વીમાં અપ્કાયનો ઉત્પાદ, ઇષત્ પ્રાગ્ભારા સુધી કહેવો.*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૯, "અપ્કાયિક" ❁

– x – x – x – x – x – x –

● સૂત્ર-૭૧૨ :-

*ભગવન્! જે અપ્કાયિક સૌધર્મ કલ્પમાં મરણ સમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઘનોદધિ વલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ બાકી પૂર્વવત્. એ રીતે યાવત્ અધઃસપ્તમીમાં, સૌધર્મ-અપ્કાયિક મુજબ કહેવું. એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા અપ્કાયિક યાવત્ અધઃસપ્તમીમાં ઉપપાત કહેવો. - - ભગવન્! તે એમ જ છે (૨).*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૧૦,૧૧-"વાયુકાયિક" ❁

– x – x – x – x – x – x –

● સૂત્ર-૭૧૩,૭૧૪ :-

*[૭૧૩] ભગવન્ ! વાયુકાયિક, આ રત્નપ્રભામાં યાવત્ સૌધર્મકલ્પે વાયુકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે પૃથ્વીકાયિક માફક કહેવા. વિશેષ એ કે - વાયુકાયિકને ચાર સમુદ્ઘાતો છે - વેદના યાવત્ વૈક્રિય૦ મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત દેશથી કરે૦ બાકી પૂર્વવત્. યાવત્ અધઃસપ્તમીમાં સમુદ્ઘાત કરીને૦ ઇષત્પ્રાગ્ભારા સુધી ઉત્પાદ કહેવો.*

*[૭૧૪] ભગવન્ ! જે વાયુકાયિક સૌધર્મકલ્પે સમવહત થઈને આ રત્નપ્રભા પૃથ્વીના ઘનવાત, તનુવાત, ઘનવાત વલયમાં, તનુવાત વલયમાં વાયુકાયિકપણે ઉપજવા યોગ્ય હોય૦ બાકી પૂર્વવત્. એ રીતે જેમ સૌધર્મ વાયુકાયિકનો ઉત્પાદ સાતે પૃથ્વીમાં કહ્યો, એ રીતે યાવત્ ઈષત્ પ્રાગ્ભારા વાયુકાયિકનો અધઃસપ્તમી સુધી યાવત્ ઉત્પાદ કહેવો.*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૧૨-"એકેન્દ્રિય" ❁

– x – x – x – x – x – x –

● સૂત્ર-૭૧૫ :-

*ભગવન્ ! એકેન્દ્રિયો બધાં સમાનાહારી, સમશરીરી છે ? એ પ્રમાણે*

*શતક-૧-ના ઉદ્દેશક-૨-માં પૃથ્વીકાયિકની વક્તવ્યતા કહી. તે અહીં એકેન્દ્રિયોમાં કહેવી. યાવત્ સમાયુષ્, સમોપપન્નક, (નથી).*

*ભગવન્ ! એકેન્દ્રિયોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ તેજોલેશ્યા. - - ભગવન્ ! આ એકેન્દ્રિયોને કૃષ્ણલેશ્યાદિમાં યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! એકેન્દ્રિયોમાં સૌથી ઓછા તેજોલેશ્યી, કાપોતલેશ્યી અનંતા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. - - ભગવન્ ! એકેન્દ્રિયોમાં આ કૃષ્ણલેશ્યીની ઋદ્ધિ દ્વીપકુમારો (શતક-૧૬, ઉદ્દેશો-૧૧)માં કહી છે, તેમ અહીં કહેવી.*

### ❁ શતક-૧૭, ઉદ્દેશો-૧૩ થી ૧૭ “નાગાદિકુમારો” ❁

— x — x — x — x — x — x —

● **સૂત્ર-૭૧૬ થી ૭૨૦ :-**

*[૭૧૬] ભગવન્ ! નાગકુમારો બધાં સમાહારા, જેમ શતક-૧૬માં દ્વીપકુમાર ઉદ્દેશામાં કહ્યું, તેમ બધું સંપૂર્ણ કહેવું. યાવત્ ઋદ્ધિ - x -*

*[૭૧૭] ભગવન્ ! સુવર્ણકુમારો સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૧૮] ભગવન્ ! વિદ્યુત્કુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૧૯] ભગવન્ ! વાયુકુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૨૦] ભગવન્ ! અગ્નિકુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

● **વિવેચન-૭૧૦ થી ૭૨૦ :-** *[ઉદ્દેશક-૭ થી ૧૭નું]*

समोहए - સમવહત - મારણાંતિક સમુદ્‌ઘાત કરવો. उववज्जित्त - ઉત્પાદ ક્ષેત્રે જઈને, संपाउणेज्ज - પુદ્‌ગલ ગ્રહણ કરે. - x - મારણાંતિક સમુદ્‌ઘાતથી નિવર્તીને, જો પૂર્વ શરીરનો સર્વથાત્યાગ કરી દડાની ગતિથી ઉત્પત્તિદેશે જાય તો પુદ્‌ગલો પછી ગ્રહ અર્થાત્ પછી આહાર કરે-જાય - x - જો મારણાંતિક સમુદ્‌ઘાત કરતા મરે, તો ઇલિકાગતિથી ઉત્પાદ સ્થાને જાય, ત્યારે પહેલા પુદ્‌ગલ લે પછી ઉત્પન્ન થાય. પૂર્વ શરીરમાં રહીને જીવ પ્રદેશ સંહરીને સમસ્ત જીવ પ્રદેશથી ઉત્પત્તિ ક્ષેત્રમાં થાય. - x - જો મારણાંતિક સમુદ્‌ઘાત કરતો મરે તો - x - જીવદેશના પૂર્વ દેહમાં રહીને દેશથી ઉત્પત્તિ દેશ પ્રાપ્ત કરીને દેશથી સમુદ્‌ઘાત કરે. જો સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઈ મરે તો સર્વ પ્રદેશ સંહરી ઉત્પત્તિ દેશને પામીને સર્વથી સમવહત કહેવાય. ઇત્યાદિ

**મુનિદીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૭ નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૧૮ 卐

— x — x —

૦ શતક-૧૭ની વ્યાખ્યા કરી, હવે ક્રમશઃ આવેલ શતક-૧૮ની —

● **સૂત્ર-૭૨૧ :-**

*પ્રથમ, વિશાખા, માકંદિક, પ્રાણાતિપાત, અસુર, ગુડ, કેવલિ, અનગાર, ભવ્ય, સોમિલ. આ દશ ઉદ્દેશા શતક-૧૮માં છે.*

● **વિવેચન-૭૨૧ :-**

(૧) પ્રથમ - જીવાદિ વિષયોના પ્રથમ-અપ્રથમત્વાદિની વિચારણા. (૨) વિશાખા-વિશાખાનગરી ઉપલક્ષિત, (૩) માકંદિક-માકંદ પુત્ર નામક અણગાર ઉપલક્ષિત. (૪) પ્રાણાતિપાત-પ્રાણાતિપાતાદિ વિષયક, (૫) અસુર-અસુરાદિ વક્તવ્યતાપ્રધાન, (૬) ગુલ-ગુડ આદિ પદાર્થ વિશેષ સ્વરૂપ નિરુપણ. (૭) કેવલિ-કેવલિ આદિ વિષયક, (૮) અણગાર-અનગારાદિ વિષયક, (૯) ભવિય-ભવ્યદ્રવ્ય નારકાદિ પ્રરૂપણાર્થે (૧૦) સોમિલ-બ્રાહ્મણની વક્તવ્યતા. अट्ठारसे - શતક-૧૮માં આ ઉદ્દેશાઓ છે.

### ❁ શતક-૧૮, ઉદ્દેશો-૧-“પ્રથમ” ❁

— x — x — x — x — x — x —

૦ તેમાં પહેલા ઉદ્દેશાના પ્રતિપાદન અર્થે કહે છે —

● **સૂત્ર-૭૨૨ થી ૭૨૬ :-**

*[૭૨૨] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — જીવ, જીવભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી અપ્રથમ છે. એ પ્રમાણે નૈરયિકથી લઈને વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! સિદ્ધ, સિદ્ધ ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી. - - ભગવન્ ! જીવો, જીવ ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.*

*સિદ્ધોનો પ્રશ્ન ? ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.*

*ભગવન્ ! આહારક જીવ, આહાર ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. યાવત્ વૈમાનિક. બહુવચનમાં એમ જ છે.*

*ભગવન્ ! અણાહારક જીવ અણાહારક ભાવથી પ્રશ્ન ? ગૌતમ ! કદાચ પ્રથમ હોય, કદાચ અપ્રથમ હોય. - - ભગવન્ ! અણાહારક જીવો અણાહારક ભાવથી ? પ્રશ્ન. પ્રથમ પણ હોય, અપ્રથમ પણ હોય. - - નૈરયિકો યાવત્ વૈમાનિક ? પ્રથમ નથી, અપ્રથમ છે. સિદ્ધો ? પ્રથમ છે, અપ્રથમ નથી. - - આ પ્રમાણે પ્રત્યેક દંડકમાં પૃચ્છા કહેવી.*

*ભવસિદ્ધિક એક કે અનેક જીવ, આહારક મુજબ. એ રીતે અભવસિદ્ધિક પણ છે. ભગવન્ ! નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ ? પ્રશ્ન. ગૌતમ ! પ્રથમ છે. અપ્રથમ નથી. નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક ભાવથી ? પૂર્વવત્. એ રીતે બહુવચનમાં બંને જાણવા.*

ભગવન્ ! સંજ્ઞીજીવ, સંજ્ઞીભાવથી પ્રથમ છે ? પ્રશ્ન. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. એ રીતે વિકલેન્દ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક સુધી જાણવું. બહુવચનમાં પણ આમ જ કહેવું. - - અસંજ્ઞી પણ એ રીતે જ એકવચન, બહુવચનથી છે વિશેષ એ કે - યાવત્ વ્યંતર, નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. એ રીતે બહુવચનમાં પણ છે.

ભગવન્ ! સલેશ્યીનો પ્રશ્ન. ગૌતમ ! આહારક મુજબ છે. એ રીતે બહુવચનમાં પણ છે. કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં પણ એ રીતે છે. વિશેષ એ કે - જેને જે લેશ્યા હોય તે કહેવી. - - અલેશ્યી જીવ, મનુષ્ય અને સિદ્ધ નોસંજ્ઞીનોઅસંજ્ઞી માફક કહેવા.

ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિ ભાવથી શું પ્રથમ છે ? પૃચ્છા. ગૌતમ ! કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ છે. એ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું. સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. બહુવચનમાં જીવો પ્રથમ પણ છે. અપ્રથમ પણ છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું. સિદ્ધો પ્રથમ છે, અપ્રથમ નથી. - - - મિથ્યાદૃષ્ટિ જીવ એક કે બહુવચનમાં આહારક માફક જાણવા. - - - સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ એકવચનમાં કે બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. વિશેષ એ કે - જેને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ હોય તેને તે કહેવી.

સંયત જીવ અને મનુષ્ય, એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. - - - અસંયતને આહારકવત્ જાણવા. - - સંયતાસંયત જીવ, પંચેન્દ્રિય-તિર્યંચયોનિક, મનુષ્ય એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ સમાન જાણવા. - - - નોસંયતનોઅસંયતનોસંયતાસંયત જીવ અને સિદ્ધ એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

સકષાયી, ક્રોધકષાયી યાવત્ લોભકષાયી જીવો એકવચન-બહુવચનમાં આહારકવત્ જાણવા. - - - અકષાયી જીવો કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. બહુવચનમાં જીવો અને મનુષ્યો પ્રથમ પણ છે, અપ્રથમ પણ છે. સિદ્ધો પ્રથમ છે, અપ્રથમ નથી.

જ્ઞાની એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. આભિનિબોધિક જ્ઞાની યાવત્ મનઃપર્યવજ્ઞાની એકવચન-બહુવચનમાં એ પ્રમાણે છે. વિશેષ એ કે જે જેને હોય, તે તેને કહેવું. - - કેવળજ્ઞાની જીવ, મનુષ્ય અને સિદ્ધ એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી. - - અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની એકવચન-બહુવચનમાં આહારકની માફક જાણવા.

સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી એકવચન-બહુવચનમાં આહારક માફક કહેવા. વિશેષ એ કે - જેને જે યોગ હોય તે કહેવો. અયોગી જીવ, મનુષ્ય, સિદ્ધ, એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત જીવ એકવચન-બહુવચનમાં અનાહારક માફક કહેવા.





સવેદક યાવત્ નપુંસકવેદક એકત્વ-પૃથકત્વમાં આહારક માફક કહેવા. વિશેષ એ કે જેને જે વેદ હોય તે કહેવો. - - - અવેદક એક કે બહુવચનમાં જીવ, મનુષ્ય, સિદ્ધમાં અકષાયી માફક કહેવા.

સશરીરી, આહારકવત્ કહેવા. એ પ્રમાણે યાવત્ કાર્મણશરીરી જાણવા. જેને જે શરીર હોય તે. વિશેષ એ કે - આહારક શરીરી એક કે બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. અશરીરી જીવો અને સિદ્ધો એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિથી અપર્યાપ્ત જીવો આહારકવત્ જાણવા. વિશેષ એ કે — જેને જે હોય તે કહેવી. વૈમાનિક સુધીના જીવ પ્રથમ છે, અપ્રથમ નથી. - - - અહીં લક્ષણ ગાથા છે —

[૭૨૩] જેને જે ભાવ પૂર્વેથી પ્રાપ્ત છે તે, તે ભાવથી અપ્રથમ છે, બાકીના-જેમને તે ભાવ પૂર્વે પ્રાપ્ત થયા નથી. તે, તે ભાવે પ્રથમ છે.

[૭૨૪] ભગવન્ ! જીવ, જીવભાવથી ચરમ છે કે અચરમ ? ગૌતમ ! ચરમ નથી, અચરમ છે. - - ભગવન્ ! નૈરયિક, નૈરયિક ભાવથી ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. સિદ્ધોને જીવની માફક કહેવા.

આહારક જીવ સર્વત્ર એકવચનમાં કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે બહુવચનમાં ચરમ પણ છે, અચરમ પણ છે - - અનાહારક જીવ, સિદ્ધ એકવચન-બહુવચનમાં ચરમ નથી, અચરમ છે. બાકીના સ્થાનોમાં એકવચન-બહુવચનમાં આહારક માફક જાણવું.

ભવસિદ્ધિક જીવપદમાં એક કે બહુવચનમાં ચરમ છે, અચરમ નથી. બાકીના સ્થાનોમાં આહારકવત્ જાણવા. - - - અભવસિદ્ધિક સર્વત્ર એકવચન-બહુવચનમાં ચરમ નથી, અચરમ છે. નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક જીવો અને સિદ્ધો એક કે બહુવચનમાં અભવસિદ્ધિકવત્ જાણવા.

સંજ્ઞી, આહારકવત્ છે, અસંજ્ઞી પણ તેમ છે નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવપદ અને સિદ્ધપદમાં ચરમ છે. મનુષ્ય પદમાં બંને વચનમાં ચરમ છે.

સલેશ્ય યાવત્ શુક્લલેશ્ય, આહારકવત્ છે. માત્ર જે જેને હોય તે કહેવું. - - - અલેશ્ય, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્ જાણવા.

સમ્યગ્દૃષ્ટિ, અણાહારકવત્ છે. - - મિથ્યાદૃષ્ટિ, આહારક માફક છે. - - - સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિયને વર્જીને કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ બહુવચનમાં ચરમ પણ છે, અચરમ પણ છે.

સંયત જીવ અને મનુષ્ય, આહારકવત્ છે. - - અસંયત પણ તેમજ છે. - - સંયતાસંયત પણ તેમજ છે. માત્ર જે જેને હોય તે કહેવું નોસંયતનોઅસંયતનો-સંયતાસંયતને નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક માફક જાણવા.

સકષાયી યાવત્ લોભકષાયી સર્વસ્થાનોમાં આહારકવત્ છે. - - અકષાયી

*જીવ પદે અને સિદ્ધમાં ચરમ નથી, અચરમ છે. મનુષ્યપદમાં કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે.*

*જ્ઞાની, સર્વત્ર સમ્યગ્દૃષ્ટિ સમાન છે, આભિનિબોધિક જ્ઞાની યાવત્ મનઃપર્યવજ્ઞાની, આહારકવત્ છે. માત્ર જેને જે હોય તે કહેવું. કેવલજ્ઞાની, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્, અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, આહારકવત્.*

*સંયોગી યાવત્ કાયયોગી, આહારકવત્, જેને જે યોગ હોય તે કહેવો. અયોગી, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્ કહેવા.*

*સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત, અનાહારકવત્ છે.*

*સવેદક યાવત્ નપુંસકવેદક, આહારકવત્ છે. - - અવેદક, અકષાયી માફક જાણવા.*

*સશરીરી યાવત્ કાર્મણશરીરી, આહારકવત્ છે. માત્ર જે જેને હોય તે કહેવું. અશરીરી, નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિકવત્ છે.*

*પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિથી અપર્યાપ્ત આહારકવત્ છે. સર્વત્ર એકવચન-બહુવચનમાં દંડકો કહેવા - લક્ષણ ગાથા -*

*[૭૨૫] જે જીવ, જે ભાવને પુનઃ પ્રાપ્ત કરશે તે, તે ભાવથી અચરમ થશે. જેનો જે ભાવથી અત્યંત વિયોગ થશે તે, તે ભાવે ચરમ થશે.*

*[૭૨૬] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે કહી વિચરે છે.*

● **વિવેચન-૭૨૨ થી ૭૨૬ :-**

ક્યાંક આવી ઉદ્દેશક દ્વાર સંગ્રહણી ગાથા દેખાય છે — જીવ, આહારક, ભવ, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર, પર્યાપ્તિ. આના અર્થો ઉદ્દેશકના અર્થથી જાણવા. તેમાં પ્રથમ દ્વારને કહે છે —

જીવ જીવત્વથી પ્રથમતા ધર્મયુક્ત છે ? જીવત્વ હોતા પ્રથમથી પ્રાપ્ત છે કે અપ્રથમ - અનાદિ અવસ્થિત જીવ. અહીં પ્રથમત્વ અપ્રથમત્વ લક્ષણગાથા છે, જે સૂત્ર-૭૨૩ની સમાનાર્થક છે. નારક પણ અપ્રથમ છે, અનાદિ સંસારમાં નારકત્વ પૂર્વે અનંતીવાર પ્રાપ્ત થયેલ છે. સિદ્ધ વડે સિદ્ધત્વ પૂર્વે અપ્રાપ્ત છે, માટે પ્રથમ કહ્યું.

આહારક દ્વારમાં - આહારકત્વથી પ્રથમ નથી, અનાદિ ભવમાં પૂર્વે અનંતવાર તે પ્રાપ્ત થયું છે. એ રીતે નારકાદિ પણ કહેવા. સિદ્ધોને આહારકપણાથી ન પૂછાય, કેમકે તેઓ અણાહારી છે. કોઈક જીવ અનાહારકત્વથી પ્રથમ છે, જેમકે સિદ્ધ. કોઈ અપ્રથમ છે. જેમકે - સંસારી. સંસારીને વિગ્રહગતિમાં અનાહારકત્વ પૂર્વે અનંતીવાર થયેલ છે. - x - x -

ભવ્ય દ્વારમાં - ભવસિદ્ધિક એકત્વ-બહુત્વથી આહારકની જેમ કહેવા. અર્થાત્ અપ્રથમ. જેમ ભવ્યનું ભવ્યત્વ અનાદિ સિદ્ધ છે, તેથી ભવ્યત્વથી પ્રથમ નથી. આ રીતે અભવસિદ્ધિક પણ કહેવા. નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક જીવ અને સિદ્ધમાં જ સંભવે, નારકાદિમાં નહીં. આ પદથી સિદ્ધને જ કહેવાય છે, તેના એકત્વ-પૃથકત્વમાં પ્રથમ છે તેમ કહેવું.



સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી ભાવથી અપ્રથમ છે, કેમકે પૂર્વે અનંતવાર સંજ્ઞીત્વ પામેલ છે. એકથી ચાર ઈન્દ્રિયને વર્જીને બાકીનાને 'અપ્રથમ' કહેવા. એ રીત અસંજ્ઞી પણ કહેવા. - x - પૃથ્વી આદિ અસંજ્ઞી જ છે. તેમ અપ્રથમત્વ પૂર્વે અનંતવાર અસંજ્ઞીપણાની પ્રાપ્તિ છે. ઉભયનિષેધ પદ જીવ, મનુષ્ય, સિદ્ધમાં છે, તેમાં પ્રથમત્વ કહેવું. - x -

લેશ્યાદ્વારમાં - અપ્રથમ કહેવું. કેમકે અનાદિથી સલેશ્યત્વ છે. - x - x - અલેશ્ય પદ જીવ, મનુષ્ય, સિદ્ધોમાં હોય છે, તેમનું પ્રથમત્વ કહેવું.

દૃષ્ટિ દ્વારમાં - કેટલાંક સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિપણે પ્રથમ હોય, જેને પહેલી વખત સમ્યગ્દર્શન થયું હોય. કેટલાંક અપ્રથમ હોય, જેને પતિત થયા પછી, સમ્યગ્દર્શનની પુનઃપ્રાપ્તિ થઈ હોય. એકેન્દ્રિયોને સમ્યકત્વ નથી, તેથી તેમનું વર્જન કર્યુ. બાકીના પ્રથમ કે અપ્રથમ હોઈ શકે. - x - સિદ્ધો પ્રથમ જ હોય. - x -

મિથ્યાદૃષ્ટિઓને એકવચન-બહુવચનમાં અપ્રથમત્વ છે. મિથ્યાત્વ અનાદિનું છે. - - સમ્યક્મિથ્યાદૃષ્ટિ પ્રથમ પણ હોય, અપ્રથમ પણ હોય. કેમકે સમ્યગ્મિથ્યાદર્શન પહેલું કે બીજું આદિ પણ પામે. વિશેષ એ કે - જેને હોય તેને કહેવું. જેમકે - નારકાદિને મિશ્ર દર્શન હોય છે. તે જ અહીં પ્રથમ-અપ્રથમ વિચારણાનો અધિકાર છે.

સંયતદ્વારમાં - અહીં જીવ પદ, મનુષ્ય પદ એ બે છે. તેમને એકત્વાદિ વડે સમ્યગ્દૃષ્ટિની માફક કહેવા. પ્રથમ હોય કે અપ્રથમ હોય. સંયમનો પ્રથમ કે દ્વિતીયાદિ લાભની અપેક્ષાએ આ જાણવું. - - - અસંયત આહારક માફક કહેવા. જેમકે અનાદિપણાથી અસંયત હોવાથી અપ્રથમ છે. - - સંયતાસંયત જીવપદમાં, પંચેન્દ્રિય તિર્યંચપદમાં, મનુષ્યપદમાં હોય છે. એકત્વાદિ વડે સમ્યગ્દૃષ્ટિવત્ કહેવા. કદાચ પ્રથમ હોય, કદાચ અપ્રથમ હોય. પ્રથમ-અપ્રથમત્વ પહેલી કે બીજીવાર અપેક્ષાએ છે. - - નોસંયમનોઅસંયમનોમિશ્ર એ જીવ અને સિદ્ધને હોય, તે પ્રથમ છે.

કષાયદ્વારમાં - કષાયી આહારકવત્ અપ્રથમ છે. કેમકે અનાદિપણાથી કષાયિત્વ છે. - - અકષાય જીવને પ્રથમ હોય. યથાખ્યાત ચારિત્રના પ્રથમ લાભમાં, દ્વિતીયાદિ લાભમાં અપ્રથમ હોય. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. સિદ્ધ પ્રથમ જ હોય. કેમકે સિદ્ધત્વ અનુગતને. અકષાયભાવ પહેલીવાર હોય છે.

જ્ઞાનદ્વારમાં - કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ હોય. તેમાં કેવલી પ્રથમ છે. અકેવલીને પહેલી વખત જ્ઞાનલાભ થાય છે માટે. જીવાદિ દંડક વિચારણામાં જે જીવનારકાદિને જે મતિજ્ઞાનાદિ હોય, તે તેને કહેવા. - x - અજ્ઞાની 'અપ્રથમ' છે. અનાદિથી અનંત અજ્ઞાનની ભેદસહિત પ્રાપ્તિ હોવાથી.

યોગદ્વારમાં - આહારકવત્ અપ્રથમ છે. જીવ નારકાદિ દંડક વિચારણામાં જે જીવાદિને જે યોગ હોય તે કહેવો. - - - અયોગીમાં જીવ, મનુષ્ય, સિદ્ધ આવે. તે પ્રથમ જ હોય.

ઉપયોગદ્વારમાં - સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત બંને જેમ અનાહારક છે, તેમ કહેવા. તે જીવપદમાં 'પ્રથમ' છે. સિદ્ધ અપેક્ષાએ અપ્રથમ છે, સંસારી અપેક્ષાએ-નારકાદિ વૈમાનિકાંત પદોમાં પ્રથમ નથી પણ અપ્રથમ છે, કેમકે તે અનાદિથી પ્રાપ્ત

છે. સિદ્ધ પદમાં પ્રથમ છે, અપ્રથમ નથી. સાકાર-અનાકારોપયોગમાં સિદ્ધત્વને 'પ્રથમ' છે.

વેદદ્વારમાં - આહારક માફક અપ્રથમ જ છે. જીવાદિ દંડક વિચારણામાં નારકાદિ જેને જે નપુંસકાદિ વેદ હોય, તે તેને કહેવો. - - અવેદક, અકષાયીવત્ કહેવા. જીવ, મનુષ્ય, સિદ્ધ ત્રણે પદોમાંથી પહેલા બે પદમાં કદાચ 'પ્રથમ' હોય છે. કદાચ અપ્રથમ છે. કેમકે અવેદકત્વ પહેલા કે બીજાદિ અપેક્ષાએ છે. 'સિદ્ધ' અપ્રથમ છે.

શરીરદ્વારમાં - આહારક માફક અપ્રથમ જ છે. આહારક શરીરી, સમ્યગ્દૃષ્ટિ માફક કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ છે. આ પ્રથમ અને દ્વિતીયાદિ આહારક શરીરના લાભની અપેક્ષાએ છે. - - અશરીરી જીવ સિદ્ધ કહેવાય, તે 'પ્રથમ' જ છે.

પર્યાપ્તિદ્વારમાં - પાંચ પર્યાપ્તિ વડે પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિ વડે અપર્યાપ્તક, તે આહારકવત્ અપ્રથમ છે. દંડક વિચારણામાં જેને જે પર્યાપ્તિ હોય, તેને તે કહેવી.

હવે પ્રથમ-અપ્રથમ લક્ષણને જણાવે છે - જે ભાવ જીવત્વાદિ વડે જે જીવાદિથી પૂર્વે પ્રાપ્ત હોય, તે જીવાદિ તે ભાવે અપ્રથમ હોય. પૂર્વે જે ભાવ અપ્રાપ્ત હોય, તેનાથી 'પ્રથમ' હોય છે. - x -

હવે પ્રથમ-અપ્રથમ લક્ષણને જણાવે છે - જે ભાવ જીવત્વાદિ વડે જે જીવાદિથી પૂર્વે પ્રાપ્ત હોય, તે જીવાદિ તે ભાવે અપ્રથમ હોય. પૂર્વે જે ભાવ અપ્રાપ્ત હોય, તેનાથી. 'પ્રથમ' હોય છે. - x -

હવે પ્રથમાદિના વિપક્ષરૂપ ચરમાદિત્વ જીવાદિષુ દ્વારમાં જ નિરૂપણ કરતા કહે છે —

જીવ જીવત્વ પર્યાયથી ચરમ છે ? શું જીવત્વના પ્રાપ્તવ્યના ચરમ ભાગે છે, શું જીવત્વને છોડી દે છે. अचरम - અવિધમાન જીવત્વ ચરમ સમય. અર્થાત્ જીવત્વને અત્યંત છોડતો નથી. આ પ્રશ્ન છે —

જીવત્વના અવ્યવચ્છેદથી પ્રાપ્તવ્ય જીવત્વનું અવસાન નથી. - - જે નારક નારકત્વથી ઉદ્વર્તીને ફરી નરકગતિમાં ન જાય, કેમકે સિદ્ધમાં જાય, તે ચરમ અને બીજાને 'અચરમ' જાણવા. આ પ્રમાણે વૈમાનિક સુધી છે. સિદ્ધ, જીવની જેમ અચરમ છે. કેમકે સિદ્ધત્વ ન જાય. બહુવચન દંડક તે પ્રકારે જ છે.

આહારકદ્વારમાં - બધાં જીવાદિ પદોમાં, જે નિર્વસે તે ચરમ બીજા - અચરમ. - - અનાહારક પદે અનાહારકત્વથી જીવ અને સિદ્ધને અચરમ કહેવા. તેમનું અનાહારકત્વ અનંત છે માટે. જીવને સિદ્ધ અવસ્થામાં જ આમ છે, નારકાદિ પદોમાં કદાચ ચરમ, કદાચ અચરમ છે. જે નારકાદિને અનાહારકત્વ ફરી ન પ્રાપ્ત થાય, તે ચરમ, જેને તે ફરી પ્રાપ્ત થાય, તેને તે અચરમ.

ભવ્યદ્વારમાં - ભવ્ય જીવો ભવ્યત્વથી ચરમ છે, સિદ્ધિ ગમનથી ભવ્યત્વની ચરમ પ્રાપ્તિ છે. આ બધાં જ. ભવ સિદ્ધિક જીવો મોક્ષ પામશે જ, એ વચન પ્રામાણ્યથી આ કહેલું છે. - - અભવસિદ્ધિક બધાં જીવાદિ પદોમાં 'ચરમ' નથી, કેમકે અભવ્યને ભવ્યત્વ અભાવ છે. નો ભવ૦ આદિ ઉભય નિષેધથી જીવપદ, સિદ્ધપદમાં અભવસિદ્ધિક



માફક અચરમ, તેના સિદ્ધત્વથી અને સિદ્ધત્વપર્યાય જતો નથી માટે.

સંજ્ઞીદ્વારમાં - કદાચ ચરમ, કદાચ અચરમ છે. એ રીતે અસંજ્ઞી પણ જાણવા. ઉભયનિષેધપણાથી જીવ અને સિદ્ધ અચરમ છે મનુષ્ય ચરમ છે. કેમકે ઉભય નિષેધવાન્ મનુષ્યને કેવલિત્વ પ્રાપ્તિ પછી ફરી મનુષ્યત્વનો લાભ થતો નથી.

લેશ્યાદ્વારમાં - સલેશ્યી, આહારકવત્ કદાચ ચરમ, કદાચ અચરમ. તેમાં જે નિર્વાણ પામે, તે સલેશ્યત્વથી ચરમ, બીજા અચરમ.

દૃષ્ટિદ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ જીવ અને સિદ્ધ અચરમ છે. કેમકે જીવનું સમ્યકત્વ અવશ્ય પડનાર છે, તે સિદ્ધને પતિત ન થાય. નારકાદિ કદાચ ચરમ, કદાચ અચરમ. જે નારકાદિ નારકત્વાદિ સાથે ફરી સમ્યકત્વ ન પામે, તે ચરમ. તે સિવાયના તે અચરમ. - - મિથ્યા દૃષ્ટિ કદાચ ચરમ, કદાચ અચરમ. જે જીવ નિર્વાસે છે, તે મિથ્યાદૃષ્ટિત્વથી ચરમ, તે સિવાયના છે, તે અચરમ છે. નારકાદિમાં જે મિથ્યાત્વયુક્ત નારકત્વ ફરી ન પામે, તે ચરમ અને બીજા અચરમ. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વર્જીને કેમકે તેઓમાં મિશ્ર ન હોય. નારકાદિ દંડકમાં આ મિશ્રાલાપક ન કહેવો. ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિ આલાવામાં એકેન્દ્રિયનું વર્જન જાણવું. બીજે પણ જ્યાં જે ન સંભવે, ત્યાં તે વર્જવું. જેમકે - સંજ્ઞીપદમાં એકેન્દ્રિયાદિ, અસંજ્ઞી પદમાં જ્યોતિષ્કાદિ. - x -

સંયત દ્વારમાં - સંયત જીવ કદાચ ચરમ હોય, કે જેને ફરી સંયમ ન મળે તે. બાકીના અચરમ. મનુષ્યોને પણ આમ જ જાણવા. કેમકે તેને સંયતત્વ છે. આ પ્રમાણે સંયતાસંયત પણ જાણવા. આ પદ ફક્ત જીવ, પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય પદોમાં જ કહેવું. - x - x -

કષાયદ્વારમાં - સકષાયી ભેદ સહિત, જીવાદિ સ્થાનોમાં કદાચ ચરમ, કદાચ અચરમ છે. તેમાં જે જીવો નિર્વાણ પામે તે સકષાયીત્વથી ચરમ છે, બીજા અચરમ છે. નારકાદિમાં જે સકષાયીપણે નારકાદિને ફરી ન પામે તે ચરમ અને બીજા અચરમ. - - અકષાયી, ઉપશાંત મોહાદિ, તે જીવ, મનુષ્ય અને સિદ્ધ છે. તેમાં જીવ અને સિદ્ધ અચરમ છે, કેમકે જીવનું અકષાયીત્વ અવશ્ય પ્રતિપતિત છે. સિદ્ધનું પતિત ન થાય, અકષાયત્વ પ્રાપ્ત મનુષ્ય જે ફરી મનુષ્યત્વ ન પામે, તે ચરમ, જે ફરી પામે તે અચરમ છે.

જ્ઞાનદ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટાંત પ્રાપ્ત અર્થ છે - જીવો અને સિદ્ધો અચરમ છે. જીવને જ્ઞાન પતિત થાય, ફરી પામે માટે અચરમ. સિદ્ધ - અક્ષીણજ્ઞાન ભાવવાળા હોય અચરમ છે. બાકીના જ્ઞાનોપેત નારકત્વાદિને પુનઃ લાભના અસંભવમાં ચરમ, અન્યથા અચરમ. બધાં જીવાદિ સિદ્ધાંતોમાં એકેન્દ્રિયને વર્જીને જાણવું જ્ઞાનભેદ પેક્ષાએ કહે છે - આભિનિબોધિક આદિ. તે કદાચ ચરમ, કદાચ અચરમ છે. તેમાં આભિનિબોધિકાદિ જ્ઞાન, જે કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી. ફરી પ્રાપ્ત ન થાય તે ચરમ અને બીજું અચરમ. જે નારકાદિ જીવને આભિનિબોધિકાદિ જે હોય, તે તેને કહેવું. કેવલજ્ઞાનીને અચરમ કહેવા. - - અજ્ઞાની, ભેદ સહિત કદાચ ચરમ, કદાચ અચરમ હોય, જે ફરી અજ્ઞાન ન પામે તે ચરમ, જે અભવ્ય, જ્ઞાન ન પામે તે અચરમ. - x - x -

હવે ચરમાચરમ લક્ષણ જણાવવા કહે છે — જે નારકાદિ જીવો નારકત્વાદિ જીવત્વથી પડે કે ન પડે, - x - તે, તે ભાવથી તે ભાવાપેક્ષા અચરમ છે. સર્વથા વિરહ જે જીવાદિને જે ભાવથી તે પ્રાપ્ત થાય, તે તે ભાવાપેક્ષાએ તે અચરમ છે. જેને તે ભાવથી સર્વથા વિરહ થાય તે ચરમ.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૨-''વિશાખા'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

ઉદ્દેશા-૧-માં વૈમાનિક વૈમાનિક ભાવથી કદાચ ચરમ, કદાચ અચરમ કહ્યો. વૈમાનિક વિશેષ જે તે ભાવથી ચરમ છે, તે અહીં કહે છે —

● સૂત્ર-૭૨૭ :-

*તે કાળે, તે સમયે વિશાખા નામે નગરી હતી. બહુપુત્રિક ચૈત્ય હતું, સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વજ્રપાણી, પુરંદર૰ આદિ શતક-૧૬, ઉદ્દેશા-૨ મુજબ તે રીતે દિવ્ય યાન વિમાનથી આવ્યો. વિશેષ એ કે — આભિયોગાદિ દેવો હતા. યાવત્ બત્રીશવિધ નાટ્યવિધિ દેખાડી. દેખાડીને યાવત્ પાછો ગયો.*

*ભંતે ! એમ સંબોધી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું — જેમ શતક-૩-માં ઈશાન૰ તેમજ કૂટાગાર દૃષ્ટાંત, તેમજ પૂર્વભવ પૃચ્છા યાવત્ અભિમુખ થઈ ? ગૌતમાદિને સંબોધીને ભગવંત ગૌતમસ્વામીને આમ કહ્યું — હે ગૌતમ ! તે કાળે, તે સમયે આજ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉધાન હતું. તે હસ્તિનાપુર નગરમાં કાર્તિક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. વણિકોમાં અગ્રસ્થાને હતો, તે ૧૦૦૮ વણિકોમાં ઘણાં જ કાર્યોમાં, કારણોમાં કુટુંબમાં૰ એ પ્રમાણે યાવત્ જેમ રાયપ્પસણેઈયમાં ચિત્તસારથી યાવત્ ચક્ષુભૂત હતો. તે ૧૦૦૮ વણિકનું આધિપત્ય કરતો યાવત્ પાલન કરતો હતો. જીવાજીવનો જ્ઞાતા એવો શ્રાવક હતો યાવત્ વિચરતો હતો.*

*તે કાળે, તે સમયે અરહંત મુનિસુવ્રત, આદિકર૰ જેમ શતક-૧૬માં કહ્યું તેમ યાવત્ પધાર્યા, યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, આ વૃત્તાંત જાણીને હર્ષિત, સંતુષ્ટ થયો આદિ શતક-૧૧-માં સુદર્શનમાં કહ્યું, તેમ નીકળ્યો. યાવત્ સેવે છે.*

*ત્યારે તે મુનિસુવ્રત અરહંતે કાર્તિક શ્રેષ્ઠી આદિને ધર્મ કહ્યો, યાવત્ પર્ષદા પાછી ગઈ. - - ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, મુનિસુવ્રત યાવત્ સાંભળીને, અવધારીને હર્ષિત, સંતુષ્ટ થઈ, ઉત્થાનથી ઉઠ્યો. ઉઠીને મુનિસુવ્રત સ્વામીને યાવત્ આમ કહ્યું — ભગવન્ ! એ પ્રમાણે યાવત્ જેમ તમે કહો છો. વિશેષ એ કે — હે દેવાનુપ્રિય ! ૧૦૦૮ વણિકોને પૂછીને, મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, ત્યારપછી હું આપ દેવાનુપ્રિયની પાસે દીક્ષા લેવા (ઈચ્છુ છું). - - યથા સુખં, યાવત્ પ્રતિબંધ ન કરો.*



*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી યાવત્ નીકળે છે. હસ્તિનાપુરે પોતાના નગરમાં, પોતાના ઘેર આવે છે. આવીને ૧૦૦૮ વણિકોને બોલાવે છે. પછી આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! મેં મુનિસુવ્રત અરહંત પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને ઈષ્ટ છે, પ્રતીષ્ઠ છે, રુચેલ છે. હે દેવાનુપ્રિયો ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું. હે દેવાનુપ્રિયો ! તમે શું કરશો ?, કયો વ્યવસાય કરશો ?, તમારા હૃદયમાં શું ઈષ્ટ છે ? તમારું સામર્થ્ય શું છે ? ત્યારે તે ૧૦૦૮ વણિકોએ તેને આમ કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! જો તમે સંસારના ભયથી ઉદ્વિગ્ન છો યાવત્ દીક્ષા લેશો, તો હે દેવાનુપ્રિય ! અમારે બીજા કોનું આલંબન છે ? કોનો આધાર કે પ્રતિબંધ છે ? હે દેવાનુપ્રિય ! અમે પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન, જન્મ-મરણથી ભયભીત છીએ. આપ દેવાનુપ્રિયની સાથે મુનિસુવ્રત અરહંતની પાસે મુંડ થઈને ઘરથી નીકળી, દીક્ષા લઈશું.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠીએ ૧૦૦૮ વણિકોને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! જો તમે સંસારભયથી ઉદ્વિગ્ન અને જન્મ-મરણથી ડરીને મારી સાથે મુનિસુવ્રતસ્વામી પાસે યાવત્ દીક્ષા લેવા ઈચ્છતા હો, તો તમે પોત-પોતાના ઘેર જાઓ, પોતાના ઘરમાં વિપુલ અશન, પાન યાવત્ તૈયાર કરાવો. મિત્ર, જ્ઞાતિજન યાવત્ સમક્ષ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપો. સ્થાપીને, તે મિત્ર, જ્ઞાતિજન યાવત્ મોટા પુત્રને પૂછીને સહસ્રપુરુષવાહિની શીબિકામાં આરૂઢ થઈને, મિત્ર-જ્ઞાતિજન યાવત્-પરિજન અને મોટા પુત્ર દ્વારા સમ્યક્ અનુગમન કરાતા સર્વ ઋદ્ધિ યાવત્ નાદથી કાળક્ષેપ કર્યા વિના, મારી પાસે આવો.*

*ત્યારે તે ૧૦૦૮ વણિકો કાર્તિક શ્રેષ્ઠીના આ અર્થને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને પોત-પોતાના ઘેર આવે છે. આવીને વિપુલ અશન યાવત્ તૈયાર કરાવે છે. કરાવીને મિત્ર, જ્ઞાતિજન યાવત્ તેમની સમક્ષ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપે છે. પછી તે બધાંને પૂછીને, સહસ્ર પુરુષ વાહિની શિબિકામાં આરૂઢ થઈને, મિત્ર-જ્ઞાતિજન યાવત્ પરિજન અને મોટા પુત્ર દ્વારા સમ્યક્ અનુગમન કરાતા સર્વઋદ્ધિ યાવત્ નાદથી, કાળક્ષેપ કર્યા વિના કાર્તિક શ્રેષ્ઠી પાસે આવે છે.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી વિપુલ અશનાદિ૰ ગંગદત્તની માફક યાવત્ મિત્ર, જ્ઞાતિજન યાવત્ પરિજન અને મોટા પુત્ર તથા ૧૦૦૮ વણિકો વડે સમ્યક્ અનુગમન કરાતો સર્વઋદ્ધિ યાવત્ નાદપૂર્વક હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી ગંગદત્ત માફક નીકળી યાવત્ હે ભગવન્ ! આ લોક આદીપ્ત છે, પ્રદીપ્ત છે, આદીપ્ત-પ્રદીપ્ત છે યાવત્ આનુગામિકપણે થશે. તેથી હે ભગવન્ ! હું ઈચ્છુ છું કે ૧૦૦૮ વણિકો સાથે આપ પોતે જ દીક્ષા આપો. યાવત્ ધર્મ કહો.*

*ત્યારે તે મુનિસુવ્રત અરહંત, કાર્તિક શ્રેષ્ઠીને ૧૦૦૮ વણિકો સાથે પોતે જ દીક્ષા આપી અને ધર્મ કહે છે કે — હે દેવાનુપ્રિયો ! આ રીતે જવું, આ રીતે*

ચાલવું યાવત્ સંયમ પાલન કરવું.

ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, ૧૦૦૮ વણિકો સાથે મુનિસુવ્રત અરહંત પાસે આ આવા પ્રકારનો ધર્મોપદેશ સમ્યક્ સ્વીકારે છે. તેમની આજ્ઞા મુજબ જ ચાલે છે યાવત્ સંયમપાલન કરે છે. ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી ૧૦૦૮ વણિકો (અણગાર)સહ અણગાર થયા ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા.

ત્યારે કાર્તિક અણગાર મુનિસુવ્રત અરહંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વોને ભણ્યા, ઘણાં ઉપવાસ-છટ્ઠ-અટ્ઠમ યાવત્ આત્માને ભાવિત કરતાં બહુ પ્રતિપૂર્ણ ૧૨ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખના વડે આત્માને સેવીને, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના કરીને, યાવત્ કાળ કરીને સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં યાવત્ દેવેન્દ્ર શક્રપણે ઉત્પન્ન થયા.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે, ઉત્પન્ન થઈને૦ બાકીનું ગંગદત્તવત્ જાણવું યાવત્ અંત કરશે. વિશેષ એ કે – તેની સ્થિતિ બે સાગરોપમ છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨).

● વિવેચન-૭૨૭ :-

નૈગમ - વ્યાપારી, વણિક. કજ્જ-ગૃહકરણ સ્વજન સન્માન આદિ કૃત્યોમાં. કારણ - ઇષ્ટાર્થ હેતુમાં, કૃષિ પશુપોષણ વાણિજ્યાદિમાં, કુટુંબ - સંબંધ વિશેષવાળું મનુષ્યવૃંદ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું – આના દ્વાર એમ કહે છે કે – મંત્રો, ગુહ્ય, રહસ્ય, વ્યવહાર, નિશ્ચયાદિમાં. પૂછવામાં મેઢીભૂત, આહારમાં આલંબનભૂત, ઇત્યાદિ - x - x - તથા मंत्रेसु - પર્યાલોચનમાં, गुह्येसु - લજ્જાનીય વ્યવહાર ગોપવવામાં, રહસ્ય - એકાંત યોગ્ય, નિશ્ચય - ચોક્કસ નિર્ણય, આપૃચ્છનીય - પૂછવા યોગ્ય, આ શું છે ? મેઢી - ખલક મધ્યવર્તી સ્તંભ, આધારભૂત - x - x - પ્રમાણ - પ્રત્યક્ષાદિ પ્રમાણવત્ તેમની વાત અવિરુદ્ધ હોય. તેમજ કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી. આધાર - આધેય માફક બધા કાર્યોમાં લોકોને ઉપકારી. આલંબન - દોરડાદિની માફક, આપત્તિમાં પડેલને બહાર કાઢે ચક્ષુ - લોચન, તેની માફક લોકની વિવિધ કાર્યમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ વિષયક પ્રદર્શક. ઈત્યાદિ.

## ❁ શતક-૧૮, ઉદ્દેશો-૩-"માકંદીપુત્ર" ❁

— x — x — x — x — x — x —

૦ કાર્તિકની અંતક્રિયા કહી, અહીં પૃથ્વી આદિની વિચારે છે –

● સૂત્ર-૭૨૮ :-

તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું, ગુણશિલક ચૈત્ય હતું. યાવત્ પર્ષદા પાછી ગઈ. - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના યાવત્ શિષ્ય માકંદિકપુત્ર નામે અનગાર, પ્રકૃતિ ભદ્રક જેમ મંડિકપુત્ર યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું –

ભગવન્ ! શું કાપોતલેશ્યી પૃથ્વીકાયિક, કાપોતલેશ્યી પૃથ્વીકાયિકજીવોમાં



મરીને અંતરરહિત મનુષ્ય શરીર પ્રાપ્ત કરે છે ? પછી કેવલબોધિ પામે છે ? પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ યાવત્ દુઃખોનો અંત કરે ? હા, માકંદિકપુત્ર ! યાવત્ (તે રીતે) અંત કરે છે.

ભગવન્ ! તે કાપોતલેશ્યી અપ્કાયિક, કાપોતલેશ્યી અપ્કાયિકથી અનંતર ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામે, પછી કેવલબોધિ પામે પછી યાવત્ દુઃખનો અંત કરે ? હા, માકંદિક પુત્ર ! યાવત્ અંત કરે છે.

ભગવન્ ! કાપોતલેશ્યી વનસ્પતિકાયિક એ રીતે યાવત્ અંત કરે છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, કહી માકંદિકપુત્ર અણગાર શ્રમણ ભગવન્ મહાવીરને યાવત્ નમીને જ્યાં શ્રમણ નિર્ગ્રન્થો છે. ત્યાં આવે છે, આવીને શ્રમણ નિર્ગ્રન્થોને આમ કહે છે – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વીકાય પૂર્વવત્ યાવત્ અંત કરે. હે આર્યો ! કાપોતલેશ્યી અપ્કાયિક યાવત્ અંત કરે. હે કાર્યો ! કાપોતલેશ્યી વનસ્પતિકાયિક યાવત્ એ રીતે અંત કરે છે.

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો માર્કદિક પુત્ર અણગારને આમ કહેતા યાવત્ પ્રરૂપતા, આ અર્થની શ્રદ્ધાદિ કરતા નથી. આ અર્થની અશ્રદ્ધા કરતા, શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને વંદન, નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું – ભગવન્ ! માકંદિક પુત્ર અણગારે અમને આમ કહ્યું યાવત્ પ્રરૂપ્યું – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વીકાયિક યાવત્ અંત કરે છે, હે આર્યો ! કાપોતલેશ્યી અપ્કાયિક યાવત્ અંત કરે છે, એ રીતે વનસ્પતિકાયિક પણ યાવત્ અંત કરે છે. એ કઈ રીતે ?

આર્યો ! એમ સંબોધી ભગવંતે શ્રમણ-નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું – હે આર્યો ! જે માકંદિક પુત્ર અણગારે તમને એમ કહ્યું યાવત્ પ્રરૂપ્યુ કે – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વી-અપ્-વનસ્પતિકાય યાવત્ અંત કરે છે, આ અર્થ સત્ય છે. હે આર્યો ! હું પણ એમ જ કહું છું. હે આર્યો ! નિશ્ચિતપણે કૃષ્ણલેશ્યી પૃથ્વીકાય, કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિકથી યાવત્ દુઃખનો અંત કરે છે, એ પ્રમાણે હે આર્યો ! નીલલેશ્યી પૃથ્વીકાયિક યાવત્ અંત કરે છે. એ રીતે કાપોતલેશ્યી પણ પૃથ્વીકાયિક માફક અપ્કાયિક, વનસ્પતિકાયિક પણ જાણવા. આ અર્થ સત્ય છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, એમ કહી શ્રમણ નિર્ગ્રન્થો ભગવંતને વાંદી, નમીને માકંદિક પુત્ર અણગાર પાસે ગયા, તેને વંદન, નમસ્કાર કર્યા, પછી આ અર્થને માટે સમ્યક્ વિનયપૂર્વક વારંવાર ખમાવ્યા.

● વિવેચન-૭૨૮ :-

जहा मंडियपुत्ते૦ એમ કહીને આ સૂચવે છે - પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પાતળા ક્રોધ-માન-માયા-લોભ આદિ. અહીં પૃથ્વી, અપ્, વનસ્પતિના અનંતર ભવે મનુષ્યત્વ પ્રાપ્તિથી અંતઃક્રિયા સંભવે છે. તેઉ-વાયુમાં ન સંભવે, કેમકે તે બેમાં અનંતર ભવે માનુષત્વ અપ્રાપ્તિથી પૃથ્વી આદિ ત્રણની જ અંતક્રિયાને આશ્રીને કહેલ છે. તેજો-વાયુ કહ્યા નથી. - - અંતક્રિયા કહી, હવે અંતક્રિયામાં નિર્જરતા પુદ્ગલો કહે છે –

● સૂત્ર-૭૨૯ :-

*ત્યારે તે માકંદિકપુત્ર અણગાર ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને વંદે-નમે છે. પછી આમ પૂછ્યું — ભગવન્ ! ભાવિતાત્મા અણગાર સર્વે કર્મોને વેદતા, સર્વે કર્મોને નિર્જરતા ચરમ મરણે મરતા, સર્વ મરણે મરતા, સર્વ શરીર ત્યાગ કરતાં, ચરમ કર્મ વેદતા, ચરમ કર્મ નિર્જરતા, ચરમ શરીર છોડતા, મારણાંતિક કર્મ વેદતા-નિર્જરતા-મરતા, મારણાંતિક શરીર છોડતા, જે ચરમ નિર્જરા પુદ્‌ગલો છે, શું તે સૂક્ષ્મ કહેલ છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! શું તે પુદ્‌ગલ સમગ્ર લોકનું અવગાહન કરીને રહેલ છે ?*

*હા, માકંદિક પુત્ર ! ભાવિતાત્મા અણગારના યાવત્ (ચરમ નિર્જરા પુદ્‌ગલો) લોકને અવગાહીને રહે છે.*

*ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય, તે નિર્જરાપુદ્‌ગલોના અન્યત્વ અને વિવિધત્વને કંઈ પણ જાણે-દેખે ? જેમ પહેલા ઈન્દ્રિય ઉદ્દેશક (પદ)માં કહ્યું તેમ, યાવત્ વૈમાનિક યાવત્ જે તેમાં ઉપયોગયુક્ત છે, તે જાણે-દેખે અને આહારરૂપે ગ્રહે. (પણ ઉપયોગરહિત હોય તે) ન જાણે - ન દેખે. પણ તેને ગ્રહણ કરે. આ પ્રમાણે નિક્ષેપો કહેવો.*

*ભગવન્ ! શું નૈરયિકો નિર્જરાપુદ્‌ગલોને ન જાણે, ન દેખે પણ ગ્રહણ કરે. એ રીતે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહેવા.*

*ભગવન્! મનુષ્ય, નિર્જરા પુદ્‌ગલોને શું જાણે-દેખે-ગ્રહે કે ન જાણે-ન દેખે - ન ગ્રહે? ગૌતમ! કોઈક જાણે-દેખે-ગ્રહે. કોઈક ન જાણે. - ન દેખે - ગ્રહે. ભગવન્! એમ કેમ કહ્યું- x -? ગૌતમ! મનુષ્યો બે ભેદે છે - સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત છે, તે ન જાણે - ન દેખે - ગ્રહે. જે સંજ્ઞીભૂત છે, તે બે ભેદે - ઉપયુક્ત અને અનુપયુક્ત, તેમાં જે અનુપયુક્ત છે, તે ન જાણે - ન દેખે - ગ્રહે. તેમાં જે ઉપયુક્ત છે, તે જાણે - દેખે - ગ્રહે. તેથી ગૌતમ! - x - પૂર્વવત્ કહ્યું.*

*વ્યંતર અને જ્યોતિષ્કને નૈરયિકવત્ જાણવા.*

*ભગવન્ ! વૈમાનિક, તે નિર્જરા પુદ્‌ગલોને શું જાણે ? છ પ્રશ્ન. ગૌતમ ! મનુષ્યવત્ જાણવું. વિશેષ એ કે — વૈમાનિકો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી-સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ૦ છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે. જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૦ છે, તે બે ભેદે - અનંતરોપપન્નક, પરંપરોપપન્નક તેમાં જે અનંતરોપપન્નક છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે. તેમાં જે પરંપરોપપન્નક છે, તે બે ભેદે - પર્યાપ્તા, અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે. તે ન જાણે - ન જુએ - ગ્રહે. જે પર્યાપ્તા છે તે બે ભેદે - ઉપયુક્ત, અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે.*

● વિવેચન-૭૨૯ :-

ભાવિતાત્મા - જ્ઞાનાદિ વડે વાસિત આત્મા. અહીં કેવલી લેવા. તેમના સર્વ



કર્મ-ભવોપગ્રાહીરૂપે - x - છે. વેદયતઃ - પ્રદેશ અને વિપાક અનુભવ વડે અનુભવતો. તેથી સર્વે કર્મ ભવોપગ્રાહી રૂપે જ આત્મપ્રદેશથી ખેરવતો. તથા સર્વાયુ પુદ્‌ગલાપેક્ષા અંતિમ મરણે મરતો, સમસ્ત ઔદારિકાદિ શરીરને છોડતો. આ જ કહે છે —

ચરમ કર્મ્મ - આયુષ્યના ચરમ સમયે વેદેલ, વેદતો અને નિર્જરતો. ચરમાયુ પુદ્‌ગલાપેક્ષાએ મરણ કરતો, ચરમાવસ્થાના શરીરને છોડતો. આ જ વાત પ્રગટ કહે છે — સર્વાયુ લક્ષણ મરણની સમીપે, આયુના ચરમ સમયે થાય તે મારણાંતિક, ભવોપગ્રાહીરૂપે વેદતો, નિર્જરતો. તથા મારણાંતિકાયુ દલિક અપેક્ષાએ મરણ કરતો, શરીર છોડતો, જે સર્વાન્તિમ નિર્જીર્ણકર્મદલિક સૂક્ષ્મ તે પુદ્‌ગલોને ભગવંત વડે પ્રજ્ઞાપેલ છે. - x - x - તેનો ઉત્તર આપે છે.

હા, માકંદિકપુત્ર૦ ઈત્યાદિ. તેને કેવલી જ જાણે. - x - છદ્મસ્થ અહીં નિરતિશય લેવા. आणत्तं - અન્યત્વ, બંને અણગાર સંબંધી જે પુદ્‌ગલો તેનો ભેદ. पाणत्तं - વર્ણાદિ કૃત્ નાનાત્વ 'ઈન્દ્રિય પદ' તે પ્રજ્ઞાપનાનું ૧૫મું પદ, તેનો ઉદ્દેશો-૧- તેમાંથી બાકીનું કહેવું. આ અર્થાતિદેશ છે. તેથી જ્યાં અહીં ''ગોયમ'' કહ્યું ત્યાં 'માકંદિક પુત્ર' એમ વાચવું કેમકે પ્રશ્ન તેણે પૂછેલ છે. તે આ છે — ન્યૂન કે તુચ્છ, ગુરુ કે લઘુ જાણે-જુએ? ગૌતમ! આ અર્થ સમર્થ નથી. કેમ? - x -ગૌતમ! દેવોમાં પણ કેટલાંક તે નિર્જરા પુદ્‌ગલોને - x - જાણે કે જુએ નહીં તેથી હે ગૌતમ! એમ કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે પુદ્‌ગલો ન જાણે - ન જુએ. હે આયુષ્યમાન્ શ્રમણો! તે પુદ્‌ગલો સૂક્ષ્મ છે.

અહીં अवम - ન્યૂન, तुच्छ - નિઃસાર, સૂત્રમાં ''દેવોમાં પણ કેટલાંક'' એમ કહ્યું — કેમકે પ્રાયઃ દેવ, મનુષ્યથી પ્રાયઃ પટુપ્રજ્ઞ હોય. દેવોમાં પણ કોઈ વિશિષ્ટ અવધિજ્ઞાન વિકલ હોય. તેઓ જો નિર્જરા પુદ્‌ગલમાં કંઈ અન્યત્વાદિ ન જાણે, તો મનુષ્ય શું જાણવાના ? પણ વિશિષ્ટ અવધિજ્ઞાનયુક્ત દેવ, જાણે તેમ સમજવું.

યાવત્ વૈમાનિક વડે ઈન્દ્રિયપદનો ઉદ્દેશો-૧-કહ્યો. તેના દ્વારા - x - ૨૪-દંડક સૂચવ્યા. ક્યાં સુધી ? ''જે ઉપયુક્ત હોય'' ત્યાં સુધી. આ દંડક છે - ભગવન્ ! નૈરયિકો શું નિર્જરા પુદ્‌ગલને જાણે-જુએ, ગ્રહણ કરે ? કે નહીં ? બાકી તો લખેલ જ છે. વિશેષ એ કે — જ્યાં आहारयंति - કહ્યું છે, ત્યાં બધે ઓજાહાર જ લેવો. તે શરીર વિશેષથી ગ્રાહ્ય છે, આહારકત્વનો સર્વત્ર-અભાવ છે. લોમાહાર અને પ્રક્ષેપાહારનો ત્વચા અને મુખના ભાવે જ ભાવ છે. - x - x -

મનુષ્ય સૂત્રમાં સંજ્ઞીભૂત વિશિષ્ટ અવધિજ્ઞાની આદિ જ ગ્રહણ કરે કે જે નિર્જરા પુદ્‌ગલો તેમના જ્ઞાનવિષયક હોય. વૈમાનિક સૂત્રમાં વૈમાનિક અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપયુક્તમાં જે વિશિષ્ટ અવધિવાળા જ જાણે. માયીમિથ્યાદૃષ્ટિ ન જાણે.

નિર્જરા પુદ્‌ગલ કહ્યા, તે 'બંધ' હોય તો થાય. માટે 'બંધ' કહે છે —

● સૂત્ર-૭૩૦ :-

*ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? હે માકંદિક પુત્ર ! બે ભેદે — દ્રવ્યબંધ, ભાવબંધ. - - ભગવન્ ! દ્રવ્યબંધ કેટલા ભેદે છે ? માકંદિકપુત્ર ! બે ભેદે - પ્રયોગબંધ, વીસ્રસાબંધ. - - ભગવન્ ! વીસ્રસાબંધ કેટલા ભેદે છે ? માકંદિક*

*પુત્ર ! બે ભેદે - સાદી વીસ્રસાબંધ, અનાદી વીસ્રસાબંધ - - ભગવન્ ! પ્રયોગબંધ કેટલા ભેદે છે ? બે - શિથિલ બંધનબંધ, ઘન બંધનબંધ.*

*ભાવબંધ, ભગવન્ ! કેટલા ભેદે છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલ પ્રકૃતિબંધ, ઉત્તર પ્રકૃતિબંધ. - - ભગવન્ ! નૈરયિકને કેટલા ભેદે ભાવબંધ છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલ પ્રકૃતિબંધ, ઉત્તર પ્રકૃતિબંધ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા ભેદે છે ? માકંદિકપુત્ર ! બે ભેદે - મૂલપ્રકૃતિબંધ, ઉત્તરપ્રકૃતિબંધ. - - ભગવન્ ! નૈરયિકને જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા ભેદે છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલપ્રકૃતિબંધ, ઉત્તરપ્રકૃતિબંધ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. જ્ઞાનાવરણીયના દંડક માફક અંતરાય કર્મના ભેદ કહેવા.*

**● વિવેચન-૭૩૦ :-**

દ્રવ્યબંધ, આગમાદિ ભેદથી અનેકવિધ છે. અહીં કેવળ ઉભય વ્યતિરિક્ત ગ્રહણ કરવો. તે દ્રવ્યથી-સ્નેહરજ્જૂ આદિ દ્રવ્યનો કે પરસ્પર બંધ તે દ્રવ્યબંધ. ભાવબંધ, આગમાદિ ભેદથી બે પ્રકારે - તે અહીં નોઆગમથી ગ્રહણ કરવો. તેમાં ભાવથી - મિથ્યાત્વાદિ ભવ અથવા ઉપયોગભાવથી અવ્યતિરેકથી જીવનો બંધ. પ્રયોગબંધ - જીવપ્રયોગ વડે દ્રવ્યોનું બંધન. વિસ્રસા એટલે સ્વભાવથી. સાદિ વિસ્રસાબંધ - વાદળોનો, અનાદિ વિસ્રસાબંધ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયાદિનો. શિથિલબંધન - ઘાસના પૂળાદિનો, ઘનવિસ્રસાબંધ-રથ ચક્રાદિનો. - - કર્માધિકારથી આ કહે છે –

**● સૂત્ર-૭૩૧ :-**

*ભગવન્ ! જીવે પાપકર્મ કર્યું છે યાવત્ કરશે, તેમાં પરસ્પર કોઈ ભેદ છે ? હા, છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? માકંદિકપુત્ર ! જેમ કોઈ પુરુષ ધનુષ્‌ને ગ્રહણ કરે, પછી બાણ ગ્રહણ કરે, સ્થાનથી ઉભો રહે બાણને કાન સુધી ખેંચે, તે બાણને ઉંચે આકાશમાં ફેંકે, તો હે માકંદિકપુત્ર ! આકાશમાં ફેંકેલ તે બાણના કંપનમાં ભેદ છે યાવત્ તે તે ભાવે પરિણમન કરે તેમાં ભેદ છે ? હા, ભગવન્ ! તેના કંપનમાં યાવત્ પરિણમનમાં પણ ભેદ છે. હે માકંદિકપુત્ર ! તેથી કહ્યું કે યાવત્ તેમાં ભેદ છે.*

*નૈરયિકો જે પાપકર્મ કરે છે ? પૂર્વવત્ યાવત્ વૈમાનિકમાં છે.*

**● વિવેચન-૭૩૧ :-**

एयइ - કંપે છે. - x - नानात्वं - અકંપન અવસ્થા અપેક્ષાએ ભેદ. યાવત્ શબ્દથી વિશેષ કંપે છે આદિ જાણવું - જેમ બાણને ઉંચે ફેંકતા કંપનાદિથી ભેદ છે, એ પ્રમાણે કર્મના કૃતત્વ, ક્રિયમાણત્વ અને કરિષ્યમાણત્વરૂપ તીવ્ર-મંદ પરિણામ ભેદથી, તેને અનુરૂપ કાર્યકારિત્વરૂપ ભેદો જાણવા. - - અનંતર કર્મ કહ્યા. તે પુદ્ગલ રૂપ છે તેથી પુદ્ગલ –



**● સૂત્ર-૭૩૨ :-**

*ભગવન્ ! નૈરયિકો, જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે, ભગવન્ ! તે પુદ્ગલોનો કેટલો ભાગ ભાવિકાળમાં આહારરૂપે ગૃહિત થાય છે. કેટલો ભાગ નિર્જરે છે ? માકંદિક પુત્ર ! અસંખ્યાતમો ભાગ આહાર કરે છે, અનંત ભાગ નિર્જરે છે (છોડે છે.) - - ભગવન્ ! કોઈ જીવ તે નિર્જરા પુદ્ગલોમાં બેસવા યાવત્ સુવા માટે સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. આ પુદ્ગલો અનાધાર રૂપ કહ્યા છે. વૈમાનિક સુધી આમ કહેવું.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૩૨ :-**

सेयकालंसि - ગ્રહણ પછીના ભવિષ્યકાળે. ગૃહીત પુદ્ગલના અસંખ્યાતમા ભાગે આહાર કરે છે, ગૃહીતનો જ અનંતભાગ મૂત્રાદિવત્ છોડે છે. चक्किय - સમર્થ છે ? જેના વડે આધાર કરાય તે આધરણ, તેનો નિષેધ અનાધારણ - આધાર આપવાને સમર્થ. આમ જિનેશ્વરે કહ્યું છે.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૪-''પ્રાણાતિપાત'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩-ને અંતે નિર્જરા પુદ્ગલમાં બેસવું આદિ પદથી અર્થ થકી પરિભોગ વિચાર્યો. અહીં પ્રાણાતિપાતાદિ વિચારે છે –

**● સૂત્ર-૭૩૩ થી ૭૩૫ :-**

*[૭૩૩] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ ગૌતમસ્વામીએ આમ પૂછ્યું – ભગવન્ ! પ્રાણાતિપાત, મૃષાવાદ, યાવત્ મિથ્યાદર્શનશલ્ય અને પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિરમણ, પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય - શરીરરહિત જીવ - પરમાણુપુદ્ગલ, શૈલેશીપ્રતિપન્ન અણગાર અને સર્વે બાદર બોંદિધર કલેવર, આ બધાં બે પ્રકારે છે - જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. ભગવન્ ! શું આ બધાં જીવના પરિભોગમાં આવે ?*

*ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ આ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય કેટલાંક જીવોને પરિભોગપણે જલ્દી આવે છે, કેટલાંક જીવોને યાવત્ નથી આવતા. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - ?*

*ગૌતમ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય, પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, બધાં બાદર બોંદિધર કલેવર, આ બધાં જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય બે ભેદે છે, તે જીવના પરિભોગમાં જલ્દી આવે છે. પણ પ્રાણાતિપાત વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય યાવત્ પરમાણુ પુદ્ગલ શૈલેશી પ્રતિપન્ન અણગાર. આ બધાં જીવદ્રવ્ય-અજીવદ્રવ્ય બે ભેદે છે, તે જીવના પરિભોગમાં જલ્દી નથી આવતા, તેથી એમ કહ્યું કે યાવત્ જલ્દી આવતા નથી.*

*[૭૩૪] ભગવન્ ! કષાય કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. અહીં*

*કષાયપદ સંપૂર્ણ કહેવું યાવત્ લોભથી નિર્જરશે.*

*ભગવન્ ! યુગ્મ કેટલા છે ? ગૌતમ ! ચાર યુગ્મ છે - કૃતુયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે રાશિ ચતુષ્કથી અપહાર કરતા શેષ ચાર રહે, તે કૃતયુગ્મ. જેમાં રાશી ચતુષ્કથી અપહાર કરતા શેષ ત્રણ રહે તે ત્ર્યોજ, જેમાં રાશી ચતુષ્ક અપહાર કરતા શેષ બે રહે, તે દ્વાપરયુગ્મ, જેમાં રાશી ચતુષ્ક અપહાર કરતા એક શેષ વધે. તે કલ્યોજ છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું યાવત્ કલ્યોજ.*

*ભગવન્ ! નૈરયિક, શું કૃત્યુગ્મ કે યાવત્ કલ્યોજ છે ? ગૌતમ ! જઘન્યપદમાં કૃતયુગ્મ, ઉત્કૃષ્ટપદમાં ત્ર્યોજ, અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃતયુગ્મ યાવત્ કલ્યોજ છે. સ્તનીતકુમાર સુધી કહેવું.*

*વનસ્પતિકાયિકની પૃચ્છા. ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ પદમાં અપદ છે. અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચ કૃતયુગ્મ યાવત્ કલ્યોજ.*

*બેઈન્દ્રિયની પૃચ્છા. ગૌતમ ! જઘન્યપદે કૃતયુગ્મ, ઉત્કૃષ્ટ પદે દ્વાપરયુગ્મ, અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. એ પ્રમાણે યાવત્ ચતુરિન્દ્રિય શેષ એકેન્દ્રિયો, બેઈન્દ્રિયવત્ કહેવા. પંચેન્દ્રિય તિર્યંચયોનિક યાવત્ વૈમાનિક, નૈરયિકવત્ કહેવા. સિદ્ધો, વનસ્પતિકાયિક માફક કહેવા.*

*ભગવન્ ! સ્ત્રીઓ શું કૃતયુગ્મ છે ? પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય પદે કૃતયુગ્મ, ઉત્કૃષ્ટપદે કદાચ કૃતયુગ્મ, અજઘન્યોત્કૃષ્ટપદે કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. આ પ્રમાણે અસુરકુમારની સ્ત્રીઓ યાવત્ સ્તનિતકુમારની સ્ત્રીઓ જાણવી. એ પ્રમાણે તિર્યંચયોનિક સ્ત્રીઓ અને માનુષી સ્ત્રીઓ, એ પ્રમાણે યાવત્ વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવી જાણવી.*

*[૭૩૫] ભગવન્ ! જેટલા અલ્પાયુવાળા અંધકવૃષ્ણી ભવ છે તેટલાં જ ઉત્કૃષ્ટાયુવાળા અંધકવૃષ્ણી જીવ છે ? હાં, ગૌતમ ! જેટલા અલ્પ આયુવાળા અંધકવૃષ્ણી જીવ છે, તેટલા ઉત્કૃષ્ટ૦ વાળા છે. ભગવન્ ! તેમજ છે.*

**● વિવેચન-૭૩૩ થી ૭૩૫ :-**

असरीरपडिबद्ध - સર્વ શરીર ત્યજેલ જીવ, बायरबोंदिधरा कलेवर - સ્થૂલાકાર ધારી, સૂક્ષ્મ નહીં નિશ્ચેતન દેહ અથવા બાદરાકારધારી કડેવરથી અવ્યતિરેકથી. કડેવર એટલે બેઈન્દ્રિયાદિ જીવો.

આ પ્રાણાતિપાતાદિ સામાન્યથી બે ભેદે છે, પ્રત્યેક નહીં. તેમાં પૃથ્વીકાયાદિ જીવ દ્રવ્યો છે, પ્રાણાતિપાતાદિ જીવદ્રવ્યો નથી, તેના ધર્મો છે. તેથી અજીવદ્રવ્યો ધર્માસ્તિકાયાદિ - x - છે. જીવોના પરિભોગમાં આવે છે અર્થાત્ જીવો વડે ભોગવાય છે. તેમાં પ્રાણાતિપાતાદિ જ્યારે કરે, ત્યારે તેને પ્રવૃત્તિરૂપે સેવે છે, તેથી તેનો પરિભોગ છે અથવા ચારિત્રમોહનીય કર્મદલિક ભોગહેતુથી તેમના ચારિત્ર મોહાનુભોગ તે પ્રાણાતિપાતાદિ પરિભોગ કહેવાય. પૃથ્વી આદિનો પરિભોગ ગમન-શોચનાદિ વડે છે.



પ્રાણાતિપાતાવિરમણાદિનો પરિભોગ નથી, વધાદિ વિરતિરૂપત્વથી, તેમના જીવસ્વરૂપત્વથી છે. ધર્માસ્તિકાયાદિનો - x - x - તેના અનુપયોગથી પરિભોગ નથી. પરિભોગ કષાયથી થાય, તેથી કષાય —

કષાય પદ પ્રજ્ઞાપનાનું ૧૪-મું પદ છે. તે આ રીતે — ક્રોધ કષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય ઈત્યાદિ - x - x -

અહીં નારકાદિને આઠે કર્મો ઉદયમાં વર્તે છે. ઉદયવર્તીનું અવશ્ય નિર્જરણ થાય. તેઓ કષાયોદયવર્તી છે, તેથી કષાયોદયે કર્મ નિર્જરાના ભાવથી ક્રોધાદિ વડે વૈમાનિકના આઠ કર્મોની નિર્જરા કહી છે.

અનંતર કષાય નિરૂપણ કર્યુ. તે ચાર સંખ્યાથી કૃતયુગ્મ લક્ષણ સંખ્યા વિશેષ કહેવા. તેથી હવે યુગ્મ સ્વરૂપ પ્રતિપાદન કરે છે —

ગણિત પરિભાષાથી સમરાશિને યુગ્મ કહે છે. વિષમને ઓજ કહે છે. અહીં બે રાશીને યુગ્મ, બે રાશીને ઓજ શબ્દથી કહેવી. - x - ચારે યુગ્મ તે રાશી છે. તેમાં कडजुम्म - કૃત એટલે સિદ્ધ, પૂર્ણ. પછી બીજી રાશિ-સંજ્ઞાતર અભાવે, ઓજ વગેરેવત્ અપૂર્ણ છે જે તે યુગ્મ-સમરાશિ વિશેષ તે કૃતયુગ્મ. ત્ર્યોજ-ત્રણ વગેરેથી જ કૃતયુગ્મથી કે ઉપરિવર્તી વડે ઓજ-વિષમ રાશિ વિશેષ તે ત્ર્યોજ. બે આદિથી જ કૃત્યુગ્મથી ઉપરીવર્તી જે બીજું યુગ્મ તે દ્વાપરયુગ્મ. કલ્યોજ - એકાદિ, ઓજ-વિષમરાશિ વિશેષ, તે કલ્યોજ.

જે રાશિ ચતુષ્કથી અપહાર દ્વારા અપહાર કરાતા ચાર શેષ વધે તે કૃતયુગ્મ કહેવાય છે. જે રાશિમાં 'ચાર'પણાથી ચતુષ્ક અપહાર નથી, તે પણ 'ચાર' અંતપણાના સદ્‌ભાવથી કૃતયુગ્મ જ છે.

અનંતર કૃતયુગ્માદિ રાશિ પ્રરૂપી. હવે તેના વડે જ નારકાદિને પ્રરૂપતા કહે છે — અત્યંત અલ્પપણાથી જઘન્યપદમાં કૃતયુગ્મસંજ્ઞિત. સર્વોત્કૃષ્ટતામાં ત્ર્યોજ સંજ્ઞિત, મધ્યમ પદમાં ચારે છે. આ બધું આજ્ઞા પ્રામાણ્યથી જાણવું. વનસ્પતિકાયિક જઘન્યોત્કૃષ્ટ પદે 'અપદ' છે. કેમકે તેનો અભાવ છે. નારકાદિને કાલાંતરે પણ જે જઘન્યોત્કૃષ્ટ પદ પ્રાપ્ત થતું નથી, તેમ વનસ્પતિમાં પણ જાણવું. તેઓના પરંપરાથી સિદ્ધિગમન વડે, તે રાશિ અનંતત્વના અપરિત્યાગથી અનિયતરૂપથી આમ કહ્યું. - x - x -

જીવ પરિણામ અધિકારથી આ કહે છે — वर - અર્વાક્ ભાગવર્તી, આયુષ્યની અપેક્ષાએ અલ્પાયુષ્ક. अंधगवण्हि - अंह्रिप - વૃક્ષ, તેનો આશ્રય કરીને રહેતો અગ્નિ અર્થાત્ બાદર તેજસ્કાયિક, બીજા કહે છે - अंधक - અપ્રકાશક, સૂક્ષ્મનામકર્મો-દયાદિથી, वह्नि એટલે અગ્નિ અર્થાત્ સૂક્ષ્મ અગ્નિકાયિક જીવ. तावइय - તેટલા પરિમાણમાં, पर - પ્રકૃષ્ટ, સ્થિતિથી દીર્ઘાયુષ્ય.

## ❀ શતક-૧૮, ઉદ્દેશ-૫-"અસુરકુમાર" ❀

— x — x — x — x — x — x —

૦ ચોથા ઉદ્દેશકને અંતે તેઉકાયની વક્તવ્યતા કહી, તે ભાસ્વર જીવો છે. તેથી અહીં ભાસ્વરજીવ વિશેષ વક્તવ્યતા કહે છે —

● સૂત્ર-૭૩૬ :-

*ભગવન્ ! બે અસુરકુમાર દેવ, એક જ અસુરકુમારાવાસમાં અસુરકુમાર દેવરૂપે ઉત્પન્ન થયા. તેમાં એક અસુરકુમાર દેવ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતો, બીજો અસુરકુમાર દેવ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ ન હતો. હે ભગવન્ ! આવું કેમ હોય ?*

*ગૌતમ ! અસુરકુમાર દેવો બે ભેદે છે - વૈક્રિયશરીરી અને અવૈક્રિય શરીરી. તેમાં જે વૈક્રિયશરીરી અસુરકુમાર દેવ છે, તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે, જે અવૈક્રિય શરીરી અસુરકુમાર દેવ છે, તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી. - - ભગવન્ ! આવું કેમ કહો છો ?*

*ગૌતમ ! જેમ, આ મનુષ્યલોકમાં કોઈ બે પુરુષ હોય, તેમાંથી એક પુરુષ અલંકૃત્, વિભૂષિત હોય અને એક પુરુષ અલંકૃત્, વિભૂષિત ન હોય. ગૌતમ ! આ બંને પુરુષોમાં કયો પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે અને કયો પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી, જે પુરુષ અલંકૃત્ અને વિભૂષિત છે તે કે અલંકૃત્, વિભૂષિત નથી તે ? - - ભગવન્ ! તેમાં જે પુરુષ અલંકૃત્ અને વિભૂષિત છે, તે પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે, જે અલંકૃત્, વિભૂષિત નથી તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી, તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! બે નાગકુમાર દેવો છે, એક નાગકુમાર૰ ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ સ્તનિતકુમાર. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક આમ જ છે.*

● વિવેચન-૭૩૬ :-

વેઉવ્વિયસરીર - વિભૂષિત શરીર. - x - x -

● સૂત્ર-૭૩૭ :-

*ભગવન્ ! બે નૈરયિક, એક જ નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થયા, તેમાં એક નૈરયિક મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો છે અને એક નૈરયિક અલ્પકર્મવાળો યાવત્ અલ્પ વેદનાવાળો છે. આમ કેમ ?*

*ગૌતમ ! નૈરયિક બે ભેદે છે - માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી સમ્યક્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયીમિથ્યાદૃષ્ટિ૰ છે તે નૈરયિક મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો છે, તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૰ નૈરયિક અલ્પકર્મવાળા યાવત્ અલ્પ વેદનાવાળા છે.*

*ભગવન્ ! બે અસુરકુમાર ? પૂર્વવત્. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય વર્જીને વૈમાનિક સુધી કહેવું.*

● વિવેચન-૭૩૭ :-

'મહાકર્મવાળા' અહીં યાવત્ શબ્દથી મહાક્રિયાવાળા, મહાઆશ્રવવાળા જાણવું. અહીં એકેન્દ્રિયાદિ વર્જન કર્યુ કેમકે તેમાં માયી૰ અમાયી૰ વિશેષણ યોજાતું નથી. - - નારકાદિ વક્તવ્યતા કહી, તે આયુષ્ક પ્રતિસંવેદનાવાળા છે. તેથી આયુ કથન —

12/12



● સૂદ્-૭૩૮,૭૩૯ :-

*[૭૩૮] ભગવન્ ! નૈરયિક, અનંતર ઉદ્વર્તીને જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, ભગવન્ ! તે કયુ આયુ સંવેદે છે ?*

*ગૌતમ ! તે નૈરયિકાયુ પ્રતિસંવેદે છે અને પંચેન્દ્રિય તિર્યંચાયુને સન્મુખ કરીને રહે છે. આ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું. વિશેષ એ કે — તે મનુષ્યાયુને સન્મુખ કરીને રહે છે.*

*ભગવન્ ! અસુરકુમાર ઉદ્વર્તીને અનંતર જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે ? પ્રશ્ન. ગૌતમ ! તે અસુરકુમારાયુ પ્રતિસંવેદે છે અને પૃથ્વીકાયિકાયુને સન્મુખ કરીને રહે છે - - એ પ્રમાણે જે જેમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તેને સન્મુખ કરીને રહે છે અને જ્યાં રહ્યો હોય, તે આયુને પ્રતિસંવેદે છે. આમ વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે - પૃથ્વીકાયિક જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે પૃથ્વીકાયિકાયુ પ્રતિસંવેદે છે અને અન્ય પૃથ્વીકાયિકાયુને ઉદયાભિમુખ કરીને રહે છે. આ પ્રમાણે યાવત્ મનુષ્ય સ્વસ્થાનમાં ઉત્પાદ કહેવો. પરસ્થાને પૂર્વવત્.*

*[૭૩૯] ભગવન્ ! બે અસુરકુમારો એક અસુરકુમારાવાસમાં અસુરકુમાર દેવપણે ઉપજ્યા. તેમાં એક અસુરકુમાર દેવ - "હું ઋજુરૂપથી વિકુર્વણા કરીશ", એમ વિચારે. તે ઋજુરૂપ વિકુર્વે. જો વક્રરૂપ વિકુર્વવાને ઈચ્છે તો વક્રરૂપ વિકુર્વે. તે જે રૂપ વિકુર્વવા ઈચ્છે, તેવું વિકુર્વે. (જ્યારે) બીજો અસુરકુમાર દેવ ઋજુરૂપ વિકુર્વવા ઈચ્છે, તો વક્રરૂપ વિકુર્વી દે અને વક્રરૂપ વિકુર્વવા ઈચ્છે તો ઋજુરૂપ વિકુર્વી દે, જ્યાં જે ઈચ્છે, ત્યાં તેવું રૂપ વિકુર્વી શકતો નથી.*

*ભગવન્ ! આવું કેમ બને ? ગૌતમ ! અસુરકુમાર દેવો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ૰ અસુરકુમાર દેવ છે, તે ઋજુ વિકુર્વવા જતાં વક્ર રૂપ વિકુર્વે છે, યાવત્ તે રૂપે વિકુર્વી શકતો નથી. તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૰ અસુરકુમાર દેવ છે, તે ઋજુ રૂપ વિકુર્વવા ઈચ્છતાં ઋજુ જ વિકુર્વે યાવત્ તે વિકુર્વે.*

*ભગવન્ ! બે નાગકુમારો૰ ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક જાણવા. ભગવન્ ! તેમજ છે.*

● વિવેચન-૭૩૮,૭૩૯ :-

નૈરયિકાદિ વ્યક્ત જ છે. - - પૂર્વે આયુ પ્રતિસંવેદના કહી. હવે તેની વિશેષ વક્તવ્યતા કહે છે — ભગવન્ ! બે અસુરકુમારાદિ૰ *[અહીં વૃત્તિ સ્વયં સ્પષ્ટ છે, કોઈ વિશેષતા નથી, માટે નોંધેલ નથી.]*

## ❀ શતક-૧૮, ઉદ્દેશ-૬-"ગુડવર્ણાદિ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૫-માં અસુરાદિની સચેતનની અનેક સ્વભાવતા કહી, છટ્ઠામાં ગોળ-આદિ અચેતન-સચેતનની વિચારાય છે —

● સૂત્ર-૭૪૦ :-

*ભગવન્ ! ફાણિત ગોળ કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળો ? ગૌતમ ! આ વિષયમાં બે નયો છે – નિશ્ચયનય, વ્યવહારિકનય. વ્યવહારિક નયથી ફાણિત ગોળ મધુર રસવાળો છે, નૈશ્ચયિક નયથી ગોળ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળો છે.*

*ભગવન્ ! ભ્રમર કેટલા વર્ણાદિથી છે ? ગૌતમ ! અહીં બે નય છે – નિશ્ચયનય, વ્યવહારનય. વ્યવહારનયથી ભ્રમર કાળો છે, નિશ્ચય નયથી પાંચવર્ણ યાવત્ આઠ સ્પર્શવાળો છે.*

*ભગવન્! પોપટની પાંખ કેટલા વર્ણાદિયુક્ત છે? પૂર્વવત્. વિશેષ આ – વ્યવહાર નયથી પોપટની પાંખ લીલી છે. નિશ્ચય નયથી પાંચવર્ણનો છે. બાકી પૂર્વવત્. - - આ રીતે આ અભિલાપથી મજીઠ લાલ છે, હળદર પીળી છે, શંખ શ્વેત છે, કોષ્ઠ સુરભિગંધ નથી. મૃતકશરીર દુરભિગંધ છે, લીંમડો કડવો છે, સુંઠ તીખી છે, કપિત્થ કાષાયિક છે, આંબલી ખાટી છે, ખાંડ મધુર છે, વજ કર્કશ છે, માખણ મૃદુ છે, લોઢું ભારે છે, ઉલુકપત્ર હલ્કા છે, હિમ શીત છે, અગ્નિકાય ઉષ્ણ છે, તેલ સ્નિગ્ધ છે. - - - ભગવન્! રાખ? પ્રશ્ન. ગૌતમ! એમાં બે નય છે. - x - વ્યવહારથી રુક્ષ, નિશ્ચયથી પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શવાળી છે.*

● વિવેચન-૭૪૦ :-

ફાણિયગુલ - ઢીલો ગોળ, ગોડ્ડ - ગૌલ્ય-મધુર રસ સહિત. વવહાર - લોક પ્રસિદ્ધ વ્યવહાર, - x - નિશ્ચયથી પંચવર્ણી પરમાણુ હોય.

● સૂત્ર-૭૪૧ :-

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કેટલા વર્ણ યાવત્ સ્પર્શવાળા છે ? ગૌતમ ! એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ. - - ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિનો છે ? ગૌતમ ! કદાચ એક વર્ણ-કદાચ બે વર્ણ. કદાચ એક ગંધ-કદાચ બે, કદાચ એક રસ- કદાચ બે, કદાચ બે સ્પર્શ-કદાચ ત્રણ - કદાચ ચાર સ્પર્શ. એ રીતે ત્રિપ્રદેશિક સ્કંધ પણ જાણવું. વિશેષ એ કે - કદાચ એક વર્ણ - બે વર્ણ કે ત્રણ વર્ણ, એ પ્રમાણે રસાદિમાં પણ જાણવું. બાકી બધું દ્વિપ્રદેશિક સ્કંધ મુજબ જાણવું. એ પ્રમાણે ચતુ પ્રદેશિક સ્કંધ છે. વિશેષ એ કે - કદાચ એક વર્ણ યાવત્ ચાર વર્ણ, બાકી પૂર્વવત્ એ પ્રમાણે પંચપ્રદેશિક સ્કંધ જાણવો વિશેષ એ કે - કદાચ એકવર્ણ યાવત્ પાંચ વર્ણ, એ પ્રમાણે રસાદિમાં પણ જાણવું. ગંધ-સ્પર્શ તે મુજબ જ. પંચપ્રદેશિક કહ્યો એ રીતે યાવત્ અસંખ્યપ્રદેશિક સ્કંધ કહેવો.*

*ભગવન્ ! સૂક્ષ્મ પરિણત અનંતપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? પૂર્વવત્ બધું કહેવું. - - ભગવન્ ! બાદર પરિણત અનંત પ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? ગૌતમ ! કદાચ એક વર્ણ યાવત્ પંચવર્ણ, કદાચ એક કે બે ગંધ, કદાચ એક યાવત્ પાંચ રસ, કદાચ ચાર સ્પર્શ યાવત્ આઠ સ્પર્શવાળો છે.*



● વિવેચન-૭૪૧ :-

અહીં વર્ણ-ગંધ-રસમાં ક્રમશઃ પાંચ-બે-પાંચ ભેદો છે. બે સ્પર્શ :- સ્નિગ્ધ-રૂક્ષ, શીત-ઉષ્ણ, એમ પરસ્પર અવિરુદ્ધ સ્પર્શયુક્ત. અહીં ચાર વિકલ્પ થશે. શીત-સ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ.

દ્વિપ્રદેશિક - બંને પ્રદેશના એક વર્ણથી એક વર્ણી, અહીં પાંચ વિકલ્પો છે. પ્રત્યેક પ્રદેશ વર્ણાન્તરના ભાવથી બે વર્ણ હોય. અહીં દશ ભેદો થશે. એ પ્રમાણે ગંધાદિમાં જાણવું. બે સ્પર્શ - બે પ્રદેશના શીત-સ્નિગ્ધત્વ આદિ ભાવથી, અહીં ચાર વિકલ્પો થાય. કદાચ ત્રણ સ્પર્શ-અહીં ચાર વિકલ્પ, તેમાં બંને પ્રદેશના શીત ભાવથી, એકનો સ્નિગ્ધ ભાવ - બીજાનો રૂક્ષ ભાવ, ઈત્યાદિ - x - x - આ જ ન્યાયે બે પ્રદેશના રૂક્ષ ભાવથી ચાર વિકલ્પો. અહીં દેશથી શીત, દેશથી ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ વચનથી. - x -

સૂક્ષ્મ પરિણામ૰ આદિ અનંતપ્રદેશિક બાદર પરિણામી સ્કંધ પણ હોય, બે અણુ આદિ તો સૂક્ષ્મ પરિણામ જ છે, તેથી અનંતપ્રદેશી સ્કંધ સૂક્ષ્મ પરિણામત્વથી વિશેષિત કર્યો. તેમાં આદ્ય ચાર સ્પર્શો સૂક્ષ્મ, બાદર અને અનંતપ્રદેશિક સ્કંધમાં હોય છે. - મૃદુ, કઠિન, ગુરુ અને લઘુ.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૭-"કેવલી" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશો-૬-માં નયવાદી મતને આશ્રીને વસ્તુ વિચારી, સાતમાં અન્યતીર્થિક મત આશ્રીને તે વિચારીએ છીએ –

● સૂત્ર-૭૪૨ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું – ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - કેવલી યક્ષાવેશથી આવિષ્ટ હોય ત્યારે બે ભાષાઓ બોલે છે - મૃષા, સત્યામૃષા. ભગવન્ ! એ કેવી રીતે બને ? ગૌતમ ! જે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ તે મિથ્યા કહે છે, ગૌતમ ! હું એમ કહું છું કે – કેવલી યક્ષાવેશથી આવિષ્ટ થતાં નથી. કેવલી યક્ષાવેશથી આવિષ્ટ થઈને મૃષા કે સત્યામૃષા ભાષા બોલતા નથી. કેવલી અસાવદ્ય, અપરોપઘાતિક એવી બે ભાષા બોલે – સત્ય, અસત્યા-અમૃષા.*

● વિવેચન-૭૪૨ :-

જક્ખાએસેણં - દેવના આવેશથી અધિષ્ઠીત. કેવલી અનંત વીર્યવાળા હોવાથી યક્ષાવેશથી આવિષ્ટ ન થાય. અણ્ણાત્તિટ્ઠ - પરવશીકૃત્. સત્યાદિ બે ભાષા બોલતા કેવલી ઉપધિ, પરિગ્રહ, પ્રણિધાનાદિ વસ્તુ ભાખે –

● સૂત્ર-૭૪૩ :-

*ભગવન્ ! ઉપધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - કર્મોપધિ, શરીરોપધિ, બાહ્ય ભાંડ માત્રોપકરણ ઉપધિ. - - ભગવન્ ! નૈરયિકો વિશે પ્રશ્ન - ગૌતમ ! બે ભેદે ઉપધિ છે – કર્મોપધિ, શરીરોપધિ. એકેન્દ્રિયોને છોડીને*

વૈમાનિક પર્યન્ત બાકી બધાંને ત્રણ પ્રકારે ઉપધિ છે. એકેન્દ્રિયોને બે ભેદે ઉપધિ છે તે આ - કર્મોપધિ અને શરીરોપધિ.

ભગવન્ ! ઉપધિ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - સચિત, અચિત, મિશ્ર. એ પ્રમાણે નૈરયિકની પણ છે, એ રીતે વૈમાનિક સુધી બધું કહેવું.

ભગવન્ ! પરિગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. - કર્મ પરિગ્રહ, શરીર પરિગ્રહ, બાહ્ય ભાંડ માત્રોપકરણ પરિગ્રહ. - - ભગવન્ ! નૈરયિકોને ? ઉપધિની માફક પરિગ્રહના પણ બે દંડકો કહેવા.

ભગવન્ ! પ્રણિધાન કેટલાં ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - મનપ્રણિધાન, વચનપ્રણિધાન, કાયપ્રણિધાન. - - ભગવન્ ! નૈરયિકોને કેટલા ભેદે પ્રણિધાન છે ? પૂર્વવત્ યાવત્ સ્તનિતકુમાર. પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! એક જ કાય પ્રણિધાન. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી છે. બેઈન્દ્રિયોની પૃચ્છા. ગૌતમ ! બે પ્રણિધાન-વચન પ્રણિધાન, કાયપ્રણિધાન. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી કહેવું. બાકીના વૈમાનિક સુધીનાને ત્રણ પ્રણિધાન છે.

ભગવન્ ! દુષ્પ્રણિધાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - મનઃદુષ્પ્રણિધાનાદિ, પ્રણિધાનમાં કહ્યા મુજબ દંડક અહીં પણ કહેવા.

ભગવન્ ! સુપ્રણિધાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે - મનઃસુપ્રણિધાન, વચનસુપ્રણિધાન, કાયસુપ્રણિધાન. ભગવન્ ! મનુષ્યને કેટલાં સુપ્રણિધાન છે ? પૂર્વવત્. વૈમાનિક સુધી આમ કહેવું.

ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે ત્યારપછી શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ બાહ્ય જનપદમાં વિચરે છે.

● વિવેચન-૭૪૩ :-

ઉપધિ - જેનાથી આત્મા શુભાશુભગતિમાં સ્થિર કરાય તે. बाहिरभंडमत्त० બાહ્ય-કર્મ, શરીર સિવાયના. જે ભાંડ-માત્ર-ઉપકરણ તે રૂપ ઉપધિ, તે. તેમાં ભાંડ-માત્ર વાસણરૂપ છે. ઉપકરણ-વસ્ત્રાદિ એકેન્દ્રિયોને ભાંડ-માત્ર ન હોય. તેમના સિવાયના જીવાતે ત્રિવિધ ઉપધિ છે.

सच्चित्त - શરીરાદિ સચિત્ત દ્રવ્યો, એ પ્રમાણે નૈરયિકોને પણ એમ કહીને આમ સૂચવે છે — ભગવન્ ! નૈરયિકોને કેટલી ઉપધિ છે ? ગૌતમ ! ત્રણ ભેદે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. નારકોની સચિત્ત ઉપધિ, તે શરીર. અચિત્ત તે ઉત્પત્તિ સ્થાન, મિશ્ર-ઉચ્છ્વાસાદિ પુદ્ગલ યુક્ત શરીર જ, તેનાં સચેતન-અચેતનત્વથી મિશ્રરૂપે છે.

પરિગ્રહણ કરાય તે પરિગ્રહ. ઉપધિ અને પરિગ્રહમાં શો ભેદ ? જે ઉપકારક છે તે ઉપધિ, મમત્ત્વબુદ્ધિથી ગ્રહણ કરાય તે પરિગ્રહ.

પણિહાણ-મન વગેરેનું પ્રકર્ષથી નિશ્ચિત વિષયમાં આલંબન. કેવલી ભાષિત અર્થમાં વિપ્રતિપધમાન અહંવાદીનો નિરાસ કરતું ચરિત્ર —

● સૂત્ર-૭૪૪ થી ૭૪૮ :-

[૭૪૪] તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, યાવત્



પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્યથી કંઈક સમીપ ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા. તે આ પ્રમાણે છે — કાલોદાયી, શૈલોદાયી૦ આદિ શતક-૭-માં અન્યતીર્થિકોદ્દેશકમાં કહ્યા મુજબ યાવત્ તે કેમ માનવું ?

ત્યાં રાજગૃહ નગરમાં મદ્દુક નામે શ્રાવક વસતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. જીવાજીવનો જ્ઞાતા થઈ વિચરતો હતો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા, યાવત્ પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસના કરે છે.

ત્યારે મદ્દુક શ્રાવકે આ વૃત્તાંત જાણ્યો. તે હર્ષિત, સંતુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો. સ્નાન કર્યુ યાવત્ શરીર અલંકારી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતા રાજગૃહનગરે યાવત્ પ્રસ્થાન કર્યુ. ચાલતા ચાલતા તે અન્યતીર્થિકોની નીકટથી પસાર થયો.

ત્યારે તે અન્યતીર્થિકોએ મદ્દુક શ્રાવકને નીકટથી પસાર થતો જોયો. જોઈને એકબીજાને બોલાવી, આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ વાત અવિદિત છે, આ મદ્દુક શ્રાવક આપણી નિકટથી જઈ રહ્યો છે, તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે મદ્દુક શ્રાવકનો આ પદાર્થ પૂછીએ. એમ કરીને એકબીજા સમીપે, આ વાતને સ્વીકારી, સ્વીકારીને મદ્દુક શ્રાવક પાસે આવ્યા. આવીને મદ્દુક શ્રાવકને આમ કહ્યું —

હે મદ્દુક ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ, જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાય પ્રરૂપે છે. જેમ શતક-૭-માં અન્યતીર્થિક ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ હે મદ્દુક ! આમ કઈ રીતે છે ?

ત્યારે તે મદ્દુક શ્રાવકે તે અન્યતીર્થિકોને આમ કહ્યું — જ્યારે [અસ્તિકાય] કાર્ય કરે છે, તે આપણે જાણીએ - જોઈએ છીએ, જો કાર્ય કરતા નથી તો આપણે જાણતા-જોતા નથી. ત્યારે અન્યતીર્થિકોએ આમ પૂછ્યું — હે મદ્દુક ! તું કેવો શ્રાવક છે કે તું આ અર્થને જાણતો-જોતો નથી ?

ત્યારે મદ્દુક શ્રાવકે તે અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આયુષ્યમાનો ! વાયુ વાય છે ? — હા, વાય છે. હે આયુષ્યમાનો ! તમે વહેતી હવાનું રૂપ જુઓ છો ?, - ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાનો ! ઘ્રાણ સહગત પુદ્ગલો છે ? હા, છે. તમે ઘ્રાણ સહગત પુદ્ગલના રૂપને જોયું છે ? ના, તે અર્થ સમર્થ નથી. - હે આયુષ્યમાનો ! અરણિ સહગત અગ્નિકાય છે ? હા છે. તમે અરણિસહગત અગ્નિકાયના રૂપને જુઓ છો ? ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાનો ! સમુદ્રને પાર જઈને રૂપો છે ? - હા, છે. તમે સમુદ્ર પારગત રૂપોને જુઓ છો ?, - ના, તે અર્થ સમર્થ નથી, હે આયુષ્માનો ! દેવલોકગત રૂપો છે ? - હા, છે. તમે દેવલોકગત રૂપોને જુઓ છો ? ના, તેમ નથી.

હે આયુષ્માનો ! આ પ્રમાણે હું, તમે, કે બીજા કોઈ છદ્મસ્થ જે કંઈ ન જાણીએ, ન જોઈએ, “તે બધું નથી હોતું” એવું માનીએ તો આ લોકમાં ઘણાં

પદાર્થોનું અસ્તિત્વ ન રહે. એમ કહી મદ્રુકે તેમને પ્રતિહત કર્યા. એમ કરીને ગુણશીલ ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંત મહાવીરને પંચવિધ અભિગમથી યાવત્ પર્યુપાસ્યા.

મદ્રુકને આમંત્રી, ભગવંતે મદ્રુકને આમ કહ્યું – હે મદ્રુક ! તે અન્યતીર્થિકોને સારું કહ્યું. તે તેમને સારો ઉત્તર આપ્યો. હે મદ્રુક ! અર્થ, હેતુ, પ્રશ્ન કે ઉત્તરને જાણ્યા-જોયા-સાંભળ્યા-સંમત-વિજ્ઞાત થયા વિના જે કોઈ બહુજન મધ્યે કહે છે - પ્રજ્ઞાપે છે યાવત્ ઉપદેશે છે, તે અરિહંતની-અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મની - કેવલીની અને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મની આશાતનામાં વર્તે છે. હે મદ્રુક ! તેં તેમને આવો જવાબ આપ્યો. તે ઘણું સારું કર્યું, ઉત્તમ કાર્ય કર્યું, યાવત્ અન્યતીર્થિકોને નિરુત્તર કરી દીધા.

ત્યારે મદ્રુક શ્રાવક શ્રમણ ભગવંત મહાવીરે આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈને ભગવંતને વાંદી, નમીને સમીપે જઈ યાવત્ સેવે છે.

ત્યારે ભગવંતે મદ્રુક શ્રાવકને યાવત્ તે મોટી પર્ષદાને ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી.

ત્યારે મદ્રુક શ્રાવક યાવત્ ધર્મ સાંભળીને હર્ષિત, સંતુષ્ટ થઈને પ્રશ્નાદિ પૂછ્યા, પૂછીને અર્થો જાણવા, ઉત્થાનથી ઉઠીને ભગવંતને વાંદી-નમી યાવત્ પાછો ગયો. - - - ભંતે ! એમ આમંત્રી ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને વાંદી-નમી આમ કહ્યું – હે ભંતે ! મદ્રુક શ્રાવક આપ દેવાનુપ્રિય પાસે યાવત્ પ્રવ્રજિત થવા સમર્થ છે ? ના, તેમ નથી. એ પ્રમાણે જેમ શંખ શ્રાવકમાં કહ્યું, તેમ અરુણાભમાં યાવત્ અંત કરશે.

[૭૪૫] હે ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, હજાર રૂપ વિકુર્વીને પરસ્પર સંગ્રામ કરવા સમર્થ છે ? હા, છે - - ભગવન્ ! તે વૈક્રિય શરીર એક જીવ સંબદ્ધ છે કે અનેક જીવ સંબદ્ધ ? ગૌતમ ! એકજીવ સંબદ્ધ છે, અનેકજીવ સંબદ્ધ નથી. ભગવન્ ! તે વિકુર્વીત શરીરના અંતરાલ શું એકજીવ સ્પૃષ્ટ છે કે અનેકજીવ સ્પૃષ્ટ ? ગૌતમ ! એકજીવ સ્પૃષ્ટ છે, અનેક જીવ સ્પૃષ્ટ નથી. હે ભગવન્ ! કોઈ પુરુષ, તે વૈક્રિયકૃત્ શરીરોના અંતરમાં પોતાનો હાથ, પગ આદિ શતક-૮, ઉદ્દેશા-૩-મુજબ કહેવું યાવત્ તેમાં શસ્ત્રાક્રમણ કરી શકે નહીં.

[૭૪૬] ભગવન્ ! શું દેવો અને અસુરોમાં સંગ્રામ થાય છે ? હા. થાય છે. ભગવન્ ! દેવો અને અસુરો સંગ્રામમાં વર્તતા હોય ત્યારે કઈ વસ્તુ, તે દેવોના શ્રેષ્ઠ શસ્ત્રરૂપે પરિણત થાય છે ? ગૌતમ ! તે દેવો, જે તૃણ-કાષ્ઠ-પત્ર-કંકરને સ્પર્શ કરે, તે વસ્તુ તે દેવોને શસ્ત્રરૂપે પરિણમે છે.

ભગવન્ ! જેમ દેવોમાં કહ્યું તેમ અસુરોકુમારોમાં કહેવાય ? ના, તે અર્થ સમર્થ નથી. અસુરકુમારોને નિત્ય વિકુર્વિત શસ્ત્ર હોય.

[૭૪૭] ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, લવણ સમુદ્રને ચોતરફ પ્રદક્ષિણા કરી જલ્દી આવવાને સમર્થ છે ? હા, સમર્થ છે. ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, એ રીતે ધાતકીખંડ દ્વીપને૰ ? યાવત્ હા, છે. એ રીતે રુચકવરદ્વીપને૰ ? યાવત્, હા સમર્થ છે. તેનાથી આગળ દેવો જાય છે, પણ તેની ચોતરફ પ્રદક્ષિણા કરતાં નથી.



[૭૪૮] ભગવન્ ! શું એવા પણ દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦, ૨૦૦, ૩૦૦ કે ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષોમાં ખપાવી દે ? હા, છે - - ભગવન્ ! એવા દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્ય એક-બે કે ત્રણ હજાર અને ઉત્કૃષ્ટ ૫૦૦૦ વર્ષોમાં ખપાવી દે ? હા, છે.

ભગવન્ ! શું એવા દેવ પણ છે, જે અનંત કર્માંશોને જઘન્યથી એક, બે કે ત્રણ લાખ અને ઉત્કૃષ્ટથી પાંચ લાખ વર્ષોમાં ખપાવે ? હા, છે.

ભગવન્ ! એવા કોણ દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્ય ૧૦૦ યાવત્ ૫૦૦ વર્ષોમાં ખપાવે છે ? એવા કોણ દેવ છે, જે યાવત્ ૫૦૦૦ વર્ષોમાં ખપાવે છે ? એવા કોણ દેવ છે જે યાવત્ પાંચ લાખ વર્ષોમાં ખપાવે ?

ગૌતમ ! વ્યંતર દેવો અનંત કર્માંશોને ૧૦૦ વર્ષોમાં ખપાવે છે, અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવ અનંત કર્માંશોને ૨૦૦ વર્ષમાં ખપાવે. અસુરકુમાર દેવો અનંત કર્માંશોને ૩૦૦ વર્ષોમાં ખપાવે.

ગ્રહ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક દેવો અનંત કર્માંશોને ૪૦૦ વર્ષમાં યાવત્ ખપાવે. ચંદ્ર-સૂર્ય જ્યોતિષ્કેન્દ્રો જ્યોતિષ્રાજ અનંત કર્માંશોને ૫૦૦ વર્ષોમાં ખપાવે.

સૌધર્મ, ઈશાન દેવો ૧૦૦૦ વર્ષોમાં યાવત્ ખપાવે, સનત્કુમાર-માહેન્દ્ર દેવો ૨૦૦૦ વર્ષોમાં યાવત્ ખપાવે, એ પ્રમાણે આ આલાવાથી બ્રહ્મલોક-લાંતક દેવો ૩૦૦૦ વર્ષોમાં ખપાવે, મહાશુક્ર-સહસ્રાર દેવો ૪૦૦૦ વર્ષોમાં, આનત-પ્રાણત આરણ-અચ્યુત દેવો ૫૦૦૦ વર્ષોમાં ખપાવે.

નીચલી ગ્રૈવેયકના દેવો અનંત કર્માંશોને એક લાખ વર્ષમાં ખપાવે, મધ્યમ ગ્રૈવેયકના દેવો બે લાખ વર્ષોમાં, ઉપરની ગ્રૈવેયકના દેવો ત્રણ લાખ વર્ષોમાં, વિજયાદિ ચારના દેવો ચાર લાખ વર્ષોમાં અને સર્વાર્થ-સિદ્ધના દેવો અનંત કર્માંશોને પાંચ લાખ વર્ષોમાં ખપાવે છે.

એ કારણે હે ગૌતમ ! તે દેવો જે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦, ૨૦૦, ૩૦૦ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષોમાં ખપાવે છે, યાવત્ પાંચ હજાર વર્ષોમાં ખપાવે છે. યાવત્ પાંચ લાખ વર્ષોમાં ખપાવે. ભગવન્ ! તેમજ છે.

● **વિવેચન-૭૪૪ થી ૭૪૮ :-**

'જેમ શતક-૭-માં છે' ઈત્યાદિ વડે જે કહ્યું, તે અર્થથી કંઈક દર્શાવે છે – કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી આદિ અન્યતીર્થિકોના. એકઠા થતાં આવો પ્રશ્ન ઉત્પન્ન થયો, જે ભ૰ મહાવીર પંચાસ્તિકાયોમાં ધર્માસ્તિકાયાદિ પ્રજ્ઞાપના કરે છે, તેમાં ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલાસ્તિકાય અચેતન છે અને જીવાસ્તિકાય સચેતન છે. ધર્મ-અધર્મ-આકાશ-જીવ૰ ચાર અરૂપી અને પુદ્ગલાસ્તિકાય રૂપી છે તેમ કહે છે.

તે કેમ માનવું ? વળી સચેતન-અચેતનાદિરૂપે અદશ્યમાનત્વથી અસંભવ છે, અવિદ્વત્પ્રકૃત છે. જો તે ધર્માસ્તિકાયાદિ વડે કાર્ય સ્વીકારે, તો તે કાર્ય વડે તેને જાણીએ, જોઈએ. જેમકે - ધૂમાડા વડે અગ્નિ. તેના વડે કાર્ય ન કરીએ તો ન જાણીએ ન જોઈએ. કેમકે કાર્યાદિ લિંગ-દ્વાર વડે જ પૂર્વદર્શિત અતીંદ્રિય પદાર્થો જણાય છે, આપણને ધર્માતિસ્કાયાદિ પ્રતીત નથી-કાર્યાદિ લિંગ દેખાતા નથી, તેના અભાવે આપણે જાણતા નથી.

હવે મદ્રુક ધર્માસ્તિકાયાદિથી અપરિજ્ઞાત હતો, તેથી તેને ઉપાલંભ આપે છે - તું કેવો શ્રાવક છો ? ધર્માસ્તિકાયાદિ અસ્તિત્વ લક્ષણને જાણતો નથી. ત્યારે ઉપાલંભ પામેલો તે - x - અન્યતીર્થિકોને નિરૂત્તર કરવાને માટે કહે છે — अत्थिणं० આદિ. घाणसहगय - ગંધ ગુણ, તેની સાથે - સહચરિત હોવાથી ઘ્રાણસહગત. अरणि - અગ્નિ માટે કાષ્ઠનું મથન કરવું, તેની સાથે ગયેલ તે, અરણિ સહગત.

હે મદ્રુક તેં જે અસ્તિકાયને જાણતો ન હતો, ત્યારે હું જાણું છું એમ કહ્યું, તે સારું કર્યું. અન્યથા ન જાણવા છતાં હું જાણું છું એમ કહેત તો અર્હત્ આદિની આશાતનાકારક થયો હોત.

મદ્રુક શ્રાવક અરુણાભવિમાને દેવ થયો, તેથી દેવાધિકાર —

तासिं बोदीणं अंतर - તેઓએ વિકુર્વેલા શરીરના અંતર. એ પ્રમાણે જેમ શતક-૮-માં આના દ્વારા સૂચવે છે કે — પગ, હાથ, આંગળી, શલાકા, લાકડી કે કલિંચ વડે હલાવે-ચલાવે કે બીજા તીક્ષ્ણ શસ્ત્રજાત વડે છેદે, વિશેષ છેદે કે અગ્નિકાયમાં બાળે, તેના જીવપ્રદેશને આબાધા કે વ્યાબાધા કરે, શરીરચ્છેદ કરે ? ના, આ અર્થ સમર્થ નથી.

અહીં જે તૃણ, કાષ્ઠ આદિ કહ્યું, તે જે દેવોને તૃણાદિ પણ પ્રહરણ થાય છે, તે અચિંત્ય પુણ્ય-સંભારનાવશથી કહ્યું. જેમ સુભૂમ ચક્રવર્તીને થાળી ચક્ર બની ગયેલી. અસુરોની જે નિત્ય વિકુર્વણા તે-તે તે દેવની અપેક્ષાએ થાય છે, કેમકે તેઓ મંદતર પુણ્યવાળા હોવાથી તેવા પુરુષો માફક જાણવું.

वीतीवएज्ज - એક દિશામાં જાય છે. પણ બધે ભમતો નથી. કેમકે તેવા પ્રયોજનનો અભાવ સંભવે છે.

अत्थि णं भंते ! આદિ. આ દેવોના પુણ્યકર્મ પુદ્‌ગલો પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર, પ્રકૃષ્ટતમ અનુભાગવાળા, આયુકર્મની સહચરિતાથી, વેદનીય અનંતાનંત હોય છે, તે હોવાથી, હે ભગવન્ ! તે દેવો તે અનંતાનંત કર્માંશોની મધ્યે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦ વર્ષે-ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષે ખપાવે ? વ્યંતરો અનંતકર્માંશોને ૧૦૦ વર્ષે ખપાવે. અનંતા એવા તે પુદ્‌ગલોને અલ્પાનુભાગ પણે થોડા કાળમાં ખપાવવા શક્ય હોવાથી આમ કહ્યું - x - ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

### ❀ શતક-૧૮, ઉદ્દેશો-૮-''અનગારક્રિયા'' ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૭ને અંતે કર્મક્ષપણા કહી, અહીં તેનો બંધ કહે છે —



**● સૂત્ર-૭૪૯ :-**

*રાજગૃહે યાવત્ આમ કહ્યું — ભગવન્ ! સંમુખ અને બંને તરફ યુગમાત્ર ભૂમિને જોતાં ઈર્યાપૂર્વક ગમન કરતાં ભાવિતાત્મા અણગારના પગ નીચે મરઘીનું બચ્ચું, બતકનું બચ્ચું, કુલિંગછાય, આવીને મરે તો તે અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? ગૌતમ ! યાવત્ તે ભાવિતાત્મા અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે, બીજી નહીં.*

*ભગવન્ ! એમ કેમ કહ્યું ? જેમ શતક-૭-માં સંવૃત્ત ઉદ્દેશામાં યાવત્ અર્થના નિક્ષેપ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. યાવત્ વિચરે છે. પછી ભગવંત મહાવીર બાહ્ય જનપદમાં યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૪૯ :-**

पुरओ - આગળ, दुहओ - દ્વિધા, अंतराअंतरा - બંને પડખે અને પાછળ. युगमाया-યૂપ માત્ર દૃષ્ટિથી, रीयं-ગમન કરતો.

कुक्कुडपोयए - કુકડીના બચ્ચા, वट्ट - વર્તક, પક્ષી વિશેષ, कुलिंगीच्छाए - કીડી જેવું જંતુ. परियावज्जेज्ज - મરે.

શતક-૭-મુજબ, આ દ્વારા જે સૂચવ્યું તે કંઈ કહે છે — ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેના ક્રોધાદિ નષ્ટ થયા છે, તેમને ઈર્યાપથિકી ક્રિયા જ લાગે, આદિ. - x - x - પૂર્વે ગમન આશ્રિત વિચાર કર્યો. હવે તેને જ આશ્રીને અન્યતીર્થિકના મતનો નિષેધ કહે છે —

**● સૂત્ર-૭૫૦,૭૫૧ :-**

*[૭૫૦] તે કાળે, તે સમયે રાજગૃહ યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્યની સમીપે ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા.*

*ત્યારે શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ સમોસર્યા યાવત્ પર્ષદા નીકળી. - - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ ઉર્ધ્વજાનૂ યાવત્ વિચરે છે.*

*ત્યારે તે અન્યતીર્થિકો, ગૌતમસ્વામી પાસે આવ્યા, આવીને ગૌતમસ્વામીને આમ કહ્યું — હે આર્ય! તમે ત્રિવિધ ત્રિવિધ અસંયત યાવત્ એકાંતબાલ છો. - - ત્યારે ગૌતમસ્વામીએ, અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આર્યો! કયા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ? - - ત્યારે તે અન્યતીર્થિકોએ ગૌતમસ્વામીને આમ કહ્યું — હે આર્ય! તમે ગમન કરતી વેળા જીવોને આક્રાંત કરો છો, મારો છો યાવત્ ઉપદ્રવ કરો છો. તેથી તમે જીવોને આક્રાંત કરતા, યાવત્ ઉપદ્રવ કરતા હોવાથી ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો.*

*ત્યારે ગૌતમસ્વામીએ, તે અન્યતીર્થિકોને આમ કહ્યું કે — હે આર્યો ! અમે ગમન કરતી વેળા જીવોને કચડતા નથી યાવત્ ઉપદ્રવ કરતા નથી. હે આર્યો ! અમે ગમન કરતી વેળા કાયા, યોગ, ગતિને આશ્રીને વિશેષ રૂપે નિરીક્ષણ કરીને ચાલીએ છીએ, અમે એ રીતે જોઈ-જોઈને ચાલીએ છીએ,*

*વિશેષ-વિશેષ નિરીક્ષણ કરતાં ચાલીએ છીએ. તેથી અમે જીવોને કચડતા નથી યાવત્ ઉપદ્રવિત કરતા નથી. તેથી અમે પ્રાણોને કચડ્યા વિના યાવત્ ઉપદ્રવ કર્યા વિના ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત પંડિત થઈએ છીએ.*

*હે આર્યો ! તમે જે સ્વયં ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો. - - ત્યારે તે અન્યતીર્થિકોએ ગૌતમસ્વામીને આમ કહ્યું — કયા કારણે હે આર્યો ! અમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છીએ ?*

*ત્યારે ગૌતમસ્વામીએ, તે અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આર્યો ! તમે જ ચાલતીવેળા પ્રાણોને કચડો છો યાવત્ ઉપદ્રવ કરો છો. તેથી તમે પ્રાણોને કચડતા યાવત્ ઉપદ્રવ કરતા ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો. ત્યારે ગૌતમસ્વામીએ તે અન્યતીર્થિકોને આ રીતે નિરુત્તર કર્યા, કરીને જ્યાં ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને ભગવંતને વંદન-નમસ્કાર કર્યા, કરીને ભગવંત સમીપે યાવત્ પર્યુપાસના કરે છે.*

*ગૌતમસ્વામીને આમંત્રી ભગવંતે, ગૌતમને આમ કહ્યું — તેં હે ગૌતમ ! તે અન્યતીર્થિકોને સારું કહ્યું, તેમને યથાર્થ કહ્યું. હે ગૌતમ ! મારા ઘણા શિષ્યો શ્રમણ નિર્ગ્રન્થ છદ્મસ્થ છે. જે તમારી જેમ ઉત્તર દેવામાં સમર્થ નથી. જેમ તમે અન્યતીર્થિકોને સારું કહ્યું, તેમને આમ કહ્યું તે યથાર્થ છે. ત્યારપછી ભગવંતે આમ કહેતા, ગૌતમસ્વામી હર્ષિત, સંતુષ્ટ થયા. ભગવંતને વંદન-નમસ્કાર કર્યા અને આ પ્રમાણે પૂછ્યું—*

*[૭૫૧] ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્યો પરમાણુ પુદ્ગલને જાણે છે - જુએ છે ? અથવા નથી જાણતા-નથી જોતા ? ગૌતમ ! કેટલાંક જાણે છે, જોતા નથી. કેટલાંક જાણતા નથી - જોતા નથી.*

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય દ્વિપ્રદેશિક સ્કંધને શું જાણે છે, જુએ છે ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશિક સ્કંધમાં કહેવું.*

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અનંતપ્રદેશી સ્કંધને ? પ્રશ્ન. ગૌતમ ! કેટલાંક જાણે છે, જુએ છે. કેટલાંક જાણે છે, જોતા નથી. કેટલાંક જાણતા નથી, જુએ છે. કેટલાંક જાણતા નથી, જોતા નથી.*

*ભગવન્ ! શું આધોવધિક મનુષ્ય પરમાણુ પુદ્ગલને ? છદ્મસ્થ અનુસાર આધોવધિકને કહેવા યાવત્ અનંતપ્રદેશી સ્કંધ કહેવો.*

*ભગવન્! પરમાધોવધિક મનુષ્ય, જે સમયે જાણે છે, તે સમયે જુએ છે અને જે સમયે જુએ છે, તે સમયે જાણે છે? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો છો - x -? ગૌતમ! સાકારમાં તે જ્ઞાન હોય, અનાકારમાં તે દર્શન હોય. તેથી યાવત્ કહ્યું કે તે સમયે ન જાણે. અનંતપ્રદેશી સુધી કહેવું.*

*ભગવન્ ! કેવલી મનુષ્ય પરમાણુ પુદ્ગલને ? પરમાધોવધિની માફક કેવલી પણ કહેવા. યાવત્ અનંતપ્રદેશી. - ભગવન્ ! તેમજ છે.*



**● વિવેચન-૭૫૦,૭૫૧ :-**

पेच्चेह - આક્રમે, કચડે. कायं - દેહને આશ્રીને ચાલીએ તે યોગ. દેહથી જ ગમનાર્થે સમર્થ હોય છે. તેથી ચાલીએ છીએ, અશ્વ-શકટાદિથી નહીં. योग - સંયમ વ્યાપાર, જ્ઞાનાદિના પ્રયોજનમાં ઉપયોગી હોવાથી ભિક્ષાટનાદિ કરીએ, તે સિવાય નહીં. रीयं - અત્વરિત આદિપણે ગમન વિશેષ. કઈ રીતે? જોઈ-જોઈને, પ્રકર્ષથી જોઈ-જોઈને. - - પૂર્વે છદ્મસ્થને આશ્રીને - x - કહ્યું. હવે છદ્મસ્થ આશ્રીને પ્રશ્ન કરતાં કહે છે —

અહીં છદ્મસ્થ નિરતિશય જ લેવા. जाणइ न पासइ - શ્રુતોપયુક્ત શ્રુતજ્ઞાની, શ્રુતમાં દર્શનનો અભાવ છે. તેનાથી અન્ય - ન જાણે, ન જુએ. અનંત પ્રદેશી સૂત્રમાં ચાર ભંગ થાય છે. (૧) સ્પર્શાદિ વડે જાણે છે, આંખ વડે જુએ છે. (૨) બીજો સ્પર્શાદિથી જાણે છે પણ આંખ વડે જોતો નથી, આંખનો અભાવ છે. (૩) સ્પર્શાદિથી અગોચરપણાથી જાણતો નથી, આંખ વડે જુએ છે. (૪) અવિષયત્વથી બીજો જાણતો નથી અને જોતો નથી. છદ્મસ્થાધિકારથી છદ્મસ્થ વિશેષભૂત એવા આધો-અવધિ અને પરમાધો-અવધિ બે સૂત્ર છે.

પરમાવધિક અવશ્ય અંતર્મુહૂર્તમાં કેવલી થાય છે, તેથી કેવલીસૂત્ર. તેમાં साकार - વિશેષ ગ્રહણ સ્વરૂપ, તે પરમાધોવધિકને તેવું જ્ઞાન હોય છે. તેનાથી વિપર્યયભૂત દર્શન છે, તેથી પરસ્પર વિરુદ્ધથી એક સમયે ન સંભવે.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૯-"ભવ્યદ્રવ્ય" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-ને અંતે કેવલી પ્રરૂપ્યા. તે ભવ્યદ્રવ્યસિદ્ધ છે. તેથી ભવ્યદ્રવ્ય અધિકારથી અહીં ભવ્યદ્રવ્ય નારકાદિને કહે છે —

**● સૂત્ર-૭૫૨ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ભવ્યદ્રવ્ય નૈરયિક શું ભવ્યદ્રવ્ય નૈરયિક છે ? હા, છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? જે કોઈ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કે મનુષ્ય, નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે ભવ્યદ્રવ્ય નૈરયિક કહેવાય છે. તેથી યાવત્ આમ કહેલું છે. આ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! ભવ્યદ્રવ્ય પૃથ્વીકાયિક, ભવ્યદ્રવ્યપૃથ્વી૦ છે ? હા, છે. એમ કેમ ? ગૌતમ ! જે તિર્યંચયોનિક કે મનુષ્ય કે દેવ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભવ્ય દ્રવ્ય પૃથ્વીકાયિક કહેવાય છે, તેથી કહ્યું છે. આ રીતે જ અપ્કાયિક, વનસ્પતિકાયિકને જાણવા. - - તેઉ, વાયુ, બે - ત્રણ - ચાર ઈન્દ્રિયોવાળામાં જે કોઈ તિર્યંચ કે મનુષ્ય ઉત્પન્ન થવા યોગ્ય હોય તે ભવ્ય દ્રવ્ય તેઉકાયિક આદિ કહેવાય છે. - - જે કોઈ નૈરયિક યાવત્ દેવ પંચેન્દ્રિય તિર્યંચયોનિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભવ્ય દ્રવ્ય પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહેવાય, આ રીતે મનુષ્ય પણ કહેવા. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકો માફક કહેવા.*

*ભગવન્ ! ભવ્ય દ્રવ્ય નૈરયિકની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ. - - ભવ્ય દ્રવ્ય અસુરકુમારની, ભગવન્ ! કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, એ રીતે યાવત્ સ્તનિતકુમાર જાણવા.*

*ભવ્ય દ્રવ્ય પૃથ્વીકાયની પૃચ્છા. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાતિરેક બે સાગરોપમ. આ પ્રમાણે અપ્કાયને પણ જાણવા. તેઉ અને વાયુને નૈરયિકવત્ જાણવું. વનસ્પતિકાયને પૃથ્વીકાયવત્ જાણવા. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાને નૈરયિકવત્ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ. એ પ્રમાણે મનુષ્ય પણ છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા. ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૭૫૨ :-**

ભવ્ય દ્રવ્ય નૈરયિક - દ્રવ્યભૂત નારક, તે ભૂતનારક પર્યાયતાથી પણ હોય છે, તેથી ભવ્ય શબ્દથી વિશેષિત કરેલ છે. - x - તેઓ એકભવિક બદ્ધ આયુષ્ક અભિમુખ નામ-ગોત્ર ભેદવાળા હોય છે.

ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિ૰માં સંજ્ઞી કે અસંજ્ઞી નરકગામીને અંતર્મુહૂર્તાયુ અપેક્ષાએ અંતર્મુહૂર્ત સ્થિતિ કહી, પૂર્વકોટી-મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચને આશ્રીને છે, ભવ્યદ્રવ્ય અસુરાદિને પણ જઘન્યા આ જ સ્થિતિ છે. ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ તે ઉત્તરકુરુ આદિ યુગલ મનુષ્ય આશ્રીને છે, કેમકે તેઓ મરીને દેવોમાં ઉત્પન્ન થાય છે. દ્રવ્ય પૃથ્વીકાયિકની સાતિરેક બે સાગરોપમ સ્થિતિ ઈશાન દેવને આશ્રીને છે. દ્રવ્ય તેઉ, દ્રવ્ય વાયુ બંને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી છે. દેવ, યુગલ બંને ત્યાં ઉત્પન્ન ન થાય. પંચેન્દ્રિય તિર્યંચની ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ, સાતમી નરકાશ્રીત છે.

## ❁ શતક-૧૮, ઉદ્દેશો-૧૦-“સોમિલ” ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશક-૯-ને અંતે ભવ્ય દ્રવ્ય નારકાદિ વક્તવ્યતા કહી, હવે ભવ્ય દ્રવ્યાધિકારથી ભવ્યદ્રવ્ય દેવ અણગારની વક્તવ્યતા અહીં કહે છે —

● **સૂત્ર-૭૫૩ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્! ભાવિતાત્મા અણગાર તલવાર કે અસ્ત્રાની ધાર ઉપર રહી શકે? હા, રહી શકે. તે ત્યાં છેદાય, ભેદાય? ના, તે અર્થ યોગ્ય નથી, કેમકે તેના ઉપર શસ્ત્ર સંક્રમણ ન કરે. એ રીતે જેમ પાંચમાં શતકમાં પરમાણુ પુદ્ગલ વક્તવ્યતા છે, તે યાવત્ “ભગવન્! ભાવિતાત્મા અણગાર ઉદકાવર્તમાં યાવત્ પ્રવેશે, તેને શસ્ત્ર સંક્રમણ ન કરે?” - ત્યાં સુધી કહેવી.*

● **વિવેચન-૭૫૩ :-**

અહીં અણગારની ક્ષુર-ધારાદિ પ્રવેશ વૈક્રિય લબ્ધિ સામર્થ્યથી જાણવો. શતક-૫- મુજબ કહી આમ સૂચવે છે - ભગવન્ ! ભાવિતાત્મા અણગાર અગ્નિકાય મધ્યેથી જઈ શકે ? હા, જઈ શકે - x - ઈત્યાદિ. - - અહીં અણગારની અસિધારાદિ



વક્તવ્યતા કહી, હવે અવગાહનાને જ - x - પરમાણુ આદિમાં કહે છે —

● **સૂત્ર-૭૫૪ :-**

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ, વાયુકાયથી સ્પૃષ્ટ છે કે વાયુકાય પરમાણુ પુદ્ગલથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! પરમાણુ પુદ્ગલ, વાયુકાયથી સ્પૃષ્ટ છે પણ વાયુકાય પરમાણુ પુદ્ગલથી સ્પૃષ્ટ નથી. - - ભગવન્ ! દ્વિપ્રદેશિકસ્કંધ વાયુકાયથી ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશિક કહેવો.*

*ભગવન્! અનંતપ્રદેશિક સ્કંધ, વાયુકાયને? પૃચ્છા. ગૌતમ! અનંત પ્રદેશી સ્કંધ વાયુકાય વડે સ્પૃષ્ટ છે, વાયુકાય, અનંતપ્રદેશી સ્કંધ વડે કદાચ સ્પૃષ્ટ છે, કદાચ સ્પૃષ્ટ નથી. - - - ભગવન્! મશક વાયુકાય વડે સ્પૃષ્ટ છે કે વાયુકાય મશક વડે સ્પૃષ્ટ છે? ગૌતમ! મશક વાયુકાય વડે સ્પૃષ્ટ છે, વાયુકાય મશક વડે સ્પૃષ્ટ નથી.*

● **વિવેચન-૭૫૪ :-**

वाउयाएणं फुडे॰ પરમાણુ પુદ્ગલ વાયુકાય વડે વ્યાપ્ત અર્થાત્ મધ્યમમાં નાંખેલ છે. नो वाउयाए॰ - વાયુકાય પરમાણુ પુદ્ગલ વડે વ્યાપ્ત નથી. વાયુના મોટાપણાથી અણુના નિષ્પ્રદેશત્વથી અતિસૂક્ષ્મતાથી ન વ્યાપી શકે.

અનંતપ્રદેશી સ્કંધ વાયુ વડે વ્યાપ્ત હોય છે. કેમકે તે સૂક્ષ્મતર છે, વાયુકાય વળી અનંતપ્રદેશી સ્કંધ વડે વ્યાપ્ત હોય, ન પણ હોય. કઈ રીતે ? જો તે વાયુકાય સ્કંધાપેક્ષાએ મોટા હોય, ત્યારે વાયુ તેના વડે વ્યાપ્ત થાય છે.

वस्ति - મશક, વાયુકાય વડે સમસ્તપણે વ્યાપ્ત છે, કેમકે તેની ખાલી જગ્યાને પૂરે છે. વાયુકાય, મશક વડે સ્પૃષ્ટ નથી. - x - પુદ્ગલ દ્રવ્યો સ્પૃષ્ટત્વ ધર્મથી નિરૂપ્યા. હવે વર્ણાદિ વડે તેને જ નિરૂપે છે —

● **સૂત્ર-૭૫૫ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે વર્ણથી કાળા-લીલા-લાલ-પીળા-શ્વેત, ગંધથી સુગંધી-દુર્ગંધ, રસથી તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર, સ્પર્શથી કર્કશ-મૃદુ-ભારે-હલકો-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ દ્રવ્યો અન્યોન્યબદ્ધ છે. - સ્પૃષ્ટ છે - યાવત્ સંબદ્ધ છે ? હા, છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી સુધી જાણવું. - - - ભગવન્ ! સૌધર્મકલ્પની નીચે૰ પૂર્વવત્, એ પ્રમાણે ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી૰ ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે. પછી ભગવંત મહાવીર પણ યાવત્ બાહ્ય જનપદ વિહારે વિચરે છે.*

● **વિવેચન-૭૫૫ :-**

अन्नमन्नबद्धाइं - આશ્લેષથી ગાઢ, अन्नमन्नपुट्ठाइं - આશ્લેષથી આગાઢ. યાવત્ શબ્દથી એકક્ષેત્રાશ્રિત કહેવું, પરસ્પર સમુદાયથી સંબદ્ધ. - - પુદ્ગલ દ્રવ્યો નિરૂપ્યા. હવે આત્મદ્રવ્યધર્મ અનાત્મદ્રવ્ય - x - નિરૂપે છે.

● **સૂત્ર-૭૫૬ :-**

*તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. દ્યુતિપલાશ ચૈત્ય હતું,*

તે વાણિજયગ્રામ નગરમાં સોમિલ નામે બ્રાહ્મણ વસતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત, ૫૦૦ શિષ્યો અને પોતાના કુટુંબનું આધિપત્ય કરતો યાવત્ વિચરતો હતો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સમોસર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

ત્યારે તે સોમિલ બ્રાહ્મણને આ વૃત્તાંત જાણીને આવા પ્રકારે યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. શ્રમણ જ્ઞાતપુત્ર પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગામ વિચરતા, સુખે સુખે યાવત્ અહીં આવી, યાવત્ દૂતિપલાશક ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે. તો હું ત્યાં ભગવંતની પાસે જઈ. આ આવા પ્રકારના અર્થો યાવત્ વ્યાકરણ પૂછીશ. તેઓ જો આ, આવા પ્રકારના અર્થો યાવત્ વ્યાકરણનો ઉત્તરો આપશે, તો વાંદીશ-નમીશ યાવત્ પર્યુપાસીશ. જો તેઓ મારા આ અને આવા અર્થવાળા યાવત્ વ્યાકરણનો ઉત્તર નહીં આપે તો હું આવા અર્થો યાવત્ વ્યાકરણ વડે તેઓને નિરુત્તર કરી દઈશ.

આ પ્રમાણે વિચાર્યું, વિચારીને સ્નાન કર્યુ યાવત્ શરીરને અલંકૃત્ કરી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતો ૧૦૦ શિષ્યો સાથે સંપરીવરીને વાણિજ્ય ગ્રામનગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને દૂતિપલાશક ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવીને, સમીપે રહીને ભગવંતને આ પ્રમાણે પૂછ્યું - . . . આપને યાત્રા, યાપનીય, અવ્યાબાધ, પ્રાસુક વિહાર છે ?

હે સોમિલ ! મારે યાત્રા પણ છે, મારે યાપનીય પણ છે, મારે અવ્યાબાધ પણ છે અને મારે પ્રાસુકવિહાર પણ છે.

ભગવન્ ! આપની યાત્રા કેવી છે ? - - હે સોમિલ ! મારા તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યકાદિ યોગમાં યતના તે યાત્રા છે.

ભગવન્ ! આપને યાપનીય શું છે ? સોમિલ ! યાપનીય બે ભેદે છે - ઈન્દ્રિયયાપનીય, નોઈન્દ્રિયયાપનીય. - - તે ઈન્દ્રિય યાપનીય શું છે ? જે મારી શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયો નિરૂપઘાત અને મારે વશ વર્તે છે, તે ઈન્દ્રિય યાપનીય છે. - - તે નોઈન્દ્રિયયાપનીય શું છે ? જે મારા ક્રોધ-માન-માયા-લોભ નષ્ટ થયા છે, ઉદય પ્રાપ્ત નથી તે નોઈન્દ્રિય યાપનીય છે. આ પ્રમાણે મારા આ યાપનીય છે.

ભગવન્ ! તમારે અવ્યાબાધ શું છે ? સોમિલ ! જે મારા વાતજ, પિતજ, કફજ, સંનિપાતિકજ વિવિધ રોગાતંક અને શરીરગતદોષ ઉપશાંત છે, ઉદયમાં વર્તતા નથી, તે (મારા) અવ્યાબાધ છે.

ભગવન્ ! તમારે પ્રાસુક વિહાર શું છે ? સોમિલ ! જે આરામ, ઉધાન, દેવકુલ, સભા, પ્રપામાં સ્ત્રી-પશુ-નપુંસક વર્જિત વસતિમાં પ્રાસુક એષણીય પીઠફલક શય્યા સંસ્તારક સ્વીકારીને વિચરું છું. તે પ્રાસુક વિહાર છે.

ભગવન્ ! આપને સરિસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? સોમિલ ! સરિસવ મારે ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે. - - એમ કેમ કહો છો ?



હે સોમિલ! (તમારા) બ્રાહ્મણનયોમાં સરિસવ બે ભેદે છે. તે આ રીતે - મિત્ર સરિસવ અને ધાન્ય સરિસવ. તેમાં જે મિત્ર સરિસવ છે, તે ત્રણ ભેદે છે – સહજાત, સહવર્ધિત, સહપાંશુ કિડિત. આ ત્રણે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય સરિસવ છે, તે બે ભેદે છે - તે આ – શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત. તેમાં જે અશસ્ત્ર પરિણત છે તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે શસ્ત્ર પરિણત છે, તે બે ભેદે છે - એષણીય અને અનેષણીય. તેમાં જે અનેષણીય છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, તેમાં જે એષણીય છે, તે બે ભેદે છે - યાચિત અને અયાચિત. તેમાં જે અયાચિત છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે યચિત છે તે બે ભેદે છે - લબ્ધ અને અલબ્ધ. તેમાં જે અલબ્ધ છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, તેમાં જે લબ્ધ છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને ભક્ષ્ય છે. તેથી હે સોમિલ! એમ કહ્યું કે યાવત્ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

ભગવન્ ! તમારે 'માસ' ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? હે સોમિલ ! મારે 'માસ' ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. એમ કેમ કહો છો - x - ?

હે સોમિલ ! બ્રાહ્મણ નયોમાં 'માસ' બે ભેદે છે. તે આ રીતે – દ્રવ્ય માસ અને કાલમાસ. તેમાં જે કાલમાસ છે, તે શ્રાવણથી અષાઢ સુધી બાર ભેદે છે. તે આ રીતે – શ્રાવણ, ભાદ્રપદ, આસોજ, કાર્તિક, મૃગશિર, પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ મૂલ, આષાઢ. તે (માસ) શ્રમણ નિર્ગ્રન્થને અભક્ષ્ય છે. તેમાં જે દ્રવ્ય માસ છે, તે બે ભેદે છે – અર્થમાસ, ધાન્યમાસ. તેમાં જે અર્થમાસ છે, તે બે ભેદે છે - સુવર્ણમાસ અને રૂપ્યમાસ. તે બંને શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્યમાસ છે, તે બે ભેદે છે - શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત. એ પ્રમાણે જેમ ધાન્યસરિસવમાં કહ્યું તેમ અહીં કહેવું યાવત્ તેથી કહ્યું કે યાવત્ અભક્ષ્ય છે.

ભગવન્ ! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય. હે સોમિલ ! કુલત્થા ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે. એમ કેમ કહ્યું યાવત્ અભક્ષ્ય છે ?

હે સોમિલ ! તમારા બ્રાહ્મણનયમાં કુલત્થા બે પ્રકારે છે. તે આ પ્રમાણે - સ્ત્રી કુલત્થા અને ધાન્ય કુલત્થા. તેમાં જે સ્ત્રીકુલત્થા છે, તે ત્રણ ભેદે છે. તે આ પ્રમાણે – કુલ કન્યા, કુલ વધૂ, કૂલ માતા. આ ત્રણે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય કુલત્થા છે૦ જેમ ધાન્ય સરિસવમાં કહ્યું તેમ જાણવું. તેથી એમ કહ્યું કે યાવત્ અભક્ષ્ય પણ છે.

● **વિવેચન-૭૫૬ :-**

इमाइं - આ કહેવાનાર યાત્રા, યાપનીયાદિ. जत्त - યાન, યાત્રા એટલે સંયમ યોગમાં પ્રવૃત્તિ. जवणिज्जं - યાપનીય, મોક્ષમાર્ગમાં જતાં પ્રયોજક ઈન્દ્રિયાદિ વશ્યતારૂપ ધર્મ. अव्वाबाह - શરીરે બાધાનો અભાવ. फासुयविहार - પ્રાસુક વિહાર, નિર્જીવ આશ્રય. तवनियमादि०-तव - અનશન આદિ. नियम - તે વિષયક અભિગ્રહ વિશેષ. જેમકે આટલો તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ મારે અવશ્ય રાત્રિ-દિવસમાં કરવો. સંયમ

- પડિલેહણાદિ. સ્વાધ્યાય - ધર્મકથાદિ, ધ્યાન - ધર્મ આદિ. આવશ્યક - છ પ્રકારે.

આમાં જો કે ભગવંતને કિંચિત્ વિશેષથી સંભવતું નથી, તો પણ તેના ફળના સદ્‌ભાવથી, તે છે તેમ જાણવું. जयण - પ્રવૃત્તિ.

इंदियजवणिज्जं - ઈન્દ્રિયવિષયવશ્યત્વ. એ રીતે नोइंदिय० વિશેષ એ - નો શબ્દ મિશ્ર વચનત્વથી ઈન્દ્રિય વડે મિશ્ર સહ અર્થત્વથી કે ઈન્દ્રિયોને સહચરિત તે નોઈન્દ્રિય-કષાયો. આ યાત્રાદિ પદો સામયિક ગંભીર અર્થત્વથી ભગવંતને - x - તેમની અપભ્રાજનાર્થે પ્રશ્ન કરેલ.

सरिसव - સદ્દશવય, અન્યત્ર સરસવ. दव्वमास - દ્રવ્યરૂપ માષ. कालमास - કાળરૂપ માસ. कुलत्था - કુલાંગના, અન્યત્ર ધાન્ય વિશેષ.

હવે ભગવંત વસ્તુ તત્ત્વજ્ઞાન જિજ્ઞાસાથી કહે છે –

**● સૂત્ર-૭૫૭ :-**

*ભગવન્ ! આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો કે અનેક ભૂતભાવ ભવિક છો ? હે સોમિલ ! હું એક પણ છું યાવત્ અનેકભૂત ભાવ ભાવિક પણ છું ભગવન્ ! કયા કારણે આપ એમ કહો છો કે યાવત્ હું ભાવિક પણ છું ?*

*હે સોમિલ! દ્રવ્યાર્થપણે હું એક છું, જ્ઞાન-દર્શન અર્થથી હું બે છું, પ્રદેશાર્થથી હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું ઉપયોગ અર્થથી હું અનેક ભૂત-ભાવ-ભાવિક પણ છું, તે કારણથી યાવત્ હું ભાવિક પણ છું (તેમ કહ્યું).*

*(આ બધું સાંભળી) તે સોમિલ બ્રાહ્મણ સંબુદ્ધ થયો. શ્રમણ ભગવંત મહાવીરને૦ સ્કંદકની માફક યાવત્ તે જે કંઈ આપ કહો છો. જે પ્રકારે આપ દેવાનુપ્રિયની પાસે ઘણાં રાજા, ઈશ્વર એ પ્રમાણે જેમ 'રાયપ્પસેણઈય'માં ચિત્રસારથી યાવત્ બાર પ્રકારે શ્રાવક ધર્મને સ્વીકારે છે, સ્વીકારીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને યાવત્ પાછો ગયો. ત્યારે તે સોમિલ બ્રાહ્મણ શ્રાવક થયો યાવત્ જીવાજીવનો જ્ઞાતા થયો યાવત્ વિચરણ કરવા લાગ્યો.*

*ભંતે ! એમ સંબોધન કરીને, ગૌતમસ્વામી, શ્રમણ ભગવંત મહાવીરને વંદે છે, નમે છે. વાંદી-નમીને પૂછ્યું – હે ભગવન્ ! સોમિલ બ્રાહ્મણ આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને૦ ? જેમ શંખ શ્રાવકમાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! તે એમજ છે, એમજ છે, યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૫૭ :-**

एगेभवे - આપ એક છો, એ પ્રમાણે એકત્વને સ્વીકારીને ભગવંતે શ્રોત્રાદિ અવયવોના, પોતાને અનેક લબ્ધિથી એકત્વ દૂષણ આપશે એ બુદ્ધિએ આમ કહ્યું. આપ બે છો, એમ દ્વિત્વના સ્વીકારમાં એકત્વ વિશિષ્ટ અર્થતા દ્વિત્વ વિરોધથી મને દ્વિત્વનું દુષણ આપશે, એ બુદ્ધિએ ઉત્તર આપ્યો.

અક્ષય આદિ ત્રણ પદ વડે નિત્ય આત્મ પક્ષ જણાવ્યો. અનેકમાં ભૂત-





અતીત, ભાવ-સત્તાપરિણામ, ભવ્ય-જે ભાવિમાં છે તે. આના દ્વારા અતીત અને ભવિષ્યત્ સત્તા પ્રશ્ન વડે અનિત્યતા પક્ષ સ્થાપ્યો. એક તર પરિગ્રહમાં તેને જ દૂષણ થાય, તેથી ભગવંતે સ્યાદ્વાદના નિખિલ દોષગોચર અતિક્રાંતપણાને અવલંબીને ઉત્તર આપ્યો. કઈ રીતે ?

દ્રવ્યાર્થતાથી - જીવદ્રવ્યના એકત્વથી 'હું એક છું' પણ પ્રદેશાર્થતાથી નહીં. અનેકત્વથી હું છું એવા અવયવવાદીના એકત્વોપલંભ બાધક નથી. - x - પદાર્થના સ્વભાવાંતર બેની અપેક્ષાથી દ્વિત્વ પણ અવિરુદ્ધ છે તેથી કહ્યું – જ્ઞાન, દર્શન અર્થપણે હું બે છું. - x - જેમ એકજ દેવદત્તાદિ પુરુષ તે તે અપેક્ષાએ પિતૃત્વ, પુત્રત્વ, ભ્રાતૃત્વ, આદિ અનેક સ્વભાવે હોઈ શકે. - - - પ્રદેશાર્થતાથી અસંખ્યાત પ્રદેશતાને આશ્રીને હું અક્ષત પણ છું કેમકે સર્વથા પ્રદેશોના ક્ષયનો અભાવ છે તથા હું અવ્યય પણ છું કેમકે કેટલાંક વ્યયનો અભાવ છે. - x -

વળી અવસ્થિત અર્થાત્ હું નિત્ય પણ છું, અસંખ્યાત પ્રદેશિતા જ ક્યારેય પણ દૂર થતી નથી, તેથી નિત્યતાના સ્વીકારમાં દોષ નથી તથા - - ઉપયોગ અર્થપણે - વિવિધ વિષયમાં અનુપયોગપણાને આશ્રીને અનેકભૂત-ભાવ-ભવિક પણ હું છું. કેમકે ભૂત-ભાવિ કાળમાં અનેક વિષય બોધના આત્માના કથંચિત્ ભિન્ન ભૂતત્વ અને ભાવિત્વથી અનિત્યપક્ષમાં પણ અહીં દોષ નથી.

જેમ 'રાયપ્પસેણઈય'માં આદિ. વડે જે સૂચવેલ છે, તે કંઈક અર્થથી દશવિ છે - જેમ દેવાનુપ્રિયની પાસે ઘણાં રાજા, ઈશ્વર, તલવર આદિ, હિરણ્ય-સુવર્ણાદિ ત્યજીને મુંડ થઈને, ઘર છોડીને, અનગારિતા પ્રવ્રજ્યા લે છે, તેમ હું પ્રવ્રજિત થવા સમર્થ નથી, તેથી હું અણુવ્રતાદિ ગૃહસ્થ ધર્મ, ભગવંતની પાસે સ્વીકારું ઈત્યાદિ - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ꕥ શતક-૧૯ ꕥ

-- x -- x --

૦ શતક-૧૮ની વ્યાખ્યા કરી, હવે અવસરે આવેલ શતક-૧૯ કહે છે.

● સૂત્ર-૭૫૮ :-

*લેશ્યા, ગર્ભ, પૃથ્વી, મહાસ્રવ, ચરમ, દ્વીપ, ભવન, નિર્વૃતિ, કરણ, વનચરસુર, આ દશ ઉદ્દેશકો, શતક-૧૯-માં છે.*

● વિવેચન-૭૫૮ :-

(૧) લેશ્યા-પહેલા ઉદ્દેશામાં કહેવી, તેથી આને લેશ્યા ઉદ્દેશક કહ્યો. એ પ્રમાણે બીજે પણ કહેવું. (૨) ગર્ભ-ગર્ભ અભિધાયક, (૩) પૃથ્વી-પૃથ્વીકાયિક આદિ વક્તવ્યતા. (૪) મહાસ્રવ-નારકા, મહાશ્રવ, મહાક્રિયા આદિ પદાર્થ. (૫) ચરમ-અલ્પસ્થિતિક નારકાદિ વડે પરમ-મહાસ્થિતિકતાથી મહાકર્મવાળા આદિ અર્થ પ્રતિપાદનાર્થે. (૬) દ્વીપ-દ્વીપ અભિધાનાર્થે, (૭) ભવન-ભવનાદિ અર્થાભિધાનાર્થે, (૮) નિર્વૃત્તિ-શરીરાદિની નિષ્પત્તિ, (૯) કરણ-કરણાર્થે. (૧૦) વનચરસુર-વ્યંતર દેવોની વક્તવ્યતા.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૧-"લેશ્યા" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ તેમાં પહેલો ઉદ્દેશો વ્યાખ્યાયિત કરીએ છીએ. તેનું આદિ સૂત્ર —

● સૂત્ર-૭૫૯ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! લેશ્યા કેટલી છે ? ગૌતમ ! છ. તે આ પ્રમાણે - જેમ પન્નવણાનો ચોથો લેશ્યા ઉદ્દેશો સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૫૯ :-

'પ્રજ્ઞાપના' સૂત્રના પદ-૧૭ નો ઉદ્દેશો-૪-લેશ્યા ઉદ્દેશો આ સ્થાને કહેવો. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા ઈત્યાદિ.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૨-"ગર્ભ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ લેશ્યા અધિકારવાળા બીજા ઉદ્દેશાનું આદિ સૂત્ર —

● સૂત્ર-૭૬૦ :-

*ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? એ રીતે જેમ પન્નવણાનો ગર્ભ ઉદ્દેશો છે, તે સંપૂર્ણ કહેવો. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૬૦ :-

એવં - આ ક્રમ વડે જેમ 'પ્રજ્ઞાપના' સૂત્રમાં ૧૭માં પદમાં છઠ્ઠો ગર્ભોદ્દેશક-ગર્ભસૂત્ર ઉપલક્ષિત ઉદ્દેશો છે, તે અહીં કહેવો. તેના ન્યૂનાધિકત્વ પરિહારાર્થે કહ્યું કે — સંપૂર્ણ ઉદ્દેશો કહેવો. આના દ્વારા જે સૂચવ્યું તે આ છે - ગૌતમ ! છ લેશ્યા છે. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. - - ભગવન્ ! મનુષ્યોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, આદિ.



જે સૂત્રોને આશ્રીને ગર્ભ ઉદ્દેશક અહીં કહ્યો તે આ છે - ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, ગૌતમ ! કરે. ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય, નીલલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, ગૌતમ ! કરે. આદિ.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૩-"પૃથ્વી" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ બીજા ઉદ્દેશામાં લેશ્યા કહી, પૃથ્વીકાયિકાદિત્વથી ઉત્પન્ન થાય. તેથી ત્રીજા ઉદ્દેશામાં પૃથ્વીકાયિકાદિને નીરૂપે છે. આ સંબંધે આદિ સૂત્ર —

● સૂત્ર-૭૬૧ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! શું કદાચિત્ યાવત્ ચાર, પાંચ પૃથ્વીકાયિક મળીને સાધારણ શરીર બાંધે છે ? બાંધીને પછી આહાર કરે છે. પરિણમાવે છે, શરીરનો બંધ કરે છે ? ના, તે અર્થ સમર્થ નથી. કેમકે પૃથ્વીકાયિક જીવ પ્રત્યેક આહારી, પ્રત્યેક પરિણામી, પ્રત્યેક શરીર બાંધે છે. ત્યારપછી તેઓ આહાર કરે છે, પરિણમાવે છે, શરીર બાંધે છે.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! ચાર. તે આ — કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા. - - ભગવન્ ! તે જીવો શું સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તેઓ સમ્યક્દૃષ્ટિ કે સમ્યક્મિથ્યાદૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે.*

*ભગવન્ ! તે જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની નથી. અજ્ઞાની છે. તે આ - મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની.*

*ભગવન્ ! તે જીવો શું મનોયોગી, વચનયોગી, કાયયોગી છે ? ગૌતમ ! મનોયોગી કે વચનયોગી નથી. કાયયોગી છે.*

*ભગવન્ ! તે જીવો શું સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત છે ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ છે.*

*ભગવન્ ! તે જીવો શું આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યો૦ એ રીતે જેમ પન્નવણાના પહેલા આહારોદ્દેશકમાં કહ્યું છે, તેમ યાવત્ સર્વ આત્મપ્રદેશથી આહાર કરે છે - ત્યાં સુધી કહેવું.*

*ભગવન્ ! તે જીવો જે આહાર કરે છે, તેનો ચય થાય છે અને જે આહાર નથી કરતા, તેનો ચય નથી થતો ? ચીર્ણ આહાર બહાર નીકળે છે અથવા શરીરાદિરૂપે પરિણમે છે ? હા, ગૌતમ ! યાવત્ તેમજ છે.*

*ભગવન્ ! તે જીવોને એ પ્રમાણે સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે કે — અમે આહાર કરીએ છીએ ? ના, તે અર્થ સમર્થ નથી. તો પણ તેઓ આહાર તો કરે જ છે. - - - ભગવન્ ! તે જીવોને એ પ્રમાણે સંજ્ઞા યાવત્ વચન હોય છે કે — અમે ઈષ્ટ-અનિષ્ટ સ્પર્શને વેદે કે પ્રતિસંવેદે છે ? ના, તે અર્થ સમર્થ નથી, તો પણ તેઓ વેદન-પ્રતિસંવેદન કરે છે.*

*ભગવન્ ! તે જીવો શું પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન યાવત્*

*મિથ્યાદર્શનશલ્ય રહેલા છે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્યમાં રહેલા હોય છે. તે જીવો બીજા જીવોની હિંસાદિ કરે છે, તેઓને પણ આજીવ અમારી હિંસાદિ કરનાર છે, તેવું ભેદ જ્ઞાન હોતું નથી.*

*ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે ? એ પ્રમાણે જેમ વ્યુત્ક્રાંતિ પદમાં પૃથ્વીકાયિકનો ઉત્પાદ કહ્યો, તેમ અહીં કહેવો.*

*ભગવન્ ! તે જીવોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યા અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટી બાવીશ હજાર વર્ષ.*

*ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્ઘાતો છે ? ગૌતમ ! ત્રણ, તે આ છે — વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત. - - ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈ મરે કે અસમવહત થઈને મરે ? ગૌતમ ! સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ મરે.*

*ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? વ્યુત્ક્રાંતિ પદ મુજબ ઉદ્વર્તના કહેવી.*

*ભગવન્ ! શું યાવત્ ચાર-પાંચ અપ્કાયિક ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે છે ? બાંધીને પછી આહાર કરે છે ? જે પૃથ્વીકાયિકના આલાવા છે, તે જ અહીં કહેવા યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ એ કે — સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ કહેવી. બાકી બધું પૂર્વવત્.*

*ભગવન્ ! શું યાવત્ ચાર-પાંચ તેઉકાયિક૦ ? પૂર્વવત્. વિશેષ એ કે — ઉત્પાદ, સ્થિતિ, ઉદ્વર્તના પન્નવણા મુજબ, બાકી પૂર્વવત્ કહેવું.*

*વાયુકાયિકને એ પ્રમાણે જ જાણવા. સમુદ્ઘાત ચાર કહેવા.*

*ભગવન્ ! કદાચ યાવત્ ચાર-પાંચ વનસ્પતિકાયિક૦ પૃચ્છા, ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અનંતા વનસ્પતિકાયિક એકઠા થઈ સાધારણ શરીર બાંધે છે. બાંધીને ત્યારપછી આહાર કરે છે, પરિણમાવે છે. બાકી બધું તેઉકાયિકવત્ કહેવું યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ આ કે — આહાર નિયમા છ દિશાથી, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત. બાકી પૂર્વવત્.*

● વિવેચન-૭૬૧ :-

આ દ્વાર ગાથા ક્યાંક દેખાય છે — સ્યાત્, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, કિમાહાર, પ્રાણાતિપાત, ઉત્પાદ, સ્થિતિ, સમુદ્ઘાત, ઉદ્વર્તના, આનો અર્થ વનસ્પતિદંડકાંત ઉદ્દેશકાર્થથી જાણવો.

તેમાં 'સ્યાત્' દ્વારમાં - સ્યાત્ એટલે થાય અથવા પ્રાયઃ પૃથ્વીકાયિક પ્રત્યેકશરીર બાંધે એ સિદ્ધ થયું. પણ સિય - સ્યાત્ એટલે કદાચિત્ 'યાવત્ ચાર-પાંચ પૃથ્વીકાય, અહીં યાવત્ શબ્દથી બે કે ત્રણ અને ઉપલક્ષણત્વથી વધારે પૃથ્વીકાયિક જીવો. एगओ - એકભૂત, સંયુજ્ય. સામાન્ય શરીર બાંધે. તેના યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરીને. आहारेंति - વિશેષ આહાર અપેક્ષાથી સામાન્ય આહારના અવિશિષ્ટ શરીર બંધન



સમયે. અથવા આહાર કરીને પરિણમાવેલા પુદ્ગલ વડે શરીરના પૂર્વબંધની અપેક્ષાએ વિશેષથી બંધ કરે, એમ અર્થ કહેવો. - - આ અર્થ સમર્થ નથી કેમકે પૃથ્વીકાયિકો પ્રત્યેકાહારી, પ્રત્યેક પરિણામી છે, તેથી પ્રત્યેક શરીર બાંધે છે, તે તેને યોગ્ય પુદ્ગલ ગ્રહણથી તેનો આહાર કરે છે.

'કિમાહાર' દ્વારમાં - પ્રજ્ઞાપનાના ૨૮માં પદના પહેલા 'આહાર' નામક ઉદ્દેશામાં સૂત્ર છે, તે આમ કહેવું — ક્ષેત્રથી અસંખ્યપ્રદેશાવગાઢ, કાળથી કોઈપણ કાળસ્થિતિ, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા ઈત્યાદિ. तं चिज्जइ - તે પુદ્ગલો શરીર, ઈન્દ્રિયપણે પરિણમે છે. ચીર્ણ-આહારિત તે પુદ્ગલો મળવત્ વિનાશ પામે, સારરૂપે શરીર, ઈન્દ્રિયપણે પરિણમે. पलिसप्पइ - પરિપ્રવર્તે છે. पन्ना - પ્રજ્ઞા, સૂક્ષ્માર્થ વિષયામતિ, मणोइ - મનોદ્રવ્ય સ્વભાવ. वई - વાક્દ્રવ્ય શ્રુતરૂપ.

'પ્રાણાતિપાત' દ્વારમાં - પ્રાણાતિપાત વૃત્તિ. - x - આવા વચનાદિ અભાવે પણ પૃથ્વીકાયિકાદિને મૃષાવાદાદિ વડે કહે છે, તે મૃષાવાદાદિ અવિરતિ આશ્રીને કહેવાય છે, હવે હણાયેલ જીવોનો શો વૃત્તાંત છે, તે કહે છે — જેમાં જીવોનો અતિપાતાદિ વિષયભૂત પ્રસ્તાવથી પૃથ્વીકાયિકના સંબંધિ અતિપાતાદિ વડે અતિપાતાદિકારી જીવ કહેવાય. તે જીવોના અતિપાતાદિ વિષયભૂત, માત્ર ઘાતક નહીં

'ઉત્પાદ' દ્વારમાં, વ્યુત્ક્રાંતિપદ મુજબ, આ પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ છે, આના વડે સૂચવે છે — શું નૈરયિક, તિર્યંચ, મનુષ્ય કે દેવથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિકથી આવીને ન ઉપજે, તિર્યંચ, મનુષ્ય, દેવથી આવીને ઉપજે છે. - - - સમુદ્ઘાતદ્વારમાં - સમુદ્ઘાતમાં વર્તતા કરેલ દંડ અથવા દંડથી વિરમીને સમુદ્ઘાત કર્યા વિના.

'ઉદ્વર્તના' દ્વારમાં - વ્યુત્ક્રાંતિપદ મુજબ - શું નૈરયિકમાં કે યાવત્ દેવમાં ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં ન ઉપજે, તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે છે. તેજસ્કાયિક દંડકમાં, અહીં સ્યાત્ આદિ દ્વારો પૃથ્વીકાયિક દંડકવત્ કહેવા. ઉત્પાદાદિમાં આટલું વિશેષ છે. - તેઓનો ઉત્પાદ તિર્યંચ અને મનુષ્યોથી જ છે, સ્થિતિ ઉત્કૃષ્ટે ત્રણ અહોરાત્ર, ત્યાંથી ઉદ્વર્તીને તેઓ તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. જેમ ઉત્પાદ વિશેષ છે, તેમ લેશ્યામાં પણ તેઓ અપ્રશસ્ત તેજોલેશ્યી જ છે. પૃથ્વીકાયિકને પહેલી ચાર લેશ્યા છે. - x - વાયુકાય દંડકમાં - વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિયરૂપ ચાર સમુદ્ઘાત સંભવે છે કેમકે તેમને વૈક્રિય શરીર સંભવે. વનસ્પતિકાયિક દંડકમાં જે 'નિયમા છ દિશામાંથી આહાર' છે, તેમ કહ્યું તે સમજાતું નથી. લોકાંત નિષ્કુટોને આશ્રીને ત્રણ દિશામાંથી આહાર તેમને સંભવે છે, અથવા બાદર નિગોદને આશ્રીને આ જાણવું.

આ જ પૃથ્વી આદિની અવગાહના, અલ્પત્વાદિ નિરૂપણ —

● સૂત્ર-૭૬૨ :-

*ભગવન્ ! આ સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા-અપર્યાપ્તા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને વનસ્પતિકાયિક જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાઓમાંથી કોણ કોનાથી*

*યાવત્ વિશેષાધિક છે ?*

*ગૌતમ ! (૧) સૌથી થોડી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના, (૨) અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૩) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયની જઘન્યા અસંખ્યાતગણી, (૫) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ની જઘન્યા અસંખ્યાતગણી.*

*(૬) અપર્યાપ્તા બાદરવાયુ૦ની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૭) અપર્યાપ્તા બાદર તેઉની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૮) અપર્યાપ્તા બાદર અપ્કાયની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૯) અપર્યાપ્તા બાદર પૃથ્વીની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૧૦,૧૧) પર્યાપ્તા-અપર્યાપ્તા પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિકાયની બાદર નિગોદની જઘન્યા અવગાહના બંને તુલ્ય અને અસંખ્યાતગણી.*

*(૧૨) તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મનિગોદની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૧૩) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક (૧૪) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક. (૧૫) પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી. (૧૬) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક. (૧૭) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી વિશેષાધિક, (૧૮ થી ૨૦) એ પ્રમાણે સૂક્ષ્મ તેઉકાયની જાણવી.*

*(૨૧ થી ૨૩) એ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાય પણ છે. (૨૪ થી ૨૬) એ રીતે સૂક્ષ્મ પૃથ્વીકાયિક, તે વિશેષાધિક છે. (૨૭ થી ૨૯) એ રીતે બાદર વાયુકાયિક૦ તે તે વિશેષાધિક છે (૩૦ થી ૩૨) એ રીતે બાદર તેઉકાયિક૦ વિશેષાધિક છે. (૩૩ થી ૩૫) એ રીતે બાદર અપ્કાયિકની૦ વિશેષાધિક. (૩૬) થી ૩૮) એ રીતે બાદર પૃથ્વીકાયિકની૦ વિશેષાધિક છે. - - બધી ત્રણ ગમ વડે કહેવી.*

*(૩૯) પર્યાપ્તા બાદરનિગોદની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૪૦) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક છે. (૪૧) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક, (૪૨) પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી (૪૩) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના અસંખ્યાતગણી. (૪૪) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના અસંખ્યાતગણી છે.*

● વિવેચન-૭૬૨ :-

અહીં પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-નિગોદના પ્રત્યેક, સૂક્ષ્મ, બાદર ભેદો છે. એ રીતે આ દશ અને અગિયાર પ્રત્યેક વનસ્પતિ, એ પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તા એમ ૨૨-ભેદ થયા. તે પણ જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના એ રીતે ૪૪-ભેદ, જીવ ભેદોમાં સ્તોકાદિ પદથી અવગાહના કહેવી.

સ્થાપના આ રીતે — પૃથ્વીકાયની નીચે સૂક્ષ્મ-બાદર પદ, તેની નીચે પ્રત્યેકને



પર્યાપ્તા-અપર્યાપ્તા પદ, તેની નીચે પ્રત્યેકની જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના. એ રીતે અપ્કાયિકાદિ પણ સ્થાપવા, પ્રત્યેક વનસ્પતિની નીચે પર્યાપ્તા-અપર્યાપ્તા બે પદ, તેની નીચે પ્રત્યેકની જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના લેવી. આ પૃથ્વી આદિની અંગુલની અસંખ્યાત ભાગ માત્ર અવગાહનત્વ છતાં અસંખ્યેય ભેદત્વથી અંગુલનો અસંખ્યાત ભાગ, બીજા-બીજાની અપેક્ષાએ અસંખ્યગુમત્વમાં વિરોધ નથી. પ્રત્યેક શરીર વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના સમધિક ૧૦૦૦ યોજન જાણવી.

પૃથ્વી આદિના જે અવગાહના ભેદો, તેનું સ્તોકાદિ કહ્યું. હવે કાયાને આશ્રીને તેનું જ ઈતર-ઈતર અપેક્ષાએ સૂક્ષ્મત્વ કહે છે —

● સૂત્ર-૭૬૩ :-

*ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સર્વેથી સૂક્ષ્મતર છે ?*

*ગૌતમ ! વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મ, વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મતર છે - - ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! વાયુકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - - ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! તેઉકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - - ભગવન્ ! આ પૃથવીકાયિક, અપ્કાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે - - ભગવન્ ! આ પૃથ્વીકાયિક, અપ્કાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! અપ્કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - -*

*ભગવન્! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! વનસ્પતિકાય સૌથી બાદર અને બાદરતર છે. - - ભગવન્! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિકમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! પૃથ્વીકાય સૌથી બાદર અને સૌથી બાદરતર છે. ભગવન્! આ અપ્કાય-તેઉકાય-વાયુકાયની કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! અપ્કાય સૌથી બાદર, સૌથી બાદરતર છે, ભગવન્! આ તેઉકાય અને વાયુકાયમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! તેઉકાય સૌથી બાદર, સૌથી બાદરતર છે.*

*ભગવન્ ! પૃથ્વી શરીર કેટલું મોટું છે ? ગૌતમ ! અનંત સૂક્ષ્મવનસ્પતિ-કાયિકના જેટલા શરીરો છે, તેટલા સૂક્ષ્મ વાયુકાયના શરીર થાય છે, અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિકના જેટલા શરીરો છે, તેટલું એક સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર થાય છે. અસંખ્યાત સૂક્ષ્મતેઉકાયના જેટલા શરીર છે, તેટલું એક સૂક્ષ્મ અપ્કાયનું શરીર છે. અસંખ્યાત સૂક્ષ્મ અપ્કાયના જેટલા શરીર છે, તેટલું એક સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર છે —*

*— અસંખ્યાત સૂક્ષ્મ પૃથ્વીકાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર*

*વાયુકાયનું શરીર છે. અસંખ્યાત બાદર વાયુકાયિકના જેટલા શરીર છે, તેટલું એક બાદર તેઉકાયનું શરીર છે, અસંખ્યાત બાદર તેઉકાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર અપ્કાયનું શરીર છે, અસંખ્યાત બાદર અપ્કાયના જેટલા શરીર છે. તેટલું એક બાદર અપ્કાયનું શરીર છે, અસંખ્યાત બાદર અપ્કાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર પૃથ્વીકાયનું શરીર છે ગૌતમ ! પૃથ્વીકાયનું શરીર આટલું મોટું કહ્યું છે.*

**● વિવેચન-૭૬૩ :-**

कयरे काए - કેટલા જીવનિકાય, સર્વસુહૂમ-સૌથી સૂક્ષ્મ, આ ચક્ષુથી અગ્રાહ્યતા માત્રથી બીજા પદાર્થની અપેક્ષા વિના છે. જેમ સૂક્ષ્મવાયુ. સૂક્ષ્મ મન, તેથી કહે છે – બધાં મધ્યે અતિશય સૂક્ષ્મતર, તે સૂક્ષ્મતરક.

સૂક્ષ્મ વિપરીત બાદર, તેથી સૂક્ષ્મત્વના નિરૂપણ પછી પૃથ્વી આદિના બાદરત્વનું નિરૂપણ કરે છે. પૂર્વોક્ત અર્થ બીજા પ્રકારે કહે છે –

અનંતા સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના જેટલા શરીરો છે, તે એક સૂક્ષ્મ વાયુનું શરીર છે. અહીં યાવત્ ગ્રહણથી અસંખ્યાત શરીરો લેવા, અનંત વનસ્પતિના એકથી અસંખ્યાત શરીરત્વથી તેના અનંત શરીરનો અભાવથી પૂર્વે સૂક્ષ્મ વનસ્પતિ અવગાહના અપેક્ષાએ સૂક્ષ્મ વાયુ અવગાહનાનું અસંખ્યાત ગુણત્વ કહ્યું. વાયુ જ જેનું શરીર છે તે, સૂક્ષ્મપણાથી, સૂક્ષ્મ વાયુશરીર, તેનું અસંખ્યાતપણું - x - જેટલા શરીર પ્રત્યેક શરીરપણાથી છે, તેમનું અસંખ્યાતપણું. બીજી રીતે અવગાહના –

**● સૂત્ર-૭૬૪ :-**

*ભગવન્! પૃથ્વીકાયિકની શરીરાવગાહના કેટલી મોટી છે? ગૌતમ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાની ચંદન ઘસનારી દાસી તરુણ, બળવાન્, યુગવાન્, યુવાન, રોગરહિત યાવત્ નિપુણ-શિલ્પકર્મવાળી હોય, વિશેષ - અહીં ચર્મેષ્ઠ, દ્રુઘણ, મુષ્ટિક આદિ વ્યાયામ સાધનોથી સુદૃઢ બનેલ શરીરવાળી, ઈત્યાદિ વિશેષણ ન કહેવા. બાકી પૂર્વવત્ યાવત્ નિપુણ શીલ્પકર્મવાળી, વજ્રમય તિક્ષ્ણ શિલાપર, વજ્રમય તીક્ષ્ણ લોહથી લાખના ગોળાની સમાન, પૃથ્વીકાયનો મોટો પિંડ લઈને વારંવાર એકઠો કરતી અને સંક્ષેપતી - હું હમણાં પીસી નાંખીશ, એમ વિચારતી ૨૧-વાર પીસે. તો હે ગૌતમ! કેટલાંક પૃથ્વીકાયિક સ્પર્શ પામે અને કેટલાંક પૃથ્વીકાય સ્પર્શ ન પામે. કેટલાંક સંઘટ્ટન પામે અને કેટલાંક સંઘટ્ટન ન પામે, કેટલાંક પીડા પામે અને કેટલાંક પીડા ન પામે, કેટલાંક ઉદ્ધર્તે અને કેટલાંક ન ઉદ્ધર્તે. કેટલાંક પીસાય અને કેટલાંક ન પીસાય. હે ગૌતમ! પૃથ્વીકાયિકની આટલી મોટી શરીરાવગાહના છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક આક્રાંત થતા કેવી વેદના અનુભવતા વિચરે છે ? ગૌતમ ! જેમ કોઈ તરુણ, બળવાન્ યાવત્ નિપુણશિલ્પકર્મી એક પુરુષ હોય, તે કોઈ જીર્ણ, જરાજર્જરિત દેહવાળા યાવત્ દુર્બળ પુરુષના મસ્તકે મુષ્ટી વડે*



*પ્રહાર કરે, તો તે પુરુષના મુષ્ટી પ્રહારથી તે વૃદ્ધ કેવી પીડા અનુભવે છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! તે અનિષ્ટ પીડા અનુભવે. તેમ હે ગૌતમ ! તે પુરુષની વેદના કરતા, પૃથ્વીકાયિક જીવ આક્રાંત થાય ત્યારે આથી પણ અધિકતર અનિષ્ઠ, અકાંત યાવત્ અમણામ વેદનાને અનુભવતા વિચરે છે.*

*ભગવન્ ! અપ્કાય, સંઘટ્ટન પામતા કેવી વેદના અનુભવે ? ગૌતમ ! જેમ પૃથ્વીકાયિકમાં કહ્યું તેમ જાણવું. એ રીતે તેઉકાય અને વાયુકાયમાં પણ જાણવું, એ રીતે વનસ્પતિકાયિક પણ જાણવું યાવત્ વિચરે છે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૬૪ :-**

વર્ણકપેસિકા - ચંદનપીસનારી, તરુણી-વિકસતી વયવાળી, બલવં-સામર્થ્યવાળી, જુગવં-સુષમદુષમાદિ વિશિષ્ટકાળવાળી. જુવાણિ-વયને પ્રાપ્ત. અપ્પાયંક-નીરોગી, (વર્ણન) - સ્થિર હસ્તાગ્ર, દૃઢ હાથ-પગ-પીઠ-ઉરુ આદિવાળી. અહીં ચર્મેષ્ટ, દુઘણ આદિ ન કહેવું. - x - x - x - તિક્ખ-કઠોર, वइरामईए - વજ્રમયી, તે જ છેદરહિત, કઠિન હોય છે સણ્હકરણીય - જેમાં ચૂર્ણરૂપ દ્રવ્યો કરાય છે તે પેષણશિલા. વર્તકવરેણ - લોષ્ટકપ્રધાન, પુઢવિકાઈય - પૃથ્વીકાયિકનો સમુદય. જતુ ગોલા સમાન - ડિંભરૂપ રમવાના લાખના ગોળા પ્રમાણ અર્થાત્ બહુ મોટા નહીં.

પડિસાહરિએ૦ પ્રતિસંહરણ શિલાના અને શિલાપુત્રકને સંહરીને પિંડરૂપ કરણ - x - કેટલાંક શિલામાં કે શિલાપુત્રકમાં ચોંટે છે, સંઘર્ષિત થાય, પીડાય, મરે છે. કઈ રીતે ? પીસાઈને. આટલા મોટા અર્થાત્ અતિસૂક્ષ્મ છે. વિશિષ્ટ પેષણ સામગ્રીમાં (પણ) કેટલાંક પીસાઈને સ્પર્શ પણ પામતા નથી. - x - સંઘટ્ટ એ આક્રમણનો ભેદ છે તેથી આક્રાંત પૃથ્વી આદિને જેવી વેદના થાય છે તે કહી – મુષ્ટી વડે આક્રમણ કરાતાં, - x - ઉક્ત લક્ષણા વેદના હોવાથી આમ કહ્યું.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૪-"મહાશ્રવ" ❁

— x — x — x — x — x — x —

૦ પૃથ્વીકાયાદિ મહાવેદના ત્રીજા ઉદ્દેશામાં કહી, ચોથા ઉદ્દેશામાં નારકાદિ મહાવેદનાદિ ધર્મ વડે નિરૂપે છે, એ સંબંધે આવેલ સૂત્ર –

**● સૂત્ર-૭૬૫ :-**

*ભગવન્ ! (૧) શું નૈરયિક જીવ મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (૨) ભગવન્ ! નૈરયિકો, મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? હા, છે. (૩) ભગવન્ ! નૈરયિકો મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. (૪) નૈરયિકો મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. (૫) ભગવન્ ! નૈરયિકો મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.*

*(૬) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા*

*છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૭) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૮) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૯) ભગવન્ ! નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૦) ભગવન્ ! નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તેમ નથી.*

*(૧૧) નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૨) નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૩) નૈરયિક, અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. (૧૫) નૈરયિક અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. (૧૬) નૈરયિક અલ્પાશ્રવ, અલ્પ ક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. આ ૧૬ ભંગ.*

*ભગવન્ ! અસુરકુમાર મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી, એ પ્રમાણે ચોથો ભંગ કહેવો, બાકીના ૧૫-ભંગનો નિષેધ કરવો. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? હા, કદાચ હોય, એ પ્રમાણે યાવત્ ભગવન્ ! પૃથ્વીકાયિક શું અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? હા, કદાચ હોય. એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક. વૈમાનિકને અસુરકુમાર માફક કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૬૫ :-**

સિય - હોય છે, નૈરયિકો, મહાશ્રવી-પ્રચૂરકર્મબંધ નથી. મહાક્રિયા-કાયિકી આદિ ક્રિયાના મહાપણાથી. મહાવેદના-વેદનાથી તીવ્રતાથી. મહાનિર્જરા-ઘણાં કર્મોના ક્ષયથી. આ ચાર પદોના ૧૬ ભેદ થાય છે. આ ભેદોમાં નારકોને બીજા ભંગમાં જાણવા, કેમકે તેઓને આશ્રવાદિ ત્રણનું મોટાપણું છે અને કર્મનિર્જરાનું અલ્પપણું છે. બાકીનાનો નિષેધ કર્યો છે.

અસુરાદિ દેવોમાં ચોથો ભંગ કહ્યો છે, તેઓ મહાશ્રવ અને મહાક્રિયાવાળા છે, કેમકે વિશિષ્ટ અવિરતિથી યુક્ત છે. પ્રાયઃ અસાતાના ઉદયના અભાવે અલ્પ વેદનાવાળા છે, પ્રાયઃ અશુભ પરિણામથી અલ્પનિર્જરાવાળા છે.

પૃથ્વી આદિમાં ચારે પણ પદો, તેની પરિણતિની વિચિત્રતાથી સવ્યભિચાર સોળે પણ ભંગ થાય છે.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૫-‘‘ચરમ’’ ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૪-માં નારકાદિ કહ્યા. અહીં પણ બીજા ભંગથી તે કહે છે —



**● સૂત્ર-૭૬૬ :-**

*ભગવન્ ! શું નૈરયિક ચરમ પણ છે અને પરમ પણ છે ? હા, છે. - - ભગવન્ ! શું ચરમ નૈરયિકો કરતા પરમ નૈરયિક મહાકર્મવાળા (મહાક્રિયાવાળા) મહાશ્રવવાળા અને મહાવેદનાવાળા છે. પરમ નૈરયિક કરતા ચરમ નૈરયિક અલ્પકર્મવાળા યાવત્ અલ્પવેદનાવાળા છે ? હા, ગૌતમ ! ચરમ કરતા પરમ નૈરયિક યાવત્ મહાવેદનાવાળા છે. ઈત્યાદિ - x -*

*ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ અલ્પ વેદનાવાળા છે ? હે ગૌતમ ! સ્થિતિને આશ્રીને, આ કારણે હે ગૌતમ ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! અસુરકુમારો ચરમ પણ છે અને પરમ પણ છે ? પૂર્વવત્. વિશેષ એ કે — વિપરીત કહેવું, પરમ અલ્પકર્મી છે, ચરમ મહાકર્મી છે. બાકી પૂર્વવત્. સ્તનિતકુમાર સુધી આમ જ જાણવું.*

*પૃથ્વીકાયિકથી મનુષ્ય સુધી, નૈરયિકવત્ જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.*

**● વિવેચન-૭૬૬ :-**

ચરમ - અલ્પ સ્થિતિવાળા, પરમ - મહાસ્થિતિવાળા. ઠિઇંપડુચ્ચ - જે નારકોની વધુ સ્થિતિ છે, તે અલ્પસ્થિતિવાળા કરતાં, અશુભકર્મોપેક્ષાએ મહાકર્મવાળા આદિ છે. જેમની અલ્પસ્થિતિ છે તે બીજા કરતાં અલ્પકર્મવાળા આદિ હોય છે. - - અસુર સૂત્રમાં પૂર્વોક્ત અપેક્ષાએ વિપરીત કહેવું. તે આ રીતે - ભગવન્! શું ચરમ અસુરકુમાર કરતા પરમ અસુરકુમારો અલ્પકર્મવાળા આદિ છે, ઈત્યાદિ. તેમનું અલ્પકર્મત્વ અસાતાદિ અશુભકર્મ અપેક્ષાએ છે. અલ્પક્રિયત્વ તથાવિધ કાયિકી આદિ કષ્ટક્રિયા અપેક્ષાએ છે. અલ્પ આશ્રવત્વ તથાવિધ કષ્ટ ક્રિયાજન્ય કર્મબંધ અપેક્ષાએ છે. અલ્પ વેદનત્વ પીડા અભાવ અપેક્ષાએ જાણવું. - - અલ્પસ્થિતિક ઔદારિક શરીરી કરતાં મહાસ્થિતિકો મહાકર્મોદયવાળા હોય છે. - x - હવે વેદના સ્વરૂપ કહે છે —

**● સૂત્ર-૭૬૭ :-**

*ભગવન્ ! વેદના કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે પ્રકારે-નિદા અને અનિદા. - - ભગવન્ ! નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના ? પન્નવણા મુજબ કહેવું યાવત્ વૈમાનિક. ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૭૬૭ :-**

નિદા - નિયતદાન, જીવની શુદ્ધિ અથવા જ્ઞાનનો આભોગ. તેનાથી યુક્ત વેદના પણ નિદા-આભોગવાળી છે. અનિદા - અનાભોગવાળી, - x - પન્નવણા મુજબ - તે આ - ગૌતમ ! નિદા વેદના પણ વેદે, અનિદા પણ વેદે.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૬-‘‘દ્વીપ’’ ❁

-- x -- x -- x -- x -- x -- x --

વેદના કહી, તે દ્વીપાદિમાં થાય, તેથી અહીં દ્વીપાદિ કહીએ છીએ—

● **સૂત્ર-૭૬૮ :-**

*ભગવન્ ! દ્વીપ-સમુદ્રો ક્યાં છે ? ભગવન્ ! દ્વીપ સમુદ્રો કેટલા છે ? કયા આકારે છે ? - જેમ જીવાભિગમમાં દ્વીપ-સમુદ્ર ઉદ્દેશો છે, તે જ અહીં જ્યોતિષ્કમંડલ ઉદ્દેશો છે, તે જ અહીં જ્યોતિષ્કમંડલ ઉદ્દેશો વર્જીને કહેવો. યાવત્ પરિણામ, જીવનો ઉત્પાદ યાવત્ અનંતવાર સુધી કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૬૮ :-**

જેમ જીવાભિગમમાં - તે આ પ્રમાણે - ભગવન્ ! દ્વીપ સમુદ્રોના આકાર-ભાવ પ્રત્યાવતાર શું છે ? ગૌતમ ! જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણસમુદ્ર ઈત્યાદિ, તે સંપૂર્ણ કહેવો ? ના, જ્યોતિષ્ક પરિમાણ મંડિત જે ઉદ્દેશક, તે વર્જીને કહેવું. જ્યોતિષ્ક મંડિત ઉદ્દેશક આ પ્રમાણે છે –

ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે કે પ્રભાસશે ? ઈત્યાદિ. આ ઉદ્દેશો ક્યાં સુધી કહેવો ? પરિણામ સુધી. તે આ છે – ભગવન્ ! દ્વીપસમુદ્રો શું પૃથ્વી પરિણામા છે ? ઈત્યાદિ. તથા ‘‘જીવ ઉપપાત’’ દ્વીપ સમુદ્રોમાં જીવ ઉપપાત કહેવો. તે આ છે – ભગવન્ ! દ્વીપ સમુદ્રોમાં સર્વે પ્રાણ આદિ ચારે પૂર્વે પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૭-‘‘ભવન’’ ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૬-માં દ્વીપ સમુદ્રો કહ્યા. તેમાં દેવાવાસ (પણ હોય). તેથી દેવાવાસ અધિકારથી અસુરકુમારાદિના આવાસ અહીં કહીએ છીએ.

● **સૂત્ર-૭૬૯ :-**

*ભગવન્ ! અસુરકુમારોના કેટલા લાખ ભવનાવાસ છે ? ગૌતમ ! અસુરકુમારોના ૬૫ લાખ ભવનો છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! બધાં રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણાં જીવો અને પુદ્ગલો ઉત્પન્ન થાય છે, વિનષ્ટ થાય છે, ચ્યવે છે, ઉત્પન્ન થાય છે. તે ભવનો દ્રવ્યથી શાશ્વત છે. વર્ણ પર્યાયો યાવત્ સ્પર્શ પર્યાયો વડે અશાશ્વત છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*ભગવન્ ! વ્યંતરોના ભૂમિગત નગરાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! વ્યંતરોના ભૂમિગત નગરો અસંખ્યાત લાખ છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! જ્યોતિષ્કોના વિમાનાવાસ કેટલા લાખ છે ? પ્રશ્ન ગૌતમ ! તે અસંખ્યાત લાખ છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! સર્વે સ્ફટીકમય છે. બાકી બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? ગૌતમ ! બત્રીશ લાખ. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! સર્વે રત્નમય, સ્વચ્છ છે.*



*બાકી પૂર્વવત્. આ પ્રમામે અનુત્તર વિમાન સુધી કહેવું. વિશેષ એ કે - જેના જેટલા વિમાન કે ભવન હોય તે કહેવા. ભંતે ! તેમજ છે.*

● **વિવેચન-૭૬૯ :-**

ભોમેજ્જનગર - ભૂમિમાં અંદર રહેલા, તે નગરો. - x -

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૮-‘‘નિવૃત્તિ’’ ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ અસુરાદિના ભવનો ઉદ્દેશા-૭-માં કહ્યા. અસુરાદિ નિર્વૃત્તિવાળા છે. તેથી અહીં નિર્વૃત્તિ કહે છે –

● **સૂત્ર-૭૭૦ થી ૭૭૩ :-**

*જીવ નિવૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ યાવત્ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ અને બાદર પૃથ્વીકાય૦ આ પ્રમાણે આ આલાવા મુજબ ભેદો, જેમ બૃહદ્ બંધાધિકારમાં કહેલ તૈજસશરીરના ભેદો સમાન યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ, ભગવન્ ! કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પર્યાપ્તક૦ અને અપર્યાપ્તક સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! કર્મનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! આઠ ભેદે. તે આ - જ્ઞાનાવરણીય કર્મ નિર્વૃત્તિ યાવત્ અંતરાય કર્મ નિર્વૃત્તિ.*

*આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! શરીર નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ – ઔદારિક શરીર નિર્વૃત્તિ યાવત્ કાર્મણ શરીર નિર્વૃત્તિ.*

*ભગવન્ ! નૈરયિકોની ? એ જ પ્રમાણે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક જાણવું. વિશેષ એ કે - જેને જેટલા શરીર હોય તે કહેવા.*

*ભગવન્ ! સર્વેન્દ્રિય નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - શ્રોત્રેન્દ્રિય નિર્વૃત્તિ યાવત્ સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિ. એ પ્રમાણે નૈરયિક સુધી કહેવું. યાવત્ સ્તનિતકુમાર કહેવા.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિ. એ પ્રમાણે જેને જેટલી ઈન્દ્રિયો છે તે વૈમાનિક પર્યન્ત કહેવી.*

*ભગવન્ ! ભાષા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ - સત્યાભાષાનિર્વૃત્તિ, મૃષાભાષાનિર્વૃત્તિ, સત્યામૃષા ભાષા નિર્વૃત્તિ, અસત્યા-અમૃષા ભાષા નિર્વૃત્તિ. - - આ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને જેને જે ભાષા હોય તે વૈમાનિક પર્યન્ત કહેવી.*

*ભગવન્ ! મનનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ — સત્યમનનિર્વૃત્તિ યાવત્ અસત્યા-અમૃષા મનોનિર્વૃત્તિ. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્! કષાય નિર્વૃત્તિ કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભદે. તે આ — ક્રોધકષાય નિર્વૃત્તિ યાવત્ લોભકષાય નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! વર્ણ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - કાળો વર્ણ નિર્વૃત્તિ યાવત્ સફેદવર્ણ નિર્વૃત્તિ. એ પ્રમાણે બધું જ વૈમાનિક પર્યન્ત કહેવું. એ પ્રમાણે ગંધ નિર્વૃત્તિ બે ભેદે છે. તે વૈમાનિક સુધી જાણવું. રસનિર્વૃત્તિ પાંચ ભેદે છે. યાવત્ વૈમાનિક સ્પર્શ નિર્વૃત્તિ આઠ ભેદે છે યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! સંસ્થાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે. તે આ — સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ યાવત્ હુંડક સંસ્થાન નિર્વૃત્તિ. - - નૈરયિક વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક હુંડક સંસ્થાન નિર્વૃત્તિ. - - અસુરકુમારનો પ્રશ્ન ? ગૌતમ ! એક સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. - - પૃથ્વીકાયિક વિશે પૃચ્છા. ગૌતમ ! એક મસૂરચંદ્ર સંસ્થાન નિર્વૃત્તિ. એ રીતે જેને જે સંસ્થાન હોય તેને તે વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! સંજ્ઞા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ - આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞા નિર્વૃત્તિ, એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! લેશ્યા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે. તે આ - કૃષ્ણલેશ્યા નિર્વૃત્તિ યાવત્ શુક્લ લેશ્યાનિર્વૃત્તિ. એ રીતે વૈમાનિક પર્યન્ત કહેવું. જેને જેટલી લેશ્યાઓ હોય, તેને તેટલી કહેવી.*

*ભગવન્ ! દૃષ્ટિ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ - સમ્યગ્દૃષ્ટિ નિર્વૃત્તિ, મિથ્યાદૃષ્ટિનિર્વૃત્તિ, સમ્યગ્મિથ્યા દૃષ્ટિ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી જેને જે દૃષ્ટિ હોય તે કહેવી.*

*ભગવન્ ! જ્ઞાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - આભિનિબોધિક જ્ઞાન નિર્વૃત્તિ યાવત્ કેવલજ્ઞાન નિર્વૃત્તિ. એ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક સુધી જેને જેટલા જ્ઞાન હોય તે.*

*ભગવન્ ! અજ્ઞાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ - મતિ અજ્ઞાન નિર્વૃત્તિ, શ્રુતઅજ્ઞાન નિર્વૃત્તિ, વિભંગજ્ઞાન-નિર્વૃત્તિ. એ રીતે જેને જેટલા અજ્ઞાન હોય તે, વૈમાનિક સુધી કહેવા.*

*ભગવન્ ! યોગનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. તે આ - મનોયોગ નિર્વૃત્તિ, વચનયોગ નિર્વૃત્તિ, કાયયોગ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી જેને જે પ્રકારે યોગ હોય તે કહેવો.*

*ભગવન્ ! ઉપયોગ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે તે આ - સાકારોપયોગ નિર્વૃત્તિ. અનાકારપયોગ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - વાચનાંતરમાં અહીં સંગ્રહગાથા છે —*



*[૭૭૧] જીવોની નિર્વૃત્તિ, કર્મપ્રકૃત્તિ, શરીરનિર્વૃત્તિ, સર્વેન્દ્રિયનિર્વૃત્તિ, ભાષાનિર્વૃત્તિ, મનોનિર્વૃત્તિ, કષાયનિર્વૃત્તિ. (તથા-)*

*[૭૭૨] વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, ઉપયોગ અને યોગ (આ બધાંની નિર્વૃત્તિ).*

*[૭૭૩] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૭૦ થી ૭૭૩ :-**

નિર્વર્તન એટલે નિર્વૃત્તિ, નિષ્પત્તિ. જીવની એકેન્દ્રિયાદિપણે નિર્વૃત્તિ, તે જીવનિર્વૃત્તિ. જેમ મહલ્લબંધાધિકારે શતક આઠમાં, ઉદ્દેશા-૯-માં કહેલ છે - તેજો શરીરનો બંધ, એ પ્રમાણે અહીં નિર્વૃત્તિ કહેવી. - x -

પૂર્વ જીવ અપેક્ષાએ નિર્વૃત્તિ કહી, હવે તેના કાર્ય અને તેના ધર્મની અપેક્ષાએ તેને કહે છે — कइविहे० ઈત્યાદિ. કષાય વેદનીય પુદ્‌ગલનું નિર્વર્તન તે કષાય નિર્વૃત્તિ. - - जस्स जं संठाण० - તેમાં અપ્‌કાયનું સ્તિબુક સંસ્થાન, તેઉકાયનું સૂચીકલાપ સંસ્થાન, વાયુકાયનું પતાકા સંસ્થાન. વનસ્પતિકાયનું વિવિધ આકારે સંસ્થાન, વિકલેન્દ્રિયોનું હુંડક સંસ્થાન, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને છ એ સંસ્થાન હોય છે અને વ્યંતરાદિને સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

## ❀ શતક-૧૯, ઉદ્દેશો-૯-"કરણ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં નિર્વૃત્તિ કહી, તે 'કરણ' હોય તો થાય. તેથી આ ઉદ્દેશામાં 'કરણ'ને કહે છે. આ સંબંધે આવેલ આદિ સૂત્ર —

● **સૂત્ર-૭૭૪ થી ૭૭૬ :-**

*[૭૭૪] ભગવન્ ! કરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે કરણ છે. તે આ રીતે — દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાળકરણ, ભવકરણ, ભાવકરણ.*

*ભગવન્ ! નૈરયિકોને કેટલા ભેદે કરણ છે ? ગૌતમ ! પાંચ ભેદે કરણ છે. તે આ - દ્રવ્યકરણ યાવત્ ભાવકરણ. એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! શરીરકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - ઔદારિક શરીરકરણ યાવત્ કાર્મણશરીરકરણ. એ પ્રમાણે વૈમાનિક સુધી, જેને જેટલા શરીર હોય તેટલા કરણ કહેવા.*

*ભગવન્ ! ઈન્દ્રિયકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે તે આ - શ્રોત્રેન્દ્રિયકરણ યાવત્ સ્પર્શનેન્દ્રિય કરણ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. જેને જેટલી ઈન્દ્રિયો હોય તેમ કહેવું.*

*એ પ્રમાણે આ ક્રમથી ભાષાકરણ ચાર ભેદે. મનઃકરણે ચાર ભેદે, કષાયકરણ ચાર ભેદે, સમુદ્‌ઘાતકરણ સાત ભેદે, સંજ્ઞાકરણ ચાર ભેદે, લેશ્યા કરણ છ ભેદે, દૃષ્ટિકરણ ત્રણ ભેદે, વેદકરણ ત્રણ ભેદે - સ્ત્રીવેદકરણ, પુરુષ વેદ કરણ, નપુંસક વેદકરણ. આ સર્વે નૈરયિકાદિ દંડકો વૈમાનિક પર્યન્ત કહેવા. જેને જે હોય, તેને તે બધાં કહેવા.*

*ભગવન્ ! પ્રાણાતિપાત કરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - એકેન્દ્રિય પ્રાણાતિપાત કરણ યાવત્ પંચેન્દ્રિય પ્રાણાતિપાત કરણ. એ પ્રમાણે સંપૂર્ણ, વૈમાનિક સુધીમાં કહેવું.*

*ભગવન્ ! પુદ્ગલકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - વર્ણકરણ, ગંધકરણ, રસકરણ, સ્પર્શકરણ, સંસ્થાનકરણ.*

*ભગવન્ ! વર્ણકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - કાળો વર્ણકરણ યાવત્ સફેદવર્ણ કરણ. - એ પ્રમાણે ભેદો - ગંધકરણ બે ભેદે, રસકરણ પાંચ ભેદે, સ્પર્શકરણ આઠ ભેદે કહેલ છે.*

*ભગવન્ ! સંસ્થાનકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાનકરણ.*

*ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

*[૭૭૫,૭૭૬] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, શરીરકરણ, ઈન્દ્રિયકરણ, ભાષા, મન, કષાય અને સમુદ્ઘાત.... સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, વેદ, પ્રાણાતિપાત, પુદ્ગલ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન આટલા વિષયો અહીં છે.*

● **વિવેચન-૭૭૪ થી ૭૭૬ :-**

જેના વડે કરાય તે કરણ અથવા ક્રિયામાં સાધકતમ કૃતિ તે કરણ-ક્રિયામાત્ર. (શંકા) આ વ્યાખ્યાનમાં કરણ અને નિર્વૃત્તિમાં ભેદ નથી. નિર્વૃત્તિ પણ ક્રિયારૂપપણે છે. (સમાધાન) એમ નથી. કરણ વડે આરંભેલ ક્રિયા, નિર્વૃત્તિ તે કાર્યની નિષ્પત્તિ છે. - - दव्वकरण - દ્રવ્યરૂપ કરણ અથવા દ્રવ્યનાદાત્રાદિ. - કટ આદિના દ્રવ્યથી, શલાકાદિ દ્રવ્યમાં, પાત્રાદિ કરણ તે દ્રવ્ય કરણ. - - ક્ષેત્રકરણ - ક્ષેત્ર જ કે ક્ષેત્રનું કરણ - શાલિક્ષેત્રાદિનું કરણ, સ્વાધ્યાયાદિનું ક્ષેત્રકરણ. - - કાળકરણ - કાળ જ કે કાળનું કરણ - અવસર આદિનું કરણ, કાળ વડે કે કાળમાં કરણ - - ભવકરણ-નારકાદિ ભવ એ જ કરણ. એ પ્રમાણે ભાવકરણ પણ જાણવું

## ❀ શતક-૧૯, ઉદ્દેશો-૧૦-"વ્યંતર" ❀

— x — x — x — x — x — x —

૦ કરણ કહ્યું, અહીં વ્યંતરોનું આહાર કરણ બતાવે છે —

● **સૂત્ર-૭૭૭,૭૭૮ :-**

*[૭૭૭] ભગવન્ ! વ્યંતરો બધાં સમાન આહારવાળા છે ? એ પ્રમાણે જેમ શતક-૧૬માં દ્વીપકુમાર ઉદ્દેશો યાવત્ અલ્પઋદ્ધિક કહેવો.*

*[૭૭૮] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે૦*

● **વિવેચન-૭૭૭,૭૭૮ :-**

સુગમ છે. માત્ર ઉદ્દેશકનું અંતિમસૂત્ર બતાવેલ છે. તે નોંધેલ નથી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

12/14



# 卐 શતક-૨૦ 卐

— x — x —

૦ શતક-૧૯ની વ્યાખ્યા કરી, હવે ૨૦માંની આરંભીએ છીએ —

● **સૂત્ર-૭૭૯ :-**

*બેઈન્દ્રિય, આકાશ, પ્રાણવધ, ઉપચય, પરમાણુ, અંતર, બંધ, ભૂમિ, ચારણ, સોપક્રમજીવ. [શતક-૨૦માં આ ૧૦-ઉદ્દેશા છે.]*

● **વિવેચન-૭૭૯ :-**

(૧) બેઈન્દ્રિય-દ્વીન્દ્રિયાદિ વક્તવ્યતા પ્રતિબદ્ધ, (૨) આકાશ-આકાશાદિ અર્થે, (૩) પ્રાણવધ - પ્રાણાતિપાતાદિ અર્થ વિષયક, (૪) ઉપચય-શ્રોત્રેન્દ્રિયાદિ ઉપચયાર્થે, (૫) પરમાણુ-પરમાણુ વક્તવ્યતા, (૬) અંતર-રત્નપ્રભા, શર્કરાપ્રભાદિ અંતરાલ વક્તવ્યતા, (૭) બંધ-જીવ પ્રયોગાદિ બંધાર્થે. (૮) ભૂમિ-કર્મ, અકર્મ ભૂમ્યાદિ પ્રતિપાદનાર્થે, (૯) ચારણ-વિદ્યાચારણાદિ અર્થે, (૧૦) સોપક્રમજીવ-સોપક્રમાયુષ્, નિરૂપક્રમાયુષ્ જીવ.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૧-"બેઈન્દ્રિય" ❀

— x — x — x — x — x — x —

૦ તેમાં પહેલા ઉદ્દેશાની વ્યાખ્યા કરીએ છીએ, તેનું આ પહેલું સૂત્ર —

● **સૂત્ર-૭૮૦ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! કદાચ યાવત્ ચાર, પાંચ બેઈન્દ્રિયો મળીને એક સાધારણ શરીર બાંધે ? બાંધીને પછી આહાર કરે છે કે પરિણમાવે છે, પછી શરીરને બાંધે છે ? તે અર્થ સમર્થ નથી, કેમકે બેઈન્દ્રિય પૃથક્-પૃથક્ આહારી, પૃથક્-પૃથક્ પરિણમન કરનાર, પૃથક્ શરીર બાંધે છે, પછી આહાર કરે છે, પછી તેને પરિણમાવે છે, પછી શરીર બાંધે છે.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! ત્રણ. તે આ — કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા. એ પ્રમાણે જેમ શતક-૧૯-માં કહ્યું તેમ તેઉકાય યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ એ કે — સમ્યગ્દૃષ્ટિ પણ, મિથ્યાદૃષ્ટિ પણ છે. પણ સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ નથી હોતા. બે જ્ઞાન-બે અજ્ઞાન નિયમા છે. મનોયોગી નથી, વચનયોગી અને કાયયોગી છે. આહાર નિયમા છ દિશાથી લે.*

*ભગવન્ ! તે જીવોને શું એવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન હોય છે કે — અમે ઈષ્ટાનિષ્ટ રસ અને સ્પર્શ અનુભવીએ છીએ ? તે અર્થ સમર્થ નથી, પણ તેઓ અનુભવ કરે જ છે. - - સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી બાર વર્ષ છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિયમાં પણ જાણવું. માત્ર ઈન્દ્રિય, સ્થિતિમાં ભેદ છે. સ્થિતિ પન્નવણા મુજબ જાણવું.*

*ભગવન્ ! કદાચિત્ યાવત્ ચાર-પાંચ પંચેન્દ્રિયો મળીને એક સાધારણ શરીર બાંધે ? પૂર્વવત્, બેઈન્દ્રિય જીવો સમાન જાણવું. વિશેષ એ કે — લેશ્યા-૬, દૃષ્ટિ-૩, ચાર જ્ઞાન-ત્રણ અજ્ઞાન ભજનાથી, યોગ ત્રણ છે.*

*ભગવન્! તે જીવોને એવી સંજ્ઞા કે પ્રજ્ઞા કે યાવત્ વચન હોય છે કે – “અમે આહાર કરીએ છીએ?” ગૌતમ! કેટલાંકને એવી સંજ્ઞા કે પ્રજ્ઞા કે મન કે વચન હોય છે કે – “અમે આહાર કરીએ છીએ” કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોતું નથી કે – “અમે આહાર કરીએ છીએ.” જો કે તેઓ આહાર તો કરે જ છે.*

*ભગવન્ ! તે જીવોને એવી સંજ્ઞા યાવત્ વચન હોય કે – “અમે ઈષ્ટાનિષ્ટ એવા – શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ અનુભવીએ છીએ ? ગૌતમ ! કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોય છે કે – અમે ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ સ્પર્શ અનુભવીએ છીએ. કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોતા નથી કે અમે ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ સ્પર્શ અનુભવીએ છીએ, પણ અનુભવે છે.*

*ભગવન્ ! તે જીવો શું પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં રહેલા હોય છે ? ગૌતમ ! કેટલાંક પ્રાણાતિપાત યાવત્ મિથ્યા દર્શનશલ્યમાં રહેલા હોય છે. કેટલાંક પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં રહેલા હોતા નથી. જે જીવો પ્રત્યે, તે જીવો આવો વ્યવહાર કરે છે, તે જીવોમાં કેટલાકને એવું વિજ્ઞાન-જ્ઞાન હોય છે અને કેટલાંકને એવું વિજ્ઞાન-જ્ઞાન હોતા નથી. [કે અમે માર્યા જઈશું કે આ અમને મારી નાંખશે.]*

*આ જીવોનો ઉત્પાદ યાવત્ સર્વાર્થસિદ્ધ છે, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ, કેવલી સિવાયના છ સમુદ્ઘાતો, ઉદ્વર્તના-તે બધાં યાવત્ સર્વાર્થસિદ્ધ સુધી જઈ શકે છે. બાકી બેઈન્દ્રિયવત્ બધું જાણવું.*

*ભગવન્ ! આ બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય તેથી વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય તેથી વિશેષાધિક છે, તેઈન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૮૦ :-**

સિય - સ્યાત્, કદાચિત્ સર્વદા નહીં. एगयओ - એકીભૂત, સંયુજ્ય. साहारणसरीर - અનેક જીવ સામાન્ય બાંધે, તેને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને તે. ठिइ - સ્થિતિ, તેઈન્દ્રિયની ઉત્કૃષ્ટી ૪૯-દિવસ, ચતુરિન્દ્રિયની છ માસ, બંનેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત. પંચેન્દ્રિયોને મતિજ્ઞાનાદિ ચાર હોય છે. - x - x - અસંયતો પ્રાણાતિપાતાદિમાં રહે છે. સંયતો તેમાં રહેતા નથી. જે જીવોના સંબંધી અતિપાતાદિ છે તે પંચેન્દ્રિય જીવો કહેવાય છે – જેમકે પ્રાણાતિપાતાદિવાળા છે, તે જીવોને હોય છે તે સંજ્ઞી છે. नानात्वं ભેદ, જેમકે આપણે વધ્ય છીએ, આ વધક છે. પણ અસંજ્ઞી તે ન જાણે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૨-“આકાશ” ❀

–– x –– x –– x –– x –– x –– x ––

૦ બેઈન્દ્રિયાદિ કહ્યા, તે આકાશાધાર હોય છે, માટે અહીં આકાશ કથન.



**● સૂત્ર-૭૮૧ :-**

*ભગવન્ ! આકાશ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – લોકાકાશ અને અલોકાકાશ. - - ભગવન્ ! લોકાકાશ, જીવરૂપ છે કે જીવદેશરૂપ છે ? એ પ્રમાણે જેમ શતક-૨-ના અસ્તિ ઉદ્દેશમાં છે, તેની જેમ અહીં પણ કહેવું. વિશેષ એ કે - આલાવામાં યાવત્ ભગવન્ ! ધર્માસ્તિકાય કેટલો મોટો છે ? ગૌતમ ! લોક, લોકમાત્ર, લોકપ્રમાણ, લોકસ્પૃષ્ટ અને લોકને અવગાહીને રહે છે. એ પ્રમાણે યાવત્ પુદ્ગલાસ્તિકાય સુધી કહેવું. જોઈએ.*

*ભગવન્ ! અધોલોક, ધર્માસ્તિકાયને કેટલો અવગાહે છે ? ગૌતમ ! સાતિરેક અડધો. - - એ રીતે આ આલાવાથી બીજા શતક મુજબ યાવત્ ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી લોકાકાશના શું સંખ્યાતમાં ભાગને અવગાહે છે ? પ્રશ્ન - ગૌતમ ! સંખ્યાત ભાગને નહીં, પણ અસંખ્યાત ભાગને અવગાહે છે. તે લોકના સંખ્યાત કે અસંખ્યાત ભાગોને પણ વ્યાપ્ત કરીને સ્થિતિ નથી, સમગ્ર લોકને વ્યાપ્ત કરીને સ્થિત છે. બાકી પૂર્વવત્.*

**● વિવેચન-૭૮૧ :-**

અભિલાવો - આ અર્થ છે. બીજા શતકનો અસ્તિકાય ઉદ્દેશો, અહીં ત્યાં સુધી નિર્વિશેષ કહેવો, જ્યાં સુધી ધર્માસ્તિકાય૦ આદિ સૂત્ર છે. માત્ર ‘લોકને સ્પર્શીને’ને બદલે ‘લોકને અવગાહીને’ રહેલ છે, તેમ કહેવું.

હવે ધર્માસ્તિકાયાદિના એકાર્થિકને કહે છે –

**● સૂત્ર-૭૮૨ :-**

*ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા અભિવચન છે? ગૌતમ! અનેક. તે આ – ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધવિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક, ઈર્યાસમિતિ - x - યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ, મન-વચન-કાયગુપ્તિ અથવા જે આ કે આવા પ્રકારના છે, તે બધાં ધર્માસ્તિકાયના અભિવચનો છે.*

*ભગવન્ ! અધર્માસ્તિકાયના કેટલા અભિવચનો છે ? ગૌતમ ! અનેક. તે આ – અધર્મ, અધર્માસ્તિકાય, પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય, ઈર્યાઅસમિતિ યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ૦ અસમિતિ. મન-વચન-કાય અગુપ્તિ અથવા જે આ કે આવા પ્રકારના છે તે સર્વે અભિવચનો કહેવા.*

*આકાશાસ્તિકાયનો પ્રશ્ન ? ગૌતમ ! અનેક અભિવચનો છે. તે આ – આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહ, વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ, અર્દ, વ્યર્દ, આધાર, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, સ્ફટિક, અગમ, અનંત અથવા જે આવા કે આવા પ્રકારના છે તે બધાં આકાશાસ્તિકાયના અભિવચનો છે.*

*ભગવન્ ! જીવાસ્તિકાયના અભિવચનો કેટલા છે ? ગૌતમ ! અનેક. તે આ – જીવ, જીવાસ્તિકાય, ભૂત, સત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ,*

***હિંડુક, પુદ્ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત્, જંતુ, યોનિ, સ્વયંભૂ, સશરીરી, નાયક, અંતરાત્મા અથવા આ કે આવા પ્રકારના બધાં તેના પર્યાયો છે.***

***ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયની પૃચ્છા. ગૌતમ ! અનેક અભિવચનો છે. તે આ — પુદ્ગલ, પુદ્ગલાસ્તિકાય, પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક યાવત્ અસંખ્યપ્રદેશિક કે અનંત પ્રદેશિક અથવા જે આ કે આવા પ્રકારના, તે સર્વે પુદ્ગલાસ્તિકાયના અભિવચનો છે. ભગવન્ ! તેમ જ છે.***

**• વિવેચન-૭૮૨ :-**

अभि - અભિધાયક, वचन - શબ્દો, અભિવચન-પર્યાય શબ્દો, धम्म - જીવ અને પુદ્ગલોના ગતિપર્યાયમાં ધારણ કરે તે ધર્મ, ધર્માસ્તિકાય-ધર્મ એ જ અસ્તિકાય-પ્રદેશ રાશિ, તે ધર્મ શબ્દના સાધર્મ્યથી અસ્તિકાય રૂપ ધર્મના પ્રાણાતિપાત વિરમણાદિ પર્યાયપણે પ્રવર્તે છે. આવા પ્રકારના-જેમકે ચારિત્રધર્મ અભિધાયક સામાન્ય કે વિશેષ શબ્દો, તે બધાં ધર્માસ્તિકાયના અભિવચનો છે. - - अधम्म - ધર્મ, ઉક્ત લક્ષણથી વિપરીત તે અધર્મ - જીવ અને પુદ્ગલોને સ્થિતિમાં ઉપકારી, બાકી પૂર્વવત્.

आकाश - आ - મર્યાદા કે અભિવિધિ વડે બધા અર્થો સ્વ સ્વભાવને જેમાં પામે તે આકાશ. ગગન-અતિશયગમન વિષયત્વથી. નભ-દીપતો નથી તે. સમ-નિમ્ન, ઉન્નતત્વ અભાવથી. વિસમ-દુર્ગમત્વથી. ખહ-ખનન કરતા કે છોડતાં પણ જે રહે તે. વિહ-વિશેષથી ત્યજાય તે. - x - x - વીઈ-વિવિક્ત સ્વભાવથી વીચિ. વિવર-આવરણ રહિત, અંબર-માતા માફક, જનન સાધર્મ્યાત્, અંબા-જળ, તેનું દાન દેનાર. અંબરસ-જેમાંથી જળરૂપ રસ પડે છે. છિદ્દ - છિદ્ર, છેદનના અસ્તિત્વથી, ઝુષિર-શોષીને દાન કરવાથી, મગ્ગ-પથરૂપ. વિમુહ-જેની કોઈ મુખ નથી. अद्द-જેના પર ગમન થાય. वियद्द - વિશેષ ગમન થાય. वोम - વિશેષ રક્ષણ કરવાથી, ભાયણ - વિશ્વના આશ્રયરૂપ, અંતલિક્ખ - જેનું મધ્યમાં દર્શન થાય તે. સામ-શ્યામવર્ણત્વથી. - x - અગમન-ગમન ક્રિયા રહિતત્વથી. - x -

ચેય - પુદ્ગલોના ચયનકર્તા, જેય-કર્મશત્રુને જિતનાર. આય - આત્મા, વિવિધ ગતિમાં સતત ગામીત્વથી. રંગણ-રાગના યોગથી. હિંડુક - હિંડુકત્વથી. - - - પોગ્ગલ - શરીરાદિના પુરણ અને ગલનથી. માણવ - અનાદિથી જૂનો. કત્ત-કર્તા, કર્મોના કારક. વિગત્ત-વિવિધપણે કર્તા અથવા કર્મોનો છેદક. 'જએ'-અતિશય ગમનશીલ હોવાથી જગત્. જંતુ-જન્મે તે. જોણિ-બીજાને ઉત્પન્ન કરનાર હોવાથી યોનિ. સયંભુ-સ્વયં હોવાથી. - x - નાયક-કર્મનો નેતા. અંતરપ્પ-અંતરાત્મા.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૩-''પ્રાણવધ'' ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૨-માં પ્રાણાતિપાતાદિ અધર્માસ્તિકાયના પર્યાયપણે કહ્યા, અહીં તે આત્માના અનન્યત્વથી કહે છે.

**• સૂત્ર-૭૮૩ :-**

***ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શનશલ્ય, પ્રાણાતિપાત***



***વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્યવિવેક ઔત્પાતિકી યાવત્ પારિણામિકી, અવગ્રહ યાવત્ ધારણા, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ, નૈરયિકત્વ, અસુરકુમારત્વ યાવત્ વૈમાનિકત્વ, જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, સમ્યક્દૃષ્ટિ આદિ ત્રણ, ચક્ષુદર્શનાદિ ચાર, આભિનિબોધિક જ્ઞાન યાવત્ વિભંગજ્ઞાન, આહારસંજ્ઞા આદિ ચાર, ઔદારિકાદિ પાંચ શરીર, મન આદિ ત્રણ યોગ, સાકારોપયોગ - અનાકારોપયોગ, જે આ કે આવા, તે બધાં આત્મા સિવાય બીજે પરિણમન કરતા નથી. હા, ગૌતમ! યાવત્ - x - તે પરિણમતા નથી.***

**• વિવેચન-૭૮૩ :-**

नन्नत्थ० આત્માને છોડીને અન્યત્ર વર્તતા નથી, આત્માના પર્યાયપણાથી, પર્યાય અને પર્યાયી કથંચિત્ એકત્વથી આત્મરૂપ છે, આ બધાં આત્માથી ભિન્નત્વ વડે પરિણમતા નથી. - - જીવ ધર્મો વિચાર્યા, હવે કથંચિત્ અધર્મ જ વર્ણાદિ વિચારીએ છીએ—

**• સૂત્ર-૭૮૪ :-**

***ભગવન્ ! જીવ, ગર્ભમાં ઉત્પન્ન થતાં કેટલા વર્ણ ? એ પ્રમાણે જેમ શતક-૧૨-ના ઉદ્દેશક-૫-માં યાવત્ કર્મથી જગત્ છે, અકર્મથી વિભક્તિ ભાવમાં પરિણમતા નથી. ભગવન્ ! તે એમ જ છે યાવત્ વિચરે છે.***

**• વિવેચન-૭૮૪ :-**

ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ તૈજસ-કાર્મણ શરીર સહિત, ઔદારિક શરીરને ગ્રહણ કરે છે, શરીર વર્ણાદિ યુક્ત છે, તેથી અવ્યતિરિક્ત કથંચિત્ જીવ, તેથી કહ્યું — कतिवण्ण० એ રીતે કેટલા રસ, સ્પર્શ, પરિણામને પામે ?

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૪-''ઉપચય'' ❀

— x — x — x — x — x — x —

૦ પરિણામ કહ્યા પરિણામાધિકારથી ઈન્દ્રિયોપચયરૂપ પરિણામ —

**• સૂત્ર-૭૮૫ :-**

***ભગવન્ ! ઈન્દ્રિયોપચય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - શ્રોત્રેન્દ્રિયોપચય૦ એમ બીજો ઈન્દ્રિયોદ્દેશક સંપૂર્ણ કહેવો જેમ પન્નવણામાં છે. - - ભગવન્ ! તે એમ જ છે (૨) એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.***

**• વિવેચન-૭૮૫ :-**

જેમ પ્રજ્ઞાપનામાં ૧૫-માં ઈન્દ્રિય પદનો ઉદ્દેશો-૨-છે, તેમ અહીં કહેવું. તે આ રીતે-શ્રોત્રેન્દ્રિયોપચય, ચક્ષુરિન્દ્રિયોપચય૦ ઈત્યાદિ.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૫-''પરમાણુ'' ❀

— x — x — x — x — x — x —

૦ ઈન્દ્રિયોપચય કહ્યો. તે પરમાણુ વડે છે, તેથી પરમાણુ સ્વરૂપ —

**• સૂત્ર-૭૮૬ :-**

***ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળો છે ? ગૌતમ !***

એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ છે. તે આ પ્રમાણે —

જો એક વર્ણવાળો હોય તો - કદાચિત્ - કાળો, લીલો, લાલ, પીળો કે સફેદ હોય. જો એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી, કદાચ દુર્ગન્ધી હોય, જો એક રસવાળો હોય તો કદાચ તિક્ત, કટુક, કષાય, અમ્લ કે મધુર હોય, જો બે સ્પર્શવાળો હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ કે શીત અને રૂક્ષ કે ઉષ્ણ અને સ્નિગ્ધ કે કદાચ ઉષ્ણ અને રૂક્ષ હોય.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિનો છે ? એ પ્રમાણે જેમ શતક-૧૮, ઉદ્દેશો-૬માં છે, તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો છે. જો એકવર્ણી હોય તો કદાચ કાળો યાવત્ કદાચ સફેદ હોય, જો બે વર્ણી હોય તો કદાચ કાળો અને લીલો, કદાચ કાળો અને લાલ, કદાચ કાળો અને પીળો, કદાચ કાળો અને સફેદ, કદાચ લીલો અને લાલ, કદાચ લીલો-પીળો, કદાચ લીલો અને સફેદ, કદાચ લાલ અને પીળો, કદાચ લાલ અને સફેદ, કદાચ પીળો અને સફેદ. એ રીતે અહીં દ્વિકસંયોગમાં દશ ભંગો છે.

જો એકગંધી હોય તો કદાચ સુરભિગંધ, કદાચ દુરભિગંધ હોય.

જો બે ગંધવાળો હોય તો સુરભિ અને દુરભિગંધવાળો હોય. વર્ણની માફક રસના ભંગો કહેવા. - - જો સ્પર્શ બે હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, એમ જે રીતે પરમાણુ પુદ્ગલમાં કહ્યું તેમ કહેવું.

જો ત્રણ સ્પર્શવાળો હોય તો — (૧) સર્વ શીત, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ. (૨) સર્વે ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ. (૩) સર્વે સ્નિગ્ધ, દેશથી શીત, દેશથી ઉષ્ણ. (૪) સર્વે રૂક્ષ, દેશથી શીત, દેશથી ઉષ્ણ હોય.

જો ચાર સ્પર્શવાળો હોય તો દેશથી શીત, દેશથી ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ, આ રીતે [૪ + ૪ + ૧] નવ ભંગો સ્પર્શમાં થાય છે.

ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળો છે ? જેમ ઉદ્દેશા-૧૮માં, ઉદ્દેશા-૬-માં યાવત્ "ચાર સ્પર્શવાળા છે" સુધી કહેવું.

જો એક વર્ણવાળો હોય તો કદાચ કાળો યાવત્ સફેદ હોય.

જો બે વર્ણવાળો હોય તો કદાચ કાળો અને લીલો, કદાચ કાળો અને લીલા, કદાચ કાળા અને લીલો, કદાચ કાળો અને લાલ, કદાચ કાળો અને (બે) લાલ, કદાચ કાળા અને લાલ. એ પ્રમાણે પીળા સાથે ત્રણ ભંગ, એ પ્રમાણે સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ લીલો અને લાલ અહીં પણ ત્રણ ભંગ. એ રીતે પીળા સાથે ત્રણ ભંગ, સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ લાલ અને પીળો અહીં ત્રણ ભંગ, એ રીતે સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ પીળો અને સફેદ અહીં ત્રણ ભંગ. આ પ્રમાણે તે બધાં-દશ દ્વિકસંયોગી ભંગ મળી ૩૦ ભંગ થાય.

જો ત્રણ વર્ણવાળો હોય તો - કદાચ કાળો, લીલો અને લાલ. કદાચ કાળો, લીલો અને પીળો. કદાચ કાળો, લીલો અને સફેદ. કદાચ કાળો, લાલ અને પીળો, કદાચ કાળો, લાલ અને સફેદ, કદાચ કાળો, પીળો અને સફેદ. કદાચ લીલો, લાલ અને પીળો. કદાચ લીલો, લાલ અને સફેદ. કદાચ લીલો,



પીળો અને સફેદ. કદાચ લાલ, પીળો અને સફેદ. આ દશ ત્રિક સંયોગ છે.

જો એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી, કદાચ દુર્ગન્ધી હોય.

જો બે ગંધવાળો હોય તો સુગંધી અને દુર્ગંધીના ત્રણ ભંગ થાય.

વર્ણના ભંગની માફક રસના પણ (૪૫) ભંગ કહેવા.

જો બે સ્પર્શવાળો હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, દ્વિપ્રદેશિક સ્કંધની માફક એ પ્રમાણે ચાર ભંગ કહેવા.

જો ત્રણ સ્પર્શવાળો હોય તો સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - સર્વે શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો - સર્વે શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - સર્વે ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - અહીં પણ ત્રણ ભંગો. - સર્વે સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ - અહીં ત્રણ ભંગ. - સર્વે ઋક્ષ, દેશ શીત, દેશ ઉષ્ણ-ત્રણ ભંગ.

જો ચાર સ્પર્શ હોય તો - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશો ગીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ.

આ રીતે ત્રિપ્રદેશિક સ્પર્શના [૪ + ૧૨ + ૯] ૨૫-ભંગ થાય છે.

ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધ હોય તો કેટલા વર્ણાદિવાળો છે ? જેમ શતક-૧૮માં કહ્યું તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય, કહેવું.

જો એક વર્ણવાળો હોય તો કદાચ કાળો યાવત્ સફેદ હોય.

જો બે વર્ણવાળો હોય તો કદાચ કાળો અને લીલો હોય. - કદાચ કાળો અને લીલા હોય. - કદાચ કાળા અને લીલો હોય. - કદાચ કાળા અને લીલા હોય. - કદાચ કાળો અને લાલ હોય - અહીં ચાર ભંગ - કદાચ કાળો અને પીળો હોય - ચાર ભંગ[૧૨] - કદાચ કાળો અને સફેદ હોય - ચાર ભંગ[૧૬] - કદાચ લીલો અને લાલ હોય - ચાર ભંગ[૨૦]. - કદાચ લીલો અને પીળો હોય - ચાર ભંગ[૨૪]. કદાચ લીલો અને સફેદ હોય - ચાર ભંગ[૨૮] - કદાચ લાલ અને પીળો હોય - ચાર ભંગ[૧૨]. - કદાચ લાલ અને સફેદ હોય - ચાર ભંગ[૩૨] - આ રીતે દશ દ્વિક સંયોગ ભંગના ૪૦ ભંગ છે. (નોંધ - છપાયેલ વૃત્તિમાં અમુક ભંગ બે વખત છપાઈ ગયા છે, જે ભૂલ અમે સુધારેલ છે.)

જો ત્રણ વર્ણવાળો હોય તો - કદાચ કાળો, લીલો અને લાલ. કદાચ કાળો, લીલો અને અનેક અંશ લાલ. કદાચ કાળા, લીલા અને લાલ. કદાચ કાળા, લીલો અને લાલ. એ પ્રમાણે ચાર ભંગ. એ રીતે કાળો, લીલો અને પીળો - ચાર ભંગ. કાળો, લીલો અને સફેદ - ચાર ભંગ. કાળો, લાલ અને પીળો - ચાર ભંગ. કાળો, લાલ અને પીળો - ચાર ભંગ. લીલો, લાલ અને સફેદ - ચાર ભંગ. લીલો, પીળો અને સફેદ - ચાર ભંગ. લાલ, પીળો અને સફેદ - ચાર ભંગ. એ રીતે આ દશ ત્રિક સંયોગમાં એકૈક સંયોગમાં ચાર-ચાર ભંગ,

બધાં મળીને ૪૦ ભંગ.

જો ચાર વર્ણવાળો હોય તો (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, સફેદ. (3) કદાચ કાળો, લીલો, પીળો, સફેદ. (૪) કદાચ કાળો, લાલ, પીળો, સફેદ. (૫) કદાચ લીલો, લાલ, પીળો, સફેદ. એ રીતે આ ચતુષ્ક સંયોગમાં પાંચ ભંગ. બધાં મળીને (૫ + ૪૦ + ૪૦ + ૫) ૯૦ ભંગો.

જો એક ગંધવાળો હોય તો - કદાચ સુરભિ ગંધ કે દુરભિ ગંધ.

જો બે ગંધવાળો હોય તો - કદાચ સુરભિગંધ અને દુરભિગંધ.

રસસંબંધી ૯૦ ભંગ, વર્ણસંબંધી ૯૦ ભંગ માફક જાણવા.

જો બે સ્પર્શ હોય તો પરમાણુ પુદ્‌ગલ સમાન ચાર ભંગ કહેવા.

જો ત્રણ સ્પર્શ હોય તો (૧) સર્વશીત, દેશસ્નિગ્ધ, દેશરૂક્ષ. (૨) સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (3) સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ, (૪) સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ-ચાર ભંગ. સર્વ સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ-ચાર ભંગ. સર્વ રૂક્ષ, દેશશીત, દેશ ઉષ્ણ-ચાર ભંગ. એ પ્રમાણે ત્રિસ્પર્શવાળા ૧૬ ભંગો.

જો ચાર સ્પર્શ હોય તો – (૧) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ દેશ રૂક્ષ. (૨) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (3) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. (૪) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૫) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. (૬) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૭) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશોસ્નિગ્ધો, દેશરૂક્ષ. (૮) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૯ થી ૧૬) દેશો શીતો, દેશ ઉષ્ણ દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ એ પ્રમાણે ચાર સ્પર્શવાળા ૧૬ ભંગ કહેવા. યાવત્ દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો.

આ પ્રમાણે સ્પર્શસંબંધી (૪ + ૧૬ + ૧૬) 3૬ ભંગો થયા.

ભગવન્ ! પાંચ પ્રદેશી સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? જેમ શતક-૧૮માં યાવત્ "કદાચ ચાર સ્પર્શવાળો હોય", ત્યાં સુધી કહેવું.

જો એક વર્ણવાળો હોય અથવા બે વર્ણવાળો હોય, તો ચતુઃપ્રદેશી સ્કંધ માફક કહેવું.

જો ત્રણ વર્ણવાળો હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ. (૨) કદાચ કાળો, લીલો, અનેક અંશ લાલ. (3) કદાચ કાળો, લીલા, લાલ. (૪) કદાચ કાળો, લીલા, અનેક અંશ લાલ. (૫) કદાચ કાળા, લીલો, લાલ. (૬) કદાચ કાળા, લીલો, અનેક અંશ લાલ. (૭) કદાચ કાળા, લીલા, લાલ. (૮ થી ૧૪) કદાચ કાળો, લીલો, પીળો - સાત ભંગ (૧૫ થી ૨૧) કાળો, લીલો, સફેદ. (૨૨ થી ૨૮) કાળો, લાલ, પીળો. (૨૯ થી ૩૫) કાળો, લાલ, સફેદ. (3૬ થી ૪૨) કાળો, પીળો, સફેદ. (૪૩ થી ૪૯) લીલો, લાલ, પીળો. (૫૦ થી ૫૬) લીલો, લાલ, સફેદ. (૫૭ થી ૬3) લીલો, પીળો, સફેદ (૬૭ થી ૭૦) લાલ, પીળો, સફેદ. - - એ રીતે ત્રિક સંયોગમાં ૭૦ ભંગ થાય.



જો ચાર વર્ણવાળો હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળા. (3) કદાચ કાળો, લીલો, અનેક અંશ લાલ, પીળો. (૪) કદાચ કાળો, લીલા, લાલ, પીળો. (૫) કદાચ કાળા, લીલો, લાલ, પીળો. એ પાંચ ભંગ. કદાચ કાળો, લીલો, લાલ, સફેદ-પાંચ ભંગ. એ પ્રમાણે – કાળો, લીલો, પીળો, સફેદ એ પાંચ ભંગ. કાળો, લાલ, પીળો, સફેદ - પાંચ ભંગ. લીલો, લાલ, પીળો, સફેદ એ પાંચ ભંગ. એ પ્રમાણે ચતુષ્ક સંયોગમાં ૨૫-ભંગો થાય.

જો પાંચ વર્ણ હોય તો - કાળો, લીલો, લાલ, પીળો, સફેદ. આ બધાં એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગથી [૫ + ૪૦ + ૭૦ + ૨૫ + ૧] એમ કુલ ૧૪૧ ભંગ થાય છે.

ગંધને ચતુઃપ્રદેશિક સમાન અહીં પણ છ ભંગ કહેવા.

વર્ણની માફક રસના પણ ૧૪૧-ભંગ થાય છે.

સ્પર્શના 3૬-ભંગ ચતુઃપ્રદેશી સ્કંધ સમાન છે.

ભગવન્ ! છ પ્રદેશી સ્કંધના કેટલા વર્ણાદિ છે. જેમ પંચ પ્રદેશી સ્કંધમાં કહ્યું તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.

જો એક વર્ણ અને બે વર્ણવાળો હોય તો પંચપ્રદેશીવત્ છે.

જો ત્રણ વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો, લાલ એ રીતે જેમ પંચપ્રદેશીમાં કહ્યું તેમ સાત ભંગ યાવત્ કદાચ કાળા, લીલા, લાલ કદાચ કાળા, લીલા-અનેકાંશ લાલ. આ આઠ ભંગ. એ પ્રમાણે દશત્રિક સંયોગમાં એકૈક સંયોગમાં આઠ ભંગો, એ રીતે કુલ ૮૦ ભંગો.

જો ચાર વર્ણ હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળા. (3) કદાચ કાળો, લીલો, અનેકાંશ લાલ, પીળો. (૪) કદાચ કાળો, લીલો, અનેકાંશ લાલ, પીળા. (૫) કદાચ કાળો, લીલા, લાલ, પીળો. (૬) કદાચ કાળો, લીલા, લાલ, પીળા. (૭) કદાચ કાળો, લીલા, લાલો, પીળો. (૮) કદાચ કાળા, લીલો, લાલ, પીળો. (૯) કદાચ કાળા, લીલો, લાલ, પીળા. (૧૦) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, (૧૧) કદાચ કાળા, લીલા, લાલ, પીળો. આ અગિયાર ભંગ છે. આ પાંચ ચતુષ્ક સંયોગ કરવા. પ્રત્યેક ચતુષ્ક સંયોગના-૧૧, કુલ ૫૫-ભંગ થશે.

જો પાંચ વર્ણ હોય તો – કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ. કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદો. કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદ. કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદ. કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદ. કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ. આ છ ભંગ કહેવા.

આ પ્રમાણે આ બધાં એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગે [૫ + ૪૦ + ૮૦ + ૫૫ + ૬] ૧૮૬ ભંગ થાય છે.

ગંધ સંબંધી છ ભંગ પંચ પ્રદેશી સ્કંધ સમાન જાણવા.

રસ સંબંધી ૧૮૬ ભંગ, વર્ણ સંબંધી ભંગ સમાન કહેવા.

સ્પર્શસંબંધી ૩૬ ભંગ ચતુઃપ્રદેશીસ્કંધ સમાન જાણવા.

ભગવન્ ! સપ્ત પ્રદેશી સ્કંધ કેટલા વર્ણાદિથી છે ? - પંચપ્રદેશી સ્કંધ સમાન યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.

જો એક, બે કે ત્રણ વર્ણવાળો હોય તો ષટ્પ્રદેશી સ્કંધના એક, બે કે ત્રણ વર્ણવાળા અનુસાર ક્રમશઃ તેનો ભંગો જાણવા.

જો ચારવર્ણી હોય તો કદાચ કાળો, લીલો, લાલ, પીળો હોય. કદાચ કાળો, લીલો, લાલ, પીળા હોય. કદાચ કાળો, લીલો, લાલો, પીળા હોય. એ પ્રમાણે ચતુષ્ક સંયોગમાં ૧૫ ભંગો કહેવા યાવત્ કદાચ કાળા, લીલા, લાલો, પીળો હોય. આ રીતે પાંચ ચતુષ્ક સંયોગો જાણવા. એકૈક સંયોગમાં ૧૫-ભંગો છે. એ રીતે બધાં મળીને ૭૫ ભંગો થાય.

જો પંચવર્ણી હોય તો — (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળો,સફેદો હોય. (૩) કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૪) કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદો હોય. (૫) કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૬) કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદો હોય. (૭) કદાચ કાળો, લીલો, લાલો, પીળા, સફેદ હોય. (૮) કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદ હોય. (૯) કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદો હોય. (૧૦) કદાચ કાળો, લીલા, લાલ, પીળા, સફેદ હોય. (૧૧) કદાચ કાળો, લીલા, લાલો, પીળો, સફેદ હોય. (૧૨) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૧૩) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદો હોય. (૧૪) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૧૫) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૧૬) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદ હોય. આ પ્રમાણે ૧૬ ભંગ થાય. - - - એ રીતે બધા - એક, દ્વિક, ત્રિક, ચતુષ્ક, પંચ સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૭૫ + ૧૬] ૨૧૬ ભંગ થાય.

ગંધના ભંગ ચતુઃપ્રદેશી માફક જાણવા. - - રસના ભંગ વર્ણ માફક ૨૧૬ જાણવા. - - સ્પર્શના ભંગ ચતુઃપ્રદેશી માફક જાણવા.

ભગવન્ ! આઠ પ્રદેશી સ્કંધ, પ્રશ્ન ? ગૌતમ ! (જો એકવર્ણી) હોય તો સપ્તપ્રદેશી માફક યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.

જો એકવર્ણી, બે વર્ણી, ત્રણ વર્ણી હોય તો સપ્તપ્રદેશીવત્.

જો ચારવર્ણી હોય તો - કદાચ કાળો, લીલો, લાલ, પીળો હોય. કદાચ કાળો, લીલો, લાલ, પીળા હોય. એ પ્રમાણે સપ્તપ્રદેશી માફક યાવત્ કદાચ કાળા, લીલા, લાલો, પીળો હોય એ ૧૫-ભંગ, કદાચ કાળા, લીલા, લાલો, પીળા હોય. આ ૧૬-ભંગો છે. એ રીતે આ પાંચ, ચતુષ્ક સંયોગવાળા થઈને, એ પ્રમાણે ૮૦ ભાંગા થાય છે.

જો પંચવર્ણી હોય તો — (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદો હોય. એ રીતે આ ક્રમથી ભંગો કહેવા. યાવત્ કદાચ કાળો, લીલા, લાલો, પીળા, સફેદ હોય. એમ ૧૫ ભંગ



થયા. (૧૬) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૧૭) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદો હોય. (૧૮) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૧૯) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદો હોય. (૨૦) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૨૧) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદો હોય. (૨૨) કદાચ કાળા, લીલો, લાલો, પીળા, સફેદ હોય. (૨૩) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદ હોય. (૨૪) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદો હોય, (૨૫) કદાચ કાળા, લીલા, લાલ, પીળા, સફેદ હોય. (૨૬) કદાચ કાળા, લીલા, લાલો, પીળો, સફેદ હોય. આ પંચસંયોગથી ૨૬ ભંગો થાય છે.

આ પ્રમાણે પૂર્વાપર સહિત એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૨૬] ૨૩૧ ભંગો થાય છે.

ગંધ, સપ્તપ્રદેશીવત્... રસના વર્ણ માફક-૨૩૧ ભંગો છે. સ્પર્શના ભંગો ચતુઃપ્રદેશીકવત્ જાણવા.

નવપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ ! અષ્ટપ્રદેશી સ્કંધ સમાન યાવત્ કદાચ ચાર સ્પર્શવાળા હોય.

જો એક-બે-ત્રણ-ચાર વર્ણવાળો હોય તો અષ્ટપ્રદેશીવત્.

જો પંચવર્ણી હોય તો (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કાળો, લીલો, લાલ, પીળો, સફેદો હોય. આ પરિપાટીથી એ પ્રમાણે ૩૧-ભંગ કહેવા. - - - એ પ્રમાણે એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૩૧]કુલ ૨૩૬ ભંગ થાય છે.

દશપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ ! નવપ્રદેશી સ્કંધ માફક યાવત્ ચાર સ્પર્શવાળો છે. - - - જો એક-બે-ત્રણ-ચાર વર્ણવાળા હોય તો ક્રમશઃ નવપ્રદેશી સ્કંધ માફક કહેવો. પંચવર્ણી પણ તેમજ છે. વિશેષ એ કે - ૩૨મો ભંગ કહ્યો છે. આ પ્રમાણે એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગમાં [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૩૨] બધાં મળીને-૨૩૭ ભંગો છે.

ગંધ, નવપ્રદેશીવત્, રસ-અહીં કહેલ ૨૩૭-વર્ણ ભેદ મુજબ ૨૩૭ ભંગો. સ્પર્શ, ચતુઃપ્રદેશીક માફક કહેવા.

જેમ દશપ્રદેશી સ્કંધ કહ્યો, તેમ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી પણ કહેવા. સૂક્ષ્મ પરિણત અનંતપ્રદેશી પણ આ પ્રમાણે કહેવો.

● વિવેચન-૭૮૬ :-

एगवर्ण - કાળા આદિમાંનો કોઈ પણ એક વર્ણ. એમ જ ગંધાદિ કહેવા. दुफास - શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષમાં પરસ્પર અવિરુદ્ધ કોઈપણ બીજાના યોગથી બે સ્પર્શ, તેમાં ચાર વિકલ્પ - x - બાકીના સ્પર્શો બાદર છે.

દ્વિપ્રદેશની એક વર્ણતા, બંને પ્રદેશ છતાં એક વર્ણ પરિણામથી. તેમાં કાળો આદિ ભેદથી પાંચ વિકલ્પો, દ્વિવર્ણતા-પ્રતિપ્રદેશ વર્ણભેદથી. તેમાં દ્વિકસંયોગમાં દશ વિકલ્પો છે. એ પ્રમાણે ગંધ અને રસમાં પણ જાણવું.

- x - જો ત્રણ સ્પર્શ હોય તો — (૧) બંને પ્રદેશ શીત હોય, સ્નિગ્ધ,

રૂક્ષ એ એક ભંગ. એવા બીજા પણ ત્રણ. ચાર સ્પર્શમાં એક જ ભેદ છે.

ત્રિપ્રદેશિક૦ આદિ - ત્રણે પ્રદેશો કાળાવર્ણી હોય, એ પાંચ વિકલ્પ. બેવર્ણીમાં એક કાળો, બીજો - x - x - કદાચ લીલો, એ એક ભંગ. અથવા - x - કાળો અને બે પ્રદેશ લીલા, બીજો ભંગ અથવા બે પ્રદેશકાળા, એક લીલો એ ત્રીજો ભંગ. એ રીતે દ્વિકસંયોગમાં ત્રણ ભેદવાળા દશદ્વિક સંયોગોમાં કુલ ૩૦-ભંગો થાય છે.

ગંધમાં - એક ગંધમાં બે, બે ગંધમાં એક-અનેક ભેદથી ત્રણ ભંગ.

બે સ્પર્શના સમુદિત પ્રદેશત્રયના દ્વિપ્રદેશિક ચાર ભંગ, ત્રણ સ્પર્શમાં સર્વશીત, ત્રણે પ્રદેશના શીતપણાથી, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - x - x - ઈત્યાદિ સૂત્રવત્ સમજી લેવું. તેમાં કુલ ૧૨ ભંગો થાય છે. ચાર સ્પર્શમાં 'દેશશીત' આદિ એકવચનાંત પદ ચતુષ્ટય. - x - x - ઈત્યાદિ. સૂત્રવત્ સમજી લેવું. - x - x - *[સૂત્રાર્થ જ ક્લિષ્ટ થયો હોય, અમે વૃત્ત્યર્થ આપેલ નથી]*

ચતુ:પ્રદેશિકમાં - બંનેને એક પરિણામ પરિણત એમ કરીને કદાચ કાળો, કદાચ લીલો એ પહેલો ભંગ. અન્ત્ય અનેકત્વ પરિણામવાળો હોય તે દ્વિતીય ભંગ, આદ્ય અનેકત્વ પરિણામી હોય તે ત્રીજો, બંને અનેક પરિણામી હોય તે ચોથો ભંગ જાણવો. એમ દશ દ્વિક સંયોગોમાં પ્રત્યેકની ચતુર્ભંગી કરવાથી ચાલીશ ભેદો થાય. એ રીતે ત્રિવર્ણ, ચતુર્વર્ણાદિના ભંગો પણ છે. *[સૂત્રાર્થ જ ક્લિષ્ટ હોય, અમે વૃત્યર્થ પુરો નોંધેલ નથી.]*

ગંધ વિશે પૂર્વવત્. - - - ત્રણ સ્પર્શ હોય તો (૧) ચારે પ્રદેશોના શીત પરિણામત્વથી 'સર્વશીત' એક ભંગ. 'દેશસ્નિગ્ધ-ચાર મધ્યે બે ના એક પરિણામથી સ્નિગ્ધત્વ વડે. એ રીતે 'દેશ રૂક્ષ'. એ રીતે એક કે અનેક વચનાંતથી જુદા જુદા ભેદો દર્શાવેલા છે. - x - x -

જો ચાર સ્પર્શ હોય તો૦ ઈત્યાદિ 'દેશ શીત' એકાકાર બે પ્રદેશ લક્ષણ, તેવો જ અન્ય 'દેશ ઉષ્ણ'. ઈત્યાદિ - x - x - x - એ પ્રમાણે ૧૬ ભંગો છે. તે માટે એક ગાથા પણ વૃત્તિકારશ્રી નોંધે છે. ભંગોની સ્થાપના પણ દર્શાવી છે. વૃદ્ધ ગાથા પણ છે ઈત્યાદિ કેટલીક બાબતો વૃત્તિકારશ્રી નોંધે છે, *[પણ અમે ક્લિષ્ટતા નિવારવા અનુવાદ કર્યો નથી. જિજ્ઞાસુઓ મૂળ વૃત્તિ જોઈ શકે છે.]*

પંચપ્રદેશીમાં - ત્રણ પદમાં આઠ ભંગો છે. અહીં સાત જ ગ્રહણ કરવા. કેમકે પંચપ્રદેશીમાં આઠમાં ભંગનો અભાવ છે. એ પ્રમાણે દશે ત્રિકસંયોગોમાં સાત ભેદ જાણવા. જો ચારવર્ણી હોય તો ચાર પદોના સોળ ભંગો થાય, તેમાં અહીં પાંચ જ સંભવે છે. તે સૂત્રસિદ્ધ જ છે. પાંચ વર્ણોમાં પાંચ ચતુષ્ક સંયોગો થાય છે. તે પ્રત્યેકમાં પાંચ ગણતાં ૨૫-ભેદો થાય. પાંચ પ્રદેશીના એક-બે-ત્રણ-ચાર-પાંચ વર્ણના સંયોગ વડે બધાં ભંગો મળીને થતા ભંગોની નોંધ સૂત્રાનુસાર જાણવા.

છ પ્રદેશી સ્કંધમાં, અહીં બધું પંચપ્રદેશી માફક જાણવું. વિશેષ એ કે — ત્રિવર્ણીમાં આઠ ભંગો કહેવા. કેમકે અહીં આઠમો ભંગ પણ સંભવે છે એ રીતે દશ ત્રિક સંયોગોથી કુલ-૮૦ ભંગો થાય છે. ચતુર્વણમાં પૂર્વોક્ત ૧૬ ભંગોમાંના



આઠમો, દશમો અને છેલ્લા ત્રણ ભંગો છોડીને ૧૧ ભંગો થાય છે. તેમાં પાંચ ચતુષ્ક સંયોગમાં પ્રત્યેક હોવાથી કુલ ૫૫-ભંગો થશે. જો પંચવર્ણી હોય તો છ ભંગ કહ્યા. આ પ્રમાણે સૂત્રમાં નોંધ્યા મુજબ બધાં મળીને ૧૮૬ ભંગો થશે.

સપ્ત પ્રદેશી સ્કંધમાં - આ ચતુર્વર્ણત્વમાં પૂર્વોક્ત ૧૬ ભંગોમાંથી, છેલ્લો ભંગ છોડીને ૧૫-ભંગો થાય છે. આ પાંચમાં ચતુષ્ક સંયોગોમાં પ્રત્યેકના હોવાથી ૭૫ ભંગો થશે. - x - x - x - x -

અષ્ટપ્રદેશી સ્કંધમાં, અહીં ચતુવર્ણત્વમાં પૂર્વોક્ત સોળે પણ ભંગો હોય છે. તેઓમાં પ્રત્યેકના પાંચ ચતુષ્ક સંયોગોમાં હોવાથી ૮૦ ભંગો થશે. પંચ વર્ણત્વમાં ૩૨-ભંગોમાં સોળમો, ચોવીશમો, ૨૮-મો, અને છેલ્લા ત્રણ ભંગો વર્જતા-૨૬ ભંગો રહેશે. કુલ ૨૩૧ ભંગો થશે.

નવ પ્રદેશી ઈત્યાદિમાં પંચવર્ણત્વમાં બત્રીશ ભંગોમાં માત્ર છેલ્લો ભંગ ન થાય, બાકીના પૂર્વે કહ્યા મુજબ જાણવા.

● **સૂત્ર-૭૮૭,૭૮૮ :-**

***ભગવન્ ! બાદર પરિણત અનંતપ્રદેશી સ્કંધ કેટલા વર્ણ આદિવાળો હોય ? જેમ શતક-૧૮ માં કહ્યું તેમ યાવત્ આઠ સ્પર્શ કહ્યા. વર્ણ, ગંધ, રસ ત્રણે દશપ્રદેશી સ્કંધ સમાન કહેવા.***

***જો ચાર સ્પર્શવાળા હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વભારે, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ હોય. (૨) કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૩) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૪) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વશીત, સર્વ રૂક્ષ હોય. (૫) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વશીત, સર્વ રૂક્ષ હોય. (૬) સર્વ કર્કશ, સર્વલઘુ, સર્વશીત, સર્વરૂક્ષ, (૭) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ. (૮) સર્વ કર્કશ, સર્વલઘુ, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. (૯) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વે શીત, સર્વ સ્નિગ્ધ હોય, (૧૦) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૧૧) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૧૨) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. (૧૩) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ હોય. (૧૪) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૧૫) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૧૬) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. - આ ૧૬ ભંગો થાય.***

***જો પાંચ સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ હોય. (૨) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૩) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. (૪) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વશીત, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૫ થી ૮) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દશે ૠક્ષ-ચાર ભંગ. (૯ થી ૧૨) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ-ચાર ભંગ. (૧૩ થી ૧૬) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ,***

દેશરૂક્ષ - ચાર ભંગ. આ રીતે કર્કશ સાથે ૧૬-ભંગો [એમ ૧૬ + ૧૬ (૧) બત્રીશ ભંગો થયા.] [સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - ચાર ભંગ એ પ્રમાણે મૃદુ સાથે ૧૬ ભંગ કહેવા. એ રીતે તેના ૩૨-ભંગ થશે.] સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ - ચાર ભંગ થાય - સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ રૂક્ષ, દેશશીત, દેશ ઉષ્ણ - ચાર ભંગ થાય. આ (૨) બત્રીશ ભંગો થશે. સર્વ કર્કશ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ - એ પણ (૩) બત્રીશ ભંગો થશે. સર્વ ભારે, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ - એમાં પણ (૪) બત્રીશ ભંગ થશે.

આ રીતે બધાં મળીને કુલ ૧૨૮ ભંગો થશે.

જો છ સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વ ભારે, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશોરૂક્ષો, (૨) સર્વ કર્કશ, સર્વ ભારે, દેશશીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ એ પ્રમાણે યાવત્ સર્વ કર્કશ, સર્વ ભારે, દેશોશીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો હોય. આ (૧) સોળ ભંગો થશે. - - સર્વ કર્કશ, સર્વ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ (૨) ૧૬-ભંગો થશે. - - સર્વ મૃદુ, સર્વ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ-આમાં પણ (૩) ૧૬ ભંગ થશે. [સર્વ મૃદુ, સર્વ ભારે, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ (૪) સોળ ભંગ થશે. - વૃત્તિમાં આ ૧૬-ભંગ દેખાતા નથી, અમે મૂળ જોઈને નોંધેલ છે, અન્યથા ૬૪ ભેદ ન થાય] આ રીતે કુલ ૬૪ ભેદ થયા. - - - - સર્વ કર્કશ, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ ૬૪ ભંગો થશે. - - (૧) સર્વ કર્કશ, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ યાવત્ સર્વ મૃદુ, સર્વ રૂક્ષ, દેશો ભારે, દેશો લઘુ, દેશો શીતો, દેશો ઉષ્ણો-૧૬ એમ ૬૪ ભંગ. - - - - સર્વે ભારે, સર્વે શીત, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ એ પ્રમાણે યાવત્ સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, દેશો કર્કશો, દેશો સ્નિગ્ધો, દેશો મૃદુઓ, દેશો રૂક્ષો-આ ૬૪ ભંગો થશે. - - - - સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગીત, દેશ ઉષ્ણ યાવત્ સર્વ લઘુ, સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો શીતો, દેશો ઉષ્ણો આ ૬૪ ભંગો થશે. - - - - સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ યાવત્ સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો - આ ૬૪ ભંગો થશે. - બધાં છ સ્પર્શો મળીને ૩૮૪ ભંગો થશે.

જો સાત સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ હોય, યાવત્ સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશોસ્નિગ્ધો, દેશો રૂક્ષો - ચાર ભંગો - - - સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો - ચાર ભંગ. - - - સર્વ કર્કશ, દેશગુરુ, દેશ લઘુ, દેશો શીતો,



દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - ચાર ભંગ. [અહીં પણ વૃત્તિમાં ક્યાંક કોઈક મુદ્રણ ભૂલ છે. અમારા મૂળ તથા અનુવાદ જોવા] - આ ૧૬-ભંગો થયા. - - - - સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશો લઘુઓ, દેશશીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પ્રમાણે 'ગુરુ' એકવચનમાં, 'લઘુ' બહુવચનમાં લઈને ૧૬-ભંગો કહેવા. - - - - સર્વ કર્કશ, દેશો ગુરુકો, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પણ ૧૬ ભંગો કહેવા. - - - - સર્વ કર્કશ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પણ ૧૬-ભંગ કહેવા. આ પ્રમાણે કુલ ૬૪-ભંગો થશે.

એ પ્રમાણે મૃદુ સાથે પણ ૬૪ ભંગો કહેવા. - - - - સર્વ ગુરુ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. આ પ્રમાણે 'ગુરુ' સાથે ૬૪ ભંગો કરવા. - - - - સર્વ લઘુ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે 'લઘુ' સાથે ૬૪-ભંગો કરવા. - - - - સર્વ શીત, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે શીત સાથે ૬૪ ભંગ કરવા. - - - - સર્વ ઉષ્ણ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે ઉષ્ણ સાથે ૬૪ ભંગ કહેવા. - - - - સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ એ પ્રમાણે સ્નિગ્ધ સાથે ૬૪ ભંગ કહેવા. - - - - સર્વ રૂક્ષ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ - એ પ્રમાણે રૂક્ષ સાથે પણ ૬૪ ભંગો કહેવા - યાવત્ સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશો શીતો, દેશો ઉષ્ણો.

આ પ્રમાણે સાત સ્પર્શના ૫૧૨ ભંગ થાય છે.

જો આઠ સ્પર્શ હોય તો - દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશમૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ. એ રીતે ૧૬ ભંગો થયા.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશો લઘુકો, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે આ 'ગુરુક' એકવચનમાં, લઘુક બહુવચનમાં લઈને - ૧૬ ભંગ કરવા.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશો ગુરુકો, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આના પણ ૧૬ ભંગો કરવા.

દેશ કર્કશ, દેશમૃદુ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશ શીત, દેશ

*ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આના પણ ૧૬ ભંગો કહેવા.*

*આ બધાં મળીને ૬૪ ભંગો થયા. તેમાં કર્કશ, મૃદુ બંને એકવચનમાં લીધા છે. - - તેમાં કર્કશ એકવચનમાં અને મૃદુ બહુવચનમાં લઈને (બીજા) ૬૪ ભંગો કરવા. - - તેમાં કર્કશ બહુવચનમાં અને મૃદુ એકવચનમાં લઈને (ત્રીજા) ૬૪-ભંગો કરવા. - - તેમાં કર્કશ, મૃદુ બંને બહુવચનમાં લઈને (ચોથા) ૬૪-ભંગો કરવા. - યાવત્ દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો આ છેલ્લો ભાંગો જાણવા. - - આ બધાં મળીને અષ્ટ સ્પર્શવાળા કુલ-૨૫૬ ભાંગાઓ થયા.*

*આ પ્રમાણે આ બાદર પરિણત અનંત પ્રદેશી સ્કંધમાં બધાં સંયોગો મળીને કુલ ૧૨૯૬ ભંગો થયા.*

*[૭૮૮] ભગવન્ ! પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ - દ્રવ્ય પરમાણુ, ક્ષેત્ર પરમાણુ, કાળ પરમાણુ, ભાવ પરમાણુ.*

*ભગવન્ ! દ્રવ્ય પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — અચ્છેદ્ય, અભેદ્ય, અદગ્ધ, અગ્રાહ્ય. - - ભગવન્ ! ક્ષેત્ર પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ, અવિભાજ્ય.*

*ભગવન્ ! કાળ પરમાણુની પૃચ્છા. ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ. - - ભગવન્ ! ભાવ પરમાણુ કેટલા ભેદે છે ? ચાર ભેદે — વર્ણમંત, ગંધમંત, રસમંત, સ્પર્શ મંત.*

*ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૮૭,૭૮૮ :-**

બધે જ કર્કશ, ગુરુ, શીત, સ્નિગ્ધ એકદા જ અવિરુદ્ધ. સ્પર્શોના સંભવથી એક ભંગ, ચતુર્થ પદ વ્યત્યયમાં દ્વિતીય. એ રીતે એકાદિ પદના વ્યભિચારથી ૧૬-ભંગો છે. पंचफास० કર્કશ, ગુરુ, શીત વડે સ્નિગ્ધ અને રૂક્ષના એકત્વ, બહુત્વ કરીને ચતુર્ભંગી પ્રાપ્ત થઈ છે. એ રીતે કર્કશ, ગુરુ, ઉષ્ણ વડે ચાર, એમ આઠ ભંગ થયા. આ આઠ કર્કશ અને ગુરુ વડે થયા. એમ બીજા કર્કશ અને લઘુ વડે થયા, તેથી ૧૬-ભંગ કર્કશ પદ વડે થયા. આ જ ભંગો મૃદુ પદ વડે થયા, એ રીતે ૩૨-ભંગો થયા. આ ૩૨-ભંગ સ્નિગ્ધ અને રૂક્ષના એકત્વથી થયા. બીજા ૩૨-ભંગ શીત, ઉષ્ણ વડે, ત્રીજા ગુરુ અને લઘુ વડે, ચોથા કર્કશ અને મૃદુ વડે, એ પ્રમાણે ૧૨૮ ભંગો થાય છે.

છ સ્પર્શમાં — સર્વ કર્કશ, ગુરુ, દેશથી શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ છે. અહીં દેશ શીતાદિના ચારે પદના એકત્વાદિ વડે ૧૬-ભંગો. આ સર્વ કર્કશ-ગુરુ વડે થયા. આ જ કર્કશ-લઘુ વડે થાય, તેથી ૩૨-ભંગ. આ બધાં સર્વ કર્કશ પદ વડે પ્રાપ્ત થયા. આ જ સર્વમૃદુ વડે પણ થાય. તેથી ૬૪ ભંગ થાય. આ ૬૪ સર્વ કર્કશ ગુરુ લક્ષણથી દ્વિકસંયોગ વડે સવિર્યયથી થયા. તે રીતે બીજા પણ દ્વિકસંયોગ વડે થઈ શકે. કર્કશ-ગુરુ-શીત-સ્નિગ્ધ લક્ષણ ચાર પદોના છ દ્વિકસંયોગથી એ પ્રમાણે ૬૪ ભંગ. એ રીતે છ દ્વિકસંયોગથી ગુણતા ૩૮૪ ભંગ થાય.





સાત સ્પર્શમાં - અહીં આદ્ય 'કર્કશ' પદ સ્કંધ વ્યાપકત્વથી વિપક્ષ રહિત છે. બાકીના ગુરુ આદિ છ સ્કંધ દેશ આશ્રિત હોવાથી વિપક્ષ સહિત છે. તેથી સાત સ્પર્શો થયા. આમાં ગુરુ આદિ છ પદોના એકત્વ, બહુત્વ વડે ૬૪-ભંગો થાય. તે સર્વ કર્કશ પદથી પ્રાપ્ત થયા. એ રીતે મૃદુ પદથી પણ થાય. તેથી ૧૨૮-ભેદ થાય. એ રીતે ગુરુ-લઘુ વડે બાકીના સાથે ૧૨૮ ભંગ, શીત-ઉષ્ણ વડે પણ ૧૨૮, સ્નિગ્ધ-રૂક્ષ વડે પણ ૧૨૮, એ રીતે ૧૨૮ને ચાર વડે ગુણ ૫૧૨ ભંગો થાય છે.

અષ્ટ સ્પર્શમાં ચાર કર્કશાદિ પદોના વિપક્ષ સહિત આઠ સ્પર્શો. આ બાદર સ્કંધના બે ભાગે વિકલ્પિતના એકત્ર દેશમાં ચાર વિરુદ્ધ છે. આમાં એકત્વ, બહુત્વથી ભંગો થાય છે. તેમાં રૂક્ષના એકત્વ, બહુત્વથી બે, આ બંને સ્નિગ્ધના એકત્વ, બહુત્વથી ચાર ભેદ થાય. - x - આ આ ભેદ ઉષ્ણના બહુવચનથી કહ્યા તે ચાર. શીત પદ બહુવચનથી પણ ચાર. શીતોષ્ણ પદો વડે બહુવચનથી ચાર. એ રીતે ૧૬ ભેદ થયા. લઘુ પદના બહુવચનથી ચાર, લઘુશીત પદ બહુત્વ વડે ચાર, લઘુ-ઉષ્ણ પદો વડે ચાર, લઘુ શીત ઉષ્ણ પદો વડે ચાર. એ રીતે ૧૬ ભંગ. તથા કર્કશાદિ એકવચનથી અને ગુરુ પદના બહુ વચનાંતથી એમ જ છે. ઈત્યાદિ સૂત્રાનુસાર - x - x - x - ૬૪ ભંગો થયા. કર્કશ મૃદુ પદો વડે એકવચનવત્ વડે પણ આ ૬૪ ભંગ. કર્કશ પદના એકત્વ, મૃદુ પદના બહુત્વથી પૂર્વોક્ત ક્રમથી ૬૪-ભંગો કરવા. કર્કશના બહુત્વ અને મૃદુ પદના એકત્વ વડે ૬૪ ભંગ પૂર્વોક્ત ક્રમથી જ કરવા, તેને જ કર્કશ-મૃદુ પદના બહુવચન વડે પૂર્વવત્ ૬૪ ભંગો કરવા. એ રીતે ૬૪ને ૪ વડે ગુણતા ૨૫૬ ભંગો થશે. - x - x -

બાદર સ્કંધમાં ચાર વગેરે સ્પર્શો થાય છે. તેમાં ચતુઃસ્પર્શાદિ ક્રમથી પ્રાપ્ત ભેદોની સંખ્યા - x - x - વૃત્તિકારે યંત્ર બનાવી દર્શાવેલ છે.

પરમાણુ અધિકારથી હવે કહે છે — તેમાં દ્રવ્યરૂપ પરમાણુ તે દ્રવ્ય પરમાણુ, એક અણુ વર્ણાદિ ભાવની અવિવક્ષા અને દ્રવ્યત્વની જ વિવક્ષાથી. એ રીતે ક્ષેત્ર પરમાણુ - આકાશ પ્રદેશ, કાળ પરમાણુ - સમય, ભાવ પરમાણુ - પરમાણુ જ છે, વર્ણાદિ ભાવોના પ્રાધાન્ય વિવક્ષાથી છે.

એક પણ દ્રવ્ય પરમાણુ વિવક્ષાથી ચતુઃસ્વભાવ. अच्छेज्ज છેદ્ય એટલે શસ્ત્રાદિ વડે લતાદિવત્ છેદવું. તેના નિષેધથી અચ્છેદ્ય. અભેદ્ય - સોય વડે ચામડાને ભેદવું, તેના નિષેધથી અભેદ્ય. સૂક્ષ્મત્વથી અગ્નિ વડે અદાહ્ય. તેથી જ હાથ વડે અગ્રાહ્ય. अणड्ढे - સમસંખ્ય અવયવ અભાવે. अमज्झ - વિષમ સંખ્યાના અભાવે. अपएस - અવયવ અભાવે નિરંશ. अविभाइम - અવિભાગથી નિર્વૃત્ત, એકરૂપ, વિભાજન અશક્ય.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૬-"અંતર" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં પુદ્ગલ પરિણામ કહ્યા. અહીં પૃથ્વી આદિ જીવ પરિણામો કહે છે. આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું આદિ સૂત્ર —

● સૂત્ર-૭૮૯ થી ૭૯૧ :-

*ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય, તો હે ભગવન્ ! શું પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે કે પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય ? ગૌતમ ! પહેલા પણ ઉપજે૦ ઈત્યાદિ, જેમ શતક-૧૭ના ઉદ્દેશા-૬-માં કહ્યું તેમ યાવત્ તે કારણે હે ગૌતમ ! એમ કહ્યું કે પૂર્વે પણ યાવત્ ઉત્પન્ન થાય. વિશેષ એ કે - ત્યાં સંપ્રાપ્ત કરીને, અહીં આહાર કરે છે - એમ કહેવું. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને જે ઈશાન કલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ પૂર્વવત્ કહેવું. યાવત્ ઇષત્ પ્રાગ્ભારાએ ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને, જે સૌધર્મ યાવત્ ઇષત્ પ્રાગ્ભારામાં ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ એ પ્રમાણે આ ક્રમથી યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક સૌધર્મ ઈશાન અને સનત્કુમાર માહેન્દ્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાતમાં મરીને જે આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય, હે ભગવન્ ! તે પહેલાં ઉપજીને પછી આહાર કરે ? ઈત્યાદિ બધું પૂર્વવત્ જાણવું યાવત્ તેથી એ પ્રમાણે કહ્યું છે, યાવત્ નિક્ષેપો કરવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક સૌધર્મ-ઈશાન સનત્કુમાર માહેન્દ્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને જે શર્કરાપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય૦ ઈત્યાદિ પૂર્વવત્. યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો. - - એ પ્રમાણે સનત્કુમાર-માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને, ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો. - - એ પ્રમાણે બ્રહ્મલોક અને લાંતક કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો.*

*— એ પ્રમાણે લાંતક અને મહાશુક્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં, એ રીતે મહાશુક્ર અને સહસ્રાર કલ્પના અંતરમાં સમવહત થઈને ફરી પણ યાવત્ અધઃસપ્તમીએ એ પ્રમાણે સહસ્રાર અને આનત-પ્રાણત કલ્પના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં, એ પ્રમાણે આનત-પ્રાણત અને આરણ-અચ્યુત કલ્પના અંતરમાં ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં. એ રીતે આરણ-અચ્યુત અને ગ્રૈવેયક વિમાનના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં. એ પ્રમાણે ગ્રૈવેયક વિમાન અને અનુત્તર વિમાનના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં, એ પ્રમાણએ અનુત્તર વિમાન અને ઇષત્પ્રાગ્ભારામાં યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો.*



*[૭૯૦] ભગવન્! અપ્કાયિક, આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં સમવહત થઈને, જે સૌધર્મ કલ્પમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય, બાકી બધું પૃથ્વીકાયિક મુજબ કહેવું. યાવત્ તેથી એ પ્રમાણે પહેલા અને બીજા કલ્પના અંતરમાં સમવહત થઈને યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં ઉત્પાદ કહેવો. એ રીતે આ ક્રમથી યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વીના અંતરમાં સમવહત થઈને યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં અપ્કાયિકત્વથી ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! જે અપ્કાયિક સૌધર્મ-ઈશાન સનત્કુમાર-માહેન્દ્ર-કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરે, કરીને જે રત્નપ્રભા પૃથ્વીમાં ઘનોદધિ વલયમાં અપ્કાયિકપણે ઉત્પાદ કહેવો, એ પ્રમાણે યાવત્ અનુત્તર વિમાન અને ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને યાવત્ અધઃસપ્તમીના ઘનોદધિ વલયમાં ઉત્પાદ કહેવો.*

*[૭૯૧] ભગવન્ ! વાયુકાયિક, આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાતથી મરીને જે સૌધર્મકલ્પમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય૦ એ પ્રમાણે જેમ શતક-૧૭માં વાયુકાયિક ઉદ્દેશકમાં કહ્યું, તેમ અહીં પણ કહેવું. વિશેષ એ કે — અંતરમાં સમુદ્ઘાત જાણવો, બાકી પૂર્વવત્ યાવત્ અનુત્તર વિમાન અને ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાતથી સમવહત થઈને જે ઘનવાત-તનુવાત, ઘનવાત તનુવાત વલયોમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય. બાકી પૂર્વવત્ જાણવું. યાવત્ તેથી એમ કહેવું યાવત્ ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૮૯ થી ૭૯૧ :-

શતક-૧૭, ઉદ્દેશો-૬, આના વડે સૂચવે છે - પૂર્વે ઉત્પન્ન થઈ પછી આહાર કરે કે પહેલા આહાર કરી પછી ઉપજે - x - પહેલા ઉત્પન્ન થઈ પછી શરીર પ્રાયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે. - x - અથવા ઉત્પત્તિ ક્ષેત્રમાં પ્રદેશ પ્રક્ષેપણ કરીને પૂર્વે આહાર ગ્રહણ કરે, પછી પૂર્વના ક્ષેત્રથી પ્રદેશો સંહરે. વાચનાંતર અભિપ્રાયથી પૃથ્વી-અપ્-વાયુ વિષયત્વથી ઉદ્દેશક ત્રય, અહીંથી આઠમો છે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૭-"બંધ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-માં પૃથ્વી આદિનો આહાર નિરૂપેલ છે અને તે કર્મનો બંધ હોવાથી જ થાય છે, તેથી અહીં બંધ નિરૂપણ કરે છે.

● સૂત્ર-૭૯૨ :-

*ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ જીવ પ્રયોગબંધ, અનંતર પ્રયોગબંધ, પરંપરબંધ. - - ભગવન્ ! નૈરયિકને કેટલા ભેદે બંધ છે ? - પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બંધ ત્રણ ભેદે છે. તે આ — જીવપ્રયોગબંધ, અનંતરબંધ, પરંપરબંધ.*

*ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા ભેદે છે ? પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિક, એ રીતે અંતરાય સુધી.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયમાં કેટલા ભેદે બંધ થાય છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. પૂર્વવત્. આ પ્રમાણે નૈરયિકોને પણ કહેવું. એ રીતે વૈમાનિક સુધી કહેવું. એ રીતે યાવત્ અંતરાય ઉદયમાં કહેવું.*

*ભગવન્ ! સ્ત્રી વેદનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે બંધ પૂર્વવત્ છે. - - ભગવન્ ! અસુરકુમારોને સ્ત્રી વેદનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે પૂર્વવત્ છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે — જેને સ્ત્રીવેદ હોય તેને તે કહેવો. એ પ્રમાણે પુરુષ વેદમાં પણ કહેવું, નપુંસકવેદમાં પણ કહેવું. યાવત્ વૈમાનિકોમાં. વિશેષ એ કે — જેને જે વેદ હોય, તેને તે કહેવો.*

*ભગવન્ ! દર્શન મોહનીય કર્મનો બંધ કેટલા ભેદે છે ? પૂર્વવત્. નિરંતર યાવત્ વૈમાનિક. એ રીતે ચારિત્ર મોહનીયનો પણ વૈમાનિક પર્યન્ત કહેવો. એ રીતે આ ક્રમે ઔદારિક શરીર યાવત્ કાર્મણ શરીરનો, આહાર સંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞા, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં, આભિનિબોધિક જ્ઞાનનો યાવત્ કેવળજ્ઞાનનો, મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાનના બંધ પૂર્વવત્ કહેવા.*

*ભગવન્ ! આ પ્રમાણે આભિનિબોધિકના વિષયનો બંધ કેટલા પ્રકારે છે ? યાવત્ કેવળજ્ઞાન વિષયનો, મતિ અજ્ઞાન વિષયનો, શ્રુત અજ્ઞાન વિષયનો, વિભંગજ્ઞાન વિષયનો, આ બધાં પદાર્થોનો બંધ ત્રણ ભેદે કહ્યો છે. આ બધાંને ચોવીશ દંડકમાં કહેવા. વિશેષ એ કે — જેને જે હોય તે કહેવું યાવત્ વૈમાનિક. - - ભગવન્ ! વિભંગજ્ઞાન વિષયનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બંધ ત્રણ ભેદે - જીવપ્રયોગબંધ, અનંતર બંધ, પરંપર ભેદ. - - ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

● વિવેચન-૭૯૨ :-

જીવ પ્રયોગ બંધ - જીવના પ્રયોગથી - મન વગેરે વ્યાપારથી થતો બંધ - કર્મ પુદ્‌ગલોનો આત્મ પ્રદેશ સાથે સંશ્લેષ બદ્ધ સ્પૃષ્ટાદિ ભાવ કરણ. अनंतरबंध - જેના પુદ્‌ગલોને બદ્ધ થયાને અનંતર સમય વર્તતો હોય તે. परंपरबंध - જેમાં બદ્ધ થયાને દ્વિતીયાદિ સમય વર્તતો હોય તે.

જ્ઞાનાવરણીયોદય - જ્ઞાનાવરણીયના ઉદય રૂપ કર્મના અર્થાત્ ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીય કર્મ. આનો બંધ ભૂતભાવાપેક્ષાએ છે. અથવા જ્ઞાનાવરણીયપણે ઉદય જે કર્મનો છે તે તથા, જ્ઞાનાવરણાદિ કર્મ જ કિંચિત્ જ્ઞાનાદિ આવરકપણે વિપાકથી કિંચિત્ પ્રદેશથી વેદાય છે. તે ઉદયથી વિશેષિત કર્મ. અથવા જ્ઞાનાવરણીયના ઉદયે જે બંધાય કે વેદાય તે જ્ઞાનાવરણીયોદય જ છે. આ રીતે બીજે પણ જાણવા.

સમ્યગ્દૃષ્ટિ ઈત્યાદિ. (શંકા) સમ્યગ્દૃષ્ટિ ઈત્યાદિમાં બંધ કઈ રીતે ? કેમકે દૃષ્ટિજ્ઞાન-અજ્ઞાનોનું પૌદ્‌ગલિકત્વ છે ? (સમાધાન) અહીં બંધ શબ્દથી



કર્મ પુદ્‌ગલોનો બંધ વિવક્ષિત નથી, પરંતુ સંબંધ માત્ર છે. તે જીવની દૃષ્ટિ આદિ ભેદથી ધર્મ સાથે જ છે. જીવ પ્રયોગ બંધાદિ વ્યપદેશ્યત્વ અને તેના જીવવીર્ય પ્રભવત્વથી જ આભિનિબોધિક જ્ઞાનવિષય આદિના પણ નિરવદ્ય જ્ઞાનના જ્ઞેયની સાથે સંબંધ વિવક્ષણથી કહ્યું.

અહીં સંગ્રહ ગાથા છે. જીવ પ્રયોગબંધ, અનંતર, પરંપર જાણવું. પ્રકૃતિ, ઉદય, વેદ, દર્શન મોહ, ચારિત્ર મોહ, ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ,- સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાનમાં તેનો વિષય છે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૮, "ભૂમિ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં બંધ કહ્યો, તેનો વિભાગ કર્મભૂમિમાં તીર્થંકરે પ્રરૂપેલ છે, તેથી કર્મભૂમ્યાદિને અહીં આઠમા ઉદ્દેશામાં કહે છે —

● સૂત્ર-૭૯૩ થી ૮૦૦ :-

*[૭૯૩] ભગવન્ ! કર્મભૂમિ કેટલી છે ? ગૌતમ ! પંદર છે. તે આ — પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ. - - ભગવન્ ! અકર્મભૂમિ કેટલી છે ? ગૌતમ ત્રીશ છે — પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ.*

*ભગવન્ ! આ ત્રીશ અકર્મભૂમિમાં ઉત્સર્પિણી, અવસર્પિણી હોય છે ? તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! આ પાંચ ભરત, ઐરવતમાં ઉત્સર્પિણી, અવસર્પિણી હોય છે ? હા, છે. - - આ પાંચ મહાવિદેહમાં ? ત્યાં ઉત્સર્પિણી નથી, અવસર્પિણી નથી. ત્યાં અવસ્થિત કાળ છે.*

*[૭૯૪] ભગવન્! આ પાંચ મહાવિદેહમાં અરિહંત ભગવંત પંચમહાવ્રતિક અપ્રતિક્રમણ ધર્મ પ્રજ્ઞાપે છે? તે અર્થ સમર્થ નથી. પરંતુ આ પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા બંને અરિહંત ભગવંતો પંચ મહાવ્રતિક - પંચ અણુવ્રતિક સપ્રતિક્રમણ ધર્મ કહે છે, બાકીના અરિહંત ભગવંતો ચતુર્યામધર્મ પ્રરૂપે છે. આ પાંચ મહાવિદેહમાં અરિહંત ભગવંતો ચતુર્યામ ધર્મ પ્રરૂપે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં કેટલા તીર્થંકરો કહ્યા છે ? ગૌતમ ! ચોવીશ તીર્થંકરો કહ્યા છે. તે આ રીતે — ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ (શશિ), પુષ્પદંત (સુવિધિ), શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન.*

*[૭૯૫] ભગવન્ ! આ ચોવીશ તીર્થંકરોના કેટલા જિનાંતર છે ? ગૌતમ ! ૨૩-જિનંતર છે. - - ભગવન્ ! આ ૨૩-જિનંતરોમાં કોઈને ક્યાંય કાલિક શ્રુતનો ઉચ્છેદ થયો છે ? ગૌતમ ! આ ૨૩-જિનંતરોમાં પહેલા અને પછીના આઠ-આઠ જિનાંતરોમાં કાલિક શ્રુતનો વ્યવચ્છેદ થયો નથી. મધ્યના સાત જિનંતરોમાં કાલિક સૂત્રનો વ્યવચ્છેદ થયો છે. પરંતુ સર્વે જિનંતરોમાં દૃષ્ટિવાદનો વિચ્છેદ થયો છે.*

*[૭૯૬] જંબૂદ્વીપ-દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયનું પૂર્વગતશ્રુત કેટલો કાળ સ્થાયી રહેશે ? ગૌતમ ! - x - મારું પૂર્વગત શ્રુત આ અવસર્પિણીમાં ૧૦૦૦ વર્ષ રહેશે.*

*ભગવન્ ! જે રીતે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત ૧૦૦૦ વર્ષ રહેશે, તેમ હે ભગવન્ ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં બીજા તીર્થંકરોનું પૂર્વગત શ્રુત કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કેટલાંકનું સંખ્યાત, કેટલાંકનું અસંખ્યાતકાળ.*

*[૭૯૭] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ કેટલો કાળ રહેશે ? ગૌતમ ! - x - x - મારું તીર્થ ૨૧૦૦૦ વર્ષ સુધી રહેશે.*

*[૭૯૮] ભગવન્ ! જેમ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ ૨૧,૦૦૦ વર્ષ સુધી રહેશે. તેમ હે ભગવન્ ! જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી કાળે છેલ્લા તીર્થંકરનું તીર્થ કેટલો કાળ સ્થાયી રહેશે ? ગૌતમ ! જે પ્રમાણે અર્હન્ કૌશલિક ઋષભનો જિનપર્યાય છે, એટલા સંખ્યાત વર્ષ આગામીકાળે છેલ્લા તીર્થંકરનું તીર્થ રહેશે.*

*[૭૯૯] ભગવન્ ! તીર્થને તીર્થ કહેવાય કે તીર્થંકરને તીર્થ કહેવાય ? ગૌતમ અરહંતો તો નિયમા તીર્થંકર છે, પણ તીર્થ ચાતુર્વર્ણ શ્રમણસંઘ છે - તે આ - શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા.*

*[૮૦૦] ભગવન્ ! પ્રવચન એ પ્રવચન છે કે પ્રાવચની એ પ્રવચન છે ? ગૌતમ ! અરહંત તો નિયમાં પ્રાવચની છે, પરંતુ પ્રવચન દ્વાદશાંગી ગણિપિટક છે. તે આ - આચાર યાવત્ દૃષ્ટિવાદ.*

*ભગવન્ ! જે આ ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય છે, તે આ ધર્મમાં અવગાહીને, આઠ પ્રકારની કર્મરજ મલને ધુવે છે, ધોઈને પછી સિદ્ધ થઈ યાવત્ દુઃખનો અંત કરે છે ? હા, ગૌતમ ! જે આ ઉગ્ર, ભોગ, તે પ્રમાણે જ યાવત્ અંત કરે છે, કેટલોક કોઈ એક દેવલોકમાં, દેવપણે ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! દેવલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે દેવલોક છે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૯૩ થી ૮૦૦ :-**

કયા જિનના સંબંધમાં, કયા જિનના અંતરમાં, કયા બે જિનની મધ્યમાં કાલિક શ્રુત અર્થાત્ એકાદશ અંગ રૂપનો વ્યવચ્છેદ કહ્યો છે ?

અહીં કાલિક સૂત્રનો વ્યવચ્છેદ પૂછેલ છે, પણ જે અપૃષ્ટ છે, તે અવ્યવચ્છેદનું અભિધાન, તેના વિપક્ષને જણાવવા માટે છે જેથી વિવક્ષિત અર્થ બોધ સહેલો થાય છે. એમ કરીને કહેલ છે. 'મધ્યના સાત' એના દ્વારા 'कस्सकहिं' એ પ્રશ્નનો અહીં ઉત્તર જાણવો. તેથી 'મધ્યમ સાતમાં' એમ



કહેવાથી સુવિધિજિનના તીર્થમાં અર્થાત્ સુવિધિ-શીતલ જિનના અંતરમાં વ્યવચ્છેદ થયો છે. તેનો વ્યવચ્છેદ કાળ પલ્યોપમનો ચોથો ભાગ હતો. એ પ્રમાણે બીજા પણ છ જિન છે. અહીં છ જિનાંતર કહેવા. કેવળ વ્યવચ્છેદ કાળ સાતમાં જાણવો—

એક પલ્યોપમનો (૧) ચતુર્ભાગ, (૨) ચતુર્ભાગ, (૩) ત્રણ ચતુર્ભાગ (૪) એક પલ્યોપમ, (૫) ત્રણ ચતુર્ભાગ, (૬) ચતુર્ભાગ (૭) ચતુર્ભાગ.

एत्थणं० પ્રજ્ઞાપક વડે ઉપદર્શાવતા જિનના અંતરોમાં કાલિક શ્રુતનો વ્યવચ્છેદ કહ્યો છે. દૃષ્ટિવાદ અપેક્ષાએ કહે છે — બધાં પણ જિન અંતરોમાં અર્થાત્ માત્ર સાત જિનાંતરમાં નહીં, કેટલાંક કાળ માટે પણ દૃષ્ટિવાદ વ્યવચ્છિન્ન થાય. - - વ્યવચ્છેદાધિકારથી કહે છે —

देवाणुप्पियाणं - આપના સંબંધી, अत्थेगइयाणं संखेज्ज कालं - પશ્ચાનુપૂર્વી વડે પાર્શ્વનાથ આદિનો સંખ્યાતકાળ. अत्थेगइयाणं असंखेज्जकाल - ઋષભ આદિ તીર્થંકરોમાં. आगमेस्साणं - આગામી અર્થાત્ ભવિષ્યકાળે થનાર-મહાપદ્મ આદિ જિન, कोसलियस्स - કોશલ દેશમાં જન્મેલ. जिणपरियाए - કેવલિ પર્યાય. ૧૦૦૦ વર્ષ ન્યૂન લાખ પૂર્વ.

તીર્થ પ્રસ્તાવથી આમ કહે છે — तीर्थ - સંઘરૂપ. તીર્થને જ તીર્થ શબ્દથી કહેવું કે તીર્થંકરને તીર્થ શબ્દથી કહેવા ? પ્રશ્ન. તેનો ઉત્તર આપે છે. તીર્થંકર, તીર્થ પ્રવર્તયિતા છે, તીર્થ નથી. *[વૃત્તિકારનો અભિપ્રાય સમજાતો નથી, કેમકે તે સૂત્રથી વિમુખ છે.]* પરંતુ તીર્થ એટલે ચાતુવર્ણીય શ્રમણસંઘ છે. જેમાં ચાર વર્ણ છે, તે ચતુર્વર્ણ. તે આ પ્રમાણે આકીર્ણ છે — ક્ષમાદિ ગુણ વડે વ્યાપ્ત - ચતુર્વર્ણાકીર્ણ. ક્યાંક 'ચાતુર્વર્ણ શ્રમણ-સંઘ' એવો પાઠ છે, તે વ્યક્ત જ છે.

ઉક્તાનુસારીથી જ કહે છે — पवयण० ઈત્યાદિ. પ્રકર્ષથી કહેવાય, અભિધેય છે જેના વડે તે પ્રવચન અર્થાત્ આગમ. પ્રવચનને જ પ્રવચન શબ્દ કહેવો કે પ્રવચની અર્થાત્ પ્રવચન પ્રણેતા-જિન તે પ્રવચન ?

પૂર્વે શ્રમણાદિ સંઘ કહ્યો. શ્રમણો ઉગ્રાદિ કુલોત્પન્ન હોય છે, પ્રાયઃ તેઓ સિદ્ધ થાય છે, તે દર્શાવતા કહે છે — जे इमे० ઈત્યાદિ. આ નિર્ગ્રન્થ ધર્મમાં.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૯-"ચારણ" ❀

— x — x — x — x — x — x —

૦ આઠમાં ઉદ્દેશાને અંતે દેવો કહ્યા. તેઓ આકાશચારી છે. તેથી આકાશચારી દ્રવ્ય દેવો અહીં પ્રરૂપીએ છીએ —

● **સૂત્ર-૮૦૧,૮૦૨ :-**

*[૮૦૧] ભગવન્ ! ચારણ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે ભેદે ચારણો છે. તે આ — વિદ્યાચારણ અને જંઘાચારણ. - - ભગવન્ તે વિદ્યાચારણને વિદ્યાચારણ કેમ કહે છે ? ગૌતમ ! તેમને અંતર રહિત છટ્ઠ છટ્ઠના તપશ્ચરણપૂર્વક વિદ્યા દ્વારા ઉત્તરગુણ લબ્ધિને ક્ષમમાણથી વિદ્યાચારણ લબ્ધિ નામે લબ્ધિ સમુત્પન્ન થઈ હોય છે. તે કારણથી યાવત્ વિદ્યાચારણ કહેવાય છે.*

*ભગવન્ ! વિદ્યાચારણની શીઘ્રગતિ કેવી છે ? તેમની શીઘ્ર ગતિનો વિષય કેવો છે ? ગૌતમ ! આ જંબૂદ્વીપ યાવત્ કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપથી છે. કોઈ મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ યાવત્ એ પ્રમાણે વિચારીને સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં ત્રણ વખત ચક્કર લગાવીને શીઘ્ર પાછો આવે, એટલી શીઘ્રગતિ હે ગૌતમ ! વિદ્યાચરણની છે, એટલો શીઘ્ર ગતિ વિષય છે.*

*ભગવન્ ! વિદ્યાચરણની તીર્છી ગતિ કેટલી છે ? તીર્છી ગતિનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે અહીંથી એક ઉત્પાતથી માનુષોત્તર પર્વતે સમવસરણ કરે છે, કરીને ત્યાં ચૈત્યોને વાંદીને, ત્યાંથી બીજા ઉત્પાત વડે નંદીશ્વર દ્વીપે સમોસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોને વાંદે છે. ત્યાંથી (એક ઉત્પાતમાં) પાછો ફરે છે, ફરીને અહીં આવે છે, અહીં ચૈત્યોને વાંદે છે. ગૌતમ ! વિદ્યાચારણની આટલી તીર્છી ગતિ છે, આટલો તીર્છી ગતિનો વિષય છે.*

*ભગવન્ ! વિદ્યાચારણની ઉર્ધ્વગતિ કેટલી છે ? ઉર્ધ્વ ગતિનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે અહીંથી એક ઉત્પાત વડે નંદનવનમાં સમવસરણ કરે છે, ત્યાં ચૈત્યોની વંદના કરે છે, ત્યાંથી બીજા ઉત્પાત વડે પંડકવનમાં જાય છે. જઈને પંડકવનમાં ચૈત્યોની વંદના કરે છે. ત્યાં પાછો ફરી (એક ઉત્પાતમાં) અહીં આવે છે, અહીં આવીને અહીં ચૈત્યોની વંદના કરે છે. હે ગૌતમ ! વિદ્યાચારણની આટલી ઉર્ધ્વગતિ છે, આટલો ઉર્ધ્વગતિનો વિષય છે.*

*તે તે સ્થાનોની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, જો તે તે સ્થાનોની આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે.*

*[૮૦૨] ભગવન્! કયા કારણે જંઘાચારણ, જંઘાચારણ કહેવાય છે? ગૌતમ! તેને નિરંતર અટ્ઠમ-અટ્ઠમના તપોકર્મ વડે આત્માને ભાવિત કરતા જંઘાચારણલબ્ધિ નામે લબ્ધિ સમુત્પન્ન થાય છે, તે કારણથી.*

*ભગવન્! જંઘાચારણની કેવી શીઘ્ર ગતિ છે? કેવો શીઘ્ર ગતિવિષય છે? ગૌતમ! આ જંબૂદ્વીપમાં એ પ્રમાણે જેમ વિદ્યાચારણમાં કહ્યું તેમ જાણવું. વિશેષ એ કે — તે ૨૧ વખત ચક્કર લગાવીને શીઘ્ર પાછો આવે છે. હે ગૌતમ! જંઘાચારણની તેવી શીઘ્રગતિ છે, તેટલો શીઘ્રગતિવિષય છે. બાકી પૂર્વવત્.*

*ભગવન્! જંઘાચારણની તીર્છી ગતિનો વિષય કેટલો છે? ગૌતમ! તે અહીંથી એક ઉત્પાદ વડે રૂચકવર દ્વીપે સમવસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને ત્યાંથી પાછો વળતાં બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપે સમવસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને (એક ઉત્પાત્ વડે) શીઘ્ર અહીં પાછો ફરે છે. અહીં આવીને અહીંના ચૈત્યોની વંદના કરે છે. જંઘાચારણનો હે ગૌતમ! આટલો તીર્છી ગતિનો વિષય છે.*



*ભગવન્! જંઘાચારણનો ઉર્ધ્વગતિ વિષય કેટલો છે? ગૌતમ! તે અહીંથી એક ઉત્પાત વડે પંડકવનમાં સમોસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને ત્યાંથી પાછા આવતા બીજા ઉત્પાત વડે નંદનવને સમોસરણ કરે છે. કરીને નંદનવનમાં ત્યાં ચૈત્યોની વંદના કરે છે. કરીને ત્યાંથી (એક ઉત્પાત્ વડે) અહીં આવે છે, અહીં આવીને અહીંના ચૈત્યોની વંદના કરે છે. હે ગૌતમ! જંઘાચારણનો ઉર્ધ્વગતિ વિષય આટલો છે.*

*તે તે સ્થાનની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, તે તે સ્થાનની આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૮૦૧,૮૦૨ :-**

ત્યાં चरण - આમનો આકાશમાં ગમન અતિશય છે તે. विज्जा चारण - વિદ્યા એટલે પૂર્વગતશ્રુત, તેમાં કૃતોપકારથી ચારણ તે વિદ્યાચારણ. - - जंघाचारण - જંઘા વ્યાપાર કૃતોપકાર ચારણ તે જંઘા ચારણ. આ અર્થમાં ગાથાઓ છે, તે આ પ્રમાણે —

(૧) અતિશય વડે ચરણ સામર્થ્યવાળા જંઘાચારણ, વિદ્યાચારણ મુનિઓ બંને જંઘા વડે પહેલો સૂર્ય કિરણોનો આશ્રય કરીને જાય છે.

(૨) જંઘાચારણ મુનિ એક ઉત્પાદ વડે રૂચકવરદ્વીપે જાય છે, ત્યાંથી પાછો ફરતા બીજા ઉત્પાદ વડે નંદીશ્વરે, ત્રીજા ઉત્પાદથી અહીં પાછો આવે છે.

(૩) જંઘાચારણ મુનિ પહેલા ઉત્પાદ વડે પંડકવને જાય છે, બીજા ઉત્પાદ વડે નંદનવને જાય છે. ત્રીજા ઉત્પાદ વડે અહીં પાછો આવે છે.

(૪) વિદ્યાચારણ મુનિ પહેલા ઉત્પાદ વડે માનુષોત્તર પર્વને જાય છે, બીજા ઉત્પાદ વડે નંદીશ્વરદ્વીપે આવે છે. ત્રીજા વડે અહીં આવીને ચૈત્યવંદન કરે.

(૫) પહેલા ઉત્પાદથી નંદનવને, બીજા ઉત્પાદ વડે પંડકવને જાય છે, ત્રીજા ઉત્પાદથી અહીં પાછો આવે તે વિદ્યાચારણ મુનિ.

તેમાં જે વિદ્યાચારણ થનાર હોય તે છટ્ઠ છટ્ઠના તપોકર્મ વડે વિદ્યાથી અર્થાત્ પૂર્વગતશ્રુત વિશેષ રૂપ કરણભૂતથી ઉત્તરગુણ-પિંડ વિશુદ્ધિ આદિ, તેમાં આ ક્રમ પ્રાપ્ત તપ સ્વીકારે પછી ઉત્તરગુણલબ્ધિ અર્થાત્ તપોલબ્ધિ પામે. क्षममाणस्य - સહન કરી શકતો એવો તપ કરે.

कहं सीहागइ - કેવી શીઘ્ર ગતિ-ગમનક્રિયા, કેવો શીઘ્ર ગતિનો વિષય. શીઘ્રપણાથી તેનો વિષય પણ ઉપચારથી શીઘ્ર કહ્યો. ગતિ વિષય ? ગમન અભાવે પણ શીઘ્ર ગતિ ગોચરભૂત ક્ષેત્ર શું છે ?

આ જંબૂદ્વીપ એવા સ્વરૂપનો છે, અહીં દેવની શીઘ્ર ગતિની ઉપમા આપી છે. से णं तस्स ठाणस्सं - અહીં આ ભાવાર્થ છે - લબ્ધિ ઉપજીવન, પ્રમાદથી તે સેવાય છે. તેની આલોચના વિના ચારિત્રની આરાધના થતી નથી, તેના વિરાધકને ચારિત્રનું ફળ પ્રાપ્ત ન થાય. જે અહીં કહ્યું કે વિદ્યાચારણનું ગમન બે ઉત્પાદ વડે અને આગમન એક વડે, જંઘાચારણનું ગમન એક વડે અને

આગમન બે વડે, તે તેનો લબ્ધિ સ્વભાવ છે.

બીજા કહે છે કે — વિદ્યાચારણને આગમનકાળે વિદ્યા અભ્યસ્તતર હોય છે. તેથી એક ઉત્પાદથી આગમન છે, ગમનમાં તેમ ન હોવાથી બે ઉત્પાદ વડે જાય છે. જંઘાચારણ તો લબ્ધિ ઉપજીવ્યમાન અલ્પ સામર્થ્યવાળા હોય છે. તેથી આગમન બે વડે, ગમન એક વડે થાય છે.

## ❁ શતક-૨૦, ઉદ્દેશો-૧૦-"સોપક્રમ" ❁

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૯-માં ચારણો કહ્યા. તેઓ સોપક્રમાયુષ્ક અને ઈતર પણ સંભવે છે, તેથી દશમામાં સોપક્રમાદિપણે જીવોને નિરૂપે છે —

● **સૂત્ર-૮૦૩ :-**

*ભગવન્ ! જીવો શું સોપક્રમાયુષ્ છે કે નિરૂપક્રમાયુષ્ ? ગૌતમ ! જીવો સોપક્રમાયુષ્ પણ છે, નિરૂપક્રમાયુષ્ પણ છે.*

*નૈરયિકો વિશે પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિકો સોપક્રમાયુષ્ નથી, નિરૂપક્રમાયુષ્ છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી કહેવું. - - પૃથ્વીકાયિકોને 'જીવ' સમાન કહેવા. એ પ્રમાણે મનુષ્યો સુધી કહેવું. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકોની સમાન કહેવા.*

● **વિવેચન-૮૦૩ :-**

સોપક્રમાયુ - ઉપક્રમણ તે ઉપક્રમ, અપ્રાપ્તકાળે આયુષ્યનું નિર્જરવું તે, તેની સાથે જે છે તે સોપક્રમ. તે આવા પ્રકારનું આયુ જેમને છે તે સોપક્રમાયુ. તથા તેનાથી વિપરીત આયુ તે નિરપક્રમાયુષ્ કહેવાય.

અહીં ગાથા છે — દેવો, નૈરયિકો, અસંખ્યાત વર્ષાયુવાળા તિર્યંચો અને મનુષ્યો, ઉત્તમ પુરુષો અને ચરમ શરીરવાળા તે બધાં નિરુપક્રમાયુ છે.

બાકીના સંસારી જીવો તે ઈતર એવા સોપક્રમાયુષ્વાળી છે. આ રીતે સંક્ષેપથી સોપક્રમ અને નિરુપક્રમ ભેદ કહ્યો.

ઉપક્રમ અધિકારથી કહે છે —

● **સૂત્ર-૮૦૪ :-**

*ભગવન્ ! નૈરયિકો, શું આત્મોપક્રમથી ઉપજે છે, કે પરોપક્રમથી ઉપજે છે કે નિરૂપક્રમથી ઉપજે છે ? ગૌતમ ! આત્મોપક્રમથી પણ ઉપજે, પરોપક્રમથી પણ ઉપજે, નિરૂપક્રમથી પણ ઉપજે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક.*

*ભગવન્! નૈરયિકો શું આત્મોપક્રમથી ઉદ્વર્તે. પરોપક્રમથી ઉદ્વર્તે કે નિરૂપક્રમથી ઉદ્વર્તે? ગૌતમ! આત્મોપક્રમથી ન ઉદ્વર્તે, પરોપક્રમથી ન ઉદ્વર્તે, પણ નિરૂપક્રમથી ઉદ્વર્તે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વીકાયિકો યાવત્ મનુષ્યો ત્રણે રીતે ઉદ્વર્તે, બાકીના જેમ નૈરયિક. માત્ર જ્યોતિષ્ક, વૈમાનિક ચ્યવે.*

*ભગવન્ ! નૈરયિકો શું આત્મઋદ્ધિથી ઉપજે કે પરઋદ્ધિથી ઉપજે ? ગૌતમ ! આત્મઋદ્ધિથી ઉપજે, પરઋદ્ધિથી નહીં. એમ યાવત્ વૈમાનિક.*



*ભગવન્ ! નૈરયિકો શું આત્મઋદ્ધિથી ઉદ્વર્તે, પરઋદ્ધિથી ઉદ્વર્તે ? ગૌતમ ! આત્મઋદ્ધિથી ઉદ્વર્તે, પરઋદ્ધિથી નહીં. એ રીતે યાવત્ વૈમાનિક. વિશેષ એ કે — જ્યોતિષ્ક, વૈમાનિક ચ્યવે છે તેમ કહેવું.*

*ભગવન્ ! નૈરયિક સ્વકર્મોથી ઉપજે૦ ? ગૌતમ ! આત્મકર્મથી ઉપજે છે, પરકર્મોથી નહીં. એ રીતે વૈમાનિક સુધી કહેવું. એમ ઉદ્વર્તના કહેવી.*

*ભગવન્ ! નૈરયિક શું આત્મપ્રયોગથી ઉપજે, પરપ્રયોગ વડે ઉપજે ? ગૌતમ ! આત્મપ્રયોગથી ઉપજે પરપ્રયોગથી નહીં. એ રીતે યાવત્ વૈમાનિક. એમ ઉદ્વર્તના દંડક.*

● **વિવેચન-૮૦૪ :-**

आओवक्कमण - આત્મા વડે અર્થાત્ સ્વયં જ આયુષ્યમનો ઉપક્રમ તે આત્મોપક્રમ. તેના વડે મરીને નારકો ઉત્પન્ન થાય, જેમ શ્રેણિક. परोवक्कमेण - પરકૃત મરણ વડે, જેમ કોણિક. निरुवक्कमेण - ઉપક્રમણના અભાવથી. જેમ - કાલશૌરિક. જેથી સોપક્રમાયુષ્ક અને ઈતર પણ તેમાં ઉપજે તેથી ઉત્પાદન, ઉદ્વર્તનાધિકારથી કહે છે — नेरइए० આદિ.

आइड्ढीए - ઈશ્વરાદિના પ્રભાવથી નહીં. आयकम्मुण - આત્મકૃત કર્મો વડે. - જ્ઞાનાવરણાદિથી आयप्पओगेणं - આત્મ વ્યાપારથી. ઉત્પાદાધિકારથી કહે છે —

● **સૂત્ર-૮૦૫ :-**

*ભગવન્ ! નૈરયિક, કતિસંચિત છે, અકતિસંચિત છે કે અવક્તવ્ય સંચિત છે ? ગૌતમ ! નૈરયિકો કતિસંચિત પણ છે, અકતિસંચિત પણ છે, અવક્તવ્યસંચિત પણ છે ? — એમ કેમ કહો છો ?*

*ગૌતમ ! જે નૈરયિક સંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ કતિસંચિત છે. જે નૈરયિક અસંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે, તે નૈરયિક અકતિસંચિત છે. જે નૈરયિક એક-એક પ્રવેશ વડે પ્રવેશે છે, તે નૈરયિક અવક્તવ્યસંચિત છે. તે કારણથી હે ગૌતમ ! યાવત્ અવક્તવ્યસંચિત પણ છે. સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ! પૃથ્વીકાયિક કતિસંચિત નથી, અકતિ સંચિત છે, અવક્તવ્ય સંચિત નથી. એમ કેમ કહ્યું? યાવત્ અવક્તવ્યસંચિત નથી? ગૌતમ! પૃથ્વીકાયિક અસંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે. તેથી આમ કહ્યું છે. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું. બેઈન્દ્રિયોથી વૈમાનિક, નૈરયિકવત્.*

*સિદ્ધોની પૃચ્છા. ગૌતમ ! સિદ્ધો કતિસંચિત છે, અકતિસંચિત નથી, અવક્તવ્યસંચિત પણ છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે સિદ્ધો સંખ્યાતા પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ કતિસંચિત છે, જેઓ એક-એક પ્રવેશન વડે પ્રવેશે છે, તેઓ અવક્તવ્યસંચિત છે. તેથી આ પ્રમાણે કહ્યું.*

*ભગવન્ ! આ કતિસંચિત, અકતિસંચિત, અવક્તવ્યસંચિત નૈરયિકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા નૈરયિક અવક્તવ્ય સંચિત છે, કતિ સંચિત સંખ્યાતગણા, સકતિસંચિત અસંખ્યાતગણા. એ*

પ્રમાણે એકેન્દ્રિયોને વર્જીને યાવત્ વૈમાનિક અલ્પબહુત્વ કહેવું. એકેન્દ્રિયોમાં અલ્પબહુત્વ નથી તેમ જાણવું.

ભગવન્ ! આ સિદ્ધોમાં કતિસંચિત, અકતિસંચિત, અવક્તવ્યસંચિતોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો કતિસંચિત છે, અવક્તવ્યસંચિત સિદ્ધો સંખ્યાતગણ છે.

ભગવન્ ! નૈરયિકો શું ષટ્કસમર્જિત છે ? નોષટ્કસમર્જિત છે ? ષટ્ક અને નોષટ્કથી સમર્જિત છે ? અનેકષટ્ક સમર્જિત છે ? અનેકષટ્ક અને નોષટ્ક વડે સમર્જિત છે ? ગૌતમ ! નૈરયિકો ષટ્ક સમર્જિત પણ છે, નોષટ્ક સમર્જિત પણ છે, ષટ્ક અને નોષટ્કથી પણ સમર્જિત છે. અનેક ષટ્કોથી પણ સમર્જિત છે અને ષટ્કો-નોષટ્કથી સમર્જિત છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! જે નૈરયિકો ષટ્ક પ્રવેશથી પ્રવેશે છે, તે નૈરયિકો ષટ્ક સમર્જિત છે. જે નૈરયિકો જઘન્યથી એક, બે, કે ત્રણ વડે ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે તેઓ નોષટ્ક સમર્જિત છે.. જે નૈરયિકો એક ષટ્ક વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ પ્રવેશથી અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે. તેઓ ષટ્ક વડે અને નોષટ્ક વડે સમર્જિત છે.. જે નૈરયિકો અનેકષટ્ક પ્રવેશ વડે પ્રવેશે છે તેઓ અનેકષટ્ક સમર્જિત છે. જે નૈરયિકો અનેકષટ્ક વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત છે. તેથી પૂર્વવત્ યાવત્ કહ્યું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો છે.

પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! ષટ્ક સમર્જિત નથી, નોષટ્ક સમર્જિત નથી, એક નોષટ્ક વડે સમર્જિત નથી, પણ અનેક ષટ્કો વડે સમર્જિત છે. અનેક ષટ્કો અને નોષટ્કો વડે સમર્જિત છે. એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો પ્રવેશનક વડે પ્રવેશે છે, તે પૃથ્વીકાયિકો ષટ્કો વડે સમર્જિત છે. જે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકો વડે પ્રવેશે છે, તે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો અને નોષટ્કો વડે સમર્જિત છે. તેથી એમ કહ્યું છે. - - એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઈન્દ્રિયો યાવત્ વૈમાનિકોને પૂર્વવત્ જાણવા. સિદ્ધો નૈરયિકવત્.

ભગવન્ ! આ નૈરયિકોમાં ષટ્ક સમર્જિત, નોષટ્ક સમર્જિત, ષટ્ક અને નોષટ્ક વડે સમર્જિત, અનેક ષટ્કોથી સમર્જિત, અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા નૈરયિક ષટ્ક સમર્જિત છે, નોષટ્ક સમર્જિત સંખ્યાતગુણા, ષટ્ક અને નોષટ્કથી સમર્જિત સંખ્યાતગુણા, અનેક ષટ્કોથી સમર્જિત અસંખ્યાતગણા, અનેક ષટ્કો અને નોષટ્કથી સમર્જિત સંખ્યાતગુણા છે. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.



ભગવન્ ! આ પૃથ્વીકાયિકોમાં ષટ્ક વડે સમર્જિત, અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા પૃથ્વીકાયિક અનેક ષટ્કોથી સમર્જિત છે. અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત સંખ્યાતગણા છે. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક. બેઈન્દ્રિયો યાવત્ વૈમાનિકોને નૈરયિકોવત્ સમજવા.

ભગવન્! આ સિદ્ધોમાં ષટ્ક સમર્જિત, નોષટ્ક સમર્જિત યાવત્ અનેક ષટ્કો અને નોષટ્ક સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે?

ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત છે, ષટ્કો વડે સમર્જિત સંખ્યાતગુણા છે. ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત સંખ્યાતગુણા, ષટ્ક સમર્જિત સંખ્યાતગણા, નોષટ્ક સમર્જિત સંખ્યાતગણા.

ભગવન્ ! નૈરયિકો શું દ્વાદશ સમર્જિત છે ? નોદ્વાદશ સમર્જિત છે ? દ્વાદશ અને નોદ્વાદશ વડે સમર્જિત છે ? દ્વાદશો વડે સમર્જિત છે ? દ્વાદશો અને નોદ્વાદશ વડે સમર્જિત છે ? ગૌતમ ! નૈરયિકો દ્વાદશ સમર્જિત પણ છે યાવત્ દ્વાદશો વડે પણ સમર્જિત છે. એમ કેમ કહ્યું ?

ગૌતમ! જે નૈરયિકો દ્વાદશ પ્રવેશ વડે પ્રવેશે છે તે નૈરયિકો દ્વાદશ સમર્જિત છે. જે નૈરયિકો જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી અગિયાર પ્રવેશનક વડે પ્રવેશે છે, તે નૈરયિકો નોદ્વાદશ સમર્જિત છે. જે નૈરયિકો દ્વાદશ અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ અગિયાર પ્રવેશનકથી પ્રવેશે છે તે નૈરયિકો દ્વાદશ-નોદ્વાદશથી સમર્જિત છે. જે નૈરયિકો અનેક દ્વાદશ પ્રવેશનકથી પ્રવેશે છે, તે નૈરયિક દ્વાદશો વડે સમર્જિત છે. જે નૈરયિકો અનેક દ્વાદશો વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ વડે અને ઉત્કૃષ્ટ અગિયાર પ્રવેશન વડે પ્રવેશે છે, તે દ્વાદશો અને નોદ્વાદશ વડે સમર્જિત છે. તેથી પૂર્વવત્ કહ્યું છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકોની પૃચ્છા ? ગૌતમ ! પૃથ્વીકાયિકો દ્વાદશ સમર્જિત નથી, નોદ્વાદશ સમર્જિત નથી, દ્વાદશ અને નોદ્વાદશ સમર્જિત નથી. દ્વાદશો વડે સમર્જિત છે. દ્વાદશો અને નોદ્વાદશ વડે પણ સમર્જિત છે.

એમ કયા કારણે કહો છો ? ગૌતમ ! જે પૃથ્વીકાયિક અનેક દ્વાદશો પ્રવેશનકથી પ્રવેશે છે, તેઓ અનેક દ્વાદશો વડે સમર્જિત છે. જે પૃથ્વીકાયિકો અનેક દ્વાદશો વડે અને બીજા જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટા અગિયાર વડે પ્રવેશે છે, તેઓ દ્વાદશો નોદ્વાદશ વડે સમર્જિત છે. તેથી યાવત્ એમ કહ્યું. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક.

બેઈન્દ્રિયો યાવત્ સિદ્ધો. નૈરયિકવત્ છે.

ભગવન્ ! આ નૈરયિકોમાં દ્વાદશ સમર્જિત૦ બધે અલ્પબહુત્વ ષટ્ક સમર્જિતવત્ કહેવું. માત્ર દ્વાદશનો અભિલાપ કહેવો.

ભગવન્ ! નૈરયિકો શું ચોર્યાશી સમર્જિત છે ?, નોચોર્યાશી સમર્જિત છે ? ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત છે ? અનેક ચોર્યાશી વડે સમર્જિત

*છે? અનેક ચોર્યાશી અને નો ચોર્યાશી સમર્જિત છે? ગૌતમ! નૈરયિકો ઉક્ત પાંચે વિકલ્પે સમર્જિત છે. એમ કેમ કહ્યું?*

*ગૌતમ! જે નૈરયિકો ૮૪ પ્રવેશનકથી પ્રવેશે છે, તે ચોર્યાશી સમર્જિત, જેઓ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૮૩ પ્રવેશનક વડે પ્રવેશે છે, તે નોચોર્યાશી સમર્જિત. જે નૈરયિકો ઉક્ત બંને રીતે પ્રવેશે છે, તે ચોર્યાશી-નોચોર્યાશી સમર્જિત છે. જે નૈરયિકો અનેક ૮૪-પ્રવેશનકોથી પ્રવેશે છે તે અનેક ચોર્યાશી સમર્જિત. જે નૈરયિકો ઉક્ત ચોથા અને બીજા ભંગ વડે પ્રવેશે છે તે અનેકચોર્યાશી - નોચોર્યાશી સમર્જિત છે. - તેથી પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર.*

*પૃથ્વીકાયિકો પૂર્વવત્ છેલ્લા બે ભંગ વડે છે. માત્ર આલાવામાં ચોર્યાશી ભંગ કહેવા. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક.*

*બેઈન્દ્રિય યાવત્ વૈમાનિકો, નૈરયિકવત્ છે.*

*સિદ્ધોની પૃચ્છા ગૌતમ! સિદ્ધો ચોર્યાશી સમર્જિત છે, નોચોર્યાશી સમર્જિત પણ છે, ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત પણ છે. પરંતુ સિદ્ધોમાં છેલ્લા બે ભંગ ન કહેવા. - - એમ કેમ કહ્યું?*

*ગૌતમ! જે સિદ્ધો ૮૪ પ્રવેશનક વડે પ્રવેશે છે, તેઓ ચોર્યાશી સમર્જિત છે. જે સિદ્ધો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૮૩-પ્રવેશનક વડે પ્રવેશે છે, તેઓ નોચોર્યાશી સમર્જિત છે. જે સિદ્ધો ઉક્ત બંને ભંગ વડે પ્રવેશે છે, તેઓ ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત છે. તેથી કહ્યું કે યાવત્ સમર્જિત છે.*

*ભગવન્! આ નૈરયિકોમાં ચોર્યાશી સમર્જિત, નોચોર્યાશી સમર્જિત૦ બધું અલ્પબહુત્વ ષટ્કસમર્જિતવત્ કહેવું યાવત્ વૈમાનિક. માત્ર આલાવામાં ૮૪ કહેવું.*

*ભગવન્! આ સિદ્ધોમાં ચોર્યાશી સમર્જિત, નોચોર્યાશી સમર્જિત, ચોર્યાશી સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા સિદ્ધો ચોર્યાશી-નોચોર્યાશીથી સમર્જિત છે, ચોર્યાશી સમર્જિત અનંતગુણા છે, નોચોર્યાશી સમર્જિત અનંતગણા છે. - - - ભગવન્! તે એમ જ છે યાવત્ વિચરે છે.*

● વિવેચન-૮૦૫ :-

कइसंचय - કતિ સંખ્યાવાચી છે, તેથી કતિત્વ વડે સંચિત-એક સમયે સંખ્યાત ઉત્પાદનથી પિંડિત તે કતિ સંચિત. એ રીતે અકતિ સંચિત. સંખ્યા નિષેધ - અસંખ્યાત, અનંતત્વ, अव्वत्तगसंचिय - દ્વયાદિ સંખ્યાના વ્યવહારથી - x - સંખ્યાત કે અસંખ્યાત્વ વડે કહેવું શક્ય ન હોય તે અવક્તવ્ય - એકત્વ ઉત્પાદનથી સંચિત.

તેમાં નારકાદિ ત્રણે ભેદે છે. કેમકે એક સમયે તેમનો એકથી અસંખ્યાત, અનંત ઉત્પાદ છે. પૃથ્વીકાયાદિ અકતિસંચિત જ છે. કેમકે તેમનો એક સમયે



અસંખ્યાતોનો ઉત્પાદ છે. વનસ્પતિમાં અનંત છે. - x - x - સિદ્ધો અકતિસંચિત નથી, કેમકે તેમાં એટલો ઉત્પાદ નથી.

આ બધાનું અલ્પબહુત્વ - અવક્તવ્ય સંચિતા થોડા છે. કેમકે અવક્તવ્યક સ્થાનું એકત્વપણું છે. ઈત્યાદિ - x - વૃત્તિ સરળ છે. બીજા કહે છે અહીં વસ્તુસ્વભાવ કારણ છે, સ્થાનકનું અલ્પત્વાદિ નહીં.

નારકાદિ ઉત્પાદ વિશેષણભૂત સંખ્યાધિકારથી આ કહે છે — नेरइयाणं० જેના છ પરિમાણ છે તે ષટ્ક તેના વડે સમર્જિત. એકત્ર સમયમાં જે સમુત્પન્ન થાય છે, તે રાશિ, તે જો ષટ્ પ્રમાણ હોય તો તેને ષટ્ક સમર્જિત કહેવાય છે. - x - x - x - તેમ આગળ પણ સમજી લેવું.

એકેન્દ્રિયોમાં તો અસંખ્યાતોના જ પ્રવેશન હોવાથી અનેકષટ્કો વડે સમર્જિત અને અનેકષટ્કો તથા નોષટ્ક વડે સમર્જિત એ બે વિકલ્પો જ સંભવે.

નારકોના અલ્પબહુત્વની વિચારણામાં પહેલા ભંગવાળા થોડાં કહ્યા, કેમકે ષટ્કસ્થાનકનું એકત્વપણું છે. બીજા ભંગમાં સંખ્યાતગણા કહ્યા કેમકે નોષટ્કસ્થાનોનું બહુત્વ છે. એ રીતે ત્રીજા, ચોથા, પાંચમામાં સ્થાન બાહુલ્યથી સૂત્રોક્ત બહુત્વ જાણવું એમ એક મત છે. બીજા મતે વસ્તુ સ્વભાવપણાથી છે. આ પ્રમાણે દ્વાદશ અને ચોર્યાશી સૂત્ર કહેવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૦નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x -- x -- x --

## ◎ ભાગ-૧૨-મો પૂર્ણ ◎

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

**૧૩**

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૫

-ઃ અનુવાદ-શ્રેણીના સર્જક ઃ-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૩ માં છે...

“ભગવતી” અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૨૧-થી

આરંભીને

—૦— શતક-૪૧-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-ઃ ટાઈપ સેટીંગ ઃ-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-ઃ મુદ્રક ઃ-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૩ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૰ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૰ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૰દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૰સા૰**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૰** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૰દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૰ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૰સા૰ના સુશિષ્યા **સા૰ સૂર્યપ્રભાશ્રીજી** મ૰ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૰ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૰ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૰મૂ૰પૂ૰ તપા૰ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

૦ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

૦ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

૦ સાધુ અંતિમ આરાધના

૦ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

૦ દીક્ષા-યોગાદિ વિધિ

૦ વિધિ સંગ્રહ ભાગ-૧

૦ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

૦ આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

૦ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

૦ ૪૫-આગમ યંત્ર

૦ વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૩ :-

# (૫) ભગવતી અંગ-સૂત્ર/૫

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

''ભગવતી'' એ પાંચમું આગમ છે, અંગસૂત્રોમાં ભગવતી એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે भगवई નામે પ્રસિદ્ધ છે, તે ''विवाहपन्नत्ति'' કે 'विवाह' નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર ભગવતી અને व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે. તેના પેટા ઉદ્દેશા પણ છે.

''ભગવતી'' સૂત્રનો મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે, ઈન્દ્રભૂતિ આદિ ગણધરો, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકાદિ અનેકના પૂછેલા પ્રશ્નો છે. તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષાદિ અનેક વિષયો છે.

આ આગમના મૂળસૂત્રોનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે, વિવેચનમાં ''ટીકાનુસારી વિવેચન'' શબ્દ અમે પસંદ કર્યો છે. પણ તેમાં વૃત્તિ સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશો, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે. ત્યાં - x - x - એવી નિશાની કરેલ છે.

ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં મુદ્રિત થયો છે. જેમાં આ પાંચમો ભાગ છે, તેના ૧ થી ૨૦ શતકો ચાર ભાગમાં છપાયા છે.





## ❁ શતક-૨૧ ❁

-- x -- x --

૦ શતક-૨૦ની વ્યાખ્યા કરી, હવે અવસર પ્રાપ્ત શતક-૨૧ કહે છે–

● સૂત્ર-૮૦૬ :-

*શાલિ, કલાય, અલસી, વાંસ, ઈક્ષુ, દર્ભ, અભ્ર, તુલસી એ રીતે શતક-૨૧ ના આઠ વર્ગ છે, [પ્રત્યેકના ૧૦] કુલ ૮૦ ઉદ્દેશા છે.*

### ❁ વર્ગ-૧, ઉદ્દેશક-૧ ❁

-- x -- x -- x --

● સૂત્ર-૮૦૭ :-

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું – ભગવન્ ! હવે (પ્રશ્ન) શાલી, વ્રીહી, ઘઉં, જવ, જવજવ આ (ધાન્યો)ના જીવો ભગવન્ ! મૂળરૂપે ઉત્પન્ન થાય, ભગવન્ ? તે જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકથી કે તિર્યંચ, મનુષ્ય, દેવથી ? વ્યુત્ક્રાંતિ પદમાં કહ્યા મુજબ ઉત્પાદ કહેવો. વિશેષ એ કે – દેવનું વર્જન કરવું.*

*ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉપજે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા ઉપજે. આ જીવોનો અપહાર ઉત્પલ ઉદ્દેશ માફક કહેવો.*

*ભગવન્ ! આ જીવોના શરીરની અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથક્ત્વ. ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક ? જેમ ઉત્પલ ઉદ્દેશમાં કહ્યું તેમ કહેવું. - - એ પ્રમાણે વેદન, ઉદય અને ઉદીરણા પણ કહેવા. - - ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશ્યી છે નીલલેશ્યી છે કે કાપોતલેશ્યી ? ૨૬ ભંગો કહેવા. દૃષ્ટિ યાવત્ ઈન્દ્રિયો ઉત્પલ ઉદ્દેશવત્ કહેવા.*

*ભગવન્ ! તે શાલી, વ્રીહી, ઘઉં, યવ, યવકના મૂળના જીવો કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ અસંખ્યકાળ.*

*ભગવન્ ! તે શાલી, વ્રીહી, ઘઉં, જવ, જવકના મૂળના જીવો પૃથ્વીજીવમાં ઉત્પન્ન થઈ ફરી શાલી આદિ રૂપે કેટલો કાળ રહે ? કેટલો કાળ ગતિ-આગતિ કરે ? ઉત્પલ ઉદ્દેશ મુજબ કહેવું.*

*એ પ્રમાણે આ આલાવાથી યાવત્ મનુષ્ય જીવ સુધી કહેવું. આહાર ઉત્પલ ઉદ્દેશવત્ કહેવો. - - સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટે વર્ષ પૃથક્ત્વ. - - સમુદ્ઘાત સમવહત, ઉત્પલ ઉદ્દેશકવત્ કહેવા*

*ભગવન્ ! શું સર્વ પ્રાણ યાવત્ સર્વ સત્વ શાલી, વ્રીહી યાવત્ જવ, જવકના મૂળ જીવપણે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયા છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૮૦૬,૮૦૭ :-

[૮૦૬] सालि - શાલ્યાદિ ધાન્ય વિશેષ વિષયક દશ ઉદ્દેશા યુક્ત પહેલો વર્ગ. એ રીતે બધે કહેવું. - દશ ઉદ્દેશા આ પ્રમાણે — મૂળ, કંદ, સ્કંધ, છાલ, શાલ, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ.

(૨) कल - કલાય આદિ ધાન્ય, (૩) अयसी - અતસી આદિ ધાન્ય વિષયક, (૪) वंस - વંશાદિ પર્વગ વિશેષ, (૫) इक्खु - ઈક્ષ્વાદિ પર્વગ વિશેષ, (૬) दब्भ - દર્ભ શબ્દના ઉપલક્ષણથી સેંડિય, ભંડિય, કોંતિય દર્ભાદિ તૃણ વિશેષ, (૭) अब्भ - વૃક્ષમાં સમુત્પન્ન વિજાતીય વૃક્ષ, અધ્યવરોહક આદિ શાક વનસ્પતિ, (૮) तुलसी - તુલસી આદિ વનસ્પતિ. આ પ્રત્યેક વર્ગમાં દશ-દશ ઉદ્દેશાઓ છે. કુલ ૮૦ ઉદ્દેશા છે.

તેમાં પહેલા વર્ગમાં પહેલો ઉદ્દેશો કહે છે. તેનું સૂત્ર —

[૮૦૭] वक्कंति - પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ, તેમાં ઉત્પાદ આ રીતે - નારકથી ઉત્પન્ન ન થાય, પણ દેવ, મનુષ્યથી ઉત્પન્ન થાય. તથા વ્યુત્ક્રાંતિપદમાં દેવોનો વનસ્પતિમાં ઉત્પાદ કહ્યો છે. તે અહીં ન કહેવો. દેવોનો મૂળમાં ઉત્પાદ ન થાય, પુષ્પાદિ શુભમાં થાય.

एक्को वा - જો કે સામાન્યથી વનસ્પતિમાં પ્રતિસમય અનંતા ઉત્પન્ન થાય, તો પણ અહીં શાલી આદિના પ્રત્યેક શરીરત્વથી એકાદિની ઉત્પત્તિ વિરુદ્ધ નથી.

अवहार, ઉત્પલ ઉદ્દેશા મુજબ, તે શતક-૧૧નો ઉદ્દેશો-૧-છે. તેમાં અપહાર આ રીતે - ભગવન્ ! તે જીવો સમયે સમયે અપહાર કરાતા કેટલા કાળે અપહારય છે ? ગૌતમ ! અસંખ્યાત સમયે૦ આદિ.

ભગવન્ ! જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક કે અબંધક ? ઉત્પલોદ્દેશક મુજબ - ગૌતમ ! અબંધકો નથી, બંધક કે બંધકો છે. એ પ્રમાણે વેદન, ઉદય, ઉદીરણા પણ કહેવા.

ત્રણે લેશ્યામાં ૨૬ ભંગો - એકવચનાંત-૩, બહુવચનાંત-૩, તથા ત્રણે પદોના ત્રણ દ્વિકસંયોગોમાં પ્રત્યેકની ચતુર્ભંગીકાથી ૧૨, એકત્ર ત્રિકસંયોગમાં-૮, એ રીતે ૨૬-ભંગો થાય.

दिट्ठि - દૃષ્ટિપદથી આરંભીને ઈન્દ્રિયપદ સુધી ઉત્પલ ઉદ્દેશાવત્ જાણવું. તેમાં દૃષ્ટિમાં મિથ્યાદૃષ્ટિ, જ્ઞાનમાં અજ્ઞાની, યોગમાં કાયયોગી, ઉપયોગ-બંને. એ રીતે બીજે પણ કહેવું - x -

હવે કાય સંવેધ કહે છે — ઉત્પલ ઉદ્દેશ મુજબ આમ કહે છે — ગૌતમ ! ભવાદેશથી જઘન્ય બે ભવગ્રહણ, ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવગ્રહણ, કાળ આદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ. 'આહાર' ઉત્પલોદ્દેશ મુજબ આ પ્રમાણે—

ભગવન્ ! જીવો કયો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક આદિ. સમુદ્‌ઘાત - તે જીવોને આદ્ય ત્રણ સમુદ્‌ઘાત છે, મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત કે અસમવહત થઈ મરે છે. તિર્યંચ, મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.



## ❀ શતક-૨૧, વર્ગ-૧, ઉદ્દેશક-૨ થી ૧૦ ❀

-- x -- x -- x -- x -- x --

● ઉદ્દેશો-૨, સૂત્ર-૮૦૮ :-

*ભગવન્ ! શાલી, વ્રીહિ યાવત્ જવજવ, આ ધાન્યોના જીવો કંદપણે ઉત્પન્ન થાય તો હે ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? અહીં 'કંદ' અધિકારમાં 'મૂળ' ઉદ્દેશો સંપૂર્ણ કહેવો. યાવત્ અનેકવાર અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયેલ છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● ઉદ્દેશો-૩-સૂત્ર-૮૦૯ :-

*એ પ્રમાણે સ્કંધનો ઉદ્દેશો પણ જાણવો.*

● ઉદ્દેશો-૪-સૂત્ર-૮૧૦ :-

*એ પ્રમાણે ત્વચા [છાલ] નો ઉદ્દેશો પણ કહેવો.*

● ઉદ્દેશો-૫-સૂત્ર-૮૧૧ :-

*શાલ [શાખા] નો ઉદ્દેશો પણ કહેવો.*

● ઉદ્દેશો-૬-સૂત્ર-૮૧૨ :-

*પ્રવાલ [કુંપણ] નો ઉદ્દેશો પણ કહેવો.*

● ઉદ્દેશો-૭-સૂત્ર-૮૧૩ :-

*પત્ર [પાંદડા] નો ઉદ્દેશો પણ કહેવો.*

*આ સાતે [૨ થી ૭] ઉદ્દેશા સંપૂર્ણ 'મૂલ'ની જેમ જાણવા.*

● ઉદ્દેશા-૮ થી ૧૦-સૂત્ર-૮૧૪ :-

*૦ એ પ્રમાણે પુષ્પનો ઉદ્દેશો પણ કહેવો. વિશેષ એ કે — દેવો ઉપજે છે. ઉત્પલોદ્દેશ માફક ચાર લેશ્યા અને ૮૦ ભંગ કહેવા, અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમાં ભાગ, ઉત્કૃષ્ટથી અંગુલ પૃથક્ત્વ. - x -*

*૦ પુષ્પની માફક ફળનો ઉદ્દેશો પણ સંપૂર્ણ કહેવો.*

*૦ એ પ્રમાણે બીજનો ઉદ્દેશો પણ. - - આ દશ ઉદ્દેશા છે.*

## ❀ શતક-૨૧, વર્ગ-૨ [ઉદ્દેશો-૧ થી ૧૦] ❀

-- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૮૧૫ :-

*ભગવન્ ! કલાય, મસૂર, તલ, મગ, અડદ, વલ્લ, કુલત્થ, આલિ સંદક, સટિન, પલિમંથક આ ધાન્યોના મૂળરૂપે જે જીવ ઉત્પન્ન થાય, તે ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? એ પ્રમાણે મૂલાદિ દસ ઉદ્દેશા 'શાલિ' માફક કહેવા.*

## ❀ શતક-૨૧, વર્ગ-૩ થી ૮ ❀

-- x -- x -- x --

● સૂત્ર-૮૧૬ થી ૮૨૧ - *[ક્રમશઃ પ્રત્યેક વર્ગનું એક સૂત્ર]*

*[૩/૮૧૬] ભગવન્ ! અલસી, કુસુંભ, કોદરા, કાંગ, રાળ, તુવેર, કોદૂસા, સણ, સરસવ, મૂલકબીજ આના જીવો જે મૂળરૂપે ઉત્પન્ન થાય છે, તે હે*

*ભગવન્ ! ક્યાંથી આવીને ઉપજે છે ? એ પ્રમાણે અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશા 'શાલી' માફક સંપૂર્ણ તેમજ કહેવા.*

*[૪/૮૧૭] ભગવન્ ! વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારુ વંશ, દંડા, કુડા, વિમા, કંડા, વેણુકા, કલ્યાણી, આના જીવો જે મૂળરૂપે ઉત્પન્ન થાય છે, આના પણ મૂલાદિ દશ ઉદ્દેશો 'શાલી' માફક કહેવા. માત્ર, દેવો કોઈપણ સ્થાનમાં ઉપજતા નથી. સર્વત્ર ત્રણ લેશ્યા, ૨૬ ભંગ કહેવા.*

*[૫/૮૧૮] ભગવન્ ! ઇક્ષુ, ઇક્ષુવાટિકા, વીરણ, ઇક્કડ, ભભાસ, સુંઠ, શત, વેત્ર, તિમિર, સતબોરગ, નલ આના જીવો મૂળરૂપે ઉપજે તો - જેમ વાંસનો વર્ગ [૪] કહ્યો, તેમ આના પણ મૂલાદિ દશ ઉદ્દેશા કહેવા. માત્ર 'સ્કંધ' ઉદ્દેશમાં દેવો ઉપજે છે, લેશ્યા ચાર છે, બાકી પૂર્વવત્.*

*[૬/૮૧૯] ભગવન્ ! સેડિય, ભંડિય, કોંતિય, દર્ભ, કુશ, પર્વક, પોદેઇલ, અર્જુન, આષાઢક, રોહિતક, મુતઅ, ખીર, ભુસ, એરંડ, કુરુકુંદ, કરકર, સૂંઠ, વિભંગુ, મધુરયણ, થુરગ, શિલ્પિક, સુંકલીતૃણ આના જે જીવો મૂળપણે ઉત્પન્ન થાય, અહીં પણ 'વંશ'ની માફક દશે ઉદ્દેશા સંપૂર્ણ કહેવા.*

*[૭/૮૨૦] ભગવન્ ! અભ્રરૂહ, વાયાણ, હરીતક, તંદુલેય્યક, તૃણ, વત્થુલ, ચોરક, માર્જાણક, પાઈ, ચિલ્લિ, પાલક, દગપ્પિલી, દર્વી, સ્વસ્તિક, શાકમંડુકી, મૂલક, સર્ષપ, અંબિલશાક, જીવંતક આના જીવો મૂલરૂપે૦ એ પ્રમાણે 'વંશ' માફક દશ ઉદ્દેશા કહેવા.*

*[૮/૮૨૧] ભગવન્ ! તુલસી, કૃષ્ણદળ, ફણેજ્જા, અજ્જા, ચૂયણા, ચોરા, જીરા, દમણા, મરુયા, ઇંદીવર, શતપુષ્પ આના જીવો જે મૂળપણે ઉત્પન્ન થાય૦ આના પણ દશ ઉદ્દેશા 'વંશ' માફક સંપૂર્ણ કહેવા.*

*આ રીતે આઠ વર્ગના એંશી ઉદ્દેશા થાય છે.*

**• વિવેચન-૮૦૮ થી ૮૨૧ :-**

એ પ્રમાણે બધાં જ વર્ગો સૂત્રસિદ્ધ છે. - x - ૮૦ ભંગો આ રીતે - ચાર લેશ્યામાં એકત્વમાં-૪, બહુત્વમાં-૪, ચાર પદના છ દ્વિકસંયોગમાં પ્રત્યેકના ચાર ભંગ એટલે-૨૪ ભેદ તથા ચારેમાં ત્રિકસંયોગમાં પ્રત્યેકના આઠ ભંગથી ૩૨-ભેદ, ચતુષ્ક સંયોગમાં-૧૬ ભેદ. એ રીતે ૮૦ ભેદો થાય.

અવગાહના વિશેષાભિધાયિકા વૃદ્ધોક્ત ગાથા - મૂલ, સ્કંધ, કંદ, ત્વચા, શાલ, પ્રવાલ, પત્ર એ સાતમાં ધનુષ્પૃથકત્વ અને પુષ્પ, ફળ, બીજમાં અંગુલ પૃથકત્વ જાણવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૨૨ 卐

— x — x —

૦ શતક-૨૧ની વ્યાખ્યા કરી. હવે ક્રમ પ્રાપ્ત શતક-૨૨ કહે છે.

**• સૂત્ર-૮૨૨ :-**

*તાલ, એકાસ્થિત, બહુબીજક, ગુચ્છ, ગુલ્મ, વલ્લી આ છ વર્ગમાં પ્રત્યેકના દશ ઉદ્દેશકો અર્થાત્ ૬૦-ઉદ્દેશા છે.*

**• વિવેચન-૮૨૨ :-**

(૧) તાલ - તાડ, તમાલ આદિ વૃક્ષ વિશેષ વિષય દશ ઉદ્દેશારૂપ. પહેલો વર્ગ, ઉદ્દેશક દશક - મૂલ, કંદાદિ વિષય ભેદથી પૂર્વવત્. (૨) એકાસ્થિક-જે ફળ મધ્યે એક બીજ હોય તે, લીંબુ-આમ્ર-જંબૂ-કૌશાંબ આદિ (૩) બહુબીજક - જે ફળમાં ઘણાં બીજો હોય તે, અસ્તિક-તેદુંક-બદરક - પિત્થ આદિ વૃક્ષ વિશેષ. (૪) ગુચ્છ - વૃંતાકી આદિ. (૫) ગુલ્મ - સિરિયક, નવમાલિકા, કોરંટાદિ. (૬) વલ્લી-પુંફલી, કાલિંગી, તુંબી આદિ, એ પ્રમાણે છઠ્ઠો વર્ગ વેલોનો છે.

આ છ વર્ગમાં પ્રત્યેક દશ-દશ ઉદ્દેશાથી કુલ ૬૦-ઉદ્દેશો છે —

### ❁ વર્ગ-૧, ઉદ્દેશા-૧ થી ૧૦ ❁

— x — x — x — x —

**• સૂત્ર-૮૨૩ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! તાલ, તમાલ, તક્કલિ, તેતલિ, શાલ, સરલ, સારગલ્લ યાવત્ કેતકી, કદલી, ચર્મરૂક્ષ, ગુંદવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, પૂગફલ, ખજૂર, નારિયેલ આ બધાંના મૂળરૂપે જે જીવ ઉત્પન્ન થાય, તે ભગવન્ ! ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? એ પ્રમાણે અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશકો 'શાલી' માફક કહેવા. - - વિશેષ એ કે - આ મૂળ, કંદ, સ્કંધ, ત્વચા અને શાખા આ પાંચમાં દેવો ઉત્પન્ન થતા નથી. લેશ્યા ત્રણ, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ, પછીના પાંચમાં દેવો ઉત્પન્ન થાય છે. લેશ્યા ચાર. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વ, અવગાહના મૂળ અને કંદમાં ધનુષ્પૃથકત્વ, પુષ્પમાં હસ્ત પૃથકત્વ, ફળ-બીજમાં અંગુલ પૃથકત્વ, બધાંની જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગે છે, બાકી 'શાલી' માફક. એ રીતે આ દશ ઉદ્દેશાઓ છે.*

### ❁ વર્ગ-૨, ઉદ્દેશા-૧ થી ૧૦ ❁

— x — x — x — x —

**• સૂત્ર-૮૨૪ :-**

*ભગવન્ ! લીમડો, આંબો, જંબુ, કોશંબ, તાલ, અંકોલ્લ, પીલુ, સેલુ, સલ્લકી, મોચકી, માલુક, બકુલ, પલાશ, કરંજ, પુત્રજીવક, અરિષ્ટ, બહેડા, હરિતક, ભલ્લાય, ઉંબરીય, ક્ષીરણી, ધાતકી, પ્રિયાલ, પૂતિક, નિવાગ, સેણ્હક, પાસીય, શીશમ, અતસી, પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક આ બધાંના જે*

*જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય૦ એ પ્રમાણે મૂલાદી દશ ઉદ્દેશકા સંપૂર્ણ 'તાલવર્ગ'ની માફક કહેવા.*

❀ વર્ગ-૩, ઉદ્દેશકો-૧ થી ૧૦ ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૨૫ :-

*ભગવન્ ! અગસ્તિક, તિંદુક, બોર, કપિઠ્ઠ, અંબાડક, માતૃલિંગ, બિલ્વ, આમલક, ફણસ, દાડિમ, અશ્વત્થ, ઉંબર, વડ, ન્યગ્રોધ, નંદિવૃક્ષ, પિપ્પલ, સતર, પ્લક્ષવૃક્ષ, કાકોદુંબરી, કુસ્તુંભરી, દેવદાલિ, તિલક, લકુચ, છત્રૌઘ, શિરીષ, સપ્તવર્ણ, દધિપર્ણ, લોધ્રક, ધવચંદન, અર્જુન, નીપ, કુટજ કદંબ આ બધાંના મૂળરૂપે જે જીવ ઉત્પન્ન થાય છે, તે ભગવન્ !૦ એ પ્રમાણે 'મૂલ' આદિ દશ ઉદ્દેશા 'તાલ વર્ગ' સમાન બીજ સુધી જાણવા.*

❀ વર્ગ-૪, ઉદ્દેશક-૧ થી ૧૦ ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૨૬ :-

*ભગવન્ ! વાઇંગણ, અલ્લકી, પોંડકી૦ ઈત્યાદિ જેમ પ્રજ્ઞાપનામાં છે, તેમ ગાથાનુસાર જાણવા યાવત્ ગંજપાટલા, વાસી અંકોલ્લ, આમાં જે જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય છે૦ એ પ્રમાણે અહીં પણ 'મૂલ' આદિ દશ ઉદ્દેશા 'બીજ' પર્યન્ત ['તાલવર્ગ' માફક] વંશવર્ગ માફક કહેવા.*

❀ વર્ગ-૫-ઉદ્દેશક-૧ થી ૧૦ ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૨૭ :-

*ભગવન્ ! સિરિયક, નવમાલિક, કોરંટક, બંધુજીવક, મણોજ્જ આદિ પ્રજ્ઞાપનામાં પહેલાં પદમાંની ગાથાનુસાર યાવત્ નલિની, કુંદ, મહાજાતિ સુધી કહેવા. આ જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય૦ એ પ્રમાણે અહીં પણ 'મૂલ' આદિ દશ ઉદ્દેશા 'શાલી' વર્ગ માફક સંપૂર્ણ કહેવા.*

❀ વર્ગ-૬-ઉદ્દેશક-૧ થી ૧૦ ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૨૮ :-

*ભગવન્ ! પૂસફલિકા, કાલિંગી, તુંબી, ત્રપુષી, એલા, વાલુંકી એ પ્રમાણે વલ્લીવાચક પદો પન્નવણાની ગાથાનુસાર કહેવા. 'તાલવર્ગ' સમાન યાવત્ દધિફોલ્લઈ, કાકલી, સોકલી, અર્કબોંદિ આ જે જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય૦ આ પ્રમાણે 'મૂળ' આદિ દશ ઉદ્દેશા 'તાલવર્ગ સમાન કહેવા. વિશેષ એ કે - ફળ ઉદ્દેશામાં અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્ય ભાગ અને ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથકત્વ, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટી વર્ષ પૃથક્ત્વ કહેવી. બાકી પૂર્વવત્.*



● વિવેચન-૮૨૩ થી ૮૨૮ :- *[ઉદ્દેશા-૧ થી ૬નું]*

અહીં શતક પછી શતકવત્ બધું વ્યાખ્યાયિત કરવું. જે સૂત્ર સિદ્ધ જ છે. અહીં વૃદ્ધોક્ત ગાથા છે — પત્ર, પ્રવાલ, પુષ્પ, ફળ, બીજનો ઉત્પાદ થાય, પ્રશસ્ત રસ-વર્ણ-ગંધવાળા વૃક્ષોના પત્ર, પ્રવાલ, પુષ્પ, ફળ, બીજમાં થાય.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૩નો ટીકાનુસાર અનુવાદ પૂર્ણ**

## ᳣ શતક-૨૩ ᳣

-- x -- x --

૦ શતક-૨૨ની વ્યાખ્યા કરી, હવે અવસર પ્રાપ્ત શતક-૨૩-

● **સૂત્ર-૮૨૯ :-** [શ્રુતદેવતા ભગવતીને નમસ્કાર]

*આલુક, લોહી, અવક, પાઠા અને માષપર્ણી વલ્લી. આ પાંચે વર્ગોના પ્રત્યેકના દશ એ રીતે ૫૦ વર્ગો થાય.*

● **વિવેચન-૮૨૯ :-**

(૧) आलुक - આલુક, મૂલકાદિ સાધારણ શરીર વનસ્પતિ ભેદ વિષયક, (૨) लोही - લોહી વગેરે અનંતકાયિક વિષયક, (૩) अवकी - અવક, કવક વગેરે અનંતકાયિક ભેદ વિષયક, (૪) पाढ - પાઠા, મૃગવાલુંકી-મધુરસાદિ વનસ્પતિ ભેદ વિષયક, (૫) माषवर्णी - માષવર્ણી, મૃદ્‌ગપર્ણી વગેરે વલ્લી વિશેષ વિષયક. આ પાંચેમાં પૂર્વોક્ત દશ-દશ ઉદ્દેશાથી ૫૦ ઉદ્દેશા થાય.

### ❁ વર્ગ-૧, ઉદ્દેશા-૧ થી ૧૦ ❁

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૩૦ :-**

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું – ભગવન્ ! આલુક, મૂલક, શ્રૃંગબેર, હળદર, રૂરુ, કંડરિક, જીરુ, ક્ષીરવિરાલિ, કિટ્ઠિ, કુંદુ, કૃષ્ણકડસુ, મધુ, પયલઈ, મધુશ્રૃંગી, નિરુહા, સર્પસુગંધા, છિન્નરુહ, બીજરુહ. આમાં જે જીવો મૂળપણે ઉત્પન્ન થાય છે૦ એ પ્રમાણે મૂલાદિ દશ ઉદ્દેશા વંશવર્ગ સમાન કહેવા.*

*વિશેષ એ કે - પરિમાણ, જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટી સંખ્યાત, અસંખ્યાત કે અનંતા ઉપજે છે. હે ગૌતમ ! અપહાર - તે અનંતા સમયમાં (પ્રત્યેક સમયે) એક-એક જીવનો અપહાર કરાતા અનંતી અવસર્પિણી, ઉત્સર્પિણી એટલો કાળ અપહાર કરાતા પણ અપહાર ન થાય. સ્થિતિ જઘન્ય કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. બાકી પૂર્વવત્.*

### ❁ વર્ગ-૨ થી ૫ *[પ્રત્યેકના ૧૦-ઉદ્દેશો]* ❁

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૩૧ થી ૮૩૪ :-** *[અનુક્રમે વર્ગ દીઠ એક સૂત્ર]*

*[૨/૮૩૧] ભગવન્ ! લોહી, નીહૂ, થીહૂ, થીભગ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીઉંઢી, મુસુંઢી. આના જીવો 'મૂળ'રૂપે૦ એ પ્રમાણે અહીં પણ દશ ઉદ્દેશા 'આલુવર્ગ' માફક કહેવા. અવગાહના 'તાલવર્ગ સમાન કહેવી.*

*[૩/૮૩૨] ભગવન્ ! આય, કાય, કુહણા, કુંદુક્ક, ઉવ્વેહલિય, સફા, સજ્જા, છત્તા, વંશાનિકા, કુમાર આ જીવો મૂલપણે ઉત્પન્ન થાય. એ પ્રમાણે આમાં પણ 'મૂળ' આદિ દશ ઉદ્દેશા 'આલુવર્ગ' માફક સંપૂર્ણ કહેવા. માત્ર અવગાહના 'તાલુવર્ગ' સમાન કહેવી. ભગવન્ ! તે એમ જ છે.*

*[૪/૮૩૩] ભગવન્ ! પાઠા, મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી, પદ્મા, મોઢરી, દંતી, ચંડી આ જીવો મૂલપણે૦ એ પ્રમાણે અહીં પણ 'મૂલાદિ' દશ ઉદ્દેશા આલુક વર્ગ સદૃશ કહેવ,I અવગાહના વલ્લીવત્ કહેવી.*



*[૫/૮૩૪] ભગવન્ ! માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવક, સરસવ, કરેણુકા, કાકોલી, ક્ષીરકાકોલી, ભંગી, નખી, કૃમિરાશી, ભદ્રમુસ્તા, લાંગલી, પયોદકિર્ણી, પયોદલતા, હરેણુકા, લોહી આ જીવોના 'મૂલ'રૂપે૦ એ પ્રમાણે આમાં દશ ઉદ્દેશા સંપૂર્ણ 'આલુકવર્ગ' સમાન કહેવા.*

*આ પ્રમાણે આ પાંચ વર્ગોના ૫૦ ઉદ્દેશો કહેવા. આ બધામાં દેવો ઉત્પન્ન થતાં નથી, લેશ્યા ત્રણ છે. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● **વિવેચન-૮૩૦ થી ૮૩૪ :-**

વૃત્તિકારે કોઈ વૃત્તિ નોંધી નથી, માત્ર પૂર્વવત્ જાણવું કહ્યું છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૩નો ટીકાનુસાર અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૨૪ 卐

-- x -- x --

૦ શતક-૨૩ની વ્યાખ્યા કરી, હવે અવસર પ્રાપ્ત-૨૪મું કહે છે.

● સૂત્ર-૮૩૫,૮૩૬ :-

*[૮૩૫] ઉપપાત, પરિમાણ, સંઘયણ, ઉચ્ચત્વ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ... [૮૩૬] સંજ્ઞી, કષાય, ઈન્દ્રિય, સમુદ્ઘાત, વેદના, વેદ, આયુ, અધ્યવસાય, અનુબંધ, કાયસંવેધ.*

● સૂત્ર-૮૩૭ :-

*પ્રત્યેક જીવપદમાં જીવોના આ ૨૪ દંડકના ૨૪ ઉદ્દેશા કહેવાશે.*

● વિવેચન-૮૩૫ થી ૮૩૭ :-

(૧) ઉપપાત-નારકાદિ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? (૨) પરિમાણ-નારકાદિમાં ઉત્પન્ન થનારનું સ્વકાયમાં પરિમાણ, (૩) સંઘયણ-તે નારકાદિનું સંઘયણ, (૪) ઉચ્ચત્વ-નારકાદિમાં જનારની અવગાહના, એ પ્રમાણે ૫ થી ૧૮ ઉદ્દેશા સમજી લેવા. (૧૯) અનુબંધ-વિવક્ષિત પર્યાયથી અવિચ્છિન્ન રહેવું. (૨૦) કાય સંવેધ-વિવક્ષિત કાયાથી બીજી કાયામાં કે તુલ્યકાયામાં જઈને ફરી પણ યથાસંભવ તે જ કાયામાં આગમન. જીવપએ - ઈત્યાદિ, આ ગાથા પૂર્વોક્ત બે દ્વારગાથાની પૂર્વે ક્વચિત્ દેખાય છે. તેમાં પહેલો ઉદ્દેશો કહે છે —

### ❀ ઉદ્દેશક-૧-"નૈરયિક" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૩૮ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! નૈરયિક જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નૈરયિકથી - તિર્યંચયોનિકથી - મનુષ્યથી કે દેવોથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિક કે દેવથી આવીને ન ઉપજે, પણ તિર્યંચયોનિક કે મનુષ્યથી આવીને ઉપજે છે.*

*જો તિર્યંચયોનિકથી આવીને ઉપજે, તો શું એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય કે પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે ? ગૌતમ ! એક-બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોમાંથી આવીને ન ઉપજે. પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે.*

*જો પંચેન્દ્રિય તિર્યંચથી આવીને ઉપજે તો શું સંજ્ઞીમાંથી કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવીને ઉપજે ? ગૌતમ ! બંનેમાંથી ઉપજે.*

*જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું જલચર-સ્થલચર કે ખેચરથી આવીને ઉપજે ? ગૌતમ ! ત્રણેમાંથી ઉપજે.*

*જો જલચર, સ્થલચર, ખેચરથી આવીને ઉપજે તો શું પર્યાપ્તથી કે અપર્યાપ્તથી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તાથી, અપર્યાપ્તાથી નહીં.*

*પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં હે ભગવન્ ! જે નૈરયિક ઉત્પન્ન થવા યોગ્ય, તે ભગવન્ ! કેટલી પૃથ્વીમાં ઉપજે છે ? ગૌતમ ! એક રત્નપ્રભા પૃથ્વીમાં ઉપજે છે - - (૧) ભગવન્ ! પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાંથી રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યે ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાત ભાગ સ્થિતિમાં ઉપજે, (૨) ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉપજે.*



*(૩) ભગવન્ ! તે જીવોના શરીર ક્યા સંઘયણે હોય છે ? ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણમાં. (૪) ભગવન્ ! તે જીવોની શરીરાવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન. (૫) ભગવન્ ! તે જીવોના શરીર ક્યા સંસ્થાને છે ? ગૌતમ ! હુંડક સંસ્થાને. (૬) ભગવન્ ! તે જીવોની કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! ત્રણ — કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા. (૭) ભગવન્ ! તે જીવો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી, પણ મિથ્યાદૃષ્ટિ છે.*

*(૮) ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની નથી, અજ્ઞાની છે. (૯) નિયમા બે અજ્ઞાની છે - મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની.*

*(૧૦) ભગવન્ ! તે જીવો મન-વચન કે કાયયોગી છે ? ગૌતમ ! મનોયોગી નથી, વચનયોગી છે, કાયયોગી છે. (૧૧) ભગવન્ ! તે જીવો શું સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! બંને. (૧૨) ભગવન્ ! તે જીવોને કેટલી સંજ્ઞા છે ? ગૌતમ ! ચાર — આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંજ્ઞા.*

*(૧૩) ભગવન્ ! તે જીવો કેટલા કષાયવાળા છે ? ચાર છે — ક્રોધ, માન, માયા, લોભકષાય. (૧૪) ભગવન્ ! તે જીવોને કેટલી ઈન્દ્રિયો છે ? ગૌતમ ! પાંચ — શ્રોત્ર, ચક્ષુ યાવત્ સ્પર્શ. (૧૫) ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્ઘાત છે ? ગૌતમ ! ત્રણ — વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત.*

*(૧૬) ભગવન્ ! તે જીવો સાતા વેદક છે કે અસાતાવેદક ? ગૌતમ ! બંને. (૧૭) ભગવન્ ! તે જીવો સ્ત્રી-પુરુષ કે નપુંસક વેદકો છે ? ગૌતમ ! સ્ત્રી કે પુરુષ વેદક નથી, નપુંસક વેદક છે. (૧૮) ભગવન્ ! તે જીવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત - ઉત્કૃષ્ટી પૂર્વકોડી. (૧૯) ભગવન્ ! તે જીવો કેટલા અધ્યવસાયવાળા છે ? ગૌતમ ! અસંખ્ય. ભગવન્ ! તેઓ પ્રશસ્ત છે કે અપ્રશસ્ત ? ગૌતમ ! બંને. (૨૦) ભગવન્ ! તે પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કાળથી ક્યાં સુધી રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી.*

*(૨૧) ભગવન્ ! તે પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થઈને ફરી પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકપણે કેટલો કાળ સેવે અને કેટલો કાળ ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ, કાળાદેશથી જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી*

પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, પૂર્વકોડી અધિક આટલો કાળ સેવે, આટલો કાળ ગતિ-આગતિ કરે.

[૨] ભગવન્ ! પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે જઘન્યકાળ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પણ ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં.

ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે છે ? ગૌતમ ! અહીં બધી જ વક્તવ્યતા સંપૂર્ણ પૂર્વવત્ કહેવી.

ભગવન્ ! પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થઈ જઘન્ય કાળ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિક થઈ, પછી ફરી પર્યાપ્તા અસંજ્ઞીમાં યાવત્ કેટલો કાળ ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવ, કાલાદેશથી જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી અને ૧૦,૦૦૦ વર્ષ અધિક આટલો કાળ રહે, આટલો કાળ ગમનાગમન કરે.

[૩] ભગવન્ ! પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ સ્થિતિમાં ઉપજે. બાકી બધું પૂર્વવત્ અનુબંધ સુધી જાણવું.

ભગવન્ ! તે પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ફરી પર્યાપ્તા યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ વડે, કાલાદેશથી જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ અને અંતર્મુહૂર્ત્ત અધિક તથા ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ, પૂર્વ કોડી અધિક આટલો કાળ સેવે, ગતિ આગતિ કરે.

[૪] જઘન્ય કાળ સ્થિતિક પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક હોય, ભગવન્ ! તે રત્નપ્રભાપૃથ્વી નૈરયિકમાં ઉપજવા યોગ્ય હોય તો ભગવન્ ! તે કેટલો કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગ સ્થિતિથી ઉપજે.

ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા૦ ? બાકી પૂર્વવત્. વિશેષ એ કે – આ ત્રણ જ્ઞાન, આયુ, અધ્યવસાય, અનુબંધમાં અંતર છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે.

ભગવન્ ! તે જીવોના કેટલા અધ્યવસાન છે ? અસંખ્ય. ભગવન્ ! તે પ્રશસ્ત છે કે અપ્રશસ્ત ? ગૌતમ ! પ્રશસ્ત નથી, અપ્રશસ્ત છે. અનુબંધ અંતર્મુહૂર્ત્ત છે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! તે જઘન્યકાળ સ્થિતિક પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય૦ રત્નપ્રભા યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ વડે, કાલાદેશથી જઘન્ય દશ હજાર વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક તથા ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત્ત અધિક, આટલો કાળ રહે, યાવત્ ગતિ આગતિ કરે.



[૫] ભગવન્ ! જઘન્યકાલ સ્થિતિક પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે જઘન્ય કાલ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વીનૈરયિકમાં ઉપજવા યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષમાં ઉપજે.

ભગવન્ ! તે જીવો૦ બાકી પૂર્વવત્, તેને ત્રણ જ્ઞાનો યાવત્ ભગવન્ ! તે જઘન્યકાલ સ્થિતિક પર્યાપ્તા યાવત્ યોનિમાં જઘન્ય કાળસ્થિતિક રત્નપ્રભા ફરી યાવત્ ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ વડે, કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત અધિક એવા ૧૦,૦૦૦ વર્ષ, આટલો કાળ સેવે યાવત્ ગતિ-આગતિ કરે.

[૬] ભગવન્ ! જઘન્યકાળ સ્થિતિક યાવત્ તિર્યંચ યોનિક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉપજવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલો કાળ સ્થિતિથી ઉપજે ? ગૌતમ ! જઘન્યથી, ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્થિતિથી ઉપજે.

ભગવન્ ! તે જીવો૦ બાકી પૂર્વવત્, તેમજ ત્રણ જ્ઞાનો યાવત્ હે ભગવન્ ! જઘન્યકાલ સ્થિતિક પર્યાપ્તા યાવત્ તિર્યંચયોનક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક રત્ન૦ યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક અંતર્મુહૂર્ત્ત આટલો કાળ યાવત્ કરે.

[૭] ભગવન્ ! ઉત્કૃષ્ટકાલ સ્થિતિક પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જે રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉપજવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલો કાળ યાવત્ ઉપજે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ યાવત્ ઉપજે.

ભગવન્ ! તે જીવો એક સમયથી અવસેસ જેમ ઔધિક ગમમાં કહ્યું તેમ જાણવું. વિશેષ આ - બે જ્ઞાન, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ પૂર્વ કોટી, એ રીતે અનુબંધ પણ જાણવો. બાકી પૂર્વવત્.

ભગવન્ ! તે જીવો ઉત્કૃષ્ટકાલ સ્થિતિક પર્યાપ્તા અસંજ્ઞી યાવત્ તિર્યંચયોનિક રત્નપ્રભા યાવત્ ગૌતમ ! ભવાદેશથી બે ભવ ગ્રહણ, કાલાદેશથી જઘન્ય પૂર્વકોડી અને ૧૦,૦૦૦ વર્ષ અધિક, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ, પૂર્વકોડી અધિક આટલી યાવત્ કરે.

[૮] ભગવન્ ! ઉત્કૃષ્ટકાળ સ્થિતિક પર્યાપ્તા તિર્યંચયોનિક જે જઘન્યકાળ સ્થિતિક રત્નપ્રભા યાવત્ ઉપજવા યોગ્ય છે, તે ભગવન્ ! કેટલો યાવત્ ઉપજે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ૧૦,૦૦૦ વર્ષ.

ભગવન્ ! તે જીવો, બાકી પૂર્વવત્ જેમ સાતમા ગમમાં કહ્યું યાવત્ તે ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળ સ્થિતિ યાવત્ તિર્યંચયોનિક, જઘન્ય કાળ સ્થિતિક

*રત્નપ્રભામાં યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવ, કાલાદેશથી જઘન્ય પૂર્વકોટી અને ૧૦,૦૦૦ વર્ષ અભ્યધિક, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી અને ૧૦,૦૦૦ વર્ષ અધિક આટલો યાવત્ કરે.*

*[૯] ઉત્કૃષ્ટ સ્થિતિક પર્યાપ્તા યાવત્ તિર્યંચયોનિક, હે ભગવન્ ! જે ઉત્કૃષ્ટકાળ સ્થિતિક રત્નપ્રભામાં યાવત્ ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે હે ભગવન્ ! કેટલા કાળ યાવત્ ઉપજે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ પલ્યોપમની અસંખ્ય ભાગ સ્થિતિમાં ઉપજે.*

*ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ બાકી સાતમાં ગમ મુજબ યાવત્ ઉત્કૃષ્ટકાળસ્થિતિક પર્યાપ્તા યાવત્ તિર્યંચયોનિક ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક રત્નપ્રભા યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી બે ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, અધિક પૂર્વકોડી, આટલો કાળ સેવે યાવત્ ગતિ-આગતિ કરે.*

*આ પ્રમાણે આ ત્રણ ગમ ઔધિક છે, ત્રણ ગમ જઘન્ય કાળ સ્થિતિકમાં છે. ત્રણ ગમ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં છે. કુલ નવ ગમ છે.*

● વિવેચન-૮૩૮ :-

કાય સંવેધ દ્વારમાં - સે ણં ભંતે૦ આદિ. ભવાદેશ-ભવ પ્રકારથી, બે ભવ- એક અસંજ્ઞી, બીજો નારક, ત્યાંથી નીકળી અનંતર સંજ્ઞી થાય, પણ અસંજ્ઞી ન થાય. કાલાદેશ-કાલપ્રકારથી. અસંજ્ઞીભવ સંબંધી જઘન્યાયુ નારકમાં ૧૦,૦૦૦ વર્ષ. - x - ઉત્કૃષ્ટમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ, તેમાં પૂર્વભવનું અસંજ્ઞી નારકનું ઉત્કૃષ્ટાયુ પૂર્વકોટી રૂપ ઉમેરવું. - x - x - પર્યાપ્ત આદિ પ્રતીતાર્થ છે. - x - એ રીતે ત્રણ ગમો થયા, તે વિશેષણ રહિત પર્યાપ્તક અસંજ્ઞીને આશ્રીને કહ્યા.

એ પ્રમાણે જઘન્ય સ્થિતિકના ત્રણ, ઉત્કૃષ્ટ સ્થિતિકના ત્રણ, બંને કહેવા. આ રીતે નવ ગમ થયા. તેમાં જઘન્યસ્થિતિક અસંજ્ઞી આશ્રીત સામાન્ય નારકગમ કહે છે. - x - તેમાં આયુ અંતર્મુહૂર્ત, અધ્યવસાય સ્થાન અપ્રશસ્ત, અંતર્મુહૂર્ત સ્થિતિથી છે. દીર્ઘ સ્થિતિથી, તેના બમણાં પણ સંભવે અનુબંધ, સ્થિતિ સમાન જ છે. કાય સંવેધમાં નારકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ, સ્થિતિથી ઉપર અંતર્મુહૂર્ત કહેવું.

એ પ્રમાણે જઘન્ય સ્થિતિકનો જઘન્ય સ્થિતિકોમાં ઉત્પાદ છે ઈત્યાદિ

હવે સંજ્ઞીનો તે પ્રમાણે જ ઉત્પાદ કહે છે –

● સૂત્ર-૮૩૯ :-

*૧. જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાંથી ઉપજે તો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાંથી ઉપજે કે અસંખ્યાત૦થી ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચથી ઉપજે. અસંખ્યાત૦ નહીં.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી૦ યાવત્ ઉપજે ? તો જલચરથી ઉપજે૦ પ્રશ્ન ? ગૌતમ ! જલચરથી ઉપજે, જેમ અસંજ્ઞી યાવત્ પર્યાપ્તાથી ઉપજે, અપર્યાપ્તાથી નહીં. - - ભગવન્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે નૈરયિકમાં ઉપજવા યોગ્ય છે, તે હે ભગવન્ ! કઈ પૃથ્વીમાં ઉપજે ? ગૌતમ ! સાતે પૃથ્વીમાં-રત્નપ્રભાદિ.*



*ભગવન્ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે રત્નપ્રભાપૃથ્વી નૈરયિકમાં ઉપજવા યોગ્ય છે, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાગરોપમ.*

*ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે ? અસંજ્ઞીવત્. ભગવન્ ! તે જીવોના શરીરો કયા સંઘયણવાળા છે ? ગૌતમ ! છ સંઘયણી. તે આ - વજ્રઋષભનારાચ સંઘયણી યાવત્ સેવાર્ત્ત સંઘયણી. શરીરાવગાહના, અસંજ્ઞીવત્. જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન. - - ભગવન્ ! તે જીવોનું શરીર કયા સંસ્થાને છે ? છ સંસ્થાને તે આ - સમચતુરસ્ર, ન્યગ્રોધ યાવત્ હુંડક.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ - કૃષ્ણ યાવત્ શુક્લ લેશ્યા. દૃષ્ટિ ત્રણે. જ્ઞાન ત્રણે. અજ્ઞાન ભજનાએ. યોગ ત્રણે. બાકી બધું અનુબંધ પર્યન્ત, અસંજ્ઞી માફક કહેવું. વિશેષ એ કે સમુદ્ઘાતો પહેલા પાંચ છે, વેદ ત્રણે છે. બાકી પૂર્વવત્ યાવત્ ભગવન્ ! તે પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ તિર્યંચયોનિક રત્નપ્રભા૦ યાવત્ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ વડે. કાલાદેશથી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોડી અધિક ચાર સાગરોપમ. આટલો કાળ રહે યાવત્ કરે.*

*૨-પર્યાપ્તા સંખ્યાત યાવત્ જઘન્ય કાળ ભવિક યાવત્ તે હે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં યાવત્ ઉપજે. - - ભગવન્ ! તે જીવો એ પ્રમાણે પહેલા ગમ મુજબ નિરવસેસ કહેવું યાવત્ કાલાદેશથી - x - યાવત્ કરે.*

*૩-તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો જઘન્ય સાગરોપમ સ્થિતિમાં, ઉત્કૃષ્ટ પણ તેમજ ઉપજે. બાકી પરિમાણાદિથી ભવાદેશ પર્યન્ત બધું પહેલાં ગમ પ્રમાણે જાણવું. - x - x -*

*૪-ભગવન્ ! જઘન્યકાલ સ્થિતિક પર્યાપ્ત સંખ્યાત વર્ષ આયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ ઉત્પન્ન થવા યોગ્ય છે, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાગરોપમ. - - ભગવન્ ! તે જીવો૦ બાકી પહેલા ગમ મુજબ. વિશેષ આ - આ આઠમાં વિશેષતા છે - શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. લેશ્યા – પહેલી ત્રણ, મિથ્યાદૃષ્ટિ, નિયમા બે અજ્ઞાન-જ્ઞાની નહીં, પહેલાં ત્રણ સમુદ્ઘાત, આયુ, અધ્યવસાય, અનુબંધ ત્રણે અસંજ્ઞી મુજબ, બાકી પહેલા ગમ મુજબ - x - જાણવું.*

*(૫) જો તે ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉપજે, તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી*

*સાગરોપમ સ્થિતિમાં ઉપજે. એ પ્રમાણે ચોથો ગમ સંપૂર્ણ કહેવો.*

*(૬) ભગવન્ ! ઉત્કૃષ્ટ કાળસ્થિતિક પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુવાળા યાવત્ તિર્યંચયોનિક, જે રત્નપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, હે ભગવન્ ! તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાગરોપમસ્થિતિકમાં ઉપજે. ભગવન્ ! તે જીવો પરિમાણાદિથી ભવાદેશપર્યન્ત પહેલા ગમ મુજબ જાણવું. માત્ર સ્થિતિ જઘન્યથી પૂર્વકોડી, ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોડી. એ પ્રમાણે અનુબંધ પણ. બાકી પૂર્વવત્ કાલાદેશથી જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અધિક પૂર્વકોડી આદિ - x -*

*(૭) જો તે જઘન્ય કાળ સ્થિતિમાં ઉત્પન્ન થઈ જઘન્ય કે ઉત્કૃષ્ટ બંને ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો હે ભગવન્ ! તે જીવો સાતમાં ગમ મુજબ સંપૂર્ણ કહેવા યાવત્ ભવાદેશ પણ યાવત્ કાલાદેશથી - x -*

*(૮) ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક પર્યાપ્ત યાવત્ તિર્યંચ યોનિકમાં હે ભગવન્ ! જે ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક યાવત્ ઉત્પન્ન થવા યોગ્ય છે, તે ભગવન્ ! કેટલા કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ સાગરોપમ સ્થિતિમાં ઉપજે. ભગવન્ ! તે જીવો સાતમા ગમ મુજબ સંપૂર્ણ કહેવા યાવત્ ભવાદેશથી યાવત્ કાલાદેશથી - x -*

*આ પ્રમાણે આ નવ ગમ છે. તેના ઉત્ક્ષેપ-નિક્ષેપ નવેમાં અસંજ્ઞી માફક કહેવા.*

**● વિવેચન-૮૩૯ :-**

(૧) તિન્નિ નાણા૦ નરકગામી સંજ્ઞી તિર્યંચોમાં જ્ઞાન-અજ્ઞાન ત્રણે વિકલ્પે હોય છે અર્થાત્ બે કે ત્રણ હોય. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને ત્રણ, નરકે જનાર સંજ્ઞીને પાંચ સમુદ્‌ઘાત હોય છે, કેમકે છેલ્લા બે મનુષ્યોને જ હોય. સંજ્ઞી પંચે૦ તિર્યંચમાં જન્મી, ફરી નરકે જઈ, પછી મનુષ્ય, એ પ્રમાણે કાયસંવેધમાં બે ભવ જઘન્યથી હોય, એ રીતે આઠ ભવો કહેવા, - x - x - એ રીતે ઔધિક નારકોમાં ઉત્પાદ. આ પહેલો ગમ.

(૨) પર્યાપ્તા આદિ — (૩) તે જ ઉત્કૃષ્ટકાળમાં, - (૪) જઘન્યકાળ સ્થિતિ આદિ, તેમાં આઠ વિષયમાં અંતર છે — શરીરાવગાહના ધનુષ્ પૃથકત્વ, લેશ્યા આધ ત્રણ, મિથ્યાદષ્ટિત્વ, બે અજ્ઞાન જ, આધ. ત્રણ સમુદ્‌ઘાત. જઘન્ય સ્થિતિક અસંજ્ઞી ગમ માફક આયુ, અધ્યવસાય, અનુબંધ છે, અહીં આયુ અંતર્મુહૂર્ત્ત, અધ્યવસાય સ્થાનો અપ્રશસ્ત જ, અનુબંધ અંતર્મુહૂર્ત્તજ. અવસેસ - જેમ સંજ્ઞીના પહેલા ગમમાં અર્થાત્ ઔધિક છે - x -

(૫) તે જ જઘન્યકાળમાં સંજ્ઞી વિષયમાં ગમો, (૬) તે જ ઉત્કૃષ્ટ ઇત્યાદિમાં, (૭) ઉત્કૃષ્ટકાળ આદિમાં, - x - (૮) તે જ ઉત્કૃષ્ટ સ્થિતિક સંજ્ઞી, (૯) ઉત્કૃષ્ટ આદિમાં નવમો ગમ.

उक्खेव - પ્રસ્તાવના, निक्खेव - નિગમન. તે એ પ્રમાણે છે પર્યાપ્તા સંખ્યાત





વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક આશ્રીને રત્નપ્રભાની વક્તવ્યતા કહી, હવે તેને જ આશ્રીને શર્કરાપ્રભા વક્તવ્યતા —

**● સૂત્ર-૮૪૦ :-**

*(૧) ભગવન્ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળની સ્થિતિમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્યથી સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમ સ્થિતિમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ એ પ્રમાણે રત્નપ્રભામાં ઉત્પન્ન થવાના ગમની માફક સમગ્ર વક્તવ્યતા કહેવી. યાવત્ ભવાદેશ તથા કાલાદેશથી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક સાગરોપમ, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોડી અધિક બાર સાગરોપમ, આટલો કાળ યાવત્ ગમનાગમન કરે.*

*(૨) એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વી ગમ સમાન નવે ગમો કહેવા. વિશેષ એ કે — બધાં ગમોમાં નૈરયિક સ્થિતિ અને સંવેધમાં સાગરોપમ કહેવું. - - આ પ્રમાણે છટ્ઠી પૃથ્વી સુધી કહેવું. વિશેષ એ કે - નૈરયિક સ્થિતિ જે જે પૃથ્વીમાં જઘન્ય-ઉત્કૃષ્ટ હોય તેને ચાર ગણી કરવી. (જેમકે) વાલુકાપ્રભામાં ૨૮ સાગરોપમ, એ ચારગણી થાય. પંકપ્રભામાં-૪૪, ધૂમપ્રભામાં-૬૮, તમામાં-૮૮, સંઘયણોમાં વાલુકાપ્રભામાં પાંચ સંઘયણી, વજ્રઋષભનારાચ યાવત્ કીલિકા. પંકપ્રભામાં ચાર સંઘયણી, ધૂમપ્રભામાં ત્રણ સંઘયણી, તમામાં બે સંઘયણી - વજ્રઋષભ નારાચ અને ઋષભ નારાચવાળા ઉત્પન્ન થાય. બાકી પૂર્વવત્.*

*પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ તિર્યંચયોનિક જે અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે. તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો૦ જેમ રત્નપ્રભાના નવ ગમકો કહ્યા, તેમ અહીં જાણવા. વિશેષ એ કે — વજ્રઋષભનારાચ સંઘયણી ઉત્પન્ન થાય અને સ્ત્રીવેદકો ઉત્પન્ન ન થાય. બાકી પૂર્વવત્ યાવત્ અનુબંધ. સંવેધ - ભવાદેશથી જઘન્ય ત્રણ ભવ, ઉત્કૃષ્ટ સાત ભવ ગ્રહણ કરે છે. કાલ આદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ, એટલો કાળ યાવત્ કરે.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો પૂર્વવત્ જ વક્તવ્યતા યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્ય કાલાદેશ પણ તેમજ યાવત્ ચાર પૂર્વકોડી અધિક યાવત્ કરે.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાલ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો તે પ્રમાણે જ યાવત્ અનુબંધ, ભવાદેશથી જઘન્યથી ત્રણ ભવગ્રહણ, ઉત્કૃષ્ટથી પાંચ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યથી ૩૩-સાગરોપમ અને બે અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી ૬૬-સાગરોપમ અને ત્રણ પૂર્વકોડી અધિક.*

*તે જ જઘન્યકાળ સ્થિતિક૦ રત્નપ્રભા પૃથ્વી જઘન્યકાળસ્થિતિ વક્તવ્યતા*

*માફક કહેવી યાવત્ ભવાદેશ. માત્ર પ્રથમ સંઘયણ, સ્ત્રીવેદક નહીં. ભવાદેશથી જઘન્ય ત્રણ ભવ-ઉત્કૃષ્ટ સાત ભવ. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૬૬-સાગરોપમ ઈત્યાદિ - x -*

*તે જ જઘન્ય કાળ સ્થિતિકમાં ઉત્પન્ન, એ પ્રમાણે ચોથો ગમ સંપૂર્ણ કહેવો યાવત્ કાલાદેશ.*

*તે જ ઉત્કૃષ્ટ કાલ સ્થિતિકમાં ઉત્પન્ન બધું પૂર્વવત્ યાવત્ અનુબંધ, ભવાદેશથી જઘન્ય ત્રણ ભવ, ઉત્કૃષ્ટ પાંચ ભવ, કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ અંતર્મુહૂર્ત્ત અધિક ૬૬-સાગરોપમ. એટલો કાળ યાવત્ કરે.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં જઘન્ય ૨૨-સાગરોપમ સ્થિતિમાં, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિમાં ઉપજે છે - ભગવન્ ! તે૦ બાકી બધું સાતમી પૃથ્વી પ્રથમગમ વક્તવ્યતા કહેવી. યાવત્ ભવાદેશ, વિશેષ એ કે — સ્થિતિ, અનુબંધ, જઘન્યથી પૂર્વ કોડી, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકી પૂર્વવત્. કાલાદેશથી જઘન્યે બે પૂર્વકોડી અભ્યધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ. એટલો કાળ યાવત્ કરે.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય. સાતમા ગમ મુજબ જ બધી વક્તવ્યતા અને સંવેધ કહેવો.*

*તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉત્પન્ન૦ એ પ્રમાણે જ યાવત્ અનુબંધ. ભવાદેશથી જઘન્યે ત્રણ ભવ, ઉત્કૃષ્ટથી પાંચ ભવ. કાલાદેશથી ૩૩-સાગરોપમ બે પૂર્વકોડી અધિક, ઉત્કૃષ્ટે ૬૬-સાગરોપમાદિ.*

● **વિવેચન-૮૪૦ :-**

पज्जत्त - પરિણામ, સંહનનાદિની પ્રાપ્તિ, જે રીતે રત્નપ્રભામાં ઉત્પત્તિ કહી, તે સંપૂર્ણ શર્કરાપ્રભામાં પણ કહેવી. બીજી નારકીમાં જઘન્યા સ્થિતિ સાગરોપમ, સંજ્ઞીના ભવે અંતર્મુહૂર્ત્ત એ રીતે સાગરોપમ અધિક અંતર્મુહૂર્ત્ત થઈ. બીજીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ, તેને ચારથી ગુણતા બાર થાય ઈત્યાદિ - x -. બીજી નારકી આદિમાં જઘન્ય અને ઉત્કર્ષથી સાગરોપમાદિ કહેવા. જેમકે (૧) એક સાગરોપમ, (૨) ત્રણ, (૩) સાત, (૪) દશ, (૫) સત્તર, (૬) બાવીશ, (૭) તેત્રીશ એ સાતેની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને જે પહેલીમાં ઉત્કૃષ્ટ, તે બીજીમાં જઘન્ય, ઇત્યાદિ સમજવું.

રત્નપ્રભા તુલ્ય નવે ગમ કહેવા. ક્યાં સુધી ? છટ્ઠી પૃથ્વી સુધી. છટ્ઠી પૃથ્વી સુધી. ઉત્કૃષ્ટ કાય સંવેધ ચાર ગણો કહેવો. - x - x - પહેલી ત્રણ પૃથ્વીમાં સેવાર્ત્ત સંઘયણી ઉપજે, એ રીતે ચોથીએ ચાર, પાંચમીએ ત્રણ, છટ્ઠીએ બે, સાતમીએ એક સંઘયણ થાય.

હવે સાતમી પૃથ્વી આશ્રીને કહે છે — સ્ત્રીઓની ઉત્પત્તિ છટ્ઠી નરક સુધી જ હોય. જઘન્ય ત્રણ ભવ - મત્સ્ય, સાતમી પૃથ્વી, મત્સ્ય, સાતમી ઇત્યાદિ.

કાલાદેશથી ૨૨-સાગરોપમ જઘન્યા, મત્સ્યનું અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટ ૬૬-



સાગરોપમ, જો ત્રણ વખત સાતમીમાં ઉપજે અને ચાર પૂર્વકોટી અધિક, કેમકે ચાર વખત મત્સ્યમાં ઉપજે. આ ઉત્કૃષ્ટ કાળ કહ્યો છે મધ્યમ કાળ પરિમાણ જુદું આવે. (આ પહેલો ગમ)

જઘન્યકાળ સ્થિતિ બીજો, ઉત્કૃષ્ટ કાલસ્થિતિ ત્રીજો ગમ-તેમાં ઉત્કૃષ્ટ પાંચ ભવ ગ્રહણ, જઘન્યકાલ સ્થિતિક આદિ ચોથો ગમ તેમાં રત્નપ્રભાવત્ કહેવું. વિશેષ એ કે - સંઘયણ છ, વેદ ત્રણ કહેવા. પ્રથમ સંઘયણી જીવો આવે, સ્ત્રી ન આવે. - - હવે મનુષ્યાધિકારમાં કહે છે—

● **સૂત્ર-૮૪૧,૮૪૨ :-**

*[૮૪૧] મનુષ્યથી આવીને ઉપજે તો સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે કે અસંજ્ઞી મનુષ્યથી ? ગૌતમ ! સંજ્ઞીથી, અસંજ્ઞીથી નહીં.*

*જો સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્યથી કે અસંખ્યાત૦ થી ઉપજે ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે, અસંખ્યાત વર્ષાયુ૦ થી નહીં.*

*જો સંખ્યાત વર્ષાયુ૦ યાવત્ ઉપજે તો પર્યાપ્ત સંખ્યાત૦ થી અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુથી ? ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષ આયુથી આવીને ઉપજે, અસંખ્યાત વર્ષાયુવાળામાંથી નહીં.*

*ભગવન્ ! જે પર્યાપ્ત સંખ્યાયુષ્ક૦ સંજ્ઞી મનુષ્ય નૈરયિકમાં ઉપજવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલી પૃથ્વીમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! સાતે પૃથ્વીમાં ઉપજે. - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી.*

*ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્ય જે રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી સાગરોપમસ્થિતિમાં ઉપજે.*

*ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉપજે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે. સંઘયણ-છ. શરીરાવગાહના જઘન્યથી અંગુલ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ એ પ્રમાણે બાકીનું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક યાવત્ ભવાદેશથી. વિશેષ એ કે ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ. સમુદ્ઘાત છ. સ્થિતિ અને અનુબંધ જઘન્યથી માસ પૃથકત્વ-ઉત્કૃષ્ટથી પૂર્વ કોટી. બાકી પૂર્વવત્. કાલાદેશથી જઘન્યા માસ પૃથક્ત્વ અધિક ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટી ચાર પૂર્વકોડી અધિક ચાર સાગરોપમ આટલો કાળ રહે.*

*તે જ જઘન્ય કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય, તો તે જ વક્તવ્યતા, માત્ર કાલાદેશથી જઘન્યા પૂર્વવત્, ઉત્કૃષ્ટી ૪૦,૦૦૦ વર્ષ અધિક ચાર પૂર્વ કોડી. - - - તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો આ જ વક્તવ્યતા. માત્ર કાલાદેશથી જઘન્યા માસ પૃથકત્વ અધિક સાગરોપમ, ઉત્કૃષ્ટી ચાર પૂર્વ કોડી અધિક ચાર સાગરોપમ.*

*તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિ૦ આ જ વક્તવ્યતા. વિશેષ એ કે - આ*

પાંચમાં અંતર છે. શરીરાવગાહના જઘન્યા અંગુલ પૃથકત્વ, ઉત્કૃષ્ટી તેમજ. ત્રણ જ્ઞાન ત્રણ અજ્ઞાન ભજનાએ. પાંચ સમુદ્‌ઘાતો. સ્થિતિ અને અનુબંધ જઘન્યથી માસ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી પણ તેમજ. બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશ, કાલાદેશથી જઘન્યા માસ પૃથકત્વ અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી ચાર માસ પૃથકત્વ અધિક ચાર સાગરોપમ. આટલો કાળ રહે.

તે જ જઘન્ય કાળસ્થિતિમાં ઉત્પન્ન હોય તો આ જ વક્તવ્યતા ચોથા ગમ સમાન જાણવી. માત્ર કાલાદેશથી જઘન્યા માસ પૃથકત્વ અધિક ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટી ચાર માસ પૃથકત્વ અધિક ૪૦ હજાર વર્ષ. આટલો કાળ રહે.

તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો આ જ ગમ છે. માત્ર કાલાદેશથી જઘન્યા સાગરોપમ અને માસ પૃથકત્વ અધિક, ઉત્કૃષ્ટી ચાર માસ પૃથકત્વ અધિક ચાર સાગરોપમ યાવત્ રહે.

તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જન્મીને૦ પહેલાં ગમ માફક જાણવું. માત્ર શરીરાવગાહના જઘન્યા ૫૦૦ ધનુષ્, ઉત્કૃષ્ટી ૫૦૦ ધનુષ્. સ્થિતિ જઘન્યા અને ઉત્કૃષ્ટી પૂર્વ કોડી. એમ અનુબંધ જાણવો. કાલાદેશથી જઘન્યા ૧૦,૦૦૦ વર્ષાધિક પૂર્વકોડી. ઉત્કૃષ્ટી ચાર પૂર્વકોડી અધિક ચાર સાગરોપમ. આટલો કાળ યાવત્ રહે.

તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય, સાતમા ગમની વક્તવ્યતા જાણવી. માત્ર કાલાદેશથી જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ અધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટી ૪૦,૦૦૦ વર્ષાધિક ચાર પૂર્વ કોડી૦ - x -

તે જ ઉત્કૃષ્ટી કાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો૦ સાતમા ગમ મુજબની વક્તવ્યતા. માત્ર કાલાદેશથી પૂર્વકોડી અધિક જઘન્યા સાગરોપમ અને ઉત્કૃષ્ટી ચાર પૂર્વ કોડી અધિક ચાર સાગરોપમ.

[૮૪૨] પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યથી હે ભગવન્ ! જે શર્કરાપ્રભામાં નૈરયિકરૂપે યાવત્ ઉત્પન્ન થાય, તે ભગવન્ ! કેટલો યાવત્ ઉપજે. ગૌતમ ! જઘન્યથી સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમ. - - ભગવન્ ! તે જ૦ રત્નપ્રભા પૃથ્વીના ગમ મુજબ જાણવું. માત્ર શરીરાવગાહના જઘન્યથી રત્ની પૃથકત્વ, ઉત્કૃષ્ટી ૫૦૦ ધનુષ્, સ્થિતિ જઘન્યા વર્ષ પૃથકત્વ, ઉત્કૃષ્ટી પૂર્વ કોડી, એ પ્રમાણે અનુબંધ પણ કહેવો. બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશથી, કાલાદેશથી જઘન્યા વર્ષ પૃથકત્વ અધિક સાગરોપમ અને ઉત્કૃષ્ટી ચાર પૂર્વકોડી અધિક બાર સાગરોપમ.

એ પ્રમાણે આ ઔધિકમાં ત્રણે ગમમાં મનુષ્યની કહેવી. માત્ર નૈરયિક સ્થિતિ કાલાદેશથી અને સંવેધ જાણવો.

જો તે સ્વયં જઘન્ય સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્ય૦ ઉત્પન્ન થાય, તો ત્રણે ગમોમાં પૂર્વવત્ જ. વિશેષ આ - શરીરાવગાહના જઘન્યથી રત્નિપૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી પણ તેમજ, સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ બંને વર્ષ પૃથકત્વ, એ રીતે અનુબંધ પણ જાણવો. બાકી બધું ઔધિક મુજબ. સંવેધ પણ ઉપયોગપૂર્વક સમજવો.



જો તે સ્વયં ઉત્કૃષ્ટ સ્થિતિક હોય, તેને પણ ત્રણે ગમોમાં પૂર્વવત્. આટલી વિશેષતા - શરીરાવગાહના જઘન્યથી - ઉત્કૃષ્ટથી પણ ૫૦૦ ધનુષ્, સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોડી, અનુબંધ પણ તેમજ છે. બાકી બધું પહેલા ગમ મુજબ. વિશેષ - નૈરયિક સ્થિતિ અને કાય સંવેધ જાણવા.

એ પ્રમાણે યાવત્ છઠ્ઠી પૃથ્વી. માત્ર ત્રીજી પૃથ્વીથી એક એક સંઘયણ ઘટે છે. તેમ તિર્યંચયોનિક માફક જાણવું. કાલાદેશ પણ તેમજ છે. માત્ર મનુષ્યસ્થિતિ કહેવી. - - - ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય જે અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે હે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્યા ૨૨-સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિમાં ઉત્પન્ન થાય. ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ શેષ તેમજ, શર્કરાપ્રભા પૃથ્વી ગમક જાણવો. માત્ર સંઘયણ પહેલું કહેવું અને સ્ત્રીવેદક ન ઉપજે. બાકી પૂર્વવત્ યાવત્ અનુબંધ. ભવાદેશથી બે ભવગ્રહણ કાલાદેશથી જઘન્ય ૨૨-સાગરોપમ અને વર્ષ પૃથકત્વ અધિક, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ અને પૂર્વકોડી અધિક, આટલો કાળ રહે.

તે જ જઘન્ય કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો આ જ કથન કરવું વિશેષ - નૈરયિક સ્થિતિ અને સંવેધ જાણવા.

તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો આ જ કથન કરવું. વિશેષ - સંવેધ જાણવો.

તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિક ઉત્પન્ન થયેલ હોય, તેને ત્રણે ગમકોમાં આ જ વક્તવ્યતા. માત્ર શરીરાવગાહના જઘન્ય-ઉત્કૃષ્ટ બંને રત્નિપૃથકત્વ. સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ બંને વર્ષ પૃથકત્વ. એ રીતે અનુબંધ પણ છે. સંવેધ ઉપયોગપૂર્વક કહેવો.

તે સ્વયં જ ઉત્કૃષ્ટ કાળસ્થિતિક ઉત્પન્ન હોય તો, તેને પણ ત્રણે ગમકમાં આ જ વક્તવ્યતા. માત્ર શરીરાવગાહના જઘન્ય-ઉત્કૃષ્ટ બંને ૫૦૦ ધનુષ્, સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ બંને પૂર્વ કોડી, એ રીતે અનુબંધ પણ છે. આ નવે ગમકોમાં નૈરયિક સ્થિતિ અને સંવેધ જાણવો. બધે ભવગ્રહણ બે યાવત્ નવગમકમાં કાલાદેશથી જઘન્ય ૩૩-સાગરોપમ, પૂર્વકોડી અધિક ઉત્કૃષ્ટ પણ તેમજ. આટલો કાળ રહે - ગમનાગમન કરે. ભગવન્ ! તેમ જ છે.

**● વિવેચન-૮૪૧,૮૪૨ :-**

ગર્ભજ મનુષ્યો હંમેશાં સંખ્યાતા હોય, તેથી ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉપજે તેમ કહ્યું. અવધિ આદિથી પતિત કોઈ નારકમાં ઉત્પન્ન થાય, માટે ચાર જ્ઞાનો. - x - જઘન્યથી માસ પૃથકત્વ, કેમકે બે માસ અંતર્વર્તી આયુવાળો નરકે ન જાય. જઘન્ય નરકાયુ ૧૦,૦૦૦ વર્ષ. જઘન્ય નરકે જનાર માટે માસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટ માટે ચાર

સાગરોપમ અને ચાર પૂર્વ કોટી અધિક કહ્યું, તેમાં અધિકતા મનુષ્યાયુને આશ્રીને છે. અર્થાત્ મનુષ્ય થઈ ચાર વખત જ અનેક પૃથ્વીમાં નારક થાય, પછી તિર્યંચ જ થાય.

જઘન્યકાળ સ્થિતિક ઔધિકમાં આ પાંચ વિશેષતા છે — શરીરાવગાહના અંગુલપૃથકત્વ, - x - ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજનાએ, જઘન્ય સ્થિતિક જ આની હોવાથી. - x - પહેલા પાંચ સમુદ્ઘાત, જઘન્ય સ્થિતિ વડે એમ સંભવે છે. - x - સ્થિતિ અને અનુબંધ જઘન્ય-ઉત્કૃષ્ટ માસ પૃથકત્વ છે. બાકીના ગમો સ્વયં સમજી લેવા. - - શર્કરાપ્રભાની વક્તવ્યતા—

બે હાથ પ્રમાણથી હીન બીજીમાં ઉત્પન્ન ન થાય. બે વર્ષાયુથી હીન આયુવાળા બીજીમાં ઉત્પન્ન ન થાય. ઔધિકમાં ત્રણ ગમ કહેવા. આમાં અનંતરોક્ત મનુષ્યની પરિમાણ, સંહનનાદિ પ્રાપ્તિ છે. ફરક આ પ્રમાણે છે — નારક સ્થિતિ કાલાદેશથી અને કાયસંવેધ જાણવો. તેમાં પહેલા ગમમાં સ્થિતિ આદિ લખ્યા, બીજામાં ઔધિક જઘન્યસ્થિતિમાં નારક સ્થિતિ બંને સાગરોપમકાળ છે, સંવેધ જઘન્યથી વર્ષ પૃથકત્વાધિક સાગરોપમ, ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ, ત્રીજીમાં પણ એમ જ છે. માત્ર જઘન્ય ત્રણ સાગરોપમ, ઉત્કૃષ્ટ બાર સાગરોપમ કહેવું.

ચોથી આદિ ત્રણ ગમમાં સંવેધ - તે જઘન્ય સ્થિતિક ઔધિક મુજબ, કાલાદેશથી જઘન્યથી વર્ષ પૃથકત્વાધિક સાગરોપમ. ઉત્કૃષ્ટ બાર સાગરોપમ અને ચાર વર્ષપૃથકત્વાધિક. ઈત્યાદિ જાણવું - x - સપ્તમ આદિ ગમત્રયમાં આટલી વિશેષતા - શરીરાવગાહના - x - ૫૦૦ ધનુષ્ ઈત્યાદિ.

તિર્યંચસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત મનુષ્યગમમાં મનુષ્ય સ્થિતિ જઘન્યથી બીજી આદિમાં જનારને વર્ષ પૃથકત્વ, ઉત્કૃષ્ટી પૂર્વકોટી.

સાતમી પૃથ્વીમાં પહેલા ગમમાં ૩૩-સાગરોપમ, પૂર્વકોડી અધિક કહ્યું, તે ઉત્કૃષ્ટ કાયસંવેધ છે. આટલો કાળ જ જાણવો. - x -

## ❀ ઉદ્દેશો-૨-"અસુરકુમાર" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૧-ની વ્યાખ્યા કરી, હવે બીજાની કરે છે - x - x -

● સૂત્ર-૮૪૩ :-

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! અસુરકુમાર ક્યાંથી આવીને ઉપજે છે - નૈરયિકથી યાવત્ દેવથી ? ગૌતમ ! નૈરયિક કે દેવથી આવીને ઉપજતા નથી, તિર્યંચ અને મનુષ્યથી આવીને ઉપજે છે. એ પ્રમાણે જેમ નૈરયિક ઉદ્દેશકમાં કહ્યું તેમ યાવત્ પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક, ભગવન્ ! જે અસુરકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે હે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં, ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યાત ભાગ સ્થિતિમાં ઉપજે છે. - - ભગવન્ ! તે જીવો૦ એ રીતે રત્નપ્રભા ગમક સમાન નવે પણ ગમો કહેવા. વિશેષ એ - જેમની સ્વયંકાલ સ્થિતિ હોય,*



*તેમને અધ્યવસાયો પ્રશસ્ત હોય, અપ્રશસ્ત નહીં. ત્રણે ગમમાં બાકી પૂર્વવત્.*

*જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિયમાં યાવત્ ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્કમાં ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુમાં યાવત્ ઉપજે, અસંખ્યાત૦માં પણ ઉપજે. અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જે અસુરકુમારમાં ઉપજવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ પ્રશ્ન ? જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે વજ્ર ઋષભ નારાચ સંઘયણી, અવગાહના જઘન્યતી ધનુષ્ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી છ ગાઉ, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, ચાર લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની-નિયમા બે અજ્ઞાની-મતિ અજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, ત્રણે યોગ, બંને ઉપયોગ, ચાર સંજ્ઞા, ચાર કષાયો, પાંચ ઈન્દ્રિયો, ત્રણ સમુદ્ઘાતો, સમવહત થઈને કે સમવહત ન થઈને મરે, વેદના બે - શાતા, અશાતા વેદ બે - સ્ત્રી, પુરુષ. સ્થિતિ જઘન્ય-સાતિરેક પૂર્વકોડી અને ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ, અધ્યવસાય પ્રશસ્ત-અપ્રશસ્ત બંને. અનુબંધ સ્થિતિ મુજબ. કાયસંવેધ ભવાદેશથી બે ભવગ્રહણ, કાલાદેશથી જઘન્યા સાતિરેક પૂર્વકોડી-૧૦૦૦ વર્ષ અધિક. ઉત્કૃષ્ટથી છ પલ્યોપમ, આટલો કાળ રહે.*

*તે જ જઘન્ય કાળ સ્થિતિકમાં ઉત્પન્ન હોય તો આ જ કથન. માત્ર અસુરકુમારના સ્થિતિ અને સંવેધ જાણવા.*

*તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિકમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. આ જ વક્તવ્યતા છે. વિશેષ આ - સ્થિતિ અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અનુબંધ એ પ્રમાણે જ છે. કાલાદેશ વડે જઘન્ય અને ઉત્કૃષ્ટે પણ છ પલ્યોપમાદિ. બાકી પૂર્વવત્.*

*તે જ સ્વયં જઘન્યકાલ સ્થિતિક ઉત્પન્ન થયો હોય તો જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં, ઉત્કૃષ્ટી સાતિરેક પૂર્વકોડી આયુ૦ ઉપજે.*

*ભગવન્ ! તે૦ ? બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશ, વિશેષ-અવગાહના જઘન્યથી ધનુષ્ પૃથકત્વ-ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ ધનુષ્. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ સાતિરેક પૂર્વકોડી આ પ્રમાણે અનુબંધ પણ છે. કાલાદેશ વડે જઘન્યથી સાતિરેક પૂર્વકોડી-૧૦,૦૦૦ વર્ષ અધિક, ઉત્કૃષ્ટથી સાતિરેક બે પૂર્વકોડી એટલો કાળ રહે.*

*તે સ્વયં જઘન્યકાળ સ્થિતિમાં ઉપજે તો આ જ વક્તવ્યતા. માત્ર અસુરકુમારની સ્થિતિ અને સંવેધ જાણી લેવો.*

*તે જ ઉત્કૃષ્ટ કાળસ્થિતિમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વ કોડી આયુમાં ઉત્પન્ન થાય તો પૂર્વવત્. વિશેષ - કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટે પણ સાતિરેક બે પૂર્વકોડી, આટલો કાળ રહે.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાલસ્થિતિક જન્મે તો પહેલા ગમક મુજબ કહેવું.*

*માત્ર સ્થિતિ જઘન્યથી-ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, એ પ્રમાણે અનુબંધ પણ છે, કાલાદેશથી જઘન્ય ત્રણ પલ્યોપમ-૧૦૦૦૦ વર્ષ અધિક અને ઉત્કૃષ્ટથી છ પલ્યોપમ છે.*

*તે જ જઘન્યકાલ સ્થિતિક ઉત્પન્ન૦ આ જ વક્તવ્યતા. વિશેષ એ કે - અસુરકુમારની સ્થિતિ અને સંવેધ જાણવો જોઈએ.*

*તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક ઉત્પન્ન૦ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ૦ એ જ વક્તવ્યતા કહેવી. વિશેષ - કાલાદેશથી જઘન્યથી છ પલ્યોપમ- એટલો કાળ જ રહે.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય યાવત્ ઉપજે, તો શું જલચર૦ એ પ્રમાણે યાવત્ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે અસુરકુમારપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિમાં, ઉત્કૃષ્ટ સાતિરેક સાગરોપમ સ્થિતિમાં ઉપજે.*

*ભગવન્ ! તે જીવો એકસમયમાં૦ એ રીતે એમના રત્નપ્રભા પૃથ્વીના ગમક સમાન જાણવું. વિશેષ - જે સ્વયં જઘન્યકાળ સ્થિતિક હોય છે, તેમને ત્રણે ગમમાં આટલું વિશેષ છે – ચાર લેશ્યા, અધ્યવસાય પ્રશસ્ત અને અપ્રશસ્ત, બાકી પૂર્વવત્ સંવેધ સાતિરેક સાગરોપમ કહેવો.*

*જો મનુષ્યથી આવીને ઉપજે તો શું સંજ્ઞી મનુષ્યથી આવે કે અસંજ્ઞી મનુષ્યથી ? ગૌતમ ! સંજ્ઞી મનુષ્યથી, અસંજ્ઞી મનુષ્યથી નહીં.*

*જો સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્ક૦થી ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્કથી યાવત્ ઉપજે. અસંખ્યાત વર્ષાયુષ્કથી આવીને પણ ઉપજે.*

*ભગવન્ ! અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય, જે અસુરકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, ભગવન્ ! તે કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. આ પ્રમાણે અસંખ્ય વર્ષાયુષ્ક તિર્યંચયોનિક સમાન પહેલા ત્રણ ગમો જાણવા. માત્ર શરીરાવગાહના પહેલા-બીજા ગમામાં જઘન્ય સાતિરેક ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ. બાકી પૂર્વવત્. ત્રીજા ગમમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ ગાઉ. બાકી તિર્યંચયોનિક મુજબ જાણવું.*

*તે જ સ્વયં જઘન્ય કાલ સ્થિતિક ઉત્પન્ન થાય, તેને પણ જઘન્ય કાળ સ્થિતિક તિર્યંચયોનિક સમાન ત્રણ ગમો કહેવો. વિશેષ શરીર અવગાહના ત્રણે ગમમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ સાતિરેક ૫૦૦ ધનુષ્ છે. બાકી પૂર્વવત્.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટકાળ સ્થિતિક જન્મે, તેને તે જ પાછલા ત્રણ ગમકો કહેવા. માત્ર શરીરાવગાહના ત્રણે ગમોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પણ ત્રણ ગાઉ, બાકી પૂર્વવત્.*



*જો સંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે તો શું પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક ? ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાત૦થી, અપર્યાપ્ત સંખ્યાતથી નહીં.*

*ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય જે અસુરકુમારપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિથી ઉપજે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિમાં, ઉત્કૃષ્ટ સાતિરેગ સાગરોપમ સ્થિતિકમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો જેમ રત્નપ્રભામાં ઉત્પન્ન થનારના નવ ગમો કહ્યા, તેમ અહીં પણ નવ ગમો કહેવા. માત્ર સંવેધ સાતિરેક સાગરોપમથી કરવો. બાકી પૂર્વવત્ ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૮૪૩ :-**

અહીં પલ્યોપમના અસંખ્યાત ભાગ ગ્રહણથી પૂર્વકોટી લેવા. કેમકે સંમૂર્છિમનું ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પ્રમાણ આયુ હોય છે. તે ઉત્કૃષ્ટથી સ્વ આયુ તુલ્ય જ દેવાયુ બાંધે છે, વધુ નહીં, ચૂર્ણિકાર પણ તેમજ કહે છે.

અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ૦ આ દેવકુરુ આદિ યુગલ તિર્યંચને આશ્રીને કહ્યું છે. તેઓ જ સ્વાયુ મુજબ દેવાયુ બાંધે. તેઓ સંખ્યાતા ઉપજે, કેમકે અસંખ્યાત વર્ષાયુ તિર્યંચ અસંખ્યાતા ન હોય. વળી તેઓ વજ્રઋષભનારાચ સંઘયણી હોય. જઘન્યથી ધનુષ્ પૃથકત્વ પક્ષીને આશ્રીને કહેલ છે. કેમકે તેમનું એ શરીર પ્રમાણ છે - x - x - ઉત્કૃષ્ટ છ ગાઉ, એ દેવકુરુ આદિના હાથી આદિને આશ્રીને છે. અસંખ્યાત વર્ષાયુમાં નપુંસકવેદ હોતો નથી. - - ઉત્કૃષ્ટ છ પલ્યોપમ - ત્રણ તિર્યંચ સંબંધી અને ત્રણ અસુર ભવ સંબંધી, એ રીતે છ થાય, માત્ર દેવ ભવથી ન થાય. - x -

ચોથો ગમ - અહીં જઘન્યકાળ સ્થિતિક સાતિરેક પૂર્વકોટી આયુ, તે પક્ષી વગેરેના પ્રક્રમથી છે. અસંખ્યાત વર્ષાયુષ્વાળા પક્ષી આદિનું સાતિરેક પૂર્વકોટી આયુ, તેમને સ્વ આયુ તુલ્ય દેવાયુ થાય. ઉત્કૃષ્ટ સાતિરેક ધનુષ્ સહસ્ર, જે કહ્યું તે સાતમા કુલકર પૂર્વે થયેલ હાથી આદિ અપેક્ષાએ સંભવે છે. - x - સાતમા કુલકરની ૫૨૫ ધનુષ્ ઉંચી કાયા હોય છે. તેનાથી પૂર્વે થનારની કાયા તેથી પણ ઉંચી હોય છે. તે કાળના હાથી બમણા ઉંચા હોય, તેથી સાતમા કુલકર પૂર્વકાલવર્તી અસંખ્યાત વર્ષાયુ હાથી આદિનું યથોક્ત પ્રમાણ થાય છે. બે પૂર્વ કોડી-તિર્યંચ અને અસુર બંને ભવથી થાય.

અસુરકુમારની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, સંવેધ સાતિરેક પૂર્વકોટી-૧૦,૦૦૦ વર્ષ અધિક. - - બાકીના ગમો સ્વયં જાણવા.

હવે સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો અસુરકુમારમાં ઉત્પાદ કહે છે – સાતિરેક સાગરોપમ સ્થિતિ બલિ નિકાય આશ્રીને કહી છે. - x - અસુરોમાં તેજોલેશ્યાવાળા પણ ઉપજે માટે અહીં ચાર લેશ્યાઓ કહી. અહીં - x - અધ્યવસાયો પ્રશસ્ત કહેવા. દીર્ઘસ્થિતિક હોવાથી બંને પણ સંભવે. જે સાતિરેક સંવેધ કહ્યો, તે

'બલિ' પક્ષની અપેક્ષાએ છે.

હવે મનુષ્યોનો અસુરોમાં ઉત્પાદ કહે છે – દેવકુરુ આદિના મનુષ્યોને આશ્રીને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ આયુ કહ્યું, કેમકે સ્વ આયુ સમાન દેવાયુને બાંધે છે. - x - x - ઔધિક-અસંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્ય જઘન્યથી સાતિરેક ૫૦૦ ધનુષ્ પ્રમાણ હોય, જેમકે - સાતમા કુલકર પૂર્વે યુગલિક મનુષ્ય ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ ઉંચા હતા. જેમકે દેવકુરુ આદિના યુગલિક પુરુષ. તે પહેલા અને બીજા ગમમાં સંભવે, ત્રીજામાં ત્રણ ગાઉ અવગાહના જ હોય, તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ જ હોય. સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી૦ પૂર્વવત્.

## ❀ ઉદ્દેશો-૩-"નાગકુમાર" ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૪૪ :-**

*રાજગૃહે યાવત્ આમ પૂછ્યું – ભગવન્ ! નાગકુમાર ક્યાંથી આવીને ઉપજે ? - નૈરયિકથી યાવત્ દેવથી ? ગૌતમ ! નૈરયિક કે દેવથી આવીને ન ઉપજે, પણ મનુષ્ય, તિર્યંચયોનિકથી આવીને ઉપજે.*

*જો તિર્યંચ૦ એ પ્રમાણે અસુરકુમારની વક્તવ્યતા મુજબ અહીં પણ કહેવું યાવત્ અસંજ્ઞી. - - જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવે તો શું સંખ્યાત વર્ષાયુ૦ કે અસંખ્યાત વર્ષાયુ૦ ? ગૌતમ ! બંનેથી.*

*અસંખ્ય વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, ભગવન્ ! જે નાગકુમારમાં ઉપજવા યોગ્ય હોય, તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન પલ્યોપમ સ્થિતિમાં.*

*ભગવન્ ! તે જીવો૦ બાકી બધું અસુરકુમારમાં ઉત્પાદ માફક કહેવું યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્યા ૧૦,૦૦૦ વર્ષાધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટી દેશોન પાંચ પલ્યોપમ આટલો કાળ રહે.*

*તે જ જઘન્યકાલ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો૦ આ જ વક્તવ્યતા છે. માત્ર નાગકુમારની સ્થિતિ અને સંવેધ જાણવો.*

*તે જ ઉત્કૃષ્ટ કાલ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો૦ તેની પણ આ જ વક્તવ્યતા. માત્ર સ્થિતિ જઘન્યથી દેશોન બે પલ્યોપમ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશ, કાલાદેશથી જઘન્ય દેશોન ચાર પલ્યોપમ, ઉત્કૃષ્ટ દેશોન પાંચ પલ્યોપમ, આટલો કાળ રહે.*

*તે જ સ્વયં જઘન્ય કાળ સ્થિતિકમાં જન્મ્યો હોય, તેને ત્રણે ગમકમાં અસુરકુમારમાં ઉત્પન્ન થનાર જઘન્યકાળ સ્થિતિક માફક કહેવા.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિકમાં જન્મ્યો હોય, તેને પણ તે જ પ્રમાણે ત્રણે ગમક, જેમ અસુરકુમારમાં કહ્યા તેમ જાણવા. વિશેષ એ કે – નાગકુમારની સ્થિતિ, સંવેધ જાણવો જોઈએ. બાકી પૂર્વવત્.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય યાવત્ શું પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક૦*



*કે અપર્યાપ્ત૦ ? ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક, અપર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક નહીં. - - પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક યાવત્ જે નાગકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે હે ભગવન્ ! કેટલી કાળસ્થિતિમાં ઉપજે ? જેમ અસુરકુમારોમાં ઉત્પન્ન થનારની વક્તવ્યતા છે. તે મુજબ અહીં પણ નવે ગમકોમાં કહેવી. માત્ર-નાગકુમાર સ્થિતિ અને સંવેધ જાણવો.*

*જો મનુષ્યથી આવે તો શું સંજ્ઞી મનુષ્ય૦ કે અસંજ્ઞીમનુષ્ય૦ ગૌતમ ! સંજ્ઞી મનુષ્યથી ઉપજે, અસંજ્ઞી મનુષ્યથી નહીં. જેમ અસુરકુમારમાં ઉત્પન્ન થનાર યાવત્ અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય, ભગવન્ ! જે નાગકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી દેશોન બે પલ્યોપમ, એ પ્રમાણે જેમ અસંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચયોનિકોનો નાગકુમારમાં પહેલા ત્રણ ગમકો તે પ્રમાણે જ અહીં કહેવા - માત્ર પહેલા, બીજા ગમકમાં શરીરાવગાહના જઘન્યથી સાતિરેક ૫૦૦ ધનુષ્, ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ, ત્રીજા ગમમાં અવગાહના જઘન્યથી દેશોન બે ગાઉ, ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ, બાકી પૂર્વવત્.*

*તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિક જન્મ્યો હોય, તેને ત્રણે ગમમાં અસુરકુમારના તેમાં ઉત્પાદ માફક સંપૂર્ણ કહેવું.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક જન્મ્યો હોય, તેના ત્રણે ગમક, ઉત્કૃષ્ટકાલ સ્થિતિક અસુરકુમારમાં ઉત્પન્ન થનાર માફક કહેવા. માત્ર નાગકુમારની સ્થિતિ અને સંવેધ જાણવા. બાકી પૂર્વવત્.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય૦ શું પર્યાપ્ત કે અપર્યાપ્ત સંખ્યાત૦ ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાત૦ અપર્યાપ્ત નહીં. - - ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યમાં જે નાગકુમારમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભગવન્ ! કેટલા કાળની૦ ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન બે પલ્યોપમ સ્થિતિ. એ રીતે અસુરકુમારમાં ઉત્પન્ન થનાર માફક સર્વ કંઈ સંપૂર્ણ નવે ગમકોમાં કહેવું. માત્ર નાગકુમારની સ્થિતિ અને સંવેધ જાણવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

## ❀ ઉદ્દેશા-૪ થી ૧૧ - "સુવર્ણકુમારાદિ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૪૫ :-**

*બાકીના સુવર્ણકુમારથી સ્તનિતકુમાર સુધીના આઠે ઉદ્દેશા નાગકુમારની માફક સંપૂર્ણ કહેવા. - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૮૪૪,૮૪૫** *[ઉદ્દેશા-૩ થી ૧૧નું]*

દેશોન બે પલ્યોપમ સ્થિતિ કહી, તે ઉત્તરના નાગકુમારની અપેક્ષાએ છે. કારણ કે આટલું તેમનું આયુ છે - x - ઉત્કૃષ્ટ સંવેધ પદમાં દેશોન પાંચ પલ્યોપમમાં ત્રણ પલ્યોપમ, અસંખ્યાત વર્ષાયુષ્ તિર્યંચ સંબંધી છે, દેશોન બે પલ્યોપમ નાગકુમાર

સંબંધી છે, એ રીતે આ પ્રમાણ થાય. - - બીજા ગમમાં - નાગકુમારની જઘન્યા સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, સંવેધ - કાલથી જઘન્યા ૧૦,૦૦૦ વર્ષાધિક પૂર્વકોટી, ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમથી અધિક છે - - ત્રીજા ગમમાં - દેશોન બે પલ્યોપમાયુ છે. સ્થિતિ આ જ છે, તે અવસર્પિણીમાં સુષમા નામે બીજા આરાના કેટલાક ભાગ જતાં, અસંખ્યાતવર્ષાયુ તિર્યંચને આશ્રીને છે. તેમનું આ આયુ છે, આટલા સ્વ આયુ સમાન દેવાયુ બંધકત્વથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં નાગકુમારમાં ઉત્પાદ છે. ત્રણ પલ્યોપમ, દેવકુરુ આદિ અસંખ્યાતજીવિ તિર્યંચ આશ્રીને છે. - x - સંખ્યાતજીવી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને પૂર્વોક્તાનુસાર જાણવા.

## ❁ ઉદ્દેશો-૧૨-''પૃથ્વીકાયિક'' ❁

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૪૬ :-

*ભગવન્ ! પૃથ્વીકાયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકથી, તિર્યંચથી, મનુષ્યથી કે દેવથી આવીને ? ગૌતમ ! તે નૈરયિકથી નહીં, પણ તિર્યંચ-મનુષ્ય-દેવથી આવીને ઉપજે છે.*

*જો તે તિર્યંચથી આવીને ઉપજે તો શું એકેન્દ્રિયતિર્યંચથી૦ ઈત્યાદિ. જેમ વ્યુત્ક્રાંતિ પદમાં ઉત્પાદ કહ્યો, તેમ યાવત્ જો બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું પર્યાપ્તબાદર૦ યાવત્ ઉપજે કે અપર્યાપ્ત બાદર૦થી ? ગૌતમ ! બંને પ્રકારે યાવત્ ઉપજે.*

*ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિસમય અવિરહિત અસંખ્ય ઉપજે. તે સેવાર્ત્ત સંઘયણી, શરીરાવગાહના જઘન્યા અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ પણ તેમજ, મસુર ચંદ્ર સંસ્થિત, ચાર લેશ્યા, માત્ર મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની-બે અજ્ઞાન નિયમા, માત્ર કાય યોગી, બંને ઉપયોગવાળા, ચાર સંજ્ઞા, ચાર કષાય, એક સ્પર્શનેન્દ્રિય, ત્રણ સમુદ્ઘાત, બે વેદના, માત્ર નપુંસક વેદક, સ્થિતિ-જઘન્યા અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષ, પ્રશસ્ત-અપ્રશસ્ત અધ્યવસાય, સ્થિતિ માફક અનુબંધ છે.*

*ભગવન્ ! તે પૃથ્વીકાય ફરી પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય તો કેટલો કાળ રહે, કેટલો કાળ ગતિ-આગતિ કરે ? ગૌતમ ! ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ અસંખ્ય ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ, એટલો કાળ યાવત્ કરે.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સ્થિતિમાં, એ પ્રમાણે પૂર્વવત્ બધું કહેવું.*

*તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિમાં, બાકી પૂર્વવત્ યાવત્ અનુબંધ. માત્ર જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવ ગ્રહણ કરે. કાલાદેશથી જઘન્ય ૨૨,૦૦૦ વર્ષ અંતર્મુહૂર્ત્ત અધિક અને ઉત્કૃષ્ટથી ૧,૭૬,૦૦૦ વર્ષ, આટલો કાળ યાવત્ ગમનાગમન કરે.*



*તે જ સ્વયં જઘન્યકાલ સ્થિતિક ઉપજે, તો પહેલા ગમક સમાન કહેવું. માત્ર લેશ્યા ત્રણ, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત, અપ્રશસ્ત અધ્યવસાન અનુબંધ સ્થિતિ મુજબ, બાકી પૂર્વવત્.*

*તે જો જઘન્યકાળ સ્થિતિકમાં ઉપજે, તો ચોથા ગમનું કથન.*

*તે જો ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉપજે, તો આ જ વક્તવ્યતા, માત્ર જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત યાવત્ ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણ, કાલાદેશથી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૮૮,૦૦૦ વર્ષ અને ચાર અંતર્મુહૂર્ત્ત અધિક, આટલો કાળ રહે.*

*તે જો સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિક ઉપજે, તો ત્રીજા ગમ સમાન સંપૂર્ણ કહેવું. માત્ર સ્વયં તે સ્થિતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ.*

*તે જ જઘન્યકાળ સ્થિતિકમાં ઉપજે તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. એ રીતે સાતમા ગમ માફક યાવત્ ભવાદેશ, કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી ચાર અંતર્મુહૂર્ત્ત અધિક ૮૮,૦૦૦ વર્ષ. - - - તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિકમાં ઉપજે તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિકમાં ઉપજે. અહીં સાતમા ગમની વક્તવ્યતા જાણવી યાવત્ ભવાદેશ, કાલાદેશથી જઘન્યા ૪૪,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૧,૭૬,૦૦૦ વર્ષ.*

*જો અપ્કાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકમાંથી ઉપજે તો શું સૂક્ષ્મ અપ્૦, બાદર અપ્૦ એ પ્રમાણએ ચાર ભેદો કહેવા યાવત્ પૃથ્વીકાયિક.*

*ભગવન્ ! અપ્કાયિક, જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તો કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત સ્થિતિ, ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષમાં ઉપજે. એ રીતે પૃથ્વીકાયિક ગમક સમાન નવ ગમકો કહેવા. વિશેષ આ - સ્તિબુક બિંદુ આકારે છે, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત-ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ, એ રીતે અનુબંધ પણ છે. એ રીતે ત્રણે ગમકમાં સ્થિતિ, સંવેધ પણ છે. ત્રીજા, છટ્ઠા, સાતમા, આઠમા, નવમાં ગમમાં સંવેધ ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણ. બાકીના ચાર ગમકમાં જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવગ્રહણ. ત્રીજા ગમમાં કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટથી ૧,૧૬,૦૦૦ વર્ષ કાળ રહે.*

*— છટ્ઠા ગમકમાં કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૮૮,૦૦૦ વર્ષ અને ચાર અંતર્મુહૂર્ત્ત અધિક સાતમાં ગમકમાં કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૭૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટે ૧,૧૬,૦૦૦ વર્ષ રહે. આઠમાં ગમકમાં કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૭૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટે ૨૮,૦૦૦ વર્ષ અને ચાર અંતર્મુહૂર્ત્ત અધિક કાળ રહે. નવમાં ગમકમાં ભવાદેશથી જઘન્ય*

*બે ભવ - ઉત્કૃષ્ટે આઠ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્ય ૨૯,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટે ૧,૧૬,૦૦૦ વર્ષ કાળ રહે. આ રીતે નવ ગમકમાં અપ્કાય સ્થિતિ છે.*

*જો તેઉકાયિકથી આવીને ઉપજે તો આ જ વક્તવ્યતા. વિશેષ એ કે નવે ગમકમાં ત્રણ લેશ્યાઓ, તેજસ્કાયિકનું શુચિકલાપ સંસ્થાન, સ્થિતિ જાણવી. ત્રીજા ગમકમાં કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિ - ઉત્કૃષ્ટથી ૧૨-રાત્રિદિવસ અધિક ૮૮,૦૦૦ વર્ષ રહે. એ પ્રમાણે સંવેધ ઉપયોગ કરવો કહેવો.*

*જો વાયુકાયિકથી આવીને ઉપજે તો, વાયુકાયિકના પણ એ પ્રમાણે નવ ગમકો તેઉકાયિક માફક કહેવા. વિશેષ એ - પતાકા સંસ્થાન, સંવેધ હજારો વર્ષોથી કહેવો. ત્રીજા ગમકમાં કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ - ઉત્કૃષ્ટથી એક લાખ વર્ષ, સંવેધ ઉપયોગપૂર્વક કહેવો.*

*જો વનસ્પતિકાયિકથી આવીને ઉપજે તો, વનસ્પતિકાયિકના અપ્કાયિકના ગમ સમાન નવ ગમક કહેવા. વિશેષ એ - વિવિધ પ્રકારે રહેલ છે, શરીરાવગાહના પહેલા અને છેલ્લા ત્રણ ગમકોમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ યોજન, મધ્યના ત્રણ ગમકમાં પૃથ્વીકાયિક માફક છે. સંવેધ અને સ્થિતિ જાણવા. ત્રીજા ગમકમાં કાલાદેશથી જઘન્ય ૨૨,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટથી ૧,૨૮,૦૦૦ કાળ કહેવો. સંવેધ ઉપયોગપૂર્વક કહેવો.*

● **વિવેચન-૮૪૬ :-**

'વ્યુત્ક્રાંતિ' આદિથી સૂચિત આ છે — શું એકેન્દ્રિય તિર્યંચ યોનિકમાં ઉપજે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજે ? ગૌતમ ! પાંચેમાં ઉપજે. ત્રીજા ગમકમાં - x - ઉત્કૃષ્ટ સ્થિતિમાં એકાદિ અસંખ્યાતા ઉપજે-ઉત્કૃષ્ટ સ્થિતિમાં અલ્પત્વથી એકાદિનો ઉત્પાદ પણ સંભવે. ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણમાં - આમ જાણવું. જેમાં સંવેધ બે પક્ષ મધ્યે એકત્ર પક્ષે ઉત્કૃષ્ટા સ્થિતિ હોય, તેમાં ઉત્કર્ષથી આઠ ભવગ્રહણ, બીજે અસંખ્ય ભવ થાય. તેથી આ ઉત્પત્તિ વિષય ભૂત જીવોમાં ઉત્કૃષ્ટા સ્થિતિથી ઉત્કર્ષથી આઠ ભવ. એ પ્રમાણે આગળ પણ વિચારવું.

૨૨,૦૦૦ વર્ષને આઠ ભવથી ગુણતાં ૧,૭૬,૦૦૦ વર્ષ થાય. ચોથા ગમમાં ત્રણ લેશ્યા છે. કેમકે જઘન્ય સ્થિતિકમાં દેવો ન ઉપજે માટે તેજોલેશ્યા તેમાં નથી. છઠ્ઠા ગમકમાં ૮૮,૦૦૦ વર્ષ, તે જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિકને ચાર ગણું કરીને ઉત્પન્નત્વથી ૨૨,૦૦૦ x ૪ થી થાય, ચાર અંતર્મુહૂર્ત્ત થાય. નવમાં ગમકમાં ૨૨,૦૦૦ વર્ષને બે ભવ ગ્રહણથી ગુણતાં ૪૪,૦૦૦ વર્ષ થાય.

એ પ્રમાણે પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકથી ઉત્પાદ, હવે અપ્કાયિક કહે છે. તેના સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી ચાર ભેદ કહ્યા. સંવેધ ત્રીજા, છઠ્ઠામાં ભવાદેશથી જઘન્યથી સંવેધ બધાં ગમકમાં બે ભવ ગ્રહણરૂપ છે, ઉત્કૃષ્ટમાં તેમાં વિશેષ છે - ત્રીજા આદિમાં સૂત્રોક્ત આઠ ભવ સંવેધ લેવો. - x - x - બાકીના ચારમાં ઉત્કર્ષથી



અસંખ્ય ભવ ગ્રહણ કેમકે એકત્ર પક્ષે ઉત્કૃષ્ટ સ્થિતિનો અભાવ છે.

ત્રીજા ગમકમાં કાલાદેશથી જઘન્યથી ૨૨,૦૦૦ વર્ષ છે, કેમકે પૃથ્વીકાયિકોની ઉત્પત્તિ સ્થાન રૂપની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેમાં અપ્કાયિકની તેમાં ઉત્પત્તિથી ઔધિકપણે પણ જઘન્યકાળથી અંતર્મુહૂર્ત્ત સ્થિતિ વધે અહીં ઉત્કૃષ્ટ સ્થિતિથી પૃથ્વીકાયિકના ચાર ભવોથી અને અપ્કાયિકનો ઔધિકત્વમાં પણ ઉત્કૃષ્ટ કાળ ગણતાં ૭૦૦૦ તે બંનેને ચાર વડે ગુણતાં ૮૮,૦૦૦ અને ૨૮,૦૦૦ મળીને ૧,૧૬,૦૦૦ કહ્યા.

છઠ્ઠા ગમકમાં જઘન્ય સ્થિતિક ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો અંતર્મુહૂર્ત્તને, ૨૨,૦૦૦ વર્ષને પ્રત્યેકને ચાર ભવગ્રહણથી ગુણતા સૂત્રોક્ત કાળ આવે વિશેષ એ - નવમાં ગમમાં જઘન્યથી ૨૯,૦૦૦ વર્ષ અપ્કાયિક અને પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ સ્થિતિના મળવાથી આવે.

હવે તેજસ્કાયિકથી પૃથ્વીકાયિકમાં ઉત્પાદ કહે છે — અહીં દેવોના ઉત્પાદ અભાવે તેજોલેશ્યા અભાવથી ત્રણ લેશ્યા કહી. સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટી ત્રણ અહોરાત્ર. ત્રીજા ગમમાં ઔધિક તેજસ્કાયિકની ઉત્કૃષ્ટ સ્થિતિમાં પૃથ્વીકાયમાં ઉપજે. એ એક પક્ષની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્કર્ષથી આઠ ભવગ્રહણ, તેમાં ચાર પૃથ્વીકાયિકના ઉત્કૃષ્ટ ભવગ્રહણમાં ૮૮,૦૦૦ વર્ષ થાય, ચારેમાં તેઉકાયની ઉત્કર્ષથી ત્રણ રાત્રિના પરિમાણથી બાર અહોરાત્ર થાય. સંવેધ - છથી નવમાં ગમમાં આઠ ભવગ્રહણ, તેમાં કાળમાન, યથાયોગ્ય લેવું. બાકીના ગમોમાં ઉત્કૃષ્ટથી અસંખ્ય ભવોનો કાળ પણ અસંખ્યાત થાય છે.

હવે વાયુકાયિકમાંથી પૃથ્વીકાયમાં ઉત્પાદ - ૧૦૦૦ વર્ષ વડે સંવેધ કરવો. વાયુકાયની ઉત્કર્ષથી ૩૦૦૦ વર્ષ સ્થિતિ કહેવી. અહીં આઠ ભવ ગ્રહણ છે, તેમાં ચાર ભવમાં ૮૮,૦૦૦ વર્ષ, બીજા ચાર ભવમાં વાયુના ૩૦૦૦ વર્ષને ચારથી ગુણતા ૧૨,૦૦૦ વર્ષ, બંને મળીને એક લાખ વર્ષ થશે. જ્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ સંભવે, ત્યાં ઉત્કર્ષથી આઠ ભવ, બીજે અસંખ્યાત. આના અનુસારે કાળ પણ કહેવો.

હવે વનસ્પતિમાંથી પૃથ્વીકાયમાં ઉત્પાદ - અપ્કાયવત્ નવ ગમક છે. વિશેષ આ - સંસ્થાન વિવિધ પ્રકારે છે. પહેલામાં ઔધિકમાં અને છેલ્લા ગમમાં ઉત્કૃષ્ટ સ્થિતિક અવગાહના - x - અંગુલનો અસંખ્યાત ભાગ માત્ર. સ્થિતિ ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ, એ રીતે સંવેધ પણ જાણવો. આ ગમમાં ઉત્કર્ષથી આઠ ભવ ગ્રહણ, તેમાં ચાર પૃથ્વીકાયના, ચાર વનસ્પતિકાયના, તેમાં ચાર પૃથ્વી ભવમાં ઉત્કૃષ્ટમાં ૮૮,૦૦૦ વર્ષ, વનસ્પતિકાયમાં ચાર ભવમાં ૪૦,૦૦૦ વર્ષ. બંનેથી ૧,૨૮,૦૦૦ પ્રમાણ થશે.

હવે દ્વીન્દ્રિયથી ઉત્પાદ કહે છે —

● **સૂત્ર-૮૪૭ :-**

*જો બેઈન્દ્રિયથી ઉપજે તો શું પર્યાપ્તા બેઈન્દ્રિયથી ઉપજે કે અપર્યાપ્તથી ? ગૌતમ ! બંનેમાંથી આવીને ઉપજે. - - ભગવન્ ! જે બેઈન્દ્રિય પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથ્વીકાયમાં ઉપજે ?*

ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ ? ગૌતમ ! જઘન્યથી એક, બે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત. સેવાર્ત્ત સંઘયણ, અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૨ યોજન હુંડક સંસ્થાન, ત્રણ લેશ્યા, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ, બે જ્ઞાન - બે અજ્ઞાન નિયમા, વચન અને કાયયોગી, ઉપયોગ બંને, ચાર સંજ્ઞા, ચાર કષાય, બે ઈન્દ્રિય - જીહ્વા અને સ્પર્શ, ત્રણ સમુદ્ઘાત, બાકી બધું પૃથ્વીકાયિક મુજબ. વિશેષ એ કે સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી બાર વર્ષ, એ રીતે અનુબંધ. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટથી સંખ્યાતા ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ, આટલો કાળ રહે.

તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો આ જ વક્તવ્યતા.

તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો પણ પૂર્વોક્ત વક્તવ્યતા. વિશેષ એ - ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવ. કાલાદેશથી જઘન્ય ૨૨,૦૦૦ વર્ષ અને અંતર્મુહૂર્ત્ત અધિક, ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ અધિક, ૮૮,૦૦૦ વર્ષ, આટલો કાળ રહે.

તે જ સ્વયં જઘન્ય સ્થિતિક જન્મે. તેને પણ આ જ વક્તવ્યતા ત્રણે ગમકમાં કહેવી. વિશેષ આ - સાતમાં અંતર છે. શરીરાવગાહના પૃથ્વીકાયિકવત્, માત્ર મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન નિયમા, માત્ર કાયયોગી, સ્થિતિ - સ્થિતિ માફક, સંવેધ. પહેલા બે ગમકમાં તે પ્રમાણે જ. ત્રીજા ગમકમાં ભવાદેશથી તેમજ આઠ ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત્ત અધિક ૮૮,૦૦૦.

તે જ સ્વયં ઉત્કૃષ્ટકાલ સ્થિતિક જન્મે, આના પણ ઔધિક ગમક સમાન ત્રણ ગમકો કહેવા. માત્ર ત્રણે ગમકમાં સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ૧૨ વર્ષ, એ રીતે અનુબંધ પણ છે. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવગ્રહણ. કાલાદેશથી ઉપયોગથી કહેવું યાવત્ નવમાં ગમકમાં જઘન્યથી ૧૨ વર્ષ અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૪૮ વર્ષ અધિક ૮૮,૦૦૦ વર્ષ. આટલો કાળ રહે.

જો તેઈન્દ્રિયથી આવીને ઉપજે તો આ પ્રમાણે જ નવગમકો કહેવા. વિશેષ આ - પહેલાં ત્રણ ગમકોમાં શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ, ત્રણ ઈન્દ્રિયો, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૪૯ રાત્રિ દિવસ. ત્રીજા ગમમાં કાલાદેશથી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. અધિક ૨૨,૦૦૦ વર્ષ - ઉત્કૃષ્ટથી ૯૬ રાત્રિદિવસ અધિક ૮૮,૦૦૦ વર્ષ. મધ્યના ત્રણ ગમકો તેમજ છે. છેલ્લા ત્રણ ગમકો તેમજ છે. વિશેષ આ - સ્થિતિ જઘન્યથી ૪૯ રાત્રિદિવસ, ઉત્કૃષ્ટથી પણ તેમજ સંવેધ ઉપયોગપૂર્વક કહેવો.

જો ચઉરિન્દ્રિયથી આવીને ઉપજે તો એ જ રીતે નવે ગમકો કહેવા. માત્ર





આ સ્થાનોમાં અંતર છે — શરીરાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ચાર ગાઉ, સ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત્ત-ઉત્કૃષ્ટ છ માસ. એ રીતે અનુબંધ, ચાર ઈન્દ્રિયો, બાકી પૂર્વવત્ યાવત્ નવમાં ગમકમાં કાલાદેશથી જઘન્ય છ માસ અધિક ૨૨,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૨૪-માસ અધિક ૮૮,૦૦૦ વર્ષ આટલો કાળ રહે.

જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો શું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે કે અસંજ્ઞી પંચે૦ થી ? ગૌતમ ! બંનેથી. - જો અસંજ્ઞી પંચેન્દ્રિયથી૦ તો જલચરથી આવીને ઉપજે કે યાવત્ અપર્યાપ્તાથી આવીને ઉપજે ? ગૌતમ ! પર્યાપ્તાથી પણ અને અપર્યાપ્તાથી પણ આવીને ઉપજે.

ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલો કાળ૦ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. - - ભગવન્ ! તે જીવો૦ ? બેઈન્દ્રિયના ઔધિક સમાન કહેવા. માત્ર શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન. પંચેન્દ્રિયોની સ્થિતિ, અનુબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકી પૂર્વવત્. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવ ગ્રહણ, કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૮૮,૦૦૦ વર્ષાધિક ચાર પૂર્વ કોડી, આટલો કાળ રહે.

નવે ગમકોમાં કાયસંવેધ ભવાદેશથી જઘન્ય બે ભવગ્રહણ, ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણ, કાલાદેશ ઉપયોગપૂર્વક કહેવો. વિશેષ આ - ત્રણ ગમકોમાં જેમ બેઈન્દ્રિયના મધ્યમ ત્રણ ગમકો સમાન અને છેલ્લા ત્રણ ગમકોમાં પ્રથમ ત્રણ ગમક સમાન કહેવું. વિશેષ - સ્થિતિ, અનુબંધ જઘન્યથી પૂર્વકોડી, ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોડી, બાકી પૂર્વવત્ યાવત્ નવમાં ગમકમાં જઘન્ય પૂર્વકોડી, ૨૨,૦૦૦ વર્ષ અધિક. ઉત્કૃષ્ટમાં ૮૮,૦૦૦ વર્ષાધિક ચાર પૂર્વકોડી, આટલો કાળ રહે.

જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવે તો સંખ્યાત વર્ષાયુથી કે અસંખ્યાત વર્ષાયુથી આવે ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુથી જ આવે. - - જો સંખ્યાત વર્ષાયુથી આવે તો શું જલચરથી આવે ? બાકીનું અસંજ્ઞીવત્ કહેવું યાવત્ ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે ? જેમ રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર સંજ્ઞીમાં કહ્યું, તેમ અહીં કહેવું. વિશેષ એ કે - અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. બાકી પૂર્વવત્ યાવત્ કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટથી ૮૮,૦૦૦ વર્ષાધિક ચાર પૂર્વકોડી, આટલો કાળ રહે.

સંવેધ, નવે ગમકોમાં અસંજ્ઞી માફક સંપૂર્ણ કહેવું. તેમાં પહેલા ત્રણ અને વચલા ત્રણ ગમકોમાં તેમ જ, પણ આ નવમાં અંતર છે - અવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી પણ તેમજ છે, ત્રણ લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન, કાયયોગી, ત્રણ સમુદ્ઘાત, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી

*અંતર્મુહૂર્ત, અપ્રશસ્ત અધ્યવસાય, અનુબંધ સ્થિતિ માફક, બાકી પૂર્વવત્. છેલ્લા ત્રણે ગમકમાં-પ્રથમ ગમકવત્. માત્ર સ્થિતિ, અનુબંધ, જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેથી પૂર્વ કોડી, બાકી પૂર્વવત્.*

● વિવેચન-૮૪૭ :-

બેઈન્દ્રિયમાં બાર યોજન કહ્યું તે શંખને આશ્રીને છે. - x - સાસ્વાદન સમ્યકત્વ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ પણ કહ્યા. આ વક્તવ્ય ઔધિક બેઈન્દ્રિયના ઔધિક પૃથ્વીકાયિકમાં ઉત્પાત્‌ની છે. - x - સંવેધમાં વિશેષથી કહે છે — नवरं આદિ. આઠ ભવ ગ્રહણ, એક પક્ષના ઉત્કૃષ્ટ સ્થિતિપણાથી છે. ચાર ભવ બેઈન્દ્રિયમાં કરતા બાર વર્ષ પ્રમાણે ૪૮-વર્ષ થાય, તેની અધિકતા પૂર્વક ૮૮,૦૦૦ વર્ષ એમ ઉત્કૃષ્ટમાં જાણવા. બીજા ગમકમાં આ જ વક્તવ્યતા છે.

- x - જઘન્ય સ્થિતિકપણે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિના અભાવે 'नो सम्मद्दिट्ठि' કહ્યું. - x - અજ્ઞાન બે કહ્યા, - x - યોગ દ્વારમાં બે યોગ કહ્યા. - x - સ્થિતિ અંતર્મુહૂર્ત કહી, આ પ્રમાણે સૂત્ર મુજબ સાત વિશેષતા જાણવી.

કાલાદેશથી - પ્રથમ ગમકમાં ઉત્કૃષ્ટ ૪૮ વર્ષાધિક ૮૮,૦૦૦ વર્ષ, બીજામાં ચાર અંતર્મુહૂર્ત અધિક ૪૮ વર્ષ, ત્રીજામાં સંવેધ લખ્યો છે.

તેઈન્દ્રિયથી તેમનો ઉત્પાદ કહે છે — અહીં ત્રીજા ગમકમાં આઠ ભવ, તેમાં ચાર તેઈન્દ્રિયભવોમાં ઉત્કૃષ્ટથી ૪૯ રાત્રિદિવસ પ્રમાણથી ૧૯૬ રાત્રિદિવસ થાય. મધ્યમના ત્રણ ગમક મધ્યમના દ્વીન્દ્રિય ગમવત્ છે. સંવેધ પાછળના ત્રણ ગમકમાં ભવાદેશથી ઉત્કર્ષથી પ્રત્યેકમાં આઠ ભવગ્રહણ, કાલાદેશથી પાછલા ત્રણ ગમકમાં - પહેલા અને ત્રીજા ગમમાં ઉત્કૃષ્ટથી ૯૬ રાત્રિ દિવસ અધિક ૮૮,૦૦૦ વર્ષ, બીજામાં ચાર અંતર્મુહૂર્ત અધિક ૧૯૬ દિવસ.

હવે ચઉરિન્દ્રિયમાંથી તેનો ઉત્પાદ કહે છે — અવગાહનાદિમાં બેઈન્દ્રિય-તેઈન્દ્રિયની અપેક્ષાએ જે વિશેષતા છે તે કહી છે - x -

પંચેન્દ્રિય તિર્યંચમાંથી તેનો ઉત્પાદ કહે છે — ઉત્કર્ષથી પંચેન્દ્રિય તિર્યંચના નિરંતર આઠ ભવો થાય. એ રીતે સમાન બીજા ભવની સાથે આઠ જ ભવ થાય માટે ઉત્કૃષ્ટ આઠ ભવ કહ્યા. કાલાદેશથી પહેલા ગમમાં કાળથી સંવેધ સૂત્રમાં દર્શાવેલ જ છે. બીજામાં ઉત્કૃષ્ટ ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વ કોટી, ત્રીજામાં ૧૦૮૮ આદિ સૂત્રાનુસાર જાણવા.

હવે સંજ્ઞી પંચેન્દ્રિયમાંથી આવીને ઉપજે તે કહે છે, સંવેધ નવે ગમોમાં જેમ અસંજ્ઞીનો છે, તેમજ નિરવશેષ અહીં કહેવો. અસંજ્ઞી અને સંજ્ઞીનો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થનારને જઘન્યાયુ અંતર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પૂર્વકોટી આયુ છે. लद्धि - પરિમાણ, સંહનનાદિ પ્રાપ્તિ. - x - x - જે રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર છે, તેની જેમ મધ્યમ ગમકમાં આ જ લબ્ધિ છે. માત્ર નવ સ્થાને અંતર છે, તે સ્થાનો આ છે — અવગાહના, લેશ્યા, દૃષ્ટિ, અજ્ઞાન, યોગ, સમુદ્‌ઘાત, સ્થિતિ, અધ્યવસાય, અનુબંધ. - હવે મનુષ્ય વિશે કહે છે—



● સૂત્ર-૮૪૮ :-

*જો મનુષ્યથી આવીને (પૃથ્વીકાયિકમાં) ઉપજે, તો શું સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે કે અસંજ્ઞી૦ થી ? ગૌતમ ! બંનેમાંથી ઉપજે.*

*ભગવન્ ! અસંજ્ઞી મનુષ્ય, જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલી કાળ સ્થિતિથી ઉપજે ? અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની જઘન્ય કાળસ્થિતિના ત્રણ ગમકો કહ્યા, તેમ આના ઔધિક ત્રણ ગમકો તે પ્રમાણે જ સંપૂર્ણ કહેવા. બાકીના છ ન કહેવા.*

*જો સંજ્ઞી મનુષ્યથી આવીને ઉપજે તો સંખ્યાત વર્ષાયુષ્કથી આવીને ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્કથી ? ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્કથી.*

*જો સંખ્યાત વર્ષાયુવાળાથી ઉપજે તો પર્યાપ્તાથી આવીને ઉપજે કે અપર્યાપ્તાથી ? ગૌતમ ! પર્યાપ્ત-અપર્યાપ્ત૦ બંનેથી.*

*ભગવન્ ! સંજ્ઞી મનુષ્ય, જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલી કાલ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિકમાં. - - ભગવન્ ! તે જીવો૦ ? રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર જેમ કહ્યા, તેમ ત્રણે ગમકમાં પ્રાપ્તિ કહેવી. વિશેષ આ - અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્ય ભાગ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી, એ રીતે અનુબંધ, સંવેધ, નવે ગમકમાં સંજ્ઞી પંચેન્દ્રિયવત્ છે. મધ્યમ ત્રણ ગમકમાં પ્રાપ્તિ સંજ્ઞી પંચેન્દ્રિય માફક છે, બાકી બધું સંપૂર્ણ તેમજ કહેવું. છેલ્લા ત્રણ ગમક, ઔધિક ગમ માફક કહેવા. વિશેષ એ કે — અવગાહના જઘન્યા ૫૦૦ ધનુષ્, ઉત્કૃષ્ટી-૫૦૦ ધનુષ્. સ્થિતિ અને અનુબંધ જઘન્યા અને ઉત્કૃષ્ટી બંને પૂર્વકોટી. બાકી પૂર્વવત્. માત્ર પાછલા ગમકોમાં સંખ્યાતા જ ઉપજે છે.*

*જો દેવથી આવીને ઉપજે તો શું ભવનવાસી દેવથી આવીને ઉપજે કે વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! ચારેથી.*

*જો ભવનવાસી દેવથી આવીને ઉપજે તો અસુરકુમાર ભવનવાસીથી આવીને ઉપજે કે યાવત્ સ્તનિતકુમારથી ? ગૌતમ ! દશેથી.*

*ભગવન્ ! જે અસુરકુમાર પૃથ્વીકાયિકમાં ઉપજવા યોગ્ય હોય તો કેટલાં કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ. - - ભગવન્ ! તે જીવો૦ પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત ઉપજે.*

*ભગવન્ ! તે જીવોના શરીર કયા સંઘયણે છે ? ગૌતમ ! છ સંઘયણ, અસંઘયણી યાવત્ પરિણમે છે. - - ભગવન્ ! તે જીવોના શરીરની અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! બે ભેદે - ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાત રત્ની, તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્ય ભાગ, ઉત્કૃષ્ટથી*

*૧૦૦૦ યોજન. - - ભગવન્ ! તે જીવોના શરીર કયા આકારે છે ? ગૌતમ ! બે ભેદે – ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે સમચતુરસ્ર સંસ્થિત છે. જે ઉત્તરવૈક્રિય છે, તે વિવિધાકારે છે.*

*લેશ્યા ચાર, દૃષ્ટિ ત્રણે, ત્રણ જ્ઞાન નિયમા – ત્રણ અજ્ઞાન ભજનાએ. યોગ ત્રણે, ઉપયોગ બંને, ચાર સંજ્ઞા, ચાર કષાય, પાંચ સમુદ્ઘાત, બંને વેદના, સ્ત્રી અને પુરુષ વેદ, સ્થિતિ જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી સાતિરેક સાગરોપમ, અધ્યવસાય અસંખ્ય-પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને. અનુબંધ સ્થિતિ મુજબ, ભવાદેશથી બે ભવ ગ્રહણ, કાલાદેશથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ જઘન્યા અને ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષાધિક સાગરોપમ.*

*આ પ્રમાણે નવે ગમકો જાણવા, માત્ર મધ્યના અને છેલ્લા ત્રણે ગમકોમાં અસુરકુમારોની સ્થિતિ વિશેષ જાણવી, બાકી ઔધિક મુજબ પ્રાપ્તિ. કાયસંવેધ જાણવો જોઈએ. બધે બે ભવગ્રહણ યાવત્ નવમાં ગમકમાં કાલાદેશથી જઘન્યા ૨૨,૦૦૦ વર્ષાધિક સાગરોપમ, ઉત્કૃષ્ટ પણ તેમજ.*

*જે નાગકુમાર પૃથ્વીકાયિકપણે ઉપજવા યોગ્ય હોય તેમાં આ જ વક્તવ્યતા યાવત્ ભવાદેશ. વિશેષ આ - જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી દેશોન બે પલ્યોપમ, એ રીતે અનુબંધ પણ છે કાલાદેશથી અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષાધિક દેશોન બે પલ્યોપમ. એ રીતે નવે ગમકો અસુરકુમારના ગમક સમાન છે. માત્ર સ્થિતિ કાલાદેશથી જાણવી. આ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત આ કહેવું.*

*જો વ્યંતરથી આવીને ઉપજે તો શું પિશાચથી આવીને કે યાવત્ ગંધર્વથી ? ગૌતમ ! પિશાચ યાવત્ ગંધર્વ, બધાંથી ઉપજે.*

*ભગવન્ ! વ્યંતર દેવ જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તેના અસુરકુમાર સમાન નવે ગમકો કહેવા. વિશેષ આ - સ્થિતિ અને કાલાદેશે જાણવો. સ્થિતિ જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટી પલ્યોપમ.*

*જો જ્યોતિષ્ક દેવોથી આવીને ઉપજે તો શું ચંદ્રવિમાનથી આવીને ઉપજે કે તારાવિમાનથી ? ગૌતમ ! તે પાંચેથી. - - ભગવન્ ! જે જ્યોતિષ્ક દેવ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ ? અસુરકુમારવત્ લબ્ધિ કહેવી. માત્ર એક તેજોલેશ્યા છે. ત્રણ જ્ઞાન - ત્રણ અજ્ઞાન નિયમા. સ્થિતિ - જઘન્યા પલ્યોપમનો આઠમો ભાગ. ઉત્કૃષ્ટી ૧૦૦૦ વર્ષ અધિક પલ્યોપમ. એ રીતે અનુબંધ. કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષાધિક પલ્યોપમ. આ રીતે બાકીના આઠ ગમકો પણ કહેવા. માત્ર સ્થિતિ, કાલાદેશ જાણવો.*

*જો વૈમાનિક દેવોથી આવીને ઉપજે તો શું કલ્પોપગથી કે કલ્પાતીતથી આવીને ? ગૌતમ ! કલ્પોપગથી, કલ્પાતીતથી નહીં.*

*જો કલ્પોપગથી આવીને ઉપજે, તો શું સૌધર્મકલ્પથી કે યાવત્ અચ્યુતકલ્પથી આવીને ઉપજે ? ગૌતમ ! સૌધર્મ અને ઈશાન કલ્પથી આવીને ઉપજે, સનત્કુમારાદિ કલ્પથી આવીને નહીં.*



*ભગવન્ ! સૌધર્મકલ્પથી આવીને જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે કેટલો કાળ૦ ? જ્યોતિષ્ક ગમક માફક જાણવું. વિશેષ આ – સ્થિતિ, અનુબંધ જઘન્યથી પલ્યોપમ - ઉત્કૃષ્ટી બે સાગરોપમ. કાલાદેશથી અંતર્મુહૂર્ત્ત અધિક પલ્યોપમ અને ઉત્કૃષ્ટી ૨૨,૦૦૦ વર્ષાધિક બે સાગરોપમ. એ રીતે બાકીના આઠે ગમકો કહેવા. વિશેષ આ - સ્થિતિ અને કાલાદેશ જાણવો જોઈએ.*

*ભગવન્ ! ઈશાનદેવથી જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય એ રીતે ઈશાનદેવથી પણ નવ ગમકો કહેવા. માત્ર સ્થિતિ, અનુબંધ જઘન્યથી સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટી સાતિરેક બે સાગરોપમ. બાકી પૂર્વવત્. - - ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૮૪૮ :-**

एवं - જેમ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જઘન્ય સ્થિતિક ત્રણ ગમો છે. તેમજ તેના પણ ત્રણ ઔધિક ગમો અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિપણાથી થાય છે. સંમૂર્છિમ મનુષ્યોને બીજા છ ગમો ન સંભવે. હવે સંજ્ઞી મનુષ્ય આશ્રીને કહે છે – - x - અવગાહના અંગુલનો અસંખ્યેય ભાગ છે, સ્થિતિ - x - અંતર્મુહૂર્ત્ત છે. સંવેધ - નવે ગમોમાં જેમ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનાર સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો કહ્યો તેમ કહેવો. - x - સ્થિતિ પ્રમાણ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટી. મધ્યમમાં જઘન્ય સ્થિતિક ત્રણ ગમમાં લબ્ધિ, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ત્રણ ગમમાં કહી તેમ જ અહીં કહેવી - x - ઔધિક ગમમાં જ અંગુલના અસંખ્યેય ભાગ રૂપ અવગાહના અને અંતર્મુહૂર્ત્તરૂપ સ્થિતિ કહી, તે અહીં ન કહેવી.

હવે 'દેવ'થી તેનો અહીં ઉત્પાદ કહે છે. 'છ સંઘયણ૦' આદિ, અહીં યાવત્ શબ્દથી-અસ્થિ નહીં, શિરા નહીં, સ્નાયુ નહીં. સંઘયણ નહીં, જે ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ પુદ્ગલો તે તેમને શરીર રૂપે૦ ઈત્યાદિ - x - x - ભવધારણીયની અવગાહના જેવી સૂક્ષ્મતા ઉત્તર વૈક્રિયની અવગાહનામાં હોતી નથી. જે ઉત્તર વૈક્રિય શરીર છે, તેમાં ઈચ્છાવશ સંસ્થાન રચાતા હોવાથી વિવિધ આકારવાળું કહ્યું છે.

જે અસુરકુમાર અસંજ્ઞીથી આવીને ઉત્પન્ન થાય છે, તેમાં અપર્યાપ્તક અવસ્થામાં વિભંગના અભાવથી ત્રણ અજ્ઞાન ભજનાએ એમ કહ્યું. जहन्नेणं - અહીં ૧૦,૦૦૦ વર્ષ અસુરકુમારમાં, અંતર્મુહૂર્ત્ત પૃથ્વીકાયિકમાં જાણવા. - x - x - સંવેધકાળ ઉત્કૃષ્ટથી સ્થિતિ મુજબ જ જાણવો, કેમકે પૃથ્વીકાયથી ઉદ્વર્તીને અસુરકુમારમાં ઉત્પાદ ન થાય. સ્થિતિ વિશેષથી કહે છે – મધ્યમ ગમકમાં જઘન્યથી અસુરકુમારોની ૧૦,૦૦૦ વર્ષ, અંત્ય ગમકોમાં સાધિક સાગરોપમ.

જ્યોતિષ્ક દંડકમાં - અસંજ્ઞી ન ઉપજે, સંજ્ઞી પણ ઉત્પત્તિ સમયે જ સમ્યગ્દૃષ્ટિને મત્યાદિ ત્રણ જ્ઞાનો અને બીજાને મત્યજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાનો હોય છે. - x - x -

તારક દેવદેવીને આશ્રીને પલ્યોપમનો આઠમો ભાગ સ્થિતિ કહી છે. ઉત્કૃષ્ટ સાધિક પલ્યોપમ ચંદ્રને આશ્રીને છે.

વૈમાનિકથી ઉત્પાદાદિ બધું પૂર્વોક્તાનુસાર જાણવું.

## ❀ ઉદ્દેશા-૧૩ થી ૧૬ - "અપ્કાય આદિ" ❀

-- x -- x -- x -- x -- x --

**● સૂત્ર-૮૪૯ થી ૮૫૨ :-** *[અનુક્રમે ઉદ્દેશા ૧૩ થી ૧૬]*

*[૮૪૯] ભગવન્ ! અપ્કાયિક ક્યાંથી આવીને ઉપજે છે ? જેમ પૃથ્વીકાયિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ, યાવત્ ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ જે અપ્કાયિકમાં ઉપજવા યોગ્ય હોય, તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષની સ્થિતિવાળામાં ઉપજે, એ રીતે પૃથ્વીકાયિક ઉદ્દેશક સદૃશ કહેવું. માત્ર સ્થિતિ, સંવેધ જાણવો બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*[૮૫૦] ભગવન્ ! તેઉકાયિક ક્યાંથી આવીને ઉપજે છે ? પૃથ્વીકાયિકના ઉદ્દેશામાં કહ્યું તેમ કહેવું. માત્ર સ્થિતિ અને સંવેધ જાણવા. દેવમાંથી આવી ન ઉપજે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨)*

*[૮૫૧] ભગવન્ ! વાયુકાયિક ક્યાંથી આવીને ઉપજે ? ગૌતમ ! તેઉકાયિક ઉદ્દેશક મુજબ જાણવું. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવા. - x -*

*[૮૫૨] ભગવન્ ! વનસ્પતિકાયિક ક્યાંથી આવીને ઉપજે ? પૃથ્વીકાયિક સમાન ઉદ્દેશો કહેવો. માત્ર વનસ્પતિકાયિક જીવ વનસ્પતિકાયમાં ઉપજે ત્યારે પહેલા, બીજા, ચોથા, પાંચમાં ગમકમાં પરિમાણ આ છે - પ્રતિ સમય, નિરંતર અનંતા ઉપજે, ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટથી અનંતા ભવગ્રહણ. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંત કાળ રહે. બાકીના પાંચ ગમકો આઠ ભવગ્રહણવાળા તેમજ છે. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવો. ભગવન્ ! તે એમજ છે - એમ જ છે.*

**● વિવેચન-૮૪૯ થી ૮૫૨ :-**

ઉદ્દેશા-૧૩માં નથી લખતા. ૧૪-માં લખીએ છીએ - દેવોથી ઉદ્વર્તીને તેઉકાયમાં ન ઉપજે. એ પ્રમાણે ૧૫-માં પણ જાણવું.

ઉદ્દેશા-૧૬માં લખે છે - जाहे० આદિ દ્વારા વનસ્પતિના જ અનંતોનું ઉદ્વર્તન કહ્યું, અન્ય નહીં. બાકી બધામાં તો અસંખ્યાતત્વ જ છે, તથા અનંતોનો ઉત્પાદ વનસ્પતિમાં જ - x - x - કહ્યો. અહીં પહેલા, બીજા, ચોથા, પાંચમા ગમકમાં અનુત્કૃષ્ટ સ્થિતિ ભાવથી, અનંતા ઉપજે તેમ કહ્યું. બાકી પાંચ ગમોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ભાવથી એક કે બે આદિ કહ્યા, તેમાં જ પહેલા, બીજા, ચોથા, પાંચમામાં અનુત્કૃષ્ટ સ્થિતિત્વથી ઉત્કર્ષથી ભવાદેશથી અનંત ભવગ્રહણ કહેવા. કાલાદેશથી અનંતકાળ. બાકીમાં આઠ ભવગ્રહણ કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ અભાવ છે. સ્થિતિ, સંવેધની વૃત્તિ સરળ છે.



## ❀ ઉદ્દેશા-૧૭ થી ૧૯ - "બેઈન્દ્રિયાદિ" ❀

-- x -- x -- x -- x -- x --

**● સૂત્ર-૮૫૩ થી ૮૫૫ :-**

*[૮૫૩] ભગવન્ ! બેઈન્દ્રિય જીવ ક્યાંથી આવીને ઉપજે છે ? યાવત્ હે ભગવન્ ! પૃથ્વીકાયિક જે બેઈન્દ્રિયમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? પૂર્વોક્ત પૃથ્વીકાયનું કથન કહેવું યાવત્ કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સંખ્યાત ભવગ્રહણ એટલો કાળ રહે. એ રીતે તેમાં ચાર ગમકોમાં સંવેધ જાણવો. બાકીના પાંચ ગમકોમાં તે રીતે જ આઠ ભવો છે - - એ રીતે યાવત્ ચઉરિન્દ્રિય સુધી ચારમાં સંખ્યાત ભવો, પાંચમાં આઠ ભવો છે. પંચેન્દ્રિય તિર્યંચ યોનિક અને મનુષ્યોમાં તે રીતે આઠ ભવો છે. દેવો ચ્યવીને બેઈન્દ્રિયોમાં ન ઉપજે. સ્થિતિ અને સંવેધ જાણી લેવો. - - ભગવન્ ! તે એમ જ છે (૨)*

*[૮૫૪] ભગવન્ ! તેઈન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે ? તેઈન્દ્રિયો, બેઈન્દ્રિયના ઉદ્દેશ માફક કહેવા. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવો. તેઉકાય સાથે તૃતીયગમમાં ઉત્કૃષ્ટ ૨૦૮ રાત્રિદિવસ અને બેઈન્દ્રિય સાથે તૃતીય ગમમાં ઉત્કૃષ્ટથી ૧૯૬ રાત્રિ-દિવસ અધિક ૪૮ વર્ષ થાય. તેઈન્દ્રિયો સાથે ત્રીજા ગમમાં ઉત્કૃષ્ટ ૩૯૨ રાત્રિદિવસ થાય. આ પ્રમાણે સંજ્ઞી મનુષ્ય સુધી સર્વત્ર જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે - એમ જ છે.*

*[૮૫૫] ભગવન્ ! ચતુરિન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? જેમ તેઈન્દ્રિયના ઉદ્દેશક કહ્યો તેમ જ ચતુરિન્દ્રિયને પણ કહેવા. વિશેષ એ કે - સ્થિતિ અને સંવેધ જાણી લેવા. - - ભગવન્ ! તે એમ જ છે (૨).*

**● વિવેચન-૮૫૩ થી ૮૫૫ :-**

જે પૃથ્વીકાયિકની પૃથ્વીકાયિકમાં ઉત્પત્તિ તે લબ્ધિ, પૂર્વોક્ત બેઈન્દ્રિયોમાં પણ તે જ છે. તે જ ચાર ગમકોમાં પહેલા-બીજા-ચોથા-પાંચમાં લક્ષણરૂપ અને બાકીના પાંચ તૃતીય આદિ. જે રીતે પૃથ્વીકાયિક સાથે બેઈન્દ્રિયનો સંવેધ કહ્યો, તેમજ અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયો સાથે સંવેધ કહેવો. પૂર્વોક્ત ચાર ગમકોમાં ભવાદેશથી સંખ્યાત ભવો, બાકી પાંચમાં આઠ ભવ. કાલાદેશથી જે જેની સ્થિતિ, તેના સંયોજનથી સંવેધ કહેવો. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો સાથે બેઈન્દ્રિયનો તે જ રીતે બધા ગમોમાં આઠ ભવો કહેવા. *[શતક-૨૪નો ઉદ્દેશો-૧૭ પૂર્ણ થયો]* હવે ૧૮-મો -

સ્થિતિ - તેઈન્દ્રિયોમાં ઉત્પન્ન થનારનું પૃથ્વી આદિનું આયુ, સંવેધ - તેઈન્દ્રિયમાં ઉત્પન્ન થનાર પૃથ્વી આદિ અને તેઈન્દ્રિયોની સ્થિતિનો સંયોગ. તેઉકાય સાથે તેઈન્દ્રિયોના સ્થિતિ સંવેધ ૨૦૮ રાત્રિદિવસો કઈ રીતે ? ઔધિક તેઉકાયિકનો ચાર ભવોમાં ઉત્કર્ષથી ત્રણ અહોરાત્ર માનત્વથી બાર અહોરાત્ર, ઉત્કૃષ્ટ સ્થિતિમાં તેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ ચાર ભવમાં ૪૯ના પ્રમાણથી ૧૯૬ રાત્રિદિવસના સંયોગથી ૨૦૮ થાય.

બેઈન્દ્રિયનું ઉત્કૃષ્ટ ૧૨-વર્ષ પ્રમાણ, તેથી ચાર ભવોમાં ૪૮ વર્ષ થાય. તેઈન્દ્રિયના ભવમાં ઉત્કૃષ્ટ-૪૯ રાત્રિ-દિવસનું પ્રમાણ છે. ચાર ભવોમાં તે ૧૯૬ દિવસ થાય છે. તે બંનેનો સંયોગ કરવો.

તેઈન્દ્રિયના ભવોમાં ઉત્કૃષ્ટ-૪૯ અહોરાત્ર, આઠ ભવમાં ૩૯૨ થાય. એ રીતે બધે જાણવું. આ રીતે ચતુરિન્દ્રિયથી મનુષ્યપર્યન્ત સાથે તેઈન્દ્રિયના ત્રીજા ગમનો સંવેધ કરવો તેમ સૂચવ્યું. - x - x - ઈત્યાદિ. પહેલો આદિ ચાર ગમનો સંવેધ તો ભવાદેશથી ઉત્કૃષ્ટ સંખ્યાત ભવ ગ્રહણ રૂપ છે, કાલાદેશથી તે સંખ્યાત કાળરૂપ છે. *[ઉદ્દેશ-૧૮, ૧૯માં કંઈ લખેલ નથી.]*

## ❀ ઉદ્દેશ-૨૦-“તિર્યંચ પંચેન્દ્રિય” ❀

–– x –– x –– x –– x –– x ––

● **સૂત્ર-૮૫૬ :-**

*ભગવન્ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક, ક્યાંથી આવીને ઉપજે છે ? શું નૈરયિકથી યાવત્ દેવથી આવીને ઉપજે ? ગૌતમ ! ચારેથી આવીને ઉપજે.*

*જો નૈરયિકથી આવીને ઉપજે તો શું રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકથી આવીને ઉપજે ? ગૌતમ ! સાતે નરકથી આવીને૦*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉપજવાને યોગ્ય હોય, તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત સ્થિતિમાં, ઉત્કૃષ્ટ પૂર્વ કોડી આયુવાળામાં ઉપજે.*

*ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે ? અસુરકુમારની વક્તવ્યતા મુજબ કહેવું. વિશેષ એ કે - સંઘયણમાં અનિષ્ટ, અકાંત યાવત્ પુદ્ગલો પરિણમે છે. અવગાહના બે ભેદે - ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે જઘન્યે અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટે સાત ધનુષ્, ત્રણ રત્ની, છ અંગુલ છે. તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્યા અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટી ૧૫-ધનુષ્, અઢીરત્ની છે.*

*ભગવન્ ! તે જીવોના શરીરો ક્યાં આકારે છે ? ગૌતમ ! તે બે ભેદે - ભવધારણીય, ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે હુંડક સંસ્થિત છે. જે ઉત્તરવૈક્રિય છે, તે પણ હુંડક સંસ્થાને છે.*

*તેમને એક કાપોતલેશ્યા, ચાર સમુદ્ઘાત, માત્ર નપુંસકવેદ, સ્થિતિ - જઘન્યા ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાગરોપમ છે, અનુબંધ એમ જ છે. બાકી પૂર્વવત્. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવ છે. કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટી ચાર પૂર્વકોડી અધિક ચાર સાગરોપમ છે - આટલો કાળ રહે.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત સ્થિતિમાં ઉત્પન્ન થાય. બાકી પૂર્વવત્. વિશેષ આ - કાલાદેશથી જઘન્યા પૂર્વવત્, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત્ત અધિક ચાર સાગરોપમ. આટલો*



*કાળ રહે. એ રીતે બાકીના સાતે ગમકો જે રીતે નૈરયિક ઉદ્દેશકમાં સંજ્ઞી પંચેન્દ્રિય સાથે નૈરયિકો છે તે મુજબ કહેવા. મધ્યમ ત્રણ ગમકો અને છેલ્લા ત્રણ ગમકોમાં સ્થિતિમાં વિશેષતા છે. બાકી પૂર્વવત્ બધે જ સ્થિતિ અને સંવેધ જાણી લેવા.*

*ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક૦ ? જેમ રત્નપ્રભામાં નવ ગમકો કહ્યા, તેમ અહીં પણ કહેવા. માત્ર શરીરાવગાહના અવગાહના સંસ્થાન પદ મુજબ કહેવી. ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન નિયમા. સ્થિતિ, અનુબંધ પૂર્વે કહ્યા છે. એ રીતે નવે ગમક ઉપયોગપૂર્વક કહેવા. એ રીતે છટ્ઠી પૃથ્વી સુધી કહેવું. વિશેષ એ કે — અવગાહના, લેશ્યા, સ્થિતિ, અનુબંધ, સંવેધ જાણવા.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીનૈરયિક૦ ? એ રીતે નવ ગમકો કહેવા. વિશેષ આ - અવગાહના, સ્થિતિ, અનુબંધ જાણી લેવા. સંવેધ - ભવાદેશથી બે ભવ, ઉત્કૃષ્ટથી છ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટી ત્રણ પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ.*

*પહેલા છ એ ગમકમાં જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટી છ ભવ ગ્રહણ, છેલ્લા ત્રણ ગમકોમાં જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટા ચાર ભવગ્રહણ.*

*નવે ગમકોમાં લબ્ધિ પ્રથમ ગમક મુજબ છે. વિશેષ એ કે — સ્થિતિ વિશેષ છે. કાલાદેશથી બીજા ગમકમાં જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્ત્ત અધિક ૬૬-સાગરોપમ આટલો કાળ રહે. ત્રીજા ગમકમાં જઘન્યથી પૂર્વકોડી અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પૂર્વ કોડી અધિક ૬૬-સાગરોપમ. પાંચમાં ગમકમાં જઘન્યા પૂર્વવત્, ઉત્કૃષ્ટી ત્રણ અંતર્મુહૂર્ત્ત અધિક ૬૬-સાગરોપમ, છઠ્ઠા ગમકમાં જઘન્યા પૂર્વકોડી અધિક ૨૨-સાગરોપમ. ઉત્કૃષ્ટી ત્રણ પૂર્વકોટી અધિક ૬૬-સાગરોપમ. સાતમાં ગમકમાં જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટી બે પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ. આઠમાં ગમકમાં જઘન્યા અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટી બે અંતર્મુહૂર્ત્ત અધિક ૬૬-સાગરોપમ. નવમાં ગમકમાં જઘન્યા પૂર્વકોડી અધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટી બે પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ છે.*

*જો તિર્યંચયોનિકથી આવીને ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય૦થી આવીને ઉત્પન્ન થાય ? ઉપપાદ પૃથ્વીકાયિક ઉદ્દેશકવત્ કહેવો યાવત્ ભગવન્ ! જે પૃથ્વીકાયિક પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યા અંતર્મુહૂર્ત્ત સ્થિતિમાં, ઉત્કૃષ્ટી પૂર્વ કોડી આયુવાળામાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો૦ એ રીતે પરિમાણાદિ અનુબંધ પર્યન્ત જેમ પોતાના સ્વસ્થાનમાં વક્તવ્યતા છે, તે બધી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં પણ ઉત્પન્ન થનારની કહેવી. વિશેષ એ કે નવે ગમકોમાં પરિમાણ જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટમાં સંખ્યાત, અસંખ્યાતમાં ઉપજે છે. ભવાદેશથી નવે ગમકોમાં જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવગ્રહણ. બાકી પૂર્વવત્. કાલાદેશથી*

બંને સ્થિતિ કરવી.

જો અપ્કાયથી આવીને ઉપજે તો૦ એ પ્રમાણે અપ્કાય પણ જાણવું. - - આ પ્રમાણે યાવત્ ચતુરિન્દ્રિયનો ઉપપાત્ કહેવો. વિશેષ એ કે - બધે જ પોત-પોતાની લબ્ધિ કહેવી. નવે ગમકોમાં ભવાદેશથી જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવગ્રહણ. કાલાદેશથી બંને સ્થિતિ બધામાં કરવી. જેમ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારની લબ્ધિ તેમજ સર્વત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવો.

જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે તો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી ઉપજે કે અસંજ્ઞી૦થી ? ગૌતમ ! આ બંને ભેદો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થનારની માફક યાવત્ હે ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી, પલ્યોપમનો અસંખ્યાત ભાગ સ્થિતિમાં. - x - બાકી જેમ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનાર અસંજ્ઞીને સંપૂર્ણ તેમજ કહેવું યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્યા બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્વકોડી પૃથકત્વ અધિક કાળ રહે.

બીજા ગમકમાં આ જ લબ્ધિ છે વિશેષ આ - કાલાદેશથી જઘન્યા બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટી ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોડી.

તે જ ઉત્કૃષ્ટ કાલ સ્થિતિકમાં ઉપજે તો જઘન્યા પલ્યોપમના અસંખ્ય ભાગ, ઉત્કૃષ્ટ પણ તેમજ ઉપજે. - - ભગવન્ ! તે જીવો૦ એ પ્રમાણે જે રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર અસંજ્ઞીને તેમજ સંપૂર્ણ કહેવા યાવત્ કાલાદેશ. વિશેષ એ - પરિમાણમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટા સંખ્યાતા૦ ઉત્પન્ન થાય. બાકી પૂર્વવત્.

તે જ પોતાની જઘન્ય કાલ સ્થિતિક, જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી આયુવાળામાં ઉપજે. ભગવન્ ! તે જીવો૦ બાકી બધું જેમ આ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારને મધ્યના ત્રણ ગમકમાં છે, તેમ અહીં પણ મધ્યમ ત્રણ ગમકોમાં કહેવું યાવત્ અનુબંધ. ભવાદેશથી જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યા બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વ કોડી.

તે જ જઘન્યકાલ સ્થિતિમાં ઉત્પન્ન હોય, આ જ વક્તવ્યતા. વિશેષ એ કે - કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ આઠ અંતર્મુહૂર્ત.

તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિકમાં ઉત્પન્ન૦ જઘન્ય પૂર્વ કોડી આયુષ્કમાં, ઉત્કૃષ્ટથી પણ તેમજ ઉપજે. આ જ વક્તવ્યતા છે. વિશેષ એ કે - કાલાદેશથી જાણી લેવું.

તે જ પોતાની ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં જન્મે, તો સંપૂર્ણ પ્રથમ ગમક વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે - સ્થિતિ, જઘન્ય પૂર્વકોડી ઉત્કૃષ્ટ પણ પૂર્વકોડી. બાકી પૂર્વવત્. કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટથી



પૂર્વકોડી પૃથક્ત્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

તે જ જઘન્યકાળ સ્થિતિકમાં ઉપજે તો આ જ વક્તવ્યતા, જેમ સાતમાં ગમકમાં છે. માત્ર કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક પૂર્વ કોડી, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વ કોડી.

તે જ ઉત્કૃષ્ટ સ્થિતિકમાં ઉત્પન્ન હોય તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર અસંજ્ઞીના નવ ગમક છે, તેમ સંપૂર્ણ કહેવા યાવત્ કાલાદેશ. વિશેષ એ કે — પરિમાણ જેમ આના જ ત્રીજા ગમમાં છે તેમ.

જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુ કે અસંખ્યાત ? ગૌતમ ! સંખ્યાત૦ અસંખ્યાત નહીં. જો સંખ્યાત૦ યાવત્ શું પર્યાપ્ત સંખ્યાત કે અસંખ્યાતમાં ? બંનેમાં ઉપજે.

સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલી સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. ભગવન્ ! તે૦ બાકીનું જેમ આના સંજ્ઞીના રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર પહેલા ગમક માફક કહેવું. માત્ર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટી ૧૦૦૦ યોજન, બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ અને પૂર્વકોડી પૃથકત્વ અધિક કાળ રહે.

તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય, આ જ વક્તવ્યતા, વિશેષ એ કે — કાલાદેશથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોડી અને ચાર અંતર્મુહૂર્ત અધિક છે. - - - તે જ ઉત્કૃષ્ટ કાળસ્થિતિમાં - જઘન્ય ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉત્પન્ન થાય. ઉત્કૃષ્ટ પણ તે જ છે. આ જ વક્તવ્યતા છે. વિશેષ એ કે પરિમાણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય. અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન. બાકી પૂર્વવત્ યાવત્ અનુબંધ. ભવાદેશથી બે ભવ, કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને પૂર્વકોડી અધિક.

તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિક જન્મે તો જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી આયુવાળામાં જન્મે, લબ્ધિ - આના સંજ્ઞી પંચેન્દ્રિયના પૃથ્વીકાયિકના ઉત્પન્ન થનારના મધ્યમ ત્રણ ગમકમાં છે તેમ અહીં પણ મધ્યના ત્રણ ગમકોમાં કહેવી. સંવેધ - અસંજ્ઞી મધ્યમ ત્રણ ગમકમાં છે.

તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાલ સ્થિતિકમાં જન્મે તો પ્રથમ ગમક મુજબ કહેવું. વિશેષ આ - સ્થિતિ, અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોડી. કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક પૂર્વકોડી. ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ અને પૂર્વકોડી પૃથકત્વ અધિક.

તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો આ જ વક્તવ્યતા. માત્ર

કાલાદેશથી જઘન્યા પૂર્વકોડી અંતર્મુહૂર્ત અધિક, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વ કોડી.

તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પલ્યોપમ સ્થિતિ, બાકી પૂર્વવત્. માત્ર પરિમાણ, અવગાહના આના ત્રીજા ગમક મુજબ છે. ભવાદેશથી બે ભવ ગ્રહણ. કાલાદેશથી જઘન્યા પૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પણ તેમજ રહે.

જો મનુષ્યમાં ઉત્પન્ન થાય તો શું સંજ્ઞીમાં કે અસંજ્ઞીમાં ? ગૌતમ ! બંનેમાં. ભગવન્ ! અસંજ્ઞીમનુષ્ય જે પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોડી આયુવાળામાં ઉપજે. લબ્ધિ-ત્રણે ગમકોમાં પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારની માફક છે. સંવેધ - અહીં અસંજ્ઞી પંચેન્દ્રિયના મધ્યમ ત્રણ ગમક મુજબ સંપૂર્ણ કહેવો.

જો સંજ્ઞી મનુષ્યમાં ઉપજે તો શું સંખ્યાત વર્ષાયુષ્કમાં ઉપજે કે અસંખ્યાત વર્ષાયુષ્કમાં ? ગૌતમ ! સંખ્યાત૦માં, અસંખ્યાત૦માં નહીં.

જો સંખ્યાત વર્ષાયુવાળામાં ઉપજે તો શું પર્યાપ્તા૦ કે અપર્યાપ્તામાં૦ ? ગૌતમ ! બંનેમાં. - - ભગવન્ ! સંજ્ઞી મનુષ્ય, જે પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજવાને યોગ્ય હોય, તે કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે.

ભગવન્ ! તે૦ લબ્ધિ, અહીંના સંજ્ઞી મનુષ્યના પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનાર પ્રથમ ગમક મુજબ યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટા પૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ.

તે જ જઘન્યકાળ સ્થિતિકમાં ઉત્પન્ન થાય તો આ જ વક્તવ્યતા છે. માત્ર કાલાદેશથી જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોડી છે.

તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. માત્ર અવગાહના જઘન્યથી અંગુલ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્, સ્થિતિ જઘન્ય માસ પૃથકત્વ, ઉત્કૃષ્ટ પૂર્વ કોડી. એ પ્રમાણે અનુબંધ પણ છે. ભવાદેશથી બે ભવગ્રહણ. કાલાદેશથી જઘન્ય માસ પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ, આટલો કાળ રહે.

તે જ સ્વયં જઘન્ય કાળ સ્થિતિક૦ જન્મે, જેમ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થનારના મધ્યમ ત્રણ ગમકમાં વક્તવ્યતા કહી, તે જ અહીં મધ્યમ ત્રણ ગમકમાં કહેવી. વિશેષ આ - પરિમાણ-ઉત્કૃષ્ટા સંખ્યાતા ઉપજે, બાકી પૂર્વવત્.

તે સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં જન્મે, બધી વક્તવ્યતા પહેલા ગમ મુજબ કહેવી. માત્ર અવગાહના-જઘન્ય અને ઉત્કૃષ્ટ-૫૦૦ ધનુષ્ સ્થિતિ, અનુબંધ



જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોડી. બાકી તેમજ યાવત્ ભવાદેશ. કાલાદેશથી જઘન્ય અંતર્મુહૂર્ત અધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ-આટલો કાળ રહે.

તે જ જઘન્યકાળ સ્થિતિકમાં ઉત્પન્ન હોય, આ જ વક્તવ્યતા. વિશેષ આ - કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટી ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોડી કાળ રહે.

તે જ ઉત્કૃષ્ટ સ્થિતિકમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, આ જ લબ્ધિ સાતમા ગમક મુજબ છે. ભવાદેશથી બે ભવગ્રહણ, કાલાદેશથી જઘન્યા પૂર્વકોડી અધિક ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પણ આ જ કાળ. ગમનાગમન કરે.

જો દેવમાંથી આવીને ઉપજે તો શું ભવનવાસી દેવથી કે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવથી ઉપજે ? ગૌતમ ! ચારેથી ઉપજે.

જો ભવનવાસીથી આવીને ઉપજે તો શું અસુરકુમારથી કે યાવત્ સ્તનિતકુમારથી આવીને ઉપજે ? ગૌતમ ! દશેમાંથી આવીને ઉપજે.

ભગવન્ ! જે અસુરકુમાર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપજવા યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યા અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટી પૂર્વકોડી આયુવાળામાં ઉપજે. - - અસુરકુમારોની લબ્ધિ નવે ગમકોમાં, પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારની માફક કહેવી. એ રીતે યાવત્ ઈશાન દેવની લબ્ધિ કહેવી. ભવાદેશથી સર્વત્ર આઠ ભવગ્રહણ ઉત્કૃષ્ટથી, જઘન્યથી બે ભવસ્થિતિ, સંવેધ સર્વત્ર જાણી લેવો.

ભગવન્ ! જે નાગકુમાર પંચે૦તિર્યંચમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તો આ જ વક્તવ્યતા. વિશેષ એ કે - સ્થિતિ, સંવેધ જાણી લેવા યાવત્ સ્તનિતકુમાર સુધી આમ કહેવું.

જો વ્યંતરમાં ઉપજે તો શું પિશાચમાં૦ ? પૂર્વવત્ યાવત્ હે ભગવન્ ! જે વ્યંતર પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ ? પૂર્વવત્ જ. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવી.

જો જ્યોતિષ્કમાં ઉપજે ? તેમ જ જાણવું. યાવત્ જે જ્યોતિષ્ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, આ જ વક્તવ્યતા કહેવી જે પૃથ્વીકાયિક ઉદ્દેશમાં કહી, નવે ગમકમાં આઠ ભવગ્રહણ, કાલાદેશથી જઘન્યા અંતર્મુહૂર્ત અધિક આઠ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોડી ચાર લાખ વર્ષ અધિક ચાર પલ્યોપમ કાળ રહે. એ રીતે નવે ગમકમાં સ્થિતિ અને સંવેધ જાણી લેવો.

જો વૈમાનિક દેવમાં ઉપજે તો શું કલ્પોપકથી૦ કે કલ્પાતીત૦ ? ગૌતમ ! કલ્પોપક વૈમાનિકથી આવીને ઉપજે, કલ્પાતીતથી નહીં.

જો કલ્પોપકથી૦ યાવત્ સહસ્રાર કલ્પોપક વૈમાનિક દેવથી આવીને ઉપજે, પણ આનત યાવત્ અચ્યુત કલ્પોપકથી આવીને નહીં.

*ભગવન્ ! સૌધર્મ દેવ, જે પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ પૂર્વકોટી આયુમાં, બાકી નવે ગમકોમાં પૃથ્વીકાયિક ઉદ્દેશક મુજબ જાણવું. વિશેષ આ - નવ ગમકમાં જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણ, સ્થિતિ અને કાલાદેશ જાણી લેવો. એ રીતે ઈશાન દેવમાં પણ કહેવું. એ રીતે આ ક્રમથી બાકીના યાવત્ સહસ્રાર દેવોનો ઉત્પાદ કહેવો. માત્ર અવગાહના, ''અવગાહના સંસ્થાન'' પદ મુજબ કહેવી, લેશ્યા સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકમાં એક જ પદ્મલેશ્યા, પછીનાને એક જ શુક્લલેશ્યા, વેદમાં સ્ત્રી, પુરુષવેદક, આયુ, અનુબંધ સ્થિતિપદ મુજબ. બાકીનું ઈશાનક મુજબ. કાય સંવેધ જાણી લેવો.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૮૫૬ :-

નારકોમાં અસંખ્યાત વર્ષાયુષ્ક ન ઉપજે, તેથી ઉત્કૃષ્ટ પૂર્વકોડી આયુ કહ્યું. પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનાર અસુરકુમારોની જે વક્તવ્યતા - પરિમાણાદિ પૂર્વે કહ્યા, તે જ અહીં નારકોના પંચેન્દ્રિયતિર્યંચમાં ઉત્પન્ન થનારના કહેવા. - x - ઉત્પત્તિ સમયાશ્રીને ''જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ'' એમ કહ્યું. ઉત્કૃષ્ટ સાત ધનુષ્ તે ૧૩માં પ્રતર આશ્રીને છે. પહેલા પ્રસ્તટાદિમાં આ પ્રમાણે - (૧) રત્ની, (૨) ત્રણ હાથ, પછી પ્રત્યેકમાં સાડા છપ્પન અંગુલની વૃદ્ધિ કહેવી. - - ભવધારણીય અવગાહનામાં ઉત્કૃષ્ટ અવગાહના સૂત્રમાં કહી, તેનાથી બમણી-૧૫ ધનુષ્ ઉત્તર વૈક્રિયની જાણવી. - x - દૃષ્ટિ આદિ, અસુરકુમારોની માફક કહેવી. - x - બાકી ઔધિક પહેલા ગમ મુજબ છે. આ રીતે બાકીના સાતે ગમો કહેવા. - આ રીતે નારકોની જેવી જઘન્યાદિ સ્થિતિ પહેલા ત્રણ ગમકમાં કહી, તેવી જ મધ્ય અને છેલ્લામાં હોય ? જેમ નૈરયિક ઉદ્દેશકમાં પહેલા સંજ્ઞી પંચે૦ તિર્યંચ સાથે નારકોનું વચલા અને છેલ્લા ત્રણ ગમકોમાં સ્થિતિ વૈવિધ્ય છે, તેમ અહીં પણ કહેવું.

શરીરાવગાહના પ્રજ્ઞાપના પદ-૨૧-મુજબ છે. - x - x - બીજી આદિ નરકમાં સંજ્ઞી જ ઉપજે, માટે ત્રણ જ્ઞાન-ત્રણ અજ્ઞાન નિયમા હોય છે. ૬૬-સાગરોપમ, આ ભવોના કાળનું બહુત્વ કહ્યું છે, તે જઘન્ય સ્થિતિક નારકોને હોય છે. ૨૨-સાગરોપમાયુ નારક થઈને, પંચેન્દ્રિય તિર્યંચમાં પૂર્વ કોટી આયુએ જન્મી, ત્રણ વારે ૬૬-સાગરોપમ અને ત્રણ પૂર્વકોટી થાય. જો ૩૩-સાગરોપમનો ઉત્કૃષ્ટ સ્થિતિક નારક થઈને પૂર્વકોટી આયુ પંચે૦માં જન્મે તો બે વખતમાં ૬૬-સાગરોપમ અને બે પૂર્વકોટી થાય.

હવે તિર્યંચયોનિકથી તેનો ઉત્પાદ કહે છે — પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારની જે વક્તવ્યતા કહી, તે જ અહીં પણ કહેવી. માત્ર પરિમાણ દ્વારમાં પ્રતિસમય અસંખ્યાતા ઉપજે તેમ કહ્યું. અહીં તે એકાદિ કહેવા.

પૃથ્વીકાયિકથી પૃથ્વી૦ ઉત્પન્ન થનારને સંવેધ દ્વારમાં પહેલા, બીજા, ચોથા, પાંચમાં ગમમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવગ્રહણ, બાકીનામાં આઠ, અહીં નવે ગમકમાં આઠ. કાલાદેશથી સંવેધ પૃથ્વીકાયિકના અને સંજ્ઞી પંચેન્દ્રિયની સ્થિતિથી કહેવો. -



x - x - એ રીતે બધે સંવેધ જાણવો.

અપ્કાયિકથી ચઉરિન્દ્રિય સુધી ઉદ્વર્તીને બધે જ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પાદ છે. અપ્કાયાદિની લબ્ધિ, પરિમાણાદિ કહેવા, જે પૂર્વ સૂત્રોથી જાણવા. હવે તેને સ્પષ્ટ કરે છે - જેમ પૃથ્વીકાયિકથી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થનાર જીવોની લબ્ધિ કહી, તેમજ અપ્કાયાદિની કહેવી.

અસંજ્ઞીથી પંચે૦તિર્યંચ ઉત્પાદાધિકારમાં - પલ્યોપમના અસંખ્યાત ભાગ સ્થિતિ દ્વારા અસંજ્ઞી પંચેન્દ્રિયોનો અસંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પત્તિ કહી. - x - પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થનાર અસંજ્ઞીનો પૃથ્વીકાયિક ઉદ્દેશકમાં કહ્યા મુજબ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થનારને કહેવા. પૂર્વ કોટી આયુષ્ક અસંજ્ઞી પૂર્વ કોટી આયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય, એમ સાત ભવગ્રહણમાં સાત પૂર્વકોટી, આઠમામાં યુગલિક તિર્યંચમાં પલ્યોપમનો અસંખ્યાત ભાગ પ્રમાણાયુષ્કમાં ઉપજે.

ત્રીજા ગમકમાં - સંખ્યાત કહ્યા, કેમકે અસંખ્યાતનો અભાવ છે. - - ચોથા ગમકમાં પૂર્વકોડી આયુષ્કમાં ઉત્કૃષ્ટથી ઉપજે કહ્યું, કેમકે જઘન્ય આયુ અસંજ્ઞી સંખ્યાતાયુષ્કમાં જ ઉપજે. - x - x - x - હવે સંજ્ઞી પંચેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પાદ કહે છે — અવશેષ - પરિમાણાદિ. તેમાં અવગાહના સાત ધનુષ્ આદિ કહી, અહીં ઉત્કર્ષથી ૧૦૦૦ યોજન માન છે, તે મત્સ્યાદિને આશ્રીને છે. - x - x - લબ્ધિ આ સૂત્રાનુસાર જાણવી. સંવેધ - x - ભવાદેશથી જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવ. કાલાદેશથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કર્ષથી ચાર અંતર્મુહૂર્ત્ત અધિક ચાર પૂર્વકોટી. આ જઘન્યસ્થિતિક ઔધિકોમાં અહીં સંવેધ છે. - x - x -

નવમાં ગમકમાં - તેમાં પરિમાણ ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે, અવગાહના- ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન. - - હવે મનુષ્યથી ઉપપાત કહે છે —

લબ્ધિ-પરિમાણાદિ. અસંજ્ઞી મનુષ્યને ત્રણે ગમકમાં આદ્યમાં - x - જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ એક સ્થિતિપણાથી અંતર્મુહૂર્તસ્થિતિ કહી. - x - અસંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યો દેવોમાં જ ઉત્પન્ન થાય, તિર્યંચમાં નહીં. તેથી नो असंखेज्जवा-साउएहिंतो० એમ સૂત્રમાં કહ્યું.

તે સંજ્ઞીમનુષ્યની યથા તે સંજ્ઞી મનુષ્યના પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારની પહેલા ગમમાં કહી છે, તે જ પરિમાણથી જઘન્યથી એક, કે બે અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ ઉપજે, કેમકે સ્વભાવથી પણ સંજ્ઞી મનુષ્યો સંખ્યાતા જ છે. તથા છ સંઘયણી, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્, અવગાહના, છ સંસ્થાન, છ લેશ્યા, ત્રણ દૃષ્ટિ, ભજનાએ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન, ત્રણે યોગ, બે ઉપયોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય, છ સમુદ્ઘાત, બંને વેદના, ત્રણે વેદ, જઘન્યથી અંત-મુહૂર્ત્ત સ્થિતિ, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી આયુ, બંને અધ્યવસાય, સ્થિતિ સમાન અનુબંધ. ઈત્યાદિ - x -

બીજા ગમકમાં પહેલા ગમ મુજબ જ. માત્ર સંવેધ, કાલાદેશથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત્ત ચાર પૂર્વ કોટી. - - ત્રીજા ગમમાં પણ એમ

જ છે. જઘન્યાવગાહના અંગુલ પૃથકત્વ - અર્થાત્ આનાથી હીનતર શરીરી મનુષ્ય ઉત્કૃષ્ટાયુ તિર્યંચમાં ન ઉપજે. - x - x - સર્વથા સમાનતા નિવારવા કહે છે — ત્યાં પરિમાણ દ્વારમાં ઉત્કૃષ્ટ અસંખ્યેયા ઉપજે તેમ કહ્યું, અહીં સંજ્ઞી મનુષ્યો સંખ્યેયત્વથી સંખ્યાતા ઉપજે કહ્યું સંહનનાદિ સમાન છે - છ સંઘયણ, અંગુલના અસંખ્ય ભાગ અવગાહના, છ સંસ્થાન ત્રણ લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન, કાયયોગ, બે ઉપયોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, પાંચ ઈન્દ્રિયો, ત્રણ સમુદ્દ્ઘાત૦ ઈત્યાદિ - x -

હવે દેવોથી આવીને પંચેન્દ્રિયમાં ઉપજે તે કહે છે — - x - x - જે રીતે પૃથ્વીકાયિકોમાં દેવોની ઉત્પત્તિ કહી, તે રીતે અસુરકુમારથી ઈશાનક દેવ સુધી તેઓની પંચેન્દ્રિય તિર્યંચમાં કહેવી. - x - અસુરકુમારોનો એકથી અસંખ્યેય સુધી પંચેન્દ્રિય તિર્યંચમાં એક સમયથી ઉત્પાદ છે, સંહનનો અભાવ છે, જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ, ઉત્કૃષ્ટથી સાત હાથ પ્રમાણ ભવધારણીયની અવગાહના છે, ઉત્તર વૈક્રિયની જઘન્ય તે જ છે, ઉત્કૃષ્ટથી લાખ યોજન પ્રમાણ, સંસ્થાન સમચતુરસ્ર, ઉત્તર વૈક્રિય અપેક્ષાએ વિવિધ આકારે, ચાર લેશ્યા, ત્રણે દૃષ્ટિ, ત્રણ જ્ઞાનો અવશ્ય - ત્રણ અજ્ઞાન ભજનાએ યોગાદિ પાંચ પદ પ્રતીત છે, સમુદ્ઘાતો પહેલા પાંચ, વેદના બે ભેદે, વેદનપુંસક વર્જિત, સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ જઘન્યા, ઉત્કૃષ્ટી સાતિરેક સાગરોપમ.

નાગકુમારાદિ વક્તવ્યતા સૂત્રાનુસાર કહેવી. અવગાહના, પ્રજ્ઞાપનાના ૨૧માં પદ મુજબ. તે ભવનપતિથી ઈશાન સુધી સાત હાથ, પછી એકૈકની હાની બાકીના બે, બે, બે, ચારમાં થાય.

## ❁ ઉદ્દેશો-૨૧-''મનુષ્ય'' ❁

— x — x — x —

● **સૂત્ર-૮૫૭ :-**

*ભગવન્ ! મનુષ્ય ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નૈરયિકથી કે યાવત્ દેવથી આવીને ? ગૌતમ ! ચારેથી આવીને ઉપજે. એ પ્રમાણે ઉપપાત પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશકવત્ કહેવો યાવત્ તમા પૃથ્વી નૈરયિકથી આવીને પણ ઉપજે. પણ અધઃસપ્તમીથી આવીને ન ઉપજે.*

*ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી નૈરયિક જે મનુષ્યમાં ઉપજવા યોગ્ય હોય તે કેટલા કાળની સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય માસપૃથકત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વ કોડી આયુવાળામાં. બાકીની વક્તવ્યતા પંચેન્દ્રિયતિર્યંચ૦માં ઉત્પન્ન થનારની માફક તેમજ કહેવી. વિશેષ એ - પરિમાણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટા સંખ્યાતા ઉપજે. ત્યાં અંતર્મુહૂર્ત સાથે કર્યો તેમ અહીં માસ પૃથકત્વથી સંવેધ કરવો જોઈએ. બાકી પૂર્વવત્.*

*રત્નપ્રભા વક્તવ્યતા માફક શર્કરાપ્રભાની વક્તવ્યતા પણ કહેવી. વિશેષ આ - જઘન્ય વર્ષપૃથક્ત્વ સ્થિતિમાં, ઉત્કૃષ્ટ પૂર્વકોડીમાં. અવગાહના, લેશ્યા, જ્ઞાન, સ્થિતિ, અનુબંધ, સંવેધમાં વિશેષતા તિર્યંચયોનિક ઉદ્દેશા માફક જાણવી. - - એ પ્રમાણે તમા પૃથ્વીનૈરયિક સુધી જાણવું.*





*જો તિર્યંચયોનિકોથી આવીને ઉપજે, તો શું એકેન્દ્રિયથી૦ કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે ? ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચયોનિક ભેદો, પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશક અનુસાર જાણવા. માત્ર તેઉકાય વાયુકાયનો નિષેધ કરવો. બાકી પૂર્વવત્ યાવત્ —*

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક મનુષ્યમાં ઉપજવા યોગ્ય હોય, તે હે ભગવન્ ! કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી આયુવાળામાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો૦ એ પ્રમાણે જેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થનાર પૃથ્વીકાયની વક્તવ્યતા અહીં પણ ઉત્પન્ન થનારની નવે ગમકમાં કહેવી. માત્ર ત્રીજા, છટ્ઠા, નવમાં ગમકમાં પરિમાણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે. - - જ્યારે સ્વયં જઘન્યકાળ સ્થિતિક હોય છે, ત્યારે વચ્ચેના ત્રણ ગમકોમાં પ્રથમ ગમકમાં અધ્યવસાય પ્રશસ્ત, અપ્રશસ્ત બંને હોય છે. બીજા ગમકમાં અપ્રશસ્ત, ત્રીજા ગમકમાં પ્રશસ્ત હોય છે - x -*

*જો અપ્કાયથી આવે૦ તો પૂર્વોક્ત વક્તવ્યતા. એ રીતે વનસ્પતિકાયિકની પણ, એ પ્રમાણે યાવત્ ચતુરિન્દ્રિયની પણ જાણવી.*

*અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, સંજ્ઞી પંચે૦ તિર્યંચ૦, અસંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી મનુષ્ય આ બધાં પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશા પ્રમાણે કહેવા. વિશેષ એ કે - આના પરિણામ, અધ્યવસાયની ભિન્નતા પૃથ્વીકાયિક ઉદ્દેશા મુજબ કહેવી. બાકી સંપૂર્ણ પૂર્વવત્.*

*જો દેવથી આવીને ઉપજે, તો શું ભવનવાસી યાવત્ વૈમાનિક દેવથી આવીને ઉપજે ? ગૌતમ ! ચારેથી આવીને ઉપજે. જો ભવનવાસી૦ તો અસુરથી યાવત્ સ્તનિતથી આવે૦ ? ગૌતમ ! તે દશેથી આવે.*

*ભગવન્ ! જે અસુરકુમાર, મનુષ્યમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યે માસપૃથકત્વ ઉત્કૃષ્ટે પૂર્વકોડી આયુવાળામાં. એ રીતે જેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશકની વક્તવ્યતા છે, તે અહીં પણ કહેવી. વિશેષ એ - જે ત્યાં અંતર્મુહૂર્ત સ્થિતિમાં છે, તે અહીં માસ પૃથકત્વમાં કહેવું. પરિમાણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે ઈશાન દેવ સુધી કહેવું અને ઉક્ત વિશેષતા જાણવી. પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના ઉદ્દેશા અનુસાર સનત્કુમારથી સહસ્રાર દેવ સુધી કહેવું. વિશેષ એ કે - પરિમાણમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી આયુષ્કમાં ઉપજે. બાકી તેમજ છે. સંવેધ વર્ષપૃથક્ત્વ અને પૂર્વકોડી કહેવો. સનત્કુમારમાં સ્થિતિના ચાર ગણા કરતા ૨૮-સાગરોપમ થાય છે. માહેન્દ્રમાં તે જ સાતિરેક થાય. બ્રહ્મલોકમાં ૪૦, લાંતકમાં-૫૬, મહાશુક્રમાં-૬૮, સહસ્રારમાં-૭૨ સાગરોપમ, આ ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી. જઘન્ય સ્થિતિ પણ ચાર ગણી કહેવી.*

*ભગવન્ ! આણતદેવ જે મનુષ્યમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્યથી વર્ષપૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી સ્થિતિમાં ઉપજે. ભગવન્ ! તે૦ એ પ્રમાણે જેમ સહસ્રાર દેવની વક્તવ્યતા છે તેમ કહેવું. માત્ર અવગાહના, સ્થિતિ, અનુબંધ જાણી લેવો. બાકી પૂર્વવત્. ભવાદેશથી જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ છ ભવ. કાલાદેશથી જઘન્ય વર્ષ પૃથકત્વ અધિક ૧૮-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પૂર્વકોડી અધિક ૫૭-સાગરોપમ આટલો કાળ રહે. એ પ્રમાણે નવ ગમકો છે. માત્ર સ્થિતિ અને અનુબંધ જાણી લેવા. એ પ્રમાણે યાવત્ અચ્યુત દેવ, માત્ર સ્થિતિ, અનુબંધ, સંવેધ જાણવા. પ્રાણતદેવની સ્થિતિને ત્રણ ગણી કરતા ૬૦ સાગરોપમ, આરણની ૬૩ સાગરોપમ, અચ્યુતની ૬૬ સાગરોપમ.*

*જો કલ્પાતીત વૈમાનિકદેવથી ઉપજે તો શું ગ્રૈવેયક૦થી ઉપજે કે અનુત્તરોપપાતિકથી ? ગૌતમ ! બંનેથી. - - જો ગ્રૈવેયકથી ઉપજે તો શું હેટ્ઠિમ૦થી કે યાવત્ ઉવરિમ ગ્રૈવેયકથી ઉપજે ? ગૌતમ ! ત્રણેથી ઉપજે.*

*ભગવન્ ! ગ્રૈવેયક દેવ જે મનુષ્યમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે કેટલો કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય વર્ષ પૃથકત્વ સ્થિતિમાં, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકીનું આનતદેવની વક્તવ્યતા મુજબ જાણવું. માત્ર અવગાહનામાં - તેઓ એક ભવધારણીય શરીરી છે, જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બે રત્ની. સંસ્થાન, ભવધારણીય શરીરનું સમચતુરસ્ર, પાંચ સમુદ્ઘાતવેદના યાવત્ તૈજસ, પણ વૈક્રિય કે તૈજસ સમુદ્ઘાત વડે સમવહત થયો નથી - થતો નથી - થશે નહીં. સ્થિતિ, અનુબંધ જઘન્યથી ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૩૧-સાગરોપમ. બાકી પૂર્વવત્, કાલાદેશથી જઘન્ય વર્ષ પૃથકત્વ અધિક ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વ કોડી અધિક ૯૩-સાગરોપમ. એ રીતે બાકીના આઠે ગમકમાં જાણવું. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવો.*

*જો અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિકથી ઉપજે તો શું વિજય અનુત્તર૦થી આવીને ઉપજે કે સર્વાર્થસિદ્ધ૦થી ? ગૌતમ ! પાંચેથી ઉપજે. - - ભગવન્ ! વિજય-વૈજયંત-જયંત-અપરાજિત દેવ જે મનુષ્યમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? જેમ ગ્રૈવેયક દેવમાં કહ્યું તેમ જાણવું. માત્ર અવગાહના જઘન્યા અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટી એક રત્ની, માત્ર સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની અને નિયમા ત્રણ જ્ઞાની - આભિનિબોધિક, શ્રુત, અવધીજ્ઞાની, સ્થિતિ-જઘન્યથી ૩૧-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ. બાકી પૂર્વવત્. ભવાદેશથી - જઘન્યે બે ભવ, ઉત્કૃષ્ટ ચાર ભવગ્રહણ. કાલાદેશથી જઘન્યથી વર્ષ પૃથકત્વાધિક ૩૧-સાગરોપમ, ઉત્કૃષ્ટથી બે પૂર્વકોડી અધિક-૬૬ સાગરોપમ. આ પ્રમાણે બાકીના આઠ ગમકો કહેવા. માત્ર સ્થિતિ, અનુબંધ, સંવેધ જાણી લેવો. બાકી પૂર્વવત્ જ.*

*ભગવન્ ! સર્વાર્થસિદ્ધક દેવ, જે મનુષ્યમાં ઉપજવાને યોગ્ય હોય, તે વિજયાદિ દેવ વક્તવ્યતા માફક કહેવા. વિશેષ એ કે - સ્થિતિ અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ, અનુબંધ પણ એમ જ. બાકી પૂર્વવત્. ભવાદેશથી બે ભવગ્રહણ, કાલાદેશથી જઘન્ય વર્ષ પૃથકત્વ અધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી અધિક ૩૩-સાગરોપમ કાળ રહે.*



*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો આ જ કથન કરવું. માત્ર કાલાદેશથી જઘન્યા વર્ષપૃથકત્વાધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટી વર્ષ પૃથકત્વાધિક ૩૩-સાગરોપમ કાળ રહે.*

*તે જ ઉત્કૃષ્ટકાળ સ્થિતિક ઉત્પન્ન, આ જ વક્તવ્યતા. માત્ર કાલાદેશથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોડી અધિક ૩૩-સાગરોપમ, આટલો કાળ રહે. આ ત્રણ જ ગમક છે, બીજા ન કહેવા.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૮૫૭ :-**

જઘન્ય માસપૃથકત્વ-દ્વારા કહે છે કે રત્નપ્રભા નારક જઘન્યે પણ માસ પૃથકત્વથી હીનતર આયુ ન બાંધે, કેમકે તેવા પરિણામનો અભાવ છે. બીજે પણ આમ કહેવું. પરિમાણમાં - નારકોનો સંમૂર્છિમ મનુષ્યમાં ઉત્પાદનો અભાવ છે, ગર્ભજો સંખ્યાતા હોવાથી સંખ્યાતા જ ઉપજે છે - x - x - મનુષ્યોની જઘન્યસ્થિતિ આશ્રીને માસ પૃથકત્વથી સંવેધ કરવો.

શર્કરાપ્રભાદિ વક્તવ્યતા - પંચે૦ તિર્યંચાનુસાર જાણવી.

હવે તિર્યંચમાંથી મનુષ્યમાં ઉત્પાદ કહે છે — પૃથ્વીકાયથી ઉત્પન્ન થનારની પંચેન્દ્રિય તિર્યંચમાં જે વક્તવ્યતા કહી, તે જ મનુષ્યમાં કહેવી. વિશેષમાં કહે છે — ત્રીજા ગમમાં ઔધિક પૃથ્વીકાયિકથી ઉત્કૃષ્ટ મનુષ્યમાં જે ઉત્પન્ન થાય, તે ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ હોય છે. જો કે સંમૂર્છિમ મનુષ્યોના સંગ્રહથી અસંખ્યાતા થાય, તો પણ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પૂર્વકોટી આયુ સંખ્યાતા જ છે, પંચેન્દ્રિય તિર્યંચ તો અસંખ્યાતા પણ હોય. એમ છઠ્ઠા, નવમામાં છે.

મધ્યમ ગમકોના પહેલા ગમમાં ઔધિકમાં ઉત્પન્ન થનાર માટે - અધ્યવસાયો ઉત્કૃષ્ટ સ્થિતિકથી ઉત્પત્તિમાં પ્રશસ્ત, જઘન્ય સ્થિતિકત્વથી ઉત્પત્તિમાં અપ્રશસ્ત છે. બીજા ગમમાં - જઘન્યસ્થિતિકની જઘન્ય સ્થિતિમાં ઉત્પત્તિમાં અપ્રશસ્ત છે કેમકે પ્રશસ્ત અધ્યવસાયવાળાની જઘન્ય સ્થિતિમાં ઉત્પત્તિ ન થાય. આ રીતે ત્રીજો ગમ પણ કહેવો. - x -

દેવાધિકારમાં - જેમ અસુરકુમારોની મનુષ્યોમાં, પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશકમાં વક્તવ્યતા છે, તેના અતિદેશથી ઉત્પાદિત છે, તેમ નાગકુમારાદિ ઈશાનાંતની ઉત્પાદનીયતા કહી. કેમકે સમાન વક્તવ્યતા છે. જેમ ત્યાં જઘન્ય સ્થિતિના પરિમાણમાં વૈવિધ્ય કહ્યું. તેમ અહીં પણ છે સનત્કુમારાદિમાં વક્તવ્યતામાં વિશેષતા ભેદથી દર્શાવેલ છે. - x - જ્યારે ઔધિક ઉત્કૃષ્ટ સ્થિતિ દેવથી ઔધિકાદિ મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. તે ઉત્કૃષ્ટ સંવેધ વિવક્ષામાં ચાર મનુષ્ય ભવ

વડે ક્રમથી આંતરિત કરાય છે. તેથી સનત્કુમાર દેવોની ૨૮ આદિ સાગરોપમ પ્રમાણ થાય છે. કેમકે તેનું સાત આદિ સાગરોપમ પ્રમાણત્વ છે. જો જઘન્ય સ્થિતિ દેવમાંથી ઔધિકાદિ મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય સ્થિતિ થાય છે, તે પણ તે રીતે ચાર ગણી થાય છે. - x -

આનતાદિ દેવમાં ત્રણ દેવ અને ક્રમથી ત્રણ મનુષ્ય એમ છ ભવો થાય છે. જઘન્ય સ્થિતિ ૧૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૫૭ સાગરોપમ છે. તે આ રીતે - આનત દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯ સાગરોપમ, ત્રણ ભવ વડે ગુણવાથી ૫૭-સાગરોપમ થાય છે. - - ગ્રૈવેયક અધિકારમાં એક ભવધારણીય શરીર કહ્યું કેમકે કલ્પાતીત દેવોને ઉત્તરવૈક્રિય શરીર નથી. ગ્રૈવેયક દેવોને પહેલા પાંચ સમુદ્ઘાત લબ્ધિ અપેક્ષાથી સંભવે છે. વૈક્રિય, તૈજસ વડે તેઓ સમુદ્ઘાત કર્યો નથી - કરતા નથી - કરશે નહીં. કેમકે પ્રયોજન નથી, પહેલા ગ્રૈવેયકે જઘન્યથી ૨૨-સાગરોપમ છે, નવમાં ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટથી ૩૧-સાગરોપમ છે. ઉત્કૃષ્ટથી જે ૯૩ સાગરોપમ અને ત્રણ પૂર્વ કોડી કહ્યું તે ઉત્કૃષ્ટથી છ ભવગ્રહણથી કહ્યું. ત્રણ દેવ ભવમાં ૩૧ x ૩ = ૯૩ અને ત્રણ ભવ મનુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિના, તે રીતે ત્રણ પૂર્વ કોટી થાય છે.

સર્વાર્થસિદ્ધિક દેવાધિકારમાં પહેલા ત્રણ ગમ જ હોય. તેમને જઘન્ય સ્થિતિના અભાવે મધ્યમ ત્રણ, ઉત્કૃષ્ટાભાવે છેલ્લા ત્રણ ગમ નથી.

## ❀ ઉદ્દેશો-૨૨-''વ્યંતરદેવ'' ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૫૮ :-**

*વ્યંતરો ક્યાંથી આવીને ઉપજે ? નૈરયિકથી કે તિર્યંચથી૦ ? જેમ નાગકુમાર ઉદ્દેશકમાં કહ્યું, તેમ અસંજ્ઞી સુધી બધું કહેવું.*

*જો સંજ્ઞી પંચેન્દ્રિય યાવત્ અસંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચે૦ જે વ્યંતરમાં ઉપજવા યોગ્ય હોય, તે કેટલા કાળ સ્થિતિમાં ઉપજે છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિમાં, ઉત્કૃષ્ટથી પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. બાકીનું નાગકુમાર ઉદ્દેશક મુજબ જાણવું યાવત્ કાલાદેશથી જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અધિક પૂર્વકોડી, ઉત્કૃષ્ટથી ચાર પલ્યોપમ સુધી ગમનાગમન કરે છે.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો નાગકુમારના બીજા ગમ માફક વક્તવ્યતા કહેવી. - - તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. સંવેધ-જઘન્યથી બે પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ચાર પલ્યોપમ કાળ રહે.*

*મધ્યના ત્રણ ગમકો, નાગકુમારના પાછલા ત્રણ ગમકો માફક કહેવા, જેમ નાગકુમાર ઉદ્દેશકમાં કહ્યા. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવા. સંખ્યાત વર્ષાયુષ્ક તે પ્રમાણે. માત્ર સ્થિતિ, અનુબંધ અને સંવેધ ઉભય સ્થિતિમાં જાણી લેવા. - - જો તે વ્યંતર, મનુષ્યથી આવીને ઉત્પન્ન થાય. તો નાગકુમારોદ્દેશકના અસંખ્યાત વર્ષાયુષ્કવાળા માફક કહેવું. માત્ર ત્રીજા ગમમાં સ્થિતિ જઘન્યથી*



*પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, અવગાહના જઘન્ય એક ગાઉ, ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ, બાકી પૂર્વવત્. સંવેધ, આ ઉદ્દેશામાં જ અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિયવત્ કહેવી. સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યમાં જેમ નાગકુમારોદ્દેશકમાં કહ્યા મુજબ કહેવી. માત્ર સ્થિતિ અને સંવેધ જાણવો.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૮૫૮ :-**

અસંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચેન્દ્રિય અધિકારમાં - ઉત્કૃષ્ટ ચાર પલ્યોપમ કહ્યું કેમકે ત્રણ પલ્યોપમાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પલ્યોપમાયુ વ્યંતરમાં ઉપજે છે. બીજો ગમ, પહેલા ગમ સમાન છે. વિશેષ એ - જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ, સંવેધ, કાલાદેશથી જઘન્ય ૧૦,૦૦૦ વર્ષાધિક પૂર્વ કોડી, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષાધિક ત્રણ પલ્યોપમ છે. ત્રીજા ગમમાં જઘન્ય સ્થિતિ પલ્યોપમ કહી, કેમકે ભલે અસંખ્યાત વર્ષાયુ તિર્યંચનું આયુ સાતિરેક પૂર્વ કોડી છે, તો પણ અહીં પલ્યોપમાયુ વ્યંતરમાં ઉત્પાદથી પલ્યોપમાયુ કહ્યું. કેમકે અસંખ્યાત વર્ષાયુ, પોતાના આયુથી વધારાના આયુવાળા દેવોમાં ઉત્પન્ન ન થાય. સુષમાદુષમામાં પલ્યોપમ આયુવાળાની અવગાહના અપેક્ષાએ જઘન્યથી એક ગાઉ કહ્યું છે.

## ❀ ઉદ્દેશો-૨૩-''જ્યોતિષ્ક દેવ'' ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૮૫૯ :-**

*ભગવન્ ! જ્યોતિષ્ક ક્યાંથી આવીને ઉપજે ? શું નૈરયિકથી૦ આદિ ? ભેદો યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને ઉપજે છે, અસંજ્ઞી પંચે૦થી નહીં. - - જો સંજ્ઞી૦થી ઉપજે તો શું સંખ્યાતા૦થી કે અસંખ્યાતા૦થી ? ગૌતમ ! સંખ્યાત અને અસંખ્યાત વર્ષાયુષ્કથી ઉપજે.*

*ભગવન્ ! સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે જ્યોતિષ્કમાં ઉપજવા યોગ્ય હોય તે કેટલી સ્થિતિવાળામાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય આઠ પલ્યોપમ સ્થિતિમાં, ઉત્કૃષ્ટ એક લાખ વર્ષાધિક પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. બાકી બધું અસુરકુમારોદ્દેશક મુજબ કહેવું. માત્ર સ્થિતિ જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. એ રીતે અનુબંધ પણ છે. બાકી પૂર્વવત્. માત્ર કાલાદેશથી જઘન્યથી. બે-અષ્ટ ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી એક લાખ વર્ષાધિક ચાર પલ્યોપમ છે.*

*તે જો જઘન્યકાળ સ્થિતિમાં ઉપજે તો જઘન્ય અષ્ટ ભાગ પલ્યોપમ સ્થિતિમાં, ઉત્કૃષ્ટ પણ તેમજ. આ જ વક્તવ્યતા છે માત્ર કાલાદેશથી જાણી લેવું. - - - - તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉપજે, તો આ જ વક્તવ્યતા, માત્ર સ્થિતિ જઘન્ય લાખ વર્ષ અધિક પલ્યોપમ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. એ રીતે અનુબંધ છે. કાલાદેશથી જઘન્ય બે લાખ વર્ષાધિક બે પલ્યોપમ, ઉત્કૃષ્ટથી લાખ વર્ષાધિક ચાર પલ્યોપમ છે.*

*તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિકમાં ઉત્પન્ન હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ*

*બંનેમાં અષ્ટ ભાગ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવ૦ આ જ વક્તવ્યતા. માત્ર અવગાહના જઘન્યથી ધનુષ્ પૃથકત્વ, ઉત્કૃષ્ટ સાતિરેક ૧૮૦૦ ધનુષ્. સ્થિતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અષ્ટ ભાગ પલ્યોપમ. એ રીતે અનુબંધ પણ છે. બાકી પૂર્વવત્. કાલાદેશતી જઘન્ય અને ઉત્કૃષ્ટ બે અષ્ટ ભાગ પલ્યોપમ કાળ રહે તે જઘન્ય સ્થિતિક ગમક.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળસ્થિતિમાં જન્મેલ હોય તો ઔધિક વક્તવ્યતા કહેવી. માત્ર સ્થિતિ જઘન્યથી ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પણ તેમજ. એ રીતે અનુબંધ પણ છે. બાકી પૂર્વવત્. એ રીતે છેલ્લા ત્રણ ગમકો જાણવા. માત્ર સ્થિતિ, સંવેધ જાણી લેવા. આ સાત ગમકો છે.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય૦ સંખ્યાત વર્ષાયુવાળામાં જેમ અસુરકુમારમાં ઉત્પન્ન થનારમાં કહ્યું તેમ નવે ગમકો કહેવા. માત્ર જ્યોતિષ્ક સ્થિતિ અને સંવેધ જાણી લેવો. બાકી પૂર્વવત્.*

*જો મનુષ્યથી ઉપજે તો ભેદો તેમજ યાવત્ અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય, હે ભગવન્ ! જે જ્યોતિષ્કમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે એ પ્રમાણે જેમ અસંખ્યાત વર્ષાયુ સંજ્ઞી પંચે૦ના જ્યોતિષ્કમાં ઉત્પન્ન થનાર માફક સાત ગમકો મુજબ મનુષ્યમાં પણ કહેવા. માત્ર અવગાહના પહેલા ત્રણ ગમકમાં જઘન્યથી સાતિરેક નવ ધનુષ્, ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. મધ્યમ ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક નવ ધનુષ્, છેલ્લા ત્રણ ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણે ગાઉ, બાકી પૂર્વવત્ સંપૂર્ણ યાવત્ સંવેધ કહેવું.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યથી૦ સંખ્યાતવર્ષાયુ જેમ અસુરકુમારમાં ઉત્પન્ન થનાર માફક નવે ગમકો કહેવો. માત્ર જ્યોતિષ્ સ્થિતિ અને સંવેધ જાણવો. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તેમજ છે.*

● વિવેચન-૮૫૯ :-

બે-અષ્ટભાગ પલ્યોપમમાં એક અસંખ્યાતાયુ સંબંધી, બીજું તારક જ્યોતિષ્ક સંબંધી. ચાર પલ્યોપમ૦માં ત્રણ અસંખ્યાતાયુવાળાના, એક ચંદ્ર વિમાન જ્યોતિષ્ક સંબંધી. ત્રીજા ગમમાં જે સ્થિતિ કહી, તે આ રીતે - અસંખ્યાત વર્ષાયુષ્કની સાતિરેક પૂર્વકોટી જઘન્ય સ્થિતિ હોય છે, તો પણ અહીં લાખ વર્ષાધિક પલ્યોપમ કહ્યું, તે જ્યોતિષ્કના ઉત્પાદ આશ્રિત છે કેમકે અસંખ્યાત વર્ષાયુવાળા પોતાનાથી વધુ સ્થિતિવાળા દેવમાં ન ઉપજે.

ચોથા ગમમાં જઘન્યકાલ સ્થિતિકમાં અસંખ્યાત વર્ષાયુ ઔધિક જ્યોતિષ્કમાં ઉત્પન્ન, તેઓ અષ્ટ ભાગ પલ્યોપમથી હીનતર હોય તો પણ, જ્યોતિષ્કમાં તેથી હીનતર ન હોય. - x - x - આવું આયુ વિમલવાહન કુલકરના કાળથી પૂર્વકાળના હાથી આદિનું છે. ઔધિક જ્યોતિષ્ક પણ તેમ છે. - x - અવગાહનામાં જઘન્યથી ધનુષ્ પૃથકત્વ કહ્યું. તે વિમલવાહનાદિ કુલકર પૂર્વેના હાથી સિવાયના ક્ષુદ્ર ચતુષ્પદોને આશ્રીને જાણવું. ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમ તે કાળના હાથીને આશ્રીને જાણવું. કેમકે



વિમલવાહન નવ ધનુષ્ના હતા, તેનાથી બમણી હાથીની અવગાહના છે.

જઘન્યકાળ સ્થિતિમાં એક જ ગમ કહ્યું કેમકે પાંચમો. છટ્ઠો તેમ અંતર્ભાવ થાય છે - x - x - સાતમા આદિ ગમકમાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ લક્ષણ તિર્યંચની સ્થિતિ છે. બાકી સૂત્રાનુસાર વૃત્તિ સ્પષ્ટ છે.

## ❀ ઉદ્દેશો-૨૪-“વૈમાનિક દેવ” ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૮૬૦ :-

*ભગવન્ ! સૌધર્મદેવ ક્યાંથી ઉપજે છે ? શું નૈરયિકોથી૦ ? ભેદો, જ્યોતિષ્ક ઉદ્દેશા માફક છે. અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવીને સૌધર્મદેવમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તો હે ભગવન્ ! કેટલા કાળ૦ ઉપજે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ સ્થિતિકમાં અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ સ્થિતિમાં ઉપજે. - - ભગવન્ ! તે જીવો૦ ? બાકીનું જેમ જ્યોતિષ્કમાં ઉત્પન્ન થનારમાં કહ્યું તેમ કહેવું - માત્ર સમ્યક્ દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની અને અજ્ઞાની પણ હોય, બે જ્ઞાન-બે અજ્ઞાન નિયમા હોય. સ્થિતિ જઘન્ય બે પલ્યોપમ, ઉત્કૃષ્ટ છ પલ્યોપમ.*

*તે જ જઘન્યકાળ સ્થિતિમાં ઉપજે તો આ જ વક્તવ્યતા, માત્ર કાલાદેશથી જઘન્યથી બે પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ચાર પલ્યોપમ.*

*તે જ ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉત્પન્ન હોય તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, એ જ વક્તવ્યતા. માત્ર સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. બાકી તેમજ. કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેથી છ પલ્યોપમ, આટલો કાળ રહે.*

*તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિક ઉત્પન્ન હોય તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ સ્થિતિમાં ઉપજે, આ જ વક્તવ્યતા - માત્ર અવગાહના જઘન્યથી ધનુષ્પૃથકત્વ, ઉત્કૃષ્ટ બે ગાઉ, સ્થિતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમ બાકી તેમજ. કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ બે પલ્યોપમ કાળ રહે.*

*તે જ સ્વયં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં જન્મેલ હોય તો પહેલા ત્રણે ગમકો સદૃશ ત્રણે ગમકો જાણવા. માત્ર સ્થિતિ, કાલાદેશ જાણી લેવો.*

*જો સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિયથી૦ સંખ્યાતવર્ષાયુ જેમ અસુરકુમારમાં ઉત્પન્ન થનારના, તેમજ નવ ગમકો કહેવા. વિશેષ સ્થિતિ અને સંવેધ જાણી લેવો. જેમ પોતાની જઘન્યકાળ સ્થિતિ હોય છે, તેમજ ત્રણે ગમકોમાં - સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પણ છે, બે જ્ઞાન અને બે અજ્ઞાન નિયમા છે, બાકી પૂર્વવત્.*

*જો મનુષ્યથી આવીને ઉપજે તો ભેદ, જ્યોતિષ્કમાં ઉત્પન્ન થનારની માફક કહેવા. યાવત્ - હે ભગવન્ ! અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય, જે સૌધર્મકલ્પમાં દેવપણે ઉપજવા યોગ્ય હોય, તો જેમ અસંખ્યાત વર્ષ આયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકનો સૌધર્મકલ્પમાં ઉત્પાદ કહ્યો તેમજ સાતે ગમકો*

અહીં કહેવા. માત્ર પહેલા બે ગમકમાં અવગાહના જઘન્યથી એક ગાઉ, ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ કહેવી. ત્રીજા ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેમાં ત્રણ ગાઉ કહેવી. ચોથી ગમકમાં જઘન્ય-ઉત્કૃષ્ટ બંને એક ગાઉ, પાછલા ગમકોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ બંને ત્રણ ગાઉ, બાકી સંપૂર્ણ પૂર્વવત્.

જો સંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્યથી ઉપજે તો, જેમ અસુરકુમારમાં સંજ્ઞીમનુષ્યથી૦ કહ્યું, તે રીતે નવે ગમકો કહેવા. માત્ર સૌધર્મદેવની સ્થિતિ અને સંવેધ જાણી લેવો. બાકી પૂર્વવત્.

ભગવન્ ! ઈશાન દેવ ક્યાંથી આવીને ઉપજે૦ ? સૌધર્મ દેવ સમાન વક્તવ્યતા ઈશાન દેવની કહેવી. વિશેષ આ - અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકને સૌધર્મમાં જે સ્થાને ઉત્પન્ન થનારની પલ્યોપમ સ્થિતિ કહી, તે અહીં સાતિરેક પલ્યોપમ કહેવી. ચોથા ગમકમાં અવગાહના જઘન્યથી ધનુષ્ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી સાતિરેક બે ગાઉ. બાકી તેમજ.

અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યની સ્થિતિ તેમજ કહેવી જેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની કહી છે. - - અસંખ્યાત વર્ષાયુષ્કની અવગાહના પણ જે સ્થાને એક ગાઉ છે, ત્યાં સાતિરેક એક ગાઉ કહેવી.

સંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચયોનિક મનુષ્યોની જેમ સૌધર્મમાં ઉત્પન્ન થનારની કહી, તેમ સંપૂર્ણ નવે ગમકમાં કહેવી. માત્ર - ઈશાનની સ્થિતિ અને સંવેધ જાણી લેવા.

ભગવન્ ! સનત્કુમાર દેવ ક્યાંથી આવીને ઉપજે છે ? શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિકોની સમાન કહેવો. યાવત્ - હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે સનત્કુમાર દેવમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ બાકી પરિમાણાદિથી ભવાદેશ પર્યન્ત તે જ વક્તવ્યતા કહેવી, જેમ સૌધર્મમાં ઉત્પન્ન થનારની કહી છે. માત્ર સનત્કુમારના સ્થિતિ અને સંવેધ જાણી લેવા. જેમ પોતાની કાળ જઘન્યકાળ સ્થિતિ હોય છે, તેવી ત્રણે ગમકોમાં. પહેલી પાંચ લેશ્યા કહેવી. બાકી પૂર્વવત્.

જો મનુષ્યોથી આવીને ઉપજે૦ ? શર્કરાપ્રભામાં ઉપજનાર મનુષ્યો માફક નવે ગમકો કહેવા, માત્ર સનત્કુમારની સ્થિતિ, સંવેધ જાણવા.

ભગવન્ ! માહેન્દ્રક દેવો ક્યાંથી આવીને ઉપજે ? સનત્કુમારની માફક માહેન્દ્ર દેવની વક્તવ્યતા કહેવી. વિશેષ એ - માહેન્દ્રની દેવની સ્થિતિ સાતિરેક જાણવી. - - એ રીતે બ્રહ્મલોક દેવની વક્તવ્યતા છે. વિશેષ આ - બ્રહ્મલોકની સ્થિતિ અને સંવેધ જાણવા. એ રીતે સહસ્રાર સુધી કહેવું. માત્ર સ્થિતિ અને સંવેધ જાણી લેવા. - - લાંતકાદિની જઘન્યકાળ સ્થિતિક તિર્યંચયોનિકના ત્રણે ગમકમાં છ એ લેશ્યા કહેવી. સંઘયણો બ્રહ્મલોક અને લાંતકમાં પહેલાં પાંચ, મહાશુક્ર, સહસ્રારમાં ચાર, તિર્યંચયોનિકોને અને મનુષ્યોને પણ કહેવું. બાકી પૂર્વવત્.



ભગવન્ ! આનત દેવો ક્યાંથી આવીને ઉપજે છે ? સહસ્રાર દેવો માફક ઉપપાત કહેવો. વિશેષ એ - તિર્યંચયોનિક છોડી દેવા. યાવત્ -

— ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય જે આનત દેવોમાં ઉપજવા યોગ્ય છે, તે મનુષ્યની વક્તવ્યતા સહસ્રારમાં ઉત્પન્ન થનારની માફક કહેવી. માત્ર સંઘયણ ત્રણ કહેવા. બાકી અનુબંધ સુધી પૂર્વવત્. ભવાદેશથી જઘન્યથી ત્રણ ભવ, ઉત્કૃષ્ટથી સાત ભવ ગ્રહણ. કાલાદેશથી જઘન્યથી બે વર્ષ પૃથકત્વ અધિક ૧૮-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ચાર પૂર્વ કોડી અધિક ૫૭-સાગરોપમ કાળ રહે. એ પ્રમાણે બાકીના આઠે ગમકો કહેવા. માત્ર સ્થિતિ, સંવેધ જાણી લેવા. બાકી પૂર્વવત્.

એ પ્રમાણે અચ્યુત દેવ સુધી જાણવું. માત્ર સંવેધ જાણી લેવો. ચાર સંઘયણોમાંથી આનતાદિમાં ત્રણ સંઘયણવાળા ઉપજે.

ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવો ક્યાંથી આવીને ઉપજે ? આ જ વક્તવ્યતા સંપૂર્ણ કહેવી યાવત્ અનુબંધ. વિશેષ એ કે સંઘયણ પહેલું. બાકી પૂર્વવત્. ભવાદેશથી જઘન્યથી ત્રણ ભવ અને ઉત્કૃષ્ટથી પાંચ ભવ ગ્રહણ. કાલાદેશથી બે વર્ષ પૃથકત્વ અધિક ૩૧-સાગરોપમ જઘન્યથી અને ત્રણ પૂર્વકોડી અધિક ૬૬-સાગરોપમ ઉત્કૃષ્ટથી રહે. આ પ્રમાણે બાકીના આઠે ગમકો કહેવા. માત્ર સ્થિતિ અને સંવેધ જાણવો. મનુષ્યના નવે ગમકોમાં, ગ્રૈવેયકમાં ઉત્પન્ન મનુષ્યોના ગમક સમાન કહેવું. માત્ર સંઘયણ પહેલું.

ભગવન્ ! સર્વાર્થસિદ્ધક દેવો ક્યાંથી આવીને ઉપજે છે ? ઉપપાત, વિજયાદિ દેવ માફક કહેવો. યાવત્ - હે ભગવન્ ! કેટલી કાળ સ્થિતિમાં ઉપજે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિમાં ઉપજે. બાકીનું વિજયાદિમાં ઉત્પન્ન થનાર માફક જાણવું. માત્ર ભવાદેશથી ત્રણ ભવગ્રહણ, કાલાદેશથી જઘન્યથી બે વર્ષ પૃથકત્વ અધિક ૩૩-સાગરોપમ, ઉત્કૃષ્ટથી બે પૂર્વકોડી અધિક ૩૩-સાગરોપમ, આટલો કાળ રહે.

તે જ સ્વયં જઘન્યકાળ સ્થિતિકમાં જન્મ્યો હોય, તો આ જ વક્તવ્યતા, માત્ર અવગાહના રત્નિ પૃથકત્વ, સ્થિતિ વર્ષ પૃથકત્વ, બાકી પૂર્વવત્ કહેવું. સંવેધ જાણી લેવો.

તે જ પોતાની ઉત્કૃષ્ટકાળ સ્થિતિમાં જન્મ્યો હોય તો આ જ વક્તવ્યતા. માત્ર અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેથી પૂર્વ કોડી. બાકી પૂર્વવત્ યાવત્ ભવાદેશ, કાલાદેશથી જઘન્ય ૩૩-સાગરોપમ - બે પૂર્વકોડી અધિક, ઉત્કૃષ્ટ પણ તેમજ. આટલો કાળ રહે, આટલો કાળ ગતિ-આગતિ કરે. આ સર્વાર્થસિદ્ધક દેવોના ત્રણ ગમકો છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ ગૌતમસ્વામી વિચરે છે.

● વિવેચન-૮૬૦ :-

સૌધર્મ કલ્પે પલ્યોપમથી ઓછું આયુ ન હોય, તિર્યંચને ઉત્કૃષ્ટથી ત્રણ

પલ્યોપમ આયુષ્ય જ સંભવે - x - એક તિર્યંચ અને એક દેવ એમ બે ભવમાં બે પલ્યોપમાયુ થાય, બંને આયુ ત્રણ-ત્રણ હોય તો છ પલ્યોપમ થાય. બીજા ત્રણ ગમકમાં એક ગમ જ છે. ક્ષુદ્રક ચતુષ્દાપેક્ષાએ ધનુષ્ પૃથકત્વ જઘન્યથી કહ્યું. ઉત્કૃષ્ટ બે ગાઉ કહ્યું તે ગાઉ પ્રમાણ મનુષ્ય હોય ત્યારે હાથી આદિની અપેક્ષાએ કહ્યું. - - સંખ્યાતાયુ પંચેન્દ્રિય તિર્યંચાધિકાર—

અહીં મિશ્રદૅષ્ટિનો નિષેધ કર્યો, કેમકે જઘન્ય સ્થિતિકને તે ન સંભવે, અજઘન્ય સ્થિતિવાળાને ત્રણે દૃષ્ટિ સંભવે. તે રીતે જ્ઞાનમાં જાણવું.

હવે મનુષ્યાધિકારમાં - પહેલાના ગમકોમાં બધે ધનુષ્પૃથકત્વ, જઘન્ય અવગાહના, ઉત્કૃષ્ટથી છ ગાઉ. ત્રીજા ગમમાં બંને સ્થિતિમાં ત્રણ ગાઉ. ચોથા ગમકમાં - x - બંને સ્થિતિમાં એક ગાઉ. એ રીતે બીજું પણ જાણવું.

ઈશાનક દેવાધિકારમાં - સાતિરેક કહ્યું, કેમકે તેમની સ્થિતિ જઘન્યથી સાતિરેક પલ્યોપમ હોય છે. જે સાતિરેક પલ્યોપમાયુ તિર્યંચ સુષમામાં ઉદ્ભવેલ હોય, તે ક્ષુદ્ર પ્રાણી અપેક્ષાએ જઘન્યાવગાહના ધનુષ્ પૃથકત્વ કહી. જે સાતિરેક બે ગાઉ ઉત્કૃષ્ટ અવગાહના કહી તે સાતિરેક ગાઉ પ્રમાણ મનુષ્યના કાળના હાથીની અપેક્ષાએ છે. અસંખ્યાત વર્ષાયુ મનુષ્યોની સ્થિતિ મુજબ - x - તેમની અવગાહના જાણવી.

સનત્કુમાર દેવાધિકારમાં - જઘન્ય સ્થિતિક તિર્યંચ ઉત્પન્ન થાય - x - તો તેની સ્થિતિના સામર્થ્યથી કૃષ્ણાદિ ચાર લેશ્યામાંની કોઈમાં પરિણત થઈ મરણકાળે પદ્મલેશ્યા પામી મરે. - x - તેથી પાંચ લેશ્યા કહી. લાંતકાદિમાં પણ આમ વિચારવું. છેદવર્તી સંહનનવાળાને ચાર દેવલોકોનું ગમન બંધ થાય, માટે બ્રહ્મલોકાદિમાં પાંચ સંઘયણ કહ્યા.

આનતાદિ દેવો મનુષ્યથી આવીને મનુષ્યમાં પાછા જાય છે, તેથી જઘન્યથી ત્રણ ભવ કહ્યા. ઉત્કૃષ્ટથી સાત ભવ કહ્યા. - - આનત દેવોનું ઉત્કૃષ્ટથી ૧૯ સાગરોપમ આયુ છે. તે ત્રણ ભવથી ૫૭-સાગરોપમ અને ચાર મનુષ્યભવનું ચાર પૂર્વ કોટી આયુ અધિક છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૪નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૨૫ 卐

— x — x —

૦ શતક-૨૪ની વ્યાખ્યા કરી, હવે ૨૫-મું આરંભે છે. તેના આ સંબંધ છે - પૂર્વના શતકમાં ઉત્પાદાદિ દ્વારે જીવને વિચાર્યા, અહીં લેશ્યાદિથી —

**● સૂત્ર-૮૬૧ :-**

***લેશ્યા, દ્રવ્ય, સંસ્થાન, યુગ્મ, પર્યવ, નિર્ગ્રન્થ, શ્રમણ, ઓઘ, ભવ્ય, અભવ્ય, સમ્યક્, મિથ્યા આ બાર ઉદ્દેશા અહીં છે.***

**● વિવેચન-૮૬૧ :-**

(૧) લેશ્યા - લેશ્યાદિ પદાર્થો કહેવા. - x - (૨) દ્રવ્ય-દ્રવ્યો કહે છે (૩) સંસ્થાન-સંસ્થાનાદિ પદાર્થ (૪) યુગ્મ-કૃતયુગ્માદિના અર્થો. (૫) પર્યવ-પર્યવ વિવેચના, (૬) નિર્ગ્રન્થ - પુલાકાદિ નિર્ગ્રન્થો, (૭) શ્રમણ-સામાયિકાદિ સંયત આદિ પદાર્થો, (૮) ઓઘ-નારકાદિ જે રીતે ઉત્પન્ન થાય તેમ કહેવા. કઈ રીતે ? ઓઘે - સામાન્યથી વર્તમાન ભવ્ય, અભવ્યાદિ વિશેષણથી અવિશેષિત, (૯) ભવ્ય - ભવ્ય વિશેષણા નારકાદિ જે રીતે ઉત્પન્ન થાય તે કહે છે, (૧૦) અભવ્ય-અભવ્યત્વમાં વર્તતા, (૧૧) સમ્યક્-સમ્યગ્દૃષ્ટિ વિશેષણા (૧૨) મિથ્યા-મિથ્યાત્વમાં વર્તમાન.

આ રીતે આ પચીસમાં શતકમાં બાર ઉદ્દેશા છે.

### ❀ ઉદ્દેશો-૧-"લેશ્યા" ❀

— x — x —

૦ તેમાં પહેલા ઉદ્દેશાની વ્યાખ્યા કરે છે, તેનું આ પહેલું સૂત્ર.

**● સૂત્ર-૮૬૨ :-**

***તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? ગૌતમ ! છ. તે આ - કૃષ્ણલેશ્યા આદિ, જેમ શતક-૧, ઉદ્દેશો-૨-માં કહ્યા મુજબ લેશ્યા વિભાગ, અલ્પબહુત્વ યાવત્ ચાર પ્રકારના દેવોનું મીશ્ર અલ્પબહુત્વ સુધી જાણવું.***

**● વિવેચન-૮૬૨ :-**

જેમ પહેલા શતકમાં૦ - ભગવન્ ! આ જીવો સલેશ્ય, કૃષ્ણલેશ્ય ઈત્યાદિ, ક્યાં સુધી તે કહેવું — ચતુર્વિધ દેવોના૦ આદિ. તે આ રીતે - ભગવન્ ! આ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવોના અને દેવીના કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? પ્રથમ શતકમાં આ સ્વરૂપ કહ્યું છે, તો પણ પ્રસ્તાવથી આવેલ હોવાથી અહીં કહે છે — આ સંસાર સમાપન્ન જીવોનું યોગ અલ્પબહુત્વ કહ્યું. તેના પ્રસ્તાવથી લેશ્યા અલ્પબહુત્વ પ્રકરણ કહ્યું.

હવે આ જીવોનું યોગ અલ્પબહુત્વ કહે છે —

**● સૂત્ર-૮૬૩ :-**

***સંસારી જીવ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! ચૌદ પ્રકારે છે. તે આ — ૧-સૂક્ષ્મ અપર્યાપ્તક, ૨-સૂક્ષ્મ પર્યાપ્તક, ૩-બાદર અપર્યાપ્તક, ૪-બાદર પર્યાપ્તક,***

*૫-બેઈન્દ્રિય અપર્યાપ્તક, ૬-બેઈન્દ્રિય પર્યાપ્તક, ૭-૮, એ રીતે તેઈન્દ્રિય, ૯-૧૦ એ રીતે ચતુરિન્દ્રિય, ૧૧-અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તક, ૧૨-અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક, ૧૩-૧૪ એ રીતે સંજ્ઞી પંચેન્દ્રિય.*

*ભગવન્ ! આ ચૌદ સંસારી જીવોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગની અપેક્ષાએ કોન કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! (૧) સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્ત જઘન્ય યોગ. (૨) તેથી બાદર અપર્યાપ્તક જઘન્ય યોગ અસંખ્યાતગણા, (૩) તેથી બેઈન્દ્રિય અપર્યાપ્તક જઘન્ય યોગ અસંખ્યાત ગણા, (૪) એ રીતે તેઈન્દ્રિયના. (૫) એ રીતે ચતુરિન્દ્રિયના. (૬) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તના જઘન્ય યોગ તેથી અસંખ્યાતગણા છે — તેથી —*

*(૭) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તકના જઘન્ય યોગ અસંખ્યાતગણા. (૮) તેથી સૂક્ષ્મ પર્યાપ્તા જઘન્ય યોગ અસંખ્યાતગણા, (૯) બાદર પર્યાપ્તકના જઘન્ય યોગ તેથી અસંખ્યાતગણા, (૧૦) તેથી સૂક્ષ્મ અપર્યાપ્તના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા. (૧૧) તેથી બાદર અપર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગણા. (૧૨) તેથી સૂક્ષ્મ પર્યાપ્તના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા, (૧૩) બાદર પર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા, (૧૪) બેઈન્દ્રિય પર્યાપ્તાના જઘન્ય યોગ અસંખ્યાતગણા, (૧૫ થી ૧૮) એ રીતે તેઈન્દ્રિય યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તકના યોગ અસંખ્યાતગણા. — તેથી —*

*(૧૯) બેઈન્દ્રિય અપર્યાપ્તાના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા. (૨૦) એ રીતે તેઈન્દ્રિયના, (૨૧) એ રીતે ચતુરિન્દ્રિયના, (૨૨-૨૩) એ રીતે યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા. (૨૪) તેથી બેઈન્દ્રિય પર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા, (૨૫) એ રીતે તેઈન્દ્રિય પર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા. (૨૬) ચતુરિન્દ્રિય પર્યાપ્તકના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા, (૨૭) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા. (૨૮) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણા.*

**● વિવેચન-૮૬૩ :-**

सुहुम - સૂક્ષ્મનામ કર્મોદયથી, अपज्जत्तग - અપર્યાપ્તક નામ કર્મોદયથી - x - बायर - બાદર નામ કર્મોદયથી. આ ચારે જીવ ભેદો પૃથ્વી આદિ એકેન્દ્રિયોના છે. जघन्य - નિકૃષ્ટ, કોઈ વ્યક્તિને આશ્રીને, તે જ બીજી વ્યક્તિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય તે જઘન્યોત્કર્ષ. તેના યોગ-વીર્યાંતરાય ક્ષયોપશમાદિ સમુત્થ કાયાદિ પરિસ્પંદના આ યોગના ૧૪-જીવસ્થાન સંબંધથી જઘન્ય-ઉત્કર્ષથી ૨૮ ભેદના અલ્પબહુત્વાદિ જીવસ્થાનકથી છે.

તેમાં સૌથી થોડા આદિ - સૂક્ષ્મ પૃથ્વી આદિના સૂક્ષ્મપણાથી શરીરના, તેના પણ અપર્યાપ્તકત્વથી અસંપૂર્ણપણાથી, તેમાં પણ જઘન્ય વિવક્ષિતત્વથી બધાં કહેવાનાર યોગોથી, સૌથી થોડો જઘન્ય યોગ છે. તે વળી વૈગ્રહિક, કાર્મણ, ઔદારિક પુદ્‌ગલ ગ્રહણ પ્રથમ સમયવર્તી છે. તે પછી સમયવૃદ્ધિથી અજઘન્યોત્કૃષ્ટ યાવત્ સર્વોત્કૃષ્ટ



ન થાય.

બાદર જીવના પૃથ્વી આદિ અપર્યાપ્તક જીવનો જઘન્ય યોગ પૂર્વોક્ત અપેક્ષાથી અસંખ્યાદ ગુણવૃદ્ધિમાં બાદરત્વથી છે. એ રીતે આગળ પણ અસંખ્યાતગુણત્વ કહેવું. અહીં જો કે પર્યાપ્તક તેઈન્દ્રિય ઉત્કૃષ્ટકાયની અપેક્ષાથી પર્યાપ્તક બેઈન્દ્રિયોના સંજ્ઞી અને અસંજ્ઞીના પંચેન્દ્રિયોની ઉત્કૃષ્ટ કાયના સંખ્યાતગુણ થાય છે, કેમકે સંખ્યાતયોજન પ્રમાણત્વથી છે તો પણ અહીં યોગના પરિસ્પંદના વિવક્ષિતત્વથી અને તેના ક્ષયોપશમ વિશેષ સામર્થ્યથી યથોક્ત અસંખ્યાતગુણત્વ એ વિરુદ્ધ નથી. - x -

**● સૂત્ર-૮૬૪ :-**

*ભગવન્ ! પ્રથમ સમયમાં ઉત્પન્ન બે નૈરયિક સમયોગી હોય છે કે વિષમ યોગી ? ગૌતમ ! કદાચ સમયોગી - કદાચ વિષમયોગી. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! આહારક નારકથી અનાહારક નારક અને અનાહારક નારકથી આહારક નારક કદાચિત્ હીનયોગી, કદાચ તુલ્યયોગી, કદાચ અધિક યોગી છે. - - જો હીન હોય તો અસંખ્યાત ભાગ હીન કે સંખ્યાતભાગ હીન કે સંખ્યાતગુણહીન કે અસંખ્યાતગુણહીન હોય. જો અધિક હોય તો અસંખ્યાત ભાગ અધિક, સંખ્યાતભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય છે. તેથી એમ કહ્યું કે — યાવત્ કદાચ વિષમયોગી હોય. આ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

**● વિવેચન-૮૬૪ :-**

જે બે પ્રથમ સમયમાં ઉત્પન્ન હોય તે પ્રથમ સમય ઉત્પન્ન, અહીં ઉત્પત્તિ તે નરકક્ષેત્ર પ્રાપ્તિ. તે બંનેને વિગ્રહથી કે ઋજુગતિથી અથવા એકને વિગ્રહગતિ અને બીજાને ઋજુગતિ, જેને સમ કે વિષમ યોગ વર્તે છે તે. નારકને આશ્રીને આહારક કે અનાહારક હોય. કઈ રીતે ?

જે નારક વિગ્રહગતિ અભાવે આવીને આહારક જ ઉત્પન્ન થાય તે નિરંતર આહારક, તેની અપેક્ષાએ વિગ્રહગતિમાં અનાહારક થઈને જે ઉત્પન્ન થાય તે હીન છે, પૂર્વે અનાહારકપણે ઉપચિતત્વથી અને હીનયોગત્વથી વિષમયોગી થાય છે. બંને સમાન સમયે વિગ્રહ કે ઋજુગતિથી આવીને ઉપજે તો બંને તુલ્ય છે, સમયોગી થાય છે. - x - x - એ રીતે અધિકતા અને તુલ્યતા પણ બતાવી છે - યોગાધિકારથી જ આગળ કહે છે —

**● સૂત્ર-૮૬૫ :-**

*ભગવન્ ! યોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! ૧૫-ભેદે. તે આ - સત્ય મનોયોગ, મૃષા મનોયોગ, સત્યામૃષા મનોયોગ, અસત્યામૃષા મનોયોગ, સત્ય વચનયોગ, મૃષા વચનયોગ, સત્યામૃષા વચનયોગ, અસત્યામૃષા વચનયોગ, ઔદારિક શરીર કાયયોગ, ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, વૈક્રિય શરીર કાય યોગ, વૈક્રિય મીશ્ર શરીર કાયયોગ, આહારક શરીર કાયયોગ, આહારક મીશ્ર શરીર કાયયોગ, કાર્મણ શરીર કાયયોગ.*

*ભગવન્ ! આ પંદર પ્રકારના કાયયોગમાં જઘન્ય-ઉત્કૃષ્ટમાં કોન કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! (૧) સૌથી થોડા કાર્મણશરીર જઘન્યયોગી, (૨) ઔદારિક મિશ્ર જઘન્યયોગ અસંખ્યાતા, (૩) વૈક્રિય મિશ્ર જઘન્યયોગી અસંખ્યાતા, (૪) ઔદારિક શરીરના જઘન્યયોગી અસંખ્યાતા.*

*— (૫) વૈક્રિય શરીરના જઘન્ય યોગી અસંખ્યાતા, (૬) કાર્મણશરીરના ઉત્કૃષ્ટ યોગી અસંખ્યાતા, (૭) આહારક મીશ્રના જઘન્ય યોગી અસંખ્યાતા, (૮) તેના જ ઉત્કૃષ્ટાયોગી અસંખ્યાતા, (૯) ઔદારિક મીશ્રના, (૧૦) વૈક્રિય મિશ્રના, આ છેલ્લા બંને યોગ ઉત્કૃષ્ટથી તુલ્ય અને અસંખ્યાતા, (૧૧) અસત્યામૃષા મનોયોગના જઘન્ય યોગી અસંખ્યાતા, (૧૨) આહારક શરીરના જઘન્ય યોગી અસંખ્યાતા, (૧૩ થી ૧૫) તેનાથી ત્રણ પ્રકારના મનોયોગના, (૧૬ થી ૧૯) ચાર પ્રકારના વચન યોગના, આ સાતે તુલ્ય જઘન્ય યોગ અસંખ્યાતા.*

*— (૨૦) આહારક શરીરના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતા, (૨૧ થી ૩૦) ઔદારિક શરીરના, વૈક્રિય શરીર, ચાર મનોયોગ અને ચાર વચનયોગ આ દશે તુલ્ય ઉત્કૃષ્ટ યોગમાં અસંખ્યાતગુણા છે - ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૮૬૫ :-**

યોગોનું અલ્પબહુત્વ બીજા પ્રકારે કહે છે, યોગ પરિસ્પંદ છે.

## ❀ ઉદ્દેશો-૨-"દ્રવ્ય" ❀

— x — x —

ઉદ્દેશા-૧-માં જીવદ્રવ્યના લેશ્યાદિ પરિમાણ કહ્યા, અહીં તેના ભેદો —

**● સૂત્ર-૮૬૬ :-**

*ભગવન્ ! કેટલા દ્રવ્યો છે ? ગૌતમ ! બે ભેદે. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય. - - ભગવન્ ! અજીવદ્રવ્યો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે રૂપી અજીવદ્રવ્યો, અરૂપી અજીવદ્રવ્યો. એ રીતે આ અભિલાપથી, અજીવપર્યાય મુજબ યાવત્ હે ગૌતમ ! તેમ કહ્યું છે કે — અજીવદ્રવ્ય સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પણ અનંત છે.*

*ભગવન્ ! જીવ દ્રવ્યો શું સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! તે સંખ્યાત કે અસંખ્યાત નથી, પણ અનંત છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ જીવદ્રવ્ય અનંત છે ? ગૌતમ ! નૈરયિક અસંખ્યાત છે યાવત્ વાયુકાયિક અસંખ્યાત છે, વનસ્પતિકાય અનંત છે. બેઈન્દ્રિય યાવત્ વૈમાનિક અસંખ્યાત છે, સિદ્ધો અનંત છે. તેથી જીવો અનંતા કહ્યા.*

**● વિવેચન-૮૬૬ :-**

પ્રજ્ઞાપનાના વિશેષ નામે પાંચમાં પદમાં જીવપર્યવો કહ્યા છે, તે રીતે અહીં અજીવદ્રવ્ય સૂત્રો કહેવા. તે આ રીતે — ભગવન્ ! અરૂપી અજીવ દ્રવ્યો કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે - ધર્માસ્તિકાયાદિ. - - ભગવન્ ! રૂપી અજીવદ્રવ્યો કેટલા



ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે -સ્કંધ આદિ ભગવન્ ! તે સંખ્યતા, અસંખ્યાતા કે અનંતા છે ? ગૌતમ ! અનંતા છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! અનંતા પરમાણુ, અનંતા દ્વિપ્રદેશી સ્કંધ ઈત્યાદિ છે માટે.

દ્રવ્ય અધિકારથી જ આ કહે છે —

**● સૂત્ર-૮૬૭ :-**

*ભગવન્ ! જીવદ્રવ્યોના પરિભોગમાં અજીવદ્રવ્યો આવે છે કે અજીવ દ્રવ્યોના પરિભોગમાં જીવદ્રવ્યો આવે છે ? ગૌતમ ! અજીવદ્રવ્યો, જીવ દ્રવ્યોના પરિભોગમાં આવે છે, અજીવદ્રવ્યોના પરિભોગમાં જીવદ્રવ્યો ન આવે. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! જીવદ્રવ્યો, અજીવદ્રવ્યોને ગ્રહણ કરે છે. કરીને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ (શરીરરૂપે), શ્રોત્ર યાવત્ સ્પર્શ ઈન્દ્રિયરૂપે, મન-વચન-કાય યોગરૂપે અને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવે છે. તેથી એમ કહ્યું કે યાવત્ ઉપભોગમાં આવે છે.*

*ભગવન્ ! નૈરયિકોને અજીવદ્રવ્યો પરિભોગમાં આવે કે અજીવ દ્રવ્યોને નૈરયિકો પરિભોગમાં આવે ? ગૌતમ ! નૈરયિકોને અજીવદ્રવ્યો પરિભોગમાં આવે, અજીવ દ્રવ્યોને નૈરયિકો પરિભોગમાં ન આવે. એમ કેમ ? ગૌતમ ! નૈરયિકો અજીવ દ્રવ્યોને ગ્રહણ કરીને વૈક્રિય-તૈજસ-કાર્મણ, શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવે છે, તેથી એમ કહ્યું છે, હે ગૌતમ ! વૈમાનિક સુધી આમ જાણવું. વિશેષ એ કે — શરીર, ઈન્દ્રિય, યોગો જેને જે હોય તે કહેવા.*

**● વિવેચન-૮૬૭ :-**

જીવદ્રવ્ય સચેતનત્વથી પરિભોજક છે, અજીવ દ્રવ્ય અચેતન હોવાથી પરિભોગ્ય છે. - - દ્રવ્યાધિકારથી જ આ કહે છે —

**● સૂત્ર-૮૬૮ :-**

*ભગવન્ ! અસંખ્ય લોક આકાશમાં અનંત દ્રવ્યો રહી શકે ? ગૌતમ ! હા, રહી શકે. - - ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં કેટલી દિશાથી આવીને પુદ્ગલો એકત્રિત થાય છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતથી છ એ દિશાથી, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશા, કદાચ ચાર દિશા, કદાચ પાંચ દિશામાંથી. - - ભગવન્ ! લોકના એક આકાશ પ્રદેશમાં કેટલી દિશામાં પુદ્ગલો પૃથક્ થાય ? પૂર્વવત્. એ રીતે ઉપચિત થાય, અપચિત થાય.*

**● વિવેચન-૮૬૮ :-**

असंखेज्ज - અસંખ્યાત પ્રદેશાત્મક, अणंताइं दव्वाइं - જીવ, પરમાણુ આદિ. - x - भत्तव्य - ભરી શકે, ધારણીય. પૂછતા આ અભિપ્રાય છે - અસંખ્યાત પ્રદેશાત્મક લોકાકાશમાં અનંતા દ્રવ્યો કઈ રીતે રહે ? હા. તેમના અનંતપણા છતાં આ અવસ્થાન કહ્યું. પ્રતિનિયત આકાશમાં પ્રદીપની પ્રભાના પુદ્ગલો રહે, તે રીતે પુદ્ગલ સામર્થ્યથી અહીં પણ અસંખ્યાત લોકમાં રહે. તથાવિધ પરિણામથી તેઓનું આ અવસ્થાન કહ્યું. - x -

અસંખ્યાત લોકમાં અનંત દ્રવ્યોનું અવસ્થાન કહ્યું. તે એક પ્રદેશમાં ચય-અપચયાદિવત્ થાય છે. - x -

કેટલી દિશામાંથી પુદ્‌ગલો આવીને એક આકાશ પ્રદેશમાં એકત્રિત થાય, પૃથક્ થાય. સ્કંધરૂપ પુદ્‌ગલો બીજા પુદ્‌ગલોના સંપર્કથી ઉપચિત થાય, સ્કંધરૂપ જ પ્રદેશ વિઘટનથી અપચીય થાય.

• **સૂત્ર-૮૬૯ :-**

***ભગવન્ ! જીવે જે પુદ્‌ગલ દ્રવ્યોને ઔદારિક શરીરપણે ગ્રહણ કરે છે, તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ? ગૌતમ ! સ્થિતને પણ ગ્રહે, અસ્થિતને પણ ગ્રહે. - - ભગવન્ ! તે દ્રવ્યોને શું દ્રવ્યથી ગ્રહણ કરે કે ક્ષેત્રથી - કાલથી - ભાવથી ગ્રહણ કરે ? ગૌતમ ! દ્રવ્યથી પણ ગ્રહણ કરે, ક્ષેત્રથી - કાળથી અને ભાવથી પણ ગ્રહણ કરે.***

***તેમાં દ્રવ્યથી અનંતપ્રદેશિક દ્રવ્યોને, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશ અવગાઢને, એ પ્રમાણે જેમ પન્નવણાના પહેલા આહારુદ્દેશકમાં યાવત્ નિર્વ્યાઘાતથી છ એ દિશામાંથી, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશામાંથી, કદાચ ચાર દિશામાંથી, કદાચ પાંચ દિશામાંથી ગ્રહણ કરે.***

***ભગવન્ ! જીવ, જે દ્રવ્યોને વૈક્રિય શરીરપણે ગ્રહણ કરે, તેને શું સ્થિતને ગ્રહે કે અસ્થિતને ? પૂર્વવત્. વિશેષ એ - છ એ દિશામાંથી ગ્રહણ કરે. એ પ્રમાણે આહારકશરીરના વિષયમાં પણ જાણવું.***

***ભગવન્ ! જીવ, જે દ્રવ્યોને તૈજસ શરીરપણે ગ્રહે૦ પ્રશ્ન ? ગૌતમ ! સ્થિતને ગ્રહણ કરે, અસ્થિતને નહીં. બાકી ઔદારિક શરીરની માફક જાણવું. કાર્મણ શરીરમાં પણ એમ જ જાણવું - યાવત્ - ભાવથી પણ ગ્રહે.***

***જે દ્રવ્યોને દ્રવ્યથી ગ્રહે, તે શું એક પ્રદેશિકને ગ્રહે કે દ્વિપ્રદેશિકને ગ્રહે ? જેમ ભાષાપદમાં કહ્યું તેમ કહેવું યાવત્ અનુપૂર્વીથી ગ્રહણ કરે, અનાનુપૂર્વીથી નહીં (સુધી કહેવું)***

***ભગવન્ ! તેને કેટલી દિશાથી ગ્રહણ કરે ? ગૌતમ ! નિર્વ્યાઘાત હોય તો ઔદારિકની માફક ઈત્યાદિ કહેવું.***

***ભગવન્ ! જીવ, જે દ્રવ્યોને શ્રોત્રેન્દ્રિયપણે ગ્રહણ કરે૦ ? જેમ વૈક્રિય શરીરમાં કહ્યું તેમ કહેલું એમ યાવત્ જીહ્વેન્દ્રિય પર્યન્ત જાણવું. સ્પર્શ ઈન્દ્રિયના વિષયમાં ઔદારિક શરીર માફક કહેવું. - - મનોયોગના વિષયમાં કાર્મણ શરીર માફક કહેવું. માત્ર નિયમા છ દિશામાંથી ગ્રહે. આ પ્રમાણે વચનયોગના વિષયમાં પણ કહેવું. કાયયોગને ઔદારિક શરીરવત્ કહેવું.***

***ભગવન્ ! જીવ, જે દ્રવ્યને શ્વાસોચ્છ્‌વાસપણે ગ્રહણ કરે, તો ઔદારિક શરીર માફક કહેવું યાવત્ કદાચ પાંચ દિશાથી આવેલને ગ્રહે.***

***ભગવન્ ! તે એમ જ છે. (૨). કોઈ ચોવીશે દંડકોમાં આ પદોને કહે છે, પણ જેને જે હોય તે કહેવા.***





• **વિવેચન-૮૬૯ :-**

ઠિયાઇં - શું જીવ પ્રદેશ અવગાઢ ક્ષેત્રના અભ્યંતરવર્તી અને અસ્થિત - તેની પછી વર્તતા, તેને ઔદારિક શરીર પરિણામ વિશેષથી ખેંચીને ગ્રહણ કરે છે. બીજા કહે છે — જે કંપે છે, તે સ્થિત અને તેથી વિપરીત તે અસ્થિત.

શું દ્રવ્યને આશ્રીને ગ્રહણ કરે ? ક્ષેત્ર આશ્રિત અર્થાત્ કેટલા પ્રદેશ અવગાઢ ? - - વૈક્રિય શરીર અધિકારમાં - નિયમા છ દિશામાંથી. તેનો અભિપ્રાય આ છે - વૈક્રિય શરીરી પ્રાયઃ પંચેન્દ્રિય જ હોય. તે ત્રસનાડી મધ્યે જ હોય, ત્યાં છ એ દિશા અલોકથી અનાવૃત્ત હોય છે, તેથી આમ કહ્યું. જે વાયુકાયિક છે, તે ત્રસનાડી બહાર પણ વૈક્રિયશરીરી હોય છે, તે અહીં વિવક્ષિત નથી, કેમકે અપ્રધાન છે. અથવા લોકાંતે તે ન સંભવે.

તૈજસ સૂત્રમાં - જીવ અવગાહ ક્ષેત્ર અભ્યંતરી ભૂતને જ ગ્રહણ કરે છે. તેની અંદર વર્તતાને ન ગ્રહણ કરે, તેના આકર્ષ પરિણામનો અભાવ છે. અથવા સ્થિત અર્થાત્ સ્થિરને ગ્રહણ કરે, અસ્થિત અર્થાત્ અસ્થિરને ન ગ્રહણ કરે, કેમકે તથાવિધ સ્વભાવ છે. जहा भासापदे० જેમ પ્રજ્ઞાપનાના અગિયારમાં પદમાં છે, તેમ કહેવું. તે ત્રણ પ્રદેશ યાવત્ અનંતપ્રદેશને ગ્રહે.

શ્રોત્રેન્દ્રિય સૂત્રમાં - જેમ વૈક્રિય શરીર દ્રવ્ય ગ્રહણ સ્થિત-અસ્થિત દ્રવ્ય વિષય અને છ દિશા કહ્યું, તેમ અહીં પણ જાણવું. શ્રોત્રેન્દ્રિય દ્રવ્ય ગ્રહણ નાડી મધ્યે જ છે, તેમાં કદાચ ત્રણ દિશા આદિ છે - x -

સ્પર્શનેન્દ્રિય જેમ ઔદારિક શરીરમાં કહ્યું તેમ, અર્થાત્ જેમ ઔદારિક શરીરમાં સ્થિતાસ્થિત, છ દિશાથી આવેલ કહ્યું તેમ અહીં કહેવું.

મનોયોગપણે, કાર્મણની માફક દ્રવ્યો ગ્રહણ કરે અર્થાત્ સ્થિત દ્રવ્યો જ ગ્રહણ કરે. માત્ર અહીં નિયમા છ દિશાથી કહેવું. કેમકે મનોદ્રવ્યોનું ગ્રહણ નાડી મધ્યે જ થાય, અ ત્રસોને તે હોતું નથી. વાગ્‌દ્રવ્ય તેમજ જાણવું.

કાય યોગ દ્રવ્યો સ્થિત-અસ્થિત છ દિશાથી આવેલ ગ્રહે છે.

केइ આદિ. તેમાં પાંચ શરીરો, પાંચ ઈન્દ્રિયો, ૧૩-મનોયોગાદિ, આનપ્રાણ. બધાં ચૌદે પદો, તેને આશ્રિત ચૌદ દંડકો થાય છે.

## ઉદ્દેશ-૩-"સંસ્થાન"

— x — x —

૦ બીજા ઉદ્દેશામાં દ્રવ્યો કહ્યા, તેમાં પુદ્‌ગલો કહ્યા. તે પ્રાયઃ સંસ્થાનવાળાને હોય છે, તેથી અહીં સંસ્થાનોને કહે છે —

• **સૂત્ર-૮૭૦ :-**

***ભગવન્ ! સંસ્થાનો કેટલા છે ? ગૌતમ ! છ — પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત, અનિત્થંસ્થ.***

***ભગવન્ ! પરિમંડલ સંસ્થાન, દ્રવ્યાર્થતાથી સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! સંખ્યાત, અસંખ્યાત નથી. પણ અનંત છે.***

*ભગવન્ ! વૃત્ત સંસ્થાન૦ એ પ્રમાણે જ એ પ્રમાણે યાવત્ અનિસ્થંત્થ જાણવું. એ પ્રમાણે પ્રદેશાર્થતાથી [દ્રવ્યપ્રદેશાર્થતાથી] પણ કહેવું.*

*ભગવન્ ! આ પરિમંડલ-વૃત્ત-ચતુરસ્ર-આયત-અનિસ્થંત્થ સંસ્થાનોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થતાથી, દ્રવ્યપ્રદેશાર્થતાથી કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી અલ્પ પરિમંડલ સંસ્થાન દ્રવ્યાર્થપણે, વૃત્ત સંસ્થાન દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણું, ચતુરસ્ર સંસ્થાન દ્રવ્યાર્થપણે સંખ્યાતગણું, ત્રસ સંસ્થાન દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણું, આયત સંસ્થાન દ્રવ્યાર્થપણે સંખ્યાતગણું, અનિસ્થંત્થ સંસ્થાન દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણું છે. પ્રદેશાર્થતાથી સૌથી અલ્પ પરિમંડલ સંસ્થાન પ્રદેશાર્થતાથી, વૃત્ત સંસ્થાન સંખ્યાતગણું, એ રીતે દ્રવ્યાર્થતા માફક પ્રદેશાર્થતાએ કહેવું. યાવત્ અનિસ્થંત્થ સંસ્થાન પ્રદેશાર્થતાએ અસંખ્યાતગણું છે.*

*દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી સૌથી અલ્પ પરિમંડલ સંસ્થાન દ્રવ્યાર્થપણે, આદિ પૂર્વવત્ ગમક કહેવો યાવત્ અનિસ્થંત્થ સંસ્થાન દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણું, દ્રવ્યાર્થરૂપ અનિસ્થંત્થ સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણું, વૃત્ત સંસ્થાન પ્રદેશાર્થતાથી સંખ્યાતગણું, તે જ પ્રદેશાર્થતાથી આદિ ગમક પૂર્વવત્ યાવત્ અનિસ્થંત્થ સંસ્થાન પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણું છે.*

● **વિવેચન-૮૭૦ :-**

સંસ્થાન-સ્કંધનો આકાર, अनित्थंत्थ - જે પ્રકારે પરિમંડલાદિ રહે છે, તેનાથી વ્યતિરિક્ત તે અનિસ્થંસ્થ. - - પરિમંડલ સંસ્થાનવાળા દ્રવ્યો, હે ભગવન્ !૦ ? दव्वट्ठयाए - દ્રવ્યરૂપ અર્થને આશ્રીને, पएसट्ठयाए - પ્રદેશ રૂપ અર્થને આશ્રીને, दव्वट्ठपएसट्ठयाए - તદુભયને આશ્રીને.

જે સંસ્થાન, જે સંસ્થાનની અપેક્ષાએ ઘણાં પ્રદેશ અવગાહી છે, તે તેની અપેક્ષાએ તથાવિધ સ્વભાવથી અલ્પ હોય છે. તેમાં પરિમંડલ સંસ્થાન જઘન્યથી વીશ પ્રદેશ અવગાહથી ઘણાં પ્રદેશ અવગાહી છે. વૃત્ત-ચતુરસ્ર-ત્ર્યસ્ર, આયત તે ક્રમથી જઘન્યથી પાંચ-ચાર-ત્રણ-બે પ્રદેશ અવગાહીત્વથી અલ્પપ્રદેશ અવગાહી છે. તેથી બધાંથી ઘણાં પ્રદેશના અવગાહીપણાથી પરિમંડલ સંસ્થાન બધાંથી અલ્પ છે, બાકીના તેથી ક્રમપૂર્વક - x - x - કહ્યા.

અનિસ્થંસ્થ સંસ્થાનવાળા પરિમંડલાદિના દ્વયાદિ સંયોગથી નિષ્પન્નત્વથી તેના કરતાં ઘણાં એમ કરીને અસંખ્યાતગણા પૂર્વના કરતાં કહ્યા. પ્રદેશાર્થ ચિંતામાં તો દ્રવ્યાનુસારીત્વથી પ્રદેશોનું પૂર્વવત્ અલ્પબહુત્વ કહેવું. એ રીતે દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ વિચારણામાં પણ કહેવું. વિશેષ આ પ્રમાણે - દ્રવ્યથી અનિત્થંસ્થથી પરિમંડલ, પ્રદેશથી અસંખ્યેયગણું કહેવું. સંસ્થાનની સામાન્ય પ્રરૂપણા કરી, હવે રત્નપ્રભાદિ અપેક્ષાએ પ્રરૂપણા કરે છે.

● **સૂત્ર-૮૭૧ :-**

*ભગવન્ ! સંસ્થાનો કેટલા છે ? ગૌતમ ! પાંચ-પરિમંડલ યાવત્ આયત. - - ભગવન્ ! પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત નથી, અનંત છે.*



*ભગવન્ ! વૃત્ત સંસ્થાન, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ? ગૌતમ ! એ પ્રમાણે પૂર્વવત્ આયત સુધી કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં પરિમંડલ સંસ્થાન સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! સંખ્યાત, અસંખ્યાત નથી, અનંત છે. ભગવન્ ! વૃત્ત સંસ્થાન૦ ? એ પ્રમાણે પૂર્વવત્ યાવત્ આયત૦ કહેવું.*

*ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીમાં પરિમંડલ સંસ્થાન, એ પ્રમાણે જ છે, આ રીતે પૂર્વવત્ આયત સુધી કહેવું. એ રીતે અધઃસપ્તમી સુધી છે.*

*ભગવન્ ! સૌધર્મ કલ્પમાં પરિમંડલ સંસ્થાન એ પ્રમાણે જ છે, એ રીતે યાવત્ અચ્યુત સુધી કહેવું. - - ભગવન્ ગ્રૈવેયક વિમાને ? એ પ્રમાણે જ કહેવું. એ રીતે અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા સુધી કહેવું.*

*ભગવન્ ! જ્યાં એક પરિમંડલ સંસ્થાન યવાકાર છે ત્યાં બીજા પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! સંખ્યાત, અસંખ્યાત નથી પણ અનંત છે. - - ભગવન્ ! વૃત્ત સંસ્થાન૦ ? અનંત છે, એ પ્રમાણે આયત સુધી કહેવું.*

*ભગવન્ ! જ્યાં એક વૃત્ત સંસ્થાન યવાકાર છે, ત્યાં પરિમંડલ સંસ્થાન કેટલા છે ? પૂર્વવત્ જાણવું. અનેક વૃત્ત સંસ્થાન હોય, ત્યાં પણ એમ જ છે, યાવત્ આયત. એ રીતે એક-એક સંસ્થાન સાથે પાંચે પણ વિચારવા. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં જ્યાં એક પરિમંડલ સંસ્થાન યવાકાર છે, ત્યાં બીજા પરિમંડલ સંસ્થાન શું સંખ્યાતા૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાતા-અસંખ્યાતા નથી, અનંતા છે.*

*ભગવન્ ! વૃત્ત સંસ્થાન૦ શું સંખ્યાતા૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાતા-અસંખ્યાતા નથી, અનંતા છે, એ પ્રમાણે યાવત્ આયત કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભામાં જ્યાં યવાકાર એક વૃત્ત સંસ્થાન છે, ત્યાં પરિમંડલ સંસ્થાન શું સંખ્યાતા૦ પ્રશ્ન ? ગૌતમ ! સંખ્યાતા, અસંખ્યાતા નથી, અનંતા છે. વૃત્ત સંસ્થાન એ પ્રમાણે જ છે. એ રીતે આયત સુધી કહેવું. એ પ્રમાણે ફરી પણ એક એક સંસ્થાન સાથે પાંચેનો પણ સંબંધ જોડવા. જે રીતે નીચેના કહ્યા તેમ યાવત્ 'આયત' સુધી કહેવું. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી, એ રીતે કલ્પોમાં પણ યાવત્ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધી કહેવું.*

● **વિવેચન-૮૭૧ :-**

આ છટ્ઠા સંસ્થાનના અન્ય સંયોગ નિષ્પન્નત્વથી તેની વિવક્ષા કરી નથી, તેથી પાંચ જ કહ્યા છે, હવે બીજા પ્રકારે તેને કહે છે —

સર્વે પણ આ લોક પરિમંડલ સંસ્થાન દ્રવ્યથી નિરંતર દ્રવ્યોથી નિરંતર વ્યાપ્ત છે, તેમાં કલ્પના વડે જે જે તુલ્ય પ્રદેશને અવગાહીને તુલ્ય પ્રદેશો તુલ્ય વર્ણાદિ પર્યવો પરિમંડલ સંસ્થાનવાળા દ્રવ્યો છે. તેની-તેની એક પંક્તિ સ્થાપે છે. એ રીતે

એક એક જાતિયમાં એક એક પંક્તિમાં ઉત્તરાર્ધ વડે નિક્ષેપ કરતા અલ્પબહુત્વ ભાવથી યવાકાર પરિમંડલ સંસ્થાન સમુદાય થાય છે. તેમાં જઘન્ય પ્રદેશિક દ્રવ્યોના વસ્તુ સ્વભાવથી અલ્પપણાથી આદ્ય પંક્તિ હ્રસ્વ છે, તેથી બાકીના ક્રમે બહુ-બહુતરત્વથી દીર્ઘ-દીર્ઘતર, પછી બીજા ક્રમથી અલ્પતરત્વથી હ્રસ્વ હ્રસ્વતર જ યાવત્ ઉત્કૃષ્ટ પ્રદેશોના અલ્પત્વથી હ્રસ્વતમ જ છે, એ રીતે તુલ્ય વડે તેનાથી બીજા પરિમંડલ દ્રવ્યોથી યવાકાર ક્ષેત્રની રચના થાય. ઈત્યાદિ - x - x - जवमज्झ - યવાકાર - x - x - પૂર્વોક્ત સંસ્થાન પ્રરૂપણા રત્નપ્રભાદિ ભેદથી કહે છે, સંસ્થાનોને જ પ્રદેશથી કહે છે —

**● સૂત્ર-૮૭૨ :-**

*ભગવન્ ! વૃત્ત સંસ્થાન કેટલા પ્રદેશવાળુ અને કેટલાં પ્રદેશ અવગાઢ છે ? ગૌતમ ! વૃત્ત સંસ્થાન બે ભેદે - ઘનવૃત્ત અને પ્રતરવૃત્ત. તેમાં જે પ્રતરવૃત્ત છે, તે બે ભેદે - ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી પંચ પ્રદેશી અને પંચ પ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશી અને અસંખ્ય પ્રદેશાવગાઢ છે. તેમાં જે યુગ્મ પ્રદેશી છે, તે જઘન્યથી બાર પ્રદેશી અને બાર પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી અને અનંત પ્રદેશાવગાઢ છે. તેમાં જે ઘનવૃત્ત છે તે બે ભેદે છે - ઓજ પ્રદેશી અને યુગ્મપ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી સપ્તપ્રદેશી અને સપ્તપ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી, અસંખ્યપ્રદેશાવગાઢ છે.*

*તેમાં જે યુગ્મપ્રદેશી છે, તે જઘન્યથી બત્રીશ પ્રદેશી, બત્રીશ પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી, અસંખ્ય પ્રદેશાવગાઢ છે.*

*ભગવન્ ! ત્ર્યસ્ર સંસ્થાન કેટલાં પ્રદેશી, કેટલા પ્રદેશાવગાઢ છે ? ગૌતમ ! ત્ર્યસ્ર સંસ્થાન બે ભેદે - ઘન ત્ર્યસ્ર, પ્રતરત્ર્યસ્ર. તેમાં જે પ્રતર ત્ર્યસ્ર છે, તે બે ભેદે - ઓજ પ્રદેશી, યુગ્મ પ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી ત્રિપ્રદેશી, ત્રિપ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી અને અસંખ્ય પ્રદેશાવગાઢ છે, તેમાં જે યુગ્મપ્રદેશી છે, તે જઘન્યથી છ પ્રદેશી, છ પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી, અસંખ્ય પ્રદેશાવગાઢ છે. તેમાં જે ઘન ત્ર્યસ્ર છે, તે બે ભેદે છે - ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી ૩૫-પ્રદેશી, ૩૫-પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશી અને અસંખ્ય પ્રદેશાવગાઢ છે. તેમાં જે યુગ્મ પ્રદેશી છે, તે જઘન્યથી ચાર પ્રદેશી, ચાર પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી પૂર્વવત્.*

*ભગવન્ ! ચતુરસ્ર સંસ્થાન કેટલા પ્રદેશી અને કેટલા પ્રદેશ અવગાઢ છે ? ગૌતમ ! ચતુરસ્ર સંસ્થાન બે ભેદે - ઈત્યાદિ જેમ વૃત્ત સંસ્થાનમાં કહ્યું યાવત્ તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી નવ પ્રદેશી અને નવ પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશી, અસંખ્યપ્રદેશાવગાઢ છે તેમાં જે યુગ્મપ્રદેશી છે તે જઘન્યથી ચતુઃપ્રદેશી ચતુઃપ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશી, અનંત*



*પ્રદેશાવગાઢ છે. તેમાં જે ઘનચતુરસ્ર છે, તે બે ભેદે - ઓજ પ્રદેશી, યુગ્મ પ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે તે જઘન્યથી ૨૭-પ્રદેશી, ૨૭-પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી પૂર્વવત્ છે. જે યુગ્મ પ્રદેશી છે, તે જઘન્યથી અષ્ટ પ્રદેશી, અષ્ટ પ્રદેશાવગાઢ છે આદિ - x -*

*ભગવન્ ! આયત સંસ્થાન કેટલા પ્રદેશી, કેટલા પ્રદેશ અવગાઢ છે ? ગૌતમ ! આયત સંસ્થાન ત્રણ ભેદે છે - શ્રેણિ આયત, પ્રતર આયત, ઘન આયત. તેમાં જે શ્રેણિ આયત છે, તે બે ભેદે છે - ઓજ પ્રદેશી, યુગ્મ પ્રદેશી. તેમાં જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી ત્રિપ્રદેશી, ત્રિપ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી પૂર્વવત્. જે યુગ્મ પ્રદેશી છે. તે જઘન્યથી દ્વિપ્રદેશી, દ્વિપ્રદેશ-અવગાઢ છે, ઉત્કૃષ્ટથી પૂર્વવત્. જે પ્રતર પ્રદેશી છે, તે બે ભેદે છે - ઓજ પ્રદેશી અને યુગ્મ પ્રદેશી. જે ઓજપ્રદેશી છે, તે જઘન્યથી ૧૫-પ્રદેશી, ૧૫-પ્રદેશાવગાઢ છે, ઉત્કૃષ્ટથી પૂર્વવત્. જે યુગ્મપ્રદેશી છે તે જઘન્યથી છ પ્રદેશી, છ પ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી પૂર્વવત્. તેમાં જે ઘનાયત છે તે બે ભેદે છે - ઓજપ્રદેશી, યુગ્મપ્રદેશી. જે ઓજ પ્રદેશી છે, તે જઘન્યથી ૪૫-પ્રદેશી, ૪૫-પ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી પૂર્વવત્. જે યુગ્મ પ્રદેશી છે, તે જઘન્યથી ૧૨-પ્રદેશી અને ૧૨-પ્રદેશ અવગાઢ છે. ઉત્કૃષ્ટથી પૂર્વવત્ છે.*

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન કેટલા પ્રદેશી છે ? પ્રશ્ન. ગૌતમ ! પરિમંડલ સંસ્થાન બે ભેદે છે - ઘન પરિમંડલ, પ્રતર પરિમંડલ. તેમાં જે પ્રતર પરિમંડલ છે, તે જઘન્યથી ૨૦-પ્રદેશી, ૨૦-પ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી પૂર્વવત્. જે ઘનપરિમંડલ છે તે જઘન્યથી ૪૦-પ્રદેશી, ૪૦-પ્રદેશાવગાઢ છે. ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશી, અસંખ્ય-પ્રદેશાવગાઢ છે.*

**● વિવેચન-૮૭૨ :-**

પૂર્વે પરિમંડલને પહેલા કહેલું, તો તે છોડીને અહીં વૃત્તાદિ ક્રમથી કેમ નિરૂપણ કરે છે ? વૃત્તાદિ ચારે પણ પ્રત્યેક સમસંખ્ય-વિષમસંખ્ય પ્રદેશવાળા હોવાથી તેમના સાધર્મ્યને કારણે તેનો પૂર્વે ન્યાસ કર્યો. પરિમંડલમાં તેનો અભાવ છે. અથવા આ સૂત્રની ગતિનું વૈચિત્ર્ય છે.

ઘનવૃત્ત તે ચોતરફથી સમઘનવૃત્ત, મોદકવત્ છે. પ્રતરવૃત્ત તે બાહલ્યથી હીન છે, તેથી મંડક (રોટલા) માફક પ્રતરવૃત્ત છે.

ઓજ પ્રદેશી - વિષમ સંખ્ય પ્રદેશ નિષ્પન્ન, યુગ્મપ્રદેશી - સમ સંખ્ય પ્રદેશ નિષ્પન્ન છે. ઓજપ્રદેશી પ્રતરવૃત્ત જઘન્યથી પંચ અણુકાત્મક પંચ પ્રદેશ અવગાઢ છે, ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશિક અને અસંખ્ય પ્રદેશ અવગાઢ છે, કેમકે લોકના પ્રદેશ અસંખ્ય છે. - x - x - x - x - *[પછી વૃત્તિકારે આ પ્રતરની સ્થાપના અને આકૃતિ બતાવી છે, તે વૃત્તિમાં જોવી. અમોએ અહીં આકૃતિ બનાવી નથી, કેમકે આકૃતિનો અનુવાદ ન હોય.]*

*[હવે વૃત્તિમાં અક્ષરશઃ અનુવાદ ન કરતા આકૃતિ અને સ્થાપના સિવાયની માત્ર વિશિષ્ટ વૃત્તિ આ પ્રમાણે છે—]*

શ્રેણ્યાયત - પ્રદેશ શ્રેણિરૂપ, પ્રતરાયત - કૃત્ત વિષ્કંભ બે શ્રેણીરૂપ, ઘનાયત - બાહલ્ય, વિષ્કંભયુક્ત અનેક શ્રેણીરૂપ.

પરિમંડલ૦ ઈત્યાદિ. અહીં ઓજ-યુગ્મ બે ભેદ નથી. યુગ્મરૂપત્વથી પરિમંડલના એક રૂપત્વથી છે. - - હવે બીજા પ્રકારે સંસ્થાન કહે છે —

● **સૂત્ર-૮૭૩ :-**

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન, દ્રવ્યાર્થતાથી શું કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ છે ? ગૌતમ ! તે કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજ છે. ભગવન્ ! વૃત્ત સંસ્થાન દ્રવ્યાર્થતાથી ? પૂર્વવત્. યાવત્ આયત (સંસ્થાન સુધી આમ કહેવું.)*

*ભગવન્ ! અનેક પરિમંડલ સંસ્થાનો દ્રવ્યાર્થતાથી શું કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ છે ? ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ, કદાચ ત્ર્યોજ, કદાચ દ્વાપરયુગ્મ, કદાચ કલ્યોજ છે. વિધાનાદેશથી કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજ છે. એ રીતે આયત સુધી કહેવું.*

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન પ્રદેશાર્થતાથી શું કૃતયુગ્મ છે આદિ પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ, કદાચ ત્ર્યોજ, કદાચ દ્વાપરયુગ્મ, કદાચ કલ્યોજ છે. એ પ્રમાણે આયત સુધી જાણવું.*

*ભગવન્ ! અનેક પરિમંડલ સંસ્થાનો પ્રદેશાર્થતાથી શું કૃતયુગ્મ છે ? પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે. વિધાનાદેશથી કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ એ ચારે પણ છે. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી કહેવું.*

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે કે યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢ છે ? ગૌતમ ! કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. - - ભગવન્ ! વૃત્ત સંસ્થાન શું કૃતયુગ્મ૦ છે ? પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે. કદાચ ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે, દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ નથી, કલ્યોજ૦ કદાચ છે.*

*ભગવન્ ! ત્ર્યસ્ર સંસ્થાન૦ પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃત્યુગ્મ પ્રદેશાવગાઢ યાવત્ દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ છે. કલ્યોજ૦ નથી.*

*ભગવન્ ! ચતુરસ્ર સંસ્થાન૦ વૃત્ત સંસ્થાનવત્ કહેવું.*

*ભગવન્ ! આયત૦ પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ યાવત્ કદાચ કલ્યોજ પ્રદેશાવગાઢ. - - ભગવન્ ! પરિમંડલ સંસ્થાન શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી અને વિધાનાદેશથી પણ, કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. - - ભગવન્ ! વૃત્ત સંસ્થાન શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, પણ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ પ્રદેશાવગાઢ નથી.*

*ત્ર્યસ્ર સંસ્થાન, ભગવન્ ! કૃતયુગ્મ૦ છે પ્રશ્ન. ગૌતમ ! ઓઘ આદેશથી*



*કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ અને ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે, પણ દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. - - ચતુરસ્રને વૃત્ત માફક કહેવું. ભગવન્ ! આયત સંસ્થાન૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ પણ છે યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢ પણ છે.*

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન શું કૃતયુગ્મ સમય સ્થિતિક છે, ત્ર્યોજ સમય સ્થિતિક છે, દ્વાપરયુગ્મ સમય સ્થિતિક છે કે કલ્યોજ સમય સ્થિતિક છે ? ગૌતમ ! કદાચ કૃતયુગ્મ સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ સમય સ્થિતિક છે. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું.*

*ભગવન્ ! અનેક પરિમંડલ સંસ્થાનો શું કૃતયુગ્મ સમય સ્થિતિક છે૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ સમય સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ સમય સ્થિતિક છે. વિધાનાદેશથી કૃતયુગ્મ સ્થિતિક પણ છે. યાવત્ કલ્યોજ સમય સ્થિતિક પણ છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન.*

*ભગવન્ ! પરિમંડલ સંસ્થાન કાળાવર્ણ પર્યાયથી કૃતયુગ્મ છે યાવત્ કલ્યોજ છે ? ગૌતમ ! કદાચ કૃતયુગ્મ ઈત્યાદિ પૂર્વવત્. આ પ્રમાણે આ અભિલાપથી સ્થિતિ અનુસાર કહેવું, આ રીતે નીલવર્ણ પર્યાયથી છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શમાં કહેવું. - x -*

● **વિવેચન-૮૭૩ :-**

પરિમંડલ, દ્રવ્યાર્થતાથી એક જ દ્રવ્ય છે, એક પરિમંડલના ચાર અપહાર નથી, તેથી એકત્વ વિચારણામાં કૃતયુગ્માદિ વ્યપદેશ કરેલ નથી, પણ કલ્યોજ વ્યપદેશ જ છે. પૃથક્ત્વ વિચારણામાં કદાચ ચતુષ્કાપહારથી નિચ્છેદતા થવાથી આ પરિમંડલ થાય, કદાચ ત્રણ, કદાચ બે, કદાચ એક શેષ વધે, તેથી ચારે ભેદ કહ્યા. તે સામાન્યથી કહ્યું, વિધાનાદેશથી જે સમુદિતના એક-એકના આદેશથી તે કલ્યોજ યુક્ત જ છે.

હવે પ્રદેશાર્થ વિચારણામાં - પરિમંડલ સંસ્થાન, પ્રદેશાર્થથી ૨૦-આદિ ક્ષેત્ર પ્રદેશમાં જે પ્રદેશો પરિમંડલ સંસ્થાન નિષ્પાદક છે તે અપેક્ષાએ છે. તે પ્રદેશના ચતુષ્ક અપહારથી ચાર શેષ રહેતા કૃતયુગ્મ છે. ત્રણ શેષ રહે તો ત્ર્યોજ, એ પ્રમાણે દ્વાપર અને કલ્યોજ. કેમકે એકત્ર પ્રદેશમાં ઘણા અણુ અવગાહે છે - - હવે અવગાહ પ્રદેશ નિરૂપવા કહે છે — પરિમંડલે૦ આદિ - x -

વૃત્ત૦ - જે પ્રતરવૃત્ત બાર પ્રદેશી, ઘનવૃત્ત બત્રીશપ્રદેશી કહ્યું તે ચતુષ્ક અપહારથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ, જે ઘનવૃત્ત સાત પ્રદેશી કહ્યું તે ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે. જો પંચપ્રદેશી કહે તો કલ્યોજ પ્રદેશાવગાઢ છે.

જો ઘન ત્ર્યસ્ર ચતુષ્કપ્રદેશી હોય તો કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે. જો પ્રતર ત્ર્યસ્ર ત્રિપ્રદેશાવગાઢ હોય તો ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે અને ઘન ત્ર્યસ્ર રૂપ પ્રદેશાવગાઢ છે,

તો ત્રણ શેષ રહેતા ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે. જો પ્રતર ત્ર્યસ્ર છ પ્રદેશી હોય, તો બે શેષથી દ્વાપર પ્રદેશાવગાઢ છે.

ચતુરસ્ર, વૃત્ત માફક કહેવું. તેથી કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ, કદાચ ત્ર્યોજ પ્રદેશાવગાઢ, કદાચ કલ્યોજ પ્રદેશાવગાઢ છે. જો પ્રતર ચતુરસ્ર ચતુષ્પ્રદેશી, ઘનચતુરસ્ર આઠ પ્રદેશી છે, તો ચાર શેષથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ તથા જો ઘનચતુરસ્ર ૨૭ પ્રદેશિક છે, તો ત્રણ શેષથી ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે. જો પ્રતર ચતુરસ્ર નવપ્રદેશી હોય તો એક શેષથી કલ્યોજ પ્રદેશાવગાઢ છે.

આયત૦ જે ઘનાયત બાર પ્રદેશી હોય તો કૃતયુગ્મ પ્રદેશાવગાઢ આદિ - x - જે શ્રેણી આયત ત્રિપ્રદેશાવગાઢ, જે પ્રતરાયત ૧૫-પ્રદેશી હોય તે ત્રણ શેષથી ત્ર્યોજ પ્રદેશાવગાઢ છે. એ રીતે - x - દ્વાપર યુગ્માદિ જાણવા.

એ પ્રમાણે એકત્વથી પ્રદેશાવગાઢને આશ્રીને સંસ્થાનની વિચારણા. પૃથક્ત્વથી તેની જ તે પ્રમાણે વિચારણા સૂત્રમાં કરી છે. ओघादेसेण० સામાન્યથી સમસ્ત પરિમંડલ, विहाणादेसथी - ભેદથી, એક-એક પરિમંડલ. કૃતયુગ્મ પ્રદેશાવગાઢ ૨૦,૪૦ આદિ પ્રદેશાવગાહીત્વથી જાણવા.

વૃત્ત સંસ્થાન સ્કંધ સામાન્યથી વિચારતા કૃતયુગ્મપ્રદેશાવગાઢ તેના બધાં પ્રદેશોના મળવાથી ચતુષ્ક અપહારથી, ચાર શેષ રહેવાથી. વિધાનાદેશથી વળી દ્વાપર પ્રદેશાવગાઢ વર્જીને બાકીના અવગાઢ કહેવા. પૂર્વોક્ત પાંચ, સાત આદિમાં ચતુષ્કાપહારમાં બે શેષ રહેતી નથી. - x -

આ રીતે ત્ર્યસ્રાદિ સંસ્થાન સૂત્રો પણ વિચારવા.

આ પ્રમાણે ક્ષેત્રથી એકત્વ, પૃથક્ત્વ વડે સંસ્થાન વિચાર્યા. હવે તેને જ કાળથી અને ભાવથી વિચારે છે - પરિમંડલ સંસ્થાન વડે પરિણત સ્કંધ કેટલો કાળ રહે ? શું ચતુષ્કાપહારથી તે કાળના સમય ચાર-ત્રણ-બે કે એક શેષ રહે છે ? સર્વે સંભવે છે.

અહીં વૃદ્ધોક્ત ગાથા છે — પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત. ઘનપ્રતર પ્રથમ વર્જીને ઓજ પ્રદેશ અને યુગ્મમાં છે. પાંચ, બાર, સાત, બત્રીશ વૃત્તમાં અને ત્રણ, છ, પાત્રીશ, ચાર ત્ર્યસ્રમાં છે. નવ, ચાર, સત્તાવીશ, આઠ ચતુરસ્રમાં. ત્રણ-બે-પંદર-છ એ આયતમાં હોય છે. પાંચ-ચાલીશ-બાર-છ પ્રદેશો આયતમાં હોય. પરિમંડલ સંસ્થાનમાં વીશ, ચાર પ્રદેશ પરિમાણ હોય છે. આયતમાં બધી રાશિ લેવી, પરિમંડલમાં કૃતયુગ્મ-ત્ર્યસ્ર-કલિ વર્જવું. બાકીમાં દ્વાપરયુગ્મ વર્જવું.

- x - લોકના તે પ્રમાણે જ પરિમાણ નિરૂપણાર્થે કહે છે —

● **સૂત્ર-૮૭૪ :-**

***ભગવન્ ! શ્રેણીઓ દ્રવ્યાર્થરૂપે સંખ્યાત છે, અસંખ્યાત છે, અનંતા છે ? ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત નથી, અનંત છે.***

***ભગવન્ ! પૂર્વ-પશ્ચિમમાં શ્રેણીઓ દ્રવ્યાર્થથી શું સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? પૂર્વવત્. એ રીતે દક્ષિણોત્તર, ઉર્ધ્વ-અધો જાણવું.***



***ભગવન્ ! પૂર્વ-પશ્ચિમ લોકાકાશ શ્રેણી દ્રવ્યાર્થતાથી શું સંખ્યાત૦ છે ? - પૂર્વવત્. એ રીતે દક્ષિણ-ઉત્તર, ઉર્ધ્વ-અધો જાણવું.***

***ભગવન્ ! અલોકાકાશ શ્રેણી દ્રવ્યાર્થથી શું સંખ્યાત, અસંખ્યાત કે અનંત છે ? ગૌતમ ! સંખ્યાત, અસંખ્યાત નથી, અનંત છે. એ પ્રમાણે પૂર્વ-પશ્ચિમ, દક્ષિણ-ઉત્તર, ઉર્ધ્વ-અધોદિશામાં જાણવું.***

***ભગવન્ ! શ્રેણી પ્રદેશાર્થથી શું સંખ્યાત૦ છે ? દ્રવ્યાર્થતામાં જેમ કહ્યું, તેમ પ્રદેશાર્થતામાં કહેવું. યાવત્ ઉર્ધ્વ-અધો બધી અનંત છે.***

***ભગવન્ ! લોકાકાશ શ્રેણી પ્રદેશાર્થતાથી શું સંખ્યાત૦ છે ? ગૌતમ ! કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત છે, પણ અનંત નથી. એ રીતે પૂર્વ-પશ્ચિમ, દક્ષિણ-ઉત્તર પણ જાણવી, ઉર્ધ્વ-અધોદિશા શ્રેણી સંખ્યાત નથી, અસંખ્યાત છે, પણ અનંત નથી.***

***ભગવન્ ! અલોકાકાશ શ્રેણી પ્રદેશાર્થતાથી૦ પૃચ્છા. ગૌતમ ! કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંત છે. - - ભગવન્ ! પૂર્વ-પશ્ચિમ અલોકાકાશ શ્રેણી૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત, અસંખ્યાત નથી, પણ અનંત છે. એ રીતે દક્ષિણ-ઉત્તર પણ જાણવી. - - ઉર્ધ્વ અધો૦પૃચ્છા. ગૌતમ ! કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંત.***

● **વિવેચન-૮૭૪ :-**

શ્રેણી શબ્દથી જો કે પંક્તિ માત્ર કહેવાય, તો પણ અહીં ‘‘આકાશ પ્રદેશ પંક્તિ’’ અર્થ શ્રેણીથી લેવો. તેમાં શ્રેણી અવિવક્ષિત લોક-અલોક ભેદત્વથી સામાન્યા છે, તથા તે જ પૂર્વ-પશ્ચિમ લાંબી, દક્ષિણ-ઉત્તર લાંબી, ઉર્ધ્વ-અધો લાંબી છે. તથા લોક અને અલોક સંબંધી છે.

સામાન્ય શ્રેણી પ્રશ્નમાં સામાન્ય આકાશાસ્તિકાયની શ્રેણીની વિવક્ષાથી તે અનંત છે. લોકાકાશ શ્રેણી પ્રશ્ને અસંખ્યાતા જ છે. - x - અલોકાકાશ શ્રેણી પ્રશ્નમાં ફરી તે અનંત કહી કેમકે અલોકાકાશ અનંત છે.

લોકાકાશ શ્રેણી પ્રદેશાર્થતાથી કદાચ સંખ્યાત કે અસંખ્યાત. ચૂર્ણિકાર કહે છે — લોકના વૃત્તથી નીકળીને અલોકમાં પ્રવિષ્ટ દંતકની જે શ્રેણી. તે બે-ત્રણ પ્રદેશી પણ સંભવે છે, તેથી તેના સંખ્યાત પ્રદેશો પણ હોય, બાકી અસંખ્યાત પ્રદેશો હોય, ટીકાકાર આક્ષેપ પરિહાર કરતા કહે છે —

લોકમાં કૃતયુગ્મવર્ત્તિ જઘન્ય પરિમંડલ કહ્યું, તિર્છી લાંબી શ્રેણીમાં સંખ્યેય પ્રદેશતા કઈ રીતે ? બે-બે દિશામાં એક એક વિદિશામાં આ કૃતયુગ્મ છે, તેની પહેલા પરિમંડલથી લોકાંત સુધી વૃદ્ધિ છે. એ રીતે લોકની અષ્ટાંશતા પ્રસજ્ય છે, પરિમંડલતા નહીં, તેથી કૃતયુગ્મમાં વૃદ્ધિ કહી. આ પ્રમાણે લોકવૃત્ત પર્યન્ત શ્રેણી સંખ્યાત પ્રદેશિકા થાય છે. લોકપ્રદેશના અનંતત્વના અભાવે ‘नो अणंताओ’ કહેલ છે. ઉર્ધ્વ-અધો લોકાંત - x - પ્રતિઘાતથી તે અસંખ્યાત પ્રદેશ જ છે. - x - તેથી જ સૂત્રવચનથી કહ્યું.

અલોકાકાશ શ્રેણી પ્રદેશાર્થતાથી કદાચ સંખ્યાત આદિ કહ્યું તે બધું ક્ષુલ્લ પ્રતર પ્રત્યાસન્ન ઉર્ધ્વ-અધો લાંબી અધોલોક શ્રેણીને આશ્રીને કહેવું. તે જ આદિમાં સંખ્યાત, પછી અસંખ્યાત પ્રદેશ, પછી અનંત છે. તીર્છી લાંબી અલોક શ્રેણી પ્રદેશથી અનંત જ હોય.

● સૂત્ર-૮૭૫ થી ૮૮૦ :-

*[૮૭૫] ભગવન્ ! શું શ્રેણિઓ (૧) સાદિ-સાંત છે ?, (૨) સાદિ-અનંત છે ? (૩) અનાદિ સાંત છે ? (૪) અનાદિ-અનંત છે ? ગૌતમ ! સાદિ-સાંત નથી, સાદી-અનંત નથી, અનાદિ-સાંત નથી, પણ અનાદિ-અનંત છે. એ પ્રમાણે ઉર્ધ્વ-અધો લાંબી શ્રેણી સુધી જાણવું.*

*ભગવન્ ! લોકાકાશ શ્રેણી શું સાદી-સાંત છે ? પ્રશ્ન. ગૌતમ ! સાદિ-સાંત છે, સાદિ-અનંત નથી, અનાદિ સાંત નથી, અનાદિ અનંત નથી. આ પ્રમાણે ઉર્ધ્વ-અધો લાંબી શ્રેણી સુધી જાણવું.*

*ભગવન્ ! અલોકાકાશ શ્રેણી, શું સાદિ-સાંત છે ? પ્રશ્ન. ગૌતમ ! (૧) કદાચ સાદિ-સાંત, (૨) કદાચ સાદિ-અનંત, (૩) કદાચ અનાદિ-સાંત, (૪) કદાચ અનાદિ-અનંત હોય. પૂર્વ-પશ્ચિમ લાંબી, દક્ષિણ-ઉત્તર લાંબી એ પ્રમાણે જ છે. વિશેષ એ કે - સાદિ સાંત નથી, કદાચ સાદિ-અનંત હોય, બાકી પૂર્વવત્. ઉર્ધ્વ અધો લાંબી યાવત્ ઔધિકવત્ ચાર ભંગ.*

*ભગવન્ ! શ્રેણીઓ દ્રવ્યાર્થતાથી શું કૃતયુગ્મ, ત્ર્યોજ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ કે કલ્યોજ નથી. એ રીતે યાવત્ ઉર્ધ્વ-અધો લાંબી કહેવી. લોકાકાશ, અલોકાકાશ શ્રેણી એમ જ છે.*

*ભગવન્ ! શ્રેણી પદેશાર્થતાથી શું કૃતયુગ્મ છે૦ પ્રશ્ન ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ ઉર્ધ્વ-અધો લાંબી જાણવી.*

*ભગવન્ ! લોકાકાશ શ્રેણી, પ્રદેશાર્થતાથી પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ, ત્ર્યોજ નહીં, કદાચ દ્વાપરયુગ્મ, કલ્યોજ નહીં. એ રીતે પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણ લાંબીમાં જાણવું. - - ઉર્ધ્વ-અધો લાંબીમાં પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ છે, ત્ર્યોજ-દ્વાપર યુગ્મ-કલ્યોજ નથી.*

*ભગવન્ ! અલોકાકાશ શ્રેણી પ્રદેશાર્થતાએ પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. પૂર્વ-પશ્ચિમ લાંબી, દક્ષિણ-ઉત્તર લાંબી એ પ્રમાણે જાણવી. ઉર્ધ્વ-અધો પણ તેમજ, માત્ર કલ્યોજ નહીં.*

*[૮૭૬] ભગવન્ ! શ્રેણિઓ કેટલી છે ? ગૌતમ ! સાત. તે આ — ઋજ્વાયતા, એકતોવક્રા, ઉભયતોવક્રા, એકતઃખા, ઉભયતઃખા, ચક્રવાલ અને અર્ધચક્રવાલ. - - ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલની ગતિ અનુશ્રેણિ હોય કે વિશ્રેણિ ગતિ હોય ? ગૌતમ ! અનુશ્રેણિ ગતિ પ્રવર્તે. વિશ્રેણિ ગતિ ન પ્રવર્તે. - - ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધની ગતિ અનુશ્રેણી પ્રવર્તે કે વિશ્રેણી પ્રવર્તે ? પૂર્વવત્. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*



*ભગવન્ ! નૈરયિકોની ગતિ અનુશ્રેણિ પ્રવર્તે કે વિશ્રેણી ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

*[૮૭૭] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસ છે ? ગૌતમ ! ૩૦ લાખ. પહેલા શતકના પાંચમા ઉદ્દેશા પ્રમાણે બધું કહેવું. અનુત્તર વિમાન પર્યન્ત આ કહેવું.*

*[૮૭૮] ભગવન્ ! ગણિપિટક કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બાર અંગરૂપ ગણિપિટક છે. તે આ - આચાર યાવત્ દૃષ્ટિવાદ. તે આચાર શું છે ? આચારમાં શ્રમણ-નિર્ગ્રન્થોના આચાર, ગોચર૦ એ પ્રમાણે અંગ પ્રરૂપણા કહેવી, જેમ 'નંદી'માં કહી છે. [તેમ કહેવી.]*

*[૮૭૯] સર્વ પ્રથમ સૂત્રાર્થ કહેવો. બીજામાં નિર્યુક્તિ મીશ્રિત અર્થ કહેવો, ત્રીજામાં સંપૂર્ણ અર્થ કહેવો, આ અનુયોગ વિધિ છે.*

*[૮૮૦] ભગવન્ ! આ નૈરયિક યાવત્ દેવ અને સિદ્ધ, આ પાંચે ગતિમાં સંક્ષેપથી કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! અલ્પબહુત્વ "બહુવક્તવ્યતા" પદ મુજબ કહેવી. આઠ ગતિનું અલ્પબહુત્વ પણ કહેવું. - - - ભગવન્ ! આ સઈન્દ્રિય, એકેન્દ્રિય યાવત્ અનિન્દ્રિયમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે. અહીં પણ "બહુવક્તવ્યતા" પદ અનુસાર ઔધિક પદ કહેવું. - - સકાયિકનું અલ્પબહુત્વ પણ ઔધિક પદ અનુસાર કહેવું. - - - ભગવન્ ! આ જીવો, પુદ્‌ગલો યાવત્ સર્વ પર્યાયોમાં કોણ કોનાથી યાવત્ "બહુવક્તવ્યતા" પદ મુજબ યાવત્ આયુકર્મના અબંધક જીવો વિશેષાધિક છે - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૮૭૫ થી ૮૮૦ :-

અહીં વિશેષણ રહિત 'શ્રેણિ' શબ્દથી લોક અને અલોકમાં તે બધાંનું ગ્રહણ કરવું. સર્વ ગ્રહણથી તે અનાદિ અનંત એવો એક ભંગ સ્વીકાર્યો, બાકીના ત્રણ ભંગનો નિષેધ કર્યો. લોકાકાશ શ્રેણિ આદિમાં આદિ સાંત એ એક ભંગ બધાં શ્રેણી ભેદમાં સ્વીકાર્યો, બાકીનાનો નિષેધ કર્યો, કેમકે લોકાકાશ પરિમિત છે. અલોકાકાશ શ્રેણિ આદિમાં "કદાચ સાદિ સાંત" પહેલો ભંગ ક્ષુલ્લક પ્રતરથી ઉર્ધ્વ લાંબી શ્રેણી આશ્રિને જાણવો. 'કદાચ સાદિ અનંત' ભંગ લોકાંતથી આરંભી વધે જાણવો. "કદાચ અનાદિ સાંત" ભંગ લોકાંત નજીકની શ્રેણીના અંતથી વિવક્ષિત છે. "કદાચ અનાદિ અનંત" લોકને છોડીને બીજી શ્રેણી અપેક્ષાએ છે. પૂર્વ-પશ્ચિમ શ્રેણીમાં અલોકમાં તીર્છા શ્રેણીની સાદિ છે પણ અંત નથી. - x -

કૃતયુગ્મ કઈ રીતે ? વસ્તુ સ્વભાવથી - એ રીતે બધે.

લોકાકાશ શ્રેણીની પ્રદેશાર્થતા કહી, તેમાં "કદાચ કૃતયુગ્મ" આદિ કહ્યું, તે આ રીતે — અર્ધ રુચકથી આરંભી જે પૂર્વ કે દક્ષિણ લોકાર્દ્ધ છે, તે બીજાથી તુલ્યવાળું છે, પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ-ઉત્તર શ્રેણી સમસંખ્ય પ્રદેશી છે, તે કદાચ કૃતયુગ્મ, કદાચ દ્વાપરયુગ્મ હોય પણ ત્ર્યોજ કે કલ્યોજ ન હોય. અસત્ કલ્પનાથી

દક્ષિણ પૂર્વ રૂચક પ્રદેશથી જે શ્રેણી તે ૧૦૦ પ્રદેશ હોય, એ જ રીતે પશ્ચિમ દક્ષિણની હોય, તો ચતુષ્ક અપહારમાં કૃતયુગ્મતા થાય. જો તે - x - x - ૯૯ પ્રદેશમાન હોય તો બંને - x - ના ૯૯ના સંયોગથી ચતુષ્કાપહારમાં - x - દ્વાપર યુગ્મતા આવે. આ પ્રમાણે બીજી લોકશ્રેણિમાં પણ ભાવના કરવી.

અહીં સંગ્રહગાથા છે - તીર્છી લાંબી શ્રેણી લોકના સંખ્યાત કે અસંખ્યાતમાં કૃતયુગ્મા છે. ઉર્ધ્વ-અધો લાંબી અસંખ્યાતમાં કૃતયુગ્મા છે.

અલોકાકાશ શ્રેણીમાં પ્રદેશ આદિમાં ''કદાચ કૃતયુગ્મ'' તે બે ક્ષુલ્લક પ્રતરના સામીપ્યથી તીર્છી શ્રેણી જે લોકને સ્પર્શ્યા વિના રહી છે તે વસ્તુ સ્વભાવથી કૃતયુગ્મ છે. જે બે ક્ષુલ્લક પ્રતરના અધઃસ્તન કે ઉપરિતન પ્રતરથી છે તે ત્ર્યોજ છે - x - x - એ પ્રમાણે તેના અંતરમાંથી શરૂ થયેલ તે દ્વાપરયુગ્મ. તેના અંતરમાંથી શરૂ થયેલ તે કલ્યોજા. યથા સંભવ કહેવી.

આ બે ક્ષુલ્લક પ્રતરથી ઉત્થિત ઉર્ધ્વ લાંબી તે દ્વાપરયુગ્મ, ત્યાંથી ઉર્ધ્વ અને અધો એક એક પ્રદેશ વૃદ્ધિથી કૃતયુગ્મ, ક્વચિત્ એક પ્રદેશ વૃદ્ધિ અન્યત્ર વૃદ્ધિ અભાવથી ત્ર્યોજ. કલ્યોજ અહીં ન સંભવે તેવો સ્વભાવ છે.

હવે પ્રકારાંતરથી શ્રેણી પ્રરૂપણા કરે છે - શ્રેણી - જીવ અને પુદ્ગલ સંચરણ વિશેષિત પ્રદેશ પંક્તિ. તેમાં ઋજુ એવી લાંબી તે ઋજ્વાયતા, જેમાં જીવો આદિ ઉર્ધ્વ લોકથી અધોલોકમાં ઋજુપણે જાય છે. એક દિશામાં વક્ર-જેમાં જીવ, પુદ્ગલો ઋજુ જઈને 'વક્ર' - બીજી શ્રેણીથી જાય. જેમાં બે વાર વક્ર કરે તે દ્વિધાવક્રા, આમાં ઉર્ધ્વક્ષેત્રથી અગ્નિદિશા અને અધોક્ષેત્રથી વાયવ્ય દિશામાં જઈને જે ઉત્પન્ન થાય, તેને હોય છે - x - x -

જેમાં જીવ કે પુદ્ગલો નાડીથી ડાબા પડખેથી તેમાં પ્રવેશીને ત્યાં જ જઈને ફરી ડાબા પડખેથી ઉત્પન્ન થાય, તે 'એકતઃખા', એક દિશામાં જ વામાદિ પાર્શ્વ લક્ષણમાં ख - આકાશ અર્થાત્ લોકનાડી વ્યતિરિક્ત. આ બે, ત્રણ, ચાર વક્રયુક્ત ક્ષેત્ર વિશેષાશ્રિત ભેદોથી કહેલી છે.

નાડીના ડાબા પડખેથી નાડીમાં પ્રવેશીને ત્યાં જ જઈને એના જ દક્ષિણ પડખાદિમાં ઉત્પન્ન થાય, તે ''દ્વિધા ખા''. તે નાડીની બહાર ડાબુ-દક્ષિણ પડખાના બંને આકાશને સ્પૃષ્ટ થાય છે.

ચક્રવાલ-મંડલ, જે મંડલ વડે ભમીને પરમાણુ આદિ ઉપજે તે ચક્રવાલા. અર્દ્ધ ચક્રવાલ, તે ચક્રવાલના અડધા રૂપ છે.

શ્રેણીઓ કહી, તેને જ આશ્રીને પરમાણુ આદિ ગતિને કહે છે - - x - अनुकूल - પૂર્વાદિ દિશાભિમુખ શ્રેણિ જેમાં છે તે અનુશ્રેણિ. તે જે રીતે થાય, એ પ્રમાણે ગતિ પ્રવર્તે છે. विसेढिं - વિરુદ્ધ, વિદિક્ આશ્રિત શ્રેણી જેમાં છે તે વિશ્રેણી. આ પણ ક્રિયા વિશેષણ છે.

નારકાદિ જીવોનું અનુશ્રેણિ કે વિશ્રેણી ગમન પૂર્વે કહ્યું. તે નરકાવાસાદિ સ્થાનોમાં થાય છે, તે સંબંધથી પૂર્વોક્ત નરકાવાસાદિની પ્રરૂપણા કરી. આ નરકાવાસાદિ



છદ્મસ્થ વડે પણ દ્વાદશાંગીના પ્રભાવથી સમજાય, તેથી દ્વાદશાંગીની પ્રરૂપણા કરી. आयारेणं - આચાર શાસ્ત્ર કરણભૂત અથવા આચાર અધિકરણભૂત, आयारगो - આચાર, ગોચર, વિનય, વૈનયિક, શિક્ષા, ભાષા, અભાષા, ચરણ, કરણ, જાયા-માયા વૃત્તિ આદિ જેમાં કહે છે તે.

તેમાં આચાર-જ્ઞાનાદિ અનેક ભેદ ભિન્ન, ગોચર-ભિક્ષા ગ્રહણ વિધિ લક્ષણ, વિનય-જ્ઞાનાદિ, વૈનયિક-વિનયફળ કર્મ ક્ષયાદિ, શિક્ષાગ્રહણ આસેવન ભેદથી અથવા विनय - શિષ્ય, તેને શિક્ષા, તે વૈનયિક શિક્ષા ભાષા - સત્યા, અસત્યામૃષા, અભાષા-મૃષા, સત્યામૃષા. ચરણ-વ્રતાદિ, કરણ-પિંડવિશુદ્ધિ આદિ. યાત્રા-સંયમયાત્રા. માત્રા-તે માટે આહાર માત્રા. વૃત્તિ - વિવિધ અભિગ્રહ વિશેષથી વર્તવું તે.

આ આચાર-ગોચરાદિ જેમાં કહેવાય છે તે. અહીં જેમાં ક્વચિત્ અન્યતર ઉપાદાનમાં અન્યતર ગત અર્થ કહે, તે બધું પ્રાધાન્ય ખ્યાપનાર્થે છે.

'નંદી' મુજબ અંગ પ્રરૂપણા કહેવી. પૂર્વ પ્રદર્શિત પ્રકારવાળી સૂત્ર વડે આચારાદિ અંગ પ્રરૂપણા કહેવી. જેમ નંદીમાં છે, તે જ અવધારવી ક્યાં સુધી આ અંગ પ્રરૂપણા કહેવી ? યાવત્ સૂત્રાર્થ ગાથા. સૂત્રાર્થ માત્રનું પ્રતિપાદન કરે તે સૂત્રાર્થાનુયોગ જાણવો. એવું કહે છે કે – સૂત્રાર્થ માત્ર અભિધાન લક્ષણ, તે પ્રથમ અનુયોગ કરવો, જેથી પ્રાથમિક શિષ્યોને મતિમોહ ન થાય. બીજો અનુયોગ - સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ મિશ્ર કરવો એમ જિન આદિ એ કહ્યું છે. ત્રીજો અનુયોગ સંપૂર્ણ કહેવો. જે આ અનંતરોક્ત ત્રણ પ્રકાર લક્ષણ છે, તે વિધિ - વિધાન છે. अनुयोग - સૂત્રના અર્થને અનુરૂપતાથી યોજવાના લક્ષણરૂપ વિષયભૂત.

અનંતર અંગ પ્રરૂપણા કહી, અંગમાં નારકાદિ પ્રરૂપે છે, તેથી તેના અલ્પબહુત્વને પ્રતિપાદિત કરતાં કહે છે – પંચગતિ અંતર્ભાવથી, આનું અલ્પબહુત્વ ''પ્રજ્ઞાપના'' સૂત્રના બહુવક્તવ્યતા નામક ત્રીજા પદ મુજબ કહેવું. તે અર્થથી આ રીતે – નર, નૈરયિક, દેવ, સિદ્ધ, તિર્યંચ ક્રમથી અહીં સ્તોક, અસંખ્ય, અસંખ્ય, અનંતગુણ, અનંતગુણ હોય છે. - - આઠ ગતિ અંતર્ભાવથી જે અલ્પબહુત્વ છે, તે પણ જેમ ''બહુવક્તવ્યતા''માં છે, તેમ કહેવું.

આઠ ગતિ આ પ્રમાણે - નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, તેમાં છેલ્લી ત્રણના સ્ત્રી પુરુષ બે ભેદો એટલે સાત ગતિ, આઠમી ગતિને સિદ્ધ. તેનું અલ્પબહુત્વ આ રીતે – નારી, નર, નૈરયિક, તિર્યંચ સ્ત્રી, દેવ, દેવી, સિદ્ધ અને તિર્યંચ આ આઠમાં અનુક્રમે થોડા, અસંખ્યગણા ચાર, સંખ્યગુણા, અનંતગણા બે, છે.

સઈન્દ્રિય, એકેન્દ્રિય, બેઈન્દ્રિયાદિ ચાર પદ, અનિન્દ્રિય આ અલ્પ બહુત્વ ''બહુવક્તવ્યતા'' પદ મુજબ કહેવું. તે પર્યાપ્તા-અપર્યાપ્તા ભેદથી પણ ત્યાં કહેલ છે - પણ અહીં તે સામાન્ય પદથી કહેવું. તે આ રીતે – ૧-પાંચ, ૨-ચાર, ૩-ત્રણ, ૪-બે, ૫-અનિન્દ્રિય, (૬) એકેન્દ્રિય, (૭) સઈન્દ્રિયનું (અલ્પબહુત્વ) ક્રમથી (૧) સૌથી થોડા, (૨ થી ૪) અધિ, (૫-૬) અનંતગુણ, (૭) વિશેષાધિક.

સકાયિક, પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસકાયિક, અકાયિક આ

બધાંનું અલ્પબહુત્વ સામાન્યથી ત્યાં કહ્યું, તે પ્રમાણે અહીં પણ કહેવું. જેમકે — ત્રસ, તેઉ, પૃથ્વી, અપ્, વાયુકાય, અકાય, વનસ્પતિ, સકાય આ આઠે અનુક્રમે થોડા, અસંખ્યાતગણા ત્રણ, અધિક બે, અનંતગુણ, અધિક જાણવું.

- x - જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ, પર્યવો અનુક્રમે થોડા, અનંતા, અનંતા, વિશેષાધિક, બે અનંતા છે - આ ભાવના છે - જેથી જીવો પ્રત્યેક અનંતાનંત પુદ્ગલો વડે પ્રાયઃ બદ્ધ હોય છે, પુદ્ગલો જીવો સાથે સંબદ્ધ અને અસંબદ્ધ હોય છે, તેથી પુદ્ગલો કરતા જીવો થોડા છે. કહ્યું છે કે — જેથી જીવો પ્રાયઃ પુદ્ગલથી બદ્ધ છે. તેથી જીવો થોડાં છે, જ્યારે પુદ્ગલો જીવથી વિરહિત પણ હોય અને અવિરહિત પણ હોય છે.

જીવ કરતાં અનંતગણા પુદ્ગલો છે. કઈ રીતે ? તૈજસાદિ શરીર, જે જીવ વડે પરિગૃહીત છે, તેથી તે જીવોથી પરિમાણને આશ્રીને પુદ્ગલો અનંતગણા હોય છે, તથા તૈજસ શરીરથી પ્રદેશ વડે કાર્મણ શરીર અનંતગુણ છે. આથી આ રીતે જીવપ્રતિબદ્ધ પુદ્ગલ અનંતગણા છે, જીવથી વિમુક્ત પણ તેઓ અનંતગણા છે. બાકીના શરીરની વિચારણા અહીં કરી નથી - x - તૈજસ શરીર પુદ્ગલો જ જીવ કરતાં. અનંતગુણ છે, તો કાર્મણ પુદ્ગલ રાશિ સહિતનું તો કહેવું જ શું ? તથા પંદર ભેદે પ્રયોગ પરિણત પુદ્ગલો થોડા છે, તેનાથી મિશ્ર પરિણત અનંતગણા છે, તેનાથી પણ વિસ્રસા પરિણત અનંતગુણ છે. બધાં પુદ્ગલો ત્રણ પ્રકારે હોય છે. જીવા બધાં જ, પ્રયોગ પરિણત પુદ્ગલોના અનંતમાં ભાગે વર્તે છે. આ રીતે જીવો કરતા પુદ્ગલો ઘણાં અનંતાનંતક વડે ગુણિત સિદ્ધ થાય છે.

કહ્યું છે કે — (૧) જે જીવ વડે જે તૈજસાદિ એક-એક શરીર પરિગૃહીત છે, તે પુદ્ગલ પરિણામથી તેનાથી અનંતગણું થાય છે.

(૨) તૈજસથી વળી કાર્મણ અનંતગુણ છે, તે નિર્દિષ્ટ કરાયેલ છે, એ રીતે તેથી જીવ વડે તૈજસ અને કાર્મણ શરીર બંધાયેલ છે.

(૩) આનાથી અનંતગણા તેઓ વડે છોડેલ હોય છે, તો પણ તેઓ થોડાં હોવાથી તેમનું અહીં બાકીના દેહોનું અહીં ગ્રહણ કરેલ નથી.

(૪) તે છોડાયેલા પણ સ્વસ્થાનના અનંતમાં ભાગે હોય છે, તેથી તેનું ગ્રહણ અહીં બદ્ધ-અબદ્ધ બંને પ્રકારે છે.

(૫) વળી અહીં તૈજસ શરીર બદ્ધ જ પુદ્ગલો અનંતગણા છે, તો પછી અવશેષ રાશિ સહિત જીવ વડે [બદ્ધ પુદ્ગલો]નું શું કહેવું ?

(૬) સૂત્રમાં ૧૫ પ્રકારે પ્રયોગ પ્રાયોગ્ય થોડા કહ્યા છે, તેનાથી મિશ્ર પરિણત પુદ્ગલો અનંતગણા કહ્યા છે. - - (૭) તેનાથી વિસ્રસા પરિણત, તેથી અનંત ગુણિત કહ્યા. એ રીતે લોકમાં ત્રિવિધ પરિણત પુદ્ગલો છે.

(૮) બધાં જીવો એકલા પ્રયોગ પરિણત પુદ્ગલોના અનતમાં ભાગે વર્તતા નથી. - - (૯) તે જીવો કરતા ઘણાં જે અનંતાનંત વડે ગુણિત પુદ્ગલો સર્વ લોકમાં સર્વે સિદ્ધો પણ હોય છે.



(શંકા) ''પુદ્ગલો કરતા અનંતગણા સમયો છે'', તેમ કહ્યું, તે સંગત નથી, કેમકે તેનાથી તેમનું સ્તોકત્વ છે, કેમકે 'સમય' માત્ર મનુષ્ય ક્ષેત્રવર્તી છે, જ્યારે પુદ્ગલો સકલ લોકવર્તી છે માટે સમય થોડો છે.

(સમાધાન) સમય ક્ષેત્રમાં જે કંઈ દ્રવ્ય-પર્યાયો છે, તે પ્રત્યેકમાં સાંપ્રત સમય વર્તે છે. એ પ્રમાણે સાંપ્રત સમય, જેનાથી સમય ક્ષેત્ર દ્રવ્ય-પર્યવ-ગુણ છે, તેનાથી અનંતા સમય પ્રત્યેક સમયમાં હોય છે. કહ્યું છે —

(૧) પુદ્ગલ કરતા અનંતગણા અદ્ધા સમયો હોય છે, તે મનુષ્ય ક્ષેત્ર માત્રમાં વર્તતા હોવાથી શું થોડા નથી ? - - (૨) સમય ક્ષેત્રમાં જે કોઈ દ્રવ્યપર્યાયો છે, તે પ્રત્યેકમાં એક-એકમાં સામ્પ્રત સમય વર્તે છે. - - (૩) એ રીતે જે સમય ક્ષેત્રના પર્યવો, તેથી સામ્પ્રત સમય અનંતાનંત એક એક સમયે છે.

આ રીતે વર્તમાન સમય પુદ્ગલ કરતાં અનંતગુણ હોય છે. કેમકે એક દ્રવ્યના પણ પર્યવોનું અનંતાનંતપણું છે. વળી માત્ર આ પુદ્ગલ કરતાં અનંતગણા સમયો નથી, સર્વલોકદ્રવ્ય પ્રદેશ પર્યાયથી પણ તે અનંત ગુણ સંભવે છે. તેથી કહે છે — જે સમસ્ત લોક દ્રવ્યપ્રદેશ પર્યવોની રાશિથી સમય ક્ષેત્ર દ્રવ્ય પ્રદેશ પર્યવ રાશિના ભોગથી પ્રાપ્ત થાય છે, તે સમયમાં તાત્ત્વિક રીતે જતાં લોક દ્રવ્ય પ્રદેશ પર્યવ સંખ્યા સમાન ઔપચારિક સમય સંખ્યા પ્રાપ્ત થાય છે. *[અહીં વૃત્તિકારશ્રી અસત્ કલ્પનાથી 'લાખ' સંખ્યાવાળુ ગણિત રજૂ કરીને ઉક્ત અર્થને સમજાવવા સમગ્ર પદાર્થનું ગણિત કહે છે. જે અમે નોંધેલ નથી.]*

આ રીતે એક-એક તાત્ત્વિક સમયમાં અનંતા ઔપચારિક સમયોના ભાવથી સર્વલોક દ્રવ્ય પ્રદેશ પર્યવ રાશિથી પણ સમયો અનંત ગણા પ્રાપ્ત થાય છે. તો પુદ્ગલોથી કેમ ન થાય ? [થાય જ] કહે છે કે —

(૧) જે સમય ક્ષેત્ર પ્રદેશ પર્યાય પિંડથી ભાગ કરતા સર્વલોક દ્રવ્ય પ્રદેશ પર્યવ ગણ પ્રાપ્ત થાય છે. - - (૨) આટલા સમયમાં જતા લોક પર્યાય સમાન સમય સંખ્યા પ્રાપ્ત થાય છે. બીજા વડે પણ તેટલી માત્રાથી તેટલી થાય.

(૩) આ રીતે અસંખ્યાત સમયમાં જતા, તે લોકદ્રવ્યપ્રદેશ પર્યાય પ્રમાણ સમયગત થાય છે. - - (૪) એ રીતે સર્વ લોકપર્યવરાશિથી પણ સમય અનંતગણા ગણ્યમાન થાય છે, તો પુદ્ગલથી તો થાય જ.

બીજાઓ કહે છે — ઉત્કૃષ્ટ છ માસ માત્ર જ સિદ્ધિ ગતિથી અંતર થાય છે. તેના વડે સિદ્ધિની પામેલા સિદ્ધોથી પણ જીવ કરતા અસંખ્યાતગણા જ સમયો થાય છે. તો સર્વજીવોથી અનંતગણા કઈ રીતે થશે ?

અહીં પણ ઔપચારિક સમય અપેક્ષાથી સમયોનું અનંતગુણત્વ કહેવું. - - હવે સમય કરતાં દ્રવ્યો વિશેષાધિક છે. કઈ રીતે ? તે કહે છે —

જેથી સર્વે સમયો પ્રત્યેક દ્રવ્યો અને બીજા જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાયાદિ તેમાં ઉમેરીએ, તેથી કેવળ સમય કરતાં સમસ્ત દ્રવ્યો વિશેષાધિક થાય છે. સંખ્યાતગણાદિ ન થાય. કેમકે સમયદ્રવ્ય અપેક્ષાએ જીવાદિ દ્રવ્યો અલ્પતર છે કહ્યું છે કે —

(૧) બધાં સમયના ભેદો અને પ્રત્યેક દ્રવ્યો એકઠા કરતાં, સમય કરતા દ્રવ્યો વિશેષાધિક થાય છે. - - (૨) બાકીના જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ઉમેરતા દ્રવ્યાર્થતાથી સમય કરતા તે દ્રવ્યો વિશેષાધિક છે.

(શંકા) અદ્ધા સમયોમાં કેમ દ્રવ્યત્વ જ ઈચ્છે છે ? સમય સ્કંધ અપેક્ષાથી પ્રદેશાર્થત્વને પણ તેમાં જોડવાથી. તેથી કહે છે — જેમ સ્કંધ દ્રવ્ય સિદ્ધ છે, સ્કંધ અવયવો પણ જેમ પ્રદેશ સિદ્ધ છે, એ પ્રમાણે પ્રદેશો અને દ્રવ્ય સમય સ્કંધવર્તી સમયો થાય છે. - - અહીં કહે છે કે —

પરમાણુના અન્યોન્ય સવ્યપેક્ષત્વથી સ્કંધત્વ યુક્ત છે. અદ્ધા સમય વળી અન્યોન્ય અપેક્ષિત નથી, જેથી કાલ સમયો પ્રત્યેકત્વમાં કાલ્પનિક સ્કંધના અભાવે વર્તમાન પ્રત્યેક વૃત્તિઓ, તેના સ્વભાવથી છે, તેથી તે અન્યોન્ય નિરપેક્ષ છે, અને અન્યોન્ય નિરપેક્ષત્વથી તે વાસ્તવિક સ્કંધ નિષ્પાદક નથી, તેથી આ પ્રદેશાર્થતા નથી - અહીં કહે છે —

(૧) અદ્ધા સમયોને કહ્યા, નિયમથી દ્રવ્યાર્થતા તેમાં સ્કંધ સમાશ્રિત્ય પ્રદેશાર્થતા પણ કેમ યોજેલ છે ? (૨) સ્કંધ દ્રવ્ય સિદ્ધ છે, તેના અવયવો પણ યથા પ્રદેશા છે. એ રીતે તેમાં વર્તતા સમયો દ્રવ્ય અને પ્રદેશ પણ થાય છે. - - (૩) કહે છે — પરમાણુમાં અન્યોન્ય અપેક્ષાએ સ્કંધતા સિદ્ધ છે, અદ્ધા સમયોમાં પુનઃ અન્યોન્ય અપેક્ષા નથી. (૪) જે કારણે અદ્ધા સમયો પ્રત્યેકત્વમાં સ્કંધ ભાવ છે, તે પ્રત્યેકવર્તી છે માટે અન્યોન્ય નિરપેક્ષ છે.

હવે દ્રવ્યથી પ્રદેશો અનંતગણા કઈ રીતે ? તે કહે છે — અદ્ધા સમય દ્રવ્યથી આકાશપ્રદેશોનું અનંતગુણત્વ છે માટે.

(શંકા) ક્ષેત્રપ્રદેશ અને કાળ સમયોના સમાનતા છતાં આ અનંતત્વમાં કયા કારણને આશ્રીને આકાશ પ્રદેશો અનંતગણા છે, અને કાળસમય તેના અનંતભાગવર્તી કેમ છે ? — તે કહે છે —

એક અનાદિ અનંત આકાશપ્રદેશ શ્રેણીમાં એકૈક પ્રદેશાનુસારથી તીર્છી લાંબી શ્રેણીની કલ્પનાથી, તેનાથી પણ એકએક પ્રદેશાનુસારથી જ ઉર્ધ્વ લાંબી શ્રેણીની રચનાથી આકાશપ્રદેશ ઘન નિષ્પાદિત થાય છે, કાલ સમયશ્રેણીથી તે જ શ્રેણી થાય છે, ઘન થતી નથી, તેથી કાલ સમય સ્તોક થાય છે. અહીં ગાથા છે. [તેનો અર્થ આ છે -]

(૧) અહીંથી સર્વ પ્રદેશો 'ખ' પ્રદેશના અનંતત્વથી અનંતગુણ સર્વ આકાશ અનંત છે, જે જિનેન્દ્રએ કહ્યું છે. - - (૨) કહે છે કે ક્ષેત્ર-કાળનું અનંતત્વ સમાન છે, તો પછી 'ખ'નું અનંતગુણ કહેવાનું શું કારણ છે અને કાળને તેનો અનંતભાગ કહ્યો છે ? - - (૩) કહે છે — આકાશ શ્રેણીમાં અનાદિ અનંતતા 'ખ' આકાશઘન નિષ્પાદિત થાય છે, કાળમાં તેમ થતું ન હોવાથી તે થોડાં કહ્યા. - - - પ્રદેશોથી અનંતગણા પર્યાયો છે. તે માટે કહે છે —

આનાથી અનંતગણા પર્યાયો છે, જેના વડે આકાશપ્રદેશમાં પ્રત્યેક અનંતા





અગુરુલઘુ પર્યવો કહ્યા છે.

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૪-"યુગ્મ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં સંસ્થાનાદિ પરિમાણ કહ્યા. અહીં તેના ભેદો —

● સૂત્ર-૮૮૧ :-

*ભગવન્ ! યુગ્મ કેટલા છે ? ગૌતમ ! ચાર. તે આ - કૃતયુગ્મ યાવત્ કલ્યોજ. એવું કેમ કહ્યું કે ચાર યુગ્મો છે ? જેમ શતક-૧૮ના ઉદ્દેશા-૪-માં કહ્યું તેમ કહેવું. યાવત્ તેથી ગૌતમ ! એમ કહ્યું છે.*

*ભગવન્ ! નૈરયિકોને કેટલા યુગ્મો કહ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ - કૃતયુગ્મ યાવત્ કલ્યોજ. એમ કેમ કહ્યું - x - ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે યાવત્ વાયુકાયિક કહેવું. ભગવન્ ! વનસ્પતિકાયિકની પૃચ્છા. ગૌતમ ! વનસ્પતિકાયિક કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે.*

*ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઉપપાતને આશ્રીને, આ પ્રમાણે કહ્યું કે વનસ્પતિકાય યાવત્ કદાચ કલ્યોજ છે.*

*બેઈન્દ્રિયો, નૈરયિકવત્ છે. એ રીતે યાવત્ વૈમાનિક કહેવું.*

*સિદ્ધોનું કથન વનસ્પતિકાયિક માફક કરવું.*

*ભગવન્ ! સર્વ દ્રવ્યો કેટલા ભેદે છે ? ગૌતમ ! છ પ્રકારે. તે આ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમય.*

*ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્યાર્થતાથી શું કૃતયુગ્મ યાવત્ કલ્યોજ છે ? ગૌતમ ! તે કૃતયુગ્મ - ત્ર્યોજ-દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજ છે, આ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ કહેવા.*

*ભગવન્ ! જીવાસ્તિકાય૦ની પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ છે, પણ તે ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ નથી. - - પુદ્‌ગલાસ્તિકાયની પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. અદ્ધાસમય જીવ માફક છે.*

*ભગવન્ ! ધર્માસ્તિકાય પ્રદેશાર્થતાથી કૃતયુગ્મ છે ? પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ છે, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ નથી. એ રીતે અદ્ધા સમય સુધી.*

*ભગવન્ ! આ ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમયમાં દ્રવ્યાર્થતા૦ આનું અલ્પબહુત્વ "બહુવક્તવ્યતા" પદ મુજબ સંપૂર્ણ કહેવું.*

*ભગવન્ ! ધર્માસ્તિકાય શું અવગાઢ છે કે અનવગાઢ ? ગૌતમ ! અવગાઢ છે, અનવગાઢ નથી. જો અવગાઢ છે, તો શું સંખ્યાત પ્રદેશાવગાઢ, અસંખ્ય પ્રદેશાવગાઢ છે કે અનંતપ્રદેશાવગાઢ ? ગૌતમ ! સંખ્યાત કે અનંત પ્રદેશાવગાઢ નથી પણ અસંખ્યપ્રદેશાવગાઢ છે. - - જો અસંખ્ય પ્રદેશાવગાઢ છે, તો શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ૦ પ્રશ્ન ? ગૌતમ ! કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. આ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમય છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વી શું અવગાઢ છે, અનવગાઢ છે ? ધર્માસ્તિકાય મુજબ કહેવું. અધઃસપ્તમી સુધી આમ કહેવું. સૌધર્મમાં આ પ્રમાણે કહેવું. એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી કહેવું.*

● **વિવેચન-૮૮૧ :-**

યુગ્મ-સંજ્ઞા શબ્દત્વથી રાશિ વિશેષ છે. નેરइयाणं भंते कइ जुम्मा० આદિમાં - જે નૈરયિકો ચતુષ્ક અપહારથી અવહરાતા ચાર શેષ રહે, તે નૈરયિકો કૃતયુગ્મ છે ઈત્યાદિ. - - વનસ્પતિકાયિક સૂત્રમાં - જો કે વનસ્પતિકાયિક અનંતપણાના સ્વભાવથી કૃતયુગ્મ જ પામે છે, તો પણ ગતિ અંતરથી એકાદિ જીવોનો તેમાં ઉત્પાદ સ્વીકારીને તેના ચારે ભેદ કહ્યા. ઉદ્વર્તનાને પણ સ્વીકારીને પણ આમ જ છે, તેની અહીં વિવક્ષા કરી નથી.

હવે કૃતયુગ્માદિ રાશિ વડે દ્રવ્યોની પ્રરૂપણાર્થે આ કહે છે — कतिविहा - કેટલાં પ્રકારે, કેવા સ્વભાવે, કેટલાં. ધર્માસ્તિકાયમાં તેના એકત્વથી ચતુષ્ક અપહારના અભાવે એક જ અવસ્થાનથી કલ્યોજ જ છે.

જીવ દ્રવ્યોના અવસ્થિત અનંતત્વથી કૃતયુગ્મતા જ છે.

પુદ્ગલાસ્તિકાયના અનંતભેદત્વમાં પણ સંઘાત-ભેદ ભાજનત્વથી અહીં કૃતયુગ્માદિ ચારે ભેદ કહ્યા. - - અદ્ધા સમયના અતીત, અનાગતના અવસ્થિતત્વ અનંતત્વથી કૃતયુગ્મત્વ છે.

દ્રવ્યાર્થતા કહી, હવે પ્રદેશાર્થતા કહે છે — બધાં જ દ્રવ્યો પ્રદેશાર્થતાથી કૃતયુગ્મ છે. કેમકે અવસ્થિત-અસંખ્યાત પ્રદેશત્વ અને અવસ્થિત અનંત પ્રદેશત્વથી આમ છે. - હવે આનું અલ્પબહુત્વ કહે છે —

પ્રજ્ઞાપનાના ત્રીજા પદ "બહુવક્તવ્યતા" મુજબ છે, અર્થથી આ રીતે - ધર્માસ્તિકાયાદિ ત્રણ એકૈક દ્રવ્ય રૂપત્વથી દ્રવ્યાર્થતાથી તુલ્ય છે. તે બીજાની અપેક્ષાએ અલ્પ છે, તેનાથી જીવાસ્તિકાય અનંતગુણ છે, કેમકે જીવદ્રવ્યોનું અનંતત્વ છે. એ રીતે પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમયો છે. પ્રદેશાર્થ વિચારણામાં તો પહેલા બે પ્રત્યેકના અસંખ્યાત પ્રદેશત્વથી તુલ્ય છે. તેનાથી બીજા કરતાં થોડા છે, જીવ-પુદ્ગલ-અદ્ધાસમય-આકાશાસ્તિકાય ક્રમથી અનંતગુણ છે, ઈત્યાદિ. - - હવે દ્રવ્યો જ ક્ષેત્રાપેક્ષાએ કૃતયુગ્માદિ કહે છે —

લોકાકાશ પ્રમાણત્વથી તે અસંખ્યાત લોકાકાશ પ્રદેશમાં અવગાઢ છે. લોકના અવસ્થિત અસંખ્યેય પ્રદેશત્વથી કૃતયુગ્મ પ્રદેશતા છે. લોક પ્રમાણત્વથી ધર્માસ્તિકાયની પણ કૃતયુગ્મતા જ છે. એ પ્રમાણે સર્વ અસ્તિકાયોની લોકાવગાહિત્વથી [કૃતયુગ્મતા છે.] વિશેષ એ કે — આકાશાસ્તિકાયના અવસ્થિત અનંત પ્રદેશત્વથી અને આત્મગાહિત્વથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢતા અને અદ્ધા સમયની અવસ્થિત અસંખ્યેય પ્રદેશાત્મક મનુષ્ય ક્ષેત્ર અવગાહિત્વથી છે. અવગાહ પ્રસ્તાવથી इमा णं આદિ કહ્યું છે.

હવે કૃતયુગ્માદિ વડે જ જીવાદિ ૨૬-પદો નિરૂપે છે —



● **સૂત્ર-૮૮૨ :-**

*દ્રવ્યાર્થતાથી જીવ શું કૃતયુગ્મ૦ છે પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજ છે. એ રીતે નૈરયિકથી સિદ્ધ સુધી.*

*ભગવન્ ! જીવો દ્રવ્યાર્થરૂપે શું કૃતયુગ્મ છે૦ ? પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ છે, પણ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ નથી, કલ્યોજ છે.*

*ભગવન્ ! નૈરયિકો દ્રવ્યાર્થપણે૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ, વિધાનાદેશથી કૃતયુગ્મ - ત્ર્યોજ - દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજ છે.*

*આ પ્રમાણે સિદ્ધ સુધી કહેવું.*

*ભગવન્ ! જીવ પ્રદેશાર્થતાથી શું કૃતયુગ્મ૦ પૃચ્છા. ગૌતમ ! જીવ પ્રદેશ આશ્રીને કૃતયુગ્મ છે, ત્ર્યોજ - દ્વાપરયુગ્મ - કલ્યોજ નથી. શરીરપ્રદેશ આશ્રીને કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે, એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! સિદ્ધ પ્રદેશાર્થતાથી શું કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ છે, ત્ર્યોજ - દ્વાપરયુગ્મ - કલ્યોજ નથી.*

*ભગવન્ ! જીવો પ્રદેશાર્થતાથી શું કૃતયુગ્મ ? પૃચ્છા. ગૌતમ ! જીવપ્રદેશ આશ્રીને ઓઘાદેશથી અને વિધાનાદેશથી પણ કૃતયુગ્મ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ નથી. શરીર પ્રદેશ આશ્રીને ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે, વિધાનાદેશથી કૃતયુગ્મ પણ છે યાવત્ કલ્યોજ પણ છે.*

*આ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો જાણવા.*

*ભગવન્ ! સિદ્ધો૦ ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી અને વિધાનાદેશથી પણ કૃતયુગ્મ છે, ત્ર્યોજ - દ્વાપરયુગ્મ - કલ્યોજ નથી.*

● **વિવેચન-૮૮૨ :-**

દ્રવ્યાર્થતાથી એક જીવ, એક જ દ્રવ્ય છે તેથી કલ્યોજ જ છે. અનેક જીવો અવસ્થિત અનંતપણાથી સામાન્યથી કૃતયુગ્મ છે ભેદ પ્રકારથી એક જ છે. તેના સ્વરૂપથી કલ્યોજ છે.

નૈરયિકો ઓઘાદેશથી બધાં જ ગણતાં કદાચ ચતુષ્ક અપહારથી ચાર શેષવાળા છે, એ પ્રમાણે ત્ર્યોજ આદિ પણ જાણવા.

દ્રવ્યાર્થતાથી જીવો કહ્યા હવે તે રીતે પ્રદેશાર્થતાથી - અસંખ્યાતત્વ અને અવસ્થિતત્વથી જીવપ્રદેશોની ચાર શેષ રહેતા જીવ પ્રદેશથી કૃતયુગ્મ કહ્યા. ઔદારિકાદિ શરીર પ્રદેશોના અનંતત્વમાં પણ સંયોગ-વિયોગધર્મથી ચતુર્વિધતા છે.

જીવોમાં - સમસ્ત જીવોના પ્રદેશો અનંતત્વ-અવસ્થિતત્વથી એક એક જીવના પ્રદેશો અસંખ્ય અને અવસ્થિત છે માટે ચાર શેષ છે. શરીર પ્રદેશ અપેક્ષાએ ઓઘાદેશથી સર્વ જીવ શરીરોનું ચતુર્વિધત્વ છે - x - વિધાનાદેશથી એકૈક જીવશરીરની પ્રદેશગણનામાં યુગપત્ ચાતુર્વિધ્ય હોય છે, તેથી કોઈને કૃતયુગ્મ, કોઈને ત્ર્યોજ

આદિ હોય છે.

● સૂત્ર-૮૮૩ :-

*ભગવન્ ! જીવ શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ યાવત્ કદાચ કલ્યોજપ્રદેશ અવગાઢ છે. - - એ પ્રમાણે સિદ્ધ સુધી કહેવું.*

*ભગવન્ ! જીવો શું કૃતયુગ્મ પ્રદેશાવગાઢ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢ છે.*

*નૈરયિકોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ યાવત્ કદાચ કલ્યોજ પ્રદેશાવગાઢ છે. વિધાનાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ પણ છે યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢ પણ છે.*

*એ પ્રમાણે એકેન્દ્રિય અને સિદ્ધને વર્જીને બધાં કહેવા.*

*સિદ્ધો અને એકેન્દ્રિયોને જીવોની માફક કહેવા.*

*ભગવન્ ! જીવ, શું કૃતયુગ્મ સમય સ્થિતિક૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ સમય સ્થિતિક છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ૦ નહીં.*

*ભગવન્ ! નૈરયિક૦ ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ સમય સ્થિતિક છે. વૈમાનિક સુધી આ પ્રમાણે કહેવું. - - સિદ્ધોને જીવ માફક કહેવા.*

*ભગવન્ ! જીવો૦ ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી પણ અને વિધાનાદેશથી પણ કૃતયુગ્મ સમય સ્થિતિક છે. બાકી ત્રણ નથી.*

*નૈરયિક૦ પ્રશ્ન ? ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ સમય સ્થિતિક. વિધાનાદેશથી કૃતયુગ્મ સમય સ્થિતિક યાવત્ કલ્યોજ સમય સ્થિતિક પણ છે.*

*એ રીતે યાવત્ વૈમાનિક. સિદ્ધોને જીવો માફક કહેવા.*

● વિવેચન-૮૮૩ :-

ઔદારિકાદિ શરીરોની વિચિત્ર અવગાહનાથી ચાર આદિ શેષ હોય છે, તેથી કદાચ કૃતયુગ્મ આદિ કહ્યું. જીવો-સમસ્ત જીવો વડે અવગાઢ પ્રદેશોના અસંખ્યાતત્વ અને અવસ્થિતત્વથી ચાર શેષ જ છે, તેથી ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, વિધાનાદેશથી વિચિત્ર અવગાહનામાં તેઓ યુગપત્ ચતુર્વિધ હોય છે. જ્યારે નારકો વિચિત્ર પરિણામ અને શરીરપ્રમાણત્વથી, વિચિત્ર અવગાહ પ્રદેશ પ્રમાણત્વથી યુગપદ વડે ચારે ભેદે છે. વિધાનાદેશથી પણ ચારે ભેદે છે.

અસુરાદિની નારકવત્ વક્તવ્યતા કહેવી. ઓઘથી તેઓ કૃતયુગ્માદિ, વિધાનથી યુગપદ જ છે. સિદ્ધો અને એકેન્દ્રિયો, જીવ જેવા કહ્યા. તેઓ ઓઘથી કૃતયુગ્મ, વિધાનથી યુગપત્ ચારે ભેદે છે. - x -

હવે સ્થિતિને આશ્રીને જીવાદિને કહે છે — જીવો ત્રણે કાળમાં હોય છે. સમય



કાળ અનંત સમયક અને અવસ્થિત હોવાથી કૃતયુગ્મ સમય સ્થિતિક જ છે. નારકાદિ વિચિત્ર સમય સ્થિતિકત્વથી કદાચ ચાર શેષવાળા અને કદાચ અન્ય ત્રણે પણ વર્તે છે.

બહુવચનમાં જીવો ઓઘથી અને વિધાનથી ચાર શેષવાળી સ્થિતિક જ છે. કેમકે તેમની અનાદિ-અનંતત્વથી અનંત સમય સ્થિતિ છે. નારકાદિ વિચિત્ર સમ સ્થિતિક છે, તેઓના બધાં સ્થિતિ સમયના મીલનથી ચતુષ્કાપહારથી ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ સ્થિતિક આદિ છે, વિધાનદેશથી યુગપત્ ચારે ભેદે છે.

- - હવે ભાવથી જીવાદિ પ્રરૂપણા —

● સૂત્ર-૮૮૪ :-

*ભગવન્ ! જીવ કાળાવર્ણપર્યાયથી શું કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! જીવપ્રદેશને આશ્રીને કૃતયુગ્મ નથી યાવત્ કલ્યોજ નથી. શરીરપ્રદેશ આશ્રીને કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે. એ રીતે વૈમાનિક સુધી જાણવું. પણ સિદ્ધોના વિષયમાં આ પ્રશ્ન ન કરવો.*

*ભગવન્ ! જીવો કાળાવર્ણ પર્યાયથી ? પ્રશ્ન. ગૌતમ ! જીવપ્રદેશ આશ્રીને ઓઘાદેશથી અને વિધાનાદેશથી કૃતયુગ્મ યાવત્ કલ્યોજ નથી. શરીરપ્રદેશ આશ્રીને ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે. વિધાનાદેશથી કૃતયુગ્મ પણ છે યાવત્ કલ્યોજ પણ છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણએ એકવચન-બહુવચનમાં નીલ પર્યાયથી દંડક કહેવો. એ રીતે યાવત્ રૂક્ષ સ્પર્શ પર્યાય સુધી કહેવું.*

*ભગવન્ ! જીવ, આભિનિબોધિક જ્ઞાન પર્યાયોથી શું કૃતયુગ્મ છે ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. એ રીતે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું. - - ભગવન્ ! જીવો, આભિનિબોધિક જ્ઞાન પર્યવોથી૦ ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. વિધાનાદેશથી કૃતયુગ્મ પણ યાવત્ કલ્યોજ પણ છે. એ રીતે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું. - - એ પ્રમાણે શ્રુતજ્ઞાનના પર્યાયોમાં પણ કહેવું. અવધિજ્ઞાનના પર્યાયોમાં પણ એમ જ છે. માત્ર વિકલેન્દ્રિયને અવધિજ્ઞાન નથી. મનઃપર્યવ જ્ઞાનમાં પણ એમ જ છે, માત્ર જીવો અને મનુષ્યો જ કહેવા, બાકીનાને મનઃપર્યવજ્ઞાન નથી.*

*ભગવન્ ! કેવળજ્ઞાન પર્યાયથી જીવ શું કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ છે, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ નથી. એ પ્રમાણે મનુષ્યમાં પણ અને સિદ્ધમાં પણ જાણવું. - - ભગવન્ ! જીવોના કેવલજ્ઞાનની પૃચ્છા, ગૌતમ ! ઓઘાદેશથી અને વિધાનાદેશથી કૃતયુગ્મ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ કે કલ્યોજ નથી. એ પ્રમાણે મનુષ્યોને અને સિદ્ધોને પણ જાણવા.*

*ભગવન્ ! જીવ, મતિઅજ્ઞાન પર્યવથી શું કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. જેમ આભિનિબોધિક જ્ઞાનપર્યવમાં કહ્યું, તેમ બે દંડકો કહેવા. એ પ્રમાણે શ્રુત અજ્ઞાન પર્યવોમાં, વિભંગજ્ઞાન પર્યવોમાં પણ કહેવું. - - ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન,*

*અવધિ દર્શન પર્યાયોમાં પણ એમ જ છે. માત્ર જે જેને હોય, તે તેને કહેવું. કેવલદર્શન પર્યાયોમાં કેવલજ્ઞાન પર્યાયવત્ કહેવું.*

● **વિવેચન-૮૮૪ :-**

જીવ પ્રદેશોના અમૂર્તત્વથી કૃત યુગ્માદિ વ્યપદેશ કર્યો છે, કાળા આદિ વર્ણ પર્યવોને-આશ્રીને નહીં. શરીરવણપિક્ષાએ તો ક્રમથી ચારે ભેદ થાય. સિદ્ધોને અમૂર્તપણાને કારણે વર્ણાદિનો અભાવ છે, તેથી તેની પૃચ્છા ન હોય.

આભિનિબોધિક જ્ઞાનના આવરણ ક્ષયોપશમ ભેદથી જે વિશેષ છે, તેના જ જે નિર્વિભાગપલિચ્છેદ તે આભિનિબોધિક જ્ઞાનપર્યાયો, તેના અનંતત્વ છતાં પણ ક્ષયોપશમના વૈચિત્ર્યથી અનવસ્થિત પરિણામત્વથી જીવની ચાર શેષ આદિ થાય છે. એકેન્દ્રિયોને સમ્યક્ત્વ અભાવે આભિનિબોધિક ન હોય, તેથી તેમનો કૃતયુગ્માદિ વ્યપદેશ ન હોય.

બહુવચનમાં જીવપદમાં સમસ્ત આભિનિબોધિક જ્ઞાન પર્યાયોના સંયોગથી ચતુષ્ક અપહારમાં અયુગપદ્ ચાર શેષ ઓઘથી થાય, વિચિત્ર ક્ષયોપશમના પર્યાયોના અવસ્થિતત્વથી આમ કહ્યું. વિધાનથી તેના ચારે ભેદો થાય છે. કેવલજ્ઞાન પર્યવપક્ષમાં સર્વત્ર 'ચાર શેષ' જ કહેવી. કેમકે તેના અનંત પર્યાય અને અવસ્થિત્વથી કહ્યું. - x - x - શરીર પ્રસ્તાવથી તેનું કથન —

● **સૂત્ર-૮૮૫,૮૮૬ :-**

*[૮૮૫] ભગવન્ ! શરીરો કેટલા છે ? ગૌતમ ! પાંચ. તે આ - ઔદારિક યાવત્ કાર્મણ. અહીં પન્નવણાનું શરીરપદ સંપૂર્ણ કહેવું.*

*[૮૮૬] ભગવન્ ! જીવો, સકંપ છે કે નિષ્કંપ ? ગૌતમ ! બંને. ભગવન્ ! એમ કેમ કહ્યું- x - ? ગૌતમ ! જીવો બે પ્રકારે - સંસારી, અસંસારી. તેમાં જે અસંસારી છે, તેઓ સિદ્ધ છે. આ સિદ્ધો બે ભેદે છે - અનંતરસિદ્ધ અને પરંપરસિદ્ધ. તેમાં જે પરંપરસિદ્ધ છે, તે નિષ્કંપ છે, તેમાં જે અનંતરસિદ્ધ છે, તે સકંપ છે. - - ભગવન્ ! તે દેશકંપક છે કે સર્વ કંપક. ગૌતમ ! દેશકંપક નથી, પણ સર્વકંપક છે. - - તે જીવોમાં સંસારી કહ્યા તે બે ભેદે - શૈલેશી પ્રતિપન્નક અને અશૈલેષી પ્રતિપન્નક. તેમાં જે શૈલેશી પ્રતિપન્નક છે તે નિષ્કંપ છે, જે અશૈલેષી પ્રતિપન્નક છે તે સકંપ છે. - - ભગવન્ ! તેઓ શું દેશકંપક છે કે સર્વકંપક ? ગૌતમ ! બંને. તેથી કહ્યું કે યાવત્ નિષ્કંપ છે.*

*ભગવન્ ! નૈરયિકો શું દેશકંપક છે કે સર્વકંપક ? ગૌતમ ! બંને. એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે - વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. તેમાં જે વિગ્રહગતિ સમાપન્નક છે તે સર્વકંપક છે અને જે અવિગ્રહગતિ સમાપન્નક છે, તે દેશકંપક છે. તેથી એમ કહ્યું કે યાવત્ સર્વકંપક છે. - - આ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

● **વિવેચન-૮૮૫,૮૮૬ :-**

'શરીર પદ' એ પ્રજ્ઞાપનાનું બારમું પદ છે તે આ રીતે - ભગવન્ ! નૈરયિક



કેટલા શરીરવાળા છે ? ગૌતમ ! ત્રણ શરીરી — વૈક્રિય, તૈજસ, કાર્મણ.

શરીરી જીવો ચલ સ્વભાવવાળા હોય છે. સામાન્યથી જીવોના ચલત્વ આદિને પૂછે છે. सेय - કંપન કે ચલન સહ. निरेय - નિશ્ચલન.

अनंतरसिद्ध - જેમાં અંતર, વ્યવધાન હોતું નથી તેવા સિદ્ધ, તે અનંતર સિદ્ધ, તેમાં જે પ્રથમ સમયમાં વર્તતા હોય તે 'કંપક' છે. કેમકે સિદ્ધિગમન સમય અને સિદ્ધત્વ પ્રાપ્તિ સમય એક હોવાથી તેઓ કંપે છે. પરંપર સિદ્ધ - સિદ્ધત્વના દ્વયાદિ સમયમાં વર્તતા એવા.

देसेय - દેશથી ચલ, सव्वेय - સર્વથી ચલ. સિદ્ધ સર્વાત્મથી સિદ્ધિમાં જાય છે, માટે તેમને સર્વકંપકપણું હોય. તેમાં જે શૈલેશી પ્રતિપન્ન છે, તેઓએ યોગનો નિરોધ કર્યો હોવાથી સ્વભાવથી અચલત્વથી નિષ્કંપ હોય. ઇલિકાગતિથી ઉત્પત્તિ સ્થાને જતા હોય તે દેશકંપક, - x - દડાની ગતિથી જતા એવા સર્વકંપક કહેવાય, કેમકે તેમની ગમન પ્રવૃત્તિ સર્વાત્મનાથી છે.

વિગ્રહગતિને પ્રાપ્ત જીવ, જે મરીને વિગ્રહગતિથી ઉત્પત્તિ સ્થાને જાય છે અને અવિગ્રહગતિને પ્રાપ્ત - વિગ્રહગતિના નિષેધથી ઋજુગતિને પ્રાપ્ત અને અવસ્થિત, તેમાં વિગ્રહ ગતિને પ્રાપ્ત ગેંદુક ગતિથી જાય છે માટે સકંપક, અવિગ્રહગતિને પ્રાપ્ત તે અવસ્થિત જ અહીં વિવક્ષિત છે, તેમ સંભવે છે. તેઓ દેહસ્થ જ મારણાંતિક સમુદ્ઘાતથી દેશથી ઇલિકાગતિથી ઉત્પત્તિ ક્ષેત્રને સ્પર્શે છે તેથી દેશકંપક છે અથવા સ્વક્ષેત્ર અવસ્થિત છતાં હાથ આદિ દેશના કંપનથી, તેમને દેશકંપક કહ્યા.

- - હવે અજીવવક્તવ્યતા કહે છે—

● **સૂત્ર-૮૮૭ :-**

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? ગૌતમ ! સંખ્યાતા, અસંખ્યાતા નથી, પણ અનંતા છે. એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશીસ્કંધ કહેવા. - - ભગવન્ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલો શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? પૂર્વવત્. એ રીતે યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ [પુદ્ગલો સુધી કહેવું]*

*ભગવન્ ! એક સમય સ્થિતિક પુદ્ગલો શું સંખ્યાતા૦ છે ? પૂર્વવત્. આ પ્રમાણે અસંખ્યેય સમયસ્થિતિક સુધી જાણવું.*

*ભગવન્ ! એક ગુણ કાળા પુદ્ગલો શું સંખ્યાત૦ છે ? પૂર્વવત્ એ પ્રમાણે યાવત્ અનંતગુણકાળા૦ જાણવા. એ રીતે બાકીના પણ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જાણવા યાવત્ અનંતગુણ રૂક્ષ [પુદ્ગલો]*

*ભગવન્ ! આ પરમાણુ પુદ્ગલ અને દ્વિપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થતાથી કોણ કોનાથી અલ્પ, વધુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! દ્વિપ્રદેશી સ્કંધ કરતા પરમાણુ પુદ્ગલ દ્રવ્યાર્થતાથી ઘણાં છે.*

*ભગવન્ ! આ દ્વિપ્રદેશી અને ત્રિપ્રદેશી સ્કંધમાં દ્રવ્યાર્થતાથી કોણ કોનાથી વધુ૦ છે ? ગૌતમ ! ત્રિપ્રદેશીસ્કંધથી દ્વિપ્રદેશીસ્કંધ દ્રવ્યાર્થપણે વધુ છે. એ રીતે*

*આ ગમક વડે યાવત્ દશપ્રદેશી સ્કંધથી નવપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થતાથી વધુ છે. - - ભગવન્ ! દશપ્રદેશીની પૃચ્છા - ગૌતમ ! દશપ્રદેશીથી સંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થતાથી વધુ છે - - સંખ્યાત પ્રદેશી સ્કંધ૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત પ્રદેશી સ્કંધથી અસંખ્યાત પ્રદેશ સ્કંધ દ્રવ્યાર્થપણે વધુ છે. ભગવન્ ! અસંખ્યાત૦ પૃચ્છા. ગૌતમ ! અનંતપ્રદેશી સ્કંધથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થતાથી વધુ છે.*

*ભગવન્ ! આ પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાથી કોણ કોનાથી વધુ છે ? ગૌતમ ! પરમાણુ પુદ્ગલ કરતાં દ્વિપ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાથી વધુ છે. એ રીતે આ ગમક વડે યાવત્ નવપ્રદેશી સ્કંધથી દશપ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાએ બહુ છે. આ પ્રમાણે બધે જ પ્રશ્ન કરવા. - - દશ પ્રદેશી સ્કંધથી સંખ્યાતપ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાથી બહુ છે. સંખ્યાતપ્રદેશી કરતાં અસંખ્યાતપ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાથી બહુ છે. - - ભગવન્ ! આ અસંખ્યાતપ્રદેશીની પૃચ્છા. ગૌતમ ! અનંતપ્રદેશી સ્કંધ કરતા અસંખ્યાત પ્રદેશી સ્કંધ પ્રદેશાર્થતાએ બહુ છે.*

*ભગવન્ ! આ એક પ્રદેશાવગાઢ અને દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલ કરતાં એક પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે વિશેષાધિક છે. એ પ્રમાણે આ ગમ વડે ત્રિપ્રદેશાવગાઢ કરતાં દ્વિપ્રદેશાસવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે વિશેષાધિક છે યાવત્ દશપ્રદેશાવગાઢ કરતાં નવ પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે વિશેષાધિક છે. દશપ્રદેશાવગાઢ પુદ્ગલથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે બહુ છે. સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે બહુ છે. સર્વત્ર પ્રશ્ન કરવો.*

*ભગવન્ ! આ એક પ્રદેશાવગાઢ અને દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલોમાં પ્રદેશાર્થથી કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! એક પ્રદેશાવગાઢ કરતા દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થતાથી વિશેષાધિક છે, એ રીતે યાવત્ નવ પ્રદેશાવગાઢ કરતાં દશ પ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થથી વિશેષાધિક છે. દશ પ્રદેશાવગાઢ કરતાં સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થથી ઘણાં છે. સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પ્રદેશાર્થતાથી વધુ છે.*

*ભગવન્ ! આ એક સમય સ્થિતિક અને દ્વિસમય સ્થિતિક પુદ્ગલોમાં દ્રવ્યાર્થતાથી૦ અવગાહના માફક સ્થિતિની વક્તવ્યતા કહેવી.*

*ભગવન્ ! આ એકગુણ કાળા અને દ્વિગુણ કાળા પુદ્ગલોમાં દ્રવ્યાર્થતાથી૦ આ આ કથન પરમાણુ પુદ્ગલાદિની વક્તવ્યતા માફક સંપૂર્ણ કહેવું. એ પ્રમાણે બધાં વર્ણ-ગંધ-રસને કહેવા.*

*ભગવન્ ! આ એકગુણ કર્કશ અને દ્વિગુણ કર્કશ પુદ્ગલોમાં દ્રવ્યાર્થતાથી કોણ કોનાથી૦ વિશેષાધિક છે ? ગૌતમ ! એક ગુણ કર્કશ કરતાં દ્વિગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્ નવગુણ કર્કશ કરતા દશગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી વિશેષાધિક છે. દશ ગુણ કર્કશ કરતાં સંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી ઘણાં છે. સંખ્યાત ગુણ કર્કશથી અસંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી ઘણાં છે. અસંખ્યાત ગુણ કર્કશથી અનંતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી ઘણાં છે. એ પ્રમાણે પ્રદેશાર્થતાથી સર્વત્ર પ્રશ્નો કહેવા. જે પ્રમાણે કર્કશ કહ્યા, એ પ્રમાણે મૃદુ-ગુરુ-લઘુ પણ કહેવા. શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષને વર્ણ માફક કહેવા.*



● **વિવેચન-૮૮૭ :-**

બહુ વક્તવ્યતામાં દ્વિઅણુકથી પરમાણુઓ સૂક્ષ્મત્વ અને એકત્વથી ઘણાં છે. દ્વિપ્રદેશકા અણુ કરતા થોડા છે કેમકે સ્થૂળ છે એમ વૃદ્ધો કહે છે, બીજા કહે છે વસ્તુ સ્વભાવથી તેમ છે. એ રીતે આગળ પણ પૂર્વ પૂર્વના ઘણાં અને ઉત્તર-ઉત્તરના થોડાં છે. દશપ્રદેશી કરતાં સંખ્યાત પ્રદેશી, સંખ્યાત સ્થાનોનાં ઘણાં પણાથી ઘણાં છે. સંખ્યાતથી અસંખ્યાતપ્રદેશી ઘણાં છે. અનંત પ્રદેશથી પણ તથાવિધ સૂક્ષ્મ પરિણામત્વથી અસંખ્યાતપ્રદેશી વધુ છે.

પ્રદેશાર્થ વિચારણામાં પરમાણુથી દ્વિપ્રદેશિકા ઘણાં છે. જેમ દ્રવ્યત્વથી પરિમાણથી ૧૦૦ પરમાણુ છે, દ્વિપ્રદેશા-૬૦ છે. પ્રદેશાર્થતામાં પરમાણુ ૧૮૦ હોય તો દ્વિઅણુક ૧૨૦ હોય. તેથી ઘણાં છે, તેમ કહ્યું.

ક્ષેત્ર અપેક્ષાએ પુદ્ગલનું અલ્પત્વાદિ વિચારે છે. એક પ્રદેશાવગાઢ પરમાણુ આદિથી અનંત પ્રદેશિક સ્કંધ સુધી હોય છે. દ્વિપ્રદેશાવગાઢ દ્વિઅણુથી અનંતા અણુ સુધી છે. તે સમ અધિક છે, પણ બમણાં નથી.

વર્ણાદિ ભાવ વિશેષિત પુદ્ગલ વિચારણામાં કર્કશાદિ ચાર સ્પર્શ વિશેષિત પુદ્ગલોમાં પૂર્વ કરતાં પછીના દ્રવ્યાર્થતાથી ઘણાં કહ્યા છે. પણ શીતાદિ ચાર સ્પર્શ કાલાદિ વર્ણ માફક ઉત્તર કરતાં પૂર્વના દશ ગુણ સુધી ઘણાં કહેવા. દશ ગુણથી સંખ્યાતગુણ, તેથી અનંતગુણ, તેથી અસંખ્યાતગુણ ઘણાં છે.

- - હવે પ્રકારાંતરથી પુદ્ગલ વિચારણા બતાવે છે—

● **સૂત્ર-૮૮૮ :-**

*ભગવન્ ! આ પરમાણુ પુદ્ગલોમાં સંખ્યાત-અસંખ્યાત-અનંત પ્રદેશી સ્કંધોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થતાથી, દ્રવ્ય-પ્રદેશાર્થતાથી કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે છે. પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી અનંતગુણા છે, સંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થતાથી સંખ્યાતગુણા છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થતાથી અસંખ્યાત ગણા છે, પ્રદેશાર્થતાથી સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો છે. પ્રદેશાર્થતાથી પરમાણુ પુદ્ગલો અપ્રદેશપણે અનંતગુણ છે, સંખ્યાતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થતાથી સંખ્યાતગુણા, અસંખ્યાતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થતાથી અસંખ્યાતગુણા છે. દ્રવ્ય પ્રદેશાર્થતાથી સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થથી છે, તે જ પ્રદેશાર્થતાથી અનંતગણા છે. પરમાણુ પુદ્ગલ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી અનંતગુણ છે, સંખ્યાતપ્રદેશી સ્કંધ*

*દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણાં છે, તે જ પ્રદેશાર્થતાથી સંખ્યાતગણાં છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થતાથી અસંખ્યાતગુણ છે, તે જ પ્રદેશાર્થતાથી અસંખ્યાતગુણ છે.*

*ભગવન્! આ એક પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ અને અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થતાથી, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા એક પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી, સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણાં, અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી અસંખ્યાતગણા છે. - - પ્રદેશાર્થતાથી સૌથી થોડાં એક પ્રદેશાવગાઢ પુદ્ગલો અપ્રદેશાર્થતાથી, સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થતાથી સંખ્યાતગણા, અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા છે. - - દ્રવ્ય-પ્રદેશાર્થતાથી સૌથી થોડાં એક પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થતાથી છે, અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણા, તે જ પ્રદેશાર્થતાથી સંખ્યાતગણા છે. અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી અસંખ્યાતગણા, તે જ પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા.*

*ભગવન્ ! આ એક સમય સ્થિતિક, સંખ્યાત સમય સ્થિતિક, અસંખ્યાત સમય સ્થિતિક પુદ્ગલોમાં૦ ? અવગાહના મુજબ અહીં પણ કહેવું.*

*ભગવન્ ! આ એક ગુણ કાળા, સંખ્યાતગુણ કાળા, અસંખ્યાત ગુણ કાળા અને અનંતગુણ કાળા પુદ્ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે૦ ? આનું અલ્પબહુત્વ પરમાણુ પુદ્ગલના અલ્પબહુત્વ માફક કહેવું. એ પ્રમાણે બાકીના વર્ણ-ગંધ-રસોનું પણ કહેવું.*

*ભગવન્ ! આ એક ગુણ કર્કશ, સંખ્યાત ગુણ કર્કશ, અસંખ્યાત ગુણ કર્કશ, અનંત ગુણ કર્કશ પુદ્ગલોમાં દ્રવ્યાર્થતા, પ્રદેશાર્થતા, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા એક ગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી છે. સંખ્યાંત ગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા છે, અસંખ્યાત ગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી અસંખ્યાતગણા છે. અનંતગુણ કર્કશ દ્રવ્યાર્થપણે અનંતગણા છે. પ્રદેશાર્થતાથી એમ જ છે. માત્ર સંખ્યાત ગુણ કર્કશ પુદ્ગલ પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા છે. બાકી પૂર્વવત્. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી સૌથી થોડાં એક ગુણ કર્કશ પુદ્ગલો, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી સંખ્યાત ગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણ છે, તે જ પ્રદેશાર્થતાથી સંખ્યાત ગુણ છે. અસંખ્યાત ગુણ કર્કશ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણ, તે જ પ્રદેશાર્થતાથી અસંખ્યાત ગુણ છે, અનંત ગુણ કર્કશ દ્રવ્યાર્થપણે અનંત ગુણ, તે જ પ્રદેશાર્થપણે અનંત ગુણ છે.*

*એ પ્રમાણે મૃદુ-ગુરુ-લઘુનું પણ અલ્પ બહુત્વ જાણવું. શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષનું અલ્પબહુત્વ વર્ણ માફક કહેવું.*



**● વિવેચન-૮૮૮ :-**

પ્રદેશાર્થતાના અધિકાર છતાં, જે અપ્રદેશાર્થતા કહ્યું, તે પરમાણુના અપ્રદેશત્વથી છે. પરમાણુના દ્રવ્ય વિવક્ષામાં દ્રવ્યરૂપ અર્થો, પ્રદેશવિવક્ષામાં અવિધમાન પ્રદેશાર્થ એમ કરીને દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થ તે કહેવાય છે.

અહીં ક્ષેત્ર અધિકારથી ક્ષેત્રના જ પ્રાધાન્યથી પરમાણુ, દ્વિઅણુક. આદિ અનંતગુણ સ્કંધો પણ વિશિષ્ટ એક ક્ષેત્ર પ્રદેશાવગાઢ આધાર-આધેયના ભેદોપચારથી એકત્વથી વ્યપદેશેલ છે. તેથી સૌથી થોડાં એક પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી-લોકાકાશ પ્રદેશ પરિમાણા છે. કહે છે — એવો કોઈ આકાશ પ્રદેશ નહીં હોય, જે એક પ્રદેશાવગાહ પરિણામ પરિણતોને પરમાણુ આદિના અવકાશ દાન પરિણામથી પરિણત ન હોય. संखेज्ज पएसागाढा० અહીં પણ ક્ષેત્રની જ પ્રાધાન્યતાથી તથાવિધ સ્કંધાધાર ક્ષેત્ર પ્રદેશાપેક્ષાથી આ જ ભાવના કરવી. વિશેષ એ કે — અસંમોહથી સુખેથી જાણવા દૃષ્ટાંત દર્શાવિલ છે. *[જેની સ્થાપના અને આકૃતિ છે, તે અમે અહીં બતાવેલ નથી.]*

પુદ્ગલોને જ કૃતયુગ્માદિ વડે નિરૂપતા કહે છે —

**● સૂત્ર-૮૮૯,૮૯૦ :-**

*[૮૮૯] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ દ્રવ્યાર્થતાથી શું કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજ છે ? ગૌતમ ! કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ નથી, માત્ર કલ્યોજ છે. એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થતાથી કૃતયુગ્મ છે ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. વિધાનાદેશથી માત્ર કલ્યોજ છે. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધો સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ પ્રદેશાર્થતાથી કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ નથી, કલ્યોજ છે. - - દ્વિપ્રદેશી પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ-ત્ર્યોજ-કલ્યોજ નથી, દ્વાપરયુગ્મ છે. - - ત્રિપ્રદેશી પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ-દ્વાપરયુગ્મ-કલ્યોજ નથી, ત્ર્યોજ છે - - ચતુઃપ્રદેશી પૃચ્છા. ગૌતમ ! માત્ર કૃતયુગ્મ છે, બાકી ત્રણ નથી. - - પંચપ્રદેશી પૃચ્છા. પરમાણુ પુદ્ગલ મુજબ જાણવું. - - ષટ્પ્રદેશી, દ્વિપ્રદેશીવત્ છે. - - સપ્તપ્રદેશી. ત્રિપ્રદેશી મુજબ છે. - - અષ્ટપ્રદેશી, ચતુઃપ્રદેશીવત્ છે. - - નવપ્રદેશી, પરમાણુ પુદ્ગલવત્ છે. - - દશપ્રદેશી, દ્વિપ્રદેશી માફક છે.*

*ભગવન્ ! સંખ્યાતપ્રદેશી પુદ્ગલની પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે. એ રીતે અસંખ્યાત અને અનંતપ્રદેશ પણ છે.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલો પ્રદેશાર્થતાથી કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. વિધાનાદેશથી માત્ર કલ્યોજ છે, બાકી ત્રણ નથી. - - દ્વિપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ કે કદાચ દ્વાપરયુગ્મ છે. ત્ર્યોજ કે કલ્યોજ નથી. વિધાનાદેશથી*

*દ્વાપરયુગ્મ છે. કૃતયુગ્મ - ત્ર્યોજ-કલ્યોજ નથી.*

*ત્રિપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ, વિધાનાદેશથી ત્ર્યોજ છે, બાકીના ત્રણે નથી.*

*ચતુઃપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી પણ અને વિધાનાદેશથી પણ કૃતયુગ્મ છે, બાકીના ત્રણે નથી. - - પંચપ્રદેશી, પરમાણુ પુદ્ગલો માફક છે. - - ષટ્પ્રદેશી, દ્વિપ્રદેશીવત્ છે. - - સપ્તપ્રદેશી, ત્રિપ્રદેશી માફક છે. - - અષ્ટપ્રદેશી, ચતુઃપ્રદેશીવત્ છે. - - નવપ્રદેશી, પરમાણુ પુદ્ગલો માફક છે. - - દશપ્રદેશી, દ્વિપ્રદેશીવત્ છે. સંખ્યાતપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. વિધાનાદેશથી કૃતયુગ્મ પણ યાવત્ કલ્યોજ પણ છે. એ રીતે અસંખ્યાતપ્રદેશી સ્કંધો પણ કહેવા, અનંતપ્રદેશી સ્કંધો પણ કહેવા.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું કૃતયુગ્મપ્રદેશાવગાઢ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કૃતયુગ્મ પ્રદેશાવગાઢ અને કલ્યોજ પ્રદેશાવગાઢ છે, બીજા બે નથી.*

*દ્વિપ્રદેશાવગાઢની પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ કે ત્ર્યોજપ્રદેશ અવગાઢ નથી, પણ કદાચ દ્વાપરયુગ્મ અને કદાચ કલ્યોજપ્રદેશાવગાઢ છે.*

*ત્રિપ્રદેશી પ્રદેશાવગાઢની પૃચ્છા. ગૌતમ ! કૃતયુગ્મ પ્રદેશાવગાઢ નથી. કદાચ ત્ર્યોજ૦ કદાચ દ્વાપરયુગ્મ૦ કદાચ કલ્યોજ પ્રદેશાવગાઢ છે.*

*ચતુઃપ્રદેશાવગાઢની પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મપ્રદેશ અવગાઢ યાવત્ કદાચ કલ્યોજ પ્રદેશાવગાઢ છે. યાવત્ અનંત પ્રદેશિક.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલો શું કૃતયુગ્મ૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે. ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ-ત્ર્યોજ-દ્વાપરયુગ્મ૦ નથી, કલ્યોજ પ્રદેશાવગાઢ છે.*

*દ્વિપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ૦ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ-ત્ર્યોજ પ્રદેશાવગાઢ નથી, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાવગાઢ છે.*

*ત્રિપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ૦ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાવગાઢ પણ છે.*

*ચતુઃપ્રદેશી સ્કંધોની પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, ત્ર્યોજ-દ્વાપરયુગ્મ-કલ્યોજ૦ નથી. વિધાનાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે યાવત્ કલ્યોજ પ્રદેશાવગાઢ છે. યાવત્ અનંતપ્રદેશી૦*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું કૃતયુગ્મ સ્થિતિક છે ? પૃચ્છા. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ સમય સ્થિતિક છે. એ પ્રમાણે અનંતપ્રદેશી સુધી જાણવું. - - ભગવન્ ! પરમાણુ પુદ્ગલો શું કૃતયુગ્મ૦ પૃચ્છા. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ સમય સ્થિતિક યાવત્ કદાચ કલ્યોજ*



*સમયસ્થિતિક છે. વિધાનાદેશથી કૃતયુગ્મ સમય સ્થિતિક પણ છે યાવત્ કલ્યોજ૦ પણ છે. એ રીતે અનંતપ્રદેશી૦ સુધી કહેવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કાળા વર્ણ પર્યાયથી શું કૃતયુગ્મ, ત્ર્યોજ૦ ? સ્થિતિની વક્તવ્યતાની માફક સર્વે વર્ણો અને સર્વે ગંધોને કહેવા. એ પ્રમાણે રસની વક્તવ્યતા પણ મધુરરસ સુધી કહેવું.*

*ભગવન્ ! અનંતપ્રદેશી સ્કંધ કર્કશ સ્પર્શ પર્યાયથી શું કૃતયુગ્મ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. - - ભગવન્ ! અનંતપ્રદેશી સ્કંધો કર્કશ સ્પર્શ પર્યાયોથી શું કૃતયુગ્મ૦ ? પ્રશ્ન. ગૌતમ ! ઓઘાદેશથી કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ છે, વિધાનાદેશથી કૃતયુગ્મ પણ છે યાવત્ કલ્યોજ પણ છે. - - આ પ્રમાણે મૃદુ-ગુરુ-લઘુ સ્પર્શો પણ કહેવા. શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષને વર્ણ માફક કહેવા.*

*[૮૯૦] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું સાર્દ્ધ છે કે અનર્દ્ધ ? ગૌતમ ! સાર્દ્ધ નથી, અનર્દ્ધ છે. - - દ્વિપ્રદેશી૦ પૃચ્છા. ગૌતમ ! સાર્ધ નથી, અનર્દ્ધ છે. - - ત્રિપ્રદેશીક, પરમાણુ પુદ્ગલ માફક છે. - - ચતુઃપ્રદેશિક, દ્વિપ્રદેશીવત્ છે. - - પંચપ્રદેશી, ત્રિપ્રદેશીવત્ ષટ્પ્રદેશી, દ્વિપ્રદેશીવત્. સપ્તપ્રદેશી, ત્રિપ્રદેશીવત્, અષ્ટપ્રદેશી, દ્વિપ્રદેશીવત્. નવપ્રદેશી, ત્રિપ્રદેશીવત્, દશપ્રદેશી, દ્વિપ્રદેશીવત્. ભગવન્ ! સંખ્યાતપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ ! કદાચ સાર્દ્ધ, કદાચ અનર્દ્ધ. એ રીતે અસંખ્યાત-અનંતપ્રદેશ પણ.*

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલો, શું સાર્દ્ધ છે કે અનર્દ્ધ ? ગૌતમ ! સાર્દ્ધ પણ, અનર્દ્ધ પણ. એ રીતે યાવત્ અનંતપ્રદેશી સ્કંધો જાણવા.*

**● વિવેચન-૮૮૯,૮૯૦ :-**

પરમાણુ પુદ્ગલો ઓઘાદેશથી કૃતયુગ્માદિ વિકલ્પે હોય છે, તેનું અનંતત્વ પણ સંઘાત ભેદથી અનવસ્થિત સ્વરૂપત્વથી છે. વિધાનથી એક-એકથી કલ્યોજ જ છે. પંચપ્રદેશીમાં એક શેષ હોવાથી કલ્યોજ છે. ષટ્પ્રદેશીમાં બે શેષ રહેવાથી દ્વાપરયુગ્મ છે. એ રીતે બીજે પણ જાણવું.

સંખ્યાત પ્રદેશિકના વિચિત્ર સંખ્યત્વથી વિકલ્પે ચારે ભેદ છે. દ્વિપ્રદેશિકા જો સમસંખ્યક હોય, ત્યારે પ્રદેશથી કૃતયુગ્મ, જો વિષમસંખ્યા હોય ત્યારે દ્વાપરયુગ્મ. દ્વિપ્રદેશિકા પ્રદેશાર્થતાથી પ્રત્યેકને વિચારતા દ્વિપ્રદેશત્વથી દ્વાપરયુગ્મ થાય છે. - - સમસ્ત ત્રિપ્રદેશીના સંયોગથી તેના પ્રદેશોના ચતુષ્ક અપહારમાં ચાર શેષ વિકલ્પે રહે, કેમકે તેમનું અનવસ્થિત સંખ્યત્વ છે. જો તેમાં ચાર ઉમેરાય તો દ્વાદશ પ્રદેશો છે તે ચાર શેષ રહે, પાંચથી ત્ર્યોજ થાય, છ થી દ્વાપરયુગ્મ થાય, સાતથી કલ્યોજ. વિધાનાદેશથી ત્રિઅણુકત્વ સ્કંધથી ત્ર્યોજ જ છે.

ચતુષ્પ્રદેશિકમાં ઓઘથી અને વિધાનથી ચાર શેષ પ્રદેશો જ છે. પંચપ્રદેશી, પરમાણુ પુદ્ગલવત્. સામાન્યથી કદાચ કૃતયુગ્માદિ છે.

ષટ્પ્રદેશી ઓઘથી કદાચ કૃત્યુગ્મ કે દ્વાપરયુગ્મ. વિધાનથી દ્વાપરયુગ્મ. એ

પ્રમાણે આગળ-આગળ પણ જાણવું.

હવે ક્ષેત્રથી પુદ્‌ગલની વિચારણા કરતા કહે છે — પરમાણુ કલ્યોજ પ્રદેશાવગાઢ જ એકત્વથી છે, દ્વિપ્રદેશાવગાઢ સામાન્યથી ચાર શેષ યુક્ત છે, વિધાનથી દ્વિપ્રદેશિકા જે દ્વિપ્રદેશાવગાઢ છે, તે દ્વાપરયુગ્મ અને જે એક પ્રદેશાવગાઢ છે, તે કલ્યોજ. એ પ્રમાણે બીજે પણ જાણવું.

અહીં કર્કશાદિ સ્પર્શાધિકારમાં જે અનંતપ્રદેશીક જ સ્કંધનું ગ્રહણ છે, તે તેના જ બાદરના કર્કશાદિ ચાર સ્પર્શ થાય છે પણ પરમાણુ આદિના એમ અભિપ્રાયથી છે. તેથી કહે છે — શીત આદિ ચાર વર્ણ માફક છે.

પુદ્‌ગલાધિકારથી કહે છે — જે સમસંખ્ય પ્રદેશાત્મક સ્કંધ તે સાર્દ્ધ છે, વિષમ સંખ્ય તે અનર્દ્ધ છે. જો ઘણાં અણુઓ સમસંખ્યક હોય તો સાર્દ્ધ હોય, જો વિષમસંખ્યા હોય તો અનર્દ્ધ હોય. - x - x -

● સૂત્ર-૮૯૧,૮૯૨ :-

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ સકંપ છે કે નિષ્કંપ ? ગૌતમ ! કદાચ સકંપ, કદાચ નિષ્કંપ. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો સકંપ છે કે નિષ્કંપ ? ગૌતમ ! સકંપ પણ છે, નિષ્કંપ પણ છે, એ રીતે અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ સકંપ કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાત ભાગ. - - ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ નિષ્કંપ કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો કેટલો કાળ સકંપા રહે છે ? ગૌતમ ! સર્વકાળ. - - ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો કેટલો કાળ નિષ્કંપા રહે છે ? ગૌતમ ! સર્વકાળ. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલની સકંપતામાં કેટલો કાળ અંતર હોય ? ગૌતમ ! સ્વસ્થાન અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ. પરસ્થાન આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ.*

*નિષ્કંપતાનું અંતર કેટલો કાળ હોય ? ગૌતમ ! સ્વસ્થાન આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. પરસ્થાનને આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ.*

*ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધનું સકંપ અંતર ? ગૌતમ સ્વસ્થાન આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાળ. પરસ્થાનની અપેક્ષાથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. - - નિષ્કંપનું કેટલો કાળ અંતર ? ગૌતમ ! સ્વસ્થાનને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ.પરસ્થાનને આશ્રીને જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. આ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ પર્યન્ત જાણવું.*



*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલોનું સકંપનું કાળ અંતર કેટલું છે ? ગૌતમ ! અંતર નથી. આ પ્રમાણે અનંતપ્રદેશિક સ્કંધો સુધી જાણવું.*

*ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલોના સકંપ અને નિષ્કંપમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા પરમાણુ પુદ્‌ગલો સકંપ છે, નિષ્કંપ અસંખ્યાતગણા છે. એ રીતે અસંખ્યપ્રદેશી સ્કંધમાં જાણવું.*

*ભગવન્ ! આ અનંતપ્રદેશી સ્કંધોના સકંપ અને નિષ્કંપમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા અનંતપ્રદેશી સ્કંધો નિષ્કંપ છે, સકંપ તેથી અનંતગણા છે.*

*ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલોના સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંતપ્રદેશી સ્કંધોના સકંપ અને નિષ્કંપમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?*

*ગૌતમ ! (૧) સૌથી થોડા અનંતપ્રદેશી સ્કંધો નિષ્કંપ દ્રવ્યાર્થપણે (૨) અનંતપ્રદેશી સ્કંધો સકંપ દ્રવ્યાર્થપણે અનંતગુણા, (૩) પરમાણુ પુદ્‌ગલો સકંપ દ્રવ્યાર્થપણે અનંતગણા, (૪) સંખ્યાતપ્રદેશી સ્કંધો સકંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૫) અસંખ્યાતપ્રદેશી સ્કંધો સકંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૬) પરમાણુ પુદ્‌ગલ નિષ્કંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૭) સંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપ દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણા, (૮) અસંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૯) પ્રદેશાર્થતાથી એ પ્રમાણે જ છે વિશેષ એ કે - પરમાણુ પુદ્‌ગલો અપ્રદેશાર્થપણે કહેવા. સંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપ પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા. બાકી પૂર્વવત્.*

*(૧) દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી સૌથી થોડા અનંતપ્રદેશી સ્કંધ નિષ્કંપ દ્રવ્યાર્થતાથી, (૨) તે જ પ્રદેશાર્થતાથી અનંતગણા, (૩) અનંતપ્રદેશી સ્કંધ સકંપ દ્રવ્યાર્થપણે અનંતગણા, (૪) તે જ પ્રદેશાર્થપણે અનંતગણા, (૫) પરમાણુ પુદ્‌ગલો સકંપ દ્રવ્યાર્થતાથી અપ્રદેશાર્થપણે અનંતગણા, (૬) સંખ્યાતપ્રદેશી સ્કંધ સકંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૭) તે જ પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણા (૮) અસંખ્યાતપ્રદેશી સ્કંધ સકંપતાથી દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૯) તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા, (૧૦) પરમાણુ પુદ્‌ગલ નિષ્કંપ દ્રવ્યાર્થ-અપ્રદેશપણે અસંખ્યાતગણા, (૧૧) સંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૧૨) તે જ પ્રદેશાર્થપણે સંખ્યાતગણા, (૧૩) અસંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા, (૧૪) તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ શું દેશથી નિષ્કંપ છે કે સર્વથી ? ગૌતમ ! દેશથી નથી, કદાચ સર્વ કંપક છે, કદાચ નિષ્કંપક છે.*

*ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ કદાચ દેશકંપક, કદાચ સર્વકંપક, કદાચ નિષ્કંપક. એ રીતે અનંતપ્રદેશી સુધી જાણવું.*

*ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો શું દેશકંપક૦ છે ? ગૌતમ ! દેશકંપક નથી,*

સર્વકંપક છે અને નિષ્કંપક છે. - - દ્વિપ્રદેશી સ્કંધ ? ગૌતમ ! દેશથી-સર્વથી કંપક તથા નિષ્કંપક છે - એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશી.

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ સર્વ કંપક, કાળથી કેટલો રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. - - નિષ્કંપક કેટલો કાળ રહે ? જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ.

ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધ કેટલો કાળ દેશકંપક રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાતભાગ. - - સર્વકંપક કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યાત ભાગ. - - નિષ્કંપક કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. એ રીતે અનંતપ્રદેશી સુધી જાણવું.

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલો સર્વકંપક, કેટલો કાળ રહે ? ગૌતમ ! સર્વકાળ. - - નિષ્કંપક કેટલો કાળ રહે ? સર્વકાળ. - - ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધો દેશકંપક કેટલો કાળ રહે ? સર્વકાળ. સર્વકંપક કેટલો કાળ રહે ? સર્વકાળ. નિષ્કંપક કેટલો કાળ રહે ? સર્વકાળ. અનંતપ્રદેશી સુધી આ પ્રમાણે કહેવું.

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલનું સર્વકંપકનું કેટલો કાળ અંતર હોય ? ગૌતમ ! સ્વસ્થાનને આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. - - નિષ્કંપકનું અંતર કેટલું છે ? સ્વસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાત ભાગ. પરસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ.

ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધનું દેશકંપકનું અંતર કેટલો કાળ રહે ? સ્વસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. પરસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ. - - સર્વકંપકનું અંતર કેટલો કાળ ? એ પ્રમાણે જેમ દેશકંપકનું કહ્યું. નિષ્કંપકનું અંતર કેટલો કાળ ? સ્વસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્યાત ભાગ. પરસ્થાનથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળ. - - એ પ્રમાણે અનંતપ્રદેશીનું કહેવું.

ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલોનું અંતર સર્વકંપકનું કેટલો કાળ હોય ? અંતર નથી. - - નિષ્કંપકનું કેટલો કાળ ? અંતર નથી.

ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધોનું દેશકંપકોનું અંતર કેટલો કાળ ? અંતર નથી. - - સર્વકંપકોનું કેટલો કાળ ? અંતર નથી. નિષ્કંપકોનું કેટલો કાળ ? અંતર નથી. - - એ પ્રમાણે અનંતપ્રદેશીકોનું જાણવું.

ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલોમાં સર્વકંપક અને નિષ્કંપકમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પરમાણુ પુદ્‌ગલો સર્વકંપક છે, નિષ્કંપકો તેથી અસંખ્યાતગણા છે.

ભગવન્ ! આ દ્વિપ્રદેશી સ્કંધોના દેશકંપક, સર્વકંપક, નિષ્કંપક એમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા દ્વિપ્રદેશી સ્કંધો





સ્રવકંપક છે, દેશકંપક અસંખ્યાતગણા, નિષ્કંપક અસંખ્યાતગણા. એ પ્રમાણે અસંખ્યાતપ્રદેશી સ્કંધોનું પણ જાણવું.

ભગવન્ ! આ અનંતપ્રદેશી સ્કંધોના દેશકંપકો, સર્વકંપકો, નિષ્કંપકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા અનંતપ્રદેશી સ્કંધો સર્વકંપક છે, નિષ્કંપક અનંતગણા, દેશકંપક અનંતગણા.

ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલોના સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી, અનંતપ્રદેશી સ્કંધોના દેશકંપક, સર્વકંપક, નિષ્કંપકોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો સર્વકંપક દ્રવ્યાર્થપણે અનંતપ્રદેશી સ્કંધો નિષ્કંપકો દ્રવ્યાર્થતાથી અનંતગણા. અનંતપ્રદેશી સ્કંધો દેશકંપક દ્રવ્યાર્થતાથી અનંતગણા. અસંખ્યાતપ્રદેશી સ્કંધો સર્વકંપક દ્રવ્યાર્થતાથી અસંખ્યાતગણા. સંખ્યાતપ્રદેશી સ્કંધો સર્વકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. પરમાણુ પુદ્‌ગલો સર્વકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. સંખ્યાત પ્રદેશી સ્કંધો દેશકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. અસંખ્યાત પ્રદેશી સ્કંધો દેશકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. પરમાણુ પુદ્‌ગલો નિષ્કંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. સંખ્યાત પ્રદેશી સ્કંધો નિષ્કંપક દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા. અસંખ્યાતપ્રદેશી સ્કંધો નિષ્કંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા.

એ પ્રમાણે પ્રદેશાર્થતાથી પણ જાણવું. વિશેષ એ કે - પરમાણુ પુદ્‌ગલો અપ્રદેશાર્થપણે કહેવા. સંખ્યાત પ્રદેશી સ્કંધ નિષ્કંપક પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા છે. બાકી પૂર્વવત્ જાણવું.

દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધ સર્વકંપક દ્રવ્યાર્થપણે. તે જ પ્રદેશાર્થપણે અનંતગણા. અનંતપ્રદેશી સ્કંધ નિષ્કંપક દ્રવ્યાર્થપણે અનંતગણા. તે જ પ્રદેશાર્થપણે અનંતગણા. અનંત પ્રદેશી સ્કંધ દેશકંપક સર્વકંપક દ્રવ્યાર્થપણે અનંતગણા. તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા. સંખ્યાત પ્રદેશી સ્કંધ સર્વકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યગણા. તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા. પરમાણુ પુદ્‌ગલ સર્વકંપક દ્રવ્યાર્થ-અપ્રદેશાર્તપણે અસંખ્યાતગણા. સંખ્યાત પ્રદેશી સ્કંધ દેશ કંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા. અસંખ્ય પ્રદેશી સ્કંધ દેશકંપક દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા. તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણા. પરમાણુ પુદ્‌ગલો નિષ્કંપક દ્રવ્યાર્થ અપ્રદેશાર્થપણે અસંખ્યગણા. સંખ્યાતપ્રદેશી સ્કંધ નિષ્કંપકપણે દ્રવ્યાર્થતાથી સંખ્યાતગણા. તે જ પ્રદેશાર્થતાથી સંખ્યાતગણા.

[૮૯૨] ભગવન્ ! ધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ કેટલા છે ? ગૌતમ ! આઠ. - - ભગવન્ ! અધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ કેટલા છે ? આઠ. - - ભગવન્ ! આકાશાસ્તિકાયના મધ્યપ્રદેશ કેટલા છે ? આઠ. - - ભગવન્ ! જીવાસ્તિકાયના મધ્યપ્રદેશ કેટલા છે ? આઠ. - - ભગવન્ ! આ જીવાસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો

*કેટલા આકાશપ્રદેશને અવગાહે છે ? ગૌતમ ! જઘન્યથી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ. ઉત્કૃષ્ટથી આઠ પણ સાતને નહીં.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૮૯૧,૮૯૨ :-**

સેए - ચલ, સૈજત્વ - ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યેય ભાગ માત્ર જ છે. નિષ્કંપતામાં ઉત્સર્ગ મુજબ. - અસંખ્યાતકાળ કહ્યો છે.

બહુવચન સૂત્રમાં સર્વાદ્ધા-સર્વકાળ, પરમાણુઓ સકંપક છે, ત્રણે કાળમાં એવો કોઈ સમય નથી, જેમાં પરમાણુઓ સર્વથા ચલિત ન થાય. એ પ્રમાણે નિષ્કંપકો પણ 'સર્વકાળ' જાણવા. હવે પરમાણુ આદિનું અંતર —

सट्टाणंतरपडुच्च - સ્વસ્થાન પરમાણુનો પરમાણુ ભાવ જ, તેમાં વર્તતા જે ચલન વ્યવધાન, નિશ્ચલત્વરૂપ લક્ષણ, તે સ્વસ્થાનને આશ્રીને - નિશ્ચલતા જઘન્યકાળ રૂપ એક સમય. ઉત્કૃષ્ટ કાળ અસંખ્યાતકાળ. તેમાં જઘન્યથી અન્તર પરમાણુ એક સમય ચલ થઈ રોકાઈને ફરી ચાલે. ઉત્કર્ષથી અસંખ્યાતકાળ ક્યારેક સ્થિર થઈને ફરી ચલે. - - પરમાણુનું જે પરસ્થાન - દ્વિ અણુકાદિમાં અંતર્ભૂત અંતર-ચલન વ્યવધાન, તે પરસ્થાન અંતર, તેને આશ્રીને પરમાણુ પુદ્ગલ જ ભમતાં દ્વિપ્રદેશાદિ સ્કંધમાં પ્રવેશીને, જઘન્યથી તેની સાથે એક સમય રહીને ફરી ભ્રમણ કરે. ઉત્કર્ષથી અસંખ્યાતકાળ દ્વિપ્રદેશીપણે રહીને ફરી એક પણે ભમે.

નિશ્ચલ રહેલ જઘન્યથી એક સમય ભમીને ફરી નિશ્ચલ રહે. ઉત્કર્ષથી નિશ્ચલ રહી આવલિકાનો અસંખ્યાત ભાગ ઉત્કૃષ્ટ કાળરૂપ ચલનથી ભમીને ફરી નિશ્ચલ જ થાય, એ સ્વસ્થાનાંતર કહ્યું. પરસ્થાન અંતર, તે નિશ્ચલ થઈ, પછી સ્વસ્થાનથી ચલિત થઈ જઘન્યથી દ્વિપ્રદેશાદિ સ્કંધમાં એક સમય રહીને ફરી નિશ્ચલ જ રહે છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ તેની સાથે રહીને પૃથક્ થઈને ફરી રહે છે. દ્વિપ્રદેશી થઈ ચલિત થઈ, પછી અનંત પુદ્ગલ સાથે કાળભેદથી સંબંધ કરીને અનંત કાળ વડે ફરી તે જ પરમાણુ સાથે સંબંધ કરી, ફરી ચલિત થાય.

સકંપકાદિનું અલ્પબહુત્વ - નિષ્કંપકો અસંખ્યાતગણા, સ્થિતિ ક્રિયાના ઉત્સર્ગપણાથી બહુત્વ છે. અનંતપ્રદેશીમાં સકંપક અનંતગુણ વસ્તુસ્વભાવથી છે. આને જ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-ઉભયાર્થને નિરૂપે છે - તેમાં દ્રવ્યાર્થતામાં સકંપત્વ-નિષ્કંપત્વ વડે આઠ પદો છે. એ પ્રમાણે પ્રદેશાર્થતામાં પણ છે, ઉભયાર્થતામાં ચૌદ સકંપક પક્ષે અને નિષ્કંપક પક્ષમાં પરમાણુમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ પદના અને દ્રવ્યાર્થ અપ્રદેશાર્થપણાના એકીકરણ અભિલાપ વડે છે. પ્રદેશાર્થતામાં 'એ પ્રમાણે' એવો અતિદેશ છે. તેમાં જે વિશેષ છે, તે કહે છે — પરમાણુ પદમાં પ્રદેશાર્થતાના સ્થાને અપ્રદેશાર્થતા કહેવી. કેમકે પરમાણુનું અપ્રદેશાર્થત્વ છે. દ્રવ્યાર્થ સૂત્રમાં સંખ્યાતપ્રદેશી નિષ્કંપક પરમાણુથી નિષ્કંપક સંખ્યાતગણા કહ્યા. પ્રદેશાર્થતા સૂત્રમાં તેને તેનાથી અસંખ્યાતગણા કહ્યા. કેમકે નિષ્કંપક પરમાણુથી દ્રવ્યાર્થપણે નિષ્કંપક સંખ્યાતપ્રદેશી, સંખ્યાતગણા થાય છે. તેની મધ્યે બહુ ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ પ્રદેશત્વથી નિષ્કંપક પરમાણુથી તે



પ્રદેશથી અસંખ્યાતગણા થાય છે. - x - x -

હવે પરમાણુ આદિના સકંપકત્વાદિ નિરૂપે છે - બધાંના અલ્પબહુત્વ અધિકારમાં દ્રવ્યાર્થ ચિંતામાં પરમાણુ પદના સર્વકંપકત્વ, નિષ્કંપકત્વ વિશેષણથી સંખ્યાતાદિ ત્રણેના પ્રત્યેક દેશકંપક-સર્વકંપક-નિષ્કંપક વિશેષણથી ૧૧-પદો થાય છે. એ રીતે પ્રદેશાર્થતામાં પણ છે. ઉભયાર્થતામાં આ ૨૦ પદો છે. સર્વકંપક અને નિષ્કંપક પક્ષમાં પરમાણુમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ પદોમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્તતા એ એકીકરણ અભિલાપથી આમ કહ્યું.

પુદ્ગલાસ્તિકાયની પ્રદેશથી વિચારણા કરી. હવે બીજા પણ અસ્તિકાયોને પ્રદેશથી વિચારે છે. ધર્માસ્તિકાયના આઠ પ્રદેશો, રૂચકપ્રદેશના અષ્ટકને અવગાહીને જાણવા એમ ચૂર્ણિકાર કહે છે. - x - x - x - પ્રત્યેક જીવોના, તે પણ સર્વ અવગાહનામાં મધ્ય ભાગ જ થાય, તેથી મધ્યપ્રદેશ કહેવાય છે. જઘન્યથી એક છે. સંકોચ-વિકાશ ધર્મથી ઉત્કૃષ્ટ આઠ થાય છે. વસ્તુ સ્વભાવથી તે સાત ન થાય.

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૫-"પર્યવ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૪-માં પુદ્ગલાસ્તિકાયાદિ નિરૂપિત કર્યા. તેના પ્રત્યેકના અનંત પર્યવો છે, તેથી અહીં પર્યવ નિરૂપણ —

● **સૂત્ર-૮૯૩ થી ૮૯૫ :-**

*[૮૯૩] ભગવન્ ! પર્યવો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. તે આ — જીવપર્યવો, અજીવપર્યવો. "પર્યવપદ" સંપૂર્ણ કહેવું.*

*[૮૯૪] ભગવન્ ! આવલિકા, શું સંખ્યાત સમયની, અસંખ્યાત સમયની કે અનંત સમયની હોય ? ગૌતમ ! તે માત્ર અસંખ્યાત સમય છે.*

*ભગવન્ ! આનપ્રાણ શું સંખ્યાત૦ ? - પૂર્વવત્ - જાણવું.*

*ભગવન્ ! સ્તોક, શું સંખ્યાત૦ ? - પૂર્વવત્. - - એ પ્રમાણે લવ, મુહૂર્ત્ત જાણવા. એ પ્રમાણે અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહુયાંગ, હુહુત, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અક્ષનિપૂરાંગ, અક્ષનિપૂર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી જાણવા.*

*ભગવન્ ! પુદ્ગલ પરાવર્ત્ત શું સંખ્યાત સમયક, અસંખ્યાત સમયક કે અનંતાસમયક છે ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત સમયક નથી, અનંત સમયક છે. એ રીતે અતીત-અનાગત-સર્વકાળ જાણવો.*

*ભગવન્ ! આવલિકાઓ શું સંખ્યાત સમયિક છે ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત સમયિક નથી, કદાચ અસંખ્યાત, કદાચ અનંત સમયિક.*

*ભગવન્ ! આનપ્રાણો, શું સંખ્યાતસમયિક છે ? - પૂર્વવત્ -*

*ભગવન્ ! સ્તોકો, શું સંખ્યાત સમયિક છે૦ ? એ પ્રમાણે યાવત્ અવસર્પિણીઓ સુધી જાણવું.*

*ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્ત્તો, શું સંખ્યાત સમયિક છે ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત સમયિક નથી, અનંત સમયિક છે.*

*ભગવન્ ! આનપ્રાણ, શું સંખ્યાત આવલિકારૂપ છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત આવલિકારૂપ છે, અસંખ્યાત કે અનંત આવલિકારૂપ નથી. એ પ્રમાણે સ્તોક યાવત્ શીર્ષ પ્રહેલિકારૂપ સુધી જાણવું.*

*ભગવન્ ! પલ્યોપમ, શું સંખ્યાત આવલિકારૂપ છે૦ ? પ્રશ્ન. સંખ્યાત કે અનંત આવલિકારૂપ નથી, અસંખ્યાત આવલિકારૂપ છે. એ પ્રમાણે સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી પણ જાણવા.*

*પુદ્‌ગલ પરાવર્ત૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત આવલિકારૂપ નથી, અનંત આવલિકારૂપ છે. એ પ્રમાણે યાવત્ સર્વકાળ.*

*ભગવન્ ! આનપ્રાણ શું સંખ્યાત આવલિકારૂપ છે ? ગૌતમ ! કદાચ સંખ્યાત આવલિકા, કદાચ અસંખ્યાત આવલિકા, કદાચ અનંત આવલિકારૂપ છે. એ પ્રમાણે શીર્ષ પ્રહેલિકા સુધી જાણવું.*

*પલ્યોપમની પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત આવલિકારૂપ નથી, કદાચ અસંખ્યાત આવલિકા, કદાચ અનંત આવલિકારૂપ છે. એ પ્રમાણે ઉત્સર્પિણી સુધી જાણવું. - - પુદ્‌ગલ પરિવર્તની પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત આવલિકારૂપ નથી, પણ અનંત આવલિકારૂપ છે.*

*ભગવન્ ! સ્તોક શું સંખ્યાત આનપ્રાણ છે, અસંખ્યાત આનપ્રાણ છે૦ ? આવલિકા માફક આનપ્રાણ વક્તવ્યતા સંપૂર્ણ કહેવી. એ પ્રમાણે આ આલાવા વડે શીર્ષપ્રહેલિકા પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! સાગરોપમ શું સંખ્યાત પલ્યોપમરૂપ છે ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત પલ્યોપમ છે, અસંખ્યાત કે અનંત પલ્યોપમ નથી. એ રીતે અવસર્પિણી અને ઉત્સર્પિણી પણ જાણવા. - - પુદ્‌ગલ પરિવર્ત૦ પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત પલ્યોપમ નથી, અનંત પલ્યોપમ છે - એ પ્રમાણે સર્વકાળ પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! સાગરોપમો શું સંખ્યાત પલ્યોપમરૂપ છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ સંખ્યાત પલ્યોપમો, કદાચ અસંખ્યાત પલ્યોપમો, કદાચ અનંતા પલ્યોપમો. એ પ્રમાણે અવસર્પિણી, ઉત્સર્પિણીમાં પણ કહેવું.*

*પુદ્‌ગલ પરાવર્તોની પૃચ્છા. ગૌતમ ! સંખ્યાત પલ્યોપમ નથી, અસંખ્યાત પલ્યોપમ નથી, પણ અનંત પલ્યોપમો છે.*

*ભગવન્ ! અવસર્પિણી, શું સંખ્યાત સાગરોપમ છે૦ ? જેમ પલ્યોપમની વક્તવ્યતા કહી, તેમ સાગરોપમની પણ કહેવી.*

*ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્ત્ત, શું સંખ્યાત અવસર્પિણી છે૦ ? ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત અવસર્પિણીઓ રૂપ નથી, પણ અનંત અવસર્પિણી-ઉત્સર્પિણીરૂપ છે. એ પ્રમાણે સર્વકાળ પર્યન્ત જાણવું.*



*ભગવન્ ! પુદ્‌ગલ પરિવર્તો શું સંખ્યાત અવસર્પિણી-ઉત્સર્પિણીઓ છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! માત્ર અનંત અવસર્પિણી ઉત્સર્પિણી છે.*

*ભગવન્ ! અતીતકાળ, શું સંખ્યાત પુદ્‌ગલ પરિવર્ત૦ છે ? ગૌતમ ! તે અનંતા પુદ્‌ગલ પરિવર્ત છે. આ રીતે અનાગતકાળ, સર્વકાળ જાણવો.*

*[૮૯૫] ભગવન્ ! અનાગતકાળ શું સંખ્યાત અતીતકાળરૂપ છે કે અસંખ્યાત૦ કે અનંત૦ ? ગૌતમ ! સંખ્યાત-અસંખ્યાત કે અનંત અતીતકાળરૂપ નથી. અનાગતકાળ, અતીતકાળથી સમયાધિક છે. અતીતકાળ, અનાગતકાળથી સમય ન્યૂન છે.*

*ભગવન્ ! સર્વકાળ શું સંખ્યાત અતીતકાળ છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત-અસંખ્યાત-અનંત અતીતકાળરૂપ નથી. સર્વકાળ, તે અતીતકાળથી સાતિરેક બમણો છે, અતીતકાળ, સર્વકાળથી સ્તોક ન્યૂનાર્ધ છે.*

*ભગવન્ ! સર્વકાળ, શું સંખ્યાત અનાગતકાળરૂપ છે૦ ? ગૌતમ ! સંખ્યાત-અસંખ્યાત-અનંત અનાગતકાળરૂપ નથી. સર્વકાળ અનાગતકાળથી સ્તોક ન્યૂન બમણો છે. અનાગતકાળ, સર્વકાળથી સાતિરેક અડધો છે.*

● **વિવેચન-૮૯૩ થી ૮૯૫ :-**

પજ્જવા - પર્યવો, ગુણ ધર્મ વિશેષ તે પર્યાયો. જીવ ધર્મા અને અજીવ પર્યવો પણ છે. અહીં પ્રજ્ઞાપના સૂત્રનું પાંચમું ‘પર્યવ પદ’ કહેવું. તે આ - ભગવન્ ! જીવ પર્યવો શું સંખ્યાત, અસંખ્યાત કે અનંતા છે ? - ગૌતમ ! સંખ્યાતા, અસંખ્યાતા નથી, અનંત છે ઈત્યાદિ. વિશેષાધિકારથી કાલસૂત્ર –

આવલિકા૦ આદિ અને બહુવચનાધિકારમાં આવલિકાઓ. એકવચનમાં તેમાં અસંખ્યાતા સમયો, બહુવચનમાં અસંખ્યાતા અને અનંતા હોય છે, પણ સંખ્યાતા ન હોય.

અનાગતકાળ અતીતકાળથી સમયાધિક છે. કઈ રીતે ? અતીત-અનાગત બે કાળ અનાદિત્વ, અનંતત્વ બંનેથી સમાન છે. તે બંનેની મધ્યે ભગવંતનો પ્રશ્ન સમય વર્તે છે. તે અવિનષ્ટત્વથી અતીતમાં પ્રવેશે નહીં, અનિષ્ટત્વના સાધર્મ્યથી અનાગતમાં નાંખતા પછી સમય અતિરિક્ત અનાગતકાળ થાય છે. તેથી અનાગતકાળથી અતીતકાળ સમયન્યૂન થાય છે.

સર્વકાળ - અતીત, અનાગત કાળથી બમણો છે. તે અતીત કાળથી સાતિરેક બમણાં હોય છે. સાતિરેકત્વ, વર્તમાન સમયથી છે, તેથી અતીતકાળ સર્વકાળથી થોડું ન્યૂન અર્ધ છે. ન્યૂનત્વ વર્તમાન સમયથી છે.

અહીં ક્યારેક કહે છે – અતીતકાળથી અનાગત કાળ અનંતગુણ છે. જો તે વર્તમાન સમયમાં સમ હોય, તો તે અતિક્રમતા અનાગતકાળ સમય વડે ન્યૂન થાય, તેથી બમણાદિ વડે સમત્વ નથી, તેથી અનંતગુણ. તે અતીતકાળના હોવાથી,

અનંતકાળ જતાં પણ આ ક્ષય પામતું નથી. - x - x - *[અમને કંઈ સ્પષ્ટ થયું નથી.]* - x - હવે નિગોદના ભેદોને કહે છે —

● સૂત્ર-૮૯૬,૮૯૭ :-

*[૮૯૬] ભગવન્ ! નિગોદ કેટલા છે ? ગૌતમ ! બે ભેદે છે. તે આ - નિગોદ અને નિગોદ જીવ. - - ભગવન્ ! નિગોદ, કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ. એ પ્રમાણે નિગોદને જેમ જીવાભિગમમાં કહ્યા, તેમ સંપૂર્ણ કહેવા.*

*[૮૯૭] ભગવન્ ! નામ કેટલા ભેદે છે ? છ ભેદે છે - ઔદયિક યાવત્ સંનિપાતિક. - - તે ઔદયિક નામ શું છે ? તે બે ભેદે છે - ઉદય અને ઉદય નિષ્પન્ન. એ પ્રમાણે શતક ૧૭, ઉદ્દેશો-૧-માં ભાવો કહ્યા, તેમ અહીં પણ કહેવા. માત્ર 'ભાવ'ને બદલે અહીં 'નામ' કહેવું. બાકી પૂર્વવત્ યાવત્ સંનિપાતિક. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૮૯૬,૮૯૭ :-

નિગોદ - અનંતકાયિક જીવ શરીરો. નિગોદ જીવો - સાધારણ નામ કર્મોદય વર્તી જીવો. 'જીવાભિગમ' મુજબ, એ રીતે આમ સૂચવે છે - ભગવન્ ! સૂક્ષ્મ નિગોદો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. તે આ — પર્યાપ્તા, અપર્યાપ્તા. ઈત્યાદિ - - 'નિગોદ' કહ્યા. તે જીવ-પુદ્ગલોના પરિણામભેદથી થાય છે. તેથી હવે પરિણામ ભેદોને દર્શાવતા કહે છે —

નમન તે નામ, તેના પરિણામ, ભાવ એ પર્યાય શબ્દો છે. શતક-૧૭માં આ ભાવને આશ્રીને આ સૂત્ર કહ્યું છે, અહીં તે 'નામ' શબ્દને આશ્રીને કહેલ છે, આટલી વિશેષતા છે. [બાકી કોઈ અંતર નથી.]

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૬-"નિર્ગ્રન્થ" ❀

-- x -- x -- x -- x --

૦ નામ ભેદ કહ્યા. નામ ભેદથી નિર્ગ્રન્થ ભેદ થાય, તે કહે છે —

● સૂત્ર-૮૯૮ થી ૯૦૦ :-

*[૮૯૮] નિર્ગ્રન્થ સંબંધી ૩૬-દ્વાર છે :— (૧) પ્રજ્ઞાપન, (૨) વેદ, (૩) રાગ, (૪) કલ્પ, (૫) ચારિત્ર, (૬) પ્રતિસેવના, (૭) જ્ઞાન, (૮) તીર્થ, (૯) લિંગ, (૧૦) શરીર, (૧૧) ક્ષેત્ર, (૧૨) કાળ, (૧૩) ગતિ, (૧૪) સંયમ, (૧૫) નિકાશ.*

*[૮૯૯] - - (૧૬) યોગ, (૧૭) ઉપયોગ, (૧૮) કષાય, (૧૯) લેશ્યા, (૨૦) પરિણામ, (૨૧) બંધ, (૨૨) વેદ, (૨૩) કર્મઉદીરણા, (૨૪) ઉપસંપત્ હાન, (૨૫) સંજ્ઞા, (૨૬) આહાર.*

*[૯૦૦] (૨૭) ભવ, (૨૮) આકર્ષ, (૨૯) કાળ, (30) અંતર, (૩૧) સમુદ્ઘાત, (૩૨) ક્ષેત્ર, (33) સ્પર્શના, (૩૪) ભાવ, (૩૫) પરિણામ, (૩૬) અલ્પબહુત્વ. - (આટલું) નિર્ગ્રન્થોનું (કહે છે —)*



● વિવેચન-૮૯૮ થી ૯૦૦ :-

પ્રજ્ઞાપના ઈત્યાદિ. આ બધાં ઉદ્દેશકોના અર્થથી જાણવા.

● સૂત્ર-૯૦૧ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! નિર્ગ્રન્થો કેટલા છે ? ગૌતમ ! પાંચ નિર્ગ્રન્થ છે. તે આ — પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ, સ્નાતક.*

*ભગવન્ ! પુલાક કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક, યથાસૂક્ષ્મપુલાક.*

*ભગવન્ ! બકુશ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ — આભોગ બકુશ, અનાભોગ બકુશ, સંવૃત્ત બકુશ, અસંવૃત્ત, યથાસૂક્ષ્મ-બકુશ.*

*ભગવન્ ! કુશીલ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે — પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ. - - ભગવન્ ! પ્રતિસેવના કુશીલ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - જ્ઞાન પ્રતિસેવનાકુશીલ, દર્શન પ્રતિસેવના કુશીલ, ચારિત્ર-લિંગ અને યથાસૂક્ષ્મ પ્રતિ સેવના કુશીલ.*

*ભગવન્ ! કષાયકુશીલ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ પ્રમાણે — જ્ઞાનકષાય કુશીલ, દર્શનકષાય કુશીલ, ચારિત્રકષાય કુશીલ, લિંગ કષાય કુશીલ અને યથાસૂક્ષ્મ કષાય કુશીલ.*

*ભગવન્ ! નિર્ગ્રન્થ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — પ્રથમ સમય નિર્ગ્રન્થ, અપ્રથમ સમય નિર્ગ્રન્થ, ચરમ સમય નિર્ગ્રન્થ, અચરમ સમય નિર્ગ્રન્થ, યથા સૂક્ષ્મ નિર્ગ્રન્થ નામે પાંચમાં.*

*ભગવન્ ! સ્નાતક કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ — અચ્છવી, અશબલ, અકર્માંશ, સંશુદ્ધ જ્ઞાનદર્શનધર અર્હત જિનકેવલી, અપરિશ્રાવી.*

*ભગવન્ ! પુલાક, શું સવેદક હોય કે અવેદક ? ગૌતમ ! સવેદક હોય, અવેદક નહીં. - - જો સવેદક હોય તો શું સ્ત્રીવેદી હોય, પુરુષવેદી હોય કે પુરુષ-નપુંસકવેદી ? ગૌતમ ! સ્ત્રીવેદી ન હોય, બાકીના બે વેદે હોય.*

*ભગવન્ ! બકુશ, સવેદી હોય કે અવેદી ? ગૌતમ ! સવેદી હોય, અવેદી નહીં. જો સવેદી હોય તો શું સ્ત્રી વેદે-પુરુષ વેદે કે પુરુષનપુંસક વેદે હોય ? ગૌતમ ! આ ત્રણે વેદે હોય. એ રીતે પ્રતિસેવના કુશીલ પણ જાણવા.*

*ભગવન્ ! કષાયકુશીલ, શું સવેદી હોય૦ ? પ્રશ્ન. ગૌતમ ! બંને હોય. જો અવેદી હોય તો શું ઉપશાંત વેદી હોય કે ક્ષીણવેદી ? ગૌતમ ! તે બંને હોય. - - જો સવેદી હોય તો શું સ્ત્રીવેદી૦ પૃચ્છા. ગૌતમ ! ત્રણે હોય.*

*ભગવન્ ! નિર્ગ્રન્થ, સવેદી કે અવેદી ? ગૌતમ ! સવેદી ન હોય, અવેદી હોય. - - જો અવેદી હોય, તો શું ઉપશાંત૦ પ્રશ્ન. ગૌતમ ! ઉપશાંત વેદી હોય, ક્ષીણવેદી પણ હોય.*

*ભગવન્ ! સ્નાતક, શું સવેદી૦ હોય ? નિર્ગ્રન્થ માફક સ્નાતક કહેવા. વિશેષ એ કે - ઉપશાંત વેદી ન હોય, ક્ષીણવેદી હોય.*

● **વિવેચન-૯૦૧ :-**

પ્રજ્ઞાપના દ્વાર કહે છે — नियंठ - બાહ્ય, અભ્યંતર ગ્રંથી રહિત તે નિર્ગ્રન્થ અર્થાત્ સાધુ. આ બધાંએ સર્વવિરતી સ્વીકારી હોવા છતાં વિચિત્ર ચારિત્ર મોહનીય કર્મ ક્ષયોપશમથી નિર્ગ્રન્થના આ ભેદો જાણવા.

पुलाय - પુલાક, નિસ્સાર ધાન્યકણ, સંયમ સારની અપેક્ષાએ નિસ્સાર એવા તે પુલાક. તે સંયમવાળા હોવા છતાં નાના દોષથી તેને અસાર કરે છે, માટે પુલાક કહેવાય છે. - - - बउस - બકુશ-શબલ કે કર્બુર. બકુશ સંયમના યોગથી બકુશ. - - - कुसील - જેનું શીલ-ચારિત્ર કુત્સિત છે તે. - - - नियंठ - મોહનીયકર્મ નામક ગ્રંથીથી નીકળેલ તે. નિર્ગ્રન્થ. - - - सिणाए - ઘાતિકર્મ લક્ષણ પટલના ક્ષાલન (ધોવા)થી સ્નાત (ન્હાયેલ).

તેમાં પુલાકના બે ભેદ — (૧) લબ્ધિપુલાક, લબ્ધિ વિશેષવાળા. કહ્યું છે કે — સંઘ આદિના કાર્યમાં જેનાથી ચક્રવર્તીનો પણ ચૂરો કરી નાંખે તેવી લબ્ધિથી યુક્ત તે લબ્ધિપુલાક જાણવો. બીજા કહે છે કે — આસેવનાથી જે જ્ઞાનપુલાક છે, તેને આવી લબ્ધિ હોય, તે જ લબ્ધિપુલાક છે, બીજો કોઈ નહીં.

આસેવન પુલાકને આશ્રીને કહે છે — [તે પાંચ ભેદે છે, તે આ —] (૧) જ્ઞાનપુલાક - જ્ઞાનને આશ્રીને પુલાક - તેની અસારતા કરનાર, વિરાધક તે. એ રીતે દર્શનપુલાક જાણવો. કહ્યું છે કે — સ્ખલિતાદિ દૂષણથી જ્ઞાન, શંકાદિ વડે સમ્યક્ત્વ, મૂલોત્તરગુણની વિરાધનાથી ચારિત્ર, કારણ વિના અન્યલિંગને ધારણ કરે તે લિંગપુલાક, અકલ્પિત દોષોને મનથી સેવે તે યથાસૂક્ષ્મ.

बकुस - બે પ્રકારે - ઉપકરણથી અને શરીરથી. તેમાં વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ વિભૂષામાં વર્તવાના સ્વભાવવાળો તે ઉપકરણ બકુશ અને હાથ, પગ, નખ, મુખાદિ શરીરના અવયવની વિભૂષામાં વર્તે તે શરીર બકુશ. તે બે ભેદો હોવા છતાં પાંચ ભેદ પણ છે. તે આ રીતે —

(૧) આભોગ બકુશ - સાધુને માટે આ શરીર, ઉપકરણ વિભૂષા અકૃત્ય છે, એવું જ્ઞાન હોવા છતાં, જે દોષને લગાડે તે. એ રીતે બીજા પણ કહેવા.

કહ્યું છે — જાણવા છતાં દોષ લગાડે, તે આભોગ. ન જાણતો હોય તે અનાભોગ. મૂલ ઉત્તર ગુણમાં પ્રગટ દોષ સેવી તે અસંવૃત્ત. અપ્રગટ દોષ સેવી તે સંવૃત્ત હાથ-મુખ ધુએ અને અંજન લગાડે તે યથાસૂક્ષ્મ બકુશ જાણવો.

પ્રતિસેવના કુશીલ - તેમાં સેવના તે સમ્યગ્ આરાધના, તેનો પ્રતિપક્ષ તે પ્રતિસેવના, તે વડે કુશીલ.. કષાયકુશીલ - કષાય વડે કુશીલ.

જ્ઞાનપ્રતિસેવના કુશીલ - જ્ઞાનની વિરાધનાથી કુશીલ. આ રીતે બીજા-દર્શનાદિ પ્રતિસેવના કુશીલ પણ જાણવા. કહ્યું છે કે — જ્ઞાનાદિ વડે આજીવિકા કરતા આ જ્ઞાનાદિ કુશીલ થાય છે. યથાસૂક્ષ્મ એટલે - જેમકે - ''આ તપસ્વી છે'' એમ કોઈ કહે તો પ્રશંસાથી ખુશ થાય તે.

જ્ઞાનને આશ્રીને કષાય કુશીલ, તે જ્ઞાનકષાય કુશીલ. એ રીતે બીજા પણ



જાણવા. જે ક્રોધ, માનાદિ વડે જ્ઞાન-દર્શન-લિંગાદિને જોડે છે, તે કષાય વડે જ્ઞાનાદિ કુશીલ થાય છે. જે કષાય વડે શાપ આપે તે ચારિત્રકુશીલ મનથી ક્રોધાદિ કષાય સેવે તે યથાસૂક્ષ્મકષાય કુશીલ અથવા જે કષાય વડે જ્ઞાનાદિને વિરાધે છે તે જ્ઞાનાદિ કુશીલ જાણવો.

પ્રથમ સમય નિર્ગ્રન્થાદિ. ઉપશાંત મોહ કે ક્ષીણમોહને છદ્મસ્થ માટે અંતર્મુહૂર્ત પ્રમાણ જે કાળ, તેમાં પહેલા સમયમાં વર્તતો તે પ્રથમ સમય નિર્ગ્રન્થ, બાકીના અપ્રથમ સમયનિર્ગ્રન્થ. એ રીતે નિર્ગ્રન્થતા કાળે ચરમ સમયમાં વર્તતો ચરમ સમય નિર્ગ્રન્થ. બાકીના અચરમ સમય નિર્ગ્રન્થ. સામાન્ય તે યથાસૂક્ષ્મ, એ પારિભાષિકી સંજ્ઞા છે. અહીં કહ્યું છે કે — અંતર્મુહૂર્ત પ્રમાણ નિર્ગ્રન્થકાળમાં પહેલા સમયે વર્તતો પ્રથમ સમય નિર્ગ્રન્થ, અન્ય કાળે તે અપ્રથમ સમય, તે કાળના છેલ્લા સમયે વર્તતે તે ચરમ સમય, બાકીના તે અચરમ સમય, વિશેષણ રહિત સામાન્ય તે યથા સૂક્ષ્મ.

अच्छवी - અવ્યથક, छवि - એટલે શરીર, તેના યોગ નિરોધથી જેને શરીર ભાવ નથી, તે અચ્છવિ અથવા क्षपा - સખેદ વ્યાપાર, તેના અસ્તિત્વથી ક્ષપી, તેના નિષેધથી અક્ષપી, અથવા ઘાતિ ચતુષ્ટ્ય ક્ષપણ પછી કે તેના ક્ષપણના અભાવથી અક્ષપી કહેવાય છે.

अशबल - અતિચાર પંકના અભાવે એકાંત વિશુદ્ધ ચરણ. अकर्मांश - ઘાતિકર્મરહિત, संशुद्धज्ञानदर्शनधर - કેવળજ્ઞાનદર્શનધારી, અહીં અર્હત્, જિન, કેવલી એ એકાર્થક ત્રણે શબ્દો, ચોથા સ્નાતક ભેદાર્થને જણાવે છે. अपरिश्राव - આશ્રવ, કર્મને બાંધવાના સ્વભાવવાળો તે પરિશ્રાવી, તેના નિષેધ થકી અપરિશ્રાવી - અબંધક, નિરુદ્ધ યોગ. આ પાંચમો સ્નાતક ભેદ છે. જો કે ઉત્તરાધ્યયનમાં ''અર્હન્ જિન કેવલી'' એ પાંચમો ભેદ છે, અપરિશ્રાવી ભેદ ત્યાં કહેલ નથી. આ ભેદો અવસ્થા ભેદને આશ્રીને છે. - x - x -

હવે वेद દ્વાર - પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલોને ઉપશમ અને ક્ષપક શ્રેણીના અભાવથી સ્ત્રી વેદ નથી. સ્ત્રીને પુલાક લબ્ધિ ન હોય તથા પુરુષ હોવા છતાં, જે નપુંસક વેદક - ખસી કરવા આદિ કારણે થાય છે, તે પુરુષ-નપુંસક વેદક છે, પણ સ્વરૂપથી નપુંસક વેદક નથી.

કષાયકુશીલ, સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી હોય. તે પ્રમત્ત અપ્રમત્ત પૂર્વકરણમાં સવેદ છે, અનિવૃત્તિ બાદરમાં ઉપશાંત કે ક્ષીણમાં વેદોમાં અવેદ થાય. - x - ઉપશાંત કે ક્ષપક બંને શ્રેણીમાં નિર્ગ્રન્થત્વ ભાવથી ઉપશાંત કે ક્ષીણવેદક હોય છે. ક્ષપક શ્રેણીમાં સ્નાતકત્વના ભાવથી ઉપશાંત વેદક ન હોય, પણ ક્ષીણવેદક હોય છે - હવે રાગદ્વાર કહે છે—

● **સૂત્ર-૯૦૨ થી ૯૦૫ :-**

***[૯૦૨] ભગવન્ ! પુલાક, સરાગ હોય કે વીતરાગ ? ગૌતમ ! સરાગ હોય, વીતરાગ નહીં. એ રીતે કષાયકુશીલ સુધી કહેવું. - - ભગવન્ ! નિર્ગ્રન્થ સરાગ હોય કે વીતરાગ ? ગૌતમ ! સરાગ ન હોય, વીતરાગ હોય. જો વીતરાગ***

*હોય તો શું ઉપશાંત કષાયવીતરાગ હોય કે ક્ષીણકષાય વીતરાગ ? ગૌતમ ! તે બંને હોય. - - સ્નાતક પણ તેમજ જાણવો. પણ તે માત્ર ક્ષીણ કષાય વીતરાગ હોય.*

*[૯૦૩] ભગવન્ ! પુલાક, સ્થિતકલ્પ હોય કે અસ્થિતકલ્પ ? ગૌતમ ! તે બંને હોય. એ પ્રમાણે સ્નાતક સુધી કહેવું. - - ભગવન્ ! પુલાક, જિનકલ્પમાં હોય કે સ્થવિરકલ્પમાં હોય કે કલ્પાતીત ? ગૌતમ ! જિનકલ્પમાં કે કલ્પાતીત ન હોય, સ્થવિરકલ્પી હોય. - - બકુશની પૃચ્છા. ગૌતમ ! જિનકલ્પી કે સ્થવિરકલ્પી હોય, કલ્પાતીત ન હોય. એ રીતે પ્રતિસેવના કુશીલને જાણવા. - - કષાયકુશીલની પૃચ્છા. ગૌતમ ! જિનકલ્પી-સ્થવિરકલ્પી-કલ્પાતીત ત્રણે હોય. - - નિર્ગ્રન્થની પૃચ્છા. ગૌતમ ! જિનકલ્પી કે સ્થવિરકલ્પી ન હોય, માત્ર કલ્પાતીત હોય. એ પ્રમાણે સ્નાતકને પણ જાણવા.*

*[૯૦૪] ભગવન્ ! પુલાક, સામાયિક સંયમમાં હોય કે છેદોપસ્થાપનિય-પરિહારવિશુદ્ધિ - સૂક્ષ્મ સંપરાય-યથાખ્યાત સંયમમાં હોય ? ગૌતમ ! સામાયિક કે છેદોપસ્થાપનીય સંયમમાં હોય, પણ પરિહાર વિશુદ્ધિ - સૂક્ષ્મસંપરાય કે યથાખ્યાત સંયમમાં ન હોય. એ રીતે બકુશ અને પ્રતિસેવના કુશીલને પણ જાણવા. - - કષાય કુશીલની પૃચ્છા. - ગૌતમ ! સામાયિક યાવત્ સૂક્ષ્મ સંપરાય સંયમમાં હોય, પણ યથાખ્યાત સંયમમાં ન હોય. - - નિર્ગ્રન્થની પૃચ્છા - ગૌતમ ! સામાયિક યાવત્ સૂક્ષ્મસંપરાયમાં ન હોય, પણ યથાખ્યાત સંયમમાં હોય. એ પ્રમાણે સ્નાતકને પણ જાણવા.*

*[૯૦૫] ભગવન્ ! પુલાક, પ્રતિસેવી હોય કે અપ્રતિસેવી ? ગૌતમ ! પ્રતિસેવી હોય, અપ્રતિસેવી નહીં. - - જો પ્રતિસેવી હોય તો મૂલગુણ પ્રતિસેવી હોય કે ઉત્તરગુણ પ્રતિસેવી ? ગૌતમ ! તે બંને હોય. મૂલગુણ પ્રતિસેવતા પાંચ આશ્રવોમાંના કોઈને પણ સેવે, ઉત્તરગુણ પ્રતિસેવતા દશવિધ પચ્ચક્ખાણમાંથી કોઈ એકનું પ્રતિસેવન કરે છે. - - બકુશની પૃચ્છા. ગૌતમ ! પ્રતિસેવી હોય, અપ્રતિસેવી નહીં. - - જો પ્રતિસેવી હોય તો મૂળગુણ પ્રતિસેવી કે ઉત્તરગુણ પ્રતિસેવી હોય ? ગૌતમ ! મૂલગુણ પ્રતિસેવી ન હોય, ઉત્તરગુણ પ્રતિસેવી હોય. ઉત્તરગુણ પ્રતિસેવતા દશવિધ પ્રત્યાખ્યાનમાંના કોઈ એકને પ્રતિસેવે છે. પ્રતિસેવના કુશીલ, પુલાકવત્ છે. કષાયકુશીલ૰ ? પ્રતિસેવી નથી, અપ્રતિસેવી છે. એ પ્રમાણે નિર્ગ્રન્થ અને સ્નાતક પણ જાણવા.*

**● વિવેચન ૯૦૨ થી ૯૦૫ :-**

सराग - સકષાય. - - કલ્પદ્વારમાં - આચેલક આદિ દશ પદોમાં પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુઓ રહે જ, તેને અવશ્ય પાળે, તેમને સ્થિતકલ્પ છે, તેમાં પુલાક હોય. મધ્યમ તીર્થંકરના સાધુમાં સ્થિતાસ્થિત કલ્પ, તેમાં કે ત્યાં પુલાક હોય. એ રીતે બધાં. અથવા कल्प - જિનકલ્પ અને સ્થવિરકલ્પ. कल्पातीत - જિનકલ્પ અને સ્થવિરકલ્પથી અન્યત્ર. કષાય કુશીલ કલ્પાતીતમાં હોય. કલ્પાતીત છદ્મસ્થ કે તીર્થંકરને



સકષાયપણું હોવાથી. નિર્ગ્રન્થ કલ્પાતીત જ હોય. કેમકે તેમને જિનકલ્પ-સ્થવિરકલ્પધર્મ ન હોય.

चारित्र द्वार સ્પષ્ટ છે. - प्रतिसेवना द्वार - સંયમના પ્રતિકૂળ અર્થને સેવે છે. સંજ્વલન કષાયોદયથી સેવક તે પ્રતિસેવક - સંયમ વિરાધક. मूलगुण - પ્રાણાતિપાત-વિરમણાદિ, તેને પ્રતિકૂળતાથી સેવનાર તે મૂલગુણ પ્રતિસેવક. એ રીતે ઉત્તરગુણ પ્રતિસેવક પણ છે. વિશેષ એ કે - દશવિધ પ્રત્યાખ્યાનરૂપ તે ઉત્તરગુણ. તેમાં દશવિધ પ્રત્યાખ્યાન તે અનાગત, અતિક્રાંત આદિ પૂર્વે કહ્યા છે અથવા નવકારસી, પોરિસિ આદિ આવશ્યકમાં પ્રસિદ્ધ છે. તેમાંનું કોઈ એક પચ્ચક્ખાણ વિરાધે.

પિંડ વિશુદ્ધિ વિરાધે.

**● સૂત્ર-૯૦૬,૯૦૭ :-**

*[૯૦૬] ભગવન્ ! પુલાક કેટલા જ્ઞાનમાં હોય ? ગૌતમ ! બે કે ત્રણમાં હોય. બેમાં હોય તો આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં હોય. ત્રણમાં હોય તો આભિનિબોધિક, શ્રુત અને અવધિજ્ઞાનમાં હોય. એ રીતે બકુશ પણ છે. પ્રતિસેવના કુશીલ પણ છે. - - કષાયકુશીલની પૃચ્છા. ગૌતમ ! બે-ત્રણ કે ચારમાં હોય. બેમાં હોય તો આભિનિબોધિક-શ્રુતમાં હોય. ત્રણમાં હોય તો આભિનિબોધિક-શ્રુત-અવધિમાં હોય, અથવા આભિનિબોધિક - શ્રુત-મનઃપર્યવમાં હોય. ચારમાં હોય તો આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યવમાં હોય, આ પ્રમાણે નિર્ગ્રન્થ પણ કહેવા, સ્નાતક૰ ? માત્ર કેવલ જ્ઞાનમાં હોય.*

*[૯૦૭] ભગવન્ ! પુલાક, કેટલાં શ્રુત ભણે ? ગૌતમ ! જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ, ઉત્કૃષ્ટથી નવ પૂર્વ. - - બકુશની પૃચ્છા-ગૌતમ ! જઘન્યથી આઠ પ્રવચન માતા, ઉત્કૃષ્ટથી દશ પૂર્વો. - - એ રીતે પ્રતિસેવનાકુશીલ પણ જાણવા. - - કષાયકુશીલની પૃચ્છા - ગૌતમ ! જઘન્યથી અષ્ટપ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વો. એ પ્રમાણે નિર્ગ્રન્થને પણ જાણવા, - - સ્નાતકની પૃચ્છા. - ગૌતમ ! શ્રુત વ્યતિરિક્ત હોય છે.*

**● વિવેચન-૯૦૬,૯૦૭ :-**

આભિનિબોધિકાદિ જ્ઞાનના પ્રસ્તાવથી જ્ઞાન વિશેષભૂત શ્રુત વિશેષથી વિચારતા કહે છે — पुलाए णं भंते ! આદિ. - - અષ્ટ પ્રવચનમાતાના પાલનરૂપત્વથી ચારિત્રને માટે, અષ્ટપ્રવચન માતાનું પરિજ્ઞાન અવશ્ય જોઈએ. કેમકે જ્ઞાનપૂર્વકત્વથી ચારિત્ર છે. - x - બકુશને જઘન્યથી આટલું જ્ઞાન હોય. તેનું વિવરણ अट्ठण्हं पवयणमाईणं માં સંભવે છે. ઉત્તરાધ્યયનમાં ''પ્રવચન માતા'' નામે અધ્યયન છે, તેના ગુરુપણા અને વિશિષ્ટતર શ્રુતત્વથી તે જઘન્યથી ન સંભવે, આ શ્રુતપ્રમાણ બાહુલ્યાશ્રય છે. - x

- હવે તીર્થદ્વાર કહે છે—

**● સૂત્ર-૯૦૮ થી ૯૧૧ :-**

*[૯૦૮] ભગવન્ ! પુલાક, તીર્થમાં હોય કે અતીર્થમાં ? ગૌતમ ! તીર્થમાં હોય, અતીર્થમાં નહીં. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલ પણ કહેવા. -*

*- કષાયકુશીલની પૃચ્છા. ગૌતમ ! તીર્થમાં હોય, અતીર્થમાં પણ હોય. જો અતીર્થમાં હોય તો તે તીર્થંકર હોય કે પ્રત્યેક બુદ્ધ ? ગૌતમ ! તે તીર્થંકર હોય, પ્રત્યેક બુદ્ધ પણ હોય. - - એ રીતે નિર્ગ્રન્થ અને સ્નાતક જાણવા.*

*[૯૦૯] ભગવન્ ! પુલાક, સ્વલિંગે હોય કે અન્યલિંગે કે ગૃહીલિંગે હોય ? ગૌતમ ! દ્રવ્યલિંગને આશ્રીને સ્વલિંગ-અન્યલિંગ-કે-ગૃહીલિંગે પણ હોય. ભાવલિંગને આશ્રીને નિયમા સ્વલિંગે હોય. - - એ પ્રમાણે સ્નાતક સુધી જાણવું.*

*[૯૧૦] ભગવન્ ! પુલાક, કેટલા શરીરોમાં હોય ? ગૌતમ ! તે ઔદારિક, તૈજસ, કાર્મણ ત્રણ શરીરમાં હોય. - - બકુશની પૃચ્છા. ગૌતમ ! ત્રણ કે ચાર શરીરમાં હોય. જો ત્રણ શરીરમાં હોય તો ઔદારિક-તૈજસ-કાર્મણ એ ત્રણમાં હોય. જો ચારમાં હોય તો ઔદારિક-વૈક્રિય-તૈજસ-કાર્મણ એ ચારમાં હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ કહેવા.*

*કષાયકુશીલની પૃચ્છા - ગૌતમ ! ત્રણ-ચાર કે પાંચ શરીરમાં હોય. જો ત્રણમાં હોય તો ઔદારિક, તૈજસ, કાર્મણમાં હોય, ચારમાં હોય તો ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણમાં હોય, જો પાંચમાં હોય તો ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણમાં હોય. નિર્ગ્રન્થ અને સ્નાતકને પુલાકવત્ જાણવા.*

*[૯૧૧] ભગવન્ ! પુલાક, કર્મભૂમિમાં હોય કે અકર્મભૂમિમાં ? ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને કર્મભૂમિમાં હોય, અકર્મભૂમિમાં ન હોય. - - બકુશની પૃચ્છા. ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને કર્મભૂમિમાં હોય, અકર્મભૂમિમાં નહીં. સંહરણ અપેક્ષાએ કર્મભૂમિ કે અકર્મભૂમિ બંનેમાં હોય. એ પ્રમાણે સ્નાતક સુધી જાણવું.*

● **વિવેચન-૯૦૮ થી ૯૧૧ :-**

તિત્થ - સંઘ, કષાયકુશીલ છદ્મસ્થાવસ્થામાં તીર્થંકર પણ હોય, તેની અપેક્ષાએ અને તીર્થના વ્યવચ્છેદમાં તેનાથી બીજા પણ હોય, તેથી આ અન્ય અપેક્ષામાં અતીર્થમાં હોય તેમ કહ્યું.

લિઙ્ગ દ્વાર - લિંગ બે ભેદે, દ્રવ્યથી અને ભાવથી. તેમાં ભાવલિંગ તે જ્ઞાનાદિ. આ સ્વલિંગ જ છે, જ્ઞાનાદિ ભાવ અર્હતોના જ છે અને દ્રવ્યલિંગ બે ભેદે — સ્વલિંગ અને પરલિંગ. તેમાં સ્વલિંગ-રજોહરણાદિ. પરલિંગ - બે ભેદે. કુતીર્થિકલિંગ અને ગૃહસ્થલિંગ. દ્રવ્યલિંગની અપેક્ષાએ ચારિત્ર પરિણામનો ત્રણે લિંગમાં સંભવ છે. - - શરીર દ્વાર વ્યક્ત છે.

ક્ષેત્ર દ્વાર - જમ્મણ - જન્મ, ઉત્પાદ. સંતિભાવ - સદ્ભાવ. વિવક્ષિત ક્ષેત્રથી અન્યત્ર કે તેમાં જન્મેલના તેમાં ચારિત્રભાવે અસ્તિત્વ. આ બધાંને આશ્રીને પુલાક કર્મભૂમિમાં જ હોય. ત્યાં જન્મે અને વિચરે તે અકર્મભૂમિમાં જન્મતો નથી કેમકે ત્યાં જન્મેલને ચારિત્રનો અભાવ હોય તેથી ત્યાં પુલાક ન વર્તે. પુલાક લબ્ધિમાં વર્તનારને દેવાદિ વડે સંહરવો અશક્ય છે. - - અકર્મભૂમિમાં બકુશ ન જન્મે, સ્વકૃત વિહારથી ન જાય. પરકૃત્ વિહારથી કર્મભૂમિ કે અકર્મભૂમિમાં સંભવે છે. અહીં સંહરણ-એટલે



એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં દેવો વડે લઈ જવા તે. - હવે કાળ દ્વાર —

● **સૂત્ર-૯૧૨ :-**

*ભગવન્ ! પુલાક, શું અવસર્પિણી કાળે, હોય, ઉત્સર્પિણી કાળે હોય કે નોઅવસર્પિણી-ઉત્સર્પિણી કાળે હોય ? ગૌતમ ! અવસર્પિણી - ઉત્સર્પિણી અને નોઅવસર્પિણી ઉત્સર્પિણી ત્રણે કાળે હોય.*

*જો અવસર્પિણી કાળે હોય તો શું તે (૧) સુષમ સુષમા કાળે હોય, (૨) સુષમ કાળે હોય, (૩) સુષમ દૂષમા કાળે હોય, (૪) દુષમ સુષમાકાળે હોય, (૫) દૂષમા કાળે હોય કે (૬) દૂષમ દૂષમાકાળે હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને માત્ર સુષમદૂષમા અને દૂષમસુષમા કાળે હોય, બાકીના ચાર કાળે ન હોય. - સદ્ભાવને આશ્રીને સુષમદૂષમા કાળે હોય, દૂષમ સુષમા કાળે હોય, દૂષમાકાળે હોય પણ બાકીના ત્રણ કાળમાં ન હોય.*

*જો ઉત્સર્પિણીકાળમાં હોય તો શું દૂષમદૂષમા કાળે હોય, કે દૂષમકાળે - દૂષમસુષમ કાળે - સુષમદુઃખમાં કાળે - સુષમા કાળે - સુષમસુષમા કાળે હોય ? ગૌતમ ! જન્મને આશ્રીને દૂષમા કાળે હોય, દૂષમસુષમા કાળે હોય, સુષમદૂષમા કાળે હોય પણ બાકીના ત્રણ કાળે ન હોય. - સદ્ભાવને આશ્રીને દૂષમા કાળે હોય, દૂષમસુષમા કાળે હોય, સુષમદૂષમા કાળે હોય પણ બાકીના ત્રણ કાળમાં ન હોય.*

*જો નોઉત્સર્પિણીઅવસર્પિણી કાળમાં હોય તો શું સુષમસુષમા સમાન કાળમાં હોય, સુષમા સમાનકાળમાં હોય, સુષમદૂષમા સમાન કાળે હોય કે દૂષમસુષમા સમાન કાળે હોય ? ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને માત્ર દુષમસુષમા સમાન કાળમાં હોય, પણ બાકીના સુષમસુષમા સમાન કાળ આદિ ત્રણમાં ન હોય.*

*બકુશની પૃચ્છા. ગૌતમ ! અવસર્પિણીકાળે હોય, ઉત્સર્પિણી કાળે હોય કે નોઅવસર્પિણીનોઉત્સર્પિણી કાળે હોય ? ત્રણે કાળમાં હોય.*

*જો અવસર્પિણીકાળમાં હોય તો શું સુષમસુષમા કાળમાં હોય૦ પ્રશ્ન ? ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને સુષમસુષમા કાળમાં ન હોય, સુષમા કાળે ન હોય, સુષમદુષમા કાળે હોય, દૂષમસુષમા કાળે હોય, દૂષમા કાળે હોય, દૂષમદૂષમા કાળે ન હોય. સંહરણ અપેક્ષાએ કોઈપણ કાળમાં હોય.*

*જો ઉત્સર્પિણી કાળમાં હોય તો શું દૂષમદૂષમા કાળે હોય ઈત્યાદિ પ્રશ્ન ? ગૌતમ ! જન્મને આશ્રીને દૂષમદૂષમા કાળે ન હોય આદિ જેમ પુલાકમાં કહ્યું તેમ કહેવું. સદ્ભાવને આશ્રીને દૂષમદૂષમાકાળે ન હોય, દૂષમા કાળે ન હોય એ પ્રમાણે પુલાકમાં કહ્યા મુજબ યાવત્ સુષમસુષમ કાળે ન હોય. સંહરણ અપેક્ષાએ કોઈપણ કાળમાં હોય.*

*જો નોઅવસર્પિણીનોઉત્સર્પિણી કાળમાં હોય તો ? પ્રશ્ન. ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને સુષમસુષમા સમાનકાળમાં ન હોય આદિ જેમ પુલાકમાં*

*કહ્યું તેમ યાવત્ દુષમસુષમા સમાન કાળમાં હોય. સંહરણને આશ્રીને કોઈપણ કાળે હોય.*

*બકુશમાં કહ્યું તેમ પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલમાં પણ કહેવું. નિર્ગ્રન્થ અને સ્નાતકમાં પુલાકની માફક કહેવું. વિશેષ એ કે - સંહરણ અધિક કહેવું. બાકી પૂર્વવત્.*

● વિવેચન-૯૧૨ :-

અવસર્પિણી આદિ કાળ ત્રણ ભેદે છે - તેમાં પહેલા બે ભરત અને ઐરવતમાં છે, ત્રીજો મહાવિદેહ અને હેમવતાદિમાં છે. સુષમદૂષમા એટલે આદિદેવનો કાળ. દુષમસુષમા કાળ એટલે ચોથો આરો. આ બે કાળ સિવાય કોઈ કાળે ન જન્મે. અવસર્પિણીના સદ્‌ભાવને આશ્રીને ત્રીજો, ચોથો, પાંચમો આરો થાય. તેમાં ચોથા આરામાં જન્મેલ, પાંચમામાં પણ હોય છે. ત્રીજા, ચોથા આરામાં સદ્‌ભાવ કહ્યો તે તેના જન્મથી છે.

ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા, ચોથા આરામાં જન્મ હોય છે. તેમાં બીજાનાં અંતે જન્મે છે, ત્રીજામાં ચારિત્ર લે છે. ત્રીજા અને ચોથામાં પણ જન્મે છે અને ચારિત્ર લે છે. સદ્‌ભાવને આશ્રીને ત્રીજા, ચોથામાં જ તેની સત્તા છે, તે બે આરામાં જ ચારિત્રનો સ્વીકાર છે.

सुसमपलिभागे - સુષમસુષમાના સાદૃશ્યવાળો જે કાળ, આ કાળ દેવકુરુ - ઉત્તરકુરુમાં હોય, એ રીતે સુષમા સદૃશકાળ હરિવર્ષ અને રમ્યક્ વર્ષમાં હોય, સુષમદુષમા સદૃશ કાળ હૈમવત-ઐરણ્યવતમાં છે અને દુષમસુષમા સદૃશકાળ મહાવિદેહમાં છે.

નિર્ગ્રન્થ અને સ્નાતકને પુલાકવત્ જાણવા. વિશેષ આ રીતે - પુલાકને પૂર્વોક્ત યુક્તિથી સંહરણ ન હોય, આ બંનેને સંભવે છે તેમ કહેવું. સંહરણ દ્વારમાં તે બંનેને સર્વકાળમાં સંભવ છે. પૂર્વસંહૃતને નિર્ગ્રન્થ અને સ્નાકત્વ પ્રાપ્તિ જોવા મળે છે. અપગત વેદવાળાનું સંહરણ ન થાય. કહ્યું છે કે — શ્રમણી, વેદરહિત, પરિહાર, પુલાક, અપ્રમત્ત, ચૌદપૂર્વી અને આહારકને કોઈપણ સંહરી ન શકે.

- - ગતિદ્વારમાં - x - નિરૂપણ કરે છે —

● સૂત્ર-૯૧૩ :-

*ભગવન્! પુલાક, કાળધર્મ પામી કઈ ગતિમાં જાય? ગૌતમ! દેવગતિમાં જાય. - - દેવગતિમાં જતાં શું ભવનપતિમાં ઉપજે કે વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક ઉપજે? ગૌતમ! ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કમાં ન ઉપજે, પણ વૈમાનિકમાં ઉપજે છે. - - વૈમાનિકમાં ઉપજતા જઘન્યથી સૌધર્મકલ્પમાં, ઉત્કૃષ્ટથી સહસ્રારકલ્પમાં ઉપજે છે.*

*બકુશમાં એ પ્રમાણે જ જાણવું. માત્ર ઉત્કૃષ્ટ અચ્યુતકલ્પમાં ઉપજે. - - પ્રતિસેવનાકુશીલને બકુશ માફક જાણવા. - - કષાયકુશીલને પુલાકવત્ જાણવા. વિશેષ એ કે - ઉત્કૃષ્ટ અનુત્તર વિમાનમાં ઉપજે. - - નિર્ગ્રન્થમાં એમ જ જાણવું.*



*એ રીતે યાવત્ વૈમાનિકમાં ઉપજતા અજઘન્ય-ઉત્કૃષ્ટ અનુત્તરવિમાનોમાં ઉપજે. - - ભગવન્! સ્નાતક કાલધર્મ પામીને કઈ ગતિમાં જાય? ગૌતમ! સિદ્ધિગતિમાં જાય છે.*

*ભગવન્ ! પુલાક, દેવમાં ઉત્પન્ન થતાં શું ઈન્દ્રપણે ઉપજે, સામાનિકપણે - ત્રાયસ્ત્રિંશકપણે - લોકપાલપણે કે અહમિંદ્રપણે ઉપજે છે ? ગૌતમ ! અવિરાધનાને આશ્રીને ઈન્દ્રપણે - યાવત્ - લોકપાલપણે ઉપજે છે, પણ અહમિંદ્રપણે ન ઉપજે. વિરાધનાને આશ્રીને અન્ય કોઈ દેવમાં ઉપજે છે - - એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલમાં જાણવું.*

*કષાયકુશીલનો પ્રશ્ન ? ગૌતમ ! અવિરાધનાને આશ્રીને ઈન્દ્રપણે યાવત્ અહમિન્દ્રપણે ઉપજે. વિરાધનાને આશ્રીને અન્ય કોઈ દેવમાં ઉપજે. - - નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! અવિરાધનાને આશ્રીને ઈન્દ્રપણે યાવત્ લોકપાલપણે ન ઉપજે. પણ અહમિન્દ્રપણે ઉપજે વિરાધનાને આશ્રીને અન્ય કોઈ દેવમાં ઉપજે.*

*ભગવન્ ! દેવલોકમાં ઉત્પન્ન થનાર પુલાકની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી પલયોપમ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૧૮ સાગરોપમ. - - બકુશનો પ્રશ્ન ? જઘન્યથી પલ્યોપમ પૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૨૨-સાગરોપમ. એ પ્રમાણે પ્રતિસેવના કુશીલ પણ જાણવા. - - કષાયકુશીલનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ પૃથકત્વ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ.*

● વિવેચન-૯૧૩ :-

જ્ઞાનાદિની અવિરાધના અથવા લબ્ધિથી ન જીવવું, તેને આશ્રીને અવિરાધક. અન્ય કોઈ દેવ-અર્થાત્ ભવનપતિ આદિમાં. કેમકે ભવનપતિ આદિમાં વિરાધિત સંયમીનો ઉત્પાદ કહ્યો છે. પૂર્વે જે વૈમાનિકમાં ઉત્પાદ કહ્યો, તે સંયમના અવિરાધકત્વને આશ્રીને છે. - - હવે સંયમદ્વારમાં કહે છે - -

● સૂત્ર-૯૧૪ :-

*ભગવન્! પુલાકને કેટલા સંયમ સ્થાન છે? ગૌતમ! અસંખ્ય. એ પ્રમાણે કષાયકુશીલ સુધી કહેવું. - - ભગવન્! નિર્ગ્રન્થને કેટલા સંયમસ્થાન છે? ગૌતમ! એક જ અજઘન્યોત્કૃષ્ટ સંયમ સ્થાન. - - આ પ્રમાણે સ્નાતકને પણ કહેવા.*

*ભગવન્ ! આ પુલાક-બકુશ-પ્રતિસેવના અને કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકોના સંયમ સ્થાનોમાં કોણ કોનાથી યાવત્ વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડા નિર્ગ્રન્થ અને સ્નાતકના એક જ અજઘન્યોત્કૃષ્ટ સંયમ સ્થાન છે, પુલાકના સંયમસ્થાન અસંખ્યાતગણા, બકુશના સંયમસ્થાન અસંખ્યાતગણા, પ્રતિસેવના-કુશીલના સંયમસ્થાન અસંખ્યાતગણા, કષાય કુશીલના સંયમ સ્થાનો અસંખ્યાત-ગણા છે.*

● વિવેચન-૯૧૪ :-

સંયમ - ચારિત્ર, તેના સ્થાન - શુદ્ધિ પ્રકર્ષ-અપ્રકર્ષકૃત્ ભેદો. તે પ્રત્યેક

સર્વાકાશ પ્રદેશાગ્રગુણિત સર્વાકાશ પ્રદેશ પરિમાણ પર્યવયુક્ત હોય છે. તે પુલાકના અસંખ્યાત છે. કેમકે ચારિત્ર મોહનીય ક્ષયોપશમની વિચિત્રતા છે. આ પ્રમાણે કષાયકુશીલ સુધી કહેવું. - - નિર્ગ્રન્થને એક સંયમ સ્થાન હોય છે કેમકે કષાયોના ઉપશમ અને ક્ષયના અવિચિત્રત્વથી, શુદ્ધિના એકવિધત્વથી કહ્યું. એકત્વથી જ તેને અજઘન્યોત્કૃષ્ટત્વ છે. - x -

હવે પુલાકાદિના પરસ્પર સંયમ સ્થાનનું અલ્પબહુત્વ કહે છે — સૌથી થોડાં સંયમ સ્થાન નિર્ગ્રન્થ અને સ્નાતકના કઈ રીતે ? એક જ હોવાથી. - x - પુલાકાદિને ઉક્ત ક્રમથી અસંખ્યાતગણા સ્થાન ક્ષયોપશમ વૈચિત્ર્યથી છે. હવે નિકર્ષ દ્વાર - તેમાં નિકર્ષ પુલાકાદિના પરસ્પર સંયોજનથી કહે છે —

● સૂત્ર-૯૧૫ થી ૯૧૮ :-

[૯૧૫] ભગવન્ ! પુલાકના કેટલાં ચારિત્રપર્યવો છે ? ગૌતમ ! અનંતા. એ પ્રમાણે સ્નાતક સુધી જાણવું. - - ભગવન્ ! એક પુલાક, બીજા પુલાકના સ્વસ્થાન સંનિકર્ષથી ચારિત્રપર્યવોથી હીન-તુલ્ય કે અધિક છે ?

ગૌતમ ! કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ અધિક. જો હીન હોય તો અનંત ભાગહીન, અસંખ્યાત ભાગહીન કે સંખ્યાત ભાગ હીન. સંખ્યાતગુણ હીન, અસંખ્યાતગુણ હીન કે અનંતગુણ હીન. જો અધિક હોય તો અનંત ભાગ અધિક, અસંખ્યાત ભાગ અધિક યાવત્ અનંતગુણ અધિક.

ભગવન્ ! પુલાક ચારિત્ર પર્યાયથી, બકુશના પરસ્થાન સંનિકર્ષથી હીન-તુલ્ય કે અધિક છે ? હીન છે, અનંતગુણહીન છે. તુલ્યાદિ નથી. આ પ્રમાણે પ્રતિસેવના કુશીલના વિષયમાં પણ કહેવું - - કષાયકુશીલ સાથે ષટ્સ્થાન પતિત સ્વસ્થાનવત્ કહેવું. નિર્ગ્રન્થ, બકુશવત્. સ્નાતક તેમજ છે.

ભગવન્ ! બકુશ, પુલાકના પરસ્થાન સંનિકર્ષથી ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન છે, તુલ્ય છે કે અધિક ? તે હીન કે તુલ્ય નથી, પણ અધિક છે. અનંતગુણ અધિક છે - - ભગવન્ ! બકુશ, બકુશના સ્વસ્થાન સંનિકર્ષથી ચારિત્ર પર્યવથી૰ પ્રશ્ન ? ગૌતમ ! કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ અધિક. જો હીન હોય તો ષટ્સ્થાન પતિત છે.

ભગવન્ ! બકુશ, પ્રતિસેવના કુશીલના પરસ્થાન સંનિકર્ષથી ચારિત્રપર્યવોથી શું હીન છે ? છ સ્થાનપતિત છે. એ રીતે કષાયકુશીલ કહેવા.

ભગવન્ ! બકુશ, નિર્ગ્રન્થના પરસ્થાન સંનિકર્ષથી ચારિત્ર પર્યવોથી પૃચ્છા. ગૌતમ ! હીન છે, તુલ્ય કે અધિક નથી. અનંતગુણહીન છે. એ રીતે સ્નાતક પણ છે. - - પ્રતિસેવના કુશીલની આ પ્રમાણે બકુશ વક્તવ્યતા કહેવી. - - કષાયકુશીલની આ રીતે બકુશવક્તવ્યતા કહેવી. વિશેષ એ કે - પુલાકની સાથે છ સ્થાન પતિત કહેવા.

ભગવન્ ! નિર્ગ્રન્થ, પુલાકના પરસ્થાન સંનિકર્ષથી ચારિત્રપર્યાય વડે પૃચ્છા. ગૌતમ ! હીન કે તુલ્ય નહીં, અધિક છે. અનંતગુણ અધિક છે. એ





પ્રમાણે કષાયકુશીલ સુધી કહેવું. - - ભગવન્ ! નિર્ગ્રન્થ, બીજા નિર્ગ્રન્થના સ્વસ્થાન સંનિકર્ષ વડે પૃચ્છા. ગૌતમ ! તુલ્ય છે. એ રીતે સ્નાતકને જાણવા.

ભગવન્ ! સ્નાતક, પુલાકના પરસ્થાન સંનિકર્ષથી૰ ? એ રીતે નિર્ગ્રન્થની માફક સ્નાતકની વક્તવ્યતા કહેવી. યાવત્ - ભગવન્ ! સ્નાતક, બીજા સ્નાતકની સ્વસ્થાન સંનિકર્ષથી પૃચ્છા. ગૌતમ ! તુલ્ય છે.

ભગવન્ ! આ પુલાક-બકુશ-પ્રતિસેવના અને કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકના જઘન્ય-ઉત્કર્ષ ચારિત્રપર્યવોમાં કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! પુલાક અને કષાય કુશીલના જઘન્ય ચારિત્રપર્યાય બંને તુલ્ય છે અને સૌથી થોડા છે. પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યાય અનંતગણા છે. બકુશ અને પ્રતિસેવના કુશીલના આ જઘન્ય ચારિત્ર પર્યાય બંને તુલ્ય અને અનંતગણા છે. બકુશના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાય અનંતગણા છે, પ્રતિસેવના કુશીલના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યાય અનંતગણા છે. કષાય કુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાય અનંતગણા, નિર્ગ્રન્થ અને સ્નાતકના અજઘન્યોત્કૃષ્ટ ચારિત્રપર્યવો બંને તુલ્ય અને અનંતગણા છે.

[૯૧૬] ભગવન્ ! પુલાક સયોગી હોય કે અયોગી ? ગૌતમ ! સયોગી હોય, અયોગી નહીં. જો સયોગી હોય તો મનોયોગી હોય, વચનયોગી કે કાયયોગી હોય ? ગૌતમ ! ત્રણે યોગ હોય. એ પ્રમાણે નિર્ગ્રન્થ સુધી જાણવું. સ્નાતકની પૃચ્છા. ગૌતમ ! સયોગી-અયોગી બંને હોય. જો સયોગી હોય તો શું મનોયોગી હોય૰ આદિ બાકી બધું પુલાકની જેમ જાણવું.

[૯૧૭] ભગવન્ ! પુલાક, સાકારોપયુક્ત હોય કે અનાકાર ઉપયુક્ત ? ગૌતમ ! તે બંને હોય, એ રીતે સ્નાતક સુધી જાણવું.

[૯૧૮] ભગવન્ ! પુલાક, સકષાયી હોય કે અકષાયી ? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી નહીં. જો સકષાયી હોય તો કેટલા કષાયમાં હોય ? ગૌતમ ! ચારે કષાયમાં હોય. એ રીતે બકુશ, પ્રતિસેવનાકુશીલ પણ છે.

કષાયકુશીલનો પ્રશ્ન ? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી ન હોય. જો સકષાયી હોય તો ભગવન્ ! તે કેટલા કષાયમાં હોય ? ગૌતમ ! ચાર-ત્રણ-બે કે એકમાં હોય. ચારમાં હોય તો સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભમાં હોય ? ત્રણમાં હોય તો સંજ્વલન માન-માયા-લોભમાં હોય, બેમાં હોય તો સંજ્વલન માયા-લોભમાં હોય, એકમાં હોય તો સંજ્વલન લોભમાં હોય. - - નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! સકષાયી ન હોય, અકષાયી હોય. જો અકષાયી હોય તો શું ઉપશાંત કષાયી હોય કે ક્ષીણ કષાયી ? ગૌતમ ! બંને હોય સ્નાતકને આ પ્રમાણે જ જાણવા. વિશેષ એ કે - ઉપશાંતકષાયી ન હોય, ક્ષીણકષાયી હોય.

● વિવેચન-૯૧૫ થી ૯૧૮ :-

ચારિત્ર-સર્વવિરતિ રૂપ પરિણામના, પર્યવ-ભેદો. તે ચારિત્રપર્યવો. તે બુદ્ધિકૃત અવિભાગ પલિચ્છેદ અથવા વિષયકૃતા છે. સ્વ - પોતાના સજાતીય સ્થાન-પર્યવોને

આશ્રીને સ્વસ્થાન. પુલાકને પુલાક ઈત્યાદિ. તેનો સંનિકર્ષ-સંયોજન. તે સ્વસ્થાન સંનિકર્ષ. હીન - વિશુદ્ધસંયમ સ્થાન સંબંધીત્વથી વિશુદ્ધતર પર્યવ અપેક્ષાએ અવિશુદ્ધતર સંયમ સ્થાન સંબંધીપણાથી અવિશુદ્ધતર પર્યવો હીન છે, તેના યોગથી સાધુ પણ હીન છે.

તુલ્ય- તુલ્યશુદ્ધિક પર્યવ યોગથી તુલ્ય. - - અધિક-વિશુદ્ધતર પર્યવ યોગથી અધિક. અશુદ્ધ સંયમ સ્થાન વર્તીત્વથી કદાચ હીન. એક સંયમ સ્થાનવર્તીત્વથી કદાચ તુલ્ય. વિશુદ્ધતર સંયમ સ્થાનવર્તીતત્વથી કદાચ અધિક અસદ્‌ભાવ સ્થાપનાથી પુલાકના ઉત્કૃષ્ટ સંયમસ્થાન પર્યવ અગ્ર ૧૦,૦૦૦ છે. તે સર્વ જીવ અનંતક વડે સો પરિમાણતાથી કલ્પિત ભાગથી ભાંગતા ૧૦૦ થાય. ઈત્યાદિ કાલ્પનિક દૃષ્ટાંત જાણવું. - x - x - x - *[વૃત્તિકારશ્રીએ અહીં કાલ્પનિક ગણિત દ્વારા અનંતભાગ હીન, અસંખ્યાત ભાગ હીન, સંખ્યાતભાગ હીન, સંખ્યાતગુણહીન, અસંખ્યાતગુણહીન, અનંતગુણહીન એ છ સ્થાન પતિતને વિસ્તારથી દર્શાવેલ છે. અમે અહીં તે ગણિત નોંધેલ નથી. જિજ્ઞાસુઓ મૂળ વૃત્તિ દ્વારા જાણી શકે છે.]*

પરસ્થાન સંનિકર્ષ એટલે વિજાતીય યોગને આશ્રીને. પુલાકને વિજાતીય તે બકુશ આદિ. તેમાં પુલાક, બકુશથી હીન છે, કેમકે તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ છે - - જે પ્રકારે સ્વસ્થાનમાં પુલાકને બીજા પુલાકની અપેક્ષાથી જેમ બતાવ્યો, તેમ કષાયકુશીલ અપેક્ષાએ પણ કહેવું.

તેમાં પુલાક, કષાયકુશીલથી હીન પણ હોય, અવિશુદ્ધ સંયમ સ્થાન વૃત્તિત્વથી અથવા સમાન સંયમ સ્થાન વૃત્તિપણાથી તુલ્ય છે. અથવા શુદ્ધતર સંયમ સ્થાન વૃત્તિત્વથી અધિક હોય.

જે કારણે પુલાક અને કષાયકુશીલના સર્વજઘન્ય સંયમ સ્થાનો છે, તેથી તે બંને યુગપદ અસંખ્યાત થાય છે કેમકે અધ્યવસાનની તુલ્યતા છે. પછી પુલાકને હીન પરિણામત્વથી વ્યવચ્છેદ કરાય છે. પુલાક વ્યવચ્છિન્ન કરાતા કષાયકુશીલ એકેક જ અસંખ્યાત સંયમસ્થાનોમાં શુભતર પરિણામત્વથી જાય છે. પછી કષાયકુશીલ-પ્રતિસેવના કુશીલ બકુશ યુગપદ્ અસંખ્યાત સંયમસ્થાન જાય છે. પછી બકુશનો વ્યવચ્છેદ કરાય છે. પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ અસંખ્યાત સંયમ સ્થાનો જતાં પછી પ્રતિસેવના કુશીલનો વ્યવચ્છેદ કરાય છે. કષાયકુશીલ અસંખ્યાત સંયમ સ્થાન જાય છે. પછી તે પણ વ્યવચ્છેદ કરાય છે. પછી નિર્ગ્રન્થ અને સ્નાતક એક સંયમ સ્થાનને પામે છે.

પુલાક, નિર્ગ્રન્થથી અનંતગુણહીન છે, માટે બકુશવત્ કહ્યા.

પુલાકની બાકીના સાથે વિચારણા કરી, હવે બકુશની વિચારણા કરીએ છીએ — બકુશ, પુલાકથી અનંતગુણ અધિક જ વિશુદ્ધ પરિણામત્વથી છે. બકુશો વિચિત્ર પરિણામત્વથી હીન આદિ છે. પ્રતિસેવના અને કષાય કુશીલ બંનેથી પણ હીન આદિ જ છે. નિર્ગ્રન્થ-સ્નાતકો કરતાં પણ હીન જ છે. બકુશની વક્તવ્યતા મુજબ પ્રતિસેવના કુશીલને કહેવા. કષાયકુશીલ પણ બકુશવત્ કહેવા. કેવલ પુલાકથી બકુશ અધિક



જ કહ્યા છે. સકષાયને હીન આદિ ષટ્ સ્થાનપતિત કહેવા. કેમકે તેના પરિણામની પુલાકની અપેક્ષાએ હીન સમ અધિક સ્વભાવત્વથી છે.

હવે પર્યવ અધિકારથી તેના જ જઘન્યાદિ ભેદોનો પુલાક આદિ સંબંધીના અલ્પત્વાદિ પ્રરૂપવા કહે છે — एएसि णं० આદિ.

યોગદ્વારમાં - શૈલેશીકરણમાં અયોગીપણું જાણવું.

ઉપયોગદ્વાર સુગમ હોવાથી કંઈ લખેલ નથી.

કષાયદ્વારમાં - પુલાકના કષાયોના ક્ષયોપશમના અભાવથી સકષાયી હોય તેમ કહ્યું. ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણીમાં સંજ્વલન ક્રોધ ઉપશાંત કે ક્ષીણમાં બાકીના ત્રણ કષાય હોય. એ રીતે ‘માન’ ચાલ્યા જતાં બે કષાય, ‘માયા’ ચાલી જતાં સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકમાં માત્ર એક લોભ જ રહે છે - હવે લેશ્યાદ્વારમાં—

● **સૂત્ર-૯૧૯,૯૨૦ :-**

*[૯૧૯] ભગવન્ ! પુલાક, સલેશ્યી હોય કે અલેશ્યી ? ગૌતમ ! સલેશ્યી હોય, અલેશ્યી નહીં. જો સલેશ્યી હોય તો હે ભગવન્ ! તે કેટલી લેશ્યામાં હોય છે ? ગૌતમ ! ત્રણે વિશુદ્ધ લેશ્યામાં હોય છે — તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવના કુશીલ છે.*

*કષાયકુશીલમાં પ્રશ્ન ? ગૌતમ ! સલેશ્યી હોય, અલેશ્યી નહીં. જો સલેશ્યી હોય, તો હે ભગવન્ ! તે કેટલી લેશ્યામાં હોય ? ગૌતમ ! છ એ લેશ્યામાં હોય. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં.*

*ભગવન્ ! નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! સલેશ્યી હોય, અલેશ્યી નહીં. જો સલેશ્યી હોય, તો હે ભગવન્ ! તે કેટલી લેશ્યામાં હોય ? ગૌતમ ! એક જ શુક્લલેશ્યામાં હોય. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! સલેશ્યી હોય કે અલેશ્યી હોય. જો સલેશ્યી હોય તો કેટલી લેશ્યામાં હોય ? ગૌતમ ! એક જ પરમશુક્લ લેશ્યામાં હોય.*

*[૯૨૦] ભગવન્ ! પુલાક, વર્ધમાન પરિણામી હોય, હ્રીયમાન પરિણામી હોય કે અવસ્થિત પરિણામી હોય ? ગૌતમ ! વર્ધમાન-હ્રીયમાન-અવસ્થિત ત્રણે પરિણામી હોય. એ પ્રમાણે કષાયકુશીલ સુધી જાણવું.*

*નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! વર્ધમાન કે અવસ્થિત પરિણામી હોય, હ્રીયમાન પરિણામી નહીં. એ પ્રમાણે સ્નાતક પણ જાણવા.*

*ભગવન્ ! પુલાક, કેટલો કાળ વર્ધમાન પરિણામી હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. કેટલો કાળ હ્રીયમાન પરિણામી હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. કેટલો કાળ અવસ્થિત પરિણામી હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી સાત સમય. એ પ્રમાણે કષાય કુશીલ સુધી જાણવું.*

*ભગવન્ ! નિર્ગ્રન્થ, કેટલો કાળ વર્ધમાન પરિણામી હોય ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. કેટલો કાળ અવસ્થિત પરિણામી હોય ?*

*ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.*

*ભગવન્ ! સ્નાતક, કેટલો કાળ વર્ધમાન પરિણામી હોય ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. કેટલો કાળ અવસ્થિત પરિણામી હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડી.*

**● વિવેચન-૯૧૯,૯૨૦ :-**

ભાવલેશ્યાની અપેક્ષાથી ત્રણે પ્રશસ્ત લેશ્યામાં પુલાકાદિને ત્રણે હોય. કષાયકુશીલને સકષાયને આશ્રીને છ એ લેશ્યા હોય. શુક્લધ્યાનના ત્રીજા ભેદ અવસરે જે લેશ્યા, તે પરમશુક્લ, અન્યદા માત્ર શુક્લ જ. તે પણ બીજા જીવની શુક્લલેશ્યા અપેક્ષાએ સ્નાતકને પરમ શુક્લ.

પરિણામ દ્વારમાં - શુદ્ધિથી ઉત્કર્ષમાં જતાં વર્ધમાન, અપકર્ષમાં જતા હ્રીયમાન, સ્થિર એટલે અવસ્થિત. તેમાં નિર્ગ્રન્થ હ્રીયમાન પરિણામી ન હોય. કષાયકુશીલના વ્યપદેશથી પરિણામ હાનિ કહી છે. સ્નાતકને પણ હાનિના કારણના અભાવથી હ્રીયમાન પરિણામ હોતા નથી.

પરિણામાધિકારથી જ આ કહે છે — તેમાં પુલાક વર્ધમાન પરિણામ કાળે કષાય વિશેષથી બાધિત થતાં તેમાં તે એકાદ સમય અનુભવે છે, તેથી કહે છે — જઘન્ય એક સમય. વર્ધમાન પરિણામના સ્વભાવથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહ્યું. એ પ્રમાણે બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલમાં પણ કહેવું. માત્ર બકુશાદિને જઘન્યથી એક સમયતા મરણથી પણ ઈષ્ટ છે. પુલાકને તેમ નથી, કેમકે પુલાકત્વમાં મરણનો અભાવ છે, પુલાક મરણ કાળે કષાય કુશીલત્વાદિમાં પરિણમે છે. - x - x -

નિર્ગ્રન્થ જઘન્યોત્કર્ષથી અંતર્મુહૂર્ત વર્ધમાન પરિણામ હોય. કેવલજ્ઞાન ઉત્પત્તિમાં બીજા પરિણામના ભાવથી કહ્યું. અવસ્થિત પરિણામ નિર્ગ્રન્થને જઘન્યથી એક સમયના મરણથી કહેલ છે.

સ્નાતક જઘન્યોત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત વર્દ્ધમાન પરિણામ છે. કેમકે શૈલેશી અવસ્થામાં તેમને તે પ્રમાણ હોવાથી કહ્યું. અવસ્થિત પરિણામ કાળ પણ જઘન્યથી અંતર્મુહૂર્ત છે, કઈ રીતે ? જે કેવળજ્ઞાન ઉત્પત્તિ પછી અંતર્મુહૂર્ત અવસ્થિત પરિણામી રહીને શૈલેશીતા સ્વીકારે તે અપેક્ષાએ. એ રીતે ઉત્કૃષ્ટ પૂર્વ કોટીના વિષયમાં પણ જાણવું.

**● સૂત્ર-૯૨૧ થી ૯૨૩ :-**

*[૯૨૧] ભગવન્ ! પુલાક, કેટલી કર્મપ્રકૃત્તિ બાંધે ? ગૌતમ ! આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિ બાંધે. - - બકુશની પૃચ્છા. ગૌતમ ! સાત કે આઠ ભેદે બાંધે. સાત બાંધે તો આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિ બાંધે, આઠ બાંધે તો પ્રતિપૂર્ણ આઠ કર્મ પ્રકૃતિ બાંધે. એ રીતે પ્રતિસેવનાકુશીલ છે.*

*કષાયકુશીલનો પ્રશ્ન ? ગૌતમ ! સાત બાંધે, આઠ બાંધે કે છ ભેદે બાંધે. સાત બાંધતા આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિ બાંધે. આઠ બાંધે તો પ્રતિપૂર્ણ આઠે બાંધે, છ બાંધે તો આયુ, મોહનીય સિવાયની છ બાંધે. - -*



*નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક વેદનીય કર્મ બાંધે.*

*સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક ભેદે બાંધે કે ન બાંધે. જો એક બાંધે તો એક વેદનીય કર્મ બાંધે.*

*[૯૨૨] ભગવન્ ! પુલાક કેટલી કર્મપ્રકૃતિ વેદે ? ગૌતમ ! નિયમા આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એ રીતે કષાયકુશીલ સુધી જાણવું. - - નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! મોહનીય વર્જીને સાત કર્મ પ્રકૃતિઓ વેદે છે. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! વેદનીય-આયુ-નામ-ગોત્રને વેદે છે.*

*[૯૨૩] ભગવન્ ! પુલાક કેટલી કર્મપ્રકૃતિની ઉદીરણા કરે છે ? ગૌતમ ! આયુ, વેદનીય વર્જીને છ કર્મપ્રકૃતિ ઉદીરે છે. - - બકુશ વિશે પ્રશ્ન ? ગૌતમ ! સાત ભેદે કે આઠ ભેદે કે છ ભેદે ઉદીરે છે. જો સાતને ઉદીરે તો આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિ ઉદીરે છે, આઠને ઉદીરે તો પ્રતિપૂર્ણ આઠે કર્મપ્રકૃતિઓ ઉદીરે છે, છ ને ઉદીરે તો આયુ-વેદનીયને વર્જીને છ કર્મપ્રકૃતિને ઉદીરે છે. પ્રતિસેવના કુશીલ એ પ્રમાણે જ છે.*

*કષાયકુશીલ વિશે પ્રશ્ન ? ગૌતમ ! સાત-આઠ-છ કે પાંચ ભેદે ઉદીરે છે. જો સાતને ઉદીરે તો આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિને ઉદીરે છે. આઠને ઉદીરે તો પ્રતિપૂર્ણ આઠ કર્મપ્રકૃત્તિને ઉદીરે છે. છ ને ઉદીરે તો આયુ અને વેદનીય વર્જીને છ કર્મપ્રકૃત્તિને ઉદીરે છે. જો પાંચને ઉદીરે તો આયુ-વેદનીય-મોહનીયને વર્જીને પાંચ કર્મપ્રકૃતિને ઉદીરે છે.*

*નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! પાંચ ભેદે ઉદીરે અથવા બે ભેદે ઉદીરે છે પાંચને ઉદીરે તો આયુ-વેદનીય-મોહનીયને વર્જીને પાંચ કર્મ પ્રકૃતિને ઉદીરે છે બે ને ઉદીરે તો નામ અને ગોત્રને ઉદીરે છે.*

*સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! બે ભેદે ઉદીરે કે ન ઉદીરે. જો બેની ઉદીરણા કરે તો નામ અને ગોત્રની ઉદીરણા કરે છે.*

**● વિવેચન-૯૨૧ થી ૯૨૩ :-**

પુલાકને આયુબંધ નથી, કેમકે તેના બંધના અધ્યવસાય સ્થાનોનો તેને અભાવ છે. ત્રણ ભાગ આદિ શેષ આયુ હોય ત્યારે જીવો આયુને બાંધે છે. તેથી આયુષ્યના પહેલા બે ભાગમાં આયુનો બંધ ન થાય. તેથી બકુશ આદિ સાત કે આઠ કર્મો બાંધે છે. કષાયકુશીલ સૂક્ષ્મ સંપરાયત્વમાં આયુ ન બાંધે. કેમકે અપ્રમત્ત સ્થાનકના અંત સુધી જ આયુનો બંધ છે. મોહનીય અને બાદર કષાયના ઉદયના અભાવથી બંધ થતો નથી. તેથી છ જ બાંધે. નિર્ગ્રન્થો વેદનીય જ બાંધે છે, યોગનિમિત્તે તેના બંધનો સદ્ભાવ હોય છે અયોગી એક પણ ન બાંધે.

વેદનાદ્વારમાં - નિર્ગ્રન્થોને મોહનીય ઉપશાંત કે ક્ષીણ હોવાથી તેને વેદતા નથી. સ્નાતકને ઘાતિકર્મ ક્ષય થવાથી તે વેદનીયને જ વેદે છે.

ઉદીરણા દ્વારમાં - પુલાક આયુ, વેદનીય પ્રકૃતિને તથાવિધ અધ્યવસાય સ્થાનના અભાવે તેની ઉદીરણા ન થાય. પણ પહેલાં તે આ બંને કર્મોની ઉદીરણા

કરીને પછી પુલાકત્વને પામે છે. એ રીતે આગળ પણ જે જે પ્રકૃત્તિ ઉદીરતા નથી, તે તેને પૂર્વે ઉદીરીને બકુશાદિતાને પામે છે. સ્નાતક સયોગી અવસ્થામાં નામ-ગોત્રનો જ ઉદીરક છે. આયુ, વેદનીય પૂર્વે ઉદીરેલા જ છે. અયોગી અવસ્થામાં તો અનુદીરક જ છે.

ઉપસંપજહન્ન દ્વાર-તેમાં ઉપસંપત્ એટલે પ્રાપ્તિ, હાન એટલે ત્યાગ. - શું પુલાકત્વાદિ તજીને કષાયાદિકત્વને પામે ? તે કહે છે —

● **સૂત્ર-૯૨૪ થી ૯૨૬ :-**

*[૯૨૪] ભગવન્ ! પુલાક, પુલાકત્વને છોડતા શું છોડે છે ? અને શું પામે છે ? ગૌતમ ! પુલાકત્વને છોડે છે, કષાયકુશીલ કે અસંયમ પામે છે.*

*ભગવન્ ! બકુશ, બકુશત્વને છોડતો શું છોડે ? શું પામે ? ગૌતમ ! બકુશત્વને છોડે છે, પ્રતિસેવના કે કષાયકુશીલને, અસંયમ કે સંયમાસંયમને પામે. - - ભગવન્ ! પ્રતિસેવના કુશીલ૰ ? પ્રતિસેવના કુશીલત્વને છોડે છે, બકુશ-કષાયકુશીલ-અસંયમ કે સંયમાસંયમને પામે.*

*કષાયકુશીલનો પ્રશ્ન ? ગૌતમ ! કષાયકુશીલત્વને છોડે છે, પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, નિર્ગ્રન્થ, અસંયમ, સંયમાસંયમને પામે.*

*નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! નિર્ગ્રન્થત્વને છોડે, કષાયકુશીલ, સ્નાતક કે અસંયમને પામે. - - સ્નાતક ? સ્નાકત્વ છોડી સિદ્ધિગતિ પામે.*

*[૯૨૫] ભગવન્ ! પુલાક, શું સંજ્ઞોપયુક્ત છે કે નોસંજ્ઞોપયુક્ત ? ગૌતમ ! સંજ્ઞોપયુક્ત ન હોય, નોસંજ્ઞોપયુક્ત હોય. - - બકુશ વિશે પૃચ્છા. ગૌતમ ! તે બંને હોય. એ રીતે પ્રતિસેવના અને કષાયકુશીલ પણ જાણવા. - - નિર્ગ્રન્થ અને સ્નાતક બંનેને પુલાકવત્ જાણવા.*

*[૯૨૬] ભગવન્ ! પુલાક, આહારક હોય કે અનાહારક ? ગૌતમ ! આહારક હોય, અનાહારક ન હોય. એ રીતે નિર્ગ્રન્થ સુધી જાણવું. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! આહારક હોય કે અનાહારક હોય.*

● **વિવેચન-૯૨૪ થી ૯૨૬ :-**

પુલાક, પુલાકત્વ છોડીને સંયત કષાયકુશીલ જ થાય, કેમકે તેના સમાન સંયમસ્થાનનો સદ્‌ભાવ છે. એ રીતે જેને જે સદંશ સંયમ સ્થાનો હોય તે તદ્‌ભાવને પામે છે, માત્ર કષાયકુશીલાદિને ન પામે. કષાયકુશીલ વિધમાન સ્વ સદંશ સંયમ સ્થાન કોને પુલાકાદિ ભાવે પામે અને અવિધમાન સમાન સંયમસ્થાનરૂપ નિર્ગ્રન્થ ભાવને પામે. નિર્ગ્રન્થ કષાયિત્વ કે સ્નાતકત્વને પામે અને સ્નાતક સિદ્ધિગતિને પામે.

નિર્ગ્રન્થસૂત્રમાં કષાયકુશીલત્વાદિ જાણવું. તેમાં ઉપશમનિર્ગ્રન્થ શ્રેણીથી ચ્યવીને સકષાયી થાય. શ્રેણીની ટોચે તે મરીને દેવપણે ઉત્પન્ન થઈ અસંયત થાય છે, સંયતાસંયત થતો નથી, કેમકે દેવત્વમાં તેનો અભાવ છે. જો કે શ્રેણીથી પતિત એવો આ સંયતાસંયત પણ થાય, તો પણ તેને અહીં કહેલ નથી. કેમકે શ્રેણીથી પડીને સીધું સંયતાસંયતપણું ન પામે.



સંજ્ઞાદ્વાર - આહાર આદિ સંજ્ઞા, તેનાથી ઉપયુક્ત, કંઈક આહાર આદિની આસક્તિ તે સંજ્ઞોપયુક્ત, નોસંજ્ઞોપયુક્તને આહારાદિ ઉપભોગ છતાં તેની આસક્તિ નથી. તેમાં પુલાક, નિર્ગ્રન્થ, સ્નાતક ત્રણે નોસંજ્ઞોપયુક્ત છે, તેમને આહારાદિની આસક્તિ નથી. - [શંકા] નિર્ગ્રન્થ અને સ્નાતક તો વીતરાગ હોવાથી આસક્તિ ન હોય, પણ પુલાક તો સરાગ છે, તે અનાસક્ત કઈ રીતે ? [સમાધાન] એવું નથી. સરાગ હોય તો પણ અનાસક્તિ ન જ હોય તેમ નથી. બકુશાદિને સરાગત્વ છતાં અનાસક્ત બતાવાયેલ છે.

ચૂર્ણિકાર કહે છે — નોસંજ્ઞા એટલે જ્ઞાનસંજ્ઞા. તેમાં પુલાક, નિર્ગ્રન્થ, સ્નાતક નોસંજ્ઞોપયુક્ત છે. જ્ઞાનપ્રધાન ઉપયોગવંત, આહારાદિ સંજ્ઞોપયુક્ત નહીં. બકુશાદિ બંને પ્રકારે હોય, તેમને તથાવિધ સંયમ સ્થાનનો સદ્‌ભાવ હોય છે. - - - - આહારક દ્વારમાં - પુલાકથી નિર્ગ્રન્થ સુધીનાને વિગ્રહગતિ આદિમાં અનાહારકત્વ કારણોના અભાવે આહારકત્વ જ હોય. સ્નાતકને કેવલી સમુદ્‌ઘાતમાં ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં, અયોગી અવસ્થામાં અનાહારકત્વ છે. તે સિવાય આહારક છે

- - હવે ભવદ્વારમાં કહે છે—

● **સૂત્ર-૯૨૭,૯૨૮ :-**

*[૯૨૭] ભગવન્ ! પુલાક, કેટલા ભવ ગ્રહણ કરે ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી ત્રણ. - - બકુશનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી આઠ. એ રીતે પ્રતિસેવના અને કષાયકુશીલ પણ જાણવા. નિર્ગ્રન્થને પુલાકવત્ જાણવા. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક [ભવ કરે]*

*[૯૨૮] ભગવન્ ! પુલાકના એક ભવસંબંધી આકર્ષ કેટલા છે ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી ત્રણ. - - બકુશનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી સાત. એ પ્રમાણે પ્રતિસેવના અને કષાયકુશીલ જાણવા. - - નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી બે. - - સ્નાતકનો પ્રશ્ન ? ગૌતમ ! એક [ભવાકર્ષ હોય.]*

*ભગવન્ ! પુલાકને વિવિધ ભવ ગ્રહણ સંબંધી કેટલા આકર્ષ હોય ? ગૌતમ ! જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી સાત. - - બકુશ વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી હજારો. એ રીતે કષાયકુશીલ સુધી જાણવું. નિર્ગ્રન્થનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી પાંચ. સ્નાતક૰ ? એકે નહીં.*

● **વિવેચન-૯૨૭,૯૨૮ :-**

પુલાક જઘન્યથી એક ભવગ્રહણ કરીને કષાયકુશીલત્વાદિ સંયતત્વ પછી એક કે અનેકવાર, તે જ ભવમાં કે બીજા ભવમાં પ્રાપ્ત કરી સિદ્ધ થાય. ઉત્કૃષ્ટથી દેવાદિ ભવાંતરથી ત્રણ ભવ પુલાકત્વને પામે છે. - - બકુશ - ક્યારેક એક ભવમાં બકુશત્વ પામીને કષાયકુશીલત્વાદિ વડે સિદ્ધ થાય. કોઈ એક ભવમાં બકુશત્વ પામી, ભવાંતરે ન પામી સિદ્ધ થાય. અથવા ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણથી ચારિત્ર માત્રને પામે. તેમાં બકુશપણાના આઠમાં અંતિમ ભવમાં સકષાયત્વાદિયુક્ત થઈને

અને કોઈ પ્રતિભવ પ્રતિસેવના કુશીલત્વાદિ યુક્તિથી પૂરે છે - x -

હવે આકર્ષ દ્વાર - આકર્ષ અને ચારિત્રની પ્રાપ્તિ. સયગ્ગસો શત પરિમાણ વડે. - શત પૃથક્ત્વ. - x - x - ઉત્કૃષ્ટ બે વખત એટલે એક ભવમાં બે વખત ઉપશમ શ્રેણીકરણથી નિર્ગ્રન્થત્વના બે આકર્ષ થાય.

પુલાકના વિવિધ ભવગ્રહણમાં જે થાય, તેને એક આકર્ષ એક ભવમાં, બીજો અન્યત્ર ભવમાં, એ રીતે અનેક ભવમાં બે આકર્ષ થાય. પુલાકત્વ ઉત્કર્ષથી ત્રણ ભવમાં થાય, તે ઉત્કર્ષથી ત્રણ વખત થાય. પછી પહેલા ભવમાં એક આકર્ષ, અન્ય બે ભવમાં ત્રણ, ત્રણ એ પ્રમાણે સાત આકર્ષ થાય.

બકુશને ઉત્કર્ષથી આઠ ભવ કહ્યા. એક ભવમાં ઉત્કૃષ્ટથી શતપૃથકત્વ આકર્ષ કહ્યા. તેમાં આઠ ભવ ગ્રહણમાં ઉત્કૃષ્ટથી પ્રત્યેક ભવના ૯૦૦ આકર્ષ ગણતાં આઠ ભવમાં ૭૨૦૦ આકર્ષ થાય.

નિર્ગ્રન્થને ઉત્કૃષ્ટથી ત્રણ ભવ ગ્રહણો કહ્યા છે. એક ભવમાં બે આકર્ષથી બે, બીજા ભવમાં બે, પછીના ભવે એક એમ પાંચ આકર્ષ કરીને સિદ્ધ થઈ શકે, એમ કરીને પાંચ કહ્યા. - - - કાળદ્વારમાં કહે છે—

● **સૂત્ર-૯૨૯,૯૩૦ :-**

*[૯૨૯] ભગવન્ ! પુલાક, કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. - - બકુશ વિશે પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ દેશ ન્યૂન પૂર્વકોડી. - - એ રીતે પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ પણ જાણવા. - - નિર્ગ્રન્થ વિશે પૃચ્છા. ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. - - સ્નાતક વિશે પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશન્યૂન પૂર્વકોડી.*

*ભગવન્ ! પુલાકો કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. - - બકુશો વિશે પૃચ્છા. ગૌતમ ! સર્વકાળ એ પ્રમાણે કષાયકુશીલો સુધી જાણવું. - - નિર્ગ્રન્થોને પુલાકોવત્ જાણવા. સ્નાતકોને બકુશોવત્ જાણવા.*

*[૯૩૦] ભગવન્ ! પુલાકને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ, અનંત અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી દેશ ન્યૂન અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત. એ રીતે યાવત્ નિર્ગ્રન્થ. સ્નાતકો વિશે પૃચ્છા. [તેમનો] અંતર નથી.*

*ભગવન્ ! પુલાકોને કેટલો કાળ અંતર હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષો. - - બકુશો વિશે પ્રશ્ન ? ગૌતમ ! અંતર નથી. એ પ્રમાણે કષાયકુશીલો સુધી જાણવું. નિર્ગ્રન્થો વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ. સ્નાતકોને બકુશો મુજબ જાણવા.*

● **વિવેચન-૯૨૯,૯૩૦ :-**

પુલાકત્વને પ્રાપ્ત અંતર્મુહૂર્ત પૂર્ણ ન થાય ત્યાં સુધી મરતા નથી કે પુલાકત્વથી



પડતા નથી. માટે જઘન્યથી અંતર્મુહૂર્ત કહ્યું. ઉત્કૃષ્ટથી પણ આ પ્રમાણ અંતર્મુહૂર્ત છે. - x - બકુશને ચારિત્ર પ્રાપ્તિના પછીના જ સમયે મરણ સંભવે છે, માટે જઘન્ય એક સમય ઉત્કૃષ્ટથી દેશ ન્યૂન પૂર્વ કોડી કહ્યું કેમકે પૂર્વકોડી આયુવાળા આઠ વર્ષને અંતે ચારિત્ર સ્વીકારે તો તેમ થાય.

નિર્ગ્રન્થને જઘન્ય એક સમય. ઉપશાંત મોહના પ્રથમ સમય પછી અનંતર જ મરણનો સંભવ છે. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. - - સ્નાતકને જઘન્યથી અંતર્મુહૂર્ત કેમકે આયુના અંતિમ અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન ઉત્પત્તિમાં સ્નાતકનો આ જઘન્ય કાળ થાય છે.

પુલાકાદિનું કાળમાન હવે બહુવચનમાં કહે છે — એક પુલાકનો જે અંતર્મુહૂર્ત કાળ, તેના અંત્ય સમયે, બીજા પુલાકત્વને પામે છે, એ રીતે જઘન્યત્વ વિવક્ષામાં બંને પુલાકનો એકત્ર સમયમાં સદ્ભાવ હોય છે - x - જો કે પુલાકો ઉત્કૃષ્ટથી એક સમયે સહસ્રપૃથકત્વ પરિમાણને પામે છે તો પણ અંતર્મુહૂર્તથી ઘણાં પુલાકોની અંતર્મુહૂર્ત સ્થિતિ મોટી હોય છે. તેથી તેમનું ઉત્કૃષ્ટ અંતર અંતર્મુહૂર્ત કહ્યું છે. બકુશાદિનો સ્થિતિકાળ સર્વકાળ છે. કેમકે તે પ્રત્યેકની સ્થિતિનું બહુપણું છે. નિર્ગ્રન્થો, પુલાકવત્ કહેવા.

અંતરદ્વાર - તેમાં પુલાક, પુલાક થઈને કેટલા કાળે પુલાકત્વ પામે ? જઘન્યથી અંતર્મુહૂર્ત રહીને ફરી પુલાક જ થાય. ઉત્કૃષ્ટથી અનંતકાળે પામે. - x - ક્ષેત્રથી અપાર્દ્ધ પુદ્ગલ પરાવર્ત અંતર જાણવું. કોઈ જીવ આકાશના પ્રત્યેક પ્રદેશે મૃત્યુ પામે, આવા મરણમાં જેટલો કાળ સમસ્ત લોકને વ્યાપ્ત કરે તેટલો કાળ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કહેવાય. અહીં દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કહ્યું છે. - - સ્નાતકોને પ્રતિપાતના અભાવે અંતર નથી. - - એકત્વાપેક્ષાએ પુલાકત્વનું અંતર કહી પૃથકત્વાપેક્ષાએ પણ કહ્યું છે - હવે સમુદ્ઘાત કહે છે—

● **સૂત્ર-૯૩૧ થી ૯૩૪ :-**

*[૯૩૧] ભગવન્ ! પુલાકને કેટલા સમુદ્ઘાત છે ? ગૌતમ ! ત્રણ. વેદના - કષાય અને મારણાંતિક સમુદ્ઘાત. - - ભગવન્ ! બકુશને ? પાંચ સમુદ્ઘાત - વેદના યાવત્ તૈજસ સમુદ્ઘાત. પ્રતિસેવના કુશીલ પણ આ પ્રમાણે જ છે. - - કષાયકુશીલ વિશે પ્રશ્ન ? ગૌતમ ! છ સમુદ્ઘાતો છે - વેદના યાવત્ આહાર સમુદ્ઘાત. - - નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક પણ નથી. - - સ્નાતક વિશે પૃચ્છા-ગૌતમ ! એક જ કેવલી સમુદ્ઘાત.*

*[૯૩૨] ભગવન્ ! પુલાક, શું લોકના સંખ્યાતમાં ભાગમાં હોય ? અસંખ્યાતમાં ભાગમાં હોય ? સંખ્યાત ભાગોમાં હોય ? અસંખ્યાત ભાગોમાં હોય ? સર્વલોકમાં હોય ? ગૌતમ ! તે માત્ર અસંખ્યાતમાં ભાગમાં હોય છે, સંખ્યાત ભાગમાં, સંખ્યાત ભાગોમાં, અસંખ્યાત ભાગો કે સર્વલોકમાં ન હોય. એ પ્રમાણે નિર્ગ્રન્થ સુધી કહેવું. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! સંખ્યાત ભાગ કે સંખ્યાત ભાગોમાં ન હોય. અસંખ્યાત ભાગમાં હોય, અસંખ્યાત*

*ભાગોમાં હોય કે સર્વલોકમાં હોય.*

*[૯૩૩] ભગવન્ ! પુલાક, લોકના સંખ્યાત ભાગને સ્પર્શે ? કે અસંખ્યાત ભાગને સ્પર્શે ? જેમ અવગાહના કહી, તેમ સ્પર્શના પણ કહેવી. એ પ્રમાણે સ્નાતક સુધી કહેવું.*

*[૯૩૪] ભગવન્ ! પુલાક, કયા ભાવમાં હોય છે ? ગૌતમ ! તે ક્ષાયોપશમિક ભાવમાં હોય. એ પ્રમાણે કષાયકુશીલ સુધી જાણવું. - - નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! ઔપશમિક કે ક્ષાયિક ભાવમાં હોય. - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! ક્ષાયિક ભાવમાં હોય.*

● **વિવેચન-૯૩૧ થી ૯૩૪ :-**

ચારિત્રવાન્‌ને સંજ્વલન કષાયોદયના સંભવથી કષાયસમુદ્‌ઘાત હોય છે. પુલાકને મરણ અભાવમાં પણ મારણાંતિક સમુદ્‌ઘાત વિરુદ્ધ નથી, કેમકે સમુદ્‌ઘાતથી નિવૃત્તને કષાયકુશીલત્વાદિ પરિણામ હોય ત્યારે મરણનો સદ્‌ભાવ છે. નિર્ગ્રન્થને તથાસ્વભાવથી એક પણ નથી.

હવે ક્ષેત્રદ્વાર - ક્ષેત્ર એટલે અવગાહના ક્ષેત્ર. પુલાક શરીરના લોકના અસંખ્યાત ભાગ માત્ર અવગાહિત્વથી છે. સ્નાતકને શરીરમાં રહી. દંડ-કપાટ કરણકાળમાં, લોકના અસંખ્યાત ભાગે વર્તે છે. - x - મથનકરણ કાળમાં ઘણાં લોકના વ્યાપ્તત્વથી અને થોડાના અવ્યાપ્તતા ઉક્તત્વથી લોકના અસંખ્ય ભાગોમાં સ્નાતક વર્તે છે, લોકના આપૂર્ણથી સર્વલોકે વર્તે.

સ્પર્શના દ્વાર - સ્પર્શના, ક્ષેત્રવત્ છે. - x - ભાવદ્વાર વ્યક્ત છે.

હવે પરિમાણ દ્વાર કહે છે —

● **સૂત્ર-૯૩૫ :-**

*ભગવન્ ! પુલાકો એક સમયમાં કેટલા હોય ? ગૌતમ ! પ્રતિપદ્યમાનને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને કદાચ હોય. કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે, ત્રણ. ઉત્કૃષ્ટે સહસ્રપૃથકત્વ.*

*ભગવન્ ! બકુશો એક સમયમાં કેટલા હોય ? ગૌતમ ! પ્રતિપદ્યમાનકને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શત પૃથક્ત્વ. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને જઘન્યથી કોડી શત પૃથકત્વ, ઉત્કૃષ્ટથી પણ તેમજ છે. એ રીતે પ્રતિસેવના કુશીલ છે.*

*કષાયકુશીલ વિશે પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિપદ્યમાનને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટે સહસ્ર પૃથકત્વ. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કોડી-સહસ્ર પૃથકત્વ. - - - નિર્ગ્રન્થ વિશે પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિપદ્યમાન આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટે ૧૬૨ હોય છે, તેમાં ક્ષપક શ્રેણીવાળા ૧૦૮, ઉપશમ શ્રેણીવાળા-૫૪ હોય છે. પૂર્વ પ્રતિપન્ન અપેક્ષાએ કદાચ*



*હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ છે. - - - સ્નાતક વિશે પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિપદ્યમાન આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી ૧૦૮, પૂર્વ પ્રતિપન્નને આશ્રીને જઘન્યથી કોડી પૃથકત્વ, ઉત્કૃષ્ટથી પણ કોડી પૃથકત્વ.*

*ભગવન્ ! આ પુલાક-બકુશ-પ્રતિસેવના અને કષાયકુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા નિર્ગ્રન્થો, પુલાકો સંખ્યાતગણા, સ્નાતકો સંખ્યાતગણા, બકુશો સંખ્યાતગણા, પ્રતિસેવના કુશીલ સંખ્યાતગણા, કષાયકુશીલ સંખ્યાતગણા છે.*

*- - ભગવન્ ! તે એમજ છે, એમ જ છે.*

● **વિવેચન-૯૩૫ :-**

(શંકા) સર્વ સંયતોમાં કોડી સહસ્ર પૃથકત્વ સંભળાય છે, અહીં તો કેવળ કષાયકુશીલોમાં તે કહ્યું. પછી પુલાકાદિ માન ઉમેરતા તેથી વધી જશે. તો વિરોધ કેમ ન થાય ? કહે છે — કષાયકુશીલોમાં જે કોટી સહસ્ર પૃથકત્વ છે તે બે-ત્રણ કોટી સહસ્રરૂપ કલ્પીને પુલાક-બકુશાદિ સંખ્યા તેમાં ઉમેરવી. પછી સમસ્ત સંયતનું માન જે કહ્યું તે તેનાથી અધિક નહીં થાય.

અલ્પબહુત્વદ્વારમાં - નિર્ગ્રન્થોની ઉત્કૃષ્ટ સંખ્યાત શતપૃથકત્વ હોવાથી સૌથી થોડાં કહ્યું. પુલાકો ઉત્કૃષ્ટથી સહસ્રપૃથકત્વ સંખ્યાથી હોવાથી તેને સંખ્યાતગણા કહ્યા. સ્નાતકો ઉત્કૃષ્ટથી કોડી પૃથકત્વ હોવાથી તેનાથી સંખ્યાતગણા કહ્યા. બકુશો, ઉત્કૃષ્ટથી કોડી શત પૃથકત્વમાનથી હોવાથી તેને સંખ્યાતગણા કહ્યા. - - પ્રતિસેવના કુશીલ તો ઉત્કૃષ્ટથી કોડી શત પૃથકત્વ પ્રમાણ હોવા છતાં તેને સંખ્યાતગણા કેમ કહ્યા ? સત્ય છે, પણ બકુશોનું જે કોડી શત પૃથકત્વ છે તે બે-ત્રણ કોડી શત છે, જ્યારે પ્રતિસેવના કુશીલનું કોડી શત પૃથકત્વ છે, તે ચાર, છ કોડી શત પ્રમાણ હોવાથી વિરોધ નથી. કષાય કુશીલ ઉત્કૃષ્ટથી કોડીસહસ્ર પૃથકત્વ પ્રમાણ હોવાથી તેનું સંખ્યાતગણું છે.

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૭-"સંયત" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-માં સંયતોનું સ્વરૂપ કહ્યું. અહીં તે જ કહે છે —

● **સૂત્ર-૯૩૬ થી ૯૪૧ :-**

*[૯૩૬] ભગવન્ ! સંયતો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે-સામાયિક સંયત, છેદોપસ્થાપનીય સંયત, પરિહારવિશુદ્ધિસંયત, સૂક્ષ્મ સંપરાય સંયત, યથાખ્યાત સંયત.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - ઇત્વરિક અને યાવત્કથિત. - - છેદોપસ્થાપનિય સંયતનો પ્રશ્ન ? ગૌતમ ! બે ભેદે - સાતિચાર, નિરતિચાર. - - પરિહાર વિશુદ્ધિ સંયતની પૃચ્છા. ગૌતમ ! બે ભેદે*

*- નિર્વિશમાનક, નિર્વિષ્ટકાયિક. - - સૂક્ષ્મ સંપરાય વિશે પ્રશ્ન ? ગૌતમ ! બે ભેદે - સંક્લિશ્યમાનક અને વિશુદ્ધમાનક. - - યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! બે ભેદે - છદ્મસ્થ અને કેવલી.*

*[૯૩૭] સામાયિક સ્વીકારી, ચાતુર્યામ અનુત્તર ધર્મને જે ત્રિવિધે સ્પર્શતો સામાયિક સંયત કહેવાય.*

*[૯૩૮] પૂર્વ પર્યાયને છેદીને, જે પોતાના આત્માને પંચ મહાવ્રતમાં સ્થાપે છે તે છેદોપસ્થાપનીય સંયત છે.*

*[૯૩૯] જે પાંચ મહાવ્રતરૂપ અનુત્તર ધર્મને ત્રિવિધે સ્પર્શતો વિશુદ્ધને ધારણ કરે છે, તે પરિહાર વિશુદ્ધિક સંયત કહેવાય છે.*

*[૯૪૦] જે સૂક્ષ્મ લોભને વેદન કરતો, ઉપશમક કે ક્ષપક હોય છે. તે સૂક્ષ્મ સંપરાય સંયત છે, તે યથાખ્યાતથી કિંચિત્ હીન હોય.*

*[૯૪૧] મોહનીય કર્મના ઉપશાંત કે ક્ષીણ થઈ જવાથી જે છદ્મસ્થ કે જિન હોય છે, તે યથાખ્યાત સંયત કહેવાય છે.*

● **વિવેચન-૯૩૬ થી ૯૪૧ :-**

सामायिक संयत - સામાયિક નામક ચારિત્ર વિશેષ, તેના વડે કે તેથી મુખ્ય સંયત તે સામાયિક સંયત એમ બીજામાં પણ કહેવું.

ઇત્વર - ભાવિ વ્યપદેશ અંતરત્વથી અલ્પકાલિક સામાયિકના અસ્તિત્વથી ઇત્વરિક, તે પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુમાં મહાવ્રતના આરોપણ કરાય ત્યાં સુધી રહે છે. - - યાવત્કથિત-ભાવિ વ્યપદેશના અંતર અભાવથી યાવજ્જીવિક સામાયિકના અસ્તિત્વથી યાવત્કથિક. તે મધ્યમ જિન અને મહાવિદેહ જિનસંબંધી સાધુને હોય છે.

સાતિચાર-સાતિચારવાળાને જે આરોપાય છે, તે સાતિચાર જે છેદોપસ્થાપનીય છે, તેના યોગથી સાધુ પણ સાતિચાર જ છે. નિરતિચાર-છેદોપસ્થાપનીય યોગથી નિરતિચાર તે પાર્શ્વનાથના તીર્થમાંથી મહાવીરના તીર્થમાં સંક્રાંત થતા કે નવદીક્ષિતને હોય છે. છેદોપસ્થાપનીય સાધુ પહેલા અને છેલ્લા [તીર્થંકરના] તીર્થમાં જ હોય છે.

નિર્વિશ્યમાનક - પરિહારિક તપને તપતા. નિર્વિષ્ઠકાયિક - નિર્વિશમાનકના અનુચરક. - - - સંક્લિશ્યમાનક - ઉપશમ શ્રેણીથી પડતા.. વિશુદ્ધમાનક - ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણીને આરોહનાર. - x -

હવે સામાયિક સંયતાદિનું સ્વરૂપ ગાથાઓ વડે કહે છે — (૧) સામાયિક જ સ્વીકારનાર, છેદોપસ્થાપનીયાદિ નહીં. ચતુર્યામ-ચાર મહાવ્રત. અનુત્તરધર્મ-શ્રમણધર્મ. ત્રિવિધેન-મન વગેરેથી. ફાસયંત-સ્પર્શતો, પાલન કરતો જે વર્તે તે સામાયિક સંયત. - x - આ ગાથા વડે યાવત્કથિક સામાયિક સંયત કહ્યા, ઇત્વર સામાયિક સંયત સ્વયં કહેવો.

— (૨) ગાથા સુગમ છે, વિશેષ આ — છેદ એટલે પૂર્વનો પર્યાય છેદીને, ઉપસ્થાપન એટલે વ્રતોમાં સ્થાપન, તે છેદોપસ્થાપન. આ ગાથા વડે સાતિચાર અને નિરતિચાર બીજા સંયત કહ્યા.



— (૩) પરિહરતિ - નિર્વિશમાનક આદિ ભેદરૂપ તપને સેવે છે, તે સાધુ, શું કરીને ? તે કહે છે — વિશુદ્ધ એવા પંચયામ અનુત્તરધર્મને ત્રિવિધે સ્પર્શીને, અહીં 'પંચમહાવ્રત' કહેવાથી પહેલા અને છેલ્લા તીર્થંકરમાં જ તે હોય છે. — (૪) લોભાણુ - લોભરૂપ કષાયની સૂક્ષ્મ કિટ્ટિકાને વેદતો જે વર્તે તે. — (૫) ઉપશાંત - મોહનીય કર્મ ક્ષીણ કે ઉપશાંત થતા જે છદ્મસ્થ કે જિન વર્તે છે, તે યથાખ્યાત સંયત કહેવાય છે. - - હવે વેદદ્વાર કહે છે—

● **સૂત્ર-૯૪૨,૯૪૩ :-**

*[૯૪૨] ભગવન્ ! સામાયિક સંયત, શું સવેદી હોય કે અવેદી ? ગૌતમ ! સવેદી પણ હોય, અવેદી પણ હોય. જો સવેદી હોય તો કષાયકુશીલવત્ બધું કહેવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત જાણવા. - - પરિહાર વિશુદ્ધિક સંયતને પુલાકવત્ જાણવા. - - સૂક્ષ્મ સંપરાય સંયત અને યથાખ્યાત સંયત બંનેને નિર્ગ્રન્થ સમાન જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું સરાગ હોય કે વીતરાગ હોય ? ગૌતમ ! તે સરાગ હોય, વીતરાગ નહીં. - - એ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સંયત સુધી કહેવું. - - યથાખ્યાત સંયતને નિર્ગ્રન્થ સમાન કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું સ્થિતકલ્પમાં હોય કે અસ્થિત કલ્પમાં હોય ? ગૌતમ ! સ્થિતકલ્પમાં પણ હોય, અસ્થિતકલ્પમાં પણ હોય. - - છેદોપસ્થાપનીય સંયતનો પ્રશ્ન ? ગૌતમ ! સ્થિતકલ્પમાં હોય, અસ્થિતકલ્પમાં ન હોય, એ પ્રમાણે પરિહારવિશુદ્ધિ કહેવા. બાકીના સામાયિક સંયતવત્ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું જિનકલ્પમાં હોય, સ્થવિર કલ્પમાં હોય કે કલ્પાતીત હોય ? ગૌતમ ! કષાયકુશીલ માફક સંપૂર્ણ કહેવા. છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિક બકુશ માફક કહેવા. બાકીના નિર્ગ્રન્થ માફક કહેવા.*

*[૯૪૩] ભગવન્ ! સામાયિક સંયત શું પુલાક હોય યાવત્ સ્નાતક હોય ? ગૌતમ ! પુલાક, બકુશ યાવત્ કષાયકુશીલ હોય, પણ નિર્ગ્રન્થ કે સ્નાતક ન હોય. એ પ્રમાણે છેદોપસ્થાપનીય જાણવા. - - પરિહારવિશુદ્ધિક સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! પુલાક, બકુશ કે પ્રતિસેવના કુશીલ ન હોય. પણ કષાયકુશીલ હોય, નિર્ગ્રન્થ કે સ્નાતક ન હોય. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય પણ જાણવા. યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! પુલાક યાવત્ કષાયકુશીલ ન હોય. નિર્ગ્રન્થ કે સ્નાતક હોય.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું પ્રતિસેવી હોય કે અપ્રતિસેવી ? ગૌતમ ! પ્રતિસેવી હોય, અપ્રતિસેવી પણ હોય. જો પ્રતિસેવી હોય તો શું મૂલગુણ પ્રતિસેવી હોય૦ ? બાકી પુલાક મુજબ કહેવું.*

*છેદોપસ્થાપનિય સંયતને સામાયિક સંયત માફક જાણવા. - - પરિહાર વિશુદ્ધિ સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિસેવી ન હોય, અપ્રતિસેવી હોય. એ પ્રમાણે યથાખ્યાત સંયત સુધી કહેવું.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલા જ્ઞાનમાં હોય ? બે, ત્રણ કે ચાર જ્ઞાનમાં હોય. એ રીતે જેમ કષાયકુશીલ કહ્યા, તેમ ચાર જ્ઞાન ભજનાએ કહેવા. એ પ્રમાણે યાવત્ સૂક્ષ્મસંપરાય કહેવા. - - યથાખ્યાત સંયતને પાંચ જ્ઞાન ભજનાએ જ્ઞાનોદ્દેશક મુજબ કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, કેટલું શ્રુત ભણે ? ગૌતમ ! જઘન્યથી અષ્ટ પ્રવચન માતા, કષાયકુશીલમાં કહ્યા મુજબ કહેવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય કહેવા. - - પરિહાર વિશુદ્ધિ સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી નવમાં પૂર્વની ત્રીજી આચાર વસ્તુ, ઉત્કૃષ્ટથી અસંપૂર્ણ દશ પૂર્વો ભણે. - - સૂક્ષ્મ સંપરાય સામાયિક સંયત મુજબ કહેવા. - - યથાખ્યાત સંયમનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી અષ્ટપ્રવચન માતા, ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વો કે શ્રુતવ્યતિરિક્ત હોય.*

*ભગવન્ ! સામાયિક સંયત શું તીર્થમાં હોય કે અતીર્થમાં ? ગૌતમ ! તીર્થમાં હોય, અતીર્થમાં પણ હોય, કષાયકુશીલવત્ કહેવા. છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિક પુલાકવત્ કહેવા. બાકીના સંયતોને સામાયિક સંયત માફક કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું સ્વલિંગે હોય, અન્ય લિંગે હોય કે ગૃહી લિંગે હોય ? પુલાક માફક કહેવા. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ કહેવા. - - ભગવન્ ! પરિહાર વિશુદ્ધિક સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! તે દ્રવ્યલિંગ અને ભાવલિંગની અપેક્ષાએ સ્વલિંગી હોય, અન્યલિંગી કે ગૃહીલિંગી ન હોય.*

*બાકીના સંયતો, સામાયિક સંયતવત્ કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલા શરીરી હોય ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ. કષાયકુશીલમાં કહ્યા મુજબ જાણવા, એ પ્રમાણે છેદોપસ્થાપનીયને પણ કહેવા. - - બાકીના સંયત પુલાકવત્ કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત શું કર્મભૂમિમાં હોય, અકર્મભૂમિમાં હોય ? ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રીને કર્મભૂમિમાં હોય, અકર્મભૂમિમાં ન હોય, બકુશ માફક કહેવા. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ કહેવા, પરિહાર વિશુદ્ધિકને પુલાકવત્ કહેવા. બાકીના સામાયિક સંયતવત્ જાણવા.*

● વિવેચન-૯૪૨,૯૪૩ :-

સામાયિક સંયત, અવેદક પણ હોય, નવમા ગુણઠાણે વેદનો ક્ષય કે ઉપશમ થાય છે. નવમ ગુણસ્થાનક સુધી સામાયિક સંયત પણ વ્યપદેશાય છે. સામાયિક સંયત, સવેદ ત્રણ વેદે પણ હોય. અવેદ એટલે ક્ષીણ કે ઉપશાંતવેદ. પરિહાર વિશુદ્ધિક સંયત પુરુષવેદ કે પુરુષનપુંસક વેદમાં હોય છે. સૂક્ષ્મ સંપરાય સંયત, ક્ષીણ-ઉપશાંતત્વ વડે અવેદક હોય છે.

આ પ્રમાણે બીજા પણ સૂત્રોનો અતિદેશ અનંતર કહેવાયેલ ઉદ્દેશક અનુસાર સ્વયં જાણી લેવો.

કલ્પદ્વારમાં અસ્થિતકલ્પ મધ્યમજિન અને મહાવિદેહજિનના તીર્થોમાં હોય છે



ત્યાં છેદોપસ્થાપનીય નથી. - - - ચારિત્રદ્વારને આશ્રીને કહ્યું છે - સામાયિક સંયતના પુલાકાદિ પરિણામ ચારિત્રપણાથી હોય છે.

જ્ઞાનદ્વારમાં - યથાખ્યાત સંયતના પાંચ જ્ઞાનો ભજનાએ છે, જેમ જ્ઞાનોદ્દેશકમાં કહ્યું. તે જ્ઞાનોદ્દેશક આ છે - શતક-૮, ઉદ્દેશો-૨-માં જ્ઞાન વક્તવ્યતાર્થે અવાંતર પ્રકરણ છે. ભજના-કેવલી, યથાખ્યાત ચારિત્રિને કેવળજ્ઞાન, છદ્મસ્થવીતરાગ યથાખ્યાત ચારિત્રિને બે, ત્રણ કે ચાર જ્ઞાનો હોય છે..શ્રુતાધિકારમાં યથાખ્યાત સંયત જો નિર્ગ્રન્થ હોય, તો અષ્ટપ્રવચન માતાથી ચૌદપૂર્વ પર્યન્ત શ્રુત હોય. સ્નાતક શ્રુતાતીત હોય. - x -

● સૂત્ર-૯૪૪ થી ૯૪૭ :-

*[૯૪૪] ભગવન્ ! સામાયિક સંયત શું અવસર્પિણીકાળે હોય, ઉત્સર્પિણીકાળે હોય કે નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીકાળે હોય ? ગૌતમ ! અવસર્પિણી કાળે૦ બકુશવત્ કહેવું. એ રીતે છેદોપસ્થાપનીયમાં પણ કહેવું. માત્ર જન્મ અને સદ્ભાવ આશ્રીને ચાર આરામાં નથી હોતા, સંહરણની અપેક્ષાએ કોઈપણ પલિભાગ [આરા]માં હોય છે. બાકી પૂર્વવત્.*

*પરિહાર વિશુદ્ધિમાં પ્રશ્ન ? ગૌતમ ! અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળમાં હોય છે. નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીકાળમાં નથી હોતા. અવસર્પિણી કાળમાં હોય તો પુલાકવત્ જાણવા, ઉત્સર્પિણી કાળમાં પણ પુલાકવત્ છે.*

*સૂક્ષ્મસંપરાય, નિર્ગ્રન્થવત્ છે. એ રીતે યથાખ્યાત પણ છે.*

*[૯૪૪] ભગવન્ ! સામાયિક સંયત શું અવસર્પિણીકાળે હોય, ઉત્સર્પિણીકાળે હોય કે નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીકાળે હોય ? ગૌતમ ! અવસર્પિણીકાળે૦ બકુશવત્ કહેવું. એ રીતે છેદોપસ્થાપનીયમાં પણ કહેવું. માત્ર જન્મ અને સદ્ભાવ આશ્રીને ચાર આરામાં નથી હોતા, સંહરણની અપેક્ષાએ કોઈપણ પલિભાગ [આરા]માં હોય છે. બાકી પૂર્વવત્.*

*પરિહાર વિશુદ્ધિમાં પ્રશ્ન ? ગૌતમ ! અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળમાં હોય છે. નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીકાળમાં નથી હોતા. અવસર્પિણીકાળમાં હોય તો પુલાકવત્ જાણવા, ઉત્સર્પિણીકાળમાં પણ પુલાકવત્ છે.*

*સૂક્ષ્મસંપરાય, નિર્ગ્રન્થવત્ છે. એ રીતે યથાખ્યાત પણ છે.*

*[૯૪૫] ભગવન્ ! સામાયિક સંયત કાલધર્મ પામીને કઈ ગતિમાં જાય છે ? દેવગતિમાં જાય. દેવગતિમાં જાય તો શું ભવનપતિમાં ઉપજે કે વ્યંતર, જ્યોતિષ્ક કે વૈમાનિકમાં ઉપજે ? ગૌતમ ! ભવનપતિમાં ન ઉપજે૦ આદિ કષાયકુશીલવત્ કહેવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીયમાં કહેવું. પરિહાર વિશુદ્ધિકને પુલાકવત્ કહેવા. સૂક્ષ્મસંપરાયને નિર્ગ્રન્થવત્ કહેવા.*

*યથાખ્યાત વિશે પ્રશ્ન ? ગૌતમ ! એ પ્રમાણે યથાખ્યાતસંયત પણ યાવત્ અજઘન્યોત્કૃષ્ટ અનુત્તર વિમાનોમાં ઉપજે, કોઈક સિદ્ધ થાય, યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.*

*ભગવન્ ! સામાયિક સંયત, દેવલોકમાં ઉપજતા શું ઈન્દ્રપણે ઉપજે૦ પ્રશ્ન ? ગૌતમ ! અવિરાધનાને આશ્રીને, કષાયકુશીલમાં કહ્યા મુજબ જાણવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ કહેવા. પરિહારવિશુદ્ધિકને પુલાકવત્ કહેવા. બાકીના બધાંને નિર્ગ્રન્થવત્ કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયતને દેવલોકમાં ઉપજતા કેટલો કાળ સ્થિતિ હોય છે ? ગૌતમ ! જઘન્યથી બે પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. એ પ્રમાણે છેદોપસ્થાપનીયને કહેવા. - - પરિહાર વિશુદ્ધિકનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી બે પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ૧૮ સાગરોપમ. બાકી નિર્ગ્રન્થ પ્રમાણે.*

*[૯૪૬] ભગવન્ ! સામાયિક સંયતને કેટલા સંયમસ્થાનો છે ? ગૌતમ ! અસંખ્ય સંયમ સ્થાનો છે. એ રીતે યાવત્ પરિહાર વિશુદ્ધિકને કહેવા. સૂક્ષ્મ સંપરાય વિશે પ્રશ્ન ? ગૌતમ ! અસંખ્ય અંતર્મુહૂર્ત સમય સમાન. યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક અજઘન્યોત્કૃષ્ટ સંયમસ્થાન.*

*ભગવન્ ! આ સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિક, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત સંયતોના સંયમ સ્થાનોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા યથાખ્યાત સંયતના એક અજઘન્ય-ઉત્કૃષ્ટ સંયમ સ્થાન છે, સૂક્ષ્મ સંપરાય સંયતના અંતર્મુહૂર્તિક સંયમ સ્થાન અસંખ્યાતગણા છે. પરિહાર વિશુદ્ધિક સંયતના સંયમ સ્થાન અસંખ્યાગણા છે. સામાયિક સંયતના અને છેદોપસ્થાપનીય સંયતના સંયમસ્થાનો તુલ્ય અને અસંખ્યાતગણા છે.*

*[૯૪૭] ભગવન્ ! સામાયિક સંયતના કેટલા ચારિત્રપર્યવો છે ? ગૌતમ ! અનંતા ચારિત્ર પર્યવો છે. એ પ્રમાણે યાવત્ યથાખ્યાત સંયતના છે.*

*ભગવન્ ! સામાયિક સંયત, સામાયિક સંયતના સ્વસ્થાન સંનિકર્ષ ચારિત્ર પર્યવોથી શું હીન-તુલ્ય કે અધિક છે ? ગૌતમ ! કદાચ હીન-છ સ્થાન પતિત. - - ભગવન્ ! સામાયિક સંયત છેદોપસ્થાપનિય પરસ્થાન સંનિકર્ષ, ચારિત્ર પર્યવોથી૦ પ્રશ્ન ? ગૌતમ ! કદાચ હીન-છ સ્થાન પતિત. એ પ્રમાણે પરિહાર વિશુદ્ધિકના પણ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, સૂક્ષ્મ સંપરાય સંયતના પરસ્થાન સંનિકર્ષથી ચારિત્રપર્યવમાં પૃચ્છા. ગૌતમ ! હીન છે, તુલ્ય નથી. અધિક નથી અનંતગુણ હીન છે. એ રીતે યથાખ્યાત સંયતના પણ જાણવા. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ નીચેના ત્રણની સાથે છ સ્થાન પતિત અને ઉપરના બે સાથે તે જ પ્રમાણે અનંતગુણહીન છે.*

*પરિહાર વિશુદ્ધિકને છેદોપસ્થાપનીય માફક જાણવા.*

*ભગવન્ ! સૂક્ષ્મ સંપરાય સંયત, સામાયિક સંયતના પરસ્થાનનો પ્રશ્ન ? ગૌતમ ! હીન કે તુલ્ય નથી, અધિક છે. અનંતગુણ અધિક છે. એ પ્રમાણે છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધિની સાથે સ્વસ્થાનથી કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ અધિક છે. જો હીન હોય તો અનંતગુણહીન, જો અધિક હોય*





*તો અનંતગુણ અધિક હોય છે. - - સૂક્ષ્મ સંપરાય સંયત, યથાખ્યાત સંયતના પરસ્થાનમાં પ્રશ્ન ? ગૌતમ ! હીન છે, તુલ્ય કે અધિક નહીં. અનંતગુણ હીન છે. યથાખ્યાત, નીચેના ચારમાં હીન કે તુલ્ય નહીં, અધિક છે - અનંતગુણ અધિક છે. સ્વસ્થાનમાં હીન નથી, તુલ્ય છે, અધિક નથી.*

*ભગવન્ ! આ સામાયિક, છેદોપસ્થાપનિય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત સંયતોના જઘન્ય-ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવોમાં કોણ, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સામાયિક સંયતના અને છેદોપસ્થાપનિય સંયતના આ જઘન્ય ચારિત્રપર્યવો બંને તુલ્ય અને સૌથી થોડા છે પરિહારવિશુદ્ધિક સંયતના જઘન્ય ચારિત્ર પર્યવો અનંતગણા છે, તેના જ ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. સામાયિક અને છેદોપસ્થાપનીય સંયતના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે, તેનાથી યથાખ્યાત સંયતના અજઘન્ય-ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે.*

*ભગવન્ ! સામાયિકસંયત શું સયોગી હોય કે અયોગી ? ગૌતમ ! સયોગી, પુલાકવત્ જાણવા. એ પ્રમાણે યાવત્ સૂક્ષ્મસંપરાય સંયત કહેવા. યથાખ્યાતને સ્નાતકવત્ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત શું સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકારોપયુક્ત, પુલાકવત્ છે. એ રીતે યથાખ્યાત સુધી કહેવું. માત્ર સૂક્ષ્મ સંપરાય, સાકારોપયુક્ત હોય, અનાકારોપયુક્ત ન હોય.*

*ભગવન્ ! સામાયિક સંયત શું સકષાયી હોય કે અકષાયી ? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી ન હોય, જેમ કષાયકુશીલ કહ્યા એ પ્રમાણે છેદોપસ્થાપનિય પણ કહેવા. - - પરિહાર વિશુદ્ધિકને પુલાકવત્ કહેવા. સૂક્ષ્મ સંપરાય સંયતનો પ્રશ્ન ? ગૌતમ ! સકષાયી હોય, અકષાયી નહીં. જો સકષાયી હોય તો હે ભગવન્ ! તે કેટલા કષાયોમાં હોય ? ગૌતમ ! એક જ સંજ્વલન લોભમાં હોય. યથાખ્યાત સંયતને નિર્ગ્રન્થવત્ કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત, શું સલેશ્યી હોય કે અલેશ્યી ? ગૌતમ ! સલેશ્યી હોય, જેમ કષાયકુશીલ કહ્યા. એ રીતે છેદોપસ્થાપનિય કહેવા. પરિહારવિશુદ્ધિક, પુલાકવત્ કહેવા. સૂક્ષ્મસંપરાય, નિર્ગ્રન્થવત્ કહેવા. યથાખ્યાત સ્નાતકવત્ કહેવા. માત્ર સલેશ્યી હોય, એક શુક્લલેશ્યા હોય.*

**● વિવેચન-૯૪૪ થી ૯૪૭ :-**

એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ છે, એમ કહીને બકુશ સમાન કાળથી છેદોપસ્થાપનીય સંયત કહ્યા. તેમાં બકુશનો ઉત્સર્પિણી અવસર્પિણી વ્યતિરિક્ત કાળે જન્મ અને સદ્‌ભાવથી સુષમસુષમાદિ ત્રણ આરામાં નિષેધ જણાવ્યો. દુષમાસુષમા આરામાં વિધિ બતાવી. છેદોપસ્થાપનીયનો તો તેમાં પણ નિષેધ કહ્યો.

- - - હવે સંયતસ્થાન દ્વારમાં —

અંતર્મુહૂર્તમાં થાય, તે આંતર્મુહૂર્તિકે તેનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે. તેનો

પ્રતિસમય ચરણ વિશુદ્ધિ વિશેષ ભાવથી તે અસંખ્યાત થાય. યથાખ્યાતમાં એક જ. તે કાળમાં ચારિત્ર વિશુદ્ધિનું નિર્વિશેષત્વ છે.

સંયમ સ્થાનના અલ્પબહુત્વની વિચારણામાં અસદ્‌ભાવ સ્થાપના વડે બધાં સંયમસ્થાનો-૨૧ હોય, તેમાં એક ઉપરનું યથાખ્યાત, તેની નીચે ચાર સૂક્ષ્મ સંપરાયના૦ *[ઇત્યાદિ કાલ્પનિક ગણિત વૃત્તિકારશ્રી જણાવે છે, જે સ્વયં જોઈ-જાણી લેવું. અમે અહીં નોંધેલ નથી.]*

સંનિકર્ષદ્વાર - અસંખ્યાત સંયમ સ્થાનો છે, તેમાં જો એક હીન હોય તો તે એક હીન, બીજા અધિક છે. જો સમાન સંયમ સ્થાન વર્તતા હોય તો તુલ્ય. હીનાધિકત્વમાં છ સ્થાનપતિતત્વ થાય છે.

ઉપયોગદ્વારમાં - સામાયિક સંયતાદિને, પુલાકવત્ બે ઉપયોગ હોય છે. સૂક્ષ્મ સંપરાય તથા સ્વભાવથી સાકારોપયુક્ત કહ્યા.

લેશ્યાદ્વારમાં - યથાખ્યાત સંયત, સ્નાતક સમાન અર્થાત્ સલેશ્યી કે અલેશ્યી હોય. સલેશ્યી હોય તો પરમશુક્લ લેશ્યી હોય. યથાખ્યાત સંયતને નિર્ગ્રન્થત્વ અપેક્ષાએ નિર્વિશેષેણ છતાં શુક્લ લેશ્યા હોય - x -

● સૂત્ર-૯૪૮ :-

*ભગવન્ ! સામાયિક સંયત, શું વર્ધમાન પરિણામી હોય કે હ્રીયમાન પરિણામી કે અવસ્થિત પરિણામી હોય ? ગૌતમ ! વર્ધમાન પરિણામ, પુલાકવત્ જાણવા. એ રીતે પરિહારવિશુદ્ધિ પર્યન્ત જાણવું. - - સૂક્ષ્મ સંપરાયનો પ્રશ્ન ? ગૌતમ ! વર્ધમાન કે હ્રીયમાન પરિણામી હોય, અવસ્થિત પરિણામી ન હોય. યથાખ્યાત સંયત, નિર્ગ્રન્થ માફક કહેવા.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલો કાળ વર્ધમાન પરિણામી હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય૦ પુલાકવત્ છે. એ રીતે યાવત્ પરિહારવિશુદ્ધિક પણ જાણવા. - - ભગવન્ ! સૂક્ષ્મ સંપરાય સંયતનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત વર્ધમાન પરિણામી. એ રીતે હ્રીયમાન પરિણામી જાણવા. - - ભગવન્ ! યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત, વર્ધમાન પરિણામ છે. અવસ્થિત પરિણામ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોડી.*

● વિવેચન-૯૪૮ :-

સૂક્ષ્મસંપરાય૦ વર્ધમાન કે હ્રીયમાન પરિણામમાં હોય, અવસ્થિત પરિણામી ન હોય. કેમકે શ્રેણીએ ચડતા વર્ધમાન પરિણામ, પડતા હ્રીયમાન પરિણામ હોય. ગુણસ્થાનક સ્વભાવથી તેને અવસ્થિત પરિણામી ન હોય.

સૂક્ષ્મસંપરાયના જઘન્યથી વર્ધમાન પરિણામ એક સમય, તેની પ્રાપ્તિના સમય પછી તુરંત મરણ થાય. તેના ગુણસ્થાનકના પ્રમાણત્વથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. આ રીતે તેના હ્રીયમાન પરિણામ પણ વિચારવા.

જે યથાખ્યાત સંયત કેવળજ્ઞાનને પામે છે, તે શૈલેશીકરણને પામે, તેને



વર્ધમાન પરિણામ જઘન્યથી-ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત છે, તેના ઉત્તર કાળે તેનો વ્યવચ્છેદ થાય છે. અવસ્થિત પરિણામ જઘન્યથી એક સમય છે. ઉપશમકાળના પહેલા સમય પછી તુરંત મરણથી આમ કહ્યું. - x - x -

● સૂત્ર-૯૪૯ થી ૯૫૧ :-

*[૯૪૯] ભગવન્ ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃત્તિ બાંધે ? ગૌતમ ! સાત ભેદે બાંધે, આઠ ભેદે બાંધે આદિ બકુશવત્. આ પ્રમાણે પરિહારવિશુદ્ધિ સુધી જાણવું. - - સૂક્ષ્મ સંપરાય સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! આયુ અને મોહનીય વર્જીને છ કર્મપ્રકૃતિ બાંધે. યથાખ્યાત સંયત સ્નાતક મુજબ છે.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃતિઓ વેદે છે ? ગૌતમ ! નિયમા આઠ કર્મપ્રકૃતિને વેદે છે. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સુધી જાણવું. - - યથાખ્યાત વિશે પ્રશ્ન ? ગૌતમ ! સાત કે ચાર ભેદે વેદે. જો સાત ભેદે વેદે તો મોહનીયવર્જિત સાત કર્મપ્રકૃત્તિ વેદે, ચારને વેદતા વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર કર્મપ્રકૃતિઓને વેદે છે.*

*ભગવન્ ! સામાયિક સંયત, કેટલી કર્મપ્રકૃતિઓ ઉદીરે છે ? ગૌતમ ! સાત ભેદે૦ બકુશવત્. એ પ્રમાણે પરિહારવિશુદ્ધિ સુધી કહેવું. સૂક્ષ્મ સંપરાય વિશે પ્રશ્ન ? ગૌતમ ! છ ભેદે કે પાંચ ભેદે ઉદીરે. છ ને ઉદીરતો આયુ અને વેદનીય સિવાયની છ કર્મપ્રકૃતિને ઉદીરે. પાંચને ઉદીરતો આયુ, વેદનીય, મોહનીય વર્જીને પાંચ કર્મપ્રકૃતિ ઉદીરે. - - યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! પાંચ ભેદે કે બે ભેદે ઉદીરે અથવા ન ઉદીરે. પાંચ ઉદીરતો આયુ૦ બાકી બધું નિર્ગ્રન્થવત્ કહેવું.*

*[૯૫૦] ભગવન્ ! સામાયિક સંયત, સામાયિક સંયતપણાને છોડતો શું છોડે ? શું પ્રાપ્ત કરે ? ગૌતમ ! સામાયિક સંયતત્વને છોડે છે અને છેદોપસ્થાપનીય કે સૂક્ષ્મ સંપરાય સંયત, અસંયત, સંયમાસંયતને પામે છે.*

*છેદોપસ્થાપનીયનો પ્રશ્ન ? ગૌતમ ! છેદોપસ્થાપનીય સંયતત્વ છોડે છે, સામાયિક-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-અસંયમ કે સંયમાસંયમ પ્રાપ્ત કરે છે. - - પરિહારવિશુદ્ધિ વિશે પ્રશ્ન ? ગૌતમ ! પરિહારવિશુદ્ધિ સંયતત્વને છોડે છે. છેદોપસ્થાપનીય સંયમ કે અસંયમને પ્રાપ્ત કરે છે.*

*સૂક્ષ્મ સંપરાય વિશે પ્રશ્ન ? ગૌતમ ! સૂક્ષ્મસંપરાયત્વને છોડે છે. સામાયિક સંયમ, છેદોપસ્થાપનીય સંયમ, યથાખ્યાત સંયમ કે અસંયમ પ્રાપ્ત કરે છે. - - યથાખ્યાત સંયત વિશે પ્રશ્ન ? ગૌતમ ! યથાખ્યાત સંયતપણાને છોડે છે. સૂક્ષ્મસંપરાય સંયમ, અસંયમ, સિદ્ધિગતિને પામે છે.*

*[૯૫૧] ભગવન્ ! સામાયિક સંયત શું સંજ્ઞોપયુક્ત હોય ? નોસંજ્ઞોપયુક્ત હોય ? ગૌતમ ! સંજ્ઞોપયુક્ત૦ બકુશવત્ જાણવા. એ રીતે પરિહારવિશુદ્ધિ સુધી જાણવું. સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત, પુલાકવત્ છે.*

*ભગવન્ ! સામાયિક સંયત શું આહારક હોય કે અનાહારક ? પુલાકવત્*

*જાણવું. એ રીતે સૂક્ષ્મસંપરાય સુધી જાણવું. - - યથાખ્યાતસંયતને સ્નાતક મુજબ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત કેટલા ભવગ્રહણ કરે ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આઠ. એ પ્રમાણે છેદોપસ્થાપનીયને જાણવા. પરિહાર વિશુદ્ધિક વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ત્રણ સમય. એ પ્રમાણે યથાખ્યાત સંયત સુધી કહેવું.*

**● વિવેચન-૯૪૯ થી ૯૫૧ :-**

સૂક્ષ્મ સંપરાય સંયત આયુ ન બાંધે કેમકે અપ્રમત્તના અંત સુધી આયુનો બંધ થાય. મોહનીય પણ બાદર કષાયોદય અભાવથી ન બાંધે, તેથી આ બંને છોડીને છ કર્મપ્રકૃત્તિને બાંધે છે.

વેદ દ્વાર - યથાખ્યાત સંયત નિર્ગ્રન્થાવસ્થામાં મોહનીય છોડીને સાત કર્મપ્રકૃતિને વેદે છે. કેમકે મોહનીયનો ઉપશમ કે ક્ષય થયો હોય છે. સ્નાતક અવસ્થામાં ચાર ને જ વેદે કેમકે ઘાતીકર્મપ્રકૃતિ ક્ષીણ થઈ હોય છે.

ઉપસંપદ્ધાન દ્વાર - સામાયિક સંયત, સામાયિક સંયતત્વને છોડે છે, છેદોપસ્થાપનીય સંયતત્વને પામે છે. ચતુર્યામ ધર્મથી પંચયામ ધર્મમાં પાર્શ્વનાથના શિષ્યવત્ સંક્રમે. અથવા શિષ્યને મહાવ્રત આરોપણમાં. અથવા સૂક્ષ્મસંપરાય સંયતત્વને પામે, શ્રેણીપ્રતિપત્તિથી અથવા અસંયમાદિ થાય.

છેદોપસ્થાપનીય સંયત, છેદોપસ્થાપનીય સંયતત્વને છોડીને સામાયિક સંયતત્વને પામે. જેમ આદિનાથ તીર્થના સાધુ, અજિત સ્વામીના તીર્થને સ્વીકારે. અથવા પરિહારવિશુદ્ધિક સંયતત્વને તેવી યોગ્યતાથી પામે.

પરિહારવિશુદ્ધિક સંયત, પરિહાર વિશુદ્ધિ સંયતત્વને છોડીને ફરી ગચ્છાદિનો આશ્રય કરતાં છેદોપસ્થાપનીય સંયતત્વ પામે અથવા દેવપણે ઉત્પન્ન થઈ અસંયમને પામે - - - સૂક્ષ્મસંપરાય સંયત, સૂક્ષ્મસંપરાય સંયતત્વને શ્રેણીથી પડતા છોડીને સામાયિક સંયતત્વને પામે. જો પહેલાં સામાયિક સંયત થાય તો છેદોપસ્થાપનીય સંયતત્વને પામે. જો પહેલાં સામાયિક સંયત થાય તો છેદોપસ્થાપનીય સંયતત્વને પામે, જો પહેલા છેદોપસ્થાપનીય સંયત થાય, તો યથાખ્યાત સંયતત્વને શ્રેણી આરોહતા પામે.

યથાખ્યાત સંયત, યથાખ્યાત સંયતત્વને છોડીને શ્રેણીથી પડતા સૂક્ષ્મસંપરાય સંયતત્વને પામે કે ઉપશાંત મોહત્વમાં મરતા દેવમાં ઉપજતા અસંયમત્વ પામે. સ્નાતક હોય તો સિદ્ધિગતિ પામે.

**● સૂત્ર-૯૫૨ :-**

*ભગવન્ ! સામાયિક સંયતને એક ભવગ્રહણમાં કેટલા આકર્ષ હોય ? ગૌતમ ! જઘન્યથી૦ બકુશની માફક. - - છેદોપસ્થાપનીયનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી વીસ પૃથકત્વ. - - પરિહાર વિશુદ્ધિકનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી ત્રણ. - - સૂક્ષ્મ સંપરાયનો પ્રશ્ન ? ગૌતમ !*



*જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી ચાર. - - યથાખ્યાત વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી બે.*

*ભગવન્ ! સામાયિક સંયતના વિવિધ ભવગ્રહણથી કેટલા આકર્ષ છે ? ગૌતમ ! બકુશવત્. - - છેદોપસ્થાપનીયની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી ૯૦૦ થી ૧૦૦૦ની વચ્ચે. - - પરિહારવિશુદ્ધિકના જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી સાત. સૂક્ષ્મસંપરાયના જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી નવ. - - યથાખ્યાત સંયતના જઘન્યથી બે, ઉત્કૃષ્ટથી પાંચ.*

**● વિવેચન-૯૫૨ :-**

છેદોપસ્થાપનીયના ઉત્કૃષ્ટથી વીસ પૃથક્ત્વ અર્થાત્ છ વીસી એટલે કે ૧૨૦ વખત ઉક્ત આકર્ષ પામે. - - પરિહાર વિશુદ્ધિક સંયતત્વ ઉત્કૃષ્ટથી એક ભવમાં ત્રણ વખત પામે. એક ભવમાં બે ઉપશમ શ્રેણીના સંભવથી પ્રત્યેક સંક્લિશ્યમાન અને વિશુદ્ધ્યમાન રૂપ બે સૂક્ષ્મસંપરાયના ભાવથી ચાર વખત સૂક્ષ્મસંપરાયતપણાને પામે છે. યથાખ્યાતસંયત બે ઉપશમ શ્રેણીના સંભવથી ઉત્કૃષ્ટ બે વખત પામે.

અનેક ભવગ્રહણ આકર્ષ અધિકારમાં છેદોપસ્થાપનીયમાં ઉત્કૃષ્ટ ૯૦૦ થી ૧૦૦૦ વચ્ચે. એક ભવમાં ૧૨૦ આકર્ષ થાય. આઠ ભવ વડે ગુણતા ૯૬૦ થાય. આ સંખ્યા પ્રદર્શન સંભવ માત્રને આશ્રીને છે, તે બીજી રીતે પણ હોય. તે ૯૦૦ થી ઉપર, જેમ ઘટે તેમ કરી લેવી.

પરિહાર વિશુદ્ધિમાં ઉત્કૃષ્ટ સાત - એક ભવમાં તેમાં ત્રણ કહ્યા. ત્રણ ભવને આશ્રીને ત્રણ-બે-બે એ રીતે સાત થાય. - - સૂક્ષ્મ સંપરાયમાં નવ આકર્ષ - એક ભવમાં ચાર આકર્ષ કહ્યા. બીજા ભવમાં પણ ચાર અને ત્રીજા ભવમાં એક, એ રીતે નવ આકર્ષ થાય. યથાખ્યાત સંયતને એક ભવમાં બે આકર્ષ, બીજા ભવમાં પણ બે, ત્રીજામાં એક, એ રીતે પાંચ થાય.

**● સૂત્ર-૯૫૩ :-**

*ભગવન્ ! સામાયિક સંયત કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશન્યૂન ૯૦૦ વર્ષ ઓછા પૂર્વકોડી. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ જાણવા. - - પરિહાર વિશુદ્ધિક જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશ ન્યૂન ૨૯ વર્ષ ઓછા પૂર્વ કોડી. સૂક્ષ્મ સંપરાય સંયતને નિર્ગ્રન્થવત્ જાણવા. યથાખ્યાત, સામાયિક સંયતવત્ છે.*

*ભગવન્ ! સામાયિક સંયતો કાળથી કેટલો કાળ રહે ? ગૌતમ ! સર્વકાળ - - છેદોપસ્થાપનીયનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી ૨૫૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૫૦ લાખ કરોડ સાગરોપમ. - - પરિહાર વિશુદ્ધિકોનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી દેશોન ૨૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન બે પૂર્વકોડી. - - સૂક્ષ્મ સંપરાય સંયતો વિશે પ્રશ્ન ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. યથાખ્યાત સંયતોને સામાયિક સંયતો માફક જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયતને કેટલા કાળનું અંતર હોય ? ગૌતમ !*

*જઘન્યથી૦ પુલાકવત્. એ રીતે યથાખ્યાતસંયત સુધી જાણવું.*

*ભગવન્ ! સામાયિક સંયતોને કેટલા કાળનું અંતર રહે ? અંતર નથી. - - છેદોપસ્થાપનીયનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી ૬૩,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૧૮ કોડાકોડી સાગરોપમ. - - પરિહારવિશુદ્ધિકોનો પ્રશ્ન ? ગૌતમ ! જઘન્યથી ૮૪,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૧૮ કોડાકોડી સાગરોપમ. - - સૂક્ષ્મસંપરાય સંયતો નિર્ગ્રન્થો મુજબ. યથાખ્યાતો સામાયિકસંયતો મુજબ.*

*ભગવન્ ! સામાયિકસંયતને કેટલા સમુદ્ઘાતો છે ? ગૌતમ ! છ સમુદ્ઘાત૦ કસાયકુશીલ માફક છે. એ રીતે છેદોપસ્થાપનીયના જાણવા. - - પરિહાર વિશુદ્ધિક, પુલાકવત્. સૂક્ષ્મસંપરાય, નિર્ગ્રન્થ મુજબ અને યથાખ્યાત સંયતના સ્નાતક મુજબ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત શું લોકના સંખ્યાત ભાગમાં હોય કે અસંખ્યાત ભાગમાં૦ પ્રશ્ન. ગૌતમ ! સંખ્યાત ભાગમાં ન હોય૦ આદિ પુલાક સમાન જાણવું. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સુધી જાણવું. - - યથાખ્યાત સંયતને સ્નાતકવત્ જાણવા.*

*ભગવન્ ! સામાયિક સંયત શું લોકના સંખ્યાતમાં ભાગને સ્પર્શે૦ ? ક્ષેત્ર અવગાહના સમાન સ્પર્શના કહેવી.*

*ભગવન્ ! સામાયિક સંયત કયા ભાવમાં હોય ? ગૌતમ ! ઔપશમિક ભાવમાં હોય છે. એ રીતે સૂક્ષ્મ સંપરાય સુધી જાણવું. યથાખ્યાત સંપરાય વિશે પ્રશ્ન ? ગૌતમ ! ઔપશમિક કે ક્ષાયિક ભાવમાં હોય.*

*ભગવન્ ! સામાયિક સંયતો એક સમયમાં કેટલા હોય ? ગૌતમ ! પ્રતિપદ્યમાનકને આશ્રીને સર્વ કથન કષાયકુશીલવત્ કહેવું - - છેદોપસ્થાપનીયોનો પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિપદ્યમાનને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય, જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ હોય. ઉત્કૃષ્ટ શત પૃથક્ત્વ હોય. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને કોડી શત પૃથક્ત્વ હોય. - - પરિહારવિશુદ્ધિકો, પુલાકોવત્ જાણવા. - - સૂક્ષ્મ સંપરાય સંયતો, નિર્ગ્રન્થવત્ જાણવા. - - યથાખ્યાત સંયતો વિશે પ્રશ્ન ? ગૌતમ ! પ્રતિપદ્યમાનને આશ્રીને કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ હોય અને ઉત્કૃષ્ટથી ૧૬૨ હોય, જેમાં ૧૦૮ ક્ષપક, ૫૪ ઉપશમક હોય. પૂર્વપ્રતિપન્નને આશ્રીને જઘન્ય અને ઉત્કૃષ્ટથી કોડી પૃથક્ત્વ હોય.*

*ભગવન્ ! આ સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતસંયતોમાં કોન, કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સૂક્ષ્મસંપરાય સંયતો છે, પરિહાર વિશુદ્ધિકો સંખ્યાતગણા, યથાખ્યાત સંયતો સંખ્યાતગણા, છેદોપસ્થાપનીય સંયતો સંખ્યાતગણા, સામાયિક સંયતો સંખ્યાતગણા છે.*



● **વિવેચન-૯૫૩ :-**

સામાયિક સ્વીકાર સમય પછી તુરંત મરે તો એક સમય. ઉત્કૃષ્ટથી દેશ ન્યૂન નવ વર્ષ ન્યૂન પૂર્વકોડી કહ્યું તે ગર્ભસમયથી આરંભીને જાણવું. અન્યથા જન્મદિન અપેક્ષાએ અષ્ટ વર્ષ ન્યૂન હોય. મરણ અપેક્ષાએ પરિહાર વિશુદ્ધિક જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ દેશોન નવ વર્ષ પર્યાયથી કોઈ પૂર્વ કોટી આયુવાળો પ્રવ્રજ્યા લે. તેનો ૨૦ વર્ષ પ્રવ્રજ્યા પર્યાય થતાં દૃષ્ટિવાદની અનુજ્ઞા થાય, તેવો પરિહાર વિશુદ્ધિ સ્વીકારે, તે - x - આ જન્મ પાળે તો ૨૯ વર્ષ ન્યૂન પૂર્વ કોટી થાય. યથાખ્યાતને ઉપશમાવસ્થામાં મરણથી જઘન્ય એક સમય.

પૃથક્ત્વમાં કાળ વિચારણા-ઉત્સર્પિણીમાં આદિ તીર્થંકરના તીર્થમાં યાવત્ છેદોપસ્થાપનીય રહે. તેમનું તીર્થ ૨૫૦ વર્ષ ચાલે, તેથી ૨૫૦ વર્ષ જઘન્યથી છેદોપસ્થાપનીયના કહ્યા. અવસર્પિણીના આદિ તીર્થંકરનું તીર્થ યાવત્ છેદોપસ્થાપનીય પ્રવર્તે, તે ૫૦ લાખ કરોડ સાગરોપમ હોય, તેથી ઉત્કૃષ્ટ આ સ્થિતિ કહી. પરિહાર વિશુદ્ધિક જઘન્યથી ઉત્સર્પિણીમાં આદ્ય જિન પાસે કોઈ ૧૦૦ વર્ષનો પરિહાર વિશુદ્ધિ સ્વીકારે, તેની પાસે, તેના જીવિતને અંતે બીજો કોઈ ૧૦૦ વર્ષનું સ્વીકારે, પછી તેનો સ્વીકાર ન થાય માટે ૨૦૦ વર્ષ કહ્યા. તે બંનેને ૨૯ વર્ષ જતાં તેની પ્રતિપત્તિ છે, માટે ૫૮ વર્ષ ન્યૂન કહ્યું.

ઉક્ત વ્યાખ્યા ટીકારારની છે, ચૂર્ણિકાર પણ તેમજ કહે છે — પણ અવસર્પિણીમાં અંતિમ જિન અપેક્ષાએ વિશેષ છે. અવસર્પિણીમાં આદિ તીર્થંકર પાસે કોઈ પરિહાર વિશુદ્ધિકનું પૂર્વકોટી આયુ છે, તેના જીવનના અંતે કોઈ બીજું તેવું જ પૂર્વકોટી આયુવાળું દીક્ષા લે, તો બે પૂર્વકોટી થાય. - x -

અંતરદ્વાર - અવસર્પિણીમાં દુષમકાળ સુધી છેદોપસ્થાપનીય સંયમ વર્તે છે, તેથી પછી ૨૧,૦૦૦ વર્ષના છટ્ઠા આરામાં અને ઉત્સર્પિણીમાં ૨૧-૨૧ હજાર વર્ષ પહેલા બે આરામાં એમ ૬૩,૦૦૦ વર્ષનું આંતરું પડે. ઉત્કૃષ્ટથી ૧૮ કોડાકોડી સાગરોપમ-ઉત્સર્પિણીમાં ૨૪-માં તીર્થંકર સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર હોય. પછી સુષમદુષમાદિ ત્રણ આરા, અનુક્રમે બે-ત્રણ-ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ અને અવસર્પિણીમાં સુષમાસુષમાદિ ત્રણમાં ચાર-ત્રણ-બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ એમ કુલ ૧૮-કોડાકોડી સાગરોપમ પછી પહેલા જિન તીર્થને સ્થાપે, તેથી આટલો કાળ છેદોપસ્થાપનીય ન પ્રવર્તે. - x -

પરિહાર વિશુદ્ધિકનું અંતર જઘન્યથી ૮૪,૦૦૦ વર્ષ - અવસર્પિણીમાં છેલ્લા બે, ઉત્સર્પિણીમાં પહેલા બે, એમ ચાર આરાના પ્રત્યેકના ૨૧,૦૦૦ વર્ષ લેખે ૮૪,૦૦૦ વર્ષ થાય. - x - x - ઉત્કૃષ્ટકાળ ૧૮ કોડાકોડી સાગરોપમ પૂર્વવત્ છે.

પરિણામ દ્વાર - છેદોપસ્થાપનીય જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને કોડી શત પૃથક્ત્વ. આ છેદોપસ્થાપનીય સંયત પરિણામાદિ તીર્થંકરના તીર્થને આશ્રીને સંભવે છે. જઘન્યથી તે સમ્યક્ સમજાતું નથી. કેમકે ભરતાદિ દશ ક્ષેત્રમાં પ્રત્યેકના ગણતાં વીશ સંભળાય છે. કોઈ કહે છે — આ પણ આદિ તીર્થંકરના જે તીર્થકાળ છે, તેની અપેક્ષાએ જ

જાણવું - x - x -

અલ્પબહુત્વદ્વાર - સ્તોકત્વ કાળથી અને નિર્ગ્રન્થતુલ્યત્વથી તેનું પ્રમાણ શતપૃથકત્વ છે. પરિહારવિશુદ્ધિક સંયત, તેના કાળની બહુત્વતાથી અને પુલાકની તુલ્યતાથી સહસ્ર પૃથક્ત્વમાનથી સંખ્યાતગણા છે. યથાખ્યાત સંયત સંખ્યાતગણા છે. કેમકે કોડી પૃથક્ત્વ પ્રમાણથી કહ્યું. સામાયિક સંયત સંખ્યાતગુણા, કોડી સહસ્ર પૃથકત્વ પ્રમાણથી કહ્યા છે. - - સંયતો કહ્યા, તેમાં કેટલાંક પ્રતિસેવી હોય છે, તેથી પ્રતિસેવા ભેદથી પ્રતિસેવા આદિ કહે છે - x -

● **સૂત્ર-૯૫૪ થી ૯૫૯ :-**

***[૯૫૪] પ્રતિસેવના, દોષાલોચના, આલોચનાર્હ, સામાચારી, પ્રાયશ્ચિત્ત અને તપ. [આ છ દ્વાર છે.]***

***[૯૫૫] ભગવન્ ! પ્રતિસેવના કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ. -***

***[૯૫૬] દર્પ, પ્રમાદ, અનાભોગ, આતુર, આપત્, સંકીર્ણ, સહસાકાર, ભય, પ્રદ્વેષ અને વિમર્શ [આ દશ પ્રતિસેવના છે]***

***[૯૫૭] આલોચના દોષ દશ કહ્યા - - [૯૫૮] આકંપ્ય, અનુમાન્ય, દૃષ્ટ, બાદર, સૂક્ષ્મ, પ્રચ્છન્ન, શબ્દાકુલ, બહુજન, અવ્યત, તત્સેવી.***

***[૯૫૯] દશ સ્થાને સંપન્ન અણગાર પોતાના દોષોની આલોચના કરવાને યોગ્ય હોય છે — જાતિસંપન્ન, કુલસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, ચારિત્રસંપન્ન, ક્ષાંત, દાંત, અમાયી, અપશ્ચાતાપી.***

***આઠ સ્થાનોથી સંપન્ન અણગાર આલોચના દેવાને યોગ્ય છે — આચારવાન્, આધારવાન્, વ્યવહારવાન્, અપવ્રીડક, પ્રકુર્વક, અપરિસ્રાવી, નિર્યાપક, અપાયદર્શી.***

● **વિવેચન-૯૫૪ થી ૯૫૯ :-**

दप्पप्प० દર્પ-અભિમાનપૂર્વક પ્રતિસેવા. [પ્રતિસેવના એટલે પાપ કે દોષ સેવનથી થતી ચારિત્રવિરાધના] પ્રમાદ-મદ્ય, વિકથાદિ. તથા અનાભોગ-અજ્ઞાન. આતુરત્વ-ભુખ, તરસ આદિથી બાધિત. આપત્તિને લીધે થતી પ્રતિસેવના, આપતિ-દ્રવ્યાદિભેદથી ચાર પ્રકારે છે - દ્રવ્યાપતિ એટલે પ્રાસુકાદિ દ્રવ્યનો અલાભ, ક્ષેત્રાપત્તિ-અટવી માર્ગમાં પહોંચી જવું, કાળાપત્તિ - દુર્ભિક્ષ કાળની પ્રાપ્તિ. ભાવાપત્તિ-ગ્લાનત્વ. *[એ પાંચ]*

*[છઠ્ઠી પ્રતિસેવના-]* સંકીર્ણ-સ્વપક્ષ, પરપક્ષથી વ્યાકુળ-સાંકડુ ક્ષેત્ર, ક્યાંક संकिय પાઠ છે અર્થાત્ આધાકર્માદિત્વથી શંકિત ભોજનાદિ વિષયમાં, નિશિથ સૂત્રમાં तिंतिण પાઠ છે, તિંતિણત્વ અર્થાત્ આહારાદિના અલાભમાં સખેદ વચન. (૭) સહસાત્કાર-આકસ્મિક ક્રિયામાં. તેથી કહ્યું છે — પૂર્વે જોયા વિના પગ પ્રસારે, પછી જુએ, પણ પગને સંકોચવા સમર્થ ન હોય તે સહસાકરણ છે. (૮) ભય-સિંહાદિના ભયથી પ્રતિસેવા થાય. (૯) પ્રદ્વેષ-ક્રોધાદિથી થાય. (૧૦) વીમંસ-વિમર્શથી એટલે શિષ્યાદિ પરીક્ષણાર્થે કરેલ. આ દશ પ્રતિસેવા છે.

આલોચનાના દોષ — (૧) આકંપ્ય-પ્રસન્ન થયેલ આચાર્ય મને થોડું પ્રાયશ્ચિત્ત આપશે, એ બુદ્ધિથી આલોચનાચાર્યની વૈયાવચ્ચ કરણાદિથી આવર્જીને જે આલોચના



તે. (૨) અનુમાન્ય-અનુમાન કરીને લઘુતર અપરાધ નિવેદનથી મૃદુ દંડ મળશે, તેમ માની અપરાધને નાનો કરીને બતાવે.

(૩) દૃષ્ટ-આચાર્ય જ્યારે અપરાધને જોઈ જાય, ત્યારે જ આલોચે. (૪) બાદર-મોટા અતિચાર થાય તો જ આલોચે, નાના દોષની અવજ્ઞા કરી ન આલોચે. (૫) સૂક્ષ્મ-નાના અતિચારને આલોચે, જેથી કોઈ કહેશે કે જે નાના દોષ આલોચે, તે મોટા કેમ ન આલોચે ? એવો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા નાના અપરાધને આલોચે. (૬) છન્ન-અતિ લજ્જાળુતાથી અવ્યક્ત વચન વડે આલોચે, જેથી જાણે પોતે જ સાંભળે. (૭) શબ્દાકુલ-અગીતાર્થ પણ સાંભળે એવા મોટા શબ્દોથી આલોચના કરે. (૮) બહુજન-એક જ દોષની આલોચના અનેક સાધુની પાસે કરે અર્થાત્ એક અપરાધને ઘણાં પાસે કહે.

(૯) અવ્યક્ત-અગીતાર્થની આચાર્ય પાસે આલોચના કરે. (૧૦) તત્સેવી - જે અપરાધની આલોચના કરવી હોય, તે તે જ દોષના સેવન કરનારા ગુરુ પાસે જઈને આલોચે તે, તેની પાસે જ આલોચન તે પણ તત્સેવી. જેથી સમાન આચરણવાળા ગુરુ પાસે સુખપૂર્વક તે અપરાધ કહી શકે.

આલોચકના ગુણો — (૧) જાતિ સંપન્ન - પ્રાયઃ અકૃત્ય ન જ કરે, થાય તો તેને સમ્યક્ આલોચે. (૨) કુલસંપન્ન - અંગીકૃત્ પ્રાયશ્ચિત્તને સમ્યક્ વહન કરે. (૩) વિનયસંપન્ન-વંદનાદિક આલોચના સમાચારીનો પ્રયોક્તા થાય. (૪) જ્ઞાનસંપન્ન-કૃત્ય, અકૃત્ય વિભાગને જાણે. (૫) દર્શન સંપન્ન - પ્રાયશ્ચિત્તથી જ શુદ્ધિ થાય તેવી શ્રદ્ધા કરે. (૬) ચારિત્રસંપન્ન-પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે.

(૭) ક્ષાંત-ગુરુ દ્વારા ઉપાલંભ અપાય તો પણ કોપ ન કરે (૮) દાંત-ઈન્દ્રિયાને દમીને શુદ્ધિનું સમ્યક્ વહન કરે. (૯) અમાયી - પાપને ગોપવ્યા વિના અપરાધ આલોચે. (૧૦) અપશ્ચાત્તાપી. અપરાધ આલોચના કર્યા પછી પશ્ચાત્તાપ ન કરતો નિર્જરા ભાગી બને.

આલોચના દાતાના ગુણો — (૧) આચારવાન્-જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારથી યુક્ત, (૨) આધારવાન્-આલોચિત અપરાધને અવધારનાર. (૩) વ્યવહારવાન્-આગમ, શ્રુત આદિ પાંચ પ્રકારમાં કોઈ વ્યવહારથી યુક્ત, (૪) અપવ્રીડક-લજ્જા વડે અતીચારોને ગોપવનારને વિવિધ વચનોથી લજ્જારહિત કરી સમ્યક્ આલોચના કરાવે. (૫) પ્રકુર્વક-આલોચિત અપરાધમાં પ્રાયશ્ચિત્ત દાનથી વિશુદ્ધિ કરાવવામાં સમર્થ. (૬) અપરિશ્રાવી-આલોચકે આલોચિત દોષોને જે બીજાને ન કહે. (૭) નિર્યાપક-પ્રાયશ્ચિત્ત કરવામાં અસમર્થને થોડું-થોડું કરીને પ્રાયશ્ચિત્ત કરાવે. (૮) અપાયદર્શી-આલોચના ન કરવાથી પરલોકમાં થતાં દોષને સારી રીતે બતાવનાર.

આલોચના આર્ચ કહ્યા, તે સામાચારીના પ્રવર્તક હોય તેથી તે કહે છે.

● **સૂત્ર-૯૬૦ થી ૯૬૨ :-**

***[૯૬૦] સામાચારી દશ પ્રકારે છે - તે આ પ્રમાણે —***

***[૯૬૧] ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છના,***

*પ્રતિપૃચ્છના, છંદણા, નિમંત્રણા, ઉપસંપદા. દશ સામાચારી છે.*

*[૯૬૨] પ્રાયશ્ચિત્ત દશ ભેદે છે — આલોચનાર્હ, પ્રતિક્રમણાર્હ, તદુભયાર્હ, વિવેકાર્હ, વ્યુત્સર્ગાર્હ, તપાર્હ, છેદાર્હ, મૂલાર્હ, અનવસ્થાપ્યાર્હ અને પારાંચિકાર્હ.*

**● વિવેચન-૯૬૦ થી ૯૬૨ :-**

દશવિધ સમાચારી પ્રતીત છે. વિશેષ એ કે - આપૃચ્છા - કાર્ય હોય ત્યારે પૂછવું. પ્રતિપૃચ્છા - પૂર્વે નિષેધ કરાવેલ કાર્ય માટે પૂછવું. છંદણા - પૂર્વે ગૃહીત ભોજનાદિ માટે આમંત્રણ આપવું. નિમંત્રણ - ન લાવેલ ભોજન માટે જતાં પૂર્વે નિમંત્રણા કરવી. ઉપસંપત્ - જ્ઞાનાદિ નિમિત્તે અન્ય આચાર્યનો આશ્રય કરવો. - - હવે સામાચારી વિશેષથી પ્રાયશ્ચિત્તને જણાવવા કહે છે.

આ પ્રાયશ્ચિત્ત શબ્દ અપરાધ અને તેની શુદ્ધિમાં દેખાય છે તેમાં અહીં અપરાધમાં લેવો. તેમાં - આલોચનાર્હ-આલોચના એટલે નિવેદન, તે રૂપ અતિચારથી થયેલ શુદ્ધિને યોગ્ય તે. એ રીતે બીજા પણ જાણવા. વિશેષ એ કે - પ્રતિક્રમણ - મિથ્યાદુષ્કૃત, તદુભય - આલોચના અને મિથ્યાદુષ્કૃત. વિવેક - અશુદ્ધ ભોજનાદિ ત્યાગ. વ્યુત્સર્ગ - કાયોત્સર્ગ તપ - નિર્વિકૃતિકાદિ. છેદ - પ્રવ્રજ્યા પર્યાયને ઘટાડવો. મૂલ - મહાવ્રતારોપણ અનવસ્થાપ્ય - અમુક વિશિષ્ટ તપ કરે પછી વ્રતારોપણ કરવું. પારાંચિક - લિંગાદિ ભેદ *[આ દશે ભેદો ગ્રન્થથી જાણવા.]* - હવે તપના ભેદ કહે છે —

**● સૂત્ર-૯૬૩ થી ૯૬૯ :-**

*[૯૬૩] તપ બે ભેદે છે - બાહ્ય અને અભ્યંતર. - - તે બાહ્ય તપ શું છે ? બાહ્ય તપ છ ભેદે છે. તે આ પ્રમાણે —*

*[૯૬૪] અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા. આ છ બાહ્ય તપ છે.*

*[૯૬૫] તે અનશન શું છે ? બે ભેદે છે - ઈત્વરિક, યાવત્કથિત.*

*તે ઈત્વરિક અનશન શું છે ? અનેક ભેદે છે તે આ — ચતુર્થભક્ત, છટ્ઠ ભક્ત, અટ્ઠમભક્ત, દશમ ભક્ત, બારસ ભક્ત, ચૌદશ ભક્ત, અર્ધમાસિક ભક્ત, માસિક ભક્ત, બેમાસિક ભક્ત, ત્રિમાસિક ભક્ત યાવત્ છ માસિક.*

*તે યાવત્કથિત શું છે ? બે ભેદે છે — પાદપોપગમન, ભક્તપ્રત્યાખ્યાન. - - તે પાદપોપગમન શું છે ? બે ભેદે — નીહારિમ, અનીહારિમ. આ બંને નિયમથી અપ્રતિકર્મ છે. - - તે ભક્ત પ્રત્યાખ્યાન શું છે ? બે ભેદે છે — નીહારિમ, અનીહારિમ, આ બંને નિયમા સપ્રતિકર્મ છે. - - તે આ ભક્તપ્રત્યાખ્યાન છે, તે આ યાવત્કથિત છે, તે આ અનશન છે.*

*તે અવમોદરિકા શું છે ? બે ભેદે છે — દ્રવ્ય અવમોદરિકા અને ભાવ અવમોદરિકા. - - તે દ્રવ્ય અવમોદરિકા શું છે ? બે ભેદે છે — ઉપકરણ દ્રવ્ય અવમોદરિકા અને ભોજન-પાન દ્રવ્ય અવમોદરિકા.*

*તે ઉપકરણ દ્રવ્ય અવમોદરિકા શું છે ? એક વસ્ત્ર, એક પાત્ર અને ત્યક્ત ઉપકરણ-સ્વદનતા. તે ઉપકરણ દ્રવ્ય અવમોદરિકા છે.*



*તે ભોજન-પાન દ્રવ્ય અવમોદરિકા શું છે ? કુકડીના ઇંડા પ્રમાણ આઠ કવલ આહાર કરવો તે અલ્પાહાર, બાર કવલ૦ આદિ જેમ શતક-૭-ના ઉદ્દેશા-૧-માં કહ્યું તેમ યાવત્ પ્રકામરસભોજી હોતા નથી એમ કહી શકાય છે. તે આ ભોજન-પાન-અવમોદરિકા, તે આ દ્રવ્ય-અવમોદરિકા છે.*

*તે ભાવ-અવમોદરિકા શું છે ? તે અનેક ભેદે છે - અલ્પક્રોધ યાવત્ અલ્પલોભ, અલ્પશબ્દ, અલ્પઝંઝા, અલ્પ તું-તું, તે ભાવાવમોદરિકા.*

*તે ભિક્ષાચર્યા શું છે ? તે અનેક ભેદે છે — દ્રવ્યાભિગ્રહચરક૦ આદિ જેમ ઉવવાઈ સૂત્રમાં કહ્યું તેમ યાવત્ શુદ્ધ એષણીય સંખ્યાદત્તિક.*

*તે રસપરિત્યાગ શું છે ? અનેકવિધ છે - વિગઈરહિતતા, પ્રણીત રસવર્જન૦ આદિ જેમ ઉવવાઈમાં છે, તેમ યાવત્ રૂક્ષાહાર. - x -*

*તે કાયક્લેશ શું છે ? તે અનેક ભેદે છે — સ્થાનાતિગ, ઉત્કુટુક આસનિક૦ આદિ જેમ ઉવવાઈસૂત્રમાં છે તેમ કહેવું. યાવત્ સર્વગાત્ર-પ્રતિકર્મ વિપ્રમુક્ત. તે આ કાયક્લેશ કહ્યો.*

*તે પ્રતિસંલીનતા શું છે ? તે ચાર ભેદે છે — ઈન્દ્રિયપ્રતિસંલીનતા, કષાય પ્રતિસંલીનતા, યોગપ્રતિસંલીનતા, વિવિક્ત શયનાસન સેવનતા.*

*તે ઈન્દ્રિય પ્રતિસંલીનતા શું છે ? પાંચ ભેદે છે — શ્રોત્રેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ અથવા શ્રોત્રેન્દ્રિય વિષય પ્રાપ્ત પદાર્થોમાં રાગદ્વેષ નિગ્રહ. એ પ્રમાણે યાવત્ - x - સ્પર્શનેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ અથવા સ્પર્શનેન્દ્રિય વિષય પ્રાપ્ત પદાર્થોમાં રાગદ્વેષ નિગ્રહ. તે ઈન્દ્રિય પ્રતિસંલીનતા છે.*

*તે કષાય પ્રતિસંલીનતા શું છે ? તે ચાર ભેદે છે — ક્રોધોદય નિરોધ અથવા ઉદય પ્રાપ્ત ક્રોધને વિફળ કરવો, એ પ્રમાણે યાવત્ લોભોદય નિરોધ અથવા ઉદય પ્રાપ્ત લોભનું વિફળ કરવો. તે કષાયપ્રતિસંલીનતા છે.*

*તે યોગ પ્રતિસંલીનતા શું છે ? તે ત્રણ ભેદે છે — મન-વચન-કાય યોગ પ્રતિસંલીનતા. તેમાં અકુશલ મન નિરોધ અથવા કુશલમન ઉદીરણા અથવા મનને એકાગ્ર કરવું. તે મનયોગ પ્રતિસંલીનતા છે. - - વચન યોગ પ્રતિસંલીનતા ? - અકુશલ વચન નિરોધ, અથવા કુશલ વચન ઉદીરણા અથવા વચનને એકાગ્ર કરવું. - - કાયયોગ પ્રતિસંલીનતા ? - સમ્યક્ પ્રકારે સમાધિપૂર્વક પ્રશાંતભાવથી હાથ-પગને સંકુચિત કરવા, કાચબા માફક ગુપ્તેન્દ્રિય-આલીન-પ્રલીન થઈને રહેવું. તે આ કાય પ્રતિસંલીનતા છે, તે આ યોગ પ્રતિસંલીનતા છે.*

*તે વિવિક્ત શયનાસન સેવનતા શું છે ? તે, જે આરામમાં, ઉદ્યાનમાં૦ જેમ સોમિલ ઉદ્દેશકમાં કહ્યું તેમ યાવત્ શય્યા સંસ્તારક સ્વીકારીને વિચરવું. તે વિવિક્ત શયનાસન સેવનતા, પ્રતિસંલીનતા, બાહ્ય તપ છે.*

*તે અભ્યંતર તપ શું છે ? છ ભેદે છે — પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ છે.*

*તે પ્રાયશ્ચિત્ત શું છે ? તે દશ ભેદે છે — આલોચનાર્હ યાવત્ પારાંચિતાર્હ.*

તે આ પ્રાયશ્ચિત્ત છે.

તે વિનય શું છે ? વિનય સાત ભેદે છે — જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય, લોકોપચાર વિનય.

તે જ્ઞાન વિનય શું છે ? - પાંચ ભેદે છે — આભિનિબોધિકજ્ઞાન વિનય યાવત્ કેવળજ્ઞાન વિનય. - તે આ જ્ઞાનવિનય છે.

તે દર્શન વિનય શું છે ? - બે ભેદે છે — શુશ્રૂષા વિનય, અનાશાતના વિનય, - - તે શુશ્રૂષા વિનય શું છે ? - અનેક પ્રકારે છે - સત્કાર, સન્માન આદિ જેમ શતક-૧૪, ઉદ્દેશ-૩-માં કહ્યા મુજબ યાવત્ પ્રતિસંસાધનતા. - x -

તે અનાશાતના વિનય શું છે ? તે-૪૫-ભેદે છે. તે આ પ્રમાણે—

(૧) અરિહંતોની અનાશાતના, (૨) અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મની અનાશાતના, (૩) આચાર્યની અનાશાતના, (૪) ઉપાધ્યાયની અનાશાતના, (૫) સ્થવિરની૦ (૬) કુળની૦ (૭) ગણની૦ (૮) સંઘની૦ (૯) ક્રિયામાં૦ (૧૦) સાંભોગિકની૦ (૧૧) આભિનિબોધિક જ્ઞાનની૦ યાવત્ (૧૫) કેવળજ્ઞાનની અનાશાતના. - - - આ પંદરની (૧) ભક્તિ (૨) બહુમાન (૩) ગુણકીર્તન કરવું. [એટલે ૧૫ x ૩ = ૪૫ ભેદ થયા.] તે અનાશાતના વિનય, તે દર્શન વિનય છે.

તે ચારિત્રવિનય શું છે ? પાંચ ભેદે - સામાયિક ચારિત્રવિનય યાવત્ યથાખ્યાત ચારિત્રવિનય. તે આ ચારિત્ર વિનય છે.

તે મન વિનય શું છે ? બે ભેદે છે - પ્રશસ્ત મન વિનય અને અપ્રશસ્ત મન વિનય. તે પ્રશસ્ત મન વિનય શું છે ? - સાત ભેદે છે. તે આ — અપાપક, અસાવધ, અક્રિય, નિરૂપક્લેશ, અનાશ્રવકર, અચ્છવિકર, અભૂતાભિશંકિત. તે આ પ્રશસ્ત મન વિનય છે.

તે અપ્રશસ્ત મન વિનય શું છે ? તે સાત ભેદે છે. તે આ — પાપક, સાવધ યાવત્ ભૂતાભિશંકિત, તે અપ્રશસ્ત વિનય, મન વિનય છે.

તે વચન વિનય શું છે ? બે ભેદે છે — પ્રશસ્ત વચન વિનય, અપ્રશસ્ત વચન વિનય. - - તે પ્રશસ્ત વચન વિનય શું છે ? સાત ભેદે છે - અપાપક યાવત્ અભૂતાભિશંકિત. - x - તે અપ્રશસ્ત વચન વિનય શું છે ? સાત ભેદે છે — પાપક, સાવધ યાવત્ ભૂતાભિશંકિત. - x - તે આ વચન વિનય છે.

તે કાય વિનય શું છે ? બે ભેદે છે — પ્રશસ્તકાય વિનય, અપ્રશસ્તકાય વિનય. - - તે પ્રશસ્ત કાય વિનય શું છે ? સાત ભેદે છે — ઉપયોગપૂર્વક — (૧) ગમન, (૨) સ્થાન, (૩) નિષીદન, (૪) પડખું બદલું, (૫) ઉલ્લંઘન, (૬) પ્રલંઘન, (૭) સર્વેન્દ્રિય યોગયુંજનતા. તે પ્રશસ્તકાય વિનય છે.

તે અપ્રશસ્ત કાય વિનય શું છે ? - સાત ભેદે છે. અનાયુક્ત-[ઉપયોગરહિત] ગમન યાવત્ સર્વેન્દ્રિય યોગ પુંજનતા. - x - x -

તે લોકોપચાર વિનય શું છે ? - સાત ભેદે છે — અભ્યાસવૃત્તિતા પરછંદાનુવર્તિતા, કાર્યહેતુ, કૃતપ્રતિક્રિયા, આત્મ ગવેષણા, દેશકાલજ્ઞતા અને



સર્વાર્થ-અપ્રતિલોમતા. તે લોકોપચાર વિનય છે, તે આ વિનય છે.

[૯૬૬] તે વૈયાવચ્ચ શું છે ? તે દશ ભેદે છે — આચાર્ય વૈયાવચ્ચ, ઉપાધ્યાય વૈયાવચ્ચ, સ્થવિર વૈયાવચ્ચ, તપસ્વી૦, ગ્લાન૦, શૈક્ષ વૈયા૦, કુળવૈ૦, ગણવૈ૦, સંઘવૈ૦ અને સાધર્મિક વૈયાવચ્ચ. તે આ વૈયાવચ્ચ છે.

[૯૬૭] તે સ્વાધ્યાય શું છે ? પાંચ ભેદે છે, તે આ — વાંચના, પ્રતિપૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા. તે આ સ્વાધ્યાય છે.

[૯૬૮] તે ધ્યાન શું છે ? ચાર ભેદે છે - તે આ — આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

(૧) આર્ત્તધ્યાન ચાર ભેદે છે — (૧) અમનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના વિયોગની ચિંતા કરવી. (૨) મનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના અવિયોગની ચિંતા કરવી. (૩) આતંક (રોગાદિ) સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના વિયોગની ચિંતા કરવી. (૪) પરિસેવિત કામભોગ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના અવિયોગની ચિંતા કરવી. - - આર્ત્તધ્યાનના ચાર લક્ષણો છે. તે આ — કંદનતા, સોચનતા, તેપનતા અને પરિદેવનતા.

(૨) રૌદ્રધ્યાન ચાર ભેદે છે — હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી, સંરક્ષણાનુબંધી. - - રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે — ઓસન્ન દોષ, બહુલ દોષ, અજ્ઞાન દોષ, આમરણાંત દોષ.

(૩) ધર્મધ્યાન ચાર ભેદે અને ચતુષ્પ્રત્યવતાર છે — આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાન વિચય. - - ધર્મધ્યાનના ચાર લક્ષણ છે — આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ, અવગાઢરુચિ.

ધર્મધ્યાનના ચાર આલંબન છે — વાચના, પ્રતિપૃચ્છના, પરિવર્તના, ધર્મકથા. - - ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે — એકત્વાનુપ્રેક્ષા, અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.

(૪) શુક્લધ્યાન ચાર ભેદે અને ચતુષ્પ્રત્યાવતાર છે — પૃથકત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મક્રિયા અનિવર્તી અને સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ. - - શુક્લ ધ્યાનના ચાર લક્ષણો છે — ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ. - - શુક્લ ધ્યાનના ચાર આલંબન છે — અવ્યથા, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ. - - શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે — અનંતવર્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા, અશુભાનુપ્રેક્ષા, અપાયાનુપ્રેક્ષા.

[૯૬૯] તે વ્યુત્સર્ગ શું છે ? બે ભેદે છે — દ્રવ્ય વ્યુત્સર્ગ, ભાવ વ્યુત્સર્ગ. - - તે દ્રવ્ય વ્યુત્સર્ગ શું છે ? તે ચાર ભેદે છે — ગણ વ્યુત્સર્ગ, શરીર વ્યુત્સર્ગ, ઉપધિ વ્યુત્સર્ગ, ભક્તપાન વ્યુત્સર્ગ. - x -

તે ભાવ વ્યુત્સર્ગ શું છે ? તે ત્રણ ભેદે છે - કષાય વ્યુત્સર્ગ, સંસાર વ્યુત્સર્ગ, કર્મવ્યુત્સર્ગ. - - - તે કષાય વ્યુત્સર્ગ શું છે ? ચાર ભેદે છે — ક્રોધ વ્યુત્સર્ગ, માન વ્યુત્સર્ગ, માયા વ્યુત્સર્ગ, લોભ વ્યુત્સર્ગ. - x -

***તે સંસાર વ્યુત્સર્ગ શું છે ? તે ચાર ભેદે છે — નૈરયિક સંસાર વ્યુત્સર્ગ યાવત્ દેવ સંસાર વ્યુત્સર્ગ. તે આ સંસાર વ્યુત્સર્ગ છે.***

***તે કર્મવ્યુત્સર્ગ શું છે ? તે આઠ ભેદે છે — જ્ઞાનાવરણીય કર્મ વ્યુત્સર્ગ યાવત્ અંતરાય કર્મ વ્યુત્સર્ગ. તે આ કર્મવ્યુત્સર્ગ છે. - - તે આ ભાવવ્યુત્સર્ગ કહ્યો. - - તે અભ્યંતર તપ કહ્યું. - - ભગવન્ ! તે એમ જ છે.***

● **વિવેચન-૯૬૩ થી ૯૬૯ :-**

बाह्य - બહારના શરીરના તાપનથી મિથ્યાદૃષ્ટિ વડે પણ તપપણે સ્વીકારેલ છે. अब्भिंतर - અભ્યંતર જ કાર્મણ નામક શરીરના પ્રાયઃ તપાવવાથી સમ્યગ્દૃષ્ટિ વડે જ તપપણે સ્વીકારાયેલ છે.

ओमोयरिय - ઉદરને ઉણુ કરવું-રાખવું તે અવમોદરિકા. આ તો માત્ર વ્યુત્પત્તિ છે. તેના વડે ઉપકરણની પણ ન્યૂનતા કરવાનું વિચારવું. તેમાં ઇત્વરિક-અલ્પકાલીન, યાવત્કથિક-યાવજ્જીવિક.. પાદપોપગમન-ઝાડની માફક ચલિત થયા વિના ઉભું રહેવું..નીહારિમ-જે આશ્રયના એક દેશમાં રહે છે, ત્યાંજ ક્લેવરને આશ્રીને નિર્હરણ કરાય છે, તેથી નિહારિકા.. અનિહારિમ-જે ગિરિગુફામાં સ્વીકારાય છે. चियत्त - લક્ષણોપેતપણે સંયતને જ, साइज्जणय - સ્વદનતા એટલે પરિભોજન.. ચૂર્ણિમાં કહેલ છે કે - જે વસ્ત્રને ધારણ કરે તેમાં મમત્વ ન હોય, જે કોઈ માગે તેને આપે.

अप्पकोह० - અલ્પક્રોધ, ભાવથી ક્રોધની ઉણોદરી - x - x - અલ્પ શબ્દ - રાત્રિ આદિમાં અસંયતના જાગી જવાના ભયથી. अप्पझंझ - અહીં ઝંઝા એટલે વિપ્રકીર્ણ કોપ વિશેષથી વચન પદ્ધતિ. ચૂર્ણિમાં કહ્યું છે - અનર્થક ઘણું બોલવું તે ઝંઝા. अप्पतुमंतुम - હૃદયસ્થ કોપ વિશેષને ઘટાડવો.

दव्वाभिग्गहचरक - ભિક્ષાચર્યાની માફક ભેદ વિવક્ષાથી દ્રવ્ય અભિગ્રહચરકને ભિક્ષાચર્યા કહે છે. દ્રવ્ય અભિગ્રહ તે લેપકૃત્ આદિ દ્રવ્ય વિષયક છે. जहा उववाइए કહીને સૂચવે છે - ક્ષેત્રાભિગ્રહ ચરક, કાલાભિગ્રહચરક, ભાવાભિગ્રહચરક૦ આદિ.

सुद्धेसणिए० શુદ્ધૈષણા-શંકિતાદિ દોષ પરિહારથી ભોજનનું ગ્રહણ, તેનાથીયુક્ત તે શુદ્ધૈષણિક. संखादत्तिक - સંખ્યાપ્રધાન-પાંચ, છ આદિ. દત્તિ-ભિક્ષાવિશેષ, જેને છે તે. ''ઉવવાઈ'' મુજબ કહીને સૂચવે છે — આયંબિલ, આચામ્લસિક્તભોજી, અરસાહાર ઈત્યાદિ.

ठाणाइए - સ્થાન એટલે કાયોત્સર્ગાદિ અતિશયપણે કરે તે. ''ઉવવાઈ મુજબ'' કહીને સૂચવે છે - પ્રતિમા સ્થાયી, વીરાસનિક, નૈષેધિકી આદિ. આ પ્રતિમા-માસિકી આદિ છે. વીરાસન-સિંહાસને બેસીને, ભૂમિએ પગ રાખીને પછી સિંહાસન લઈ લેતા, જે અવસ્થા થાય તે. નૈષેધિકી કુલા વડે જમીન ઉપર બેસવું તે.

सोइंदिय० શ્રોત્રેન્દ્રિયના જે ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં પ્રચાર - શ્રવણરૂપ પ્રવૃત્તિ, તેનો જે નિષેધ, તે તથા શબ્દોના શ્રવણનું વર્જન. શ્રોત્ર ઈન્દ્રિય વિષયમાં પ્રાપ્ત ઈષ્ટ-અનિષ્ટ શબ્દોમાં રાગ-દ્વેષનો નિરોધ.

मणस्स० - મન વડે વિશિષ્ટ એકાગ્રત્વથી એકતારૂપ ભાવ કરવો, તે એકતા



ભાવ કરણ, અથવા આત્મા સાથે જે ઐક્ય-નિરાલંબનત્વ રૂપ ભાવ, તેનું કરણ. - x - એ રીતે વચન વડે વિશિષ્ટ એકાગ્રત્વથી એકતારૂપ ભાવકરણ. - - सुसमाहिय० સારી રીતે સમાહિત-સમાધિ પ્રાપ્ત બહિર્વૃત્તિ વડે અને અંતર્વૃત્તિ વડે પ્રશાંત જે છે, તથા જેણે હાથ-પગ અવિક્ષિપ્તતાથી સંહરેલા છે તેવો. કાચબા માફક ગુપ્તેન્દ્રિય. તે પણ કંઈક લીન અને પ્રકર્ષથી લીન થઈને. શતક-૧૮ના ઉદ્દેશ-૧૦ મુજબ જાણવું.

पायच्छित्त - પ્રાયશ્ચિત્ત શબ્દથી અપરાધ શુદ્ધિ અર્થ કરવો. વૈયાવચ્ચ-ભોજન, પાનાદિ વડે અનુગ્રહ કરવો. - - જ્ઞાનવિનય-મતિ આદિ જ્ઞાનોની શ્રદ્ધા, ભક્તિ, બહુમાન, તેમાં કહેલ અર્થ-ભાવના-વિધિગ્રહણના અભ્યારૂપ. - - દર્શન વિનય-સમ્યગ્દર્શન ગુણાધિકમાં શુશ્રૂષાદિરૂપ. - - ચારિત્રવિનય - સામાયિકાદિ ચારિત્રોની સમ્યક્ શ્રદ્ધા કરવાનું પ્રરૂપીને. - - લોકોપચાર વિનય-લોકોનો, ઉપચાર એટલે વ્યવહાર કે પૂજા, તે રૂપ વિનય. - - શુશ્રૂષણા વિનય-સેવા એ જ વિનય - - અનત્યાશાતના-આશાતના, તેના નિષેધ રૂપ વિનય, તે અનત્યાશાતના વિનય.

किरियाए० અહીં ક્રિયા-પરલોક છે, આત્મા છે, સકલક્લેશ વડે અકલંકિત મુક્તિપદ ઈત્યાદિ પ્રરૂપણારૂપ ગ્રહણ કરવું.

संभोग० - સમાન ધાર્મિકોના પરસ્પર ભોજનાદિ દાન અને ગ્રહણરૂપ અનત્યાશાતના અર્થાત્ વિપર્યાસકરણનું પરિવર્જન.

भत्तिबहुमाण - ભક્તિ સહિત બહુમાન તે ભક્તિબહુમાન. અહીં ભક્તિ તે બાહ્ય પ્રીતિ, બહુમાન તે અંતર પ્રીતિયોગ. वण्णसंजलण - તે સદ્ભુતગુણ વર્ણનથી યશ ગાવો તે.

પ્રશસ્ત મનવિનય-પ્રશસ્ત મન જ પ્રર્વતાવવા દ્વારા, વિનયકર્મને દૂર કરવાનો ઉપાય, તે પ્રશસ્ત મનોવિનય. - - અપ્રશસ્ત મનને જ નિવર્તાવવા દ્વારા જે વિનય, તે અપ્રશસ્તમનોવિનય.

અપાવક - સામાન્યથી પાપનું વર્જન. અસાવધ-વિશેષથી પાપ-ક્રોધાદિ અવદ્યનું વર્જન.. અકિરિય-કાયિકી આદિ ક્રિયા આસક્તિ વર્જવી તે.. નિરુપક્લેશ-સ્વગત શોકાદિ ઉપક્લેશ રહિત.. અનાશ્રવકર-પ્રાણાતિપાતાદિ આશ્રવકરણ રહિત.. અચ્છવિકર - ક્ષપિ એટલે સ્વ-પરનો આયાસ, તેને કરવાનો આચાર ન હોય તે અક્ષપિકર.. અભૂતાભિશંકિત-જે કારણથી પ્રાણીઓ શંકિત થયા-ડરે, તેનાથી અન્ય તે અભૂતાભિશંકિત.

પ્રશસ્ત વાક્ વિનયસૂત્રમાં - અપાવક - અપાપ વચનને પ્રવર્તાવવારૂપ વચન વિનય. એ પ્રમાણે બીજામાં પણ જાણવું. आउत्त - આગુપ્ત એટલે સંયત સંબંધી જે તે આગુપ્ત. उल्लंघण - ઉર્ધ્વલંઘન, દ્વાર-વરંડાદિની ઉપરથી જવું તે. पल्लंघण - પ્રકૃષ્ટ લંઘન, વિસ્તૃત ભૂમિ ખાઈ આદિને ઓળંગવી.. સર્વે ઈન્દ્રિયોના વ્યાપારનો પ્રયોગ.

અભ્યાસ-ગૌરવ્યની સમીપમાં વર્તવાના સ્વભાવથી તેના અભ્યાસવર્તી. અથવા અભ્યાસમાં. પ્રીતિ એટલે પ્રેમ. પરછંદાનુવર્તી-પર એટલે આરાધ્યના, છંદ-અભિપ્રાય, તેને અનુવર્તવાના સ્વભાવવાળો. કાર્યહેતુ એટલે જ્ઞાનાદિ નિમિત્તે ભોજનાદિનું દાન.

કૃતપ્રતિકૃતતા-નામે વિનય વડે પ્રસાદિત ગુરુ શ્રુત આપશે, તે અભિપ્રાયથી અશનાદિ દાન. ગ્લાનીવાળો થઈ ઔષધાદિને શોધે તે આર્ત્તગવેષક. - - દેશકાલજ્ઞતા એટલે અવસરોચિત અર્થસંપાદન. સર્વ પ્રયોજનોમાં આરાધ્ય સંબંધી આનુકૂલ્ય.

વૈયાવૃત્ય, સ્વાધ્યાય ભેદો પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - સ્થવિર એટલે જન્મ આદિ ભેદથી છે તે. તપસ્વી એટલે અટ્ઠમાદિને કરનાર.

ધ્યાનસૂત્રમાં — (૧) અમનોજ્ઞ-અનિષ્ટ જે શબ્દાદિ, તેનો જે યોગ તેના વડે યુક્ત તે, તથા તે અમનોજ્ઞ શબ્દાદિના વિયોગની ચિંતા કરનાર. આ આર્ત્તધ્યાન કહેવાય છે. કેમકે ધર્મ-ધર્મી અભેદ છે. (૨) મનોજ્ઞ-ધનાદિ, તેનો જે યોગ, તે વડે યુક્ત, તે મનોજ્ઞ શબ્દાદિના અવિયોગની ચિંતા કરનાર. (૩) આતંક એટલે રોગ૦ (૪) परिझुसिय - એટલે સેવેલ કે જેની પ્રીતિ હોય તે કામભોગ-શબ્દાદિ ભોગ અથવા કામસેવન. તે કામભોગની - x - ચિંતા.

कंदणय० - મોટા શબ્દોથી રડવું, सोयणय - દીનતા, तिप्पणय - આંસુ ખેરવવા, परिदेवण - પુનઃપુનઃ ક્લિષ્ટભાષણ.

हिंसानुबंधि - હિંસા એટલે જીવોના વધ, બંધનાદિ પીડાર્થે સતત પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ અથવા તે રૂપ પ્રણિધાન તે હિંસાનુબંધી.

मृषानुबंधि - મૃષા એટલે અસત્ય, તેને પૈશુન્ય, અસત્ય, અસદ્‌ભૂતાદિ વચન ભેદથી જે પ્રવૃત્તિ કરે અથવા તે રૂપ પ્રણિધાન તે મૃષાનુબંધી.

तेयानुबंधी - સ્તેન એટલે ચોર કર્મ, તીવ્રક્રોધાદિ આકુળતાથી તેના અનુબંધવત્ તે સ્તેયાનુબંધી [રૌદ્રધ્યાન]

सारक्खाणाणुबंधी - સંરક્ષણ, સર્વ ઉપાય વડે પરિત્રાણ વિષય સાધનનો અને ધનનો અનુબંધ, જેમાં છે, તે સંરક્ષણાનુબંધી.

ओस्सन्न - બહુલતાથી અનુપરતત્વથી દોષ — હિંસા, અસત્ય, અદત્તાદાન, સંરક્ષણમાંનો કોઈ પણ, તે ઓસન્ન દોષ. बहुदोस - બધાં હિંસાદિમાં પ્રવૃત્તિરૂપ તે. अन्नाणदोस - અજ્ઞાનથી, કુશાસ્ત્ર સંસ્કારથી હિંસાદિમાં, અધર્મ સ્વરૂપમાં ધર્મબુદ્ધિ વડે જે પ્રવૃત્તિ, તે રૂપ દોષ, તે અજ્ઞાન દોષ. आमरणांत - મરણ એ જ અંત તે મરણાંત, આમરણ અનુતાપવાળા કાલશોકરિકાદિની જેમ જે હિંસાદિ પ્રવૃત્તિ, તે જ દોષ, તે આમરણાંત દોષ.

चउप्पडोयार - ચાર ભેદ-લક્ષણ-આલંબન-અનુપ્રેક્ષા. પદાર્થમાં પ્રત્યવતાર-સમવતાર, વિચારણીયત્વથી જેમાં છે તે ચતુષ્પ્રત્યાવતાર અથવા આ ચતુર્વિધ શબ્દનો પર્યાય છે.

आणाविजय - આજ્ઞા એટલે જિન પ્રવચન, તેનો વિચય-નિર્ણય એ રીતે બાકીના પદો પણ છે. વિશેષ આ :- अपाय - રાગદ્વેષાદિજન્ય અનર્થો. विपाक - કર્મફળ, संस्थान - લોકમાં દ્વીપ, સમુદ્રાદિ આકૃતિ.

आणारुइ - આજ્ઞા એટલે સૂત્રના વ્યાખ્યાન, તેમાં કે તેનાથી જે રુચિ-શ્રદ્ધા તે આજ્ઞારુચિ. નિસર્ગરુચિ-સ્વભાવથી જ તત્ત્વની શ્રદ્ધા. સૂત્રરુચિ-આગમથી તત્ત્વશ્રદ્ધાન.





અવગાઢરુચિ-દ્વાદશાંગીના અવગાઢથી રુચિ અથવા સાધુના ઉપદેશથી કે નીકટ રહેવાથી થતી રુચિ.

આલંબણ - ધર્મધ્યાનરૂપી શિખરના આરોહણાર્થે જે વાંચના આદિનું અવલંબન કરાય તે. अणुप्पेह - ધર્મધ્યાન પછી પર્યાલોચન કરાય તે અનુપ્રેક્ષા. -

(૧) પૃથકત્વવિતર્ક - એક દ્રવ્યને આશ્રીને ઉત્પાદાદિ પર્યાય ભેદથી વિતર્ક એટલે વિકલ્પ, પૂર્વગત શ્રુત આલંબન તે. વિચાર - અર્થથી વ્યંજન અને વ્યંજનથી અર્થમાં મન વગેરે યોગોનું - x - જે વિચરણ તે સવિચાર.

(૨) એકત્વવિતર્ક અવિચાર - અભેદપણે ઉત્પાદાદિ પર્યાયોમાંના કોઈ એક પર્યાયનું આલંબન, વિતર્ક - પૂર્વગત શ્રુતાશ્રિત વ્યંજન કે અર્થરૂપ તથા વ્યંજન-અર્થ સિવાયના બીજા કોઈ વિચાર જેમાં વિધમાન નથી તે.

(૩) સૂક્ષ્મક્રિય અનિવૃત્તિ - જે નિરુદ્ધ વાક્‌મનયોગપણામાં સૂક્ષ્મ ક્રિયા, અર્ધ નિરુદ્ધ કાય યોગત્વથી છે તે સૂક્ષ્મક્રિય, વર્ધમાન પરિણામત્વથી જે તેનાથી ન નિવર્તે તે અનિવર્તિ. આ ધ્યાન નિર્વાણગમન કાળે કેવળીને હોય.

(૪) સમુચ્છિન્ન ક્રિયા - કાયિકી આદિ શૈલેશીકરણ નિરુદ્ધ યોગત્વથી જેમાં છે, તે તથા અપ્રતિપાતિ-અનુપરત સ્વભાવ.

અવ્યથા-દેવાદિ ઉપસર્ગજનિત ભય કે ચલનનો અભાવ. અસંમોહ-દેવાદિકૃત્ માયાજનિત સૂક્ષ્મપદાર્થ વિષયનો સંમોહ-મૂઢતાનો નિષેધ તે. વિવેક-દેહથી આત્માનો કે આત્માના સર્વ સંયોગોનો વિવેચન બુદ્ધિ વડે પૃથક્‌કરણ તે. વ્યુત્સર્ગ-નિરાસક્તિથી દેહ-ઉપધિનો ત્યાગ.

અનંતવત્તિયાનુપ્રેક્ષા-ભવસંતતિની અનંતવૃત્તિનું અનુચિંતન.. અશુભાનુપ્રેક્ષા-સંસારના અશુભત્વનું અનુચિંતન.. અપાયાનુપ્રેક્ષા-પ્રાણાતિપાત આદિ આશ્રવદ્વારજન્ય અનર્થનું અનુચિંતન.. વિપરિણામાનુપ્રેક્ષા-વસ્તુનું પ્રતિક્ષણ વિવિધ પરિણામ ગમનનું અનુચિંતન.

અહીં જે તપાધિકારમાં પ્રશસ્ત-અપ્રશસ્ત ધ્યાન વર્ણન છે, તે અપ્રશસ્તનું વર્જન અને પ્રશસ્તનું આસેવન તે તપ.

વ્યુત્સર્ગ સૂત્રમાં-નારકાયુષ્કાદિના હેતુરૂપ મિથ્યાદૃષ્ટિત્વાદિ ત્યાગ. જ્ઞાનાવરણાદિ કર્મબંધના હેતુરૂપ જ્ઞાનપ્રત્યનીકત્વાદિનો ત્યાગ.

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૮-"ઓઘ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં સંયતો ભેદથી કહ્યા. તેના વિપક્ષે અસંયત હોય, તેનો નારકાદિમાં જે રીતે ઉત્પાદ છે, તે અહીં કહે છે —

● **સૂત્ર-૯૭૦ :-**

***રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! નૈરયિકો કઈ રીતે ઉપજે છે ? જેમ કોઈ કૂદક કુદતો અધ્યવસાયનિર્વર્તિત કરણ ઉપાય વડે ભવિષ્યકાળમાં તે સ્થાનને છોડીને આગલા સ્થાનને પામીને વિચરે છે, એમ જ આ જીવો પણ***

*કૂદકની જેમ કુદતાં અધ્યવસાય નિર્વર્તિત કરણ ઉપાયોથી ભાવિકાળે તે ભવ છોડીને આગળનો ભવ પામીને વિચરે છે.*

*ભગવન્ ! તે જીવોની કેવી શીઘ્રગતિ, કેવો શીઘ્રગતિ વિષય છે ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ તરુણ, બળવાન્, એ પ્રમાણે જેમ શતક-૧૪, ઉદ્દેશો-૧-માં કહ્યું તેમ યાવત્ ત્રણ સમયના વિગ્રહથી ઉપજે છે. તે જીવોની તેવી શીઘ્ર ગતિ છે, તેવો શીઘ્રગતિ વિષય છે.*

*ભગવન્ ! તે જીવો, પરભવાયુ કઈ રીતે બાંધે ? ગૌતમ ! અધ્યવસાય યોગ નિર્વર્તિત કરણ ઉપાયથી, એ રીતે પરભવાયુ બાંધે.*

*ભગવન્ ! તે જીવોની ગતિ કેમ પ્રવૃત્ત થાય ? ગૌતમ ! આયુ-ભવ-સ્થિતિના ક્ષયથી તે જીવોની ગતિ પ્રવૃત્ત થાય.*

*- - ભગવન્ ! તે જીવો આત્મઋદ્ધિએ ઉપજે કે પરઋદ્ધિથી ? ગૌતમ ! આત્મઋદ્ધિથી ઉપજે છે - x -*

*ભગવન્ ! તે જીવો પોતાના કર્મોથી ઉપજે કે બીજાના કર્મોથી ? ગૌતમ ! આત્મકર્મોથી ઉપજે, પરકર્મોથી નહીં. - - ભગવન્ ! તે જીવો આત્મપ્રયોગ વડે ઉપજે કે પરપ્રયોગ વડે ? ગૌતમ ! આત્મપ્રયોગથી ઉપજે, પરપ્રયોગે નહીં.*

*ભગવન્ ! અસુરકુમાર કઈ રીતે ઉત્પન્ન થાય ? નૈરયિક માફક સંપૂર્ણ કહેવું - x - એ રીતે એકેન્દ્રિય વર્જીને યાવત્ વૈમાનિક સુધી કહેવું. એકેન્દ્રિયોમાં વિશેષ એ કે - ચાર સમય વિગ્રહ છે. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

## ❀ શતક-૨૫, ઉદ્દેશા-૯ થી ૧૨-“ભવસિદ્ધિકાદિ” ❀

-- x -- x -- x -- x -- x -- x --

**● સૂત્ર-૯૭૧ થી ૯૭૪ :-**

*[૯૭૧] ભગવન્ ! ભવસિદ્ધિક નૈરયિક કઈ રીતે ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેમ કોઈ કૂદક કૂદતો૦ બાકી પૂર્વવત્ યાવત્ વૈમાનિક. - x - [૯]*

*[૯૭૨] ભગવન્ ! અભવસિદ્ધિક નૈરયિક કઈ રીતે ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેમ કૂદક કૂદતો૦ પૂર્વવત્. યાવત્ વૈમાનિક. તેમજ છે. [૧૦]*

*[૯૭૩] ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ નૈરયિક કઈ રીતે ઉપજે છે ? ગૌતમ ! જેમ કૂદક કૂદતો૦ બાકી પૂર્વવત્. એકેન્દ્રિય વર્જીને યાવત્ વૈમાનિક. ભગવન્ ! તે એમ જ છે (૨). [૧૧]*

*[૯૭૪] ભગવન્ ! મિથ્યાદૃષ્ટિ નૈરયિક કઈ રીતે ઉપજે છે ? ગૌતમ ! જેમ કોઈ કૂદક કૂદતો૦ બાકી પૂર્વવત્ યાવત્ વૈમાનિક. [૧૨]*

**● વિવેચન-૯૭૦ થી ૯૭૪ :-** *[ઉદ્દેશા-૮ થી ૧૨નું સાથે]*

पवए - પ્લવક, કૂદનારો. पवमाणे - ઉંચે કૂદતો. अज्झवसाण निव्वत्तिएणं - મારા વડે કૂદાયુ રૂપ અધ્યવસાય નિર્વર્તિતથી. करणोपाय - કુદવારૂપ જે કરણ-ક્રિયાવિશેષ, તે જ ઉપાય-સ્થાનાંતર પ્રાપ્તિમાં હેતુ. सेयकाल - ભવિષ્યકાળમાં. विहरे છે. શું કરીને ? જે સ્થાને રહેલ હોય તે સ્થાનને કૂદીને-છોડીને, આગળના સ્થાનને પામીને વિચરે છે.



કૂદકની જેમ કુદતો તે જીવ, તથાવિધ અધ્યવસાય નિર્વર્તિતથી વિવિધ અવસ્થા કરે છે, જેના વડે જીવ, તે કરણ-કર્મ, પ્લવનક્રિયા વિશેષ અથવા કરણવત્ કરણ - સ્થાનાંતર પ્રાપ્તિ હેતુના સાધર્મ્યથી કર્મ જ તેનો ઉપાય, તે કરણોપાય. તેના વડે મનુષ્યાદિ ભવ છોડીને નારકભવ પ્રાપ્ત કરે. અધ્યવસાય એટલે જીવપરિણામ, યોગ-મન વગેરે વ્યાપાર વડે નિર્વર્તિત. તે કરણોપાયથી-મિથ્યાત્વાદિ કર્મબંધહેતુથી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૫નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૨૬ 卐

-- x -- x --

૦ શતક-૨૫ની વ્યાખ્યા કરી. હવે ૨૬માંનો આરંભ કરીએ છીએ. તેનો સંબંધ આ છે - છેલ્લા શતકમાં નારકાદિ જીવોની ઉત્પત્તિ કહી, તે કર્મબંધ પૂર્વક છે. તેથી અહીં મોહ કર્મ બંધ પણ વિચારીએ છીએ. દ્વાર ગાથા —

**● સૂત્ર-૯૭૫ :-**

*[શ્રુતદેવી ભગવતીને નમસ્કાર] આ શતકમાં ૧૧-ઉદ્દેશકો છે. તે આ — (૧) જીવો, (૨) લેશ્યા, (૩) પાક્ષિક, (૪) દૃષ્ટિ, (૫) અજ્ઞાન, (૬) જ્ઞાન, (૭) સંજ્ઞા, (૮) વેદ, (૯) કષાય, (૧૦) ઉપયોગ, (૧૧) યોગ.*

**● વિવેચન-૯૭૫ :-**

જીવો, પ્રતિ ઉદ્દેશક બંધ વક્તવ્યતાના સ્થાન, પછી લેશ્યા, પાક્ષિકો, દૃષ્ટિઓ, અજ્ઞાન, જ્ઞાન, સંજ્ઞા, વેદ, કષાય, યોગ, ઉપયોગ-બંધ વક્તવ્યતા સ્થાન, એ રીતે આ અગિયાર સ્થાનો છે.

### ❁ શતક-૨૬, ઉદ્દેશો-૧-''જીવ૦'' ❁

-- x -- x -- x -- x --

૦ અનંતરોત્પન્નાદિ વિશેષ વિરહિત જીવને આશ્રીને ૧૧-ઉદ્દેશા ઉક્તરૂપ દ્વારથી બંધ વક્તવ્યતામાં પહેલો ઉદ્દેશો કહે છે —

**● સૂત્ર-૯૭૬,૯૭૭ :-**

*[૯૭૬] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! જીવે, (૧) પાપકર્મ બાંધ્યુ, બાંધે છે, બાંધશે ? (૨) બાંધ્યુ, બાંધે છે, બાંધશે નહીં ? (૩) બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે. (૪) બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં. - - ગૌતમ ! (૧) કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે. (૨) કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. (૩) કેટલાંકે બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે. (૪) કેટલાંકે બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં.*

*ભગવન્ ! સલેશ્યી જીવે (૧) પાપકર્મ બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે ? (૨) બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં ?૦ પ્રશ્નો. ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે૦ એ પ્રમાણે ચારે ભંગ કહેવા.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી જીવે પાપકર્મ બાંધ્યુ૦ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે. કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. એ પ્રમાણે યાવત્ પદ્મલેશ્યા. બધામાં પહેલો, બીજો ભંગ કહેવો. શુક્લ લેશ્યીને સલેશ્યની જેમ ચારે ભંગ કહેવા. - - અલેશ્યી જીવે પાપકર્મ બાંધ્યુ છે૦ પ્રશ્ન ? ગૌતમ ! બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં.*

*ભગવન્ ! કૃષ્ણ પાક્ષિક જીવે પાપકર્મ બાંધ્યુ૦ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાંક બાંધ્યુ છે, પહેલો-બીજો ભંગ કહેવો. - - ભગવન્ ! શુક્લપાક્ષિક જીવે૦ પ્રશ્ન ? ગૌતમ ! ચારે ભંગ કહેવા.*



*[૯૭૭] સમદૃષ્ટિને ચાર ભંગો.. મિથ્યાદૃષ્ટિને પહેલો-બીજો ભંગ.. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિને એ પ્રમાણે જ જાણવું.*

*જ્ઞાનીને ચારે ભંગો છે..આભિનિબોધિક જ્ઞાની યાવત્ મનઃ પર્યવજ્ઞાનીને ચાર ભંગો છે.. કેવળજ્ઞાનીને છેલ્લો ભંગ, જેમ અલેશ્યી.*

*અજ્ઞાનીને પહેલો-બીજો, એ રીતે મતિઅજ્ઞાની આદિ ત્રણે જાણવા.*

*આહાર સંજ્ઞોપયુક્ત યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્તને પહેલો-બીજો ભંગ, નોસંજ્ઞોપયુક્તને ચારે ભંગો જાણવા.*

*સવેદકને પહેલો-બીજો ભંગ, સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદકને પણ તેમજ છે. અવેદકને ચારે ભંગો જાણવા.*

*સકષાયીને ચારે ભંગ, ક્રોધ યાવત્ માયા કષાયીને પહેલો-બીજો ભંગ. લોભકષાયીને ચારે ભંગ. - - ભગવન્ ! અકષાયી જીવે પાપકર્મ બાંધ્યુ૦ પ્રશ્ન ? ગૌતમ ! અકષાયીને ત્રીજો, ચોથો ભંગ જાણવો.*

*સયોગીને ચારે ભંગો છે. એ રીતે મન-વચન-કાય યોગીને પણ જાણવા. અયોગીને છેલ્લો ભંગ જાણવો.*

*સાકાર અને અનાકાર ઉપયોગીને ચારે ભંગો જાણવા.*

**● વિવેચન-૯૭૬,૯૭૭ :-**

પાપકર્મ-અશુભ કર્મ. બંધી-બાંધ્યુ. બંધઈ-વર્તમાનમાં બાંધે. બંધિસ્સઈ-ભાવિમાં બાંધશે. આ રીતે ચારે ભંગો આ પદમાં પ્રાપ્ત થયા. ન બંધી - ન બાંધે. અહીં અતીતકાળમાં અબંધક જીવનો અસંભવ છે. તેમાં બાંધે છે અને બાંધશે આ ભંગ અભવ્યને આશ્રીને છે. બાંધે છે, બાંધશે નહીં એ બીજો ભંગ ક્ષપકત્વને પામનાર ભવ્ય વિશેષને આશ્રીને છે. બાંધતો નથી, બાંધશે-આ ભંગ મોહોપશમમાં વર્તતા ભવ્ય વિશેષને આશ્રીને છે. ત્યાંથી પડીને તેને પાપકર્મ અવશ્ય બંધાય છે. બાંધતો નથી, બાંધશે નહીં ક્ષીણમોહીને છે.

લેશ્યાદ્વાર-સલેશ્યીજીવને ચારે ભંગ છે. શુક્લલેશ્યીને પાપકર્મનું બંધકત્વ પણ હોય છે. કૃષ્ણલેશ્યાદિ પાંચને પહેલા બે ભંગ જ છે. તેમને જ વર્તમાનકાલિક મોહરૂપ પાપકર્મના ઉપશમ કે ક્ષય નથી, તેથી તેમને છેલ્લા બેનો અભાવ છે. તેમને બીજો ભંગ સંભવે છે, કૃષ્ણલેશ્યીને કાલાંતરે ક્ષપકત્વ પ્રાપ્તિમાં બાંધશે નહીં તેથી આ સંભવે. અલેશ્યી એટલે અયોગીકેવલીને ચોથો જ છે, લેશ્યા અભાવે બંધકત્વ અભાવ છે.

પાક્ષિકદ્વારમાં - કૃષ્ણ પાક્ષિકને પહેલા બે ભંગ જ છે. વર્તમાનમાં બંધના અભાવે તેના અભાવથી. શુક્લ પાક્ષિકને ચારે છે. (૨) ક્ષપકત્વપ્રાપ્તિમાં-બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. (૩) બાંધ્યુ છે, ઉપશમમાં બાંધતો નથી, ત્યાંથી પડતા બાંધશે. (૪) ક્ષપકત્વમાં - બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે નહીં. પહેલો ભંગપ્રતીત છે [શંકા] જો કૃષ્ણપાક્ષિક ''બાંધશે નહીં'' એ બીજો ભંગ ઈષ્ટ છે, તો શુક્લપાક્ષિકને અવશ્ય સંભવથી તે પહેલો ભંગ કઈ રીતે ? કહે છે — પૃચ્છા અનંતર ભવિષ્યકાળમાં

અબંધકત્વના અભાવથી. વૃદ્ધોએ પણ કહ્યું છે – બંધીશતમાં જો કૃષ્ણપાક્ષિકોને બીજો ભંગ યોજાય, તો શુક્લપાક્ષિકને પહેલો ભંગ કઈ રીતે ગ્રાહ્ય છે ? પૃચ્છા અનંતરકાળને આશ્રીને શુક્લપાક્ષિકાદિને પહેલો ભંગ, બાકીનાને અવશિષ્ટ કાળને આશ્રીને બીજો ભંગ.

દૃષ્ટિદ્વારમાં - સમ્યગ્દૃષ્ટિના ચારે ભંગ શુક્લપાક્ષિકને જ કહેવા. મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિને પહેલા બે જ ભંગો છે. વર્તમાન કાળે મોહલક્ષણ પાપકર્મના બંધ ભાવમાં છેલ્લા બેનો અભાવ છે.

જ્ઞાનદ્વારમાં - કેવળજ્ઞાનીને છેલ્લો ભંગ. કેમકે તેમને વર્તમાનકાળે અને ભાવિકાળે બંધનો અભાવ છે. અજ્ઞાનીને પહેલા બે છે. કેમકે અજ્ઞાનમાં મોહલક્ષણ પાપકર્મના ક્ષય-ઉપશમનો અભાવ છે.

સંજ્ઞા દ્વારમાં - પહેલો, બીજો. આહારાદિ સંજ્ઞા ઉપયોગ કાળે ક્ષપકત્વ અને ઉપશમકત્વનો અભાવ છે. નોસંજ્ઞોપયુક્તને ચારે છે, કેમકે આહારાદિમાં ગૃદ્ધિના અભાવે તેમને ક્ષય-ઉપશમથી ચારે સંભવે.

વેદદ્વારમાં-સવેદકને પહેલા બે. વેદોદયમાં ક્ષય-ઉપશમ ન થાય. અવેદકને ચારે, કેમકે સ્વકીય વેદની ઉપશાંતિમાં બાંધે છે, બાંધશે મોહલક્ષણ પાપકર્મ સૂક્ષ્મસંપરાય સુધી ન હોય, પડ્યા પછી બાંધે, તે પ્રથમ. તથા વેદ ક્ષીણ થતાં બાંધે છે, સૂક્ષ્મ સંપરાયની આદ્ય અવસ્થામાં બાંધશે નહીં, તે બીજો ભંગ. ઉપશાંત વેદ સૂક્ષ્મસંપરાયાદિમાં ન બાંધે, પડ્યા પછી બાંધશે, તે ત્રીજો ભંગ. ક્ષીણવેદમાં સૂક્ષ્મ સંપરાયાદિમાં ન બાંધે, બાંધશે પણ નહીં માટે ચોથો ભંગ. બાંધ્યુ છે, તે બધે પ્રતીત છે.

કષાય દ્વારમાં - સકષાયીને ચારે ભંગ છે, તેમાં પહેલા ભંગ અભવ્યને, બીજો ભંગ પ્રાપ્તવ્ય મોહક્ષય ભવ્યને, ત્રીજો ઉપશમક સૂક્ષ્મ સંપરાયવાળાને, ચોથો ક્ષપક સૂક્ષ્મ સંપરાયને આશ્રીને છે. એ પ્રમાણે લોભ કષાયીને પણ કહેવા. ક્રોધકષાયીને પહેલા બે ભંગ છે, તેમાં અભવ્યને આશ્રીને પહેલો, બીજો ભવ્ય વિશેષને આશ્રીને છે. વર્તમાનમાં અબંધકત્વ સ્વભાવથી ત્રીજો, ચોથો ભંગ નથી. અકષાયીને ત્રીજો ભંગ ઉપશમકને આશ્રીને અને ચોથો ક્ષપકને આશ્રીને છે.

યોગદ્વારમાં સયોગીને ચાર ભંગ-પૂર્વવત્ જાણવા.

● સૂત્ર-૯૭૮,૯૭૯ :-

*[૯૭૮] ભગવન્ ! નૈરયિકે પાપકર્મને બાંધ્યુ, બાંધે છે, બાંધશે ? ગૌતમ ! કેટલાંક બાંધે, પહેલો-બીજો ભંગ.*

*ભગવન્ ! સલેશ્યી નૈરયિક પાપકર્મ ? પૂર્વવત્. એ પ્રમાણે કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યીને જાણવા. - - એ પ્રમાણે કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિકને. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિને. જ્ઞાની, આભિનિબોધિક યાવત્ અવધિજ્ઞાનીને અજ્ઞાની, મતિ આદિ ત્રણે અજ્ઞાનીને યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્તને. સવેદકને, નપુંસક વેદકને. સકષાયી યાવત્ લોભકષાયીને. સયોગી, મન-વચન-કાય યોગીને. સાકાર-અનાકાર ઉપયુક્તને. આ બધાં પદમાં પહેલો અને બીજો ભંગ કહેવા.*



*એ પ્રમાણે અસુરકુમારની વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે તેજોલેશ્યા, સ્ત્રીવેદક-પુરુષવેદકને અધિક કહેવા. નપુંસક વેદકને ન કહેવા. બાકી પૂર્વવત્. એ રીતે જ પહેલો-બીજો ભંગ કહેવો. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*આ પ્રમાણે પૃથ્વીકાયિકને, અપ્કાયિકને યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકને, એ બધે પહેલો-બીજો ભંગ કહેવો વિશેષ એ કે – જેને જેટલી લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, વેદ, યોગ જે જેને હોય, તે તેને કહેવા. બાકી પૂર્વવત્ તેમજ જાણવું.*

*મનુષ્યને જીવપદની વક્તવ્યતા માફક બધું સંપૂર્ણ કહેવું. વ્યંતરને અસુરકુમાર મુજબ કહેવા. જ્યોતિષ્ક, વૈમાનિકને તેમજ કહેવા. વિશેષ એ કે લેશ્યા જાણી લેવી. બાકી પૂર્વવત્.*

*[૯૭૯] ભગવન્ ! જીવે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે. એ પ્રમાણે જેમ પાપકર્મની વક્તવ્યતા છે તેમજ જ્ઞાનાવરણીયની કહેવી. વિશેષ એ કે – જીવ અને મનુષ્યમાં સકષાયી યાવત્ લોભકષાયીમાં પહેલો, બીજો ભંગ કહેવો. બાકીનું પૂર્વવત્. યાવત્ વૈમાનિક કહેવું. એ રીતે દર્શનાવરણીય કર્મના દંડક પણ સંપૂર્ણ કહેવા.*

*ભગવન્ ! જીવે વેદનીયકર્મ શું બાંધ્યુ છે૦ પ્રશ્ન ? ગૌતમ ! (૧) કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે. (૨) કેટલાંકે બાંધ્યુ છે, બાંધે છે, બાંધશે નહીં. (૪) કેટલાંકે બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં.*

*સલેશ્યીને એ પ્રમાણે જ ત્રીજા સિવાયના ત્રણ ભંગો છે. કૃષ્ણલેશ્યા યાવત્ પદ્મલેશ્યામાં પહેલો-બીજો ભંગ. શુક્લલેશ્યીને ત્રીજા સિવાયના ત્રણ ભંગ. અલેશ્યીને ચોથો ભંગ કહેવો.*

*કૃષ્ણપાક્ષિકને પહેલા બે ભંગો, શુક્લપાક્ષિકને ત્રીજા સિવાય ત્રણ ભંગો. એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિને પણ છે. મિથ્યાદૃષ્ટિ, મિશ્ર દૃષ્ટિને પહેલો-બીજો. જ્ઞાનીને ત્રીજા સિવાયના, આભિનિબોધિક યાવત્ મનઃપર્યવજ્ઞાનીને પહેલો-બીજો. કેવળજ્ઞાનીને ત્રીજા સિવાયના. એ પ્રમાણે નોસંજ્ઞોપયુક્ત, અવેદક, અકષાયી, સાકારોપયુક્ત, અનાકાર ઉપયુક્ત એ બધાંને ત્રીજા સિવાયના, અયોગીને છેલ્લો, બાકીનાને પહેલો-બીજો ભંગ જાણવો.*

*ભગવન્ ! નૈરયિકે વેદનીય કર્મ બાંધ્યુ, બાંધે છે૦ ? આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી જેને જે હોય તે કહેવું. તેમાં પહેલો-બીજો ભંગ છે. માત્ર મનુષ્યને જીવો મુજબ કહેવા.*

*ભગવન્ ! જીવે મોહનીય કર્મ બાંધ્યુ૦ ? જેમ પાપકર્મ તેમ મોહનીય પણ સંપૂર્ણ વૈમાનિક પર્યન્ત કહેવું.*

● વિવેચન-૯૭૮,૯૭૯ :-

નારકત્વ આદિમાં બે શ્રેણીના અભાવે પહેલો, બીજો જ ભંગ છે. એ રીતે સલેશ્યાદિ વિશેષિત નારકપદ કહેવું. એ પ્રમાણે અસુરકુમાર આદિ પદ પણ કહેવા.

મણુસ્સ૦ જીવને નિર્વિશેષણમાં સલેશ્યાદિ પદ વિશેષિતને ચતુર્ભંગી આદિ વક્તવ્યતા કહી. તે મનુષ્યને તે પ્રમાણે જ સંપૂર્ણ કહેવી. જીવ-મનુષ્ય સમાનધર્મી છે.

આ પ્રમાણે બધે પણ ૨૫-દંડકો, પાપકર્મને આશ્રીને કહ્યા. એ પ્રમાણે જ્ઞાનાવરણીયને આશ્રીને પણ ૨૫-દંડકો કહેવો. - x - તેમાં જે વિશેષ છે, તે સૂત્રમાં કહેલ છે. પાપકર્મદંડકમાં જીવ પદ અને મનુષ્ય. પદમાં જે સકષાયીચદ અને લોભકષાયીપદ છે, તેમાં સૂક્ષ્મસંપરાય મોહલક્ષણ પાપકર્મ અબંધકત્વથી ચારે ભંગો કહ્યા, અહીં પહેલાં બે જ કહેવા. અવીતરાગને જ્ઞાનાવરણીય બંધકત્વ હોવાથી, આમ કહ્યું છે. આ પ્રમાણે દર્શનાવરણીય દંડકો જાણવા.

વેદનીય દંડકમાં-પહેલા ભંગમાં અભવ્ય, બીજામાં ભવ્ય કે જે નિર્વાણ પામશે, ત્રીજો ન સંભવે કેમકે વેદનીયના અબંધકને ફરી તેના બંધનનો અસંભવ છે. ચોથામાં અયોગી છે. સલેશ્યીને પણ ત્રીજા ભંગ સિવાય આ રીતે ત્રણ ભંગ, ચોથો ભંગ સૂત્રમાં કહ્યો, તે બરાબર સમજાતો નથી કેમકે તે અયોગીને જ સંભવે છે, કેમકે તે સલેશ્યી ન હોય. કોઈ કહે છે કે વચનથી અયોગીતાના પહેલા સમયે પરમશુક્લલેશ્યા હોય, તેથી સલેશ્યને ચોથો ભંગ સંભવે છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

કૃષ્ણલેશ્યાદિ પંચકમાં અયોગીત્વના અભાવે પહેલા બે જ ભંગ છે, શુક્લલેશ્યી જીવમાં સલેશ્યી મુજબના ભંગ કહેવા. સલેશ્ય તે સિદ્ધ અને શૈલેશીકરણ કરતાને જાણવા. તેમાં માત્ર ચોથો ભંગ કહેવો.

કૃષ્ણપાક્ષિકને અયોગિત્વ અભાવે પહેલા બે ભંગ છે. શુક્લપાક્ષિક જો કે અયોગી પણ હોય, તેથી ત્રીજા સિવાયના ત્રણ ભંગ કહ્યા. એ રીતે સમ્યગ્દષ્ટિને પણ બંધ સંભવે. મિથ્યાદૅષ્ટિ-મિશ્રદૃષ્ટિને અયોગિત્વ અભાવથી વેદનીયનું અબંધકત્વ ન હોવાથી પહેલા બે જ ભંગ છે. જ્ઞાની અને કેવળજ્ઞાનીને અયોગિત્વમાં અંતિમ ભંગ છે. આભિનિબોધિકાદિમાં અયોગિત્વ અભાવે ચરમભંગ નથી - x - x

- હવે આયુદંડક —

● સૂત્ર-૯૮૦ (અધુરુ) :-

*ભગવન્ ! જીવે આયુકર્મ બાંધ્યુ, બાંધે છે ? પ્રશ્ન. ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ૦ ચાર ભંગ. સલેશ્યી યાવત્ શુક્લલેશ્યીને ચાર ભંગ, અલેશ્યીને છેલ્લો ભંગ. કૃષ્ણપાક્ષિક વિશે પ્રશ્ન ? ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ, બાંધે છે, બાંધશે, કેટલાંકે બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે. શુક્લપાક્ષિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિને ચારે ભંગો છે. સમ્યગ્મિથ્યા-દૃષ્ટિની પૃચ્છા. ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ, બાંધતા નથી, બાંધશે. કેટલાકે બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે નહીં.*

*જ્ઞાની યાવત્ અવધિજ્ઞાનીને ચારે ભંગ, મનઃપર્યવજ્ઞાનીનો પ્રશ્ન. ગૌતમ ! કેટલાંકે બાંધ્યુ, બાંધે છે, બાંધશે. કેટલાંકે બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે. કેટલાંકે બાંધ્યુ, બાંધતો નથી, બાંધશે નહીં. કેવળજ્ઞાનમાં છેલ્લો ભંગ છે. એ રીતે આ ક્રમથી નોસંજ્ઞોપયુક્તને બીજા ભંગ સિવાય મનઃપર્યવજ્ઞાનીવત્ કહેવા. અવેદક અને અકષાયીને ત્રીજો, ચોથો સમ્યગ્મિથ્યાદૃષ્ટિવત્ કહેવો. અયોગીને*



*છેલ્લો અને બાકીના પદોમાં ચારે ભંગ યાવત્ અનાકારોપયુક્ત કહેવા.*

● વિવેચન-૯૮૦ (અધુરુ) :-

ચાર ભંગમાં પહેલો અભવ્યનો, બીજો ચરમશરીરી થનારનો, ત્રીજો ઉપશમકનો, કેમકે તે જ પૂર્વે ઉપશમ કાળે ન બાંધે, ત્યાંથી પડીને બાંધશે. ચોથો ક્ષપકનો, કેમકે તેણે બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે નહીં.

સલેશ્યી પછી યાવત્ શબ્દથી કૃષ્ણલેશ્યાદિ લેવા. જે નિર્વાણ ન પામે તેનો પહેલો ભંગ, ચરમશરીરે ઉત્પન્ન થનારનો બીજો, અબંધકાળે ત્રીજો, ચરમશરીરને ચોથો ભંગ. - x - અલેશ્યી એટલે શૈલીશગત અને સિદ્ધ, તેને વર્તમાન અને ભાવિકાળના આયુના અબંધકત્વથી છેલ્લો ભંગ. કૃષ્ણપાક્ષિકને પહેલો અને ત્રીજો સંભવે છે. - x - બીજો ચોથો સંભવતો નથી. કેમકે તેમને અબંધતાનો અભાવ છે. શુક્લ પાક્ષિકને સમ્યગ્દૃષ્ટિમાં ચારે ભંગ. તેમાં (૧) પૂર્વે બાંધ્યુ, બંધકાળે બાંધે છે, અબંધકાળ ઉપર બાંધશે. (૨) ચરમ શરીરત્વમાં બાંધશે નહીં. (૩) ઉપશમ અવસ્થામાં બાંધતો નથી, (૪) ચોથો ભંગ ક્ષપકનો છે.

મિથ્યાદૃષ્ટિ બીજા ભંગકમાં બાંધશે નહીં - ચરમ શરીર પ્રાપ્તિમાં. ત્રીજામાં અબંધકાળે બાંધતો નથી. ચોથામાં બાંધતો નથી, બાંધશે નહીં. પૂર્વવત્. સમ્યગ્મિથ્યા-દૃષ્ટિ આયુ ન બાંધે. ચરમ શરીરત્વથી કોઈક બાંધશે નહીં.

જ્ઞાનીને ચાર ભંગ પૂર્વવત્ કહેવા. મનઃપર્યાયજ્ઞાનીને બીજો, ત્રીજો વર્જીને, તેમાં પૂર્વે બાંધેલ, હાલ દેવાયુ બાંધે છે, પછી મનુષ્યાયુ બાંધશે તે પ્રથમ. બીજો ભંગ નથી કેમકે દેવત્વમાં મનુષ્યાયુ અવશ્ય બાંધે. ત્રીજો ઉપશમકનો, ચોથો ક્ષપકનો ભંગ. કેવલી આયુ બાંધતા નથી, બાંધશે નહીં એ છેલ્લો ભંગ. નોસંજ્ઞોપયુક્તને બીજા સિવાયના ત્રણ ભંગ, મનઃપર્યવજ્ઞાનીવત્ કહેવા.

અવેદક અને અકષાયીને ક્ષપક કે ઉપશમકમાં આયુનો વર્તમાન બંધ નથી, ઉપશમકથી પડીને બાંધશે, ક્ષપક નહીં બાંધશે. એ રીતે ત્રીજો, ચોથો ભંગ. બાકીના અજ્ઞાનાદિ પદોમાં ચારે કહેવા.

● સૂત્ર-૯૮૦ (અધુરેથી) :-

*ભગવન્ ! નૈરયિકે આયુકર્મ બાંધ્યુ છે૦ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાંકને ચારે ભંગ છે. એ રીતે સર્વત્ર નૈરયિકોને ચારે ભંગ છે. માત્ર કૃષ્ણલેશ્યી અને કૃષ્ણપાક્ષિકને પહેલો-ત્રીજો ભંગ. સમ્યક્મિથ્યાત્વમાં ત્રીજો-ચોથો-ભંગ.*

*અસુરકુમારને એ પ્રમાણે જ, કૃષ્ણલેશ્યીને પણ ચાર ભંગો કહેવા, બાકી બધું નૈરયિકવત્. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયિકોને સર્વત્ર ચાર ભંગ. માત્ર કૃષ્ણપાક્ષિકને પહેલો-ત્રીજો ભંગ.*

*તેજોલેશ્યી વિશે પ્રશ્ન ? ગૌતમ ! બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે. બાકીના બધામાં ચાર ભંગો. - - એ રીતે અપ્કાયિક, વનસ્પતિકાયિક પણ સંપૂર્ણ કહેવા. તેઉકાયિક-વાયુકાયિકને બધે જ પહેલો-ત્રીજો ભંગ. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાને પણ સર્વત્ર પહેલો-ત્રીજો ભંગ, માત્ર સમ્યકત્વ, જ્ઞાન,*

*આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ત્રીજો ભંગ.*

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને કૃષ્ણપાક્ષિકમાં પહેલો-ત્રીજો ભંગ, સમ્યક્ત્વ-મિથ્યાત્વમાં ત્રીજો-ચોથો ભંગ. સમ્યકત્વ, જ્ઞાન, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ પાંચ પદોમાં બીજા સિવાયના ત્રણ ભંગો. બાકીનામાં ચાર ભંગો. મનુષ્યોને જીવ માફક કહેવા. માત્ર સમ્યક્ત્વ ઔધિક જ્ઞાન, આભિનિબોધિક જ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાનમાં બીજા સિવાયના ભંગો છે, બાકી પૂર્વવત્. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક ત્રણે અસુરકુમારવત્ જાણવા.*

*નામ, ગોત્ર, અંતરાય એ ત્રણે જ્ઞાનાવરણીય માફક કહેવી. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૯૮૦ (અધુરેથી) :-**

નારક દંડકમાં ચાર ભંગો. તેમાં (૧) બાંધ્યુ છે, બંધકાળે બાંધે છે, ભવાંતરનું બાંધશે. (૨) સિદ્ધિ પ્રાપ્તિ યોગ્યને બીજો, (૩) બંધકાળના અભાવે, ભાવિ બંધ અપેક્ષાએ ત્રીજો. (૪) બદ્ધ પરભવિકાયુ પછી પ્રાપ્તવ્ય ચરમભવથી ચોથો. એ પ્રમાણે સર્વત્ર. વિશેષ આ - લેશ્યાપદમાં કૃષ્ણલેશ્યી નારકોમાં પહેલો-ત્રીજો. બીજો ભંગ નથી, કૃષ્ણલેશ્યી નારક તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય, અચરમશરીરી હોય. કૃષ્ણલેશ્યા પાંચમી નરકપૃથ્વી આદિમાં હોય, ત્યાંથી ઉદ્વર્તીને સિદ્ધ ન થાય. તેથી એ નારક તિર્યંચાદિ આયુ બાંધીને અચરમશરીરપણાથી ફરી બાંધશે. તથા કૃષ્ણલેશ્યી નારક આયુના અબંધકાળે તે ન બાંધે. બંધકાળે બાંધશે તે ત્રીજો ભંગ. આયુના અબંધકત્વ અભાવે ચોથો ભંગ નથી.

કૃષ્ણપાક્ષિક નારકને બીજો ભંગ નથી, કેમકે તે આયુ બાંધીને ફરી તે આયુ ન બાંધે. તેને ચરમ ભવનો અભાવ છે. ત્રીજો ભંગ છે, ચોથો નથી. સમ્યગ્મિથ્યાદૃષ્ટિને આયુ બંધના અભાવે ત્રીજો, ચોથો ભંગ નથી.

અસુરકુમાર દંડકમાં - x - કૃષ્ણલેશ્યીને પણ ચાર ભંગ કહ્યા. કેમકે તેને મનુષ્યગતિ પ્રાપ્તિમાં સિદ્ધિના સંભવથી બીજો, ચોથો પણ છે.

પૃથ્વીકાયિક દંડકમાં પૂર્વોક્તાનુસાર પહેલો-ત્રીજો ભંગ છે.

તેજોલેશ્યાદપદે કેટલાંક તેજોલેશ્ય દેવ પૃથ્વીકાયિકમાં ઉપજે, તે અપર્યાપ્તક અવસ્થામાં તેજોલેશ્યી હોય છે ઈત્યાદિ - x - કારણે ત્રીજો ભંગ. એ પ્રમાણે અપ્‌કાયિક. વનસ્પતિકાયિકને પણ જાણવા. ઉક્ત ન્યાયે કૃષ્ણપાક્ષિકને પહેલો - ત્રીજો ભંગ, કેમકે તેજોલેશ્યામાં ત્રીજો ભંગ સંભવે છે.

તેઉકાય, વાયુકાયને સર્વત્ર અગિયારેમાં પહેલો-ત્રીજો ભંગ હોય છે. ત્યાંથી ઉદ્વર્તીને પછી મનુષ્યમાં અનુત્પત્તિથી સિદ્ધિગમનના અભાવે બીજો, ચોથો ભંગ સંભવે છે. કેમકે કહ્યું છે — સાતમી નરક, તેઉ, વાયુને ઉદ્વર્તીને માનુષ્યત્વ પ્રાપ્ત થતું નથી. - - વિકલેન્દ્રિયને સર્વત્ર પહેલો-ત્રીજો ભંગ છે. તેમને ઉદ્વર્તન પછીના જ ભવે માનુષ્યત્વમાં નિર્વાણ અભાવે અવશ્ય આયુનો બંધ છે. હવે વિકલેન્દ્રિયમાં અપવાદ કહે છે — સમ્યકત્વ, જ્ઞાન, આભિનિબોધિક અને શ્રુતમાં વિકલેન્દ્રિયોને



ત્રીજો જ ભંગ હોય, કેમકે સમ્યકત્વાદિ તેમને સાસ્વાદન ભાવથી અપર્યાપ્તકકાવસ્થામાં જ હોય, તે ચાલ્યા જતાં આયુનો બંધ થાય. પૂર્વે બાંધેલ છે, હાલ ન બાંધે, પછી બાંધશે.

પંચેન્દ્રિય તિર્યંચોમાં કૃષ્ણપાક્ષિક પદમાં પહેલો-ત્રીજો-. કેમકે તે આયુ બાંધીને કે ન બાંધીને તેનો અબંધક થાય-સિદ્ધિગમન યોગ્યતાથી. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિને આયુના બંધના અભાવે ત્રીજો ચોથો ભંગ હોય. પંચેન્દ્રિય તિર્યંચોને સમ્યક્ત્વાદિ પાંચમાં બીજા સિવાયના ભંગ થાય. કેમકે તેને સમ્યગ્દૃષ્ટિ હોય તો દેવમાં જ જાય, ફરી આયુ બાંધે જ, તેથી તેને બીજો ભંગ ન સંભવે. મનુષ્યાયુમાં ચરમભવ હોય તો ચોથો ભંગ. મનુષ્યમાં ઉક્ત પાંચમાં બીજા સિવાયના ભંગો. ભાવના પૂર્વવત્.

## ❀ શતક-૨૬, ઉદ્દેશો-૨ ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૧-માં જીવાદિ દ્વારમાં ૧૧-પ્રતિબદ્ધ વડે નવ પાપકર્માદિ પ્રકરણ વડે ૨૫- જીવસ્થાનો નિરૂપ્યા. અહીં તે ૨૪ નિરૂપે છે —

**● સૂત્ર-૯૮૧ :-**

*ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિકે પાપકર્મ બાંધ્યું૦ પ્રશ્ન ? તે પ્રમાણે જ ગૌતમ ! કોઈક બાંધે૦ પહેલો-બીજો ભંગ.*

*ભગવન્ ! સલેશ્યી અનંતરોપપન્નક નૈરયિક પાપકર્મ બાંધે૦ પ્રશ્ન ? ગૌતમ ! પહેલો, બીજો ભંગ. એ રીતે સર્વત્ર પહેલો-બીજો ભંગ. વિશેષ એ - સમ્યકત્વ મિથ્યાત્વ, મનોયોગ, વચનયોગ ન પૂછવો. એ રીતે સ્તનિતકુમાર પર્યન્ત કહેવું. બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચતુરિન્દ્રિયને વચનયોગ ન કહેવો. પંચેન્દ્રિય તિર્યંચોને પણ સમ્યકત્વમિથ્યાત્વ, અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન, મનોયોગ, વચનયોગ એ પાંદ પદો ન કહેવા.*

*મનુષ્યોમાં અલેશ્યત્વ, સમ્યકત્વમિથ્યાત્વ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, વિભંગજ્ઞાન, નોસંજ્ઞોપયુક્ત, અવેદક, અકષાયી, મનોયોગી, વચનયોગી, અયોગી આ અગિયાર પદો ન કહેવા. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકોવત્ કહેવા. પૂર્વોક્ત ત્રણ પદ ન કહેવા. બાકીના જે સ્થાનો, તેમાં સર્વત્ર પહેલો-બીજો ભંગ કહેવો. એકેન્દ્રિયોને સર્વત્ર પ્રથમ-બીજો ભંગ કહેવા. પાપકર્મમાં કહ્યા મુજબ જ્ઞાનાવરણીયકર્મનો દંડક કહેવો. એ રીતે આયુને વર્જીને અંતરાયકર્મ સુધી દંડક કહેવા.*

*ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિકે શું આયુકર્મ બાંધ્યુ છે૦ પ્રશ્ન ? ગૌતમ ! બાંધ્યુ છે, બાંધતો નથી, બાંધશે. - - ભગવન્ ! સલેશ્યી અનંતરોપપન્નક નૈરયિકે શું આયુકર્મ બાંધ્યુ૦ ? પૂર્વવત્ ત્રીજો ભંગ. એ રીતે યાવત્ અનાકારોપયુક્ત, સર્વત્ર ત્રીજો ભંગ, એ પ્રમાણે મનુષ્ય વર્જીને યાવત્ વૈમાનિક કહેવું. - - મનુષ્યોને સર્વત્ર ત્રીજો-ચોથો ભંગ કહેવો. માત્ર કૃષ્ણપાક્ષિકમાં ત્રીજો ભંગ કહેવો. બધામાં ભિન્નતા પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે,*

*એમ જ છે.*

● **વિવેચન-૯૮૧ :-**

અહીં પહેલા બે ભંગ જ અનંતરોપપન્ન નારકને મોહલક્ષણ પાપકર્મના અબંધકત્વથી અસંભવ છે. - x - x - આ લેશ્યાદિ પદોમાં સામાન્યથી નારકાદિઓ સંભવે છે, જે પદો અનંતરોત્પન્ન નારકાદિને અપર્યાપ્તકત્વથી ન હોય, તેને તેમાં ન કહેવા. - x - x - આયુકર્મ દંડકમાં અનંતરોત્પન્ન મનુષ્ય આયુ ન બાંધે, પછી બાંધશે. પણ ચરમશરીરી તો બાંધતો નથી, બાંધશે પણ નહીં. કૃષ્ણપાક્ષિકમાં - x - માત્ર ત્રીજો ભંગ છે. બધાં નારકાદિ જીવોને જે પાપકર્મ દંડકમાં કહ્યું તે ભિન્નત્વ અહીં પણ કહેવું.

## ❀ શતક-૨૫, ઉદ્દેશો-૩ ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૨-માં અનંતરોત્પન્ન કહ્યા. અહીં પરંપરોત્પન્ન કહે છે—

● **સૂત્ર-૯૮૨ :-**

*ભગવન્ ! પરંપરોત્પન્ન નૈરયિકે પાપકર્મ બાંધ્યુ૦ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાંકે૦ પહેલો, બીજો ભંગ. જેમ ઉદ્દેશા-૧-માં કહ્યું, તેમ આ ઉદ્દેશો પણ કહેવો. નૈરયિકોના તે રીતે જ નવદંડક કહેવા. આઠ કર્મપ્રકૃત્તિમાં જેને જે કર્મની વક્તવ્યતા હોય. તે તેને અન્યૂનાધિક જાણવી યાવત્ અનાકારોપયુક્ત વૈમાનિક. ભગવન્ ! તે એમ જ છે. (૨)*

● **વિવેચન-૯૮૨ :-**

જેમ ઉદ્દેશા-૧-માં જીવ, નારકાદિ વિષય છે, તેમ કહેવા. માત્ર ત્યાં જીવ, નારકાદિ ૨૫-પદો કહ્યા છે, અહીં નારકાદિ ૨૪-પદ છે. - - જ્ઞાનાવરણાદિ પ્રતિબદ્ધ પાપકર્મના જે નવ દંડક પૂર્વે કહ્યા, તે કહેવા.

## ❀ શતક-૨૬, ઉદ્દેશા-૪ થી ૧૧ ❀

— x — x — x — x —

● **સૂત્ર-૯૮૩ થી ૯૯૦ :-** *[ઉદ્દેશા ક્રમ મુજબ એક એક સૂત્ર]*

*[૯૮૩] ભગવન્ ! અનંતરાવગાઢ નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાકે૦ એ પ્રમાણે જેમ અનંતરોત્પન્નકના નવ દંડક સહિતનો ઉદ્દેશો કહેલો, તેમ અનંતરાવગાઢ પણ અન્યૂનાધિક નૈરયિક યાવત્ વૈમાનિક સુધી કહેવો. ભગવન્ ! તે એમ જ છે. [૪]*

*[૯૮૪] ભગવન્ ! પરંપરાવગાઢ નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? પરંપરોત્પન્ન ઉદ્દેશા સમાન સંપૂર્ણ કહેવું. ભ૦ તેમજ છે. [૫]*

*[૯૮૫] ભગવન્ ! અનંતરાહારક નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! અનંતરોત્પન્ન ઉદ્દેશા મુજબ સંપૂર્ણ કહેવું. - x - [૬]*

*[૯૮૬] ભગવન્ ! પરંપરાહારક નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! પરંપરોત્પન્ન ઉદ્દેશા મુજબ સંપૂર્ણ કહેવું. - x - [૭]*



*[૯૮૭] ભગવન્ ! અનંતર પર્યાપ્તક નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! અનંતરોત્પન્ન ઉદ્દેશા મુજબ સંપૂર્ણ કહેવું. - x - [૮]*

*[૯૮૮] ભગવન્ ! પરંપર પર્યાપ્તક નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! પરંપરોત્પન્ન ઉદ્દેશા મુજબ સંપૂર્ણ કહેવું. - x - [૯]*

*[૯૮૯] ભગવન્ ! ચરમ નૈરયિકે પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! પરંપરોત્પન્ન ઉદ્દેશા મુજબ અહીં સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે. [૧૦]*

*[૯૯૦] ભગવન્ ! અચરમ નૈરયિકે શું પાપકર્મ બાંધેલું૦ આદિ પ્રશ્ન ? ગૌતમ ! કેટલાકે૦ એ પ્રમાણે જેમ પહેલો ઉદ્દેશો તેમ પહેલો-બીજો ભંગ સર્વત્ર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી કહેવું.*

*ભગવન્ ! અચરમ મનુષ્યે શું પાપકર્મ બાંધેલું૦ પ્રશ્ન. ગૌતમ ! કેટલાંકે બાંધેલું, બાંધે છે, બાંધશે. કેટલાકે બાંધેલું, બાંધે છે, બાંધશે નહીં. કેટલાંકે બાંધેલું, બાંધતા નથી, બાંધશે. [ત્રણ ભંગ] - - - ભગવન્ ! સલેશ્યી અચરમ મનુષ્યે શું પાપકર્મ બાંધેલું ? પૂર્વવત્ છેલ્લા ભંગને છોડીને ત્રણ ભંગ ઉદ્દેશા-૧-સમાન કહેવા. વિશેષ એ કે — જે વીસ પદોમાં ચાર ભંગ છે, તેમાં અહીં છેલ્લા ભંગને છોડીને પહેલાંના ત્રણ ભંગો કહેવા - - અલેશ્યી, કેવળજ્ઞાની, અયોગી આ ત્રણેમાં પ્રશ્ન ન કરવો. બાકી પૂર્વવત્.*

*વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક વિશે નૈરયિક સમાન કહેવું.*

*ભગવન્ ! અચરમ નૈરયિકે શું જ્ઞાનાવરણીય કર્મ બાંધેલું૦ ? ગૌતમ ! 'પાપકર્મ' સમાન અહીં કહેવું. વિશેષ એ કે - મનુષ્યોમાં સકષાયી અને લોભકષાયીમાં પહેલો, બીજો ભંગ કહેવો અને બાકીના અઢાર પદોમાં છેલ્લા ભંગને છોડીને ત્રણ ભંગ શેષ સર્વત્ર વૈમાનિક પર્યન્ત પૂર્વવત્.*

*દર્શનાવરણીય કર્મમાં એ પ્રમાણે જ બધું કહેવું.*

*વેદનીયનમાં સર્વત્ર પણ પહેલો, બીજો ભંગ વૈમાનિક સુધી કહેવો. માત્ર મનુષ્યોમાં અલેશ્યી, કેવળી, અયોગી હોતા નથી.*

*ભગવન્ ! અચરમ નૈરયિકે મોહનીયકર્મ બાંધેલું૦ પ્રશ્ન ? ગૌતમ ! પાપકર્મ માફક બધું જ વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! અચરમ નૈરયિકે આયુકર્મ બાંધેલું ? પ્રશ્ન. ગૌતમ ! પહેલો, બીજો ભંગ કહેવો. - - - આ પ્રમાણે નૈરયિકોના બહુવચના સર્વે પદોમાં પહેલો, ત્રીજો ભંગ કહેવો. માત્ર સમ્યક્મિથ્યાત્વમાં ત્રીજો ભંગ કહેવો. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વી, અપ્, વનસ્પતિકાયિકમાં તેજોલેશ્યામાં ત્રીજો ભંગ બાકીના પદોમાં સર્વત્ર પહેલો, ત્રીજો ભંગ કહેવો. તેઉ, વાયુમાં સર્વત્ર પહેલા ત્રણ ભંગો, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોમાં એ પ્રમાણે જ કહેવું. માત્ર સમ્યક્ત્વ, અવધિજ્ઞાન, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન એ ચાર સ્થાનોમાં ત્રીજો ભંગ કહેવો. પંચેન્દ્રિય*

*તિર્યંચયોનિકોમાં સમ્યક્ મિથ્યાત્વમાં ત્રીજો ભંગ. બાકીના પદોમાં સર્વત્ર પહેલો, ત્રીજો ભંગ. મનુષ્યોમાં સમ્યક્મિથ્યાત્વ, અવેદક, અકષાયમાં ત્રીજો ભંગ. અલેશ્યી, કેવળજ્ઞાન, અયોગીમાં ન પૂછવું. બાકી પદોમાં સર્વત્ર પહેલો-ત્રીજો ભંગ. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકોને નૈરયિકવત્ જાણવા. - - - - નામ, ગોત્ર અને અંતરાયકર્મમાં સંપૂર્ણ જ્ઞાનાવરણીય માફક જ કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે કહી યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૯૮૩ થી ૯૯૦ :-** *[ઉદ્દેશા-૪ થી ૧૧નું]*

અનંતરાવગાઢ - ઉત્પત્તિ સમય અપેક્ષાએ અહીં અનંતર અવગાઢત્વ જાણવું. અન્યથા અનંતરોત્પન્ન અને અનંતરાવગાઢમાં નિર્વિશેષતા નહીં રહે. - x - આહારકત્વના પ્રથમ સમયવર્તી તે અનંતરાહારક અને દ્વિતીયાદિ સમયવર્તી તે પરંપરાહારક. પર્યાપ્તકત્વના પ્રથમ સમયવર્તી તે અનંતર પર્યાપ્તક. તે પર્યાપ્તિ સિદ્ધ થતાં જ તેના ઉત્તર કાળે જ પાપકર્માદિ અબંધલક્ષણ કાર્યકારી થાય છે. તેથી તેને અનંતરોત્પન્નવત્ વ્યપદેશ કરાય છે. તેથી જ કહ્યું – "જેમ અનંતરોત્પન્ન".

ચરમ - પુનઃ તે ભવ પ્રાપ્ત ન કરનાર. અહીં જો કે અવિશેષણથી અતિદેશ કર્યો છે, તો પણ વિશેષથી જાણવો. તેથી કહે છે – ચરમોદ્દેશકને પરંપરોદ્દેશકવત્ કહેવો. પરંપરોદ્દેશક પહેલા ઉદ્દેશાવત્ છે. તેમાં મનુષ્ય પદમાં આયુષ્યની અપેક્ષાએ સામાન્યથી ચારે ભંગ કહ્યા. તેમાં ચરમ મનુષ્યના આયુષ્ક કર્મબંધને આશ્રીને ચોથો જ ઘટે. કેમકે જે ચરમ એવો આ આયુ બાંધેલ છે, બાંધતો નથી, બાંધશે નહીં. અન્યથા ચરમત્વ જ ન રહે. એ રીતે બીજે પણ વિશેષ જાણવું.

અચરમ છે તે ભવને ફરી પ્રાપ્ત કરશે. તેમાં અચરમ ઉદ્દેશામાં પંચેન્દ્રિયતિર્યંચ સુધીના પદોમાં પાપકર્મ આશ્રીને પહેલો બે ભંગો, મનુષ્યોને છેલ્લો ભંગ વર્જીને ત્રણે ભંગ કહેવા. - x -

અચરમ મનુષ્ય ઈત્યાદિ વીશ પદોમાં૦ - તે આ પ્રમાણે છે – ૧. જીવ, ૨- સલેશ્ય, ૩-શુક્લલેશ્ય, ૪-શુક્લપાક્ષિક, ૫-સમ્યગ્દૃષ્ટિ, ૬-જ્ઞાની, ૭ થી ૧૦-મતિજ્ઞાનાદિ ચતુષ્ક, ૧૧-નોસંજ્ઞોપયુક્ત, ૧૨-વેદ, ૧૩-સકષાય, ૧૪-લોભકષાય, ૧૫-સયોગી, ૧૬ થી ૧૮ મનોયોગી આદિ ત્રણે. ૧૯-સાકારોપયુક્ત, ૨૦-અનાકારોપ-યુક્ત.

આ પદોમાં સામાન્યથી ભંગચતુષ્ક સંભવે છતાં અચરમત્વથી મનુષ્યપદે ચોથો ભંગ નથી. ચરમમાં જ તે સંભવે છે.

અલેશ્યી આદિ ત્રણ ચરમ જ હોય તેથી તેનો પ્રશ્ન અહીં ન કરવો. જ્ઞાનાવરણીય દંડક પણ આ પ્રમાણે છે. માત્ર વિશેષ એ કે - પાપકર્મ દંડકમાં સકષાય, લોભકષાયાદિમાં પહેલાં ત્રણે ભંગો કહ્યા. અહીં પહેલા બે જ કહેવા. કેમકે આ, જ્ઞાનાવરણીય ન બાંધીને ફરી બંધક ન થાય. કષાયી સદૈવ જ્ઞાનવરણના બંધક હોય. ચોથો ભંગ અચરમત્વથી ન હોય.

વેદનીયમાં સર્વત્ર પહેલો, બીજો ભંગ છે. કેમકે ત્રીજો-ચોથાનો અસંભવ છે.



પૂર્વે કહેલ યુક્તિ મુજબ સંભવતો નથી. અયોગીને બીજો ભંગ જ હોય.

આયુદંડકમાં-અચરમને પહેલો-ત્રીજો ભંગ છે. પહેલો પ્રસિદ્ધ છે, અચરમત્વથી બીજો ભંગ નથી. કેમકે અચરમને આયુબંધ અવશ્ય થાય. ત્રીજા ભંગમાં તેના અબંધકાળમાં આયુકર્મ ન બાંધે, અચરમત્વને લીધે ભવિષ્યમાં બાંધશે. બાકીના પદોની ભાવના પૂર્વોક્તાનુસાર કરવી.

પ્રત્યેક ઉદ્દેશક બન્ધી શબ્દથી ઉપલક્ષિત હોવાથી આ બંધીશતક છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૬નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૨૭ 卐

-- x -- x --

૦ શતક-૨૬-ની વ્યાખ્યા કરી, હવે ૨૭મું આરંભે છે. ૨૬-માં જીવની કર્મ બંધન ક્રિયા કહી. અહીં જીવની તથાવિધ જ કર્મકરણ ક્રિયા કહે છે –

### ❀ શતક-૨૭, ઉદ્દેશા-૧ થી ૧૧ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૯૯૧ :-**

*ભગવન્ ! જીવે પાપકર્મ કર્યું, કરે છે, કરશે ? કર્યું છે, કરે છે, કરશે નહીં ? કર્યું છે, કરતો નથી, કરશે ? કર્યું છે, કરતો નથી, કરશે નહીં ?*

*ગૌતમ ! કેટલાંકે કર્યું છે, કરે છે, કરશે. કેટલાંકે કર્યું છે, કરે છે, કરશે નહીં. કેટલાંકે કર્યું છે, કરતો નથી, કરશે. કેટલાંકે કર્યું છે, કરતો નથી, કરશે નહીં.*

*ભગવન્ ! સલેશ્યી જીવ પાપકર્મ૦ એ પ્રમાણે આ અભિલાપથી જેમ શતક-૨૬ માં વ્યક્તવ્યતા છે, તે સંપૂર્ણ અહીં કહેવી. તે રીતે જ નવ દંડકો સહિત ૧૧-ઉદ્દેશા કહેવા. - - - "કર્યું છે" શતક સમાપ્ત.*

● **વિવેચન-૯૯૧ :-**

બંધ અને કરણમાં શો ભેદ ? કશો નહીં. તો પછી જુદા કેમ કહ્યા ? આ જીવની કર્મબંધ ક્રિયા તે જીવકર્તૃકા છે, ઈશ્વરાદિકૃત નથી તે દર્શાવવા. અથવા સામાન્યથી બંધ કહેવાય, અવશ્ય વિપાકદાયિત્વથી કરણ, નિધત્તાદિ સ્વરૂપે નિષ્પાદન કરવું. - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -





## 卐 શતક-૨૮ 卐

-- x -- x --

૦ કર્મ વક્તવ્યતા અનુગત શતક-૨૭ની વ્યાખ્યા કરી. હવે ક્રમથી આવતા શતક-૨૮ની વ્યાખ્યા કરીએ છીએ. તેમાં ૧૧-ઉદ્દેશા છે પૂર્વવત્.

### ❀ શતક-૨૮, ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૯૯૨ :-**

*ભગવન્ ! જીવોએ ક્યાં પાપકર્મનું સમર્જન કર્યુ ? અને ક્યાં આચરણ કર્યુ ? ગૌતમ ! (૧) બધાં જીવો તિર્યંચયોનિકોમાં હતા. (૨) અથવા તિર્યંચયોનિ અને નૈરયિકોમાં હતા. (3) અથવા તિર્યંચયોનિક અને મનુષ્યોમાં હતા, (૪) અથવા તિર્યંચયોનિક અને દેવોમાં હતા, (૫) અથવા તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવોમાં હતા. (૬) અથવા તિર્યંચ, મનુષ્ય અને નારકમાં હતા. (૭) અથવા તિર્યંચ, નરક અને દેવોમાં હતા. (૮) અથવા તિર્યંચ, નૈરયિક, મનુષ્ય અને દેવોમાં હતા [તે તે ગતિમાં સમર્જન અને આચરણ કર્યુ.]*

*ભગવન્ ! સલેશ્યી જીવો પાપકર્મ ક્યાં સમર્જન કરે, ક્યાં આચરે ? પૂર્વવત્. એ રીતે કૃષ્ણલેશ્યી યાવત્ અલેશ્યી, કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક, એ પ્રમાણે યાવત્ અનાકારોપયુક્ત કહેવા.*

*ભગવન્ ! નૈરયિકોએ પાપકર્મનું સમર્જન ક્યાં કર્યુ, સમાચરણ ક્યાં કર્યુ ? ગૌતમ ! બધાં જીવો તિર્યંચયોનિમાં હતા ઈત્યાદિ આઠ ભંગ પૂર્વવત્ કહેવા. એ રીતે સર્વત્ર આઠ ભંગો અનાકારોપયુક્ત સુધી કહેવા.*

*એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - - એ રીતે જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય સુધી કહેવું. - - - આ જ પ્રમાણે જીવાદિથી વૈમાનિક પર્યન્ત નવ દંડકો થાય છે. ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૯૯૨ :-**

સમજ્જિણ૦ - કઈ ગતિમાં વર્તતા ગ્રહણ કર્યુ ? સમાયર૦ ક્યાં આચરણ કર્યુ ? પાપકર્મ હેતુ સમાચરણથી તેના વિપાકને અનુભવ્યો. અથવા આ બંને પર્યાય શબ્દો છે. - - સર્વે જીવોને તિર્યંચયોનિ માતૃસ્થાનીય છે, તેથી સર્વે તિર્યંચોથી અન્ય નારકાદિ, તિર્યંચથી આવીને ઉત્પન્ન કદાચિત્ હોય. તેથી તે બધાં પણ તિર્યંચયોનિકથી આવ્યા એમ વ્યપદેશ કર્યો. અર્થાત્ જે વિવક્ષિત સમયમાં નારકાદિ થયા, તે અલ્પત્વથી બધાં પણ સિદ્ધિગમન વડે તિર્યક્ગતિ પ્રવેશ વડે નિર્લેપપણે ઉદ્વર્ત્યા, પછી તિર્યક્ગતિના અનંતત્વથી અનિર્લેપનીયત્વથી ઉદ્વૃત્ત થઈ તિર્યંચ સ્થાનોથી નારકાદિપણે ઉપજ્યા. તેમણે તિર્યંચગતિમાં નરકગત્યાદિ હેતુભૂત પાપકર્મ ગ્રહણ કર્યુ.

અથવા વિવક્ષિત સમયે જે મનુષ્ય અને દેવો થયા, તેઓ નિર્લેપપણે તેમજ ઉદ્વૃત થઈ, તે સ્થાનોથી તિર્યંચ અને નારકોથી આવીને ઉપજ્યા. તેઓ તિર્યંચ અને નારક થયા તેમ કહેવાય અર્થાત્ ત્યાં જ તે કર્મ ઉપાર્જ્યુ.

અથવા વિવક્ષિત સમયે જે નૈરયિક અને દેવો તે તેમજ નિર્લેપપણે ઉદ્વર્તીને, તે સ્થાનોથી તિર્યંચ અને મનુષ્યમાં આવીને ઉત્પન્ન થયા. તેઓ તિર્યંચ અને મનુષ્ય થયા કહેવાય. જે જેમાં થયા, તેમાં જ કર્મ ઉપાર્જ્યું.

આ ભાવના વડે આ આઠ ભંગો છે તેમાં (૧) તિર્યંચગતિમાં જ, બીજા તિર્યંચ-નૈરયિક, તિર્યંચ-મનુષ્ય, તિર્યંચ-દેવ એ રીતે ત્રણ દ્વિકસંયોગી છે. તિર્યંચ-નૈરયિક-મનુષ્ય, તિર્યંચ-નૈરયિક-દેવ, તિર્યંચ-મનુષ્ય-દેવ એ ત્રણ ત્રિકસંયોગી છે. એક ચતુષ્કસંયોગી છે. सव्वत्थ - સલેશ્યાદિ પદોમાં, પાપકર્માદિ ભેદથી નવ દંડકો.

## ❀ શતક-૨૮, ઉદ્દેશો-૨ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૯૯૩ :-**

*ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિકે પાપકર્મ ક્યાં ગ્રહણ કર્યું ? ક્યાં આચરણ કર્યું ? ગૌતમ ! તે બધાં તિર્યંચયોનિકમાં હતા, એ પ્રમાણે અહીં પણ આઠ ભંગો છે. એ પ્રમાણે અનંતરોપપન્નક નૈરયિકોને જેને જે લેશ્યાથી અનાકારોપયોગ પર્યન્ત હોય, તે બધું જ અહીં ભજનાથી વૈમાનિક પર્યન્ત કહેવું. વિશેષ એ કે - અનંતરમાં જે છોડવા યોગ્ય છે, તે - તે બોલ બંધિશતક માફક અહીં પણ છોડી દેવા. એ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મથી અંતરાય કર્મ સુધી બધાં દંડક સંપૂર્ણ કહેવા. નવ દંડક સહિત આ ઉદ્દેશો કહેવો.*

## ❀ શતક-૨૮, ઉદ્દેશા-૩ થી ૧૧ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૯૯૪ :-**

*એ પ્રમાણે આ ક્રમથી જેમ બંધિ શતકમાં ઉદ્દેશકોની પરિપાટી છે, તેમજ અહીં પણ આઠ ભંગોમાં જાણવી. વિશેષ એ કે - જે બોલ જેમાં હોય, તે તેમાં કહેવો યાવત્ અચરમ ઉદ્દેશો. આ બધાં થઈને ૧૧-ઉદ્દેશા છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૯૯૩,૯૯૪ :-**

અનંતરોપપન્ન નારકાદિમાં જે સમ્યક્‌મિથ્યાત્વ, મનોયોગ, વાક્‌યોગ આદિ પદો અસંભવ હોવાથી પૂછવા નહીં, તે જેમ બંધિશતકમાં કહ્યું તેમ અહીં પણ કહેવું. - - [શંકા] પહેલા ભંગમાં બધાં તિર્યંચથી આવીને ઉત્પન્ન થયા તેમ કહ્યું, તે કઈ રીતે સંભવે ? આનતાદિ દેવો, તીર્થંકરાદિ મનુષ્ય વિશેષો ત્યાંથી આવીને ઉત્પન્ન ન થાય ? એ રીતે બીજા ભંગોમાં પણ કહેવું.

[સમાધાન] સત્ય છે, પણ બહુલતાને આશ્રીને આ ભંગો ગ્રહણ કરવા, આ પ્રમાણે વૃદ્ધ વચનથી અમે કહ્યું. - - કર્મ સમર્જન લક્ષણ શતક પૂર્ણ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૮નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



# ✠ શતક-૨૯ ✠

-- x -- x --

૦ પાપકર્માદિ વક્તવ્યતા અનુગત શતક-૨૮ની વ્યાખ્યા કરી, હવે ક્રમથી આવતા તે પ્રકારના શતક-૨૯ની વ્યાખ્યા, તેમાં ૧૧-ઉદ્દેશા છે.

## ❀ શતક-૨૯, ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૯૯૫ :-**

*ભગવન્! જીવો, પાપકર્મ શું (૧) એક કાળે વેદવાનો આરંભ કરે છે અને એક કાળે સમાપ્ત કરે છે? (૨) એક કાળે આરંભ કરે છે અને અંત ભિન્ન કાળે કરે છે? (૩) ભિન્ન કાળે આરંભે છે અને એક કાળે અંત કરે છે? (૪) ભિન્ન કાળે આરંભે છે અને ભિન્ન કાળે અંત કરે છે? ગૌતમ! કેટલાંક એક કાળે આરંભ કરે છે અને એક કાળે અંત કરે છે. યાવત્ કેટલાંક ભિન્ન કાળે આરંભે છે અને ભિન્ન કાળે અંત કરે છે. - - ભગવન્! એમ કેમ કહ્યું - x -?*

*ગૌતમ! જીવો ચાર ભેદે છે — (૧) કેટલાંક સમાનાયુ સમાનોત્પન્ન છે. (૨) કેટલાંક સમાનાયુ વિષમોત્પન્નક છે. (૩) કેટલાંક વિષમાયુ સમાનોત્પન્ન છે. (૪) કેટલાંક વિષમાયુ વિષમોત્પન્નક છે. તેમાં જે સમાનાયુ સમાનોત્પન્ન છે, તેઓ પાપકર્મ એક કાળે વેદવાનું આરંભી, એક કાળે અંત કરે છે. તેમાં જે સમાયુ વિષમોત્પન્નક છે, તેઓ પાપકર્મ એક કાળે આરંભી ભિન્ન ભિન્ન કાળે અંત કરે છે. તેમાં જે વિષમાયુ સમાનોત્પન્ન છે, તેઓ પાપકર્મ વેદન ભિન્ન ભિન્ન કાળે આરંભી, સમકાળે અંત કરે છે. તેમાં જે વિષમાયુ વિષમોત્પન્ન છે, તેઓ પાપ કર્મવેદન ભિન્ન ભિન્ન કાળે આરંભી, ભિન્ન ભિન્ન કાળે અંત કરે છે. માટે કહ્યું.*

*ભગવન્ સલેશ્યી જીવો પાપકર્મ૦ ? પૂર્વવત્. એ પ્રમાણે અનાકારોપયુક્ત સુધી બધાં સ્થાનોમાં બધાં પદોમાં આ વક્તવ્યતા કહેવી.*

*ભગવન્ ! નૈરયિકો પાપકર્મોનું વેદન સમકાળે અને અંત પણ સમકાળે કરે૦ ઈત્યાદિ પ્રશ્નો ? ગૌતમ ! કેટલાંક સમકાળે આરંભે. એ પ્રમાણે જીવોમાં કહ્યા મુજબ કહેવું. યાવત્ અનાકારોપયુક્તતા. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું, પણ જે જેને હોય, તે આ ક્રમ વડે "પાપદંડક"વત્ કહેવું. આ જ ક્રમથી આઠે કર્મપ્રકૃતિમાં આઠ દંડકો જીવથી વૈમાનિક સુધી કહેવા.*

*આ નવ દંડક સહિત પહેલો ઉદ્દેશો કહેવો. ભ૦ તે એમ જ છે.*

● **વિવેચન-૯૯૫ :-**

समाय - સમકાળે, - x - पट्ठविंसु - પહેલી વખત વેદવાનો આરંભ કરનારા. સમકાળે निट्ठविंसु - નીષ્ઠાએ લઈ જનાર, (અંત કરનારા). - x - विसम - જેમ વિષમ થાય, વિષમપણે [ભિન્નકાળે] - x - समाउय - ઉદયની અપેક્ષાએ સમકાળે આયુના ઉદયવાળા. समोववन्नग - વિવક્ષિત આયુના ક્ષયમાં સમકાળે જ ભવાંતરમાં ઉત્પન્ન થનારા એવા તે૦ - x -

[શંકા] આ ચૌભંગી આયુકમપિક્ષાએ ઘટી શકે, પાપકર્મ વેદનથી ન ઘટી શકે. કેમકે (પાપકર્મ) આયુકમપિક્ષાએ આરંભ કે અંત ન પામે. - - - એવું નથી. અહીં ભવ અપેક્ષાએ કર્મનો ઉદય અને ક્ષય ઈષ્ટ છે. તેથી સમાનાયુ સમોત્પન્નક પાપકર્મને સમકાળે વેદવાનો આરંભ અને સમકાળે અંત કરે. ઈત્યાદિ ભંગો કહ્યા. - x - x - [સૂત્રાર્થ મુજબ જાણવા વૃત્તિમાં કિંચિત્ જ વિશેષ છે.]

અહીં વૃત્તિકારશ્રી વૃદ્ધોક્તા બે ગાથા જણાવે છે.- x - x - x -

## ❁ શતક-૨૯, ઉદ્દેશો-૨ ❁

-- x -- x -- x --

● સૂત્ર-૯૯૬ :-

*ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિક સમકાળે પાપકર્મ વેદનનો આરંભ કરે અને સમકાળે અંત કરે. કેટલાંક સમકાળે આરંભે, ભિન્ન કાળે અંત કરે. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! અનંતરોત્પન્ન નૈરયિક બે ભેદે - કેટલાંક સમાનાયુ સમોત્પન્નક છે, તે પાપકર્મ વેદન સમકાળે આરંભે છે, સમકાળે અંત કરે છે. તેમાં જે સમાનાયુ, વિષમોત્પન્નક છે, તે પાપકર્મ વેદન સમકાળે આરંભે છે અને ભિન્નકાળે અંત કરે છે. તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! સલેશ્યી અનંતરોપપન્ન નૈરયિક પાપ૦ ? પૂર્વવત્. એ રીતે અનાકારોપયુક્ત સુધી કહેવું. એ રીતે અસુરકુમારથી વૈમાનિક સુધી કહેવું. માત્ર જે જેને હોય, તે તેને કહ્યું. - - આ પ્રમાણે જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીમાં દંડકો કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે (૨).*

## ❁ શતક-૨૯-ઉદ્દેશો-૩ થી ૧૧ ❁

-- x -- x -- x --

● સૂત્ર-૯૯૭ :-

*આ પ્રમાણે આ ગમક વડે બંધિ શતકની ઉદ્દેશ પરિપાટી મુજબ બધું જ અહીં કહેવું યાવત્ અચરમ ઉદ્દેશક. અનંતર ચાર ઉદ્દેશોની એક વક્તવ્યતા અને બાકીના સાતની એક વક્તવ્યતા કહેવી.*

● વિવેચન-૯૯૬,૯૯૭ :- *[ઉદ્દેશા-૨ થી ૧૧]*

અનંતરોત્પન્ન બે ભેદે છે. અનંતરોત્પન્નને આયુનો ઉદય સમકાળે જ હોય, અન્યથા તેઓ અનંતરોત્પન્ન જ ન કહેવાય. તેઓ આયુષ્યના પ્રથમ સમયવર્તી છે. મરણ પછી પરભવોત્પત્તિને આશ્રીને, તેઓ મરણ કાળે ભૂતપૂર્વ ગતિથી અનંતરોત્પન્ન કહેવાય છે. વિષમોત્પન્ન એટલે મરણની વિષમતા [ભિન્નકાળ] થી કહેવાય. આમને ત્રીજો, ચોથો ભંગ સંભવે નહીં.

અનંતરોદ્દેશક ચતુષ્ક - અનંતરોત્પન્ન, અનંતરાવગાઢ, અનંતર આહારક, અનંતર પર્યાપ્તક ઉદ્દેશા. - - કર્મપ્રસ્થાપન શતક પૂર્ણ થયું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૯નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



# 卐 શતક-૩૦ 卐

-- x -- x -- x --

૦ શતક-૨૯ ની વ્યાખ્યા કરી. હવે ૩૦-મું આરંભે છે. - x - પૂર્વ શતકમાં કર્મપ્રસ્થાપના આશ્રિત જીવો વિચાર્યા. અહીં કર્મબંધાદિ હેતુભૂત વસ્તુવાદને આશ્રીને જીવોની વિચારણા કરે છે -

## ❁ શતક-૩૦, ઉદ્દેશો-૧ ❁

-- x -- x -- x --

● સૂત્ર-૯૯૮ :-

*ભગવન્ ! સમવસરણ કેટલા છે ? ગૌતમ ! ચાર-ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી. - - ભગવન્ ! જીવો ક્રિયાવાદી છે યાવત્ વિનયવાદી છે ? ગૌતમ ! જીવો ક્રિયાવાદી આદિ ચારે છે.*

*સલેશ્યી જીવો શું ક્રિયાવાદી૦ છે, પ્રશ્ન ? ગૌતમ ! ક્રિયાવાદી આદિ ચારે છે. એ રીતે શુક્લલેશ્યા સુધી કહેવું. - - ભગવન્ ! અલેશ્યી જીવ વિશે પ્રશ્ન ? ગૌતમ ! ક્રિયાવાદી છે, અક્રિયા-અજ્ઞાન-વિનયવાદી નથી.*

*ભગવન્ ! કૃષ્ણપાક્ષિક જીવો શું ક્રિયાવાદી છે૦ પ્રશ્ન ? ગૌતમ ! ક્રિયાવાદી નથી, અક્રિયા-અજ્ઞાન-વિનયવાદી પણ છે. - - શુક્લ પાક્ષિકોને સલેશ્યી સમાન જાણવા. સમ્યગ્દૃષ્ટિ, અલેશ્યીવત્, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિક સમાન. - - મિશ્રદૃષ્ટિનો પ્રશ્ન ? ગૌતમ ! તે ક્રિયાવાદી કે અક્રિયાવાદી નથી, પણ અજ્ઞાનવાદી અને વિનયવાદી છે.*

*જ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, અલેશ્યીવત્. અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, કૃષ્ણપાક્ષિકવત્. આહારસંજ્ઞોપયુક્ત યાવત્ પરિગ્રહ સંજ્ઞા ઉપયુક્ત, સલેશ્યીવત્. નોસંજ્ઞોપયુક્ત, અલેશ્યીવત્. સવેદક યાવત્ નપુંસકવેદક, સલેશ્યીવત્. અવેદક, અલેશ્યીવત્. સકષાયી યાવત્ લોભ કષાયી અલેશ્યીવત્. સાકાર-અનાકારોપયુક્ત, સલેશ્યીવત્ છે.*

*ભગવન્ ! નૈરયિક શું ક્રિયાવાદી૦ છે, પ્રશ્ન ? ગૌતમ ! ક્રિયાવાદી યાવત્ વિનયવાદી પણ છે. - - ભગવન્ ! સલેશ્યી નૈરયિક શું ક્રિયાવાદી૦ છે ? પૂર્વવત્. એ રીતે યાવત્ કાપોતલેશ્યી નૈરયિક જાણવા. કૃષ્ણપાક્ષિકો ક્રિયાવાદી નથી. એ પ્રમાણે આ ક્રમથી જેમ જીવ વક્તવ્યતા છે, તેમજ નૈરયિકની વક્તવ્યતા અનાકારોપયુક્ત સુધી કહેવી. માત્ર જે જેને હોય, તે તેને કહેવું. બાકી ન કહેવું. નૈરયિકવત્ સ્તનિતકુમાર સુધી કહેવું.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક શું ક્રિયાવાદી૦ પ્રશ્ન ? ગૌતમ ! તે ક્રિયાવાદી કે વિનયવાદી નથી. અક્રિયાવાદી છે, અજ્ઞાનવાદી પણ છે. એ રીતે પૃથ્વીકાયિકમાં જે સંભવે, તે બધામાં વચ્ચેના બે સમોસરણ, અનાકારોપયુક્ત સુધી કહેવા. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી બધાં પદોમાં બે સમોસરણ હોય. સમ્યક્ત્વ અને જ્ઞાનમાં પણ આ બે મધ્યના સમોસરણ જાણવા.*

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને જીવો સમાન જાણવા. માત્ર જે હોય તે કહેવું. મનુષ્યોને જીવ સમાન સંપૂર્ણ કહેવા. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિકો અસુરકુમારવત્ જાણવા.*

*ભગવન્ ! ક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ બાંધે કે તિર્યંચ૦-મનુષ્ય૦ દેવ૦ આયુને બાંધે છે ? ગૌતમ ! નૈરયિક કે તિર્યંચ૦ આયુ ન બાંધે, પણ મનુષ્યાયુ, દેવાયુને બાંધે છે. - - જો દેવાયુ બાંધે તો શું ભવનવાસી દેવાયુ બાંધે કે યાવત્ વૈમાનિક દેવાયુ બાંધે ? ગૌતમ ! માત્ર વૈમાનિક દેવાયુ બાંધે. - x -*

*ભગવન્ ! અક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ બાંધે, આદિ પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિક યાવત્ દેવાયુ બાંધે. એ રીતે અજ્ઞાન, વિનયવાદી જાણવા.*

*ભગવન્ ! સલેશ્યી ક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ૦ બાંધે ? ગૌતમ ! નૈરયિકાયુ ન બાંધે, એ રીતે જીવોની માફક સલેશ્યીને ચારે સમોસરણ કહેવા. - - ભગવન્ ! કૃષ્ણલેશ્યી ક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ૦ બાંધે ? ગૌતમ ! માત્ર મનુષ્યાયુ બાંધે, બાકી ત્રણ આયુ ન બાંધે. અક્રિયા-અજ્ઞાન-વિનયવાદી (ત્રણે) ચારેય આયુને બાંધે. એ રીતે નીલલેશ્યી, કાપોતલેશ્યી પણ જાણવા. - - ભગવન્ ! તેજોલેશ્યી ક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ૦ બાંધે ? ગૌતમ ! નૈરયિક૦ તિર્યંચ૦ આયુ ન બાંધે, મનુષ્યાયુ કે દેવાયુ બાંધે. - - જો દેવાયુ બાંધે તો પૂર્વવત્ જાણવું.*

*ભગવન્ ! તેજોલેશ્યી અક્રિયાવાદી જીવ શું નૈરયિકાયુ૦ બાંધે ? ગૌતમ ! નૈરયિકાયુ ન બાંધે, મનુષ્યાદિ ત્રણે આયુ બાંધે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી જાણવા. તેજોલેશ્યી માફક પદ્મ, શુક્લલેશ્યી જાણવા.*

*ભગવન્ ! અલેશ્યી યાવત્ ક્રિયાવાદી શું નૈરયિકાયુ૦ પ્રશ્ન ? ગૌતમ ! ચારે આયુ બાંધે. એ પ્રમાણે અજ્ઞાનવાદી, વિનયવાદી પણ જાણવા.*

*શુક્લપાક્ષિકો, સલેશ્યી સમાન જાણવા.*

*ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાદી જીવો શું નૈરયિકાયુ૦ પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિક કે તિર્યંચાયુ ન બાંધે. મનુષ્ય કે દેવાયુ બાંધે. - - મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિકવત્ છે. - - ભગવન્ ! મિશ્રદૃષ્ટિ અજ્ઞાનવાદી જીવો શું નૈરયિકાયુ૦ અલેશ્યીવત્ જાણવા. એ પ્રમાણે વિનયવાદી પણ જાણવા.*

*જ્ઞાની, આભિનિબોધિક-શ્રુત-અવધિજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ સમાન જાણવા. - - ભગવન્ ! મનઃપર્યવજ્ઞાની વિશે પ્રશ્ન ? ગૌતમ ! માત્ર દેવાયુ બાંધે, અન્ય ત્રણ ન બાંધે. જો દેવાયુ બાંધે તો ? ગૌતમ ! માત્ર વૈમાનિક દેવાયુ બાંધે, અન્ય (ત્રણ) ભવનવાસી૦ આદિ ન બાંધે. કેવળજ્ઞાની, અલેશ્યીવત્ જાણવા. અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, કૃષ્ણપાક્ષિકવત્ જાણવા.*

*ચારે સંજ્ઞામાં, સલેશ્યીવત્. નોસંજ્ઞોપયુક્ત, મનઃપર્યવજ્ઞાની સમાન જાણવા. સવેદક યાવત્ નપુંસકવેદક, સલેશ્યી સમાન. અવેદક, અલેશ્યી સમાન. - - સકષાયી યાવત્ લોભકષાયી, સલેશ્યી સમાન છે. અકષાયી, અલેશ્યીવત્ છે. - - સયોગી યાવત્ કાયયોગી, સલેશ્યી સમાન. અયોગી, અલેશ્યીવત્. સાકાર-અનાકારોપયુક્તક, સલેશ્યીવત્ જાણવા.*



● **વિવેચન-૯૯૮ :-**

જે મતોમાં વિવિધ પરિણામવાળા જીવો કથંચિત્ તુલ્યપણે સમવસરે છે, તે સમવસરણ અથવા અન્યોન્ય ભિન્ન ક્રિયાવાદાદિ મતોમાં કથંચિત્ તુલ્યત્વથી, ક્યારેક કોઈક વાદીનો અવતાર તે સમવસરણ છે.

ક્રિયાવાદી-ક્રિયા, કર્તા વિના ન સંભવે, તે આત્મ સમવાયી છે તેમ કહેવાના આચારવાળા જે છે તે ક્રિયાવાદી. બીજા કહે છે — ક્રિયા જ પ્રધાન છે, જ્ઞાનથી શું ? બીજા કહે છે — ક્રિયા એટલે જીવાદિ પદાર્થો છે, ઈત્યાદિ કહેવાના આચારવાળા તે ક્રિયાવાદી. આત્માદિ પદાર્થોના અસ્તિત્વના સ્વીકારરૂપ -૧૮૦ સંખ્યા છે. તે બીજા સ્થાનેથી જાણવું. ક્રિયાવાદીના સંબંધથી સમવસરણ પણ ક્રિયાવાદી કહેવાય છે. - x - x -

અક્રિયાવાદી - અક્રિયા એટલે ક્રિયાનો અભાવ, અનવસ્થિત કોઈ પદાર્થમાં ક્રિયા થતી નથી, જો ક્રિયા થાય તો પદાર્થની અનવસ્થિતિ નહીં રહે, એમ કહે છે તે અક્રિયાવાદી. કોઈ કહે છે — સર્વે સંસ્કારો ક્ષણિક છે, તો અસ્થિતમાં ક્રિયા કઈ રીતે ? - x - ઈત્યાદિ. બીજા કહે છે — ક્રિયા વડે શું ? ચિત્તશુદ્ધિ જ કરવી, તે બૌદ્ધો છે. બીજા કહે છે — ‘‘અક્રિયા એટલે જીવાદિ પદાર્થો નથી’’ એવું કહેનાર તે અક્રિયાવાદી. તેઓ જીવાદિ પદાર્થ નથી, તેમ સ્વીકારનાર વિકલ્પે ૮૪ છે, તેને બીજા સ્થાનેથી જાણવા.

અજ્ઞાનવાદી-કુત્સિત જ્ઞાન તે અજ્ઞાન, તે જેનામાં છે, તે અજ્ઞાની. તેના વાદી તે અજ્ઞાનવાદી. તેઓ અજ્ઞાનને જ શ્રેય માને છે. - x - જ્ઞાન કોઈને પણ, ક્યારેય પણ કોઈ વસ્તુના વિષયમાં સંપૂર્ણ પ્રમાણ નથી. ઈત્યાદિ સ્વીકારતા ૬૭ ભેદો બીજા સ્થાનેથી જાણવા.

વિનયવાદી-વિનય વડે વિચરે છે. અથવા વિનય જ જેમનું પ્રયોજન છે, તે વૈનયિક, તે વૈનયિકવાદી. વિનય જ સ્વર્ગાદિનો હેતુ છે એમ બોલવાના આચારવાળા તે વૈનયિકવાદી. તેઓ - x - ૩૨ ભેદે છે. - x -

આ અર્થમાં ગાથા છે - ‘છે’ તેમ ક્રિયાવાદી બોલે છે. ‘‘નથી’’ તેમ અક્રિયાવાદી બોલે છે. અજ્ઞાનિકો અજ્ઞાન અને વૈનયિકો વિનય ‘‘વાદી’’ છે. આ બધા પણ અન્યત્ર જો કે મિથ્યાદૃષ્ટિ કહેવાયા છે, તો પણ અહીં ક્રિયાવાદીને સમ્યગ્દૃષ્ટિરૂપે સ્વીકાર્યા છે. કેમકે તેઓ સમ્યગ્ અસ્તિત્વવાદીનો આશ્રય કરે છે.

તથાસ્વભાવથી જીવો ચાર ભેદે છે. અલેશ્યી, અયોગી, સિદ્ધો ક્રિયાવાદી જ છે. કેમકે ક્રિયાવાદના હેતુભૂત યથાવસ્થિત દ્રવ્યપર્યાયરૂપ અર્થના પરિચ્છેદયુક્ત છે. અહીં જે સમ્યગ્દૃષ્ટિ સ્થાનો — અલેશ્યત્વ, સમ્યક્ દર્શનજ્ઞાની, નોસંજ્ઞોપયુક્તત્વ, અવેદકત્વ આદિ તે નિયમા ક્રિયાવાદમાં મૂકાય છે - - મિથ્યાદૃષ્ટિ સ્થાનો મિથ્યાત્વ, અજ્ઞાનાદિ બાકી ત્રણ સમવસરણમાં છે - - મિશ્રદૃષ્ટિ જ સાધારણ પરિણામત્વથી

આસ્તિક નથી કે નાસ્તિક પણ નથી. પણ અજ્ઞાનવાદી, વિનયવાદી જ છે.

પૃથ્વીકાયિક, મિથ્યાદૃષ્ટિત્વથી અક્રિયાવાદી, અજ્ઞાનવાદી હોય છે. વાદના અભાવે પણ તે વાદ યોગ્ય જીવ પરિણામના સદ્ભાવથી આમ કહ્યું. તેઓ વિનયવાદી ન હોય, કેમકે તથાવિધ પરિણામનો અભાવ છે. પૃથ્વીકાયિકોને જે સલેશ્ય, કૃષ્ણાદિ ચાર લેશ્યા, કૃષ્ણપાક્ષિકત્વાદિ, તેમાં બધામાં મધ્યના બે સમવસરણો કહેવા.

વિકલેન્દ્રિયોમાં - x - x - ક્રિયાવાદ, વિનયવાદમાં વિશિષ્ટતર સમ્યકત્વાદિ પરિણામ હોય છે, સાસ્વાદન રૂપ નહીં. પંચેન્દ્રિય તિર્યંચોમાં અલેશ્યા, અકષાયિત્વાદિ ન પૂછવા, કેમકે તે ભાવ અસંભવ છે.

જીવાદિ-૨૫-પદોમાં જ્યાં જે સમવસરણ હોય તે તેમાં કહેવું. હવે તેમાં આયુબંધ નિરૂપતા કહે છે — તેમાં જે દેવો કે નરકો ક્રિયાવાદી છે તે મનુષ્યાયુ બાંધે, મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચો દેવાયુ બાંધે. ઈત્યાદિ.

કૃષ્ણલેશ્યી જીવો મનુષ્યાયુ બાંધે, તેમ કહ્યું. તે નારક, અસુરકુમારાદિને આશ્રીને જાણવું. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચો મનુષ્યાયુ બાંધતા નથી, વૈમાનિકાયુના તે બંધક છે. - - અલેશ્યી એટલે સિદ્ધો અને અયોગી, તેઓ ચારે પણ આયુ ન બાંધે - x - x -

● સૂત્ર-૯૯૯ :-

*ભગવન્ ! ક્રિયાવાદી નૈરયિક, નૈરયિકાયુ૦ બાંધે ? ગૌતમ ! નૈરયિક-તિર્યંચ કે દેવાયુ ન બાંધે, માત્ર મનુષ્યાયુ બાંધે. - - ભગવન્ ! અક્રિયાવાદી નૈરયિક વિશે પ્રશ્ન. તિર્યંચ કે મનુષ્યાયુ બાંધે, દેવ કે નારકાયુ ન બાંધે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી પણ જાણવા.*

*ભગવન્ ! સલેશ્યી ક્રિયાવાદી નૈરયિક શું નૈરયિકાયુ બાંધે૦ ? એ પ્રમાણે બધાં જ નૈરયિકો જે ક્રિયાવાદી છે, તે એક જ મનુષ્યાયુ બાંધે છે. જે અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વૈનયિકવાદી છે, તે બધાં સ્થાનોમાં નૈરયિક કે દેવાયુ ન બાંધે, તિર્યંચ કે મનુષ્યાયુ બાંધે. વિશેષ એ - મિશ્રદૃષ્ટિ અજ્ઞાનવાદી, વિનયવાદી બંનેમાં જીવ પદ સમાન કોઈ આયુ બાંધતા નથી.*

*એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી નૈરયિક સમાન જાણવું.*

*ભગવન્ ! અક્રિયાવાદી પૃથ્વીકાયિક વિશે પ્રશ્ન. ગૌતમ ! નૈરયિક કે દેવાયુ ન બાંધે, તિર્યંચ કે મનુષ્યાયુ બાંધે. એ રીતે અજ્ઞાનવાદી જાણવા.*

*ભગવન્ ! સલેશ્યી૦ પૃથ્વીકાયિકના જે જે પદ હોય છે, તેમાં - તેમાં અજ્ઞાનવાદી અને અક્રિયાવાદી બંને આ પ્રમાણે બે આયુ બાંધે. માત્ર તેજોલેશ્યામાં કોઈ આયુનો બંધ ન થાય. એ રીતે અપ્-વનસ્પતિકાયિકને પણ જાણવા. તેઉ-વાયુકાયિક સર્વસ્થાનોમાં મધ્યના બે સમવસરણમાં એક માત્ર તિર્યંચયોનિક આયુ બાંધે. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોવાળાને પૃથ્વીકાયિક માફક જાણવા. માત્ર સમ્યકત્વ અને જ્ઞાનમાં કોઈ આયુ ન બાંધે.*

*ભગવન્ ! ક્રિયાવાદી પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું નૈરયિકાયુ બાંધે ? પ્રશ્ન. ગૌતમ ! મનઃપર્યવજ્ઞાની સમાન. અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી ચારે પ્રકારનું આયુ બાંધે. સલેશ્યી, ઔધિક જીવવત્ જાણવા.*



*ભગવન્ ! કૃષ્ણલેશ્યી ક્રિયાવાદી પંચેન્દ્રિયતિર્યંચ૦ ? નૈરયિક આયુ૦નો પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિક યાવત્ દેવ, એકે આયુ ન બાંધે. અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી ચારે પ્રકારના આયુ બાંધે. - - કૃષ્ણલેશ્યી માફક નીલલેશ્યી, કાપોતલેશ્યી પણ જાણવા. તેજોલેશ્યી, સલેશ્યીવત્ જાણવા. વિશેષ એ કે - અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી નૈરયિકાયુ ન બાંધે, બાકીના ત્રણ બાંધે. એ પ્રમાણે પદ્મલેશ્યા પણ જાણવી. શુક્લલેશ્યા પણ કહેવી.*

*કૃષ્ણપાક્ષિક આ ત્રણે સમવસરણમાં ચારે આયુ બાંધે. શુક્લપાક્ષિક, સલેશ્યીવત્ જાણવા. સમ્યગ્દૃષ્ટિ, મનઃપર્યવજ્ઞાનીવત્ વૈમાનિક દેવાયુ બાંધે. મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિકવત્. મિશ્રદૃષ્ટિ એક પણ ન બાંધે, નૈરયિક સમાન છે.*

*જ્ઞાની યાવત્ અવધિજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિવત્ છે. અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની કૃષ્ણપાક્ષિકવત્ છે. બાકીના અનાકારોપયુક્તા સુધીના બધાં સલેશ્યી માફક કહેવા. પંચેન્દ્રિયતિર્યંચ માફક મનુષ્યની પણ વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે - મનઃપર્યવજ્ઞાની અને નોસંજ્ઞોપયુક્તને સમ્યક્દૃષ્ટિ તિર્યંચયોનિકની માફક કહેવા. અલેશ્યી, કેવળજ્ઞાની, અવેદક, અકષાયી, અયોગી આ બધાં એક પણ આયુ ન બાંધે, તેઓ ઔધિક જીવવત્ છે. બાકી પૂર્વવત્. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક, અસુરકુમારવત્ છે.*

*ભગવન્ ! ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક ? ગૌતમ ! ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. ભગવન્ ! અક્રિયાવાદી જીવો, શું ભવસિદ્ધિક છે૦ ? ગૌતમ ! બંને છે, એ રીતે અજ્ઞાન-વિનયવાદી જાણવા.*

*ભગવન્ ! સલેશ્યી ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે૦ પ્રશ્ન ? ગૌતમ ! ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. એ રીતે અજ્ઞાન-વિનયવાદી જાણવા. એ પ્રમાણે યાવત્ શુક્લલેશ્યી જીવો સલેશ્યીવત્ જાણવા. ભગવન્ ! અલેશ્યી ક્રિયાવાદી જીવો શું ભવ૦ પ્રશ્ન ? ગૌતમ ! ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. એ રીતે આ અભિલાપથી કૃષ્ણપાક્ષિક ત્રણે સમવસરણમાં ભજનાએ છે. શુક્લપાક્ષિક ચારે સમોસરણમાં ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી.*

*સમ્યગ્દૃષ્ટિ, અલેશ્યી સમાન. મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિક સમાન. મિશ્રદૃષ્ટિ બે જ સમોસરણમાં અલેશ્યી સમાન. જ્ઞાની યાવત્ કેવળજ્ઞાની ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, કૃષ્ણપાક્ષિક સમાન. ચારે સંજ્ઞામાં સલેશ્યી સમાન. નોસંજ્ઞોપયુક્ત, સમ્યગ્દૃષ્ટિ સમાન. સવેદક યાવત્ નપુંસકવેદક, સલેશ્યી સમાન. સકષાયી યાવત્ લોભકષાયી, સલેશ્યીવત્ અકષાયી, સમ્યગ્દૃષ્ટિ સમાન. સયોગી યાવત્ કાયયોગી, સલેશ્યી સમાન. અયોગી, સમ્યગ્ દૃષ્ટિ સમાન. સાકાર-અનાકારોપયુક્ત, સલેશ્યી સમાન.*

*એ પ્રમાણે નૈરયિકો પણ કહેવા. વિશેષ એ - જે જેને હોય તે જાણવું.*

*એ પ્રમાણે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર. પૃથ્વીકાયિક સર્વ સ્થાનોમાં વચ્ચેના બે સમોસરણમાં ભવસિદ્ધિક-અભવસિદ્ધિક બંને છે. એ પ્રમાણે વનસ્પતિકાય સુધી જાણવું. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળા એ પ્રમાણે જ. વિશેષ એ કે - સમ્યક્ત્વ અવધિ-આભિનિબોધિક-શ્રુત જ્ઞાનમાં આ વચ્ચેના બે સમોસરણમાં ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. બાકી પૂર્વવત્. પંચેન્દ્રિય તિર્યંચયોનિક, નૈરયિકવત્. વિશેષ એ કે જે જેટલું હોય તે જાણવું. મનુષ્ય, ઔધિક જીવ સમાન. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક, અસુરકુમાર સમાન. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૯૯૯ :-**

ક્રિયાવાદી નારકો જે નૈરયિક કે દેવાયુ ન બાંધે, તે નારકભવાનુભવથી જ છે. જે તિર્યંચાયુ ન બાંધે, તે ક્રિયાવાદાનુભાવથી જાણવું. અક્રિયાવાદી આદિ ત્રણ સમોસરણમાં બધાં પદોમાં તિર્યંચ અને મનુષ્યાયુ જ થાય. પરંતુ સમ્યક્મિથ્યાદૃષ્ટિ નારકોમાં અંતિમ બે સમોસરણ જ છે. તેમને આયુબંધ નથી, તે ગુણસ્થાનક સ્વભાવથી જાણવું. પૃથ્વીકાયિકને મનુષ્ય-તિર્યંચાયું છે. અપર્યાપ્તક અવસ્થામાં તેજોલેશ્યી પૃથ્વીકાયિકને તેવા ભાવથી આયુનો બંધ નથી. - x - x -

પંચેન્દ્રિય તિર્યંચ, જો સમ્યગ્દૃષ્ટિ, કૃષ્ણલેશ્યાદિ પરિણત હોય તો એક જ આયુ ન બાંધે. સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકનું. - x - x - તેજોલેશ્યી ક્રિયાવાદી, વૈમાનિકાયુ જ બાંધે, બાકીના ત્રણે ત્રણ કે ચાર ભેદે આયુ બાંધે. ઈત્યાદિ - x -

## ❁ શતક-૩૦, ઉદ્દેશો-૨ ❁

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૦ :-**

*અનંતરોત્પન્ન નૈરયિક શું ક્રિયાવાદી૦ પ્રશ્ન ? ગૌતમ ! ક્રિયાવાદી યાવત્ વૈનયિકવાદી પણ છે. - - ભગવન્ ! સલેશ્યી અનંતરોપપન્નક નૈરયિક શું ક્રિયાવાદી૦ છે ? પૂર્વવત્. એ પ્રમાણે જેમ ઉદ્દેશા-૧-માં નૈરયિક વક્તવ્યતા કહી, તેમ અહીં પણ કહેવા. વિશેષ એ કે - અનંતરોપપન્નક નૈરયિકમાં જે જેને છે, તે તેને કહેવું. એ પ્રમાણે સર્વે જીવો, વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ - અનંતર ઉત્પન્નકમાં જે જેને હોય, તે તેને કહેવું.*

*ભગવન્ ! ક્રિયાવાદી અનંતરોત્પન્ન નૈરયિક શું નૈરયિકાયુ બાંધે૦ પ્રશ્ન ? ગૌતમ ! એક પણ આયુ ન બાંધે. આ રીતે અક્રિયા આદિ ત્રણે વાદી કહેવા.*

*ભગવન્ ! સલેશ્યી ક્રિયાવાદી અનંતરોત્પન્ન નૈરયિક, નૈરયિક આયુ૦ બાંધે ? ગૌતમ ! એક પણ આયુ ન બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે સર્વે સ્થાનોમાં અનંતરોત્પન્ન નૈરયિક કોઈ જ આયુ ન બાંધે, તેમ અનાકારોપયુક્ત સુધી કહેવું. એ રીતે વૈમાનિક સુધી જે જેને હોય તે તેને કહેવું.*

*ભગવન્ ! ક્રિયાવાદી અનંતરોત્પન્ન નૈરયિક ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક ? ગૌતમ ! તે ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. અક્રિયાવાદી*



*વિશે પ્રશ્ન ? ગૌતમ ! તે ભવસિદ્ધિક પણ છે, અભવ સિદ્ધિક પણ છે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી પણ જાણવા.*

*ભગવન્ ! સલેશ્યી ક્રિયાવાદી અનંતરોત્પન્ન નૈરયિક ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક ? ગૌતમ ! તે ભવસિદ્ધિક છે, અભવ૦ નથી. એ પ્રમાણે આ અભિલાપ વડે ઔધિક ઉદ્દેશમાં જેમ નૈરયિકોની વક્તવ્યતા છે, તેમ અહીં પણ અનાકારોપયુક્ત સુધી કહેવી. એ રીતે વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે - જેને હોય તે તેને કહેવું. તેનું લક્ષણ આ છે - જે ક્રિયાવાદી, શુક્લપાક્ષિક - મિશ્રદૃષ્ટિ છે, એ બધાં ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. બાકીના બધાં ભવ સિદ્ધિક પણ છે, અભવસિદ્ધિક પણ છે. - - ભગવન્ ! તે એમ જ છે.*

## ❁ શતક-૩૦, ઉદ્દેશો-૩ ❁

-- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૧ :-**

*ભગવન્ ! પરંપરોત્પન્ન નૈરયિક ક્રિયાવાદી૦ ? ઔધિક ઉદ્દેશમાં કહ્યું, તેમ પરંપરોત્પન્નમાં પણ નૈરયિકાદિમાં બધું કહેવું. તે રીતે જ ત્રણ દંડક સહિત કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

## ❁ શતક-૩૦, ઉદ્દેશો-૪ થી ૧૧ ❁

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૨ :-**

*એ પ્રમાણે આ ક્રમથી જેમ બંધિશતકમાં ઉદ્દેશકોની પરિપાટી છે, તે બધી જ અહીં યાવત્ અચરમોદ્દેશક કહેવી. વિશેષ એ કે — "અનંતર" ચારે એક ગમવાળા છે. 'પરંપર' ચાર એક ગમક છે. એ રીતે ચરમ અને અચરમ છે. વિશેષ એ કે - અલેશ્યી, કેવલી, અયોગી ન કહેવા. બાકી પૂર્વવત્. - x - x -*

● **વિવેચન-૯૯૯ થી ૧૦૦૨ :-** *[ઉદ્દેશા-૨ થી ૧૧]*

એ રીતે ઉદ્દેશા-૨ થી ૧૧ની વ્યાખ્યા કરવી. વિશેષ આ - ઉદ્દેશા-૨માં इमं से लक्खणं અર્થાત્ ભવ્યત્વના આ લક્ષણ છે. ક્રિયાવાદી, શુક્લપાક્ષિક, મિશ્રદૃષ્ટિ ભવ્ય જ હોય, અભવ્ય નહીં. બાકીના ભવ્ય કે અભવ્ય હોય. અલેશ્યી, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, અવેદી, અકષાયી, અયોગીનું ભવ્યત્વ પ્રસિદ્ધ જ છે.

ઉદ્દેશા-૩-માં દંડકત્રય કહ્યું. અર્થાત્ ક્રિયાવાદાદિ પ્રરૂપણા દંડક, આયુર્બંધક દંડક, ભવ્યાભવ્યદંડક. ઉદ્દેશા-૧૧માં અલેશ્યી, કેવલી, અયોગી વર્જવા.

**મુનિદીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૦નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# 卐 શતક-૩૧ 卐

-- x -- x --

૦ શતક-૩૦માં ચાર સમવસરણો કહ્યા. ચતુષ્કના સાધર્મ્યથી ચતુર્યુગ્મ વક્તવ્યતાનુગત ૨૮-ઉદ્દેશા, યુક્ત આ ૩૧મું શતક કહે છે –

## ❀ શતક-૩૧, ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૩ :-**

*રાજગૃહે યાવત્ આમ પૂછ્યું – ભગવન્ ! ક્ષુદ્રયુગ્મ કેટલા છે ? ગૌતમ ! ચાર. - કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ. - - ભગવન્ ! એમ કેમ કહ્યું કે ચાર ક્ષુદ્રયુગ્મ છે ? ગૌતમ ! જે રાશી ચતુષ્ક અપહારથી અપહરતા છેલ્લે ચાર શેષ વધે, તે ક્ષુદ્રકૃતયુગ્મ. જે રાશી ચાર-ચારના અપહારથી શેષ ત્રણ વધે તે ક્ષુદ્ર ત્ર્યોજ. જે રાશી ચાર-ચારના અપહારથી છેલ્લે શેષ-બે વધે તે ક્ષુદ્ર દ્વાપરયુગ્મ. જે રાશી ચાર-ચારના અપહારથી છેલ્લે શેષ-એક વધે તે ક્ષુદ્ર કલ્યોજ.*

*ભગવન્! ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક ક્યાં ઉપજે? શું નૈરયિકાદિથી ઉપજે, પ્રશ્ન? ગૌતમ! નૈરયિકથી આવીને ન ઉપજે, એ પ્રમાણે નૈરયિકોનો ઉપપાત 'વ્યુત્ક્રાંતિ' પદમાં કહ્યા મુજબ કહેવો. - - ભગવન્! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે? ગૌતમ! ચાર, આઠ, બાર કે સોળ કે સંખ્યાત-અસંખ્યાત.*

*ભગવન્ ! તે જીવો કઈ રીતે ઉપજે ? ગૌતમ ! જેમ કોઈ કૂદક કુદવાના અધ્યવસાય૦ એ રીતે શતક-૨૫, ઉદ્દેશા-૮-માં નૈરયિક વક્તવ્યતામાં કહ્યું, તેમ અહીં પણ કહેવું. યાવત્ આત્મપ્રયોગથી ઉપજે, પરપ્રયોગથી નહીં.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી ક્ષુદ્રકૃતયુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? ઔધિક નૈરયિકની વક્તવ્યતા સંપૂર્ણ અહીં રત્નપ્રભામાં પણ કહેવી યાવત્ પરપ્રયોગથી ન ઉપજે. એ રીતે શર્કરાપ્રભા યાવત્ અધઃસપ્તમીમાં કહેવું. એ રીતે ઉત્પાદ, "વ્યુત્ક્રાંતિ" પદ મુજબ કહેવો. [ક્યાં સુધી કહેવું ?]*

*અસંજ્ઞી પહેલી સુધી, સરીસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી ઈત્યાદિ ગાથા મુજબ ઉત્પાદ સુધી કહેવું. બાકી પૂર્વવત્ જાણવું.*

*ભગવન્! ક્ષુદ્ર ત્ર્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે? શું નૈરયિકથી આદિ? ઉત્પાદ, 'વ્યુત્ક્રાંતિ' પદ મુજબ કહેવો. ભગવન્! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે? ગૌતમ! ત્રણ, સાત, અગિયાર, પંદર કે સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. બાકી બધું કૃતયુગ્મ નૈરયિક સમાન જાણવું. એ રીતે અધઃસપ્તમી સુધી.*

*ભગવન્ ! ક્ષુદ્ર દ્વાપરયુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? ક્ષુદ્ર કૃતયુગ્મ સમાન જાણવું. વિશેષ એ કે - પરિમાણ બે-છ-દશ-ચૌદ કે સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. બાકી પૂર્વવત્. યાવત્ અધઃસપ્તમી.*

*ક્ષુદ્ર કલ્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? ક્ષુદ્ર કૃતયુગ્મ સમાન જાણવું. માત્ર પરિમાણમાં ભેદ છે – એક, પાંચ, નવ, તેર, સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે અધઃસપ્તમી સુધી કહેવું.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, યાવત્ વિચરે છે.*



## ❀ શતક-૩૧, ઉદ્દેશો-૨ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૪ :-**

*ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મ કૃષ્ણલેશ્યી નૈરયિક ક્યાંથી આવીને ઉપજે છે ? ઔધિકગમ અનુસાર જાણવું યાવત્ પરપ્રયોગથી ન ઉપજે. વિશેષ એ કે ઉપપાત, વ્યુત્ક્રાંતિ પદ સમાન કહેવો. - - તેનો ઉપપાત ધૂમપ્રભા પૃથ્વીમાં થાય. બાકી પૂર્વવત્ જાણવું.*

*ધૂમપ્રભા પૃથ્વી કૃષ્ણલેશ્યી ક્ષુદ્રકૃત યુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે છે ? સંપૂર્ણ પૂર્વવત્ જાણવું. - - એ રીતે તમા અને અધઃસપ્તમી પૃથ્વી સુધી જાણવું. વિશેષ એ કે - ઉપપાત સર્વત્ર વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવો.*

*કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર ત્ર્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે છે ? પૂર્વવત્. વિશેષ એ કે ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. બાકી પૂર્વવત્ યાવત્ અધઃસપ્તમી જાણવું.*

*કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર દ્વાપરયુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? પૂર્વવત્. વિશેષ એ – બે, છ, દશ, ચૌદ આદિ પૂર્વવત્. આ પ્રમાણે ધૂમપ્રભાથી અધઃસપ્તમી સુધી જાણવું. - - - કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર કલ્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? પૂર્વવત્. વિશેષ એ કે – એક, પાંચ, નવ, તેર, સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે ધૂમપ્રભામાં, તમામાં અને અધઃસપ્તમીમાં પણ જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

## ❀ શતક-૩૧, ઉદ્દેશો-૩ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૫ :-**

*ભગવન્ ! ક્ષુદ્ર કૃતયુગ્મ નીલલેશ્યી નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર કૃતયુગ્મ સમાન જાણવું. વિશેષ એ કે ઉપપાત વાલુકાપ્રભા સમાન જાણવો. બાકી પૂર્વવત્. - - - વાલુકાપ્રભાપૃથ્વી નીલલેશ્યી ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક૦ ? પૂર્વવત્. એ પ્રમાણે પંકપ્રભામાં પણ જાણવું, ધૂમપ્રભામાં પણ જાણવું. - - - આ પ્રમાણે ચારે યુગ્મોમાં જાણવું. વિશેષ એ કે પરિમાણ જાણી લેવું. પરિમાણ કૃષ્ણલેશ્યી ઉદ્દેશા મુજબ છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે.*

## ❀ શતક-૩૧, ઉદ્દેશો-૪ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૬ :-**

*કાપોતલેશ્યી ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર કૃતયુગ્મ સમાન જાણવું. વિશેષ એ - ઉપપાત રત્નપ્રભાપૃથ્વી સમાન જાણવો.*

*બાકી પૂર્વવત્. ઉપપાત રત્નપ્રભામાં થાય. - - એ પ્રમાણે ચારે યુગ્મોમાં જાણવું. વિશેષ એ કે પરિમાણ જાણવું. પરિમાણ, કૃષ્ણલેશ્યી ઉદ્દેશા સમાન છે. બાકી પૂર્વવત્. - - - ભગવન્ ! તે એમ જ છે (૨).*

## ❀ શતક-૩૧-ઉદ્દેશો-૫ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૭ :-**

*ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મ ભવસિદ્ધિક નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? - x - ઔધિક ગમક મુજબ સંપૂર્ણ કહેવું. યાવત્ પરપ્રયોગથી ન ઉપજે. રત્નપ્રભા પૃથ્વી ભવસિદ્ધિક ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક૦ ? સંપૂર્ણ પૂર્વવત્. એ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું. એ પ્રમાણે - x - ક્ષુદ્ર ત્ર્યોજ યાવત્ કલ્યોજ સુધી જાણવું - x - પરિમાણ પૂર્વ કથિત ઉદ્દેશક-૧-મુજબ જાણવા.*

## ❀ શતક-૩૧, ઉદ્દેશો-૬ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૮ :-**

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? ઔધિક કૃષ્ણલેશ્યી ઉદ્દેશા મુજબ સંપૂર્ણ જાણવું. ચારે યુગ્મોમાં કહેવું. યાવત્ અધઃસપ્તમી પૃથ્વી કૃષ્ણલેશ્યી ક્ષુદ્ર કલ્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે ? પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨)*

## ❀ શતક-૩૧-ઉદ્દેશો-૭ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૧૦૦૯ :-**

*નીલલેશ્યી ભવસિદ્ધિક૦ ચારે યુગ્મોમાં ઔધિક નીલલેશ્યી ઉદ્દેશક મુજબ કહેવા. - - ભગવન્ તે એમ જ છે યાવત્ વિચરે છે.*

## ❀ શતક-૩૧-ઉદ્દેશો-૮ ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૧૦૧૦ :-**

*કાપોતલેશ્યી ભવસિદ્ધિક૦ ચારે યુગ્મોમાં ઉત્પાદ, ઔધિક કાપોતલેશ્યી ઉદ્દેશા મુજબ કહેવો. - - ભગવન્ ! તે એમ જ છે, યાવત્ વિચરે છે.*

## ❀ શતક-૩૧-ઉદ્દેશા-૯ થી ૨૮ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૧૧ થી ૧૦૧૫ :-** *[ઉદ્દેશાનો ક્રમ સાથે નોંધેલ છે.]*

*[૧૦૧૧- ઉ૦ ૯ થી ૧૨] જેમ ભવસિદ્ધિકના ચાર ઉદ્દેશા કહ્યા, તેમ અભવસિદ્ધિકના પણ ચારે ઉદ્દેશા, કાપોતલેશ્યી ઉદ્દેશા સુધી કહેવા.*

*[૧૦૧૨-ઉ૦ ૧૩ થી ૧૬] એ પ્રમાણે સમ્યક્‌દૃષ્ટિને લેશ્યા સહિત ચાર ઉદ્દેશા કહેવા. વિશેષ એ - સમ્યગ્દૃષ્ટિનું કથન પહેલા અને બીજા એ બે ઉદ્દેશામાં છે. અધઃસપ્તમી પૃથ્વીમાં ઉપપાત ન કહેવો. બાકી પૂર્વવત્.*

*[૧૦૧૩-ઉ૦ ૧૭ થી ૨૦] મિથ્યાદૃષ્ટિના પણ ચાર ઉદ્દેશો ભવસિદ્ધિક સમાન કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*[૧૦૧૪-ઉ૦ ૨૧ થી ૨૪] એ પ્રમાણે લેશ્યા સંયુક્ત કૃષ્ણપાક્ષિકના પણ ચાર ઉદ્દેશા ભવસિદ્ધિક સમાન કહેવા. ભગવન્ ! તે એમ જ છે.*

*[૧૦૧૫-ઉ૦ ૨૫ થી ૨૮] શુક્લપાક્ષિકના ચાર ઉદ્દેશા આ પ્રમાણે જ કહેવા યાવત્ વાલુકાપ્રભા પૃથ્વી કાપોતલેશ્યી શુક્લપાક્ષિક ક્ષુદ્ર કલ્યોજ નૈરયિક ક્યાંથી આવીને ઉપજે છે ? પૂર્વવત્ જ યાવત્ પરપ્રયોગથી ન ઉપજે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૧૦૦૩ થી ૧૦૧૫ :-** *[ઉદ્દેશા-૧ થી ૨૮]*

યુગ્મ-કહેવાનાર રાશિ વિશેષ, તે મોટી પણ હોય છે. તેથી ક્ષુદ્ર શબ્દ મૂક્યો. તેમાં ચાર, આઠ, બાર આદિ સંખ્યાવાન્ રાશિ ક્ષુલ્લક કૃતયુગ્મ કહેવાય છે. એ રીતે ત્રણ, સાત, દશ આદિ ક્ષુલ્લક ત્ર્યોજ કહેવાય. બે, છ વગેરે ક્ષુલ્લક દ્વાપરયુગ્મ કહેવાય. એક, પાંચ, વગેરે ક્ષુલ્લક કલ્યોજ કહેવાય.

વ્યુત્ક્રાંતિ એટલે પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ. જેમકે - પંચેન્દ્રિયતિર્યંચ અને ગર્ભજ મનુષ્યોથી આવીને નારકો ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ - x -

''અધ્યવસાય'' આના દ્વારા અધ્યવસાય નિર્વર્તિત કરણોપાય સૂચવેલ છે. આ પહેલો ઉદ્દેશો થયો.

બીજો કૃષ્ણલેશ્યા આશ્રીત છે. તે પાંચમી, છઠ્ઠી, સાતમી પૃથ્વીમાં હોય છે, એમ કરીને સામાન્ય દંડક તેના ત્રણ દંડક અહીં થાય.

અહીં કૃષ્ણલેશ્યા પ્રકાંત, તે ધૂમપ્રભામાં હોય, તેમાં જે જીવો ઉત્પન્ન થાય, તેઓનો જે ઉત્પાદ કહેવો. તે અસંજ્ઞી, સરિસૃપ, પક્ષી, સિંહ વર્જિત છે.

ત્રીજો ઉદ્દેશો નીલ લેશ્યાશ્રિત છે. તે ત્રીજી, ચોથી, પાંચમી પૃથ્વીમાં હોય છે, તેથી સામાન્ય દંડક, તેના ત્રણ દંડક અહીં થાય. નીલલેશ્યાવાળા વાલુકાપ્રભામાં હોય, તેમાં જે જીવો ઉત્પન્ન થાય, તેનો જ ઉત્પાદ કહેવો. તે અસંજ્ઞી અને સરિસૃપ વર્જીને હોય - x - x -

ચોથા ઉદ્દેશો કાપોતલેશ્યાશ્રિત છે, તે પહેલી ત્રણ પૃથ્વીમાં હોય, તેથી સામાન્ય દંડક અને રત્નપ્રભાદિ ત્રણ દંડક અહીં થાય. ઈત્યાદિ - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૩૨ 卐

— x — x —

૦ શતક-૩૧માં નારકોનો ઉત્પાદ કહ્યો, અહીં તેનું ઉદ્વર્તન કહે છે—

### ❁ શતક-૩૨, ઉદ્દેશો-૧ ❁

— x — x — x —

● **સૂત્ર-૧૦૧૬ :-**

*ભગવન્ ! ક્ષુદ્ર કૃતયુગ્મ નૈરયિક ઉદ્વર્તિત થઈને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? શું નૈરયિકાદિમાં ઉત્પન્ન થાય છે ? ઉદ્વર્તના, વ્યુત્ક્રાંતિ પદ મુજબ જાણવી. - - ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે ? ગૌતમ ! ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાત કે અસંખ્યાત ઉદ્વર્તે છે. - - ભગવન્ ! તે જીવો કઈ રીતે ઉદ્વર્તે ? ગૌતમ ! જેમ કોઈ કૂદનારો૦ આદિ પૂર્વવત્. એ પ્રમાણે તે ગમક યાવત્ આત્મપ્રયોગથી ઉદ્વર્તે, પરપ્રયોગથી નહીં.*

*રત્નપ્રભા પૃથ્વી નૈરયિક ક્ષુદ્ર કૃતયુગ્મ૦ ? રત્નપ્રભા સમાન ઉદ્વર્તના જાણવી. એ રીતે યાવત્ અધઃસપ્તમી. - - એ રીતે ક્ષુદ્ર ત્ર્યોજ, ક્ષુદ્ર દ્વાપરયુગ્મ, ક્ષુદ્ર કલ્યોજ જાણવા, માત્ર પરિમાણ જાણી લેવું.*

### ❁ શતક-૩૨-ઉદ્દેશા-૨ થી ૨૮ ❁

— x — x — x —

● **સૂત્ર-૧૦૧૭ :**

*કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ નૈરયિક૦ ? એ પ્રમાણે આ ક્રમથી જેમ ઉપપાત શતકમાં ૨૮ ઉદ્દેશા કહ્યા, તેમ ઉદ્વર્તનામાં ૨૮-ઉદ્દેશા સંપૂર્ણ કહેવા. વિશેષ એ કે — “ઉદ્વર્તે છે” એમ કહેવું. બાકી પૂર્વવત્. ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૧૦૧૬,૧૦૧૭ :-** *[ઉદ્દેશા-૧ થી ૨૮]*

ઉદ્વર્તના, વ્યુત્ક્રાંતિ પદ મુજબ - તે અર્થથી આ પ્રમાણે - નરકથી નીકળી પર્યાપ્ત સંખ્યાત ગર્ભજ જીવોમાં ઉપજે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૨નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**





## 卐 શતક-33 卐

— x — x —

૦ શતક-૩૨માં નારકોની ઉદ્વર્તના કહી, તેઓ ઉદ્વર્તીને એકેન્દ્રિયોમાં ન ઉપજે એકેન્દ્રિય પ્રરૂપણાયુક્ત, અવાંતર શતકથી કહે છે.

### ❁ શતક-33, શતક શતક-૧, ઉદ્દેશા-૧ થી ૧૧ ❁

— x — x — x — x — x — x — x —

● **સૂત્ર-૧૦૧૮ થી ૧૦૨૧ :-**

*[૧૦૧૮,ઉદ્દેશો-૧] ભગવન્ ! એકેન્દ્રિયો કેટલાં છે ? ગૌતમ ! પાંચ ભેદે- પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. - - ભગવન્ ! પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ૦ અને બાદર૦*

*ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે. પર્યાપ્તા૦ અને અપર્યાપ્તા૦ સૂક્ષ્મપૃથ્વીકાયિક. - - ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! સૂક્ષ્મ૦સમાન. - - એ રીતે અપ્કાયિક પણ ચાર ભેદે કહેવા. એ પ્રમાણે વનસ્પતિકાયિક કહેવા.*

*ભગવન્ ! અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની કેટલી કર્મ પ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ. - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. - - - પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની કેટલી કર્મપ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ, પૂર્વવત્. એ પ્રમાણે અપર્યાપ્ત અને પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકમાં પણ આઠ પ્રકૃતિ જાણવી. - - - એ રીતે આ ક્રમથી યાવત્ પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક છે.*

*ભગવન્ ! અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! સાત ભેદે પણ બાંધે, આઠ ભેદે પણ બાંધે. સાત બાંધતો આયુને વર્જીને સાત કર્મપ્રકૃતિઓ બાંધે, આઠ બાંધતો પ્રતિપૂર્ણ આઠ કર્મપ્રકૃતિ બાંધે.*

*ભગવન્ ! પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? પૂર્વવત્. એ પ્રમાણે બધી યાવત્ હે ભગવન્ ! પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? પૂર્વવત્.*

*ભગવન્ ! અપર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિકો કેટલી કર્મપ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! ચૌદ. - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભઈન્દ્રિય આવરણ, સ્ત્રી-પુરુષવેદાવરણ. એ પ્રમાણે ચારે ભેદ સહિત યાવત્ ભગવન્ ! પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક કેટલી કર્મપ્રકૃતિઓ વેદે ? ગૌતમ ! એ પ્રમાણે જ ચૌદ કર્મપ્રકૃતિ વેદે. - - ભગવન્ ! તે એમ જ છે (૨)*

● *[૧૦૧૯, ઉદ્દેશો-૨]*

*ભગવન્ ! અનંતરોત્પન્ન એકેન્દ્રિય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. - - ભગવન્ ! અનંતરોત્પન્ન પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ૦ અને બાદર પૃથ્વીકાયિક. એ પ્રમાણે બે-બે ભેદ વનસ્પતિકાયિક પર્યન્ત જાણવા.*

ભગવન્ ! અનંતરોત્પન્ન સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. - - ભગવન્ ! અનંતર ઉત્પન્ન બાદર પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિઓ છે ? ગૌતમ ! આઠ. પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ અનંતરોત્પન્નક બાદર વનસ્પતિકાયિકોની જાણવી.

ભગવન્ ! અનંતરોત્પન્ન સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! આયુને વર્જીને સાત બાંધે. એ રીતે યાવત્ અનંતરોત્પન્ન બાદર વનસ્પતિકાયિકની જાણવી. - - - ભગવન્ ! અનંતરોત્પન્ન સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલી કર્મપ્રકૃતિઓ વેદે છે ? ગૌતમ ! ચૌદ. પૂર્વવત્ - જ્ઞાનાવરણીય યાવત્ પુરુષવેદાવરણ. એ પ્રમાણે અનંતરોત્પન્ન બાદર વનસ્પતિકાયિક સુધી જાણવું.

• [૧૦૨૦-ઉદ્દેશો-૩] ભગવન્ ! પરંપરોપપન્નક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે — પૃથ્વીકાયિકાદિ, ઔધિક ઉદ્દેશાનુસાર તેના ચાર-ચાર ભેદો કહેવા. - - ભગવન્ ! પરંપરોત્પન્ન અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિઓ છે ? એ રીતે આ અભિલાપથી ઔધિક ઉદ્દેશક મુજબ બધું જ કહેવું યાવત્ ચૌદને વેદે છે - - ભગવન્ ! તે એમ જ છે.

• [૧૦૨૧-ઉદ્દેશા-૪ થી ૧૧] — (૪) અનંતરાવગાઢ, અનંતરોત્પન્નવત્. (૫) પરંપરાવગાઢ, પરંપરોત્પન્નવત્. (૬) અનંતરાહારક, અનંતરોત્પન્નવત્. (૭) પરંપરાહારક, પરંપરોત્પન્નવત્. (૮) અનંતર પર્યાપ્તક, અનંતરોત્પન્નવત્. (૯) પરંપરપર્યાપ્તકો, પરંપરોત્પન્નવત્. (૧૦) ચરમો પણ પરંપરોત્પન્નવત્. (૧૧) એ પ્રમાણે અચરમ પણ જાણવી. - - - આ પ્રમાણે ૧૧-ઉદ્દેશાઓ છે.

ભગવન્ ! તે એમ જ છે, યાવત્ વિચરે છે. એકેન્દ્રિય શતક પૂરું.

## ❀ શતક-૩૩, શતકશતક-૨, ઉદ્દેશા ૧ થી ૧૧ ❀

— x — x — x — x — x — x — x —

• સૂત્ર-૧૦૨૨ :-

ભગવન્ ! કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. - - ભગવન્ ! કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે - સૂક્ષ્મ૦ અને બાદર પૃથ્વીકાયિક. ભગવન્ ! કૃષ્ણલેશ્યી સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! આ આલાવા વડે એ રીતે ચાર ચાર ભેદો જેમ ઔધિક ઉદ્દેશામાં કહ્યા તેમ વનસ્પતિકાય સુધી કહેવું.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મ પ્રકૃતિઓ છે ? પૂર્વવત્, ઔધિક ઉદ્દેશાનુસાર આ આલાવો કહેવો. - - એ પ્રમાણે જ બાંધે છે, એ પ્રમાણે જ વેદે છે. - - ભગવન્ ! તેમજ છે (૨)

ભગવન્ ! અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. એ રીતે આ અભિલાપ વડે પૂર્વવત્ બે-બે ભેદો યાવત્ વનસ્પતિકાયિક કહેવા. - - ભગવન્ ! અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની કેટલી કર્મ પ્રકૃતિઓ છે ? એ રીતે આ અભિલાપ વડે, ઔધિક અનંતરોત્પન્ન ઉદ્દેશા મુજબ જ "વેદે છે" સુધી કહેવું. ભગવન્ ! તેમજ છે.



ભગવન્ ! પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે-પૃથ્વીકાયિકાદિ. એ રીતે આ અભિલાપ વડે પૂર્વવત્ ચાર ભેદો, વનસ્પતિકાયિક સુધી કહેવા. - - - ભગવન્ ! પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિ છે ? એ રીતે આ અભિલાપથી ઔધિક પરંપરોત્પન્ન ઉદ્દેશા મુજબ યાવત્ 'વેદે છે' કહેવું.

એ રીતે આ અભિલાપ વડે જેમ ઔધિક એકેન્દ્રિય શતકના ૧૧-ઉદ્દેશા કહ્યા, તેમ કૃષ્ણલેશ્યી શતક પણ અચરમ-ચરમ કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય સુધી કહેવો.

## ❀ શતક-૩૩, શતકશતક-૩, ઉદ્દેશા-૧ થી ૧૧ ❀

— x — x — x — x — x — x — x —

• સૂત્ર-૧૦૨૩ :-

કૃષ્ણલેશ્યી માફક નીલલેશ્યી શતક પણ કહેવો. ભ૦ તેમજ છે.

## ❀ શતક-૩૩, શતકશતક-૪ થી ૧૨ ❀

— x — x — x — x — x —

• સૂત્ર-૧૦૨૪ થી ૧૦૩૨ :-

[૧૦૨૪-શ-૪] એ રીતે કાપોતલેશ્યી શતક કહેવું. - x - x -

[૧૦૨૫-શ-૫] ભગવન્ ! ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. - પૃથ્વી૦ યાવત્ વનસ્પતિકાયિક. ચાર-ચાર ભેદ, યાવત્ વનસ્પતિકાયિક. - - ભગવન્ ! ભવસિદ્ધિક અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિઓ છે ? એ રીતે આ આલાવા વડે પહેલા એકેન્દ્રિયશતક મુજબ ભવસિદ્ધિકશતક પણ કહેવા. ઉદ્દેશક પરિપાટી તેમજ અચરમ સુધી કહેવી. - - ભગવન્ ! તે એમ જ છે - પાંચમું એકેન્દ્રિય શતક પૂર્ણ.

[૧૦૨૬-શ.૬] ભગવન્ ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે૦ - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. - - ભગવન્ ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ૦ અને બાદરપૃથ્વીકાયિક. - - ભગવન્ ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. આ પ્રમાણે બાદર૦ પણ જાણવા. પૂર્વવત્ ચાર ભેદો કહેવા.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિઓ છે ? આ આલાવા વડે ઔધિક ઉદ્દેશક અનુસાર પૂર્વવત્ કહેવું. યાવત્ વેદે છે. - - - ભગવન્ ! અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - પૃથ્વીકાયાદિ.

ભગવન્ ! અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ૦ અને બાદર૦ એ રીતે બબ્બે ભેદો.

*ભગવન્ ! અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિ છે ? આ આલાવાથી ઔધિક અનંતરોત્પન્ન ઉદ્દેશક અનુસાર ''વેદે છે'' સુધી કહેવું. એ રીતે આ આલાવા વડે અગિયારે ઉદ્દેશા ઔધિકશતક મુજબ ''અચરિમ'' સુધી પૂર્વવત્ કહેવા.*

*[૧૦૨૭-શ.૭] કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક શતક મુજબ જ નીલલેશ્યી ભવસિદ્ધિક શતક કહેવો. - - સાતમું એકેન્દ્રિય શતક પૂર્ણ.*

*[૧૦૨૮-શ.૮] એ રીતે કાપોતલેશ્યી ભવસિદ્ધિક૦ કહેવું.*

*[૧૦૨૯-શ.૯] ભગવન્ ! અભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. એ પ્રમાણે ભવસિદ્ધિક શતક મુજબ કહેવું. વિશેષ એ કે - ચરમ, અચરમ ઉદ્દેશકો વર્જીને નવ ઉદ્દેશકો કહેવા. બાકી પૂર્વવત્ - નવમું શતક પૂર્ણ.*

*[૧૦૩૦-શ.૧૦] એ રીતે કૃષ્ણલેશ્યી અભવસિદ્ધિક૦ શતક છે.*

*[૧૦૩૧-શ.૧૧] નીલલેશ્યી અભવસિદ્ધિક૦ શતક એ રીતે જ.*

*[૧૦૩૨-શ.૧૨] કાપોતલેશ્યી અભવસિદ્ધિક શતક પણ એ રીતે કહેવું. - - આ પ્રમાણે [શતક-૯ થી ૧૨ એ] ચાર અભવસિદ્ધિક શતક છે. તે પ્રત્યેકમાં નવ-નવ ઉદ્દેશા છે. - - એ રીતે એકેન્દ્રિય શતક-૧૨- છે.*

● **વિવેચન-૧૦૧૮ થી ૧૦૩૨ :-** *[શતકશતક-૧ થી ૧૨]*

ચૌદ કર્મપ્રકૃતિ - આઠ જ્ઞાનાવરણાદિ, તે સિવાયની છ, તેની વિશેષભૂત છે. શ્રોત્રેન્દ્રિય વધ્ય-હનનીય, તે મતિજ્ઞાનાવરણ વિશેષ છે. એ પ્રમાણે બીજી પણ જાણવી. તેમાં સ્પર્શનેન્દ્રિય વધ્ય નથી. કેમકે તેમ કરતા એકેન્દ્રિયત્વની હાનિનો પ્રસંગ આવે.

જેના ઉદયથી સ્ત્રીવેદ ન પમાય તે સ્ત્રીવેદ વધ્ય. એ રીતે પુંવેદ વધ્ય, નપુંસક વેદ વધ્ય, તેઓમાં નપુંસક વેદવર્તિત્વ નથી. બાકી સૂત્રસિદ્ધ છે. વિશેષ એ કે - एवं दुपएणं भेदेएणं - અનંતરોત્પન્ન એકેન્દ્રિયોના પર્યાપ્તક-અપર્યાપ્તક ભેદના અભાવે ચાર ભેદ અસંભવ છે. તેથી દ્વિપદ ભેદ વડે કહેલ છે. તથા અભવસિદ્ધિકોને અચરમત્વ હોવાથી ચરમાચરમ વિભાગો નથી, તેથી ''ચરમાચરમ ઉદ્દેશકોને વર્જીને'' એમ કહ્યું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૩નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૩૪ 卐

-- x -- x --

૦ એકેન્દ્રિયો કહ્યા, અહીં બીજા ભંગો વડે તેની જ પ્રરૂપણા છે —

### ❁ શતક-૩૪, શતકશતક-૧, ઉદ્દેશો-૧ ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૩૩ :-**

*ભગવન્ ! એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે - પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. આ રીતે આ ભેદ ચતુષ્ક કહેવા.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક આ રત્નપ્રભા પૃથ્વીની પૂર્વદિશાના ચરમાંતમાં સમુદ્ઘાતથી મરીને, જે આ રત્નપ્રભા પૃથ્વીના પશ્ચિમ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તે હે ભગવન્ ! કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! એક, બે કે ત્રણ સમયિક વિગ્રહ વડે ઉપજે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ?*

*ગૌતમ ! મેં સાત શ્રેણીઓ કહી છે — ઋજ્વાયતા, એકતોવક્રા, દુહતોવક્રા, એકતોખા, દુહતોખા, ચક્રવાલા, અર્ધચક્રવાલા શ્રેણી. તેમાં —*

*ઋજ્વાયતા શ્રેણીએ ઉપજનાર એક સમયિક વિગ્રહથી ઉપજે. એકતોવક્રા શ્રેણીએ ઉપજનાર બે સમયિક વિગ્રહથી ઉપજે. દુહતોવક્રા શ્રેણી વડે ઉપજનાર ત્રિસમયિક વિગ્રહ વડે ઉપજે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક આ રત્નપ્રભાના પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને જે આ રત્નપ્રભાના પશ્ચિમ ચરમાંતમાં પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉપજે, તો હે ભગવન્ ! તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! એકસમયિક૦ બાકી પૂર્વવત્ યાવત્ તેથી કહ્યું કે યાવત્ વિગ્રહથી ઉપજે છે - - આ પ્રમાણે અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને પશ્ચિમ ચરમાંતમાં બાદર પૃથ્વીકાયિકમાં અપર્યાપ્તામાં ઉપજે. - - તે જ પૂર્વવત્ પર્યાપ્તામાં કહેવું.*

*એ પ્રમાણે અપ્કાયિકમાં ચાર આલાવા કહેવા — (૧) સૂક્ષ્મ અપર્યાપ્તા, (૨) સૂક્ષ્મ પર્યાપ્તા, (૩) બાદર અપર્યાપ્તા, (૪) બાદર પર્યાપ્તાનો ઉપપાત કહેવો. - - એ પ્રમાણે સૂક્ષ્મ તેઉકાયિકના બંને ઉપપાત કહેવા.*

*ભગવન્! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, આ રત્નપ્રભાના પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને જે મનુષ્ય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેઉ કાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તે હે ભગવન્! કેટલા સમયના વિગ્રહથી ઉપજે? બાકી પૂર્વવત્. એ રીતે પર્યાપ્ત બાદર તેઉકાયિકપણે ઉત્પાદ કહેવો. - - વાયુકાયિક સૂક્ષ્મબાદરમાં, અપ્કાયિકના ઉપપાત સમાન ઉત્પાદ કહેવો. એ પ્રમાણે વનસ્પતિકાયિકમાં પણ કહેવું. [૨૦ ભેદ થયાં.]*

*ભગવન્ ! પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીના ઈત્યાદિ ? પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક પણ પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને આ જ ક્રમ વડે*

*આ જ વીશ સ્થાનોમાં બાદર પર્યાપ્ત વનસ્પતિકાયિક સુધી ઉપપાત કહેવો [૪૦ ભેદ]. એ રીતે અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક પણ કહેવા. [૬૦ ભેદ] એ રીતે અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક પણ કહેવા [૮૦ ભેદ]. એ પ્રમાણે અપ્કાયિકપણ ચારે ગમકમાં પૂર્વ ચરમાંતથી સમવહત થઈને આ જ વક્તવ્યતાથી પૂર્વોક્ત વીશ સ્થાનોમાં ઉપપાત કહેવો [૧૬૦ ભેદ]*

*અપર્યાપ્ત અને પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકોનો આ વીશ સ્થાનોમાં ઉપપાત કહેવો. - - ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેઉકાયિક, મનુષ્ય ક્ષેત્રમાં સમવહત થઈને આ રત્નપ્રભા પૃથ્વીના પશ્ચિમ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તો હે ભગવન્ ! તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? બધું જ પૂર્વવત્. યાવત્ તેથી આમ કહ્યું.*

*આ પ્રમાણે ચારે પ્રકારના-પૃથ્વીકાયિકમાં, એ રીતે અપ્કાયમાં પૂર્વવત્ ઉપપાત કહેવો. અપર્યાપ્ત-પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકમાં એ પ્રમાણે જ ઉપપાત કહેવો. - - ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેઉકાયિક મનુષ્ય ક્ષેત્રમાં સમવહત થઈને. જે મનુષ્ય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેઉકાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તે હે ભગવન્ ! કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? બધું પૂર્વવત્. એ રીતે પર્યાપ્ત બાદર તેઉકાયિકપણે પણ ઉપપાત કહેવો.*

*વાયુકાયિકપણે અને વનસ્પતિકાયિકપણે, પૃથ્વીકાયિકના ઉપપાત સમાન ચાર ભેદ વડે ઉપપાત કહેવો. એ રીતે પર્યાપ્ત બાદર તેઉકાયિક પણ સમયક્ષેત્રમાં સમવહત થઈને આ જ વીશ સ્થાનોમાં ઉપપાત કહેવો જેમ અપર્યાપ્તાનો કહ્યો. - - એ રીતે સર્વત્ર પણ બાદર તેઉકાયિક અપર્યાપ્તા અને પર્યાપ્તાનો સમયક્ષેત્રમાં ઉત્પાદ અને સમુદ્દ્ઘાત કહેવો [૨૪૦ ભેદ]*

*વાયુકાયિક અને વનસ્પતિકાયિકને પૃથ્વીકાયિકવત્ ભેદ ચતુષ્ક વડે ઉપપાત કહેવો યાવત્ પર્યાપ્તા. [૪૦૦ ભેદ]*

*ભગવન્ ! બાદર વનસ્પતિકાયિક. આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વી ચરમાંતમાં સમવહત થઈને જે આ રત્નપ્રભાના પશ્ચિમી ચરમાંતમાં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના વિગ્રહથી ? બધું પૂર્વવત્. - - ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦ આ રત્નપ્રભાના પશ્ચિમ ચરમાંતમાં સમવહત થઈ જે આ રત્નપ્રભાના પૂર્વી ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય તે કેટલા સમયના વિગ્રહથી ? પૂર્વવત્. - - એ પ્રમાણે જેમ પૂર્વ ચરમાંતમાં સર્વે પદોમાં સમવહત થઈને પશ્ચિમી ચરમાંતમાં સમયક્ષેત્રમાં ઉપપાતિક અને જે સમયક્ષેત્રમાં સમવહત પશ્ચિમી ચરમાંતમાં સમયક્ષેત્રમાં ઉપપાતિક એ રીતે આ ક્રમથી પશ્ચિમી ચરમાંતમાં સમયક્ષેત્રમાં સમવહત થઈ પૂર્વી ચરમાંતમાં સમય ક્ષેત્રમાં ઉપપાત તે જ ગમક વડે કહેવો.*

*એ પ્રમાણે આ જ ગમક વડે દક્ષિણી ચરમાંતે સમવહત થઈને ઉત્તરિલ્લ ચરમાંતમાં સમયક્ષેત્રમાં ઉપપાત, એ પ્રમાણે ઉત્તરીય ચરમાંતે અને મનુષ્યક્ષેત્રમાં સમવહત થઈને દક્ષિણી ચરમાંતમાં અને સમયક્ષેત્રમાં ઉપપાત તે જ ગમક વડે કહેવો.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક શર્કરાપ્રભાના પૂર્વી ચરમાંતમાં સમવહત થઈને શર્કરાપ્રભાના પશ્ચિમી ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય૦ ? રત્નપ્રભામાં કહ્યા મુજબ કહેવું. એ રીતે આ ક્રમ વડે યાવત્ પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકોમાં કહેવું.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક શર્કરાપ્રભાના પૂર્વી ચરમાંતમાં સમવહત થઈને સમય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેઉકાયિકપણે ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના૦ ? બે કે ત્રણ સમયના વિગ્રહથી ઉપજે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! મેં સાત શ્રેણી કહી છે — ઋજ્વાયતા યાવત્ અર્ધ ચક્રવાલા. એકતોવક્રા શ્રેણીથી ઉપજનાર બે સમયિક વિગ્રહથી ઉપજે, દુહતોવક્રા શ્રેણીથી ઉપજનાર ત્રિસમયિક વિગ્રહથી ઉત્પન્ન થાય. તેથી૦*

*એ પ્રમાણે બાદરતેજસ્કાયિકમાં કહેવું. બાકી રત્નપ્રભાવત્. જે બાદર તેઉકાયિક અપર્યાપ્તા અને પર્યાપ્તાઓ મનુષ્ય ક્ષેત્રમાં સમવહત થઈને બીજી પૃથ્વીના પશ્ચિમી ચરમાંતમાં ચતુર્વિધ પૃથ્વીકાયિકમાં, ચતુર્વિધ અપ્કાયિકમાં, દ્વિવિધ તેઉકાયિકમાં, ચતુર્વિધ વાયુકાયિકમાં, ચતુર્વિધ વનસ્પતિકાયિકમાં ઉપજે છે તેનો પણ આ રીતે બે કે ત્રણ સમયના વિગ્રહથી ઉત્પાદ કહેવો. - - પર્યાપ્ત, અપર્યાપ્ત બાદર તેઉકાયિક જે તેમાં જ ઉપજે તો રત્નપ્રભા સમાન એક-બે-ત્રણ સમયિક વિગ્રહ કહેવો, બાકી રત્નપ્રભા મુજબ બધું જાણવું. શર્કરાપ્રભા માફક અધઃસપ્તમી સુધી કથન કરવું.*

**● વિવેચન-૧૦૩૩ :-**

૦ અહીં લોકનાડીને આશ્રીને વિચારણા છે.. એક સમય જેમાં થાય તેવી વક્રગતિ અથવા વિશિષ્ટ સ્થાન પ્રાપ્તિના હેતુભૂત ગતિ તે વિગ્રહગતિ. તેમાં 'ઋજ્વાયતા' - મરણ સ્થાનથી ઉત્પત્તિ સ્થાન સમશ્રેણીએ હોવું. તેના વડે જતાં એક સમયવાળી ગતિ થાય. જો મરણ સ્થાનથી ઉત્પત્તિસ્થાન એક પ્રતર વિશ્રેણીમાં વર્તે તો ''એકતોવક્રા''. તેમાં બે સમયે ઉત્પત્તિ સ્થાન પ્રાપ્તિ થાય. - x - જો મરણ સ્થાનથી ઉત્પત્તિ સ્થાન નીચે કે ઉપરના પ્રતરમાં વિશ્રેણીમાં હોય તો દ્વિવક્રાશ્રેણિ થાય, તેમાં ત્રણ સમયે ઉત્પત્તિ સ્થાને જવાય. - x - x -

બાદર તેજસ્કાયિક સૂત્રમાં રત્નપ્રભાક્રમે જે કહ્યું, તે બાદરતેજસ્‌થી અન્યત્ર ઉત્પાદ્‌ના અસંભવથી કહ્યું. વીશ સ્થાન-પૃથ્વી આદિ પાંચ, સૂક્ષ્મ બાદર બે ભેદથી દશ, પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તાથી વીસ. એક જીવસ્થાનમાં અહીં વીસ ગમો છે. એ રીતે પૂર્વના અંત સુધીના ગમોના ૪૦૦ ભેદ. એ રીતે પશ્ચિમનાં. એમ રત્નપ્રભા પ્રકરણમાં ૧૬૦૦ ગમો છે. - x - x - ઈત્યાદિ - x - x -

**● સૂત્ર-૧૦૩૪ :-**

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક અધોલોક ક્ષેત્ર નાડીથી બહારના ક્ષેત્રમાં સમવહત થઈને જે ઉર્ધ્વલોક ક્ષેત્ર નાડીના બાહ્ય ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય તો હે ભગવન્ ! તે કેટલા સમયના વિગ્રહથી*

ઉપજે ? ગૌતમ ! ત્રણ કે ચાર સમયના. - - એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ અધોલોકનાડીના બહારના ક્ષેત્રમાં સમવહત થઈને ઉર્ધ્વલોક નાડીના બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦ એક પ્રતર અનુશ્રેણી વડે ઉપજવા યોગ્ય હોય. તે ત્રણ સમય વિગ્રહથી ઉપજે. જે વિશ્રેણીએ ઉપજવા યોગ્ય હોય તે ચાર સમયિક વિગ્રહથી ઉપજે, તેથી એ કહ્યું.

એ પ્રમાણે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ પણ જાણવું. એ રીતે યાવત્ પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકપણે જાણવું. - - ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ અધોલોક યાવત્ સમવહત થઈને સમય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદરતેઉ૦ ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! બે કે ત્રણ સમયના. એમ કેમ કહ્યું ? મેં સાત શ્રેણી કહી છે – ઋજ્વાયતા યાવત્ અર્ધચક્રવાલા. એકતોવક્રા શ્રેણીએ ઉપજતા બે સમય અને દુહતોવક્રા શ્રેણીએ ઉપજતા ત્રણ સમય વિગ્રહથી ઉપજે છે, તેથી એમ કહ્યું છે.

એ પ્રમાણે પર્યાપ્તા બાદર તેઉકાયિકમાં ઉત્પાદ કહેવો. વાયુકાય, વનસ્પતિ-કાયમાં ભેદ ચતુષ્કથી, અપ્‌કાયવત્ ઉત્પાદ કહેવો. એ રીતે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ના ગમન સમાન પર્યાપ્તા સૂક્ષ્મ૦ પણ કહેવા. તે રીતે વીસ સ્થાનમાં ઉત્પાદ કહેવો. - - અધોલોક ક્ષેત્ર નાડીના બહારના ક્ષેત્રમાં સમવહત થઈને, એ પ્રમાણે બાદરપૃથ્વીકાયના અપર્યાપ્તા અને અપર્યાપ્તા પણ કહેવા. - - એ રીતે અપ્‌કાયના ચારે ભેદોને પણ કહેવા. - - સૂક્ષ્મ તેઉકાયના બંનેના પણ (ગમકો) એ પ્રમાણે જ જાણવા. [૨૦૦ ભેદ થયા.]

ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેઉકાય સમયક્ષેત્રમાં સમવહત થઈને જે ઉર્ધ્વલોક નાડીના બાહ્ય ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે. ગૌતમ ! બે-ત્રણ કે ચાર. એમ કેમ કહ્યું ? રત્નપ્રભામાં કહ્યા મુજબ તેનો અર્થ સાત શ્રેણી સુધી જાણવો.

ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેઉકાયિક, સમય ક્ષેત્રમાં સમવહત થઈને જે ઉર્ધ્વલોક ક્ષેત્ર નાડીના બાહ્ય ક્ષેત્રમાં પર્યાપ્ત સૂક્ષ્મ તેઉ૦ ઉપજવા યોગ્ય હોય, તે૦ ? બધું પૂર્વવત્. - - ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેઉકાય સમયક્ષેત્રમાં સમવહત થઈને સમય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદરતેઉ૦ ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! એક-બે કે ત્રણ સમયના. એમ કેમ ? રત્નપ્રભા મુજબ જ સાત શ્રેણી સુધી બધું કહેવું. એ પ્રમાણે બાદર તેઉકાયિકપણે પણ ઉત્પાદ કહેવો. વાયુકાય અને વનસ્પતિકાયમાં, પૃથ્વીકાયના ઉત્પાદ માફક ચાર ભેદ વડે. ઉત્પાદ કહેવો. એ પ્રમાણે પર્યાપ્ત બાદર તેઉ૦ પણ આ જ સ્થાનોમાં ઉત્પાદ કહેવો. વાયુકાયિક અને વનસ્પતિકાયમાં પૃથ્વીકાયમાં કહ્યો તે પ્રમાણે જ ઉત્પાદ કહેવો.

ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉર્ધ્વલોક નાડીથી બહારના ક્ષેત્રમાં સમવહત થઈને, અધોલોક ક્ષેત્ર નાડીના બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના૦ ? ઉર્ધ્વલોક ક્ષેત્ર નાડીથી



બહારના ક્ષેત્રમાં સમવહત થઈને અધોલોક ક્ષેત્ર નાડીના બહારના ક્ષેત્રમાં ઉત્પન્ન થનાર સમાન તે ગમક સંપૂર્ણ કહેવો યાવત્ બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તાનો બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તામાં ઉત્પાદ (સુધી) કહેવું.

ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, લોકના પૂર્વ ચરમાંતે સમવહત થઈને લોકના ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય તો કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! એક, બે, ત્રણ કે ચારના. એમ કેમ કહ્યું ? ગૌતમ ! મેં સાત શ્રેણી કહી છે – ઋજ્વાયતાથી અર્ધચક્રવાલા. તેમાં ઋજ્વાયતા શ્રેણીથી ઉત્પન્ન થનાર એક સમય વિગ્રહથી, એકતોવક્રા શ્રેણીથી ઉપજતો, બે સમય વિગ્રહથી, દુહતોવક્રા શ્રેણીથી ઉપજતો જે એકપ્રતર અનુશ્રેણીથી ઉપજવા યોગ્ય હોય તે ત્રણ સમય વિગ્રહથી અને વિશ્રેણીએ ઉપજવા યોગ્ય હોય, તે ચાર સમય વિગ્રહથી ઉત્પન્ન થાય, તેથી કહ્યું.

એ પ્રમાણે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક લોકના પૂર્વચરમાંતે સમવહત થઈને લોકના પશ્ચિમ ચરમાંતે અપર્યાપ્તા, પર્યાપ્તા સૂક્ષ્મ-પૃથ્વી૦ આયુ૦ તેઉ૦ વાયુકાયિકમાં બાદરવાયુ૦ સૂક્ષ્મ વનસ્પતિકાયિકમાં આ બાર સ્થાનોમાં આ જ ક્રમથી કહેવા. - - - અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકનો ઉપપાત એ પ્રમાણે સંપૂર્ણ બારે સ્થાનોમાં કહેવો. [૨૪]

એ રીતે આ ગમક વડે યાવત્ પર્યાત સૂક્ષ્મ વનસ્પતિકાયિકનો પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકમાં ઉપપાત કહેવો.

ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦ લોકના પૂર્વ ચરમાંતે સમવહત થઈને જે લોકના દક્ષિણ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦ ઉપજવા યોગ્ય હોય, તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! બે, ત્રણ કે ચાર સમયના. એમ કેમ કહ્યું ? ગૌતમ ! મે સાત શ્રેણીઓ કહી છે – ઋજ્વાયતા યાવત્ અર્ધચક્રવાલા. એકતોવક્રા શ્રેણીએ ઉપજતા બે સમયિક વિગ્રહ, દુહતોવક્રા શ્રેણીએ ઉપજતા જે એકપ્રતર અનુશ્રેણીથી ઉપજે, તે ત્રણ સમયિક વિગ્રહ, જે વિશ્રેણીએ ઉપજવા યોગ્ય હોય તે ચાર સમયિક વિગ્રહ વડે ઉપજે છે, તેથી એમ કહ્યું.

એ પ્રમાણે આ ગમક વડે પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને દક્ષિણ ચરમાંતમાં ઉત્પાદ કહેવો યાવત્ પર્યાપ્તા સૂક્ષ્મવનસ્પતિકાયિકથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ૦માં કહેવું. બધે બે, ત્રણ કે ચાર સમય વિગ્રહ.

ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક લોકનતા પૂર્વ ચરમાંતે સમવહત થઈને જે લોકના પશ્ચિમી ચરમાંતે અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વી૦માં ઉપજવા યોગ્ય હોય તે કેટલા સમયના વિગ્રહથી ઉપજે ? ગૌતમ ! એક, બે, ત્રણ કે ચાર સમયના. એમ કેમ ? એ રીતે જેમ પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને પૂર્વ ચરમાંતમાં ઉપપાત છે, તેમ પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને પશ્ચિમી ચરમાંતમાં સર્વેનો ઉપપાત કહેવો.

ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક લોકના પૂર્વ ચરમાંતે સમવહત થઈને જે લોકના ઉત્તર ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી૦પણે ઉપજવા યોગ્ય

*હોય, તે૰ એ રીતે જેમ પૂર્વ ચરમાંતમાં સમવહત થઈને દક્ષિણ ચરમાંતમાં ઉપપાત કહ્યો, તેમ આ ઉપપાત - x - પણ કહેવો.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક લોકના દક્ષિણી ચરમાંતમાં સમવહત થઈને જે લોકના દક્ષિણ જ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉપજવા યોગ્ય હોય૰ એ રીતે જેમ પૂર્વમાં સમવહત થઈને પૂર્વમાં જ ઉપપાત કહ્યો, તેમ દક્ષિણમાં સમવહત થઈને દક્ષિણમાં જ ઉપપાત કહેવો. તે પ્રમાણે જ સંપૂર્ણ યાવત્ પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકમાં, દક્ષિણ ચરમાંતમાં ઉપપાત કહેવો, એ રીતે દક્ષિણમાં સમવહત થઈ પશ્ચિમ ચરમાંતમાં ઉત્પાદ કહેવો. સ્વસ્થાનમાં તેમજ એક-બે-ત્રણ-ચાર સમયિક વિગ્રહ. પૂર્વમાં, તેમ પશ્ચિમમાં બે, ત્રણ, ચાર સમયિક, પશ્ચિમી ચરમાંતમાં સમવહત થઈને પશ્ચિમમાં જ ઉત્પન્ન થનારને, સ્વસ્થાન મુજબ, ઉત્તરમાં ઉત્પન્ન થનારને એક સમયિક વિગ્રહ નથી. બાકી પૂર્વવત્. પૂર્વમાં, સ્વસ્થાન મુજબ. દક્ષિણમાં એક સમયિક વિગ્રહ નથી, બાકી પૂર્વવત્.*

*ઉત્તરમાં સમવહત થઈને ઉત્તરમાં જ ઉત્પન્ન થનારને, સ્વસ્થાન મુજબ. ઉત્તરમાં સમવહત થઈને પૂર્વમાં ઉત્પન્ન થનારને પૂર્વવત્. વિશેષ એ - એક સમયિક વિગ્રહ નથી. ઉત્તરમાં સમવહત થઈને દક્ષિણમાં ઉપજનારને, સ્વસ્થાન મુજબ. ઉત્તરમાં સમવહત થઈને પશ્ચિમમાં ઉપજનારને એક સમયિક વિગ્રહ નથી, બાકી પૂર્વવત્ યાવત્ સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તો, સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તામાં પૂર્વવત્.*

*ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનમાં આઠે પૃથ્વીમાં, જેમ સ્થાનપદમાં કહ્યા તેમ, યાવત્ સૂક્ષ્મવનસ્પતિકાયિક જે પર્યાપ્તા અને જે અપર્યાપ્તા છે, તે બધાં એક જ પ્રકારના અવિશેષ કે ભિન્નતારહિત સર્વલોક પર્યાપન્ન કહ્યા છે.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મ પ્રકૃતિઓ કહી છે ? ગૌતમ ! આઠ-જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. એ રીતે ચાર-ચાર ભેદથી એકેન્દ્રિય શતક મુજબ યાવત્ પર્યાપ્તા બાદર વનસ્પતિ૰*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? ગૌતમ ! સાત બાંધે કે આઠ બાંધે, એકેન્દ્રિય શતક અનુસાર યાવત્ પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક કહેવું.*

*ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક કેટલી કર્મ પ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! ચૌદ. એકેન્દ્રિય શતકમતાં કહ્યા મુજબ જ્ઞાનાવરણીય યાવત્ પુરુષવેદબધ્ય, એ રીતે યાવત્ પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક.*

*ભગવન્ ! એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય૰ પ્રશ્નો ? 'વ્યુત્ક્રાંતિ' પદના પૃથ્વીકાયિકના ઉત્પાદ સમાન જાણવું.*

*ભગવન્ ! એકેન્દ્રિયોને કેટલા સમુદ્ઘાત છે ? ગૌતમ ! ચાર. - વેદના સમુદ્ઘાત યાવત્ વૈક્રિયસમુદ્ઘાત.*



*ભગવન્ ! એકેન્દ્રિયો શું તુલ્ય સ્થિતિક હોય તે તુલ્ય અને વિશેષાધિક કર્મ બાંધે ? તુલ્ય સ્થિતિક એકેન્દ્રિય ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે ? ભિન્ન સ્થિતિકો તુલ્ય-વિશેષાધિક કર્મ બાંધે ? ભિન્ન સ્થિતિક ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે ? ગૌતમ ! કેટલાંક તુલ્યસ્થિતિકો તુલ્યવિશેષાધિક કર્મ બાંધે યાવત્ - x - કેટલાંક ભિન્ન સ્થિતિકો ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે.*

*ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! એકેન્દ્રિયો ચાર ભેદે છે — (૧) કેટલાંક સમાનાયુ, સમાનોત્પન્ન, (૨) કેટલાંક સમાનાયુ, વિષમોત્પન્ન, (૩) કેટલાંક વિષમાયુ, સમાનોત્પન્ન, (૪) કેટલાંક વિષમાયુ વિષમાનોત્પન્ન. તેમાં જે પહેલા ભંગવાળા તુલ્યસ્થિતિક છે, તુલ્યવિશેષાધિક કર્મ બાંધે છે, બીજા છે તે તુલ્ય સ્થિતિક, ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે છે, ત્રીજા છે તે ભિન્નસ્થિતિક, તુલ્ય-વિશેષાધિક કર્મ બાંધે છે, જે ચોથા છે તે ભિન્નસ્થિતિક, ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે છે. તેથી - x -*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૧૦૩૪ :-**

અધોલોક ક્ષેત્રમાં જે ત્રસનાડી તે અધોલોક ક્ષેત્ર નાડી, એ રીતે ઉર્ધ્વલોક ક્ષેત્ર નાડી. અધોલોક ક્ષેત્રમાં નાડી બહાર પૂર્વાદિ દિશામાં મરીને એક સમયે નાડી મધ્યે પ્રવેશ, બીજા સમયે ઉંચે જઈ, પછી એકપ્રતરમાં પૂર્વ કે પશ્ચિમમાં જ્યાં ઉત્પત્તિ થાય, ત્યાં અનુશ્રેણીથી જઈને ત્રીજે સમયે ઉત્પન્ન થાય. જો નાડી બહાર વાયવ્યાદિમાં મરે તો એક સમયથી પશ્ચિમ કે ઉત્તરમાં જઈને, બીજા સમયે નાડીમાં પ્રવેશી, ત્રીજા સમયે ઉંચે જઈ, ચોથે અનુશ્રેણીમાં જઈને પૂર્વાદિ દિશામાં ઉપજે. જો કે પંચસમયિક ગતિ પણ છે —

સૂત્રમાં ચાર સમયથી વધુ ગતિ કહી નથી, જીવને લોકમાં પાંચ સમય ગતિ પણ યોજાય છે, જે તમસ્તમા વિદિશામાં સમવહત થઈને બ્રહ્મલોક વિદિશામાં ઉપજે, તે નિયમથી પાંચ સમય ગતિ વડે જાય, ઋજુ, એકતો અને દ્વિધા વક્રા ગતિ કહી છે. ત્રણ, ચાર વક્રાને ચાર-પાંચ સમયિક જાણવી. કદાચ અલ્પત્વાદિથી કે ઉત્પાદ અભાવે તે કહેલ નથી.

સમય ક્ષેત્રથી એક સમયે ઉર્ધ્વગતિમાં, બીજે નાડી બહાર ઉત્પત્તિ સ્થાને-તે બે સમયિક. ઈત્યાદિ વૃત્તિ સુગમ છે.

લોકના ચરમાંતને આશ્રીને કહે છે — અહીં લોકના ચરમાંતમાં બાદર પૃથ્વી-અપ્-તેઉ-વનસ્પતિ નથી. સૂક્ષ્મો પાંચે હોય છે. બાદરવાયુકાયિક પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી બાર સ્થાને અનુસરવા. અહીં લોકના પૂર્વ ચરમાંતથી પૂર્વ ચરમાંતમાં ઉત્પન્ન થનારની એકથી ચાર સમયની ગતિ સંભવે છે. - x - પૂર્વથી દક્ષિણ ચરમાંતમાં ઉત્પન્ન થનારની બે આદિ સમયિક ગતિ છે. - x - એ રીતે અન્યત્ર પણ વિશ્રેણિગમન કહ્યું. - - ઉત્પાદ અધિકૃત્ય એકેન્દ્રિય પ્રરૂપણા કરી.

હવે તેના સ્થાનની પ્રરૂપણા - સ્વસ્થાનમાં જે બાદર પૃથ્વીકાયિક તેના વડે સ્વસ્થાનથી સ્વસ્થાન આશ્રીને. ''સ્થાનપદ'' પ્રજ્ઞાપનામાં બીજું પદ, તે આ છે -

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા આદિ. एगविह - પ્રકૃત સ્વસ્થાન આદિ વિચારથી એક પ્રકારે. अविसेसमाण - વિશેષ રહિત, જેમ પર્યાપ્તા અને અપર્યાપ્તા [ભેદરહિત], નાનાત્વવર્જિત. આધારભૂત આકાશપ્રદેશમાં એક, તેમાં જ બીજા પણ.. ઉપપાત સમુદ્ઘાત સ્વસ્થાન વડે સર્વલોકમાં વર્તે છે. ઉપપાત અભિમુખ્ય સમુદ્ઘાત અહીં મારણાંતિક સ્વસ્થાને, જ્યાં તે રહેલ છે.

સમુદ્ઘાત સૂત્રમાં ''વૈક્રિય'' વાયુકાયિકને આશ્રીને કહ્યો છે.

એકેન્દ્રિયોને જ બીજા ભંગોથી બતાવે છે - તુલ્યસ્થિતિક એટલે પરસ્પરાપેક્ષાથી સમાનાયુષ્ક. પરસ્પરાપેક્ષાથી તુલ્યપણે અસંખ્યેય ભાગાદિ વડે પૂર્વકાલબદ્ધ કર્મની અપેક્ષાએ અધિકતર તે તુલ્યવિશેષાધિક. कर्म - જ્ઞાનાવરણાદિ બાંધે છે. - - અન્યોન્યાપેક્ષાએ વિષમ પરિમાણ, કોઈ અસંખ્યેય ભાગરૂપ. અન્ય સંખ્યેય ભાગરૂપ જે વિશેષ તેના વડે અધિક - x - વિષમ માત્રા આયુ જેમાં છે તે વિમાત્રાસ્થિત. - x - સમસ્થિતિ અને સમક જ ઉત્પન્ન, તેઓ તુલ્ય સ્થિતિક છે. સમ ઉત્પન્નત્વથી પરસ્પર સમાન યોગત્વથી સમાન જ કર્મ કરે છે. તેઓ પૂર્વાપેક્ષાએ સમ, હીન કે અધિક કર્મ કરે છે. ઈત્યાદિ ચારે ભંગ સૂત્રાર્થમાં કહ્યા, તે જ વૃત્તિકારે દર્શાવેલ છે.

## ❁ શતક-૩૪, શતશતક-૧, ઉદ્દેશો-૨ ❁

— x — x — x — x — x —

● સૂત્ર-૧૦૩૫ :-

*ભગવન્ ! અનંતરોત્પન્ન એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - પૃથ્વીકાયિકાદિ. બબ્બે ભેદો એકેન્દ્રિય શતક મુજબ યાવત્ બાદર વનસ્પતિકાયિક. - - ભગવન્ ! અનંતરોત્પન્ન બાદર પૃથ્વીકાયિક સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનમાં આઠે પૃથ્વીમાં૦ રત્નપ્રભામાં જેમ સ્થાન પદે કહ્યા તેમ યાવત્ દ્વીપ-સમુદ્રોમાં આ અનંતરોત્પન્ન બાદર પૃથ્વી૦ સ્થાનો છે.*

*— ઉપપાત સર્વલોકમાં, સમુદ્ઘાત સર્વલોકમાં, સ્વસ્થાનમાં લોકના અસંખ્યાત ભાગમાં, અનંતરોત્પન્ન સૂક્ષ્મ પૃથ્વીકાયિક એક પ્રકારના અવિશેષ અનાનાત્વ સર્વલોકમાં હે શ્રમણાયુષ્ય ! વ્યાપ્ત છે.*

*આ પ્રમાણે આ ક્રમથી સર્વે એકેન્દ્રિયો કહેવા. સ્વસ્થાનમાં બધામાં સ્થાનપદ મુજબ છે. તેમાં પર્યાપ્તા બાદરના ઉત્પાદ, સમુદ્ઘાત સ્થાનો, તેના અપર્યાપ્ત મુજબ છે. બાદર અને સૂક્ષ્મ બધામાં પૃથ્વીકાયિકમાં કહ્યા મુજબ કહેવા યાવત્ વનસ્પતિકાયિક જાણવું.*

*અનંતરોત્પન્ન સૂક્ષ્મ પૃથ્વીકાયિકને કેટલી કર્મપ્રકૃતિ છે ? ગૌતમ ! આઠ, એકેન્દ્રિયના અનંતરોત્પન્ન ઉદ્દેશા મુજબ કહેવી. તે રીતે જ બાંધે, તે રીતે જ વેદે યાવત્ અનંતરોત્પન્ન બાદર વનસ્પતિકાયિક.*

*અનંતરોત્પન્ન એકેન્દ્રિય ક્યાં ઉપજે છે ? ઔધિક ઉદ્દેશવત્.*

*અનંતરોત્પન્ન એકેન્દ્રિયને કેટલા સમુદ્ઘાત છે ? ગૌતમ ! બે-વેદના અને કષાય સમુદ્ઘાત. - - તુલ્યસ્થિતિક અનંતરોત્પન્ન એકેન્દ્રિયો શું તુલ્ય-વિશેષાધિક કર્મ બાંધે૦ પ્રશ્નો ? પૂર્વવત્. ગૌતમ ! કેટલાંક તુલ્યસ્થિતિક, તુલ્ય-*



*વિશેષાધિક કર્મ બાંધે, કેટલાંક તુલ્યસ્થિતિક ભિન્ન-વિશેષાધિક કર્મ બાંધે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! અનંતરોત્પન્ન એકેન્દ્રિયો બે ભેદે - કેટલાંક સમાનાયુ, સમાનોત્પન્ન છે. કેટલાંક સમાનાયુ વિષમોત્પન્ન છે તેમાં જે પહેલા છે તે તુલ્યસ્થિતિકો તુલ્ય-વિશેષાધિક કર્મ બાંધે, જે બીજા છે, તે તુલ્યસ્થિતિક ભિન્ન-વિશેષાધિક કર્મો બાંધે. તેથી એમ કહ્યું. - x - ભગવન્ ! તે એમ જ છે.*

## ❁ શતક-૩૪, શતકશતક-૧, ઉદ્દેશા-૩ થી ૧૨ ❁

— x — x — x — x — x — x —

● સૂત્ર-૧૦૩૬,૧૦૩૭ :-

*[૧૦૩૬,ઉ૦ ૩] ભગવન્ ! પરંપરોત્પન્ન એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે - પૃથ્વીકાયિકાદિ. ચારે ભેદો યાવત્ વનસ્પતિકાય કહેવા.*

*ભગવન્ ! પરંપરોત્પન્ન અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, આ રત્નપ્રભાના પૂર્વી ચરમાંતમાં સમવહત થઈને જે આ રત્નપ્રભાના યાવત્ પશ્ચિમી ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉપજવા યોગ્ય હોય. એ રીતે આ આલાવા વડે પહેલા ઉદ્દેશામાં કહ્યા મુજબ લોકચરમાંત સુધી કહેવું.*

*ભગવન્ ! પરંપરોત્પન્ન પૃથ્વીકાયિકના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનમાં આઠે પૃથ્વીમાં, એ રીતે આ આલાવાથી પહેલા ઉદ્દેશા મુજબ તુલ્ય સ્થિતિક સુધી કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*[૧૦૩૭, ઉ૦ ૪ થી ૧૧] એ પ્રમાણે બાકીના આઠે ઉદ્દેશા યાવત્ અચરમ કહેવા. વિશેષ એ - અનંતર અનંતરસદેશ, પરંપર પરંપરસદેશ, ચરમ અને અચરમ પૂર્વવત્ જાણવા. એ રીતે આ ૧૧-ઉદ્દેશા છે.*

## ❁ શતક-૩૪, શતકશતક-૨ થી ૧૨ ❁

— x — x — x — x — x —

● સૂત્ર-૧૦૩૮ થી ૧૦૪૩ :- *[શતક ક્રમ જોડે આપેલ છે]*

*[૧૦૩૮, શ૦ ૨] ભગવન્ ! કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે૦ ભેદ ચતુષ્ક કૃષ્ણલેશ્યી એકેન્દ્રિય મુજબ વનસ્પતિકાયિક સુધી કહેવા. - - ભગવન્ ! કૃષ્ણલેશ્યી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, આ રત્નપ્રભાના પૂર્વ ચરમાંતથી૦ એ રીતે આ આ આલાવા વડે ઔધિક ઉદ્દેશ સમાન લોકના ચરમાંતથી સર્વત્ર કૃષ્ણલેશ્યીના ઉપપાત સુધી કહેવું.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકોના સ્થાનો ક્યાં છે ? એ રીતે આ આલાવા વડે ઔધિક ઉદ્દેશા મુજબ તુલ્યસ્થિતિક સુધી જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે. - - આ રીતે આ આલાવા વડે પ્રથમ શ્રેણી શતક મુજબ અગીયારે ઉદ્દેશા કહેવા.*

*[૧૦૩૯, શ૦ ૩] એ પ્રમાણે નીલલેશ્યીમાં પણ કહેવું.*

*[૧૦૪૦, શ૦ ૪] એ પ્રમાણે કાપોતલેશ્યીમાં પણ કહેવું.*

*[૧૦૪૧, શ૦ ૫] ભવસિદ્ધિક વિષયક શતક પણ એ રીતે કહેવું.*

*[૧૦૪૨, શ૦ ૬] અનંતરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા*

*ભેદે છે ? અનંતરોત્પન્ન ઉદ્દેશા મુજબ અને ઔધિક મુજબ કહેવું.*

*ભગવન્ ! પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા ભેદે છે ? પાંચ ભેદે. પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિય૦ ઔધિક ભેદચતુષ્ક યાવત્ વનસ્પતિકાયિક કહેવું.*

*ભગવન્ ! પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીમાં૦ આ રીતે આ અભિલાપથી ઔધિક ઉદ્દેશા મુજબ લોકના ચરમાંત સુધી કહેવું. - - સર્વત્ર કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિકમાં ઉપપાત કહેવો. - - - ભગવન્ ! પરંપરોત્પન્ન કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકના સ્થાનો છે ? એ રીતે આ આલાવાથી ઔધિક ઉદ્દેશા સમાન તુલ્યસ્થિતિ સુધી કહેવું. - - એ પ્રમાણે આ આલાવાથી કૃષ્ણલેશ્યી અભવસિદ્ધિક એકેન્દ્રિયના પૂર્વવત્ ૧૧ ઉદ્દેશા સહિત પૂર્ણ.*

*[૧૦૪૩, શ૦ ૭ થી ૧૨] નીલલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિયમાં સાતમું, કાપોતલેશ્યીમાં આઠમું, ભવસિદ્ધિકના ચાર શતક મુજબ અભવસિદ્ધિકના પણ ચાર શતક કહેવા. એ રીતે આ બાર એકેન્દ્રિય શ્રેણી કહી. - x -*

**● વિવેચન-૧૦૩૪ થી ૧૦૪૩ :-**

અનંતરોત્પન્ન એકેન્દ્રિય અધિકારમાં - x - સૂક્ષ્મ અને બાદર એ બે પદ ભેદ છે. ઉપપાત અભિમુખ્યથી અપાંતરાલ ગતિવર્તી.. સમુદ્‌ઘાત મારણાંતિકથી.. તેની અતિ બહુલતાથી સર્વલોકમાં વ્યાપેલ છે અહીં વૃત્તિકારશ્રી સ્થાપના ચિત્ર રજૂ કરે છે. અમે તેનો અનુવાદ મૂકેલ નથી.

અહીં અનંતરોત્પન્નકત્વ ભાવિ ભવ અપેક્ષાએ કહેવું. મારણાંતિક સમુદ્‌ઘાત પણ પૂર્વોક્ત ભવાપેક્ષાએ છે. - - રત્નપ્રભાદિ પૃથ્વી અને વિમાનો લોકના અસંખ્યાતમાં ભાગે વર્તે છે. - - પૃથ્વી આદિને પૃથ્વીકાયાદિ સ્વસ્થાન છે. તે - x - આઠે પૃથ્વીમાં કહ્યા. બાદર અપ્‌કાયને સાત ઘનોદધિમાં બાદર તેઉકાયને મનુષ્યક્ષેત્રમાં, બાદર વાયુકાયને સાત ઘનવાત વલયમાં, બાદર વનસ્પતિને સાત ઘનોદધિમાં૦ ઈત્યાદિ.

ઉપપાત, સમુદ્‌ઘાત સ્વસ્થાનો, પૃથ્વીકાયિકોના અપર્યાપ્તક બાદરની માફક જાણવા. - x - x - સમુદ્‌ઘાત સૂત્રમાં બે સમુદ્‌ઘાત કહ્યા. કેમકે અનંતરોત્પન્નત્વથી મારણાંતિક સમુદ્‌ઘાતનો અસંભવ છે. જે સમાનાયુ અનંતરોત્પન્નકત્વ પર્યાય આશ્રીને સમય માત્ર સ્થિતિવાળા છે, પછી તે પરંપરોત્પન્નક વ્યપદેશથી સમાનોત્પન્નક એક જ સમયે ઉત્પત્તિસ્થાન પ્રાપ્તા તેઓ તુલ્ય સ્થિતિક છે, સમાનોત્પન્નત્વથી સમયોગત્વથી તુલ્ય-વિશેષાધિક કર્મ બાંધે છે. એ પ્રમાણે ચારે ભેદ સૂત્રાર્થમાં જણાવેલ હોવાથી અહીં ફરી નોંધ કરેલ નથી. - x - x - x - આ તો ગમનિકા માત્ર છે, બાકી સૂત્રસિદ્ધ છે. માત્ર સેઢિસય - ઋજવાયતા શ્રેણીપ્રધાન શતક.

**મુનિદીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૩૫ 卐

-- x -- x --

શતક-૩૪માં એકેન્દ્રિય શ્રેણી કહી, અહીં રાશિ પ્રક્રમ કહે છે –

### ❁ શતક-૩૫, શતકશતક-૧, ઉદ્દેશો-૧ ❁

-- x -- x -- x -- x -- x -- x --

**● સૂત્ર-૧૦૪૪ :-**

*ભગવન્ ! મહાયુગ્મો કેટલા કહ્યા છે ? ગૌતમ ! સોળ. તે આ – (૧) કૃતયુગ્મ કૃતયુગ્મ, (૨) કૃતયુગ્મ ત્ર્યોજ, (૩) કૃતયુગ્મ દ્વાપરયુગ્મ, (૪) કૃતયુગ્મ કલ્યોજ, (૫) ત્ર્યોજ કૃતયુગ્મ, (૬) ત્ર્યોજત્ર્યોજ, (૭) ત્ર્યોજ દ્વાપરયુગ્મ, (૮) ત્ર્યોજ કલ્યોજ. (૯) દ્વાપરયુગ્મ કૃતયુગ્મ, (૧૦) દ્વાપરયુગ્મ ત્ર્યોજ, (૧૧) દ્વાપરયુગ્મ દ્વાપરયુગ્મ, (૧૨) દ્વાપરયુગ્મ કલ્યોજ, (૧૩) કલ્યોજ કૃતયુગ્મ, (૧૪) કલ્યોજ ત્ર્યોજ, (૧૫) કલ્યોજ દ્વાપરયુગ્મ, (૧૬) કલ્યોજ કલ્યોજ. - - ભગવન્ ! એમ કેમ કહ્યું-૧૬ યુગ્મો છે ?*

*ગૌતમ ! જે રાશિમાં ચાર સંખ્યા અપહાર કરતાં – (૧) શેષ ચાર રહે, તે રાશિના અપહાર સમયે તે પણ કૃતયુગ્મ હોય તો કૃતયુગ્મ કૃતયુગ્મ. (૨) શેષ ત્રણ રહે, તે રાશિના અપહાર સમયે કૃતયુગ્મ હોય તે કૃતયુગ્મ ત્ર્યોજ. (૩) શેષ બે રહે, તે રાશિ અપહાર સમયે કૃતયુગ્મ હોય તે કૃતયુગ્મ દ્વાપરયુગ્મ (૪) શેષ એક રહે, તે રાશિ અપહાર સમયે કૃતયુગ્મ હોય તે કૃતયુગ્મ કલ્યોજ છે.*

*જે રાશિ ચાર વડે અપહાર કરીએ અને તે રાશિના અપહાર સમયે ત્ર્યોજ હોય તેમાં – (૧) શેષ ચાર વધે તો ત્ર્યોજ કૃતયુગ્મ, (૨) શેષ ત્રણ વધે તો ત્ર્યોજ ત્ર્યોજ, (૩) શેષ બે વધે તો ત્ર્યોજદ્વાપર યુગ્મ, (૪) શેષ એક વધે તો ત્ર્યોજ કલ્યોજ.*

*જે રાશિના અપહાર સમયે તે દ્વાપરયુગ્મ હોય અને જે રાશિ ચાર સંખ્યા વડે અપહાર કરાતા – (૧) શેષ ચાર વધે તો દ્વાપરયુગ્મ કૃતયુગ્મ, (૨) શેષ ત્રણ વધે તો દ્વાપરયુગ્મ ત્ર્યોજ, (૩) શેષ બે વધતો દ્વાપરયુગ્મ-દ્વાપર યુગ્મ અને (૪) શેષ એક વધે તો દ્વાપરયુગ્મ કલ્યોજ જાણવી.*

*જે રાશિના અપહાર સમયે તે કલ્યોજ હોય અને જેને ચાર સંખ્યાથી અપહાર કરતાં – (૧) શેષ ચાર વધે તો કલ્યોજકૃતયુગ્મ, (૨) શેષ ત્રણ વધે તો કલ્યોજત્ર્યોજ, (૩) શેષ બે વધે તો કલ્યોજ દ્વાપરયુગ્મ, (૪) શેષ એક વધે તો કલ્યોજકલ્યોજ.*

*તેથી એમ કહ્યું કે યાવત્ કલ્યોજકલ્યોજ છે.*

**● વિવેચન-૧૦૪૪ :-**

અહીં યુગ્મ શબ્દતી રાશિ વિશેષને કહે છે. તે ક્ષુલ્લક પણ હોય, જેમ પૂર્વે નિરૂપેલ છે. તેથી તેના વ્યવચ્છેદ માટે ''મહા'' વિશેષણ મૂક્યુ તે મહાયુગ્મ.

કૃતયુગ્મ કૃતયુગ્મ - જે રાશિ સામયિકથી ચતુષ્ક અપહાર વડે અપહરાતા ચાર શેષવાળી થાય છે, અપહાર સમય પણ ચતુષ્ક અપહારથી ચાર શેષવાળા છે. તેથી

આ રાશિ ‘‘કૃતયુગ્મ કૃતયુગ્મ’’ એમ કહેવાય છે. કેમકે અપહ્રિયમાણ દ્રવ્ય અપેક્ષાથી અને તેના સમયની અપેક્ષાથી બે વખત કૃતયુગ્મપણાથી તેમ છે. આ પ્રમાણે અન્યત્ર પણ શબ્દાર્થ યોજવો. તે જઘન્યથી ૧૬-રૂપે હોય છે. આ જ ચતુષ્ક અપહાર અને ચાર શેષ વડે, ચાર સમયથી થાય.

*વૃત્તિકારશ્રી આ રીતે ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજની વ્યાખ્યા પણ આપે જ છે. પરંતુ સૂત્રાર્થમાં તે સ્પષ્ટ જ છે, તેથી વૃત્તિના અનુવાદથી પુનરુક્તિ કરી નથી. માત્ર સંખ્યા વિશેષ નોંધી છે — જેમકે કૃતયુગ્મ ત્ર્યોજ-જઘન્યથી-૧૯, કૃત યુગ્મદ્વાપરયુગ્મ-જઘન્યથી-૧૮, કૃતયુગ્મ કલ્યોજ-૧૭ ઈત્યાદિ જાણવું. - x -*

**● સૂત્ર-૧૦૪૫ :-**

*ભગવન્ ! કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? - ઉત્પલોદ્દેશક માફક ઉપપાત કહેવો. - - ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉપજે છે ? ગૌતમ ! ૧૬, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા.*

*ભગવન્ ! તે જીવો સમયે સમયે૦ પ્રશ્ન ? ગૌતમ ! અનંતા સમયે સમયે અપહાર કરાતા અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીથી અપહાર કરાતા પણ તેનો અપહાર થતો નથી. - - તેનું ઉચ્ચત્વ ઉત્પલોદ્દેશ મુજબ છે.*

*ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક ? ગૌતમ ! બંધક છે, અબંધક નથી, આયુને છોડીને બધાં કર્મોમાં કહેવું. આયુકર્મના બંધક કે અબંધક હોય. - - - ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના૦ ? ગૌતમ ! વેદક છે, અવેદક નથી, એ પ્રમાણે બધાં કર્મોમાં જાણવું.*

*ભગવન્ ! તે જીવો શું સાતા વેદક છે કે અસાતા વેદક ? ગૌતમ ! સાતાવેદક છે, અસાતાવેદક પણ છે, એ પ્રમાણે ઉત્પલોદ્દેશક પરિપાટી જાણવી. બધાં કર્મોના ઉદયવાળા છે, અનુદયી નથી. છ કર્મોના ઉદીરક છે, અનુદીરક નથી. વેદનીય-આયુના ઉદીરક કે અનુદીરક છે.*

*ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશ્યી૦ છે ? ગૌતમ ! કૃષ્ણ-નીલ-કાપોત કે તેજોલેશ્યી છે. માત્ર મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે - નિયમા બે અજ્ઞાન છે - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, માત્ર કાયયોગી છે, સાકાર-અનાકાર ઉપયુક્ત છે.*

*ભગવન્ ! તે જીવોના શરીરો કેટલા વર્ણના છે ? ઉત્પલોદ્દેશક મુજબ સમગ્ર પ્રશ્નો કરવા ગૌતમ ! ઉત્પલોદ્દેશક માફક ઉચ્છ્વાસક કે નિઃશ્વાસક છે, કે ઉચ્છ્વાસનિઃશ્વાસક છે. આહારક કે અનાહારક છે, અવિરત છે, ક્રિયા સહિત છે, સાત કે આઠ કર્મના બંધક છે, આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞા ઉપયુક્ત છે, ક્રોધ યાવત્ લોભકષાયી છે. માત્ર નપુંસક વેદવાળા છે. સ્ત્રી-પુરુષ કે નપુંસક વેદના બંધક છે. અસંજ્ઞી છે, ઈન્દ્રિય સહિત છે.*

*ભગવન્ ! તે કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અનંતકાળ - અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી રૂપ વનસ્પતિકાળ. સંવેધ ન કહેવો. આહાર, ઉત્પલોદ્દેશક મુજબ, વિશેષ એ કે નિર્વ્યાઘાતમાં છ દિશાથી અને વ્યાઘાત આશ્રીને કદાચ ત્રણ-કદાય*





*ચાર-કદાચ પાંચ દિશામાંથી. બાકી પૂર્વવત્. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. સમુદ્ઘાત પહેલા ચાર. મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત કે અસમવહત થઈને મરે છે. ઉદ્વર્તના ઉત્પલોદ્દેશક અનુસાર જાણવી.*

*ભગવન્ સર્વે પ્રાણો યાવત્ સર્વે સત્વો કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે? હા, ગૌતમ! અનેકવાર કે અનંતવાર. - - - ભગવન્! કૃતયુગ્મ ત્ર્યોજ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે? ઉપપાત પૂર્વવત્. - - ભગવન્! તે જીવો એક સમયમાં૦ પ્રશ્ન? ગૌતમ! ૧૯, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ઉપજે છે? બાકી બધું કૃતયુગ્મ કૃતયુગ્મ સમાન યાવત્ અનંતવાર ઉત્પન્ન થયેલ છે.*

*ભગવન્ ! કૃતયુગ્મ દ્વાપરયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? ઉપપાત પૂર્વવત્. - - ભગવન્ ! તે જીવો એક સમયમાં૦ પ્રશ્ન ? ગૌતમ ! ૧૮, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા ઉપજે. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! કૃતયુગ્મ ત્ર્યોજ એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? ઉપપાત પૂર્વવત્. પરિમાણ ૧૭, સંખ્યાત, અસંખ્યાત કે અનંત. બાકી બધું પૂર્વવત્ યાવત્ અનંતવાર ઉપજેલ છે.*

*ભગવન્ ! ત્ર્યોજ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? ઉપપાત પૂર્વવત્. પરિમાણ-૧૨, સંખ્યાત, અસંખ્યાત કે અનંત. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! ત્ર્યોજ ત્ર્યોજ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે ? ઉપપાત પૂર્વવત્. પરિમાણ-૧૫, સંખ્યાત, અસંખ્યાત કે અનંત. - x -*

*એ પ્રમાણે આ સોળ મહાયુગ્મોમાં એક પ્રકારનું કથન છે વિશેષ એ કે - પરિમાણમાં ભેદ છે. ત્ર્યોજ દ્વારયુગ્મમાં ૧૪, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ઉપજે છે. ત્ર્યોજ કલ્યોજમાં ૧૩, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ઉપજે છે.*

*દ્વાપરયુગ્મ કૃતયુગ્મમાં આઠ, દ્વાપરયુગ્મ ત્ર્યોજમાં અગીયાર, દ્વાપરયુગ્મ દ્વાપરયુગ્મમાં દશ, દ્વાપરયુગ્મ કલ્યોજમાં નવ તથા આરેમાં ‘‘સંખ્યાત, અસંખ્યાત કે અનંતા આવીને ઉપજે છે’’ તેટલું જોડવું.*

*કલ્યોજ કૃતયુગ્મમાં ચાર, કલ્યોજ ત્ર્યોજમાં સાત, કલ્યોજ દ્વાપરયુગ્મમાં છ, કલ્યોજ કલ્યોજમાં પાંચ તથા ‘‘સંખ્યાત, અસંખ્યાત કે અનંતા આવીને ઉપજે છે’’ તેટલું આ ચારેમાં જોડવું.*

*બાકી પૂર્વવત્ યાવત્ અનંતવાર - ભગવન્ ! તેમજ છે.*

**● વિવેચન-૧૦૪૫ :-**

એકેન્દ્રિયમાં ચારના અપહાર કરતાં ચાર શેષ વધે, અપહાર સમય પણ ચાર શેષ હોય તે કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય, એમ બધે. ‘ઉત્પલોદ્દેશક’ તે શતક-૧૧, ઉદ્દેશો-૧ છે. અહીં સંવેધ ન સંભવે તેમ કહ્યું કે — કૃતયુગ્મકૃતયુગ્મ વિશેષણથી ઉત્પાદ અધિકૃત તેઓ વસ્તુતઃ અનંતા જ ઉત્પન્ન થાય, તેથી સંવેધનો સંભવ નથી જે સોળ વગેરે સંખ્યાથી એકેન્દ્રિયોમાં ઉત્પાદ કહ્યો, તે ત્રસકાયિકમાંથી ઉત્પન્ન થનારની અપેક્ષાએ છે, પણ પારમાર્થિક અનંતોનો પ્રતિસમયે તેમાં ઉત્પાદ નથી.

## ❀ શતક-૩૫, શતકશતક-૧, ઉદ્દેશો-૨ ❀

-- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦૪૬ :-

*ભગવન્ ! પ્રથમ સમય કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? ગૌતમ ! પૂર્વવત્. એ રીતે ઉદ્દેશા-૧-મુજબ ઉત્પાદપરિમાણ સોળ વખત બીજા ઉદ્દેશામાં પણ કહેવા. બધું પૂર્વવત્ વિશેષમાં - આ દશમાં ભિન્નતા છે — (૧) અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી પણ તેમજ. (૨,૩) આયુ કર્મના બંધક નથી, અબંધક છે. (૪,૫) આયુના ઉદીરક નથી, અનુદીરક છે. (૬ થી ૮) ઉચ્છ્વાસક નથી, નિઃશ્વાસક નથી, ઉચ્છ્વાસક-નિઃશ્વાસક નથી. (૯,૧૦) સાત પ્રકારે કર્મોના બંધક છે, આઠ ભેદે કર્મબંધક નથી.*

*ભગવન્ ! તે પ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! એક સમય. એટલી જ સ્થિતિ છે. સમુદ્ઘાત પહેલા બે, સમવહત અને ઉદ્વર્તના ન પૂછવા, બાકી બધું સંપૂર્ણ પૂર્વવત્. સોળે ગમોમાં કહેવી યાવત્ અનંતવાર.*

## ❀ શતક-૩૫, શતકશતક-૧, ઉદ્દેશા-૩ થી ૧૧ ❀

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦૪૭ થી ૧૦૫૬ :- *ઉદ્દેશક ક્રમ સાથે આપેલ છે.*

*[૧૦૪૭-ઉ૦ ૩] ભગવન્ ! અપ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? ઉદ્દેશા-૧-મુજબ સોળે યુગ્મોમાં તેમજ જાણવું. યાવત્ કલ્યોજ કલ્યોજપણે યાવત્ અનંતવાર.*

*[૧૦૪૮-ઉ૦ ૪] ભગવન્ ! ચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? પ્રથમ સમય ઉદ્દેશક મુજબ કહેવું. માત્ર દેવો ન ઉપજે, તેજોલેશ્યા ન પૂછવી. બાકી પૂર્વવત્.*

*[૧૦૪૯-ઉ૦ ૫] ભગવન્ ! અચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? અપ્રથમ સમય ઉદ્દેશ મુજબ સંપૂર્ણ કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*[૧૦૫૦-ઉ૦ ૬] ભગવન્ ! પ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? પ્રથમ સમય ઉદ્દેશા મુજબ બધું જ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તેમજ છે, યાવત્ વિચરે છે.*

*[૧૦૫૧-ઉ૦ ૭] પ્રથમ-અપ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? પ્રથમ સમય ઉદ્દેશા-મુજબ.*

*[૧૦૫૨-ઉ૦ ૮] પ્રથમ-ચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? ચરમ ઉદ્દેશ મુજબ સંપૂર્ણ કહેવું. - x -*

*[૧૦૫૩-ઉ૦ ૯] પ્રથમ અચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? બીજા ઉદ્દેશા મુજબ સંપૂર્ણ કહેવું. - x -*

*[૧૦૫૪-ઉ૦ ૧૦] ચરમ ચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? ચોથા ઉદ્દેશા મુજબ કહેવું. - x -*

*[૧૦૫૫-ઉ૦ ૧૧] ચરમ અચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી*



*આવીને ઉપજે છે ? પ્રથમ ઉદ્દેશા મુજબ બધું જ કહેવું.*

*[૧૦૫૬] - આ પ્રમાણે આ ૧૧ ઉદ્દેશા છે, તેમાં પહેલો, ત્રીજો, પાંચમો સદૃશ ગમો છે, બાકીના આઠ સદૃશ ગમો છે. વિશેષ એ - ચોથો, છઠ્ઠો, આઠમો, દશમો - એ ચારમાં દેવો ન ઉપજે. તેજોલેશ્યા નથી.*

● વિવેચન-૧૦૪૬ થી ૧૦૫૬ :-

એકેન્દ્રિયત્વથી ઉત્પત્તિમાં પહેલો સમય તે કૃતયુગ્મ કૃતયુગ્મ પ્રથમ સમય. - x - સોલસખુત્તો - પૂર્વોક્ત ૧૬-રાશિભેદો णाणत्त - વિલક્ષણત્વ - જે પૂર્વોક્ત ભાવો, તે કેટલાંક પ્રથમ સમયોત્પન્નમાં ન સંભવે. તેમાં અવગાહના ઉદ્દેશકમાં બાદર વનસ્પતિ અપેક્ષાએ મોટી છે, અહીં પ્રથમ સમયોત્પન્નત્વથી તે અલ્પ છે. એમ બીજામાં પણ.

ત્રીજા ઉદ્દેશામાં - એકેન્દ્રિયત્વથી ઉત્પન્ન થયાને બે આદિ સમય થયા હોય તે અપ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય. - x -

ચોથા ઉદ્દેશામાં - ચરમ સમય શબ્દ વડે એકેન્દ્રિયોનું મરણ સમય વિવક્ષિત છે. તે પર ભવાયુના પ્રથમ સમયે જ તેમાં વર્તમાન ચરમ સમય, સંખ્યા વડે કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય. આ ઉદ્દેશો પ્રથમ સમય એકેન્દ્રિયોદ્દેશક સમાન કહેવો. તેમાં ઔધિક ઉદ્દેશક અપેક્ષાએ દશ નાનાત્વ કહેલ છે, તેમ અહીં પણ જાણવું. પ્રથમ અને ચરમ સમયવાળાની વિશેષતા કહે છે - દેવોત્પાદ નથી, દેવોત્પાદથી જ તેજોલેશ્યા હોય, તેથી તેજોલેશ્યા વિશે પણ ન પૂછવું.

પાંચમાં ઉદ્દેશામાં - જેમાં ઉક્ત લક્ષણ ચરમ સમય નથી, તે અચરમ સમય. તેવા કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય.

છઠ્ઠા ઉદ્દેશામાં - એકેન્દ્રિય ઉત્પાદના પ્રથમ સમય યોગથી જે પ્રથમ અને પ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મત્વ અનુભૂતિ જેમાં છે તે.

સાતમા ઉદ્દેશામાં - પ્રથમ તથા જે અપ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મત્વ અનુભૂતિ જે એકેન્દ્રિયોમાં છે તે પ્રથમાપ્રથમ સમય કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિયો. ઈત્યાદિ - x - x -

આઠમા ઉદ્દેશામાં-પ્રથમ ચરમ સમય કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિય-પ્રથમ સમય વર્તી વિવક્ષિત સંખ્યાનુભૂતિ, મરણ સમયવર્તી તે પ્રથમ-ચરમ સમયા. - x - x -

નવમા ઉદ્દેશામાં - પ્રથમ અને તે રીતે જ અચરમ સમયા એકેન્દ્રિય ઉત્પાદ અપેક્ષાએ પ્રથમ સમયવર્તી, અહીં વિવક્ષિત ચરમપણાના નિષેધથી તેમાં વિદ્યમાનત્વથી પ્રથમ અચરમ સમય૦

દશમા ઉદ્દેશામાં - ચરમ ચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય-ચરમો, તે વિવક્ષિત સંખ્યાનુભૂતિથી ચરમ સમયવર્તી.

અગીયારમા ઉદ્દેશામાં - ચરમાચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય-ચરમો તેમ જ અચરમ સમયવાળા ઈત્યાદિ - x -

ઉદ્દેશકોના સ્વરૂપ નિર્ધારણાર્થે કહે છે — પહેલો, ત્રીજો. પાંચમો સદૃશગમ છે કેમકે પહેલાની અપેક્ષાએ બીજામાં જે ભિન્નતા છે તે ત્રીજા, પાંચમામાં નથી. બાકીના આઠ સદૃશ છે.

## ❀ શતક-૩૫, શતકશતક-૨ થી ૧૨ ❀

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૫૭ :-**

*કૃષ્ણલેશ્યી કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? ગૌતમ ! ઉપપાત ઔધિક ઉદ્દેશાનુસાર જાણવો. વિશેષ એ કે - આટલી ભિન્નતા છે - ભગવન્ ! તે જીવો કૃષ્ણલેશ્યી છે ? હા, છે. ભગવન્ ! તે કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિય કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. એ રીતે સ્થિતિ કહેવી. બાકી પૂર્વવત્ યાવત્ અનંતવાર ઉપજેલ છે. એ રીતે સોળે યુગ્મો કહેવા. ભગવન્ ! તેમજ છે.*

*પ્રથમ સમય કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? પ્રથમ સમયોદ્દેશક મુજબ જાણવું. વિશેષ એ કે - ભગવન્ ! તે જીવો કૃષ્ણલેશ્યી છે ? હા, છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તેમજ છે.*

*એ પ્રમાણે ઔધિકશતકના ૧૧-ઉદ્દેશા મુજબ જ કૃષ્ણલેશ્યીના ૧૧-ઉદ્દેશો કહેવા. પહેલો, ત્રીજો, પાંચમો સમાન છે. બાકીના આઠ સમાન છે. વિશેષ એ કે - ચોથા, છઠ્ઠા, આઠમા, દશમામાં દેવનો ઉત્પાદ નથી. - x -*

*એ પ્રમાણે નીલલેશ્યી શતક, કૃષ્ણલેશ્યી શતકની માફક કહેવો, તેના ૧૧-ઉદ્દેશો તેમજ કહેવા. ભગવન્ ! તે એમ જ છે.*

*એ પ્રમાણે કાપોતલેશ્યી શતક, કૃષ્ણલેશ્યી શતક સદેશ છે.*

*ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? ઔધિકોદ્દેશક સમાન કહેવું. માત્ર તેના ૧૧-ઉદ્દેશામાં આ વિશેષતા છે - ભગવન્ ! સર્વે પ્રાણો યાવત્ સર્વે સત્વો ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. - x -*

*કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયો. ક્યાંથી આવીને ઉપજે છે ? એ રીતે કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિય શતક બીજા કૃષ્ણલેશ્યી શતક સમાન કહેવો. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

*એ પ્રમાણે નીલલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિય શતક કહેવો.*

*એ પ્રમાણે કાપોતલેશ્યી ભવસિદ્ધિક એકેન્દ્રિય શતક ૧૧-ઉદ્દેશકો સહિત કહેવો. તે ચોથા ભવસિદ્ધિક શતક સમાન કહેવો. ચારે શતકમાં સર્વે પ્રાણો યાવત્ પૂર્વે ઉત્પન્ન થયા છે ? ના, એ અર્થ સમર્થ નથી. - x -*

*જેમ ભવસિદ્ધિકના ચાર શતકો કહ્યા, તેમ અભવસિદ્ધિકના પણ ચાર શતક, લેશ્યા સંયુક્ત કહેવા. સર્વે પ્રાણો પૂર્વવત્ એ અર્થ સમર્થ નથી.*

*એ રીતે આ બાર એકેન્દ્રિય મહાયુગ્મ શતકો છે. ભગવન્ ! તેમજ છે.*

● **વિવેચન-૧૦૫૭ :-**

જઘન્યથી એક સમય અનંતર સંખ્યાંતર થાય છે તેથી એક સમય કૃષ્ણલેશ્યી કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિયો છે. કૃષ્ણલેશ્યાવાળાની સ્થિતિ કૃષ્ણલેશ્યાકાળવત્ જાણવી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૩૬ 卐

-- x -- x --

૦ શતક-૩૫માં સંખ્યાપદથી એકેન્દ્રિયો કહ્યા. અહીં બેઈન્દ્રિય કહે છે—

## ❀ શતક-૩૬, શતકશતક-૧, ઉદ્દેશા-૧ થી ૧૧ ❀

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૫૮,૧૦૫૯ :-**

*[૧૦૫૮] કૃતયુગ્મ (૨) બેઈન્દ્રિયો ક્યાંથી ઉપજે છે ? ઉપપાત વ્યુત્ક્રાંતિ મુજબ. પરિમાણ-૧૬, સંખ્યાતા કે અસંખ્યાતા ઉપજે. અપહાર, ઉત્પલોદ્દેશક મુજબ. અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમાં ભાગ. ઉત્કૃષ્ટ ૧૨-યોજન. એ રીતે એકેન્દ્રિય મહાયુગ્મના ઉદ્દેશ-૧-મુજબ છે. વિશેષ એ કે — ત્રણ લેશ્યા દેવો ન ઉપજે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ હોય છે. જ્ઞાની, અજ્ઞાની હોય. વચન કે કાયયોગી હોય. - - તે કૃતયુગ્મ (૨) બેઈન્દ્રિય કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ, સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર વર્ષ. આહાર નિયમા છ દિશાથી, ત્રણ સમુદ્ઘાત, બાકી પૂર્વવત્ યાવત્ અનંતવાર. એ રીતે સોળે યુગ્મોમાં કહેવું - x -*

*[૧૦૫૯] પ્રથમ સમય કૃતયુગ્મ (૨) બેઈન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? એકેન્દ્રિય મહાયુગ્મના પ્રથમ સમયોદ્દેશક મુજબ કહેવું. દશ ભિન્નતા અહીં પણ તેમજ છે. ૧૧-મી આ - માત્ર કાયયોગી છે. બાકી પૂર્વવત્ પ્રથમ ઉદ્દેશા મુજબ.*

*એકેન્દ્રિયમહાયુગ્મના ૧૧-ઉદ્દેશાવત્ કહેવું. માત્ર ચોથા, છટ્ઠા, આઠમા, દશમામાં સમ્યક્ત્વ અને જ્ઞાનો ન હોય. - x - શેષ એકેન્દ્રિયવત્.*

## ❀ શતક-૩૬, શતકશતક-૨ થી ૧૨ ❀

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૬૦ :-**

*કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ (૨) બેઈન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? કૃષ્ણલેશ્યીમાં પણ ૧૧-ઉદ્દેશક સંયુક્ત શતક. માત્ર લેશ્યા, સંચિટ્ઠણા, સ્થિતિ એકેન્દ્રિયકૃષ્ણ લેશ્યી સમાન છે. - - - એ રીતે નીલલેશ્યી પણ જાણવા - - - એ રીતે કાપોત લેશ્યી પણ જાણવા. - - - ભવસિદ્ધિક કૃતયુગ્મ (૨) બેઈન્દ્રિય ? એ પ્રમાણે ભવસિદ્ધિક શતકના પણ ચારે પૂર્વ ગમક મુજબ જાણવા. વિશેષ એ - સર્વે પ્રાણો૦ના તે અર્થ સમર્થ નથી. બાકી પૂર્વવત્. આ ચાર ઔધિક શતક થયા.*

*ભવસિદ્ધિક માફક અભવસિદ્ધિકના ચારે શતકો કહેવા. માત્ર સમ્યક્ત્વ અને જ્ઞાનો નથી. બાકી પૂર્વવત્. આ રીતે આ બાર બેઈન્દ્રિય મહાયુગ્મ શતક છે.*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩૬નો અનુવાદ પૂર્ણ** *[અહીં વૃત્તિ રચના નથી]*

## ॐ શતક-૩૭ ॐ

-- x -- x --

● સૂત્ર-૧૦૬૧ :-

*કૃતયુગ્મ(૨) તેઈન્દ્રિય ક્યાંથી ઉપજે છે ? એ રીતે બેઈન્દ્રિયશતક સદૃશ બાર શતક તેઈન્દ્રિયમાં પણ કહેવા. માત્ર અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ, સ્થિતિ જઘન્યમાં એક સમય, ઉત્કૃષ્ટ ૪૯-દિવસ. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે.*

મુનિ દીપરત્નસાગરે કરેલ
શતક-૩૭-નો અનુવાદ પૂર્ણ

## ॐ શતક-૩૮ ॐ

-- x -- x --

● સૂત્ર-૧૦૬૨ :-

*ચઉરિન્દ્રિયના એ પ્રમાણે જ બાર શતક કહેવા. માત્ર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ, ઉત્કૃષ્ટથી ચાર ગાઉ, સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ, બાકી બધું બેઈન્દ્રિય મુજબ. ભ૦ તેમજ છે.*

મુનિ દીપરત્નસાગરે કરેલ
શતક-૩૮નો અનુવાદ પૂર્ણ

## ॐ શતક-૩૯ ॐ

-- x -- x --

● સૂત્ર-૧૦૬૩ :-

*કૃતયુગ્મ કૃતયુગ્મ અસંજ્ઞી પંચેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે ? બેઈન્દ્રિય માફક અસંજ્ઞીમાં પણ બાર શતક કહેવા. માત્ર-અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. સંચિટ્ઠણા જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વકોડી પૃથકત્વ, સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કષ્ટ પૂર્વકોડી.*

મુનિ દીપરત્નસાગરે કરેલ
શતક-૩૯નો અનુવાદ પૂર્ણ

E :\Maharaj Saheib\Adhayan-13\Book-13C\ (108) (Proof-2)



## ॐ શતક-૪૦ ॐ

-- x -- x --

૦ હવે ૪૦મું શતક કહે છે. *[જેમાં ૨૧-શતકશતક છે.]*

### ❁ શતક-૪૦, શતકશતક-૧, ઉદ્દેશો-૧ ❁

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦૬૪ :-

*કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે? ઉપપાત, ચારે ગતિમાંથી થાય. સંખ્યાત વર્ષાયુ, અસંખ્યાત વર્ષાયુ, પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોઈનો નિષેધ નથી. યાવત્ અનુત્તર વિમાન સુધી. - - પરિમાણ, અપહાર, અવગાહના અસંજ્ઞી પંચેન્દ્રિય સમાન. વેદનીય સિવાયની સાત પ્રકૃત્તિના બંધક કે અબંધક છે. વેદનીયના બંધક છે, અબંધક નથી. મોહનીયના વેદક કે અવેદક છે. બાકીની સાત પ્રકૃત્તિના વેદક છે, અવેદક નથી. સાતા-અસાતાના વેદક છે, મોહનીયના ઉદયી કે અનુદયી, બાકીની સાતના ઉદયી છે. નામ-ગોત્રના ઉદીરક છે, અનુદીરક નથી, બાકીની છના ઉદીરક કે અનુદીરક છે. કૃષ્ણ યાવત્ શુક્લેશ્યી છે. સમ્યક્-મિથ્યા કે મિશ્ર દૃષ્ટિ છે. જ્ઞાની કે અજ્ઞાની છે. મન-વચન-કાયયોગી છે. ઉપયોગ, વર્ણાદિ, ઉચ્છ્વાસક, નિઃશ્વાસક, આહારકનું કથન એકેન્દ્રિયો સમાન છે. વિરત-અવિરત-વિરતાવિરત છે, ક્રિયા સહિત છે.*

*ભગવન્ ! તે જીવો શું સપ્તવિધ બંધક છે કે અષ્ટવિધ, ષડ્વિધ અથવા એકવિધ બંધક છે ? ગૌતમ ! તે ચારે છે. - - ભગવન્ ! તે જીવો શું આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે કે નોસંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! આહાર યાવત્ નોસંજ્ઞોપયુક્ત છે. આ પ્રમાણે બધે પ્રશ્નોત્તર યોજના કરવી.*

*તેઓ ક્રોધકષાયી યાવત્ લોભકષાયી કે અકષાયી હોય. સ્ત્રી-પુરુષ-નપુંસક વેદક કે અવેદક હોય. સ્ત્રીવેદક-પુરુષવેદ-નપુંસકવેદના બંધક કે અબંધક હોય. સંજ્ઞી છે. ઈન્દ્રિયસહિત છે. સંચિટ્ઠણા જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ સો સાગરોપમ પૃથકત્વ સાતિરેક. આહાર પૂર્વવત્ યાવત્ નિયમા છ દિશાથી. સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ, આદિના છ સમુદ્ઘાતો, મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત કે અસમવહત થઈને મરે. ઉદ્વર્તના, ઉપપાત સમાન છે. અનુત્તર વિમાન સુધી કોઈ વિષયમાં નિષેધ નથી.*

*ભગવન્સર્વે પ્રાણો યાવત્ અનંતવાર, એ પ્રમાણે સોળે યુગ્મોમાં કહેવા યાવત્ અનંતરવા. પરિમાણ, બેઈન્દ્રિય સમાન. બાકી પૂર્વવત્. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

### ❁ શતક-૪૦, શતકશતક-૧, ઉદ્દેશો-૨ થી ૧૧ ❁

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦૬૫ :-

*પ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે ?*

*ઉપપાત, પરિમાણ, આહાર પહેલા ઉદ્દેશા મુજબ જાણવા. અવગાહના, બંધ, વેદ, વેદના, ઉદયી, ઉદીરકા બેઈન્દ્રિયના શતક-૧-મુજબ. કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લ લેશ્યી. બાકીનું બેઈન્દ્રિયના પહેલા શતક મુજબ યાવત્ અનંતવાર. વિશેષ એ – તેઓ સ્ત્રી-પુરુષ-નપુંસકવેદી હોય છે, સંજ્ઞી હોય, અસંજ્ઞી નહીં. બાકી પૂર્વવત્. એ રીતે સોળે યુગ્મોમાં જાણવું પરિમાણ પૂર્વવત્.*

*આ પ્રમાણે અગીયારે ઉદ્દેશા પૂર્વવત્. પહેલો, ત્રીજો, પાંચમો સદૃશ ગમવાળા છે, બાકી આઠે પણ સદૃશગમા છે. ચોથા, છટ્ઠા, આઠમા, દશમામાં કોઈ વિશેષતા નથી. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૧૦૬૫ :-**

અહીં વેદનીય બંધ વિધિ વિશેષથી કહેવા, તેનું પહેલા વર્જન કર્યુ. તેમાં ઉપશાંત મોહાદિ સાતના બંધક છે. - x - x - કેવલી સહિત બધાં પણ સંજ્ઞી પંચેન્દ્રિયો વેદનીયના બંધક છે. - x - મોહનીયનું વેદન સૂક્ષ્મસંપરાયના અંત સુધી છે. અવેદન ઉપશાંત મોહાદિમાં છે. - x - કેવલી જ ચારના વેદક છે કેમકે તેઓ ઈન્દ્રિય વ્યાપારાતીતપણાથી પંચેન્દ્રિય નથી. સંજ્ઞી પંચેન્દ્રિયના એવા સ્વરૂપત્વથી તેઓ સાતા-અસાતા વેદક છે. તેઓ સૂક્ષ્મ સંપરાયમાં મોહનીયના ઉદયી, ઉપશાંત મોહાદિમાં અનુદયી છે. - x - x - x -

નામ અને ગોત્રમાં અકષાયાંત સંજ્ઞી પંચેન્દ્રિય સર્વે પણ ઉદીરક છે. બાકીના છ માં યથાસંભવ ઉદીરક-અનુદીરક છે. પ્રમત્તોને સામાન્યથી આઠેની ઉદીરણાવિધિ હોય. - x - અપ્રમત્તાદિ ચાર વેદનીય, આયુને વર્જીને છ ના, સૂક્ષ્મસંપરાયી આવલિકા કાળમાં મોહનીય, આયુ, વેદનીય સિવાય પાંચેના. - x - ક્ષીણકષાયી સ્વઅદ્ધા આવલિકામાં નામ, ગોત્રના જ, - x - અયોગી એક પણ કર્મના ઉદીરક નથી.

સંચીટ્ઠણા-જઘન્યથી એક સમય, - x - ઉત્કૃષ્ટથી સાતિરેક સાત સાગરોપમ, કેમકે પછી સંજ્ઞીપંચેન્દ્રિયો ન હોય. સમુદ્ઘાત જ હોય. - x -

## ❀ શતક-૪૦, શતકશતક-૨ ❀

–– x –– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૬૬ :-**

*કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? સંજ્ઞીના પહેલા ઉદ્દેશા મુજબ જાણવું. વિશેષ એ કે - બંધ, વેદ, ઉદય, ઉદીરણા, લેશ્યા, બંધક, સંજ્ઞા, કષાય અને વેદબંધક, આ પદો બેઈન્દ્રિયો માફક જાણવા. - - - કૃષ્ણલેશ્યી સંજ્ઞીને ત્રણે વેદ હોય, અવેદક ન હોય, સંચિટ્ઠણા જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક ૩૩-સાગરોપમ, એ પ્રમાણે સ્થિતિ પણ છે, માત્ર સ્થિતિમાં અંતર્મુહૂર્ત્ત અધિક ન કહેવું. બાકી બધું પ્રથમ ઉદ્દેશા માફક યાવત્ અનંતરવાર. એ રીતે સોળે યુગ્મોમાં કહેવું.*

*ભગવન્! પ્રથમ સમય કૃષ્ણલેશ્યી કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે છે? સંજ્ઞી પંચેન્દ્રિયના પ્રથમ સમય ઉદ્દેશા મુજબ તેમજ સંપૂર્ણ કહેવું.*

E :\Maharaj Saheib\Adhayan-13\Book-13C\ (109) (Proof-2)



*વિશેષ એ કે - ભગવન્! તે જીવો કૃષ્ણલેશ્યી છે? હા, છે. બાકી પૂર્વવત્. એ રીતે સોળે યુગ્મોમાં કહેવું. ભગવન્ તે એમ જ છે. આ પ્રમાણે આ ૧૧-ઉદ્દેશા કૃષ્ણલેશ્યી શતકમાં છે. પહેલો-ત્રીજો-પાંચમો સમાન ગમક છે. બાકી આઠ સમાન ગમક છે - ભગવન્ તેમજ છે.*

## ❀ શતક-૪૦, શતકશતક-૧, ઉદ્દેશા-૩ થી ૧૧ ❀

–– x –– x –– x –– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૬૭ :-**

*એ પ્રમાણે નીલલેશ્યી શતક છે. વિશેષ એ - સંચિટ્ઠણા-જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક. એ પ્રમાણે સ્થિતિ. એ રીતે ત્રણે ઉદ્દેશામાં છે, બાકી પૂર્વવત્. - x - x -*

*એ પ્રમાણે કાપોતલેશ્યી શતક પણ છે. વિશેષ એ - સંચિટ્ઠણા જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક. એ રીતે સ્થિતિ છે, એ રીતે ત્રણે ઉદ્દેશામાં છે. બાકી પૂર્વવત્. - x -*

*એ પ્રમાણે તેજોલેશ્યા શતક જાણવું. વિશેષ એ - સંચિટ્ઠણા જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો-અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ. એ રીતે સ્થિતિ પણ છે. માત્રનો સંજ્ઞોપયુક્ત છે. એ રીતે ત્રણે ઉદ્દેશામાં છે. બાકી પૂર્વવત્. - - ભગવન્ ! તેમજ છે, તેમજ છે.*

*તેજોલેશ્યા શતક સમાન. પદ્મલેશ્યા શતક છે. વિશેષ એ - સંચિટ્ઠણા જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમ. એ રીતે સ્થિતિ પણ છે, તેમાં અંતર્મુહૂર્ત્ત ન કહેવું. બાકી પૂર્વવત્.*

*શુક્લલેશ્યા શતક, ઔધિક શતક સમાન. વિશેષ એ - સંચિટ્ઠણા, સ્થિતિ કૃષ્ણલેશ્યા શતક સમાન છે. બાકી પૂર્વવત્ યાવત્ અનંતવાર.*

*ભગવન્ ! ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે ? પ્રથમ સંજ્ઞી શતક સમાન જાણવું. - - ભવસિદ્ધિકના આલાવાથી શું સર્વે પ્રાણો૦ ? ના, તે અર્થ સમર્થ નથી. બાકી પૂર્વવત્. - x -*

*કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિય ક્યાંથી આવીને ઉપજે ? આ આલાવા વડે ઔધિક કૃષ્ણલેશ્યી શતક સમાન છે.*

*એ પ્રમાણે નીલલેશ્યી ભવસિદ્ધિક શતક જાણવું. - x -*

*ઔધિક સંજ્ઞી પંચેન્દ્રિયોના સાત શતકો સમાન ભવસિદ્ધિકના પણ સાત શતકો કહેવા. વિશેષ એ - સાતે શતકમાં સર્વે પ્રાણો યાવત્ તે અર્થ સમર્થ નથી. બાકી પૂર્વવત્. - - ભગવન્ ! તેમજ છે.*

*અભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે છે ? ઉપપાત, અનુત્તરવિમાનને છોડીને બધે જાણવો. અપહાર, ઉચ્ચત્વ, બંધ, વેદ, વેદન, ઉદય, ઉદીરણા કૃષ્ણલેશ્યીશતક સમાન છે. તેઓ કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી હોય, માત્ર મિથ્યાદૃષ્ટિ હોય, અજ્ઞાની જ હોય. એ રીતે બધું*

કૃષ્ણલેશ્યા શતક સમાન છે. વિશેષ એ - તેઓ અવિરત છે. સંચિટ્ઠણા, સ્થિતિ ઔધિક ઉદ્દેશક સમાન છે. પહેલા પાંચ સમુદ્ઘાત છે. ઉદ્વર્તના પૂર્વવત્, અનુત્તર વિમાન ન કહેવું. સર્વે પ્રાણો૦ ? તે અર્થ સમર્થ નથી. બાકી બધું કૃષ્ણલેશ્યા શતક મુજબ યાવત્ અનંતવાર. એ પ્રમાણે સોળે યુગ્મોમાં છે.

ભગવન્ ! પ્રથમ સમય અભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે ? સંજ્ઞીના પ્રથમ સમય ઉદ્દેશક સમાન. વિશેષ એ - સમ્યક્ત્વ, સમ્યક્મિથ્યાત્વ, જ્ઞાન, સર્વત્ર નથી. બાકી પૂર્વવત્. અહીં પણ ૧૧-ઉદ્દેશા કહેવા. પહેલો-ત્રીજો-પાંચમો એકગમક, બાકી આઠ એક ગમક.

ભગવન્ ! કૃષ્ણલેશ્યી અભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવીને ઉપજે ? ઔધિક શતક સમાન કહેવું. વિશેષ એ - તે જીવો કૃષ્ણલેશ્યી છે ? હા, છે. સ્થિતિ અને સંચિટ્ઠણા કૃષ્ણલેશ્યી શતક સમાન છે. બાકી પૂર્વવત્. ભગવન્ તેમજ છે, તેમજ છે.

એ પ્રમાણે છ લેશ્યાના છ શતકો કૃષ્ણલેશ્યીશતક સમાન કહેવા. વિશેષ એ - સંચિટ્ઠણા અને સ્થિતિ ઔધિક શતક મુજબ કહેવી. વિશેષ એ - શુક્લલેશ્યી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક ૩૧-સાગરોપમ, સ્થિતિ ૩૧-સાગરોપમ. જઘન્ય પૂર્વવત્. સર્વત્ર સમ્યક્ત્વ, જ્ઞાનો નથી. વિરતિ, વિરતાવિરતિ, અનુત્તર વિમાનોત્પત્તિ નથી. સર્વે પ્રાણો૦ ? તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! તેમજ છે. એ રીતે આ સાત અભવસિદ્ધિક મહાયુગ્મ શતક છે. ૨૧-મહાયુગ્મ શતકો થયા. બધા મળીને કુલ ૮૧-મહાયુગ્મ શતકો પૂરા થયા.

● વિવેચન-૧૦૬૬,૧૦૬૭ :-

આ કૃષ્ણલેશ્યા અવસ્થાન સાતમી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વભવ પર્યંતવર્તી, કૃષ્ણલેશ્યા પરિણામ આશ્રીને છે. નીલલેશ્યા શતકમાં જે સ્થિતિ કહી તે પાંચમી પૃથ્વીના ઉપરિતન પ્રસ્તટમાં સંભવે છે. - x - કેમકે નીલલેશ્યી તેમાં હોય. - x - ‘‘ત્રણ ઉદ્દેશામાં’’ - પહેલા, ત્રીજા, પાંચમામાં. કાપોતલેશ્યા શતકમાં જે સ્થિતિ કહી છે, તે ત્રીજી પૃથ્વીના ઉપરિતન પ્રસ્તટને આશ્રીને છે.

તેજોલેશ્યા શતકમાં કહેલ સ્થિતિ ઈશાન દેવના પરમાયુને આશ્રીને છે. પદ્મલેશ્યા શતકમાં કહેલ સ્થિતિ બ્રહ્મલોક દેવાયુ આશ્રિત માનવી. કેમકે તેમાં જ પદ્મલેશ્યીને આટલું આયુ હોય. - x - શુક્લલેશ્યા શતકમાં સાંતર્મુહૂર્ત ૩૩-સાગરોપમ અવસ્થાન છે, તે અનુત્તર વિમાન આશ્રિત છે. જ્યાં ૩૧-સાગરોપમ કહ્યું છે, તે ઉપરના ગ્રૈવેયકને આશ્રીને માનવું. ત્યાંજ દેવોનું આટલું આયુ છે. અભવ્યો ઉત્કૃષ્ટથી અહીં ઉપજે, પછી નહીં.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૪૦નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

E :\Maharaj Saheib\Adhayan-13\Book-13C\ (110) (Proof-2)



## 卐 શતક-૪૧ 卐

-- x -- x --

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૧ ❀

-- x -- x -- x --

● સૂત્ર-૧૦૬૮ :-

ભગવન્ ! રાશિયુગ્મ કેટલા છે ? ગૌતમ ! ચાર - કૃતયુગ્મ યાવત્ કલ્યોજ. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! જે રાશિમા ચારથી અપહાર કરતા ચાર શેષ રહે, તે ‘રાશિયુગ્મ, કૃતયુગ્મ છે. એ પ્રમાણે યાવત્ જે રાશિ ચાર વડે અપહાર કરાતા શેષ એક રહે તે રાશિયુગ્મ, કલ્યોજ કહેવાય. તેથી એમ કહ્યું કે યાવત્ કલ્યોજ છે.

ભગવન્ ! રાશિયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? ઉપપાત વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવો. - - ભગવન્ ! તે જીવો એક સમયથી કેટલા ઉપજે ? ગૌતમ ! ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉપજે.

ભગવન્ ! તે જીવો સાંતર ઉપજે કે નિરંતર ? ગૌતમ ! બંને. જો સાંતર ઉપજે તો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમયનું અંતર કરીને ઉપજે. નિરંતર ઉપજનાર જઘન્યથી બે સમય, ઉત્કૃષ્ટથી અસંખ્ય સમય પ્રત્યેક સમયે અવિરહિત નિરંતર ઉપજે.

ભગવન્ ! તે જીવો જે સમયે કૃતયુગ્મ, તે સમયે ત્ર્યોજ. જે સમયે ત્ર્યોજ તે સમયે કૃતયુગ્મ હોય ? ના તેમ નથી. જે સમયે કૃતયુગ્મ. તે સમયે દ્વાપરયુગ્મ, જે સમયે દ્વાપરયુગ્મ તે સમયે કૃતયુગ્મ હોય ? ના. તેમ નથી, જે સમયે કૃતયુગ્મ, તે સમયે કલ્યોજ, જે સમયે કલ્યોજ તે સમયે કૃતયુગ્મ હોય ? ના તેમ નથી. - - - ભગવન્ ! તે જીવો કઈ રીતે ઉપજે ? ગૌતમ ! જેમ કોઈ કૂદનાર કૂદતો એવો૦ ઉપપાત શતક મુજબ યાવત્ પરપ્રયોગે ન ઉપજે.

ભગવન્ ! તે જીવો, આત્મ યશથી ઉપજે કે આત્મ અયશથી ? ગૌતમ ! આત્મયશથી નહીં. આત્મ અયશથી ઉપજે. જો આત્મ અયશથી ઉપજે તો આત્મયશથી નિર્વાહ કરે કે આત્મ અયશથી ? ગૌતમ ! આત્મ યશથી નહીં પણ આત્મ અયશથી નિર્વાહ કરે. જો આત્મ અયશથી નિર્વાહ કરે તો સલેશ્યી હોય કે અલેશ્યી ? ગૌતમ ! સલેશ્યી છે, અલેશ્યી નથી.

જો સલેશ્યી હોય તો સક્રિય છે કે અક્રિય? ગૌતમ! સક્રિય છે, અક્રિય નથી. જો સક્રિય હોય તો તે જ ભવગ્રહણથી સિદ્ધ થઈ યાવત્ અંત કરે? ના, તેમ નથી. - - - ભગવન્! રાશિ યુગ્મ કૃતયુગ્મ અસુરકુમારો ક્યાંથી ઉપજે? નૈરયિક માફક સંપૂર્ણ કહેવું. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ પર્યન્ત કહેવું. વિશેષ એ - વનસ્પતિકાયિક યાવત્ અસંખ્યાતા કે અનંતા ઉપજે છે. બાકી પૂર્વવત્. મનુષ્યો પણ એ પ્રમાણે કહેવા યાવત્ તે આત્મ યશથી ન ઉપજે, આત્મ અયશથી ઉપજે છે.

જો તે આત્મ અયશથી ઉપજે તો શું આત્મ યશથી નિર્વાહ કરે કે આત્મ અયશથી ? ગૌતમ ! બંને રીતે કરે. જો આત્મયશથી નિર્વાહ કરે તો શું સલેશ્યી હોય કે અલેશ્યી ? ગૌતમ ! તે બંને હોય. જો અલેશ્યી હોય તો સક્રિય હોય કે અક્રિય ? ગૌતમ ! સક્રિય ન હોય, અ-ક્રિય હોય. જો અ-ક્રિય હોય તો તે

જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? હા, તેમ કરે.

જો સલેશ્યી હોય તો સક્રિય હોય કે અક્રિય ? ગૌતમ ! સ-ક્રિય હોય, અ-ક્રિય નહીં. જો સ-ક્રિય હોય તો તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ગૌતમ ! કેટલાંક તે જ ભવથી સિદ્ધ થાય યાવત્ અંત કરે, કેટલાંક નહીં.

જો આત્મ અયશથી નિર્વાહ કરે તો શું સલેશ્યી હોય કે અલેશ્યી ? ગૌતમ ! સલેશ્યી છે, અલેશ્યી નથી. જો સલેશ્યી છે તો સ-ક્રિય છે કે અક્રિય ? ગૌતમ ! સ-ક્રિય છે, અ-ક્રિય નથી. જો સ-ક્રિય છે, તો તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? ના તેમ નથી. - - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિક સમાન કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૨ ❀

–– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૬૯ :-**

રાશિયુગ્મ ત્ર્યોજ નૈરયિક ક્યાંથી ઉપજે ? પૂર્વવત્ ઉદ્દેશો કહેવો. પરિમાણ-૩,૭,૧૧,૧૫ સંખ્યાત કે અસંખ્યાત ઉપજે, સાંતર પૂર્વવત્. તે જીવો જે સમયે ત્ર્યોજ તે સમયે કૃતયુગ્મ, જે સમયે કૃતયુગ્મ-તે સમયે ત્ર્યોજ ? ના, તેમ નથી. એ રીતે દ્વાપરયુગ્મ, કલ્યોજ સાથે કહેવું. બાકી પૂર્વવત્. યાવત્ વૈમાનિક. વિશેષ એ કે - ઉપપાત બધે જ 'વ્યુત્ક્રાંતિ' મુજબ કહેવો ભ૰ તેમજ છે.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૩ ❀

–– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૦ :**

ભગવન્ ! રાશિયુગ્મ દ્વાપરયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? પૂર્વવત્. માત્ર પરિમાણ-૨,૬,૧૦, સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. સંવેધ જાણવો. - - તે જીવો જે સમયે દ્વાપરયુગ્મ, તે સમયે કૃતયુગ્મ૰ - x - પ્રશ્ન. ના તે અર્થ સમર્થ નથી. એ રીતે ત્ર્યોજ અને કલ્યોજ સાથે પણ જાણવું. બાકી ઉદ્દેશા-૧-મુજબ વૈમાનિક સુધી કહેવું. - - ભગવન્ ! તેમ એમજ છે, એમ જ છે.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૪ ❀

–– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૧ :-**

ભગવન્ ! રાશિ યુગ્મ કલ્યોજ નૈરયિક ક્યાંથી ઉપજે ? પૂર્વવત્. પરિમાણ-૧,૫,૯,૧૩, સંખ્યાત કે અસંખ્યાત ઉપજે. તે જીવો જે સમયે કલ્યોજ છે, તે સમયે કૃતયુગ્મ છે - x - પ્રશ્ન ? ના, તેમ નથી. એ રીતે ત્ર્યોજ અને દ્વાપરયુગ્મ સાથે કહેવું. બાકી ઉદ્દેશો-૧-મુજબ. યાવત્ વૈમાનિક.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૫ થી ૨૮ ❀

–– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૨ :-**

[૫] ભગવન્! કૃષ્ણલેશ્યી રાશિયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે? ઉપપાત, ધૂમપ્રભા મુજબ. બાકી ઉદ્દેશા-૧-મુજબ, અસુરકુમારથી વ્યંતર સુધી તેમજ. મનુષ્યો, નૈરયિક વત્. તે આત્મઅયશથી નિર્વાહ કરે છે. "અલેશ્યી-

E :\Maharaj Saheib\Adhayan-13\Book-13C\ (111) (Proof-2)



અક્રિય તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય" તે કથન ન કરવું. બાકી ઉદ્દેશા-૧-મુજબ.

[૬,૭] કૃષ્ણલેશ્યી ત્ર્યોજ અને દ્વાપરયુગ્મ આ પ્રમાણે જ કહેવા.

[૮] કૃષ્ણલેશ્યી કલ્યોજ તેમજ. પરિમાણ, સંવેધ ઔધિકોદ્દેશ મુજબ.

[૯ થી ૧૨] કૃષ્ણલેશ્યી સમાન નીલલેશ્યીના ચારે ઉદ્દેશા સંપૂર્ણ કહેવા. માત્ર નૈરયિકોનો ઉપપાત વાલુકાપ્રભા સમાન. બાકી પૂર્વવત્.

[૧૩ થી ૧૬] કાપોતલેશ્યીના ચાર ઉદ્દેશા એમજ છે. માત્ર નૈરયિકોનો ઉપપાત રત્નપ્રભાવત્ કહેવો. બાકી પૂર્વવત્. - - ભગવન્ ! તે એમ જ છે.

[૧૭ થી ૨૦] તેજોલેશ્યી રાશીયુગ્મ કૃતયુગ્મ અસુરકુમાર ક્યાંથી ઉપજે છે ? પૂર્વવત્. માત્ર જેને તેજોલેશ્યા હોય તેને કહેવા. એ રીતે કૃષ્ણલેશ્યી સમાન ચાર ઉદ્દેશા કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે (૨).

[૨૧ થી ૨૪] એ રીતે પદ્મલેશ્યાના ચાર ઉદ્દેશા કહેવા. પદ્મલેશ્યા-પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વૈમાનિકોને છે, બાકીનાને નથી. - x -

[૨૫ થી ૨૮] પદ્મલેશ્યી વત્ શુક્લલેશ્યીના ચાર ઉદ્દેશા કહેવા. માત્ર મનુષ્યોનો ગમક ઔધિકોદ્દેશક સમાન છે. બાકી પૂર્વવત્. - x - x -

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૨૯ થી ૫૬ ❀

–– x –– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૩ :-**

ભવસિદ્ધિક રાશિયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? ઔધિકના પહેલા ચાર ઉદ્દેશા સમાન સંપૂર્ણ કહેવા. - - - કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક રાશી યુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? કૃષ્ણલેશ્યીના ચાર ઉદ્દેશા સમાન અહીં - x - કહેવું. - - - એ રીતે નીલલેશ્યી ભવસિદ્ધિકના ચાર ઉદ્દેશા કહેવા. - - - એ રીતે કાપોતલેશ્યી૰ના ચાર ઉદ્દેશા. - - - તેજોલેશ્યીના ચાર ઉદ્દેશા ઔધિક સમારન છે. - - - પદ્મલેશ્યી ચાર ઉદ્દેશા તેમજ છે. - - - શુક્લલેશ્યી૰ ચાર ઉદ્દેશા ઔધિક સમાન છે. - - - એ રીતે ભવસિદ્ધિકના ૨૮-ઉદ્દેશા.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૫૭ થી ૮૪ ❀

–– x –– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૪ :-**

અભવસિદ્ધિક રાશીયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? ઉદ્દેશા-૧-સમાન. માત્ર મનુષ્યોને નૈરયિક સમાન કહેવા. બાકી પૂર્વવત્. - - - એ રીતે ચારે યુગ્મોમાં ચાર ઉદ્દેશા. કૃષ્ણલેશ્યી અભવસિદ્ધિક રાશીયુગ્મ કૃતયુગ્મ નૈરયિકો ક્યાંથી ઉપજે ? પૂર્વવત્ ચારે ઉદ્દેશો. એ રીતે નીલલેશ્યી૰ ચાર ઉદ્દેશા. કાપોતલેશ્યી૰ ચાર ઉદ્દેશા. તેજોલેશ્યી૰ ચાર ઉદ્દેશો. પદ્મલેશ્યી ચાર ઉદ્દેશા. શુક્લલેશ્યી૰ ચાર ઉદ્દેશા. એ રીતે આ અઠ્ઠાવીસ અભવસિદ્ધિક ઉદ્દેશકોમાં મનુષ્યો, નૈરયિક ગમ સમાન જાણવા. - - ભગવન્ ! તેમજ છે.

### ❀ શતક-૪૧, ઉદ્દેશો-૮૫ થી ૧૧૨ ❀

–– x –– x –– x –– x ––

● **સૂત્ર-૧૦૭૫ :-**

સમ્યગ્દૃષ્ટિ રાશિયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે છે ? ઉદ્દેશા-૧-

*મુજબ. ચારે યુગ્મોમાં ચારે ઉદ્દેશા ભવસિદ્ધિક સદૃશ કહેવા. - - - કૃષ્ણલેશ્યી સમ્યગ્દૃષ્ટિ રાશીયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? કૃષ્ણલેશ્યી સદૃશ ચારે ઉદ્દેશા કહેવા. સમ્યક્દૃષ્ટિમાં ભવસિદ્ધિક સદૃશ ૨૮ ઉદ્દેશા.*

**❀ શતક-૪૧, ઉદ્દેશો-૧૧૩ થી ૧૬૮ ❀**

— x — x — x — x —

**● સૂત્ર-૧૦૭૬,૧૦૭૭ :-**

*[૧૦૭૬] મિથ્યાદૃષ્ટિ રાશીયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે ? મિથ્યાદૃષ્ટિના આલાવાથી અભવસિદ્ધિક સદૃશ ૨૮-ઉદ્દેશા. - - - [૧૦૭૭] કૃષ્ણ પાક્ષિક૦ નૈરયિક ક્યાંથી ઉપજે ? અભવસિદ્ધિક સદૃશ ૨૮-ઉદ્દેશા કહેવા.*

**❀ શતક-૪૧, ઉદ્દેશો-૧૬૯ થી ૧૯૬ ❀**

— x — x — x — x —

**● સૂત્ર-૧૦૭૮ :-**

*શુક્લપાક્ષિક રાશીયુગ્મ કૃતયુગ્મ નૈરયિક ક્યાંથી ઉપજે છે ? ભવસિદ્ધિક સમાન ૨૮-ઉદ્દેશા થાય. આ રીતે બધાં મળી ૧૯૬ ઉદ્દેશા રાશીયુગ્મ શતકના થયા. યાવત્ - - શુક્લલેશ્યી શુક્લપાક્ષિક રાશીયુગ્મ કલ્યોજ વૈમાનિક યાવત્ જો સક્રિય હોય તો તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? આ અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! તે એમ જ છે.*

**● સૂત્ર-૧૦૭૯ :-**

*ગૌતમસ્વામીએ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરીને, વાંદી-નમીને આમ કહ્યું — ભગવન્! એમ જ છે, તેમજ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે, ઈચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઈચ્છિત-પ્રતિચ્છિત છે. આપે કહ્યો તે આ અર્થ સત્ય છે. કેમકે અરહંત ભગવંતો અપૂતિવચની હોય છે. ફરી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને, સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.*

**● વિવેચન-૧૦૬૮ થી ૧૦૭૯ :-** *[શતક-૪૧-આખું]*

યુગ્મ શબ્દ યુગલવાચી પણ છે, તેથી અહીં રાશિ શબ્દથી બતાવ્યો. રાશિરૂપ યુગ્મ, તે રાશિયુગ્મ. રાશિયુગ્મ ભેદરૂપથી કૃતયુગ્મ વડે પ્રમિત તે રાશિ યુગ્મ કૃતયુગ્મ. - x - x - આયજસ - આત્મસંબંધી યશ અર્થાત્ સંયમ. उवजीवंति - આશ્રય કરે છે, રહે છે. અવિરતત્વથી બધે આત્મ અયશથી ઉત્પત્તિ. ઈત્યાદિ - x - x - હવે ભગવતી/વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના પરિણામને કહેતી ગાથા —

**● સૂત્ર-૧૦૮૦ થી ૧૦૮૭ :-** *[આઠ ગાથા]*

*[ભગવતી સૂત્રના ૧૩૮ શતક અને ૧૯૨૫ ઉદ્દેશા છે.]*

*[૧૦૮૦] પ્રવર જ્ઞાનદર્શનધરે આ સૂત્રના ૮૪ લાખ પદો કહ્યા છે અને અનંતા ભાવાભાવ કહ્યા છે. - - - [૧૦૮૧] ગુણ વિશાળ સંઘસમુદ્ર સદા જય પામે છે, જે જ્ઞાનરૂપી વિમલ-વિપુલ જળથી પરિપૂર્ણ છે, જેની તપ-નિયમ-વિનયરૂપી વેલા છે. જે સેંકડો હેતુરૂપ પ્રબળ વેગવાળો છે.*

*[૧૦૮૨] ગૌતમાદિ ગણધરને નમસ્કાર થાઓ. ભગવતી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિને નમસ્કાર થાઓ, દ્વાદશાંગ ગણિપિટકને નમસ્કાર થાઓ.*

*[૧૦૮૩] કાચબા સમ સંસ્થિત ચરણવાળી, અમ્લાન કોરંટની કળી સમાન*

E:\Maharaj Saheib\Adhayan-13\Book-13C\ (112) (Proof-2)



*ભગવતી શ્રુતદેવી મારા મતિ અંધકારને વિનષ્ટ કરે.*

*[૧૦૮૪] હાથમાં વિકસિત કમળવાળી, અંધકારનો નાશ કરેલ, નિત્ય બુધ અને વિબુદ્ધ દ્વારા નમંસિત શ્રુતાધિષ્ઠાત્રી દેવી મને બુદ્ધિ આપે.*

*[૧૦૮૫] જેના પ્રસાદથી જ્ઞાન શીખાયું, તે શ્રુત દેવતાને નમું છું. તથા શાંત કરનારી તે પ્રવચનદેવીને નમું છું. - - - [૧૦૮૬] શ્રુતદેવતા, કુંભધર યક્ષ, બ્રહ્મશાંતિ, વૈરોટ્યા, વિદ્યા અને અંત હુંડી, લખનારને અવિઘ્ન આપો.*

*[૧૦૮૭] વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના આરંભે આઠ શતકોના બબ્બે ઉદ્દેશકોનો ઉદ્દિષ્ટ કરાય છે. પણ ચોથા શતકના આઠ ઉદ્દેશકોનો પહેલા દિવસે, બીજે દિવસે બે ઉદ્દેશકોનો ઉદ્દેશો કરાય છે. નવમાં શતકથી આરંભીને જેટલું-જેટલું શીખે તેટલું-તેટલું એક દિવસે ઉદ્દેશાય છે. ઉત્કૃષ્ટથી એક દિવસમાં એક શતક, મધ્યથી બે દિવસે, જઘન્યથી ત્રણ દિવસ વડે વીસમાં શતક સુધી ઉદ્દેશો કરાય છે. માત્ર ગોશાળો એક દિવસ વડે ઉદ્દેશાય છે. જો શેષ રહી જાય તો એક આયંબિલ વડે અનુજ્ઞા કરાય છે. પછી શેષ રહેતો બે આયંબિલ વડે અનુજ્ઞા કરાય છે. ૨૧ થી ૨૩ શતક એક-એક દિવસ વડે ઉદ્દેશાય છે. ૨૪મું શતક બે દિવસ વડે છ-છ ઉદ્દેશા ૨૫મું બે દિવસે છ-છ ઉદ્દેશા વડે, બંધિશતક આદિ આઠ શતક એક દિવસથી, એ રીતે બેઈન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બાર-બાર શતકો તથા ૨૧-સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મ શતકો આ બધાને એક-એક દિવસ વડે [અલગ અલગ] ઉદ્દેશો કરવો. છેલ્લા રાશિયુગ્મ શતકનો ઉદ્દેશો એક દિવસે કરવો.*

**● વિવેચન-૧૦૮૦ થી ૧૦૮૬ :-**

આ સાતેની વૃત્તિ વૃત્તિકારે ઘણી જ સુંદર અને મનનીય કરેલ છે. સ્થળ સંકોચને લીધે એમ નોંધી નથી, પણ જરૂરથી જોવા જેવી છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૪૧નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ભગવતીસૂત્ર-ભાગ-૫ સાનુવાદ સમાપ્ત

## ૦ ૦ ૦ ભગવતીસૂત્ર સટીક અનુવાદ પૂર્ણ ૦ ૦ ૦

— x — x — x — x —

## 卐 ભાગ-૧૩-મો પૂર્ણ 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |